પરમર્ષિ ભગવત્ કુંદકુંદાચાર્ય પ્રણીત

# સમયસાર

## બીજો ભાગ

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય કર્તા

ડૉ. ભગવાનદાસ મનસુખભાઈ મહેતા

એમ. બી. બી. એસ.

ૐ

# બીજો ભાગ

પરમર્ષિ ભગવત્ કુંદકુંદાચાર્ય પ્રણીત

# સમયસાર

પરમર્ષિ ભગવત્ અમૃતચંદ્રાચાર્ય વિરચિત
'આત્મખ્યાતિ' ટીકાથી વ્યાખ્યાત

'આત્મખ્યાતિ' ઉપર
ડૉ. ભગવાનદાસ

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય કર્ત્તા
ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા
એમ.બી.બી.એસ.

ગાથા કાવ્યાનુવાદ (સજ્ઝાય) : 'આત્મખ્યાતિ'નો અક્ષરશઃ અનુવાદ :
ગાથા અને 'આત્મખ્યાતિ' ટીકાના ભાવોદ્ઘાટન રૂપ 'આત્મભાવના' :
સમયસાર કલશ પર સમશ્લોકી, ઉપરાંત 'અમૃત પદ' (સ્વરચિત) :
'અમૃત જ્યોતિ' મહાભાષ્ય (સળંગ વિસ્તૃત વિવેચન) :
સમગ્ર સમસ્ત કૃતિ ડૉ. ભગવાનદાસ કૃત

: પ્રકાશક :
**શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ.**

: પ્રકાશક :

શ્રી મનુભાઈ ભ. મોદી
પ્રમુખ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ
સ્ટે. અગાસ, પો.બોરીઆ - ૩૮૮ ૧૩૦

: મુદ્રક :

દુન્દુભી પ્રિન્ટર્સ
૫૪, મેઘદૂત ફ્લેટ, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૯ ફોન : ૪૦૪૧૮૬

ૐ

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય કર્ત્તાનું મંગલાચરણ

જય દેવ આત્મદેવ ! જય આત્મગુરુ !
જય આત્મધર્મ ! જય આત્મગુરુ !... જય આત્મદેવ ! ૧
કુંદકુંદ તે દિવ્યાત્માએ, સમયસાર શુદ્ધાત્મ,
જ્ઞાન ભાણ પ્રગટાવી જગમાં, પ્રગટ કર્યો સહજાત્મ... જય. ૨
દિવ્યાત્મા તે અમૃતચંદ્રે, ઝીલ્યો દિવ્ય પ્રકાશ,
'આત્મખ્યાતિ' જ્યોત્સ્ના વિસ્તારી, સોળે કળા પ્રભાસ... જય. ૩
સ્થળે સ્થળે ત્યાં અમૃત સંભૃત, સ્થાપ્યા 'કળશો' દિવ્ય,
ભવ્ય જીવોને અમૃત પીવા, આત્મા પ્રગટવા દિવ્ય... જય. ૪
દિવ્યાત્મા તે અમૃતચંદ્રનો, ભાસ ઝીલી ચિત્ પાત્ર,
દાસ ભગવાન 'અમૃત જ્યોતિ'થી, વિવેચતો સત્ શાસ્ત્ર... જય. ૫

(ભગવાનદાસ)

## : પુસ્તક પ્રાપ્તિસ્થાન :

શ્રી પરમશ્રુત પ્રભાવક મંડલ
ચોકસી બિલ્ડિંગ, 'એ' બ્લોક,
દૂસરા મજલા, રુમ નં. ૧૮
ભાંગવાડી,
૪૪૮, કાલબાદેવી રોડ,
બોમ્બે-૪૦૦ ૦૦૨

શ્રીમદ્ રાજચન્દ્ર આશ્રમ
સ્ટેશન : અગાસ
પોસ્ટ : બોરીયા
વાયા : આણંદ
પિન : ૩૮૮ ૧૩૦
ગુજરાત

# સુધાસિન્ધુનાં સુધાબિન્દુ

पण्णाए घित्तव्वो जो दट्ठा सो अहं तु णिच्छयदो ।
अवसेसा जे भावा ते मज्झ परेत्ति णायव्वा ॥
पण्णाए घित्तव्वो जे णादा सो अहं तु णिच्छयदो ।
अवसेसा जे भावा ते मज्झ परेत्ति णादव्वा ॥ - **શ્રી કુંદકુંદાચાર્યજી**

अखंडितमनाकुलं ज्वलदनंतमंतर्बहि-र्महः परममस्तु नः सहजमुद्विलासं सदा ।
चिदुच्छलननिर्भरं सकलकालमालंबते, यदेकरसमुल्लसल्लवणखिल्यलीलायितं ॥ - **શ્રી અમૃતચંદ્રાચાર્યજી (કલશ-૧૪)**

अलमलमतिजल्पै र्दुविकल्पैरनलल्पेरयमिह परमार्थश्चेत्यतां नित्यमेकः ।
स्वरसविसरपूर्णज्ञानविस्फूर्त्तिमात्रान्न खलु समयसारदुत्तरं किंचिदस्ति ॥ - **શ્રી અમૃતચંદ્રાચાર્યજી (કલશ-૨૪૪)**

अनन्तविज्ञानमतीतदोषमबाध्यसिद्धांतं उत श्री वर्द्धमानं वर्धमानं जिनामाप्तमुख्यं स्वयंभुवं स्तोतुमहं यतिष्ये ॥ - **શ્રી હેમચંદ્રાચાર્યજી ('અન્યયોગ વ્યવચ્છેદ)**

विरम विरम सङ्गान्मुञ्च मुञ्च प्रपञ्चं, विसृज विसृज मोहं । विद्धि विद्धि स्वतत्त्वम् । कलय कलय वृत्तं पश्य पश्य स्वरुपं, कुरु कुरु पुरुषार्थं निर्वृतानान्दहेतोः ॥ - **શ્રી શુભચંદ્રાચાર્યજી ('જ્ઞાનાર્ણવ')**

स्वायम्भुवं मह इहोच्छलदच्छमीडे । येनादिदेव भगवानभवत् स्वयंभूः । ॐ भूर्भुवः प्रभृति सन्मननैकरूपमात्मप्रमातृ परमातृ न मातृ मातृ ॥ - **શ્રી અમૃતચંદ્રાચાર્યજી ('લઘુ તત્ત્વસ્ફોટ')**

सर्वभावविलये विभांति यत्, सत् समाधिभरर्निरात्मनः । चित्स्वरूपममितः प्रकाशकं, शर्मधाम नमतादभुतं महः ॥
**- શ્રી પદ્મનંદિ પં.પ. 'સદ્‌બોધ ચંદ્રોદય'**

卐

**જબ જાગગેં આતમા, તબ લાગેંગે રંગ.**
**જબ જાન્યો નિજ રૂપ કો, તબ જાન્યો સબ લોક;**
**નહિ જાન્યો નિજ રૂપકો, સબ જાન્યો સો ફોક.**
**આપ આપકું ભૂલ ગયા, ઈનસેં ક્યા અંધેર.**
**સમર સમર અબ હસત હૈ, નહિ ભુલેંગે ફેર.**
**મારગ સાચા મિલ ગયા, છૂટ ગયે સંદેહ;**
**હોત સો તો જલ ગયા, ભિન્ન કિયા નિજ દેહ.**
**રચના જિન ઉપદેશકી, પરમોત્તમ તિનુ કાલ;**
**ઈનમેં સબ મત રહેત હૈ, કરતેં નિજ સંભાલ.**
**જિન સોહી હે આતમા, અન્ય હોઈ સો કર્મ;**
**કર્મ કટે સો જિન વચન, તત્ત્વગ્યાનિકો મર્મ.**
**કાયાની વિસારી માયા, સ્વરૂપે શમાયા એવા,**
**નિર્ગ્રંથનો પંથ ભવ, અંતનો ઉપાય છે. - શ્રીમદ્ રાજચંદ્ર**

**નિજ ગુણ સબ નિજમાં લખે, ન ચખે પરગુણની રેખ રે,**

ખીરનીર વિવરો કરે, એ અનુભવ હંસ શું પેખ રે;
નિર્વિકલ્પ ધ્યેય અનુભવે, અનુભવ અનુભવની પ્રીત રે,
ઓર ન કબહું લખી શકે, આનંદઘન પ્રીત પ્રતીત રે. - **શ્રી આનંદઘનજી (પાર્શ્વજિન સ્તવન)**
ધ્યાયક ધ્યેય ધ્યાન ગુણ એકે, ભેદ છેદ કરશું હવે ટેકે;
ખીર નીર પરે તુમશું મલશું, વાચક યશ કહે હેજે હળશું. - **શ્રી યશોવિજયજી (વાસુપૂજ્ય જિન સ્તવન)**
પ્રભુ મુદ્રાને યોગ, પ્રભુ પ્રભુતા લેખે હો લાલ; દ્રવ્ય તણે સાધર્મ્ય, સ્વસંપત્તિ ઓળખે હો લાલ;
ઓળખતાં બહુમાન, સહિત રુચિ પણ વધે હો લાલ; રુચિ - અનુયાયી વીર્ય ચરણધારા સધે હો લાલ.
-- **શ્રી દેવચન્દ્રજી (સુવિધિ જિન સ્તવન)**

એક બુંદ જળથી એ પ્રગટ્યા, શ્રુતસાગર વિસ્તારા,
ધન્ય જીનોને ઉલટ ઉદધિકું, એક બુંદમેં ડારા. - **ચિદાનંદજી (પદ, ૨૧)**
આનન્દઘન ચેતનમય મૂર્ત્તિ, શુદ્ધ નિરંજન દેવ ધ્યાઉ રે. - **શ્રી આનંદઘન, પદ-૧**

卐 एदह्मि रदो णिच्चं संतुटुट्ठो होहि णिच्चमेच्चदह्मि ।
एदेण होहि तित्तो होहदि तुह उत्तमं सोक्खं ।। - **શ્રી કુંદકુંદાચાર્યજી (ગાથા-૨૦૬)**
को णाम भणिज्ज बुध णाउं सव्वे पराइए भावे ।
मज्झमिणंति य वयणं जाणंतो अप्पयं सुद्धं ।। - **શ્રી કુંદકુંદાચાર્યજી (ગાથા-૩૦૦)**
स्याद्वाददीपितलसन्महसि प्रकाशे, शुद्धस्वभावमहिमन्युदिते मयीति ।
किं बंधमोक्षपथपातिभिरन्यभावैर्नित्योदयः परमयं स्फुरतु स्वभावः ।।
चित्रात्मशक्तिसमुदायमयोऽयमात्माः सद्यः प्रणश्यति नयेक्षणखंड्यमानः ।
तस्मादखंडमनिराकृतखंडमेकमेकांतशांतमचलं चिदहं महोऽस्मि ।। - **શ્રી અમૃતચંદ્રાચાર્યજી (કલશ-૨૬૯, ૨૭૦)**
ऐंद्रश्रीसुखमग्नेन लीलालग्नमिवाखिलम् ।
सच्चिदानंदपूर्णेन पूर्णं जगद् वेक्ष्यते ।। - **શ્રી યશોવિજયજી (જ્ઞાનસાર-૧)**

જિનપદ નિજ પદ
卐 એકતા, ભેદભાવ નહિ કાંઈ;
લક્ષ થવાને તેહનો, કહ્યાં શાસ્ત્ર સુખદાયિ. (અંતિમ કાવ્ય)
જિહાં રાગ અને વળી દ્વેષ, તિહાં સર્વદા માનો ક્લેશ;
ઉદાસીનતાનો જ્યાં વાસ, સર્વ દુઃખનો છે ત્યાં નાશ.
કામ એક આત્માર્થનું, બીજો નહિ મનરોગ.
નિશ્ચય વાણી સાંભળી, સાધન તજવાં નો'ય;
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય.
સકલ જગત્ એઠવત્, અથવા સ્વપ્ન સમાન;
તે કહિયે જ્ઞાનિ દશા, બાકી વાચા જ્ઞાન.
શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયંજ્યોતિ સુખધામ;
બીજું કહિયે કેટલું, કર વિચાર તો પામ. - **શ્રીમદ્ રાજચંદ્ર (આત્મસિદ્ધિ)**

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ. - **શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત 'આત્મસિદ્ધિ'**

卐

અનુભવ સંગે રે રંગે પ્રભુ મલ્યા, સફળ ફળ્યાં સવિ કાજ;
નિજ પદ સંપદ જે તે અનુભવે રે, આનંદઘન મહારાજ.
વીરજીને ચરણે લાગું, વીરપણું તે માગું રે,
મિથ્યા મોહ તિમિર ભય ભાગ્યું, જીત નગારું વાગ્યું રે. - **શ્રી આનંદઘનજી (વીર જિન સ્તવન)**
**ગિરુઆ રે તુમ તણા, શ્રી વર્દ્ધમાન જિનરાયા રે,**
**સુણતાં શ્રવણે અમી ઝરે, મારી નિર્મલ થાયે કાયા રે. - શ્રી યશોવિજયજી**
માહરી શુદ્ધ સત્તા તણી પૂર્ણતા, તેહનો હેતુ પ્રભુ તુંહિ સાચો,
દેવચંદ્રે સ્તવ્યો મુનિગુણે અનુભવ્યો, તત્ત્વભક્તે ભવિક સકળ રાચો. **શ્રી દેવચંદ્રજી**
ઘર આપને વાલમ કહો રે, કોણ વસ્તકી ખોટ,
ફોગટ તદ કિમ લીજીએ પ્યારે, શીશ ભરમકી પોટ. - **શ્રી ચિદાનંદજી (પદ-૧)**
જિન ઉપાસી જિન થાય જીવો, દીપ ઉપાસી વાટ જ્યું દીવો,
જિન સહજાત્મસ્વરૂપી એવા, ભગવાન દાસના શરણ સુદેવા. - **ભગવાનદાસ (સ્વરચિત - પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા, પાઠ-૨)**

卐

**अथ पुण्यपापाधिकारः ॥३॥**

# સમયસાર : બીજો ભાગ

## સમયસાર - 'આત્મખ્યાતિ' : વિષય અનુક્રમણિકા


પૃષ્ટ સમયસાર વ્યાખ્યા 'આત્મખ્યાતિ'માં પૃષ્ટ
પુણ્ય પાપ પ્રરૂપક તૃતીય અંક
૧. સમયસાર મંગલ કળશ ૧
એક જ પુદ્ગલ કર્મના બે વેષ : શુભાશુભ - પુણ્ય પાપ
મોહરજ ગાળતા 'અવબોધ' સુધાપ્લવનો-જ્ઞાન- અમૃતચંદ્રનો સમુદય
૩. સમયસાર કળશ-૨ ૩-૪
મહાકવિ **અમૃતચંદ્રજી**ની અદ્ભુત અન્યોક્તિ : શૂદ્રિકાના બે જોડકાં બાળક
૫. સમયસાર ગાથા-૧૪૫ ૫-૧૩
કર્મ અશુભને કુશીલ અને કર્મ શુભને
સુશીલ તમે જાણો છો, પણ સુશીલ હોય છે ?
કે જે સંસારમાં પ્રવેશાવે છે.
કારણ, સ્વભાવ, અનુભવ ને આશ્રયના
ભેદથી કંઈ કર્મ શુભ કંઈ કર્મ અશુભ
એવો પક્ષ તે પ્રતિપક્ષ
શુભ-અશુભ બન્નેનું કેવલ પુદ્ગલમય
બંધમાર્ગ આશ્રિતપણું
(૧) કારણ ભેદ : શુભોપયોગથી શુભ કર્મ,
અશુભોપયોગથી અશુભ કર્મ
(૨) સ્વભાવ ભેદથી શુભાશુભ કર્મભેદ
(૩) ફળભેદથી શુભાશુભ કર્મભેદ
(૪) આશ્રય ભેદથી શુભાશુભ કર્મભેદ
૧. કારણ અભેદથી કર્મ એક સ્વરૂપ
૨. સ્વભાવ અભેદથી કર્મ એક સ્વરૂપ
૩. ફલ અભેદથી કર્મ એક સ્વરૂપ
૪. આશ્રય અભેદથી કર્મ એક સ્વરૂપ
૧૪. સમયસાર કળશ-૧૦૨ ૧૪-૧૫
હેતુ આદિ અભેદથી કર્મ ભેદ :
બંધમાર્ગ આશ્રિત : સમસ્ત કર્મ બંધહેતુ
૧૬. સમયસાર ગાથા-૧૪૬ ૧૬-૧૯
શુભ અશુભ કર્મ અવિશેષથી જ પુરુષને બાંધે છે
પુણ્ય સુવર્ણ બેડી, પાપ લોહ બેડી, પણ બન્ને બેડી જ
પુણ્ય-પાપનો અવિશેષ : પુણ્યનું પણ દુઃખરૂપપણું
શુભોપયોગની અંશે ધર્મમાં-ચારિત્રમાં ગણના : અશુભોપયોગ તો અત્યંત હેય જ
૨૦. સમયસાર ગાથા-૧૪૭ ૨૦-૨૪
'स्वाधीनो हि विनाशः कुशीलसंसर्गरागेण'
કુશલ મનોરમ-અમનોરમ હાથણીનું દૃષ્ટાંત
આંબો અને નિંબો : મધુર જલ
'सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखम्'
પુણ્યાપેક્ષી સુખ તે પણ દુઃખ
'આશા ઓર ન કી ક્યા કીજે ઈ.'
૨૪. સમયસાર ગાથા-૧૪૮-૧૪૯ ૨૪-૨૭
કુત્સિત જન રાગ-સંસર્ગ 'ના' :
કુત્સિત કર્મ પ્રકૃતિ રાગ-સંસર્ગ 'ના'
કુત્સિત શીલ સાથે રાગ સંસર્ગ ત્યાગ
કુશલ હાથી અને વ્યભિચારિણી હાથણીનું દૃષ્ટાંત
આકુલતા તે દુઃખ : 'પારકો પેઠો વિનાશ કરે'
પારકા પુદ્ગલ ક્ષેત્રમાં અતિક્રમણ
પર ક્ષેત્રમાં આક્રમણ રૂપ અતિક્રમનું પ્રાયશ્ચિત્ત
પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન-સામાયિક ઈ.
૨૮. સમયસાર ગાથા-૧૫૦ ૨૮-૩૨
રક્ત કર્મ બાંધે, વિરક્ત મૂકાય : ઉભય કર્મનો પ્રતિષેધ
રાગ બંધ કારણ : વીતરાગપણું મોક્ષ કારણ
પરદ્રવ્ય પ્રવૃત્ત વિશિષ્ટ પરિણામ : સ્વદ્રવ્ય પ્રવૃત્ત 'અવિશિષ્ટ' પરિણામ
શુદ્ધોપયોગ : અશુદ્ધોપયોગ - શુભોપયોગ,

અશુભોપયોગ

શુદ્ધ ઉપયોગ નિરુપરાગ : અશુદ્ધ સોપરાગ

અશુદ્ધોપયોગ - વિશુદ્ધિ પરિણામરૂપ શુભોપયોગ : સંક્લેશ પરિણામરૂપ અશુભોપયોગ

પરદ્રવ્ય સંયોગનું કારણ ઉપયોગ વિશેષ શુદ્ધ ઉપયોગ પરદ્રવ્યનું અકારણ : શુદ્ધ ઉપયોગ જ અવતિષ્ઠે છે, ઈ.

૩૩. **સમયસાર કળશ-૧૦૩** ૩૩-૩૫

સર્વ કર્મ બંધ હેતુ : જ્ઞાન મોક્ષહેતુ

દેહાદિ પરદ્રવ્યમાં અપૂર્વ માધ્યસ્થ્ય ભાવના

૩૬. **સમયસાર કળશ-૧૦૪** ૩૬-૩૮

જ્ઞાનમાં પ્રતિચરિત જ્ઞાન એ જ નિષ્કર્મ મુનિનું શરણ

**સમયસાર કળશ-૧૦૪ (ચાલુ)**

'स्वयं विन्दन्त्येते परममृतं तत्र निरताः ।'

પ્રતિક્રમણ કર્યે છૂટકો : ધ્યાનસુખ અનુભવ ધ્યાનસુખ આત્માધીન

૩૯. **સમયસાર ગાથા-૧૫૧** ૩૯-૪૩

'ज्ञानं हि मोक्षहेतुः' જ્ઞાન જ મોક્ષહેતુ

જ્ઞાન કર્માદિ જાત્યંતરથી વિવિક્ત ચિત્ જાતિ માત્ર પરમાર્થ આત્મા ઈ. : સમય આદિ શબ્દ ભેદે પણ ભેદ નહીં. અન્વયાર્થથી સમયાદિનો નામભેદ છતાં વસ્તુ અભેદ

જ્ઞાન-ક્રિયાથી 'મોક્ષ'નો પરમાર્થ

પરમાર્થ-જ્ઞાન-સ્વભાવ સ્થિત જ્ઞાની મુનિનો મોક્ષ

૪૪. **સમયસાર ગાથા-૧૫૨** ૪૪-૪૮

જ્ઞાન જ મોક્ષહેતુ : અજ્ઞાન કૃત બાલ વ્રત-તપ બંધહેતુ

પરમાર્થમાં 'અસ્થિત'ના વ્રત-તપ બંધહેતુ : પરમાર્થમાં 'સ્થિતના' નહિ

'પરમાર્થ બાહ્ય' જે અજ્ઞાન કૃત વ્રત-તપ તેને 'બાલ' વ્રત-તપ કહેલ છે.

પણ 'પરમાર્થ અંતર' - પરમાર્થ અંગભૂત જે જ્ઞાનપૂર્વક વ્રત-તપ છે તે કાંઈ બાલ વ્રત-તપ નથી, પણ 'પંડિત' વ્રત-તપ છે. મનોનિગ્રહ અને ઈંદ્રિય વિજય કરવા માટે ઈચ્છા નિરોધરૂપ તપ

શુદ્ધોપયોગ બહિરંગ-અંતરંગ તપથી 'બૃંહિત' - સંવર્દ્ધિત થાય છે એમ સ્પષ્ટ કહ્યું છે.

નિશ્ચયાભાસી નિશ્ચય વિમૂઢ-વ્યવહાર વિમૂઢોની મોહભ્રાંતિ

નિશ્ચયાભાસીઓની કરુણ સ્થિતિ

૪૯. **સમયસાર ગાથા-૧૫૩** ૪૯-૫૪

'વ્રત-નિયમો શીલા ધરંતા અને તપ કરંતા એવા પરમાર્થબાહ્ય જેઓ છે, તેઓ નિર્વાણ નથી પામતા'

જ્ઞાન જ મોક્ષહેતુ : અજ્ઞાન જ બંધહેતુ કેવલ જ્ઞાન સ્વભાવમાં વર્તવારૂપ કેવલ જ્ઞાન ભવનથી જ મોક્ષ

'સ્વભાવ' ધર્મમાં વર્ત્તવાનો અભ્યાસ : સમ્યક્ત્વમૂલ દેશ વિરતિ સર્વ વિરતિ ધર્મ

દ્રવ્યથી ભાવથી મહાવ્રત સ્વરૂપ : શુદ્ધ આત્માની સિદ્ધિમાં નિશ્ચય વ્રત

આ પ્રકારે પાંચે વ્રતોના દ્રવ્ય-ભાવ પ્રકારોનો પરસ્પર કાર્યકારણ સંબંધ છે એમ કરતાં શુદ્ધ અંતરાત્માની સિદ્ધિ થાય છે

આ જે શુદ્ધ અંતરાત્માની સિદ્ધિ તેમાં ઉત્કૃષ્ટ કોટિનું વ્રતપાલન સમાઈ જાય છે.

વ્યવહારભાસીઓની મોહભ્રાંતિનો નિરાસ

तपसा निर्जरा च । इच्छानिरोधस्तपः । નિશ્ચય વ્રત-તપ રૂપ : શુદ્ધોપયોગ થકી જ મોક્ષઃ આત્મહિતાર્થી મુમુક્ષુએ શું કરવું જોઈએ ? અને કયા ક્રમે પ્રવર્ત્તવું જોઈએ ?

અવ્રતોથી અપુણ્ય થાય છે ને વ્રતોથી પુણ્ય થાય છે :

તે બન્નેનો પુણ્ય-પાપનો વ્યય-ક્ષય તે મોક્ષ.

૫૫. **સમયસાર કળશ-૧૦૫** ૫૫-૫૬

'ज्ञानात्म ध्रुवमचलमाभाति भवनं' । ઈ.

'शिवस्यायं हेतुः स्वयमपि यतः तच्छिव इति ।'

ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि विहितं ।'

'જ્ઞાનાત્મ' 'ધ્રુવ' 'અચલ' 'ભવન', તે આ શિવનો-મોક્ષનો હેતુ

૫૭. સમયસાર ગાથા-૧૫૪ ૫૭-૬૪

સંસાર હેતુ પુણ્યને પણ મોક્ષહેતુ માને !

મોક્ષાર્થીની સામાયિક પ્રતિજ્ઞા છતાં જ્ઞાનભવન માત્ર સામાયિક આત્મ સ્વભાવની અપ્રાપ્તિ !

સ્થૂલતમ સંક્લેશ પરિણામ કર્મનિવૃત્તિ : સ્થૂલતમ વિશુદ્ધ પરિણામ કર્મપ્રવૃત્તિ

કર્માનુભવ ગુરુલાઘવ સંતુષ્ટ : બંધહેતુ શુભકર્મની પણ મોક્ષહેતુ માન્યતા ઐકાગ્ર્ય લક્ષણ શુદ્ધોપયોગ દશા - તે શ્રામણ્ય તે જ મોક્ષમાર્ગ

સમયસાર ગાથા-૧૫૪ (ચાલુ)

ઐકાગ્ર્યગત શ્રમણનું - સંયતનું સામ્ય લક્ષણ : ઐકાગ્ર્યનું જ મોક્ષમાર્ગપણું

ઐકાગ્ર્ય લક્ષણ શ્રામણ્ય=જ્ઞાન ભવનમાત્ર-સમયસાર = સામાયિક મોક્ષમાર્ગ

'સામાયિક' મહાપ્રતિજ્ઞાનું અનિર્વહણ : બંધ હેતુ શુભને પણ મોક્ષહેતુ માની બેસવું !

શુદ્ધ આત્માનુભવ સાચો મોક્ષમાર્ગ : વ્રત-તપાદિ ઉપચારરૂપ વ્યવહાર મોક્ષમાર્ગ

શુભોપયોગ બંધ કારણ, શુદ્ધ ઉપયોગ મોક્ષ કારણ : અશુભ ત્યાગ, શુભ માર્ગ, શુદ્ધ પ્રાપ્તિ તે ક્રમ

શુભોપયોગ-શુદ્ધોપયોગનું કારણ નથી

શુદ્ધ ઉપયોગ જ્ઞાન સ્વભાવ : અશુદ્ધ ઉપયોગ શુભ અશુભ વિભાવ

૬૫. સમયસાર ગાથા-૧૫૫ ૬૫-૬૮

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વભાવે જ્ઞાનનું ભવન : કેવલ જ્ઞાન જ પરમાર્થ મોક્ષહેતુ

સમ્યક્ત્વ - જ્ઞાનચારિત્ર જ્ઞાનભવન મોક્ષમાર્ગ : જ્ઞાન જ પરમાર્થ મોક્ષહેતુ

'મૂળ મારગ સાંભળો જિનનો રે' : સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રના એકીકરણરૂપ નિશ્ચય મોક્ષમાર્ગ

નિશ્ચયાભાસીને યથાર્થ શ્રદ્ધાનાદિ નથી વ્યવહારાભાસીને યથાર્થ તત્ત્વાર્થ શ્રદ્ધાનાદિ નથી

નિષ્કષાય વીતરાગભાવરૂપ શુદ્ધોપયોગ નિશ્ચય ચારિત્ર : મહાવ્રતાદિ ઉપચારરૂપ વ્યવહાર ચારિત્ર

વ્યવહાભાસીનાં શાસ્ત્રજ્ઞાન-શ્રદ્ધાન-મહાવ્રતાદિ ચારિત્ર અકિંચિત્કર નિષ્ફળ

શુદ્ધ ઉપયોગ જ્ઞાન સ્વભાવ : અશુદ્ધ ઉપયોગ (શુભ અશુભ વિભાવ)

૬૯. સમયસાર ગાથા-૧૫૬ ૬૯-૭૨

દ્રવ્યાંતરસ્વભાવપણાને લીધે શુભકર્મ મોક્ષહેતુ નથી

એક દ્રવ્યસ્વભાવભાવપણાને જ પરમાર્થ મોક્ષમાત્ર

કેવલ જ્ઞાન સ્વભાવ : નિશ્ચય મોક્ષમાર્ગ : વ્યવહાર મોક્ષમાર્ગ

નિશ્ચય મોક્ષમાર્ગ થકી જ મોક્ષ

નિશ્ચયનયથી નિરૂપણ તે સત્યાર્થ : વ્યવહારનયથી નિરૂપણ અસત્યાર્થ

પહેલા તત્ત્વજ્ઞાન, તે વિના સર્વ ચારિત્ર મિથ્યા ચારિત્ર

સરાગ-વીતરાગ ચારિત્ર : સતુષ નિષ્તુષ

ચાવલનું દૃષ્ટાંત : રાગ દોષ

પરમાર્થ મોક્ષહેતુ : સ્વદ્રવ્ય સ્વભાવ - સ્વભાવે જ્ઞાન ભવન : મોક્ષહેતુ :

કર્મ શુભ : પરદ્રવ્ય સ્વભાવ : સ્વભાવે ન જ્ઞાન ભવન : ન મોક્ષહેતુ

૭૩. સમયસાર કળશ-૧૦૬ ૭૩-૭૪

જ્ઞાન ભવન જ્ઞાન સ્વભાવથી વૃત્ત, તેથી તે જ મોક્ષહેતુ

૭૫. સમયસાર કળશ-૧૦૭ ૭૫-૭૬

જ્ઞાન ભવન કર્મ-સ્વભાવથી વૃત્ત નથી, તેથી કર્મ મોક્ષહેતુ નથી જ

૭૭. સમયસાર કળશ-૧૦૮ ૭૭-૭૮

કર્મ નિષેધના ત્રણ કારણો

૭૯. સમયસાર ગાથા-૧૫૭-૧૫૯ ૭૯-૮૨
જ્ઞાનના સમ્યક્ત્વાદિ સ્વભાવનું પરભાવ કર્મમલથી તિરોધાન : મલાવચ્છન્ન શ્વેત વસ્ત્રનું દૃષ્ટાંત
૮૩. સમયસાર ગાથા-૧૬૦ ૮૩-૮૪
સ્વયં બંધપણાને લીધે કર્મ નિષિદ્ધઃ કર્મ મલાવચ્છન્ન જ્ઞાન સર્વતઃ સર્વ પણ આત્માને જાણતું નથી.
૮૫. સમયસાર ગાથા-૧૬૧-૧૬૩ ૮૫-૮૭
મોક્ષ હેતુ સ્વભાવના તિરોધાયિ ભાવપણાને લીધે કર્મ નિષિદ્ધઃ
સમ્યક્ત્વાદિ મોક્ષહેતુ સ્વભાવના પ્રતિબંધક મિથ્યાત્વાદિ કર્મના ઉદય થકી જ જ્ઞાનના મિથ્યાદૃષ્ટિત્વાદિ
૮૮. સમયસાર કળશ-૧૦૯ ૮૮-૮૯
તત્ત્વ દિગ્વિજયી ધર્મચક્રીના ચાર કીર્તિ સ્થંભ સમા ચાર મંગલ કળશ
૯૦. સમયસાર કળશ-૧૧૦ ૯૦-૯૧
કર્મ-જ્ઞાન સમુચ્ચયમાં પણ ક્ષતિ નથી : પણ તેમાં પણ કર્મ બંધાર્થ, જ્ઞાન એક જ મોક્ષાર્થ
૯૨. સમયસાર કળશ-૧૧૧ ૯૨-૯૩
કર્મ નયાવલંબની મગ્ન,
જ્ઞાન નયાવલંબની મગ્ન :
સતત જ્ઞાન ભવંત અપ્રમત્ત જ
વિશ્વ ઉપર તરનારા
૯૪. સમયસાર કળશ-૧૧૨ ૯૪-૯૫
સકલ કર્મનું ઉન્મૂલન કરી જ્ઞાનજ્યોતિનો પ્રવિકાસ


॥ इति पुण्यपापप्ररूपकः तृतीयो अंक ॥

**समयसार : चतुर्थ आस्रव अधिकार**

**સમયસાર-વ્યાખ્યા 'આત્મખ્યાતિ'માં**

**આસ્રવ પ્રરૂપક ચતુર્થ અંક**

૯૬. સમયસાર કળશ-૧૧૩ ૯૬-૯૮
મહામદમત્ત આસ્રવ મહાયોદ્ધાને જીતનારો દુર્જય બોધ ધનુર્ધર
'ઉદાર ગભીર મહોદય' જ્ઞાન મહોદધિ
૯૯. સમયસાર ગાથા-૧૬૪-૧૬૫ ૯૯-૧૦૨
આસ્રવ સ્વરૂપ-સંજ્ઞ-અસંજ્ઞ : ચેતન-અચેતન
રાગ-દ્વેષ-મોહ જીવમાં આસ્રવ : મિથ્યાત્વાદિ અજીવ (પુદ્ગલ) આસ્રવ
અજ્ઞાન-રાગાદિ ૩ : મિથ્યાત્વાદિ ૪ : જ્ઞાનાવરણીયાદિ ૮
૧૦૩. સમયસાર ગાથા-૧૬૬ ૧૦૩-૧૦૫
જ્ઞાનિને તદ્ (આસ્રવ) અભાવ
જ્ઞાનીને આસ્રવ નિરોધ : અબંધ
જ્ઞાનમય ભાવોથી રાગાદિ અજ્ઞાનમય ભાવોનો નિરોધ
જ્ઞાની અબંધ અકર્ત્તા : કેવલ જ્ઞાતા જ
'જાગ્યો સમ્યગ્ જ્ઞાન સુધારસ ધામ જો'
૧૦૬. સમયસાર ગાથા-૧૬૭ ૧૦૬-૧૦૯
રાગ-દ્વેષ-મોહ અજ્ઞાનમય ભાવ બંધક : લોહચુંબકનું દૃષ્ટાંત
રાગાદિ સંપર્કજ અજ્ઞાનમય જ ભાવકર્મ પ્રેરક, બંધક
રાગ-દ્વેષ-મોહ સંપર્કજ અજ્ઞાનમય ભાવ તદ્ વિવેક જ જ્ઞાનમય ભાવ
૧૧૦. સમયસાર ગાથા-૧૬૮ ૧૧૦-૧૧૧
'પક્વ ફલ પડી ગયે જેમ ફલ પુનઃ બીંટ સાથે બંધાતું નથી, તેમ જીવનો કર્મભાવ પડી ગયે પુનઃ ઉદય પામતો નથી.'
રાગાદિથી અસંકીર્ણ જ્ઞાનમય ભાવનો સંભવ : બીંટથી છૂટા પડેલા પાકા ફલનું દૃષ્ટાંત
૧૧૨. સમયસાર કળશ-૧૧૪ ૧૧૨-૧૧૩
જ્ઞાનનિવૃત્ત ભાવ જ જેનો છે એવા જ્ઞાનીને આસ્રવ ભાવનો અભાવ
જ્ઞાનમય રાગાદિ અસંકીર્ણ ભાવ સંભવ
સર્વ દ્રવ્યકર્મ આસ્રવ ઓઘોને રુંધતો એવો સર્વ ભાવઆસ્રવનો આ અભાવ
૧૧૪. સમયસાર ગાથા-૧૬૯ ૧૧૪-૧૧૫

'પૂર્વ નિબદ્ધ પ્રત્યયો તો તે જ્ઞાનીને પૃથ્વી પિંડ સમાન છે, તે તો સર્વેય કર્મ શરીરની સાથે બદ્ધ'

પૂર્વે અજ્ઞાનથી જ બદ્ધ મિથ્યાત્વાદિ પ્રત્યયો

જ્ઞાનીને પૃથ્વી પિંડ સમાન : 'પુઢવીપિંડ समाणा ।'

જ્ઞાનીને દ્રવ્ય આસ્રવનો અભાવ સ્વભાવ-સિદ્ધ જ

**૧૧૬. સમયસાર કળશ-૧૧૫ ૧૧૬**

જ્ઞાની સદા નિરાસ્રવ : જ્ઞાયક એક જ

**૧૧૭. સમયસાર ગાથા-૧૭૦ ૧૧૭-૧૨૦**

'કારણકે ચતુર્વિધ (પ્રત્યયો) જ્ઞાન-દર્શન એ બે ગુણોએ કરીને અનેક ભેદવાળું (કર્મ) સમયે સમયે બાંધે છે, તેથી જ્ઞાની તો અબંધ જ છે.'

આસ્રવ ભાવ ભાવનાના અભિપ્રાય અભાવે જ્ઞાની નિરાસ્રવ જ

જ્ઞાન ગુણ પરિણામ : વા જ્ઞપ્તિ પરિવર્ત સિદ્ધાંતનું **અમૃતચંદ્રજીએ** કરેલું અપૂર્વ મૌલિક નિરૂપણ

આ જ્ઞપ્તિપરિવર્તરૂપ ચિદ્દ વિવર્તરૂપ પરિણામ એ જ જીવનું ભાવકર્મ

આ જ્ઞપ્તિપરિવર્તરૂપ ચિદ્‌વિવર્તરૂપ વા જ્ઞાનગુણ પરિણામરૂપ ભાવકર્મ જ્યાં લગી થાય છે, ત્યાં લગી દ્રવ્યકર્મનો બંધ પણ થયા કરે છે.

પણ જ્ઞપ્તિપરિવર્તરૂપ - જ્ઞાનગુણ પરિણામરૂપ ભાવકર્મનો જ્યારે અભાવ થાય છે, ત્યારે દ્રવ્યકર્મનો પણ આપોઆપ જ અભાવ થાય છે.

**૧૨૧. સમયસાર ગાથા-૧૭૧ ૧૨૧-૧૨૨**

જ્ઞાનગુણ પરિણામ બંધહેતુ કેવી રીતે ?

જ્ઞાનગુણનો જઘન્ય ભાવ ત્યાં લગી અન્યપણે પરિણામ અને તે રાગને લીધે બંધહેતુ જ

જ્ઞાનગુણનો અન્યપણે પરિણામ વા જ્ઞાનનો ગુણ પરિણામ બંધહેતુ

યથાખ્યાત ચારિત્ર અવસ્થા હેઠે જઘન્ય જ્ઞાનગુણ - બંધ : અંતર્મુહૂર્તમાં વિપરિણામીપણું

**૧૨૩. સમયસાર ગાથા ૧૨૩-૧૨૫**

જઘન્ય ભાવથી દર્શનાદિ પરિણામ, તેથી જ બંધ

બુદ્ધિપૂર્વક જ રાગાદિ ભાવ અભાવને લીધે નિરાસ્રવ

પૂર્ણતા પર્યંત જ્ઞાનના દર્શન-જ્ઞાન-ચારિત્ર

**૧૨૬. સમયસાર કળશ-૧૧૬ ૧૨૬-૧૨૭**

બુદ્ધિપૂર્વક રાગનો ત્યાગ : અબુદ્ધિ પૂર્વક રાગને જીતવાનો આત્મ પુરુષાર્થ

જ્ઞાનની 'પરિવૃત્તિને' ઉચ્છેદે : નિત્ય નિરાસ્રવ

**૧૨૮. સમયસાર કળશ-૧૧૭ ૧૨૮**

દ્રવ્ય પ્રત્યયસંતતિ જ્યાં જીવતી બેઠી છે, ત્યાં તો પછી જ્ઞાની નિત્યમેવ નિરાસ્રવ ક્યાંથી હોય ?

**૧૨૯. સમયસાર ગાથા ૧૭૩-૧૭૬ ૧૨૯-૧૩૨**

કર્મ **પ્રત્યયો** ઉપભોગ **પ્રાયોગ્ય** વા ઉપયોગ **પ્રાયોગ્ય, તરુણી સ્ત્રી જેમ, જીવભાવ સદ્ભાવે જ બાંધે**

**સત્તાગત કે ઉદયાગત દ્રવ્ય પ્રત્યયો જ્ઞાનીને અકિંચિત્કર**

**૧૩૩. સમયસાર કળશ-૧૧૮ ૧૩૩**

પૂર્વબદ્ધ દ્રવ્ય પ્રત્યયો : જ્ઞાનીને સકલ રાગ દ્વેષ મોહનો વ્યુદાસ (ઉદાસીનતા) : તેથી ન કદી પણ કર્મબંધ

**૧૩૪. સમયસાર કળશ-૧૧૯ ૧૩૪**

જ્ઞાનીને રાગ-દ્વેષ-મોહ અસંભવ

**૧૩૫. સમયસારગાથા-૧૭૭-૧૭૮ ૧૩૫-૧૩૭**

'રાગ-દ્વેષ-મોહ આસ્રવો સમ્યગ્દૃષ્ટિને નથી, તેથી આસ્રવ ભાવ વિના પ્રત્યયો હેતુ નથી.'

ચતુર્વિકલ્પ હેતુ અષ્ટ વિકલ્પનું કારણ કહ્યું છે, તેઓનું (ચતુર્વિકલ્પનું) પણ રાગાદિ (કારણ કહ્યું છે), તેઓના (રાગાદિના) અભાવે બંધાતા નથી.'

દ્રવ્ય પ્રત્યયોનું પુદ્ગલ કર્મહેતુત્વ : પણ તે

હેતુપણું રાગાદિ હેતુને આધીન

મિથ્યાત્વાદિના પણ જીવભાવભૂત રાગાદિ

મિથ્યાત્વાદિ બંધના બહિરંગ કારણ : જીવના રાગ-દ્વેષ-મોહ જ અંતરંગ કારણ

**૧૩૮. સમયસાર કળશ-૧૨૦ ૧૩૮-૧૩૯**

'शुद्धनयमुद्धतबोधचिह्नं' ऐकाग्र्यं' સદૈવ કળે છે, તે સમયસારને પેખે

શુદ્ધોપયોગ દશાસંપન્ન ઐકાગ્ર્ય શ્રામણ્ય

**૧૪૦. સમયસાર કળશ-૧૨૧ ૧૪૦**

શુદ્ધનયથી પ્રચ્યુત થઈ, જે વિમુક્તબોધ રાગાદિ યોગ પામે, તેને કર્મબંધ

**૧૪૧. સમયસારગાથા-૧૭૯-૧૮૦ ૧૪૧-૧૪૩**

જ્યારે જ્ઞાની શુદ્ધનયથી પરિહીન હોય છે, ત્યારે તેને રાગાદિના સદ્ભાવ થકી કર્મબંધ ઈ.

પુરુષના આહારનું દૃષ્ટાંત : પુદ્ગલમય જ્ઞાનાવરણાદિ વિવિધ ભાવે પરિણમે.

**૧૪૪. સમયસાર કળશ-૧૨૨ ૧૪૪-૧૪૮**

'इदमेवात्र तात्पर्यं, हेयः शुद्धनयो न हि ।'

'त्याज्यः शुद्धनयो न जातु कृतिभिः ।'

શુદ્ધનય કર્મોનો સર્વકષ : तत्रस्थाः स्वमरीचिचक्रमचिरात् संहृत्य निर्यत् बहिः ।' ઈ.

**॥ इति आस्रवप्ररूपकः चतुर्थ अंको ॥**

**अथ संवर अधिकारः ॥५॥**

**સમયસાર વ્યાખ્યા 'આત્મખ્યાતિ'માં સંવર પ્રરૂપક : પંચમ અંક**

**૧૪૯. સમયસાર કળશ-૧૨૫ ૧૪૯-૧૫૧**

સંવર સ્વરૂપ : સ્થિર ચિન્મય જ્યોતિઃ આસ્રવ જય પ્રતિલબ્ધ : નિત્ય વિજયવંત સંવર

આસ્રવ પર સામો વિજય : પ્રતિલબ્ધ સંવર

**૧૫૨. સમયસાર ગાથા-૧૮૧, ૧૮૨, ૧૮૩ ૧૫૨-૧૫૮**

'उवओए उवओगे कोहादि णत्थि उवओगे'

સકલ કર્મ સંવરણના પરમ ઉપાય ભેદજ્ઞાનનું અભિનંદન

સ્વરૂપ પ્રતિષ્ઠત્વ લક્ષણ : આધારાધેય સંબંધ

જ્ઞાન જ્ઞાનમાં જ સ્વરૂપમાં જ : ક્રોધાદિ ક્રોધાદિમાં જ સ્વરૂપમાં જ

ક્રોધાદિમાં જ્ઞાન નથી, જ્ઞાનમાં ક્રોધાદિ નથી :

'પરમાર્થ' આધારાધેય સંબંધ શૂન્યપણું

સ્વભાવ ભેદથી વસ્તુ ભેદ : જ્ઞાન-અજ્ઞાનનું આરાધેયપણું નથી.

આકાશ આકાશમાં જ - સ્વરૂપમાં જ પ્રતિષ્ઠિત : તેમ જ્ઞાન જ જ્ઞાનમાં જ, ક્રોધાદિ જ ક્રોધાદિમાં જ

'॥ इति साधु सिद्धं भेदविज्ञानं ॥'

**૧૫૯. સમયસાર કળશ-૧૨૬ ૧૨૯-૧૬૦**

ભેદજ્ઞાન ને તેના ફલ શુદ્ધ આત્મોપલંભ (શુદ્ધ આત્માનુભૂતિ) થકી

જ્ઞાનનો - રાગનો અંતર કરવતથી વિભાગ : કાષ્ઠ જેમ

શુદ્ધ જ્ઞાનઘનૌઘએક અધ્યાસી આનંદજો !

ભેદજ્ઞાન ઉદય : શુદ્ધજ્ઞાનઘન અધ્યાસીન અદ્વૈત સંતો આનંદો !

**૧૬૧. સમયસાર ગાથા-૧૮૧-૧૮૩ ૧૬૧-૧૬૨**

શુદ્ધોપયોગમય આત્મપણાથી કેવલ જ્ઞાન જઃ રાગ-દ્વેષ-મોહ કરતું નથી : ભેદ વિજ્ઞાન શુદ્ધાત્મોપલંભ - સંવર

**૧૬૩. સમયસારગાથા-૧૮૪-૧૮૫ ૧૬૩-૧૬૬**

'કનક અગ્નિતપ્ત છતાં કનક ભાવ પરિત્યજતું નથી : તેમ કર્મોદયથી તપ્ત જ્ઞાની જ્ઞાનિત્વ છોડતો નથી.' ઈ. ભેદ વિજ્ઞાન સદ્ભાવે જ્ઞાનીને શુદ્ધાત્મ-અનુભવ : સુવર્ણ દૃષ્ટાંત

ભેદવિજ્ઞાન અભાવે અજ્ઞાનીને શુદ્ધાત્મ અનુભવ અભાવ : સુવર્ણ સુવર્ણત્વ અપોહે નહિ : જ્ઞાની જ્ઞાનત્વ અપોહે નહિ

भेदविज्ञानादेव शुद्धात्मोपलंभः ।

**૧૬૭. સમયસાર ગાથા-૧૮૬ ૧૬૭-૧૬૯**

'શુદ્ધ જ વિશેષે કરી જાણંતો જીવ શુદ્ધ જ આત્માને લહે છે : અને અશુદ્ધ જાણંતો અશુદ્ધ જ આત્માને લહે છે.' અચ્છિન્ન ધારાવાહી જ્ઞાનથી શુદ્ધાત્માનુભવ થકી, શુદ્ધાત્મ પ્રાપ્તિ : રાગાદિ આસ્રવ નિરોધ : સંવર

અશુદ્ધ આત્માનુભવથી અશુદ્ધ આત્મપ્રાપ્તિ : રાગાદિ આસ્રવ અનિરોધ અસંવર ધારાવાહી જ્ઞાનથી - શુદ્ધાત્મ ઉપલંભ

૧૭૦. સમયસાર કળશ-૧૨૭ ૧૭૦-૧૭૧

ધારાવાહી જ્ઞાનથી ધ્રુવ શુદ્ધાત્માનુભવ : ઉદય પામતા આત્મરામ શુદ્ધ આત્માની પ્રાપ્તિ

'परपरिणतिरोधाच्छुद्धमेवाभ्युपैति'

૧૭૨. સમયસાર ગાથા-૧૮૭-૧૮૯ ૧૭૨-૧૭૬

કયા પ્રકારથી સંવર થાય છે ?

શ્રેષ્ઠ ધ્યાન વિધિ : શુભાશુભ યોગમાં પ્રવર્તતાં આત્મરુંધન : શુદ્ધ દર્શન-જ્ઞાનમાં પ્રતિષ્ઠાપન

સમસ્ત પરદ્રવ્યેચ્છા પરિહાર : સમસ્ત સંગ મુક્તિ

અતિ નિષ્પ્રકંપતા : કર્મ-નોકર્મ અસંસ્પર્શથી આત્મધ્યાન : એકત્વ સંચેતન

શુદ્ધ આત્મ દ્રવ્ય પ્રાપ્તિ : સમસ્ત પરદ્રવ્યમય

પણાથી અતિક્રાંતપણું, સકલ કર્મ વિમુક્ત આત્મપ્રાપ્તિ

શ્રીમદ્ રાજચંદ્રજીએ પ્રદર્શિત કરેલો ઉત્તમ સંવર વિધિ

આ અદ્‌ભુત સંકલનાબદ્ધ પંચ કલમવાળા પંચ સૂત્રનો કમલવાર પરમાર્થસાર સમજવા (જુઓ 'અધ્યાત્મરાજચંદ્ર': પ્રકરણ-૧૦૩ (સ્વરચિત)

૧૭૭. સમયસાર કળશ-૧૭૭ ૧૭૭-૧૭૮

ભેદવિજ્ઞાન શક્તિથી નિજ મહિમરતોને શુદ્ધ - આત્મોપલંભ

અચલિતપણે અખિલ પરદ્રવ્યથી દૂર સ્થિતોને અક્ષય કર્મમોક્ષ

૧૭૯. સમયસાર ગાથા-૧૯૦-૧૯૨ ૧૭૯-૧૮૨

કયા ક્રમથી સંવર થાય છે ?

આત્મ-કર્મનો એકત્વ અધ્યાસ-રાગ-દ્વેષ-મોહરૂપ ભાવ- કર્મ-નોકર્મ-સંસાર સંવરનો તત્ત્વવૈજ્ઞાનિક ક્રમ

આત્મ-કર્મ એકત્વ અધ્યાસ-અધ્યવસાય રાગાદિ આસ્રવભાવ - કર્મ આસ્રવ - નોકર્મ

આથી ઉલટું - 'आत्मकर्मणोर्भेदविज्ञानं' - શુદ્ધ ચૈતન્યચમત્કાર - આત્મ ઉપલંભ મિથ્યાત્વાદિ આસ્રવ ભાવહેતુ અધ્યવસાન અભાવ-કર્મનો અભાવ - નોકર્મ અભાવ-સંસારનો અભાવ

૧૮૩. સમયસાર કળશ-૧૨૯ ૧૮૩-૧૮૪

ભેદવિજ્ઞાન - શુદ્ધ આત્મતત્ત્વ - અનુભવ (ઉપલંભ) સાક્ષાત્ સંવર

'तद्भेदविज्ञानमतीव भाव्यं'

૧૮૫. સમયસાર કળશ-૧૩૧ ૧૮૬

'भेदविज्ञानतः सिद्धाः' । ** 'अस्यैवाभावतो बद्धा'

ભેદ વિજ્ઞાન - સર્વ સિદ્ધો:: ભેદ વિજ્ઞાન અભાવ - સર્વ બદ્ધો

૧૮૭. સમયસાર કળશ-૧૩૨ ૧૮૭-૧૮૮

સંવરના ક્રમનું સકલ અવિકલ આલેખન

ભેદજ્ઞાન થકી સંવર : પરમ જ્યોતિ કેવલ જ્ઞાન પ્રકાશ

ભેદજ્ઞાનના ઉછલનનું કલન (અનુભવન) શુભ આત્મતત્ત્વનો ઉપલંભ અનુભવ - રાગાદિ સમૂહનું 'પ્રલય કરણ' - કર્મોનો સંવર 'અમલાલોક' 'એક' જ્ઞાનમાં નિયત - કેવલ જ્ઞાન

'ज्ञानं ज्ञाने नियतमुदितं शाश्वतोद्योतमेतत् ।'

॥ इति **संवर प्ररुपकः** पंचम अंक :

**॥अथ निर्जरा अधिकार ॥**

**સમયસાર વ્યાખ્યા 'આત્મખ્યાતિ'માં નિર્જરા પ્રરૂપક ષષ્ઠ અંક**

**૧૮૯. સમયસાર કળશ-૧૩૩ ૧૮૯-૧૯૧**

પ્રગટ જ્ઞાન જ્યોતિ : સંવર-નિર્જરા

ભાવી કર્મ રોધતો સંવર : પૂર્વકર્મ બાળતી નિર્જરા

અપાવૃત જ્ઞાનજ્યોતિ રાગાદિથી અમૂર્ચ્છિત

**૧૯૨. સમયસાર ગાથા-૧૯૩ ૧૯૨-૧૯૬**

'હોત આસ્રવા પરિસ્રવા, ઈનમેં નહિ સંદેહ.' શ્રીમદ્દ્રાજચંદ્ર, હા.નો.

વિરાગનો ઉપભોગ નિર્જરાર્થે જ : મિથ્યાદષ્ટિને બંધ

દૃષ્ટિ દૃષ્ટિમાં ફેર : સમ્યગ્ દૃષ્ટિને નિર્જરા : મિથ્યાદષ્ટિને બંધ

વિષય બુભુક્ષુ ભવાભિનંદી મિથ્યાદષ્ટિ

વૈરાગ્ય જલથી ચિત્તભૂમિની આર્દ્રતાની જરૂર

'સકલ જગત્ તે એઠવત્' : જ્ઞાનીનો પરમ વૈરાગ્ય

અનાસક્ત જ્ઞાનીનો પણ વિષયોપભોગ પ્રત્યે અંતરંગ ખેદ અને પશ્ચાતાપ

**૧૯૬. સમયસાર ગાથા-૧૯૪ ૧૯૭-૨૦૧**

સુખ દુઃખ વેદતાં મિથ્યાદષ્ટિને બંધ : રાગાદિ સદ્ભાવે બંધ : રાગાદિ અભાવે નિર્જરા

જ્ઞાની-અજ્ઞાનીની દૃષ્ટિ-વૃત્તિમાં ફેર જ્ઞાનીની ભાવના : 'વિષય વાસના ત્યાગો ચેતન'

જ્ઞાનીનો વિષય વૈરાગ્ય

**૨૦૨. સમયસાર કળશ-૧૦૪ ૨૦૨-૨૦૪**

**બનારસીદાસજીએ** આપેલા સમ દૃષ્ટાંત પાપ સખા ભોગ

ધર્મજન્ય ભોગ પણ અનર્થ હેતુ : અપવાદો રૂપ સત્પુરુષો

**૨૦૫. સમયસાર ગાથા-૧૯૫ ૨૦૫-૨૦૮**

જ્ઞાનનું અમોઘ સામર્થ્ય : વિષવૈદ્યનું દૃષ્ટાંત વિષનું 'મારણ'

'હોત આસ્રવા પરિસ્રવા' ઈ.

ઉચ્ચ યોગદશા સંપન્ન જ્ઞાનીનું જ્ઞાન સામર્થ્ય

**૨૦૯. સમયસાર ગાથા-૧૯૬ ૨૦૯-૨૧૪**

વૈરાગ્યનું સામર્થ્ય : જ્ઞાનીનો પરમ વૈરાગ્ય જ્ઞાનીની વૈરાગ્ય ભાવના

'ज्ञानस्य फलं विरतिः' વિરતિના બે અર્થ

'તપ્ત લોહ પદન્યાસ' વૃત્તિ : કાયપાતી પણ ચિત્તપાતી નહિ

'मोक्षे चित्तं भवे तनुः'

તીર્થંકરાદિ ઉદાહરણ

જીવતું જાગતું જ્વલંત દૃષ્ટાંત : વર્તમાન યુગમાં **શ્રીમદ્ રાજચંદ્રજી**

**૨૧૫. સમયસાર કળશ-૧૩૫ ૨૧૫-૨૧૮**

વિષય સેવન છતાં વિષય સેવન ફલ નહિ ! સેવક છતાં અસેવક

જ્ઞાનીનો જ્ઞાન વૈભવ : વિરાગતા બલ.

'બાલ ધૂલિગૃહ ક્રીડા સરખી ભવચેષ્ટા અહીં ભાસે રે'

જ્ઞાનીનો સંવેગાતિશય

અપવાદ રૂપ **તીર્થંકરાદિ** દૃષ્ટાંત

'નકલી' જ્ઞાની 'શુષ્ક જ્ઞાની'ના બેહાલ

**૨૧૯. સમયસાર ગાથા-૧૯૭ ૨૧૯-૨૨૫**

વિષય સેવન ફલ સ્વામિત્વ અભાવે : સેવતો છતાં ન સેવતો,

શેઠ-વાણોતરનું દૃષ્ટાંત

જ્ઞાની 'सेवमानो न सेवकः'

અનાસક્ત ભાવ મુખ્ય વૈરાગ્ય લક્ષણ આક્ષેપક જ્ઞાન

'મન મહિલાનું વહાલા ઉપરે'નો અપૂર્વ પરમાર્થ

'ભોગ નહિ ભવહેત' : 'વિચરે પૂર્વ પ્રયોગ'

'ધાર તરવારની' : 'अक्षिपात्रकल्पो हि विद्वान्' (पातंजल सूत्र)

**૨૨૬. સમયસાર કળશ-૧૩૬ ૨૨૬-૨૨૭**

'सम्यग्दृष्टे र्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः'

'स्वं वस्तुत्वं कलयितुमयं स्वान्याप्तिमुक्त्या'

સ્વ ગ્રહણ : પર ત્યાગ : સ્વમાં સ્થિતિ : પર રાગ યોગથી વિરતિ

'स्वस्मिन्नास्ते विरमति परात्'

૨૨૮. સમયસાર ગાથા-૧૯૮ ૨૨૮-૨૨૯

'उदयविवागो विविहो कम्माणां' 'ण दु ते मज्झ सहावा'

'जाणइ भावो दु अहमिक्को' 'एष टंकोत्कीर्ण ज्ञायकभाव स्वभावोऽहं ।'

૨૩૦. સમયસાર ગાથા-૧૯૯ ૨૩૦-૨૩૨

કર્મોદય વિપાકજન્ય રાગ મ્હારો સ્વભાવ નથી. હું એક જ્ઞાયક ભાવ.

'सम्यग्दृष्टिः स्वं जानन् रागं मुंचंश्च नियमात् ज्ञानवैराग्याभ्यां संपन्नो भवति'

૨૩૩. સમયસાર ગાથા-૨૦૪ ૨૩૩-૨૩૫

તત્ત્વજ્ઞનો કર્મોદય વિપાક ત્યાગ

સ્વભાવ ગ્રહણ, પરભાવ ત્યાગઃ સ્વભાવ ગ્રહણ, પરભાવ ત્યાગથી નિષ્પાદ્ય વસ્તુત્વ

પરમ જ્ઞાન વૈરાગ્ય સંપન્ન શ્રીમદ્ રાજચંદ્રજીના સ્વાનુભવ ગોચર અનુભવોદ્‌ગાર

૨૩૬. સમયસાર કળશ-૧૩૭ ૨૩૬-૨૩૮

શુષ્કજ્ઞાની ને ક્રિયાજડને લાલ બત્તી

શુષ્કજ્ઞાની ને ક્રિયાજડને મુખ ચપેટિકા

આ કળશના ભાવનું બનારસીદાસજીએ કરેલું મૌલિક વિકસન

૨૩૯. સમયસારગાથા-૨૦૧-૨૦૨ ૨૩૯-૨૪૧

રાગાદિ અજ્ઞાનભાવોનો લેશ પણ હોય તો શ્રુતકેવલીકલ્પ પણ અજ્ઞાની સમ્યગ્દૃષ્ટિ નથી

૨૪૨. સમયસાર કળશ-૧૩૮ ૨૪૨-૨૪૪

આસંસારથી રાગીઓ નિત્ય મત્તા

જેમાં સુપ્તા છે તે અપદ છે અપદ છે.

તેથી અંધો ! વિબુધ્ય થઈ જાઓ !

અહીં આવો ! અહીં આવો ! આ પદ છે આ પદ છે - યત્ર ચૈતન્ય ધાતુ

શુદ્ધ શુદ્ધ સ્વરસભરથી સ્થાયિ ભાવ પામે છે.

૨૪૫. સમયસાર ગાથા-૨૦૩ ૨૪૫-૨૪૯

'આત્માને વિષે દ્રવ્ય ભાવોને અપદોને મૂકીને સ્વભાવથી ઉપલંભ (અનુભવ) થઈ રહેલો તથાપ્રકારે નિયત એવો સ્થિર એક આ ભાવ ગ્રહ !'

આ નિયત અવસ્થાવાળા અનેક, ક્ષણિક, વ્યભિચારી ભાવો તેઓ સર્વે અપદભૂત

'તત્ સ્વભાવથી ઉપલભ્યમાન, નિયત અવસ્થાવાળો, એક, નિત્ય અવ્યભિચારી ભાવ, તે એક જ પદભૂત'

'ज्ञानअत्यविकल्पो ।' ** स्वपरविभागेना वस्थितं विश्वं विकल्पस्तदाकारावभासनं । ઈ.

જ્ઞેય ભાવો - ભાવક ભાવો Passing Show

જ્ઞાયક ભાવ ખડકની જેમ અડગ્ગ મહામેરુ અચલની સ્થિત

એક 'જ્ઞાનપદ' જ અવલંબન : સદા સ્વસ્વંદનથી આસ્વાદવા યોગ્ય

૨૫૦. સમયસાર કળશ-૧૩૯ ૨૫૦-૨૫૧

'एकमेव हि तत् स्वाद्यं विपदामपदं पदं'

૨૫૨. સમયસાર કળશ-૧૪૦ ૨૫૨-૨૫૦

'एकं ज्ञायकनिर्भरमहास्वादं ।'

'स्वादं द्वंद्वमयं विधातुमसहः ।'

'स्वं वस्तुवृत्तिं विदन् ।'

'आत्माऽत्मानुभवानुभावविवशो ।'

૨૫૫. સમયસાર ગાથા-૨૦૪ ૨૫૫-૨૬૦

આત્મા પરમાર્થ : તે જ્ઞાન અને આત્મા એક એવ પદાર્થ : તે આ પરમાર્થ સાક્ષાત્ મોક્ષોપાય

અને આભિનિબોધિક આદિ ભેદો આ એક પદને અહીં ભેદાતા નથી, તેઓ પણ એક એવ પદને અભિનંદે છે.

ઘનપટલથી અવગુંઠિત સૂર્યનું દૃષ્ટાંત : પ્રકાશાતિશય ભેદો તેના પ્રકાશ સ્વભાવ ભેદતા નથી, કિંતુ ઉલટા અભિનંદે છે :

તથા - કર્મપટલથી અવગુંઠિત આત્મના જ્ઞાનાતિશય ભેદો તેના જ્ઞાનસ્વભાવને ભેદતા નથી. કિંતુ ઉલટા અભિનંદે છે.

તેથી નિરસ્ત સમસ્ત ભેદ આત્મસ્વભાવભૂત જ્ઞાન એવ આલમ્બ્ય :

તેના આલંબનથી પદપ્રાપ્તિ થાય છે, ભ્રાંતિ નાશે છે, આત્મલાભ થાય છે, અનાત્મ પરિહાર સિદ્ધ થાય છે, કર્મ મૂર્છતું થતું નથી, રાગ-દ્વેષ-મોહ ઉત્પલવતું નથી, પુનઃ કર્મ આસ્રવતું નથી, પુનઃ કર્મ બંધાતું નથી, પ્રાગ્બદ્ધ કર્મ ઉપભુક્ત નિર્જરાય છે, કૃત્સ્ન કર્મ અભાવથી સાક્ષાત્ મોક્ષ હોય છે.

૨૬૧. **સમયસાર કળશ-૧૪૧ ૨૬૧-૨૬૨**

**મહાકવિ અમૃતચંદ્રજી અદ્ભુત નિધિ ચૈતન્ય રત્નાકરનું સંકીર્તન કરતો સમયસાર કળશ પ્રકાશે છે :**

**અચ્છ અચ્છ સંવેદન વ્યક્તિઓ અખિલ ભાવમંડલ રસ પ્રાગ્ભાર પીવા જવાથી જાણે મત્ત !**

'स एष भगवान्, एकोप्यनेकी भवन्'

**ઉત્કલિકાથી ઉછાળા : એક અભિન્ન રસ અભિન્ન રસ અદ્ભુત નિધિ ભગવાન ચૈતન્ય રત્નાકર**

૨૬૩. **સમયસાર કળશ-૧૪૨ ૨૬૩-૨૬૪**

'क्लिश्यंतां स्वयमेव दुष्करतरैः मोक्षोन्मुखैः कर्मभि':,

'क्लिशयंतां च परे महाव्रततपोभारेण भग्नाश्चिरं ।'

'સાક્ષાત્ મોક્ષઃ નિરામય પદં સંવેદ્યમાનં સ્વયં ।'

'ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमते नहि ।'

૨૬૫. **સમયસાર ગાથા-૨૦૫ ૨૬૫-૨૬૭**

**કર્મમાં જ્ઞાનના અપ્રકાશનને લીધે જ્ઞાનનો અનુપલંભ-અનુભવ**

'केवलेन ज्ञानेनैव ज्ञानस्योपलंभः ।'

**કેવલ જ્ઞાનથી જ્ઞાનનો ઉપલંભ-અનુભવ**

૨૬૮. **સમયસાર કળશ-૧૪૩ ૨૬૮-૨૬૯**

**આ જ્ઞાનપદ કર્મથી દુષ્પ્રાપ્ય : સહજ બોધકલાથી સુલભ; તાળું અને કુંચીનું દૃષ્ટાંત : હાથીનું દૃષ્ટાંત**

૨૭૦. **સમયસાર ગાથા-૨૦૬ ૨૭૦-૨૭૨**

**જ્ઞાનમાત્રમાં જ રતિ-સંતોષ-તૃપ્તિઃ કેવલ જ્ઞાનમાં જ રતિ-સંતોષ-તૃપ્તિ પામ ! વાચાગોચર સુખ થશે, તું જ દેખીશ, બીજાને પૂછીશ મા !**

૨૭૩. **સમયસાર કળશ-૧૪૪ ૨૭૩-૨૭૪**

**ચિન્માત્ર ચિંતામણિ અચિંત્ય શક્તિ જ્ઞાની આત્મદેવ**

**સર્વાર્થસિદ્ધ આત્મા છે, તો અન્ય પરિગ્રહથી શું ?**

**'સર્વાર્થસિદ્ધની જ વાત છે' ઈ. શ્રીમદ્ રાજચંદ્રનો પૂર્વ અનુભવ**

૨૭૫. **સમયસાર ગાથા-૨૦૭ ૨૭૫-૨૭૬**

'को णाम भणिज्ज बुहो परदव्वं मम इमं हवदि दव्वं ।'

'अप्पाणमप्पणो परिग्गहं तु णियतं वियाणंतो ।'

**'ખરતર' તત્ત્વદૃષ્ટિથી જ્ઞાની પરદ્રવ્ય પરિગ્રહ કરે નહિ**

**જ્ઞાનીનો 'શૌચ' ધર્મ : ત્રણે અર્થમાં 'શૌચ'**

**જ્ઞાનીની પરદ્રવ્ય પરિગ્રહ ત્યાગ ભાવના**

'एक एव सुहृद् धर्मो' **(શ્રી હરિભદ્રસૂરિ)**

'परिग्रहनी ममता करीजी, भव भव मेल्ली रे आथ, जे ज्यांनी ते त्यां रहीजी,

कोइ न आवी साथ रे.' - **શ્રી વિનયવિજયજી ('પુણ્યપ્રકાશ')**

**'ચેતન ! તારા જવા પછી એ શું કરે છે ?' ઈ.**

**શ્રી મનઃસુખભાઈ કૃત શાંતસુધારસ વિવેચન (મૃત્યુ સુધારક બોધ)**

૨૮૦. **સમયસાર ગાથા-૨૦૯ ૨૮૦-૨૮૧**

'छिज्जदु वा भिज्जदु वा णिज्जदु वा अहव जादुं विप्पलयं ।' ઈ. ગાથા

પરદ્રવ્ય મ્હારૂં સ્વ નથી, હું પરદ્રવ્યનો સ્વામી નથી : હું જ મ્હારૂં સ્વ, હું જ મ્હારો સ્વામી

'પરિગ્રહની' બલા : પરિગ્રહ 'ગ્રહઃ' દુષ્ટગ્રહ : ભૂત, મગર : આરંભ અને પરિગ્રહ

**૨૮૨. સમયસાર કળશ-૧૪૫ ૨૮૨-૨૮૩**

વિશેષથી પરિગ્રહ ત્યાગની જ્ઞાનીની પ્રવૃત્તિ

સ્વ પર અવિવેક હેતુ : પરિગ્રહનો સામાન્ય-વિશેષ પરિત્યાગ

સ્વરૂપમાં સ્થિર કરવા રૂપ સંવર ક્રિયામાં મુખ્ય અંતરાય આ આરંભ પરિગ્રહ

આરંભ-પરિગ્રહ નિવૃત્તિ : શ્રી સૂયાંગડ સૂત્રમાં 'એમ સત્તર વાર તે ને તે વાત જણાવી' છે ('શ્રીમદ્ રાજચંદ્ર' અં. ૫૦૬)

**૨૮૪. સમયસાર ગાથા-૨૧૦ ૨૮૪-૨૮૬**

'अपरिग्गहो अणिच्छो भणिदो णाणी' ઈ.

જ્ઞાની અનિચ્છ અપરિગ્રહ : ધર્મ પરિગ્રહ નથી કેવલ જ્ઞાયક જ

ધર્મ ઉપકરણમાં પણ અપ્રતિબંધ : મૂર્છા અભાવ

સાધન તે બંધન ! : 'સર્વ સાધન બંધન થયા'

'સત્ સાધન સમજ્યો નહિ, ત્યાં બંધન શું જાય.'

**૨૮૭. સમયસાર ગાથા-૨૧૧ ૨૮૭-૨૮૯**

'ઈચ્છા પરિગ્રહ. તેને પરિગ્રહ છે નહિ જેને ઈચ્છા છે નહિ, ઈચ્છા તો અજ્ઞાનમય ભાવ છે અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને છે નહિ, જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ છે' ઈ. અધર્મનો કેવલ જ્ઞાયક જ આ જ્ઞાની હોય.

જ્ઞાનીને અધર્મ પરિગ્રહ નથી : જ્ઞાયક એક ભાવ

વિષયાસક્તિ રૂપ : અધર્મના (બીજા અર્થમાં) દારુણ વિપાક

'धिगहो दारुणं तमः' (શ્રી હરિભદ્રસૂરિ)

**૨૯૦. સમયસાર ગાથા-૨૧૨ ૨૯૦-૨૯૨**

ઈચ્છા પરિગ્રહ. તેને પરિગ્રહ છે નહિ, જેને ઈચ્છા છે નહિ ઈ. પૂર્વવત્

અજ્ઞાનીની વિષય ભોગ તૃષ્ણા

જ્ઞાનીની ઈંદ્રિયજય ભાવના ઈ.

**૨૯૩. સમયસાર ગાથા-૨૧૩ ૨૯૩-૨૯૪**

'ઈચ્છા પરિગ્રહ. તેને પરિગ્રહ છે નહિ જેને ઈચ્છા છે નહિ ઈ.' પૂર્વવત્

જ્ઞાનીની વિષય તૃષ્ણા જય ભાવના

'મુજ જ્ઞાયકતા પર રસી રે, પર તૃષ્ણાએ તપ્ત રે' - (શ્રી દેવચંદ્રજી)

**૨૯૬. સમયસાર ગાથા-૨૧૪ ૨૯૬-૨૯૯**

જ્ઞાનીને સર્વે જ પરદ્રવ્ય ભાવોનો પરિગ્રહ છે નહિ

અજ્ઞાન વમ્યું છે એવા જ્ઞાની સર્વત્ર નિરાલંબ : વિજ્ઞાનઘન અનુભવ

શ્રામણ્યના સહકારી અપવાદરૂપ ધર્મ ઉપકરણમાં પણ જ્ઞાનીને અસંગતા

**૩૦૦. સમયસાર કળશ-૧૪૬ ૩૦૦**

ઉદયભોગ જ્ઞાનીને રાગવિયોગે પરિગ્રહ નથી થતો

**૩૦૧. સમયસાર ગાથા-૨૧૫ ૩૦૧-૩૦૪**

જ્ઞાનીને ત્રણે કાળ સંબંધી કર્મોદય ઉપભોગનો પરિગ્રહ અભાવ : વર્તમાન ઉદયમાં વિયોગ બુદ્ધિ : રાગ બુદ્ધિ અભાવ

અનાગત ઉદયની અનાકાંક્ષા

જ્ઞાનીને ભોગ અનિચ્છા : ભોગથી ઈચ્છાનિવૃત્તિ નથી

**૩૦૫. સમયસાર ગાથા-૨૧૬ ૩૦૫-૩૦૭**

વેદ્ય-વેદક ભાવની અનવસ્થા : તે જાણતો જ્ઞાની કાંઈ કાંક્ષતો નથી

**૩૦૮. સમયસાર કળશ-૧૪૭ ૩૦૮-૩૦૯**

જ્ઞાની કંઈ પણ કાંક્ષતો નથી : સર્વથી અતિ વિરક્ત ભાવ

વેદ્ય-વેદક ભાવનું ચલપણું : નિષ્કામી આત્મરામી જ્ઞાની

૩૧૦. સમયસાર ગાથા-૨૧૭ ૩૧૦-૩૧૨
જ્ઞાનીને બંધ નિમિત્ત કે ઉપભોગ નિમિત્ત સર્વ અધ્યવસાન-ઉદયોમાં રાગ અભાવ
૩૧૩. સમયસાર કળશ-૧૪૮ ૩૧૩-૩૧૪
રાગરસ રહિત જ્ઞાનીને કર્મ પરિગ્રહ ભાવ પામતું નથી : વસ્ત્ર દૃષ્ટાંત
વિષયોનું વિપાક વિરસપણું : જ્ઞાનીનો પરમ વિષય વૈરાગ્ય
૩૧૫. સમયસાર કળશ-૧૪૯ ૩૧૫-૩૧૬
વિરક્ત જ્ઞાની કર્મ મધ્યે પણ અલિપ્ત ભવભોગથી વિરક્ત જીવન્મુક્ત જ્ઞાની જળ કમળવત્ અલિપ્ત
૩૧૭. સમયસારગાથા-૨૧૮-૨૧૯ ૩૧૭-૩૨૧
જ્ઞાની કર્મ મધ્યગત અલિપ્તઃ કાદવ મધ્યગત સોનાનું દૃષ્ટાંત
વિષય મૃગજલ
જ્ઞાનીનો અનાસક્ત યોગ : જ્ઞાનીનો ત્રિકાલ વૈરાગ્ય આવા જ્ઞાની અપવાદરૂપ
૩૨૨. સમયસાર કળશ-૧૫૦ ૩૨૨-૩૨૩
વસ્તુ સ્વભાવ અન્યાદૃશ-અન્ય પ્રકારનો પરોથી કરી નથી કરી શકતો
સતત જ્ઞાન ભવત્ કોઈ પણ પ્રકારે અજ્ઞાન ન હોય
હે જ્ઞાની ! અહીં પરાપરાધ જનિત બંધ તને છે નહિ
૩૨૪. સમયસારગાથા-૨૨૦-૨૨૩ ૩૨૪-૩૨૯
શંખનો શ્વેત ભાવ કૃષ્ણ કરી શકતો નથી : જ્ઞાન સ્વભાવને છોડી દઈ સ્વયં અજ્ઞાન પરિણામે પામે નહિ
શંખનું દૃષ્ટાંત : પરથી જ્ઞાન અજ્ઞાન નથી કરી શકાતું.
જ્ઞાની ભોગી છતાં અભોગી
'મન ગુણ અવગુણ ખેત'
બીજાનું ગજું નથી
૩૩૦. સમયસાર કળશ-૧૪૧ ૩૩૦-૩૩૨
'તારે દોષે તને બંધન' છે એ સંતની પહેલી શિક્ષા છે' તારો દોષ એટલો જ કે અન્યને પોતાનું માનવું, પોતે પોતાને ભૂલી થવું' ઈ. - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૦૮
સ્વના અપરાધથી ધ્રુવ બંધ
જ્ઞાનીને સપ્ત ચેતવણી : 'લાલ બત્તી'
૩૩૩. સમયસાર કળશ-૧૫૨ ૩૩૩-૩૩૫
કર્મફલ લિપ્સુ જ કર્મનું ફલ પ્રાપ્ત કરે
'ज्ञानं संस्तपास्तरागरचनो नो बध्येत् कर्मणा'
'कर्मतत्फलपरित्यागैकशीलो मुनिः'
'विज्ञानघन अमृतचंद्र' : એમણે દર્શાવેલું કર્મ અને કર્મફલનું તત્ત્વવિજ્ઞાન
૩૩૬. સમયસારગાથા-૨૨૪-૨૨૭ ૩૩૬-૩૩૯
રાજ સેવકનું દૃષ્ટાંત : સમ્યગ્દૃષ્ટિ ફલાર્થે કર્મ કર્મ નથી સેવતો
'વેદ્ય સંવેદ્ય પદ'ની પ્રાપ્તિથી શુદ્ધ આત્મ સ્વરૂપ સંવેદન કર્યું છે એવા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની : જ્ઞાની અને અજ્ઞાનીની દૃષ્ટિમાં વૃત્તિમાં અને પ્રવૃત્તિમાં આકાશ પાતાલના અંતર
જ્ઞાની પૂર્વકર્મની પ્રેરણાથી કર્મ કરવું પડે તે નિષ્કામપણે કરે છે, પણ તે કર્મનું ફલ કદી પણ ઈચ્છતા નથી.
૩૪૦. સમયસાર કળશ-૧૫૩ ૩૪૦-૩૪૧
ફલત્યાગી કર્મ કર્ત્તા નથી એમ તાત્પર્યદર્શી
સમયસાર કળશ અમૃતચંદ્રજી કહે છે
અત્રે અમૃતચંદ્રજી પ્રકાશે છે - 'अकंपपवरम ज्ञानस्वभावे स्थितः ज्ञानी किं कुरुतेऽथ किं न कुरुते कर्मेति जानाति कः
એવા આ જ્ઞાનગંભીર જ્ઞાની
૩૪૨. સમયસાર કળશ-૧૫૪ ૩૪૨-૩૪૫
સમ્યગ્દૃષ્ટિઓ જ આ સાહસ કરવા ક્ષમ (સમર્થ) વજ્રપાતે પર નિસર્ગ નિર્ભયતાથી સર્વ શંકા છોડી એવા નિર્ભય નિઃશંક હોય.
સમ્યગ્દૃષ્ટિઓ : નૈશ્ચયિક વેદ્યસંવેદ્ય પદની પ્રાપ્તિ : પાંચમી સ્થિરાદિ યોગદૃષ્ટિ સંપન્ન
સમ્યગ્દૃષ્ટિનો બોધ પ્રકાશ : સમ્યગ્

દૃષ્ટિના બોધને રત્નદીપકની ઉપમાઃ સાંગોપાંગ ઘટમાનતા મહાકવિ **યશોવિજયજીએ** પ્રદર્શિત કરી છે.

પરમ જ્ઞાની **શ્રીમદ્ રાજચંદ્રજીએ** 'કલ્યાણમૂર્ત્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર' આદિ વચનામૃતમાં મહામહિમા વિસ્તાર્યો છે.

'અબ હમે અમર ભયે ન મરેંગે' **(આનંદઘનજી)**

**૩૪૬. સમયસાર ગાથા-૨૨૮** **૩૪૬-૩૪૮**

'સમ્યગ્દૃષ્ટિ જીવો નિઃશંક હોય છે, તેથી નિર્ભય હોય છે, કારણકે સપ્ત ભય વિપ્રમુક્ત છે, તેથી નિશ્ચયે કરીને, નિઃશંક છે.' - **શ્રી કુંદકુંદાચાર્યજી**

'નિઃશંકપણાની, નિર્ભયપણાની, નિમુઝનપણાની અને નિસ્પૃહપણાની જરૂર હતી.' ઈ. - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૬૫**

'સમ્યગ્દૃષ્ટિઓ નિશ્ચયે કરીને અત્યંત નિઃશંક દારુણ અધ્યવસાયવાળા સતા અત્યંત નિર્ભય સંભાવાય છે.' - **શ્રી અમૃતચંદ્રાચાર્યજી**

સમ્યગ્દૃષ્ટિને બોધિ-રત્ન પ્રદીપ પ્રદીપ્ત થયો છે.

**૩૪૯. સમયસાર કળશ-૧૫૫** **૩૪૯-૩૫૦**

જ્ઞાનીનું અલૌકિક સપ્ત ભયરહિતપણું

આ અને પછીના સપ્ત સમયસાર કળશ અદ્ભુત અમૃત **અમૃતચંદ્રજીએ** લલકાર્યા છે, તે સમસ્ત સંસ્કૃત વાઙ્મયમાં અદ્વિતીય છે, યાવચ્ચંદ્ર દિવાકરૌ પ્રતપી રહ્યા છે.

જ્ઞાની તો - 'निश्शंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विंदति' આ ધ્રુવ પંક્તિના રણકાર તો મુમુક્ષુ અંતરમાં ગૂંજ્યાં કરે છે

૩૫૧. સમયસાર કળશ-૧૫૬ ૩૫૧

જ્ઞાનીનું વેદના ભયરહિતપણું

**૩૫૨. સમયસાર કળશ-૧૫૭** ૩૫૨

જ્ઞાનીનું અત્રાણ ભયરહિતપણું

**૩૫૩. સમયસાર કળશ-૧૫૮** ૩૫૩

જ્ઞાનીનું અગુપ્તિ ભયરહિતપણું

**૩૫૪. સમયસાર કળશ-૧૫૯** **૩૫૪**

જ્ઞાનીનું મરણ ભયરહિતપણું

**૩૫૫. સમયસાર કળશ-૧૬૦** **૩૫૫-૩૫૬**

જ્ઞાનીનું અકસ્માત્ ભયરહિતપણું

આવા પ્રકારે સપ્ત ભય રહિત નિઃશંક જ્ઞાનીને એક ભય હોતો નથી

ज्ञानी 'निशंकः सततं स्वयं सहजं ज्ञानं सदा विंदंति'

પરમ સમ્યગ્દૃષ્ટિઓના આવા પરમ ધન્ય ઉદ્ગાર

**૩૫૭. સમયસાર કળશ-૧૬૧** **૩૫૭-૩૬૦**

સમ્યગ્ દૃષ્ટિનું લક્ષણ - 'ટંકોત્કીર્ણ સ્વરસનિચિત જ્ઞાન સર્વસ્વભાગી' આત્માનું પરમાર્થથી ભેદજ્ઞાન થયું, અનુભૂતિ થવી, 'આત્મખ્યાતિ' ઉપજવી તે સમ્યગ્ દર્શનનું મુખ્ય લક્ષણ. સમ્યગ્ દર્શનના પ્રશમ-સંવેગાદિ પાંચ લક્ષણો - પ્રગટ ચિહ્નો. **'આત્મસિદ્ધિ'** શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે કષાયની ઉપશાંતતા આદિ લક્ષણો. આ **સમયસાર** શાસ્ત્રમાં પ્રમાણે : (૧) નિઃશંકતા (૨) નિષ્કાંક્ષતા, (૩) નિર્વિચિકિત્સા, (૪) અમૂઢદૃષ્ટિ, (૫) ઉપબૃંહણ, (૬) સ્થિરીકરણ, (૭) વાત્સલ્ય, (૮) પ્રભાવના. આ સમ્યગ્દૃષ્ટિનાં અષ્ટ અંગનું હવે અષ્ટ ગાથામાં કુંદકુંદાચાર્યજી અનુક્રમે અલૌકિક મૌલિક વર્ણન કરે છે.

**૩૬૧. સમયસાર ગાથા-૨૨૯** **૩૬૧-૩૬૩**

સમ્યગ્દૃષ્ટિનો ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવ

કર્મબંધ મોહકર મિથ્યાત્વાદિ ભાવના અભાવને લીધે સમ્યગ્દૃષ્ટિને નિઃશંક નિર્જરા

સમ્યગ્દૃષ્ટિ સદા શુદ્ધાત્માનુભૂતિ કરતો શુદ્ધ ઉપયોગમય

'ચિત્રશાળા ન્યારી પર્યંક(પલંગ) ન્યારો' ઈ.

'આત્માને જ, આત્મામાં, આત્માને હું અનુભવું છું' - **(શ્રી પૂજ્યપાદ સ્વામી)**

મિથ્યાત્વાદિ ચાર બંધહેતુઓનો સર્વથા અભાવ
'જાગ્યો સમ્યગ્ જ્ઞાન સુધારસ ધામ જો' - (દેવચંદ્રજી)
દર્શનમોહ અને ચારિત્રમોહ : દર્શન મોહ હણવાનો
અચૂક ઉપાય બોધ અને ચારિત્રમોહને હણવાનો અચૂક ઉપાય વીતરાગતા ('આત્મસિદ્ધિ શાસ્ત્ર')

૩૬૪. સમયસાર ગાથા-૨૩૦ ૩૬૪-૩૬૫
'કર્મ ફલમાં તથા સર્વ ધર્મોમાં કાંક્ષા નથી કરતો, નિષ્કાંક્ષ ચેતયિતા સમ્યગ્દૃષ્ટિ જાણવો.' - (શ્રી કુંદકુંદાચાર્યજી)
સમ્યગ્દૃષ્ટિને કાંક્ષાકૃત બંધ નાસ્તિ, કિંતુ નિર્જરા છે - (શ્રી અમૃતચંદ્રાચાર્યજી)
આત્માની સ્વભાવ-મર્યાદા : 'મર્યાદા ધર્મ':
'वत्थुसहावो धम्मो'
'સમકિત ગુણથી માંડીને શૈલેશી અવસ્થા સુધી આતમને અનુગત ભાવ' - (શ્રી દેવચંદ્રજી)
'વસ્તુ ધર્મ નિપજ્યો, ભાવકૃપા કિરતાર, સ્વામી સ્વયંપ્રભને ભામણે' - (શ્રી દેવચંદ્રજી)

૩૬૬. સમયસાર ગાથા-૨૩૧ ૩૩૧-૩૬૭
સમ્યગ્દૃષ્ટિને વિચિકિત્સા કૃત બંધ નાસ્તિ,
કિંતુ નિર્જરા જ
સમ્યગ્દૃષ્ટિને ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવ સમ્યગ્દૃષ્ટિ શુદ્ધોપયોગ સંપન્ન : શુદ્ધાત્માનુભૂતિ
સમ્યગ્દૃષ્ટિને - 'સહેજે છૂટી આશ્રવ ભાવની ચાલ જો, જાલીમ એ પ્રગટી છે સંવર શિષ્ટતા રે' - (શ્રી દેવચંદ્રજી)

૩૬૮. સમયસાર ગાથા-૨૩૨ ૩૬૮-૩૬૯
સમ્યગ્દૃષ્ટિ ટંકોત્કીર્ણ જ્ઞાયક ભાવમય સર્વ જ ભાવમાં મોહઅભાવથી અમૂઢ દૃષ્ટિ
સમ્યગ્દૃષ્ટિને મૂઢ દૃષ્ટિ કૃત બંધ છે નહિ, કિંતુ નિર્જરા જ
મિથ્યાદૃષ્ટિનો 'ત્રિદોષ સન્નિપાત' : સમ્યગ્ દૃષ્ટિનો 'ત્રિગુણ' સન્નિપાત

૩૭૦. સમયસાર ગાથા-૨૩૩ ૩૭૦-૩૭૨
સમ્યગ્દૃષ્ટિ સમસ્ત આત્મશક્તિનો ઉપબૃંહક : તેથી શક્તિ દૌબલ્ય કૃત બંધ છે નહિ, કિંતુ નિર્જરા જ
સમ્યગ્દૃષ્ટિ ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમયપણાને કરીને ધર્મમય ધર્મમૂર્તિ હોય છે
'સ્વ સમય પ્રવૃત્તિ તે ચારિત્ર' : ધર્મનો મર્મ
આત્માનું સ્વ સ્વભાવમાં વર્ત્તવું તે ધર્મ : વિભાવમાં વર્ત્તવું તે અધર્મ
આત્મભાવ પ્રગટ થતાં સમ્યગ્દૃષ્ટિને હિતોદય

૩૭૩. સમયસાર ગાથા-૨૩૪ ૩૭૩-૩૭૫
સમ્યગ્દૃષ્ટિ માર્ગથી પ્રચ્યુતઃ આત્માના માર્ગમાં જ સ્થિતિકરણને લીધે સ્થિતિકારી. આ સમ્યગ્દૃષ્ટિને માર્ગચ્યવનકૃત બંધ નાસ્તિ, કિંતુ નિર્જરા જ
શ્રીમદ્ રાજચંદ્રે સંગીત કરેલું મૂળમાર્ગનું
દિવ્ય ગાન
આ સ્વભાવરૂપ ધર્મ માર્ગ : શમપરાયણ શમનિષ્ઠ એવો આનંદઘનજીએ ગાયેલો શાંતિ માર્ગ

૩૭૬. સમયસાર ગાથા-૨૩૫ ૩૭૬-૩૭૭
સમ્યગ્દૃષ્ટિ ટંકોત્કીર્ણ જ્ઞાયક ભાવમયત્વથી સ્વથી અભેદ બુદ્ધિથી માર્ગવત્સલ
તેથી તેને માર્ગ અનુપલંભ કૃત બંધ છે નહિ, નિર્જરા જ છે
સમ્યગ્દૃષ્ટિ સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્રની અભેદ એકતારૂપ જિનના 'મૂળ માર્ગ'માં અથવા આત્મ સ્વભાવ યુંજનરૂપ સાક્ષાત્ મોક્ષમાર્ગમાં વર્ત્તે છે.

૩૭૮. સમયસાર ગાથા-૨૩૬ ૩૭૮-૩૭૯
સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનની સમસ્ત શક્તિ પ્રબોધથી
પ્રભાવ જનનથી પ્રભાવનકર, તેથી સમ્યગ્ દૃષ્ટિને જ્ઞાન પ્રભાવનના અપ્રકર્ષ કૃત બંધ નાસ્તિ, કિંતુ નિર્જરા જ

આત્મવિદ્યા પ્રભાવક પરમર્ષિ કુંદકુંદાચાર્યજી અને અમૃતચંદ્રાચાર્યજી

૩૮૦. સમયસાર કળશ-૧૬૨ ૩૮૦-૩૮૧

શ્રી કુંદકુંદાચાર્યજીએ સમ્યગ્દૃષ્ટિના અષ્ટ અંગની સર્વથા નવીન વ્યાખ્યા કરી, અને શ્રી અમૃતચંદ્રાચાર્યજીએ પરમાર્થગંભીર મીમાંસા કરી દેખાડી

નિજ અષ્ટ અંગ સંગત સમ્યગ્દૃષ્ટિ એમ નવા બંધને રુંધતો અને પૂર્વ બદ્ધને નિર્જરા વડે ક્ષય પમાડતો આદિ-મધ્ય-અંતથી મુક્ત એવું જ્ઞાન થઈને ગગનાભોગ રંગ વિગાહીને નાટક કરે છે.

**॥ इति निर्जरा प्ररूपक षष्ठ अंक ॥**

**अथ बंधाधिकारः ॥७॥**

**સમયસાર વ્યાખ્યા 'આત્મખ્યાતિ'માં**

**બંધ પ્રરૂપક સપ્તમ અંક**

૩૮૨. સમયસાર કલશ-૧૬૩ ૩૮૨-૩૮૪

અધ્યાત્મ રંગભૂમિમાં **'બંધ'** મહાયોધાનો પ્રવેશઃ તેની સામે **'જ્ઞાન'** મહાવીર પાત્ર સમુન્મગ્ન

બંધ મહા ઠગ : બંધને પણ ત્રિભુવન બંધુ જ્ઞાની ધૂણી નાંખે છે.

**જ્ઞાન** કેવું છે ? - ધીરોદાર, અનાકુલ, નિરુપધિ, આનંદ અમૃત નિત્યભોજિ સહજ અવસ્થા સ્ફુટ નાટયત્

૩૮૫. સમયસારગાથા-૨૩૭-૨૪૧ ૩૮૫-૩૯૦

કોઈ પુરુષ સ્નેહાભ્યક્ત રેણુબહુલ સ્થાનમાં

શસ્ત્રો વડે વ્યાયામ કરે છે, તેને સ્નેહભાવ રજ બંધ હેતુ નિશ્ચયથી જાણવો, નહિ કે તેથી જ રજબંધ નિશ્ચયથી જાણવો, નહિ કે શેષ કાય ચેષ્ટાઓથી. એમ **મિથ્યાદૃષ્ટિ** બહુવિધ વર્ત્તતાં, રાગાદિ ઉપયોગમાં કરતો, રજથી લેપાય છે, આમાં તેને બંધનો હેતુ કોઈ એક કયો છે ?

(૧) તેમાં પ્રથમ તો સ્વભાવથી જ કર્મયોગ્ય પુદ્ગલ બહુલ લોક તો બંધહેતુ છે નહિ. શા માટે ? સિદ્ધોનો તત્રસ્થને તત્ પ્રસંગથી.

(૨) કાય-વાઙ્મન પણ બંધહેતુ છે નહિ યથાખ્યાત સંયતોને પણ તેનો પ્રસંગ આવે.

(૩) અનેક પ્રકારના કરણો પણ બંધહેતુ છે નહિ શા માટે ? કેવલ જ્ઞાનીઓને પણ તેનો પ્રસંગ આવે.

(૪) સચિત્તાચિત્ત વસ્તુઓનો ઉપઘાત બંધહેતુ છે નહિ શા માટે ? સમિતિ તત્પરોને પણ તેનો પ્રસંગ આવે તેથી ન્યાય બલથી આ આવ્યું કે જે ઉપયોગમાં 'રાગાદિ કરણ' તે બંધ હેતુ ! यदुपयोगे रागादिकरणः स बंधहेतुः ।

૩૯૧. સમયસાર કલશ-૧૬૪ ૩૯૧-૩૯૩

નથી કર્મ બહુલ જગત્, વા નથી ચલનાત્મક કર્મ, નથી અનેક કરણો, ચિદ્-અચિદ્ બંધ કરનારો, ઉપયોગભૂ આત્મા જે રાગાદિ સાથે ઐક્ય પામે છે, તે જ કેવલ નિશ્ચયે નરોને બંધહેતુ હોય છે.

ભાવકર્મ 'મલ' અને દ્રવ્યકર્મ 'રજ'

રાગાદિ ભાવકર્મ બંધ તો જ પુદ્ગલમય દ્રવ્ય બંધ હોય

૩૯૪. સમયસારગાથા-૨૪૨-૨૪૬ ૩૯૪-૩૯૭

તે જ પુરુષ સર્વ સ્નેહ અપનીત સતે,

તે જ સ્વભાવથી જ રજોબહુલ ભૂમિમાં, તે જ શસ્ત્ર વ્યાયામ

તે જ અનેક કરણો વડે, તે જ સચિત્તાચિત્ત વસ્તુઓને હણતો સતો, રજથી નથી બંધાતો, શા માટે ? બંધહેતુ 'સ્નેહાભ્યંગનો' અભાવ છે માટે :

તેમ સમ્યગ્દૃષ્ટિ આત્મામાં રાગાદિ અ-કરતો, સ્વભાવથી જ કાર્મણ વર્ગણા પુદ્ગલ જ્યાં બહુલ એવા તે જ કર્મ યોગ્ય પુદ્ગલ બહુલ લોકને વિષે, તે જ કાય-વાઙ્મનઃ કર્મ કરતો, તે જ સચિત્તાચિત્ત વસ્તુઓને હણતો, કર્મરજથી નથી બંધાતો, શા માટે ? બંધહેતુ રાગ યોગનો અભાવ છે માટે.

(૧) તેમાં પ્રથમ તો સ્વભાવથી જ કર્મયોગ્ય પુદ્ગલ બહુલ લોક તો બંધહેતુ છે નહિ. શા માટે સિદ્ધોને પણ તેનો પ્રસંગ આવે.

(૨) કાય-વાક્-મનઃ કર્મ પણ બંધહેતુ છે નહિ. શા માટે ? જો તેમ હોય **યથાખ્યાત સંયતોને** પણ તેનો પ્રસંગ આવે.
(૩) અનેક પ્રકારના કરણો પણ બંધહેતુ છે નહિ. શા માટે કેવલ **જ્ઞાનીઓને** પણ તેનો પ્રસંગ આવે.

(૪) સચિત્તાચિત્ત વસ્તુઓનો ઉપઘાત-હિંસન બંધહેતુ નથી. શા માટે ? **સમિતિ તત્પરોને** પણ તેનો પ્રસંગ આવે.
તેથી ન્યાયબલથી આ આવ્યું કે - જે ઉપયોગમાં 'રાગાદિ અકરણ' તે સમ્યગ્ દૃષ્ટિને અ-બંધહેતુ છે - બંધહેતુ રાગ યોગનો અભાવ છે માટે.

**૩૯૮. સમયસાર કલશ-૧૬૫ ૩૯૮-૩૯૯**

કર્મ વ્યાપ્ત લોક ભલે હો ! પરિસ્પન્દાત્મક કર્મ ભલે હો !

આમાં તે કરણો ભલે હો ! ચિદ્-અચિદ્નું વ્યાપાદન ભલે હો ! પણ રાગાદિને ઉપયોગ ભૂમિએ નહિ લઈ જતો, કેવલ જ્ઞાન ભવત્ એવો આ સમ્યગ્દૃષ્ટિ આત્મા અહો ! ક્યાંયથી પણ ધ્રુવપણે બંધ નથી જ પામતો !

સમ્યગ્દૃષ્ટિ આત્માની આ પરમ અદ્ભુત કળા પરમ આશ્ચર્યકારક છે !

**૪૦૦. સમયસાર કલશ-૧૬૬ ૪૦૦-૪૦૧**

તથાપિ જ્ઞાનીઓને નિરર્ગલ (અનિયંત્રિત, સ્વચ્છંદ) ચરવું ઈષ્ટ નથી. કારણકે નિરર્ગલા વ્યાપૃતિ ખરેખર ! તે બંધનું આયતન છે, તેથી અકામકૃત કર્મ તે જ્ઞાનીઓને અકારણ મત છે, કારણકે કરે છે અને જાણે છે - એ દ્વય શું વિરોધ નથી પામતું ?

જો રાગાદિ કર્મ કરે છે તો જાણતો નથી : કર્ત્તા છે જ્ઞાતા નથી. જો કેવલ જાણે જ તો રાગાદિ કર્મ કરતો નથી : કર્ત્તા નથી, કેવલ જ્ઞાતા જ છે.

**૪૦૨. સમયસાર કલશ-૧૬૭ ૪૦૨-૪૦૩**

જે જાણે છે તે કરતો નથી : જે કરે છે તે જાણતો નથી

રાગ તો અબોધમય અધ્યવસાય

જાણવું તે આત્માનો સહજ સ્વભાવ : કરવું તે આત્માનો સહજ સ્વભાવ નથી - વિકૃત ચેતન ભાવ - વિભાવ છે, કૃત્રિમ છે - 'કર્મ' છે.

જાણવું તે ધર્મ છે : કરવું તે કર્મ છે.

ધર્મમાં સહજપણું : કર્મમાં કૃત્રિમપણું

**૪૦૪. સમયસાર ગાથા-૨૪૭ ૪૦૪-૪૦૫**

'જે માને છે કે હિંસુ છું અને પર સત્ત્વોથી હિંસાઉં છું તે અજ્ઞાની મૂઢ છે, જ્ઞાની તો એથી વિપરીત

મિથ્યાદૃષ્ટિના અજ્ઞાનમય અધ્યવસાય એ જ ધ્રુવ બંધહેતુ

**૪૦૬. સમયસારગાથા-૨૪૮-૨૪૯ ૪૦૬-૪૦૭**

જીવોનું સ્વ આયુઃકર્મ ક્ષયથી જ મરણ

અન્ય અન્યનું મરણ ન કરે.

તેથી હું હિંસુ છું અને હિંસાઉં છું, એવો અધ્યવસાય ધ્રુવ અજ્ઞાન

**૪૦૮. સમયસાર ગાથા-૨૫૦ ૪૦૮-૪૦૯**

પર જીવોને હું જીવાડું છું અને પર જીવોથી હું જીવાડાઉં છું, એવો અધ્યવસાય ધ્રુવ અજ્ઞાન : તે અધ્યવસાય જેને છે, તે અજ્ઞાનિપણાને લીધે **મિથ્યાદૃષ્ટિ** : જેને છે નહિ તે જ્ઞાનિપણાને લીધે **સમ્યગ્દૃષ્ટિ**

**૪૧૦. સમયસાર ગાથા-૨૫૧-૨૫૨ ૪૧૦-૪૧૧**

જીવોનું જીવિત સ્વ આયુઃ કર્મ ઉદયથી જ : આયુઃ કર્મ અન્યથી અન્યને દેવું શક્ય નથી.

તેથી કોઈ પણ પ્રકારે અન્ય અન્યનું જીવિત ન કરે.

અતઃ હું જીવાડું છું અને હું જીવાડાઉં છે - એવો અધ્યવસાય ધ્રુવ અજ્ઞાન

**૪૧૨. સમયસાર ગાથા-૨૫૩ ૨૫૩-૨૫૪**

પર જીવોને હું દુઃખિઆ અને સુખિઆ કરૂં છું, એવો અધ્યવસાય ધ્રુવ અજ્ઞાન છે : જેને છે તે અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદૃષ્ટિ : જેને છે નહિ તે જ્ઞાનિપણાને લીધે સમ્યગ્ દૃષ્ટિ

૪૧૪. સમયસારગાથા-૨૫૪-૨૫૬ ૪૧૪-૪૧૫

સુખ-દુઃખ નિશ્ચયે જીવોના સ્વ કર્મોદયથી જ છે : સ્વ કર્મ અન્યથી અન્યને દેવું શક્ય નથી.

અન્ય અન્યના સુખ-દુઃખ કરે નહિ, એથી સુખિત દુઃખિત હું કરૂં છું અને સુખિત દુઃખિત હું કરાઉં છું, એવો અધ્યવસાય ધ્રુવ અજ્ઞાન

૪૧૬. સમયસાર કલશ- ૪૧૬-૪૧૭

મરણ-જીવિત-દુઃખ-સુખ એ સર્વ સદૈવ નિયતપણે 'સ્વકીય' કર્મ ઉદય થકી જ હોય છે.

પર પરના મરણ-જીવિત-દુઃખ-સૌખ્ય કરે એ અજ્ઞાન

૪૧૮. સમયસાર કલશ-૧૬૯ ૪૧૮-૪૧૯

આ અજ્ઞાનને પામીને જેઓ પર થકી પરના મરણ-જીવિત-દુઃખ સૌખ્ય દેખે છે, તે 'અહંકૃતિ' રસથી કર્મ કરવા ઈચ્છતા મિથ્યાદૃષ્ટિઓ 'આત્મહનો' આત્મઘાતિઓ હોય છે.

મિથ્યાદૃષ્ટિઓ આત્મઘાતી : શુદ્ધ આત્મસ્વભાવનો ઘાત કરનારા આત્મઘાતી - પોતે પોતાનો ઘાત કરનારા

૪૨૦. સમયસારગાથા-૨૫૭-૨૫૮ ૪૨૦-૪૨૧

જે મરે છે વા જીવે છે, દુઃખિત અને સુખિત હોય છે, તે નિશ્ચયે કર્મોદયથી જ : તે આ મરાયો, આ જીવાડાયો, આ દુઃખીઓ કરાયો, આ સુખીઓ કરાયો, એમ દેખતો મિથ્યાદૃષ્ટિ

૪૨૨. સમયસાર કલશ-૧૭૦ ૪૨૨

આ અજ્ઞાનાત્મ અધ્યવસાય એનો દેખાય છે, તે જ આ મિથ્યાદૃષ્ટિને વિપર્યયને લીધે બંધહેતુ દેખાય છે.

૪૨૩. સમયસાર ગાથા-૨૪૯ ૪૨૩

પર જીવોને હું હિંસુ, હું નથી હિંસતો, હું દુઃખાવું છું, હું સુખાવું છું, એવો જે આ અજ્ઞાનમય અધ્યવસાય મિથ્યાદૃષ્ટિનો છે, તે જ સ્વયં રાગાદિ રૂપપણાને લીધે શુભાશુભ બંધનો હેતુ.

૪૨૪. સમયસારગાથા-૨૬૦-૨૬૧ ૪૨૪-૪૨૫

મિથ્યાદૃષ્ટિનો જે જ આ અજ્ઞાનજન્મા અધ્યવસાય તે જ બંધહેતુ, એમ અવધારવું.

પુણ્ય-પાપપણાએ કરીને બંધ દ્વિત્વના લીધે તદ્ દ્વિત્વ હેતુત્વાંતર અન્વેષવું યોગ્ય નથી.

દ્વિધા શુભાશુભ અહંકારરસ નિર્ભરતાએ કરીને પુણ્ય-પાપ બન્નેયના બંધહેતુપણાનો અવિરોધ

૪૨૬. સમયસાર ગાથા-૨૬૨ ૪૨૬-૪૨૭

પર જીવોનો સ્વ કર્મોદય વૈચિત્ર્ય વશથી

પ્રાણવ્યાપરોપ કવચિત્ હો, કદાચિત્ હો, જે જ આ હું 'હિંસુ છું' એવો અહંકાર રસનિર્ભર 'હિંસામાં' અધ્યવસાય, તે જ નિશ્ચયથી તેનો બંધહેતુ

નિશ્ચયથી પરભાવનું પ્રાણ વ્યાપરોપનું પરથી કરવાનું અશક્યપણું

૪૨૮. સમયસારગાથા-૨૬૩-૨૬૪ ૪૨૮-૪૨૯

હિંસામાં અધ્યવસાય કરાય છે, તેમજ અસત્યાદિમાં જે કરાય છે, તે સર્વ પણ કેવલ જ પાપબંધહેતુ : તેમજ જે સત્યાદિમાં કરાય છે, તે સર્વ પણ કેવલ જ પુણ્ય બંધહેતુ

૪૩૦. સમયસાર ગાથા-૨૬૫ ૪૩૦-૪૩૧

અધ્યવસાન જ બંધહેતુ - નહિ કે બાહ્ય વસ્તુ, - તેનું (બાહ્ય વસ્તુનું) બંધહેતુ અધ્યવસાનના હેતુપણાથી જ ચરિતાર્થપણું છે માટે

બાહ્ય વસ્તુને અનાશ્રીને પણ અધ્યવસાન આત્માને (પોતાને) પામતું નથી.

દૃષ્ટાંત - વંધ્યાસુતના અસદ્ભાવે : વીર સુતના સદ્ભાવે ઈ.

અધ્યવસાનની આશ્રયભૂત બાહ્ય વસ્તુનો અત્યંત પ્રતિષેધ શા માટે ? હેતુ પ્રતિષેધથી જ હેતુમત્ પ્રતિષેધ. બાહ્ય વસ્તુના બંધહેતુપણાનું અનૈકાંતિક પણું : ઈર્યાસમિતિ પરિણત યતીન્દ્રનું ઉદાહરણ

બાહ્ય વસ્તુ જીવનો **'અતદ્ભાવ'** તે બંધહેતુ નથી : અધ્યવસાન જ જે જીવનો **'તદ્ભાવ'** તે બંધહેતુ

એટલા માટે જ બાહ્ય વસ્તુ અધ્યવસાનના આશ્રયભૂત હોઈ તેનો અત્ર અત્યંત નિષેધ કરવામાં આવ્યો છે.

અને એટલા માટે જ શ્રામણ્યના છેદાયતનપણાને લીધે પરદ્રવ્ય પ્રતિબન્ધો પ્રતિષેધવા યોગ્ય છે એવું પ્રસ્પષ્ટ વિધાન **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ 'પ્રવચન સાર'** ચારિત્રાધિકારમાં વિસ્તારથી કર્યું છે.

બાહ્ય વસ્તુના આશ્રયે ઉદ્ભવતો અધ્યવસાન જ કેવળ બંધહેતુ.

**૪૩૫. સમયસાર ગાથા-૨૬૬ ૪૩૫-૪૩૬**

અધ્યવસાનનું સ્વાર્થક્રિયાકારિપણાના અભાવથી મિથ્યાપણું : પરભાવના પરમાં અવ્યાપ્રિયમાણ કરીને સ્વાર્થ ક્રિયાકારિપણાનો અભાવ

આ આકાશ પુષ્પને હું લણું છું, એવા અધ્યવસાનની જેમ મિથ્યા -

**૪૩૭. સમયસાર ગાથા-૨૬૭ ૪૨૭-૪૩૮**

અધ્યવસાન સ્વાર્થક્રિયાકારિ કયા કારણથી નથી ? તેનો ખુલાસો અત્ર પરમર્ષિ કુંદકુંદાચાર્યજી પોતાની લાક્ષણિક શૈલીમાં શ્રોતા સમક્ષ સીધો સાદો પ્રશ્ન (Poser) મૂકી કર્યો છે - 'જો ખરેખર ! અધ્યવસાન નિમિત્તે કર્મથી બંધાય છે અને મોક્ષમાર્ગે સ્થિત મૂકાય છે, તે શું તું કરે છે ? જે ખરેખર ! હું બંધાવું છું, હું મૂકાવું છું એવું અધ્યવસાન તેની સ્વાર્થક્રિયા જીવોનું જે બંધન મોચન છે. ઈ.

**૪૩૯. સમયસાર કલશ-૧૭૧ ૪૩૯**

આમ નિષ્ફલ અધ્યવસાયથી મૂઢ જીવ આત્માને સર્વ કાંઈ કરે છે, એ સૂચવતો ઉત્થાનિકા રૂપ સમયસાર કલશ

**૪૪૦. સમયસારગાથા-૨૬૮-૨૬૯ ૪૪૦-૪૪૧**

'જીવ અધ્યવસાન તિર્યંચ-નારકી સર્વ કરે છે, દેવ-મનુષ્ય સર્વ કરે છે, પુણ્ય-પાપ અનેક વિધ કરે છે.

તેમજ ધર્મ-અધર્મ, જીવ-અજીવ, અલોક-લોક એ સર્વ જીવ અધ્યવસાનથી આત્માને કરે છે.'

**૪૪૨. સમયસાર કલશ-૧૭૨ ૪૪૨-૪૪૩**

સ્ફુટપણે વિશ્વથી વિભક્ત છતાં જેના પ્રભાવ થકી આત્મા આત્માને વિશ્વ કરે છે, એવો આ મોહએકકંદ અધ્યવસાય જેઓને અહીં છે નહિ, તેઓ જ યતિઓ છે. પરમાં આત્મબુદ્ધિરૂપ અધ્યવસાનને લીધે કર્ત્તા-કર્મ ઈ. ષટ્કારક ચક્ર પરભાવ પ્રત્યયી હોઈ આત્મ બાધક થઈને પ્રવર્ત્તે છે.

આત્મ સ્વરૂપનું ભાન થયે તેવા અધ્યવસાનના અભાવે એ જ ષટ્કારક ચક્ર સ્વભાવ પ્રત્યયી થઈ આત્મસાધક થઈને પ્રવર્ત્તે છે.

**૪૪૩. સમયસાર ગાથા-૨૭૦ ૪૪૪-૪૪૮**

આ નિશ્ચયે કરીને ત્રિવિધ **અધ્યવસાનો,** તે સમસ્ત પણ શુભાશુભ કર્મબંધ નિમિત્તો - સ્વયં અજ્ઞાનાદિરૂપપણાને લીધે, તે આ પ્રકારે ઈ.

જેઓને જ આ વિદ્યમાન નથી, તે જ મુનિકુંજરો કોઈ શુભ વા અશુભ કર્મથી નિશ્ચયે કરીને લેપાય નહિ.

'ધન્ય તે મુનિવરા જે ચાલે સમ ભાવે, જ્ઞાનવંત જ્ઞાનિશું મળતાં, તનમન વચને સાચા.' - **શ્રી યશોવિજયજી**

**૪૪૯. સમયસાર ગાથા-૨૭૧ ૪૪૯-૪૫૦**

'બુદ્ધિ, વ્યવસાય, અધ્યવસાન, મતિ વિજ્ઞાન, ચિત્ત, ભાવ અને પરિણામ - એ સર્વ એકાર્થ જ.'

**૪૫૧. સમયસાર કલશ-૧૭૩ ૪૫૧-૪૫૨**

'સર્વત્ર અધ્યવસાન જ અખિલ ત્યાજ્ય છે

એમ જે જિનોએ કહ્યું છે, તે હું માનું છું છે કે અન્યાશ્રયી (પરાશ્રયી) નિખિલ પણ જ ત્યાજવાયો છે, તે પછી સમ્યક્ નિશ્ચયને એકને જ નિષ્કંપપણે આક્રમીને સંતો શુદ્ધજ્ઞાનઘન એવા નિજ મહિમન્માં (મહિમામાં) ધૃતિ (ધારણા) કેમ નથી બાંધતા ?' - **શ્રી અમૃતચંદ્રજી**

'અન-અવકાશ એવું આત્મ સ્વરૂપ વર્ત્તે છે જેમાં પ્રારબ્ધોદય સિવાય બીજો કોઈ અવકાશ જોગ નથી.' - શ્રીમદ્ રાજચંદ્રજી, (અં. ૩૯૬)

**૪૫૩. સમયસાર ગાથા-૨૭૨ ૪૫૩-૪૫૫**

'એમ વ્યવહાર નય નિશ્ચય નયથી પ્રતિષિદ્ધ જાણ ! પુનઃ નિશ્ચયનયાશ્રિત મુનિઓ નિર્વાણ પામે છે.' - શ્રી કુંદકુંદાચાર્યજી

આત્માશ્રિત નિશ્ચય નય : પરાશ્રિત વ્યવહારનય

'નિશ્ચય નય સાધકતમપણાને લીધે ઉપાત્ત'

'સમસ્ત અધ્યવસાનને બંધપણાએ કરીને મુમુક્ષુને પ્રતિષેધતા વ્યવહાર નય જ પ્રતિષિદ્ધ છે. તેના પરાશ્રિતપણાનો અવિશેષ છે માટે, અને આ પ્રતિષેધ્ય જ છે.'

'આત્માશ્રિત નિશ્ચયનય આશ્રિતોનું જ મુચ્યમાનપણું છે માટે, અને પરાશ્રિત વ્યવહારનું એકાંતથી અમુચ્યમાન અભવ્યથી પણ આશ્રીયમાનપણું છે માટે.'

'પંચ મહાવ્રત રૂપ વ્યવહાર ચારિત્ર અભવ્ય પણ કરે, તથાપિ તે નિશ્ચય અચારિત્ર અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જ છે - નિશ્ચય ચારિત્રની હેતુભૂત જ્ઞાન શ્રદ્ધાના શૂન્યપણાને લીધે

'સતત અંતર્મુખ ઉપયોગે સ્થિતિ એ જ નિર્ગ્રંથનો પરમ ધર્મ છે.' ઈ. - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૬૭

**૪૫૮. સમયસાર ગાથા-૨૭૪ ૪૫૮-૪૬૦**

'પ્રથમ તો મોક્ષને જ અભવ્ય શ્રદ્ધતો નથી, શુદ્ધજ્ઞાનમય આત્મજ્ઞાન શૂન્યપણાને લીધે. તેથી જ્ઞાનને પણ તે શ્રદ્ધતો નથી. 'અને જ્ઞાનને અશ્રદ્ધતો તે આચારાદિ એકાદશ અંગ શ્રુત અધ્યયન કરતો છતાં શ્રુત અધ્યયનના ગુણના અભાવને લીધે જ્ઞાની ન હોય. તે ખરેખર ! શ્રુત અધ્યનનો ગુણ છે જે વિવિક્ત વસ્તુભૂત જ્ઞાનમ આત્માનું જ્ઞાન.' ઈ.

'पाठो ण करेदि गुणं करेदि ज्ञाणं असद्दहंतस्स णाणं तु ।' - **શ્રી કુંદકુંદાચાર્યજી**

**'સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાના આત્મજ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી.' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૬૯**

અત્રે 'પાઠ ગુણ કરતો નથી' એ શ્રી **કુંદકુંદાચાર્યજીના માર્મિક વચનટંકારનો જાણે પ્રતિધ્વનિ કરતા હોય શ્રી હરિભદ્રાચાર્યજીએ** ઉદ્‌ઘોષણા કરી છે -

'અને આને (શ્રુતને) મહામિથ્યાદૃષ્ટિ યથાવત્ અવબોધતો નથી - તદ્‌ભાવના આચ્છાદનને લીધે, કાવ્ય ભાવને અહૃદયની જેમ. ** એટલા માટે જ મહામિથ્યાદૃષ્ટિની પ્રાપ્તિ પણ અપ્રાપ્તિ છે, તેના ફલ અભાવને લીધે, અભવ્યને ચિન્તામણિ પ્રાપ્તિવત્. ** આ શ્રુત અભવ્યોથી પણ અનેકવાર પ્રાપ્ત કરાયું છે - વચન પ્રામાણ્યને લીધે ઈ. - (શ્રી લલિત વિસ્તરા) (જુઓ : ડૉ. ભગવાનદાસ કૃત 'ચિદ્‌હેમ વિશોધિની ટીકા).

**૪૬૧. સમયસાર ગાથા-૨૭૫ ૪૬૧-૪૬૪**

'તે (અભવ્ય) ભોગ નિમિત્ત ધર્મને સદ્દહે છે, પ્રતીતે છે, રોચે છે, તથા પુનઃ ફરસે છે, પણ કર્મક્ષયનિમિત્તને નહિ.' - (શ્રી કુંદકુંદાચાર્યજી)

અભવ્ય ખરેખર ! નિત્ય કર્મફલ ચેતના રૂપ વસ્તુ શ્રદ્ધત્તે, નિત્ય જ્ઞાન ચેતના માત્ર શ્રદ્ધતો નથી - નિત્ય જ ભેદ વિજ્ઞાનના અનર્હપણાને લીધે, તેથી તે કર્મમોક્ષ નિમિત્ત જ્ઞાનમાત્ર ભૂતાર્થ ધર્મને શ્રદ્ધતો નથી. - **(ભોગનિમિત્ત શુભકર્મ અભૂતાર્થ)**

**'તેથી જ અભૂતાર્થ ધર્મના શ્રદ્ધાન-**

પ્રત્યય-રોચન-સ્પર્શનથી ઉપરિતન ગ્રૈવેયક ભોગમાત્રને આસ્કંદતો પુનઃ કદી પણ વિમુક્ત થતો નથી. તેથી એને ભૂતાર્થ ધર્મના શ્રદ્ધા અભાવને લીધે શ્રદ્ધાન પણ છે તેથી અને એમ સતે તો નિશ્ચય નયનો વ્યવહાર નય પ્રતિષેધ યુક્ત હોય જ છે.'

આ અંગે શ્રી હરિભદ્રાચાર્યજીએ 'પંચાશક શાસ્ત્રમાં' સ્પષ્ટ કહ્યું છે કે - 'સંપૂર્ણ ક્રિયા ભાવ વિના ક્રિયા જ નથી, કારણકે તેને નિજ ફલનું વિકલપણું છે. અત્રે ગ્રૈવેયક ઉપપાતનું દૃષ્ટાંત છે.'

ભવાભિનંદીની સમસ્ત જ્ઞાન-ક્રિયા નિષ્ફળ છે, તે 'નિષ્ફલારંભી કહેવાય છે', તેની યોગપ્રવૃત્તિ પણ પરમાર્થથી તેવી જ નિષ્ફળ હોય છે. તેનો બોધ 'અસત્ પરિણામથી અનુવિદ્ધ હોય છે, 'વિષ મિશ્રિત અન્ન'ની જેમ નિયમથી 'અસત્' હોય છે.
તેના પરિણામ અસત્ મિથ્યા વાસનાથી વસિત હોવાથી તેનો તે સર્વ બોધ 'વાસિત બોધ આધાર હોઈ અબોધ જ છે' - અજ્ઞાન જ છે અને તેની અનંત દ્રવ્ય ક્રિયા પણ અક્રિયા વા વિક્રિયા જ છે. ઈ.

૪૬૫. સમયસારગાથા-૨૭૬-૨૭૭ ૪૬૫-૪૬૮

'આચારાદિ જ્ઞાન અને જીવાદિ દર્શન જાણવું, તથા છ જીવ નિકાય ચારિત્ર, એમ વ્યવહાર કહે છે : આત્મા જ મ્હારૂં જ્ઞાન, આત્મા મ્હારૂં દર્શન, આત્મા પ્રત્યાખ્યાન, આત્મા મ્હારો સંવર યોગ છે'

- (શ્રી કુંદકુંદાચાર્યજી)

આચારાદિ શબ્દશ્રુત જ્ઞાન, જીવાદિ નવ પદાર્થ દર્શન, ષટ્ જીવનિકાય ચારિત્ર, એમ વ્યવહાર, શુદ્ધ આત્મા ચારિત્ર જ્ઞાન શુદ્ધ આત્મા દર્શન, શુદ્ધ આત્મા ઈતિ નિશ્ચય. વ્યવહાર નય પ્રતિષેધ્ય : નિશ્ચય નય તત્ પ્રતિષેધક

અનેકાંતિપણાને લીધે વ્યવહાર પ્રતિષેધ્ય : નિશ્ચયનય એકાંતિકપણાને લીધે પ્રતિષેધક

૪૬૯. સમયસાર કલશ-૧૭૪ ૪૬૯

રાગાદિને બંધનિદાન કારણ તે રાગાદિ તો શુદ્ધ ચિન્માત્ર મહસૂથી અતિરિક્ત, તો પછી આત્મા કે પર તેનું નિમિત્ત છે ? એમ પ્રેરવામાં આવતાં આચાર્યજી વદ્યા -

૪૭૦. સમયસારગાથા-૨૭૮-૨૭૯ ૪૭૦-૪૭૨

યથા નિશ્ચયથી કેવલ સ્ફટિકોપલ પરિણામ સ્વભાવત્વ સતે રાગાદિથી સ્વયં નથી પરિણમતો પરદ્રવ્યથી :

તથા કેવલ આત્મા પરિણામ સ્વભાવત્વ સતે રાગાદિથી સ્વયં નથી પરિણમતો, પરદ્રવ્યથી જ શુદ્ધ સ્વભાવથી 'પ્રચ્યવમાન જ' રાગાદિથી પરિણમાવા યોગ્ય છે ઈતિ વસ્તુ સ્વભાવ.

૪૭૩. સમયસાર કલશ-૧૭૫ ૪૭૩-૪૭૪

આત્મા કદી પણ આત્માના રાગાદિનો નિમિત્ત ભાવ પામતો નથી - જેમ સૂર્યકાંત મણિ.

તેમાં પરસંગ એવ - तस्मिन्निमित्तं परसंग एव 'वस्तुस्वभावोऽयमुदेति तावत् ।' ઉપાદાન રૂપ વસ્તુ કદી પણ પોતે પોતાની અશુદ્ધિના નિમિત્ત ભાવને પામે જ નહિ. ઈ.

તેમાં જે રાગાદિ વિભાવ રૂપ ઔપાધિક ભાવ ઉત્પન્ન થાય છે, તે પર નિમિત્ત થકી જ ઉત્પન્ન થાય છે. ઈ.

૪૭૫. સમયસાર કલશ-૧૭૬ ૪૭૫

એવા પ્રકારે સ્વ વસ્તુ સ્વભાવને જ્ઞાની જાણે છે, તેથી તે રાગાદિને આત્માના નહિ કરતો, આથી કરીને 'કારક' - તે રાગાદિ કરનારો - કર્તા નથી હોતો.

૪૭૬. સમયસાર ગાથા-૨૮૦ ૪૭૬-૪૭૭

જ્ઞાની રાગ-દ્વેષ-મોહને વા કષાય ભાવને 'સ્વયં' આત્માના નથી કરતો, તે તે ભાવોનો 'કારક' નથી. 'યથોક્ત' તે વસ્તુ સ્વભાવને જાણતો જ્ઞાની શુદ્ધ સ્વભાવથી નથી પ્રચ્યવતો, તેથી રાગ-દ્વેષ-મોહાદિ ભાવે

'સ્વયં' નથી પરિણમતો, 'પરથી પણ' નથી પરિણમાવાતો. તેથી કરીને ટંકોત્કીર્ણ એક જ્ઞાયક-સ્વભાવ જ્ઞાની રાગ-દ્વેષ-મોહાદિ ભાવોનો અકર્ત્તા જ છે એવો નિયમ છે.

૪૭૮. સમયસાર કલશ-૧૭૦ ૪૭૮

એવા પ્રકારે સ્વ વસ્તુસ્વભાવને અજ્ઞાની નથી જાણતો એથી કરીને તે 'કારક' કરનારો કર્ત્તા હોય છે.
આ શ્લોક અંગે મહાત્મા ગણેશપ્રસાદજી વર્ણીએ ટેપરેકોર્ડીંગ વાળા પ્રવચનમાં વચનટંકાર કર્યો છે.

૪૮૦. સમયસાર ગાથા-૨૮૨ ૪૮૧

જે આ અજ્ઞાનીના પુદ્ગલ રાગ-દ્વેષ-મોહાદિ પરિણામો, તેઓ જ પુનઃ રાગ-દ્વેષ-મોહાદિ પરિણામ નિમિત્ત પુદ્ગલ કર્મનો બંધહેતુ

પુદ્ગલ કર્મ નિમિત્તે ને રાગાદિ નિમિત્તે પુનઃ પુદ્ગલ કર્મબંધ, એમ વિષચક્ર ચાલ્યા કરે છે

દ્રવ્ય કર્મથી ભાવકર્મ : ભાવકર્મથી દ્રવ્યકર્મ

૪૮૨. સમયસાર ગાથા-૨૮૩-૨૮૫

આત્મા આત્માથી રાગાદિનો અકારક જ

અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન એ બેનો દ્રવ્ય-ભાવ ભેદથી દ્વિવિધ ઉપદેશઃ તે દ્રવ્ય-ભાવનો નિમિત્ત-નૈમિત્તિક ભાવ પ્રથિત કરતો આત્માનું અકર્તૃત્વ જ્ઞાપન કરે છે.

જ્યાં લગી નિમિત્તભૂત દ્રવ્યને નથી પ્રતિક્રામતો અને નથી પ્રત્યાખ્યાન કરતો, ત્યાં લગી નૈમિત્તિકભૂત ભાવ નથી પ્રતિક્રામતો અને નથી પ્રત્યાખ્યાન કરતો. અને જ્યાં લગી ભાવને નથી પ્રતિક્રામતો નથી પ્રત્યાખ્યાન કરતો, ત્યાં લગી તેનો કર્ત્તા જ હોય.
જ્યારે જ નિમિત્તભૂત દ્રવ્યને પ્રતિક્રામે છે અને પ્રત્યાખ્યાન કરે છે, ત્યારે જ નૈમિત્તિક ભૂત ભાવને પ્રતિક્રામે છે અને પ્રત્યાખ્યાન કરે છે, ત્યારે સાક્ષાત્ અકર્ત્તા જ હોય

પરદ્રવ્ય જ આત્માના રાગાદિ ભાવનું નિમિત્ત અસ્તુ !

૪૮૬. સમયસારગાથા-૨૮૬-૨૮૭ ૪૮૬-૪૮૯

દ્રવ્ય-ભાવના નિમિત્ત-નૈમિત્તિક ભાવનું ઉદાહરણ

નિમિત્તભૂત પુદ્ગલ દ્રવ્યને પ્રત્યાખ્યાન કરતો નૈમિત્તિકભૂત બંધ સાધક ભાવને પ્રત્યાખ્યાન નથી કરતો : તેમ સમસ્ત પણ પરદ્રવ્યને પ્રત્યાખ્યાન ન કરતો તત્ નિમિત્તક ભાવને પ્રત્યાખ્યાન નથી કરતો, ઈ. તેમ સમસ્ત પણ પરદ્રવ્યને પ્રત્યાખ્યાન કરતો તન્નિમિત્ત ભાવને પ્રત્યાખ્યાન કરે છે. ઈ. એમ દ્રવ્ય-ભાવનો નિમિત્ત-નૈમિત્તિક ભાવ છે.

એટલા માટે જ પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ

'પ્રવચનસાર'ના ચારિત્રાધિકારે પરદ્રવ્ય પ્રતિષેધ પ્રકરણમાં ૨૧મી ગાથામાં સામા માણસને નિરુત્તર અવાક્ કરી દે એવો સીધો પ્રશ્ન (Poser) કરતાં પ્રસ્પષ્ટ પ્રકાશ્યું છે. ઈ

અને મહાન્ ગાથાની અપૂર્વ વ્યાખ્યા કરતાં

પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ પ્રકૃત ભાવને બહલાવ્યો છે.

સર્વ પરદ્રવ્યનું નિમિત્ત છોડવા માટે સર્વ પરદ્રવ્યનું પ્રત્યાખ્યાન આવશ્યક છે અને એમ દ્રવ્ય પ્રત્યાખ્યાન આવશે તો જ પ્રત્યાખ્યાન શક્ય બનશે.

૪૯૦. સમયસાર કલશ-૧૭૮ ૪૯૦-૪૯૧

'પરદ્રવ્યને સમગ્રને વિવેચીને, તન્મૂલા આ

બલથી બહુભાવ સંતતિને એકી સાથે ઉદ્ધરવાને ઈચ્છતો નિર્ભર વહતી પૂર્ણ એક સંચિદ્‌થી (પાઠાં. સંવિદ્‌થી) યુત આત્મા પ્રત્યે જાય છે, કે જેથી બંધ ઉન્મૂલિત કર્યો છે જેણે એવો આ ભગવાન આત્મા આત્મમાં સ્ફૂર્જે છે. एष भगवानात्मात्मनि स्फूर्जति ।

૪૯૨. સમયસાર કલશ-૧૭૯ ૪૯૨-૪૯૩

આ બંધ અધિકારનો સર્વોપસંહાર કરતો અને

પોતાની પરમ પ્રિયતમ જ્ઞાનજ્યોતિનો પરમ મહિમાશય ઉત્કીર્ત્તન કરતો આ કાવ્ય કલશ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** એ અત્રે આ **'સમયસાર'** તત્ત્વમંદિર પર ચઢાવ્યો છે-

**'કારણો એવા રાગાદિના ઉદયને અદયપણે દારતી, કાર્ય બંધને હમણા સદ્ય જ ધકેલી દઈને, તિમિર ક્ષપિત કર્યું છે જેણે એવી આ જ્ઞાન જ્યોતિ એવી તો સાધુ-સમ્યક્ સન્નદ્ધ (સજ્જ થઈને બેઠી છે), કે જેમ અપર કોઈ પણ એના પ્રસરને આવરતો નથી. એમ બંધ નિષ્ક્રાંત થયો - આ અધ્યાત્મ રંગભૂમિમાંથી નીકળી ગયો.**

**॥ इति बंधप्ररुपकः सप्तमो अंकः ॥**

**अथ मोक्षाधिकारः ॥८॥**

સમયસાર વ્યાખ્યા 'આત્મખ્યાતિ'માં

**મોક્ષ પ્રરૂપક અષ્ટમ અંક**

**૪૯૪. સમયસાર કળશ- ૪૯૪-૪૯૬**

પરમ પરમાર્થ કવિ **અમૃતચંદ્રજી** કૃતકૃત્ય એવી પૂર્ણ પરમ **જ્ઞાન જ્યોતિ**નો મુક્તકંઠે વિજય ઉદ્ઘોષે છે -

**પ્રજ્ઞા-કરવત** વડે દલનથી બંધ-પુરુષને દ્વિધા કરી, ઉપલંભૈક નિયત પુરુષને 'સાક્ષાત્' મોક્ષે લઈ જતું, હમણાં ઉન્મજ્જતું - ઉન્મગ્ન થતું, સહજ **પરમાનંદથી સરસ પરં પૂર્ણ જ્ઞાન** સકલ કૃત્ય જેણે કરી લીધું છે એવું વિજય પામે છે.

સૂત્રધાર (સુતાર) તે કાષ્ઠ બે ભાગ કરવા હોય ત્યારે ક્રકચનો (કરવત) ઉપયોગ કરે છે : તેમ આ **સમયસાર સૂત્ર**ના સાર રૂપ જ્ઞાન **'સૂત્રધાર'** છે, તે બંધ-પુરુષના બે ભાગ કરવા **પ્રજ્ઞારૂપ** ઝીણી **કરવત**નો ઉપયોગ કરે છે. આમ જ્ઞાન-સૂત્રધાર બંધ-પુરુષને દ્વિધા કરે છે - બે ભાગમાં વિભક્ત કરે છે. એટલે **કેવલ શુદ્ધ આત્મસ્વભાવ** જ અવશિષ્ટ રહે છે, આત્મા એક 'ઉપલંભમાં' જ આત્માનુભવમાં જ વર્ત્યા કરે છે, આમ એક શુદ્ધ આત્માનુભવનિષ્ઠ પુરુષને આત્માને **જ્ઞાન સાક્ષાત્ મોક્ષે** લઈ જાય છે. ઈ.

**૪૯૭. સમયસારગાથા-૨૮૮-૨૯૦ ૪૯૭-૫૦૦**

આત્મા અને બંધનું દ્વિધાકરણ તે મોક્ષ : જ્ઞાન-કરવતથી આત્મા અને બંધને સ્પષ્ટ બે ભાગમાં જૂદા પાડવા તે મોક્ષ

બંધના સ્વરૂપનું 'જ્ઞાન માત્ર' મોક્ષનો હેતુ છે એમ કોઈ એક કહે તે 'અસત્' છે - અહેતુપણું છે માટે.' અત્રે આ બેડી આદિથી બંધાયેલા પુરુષનું દૃષ્ટાંત.

બંધનને બંધન હેતુ છોડ્યાથી કે ત્રોડ્યાથી જ મુક્ત થવાય છે. આ પરથી 'કર્મબંધ પ્રપંચ રચના રચનાના પરિજ્ઞાન માત્રથી સંતુષ્ટો ઉત્થાપવામાં આવે છે.

અને એ જ કર્મબંધ પ્રપંચ વિસ્તારનાર કર્મગ્રંથ, ગોમટ્ટસાર, ષટ્ખંડાગમ વગેરે તે તે મહાશાસ્ત્રોનો પરમાર્થ-રહસ્ય છે. શુદ્ધ સ્વભાવ ધર્મરૂપ શુદ્ધ આત્માને પ્રગટ કરવાનો શુદ્ધોપયોગરૂપ પુરુષાર્થ કરો ! પુરુષાર્થ કરો ! એ જ જ્ઞાની ભગવંતોના બોધનો ડિંડિમ નાદ પોકારીને પોકારીને કહે છે.

**૫૦૧. સમયસાર ગાથા-૨૯૧ ૫૦૧-૫૦૨**

બંધ ચિંતા પ્રબંધ મોક્ષહેતુ એમ અન્ય કહે છે, તે પણ અસત્ છે. કર્મબદ્ધના બંધ ચિંતા પ્રબંધ મોક્ષહેતુ નથી, અહેતુત્વાત્, નિગડાદિ બદ્ધના બંધ ચિંતા પ્રબંધવત્.

આ પરથી કર્મબંધ વિષય ચિંતા પ્રબંધ વિશુદ્ધ ધર્મધ્યાન અંધબુદ્ધિઓ બોધવામાં આવે છે.

કર્મબંધનના સ્વરૂપ ચિંતન માત્રથી સંતોષ નહિ પામતા તમે કર્મબંધને ભેદી નાંખી, છેદી નાંખી, અકર્મ બંધ દશા પ્રગટાવશો, તો જ તમારૂં મોક્ષ કાર્ય સિદ્ધ થશે. ઈ. 'કારણ જોગે હો બાંધે બંધને, કારણ મુક્તિ મૂકાય; આસ્રવ સંવર નામ અનુક્રમે, હેયોપાદેય સુણાય.' - શ્રી

આનંદઘનજી

૫૦૩. **સમયસાર ગાથા-૨૯૨ ૫૦૩-૫૦૪**

'જેમ બંધોને છેદીને જ બંધનબદ્ધ વિમોક્ષ પામે છે, તેમ બંધોને છેદીને જ જીવ વિમોક્ષ પામે છે.'

કર્મબદ્ધનો બંધછેદ મોક્ષહેતુ, હેતુત્વથી,- નિગડાદિબદ્ધના બંધ છેદની જેમ.'

આથી પૂર્વ ઉભય પણ આત્મા અને બંધના દ્વિધાકરણમાં વ્યાપારાય છે.

'જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ, તે કારણ છેદક દશા, મોક્ષ પંથ ભવ અંત.'
**- શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૯૯**

બંધનો છેદ કરી આત્મા અને કર્મનો ભેદ કરો, આત્મા અને કર્મને જૂદા પાડો - પૃથક્ પૃથક્ કરો, એ જ કર્મપ્રપંચ વર્ણવનારા કર્મગ્રંથ - ગોમ્મટસાર ષટ્ખંડાગમ આદિ શાસ્ત્રોના ઉપદેશનું પરમાર્થ રહસ્ય છે, તેને તમે ચરિતાર્થ કરો ! આ બધા કર્મપ્રપંચરૂપ બંધના હેતુઓ છે, તેને અપૂર્વ આત્મ પુરુષાર્થથી - અનન્ય આત્મ પરાક્રમથી હઠથી હઠાવી આત્મામાંથી વિસર્જન કરો ! શુદ્ધ આત્માને પ્રગટ કરો !

૫૦૫. **સમયસાર ગાથા-૨૯૩ ૫૦૫-૫૦૬**

'જે જ નિર્વિકાર ચૈતન્યમાત્ર આત્મસ્વભાવના અને તેનો વિકારકારક બંધોનો સ્વભાવને વિશેષથી જાણીને બંધોથી વિરમતિ, તે જ સકલ કર્મમોક્ષ કરે. આથી આત્મા અને બંધન દ્વિધાકરણનું મોક્ષ હેતુત્વ નિયમાય છે' : આત્માને તથારૂપ નિર્વિકાર કર્યાથી મોક્ષ છે : આત્મા અને બંધનું દ્વિધાકરણ કર્યાથી જ મોક્ષ છે.

એમ ટંકોત્કીર્ણ અમૃત શબ્દબ્રહ્મમાં પરંબ્રહ્મ સ્વરૂપ **અમૃતચંદ્રજીએ** ત્રિકાલાબાધિત અખંડ નિશ્ચય સિદ્ધાંત વજ્રલેપ દૃઢપણે સ્થાપિત કર્યો છે.
'રાગ દ્વેષ અજ્ઞાન છે, મુખ્ય કર્મની ગ્રંથ, થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ.
'આત્મા સત્ ચૈતન્ય, સર્વાભાસ રહિત, જેથી કેવલ પામીએ, તે મોક્ષ પંથ તે રીત.'

**- શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૦૦-૧૦૧**

૫૦૭. **સમયસાર ગાથા-૨૯૪ ૫૦૭-૫૧૧**

આત્મા અને બંધના કાર્યમાં : ભગવતી પ્રજ્ઞા જ છેદનાત્મક કરણ

'**જીવ અને બંધ સ્વ નિયત લક્ષણથી** એવા પ્રકારે છેદવામાં આવે છે, કે જેમ **પ્રજ્ઞા-છેદનકથી** છિન્ન થયેલા તે નાનાત્વને આપન્ન થઈ જાય.'

આત્માનું ચૈતન્ય સ્વ લક્ષણ : બંધનું તો આત્મદ્રવ્યને અસાધારણ રાગાદિ સ્વ લક્ષણ

રાગાદિ અને ચૈતન્યની અત્યંત પ્રત્યાસત્તિથી : અનાદિ 'એકત્વ વ્યામોહ' ભ્રાંતિ તે તો **પ્રજ્ઞાથી** જ છેદાય છે.

'સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, કેવળ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, પરમોત્કૃષ્ટ અચિંત્ય સુખ સ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ શુદ્ધ અનુભવ સ્વરૂપ હું છું. ઈ.' **- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૩૪**

૫૧૨. **સમયસાર કલશ-૧૮૧ ૫૧૨-૫૧૩**

તીક્ષ્ણ **પ્રજ્ઞા-છીણી** આત્મા અને કર્મનો ભેદ કેવી રીતે કરે છે, તેનો સમસ્ત વિધિ **મહાકવિ અમૃતચંદ્રજીએ** તાદૃશ્ય શબ્દ ચિત્ર આલેખતી **સ્વભાવોક્તિથી** વર્ણવી દેખાડ્યો છે.

**અમૃતચંદ્રજીના** આ અદ્ભુત કલશ કાવ્યનો મર્મ: સૂતારનું 'સૂત્રધારનું' દૃષ્ટાંત ભાવન યોગ્ય છે : આ કલશ કાવ્યમાં **'આત્મખ્યાતિ'** સૂત્રકાર મહાજ્ઞાની સૂત્રધારે **સ્વભાવોક્તિ** અલંકારમય શબ્દચિત્ર હજારો ગ્રંથોથી ન આલેખી શકાય એવી અજબ કુશળતાથી આલેખ્યું છે.

આત્મા ચૈતન્ય લક્ષણ (પ્રજ્ઞા-છીણી): બંધ રાગાદિ લક્ષણ : આત્મા ચૈતન્ય પૂરમાં : બંધ અજ્ઞાન ભાવમાં

૫૧૪. **સમયસાર ગાથા-૨૯૫ ૫૧૪-૫૧૫**

આત્મા-બંધ નિયત સ્વ લક્ષણ વિજ્ઞાનથી

નિર્મોક્તવ્ય : ઉપયોગ લક્ષણ શુદ્ધ આત્મા જ ગૃહીતવ્ય

નિયત **'સ્વલક્ષણ વિજ્ઞાન'** વડે, **આત્મવિજ્ઞાની** આત્મા અને બંધ એ બેને સ્વ સ્વ લક્ષણના વિજ્ઞાનથી તે બેનું પૃથક્કરણ (analysis) કરે : ચૈતન્ય લક્ષણ શુદ્ધ આત્મ ગ્રહણ : રાગાદિ લક્ષણ બંધન છેદન

૫૧૬. સમયસાર ગાથા-૨૯૬ ૫૧૬-૫૧૭

આ જ ખરેખર ! આત્માના અને બંધના દ્વિધાકરણનું પ્રયોજન છે કે બંધત્યાગથી શુદ્ધઆત્માનું ઉપાદાન

કોના વડે શુદ્ધ આત્મા ગૃહીતવ્ય છે ? પ્રજ્ઞા વડે જ શુદ્ધ આત્મા ગૃહીતવ્ય છે : યથા **પ્રજ્ઞાથી** વિભક્ત તથા **પ્રજ્ઞાથી** જ ગૃહીતવ્ય

કારણકે શુદ્ધ આત્માને સ્વયં આત્માને ગ્રહતાને-વિભજતાની જેમ **પ્રજ્ઞાનું** એકનું કરણપણું છે

૫૧૮. સમયસાર ગાથા-૨૯૭ ૫૧૮-૫૨૦

જે નિશ્ચયે કરીને નિયત સ્વલક્ષણાવલંબિની **પ્રજ્ઞાથી** પ્રવિભક્ત **ચેતયિતા**, તે આ હું છું : અને જે આ અવશિષ્ટ અન્ય સ્વલક્ષણાથી લક્ષ્ય વ્યવહિયમાણા ભાવો તે સર્વેય મ્હારાથી અત્યંત ભિન્ન છે.

તેથી હું જ મ્હારાથી જ, મ્હારા અર્થે જ, મ્હારામાંથી જ મ્હારામાં જ, મને જ ગ્રહું છું : જે ખરેખર ! ગ્રહું છું, તે આત્માના - ચેતન એક ક્રિયાપણાને લીધે 'ચેતું' છું, અર્થાત્ ગ્રહું છું એટલે આત્માના ચેતવા રૂપ - અનુભવવા રૂપ ચેતન રૂપ એક ક્રિયાપણાને લીધે 'ચેતું' છું અનુભવું છું, સ્વ સંવેદનથી સંવેદું છું - ઈ.

અત્રે **અમૃતચંદ્રજીએ** અદ્ભુત ષટ્કારકની પ્રક્રિયા અન્વય-વ્યતિરેકથી અદ્ભુત શૈલીથી સમજાવી છે.

સર્વ વિશુદ્ધ ચિન્માત્ર ભાવ છું 'હું'.

આવી પરમાત્મધ્યાનની ઉત્કૃષ્ટ આત્મદશા છે એવા **શ્રીમદ્ રાજચંદ્રના** ટંકોત્કીર્ણ વચનામૃત છે કે-

'ચિદ્ ધાતુમય, પરમ શાંત, અડગ એકાગ્ર,' ઈ. - **શ્રીમદ્ રાજચંદ, હાથનોંધ-૧ (જૂઓ).**

૫૨૧. સમયસાર કલશ-૧૮૨ ૫૨૧-૫૨૨

સ્વ લક્ષણના બલ થકી સર્વને પણ ભેદ કરીને જે પોતે ભેદી શકાતું નથી, તે ચિન્ મુદ્રાંકિત નિર્વિભાગ મહિમાવાળો શુદ્ધ ચિત્ જ હું છું.

કર્ત્તાદિ ષટ્કારકો, કે અસ્તિત્વ - નિત્યતાદિ ધર્મો, કે દર્શન-જ્ઞાનાદિ ગુણો ભેદ પામતા હો ભલે ભેદ પામો ! પણ 'વિભુ' એવા વિશુદ્ધ ચિતિ ભાવમાં કોઈ 'ભિદા' ભેદતા નથી.

૫૨૩. સમયસારગાથા-૨૯૮-૨૯૯ ૫૨૩-૫૨૭

પ્રજ્ઞાથી જે દૃષ્ટા ગ્રહવા યોગ્ય છે, તે નિશ્ચયથી હું જ છું, અવશેષ જે ભાવો તે મ્હારા પર છે : પ્રજ્ઞાથી જે **જ્ઞાતા** ગ્રહવા યોગ્ય છે, તે **નિશ્ચયથી** હું જ છું : અવશેષ જે ભાવો તે મ્હારા પરો

ચેતનાના દર્શન-જ્ઞાન વિકલ્પના અનતિક્રમણને લીધે, ચેતયિતાપણાની જેમ દૃષ્ટાપણું અને જ્ઞાતાપણું **આત્માનું સ્વલક્ષણ** જ, તેથી હું દૃષ્ટા એવા આત્માને ગ્રહું છું.

જે ખરેખર ! ગ્રહું છું, તે દેખું જ છું, દેખતો જ દેખું છે, ઈત્યાદિ કિંતુ સર્વ **વિશુદ્ધ દૃક્માત્ર ભાવ હું છે.**

તેમજ - જ્ઞાતા એવા આત્માને હું ગ્રહું છું જે ખરેખર ! ગ્રહું છું તે જાણું જ છું, જાણંતો જ જાણું છું, ઈત્યાદિ, કિંતુ સર્વ **વિશુદ્ધ - જ્ઞપ્તિ માત્ર ભાવ હું છું.**

આમ કર્ત્તા-કર્મ આદિ એ ષટ્કારક રૂપ ભેદ વિવક્ષાથી હું દૃષ્ટા આત્મા દૃષ્ટા આત્માને જ દેખું છું : અથવા ષટ્કારક **ભેદ અવિવક્ષાથી** નથી હું દેખતો ઈ.

તેમજ **જ્ઞાતા** એવા આત્માને હું ગ્રહું છું, જે ખરેખર ! ગ્રહું છું, તે જાણું જ છું,

જાણંતો જ જાણું છું, ઈ. એ ષટ્કારક રૂપ ભેદવિવક્ષાથી હું જ્ઞાતા આત્મા જ્ઞાતા આત્માને જ જાણું છું : અથવા નથી હું જાણતો, નથી જાણંતો જાણતો ઈ., એમ ષટ્કારક ભેદ અવિવક્ષાથી નથી હું જાણતો, કિંતુ સર્વવિશુદ્ધ જ્ઞપ્તિમાત્ર ભાવ હું છું.

**૫૨૮. સમયસાર કલશ-૧૮૩ ૫૨૮- ૩૨**

અદ્વૈતા છતાં જગત્માં જો દગ્-જ્ઞપ્તિ રૂપ ત્યજે, તો સામાન્ય - વિશેષ રૂપના વિરહથી તે અસ્તિત્વ જ ત્યજે, તેના ત્યાગે ચિત્ની પણ જડતા થાય છે : અને વ્યાપક વિના વ્યાપ્ય એવી આત્મા અંત પામી જાય છે, તેથી નિયતપણે ચિદ્ દગ્-જ્ઞપ્તિ રૂપા છે.

**૫૩૦. સમયસાર કલશ-૧૮૪ ૫૩૦-૫૩૧**

ચિત્નો એક ચિન્મય જ ભાવ છે : ભાવો જે પરો છે તે ખરેખર ! પરોના છે :

તેથી ચિન્મય જ ભાવ ગ્રાહ્ય છે, પર ભાવો સર્વતઃ જ હેય છે

**૫૩૨. સમયસાર ગાથા-૩૦૦ ૫૩૨-૫૩૩**

'સર્વ ભાવોને પરાયા જાણીને 'મ્હારૂં આ' એવું વચન આત્માને શુદ્ધ એવાને જાણતો એવો બુધ ભણે વારુ.' - શ્રી કુંદકુંદાચાર્યજી

જે નિશ્ચયે કરીને પર-આત્માના નિયત સ્વલક્ષણ વિભાગપાતિની પ્રજ્ઞાથી જ્ઞાની હોય,

તે કરીને એક ચિન્માત્ર ભાવને આત્મીય જાણે છે અને શેષ સર્વ જ ભાવોને પરકીય જાણે છે અને એમ જાણતો તે પરભાવોને 'મ્હારા આ' એમ કેમ બોલે ?

પર-આત્મનો નિશ્ચયથી સ્વ-સ્વામી સંબંધ અસંભવ : અતઃ સર્વથા ચિદ્ભાવ એવ ગૃહીતવ્ય, શેષ સર્વ એવ ભાવા પ્રહાતવ્યા ઈતિ સિદ્ધાંત

**૫૩૪. સમયસાર કલશ-૧૮૫ ૫૩૪-૫૩૫**

આ સિદ્ધાંત ઉદાત્ત ચિત્ત ચરિત્રવાળા મોક્ષાર્થીઓથી સેવાઓ ! શુદ્ધ ચિન્મય એક જ પરમ જ્યોતિ સદૈવ હું છુ : અને આ જે પૃથગ્ લક્ષણવાળા વિવિધ ભાવો સમુલ્લસે છે, તે હું છું નહિ : કારણકે અત્ર તેઓ (ભાવો) સમગ્ર જ મમ પરદ્રવ્ય છે.

**૫૩૬. સમયસાર કલશ-૧૮૬ ૫૩૬**

પર દ્રવ્ય ગ્રહ કરતો અપરાધી બંધાય જઃ સ્વ દ્રવ્યમાં સંવૃત મુનિ ન બંધાય.

**૫૩૭. સમયસારગાથા-૩૦૧-૩૦૩ ૫૩૭-૫૪૦**

યથા અત્રે લોકમાં પરદ્રવ્ય ગ્રહણ લક્ષણ અપરાધ કરે છે, તે જ બંધશંકા સંભવે છે : પણ જે શુદ્ધ સતો તે નથી કરતો, તે બંધશંકા નથી સંભવતી

તથા આત્મા પણ જે જ અશુદ્ધ સતો પરદ્રવ્ય લક્ષણ અપરાધ કરે છે, તેને જ બંધશંકા સંભવે છે પણ જે શુદ્ધ સતો તે નથી કરતો તેને તે નથી સંભવતી એવો નિયમ છે.

એથી કરીને સર્વથા સર્વ પરકીય ભાવોના પરિહારે કરીને શુદ્ધ આત્મા ગ્રહવો યોગ્ય છે, તેમ સતે જ નિરપરાધપણું છે માટે.

પરસમયમાં પારકા પુદ્ગલ ક્ષેત્રમાં અતિક્રમણ : તેથી પરિભ્રમણ, ઈ.

પ્રતિક્રમણાદિ ષડ્આવશ્યક ઈ.

**૫૪૧. સમયસારગાથા-૩૦૪-૩૦૫ ૫૪૧-૫૪૩**

'સંસિદ્ધિ, રાધ, સાધિત અને આરાધિત એ એકાર્થવાળા છે : અપગતરાધ એવો જે નિશ્ચયથી ચેતયિતા તે અપરાધ હોય છે : જે પુનઃ નિરપરાધ ચેતયિતા છે, તે નિઃશંકિત જ હોય છે, તે 'અહં' (હું) એ જાણંતો આરાધાનાથી નિત્ય વર્ત્તે છે.' - શ્રી કુંદકુંદાચાર્યજી

પરદ્રવ્ય પરિહારથી શુદ્ધ આત્માની સિદ્ધિ સિદ્ધિ વા તે રાધઃ અપગત છે રાધ જે ચેતયિતાનો તે અપરાધ

અથવા અપગત રાધ જે ભાવનો તે અપરાધ તે અપરાધ સહ જે ચેતયિતા વર્ત્તે છે તે સાપરાધ

પરદ્રવ્ય ગ્રહણના સદ્ભાવથી બંધ શંકાનો સંભવ સતે - સ્વયં અશુદ્ધપણાને લીધે અનારાધક જ હોય : પરંતુ જે નિરપરાધ

છે, તે તો સમગ્ર પરદ્રવ્યના પરિહારથી **શુદ્ધાત્મસિદ્ધિના** સદ્ભાવને લીધે બંધશંકાનો અસંભવ સતે - ઉપયોગૈકલક્ષણ શુદ્ધ આત્મા એક જ 'હું' એમ નિશ્ચય કરતો, નિત્યમેવ **શુદ્ધાત્મ સિદ્ધિ લક્ષણા આરાધનાથી** વર્તમાનપણાને લીધે **આરાધક** એવ હોય

તાત્પર્ય કે - પરપરિણતિને ત્યજવી ને આત્મપરિણતિને ભજવી મોક્ષમાર્ગ આરાધના : પર પરિણતિ ભજવી ને આત્મ પરિણતિને ત્યજવી તે મોક્ષમાર્ગની **વિરાધના** ઈ.

**૫૪૪. સમયસાર કલશ-૧૮૭ ૫૪૪-૫૪૫**

અનવરત અનંતા બંધનને સાપરાધ બંધાય છે : નિરપરાધ કદી પણ બંધનને સ્પર્શતો નથી.

અશુદ્ધ 'સ્વ' ભજતો આ આત્મા નિયતપણે **સાપરાધ** હોય છે : અને 'સાધુ' - સમ્યક્ પણે **'શુદ્ધાત્મસેવી' નિરપરાધ** હોય છે.

**૫૪૬. સમયસારગાથા-૩૦૬-૩૦૭ ૫૪૬-૫૫૨**

પ્રતિક્રમણ-પ્રતિસરણાદિ અષ્ટવિધ **વિષકુંભ** હોય : અપ્રતિક્રમણ-અપ્રતિસરણ આદિ **અમૃતકુંભ** હોય.

(૧) શુદ્ધ આત્મસિદ્ધિ લક્ષ વિના પ્રતિક્રમણ-અપ્રતિક્રમણથી વિલક્ષણ તાર્તીયીકી ભૂમિને ન દેખતાને **વિષકુંભ (તૃતીય)**

**(૨) સર્વ અપરાધ વિષ દોષ અપકર્ષણ સમર્થ (વ્યવહારથી) શુદ્ધ આત્મસિદ્ધિ લક્ષપૂર્વ તૃતીય ભૂમિને દેખતાને અમૃતકુંભ, (૩) અપ્રતિક્રમણાદિ તૃતીય ભૂમિ સ્વયં શુદ્ધાત્મસિદ્ધિરૂપ અપરાધ સર્વકર્ષત્વથી સાક્ષાત્ અમૃતકુંભ** ઈ.

(વિશેષ માટે પ્રસ્તુત ગાથાનો ભાવ સ્પષ્ટ સમજવા **અમૃત જ્યોતિ મહાભાષ્ય)**

**૫૫૩. સમયસાર કલશ-૧૮૮ ૫૫૩-૫૫૪**

આ પરથી સુખાસનતા ગત પ્રમાદીઓ હત થયા, ચાપલ પ્રલીન થયું, આલંબન ઉન્મૂલિત થયું. (પાઠા. ઉન્મીલિત થયું) : સંપૂર્ણ વિજ્ઞાનઘનની ઉપલબ્ધિ સુધી ચિત્ત આત્મામાં આલાનિત થયું.

**૫૫૫. સમયસાર કલશ-૧૮૯ ૫૫૫-૫૫૬**

જ્યાં પ્રતિક્રમણ જ વિષ પ્રણીત છે, ત્યાં અપ્રતિક્રમણ જ સુધા ક્યાંથી હોય ?

તો પછી 'જન' અધઃ અધઃ પડતો પડતો કેમ પ્રમાદ કરે છે ? નિષ્પ્રમાદ થઈ ઊર્ધ્વ ઊર્ધ્વ કેમ નથી અધિરોહતો ?

**૫૫૭. સમયસાર કલશ-૧૯૦ ૫૫૭-૫૫૮**

શુદ્ધ ભાવ 'અલસ' પ્રમાદિકલિત કેમ થાય છે ? કારણકે કષાયભર ગૌરવને અલસતા તે પ્રમાદ છે.

અતઃ 'સ્વરસ નિર્ભર સ્વભાવમાં 'નિયમિત' ભવન્ મુનિ પરમ શુદ્ધતા પામે છે, 'અચિરથી' મુક્ત થાય છે.

**૫૫૯. સમયસાર કલશ-૧૯૧ ૫૫૯-૫૬૦**

અશુદ્ધિ કરનારૂં એવું તે ખરેખર ! પરદ્રવ્ય સમગ્ર સ્વયં ત્યજી થઈને, જે સ્વ દ્રવ્યમાં રતિ પામે છે, તે નિયતપણે સર્વ અપરાધથી ચ્યુત થયેલો બંધ ધ્વંસ પામી, નિત્ય મુદિત (નિત્યં ઉદિત) સ્વજ્યોતિમાંથી સ્વચ્છ ઉછળતા-ઉચ્ચલતા ચૈતન્યામૃત પૂરથી પૂર્ણ મહિમાવંતો શુદ્ધ થતો મૂકાય છે शुद्धो भवन् मुच्यते ।

**૫૬૧. સમયસાર કલશ-૧૯૨ ૫૬૧-૫૬૨**

**પરમર્ષિ અમૃતાચાર્યજીએ** મોક્ષનું તાત્ત્વિક સ્વરૂપ દર્શાવી, પરમ ભાવોલ્લાસથી સાક્ષાત્ મોક્ષ રૂપ પૂર્ણ જ્ઞાનજ્યોતિનો મહામહિમા ઉત્કીર્ત્તન કર્યો છે.

**॥ इति मोक्षो निष्क्रांतः ॥**

**॥ इति मोक्ष-प्ररूपकः अष्टम अंकः ॥**

**સર્વ વિશુદ્ધ જ્ઞાન અધિકાર**

સમયસાર વ્યાખ્યા 'આત્મખ્યાતિ'માં સર્વ વિશુદ્ધ જ્ઞાન પ્રરૂપક **નવમો અંક**

**૫૬૩. સમયસાર કલશ-૧૯૩ ૫૬૩-૫૬૪**

શુદ્ધ શુદ્ધ જ્ઞાનપુંજનો ઝગઝગાટઃ બંધ મોક્ષની કલ્પાનાઓથી દૂરીભૂત

**૫૬૫. સમયસાર કલશ-૧૯૪ ૫૬૫**

કર્તૃત્વ આત્માનો સ્વભાવ નથીઃ અજ્ઞાનથી કર્ત્તા

૫૬૬. સમયસાર ગાથા-૩૦૮-૩૧૧ ૫૬૧-૫૭૦

કર્મને આશ્રીને કર્તા : કર્તાને આશ્રીને કર્મો

જીવ પરિણામી ક્રમનિયમિત આત્મપરિણામોથી. રહેલો જીવ જ : અજીવ ક્રમનિયમિત આત્મપરિણામોથી અજીવ જ

'જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ' (શ્રીમદ્ રાજચંદ્રજી): સર્વ દ્રવ્યોનું

'સ્વ પરિણામો' સાથે તાદાત્મ્ય છે - કંકણાદિ પરિણામો સાથે કાંચનવત્

તાદાત્મ્ય સંબંધ : વ્યાપ્ય-વ્યાપક સંબંધ અજીવ જીવનું કર્મ નથી : જીવ અજીવનો કર્તા નથી જીવ-અજીવ વચ્ચે કર્તા-કર્મ સંબંધ છે નહિ જીવનો જ્ઞાન પરિણામ : અજીવનો પુદ્ગલ પરિણામ કર્મ

૫૭૧. સમયસાર કલશ-૧૯૫ ૫૭૧-૫૭૨

અકર્તા આ જીવ વિશુદ્ધ સ્વરસથી સ્થિત

આ જીવ ન ચિત્ જ્યોતિઓથી ભવના-ભોગને છુરિત કરતો - ધોળતો ધવલ કરતો અજવાળતો અકર્તા સ્થિત છે.

તથાપિ આનો જે અહીં પ્રકૃતિઓ સાથે ખરે ! તે તો ખરેખર ! અજ્ઞાનનો કોઈપણ ગહન મહિમા સ્ફુરે છે !

'ગ્રહે અરૂપી રૂપીને, એ અચરજની વાત' ઈ. - (શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૬૭)

૫૭૩. સમયસાર ગાથા-૩૧૨-૩૧૩ ૫૭૩-૫૭૫

ચેતન અને પ્રકૃતિના અન્યોન્ય નિમિત્ત નૈમિત્તિક ભાવથી બંધ દૃષ્ટ છે, તેથી સંસાર છે અને તેથી જ તે બન્નેનો કર્તા-કર્મ વ્યવહાર છે.

'જડ ચેતન સંયોગ આ, ખાણ અનાદિ અનંત.' ઈ. - શ્રીમદ્ રાજચંદ્રજી

૫૭૬. સમયસાર ગાથા-૩૧૪-૩૧૫ ૫૭૬-૫૮૧

જ્યાં લગી આ ચેતયિતા પ્રતિનિયત સ્વ લક્ષણ અનિર્જ્ઞાનને લીધે આત્માને બંધ નિમિત્ત પ્રકૃતિ સ્વભાવને મૂકતો નથી, ત્યાં લગી મૂકતો નથી, ત્યાં લગી સ્વ-પરના એકત્વ જ્ઞાનથી તે અજ્ઞાયક હોય છે, સ્વ પરના એકત્વ દર્શનથી મિથ્યાદૃષ્ટિ હોય છે, ત્યાં લગી જ પર-આત્માના એકત્વ અધ્યાસના કરણને લીધે કર્તા હોય છે.

પણ જ્યારે આ જ પ્રતિનિયત સ્વલક્ષણના નિર્જ્ઞાનને લીધે આત્માને બંધ નિમિત્ત પ્રકૃતિ સ્વભાવને લીધે ત્યારે જ સ્વ-પરના વિભાગ જ્ઞાનથી તે જ્ઞાયક દર્શક સંયત હોય છે. અને ત્યારે પર - આત્મના એકત્વ અધ્યાસ અકરણને લીધે અકર્તા છે.

૫૭૮. પર-આત્માના એકત્વ અધ્યાસના અકરણને લીધે અકર્તા

ચેતન જો નિજ ભાનમાં, "કર્તા આપ સ્વભાવ શ્રીમદ્ રાજચંદ્રજી (આત્મસિદ્ધિ)

"આપ આપકું ભૂલ ગયા, ઈનસેં ક્યા અંધેર' ઈ. - (શ્રીમદ્ રાજચંદ્રજી)

'સર્વ ભૂલની બીજ ભૂલ' ઈ. - (શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૦૦)

પ્રકૃતિ બાલા અબળા છતાં પ્રબળા: પ્રકૃતિ-નારી આ આત્મ-પુરુષની સાથે અનાદિથી સંલગ્ન

'હું છોડી નિજ રૂપ, રમ્યો પર પુદ્ગલે.' ઈ. - (શ્રી દેવચંદ્રજી)

'मूलं संसारदुःखस्य देह एवात्मधीः' ઈ. (શ્રી પૂજ્યપાદ સ્વામી)

'ભાસ્યું નિજ સ્વરૂપ તે, શુદ્ધ ચેતના રૂપ, અજર અમર અવિનાશી ને દેહાતીત સ્વરૂપ' ઈ. - (શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત આત્મસિદ્ધિ)

આપણો આત્મ ભાવ રે, શુદ્ધ ચેતના ધાર રે' ઈ. - (શ્રી આનંદઘનજી)

એકત્વ-એકત્વજ્ઞાનથી-અજ્ઞાયક-મિથ્યાદૃષ્ટિ-અસંયતઃ વિભાગ જ્ઞાનથી-જ્ઞાયક-દર્શક-સંયત

પરાત્મના એકત્વ અધ્યાસથી કર્તા : પરાત્માના ભેદ વિજ્ઞાન અભ્યાસથી અકર્તા

૫૮૨. સમયસાર કલશ-૧૯૬ ૫૮૨-૫૮૩

ભોક્તત્વ ચિત્નો સ્વભાવ નથી, અજ્ઞાનથી આ ભોક્તા છે.

દ્રવ્યાનુયોગ પ્રક્રિયાનો વૈજ્ઞાનિક નિયમ

અન્યોન્ય નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી ભોક્તા-ભોગ્યપણાનો વ્યવહાર : સંસાર વ્યવહાર

અનાદિથી કનકોપલની જેમ પુરુષ-પ્રકૃતિનો સંયોગ સંબંધ

'તે કર્ત્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે' ઈ. શ્રીમદ્ રાજચંદ્ર (ષટ્ પદનો અમૃતપદ)

૫૮૪. સમયસાર ગાથા-૩૧૬ ૫૮૪-૫૮૬

અજ્ઞાની શુદ્ધાત્મ જ્ઞાનના અભાવ થકી પ્રકૃતિ સ્વભાવમાં સ્થિતપણાને લીધે પ્રકૃતિ સ્વભાવને પણ અહંતાથી અનુભવતો, કર્મફલ વેદે છે : જ્ઞાની શુદ્ધાત્મજ્ઞાન સદ્ભાવથી, પ્રકૃતિ સ્વભાવમાંથી અપસૃતપણાને લીધે કર્મફલ ઉદિતને તેના અહંતાથી અનુભવવાના અશક્યપણાને લીધે વેદતો નથી.

'અન્ય સંબંધી જે તાદાત્મ્યપણું છે તે તાદાત્મ્ય નિવૃત્ત થાય તો સહજ સ્વભાવે આત્મા મુક્ત જ છે. એ શ્રી ઋષભાદિ અનંત જ્ઞાની પુરુષો કહી ગયા છે, યાવત્ તથારૂપમાં શમાયા છે.' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૪૩

૫૮૭. સમયસાર કલશ-૧૯૭ ૫૮૭-૫૮૮

અજ્ઞાની પ્રકૃતિ સ્વભાવ નિરતો નિત્ય વેદકઃ જ્ઞાની પ્રકૃતિ સ્વભાવ વિરતો કદી પણ વેદક ન હોય

એવો નિયમ નિરૂપ્ય નિપુણોથી અજ્ઞાનિતા ત્યજ્યતાં શુદ્ધએકાત્મયય મહસૂથી અચલિતથી જ્ઞાનિતા આસેવ્યતાં

પ્રકૃતિ સ્વભાવ નિરત અજ્ઞાની કર્મફલ વિદેક : પ્રકૃતિ સ્વભાવ વિરત : જ્ઞાની કર્મફલ અવેદક : અજ્ઞાનિતા ત્યજો : જ્ઞાનિતા ભજો

૫૮૯. સમયસાર ગાથા-૩૧૭ ૫૮૯-૫૯૨

વિષધર વિષભાવ સ્વયમેવ નથી મૂકતો,

વિષભાવ વિમોચન સમર્થ એવા સાકર સહિત ક્ષીરપાન થકી નથી મૂકતો : તથા અભવ્ય પ્રકૃતિ સ્વભાવ સ્વયમેવ નથી મૂકતો, અને પ્રમોચનમાં સમર્થ દ્રવ્ય શ્રુત જ્ઞાન થકી નથી મૂકતો. નિત્યમેવ ભાવશ્રુત જ્ઞાનલક્ષણ શુદ્ધાત્મજ્ઞાનના અભાવે કરી અજ્ઞાનિપણાને લીધે.

એથી નિયમાય છે કે અજ્ઞાની પ્રકૃતિ સ્વભાવમાં સુસ્થિતપણાને લીધે વેદક જ છે.

મિત્રાદિ દૃષ્ટિઓ ઈક્ષુ જેવી છે : સંવેગની મધુરતાને અનુભવ : એથી ઉલટું અભવ્યો નલ - જેવા બરૂ જેવા

૫૯૩. સમયસાર ગાથા-૩૧૮ ૫૯૩-૫૯૫

'निर्वेयसमावण्णो णाणी कर्मफलं विजाणेइ' - ઈ. (પ્રસ્તુત ગાથા)

જ્ઞાની તો અવેદક જ - કર્મફલનો અવેદક જ એવો નિયમ ઈ. જ્ઞાનીને અભેદ ભાવશ્રુત જ્ઞાનલક્ષણ શુદ્ધાત્મજ્ઞાનનો સદ્ભાવ.

'આતમ અનુભવ રસિકો, અજબ સૂન્યો વૃત્તાંત', નિર્વેદી વેદન કરે, વેદન કરે અત્યંત' ઈ. - શ્રી આનંદઘન પદ-૬

અત્રે 'નિર્વેદ' શબ્દ ખાસ મહત્વનો. તેના બે અર્થ છે : (૧) 'નિર્વેદ' નિર્વેદન ઈ. હું છું એવું પરનું અહંતાથી વેદન જ્યાં નિર્ગત છે ત્યાં નિર્ગત છે - ચાલ્યું ગયું છે તે નિર્વેદ : નિર્વેદ એટલે કંટાળો - ખેદ આવો પ્રથમ અર્થમાં નિર્વેદ ઉપજે છે, એટલા પરથી નિર્વેદ - વિરક્તિ વિરક્ત ભાવ ઉપજે છે, જે વસ્તુ પોતે નથી વા પોતાની નથી તે પ્રત્ય વિરતિરૂપ - વિરક્તિરૂપ નિર્વેદ ઉપજે છે.

૫૯૬. સમયસાર કલશ ૫૯૬-૫૯૭

જ્ઞાની નથી કરતો અને વેદતો નથી, કેવલ તત્ સ્વભાવ જાણે છે.

'शुद्धस्वभावनियतः स हि मुक्तः ।'

કરણ-વેદનના અભાવને લીધે શુદ્ધ સ્વભાવનિયત જ્ઞાની નિશ્ચયે મુક્ત છે. જ્ઞાનીની જીવન્મુક્ત દશા : જીવતું જાગતું જ્વલંત ઉદાહરણ શ્રીમદ્ રાજચંદ્ર

**૫૯૮. સમયસાર ગાથા-૩૧૯ ૫૯૮-૫૯૯**

'જ્ઞાની બહુ પ્રકારના કર્મો નથી જ કરતો, નથી વેદતો, પણ પુણ્ય-પાપ કર્મફલને અને બંધને જાણે છે.'

જ્ઞાની કર્મચેતના શૂન્યપણાએ કરીને અને કર્મફલચેતના શૂન્યપણાએ કરીને સ્વયં અકર્ત્વ લીધે અને અવેદયિતત્વ લીધે; પણ જ્ઞાન ચેતનામયપણાએ કરીને કેવલ જ્ઞાતૃત્વથી કેવળ કર્મબંધને અને શુભ વા અશુભ કર્મફલ કેવલ જ જાણે છે.

**૬૦૦. સમયસાર ગાથા-૩૨૦ ૬૦૦-૬૦૨**

'જેમ જ દૃષ્ટિ જ્ઞાન અકારક અને અવેદકઃ બંધ-મોક્ષને કર્મ ઉદયને અને નિર્જરાને જાણે છે.'

જેમ દૃષ્ટિ દશ્યથી વિભક્તપણાને કરીને તેના (દશ્યના) કરણ - વેદનનું અસમર્થપણું : નહિ તો અગ્નિ દર્શન થકી સ્વયં જ્વલન કરણ અનુભવનનું દુર્નિવારપણું

**૬૦૩. સમયસાર કલશ-૧૯૯ ૬૦૩-૬૦૪**

પણ જેઓ તમસૂથી તત-વ્યાપ્ત થયેલાઓ આત્માને કર્ત્તા દેખે છે, તેઓને મોક્ષ ઈચ્છતાઓને પણ સામાન્ય જનની જેમ મોક્ષ નથી.

અજ્ઞાનથી કર્ત્તા અને જ્ઞાનથી અકર્ત્તાઃ અજ્ઞાનથી ભોક્તા અને જ્ઞાનથી અભોક્તા

**૬૦૫. સમયસાર ગાથા-૩૨૧-૩૨૩ ૬૦૫-૬૦૬**

જેઓ આત્માને કર્ત્તા જ દેખે છે, તે લોકોત્તરિકો પણ લૌકિકતાને અનિવર્ત્તતા નથી.

લૌકિકોના મતે પરમાત્મા વિષ્ણુ સુર-નારકાદિ કાર્યો કરે છે : તેઓના મતે સ્વ આત્મા તે કરે છે - એમ અપસિદ્ધાંતનું સમપણું

**૬૦૭. સમયસાર કલશ-૨૦૦ ૬૦૭**

પરદ્રવ્ય અને આત્મતત્ત્વનો સર્વ જ સંબંધ છે નહિ, તો પણ કર્તૃ-કર્મત્વ સંબંધ અભાવે તેની તેની કર્તૃતા ક્યાંથી ?

**૬૦૮. સમયસાર ગાથા-૩૨૪-૩૨૫ ૬૦૮-૬૧૦**

અજ્ઞાનીઓ જ વ્યવહાર વિમૂઢ એવાઓ 'પરદ્રવ્ય મ્હારૂં આ' એમ દેખે છે - જેમ અત્રે લોકમાં કોઈ વ્યવહારવિમૂઢ પરકીય ગ્રામવાસી 'મ્હારૂં આ ગ્રામ' એમ દેખતો મિથ્યાદૃષ્ટિ છે : તેમ જ્ઞાની પણ કથંચિત્ વ્યવહારવિમૂઢ સતો 'પરદ્રવ્ય મ્હારૂં આ' એમ દેખે, ત્યારે તે પણ નિઃસંશય પરદ્રવ્ય આત્મા કરતો મિથ્યાદૃષ્ટિ એવ હોય

એથી કરીને તત્ત્વ જાણતો પુરુષ સર્વ જ પરદ્રવ્ય મ્હારૂં નથી એમ જાણીને, લોકોનો અને શ્રમણોનો બન્નેયનો જે આ પરદ્રવ્યમાં કર્તૃત્વ વ્યવસાય, તે તેઓનો સમ્યગ્ દર્શનરહિતપણાને લીધે જ હોય છે. એમ સુનિશ્ચિત જાણો.

**૬૦૧. સમયસાર કલશ-૨૦૧ ૬૧૧**

એક વસ્તુનો અહીં અન્ય કોઈ પણ વસ્તુ સાથે સકલ પણ સંબંધ જ નિષિદ્ધ છે, તેથી વસ્તુભેદે કર્તૃ-કર્મ ઘટના છે નહિ, માટે મુનિઓ અને જનો તત્ત્વને અકૃર્ત દેખો !

**૬૧૩. સમયસાર કલશ-૨૦૨ ૬૧૩**

જેઓ આ સ્વભાવ નિયમ કળતા નથી જેનું મહસ્ અજ્ઞાન મગ્ન - બિચારાઓ અરે ! કર્મો કરે, તેથી કરીને નિશ્ચયે કરીને ભાવકર્મનો ભાવકર્મના સ્વયં ચેતન જ થાય છે, નહિ કે અન્યઃ ભાવકર્મની જોખમદારી જીવને પોતાને શિરે જ છે.

**૬૧૪. સમયસાર ગાથા-૩૨૮-૩૩૧ ૬૧૪-૪૧૭**

(૧) 'જો મિથ્યાત્વ પ્રકૃતિ આત્માને મિથ્યાદૃષ્ટિ કરે છે, તો ત્હારા મતે અચેતના પ્રકૃતિ ખરેખર ! કારક પ્રાપ્ત થઈ.

(૨) અથવા આ જીવ પુદ્ગલ દ્રવ્યનું મિથ્યાત્વ કરે છે, તેથી પુદ્ગલ દ્રવ્ય મિથ્યાદૃષ્ટિ હોય, નહિ કે જીવ.

(૩) હવે જો જીવ તથા પ્રકૃતિ પુદ્ગલ દ્રવ્યને મિથ્યાત્વ કરે છે, તે બન્નેએ કરેલું તે તેનું ફલ બન્નેય ભોગવે છે.

(૪) હવે જો ન પ્રકૃતિ - ન જીવ પુદ્‌ગલ દ્રવ્ય કરે છે, તો પુદ્‌ગલ દ્રવ્ય મિથ્યાત્વ હોય, તે શું ખરેખર ! મિથ્યા નથી ?' ઈ.

૬૧૮. સમયસાર કલશ-૨૦૩ ૬૧૮

(૧) કાર્યપણાને લીધે કર્મ અકૃત નથી,

(૨) તે જીવ અને પ્રકૃતિ એ બન્નેનું કાર્ય નથી અજ્ઞ પ્રકૃતિને સ્વકાર્ય ફલ ભોગી ભાવનો અનુષંગ હોય માટે,

(૩) એક પ્રકૃતિની કૃતિ નથી - અચિત્ પણાનું લસન હોય-માટે,

(૪) તેથી જીવ આનો (કર્મનો) કર્ત્તા છે, અને જીવનું જ કર્મ તે ચિદ્અનુગ-ચૈતન્યને અનુસરનારૂં છે, કારણકે પુદ્‌ગલ જ્ઞાતા નથી.

૬૨૦. સમયસાર કલશ-૨૦૪ ૬૨૦-૬૨૧

કર્મને જ કર્તૃ પ્રવિતર્કીને આત્માની કર્તતા ફગાવી દઈ, કોઈ હતકોથી 'કર્ત્તા આત્મા કથંચિત્ છે' એવી અચલિત શ્રુતિ કોપિત છે. તે ઉદ્ધત મોહથી મુદ્રિત બુદ્ધિવાળાઓના બોધ સંશુદ્ધને અર્થે, સ્યાદ્‌વાદ પ્રતિબંધથી લબ્ધવિજયા સ્તવનામાં વસ્તુસ્થિતિ આવે છે.

૬૨૨. સમયસાર ગાથા-૩૩૨-૩૪૪ ૬૨૨-

કર્મોથી જ અજ્ઞાની કરાય છે, તેમજ કર્મોથી જ્ઞાની કરાય છે, કર્મોથી સુવાડાય છે, તેમજ કર્મોથી જગાવાય છે, કર્મથી સુખી કરાય છે, તેમજ દુઃખી કરાય છે, કર્મોથી મિથ્યાત્વ પમાડાય છે. તેમજ અસંયમ પમાડાય છે. કર્મોથી ઊર્ધ્વ-અધો તેમજ તિર્યગ્ લોક ભમાડાય છે, કર્મોથી જ શુભાશુભ જેટલું કાંઈ છે તે કરાય છે. કારણકે જે કંઈ છે તે કર્મ કરે છે, કર્મ દીએ છે હરે છે, તેથી સર્વે જીવો અકારક (અકર્ત્તા) આપન્ન હોય છે.

પુરુષ સ્ત્રી અભિલાષી અને સ્ત્રી કર્મ પુરુષને અભિલષે છે, એવી આ આચાર્ય પરંપરાથી આગત શ્રુતિ છે, તેથી અમારા ઉપદેશમાં કોઈ પણ જીવ અબ્રહ્મચારી નથી, કારણકે કર્મ જ કર્મને અભિલષે છે.

કારણકે પરને હણે છે અને પરથી તે પ્રકૃતિ હણાય છે, આ અર્થથી ખરેખર ! (સ્ફુટપણે) (પર ઘાત) નામ એવું કહેવાય છે, તેથી અમારા ઉપદેશમાં કોઈ પણ જીવ ઉપઘાતક નથી,

કારણકે કર્મ જ કર્મને હણે છે એવું કહ્યું છે.' એમ એવો સાંખ્ય ઉપદેશ જે શ્રમણો પ્રરૂપે છે, તેઓના મતે પ્રકૃતિ કરે છે અને આત્મા સર્વે અકારક-અકર્ત્તા છે.

અથવા તું એમ માનતો હો મ્હારો આત્મા આત્મને આત્માનો કરે છે, તો આ જાણંતા ત્હારો આ મિથ્યા સ્વભાવ છે. કારણકે આત્મા નિત્ય અસંખ્યાત પ્રદેશ સમયમાં (શાસ્ત્રમાં) વર્ણવ્યો છે, તે તેનાથી હીન વા અધિક કરી શકાતો નથી. જીવનું જીવરૂપ વિસ્તરથી લોકમાત્ર જ જાણ ! તેનાથી તે શું હીન વા અધિક દ્રવ્યને કેમ કરે ?

હવે જ્ઞાયક ભાવ તો જ્ઞાન સ્વભાવથી છે એમ મત હોય, તો આત્મા આત્માને સ્વયં આત્માનો કરે નહિ.' ઈ. વિશેષ માટે જુઓ 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

૬૩૨. સમયસાર કલશ-૨૦૫ ૬૩૨-૬૩૩

'આ આર્હતો પણ, સાંખ્યોની જેમ, પુરુષને અકર્ત્તા મ સ્પર્શો ! ભેદાવબોધથી (ભેદજ્ઞાનથી) અધઃ નીચેમાં સદા સ્ફુટપણે કર્ત્તા કળો ! ઊર્ધ્વ (આગળ ઉપર) તો ઉદ્ધત બોધ ધામમાં નિયત પ્રત્યક્ષ એવા આને કર્તૃભાવચ્યુત થયેલ અચલ એવો એક માત્ર જ્ઞાતા જ સ્વયં દેખો !' ઈ. વિશેષ માટે જુઓ 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય (સ્વરચિત)

૬૩૪. સમયસાર કલશ-૨૦૬ ૬૩૪

અહીં એક આ આત્મતત્ત્વને ક્ષણિક કલ્પીને પોતાના મનમાં કર્ત્તા-ભોક્તાનો વિભેદ ધારે છે, તેના વિમોહને નિત્ય અમૃત ઓઘોથી અભિસિંચતો આ ચિત્ચમત્કાર સ્વયં દૂર કરે છે.

૬૩૫. સમયસાર કલશ-૨૦૭ ૬૩૫

વૃત્તિ અંશના ભેદથી અત્યંતપણે વૃત્તિમાન્ નાશના કલ્પન થકી અન્ય કરે છે, અન્ય ભોગવે છે, એવો એકાંત મ ચકાસો ! (પ્રકાશો !)

**૬૩૬. સમયસાર ગાથા-૩૪૫-૩૪૮ ૬૩૬-૬૩૯**

'કારણકે કોઈ પર્યાયોથી જીવ વિણસે છે તેવા અન્ય કરે છે, એકાંત નથી.

કારણકે કોઈ પર્યાયોથી જીવ વિણસે છે અને કોઈથી ન વિણસતો તેથી તેવા અન્ય વેદે છે, એકાંત નથી.

જે જ કરે છે તે જ નથી વેદતો - આ જેનો સિદ્ધાંત છે, તે જીવ મિથ્યાદૃષ્ટિ અનાર્હત જાણવો : અન્ય કરે છે, અન્ય ભોગવે છે - આ જેનો સિદ્ધાંત છે, તે જીવ મિથ્યાદૃષ્ટિ અનાર્હત જાણવો.'

**૬૪૦. સમયસાર કલશ-૨૦૮ ૬૪૦-૬૪૧**

આત્માને પરિશુદ્ધ ઈચ્છતા અંધકોથી અતિવ્યાપ્તિ અંગીકાર કરી, કાલોપાધિના બલ થકી ત્યાં પણ અધિક અશુદ્ધિ માનીને શુદ્ધ ઋજુસૂત્રથી પ્રેરિત એવા પૃથુકો (બૌદ્ધ)

**૬૪૨. સમયસાર કલશ-૨૦૯ ૬૪૨-૬૪૩**

કર્તાનો અને વેદયિતાનો યુક્તિ વશથી ભેદ હો, વા અભેદ પણ હો અને કર્તા વેદયિતા ભલે મ હો, પણ વસ્તુ જ સમ્યક્પણે ચિંતવાઓ !

સૂત્રની જેમ અહીં આત્મામાં પરોવાયેલી જેમ નિપુણોથી ક્વચિત્ ભેદવી શક્ય નથી, એવી આ ચિત્ચિંતામણિમાલિકા અમને સર્વતઃ એક પ્રકાશે જ છે.

**૬૪૪. સમયસાર કલશ-૨૧૦ ૬૪૪**

વ્યાવહારિક દૃષ્ટિથી જ કેવલ કર્તા અને કર્મ વિભિન્ન માનવામાં આવે છે, નિશ્ચયથી જો વસ્તુ ચિંતવાય છે, તો કર્તૃ કર્મ સદા એક માનવામાં આવે છે.

**૬૪૫. સમયસાર ગાથા-૩૪૯-૩૫૫ ૬૪૫-૬૫૧**

'જેમ શિલ્પિક કર્મ કરે છે અને તે તન્મય હોતો નથી, તેમ જીવ પણ કર્મ કરે છે અને તન્મય હોતો નથી.'

જેમ શિલ્પિક કરણો વડે કરે છે અને તે તન્મય હોતો નથી, તેમ જીવ કરણો વડે કરે છે અને તે તન્મય હોતો નથી.

જેમ શિલ્પિક કરણો ગ્રહે છે અને તે તન્મય હોતો નથી, તેમ જીવ કરણો ગ્રહે છે અને તન્મય હોતો નથી.

જેમ શિલ્પિક કર્મફલ ભોગવે છે અને તે તન્મય હોતો નથી, તેમ જીવ કર્મફલ ભોગવે છે અને તે તન્મય હોતો નથી. એમ વ્યવહારનું દર્શન, સમાસથી (સંક્ષેપથી) વ્યક્તવ્ય છે, નિશ્ચયનું વચન સાંભળ, કે જે પરિણામકૃત હોય છે.

જેમ શિલ્પિક ચેષ્ટા કરે છે અને તથાપ્રકારે તેનાથી અનન્ય હોય છે, તેમ જીવ પણ કર્મ કરે છે અને તેનાથી અનન્ય હોય છે.

જેમ ચેષ્ટા કરતો શિલ્પિક નિત્ય દુઃખિઓ હોય છે, તે તથાપ્રકારે અનન્ય ચેષ્ટા કરતો જીવ દુઃખી હોય છે.'

આના વિશેષ માટે જુઓ ''અમૃત જ્યોતિ'' મહાભાષ્ય (સ્વરચિત).

**૬૫૨. સમયસાર કળશ-૨૧૧ ૬૫૨**

પરિણામ-પરિણામિનો તાદાત્મ્ય સંબંધઃ કર્તૃ તે કર્મ

પરિણામ જ વિનિશ્ચયથી કર્મ, તે પરિણામ અપરનો નથી હોતો, પરિણામનો જ હોય, અને કર્મ અહીં કર્તૃશૂન્ય નથી હોતું. અહીં વસ્તુની સ્થિતિ છે, તેથી કર્તૃ તે જ કર્મ ભલે હો !

**૬૫૩. સમયસાર કલશ-૨૧૨ ૬૫૩-૬૫૪**

સ્ફુટતી અનંત શક્તિવાળી વસ્તુ બહિઃ આળોટે છે, તથાપિ અન્ય વસ્તુ અપર વસ્તુના અંતરમાં પ્રવેશતી નથી, કારણકે સકલ જ વસ્તુ સ્વભાવ નિયત,

તો પછી અહીં મોહિત થયેલો સ્વભાવ ચલનાથી આકુલ એવો કેમ કલેશ પામે છે ?

'स्वभावनियतं यस्तु सकलवस्तु इष्यते'

**૬૫૫. સમયસાર કલશ-૨૧૩ ૬૫૫**

એક વસ્તુ અહીં અન્ય વસ્તુની નથી : વસ્તુ તે વસ્તુ

અપર કોણ બ્હાર લુઠતાં છતો અપરનું શું કરે છે ?

૬૫૬. સમયસાર કલશ-૨૧૪ ૬૫૬

વસ્તુ જે સ્વયં પરિણામી અન્ય વસ્તુનું કંઈ પણ કરે છે, તે વ્યાવહારિક દૃષ્ટિથી જ મત છે, અહીં નિશ્ચયથી અન્ય કંઈ પણ છે નહિ

૬૫૭. સમયસાર ગાથા-૩૫૬-૩૬૫ ૬૫૭-૬૬૯

'जह सेडिया दु ण परस्स सेडिया सेडिया सो होइ ।

तह जाणओ दु ण परस्स जाणओ जाणगो सो दु ।।' ઈ.

જેમ ખડી નિશ્ચયે કરીને પરની નથી, ખડી તે ખડી જ હોય છે,

તેમ જ્ઞાયક નિશ્ચયે કરીને પરનો નથી, જ્ઞાયક તે જ્ઞાયક જ છે.' ઈ.

ખડી શ્વેત ગુણ નિર્ભર સ્વભાવવાળું દ્રવ્ય,

ચેતયિતા જ્ઞાનગુણ નિર્ભર સ્વભાવવાળું દ્રવ્ય

તેનું વ્યવહારથી શ્વૈત્ય ભીંત આદિ પરદ્રવ્ય

તેનું વ્યવહારથી જ્ઞેય પુદ્‌ગલાદિ પરદ્રવ્ય

એમ તદુભયનો તત્ત્વસંબંધ મીમાંસવામાં આવે છે.

જો ખડી ભીત આદિની હોય છે, તો જેનું હોય છે, તે જ હોય છે, સતે ખડીનો સ્વદ્રવ્ય ઉદ્‌છેદ હોય, અને દ્રવ્યાંતર સંક્રમના પૂર્વે જ પ્રતિષિદ્ધપણાને લીધે દ્રવ્યનો ઉચ્છેદ છે નહિ, તેથી ખડી ભીંત આદિની નથી હોતી તો પછી કોની ખડી હોય છે ? ખડીની જ ખડી હોય છે. ** ત્યારે કોઈની પણ ખડી નથી, ખડી ખડી જ એમ નિશ્ચય છે.

એમ તદુભયનો તત્ત્વસંબંધ મીમાંસવામાં આવે છે જો ચેતયિતા પુદ્‌ગલાદિનો હોય છે, તો જેનું હોય છે તે તે જ હોય છે, એમ તત્ત્વસંબંધ જીવતે સતે ચેતયિતા પુદ્‌ગલાદિનો હોતાં પુદ્‌ગલાદિ જ હોય, એમ સતે ચેતયિતાને સ્વદ્રવ્ય ઉચ્છેદ હોય અને દ્રવ્યાંતર સંક્રમના પૂર્વે જ પ્રતિષિદ્ધપણાને લીધે દ્રવ્યનો ઉચ્છેદ છે નહિ, તેથી ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી હોતો. જો ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી હોતો, તો પછી કોનો ચેતયિતા હોય ? ** ત્યારે કોઈનો પણ જ્ઞાયકથી, જ્ઞાયક જ્ઞાયક જ એમ નિશ્ચય છે. ઈ.

વ્યવહાર વ્યાખ્યાન ઈ. એમ આ આત્મનો જ્ઞાન-દર્શન-ચારિત્ર પર્યાયોનો નિશ્ચય વ્યવહાર પ્રકાર છે. એમ જ અન્ય સર્વે ય પર્યાયોનો દેખવો યોગ્ય છે. ઈ.

એમ વિશેષ માટે જુઓ 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય (સ્વરચિત) જુઓ : આકૃતિ ઈ.

૬૭૨. સમયસાર કલશ-૨૧૬ ૬૭૨-૬૭૩

'ચંદ્ર ભૂમિને પ્રકાશે છે, તેના કિરણની કાંતિના પ્રભાવથી સમસ્ત ભૂમિ શ્વેત થઈ જાય છે, પણ કંઈ ચંદ્ર ભૂમિ રૂપ કોઈ કાળે તેમ થતો નથી, એમ સમસ્ત વિશ્વને પ્રકાશક એવો આત્મા તે ક્યારે પણ વિશ્વરૂપ થતો નથી, સદા સર્વદા ચૈતન્ય સ્વરૂપ જ રહે છે. વિશ્વમાં જીવ અભેદતા માને છે એ જ ભ્રાંતિ.' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૩૩**

શુદ્ધ દ્રવ્ય સ્વરસ ભવનથી સ્વભાવ શેષ શું છે ? અથવા જો તે અન્ય દ્રવ્ય હોય છે, તો તે શું તેનો સ્વભાવ થાય ? જ્યોત્સ્નારૂપ ભૂમિને સ્નાન કરાવે છે - ન્હવરાવે છે, પણ ભૂમિ તેની કદી છે જ નહિ : જ્ઞેય એનું-જ્ઞાનનું કદી છે જ નહિ (આકૃતિ જુઓ)

૬૭૪. સમયસાર કલશ-૨૧૭ ૬૭૪

'આ રાગ-દ્વેષ દ્વય ત્યાં લગી ઉદય પામે છે કે જ્યાં લગી જ્ઞાન જ્ઞાન નથી થતું અને બોધ્ય (જ્ઞેય) બોધ્યતા (જ્ઞેયતા) નથી પામતું. તેથી અજ્ઞાન ભાવ જેણે ન્યક્કૃત કર્યો છે, એવું આ જ્ઞાન જ્ઞાન હો ! જેથી કરીને ભાવ-અભાવ બન્નેને તિરોહિત કરતો પૂર્ણ સ્વભાવ હોય છે.' ઈ.

૬૭૫. સમયસાર ગાથા-૩૬૬-૩૭૧ ૬૭૫-૬૮૦

જેમ પ્રદીપઘાતે પ્રકાશ હણાય છે, પ્રકાશ ઘાતે પ્રદીપ હણાય,

તેમ ઘટપ્રદીપ ઘાતે ઘટ નથી હણાતો : ઘટ ઘાતે ઘટપ્રદીપ નથી હણાતો

આત્માના ધર્મો જ્ઞાન-દર્શન-ચારિત્ર પુદ્ગલ ઘાતે પણ નથી હણાતા : દર્શન-જ્ઞાન-ચારિત્ર ઘાતે પણ પુદ્ગલ દ્રવ્ય નથી હણાતું

ઘટ-ઘટ પ્રદીપ : પ્રદીપ-પ્રકાશ દૃષ્ટાંત દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્મ ધર્મો

નથી પુદ્ગલ દ્રવ્યમાં, નથી પરદ્રવ્યોમાં સમ્યગ્ દૃષ્ટિને વિષયોમાં રાગ ક્યાંથી હોય ?

રાગાદિ જીવના જ અજ્ઞાનમય પરિણામ : સમ્યગ્દૃષ્ટિને હોય જ નહિ : unclaimed goods ! (જુઓ આકૃતિ)

૬૮૧. સમયસાર કળશ-૨૧૮ ૬૮૧-૬૮૨

અહીં નિશ્ચયે રાગ-દ્વેષ અજ્ઞાન ભાવને લીધે હોય છે : તે બે (રાગ-દ્વેષ) વસ્તુત્વ પ્રત્યે પ્રણિહિત દૃષ્ટિથી દેખાવામાં આવતાં ન કિંચિત્ છે.

તેથી સમ્યગ્દૃષ્ટિ સ્ફુટંતા - ફૂટી નીકળતા તે બન્નેને તત્ત્વદૃષ્ટિ ખપાવો ! કે જેથી પૂર્ણ અચલ અર્ચિષ્ વાળી સહજ જ્ઞાન જ્યોતિ જ્વલે છે.

તત્ત્વદૃષ્ટિથી રાગદ્વેષ ખપાવવાની રહસ્ય ચાવી (Master-key)

૬૮૩. સમયસાર કલશ-૨૧૯ ૬૮૩

રાગ-દ્વેષનું ઉત્પાદક અન્ય દ્રવ્ય કંઈ પણ તત્ત્વદૃષ્ટિથી દેખવામાં આવતું નથી : કારણકે સ્વ સ્વભાવે કરી સર્વ દ્રવ્યની ઉત્પત્તિ અત્યંત વ્યક્ત એવી અંતરમાં ચકાસે છે - પ્રકાશે છે.

૬૮૪. સમયસાર ગાથા-૩૭૨ ૬૮૪-૬૮૭

અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યનો ગુણ ઉત્પાદ નથી કરાતો, તેથી નિશ્ચયે કરીને સર્વે દ્રવ્યો સ્વભાવથી ઉપજે છે. મૃત્તિકાનો સ્વ સ્વભાવે જ ઉત્પાદ : કુંભપણે ઉત્પાદ : નિમિત્તભૂત કુંભકાર સ્વભાવે નહિ

આ સ્વભાવ-નિયમનો તાત્પર્ય રૂપ ફલિતાર્થ

૬૮૮. સમયસાર કલશ-૨૨૦ ૬૮૮-૬૮૯

જે અહીં રાગ-દ્વેષની પ્રસૂતિ (ઉત્પત્તિ) થાય છે, તેમાં પરોનું કોઈ પણ દૂષણ છે નહિ. સ્વયં અપરાધી અબોધ ત્યાં સર્પે છે.આ વિદિત હો ! અબોધ અસ્ત પામો ! હું બોધ છું.

પૂર્વ કથન નિમિત્ત-નૈમિત્તિક ભાવથી મુખ્યતાથી હોઈ પરાશ્રિત વ્યવહાર નયને અપેક્ષાએ છે,

પ્રસ્તુત કથન પરિણામી-પરિણામ ભાવની મુખ્યતાથી હોઈ આત્માશ્રિત નિશ્ચયનયની અપેક્ષાએ છે.

૬૯૦. સમયસાર કલશ-૨૨૧ ૬૯૦

રાગ જન્મમાં પરદ્રવ્યમેવ જેઓ નિમિત્તતા કળે છે, તેઓ મોહવાહિનીને ઉતરતા નથી.

શુદ્ધ બોધથી 'વિધુર' અંધબુદ્ધિઓ - शुद्ध बोधविधुरान्धबुद्धयः ।

એટલે તેઓ મોહમાં વહન કરી જનારી 'મોહ વાહિનીના' પ્રવાહમાં વહ્યા જતા, મોહવાહિનીને પાર ઉતરવા કદી પણ સમર્થ નથી થતા.

૬૯૧. સમયસાર ગાથા-૩૭૩-૩૮૨ ૬૯૧-૬૯૮

'પુદ્ગલો બહુ પ્રકારના નિંદિત-સંસ્તુત વચનો પરિણમે છે અને તે સાંભળીને હું ભણાયો (સંબોધાયો) એમ સમજીને તું રોષ કરે છે અને તોષ કરે છે. શબ્દત્વ પરિણત પુદ્ગલ દ્રવ્ય તેનો ગુણ જો અન્ય છે, તેથી તું કિંચિત્ પણ ભણાયો નથી, તો તું અબુદ્ધ કેમ રોષ કરે છે ?

અશુભ વા શુભ શબ્દ તને નથી કહેતો કે તું મને સાંભળ ! અને તે પણ શ્રોત્ર વિષય આગત શબ્દને વિનિર્ગૃહવા નથી આવતો.' ઈ.

'પણ આ જાણીને મૂઢ ઉપશમ નથી જ પામતો અને સ્વયં શિવાબુદ્ધિને અપ્રાપ્ત એવા તે પરના નિગ્રહ મનવાળો હોય છે.' ઈ.

રાગની ઉત્પત્તિમાં પરદ્રવ્યને જ જે નિમિત્ત માને છે તે અંધબુદ્ધિ જનો મોહનો પાર પામતા નથી.

પ્રદીપ સ્વરૂપથી જ પ્રકાશક : બાહ્ય પદાર્થો વિક્રિય કરવા અસમર્થ

આત્મા સ્વરૂપથી જ જ્ઞાયક : બાહ્ય પદાર્થો આત્માની વિક્રિયા કરવા અસમર્થ

વસ્તુસ્થિતિ : આત્મા પર પ્રતિ નિત્ય જ ઉદાસીન છતાં જે રાગ દ્વેષ તે અજ્ઞાન

**૬૯૯. સમયસાર કલશ-૨૨૨ ૬૯૯-૭૦૧**

પૂર્ણ એક અચ્યુત શુદ્ધ બોધ મહિમાવાળો આ બોધ (બોદ્ધા) બોધ્ય થકી તહીંથી અહીંથી કોઈ પણ વિક્રિયાને પામે નહિ -

પ્રકાશ્ય થકી દીપની જેમ.

તો પછી વસ્તુસ્થિતિના બોધથી વંધ્ય (રહિત) બુદ્ધિવાળા આ અજ્ઞાનીઓ કેમ રાગદ્વેષમય થાય છે ? સહજા ઉદાસીનતા કેમ મૂકે છે ?

**૭૦૨. સમયસાર કલશ-૨૨૩ ૭૦૨-૭૦૩**

રાગ-દ્વેષ વિભાવથી મુક્તમહસ્, નિત્ય સ્વભાવસ્પર્શી, પૂર્વ-આગામી સમસ્ત કર્મથી વિકલ, તદાત્વ (તત્કાલીન ઉદયથી ભિન્ન), એવાઓ દૂરારૂઢ ચરિત્ર વૈક્ષવ થકી ચંચદ્ (ચમકતી) ચિદ્ અચિષ્મયી એવી સ્વરસથી ભવનને અભિક્ત કરતી જ્ઞાનની સંચેતનાને અનુભવે

**૭૦૪. સમયસાર ગાથા-૩૮૩-૩૮૬ ૭૦૪-૭૦૭**

'આત્માનું જેવું છે તેવું જ તે 'યથાચારિત્ર' કહ્યું છે' - - શ્રીમદ્ રાજચંદ્ર, ૬૪૩

'સમય ચરણ સેવા શુદ્ધ દેજો, જેમ આનંદઘનજી' - શ્રી આનંદઘનજી

ચેતયિતા જ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના ચેતયિતા જ ચારિત્ર : જ્ઞાન ચેતના

**૭૦૮. સમયસાર કલશ-૨૨૪- ૭૦૮**

જ્ઞાનની નિત્ય સંચેતનાથી જ્ઞાન અત્યંત શુદ્ધ પ્રકાશે છે, પણ અજ્ઞાન સંચેતનાએ કરી બંધ બોધની શુદ્ધ નિરુંધે છે.

'આત્માને વિષે સહજ સ્મરણે પ્રાપ્ત થયેલું જ્ઞાન શ્રી વર્દ્ધમાનને વિષે હું એમ જણાય છે.' - **(શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૧૩)**

**૭૦૯. સમયસાર ગાથા-૩૮૭-૩૮૯ ૭૦૯-૭૧૨**

'કર્મફલને વેદંતો જે આત્મા કર્મફલ કરે છે, તે પુનઃ પણ તે દુઃખનું બીજ અષ્ટવિધ બાંધે છે.

'કર્મફલ વેદંતો જે કર્મફલને કર્મફલને મેં કર્યું જાણે છે.

'કર્મફલ વેદંતો જે ચેતયિતા સુખિઓ અને દુઃખિઓ હોય છે, તે પુનઃ પણ તે દુઃખનું બીજ અષ્ટવિધ બાંધે છે.'

જ્ઞાનથી અન્યત્ર 'આ હું' એવું ચેતન તે અજ્ઞાન ચેતના તે દ્વિધા (બે પ્રકારે) કર્મ ચેતના અને કર્મફલ ચેતના :

તેમાં - જ્ઞાનથી અન્યત્ર 'આ હું કરૂં છું' એવું ચેતન છે કર્મ ચેતના.

જ્ઞાનથી અન્યત્ર 'આ હું વેદું છું' એવું ચેતન તે કર્મફલ ચેતના.

તે તો સમસ્ત પણ સંસાર બીજ છે - સંસાર બીજ અષ્ટવિધ કર્મના બીજપણાને લીધે.

સંસાર બીજ અજ્ઞાન ચેતના : કર્મ ચેતના કર્મફલ ચેતના.

મોક્ષાર્થી પુરુષે અજ્ઞાન ચેતનાના પ્રલયાર્થે સકલ કર્મ સંન્યાસ ભાવના અને સકલ કર્મફલ સંન્યાસ ભાવના નાટિત કરીને સ્વભાવભૂતા ભગવતી **જ્ઞાન ચેતના** જ એક નિત્યમેવ નાટિત કરવા યોગ્ય છે.

'જે જે પ્રકારે પોતાની ભ્રાંતિ કલ્પાઈ છે તે તે પ્રકારે ભ્રાંતિ સમજી તે સંબંધી અભિમાન નિવૃત્ત કરવું એ જ સર્વ તીર્થંકરાદિ મહાત્માનું કહેવું છે.' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૬૨**

**૭૧૨. સમયસાર કલશ-૨૨૫ ૭૧૨**

કૃત-કારિત અનુમનનથી મન-વચન-કાયાએ કરી ત્રિકાલ વિષયી સર્વ કર્મ પરિહરીને, હું પરમ નૈષ્કર્મ્ય (નિષ્કર્મપણું) અવલંબું છું.

પરમ નૈષ્કર્મ્ય અવલંબનથી પ્રતિજ્ઞા

૭૧૩. સમયસાર ગાથા-૩૮૭-૩૮૯ (ચાલુ) ૭૧૩-૭૧૮

કર્મસંન્યાસ ભાવના : પ્રતિક્રમણ કલ્પ

'મોહથી જે મેં કર્યું' તું, પ્રતિકર્મી સહું તે કર્મ; વર્તું નિત્ય આત્માથી, ચૈતન્યાત્મ આત્મામાં નિષ્કર્મ',

૭૧૯. સમયસારગાથા-૩૮૭-૩૮૯ ૭૧૯-૭૩૧ (અંતરર્ગત) આલોચના કલ્પ સમયસાર ગાથા (અંતર્ગત) કલશ-૨૨૮

આ ઉદય પામતા કર્મ સકલને વિલાસ વિજૃંભિત આલોચીને નિષ્કર્મ એવા ચૈતન્યાત્મ આત્મામાં હું નિત્ય આત્માથી વર્તુ છું.

હું કેવળ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ સહજ નિજ અનુભવ સ્વરૂપ છું.' - શ્રીમદ્ રાજચંદ્ર, હાથનોંધ

કારણકે આ અંગે શ્રી **'નિયમસાર'માં** પ્રકાશ્યું તેમ - 'નોકર્મ અને કર્મથી રહિત, વિભાવ ગુણપર્યાયથી વ્યતરિક્ત એવ આત્માને જે ધ્યાવે છે, તે શ્રમણને **'આલોયણ'** - આલોચન હોય છે. આલોયણ (આલોચન) આલુંછન, વિકટીકરણ અને ભાવશુદ્ધિ એમ અહીં ચતુર્વિધ આલોયણ લક્ષણ સમયમાં - શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે.' ઈ.

સમયસાર ગાથા (અંતર્ગત) કળશ-૭૨૯

'એવા પ્રકારે એમ ત્રૈકાલિક સમસ્ત કર્મ ફગાવી દઈને, શુદ્ધ નયાવલંબી, વિલીનમોહ, વિકારોથી રહિત એવો હું હવે ચિન્માત્ર આત્માને અવલંબું છું.'

૭૩૨. સમયસાર ગાથા-૩૮૨-૩૮૯ (અંતર્ગત) કળશ-૩૦ : કર્મફલ સંન્યાસ ભાવના- ૭૩૨-૭૪૩

'હવે સકલ કર્મફલ સંન્યાસ ભાવના નટાવે છે - 'કર્મ વિષ તરુના ફલો મ્હારી ભુક્તિ વિના જ વિગળી જાઓ ! હું અચલ એવા આત્માને સંચેતુ છું.'

'જગત્‌માંથી જે પરમાણુ પૂર્વકાળે ભેળાં કર્યાં છે, તે હળવે હળવે તેને આપી દઈ ઋણ મુક્ત થવું, એ જ તેની (રાજચંદ્રની પોતાની) સદા સઉપયોગી, વહાલી, શ્રેષ્ઠ અને પરમ જિજ્ઞાસા છે.' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૭**

અને તથાપ્રકારે પ્રત્યેક કર્મ પ્રકાર અંગે 'ચૈતન્યાત્મા આત્માને જ હું સંચેતું છું' એવી ધૂન' અમૃતચંદ્રજીએ ગજાવી છે.

'ચૈતન્યનો અવિચ્છિન્ન અનુભવ પ્રિય છે.' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૪૪**

૭૪૪. સમયસાર ગાથા-૩૮૭-૩૮૯ : (અંતર્ગત) કલશ-૨૩૧ : કર્મફલ સંન્યાસ ભાવના- ૭૪૪-૭૪૫

'એમ નિઃશેષ કર્મફલના સંન્યસન (ત્યજન) થકી સર્વ ક્રિયાંતરના વિહારમાંથી જેની વૃત્તિ નિવૃત્ત થઈ છે, એવા મ્હારી, ચૈતન્ય લક્ષણ આત્મતત્ત્વને અત્યંતપણે ભજતાં અચલ એવાની, આ કાલવલી અનંતા વહ્યા કરો !'

૭૪૬. સમયસાર ગાથા-૩૮૭-૩૮૯ : (અંતર્ગત) કળશ-૨૩૨ : ક.ફ.સં. ભાવના-૭૪૬

'સ્વત એવ તૃપ્ત થયેલો જે પૂર્વભાવ કૃત કર્મ-વિષદ્રુમોના ફળો નિશ્ચયે કરીને ભોગવતો નથી, તે આયાતકાલ રમણીય ઉદર્ક (અત્યંત) રમ્ય એવા નિષ્કર્મ ધર્મમય દશાંતરને પામે છે.'

'જેમ છે તેમ આત્મ સ્વરૂપ જાણ્યું તેનું નામ સમજવું છે. તેથી ઉપયોગ અન્ય વિકલ્પ રહિત થયો તેનું નામ શમાવું છે. વસ્તુતાએ બન્ને એક જ છે.' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૫૧**

૭૪૭. સમયસાર ગાથા-૩૮૭-૩૮૯ (અંતર્ગત) કળશ-૨૩૩ :ક.ફ.સં. ભાવના-૭૪૭-૭૪૮

'કર્મથી અને તેના ફલથી અવિરતપણે વિરતિ અત્યંતપણે ભાવીને અખિલ અજ્ઞાન સંચેતનાનું પ્રલયન પ્રસ્પષ્ટપણે નટાવીને, સ્વરસ પરિગત સ્વભાવને પૂર્ણ કરી સ્વા જ્ઞાન સંચેતનાને સાનંદ નટાવી પ્રશમરસ અહીંથી સર્વકાલ પીઓ !'

૭૪૯. સ.ગાથા-૩૮૭ - ૩૮૯ (અંતર્ગત) કલશ-૨૩૪ : ૭૪૯-૭૫૦

'સમસ્ત વસ્તુના વ્યતિરેક નિશ્ચયથી વિવેચિત જ્ઞાન અહીં અવતિષ્ઠે છે,' ઈ.

'હે જીવ ! સ્થિર દૃષ્ટિથી કરીને તું અંતરંગમાં જો તો સર્વ પરદ્રવ્યથી મુક્ત એવું તારૂં સ્વરૂપ તને પરમ પ્રસિદ્ધ અનુભવાશે.' - **શ્રીમદ્ રાજચંદ્ર, હાથનોંધ**

'પ્રત્યેક પદાર્થનો અત્યંત વિવેક કરી આ જીવને તેનાથી વ્યાવૃત્ત કરવો એમ નિર્ગ્રંથ કહે છે.' - **શ્રીમદ્ રાજચંદ્ર, હાથનોંધ-૧-૧**

**૭૫૧. સમયસાર** ગાથા-૩૯૦-૪૦૪ ૭૫૧-૭૬૦

'શાસ્ત્ર જ્ઞાન નથી હોતું, કારણકે શાસ્ત્ર કાંઈ નથી જાણતું, તેથી જ્ઞાન અન્ય, શાસ્ત્ર અન્ય જિનો જાણે છે.'

'શબ્દ જ્ઞાન નથી હોતો, કારણકે શબ્દ કાંઈ નથી જાણતો નથી, તેથી જ્ઞાન અન્ય, શબ્દ અન્ય જિનો જાણે છે.' ઈ.

કારણકે નિત્ય જાણે છે, તેથી જીવ જ જ્ઞાયક જ્ઞાની છે, અને જ્ઞાન જ્ઞાયકથી અવ્યતિરિક્ત (અભિન્ન) જાણવું.

જ્ઞાનને સમ્યગ્દૃષ્ટિ, સંયમ, અંગ પૂર્વગત સૂત્ર અને ધર્મ-અધર્મ તથા પ્રવજ્યા બુધો અભ્યુપગમે છે - (સ્વીકારે છે).

'શ્રુત જ્ઞાન નથી - અચેતનપણાને લીધે, તેથી જ્ઞાન-શ્રુતનો વ્યતિરેક (ભિન્નતા) છે.

શબ્દ જ્ઞાન નથી-અચેતનપણાને લીધે, તેથી જ્ઞાન-શબ્દનો વ્યતિરેક (ભિન્નતા) છે.

રૂપ જ્ઞાન નથી - અચેતનપણાને લીધે, તેથી જ્ઞાન-રૂપનો વ્યતિરેક છે. ઈ.

અધ્યવસાન જ્ઞાન નથી - અચેતનપણાને લીધે, તેથી જ્ઞાન-અધ્યવસાનનો વ્યતિરેક છે.

એવા પ્રકારે એમ જ્ઞાનનો સર્વે જ પરદ્રવ્ય સાથે વ્યતિરેક નિશ્ચય સાધિત હોય છે.

હવે જીવ જ એક જ્ઞાન છે - ચેતનપણાને લીધે, તેથી જ્ઞાન-જીવનો અવ્યતિરેક છે અને જીવના સ્વયં જ્ઞાનપણાને લીધે તેનાથી (જ્ઞાનથી) વ્યતિરેક કોઈ પણ શંકનીય નથી.

એમ સતે જ્ઞાન જ સમ્યગ્ દૃષ્ટિ, સંયમ, જ્ઞાન જ અંગપૂર્વ રૂપ સૂત્ર, જ્ઞાન જ ધર્માધર્મો, જ્ઞાન જ પ્રવજ્યા એવા પ્રકારે જ્ઞાનના જીવ પર્યાયોથી પણ સહ અવ્યતિરેક નિશ્ચયસાધિત દૃષ્ટવ્ય છે.

હવે એમ સર્વદ્રવ્ય સાથે વ્યતિરેકથી અથવા સર્વ દર્શનાદિ જીવ સ્વભાવ સાથે અવ્યતિરેકથી અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ પરિહરતું, અનાદિ વિભ્રમમૂલ ધર્માધર્મ પરસમયને ઉદ્વમી, સ્વયંમેવ પ્રવજ્યા રૂપ પ્રાપ્ત કરી, દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્થિતિત્વ રૂપ સ્વ સમયને પામીને, મોક્ષમાર્ગ આત્મામાં જ પરિણત કરીને, સંપૂર્ણ વિજ્ઞાનઘન ભાવને સમવાપ્ત થયેલું, હાનોપાદાન શૂન્ય (ત્યાગ-ગ્રહણ શૂન્ય) સાક્ષાત્ સમયસારભૂત એવું શુદ્ધજ્ઞાન એક જ સ્થિત દૃષ્ટવ્ય છે.

**૭૬૧. સમયસાર કલશ-૨૩૫** ૭૬૧-૭૬૨

આ કલશ કાવ્યમાં 'વિજ્ઞાનઘન' **અમૃતચંદ્રાચાર્યજીએ** જ્ઞાનના શાશ્વત શુદ્ધજ્ઞાન મહિમાની મુક્ત કંઠે પરમાર્થ સ્તુતિ લલકારી છે.

અન્યોથી વ્યતિરિક્ત, आत्मनियतं આત્મનિયત નિશ્ચય વૃત્તિથી સ્થિત, અત એવ પૃથગ્ વસ્તુતાને ધારણ કરતું, અત એવ આદાન-ત્યાગ શૂન્ય, એવું અમલ જ્ઞાન તથાપ્રકારે અવસ્થિત થયું, યથા પ્રકારે આદિ-મધ્ય-અંત વિભાગથી મુક્ત સહજ સ્વભાવભૂત સ્ફાર-વિશાલ પ્રભાથી-ભાસુર એવો આ જ્ઞાનનો શુદ્ધ જ્ઞાનઘનનો આનો (જ્ઞાનનો) મહિમા નિત્યોદિત તિષ્ઠે છે - સ્થિતિ કરે છે.

**૭૬૩. સમયસાર કલશ-૨૩૬** ૭૬૩-૭૬૪

આ ત્યાગ-આદાનશૂન્ય અવસ્થિત જ્ઞાન એ જ પૂર્ણ આત્માનું આત્મામાં સંધારણ છે એવા ભાવનો અમૃત સમયસાર કલશ **અમૃતચંદ્રજી** લલકારે છે.

ઉન્મુચ્ય (સર્વથા મૂકવા યોગ્ય) હતું તે અશેષથી ઉન્મુક્ત થયું, તથા આદેય તત્

અશેષથી આત્ત થયું (ગૃહી લેવાયું) કે જેથી સર્વ શક્તિ જેની સંહત છે એવા પૂર્ણ આત્માનું અહીં આત્મામાં સંધારણ થયું.

'સ્વરૂપનું ભાન થવાથી પૂર્ણકામપણું પ્રાપ્ત થયું એટલે હવે બીજું કોઈ ક્ષેત્ર કંઈ પણ લેવાને માટે રહ્યું નથી. સ્વરૂપનું તો કોઈ કાળે ત્યાગ કરવાને મૂર્ખ પણ ઈચ્છે નહીં અને જ્યાં કેવળ સ્વરૂપસ્થિતિ છે, ત્યાં પછી બીજું કંઈ રહ્યું નથી, એટલે ત્યાગવાપણું પણ રહ્યું નથી. - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૨૮

**૭૬૫. સમયસાર કલશ-૨૩૭ ૭૬૫**

એમ પરદ્રવ્યથી વ્યતિરિક્ત જ્ઞાન અવસ્થિત છે, તે આહારક કેમ હોય ? જેથી આનો (જ્ઞાનનો) દેહ કેમ શંકાય છે ?

**૭૬૬. સમયસાર ગાથા-૪૦૫-૪૦૭ ૭૬૬-૭૬૮**

જ્ઞાન નિશ્ચયે કરીને પરદ્રવ્યને કિંચિત્ પણ નથી ગ્રહતું, નથી મૂકતું, પ્રાયોગિક ગુણ સામર્થ્ય થકી વા વૈસ્રસિક ગુણ સામર્થ્ય થકી જ્ઞાનથી પરદ્રવ્યનું ગ્રહવાનું અને મૂકવાનું અશક્યપણું છે માટે. અને પરદ્રવ્ય - જ્ઞાનને અમૂર્ત્ત આત્મદ્રવ્યને મૂર્ત્ત એવું પુદ્ગલ દ્રવ્યત્વયા આહાર નથી, તેથી જ્ઞાન આહારક હોતું નથી, એથી કરીને જ્ઞાનનો દેહ આશંકનીય નથી.

૭૬૯. એમ શુદ્ધ જ્ઞાનનો દેહ ૭૬૯-૭૭૦ જ વિદ્યમાન છે નહિ, તેથી દેહમય લિંગ જ્ઞાતાને મોક્ષ કારણ નથી.

'લિંગ એ દેહાશ્રિત દૃષ્ટ છે, દેહ એ આત્માનો ભવ છે, તેથી આ લિંગમાં આગ્રહ કરનારાઓ ભવથી - સંસારથી મુક્ત થતા નથી - મોક્ષ પામતા નથી.'

**૭૭૧. સમયસાર ગાથા-૪૦૮-૪૦૯ ૭૭૧-૭૭૨**

'કોઈ દ્રવ્ય લિંગને અજ્ઞાનથી મોક્ષમાર્ગ માનતા સતા, મોહથી દ્રવ્યલિંગને જ અંગીકાર કરે છે, તે પણ અનુપપન્ન (અઘટતું) છે, કારણકે અર્હત્‌દેવોનું શુદ્ધ જ્ઞાનમયપણું સતે, દ્રવ્યલિંગના આશ્રયભૂત શરીરના મમકાર ત્યાગ થકી તદાશ્રિત દ્રવ્યલિંગના ત્યાગે કરીને, દર્શન-જ્ઞાન-ચારિત્રના મોક્ષમાર્ગ પણે ઉપાસનનું દર્શન માટે છે.' ઈ.

**૭૭૩. સમયસાર ગાથા-૪૧૦ ૭૭૩**

નિશ્ચયે દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી, શરીરાશ્રયપણે પરદ્રવ્યપણું છે માટેઃ તેથી દર્શન-જ્ઞાન ચારિત્ર જ મોક્ષમાર્ગ છે, આત્માશ્રિતપણું સતે સ્વદ્રવ્યપણું છે.

'જ્ઞાન દર્શન ચારિત્રની શુદ્ધતા રે, એકપણે અને અવિરુદ્ધ મૂળમાર્ગ.' - શ્રીમદ્ રાજચંદ્રજી

**૭૭૪. સમયસાર ગાથા-૪૧૧ ૭૭૪**

દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી, ** દર્શન-જ્ઞાન ચારિત્રમાં જ મોક્ષમાર્ગપણાને લીધે - આત્મા યોજવા યોગ્ય છે.

**૭૭૫. સમયસાર કલશ-૨૩૯ ૭૭૫**

આત્માનું તત્ત્વ દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રય છે આત્મા જેનો એવો એક જ મોક્ષમાર્ગ મુમુક્ષુએ સદા સેવ્ય છે.

'મોક્ષના માર્ગ બે નથી, જે જે પુરુષો મોક્ષ રૂપ પરમ શાંતિ ભૂતકાળે પામ્યા, તે તે સઘળા તે તે સઘળા સત્પુરુષો એક જ માર્ગથી પામ્યા છે, વર્ત્તમાન કાળને પણ તેથી જ પામે છે, ભવિષ્ય કાળે પણ તેથી જ પામશે. તે માર્ગમાં મતભેદ નથી.' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૪

**૭૭૬. સમયસાર ગાથા-૪૧૨ ૭૭૬-૭૮૩**

'મોક્ષ પથે આત્માને સ્થાપ અને તે જ ધ્યાવ, અને તે ચેત, ત્યાં જ નિત્ય વિહર, અન્ય દ્રવ્યોમાં મવિહર.'

વિશેષ માટે જુઓ 'આત્મખ્યાતિ' અને 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય (સ્વરચિત)

'સમ્યગ્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્ ચારિત્રમાં અને સમ્યક્‌દર્શનની મુખ્યતા ઘણા સ્થળે તે વીતરાગોએ કહી છે.' જો કે સમ્યક્‌જ્ઞાનથી જ સમ્યક્‌દર્શનનું પણ ઓળખાણ થાય છે, તો પણ સમ્યક્ દર્શનની પ્રાપ્તિ વગરનું જ્ઞાન સંસાર એટલે

દુઃખના હેતુરૂપે હોવાથી સમ્યક્દર્શનનું મુખ્યપણે ગ્રહણ કર્યું છે.' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૫૫

**૭૮૪. સમયસાર ગાથા-૪૧૩ ૭૮૪-૭૮૫**

જેઓ ખરેખર ! શ્રમણ હું, શ્રમણોપાસક હું એમ દ્રવ્યલિંગ મમકારથી મિથ્યાહંકાર કરે છે, તેઓ અનાદિરૂઢ વ્યવહારવિમૂઢને, પ્રોઢ વિવેકવાળા નિશ્ચયને અનારૂઢો, પરમાર્થસત્ય ભગવંત સમયસારને નથી દેખતા.

**૭૮૦. સમયસાર કલશ-૨૪૦ ૭૮૦-૭૮૧**

'એક મોક્ષપથ જે આ દૃગ્-જ્ઞપ્તિ-વૃત્તાત્મક નિયત છે, ત્યાં જ જે સ્થિતિ પામે છે અને તેને અનિશં ધ્યાવે, ચેતે છે અને દ્રવ્યાંતરોને અસ્પર્શતો તેમાં જ નિરંતર વિહરે છે, તે અવશ્ય નિત્યોદયી એવો સમયનો સાર શીઘ્ર વિંદે છે - અનુભવે છે.

'શુદ્ધતા વિચારે ધ્યાવે, સુદ્ધતામેં કેલિ કરે, સુદ્ધતામેં થિર હ્વવે, અમૃતધારા બરસેં.' - શ્રી બનારસીદાસજી

**૭૮૨. સમયસાર કલશ-૨૪૧ ૭૮૨-૭૮૩**

પણ જેઓ આને પરિહરીને સંવૃતિ પથે પ્રસ્થાપિત આત્માથી દ્રવ્યમય મમતા વહે છે, તેઓ તત્ત્વબોધથી ચ્યુત થયેલા, નિત્યોદ્યત એક અખંડ અતુલાલોક એવો પ્રભા પ્રાગ્ભારવાળો અમલ

સમયનોસાર (સમયસાર) અદ્યાપિ દેખતા નથી

'લિંગ અને ભેદો જે વૃત્તના રે, દ્રવ્ય દેશ કાળાદિ ભેદ, પણ જ્ઞાનાદિનો જે શુદ્ધતા રે, તે તો ત્રણે અભેદ.' મૂળ. - શ્રીમદ્ રાજચંદ્રજી

(આ ઉપર ૭૮૪ પૃષ્ટમાં આ ભૂલથી મૂકાયું છે તે અહીં મૂકો.)

**૭૮૬. સમયસાર કલશ-૨૪૨ ૭૮૬-૭૮૭**

વ્યવહારવિમૂઢ દૃષ્ટિવાળા જનો પરમાર્થને કળતા નથી, તુષ બોધથી (ફોતરાંના બોધથી) વિમુગ્ધ બુદ્ધિવાળાઓ અહીં તુષને (ફોતરાં) કળે છે, તંદુલને (ચોખાને) નહિ !

**૭૮૮. સમયસાર કલશ-૨૪૩ ૭૮૮**

'દ્રવ્યલિંગના મમકારથી મીલિતોને (આંખો મીંચાયેલાઓથી) સમયસાર દેખાતો નથી, કારણકે દ્રવ્યલિંગ સ્ફુટપણે (પરતઃ) અન્ય (પર) થકી છે, જ્ઞાન એક આજ નિશ્ચયે કરીને 'સ્વતઃ' - સ્વ થકી છે.'

**૭૮૯. સમયસાર ગાથા-૪૧૪ ૭૮૯-૭૯૦**

જે સ્ફુટપણે શ્રમણ-શ્રમણોપાસક ભેદથી દ્વિવિધ દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ હોય છે, એવો પ્રરૂપણ પ્રકાર તે કેવલ વ્યવહાર જ છે, નહિ કે પરમાર્થ - તેના સ્વયં અશુદ્ધ દ્રવ્ય

અનુભવનાત્મકપણું સતે, તેઓ સમયસારને જ ચેતતા નથી.

જે જ શ્રમણ-શ્રમણોપાસક વિકલ્પથી અતિક્રાંત, દશિ-જ્ઞપ્તિ વૃત્ત-પ્રવૃત્તિ માત્ર શુદ્ધ જ્ઞાન જ આ એક એવું નિષ્તુષ સંચેતન તે પરમાર્થ છે - તેનું જ શુદ્ધ દ્રવ્યાનુભવનાત્મકપણે સતે, પરમાર્થપણું છે માટે.

જેઓ જ પરમાર્થને પરમાર્થબુદ્ધિથી ચેતે છે, તેઓ જ સમયસારને ચેતે છે.

**૭૯૧. સમયસાર કલશ-૨૪૪ ૭૯૧-૭૯૨**

**'અતિ જલ્પવાળા અનલ્પ દુર્વિકલ્પોથી બસ થયું ! બસ થયું ! આ અહીં પરમાર્થ એક નિત્ય ચિંતવાઓ ! ખરેખર ! નિશ્ચયે કરીને સ્વ સ્વવિસરથી પૂર્ણ જ્ઞાન વિસ્ફૂર્તિ માત્ર સમયસારથી ઉત્તર કિંચિત્ છે નહિ.'** 'न खलु समयसारादुत्तरं किंचिदपि ।'

**૭૯૩. સમયસાર કલશ-૨૪૫ ૭૯૩-૭૯૫**

આનંદમય વિજ્ઞાનઘનને અધ્યક્ષતા (પ્રત્યક્ષતા) પમાડતું એવું આ એક અક્ષય જગત્ ચક્ષુ પૂર્ણતા પામે છે.

આ જગત્ચક્ષુ અંગે આ લેખકે (મહાભાષ્યકાર ભગવાનદાસે) અમૃત પદ-૨૪ કડીવાળું લખ્યું છે - જેમાં શ્રી કુંદકુંદાચાર્યજી અને અમૃતચંદ્રાચાર્યજીની પરમ પ્રસ્તુતિ - પ્રશસ્તિ કરી છે. (જુઓ : 'અમૃત પદ' (૨૪૫) ઈ.

'કેવળ સ્વભાવ પરિણામી જ્ઞાન તે કેવળ જ્ઞાન' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૧, ૭૧૦

૭૯૬. **સમયસાર ગાથા-૪૧૫** ૭૯૬-૭૯૯

'આ સમયપ્રાભૃતને પઠીને અર્થ-તત્ત્વથી જાણીને, જે ચેતયિતા અર્થમાં સ્થિતિ કરશે, તે ઉત્તમ સૌખ્ય હોશે.'

આ ગાથાનો પરમાર્થ અર્થ સમજાવા 'આત્મખ્યાતિ'ની અદ્ભુત વ્યાખ્યા

૭૯૯. **સમયસાર કલશ-૨૪૬** ૭૯૯

એવા પ્રકારે આત્માનું આ તત્ત્વ વ્યવસ્થિત છે, કે જે અખંડ એક અચલ સ્વ સંવેદ્ય

આ કલશનો પરમાર્થ ભાવ સમજવા 'આત્મખ્યાતિ' અદ્ભુતરીકા અને 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

।। इति श्रीमदअमृतसूरिविरम्यतायां

समयसारव्याख्या आत्मख्याती

सर्व-विशुद्ध-ज्ञान प्ररूपकः नवमो अंकः ।।

૮૦૧. **ચૂલિકાની ભૂમિકા** ૮૦૧

**।। स्याद्वादाधिकारः ।।**

૮૦૨. **સમયસાર કલશ-૨૪૭** ૮૦૨-૮૦૩

અત્ર સ્યાદ્વાદની શુદ્ધિને અર્થે વસ્તુ તત્ત્વની વ્યવસ્થિતિ (વ્યવસ્થા) અને ઉપયોપેય ભાવ જરાક પુનઃ પણ ચિંતવવામાં આવે છે.

'રચના જિન ઉપદેશ કી, પરમોત્તમ તિનુકાળ : ઈનમેં સબ મત રહત્ હે, કરતેં નિજ સંભાળ.' - શ્રીમદ્ રાજચંદ્ર

**'જિન વરમાં સઘળાં શરશિન્ન છે, દર્શન જિનવર ભજના રે; સાગરમાં સઘળી તટિની સહી, તટિની સાગર ભજનાર.' - શ્રી આનંદઘનજી**

૮૦૪. સ્યાદ્વાદ તે અર્હત્ ૮૦૪-૮૦૬

સર્વજ્ઞનું એક અસ્ખલિત શાસન

તત્-અતત્ આદિ ચૌદ મુદ્દા : પરસ્પર વિરુદ્ધ શક્તિ દ્વય પ્રકાશન - અનેકાંત

૮૦૭. **'આત્મખ્યાતિ'** ૮૦૭

તદતત્ત્વ, અનેકાનેકત્વ, સદસત્ત્વ, નિત્યાનિત્ય 'અનંત અનંત ભાવ ભેદથી ભરેલી, અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે'- **શ્રીમદ્ રાજચંદ્ર (મોક્ષમાળા)**

'વસ્તુધર્મ સ્યાદ્વાદતા, પૂછી કરીયે નિરધાર. ચંદ્રાનન' - **શ્રી દેવચંદ્રજી**

તત્-અતત્ સત્-અસત્ ચૌદ મુદ્દા

જ્ઞાનમાત્ર આત્મ વસ્તુઃ અનેકાંત : જ્ઞેય-જ્ઞાયક સંબંધ

અનેકાંતનો શિક્ષા પાઠ - **પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા (સ્વરચિત)**

૮૧૦. **'આત્મખ્યાતિ'** ૮૧૦-૮૧૭

**આત્મવસ્તુના જ્ઞાનમાત્રમાં પણ તત્ સાધનપણે અનેકાંત**

સ્વરૂપ પ્રવૃત્તિથી અને પરરૂપ વ્યાવૃત્તિથી -

એમ ઉભય ભાવથી પ્રત્યેક વસ્તુ અધ્યાસિત, તેમાં આ ચૌદ 'ભંગ' - પ્રકાર ફલિત થાય છે :

(૧-૨) તત્ત્વ-અતત્ત્વ, (૩-૪) એકત્વ-અનેકત્વ, (૫-૬-૭-૮) સ્વ દ્રવ્ય - ક્ષેત્ર - કાલ - ભાવથી સત્ત્વ (૯-૧૦-૧૧-૧૨) પરદ્રવ્ય-ક્ષેત્ર-કાલભાવથી અસત્ત્વ, (૧૩-૧૪) નિત્યત્વ-અનિત્યત્વ.

આ પ્રત્યેક પ્રકારમાં સ્વ-પર પરત્વે

સેળભેળરૂપ **એકાંત** ગ્રહવામાં આવે તો કેવી રીતે નાશ પામે છે અને સ્વ-પરને વિભિન્ન પ્રતિપન્ન કરતાં-ભેદ વિજ્ઞાન કરાવતો **અનેકાંત** તેને કેવી રીતે 'ઉજ્જીવાવે' છે, તેનું પરમ અદ્ભુત અલૌકિક મૌલિક તાત્ત્વિક મીમાંસન પરમ તત્ત્વદેષ્ટા અમૃતચંદ્રજીએ અત્રે અપૂર્વ તત્ત્વ કળાથી પ્રકાશ્યું છે. તેનો આશય આ પ્રકારે -

આ વિશ્વપદાર્થ જ્ઞાતા અને જ્ઞેય એમ બે વિભાગમાં વિભક્ત છે, ઈ.

**भवंति चात्रश्लोकाः ।**

૮૧૮. **સમયસાર કલશ-૨૪૮** ૮૧૮-૮૧૯

ચૌદ પૂર્વ સમા આ અપૂર્વ ચૌદ શ્લોકો

'स्वरूपेण तत्त्वं' - સ્વરૂપથી તત્ત્વ

'પ્રથમ પદમાં એમ કહ્યું છે કે - હે મુમુક્ષુ, એક આત્માને જાણતા સમસ્ત લોકાલોકને જાણીશ અને સર્વ જાણવાનું ફળ પણ એક આત્મપ્રાપ્તિ છે,' ઈ. - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૩૧

૮૨૦. સમયસાર કલશ-૨૪૯

'पररूपेण अतत्त्वं' - પરરૂપથી અતત્ત્વ

'વિશ્વમાં જીવ અભેદતા એ જ ભ્રાંતિ છે,' ઈ. - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૩૩

'પરરૂપે કરી તત્ત્વપણું નહીં, સ્વસત્તા ચિદ્રૂપ.' - શ્રી આનંદઘનજી

૮૨૨. સમયસાર કલશ-૨૫૦ ૮૨૨-૮૨૩

'द्रव्येण एकत्वं' - દ્રવ્યથી એકત્વ

'સમસ્ત વિશ્વ ઘણું કરી પરકથા તથા પરવૃત્તિમાં વહ્યું જાય છે, તેમાં રહી સ્થિરતા ક્યાંથી પ્રાપ્ત થાય ?' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૨

'જ્ઞેય અનેકે હો જ્ઞાન અનેકતા,જલ ભાજન રવિ જેમ;

દ્રવ્ય એકત્વપણે ગુણ એકતા, નિજ પદ રમતા હો ખેમ !' - શ્રી આનંદઘનજી

૮૨૪. સમયસાર કલશ-૨૫૧ ૮૨૪

'पर्यायैरनेकत्वं' - પર્યાયોથી અનેકત્વ

'સ્વરૂપ ચેતન નિજ, જડ સંબંધ માત્ર, અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય છે.' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૯૦૨

૮૨૫. સમયસાર કલશ-૨૫૨ ૮૨૫-૮૨૬

'स्वद्रव्येण सत्त्वं' - સ્વદ્રવ્યથી સત્ત્વ

'ઘટ પટ આદિ જાણતું, તેથી તેને માન, જાણનાર તે માન નહીં, કહિયે કેવું જ્ઞાન.' - શ્રીમદ્ રાજચંદ્ર, (આત્મસિદ્ધિ)

'અસ્તિ સ્વભાવ રુચિ થઈ રે, ધ્યાતો અસ્તિ સ્વભાવ; દેવચંદ્ર પદ તે લહે રે, પરમાનંદ જમાવો રે.' - શ્રી દેવચંદ્રજી

૮૨૭. સમયસાર કલશ-૨૫૩ ૮૨૭

'परद्रव्येण नास्तित्वं' - પરદ્રવ્યથી નાસ્તિત્વ

'સમસ્ત વિશ્વને પ્રકાશક એવો આ આત્મા તે ક્યારે પણ વિશ્વરૂપ થતો નથી, સદા સર્વદા ચૈતન્ય સ્વરૂપ જ રહે છે.' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૩૩

૮૨૮. સમયસાર કલશ-૨૫૪ ૮૨૮-૮૨૯

'स्वक्षेत्रेण सत्त्वं' - સ્વક્ષેત્રથી સત્ત્વ

'પરક્ષેત્રગત જ્ઞેય જાણવે, પરક્ષેત્રે થયું જ્ઞાન.' - શ્રી આનંદઘનજી

૮૩૦. સમયસાર કલશ-૨૫૫ ૮૩૦-૮૩૧

'परक्षेत्रेण असत्त्वं' - પરક્ષેત્રથી અસત્ત્વ

'અહો શ્રી સુમતિ જિન ! શુદ્ધતા ત્હારી, સ્વ ગુણપર્યાય રામી.' ઈ. - શ્રી દેવચંદ્રજી

૮૩૨. સમયસાર કલશ-૨૫૬ ૮૩૨

'स्वकालेन सत्त्वं' - સ્વકાલથી સત્ત્વ

'જેની ઉત્પત્તિ કોઈ પણ અન્ય દ્રવ્યથી નથી તેવા આત્માનો નાશ પણ ક્યાંથી હોય ?' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૩૩

**'જ્ઞેય વિનાશે તો જ્ઞાન વિનશ્વરૂં, કાળ પ્રમાણે રે થાય; સ્વકાળે કરી સ્વસત્તા સદા, તે પર રીત ન જાય.'** - શ્રી આનંદઘનજી

૮૩૩. સમયસાર કલશ-૨૫૭ ૮૩૩-૮૩૪

'परकालेन नास्तित्वं' - પરકાળથી નાસ્તિત્વ

'અજ્ઞાનથી અને સત્ સ્વરૂપ પ્રત્યેના પ્રમાદથી આત્માને માત્ર મૃત્યુની ભ્રાંતિ છે. તે જ ભ્રાંતિ નિવૃત્ત કરી શુદ્ધ ચૈતન્ય નિજ અનુભવ પ્રમાણ સ્વરૂપમાં પરમ જાગ્રત થઈ જ્ઞાની સદાય નિર્ભય છે.' - શ્રીમદ્ રાજચંદ્રજી, અં. ૮૩૩

૮૩૫. સમયસાર કલશ-૨૫૮ ૮૩૫-૮૩૬

'स्वभावेन सत्त्वं' - સ્વભાવથી સત્ત્વ

'પરભાવે કરી પરતા પામતા, સ્વસત્તા થિર ઠાણ.' - શ્રી આનંદઘનજી

૮૩૭. સમયસાર કલશ-૨૫૯ ૮૩૭-૮૩૮

'परभावेन असत्त्वं' - પરભાવથી અસત્ત્વ

'આત્મભાવે રહે અપરતા નવ ગ્રહે.'

'લહી ઉદાસીનના અપર ભાવે.' - શ્રી દેવચંદ્રજી

'જેમ આકાશમાં વિશ્વનો પ્રવેશ નથી, સર્વ ભાવની વાસનાથી આકાશ રહિત જ છે, તેમ સમ્યક્દૃષ્ટિ પુરુષોએ પ્રત્યક્ષ સર્વ દ્રવ્યથી ભિન્ન, સર્વ અન્ય પર્યાયથી રહિત જ આત્મા દીઠો છે.' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૩૩

**૮૩૯. સમયસાર કલશ-૨૬૦ ૮૩૯-૮૪૦**

'सामान्यरूपेण नित्यत्वं' - સામાન્ય રૂપથી નિત્યત્વ

'પરમ સુખ સ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ સમાધિને સર્વકાળને માટે પામ્યા તે ભગવંતને નમસ્કાર, તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષોને નમસ્કાર.' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૩૩

'શ્રી પારસ જિન પારસ રસ સમો, પણ ઈહાં પારસ નહિ; પૂરણ રસિઓ હો નિજ ગુણ પરસનો આનંદઘન મુજ માંહિ.' - શ્રી આનંદઘનજી

**૮૪૧. સમયસાર કલશ-૨૬૧ ૮૪૧-૮૪૨**

विशेषरूपेण अनित्यत्वं - વિશેષ રૂપથી અનિત્યત્વ

'જે અચિંત્ય દ્રવ્યની શુદ્ધ ચિતિ સ્વરૂપ કાંતિ પરમ પ્રગટ થઈ અચિંત્ય કરે છે, તે અચિંત્ય દ્રવ્ય સહજ સ્વાભાવિક નિજ સ્વરૂપ છે. એવો નિશ્ચય જે પરમ કૃપાળુ સત્પુરુષે પ્રકાશ્યો તેનો અપાર ઉપકાર છે.' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૩૩

'ચિદાનંદઘન તત્ત્વ વિલાસી, શુદ્ધ સ્વરૂપ નિવાસી રે.' - શ્રી દેવચંદ્રજી

**૮૪૩. સમયસાર કલશ-૨૬૨ ૮૪૩**

**'એમ ચૌદ પૂર્વ સમા આ અપૂર્વ ચૌદ દિવ્ય 'અમૃત' કલશ કાવ્યોથી સમસ્ત એકાંતનું આત્યંતિક ખંડન અને અનેકાંતનું મંડન કરી, તેના ઉપસંહાર રૂપ આ કલશ કાવ્યમાં દિવ્ય દૃષ્ટા અમૃતચંદ્રજી મહામુનિ વીરગર્જના કરે છે -**

'इत्यज्ञानविमूढानां ज्ञानमात्रं प्रसाधयन्

आत्मतत्त्वमनेकांतः स्वयमेवानुभूयते' -

એમ એવા પ્રકારે અજ્ઞાનવિમૂઢો પ્રત્યે જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ પ્રસાધતો, અનેકાંત 'સ્વયમેવ' અનુભવાય છે.'

'સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન હઉં. એક કેવલ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, પરમોત્કૃષ્ટ અચિંત્ય સુખ સ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવ રૂપ હું છઉં.' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૩૩

**'ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ પ્રકાશ કરી, નીપનો પરમ પદ જગવદિતો.' - શ્રી દેવચંદ્રજી**

**૮૪૪. સમયસાર કલશ-૨૬૩ ૮૪૪**

'एवं तत्त्वव्यवस्थित्या, स्वं व्यवस्थापन्

स्वयं' - એમ તત્ત્વ વ્યવસ્થિતિની સ્વને

સ્વયં અનેકાંત વ્યવસ્થાપતો

अलंध्यशासनं जैनमनेकांतः व्यवस्थितः ।'

**૮૪૫. લક્ષણ પ્રસિદ્ધિથી લક્ષ્ય પ્રસિદ્ધિ૮૪૫-૮૪૬**

અનેકાંતમય છતાં આત્માના શું અર્થે જ્ઞાનમાત્રતાથી વ્યપદેશ છે ? લક્ષણ પ્રસિદ્ધિથી લક્ષ્ય પ્રસિદ્ધિ અર્થે.

'જ્ઞાન સ્વરૂપપણું એ આત્માનું મુખ્ય લક્ષણ, અને તેના અભાવવાળું મુખ્ય લક્ષણ જડનું છે.' જ્ઞાન-આત્મનો દ્રવ્યત્વથી અભેદ, અર્થાત્ જ્ઞાન-આત્માનો પ્રદેશ ભેદ નથી : જેટલા ક્ષેત્રમાં આત્મા છે તે ને તેટલા ક્ષેત્રમાં જ્ઞાન વ્યાપક છે. ઈ.

જ્ઞાન વડે પ્રસાધાઈ રહેલો આત્મા તે જ્ઞાનથી અવિનાભૂત એવા અનંત ધર્મનો સમુદય મૂર્ત્તિ

'જ્ઞાનમાત્ર' કહ્યું એવા તેનાથી અવિનાભૂત એવો તદન્તઃપાતી અનંત ધર્મ સમુદય આવી જ ગયો.

'જ્ઞાનમાત્ર' પ્રત્યે અચિલતપણે 'નિખાત' - ખીલાની જેમ દૃઢ ખોડેલી દૃષ્ટિ : તે જ્ઞાનથી અવિનાભૂત એવું 'અનંત ધર્મજાત' તે તેટલું સમસ્ત જ આત્મા જ.

૮૪૭ **ક્રમાક્રમ પ્રવૃત્ત અનંત ધર્મમય આત્માનું જ્ઞાનમાત્રપણું કેમ ?**

પરસ્પર વ્યતિરિક્ત અનંત ધર્મ સમુદ્ય પરિણત

એવા એક **જ્ઞપ્તિ** માત્ર ભાવરૂપે સ્વયમેવ ભવનને લીધે અત એવ આ જ્ઞાનમાત્ર એક ભાવમાં અંત :પાતિની એવી અનંત શક્તિઓ ઉત્પ્લવે છે.

અતએવ આ જ્ઞાનમાત્ર અંતઃપાતિની અનંત અનંતા શક્તિઓ ઉત્પ્લવે છે. જેમકે -

૮૪૭. **જ્ઞાનમાત્ર અંતઃપાતિની અનંત શક્તિઓ : ૪૭ શક્તિઓનું વર્ણન ૮૪૭-૮૫૯**

'સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય,
પ્રગટ રૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય.'
**- શ્રી આત્મસિદ્ધિ**

**'સકલ પ્રદેશ સમાગુણધારી, નિજ નિજ કારજ કારી, નિરાકાર અવગાહ ઉદારી, શક્તિ સર્વ વિસ્તારી. - શ્રી દેવચંદ્રજી**

'અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને વીર્યથી અભેદ એવા આત્માનો એક પળ પણ વિચાર કરો.' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૧, વચનામૃત-૨૧**

'તુજ શક્તિ અનંતી હો ગાતાં ને ધ્યાતાં,
મુજ શક્તિ વિકાસન હો કે ગુણ રમતા.'
**- શ્રી દેવચંદ્રજી**

આ ૪૭ શક્તિઓનું હૃદયંગમ સુંદર વર્ણન અમૃતચંદ્રજીએ વિસ્તારથી કર્યું છે, અર્થ-

ભાવોદ્ઘાટન આ લેખકે 'અમૃત જ્યોતિ'માં કરાવ્યું છે.

**અમૃતચંદ્રજીએ** કરેલું આત્મશક્તિઓનું પરમ અદ્ભુત અલૌકિક મૌલિક નિરૂપણ. આમ આત્માના જ્ઞાનમાત્ર ભાવમાં 'અંતઃ પાતિની' અનંત શક્તિઓની વાનકી રૂપ (Sample) ઉક્ત સુડતાલીશ આત્મ શક્તિઓના પરમ અદ્ભુત તત્ત્વ ચમત્કૃતિમય અલૌકિક મૌલિક નિરૂપણ પરથી સુજ્ઞ વિચક્ષણોને પરમ જ્ઞાન વિભૂતિ પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીના અનંતશક્તિ દિવ્ય આત્માના પરમ અદ્ભુત **'સ્વ વિભવ'નો કિંચિત્ પરિચય પ્રાપ્ત થાય છે.**

૮૬૦. **સમયસાર કલશ-૨૬૪ ૮૬૦**

ઈત્યાદિ અનેક નિજ શક્તિઓથી 'સુનિર્ભર' પરિપૂર્ણ થતાં જે ભાવ 'જ્ઞાનમાત્રમયતા' - કેવલ જ્ઞાનમયપણું નથી છોડતા, તે અહીં જગતને વિષે ક્રમ-અક્રમથી એકી સાથે વિવર્તિ વિવર્તોથી 'ચિત્ર' 'એક' - અદ્વૈત દ્રવ્યપર્યયમય ચિદ્ વસ્તુ.

૮૬૧. **સમયસાર કલશ-૨૬૫ ૮૬૫**

અનેકાંત વસ્તુ તત્ત્વ વ્યવસ્થિતિ : સ્યાદ્-વાદ શુદ્ધિઃ જિનનીતિ

'એકાંતવાદ એ જ જ્ઞાનની અપૂર્ણતાની નિશાની હે વાદીઓ ! મને તમારે માટે દર્શાવે છે.' ઈ. **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૦**

૮૬૨. **ઉપાય ઉપેયભાવ ૮૬૨-૮૬૫**

હવે આનો ઉપાય-ઉપેયભાવ ચિંત્યતે - ચિંતવવામાં આવે છે.

આત્મવસ્તુના જ્ઞાનમાત્રપણામાં પણ ઉપાય-ઉપેયભાવ વિદ્યમાન છે જ - તે એકનું પણ સ્વયં સાધક - સિદ્ધ રૂપ ઉભય પરિણામિપણું છે માટે. તેમાં

- જે સાધકરૂપ તે ઉપાય : જે સિદ્ધરૂપ તે ઉપેય.

**સાધનાનો ક્રમ** - (૧) સુનિશ્ચલ પરિગૃહીત **વ્યવહાર** સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રના પાક-પ્રકર્ષની પરંપરાથી ક્રમે કરીને સ્વરૂપે આરોપાઈ રહેલા એવા આ આત્માને

(૨) અંતર્મગ્ન **નિશ્ચય** સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્ર વિશેષતાએ કરીને **સાધકરૂપે** (૩) અને તથાપ્રકારે પરમ પ્રકર્ષની મકરિકાએ રત્નત્રયાતિશયથી પ્રવૃત્ત સકલ કર્મક્ષયથી પ્રજ્વલિત અસ્ખલિત વિમલ સ્વભાવભાવતાએ કરીને **સિદ્ધરૂપે** સ્વયં પરિણામમાન **જ્ઞાનમાત્ર** એક જ **ઉપાયોપેય** ભાવ સાધે છે.

(૪) એમ ઉભયત્ર (ઉભય સ્થળે) પણ

જ્ઞાનમાત્રની અનન્યતાએ કરીને નિત્ય અસ્ખલિત એક વસ્તુના નિષ્કંપ પરિગ્રહણને લીધે તત્ક્ષણ આસંસારથી અલબ્ધભૂમિકી મુમુક્ષુઓને પણ ભૂમિકા લાભ થાય છે. એટલે પછી ત્યાં દુર્લલિત તેઓ સ્વત એવ ક્રમાક્રમ **અનેકાંતમૂર્ત્તિઓ** સાધક ભાવ થકી જેનાજ સંભવ એવો પરમ પ્રકર્ષ કોટિ રૂપ સિદ્ધિ ભાવનું ભાજન થાય છે.

(૫) પણ જેઓ આ જ્યાં અનેકાંત અંતર્નીત છે એવી જ્ઞાનમાત્ર એક ભાવરૂપ ભૂમિને ઉપલભતા (અનુભવતા, પામતા) નથી, તે નિત્ય અજ્ઞાનીઓ હોતાં - જ્ઞાનમાત્ર ભાવનું સ્વરૂપથી અભવન - પરરૂપથી ભવન દેખતા જાણતા અને અનુચરતા મિથ્યાદૃષ્ટિઓ મિથ્યાજ્ઞાનીઓ અને મિથ્યાચારિત્રો હોતાં - અત્યંતપણે ઉપાયોપેયથી ભ્રષ્ટ થયેલો વિભ્રમે જ છે.

'આત્મા સત્ ચૈતન્યમય, સર્વાભાસ રહિત : જેથી કેવળ પામિયે, મોક્ષ પંથ તે રીત.' - **શ્રી આત્મસિદ્ધિ**

'ત્હારૂં ધ્યાન તે સમકિત રૂપ, તેહજ જ્ઞાન ને ચારિત્ર તેહ છે, તેથી જાયે સઘળા હો પાપ, ધ્યાતા ધ્યેય હોય પછે જી.' - **શ્રી યશોવિજયજી (શાંતિજિન સ્તવન)**

ઉપાય ઉપેય ભાવ : ઉપાય સાધન, ઉપેય સાધન સાધક રૂપ તે ઉપાય : સિદ્ધરૂપ તે ઉપેય

જ્ઞાનમાત્ર સાધક રૂપે કેવી રીતે કેવા ક્રમે પરિણમી રહ્યું છે ?

આ જ્ઞાનમાત્ર સિદ્ધ રૂપે કેવી રીતે પરિણમી રહ્યું છે ?

જ્ઞાનમાત્રની અનન્યતા : સાધક રૂપ સિદ્ધરૂપ.' ઈ.

**અનેકાંતનો મહામાતિશય ઉત્કીર્તન કરતા અદ્ભુત શ્લોકો**

**૮૬૬.સમયસાર કળશ-૨૬૬ ૮૬૬-૮૬૭**

કેમે કરીને કોઈ પણ પ્રકારે જેનો મોહ દૂર કરાયો છે એવા જેઓ જ્ઞાનમાત્ર નિજ ભાવમયી અકંપ ભૂમિને આશ્રે છે, તેઓ સાધકપણાને પામીને સિદ્ધ થાય છે, પણ મૂઢો તો આને (ભૂમિને) નહિ પામીને પરિભ્રમે છે.

જ્ઞાનમાત્ર નિજ ભાવ ભૂમિકા : સાધકત્વ પામી સિદ્ધ થાય.

'કેવળ નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત; વૃત્તિ વહે નિજ ભાવમાં, પરમાર્થે સમકિત.' - **શ્રી આત્મસિદ્ધિ**

'સ્વામી ગુણ ઓળખી સ્વામીને જે ભજે, દર્શન શુદ્ધતા તે પામે જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી, કર્મ ઝીપી વસે મુક્તિ ધામે.' **- શ્રી દેવચંદ્રજી(ની વીર જિનસ્તવન)**

**૮૬૮. સમયસાર કલશ-૨૬૭ ૮૬૮-૮૭૯**

સ્યાદ્વાદ કૌશલ સુનિશ્ચલ સંયમ : જ્ઞાન ક્રિયાની તીવ્ર મૈત્રી

'આત્મ ભાવના ભાવતાં, જીવ લહે કેવળ જ્ઞાન.' - **શ્રીમદ્ રાજચંદ્ર**

'જ્ઞાનીના માર્ગનું જ્ઞાન-ક્રિયાનું સમન્વિતપણું, સ્થાપિત કરવું તે જ નિર્જરાનો સુંદર માર્ગ છે.' - **શ્રીમદ્ રાજચંદ્ર**

'ધન્ય ધન્ય તે જીવ, પ્રભુપદ વંદે જે દેશના સુણે. જ્ઞાન ક્રિયા કરે શુદ્ધ અનુભવ યોગે હો નિજ સાધક પણે.' - **શ્રી દેવચંદ્રજી (ઈશ્વર જિન સ્તવન)**

**૮૭૦. સમયસાર કલશ-૨૬૮ ૮૭૦-૮૭૧**

તેને જ - તે જ્ઞાનમાત્ર ભૂમિકા પ્રાપ્તને જ ચિત્ પિંડ પ્રચંડપણાથી પ્રચંડતામાં વિલાસિ વિકાસ - હાસરૂપ શુદ્ધ પ્રકાશભરથી નિર્ભર સુપ્રભાત જેનું થયું છે, એવો આ આનંદ સુસ્થિત સદા અસ્ખલિત એકરૂપ અચલ અર્ચિત્ (અચલ જ્યોતિ) આત્મા ઉદય પામે છે.

આનંદ સુસ્થિત આત્મા ઉદય : **કેવલજ્ઞાન 'સુપ્રભાત' :**

કેવલ નિજ સ્વભાવનું, અખંડ વર્ત્તે જ્ઞાન, કહિયે કેવલ જ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ.

- **શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર**

'કેવલ જ્ઞાન અનંત પ્રકાશી, ભવિજન કર્મ વિકાસી; ચિદાનંદઘન તત્ત્વ વિલાસી, શુદ્ધ સ્વરૂપ નિર્વાસી રે.' - **શ્રી દેવચંદ્રજી**

૮૭૨. **સમયસાર કલશ-૨૬૯** ૮૭૨

શુદ્ધ સ્વભાવ મહસ્ : મહિમા નિત્યોદયી પરમ સ્વભાવ સ્ફુરો !

'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ; બીજું કહિયે કેટલું, કર વિચાર તો પામ.' - **શ્રી આત્મસિદ્ધિ**

૮૭૩. **સમયસાર કલશ-૨૭૦** ૮૭૩-૮૭૪

ચિત્ર આત્મશક્તિ આ આત્મા : એકાંત શાંત 'ચિદ્' મહસ હું છું.

'ચિદ્ ધાતુમય, પરમ શાંત, અડગ્ગ, એકાગ્ર, એક સ્વભાવમય અસંખ્યાત પ્રદેશાત્મક પુરુષાકાર ચિદાનંદઘન તેનું ધ્યાન કરો ? - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. હાથનોંધ**

'આનંદઘન ચેતનમય મૂરતિ, શુદ્ધ નિરંજન દેવ ધ્યાઉં રે.' - **શ્રી આનંદઘનજી**

અત્રે **અમૃતચંદ્રજીના** દિવ્ય આત્માનો દિવ્ય ધ્વનિ સકર્ણોને સંભળાય છે.

૮૭૫. **'આત્મખ્યાતિ'નું મહા ભાવના સૂત્ર** ૮૭૫

'દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી હું અખંડ આત્મવસ્તુ છું'

'દ્રવ્ય હું એક છું, અસંગ છું, સર્વ પરભાવથી મુક્ત છું. ક્ષેત્ર-અસંખ્યાત નિજ અવગાહના પ્રમાણ છું, કાળ-અજર, અમર, શાશ્વત છું. સ્વ પર્યાય પરિણામી સમયાત્મક છું.' - **શ્રીમદ્ રાજચંદ્ર, હાથનોંધ-૧-૭**

૮૭૬. **સમયસાર કલશ-૨૭૧** ૮૭૬

જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું. જ્ઞેયનો જ્ઞાનમાત્ર જ્ઞેય નથી જ. જ્ઞેયના જ્ઞાન કલ્લોલોથી વલ્ગતી (કૂદતી, ઉછળતી) એવી જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતૃમદ્ વસ્તુ માત્ર તે જ્ઞેય છે.

જ્ઞાનમાત્ર ભાવ અહમ્ અસ્મિ.

'જ્ઞાનનું સ્વરૂપ જ્યારે જાણે ત્યારે મોક્ષ થાય.'

૮૭૭. **સમયસાર કલશ-૨૭૨** ૮૭૭-૮૭૮

ક્વચિત્ જે મેચક (ચિત્ર) વિલસે છે, ક્વચિત્ મેચકામેચક, અને ક્વચિત્ વળી અમેચક, એવું સહજ જ 'મમ' (મ્હારૂં) તત્ત્વ છે, તથાપિ પરસ્પર સુસંહત, પ્રકટ શક્તિ ચક્ર સ્ફુરતું તે અમલ મેધવંતોના મનને વિમોહ પમાડતું નથી.

મેચક, મેચક-અમેચક, અમેચક મન સહજ તત્ત્વ

'સહજ દ્રવ્ય અત્યંત પ્રકાશિત થયે એટલે સર્વ કર્મનો ક્ષયે જ અસંગતા અને સુખ સ્વરૂપતા કહી છે, જ્ઞાની પુરુષોનાં પુરુષોના તે વચન અત્યંત સાચાં છે.'

'એવું જે આત્મભાન તે વારંવાર ઉજ્જવલપણે વર્ત્યા કરે છે.' - **શ્રીમદ્ રાજચંદ્ર**

'સહજ ગુણ આગરો, સ્વામી સુખ સાગરો, જ્ઞાન વયરાગરો પ્રભુ સવાયો.' - **શ્રી દેવચંદ્રજી**

૮૭૯. **સમયસાર કલશ-૨૭૩** ૮૭૯-૮૮૦

આ તરફ અનેકતા પામી રહેલો, આ તરફ સદાય એકતા ધારતો, આ તરફ ક્ષણવિભંગુર આ તરફ સદૈવ ઉદયથી ધ્રુવ આ તરફ પરમ વિસ્તૃત, આ તરફ નિજ પ્રદેશોથી ધૃત, એવો અહો ! તે જ સહજ અદ્ભુત વૈભવ આત્માનો છે.'

'તે આત્મસ્વરૂપથી મહત્ એવું કંઈ નથી. એવો આ સૃષ્ટિને વિષે કોઈ પ્રભાવજોગ ઉત્પન્ન થયો નથી, છે નહીં અને થવાનો નથી કે જે પ્રભાવજોગ પૂર્ણ આત્મસ્વરૂપને પણ પ્રાપ્ત ન હોય.'

'આત્મા અત્યંત સહજ સ્વસ્થતા પામે એ જ સર્વ જ્ઞાનનો સાર શ્રી સર્વજ્ઞે કહ્યા છે.' **- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૩૭, ૫૦૫**

'તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્યથી, ઉપજે રુચિ તિણે તત્ત્વ ઈહે', અહો ! શ્રી સુમતિ જિન શુદ્ધતા તાહરી, સ્વ ગુણ પરિણામ

રામી. - શ્રી દેવચંદ્રજી

૮૮૧. **સમયસાર કલશ-૨૭૪** ૮૮૧

એક તરફ કષાય-કલિ સ્ખલે છે, એક તરફ શાંતિ છેઃ એક તરફ ભવોપહતિ મુક્તિ સ્પર્શે છેઃ એક તરફ જગત્ ત્રિતય સ્ફુરે, એક તરફ ચિત્ ચકાસે (પ્રકાશે) છે આવો આત્માનો અદ્‌ભુતાદદ્‌ભુત (અદ્‌ભુતથી પણ અદ્‌ભુત) સ્વભાવ મહિમા ઉદય વિજય પામે છે.'

કષાય કલિ, શાંતિઃ શાંતિઃ, ભવઃ મુક્તિઃ જગત્ : ચિત્, આત્માનો સ્વભાવ મહિમા અદ્‌ભુતાદ્‌ભુતં

'રાગ, દ્વેષ અને અજ્ઞાનનો આત્યંતિક અભાવ કરી જે સહજ શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિત થયા તે સ્વરૂપ અમારૂં સ્મરણ, ધ્યાન અને પામવા યોગ્ય સ્થાન છે.' - **શ્રીમદ્ રાજચંદ્ર, હાથનોંધ.**

'જેમ નિર્મલતા રે રત્ન સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભા તે નિજ વીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ.' - **શ્રી યશોવિજયજી**

૮૮૨. **સમયસાર કલશ-૨૭૫** ૮૮૨-૮૮૩

'સહજ પુંજ જય પામે છે - કે જે પુંજમાં **મજ્જંતી ત્રિલોકી સંબંધી અખિલ વિકલ્પ જેમાંથી સ્ખલિત થાય છે એવો છતો પણ એક જ સ્વરૂપ**, સ્વરસ વિસરથી **પૂર્ણ અચ્છિન્ન (અખંડ) તત્ત્વોપલંભ (તત્ત્વાનુભવ પ્રાપ્તિ) જ્યાં છે એવો આ પ્રસભથી** (સ્વરૂપ) બલથી નિયમિત અર્ચિષવાળો (જ્યોતિવાળો) ચિત્ચમત્કાર છે.

(આનો પરમાર્થ માટે જુઓ : 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય (સ્વરચિત)

જયવંત સહજ પુંજ સ્વરૂપ : ચિત્ચમત્કાર આ આત્મા

'આત્માને વિષે સહજ સ્મરણે પ્રાપ્ત થયેલું જ્ઞાન શ્રી વર્ધમાનને વિષે હતું એમ જણાય છે. પૂર્ણ વીતરાગ જેવો બોધ તે અમને સહજે સાંભરી આવે છે.

'અમને જે નિર્વિકલ્પ નામની સમાધિ છે, તે તો આત્માની સ્વરૂપ પરિણતિ વર્ત્તતી હોવાને લીધે છે. - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૬૩, ૩૧૩ ઈ.**

૮૮૪. **સમયસાર કલશ-૨૭૬,** ૮૮૪-૮૮૬

'અવિચલિત ચિદાત્મા આત્મામાં આત્માને અનવરત નિમગ્ન ધારતી, મોહને ધ્વસ્ત (સર્વથા નષ્ટ) ક્ર્યો છે જેણે એવી, ઉદિત આ 'અમૃતચંદ્ર જ્યોતિ' વિમલ પૂર્ણ નિઃસપત્ન સ્વભાવવંતી સમંતાત્ (સર્વ દિશામાં) જ્વલો (ઝળહળો)

આ અદ્‌ભુતાદ્‌અદ્‌ભુત **અમૃત સમયસાર** કળશનો પરમાર્થ ભાવ સમજવા જુઓ 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય (સ્વરચિત)

'દેહથી ભિન્ન સ્વ પર પ્રકાશક પરમ જ્યોતિ સ્વરૂપ એવો આ આત્મા તેમાં નિમગ્ન થાઓ !' ઈ. 'જે જ્ઞાનમાં દેહાદિ અધ્યાસ મટ્યો છે અને અન્ય પદાર્થને વિષે અહંતા મમતા વર્ત્તતા નથી, તથા ઉપયોગ સ્વભાવમાં પરિણમે છે, અર્થાત્ જ્ઞાન સ્વરૂપપણું બને છે, તે જ્ઞાનને નિરાવરણ જ્ઞાન કહેવા યોગ્ય છે.' ઈ. - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૫૯, ૬૭૯, ઈ.**

'કેવલ જ્યોતિ તે તત્ત્વ પ્રકાશો, શેષ ઉપાય અસારો રે.' **શ્રી યશોવિજયજી કૃત યો.દ. સજ્ઝાય**

**'અમૃતચંદ્ર' જ્યોતિ** આ સમંતાત્ જ્વલંતુ વિમલ પૂર્ણ નિઃસપત્ન સ્વભાવ.' ઈ.

૮૮૭. **પરમાત્મા જ્ઞાનમૂર્ત્તિને નમસ્કાર** ૮૮૭

'કર્મોથી મુક્ત-અમુક્ત અવસ્થામાં જે એકરૂપ છે, તે સંવિદ્ આદિ થકી અક્ષય એવા પરમાત્મા જ્ઞાનમૂર્તિને હું નમું છું.'

'સમજીને શમાઈ રહ્યા, સમજીને શમાઈ ગયા. ** અનંત જ્ઞાની પુરુષે અનુભવ કરેલો એવો આ શાશ્વત સુગમ મોક્ષમાર્ગ જીવને લક્ષમાં નથી આવતો એથી ઉત્પન્ન થયેલું ખેદ સહિત આશ્ચર્ય તે પણ અત્રે સમાવીએ છૈયે.' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૫૧**

**"** પણ મોક્ષ તો કેવલ અમને નિકટપણે વર્ત્તે છે.**

****અમારૂં ચિત્ત તે આત્મા સિવાય અન્ય સ્થળે**

પ્રતિબદ્ધતા પામતું નથી.' ઈ. - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૦૧

પ્રતિબદ્ધતા પામતું નથી, ક્ષણ પણ અન્ય ભાવને વિષ સ્થિર થતું નથી, સ્વરૂપે વિષે સ્થિર રહે છે.' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૦૧ ઈ.

૮૮૭. **દ્રવ્ય આદેશ વશેન સપ્તભંગી**

સ્યાદ્વાદદર્શી આ સપ્તભંગી ન્યાયથી આત્મા સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી સતરૂપ - અસ્તિરૂપ છે, પણ પરદ્રવ્ય - ક્ષેત્ર - કાલ - ભાવથી અસત્-નાસ્તિ રૂપ છે, એ પરથી પર દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી આત્મા ભિન્ન છે, એવું તત્ત્વ નિશ્ચય રૂપ ભેદવિજ્ઞાન વજ્રલેપ દૃઢ થાય છે અને ભેદવિજ્ઞાન એ જ શાસ્ત્રનું પરમ તત્ત્વ રહસ્ય છે.

'આતમ ગ્રાહક થયે ટળે પર ગ્રહણતા, તત્ત્વ ભોગી થયો પરભોગ્યતા; ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઈએ, આપણો આતમા તેહવો ભાવિએ.' - શ્રી દેવચંદ્રજી

**"સર્વ દ્રવ્યથી,**

**સર્વ ક્ષેત્રથી, સર્વ કાળથી અને ભાવથી જે સર્વ પ્રકારે અપ્રતિબંધ થઈ નિજ સ્વરૂપમાં સ્થિત થયા, તે પરમ પુરુષોને નમસ્કાર."**

**'અવિષમપણે જ્યાં આત્મધ્યાન વર્ત્તે છે, એવા જે શ્રી રાયચંદ્ર તે પ્રત્યે ફરી ફરી નમસ્કાર કરી આ પત્ર અત્યારે પૂરું કરીએ છીયે.'** - શ્રીમદ્ રાજચંદ્ર, ૮૩૩, ૩૭૬

'અહો ! અહો ! હું મુજને કહું, નમો મુજ ! નમો મુજ રે !

અમિત ફલ દાન દાતારની, જેહને ભેટ થઈ તુજ રે. 'શાંતિ જિન.' - શ્રી આનંદઘનજી

૮૯૧. **સમયસાર કલશ-૨૭૭** ૮૯૧-૮૯૨

'અહંત્વ-મમત્વનું સર્વથા વિલોપન : 'તદ્ વિજ્ઞાનઘન ઔઘમગ્ન અધુના કિંચિત્ ન કિંચિત્ ખલુ.'

આ સમયસાર કલશનો પરમાર્થ ભાવ સમજવા જુઓ. 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય (સ્વરચિત)

'હે ! આર્યજનો ! અંતર્મુખ થઈ, સ્થિર થઈને આત્મામાં જ રહો તો અનંત અપાર આનંદ અનુભવશો.' ''અત્રે આત્મકારતા વર્ત્તે છે, આત્માનું આત્મસ્વરૂપ રૂપે પરિણામનું હોવાપણું તે આત્મકારતા કહિયે છીયે.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૩૨, ૨૮૦

૮૯૩. **સમયસાર કલશ-૨૭૯** ૮૯૩-૮૯૬

'સ્વશક્તિ વડે કરીને જેણે વસ્તુતત્ત્વ સંસૂચિત કર્યું છે, એવા શબ્દોથી સમયની આ વ્યાખ્યા કરવામાં આવી છે, **સ્વરૂપ ગુપ્ત એવા અમૃતચંદ્ર સૂરિનું કંઈ કર્ત્તવ્ય જ** છે નહિ.'

**આ સમયસાર કલશનો** અદ્ભુત પરમાર્થ આશય સમજવા જુઓ **'અમૃત જ્યોતિ' મહાભાષ્ય** (સ્વરચિત)

'મન-વચન, કાયાના જોગમાંથી જેને કેવળી સ્વરૂપ ભાવ થતાં અહંભાવ મટી ગયો છે, એવા જ્ઞાની પુરુષ, તેના પરમ ઉપશમરૂપ ચરણારવિંદ તેને નમસ્કાર કરી, વારંવાર તેને ચિંતવી, તે જ માર્ગમાં

પ્રવૃત્તિની તમે ઈચ્છા કર્યા કરો એવો ઉપદેશ કરી આ પત્ર પૂરો કરૂં છું. વિપરીત કાળમાં એકાકી હોવાથી ઉદાસ !!!'

શ્રીમદ્ રાજચંદ્ર, (૩૮૧), ૪૬૬

અહંત્વ - મમત્વ વિલોપતી પરમ અદ્ભુત આત્મસમર્પણા પ્રકાશે છે. નમસ્કાર હો પદે પદે આત્મ નિમગ્ન વિજ્ઞાનઘન સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રને !

નમસ્કાર હો પદે પદે અમૃતવર્ષિણી 'આત્મખ્યાતિ' અમૃતચંદ્રિકાને !

ૐ

# બીજો ભાગ

પરમર્ષિ ભગવત્ કુંદકુંદાચાર્ય પ્રણીત

# સમયસાર

પરમર્ષિ ભગવત્ અમૃતચંદ્રાચાર્ય વિરચિત
'આત્મખ્યાતિ' ટીકાથી વ્યાખ્યાત

'આત્મખ્યાતિ' ઉપર
ડૉ. ભગવાનદાસ કૃત

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

'અમૃત જ્યોતિ' મહાભાષ્ય કર્ત્તા
ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા
એમ.બી.બી.એસ.

ગાથા કાવ્યાનુવાદ (સજ્ઝાય) : 'આત્મખ્યાતિ'નો અક્ષરશઃ અનુવાદ : ગાથા અને 'આત્મખ્યાતિ' ટીકાના ભાવોદ્ઘાટન રૂપ 'આત્મભાવના' : કલશ પર સમશ્લોકી ઉપરાંત 'અમૃત પદ' (સ્વરચિત) : 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય (સળંગ વિસ્તૃત વિવેચન) : સમગ્ર સમસ્ત કૃતિ ડૉ. ભગવાનદાસ કૃત

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય કર્ત્તાનું મંગલાચરણ

જય આત્મદેવ ! જય આત્મગુરુ !
જય આત્મધર્મ ! જય આત્મગુરુ !... જય આત્મદેવ ! ૧
કુંદકુંદ તે દિવ્યાત્માએ, સમયસાર શુદ્ધાત્મ,
જ્ઞાન ભાણ પ્રગટાવી જગમાં, પ્રગટ કર્યો સહજાત્મ... જય. ૨
દિવ્યાત્મા તે અમૃતચંદ્રે, ઝીલ્યો દિવ્ય પ્રકાશ,
'આત્મખ્યાતિ' જ્યોત્સ્ના વિસ્તારી, સોળે કળા પ્રભાસ... જય. ૩
સ્થળે સ્થળે ત્યાં અમૃત સંભૃત, સ્થાપ્યા **'કળશો'** દિવ્ય,
ભવ્ય જીવોને અમૃત પીવા, આત્મ પ્રગટવા દિવ્ય... જય. ૪
દિવ્યાત્મા તે **અમૃતચંદ્રનો**, ભાસ ઝીલી ચિત્પાત્ર,
દાસ ભગવાન 'અમૃત જ્યોતિ'થી, વિવેચતો સત્ શાસ્ત્ર... જય. ૫

- (ભગવાનદાસ)

# ॥ अथ पुण्यपापाधिकारः ॥३॥

## સમયસાર વ્યાખ્યા 'આત્મખ્યાતિ'માં
## પુણ્યપાપ પ્રરૂપક
## તૃતીય અંક

આ પરમ પરમાર્થગંભીર **'સમયસાર'** અધ્યાત્મક નાટકમાં આગલા અંકમાં કર્મને આત્માથી જૂદું પાડી કાઢી મૂક્યું, હવે તે જ પુદ્ગલમય એક જ કર્મ બે પાત્ર રૂપે વિભક્ત થઈ, પુણ્ય-પાપનો વેષ લઈ, આ તૃતીય અંકમાં પ્રવેશ કરે છે. એનું સૂચન કરતાં **પરમાર્થ મહાકવિ પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** વદે છે કે - 'अथैकमेव कर्मद्विपात्रीभूय पुण्यपापरूपेण प्रविशति' - હવે એક જ કર્મ બે પાત્ર રૂપ થઈ પુણ્ય પાપરૂપે પ્રવેશે છે અને તેનો પ્રવેશ કરાવતાં, આ **'આત્મખ્યાતિકર્ત્તા'** પરમર્ષિ તે કર્મના શુભ-અશુભ દ્વિ રૂપની મોહભ્રાંતિ ટાળનારા **જ્ઞાન-અમૃતચંદ્રનો** ઉદય ઉદ્ઘોષતા આ તત્ત્વામૃત સંભૂત **સમયસાર કળશ** કાવ્યથી (૧) આ અંકનું મંગલ ઉદ્ઘાટન કરે છે -

द्रुतविलंबित

**तदथ कर्म शुभाशुभभेदतो, द्वितयतां गतमैक्यमुपानयन् ।**
**ग्लपितनिर्भरमोहरजा अयं, स्वयमुदेत्यवबोधसुधाप्लवः ॥१००॥**

કરમ તેહ શુભાશુભ ભેદ તો, દ્વિ પણું પામિયું ઐક્ય પમાડતો;
સ્વયમ મોહરજો જ ગાળતો, ઉદિત બોધ સુધાશશિ આ થતો. ૧૦૦

**અમૃત પદ-૧૦૦**

જ્ઞાન-અમૃત ચંદ્ર ઉદય આ પામે, જ્ઞાન અમૃત ચંદ્ર ઉદય આ પામે, (ધ્રુવ પદ)
ઘન અમૃતરસનો જામે, અમૃત રસનો જામે...
મોહરજ નિર્ભર જે ગાળે, સુધારસ વર્ષિ તરબોળે... જ્ઞાન અમૃતચંદ્ર. ૧
તેને ઐક્ય જ જેહ પમાડે, ભેદ વિભ્રમ સર્વ ભગાડે... જ્ઞાન અમૃતચંદ્ર. ૨
એવો મોહરજો ગાળંતો, જ્ઞાન-અમૃતચંદ્ર ઉદંતો,
ભગવાન અમૃતરસ વરષંતો, કર્મ કલિ સકલ કરષંતો... જ્ઞાન અમૃતચંદ્ર. ૩

**અર્થ** - હવે તે કર્મ શુભાશુભ ભેદથી દ્વિપણું પામેલું (તેને) ઐક્ય પમાડતો, નિર્ભર મોહરજ ગાળતો આ સ્વયં અવબોધ સુધાપ્લવ સુધાશશિ (અમૃતચંદ્ર) ઉદિત થાય છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય (વિવેચન)

''વીત્યો કાળ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;
તેહ શુભાશુભ છેદતાં, ઉપજે મોક્ષ સ્વભાવ.''

**- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૮૭**

પુદ્ગલ રૂપ કર્મ વસ્તુતઃ એક જ છે, પણ તે નાટકના પાત્રની જેમ અત્રે આ અધ્યાત્મ નાટકનાં બે પાત્ર રૂપ બની શુભ-અશુભ પુણ્ય-પાપનો વેષ ધારણ કરી પ્રવેશ કરે છે

**એક જ પુદ્ગલ કર્મના બે વેષ :- શુભાશુભ-પુણ્ય પાપ** 'तदथ कर्म शुभाशुभभेदतो' પુણ્યનો વેષ ઉજ્જ્વલ-શુભ્ર હોઈ તે શુભ પ્રતિભાસે છે, પાપનો વેષ કૃષ્ણ-અશુભ હોઈ તે અશુભ પ્રતિભાસે છે. એક ને એક પુદ્ગલમય કર્મના આ બે પ્રકારના બાહ્ય વેષથી ભ્રાંતિ પામી, તેના આંતર સ્વરૂપને નહિ જાણતો મુગ્ધ મોહમૂઢ જન તે કર્મને શુભ-અશુભ એમ બે ભેદરૂપ કલ્પે છે, પણ

**નિર્ભર**-ગાઢ મોહરજને ગાળી નાંખતો **'અવબોધ-સુધાપ્લવ'** - **જ્ઞાન-અમૃતચંદ્ર** જેને ઉદય પામ્યો છે એવો **દૃષ્ટા જ્ઞાની**જન તો પુણ્ય-પાપના આ બાહ્ય વેષાડંબરથી ભ્રાંતિ નહિ પામતાં, તેના **અંતર્ગત તત્ત્વસ્વરૂપ પ્રત્યે** દૃષ્ટિ ઠેરવી, તે બન્નેને ઐક્ય પમાડતો, એક અભેદ પુદ્ગલ રૂપ કર્મ જાણે છે - 'द्वितयतां गतमैक्यमुपानयन्', નાટકમાં જેમ વિચક્ષણ પ્રેક્ષક દૃષ્ટા વેષપલટો કરી આવેલા નટને તાબડતોબ ઓળખી કાઢે છે, તેમ અત્રે આ **સમયસાર અધ્યાત્મ નાટકમાં** પણ આત્મદૃષ્ટા જ્ઞાની પુરુષ તે બે રૂપે વેષ પલટો કરી આવેલા કર્મ-નટને શીઘ્ર ઓળખી કાઢે છે અને બોલી ઉઠે છે કે - અલ્યા ! તું તો એકનો એક છો ! અમે તને પગથી માથા સુધી સારી પેઠે ઓળખીએ છીએ, તું અમને ભૂલાવામાં નાંખવા માટે **શુભ-અશુભ પુણ્ય**-પાપરૂપે ગમે તેટલા વેષપલટા કરે, **પણ અમે તેથી લેશ પણ મોહ-ભ્રાંતિ પામીએ એમ નથી,** કારણકે જ્ઞાન સુધારસથી આત્માને પ્લાવિત કરનાર-તરબોળ કરનાર 'અવબોધ સુધાપ્લવ' - **જ્ઞાન અમૃતચંદ્ર** અમને ઉદય પામ્યો છે.

**અને એવા અવબોધ સુધાપ્લવ** - જ્ઞાન 'અમૃતચંદ્ર' આત્મામાં પ્લાવિત થનારા - સુધારસ તરબોળ બની નિમજ્જન કરનારા આ સાક્ષાત્ 'અવબોધ સુધાપ્લવ' **અમૃતચંદ્ર મહાકવિ** અદ્ભુત આત્મનિશ્ચયથી પ્રકાશે છે કે - આ અમે જે સમયસારનું પરમ મહિમા ઉત્કીર્તન કરતું આ **'આત્મખ્યાતિ'** વ્યાખ્યાન કરી રહ્યા છીએ, તે આ 'અવબોધ સુધાપ્લવ' - જ્ઞાન - અમૃતચંદ્ર (આત્મા) - નિર્ભર મોહરજને ગાળી નાંખ્યો છે જેણે એવો - સ્વયં ઉદય પામે છે, ग्लपित-निर्भरमोहरजा अयं स्वयमुदेत्यवबोधसुधाप्लवः । અર્થાત્ 'અવ' એટલે વસ્તુ સ્વરૂપની - સમયની મર્યાદા પ્રમાણે વસ્તુનો - સમયનો 'બોધ' કરનારો આ અવબોધ રૂપ - જ્ઞાન રૂપ સુધા વર્ષાવનારો 'સુધાપ્લવ' - અમૃતચંદ્ર સ્વયં ઉદય પામે છે - કે જે નિર્ભર - ગાઢપણે ભરેલી મોહધૂલિને ગાળી નાંખે છે, **મોહ-રજને નિર્જરી નાંખે છે.**

**મોહરજ ગાળતા 'અવબોધ સુધાપ્લવનો' જ્ઞાન - અમૃતચંદ્રનો સમુદય**

**અને જેણે આવી જ્ઞાનામૃત** - સુધારસ વર્ષાવ્યો છે એવા સાક્ષાત્ 'અવબોધ સુધાપ્લવ' **અમૃતચંદ્રજી મહાકવિ** આ અધિકારનું રહસ્ય માર્મિકપણે દાખવતો અન્યોક્તિરૂપ કળશ પ્રકાશે છે -



**સમયસાર કળશ (૨) પ્રકાશે છે -**

मंदाक्रांता

**एको दूरात्त्यजति मदिरां ब्राह्मणत्वाभिमाना -**
**दन्यः शूद्रः स्वयमहमिति स्नाति नित्यं तयैव ।**
**द्वावप्येतौ युगपदुदरान्निर्गतौ शूद्रिकायाः,**
**शूद्रौ साक्षादथ[1] च चरतो जातिभेदभ्रमेण ॥१०१॥**

એક ત્યાગે દૂરથી મદિરા બ્રાહ્મણો માન માતો,
બીજો શૂદ્ર સ્વયમ હું ગણી નિત્ય તેથી જ ન્હાતો;
જન્મ્યા બન્ને જુગલ જુગપત્ પેટથી શૂદ્રિકાના,
શૂદ્રો સાક્ષાત્ વિચરી જ રહ્યા જાતિ ભ્રાંતિથી નાના. ૧૦૧

## અમૃત પદ-૧૦૧

'જ્ઞાનને ઉપાસીએ' - એ રાગ

શૂદ્રિકા ઉદરે જોડલે જન્મ્યા, શૂદ્રો સાક્ષાત્ બે બાલ,
જાતિભેદ ભ્રમે ભમી રહ્યા તે, જુઓ ! જુઓ ! તસ હાલ... શૂદ્રિકા ઉદરે. ૧
એક તો ઉછર્યું ઘરે બ્રાહ્મણના, બીજું શૂદ્રના ઘેર,
તે તે જાતિરૂપ માને પોતાને, જુઓ સંગતનો ફેર !... શૂદ્રિકા ઉદરે. ૨
એક ત્યજે છે દૂરથી મદિરા, ધરી બ્રાહ્મણત્વ અભિમાન,
બીજો મદિરાથી ન્હાય છે નિત્યે, શૂદ્રપણું નિજ માન... શૂદ્રિકા ઉદરે. ૩
પણ આ બન્ને તો શૂદ્રિકા ઉદરે, જોડલે જન્મ્યા બે બાલ,
સાક્ષાત્ શૂદ્રો આ ભમી રહ્યા છે, જાતિભેદ ભ્રમે હાલ... શૂદ્રિકા ઉદરે. ૪
સ્વભાવોક્તિમય અન્યોક્તિથી કહ્યું, ભગવાન અમૃતચંદ્ર,
પુણ્ય-પાપ એક પુદ્ગલ જાતિ, મર્મ સમજી લ્યો આનંદ... શૂદ્રિકા ઉદરે. ૫

**અર્થ** - એક બ્રાહ્મણપણાના અભિમાન થકી દૂરથી મદિરા ત્યજે છે, બીજો 'હું શૂદ્ર છું' એમ માની નિત્ય તે (મદિરા) વડે જ સ્નાન કરે છે ! આ બન્નેય શૂદ્રિકાના ઉદરમાંથી યુગપત્ - એકીસાથે નીકળેલા સાક્ષાત્ બે શૂદ્રો છે, છતાં તેઓ જાતિભેદના ભ્રમથી વિચરે છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"ઝેર ને અમૃત સરખાં છે એમ જ્ઞાનીઓએ કહ્યું હોય તો તે અપેક્ષિત છે. ઝેર અને અમૃત સરખાં કહેવાથી ઝેર ગ્રહણ કરવાનું કહ્યું છે એમ નથી. આજ રીતે શુભ અને અશુભ બન્ને ક્રિયાના સંબંધમાં સમજવું." - **શ્રીમદ્ રાજચંદ્ર, ઉપદેશ છાયા (૯૫૭)**

**મહાકવિ અમૃતચંદ્રજીની અદ્ભુત અન્યોક્તિ : શૂદ્રિકાના બે જોડકાં બાળક**

અત્રે આર્ષ દૃષ્ટા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પોતાની અનન્ય લાક્ષણિક શૈલીથી ઉત્તમ તાદૃશ્ય ચિત્રમય **સ્વભાવોક્તિ** સંયુક્ત **અન્યોક્તિ** રજૂ કરી, ગ્રંથ સહસ્રથી પણ ન દાખવી શકાય એવું પરમ તત્ત્વરહસ્ય અનંત અનંત ગુણવિશિષ્ટ સુગમતાથી પ્રકાશી, કર્મના શુભાશુભ ભેદ સંબંધિની ભ્રાંતિ ભાંગી નાંખી છે; એક ચંડાળણીના (શૂદ્રિકાના) પેટે બે બાળક જોડકે (Joint) જન્મ્યા, તેમાંથી એક

[1] પાઠાંતર साक्षादपि

બ્રાહ્મણને ઘેર ઉછર્યું, બીજું તે ચંડાળને પોતાને ઘેર ઉછર્યું. બ્રાહ્મણને ઘેર ઉછરેલું બાળક બ્રાહ્મણ જાતિના શુચિ સંસ્કાર પામ્યું અને ચંડાળને ઘેર ઉછરેલું બાળક ચંડાળ જાતિના અશુચિ સંસ્કાર પામ્યું. એટલે પ્હેલું બાળક 'હું બ્રાહ્મણ છું' એમ બ્રાહ્મણપણાના અભિમાન થકી મદિરાને (દારૂને) દૂરથી ત્યજે છે, હાથ પણ લગાડતો નથી - 'एको दूरात् त्यजति मदिरां ब्राह्मणत्वाभिमानात्', અને બીજું બાળક 'હું સ્વયં શૂદ્ર છું' એમ સમજી રોજ રોજ તે મદિરા (દારૂ) વડે જ સ્નાન કરે છે ! - 'अन्यः शूद्रः स्वयमहमिति स्नाति नित्यं तथैव' । પણ મૂળ સ્વરૂપથી જોઈએ તો એ બન્ને ચંડાળણીના પેટે જોડકે જન્મેલા (Joint) સાક્ષાત્ શૂદ્રો - ચંડાલો છે, 'द्वावप्येतौ युगपदुरान्निर्गतौ शूद्रिकायाः', પણ હું બ્રાહ્મણ છું, હું શૂદ્ર છું, એમ મિથ્યાભિમાનથી જાતિભેદના ભ્રમથી વિચરી રહ્યા છે, અમે જૂદી જાતિના છીએ એવી ભ્રાંતિથી ભમી રહ્યા છે, 'शूद्रौ साक्षादथ च चरतो जातिभेदभ्रमेण' । આ દૃષ્ટાંત પરથી પોતાની અપૂર્વ નૈસર્ગિક કવિત્વપૂર્ણ **સ્વભાવોક્તિમય** અન્યોક્તિથી અપૂર્વ કાવ્યચમત્કૃતિ ચમકાવતા **પરમાર્થ મહાકવીશ્વર અમૃતચંદ્રજીએ** એ સિદ્ધાંત ધ્વનિત કર્યો છે કે - જેમ તે બન્ને બાળકો* ચંડાળણીના ઉદરના - એક જ હીન જાતિના હોઈ અસ્પર્શ્ય છે, તેમ પુણ્ય-પાપ એ બન્ને બાળકો (off-spring) પુદ્ગલ જાતિરૂપ ચંડાળણીના ઉદરના - એક જ હીન જાતિના હોઈ આત્માને 'અસ્પર્શ્ય' છે - સ્પર્શ કરવા યોગ્ય નથી, અર્થાત્ બન્ને અશુચિ પુદ્ગલરૂપ - પર વસ્તુરૂપ હોઈ આત્માને અત્યંત હેય - ત્યજવા યોગ્ય છે.

આકૃતિ

| | | |
|---|---|---|
| શૂદ્રિકા | શૂદ્ર - બ્રાહ્મણ - મદિરા ત્યાગી | - જાતિભેદ ભ્રમથી વિચરતા |
| જાડલા શૂદ્રો | શૂદ્ર - ચંડાળ - મદિરા સ્વાદી | - સાક્ષાત્ શૂદ્રૌ |

આમ આ અદ્ભુત અધ્યાત્મ નાટકના આ પુણ્ય-પાપ અધિકાર રૂપ ત્રીજા અંકનું અદ્ભુત નાટકીય રીતિથી (Dramatic style) ભવ્ય ઉદ્ઘાટન (grand opening ceremony) કરતા તત્ત્વામૃત સંભૃત બે હૃદયંગમ કળશ કાવ્યો અપૂર્વ તત્વકલાથી ગૂંથીને મહાનિર્ગ્રંથ મુનીશ્વર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** સૂત્રાવતાર કરે છેઃ -

*"यथा द्वावर्भकौ जातौ शूद्रिकायास्तथोदरात् ।
शूद्रावभ्रान्तितस्तौ द्वौ कृतो भेदो भ्रमात्मना ॥" - શ્રી પંચાધ્યાયી, દ્વિ.અ. શ્લો. ૫૮૩

**कम्ममसुहं कुसीलं सुहकम्मं चावि जाणह सुसीलं ।**
**कह तं होदि सुसीलं जं संसारं पवेसेदि ॥१४५॥**

('સંભવ દેવ તે ધુર સેવો સવે રે' - એ રાગ)

**(કાવ્યાનુવાદઃ સજ્ઝાય)**

કર્મ અશુભ કુશીલ જાણો તમે રે, ને શુભ કર્મ સુશીલ;
જેહ પ્રવેશાવે સંસારમાં રે, તે ક્યમ હોય સુશીલ ?
... કર્મ શુભાશુભ બેય કુશીલ છે રે, શુદ્ધ સ્વભાવ સુશીલ. ૧૪૫

**ગાથાર્થ** - અશુભ કર્મને કુશીલ અને શુભ કર્મને સુશીલ તમે જાણો છો, (પણ) તે સુશીલ કેમ હોય છે ? કે જે સંસારમાં પ્રવેશાવે છે. ૧૪૫

**आत्मख्यातिटीका**

**कर्माशुभं कुशीलं शुभकर्म चापि जानीत सुशीलं ।**
**कथं तद् भवति सुशीलं यत्संसारं प्रवेशयति ॥१४५॥**

शुभाशुभजीवपरिणामनिमित्तत्वे सति कारणभेदात्
शुभाशुभपुद्गलपरिणाममयत्वे सति स्वभावभेदात्
शुभाशुभफलपाकत्वे सत्यनुभवभेदात्
शुभाशुभमोक्षबंधमार्गाश्रितत्वे सत्याश्रयभेदात्

चैकमपि **कर्म** किंचिच्छु**भं** किंचिद**शुभ**मिति केषांचित्किल **पक्षः, स तु प्रतिपक्षः** । तथाहि -

**शुभोऽशुभो वा जीवपरिणामः केवलाज्ञानत्वादेकस्तदेकत्वे सति कारणाभेदात् एकं कर्म ।**
**शुभोऽशुभो वा पुद्गलपरिणामः केवलपुद्गलमयत्वादेकस्तदेकत्वे सति स्वभावाभेदादेकं कर्म ।**
**शुभोऽशुभो वा फलपाकः केवलपुद्गलमयत्वादेकस्तदेकत्वे सत्यनुभवाभेदादेकं कर्म ।**
**शुभाशुभौ मोक्षबंधमार्गौ तु प्रत्येकं केवलजीवपुद्गलमयत्वादनेकौ**
**तदनेकत्वे सत्यपि केवलपुद्गलमयबंधमार्गाश्रितत्वेनाश्रयाभेदादेकं कर्म ॥१४५॥**

---

**आत्मभावना** -

अशुभं कर्म कुशीलं - અશુભ કર્મને કુશીલ - કુત્સિત શીલવાળું, शुभकर्म चापि सुशीलं - અને શુભ કર્મને સુશીલ - સુંદર શીલવાળું તમે જાણો છો, (પણ) कथं तद् भवति सुशीलं - તે સુશીલ કેમ હોય છે ? यत्संसारं प्रवेशयति - કે જે સંસાર પ્રવેશાવે છે, સંસારમાં પ્રવેશ કરાવે છે. ॥ इति गाथा आत्मभावना ॥१४५॥

एकमपि कर्म - એક પણ કર્મ किंचिच्छुभं किंचिदशुभमिति - કિંચિત્ - કંઈક શુભ કિંચિત્ અશુભ એવો केषांचित् किल पक्षः - કેટલાકોનો ખરેખર ! પક્ષ છે. એવો પક્ષ શાને લીધે છે ? (૧) शुभाशुभजीवपरिणामनिमित्तत्वे सति - શુભ - અશુભ જીવ - પરિણામ નિમિત્તપણું સતે कारणभेदात् - કારણ ભેદને લીધે, (૨) शुभाशुभपुद्गलपरिणाममयत्वे सति - શુભ - અશુભ પુદ્ગલ પરિણામમયપણું સતે स्वभावभेदात् - સ્વભાવ ભેદને લીધે, (૩) शुभाशुभफलपाकत्वे सति - શુભ - અશુભ ફલપાકપણું સતે अनुभवभेदात् - અનુભવ ભેદને લીધે, (૪) शुभाशुभमोक्षबंधमार्गाश्रितत्वे सति - શુભ૧ - અશુભ૨ મોક્ષ૧ - બંધ૨ માર્ગનું આશ્રિતપણું સતે અર્થાત્ અનુક્રમે શુભ એવા મોક્ષમાર્ગનું અને અશુભ એવા બંધ માર્ગનું આશ્રય કરાયાપણું સતે आश्रयभेदात् - આશ્રય ભેદને લીધે - એમ ચાર કારણને લીધે એક પણ કર્મ કિંચિત્ શુભ કિંચિત્ અશુભ એવો કેટલાકોનો ખરેખર ! પક્ષ છે, स तु प्रतिपक्षः - પણ તે પક્ષ તો પ્રતિપક્ષ છે, પ્રતિ - તે પક્ષની વિરુદ્ધ જતો ઉલટો સામો પક્ષ છે. કેવી રીતે પ્રતિપક્ષ છે ? तथा हि -

## આત્મખ્યાતિ ટીકાર્થ

(૧) શુભાશુભ જીવ પરિણામનું નિમિત્તપણું સતે કારણભેદને લીધે,

(૨) શુભાશુભ પુદ્ગલ પરિણામમયપણું સતે સ્વભાવ ભેદને લીધે,

(૩) શુભાશુભ ફલપાકપણું સતે અનુભવ ભેદને લીધે અને

(૪) શુભાશુભ મોક્ષ બંધ માર્ગ - આશ્રિતપણું સતે આશ્રય ભેદને લીધે,

એક પણ કર્મ કિંચિત્ શુભ કિંચિત્ અશુભ એમ કોઈનો (કેટલાકોનો) ખરેખર ! પક્ષ છે, પણ તે તો પ્રતિપક્ષ છે. તે આ પ્રકારે -

(૧) શુભ વા અશુભ જીવ પરિણામ કેવલ અજ્ઞાનપણાને લીધે એક છે,
તેનું એકત્વ સતે સ્વભાવ અભેદને લીધે કર્મ એક છે,

(૨) શુભ વા અશુભ પુદ્ગલ પરિણામ કેવલ પુદ્ગલમયપણાને લીધે એક છે,
તેનું એકત્વ સતે સ્વભાવ અભેદને લીધે કર્મ એક છે,

(૩) શુભ વા અશુભ ફલપાક કેવલ પુદ્ગલમયપણાને લીધે એક છે,
તેનું એકત્વ સતે અનુભવ અભેદને લીધે કર્મ એક છે,

(૪) શુભ૧ - અશુભ૨ મોક્ષ[1] - બંધમાર્ગ[2] એ બન્ને તો પ્રત્યેકપણે
કેવલ જીવ૧ - પુદ્ગલ૨મયપણાને લીધે અનેક છે,
તેનું અનેકપણું સતે પણ કેવલ પુદ્ગલમય બંધમાર્ગના આશ્રિતપણાએ કરીને આશ્રય અભેદને લીધે કર્મ એક છે. ૧૪૫

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય (વિવેચન)

''ક્રિયા, શુભ અને અશુભનો નિષેધ કહ્યો હોય તો મોક્ષની અપેક્ષાએ છે. તેથી કરી શુભ અને અશુભ ક્રિયા સરખી છે એમ ગણી લઈ શુભ ક્રિયા કરવી નહીં, એવું જ્ઞાની પુરુષનું કથન હોય જ નહીં. સત્પુરુષનું વચન અધર્મમાં ધર્મનું સ્થાપન કરવાનું હોય જ નહીં.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩, ઉપદેશ છાયા, (૯૫૭)**

**''पुण्यं कर्म शुभं प्रोक्तमशुभं पापमुच्यते ।**
**तत्कथं तु शुभं जंतून् यत् पातयति जन्मनि ? ॥''**

**- શ્રી યશોવિજયજી કૃત અધ્યાત્મસાર, ૧૮-૬૦**

---

(૧) शुभोऽशुभो वा जीवपरिणामः एकः - શુભ વા અશુભ જીવપરિણામ એક છે, શાથી ? केवलाज्ञानत्वाद् - કેવલ અજ્ઞાનપણાથી तदेकत्वे सति - તેનું જીવ - પરિણામનું એકપણું સતે, कारणाभेदात् - કારણ અભેદને લીધે - एकं कर्म - કર્મ એક છે, (૨) शुभोऽशुभो वा पुद्गलपरिणामः एकः - શુભ વા અશુભ પુદ્ગલપરિણામ એક છે, શાથી ? केवलपुद्गलमयत्वाद् - કેવલ પુદ્ગલમયપણાથી तदेकत्वे सति - તેનું - પુદ્ગલપરિણામનું એકપણું સતે स्वभावाभेदात् - સ્વભાવ અભેદને લીધે - एक कर्म - કર્મ એક છે, (૩) शुभोऽशुभो वा फलपाकः एकः - શુભ વા અશુભ ફલપાક એક છે, શાથી ? केवलपुद्गलमयत्वाद् - કેવલ પુદ્ગલમયપણાથી, तदेकत्वे सति - તેનું - શુભ - અશુભ ફલપાકનું એકપણું સતે, अनुभवाभेदात् - અનુભવ અભેદને લીધે एकं कर्म - કર્મ એક છે. (૪) शुभाशुभौ मोक्षबंधमार्गौ अनेकौ - શુભ-અશુભ મોક્ષમાર્ગ - બંધમાર્ગ અનેક - એક નહિ એવા જૂદા જૂદા છે, શાથી ? प्रत्येकं केवलजीवपुद्गलमयत्वाद् - પ્રત્યેકપણે કેવલ જીવમયપણાથી, કેવલ પુદ્ગલમયપણાથી, तदनेकत्वे सत्यपि - તેનું તે મોક્ષમાર્ગનું અને બંધમાર્ગનું અનેકપણું - વિભિન્નપણું સતે પણ केवलपुद्गलमयबंधमार्गाश्रितत्वेन - કેવલ પુદ્ગલમય બંધમાર્ગના આશ્રિતપણાએ કરી आश्रयाभेदात् - આશ્રય અભેદને લીધે एकं कर्म - કર્મ એક છે. આમ કારણ અભેદને લીધે, સ્વભાવ અભેદને લીધે, અનુભવ અભેદને લીધે અને આશ્રય અભેદને લીધે કર્મ એક છે. ॥ इति 'आत्मख्याति' आत्मभावना ॥१४५॥

"દુષ્ટભાવ પાપહેતુ સુષ્ઠ ભાવ પુણ્યહેતુ, યાતે દોઉં કર્મમાંહિ હેતુભેદ માનીએ,
પાપ ઉદૈ હે અસાતા પુણ્ય હોય સાતા, પાતે ક્ષાર મિષ્ટ રૂપ સ્વાદભેદ ઠાનીએ,
પાપ તો કુગતિ દૈય પુણ્ય સદ્ગતિ દૈય, ગતિ ભેદ પરતક્ષ ફલ ભેદ જાતિ આનીએ."

**- શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ', ૩-૮૪**

કોઈ જનો અશુભ કર્મને **'કુશીલ'** - કુત્સિત દુષ્ટ શીલ - સ્વભાવવાળું અને શુભ કર્મને **'સુશીલ'** - સુંદર શિષ્ટ શીલ - સ્વભાવવાળું માને છે, પણ જે સંસારમાં પ્રવેશાવે છે તે સુશીલ કેમ હોય વારુ ? 'किह तं होदि सुसीलं जं संसारं पवेसेदि ।' એમ સામાને નિરુત્તર કરી દ્યે એવો સીધો સાદો પ્રશ્ન (Poser) અત્રે **શાસ્ત્રકર્ત્તા પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** પોતાની અનન્ય લાક્ષણિક શૈલીથી આત્માર્થી મુમુક્ષુઓની સામે સદ્ વિચારણાર્થે મૂક્યો છે અને **'આત્મખ્યાતિ' સૂત્ર કર્ત્તા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અપૂર્વ વ્યાખ્યાથી તેના ભાવને અનંતગુણ વિશિષ્ટ પરિપુષ્ટ કરી પરિસમૃદ્ધ કર્યો છે અને તેનો સંક્ષેપ ભાવાર્થ એ છે કે - શુભ - અશુભ બન્ને જ્યાં સંસાર બંધનના હેતુ હોઈ **'કુશીલ'** છે, ત્યાં કર્મનો કુશીલ - સુશીલ ભેદ માનવો કૃત્રિમ છે, કારણકે કર્મ તો એક પુદ્ગલરૂપ છતાં કંઈ કર્મ શુભ અને કંઈ કર્મ અશુભ એમ કેટલાક લોકો ભેદ કલ્પના કરે છે, તે મતિ વિભ્રમ માત્ર છે. તે આ પ્રકારે -

**કારણ, સ્વભાવ, અનુભવ ને આશ્રયના ભેદથી કંઈ કર્મ શુભ કંઈ કર્મ અશુભ એવો પક્ષ તે પ્રતિપક્ષ**

(૧) કંઈ કર્મને શુભ જીવ પરિણામનું નિમિત્તપણું હોય છે અને કંઈ કર્મને અશુભ જીવ પરિણામનું નિમિત્તપણું હોય છે, અર્થાત્ કંઈ કર્મ શુભ જીવ પરિણામના નિમિત્ત કારણે ઉપજે છે અને કંઈ કર્મ અશુભ જીવ પરિણામના નિમિત્ત કારણે ઉપજે છે, **એમ કારણનો ભેદ છે એટલા માટે,** 'कारणभेदात्', (૨) કંઈ કર્મ શુભ પુદ્ગલ-પરિણામમય હોય છે ને કંઈ કર્મ અશુભ પુદ્ગલ પરિણામમય હોય છે, અર્થાત્ પુદ્ગલ પરિણામનું બનેલું હોય છે, એમ સ્વભાવનો ભેદ છે એટલા માટે - 'स्वभावभेदात्', (૩) કંઈ કર્મ ઉદય આવ્યે શુભ ફલવિપાક રૂપ અનુભવ આપે છે ને કંઈ કર્મ અશુભ ફલ વિપાક રૂપ અનુભવ આપે છે, એમ અનુભવનો ભેદ છે એટલા માટે - 'अनुभवभेदात्', અને (૪) કંઈ કર્મ શુભ મોક્ષ માર્ગનું આશ્રિત છે ને કંઈ કર્મ અશુભ બંધ માર્ગનું આશ્રિત છે, અર્થાત્ કંઈ કર્મ શુભ એવા મોક્ષમાર્ગનો આશ્રય કરી રહેલું છે ને કંઈ કર્મ અશુભ એવા બંધ માર્ગનો આશ્રય કરી રહેલું છે, એમ આશ્રયનો ભેદ છે એટલા માટે - 'आश्रय भेदात्', એવા પ્રકારે ચાર કારણને લીધે किंचित् शुभं किंचित् अशुभं - કંઈ કર્મ શુભ છે અને કંઈ કર્મ અશુભ છે, એમ એક જ કર્મમાં પણ ભેદ માનતો પક્ષ કોઈ જનો ગ્રહે છે, 'इति केषांचित् पक्षः' અર્થાત્ તે પક્ષ તેમના પોતાના **'પ્રતિ'** - વિરુદ્ધ **'પક્ષ'**માં જતો હોવાથી **પ્રતિપક્ષ જ છે !** તેમણે રજૂ કરેલી ચારે યુક્તિ તેમનાથી વિરુદ્ધ પડી તેમના પક્ષનું જ નિરાકરણ કરે છે. તે જુઓ ! આ પ્રકારે -

(૧) જીવનો શુભ પરિણામ હોય કે અશુભ પરિણામ હોય, પણ તે બન્ને કેવલ - માત્ર અજ્ઞાન રૂપ જ છે, એટલે 'केवलाज्ञानत्वात्' - 'કેવલ અજ્ઞાનપણાને લીધે' જીવનો શુભ - અશુભ પરિણામ એક છે, એટલે આમ તેનું એકપણું છે, એટલે અમુક કર્મનો નિમિત્ત હેતુ શુભ જીવપરિણામ ને અમુક કર્મનો નિમિત્ત હેતુ અશુભ જીવપરિણામ એમ કારણનો ભેદ ઘટતો નથી, એટલે **કારણ અભેદને લીધે કર્મ એક છે** - 'कारणाभेदादेकं कर्म', અર્થાત્ એક **અજ્ઞાન રૂપ** શુભાશુભ જીવપરિણામ નિમિત્તે ઉત્પન્ન થતું કર્મ એક રૂપ છે, (૨) શુભ પુદ્ગલપરિણામ હોય કે અશુભ પુદ્ગલપરિણામ હોય, પણ તે બન્ને કેવલ પુદ્ગલમય છે, એટલે 'કેવલ પુદ્ગલમયપણાને લીધે' - केवलपुद्गलमयत्वात् એક છે અને આમ તે બન્નેનું એકપણું છે, એટલે અમુક કર્મ શુભ પુદ્ગલપરિણામ રૂપ ને અમુક કર્મ અશુભ પુદ્ગલ પરિણામ રૂપ એમ સ્વભાવનો ભેદ ઘટતો નથી. એટલે કેવળ એક પુદ્ગલમયપણાએ કરીને **સ્વભાવ અભેદને લીધે કર્મ એક છે** - એક રૂપ છે - 'स्वभावाभेदादेकं कर्म' (૩) કર્મનો ઉદય રૂપ ફલપાક શુભ હોય કે

અશુભ હોય, પણ તે બન્ને પુદ્‌ગલમય છે, એટલે 'કેવલ પુદ્‌ગલમયપણાને લીધે' - 'केवल पुद्‌गलमयत्वात्' - એક છે અને આમ તેનું એકપણું છે, એટલે અમુક કર્મ ઉદય આવ્યે શુભ ફલ વિપાકનો અનુભવ આપે છે ને અમુક કર્મ અશુભ ફલ વિપાકનો અનુભવ આપે છે, એમ તેના અનુભવનો ભેદ ઘટતો નથી. એટલે એક પુદ્‌ગલમય 'અનુભવ અભેદને લીધે' કર્મ એક છે - એકરૂપ છે - 'अनुभवाभेदादेकं कर्म' । અને –

**શુભ-અશુભ બન્નેનું કેવલ પુદ્‌ગલમય બંધમાર્ગ આશ્રિતપણું**

(૪) શુભાશુભ મોક્ષમાર્ગ અને અશુભ એવા બે મોક્ષ બંધ માર્ગો 'પ્રત્યેકપણે કેવલ જીવ-પુદ્‌ગલમયપણાને લીધે' અનેક છે - 'शुभाशुभौ मोक्षबंधमार्गौ तु प्रत्येकं जीवपुद्‌गलमयत्वादनेकौ', અર્થાત્ મોક્ષમાર્ગ કેવલ આત્માશ્રિત હોવાથી કેવલ જીવમય - આત્મમય છે અને અશુભ એવો બંધમાર્ગ કેવલ પરાશ્રિત - પુદ્‌ગલાશ્રિત હોવાથી કેવલ પુદ્‌ગલમય છે, આમ કેવલ જીવમયપણાને લીધે શુભ - પ્રશસ્ત એવો મોક્ષમાર્ગ ને કેવલ પુદ્‌ગલમયપણાને લીધે અશુભ એવો બંધમાર્ગ પ્રત્યેક જૂદો જૂદો હોવાથી અનેક છે અને આમ મોક્ષમાર્ગ - બંધમાર્ગનું અનેકપણું છે, એટલે કોઈ કર્મ (પુણ્ય) શુભ મોક્ષમાર્ગનું આશ્રિત છે ને કોઈ કર્મ (પાપ) અશુભ બંધમાર્ગનું આશ્રિત છે એવો વિપર્યસ્તમતિએ ઉપર કલ્પ્યા પ્રમાણે ભેદ ઘટતો નથી, કારણકે તે કલ્પિત ભેદ પ્રમાણેના શુભ - અશુભ બન્ને પ્રકારના કર્મનું (પુણ્ય-પાપનું) કેવલ પુદ્‌ગલમય બંધમાર્ગનું આશ્રિતપણું છે - 'केवलपुद्‌गलमयबंधमार्गाश्रितत्वेन ।' અર્થાત્ ભ્રાંત મતિથી તમે કલ્પેલું શુભ કર્મ પણ શુભ એવા મોક્ષમાર્ગનું આશ્રિત નથી, પણ કેવલ અશુભ એવા બંધમાર્ગનું જ આશ્રિત છે, શુભ કર્મને મોક્ષમાર્ગનું આશ્રિત માનવું, એ જ મહાભ્રાંતિ છે. કારણકે શુભ કર્મ કહેવાતું હોય કે અશુભ કર્મ કહેવાતું હોય, પણ તે બન્નેય કેવલ પરાશ્રિત એવા પુદ્‌ગલમય બંધમાર્ગનો જ આશ્રય કરે છે, એટલે 'આશ્રય અભેદને લીધે' કર્મ એક છે - એકરૂપ છે - 'आश्रयाभेदादेकं कर्म' ।

**પક્ષ તે પ્રતિપક્ષ !**

આમ કારણ અભેદને લીધે, સ્વભાવ અભેદને લીધે, અનુભવ અભેદને લીધે અને આશ્રય અભેદને લીધે - એમ ચાર ઉક્ત પક્ષના પ્રતિપક્ષ કારણપણાને લીધે પુદ્‌ગલમય શુભ - અશુભ કર્મ એક છે, इति स्थितं । અર્થાત્ શુભ-અશુભ એ વિશેષણ પર ભાર દઈ પ્રથમ પક્ષકારે કર્મની શુભ-અશુભ એમ ભેદ કલ્પના કરી હતી, તે ભેદ કલ્પના જીવપરિણામ - પુદ્‌ગલપરિણામ રૂપ વિશેષ્ય પર ભાર દેતાં નિર્મૂળ થાય છે, એટલે કે કારણ ભેદને લીધે, સ્વભાવ ભેદને લીધે, અનુભવ ભેદને લીધે અને આશ્રય ભેદને લીધે જે શુભ-અશુભ કર્મનો 'પક્ષ' બન્યો હતો, તે આમ મહા નૈયાયિક - મહા દાર્શનિક પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ અજબ કુશલતાથી નિયુક્ત કરેલી નિષ્તુષ યુક્તિથી કારણ અભેદને લીધે, સ્વભાવ અભેદને લીધે, અનુભવ અભેદને લીધે અને આશ્રય અભેદને લીધે સ્વયં 'પ્રતિપક્ષ' જ બની ગયો !

''પુણ્ય પાપ દોનું પ્રકૃતિ, હૈ પુદ્‌ગલ કો ખંધ,

ઈન પર આતમ બુદ્ધિ જો, ઈહ કરમકો બંધ.'' - **શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્યપ્રકાશ', ૩-૮૩**

હવે આ વસ્તુ વિશેષ સમજવા માટે શાસ્ત્રીય રીત્યા પુનઃ વિશેષ વિચારણા કરીએ. અત્રે કેટલાક લોકો એમ માને છે કે કંઈક કર્મ શુભ છે અને કંઈક કર્મ અશુભ છે, તેઓની આ માન્યતા તેઓએ માનેલા આ ચાર હેતુ પર નિર્ભર છે (૧) કારણ ભેદ, (૨) સ્વભાવ ભેદ, (૩) અનુભવ ભેદ, (૪) આશ્રય ભેદ. તે આ પ્રકારે -

**૧. કારણ ભેદ : શુભોપયોગથી શુભ કર્મ, અશુભોપયોગથી અશુભ કર્મ.**

શુભ કર્મનું નિમિત્ત કારણ જીવના શુભ ભાવ - શુભ જીવ પરિણામ છે, અશુભ કર્મનું નિમિત્ત કારણ જીવના અશુભ ભાવ - અશુભ જીવ પરિણામ છે, અર્થાત્ જીવના મંદ કષાય રૂપ - વિશુદ્ધિ

પરિણામરૂપ શુભોપયોગ એ શુભ કર્મનું કારણ છે અને જીવના તીવ્ર કષાય રૂપ - સંક્લેશ પરિણામ રૂપ અશુભ ઉપયોગ એ અશુભ કર્મનું કારણ છે. એમ કારણનો ભેદ છે તેથી કર્મનો શુભાશુભ ભેદ છે. આ અંગે **'પંચાસ્તિકાય'માં*** કહ્યું છે કે - (૧) 'મોહ રાગ દ્વેષ અને ચિત્તપ્રસાદ જેના ભાવમાં વિદ્યમાન છે, તેનો શુભ વા અશુભ પરિણામ હોય છે. (૨) શુભ પરિણામ તે જીવનું પુણ્ય (અર્થાત્ ભાવ પુણ્ય) અશુભ તે પાપ (ભાવ પાપ) હોય છે, બન્નેનો (પુણ્ય-પાપનો) પુદ્ગલ માત્ર ભાવ કર્મત્વ પ્રાપ્ત (દ્રવ્ય કર્મરૂપ) છે. (૩) જેને રાગ પ્રશસ્ત છે અને અનુકંપાસંશ્રિત પરિણામ છે, ચિત્તમાં કાલુષ્ય (કલુષતા-મલિનતા) નથી, તે જીવને પુણ્ય આસ્રવે છે. (૪) પ્રમાદબહુલ ચર્યા, કાલુષ્ય, વિષયોમાં લોલતા, પરપરિતાપ અને પરાપવાદ એ પાપનો આસ્રવ કરે છે.' અર્થાત્ આ ગાથાઓની તલસ્પર્શી વ્યાખ્યા કરતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** સ્પષ્ટ સમજાવ્યું છે તેમ - (૧) 'અહીં દર્શનમોહનીયના વિપાકથી - ઉદયથી કલુષ પરિણામતા - મલિન જીવ પરિણામપણું તે મોહ, વિચિત્ર - નાના પ્રકારના ચારિત્રમોહનીયના વિપાક પ્રત્યયે પ્રીતિ-અપ્રીતિ તે રાગ-દ્વેષ, તેના જ - ચારિત્રમોહનીયના જ મન્દ ઉદયે વિશુદ્ધ પરિણામતા - વિશુદ્ધ જીવ પરિણામપણું તે ચિત્ત પ્રસાદ પરિણામ - એમ આ જેના ભાવમાં હોય છે, તેનો અવશ્ય શુભ વા અશુભ પરિણામ હોય છે. તેમાં - જ્યાં પ્રશસ્ત રાગ અને ચિત્તપ્રસાદ છે ત્યાં શુભ પરિણામ, જ્યાં મોહ-દ્વેષ અને અપ્રશસ્ત રાગ છે ત્યાં અશુભ પરિણામ છે - એમ પુણ્ય - પાપને યોગ્ય ભાવના સ્વભાવનું સ્વરૂપ છે. (૨) આ પુણ્ય - પાપ બન્ને દ્રવ્ય અને ભાવ એમ બે બે પ્રકારે છે (દ્રવ્ય પુણ્ય - ભાવપુણ્ય, દ્રવ્યપાપ - ભાવ પાપ) અને તે દ્રવ્ય - ભાવનો પરસ્પર નિમિત્ત - નૈમિત્તિક ભાવ છે. ** (૩) (તેમાં) પ્રશસ્ત રાગ, અનુકંપા પરિણતિ અને ચિત્તનું અકલુષપણું એ ત્રણ શુભ ભાવો, દ્રવ્ય પુણ્યાસ્રવના નિમિત્ત માત્રપણે કારણભૂતપણાને લીધે - તેના આસ્રવણક્ષણથી પૂર્વે ભાવ પુણ્યાસ્રવ હોય છે, તેના નિમિત્તવાળો શુભ કર્મ પરિણામ તે યોગદ્વારે પ્રવેશતા પુદ્ગલોનો દ્રવ્ય પુણ્યાસ્રવ છે. (૪) પ્રમાદ બહુલ ચર્યા પરિણતિ, કાલુષ્ય પરિણતિ, વિષય લૌલ્ય પરિણતિ, પરપરિતાપ પરિણતિ અને પરાપવાદ પરિણતિ એ પંચ અશુભ ભાવો - દ્રવ્ય પાપાસ્રવના નિમિત્ત માત્રપણે કારણભૂતપણાને લીધે - તેના આસ્રવણ ક્ષણથી પૂર્વે ભાવપાપાસ્રવ છે, તેના નિમિત્તવાળો અશુભ કર્મ પરિણામ તે યોગદ્વારે પ્રવેશતા પુદ્ગલોનો દ્રવ્ય પાપાસ્રવ છે.' - **અમૃતચંદ્રજીની** આ નિષ્તુષ સ્પષ્ટ મીમાંસા પરથી સમજાય છે કે શુભ કર્મનું નિમિત્ત કારણ શુભ જીવ પરિણામ અર્થાત્ શુભોપયોગ છે અને અશુભ કર્મનું નિમિત્ત કારણ અશુભ જીવ પરિણામ અર્થાત્ અશુભોપયોગ છે, માટે કારણ ભેદને લીધે કર્મનો શુભાશુભ ભેદ છે.

**૨. સ્વભાવ ભેદથી શુભાશુભ કર્મભેદ**

કોઈ કર્મ શુભ પુદ્ગલ પરિણામાત્મક છે, કોઈ કર્મ અશુભ પુદ્ગલ પરિણામાત્મક છે, અર્થાત્ કોઈ શુભ પુદ્ગલની બનેલી પુણ્ય કર્મ પ્રકૃતિ છે અને કોઈ અશુભ પુદ્ગલની બનેલી પાપકર્મ પ્રકૃતિ છે. એમ કર્મના સ્વભાવનો ભેદ છે, તેથી કર્મનો શુભાશુભ ભેદ છે. આ અંગે ***શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં** કહ્યું છે તેમ 'સદ્ વેદ્ય, સમ્યક્ત્વ, હાસ્ય, રતિ, પુરુષ વેદ, શુભ આયુ - નામ - ગોત્ર એ પુણ્ય છે',

---

• "मोहो रागो दोसो चित्तप्रसादो य जस्स भावम्मि ।
विज्रदि तस्स सुहो वा असुहो बा होदि परिणामो ॥
सुहपरिणामो पुण्णं असुहो पावंति हवदि जीवस्स ।
दोण्हं पोग्गलमत्तो भावो कम्मत्तणं पत्तो ॥
रागो जस्स पसत्थो अणुकंपासंसिदो य परिणामो ।
चित्ते णत्थि कलुस्सं पुण्णं जीवस्स आसवदि ॥
चरिया पमादबहुला कालुस्सं लोलदा य विसयेसु ।
परपरितावापवादो पावस्स य आसवं कुणदि ॥"

- પંચાસ્તિકાય, ગા. ૧૩૧-૧૩૨, ૧૩૫, ૧૩૯ (વિશેષ માટે જુઓ આચાર્યવર્ય અમૃતચંદ્રજીની અદ્ભુત ટીકા).

* "सद्वेद्यसम्यक्त्वहास्यरतिपुरुषवेदशुभायुर्नामगोत्राणि पुण्यम् ।" - શ્રી તત્ત્વાર્થ સૂત્ર, અ. ૮, સૂ. ૨૬ (જુઓ તત્ત્વાર્થ ભાષ્ય)

અર્થાત્ ભૂત-વ્રતી અનુકંપાદિ હેતુક સદ્ વેદ્ય (શાતા વેદનીય), કેવલિ-શ્રુત આદિના વર્ણવાદાદિ હેતુક સમ્યક્ત્વ વેદનીય, હાસ્ય વેદનીય, રતિ વેદનીય, પુરુષ વેદનીય, માનુષ અને દૈવ એ શુભ આયુષ્ય, ગતિ નામ આદિમાં શુભ નામ, શુભ ગોત્ર અર્થાત્ ઉચ્ચ ગોત્ર - એમ આ અષ્ટ વિધ કર્મ પુણ્ય છે, એનાથી અન્ય તે પાપ છે. આમ કોઈ કર્મનો પ્રકૃતિ - સ્વભાવ શુભ છે, કોઈ કર્મનો પ્રકૃતિ - સ્વભાવ અશુભ છે, એટલે સ્વભાવ ભેદને લીધે કર્મનો શુભાશુભ ભેદ છે.

**૩. ફલભેદથી શુભાશુભ કર્મભેદ**

કોઈ કર્મ શુભ ફલ વિપાકનો અનુભવ કરાવે છે, કોઈ કર્મ અશુભ ફલ વિપાકનો અનુભવ કરાવે છે, આમ અનુભવના ભેદથી પણ કર્મનો શુભાશુભ ભેદ છે. જેમકે - પુણ્ય પ્રકૃતિનું ફલ સ્વર્ગાદિ સુગતિમાં સુખરૂપ શુભ પુદ્‌ગલ વિપાક અનુભવ છે, પાપ પ્રકૃતિનું ફલ નરકાદિ દુર્ગતિમાં દુઃખરૂપ અશુભ પુદ્‌ગલ વિપાક અનુભવ છે. આ અંગે **શ્રી પ્રવચનસારમાં*** કહ્યું છે કે - 'શુભોપયુક્ત સ્વર્ગસુખ પામે છે' - सुहोवजुत्तो व सग्गसुहं શુભથી યુક્ત આત્મા તિર્યંચ વા મનુષ્ય વા દેવ થયેલો તેટલો કાળ વિવિધ ઐંદ્રિય (ઈંદ્રિય સંબંધી) સુખ લહે છે. અશુભોદયથી આત્મા કુનર, તિર્યંચ, નૈરયિક (નારકી) થઈને દુઃખ સહસ્રોથી સદા અભિધૃત સતો અત્યંત ભમે છે.' આમ સુખ-દુઃખરૂપ સાતા - અસાતારૂપ ફલ અનુભવના - વિપાક રસના ભેદથી કર્મનો શુભાશુભ ભેદ છે.

**૪. આશ્રય ભેદથી શુભાશુભ કર્મ ભેદ**

કોઈ કર્મ શુભ એવા મોક્ષમાર્ગનો આશ્રય કરે છે, કોઈ કર્મ અશુભ એવા બંધમાર્ગનો આશ્રય કરે છે, અર્થાત્ શુભ એવું પુણ્ય કર્મ મોક્ષ પ્રત્યે લઈ જનારો મોક્ષમાર્ગ છે અને અશુભ એવું પાપ કર્મ બંધ પ્રત્યે લઈ જનારો બંધમાર્ગ છે. આમ પુણ્ય કર્મ મોક્ષમાર્ગાશ્રયી અને પાપ કર્મ બંધમાર્ગાશ્રયી છે, એટલે પણ કર્મનો શુભાશુભ ભેદ છે.

આમ કારણ ભેદથી, સ્વભાવ ભેદથી, ફલ ભેદથી (અનુભવ ભેદથી) અને આશ્રય ભેદથી કર્મનો શુભાશુભ ભેદ છે એમ કોઈ માને છે, તે **વ્યવહારનય અપેક્ષાએ** બાહ્ય ઉપલક દૃષ્ટિએ ભલે યથાર્થ ભાસતું હોય, પણ જરા ઉંડા ઉતરી પરમાર્થથી - તત્ત્વથી **નિશ્ચયનય અપેક્ષાએ** અંતરંગ દૃષ્ટિએ જોતાં તે **યથાર્થ નથી,** કારણકે કારણ અભેદથી, સ્વભાવ અભેદથી, ફલ અભેદથી (અનુભવ અભેદથી) અને આશ્રય અભેદથી કર્મ એક અભેદ સ્વરૂપ છે. તે આ પ્રકારે -

**૧. કારણ અભેદથી કર્મ એક સ્વરૂપ**

શુભ જીવપરિણામ હો કે અશુભ જીવપરિણામ હો - જીવનો મંદ કષાય રૂપ - વિશુદ્ધિ પરિણામ રૂપ શુભોપયોગ હો કે જીવનો તીવ્ર કષાય રૂપ - સંક્લેશ પરિણામ રૂપ અશુભોપયોગ હો, પણ તે બન્ને **અજ્ઞાનમય જ છે,** કારણકે આત્માના શુદ્ધ સ્વભાવથી વિરુદ્ધ એવા જે થોડા કે ઝાઝા કષાયાદિ રૂપ વિભાવ ભાવ છે તે સર્વ અજ્ઞાન જ છે, અર્થાત્ મંદ - તીવ્ર કષાય રૂપ શુભાશુભ ભાવનું મૂળ અંતર્ગત કારણ એક અજ્ઞાન જ છે. એટલે શુભાશુભ પરિણામના કેવલ એક અજ્ઞાનપણાને લીધે તજ્જન્ય કર્મ પણ એક છે. જીવના ઉપરોક્ત શુભાશુભ પરિણામનું અંતર્ગત સ્વરૂપ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ 'પંચાસ્તિકાય' ટીકામાં** (૭૫, ૧૩૫, ૧૪૦) સ્પષ્ટ સમજાવ્યું છે તે પરથી આ વસ્તુ સ્પષ્ટ સમજાઈ જાય છે. જેમકે - (૧) 'અર્હત્ - સિદ્ધ - સાધુઓમાં ભક્તિ, ધર્મમાં - વ્યવહાર ચારિત્ર અનુષ્ઠાનમાં વાસના પ્રધાન ચેષ્ટા, ગુરુઓનું - આચાર્યાદિનું રસિકપણાએ કરી અનુગમન - આ પ્રશસ્ત રાગ છે - પ્રશસ્ત

* "जुत्तो सुहेण आदा तिरियो वा माणुसो वा देवो वा ।
भूदो तावदि कालं लहदि सुहं इंदियं विविहं ॥
असुहोदयेण आदा कुणरो तिरियो भवीय णेरइयो ।
दुक्खसहस्सेहिं सदा अभिधुदो भमइ अच्चंतं ॥" - શ્રી 'પ્રવચનસાર', ગા. ૭૦, ૧૨

વિષયપણાને લીધે. આ* (પ્રશસ્ત રાગ) સ્ફુટપણે સ્થૂલ લક્ષ્યતાએ કરી કેવલ ભક્તિ પ્રાધાન્ય છે જેને એવા અજ્ઞાનીને હોય છે, ઉપરિતન (ઉપરની) ભૂમિકામાં જેણે સ્થાન નથી પ્રાપ્ત કર્યું એવા જ્ઞાનીને પણ અસ્થાન રાગ-નિષેધાર્થે વા તીવ્ર રાગ જ્વર વિનોદાર્થે (દૂર કરવા માટે) કદાચિત્ હોય છે. (૨) તેમજ - તીવ્ર મોહવિપાક થકી પ્રભવ - જન્મ પામતી આહાર - ભય - મૈથુન - પરિગ્રહ એ સંજ્ઞાઓ, તીવ્ર કષાયોદયથી અનુરંજિત (રંગાયેલી) યોગ - પ્રવૃત્તિરૂપા કૃષ્ણ - નીલ - કપોત એ ત્રણ લેશ્યાઓ, રાગ-દ્વેષના ઉદય - પ્રકર્ષ થકી ઈંદ્રિયાધીનપણું, રાગ-દ્વેષ ઉદ્રેક થકી પ્રિય સંયોગ - અપ્રિય વિયોગ - વેદના મોક્ષણ - નિદાન આકાંક્ષણ રૂપ આર્ત્ત, કષાયથી ક્રૂર આશયપણા થકી હિંસા - અસત્ય - સ્તેય - વિષય સંરક્ષણ આનંદરૂપ રૌદ્ર, શુભ કર્મથી અન્યત્ર દુષ્ટતાથી પ્રયુક્ત જ્ઞાન તે નૈષ્કર્મ્ય, સામાન્યથી દર્શન - ચારિત્રમોહનીયના ઉદય થકી ઉપજનિત અવિવેકરૂપ મોહ, આ ભાવ આસ્રવ પ્રપંચ દ્રવ્ય પાપાસ્રવ પ્રપંચપ્રદ હોય છે - 'एषः भावपापास्रवप्रपञ्चो द्रव्यपापास्रवप्रदो भवति ।' - **અમૃતચંદ્રજીની** આ સ્પષ્ટ મીમાંસા પરથી સમજાય છે કે મંદ મોહ - કષાય રૂપ વિશુદ્ધિ પરિણામથી ઉપજતો શુભ જીવપરિણામ શુભોપયોગ કે તીવ્ર મોહ - કષાય રૂપ સંક્લેશ પરિણામથી ઉપજતો અશુભ જીવ પરિણામ - અશુભોપયોગ એ બન્ને અજ્ઞાનના જ અંગભૂત છે. એટલે મોહ - કષાયના મંદ - તીવ્રપણાની અપેક્ષાએ જો કે શુભ - અશુભ ભાવનું સમકક્ષપણું નથી અને અશુભોપયોગની અપેક્ષાએ તો શુભોપયોગ કથંચિત્ ઈષ્ટ જ છે, છતાં શુદ્ધોપયોગની અપેક્ષાએ તો અશુદ્ધોપયોગના અંગભૂત શુભોપયોગ - અશુભોપયોગ બન્ને ય પુદ્ગલમય કર્મબંધના કારણપણાને લીધે મુમુક્ષુ જીવને અનિષ્ટ છે અને શુભ - અશુભ જીવપરિણામના કેવલ અજ્ઞાનપણાને લીધે **કારણ અભેદથી** કર્મનું એક સ્વરૂપપણું છે.

''તબ વહ કહે હૈ - શાસ્ત્ર વિષે શુભ અશુભ કો સમાન કહા હૈ. ઈસલિયે હમ કો તો વિશેષ જાનના યુક્ત નાંહી. (તિસકા સમાધાન) - જો જીવ શુભોપયોગ કો મોક્ષકા કારણ માન ઉપાદેય માને હૈ, શુદ્ધોપયોગ કો નાહીં પહિચાને હૈ તિનકો શુભ અશુભ દોનોં કી અપેક્ષા વા બન્ધ કે કારણકી અપેક્ષા સમાન દિખાઈયે હૈ. ઔર શુભ અશુભ ભાવન કા પરસ્પર વિચાર કરિયે તો શુભ ભાવન વિષે કષાય મન્દ હોય હૈ ઈસલિયે બન્ધ ક્ષીણ હોય હૈ, અશુભ ભાવન વિષે કષાય તીવ્ર હોય હૈ, ઈસ લિયે બન્ધ બહુત હોય હૈ. ઐસે વિચાર કિયે અશુભ કી અપેક્ષા સિદ્ધાન્ત વિષે શુભ કો ભલા કહિયે હૈ. જૈસે રોગ તો થોડા વા બહુત ભી બુરા હૈ, પરંતુ બહુત રોગ કી અપેક્ષા થોડે રોગ કો ભી ભલા કહિયે, ઈસલિયે શુદ્ધોપયોગ ન હોય તો અશુભ કો છોડ શુભ વિષે પ્રવર્ત્તના યુક્ત હૈ, શુભ કો છોડ અશુભ વિષે પ્રવર્ત્તના યુક્ત નાહીં હૈ. **જૈસે કોઈ પુરુષ કિઞ્ચિત્ માત્ર ભી અપના ધન દિયા ચાહે નાહીં પરન્તુ જહાં બહુત દ્રવ્ય જાતા જાને તહાં ચાહ કર થોડા દ્રવ્ય દેને કા ઉપાય કરે હૈ. તૈસે જ્ઞાની કે કિઞ્ચિત્ માત્ર ભી કષાય રૂપ કાર્ય કી ચાહ નાહીં, પરન્તુ જહાં બહુત કષાય રૂપ અશુભ કાર્ય હોતા જાને તહાં ચાહ કર ભી થોડા કષાય રૂપ શુભ કાર્ય કરનેકા ઉદ્યમ કરે હૈ. ઈસ સે યહ બાત સિદ્ધ ભઈ, કિ જહાં શુદ્ધોપયોગ હોતા જાને તહાં તો શુભ કાર્ય કા નિષેધ હી હૈ. ઔર જહાં અશુભોપયોગ હોતા જાને તહાં શુભ ઉપાય કર અંગીકાર કરના યુક્ત હૈ.''

**- પં. શ્રી ટોડરમલ્લજી કૃત 'મોક્ષમાર્ગ પ્રકાશ', પૃ. ૩૧૫-૧૬**

**૨. સ્વભાવ અભેદથી કર્મ એક સ્વરૂપ**

કોઈ કર્મ શુભ પુદ્ગલ પરિણામાત્મક હો કે અશુભ પુદ્ગલ પરિણામાત્મક હો, શુભ પુદ્ગલની બનેલી પુણ્ય કર્મપ્રકૃતિ હો કે અશુભ પુદ્ગલની બનેલી પાપ કર્મપ્રકૃતિ હો, પણ તે સર્વ કેવલ પુદ્ગલમય જ છે, એટલે એક પુદ્ગલમય સ્વભાવના અભેદપણાને લીધે કર્મ એક સ્વરૂપ છે. સર્વ કર્મ

* ''अयं हि स्थूललक्ष्यतया केवलभक्तिप्राधान्यस्याज्ञानिनो भवति, उपरितनभूमिकायामलब्धास्पदास्यास्थानरागनिषेधार्थं तीव्ररागज्वरविनोदार्थं वा कदाचित् ज्ञानिनोऽपि भवति ।'' - ઈ. **(જુઓ અમૃતચંદ્રજીની પંચાસ્તિકાય ટીકા)**

પ્રકૃતિ મૂર્ત્ત એવા પુદ્‌ગલની જ રચના છે, કારણકે 'કર્મોનો* ફલભૂત એવો સુખ દુઃખ હેતુ વિષય મૂર્ત્ત છે, તે મૂર્ત્ત એવી ઈંદ્રિયોથી જીવથી નિયતપણે ભોગવાય છે, તેથી કર્મોનું મૂર્ત્તપણું અનુમાનાય છે. તે આ પ્રકારે - મૂર્ત્ત સંબંધથી અનુભવાઈ રહેલું કર્મ મૂર્ત્ત છે - મૂર્ત્તપણાને લીધે, ઉંદરના વિષની જેમ.' આમ કેવલ પુદ્‌ગલ રચનામય મૂર્ત્ત કર્મનો શુભ ઘાટ હો કે અશુભ ઘાટ હો, પણ તેના પુદ્‌ગલમય પણામાં કાંઈ ભેદ પડતો નથી, એટલે **સ્વભાવ અભેદને** લીધે કર્મ એક અભેદ સ્વરૂપ છે.

''બંધયુક્ત જીવ કર્મ સહિત, પુદ્‌ગલ રચના કર્મ ખચિત.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૦૮**

**૩. ફલ અભેદથી કર્મ એક સ્વરૂપ**

કોઈ કર્મ ભલે શુભ ફલવિપાકનો અનુભવ કરાવતું હો, કોઈ કર્મ અશુભ ફલવિપાકનો અનુભવ કરાવતું હો, પણ તે સર્વ શુભ વા અશુભ ફલવિપાક કેવલ **પુદ્‌ગલમય જ** છે, એટલે તેનું એકપણું હોઈ અનુભવ અભેદને લીધે કર્મ એક સ્વરૂપ છે. તેમજ - સ્વર્ગાદિ સુગતિમાં સુખરૂપ પુદ્‌ગલ વિપાક અનુભવ અને નરકાદિ દુર્ગતિમાં દુઃખરૂપ પુદ્‌ગલ વિપાક અનુભવ, એમ સુખ-દુઃખની કલ્પના કરવામાં આવે છે તે પણ પરમાર્થથી યથાર્થ નથી. કારણકે પરમાર્થથી સંસારના કારણરૂપ કર્મ માત્ર દુઃખ જ છે. શબ્દાદિ વિષયો જે લોકમાં સુખ સાધન મનાય છે તે તો પરમાર્થ દૃષ્ટિથી જોતાં દુઃખ સાધન જ છે અથવા કલ્પિત સુખાભાસ જ છે. પુણ્ય પરિપાકને લીધે દેવતાઓને ઉત્કૃષ્ટ ઈંદ્રિય સુખની પ્રાપ્તિ હોય છે, 'તેઓને પણ સ્વાભાવિક સુખ નથી, ઉલટું સ્વાભાવિક દુઃખ જ દેખાય છે. કારણકે તેઓ પંચેન્દ્રિયાત્મક શરીર-પિશાચની પીડાથી પરવશ થઈ ભૃગુ પ્રપાત સમા મનગમતા વિષયો પ્રત્યે ઝાંવાં નાંખી ઝંપલાવે છે', यतस्ते पञ्चेन्द्रियात्मक शरीर पिशाचपीडया परवशा भृगुप्रपात स्थानीयान्मनोज्ञविषयानभिपतन्ति ।* પુણ્ય બલથી ઈચ્છા મુજબ હાજર થતા ભોગોથી તેઓ સુખીઆ જેવા પ્રતિભાસે છે, પરંતુ 'દુષ્ટ રુધિરમાં જળોની પેઠે' તેઓ વિષયોમાં અત્યંત આસક્ત હોઈ વિષયતૃષ્ણા દુઃખ અનુભવે છે. ખરાબ લોહી પીવા ઈચ્છતી લોહી તરસી જળો જેમ રુધિર પાન કરતાં પોતે જ પ્રલય પામી ક્લેશ ભોગવે છે, તેમ વિષયતૃષ્ણાવંત આ પુણ્યશાળીઓ પણ વિષયોને ઈચ્છતા અને ભોગવતા રહી પ્રલય - આત્મનાશ પામી ક્લેશ અનુભવે છે. આમ શુભોપયોગજન્ય પુણ્યો પણ સુખાભાસ રૂપ દુઃખના જ સાધનો છે. જ્યાં મહા પુણ્યશાળી દેવાદિના સુખ પણ પરમાર્થથી દુઃખ રૂપ જ છે, ત્યાં પછી બીજા સુખનું તો પૂછવું જ શું ?

વળી પુણ્યજન્ય ઈંદ્રિય સુખ સુખાભાસરૂપ છે એટલું જ નહિ, પણ બહુ પ્રકારે દુઃખ સ્વરૂપ પણ છે. કારણકે 'તે પરાધીન છે, બાધા સહિત છે, વિચ્છિન્ન - ખંડિત છે, બંધ કારણ છે, વિષમ છે. એટલે ઈંદ્રિયોથી જે સુખ પ્રાપ્ત થાય છે, તે દુઃખ જ છે.' આત્માથી અતિરિક્ત - જૂદા એવા પર નિમિત્તથી ઉપજતું હોવાથી, તે ઈંદ્રિય સુખ **પરાધીન** છે. ક્ષુધા - તૃષાદિ તૃષ્ણા વિકારોથી અત્યંત આકુલતાને લીધે તે **બાધા સહિત** છે. એક સરખો અખંડ શાતા વેદનીયનો ઉદય રહેતો ન હોઈ, શાતા - અશાતાના ઉદયથી તે ખંડખંડ થાય છે, એટલે તે **વિચ્છિન્ન** - ખંડિત છે. ઉપભોગ માર્ગમાં રાગાદિ દોષ સેના તો પાછળ પાછળ લાગેલી જ (અનુલગ્ન) છે અને તેના અનુસારે ઘન કર્મરજપટલ સાથે સાથે જ હોય છે, તેના વડે કરીને તે **બંધ કારણ** છે અને સદા વૃદ્ધિ-હાનિ પામવાથી વિષમપણાએ કરીને તે **વિષમ** છે. આમ પુણ્ય પણ પાપની જેમ દુઃખ સાધન સિદ્ધ થયું. એટલે આમ પણ પુણ્ય પાપના સંસાર દુઃખરૂપ **અનુભવ અભેદને** લીધે કર્મ એક અભેદ સ્વરૂપ છે.

---

* ''यतो हि कर्मणां फलभूतः सुखदुःखहेतुविषयो मूर्तो, मूर्तैरिन्द्रियै र्जीवेन नियतं भुज्यते, ततः कर्मणां मूर्तत्वमनुमीयते । तथाहि - मूर्तं कर्म मूर्तसंबन्धेनानुभूयमानं मूर्तफलत्वादाखुविषवदिति ।'' - **શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત 'પંચાસ્તિકાય' ટીકા ગા. ૧૩૩**

* **'પ્રવચનસાર' ગા. ૭૧ શ્રી અમૃતચંદ્રાચાર્યજીની ટીકા.** આ અંગે શ્રી પ્રવચનસાર ગા. ૬૩-૬૪ અને ૭૦-૭૬ અને તે પરની **શ્રી અમૃતચંદ્રાચાર્યજીની** પરમ અદ્‌ભુત અમૃત ટીકા ખાસ અવલોકવા યોગ્ય છે - જેનો સાર સંદર્ભ ઉપર વિવેચનમાં અંતર્ભૂત કર્યો છે.

**"सपरं बाधासहिदं विच्छिण्णं बंधकारणं विसमं ।**


**जं इंदिएहिं लद्धं तं सोक्खं दुःक्खमेव तधा ॥"** - **શ્રી કુંદકુંદાચાર્યજી કૃત પ્રવચનસાર, ગા. ૭૬**

**૪. આશ્રય અભેદથી કર્મ એક સ્વરૂપ**

શુદ્ધ એવો મોક્ષમાર્ગ અને શુભ અશુભ એવો બંધમાર્ગ પ્રત્યેકપણે કેવલ જીવમય અને કેવલ પુદ્ગલમય એમ અનેક છે - જૂદા જૂદા ભિન્ન છે. આમ અનેકપણું સતે પણ શુભ કર્મ હો કે અશુભ કર્મ હો પણ તે પૌદ્ગલિક હોઈ કેવલ બંધમાર્ગનો જ આશ્રય કરે છે. એટલે કેવલ બંધમાર્ગનો આશ્રય કરતા પરદ્રવ્યરૂપ આશ્રય અભેદથી કર્મ એક સ્વરૂપ છે. આ અંગે **શ્રી 'પ્રવચનસાર', ૨ - ગા. ૮૯** માં કહ્યું છે કે - "અન્યોમાં શુભ પરિણામ તે 'પુણ્ય', અશુભ તે 'પાપ' એમ કહ્યું છે, અનન્યગત પરિણામ તે દુઃખક્ષય કારણ સમયમાં (સિદ્ધાંતમાં) કહ્યું છે." આ ગાથાની અદ્ભુત તાત્ત્વિક મીમાંસા કરતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પ્રકાશ્યું છે તેમ - પ્રથમ તો પરિણામ દ્વિવિધ છે - પરદ્રવ્ય પ્રવૃત્ત અને સ્વદ્રવ્ય પ્રવૃત્ત, તેમાં પરદ્રવ્ય પ્રવૃત્ત તે પરથી ઉપરક્તપણાને (રંગાવાપણાને) લીધે વિશિષ્ટ પરિણામ છે, પણ સ્વદ્રવ્ય પ્રવૃત્ત તો પરથી અનુપરક્તપણાને (નહિ રંગાવાપણાને) લીધે અવિશિષ્ટ પરિણામ છે. તેમાં - વિશિષ્ટ પરિણામના બે વિશેષો કહ્યા છે - શુભ પરિણામ અને અશુભ પરિણામ. તેમાં - પુણ્ય - પુદ્ગલબન્ધના કારણપણાને લીધે શુભ પરિણામ તે પુણ્ય, પાપ પુદ્ગલ બન્ધના કારણપણાને લીધે અશુભ પરિણામ તે પાપ. પણ અવિશિષ્ટ પરિણામનો શુદ્ધપણાએ કરીને એકપણાને લીધે વિશેષ છે નહિ, તે કાળે કરીને સંસાર-દુઃખ હેતુ કર્મપુદ્ગલના ક્ષય કારણપણાને લીધે સંસાર દુઃખ હેતુ કર્મ પુદ્ગલનો ક્ષયાત્મક મોક્ષ જ છે.' આ પરથી સ્પષ્ટ સમજાય છે કે - શુભ કે અશુભ પરિણામ **પરદ્રવ્ય પ્રવૃત્ત** હોઈ કેવલ પૌદ્ગલિક બંધમાર્ગનો જ આશ્રય કરે છે, એટલે કેવલ બંધ માર્ગાશ્રિતપણાએ કરી **આશ્રય અભેદને** લીધે કર્મ એક સ્વરૂપ છે. આમ **કારણ અભેદથી, સ્વભાવ અભેદથી, ફલ અભેદથી** અને **આશ્રય અભેદથી** કર્મ એક સ્વરૂપ છે એમ સિદ્ધ થયું - इति सिद्धं ।

***"सुहपरिणामो पुण्णं असुहो पावत्ति भणियमण्णेसु ।**

**परिणामोणण्णगदो दुक्खक्खयकारणं समये ॥"** - **શ્રી 'પ્રવચનસાર', ૨ - ગા. ૮૯**



ઉક્ત વસ્તુના સારસમુચ્ચયરૂપ સમયસાર કળશ (૩) પ્રકાશે છે -

उपजाति

**हेतुस्वभावानुभवाश्रयाणां, सदाप्यभेदान्न हि कर्मभेदः ।**
**तद्बंधमार्गाश्रितमेकमिष्टं, स्वयं समस्तं खलु बंधहेतुः ॥१०२॥**

**હેતુ - સ્વભાવાદિકનો અભેદ, સદાય તેથી ન જ કર્મભેદ;**
**આ બંધ માર્ગાશ્રિત ઈષ્ટ એક, સ્વયં બધું બંધ હેતુ છેક. ૧૦૨**

## અમૃત પદ-૧૦૨

'ધાર તરવારની' - એ રાગ

કર્મ સર્વ નિશ્ચિતં, બંધ માર્ગાશ્રિતં, તેથી અભેદ તે એક હોયે,
તેથી તે તો સ્વયં, કર્મ સમસ્ત એ, બંધનો હેતુ અભેદ જોયે... કર્મ સર્વ. ૧
શુભ વા અશુભ હો, પુણ્ય વા પાપ હો, બંધનો હેતુ તે સર્વ ઈષ્ટ,
કેવલ પુદ્ગલમયા, બંધના માર્ગને, આશ્રતું સર્વ તે તો અનિષ્ટ... કર્મ સર્વ. ૨
હેતુ સ્વભાવ અનુભવ આશ્રય તણો, હોય અત્રે સદાયે અભેદ,
તેહ કારણ થકી, અત્ર નિશ્ચય નકી, કર્મનો હોય ના કોઈ ભેદ... કર્મ સર્વ. ૩
શુભ વા અશુભ વા, જીવ પરિણામ તે, કેવલ અજ્ઞાન રૂપ એક છેક,
એકપણું તસ સતે, કારણ અભેદથી, શુભ અશુભ સર્વ તે કર્મ એક... કર્મ સર્વ. ૪
શુભ વા અશુભ વા, પુદ્ગલ પરિણામ તે, કેવલ પુદ્ગલમયા એક છેક,
એકપણું તસ સતે, સ્વભાવ અભેદથી, શુભ અશુભ સર્વ તે કર્મ એક... કર્મ સર્વ. ૫
શુભ વા અશુભ વા, સકલ ફલપાક એ, કેવલ પુદ્ગલમયો એક છેક,
એકપણું તસ સતે, અનુભવ અભેદથી, શુભ અશુભ સર્વ તે કર્મ એક... કર્મ સર્વ. ૬
શુભ વા અશુભ વા, કેવલ પુદ્ગલમયો, આશ્રતો બંધનો માર્ગ છેક,
એકપણું તસ સતે, આશ્રય અભેદથી, શુભ અશુભ સર્વ તે કર્મ એક... કર્મ સર્વ. ૭
હેતુ સ્વભાવ અનુભવ આશ્રય તણો, એમ હોતાં સદાયે અભેદ,
કર્મ એકપણું સતે, શુભ અશુભ કર્મનો, નિશ્ચયે હોય ના કોઈ ભેદ... કર્મ સર્વ. ૮
કર્મ સર્વ નિશ્ચિતં, બંધ માર્ગાશ્રિતં, તેથી અભેદ તે એક હોયે,
તેથી તે તો સ્વયં, કર્મ સમસ્ત એ, બંધનો હેતુ અભેદ જોયે... કર્મ સર્વ. ૯
બેડી હો લોહની, અથવા સુવર્ણની, તો ય તે હોય બેડી જ બેડી,
પુણ્ય પાપ બંધ બે, છોડી અમૃત ભજો, આત્મ ભગવાન આ મોક્ષ કેડી... કર્મ સર્વ. ૧૦

**અર્થ** - હેતુ, સ્વભાવ, અનુભવ અને આશ્રયના સદાય અભેદને લીધે નિશ્ચયે કરીને કર્મ ભેદ નથી જ, તેથી બંધ માર્ગાશ્રિત એક માનવામાં આવેલું તે કર્મ સ્વયં સમસ્ત નિશ્ચયે કરીને બંધ હેતુ છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્માના સ્વભાવને જે આવરણ તેને જ્ઞાનીઓ 'કર્મ' કહે છે.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩, (ઉપદેશ છાયા) ૯૫૭**

''ગુરુ કહે પાપ પુણ્ય દોનું કર્મ જાલ રૂપ, હેતુ રસ ગતિ ફલ ભેદ નાહિ લેખીયે,
કંપ રોગ પાપ ભોગ પુણ્ય દે અકર રોગ, દોનું દુઃખખાનિ વિનાસિ રૂપક દેખીયે,

પાપ સો અરુચિ ભાવ પુણ્યસેતી પ્રીતિ દાવ, મિથ્યાદષ્ટિ જીવકું એ કુમતિ વિશેષીયે,
દોનું જડભાવ રૂપ દોનું કુ અજ્ઞાન રૂપ, ઈનહી સો ન્યારો સોઈ સમકિતી દેખીયે.''

**- શ્રી દેવચંદ્રજી કૃત દ્રવ્ય પ્ર. ૩-૮૫**

**'આત્મખ્યાતિ'**ના ગદ્યભાગમાં જે આ ઉપરમાં કહ્યું તે ઉક્ત વસ્તુનું તાત્પર્ય દર્શાવતો આ ઉપસંહાર રૂપ કળશ (૧૦૩) **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ પ્રકાશ્યો છે -**

**હેતુ આદિ અભેદથી કર્મ ભેદ : બંધ માર્ગાશ્રિત સમસ્ત કર્મ બંધ હેતુ**

'हेतुस्वभावानुभवाश्रयाणां सदाप्यभेदात्' - આમ ઉક્ત પ્રકારે કેવલ એક અજ્ઞાનમય શુભાશુભ જીવપરિણામ રૂપ હેતુના - કારણના અભેદને લીધે, કેવલ એક પુદ્‌ગલમય સ્વભાવના અભેદને લીધે, કેવલ એક પુદ્‌ગલમય અનુભવના અભેદને લીધે અને કેવલ એક પુદ્‌ગલમય પરાશ્રિત બંધમાર્ગ રૂપ આશ્રયના અભેદને લીધે, કર્મનો શુભ-અશુભ એવો નિશ્ચયે કરીને ભેદ જ નથી, 'न हि कर्मभेदः ।' તેથી કેવલ એક બંધમાર્ગનો જ આશ્રય કરતું એવું કર્મ એક માનવામાં આવેલું હોઈ, 'तद्बन्धमार्गाश्रितमेकमिष्टं', સ્વયં સમસ્ત જ કર્મ નિશ્ચયે કરીને બંધનો જ હેતુ છે - 'स्वयं समस्तं खलु बन्धहेतुः ।'

હવે ઉભય કર્મને અવિશેષથી બંધ હેતુ સાધે છે -

**सौवण्णियं पि णियलं बंधदि कालायसं पि जह पुरिसं ।**

**बंधदि एवं जीवं सुहमसुहं वा कदं कम्मं ॥१४६॥**

સુવર્ણની પણ બેડી પુરુષને રે, બાંધે લોહની જેમ;

શુભ અશુભ વા કર્મ કરેલ તે રે, બાંધે જીવને એમ... કર્મ શુભાશુભ. ૧૪૬

**ગાથાર્થ** - સૌવર્ણિક (સોનાની) બેડી પણ અને લોહમય (લોઢાની) બેડી પણ જેમ પુરુષને બાંધે છે, એમ શુભ વા અશુભ કરેલું કર્મ જીવને બાંધે છે. ૧૪૬

## आत्मख्यातिटीका

अथोभयं कर्माविशेषण बंधहेतुं साधयति -

**सौवर्णिकमपि निगलं बध्नाति कालायसमपि च यथा पुरुषं ।**

**बध्नात्येवं जीवं शुभमशुभं वा कृतं कर्म ॥१४६॥**

**शुभमशुभं च कर्माविशेषेणैव पुरुषं बध्नाति**

**बंधत्वाविशेषात् कंचनकालायसनिगलवत् ॥१४६॥**

## આત્મખ્યાતિ ટીકાર્થ

**શુભ અને અશુભ કર્મ** અવિશેષથી જ પુરુષને બાંધે છે, બંધપણાના અવિશેષને લીધે, **સુવર્ણની અને લોહની નિગડ (બેડી) જેમ. ૧૪૬**

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''તથારૂપ શુભ શુભ સ્વરૂપે અને અશુભ અશુભ સ્વરૂપે સફળ છે.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૨૨**

**''न कालायसस्य बंधस्य तपनीयमयस्य च**

**परतंत्र्याविशेषेण फलभेदोऽस्मि कश्चन ॥'' - શ્રી યશોવિજયજી કૃત અધ્યાત્મસાર**

શુભ અશુભ ઉભય કર્મને અવિશેષથી બંધ હેતુ અત્ર સાધ્યું છે અને તેનું પરમાર્થગંભીર સંક્ષિપ્ત સૂત્રાત્મક કે વ્યાખ્યાન કરતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** સંક્ષેપમાં તત્ત્વ સર્વસ્વ સમર્પ્યું છે - शुभमशुभं च कर्म - કર્મ શુભ હોય કે અશુભ હોય, પણ તે **'અવિશેષથી'** જ - વિના તફાવતે જ પુરુષને - આત્માને બાંધે છે - अविशेषेणैव पुरुषं बध्नाति શાને લીધે ? બંધપણાના અવિશેષને લીધે - बंधत्वाविशेषात्, તે બન્નેના 'બંધપણાનો અવિશેષ' છે, કંઈ પણ વિશેષ - તફાવત નથી, અર્થાત્ શુભ

**શુભ અશુભ કર્મ અવિશેષથી જ પુરુષને બાંધે છે**

**आत्मभावना - अथोभयं कर्माविशेषण बंधहेतुं साधयति** - હવે ઉભય - પુણ્ય પાપ એ બન્ને કર્મને અવિશેષથી - તફાવત વિના બંધહેતુ સાધે છે -

सौवर्णिकमपि निगलं कालायसमपि च - **સૌવર્ણિક** - સુવર્ણની બનેલી નિગલ - બેડી અને કાલાયસ - લોઢાની બનેલી (બેડી) પણ यथा पुरुषं बध्नाति - જેમ પુરુષને બાંધે છે, एवं - એમ शुभमशुभं वा कृतं कर्म - શુભ વા અશુભ કરેલું કર્મ जीवं बध्नाति - જીવને બાંધે છે. ॥ इति **गाथा** आत्मभावना ॥१४६॥

शुभमशुभमं च कर्म - શુભ અને અશુભ કર્મ अविशेषेणैव - અવિશેષથી જ, વિના તફાવતે જ, पुरुषं बध्नाति - પુરુષને - આત્માને બાંધે છે, શાને લીધે ? बंधत्वाविशेषात् - બંધપણાના અવિશેષને લીધે - બીન તફાવતને લીધે, કોની જેમ ? कंचनकालायसनिगलवत् - કંચન - સુવર્ણ અને કાલાયસ - લોહ નિગડ - બેડી જેમ. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१४६॥

કર્મ પણ બંધન રૂપ છે ને અશુભ કર્મ પણ બંધન રૂપ છે, તેના બંધપણામાં કાંઈ ફેર પડતો નથી તેને લીધે. કોની જેમ ? સોનાની ને લોઢાની બેડીની જેમ - कंचनकालायसनिगलवत् ।

બંધ હેતુ - શુભ - સુવર્ણ બેડી, અશુભ લોહ બેડી.

**પુણ્ય સુવર્ણ બેડી, પાપ લોહ બેડી, પણ બન્ને બેડી જ**

પુણ્ય તે શુભ કર્મ અને પાપ તે અશુભ કર્મ એમ ભલે કોઈ અપેક્ષાવિશેષે કહેવાતું હોય, પણ તત્ત્વ દૃષ્ટિથી દેખતાં તે બન્નેનો કોઈ તફાવત નથી, કારણકે બન્ને પુદ્‌ગલમય પરવસ્તુ રૂપ હોઈ આત્માને પ્રગટ બંધનરૂપ છે, એટલે એ બન્નેના બંધન સ્વરૂપપણામાં કોઈ તફાવત નથી. જેમ કોઈને સોનાની બેડીથી બાંધ્યો હોય કે લોઢાની બેડીથી બાંધ્યો હોય, પણ તેના બંધ સ્વરૂપમાં કાંઈ ફેર પડતો નથી, તેમ આત્માને શુભકર્મ રૂપ સોનાની બેડી હોય કે અશુભ કર્મ રૂપ લોઢાની બેડી હોય, પણ બન્ને બંધન રૂપ બેડી જ બેડી છે. અર્થાત્ કોઈ પુરુષને સોનાની બેડી બાંધી હોય અને અહો ! આ મ્હારી બેડી કેવી રૂડી રૂપાળી છે એમ બેડીથી મલકાતો હોય અને હર્ષથી છલકાતો હોય, તો પણ તે સોનાની બેડી તો બેડી જ છે અને લોઢાની બેડી જેમ મહાદુઃખદાયિ બંધન રૂપ જ છે. તેમ કોઈ પુરુષ પુણ્ય બંધન રૂપ સોનાની બેડીથી બંધાયો હોય અને અહો ! આ મ્હારા ભાગ્ય કેવા રૂડા રૂપાળા છે એમ તે પુણ્ય - બેડીથી પણ મલકાતો હોય અને હર્ષથી છલકાતો હોય, તો પણ તે પુણ્ય પણ બંધનરૂપ જ છે અને પાપ રૂપ લોઢાની બેડીની જેમ જ મહાભવ દુઃખદાયિ બંધન રૂપ જ છે. એટલે જ પોપટને સોનાના પાંજરામાં પૂર્યો હોય કે લોઢાના પાંજરામાં પૂર્યો હોય, પણ તે બન્ને પૂરનારા પાંજરા જ છે અને તે પોપટ જેવું પંખી પણ તે બંધન રૂપ પાંજરામાંથી નિત્ય છૂટવાને અને ઉડી જઈ મુક્ત થવાને ઝંખે છે. તેમજ સિંહને સોનાની સાંકળે બાંધ્યો હોય કે લોઢાની સાંકળે બાંધ્યો હોય, કેદીને સુંદર ખાસ જેવી જેલમાં ગોંધ્યો હોય કે અંધારી ગંધાતી કાળી કોટડીમાં રુંધ્યો હોય, પણ તે સર્વ પ્રકારે દુઃખદાયિ બંધનના જ છે અને તેમાંથી તે તે જીવો છૂટી - બંધન મુક્ત થઈ મુક્ત થવાને જ ઝંખે છે. તે જ પ્રકારે પુણ્ય-પાપ બન્ને બંધન રૂપ હોઈ દુઃખદાયી જ છે, એટલે તે બન્નેમાં વિશેષ નથી એમ જાણી, જ્ઞાની તે પુણ્ય બંધન - પાપ બંધન બન્નેથી છૂટવાને જ નિરંતર ઝંખે છે અને વિચારે છે કે -

**પુણ્ય-પાપનો અવિશેષ : પુણ્યનું પણ દુઃખરૂપપણું**

સોનાની બેડી હોય કે લોઢાની બેડી હોય, પણ બન્ને બંધન રૂપ બેડી જ છે, તેમ પુણ્યબંધ હોય કે પાપબંધ હોય, પણ બન્ને ભવબંધન રૂપ બેડી જ છે, એટલે પુણ્ય - પાપમાં કોઈ ફલભેદ નથી, અર્થાત્ પુણ્ય ફલ રૂપ સુખ પણ કર્મોદય રૂપ હોઈ દુઃખ જ છે.* પરિણામથી, તાપથી, સંસ્કારથી અને ગુણવૃત્તિના વિરોધથી પુણ્યજન્ય સુખ તે દુઃખ જ છે.' જેનો વધ કરાવાનો છે એવા ઘેટાની દેહ પુષ્ટિનું પરિણામ જેમ અતિ દારુણ હોય છે, લોહી તરસી જળો જેમ અંતે દારુણ દશાને પામે છે, તેમ પુણ્યજન્ય વિષયભોગના વિપાક પણ અતિ દારુણ હોય છે. ઔત્સુક્યને લીધે જ્યાં વિષય તૃષ્ણાતાપથી ઈંદ્રિયોનું સંતપ્તપણું રહે છે, ત્યાં સુખ શેનું હોય ? એક ખાંધેથી બીજી ખાંધે ભાર આરોપવાની પેઠે ઈંદ્રિયનો આહ્લાદ છતાં તત્ત્વથી દુઃખનો સંસ્કાર દૂર થતો નથી. સુખ દુઃખ અને મોહ એ ત્રણેય ગુણવૃત્તિઓ વિરુદ્ધ છે, છતાં એ ત્રણેય દુઃખરૂપ જ છે. તેમજ - 'ઐહિક એવું જે સુખ નામનું સર્વ

* "फलाभ्यां सुखदुःखाभ्यां न भेदः पुण्यपापयोः । दुःखान्न भिद्यते हंत यतः पुण्यफलं सुखम् ।
सर्वपुण्यफलं दुःखं कर्मोदयकृतत्वतः । तत्र दुःखप्रतीकारे विमूढानां सुखत्वधीः ॥
परिणामाच्च तापाच्च संस्काराच्च बुधैर्मतम् । गुणवृत्तिविरोधाच्च दुःखं पुण्यभवं सुखम् ॥
देहपुष्टेर्नरामर्त्यनारकानामपि स्फुटम् । महाजपोषणस्येव परिणामोऽतिदारुणः ॥
जलूका सुखमानिन्यः पिबंत्यो रुधिरं यथा । भुंजाना विषयान् यांति दशामंतेऽतिदारुणाम् ॥
तीव्राग्निसंगसंशुष्यत्पयसभयसामिव । यत्रौत्सुक्यात्सदाक्षाणां तप्तता तत्र किं सुखम् ॥
स्कंधात् स्कंधांतरारोपे भारस्येव न तत्त्वतः । अक्षाल्हादेऽपि दुःखस्य संस्कारो विनिवर्त्तते ॥
सुखं दुःखं च मोहश्च तिस्रोऽपि गुणवृत्तयः । विरुद्धा अपि वर्त्तन्ते दुःखजात्यनतिक्रमात् ॥
- શ્રી યશોવિજયજી કૃત અધ્યાત્મસાર, આત્મનિશ્ચયાધિકાર

વૈષયિક સુખ કહ્યું છે તે સુખ નથી, કિંતુ અસંશય સુખાભાસ - દુઃખ છે. તેથી કરીને સુખાભાસ એવું તે હેય છે, કારણકે તે દુઃખ અને દુઃખફલ છે અને અનિષ્ટ એવા તે દુઃખનો જે હેતુ છે તે કર્મ સર્વથા હેય છે. તેથી સર્વ પ્રકારનું સર્વ કર્મ પૌદ્ગલિક છે, વૈપરીત્યને લીધે તેનું વિપાક પામી રહેલનું ફલ સર્વ દુઃખ છે, સર્વ કર્મોનો દુર્વાર ઉદય વજ્રાઘાત જેમ ક્ષણમાં આત્માને નિતાંતપણે પીસી નાંખે છે. કર્મોદય થકી જીવ ધ્રુવપણે ચોક્કસ સર્વ દેશોમાં વ્યાકુલ (દુઃખી દુઃખી) હોય છે. એટલે કિંચિત્ કર્મ શુભ હોઈ સુખદાયક છે ને કિંચિત્ કર્મ અશુભ હોઈ દુઃખદાયક છે એમ માનવું એ ભ્રાંતિ છે, કારણકે આ સુખ નથી, તે સુખ છે કે જ્યાં અસુખ નથી, તે ધર્મ છે જ્યાં અધર્મ નથી, તે શુભ છે જ્યાં અશુભ નથી.' ઈત્યાદિ પ્રકારે પુણ્યજન્ય વિષય સુખનું જે પ્રગટ દુઃખરૂપપણું જાણે છે, એવા પરમ વૈરાગ્યવાન્ જ્ઞાની વિષય સુખના (!) સાધન રૂપ શુભોપયોગ અને વિષય દુઃખના સાધન રૂપ અશુભોપયોગ બન્ને પ્રત્યે ઉદાસીન રહી શુદ્ધોપયોગમાં જ રમે છે. 'પણ આમ પુણ્ય-પાપમાં તફાવત નથી એમ જે નથી માનતો તે મોહાચ્છાદિત જીવ અપાર ઘોર સંસારમાં ભમે છે.'*

**શુભોપયોગની અંશે ધર્મમાં - ચારિત્રમાં ગણના : અશુભોપયોગ તો અત્યંત હેય જ**


આમ બન્ધકારણપણાને લીધે અને ભવભ્રમણ દુઃખપણાને લીધે પુણ્ય-પાપમાં કોઈ વિશેષ - તફાવત નથી એમ કહ્યું છે, એટલે પુણ્ય અને પાપ સર્વથા એકાંતે સરખા છે વા સમકક્ષ છે એમ કહેવાનો આશય નથી. કારણકે પુણ્યનું કારણ શુભોપયોગ અને પાપનું કારણ અશુભોપયોગ છે, તેમાં - શુભોપયોગની તો કંઈક અંશે પણ ધર્મમાં અને ચારિત્રમાં ગણના છે, પણ અશુભોપયોગની તો સર્વથા ધર્મમાં કે ચારિત્રમાં ગણના જ નથી. એટલે **શુદ્ધોપયોગની** અપેક્ષાએ શુભોપયોગ હેય છે, છતાં અશુભોપયોગની અપેક્ષાએ તો તે કથંચિત્ ઉપાદેય પણ છે, પરંતુ અશુભોપયોગ તો સર્વથા અત્યંત અત્યંત હેય જ છે. આ વસ્તુ **'પ્રવચનસાર'** શાસ્ત્રના પ્રારંભમાં જ **આચાર્યવર્ય કુંદકુંદાચાર્યજીએ** અને **આચાર્યવર્ય અમૃતચંદ્રાચાર્યજીએ** નિષ્તુષપણે સ્પષ્ટ સમજાવી છે, તે અત્ર ખાસ સમજી લેવાની જરૂર છે. 'चारित्तं खलु धम्मो'* ચારિત્ર એ ધર્મ છે ઈ. કહી, પરિણામ સ્વભાવી જીવ જ્યારે શુભથી પરિણમે છે ત્યારે શુભ, અશુભથી પરિણમે છે ત્યારે અશુભ અને શુદ્ધથી ત્યારે શુદ્ધ હોય છે એ વિવરી દેખાડી, ધર્મથી પરિણતાત્મા આત્મા જો શુદ્ધ સંપ્રયોગ યુક્ત હોય તો નિર્વાણ સુખ પામે છે, અથવા શુભોપયુક્ત હોય તો સ્વર્ગ સુખ પામે છે એમ ત્યાં કથન કરતાં, શુદ્ધોપયોગ અને શુભોપયોગ બન્ને ચારિત્ર પરિણામના સંપર્ક સંભવવંત છે એમ ત્યાં બન્નેની ધર્મમાં ગણના કરી છે, પણ અશુભોપયોગમાં તો ચારિત્ર પરિણામના સંપર્ક અસંભવને લીધે તેની ધર્મમાં ગણના જ નથી અને તે તો અત્યંત હેય જ છે.

---

* "ण हि मण्णदि जो एवं णत्थि विसेसोत्ति पुण्णपावाणं ।
हिंडदि घोरमपारं संसारं मोहसंछण्णो ॥" - શ્રી કુંદકુંદાચાર્યજી કૃત 'પ્રવચનસાર', ૧-૭૭ (આ પ્રકૃત વિષય અંગે પ્રવચનસાર ગા. ૬૯ થી ૭૭ અને તે પરની અમૃતચંદ્રાચાર્યજીની અપૂર્વ ટીકા આત્માર્થી મુમુક્ષુઓએ ખાસ અવલોકનીય છે.)

* "चारित्तं खलु धम्मो धम्मो जो सो समोत्ति णिद्दिट्ठो ।
मोहक्खोहविहीणो परिणामो अप्पणो हु समो ॥
परिणमदि जेण दव्वं तक्कालं तम्मयत्ति पण्णत्तं ।
तह्मा धम्मपरिणदो आदा धम्मो मुणेयव्वो ॥
जीवो परिणमदि जदा सुहेण असुहेण वा सुहो असुहो ।
सुद्धेण तदा सुद्धो हवदि हि परिणामसब्भावो ॥
धम्मेण परिणदप्पा अप्पा जदि सुद्धसंपयोगजुदो ।
पावदि णिव्वाणसुहं सुहोवजुत्तो व सग्गसुहं ॥
असुहोदयेण आदा कुणरो तिरियो भवीय णेरइयो ।
दुक्खसहस्सेहिं सदा अभिंधुदो भमइ अच्चंतं ॥" - શ્રી 'પ્રવચનસાર', ગા. ૭૫

આ અંગે સ્પષ્ટ વિવેચન કરતાં *અમૃતચંદ્રાચાર્યજીએ સ્પષ્ટ કર્યું છે કે - 'જ્યારે આ આત્મા ધર્મ-પરિણત સ્વભાવવાળો સતો શુદ્ધોપયોગ પરિણતિ ઉદ્‌વહે છે (ધારે છે), ત્યારે નિઃપ્રત્યનીક (નિર્વિરોધી) શક્તિતાએ કરી સ્વકાર્યકરણ સમર્થ ચારિત્રવાળો સતો સાક્ષાત્ મોક્ષ પામે છે, પણ જ્યારે ધર્મપરિણત સ્વભાવવાળો છતાં શુભોપયોગ પરિણતિથી સંગત હોય છે, ત્યારે સપ્રત્યનીક (સવિરોધી) શક્તિતાએ કરી સ્વકાર્યકરણમાં અસમર્થ તે કથંચિત્ વિરુદ્ધ કાર્યકારિ ચારિત્રવાળો સતો, અગ્નિતપ્ત ઘૃતથી ઉપસિક્ત પુરુષ જેમ દાહદુઃખને, સ્વર્ગસુખ બન્ધ પામે છે. એથી કરીને શુદ્ધોપયોગ ઉપાદેય છે, શુભોપયોગ હેય છે. જ્યારે આ આત્મા જરા પણ ધર્મપરિણતિને નહિ પામતો અશુભોપયોગ પરિણતિને આલંબે છે, ત્યારે કુમનુષ્ય-તિર્યંચ-નારક ભ્રમણ રૂપ દુઃખ સહસ્રબન્ધ અનુભવે છે, તેથી ચારિત્રલવના પણ (અંશ માત્રના પણ) અભાવને લીધે આ અશુભોપયોગ અત્યંત હેય જ છે.' આ ઉપરથી સ્પષ્ટ સમજી શકાય છે કે - મુમુક્ષુને પરમ ઉપાદેય શુદ્ધોપયોગની અપેક્ષાએ સરખામણીમાં પ્રશસ્ત રાગ આદિ રૂપ શુભોપયોગ જરૂર હેય જ છે, પણ અત્યંત હેય એવા મોહ-દ્વેષ-પ્રમાદ-કષાય-વિષય-આર્ત્ત રૌદ્ર દુર્ધ્યાન આદિ રૂપ અશુભોપયોગની અપેક્ષાએ સરખામણીમાં તો તે ઓછો હેય વા કથંચિત્ ઉપાદેય છે.






* **अथ चारित्रपरिणामसंपर्कसंभवतोः शुद्धशुभपरिणामयोरुपादानहानाय फलमालोचयति**

** यदायमात्मा धर्मपरिणतस्वभावः शुद्धोपयोगपरिणतिमुद्वहति तदा निप्रत्यनीकशक्तितया स्वकार्यकरणसमर्थचारित्रः साक्षान्मोक्षमवाप्नोति । यदा तु धर्मपरिणतस्वभावोपि शुभोपयोगपरिणत्यासंगच्छते तदा सप्रत्यनीकशक्तितया स्वकार्यकरणासमर्थ कथंचिद्विरुद्धकार्यकारिचारित्रः शिखितप्तघृतोपसिक्तपुरुषो दाहदुःखमिव स्वर्गसुखबन्धमवाप्नोति । अतः शुद्धोपयोग उपादेयः शुभोपयोगो हेयः । अथ चारित्रपरिणामसंपर्कासंभवादत्यन्तहेयस्याशुभपरिणामस्य फलमालोचयति -
** यदायमात्मा मनागपि धर्मपरिणतिमनासादयन्नशुभोपयोगपरिणतिमालम्बते तदा कुमनुष्यतिर्यङ्नारकभ्रमणरूपं दुःखसहस्रबन्धमवाप्नोति । ततश्चारित्रलवस्योप्यभावादत्यन्तहेय एवायमशुभोपयोग इति ॥''

- **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી કૃત પ્રવચનસાર ટીકા**

હવે ઉભય કર્મને પ્રતિષેધે છે -

**तह्मा दु कुसीलेहिय रायं मा कुणह मा व संसग्गं ।**

**साधीणो हि विणासो कुसीलसंसग्गरायेण ॥१४७॥**

**તેથી બે ય કુશીલ શું મા કરો રાગ રે, સંસર્ગ મ લેશ;**

**કુશીલના સંસર્ગ-રાગથી રે, સ્વાધીન જ વિનાશ... કર્મ. ૧૪૭**

**ગાથાર્થ -** તેથી કરીને જ બન્ને કુશીલો સાથે રાગ મ કરો, વા સંસર્ગ મ કરો ! કારણકે કુશીલના સંસર્ગથી વા રાગથી વિનાશ સ્વાધીન હોય છે. ૧૪૭

## आत्मख्यातिटीका

अथोभयं कर्म प्रतिषेधयति -

**तस्मात्तु कुशीलाभ्यां रागं मा कुरुत मा वा संसर्गं ।**

**स्वाधीनो हि विनाशः कुशीलसंसर्गरागेण ॥१४७॥**

**कुशील**शुभाशुभ**कर्मभ्यां सह रागसंसर्गौ प्रतिषिद्धौ** बंधहेतुत्वात् कुशील-मनोरमामनोरमकरेणुकुट्टिनीरागसंसर्गवत् ॥१४७॥

## આત્મખ્યાતિટીકાર્થ

**કુશીલ** એવા શુભ-અશુભ કર્મ એ **બે સાથે** રાગ-સંસર્ગ પ્રતિષિદ્ધ છે, બંધહેતુ પણાને લીધે, કુશીલ-એવી મનોરમ - અમનોરમ કરેણુ કુટ્ટણી સાથેના રાગ-સંસર્ગની જેમ. ૧૪૭

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''શુદ્ધ યોગમાં રહેલા આત્મા અણારંભી છે, અશુદ્ધ યોગમાં રહેલા આત્મા આરંભી છે. એ વાક્ય વીરની ભગવતીનું છે. મનન કરશો.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૨૨**

અત્રે શુભ-અશુભ કર્મરૂપ બન્ને કુશીલનો પ્રતિષેધ કર્યો છે અને **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ 'આત્મખ્યાતિ'માં** સૂત્રાત્મક પરમાર્થ ગંભીર શૈલીથી તેનું મનોરમ વ્યાખ્યાન કર્યું છે. એનો ભાવાર્થ આ પ્રકારે -

### 'स्वाधीनो हि विनाशः कुशीलसंसर्गरागेण'

આમ ઉપરમાં સિદ્ધ કરી દેખાડ્યું તેમ શુભ-અશુભ બન્ને પ્રકારનું કર્મ **'કુશીલ'** છે, કુત્સિત-દુષ્ટ શીલ-સ્વભાવવાળું છે અને એ બન્ને પ્રકારનું કર્મ બંધના હેતુરૂપ છે, એટલા માટે 'कुशीलाभ्यां' એ શુભ-અશુભ કર્મરૂપ બન્ને કુશીલો સાથે રાગ તેમજ સંસર્ગ પ્રતિષિદ્ધ છે - 'रागसंसर्गौ प्रतिषिद्धौ', જ્ઞાનીઓએ નિષેધેલ છે, અર્થાત્ વચનથી - કાયથી તે બન્ને દુષ્ટ કુશીલો સાથે સંસર્ગ-સોબત કરવા

**आत्मभावना -**

अथोभयं कर्म प्रतिषेधयति - હવે - ઉભય - પુણ્ય પાપ એ બન્ને કર્મને પ્રતિષેધે છે - નિષેધે છે -

तस्मात्तु - **અને તેથી જ** कुशीलाभ्यां - **તે બે કુશીલ (શુભ-અશુભ) સાથે** रागं मा कुरुत - **રાગ મ કરો,** मा वा संसर्गं - **વા સંસર્ગ મ કરો, શા માટે ?** स्वाधीनो हि विनाशः - **કારણકે વિનાશ સ્વાધીન છે, કોનાથી ?** कुशीलसंसर्गरागेण - **કુશીલની સાથેના સંસર્ગ-રાગથી.** ॥ इति **गाथा** आत्मभावना ॥१४७॥

कुशीलशुभाशुभकर्मभ्यां सह - **કુશીલ એવા શુભ - અશુભ બે કર્મો સાથે** रागसंसर्गौ प्रतिषिद्धौ - **રાગ અને સંસર્ગ પ્રતિષિદ્ધ છે** - પ્રતિષેધવામાં આવેલા છે, શાને લીધે ? बंधहेतुत्वात् - બંધહેતુપણાને લીધે, કોની જેમ ? कुशीलमनोरमामनोरमकरेणुकुट्टिनीरागसंसर्गवत् - **કુશીલ એવી મનોરમ - સુંદર વા અમનોરમ - અસુંદર કરેણુકુટ્ટિની - દુષ્ટ (વ્યભિચારિણી) હાથણી સાથેના રાગ-સંસર્ગની જેમ.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१४७॥

યોગ્ય નથી, તેમજ મનથી પણ તેની સાથે પ્રીતિરૂપ રાગ ધરવા યોગ્ય નથી, કારણકે 'स्वाधीनो हि विनाशः कुशीलसंसर्गरागेण' - કુશીલ સાથેના સંસર્ગ-રાગથી વિનાશ નિશ્ચયે કરીને સ્વાધીન હોય છે. શાને લીધે ? બંધહેતુપણાને લીધે - 'बधहेतुत्वात्' - કુશીલ સાથેનો રાગ-સંસર્ગ બંધહેતુ થઈ પડે છે તેને લીધે.

**કુશીલ મનોરમ - અમનોરમ હાથણીનું દૃષ્ટાંત**

કોની જેમ ? જેમ કુશીલ એવી મનોરમ - અમનોરમ (મનોજ્ઞ-અમનોજ્ઞ, સુંદર-અસુંદર) હસ્તિની કુટ્ટિની સાથેનો રાગ-સંસર્ગ હસ્તીને બંધહેતુ થઈ પડે છે તેમ - कुशीलमनोरमामनोरम करेणुकुट्टिनीरागसंसर्गवत् । જંગલી હાથીને બંધનમાં આણવા માટે એક મોટો ખાડો ખોદે છે ને તે પર તૃણ - માટી આદિનું આચ્છાદન કરે છે અને બાજુમાં બનાવટી હાથણી ઉભી રાખે છે. હાથણીના રાગથી ખેંચાઈને હાથી દોડે છે, તે ખાડા પરથી પસાર થતાં તે ઉંડા ખાડામાં પડી જાય છે. ત્યાં તેને થોડા દિવસ ભૂખ્યો - તરસ્યો રાખી મૂકી ઢીલો કરે છે અને પછી તેને બંધનથી બાંધી અંકુશમાં આણે છે. આમ કુશીલ એવી 'મનોરમ-અમનોરમ' - સુંદર - અસુંદર હસ્તિની કુટ્ટિનીના રાગ - સંસર્ગથી જેમ હાથી પરાધીન બની મહાબંધન દુઃખને પામે છે, તેમ કુશીલ એવા શુભ - અશુભ કર્મના રાગ - સંસર્ગથી જીવ પણ 'પરાધીન' બની મહાબંધન દુઃખને પામે છે. એટલા માટે જ જ્ઞાની ભગવાને એ શુભાશુભ બન્ને કુશીલનો અત્ર નિષેધ કર્યો છે.

## આકૃતિ

| | | | | | |
|---|---|---|---|---|---|
| હાથણી | મનોરમ | મ રાગ કર | કુશીલ કર્મ પર | શુભ કુશીલ | મ રાગ કર |
| | અમનોરમ | મ સંસર્ગ કર | | અશુભ કુશીલ | મ સંસર્ગ કર |

**આંબો અને નિંબો : મધુર જલ**

જેને જેવો સંગ તેને તેવો રંગ લાગે, સુસંગથી સુરંગ લાગે, કુસંગથી કુરંગ લાગે અને શુભાશુભ બન્ને પ્રકારના કર્મ કુશીલ છે, એટલે તેનો સંગ કુસંગ છે અને તેના સંગથી કુરંગ લાગે, માટે તે બન્નેનો સંગ કરવા યોગ્ય નથી. **આવશ્યક નિર્યુક્તિમાં શ્રી ભદ્રબાહુ સ્વામીએ સુંદર** દૃષ્ટાંત* આપ્યા છે તેમ - (૧) આંબાના અને લીંબડાના બન્નેના મૂળ સમાગમમાં આવ્યા, એટલે સંસર્ગથી આંબો વિનષ્ટ થઈ લિંબડાપણું પામ્યો. (૨) જેમ મીઠું પાણી સમુદ્રના પાણીને ક્રમે કરીને પ્રાપ્ત થયું, તે મેલણ દોષના અનુભાવથી લવણ ભાવને પામ્યું (ખારૂં બન્યું), એમ શીલવંત અશીલવંત સાથે મળતાં મેલણ દોષના અનુભાવથી ગુણ પરિહાનિ પામે છે.

**'सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखम्'**

અને એટલે જ અત્રે શુભ કહેવાતા પુણ્ય કર્મને તેમજ અશુભ કહેવાતા પાપ કર્મને બન્નેને કુશીલ કહી, તે કુશીલના સંસર્ગ-રાગથી વિનાશ 'સ્વાધીન' કહ્યો છે, કારણકે તે બન્ને પરભાવ રૂપ છે અને જ્યાં પરભાવનો સદ્ભાવ (હોવાપણું) છે ત્યાં સ્વભાવનો અભાવ છે, એટલે આત્મસ્વભાવ સુખના અભાવને લીધે વિનાશ સ્વાધીન બને છે, स्वाधीनो हि विनाशो । વળી સ્વવશ તે સુખ અને પરવશ

* "अंबस्स य निंबस्स य दुण्हंपि समागयाइं मूलाइं ।
संसग्गीइ विणट्ठो अंबो निंबत्तणं पत्तो ॥
जह नाम महुरसलिलं सायरसलिलं कमेण संपत्तं ।
पावेइ लोणभावं मेलणदोसाणुभावेणं ॥
एवं खु सीलवंतो असीलवंतेहिं मीलिओ संतो ।
पावेइ गुणपरिहाणिं मेलणदोसाणुभावेणं ॥" - શ્રી આવશ્યક નિર્યુક્તિ

તે દુઃખ એમ સુખ દુઃખનું લક્ષણ છે. **શ્રી હરિભદ્રાચાર્યજીએ શ્રી 'યોગદૃષ્ટિસમુચ્ચય'** શ્લોક ૧૭૨માં કહ્યું છે તેમ - 'પરવશ* એવું સર્વ દુઃખ છે, આત્મવશ એવું સર્વ સુખ છે, આ સમાસથી - સંક્ષેપથી સુખ-દુઃખનું લક્ષણ કહ્યું છે.' અર્થાત્ આ વિવેચતાં આ વિવેચન લેખકે (ડૉ. ભગવાનદાસ) ત્યાં કહ્યું છે તેમ - જે કાંઈ પરવશ - પરાધીન છે, તે બધુંય દુઃખ છે અને જે સ્વવશ - આત્મવશ છે તે બધુંય સુખ છે, કારણકે તેમાં સુખ-દુઃખના લક્ષણનો યોગ છે. આ સંક્ષેપમાં સુખ-દુઃખનું લક્ષણ સ્વરૂપ મુનિએ કહ્યું છે. સામાન્ય લોક વ્યવહારમાં પણ કહેવાય છે કે 'પારકી આશ સદા નિરાશ'. પરાધીનતા - પરતંત્રતા જેવું કોઈ દુઃખ નથી ને સ્વાધીનતા - સ્વતંત્રતા જેવું કોઈ સુખ નથી. કોઈ પારકી આશે ઓશીયાળો થઈને પડ્યો હોય, તેનું દુઃખ તે પોતે જ જાણે છે. પરાધીન - પરતંત્ર રાષ્ટ્ર કે પ્રજાને કેવું દુઃખ ભોગવવું પડે છે, તે હાલના જમાનામાં સર્વ કોઈ જાણે છે. આમ જેમ વ્યવહારમાં તેમ પરમાર્થમાં પણ પરાધીનતા - પરતંત્રતા એ દુઃખ છે, સ્વાધીનતા-સ્વતંત્રતા એ સુખ છે. પરમાર્થથી પરાધીનતા એટલે આત્માથી અતિરિક્ત - જૂદી એવી પરવસ્તુને આધીનપણું - પરતંત્રપણું, સ્વાધીનતા એટલે નિજ આત્મસ્વરૂપને આધીનપણું - સ્વતંત્રપણું. જેમાં પર વસ્તુરૂપ વિષયની અપેક્ષા રહે છે, તે વિષયજન્ય સુખ તે સુખ નથી, પણ દુઃખ જ છે, અથવા કેવલ સુખાભાસ જ, એમ આપણે પૂર્વે વિસ્તારથી વિચારી ગયા. જેમાં એક શુદ્ધ આત્મવસ્તુનું જ અવલંબન છે, એવું નિરપેક્ષ આત્મસુખ એ જ વાસ્તવિક સુખ છે, કારણકે 'सापेक्षं असमर्थं, निरपेक्षं समर्थं' સાપેક્ષ તે અસમર્થ છે, નિરપેક્ષ તે સમર્થ છે, આમ પરમાર્થ પરિભાષા છે.

**પુણ્યાપેક્ષી સુખ તે પણ દુઃખ**


તેમજ - ત્યાં **યોગદૃષ્ટિ સમુચ્ચયમાં** શ્લો. ૧૭૩ માં કહ્યું છે તેમ 'એમ પુણ્યની અપેક્ષાવાળું સુખ પણ પરવશ સ્થિત છે અને તેથી કરીને આ તેના લક્ષણના નિયોગથી દુઃખ જ છે.' અર્થાત્ ઉપરમાં જે સામાન્ય નિયમથી કહ્યું કે જેટલું પરવશ છે તેટલું બધું ય દુઃખ છે અને સ્વવશ છે તેટલું બધું ય સુખ છે, તે નિયમની નીતિ પ્રમાણે જે સુખમાં પુણ્યની અપેક્ષા રહે છે, એટલે કે પુણ્યોદય થકી જે જે સુખ પ્રાપ્તિ થાય છે, તે પણ દુઃખ જ છે, કારણકે તે પુણ્ય પણ પરવસ્તુ છે, એટલે તેને પરાધીન એવું સુખ તે તો દુઃખ જ છે, એ દુઃખનું લક્ષણ અત્ર પ્રાપ્ત થાય છે. પુણ્યને પરવસ્તુ કહેવાનું કારણ એ છે કે - પુણ્ય એ શુભ કર્મ છે અને શુભ કર્મ એ આત્માથી અતિરિક્ત - જૂદી એવી પરવસ્તુ છે. આમ પર વસ્તુ રૂપ પુણ્યના ઉદયથી દેવેંદ્ર - મનુજેંદ્ર આદિના જે જે સુખ સાંપડે છે, તે પરમાર્થથી દુઃખ જ છે, અથવા સુખાભાસ જ છે. ઈંદ્ર-ચક્રવર્તી આદિની અઢળક ઋદ્ધિ અને તેથી પ્રાપ્ત થતા પંચ વિષય સંબંધી કહેવાતા સુખ તે દુઃખ જ છે. અત્રે શ્રી **ઉપમિતિભવ પ્રપંચ** કથામાં કહેલ **નિષ્પુણ્યક રંકનું** તાદૃશ્ય ચિતાર ખડો કરતું પ્રસ્તુત દૃષ્ટાંત યાદ આવે છે. તેમાં પુણ્યોદયથી ચક્રવર્તીની ઋદ્ધિ પામેલા પણ પરમાર્થથી **'નિષ્પુણ્યક'** રંક અર્થાત્ ધર્મ ધનથી રહિત એવો નિર્ધનીઓ મહા દરિદ્રી ને દુઃખી કહ્યો છે. તે સમસ્ત અદ્ભુત રૂપક વર્ણન (Allegory) **મહાત્મા સિદ્ધર્ષિની** જેમ પોતાના આત્મા ઉપર ઘટાવી આત્માર્થી મુમુક્ષુ જીવે પુનઃ પુનઃ મનન કરવા યોગ્ય છે. જો કદી બંધનને સુખ માની શકાય તો પુણ્યને સુખ માની શકાય, પણ તેમ તો મૂર્ખ ગમાર પણ માને નહિ. કારણકે પુણ્ય એ સોનાની બેડી ને પાપ એ લોઢાની બેડી છે, પણ બન્ને બંધન તો છે જ છે. એટલે જે પુણ્યબંધથી સંસાર બંધન ચાલુ રહે છે, વિષય તૃષ્ણા ઉદીર્ણ રહે છે, તેને જ અંગભૂત પુણ્ય અને પાપ (શુભ અશુભ કર્મ) બન્ને પરવસ્તુ રૂપ છે, તેની સાથેનો રાગ-સંસર્ગ મુમુક્ષુએ પ્રયત્નથી વર્જવો યોગ્ય છે.

---

* **"सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखम् ।**
**एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥"** - **શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય', ૧૭૨**
"સઘળું પરવશ તે દુઃખ લક્ષણ, નિજવશ તે સુખ લહીએ,
એ દૃષ્ટે આતમગુણ પ્રગટે, તે વિણ સુખ કુણ કહીએ ?..." - **શ્રી યશોવિજયજી કૃત 'યોગદૃષ્ટિ સજ્ઝાય'**

''આશા ઓર ન કી ક્યા કીજે ? ગ્યાન સુધારસ પીજે... આશા.
ભટકે દ્વાર દ્વાર લોકન કે, કુકર આશા ધારી... આશા.
આશા દાસી કે જે જાયે, તે જન જગ કે દાસ... આશા.'' - **શ્રી આનંદઘનજી**

''पुण्यापेक्षमपि ऐवं सुखं परवशं स्थितम् । ततश्च दुःखमैवैतत्तश्लक्षणनियोगतः ॥'' - **યો.દ.**






હવે ઉભય કર્મને પ્રતિષેધ્ય સ્વયં દૃષ્ટાંતથી સમર્થે છે -

**जह णाम कोवि पुरिसो कुच्छियसीलं जणं वियाणित्ता ।**
**वज्जेदि तेण समयं संसग्गं रायकरणं च ॥१४८॥**
**एमेव कम्मपयडीसीलसहावं च कुच्छिदं णाउं ।**
**वज्जंति परिहरंति य तस्सं सग्गं सहावरया ॥१४९॥**

જેમ કોઈ પુરુષ જનને જાણીને રે, કુત્સિત શીલવંત;
વર્જે છે તસ સાથ સંસર્ગને રે, રાગકરણ વર્જંત... કર્મ. ૧૪૮
એમ જ કર્મ પ્રકૃતિનો જાણીને રે, કુત્સિત શીલ સ્વભાવ;
સ્વભાવ રત વર્જે પરિહરે રે, તસ સંસર્ગ જ સાવ... કર્મ. ૧૪૯

**ગાથાર્થ** - જેમ સ્ફુટપણે કોઈ પણ પુરુષ જનને કુત્સિત શીલવાળો જાણીને, તેની સાથેનો સંસર્ગ અને રાગકરણ વર્જે છે (દૂરથી પરિહરે છે), એમજ કર્મપ્રકૃતિનો શીલ-સ્વભાવ કુત્સિત (દુષ્ટ) જાણીને સ્વભાવરત જનો તેનો સંસર્ગ વર્જે છે અને પરિહરે છે. ૧૪૮, ૧૪૯

## आत्मख्यातिटीका

अथोभयं कर्म प्रतिषेध्यं स्वयं दृष्टांतेन समर्थयते -

**यथा नाम कश्चित्पुरुषः कुत्सितशीलं जनं विज्ञाय ।**
**वर्जयति तेन समकं संसर्गं रागकरणं च ॥१४८॥**
**एवमेव कर्मप्रकृतिशीलस्वभावं च कुत्सितं ज्ञात्वा ।**
**वर्जयंति परिहरंति च तत्संसर्गं स्वभावरताः ॥१४९॥**

**यथा खलु** कुशलः **कश्चिद्वन**हस्ती
स्वस्य बंधाय उपसर्प्पन्तीं चटुलमुखीं
मनोरमामनोरमां च करेणुकुट्टिनीं
तत्त्वतः **कुत्सितशीलां विज्ञाय**
**तया सह रागसंसर्गौ प्रतिषेधयति,**

**तथा** किलात्माऽरागो **ज्ञानी**
स्वस्य बंधाय उपसर्प्पन्ती
मनोरमामनोरमां वा सर्वामपि **कर्मप्रकृतिं**
तत्त्वतः **कुत्सितशीलां विज्ञाय**
**तया सह रागसंसर्गौ प्रतिषेधयति ॥१४८॥१४९॥**

---

**आत्मभावना** -

अथोभयं कर्म प्रतिषेध्यं स्वयं दृष्टांतेन समर्थयति - **હવે ઉભય - પુણ્ય પાપ એ બન્ને કર્મને પ્રતિષેધ્ય - પ્રતિષેધવા - નિષેધવા યોગ્ય એવું સ્વયં - પોતે શાસ્ત્રકર્તા આચાર્યજી દૃષ્ટાંતથી સમર્થે છે - પરિપુષ્ટ બળવાન કરે છે** - यथा नाम - **જેમ ખરેખર ! સ્ફુટપણે** कश्चित् पुरुषः - **કોઈ પુરુષ** कुत्सितशीलं जनं विज्ञाय - **કુત્સિત - દુષ્ટ શીલવાળા જનને જાણીને**, तेनं समकं - **તેની સાથે** संसर्गं रागकरणं च - **સંસર્ગ અને રાગકરણ** वर्जयति - **વર્જે છે, દૂરથી ત્યજે છે**, एवमेव - **એમ જ** कर्मप्रकृतिशीलस्वभावं च - **કર્મ પ્રકૃતિના શીલ સ્વભાવને** कुत्सितं ज्ञात्वा - **કુત્સિત - દુષ્ટ જાણીને** स्वभावरताः - **સ્વભાવરત જનો** तत्संसर्गं - **તેના - તે કર્મપ્રકૃતિનાં સંસર્ગને** वर्जयंति - **વર્જે છે, દૂરથી ત્યજે છે**, परिहरंति च - **અને (રાગને) પરિહરે છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥१४८॥१४९॥

यथा खलु - **જેમ ખરેખર !** कुशलः कश्चिद् वनहस्ती - **કુશળ એવો કોઈ વનહસ્તી - જંગલી હાથી** स्वस्य बंधाय उपसर्प्पन्तीं - **સ્વના - પોતાના બંધાર્થે ઉપસર્પતી 'ઉપ' - પાસે 'સર્પતી' - સર્પની જેમ હળવેકથી સરકતી - આવતી એવી** चटुलमुखीं मनोरमामनोरमां च - **ચટુલમુખી - ચાવળા મુખવાળી અને મનોરમા - અમનોરમા - સુંદરી - અસુંદરી** करेणु कुट्टिनीं - **કરેણુ કુટ્ટિનીને - વ્યભિચારિણી હાથણીને** तत्त्वतः कुत्सितशीलां विज्ञाय - **તત્ત્વથી - પરમાર્થથી કુત્સિત**

## આત્મખ્યાતિટીકાર્થ

| | |
|---|---|
| **જેમ નિશ્ચયે કરીને કુશલ એવો કોઈ** વનહસ્તી | **તેમ નિશ્ચયે કરીને** અરાગ એવો **જ્ઞાની આત્મા** |
| સ્વના બંધાર્થે ઉપસર્પતી ચટુલમુખી | સ્વના બંધાર્થે ઉપસર્પતી |
| મનોરમા વા અમનોરમા કરેણુ કુટ્ટિનીને | મનોરમા વા અમનોરમા સર્વેય **કર્મ પ્રકૃતિને** |
| તત્ત્વથી **કુત્સિતશીલા જાણીને** | તત્ત્વથી **કુત્સિત શીલા જાણીને** |
| **તેની સાથે રાગ-સંસર્ગ પ્રતિષેધે છે :** | **તેની સાથે રાગ-સંસર્ગ પ્રતિષેધે છે.** |

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સ્વભાવમાં રહેવું, વિભાવથી મૂકાવું એ જ મુખ્ય તો સમજવાનું છે.''


**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૯૫૭ (ઉપદેશ છાયા)**

''પુણ્ય પાપ બે પુદ્ગલ દલ ભાસે પરભાવ, પરભાવે પરસંગત પામે દુષ્ટ વિભાવ;
તે માટે નિજ ભોગી યોગીસર સુપ્રસન્ન, દેવ નરક તૃણ મણિ ગણે સમ ભાસે જેહને મન્ન.''

**- શ્રી દેવચંદ્રજી કૃત અધ્યાત્મ ગીતા, ૨૬**

અત્રે શુભ-અશુભ એ બન્ને પ્રકારનું કર્મ નિષેધવા યોગ્ય છે એમ શાસ્ત્રકર્ત્તા **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** સ્વયં દૃષ્ટાંતથી સમર્થિત કર્યું છે અને આત્મખ્યાતિકર્ત્તા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** એ દૃષ્ટાંતની પુષ્ટિરૂપે તાદૃશ્ય ચીતાર રજૂ કરતું **સ્વભાવોક્તિમય** બીજું દૃષ્ટાંત વર્ણવી તે ઓર સમર્થિત કર્યું છે. તે આ પ્રકારે -

**આકૃતિ**




**કુત્સિત શીલ સાથે રાગ સંસર્ગ ત્યાગ**

જેમ કોઈ પુરુષ કુત્સિત શીલ - 'कुत्सित शीलं' દુષ્ટ શીલવાળા જનને વિશેષે કરીને જાણીને તેના પ્રત્યે મનથી પણ રાગ કરતો નથી અને વચન-કાયાથી તેનો સંસર્ગ-સંપર્ક (Contact, assiciation) વર્જે છે - वर्जयति - દૂરથી ત્યજે છે, તેમ 'स्वभावरताः' - 'સ્વભાવરત' - શુદ્ધ આત્મસ્વભાવ રૂપ ધર્મમાં રત - રમણ કરી રહેલા એવા સત્પુરુષો કર્મપ્રકૃતિનો શીલ - સ્વભાવ 'કુત્સિત' - દુષ્ટ જુગુપ્સનીય જાણીને, कर्मप्रकृतिशीलस्वभावं च कुत्सितं ज्ञात्वा, તેના રાગ-સંસર્ગ વર્જે છે, પરિહરે છે.

---

**શીલા - કુત્સિત - દુષ્ટ શીલવાળી જાણીને** तया सह - **તેની સાથે** रागसंसर्गौ प्रतिषेधयति - રાગ અને સંસર્ગ પ્રતિષેધે છે, નકારે છે, तथा किल - તેમ ખરેખર ! આ દાર્ષ્ટાંતિક आत्माऽरागो ज्ञानी - **અરાગ એવો આત્મા જ્ઞાની** स्वस्य बंधाय उपसर्पन्तीं - સ્વના - પોતાના બંધાર્થે ઉપસર્પતી - ઉપ - પાસે સર્પતી - **સર્પની જેમ હળવેકથી સરકતી** - નીકટ આવતી એવી मनोरमां अमनोरमां वा - મનોરમા - મનોહરા વા અમનોરમા - અમનોહરા सर्वामपि - **સર્વે જ** कर्म प्रकृतिं - **કર્મ પ્રકૃતિને** तत्त्वतः कुत्सितशीलां विज्ञाय - તત્ત્વથી - **પરમાર્થથી કુત્સિત શીલા - કુત્સિત - દુષ્ટ શીલવાળી જાણીને**, तया सह - **તેની સાથે** रागसंसर्गौ प्रतिषेधयति - રાગ અને સંસર્ગ પ્રતિષેધે છે - નકારે છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१४८॥१४९॥

જેમ 'કુશલ' - સારાસાર સમજવામાં નિપુણ એવો કોઈ વનહસ્તી - જંગલી હાથી છે. તેના બંધનાર્થે જંગલમાં વ્યભિચારિણી હાથણી - 'કરેણુ કુટ્ટિની' પ્રયોજવામાં આવે છે. તે 'ચટુલમુખી' - ચાવળા મુખવાળી લટકા મટકા કરતી હાથી સન્મુખ આવે છે. 'स्वस्य बंधाय उपसर्पन्तीं' - આ પોતાના બંધનાર્થે 'ઉપસર્પતી' - પાસે આવતી ચટુલમુખી - ચાવળા મોઢાવાળી કરેણુ કુટ્ટિની ભલે 'મનોરમ વા અમનોરમ' હોય, મનગમતી સુંદર કે મન અણગમતી અસુંદર હોય, પણ ચતુર હાથી તુરત સમજી જાય છે કે આ ચાવળી મ્હારા બંધાર્થે આવે છે. એટલે તે કરેણુ કુટ્ટિનીને તત્ત્વથી - પરમાર્થથી 'કુત્સિતશીલા' - કુત્સિત શીલવાળી - દુષ્ટ જુગુપ્સનીય સ્વભાવ-આચરણવાળી જાણીને, તે હાથી તેની સાથે રાગ-સંસર્ગ પ્રતિષેધે છે, અર્થાત્ હું તને સારી પેઠે ઓળખું છું એમ સમજી ભાવથી તેના પ્રત્યે રાગ કરવાની ના પાડે છે અને મન-વચન-કાયથી પણ તેનો સંસર્ગ કરવાની ના પાડે છે. તેમ 'आत्मा अरागो ज्ञानी' - જેને ક્યાંય પણ રાગ નથી એવો 'અરાગ' જ્ઞાની આત્મા પણ 'સ્વના બંધાર્થે' - આત્માના પોતાના બંધનાર્થે 'ઉપસર્પતી' - આત્મસન્મુખ પાસે આવતી 'મનોરમ વા અમનોરમ' - મનોજ્ઞ કે અમનોજ્ઞ - રૂડી રૂપાળી કે કૂડી કૂબડી શુભ-અશુભ **'સર્વેય'** કર્મ પ્રકૃતિને તત્ત્વથી - પરમાર્થથી **'કુત્સિત શીલા'** જાણીને, કુત્સિત - જુગુપ્સનીય દુષ્ટ શીલ - સ્વભાવ - આચરણવાળી જાણીને - सर्वामपि कर्मप्रकृतिं कुत्सितशीलां विज्ञाय, તેની સાથે રાગ-સંસર્ગ પ્રતિષેધે છે. અર્થાત્ બહુરૂપીણિ પુદ્ગલમયી પ્રકૃતિ ! હું તને સારી પેઠે ઓળખું છું, તેં મને હેરાન કરવામાં બાકી રાખી નથી, એમ સમજી આત્મભાવથી પણ તેના પ્રત્યે ઈચ્છા - અભિલાષ રૂપ રાગ કરવાની ના પાડે છે અને મન-વચન-કાયા યોગથી પણ તેનો સંસર્ગ - સંપર્ક કરવાની ના પાડે છે. ખરેખર ! નિશ્ચયે કરીને શુદ્ધ આત્મસ્વભાવ રૂપ ધર્મમાં જે રત છે - રમણ કરી રહેલ છે એવો **'સ્વભાવરત'** વીતરાગ જ્ઞાની આત્મા આમ કુત્સિતશીલ શુભાશુભ સર્વ કર્મ પ્રકૃતિ સાથે રાગ-સંસર્ગ નિષેધવા રૂપ પ્રત્યાખ્યાન કરે છે.

*કુશલ હાથી અને વ્યભિચારિણી હાથણીનું દૃષ્ટાંત*

*'સ્વભાવરત અરાગ જ્ઞાનીનો કર્મ પ્રકૃતિ સાથે રાગ-સંસર્ગ પરિત્યાગ*

કારણકે સર્વ કર્મ પરભાવરૂપ છે અને તે પરને આધીનપણું - પરવશપણું એ પૂર્વે કહ્યા પ્રમાણે દુઃખ જ છે - અથવા આકુલતા એ દુઃખનું લક્ષણ છે અને નિરાકુલતા એ સુખનું લક્ષણ છે, એ વ્યાખ્યા પણ 'સર્વ પરવશ તે દુઃખ ને આત્મવશ તે સુખ' એ પૂર્વોક્ત વ્યાખ્યા સાથે બંધબેસતી છે ને તેને પુષ્ટ કરે છે, કારણકે જ્યાં એક કરતાં વધારે મળે-ભળે, જ્યાં દ્વૈત છે ત્યાં આકુલતા છે અને જ્યાં એક શુદ્ધ નિર્ભેળ વસ્તુ હોય છે, જ્યાં અદ્વૈત છે ત્યાં નિરાકુલતા છે. એટલે પર વસ્તુના સંયોગ સંબંધથી જ્યાં પરાધીનતા છે ત્યાં આકુલતા છે અને જ્યાં આકુલતા છે, ત્યાં દુઃખ છે, એ સર્વ કોઈનો પ્રત્યક્ષ અનુભવ છે. તથા પરવસ્તુના સંયોગ સંબંધથી રહિત એવી જ્યાં સ્વાધીનતા છે ત્યાં નિરાકુલતા છે અને જ્યાં નિરાકુલતા છે ત્યાં સુખ છે. આ પણ સર્વનો સાક્ષાત્ અનુભવ છે. આમ દુઃખની બન્ને વ્યાખ્યાનો સુમેળ છે.

*આકુલતા તે દુઃખ*

આત્માથી અતિરિક્ત - જૂદી એવી જે અન્ય વસ્તુ - કર્મ, તેના વડે કરીને જ આ આત્માને અનંત સંસાર પરિભ્રમણ દુઃખ પ્રાપ્ત થયું છે. બેડીથી જકડાયેલા પરાધીન કેદીને જ્યાં લઈ જવો હોય ત્યાં પરાણે લઈ જવાય છે, તેમ કર્મબંધ રૂપ બેડીથી બંધાયેલા પરાધીન જીવને કર્મ ગમે ત્યાં ઘસડી જાય છે અને જન્મ-જરા મરણાદિ અનંત દુઃખોથી દુઃખી કરે છે. આમ 'પારકો પેઠો વિનાશ કરે' - 'परः प्रविष्टः कुरुते विनाशं' એ લોકોક્તિ સાચી ઠરે છે. આત્માએ સ્વ સમયને અર્થાત્ આત્મવસ્તુની સ્વરૂપ મર્યાદાને ઉલ્લંઘી, પરસમયમાં પારકા પુદ્ગલ ક્ષેત્રમાં - પારકી હદમાં પ્રવેશ કર્યો, અતિક્રમણ (Transgression Trespss) કર્યો. અનાદિથી આત્માએ પર પુદ્ગલ પ્રદેશમાં માથું માર્યું - હસ્તક્ષેપ કર્યો, પર વસ્તુમાં આસક્તિ કરી, તેની સાથે સ્નેહ સંબંધ (!) બાંધ્યો. એટલે તે પુદ્ગલ બલાએ બદલામાં કર્મરૂપ ભૂત તે


*'પારકો પેઠો વિનાશ કરે'*


આત્માને વળગાડ્યું અને આત્માને પોતાના ક્ષેત્રમાં આક્રમણના ગુન્હાના બદલામાં પોતાના વિષય - ક્ષેત્રમાં પૂરી રાખવા રૂપ દંડ દીધો ! અથવા તો સ્નેહ સંબંધના બદલામાં તેને ગાઢ બંધને બાંધી સંસાર રૂપ હેડમાં પૂરી રાખ્યો ! આમ પરભાવ રૂપ કર્મની પરાધીનતાથી બધી મ્હોકાણ થઈ છે.


ઈત્યાદિ પ્રકારે કર્મની 'કુત્સિતશીલ પ્રકૃતિ જે જાણે છે, તે **'સ્વભાવરત'** જ્ઞાની સર્વ કર્મ પ્રકૃતિનો પરિત્યાગ કરી નિરંતર સ્વભાવમાં રમણતા અનુભવે છે.

પણ જ્યારે આત્મા પરક્ષેત્રમાં આક્રમણરૂપ અતિક્રમનું પ્રાયશ્ચિત્ત કરે છે ને પોતાના ક્ષેત્રમાં પાછા જવા રૂપ **પ્રતિક્રમણ** કરે છે, પુનઃ પરક્ષેત્રમાં નહિ જવાનું **પ્રત્યાખ્યાન** કરે છે, સ્વરૂપમાં સમવસ્થિત રહી **શુદ્ધ સામાયિક** રૂપ આત્મસ્વભાવને ભજે છે, સ્વ સ્વરૂપના સ્પર્શન રૂપ સાચું **આત્મવંદન** કરે છે, 'નમો મુજ ! નમો મુજ !' એમ આત્મસ્તુતિની પરમ ધન્યતાને પ્રાપ્ત થાય છે અને **'કાયાની વિસારી માયા સ્વરૂપે શમાયા એવા'** નિર્ગ્રંથના પંથને પામે છે, અર્થાત્ દેહ છતાં દેહાતીત દશાને પામી નિરંતર કાયોત્સર્ગ ભાવને સાધે છે - ત્યારે આ આત્મા સ્વાધીન - આત્માધીન એવા પરમ સુખને અનુભવે છે અને આવી આ કાયોત્સર્ગ દશાને પામેલા સ્વભાવરત અરાગી જ્ઞાની યોગી પરવશપણાથી દુઃખસ્વરૂપ એવી સર્વ કર્મ પ્રકૃતિનો પરિત્યાગ કરે છે અને સ્વવશપણાથી સુખસ્વરૂપ એવા શુક્લ આત્મધ્યાનનો આશ્રય કરે છે, તેથી સ્વભાવમાં રમણ કરનારા તે પરમાનંદ લહરીઓમાં નિરંતર નિમજ્જન કરે છે.

**આકૃતિ**



હવે ઉભય કર્મને બંધહેતુ અને પ્રતિષેધ્ય આગમથી સાધે છે -

**रत्तो बंधदि कम्मं मुंचदि जीवो विरागसंपत्तो ।**

**एसो जिणोवदेसो तह्मा कम्मेसु मा रज्ज ॥१५०॥**

જીવ રક્ત તે કર્મ જ બાંધતો રે, વિરાગ પ્રાપ્ત મુકાય;

આ છે જિન ઉપદેશ જ તેહથી રે, મ રંજ કર્મોમાંય... કર્મ શુભાશુભ. ૧૫૦

**ગાથાર્થ** - રક્ત (રાગયુક્ત) કર્મ બાંધે છે, વિરાગ સંપ્રાપ્ત જીવ મૂકાય છે, આ જિનોપદેશ છે, તેથી કર્મોમાં મ રંજ ! ૧૫૦

## आत्मख्याति टीका

अथोभयं कर्म बंधहेतुं प्रतिषेध्यं चागमेन साधयति -

**रक्तो बध्नाति कर्म मुच्यते जीवो विरागसम्प्राप्तः ।**

**एष जिनोपदेशः तस्मात् कर्मसु मा रज्यस्व ॥१५०॥**

**यः** खलु **रक्तोऽ**वश्यमेव **कर्म बध्नीयात् विरक्त एव मुच्येतेत्ययमागमः स सामान्येन** रक्तत्वनिमित्तत्वाच्छुभमशुभमुभयं कर्माविशेषेण बंधहेतुं साधयति **तदुभयमपि कर्म प्रतिषेधयति** ॥१५०॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

જે - નિશ્ચયે કરીને **'રક્ત અવશ્યમેવ કર્મ બાંધે વિરક્ત જ મૂકાય' - એવો આ આગમ તે** સામાન્યથી રક્તપણાના નિમિત્તપણાને લીધે શુભ-અશુભ ઉભય કર્મને અવિશેષથી બંધહેતુ સાધે છે, **તેથી તે ઉભય (બન્ને) કર્મને પણ પ્રતિષેધે છે. ૧૫૭**

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જિહાં રાગ અને વળી દ્વેષ, તિહાં સર્વદા માનો ક્લેશ,

ઉદાસીનતાનો જ્યાં વાસ, સર્વ દુઃખનો છે ત્યાં નાશ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અંક ૧૦૮**

''રાગ દ્વેષ જગ બંધ કરત હે, ઈનકો દૂર કરેંગે.'' - **શ્રી આનંદઘનજી**

ઉપરમાં હેતુ - દૃષ્ટાંત યુક્ત યુક્તિથી શુભ-અશુભ બન્ને કર્મનું પ્રતિષિદ્ધપણું (નિષેધ) દાખવ્યું, રક્તત્વ નિમિત્તપણાને લીધે અત્રે ઉભય કર્મનો બંધહેતુ દર્શાવી શુભ-અશુભ ઉભય કર્મનું આગમથી પણ

---

**आत्मभावना -**

अथ - હવે उभयं कर्म - ઉભય - પુણ્ય - પાપ બન્ને કર્મને बंधहेतुं प्रतिषेध्यं च - બંધ હેતુ અને પ્રતિષેધ્ય - પ્રતિષેધવા યોગ્ય એવું आगमेन साधयति - આગમથી સાધે છે -

रक्तः कर्म बध्नाति - રક્ત - રાગયુક્ત કર્મ બાંધે છે, जीवो विरागसम्प्राप्तः मुच्यते - જીવ વિરાગ સંપ્રાપ્ત એવો - વિરાગને - વીતરાગપણાને સમ્પ્રાપ્ત - સમ્યક્પણે પ્રાપ્ત - પામેલો એવો મૂકાય છે - एषो जिनोपदेशः - આ જે કહેવામાં આવ્યો તે જિનોપદેશ છે, જિનનો - વીતરાગ સર્વજ્ઞનો ઉપદેશ છે, तस्मात् - તેથી કરીને कर्मसु मा रज्यस्व - કર્મોમાં મ રંજ ! રાગ મ કર ! ॥ इति **गाथा** आत्मभावना ॥१५०॥

यः खलु - જે ખરેખર ! નિશ્ચયે કરીને रक्तोऽवश्यमेव कर्म बध्नीयात् - રક્ત - રાગયુક્ત અવશ્ય જ કર્મ બાંધે, विरक्त एव मुच्येत - વિરક્ત જ - વિરાગ યુક્ત જ મૂકાય, इत्यागमः - એવો આ આગમ - આપ્તોપદેશ - પરમ પ્રમાણભૂત એવા જિનનો ઉપદેશ છે, सः - તે सामान्येन - સામાન્યથી शुभमशुभमुभयं कर्म - શુભ અશુભ ઉભય - બન્ને કર્મને अविशेषेण बंधहेतुं साधयति अविशेषतः - विना तफावते बंधहेतु साधे छे, शाने लीधे ? रक्तत्वनिमित्तत्वात् - રક્તત્વના - રાગયુક્તપણાના નિમિત્તપણાને લીધે. તેથી શું ? तदुभयमपि कर्म प्रतिषेधयति - તેથી તે ઉભય પણ -

પ્રતિષિદ્ધપણું સાધ્યું છે - 'રક્ત' - રાગયુક્ત રાગી જીવ કર્મ બાંધે છે, 'વિરાગ સંપ્રાપ્ત' - વિરાગને - વીતરાગપણાને સંપ્રાપ્ત - સમ્યક્પણે પામેલો જીવ મૂકાય છે - એવો 'આ' કહેવામાં આવ્યો તે જિનોપદેશ છે, જિનનો - વીતરાગ સર્વજ્ઞનો ઉપદેશ - બોધ છે, તેથી કર્મોમાં મ 'રંજ' - રાગ મ કર ! આવા ભાવની આ ગાથાનું **'આત્મખ્યાતિ'** સૂત્રકર્તા પરમર્ષિએ અપૂર્વ સૂત્રાત્મક વ્યાખ્યાન કર્યું છે - 'रक्तोऽवश्यमेव कर्म बध्नीयात् विरक्त एव मुच्येत' - રક્ત અવશ્યમેવ કર્મ બાંધે, વિરક્ત જ મૂકાય, એવો જે આ આગમ છે, ઈત્યાદિ. અર્થાત્ રાગવંત - રાગથી રંગાયેલ એવો જે રક્ત હોય તે અવશ્ય જ કર્મ બાંધે અને 'વિરાગ' - રાગ વિરહિત - રાગથી નહિ રંગાયેલ એવો જે વિરક્ત હોય તે જ કર્મથી મુક્ત થાય, એવો જે આ **'આગમ'** છે, આપ્તવચન રૂપ પરમ પ્રમાણભૂત જિન ઉપદેશ છે, તે શુભ-અશુભ બન્ને કર્મને અવિશેષથી - અવિશેષપણે વિના તફાવતે 'બંધહેતુ' સાધે છે, શાને લીધે ? સામાન્યથી રક્તત્વ નિમિત્તપણાને લીધે, 'सामान्येन रक्तत्वनिमित्तत्वात्' । અર્થાત્ શુભ-અશુભ બન્ને કર્મમાં સામાન્યથી રક્તપણાનું નિમિત્તપણું છે, બન્નેમાં બંધકારણ રક્તપણું સામાન્ય છે (common to both), તેથી જ આ ઉક્ત આગમ વચન શુભ-અશુભનો ટાળો પાડ્યા વિના તફાવતે બંધ કારણ સાધે છે અને તેથી જ આ ઉપરથી સ્વયં સિદ્ધ થાય છે કે ઉક્ત આગમ તે બન્ને કર્મનો નિષેધ કરે છે - तदुभयमपि कर्म प्रतिषेधयति । કારણકે જગબંધુ જિન ભગવાનનું વચન જીવનું બંધન જોડાવવા માટે નથી, પણ બંધન છોડાવવા માટે છે, જીવને બંધના માર્ગે ચઢાવવા માટે નથી, પણ મોક્ષના માર્ગે ચઢાવવા માટે છે, એટલે જ 'રાગી બંધાય, વિરાગી મુકાય' એ આર્હતી મુષ્ટિ રૂપ સંક્ષેપ સૂત્રમાં સમસ્ત જિનાગમનો સાર સમાઈ જાય છે અને તે એમ સૂચવે છે કે શુભ-અશુભ બન્ને કર્મ રાગ વિના થતા નથી અને રાગ એ તો પ્રગટ બંધન છે, માટે બન્ને બંધન હેતુ હોઈ મુમુક્ષુને નિષેધવા યોગ્ય છે. હવે આ અંગે શાસ્ત્રીય રીત્યા વિશેષ વિચારણા કરીએ -

**રક્ત કર્મ બાંધે, વિરક્ત મૂકાય : ઉભય કર્મનો પ્રતિષેધ**

ઉપયોગને ઉપરંજિત કરનાર રાગ વિશુદ્ધિ પરિણામથી ભલે શુભ હો કે સંક્લેશ પરિણામથી અશુભ હો, પણ **અશુદ્ધ ઉપયોગના** અંગભૂત તે શુભ અશુભ બન્ને પ્રકારનો રાગ એ જ બંધનું કારણ છે અને જ્યાં શુભોપયોગ - અશુભોપયોગ રૂપ શુભ-અશુભ બન્ને પ્રકારના રાગનું વિગતપણું છે, એવું **શુદ્ધોપયોગ રૂપ** વિરાગપણું - વીતરાગપણું એ જ મોક્ષનું કારણ છે. આ અંગે **પરમાર્થ કુંદકુંદાચાર્યજીએ શ્રી પ્રવચનસાર ૨ - ગા. ૮૭-૮૮-૮૯** માં કહ્યું છે - *(૧) 'રક્ત કર્મ બાંધે છે, રાગ રહિતાત્મા કર્મોથી મૂકાય છે, આ જીવોનો બંધ સમાસ (બંધ સંક્ષેપ) નિશ્ચયથી જાણ ! (૨) પરિણામ થકી બંધ હોય છે, પરિણામ રાગ-દ્વેષ-મોહ યુક્ત એવો હોય છે, (તેમાં) મોહ-પ્રદ્વેષ એ અશુભ છે, રાગ શુભ વા અશુભ હોય છે. (૩) અન્યોમાં શુભ પરિણામ તે પુણ્ય, અશુભ તે પાપ એમ કહ્યું છે, અનન્ય ગત પરિણામ તે દુઃખક્ષય કારણ સમયમાં (શાસ્ત્રમાં) કહ્યું છે.' આ ગાથાઓની અદ્ભુત તલસ્પર્શી તત્ત્વસર્વસ્વ સમર્પક વ્યાખ્યા* કરતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** બંધ-મોક્ષની અપૂર્વ તત્ત્વ વૈજ્ઞાનિક પ્રક્રિયા (scientific & philosophical process) સમજાવી છે, તેનો સાર સંદર્ભ એ છે કે -

**રાગ બંધ કારણ : વીતરાગપણું મોક્ષ કારણ**

---

શુભ અશુભ બન્નેય કર્મને પ્રતિષેધે છે - નકારે છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१५०॥

* **"रत्तो बंधदि कम्मं मुच्चदि कम्मेहिं रागरहिदप्पा ।**
**एसो बंधसमासो जीवाणं जाण णिच्छयदो ॥**
**परिणामादो बंधो परिणामो रागदोसमोहजुदो ।**
**असुहो मोहपदोसो सुहो व असुहो हवदि रागो ॥**
**सुह परिणामो पुण्णं असुहो पावत्ति भणियमण्णेसु ।**
**परिणामोणण्णगदो दुक्खक्खयकारणं समये ॥" - श्री 'પ્રવચનસાર', ગા. ૮૭-૮૯**

* "यतो रागपरिणत एवाभिनवेन द्रव्यकर्मणा बध्यते न वैराग्यपरिणतः, अभिनवेन द्रव्यकर्मणा रागपरिणतो न मुच्यते वैराग्यपरिणत एव, संस्पृश्यतैवाभिनवेन द्रव्यकर्मणा चिरसंचितेन पुराणेन च न मुच्यते रागपरिणतः, मुच्यत एव

(૧) રાગપરિણત જ નવાં દ્રવ્યકર્મથી બંધાય છે, વૈરાગ્યપરિણત નહિ, રાગપરિણત નવાં દ્રવ્યકર્મથી નથી મૂકાતો, વૈરાગ્યપરિણત જ મૂકાય છે. તેથી નિશ્ચય થાય છે કે દ્રવ્યકર્મનું સાધકતમ કારણ રાગ પરિણામ જ છે, તેથી રાગ પરિણામ જ નિશ્ચયથી બંધ છે. (૨) અર્થાત્ પરિણામનું રાગવિશિષ્ટપણું જ બંધનું મુખ્ય કારણ છે - પરિણામનું આ વિશિષ્ટપણું રાગ-દ્વેષ-મોહમયપણાએ કરીને હોય છે અને તે વિશિષ્ટપણું શુભાશુભપણાએ કરીને બે ભાગમાં વિભક્ત છે - મોહ-દ્વેષ-મયપણાએ કરીને અશુભ પણું અને રાગમયપણાએ કરીને શુભપણું અને અશુભપણું હોય છે, કારણકે મંદ રાગનું વિશુદ્ધિ અંગપણું છે તેથી શુભ રાગપણું અને તીવ્ર રાગનું સંક્લેશ અંગપણું છે તેથી અશુભ રાગપણું છે માટે. આમ શુભાશુભ બે વિભાગમાં વિભક્ત વિશિષ્ટ પરિણામવિશેષ બંધનું કારણ છે, અવિશિષ્ટ (સહજ સ્વભાવભૂત) પરિણામ મુક્તપણાનું કારણ છે. તેની વૈજ્ઞાનિક પ્રક્રિયા આ પ્રકારે -

**પરદ્રવ્ય પ્રવૃત્ત 'વિશિષ્ટ' પરિણામ : સ્વદ્રવ્ય પ્રવૃત્ત 'અવિશિષ્ટ' પરિણામ**

(૧) પ્રથમ તો પરિણામ દ્વિવિધ-બે પ્રકારનો છે - (૧) સ્વદ્રવ્ય પ્રવૃત્ત (૨) પરદ્રવ્ય પ્રવૃત્ત, તેમાં (૧) **'પરદ્રવ્ય પ્રવૃત્ત'** જે પરિણામ છે તે પરથી ઉપરક્તપણાને લીધે **'વિશિષ્ટ'** પરિણામ છે, મૂળ સહજાત્મસ્વરૂપ - સહજ સ્વભાવભૂત જે પરિણામ છે તેમાં કંઈ વિક્રિયા રૂપ વિભાવ પરિણામ - ઓર વિશેષયુક્ત વિકૃત પરિણામ છે અને (૨) **'સ્વદ્રવ્ય પ્રવૃત્ત'** જે પરિણામ છે તે પરથી અનુપરક્તપણાને લીધે - નહિ રંગાયાપણાને લીધે **'અવિશિષ્ટ'** પરિણામ છે, મૂળ જેવો સહજાત્મસ્વરૂપ - સહજ સ્વભાવભૂત જે પરિણામ છે તેમાં કંઈ પણ વિક્રિયા રૂપ વિભાવ પરિણામના - વિશેષયુક્ત વિકૃત પરિણામના અભાવે 'અવિશિષ્ટ' અવિકૃત પરિણામ છે. અત્રે આ વિશિષ્ટ પરિણામના બે વિશેષો - ભેદો છે - (૧) શુભ પરિણામ અને (૨) અશુભ પરિણામ. શુભ પરિણામ છે તે પુણ્ય - પુદ્‌ગલબન્ધના કારણપણાને લીધે 'પુણ્ય' અને અશુભ પરિણામ છે તે પાપ પુદ્‌ગલબન્ધના કારણપણાને લીધે (કારણમાં કાર્યના ઉપચારથી) 'પાપ' છે. પણ જે અવિશિષ્ટ પરિણામ છે તેનું શુદ્ધપણું જ છે, એટલે તેના એકપણાને લીધે 'વિશેષ' - ભેદ છે નહિ, તે તો કાળે કરીને સંસાર દુ:ખ હેતુરૂપ કર્મપુદ્‌ગલનું ક્ષયકારણ હોય છે, એટલે તે પણ કારણમાં કાર્યના ઉપચારથી સંસાર દુ:ખ હેતુ એવા કર્મપુદ્‌ગલનો ક્ષયાત્મક મોક્ષ જ છે.

**શુદ્ધોપયોગ : અશુદ્ધોપયોગ - શુભોપયોગઃ અશુભોપયોગ**

આમ આત્માનો જે **'સ્વદ્રવ્ય પ્રવૃત્ત'** પરિણામ - પોતાના આત્મદ્રવ્યમાં જ પ્રવૃત્તિ કરતો **'અવિશિષ્ટ'** પરિણામ છે, તે જ આત્માનો **'સહજાત્મસ્વરૂપ'** શુદ્ધ પરિણામ અથવા **શુદ્ધોપયોગ** છે અને આત્માનો જે **'પરદ્રવ્ય પ્રવૃત્ત'** પરિણામ - પરદ્રવ્યમાં પ્રવૃત્તિ કરતો **'વિશિષ્ટ'** પરિણામ છે, તે જ આત્માનો અસહજાત્મસ્વરૂપી - અસહજ કૃત્રિમ વિપરિણામ રૂપ - વિકૃત વિભાવ પરિણામ રૂપ અશુદ્ધ પરિણામ અથવા શુભોપયોગ - અશુભોપયોગમાં વિભક્ત થયેલો અશુદ્ધોપયોગ છે. આ અંગે **પરમતત્ત્વવિજ્ઞાની પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** great spiritual scientist **પ્રવચનસાર, ૨-ગા. ૬૩ થી ૬૬ માં*** કહ્યું છે કે - (૧) 'આત્મા ઉપયોગાત્મા (ઉપયોગ સ્વરૂપ) છે, ઉપયોગ જ્ઞાન-દર્શન

---

संस्पृश्यतैवाभिनवेन द्रव्यकर्मणा चिरसंचितेन पुराणेन च वैराग्यपरिणतो न बध्यते । ततोऽवधार्यते द्रव्यबन्धस्य साधकतमत्वाद्रागपरिणाम एव निश्चयेन बन्धः ॥

द्रव्यबन्धोस्ति तावद्विशिष्टपरिणामात् । विशिष्टत्वं तु परिणामस्य रागद्वेषमोहमयत्वेन । तत्र शुभाशुभत्वेन द्वैतानुवर्ति । तत्र मोहद्वेषमयत्वेनाशुभत्वं, रागमयत्वेन तु शुभत्वं चाशुभत्वं च - विशुद्धिसंक्लेशाङ्गत्वेन रागस्य द्वैविध्यात् भवति ॥

द्विविधस्तावत्परिणामः परद्रव्यप्रवृत्तः स्वद्रव्यप्रवृत्तश्च । तत्र परद्रव्यप्रवृत्तः परोपरक्तत्वाद्विशिष्टपरिणामः, स्वद्रव्यप्रवृत्तस्तु परानुपरक्तत्वादविशिष्टपरिणामः । तत्रोक्तौ द्वौ विशिष्टपरिणामस्य विशेषौ, शुभपरिणामो शुभपरिणामश्च । तत्र पुण्य पुद्गलबन्धकारणत्वात् शुभपरिणामः पुण्यं, पापपुद्गलबन्धकारणत्वादशुभपरिणामः पापं । अविशिष्टपरिणामस्य तु शुद्धत्वेनैकत्वान्नास्ति विशेष स काले संसारदुःखहेतुकर्मपुद्गलक्षयकारणत्वात्संसारदुःखहेतुकर्मपुद्गलक्षयात्मको मोक्ष एव ।"

**- શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત પ્રવચનસાર ટીકા ગા. ૮૭-૮૯**

કહ્યો છે, આત્માનો તે ઉપયોગ શુભ વા અશુભ હોય છે. (૨) ઉપયોગ જો શુભ તો જીવને પુણ્ય સંચય થાય છે, અશુભ તો તથા પ્રકારે પાપ અને તે બન્નેના અભાવે ચય (સંચય) છે નહિ. (૩) જે જિનેંદ્રોને જાણે છે, સિદ્ધોને તેમજ અનગારોને પેખે છે અને જીવમાં સાનુકંપ છે, તે તેનો ઉપયોગ શુભ છે. (૪) વિષય કષાયથી અવગાઢ, દુઃશ્રુતિ દુશ્ચિત્ત-દુષ્ટ ગોષ્ટિયુક્ત, ઉગ્ર, ઉન્માર્ગ પર એવો જેનો ઉપયોગ છે તે અશુભ છે.' આની વ્યાખ્યા કરતાં **પરમતત્ત્વવિજ્ઞાની** (great spiritual scientist) **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પરમ અદ્ભુત તત્ત્વ વૈજ્ઞાનિક (most scientific) તત્ત્વ મીમાંસા કરી છે તેના તાત્પર્ય રૂપ એ છે કે - (૧) આત્માને નિશ્ચયે કરીને પરદ્રવ્ય સંયોગનું કારણ ઉપયોગ **વિશેષ છે** - ઉપયોગ તે તો આત્માનો 'સ્વભાવ' છે, કારણ ઉપયોગ એ આત્માના ચૈતન્ય સ્વરૂપને અનુસરનારો - 'ચૈતન્ય અનુવિધાયિ' પરિણામ છે અને ચૈતન્ય સાકાર અને નિરાકાર એમ બે પ્રકારમાં વિભક્ત છે, એટલે ઉપયોગ પણ સાકાર જ્ઞાનરૂપ અને નિરાકાર દર્શન રૂપ એમ બે પ્રકારનો છે. હવે આ જ્ઞાન-દર્શન રૂપ ઉપયોગના શુદ્ધ-અશુદ્ધપણાએ કરીને બે વિશેષ છે - **શુદ્ધોપયોગ** અને **અશુદ્ધોપયોગ** એમ તેના બે વિભાગ છે. તેમાં - શુદ્ધ ઉપયોગ નિરુપરાગ (ઉપયોગને રંગનારા રાગના ઉપરંજનથી રહિત હોવાથી) અને અશુદ્ધ સોપરાગ (ઉપરંજન રૂપ ઉપરાગ સહિત) હોય છે અને આ ઉપરાગ તરતમતાને લઈ વિશુદ્ધિ રૂપ - સંક્લેશ રૂપ એમ બે પ્રકારનો હોઈ, અશુદ્ધોપયોગ પણ વિશુદ્ધિ પરિણામ રૂપ શુભોપયોગ અને સંક્લેશ પરિણામ રૂપ **અશુભોપયોગ** એમ બે પ્રકારનો છે. (૩) આમ વિશુદ્ધિ-સંક્લેશ રૂપ ઉપરાગ વશથી અનુક્રમે પુણ્ય-પાપપણા રૂપ - શુભાશુભપણા રૂપ શુભોપયોગ-અશુભોપયોગ એ બે વિભાગમાં વિભક્ત થયેલો **અશુદ્ધોપયોગ** જ જીવને પરદ્રવ્ય સંયોગનું કારણ છે. પણ જ્યારે શુભ-અશુભ આ દ્વિવિધ પણ (બન્ને પ્રકારનો) આ અશુદ્ધનો (ઉપયોગનો) અભાવ કરાય છે, ત્યારે ખરેખર ! નિશ્ચયે કરીને ઉપયોગ શુદ્ધ જ અવતિષ્ઠે છે - જેમ છે તેમ સહજ **'સહજાત્મ સ્વરૂપ'થી સ્થિતિ કરે છે, તે 'સહજાત્મસ્વરૂપ' શુદ્ધ ઉપયોગ પુનઃ પરદ્રવ્ય સંયોગનું અકારણ જ છે,** यदा तु द्विविधस्याप्यस्याशुद्धस्याभावः क्रियते तदा खलूपयोगः शुद्ध एवावतिष्ठते । स पुनरकारणमेव परद्रव्यसंयोगस्य । (૩) તેમાં - શુભોપયોગનું સ્વરૂપ આ પ્રકારે - 'વિશિષ્ટ ક્ષયોપશમદશા વિશ્રાંત એવા દર્શન - ચારિત્રમોહનીય પુદ્ગલના અનુવૃત્તિપરપણાએ કરીને પરિગ્રહીત શોભન ઉપરાગપણાને લીધે

* **"अप्पा उवओगप्पा उवओगो णाणदंसणं भणिदो ।**
**सो हि सुहो असुहो वा उवओगो अप्पणो हवदि ॥**
**उवओगो जदि हि सुहो पुण्णं जीवस्स संचयं जादि ।**
**असुहो वा तध पावं तेसिमभावे ण चयमत्थि ॥**
**जो जाणादि जिणिंदे पेच्छदि सिद्धे तधेव अणगारे ।**
**जीवे य साणुकंपो उवओगो सो सुहो तस्स ॥**
**विसयकसाओगाढो दुस्सुदि दुच्चित्त दुट्ठगोट्ठि जुदो ।**
**उग्गो उम्मग्गपरो उवओगो जस्स सो असुहो ॥" - શ્રી 'પ્રવચનસાર', ગા. ૬૩-૬૬**

* "आत्मनो हि परद्रव्यसंयोगकारणसमुपयोगविशेषः, उपयोगो हि तावदात्मनः स्वभावश्चैतन्यानुविधायिपरिणामत्वात् । स तु ज्ञानं दर्शनं च साकारनिराकारत्वेनोभयरूपत्वाच्चैतन्यस्य । अथायमुपयोगो द्वेधा विशिष्यते शुद्धाशुद्धत्वेन । तत्र शुद्धो निरुपरागः अशुद्धः सोपरागः । स तु विशुद्धिसंक्लेशरूपत्वेन द्वैविध्यादुपरागस्य द्विविधः शुभोशुभश्च ॥


उपयोगो हि जीवस्य परद्रव्यसंयोगकारणमशुद्धः । स तु विशुद्धिसंक्लेशरूपोपरागवशात् शुभाशुभत्वेनोपात्तद्वैविध्यः । पुण्यपापत्वेनोपात्तद्वैविध्यस्य परद्रव्यस्य संयोगकारणत्वेन निर्वर्तयति । यदा तु द्विविधस्याप्यस्याशुद्धस्याभावः क्रियते तदा खलूपयोगः शुद्ध एवावतिष्ठते । स पुनरकारणमेव परद्रव्यसंयोगस्य ॥

विशिष्टक्षयोपशम-दशाविश्रान्तदर्शनचारित्रमोहनीयपुद्गलानुवृत्तिपरत्वेन परिग्रहीतशोभनोपरागत्वात् परमभट्टारकमहा देवाधिदेवपरमेश्वरार्हत्सिद्धसाधुश्रद्धाने समस्तभूतग्रामानुकम्पाचरणे च प्रवृत्तः शुभ उपयोगः ॥

विशिष्टोदयदशाविश्रान्तदर्शनचारित्रमोहनीय पुद्गलानुवृत्तिपरत्वेन परिग्रहीता शोभनोपरागत्वात्परमभट्टारकमहादेवाधिदेवपरमेश्वर-र्हत्सिद्धसाधुभ्योऽन्यत्रोन्मार्ग श्रद्धाने विषयकषायदुःश्रवणदुराशय दुष्टसेवनोग्रताचरणे च प्रवृत्तोशुभोपयोगः ॥" - **શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત પ્રવચનસાર ટીકા (ઉપરોક્ત) ગા. ૬૩-૬૬**

પરમ ભટ્ટારક મહાદેવાધિદેવ પરમેશ્વર એવા અર્હત્ - સિદ્ધ - સાધુના શ્રદ્ધાનમાં અને સમસ્ત ભૂતગ્રામના અનુકંપા આચરણમાં પ્રવૃત્ત તે શુભ ઉપયોગ.' (૪) અશુભોપયોગનું સ્વરૂપ આ પ્રકારે - 'વિશિષ્ટ ઉદયદશા વિશ્રાંત એવા દર્શન - ચારિત્રમોહનીય પુદ્ગલના અનુવૃત્તિપરપણાએ કરીને પરિગ્રહીત અશોભન ઉપરાગપણાને લીધે પરમ ભટ્ટારક મહાદેવાધિદેવ પરમેશ્વર એવા અર્હત્-સિદ્ધ-સાધુઓથી અન્યત્ર ઉન્માર્ગ શ્રદ્ધાનમાં અને વિષય-કષાય-દુઃશ્રવણ-દુરાશય-દુષ્ટ સેવન-ઉગ્રતા ચરણમાં પ્રવૃત્ત તે અશુભ ઉપયોગ.' આમ પરદ્રવ્યપ્રવૃત્ત શુભાશુભ રાગજન્ય શુભાશુભ ઉપયોગ પરદ્રવ્ય સંયોગનું - બંધનું કારણ છે. એટલા માટે જ જિન ભગવાનોએ સર્વ કર્મનો નિષેધ કર્યો છે.

''સર્વ વિચારણાનું ફળ આત્માનું સહજ સ્વભાવે પરિણામ થવું એ જ છે. સંપૂર્ણ રાગદ્વેષના ક્ષય થયા વિના સંપૂર્ણ આત્મજ્ઞાન પ્રગટે નહીં, એવો નિશ્ચય જિને કહ્યો છે, તે વેદાંતાદિ કરતાં બળવાન્ પ્રમાણભૂત છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૯૫**



કર્મ સર્વ સર્વવિદ્ બંધસાધન કહે છે, જ્ઞાન જ શિવહેતુ વિહિત છે. એવા ભાવનો **સમયસાર કળશ (૪) પ્રકાશે છે -**

स्वागता

**कर्म सर्वमपि सर्वविदो यद्, बंधसाधनमुशन्त्याविशेषात् ।**
**तेन सर्वमपि तत्प्रतिषिद्धं, ज्ञानमेव विहितं शिवहेतुः ॥१०३॥**
**કર્મ સર્વ પણ સર્વવિદો જે, બંધ હેતુ અવિશેષથી ભાખે;**
તેથી સર્વ પણ તે પ્રતિષેધ્યું, જ્ઞાન એ જ શિવહેતુ પ્રબોધ્યું. ૧૦૩

## અમૃત પદ-૧૦૩

કર્મ સર્વ જ બંધનો હેતુ, જ્ઞાન જ મોક્ષતણો હેતુ,
જ્ઞાન જ વિહિત શિવહેતુ, કહે સર્વજ્ઞો શિવસેતુ... કર્મ સર્વજ. ૧
કર્મ સર્વ જ બંધનો હેતુ, અવિશેષથી જાણ જ એ તું,
એમ સર્વવિદોએ ભાખ્યું, શુદ્ધ પ્રગટ તત્ત્વ એ દાખ્યું... કર્મ સર્વજ. ૨
લોહ સુવર્ણ બેડી શું એમાં, શુભ અશુભ ભેદ તું લે મા !
કર્મ સર્વ જ તેથી નિષેધ્યું, જ્ઞાન જ શિવહેતુ બોધ્યું... કર્મ સર્વજ. ૩
ભગવાન્ સર્વજ્ઞ અમૃત વાણી, શિવ સુખ અમૃતની ખાણી,
ભવ્યહિત સુવિહિત અમૃત એ, સુવિહિત શેખર 'અમૃત' એ... કર્મ સર્વજ. ૪

**અર્થ** - કારણકે કર્મને સર્વને પણ સર્વવિદો અવિશેષથી બંધ સાધન કહે છે, તેથી સર્વ પણ તે પ્રતિષિદ્ધ છે, જ્ઞાન જ શિવહેતુ (મોક્ષ કારણ) વિહિત છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાન માર્ગ આરાધે તો અને રસ્તે ચાલે તો જ્ઞાન થાય. સમજાય તો આત્મા સહજમાં પ્રગટે. નહિ તો જીંદગી જાય તોય પ્રગટે નહીં.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, ઉપદેશ છાયા (૯૫૭)**

ઉપરમાં 'આત્મખ્યાતિ'ના ગદ્ય ભાગમાં જ સ્પષ્ટ કહી દેખાડ્યું તેની પુષ્ટિ અર્થે સારસમુચ્ચય રૂપ આ કળશ કાવ્ય કહ્યું છે - कर्म सर्वमपि सर्वविदो यत् - શુભ - અશુભ કર્મને સર્વને ય 'સર્વવિદો' - સર્વ જાણનારા સર્વજ્ઞો 'અવિશેષથી' - વિશેષ વિના - વિના તફાવતે 'બંધ સાધન' - બંધનું સાધનારૂં બંધકારણ કથે છે - बंधसाधनमुशन्त्यविशेषात्, પરમ પ્રમાણભૂત - પરમ આપ્ત આ સર્વજ્ઞના કથન પરથી સ્વયં સિદ્ધ થાય છે કે - તે કર્મ સર્વ પણ પ્રતિષિદ્ધ છે - પ્રતિષેધવામાં આવેલું છે - तेन सर्वमपि तत्प्रतिषिद्धं અને જ્ઞાનમાત્ર જ શિવહેતુ વિહિત છે - ज्ञानमेव विहितं शिवहेतुः, એક કેવલ જ્ઞાન માત્ર જ મોક્ષ રૂપ સાધ્યને સાધનારૂં અવિનાભાવિ સાધન છે, અવિસંવાદિ મોક્ષકારણ છે એમ વિધાન વિધિ રૂપ નિરૂપણ કરવામાં આવ્યું છે.

### આકૃતિ

| | | | |
|---|---|---|---|
| સર્વ કર્મ | બંધ હેતુઃ | જ્ઞાન | મોક્ષ હેતુ |

આમ અશુદ્ધોપયોગમય શુભ-અશુભોપયોગ રૂપ સર્વ શુભ-અશુભ કર્મ પૂર્વે કહ્યા પ્રમાણે 'પરદ્રવ્ય પ્રવૃત્ત' હોઈ પરદ્રવ્ય સંયોગરૂપ બંધનું કારણ છે અને જ્યાં જ્ઞાન સિવાય બીજો કોઈ ભાવ જ નથી

એવું 'કેવલ' જ્ઞાન જ શુદ્ધ ઉપયોગ જ 'સ્વદ્રવ્ય પ્રવૃત્ત' હોઈ મોક્ષનું કારણ છે એમ જાણી, બંધ મુક્ત થવા ઈચ્છતો મુમુક્ષુ પરદ્રવ્ય સંયોગ કારણનો વિનાશ અભ્યાસે છે અને તે અર્થે કેવી ભાવના ભાવે છે તેનો પરમ ઉત્તમ પ્રકાર પરમ ભાવિતાત્મા પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ *પ્રવચનસાર ૨ - ગા. ૬૭-૬૮માં પ્રદર્શિત કર્યો છે - (૧) 'અશુભોપયોગ રહિત, ન શુભોપયુક્ત, (એમ) અન્ય દ્રવ્યમાં મધ્યસ્થ હોતો હું જ્ઞાનાત્મક આત્માને ધ્યાવું છું. (૨) હું નથી દેહ, નથી મન, નથી વાણી, નથી તેઓનું કારણ, નથી કર્ત્તા, નથી કારયિતા (કરાવનારો), નથી કર્ત્તાઓનો અનુમંતા (અનુમતિ આપનાર).'

'કેવલ' જ્ઞાન જ 'સ્વદ્રવ્ય પ્રવૃત્ત' શુદ્ધોપયોગ જ મોક્ષ કારણ

આ આત્મભાવનાને ઓર બહલાવતાં પરમ ભાવિતાત્મા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** ત્યાં વદે છે - *(૧) જે ખરેખર ! સ્ફુટપણે આ પરદ્રવ્ય સંયોગ કારણપણે ઉપન્યસ્ત અશુદ્ધ ઉપયોગ, તે નિશ્ચયે કરીને મન્દ-તીવ્ર ઉદય દશા વિશ્રાંત પરદ્રવ્યને અનુવૃત્તિ તન્ત્રપણા થકી જ પ્રવર્ત્તે છે, પણ નહિ કે અન્ય થકી, તેથી હું આ સર્વ જ પરદ્રવ્યમાં મધ્યસ્થ થઉં છુ અને એમ હોતો હું પરદ્રવ્યને અનુવૃત્તિ તન્ત્રપણાના અભાવને લીધે શુભ વા અશુભ એવા અશુદ્ધ ઉપયોગથી નિર્મુક્ત (સર્વથા મુક્ત) થઈને, કેવલ સ્વદ્રવ્યની અનુવૃત્તિના પરિગ્રહ થકી પ્રસિદ્ધ (પ્રકૃષ્ટ પણે સિદ્ધ) છે શુદ્ધોપયોગ જેને એવો હું ઉપયોગાત્માથી આત્મામાં જ નિશ્ચલ ઉપયુક્ત સ્થિતિ કરૂં છું. આ મ્હારો પરદ્રવ્ય સંયોગકારણના વિનાશનો અભ્યાસ છે. (૨) (હવે શરીરાદિ પરદ્રવ્યમાં માધ્યસ્થ પ્રકટ કરે છે -)

દેહાદિ પરદ્રવ્યમાં અપૂર્વ માધ્યસ્થ્ય ભાવના

શરીરને અને વાચાને અને મનને હું પરદ્રવ્યપણે પ્રતિપદ્દું છું (માનું છું), તેથી તેઓમાં મ્હારો કોઈ પણ પક્ષપાત છે નહિ - સર્વત્ર પણ હું અત્યંત મધ્યસ્થ છું. તે આ પ્રકારે - (૧) નિશ્ચયે કરીને હું શરીર - વાક્ - મન સ્વરૂપાધારભૂત અચેતન દ્રવ્ય છું નહિ, તેઓ ખરેખર ! હું સ્વરૂપાધાર અર્થ સિવાય પણ આત્માનું (પોતાનું) સ્વરૂપ ધારે છે, તેથી હું શરીર-વાક્-મનઃનો પક્ષપાત ફગાવી દઈ અત્યન્ત મધ્યસ્થ છું. (૨) અને શરીર-વાક્-મનઃનું કારણ એવું અચેતન દ્રવ્યપણું મ્હારૂં છે નહિ, તેઓ ખરેખર ! હું કારણ સિવાય પણ કારણ હોય છે, તેથી હું તેના કારણપણાનો પક્ષપાત ફગાવી દઈ

---

* "असुहोवओगरहिदो सुहोवजुत्तो ण अण्णदवियम्मि ।
होज्जं मज्झत्थोऽहं णाणप्पगमप्पगं झाए ॥
णाहं देहो ण मणो ण चेव वाणी ण कारणं तेसिं ।
कत्ता ण ण कारयिदा अणुमत्ता णेव कत्तीणं ॥" - श्री 'પ્રવચનસાર', ૨-૬૭-૬૮

* "यो हि नामायं परद्रव्यसंयोगकारणत्वेनोपन्यस्तोऽशुद्धउपयोगः स खलु मन्दतीव्रोदयदशाविश्रान्तपरद्रव्यानुवृत्तितन्त्रत्वादेव प्रवर्त्तते न पुनरन्यस्मात् । ततोऽहमेष सर्वस्मिन्नेव परद्रव्ये मध्यस्थो भवामि । एवं भवंश्चाहं परद्रव्यानुवृत्तितन्त्रत्वाभावात् शुभेनाशुभेन वाऽशुद्धोपयोगेन निर्मुक्तो भूत्वा केवलस्वद्रव्यानुवृत्तिपरिग्रहात् प्रसिद्धशुद्धोपयोग उपयोगात्मनात्मन्येव नित्यं निश्चलमुपयुक्तस्तिष्ठामि । एष मे परद्रव्यसंयोगकारणविनाशाभ्यासः ॥
(अथ शरीरादावपि माध्यस्थ्यं प्रकटयति -)
शरीरं च वाचं च मनश्च परद्रव्यत्वेनाहं प्रतिपद्ये ततो न तेषु कश्चिदपि मम पक्षपातोस्ति । सर्वत्राप्यहमत्यन्तं मध्यस्थोऽस्मि । तथाहि - न खल्वहं शरीरवाङ्मनसां स्वरूपाधारभूतमचेतनद्रव्यमस्मि, तानि खलु मां स्वरूपाधारार्थान्तरेणाप्यात्मनः स्वरूपं धारयन्ति । ततोऽहं शरीरवाङ्मनः-पक्षपातमपास्यात्यन्तमध्यस्थोस्मि । न च मे शरीरवाङ्मनःकारणाचेतनद्रव्यत्वमस्ति, तानि खलु मां कारणमन्तरेणापि कारणं भवन्ति । ततोऽहं तत्कारणत्वपक्षपातमपास्यास्म्ययमन्यन्तमध्यस्थः । न च मे स्वतन्त्रशरीरवाङ्मनःकारणाचेतनद्रव्यत्वमस्ति, तानि खलु मां कर्तारमन्तरेणापि क्रियमाणानि । ततोऽहं तत्कर्मत्वपक्षपातमपास्यास्म्ययमत्यन्तमध्यस्थः । न च मे स्वतन्त्रशरीरवाङ्मनःकारकाचेतनद्रव्यप्रयोजकत्वमस्ति, तानि खलु मां कारकप्रयोजकमन्तरेणापि क्रियमाणानि । ततोऽहं तत्कारकप्रयोजकपक्षपातमपास्यास्म्ययमत्यन्तमध्यस्थः । न च मे स्वतन्त्रशरीरवाङ्मनः कारकाचेतनद्रव्यानुज्ञातृत्वमस्ति, तानि खलु मां कारकानुज्ञातारमन्तरेणापि क्रियमाणानि, ततोऽहं तत्कारकानुज्ञातृत्वपक्षपातमपास्यास्म्ययमत्यन्तमध्यस्थः ॥"
- શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત 'પ્રવચનસાર' ટીકા - ૨-૬૭-૬૮ (ઉપરોક્ત)

મધ્યસ્થ છું. (૩) અને સ્વતન્ત્ર એવા શરીર-વાક્-મનનું કારણ અચેતન દ્રવ્યપણું મ્હારૂં છે નહિ, તેઓ ખરેખર ! હું કર્ત્તા સિવાય પણ કરાઈ રહ્યા છે, તેથી હું તેના કર્મપણાનો પક્ષપાત ફગાવી દઈ આ અત્યન્ત મધ્યસ્થ છું. (૪) અને સ્વતન્ત્ર એવા શરીર-વાક્-મનના કારક અચેતન દ્રવ્યનું મ્હારૂં પ્રયોજકપણું છે નહિ, તેઓ ખરેખર ! હું કારક-પ્રયોજક સિવાય પણ કરાઈ રહ્યા છે, તેથી હું તેના કારક-પ્રયોજકનો પક્ષપાત ફગાવી દઈ આ અત્યન્ત મધ્યસ્થ છું. (૫) અને સ્વતન્ત્ર એવા શરીર-વાક્-મનના કારક એવા અચેતન દ્રવ્યનું મ્હારૂં અનુજ્ઞાતૃપણું છે નહિ, તેઓ ખરેખર ! હું કારક-અનુજ્ઞાતા સિવાય પણ કરાઈ રહ્યા છે, તેથી હું કારક-અનુજ્ઞાતૃપણાનો પક્ષપાત ફગાવી દઈ અત્યંત મધ્યસ્થ છું.' દેહાદિ પરદ્રવ્યમાં આવી મધ્યસ્થ ભાવના જે ભાવે છે તે શુદ્ધોપયોગ સ્થિત જ્ઞાની પરદ્રવ્યરૂપ કર્મસંયોગથી લેપાતો નથી. **કુંદકુંદાચાર્યજીની** ને **અમૃતચંદ્રાચાર્યજીની** આ અપૂર્વ આત્મભાવનાનો જાણે પ્રતિધ્વનિ કરતા હોય એમ પરમ ભાવિતાત્મા **યશોવિજયજી** પણ **'અધ્યાત્મોપનિષદ્'**માં વદે છે કે - 'હું પુદ્ગલ ભાવોનો કર્ત્તા નથી, કારયિતા (કરાવનારો) નથી અને અનુમંતા (અનુમતિ આપનારો) પણ નથી એમ આત્મજ્ઞાનવાન્ કેમ લેપાય ? અંજનથી ચિત્ર લેપાય છે પણ આકાશ લેપાતું નથી, તેની જેમ પુદ્ગલોથી પુદ્ગલ સ્કંધ લેપાય છે. હું લેપાતો નથી એમ ધ્યાવતો (જ્ઞાની) લેપાતો નથી.'

**''नाहं पुद्‌गलभावानां कर्ता कारयिता च न ।**
**नानुमंतापि चेत्यात्मज्ञानवान् लिप्यते कथम् ॥**
**लिप्यते पुद्‌गलस्कंधो न लिप्ये पुद्‌गलैरहम् ।**
**चित्रव्योमाञ्जनेनेव ध्यायन्निति न लिप्यते ॥''**

- શ્રી યશોવિજયજી કૃત 'અધ્યાત્મોપનિષદ્', ૨-૩૬-૩૭

જ્ઞાનમાં જ્ઞાન પ્રતિચરિત જ મુનિઓનું શરણ એવા ભાવનો અમૃત **સમયસાર કળશ** (૫) **અમૃતચંદ્રજી** લલકારે છે -

शिखरिणी

**निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल,**
**प्रवृत्ते नैष्कर्म्ये न खलु मुनयः सन्त्यशरणाः ।**
**तदा ज्ञाने ज्ञानं प्रतिचरितमेषां हि शरणं,**
**स्वयं विन्दन्त्येते परममृतं तत्र निरताः ॥१०४॥**

નિષેધાતાં સર્વે સુકૃત દુરિતા કર્મ જ ખરે !
પ્રવર્ત્યે નૈષ્કર્મ્યે ન જ અશરણા છે મુનિ ખરે !
તદા જ્ઞાને જ્ઞાન પ્રતિચરિત એને શરણ 'હ્યાં,
સ્વયં વિન્દે એઓ પરમ અમૃત તત્ર નિરતા !

## અમૃત પદ-૧૦૪

જ્ઞાન જ્ઞાનમાં પાછું ફરિયું, એજ અમૃત મુનિનું શરણું,
ત્યાં નિરત સ્વયં તે વેદે, પરમ અમૃત જ્ઞાનનું ઝરણું... જ્ઞાન એજ મુનિનું શરણું. ૧
સર્વ સુકૃત દુષ્કૃત નિષેધ્યે, નૈષ્કર્મ્ય પ્રવૃત્તિ વેધ્યે,
મુનિઓ ન હોયે અશરણા, તે તો નિશ્ચય હોયે સશરણા... જ્ઞાન એજ. ૨
જ્ઞાન જ્ઞાનમાં પાછું ફરિયું, તે જ ત્યારે મુનિનું શરણું,
ત્યાં નિરત સ્વયં તે વેદે, પરમ અમૃત જ્ઞાનનું ઝરણું... જ્ઞાન એજ. ૩
ભગવાન આતમ અમૃતચંદ્ર, વર્ષે કેવલ જ્ઞાન નિસ્યંદ,
અનુભવ અમૃતરસી મુનિચંદ્ર, ભગવાન તે અમૃતચંદ્ર... જ્ઞાન એજ. ૪

**અર્થ** - સર્વ સુકૃત - દુષ્કૃત કર્મ સ્ફુટપણે નિષેધવામાં આવ્યે સતે, નૈષ્કર્મ્ય (નિષ્કર્મપણું) પ્રવૃત્ત થયે મુનિઓ ખરેખર ! અશરણ છે જ નહિ, ત્યારે જ્ઞાનમાં પ્રતિચરિત (પાછું ફરેલું) જ્ઞાન એઓનું શરણ છે, ત્યાં નિરત એઓ સ્વયં પરમ અમૃત અનુભવે છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાનમય આત્મા જેમને પરમોત્કૃષ્ટ ભાવે પ્રાપ્ત થયો અને જેમણે પરદ્રવ્ય માત્ર ત્યાગ કર્યું, તે દેવને નમન હો ! નમન હો !'' - **શ્રીમદ્ રાજચંદ્ર**, અં. ૭૬૩

જ્ઞાનમાં પ્રતિચરિત જ્ઞાન એજ નિષ્કર્મ મુનિનું શરણ

આમ શુભ-અશુભ સમસ્ત જ કર્મ યુક્તિથી અને આગમથી નિષેધવામાં આવ્યું, એટલે સત્ જિજ્ઞાસુ મુમુક્ષુ શિષ્યને સહજ આશંકા થાય છે કે - જો ઉક્ત પ્રકારે શુભ-અશુભ સર્વ કર્મના નિષેધથી કાંઈ કરવાપણું નહિ રહે, તો પછી મુનિઓ અશરણ બની જશે, શરણ-આશ્રય સ્થાન રહિત થઈ જશે, તેનો ઉત્તર આ શિખરિણી વૃત્ત નિબદ્ધ કળશ કાવ્યથી આપતાં **મહાકવિ અમૃતચંદ્રજીએ** આત્મભાવોલ્લાસનું શિખર ચઢાવ્યું છે - निषिद्धे सर्वस्मिन् सुकृतदुरिते कर्मणि किल - એમ 'સર્વ સુકૃત - દુરિત કર્મ નિષિદ્ધ થયે', સમસ્ત સુકૃત-દુષ્કૃત શુભ-અશુભ પુણ્ય-પાપ કરણી રૂપ કર્મ નિષેધવામાં આવ્યે અને કંઈ કરવાપણું જ્યાં રહ્યું નથી એવું 'નૈષ્કર્મ્ય' - નિષ્કર્મપણું - 'અકર્મીપણું' પ્રવૃત્ત થયે - 'प्रवृत्ते नैष्कर्म्ये' મુનિઓ ખરેખર ! અશરણ છે નહિ - न खलु मुनयः सन्त्यशरणाः - કારણકે 'तदा' - ત્યારે તથારૂપ 'મુનિ' - શુદ્ધોપયોગ દશા-સંપન્ન સાચા શ્રમણ રૂપ જ્ઞાની જેવા તે ઉચ્ચ


અધિકારીને શુભ-અશુભ કર્મથી પર એવી નિષ્કર્મ મુનિદશા-જ્ઞાનદશા પ્રાપ્ત થયે, જ્ઞાનમાં પ્રતિચરિત જ્ઞાન - 'ज्ञानं ज्ञाने प्रतिचरितं' એઓનું નિશ્ચયે કરીને શરણ છે, 'एषां हि शरणं !' અર્થાત્ જ્ઞાન જ્ઞાનમાં જ 'પ્રતિ' - પાછું 'ચરિત' થયું, આચરણરૂપે - ચારિત્રરૂપે પ્રવર્ત્તી રહ્યું, જ્ઞાન પાછું કરીને જ્ઞાનમાં જ વર્ત્તવા રૂપે વૃત્ત થયું, એ જ આ જ્ઞાનદશાસંપન્ન જ્ઞાની મુનિઓનું - **શુદ્ધોપયોગી શ્રમણોનું શરણ છે,** આશ્રયસ્થાન રૂપ નિજ ઘર છે (sweet home) અને ત્યાં નિરત થયેલા તેઓ સ્વયં પરમ અમૃત અનુભવે છે - 'स्वयं विन्दन्त्येते परममृतं तत्र निरताः' । અર્થાત્ તે જ્ઞાન શરણમાં - પરમ આશ્રય સ્થાન રૂપ જ્ઞાનગૃહમાં નિરત - નિતાંત રત - અત્યંત રક્ત થઈને સ્થિતિ કરતા આ મુનિઓ સ્વયં - પોતે જ આત્માનુભવ રૂપ પરમ અમૃતનો એવો રસાસ્વાદ અનુભવે છે કે જે તેઓ માત્ર પોતે જ અનુભવથી જાણે છે, પણ વચનથી કહી શકતા નથી. આમ આવો જે પરમ અમૃત સ્વાદ અનુભવે છે, તેને તે પરમ શરણ જ્ઞાનગૃહમાંથી સમય માત્ર પણ બ્હાર નીકળવાનું મન પણ કેમ થાય ? એટલે મુનિઓ અશરણ હોવાની વાત તો ક્યાંય દૂર રહો, પણ જ્ઞાન શરણ પ્રપન્ન આ જ્ઞાનદશા સંપન્ન મુનિઓ પરમ સશરણ છે, એમ તાત્પર્ય છે. એમ આ પરમ અમૃત કળશ કાવ્યના સ્રષ્ટા પરમ અમૃત પરમ મુનીશ્વર **અમૃતચંદ્રજી** સ્વનામના ગર્ભિત સૂચનથી પ્રકાશે છે. આવા **પરમ મુનીશ્વર** જેવી જ્ઞાનદશાનો સાક્ષાત્ અનુભવ કરનારા **શ્રીમદ્ રાજચંદ્રજીના** સહજ અનુભવોદ્ગાર છે કે -

**स्वयं विन्दन्त्येते परममृतं तत्र 'निरताः' परम ज्ञानामृत अनुभव**

"વનને વિષે ઉદાસીનપણે સ્થિત એવા જે યોગીઓ તીર્થંકરાદિક - તેનું આત્મત્વ સાંભરે છે."

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૬૩**

**આકૃતિ**




**પ્રતિક્રમણ કર્યે છૂટકો : ધ્યાન સુખ અનુભવ**

આમ જ્ઞાન જ્ઞાનમાં 'પ્રતિચરિત' થાય છે - પાછું ફરવા રૂપ 'પ્રતિક્રમણ' કરે છે ત્યારે જ આ પરમ અમૃત સુખનો અનુભવ થાય છે. આત્મા જ્યારે પરક્ષેત્રમાં આક્રમણ રૂપ અતિક્રમનું પ્રાયશ્ચિત્ત કરે છે ને પોતાના ક્ષેત્રમાં પાછા જવારૂપ **પ્રતિક્રમણ** કરે છે, પુનઃ પરક્ષેત્રમાં નહિ જવાનું **પ્રત્યાખ્યાન** કરે છે, સ્વરૂપમાં સમવસ્થિત રહી **શુદ્ધ સામાયિક** રૂપ આત્મસ્વભાવને ભજે છે, સ્વ સ્વરૂપના સ્પર્શન રૂપ સાચું **આત્મવંદન** કરે છે, 'નમો મુજ ! નમો મુજ !' એમ **આત્મ સ્તુતિની** પરમ ધન્ય યોગ્યતાને પ્રાપ્ત થાય છે અને **'કાયાની વિસારી માયા સ્વરૂપે શમાયા એવા'** નિર્ગ્રંથના પંથને પામે છે - શુદ્ધોપયોગ દશાસંપન્ન સાચા શ્રમણભાવને પામે છે, અર્થાત્ દેહ છતાં દેહાતીત દશાને પામી નિરંતર કાયોત્સર્ગ ભાવને સાધે છે, ત્યારે આ આત્મા સ્વાધીન - આત્માધીન એવા પરમ સુખને અનુભવે છે અને આવી આ કાયોત્સર્ગ દશાને પામેલો આ સમ્યગ્દૃષ્ટિમાં સ્થિત યોગી મુનીશ્વર પરવશપણાથી દુઃખ સ્વરૂપ એવા સર્વ વિષયનો ત્યાગ કરે છે અને સ્વવશપણાથી સુખ સ્વરૂપ એવા શુક્લ-શુદ્ધ આત્મધ્યાનનો આશ્રય કરે છે, તેથી તે પરમાનંદ લહરીઓમાં નિરંતર નિમજ્જન કરે છે. શુદ્ધ આત્માના

ધ્યાનથી કેવો નિવ્યાજ સાચેસાચો આનંદ ઉપજે છે, તે અત્ર સંવેદાય છે. નિર્વિકલ્પ ધ્યાન રૂપ પરમ અમૃતરસ સાગરમાં નિમગ્ન થયેલ યોગિરાજ જે **સહજાત્મસ્વરૂપના** આનંદની શીતલ લહરીઓ અનુભવે છે, તેનું અવાચ્ય સુખ તો તે મુનિ પોતે જ જાણે છે. આ ધ્યાનજન્ય સુખ વિષયજન્ય સુખથી ઉલટા પ્રકારનું છે, કારણકે અત્રે તો કામના સાધન રૂપ શબ્દાદિ વિષયોનો સર્વ જય હોય છે, જિતેન્દ્રિયપણા રૂપ **'જિનત્વ'** હોય છે.

**ધ્યાનસુખ આત્માધીન**

તાત્પર્ય કે - તાત્ત્વિક - પારમાર્થિક સુખ કેવળ ધ્યાનથી જ ઉપજે છે, કારણકે આત્મધ્યાનમાં પરાવલંબનની અપેક્ષા નથી, અથવા પ્રગટ શુદ્ધ આત્મારૂપ પરમાત્માના જ અવલંબનની અપેક્ષા છે, એટલે કે તે કેવલ આત્માધીન છે અને તે કર્મવિયોગ માત્રથી ઉપજે છે, એટલે તેમાં કર્મનું પરવશપણું નથી. આમ સ્વાધીન એવા આત્મધ્યાનમાં આત્મા ધ્યાતા છે, ધ્યેય આત્મા છે ને ધ્યાન આત્મા છે, ધ્યાતા-ધ્યાન-ધ્યેયની ત્રિપુટીની અત્ર એકતા થાય છે, પરમ શુદ્ધ અદ્વૈત થાય છે. **સહજાત્મસ્વરૂપ** એ જ સાધ્ય, સહજાત્મસ્વરૂપ એ જ સાધ્ય, સહજાત્મસ્વરૂપ એ જ સાધન, ને સહજાત્મસ્વરૂપ એ જ સિદ્ધિ - એમ અભેદ એકતા અત્ર થાય છે. એટલે કોઈ પણ પ્રકારની કોઈ પણ વિકલ્પ રૂપ આકુલતા થતી નથી, પરમ નિર્વિકલ્પ શાંતિ થાય છે, પરમ 'સ્વસ્થતા' ઉપજે છે, તે જ પરમ સુખ છે, તે જ પરમ આનંદ છે. એવા પરમોત્તમ ધ્યાન સુખની તુચ્છ વિષય સુખમાં રાચનારા પામર જનોને શી ખબર પડે ? નગરમાં રહેનારા નાગર જનના સુખની ગમાર ગામડીઆને શી ગમ પડે ? તેમ અનુભવ વિના તે ધ્યાન સુખ કેમ કહી શકાય ?

"નાગર સુખ પામર નવિ જાણે, વલ્લભ સુખ કુમારી રે,
અનુભવ વિણ ત્યમ ધ્યાનતણું સુખ, કુણ લહે નર નારી રે ?"

**- શ્રી યશોવિજયજી કૃત યો.દ. સજ્ઝા.**

---

* "ध्यानजं सुखमस्यां तु जितमन्मथसाधनम् ।
विवेकबलनिर्जातं शमसारं सदैव हि ॥" - **પરમર્ષિ હરિભદ્રાચાર્યજી કૃત યો.દ.સ. શ્લો. ૧૭૧**

હવે જ્ઞાનને મોક્ષ હેતુ સાધે છે -

**परमट्ठो खलु समओ सुद्धो जो केवली मुणी णाणी ।**
**तह्मि ट्ठिदा सहावे मुणिणो पावंति णिव्वाणं ॥१५१॥**

પરમાર્થ સમય શુદ્ધ જ કેવલી રે, મુનિ જ્ઞાની જે જાણ !
તેહ સ્વભાવે સ્થિત મુનિઓ ખરે ! રે, પામે છે નિર્વાણ... કર્મ. ૧૫૧

**અર્થ** - પરમાર્થ જ નિશ્ચયે કરીને જે સમય, શુદ્ધ, કેવલી, મુનિ, જ્ઞાની છે, તે સ્વભાવમાં સ્થિત મુનિઓ નિર્વાણ પામે છે. ૧૫૧

## आत्मख्याति टीका

अथ ज्ञानं मोक्षहेतुं साधयति -

**परमार्थः खलु समयः शुद्धो यः केवली मुनि र्ज्ञानी ।**
**तस्मिन् स्थिताः स्वभावे मुनयः प्राप्नुवंति निर्वाणं ॥१५१॥**

**ज्ञानं हि मोक्षहेतुः** ज्ञानस्य १शुभाशुभकर्मणोरबंधहेतुत्वे सति मोक्षहेतुत्वस्य तथोपपत्तेः । तत्तु सकलकर्मादिजात्यंतरविविक्तचिज्जातिमात्रः२ **परमार्थ** आत्मेति यावत् । स तु युगपदेकीभावप्रवृत्तज्ञानगमनमयतया३ **समयः** । **मननमात्रभावमात्रतया मुनिः** । स्वयमेव ज्ञानतया **ज्ञानी** । **स्वस्य भवनमात्रतया स्वस्वभावः*** स्वतश्चितो भवनमात्रतया **सद्भावो** वेति शब्दभेदेऽपि न च वस्तुभेदः ॥१५१॥

## આત્મખ્યાતિ ટીકા

**જ્ઞાન જ નિશ્ચયે કરીને મોક્ષહેતુ છે, જ્ઞાનનું શુભાશુભ કર્મનું અબંધ હેતુપણું સતે મોક્ષહેતુપણાની તથોપપત્તિ (તથાપ્રકારે ઘટમાનતા) છે માટે. તે જ્ઞાન તો સકલ કર્મ આદિ જાત્યંતરથી વિવિક્ત (અલગ, જૂદી) ચિત્ જાતિમાત્ર પરમાર્થ આત્મા છે, ઈતિ યાવત્. તે (પરમાર્થ-આત્મા) તો યુગપત્**

---

**आत्मभावना** - अथ - હવે ज्ञानं मोक्षहेतुः साधयति - જ્ઞાનને મોક્ષ હેતુ સાધે છે -
परमार्थ यः - પરમાર્થ જે खलु - ખરેખર ! નિશ્ચયે કરીને समयः - સમય, शुद्धः - શુદ્ધ, केवली - કેવલી, मुनि - મુનિ, ज्ञानीं - જ્ઞાની છે, तस्मिन् स्वभावे स्थिताः - તે સ્વભાવમાં સ્થિત मुनयः - મુનિઓ निर्वाणं प्राप्नुवंति - નિર્વાણ - મોક્ષ પ્રાપ્ત કરે છે. ॥ इति गाथा आत्मभावना ॥१५१॥

ज्ञानं हि मोक्षहेतुः - જ્ઞાન જ નિશ્ચયે કરીને મોક્ષહેતુ છે. શાને લીધે ? ज्ञानस्य - જ્ઞાનના - शुभाशुभकर्मणोरबंधहेतुत्वे सति - શુભ - અશુભ કર્મનું અબંધ હેતુપણું - બંધ હેતુનું અભાવપણું સતે - હોતાં - मोक्षहेतुत्वस्य तथोपपत्तेः - મોક્ષ હેતુપણાની તથોપપત્તિને લીધે, તથા - તેવા પ્રકારે ઉપપત્તિ - ઘટમાનતાને લીધે. तत्तु - અને તે જ્ઞાન તો परमार्थ - પરમાર્થ છે, પરમ અર્થ છે, કેવો પરમાર્થ ? सकलकर्मादिजात्यंतरविविक्त चिज्जातिमात्रः - સકલ કર્મ આદિ જાત્યંતરથી - અન્ય જાતિથી વિવિક્ત - જૂદો - અલાયદો એવો ચિત્ જાતિમાત્ર - કેવલ ચૈતન્ય જાતિ અને તે જ્ઞાન જ आत्मेति यावत् - આત્મા ઈતિયાવત્ - ઈત્યાદિ જેટલા શબ્દથી વાચ્ય છે તે છે.

स तु - અને તે પરમાર્થ આત્મા તો समयः - સમય છે, શાથી ? सकलनयपक्षासंकीर्णैकज्ञानतया - સકલનય પક્ષથી અસંકીર્ણ - સંકીર્ણ નહિ એવી એક - અદ્વિતીય - અદ્વૈત જ્ઞાનતાએ કરીને, केवली - કેવલી છે, શાથી ? केवलचिन्मात्रवस्तुतयामात्रतया - મનનમાત્ર ભાવમાત્રતાએ કરીને, ज्ञानी - જ્ઞાની છે, શાથી ? स्वयमेव ज्ञानतया - સ્વયમેવ - પોતે જ જ્ઞાનતાએ કરીને, स्वस्वभावः - સ્વસ્વભાવ છે, सद्भावो वा - અથવા સદ્ભાવ છે, શાથી ? स्वतश्चितो भवनमात्रतया - સ્વતઃ - સ્વ થકી - પ્રકારે શબ્દભેદે પણ न च वस्तुभेदः - વસ્તુભેદ નથી જ. ॥ इति 'आत्मख्याति' आत्मभावना ॥

---

૧. પાઠાંતર : अज्ञानस्य शुभाशुभकर्मणोः बंधहेतुत्वे सति, ૨. પાઠાં. चिज्ज्योतिर्मात्रः, ૩. પાઠાં. ज्ञानमयतया * પાઠાંતર : स्वस्य ज्ञानस्य भावमात्रतया स्वभावः स्वतश्चितो भवनमात्रतया सद्भावो वेति ।

એકીભાવ પ્રવૃત્ત જ્ઞાન-ગમનમયતાએ કરીને **સમય,** સકલ નયપક્ષથી અસંકીર્ણ (સંકીર્ણ નહિ એવી) એક જ્ઞાનતાએ કરીને **શુદ્ધ,** કેવલ ચિન્માત્ર વસ્તુતાએ કરીને **કેવલી,** મનન માત્ર ભાવમાત્રતાએ કરીને **મુનિ,** સ્વયમેવ જ્ઞાનતાએ કરીને **જ્ઞાની,** સ્વની ભવન માત્રતાએ કરીને **સ્વસ્વભાવ,** વા સ્વતઃ ચિત્‌ની ભવન માત્રતાએ કરીને **સદ્‌ભાવ** છે, એમ શબ્દભેદે પણ વસ્તુભેદ નથી. ૧૫૧

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સમજાવા અને શમાવાનું જે કોઈ ઐક્ય કરે તે સ્વાનુભવ પદમાં વર્તે, તેનું પરિભ્રમણ નિવૃત્ત થાય. ***અનંત જ્ઞાની પુરુષે અનુભવ કરેલો એવો આ શાશ્વત સુગમ મોક્ષમાર્ગ જીવને લક્ષમાં નથી આવતો એથી ઉત્પન્ન થયેલું ખેદ સહિત આશ્ચર્ય તે પણ અત્રે શમાવીએ છૈયે. સત્સંગ, સદ્વિચારથી શમાવા સુધીનાં સર્વ પદ અત્યંત સાચાં છે, સુગમ છે, સુગોચર છે, સહજ છે અને નિઃસંદેહ છે. ૐ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૫૧**

**'ज्ञानं हि मोक्षहेतुः' જ્ઞાન જ મોક્ષ હેતુ**

'ज्ञानं हि मोक्षहेतुः' - **'જ્ઞાન જ મોક્ષહેતુ છે',** - મોક્ષરૂપ સાધ્યને અવશ્ય સિદ્ધ કરનારૂં અવિનાભાવિ સાધન છે, કારણકે - ज्ञानस्य शुभाशुभकर्मणोरबंधहेतुत्वे सति - જ્ઞાનનું શુભાશુભ કર્મનું અબંધહેતુપણું સતે, મોક્ષહેતુપણાની તથોપપત્તિ છે માટે - मोक्षहेतुत्वस्य तथोपपत्तेः, જ્ઞાનનું શુભાશુભ કર્મનું અબંધહેતુપણું હોઈ તેના (જ્ઞાનના) મોક્ષ કારણપણાની તથાપ્રકારે ઘટમાનતા છે માટે. અર્થાત્ જ્ઞાન જ મોક્ષનું અવિસંવાદિ કારણ છે, કારણકે તે આત્માના સ્વભાવભૂત હોઈ પરભાવરૂપ શુભાશુભ કર્મના બંધનું કારણપણું પામતું નથી, એટલે તેનું મોક્ષકારણપણું તથાપ્રકારે ઘટે છે.

**જ્ઞાન કર્માદિ જાત્યંતરથી વિવિક્ત ચિત્ જાતિ માત્ર પરમાર્થ આત્મા ઈ.**

અને તે જ્ઞાન તો સકલ કર્મ આદિ જાત્યંતરથી વિવિક્ત (અલગ, જૂદો) માત્ર એવો ચિત્ જાતિ માત્ર - 'सकलकर्मादि जात्यंतरविविक्त चिज्जातिमात्रः' - પરમાર્થ આત્મા છે ઈતિ યાવત્, परमार्थ आत्मा इति यावत् । અર્થાત્ કર્મ વગેરે સમસ્ત પરભાવો **'જાત્યંતર'** - જૂદી જ જાતના છે, તેનાથી જ્ઞાન **'વિવિક્ત'** - પૃથક્ અલગ સાવ જૂદો પડતો એવો **'ચિત્ જાતિ માત્ર'** - ચૈતન્ય જાતિમાત્ર પરમાર્થ છે. કર્માદિ સર્વ પરભાવની જાતિ અચેતન છે અને જ્ઞાન સ્વભાવની જાતિ ચેતન છે, એટલે જાત્યંતર કર્માદિથી ચિત્ જાતિ જ્ઞાન જૂદું છે અને અખિલ વિશ્વમાં જે કાંઈ અર્થ - પદાર્થ છે, તેમાં પરમ અર્થ - પદાર્થ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ અર્થ - **'પરમાર્થ'** જો કોઈ હોય તો આ જ્ઞાનમય આત્મા જ છે, એટલા માટે જ તે **'પરમાર્થ'** કહેવાય છે, તેમજ 'दर्शनज्ञानचारित्राणि अततीति आत्मा' - દર્શન-જ્ઞાન ચારિત્રને અતે છે - પરિણમે છે એટલા માટે તે જ્ઞાન એ જ **'આત્મા'** કહેવાય છે. ઈત્યાદિ અનેક ગુણનિષ્પન્ન યથાર્થ નામ - અન્વયાર્થ અભિધાન આ પરમાર્થભૂત જ્ઞાનને ઘટે છે. તેમાંના કેટલાક અત્રે નિર્દેશ્યા છે -

**સમય આદિ શબ્દ ભેદે પણ ભેદ નહીં**

તે પરમાર્થ - આત્મા તો યુગપત્ - એકી સાથે એકીભાવથી - એકરૂપ ભાવથી પ્રવૃત્ત જ્ઞાન-ગમનમયપણાએ કરીને **'સમય'** છે, સર્વ નયપક્ષથી અસંકીર્ણ - અસંમિશ્ર અથવા સંકીર્ણ - સાંકડા નહિ બનેલ એવા એક - અદ્વિતીય - અદ્વૈત જ્ઞાનપણાએ કરીને **'શુદ્ધ'** છે, કેવલ ચિન્માત્ર-ચૈતન્ય જાતિમાત્ર વસ્તુપણાએ કરીને **'કેવલી'** છે, મનન માત્ર ભાવમાત્રપણાએ કરીને, **'મુનિ'** છે, સ્વયમેવ - પોતે જ જ્ઞાનપણાએ કરીને **'જ્ઞાની'** છે - સ્વના ભવનમાત્રપણાએ કરીને **'સ્વભાવ'** છે, અથવા સ્વતઃ - સ્વ થકી - પોતા થકી ચિત્‌ના ભવનમાત્ર પણાએ કરીને **'સદ્‌ભાવ'** છે, એમ અનેક પ્રકારે શબ્દભેદ - નામભેદ છતાં પણ પરમાર્થથી આ પરમાર્થ - આત્માનો વસ્તુભેદ નથી.

"પરમ પુરુષ પરમાતમા, પરમેશ્વર પરધાન... લલના.
પરમ પદારથ પરમેષ્ઠિ, પરમ દેવ પરમાન... લલના.
શ્રી સુપાર્શ્વ જિન વંદીએ રે." - શ્રી આનંદઘનજી

**જ્ઞાન ચિત્ જાતિ માત્ર પરમાર્થ આત્મા : 'પરમાર્થનો' પરમાર્થ**

અર્થાત્ આ જ્ઞાન એ જ સકલ કર્માદિ જાત્યંતરથી વિવિક્ત - જૂદો ચિત્ જાતિ માત્ર પરમાર્થ છે - આત્મા છે ઈતિ યાવત્. જ્ઞાન એટલે જાણવું અને ચિત્ એટલે પણ સામાન્યથી કે વિશેષથી જાણવું, એટલે જ્ઞાન એ ચિત્ - જાતિમાત્ર છે. આ ચિત્ જાતિમાત્ર સકલ કર્માદિ 'જાત્યંતરથી' (જૂદી જાતિથી) ધર્માસ્તિકાય - અધર્માસ્તિકાય આદિ અજીવ ચિત્થી - ચેતન આત્માથી જૂદી જાતિ છે - જાત્યંતર છે. જીવ-આત્મા એ જૂદી ચેતન જાતિ છે, અજીવ પુદ્ગલાદિ એ જૂદી અચેતન જાતિ છે. એટલે કર્માદિ સકલ અજીવ અચેતન જાત્યંતરથી જીવ સચેતન 'ચિત્ જાતિમાત્ર' આત્માની જાતિ જૂદી છે. આમ જ્ઞાન જ્યાં માત્ર કેવલ ચિત્ સિવાય બીજું કાંઈ નથી એવો 'ચિત્ જાતિમાત્ર' પરમાર્થ આત્મા ઈ. છે અને નિશ્ચયનો લક્ષ્ય - સાધ્ય પણ આ પરમાર્થ જ - આત્મા જ છે, એટલે નિશ્ચય એ જ તત્ત્વ છે, પરમાર્થ છે. આ પરમાર્થમાં 'પરમાર્થ' - પરમ અર્થ એ જ સાધ્ય છે. પરમ અર્થ એટલે પરમ પદાર્થ, પરમ તત્ત્વ - જેનાથી પર કોઈ પદાર્થ - તત્ત્વ નથી અને જે બીજા બધાં કરતાં પર છે એવો પદાર્થ વિશેષ - તત્ત્વ વિશેષ અને તેવો પરમ તત્ત્વ રૂપ પરમ પદાર્થ - પરમાર્થ કયો છે ? તો કે - આત્મા. શુદ્ધ ચૈતન્ય મૂર્ત્તિ આત્મા જેવો ચમત્કારિક પદાર્થ જગત્માં નથી. જ્યાં ચૈતન્યના અદ્ભુત ચમત્કારો વિલસે છે એવો 'ચિત્ ચમત્કાર માત્ર' આત્મા જ સર્વ આશ્ચર્યનું અને સર્વ ઐશ્વર્યનું એક ધામ છે. સર્વ પર પદાર્થથી પરપણે - ભિન્નપણે પ્રત્યક્ષ જૂદો તરી આવતો આ પરમ તત્ત્વ વૈજ્ઞાનિક પદાર્થ - પરમાર્થ, શુદ્ધ આત્મા 'સમયસાર' એના શુદ્ધ સહજ સ્વયંભૂ અસલ મૂળ સ્વરૂપે - સહજાત્મ સ્વરૂપે પ્રગટ કરવો - પ્રગટાવવો એ જ પરમાર્થ છે, એ જ નિશ્ચય છે, એજ ધ્યેય છે, એ જ સાધ્ય છે, એ જ લક્ષ્ય છે, એ જ ઉપાસ્ય છે, એજ આરાધ્ય છે. વર્તમાનમાં વિભાવ દશાને લઈ અનાદિ અવિદ્યારૂપ પરશાસનના મહાભાર તળે દબાઈ ગયેલો આ આત્મા જે અન્ય સંયોગજન્ય કર્મ પારતંત્ર્યથી અનંત સંસાર પરિભ્રમણ દુઃખ પામી રહ્યો છે, તેને કર્મ પારતંત્ર્યથી મુક્ત કરી આત્મ સ્વાતંત્ર્ય પમાડવો, વિભાવ દશા મૂકાવી આત્મસ્વભાવમાં આણવો, દુઃખધામ ભવબંધન છોડાવી સુખધામ મોક્ષનો યોગ કરાવવો, 'ઈચ્છે છે જે જોગીજન' એવું 'મૂળ શુદ્ધ તે આત્મપદ' - પરમાત્મપદ પમાડવો, 'આનંદઘન રસપૂર'થી છલકાતો શુદ્ધ સિદ્ધ મુક્ત આત્મા રૂપ 'પરમાર્થ' પ્રગટાવવો, એજ પરમાર્થ છે અને એજ મતદર્શનના ભેદ વિના સર્વ આત્માર્થી મુમુક્ષુ સાધકનું એક માત્ર સાધ્ય છે. આવો પરમાર્થ આ 'પરમાર્થ' શબ્દ પરથી ફલિત થાય છે. કેવલ જ્ઞાનમય આ પરમાર્થ આત્મા એ જ વિવિધ પરમાર્થગર્ભ અન્વયાર્થ શબ્દથી ઓળખાય છે. જેમકે -

**અન્વયાર્થથી સમયાદિનો નામ ભેદ છતાં વસ્તુ અભેદ**

(૧) **સમય** - યુગપત્ - એકી સાથે એકીભાવ પ્રવૃત્ત - એકરૂપ ભાવથી પ્રવૃત્ત જ્ઞાન-ગમન મયતાએ કરીને તે 'સમય' છે. (सं - एकीभावेन युगपत्, अय् = to go to know - જવું, જાણવું) અર્થાત્ એકી સાથે જેનું જાણવું અને જવું એકરૂપ ભાવથી થયા કરે છે, જાણવું એ જ જવું (પરિણામથી પરિણામાંતર પામવું) અને જવું એ જ જ્યાં જાણવું છે, અર્થાત્ ભવન-પરિણમન એ જ જ્યાં જ્ઞાન છે - જ્ઞાન એ જ જ્યાં ભવન - પરિણમન છે એટલે કે જ્યાં જ્ઞાન પરિણમન 'જ્ઞાનભવન' થયા કરે છે - તે સમય, (૨) શુદ્ધ જ્ઞાન સ્વરૂપ પરમાર્થ આત્મા 'સકલ નયપક્ષથી અસંકીર્ણ એકજ્ઞાનતાએ કરીને શુદ્ધ છે.' નયપક્ષ વસ્તુના એક અંશને - એક દેશને ગ્રહે છે, વિકલ્પ રૂપ છે અને આત્મા તો સકલ

* "आत्मा तदन्यसंयोगात्संसारी तद्वियोगतः ।
स एव मुक्त एतौ च तत्स्वाभाव्यात्तयोस्तथा ॥" - હરિભદ્રાચાર્યજી કૃત 'યોગબિંદુ'

નયપક્ષથી અતીત નિર્વિકલ્પ સંપૂર્ણ વસ્તુ સ્વરૂપ છે. એટલે સકલ નયપક્ષથી આત્મા 'સંકીર્ણ' - સાંકડો નહિ - સંકડાયેલો નહિ એવો 'અસંકીર્ણ' અથવા અસંમિશ્ર એક અદ્વૈત જ્ઞાન સ્વરૂપ છે - અનુભવાત્મક પ્રમાણ સ્વરૂપ છે. નયપક્ષ તો અંશગ્રાહી પૌદ્‌ગલિક વચનાત્મક છે, પણ આત્મા તો સર્વગ્રાહી જ્ઞાન પ્રમાણ અનુભવાત્મક છે, (૩) **કેવલી** - (૪) **મુનિ** - (આત્મસ્વરૂપનું) મનન-ચિંતન-ભાવન માત્ર કરવા રૂપ ભાવમાત્રતાથી 'મુનિ' છે, (૫) **જ્ઞાની** કેવલ જ્ઞાન સિવાય બીજું કાંઈ જ્યાં નથી એટલે એમ સ્વયં પોતે કેવલ જ્ઞાનમાત્રતાએ કરીને તે 'જ્ઞાની' છે, (૬) **સ્વભાવ** - સ્વના - પોતાના જ ભવન માત્રપણાથી - હોવા માત્રપણાથી - **'સ્વભાવ'** છે, (૭) **સદ્‌ભાવ** - સ્વતઃ - સ્વ થકી - પોતા થકી ચિત્‌ના ભવન માત્રપણાથી સદ્‌ભાવ છે. ઈત્યાદિ અનેક ગુણનિષ્પન્ન નામ આ જ્ઞાન સ્વરૂપ - કેવલ જ્ઞાનમય પરમાર્થ આત્માને ઘટે છે અને આમ નામભેદ છતાં વસ્તુભેદ નથી. એટલે આ કેવલ જ્ઞાનમય **'સ્વભાવ'**માં - સ્વધર્મમાં અથવા વસ્તુના સ્વરૂપ અસ્તિત્વ રૂપ **'સદ્‌ભાવ'માં** જે સ્થિત છે તે મુનિઓ નિર્વાણને પામે છે, અર્થાત્ કેવલ જ્ઞાનથી જ મોક્ષ થાય છે.

**જ્ઞાન-ક્રિયાથી 'મોક્ષ'નો પરમાર્થ**


અત્રે જ્ઞાનને જ મોક્ષ હેતુ કહ્યો, એ અંગે શંકા થવી સંભવે છે કે - જ્ઞાન ક્રિયાથી મોક્ષ છે - 'ज्ञानक्रियाभ्याः मोक्षः' એ સૂત્ર પણ છે તેનું શું ? ભેદાશ્રિત વ્યવહારનયની અપેક્ષાએ જ્ઞાન અને ક્રિયાનો ભેદ પાડી એ સૂત્રનું કથન છે તે તે અપેક્ષાએ બરાબર છે, પણ અભેદાશ્રિત નિશ્ચયનયની અપેક્ષાએ જોઈએ તો 'ज्ञानक्रियया मोक्षः' - જ્ઞાન-ક્રિયાથી મોક્ષ છે. અર્થાત્ જ્ઞાન અને ક્રિયા એ બે જૂદા નથી પણ એક જ છે, જેવું જ્ઞાન તેવી જ ક્રિયા. અથવા જે જ્ઞાન તેજ ક્રિયા એમ બન્નેનો અભેદ છે. 'જ્ઞાનનું ભવન' - પરિણમન એજ જ્ઞાનની ક્રિયા અથવા જ્ઞાનક્રિયા છે અને જ્ઞાનનું ભવન - પરિણમન એ કાંઈ જ્ઞાનથી જૂદું નથી એટલે જ્ઞાનને જ મોક્ષહેતુ કહ્યો તે યથાર્થ જ છે. અત્રે 'ક્રિયા'થી કોઈ પરાશ્રિત વા પરવસ્તુગત વા પરાવલંબી ક્રિયા વિવક્ષિત નથી, પણ આત્માશ્રિત આત્મવસ્તુગત આત્માવલંબી **પરિણામલક્ષણા ક્રિયા જ** વિવક્ષિત છે, એટલે તે જાણવા રૂપ - જ્ઞાનરૂપ ક્રિયા જ્ઞાનથી અભેદ જ છે. વળી મોક્ષમાર્ગ આત્માશ્રિત છે અને આત્મા જ છે, બંધમાર્ગ પરાશ્રિત અને પર જ છે, એટલે મોક્ષમાર્ગના અંગભૂત ક્રિયા પણ આત્માશ્રિત - આધ્યાત્મિક જ સંભવે અને આત્મા એ કેવલ જ્ઞાન જ - જ્ઞાન સ્વભાવ જ છે, એટલે આત્માનું કેવલ જ્ઞાન સ્વભાવે ભવન-પરિણમન એ જ આત્માશ્રિત **અધ્યાત્મ ક્રિયા** છે. આમ પણ જ્ઞાન-ક્રિયાનું અભેદ એકપણું જ ઘટે છે, એટલે **જ્ઞાન જ મોક્ષહેતુ** છે એમ કહ્યું તે સર્વથા યથાર્થ જ છે. અથવા ગુણ-ગુણીની અભેદ વિવિક્ષાથી જ્ઞાન એ આત્મા જ છે અને આત્મા એ જ સાક્ષાત્ મોક્ષમાર્ગ અને મોક્ષ છે, એટલે એ રીતે પણ જ્ઞાનને જ મોક્ષહેતુ કહ્યો તે યથાર્થ છે.

''ધન્ય ધન્ય તે જીવ, પ્રભુ પદ વંદી હો જે દેશના સુણે,
જ્ઞાન ક્રિયા કરે શુદ્ધ, અનુભવ યોગે હો નિજ સાધક પણે...
સેવો ઈશ્વર દેવ જિણે ઈશવરતા હો નિજ અદભુત વરી.'' - **મહામુનિ દેવચંદ્રજી**

**પરમાર્થ - જ્ઞાન-સ્વભાવ સ્થિત જ્ઞાની મુનિનો મોક્ષ**

અને આમ જ્ઞાન અથવા પરમાર્થ અથવા આત્મા અથવા સમય અથવા શુદ્ધ અથવા કેવલી અથવા મુનિ અથવા જ્ઞાની અથવા સ્વભાવ અથવા સદ્‌ભાવ એ જ મોક્ષમાર્ગ અથવા મોક્ષ છે. કારણકે (૧) જે કેવલ જ્ઞાનમાં જ સ્થિત છે - જ્ઞાયક ભાવ સિવાય અન્ય ભાવમાં નહિ જતાં એક જ્ઞાનમાં જ સ્થિતિ કરે છે તે જ્ઞાનસ્થિત મુનિઓ અવશ્ય મોક્ષ પામે છે. (૨) જે પરમાર્થમાં સ્થિત છે - એકત્વ નિશ્ચયગત શુદ્ધ આત્મતત્ત્વમાં - નિશ્ચયમાં સ્થિતિ કરે છે તે પરમાર્થ સ્થિત મુનિઓ અવશ્ય મોક્ષ પામે છે. (૩) જે આત્મામાં સ્થિત છે - અન્યત્ર પરભાવમાં નહિ જતાં આત્મામાં જ નિમગ્નપણે સ્થિતિ કરે છે તે પરભાવથી નગ્ન આત્મમગ્ન મુનિઓ અવશ્ય મોક્ષ પામે છે. (૪) જે સમયમાં સ્થિત

છે - જ્ઞાનપરિણમન - જ્ઞાનભવન રૂપ સમયમાં - સ્વસ્વરૂપની મર્યાદામાં સ્થિતિ કરે છે તે સાક્ષાત્ સમય સારભૂત મુનિઓ અવશ્ય મોક્ષ પામે છે. (૫) જે શુદ્ધમાં સ્થિત છે - સકલ નયપક્ષથી અસંકીર્ણ એક અદ્વૈત જ્ઞાનમાં જ સ્થિતિ કરે છે તે શુદ્ધ મુનિઓ અવશ્ય મોક્ષ પામે છે. (૬) જે કેવલીમાં સ્થિત છે - જે કેવલ ચિન્માત્ર વસ્તુમાં - સ્થિતિ કરે છે તે કેવલી મુનિઓ અવશ્ય મોક્ષ પામે છે. (૭) જે મુનિમાં સ્થિત છે - મનન માત્ર ભાવમાત્રમાં સ્થિતિ કરે છે તે ખરેખરા મુનિભાવ સ્થિત મુનિઓ અવશ્ય મોક્ષ પામે છે. (૮) જે જ્ઞાનીમાં સ્થિત છે - સ્વયમેવ કેવલ જ્ઞાનપણે સ્થિતિ કરે છે તે જ્ઞાની મુનિઓ અવશ્ય મોક્ષ પામે છે. (૯) જે સ્વભાવમાં સ્થિત છે - પરભાવમાં ન જતાં કેવલ સ્વના ભવન માત્રપણામાં સ્થિતિ કરે છે તે સ્વભાવ સ્થિત મુનિઓ અવશ્ય મોક્ષ પામે છે. (૧૦) જે સદ્ભાવમાં સ્થિત છે - સ્વ થકી ચિત્‌ના ભવનમાત્રપણામાં - જેમ વસ્તુનું સ્વરૂપ અસ્તિત્વ છે તેમ કેવલ વસ્તુ સ્વરૂપે હોવાપણામાં સ્થિતિ કરે છે તે સદ્ભાવ સ્થિત મુનિઓ અવશ્ય મોક્ષ પામે છે. આમ એકાર્થથી પર્યાયવાચી દશે શબ્દની પરમાર્થ ઘટના પરથી મોક્ષમાર્ગ અથવા મોક્ષ તો આત્મામાં જ છે અથવા આત્મા જ છે. તાત્પર્ય કે - **કેવલ 'જ્ઞાન' સ્વભાવ અથવા કેવલ 'જ્ઞાન' સદ્ભાવ એ જ મોક્ષમાર્ગ છે - પરમાર્થ મોક્ષહેતુ છે.**



હવે જ્ઞાનને વિહિત કરે છે -

**परमट्ठम्हि दु अठिदो जो कुणदि तवं वदं च धारेइ ।**
**तं सव्वं बालतवं बालवदं विंति सव्वण्हू ॥१५२॥**

પરમાર્થે અસ્થિત જે તપ કરે રે, વ્રત ધરે છે અજ્ઞ;
બાલતપ બાલવ્રત સર્વ તે રે, ભાખે છે સર્વજ્ઞ... કર્મ શુભાશુભ. ૧૫૨

**ગાથાર્થ** - પણ પરમાર્થમાં અસ્થિત એવો જે તપ કરે છે અને વ્રત ધારે છે, તે સર્વને સર્વજ્ઞો બાલતપ અને બાલવ્રત કહે છે. ૧૫૨

## आत्मख्याति टीका

अथ ज्ञानं विधापयति -

**परमार्थे त्वस्थितः यः करोति तपः व्रतं च धारयति ।**
**तत्सर्वं बालतपो बालव्रतं विंदंति सर्वज्ञाः ॥१५२॥**

ज्ञानमेव मोक्षस्य कारणं विहितं **परमार्थ**भूतज्ञान**शून्यस्या**ज्ञानकृतयो**र्व्रततपःकर्मणोः** बंधहेतुत्वाद्बाल व्यपदेशेन प्रतिषिद्धत्वे सति तस्यैव मोक्षहेतुत्वात् ॥१५२॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

જ્ઞાન જ મોક્ષ હેતુનું કારણ વિહિત છે - **પરમાર્થભૂત જ્ઞાનશૂન્યના** અજ્ઞાન કૃત વ્રત-તપઃ કર્મનું બંધહેતુપણાને લીધે બાલ વ્યપદેશે કરીને પ્રતિષિદ્ધપણું સતે - તેનું જ (જ્ઞાનનું જ) મોક્ષહેતુપણું છે માટે. ॥૧૫૨॥

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાનીના વચનો અપૂર્વ પરમાર્થ સિવાય બીજા હેતુઓ હોય નહીં.''

''મિથ્યાદૃષ્ટિના પૂર્વનાં જપ તપ હજી સુધી એક આત્મહિતાર્થે થયાં નથી !''

**- શ્રીમદ્ રાજચંદ્ર, ઉપદેશ છાયા**

''દાન તપ શીલ વ્રત નાથ આણા વિના, થઈ બાધક કરે ભવ ઉપાધિ.'' **- શ્રી દેવચંદ્રજી**

**અત્રે જ્ઞાનનું જ મોક્ષસાધનપણે વિધાન રૂપ આગમ વિહિતપણું પ્રરૂપ્યું છે** - परमट्ठम्हि दु अठिदो **- 'પરમાર્થમાં અસ્થિત'** - ઉક્ત સ્વરૂપ પરમાર્થમાં સ્થિતિ નથી કરી એવો જે તપ કરે છે અને વ્રત ધારે છે, તે સર્વને **'બાલતપ'** અજ્ઞાન તપ **'બાલવ્રત'** - અજ્ઞાન વ્રત સર્વજ્ઞો કહે છે. આ ગાથાનું તત્ત્વ સર્વસ્વ સમર્પક અપૂર્વ સૂત્રાત્મક વ્યાખ્યાન કરતાં **'આત્મખ્યાતિ' સૂત્રકર્તા પરમર્ષિએ પરમ રહસ્ય પ્રકાશ્યું છે.**

**आत्मभावना -**

अथ - હવે ज्ञानं विधापयति - જ્ઞાનને વિહિત કરે છે, વિધિરૂપે સ્થાપિત કરે છે - परमार्थत्वस्थितः - **પણ પરમાર્થમાં અસ્થિત તો સ્થિત નહિ થયેલો એવો તો** यः - જે तपः करोति - તપ કરે છે व्रतं च धारयति - **અને વ્રત ધારે છે,** तत्सर्वं - તે સર્વને बालतपो बालव्रतं - બાલ તપ બાલવ્રત विंदंति सर्वज्ञाः - સર્વજ્ઞો વિંદે છે - **જાણે છે, કહે છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥१५२॥

ज्ञानमेव - **જ્ઞાન જ** मोक्षस्य कारणं विहितं - **મોક્ષનું કારણ વિહિત છે, શાને લીધે ?** परमार्थभूतज्ञानशून्यस्य - **પરમાર્થભૂત જ્ઞાનશૂન્યના - જ્ઞાન વિહીનના** अज्ञानकृतयोः व्रततपःकर्मणोः - **અજ્ઞાન કૃત - અજ્ઞાનથી કરાયેલ વ્રત - તપ કર્મનું** बंधहेतुत्वाद् - બંધહેતુપણાને લીધે बालव्यपदेशेन - બાલ વ્યપદેશે કરી, **'બાલ' નામ નિર્દેશે કરી,** प्रतिषिद्धत्वे सति - **પ્રતિષિદ્ધપણું સતે** - હોતાં, तस्यैव - તેના જ - તે જ્ઞાનના જ मोक्षहेतुत्वात् - **મોક્ષહેતુપણાને લીધે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१५२॥

તેનો ભાવાર્થ આ પ્રકારે - ज्ञानमेव मोक्षस्य कारणं विहितं - 'જ્ઞાન જ મોક્ષનું કારણ વિહિત છે', અર્થાત્ પરમાર્થ - આત્મા - સમય - શુદ્ધ - કેવલી - સ્વભાવ આદિ જેના એકાર્થવાચી પર્યાય નામ આગલી ગાથામાં કહ્યા, તે આત્મસ્વભાવ રૂપ પરમાર્થભૂત આત્મ-જ્ઞાન જ મોક્ષનો અવિસંવાદી હેતુ છે, એમ પરમ જ્ઞાની કેવલ જ્ઞાન સ્વરૂપ સર્વજ્ઞોએ પ્રણીત કરેલા પરમ શ્રુતમાં - પરમાગમમાં વિધાન કરેલું છે, મુમુક્ષુઓએ અનુસરવા - આચરવા - આદરવા યોગ્ય વિધિ દર્શાવેલ છે. એમ શું કારણથી ? કારણકે - परमार्थभूतज्ञानशून्यस्य - પરમાર્થભૂત જ્ઞાન શૂન્યના અજ્ઞાન કૃત વ્રત-તપઃ કર્મનું બંધહેતુપણાને લીધે अज्ञानकृतयोः व्रततपःकर्मणोः बंधहेतुत्वात् - બાલ વ્યપદેશથી પ્રતિષિદ્ધપણું છે, એટલે તે જ્ઞાનનું જ મોક્ષહેતુપણું છે માટે. અર્થાત્ પરમાર્થભૂત જ્ઞાનને નામે જેને મોટું મીંડું છે એવા પરમાર્થભૂત જ્ઞાનશૂન્ય - જ્ઞાનવિહીન જનના અજ્ઞાનથી કરેલા વ્રત-તપઃ કર્મનું બંધકારણપણું છે, એટલે કે યથોક્ત પરમાર્થ જ્ઞાનનું - આત્મજ્ઞાનનું જેને ભાન નથી એવો અજ્ઞાની અજ્ઞાને કરી જે કાંઈ વ્રત ધરે છે ને જે કાંઈ તપ કરે છે, તે સર્વ તેને બંધનું કારણ થઈ પડે છે, આમ અજ્ઞાનીના અજ્ઞાનકૃત વ્રત - તપઃ કર્મ બંધહેતુ થાય છે તેટલા માટે જ 'બાલ' વ્યપદેશે કરીને તેનું પ્રતિષિદ્ધપણું છે, 'बालव्यपदेशेन प्रतिषिद्धत्वे सति', અજ્ઞાનીના વ્રત-તપને **'બાલ'** નામ આપવામાં આવ્યું છે તે પરથી તે બાલ વ્રત-તપનો નિષેધ કરવામાં આવ્યો છે, એમ સ્વયં આપોઆપ ફલિત થાય છે અને આમ અજ્ઞાનને લીધે જ બાલ વ્રત તપઃ કર્મનો બંધહેતુપણાને લીધે નિષેધ કરવામાં આવ્યો છે, તે પરથી અર્થાપત્તિથી **'જ્ઞાનનું જ મોક્ષહેતુપણું'** સિદ્ધ થાય છે - 'तस्यैव मोक्षहेतुत्वात् ।' અજ્ઞાન થકી જો બંધ થાય છે, તો અજ્ઞાનના પ્રતિપક્ષ જ્ઞાન થકી બંધનો પ્રતિપક્ષ મોક્ષ થાય જ એ તત્ત્વ વસ્તુ ન્યાયથી શીઘ્ર સમજાય છે. એટલે જ્ઞાન જ મોક્ષનું કારણ વિહિત છે એ ન્યાય સિદ્ધ વિધાન છે, એમ **સુવિહિતશેખર અમૃતચંદ્રાચાર્યજીએ** સન્ન્યાયથી સુપ્રતિષ્ઠાપિત કર્યું.

**જ્ઞાન જ મોક્ષ હેતુ : અજ્ઞાન કૃત બાલ વ્રત - તપ બંધ હેતુ :**

અત્રે પરમાર્થમાં **'અસ્થિત'** એવો જે વ્રત-તપ કરે છે તેને 'બાલ' વ્રત - તપ કહેલ છે, પણ પરમાર્થમાં **'સ્થિત'** એવો જે વ્રત-તપ કરે છે તેને કાંઈ બાલ વ્રત-તપ કહેલ નથી. અર્થાત્ 'પરમાર્થભૂત' જ્ઞાન શૂન્યના વ્રત-તપને 'બાલ' - અજ્ઞાન કહી તેનો નિષેધ કર્યો છે, પણ પરમાર્થભૂત જ્ઞાનસંપન્નના વ્રત-તપનો નિષેધ કર્યો નથી. અત્રે 'પરમાર્થભૂત' જ્ઞાન એટલે તે તે અહિંસાદિ વ્રતનું કે ઉપવાસાદિ તપનું આ આ સ્વરૂપ છે એવું સામાન્ય વ્યવહાર જ્ઞાન માત્ર (Common-place Knowledge) નહિ, પણ 'પરમાર્થભૂત' - આત્માના સ્વ સ્વભાવભૂત જ્ઞાનનું જ્ઞાન એ પરમાર્થભૂત જ્ઞાન અથવા સ્વરૂપમાં વર્તવું તે 'વ્રત' અને સ્વરૂપમાં પ્રતપવું તે 'તપ' એ જ પરમાર્થ વ્રત - તપ છે - એ જ વ્રત - તપનો પરમાર્થ છે, તેનું જ્ઞાન તે પરમાર્થભૂત જ્ઞાન - એવા પરમાર્થભૂત જ્ઞાનસંપન્નને વ્યવહાર વ્રત - તપ પણ સહાયકારી પણે શુદ્ધોપયોગના ઉપબૃહંક - સંવર્દ્ધક થઈ પડે છે.

**પરમાર્થમાં 'અસ્થિત'ના વ્રત તપઃ પરમાર્થમાં 'સ્થિત'ના નહિ**

એટલે આ ઉપરથી એમ સમજી લેવાનું નથી કે જ્ઞાનીઓએ જે વ્રત - તપ પોતે ઉપદેશ્યાં છે અને પોતે આચર્યા - આદર્યા છે તે ખોટા છે કે અકર્ત્તવ્ય છે, કારણકે જો એમ હોય તો જ્ઞાનીનો ઉપદેશ જ ખોટો ઠરે અને એમ તો કદી બને જ નહિ. અત્રે **'પરમાર્થ બાહ્ય'** જે અજ્ઞાનકૃત વ્રત - તપ છે તેને 'બાલ' વ્રત - તપ કહેલ છે તેનો સાપેક્ષ નિષેધ છે, પણ **'પરમાર્થ અંતર'** - પરમાર્થ અંગભૂત - પરમાર્થોપેત જે જ્ઞાનપૂર્વક વ્રત - તપ છે તે કાંઈ બાલવ્રત - તપ નથી પણ 'પંડિત' વ્રત - તપ છે અને તે તો પરમાર્થના લક્ષે સમ્યક્ સમજણ પૂર્વક અવશ્ય કર્ત્તવ્ય છે જ. પરમાર્થના - નિશ્ચયના લક્ષ્ય પૂર્વક જ્ઞાનપૂર્વક વ્રત - તપનો ક્યાંય પણ કદી પણ કોઈ પણ જ્ઞાનીએ કંઈ પણ નિષેધ કર્યો નથી, એટલું જ નહિ પણ તે અવશ્ય કર્ત્તવ્ય છે અને ધર્ત્તવ્ય છે એવું સ્પષ્ટ વિધાન સર્વત્ર કર્યું છે. કારણકે આત્માના ઉપયોગને સમયે સમયે આકર્ષક એવા પરદ્રવ્યનું નિમિત્ત ટળવા-ટાળવા માટે તે ઉપકારી છે,

તેમજ યોગ્યતા પ્રાપ્ત કરવા માટે પણ ઉપકારી છે, એટલું જ નહિ પણ તે આત્માને શુદ્ધોપયોગમાં સ્થિર રહેવા માટે પણ સહાયકારી છે. આ અંગે **'પંચાસ્તિકાય'*** ગા. ૧૪૪ની ટીકામાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** સ્પષ્ટ પ્રકાશ્યું છે કે - 'શુભાશુભ પરિણામ નિરોધ તે સંવર અને શુદ્ધોપયોગ - તે બન્નેથી યુક્ત એવો જે અનશન - અવમૌદર્ય - વૃત્તિ પરિસંખ્યાન - રસ પરિત્યાગ - વિવિક્ત શય્યાસન - કાયક્લેશ આદિ ભેદથી બહિરઙ્ગ અને પ્રાયશ્ચિત્ત - વિનય - વૈયાવૃત્ય - સ્વાધ્યાય - વ્યુત્સર્ગ - ધ્યાન ભેદથી અંતરઙ્ગ એવા બહુવિધ તપોથી ચેષ્ટે છે, તે ખરેખર ! નિશ્ચયે કરીને બહુ કર્મોનું નિર્જરણ કરે છે. તેથી અત્રે કર્મવીર્યના શાતનમાં (ખેરવી નાંખવામાં) સમર્થ બહિરંગ - અંતરંગ તપોથી **'બૃંહિત'** (સંવર્દ્ધિત) એવો શુદ્ધોપયોગ તે ભાવ નિર્જરા, તેના અનુભાવથી નીરસીભૂત (નીરસ થઈ ગયેલ) એવા સમુપાત્ત કર્મપુદ્‌ગલોનો એક દેશ સંક્ષય તે દ્રવ્ય નિર્જરા.' અત્રે શુદ્ધોપયોગ બહિરંગ - અંતરંગ તપોથી 'બૃંહિત' - સંવર્દ્ધિત થાય છે એમ સ્પષ્ટ કહ્યું છે, એટલે બાહ્યાભ્યંતર તપનું શુદ્ધોપયોગ ઉપકારીપણું સ્વયં સિદ્ધ થાય છે. તેમજ - **બૃહત્ સ્વયંભૂ સ્તોત્રમાં*** (શ્રેયાંસ જિન સ્તોત્ર શ્લો. ૫૯) **સ્વામી સમંતભદ્રાચાર્યજીએ** પણ સ્પષ્ટ પ્રકાશ્યું છે કે - 'જે બાહ્ય વસ્તુ અભ્યંતર મૂલહેતુની ગુણદોષ સૂતિનું (જન્મનું) નિમિત્ત હોય છે, તે હે ભગવન્ ! ત્હારા મતે અધ્યાત્મવૃત્તના અંગભૂત એવું કેવલ અભ્યંતર જ છે.' ઈત્યાદિ પ્રકારે જ્ઞાની પુરુષોનું સ્પષ્ટ વિધાન છે.

'મનોભ્રાંતિ ટાળી મનોનિગ્રહ અને ઈંદ્રિય વિજય કરવા માટે મુખ્ય ઉપાય ઈચ્છા નિરોધ રૂપ તપ છે. કર્મની નિર્જરાર્થે જે તપવામાં આવે તે તપ : અથવા જેના વડે કરીને આત્મા સ્વરૂપમાં પ્રતપે, નિજ સ્વરૂપ તેજે ઝળહળે તે તપ. એ તપનો મુખ્ય ઉદ્દેશ નિરંતર લક્ષમાં રાખી મુમુક્ષુએ આત્માર્થે જ યથાશક્તિ તપ તપવા યોગ્ય છે. કારણકે તપ એ જીવને કર્મ મુક્ત કરવાનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે, તપ એ કર્મ ઈન્ધનને ભસ્મ કરનારો પ્રચંડ અગ્નિ છે. આમ્ર આદિ ફળ જેમ તાપથી જલદી પાકે છે, તેમ કર્મ પણ તપ અગ્નિના તાપથી શીઘ્ર પાકીને નિર્જરે છે. અગ્નિતાપથી સુવર્ણની જેમ, જ્ઞાનપૂર્વક તપથી આત્માનો અંદરનો મેલ ગળાતો જઈ આત્મા શુદ્ધ બને છે. દેવેન્દ્રોથી વંદિત એવા શ્રી તીર્થંકર ભગવાન્ કે જે ચાર જ્ઞાનના સ્વામી હતા અને અવશ્ય સિદ્ધિ પામવાના હતા, તે પણ બલ-વીર્ય ગોપવ્યા વિના તપને વિષે ઉદ્યમવંત હતા. તો પછી અન્ય મુમુક્ષુઓએ તો તપમાં વિશેષે કરીને ઉદ્યમ કરવા યોગ્ય હોય એમાં પૂછવું જ શું ? આ તપના મુખ્ય બાર ભેદ છે - અનશનાદિ છ બાહ્ય અને પ્રાયશ્ચિત્તાદિ છ આભ્યંતર. ** બાહ્ય તપ આ આભ્યંતર તપને ઉપકારી - સહાયકારી થાય છે એટલે તે પણ યથાશક્તિ અવશ્ય કર્તવ્ય છે જ, પણ તન-મન-વચનની સ્ફૂર્તિ સર્વથા હણાઈ જાય એમ ગજા ઉપરવટ થઈને કે ક્રિયાજડપણે તો નહિ જ. આ ઉપવાસ વગેરેમાં પણ જેમ બને તેમ વિષય કષાયનો ત્યાગ કરી, સ્વાધ્યાયાદિ આભ્યંતર તપની વૃદ્ધિ ભણી નિરંતર લક્ષ રાખવો જોઈએ, ને જેમ બને તેમ આત્માની 'ઉપ' - પાસે 'વાસ' કરવાનો પ્રયાસ કરવો જોઈએ, તો જ તે તે ખરેખરો 'ઉપવાસ' કહી શકાય, નહિ તો લાંઘણ જ છે ! કારણકે આત્મસ્વરૂપના લક્ષ વિનાનું કેવલ કાયક્લેશરૂપ તપ તે બાલતપ અથવા અજ્ઞાન તપ છે. માટે તપ જ્ઞાનપૂર્વક હોય તો જ વાસ્તવિક કલ્યાણ છે. એટલે જ શાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે - દેહથી ભિન્ન એવા આત્મસ્વરૂપને નથી જાણતો એવો અજ્ઞાની ક્રોડો વર્ષ તપ કરતાં પણ જે કર્મ ક્ષીણ કરી શકતો નથી, તે જ્ઞાની એક શ્વાસોચ્છ્‌વાસ માત્રમાં ક્ષીણ કરે છે.' - **પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા, પાઠ-૨૬ (સ્વરચિત).**

* "शुभाशुभपरिणामनिरोधः संवरः, शुद्धोपयोगः, ताभ्यां युक्तस्तपोभिरनशनावमौदर्यवृत्तिपरिसंख्यानरसपरित्याग विविक्तशय्यासनकायक्लेशादि-भेदाद्बहिरङ्गैः प्रायश्चित्तविनयवैयावृत्त्यस्वाध्यायव्युत्सर्गध्यानभेदादन्तरङ्गैश्च बहुविधैर्यश्चेष्टते स खलु बहूनां कर्मणां निर्जरणं करोति । तदत्र कर्मवीर्य्यशातनसमर्थो बहिरङ्गान्तरङ्गतपोभिर्बृंहितः शुद्धोप्रयोगो भावनिर्जरा । तदनुभावनीरसीभूतानामेक देशसंक्षयः समुपात्तकर्मपुद्गलानां द्रव्यनिर्जरेति ॥"

- **શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત 'પંચાસ્તિકાય' ટીકા, ગા. ૧૫૫**

* **"यद्वस्तु बाह्यं गुणदोषसूते र्निमित्तमभ्यन्तरमूलहेतोः ।**
**अध्यात्मवृत्तस्य तदङ्गभूतमभ्यन्तरं केवलमप्यलं ते ॥" - શ્રી સમંતભદ્રાચાર્યજી કૃત 'બૃહત્ સ્વયંભૂ સ્તોત્ર', ૫૯.**

નિશ્ચયાભાસી નિશ્ચય વિમૂઢ - વ્યવહાર વિમૂઢોની મોહભ્રાંતિ

એટલે કોઈ **નિશ્ચયાભાસી** એમ સમજી લે કે જ્ઞાનીઓએ વ્રત-તપને સર્વથા નિષેધ કર્યો છે અથવા એમ માની લે તો તે કેવલ ભ્રાંતિ જ છે, તે **નિશ્ચય વિમૂઢ - વ્યવહાર વિમૂઢ** જ્ઞાનીઓનો આશય સમજ્યો જ નથી. જ્ઞાનીઓનો ઉપદેશ તો જીવને ઉંચે ઉંચે ચઢાવવાને ઊર્ધ્વ ઊર્ધ્વ ભૂમિકા પમાડવાને માટે છે, નહિ કે નીચે પાડવાને. પરમાર્થ સમજ્યા વિના બાહ્ય વ્રત તપને જ સર્વસ્વ માની પરમાર્થરૂપે ભજતો હોય તેના આગ્રહને તો જ્ઞાનીઓએ જરૂર નિષેધ્યો છે, એટલું જ નહિ પણ બાહ્યાભ્યંતર તપની કાંઈ જરૂર નથી 'ખાના પીના ઓર ખેર સલ્લા' (Eat drink & be merry) એમ ચાર્વાકની જેમ માની સ્વચ્છંદે વર્ત્તતા શુષ્કજ્ઞાનીઓનો તો ઓર વિશેષ નિષેધ કર્યો છે. એટલે જ તપશ્ચરણને વૃથા કલેશ ઠરાવનારા, વ્રતાદિકને બંધ માનનારા પૂજનાદિક કાર્યને શુભ આશ્રવ જાણી એકાંતે હેય માનનારા સ્વચ્છંદ વિહારી શિથિલાચારી નિશ્ચયાભાસી શુષ્કજ્ઞાની મહા અજ્ઞાનીઓને ઉદ્દેશીને **પંડિત પ્રવર ટોડરમલ્લજીએ** મોક્ષમાર્ગ પ્રકાશ ગ્રંથમાં મનનીય વચનો કહ્યા છે -

નિશ્ચયાભાસીઓની કરુણ સ્થિતિ


''ઔર વહ તપશ્ચરણ કો વૃથા ક્લેશ ઠહરાવે હૈ. સો મોક્ષમાર્ગ ભયે તો સંસારી જીવનસે ઉલટી પરણતિ ચાહિયે. સંસારીન કૈ ઈષ્ટ અનિષ્ટ સામગ્રીન સે રાગ દ્વેષ હોય હૈ, ઈસ કૈ રાગ દ્વેષ ન ચાહિયે. તહાં રાગ છોડને કે અર્થ ઈષ્ટ સામગ્રી ભોજનાદિક કા ત્યાગી હોય હૈ, ઔર દ્વેષ છોડને કે અર્થ અનિષ્ટ સામગ્રી અનશનાદિક અંગીકાર કરે હૈ. ક્યોંકિ સ્વાધીનપને ઐસા સાધન હોય તો પરાધીન ઈષ્ટ અનિષ્ટ સામગ્રી મિલે ભી રાગ દ્વેષ ન હોય. સો ચાહિયે વો ઐસે. ઔર તેરે અનશનાદિક સે દ્વેષ ભયા તિસ કો ક્લેશ ઠહરાયા. જબ યહ ક્લેશ ભયા તબ ભોજન કરના સુખ સ્વયમેવ ઠહરા. તહાં રાગ આયા તો ઐસી પરણતિ સો સંસારીન કૈ પાઈયે હૈ. તૈં મોક્ષમાર્ગી હોય ક્યા કિયા ? *** જો જીવ તત્ત્વજ્ઞાન સે તો પરાङ્મુખ હૈ ઔર તપ હી સે મોક્ષમાર્ગ માને હૈ, તિનકો ઐસા ઉપદેશ દિયા હૈ, કિ તત્ત્વજ્ઞાન વિના કેવલ તપહી સે મોક્ષમાર્ગ ન હોય. ઔર તત્ત્વજ્ઞાન ભયે રાગાદિ મેટને કે અર્થ તપ કરનેકા તો નિષેધ હૈ નાહીં, ક્યોંકિ જો નિષેધ હોય તો ગણધરાદિક તપ કિસ લિયે કરે ? ઈસલિયે અપની શક્તિ અનુસાર તપ કરનારા યોગ્ય હૈ.

''ઔર વ્રતાદિક કો બન્ધ માને હૈ. સો સ્વચ્છન્દ વૃત્તિ તો અજ્ઞાન અવસ્થા હી વિષેથી, જ્ઞાન પાયે તો પરણતિ કો રોકે હી હૈ. ઔર તિસ પરણતિ કો રોકને કે અર્થ બાહ્ય હિંસાદિક કે કારણન કા ત્યાગ અવશ્ય ભયા ચાહિયે. ઈસલિયે જિતના જિતના જ્ઞાન હોય તિતના તિતના ત્યાગ બહુત ભયા ચાહિયે. તબ કહે હૈ - હમારે પરિણામ તો શુદ્ધ હૈ, બાહ્ય ત્યાગ કિયા તો ક્યા ? ન કિયા તો ક્યા ? (તિસકા ઉત્તર) - જો હિંસાદિક કાર્ય તેરે પરણામ વિના સ્વયમેવ હોતે હોયેં તો હમ ઐસે હી માનેં, પરંતુ જબ તૂ અપને પરિણામ કર કાર્ય કરે તો તેરે પરિણામ શુદ્ધ કૈસે કહિયેં ? વિષય સેવનાદિક ક્રિયા વા પ્રમાદ રૂપ ગમનાદિક ક્રિયા પરિણામ વિના કૈસે હોય ? સો ક્રિયા તો ઉદ્યમી હોય તૂ કરે સો ઐસી માને તો તેરે પરિણામ અશુદ્ધ હી હૈ. *** ઔર પ્રારબ્ધ અનુસાર તો બને હી હૈ. તૂ ઉદ્યમી હોય ભોજનાદિક તો કરે હૈ, ઔર ત્યાગ કરને મેં પ્રતિજ્ઞા કરની મનૈ બતાવે હૈ. જો યહાં ઉદ્યમ કરે હૈ તો ત્યાગ કરને મેં પ્રારબ્ધ હી માનેંગે, તેરા કર્ત્તવ્ય ન માનેંગે. સો કિસ લિયે સ્વછન્દ હોને કી યુક્તિ બનાવે હૈ ? બને સો પ્રતિજ્ઞા કર વ્રત ધારણા યોગ્ય હી હૈ.

''ઔર વહ પૂજનાદિક કાર્ય કો શુભ આશ્રવ જાન હેય માને હૈ. સો યહ સત્ય હૈ, પરન્તુ જો ઈન કાર્યન કો છોડ શુદ્ધોપયોગ રૂપ હોય ભલે હી હૈ. ઔર વિષય કષાય રૂપ અશુભ રૂપ પ્રવર્ત્તે તો

અપના બુરા હી કરે. શુભોપયોગ સે સ્વર્ગાદિક હોય વા ભલી વાસના સે ભલે નિમિત્ત સે કર્મકી સ્થિતિ અનુભાગ ઘટ જાય તો સમ્યક્ત્વાદિક કી ભી પ્રાપ્તિ હો જાય. ઔર અશુભોપયોગ સે નરક નિગોદાદિક હોય, વા બુરી વાસના સે વા બુરે નિમિત્ત સે કર્મકી સ્થિતિ અનુભાગ વધ જાય તો સમ્યક્ત્વાદિ દુર્લભ હો જાય. સો મન્દ કષાય કા કારણ છોડ તીવ્ર કષાય કા કાર્ય કરના ઐસા હૈ. જૈસે કડવી વસ્તુ ન ખાની ઔર વિષ ખાના, સો યહ અજ્ઞાનતા હૈ.'' ઈત્યાદિ.

- પંડિત પ્રવર ટોડરમલ્લજી કૃત 'મોક્ષમાર્ગ પ્રકાશ'.



હવે જ્ઞાને-અજ્ઞાનને ૧મોક્ષ-હેતુ બંધરહેતુ નિયમે છે -

**वदणियमाणि धरंता सीलाणि तहा तवं च कुव्वंता**

**परमट्ठबाहिरा जे णिव्वाणं ते ण विंदंति ॥१५३॥**

વ્રત-નિયમો ને શીલો ધારતા રે, તપ કરતા ય અજ્ઞાન;

પરમાર્થ બાહ્ય જેઓ ખરે રે, તે ન લહે નિર્વાણ... કર્મ શુભાશુભ. ૧૫૩

**અર્થ** - વ્રત-નિયમો તથા શીલો ધરતા અને તપ કરતા એવા પરમાર્થબાહ્ય જેઓ છે, તેઓ નિર્વાણ નથી પામતા. ૧૫૩

## आत्मख्यातिटीका

अथ ज्ञानाज्ञाने मोक्षबंधहेतू नियमयति -

**व्रतनियमान् धारयंतः शीलानि तथा तपश्च कुर्वंतः ।**

**परमार्थबाह्या ये निर्वाणं ते न विंदंति ॥१५३॥**

| | |
|---|---|
| ज्ञानमेव मोक्षहेतु - | अज्ञानमेव बंधहेतुः |
| स्तदभावे स्वयमज्ञानभूतानामज्ञानिना - | तदभावे स्वयं ज्ञानभूतानां ज्ञानिनां |
| मन्त**र्व्रतनियमशीलतपः** प्रभृति | बहिर्व्रतनियमशीलतपःप्रभृति |
| शुभकर्म **सद्भावे**पि | शुभकर्मासद्भावेपि |
| मोक्षाभावात् । | मोक्षसद्भावात् ॥१५३॥ |

## આત્મખ્યાતિ ટીકાર્થ

| | |
|---|---|
| જ્ઞાન જ મોક્ષહેતુ છે - | અજ્ઞાન જ બંધહેતુ છે - |
| **તેના અભાવે** સ્વયં અજ્ઞાન ભૂત **અજ્ઞાનીઓને** | તેના અભાવે સ્વયં જ્ઞાનભૂત જ્ઞાનીઓને |
| અંતર્ **વ્રત-નિયમ-શીલ-તપ** પ્રમુખ | બહિર્ વ્રત-નિયમ-શીલ-તપ પ્રમુખ |
| શુભ કર્મના **સદ્ભાવે પણ** - | શુભ કર્મના અસદ્ભાવે પણ |
| **મોક્ષનો અભાવ છે માટે :** | મોક્ષનો સદ્ભાવ છે માટે. ૧૫૩ |

---

**आत्मभावना -**

अथ - હવે ज्ञानाज्ञाने - અજ્ઞાનને (અનુક્રમે) मोक्षबंधहेतू - મોક્ષ બંધ હેતુ नियमयति - નિયમે છે -

व्रतनियमान् धारयंतः - વ્રત - નિયમો ધારતાં शीलानि तथा - શીલો (ધારતા), तपश्च कुर्वंतः - અને તપ કરતાં એવો परमार्थबाह्या ये - પરમાર્થબાહ્ય - પરમાર્થથી બ્હાર જેઓ છે, તે निर्वाणं न विंदंति - તેઓ નિર્વાણ - મોક્ષ નથી વિંદતા - જાણતા - અનુભવતા. ॥ इति गाथा आत्मभावना ॥१५३॥

ज्ञानमेव - જ્ઞાન જ, કેવલ જ્ઞાન જ मोक्षहेतुः - મોક્ષ હેતુ છે, શાને લીધે ? तदभावे - તેના - જ્ઞાનના અભાવે स्वयमज्ञानभूतानामज्ञानिनां - સ્વયં - પોતે - આપોઆપ અજ્ઞાનભૂત - અજ્ઞાન થઈ ગયેલ એવા અજ્ઞાનીઓને, अन्तर्व्रतनियमशीलतपःप्रभृतिशुभकर्मसद्भावेपि - અન્તર્વ્રત - નિયમ - શીલ - તપઃ પ્રમુખ શુભ કર્મના સદ્ભાવે પણ - હોવાપણામાં પણ, मोक्षाभावात् - મોક્ષના અભાવને લીધે - નહિ હોવાપણાને લીધે. अज्ञानमेव - અજ્ઞાન જ, માત્ર અજ્ઞાન જ बंधहेतुः - બંધહેતુ છે, શાને લીધે ? तदभावे - તેના - અજ્ઞાનના અભાવે स्वयं ज्ञानभूतानां ज्ञानिनां - સ્વયં - પોતે - આપોઆપ જ્ઞાનભૂત - જ્ઞાન થઈ ગયેલા જ્ઞાનીઓને - बहिर्व्रतनियमशीलतपःप्रभृतिशुभकर्मासद्भावेपि - બહિર્ વ્રત - નિયમ - શીલ - તપ પ્રમુખ શુભકર્મના અસદ્ભાવે પણ - નહિ હોવાપણામાં પણ - मोक्षसद्भावात् - મોક્ષના સદ્ભાવને લીધે - હોવાપણાને લીધે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१५३॥

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાની પરમાર્થ - સમ્યક્ત્વ હોય તેજ કહે.''

''મિથ્યાદૃષ્ટિ સમકિતી પ્રમાણે જપ તપાદિ કરે છે, એમ છતાં મિથ્યાદૃષ્ટિનાં જપતપાદિ મોક્ષના હેતુભૂત થતાં નથી, સંસારના હેતુભૂત થાય છે. સમકિતિનાં જપ તપાદિ મોક્ષના હેતુભૂત થાય છે.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, ઉપદેશ છાયા**

જ્ઞાન મોક્ષહેતુ છે અને અજ્ઞાન બંધ હેતુ છે એવો અત્ર નિયમ કર્યો છે - વ્રતો-નિયમો તથા શીલોને 'ધારતા' - અખંડપણે પાળતા અને તપ કરતા એવા **'પરમાર્થ બાહ્ય'** - પરમાર્થથી બ્હાર વર્તતા જે જનો છે તેઓ નિર્વાણ - મોક્ષ નથી પામતા. આવા ભાવની આ ગાથાનું **આત્મખ્યાતિકર્ત્તાએ** અદ્ભુત તત્ત્વ નિશ્ચયાત્મક વ્યાખ્યાન કર્યું છે. તેનો આશયાર્થ આ પ્રકારે -

**જ્ઞાન જ મોક્ષહેતુ : અજ્ઞાન જ બંધહેતુ**

ज्ञानमेव मोक्षहेतुः - **'જ્ઞાન જ મોક્ષહેતુ છે'**, કેવલ જ્ઞાન જ મોક્ષનો અવિસંવાદી હેતુ છે - મોક્ષરૂપ પરમ સાધ્યને 'અજ્ઞાનભૂત' - અજ્ઞાન થઈ ગયેલા છે એવા અજ્ઞાનીઓને - અંતરવ્રત - નિયમ - શીલ - તપ પ્રમુખ શુભકર્મના સદ્ભાવે પણ - હોવાપણામાં પણ - મોક્ષનો અભાવ - નહિ હોવાપણું છે માટે. અર્થાત્ આત્મજ્ઞાન વિહીન અજ્ઞાની ભલે અંતરંગ તથારૂપ ભાવવાળા ખરા અંતઃકરણથી અંતર્ વ્રત-તપ આદિ આચરતો હોય, તો પણ તેને મોક્ષ હોતો નથી, તો પછી અંતર્ વ્રતાદિ ન આચરતો હોય તેનું તો પૂછવું જ શું ? એમ 'અપિ' - પણ શબ્દથી સૂચિત છે. આથી ઉલટું अज्ञानमेव बंधहेतुः - **'અજ્ઞાન જ બંધહેતુ છે'**, કેવલ અજ્ઞાન જ બંધનો અવિસંવાદી હેતુ છે, અજ્ઞાન જ બંધનું અચૂક કારણ છે, કારણકે तदभावे - તેના - અજ્ઞાનના અભાવે સ્વયં - આપોઆપ જે 'જ્ઞાનભૂત' - જ્ઞાન થઈ ગયેલા છે એવા જ્ઞાનીઓને - બહિર્ વ્રત - નિયમ - શીલ - તપ પ્રમુખ શુભકર્મના અસદ્ભાવે પણ - નહિ હોવાપણામાં પણ, મોક્ષનો સદ્ભાવ - હોવાપણું છે માટે. અર્થાત્ આત્મજ્ઞાન સંપન્ન જ્ઞાની ભલે બાહ્ય - (ચર્મચક્ષુ) દૃષ્ટિગોચર થતા બહિરંગ બહિર્ વ્રતાદિ ન પણ આચરતો હોય, તો પણ તેને મોક્ષ હોય છે. 'પરમાર્થ બાહ્ય' આત્મઅજ્ઞાની અજ્ઞાની, ભલે 'અંતર્' વ્રતાદિ ધરતો હોય તો પણ તેનો મોક્ષ હોય નહિ અને 'પરમાર્થ અંતર' - આત્મજ્ઞાની જ્ઞાની ભલે 'બહિર્' વ્રતાદિ ન ધરતો હોય તો પણ તેનો મોક્ષ હોય - એ પરમ આશ્ચર્યકારી અદ્ભુત ઘટના **અમૃતચંદ્રજી** બેવડી ચોકસાઈથી નિયુક્ત કરેલી પરમ અદ્ભુત યુક્તિથી જ્ઞાનનું જ મોક્ષહેતુપણું અને અજ્ઞાનનું જ બંધ હેતુપણું ડિંડિમનાદથી ઉદ્ઘોષી સિદ્ધ કરે છે.

**કેવલ જ્ઞાન સ્વભાવમાં વર્ત્તવા રૂપ કેવલ જ્ઞાન ભવનથી જ મોક્ષ**

અર્થાત્ કેવલ જ્ઞાન સિવાય બીજું કાંઈ જ્યાં નથી એવું કેવલ **'જ્ઞાન જ'** મોક્ષ હેતુ છે, કારણકે જ્ઞાન એ જ આત્માનો **'સ્વભાવ'** છે - સ્વનું ભવન છે - स्वस्य भवनं स्वभावः । અને **'સ્વભાવ'** એ જ વસ્તુધર્મ - આત્મધર્મ છે, એટલે આ આત્મ સ્વભાવ - ધર્મરૂપ જ્ઞાનમાં જ વર્ત્તવાથી જ - કેવલ જાણપણારૂપ જ્ઞાન પરિણમનરૂપ જ્ઞાનભવનથી જ મોક્ષ થાય છે. આથી ઉલટું, અજ્ઞાન જ બંધહેતુ છે, કારણકે ઉક્ત પરમાર્થભૂત જ્ઞાનનો જ્યાં અભાવ છે એવું અજ્ઞાન તે **'વિભાવ'** છે - વિકૃત ચેતનભાવ રૂપ આત્માનું - ચેતનનું વિપરીત વિકૃત ભવન છે અને 'વિભાવ' એ જ સ્વભાવરૂપ વસ્તુ ધર્મથી - આત્મધર્મથી વિપરીત-વિરુદ્ધ અધર્મ છે, એટલે આ આત્મસ્વભાવ ધર્મથી વિરુદ્ધ વિભાવ - અધર્મ રૂપ અજ્ઞાનમાં વર્ત્તવાથી જ - અજ્ઞાન પરિણમન રૂપ અજ્ઞાન ભવનથી જ બંધ થાય છે. એટલે કેવલ જ્ઞાનમય આત્મ સ્વભાવમાં વર્ત્તવા રૂપ ધર્મ જ ઉપાદેય છે એ તત્ત્વ જેણે જાણ્યું છે એવો મહા સત્ત્વ મુમુક્ષુ સર્વથા ન બની શકે તો દેશથી - અંશથી તે ધર્મ આચરવા ઈચ્છે છે અને પછી તેવા ઉલ્લાસભાવની સ્ફુરણાથી દૃઢપણે સ્વ શક્તિનો વિચાર કરી તે દેશધર્મના ગ્રહણમાં સમ્યક્ પ્રકારે પ્રવર્ત્તે છે. જેના મૂલ આધાર ભૂત સમ્યક્ત્વ - આત્મજ્ઞાન છે. એવા **સમ્યક્ત્વ મૂલ બાર**

**'સ્વભાવ' ધર્મમાં વર્તવાનો અભ્યાસ : સમ્યક્ત્વ મૂલ દેશ વિરતિ સર્વ વિરતિ ધર્મ**

વ્રત એ જ દેશધર્મ છે, અર્થાત્ દેશથી - અંશથી પણ પરભાવ-વિભાવથી વિરામ પામી આત્માને સ્વસ્વભાવ રૂપ ધર્મમાં આણવાનો અભ્યાસ છે. આ સમ્યક્ત્વ મૂલ દ્વાદશ વ્રતનું વ્યવહારથી અને નિશ્ચયથી સ્વરૂપ સમ્યક્પણે વિચારવા યોગ્ય છે. (આ અંગે જુઓ મત્કૃત **પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા** પા. ૩૯). આમ આત્મ પરિણામ રૂપ દેશધર્મના આરાધનથી સમ્યગ્દૃષ્ટિ દેશવિરતિ પુરુષ પરભાવ-વિભાવથી યથાશક્તિ વિરામ પામતો જઈ, તે આત્મસ્વભાવ ધર્મની આંશિક સાધના કરતો - પદે પદે કરીને પણ ચારિત્ર ધર્મ પર્વત પર આરોહણ કરતો જાય છે. કારણકે **શ્રી હરિભદ્રાચાર્યજીએ 'ધર્મબિન્દુ'માં** કહ્યું છે તેમ 'અલ્પ ગુણોને પણ જે સમ્યક્પણે આરાધે છે, તે પછી ઘણા ગુણોની આરાધનાને પણ યોગ્ય થાય છે', અને અનુક્રમે ચારિત્રમોહને ક્ષય કરી, તે સર્વ પરભાવ-વિભાવથી વિરામ પામવા રૂપ - સર્વવિરતિ ધર્મરૂપ મૌન-મુનિપણું અંગીકાર કરવાને પણ યોગ્ય બને છે.

**દ્રવ્યથી ભાવથી મહાવ્રત સ્વરૂપ : શુદ્ધ આત્માની સિદ્ધિમાં નિશ્ચય વ્રત**

મોક્ષ પામવા ઈચ્છનાર મુમુક્ષુએ દેહમાં આત્મબુદ્ધિ રૂપ મિથ્યાત્વ છોડીને આત્મામાં આત્મબુદ્ધિ રૂપ સમ્યક્ત્વ ધારી, તે દેહાદિ-રાગાદિ પરભાવ-વિભાવથી સર્વથા વિરામ પામવા રૂપ સર્વવિરતિભાવ - વ્રત પરિણામ અવશ્ય આદરવા યોગ્ય છે. સર્વ પ્રાણાતિપાતથી, સર્વ મૃષાવાદથી, સર્વ અદત્તાદાનથી, સર્વ મૈથુનથી અને સર્વ પરિગ્રહથી મન-વચન-કાયાથી ત્રિવિધે ત્રિવિધે વિરમણ તે **સર્વ વિરતિ** કહેવાય છે અને તે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય ને અપરિગ્રહ એ પંચ **'મહાવ્રત'** નામે પ્રસિદ્ધ છે. મહત્ પુરુષોએ આચરેલ હોવાથી, મહાન્ મોક્ષને પ્રસાધનાર હોવાથી અને સ્વયં પણ મહાન્ હોવાથી આ મહાવ્રતો કહેવાય છે તે યથાર્થ છે. આ સમ્યક્ત્વ મૂલ અહિંસાદિ વ્રતનું સ્વરૂપ દ્રવ્યથી અને ભાવથી બન્ને પ્રકારે સમજવા યોગ્ય છે. (૧) સર્વ જીવોનો આત્મબંધુ સમાન જાણી, સ્થાવર કે ત્રસ કોઈ પણ પ્રાણીને મનથી વચનથી કે કાયાથી હણવો નહિ, હણાવવો નહિ કે હણતાં અનુમોદવો નહિ, તે પ્રથમ અહિંસા મહાવ્રત. ભાવથી તો રાગાદિ વિભાવ પરિણામે કરીને આત્માના સ્વભાવભૂત જ્ઞાન-દર્શનરૂપ ભાવપ્રાણની - શુદ્ધ આત્મપરિણામની હિંસા ન થવા દેવી તે અહિંસા. (૨) સૂક્ષ્મ મૃષાવાદથી પણ વિરમી, જે જેમ છે તેમ સાચું બોલવું તે બીજું સત્ય મહાવ્રત. ભાવથી તો એક શુદ્ધ આત્મા સિવાયની કોઈ પણ વસ્તુ પોતાની નથી, પર વસ્તુ છે, તેને પર કહેવી, સ્વ ન કહેવી તે સત્ય. (૩) તૃણ માત્ર પણ પારકી વસ્તુ અણદીધી ન લેવી તે ત્રીજું અસ્તેય મહાવ્રત. ભાવથી તો શુદ્ધ આત્મા સિવાય પરવસ્તુનું આદાન - ગ્રહણ તે અદત્તાદાન - ચોરી છે, તેથી વિરમવું તે અસ્તેય. (૪) મન-વચન-કાયાથી અબ્રહ્મચર્યનું વર્જન તે ચોથું બ્રહ્મચર્ય મહાવ્રત. અબ્રહ્મમાં - અનાત્મરૂપ પરવસ્તુમાં વિચરવા રૂપ અબ્રહ્મચર્ય - વ્યભિચાર છોડી, બ્રહ્મમાં - શુદ્ધ આત્મસ્વરૂપમાં વિચરવું - રમણ કરવું તે ભાવથી બ્રહ્મચર્ય. (૫) ધન, ધાન્ય, ગૃહ, પુત્ર આદિ સર્વ સચિત્ત અચિત્ત પરિગ્રહથી વિરામ પામવું, કોઈ પણ પોતાની માલિકીની વસ્તુ ન હોવી એવું અકિંચનપણું ધારવું તે પાંચમું અપરિગ્રહ મહાવ્રત. ભાવથી તો મિથ્યાત્વ, વેદ (કામેચ્છા), કષાય, નોકષાય એ ચૌદ આભ્યંતર પરિગ્રહનો પરિત્યાગ કરી, આત્મા સિવાયની પરમાણુ માત્ર પણ પરવસ્તુ પ્રત્યે મૂર્ચ્છા-મમત્વ ન ધરવું તે અપરિગ્રહ. આવી જેની અપરિગ્રહ ભાવના હોય, તે પછી દ્રવ્ય પરિગ્રહ શાને એકઠો કરે ? અને જે મૂર્ચ્છાના આયતન રૂપ દ્રવ્ય પરિગ્રહ ન ગ્રહે, તેને ઉક્ત અપરિગ્રહ ભાવના કેમ દૃઢ ન થાય ? આ પ્રકારે પાંચે વ્રતોના દ્રવ્ય-ભાવ પ્રકારોનો પરસ્પર કાર્યકારણ સંબંધ છે અને એમ કરતાં શુદ્ધ અંતરાત્માની સિદ્ધિ થાય છે. આ જે શુદ્ધ અંતરાત્માની સિદ્ધિ તેમાં ઉત્કૃષ્ટ કોટિનું વ્રતપાલન સમાઈ જાય છે. કારણકે આમ આત્મા દ્રવ્ય-ભાવથી પૂર્ણ અહિંસામય બને છે અને સમસ્ત પરભાવ - વિભાવથી વિરામ પામી, આ આત્મારામી યોગી શુદ્ધ સ્વભાવમાં આરામ કરે છે અને આમ શુદ્ધ સ્વરૂપ પદમાં સ્થિતિ તેનું નામ જ પરમ અહિંસા, તેનું નામ જ પરમ સત્ય, તેનું નામ જ પરમ અસ્તેય, તેનું

નામ જ પરમ બ્રહ્મચર્ય ને તેનું નામ જ પરમ અપરિગ્રહ. આ પરમ પરમાર્થ રૂપ નિશ્ચયવ્રતને પામી જે આત્મારામી થયો છે એવા સર્વ પરભાવ-વિભાવથી વિરામ પામેલા સાચા સર્વવિરતિ સમ્યગ્દૃષ્ટિ સાધુ પુરુષો - શુદ્ધોપયોગી જ્ઞાનીઓ બાહ્ય વ્રતાદિ નહિ ધરતા છતાં મોક્ષ પામે છે, પણ જેને પરમાર્થનો લક્ષ નથી એવા પરમાર્થબાહ્ય જનો તો અંતરંગ પરિણામપૂર્વક અંતર્ વ્રતાદિ ધરતા છતાં મોક્ષ પામતા નથી, અર્થાત્ પરમાર્થના લક્ષ વિના વ્યવહાર વ્રતપાદિ મોક્ષાર્થે નિરર્થક જ છે. એટલે પરમાર્થભૂત જ્ઞાન સ્વભાવમાં સ્થિતિ કર્યા વિના કોઈ એમ માનતું હોય કે વ્યવહાર વ્રત-તપાદિથી ચારિત્ર થશે કે નિર્જરા થશે કે મોક્ષ થશે તો તે કેવલ ભ્રાંતિ જ છે. આ અંગે વ્યવહારાભાસીઓને અનુલક્ષીને **પંડિત પ્રવર ટોડરમલ્લજીએ 'મોક્ષમાર્ગ પ્રકાશ'માં** સ્પષ્ટ પ્રકાશ્યું છે કે -

**વ્યવહારાભાસીઓની મોહભ્રાંતિનો નિરાસ**

''કઈ જીવ ઐસે હૈ પૂર્વોક્ત પ્રકાર સમ્યગ્ દર્શન-જ્ઞાનકા અયથાર્થ સાધન કર વ્રતાદિક વિષે પ્રવર્તે હૈં. સો યદ્યપિ વ્રતાદિક યથાર્થ આચરૈ તથાપિ યથાર્થ શ્રદ્ધાન-જ્ઞાન વિના સર્વ ચારિત્ર હી મિથ્યાચારિત્ર હૈ. સોઈ **સમયસાર** કે કલશા વિષે કહા હૈ - क्लिष्यतां ઈ. ઔર **પંચાસ્તિકાય*** વિષે જહાં અન્ત વિષે વ્યવહારાભાસ વાલોંકા કથન કિયા હૈ તહાં તેરહ પ્રકાર કે ચારિત્ર હોતૈં ભી તિસકા મોક્ષમાર્ગ વિષે નિષેધ કિયા હૈ. ઔર **પ્રવચનસાર*** વિષે આત્મજ્ઞાન શૂન્ય સંયમ ભાવ અકાર્યકારી કહા હૈ ઔર ઈન હી ગ્રન્થોં વિષે વા અન્ય પરમાત્મપ્રકાશાદિક શાસ્ત્રો વિષે ઈસ પ્રયોજનકો લિયે જહાં તહાં નિરૂપણ હૈ. ઈસ લિયે પહિલે તત્ત્વજ્ઞાન ભયે હી આચરણ કાર્યકારી હૈ. યહાં કોઈ જાનેગા બાહ્ય તો અણુવ્રત મહાવ્રતાદિક સાધે હૈ, અન્તરંગ પરિણામ નાહીં, વા સ્વર્ગાદિક કી વાંછા કર સાધે હૈ. સો ઐસે સાધે તો પાપબન્ધ હોય હૈ. દ્રવ્યલિંગી મુનિ ઉપર ગ્રૈવેયક પર્યન્ત જાય હૈ. પરાવર્તન વિષે ઈકતીસ સાગર પર્યંત દેવાયુકી પ્રાપ્તિ અનન્ત વાર હોની લિખી હૈ. ઐસે ઊંચે પદ તો તબ હી પાવે જબ અન્તરઙ્ગ પરિણામપૂર્વક મહાવ્રત પાલે ઔર મહામન્દ કષાય હોય. ઔર ઈસ પરલોક કે ભોગાદિક કી ભી ચાહ ન હોય, કેવલ ધર્મ બુદ્ધિસે મોક્ષાભિલાષી હુઆ સાધન સાધૈ. ઈસલિયે દ્રવ્યલિંગી કે સ્થૂલ તો અન્યથાપના હૈ નાહીં. સૂક્ષ્મ અન્યથાપના હૈ. સો સમ્યગ્દૃષ્ટિ કો ભાસે હૈ.

''ઔર યહ (વ્યવહારાભાસી) અનશનાદિક તારી કેવલ બાહ્ય તપ હી તો કિયે નિર્જરા હોય નાહીં. બાહ્ય તપ તો શુદ્ધોપયોગ વધાવને કે અર્થ કીજિયે હૈ. શુદ્ધોપયોગ નિર્જરા કા કારણ હૈ, ઈસલિયે ઉપચાર કર તપકો ભી નિર્જરાકા કારણ કહા હૈ. જો બાહ્ય દુઃખ સહના હી નિર્જરા કા કારણ હોય તો તિર્યઞ્ચ ભી ક્ષુધા તૃષા સહે હૈ. *** પરિણામ દુષ્ટ ભયે ઉપવાસાદિક સે નિર્જરા હોની કૈસે સંભવૈ ? ઔર જો કહિયે જૈસા અશુભ શુભ શુદ્ધ રૂપ ઉપયોગ પરિણમૈ તિસકે અનુસાર બંધમોક્ષ હૈ, તો ઉપવાસાદિક તપ મુખ્ય નિર્જરા કા કારણ કૈસે રહા ? અશુભ શુભ પરિણામ બંધ કે કારણ ઠહરે, શુદ્ધ પરિણામ નિર્જરા કે કારણ ઠહરે. ** तपसा निर्जरा च - તપસ્યા સે નિર્જરા હોતી હૈ. ** (યહાં)

* ''अथ ये तु केवलव्यवहारावलम्बिनस्ते खलु *** चारित्राचरणाय हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहसमस्तविरतिरूपेषु पञ्चमहाव्रतेषु तन्निष्ठवृत्तयः सम्यग्योगनिग्रहलक्षणासुगुप्तिषु नितान्तं गृहीतोद्योगाः ईर्याभाषैणादाननिक्षेपोत्सर्गरूपांसु समितिष्वत्यन्तनिवेशित प्रयत्नास्तपआचरणायानशनावमोदर्यवृत्तिपरिसंख्यानरसपरित्यागविविक्तशय्याशनकायक्लेशेष्वभीक्ष्णमुत्सहमानाः, प्रायश्चित्तविनयवैयावृत्त्यव्युत्सर्गस्वाध्यायध्यानपरिकरांकुशितस्वान्ता, वीर्याचरणाय कर्मकाण्डे सर्वशक्त्या व्याप्रियमाणाः, कर्मचेतनाप्रधानत्वाद्दूरनिवारिताऽशुभकर्मप्रवृत्तयोऽपि समुपात्तशुभकर्मप्रवृत्तयः, सकलक्रियाकाण्डाडम्बरोत्तीर्ण दर्शनज्ञानचारित्रैक्यपरिणतिरूपां ज्ञानचेतनां मनागप्यसंभावयन्तः, प्रभूतपुण्यभारमन्थारितचित्तवृत्तयः, सुरलोकादिक्लेश प्राप्ति परम्परया सुचिरं संसारसागरे भ्रमन्तीति ॥'' - **(વિશેષ માટે જુઓ) શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત પંચાસ્તિકાય ટીકા ગા. ૧૭૨**

* ''यदि करतलामलकीकृतसकलागमसारतया भूतभवद्भावि च स्वोचितपर्यायविशिष्टमशेषद्रव्यजातं जानन्तमात्मानं जानन् श्रद्दधानः संयमयंश्चागमज्ञानतत्त्वार्थश्रद्धानसंयतत्वानां यौगपद्येपि मनाङ्मोहमलोपलिप्तत्वात् यदा शरीरादिमूर्छोपरक्ततया निरुपरागोपयोगपरिणतं कृत्वा ज्ञानात्मानमात्मनं नानुभवति तदा तावन्मात्रमोहमलकलङ्ककीलिकाकीलितैः कर्मभिरविमुच्यमानो न सिद्ध्यति । अत आत्मज्ञानशून्यमागमज्ञानतत्त्वार्थश्रद्धानसंयतत्वयौगपद्यमप्यकिंचित्करमेव ॥''

**- શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત 'પ્રવચનસાર' ટીકા, ગા. ૩૯**

इच्छानिरोधस्तपः - ઈચ્છા કા રોકના તિસકા નામ તપ હૈ. સો શુભ અશુભ ઈચ્છા મિટે ઉપયોગ શુદ્ધ હોય તહાં નિર્જરા હોય હૈ. ઈસલિયે તપ કર નિર્જરા કહી હૈ. *** જ્ઞાની જનન કે ઉપવાસાદિક કી ઈચ્છા નાહીં હૈ. એક શુદ્ધોપયોગ કી ઈચ્છા હૈ. ઉપવાસાદિક કિયે શુદ્ધોપયોગ વધે હૈ, ઈસલિયે ઉપવાસાદિક કરે હૈ. ઔર જો ઉપવાસાદિક સે શરીર વા પરિણામ કી શિથિલતા કર શુદ્ધોપયોગ શિથિલ હોતા જાને તહાં આહારાદિક ગ્રહે હૈ. જો ઉપવાસાદિક હી સે સિદ્ધ હોય તો અજિતનાથાદિક તેઈસ તીર્થંકર દીક્ષા લેઈ દોય ઉપવાસહી કૈસે ધરતે ? ઉનકી તો શક્તિ ભી બહુત થી. પરન્તુ જૈસે પરિણામ ભયે તૈસે બાહ્ય સાધન કર એક વીતરાગ શુદ્ધોપયોગ કા અભ્યાસ કિયા. *** ઔર ઐસે બાહ્ય સાધન ભયે અન્તરઙ્ગ તપ કી વૃદ્ધિ વૃદ્ધિ હોય હૈ ઈસલિયે ઉપચાર કર ઈનકો તપ કહે હૈ. જો બાહ્ય તપ તો કરે ઔર અન્તરઙ્ગ તપ ન હોય તો ઉપચારસે ભી ઉસકો તપ સંજ્ઞા નાહીં. *** ઔર અન્તરઙ્ગ તપ વિષે પ્રાયશ્ચિત વિનય વૈયાવૃત્ય સ્વાધ્યાય ત્યાગ ધ્યાનરૂપ જો ક્રિયા તિસ વિષે બાહ્ય પ્રવર્ત્તના સો તો બાહ્ય તપવત્ હી જાનના. જૈસે અનશનાદિક બાહ્ય ક્રિયા હૈ તૈસે યહ ભી બાહ્ય ક્રિયા હૈ. ઈસ લિયે પ્રાયશ્ચિત્તાદિક બાહ્ય સાધન અન્તરઙ્ગ તપ નાહીં હૈ. ઐસે બાહ્ય પ્રવર્ત્તન હોતૈં જો અન્તરઙ્ગ પરિણામનકી શુદ્ધતા હોય તિસકા નામ અન્તરઙ્ગ તપ જાનના. તહાં તો નિર્જરા હી હૈ, બંધ નાહીં હૈ. ઔર સ્તોક શુદ્ધતા ભયે શુભોપયોગ કા ભી અંશ રહે તો જિતની વિશુદ્ધતા ભઈ તિસ કર તો નિર્જરા હૈ, ઔર જિતના શુભ ભાવ હૈ તિસ કર બંધ હૈ, ઐસા મિશ્ર ભાવ યુગપત્ હોય હૈ તહાં બંધ વા નિર્જરા દોનોં હોય હૈ. *** ઈસલિયે બાહ્ય પ્રવૃત્તિ કે અનુસાર નિર્જરા નાહીં હૈ. અંતરંગ કષાય ઘટે શુદ્ધતા ભયે નિર્જરા હોય હૈ. ** ઐસે અનશનાદિક ક્રિયા કો તપ સંજ્ઞા ઉપચારસે જાનના. ઈસલિયે ઈનકો વ્યવહાર તપ કહા હૈ. વ્યવહાર ઉપચારકા એક અર્થ હૈ. ઔર ઐસે સાધન સે જો વીતરાગ ભાવરૂપ વિશુદ્ધતા હોય તો સાંચા તપ નિર્જરા કા કારણ જાનના.'' ઈત્યાદિ. - **પં.પ્ર. શ્રી ટોડરમલ્લજી કૃત 'મોક્ષમાર્ગ પ્રકાશ'**

**નિશ્ચય વ્રત-તપ રૂપ શુદ્ધોપયોગ થકી જ મોક્ષ**


તાત્પર્ય કે - પરમાર્થભૂત જ્ઞાનના અભાવે વ્યવહાર વ્રત-તપ રૂપ શુભ કર્મ થકી મોક્ષ થતો નથી, પણ અજ્ઞાનના અભાવે એટલે કે પરમાર્થભૂત જ્ઞાનના સદ્ભાવે વ્યવહાર વ્રત તપ રૂપ શુભ કર્મના અસદ્ભાવે પણ મોક્ષ હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો દર્શન-જ્ઞાન સ્વભાવમાં વર્ત્તવા રૂપ **'વ્રત'** અને સ્વરૂપમાં પ્રતપવા રૂપ **'તપ'** જ્યાં છે એવા નિશ્ચય વ્રત - તપ રૂપ કેવલ જ્ઞાનમય શુદ્ધ સ્વભાવમાં સ્થિતિ રૂપ - શુદ્ધોપયોગ રૂપ કેવલ જ્ઞાન થકી જ મોક્ષ થાય છે. કારણકે પરદ્રવ્ય પ્રવૃત્ત પરિણામ શુભ-અશુભ રૂપ હોય છે, સ્વદ્રવ્ય પ્રવૃત્ત પરિણામ શુદ્ધરૂપ હોય છે, વ્યવહાર વ્રત-તપાદિ શુભકર્મમાં પરદ્રવ્યનું અવલંબન હોય છે, એટલે તે શુદ્ધોપયોગનું અત એવ મોક્ષનું કારણ હોય છે.

અત્રે આત્મહિતાર્થી મુમુક્ષુએ શું કરવું જોઈએ ? અને કયા ક્રમે પ્રવર્ત્તવું જોઈએ ? તેનો તાત્ત્વિક ખુલાસો પણ પ્રાપ્ત થઈ જાય છે અને તે **પૂજ્યપાદ સ્વામીજીના 'સમાધિ શતકોક્ત'** વચન પરથી આ પ્રકારે સ્પષ્ટ સમજી લેવા યોગ્ય છે * 'અવ્રતોથી અપુણ્ય (પાપ) થાય છે ને વ્રતોથી પુણ્ય થાય છે અને તે બન્નેનો પુણ્ય-પાપનો વ્યય-ક્ષય તે મોક્ષ છે, માટે મોક્ષાર્થી અવ્રતોની જેમ વ્રતોને પણ ત્યજી દે. (પણ તે કેમ ? ક્યારે ? ને કેવા ક્રમે ?) - અવ્રતોને પરિત્યજી, વ્રતોમાં પરિનિષ્ઠિત થયેલો આત્માનું પરમ પદ પામીને તે વ્રતોને પણ ત્યજી દે. અવ્રતી હોય તે વ્રત ગ્રહણ કરી, વ્રતી હોય તે જ્ઞાન પરાયણ થઈ, પરાત્મજ્ઞાનસંપન્ન થયેલો સ્વતએવ - આપોઆપ જ પર થાય - પરમ એવો પરમાત્મા થાય.'

---

* ''अपुण्यमव्रतैः पुण्यं व्रतैर्मोक्षस्तयो र्व्ययः ।
अव्रतानीव मोक्षार्थी व्रतान्यपि ततस्त्यजेत् ॥
अव्रतानि परित्यज्य व्रतेषु परिनिष्ठितः ।
त्यजेत्तान्यपि संप्राप्य परमं पदमात्मनः ॥
अव्रती व्रतमादाय व्रती ज्ञानपरायणः ।
परात्मज्ञानसंपन्नः स्वत एव परो भवेत् ॥'' - શ્રી પૂજ્યપાદ સ્વામી કૃત સમાધિશતક

આમ આ ક્રમ છે. **'નિયમસાર'**માં પણ પ્રથમ વ્યવહાર ચારિત્રનું નિરૂપણ કરી પછી નિશ્ચય ચારિત્રનું વર્ણન કર્યું છે તેનું પણ આ જ રહસ્ય છે કે પ્રથમ તો પરમાર્થના લક્ષે વ્યવહાર ચારિત્ર જેટલી પ્રાથમિક યોગ્યતા તો પ્રાપ્ત કરે, પછી જ નિશ્ચય ચારિત્ર જેવી અતિ અતિ ઉચ્ચ ભૂમિકાની પ્રાપ્તિ સંભવે, નહિ તો તથારૂપ યોગ્યતા વિના નિશ્ચયની વાત પણ શોભે નહિ - શુષ્કજ્ઞાનીના માત્ર વાણીવિલાસ રૂપ હવાઈ કિલ્લા જ (castles in the air) થઈ પડે ! માટે આ ક્રમની બા. માં બીજા શબ્દોમાં કહીએ તો પ્રથમ તો અવ્રતાદિ રૂપ અશુભોપયોગને સર્વથા ત્યજી દઈ નિશ્ચયના લક્ષપૂર્વક વ્રત-તપ આદિ રૂપ શુભોપયોગને ભજે અને પછી તેના આલંબને ઉત્તરોત્તર શુદ્ધિ પામતાં ક્રમે કરી શુભોપયોગને પણ છોડતો જઈ શુદ્ધોપયોગ દશાને પામી કેવલ શુદ્ધોપયોગને જ ભજે. આમ વ્યવહાર સંયમ પણ પરમાર્થ સંયમને ઉપકારી છે એટલા માટે કોઈ પણ જ્ઞાનીએ કદી પણ તેનો નિષેધ કર્યો નથી, પરંતુ સમ્યક્પણે આચરવાનું સદા સમ્યક્ વિધાન કર્યું જ છે.



જ્ઞાન જ મોક્ષહેતુ છે એ ઉક્ત વસ્તુની પરિપુષ્ટિ કરતો **સમયસાર કળશ** (૬) લલકારે છે -

शिखरिणी

**यदेतद् ज्ञानात्म ध्रुवमचलमाभाति भवनं,**
**शिवस्यायं हेतुः स्वयमपि यतस्तच्छिव इति ।**
**अतोन्यद्बंधस्य स्वयमपि यतो बंध इति तत्,**
**ततो ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि विहितं ॥१०५॥**

પ્રભાસે જ્ઞાનાત્મ ધ્રુવ અચલ આ જે ભવન તે,
શિવે હેતુ છે આ સ્વયમપિ યતઃ છે શિવ જ તે;
બીજો તો બંધોનો સ્વયમપિ યતઃ બંધ નિત તે,
તતઃ જ્ઞાનાત્મત્વ ભવન અનુભૂતિ વિહિત તે. ૧૦૫

## અમૃત પદ-૧૦૫

જ્ઞાનાત્મ ભવન અનુભૂતિ, જ્ઞાનાત્મ ભવન અનુભૂતિ,
એ જ શિવસુંદરીની દૂતિ, એ જ શિવસુંદરીની દૂતિ... જ્ઞાનાત્મભવન. ૧
જે આ જ્ઞાનાત્મ ભવન ભાસે, ધ્રુવ અચલ અત્યંત આ ભાસે,
શિવનો નિશ્ચય આ હેતુ, શિવ સ્વયં જ તેહ આ હેતુ... જ્ઞાનાત્મભવન. ૨
એથી અન્ય બંધનો હેતુ, બંધ સ્વયં જ તેહ આ હેતુ,
તેથી જ્ઞાનાત્મપણું ભવનં, તે નિશ્ચય છે અનુભવનં... જ્ઞાનાત્મભવન. ૩
જ્ઞાનાત્મભવન અનુભૂતિ, એ જ શિવસુંદરીની દૂતિ,
ભાખી જ્ઞાનભવનની ભૂતિ, ભગવાન્ અમૃતચંદ્ર વિભૂતિ... જ્ઞાનાત્મભવન. ૪

**અર્થ** - જ્ઞાનાત્મ એવું જે આ ધ્રુવ અચલ ભવન ભાસે છે, આ શિવનો હેતુ છે, કારણકે સ્વયં પણ તે (જ્ઞાન) શિવ છે, એનાથી અન્ય બંધનો હેતુ છે, કારણકે સ્વયં પણ તે (અન્ય) બંધ છે, તેથી જ્ઞાનાત્મત્વ (જ્ઞાનાત્મપણું) ભવન તે સ્ફુટપણે અનુભૂતિ જ વિહિત છે.


## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જ્ઞાનીની દશા બહુ જ અદ્ભુત છે. *** જ્ઞાન જે કામ કરે છે તે અદ્ભુત છે."

"અજ્ઞાન ટાળવા માટે કારણો (સાધનો) બતાવ્યાં છે. જ્ઞાનનું સ્વરૂપ જ્યારે જાણે ત્યારે મોક્ષ થાય." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩, ૯૫૭ ઉપદેશ છાયા**

ઉપરમાં જે જ્ઞાનને જ મોક્ષહેતુ સુનિશ્ચિત કર્યો, તેની પરિપુષ્ટિ રૂપે આ સારસમુચ્ચય રૂપ કળશ પરમ આત્મભાવ શિખરે સ્થિત તાત્ત્વિકશેખર **અમૃતચંદ્રજીએ** ભાવવાહી **શિખરિણી** વૃત્તમાં લલકાર્યો - यदेतद् ज्ञानात्म ध्रुवमचलमाभाति भवनं - જે આ જ્ઞાનાત્મા - જ્ઞાનરૂપ એવું ધ્રુવ અચલ ભવન આભાસે છે, તે આ શિવનો - મોક્ષનો હેતુ છે, કારણકે સ્વયં - પોતે પણ તે શિવ મોક્ષ છે - शिवस्यायं हेतुः स्वयमपि यतस्तच्छिव इति । આનાથી અન્ય તે બંધની હેતુ છે, કારણકે સ્વયં - પોતે પણ તે બંધ છે - अतोन्यद्बंधस्य स्वयमपि यतो बंध इति तत् તેથી જ્ઞાનાત્મ ભવન - **જ્ઞાનાત્મપણું ભવન તે સ્ફુટપણે અનુભૂતિ વિહિત છે** - ततो ज्ञानात्मत्वं भवनमनुभूतिर्हि विहितं ।

## આકૃતિ




અર્થાત્ જ આ પ્રત્યક્ષ અનુભૂયમાન - અનુભવાઈ રહેલું 'જ્ઞાનાત્મ' - જ્ઞાન જેનો આત્મા - સ્વરૂપ છે એવું 'ધ્રુવ' - સ્વભાવભૂતપણાથી સદા - સ્થિર 'અચલ' - પરભાવ - વિભાવથી કદી પણ ચલાયમાન ન થાય એવું 'ભવન' - હોવું - પરિણમન - તથારૂપ જ્ઞાનદશા રૂપે પરિણમવાપણું 'આભાસે' છે - 'આ' - તેની સ્વરૂપ મર્યાદા પ્રમાણે 'ભાસે' છે - પ્રકાશે છે, તે આ શિવનો - મોક્ષનો હેતુ છે, અવિસંવાદી કારણ છે, કારણકે સ્વયં પણ - પોતે પણ 'તે' - જ્ઞાનભવન - જ્ઞાન પરિણમન 'શિવ' - મોક્ષ છે. આનાથી અન્ય - આ જ્ઞાનભવનથી બીજું એટલે કે અજ્ઞાન ભવન અથવા તો જ્ઞાનઅભવન તે બંધનો હેતુ છે, કારણકે સ્વયં પણ - પોતે પણ તે બંધ છે. તેથી કરીને 'જ્ઞાનાત્મત્વ ભવન' - જ્ઞાનાત્મપણું ભવન - જ્ઞાન સ્વરૂપપણું હોવું - જ્ઞાન સ્વરૂપપણું પરિણમવું - પરિણમન તે અનુભૂતિ વિહિત છે, જ્ઞાનીઓથી વિધાન કરાયેલ છે.

હવે પુનઃ પણ પુણ્યકર્મના પક્ષપાતીના પ્રતિબોધનાર્થ ઉપક્ષેપ કરે છે -

**परमट्ठबाहिरा जे ते अण्णाणेण पुण्णमिच्छंदि ।**

**संसारगमणहेदुं वि मोक्खहेदुं अजाणंता ॥१५४॥**

પરમાર્થ બાહ્યો જે તે ખરે રે, અજ્ઞાનથી અજાણંત;

સંસારગમન હેતુ પણ પુણ્યને રે, મોક્ષહેતુ ઈચ્છંત... કર્મ શુભાશુભ. ૧૫૪

**ગાથાર્થ** - પરમાર્થબાહ્ય એવા જેઓ છે, તેઓ અજ્ઞાને કરીને અજાણતાં, સંસાર ગમનહેતુ એવા પણ પુણ્યને મોક્ષહેતુ ઈચ્છે છે (માને છે) ! ૧૫૪

## आत्मख्याति टीका

अथ पुनरपि पुण्यकर्मपक्षपातिनः प्रतिबोधनायोपक्षिपति -

**परमार्थबाह्या ये ते अज्ञानेन पुण्यमिच्छंति ।**

**संसारगमनहेतुं अपि मोक्षहेतुमजानंतः ॥१५४॥**

इह खलु **केचिन्नि**खिलकर्मपक्षक्षयसंभावितात्मलाभं मोक्षमभिलषंतोपि तद्धेतुभूतं सम्यग्दर्शन ज्ञानचारित्रस्वभावपरमार्थभूतज्ञानभवनमात्रमैकाग्र्यलक्षणं समयसारभूतं सामायिकं प्रतिज्ञायापि दुरंतकर्मचक्रोत्तरणक्लीबतया **परमार्थ**भूतज्ञानानुभवनमात्रसामायिकमात्मस्वभाव**मलभमानाः** प्रतिनिवृत्त स्थूलतमसंक्लेशपरिणामकर्मतया प्रवर्त्तमानस्थूलतमविशुद्धपरिणामकर्मणःकर्मानुभव गुरुलाघवप्रतिपत्तिमात्रसंतुष्टचेतसः स्थूललक्ष्यतया सकलं कर्मकाण्डमनुन्मूलयंतः स्वयमज्ञानादशुभकर्म केवलं बंधहेतुमध्यास्य व्रतनियमशीलतपःप्रभृतिशुभकर्म**बंधहेतु**मप्यजानंतो **मोक्षहेतुमभ्युपगच्छंति** ॥१५४॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

અહીં નિશ્ચયે કરીને કોઈ -

નિખિલ કર્મપક્ષના ક્ષયથી સંભાવિત છે આત્મલાભ જેનો એવા મોક્ષને અભિલષતાં છતાં, તદ્ધેતુભૂત સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર સ્વભાવના પરમાર્થભૂત જ્ઞાન ભવનમાત્ર ઐકાગ્ર્ય લક્ષણ

---

**आत्मभावना**

- अथ - હવે पुनरपि - પુનઃ પણ, ફરીથી પણ पुण्यकर्मपक्षपातिनःप्रतिबोधनाय - **પુણ્ય કર્મના પક્ષપાતીના પ્રતિબોધનાર્થે** उपक्षिपति - ઉપક્ષેપ કરે છે, ઉપન્યાસ કરે છે - પાસે લાવી મુકે છે - परमार्थबाह्या ये - **પરમાર્થબાહ્ય - પરમાર્થથી બાહ્ય - બ્હાર એવા જેઓ છે, તે** - તેઓ अज्ञानेन - **અજ્ઞાને કરીને** अजानंतः - **અજાણતાં** संसारगमनहेतुं अपि पुण्यं - **સંસારગમન હેતુ - સંસારમાં જવાનું કારણ એવા પણ પુણ્યને** मोक्षहेतुं इच्छंति - **મોક્ષ હેતુ - મોક્ષ કારણ ઈચ્છે છે - માને છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥१५४॥

इह खलु केचित् - **અહીં - આ લોકને વિષે ખરેખર ! નિશ્ચયે કરીને કોઈ જનો** मोक्षमभिलषंतोपि - **મોક્ષ અભિલષતા - ઈચ્છતા છતાં,** तद्धेतुभूतं सामायिकं प्रतिज्ञायापि - **તેના - મોક્ષના હેતુભૂત સામાયિકની પ્રતિજ્ઞા કરીને પણ,** सामायिकमात्मस्वभावमलभमानाः - **સામાયિક એવા આત્મસ્વભાવને નહિ પામતા,** सकलं कर्मकाण्डमनुन्मूलयंतः - **સકલ કર્મકાણ્ડને અનુન્મૂલતા - નહિ ઉન્મૂલતા, જડમૂળથી નહિ ઉખેડતા,** स्वयमज्ञानादशुभकर्म केवलं बंधहेतुमध्यास्यश्च - **સ્વયં - આપોઆપ અજ્ઞાનને લીધે અશુભ કર્મને કેવલ - માત્ર બંધહેતુ અધ્યાસી - માની બેસી** एवं व्रतनियमशीलतपः प्रभृतिशुभकर्मबंधहेतुमपि - **એમ - એવા પ્રકારે વ્રત-નિયમ-શીલ-તપઃ પ્રમુખ શુભ કર્મને - બંધહેતુને પણ** अजानतो - **અજાણતાં** मोक्षहेतुमभ्युपगच्छंति - **મોક્ષહેતુ અભ્યુપગમે છે - માની બેસે છે.**

**તેઓ જે મોક્ષને અભિલષે છે તે કેવો છે ?** निखिलकर्मपक्षक्षयसंभावितात्मलाभं - **નિખિલ - સમસ્ત કર્મપક્ષના ક્ષયથી સંભાવિત છે આત્મલાભ (પ્રાપ્તિ) જેનો એવો. આવા મોક્ષને અભિલષતા - ઈચ્છતા છતાં તેઓ શું કરે છે ?** तद्धेतुभूतं - **તે મોક્ષના હેતુભૂત સામાયિકની પ્રતિજ્ઞા કરે છે. કેવું સામાયિક ?** समयसारभूतं - **સમયસારભૂત. શું - લક્ષણ ?**

સામાયિક પ્રતિજ્ઞા લઈને પણ, દુરંત કર્મચક્રના ઉત્તરણમાં ક્લીબતાએ (પૌરુષ હીનતાએ) કરીને **પરમાર્થ** ભૂત જ્ઞાન અનુભવન માત્ર સામાયિક આત્મસ્વભાવને **નહિ પામતાં**, સ્થૂલતમ સંક્લેશ પરિણામ કર્મની પ્રતિનિવૃત્તતાએ કરીને સ્થૂલતમ વિશુદ્ધ પરિણામ કર્મની પ્રતિનિવૃત્તતાએ કરીને સ્થૂલતમ વિશુદ્ધ પરિણામ કર્મ જેને પ્રવર્ત્તમાન છે એવા, કર્મ અનુભવની ગુરુ-લાઘવ પ્રતિપત્તિ માત્રથી (સ્વીકૃતિ માત્રથી) સંતુષ્ટ ચિત્તવાળાઓ સ્થૂલ લક્ષ્યતાએ કરીને સકલ કર્મકાંડને નહિ ઉન્મૂલતાં (જડ મૂળથી નહિ ઉખેડતા) સ્વયં **અજ્ઞાનને લીધે** કેવલ અશુભ કર્મને બંધહેતુ અધ્યાસી (માની બેસી), એમ વ્રત-નિયમ-શીલ-તપ પ્રમુખ **શુભ કર્મને - બંધહેતુને પણ - અજાણતાં મોક્ષહેતુ અભ્યુપગમે છે** (માની બેસે છે). ૧૫૪

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સર્વ પ્રકારની ક્રિયાનો, યોગનો, જપનો, તપનો અને તે સિવાયના પ્રકારનો લક્ષ એવો રાખજો કે આત્માને છોડવા માટે સર્વે છે, બંધનને માટે નથી. જેથી બંધન થાય એ બધાં (ક્રિયાથી કરીને સઘળાં યોગાદિક પર્યંત) ત્યાગવા યોગ્ય છે. મિથ્યાનામધારીના યથાયોગ્ય.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૬૦**

''પાપસુ વિમુખ અરુ પુણ્ય હિ કે સનમુખ, સુગતિસુ રુચિ ધરે કુગતિસું ડરે હૈ,
કરતા મેં કારજ કો કીનો મેં કારજ એસો, અહં બુદ્ધિ માતો વિપરીત રતિ ધરે હૈ,
આપકો ન પહિચાને ઠાને ભ્રમભાવ મન, તન ધન નિજ ગન કરમ કો કરે હૈ,
કપટકો આસાન અજ્ઞાન કો વિકાસન હે, ઐસો મિથ્યામતિ ભવસાગર મેં પરે હૈં.''

**- શ્રી દેવચંદ્રજી કૃત દ્ર.પ્ર. ૩-૮૬**

**સંસાર હેતુ પુણ્યને પણ મોક્ષહેતુ માને !**

અહીં ફરીથી પણ પુણ્યકર્મના પક્ષપાતી જનના પ્રતિબોધન અર્થે અગાઉ કહેલી વસ્તુનો ઉપક્ષેપ કર્યો છે - જે **'પરમાર્થ બાહ્ય'** - પરમાર્થથી બાહ્ય - બહાર વર્ત્તનારા જનો છે તેઓ અજ્ઞાને કરીને **'સંસારગમન હેતુ'** - સંસારમાં જવાના કારણ રૂપ એવા પણ પુણ્યને અજાણતાં મોક્ષહેતુ - મોક્ષકારણ ઈચ્છે છે - ઈષ્ટ માને છે ! આ ગાથાનો અનન્ય પરમાર્થ પરિસ્ફુટ કરતાં **'આત્મખ્યાતિ' સૂત્રકર્તા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** એક જ પરમાર્થઘન સૂત્રાત્મક વાક્યમાં સેંકડો ગ્રંથોથી ન દર્શાવી શકાય તેવો ભાવ અપૂર્વ તત્ત્વકળાથી ગૂંથી અપૂર્વ તત્ત્વપ્રકાશ રેલાવ્યો છે. તેનો સંક્ષેપ આશયાર્થ આ પ્રકારે - અહીં કોઈ મોક્ષાભિલાષીઓ સામાયિકની પ્રતિજ્ઞા લઈને પણ સામાયિક આત્મસ્વભાવને નહિ પામતાં, સકલ કર્મકાંડને નહિ ઉન્મૂલતા સતા, સ્વયં અજ્ઞાનને લીધે કેવલ અશુભ કર્મને બંધહેતુ માની, બંધહેતુ એવા

---

ऐकाग्र्यलक्षणं - ઐકાગ્ર્ય લક્ષણ - એકાગ્રતા લક્ષણવાળું. શી રીતે ? ज्ञानभवनमात्रं - જ્ઞાન ભવન માત્ર, માત્ર - કેવલ જ્ઞાનનું ભવન - હોવાપણું - પરિણમન છે એ રીતે. જ્ઞાન ભવન માત્ર કેવું ? परमार्थभूत - પરમાર્થભૂત. કોના ? स्वभाव - સ્વભાવના. કેવા સ્વભાવના ? सम्यग्दर्शनज्ञानचारित्र - સમ્યગ્ દર્શન - જ્ઞાન - ચારિત્ર સ્વભાવના. આમ સમ્યગ્ દર્શન - જ્ઞાન - ચારિત્ર સ્વભાવના પરમાર્થભૂત જ્ઞાનભવનમાત્ર ઐકાગ્ર્ય લક્ષણ સમયસારભૂત સામાયિકની પ્રતિજ્ઞા તેઓ લીએ છે. सामायिकं प्रतिज्ञायापि - આ સામાયિક પ્રતિજ્ઞા લઈને પણ શું ? सामायिकमात्मस्वभावमलभमानाः - સામાયિક આત્મસ્વભાવ અલહતા - નહિ પામતા. સામાયિક કેવું ? परमार्थभूतज्ञानानुभवनमात्र - પરમાર્થભૂત જ્ઞાન અનુભવન માત્ર, જ્યાં પરમાર્થભૂત માત્ર - કેવલ જ્ઞાનનું અનુભવવાપણું છે એવું. આમ પરમાર્થભૂત જ્ઞાન અનુભવન માત્ર સામાયિક આત્મસ્વભાવ નહિ પામતાં તેથી પછી શું ?

प्रवर्त्तमानस्थूलतमविशुद्धपरिणामकर्माणः - પ્રવર્ત્તમાન - પ્રવર્ત્તી રહેલા છે સ્થૂલતમ - સ્થૂલમાં સ્થૂલ વિશુદ્ધ પરિણામ કર્મ જેના એવાઓ. એમ શાથી ? प्रतिनिवृत्तस्थूलतमसंक्लेशपरिणामकर्मतया - પ્રતિનિવૃત્ત સ્થૂલતમ - સ્થૂલમાં સ્થૂલ સંક્લેશ પરિણામ કર્મતાએ કરીને. આમ સ્થૂલતમ સંક્લેશ પરિણામ કર્મ નિવત્યાથી સ્થૂલતમ વિશુદ્ધ પરિણામ કર્મ પ્રવત્યાથી શું ? कर्मानुभवगुरुलाघवप्रतिपत्तिमात्रसंतुष्टचेतसः - કર્મ અનુભવના ગુરુલાઘવની પ્રતિપત્તિ - સ્વીકૃતિ માત્રથી સંતુષ્ટ ચિત્તવાળા તેઓ - स्थूललक्ष्यतया सकलं कर्मकाण्डमनुन्मूलयंत - સ્થૂલલક્ષ્યતાએ કરીને સકલ કર્મકાંડને નહિ ઉન્મૂલતા, સ્વયં अज्ञानात् - સ્વયં - અજ્ઞાનને લીધે અશુભ કર્મને કેવલ બંધહેતુ અધ્યાસી - માની બેસી, વ્રતાદિ શુભકર્મોને - બંધહેતુને પણ અજાણતાં મોક્ષહેતુ માની બેસે છે. ॥ इति 'आत्मख्याति' आत्मभावना ॥१५४॥

પણ વ્રતાદિ શુભ કર્મને અજાણતાં મોક્ષહેતુ માની બેસે છે ! તે આ પ્રકારે -

**મોક્ષાર્થીની સામાયિક પ્રતિજ્ઞા છતાં જ્ઞાનભવન માત્ર સામાયિક આત્મસ્વભાવની અપ્રાપ્તિ !**

અહીં - આ લોકને વિષે એવા 'કોઈ' - પુણ્યકર્મ પક્ષપાતી મુમુક્ષુઓ છે, કે જેઓ 'નિખિલ કર્મપક્ષના ક્ષયથી સંભાવિત આત્મલાભવાળા મોક્ષને અભિલષતા' હોય છે - निखिलकर्मपक्षक्षयसंभावितात्मलाभं मोक्षमभिलषंतोपि, નિખિલ - સકલ કર્મપક્ષના ક્ષયથી - સર્વનાશથી જેનો આત્મલાભ (પ્રાપ્તિ) સંભાવિત છે એવા મોક્ષને અભિલષે છે, ખરેખરા અંતઃકરણથી સન્મુખ ભાવથી ઈચ્છે છે, છતાં 'તદ્ધેતુભૂત સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર સ્વભાવના પરમાર્થભૂત જ્ઞાનભવન માત્ર ઐકાગ્ર્ય લક્ષણ સમયસારભૂત સામાયિક પ્રતિજ્ઞા લઈને પણ દુરંત કર્મચક્રના ઉત્તરણમાં ક્લીબતાએ કરીને પરમાર્થભૂત જ્ઞાનાનુભવન માત્ર સામાયિક આત્મસ્વભાવને નહિ પામતા' એવા હોય છે. અર્થાત્ તે મોક્ષના હેતુભૂત - અવિસંવાદી કારણરૂપ સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર સ્વભાવ - આત્માના નિજ ભાવ છે અને તે સ્વભાવના પરમાર્થભૂત - પરમ તત્ત્વભૂત **'જ્ઞાન ભવન માત્ર'** છે, **કેવલ જ્ઞાનરૂપ હોવાપણું** - કેવલ જ્ઞાન સિવાય બીજો કોઈ પણ ભાવ નથી એવું' **કેવલ જ્ઞાનરૂપ પરિણમન માત્ર** છે. આવું 'જ્ઞાન ભવન માત્ર' - જ્યાં કેવલ એક જ્ઞાન હોવાપણું માત્ર વર્તે છે એવું **'ઐકાગ્ર્ય લક્ષણ'** - એક જ્ઞાનભવન માત્રનું અગ્રપણું - પ્રધાનપણું - મુખ્યપણું લક્ષણ છે જેનું એવા **'સમયસાર ભૂત'** - શુદ્ધ આત્મસ્વભાવ સ્વરૂપ **'સામાયિક'**ની પ્રતિજ્ઞા તેઓ લીએ છે. समयसारभूतं सामायिकं प्रतिज्ञायापि - અને તેવા આત્મસ્વભાવ રૂપ જ્ઞાનભવન માત્ર સમયસારભૂત સામાયિકની મહાપ્રતિજ્ઞા તેઓ લીએ છે છતાં, 'दुरंतकर्मचक्रोत्तरणक्लीबतया' - 'દુરંત' - જેનો અંત આણવો દુષ્કર છે અથવા જેનો અંત - પરિણામ દુષ્ટ છે એવા 'કર્મચક્રના' - ચક્ર જેમ ભવભ્રમણ ચક્રમાં ભમાડનારા કર્મચક્રના 'ઉત્તરણમાં' - પાર ઉતરવામાં 'ક્લીબતાએ કરીને' - - પૌરુષહીનતાએ કરીને - નિર્વીર્યતાએ કરીને તેઓ જ્યાં પરમાર્થભૂત જ્ઞાન અનુભવનમાત્ર વર્ત્તે છે એવા સામાયિકરૂપ આત્મસ્વભાવને પામતા નથી.

**સ્થૂલતમ સંકલેશ પરિણામ કર્મ નિવૃત્તિ : સ્થૂલતમ-વિશુદ્ધ પરિણામ કર્મ પ્રવૃત્તિ**

આમ મોક્ષને ઈચ્છતા છતાં, તેના પરમાર્થ હેતુભૂત જ્ઞાનભવનમાત્ર ઐકાગ્ર્ય લક્ષણ સામાયિકની પ્રતિજ્ઞા લઈને પણ સામાયિક આત્મસ્વભાવને નહિ પામતા તેઓ 'સ્થૂલતમ સંકલેશ પરિણામ - કર્મની પ્રતિનિવૃત્તતાએ કરીને સ્થૂલતમ વિશુદ્ધ પરિણામ કર્મ જેને પ્રવર્ત્તમાન છે' એવા હોય છે - प्रतिनिवृत्तस्थूलतमसंक्लेशपरिणामकर्मतया प्रवर्त्तमानस्थूलतमविशुद्ध परिणामकर्माणः । અર્થાત્ તેઓને સ્થૂલતમ - સ્થૂલમાં સ્થૂલ સંકલેશ પરિણામ કર્મનું **પ્રતિનિવૃત્તપણું** - પાછા વળી જવાપણું હોય છે અને એ વડે કરીને તેઓને **સ્થૂલતમ** - **સ્થૂલમાં સ્થૂલ** (crudest) વિશુદ્ધ પરિણામ કર્મનું પ્રવર્ત્તમાનપણું હોય છે. એટલે કે તેઓ સ્થૂલતમ સંકલેશ પરિણામ કર્મથી નિવર્ત્તેલા અને સ્થૂલતમ વિશુદ્ધ પરિણામ કર્મમાં પ્રવર્ત્તેલા હોય છે.

**કર્માનુભવ ગુરુલાઘવ સંતુષ્ટતા : બંધહેતુ શુભકર્મની પણ મોક્ષહેતુ માન્યતા**

અને આમ સ્થૂલતમ અશુભથી નિવૃત્ત અને સ્થૂલતમ પ્રવૃત્ત તે - कर्मानुभवगुरुलाघवप्रतिपत्तिमात्र संतुष्टचेतसः - 'કર્માનુભવની ગુરુલાઘવ પ્રતિપત્તિ માત્રથી સંતુષ્ટ ચિત્તવાળા સ્થૂલ લક્ષ્યતાએ કરીને સકલ કર્મકાંડને અનુન્મૂલતા - નહિ 'ઉન્મૂલતા' એવા હોય છે - स्थूललक्ष्यतया सकलं कर्मकाण्डमनुन्मूलयंतः । અર્થાત્ આ કર્માનુભવનું ગુરુપણું - ભારીપણું અને આ કર્માનુભવનું લઘુપણું - લાઘવ - હળવાપણું છે એમ કર્માનુભવની ગુરુલાઘવની પ્રતિપત્તિ **માત્રથી** - માન્યતા માત્રથી જેનું ચિત્ત સંતુષ્ટ - સંતોષ પામી ગયેલું છે, એવા તેઓ સ્થૂલલક્ષ્યતાએ કરીને સકલ - સમસ્ત - અશેષ કર્મકાંડને ઉન્મૂલતા નથી - જડમૂળથી ઉખેડી નાંખતા નથી. એટલે કે આ કર્માનુભવ ગુરુ - ભારી છે અને આ કર્માનુભવ લઘુ - હળવો છે એમ કર્માનુભવનું ગુરુ લાઘવ માની બેસવા માત્રથી

તેઓનું ચિત્ત સંતુષ્ટ થઈ ગયું હોય છે, એટલે તેઓ સકલ કર્મકાંડને ઉન્મૂલવા પ્રવર્ત્તતા નથી - ઊઠતા નથી અને અજ્ઞાનને લીધે કેવલ અશુભ કર્મને બંધહેતુ અધ્યાસી, એમ બંધહેતુ એવા પણ વ્રત-નિયમ-શીલ-તપ પ્રમુખ શુભકર્મને અજાણતાં મોક્ષહેતુ અભ્યુપગમે છે - शुभकर्म बंधहेतुमप्यजानतो मोक्षहेतुमभ्युपगच्छन्ति । સ્વયં - પોતે અજ્ઞાનને લીધે કેવલ - માત્ર અશુભ કર્મને જ બંધનો હેતુ અધ્યાસી - માની બેસી, એવા પ્રકારે વ્રતાદિ શુભકર્મ જે બંધહેતુ છે તેને પણ અજાણતાં - નહિ જાણતાં તેઓ મોક્ષહેતુ માની બેસે છે !! **અમૃતચંદ્રજી**ની આ પરમ અદ્ભુત વ્યાખ્યા અંગે હવે વિશેષ સ્પષ્ટતાથી વિચાર કરીએ.

**ઐકાગ્ર્ય લક્ષણ શુદ્ધોપયોગ દશા - તે શ્રામણ્ય તે જ મોક્ષમાર્ગ**

મોક્ષ એટલે શું ? અને તે શાથી થાય ? એ અત્રે સૌથી પ્રથમ વિચારવા યોગ્ય છે. 'મોક્ષ' - સર્વ કર્મનો ક્ષય એ જ મોક્ષ, 'कृत्स्नकर्मक्षयो मोक्षः' એ **તત્ત્વાર્થ સૂત્રનું** સુપ્રસિદ્ધ સિદ્ધાંતસૂત્ર છે, એટલે સમસ્ત કર્મના ક્ષય થકી જ મોક્ષ થાય અને કર્મનું આગમન-આસ્રવણ મન-વચન-કાયાના કર્મ દ્વારે જ થાય છે, માટે જેને ખરેખરી મોક્ષ અભિલાષા હોય તે સાચા મુમુક્ષુએ આ સમસ્ત કર્મનો ક્ષય કરવો જ જોઈએ અને તે કરવા માટે સર્વાત્માથી પ્રવર્તવું જ જોઈએ. અર્થાત્ સર્વ કર્મ મૂકે તે જ સર્વ કર્મથી મૂકાય. આ સમસ્ત કર્મને ક્ષય કરવાનો એક માત્ર ઉપાય **'શ્રામણ્ય'** છે - સાચું ભાવશ્રમણપણું જ છે, કે જ્યાં **'સર્વ'** શુભાશુભ કર્મથી **'સર્વ વિરતિ'** પામી શુદ્ધોપયોગ દશાસંપન્ન શ્રમણ નિષ્કર્મ એવા કેવલ **શુદ્ધોપયોગમાં** જ વર્ત્તે છે. અર્થાત્ શુદ્ધોપયોગ દશા રૂપ શ્રામણ્ય એ જ મોક્ષમાર્ગ છે, આ શ્રામણ્યનું મુખ્ય લક્ષણ **'ઐકાગ્ર્ય'** છે. આ વસ્તુ અત્ર પ્રસંગથી સ્પષ્ટપણે સમજી લેવા યોગ્ય છે. આ અંગે **પરમર્ષિ કુંદકુંદાચાર્યજી** પ્રણીત **'પ્રવચનસાર'** ૩ - ગા. ૩૨ થી ૪૪ અને તે પરની **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી**ની પરમ અદ્ભુત યુગપ્રવર્તિની (Epoch-making) ટીકા અત્યંત મનન કરવા યોગ્ય છે. અત્રે વિસ્તાર ભયથી તેનો સમગ્ર અવતાર કરી શકાય એમ નથી, તથાપિ પ્રકૃતોપયોગી એનો સારભૂત ભાવ વિચારશું. '(૧) એકાગ્રગત તે શ્રમણ, ઐકાગ્ર્ય અર્થોમાં નિશ્ચિતને હોય છે. ***(૨) સમ છે શત્રુ - બંધુ વર્ગ જેને, સમ છે સુખ-દુઃખ જેને, સમ છે પ્રશંસા - નિંદા જેને, સમ છે લોષ્ટ - કાંચન જેને, સમ છે જીવિત - મરણ જેને એવો શ્રમણ હોય. (૩) દર્શન - જ્ઞાન - ચારિત્રમાં ત્રણેમાં યુગપત્ (એકી સાથે) સમુત્થિત એવો જે નિશ્ચયે કરીને એકાગ્રગત એમ મત છે, તેનું શ્રામણ્ય પરિપૂર્ણ છે. (૪) અન્ય દ્રવ્યને પામીને શ્રમણ જો મોહે છે, રંજે છે વા દ્વેષે છે, તો (તે) અજ્ઞાની વિવિધ કર્મોથી બંધાય છે. (૫) અર્થોમાં જે શ્રમણ જો મોહતો નથી, રંજતો નથી, દ્વેષતો નથી, તો તે નિયતપણે વિવિધ કર્મોને ખપાવે છે.'*

આ ગાથાઓની અલૌકિક પરમ અદ્ભુત વ્યાખ્યા કરતાં **તાત્ત્વિકશેખર પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** પ્રકાશે છે - (૧) 'શ્રમણ તો ખરેખર ! ઐકાગ્ર્યગત જ હોય છે અને ઐકાગ્ર્ય તો નિશ્ચિતાર્થને જ હોય છે. *** કારણકે ન-ઐકાગ્ર્યને (જેને ઐકાગ્ર્ય નથી એવાને) - અનેક જ આ છે એમ દેખતાં જે તથા પ્રત્યયથી (તેમ જ છે એવા પ્રત્યયથી - પ્રતીતિથી) અભિનિવિષ્ટ છે, અનેક જ આ છે એમ જાણતાં જે

* "एयग्गगदो समणो एयग्गं णिच्छिदस्स अत्थेसु ।
णिच्छित्ती आगमदो आगम चेट्ठा तदो जेट्ठा ॥
समसत्तुबंधुवग्गो समसुहदुक्खो पसंसणिंदसमो ।
समलोट्ठकंचणो पुण जीविदमरणे समो समणो ॥
दंसणाण्णचरित्तेसु तीसु जुगवं समुट्ठिदो जो दु ।
एयग्गगदोत्ति मदो सामण्णं तस्स परिपुण्णं ॥
मुज्झदि वा रज्जदि वा दुस्सदि वा दव्वमण्णमासेज्ज ।
जदि समणो अण्णाणी बज्झदि कम्मेहिं विविहेहिं ॥
अत्थेसु जो ण मुज्झदि ण हि रज्जदि णेव दोसमुपयादि ।
समणो जदि सो णियदं खवेदि कम्माणि विविधाणि ॥" - શ્રી 'પ્રવચનસાર' ૩-૩૨, ૪૧-૪૪

**ઐકાગ્ર ગત શ્રમણનું - સંયતનું સામ્ય લક્ષણ : ઐકાગ્રનું જ મોક્ષમાર્ગ પણું**

તથા અનુભૂતિથી ભાવિત છે, અનેક જ આ છે એમ પ્રત્યર્થે (પ્રત્યેક અર્થે) વિકલ્પથી વ્યાપૃત ચિત્તથી સંતત પ્રવર્ત્તતાં જે તથા વૃત્તિથી (તેવા પ્રકારની વૃત્તિથી) દુઃસ્થિત છે એવાને, એક આત્માની પ્રતીતિ૧ - અનુભૂતિ૨ - વૃત્તિ૩ સ્વરૂપ સમ્યગ્ દર્શન૧ - જ્ઞાન૨ - ચારિત્ર પરિણતિ પ્રવૃત્ત દૃશિ-જ્ઞપ્તિ વૃત્તિ રૂપ આત્મ તત્ત્વ ઐકાગ્ર અભાવને લીધે - શુદ્ધાત્મતત્ત્વપ્રવૃત્તિ રૂપ શ્રામણ્ય જ ન હોય. *** (૨) (હવે સંયતનું લક્ષણ-) સંયમ તે સમ્યગ્ દર્શન - જ્ઞાન પુરઃસર ચારિત્ર, ચારિત્ર તે ધર્મ, ધર્મ તે સામ્ય, સામ્ય તે મોહક્ષોભ વિહીન આત્મપરિણામ છે, તેથી સંયતનું સામ્ય લક્ષણ છે. તેમાં શત્રુ-બન્ધુ વર્ગમાં, સુખ-દુઃખમાં, પ્રશંસા-નિંદામાં, લોષ્ઠ-કાંચનમાં અને જીવિત-મરણમાં સમ એવો - આ મ્હારો પર આ સ્વ, આ આહ્લાદ આ પરિતાપ, આ મ્હારૂં ઉત્કર્ષણ આ અપકર્ષણ, આ મ્હારો અકિંચિત્કર આ ઉપકારક, આ મ્હારૂં આત્મધારણ આ અત્યંત વિનાશ એવા મોહ અભાવને લીધે સર્વત્ર પણ રાગ-દ્વેષ દ્વૈત અનુદિત છે એવાને - સતત પણ વિશુદ્ધ દૃશિ-જ્ઞપ્તિ સ્વભાવ આત્માને અનુભવતાં, શત્રુ-મિત્ર સુખ-દુઃખ પ્રશંસા-નિંદા લોષ્ઠ-કાંચન જીવિત-મરણને નિર્વિશેષપણે જ જ્ઞેયપણે આક્રમી જ્ઞાનાત્મા આત્મામાં જ અચલિત વૃત્તિવાળાનું જે ખરેખર ! નિશ્ચયે કરીને સર્વતઃ સામ્ય, આગમજ્ઞાન - તત્ત્વાર્થ શ્રદ્ધાન - સંયતત્વ યૌગપદ્યનું અને આત્મજ્ઞાનનું યૌગપદ્ય (એકી સાથે હોવાપણું) જેને સિદ્ધ છે એવા સંયતનું લક્ષણ આલક્ષણીય છે. *** (૪) હવે અનૈકાગ્રનું મોક્ષમાર્ગપણું પ્રતિષેધે છે.

જે ખરેખર ! નિશ્ચયે કરીને સ્ફુટપણે પ્રગટપણે જ્ઞાનાત્મા આત્માને એક અગ્ર ભાવતો નથી, તે અવશ્ય જ્ઞેયભૂત અન્ય દ્રવ્યને પામે છે અને તેને પામીને જ્ઞાનાત્મા આત્માના જ્ઞાનથી ભ્રષ્ટ સતો સ્વયં અજ્ઞાનીભૂત મોહે છે, વા રંજે છે, વા દ્વેષે છે અને તથાભૂત એવો તે બંધાય જ છે, પણ મૂકાતો નથી જ. એથી કરીને અનૈકાગ્રનું મોક્ષમાર્ગપણું સિદ્ધ ન થાય. अत अनैकाग्र्यस्य न मोक्षमार्गत्वं सिद्ध्येत् (હવે ઐકાગ્રનું મોક્ષમાર્ગ પણું અવધારતાં ઉપસંહરે છે-) પરંતુ જે જ્ઞાનાત્મા આત્માને એકને અગ્રને ભાવે છે, તે જ્ઞેયભૂત અન્ય દ્રવ્યને પામતો નથી અને તેને નહિ પામી, જ્ઞાનાત્મા આત્માના જ્ઞાનથી અભ્રષ્ટ એવો સ્વયમેવ જ્ઞાનીભૂત તિષ્ઠતો (સ્થિતિ કરતો) નથી મોહતો, નથી રંજતો, નથી દ્વેષતો, તથાભૂત સતો મૂકાય જ છે, પણ બંધાતો નથી જ. એથી કરીને ઐકાગ્રનું જ મોક્ષમાર્ગપણું સિદ્ધ થાય - अत ऐकाग्रयस्यैव मोक्षमार्गत्वं सिद्ध्येत् ।

---

* "श्रमणो हि तावदैकाग्र्यगत एव भवति । ऐकाग्र्यं तु निश्चितार्थस्यैव भवति । *** यतो नैकाग्र्यस्यानेकमेवेदमिति पश्यतस्तथाप्रत्ययाभिनिविष्टस्यानेकमेवेदमिति जानतस्तथानुभूतिभावितस्यानेकमेवेदमिति प्रत्यर्थविकल्पव्यापृतचेतसा संततं प्रवर्त्तमानस्य तथावृत्तिदुःस्थितस्य चैकात्मप्रतीत्यनुभूतिवृत्तिस्वरूप सम्यग्दर्शनज्ञानचारित्रपरिणतिप्रवृत्तदृशिज्ञप्ति वृत्तिरूपात्मतत्त्वैकाग्र्याभावात् शुद्धात्मतत्त्वप्रवृत्तिरूपं श्रामण्यमेव न स्यात् ।

संयमः सम्यग्दर्शनज्ञानपुरःसरं चारित्रं, चारित्रं धर्मः साम्यं, साम्यंमोहक्षोभविहीनः आत्मपरिणामः । ततः संयतस्य साम्यं लक्षणं । तत्र शत्रुबन्धुवर्गयोः सुखदुःखयोः प्रशंसानिन्दयोः लोष्ठकाञ्चनयो र्जीवितमरणयोश्च समं *** सर्वत्राप्यनुदितरागद्वेषद्वैतस्य सततमपि विशुद्धदृशिज्ञप्तिस्वभावमात्मानमनुभवतः शत्रुबन्धसुखदुःख प्रशंसानिन्दा लोष्ठकाञ्चनजीवितमरणानिनिर्विशेषमेव ज्ञेयत्वेनाक्रम्य ज्ञानात्मन्यात्मन्यचलितवृत्तेर्यत्किल सर्वतः साम्यं तत्सिद्धागमज्ञानतत्त्वार्थश्रद्धानसंयतत्वयौगपद्यात्मज्ञानयौगपद्यस्य संयतस्य लक्षणमालक्षणीयम् ॥ (ગા. ૪૧)

(ગા. ૪૨ની ટીકા) ગા. ૧૯ કળશ

यो हि न खलु ज्ञानात्मानमात्मनमेकमग्रं भावयति सोऽवश्यं ज्ञेयभूतं द्रव्यमन्यदासीदति । तदासाद्य च ज्ञानात्मात्मज्ञानाद्भ्रष्टः स्वयमज्ञानीभूतो मुह्यति वा रज्यति वा द्वेष्टि वा तथाभूतश्च बध्यत एव न तु मुच्यते । अत अनैकाग्र्यस्य न मोक्षमार्गत्वं सिद्ध्येत् ॥ (ગા. ૪૩)

यस्तु ज्ञानात्मानमात्मनमेकमग्रं भावयति स न ज्ञेयभूतं द्रव्यमन्यदासीदति । तदनासाद्य च ज्ञानात्मात्मज्ञानाद भ्रष्टः स्वयमेव ज्ञानीभूतस्तिष्ठन्न मुह्यति न रज्यति न द्वेष्टि तथाभूतः सन् मुच्यत एव न तु बध्यते । अत ऐकाग्र्यस्यैव मोक्षमार्गत्वं सिद्ध्येत् ॥" (ગા. ૪૪) - **શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત 'પ્રવચનસાર' ટીકા ૩-ગા. ૩૨, ૪૧-૪૪**

આમ **'શ્રામણ્ય'** જેનું અપાર નામ છે એવો એકાગ્ર લક્ષણ મોક્ષમાર્ગ છે અને સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર એ મોક્ષમાર્ગ છે તેનો પરમાર્થ પણ એ જ છે. **કારણકે** - (૧) સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર એ 'સ્વભાવ' છે (આત્માનો સ્વ ભાવ) છે, (૨) આ સ્વભાવનો પરમાર્થભૂત 'જ્ઞાનભવન માત્ર' છે - કેવલ જ્ઞાનભવન જ છે, (૩) આ 'જ્ઞાનભવન માત્ર' એ જ ઐકાગ્ર્ય લક્ષણ સમયસાર ભૂત 'સામાયિક' છે, (૪) આ સામાયિક પ્રતિજ્ઞા અંગીકાર કરી જે યથાવત્ પ્રતિજ્ઞા પ્રમાણે નિર્વહે છે, તે જ **શુદ્ધોપયોગ દશાસંપન્ન સમભાવભાવી 'શ્રમણ'** છે, (૫) અને આ શ્રમણનું જે **'શ્રામણ્ય'** - ખરેખરૂં શ્રમણપણું તે જ **ઐકાગ્ર્ય લક્ષ 'મોક્ષમાર્ગ'** છે. એમ આ સર્વ નિરવદ્ય છે. આમ -

**ઐકાગ્ર્ય લક્ષણ શ્રામણ્ય = જ્ઞાનભવનમાત્ર = સમયસાર = સામાયિક મોક્ષમાર્ગ**

મોક્ષમાર્ગ = સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર = સ્વભાવ (આત્મભાવ)

પરમાર્થભૂત જ્ઞાનભવન માત્ર = ઐકાગ્ર્ય લક્ષણ સમયસાર = સામાયિક =

શ્રામણ્ય = ઐકાગ્ર્ય લક્ષણ મોક્ષમાર્ગ

પરમાર્થભૂત જ્ઞાન અનુભવન માત્ર = સામાયિક = આત્મસ્વભાવ.

હવે શ્રામણ્યરૂપ **'સામાયિક'**ની મોટી પ્રતિજ્ઞા તો લીએ છે (करेमिभंते समाइअं), **પણ કર્મચક્રના** ચકરડામાંથી બ્હાર નીકળવાને અસમર્થ હોઈ તથારૂપ પરમાર્થભૂત જ્ઞાન અનુભવન માત્ર સામાયિક રૂપ આત્મસ્વભાવ લાભ પામતા નથી. અર્થાત્ તેઓ પ્રતિજ્ઞા તો 'મોટી' લ્યે છે, પણ તે નિર્વહી શકવાને અશક્ત હોઈ 'ખોટી' કરે છે, 'નામ મોટું અને દર્શન ખોટું થઈ પડે છે.' હશે ! એમની અશક્તિને લીધે - આત્મનિર્બળતાને લીધે એમ બનતું હશે, એટલે એ વાત જવા દઈએ ! પણ એટલેથી જ વાત અટકતી નથી. તેઓ સામાયિક - પ્રતિજ્ઞા કરી સ્થૂલતમ સંક્લેશ પરિણામરૂપ અશુભ કર્મથી નિવર્ત્તી સ્થૂલતમ વિશુદ્ધ પરિણામ રૂપ શુભ કર્મમાં પ્રવર્ત્તે છે, એટલે અશુભ કર્માનુભવ 'ગુરુ' - ભારી છે ને શુભ કર્માનુભવ 'લઘુ' - હળવો છે એમ માની બેસવા માત્રથી તેઓનું ચિત્ત સંતુષ્ટ થઈ જાય છે, એટલે પછી સ્થૂલ લક્ષ્યતાથી તેઓ સકલ કર્મકાંડને ઉન્મૂલતા નથી - જડ મૂળથી ઉખેડી નાંખતા નથી, પણ માત્ર અશુભ કર્મથી નિવર્ત્તી શુભ કર્મમાં જ ઈતિ કર્ત્તવ્યતા માની અહોનિશ તેમાં જ રચ્યા પચ્યા રહે છે ! ત્યાં જ 'અઠેહી દ્વારકા' કરી બેસી જાય છે ! એટલું જ નહિ પણ સ્વયં અજ્ઞાનને લીધે તેઓ અશુભ કર્મને જ કેવલ બંધહેતુ માની બેસી, વ્રત-તપાદિ શુભ કર્મ જે પ્રગટ બંધહેતુ છે તેને પણ અજાણતાં મોક્ષહેતુ માની લ્યે છે ! આમ શુદ્ધ આત્મસ્વભાવરૂપ - સામાયિકમય શુદ્ધોપયોગરૂપ સાચો મોક્ષમાર્ગ પામવાની તેઓની અશક્તિ છે અને શુભભાવરૂપ - શુભોપયોગરૂપ ખોટા મોક્ષમાર્ગનો તે દુરાગ્રહ કરે છે. એટલે તેનો મોક્ષ ક્યાંથી થાય ? હા, હજુ શુદ્ધ સ્વભાવ પામવાની અમારી અશક્તિ છે - આત્મ નિર્બળતા છે, અમે હાલ તત્કાળ આ શુભ કર્મમાંથી છૂટી શકતા નથી, આ બંધહેતુ શુભને પણ છેવટે છોડ્યે જ છૂટકો છે અને મોક્ષહેતુ શુદ્ધ થકી જ મોક્ષ છે એવો લક્ષ્ય તેઓએ રાખ્યો હોત વા રાખે તો તે શુદ્ધોપયોગની ગવેષણા કરતાં અનુક્રમે કોઈ કાળે તેઓનો મોક્ષ થવાનો સંભવ બની આવે. પણ આ તો મૂળ માન્યતા યે ખોટી ને પ્રવૃત્તિ યે ખોટી ! પ્રરૂપણા યે ખોટી ને આચરણા યે ખોટી ! કારણકે અનંત કાળ સુધી અનંત શુભ કાર્ય કરે તોયે મોક્ષ ન થાય, પણ સ્વલ્પ કાળમાં 'એક' શુદ્ધ થકી જ મોક્ષ થાય. આ અનંતા જ્ઞાનીઓએ 'સંમત કરેલો અખંડ નિશ્ચય સિદ્ધાંત છે. અર્થાત્ **કેવલ જ્ઞાનભવનમય શુદ્ધોપયોગ** જ વાસ્તવિક (ભૂતાર્થ) હોય તો તે કેવલ ભ્રાંતિ જ છે, કારણકે શુભોપયોગ વાસ્તવિક (ભૂતાર્થ) મોક્ષમાર્ગ નથી, પણ ઉપચરિત (અભૂતાર્થ) વા વ્યવહાર મોક્ષમાર્ગ છે અને તે ઉપચાર પણ તે વ્યવહાર મોક્ષમાર્ગ રૂપ નિમિત્ત કારણના અવલંબને જો શુદ્ધોપયોગરૂપ નિશ્ચય મોક્ષમાર્ગે ચઢવાનું કાર્ય બને તો જ બને છે - શુભોપયોગથી

**'સામાયિક' મહાપ્રતિજ્ઞાનું અનિર્વહણ : બંધહેતુ શુભને પણ મોક્ષ હેતુ માની બેસવું !**

યોગ્યતા પ્રાપ્ત કરતો જીવ જો અનુક્રમે શુભોપયોગને પણ છોડી શુદ્ધોપયોગ પર આરૂઢ થાય તો જ બને છે, નહિ તો નહિ. આમ શુભોપયોગરૂપ વ્યવહાર મોક્ષમાર્ગે પણ શુદ્ધોપયોગરૂપ નિશ્ચય મોક્ષમાર્ગે આવ્યે જ છૂટકો છે, એટલે મોક્ષ તો કેવલ **જ્ઞાનભવન માત્ર** શુદ્ધોપયોગરૂપ નિશ્ચય મોક્ષમાર્ગ થકી જ હોય છે - આ અખંડ નિશ્ચય છે. આ અંગે પં.પ્ર. ટોડરમલ્લજીએ **'મોક્ષમાર્ગ પ્રકાશ'** નિશ્ચય વ્યવહાર ઉભયાભાસી વર્ણન પ્રસંગે નિષ્તુષ સ્પષ્ટ મીમાંસા કરી છે. જેમકે -

**શુદ્ધ આત્માનુભવ સાચો મોક્ષમાર્ગ : વ્રત-તપાદિ ઉપચાર રૂપ વ્યવહાર મોક્ષમાર્ગ**

''શુદ્ધ આત્મા કા અનુભવ સાંચા મોક્ષમાર્ગ હૈ, ઈસલિયે ઈસકો નિશ્ચય કહા હૈ. યહાં સ્વભાવ સે અભિન્ન પરભાવ સે ભિન્ન ઐસા શુદ્ધ શબ્દ કા અર્થ જાનના. સંસારી કો સિદ્ધ માનના ઐસા ભ્રમ રૂપ અર્થ શુદ્ધ શબ્દ કા ન જાનના. ઔર વ્રત, તપ આદિક મોક્ષમાર્ગ હૈ નાહીં, નિમિત્તાદિક કી અપેક્ષા ઉપચાર સે ઈનકો મોક્ષમાર્ગ કહિયે હૈ, ઈસલિયે ઈનકો વ્યવહાર કહા હૈ. ઐસે ભૂતાર્થ - અભૂતાર્થ મોક્ષમાર્ગપના કર ઈનકો દોય પ્રકાર મોક્ષમાર્ગ નિશ્ચય વ્યવહાર કર કહે હૈં, સો ઐસી હી માનના. ઔર યહ દોનોં હી સાંચે મોક્ષમાર્ગ હૈં, ઈન દોનોં કો ઉપાદેય માનના સો તો મિથ્યાબુદ્ધિ હૈ. *** ઔર પરદ્રવ્ય કે નિમિત્ત મિટને કી અપેક્ષા વ્રત-શીલ સંયમાદિક કો મોક્ષમાર્ગ કહા, સો ઈન હી કો મોક્ષમાર્ગ ન માન લેના. ક્યોંકિ પરદ્રવ્ય કા ગ્રહણ ત્યાગ આત્મા કૈ હોય તો આત્મા પરદ્રવ્ય કા કર્ત્તા હર્ત્તા હો જાવે, સો કોઈ દ્રવ્ય કિસી દ્રવ્ય કે આધીન હૈ નાહીં. ઈસલિયે આત્મા અપને ભાવ જો રાગાદિક હૈ તિનકો છોડ વીતરાગી હોય હૈ, સો નિશ્ચય કર વીતરાગ ભાવ હી મોક્ષમાર્ગ હૈ. વીતરાગ ભાવન કે ઔર વ્રતાદિનકે કદાચિત્ કાર્યકારણપના હૈ, ઈસલિયે વ્રતાદિક કો મોક્ષમાર્ગ કહે હૈ સો કહને માત્ર હૈ. પરમાર્થ સે બાહ્ય ક્રિયા મોક્ષમાર્ગ નાહીં હૈ. ઈસલિયે ઐસા હી શ્રદ્ધાન કરના. ઐસે હી અન્યત્ર ભી વ્યવહાર નય કો અંગીકાર ન કરના.

**વ્રતાદિને મોક્ષમાર્ગ જાણવારૂપ વ્યવહાર અસત્યાર્થ માટે હેય : પણ વ્રતાદિ હેય નહિ**

યહાં કોઈ નિર્વિચાર પુરુષ ઐસે કહે, કિ તુમ વ્યવહાર કો અસત્યાર્થ હેય કહો હો તો હમ વ્રત શીલ સંયમાદિક વ્યવહાર કાર્ય કિસ લિયે કરે ? સર્વ કો છોડ દેવેંગે. તિસકો કહિએ હૈ - કુછ વ્રત શીલ સંયમાદિકના નામ વ્યવહાર નાહીં હૈ, ઈનકો મોક્ષમાર્ગ જાનના વ્યવહાર હૈ સો છોડ દે. ઔર શ્રદ્ધાન કર જો ઈનકો બાહ્ય સહકારી જાન ઉપચાર સે મોક્ષમાર્ગ કહા હૈ. યહ તો પરદ્રવ્યાશ્રિત હૈ. ઔર સાંચા મોક્ષમાર્ગ વીતરાગ ભાવ હૈ, સો સ્વ દ્રવ્યાશ્રિત હૈ. ઐસે વ્યવહાર કો અસત્યાર્થ હેય જાનના. વ્રતાદિક કો છોડને સે તો વ્યવહાર કા હેયપના હોતા હૈ નાહીં. ઔર હમ પૂછે હૈ - વ્રતાદિક કો છોડ ક્યા કરેગા ? જો હિંસાદિક રૂપ પ્રવર્ત્તેગા તો તહાં મોક્ષમાર્ગ કા ઉપચાર ભી સંભવે નાહીં. તહાં પ્રવર્ત્તને સે ક્યા ભલા હોગા ? નરકાદિક પાવોગે. ઈસલિયે ઐસા કરના તો નિર્વિચાર હૈ. ઔર વ્રતાદિક રૂપ પરિણતિ મેટ કેવલ વીતરાગ ઉદાસીન ભાવરૂપ હોના બને તો ભલા હી હૈ. સો નીચલી દશા વિષે હોય સકે નાહીં. ઈસલિયે વ્રતાદિક સાધન છોડ સ્વચ્છન્દ હોના યોગ્ય નાહીં.


**શુભોપયોગ બંધ કારણ, શુદ્ધ ઉપયોગ મોક્ષકારણ : અશુભ ત્યાગ, શુભમાર્ગ શુદ્ધ પ્રાપ્તિ તે ક્રમ**


ઔર ઈસ શુભોપયોગ કો બન્ધ કા ભી કારણ જાનના, મોક્ષ કા કારણ ન જાનના. ક્યોંકિ બન્ધ ઔર મોક્ષ કૈ તો પ્રતિપક્ષીપના હૈ. ઈસલિયે એક હી ભાવ પુણ્યબન્ધ કા ભી કારણ હોય ઔર મોક્ષ કા ભી કારણ હોય ઐસા માનના ભ્રમ હૈ. ઈસલિયે વ્રત અવ્રત દોનોં વિકલ્પ રહિત જહાં પરદ્રવ્ય કે ગ્રહણ-ત્યાગ કા કુછ પ્રયોજન નાહીં ઐસા ઉદાસીન વીતરાગ શુદ્ધોપયોગ કા યુક્તિપના પાઈયે હૈ. ઈસલિયે ઉપચાર કર વ્રતાદિક શુભોપયોગ કો મોક્ષમાર્ગ કહા હૈ. ઔર વિચાર કિયે શુભોપયોગ મોક્ષ કા ઘાતક હી હૈ, ક્યોંકિ જો બન્ધ કા કારણ સોઈ મોક્ષકા ઘાતક હૈ. ઐસા શ્રદ્ધાન કરના ઔર શુદ્ધોપયોગ હી કો ઉપાદેય માન તિસકા ઉપાય

કરના. શુભોપયોગ કો હેય જાન તિન કે ત્યાગ કા ઉપાય કરના. જહાં શુદ્ધોપયોગ ન હો સકે તહાં અશુભોપયોગ કો છોડ શુભ હી વિષે પ્રવર્ત્તના. ઈસલિયે શુભોપયોગ સે અશુભોપયોગ વિષે અશુદ્ધતા કી અધિકતા હૈ. ઔર શુદ્ધોપયોગ હોય તબ તો પરદ્રવ્ય કા સાક્ષીભૂત હી રહે હૈ. તહાં તો કુછ પરદ્રવ્ય કા પ્રયોજન હી નાહીં. ઔર શુભોપયોગ હોય તો તહાં બાહ્ય વ્રતાદિક કી પ્રવૃત્તિ હોય. ક્યોંકિ અશુભોપયોગ કે ઔર પરદ્રવ્ય કી પ્રવૃત્તિ કૈ નિમિત્ત-નૈમિત્તિક સમ્બન્ધ પાઈયે હૈ ઔર પહિલે અશુભોપયોગ છૂટ શુભોપયોગ હોય, પીછે શુભોપયોગ છૂટ શુદ્ધોપયોગ હોય. ઐસી પરિપાટી હૈ.

**શુભોપયોગ શુદ્ધોપયોગનું કારણ નથી**

ઔર કોઈ ઐસે માને કિ શુભોપયોગ હૈ સો શુદ્ધોપયોગ કા કારણ હૈ. સો જૈસે અશુભોપયોગ છૂટ શુભોપયોગ હોય હૈ, તૈસે શુભોપયોગ છૂટ શુદ્ધોપયોગ હોય હૈ. ઐસે હી કાર્યકારણપના હોય તો શુભોપયોગ કા કારણ અશુભોપયોગ ઠહરૈ. અથવા દ્રવ્યલિંગી કૈ શુભોપયોગ તો ઉત્કૃષ્ટ હોય હૈ ઔર શુદ્ધોપયોગ હોતા નાહીં. ઈસલિયે પરમાર્થ સે ઈનકે કાર્ય-કારણપના હૈ નાહીં. જૈસે રોગી કૈ બહુત રોગ થા, પીછે સ્તોક રોગ ભયા તો વહ સ્તોક રોગ તો નીરોગ હોને કા કારણ હૈ નાહીં, કેવલ ઈતના હૈ જો આરોગ્ય હોને કા ઉપાય કરે તો હો જાય સકે હૈ, પરન્તુ જો સ્તોક રોગ હી કો ભલા જાન તિસકે રાખને કા યત્ન કરે તો નીરોગ કૈસે હોય ? તૈસે કષાયી કૈ તીવ્ર કષાય રૂપ અશુભોપયોગ થા, પીછે મન્દ કષાય રૂપ શુભોપયોગ ભયા, તો વહ શુભોપયોગ તો નિઃકષાય શુદ્ધોપયોગ હોને કા કારણ હૈ નાહીં. ઈતના હૈ શુભોપયોગ ભયે શુદ્ધોપયોગ કા યત્ન કરે તો હોય સકૈ હૈ. ઔર જો શુભોપયોગ હી કો ભલા જાન તિસકા સાધન કિયા કરે તો શુદ્ધોપયોગ કૈસે હોય ? ઈસલિયે મિથ્યાદૃષ્ટિ કા શુભોપયોગ તો શુદ્ધોપયોગ કા કારણ હૈ નાહીં, સમ્યગ્દૃષ્ટિ કૈ શુભોપયોગ ભયે અવશ્ય શુદ્ધોપયોગ પ્રાપ્ત હોય હૈ ઐસે મુખ્યપને કર કહીં શુભોપયોગ કો શુદ્ધોપયોગ કા કારણ ભી કહિયે હૈ ઐસા જાનના.'' ઈ. - **પં.પ્ર. ટોડરમલ્લજી કૃત મોક્ષમાર્ગ પ્રકાશ (ઉભયાભાસી વર્ણન)**



હવે પરમાર્થ મોક્ષહેતુ તેઓને દર્શાવે છે -

**जीवादीसद्दहणं सम्मत्तं तेसिमधिगमो णाणं ।**

**रायादीपरिहरणं चरणं एसो दु मोक्खपहो ॥१५५॥**

જીવાદિ શ્રદ્ધાન સમ્યક્ત્વ છે રે, તસ અધિગમ તે જ્ઞાન;

રાગાદિ પરિહરણ તે ચરણ છે રે, આ જ મોક્ષપથ જાણ !... કર્મ. ૧૫૫

**અર્થ** - જીવાદિનું શ્રદ્ધાન તે સમ્યક્ત્વ, તેઓનો (જીવાદિનો) અધિગમ તે જ્ઞાન, રાગાદિનું પરિહરણ તે ચરણ (ચારિત્ર) - આ જ નિશ્ચયે કરીને મોક્ષપથ છે.

## आत्मख्याति टीका

अथ परमार्थमोक्षहेतुं तेषां दर्शयति -

**जीवादि श्रद्धानं सम्यक्त्वं तेषामधिगमो ज्ञानं ।**

**रागादिपरिहरणं चरणं एष तु मोक्षपथः ॥१५५॥**

मोक्षहेतुः किल सम्यग्दर्शनज्ञानचारित्रं । तत्र - **सम्यग्दर्शनं** तु **जीवादिश्रद्धान**स्वभावेन ज्ञानस्य भवनं **चारित्रं** । तदेवं सम्यग्दर्शनज्ञानचारित्राण्येकमेव ज्ञानस्य भवनमायातम् । ततो ज्ञानमेव **परमार्थमोक्षहेतुः** ॥१५५॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

મોક્ષહેતુ નિશ્ચયે કરીને સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તેમાં **સમ્યગ્ દર્શન** તો **જીવાદિના શ્રદ્ધાન** સ્વભાવે જ્ઞાનનું ભવન (હોવું-પરિણમવું) છે, જીવાદિના જ્ઞાન સ્વભાવે જ્ઞાનનું ભવન (હોવાપણું) તે જ્ઞાન છે, રાગાદિ પરિહરણ સ્વભાવે જ્ઞાનનું ભવન તે ચારિત્ર છે. તેથી એમ સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર તે એક જ એવું જ્ઞાનનું ભવન આવ્યું, તેથી જ્ઞાન જ **પરમાર્થ મોક્ષહેતુ** છે. ૧૫૫

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાન એટલે આત્માને યથાતથ્ય જાણવો તે, દર્શન એટલે આત્માની યથાતથ્ય પ્રતીતિ તે, ચારિત્ર એટલે આત્મા સ્થિર થાય તે. આત્મા ને સદ્ગુરુ એક જ સમજવા.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, ઉપદેશ છાયા**

અત્રે તે પુણ્યકર્મની પક્ષપાતી મુમુક્ષુઓને **'પરમાર્થ મોક્ષહેતુ'** - ખરેખરો તાત્ત્વિક પરમાર્થસત્ મોક્ષહેતુ - ભૂતાર્થ એવો નિશ્ચય મોક્ષહેતુ દર્શાવ્યો છે - જીવાદિનું શ્રદ્ધાન તે 'સમ્યક્ત્વ' - સમ્યગ્

**आत्मभावना -**

अथ - હવે परमार्थमोक्षहेतुं - **પરમાર્થ મોક્ષહેતુ** तेषां - તેઓને - ઉક્ત પરમાર્થ બાહ્યજનોને दर्शयति - **દર્શાવે છે** - जीवादिश्रद्धानं सम्यक्त्वं - **જીવાદિનું શ્રદ્ધાન તે સમ્યક્ત્વ**, तेषामधिगमो ज्ञानं - **તેઓનો - જીવાદિનો અધિગમ** - જાણપણું **તે જ્ઞાન**, रागादिपरिहरणं चरणं - **રાગાદિનું પરિહરણ** - પરિહરવું - સર્વથા ત્યજન **તે ચરણ** - ચારિત્ર, एष तु मोक्षपथः - **આ જ નિશ્ચયે કરીને મોક્ષપથ** - મોક્ષમાર્ગ છે. ॥ इति गाथा आत्मभावना ॥१५५॥

मोक्षहेतुः किल — **મોક્ષહેતુ ખરેખર ! નિશ્ચયે કરીને** सम्यग्दर्शन-ज्ञान-चारित्रं - **સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે**, એ ત્રણેનું એકીભાવ રૂપ એકપણું એક વચન પ્રયોગથી સૂચવ્યું છે. तत्र - તેમાં - सम्यग्दर्शनं तु जीवादि-श्रद्धानस्वभावेन - **સમ્યગ્દર્શન તો જીવાદિ શ્રદ્ધાન સ્વભાવે** ज्ञानस्य भावनं - **જ્ઞાનનું ભવન** (હોવું-પરિણમવું) છે, जीवादिज्ञानस्वभावेन - **જીવાદિ જ્ઞાનસ્વભાવે** ज्ञानस्य भावनं - **જ્ઞાનનું ભવન** (હોવું પરિણમવું) **તે** ज्ञानं - **જ્ઞાન છે**, रागादि परिहरणस्वभावेन - **રાગાદિ - પરિહરણ** (પરિત્યજન) **સ્વભાવે** ज्ञानस्य भवनं - **જ્ઞાનનું ભવન તે** चारित्रं - **ચારિત્ર છે.** तदेव - **તેથી એમ** - सम्यग्दर्शनज्ञानचारित्राणि - **સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર** (જૂદા જૂદા વિવક્ષિત કરેલા એ ત્રણે) एकमेव - **એકજ એવું** ज्ञानस्य भवनमायातम् - **જ્ઞાનનું ભવન આવ્યું**, ततो - **તેથી કરીને** ज्ञानमेव - **જ્ઞાન જ**, કેવલ જ્ઞાન જ, परमार्थ मोक्षहेतुः - **પરમાર્થ મોક્ષહેતુ** - નિશ્ચય મોક્ષહેતુ છે. ॥ ઈતિ 'आत्मख्याति' आत्मभावना ॥१५५॥

દર્શન, 'તેઓનો' - તે જીવાદિનો 'અધિગમ' - જાણપણા રૂપ બોધ તે જ્ઞાન અને રાગાદિનું 'પરિહરણ' - પરિત્યજન - સર્વથા પરિત્યાગ તે 'ચરણ' - ચારિત્ર - આ જ નિશ્ચયે કરીને 'મોક્ષપથ' - મોક્ષમાર્ગ છે. આ ગાથાના ભાવનું તલસ્પર્શી વિશદીકરણ કરતાં **'આત્મખ્યાતિ' સૂત્રકર્ત્તાએ** અપૂર્વ તત્ત્વ સર્વસ્વ સમર્પક અલૌકિક વ્યાખ્યાન કર્યું છે. તેનો ભાવાર્થ આ પ્રકારે -

**સમ્યગ્ દર્શન - જ્ઞાન - ચારિત્ર સ્વભાવે જ્ઞાનનું ભવનઃ કેવલ જ્ઞાન જ પરમાર્થ મોક્ષહેતુ**

मोक्षहेतुः किल - **નિશ્ચયે કરીને પરમાર્થથી - તત્ત્વથી 'મોક્ષહેતુ' - મોક્ષનું અવિસંવાદી એક જ એકીભાવભૂત એવું કારણ સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર છે** - सम्यग्दर्शन-ज्ञानचारित्रं, **અર્થાત્ સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર એ ત્રણે વિભિન્ન નહિ પણ અત્ર ખાસ વિશિષ્ટ એકવચન પ્રયોગથી સૂચિત એવું સ્વભાવભૂત એવું સમ્યગ્ દર્શન** - જ્ઞાન - ચારિત્ર છે. પણ તેનો પરમાર્થ સમજવો જોઈએ અને **અમૃતચંદ્રજીએ** સમજાવેલો તે અપૂર્વ પરમાર્થ આ છે - તેમાં - (૧) सम्यग् दर्शनं - **સમ્યગ્દર્શન તે જીવાદિ શ્રદ્ધાન સ્વભાવે 'જ્ઞાનનું ભવન'** છે, 'जीवादिश्रद्धानस्वभावेन ज्ञानस्य भवनं' - **આ જીવ ને આ અજીવ એમ ભેદજ્ઞાનના આત્મનિશ્ચયરૂપ શ્રદ્ધાન સ્વભાવે 'જ્ઞાનનું ભવન' - હોવું - હોવાપણું - પરિણમન - પરિણમવાપણું તે સમ્યગ્દર્શન છે.** (૨) जीवादिज्ञानस्वभावेन - **જીવાદિના જ્ઞાન સ્વભાવે 'જ્ઞાનનું ભવન' તે જ્ઞાન છે** - 'ज्ञानस्य भवनं ज्ञानं' - **આ જીવ - આ અજીવ ઈ. ના જાણપણા રૂપ જ્ઞાન સ્વભાવે 'જ્ઞાનનું ભવન' - હોવાપણું - પરિણમન - પરિણમવાપણું તે જ્ઞાન છે** અને (૩) रागादिपरिहरण स्वभावेन - રાગાદિના પરિહરણ સ્વભાવે **'જ્ઞાનનું ભવન'** તે ચારિત્ર છે, 'ज्ञानस्य भवनं चारित्रं', **આત્માથી - જ્ઞાનથી અતિરિક્ત - જ્ઞાન સિવાયના રાગ-દ્વેષ-મોહાદિ સર્વ વિભાવના અને પુદ્ગલાદિ રૂપ સર્વ પરભાવના પરિહરવા રૂપ - સર્વથા ત્યજવા રૂપ સ્વભાવે 'જ્ઞાનનું ભવન' - હોવાપણું - પરિણમન - પરિણમવાપણું તે ચારિત્ર છે. તેથી એમ** - ઉક્ત પ્રકારથી ભેદવિવક્ષાથી **જૂદા જૂદા વિવક્ષિત કરેલા સમ્યગ્ દર્શન - જ્ઞાન - ચારિત્ર એ ત્રણે એક જ એવું 'જ્ઞાનનું ભવન'** આવ્યું. तदेवं सम्यग्दर्शन ज्ञानचारित्राण्येकमेव ज्ञानस्यभवनमायातम् । **અર્થાત્ આમ જીવાદિ શ્રદ્ધાન સ્વભાવે, જીવાદિ જ્ઞાનસ્વભાવે, પરભાવ પરિહરણ રૂપ ચરણ સ્વભાવે** જ્ઞાનનું ભવન **એ જ પરમાર્થથી - નિશ્ચયથી એકીભાવ ભૂત 'એકરૂપ'** એવું એકત્વ નિશ્ચયગત સમ્યગ્ દર્શન - જ્ઞાન - ચારિત્ર છે, **એટલે એક જ્ઞાનભવન માત્ર સ્વભાવમાં સમ્યગ્ દર્શન - જ્ઞાન - ચારિત્ર એ ત્રિમૂર્ત્તિની સમાધિ થાય છે - એ ત્રિપુટી સમાય છે, એટલે સ્વયં સિદ્ધ થાય છે કે જ્ઞાન જ પરમાર્થ મોક્ષહેતુ છે** - 'ज्ञानमेव परमार्थमोक्षहेतुः', **કેવલ જ્ઞાન જ પરમાર્થ મોક્ષકારણ છે,** इति स्थितं, **કારણકે 'કેવલ' જ્ઞાન સિવાય બીજો કોઈ પણ ભાવ જ્યાં રહ્યો નથી એવા 'કેવલ' જ્ઞાન થકી જ 'કેવલ જ્ઞાન'** થાય છે, એ સુપ્રસિદ્ધ વસ્તુ છે.

**આકૃતિ**

મોક્ષમાર્ગ

| | |
|---|---|
| સમ્યક્ત્વ જ્ઞાન ચારિત્ર | 'જ્ઞાન જ<br>પરમાર્થ-મોક્ષહેતુ |

જ્ઞાન ભવન

આમ 'सम्यग्दर्शनज्ञानचारित्रं' - **સમ્યગ્ દર્શન - જ્ઞાન - ચારિત્ર તે મોક્ષમાર્ગ એ સુપ્રસિદ્ધ સૂત્રની અભિનવીકરણથી** (Reorientation) એક જ્ઞાનભવન માત્રમાં એકીકરણ રૂપ પરમ અપૂર્વ **પરમાર્થઘટના પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ અત્ર પ્રકાશી છે.** જીવાજીવાદિ વ્યાવહારિક નવ તત્ત્વનું **શ્રદ્ધાન તે સમ્યગ્ દર્શન, આચારાદિ આગમજ્ઞાન તે જ્ઞાન,** વ્રત-તપશ્ચરણ તે ચારિત્ર, **એમ** વ્યવહાર **રત્નત્રયીરૂપ** તે

કથંચિત્ કારણમાં કાર્યના ઉપચારથી 'વ્યવહાર મોક્ષમાર્ગ' કહેવાય છે, પણ વાસ્તવિક મોક્ષમાર્ગ નથી.

**મૂળ મારગ સાંભળો 'જિનનો રે' : સમ્યગ્ દર્શન - જ્ઞાન - ચારિત્રના એકીકરણરૂપ નિશ્ચય મોક્ષમાર્ગ**

વાસ્તવિક મોક્ષમાર્ગ તો કહ્યો તે નિશ્ચય રત્નત્રયીના એકીકરણ રૂપ **નિશ્ચય મોક્ષમાર્ગ** જ છે અને તેજ પરમ આત્મદૃષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજીએ** અપૂર્વ ભાવથી સંગીત કરેલો **'જિનનો મૂળમાર્ગ'** છે. પણ જેને આ વાસ્તવિક નૈશ્ચયિક મોક્ષમાર્ગનું ભાન વા જ્ઞાન નથી તે નિશ્ચયાભાસી શુષ્કજ્ઞાનીઓ કે વ્યવહારાભાસી ક્રિયાજડો કેવલ નિશ્ચયનો જ વા કેવલ વ્યવહારનો જ આગ્રહ કરે છે તે યથાર્થ નથી, કારણકે નિશ્ચય અપેક્ષાએ કે વ્યવહાર અપેક્ષાએ માર્ગનું યથાર્થ સ્વરૂપ તે શુષ્કજ્ઞાની કે ક્રિયાજડ બન્નેમાંથી એકકેય જાણતા નથી હોતા. એકાંત નિશ્ચયના આગ્રહી તે સમ્યગ્ દર્શન એ સૂત્ર વારંવાર ઉચ્ચારે છે, પણ તે શ્રદ્ધાન શું અને કેવા પ્રકારે તે જાણતા નથી અને તેના અંતર્ ભાવને સ્પર્શતા નથી. દા.ત. આત્માની વાત કરતા હોય ત્યારે તે પણ જાણે કોઈ બીજાની જ વાત કરી રહ્યા હોય એમ તે કરે છે, પણ આ આત્મા તે હું છું એવો નિશ્ચય શ્રદ્ધાન રૂપ વા અનુભવ રૂપ ભાવ તેના અંતરમાં ભાસતો નથી, એટલે તેનું શ્રદ્ધાન પણ વાસ્તવિક ખરેખરું તત્ત્વાર્થ શ્રદ્ધાન નથી હોતું. આગમ જ્ઞાન માટે પણ તેમ જ છે અને ચારિત્ર અંગે પણ તેઓ (નિશ્ચયાભાસીઓ) વ્યવહાર ચારિત્રને ઉત્થાપી સ્વચ્છંદવર્ત્તનામાં કે (વ્યવહારાભાસીઓ) વ્યવહાર ચારિત્ર રૂપ બાહ્ય વ્રત-તપાદિમાં જ ઈતિ કર્ત્તવ્યતા માને છે, પણ નિષ્કષાય વીતરાગ ભાવરૂપ વા શુદ્ધ આત્મરમણતા રૂપ નિશ્ચય ચારિત્રને તે સમજતા નથી વા આચરતા નથી. એટલે નિશ્ચયાગ્રહી નિશ્ચયાભાસીઓનું તેમજ વ્યવહારાગ્રહી વ્યવહારાભાસીઓનું મોક્ષમાર્ગ પ્રરૂપણ વા આચરણ પણ યથાર્થ નથી. આ અંગે **મોક્ષમાર્ગ પ્રકાશમાં પંડિત પ્રવર ટોડરમલ્લજીએ** નિશ્ચયાભાસીઓને અને વ્યવહારાભાસીઓને ઉદ્દેશીને ઘણું ઘણું માર્મિક વિવરણ કર્યું છે. જેમકે -

**નિશ્ચયાભાસીને યથાર્થ શ્રદ્ધાનાદિ નથી**

"ઔર જિન વાણીમેં તો સમ્યગ્ દર્શન - જ્ઞાન - ચારિત્ર કી એકતા ભયે મોક્ષ કહ્યા હૈ સો ઈસકૈ (નિશ્ચયાભાસી) સમ્યગ્ દર્શન જ્ઞાન વિષે સપ્ત તત્ત્વ કા શ્રદ્ધાન ભયા ચાહિયે સો તિનકા તો વિચાર નાહીં, ઔર ચારિત્ર વિષે રાગાદિક દૂર કિયે ચાહિયે, તિસકા ભી ઉદ્યમ નાહીં. એક અપને આત્મા કો શુદ્ધ અનુભવના ઈસ હી કો મોક્ષમાર્ગ જાન સન્તુષ્ટ ભયા હૈ. *** તબ વહ કહે હૈ ઐસે હૈ તો શાસ્ત્ર વિષે ઐસા કૈસે કહા હૈ - જો આત્મા કા શ્રદ્ધાન - જ્ઞાન - આચરણ સમ્યગ્ દર્શન - જ્ઞાન - ચારિત્ર હૈ. (તિસકા સમાધાન -) અનાદિ સે પરદ્રવ્ય વિષે આપકા શ્રદ્ધાન જ્ઞાન આચરણ થા, તિસકે છુડાવને કો યહ ઉપદેશ હૈ. આપ હી વિષે આપકા શ્રદ્ધાન જ્ઞાન આચરણ ભયે પરદ્રવ્ય વિષે રાગ દ્વેષાદિક પરિણામ કરને કા શ્રદ્ધાન વા આચરણ મિટ જાય તબ સમ્યગ્ દર્શનાદિક હોય હૈ. ** જૈસે મિટાવને કા જાનના હોય સોઈ જાનના સમ્યગ્ જ્ઞાન હૈ, જૈસે રાગાદિક મિટે સોહી આચાર સમ્યક્ ચારિત્ર હૈ. ઐસા હી મોક્ષમાર્ગ માનના યોગ્ય હૈ.

**વ્યવહારાભાસીને યથાર્થ તત્ત્વાર્થ - શ્રદ્ધાનાદિ નથી**

"ઔર શાસ્ત્ર વિષે તત્ત્વાર્થ શ્રદ્ધાન સમ્યગ્ દર્શન ઐસા વચન કહા હૈ. ઈસ લિયે જૈન શાસ્ત્ર વિષે જીવાદિક તત્ત્વ કહે હૈ તૈસે આપ (વ્યવહારાભાસી) સીખે હૈ, તહાં હી ઉપયોગ લગાવે હૈ, ઔરન કો ઉપદેશ દે હૈ, પરન્તુ તિન તત્ત્વોં કા ભાવ ભાસતા નાહીં. ઔર યહાં તિસ વસ્તુ કે ભાવ હી કા નામ તત્ત્વ કહા હૈ, સ્વભાવ ભાસે વિના તત્ત્વાર્થ શ્રદ્ધાન કૈસે હોય ? *** પરન્તુ આપ કો આપ જાન પર કા અંશ ભી આપ વિષે ન મિલાવના, ઔર આપકા અંશ ભી પર વિષે ન મિલાવના ઐસા સાંચા શ્રદ્ધાન નાહીં કરે હૈ. ** જૈસે કોઈ ઔર હી બાતેં કરતા હોય તૈસે આત્મા કા કથન કરે હૈ પરન્તુ યહ આત્મા મૈં હૂં ઐસા ભાવ નાહીં ભાસે હૈ. ઔર જૈસે કોઈ ઔર સે ભિન્ન બતાવતા હોય તૈસે આત્મા શરીર કી ભિન્નતા પ્રરૂપે હૈ. પરન્તુ મૈં ઈસ શરીરાદિક સે ભિન્ન હૂં, ઐસા ભાવ ભાસે નાહીં. ઔર પર્યાય વિષે જીવ-પુદ્ગલ કે પરસ્પર નિમિત્ત સે અનેક ક્રિયા હોય હૈ, તિન કો દોય દ્રવ્ય કા મિલાપ કર


નિપજી જાને હૈ. યહ જીવકી ક્રિયા હૈ, તિસકા પુદ્‌ગલ નિમિત્ત હૈ, યહ પુદ્‌ગલ કી ક્રિયા હૈ તિસકા જીવ નિમિત્ત હૈ ઐસા ભિન્ન ભિન્ન ભાવ ભાસે નાહીં. ઈત્યાદિ ભાવ ભાસે વિના જીવ-અજીવ કા સાંચા શ્રદ્ધાની ન કહિયે. ક્યોંકિ જીવ-અજીવ જાનને કા તો યહ હી પ્રયોજન થા, સો ભયા નાહીં.

**નિષ્કષાય વીતરાગ ભાવરૂપ શુદ્ધોપયોગ નિશ્ચય ચારિત્ર : મહાવ્રતાદિ ઉપચાર રૂપ વ્યવહાર ચારિત્ર**

''ઔર હિંસાદિક સાવદ્ય યોગ કે ત્યાગ કો ચારિત્ર માને હૈ (વ્યવહારાભાસી), તહાં મહાવ્રતાદિક રૂપ કે શુભોપયોગ કો ઉપાદેય રૂપપના કર ગ્રહણ માને હૈ. સો તત્ત્વાર્થસૂત્ર વિષે આશ્રવ પદાર્થનકા નિરૂપણ કરતે હુએ મહાવ્રત અણુવ્રત કો ભી આશ્રવ રૂપ કહે હૈ, યહ ઉપાદેય કૈસે હોયે ? ઔર આશ્રવ તો બંધ કા સાધક હૈ, ચારિત્ર મોક્ષ કા સાધક હૈ, ઈસલિયે મહાવ્રતાદિક રૂપ આશ્રવ ભાવન હૈ ચારિત્રપના સંભવૈ નાહીં. સકલ કષાય રહિત જો ઉદાસીન ભાવ તિસ હી કા નામ ચારિત્ર હૈ. ** મુનિ હિંસાદિક તીવ્ર કષાય રૂપ ભાવન કા ત્યાગ કરેં હૈં, કઈ મંદ કષાય રૂપ મહાવ્રતાદિક કો પાલે હૈં, પરન્તુ તિસકો મોક્ષમાર્ગ ન માને હૈ. (યહાં પ્રશ્ન-) જો ઐસે હૈ તો ચારિત્ર કે તેરહ ભેદન વિષે મહાવ્રતાદિક કૈસે કહે હૈ ? (તિસકા સમાધાન-) યહ વ્યવહાર ચારિત્ર કહા હૈ, વ્યવહાર નામ ઉપચારકા હૈ. સો **મહાવ્રતાદિક ભયે હી વીતરાગ ચારિત્ર હોય** હૈ ઐસા સમ્બન્ધ જાન મહાવ્રતાદિક વિષે ચારિત્ર કા ઉપચાર કિયા હૈ. નિશ્ચય કર નિકષાય ભાવ હૈ સો હી સાંચા ચારિત્ર હૈ. ઈસ પ્રકાર સંવર કે કારણનકો અન્યથા જાનતા (વ્યવહારાભાસી) સંવર કા સાંચા શ્રદ્ધાની ન હોય હૈ. (એવં નવે તત્ત્વનો તે સાચો શ્રદ્ધાની નથી હોતો.)

**વ્યવહારા ભાસીનો શાસ્ત્ર જ્ઞાન - શ્રદ્ધાન મહાવ્રતાદિ ચારિત્ર અકિંચિત્ કર નિષ્ફળ**

''ઔર કઈ જીવ (વ્યવહારાભાસી) તિન શાસ્ત્રન કા ભી અભ્યાસ કરે હૈ, પરન્તુ જહાં જૈસા લિખા હૈ તૈસે આપ નિર્ણય કર આપ કો આપ રૂપ પર કો પર રૂપ, આશ્રવાદિ કો આશ્રવાદિક રૂપ નાહીં શ્રદ્ધાન કરે હૈ. મુખ સે તો યથાવત્ નિરૂપણ ઐસા ભી કરે, કિ જિસકે ઉપદેશ સે સમ્યગ્ દૃષ્ટિ હો જાય. ** યહ જૈસે લિખા તૈસે ઉપદેશ દે હૈ પરન્તુ આપ અનુભવ નાહીં કરે હૈ. ** ઈસલિયે સમ્યગ્ જ્ઞાન હોતા નાહીં. ઐસે યહ (વ્યવહારાભાસી) ગ્યારહ અઙ્ગ પર્યન્ત પઢે તૌ ભી સિદ્ધિ હોતી નાહીં. સો સમયસારાદિક વિષે મિથ્યાદૃષ્ટિ કે ગ્યારહ અઙ્ગ કી જ્ઞાન હોના લિખા હૈ. યહાં કોઈ કહે જ્ઞાન તો ઈતના હોય હૈ પરન્તુ જૈસે અભવ્ય સૈન કૈ શ્રદ્ધાન રહિત જ્ઞાન ભયા તૈસે હોય હૈ. (તિસકા સમાધાન-) વહ તો પાપી થા, ઉસકૈ હિંસાદિક કી પ્રવૃત્તિ કા ભય નાહીં થા. પરન્તુ જો જીવ ગ્રૈવેયક આદિ વિષે જાય હૈ તિસકૈ ઐસા જ્ઞાન હોય હૈ સો તો શ્રદ્ધાન રહિત નાહીં. ઉસકૈ તો ઐસા શ્રદ્ધાન હૈ, કિ યહ ગ્રન્થ સાંચા હૈ, પરન્તુ **તત્ત્વ શ્રદ્ધાન સાંચા ન ભયા. સમયસાર** વિષે એક હી જીવ કે ધર્મ કા શ્રદ્ધાન, એકાદશાંગ કા જ્ઞાન ઔર મહાવ્રતાદિક કા પાલના લિખા હૈ. **'પ્રવચનસાર'** વિષે ઐસા લિખા હૈ - આગમજ્ઞાન ઐસા ભયા જિસ કર સર્વ પદાર્થન કો હસ્તામલકવત્ જાને હૈ. યહ ભી જાને હૈ, ઈનકા જાનનહારા મૈં હૂં. પરન્તુ મૈં જ્ઞાન સ્વરૂપ હૂં ઐસા આપ કો પરદ્રવ્ય સે ભિન્ન કેવલ ચૈતન્ય દ્રવ્ય નાહીં અનુભવે હૈ. ઈસલિયે આત્મજ્ઞાન શૂન્ય આગમ જ્ઞાન ભી કાર્યકારી નાહીં. ઈસ પ્રકાર ઉસકૈ સમ્યગ્ જ્ઞાન નાહીં.'' - **પંડિતપ્રવર ટોડરમલ્લજી કૃત મોક્ષમાર્ગ પ્રકાશ, સાતમો અધિકાર.**



હવે પરમાર્થ મોક્ષહેતુથી અન્ય એવા કર્મને પ્રતિષેધે છે -

**मोत्तूण णिच्छयट्ठं ववहारेण विदुसा पवट्टंति ।**

**परमट्ठमस्सिदाण दु जदीण कम्मक्खओ विहिओ ॥१५६॥**

નિશ્ચય અર્થ મૂકી વ્યવહારથી રે, પ્રવર્ત્તે છે વિદ્વાન;

પણ પરમાર્થાશ્રિત યતિઓ તણો રે, કર્મક્ષય વિહિત જાણ !... કર્મ. ૧૫૬

**અર્થ** - નિશ્ચયાર્થ મૂકીને વિદ્વાનો વ્યવહારથી પ્રવર્ત્તે છે, પણ કર્મક્ષય તો પરમાર્થ આશ્રિત યતિઓનો વિહિત છે. ૧૫૬

## आत्मख्याति टीका

अथ परमार्थमोक्षहेतोरन्यत् कर्म प्रतिषेधयति -

**मुक्त्वा निश्चयार्थं व्यवहारेण विद्वांसः प्रवर्तंते ।**

**परमार्थमाश्रितानां तु यतीनां कर्मक्षयो विहितः ॥१५६॥**

यः खलु **परमार्थमोक्षहेतोरतिरिक्तो**

व्रततपःप्रभृतिशुभ**कर्मा**त्मा **केषांचित् मोक्षहेतुः** स सर्वोऽपि प्रतिषिद्धः

| | |
|---|---|
| तस्य द्रव्यान्तरस्वभावत्वात् | **परमार्थमोक्षहेतो**रेवैकद्रव्यस्वभावत्वात् |
| तत्स्वभावेन ज्ञानभवनस्याभवनात् | तत्स्वभावेन ज्ञानभवनस्य भवनात् । |

## આત્મખ્યાતિ ટીકાર્થ

જે ખરેખર ! પરમાર્થ મોક્ષ હેતુથી અતિરિકત(જૂદો) એવો વ્રત-તપ પ્રમુખ શુભકર્મરૂપ કોઈના અભિપ્રાયે મોક્ષહેતુ છે, તે પણ સર્વ પ્રતિષિદ્ધ છે,-

| | |
|---|---|
| તેના દ્રવ્યાન્તર સ્વભાવપણાને લીધે - | પરમાર્થ મોક્ષહેતુના જ એકદ્રવ્યસ્વભાવપણાને |
| તત્સ્વભાવે જ્ઞાનભવનનું અભવન છે માટે; | લીધે તત્સ્વભાવને જ્ઞાનભવનનું ભવન છે માટે. |

મોક્ષહેતુ તે જ તે(જ્ઞાન) છે.

---

**આત્મભાવના** -

अथ - હવે परमार्थमोक्षहेतोरन्यत् - **પરમાર્થ મોક્ષહેતુથી અન્ય એવું કર્મ** - कर्म प्रतिषेधयति - **પ્રતિષેધે છે, નિષેધે છે.** निश्चयार्थं मुक्त्वा - **નિશ્ચયાર્થને - પરમાર્થને મૂકીને** व्यवहारेण विद्वांसः प्रवर्तंते - **વ્યવહારથી વિદ્વાનો પ્રવર્ત્તે છે,** परमार्थमाश्रितानां तु यतीनां - **પરંતુ પરમાર્થને આશ્રિત - આશ્રય કરી રહેલા યતિઓનો** कर्मक्षयः विहितः - **કર્મક્ષય વિહિત છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥१५६॥

यः खलु - **જે ખરેખર ! નિશ્ચયે કરીને** परमार्थमोक्षहेतोरतिरिक्तः - **પરમાર્થ - મોક્ષહેતુથી અતિરિક્ત - જૂદો અર્થાત્ જ્ઞાનથી જૂદો એવો** व्रततपःप्रभृतिशुभकर्मात्मा - **વ્રત-તપ પ્રમુખ શુભ કર્માત્મા - શુભ કર્મ રૂપ** केषांचित् मोक्षहेतुः - **કોઈના - કેટલાકોના અભિપ્રાયે મોક્ષહેતુ છે,** स सर्वोऽपि - **તે સર્વ પણ - સર્વ જ** प्रतिषिद्धः - **પ્રતિષિદ્ધ છે, નિષેધવામાં આવેલો છે. શા માટે ?** तस्य द्रव्यान्तरस्वभावत्वात् - **તેના - તે કર્મના દ્રવ્યાન્તર સ્વભાવપણાને લીધે** तत्स्वभावेन - **તત્ સ્વભાવે - તેના સ્વભાવે** ज्ञानभवनस्याभवनात् - **જ્ઞાન ભવનનું અભવન છે માટે, જ્ઞાન હોવાનું નહિ હોવું છે માટે,** परमार्थमोक्षहेतोरेव - **પરમાર્થ - મોક્ષ હેતુના જ - જ્ઞાનના જ** एकद्रव्यस्वभावत्वात् - **એકદ્રવ્ય સ્વભાવપણાને લીધે** तत्स्वभावेन - **તત્ સ્વભાવે - તેના સ્વભાવે** ज्ञानभवनस्य भवनात् - **જ્ઞાનભવનનું ભવન છે, માટે, પરિણમન છે માટે. જ્ઞાન હોવાપણાનું છે માટે. આ ઉપરથી શું ફલિત થયું ?** मोक्षहेतुस्तदेव तत् - **મોક્ષહેતુ તે જ તે જ્ઞાન છે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१५६॥

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"હે જીવ ! આટલો બધો પ્રમાદ શો ? શુદ્ધ આત્મપદની પ્રાપ્તિને અર્થે વીતરાગ સન્માર્ગની ઉપાસના કર્ત્તવ્ય છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૬૯૪) ૭૬૪**

ઉક્ત જ્ઞાનરૂપ પરમાર્થ મોક્ષહેતુના લક્ષ વિના કે લક્ષ સહિત પણ શુભાદિ વ્યવહારને જ મોક્ષહેતુ માની બેસનારા તે તે **'પરમાર્થ બાહ્ય'** મુમુક્ષુજનોને પરમકૃપાળુ પરમ ગુરુ **કુંદકુંદાચાર્યજીએ નિષ્કારણ** કરુણાથી અત્રે સાચા મોક્ષમાર્ગે ચઢાવવાના શુદ્ધ હેતુથી પરમાર્થ મોક્ષહેતુથી અન્ય - જૂદા એવા શુભકર્મ રૂપ વ્યવહારમાર્ગનો નિષેધ કર્યો છે અને તેના પરમ અદ્‌ભુત પરમાર્થ પરમ ગુરુ **આત્મખ્યાતિકર્ત્તા** પરમર્ષિ **અમૃતચંદ્રાચાર્યજીએ** પરિસ્ફુટ કર્યો છે.

**દ્રવ્યાંતર સ્વભાવપણાને લીધે શુભકર્મ મોક્ષહેતુ નથી : એક દ્રવ્ય સ્વભાવ ભાવપણાને લીધે જ્ઞાન ભવન માત્ર જ પરમાર્થ મોક્ષહેતુ**

જે ખરેખર ! **'પરમાર્થ મોક્ષહેતુથી અતિરિક્ત'** - ઉક્ત જ્ઞાન રૂપ પરમાર્થ મોક્ષહેતુથી - ખરેખરા તાત્ત્વિક પરમાર્થ સત્ મોક્ષહેતુથી અતિરિક્ત - જૂદો વ્રત-તપ પ્રમુખ શુભકર્મ રૂપ એવો કોઈના અભિપ્રાયે મોક્ષહેતુ છે, તે **'સર્વ પણ પ્રતિષિદ્ધ છે'**, તે સમસ્ત પણ પ્રતિષેધવામાં - નિષેધવામાં આવેલો છે. શા માટે ? तस्य द्रव्यान्तरस्वभावत्वात् - **'તેના દ્રવ્યાંતર સ્વભાવપણાને લીધે તત્ સ્વભાવે જ્ઞાનભવનનું અભવન છે માટે'**, तत्स्वभावेन ज्ञानभवनस्य अभवनात् । અર્થાત્ તેનું - તે વ્રત-તપાદિ શુભકર્મનું આત્માથી અન્ય એવું દ્રવ્યાન્તર સ્વભાવપણું છે તેને લીધે તે દ્રવ્યાંતર સ્વભાવે જ્ઞાન ભવનનું અભવન - નહિ હોવાપણું છે, દ્રવ્યાંતર સ્વભાવે જ્ઞાન પરિણમન - હોવાપણું હોતું નથી માટે. (અને આથી ઉલટું -) परमार्थमोक्षहेतोरेव एकद्रव्यस्वभावत्वात् **'પરમાર્થ મોક્ષહેતુના જ એક દ્રવ્ય સ્વભાવપણાને લીધે તત્સ્વભાવે જ્ઞાન ભવનનું ભવન છે માટે**, तत् स्वभावेन ज्ञानभवनस्य भवनात्', આત્માથી એકદ્રવ્યસ્વભાવપણું છે, તેને લીધે,- તત્ સ્વભાવે - તે આત્મદ્રવ્ય સ્વભાવે જ્ઞાનભવનનું ભવન - હોવાપણું છે - આત્મ સ્વભાવે જ્ઞાન પરિણમન - હોવાપણું હોય છે માટે. આનો ફલિતાર્થ શું છે ? ઉપર કહ્યું તે પરથી અર્થાપત્તિથી સ્વયં સિદ્ધ થાય છે કે જ્ઞાનભવન માત્ર જે પરમાર્થ મોક્ષહેતુ છે, તેનું જ એક આત્મદ્રવ્ય સ્વભાવપણું હોઈ તે જ - જ્ઞાનભવન માત્ર જ - કેવલ જ્ઞાન જ મોક્ષહેતુ છે - मोक्षहेतुस्तदेव तत् ।

**કેવલ જ્ઞાનભવન : નિશ્ચય મોક્ષમાર્ગ : વ્યવહાર મોક્ષમાર્ગ**

બે વસ્તુનો સંબંધ હોવો તે બંધ છે, બે વસ્તુનો સંબંધ છૂટી એક વસ્તુ હોવું તે મોક્ષ છે. એટલે કે બંધ બે હોય તો થાય છે, એટલે જ્યાં પરનો આશ્રય છે તે બંધમાર્ગ છે, મોક્ષ એક હોય તો થાય છે, એટલે જ્યાં પરનો આશ્રય છૂટી કેવલ સ્વનો જ આશ્રય છે તે મોક્ષમાર્ગ છે. આમ ત્રણે કાળમાં ન ચળે એવો અખંડ નિશ્ચય સિદ્ધાંત છે કે મોક્ષમાર્ગ આત્માશ્રિત છે, એટલે શુદ્ધ સહજ આત્મસ્વરૂપ આત્મસ્વભાવનો જે આશ્રય કરે છે - કેવલ જ્ઞાનભવન રૂપ શુદ્ધોપયોગને અવલંબે છે તે જ મોક્ષ પામે છે. સમ્યગ્ દર્શન - જ્ઞાન - ચારિત્ર એ આત્માનો સ્વભાવ છે અને તત્ સ્વભાવે જ્ઞાનનું ભવન એ જ એક પરમાર્થ મોક્ષહેતુ - નિશ્ચય મોક્ષહેતુ છે, પરમાર્થ મોક્ષમાર્ગ-નિશ્ચય મોક્ષમાર્ગ છે. આથી ઉલટું જે પરદ્રવ્યાશ્રિત છે તે મોક્ષમાર્ગ નથી પણ બંધમાર્ગ છે. એટલે વ્રત-તપ પ્રમુખ શુભકર્મ રૂપ - શુભોપયોગ રૂપ વ્યવહાર માર્ગને કોઈ લોકો મોક્ષમાર્ગ માની બેસે છે, તે તેમ નથી. અર્થાત્ અશુભ કર્મ જેમ બંધમાર્ગ છે, તેમ શુભકર્મ રૂપ વ્યવહાર ધર્મ પણ બંધમાર્ગ જ છે, મોક્ષમાર્ગ નથી જ. હા, વ્યવહાર મોક્ષમાર્ગ પરમાર્થ મોક્ષમાર્ગનું નિમિત્ત થઈ શકે છે, એટલે નિમિત્ત-નૈમિત્તિક સંબંધને લીધે તે 'વ્યવહાર મોક્ષમાર્ગ' એમ ઉપચારથી કહેવાય છે, પણ તે પોતે વાસ્તવિક સાક્ષાત્ મોક્ષમાર્ગ નથી. તે વ્યવહારના નિમિત્ત અવલંબને જીવ જો પરમાર્થ મોક્ષમાર્ગે ચઢે તો તેની અપેક્ષાએ તે કારણમાં કાર્યના ઉપચારથી વ્યવહાર મોક્ષમાર્ગ છે. વાસ્તવિક મોક્ષમાર્ગ તો પરમાર્થ મોક્ષમાર્ગ-નિશ્ચય મોક્ષમાર્ગ જ છે અને તે તો ઉક્ત પ્રકારે પરમાર્થ મોક્ષહેતુ જ્ઞાન એ જ મોક્ષમાર્ગ છે -

કે જે એક જ કેવલ જ્ઞાન સમ્યગ્ દર્શન - જ્ઞાન - ચારિત્ર રૂપ આત્મસ્વભાવે પરિણમે છે.

નિશ્ચય મોક્ષમાર્ગ થકી જ મોક્ષ

અને આ પરમાર્થ મોક્ષમાર્ગ થકી જ - નિશ્ચય મોક્ષમાર્ગ થકી જ મોક્ષ થાય છે, વ્યવહારથી નહિ, એટલા માટે જ અત્રે પરમાર્થ આશ્રિતોનો જ - શુદ્ધ તત્ત્વ નિરૂપક નિશ્ચય આશ્રિતોનો જ મોક્ષ વિહિત કહ્યો છે, વ્યવહાર આશ્રિતોનો નહિ. ઉપચારથી મોક્ષમાર્ગ કહેવાતા વ્યવહાર મોક્ષમાર્ગના આલંબને પણ છેવટે યથોક્ત નિશ્ચયમોક્ષમાર્ગે ચઢ્યે જ છૂટકો છે. માટે નિશ્ચયને જ - પરમાર્થને જ ભૂતાર્થ-સાચો મોક્ષમાર્ગ માની મુમુક્ષુઓએ તે જ અનુસરવો યોગ્ય છે. અત્રે કોઈ એમ કહેશે. અમે શ્રદ્ધાન નિશ્ચયનું કરશું પણ પ્રવૃત્તિ તો વ્યવહારની કરશું, તો તે પણ યથાર્થ નથી, કારણકે પં. ટોડરમલ્લજીએ કહ્યું છે તેમ નિશ્ચયનું નિશ્ચય રૂપે ને વ્યવહારનું વ્યવહાર રૂપે શ્રદ્ધાન કરવું યુક્ત છે અને પ્રવૃત્તિમાં - આચરણામાં તો આચરણા તો શુદ્ધ દ્રવ્યનું જેવું સ્વરૂપ છે તે નિરંતર લક્ષમાં રાખી તેને અનુસારિ - 'द्रव्यानुसारि चरणं' - જેમ બને તેમ શુદ્ધ કરવા યોગ્ય છે. આ નિશ્ચય વ્યવહાર અને ચારિત્રાદિ સૂક્ષ્મ મીમાંસા કરતાં પં. ટોડરમલ્લજીએ 'મોક્ષમાર્ગ પ્રકાશ'માં પ્રકાશ્યું છે કે -

નિશ્ચયનયથી નિરૂપણ તે સત્યાર્થ : વ્યવહારનયથી નિરૂપણ અસત્યાર્થ

''નિશ્ચયકા નિશ્ચય રૂપ ઔર વ્યવહાર કા વ્યવહાર રૂપ શ્રદ્ધાન કરના યુક્ત હૈ. એકહી નયકા શ્રદ્ધાન ભયે એકાંત મિથ્યાત્વ હૈ. ઔર પ્રવૃત્તિ વિષે નયકા પ્રયોજન નાહીં, પ્રવૃત્તિ તો દ્રવ્ય કી પરિણતિ હૈ. જિસ દ્રવ્ય કી પરિણતિ હોય તિસકો તિસ હી કર પ્રરૂપિયે હૈ સો નિશ્ચય હૈ ઔર તિસ હી કો અન્ય દ્રવ્ય કી પ્રરૂપિયે સો વ્યવહાર નય હૈ, ઐસે અભિપ્રાય અનુસાર પ્રરૂપણમેં તિસ પ્રવૃત્તિ વિષે દોનોં નયો કા ગ્રહણ માનના મિથ્યા હૈ. તો ક્યા કરિયે સો કહિયે હૈ. નિશ્ચય નય કર જો નિરૂપણ કિયા હોય, ઉસકો સત્યાર્થ માન ઉસકા શ્રદ્ધાન અંગીકાર કરના ઔર વ્યવહાર નય કર જો નિરૂપણ કિયા હોય ઉસકો અસત્યાર્થ માન તિસકા શ્રદ્ધાન છોડના. *** જો ઐસે હૈ તો જિનમાર્ગ વિષે દોનોં નયોં કા ગ્રહણ કરના કહા હૈ સો કૈસે હૈ ? (તિસકા સમાધાન-) જૈન માર્ગ વિષે કહીં તો નિશ્ચયનય કી મુખ્યતા લિયે વ્યાખ્યાન હૈ, તિસકો તો સત્યાર્થ ઐસે હી હૈ, સો ઐસા જાનના. ઔર કહીં વ્યવહાર નયકી મુખ્યતા લિયે વ્યાખ્યાન હૈ તિસકા ઐસે હે નાહીં, નિમિત્તાર્થ અપેક્ષા ઉપચાર કિયા હૈ, ઐસા જાનના. ઈસ પ્રકાર જાનને હી કા નામ દોનોં નયો કા ગ્રહણ હૈ, ઔર દોનોં નયોં કે વ્યાખ્યાન કો સામાન્ય સત્યાર્થ જાન ઐસે ભી હૈ ઐસા ભ્રમ રૂપ પ્રવર્ત્તે ઐસે તો દોનોં નયો કા ગ્રહણ કરના કહા હૈ નાહીં.

ઈસલિયે વ્રત અવ્રત દોનોં વિકલ્પ જહાં પરદ્રવ્ય કે ગ્રહણ ત્યાગ કા કુછ પ્રયોજન નાહીં ઐસા ઉદાસીન વીતરાગ શુદ્ધોપયોગ સોઈ મોક્ષમાર્ગ હૈ. ઔર નીચલી દશા વિષે કઈ જીવન કૈ શુભોપયોગ ઔર શુદ્ધોપયોગ કા યુક્તપના પાઈયે હૈ, ઈસલિયે ઉપચાર કર વ્રતાદિક શુભોપયોગ કો મોક્ષમાર્ગ કહા હૈ. ઔર વિચાર કિયે શુભોપયોગ મોક્ષ કા ઘાતક હી હૈ, ઐસા શ્રદ્ધાન કરના ઔર શુદ્ધોપયોગ હી કો ઉપાદેય માન તિસકા ઉપાય કરના.

પહેલાં તત્ત્વજ્ઞાન તે વિના સર્વ ચારિત્ર મિથ્યા ચારિત્ર

''જૈન ધર્મ વિષે તો યહ ઉપદેશ હૈ, કિ પહિલે તત્ત્વજ્ઞાની હોય પીછે જિસકા ત્યાગ કરે ઉસકા દોષ પહિચાને ત્યાગ કિયે ગુણ હોય તિસકો જાને. ઔર અપને પરિણામન કો ઠીક કરૈ. વર્ત્તમાન પરિણામન હી કે ભરોસે પ્રતિજ્ઞા ન કર બૈઠે, જિસકા અગામી નિર્વાહ હોતા જાને સો પ્રતિજ્ઞા કરે. ** ચારિત્ર વિષે જો સમ્યક્ પદ હૈ સો અજ્ઞાન આચરણ કી નિવૃત્તિ કે અર્થ હૈ. ઈસલિયે પહિલે તત્ત્વજ્ઞાન હોય તિસ પીછે ચારિત્ર હોય સો સમ્યક્ ચારિત્ર નામ પાવે હૈ. જૈસે કોઈ ખેતીવાલા બીજ તો બોવે નાહીં, અન્ય સાધન કરે તો અન્નપ્રાપ્તિ કૈસે હોય ? ઘાસ ફૂસ હી હોય, તૈસે અજ્ઞાની નિજ તત્ત્વજ્ઞાન કા તો અભ્યાસ કરે નાહીં, ઔર અન્ય સાધન કરે તો મોક્ષપ્રાપ્તિ કૈસે હોય ? દેવપદાદિક હી હોય. તહાં કઈ જીવ ઐસે હૈ જો તત્ત્વાદિક કા નામ ભી ન જાને કેવલ વ્રતાદિક વિષે હી પ્રવર્ત્તે હૈ.

કઈ જીવ ઐસે હૈ પૂર્વોક્ત પ્રકાર સમ્યગ્ દર્શન - જ્ઞાન કા અયથાર્થ સાધન કર વ્રતાદિક વિષે પ્રવર્ત્તૈ હૈ. સો યદ્યપિ વ્રતાદિક યથાર્થ આચરૈ તથાપિ યથાર્થ શ્રદ્ધાન જ્ઞાન વિના સર્વચારિત્ર હી મિથ્યા ચારિત્ર હૈ. સોઈ સમયસાર કે કલશ વિષે કહા હૈ - 'क्लिश्यन्तां स्वयमेव' ઈ. ઔર **'પંચાસ્તિકાય'** વિષે જહાં અન્ત વિષે વ્યવહારાભાસ વાલોં કા કથન કિયા હૈ વહાં તેરહ પ્રકાર કે ચારિત્ર હોતૈં ભી તિસકા મોક્ષમાર્ગ વિષે નિષેધ કિયા હૈ. ઔર **'પ્રવચનસાર'** વિષે આત્મજ્ઞાન શૂન્ય સંયમભાવ અકાર્યકારી કહા હૈ. ** ઈસલિયે પહિલે તત્ત્વજ્ઞાન ભયે હી આચરણ કાર્યકારી હૈ.

સરાગ-વીતરાગ ચારિત્ર : સતુષ નિષ્તુષ ચાવલનું દૃષ્ટાંત : રાગ દોષ

''ચારિત્ર હૈ સો વીતરાગ ભાવ હૈ. ** (યહાં પ્રશ્ન) - જો સરાગ વીતરાગ ભેદ કર દોહી પ્રકાર ચારિત્ર કહા હૈ સો કૈસે હૈ ? (તિસકા ઉત્તર-) જૈસે ચાવલ દોય પ્રકાર હૈ - એક તુષ સહિત હૈ, એક તુષ રહિત હૈ. તહાં ઐસા જાનના - તુષ હૈ સો ચાવલ કા સ્વરૂપ નાહીં, ચાવલ વિષે દોષ હૈ. કોઈ સ્યાના તુષ સહિત ચાવલ કા સંગ્રહ કરે થા તિસકો દેખ કોઈ ભોલા તુષ હી કો ચાવલ માન સંગ્રહ કરૈ તો વૃથા હી ખેદખિન્ન હોય. તૈસે ચારિત્ર દોય પ્રકાર હૈ - એક સરાગ હૈ, એક વીતરાગ હૈ. તહાં ઐસા જાનના - રાગ હૈ સો ચારિત્ર કા સ્વરૂપ નાહીં, ચારિત્ર વિષે દોષ હૈ. ઔર કઈ જ્ઞાની પ્રશસ્ત રાગ સહિત ચારિત્ર ધરે હૈ, તિનકો દેખ કઈ અજ્ઞાની પ્રશસ્ત રાગ હી કો ચારિત્ર માન સંગ્રહ કરે તો વૃથા ખેદખિન્ન હી હોયે. *** તત્ત્વજ્ઞાન વિના ઉત્કૃષ્ટ આચરણ હૈ તૌ ભી અસંયમ હી નામ પાવે. ક્યોંકિ રાગભાવ કરને કા અભિપ્રાય નાહીં મિટા હૈ, સોઈ દિખાઈયે હૈ. દ્રવ્યલિંગી મુનિ રાજ્યાદિક કો છોડ નિર્ગ્રન્થ તો ગ્રૈવેયક પર્યન્ત કૈસે પહુંચે ? પરન્તુ ઈસ કો મિથ્યાદૃષ્ટિ અસંયમી હી શાસ્ત્ર વિષે કહા હૈ. સો તિસકા કારણ યહ હૈ કિ ઈસકે તત્ત્વન કા શ્રદ્ધાન જ્ઞાન સાંચા ભયા નાહીં. ઈ.'' - **પં. શ્રી ટોડરમલ્લજી કૃત 'મોક્ષમાર્ગ પ્રકાશ'**

### આકૃતિ

| પરમાર્થ મોક્ષહેતુ | કર્મ શુભ |
|---|---|
| સ્વ દ્રવ્ય સ્વભાવ<br>સ્વભાવે જ્ઞાન ભવન | પરદ્રવ્ય સ્વભાવ<br>સ્વભાવે ન જ્ઞાન ભવન |
| મોક્ષ હેતુ | ન મોક્ષહેતુ |

જ્ઞાનનું ભવન જ મોક્ષહેતુ છે એમ તાત્પર્ય રૂપ સમયસાર કળશ (૭) પ્રકાશે છે -

अनुष्टुप्

**वृत्तं ज्ञानस्वभावेन ज्ञानस्य भवनं सदा ।**
**एकद्रव्यस्वभावत्वान्मोक्षहेतुस्तदेव तत् ॥१०६॥**

વૃત્ત જ્ઞાન સ્વભાવે જ, ભવન જ્ઞાનનું સદા;
એકદ્રવ્ય સ્વભાવત્વે, મોક્ષહેતુ જ તે જ તત્ ॥૧૦૬॥

## અમૃત પદ-૧૦૬

જ્ઞાન ભવન જ મોક્ષનો હેતુ, જ્ઞાન ભવન જ મોક્ષનો હેતુ,
જ્ઞાન ભવન જ મોક્ષસંકેતુ, જ્ઞાન ભવન જ મોક્ષ સંકેતુ... જ્ઞાન ભવન જ મોક્ષનો હેતુ. ૧
જ્ઞાન ભવન જ તે જ્ઞાનભાવે, જ્ઞાનનું ભવન જે થાવે,
જ્ઞાન ભવન જ એક જ્યાં હોયે, અન્ય ભવન ન કંઈ પણ જોયે... જ્ઞાન. ૨
જ્ઞાન ભવન તે જ્ઞાન સ્વભાવે, વૃત્ત વૃત્તિ શું વર્ત્તે સદાયે,
જ્ઞાન સ્વભાવ કદી ના જાયે, કેવલ જ્ઞાનભવનમાં ધાયે... જ્ઞાન. ૩
જ્ઞાન ભવન મોક્ષહેતુ આથી, એક દ્રવ્ય સ્વભાવપણાથી,
જ્ઞાન ભવન જ મોક્ષનો હેતુ, ભગવાન્ અમૃત જ્ઞાને રહે તું... જ્ઞાન. ૪

**અર્થ** - જ્ઞાનનું ભવન સદા જ્ઞાન સ્વભાવથી વૃત્ત (વિંટાયેલું) છે, તેથી એક દ્રવ્ય સ્વભાવપણાને લીધે તે જ (કેવલ જ્ઞાન ભવન જ) મોક્ષહેતુ છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાન જીવનો સ્વત્વભૂત ધર્મ છે.'' - હાથનોંધ


''સર્વજ્ઞે અનુભવેલો એવો શુદ્ધ આત્મપ્રાપ્તિનો ઉપાય શ્રી ગુરુ વડે જાણીને તેનું રહસ્ય ધ્યાનમાં લઈને આત્મપ્રાપ્તિ કરો.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૬૪

**જ્ઞાન ભવન જ્ઞાન સ્વભાવથી વૃત્ત, તેથી તે જ મોક્ષહેતુ**

ઉપરમાં જે ભગવતી 'આત્મખ્યાતિ'ના ગદ્ય ભાગમાં પરમ તત્ત્વજ્ઞાન પ્રકાશ્યું, તે પરમ તત્ત્વ જ્ઞાનના મેરુશિખર પર આ* અને આ પછીના બે એમ ત્રણ તત્ત્વામૃત સંભૃત કળશ-કાવ્ય ચઢાવતાં પરમ આત્મભાવનાથી ભાવિતાત્મા પરમ જ્ઞાનીશ્વર મહાકવિ પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ દિવ્ય જ્ઞાન ઉદ્યોત રેલાવ્યો છે - वृत्तं ज्ञानस्वभावेन ज्ञानस्य भवनं सदा - જ્ઞાનનું ભવન સદા જ્ઞાન સ્વભાવથી વૃત્ત છે, શાને લીધે, એક દ્રવ્ય સ્વભાવપણાને લીધે, एकद्रव्यस्वभावत्वात्, તેથી શું ? मोक्षहेतुस्तदेव तत् - તેથી તે જ - જ્ઞાન ભવન જ મોક્ષહેતુ છે. અર્થાત્ જ્ઞાનનું 'ભવન' - હોવાપણું - પરિણમન - પરિણમવાપણું સદા જ્ઞાન સ્વભાવથી 'વૃત્ત' - વિંટાયેલું છે. જેમ ક્ષેત્ર વૃત્તિથી - વાડથી વૃત્ત - વિંટાયેલું વર્ત્તે છે, વૃત્તિની - વાડની બ્હાર વર્ત્તતું નથી, તેમ આ જ્ઞાનનું ભવન જ્ઞાનસ્વભાવ - વૃત્તિથી - વાડથી વૃત્ત - વિંટાયેલું જ વર્ત્તે છે, જ્ઞાન સ્વભાવ વૃત્તિની વાડની બ્હાર વર્ત્તતું નથી. કારણ કે એક દ્રવ્ય સ્વભાવપણું છે, એટલે કે જ્ઞાન ભવન - જ્ઞાન સ્વભાવ એક આત્મદ્રવ્ય સ્વભાવ રૂપ છે, તેથી કરીને એક આત્મદ્રવ્ય સ્વભાવપણાને લીધે મોક્ષનો 'હેતુ' - અવિસંવાદી અચૂક કારણ તે જ - જ્ઞાન જ છે, કારણ કે કેવલ જ્ઞાન સિવાય જ્યાં બીજો ભાવ નથી એવા કેવલ જ્ઞાન સ્વભાવે ભવન - પરિણમન હોવાપણારૂપ - વર્ત્તવારૂપ 'કેવલ' જ્ઞાન ભવન થકી જ

'કેવલ જ્ઞાન'ની પ્રાપ્તિ હોય છે અને 'કેવલ જ્ઞાન' થકી અવશ્ય મોક્ષપ્રાપ્તિ હોય છે - એટલે 'કેવલ' જ્ઞાન જ પરમાર્થ મોક્ષહેતુ છે, इति स्थितं ।

આકૃતિ






કર્મસ્વભાવથી વૃત્ત જ્ઞાન ભવન નથી એવા ભાવનો સમયસાર કળશ (૮) કહે છે -

अनुष्टुप्

**वृत्तं कर्मस्वभावेन ज्ञानस्य भवनं न हि ।**
**द्रव्यांतरस्वभावत्वान्मोक्षहेतुर्न कर्म तत् ॥१०७॥**

વૃત્ત કર્મસ્વભાવે ના, ભવન જ્ઞાનનું કદા;
દ્રવ્યાંતર સ્વભાવત્વે, મોક્ષહેતુ ન કર્મ તત્. ૧૦૭

## અમૃત ૫૬-૧૦૭

કર્મ કરણ ન મોક્ષનો હેતુ, કર્મ કરણ ન મોક્ષનો હેતુ,
જ્ઞાન ભવન જ મોક્ષનો હેતુ, જ્ઞાન ભવન જ મોક્ષ સંકેતુ... કર્મ કરણ ન મોક્ષનો હેતુ. ૧
જ્ઞાન ભવન જ તે જ્ઞાન ભાવે, જ્ઞાનનું ભવન જે થાવે,
જ્ઞાન ભવન જ એક જ્યાં હોયે, અન્ય ભવન ન કંઈ પણ જોયે... કર્મ કરણ. ૨
જ્ઞાન ભવન તે કર્મ સ્વભાવે, વૃત્ત વૃત્તિ શું ન કદાયે,
જ્ઞાન સ્વભાવ કદી ના જાયે, કર્મકરણમાં કદી ન ધાયે... કર્મ કરણ. ૩
કર્મ કરણ ન મોક્ષહેતુ આથી, અન્ય દ્રવ્ય સ્વભાવપણાથી,
જ્ઞાન ભવન જ મોક્ષનો હેતુ, ભગવાન્ અમૃત જ્ઞાને વહે તું... કર્મ કરણ. ૪

**અર્થ** - જ્ઞાનનું ભવન કર્મ સ્વભાવથી વૃત્ત (વિંટાયેલું) નથી જ, તેથી દ્રવ્યાંતર સ્વભાવપણાને લીધે કર્મ મોક્ષહેતુ નથી.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય


"આત્મ પરિણામની સહજ સ્વરૂપે પરિણતિ થવી તેને શ્રી તીર્થંકર ધર્મ કહે છે. આત્મ પરિણામની કંઈ પણ ચપળ પ્રવૃત્તિ થવી તેને શ્રી તીર્થંકર કર્મ કહે છે." - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૬૮

આગલા કળશમાં કહ્યું તેથી ઉલટું - वृत्तं कर्मस्वभावेन ज्ञानस्य भवनं न हि - જ્ઞાનનું ભવન કર્મ સ્વભાવથી વૃત્ત છે નહિ, શાને લીધે ? દ્રવ્યાંતર - સ્વભાવપણાને લીધે, द्रव्यांतरस्वभावत्वात्, તેથી શું ? તે કર્મ મોક્ષહેતુ નથી, मोक्षहेतुर्न कर्म तत् । અર્થાત્ જ્ઞાનનું 'ભવન' - હોવાપણું - પરિણમન - પરિણમવાપણું કદી પણ કર્મ સ્વભાવથી 'વૃત્ત' - વિંટાયેલું છે નહિ. જેમ ક્ષેત્ર વૃત્તિથી - વાડથી વૃત્ત - વિંટાયેલું વર્તે છે, તેમ આ જ્ઞાનનું ભવન કર્મ સ્વભાવ વૃત્તિથી - વાડથી વૃત્ત - વિંટાયેલું વર્તતું નથી, એટલે કે જ્ઞાન ભવન છે ત્યાં કર્મ કરણ નથી ને કર્મ કરણ છે ત્યાં જ્ઞાન ભવન નથી. કારણકે દ્રવ્યાંતર સ્વભાવપણું છે, એટલે કે જ્ઞાન ભવન એ આત્મદ્રવ્ય સ્વભાવ છે અને કર્મ સ્વભાવ એ પુદ્ગલ દ્રવ્ય સ્વભાવ છે એટલે કર્મકરણ એ દ્રવ્યાંતર સ્વભાવ રૂપ છે. તેથી કરીને દ્રવ્યાંતર સ્વભાવપણાને લીધે મોક્ષનો હેતુ તે કર્મ છે જ નહિ. અર્થાત્ મોક્ષ આત્માશ્રિત છે અને કર્મ પરાશ્રિત છે, એટલે આત્મસ્વભાવ રૂપ - આત્મધર્મ રૂપ જ્ઞાન છે ત્યાં પરસ્વભાવ રૂપ કર્મ નથી અને પરસ્વભાવ રૂપ કર્મ છે ત્યાં આત્મસ્વભાવ રૂપ - આત્મધર્મ રૂપ જ્ઞાન નથી અને આત્મ સ્વભાવ - ધર્મ થકી જ મોક્ષ થાય છે પણ પરભાવ - કર્મ થકી મોક્ષ થતો જ નથી, એટલે કે આત્મસ્વભાવ-ધર્મનો જ્યાં અભાવ છે એવું કર્મ મોક્ષહેતુ નથી જ, આ અખંડ નિશ્ચય સિદ્ધાંત ધર્મ

જ્ઞાન ભવન કર્મ - સ્વભાવથી વૃત્ત નથી, તેથી કર્મ મોક્ષહેતુ નથી જ

બીજા શબ્દોમાં કહીએ તો કર્મ એ કાંઈ જ્ઞાન ભવનનો સ્વભાવ નથી, પણ આત્માથી અન્ય એવો દ્રવ્યાંતર સ્વભાવ છે, તેથી તે શુભાશુભ કર્મ મોક્ષનું કારણ નથી જ, इति स्थितं ।

આકૃતિ



જ્ઞાન ભવન જ મોક્ષહેતુ અને કર્મ મોક્ષહેતુ નથી એટલે તે નિષેધવામાં આવે છે, એવા ભાવના ત્રણ કારણ રજૂ કરતો **સમયસાર કળશ** (૯) પ્રકાશે છે -

अनुष्टुप्

**मोक्षहेतुतिरोधानाद्बंधत्वात्स्वयमेव च ।**
**मोक्षहेतुतिरोधायिभावत्वात्तन्निषिध्यते ॥१०८॥**

**મોક્ષહેતુ તિરોધાને, સ્વયં બંધપણા થકી;**
મોક્ષહેતુ તિરોધાયિ, ભાવે નિષિદ્ધ તે નકી. ૧૦૮

## અમૃત પદ-૧૦૮

કર્મ કરણ ત્રિકારણે નિષેધ્યું, મોક્ષ લક્ષ્ય જ્ઞાન ભવને વેધ્યું,
કર્મ કરણ ત્રિકારણે નિષેધ્યું, મોક્ષ લક્ષ્ય જ્ઞાન ભવને વેધ્યું... કર્મ કરણ. ૧
મોક્ષહેતુ તિરોધાન કરતું, બંધપણું સ્વયં તસ ઠરતું,
મોક્ષહેતુ તિરોધાયિ ભાવ, કર્મ તેથી નિષેધ્યું સાવ... કર્મ કરણ. ૨
દર્શન જ્ઞાન ચારિત્ર ભાવ, મોક્ષહેતુ એ આત્મ સ્વભાવ,
તેનું કર્મ કરે તિરોધાન, કર્મ તેથી નિષેધ્યું જાણ !... કર્મ કરણ. ૩
કર્મ બેડી પુરુષને બાંધે, સંસાર કારાગૃહમાં ગોંધે,
સ્વયં બંધપણું છે આમ, તેથી કર્મ નિષેધ્યું તમામ... કર્મ કરણ. ૪
સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્ર, કર્મ ઉદય કરે વિપરીત,
મોક્ષહેતુ તિરોધાયિ ભાવ, કર્મ તેથી નિષેધ્યું સાવ... કર્મ કરણ. ૫
કર્મ કરણ ત્રિકારણે એમ, નિષેધ્યું સર્વથા તેમ,
ભગવાન અમૃત અમૃતવાણી, જ્ઞાન ભવને લ્યો એ માણી... કર્મ કરણ. ૬

**અર્થ** - મોક્ષ હેતુના તિરોધાનને લીધે અને સ્વયમેવ બંધપણાને લીધે (અને) મોક્ષહેતુ તિરોધાયિ ભાવપણાને લીધે તે (કર્મ) નિષેધાય છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જૈન માર્ગ શું ? રાગ દ્વેષ અને અજ્ઞાનનું જવું તે."


**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૯૫૭ (ઉપદેશ છાયા)**

**કર્મ નિષેધના ત્રણ કારણો**

અને એમ ઉક્ત પ્રકારે જ્ઞાન ભવન જ મોક્ષહેતુ છે અને કર્મ મોક્ષહેતુ નથી જ. એટલા માટે જ તે નિષેધવામાં આવે છે, તેના ત્રણ કારણો - કે જે હવે પછીની ગાથાઓના ભાવનું સૂચન કરે છે - તેનું નિરૂપણ કરતો આ ઉત્થાનિકા કળશ લલકાર્યો છે - मोक्षहेतुतिरोधानाद् बंधत्वात्स्वयमेव च, मोक्षहेतु तिरोधायिभावत्वात् - (૧) મોક્ષહેતુના તિરોધાનને લીધે, (૨) અને સ્વયમેવ બંધપણાને લીધે, (૩) અને મોક્ષહેતુના તિરોધાયિ ભાવપણાને લીધે તે કર્મ નિષેધાય છે - तन्निषिध्यते । અર્થાત્ કર્મનો નિષેધ કરવામાં આવે છે તે આ ત્રણ કારણને લીધે - (૧) એક તો તે કર્મ મોક્ષહેતુનું તિરોધાન - ઢાંકી દેવાપણું - આવરણપણું કરે છે, (૨) બીજું, તે કર્મનું પોતાનું જ બંધપણું છે, (૩) અને ત્રીજું, તેનું - તે કર્મનું મોક્ષહેતુનું તિરોધાયિભાવપણું છે, ઢાંકી દેવા રૂપ

**ભાવપણું છે - આવરણ ભાવપણું છે. આ અત્રે કર્મ નિષેધકારણોનું અનુક્રમે વર્ણન હવે પછીની** ગાથાઓમાં કર્યું છે. એટલે આ કળશ નીચેની ગાથાઓની સમુચ્ચય ઉત્થાનિકા રૂપ છે.

આકૃતિ



હવે કર્મનું મોક્ષહેતુનું તિરોધાન કારણ સાધે છે -

**वत्थस्स सेदभावो जह णासेदि मलमलणासत्तो ।**
**मिच्छत्तमलोच्छण्णं तह सम्मत्तं खु णायव्वं ॥१५७॥**
**वत्थस्स सेदभावो जह णासेदी मलमेलणासत्तो ।**
**अण्णाणमलोच्छण्णं तह णाणं होदि णायव्वं ॥१५८॥**
**वत्थस्स सेदभावो जह णासेदी मलमेलणासत्तो ।**
**कसायमलोच्छण्णं तह चारित्तं पि णादव्वं ॥१५९॥**

વસ્ત્રનો શ્વેત ભાવ જ્યમ નાશતો રે, મલમેલન આસક્ત;
મિથ્યાત્વ મલે ત્યમ અવચ્છન્ન તો રે, જાણવું નિશ્ચે જ સમ્યક્ત... કર્મ. ૧૫૭
વસ્ત્રનો શ્વેત ભાવ જ્યમ નાશતો રે, મલમેલન આસક્ત;
અજ્ઞાન મલે ત્યમ અવચ્છન્ન તો રે, જાણવું જ્ઞાન જ અત્ર... કર્મ. ૧૫૮
વસ્ત્રનો શ્વેત ભાવ જ્યમ નાશતો રે, મલમેલન આસક્ત;
કષાય મલે ત્યમ અવચ્છન્ન તો રે, જાણવું નિશ્ચે ચારિત્ર... કર્મ. ૧૫૯

અર્થ - વસ્ત્રનો શ્વેત ભાવ જેમ મલ મેલનાસક્ત સતો નાશે છે, તેમ મિથ્યાત્વ મલથી અવચ્છન્ન (આચ્છાદિત, ઢંકાયેલ) સમ્યક્ત્વ નિશ્ચયથી જાણ. ૧૫૭

વસ્ત્રનો શ્વેત ભાવ જેમ મલમેલનાસક્ત સતો નાશે છે (નાશ પામે છે), તેમ અજ્ઞાન મલથી અવચ્છન્ન જ્ઞાન હોય છે એમ જાણવું. ૧૫૮

વસ્ત્રનો શ્વેત ભાવ જેમ મલમેલનાસક્ત સતો નાશે છે, તેમ કષાય મલથી અવચ્છન્ન (ઢંકાયેલું) ચારિત્ર પણ જાણવું. ૧૫૯

---

**आत्मभावना -**

अथ - હવે कर्मणो - કર્મનું मोक्षहेतुतिरोधानकरणं - મોક્ષહેતુનું તિરોધાન કરણ - આવરણ કરવાપણું साधयति - સાધે છે - वस्त्रस्य श्वेतभावः - વસ્ત્રનો શ્વેત ભાવ यथा - જેમ मलमेलनासक्तः नश्यति - મલમેલનાથી સક્ત થયેલો નાશે છે - નાશ પામે છે, तथा - તેમ मिथ्यात्वमलावच्छन्नं - મિથ્યાત્વ મલથી અવચ્છન્ન - આચ્છાદિત - ઢંકાયેલું એવું सम्यक्त्वं खलु ज्ञातव्यं - સમ્યક્ત્વ ખરેખર ! નિશ્ચયે કરીને જાણવું. वस्त्रस्य श्वेतभावो - વસ્ત્રનો શ્વેત ભાવ यथा - જેમ मलमेलनासक्तः नश्यति - મલમેલનાથી સક્ત થયેલો નાશ પામે છે, तथा - તેમ अज्ञानमलावच्छन्नं - અજ્ઞાનમલથી અવચ્છન્ન - આચ્છાદિત થયેલ - ઢંકાયેલ ज्ञानं ज्ञातव्यं भवति - જ્ઞાન જ્ઞાતવ્ય - જાણવું યોગ્ય છે. वस्त्रस्य श्वेतभावो - વસ્ત્રનો શ્વેતભાવ यथा - જેમ मलमेलनासक्तः नश्यति - મલમેલનાથી સક્ત એવો નાશ પામે છે, तथा - તેમ कषायमलावच्छन्नं - કષાયમલથી અવચ્છન્ન - ઢંકાયેલું चारित्रमपि ज्ञातव्यं - ચારિત્ર પણ જ્ઞાતવ્ય છે - જાણવું યોગ્ય છે. ॥ इति गाथा 'आत्मभावना' ॥१५७॥१५८॥१५९॥

ज्ञानस्य सम्यक्त्वं - જ્ઞાનનું સમ્યક્ત્વ मोक्षहेतुः स्वभावः - મોક્ષહેતુ એવો સ્વભાવ (તે) तिरोधीयते - તિરોહિત થાય છે. કોનાથી ? શાથી ? परभावेन मिथ्यात्वनाम्ना कर्ममलेन - પરભાવથી - 'મિથ્યાત્વ' નામના કર્મમલથી अवच्छन्नत्वात् - અવચ્છન્નપણાને લીધે, આચ્છાદિતપણાને લીધે. કોની જેમ ? અવચ્છન્ન (ઢંકાયેલ) શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેત સ્વભાવની જેમ. ज्ञानस्य ज्ञानं - જ્ઞાનનું જ્ઞાન તે मोक्षहेतुः स्वभावः - મોક્ષહેતુ સ્વભાવ तिरोधीयते - તિરોહિત થાય છે. કોનાથી ? શાથી ? परभावेन अज्ञाननाम्ना कर्ममलेन - પરભાવથી - 'અજ્ઞાન' નામના કર્મમલથી अवच्छन्नत्वात् - અવચ્છન્નપણાને લીધે - આચ્છાદિતપણાને લીધે. કોની જેમ ? परभावभूतमलावच्छन्न श्वेतवस्त्रस्वभावभूतश्वेत स्वभाववत् - પરભાવભૂત મલથી અવચ્છન્ન - ઢંકાયેલ શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેત સ્વભાવની જેમ. चारित्रं - જ્ઞાનનું ચારિત્ર (તે) मोक्षहेतुः स्वभावः - મોક્ષહેતુ સ્વભાવ तिरोधीयते - તિરોહિત થાય છે. કોનાથી ? શાથી ? परभावेन कषायनाम्ना कर्ममलेन - પરભાવથી - 'કષાય' નામના કર્મમલથી अवच्छन्नत्वात् - અવચ્છન્નપણાને લીધે આચ્છાદિતપણાને લીધે.

## आत्मख्याति टीका

अथ कर्मणो मोक्षहेतुतिरोधानकरणं साधयति -

**वस्त्रस्य श्वेतभावो यथा नश्यति मलमेलनासक्तः ।**
**मिथ्यात्वमलावच्छन्नं तथा सम्यक्त्वं खलु ज्ञातव्यं ॥१५७॥**
**वस्त्रस्य श्वेतभावो यथा नश्यति मलमेलनासक्तः ।**
**अज्ञानमलावच्छन्नं तथा ज्ञानं भवति ज्ञातव्यं ॥१५८॥**
**वस्त्रस्य श्वेतभावो यथा नश्यति मलमेलनासक्तः ।**
**कषायमलावच्छन्नं तथा चारित्रमपि ज्ञातव्यं ॥१५९॥**

**ज्ञानस्य सम्यक्त्वं**
मोक्षहेतुः स्वभावः
परभावेन
**मिथ्यात्व**नाम्ना कर्म**मलेना-**
**वच्छन्न**त्वात्
**तिरोधीयते**
परभावभूतमलावच्छन्न-
श्वेत**वस्त्र**स्वभावभूत
**श्वेतस्वभाववत्,**

ज्ञानस्य **ज्ञानं**
मोक्षहेतुः स्वभावः
परभावेना -
ज्ञाननाम्ना कर्म**मलेना**
**वच्छन्न**त्वात्
तिरोधीयते
परभावभूतमलावच्छन्न
श्वेत**वस्त्र**स्वभावभूत
श्वेत**स्वभाववत्,**

ज्ञानस्य **चारित्रं**
मोक्षहेतुः स्वभावः
परभावेन
कषायनाम्ना कर्ममलेना
वच्छन्नत्वात्
**तिरोधीयते**
परभावभूतमलावच्छन्न
श्वेत**वस्त्र**स्वभावभूत
**श्वेतस्वभाववत् ।**

अतो मोक्षहेतुतिरोधानकरणात् कर्म प्रतिषिद्धं ॥१५७॥१५८॥१५९॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

જ્ઞાનનું **સમ્યક્ત્વ**
મોક્ષહેતુ સ્વભાવ -
પરભાવથી
**'મિથ્યાત્વ'** નામના **કર્મમલથી**
**અવચ્છન્નપણાને લીધે**
**તિરોહિત થાય છે -**
પરભાવભૂત મલથી અવચ્છન્ન
શ્વેત **વસ્ત્રના** સ્વભાવભૂત
**શ્વેત સ્વભાવની જેમ,**

જ્ઞાનનું **જ્ઞાન**
મોક્ષહેતુ સ્વભાવ -
પરભાવથી
**'અજ્ઞાન'** નામના **કર્મમલથી**
**અવચ્છન્નપણાને લીધે**
**તિરોહિત થાય છે -**
પરભાવભૂત મલથી અવચ્છન્ન
શ્વેત **વસ્ત્રના** સ્વભાવભૂત
**શ્વેત સ્વભાવની જેમ,**


જ્ઞાનનું **ચારિત્ર**
મોક્ષહેતુ સ્વભાવ
પરભાવથી
**'કષાય'** નામના **કર્મમલથી**
**અવચ્છન્નપણાને લીધે,**
**તિરોહિત થાય છે**
પરભાવભૂત મલથી અવચ્છન્ન,
શ્વેત **વસ્ત્રના** સ્વભાવભૂત
**શ્વેત સ્વભાવની જેમ**

એથી કરીને મોક્ષહેતુના તિરોધાન કરણને લીધે કર્મ પ્રતિષિદ્ધ છે. ૧૫૭, ૧૫૮, ૧૫૯

---

**કોની જેમ ?** परभावभूत मलावच्छन्न श्वेतवस्त्रस्वभावभूत श्वेतस्वभाववत् - **પરભાવભૂત મલથી અવચ્છન્ન - આચ્છાદિત શ્વેતવસ્ત્રના સ્વભાવભૂત શ્વેત સ્વભાવની જેમ. આ ઉપરથી શું ફલિત થયું ?** अतो - **એથી કરીને** मोक्षहेतु तिरोधानकरणात् - **મોક્ષહેતુના તિરોધાન કરણને લીધે - આચ્છાદાન કરવાપણાને લીધે** कर्म प्रतिषिद्धं - **કર્મ પ્રતિષિદ્ધ છે - પ્રતિષેધવામાં - નિષેધવામાં આવેલું છે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१५७॥१५८॥१५९॥

આકૃતિ




## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

'''કષાયાદિનુ' મોળાપણું કે ઓછાપણું ન થાય ત્યાં સુધી જ્ઞાન ઘણું કરીને ઉત્પન્ન ન જ થાય.''
**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૦૬**

**જ્ઞાનના સમ્યક્ત્વાદિ સ્વભાવનું પરભાવ કર્મમલથી તિરોધાન : મલાવચ્છન્ન શ્વેત વસ્ત્રનું દૃષ્ટાંત**

સમુચ્ચય ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે કર્મ પ્રતિષેધના ત્રણ કારણ કહ્યા, તેમાં પ્રથમ કર્મ મોક્ષહેતુનું તિરોધાન કેવી રીતે કરે છે તે આ ગાથાઓમાં શ્વેત વસ્ત્રના શ્વેત સ્વભાવના દૃષ્ટાંતથી ભગવાન શાસ્ત્રકારે સુંદર ગમિક સૂત્ર શૈલીમાં સાધ્યું છે અને તેનો સાંગોપાંગ બિંબ-પ્રતિબિંબ ભાવ વિવરી દેખાડી ભગવાન 'આત્મખ્યાતિ'સૂત્રકર્ત્તાએ પણ તેવી જ ગમિક શૈલીથી ઓર સમર્થિત કર્યું છે - (૧) 'ज्ञानस्य सम्यक्त्वं' - **જ્ઞાનનું સમ્યક્ત્વ** એ 'मोक्षहेतुः स्वभावः' - **મોક્ષહેતુ** એવો **સ્વભાવ** છે, તે **પરભાવથી તિરોહિત થાય છે** - આવરિત થાય છે - **ઢંકાઈ જાય છે** - परभावेन तिरोधीयते । કયા પરભાવથી ? શાને લીધે ? **'મિથ્યાત્વ'** નામના **કર્મમલથી અવચ્છન્નપણાને લીધે** - આચ્છાદિત થઈ જવાપણાને લીધે - ઢંકાઈ જવાપણાને લીધે. કોની જેમ તિરોહિત થાય છે ? પરભાવભૂત મલથી **'અવચ્છન્ન'** - આચ્છાદિત થયેલ - ઢંકાઈ ગયેલ શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેત સ્વભાવની જેમ - परभावभूतमलावच्छन्नश्वेतवस्त्रस्वभावभूतश्वेतस्वभाववत् । તથા - (૨) 'ज्ञानस्य ज्ञानं' - **જ્ઞાનનું જ્ઞાન** એ 'मोक्षहेतुः स्वभावः' - **મોક્ષહેતુ** એવો **સ્વભાવ** છે, તે પરભાવથી તિરોહિત - આવરિત થાય છે. કયા પરભાવથી ? શાને લીધે ? **'અજ્ઞાન'** નામના કર્મમલથી અવચ્છન્નપણાને લીધે - આચ્છાદિતપણાને લીધે. કોની જેમ તિરોહિત થાય છે ? પરભાવભૂત મલથી **'અવચ્છન્ન'** - આચ્છાદિત - ઢંકાઈ ગયેલ શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેત સ્વભાવની જેમ. તથા - (૩) 'ज्ञानस्य चारित्रं' - **જ્ઞાનનું ચારિત્ર એ** 'मोक्षहेतुः स्वभावः' - **મોક્ષહેતુ** એવં **સ્વભાવ** છે, તે પરભાવથી તિરોહિત - આવરિત થાય છે. કયા પરભાવથી ? શાને લીધે ? **'કષાય'** નામના કર્મમલથી અવચ્છન્નપણાને લીધે - આચ્છાદિત થઈ ગયાપણાને લીધે. કોની જેમ તિરોહિત થાય છે ? પરભાવભૂત મલથી અવચ્છન્ન - આચ્છાદિત શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેત સ્વભાવની જેમ. આ પરથી શું ફલિત થયું ? 'मोक्षहेतुतिरोधानकरणात्' - **મોક્ષહેતુના** તિરોધાન કરણને લીધે - આવરણ કરવાપણાને લીધે કર્મ પ્રતિષિદ્ધ છે, પ્રતિષેધવામાં - નિષેધવામાં આવેલું છે - कर्म प्रतिषिद्धं ।


અર્થાત્ - (૧) ધોળા કપડાનો ધોળો સ્વભાવ તેનો સ્વભાવભૂત છે, તે જેમ તેનાથી અન્ય - જૂદા પરભાવભૂત મલથી - મેલથી આચ્છાદિત થવાપણાને લીધે - ઢંકાઈ જવાપણાને લીધે તિરોહિત થાય છે - અનાવિર્ભૂત હોય છે, આવિર્ભૂત - પ્રગટ દેખાતો નથી, તેમ જ્ઞાનનું સમ્યક્ત્વ - સમ્યક્પણું, એ મોક્ષહેતુ સ્વભાવ છે, તે તેનાથી અન્ય - જૂદા પરભાવભૂત એવા 'મિથ્યાત્વ' નામના કર્મમલથી આચ્છાદિત થવાપણાને લીધે - ઢંકાઈ જવાપણાને લીધે અનાવિર્ભૂત હોય છે, આવિર્ભૂત પ્રગટ દેખાતો નથી. તેમજ - (૨) ધોળા કપડાનો ધોળો સ્વભાવ તેનો સ્વભાવભૂત છે, તે જેમ તેનાથી અન્ય - જૂદા


પરભાવભૂત મલથી આચ્છાદિત - ઢંકાઈ ગયેલ શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેત સ્વભાવની જેમ. તથા - (૩) 'ज्ञानस्य चारित्रं' - **જ્ઞાનનું ચારિત્ર** એ 'मोक्षहेतुः स्वभाव' - **મોક્ષહેતુ સ્વભાવ** છે, તે પરભાવથી તિરોહિત - આવરિત થાય છે. કયા પરભાવથી ? શાને લીધે ? **'કષાય'** નામના કર્મમલથી અવચ્છન્નપણાને લીધે - આચ્છાદિત થઈ ગયાપણાને લીધે. કોની જેમ તિરોહિત થાય છે ? પરભાવભૂત મલથી અવચ્છન્ન - આચ્છાદિત શ્વેત વસ્ત્રના સ્વભાવભૂત શ્વેત સ્વભાવની જેમ. આ પરથી શું ફલિત થયું ? 'मोक्षहेतुतिरोधानकरणात्' - મોક્ષહેતુના તિરોધાન કરણને લીધે - આવરણ કરવાપણાને લીધે કર્મ પ્રતિષિદ્ધ છે, પ્રતિષેધવામાં - નિષેધવામાં આવેલું છે - कर्म प्रतिषिद्धं ।

અર્થાત્ - (૧) ધોળા કપડાનો ધોળો સ્વભાવ તેનો સ્વભાવભૂત છે, તે જેમ તેનાથી અન્ય - જૂદા પરભાવભૂત મલથી - મેલથી આચ્છાદિત થવાપણાને લીધે - ઢંકાઈ જવાપણાને લીધે તિરોહિત થાય છે - અનાવિર્ભૂત હોય છે, આવિર્ભૂત - પ્રગટ દેખાતો નથી, તેમ જ્ઞાનનું સમ્યક્ત્વ - સમ્યક્પણું એ મોક્ષહેતુ સ્વભાવ છે, તે તેનાથી અન્ય - જૂદા પરભાવભૂત મેલથી આચ્છાદિત થવાપણાને લીધે - ઢંકાઈ જવાપણાને લીધે તિરોહિત હોય છે - અનાવિર્ભૂત હોય છે, આવિર્ભૂત - પ્રગટ દેખાતો નથી. તેમ (૨) જ્ઞાનનું જ્ઞાન એ મોક્ષહેતુ સ્વભાવ છે, તે તેનાથી અન્ય - જૂદા પરભાવભૂત એવા 'અજ્ઞાન' નામના કર્મમલથી આચ્છાદિત થવાપણાને લીધે - ઢંકાઈ જવાપણાને લીધે તિરોહિત - આવરિત હોય છે, અનાવિર્ભૂત હોય છે, આવિર્ભૂત - પ્રગટ દેખાતો નથી. તેમજ - (૩) ધોળા કપડાનો ધોળો સ્વભાવ તેનો સ્વભાવભૂત છે તે જેમ તેનાથી અન્ય - જૂદા પરભાવભૂત મેલથી આચ્છાદિત થવાપણાને લીધે - ઢંકાઈ જવાપણાને લીધે તિરોહિત થાય છે - અનાવિર્ભૂત હોય છે, આવિર્ભૂત - પ્રગટ દેખાતો નથી, તેમ જ્ઞાનનું ચારિત્ર - આચરણ એ મોક્ષહેતુ સ્વભાવ છે, તે તેનાથી અન્ય - જૂદા પરભાવભૂત એવા 'કષાય' નામના કર્મમલથી આચ્છાદિત થવાપણાને લીધે - ઢંકાઈ જવાપણાને લીધે તિરોહિત થાય છે - અનાવિર્ભૂત હોય છે, આવિર્ભૂત પ્રગટ દેખાતો નથી.

આમ 'મિથ્યાત્વ' નામથી કે 'અજ્ઞાન' નામથી કે 'કષાય' નામથી ઓળખાતો કર્મમલ રૂપ **'પરભાવ'** પરમાર્થ મોક્ષહેતુ જ્ઞાન **'સ્વભાવનું'** તિરોધાન - અનાવિર્ભવન - આચ્છાદન આવરણ કરે છે, તેથી કરીને મોક્ષહેતુના તિરોધાન કરણને લીધે - તિરોધાન - અનાવિર્ભવન - આચ્છાદન કરવાપણાને લીધે કર્મ પ્રતિષિદ્ધ છે, પ્રતિષેધવામાં - નિષેધવામાં આવેલું છે.

આકૃતિ



હવે કર્મનું સ્વયં બંધપણું સાધે છે -

**सो सव्वणाणदरिसी कम्मरयेण णियेणवच्छन्नो ।**

**संसारसमावण्णो ण विजाणदि सव्वदो सव्वं ॥१६०॥**

તે સર્વજ્ઞાનદર્શી ખરે રે ! નિજ કર્મરજ અવચ્છન્ન;

સર્વતઃ સર્વ ન વિજાણતો રે, સંસાર સમાપન્ન... કર્મ શુભાશુભ. ૧૬૦

**અર્થ** - તે સર્વ જ્ઞાનદર્શી નિજ કર્મરજથી અવચ્છન્ન (ઢંકાયેલ) એવો સંસાર સમાપન્ન (સંસારને પામેલો) સતો સર્વતઃ સર્વ જાણતો નથી. ૧૬૦

## आत्मख्याति टीका

अथ कर्मणः स्वयं बंधत्वं साधयति -

**स सर्वज्ञानदर्शी कर्मरजसा निजेनावच्छन्नः ।**

**संसारसमापन्नो न विजानाति सर्वतः सर्वं ॥१६०॥**

यतः स्वयमेव ज्ञानतया **विश्वसामान्यविशेषज्ञान**शीलमपि **ज्ञान**मनादिस्वपुरुषापराध-प्रवर्तमानकर्ममलावच्छन्नत्वादेव **बंधावस्थायां सर्वतः सर्व**मप्यात्मान**मविजानद**ज्ञानभावेनैवेदमेवमवतिष्ठते । ततो नियतं स्वयमेव कर्मैव बंधः । अतः स्वयं बंधत्वात् कर्म प्रतिषिद्धं ॥१६०॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

કારણકે - સ્વયં જ જ્ઞાનતાએ કરીને **વિશ્વ સામાન્ય - વિશેષ જ્ઞાનશીલ છતાં જ્ઞાન** અનાદિ સ્વ પુરુષાપરાધથી પ્રવર્ત્તમાન **કર્મમલથી** અવચ્છન્નપણાને લીધે જ **બંધ અવસ્થામાં સર્વતઃ સર્વ** પણ આત્માને **અવિજાણતું** (વિશેષે કરીને નહિ જાણતું), અજ્ઞાનભાવથી જ આ એમ અવતિષ્ઠે છે (જેમ છે તેમ સ્થિતિ કરે છે), તેથી નિયતપણે સ્વયમેવ કર્મ જ બંધ છે. એથી કરીને સ્વયં બંધપણાને લીધે કર્મ પ્રતિષિદ્ધ છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"આત્મા અજ્ઞાન રૂપી પથ્થરે કરી દબાઈ ગયો છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, ઉપદેશ છાયા**

અત્રે કર્મ પ્રતિષેધનું બીજું કારણ - **કર્મનું સ્વયં બંધપણું** સાધ્યું છે અને આત્મખ્યાતિ કર્ત્તાએ તેનું નિષ્તુષ વિશ્લેષણ કર્યું છે - જ્ઞાન સ્વયમેવ - પોતે જ - આપોઆપ જ જ્ઞાનતાએ કરીને - જ્ઞાનપણાએ

**आत्मभावना -**

अथ - હવે कर्मणः - કર્મનું स्वयं - પોતે આપોઆપ बंधत्वं - બંધત્વ - બંધપણું साधयति - સાધે છે. स सर्वज्ञानदर्शी - તે સર્વજ્ઞાનદર્શી निजेन कर्मरजसावच्छन्नः - નિજ - પોતાની કર્મરજથી અવચ્છન્ન - આચ્છાદિત થયેલો એવો. संसारसमापन्नो - સંસાર સમાપન્ન - સંસારને પામેલો સતો सर्वतः सर्वं न विजानाति - સર્વતઃ સર્વ નથી વિજાણતો - વિશેષ નથી જાણતો. ॥ इति **गाथा** आत्मभावना ॥१६०॥

यतः - કારણકે स्वयमेव ज्ञानतया - સ્વયમેવ - પોતે જ જ્ઞાનતાએ - જ્ઞાનપણાએ કરીને विश्वसामान्यविशेषज्ञान शीलमपि ज्ञानं - વિશ્વ સામાન્ય - વિશેષ જ્ઞાનશીલ છતાં જ્ઞાન - अनादि स्वपुरुषापराध - प्रवर्त्तमान कर्मलावच्छन्नत्वादेव - અનાદિ સ્વપુરુષાપરાધથી પ્રવર્ત્તમાન કર્મમલથી અવચ્છન્નપણાને લીધે જ - बंधावस्थायां - બંધ અવસ્થાને વિષે **सर्वतः**-सर्वतः सर्वमप्यात्मानमविजानद् - સર્વપણ - સર્વ જ આત્માને અવિજાણતું - વિશેષે કરીને નહિં જાણતું, अज्ञानभावेनैव - અજ્ઞાન ભાવથી જ इदमेवमवतिष्ठते - આ એમ અવતિષ્ઠે છે - અવસ્થિતિ કરે છે, જેમ છે તેમ સ્થિતિ કરે છે, ततो - તેથી કરીને - नियतं स्वयमेव कर्मैव बंधः - નિયતપણે સ્વયમેવ કર્મ જ બંધ છે. આ પરથી શું ફલિત થયું ? अतः - આથી કરીને स्वयं बंधत्वात् - સ્વયં - પોતે બંધપણાને લીધે कर्म प्रतिषिद्धं - કર્મ પ્રતિષિદ્ધ છે - નિષેધવામાં આવેલું છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१६०॥


કરીને વિશ્વ - સર્વ સામાન્ય - વિશેષ જ્ઞાનશીલ છતાં - विश्वसामान्यविशेषज्ञानशीलमपि, બંધ અવસ્થામાં સર્વતઃ - સર્વથા સર્વ પ્રકારે સર્વ પણ આત્માને - પોતાને 'અવિજાણતું' - નહિ જાણતું, અજ્ઞાન ભાવથી જ આ એમ 'અવતિષ્ઠે છે' - અવસ્થિતિ - જેમ છે તેમ સ્થિતિ કરી રહ્યું છે - એમ શાને લીધે ? અનાદિ સ્વ પુરુષાપરાધથી પ્રવર્ત્તમાન - પ્રવર્ત્તી રહેલા કર્મમલથી અવચ્છન્નપણાને લીધે જ - આચ્છાદિતપણાને લીધે જ - આવૃત્તપણાને લીધે જ - 'अनादिस्वपुरुषापराध-प्रवर्त्तमानकर्ममलावच्छन्नत्वादेव ।' આમ છે તેથી શું ? તેથી નિયતપણે - નિશ્ચિતપણે - ચોક્કસપણે સ્વયમેવ - પોતે જ - આપોઆપ જ કર્મ જ બંધ છે, એથી કરીને સ્વયં - પોતે બંધપણાને લીધે કર્મ પ્રતિષિદ્ધ - નિષિદ્ધ છે - स्वयं बंधत्वात् कर्म प्रतिषिद्धं ।


સ્વયં બંધપણાને લીધે કર્મ નિષિદ્ધ


અર્થાત્ - જ્ઞાન 'જ્ઞાનતાએ' કરીને - જ્ઞાનપણાએ - જાણપણાએ કરીને 'વિશ્વ સામાન્ય વિશેષ જ્ઞાનશીલ' છે, એટલે કે વિશ્વ - સર્વ સામાન્ય - વિશેષ જાણવાનું એનું શીલ છે - સ્વભાવ છે, એટલે સર્વ સામાન્ય - વિશેષ જાણવું એ આ જ્ઞાનનું સ્વભાવભૂત આચરણ છે. આવું સ્વભાવથી સર્વજ્ઞ - સર્વદર્શી છતાં આ જ્ઞાન 'અનાદિ સ્વ પુરુષાપરાધથી' - अनादि स्वपुरुषापराधेन એટલે કે અનાદિના પુરુષના - આત્માના 'પોતાના' અપરાધથી - દોષથી - ગુન્હાથી પ્રવર્ત્તમાન - પ્રવર્ત્તી રહેલા કર્મમલથી - મલ જેવા મલિન કરનારા કર્મરૂપ મેલથી 'અવચ્છન્નપણાને' - આચ્છાદિત થઈ જવાપણાને - આવૃત થઈ જવાપણાને - ઢંકાઈ જવાપણાને પામેલું છે. અત એવ બંધ અવસ્થામાં સર્વતઃ - સર્વ પ્રકારથી સર્વ પણ આત્માને - પોતાને નહિ જાણતું આ જ્ઞાન અજ્ઞાન ભાવથી જ એમ અસર્વજ્ઞ - અસર્વદર્શીપણે અવસ્થિત રહે છે. જેમ છે તેમ સ્થિતિ કરે છે. તેથી નિયતપણે - નિશ્ચિતપણે સ્વયમેવ - આપોઆપ જ કર્મ જ બંધ છે, એથી સ્વયં - પોતે બંધપણાને લીધે કર્મ પ્રતિષિદ્ધ છે - પ્રતિષેધવામાં નિષેધવામાં આવેલું છે.

કર્મ મલાવચ્છન્ન જ્ઞાન સર્વતઃ સર્વ પણ આત્માને જાણતું નથી

**આકૃતિ**



હવે કર્મનું મોક્ષહેતુનું તિરોધાયિ ભાવપણું દર્શાવે છે -

**सम्मत्तपडिणिबद्धं मिच्छत्तं जिणवरेहि परिकहियं ।**
**तस्सोदयेण जीवो मिच्छादिट्ठित्ति णायव्वो ॥१६१॥**
**णाणस्स पडिणिबद्धं अण्णाणं जिणवरेहि परिकहियं ।**
**तस्सोदयेण जीवो अण्णाणी होदि णायव्वो ॥१६२॥**
**चारित्तपडिणिबद्धं कसायं जिणवरेहि परिकहियं ।**
**तस्सोदयेण जीवो अचरित्तो होदि णायव्वो ॥१६३॥**

સમ્યક્ત્વ પ્રતનિબદ્ધ મિથ્યાત્વને રે, ભાખ્યું જિનવરે તેમ;
તસ ઉદયથી જીવને જાણવો રે, 'મિથ્યાદૃષ્ટિ' જ એમ... કર્મ શુભાશુભ. ૧૬૧
જ્ઞાનનું પ્રતિનિબદ્ધ અજ્ઞાન છે રે, ભાખ્યું જિનવર તેમ;
તસ ઉદયથી જીવને જાણવો રે, અજ્ઞાન જ હોય એમ... કર્મ. ૧૬૨
ચારિત્ર પ્રતિનિષિદ્ધ કષાય છે રે, ભાખ્યું જિનવર તેમ;
તસ ઉદયથી જીવને જાણવો રે, અચારિત્ર હોય એમ... કર્મ. ૧૬૩

**અર્થ** - સમ્યક્ત્વનું પ્રતિનિબદ્ધ મિથ્યાત્વ જિનવરોથી પરિકથિત છે, તેના ઉદયથી જીવ 'મિથ્યાદૃષ્ટિ' એમ જાણવો. ૧૬૧

જ્ઞાનનું પ્રતિનિબદ્ધ અજ્ઞાન જિનવરોથી પરિકથિત છે, તેના ઉદયથી જીવ 'અજ્ઞાની' જાણવો. ૧૬૨

ચારિત્રનો પ્રતિનિબદ્ધ કષાય જિનવરોથી પરિકથિત છે, તેના ઉદયથી જીવ અચારિત્ર જાણવો. ૧૬૩

---

**आत्मभावना -**

अथ - **હવે** कर्मणो - **કર્મનું** मोक्षहेतुतिरोधायिभावत्वं - **મોક્ષહેતુનું તિરોધાયિ ભાવપણું - આચ્છાદન - આવરણ કરનારપણું** - सम्यक्त्वप्रतिनिबद्धं मिथ्यात्वं - **સમ્યક્ત્વનું પ્રતિનિબદ્ધ - 'પ્રતિ' સામું - વિરુદ્ધમાં 'નિબદ્ધ' - નિતાંતપણે બંધાયેલ મિથ્યાત્વ** जिनवरैः परिकथितं - **જિનવરોથી પરિકથિત છે - સર્વથા કથવામાં આવેલું છે,** तस्योदयेन - **તેના ઉદયથી** जीवो मिथ्यादृष्टिरिति ज्ञातव्यः - **જીવ 'મિથ્યાદૃષ્ટિ' એમ જાણવો.** ज्ञानस्य प्रतिनिबद्धं अज्ञानं - **જ્ઞાનનું પ્રતિનિબદ્ધ અજ્ઞાન** जिनवरैः परिकथितं - **જિનવરોથી પરિકથિત છે,** तस्योदयेन - **તેના ઉદયથી** जीवो अज्ञानी भवति ज्ञातव्यः - **જીવ અજ્ઞાની હોય છે એમ જાણવો.** चारित्रप्रतिनिबद्धः कषायः - **ચારિત્રનો પ્રતિનિબદ્ધ કષાય** जिनवरैः परिकथितः - **જિનવરોથી પરિકથિત છે,** तस्योदयेन - **તેના ઉદયથી** जीवोऽचारित्रो भवति ज्ञातव्यः - **જીવ અચારિત્ર હોય છે એમ જાણવો.** ॥ इति **गाथा** आत्मभावना ॥

सम्यक्त्वस्य - **સમ્યક્ત્વનું** - मोक्षहेतोः स्वभावस्य - **મોક્ષહેતુ એવા સ્વભાવનું** प्रतिबंधकं किल मिथ्यात्वं - **પ્રતિબંધક - પ્રતિબંધ કરનાર - રોકનાર ખરેખર ! સ્ફુટપણે મિથ્યાત્વ છે,** तत्तु - **અને તે - મિથ્યાત્વનો** स्वयं कर्मैव - **સ્વયં - પોતે કર્મ જ છે,** तदुदयादेव - **તેના - મિથ્યાત્વ કર્મના ઉદય થકી જ** ज्ञानस्य मिथ्यादृष्टित्वं - **જ્ઞાનનું મિથ્યાદૃષ્ટિપણું હોય છે.** ज्ञानस्य - **જ્ઞાનનું** - मोक्षहेतोः स्वभावस्य - **મોક્ષહેતુ એવા સ્વભાવનું** प्रतिबंधकं किलाज्ञानं - **પ્રતિબંધક ખરેખર ! સ્ફુટપણે અજ્ઞાન છે,** तत्तु - **અને તે અજ્ઞાન તો** स्वयं कर्मैव - **સ્વયં - પોતે કર્મ જ છે,** तदुदयादेव - **તેના - અજ્ઞાન કર્મના ઉદય થકી જ** ज्ञानस्याज्ञानत्वं - **જ્ઞાનનું અજ્ઞાનપણું હોય છે.** चारित्रस्य - **ચારિત્રની** - मोक्षहेतोः स्वभावस्य - **મોક્ષહેતુ એવા સ્વભાવનો** प्रतिबंधकः किल कषायः - **પ્રતિબંધક ખરેખર ! સ્ફુટપણે કષાય છે,** स तु - **અને તે કષાય તો** स्वयं कर्मैव - **સ્વયં - પોતે કર્મ જ છે,** तदुददेव - **તેના - કષાય કર્મ - ઉદય થકી જ** ज्ञानस्याचारित्रत्वं - **જ્ઞાનનું અચારિત્રપણું હોય છે. આ પરથી શું ફલિત થયું ?** अतः - **આથી** स्वयं मोक्षहेतुतिरोधायिभावत्वात् - **સ્વયં - પોતે મોક્ષહેતુના તિરોધાયિ - ઢાંકી દેનારા ભાવપણાને લીધે** कर्म प्रतिषिद्धं - **કર્મ પ્રતિષિદ્ધ છે, નિષેધવામાં આવેલું છે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१६१॥१६२॥१६३॥

## आत्मख्याति टीका

अथ कर्मणो मोक्षहेतुतिरोधायिभावत्वं दर्शयति -

**सम्यक्त्वप्रतिनिबद्धं मिथ्यात्वं जिनवरैः परिकथितं ।**
**तस्योदयेन जीवो मिथ्यादृष्टिरिति ज्ञातव्यः ॥१६१॥**
**ज्ञानस्य प्रतिनिबद्धं अज्ञानं जिनवरैः परिकथितं ।**
**तस्योदयेन जीवो अज्ञानी भवति ज्ञातव्यः ॥१६२॥**
**चारित्रप्रतिनिबद्धः कषायो जिनवरैः परिकथितः ।**
**तस्योदयेन जीवोऽचारित्रो भवति ज्ञातव्यः ॥१६३॥**

| | | |
|---|---|---|
| **सम्यक्त्वस्य** | **ज्ञानस्य** | **चारित्रस्य** |
| मोक्षहेतोः स्वभावस्य | मोक्षहेतोः स्वभावस्य | मोक्षहेतोः स्वभावस्य |
| **प्रतिबंधकं** किल **मिथ्यात्वं** | **प्रतिबंधकं** किला**ज्ञानं** | **प्रतिबंधकः*** किल **कषायः** |
| तत्तु स्वयं कर्मैव | तत्तु स्वयं कर्मैव | स तु स्वयं कर्मैव |
| **तदुदयादेवज्ञानस्यमिथ्यादृष्टित्वं** | **तदुदयादेव ज्ञानस्याज्ञानत्वं** | तदुदयादेव **ज्ञानस्याचारित्रत्वं** । |

अतः स्वयं मोक्षहेतुतिरोधायिभावत्वात् कर्म प्रतिषिद्धं ॥१६१॥१६२॥१६३॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

| | | |
|---|---|---|
| **સમ્યક્ત્વનું -** | **જ્ઞાનનું** | **ચારિત્રનો** |
| મોક્ષહેતુ સ્વભાવનું | મોક્ષહેતુ સ્વભાવનું | મોક્ષહેતુ સ્વભાવનો |
| **પ્રતિબંધક સ્ફુટપણે મિથ્યાત્વ,** | **પ્રતિબંધક સ્ફુટપણે અજ્ઞાન** | પ્રતિબંધક સ્ફુટપણે **કષાય** |
| તે તો સ્વયં કર્મ જ છે, | તે તો સ્વયં કર્મ જ છે, | તે તો સ્વયં કર્મ જ છે, |
| **તેના ઉદય થકી જ** | **તેના ઉદય થકી જ** | **તેના ઉદય થકી જ** |
| **જ્ઞાનનું મિથ્યાદષ્ટિપણું છે,** | **જ્ઞાનનું અજ્ઞાનપણું છે,** | **જ્ઞાનનું અચારિત્રપણું છે.** |

એથી કરીને સ્વયં મોક્ષહેતુના તિરોધાયિ ભાવપણાને લીધે કર્મ પ્રતિષિદ્ધ છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જે પ્રકારે જીવ જ્ઞાન, દર્શન, ચારિત્રને વિષે સતત જાગૃત થાય તેમ કરવામાં વૃત્તિ જોડવી.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૦**

**મોક્ષહેતુ સ્વભાવના તિરોધાયિ ભાવપણાને લીધે કર્મ નિષિદ્ધ**

અત્રે કર્મ પ્રતિષેધનું ત્રીજું અને છેલ્લું કારણ - **'મોક્ષહેતુનું તિરોધાયિ ભાવપણું'** દર્શાવ્યું છે અને તેનું પરમ તલસ્પર્શી અદ્‌ભુત મીમાંસન પરમ અદ્વૈતદર્શી - પરમ સિદ્ધાંતી **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પ્રકાશ્યું છે - (૧) सम्यक्त्वस्य - **સમ્યક્ત્વનું** મોક્ષહેતુ એવા સ્વભાવનું - 'मोक्षहेतोः स्वभावस्य' **'પ્રતિબંધક'** - પ્રતિબંધ કરનારૂં નિશ્ચયે કરીને - મિથ્યાત્વ છે, તે તો સ્વયં - પોતે કર્મ જ છે, તેના ઉદય થકી જ જ્ઞાનનું મિથ્યાદષ્ટિપણું છે - 'ज्ञानस्य मिथ्यादृष्टित्वं ।' (૨) **જ્ઞાનનું** - મોક્ષહેતુ એવા સ્વભાવનું - 'मोक्षहेतोः स्वभावस्य' - પ્રતિબંધક - પ્રતિબંધ કરનારૂં નિશ્ચયે કરીને અજ્ઞાન છે, તે તો સ્વયં - પોતે કર્મ જ છે, તેના ઉદય થકી જ જ્ઞાનનું અજ્ઞાનપણું છે, 'ज्ञानस्य

* પાઠાંતર : प्रतिनिबंधक


अज्ञानत्वं ।' (૩) ચારિત્રનો - મોક્ષહેતુ સ્વભાવનો - 'मोक्षहेतोः स्वभावस्य' - પ્રતિબંધક - પ્રતિબંધ કરનારો નિશ્ચયે કરીને કષાય છે, તે તો સ્વયં - પોતે કર્મ જ છે, તેના ઉદય થકી જ જ્ઞાનનું અચારિત્ર પણું છે - 'ज्ञानस्य अचारित्रत्वं ।' એથી શું ? એથી કરીને સ્વયં - પોતે - આપોઆપ જ 'मोक्षहेतुतिरोधायिभावत्वात्' - મોક્ષહેતુના તિરોધાયિ - ઢાંકી દેનારા ભાવપણાને લીધે કર્મ પ્રતિષિદ્ધ - નિષિદ્ધ છે, कर्म प्रतिषिद्धं ।


**સમ્યક્ત્વાદિ મોક્ષહેતુ સ્વભાવના પ્રતિબંધક મિથ્યાત્વાદિ કર્મના ઉદય થકી જ જ્ઞાનના મિથ્યાદષ્ટિત્વાદિ**


અર્થાત્ (૧) સમ્યક્ત્વ - સમ્યક્‌પણું એ મોક્ષહેતુ - મોક્ષનું અવિસંવાદી કારણ રૂપ **સ્વભાવ** છે, સ્વભાવ - આત્માનો નિજ ભાવ - આત્મભાવ છે. આ સમ્યક્ત્વનું - મોક્ષહેતુ સ્વભાવનું પ્રતિબંધક નિશ્ચયે કરીને મિથ્યાત્વ છે, મોક્ષહેતુ - મોક્ષના અમોઘ કારણ રૂપ આ સમ્યક્ત્વ સ્વભાવનો પ્રતિબંધ - રોધ - અટકાયત કરનારૂં, રોધનારૂં - રોકનારૂં - અટકાવનારૂં નિશ્ચયે કરીને મિથ્યાત્વ છે, સમ્યક્ત્વનું - મોક્ષહેતુ સ્વભાવનું પ્રતિબંધક - પ્રતિરોધક આ મિથ્યાત્વ તે તો સ્વયં - પોતે કર્મ જ છે, તેના ઉદય થકી જ જ્ઞાનનું મિથ્યાદષ્ટિપણું છે. તેમજ - (૨) જ્ઞાનનું - મોક્ષહેતુ સ્વભાવનું પ્રતિબંધક નિશ્ચયે કરીને અજ્ઞાન છે, મોક્ષહેતુ - મોક્ષના અમોઘ કારણ રૂપ આ જ્ઞાન સ્વભાવનો પ્રતિબંધ - રોધ - અટકાયત કરનારૂં, રોધનારૂં - રોકનારૂં - અટકાવનારૂં નિશ્ચયે કરીને અજ્ઞાન છે. જ્ઞાન સ્વભાવનું પ્રતિબંધક - પ્રતિરોધક આ અજ્ઞાન તે તો સ્વયં - પોતે કર્મ જ છે, તેના ઉદય થકી જ જ્ઞાનનું અજ્ઞાનપણું છે. તેમજ - (૩) ચારિત્રનો - મોક્ષહેતુ સ્વભાવનો પ્રતિબંધક નિશ્ચયે કરીને કષાય છે, મોક્ષહેતુ - મોક્ષના અમોઘ કારણ રૂપ આ ચારિત્ર સ્વભાવનો પ્રતિબંધ - રોધ - અટકાયત કરનારો, રોધનારો - રોકનારો - અટકાવનારો નિશ્ચયે કરીને કષાય છે. ચારિત્ર સ્વભાવનો પ્રતિબંધક - પ્રતિરોધક આ કષાય તે તો સ્વયં - પોતે કર્મ જ છે, તેના ઉદય થકી જ જ્ઞાનનું અચારિત્રપણું છે.

આમ મોક્ષહેતુ સમ્યક્ત્વ સ્વભાવના પ્રતિબંધક મિથ્યાત્વ કર્મના ઉદય થકી જ જ્ઞાનનું મિથ્યાદષ્ટિ પણું છે, મોક્ષહેતુ જ્ઞાન સ્વભાવના પ્રતિબંધક અજ્ઞાન કર્મના ઉદય થકી જ જ્ઞાનનું અજ્ઞાનપણું છે, મોક્ષહેતુ ચારિત્ર સ્વભાવના પ્રતિબંધક કષાય કર્મના ઉદય થકી જ જ્ઞાનનું અચારિત્રપણું છે, તેથી કરીને સ્વયં મોક્ષહેતુના તિરોધાયિ ભાવપણાને લીધે - ઢાંકી દેવા રૂપ ભાવપણાને લીધે કર્મ પ્રતિષિદ્ધ છે - પ્રતિષેધવામાં - નિષેધવામાં આવેલું છે.

**આકૃતિ**



આ અધિકારના ઉપસંહારરૂપ ચાર મંગલ **સમયસાર કળશ** પ્રકાશે છે, તેમાં પ્રથમ (૧૦) **સમયસાર કળશમાં નૈષ્કર્મ્ય પ્રતિબદ્ધ** જ્ઞાનનો સંવેગ ઉત્કીર્ત્તે છે -

शार्दूल विक्रीडित

**संन्यस्तव्यमिदं समस्तमपि तत्कर्मैव मोक्षार्थिना,**
**संन्यस्ते सति तत्र का किल कथा पुण्यस्य पापस्य वा ।**
**सम्यक्त्वादिनिजस्वभावभवनान्मोक्षस्य हेतुर्भव -**
**न्नैष्कर्म्यप्रतिबद्धमुद्धतरसं ज्ञानं स्वयं धावति ॥१०९॥**

છે આ ત્યાજ્ય સમસ્ત કર્મ જ ખરે ! મોક્ષાર્થિ એ સર્વથા,
ત્યાગી તેહ દીધે જ પુણ્યની ખરે ! વા પાપની શી કથા ?
સમ્યક્ત્વાદિ નિજ સ્વભાવભવને મુક્તિનું હેતુ થતું,
નૈષ્કર્મ્ય પ્રતિબદ્ધ ઉદ્ધત રસ જ્ઞાન સ્વયં દોડતું. ૧૦૯

## અમૃત પદ-૧૦૯

'વીતરાગ જય પામ' - એ રાગ

મુમુક્ષુને સર્વ કર્મ સંન્યાસ, મુમુક્ષુને સર્વ કર્મ સંન્યાસ,
સદા કાર્ય જેથી ઉદ્ધત રસ, પામે જ્ઞાન પ્રભાસ... મુમુક્ષુને. ૧
પુણ્ય-પાપની પછી કથા શી, કર્યે સર્વ સંન્યાસ ?
શુભાશુભ કર્મ ભેદ જ શ્યો ત્યાં, નિષ્કર્મ જ્યાં અભ્યાસ... મુમુક્ષુને. ૨
સમ્યક્ત્વાદિ નિજ સ્વભાવના, ભવન થકી ઉદ્દામ,
હેતુ હોતું મોક્ષ તણું આ, જ્ઞાન જ અમૃત ધામ... મુમુક્ષુને. ૩
પ્રતિબદ્ધ નૈષ્કર્મ્ય સાથમાં, ઉદ્ધત રસ આ જ્ઞાન,
અનુભવ અમૃત પાન કરંતું, દોડે સ્વયં ભગવાન... મુમુક્ષુને. ૪
નિષ્કર્મ એવું ઉદ્ધત રસ આ, જ્ઞાન સંવેગે દોડે,
ભગવાન અમૃત ધામ મોક્ષમાં, મુમુક્ષુને નિત જોડે... મુમુક્ષુને. ૫

**અર્થ** - તેથી આ સમસ્ત પણ કર્મ જ મોક્ષાર્થીએ સંન્યસવા યોગ્ય (ત્યજવા યોગ્ય) છે, તે સંન્યસ્ત (ત્યક્ત) સતે ખરેખર ! પુણ્યની વા પાપની કથા શી ? સમ્યક્ત્વાદિ નિજ સ્વભાવ ભવન થકી મોક્ષનો હેતુ થતું એવું નૈષ્કર્મ્ય પ્રતિબદ્ધ (નૈષ્કર્મ્ય સાથે જોડાયેલું) ઉદ્ધત રસવાળું જ્ઞાન સ્વયં દોડે છે.


## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"આત્મ જ્ઞાન પ્રગટે ત્યારે જ આત્મજ્ઞાનીપણું માનવું, ગુણ પ્રગટ્યા વિના મનવું એ ભૂલ છે."
**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩**

"પુણ્ય પાપ પુદગલ મય હે અખિલ દલ, ખલ ગુણ ટલ મનિ વ્યક્તિ ભેદ ધરે હે,
યાતે પુન્ય પાપ રોધ કીને નિજ બોધ સોધિ, ક્રોધ વ્યાધકી સમાધિ રાગ રોષ જરે હે;
ઈંધન અભાવ જેસે અગનિ ઉદ્યોત નાંહિ, બીજ કે અભાવ જેસે વૃક્ષ વૃદ્ધિ ટરે હે,
તેસે ભાવ કર્મ નાસ જ્ઞાન ચેતના પ્રકાશ, પરમ અનંત પદ દેવચંદ વરે હે."

**- દેવચંદ્રજી કૃત દ્ર.પ્ર. ૩-૮૨**

આકૃતિ




**તત્વદિગ્વિજયી ધર્મચક્રીના ચાર કીર્તિસ્થંભ સમા ચાર મંગલ કળશ**

હવે આમ સમસ્ત કર્મનું પ્રતિષિદ્ધપણું નિષ્તુષ યુક્તિથી સિદ્ધ કરી કેવલ જ્ઞાનના પરમોલ્લાસમાં રમણ કરતા પરમ આત્મભાવનાથી ભાવિતાત્મા મહાકવીશ્વર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** આ અધિકારના સમસ્ત વક્તવ્યના પરમ સારસમુચ્ચય રૂપ - પરમ તત્ત્વ નિષ્કર્ષ રૂપ પરમ પરમાર્થ અમૃતરસથી સંભૃત આ ચાર પરમ મંગલ કાવ્ય - કલશ અત્ર સમયસાર તત્ત્વ મંદિરના મેરુ શિખર પર ચઢાવ્યા છે. તે જાણે તત્ત્વ દિગ્વિજય કરવા નીકળેલા ધર્મચક્રવર્ત્તીના ચારે દિગંતોમાં રોપિત કરેલા શાશ્વત ભાવ-કીર્ત્તિ સ્થંભો હોયની ! અસ્તુ ! તેમાંના આ પ્રથમ મંગલ કલશનો ભાવાર્થ આ પ્રકારે -

**સર્વ કર્મ સંન્યાસ : સમ્યક્ત્વાદિ સ્વભાવ ભવન થકી મોક્ષહેતુ થવા ઉદ્ધત જ્ઞાનનો સંવેગ**

આમ ઉપરમાં **'આત્મખ્યાતિ'માં** વિસ્તારથી વિવરી દેખાડ્યું, તેમ સમ્યક્ તત્ત્વ વ્યવસ્થા છે, તેથી કરીને संन्यस्तव्यमिदं समस्तमपि तत् कर्मैव मोक्षार्थिना - આ સમસ્ત પણ - શુભ - અશુભ સકલ પણ કર્મ અવિશેષથી **'મોક્ષાર્થીએ'** - મોક્ષના અર્થી - ઈચ્છક મોક્ષાભિલાષી મુમુક્ષુએ **'સંન્યસ્તવ્ય'** છે, સંન્યાસ - ત્યાગ કરવા યોગ્ય છે અને વિના અપવાદે તે સમસ્ત જ કર્મ 'સંન્યસ્ત' સતે - ત્યક્ત સતે, ત્યજી દેવામાં આવ્યે, આ કર્મ પુણ્ય છે વા આ કર્મ પાપ છે એમ પુણ્યની વા પાપની કથા - વાર્ત્તા શી ? - संन्यस्ते सति तत्र का किल कथा पुण्यस्य पापस्य वा ? આ પુણ્યકર્મ વા આ પાપકર્મ એવો ટાળો પાડવાની વાત જ શી ? એટલે પછી सम्यक्त्वादिनिजस्वभावभवनात् - **સમ્યક્ત્વાદિ નિજ સ્વભાવ ભવન થકી** - સમ્યક્ - જ્ઞાન - ચારિત્ર રૂપ નિજ - પોતાના આત્માના સ્વભાવનો હોવાપણા થકી - પરિણમવાપણા થકી **મોક્ષનો હેતુ થતું** - मोक्षस्य हेतुर्भवन् - મોક્ષનું અવિસંવાદી કારણ બનતું એવું જ્ઞાન સ્વયં - પોતે દોડે છે - ज्ञानं स्वयं धावति, સંવેગથી વૃદ્ધિમાન્ બને છે. કેવું અને કેવા પ્રકારે ? તો કે - 'नैष्कर्म्यप्रतिबद्धमुद्धतरसं' - નૈષ્કર્મ્ય પ્રતિબદ્ધ અને ઉદ્ધતરસ. **'નૈષ્કર્મ્ય પ્રતિબદ્ધ'** - જ્યાં કંઈ પણ કરવાપણું રહ્યું નથી એવા નિષ્કર્મપણા સાથે પ્રતિબદ્ધ - પ્રતિબંધ પામેલું - જોડાયેલું - સંલગ્ન થયેલું એવું છે, અને આવું નૈષ્કર્મ્ય - પ્રતિબદ્ધ છે તેથી જ તે **'ઉદ્ધત રસ'** - જેનો રસ ઉત્કટ - ઉલ્લસિત થયો છે એવું છે અને ઉદ્ધતરસવાળું છે, એટલે જ તે ઉદ્ધત કોઈથી રોક્યું રોકાય નહિ એવા વેગીલા પ્રવાહવંતું બની સરિત્ પ્રવાહની જેમ સ્વયં 'દોડે' છે - સંવેગથી - અત્યંત વેગથી પ્રગતિમાન્ બની ઉચ્ચ ઉચ્ચ આત્મદશારૂપ ઊર્ધ્વ ભૂમિકાઓને પામે છે.

કર્મ જ્ઞાન સમુચ્ચયમાં પણ કર્મ તો બંધાર્થ જ, જ્ઞાન જ મોક્ષાર્થ, એમ ઉદ્ઘોષણા કરતો સમયસાર કળશ (૧૧) પ્રકાશે છે -

शार्दूलविक्रीडित

**यावत्पाकमुपैति कर्मविरति र्ज्ञानस्य सम्यङ् न सा,**
**कर्मज्ञानसमुच्चयोऽपि विहितस्तावन्न काचित् क्षति ।**
**किं त्वत्रापि समुल्लसत्यवशतो यत्कर्म बंधाय त -**
**न्मोक्षाय स्थितमेकमेव परमं ज्ञानं विमुक्तं स्वतः ॥११०॥**

સમ્યક્ પાક ન પામી કર્મ વિરતિ આ જ્ઞાનની જ્યાં સુધી,
કર્મ-જ્ઞાન સમુચ્ચયો પણ કર્યો ના કો ક્ષતિ ત્યાં સુધી;
કિંતુ હ્યાં પણ ઉલ્લસે અવશથી જે કર્મ બંધાર્થ તે,
મોક્ષાર્થે સ્થિત જ્ઞાન એક જ પરં વિમુક્ત પોતે જ તે. ૧૧૦

## અમૃત પદ-૧૧૦

'ધાર તરવારની' - એ રાગ

કર્મ તો બંધનો હેતુ નિશ્ચય ઠરે, જ્ઞાન એક જ ખરે ! મોક્ષહેતુ,
એહ નિશ્ચય સદા હૃદયમાં જે ધરે, તે મુમુક્ષુ લહે મોક્ષસેતુ... કર્મ તો. ૧
જ્યાં લગી જ્ઞાનની કર્મ વિરતિ જ તે, પાક સમ્યક્પણે ના જ પામે,
ત્યાં લગી કર્મ ને જ્ઞાનનો સમુચ્ચયો, પણ કર્યે કો ક્ષતિ ન એહ ઠામે... કર્મ તો. ૨
કિંતુ આ કર્મ ને જ્ઞાનના સમુચ્ચયે, કર્મ જે અવશથી ઉલ્લસે છે,
તે તો બંધાર્થ કેવલ અહીં હોય છે, એહ નિશ્ચય સદાયે લસે છે... કર્મ તો. ૩
અત્ર મોક્ષાર્થ તો સ્થિત એક જ પરમ, જ્ઞાન વિમુક્ત જે આપ આપે,
કેવલ જ્ઞાન વિણ અન્ય જ્યાં ભાવ ના, એવું આ જ્ઞાન ભવબંધ કાપે... કર્મ તો. ૪
એહ નિશ્ચય સદા હૃદયમાં જે ધરે, તે જનો અનુક્રમે કર્મ વામી,
કેવલ જ્ઞાન ભગવાન સ્થિત અનુભવે, પરમ અમૃત તે આત્મરામી... કર્મ તો. ૫

**અર્થ** - જ્યાં લગી જ્ઞાનની તે કર્મ વિરતિ સમ્યક્ પાક પામતી નથી, ત્યાં લગી કર્મ - જ્ઞાનનો સમુચ્ચય પણ કર્યો (વિહિત છે) તો કોઈ ક્ષતિ (હાનિ) નથી. પરંતુ અત્રે પણ અવશથી જે કર્મ સમુલ્લસે છે, તે બંધાર્થે છે, મોક્ષાર્થે તો સ્વતઃ વિમુક્ત એવું પરમ જ્ઞાન સ્થિત છે. ૧૧૦

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય


''ગમે તે ક્રિયા, જપ, તપ કે શાસ્ત્ર વાંચન કરીને પણ એક જ કાર્ય સિદ્ધ કરવાનું, તે એ કે જગત્‌ની વિસ્મૃત કરવી અને સત્‌ના ચરણમાં રહેવું.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૨૫૪), ૨૯૯**

ઉક્ત ચાર મંગલ કળશ કાવ્યમાં આ બીજો કળશ છે - यावत् पाकमुपैति कर्मविरति र्ज्ञानस्य सम्यङ् न सा - જ્યાં લગી જ્ઞાનની તે 'કર્મ વિરતિ' - સર્વ કર્મથી વિરમવા રૂપ વિરતિ સમ્યક્પણે પાક પામતી નથી, પરિપક્વ થતી નથી, ત્યાં લગી કર્મ અને જ્ઞાનનો સમુચ્ચય - એકત્ર સંયોગ પણ વિહિત - વિધિપણે કરવામાં આવેલો હોય તો, તેમાં 'કોઈ ક્ષતિ' - દોષરૂપ હાનિ નથી, कर्मज्ञानसमुच्चयोऽपि विहितस्तावन्न काचित् क्षति । પરંતુ તેમાં પણ એટલું તો

**કર્મ-જ્ઞાન સમુચ્ચયમાં પણ ક્ષતિ નથી : પણ તેમાં પણ કર્મ બંધાર્થ, જ્ઞાન એક જ મોક્ષાર્થ**

અવશ્ય સ્પષ્ટ સમજી લેવું યોગ્ય છે કે અત્રે પણ - કર્મ - જ્ઞાન સમુચ્ચયમાં પણ જે કર્મ 'અવશથી' - અસ્વાધીનપણાથી સમુલ્લસે છે તે 'બંધાર્થે' છે - બંધ માટે હોય છે - किंत्वत्रापि समुल्लसत्यवशतो यत्कर्म बंधाय तत् । મોક્ષાર્થે - મોક્ષને માટે તો સ્વતઃ - આપોઆપ વિમુક્ત એવું પરમ - સર્વથી પર - ઉત્કૃષ્ટ કેવલ જ્ઞાન એક જ સ્થિત છે - 'मोक्षाय स्थितमेकमेव परमं ज्ञानं विमुक्तं स्वतः ।' આ અખંડ નિશ્ચય રૂપ ત્રિકાલાબાધિત સિદ્ધાંત સર્વ મુમુક્ષુ જોગીજને અંતરમાં કોતરી રાખવા યોગ્ય છે.*

આકૃતિ




---

* આ કળશના ભાવને ઝીલી બનારસીદાસજી પ્રકાશે છે - જ્યાં લગી અષ્ટ કર્મનો સર્વથા વિનાશ નથી, ત્યાં લગી અંતરાત્મામાં બે ધારા વર્ણવી છે - એક જ્ઞાનધારા*, એક શુભાશુભ કર્મ ધારા, બન્નેની પ્રકૃતિ ન્યારી ન્યારી છે - જૂદી જૂદી છે, ધરણી - ભૂમિકા ન્યારી - જૂદી જૂદી છે, આમાં આટલો વિશેષ છે કે કર્મધારા બંધ રૂપ છે, તે પરાધીન શક્તિથી વિવિધ બંધ કરનારી છે, જ્ઞાનધારા છે તે મોક્ષરૂપ છે, મોક્ષની કરનાર છે, દોષની હરનાર છે, ભવસમુદ્રની તરણી છે - 'ગ્યાનધારા મોખરૂપ મોખકી કરનહાર, દોખકી હરનહાર ભૌ સમુદ્ર તરની.'

(જ્ઞાનધારા મોક્ષરૂપ : શુભાશુભ કર્મધારા બંધ રૂપ)

''જો લૌં અષ્ટ કર્મ કો વિનાસ નાંહી સરવથા, તૌ લૌં અંતરાતમામૈં ધારા દોઈ બરની,<br>
એક ગ્યાન ધારા એક સુભાસુભ કર્મધારા, દુહૂંકી પ્રકૃતિ ન્યારી ન્યારી ન્યારી ધરની,<br>
ઈતની વિસેસ જુ કરમધારા બંધરૂપ, પરાધીન સકતિ વિવિધ બંધ કરની,<br>
ગ્યાનધારા મોખરૂપ મોખકી કરનહાર, દોખકી હરનહાર ભૌ સમુદ્ર તરની.'' - શ્રી બના.કૃત સ.સા. પુણ્ય પાપ અ. ૧૪

* સરખાવો -

''शुद्धैव ज्ञानधारा स्यात्सम्यक्त्वप्राप्त्यिनंतरम् ।<br>
हेतुभेदाद्विचित्रा तु योगधारा प्रवर्त्तते ॥'' - શ્રી યશોવિજયજી કૃત અધ્યાત્મસાર, ૧૮-૧૫

એકાંત કર્મ નય - જ્ઞાનનય અવલંબનારા મગ્ન, વિશ્વ ઉપર તરતા તો સતત જ્ઞાનભવનવંત જ, એમ વીરગર્જના કરતો સમયસાર કળશ (૧૨) સંગીત કરે છે -

शार्दूलविक्रीडित

**मग्नाः कर्मनयावलम्बनपरा ज्ञानं न जानंति ये,**
**मग्ना ज्ञाननयैषिणोऽपि यदति स्वच्छंदमंदोद्यमाः ।**
**विश्वस्योपरि ते तरंति सततं ज्ञानं भवंतः स्वयं,**
**ये कुर्वंति न कर्म जातु न वशं यांति प्रमादस्य च" ॥१११॥**

મગ્ના કર્મનયાવલંબનપરા જે જ્ઞાન ના જાણતા,
મગ્ના જ્ઞાનનયેચ્છકો જ અતિ જે સ્વચ્છંદ મંદોદ્યમો,
તેઓ વિશ્વ પરે તરે નિત ખરે ! જ્ઞાન સ્વયં જે થતા,
ના કર્મો કરતા પ્રમાદ વશમાં જે ના કદાપિ જતા. ૧૧૧

## અમૃત પદ-૧૧૧

'ધાર તરવારની' - એ રાગ

જ્ઞાની હંસ તે તરે, વિશ્વ સર ઉપરે, જ્ઞાન સંતત સ્વયં તે ભવંતા,
કર્મ કદી ના કરે, વશ પ્રમાદને ખરે ! જે કદી થાય ના સત્ય સંતા... જ્ઞાની હંસ. ૧
મગ્ન કર્મ પંક એ, અજ્ઞ જન રંક તે, જાય ભવજલ જાય ડૂબી આ અપારા,
કર્મ નયના જ અવલંબને તત્પરા, જ્ઞાન જાણે ન જેઓ બિચારા... જ્ઞાની હંસ. ૨
મગ્ન તે પણ વળી ડૂબે ભવજલ પડી, જ્ઞાનનય ઈચ્છતા વચન અંગે,
જ્ઞાન વાર્ત્તા કરા મંદ ઉદ્યમ ધરા, જે જનો વર્તતા અતિ સ્વચ્છંદે... જ્ઞાની હંસ. ૩
વિશ્વસર ઉપરે જ્ઞાની હંસ તે તરે, જ્ઞાન સંતત સ્વયં જે ભવંતા,
કર્મ કદી ના કરે, વશ પ્રમાદને ખરે ! જે કદી થાય ના સત્ય સંતા... જ્ઞાની હંસ. ૪
તરતાં એમ આવડે, તેહ ભવજલ તરે, તે ઉદાસીન રહી મોજ માણે,
તરતાં નહીં આવડે, તેહ ભવજલ બૂડે, કર્મ પંકમગ્ન તે, દુઃખ ખાણે... જ્ઞાની હંસ. ૫
વિશ્વ માનસ સરે, મુનિ ઉદાસીન ખરે ! પરમ તે હંસ, આનંદ માણે,
**ભગવાન અમૃત** તણી વાણી અમૃત તણો, જાણતો હોય તે મર્મ જાણે... જ્ઞાની હંસ. ૬

**અર્થ** - કર્મ નયના અવલંબન પર એવા જેઓ જ્ઞાનને નથી જાણતા, તેઓ મગ્ન (ડૂબેલા) જ્ઞાનનય ઈચ્છનારાઓ પણ જેઓ અતિ સ્વચ્છંદથી મંદ અધમો છે, તેઓ પણ મગ્ન છે વિશ્વની ઉપર તેઓ તરે છે, જેઓ સતત સ્વયં જ્ઞાન હોતા કદી પણ કર્મ કરતા નથી ને કદી પણ પ્રમાદને વશ જતા નથી.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય


"કોઈ ક્રિયા જડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ;
માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ." - **શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત શ્રી આત્મસિદ્ધિ**


"જેણે પ્રમાદનો જય કર્યો તેણે પરમ પદનો જય કર્યો." - શ્રીમદ્ રાજચંદ્ર, **અં. ૮૫૩**

ચાર અંત્ય મંગલ કલશોમાં આ ત્રીજો કળશ છે - मग्नाः कर्मनयावलंबनपरा ज्ञानं न जानंति ये - 'કર્મનયના' - ક્રિયાનયના અવલંબનમાં - આશ્રય કરવામાં તત્પર એવા જેઓ જ્ઞાનને નથી જાણતા, તે 'મગ્ન' છે, ભવસાગરમાં ડૂબી ગયેલા છે, તેમજ - मग्ना ज्ञाननयैषिणोपि यदतिस्वच्छंदमंदोद्यमाः - જ્ઞાનનયને ઈચ્છનારાઓ જે અતિ સ્વચ્છંદથી મંદ એવા જનો છે અથવા મંદ ઉદ્યમવાળા છે, તેઓ પણ 'મગ્ન' છે, ભવસાગરમાં ડૂબી ગયેલા છે. विश्वस्योपरि ते तरंति - વિશ્વની ઉપર તો તે તરે છે કે જેઓ સતત સ્વયં જ્ઞાન હોતાં - सततं ज्ञानं भवंतः स्वयं, નિરંતરપણે - અખંડપણે પોતે જ્ઞાન પરિણમતાં, કદી પણ કર્મ કરતા નથી અને કદી પણ પ્રમાદને વશ જતા નથી - ये कुर्वंति न कर्म जातु न वशं यांति प्रमादस्य च । અર્થાત્ જેઓ એકાંત ક્રિયાના આગ્રહી ક્રિયાજડ અજ્ઞાની છે, તેઓ સંસાર સમુદ્રમાં ડૂબેલા છે; તેમજ જેઓ મુખથી નિશ્ચયમુખ વાતો કરનારા એકાંત જ્ઞાનના આગ્રહી શુષ્કજ્ઞાની સ્વચ્છંદી મંદ જનો - મંદ ઉદ્યમી પ્રમાદી જનો છે, તેઓ પણ સંસાર સમુદ્રમાં ડૂબેલા છે અને તે ક્રિયાજડ અને શુષ્કજ્ઞાની બન્ને સંસારસાગરમાં ડૂબેલા જનો સાગરમાં ડૂબેલા દુર્ભાગી જનોની જેમ કેવલ દુઃખ જ અનુભવે છે. આથી ઉલટું, જ્ઞાન-ક્રિયાનો સમન્વય કરતા જેઓ કેવલ જ્ઞાન રૂપે જ પરિણમે છે, તે નિષ્કર્મી અપ્રમત્ત - સ્વરૂપથી અભ્રષ્ટ સુભાગી જનો સંસાર સાગરની ઉપર તરે છે અને સંસાર સાગરની ઉપર તરતાં આ આત્મારામી સંતજનો સાગર પર તરતા તારુની જેમ પરમ સુખ જ અનુભવે છે, પરમ આનંદ જ માણે છે.*

*કર્મ નયાવલંબની મગ્ન, જ્ઞાન નયાવલંબની મગ્ન : સતત જ્ઞાન ભવંત અપ્રમત્ત જ વિશ્વ ઉપર તરનારા*

## આકૃતિ




* જુઓ : ૧૨મી ગાથાના વિવેચનમાં શુષ્કજ્ઞાની અને ક્રિયાજડ.

સર્વ કર્મ ઉન્મૂલી પરમ કલાને પામેલી કેવલ જ્ઞાન જ્યોતિની મુક્ત કંઠે સ્તુતિ કરતો સમયસાર કળશ (૧૩) લલકારે છે -

मंदाक्रांता -

**भेदोन्मादभ्रमरसभरान्नाटयत्पीतमोहं,**
**मूलोन्मूलं सकलमपि तत्कर्म कृत्वा बलेन ।**
**हेलोन्मीलत्परमकलया सार्धमारब्धकेलि,**
**ज्ञानज्योति कवलिततमः प्रोज्जजृम्भे भरेण ॥११२॥**

ભેદોન્માદ ભ્રમરસભરે પીત મોહં નટંતું,
ઉન્મૂલી સૌ કરમ બલથી મૂલમાંથી અનંતું,
હેલે ખીલી પરમ કલ શું એહ કેલિ કલંતી,
જ્ઞાન જ્યોતિ સમુલસી તમસ્ કોળિઓ જે કરંતી. ૧૧૨


## અમૃત પદ-૧૧૨

'સંરભ આરંભ સમારંભ' - એ રાગ

જ્ઞાન જ્યોતિ પરમ આ ઉલસી, જ્ઞાન જ્યોતિ પરમ આ ઉલસી,
મોહતમઃ કવલ જે કરતી, આતમ અમૃતથી ભરતી... જ્ઞાન જ્યોતિ. ૧
ભેદોન્માદ ભ્રમરસ ભરથી, પીત મોહ નટ્વતું ધરથી,
એવું કર્મ સકલ પણ બલથી, કરી મૂલ ઉન્મૂલન મૂલથી... જ્ઞાન જ્યોતિ. ૨
હેલાથી ઝટ ઉન્મીલતી, નિજ સકલ કલાથી ખીલતી,
એવી પરમ કલા શું કેલિ, આરંભતી જેહ અકેલી... જ્ઞાન જ્યોતિ. ૩
જ્ઞાન જ્યોતિ પરમ એ ઉલસી, જ્ઞાન જ્યોતિ પરમ એ ઉલસી,
મોહતમઃ કવલ જે કરતી, આતમ અમૃતથી ભરતી... જ્ઞાન જ્યોતિ. ૪
સકલ કલા અવિકલ કળતી, કેવલ જ્ઞાન પ્રકાશે ઝળતી,
જ્ઞાન જ્યોતિ ઉલસી આનંદે, ભગવાન આતમ **અમૃતચંદ્રે... જ્ઞાન જ્યોતિ. ૫**

**અર્થ** - ભેદ ઉન્માદના ભ્રમરસભરથી મોહ પીધેલ હોય એવું નાટ્ય કરતું તે સકલ પણ કર્મ બલથી મૂલોન્મૂલ કરી (જડ મૂળથી ઉખેડી નાંખી), હેલાથી ઉન્મીલન પામતી પરમ કલા સાથે કેલિ આરંભી છે જેણે એવી તમસ્‌ને કવલિત કરનારી (કોળીઓ કરનારી) જ્ઞાન જ્યોતિ ભરથી (પૂર્ણ પણે) પ્રોજ્જૃંભિત થઈ (વિકસી).

આકૃતિ



## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સર્વ ઈંદ્રિયોનો સંયમ કરી, સર્વ પરદ્રવ્યથી નિજ સ્વરૂપ વ્યાવૃત્ત કરી, યોગને અચળ કરી ઉપયોગથી ઉપયોગની એકતા કરવાથી કેવળ જ્ઞાન થાય.'' - શ્રીમદ્ રાજચંદ્ર, હાથનોંધ

**સકલ કર્મનું ઉન્મૂલન કરી જ્ઞાન જ્યોતિનો પ્રવિકાસ**

આ છેલ્લા મહાકવિ અમૃતચંદ્રજીના કીર્ત્તિસ્થંભ સમા ચાર મંગલ કળશ મધ્યેનો આ છેલ્લો અમૃત કળશ છે - भेदोन्मादभ्रमरसभरान्नाटयद् पीतमोहं - આ શુભ કર્મ અને આ અશુભ કર્મ એવા ભેદ રૂપ ઉન્માદના 'ભ્રમરસ ભરથી' - ભારી ભ્રમણા રૂપ રસની પૂર્ણતાથી જાણે 'પીતમોહ' - મોહ મદિરા પીધેલ હોય એવું 'નાટ્ય' કરતા - ભવ પ્રપંચ નાટક ભજવી દેખાડતા એવા તે સકલ પણ કર્મને 'બલથી' - આત્મ સામર્થ્યથી મૂલોન્મૂલ કરી - મૂળમાંથી ઉન્મૂલન કરી, જડમૂળથી ઉખેડી નાંખી - मूलोन्मूलं सकलमपि तत्कर्म कृत्वा बलेन આ જ્ઞાન જ્યોતિ પ્રોજ્જૃંભિત થઈ છે - ज्ञानज्योति कवलिततमः प्रोज्ज्रृम्भे भरेण આ જ્ઞાન જ્યોતિ કેવી છે ? હેલાથી - લીલા માત્રથી ઉન્મીલન પામતી - ઉત્તરોત્તર વિકસન પામતી - ઉઘડતી જતી - ખીલતી પરમ કલા સાથે 'કેલિ' - ક્રીડા - રમણતા જેણે આરંભેલી છે એવી - हेलोन्मीलत्परमकलया सार्धमारब्धकेलि અને તમસ્‌ને - અજ્ઞાન અંધકાને 'કવલિત કરતી' - એક કોળીઓ કરી જતી એવી - कवलिततमः - આ જ્ઞાન જ્યોતિ ભરથી - નિર્ભરપણે - પૂર્ણ પણે પ્રોજ્જૃંભિત થઈ - પ્રકૃષ્ટપણે અત્યંત અત્યંત ઉલ્લસિત થઈ કેવલ જ્ઞાનરૂપ પરમ વિકાસને પામી. સુગૃહીત નામધેય 'કેવલ' જ્ઞાન જ્યોતિર્ધર પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ આ અધ્યાત્મ નાટકના આ તૃતીય અંકની આવી ભવ્ય પૂર્ણાહુતિ કરતાં 'કેવલ જ્ઞાન જ્યોતિની પરમ અદ્ભુત પ્રકીર્ત્તના કરી છે.

॥ ઈતિ પુણ્ય-પાપ રૂપી દ્વિપાત્ર રૂપ થયેલું કર્મ એકપાત્ર રૂપ થઈ રંગભૂમિ પરથી નિષ્ક્રાંત થયું (બ્હાર નીકળી ગયું)

॥ इति पुण्यपापरूपेण द्विपात्रीभूतमेकपात्रीभूय कर्म निष्क्रांतम् ॥

॥ इति श्रीमद्‌मृतचंद्रसूरिविरचितायां समयसारव्याख्यायातौत्म

पुण्यपाप प्ररूपकः तृतीयोऽकः ॥३॥

॥ इति भगवती 'आत्मख्याति' उपरि डॉ. भगवानदास कृत

'अमृत ज्योति' महाभाष्ये पुण्यपापप्ररूपकः तृतीयो अधिकारः ॥३॥

# ॥ अथ आस्रव अधिकारः ॥४॥

## સમયસાર વ્યાખ્યા 'આત્મખ્યાતિ'માં
## આસ્રવ પ્રરૂપક
## ચતુર્થ અંક

હવે આસ્રવ પ્રવેશ કરે છે -

આ **'સમયસાર'** અધ્યાત્મ નાટકમાં ત્રીજા અંકમાં એકપણે સિદ્ધ કરાયેલ પુણ્ય-પાપ પાત્રની વિદાય થયા પછી અત્રે ચોથા અંકમાં **'આસ્રવ'** નામક પાત્ર પ્રવેશ કરે છે અને તેનો અદ્ભુત નાટકીય રીતિથી (grand dramatic style) પ્રવેશ કરાવતાં **મહાકવીશ્વર અમૃતચંદ્રજી** તાદેશ્ય શબ્દચિત્ર આલેખતું **સમયસાર કળશ કાવ્ય (૧)** લલકારી આ અંકની મંગલ ઉદ્ઘાટન ક્રિયા કરે છે -

अथ प्रविशत्यास्रवः -

द्रुतविलंबित

**अथ महामदनिर्भरमंथरं, समररंगपरागतमास्रवं ।**
**अयमुदारगभीरमहोदयो, जयति दुर्जयबोधधनुर्धरः ॥११३॥***

અબ મહામદ નિર્ભર મંથરો, સમર રંગ ભૂ આગત આસ્રવો,
જીતત દુર્જય બોધ ધનુર્ધરો, અતિ ઉદાર ગભીર મહોદયો. ૧૧૩


### અમૃત પદ-૧૧૩

બોધ ધનુર્ધર જીતે, દુર્જય બોધ ધનુર્ધર જીતે,
રણ રંગભૂમાં આસ્રવયોદ્ધો, બોધ ધનુર્ધર જીતે... બોધ ધનુર્ધર જીતે. ૧
મદભર નિર્ભર મંથર પગલે, ગજેંદ્ર શું મદમાતો,
ડોલત ડોલત આસ્રવ આવે, રણરસથી છલકાતો... બોધ ધનુર્ધર. ૨
મૂછે તાલ દેતો સહુ જગને, ગર્વ થકી પડકારે,
માઈપૂત હો આવો સામે, તૃણ શું જગ તુચ્છકારે... બોધ ધનુર્ધર. ૩
તસ પડકાર ઝીલીને સંવર, યોદ્ધો આવે સામો,
બોધ ધનુષ ટંકાર કરંતો, ગર્જાવે રણધામો... બોધ ધનુર્ધર. ૪
સાગર પેટ ન પાણી હાલે, નખશિખ આસ્રવ ભાળે,
મચ્છર શું ચપટીમાં ચોળે, રણરંગે રગદોળે... બોધ ધનુર્ધર. ૫
ભગવાન અમૃત આત્મ જ્યોતિના, જ્ઞાન કિરણના બાણે,
આસ્રવ યોદ્ધાને રણ જીતી, અનુભવ અમૃત જાણે... બોધ ધનુર્ધર. ૬

**અર્થ** - હવે મહામદથી નિર્ભર મંદ ગતિવાળા (મંથર) એવા, રણસંગ્રામ રૂપ રંગભૂમિમાં આવી પ્હોંચેલા આસ્રવને આ ઉદાર - ગભીર મહોદય દુર્જય બોધ-ધનુર્ધર (જ્ઞાન-બાણાવળી) જીતે છે.

* "જે તે જગવાસી જીવ થાવર જંગમ રૂપ, તે તે નિજ બસ કરિ રાખે બલ તોરિ કૈં,
મહા અભિમાની ઐસૌ આસ્રવ અગાધ જોધા, રોપિ રન-થંભ ઠાડી ભયૌ મૂઠ મોરિ કૈં,
આયૌ તિહિ થાનક અચાનક પરમ ધામ, ગ્યાન નામ સુભટ સવાયૌ બલ ફોરિ કૈં,
આસ્રવ પછારયૌ રન-થંભ તારિ ડારયૌ તાહિ, નિરખિ બનારસી નમત કર જોરિ કૈં.
- શ્રી બના.કૃત સ.સા. આસ્રવ અધિકાર, ૨

આકૃતિ




## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''દેહ છતાં મનુષ્ય પૂર્ણ વીતરાગ થઈ શકે એવો અમારો નિશ્ચળ અનુભવ છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૫૭

''ચેતન ચતુર ચોગાન લરે રી,

જીત લિયો મોહરાય કો લશકર, મિષકર છાંડ અનાદિ ધરીરી,

નાગી કાઢલે તાડલે દુશ્મન, લાગે કાચી દોય ધરીરી... ચેતન.'' - શ્રી આનંદઘન, પદ

**પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ આ મંગલ કલશ કાવ્યમાં જગજ્જયી આસ્રવ મહા સુભટનું અને તે જગજ્જયીનો પણ વિજય કરનારા પરમ જગજ્જયી બોધ - ધનુર્ધરનું તાદૃશ્ય ચિતાર રૂપ સુંદર શબ્દચિત્ર રજૂ કરી સ્વભાવોક્તિમય કવન કર્યું છે અને તે મહાકવીશ્વરના ભાવને યથાર્થપણે ઝીલીને કવિવર બનારસીદાસજીએ** તે સ્વભાવોક્તિનું સંવધર્ન કરતું હૃદયંગમ શબ્દચિત્ર આલેખ્યું છે. તેનો સંક્ષેપ ભાવાર્થ આ પ્રકારે -

**મહામદમત્ત આસ્રવ મહાયોદ્ધાને જીતનારો દુર્જય બોધ ધનુર્ધર**

આ આસ્રવ મહાયોધાએ આખા જગત્‌ને પાદાક્રાંત કરી જીતી લીધું છે, જેટલા કોઈ સ્થાવર - જંગમ રૂપ જગત્‌વાસી જીવ છે, તેને નિજ વશ કરી તેનું બલ તોડી નાંખ્યું છે. તેથી અભિમાનને લીધે તેને પોતાના બલનો મહામદ ભારી મદ ચઢ્યો છે. એટલે મદિરાનો મદ જેને ચઢ્યો હોય તે મદ્યપાયિ દારૂડીઓ જેમ ગર્વભરી મદભરી મંથર - મંદગતિએ ડોલતો ડોલતો ચાલે અને માઈનો પૂત કોઈ હોય તે સામો ચાલ્યો આવે એમ મૂછે તાલ દેતો જેમ રણ માટે કોઈને પણ પડકારે, તેમ આ આસ્રવ મહાયોધો પણ જગજ્જયીપણાથી 'महामद निर्भर मंथरं' - 'મહામદ નિર્ભર મંથર' - ગજરાજની પેઠે મંદગતિએ ડોલતો ડોલતો ગર્વ ભર્યા મંદ-ધીમા પગલાં ભરતો આ અધ્યાત્મ સમર-રંગમાં - રણ સંગ્રામ ભૂમિમાં આવી પ્હોંચે છે - 'समरंगपरागतं' અને જેની તાકાત હોય તે સામા આવી જાઓ એમ જાણે સર્વ કોઈને પડકારતો રણસ્થંભ રોપીને મૂછ મરડતો ઉભો છે - 'રોપિ રનથંભ ઠાડૌ ભયૌ મૂછ મોરિકૈં.'

**'ઉદાર ગભીર મહોદય' જ્ઞાન મહોદધિ**

પણ ત્યાં તો તેના પડકારને ઝીલી લેનારો **'બોધ-ધનુર્ધર'** - જ્ઞાન - બાણાવળી - 'પરમ ધામ જ્ઞાન સુભટ' અચાનક તે સ્થાનકે આવી પ્હોંચી, સવાયું બલ સ્ફુરાવીને આસ્રવને પછાડે છે - કુસ્તીમાં મલ્લની પેઠે હેઠો પાડે છે અને તેણે રોપેલા રણસ્થંભને તોડી નાંખે છે, 'આસ્રવ પછારયો રનથંભ તોરિ ડારયો તાહિ.' ગમે તેવા મદવાન્ બળવાન્ શત્રુને દેખીને ઉદાર-ગંભીર શૂરવીર ધનુર્ધર મહારથીના પેટનું પાણી પણ હાલતું નથી, તેમ 'अयमुदारगभीरमहोदयो' - **'ઉદાર ગભીર મહોદય'** આ બોધ - ધનુર્ધરના - જ્ઞાન બાણાવળીના પેટનું પાણી પણ હાલતું નથી અને તે તો ઠંડા પેટે આસ્રવ - સુભટને નખ શિખ નિરખી, ચતુર નાટ્યદ્રષ્ટા જેમ નટના વેષપલટાથી ભ્રાંતિ નહિ પામતાં તેના મૂળ ખરા સ્વરૂપને ઓળખી કાઢે છે અને આસ્રવ હું નથી ને મ્હારૂં સ્વરૂપ નથી, આ આસ્રવ તો આગંતુક ઔપાધિક પરભાવ - વિભાવ છે, મ્હારો મૂલગત સ્વભાવ નથી, ઈત્યાદિ પ્રકારે તત્ત્વવિચાર રૂપ શરના

**અનુસંધાન વડે આ ઉદાર ગંભીર મહોદય બોધ ધનુર્ધર આ અધ્યાત્મ રણસંગ્રામ - રણભૂમિમાં આવી પ્હોંચેલા આસ્રવને શીઘ્ર લીલા માત્રમાં જીતી લે છે** - 'जयति दुर्जयबोध धनुर्धरः, ઉદાર - ગભીર મહોદધિમાં તુચ્છ તણખલું કે પામર મગતરૂં જેમ ક્યાંય વિલીન થઈ જાય ને ગોત્યું ન જડે, તેમ આ ઉદાર - ગભીર મહોદય બોધ - ધનુર્ધર આગળ તુચ્છ તણખલા જેવા ને પામર મગતરા જેવો આસ્રવ વિલય થઈ જઈ ગોત્યો જડતો નથી. આમ જેને જીતવો દુષ્કર છે એવો આ દુર્જય બોધ - ધનુર્ધર આસ્રવ મહાયોધાને પરાજિત કરી વિજયી - 'જિન' બને છે, અર્થાત્ જિન ભગવાનનાં વચનામૃતને અનુસરતાં અને તત્ત્વ રમણને આદરતાં બોધમૂર્ત્તિ જ્ઞાની દ્રવ્ય - ભાવ આસ્રવોને પરિહરી જિનચંદ્ર-દેવચંદ્ર પદને વરે છે.

''જિનવર વચન અમૃત અનુસરિયે, તત્ત્વ રમણ આદરિયે રે,
દ્રવ્યભાવ આસ્રવ પરહરિયે, દેવચંદ્ર પદ વરિયે રે...
શ્રી સુબાહુ જિન અંતરજામી, મુજ મનનો વિસરામી રે,
આતમ ધર્મ તણો આરામી, પર પરિણતિ નિષ્કામી રે.'' - **શ્રી દેવચંદ્રજી**

''ઔર લડાઈ લરે સો બાઉરા, સૂર પછાડે નાઉ અરીરી,
ધરમ મરમ કોઉ ઔર ન બૂઝે, રહે આનંદઘન પદ પકરીરી... ચેતન.'' - **શ્રી આનંદઘનજી**

તેમાં - આસ્રવ સ્વરૂપ કહી દેખાડે છે -

**मिच्छत्तं अविरमणं कसायजोगा य सण्णसण्णा दु ।**
**बहुविहभेया जीवे तस्सेव अणण्णपरिणामा ॥१६४॥**
**णाणावरणादीयस्स ते दु कम्मस्स कारणं होंति ।**
**तेसिंपि होदि जीवो य रागदोसादिभावकरो ॥१६५॥**

(કાવ્યાનુવાદ)

'પંથડો નિહાળું રે બીજા જિનતણો રે' - એ રાગ

આસ્રવ ભાવ અભાવ જ જ્ઞાનિને રે, આસ્રવ ભાવ અભાવ... (૨)...
મિથ્યાત્વ અવિરતિ કષાય યોગ એ રે, ચેતન અચેતન નામ,
બહુવિધ ભેદો જીવમાં તેહના રે, અનન્ય જ પરિણામ... આસ્રવ ભાવ અભાવ. ૧૬૪
ને જ્ઞાનાવરણાદિક કર્મનું રે, હોય કારણ તે ચાર,
ને તેનું પણ કારણ જીવ છે રે, રાગાદિ ભાવ કાર... આસ્રવ ભાવ અભાવ. ૧૬૫

**અર્થ** - મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ (એ પ્રત્યેક) સંજ્ઞ - અસંજ્ઞ (ચેતન-અચેતન) છે, જીવમાં (અથવા અજીવમાં) બહુવિધ ભેદવાળા તે તેના જ (જીવના જ અથવા અજીવના જ) અનન્ય પરિણામો છે. ૧૬૪

તેઓ (મિથ્યાત્વાદિ) વળી જ્ઞાનાવરણાદિક કર્મનું કારણ હોય છે અને તેઓનું (મિથ્યાત્વાદિનું) પણ કારણ રાગ-દ્વેષાદિ ભાવ કરનારો જીવ છે. ૧૬૫

## आत्मख्याति टीका

तत्रास्रवस्वरूपमिदधाति -

**मिथ्यात्वमविरमणं कषाययोगौ च संज्ञासंज्ञास्तु ।**
**बहुविधभेदा जीवे तस्यैवानन्यपरिणामाः ॥१६४॥**
**ज्ञानावरणाद्यस्य ते तु कर्मणः कारणं भवंति ।**
**तेषामपि भवति जीवः च रागद्वेषादिभावकरः ॥१६५॥**

रागद्वेषमोहाः आस्रवाः इह हि जीवे स्वपरिणामनिमित्ताः, अजडत्वे सति चिदाभासाः, **मिथ्यात्वाविरति कषाययोगाः पुद्गलपरिणामाः ज्ञानावरणादि**पुद्गल**कर्मास्र**वण**निमित्त**त्वात् **तेषां तु** तदास्रवण-निमित्तत्व**निमित्तं** अज्ञानमया **आत्मपरिणामा रागद्वेषमोहाः ।** तत आस्रवणनिमित्तत्वनिमित्तत्वात् रागद्वेषमोहा एवास्रवाः । ते चाज्ञानिनः एव भवंतीति अर्थादिवापद्यते ॥१६४॥१६५॥

---

**आत्मभावना** -

तत्र - તેમાં - આસ્રવ અધિકારમાં आस्रवस्वरूपमभिदधासि - આશ્રવનું સ્વરૂપ કહી દેખાડે છે - मिथ्यात्वमविरमणं कषाययोगौ च - મિથ્યાત્વ, અવિરમણ, કષાય, યોગ અને (તેવા બીજા ભાવ) संज्ञासंज्ञास्तु - સંજ્ઞ - અસંજ્ઞ - ચેતન - અચેતન એમ પ્રત્યેક બે બે પ્રકારના છે, बहुविधभेदा - બહુવિધ - બહુ પ્રકારના ભેદવાળા તે जीवे - જીવમાં (ઉપલક્ષણથી અજીવમાં પણ) तस्यैवानन्यपरिणामाः - તેના જ - જીવના જ (ઉપલક્ષણથી અજીવના પણ) અનન્ય પરિણામો છે. તે तु - તે મિથ્યાત્વાદિ તો ज्ञानावरणाद्यस्य कर्मणः कारणं भवंति - જ્ઞાનાવરણાદિ કર્મનું કારણ હોય છે, तेषामपि च - અને તેઓનું - તે મિથ્યાત્વાદિનું પણ કારણ रागद्वेषादिभावकरः जीवः भवति - રાગ - દ્વેષાદિ ભાવ કરનારો જીવ હોય છે. ॥ इति **गाथा** आत्मभावना ॥१६४॥१६५॥

## આત્મખ્યાતિ ટીકા

રાગ - દ્વેષ - મોહ અહીં નિશ્ચયે કરીને જીવમાં આસ્રવો - સ્વપરિણામ નિમિત્તવાળા એવા - અજડપણું સતે ચિદાભાસો છે; - **મિથ્યાત્વ-અવિરતિ-કષાય-યોગ એ પુદ્ગલપરિણામો જ્ઞાનાવરણાદિ** પુદ્ગલકર્મના આસ્રવણ નિમિત્તપણાને લીધે પ્રગટપણે આસ્રવો છે અને **તેઓનું** (મિથ્યાત્વાદિનું) તેના (જ્ઞાનાવરણાદિ પુદ્ગલ કર્મના) આસ્રવણ નિમિત્તપણાનું નિમિત્ત અજ્ઞાનમય એવા આત્મપરિણામો રાગ-દ્વેષ-મોહ છે, તેથી કરીને આસ્રવણ નિમિત્તપણાના નિમિત્તપણાને લીધે રાગ-દ્વેષ-મોહ જ આસ્રવો છે અને તે અજ્ઞાનીને જ હોય છે એમ અર્થથી આપન્ન (પ્રાપ્ત) થાય છે. ૧૬૪-૧૬૫

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"રાગ દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ."

**- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર ૧૦૦**

**અત્રે આ ગાથાઓમાં આસ્રવનું સ્વરૂપ પ્રકાશ્યું છે - મિથ્યાત્વ - અવિરમણ - કષાય - યોગ એ** પ્રત્યેક **'સંજ્ઞ-અસંજ્ઞ'** - ચેતન - અચેતન એમ બે બે પ્રકારના છે, બહુવિધ - બહુ પ્રકારના ભેદવાળા તે જીવમાં તેના જ - જીવના જ **'અનન્ય પરિણામો'** - જીવથી અન્ય - જૂદા નહિ એવા પરિણામો છે. તે મિથ્યાત્વાદિ જ્ઞાનાવરણીયાદિ કર્મનું કારણ હોય છે અને તે મિથ્યાત્વાદિનું પણ કારણ રાગદ્વેષાદિ ભાવ કરનારો જીવ હોય છે. આમ આસ્રવનું સ્વરૂપ પ્રકાશતી આ ગાથાઓનું તત્ત્વ સર્વસ્વ સમર્પક અપૂર્વ વ્યાખ્યાન 'આત્મખ્યાતિ'કર્તાએ વ્યાખ્યાત કર્યું છે - રાગ - દ્વેષ - મોહ એ અહીં નિશ્ચયે કરીને જીવમાં સ્વપરિણામ - આત્મપરિણામ જેનું નિમિત્ત છે એવા આસ્રવો છે, તે અજડપણું સતે ચિદાભાસો છે - અને મિથ્યાત્વ - અવિરતિ - કષાય - યોગ એ પુદ્ગલપરિણામો ખરેખર ! આસ્રવો (દ્રવ્ય આસ્રવો) છે, શાને લીધે ? જ્ઞાનાવરણીયાદિ પુદ્ગલકર્મના આસ્રવણના - આસ્રવવાના નિમિત્તપણાને લીધે. પણ તે મિથ્યાત્વાદિના તે જ્ઞાનાવરણીયાદિ પુદ્ગલકર્મના આસ્રવણ નિમિત્તપણાનું નિમિત્ત પણ કોણ છે ? **રાગ-દ્વેષ-મોહ.** કેવા છે રાગ-દ્વેષ-મોહ ? **અજ્ઞાનમય આત્મપરિણામો.** આ પરથી ફલિત થાય છે કે આસ્રવણના નિમિત્તપણાના નિમિત્તપણાને લીધે રાગ-દ્વેષ-મોહ જ આસ્રવો છે અને તે રાગ-દ્વેષ-મોહ, અજ્ઞાનમય આત્મપરિણામ હોઈ, અજ્ઞાનીને જ હોય છે, એમ અર્થથી જ આપન્ન થાય છે - પ્રાપ્ત થાય છે.


---

रागद्वेषमोहाः - રાગ-દ્વેષ-મોહ એ आस्रवाः इह हि जीवे - **અહીં** - આ લોકને વિષે નિશ્ચયે કરીને જીવને વિષે આસ્રવો છે. શાને લીધે ? स्वपरिणामनिमित्ताः - **સ્વ પરિણામ આત્મ પરિણામ નિમિત્ત છે જેનું એવા છે, તેને લીધે.** (આ હેતુ વિશેષણ છે). તેથી શું ? अजडत्वे सति चिदाभासाः - **સ્વ પરિણામ નિમિત્ત છે તેથી અજડપણું સતે ચિદાભાસ છે, ચિત્નો - ચૈતન્યનો આભાસ - કિંચિત્ ભાસ - ઝાંખી જ્યાં થાય છે એવા છે, અર્થાત્ તે જીવ રૂપ ભાવ આસ્રવો છે અને** मिथ्यात्वाविरतिकषाययोगाः पुद्गलपरिणामाः - **મિથ્યાત્વ - અવિરતિ - કષાય - યોગ એ પુદ્ગલપરિણામ** किलास्रवाः - **ખરેખર ! સ્ફુટપણે આસ્રવો (દ્રવ્ય આસ્રવો) છે.** શાને લીધે ? ज्ञानावरणीयादिपुद्गलकर्मास्रवणनिमित्तत्वात् - **જ્ઞાનાવરણીય આદિ પુદ્ગલ કર્મના આસ્રવણના - આસ્રવના નિમિત્તપણાને લીધે.** तेषां तु तदास्रवणनिमित्तत्वनिमित्तं - **પણ તેઓના - તે મિથ્યાત્વાદિના તેના - તે જ્ઞાનાવરણાદિ પુદગલકર્મના આસ્રવણ નિમિત્તપણાનું નિમિત્ત પણ કોણ છે ?** रागद्वेषमोहाः - **રાગ-દ્વેષ-મોહ.** કેવા છે આ રાગ-દ્વેષ-મોહ ? अज्ञानमया आत्मपरिणामाः - **અજ્ઞાનમય આત્મ પરિણામો.** આથી શું ફલિત થાય છે ? तत आस्रवणनिमित्तत्वनिमित्तत्वात् - **તેથી કરીને આસ્રવણ નિમિત્તપણાના નિમિત્તપણાને લીધે** रागद्वेषमोहा एवास्रवाः - **રાગ - દ્વેષ - મોહ જ આસ્રવો છે અને તે કોને હોય છે ?** ते चाज्ञानिन एव भवंति - **અને તે અજ્ઞાનીને જ હોય છે,** इति अर्थादेवापद्यते - **એમ અર્થથી જ આપન્ન થાય છે - આવી પડે છે, અર્થાપત્તિન્યાયથી જ પ્રાપ્ત થાય છે.** ॥૧૬૪॥૧૬૫॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥

**રાગ-દ્વેષ-મોહ જીવમાં આસ્રવ : મિથ્યાત્વાદિ અજીવ (પુદ્ગલ) આસ્રવ**

અર્થાત્ અહીં નિશ્ચયે કરીને રાગ-દ્વેષ-મોહ એ જ **'જીવમાં આસ્રવો છે'** - 'आस्रवा इह हि जीवे', જીવમાં આસ્રવતા આગંતુક ઔપાધિક ભાવો - ભાવ આસ્રવો છે, કારણકે તે 'स्वपरिणाम निमित्ताः સ્વપરિણામ નિમિત્તે - આત્મપરિણામના નિમિત્તે ઉદ્ભવે છે, તે જીવના પોતાના આત્મ પરિણામથી - તેવા તેવા ભાવે સ્વયં પરિણમન થકી ઉપજે છે, એટલે આત્મપરિણામ રૂપ હોવાથી અજડપણું હોઈ રાગ-દ્વેષ-મોહ એ જીવમાં **'ચિદાભાસો'** - 'चिदाभासाः' - ચૈતન્યાભાસો છે, આત્મપરિણામ - આત્મભાવ રૂપ હોવાથી ચિદ્નો - ચૈતન્યનો આભાસ આપતા ચૈતન્ય વિકાર રૂપ વિભાવો - ચેતન રૂપ ભાવ આસ્રવો છે. હવે મિથ્યાત્વ - અવિરતિ - કષાય - યોગ એ ચાર પ્રત્યયો પુદ્ગલપરિણામો છે - 'पुद्गलपरिणामाः', તે જ્ઞાનાવરણીયાદિ પુદ્ગલકર્મના આસ્રવણનું - આસ્રવવાનું નિમિત્તપણું પામે છે, તેને લીધે આ મિથ્યાત્વાદિ સ્ફુટપણે આસ્રવો (દ્રવ્ય આસ્રવો) છે અને જે આ મિથ્યાત્વાદિ આસ્રવો તે જ્ઞાનાવરણાદિ પુદ્ગલકર્મના આસ્રવણનું નિમિત્તપણું પામે છે, તેનું નિમિત્ત પણ **'અજ્ઞાનમય એવા આત્મપરિણામો'** - अज्ञानमया आत्मपरिणामाः રાગ-દ્વેષ-મોહ છે, તેથી કરીને આસ્રવણ - નિમિત્તપણાના નિમિત્તપણાને લીધે (cause of cause) રાગ-દ્વેષ-મોહ જ નિશ્ચયે કરીને મૂલભૂત આસ્રવો છે અને આ રાગ-દ્વેષ-મોહ અજ્ઞાનમય આત્મપરિણામો હોવાથી અજ્ઞાનીને જ સંભવે છે, એમ અર્થથી આપન્ન - પ્રાપ્ત થાય છે, અર્થાપત્તિ ન્યાયથી સ્વયં સમજાય છે.

આકૃતિ




**અજ્ઞાન-રાગાદિ ૩ મિથ્યાત્વાદિ ૪ જ્ઞાનાવરણીયાદિ ૮**

તાત્પર્ય કે - જ્ઞાનાવરણીયાદિ પુદ્ગલકર્મના આસ્રવણનું નિમિત્ત કારણ મિથ્યાત્વાદિ ચાર પ્રત્યયો રૂપ પુદ્ગલપરિણામો છે અને મિથ્યાત્વાદિ નિમિત્ત કારણનું નિમિત્ત પણ રાગ-દ્વેષ-મોહ એ અજ્ઞાનમય આત્મપરિણામો છે, એટલે નિશ્ચયે કરી તત્ત્વ દૃષ્ટિથી જોઈએ તો રાગ-દ્વેષ-મોહ તે જ સર્વ આસ્રવના મૂલ હોઈ મુખ્ય આસ્રવો છે, આત્મામાં આસ્રવારૂપ - આગંતુક આવવા રૂપ ભાવો ભાવ આસ્રવો છે, વિભાવ રૂપ - વિકૃત ચેતનભાવ રૂપ - ચિદાભાસ રૂપ અજ્ઞાનમય આત્મપરિણામો છે અને તે અજ્ઞાનમય ભાવો તો અજ્ઞાનીને જ હોય, જ્ઞાનીને નહિ. અર્થાત્ અજ્ઞાની હોય તે જ અજ્ઞાનમય રાગ-દ્વેષ-મોહ ભાવે પરિણમે, જ્ઞાની નહિ જ, અથવા તો અજ્ઞાનમય રાગ-દ્વેષ-મોહભાવે પરિણમે તે અજ્ઞાની જ હોય, જ્ઞાની નહિ જ. આમ -

અજ્ઞાન → રાગાદિ ૩ → મિથ્યાત્વાદિ ૪ → જ્ઞાનાવરણીયાદિ ૮


"આશ્રવ કહિયે આવના. ચિત્વિકાર રૂપ રાગ-દ્વેષ-મોહ એ (એ) આશ્રવ જીવકે હૈ, મિથ્યાત્વ, અવિરતિ, કષાય, જોગ, (એ) અચેતન પુદ્ગલ કે આસ્રવ હૈ. તિસતૈં ચિત્વિકાર (રૂપ) રાગ-દ્વેષ-મોહ તો પુદ્ગલિક (પૌદ્ગલિક) આવનૈં કૌં નિમિત્ત માત્ર હૈ. અવરુ પુદ્ગલિક મિથ્યાત્વ, અવિરતિ, કષાય, જોગ (યે) આઠ પ્રકારાદિ (રૂપ) કર્મ વર્ગણા આવનૈંકૌં નિમિત્ત હૈ. તિસતૈં જ્ઞાનરૂપ જબ જીવ પરનમ્યા, તબ હી રાગ-દ્વેષ-મોહ (રૂપ) ચિત્ વિકાર આશ્રવસ્યૌં રહિત ભયા." - **તત્ત્વચિંતક શ્રી દીપચંદ્રજી કૃત આત્માવલોકન**

"જન્મ, જરા, મરણ મુખ્યપણે દુઃખ છે, તેનું બીજ કર્મ છે. કર્મનું બીજ રાગ દ્વેષ છે અથવા આ પ્રમાણે પાંચ કારણ છે - મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ. પહેલા કારણનો અભાવ થયે બીજાનો અભાવ, પછી ત્રીજાનો, પછી ચોથાનો અને છેવટે પાંચમા કારણનો અભાવ થવાનો ક્રમ છે. મિથ્યાત્વ મુખ્ય મોહ છે, અવિરતિ ગૌણ મોહ છે. પ્રમાદ અને કષાય અવિરતિમાં અંતર્ભાવી શકે છે. યોગ સહચારીપણે ઉત્પન્ન થાય છે. ચારે વ્યતીત થયા પછી પૂર્વ હેતુથી યોગ હોઈ શકે."

- શ્રીમદ્ રાજચંદ્ર, અંક-૫૫૫

'જગત્‌ની મોહ-માયા જાલમાં લપટાવનાર નામચીન મોહનીય કર્મના બે ભેદ - દર્શનમોહ અને ચારિત્રમોહ. તેમાં (૧) દેહાદિ પરવસ્તુમાં આત્મભ્રાંતિ રૂપ દર્શનમોહને લીધે જીવને મિથ્યાદર્શન અથવા મિથ્યાત્વ હોય અને તેથી ચારિત્રમોહ પણ ઉપજે છે. (૨) એટલે પરભાવમાં આત્મબુદ્ધિ હોવાથી જીવ પરભાવથી વિરામ પામતો નથી ને અવિરતિ અવિરતિ રહે છે. (૩) આમ પરભાવ પ્રત્યે ગમન-પરિણમન કરતો હોવાથી તે સ્વરૂપ-ભ્રષ્ટતા રૂપ પ્રમાદને પામે છે. (૪) અને તે પરભાવની પ્રાપ્તિ - અપ્રાપ્તિના નિમિત્તે તે ક્રોધાદિ કષાય કરી રાગદ્વેષાદિ વિભાવ ભાવને ભજે છે. (૫) તેથી ક્ષોભ પામેલા તેના મન-વચન-કાયાના યોગ પ્રવૃત્તિ પણ તે પરભાવની પ્રાપ્તિ અર્થે તદનુકૂલપણે મુખ્યપણે પ્રવર્ત્તે છે. આમ મૂળ અવિદ્યારૂપ આત્મભ્રાંતિને લીધે જ મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ આશ્રવ દ્વાર - કર્મ આગમનના ગરનાળા ખુલ્લા રહે છે. એટલે તે બંધહેતુઓથી આત્મા કર્મથી બંધાય છે અને કર્મની બેડીથી બંધાયેલો આ જીવ ભવભ્રમણ દુઃખ પામે છે.

'યોગદૃષ્ટિ સમુચ્ચય' સવિવેચન ઉપોદ્‌ઘાત (ડૉ. ભગવાનદાસ કૃત) પૃ. ૮-૯






હવે જ્ઞાનીને તેનો અભાવ દર્શાવે છે -

**णत्थि दु आसवबंधो सम्मादिट्ठिस्स आसवणिरोहो ।**

**संते पुव्वणिबद्धे जाणदि सो ते अबंधंतो ॥१६६॥**

આસ્રવ બંધ ન સમ્યગ્દૃષ્ટિને રે, આસ્રવ નિરોધ હોય;

પૂર્વ નિબદ્ધ સત્તામાંહિ રહ્યા રે, જાણે અબંધતો સોય... આસ્રવ ભાવ. ૧૬૬

**અર્થ** - પણ સમ્યગ્દૃષ્ટિને આસ્રવબંધ નથી, આસ્રવનિરોધ છે, સત્તામાં રહેલા તે પૂર્વ નિબદ્ધોને (આસ્રવોને) તે - નહિ બાંધતો સતો - જાણે છે. ૧૬૬

## आत्मख्याति टीका

अथ ज्ञानिनस्तदभावं दर्शयति -

**नास्ति त्वास्रवबंधः सम्यग्दृष्टेरास्रवनिरोधः ।**

**संति पूर्वनिबद्धानि जानाति स तान्यबध्नन् ॥१६६॥**

यतो हि ज्ञानिनो ज्ञानमयैर्भावैरज्ञानमया भावाः परस्परविरोधिनो अवश्यमेव निरुध्यंते ततोऽज्ञानमयानां भावानां रागद्वेषमोहानां आस्रवभूतानां निरोधात् **ज्ञानिनो भवत्येव आस्रवनिरोध** अतो **ज्ञानी नास्रवनिमित्तानि पुद्गलकर्माणि बध्नाति,** नित्यमेवाकर्तृकत्वात्तानि नवानि न बध्नत् **सदवस्थानि पूर्वबद्धानि** ज्ञानस्वभावत्वात्केवलमेव **जानाति** ॥१६६॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

કારણકે નિશ્ચયે કરીને જ્ઞાનીને જ્ઞાનમય ભાવોથી પરસ્પર વિરોધી અજ્ઞાનમય ભાવો અવશ્યમેવ નિરુંધાય, તેથી અજ્ઞાનમય ભાવોના - આસ્રવભૂત રાગ-દ્વેષ-મોહના નિરોધને લીધે જ્ઞાનીને આસ્રવનિરોધ હોય જ. એથી કરીને **જ્ઞાની આસ્રવ નિમિત્ત પુદ્ગલ કર્મો બાંધતો નથી,** નિત્યમેવ અકર્તૃકપણાને લીધે તે નવા ન બાંધતો તે **સદ્ અવસ્થાવાળા પૂર્વબદ્ધોને** - જ્ઞાનસ્વભાવપણાને લીધે - કેવલ જ **જાણે છે. ૧૬૬**

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''મોહ ભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહિયે જ્ઞાની દશા, બાકી કહીએ ભ્રાંત.''

**- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૩૯**

---

**आत्मभावना -**

अथ - હવે ज्ञानिनः - જ્ઞાનીને तदभावं - તેનો - આસ્રવનો અભાવં - અભાવ दर्शयति - દર્શાવે છે - सम्यग्दृष्टेस्तु - પણ સમ્યગ્દૃષ્ટિને તો नास्ति आस्रवबंधः - આસ્રવ - બંધ છે નહિ, आस्रवनिरोधः - આસ્રવ નિરોધ છે, संति पूर्व निबद्धानि, સત્ - સત્તામાં રહેલા પૂર્વ નિબદ્ધ - પૂર્વે નિબદ્ધ કરેલા - બાંધેલા એવા તેઓને अबध्नन् - ન બાંધતો स जानाति - તે સમ્યગ્ દૃષ્ટિ - જ્ઞાની જાણે છે. ॥ इति गाथा आत्मभावना ॥१६६॥

यतो हि - કારણકે સ્ફુટપણે નિશ્ચયે કરીને ज्ञानिनो - જ્ઞાનીને ज्ञानमयै र्भावैः - જ્ઞાનમય ભાવોથી अज्ञानमया भावाः - परस्परविरोधिनो - અજ્ઞાનમય ભાવો પરસ્પર વિરોધી अवश्यमेव निरुंध्यंते - અવશ્યમેવ - અવશ્ય જ નિરુંધાય છે - નિતાંતપણે રુંધાય છે - રોકાય છે, તેથી શું ? ततो ज्ञानिनो भवत्येवावनिरोधः - તેથી જ્ઞાનીને આસ્રવ નિરોધ હોય જ છે. શાને લીધે ? रागद्वेषमोहानां आस्रवभूतानां निरोधात् - આસ્રવ નિમિત્ત - આસ્રવ જેનું નિમિત્ત છે એવા પુદ્ગલ કર્મો નથી બાંધતો અને આમ - नित्यमेवाकर्तृकत्वात् - નિત્યમેવ - સદાય અકર્તૃકપણાને લીધે અલ્પ પણ કર્તાભાવના અભાવને લીધે तानि नवानि न बध्नन् - તે નવાં ન બાંધતો पूर्वबद्धानि - પૂર્વબદ્ધોને - પૂર્વે બાંધેલ કર્મોને केवलमेव जानाति - કેવલ જ - માત્ર જ જાણે છે. પૂર્વબદ્ધ કેવા ? सदवस्थानि - સદ્ અવસ્થાવાળા, સત્તામાં રહેલા. શાને લીધે જાણે છે ? ज्ञानस्वभावत्वात् - જ્ઞાન સ્વભાવપણાને લીધે. ॥ इति 'आत्मख्याति' आत्मभावना ॥१६६॥

પણ જ્ઞાનીને તો રાગ-દ્વેષ-મોહ એ અજ્ઞાનમય ભાવોનો અભાવ જ હોય છે એમ અત્ર દર્શાવ્યું છે અને તેનું વ્યાખ્યાન કરતાં 'આત્મખ્યાતિ'કારજી વદે છે - કારણકે નિશ્ચયે કરીને જ્ઞાનીને અજ્ઞાનમય ભાવો અવશ્યમેવ - અવશ્ય જ નિરુંધાય છે - રોકાય છે, શાથી ? જ્ઞાનમય ભાવોથી, તે જ્ઞાનીને આસ્રવ નિરોધ હોય જ છે. શાને લીધે ? આસ્રવભૂત એવા રાગ-દ્વેષ-મોહના નિરોધને લીધે. કેવા છે આ રાગ-દ્વેષ-મોહ ? અજ્ઞાનમય ભાવો. આમ અજ્ઞાનમય ભાવ એવા આસ્રવભૂત રાગ-દ્વેષ-મોહના નિરોધને લીધે જ્ઞાનીને આસ્રવ નિરોધ હોય જ છે, એથી કરીને જ્ઞાની આસ્રવ નિમિત્ત એવા પુદ્ગલ કર્મો બાંધતો નથી અને આમ નિત્યમેવ - સદાય અકર્ત્તાપણાને લીધે નવાં કર્મો ન બાંધતો તે સદ્ અવસ્થાવાળા - સત્તામાં રહેલા પૂર્વબદ્ધ - પૂર્વે બાંધેલા કર્મોને કેવલ જ - માત્ર જ જાણે છે, શાને લીધે ? જ્ઞાન સ્વભાવપણાને લીધે - 'ज्ञानस्वभावत्वात् केवलमेव जानाति ।'

**જ્ઞાનીને આસ્રવ નિરોધ, અબંધ**

અર્થાત્ અજ્ઞાનીને ભલે રાગ-દ્વેષ-મોહ હો, પણ જ્ઞાનીને તો રાગ-દ્વેષ-મોહ એ અજ્ઞાનમય ભાવોનો અભાવ જ હોય છે એમ અત્ર પ્રતિપાદન કર્યું છે. જેણે સ્વ-પરનો ભેદ દીઠો છે અને આત્મસ્વરૂપને જાણ્યું છે એવા સમ્યગ્દૃષ્ટિ આત્મજ્ઞ જ્ઞાનીને જ્ઞાનમય ભાવો જ હોય. એટલે જ્ઞાનીને આ જ્ઞાનમય ભાવો વડે કરીને - 'ज्ञानमयैः भावैः' - તેના પ્રતિપક્ષ રૂપ અજ્ઞાનમય ભાવો અવશ્યમેવ નિરુંધાય છે - 'अज्ञानमयाः भावाः अवश्यमेव निरुंध्यते', નિશ્ચયે કરીને નિતાંતપણે - અત્યંતપણે રોધાય છે - રોકાય છે. કારણકે જ્યાં જ્ઞાનમય ભાવો છે ત્યાં અજ્ઞાનમય ભાવો નથી અને જ્યાં અજ્ઞાનમય ભાવો છે ત્યાં જ્ઞાનમય ભાવો નથી એમ બન્નેનો પરસ્પર વિરોધી છે. એથી કરીને રાગ-દ્વેષ-મોહ જે આત્મામાં આસ્રવતા અજ્ઞાનમય ભાવો છે, તે આ 'આસ્રવભૂત અજ્ઞાનમય ભાવોનો' જ્ઞાનીને 'નિરોધ' (અટકાયત - રુકાવટ) હોય છે અને આ રાગાદિ આસ્રવભૂત અજ્ઞાનમય ભાવોનો જ્ઞાનીને નિરોધ હોય છે, એથી કરીને તે રાગાદિ ભાવ આસ્રવોના નિમિત્તે ઉદ્ભવતા ઈતર દ્રવ્ય આસ્રવોનો પણ જ્ઞાનીને આપોઆપ નિરોધ હોય છે. આમ જ્ઞાનીને ભાવથી અને દ્રવ્યથી સર્વથા આસ્રવનિરોધ હોય જ છે અને આમ આસ્રવનિરોધ હોય છે એટલે બંધનિરોધ પણ હોય જ છે, કારણકે બંધ આસ્રવ પૂર્વક હોય છે, આસ્રવ થાય તો જ પછી બંધ થાય છે, એથી 'જ્ઞાની આસ્રવ નિમિત્ત પુદ્ગલ કર્મો બાંધતો નથી' - આસ્રવ જેનું નિમિત્ત છે એવા પુદ્ગલકર્મો બાંધતો નથી, અબંધક જ હોય છે. આ પ્રકારે नित्यमेवाकर्तृकत्वात्तानि न बध्नन् - 'નિત્યમેવ અકર્તૃકપણાને લીધે નવાં ન બાંધતો' તે સત્તામાં રહેલા - 'સદ્ અવસ્થાવાળા પૂર્વબદ્ધોને' (પૂર્વે બાંધેલાને) જ્ઞાન સ્વભાવપણાને લીધે 'કેવલ જ જાણે છે.' કારણકે જાણપણું - જ્ઞાન એ તો જ્ઞાનીનો - આત્માનો સ્વભાવ છે અને સ્વભાવનો તો કોઈ કાળે નાશ ન થાય, એટલે જ્ઞાન સ્વભાવપણાને લીધે જ્ઞાની તે સત્તામાં વર્ત્તતા પૂર્વબદ્ધ કર્મોને માત્ર જાણે જ છે, પણ જૂનાં કર્મ સાથે નવાં કર્મનું અનુસંધાન (Link) કરવા રૂપ બંધ નહિ બાંધતો તે કર્મ કરતો જ નથી. તાત્પર્ય કે - જ્ઞાની કર્મનો કર્ત્તા - બંધક મટી જઈ અકર્ત્તા-અબંધક હોય છે અને રાગ-દ્વેષ-મોહ રૂપ અજ્ઞાનમય આસ્રવ ભાવ રહિતપણે કેવલ દૃષ્ટા જ્ઞાયક જ રહે છે. આવી અદ્ભુત જ્ઞાની દશાનો જીવનમાં સત્યંકાર કરનારા **પરમ આત્મદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીના** ટંકોત્કીર્ણ વચનામૃત છે કે -

**જ્ઞાનમય ભાવોથી રાગાદિ અજ્ઞાનમય ભાવોનો નિરોધ : જ્ઞાની અબંધ અકર્ત્તા, કેવલ જ્ઞાતા જ**

''ઉદય આવેલાં પ્રાચીન કર્મો ભોગવવાં, નૂતન ન બંધાય એમાં જ આપણું આત્મહિત છે. એ શ્રેણીમાં વર્ત્તન કરવા મારી પ્રપૂર્ણ આકાંક્ષા છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૦**

કારણકે જે ખરેખરો જ્ઞાની છે તેને 'સમ્યગ્ જ્ઞાન સુધારસ ધામ' એવો આત્મા જાગ્યો છે અને નિજ - પરભાવના ભેદજ્ઞાન રૂપ સહજ વિવેક પ્રગટ્યો છે, એટલે તેનો અંતરાત્મા સાધ્ય એવા આત્મ સ્વભાવનું સાધન સાધવામાં સ્થિત થયો છે - 'ઠર્યો છે' અને તેની જ્ઞાયકતા સર્વથા શુદ્ધ સહજાત્મ

'જાગ્યો સમ્યગ્ જ્ઞાન સુધારસ ધામ જો'


સ્વરૂપ સાધ્યને આલંબનારી થઈ, સ્થિર નિજ પરિણતિ સ્થિર નિજ ધર્મરસને સ્થાપે છે. એટલે પછી વિરસ પરપરિણતિની રીઝ છોડી દઈ એના અંતરાત્માને નિજ પરિણતિનો સરસ અમૃત રસ ઈષ્ટ લાગ્યો છે, એથી કરીને તેને સહેજે આસ્રવ ભાવની ચાલ છૂટી ગઈ છે અને આત્મભાવમાં સંવૃતપણે સ્થિતિ કરવા રૂપ જાલીમ - ઉગ્ર સંવર ભાવ પ્રગટ્યો છે અને તે ભાવિતાત્મા પરમ સંવેગરંગથી ભાવે છે કે - હે ચિદાનંદ ચેતન ! તમે પરભાવમાં આત્મબુદ્ધિ રૂપ મોહદશા આત્માથી અળગી - જૂદી કરો અને આત્મ સ્વભાવમાં સંવૃત થઈ જવારૂપ સમ્યક્ સંવરનો ભેખ ધારણ કરો અને એમ કરશો ત્યારે હે ચિદાનંદ ! તમે સોળે કળાએ પૂર્ણ અમૃતવર્ષી આત્મચંદ્રની રેખા - નિશાની દેખશો.


''જગત દિવાકર શ્રી નમીશ્વર સ્વામ જો, તુજ મુખ દીઠે નાઠી ભૂલ અનાદિની રે લો,
જાગ્યો સમ્યગ્ જ્ઞાન સુધારસ ધામ જો, છાંડિ દુર્જય મિથ્યા નિંદ પ્રમાદની રે લો;
સહેજે પ્રગટ્યો નિજ પરભાવ વિવેક જો, અંતર આતમ ઠહર્યો સાધન સાધવે રે લા.
સાધ્યાલંબી થઈ જ્ઞાયકતા છેક જો, નિજ પરિણતિ થિર નિજ ધર્મ રસ ઠવે રે લો.
ત્યાગીને સવિ પરપરિણતિ રસ રીઝ જો, જાગી છે નિજ અંતર આતમ ઈષ્ટતા રે લો,
સહેજે છૂટી આસ્રવ ભાવની ચાલ જો, જાલીમ એ પ્રગટી છે સંવર શિષ્ટતા રે લો.''


- **શ્રી દેવચંદ્રજી**

''મોહ દશા અળગી કરો, ધારો સુસંવર ભેખ,
ચિદાનંદ તવ દેખીએ પ્યારે, શશિ સ્વભાવ કી રેખ.'' - **શ્રી ચિદાનંદજી, પદ-૪**

**આકૃતિ**



હવે રાગ-દ્વેષ-મોહનું આસ્રવપણું નિયમે છે -

**भावो रागादिजुदो जीवेण कदो दु बंधगो भणिदो ।**
**रायादिविप्पमुक्को अबंधगो जाणगो णवरि ॥१६७॥**

રાગાદિ યુત ભાવ જીવે કર્યો રે, બંધક ભાખ્યો શાસ્ત્ર;
રાગ આદિથી મુક્ત તે સર્વથા રે, અબંધક જ્ઞાયક માત્ર... આસ્રવ. ૧૬૭

**અર્થ** - જીવથી કરાયેલો રાગાદિ યુત ભાવ જ બંધક કહ્યો છે, રાગાદિ વિપ્રમુક્ત (સર્વથા પ્રમુક્ત) ભાવ જ અબંધક એવો કેવલ જ્ઞાયક જ છે. ૧૬૭

## आत्मख्याति टीका

अथ रागद्वेषमोहानामास्रवत्वं नियमयति -

**भावो रागादियुतः जीवेन कृतस्तु बंधको भणितः ।**
**रागादिविप्रमुक्तोऽबंधको ज्ञायको नवरि ॥१६७॥**

इह खलु रागद्वेषमोहसंपर्कजो ऽज्ञानमय एव **भावः** अयस्कांतोपलसंपर्कज इव कालायससूचीं कर्म कर्तुमात्मानं चोदयति,

तद्विवेकजस्तु ज्ञानमयः अयस्कांतोपलविवेकज इव कालायससूचीं अकर्मकरणौत्सुक्यमात्मानं स्वभावेनैव स्थापयति ।

ततो **रागादिसंकीर्णोऽ**ज्ञानमय एव कर्तृत्वे चोदकत्वाद् **बंधकः,**

**तदसंकीर्णस्तु** स्वभावोद्भासकत्वात् केवलं **ज्ञायक एव न** मनागपि **बंधकः** ॥१६७॥

---

**आत्मभावना -**

अथ - હવે रागद्वेषमोहानां - રાગ - દ્વેષ - મોહનું आस्रवत्वं - આસ્રવપણું नियमयति - નિયમે છે - जीवेन कृतः - જીવથી કરાયેલો भावः रागादियुतः तु - ભાવ રાગાદિ - રાગાદિથી વિપ્રમુક્ત - વિશેષે કરીને પ્રકૃષ્ટપણે મુક્ત એવો ભાવ अबंधको - अबंधक - बंध नहि करनारो ज्ञायको नवरि - કેવલ જ્ઞાયક જ છે. ॥१६७॥ इति **गाथा** आत्मभावना ॥१६७॥

इह खलु - અહીં ખરેખર ! નિશ્ચયે કરીને रागद्वेषमोहसंपर्कजो - રાગ-દ્વેષ-મોહના સંપર્કથી - સંસર્ગથી જન્મેલો अज्ञानमय एव भावः - અજ્ઞાનમય જ ભાવ कर्म कर्तुमात्मानं चोदयति - કર્મ કરવાને આત્માને પ્રેરે છે. કોની જેમ ? अयस्कांतोपलसंपर्कज इव कालायससूचीं - અયસ્કાંતોપલના - લોહચુંબકના સંપર્ક - સંસર્ગથી જન્મેલો (ભાવ) જેમ કાલાયસસૂચીને - લોહસૂચિને - લોઢાની સોયને. तद्विवेकजस्तु ज्ञानमयः - તેના રાગ - દ્વેષ - મોહના વિવેકથી - પૃથક્ કરણથી જન્મેલો જ્ઞાનમય ભાવ તો अकर्मकरणौत्सुक्यमात्मानं स्वभावेनैव स्थापयति - કર્મકરણના - કરવાના ઔત્સુક્યનો - ઉત્સુકપણાનો જેને અભાવ છે એવા આત્માને અયસ્કાંતોપલના - લોહચુંબકના વિવેકથી - પૃથક્ કરણથી જન્મેલો (ભાવ) જેમ કાલાયસ સૂચીને - લોહ સૂચીને - લોઢાની સોયને.

આ પરથી શું ફલિત થાય છે ? ततो - તેથી કરીને रागादिसंकीर्णो - રાગાદિથી - રાગ - દ્વેષ - મોહથી સંકીર્ણ - સંમિશ્ર - સેળભેળવાળો એવો अज्ञानमय एव - અજ્ઞાનમય જ ભાવ बंधकः - બંધક - બંધ કરનારો છે, શાને લીધે ? कर्तृत्वे चोदकत्वात् - કર્તૃત્વમાં - કર્તાપણામાં પ્રેરકપણાને લીધે. પરંતુ तदसंकीर्णस्तु - તેનાથી - તે રાગાદિથી અસંકીર્ણ - અમિશ્ર ભાવ તો केवलं ज्ञायक एव - કેવલ - માત્ર જ્ઞાયક જ - જાણનાર જ છે, न मनागपि बंधकः - જરા પણ બંધક - બંધ કરનારો નથી. શાને લીધે ? स्वभावोद्भासकत्वात् - સ્વભાવના ઉદ્ભાસકપણાને લીધે - અત્યંત પ્રકાશકપણાને લીધે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१६७॥

## આત્મખ્યાતિ ટીકા

અહીં નિશ્ચયે કરીને રાગ-દ્વેષ-મોહ સંપર્કજ
અજ્ઞાનમય જ ભાવ -
લોહ ચુંબક સંપર્કજ (ભાવ) જેમ લોહ સૂચિને
આત્માને કર્મ કરવાને પ્રેરે છે -
પરંતુ તદ્ વિવેકજ (રાગાદિ વિવેક જ)
જ્ઞાનમય (ભાવ)
લોહચુંબક વિવેકજ (ભાવ) જેમ લોહ સૂચિને
કર્મકરણ ઔત્સુક્યનો જ્યાં અભાવ છે એવા આત્માને સ્વભાવથી જ સ્થાપે છે,

તેથી કરીને રાગાદિથી સંકીર્ણ અજ્ઞાનમય જ
કર્તૃત્વમાં પ્રેરકપણાને લીધે -
બંધક છે, -
પણ તેનાથી (રાગાદિથી) અસંકીર્ણ (અમિશ્ર) તો -
સ્વભાવના ઉદ્ભાસકપણાને લીધે - કેવલ જ્ઞાયક જ છે,
નહિ કે જરા પણ બંધક. ૧૬૭

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાનને પ્રતિબંધક રાગ-દ્વેષ છે.'' - શ્રીમદ્ રાજચંદ્ર, હાથનોંધ

''રાગ દ્વેષ જગ બંધ કરત હૈ, ઈનકો દૂર કરેંગે, અબ હમ અમર ભયેં ન મરેંગે.''

- આનંદઘન પદ, ૪૨

રાગ-દ્વેષ-મોહનું આસ્રવપણું છે - રાગ - દ્વેષ - મોહ એ જ આસ્રવ ભાવ છે એવો 'નિયમ' - ત્રણે કાળમાં ન ફરે એવો સિદ્ધાંત રૂપ નિશ્ચય આ ગાથામાં કર્યો છે - 'રાગાદિથી' - રાગ - દ્વેષ - મોહથી યુક્ત એવો જીવથી કરાયેલો ભાવ જ 'બંધક' - બંધ કરનારો કહ્યો છે, રાગાદિથી 'વિપ્રમુક્ત' - વિશેષે કરીને પ્રકૃષ્ટપણે મુક્ત - સર્વથા મુક્ત ભાવ 'અબંધક' - બંધ નહિ કરનારો એવો કેવલ - માત્ર 'જ્ઞાયક જ' - જાણનાર જ છે. આ વસ્તુ આચાર્યવર્ય અમૃતચંદ્રજીએ અત્રે લોહચુંબક ને લોહસૂચિના અદ્ભુત દૃષ્ટાંતથી પોતાની અનન્ય લાક્ષણિક શૈલીમાં સાંગોપાંગ બિંબ-પ્રતિબિંબ ભાવે સ્પષ્ટ સમજાવી અત્યંત સમર્થિત કરી છે - અહીં 'રાગ-દ્વેષ-મોહ સંપર્કજ' - રાગ - દ્વેષ - મોહના સંપર્કથી - સંસર્ગથી જન્મેલો અજ્ઞાનમય જ ભાવ કર્મ કરવાને આત્માને પ્રેરે છે. કોની જેમ ? 'અયસ્કાંતોપલ સંપર્કજ જેમ કાલાયસ સૂચીને', અયસ્કાંતોપલના - લોહ ચુંબકના સંપર્કથી - સંસર્ગથી જન્મેલો ભાવ જેમ લોહસૂચિને - લોઢાની સોયને પ્રેરે છે તેમ. પરંતુ 'તદ્ વિવેકજ' - તે રાગ - દ્વેષ - મોહના 'વિવેકથી' - પૃથક્ કરણથી - પૃથગ્ ભાવથી - અલગપણાથી જન્મેલો જ્ઞાનમય ભાવ તો કર્મકરણના - કર્મ કરવાના ઔત્સુક્યનો - ઉત્સુકપણાનો જ્યાં અભાવ છે એવા આત્માને સ્વભાવથી જ સ્થાપે છે. કોની જેમ ? 'અયસ્કાંતોપલ વિવેક જેમ કાલાયસ સૂચીને', લોહ ચુંબકના 'વિવેકથી' - પૃથક્ કરણથી - પૃથગ્ ભાવથી - અલગપણાથી જન્મેલો ભાવ જેમ લોહસૂચિને - લોઢાની સોયને. તેથી શું ? રાગાદિથી સંકીર્ણ - સંમિશ્ર - સેળભેળવાળો અજ્ઞાનમય જ ભાવ 'બંધક' - બંધ કરનારો છે, પરંતુ તેનાથી - તે રાગાદિથી અસંકીર્ણ - અસંમિશ્ર ભાવ તો 'કેવલ' - માત્ર જ્ઞાયક જ - જાણનારો જ છે, જરા પણ બંધક - બંધ કરનારો નથી. શાને લીધે ? સ્વભાવના ઉદ્ભાસકપણાને લીધે - અત્યંત પ્રકાશકપણાને લીધે - स्वभावोद्भासकत्वात् ।

રાગ-દ્વેષ-મોહ અજ્ઞાનમય જ ભાવ બંધક : લોહ ચુંબકનું દૃષ્ટાંત

અર્થાત્ - અહીં - આ લોકને વિષે ખરેખર ! નિશ્ચયે કરીને - 'रागद्वेषमोहसंपर्कज अज्ञानमय एव


भावः' - રાગ - દ્વેષ - મોહ સંપર્કજ અજ્ઞાનમય જ ભાવ આત્માને કર્મ કરવાને પ્રેરે છે, રાગ-દ્વેષ-મોહના સંપર્કજન્ય - સંસર્ગજન્ય, સંપર્કથી - સંસર્ગથી (Contact, touch or association) જન્મેલો - ઉપજેલો અજ્ઞાનમય જ ભાવ આત્માને કર્મ કરવાને પ્રેરે છે - ધકેલે છે (Propels, Inspires). એટલે કે રાગ સંપર્કથી કે દ્વેષ સંપર્કથી કે મોહ સંપર્કથી ઉપજેલો ભાવ એક અજ્ઞાનમય જ ભાવ છે અને તે અજ્ઞાનમય ભાવ જ હું આ કરૂં ને હું તે કરૂં એમ કર્મ કરવાને આત્માને પ્રેરે છે - ધકેલે છે. કોની જેમ ? તો કે - अयस्कांतोपलसंपर्कज इव कालायससूचीं - 'લોહ ચુંબક સંપર્કજ જેમ લોહ સૂચિને', લોહચુંબકના સંપર્ક જન્ય - સંસર્ગ જન્ય ભાવ જેમ લોહસૂચિને - લોઢાની સોયને કર્મ કરવાને પ્રેરે છે - લોહચુંબકના સંપર્કથી - સંસર્ગથી ઉપજેલો ભાવ જેમ લોઢાની સોયને લોહચુંબક પ્રતિ આકર્ષાવા રૂપ કર્મ કરવાને પ્રેરે છે - ધકેલે છે (Propels) તેમ. લોહચુંબકનો સંપર્ક - પાસ હોય તો લોઢાની સોય તેના પ્રત્યે આકર્ષાય છે - ખેંચાય છે, તેમ રાગાદિ ભાવનો સંપર્ક - પાસ હોય તો આત્મા કર્મ કરવા પ્રેરાય છે. પણ આથી ઉલટું, 'तद्विवेकज ज्ञानमयः' - 'તદ્ વિવેકજ' (રાગાદિ વિવેકજ) જ્ઞાનમય ભાવ કર્મ કરણ ઔત્સુક્ય જ્યાં નથી એવા આત્માને સ્વભાવથી જ સ્થાપે છે - 'अकर्मकरणौत्सुक्यमात्मानं स्वभावेनैव स्थापयति ।' રાગાદિના વિવેકજન્ય - વિવેકથી ઉપજેલો જ્ઞાનમય ભાવ તો કર્મ કરણનું - કર્મ કરવાનું ઔત્સુક્ય - ઉત્સુકપણું - ઉત્કંઠિતપણું જ્યાં નથી એવા આત્માને 'સ્વભાવથી જ' - સ્વ ભાવથી જ - પોતાના આત્મભાવથી જ સ્થાપે છે. કોની જેમ ? તો કે - 'લોહચુંબક વિવેકજ જેમ લોહ સૂચિને, લોહ ચુંબકના વિવેક જન્ય - વિવેકથી - પૃથક્ કરણથી - અલગપણાથી - પૃથગ્‌પણાથી ઉપજેલો ભાવ જેમ લોહસૂચિને - લોઢાની સોયને લોહચુંબક પ્રતિ આકર્ષાવા રૂપ કર્મ કરણનું - કર્મ કરવાનું ઔત્સુક્ય - ઉત્સુકપણું જ્યાં નથી એવા 'સ્વભાવથી જ' - સ્વ ભાવથી જ - સોયના પોતાના સ્વ સ્થાને સ્થિતિ રૂપ આત્મભાવથી જ સ્થાપે છે તેમ.


**રાગાદિ સંપર્કજ અજ્ઞાનમય જ ભાવકર્મ પ્રેરક, બંધક**

અર્થાત્ લોહચુંબકનો લોહસૂચિને સંપર્ક ન થાય એમ જો લોહસૂચિને લોહચુંબકનો વિવેક - પૃથગ્ ભાવ - અલગ ભાવ (Interception) કર્યો હોય, તો લોઢાની સોય લોહચુંબક પ્રત્યે આકર્ષાતી નથી - ખેંચાતી નથી, પણ લોહચુંબક ભણી આકર્ષાવા રૂપ કર્મ કરવાના ઉત્સુકપણાથી રહિત એવા આત્માના - પોતાના સ્વ સ્થાને સ્થિતિ રૂપ સ્વભાવમાં જ સ્થપાય છે, તેમ રાગાદિ ભાવનો આત્માને સંપર્ક ન થાય એમ જો આત્માનો રાગાદિ ભાવથી પૃથક્ કરણરૂપ વિવેક - પૃથગ્ ભાવ - અલગ ભાવ (Interception, Detachment) કર્યો હોય, તો આત્મા તે રાગાદિ પ્રત્યે આકર્ષાતો નથી - ખેંચાતો નથી, પણ રાગાદિ ભણી આકર્ષાવા રૂપ કર્મ કરવાના ઉત્સુકપણાથી રહિત એવા આત્માના - પોતાના સ્વભાવમાં જ સ્થપાય છે, તેથી કરીને - 'रागादि संकीर्णोऽज्ञानमयः' - રાગાદિથી સંકીર્ણ (સંમિશ્ર) એવો અજ્ઞાનમય જ ભાવ કર્તૃત્વમાં પ્રેરકપણાને લીધે બંધક છે, 'कर्तृत्वे प्रेरकत्वाद् बंधकः ।' રાગાદિથી 'સંકીર્ણ' - સંમિશ્ર - સંયુક્ત - સાંકડો - સંકોચાયેલો - કુંઠિત થયેલો એવો જે અજ્ઞાનમય ભાવ છે, તે જ આત્માને કર્મ કરવાને પ્રેરતો - ધકેલતો (Inspiring, propelling) હોઈ, કર્તાપણા પરત્વે પ્રેરકપણાને લીધે બંધક છે, બંધ કરનાર છે. પણ એથી ઉલટું, 'तदसंकीर्णो तु' - તેનાથી - રાગાદિથી અસંકીર્ણ (અસંમિશ્ર) તો સ્વભાવના ઉદ્‌ભાસકપણાને લીધે કેવલ જ્ઞાયક જ છે, નહિ કે જરા પણ બંધક - 'स्वभावोद्‌भासकत्वात् केवलं ज्ञायक एव न मनागपि बंधकः ।' તે રાગાદિથી 'અસંકીર્ણ' - અસંમિશ્ર - અસંયુક્ત - સાંકડો - સંકોચાયેલો નહિ એવો - અકુંઠિત ભાવ તો 'સ્વભાવના' - સ્વ ભાવના - આત્મભાવના ઉદ્‌ભાસકપણાને લીધે - અત્યંત પ્રકાશકપણાને લીધે 'કેવલ' - માત્ર 'જ્ઞાયક' - જાણનાર જ છે, જરા પણ - લેશ પણ બંધક - બંધ કરનાર નથી જ.

## આકૃતિ

| | | | | | |
|---|---|---|---|---|---|
| રાગ-દ્વેષ-મોહ સંપર્કજ | લોહચુંબક સંપર્કજ | તદ્ વિવેક જ | લોહ ચુંબક વિવેકજ | રાગાદિ સંકીર્ણ | તદ્ અસંકીર્ણજ |
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| અજ્ઞાનમય ભાવ | ભાવ | જ્ઞાનમય ભાવ | ભાવ | અજ્ઞાનમય ભાવ | સ્વભાવ ઉદ્ભાસકત્વથી ભાવ |
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| આત્મા | લોહ સોય | અકર્મકરણૌત્સુક્ય આત્માને | લોહ સોય | કર્તૃત્વે પ્રેરક | કેવલ જ્ઞાયક એવ |
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| કર્મ પ્રેરણા | પ્રેરણા | સ્વભાવે જ સ્થાપે છે | સ્વભાવે જ થાપે છે | બંધક | ન જરા પણ બંધક |



હવે રાગાદિથી અસંકીર્ણ ભાવનો સંભવ દર્શાવે છે -

**पक्के फलंभि पडिए जह ण फलं बज्झए पुणो विंटे ।**

**जीवस्स कम्मभावे पडिए ण पुणोदयमुवेई ॥१६८॥**

પાકું ફલ પડ્યે જેમ જ ફરી રે, બીંટે ફલ ન બંધાય;

કર્મભાવ જીવનો તેમજ પડ્યે રે, ફરી ઉદયે ના જાય... આસ્રવ ભાવ. ૧૬૮

**અર્થ** - પક્વ (પાકું) ફલ પડી ગયે જેમ ફલ પુનઃ બીંટ સાથે બંધાતું નથી તેમ જીવનો કર્મભાવ પડી ગયે પુનઃ (ફરીથી) ઉદય પામતો નથી. ૧૬૮

## आत्मख्याति टीका

अथ रागाद्यसंकीर्णभावसंभवं दर्शयति -

**पक्वे फले पतिते यथा न फलं बध्यते पुनर्वृंते ।**

**जीवस्य कर्मभावे पतिते न पुनरुदयमुपैति ॥१६८॥**

**यथा** खलु **पक्वं फलं**
कृंतात्सकृद्**विश्लिष्टं सन्**
**न पुनर्वृंतसबंधमुपयाति,**

तथा **कर्मो**दयजो **भावो**
जीवभावात्सकृद्**विश्लिष्टः सन्**
**न पुनर्जीवभावमुपैति ।**

एवं ज्ञानमयो रागाद्यसंकीर्णो भावः संभवति ।

## આત્મખ્યાતિ ટીકાર્થ

**જેમ ખરેખર ! પક્વ ફલ**
**બીંટથી એકવાર વિશ્લિષ્ટ સતું**
**પુનઃ બીંટ સંબંધને નથી પામતું -**

**તેમ કર્મોદય જન્ય ભાવ**
**જીવભાવથી એકવાર વિશ્લિષ્ટ (વિખૂટો પડેલ) સતો**
**પુનઃ જીવભાવને નથી પામતો.**

એમ જ્ઞાનમય એવો રાગાદિથી અસંકીર્ણ ભાવ સંભવે છે. ૧૬૮

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

**''ઉદય અબંધ પરિણામે ભોગવાય તો જ ઉત્તમ છે.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૫**

---

**आत्मभावना -**

अथ - હવે - નીચેની ગાથામાં, रागाद्यसंकीर्णभावसंभवं - **રાગાદિથી અસંકીર્ણ** - સંકીર્ણ - મિશ્ર નહિ એવા ભાવનો સંભવ दर्शयति - દર્શાવે છે -


यथा - **જેમ** पक्वे फले पतिते - **પક્વ - પાકું ફલ પડી ગયે,** फलं पुनः वृंते न बध्यते - **ફલ પુનઃ ફરીથી વૃંતમાં** - **બીંટમાં બંધાતું નથી,** (તેમ) जीवस्य कर्मभावे पतिते - **જીવનો કર્મભાવ પડી ગયે** पुनः उदयं न उपैति - **પુનઃ** - **ફરીથી ઉદયને નથી પામતો.** ॥ **इति गाथा** आत्मभावना ॥१६८॥


यथा - **જેમ** खलु - **ખરેખર ! નિશ્ચયે કરીને** पक्वं फलं - **પક્વ** - **પાકું ફલ,** वृंतात् सकृद् विश्लिष्टं सन् - **વૃંતમાંથી** - **બીંટમાંથી એકવાર વિશ્લિષ્ટ** - **વિખૂટું પડેલું, સતું,** न पुनर्वृंतसंबंधमुपैति - **પુનઃ** - **ફરીથી વૃંત સંબંધને** - **બીંટ સાથે સંબંધને નથી પામતું,** तथा - **તેમ** कर्मोदयजो भावो - **કર્મોદય જન્ય ભાવ** जीवभावात् सकृद् विश्लिष्टः सन् - **જીવભાવમાંથી એકવાર વિશ્લિષ્ટ** - **વિખૂટો પડેલો સતો,** न पुन जीवभावमुपैति - **પુનઃ** - **ફરીથી જીવભાવને નથી પામતો.** આ પરથી શું ? एवं ज्ञानमयो रागाद्यसंकीर्णो भावो संभवति - **એમ જ્ઞાનમય એવો રાગાદિથી અસંકીર્ણ** - **અસંમિશ્ર ભાવ સંભવે છે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१६८॥


**રાગાદિથી અસંકીર્ણ જ્ઞાનમય ભાવનો સંભવ : ડીંટથી છૂટા પડેલા પાકા ફલનું દૃષ્ટાંત**

રાગાદિથી અસંકીર્ણ (અમિશ્ર) ભાવનો સંભવ અત્ર દર્શાવ્યો છે - 'પક્વ - પાકું ફળ પતિત થયે - પડી ગયે જેમ પુનઃ ફરીને બીંટ સાથે - ડિંટ સાથે બંધાતું નથી, તેમ કર્મભાવ પતિત થયે - પડી ગયે પુનઃ - ફરીથી ઉદય પામતો નથી.' આનો અપૂર્વ પરમાર્થ આ પ્રસ્તુત દૃષ્ટાંતનો બિંબ-પ્રતિબિંબ ભાવ દર્શાવી **પરમર્ષિ** અમૃતચંદ્રાચાર્યજીએ અપૂર્વ શૈલીથી વ્યાખ્યાત કર્યો છે. તે આ પ્રકારે - જેમ નિશ્ચયે કરીને ખરેખર ! પક્વ - પાકું ફળ, બિંટથી - ડીંટથી એકવાર વિશ્લિષ્ટ સતું - 'वृंतात् सकृद् विश्लिष्टं सत्' - એકવાર વિખૂટું પડ્યું સતું, પુનઃ બિંટ સંબંધને પામતું નથી, 'न पुनर्वृंतसंबंधमुपैति', ફરીને ડીંટડા સાથે સંબંધ - જોડાણ પામતું નથી, જોડાતું નથી, ચોંટતું નથી, તેમ **'કર્મોદયજન્ય ભાવ'** - કર્મના ઉદયથી - વિપાકથી જન્મેલો - ઉપજેલો એવો ઔદયિક ભાવ, જીવભાવથી એકવાર વિશ્લિષ્ટ સતો - 'जीवभावात् सकृद् विश्लिष्टः सन्', જીવમાંથી એકવાર વિખૂટો - છૂટો પડ્યો સતો (Detached), પુનઃ - ફરીને જીવભાવને પામતો નથી - 'न पुनर्जीवभावमुपैति', જીવ ભાવમાં જોડાતો નથી - ચોંટતો નથી. 'એમ જ્ઞાનમય એવો રાગાદિથી અસંકીર્ણ ભાવ સંભવે છે.' અર્થાત્ કર્મોદય થકી રાગાદિ જન્મે છે, પણ આ રાગાદિ ભાવ હું નથી ને મ્હારૂં સ્વરૂપ નથી - વિકૃત ભાવરૂપ વિભાવ રૂપ વિરૂપ છે એમ જાણતો જ્ઞાની તત્ક્ષણ જ તે રાગાદિ ભાવને જીવભાવથી - આત્મભાવથી વિશ્લિષ્ટ કરે છે, વિખૂટો પાડે છે, પૃથક્કરણ રૂપ વિવેકથી પૃથક્ - અલગ કરે છે અને તે કર્મોદય જન્ય રાગાદિ ઔદયિક ભાવ જીવભાવથી એકવાર વિખૂટો પડ્યો એટલે તે ફરી જીવભાવની સાથે જોડાતો નથી - ચોંટતો નથી, સંસક્ત થતો નથી - ડીંટડાથી એકવાર વિખૂટું પડેલું પાકું ફળ પડી ગયા પછી ફરીને ડીંટડા સાથે જોડાતું નથી - ચોંટતું નથી - સંસક્ત થતું નથી તેમ. એટલે એમ ઉક્ત પ્રકારે જ્યાં કેવલ જ્ઞાન જ્ઞાન ને જ્ઞાન જ છે એવા જ્ઞાનમય રાગાદિથી અસંકીર્ણ - અસંમિશ્ર - અકુંઠિત ભાવનો સંભવ છે જ.

આકૃતિ



જ્ઞાનનિર્વૃત ભાવ જ જેનો છે, એવા જ્ઞાનીને - આસ્રવભાવનો અભાવ એમ દર્શાવતો સમયસાર કળશ (૨) સંગીત કરે છે -

शालिनी

**भावो रागद्वेषमोहैर्विना यो, जीवस्य स्याद् ज्ञाननिर्वृत्त एव ।**
**रुंधन् सर्वान् द्रव्यकर्मास्रवौघान्, एषोऽभावः सर्वभावास्रवाणां ॥११४॥**

ભાવો રાગ દ્વેષ મોહો વિનાનો, જીવનો હોયે જે જ જ્ઞાને ઘડાયો;
અભાવો આ સર્વ ભાવાસ્રવોનો, રુંધતો સૌ દ્રવ્ય કર્માસ્રવોઘૌ. ૧૧૪

## અમૃત પદ-૧૧૪

'ભૈયા ! વિષમ આ સંસાર' - એ રાગ

જ્ઞાનીને આસ્રવ ભાવ અભાવ, જ્ઞાનીને આસ્રવ ભાવ અભાવ... (૨) ૧
રાગ દ્વેષ ને મોહ વિહોણો, ભાવ જીવનો સાવ,
જ્ઞાનમયો ને જ્ઞાનમયો ને, જ્ઞાનમયો જે ભાવ... જ્ઞાનીને. ૨
દ્રવ્ય કર્મ આસ્રવ ઓઘોને, સર્વ રુંધતો સાવ,
ભગવાન અમૃતચંદ્ર વદે આ, ભાવાસ્રવ અભાવ... જ્ઞાનીને. ૩

**અર્થ** - રાગ-દ્વેષ-મોહ વિના જીવનો જે ભાવ જ્ઞાનનિર્વૃત્ત જ (જ્ઞાનનો જ બનેલો, જ્ઞાનમય જ) હોય, તે આ સર્વ દ્રવ્ય કર્મ આસ્રવ ઓઘોને (સમૂહોને) રુંધતો એવો સર્વ ભાવ આસ્રવોનો અભાવ છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સર્વ સંગ મહાશ્રવ રૂપ તીર્થંકર કહ્યો છે, તે સત્ય છે.''

**''જ્ઞાને કરીને આત્મામાં ઉત્પન્ન થયેલો એવો નિશ્ચય બદલતો નથી કે સર્વ સંગ મોટા આસ્રવ છે.''**

**- શ્રીમદ્ રાજચંદ્ર, હાથનોંધ, ૪૭૫**


''વિદુષ રાગાદિક પર, કીને તાકે રોધ,
દ્રવ્ય કર્મ કો રોધ હે, તાતે નિર્મલ બોધ.'' - **શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્ય પ્રકાશ', ૨-૮**


**રાગ-દ્વેષ-મોહ વિના જીવનો જ્ઞાનમય જ ભાવ : દ્રવ્ય આસ્રવ ઓઘો રુંધતો ભાવ આસ્રવ અભાવ**

ઉપરમાં 'આત્મખ્યાતિ'ના ગદ્ય ભાગમાં જે કહ્યું, તેની પુષ્ટિમાં સારસમુચ્ચય રૂપ આ કળશ કહ્યો છે - રાગ-દ્વેષ-મોહ એ ભાવ આસ્રવ છે, 'भावो रागद्वेषमोहैर्विना यो' - તે આ રાગ-દ્વેષ-મોહ વિનાનો જે ભાવ જીવનો હોય તે **'જ્ઞાન નિર્વૃત જ'** હોય, 'जीवस्य स्याद् ज्ञाननिर्वृत एव', **જ્ઞાનનો જ બનેલો - ઘડેલો હોય, સર્વ પ્રદેશે જ્ઞાન જ્ઞાન ને જ્ઞાનમય જ હોય અને આવો રાગ-દ્વેષ-મોહ વિના જીવનો જે ભાવ જ્ઞાન નિર્વૃત જ હોય**, તે 'रुंधन् सर्वान् द्रव्यकर्मास्रवौघान्' - સર્વ દ્રવ્ય કર્મ આસ્રવ ઓઘોને - સમૂહોને રુંધતો એવો આ સર્વ ભાવ આસ્રવોનો અભાવ છે - एषोऽभावः सर्वभावास्रवाणां । અર્થાત્ જે ખરેખર ! નિશ્ચયે કરીને જ્ઞાની છે તે જ્ઞાનીને રાગ-દ્વેષ-મોહ એ ભાવ આસ્રવ સંભવતા નથી, એટલે રાગાદિ નિમિત્તે આસ્રવતા પુદ્ગલમય દ્રવ્ય આસ્રવના 'ઓઘો' - સમૂહો અથવા ધસ્યા આવતા પ્રવાહ રૂપ ધોધો આપોઆપ નિરુંધાઈ જાય છે - રોકાઈ જાય છે. એટલે કે રાગ-દ્વેષ-મોહ એ ભાવ આસ્રવ રોકયા એટલે પુદ્ગલકર્મ રૂપ દ્રવ્યાસ્રવ આપોઆપ (Automatically) રોકાઈ જાય છે. ભાવઆસ્રવનું મુખદ્વાર - મુખ્ય ગરનાળું (main gate, slulice) બંધ કર્યું એટલે તેને આધીન રહેલું દ્રવ્ય આસ્રવનું ઉપદ્વાર - ગરનાળું (Subordinate

sluice) આપોઆપ બંધ થઈ જાય છે, રાગાદિ-વિભાવનું આસ્રવ દ્વાર સંવૃત (બંધ) કર્યું એટલે પુદ્ગલમય પરભાવનું આસ્રવ દ્વાર આપોઆપ સંવૃત (બંધ, closed) થઈ જાય છે.

આકૃતિ






હવે જ્ઞાનીને દ્રવ્ય-આસ્રવ ભાવ અભાવ દર્શાવે છે -

**पुढवीपिंडसमाणा पुव्वणिबद्धा दु पच्चया तस्स ।**
**कम्मसरीरेण दु ते बद्धा सव्वेपि णाणिस्स ॥१६९॥**

પૂર્વ નિબદ્ધ પ્રત્યય તે જ્ઞાનિને રે, પૃથ્વી પિંડ સમાન;
કર્મ શરીરની સાથે બદ્ધ તે રે, સર્વે પણ એ જાણ !... આસ્રવ ભાવ. ૧૬૯

**અર્થ** - પૂર્વનિબદ્ધ પ્રત્યયો તો તે જ્ઞાનીને પૃથ્વી પિંડ સમાન છે, તે તો સર્વેય કર્મશરીરની સાથે બદ્ધ (બંધાયેલા) છે.

## आत्मख्याति टीका

अथ ज्ञानिनो द्रव्यास्रवाभावं दर्शयति -


**पृथ्वीपिंडसमानाः पूर्व निबद्धास्तु प्रत्ययास्तस्य ।**
**कर्मशरीरेण तु ते बद्धाः सर्वेऽपि ज्ञानिनः ॥१६९॥**

ये खलु **पूर्वं** अज्ञानेनैव बद्धा मिथ्यात्वाविरतिकषाययोगा द्रव्यास्रवभूताः **प्रत्ययाः** ते **ज्ञानिनः** द्रव्यांतरभूताचेतनपुद्गलपरिणामत्वात् **पृथ्वीपिंडसमानाः । ते तु सर्वेऽपि** स्वभावत एव **कार्मणशरीरेणैव संबद्धा** न तु जीवेन, अतः स्वभावसिद्ध एव द्रव्यास्रवाभावो ज्ञानिनः ।

## આત્મખ્યાતિ ટીકાર્થ

જે નિશ્ચયે કરીને **પૂર્વે** અજ્ઞાનથી જ બદ્ધ મિથ્યાત્વ - અવિરતિ - કષાય - યોગ દ્રવ્યાસ્રવ ભૂત **પ્રત્યયો છે. તે જ્ઞાનીને** - દ્રવ્યાંતરભૂત અચેતન પુદ્ગલ પરિણામપણાને લીધે - **પૃથ્વી પિંડ સમાન છે. તે તો સર્વેય** સ્વભાવથી જ **કાર્મણ શરીરની સાથે જ સંબદ્ધ છે** - નહિ કે જીવની સાથે. એથી કરીને જ્ઞાનીને દ્રવ્ય આસ્રવનો અભાવ સ્વભાવસિદ્ધ જ છે.

આકૃતિ




## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાનીનું જે માન્ય કરેલું (તત્ત્વ) સમ્મત કરીએ કે ઉદય આવેલાં પ્રાચીન કર્મો ભોગવવાં, નૂતન ન બંધાય એમાં જ આપણું આત્મહિત છે.''

---

**आत्मभावना -**

अथ - હવે ज्ञानिनो - જ્ઞાનીને - द्रव्यास्रवाभावं - દ્રવ્ય આસ્રવનો અભાવ दर्शयति - દર્શાવે છે -

पूर्वनिबद्धास्तु प्रत्ययाः - અને પૂર્વ નિબદ્ધ - પૂર્વે બાંધેલા પ્રત્યયો તો तस्य ज्ञानिनः - તે જ્ઞાનીને पृथ्वी पिंडसमानाः - પૃથ્વી પિંડ સમાન છે, ते तु सर्वेऽपि - અને તે તો સર્વે ય कर्मशरीरेण बद्धाः - કર્મ શરીરની - કાર્મણ શરીરની સાથે બદ્ધ - બંધાયેલા છે. ॥ इति गाथा आत्मभावना ॥१६९॥

ये खलु पूर्वं बद्धा प्रत्ययाः - જે ખરેખર ! નિશ્ચયે કરીને પૂર્વે બદ્ધ - બદ્ધ બાંધેલા પ્રત્યયો, ते ज्ञानिनो पृथ्वीपिंड समानाः - તેઓ જ્ઞાનીને પૃથ્વી પિંડ સમાન છે. કયા અને કેવા પ્રત્યયો ? मिथ्यात्वाविरतिकषाययोगाः द्रव्यास्रवभूताः - મિથ્યાત્વ - અવિરતિ - કષાય - યોગ દ્રવ્યાસ્રવભૂત એવા. તે પ્રત્યયો પૂર્વે શાથી બંધાયેલા ? अज्ञानेनैव - અજ્ઞાનથી જ. તે પ્રત્યયો જ્ઞાનીને પૃથ્વી પિંડ સમાન શાથી ? द्रव्यांतरभूताचेतनपुद्गलपरिणामत्वात् - દ્રવ્યાંતરભૂત - અન્ય દ્રવ્ય રૂપ એવા અચેતન પુદ્ગલના પરિણામપણાને લીધે અને - ते तु सर्वेपि - તે તો સર્વે ય, કોની સાથે બંધાયેલા છે ? कार्मण - शरीरेणैव संबद्धा न तु जीवेन - કાર્મણ શરીરની સાથે જ સંબદ્ધ છે, નહિ કે જીવની સાથે. એમ શાથી ? स्वभावत एव - સ્વભાવથી જ. આ પરથી શું ફલિત થાય છે ? अतः स्वभावसिद्ध एव द्रव्यास्रवाभावो ज्ञानिनः - આથી જ્ઞાનીને દ્રવ્ય આસ્રવનો અભાવ સ્વભાવસિદ્ધ જ છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१६९॥

''એ શ્રેણીમાં વર્તન કરવા મારી પ્રપૂર્ણ આકાંક્ષા છે.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૦, (૨૯)


**જ્ઞાનીને દ્રવ્ય આસ્રવનો અભાવ સ્વભાવસિદ્ધ જ**

ઉપરમાં જ્ઞાનીને ભાવ આસ્રવનો અભાવ હોય છે એમ પ્રતિપાદન કર્યું. આમ જ્ઞાનીને ભાવ આસ્રવનો અભાવ હોય છે, એટલું જ નહિ પણ દ્રવ્ય આસ્રવનો પણ અભાવ હોય છે, તે આ ગાથામાં દર્શાવ્યું છે અને તે 'આત્મખ્યાતિ'કર્ત્તા પરમર્ષિએ સ્પષ્ટ વિવરી દેખાડ્યું છે - જે ખરેખર ! નિશ્ચયે કરીને 'પૂર્વે' - જ્ઞાન થયા પહેલાં અજ્ઞાન દશામાં 'अज्ञानेनैव बद्धाः' - અજ્ઞાનથી જ બદ્ધ - બાંધેલા મિથ્યાત્વ - અવિરતિ - કષાય - યોગ એ દ્રવ્ય આસ્રવભૂત 'પ્રત્યયો' - આસ્રવ કારણો છે, તે જ્ઞાનીને द्रव्यांतरभूताचेतनपुद्गलपरिणामत्वात् - 'દ્રવ્યાંતરભૂત' - પરદ્રવ્ય રૂપ - અન્ય દ્રવ્યરૂપ 'અચેતન' - જડ પુદ્ગલ પરિણામપણાને લીધે 'પૃથ્વી પિંડ સમાન' - 'पुढवीपिंडसमाणा' - પૃથ્વીના - માટીના પિંડા જેવા છે અને તે તો સર્વે ય 'સ્વભાવથી જ' - પ્રકૃતિથી જ 'કાર્મણ શરીરની' - કર્મમય શરીરની સાથે જ સંબદ્ધ - સંબંધાયેલ છે, નહિ કે જીવની સાથે, એથી કરીને જ્ઞાનીને દ્રવ્ય આસ્રવનો અભાવ - નહિ હોવાપણું 'સ્વભાવસિદ્ધ જ' - 'स्वभावसिद्ध एव' - સ્વભાવથી - પ્રકૃતિથી જ સિદ્ધ છે, આ નિશ્ચય છે.

**પૂર્વે અજ્ઞાનથી જ બદ્ધ મિથ્યાત્વાદિ પ્રત્યયો જ્ઞાનીને પૃથ્વીપિંડ સમાન**

અર્થાત્ - મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ જે દ્રવ્ય આસ્રવભૂત - પુદ્ગલમય દ્રવ્ય આસ્રવરૂપ 'પ્રત્યયો' - આસ્રવ 'પ્રતિ' લઈ જનારા (તદ્) આસ્રવકારણો છે પૂર્વે જ્ઞાન થયા પહેલાં અજ્ઞાન દશામાં અજ્ઞાનથી જ બાંધેલા છે, તે આ દ્રવ્ય આસ્રવભૂત પ્રત્યયો તો આત્મ દ્રવ્યથી અન્ય - 'દ્રવ્યાંતરભૂત' - પુદ્ગલ પરિણામ રૂપ છે, સ્વ ચેતન દ્રવ્યથી ભિન્ન પરદ્રવ્ય રૂપ અચેતન જડ પુદ્ગલના પરિણામ રૂપ છે. તેથી કરીને જ્ઞાનીને તો તે 'પૃથ્વી પિંડ સમાન' છે - 'पृथ्वीपिंडसमानाः', માટીના ઢેફાં જેવાં અકિંચિત્કર છે. પૃથ્વી પિંડ - માટીનું ઢેફું અચેતન પુદ્ગલ પરદ્રવ્ય રૂપ હોઈ ચેતન આત્માને તેની સાથે કોઈ સંબંધ નથી કે તે ચેતન આત્માને કંઈ કરી શકવાને શક્તિમાન્ નથી. તેમજ આ દ્રવ્યાસ્રવભૂત મિથ્યાત્વાદિ પ્રત્યયો પણ અચેતન પુદ્ગલ દ્રવ્ય પરિણામ રૂપ હોઈ ચેતન આત્માને તેની સાથે કોઈ બંધ સંબંધ સંભવતો નથી કે તે ચેતન આત્માને કંઈ કરી શકવાને શક્તિમાન્ નથી. વળી 'જ્ઞાનીને' ભાવ આસ્રવના અભાવે તે દ્રવ્ય પ્રત્યયો પુદ્ગલ કર્મ પરિણામના નિમિત્તકારણપણે પણ પરિણમે એમ નથી, એટલે સત્તામાં પડ્યા પડ્યા તે દ્રવ્ય પ્રત્યયો જ્ઞાનીને માટે તો ખરેખર ! 'પૃથ્વી પિંડ સમાન' - માટીના ઢેફાં જેવા અકિંચિત્કર હોઈ કાંઈ કરી શકે એમ નથી, કોઈ અસર નીપજાવી શકે એમ નથી. ભલે 'અજ્ઞાનીને' ભાવ આસ્રવના સદ્ભાવે તે દ્રવ્ય પ્રત્યયો પુદ્ગલ કર્મ પરિણામના નિમિત્તકારણપણે પરિણમી પોતાનો પુદ્ગલ કર્મફલ ચમત્કાર દેખાડવા સમર્થ હોય, પણ જ્ઞાનીને માટે તો તે ખરેખર ! માટીના ઢેફાં બરાબર છે અને આ દ્રવ્યાસ્રવભૂત પ્રત્યયો પુદ્ગલરૂપ છે એટલે જ એ બધાય 'स्वभावत एव' - સ્વભાવથી જ - સ્વ ભાવથી જ - પ્રકૃતિથી જ પુદ્ગલમય કાર્મણ શરીરની સાથે જ સંબદ્ધ છે - બંધ સંબંધથી જોડાયેલ છે, નહિ કે ચેતનમય જીવની સાથે - એથી કરીને અચેતન પુદ્ગલમય દ્રવ્ય આસ્રવ સાથે ચેતનમય આત્માનો બંધ સંબંધ નહિ હોવાથી જ્ઞાનીને દ્રવ્ય આસ્રવનો અભાવ તો સ્વભાવસિદ્ધ જ છે, સ્વભાવથી - પ્રકૃતિથી સ્વયં - આપોઆપ સિદ્ધ જ છે, તે સાધવાની જરૂર પણ રહેતી નથી.

''કર્મ એ જડ વસ્તુ છે. જે જે આત્માને એ જડથી જેટલો જેટલો આત્મબુદ્ધિએ સમાગમ છે, તેટલી તેટલી જડતાની એટલે અબોધતાની તે આત્માને પ્રાપ્તિ હોય, એમ અનુભવ થાય છે, આશ્ચર્યતા છે કે, પોતે જડ છતાં ચેતનને અચેતન મનાવી રહ્યાં છે ! ચેતન ચેતન ભાવ જાણી જઈ તેને સ્વ સ્વરૂપ જ માને છે.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૫



જ્ઞાની સદા નિરાસ્રવ જ્ઞાયક એક જ છે એવા ભાવનો સમયસાર કળશ (૩) સંગીત કરે છે -

उपजाति

**भावाभावमयं प्रपन्नो, द्रव्यास्रवेभ्यः स्वत एव भिन्नः ।**
**ज्ञानी सदा ज्ञानमयैकभावो, निरास्रवो ज्ञायक एक एव ॥११५॥**

ભાવાસ્રવાભાવ જ આ પ્રપન્ન, દ્રવ્યાસ્રવોથી સ્વત એવ ભિન્ન;
જ્ઞાની સદા જ્ઞાનમયો જ ભાવ, નિરાસ્રવ જ્ઞાયક એક સાવ. ૧૧૫

## અમૃત પદ-૧૧૫

જ્ઞાની નિરાસ્રવ જ્ઞાયક એક જ, જ્ઞાનમયો એક ભાવ,
જ્ઞાનમયો એક ભાવ સદા તે, નિત્ય નિરાસ્રવ સાવ... જ્ઞાની નિરાસ્રવ. ૧
ભાવાસ્રવનો સાવ અભાવ જ, સ્વ પુરુષાર્થથી પ્રપન્ન,
દ્રવ્યાસ્રવથી વસ્તુ સ્વભાવે, આપોઆપ જ ભિન્ન... જ્ઞાની નિરાસ્રવ. ૨
નિત્ય નિરાસ્રવ જ્ઞાયક એવો, જ્ઞાની તે ભગવાન,
અનુભવ અમૃત નિત્ય નિમગ્નો, કરે જ્ઞાનામૃત પાન... જ્ઞાની નિરાસ્રવ. ૩

**અર્થ** - ભાવ આસ્રવોના અભાવને પ્રપન્ન (પામેલો) અને દ્રવ્યાસ્રવોથી સ્વત એવ (આપોઆપ જ) ભિન્ન એવો જ્ઞાની સદા જ્ઞાનમય એકભાવ નિરાસ્રવ જ્ઞાયક એક જ છે.


## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જ્ઞાનીની પરિપક્વ અવસ્થા (દશા) થયે સર્વ પ્રકારે રાગ દ્વેષની નિવૃત્તિ હોય એમ અમારી માન્યતા છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૦૧**

**જ્ઞાની સદા નિરાસ્રવ જ્ઞાયક એક જ**

ઉપરમાં જે 'આત્મખ્યાતિ'ના ગદ્ય ભાગમાં કહ્યું તેનો સારસમુચ્ચય ગ્રથિત કરતો તદ્ભાવ સંવર્દ્ધક આ કળશ પરમ ભાવિતાત્મા **પરમર્ષિ અમૃતચંદ્રજીએ** પૂર્ણ ભાવાવેશથી લલકાર્યો છે - 'भावाभावमयं प्रपन्नो' - 'આ' - પ્રત્યક્ષ શુદ્ધ આત્માનુભવ કરી રહેલો જ્ઞાની ભાવ આસ્રવોના અભાવને 'પ્રપન્ન' - આત્મ પુરુષાર્થથી પામેલો છે - સ્વયં મુક્ત આત્મેચ્છાથી અંગીકાર ભાવને પામેલો છે અને - 'द्रव्यास्रवेभ्यो स्वत एव भिन्नः' - પુદ્ગલમય દ્રવ્યાસ્રવોથી તો તે 'સ્વતઃ એવ' - આપોઆપ જ ઉક્ત પ્રકારે વસ્તુ સ્વભાવથી જ 'ભિન્ન' - જૂદો - પૃથક્ - અલગ છે, એટલે આમ આત્મ પુરુષાર્થ બલે ભાવ આસ્રવના અભાવથી અને વસ્તુ - સ્વભાવબલે દ્રવ્ય આસ્રવના અભાવથી સર્વથા 'નિરાસ્રવ' - આસ્રવ રહિત એવો આ જ્ઞાની 'સદા જ્ઞાનમયૈકભાવ જ્ઞાયક એક જ છે', 'ज्ञानी सदा ज्ञानमयैकभावो निरास्रवो ज्ञायक एक एव ।' અર્થાત્ રાગ-દ્વેષ અને મોહ એ ભાવ આસ્રવોના પરિત્યાગથી જ્ઞાની નિશ્ચયે કરીને વીતરાગ, વીતદ્વેષ અને વીતમોહ હોય છે, એટલે ક્યારેય પણ એક જ્ઞાન સિવાય બીજો કોઈ ભાવ જ્યાં નથી એવા અદ્વૈત જ્ઞાનમય એકભાવ રૂપ સર્વદા હોઈ, સર્વદા સર્વથા નિરાસ્રવ એવો જ્ઞાની કેવલ જ્ઞાયક - જ્ઞાતા એક જ હોય છે - કેવલ જ્ઞાનમય એવા કેવલ - એક જ્ઞાયક ભાવરૂપ શુદ્ધ આત્મભાવમાં જ - શુદ્ધ સહજાત્મ સ્વરૂપમાં જ નિરંતર અખંડપણે વર્ત્તે છે.

આકૃતિ



જ્ઞાની નિરાસ્રવ કેવી રીતે ? તો કે -

**चहुविह अणेयभेयं बंधंते णाणदंसणगुणेहिं ।**

**समये समये जह्मा तेण अबंधोत्ति णाणी दु ॥१७०॥**

જ્ઞાન દર્શન ગુણે કરી પ્રત્યયો રે, ચઉ વિધ ભેદ અનેક;

સમયે સમયે બાંધે તેહથી રે, જ્ઞાની અબંધ જ છેક... આસ્રવ ભાવ. ૧૭૦

**અર્થ** - કારણકે ચતુર્વિધ (પ્રત્યયો) જ્ઞાન - દર્શન એ બે ગુણોએ કરીને અનેક ભેદવાળું (કર્મ) સમયે સમયે બાંધે છે, તેથી જ્ઞાની તો અબંધ જ છે. ૧૭૦

## आत्मख्याति टीका

कथं ज्ञानी निरास्रव इति चेत् -

**चतुर्विधा अनेकभेदं बध्नंति ज्ञानदर्शनगुणाभ्यां ।**

**समये समये यस्मात् तेनाबंध इति ज्ञानी तु ॥१७०॥**

**ज्ञानी** हि तावदावभावभावनाभिप्रायाभावा**न्निरास्रव एव** । यत्तु **तस्यापि द्रव्यप्रत्ययाः प्रतिसमयमनेकप्रकारं** पुद्गलकर्म प्रति**बध्नंति** तत्र **ज्ञानगुणपरिणाम** एव हेतुः ॥१७०॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

જ્ઞાની નિશ્ચયે કરીને પ્રથમ તો આસ્રવ ભાવ - ભાવનાના અભિપ્રાય અભાવને લીધે **નિરાસ્રવ જ છે**, પણ જે **તેને પણ દ્રવ્ય પ્રત્યયો** પ્રતિસમયે અનેક પ્રકારનું પુદ્ગલ કર્મ પ્રતિબાંધે છે, તેમાં **જ્ઞાન-ગુણ પરિણામ** જ હેતુ છે. ૧૭૦

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જ્ઞાની પુરુષ પણ અત્યંત નિશ્ચય ઉપયોગે વર્તતો ક્વચિત્ પણ મંદ પરિણામ પામી જાય એવી આ સંસારની રચના છે. આત્મસ્વરૂપ સંબંધી બોધનો તો જો કે નાશ ન થાય, તથાપિ આત્મસ્વરૂપના બોધનાં વિશેષ પરિણામ પ્રત્યે એક પ્રકારનું આવરણ થવા રૂપ ઉપાધિ જોગ થાય છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૬૫**

જ્ઞાની નિરાસ્રવ કેવી રીતે હોય ? તેનો યુક્તિ યુક્ત ખુલાસો અત્ર કર્યો છે - કારણકે 'ચતુર્વિધ' - ચાર પ્રકારના પ્રત્યયો - આસ્રવ હેતુઓ જ્ઞાન દર્શન ગુણોએ કરીને સમયે સમયે અનેક ભેદવાળું (કર્મ) બાંધે છે, તેથી જ્ઞાની તો 'અબંધક જ' - બંધક નહિ એવો જ છે. આ ગાથાનો અપૂર્વ અદ્ભુત અલૌકિક પરમાર્થ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પ્રકાશ્યો છે - 'જ્ઞાની નિશ્ચયે કરીને પ્રથમ તો આસ્રવ

---

**आत्मभावना -**

कथं ज्ञानी निरास्रव इति चेत् - જ્ઞાની નિરાસ્રવ કેમ - કેવી રીતે ? એમ જો પૂછો તો -

यस्मात् चतुर्विधाः - કારણકે ચતુર્વિધો - ચાર પ્રકારના પ્રત્યયો ज्ञानदर्शनगुणाभ्यां - જ્ઞાન - દર્શન એ બે ગુણોથી સમયે समये अनेकभेदं बध्नंति - સમયે સમયે અનેક ભેદવાળું કર્મ બાંધે છે, तेन ज्ञानी तु अबंध इति - તેથી કરીને જ્ઞાની તો અબંધ છે. ॥ इति **गाथा** आत्मभावना ॥१७०॥

ज्ञानी हि तावन्निरास्रव एव - જ્ઞાની નિશ્ચયે કરીને પ્રથમ તો નિરાસ્રવ જ - આસ્રવ રહિત જ છે. શાને લીધે ? भावभावनाभिप्रायाभावात् - આસ્રવ ભાવની ભાવનાના અભિપ્રાયના અભાવને લીધે - નહિ હોવાપણાને લીધે. એમ છતાં यत्तु तस्यापि - જે તેને પણ જ્ઞાનીને પણ द्रव्यप्रत्ययाः प्रतिसमयमनेकप्रकारं पुद्गलकर्म प्रतिबध्नंति - દ્રવ્ય પ્રત્યયો (મિથ્યાત્વાદિ ચાર) પ્રતિસમયે - પ્રત્યેક સમયે અનેક પ્રકારનું પુદ્ગલ કર્મ પ્રતિબાંધે છે - પુનઃ પુનઃ બાંધે છે, તેમાં શો હેતુ છે ? तत्र ज्ञानगुणपरिणाम एव हेतुः - તેમાં જ્ઞાન ગુણ પરિણામ જ હેતુ છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१७०॥

ભાવની ભાવનાના અભિપ્રાયના અભાવને લીધે - 'भावभावनाभिप्रायाभावात्' - નિરાસ્રવ જ છે' આત્મ સ્વરૂપનું જેને અનુભવ જ્ઞાન છે એવા આત્મજ્ઞાની જ્ઞાનીને આસ્રવ ભાવની ભાવનાના અભિપ્રાયનો - બુદ્ધિપૂર્વક ઈરાદા પૂર્વક ભાવનો અભાવ હોય છે, તે કારણને લીધે તે તો નિરાસ્રવ જ છે. પણ 'જે તેને પણ' મિથ્યાત્વાદિ ચાર પુદ્ગલમય 'દ્રવ્ય પ્રત્યયો' - આસ્રવ કારણો પ્રતિસમયે - સમયે સમયે અનેક પ્રકારનું પુદ્ગલ કર્મ બાંધે છે, તેમાં 'જ્ઞાનગુણ પરિણામ જ' હેતુ છે - કારણ છે - तत्र ज्ञानगुण परिणाम एव हेतुः ।

**આસ્રવ ભાવ ભાવનાના અભિપ્રાય અભાવે જ્ઞાની નિરાસ્રવ જ**

અર્થાત્ - રાગ - દ્વેષ અને મોહ એ આસ્રવ ભાવની ભાવનાનો અભિપ્રાય નિશ્ચયે કરીને ખરેખરા જ્ઞાનીને હોતો નથી, એટલે કે હું રાગ - દ્વેષ - મોહ ભાવ કરૂં એવો બુદ્ધિપૂર્વક - ઈરાદા પૂર્વક આસ્રવ ભાવ જ્ઞાનીને કદી હોતો નથી, જ્ઞાની રાગ-દ્વેષ-મોહ એ આસ્રવ ભાવે પરિણમવા કદી ઈચ્છતા નથી અને પરિણમતા નથી. જ્ઞાની તે રાગ-દ્વેષ-મોહ એ ભાવ આસ્રવને આત્મામાં આસ્રવવા દેતા નથી, તેથી તે નિરાસ્રવ જ હોય છે. આમ તે અબંધક હોય છે, છતાં જે તેને પણ મિથ્યાત્વાદિ દ્રવ્ય પ્રત્યયો પ્રત્યેક સમયે અનેક પ્રકારનું પુદ્ગલ કર્મ બાંધે છે. તેનું શું કારણ ? તેનો અત્ર **આચાર્યશ્રી અમૃતચંદ્રજીએ** સ્પષ્ટ વૈજ્ઞાનિક ખુલાસો કર્યો છે કે, તેનું કારણ 'જ્ઞાન ગુણ પરિણામ જ' છે, જ્ઞાન ગુણનો તેવો પરિણામ અથવા જ્ઞાનનો ગુણ (ગૌણ) પરિણામ એ જ તેમાં હેતુ છે. અર્થાત્ જ્ઞાનગુણ તેવા તેવા ન્યૂનાધિક તરતમભાવે પરિવૃત્તિ રૂપે - બદલવા રૂપે પરિણમે છે અથવા ગુણભાવ - ગૌણભાવે પરિણમે છે તે જ અત્ર હેતુ છે. જ્ઞાન ગુણ એમ ન્યૂનાધિક ભાવે પરિવર્તન રૂપ પરિણામ ન પામતો હોત અથવા તે જ્ઞાન ગુણભાવે - ગૌણ ભાવે ન પરિણમતું હોત, તો તેમ બંધકપણું થાત નહિ. એટલે જ્ઞાન પોતે તો અબંધક જ છે, પણ **'જ્ઞાનગુણનો પરિણામ'** અથવા **'જ્ઞાનનો ગુણ પરિણામ'** (ગૌણ પરિણામ) જ બંધક છે, એટલે કે બંધ થાય છે તે કાંઈ જ્ઞાનનો દોષ નથી, પણ જ્ઞાન ગુણના પરિણામનો (પરિવર્તનનો) અથવા જ્ઞાનના ગુણપણાનો - ગૌણતાનો દોષ છે.

**જ્ઞાનગુણનો પરિણામ વા જ્ઞાનનો ગુણપરિણામ જ બંધક**

## આકૃતિ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| જ્ઞાની તો | આસ્રવ ભાવ ભાવના અભિપ્રાય અભાવે | નિરાસ્રવ એવ | તેને પણ | દ્રવ્ય પ્રત્યયો | → | પ્રતિસમયે અનેક પ્રકાર પુદ્ગલ કર્મ પ્રતિબાંધે છે | ← | જ્ઞાન ગુણ પરિણામ જ હેતુ |

આ જ્ઞાન ગુણ પરિણામ અથવા જ્ઞપ્તિ પરિવર્ત રૂપ ક્રિયા એ જ જીવનું ભાવકર્મ છે. જ્ઞપ્તિ ક્રિયાના પરિવર્ત રૂપ ભાવકર્મ જો ન થાય ને જ્ઞાન 'કૂટસ્થ જ' રહે તો બંધ થાય જ નહિ ને જીવનો **જીવન્મુક્તિ રૂપ** ભાવમોક્ષ જ હોય. આ અલૌકિક 'જ્ઞપ્તિ પરિવર્ત' સિદ્ધાંતનું અપૂર્વ મૌલિક પરમ અમૃત નિરૂપણ **અમૃતચંદ્રાચાર્યજીએ 'પંચાસ્તિકાય' ટીકામાં** કર્યું છે, ત્યાં ૧૫૦-૧૫૧મી ગાથાની ટીકામાં તેઓશ્રીએ પ્રકાશ્યું છે કે - 'આસ્રવ હેતુ નિશ્ચયે કરીને જીવનો મોહ-રાગ-દ્વેષ રૂપ ભાવ છે, તેનો અભાવ જ્ઞાનીને હોય છે, તેના અભાવે આસ્રવ ભાવનો અભાવ હોય છે, આસ્રવ ભાવના અભાવે કર્માભાવ હોય છે, કર્માભાવે સર્વજ્ઞપણું - સર્વદર્શિપણું અને અવ્યાબાધ એવું ઈંદ્રિય વ્યાપારાતીત અનંત સુખપણું હોય છે. તે આ **જીવનૂમુક્તિ**નામા ભાવમોક્ષ છે. કેવી રીતે ? તો કે - ભાવ અત્ર વિવક્ષિત તે કર્માવૃત ચૈતન્યનો ક્રમ પ્રવર્ત્તમાન (ક્રમથી પર્વર્ત્તતો) જ્ઞપ્તિ ક્રિયારૂપ છે, તે ખરેખર ! સંસારીને અનાદિ મોહનીય કર્મોદયની અનુવૃત્તિ વશથી અશુદ્ધ (હોતો) દ્રવ્ય કર્માસ્રવ હેતુ હોય છે, તે તો જ્ઞાનીને મોહ-રાગ-દ્વેષ અનુવૃત્તિ રૂપે પ્રહીણ થાય છે, તેથી આને (જ્ઞાનીને) આસ્રવ

**જ્ઞાન ગુણ પરિણામ વા જ્ઞપ્તિ પરિવર્ત**

ભાવ નિરોધાય છે, એટલે પછી આસ્રવભાવ જેનો નિરુદ્ધ થયો છે એવો આ મોહક્ષયથી અત્યંત નિર્વિકાર હોય છે અને અનાદિથી એટલે જેનું અનંત ચૈતન્યવીર્ય ઉન્મુદ્રિત થયું છે એવા આને (જ્ઞાનીને) - શુદ્ધ જ્ઞપ્તિ ક્રિયારૂપે અન્તર્મુહૂર્ત અતિવાહીને (વ્યતીત થઈને) યુગપત્ - એકીસાથે જ્ઞાન - દર્શન આવરણને અન્તરાયના ક્ષયથી કથંચિત્ કૂટસ્થ જ્ઞાનતા પામી - જ્ઞપ્તિ ક્રિયા રૂપમાં ક્રમપ્રવૃત્તિ અભાવથી ભાવકર્મ વિનાશ પામે છે.

**જ્ઞપ્તિ પરિવર્ત સિદ્ધાંતનું અમૃતચંદ્રજીએ કરેલું અપૂર્વ મૌલિક નિરૂપણ**

એટલે પછી કર્માભાવે તે ખરેખર ! નિશ્ચયે કરીને ભગવાન્ સર્વજ્ઞ સર્વદર્શી વ્યુપરત છે ઈંદ્રિય - વ્યાપાર જ્યાં એવા અવ્યાબાધ અનંત સુખવાળો નિત્ય જ અવતિષ્ઠે છે. એમ આ ભાવકર્મ મોક્ષપ્રકાર એ દ્રવ્ય કર્મમોક્ષહેતુ અને પરમ સંવર પ્રકાર છે.' આ* જ્ઞપ્તિ પરિવર્ત સિદ્ધાંતનો ઉલ્લેખ પુનઃ તે ગ્રંથમાં - **પંચાસ્તિકાય ટીકામાં** (ગા. ૨૮) કરતા **અમૃતચંદ્રાચાર્યજી** પ્રકાશે છે - મુક્તને કર્મ સંયુક્તપણું દ્રવ્ય-ભાવ કર્મના વિપ્રમોક્ષને લીધે હોતું જ નથી. (તેનાં) દ્રવ્યકર્મો તે પુદ્ગલ સ્કંધો, ભાવકર્મો તો ચિદ્વિવર્તો છે - ખરેખર ! અનાદિ જ્ઞાનાવરણાદિ કર્મના સંપર્કથી જેનો પ્રચાર કૂણિત (સંકોચિત) થયો છે એવી ચિત્શક્તિ પરિચ્છેદ્ય વિશ્વના એક દેશોમાં ક્રમથી વ્યાપ્રિયમાણ - વ્યાપૃત થતાં સતી વિવર્તે છે (પરિવર્તે છે), પણ જ્યારે જ્ઞાનાવરણાદિ કર્મનો સંપર્ક પ્રણશે છે, ત્યારે પરિચ્છેદ્ય વિશ્વના સર્વ દેશોમાં યુગપદ્ (એકી સાથે - અક્રમે) વ્યાપૃતા ચિત્ શક્તિ કથંચિત્ કૌટસ્થ્ય - કૂટસ્થપણું પામીને વિષયાન્તરને નહિ પામતી, નથી વિવર્તતી (પરિવર્તતી). તે આ નિશ્ચિત એવો સર્વજ્ઞ-સર્વદર્શિપણાનો ઉપલંભ છે - આ જ દ્રવ્યકર્મના નિબન્ધનભૂત ભાવકર્મોનો કર્તૃત્વ ઉચ્છેદ છે.' આ અપૂર્વ અદ્ભુત પરમ અમૃત જ્ઞપ્તિ પરિવર્ત *સિદ્ધાંતનો ફલિતાર્થ એ છે કે - આ જ્ઞપ્તિ પરિવર્ત રૂપ - ક્રમ પ્રવર્ત્તમાન જ્ઞપ્તિ ક્રિયારૂપ ભાવ અજ્ઞાનીને મોહઉદયની અનુવૃત્તિને લઈ અશુદ્ધ હોય છે અને તે દ્રવ્ય કર્મ આસ્રવનો હેતુ હોય છે, પણ જ્ઞાનીને મોહઉદય અનુવૃત્તિ રૂપે તો આ જ્ઞપ્તિપરિવર્ત પ્રહીણ થાય છે એટલે એને આસ્રવ ભાવ નિરોધાય છે, એટલે પછી મોહક્ષયથી તે અત્યંત નિર્વિકાર હોતાં, તેનો તે ભાવ શુદ્ધ જ્ઞપ્તિ ક્રિયારૂપે અંતર્મુહૂર્ત્ત સ્થિતિ કરે છે, ત્યાં તો જ્ઞાન-દર્શનાવરણનો ને

---

* "आस्रवहेतु र्हि जीवस्य मोहरागद्वेषरूपो भावः । तदभावो भवति ज्ञानिनः तदभावे भवत्यास्रवभावाभावः । आस्रवभावाभावे भवति कर्माभावः । कर्माभावेन भवति सार्वज्ञ्यं सर्वदर्शित्वमव्याबाधमिन्द्रियव्यापारातीतमनन्तसुखत्वञ्चेति स एष जीवन्मुक्तिनामा भावमोक्षः । कथमिति चेत् - भावः खल्वत्र विवक्षितः कर्मावृतचैतन्यस्य क्रमप्रवर्तमानज्ञप्तिक्रियारूपः । स खलु संसारिणोऽनादिमोहनीयकर्मोदयानुवृत्तिवशादशुद्धो द्रव्यकमास्रवहेतुः । स तु ज्ञानिनो मोहरागद्वेषानुवृत्तिरूपेण प्रहीयते । ततोऽस्य आस्रवभावो निरुध्यते । ततो निरुद्धास्रवभावस्यास्य मोहक्षयेणात्यन्तनिर्विकारस्य उन्मुद्रितानन्तचैतन्य वीर्यस्य शुद्धज्ञप्तिक्रियारूपेणान्तर्मुहूर्तमतिवाह्ययुगपज्ज्ञानदर्शनावरणान्तरायक्षणेय कथञ्चित्कूटस्थज्ञानतामवाप्य ज्ञप्तिक्रियारूपे क्रमप्रवृत्त्यभावाद् भावकर्म विनश्यति । ततः कर्माभावे स हि भगवान् सर्वज्ञः सर्वदर्शी व्युपरतेन्द्रिय व्यापाराव्याबाधानन्तसुखश्च नित्यमेवावतिष्ठते । इत्येष भावकर्ममोक्षप्रकारः द्रव्यकर्ममोक्षहेतुः परमसंवरप्रकारश्च ॥"


**- શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત 'પંચાસ્તિકાય' ટીકા, ગા. ૧૫૦-૧૫૧**


* **"कर्मसंयुक्तत्वं तु द्रव्यभावकर्मविप्रमोक्षान्न भवत्येव । द्रव्यकर्माणि हि पुद्गलस्कन्धा भावकर्माणि तु चिद्विवर्ताः । विवर्तते हि चिच्छक्तिरनादिज्ञानावरणादिकर्मसंपर्ककूणित-प्रचारा परिच्छेद्यस्य विश्वस्यैकदेशेषु क्रमेण व्याप्रियमाणा । यदा तु ज्ञानावरणादिकर्म्मसंपर्कः प्रणश्यति तदा परिच्छेद्यस्य विश्वस्य सर्वदेशेषु युगपद् व्यापृता कथंचित्कौटस्थ्यमवाप्य विषयान्तरमनाप्नुवन्ती न विवर्तते । स खल्वेष निश्चितः सर्वज्ञसर्वदर्शित्वोपलम्भः । अयमेव द्रव्यकर्मनिबन्धनभूतानां भावकर्मणां कर्तृत्वोच्छेदः ॥" (ઈત્યાદિ) **- શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત 'પંચાસ્તિકાય' ટીકા, ગા. ૨૮**

* **આ અપૂર્વ જ્ઞપ્તિ પરિવર્ત સિદ્ધાંતનો ઉલ્લેખ (allusion) અમૃતચંદ્રાચાર્યજીએ અન્યત્ર પણ - 'પ્રવચનસાર' ટીકામાં - ૩, ૩૩-૩૬ પણ કર્યો છે. જેમકે - 'પરમાત્મનિષ્ઠપણા વિના જ્ઞેયનિષ્ઠતાથી પ્રતિવસ્તુએ પાતોત્પાત પરિણતપણાએ કરીને આ સંસારથી માંડીને પરિવર્તમાના - પરિવર્તતી જ્ઞપ્તિની અનિવાર્ય પરિવર્તતાને લઈ જ્ઞપ્તિપરિવર્ત રૂપ કર્મોનું ક્ષપણ પણ સિદ્ધ ન થાય.'**

* **"तथा च ज्ञेयनिष्ठतया प्रतिवस्तुपातोत्पातपरिणतत्वेन ज्ञप्तेरासंसारात्परिवर्तमानायाः परमात्मनिष्ठत्वमन्तरेणा निवार्यपरिवर्तनया ज्ञप्तिपरिवर्तरूपकर्मणां क्षपणमपि न सिद्ध्येत् ॥" **- શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત 'પ્રવચનસાર' ટીકા - ૩-૩૩**

અંતરાયનો એકી સાથે ક્ષય થાય છે, એટલે તે ભાવ કથંચિત્ - કોઈ અપેક્ષાએ 'કૂટસ્થ' જ્ઞાનપણું - નિશ્ચલ કેવલ જ્ઞાનપણું પામતાં, જ્ઞપ્તિક્રિયારૂપમાં ક્રમપ્રવૃત્તિ અભાવથી તે કેવલ જ્ઞાનીને આમ જ્ઞપ્તિ પરિવર્ત અભાવે ભાવકર્મ નાશ પામે છે. તાત્પર્ય કે - આ જ્ઞપ્તિ પરિવર્ત વા જ્ઞાનગુણનો પરિણામ એ જ જીવનું ભાવકર્મ છે અને આ જ્ઞપ્તિ પરિવર્ત રૂપ - ચિદ્વિવર્ત રૂપ વા જ્ઞાનગુણ પરિણામ રૂપ ભાવકર્મ જ્યાં લગી થાય છે, ત્યાં લગી દ્રવ્ય કર્મનો બંધ પણ થયા કરે છે, પણ આ જ્ઞપ્તિ પરિવર્ત રૂપ - જ્ઞાન ગુણ પરિણામ રૂપ ભાવ કર્મનો જ્યારે અભાવ થાય છે, ત્યારે દ્રવ્યકર્મનો પણ આપોઆપ જ અભાવ થાય છે.



જ્ઞાન ગુણ પરિણામ બંધહેતુ કેવી રીતે ? તો કે -

**जह्मा दु जहण्णादो णाणगुणादो पुणोवि परिणमदि ।**
**अण्णत्तं णाणगुणो तेण दु सो बंधगो भणिदो ॥१७१॥**

કારણ જઘન્ય જ્ઞાનગુણ થકી રે, જ્ઞાનગુણ પુનરપિ એહ;
અન્યપણું પરિણમે છે તેહથી રે, બંધક ભાખ્યો તેહ... આસ્રવ ભાવ. ૧૭૧

**અર્થ** - કારણકે જઘન્ય જ્ઞાનગુણને લીધે જ્ઞાન ગુણ પુનઃ પણ અન્યપણું પરિણમે છે, તેથી જ તે બંધક કહ્યો છે. ૧૭૧

## आत्मख्याति टीका

कथं ज्ञानगुणपरिणामो बंधहेतुरिति चेत् -

**यस्मात्तु जघन्यात् ज्ञानगुणात् पुनरपि परिणमते ।**
**अन्यत्वं ज्ञानगुणः तेन तु स बंधको भणितः ॥१७१॥**

**ज्ञानगुणस्य** हि याव**ज्जघन्यो भावः** तावत् **तस्यां**तर्मुहूर्तविपरिणामित्वात् पुनः **पुनरन्यतयास्ति** परिणामः । **स तु** यथाख्यातचारित्रावस्थाया अधस्तादवश्यंभाविरागसद्भावात् **बंधहेतुरेव** स्यात् ॥१७१॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

**જ્ઞાન ગુણનો** સ્ફુટપણે જ્યાં લગી **જઘન્ય** ભાવ છે, ત્યાં લગી **તેનો** અંતર્મુહૂર્તમાં વિપરિણામિ પણાને લીધે - પુનઃ પુનઃ અન્યતાથી પરિણામ છે અને **તે તો** યથાખ્યાતચારિત્ર અવસ્થાની હેઠેમાં અવશ્યભાવી (અવશ્ય હોનારા) રાગના સદ્ભાવને (હોવાપણાને) લીધે બંધહેતુ જ હોય. ૧૭૧

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''મોહાદિ વિકાર એવા છે કે સમ્યગ્દષ્ટિને પણ ડોલાયમાન કરી નાંખે છે.''
''આત્માનું જેવું છે તેવું જ સ્વરૂપ તે જ 'યથાખ્યાત ચારિત્ર' કહ્યું છે.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૯૫૭) ઉપદેશ છાયા**

જ્ઞાન ગુણ પરિણામ બંધહેતુ કેવી રીતે થાય ? તેનો સ્પષ્ટ ખુલાસો આ ગાથામાં કર્યો છે અને તેનું પરમ પરમાર્થભૂત અંતસ્તત્ત્વ પરમ તાત્વિકશેખર **પરમર્ષિ* અમૃતચંદ્રાચાર્યજીએ** પ્રદર્શિત કર્યું છે, તેનો ભાવાર્થ આ પ્રકારે - ज्ञानगुणस्य यावज्जघन्यो भावः - જ્ઞાનગુણનો જ્યાં લગી 'જઘન્ય' - ઓછામાં ઓછો - કનિષ્ઠ ભાવ અથવા તેવા તેવા પ્રકારે ક્ષયોપશમજન્ય ગૌણભાવ ગુણ પરિણામ હોય છે, ત્યાં લગી અંતર્મુહૂર્તમાં તેનું 'વિપરિણામિપણું' હોય છે, વિશેષ - વિકૃત - વિવિધ પરિણામિપણું હોય છે

---

**आत्मभावना -**

कथं ज्ञानगुणपरिणामो बंधहेतुरिति चेत् - જ્ઞાનગુણ પરિણામ - જ્ઞાનગુણનો પરિણામ અથવા જ્ઞાનનો ગુણ પરિણામ બંધહેતુ કેમ - કેવી રીતે ? એમ જો પૂછો તો -

यस्मात्तु ज्ञानगुणः - કારણકે નિશ્ચયે કરીને જ્ઞાનગુણ जघन्यात् ज्ञानगुणात् - જઘન્ય જ્ઞાનગુણ થકી पुनरपि अन्यत्वं परिणमते - પુનરપિ - ફરી પણ અન્યપણું પરિણમે છે, तेन तु - તેથી જ स बंधको भणितः - તે બંધક - બંધ કરનાર કહ્યો છે. ॥ इति **गाथा** आत्मभावना ॥१७१॥

ज्ञानगुणस्य हि यावज्जघन्यो भावः - જ્ઞાન ગુણનો નિશ્ચયે કરીને સ્ફુટપણે જ્યાં લગી જઘન્ય - ઓછામાં ઓછો ભાવ છે तावत् - ત્યાં લગી तस्य पुनः पुनरन्यतयास्ति परिणामः - તેનો પુનઃ પુનઃ - ફરી ફરીને અન્યતાથી - અન્યપણાથી પરિણામ છે. શાને લીધે ? अंतर्मुहूर्तविपरिणामित्वात् - અંતર્મુહૂર્તમાં વિપરિણામિપણાને લીધે - વિશેષ પરિણામિપણાને લીધે અને આ જ્ઞાનગુણનો જે અન્યપણે પરિણામ થાય છે स तु बंधहेतुरेव स्यात् - તે તો બંધહેતુ જ હોય. શાને લીધે ? अवश्यंभाविरागसद्भावात् - અવશ્યંભાવી - અવશ્ય હોનારા રાગના સદ્ભાવને - હોવાપણાને લીધે. ક્યારે ? यथाख्यातचारित्रावस्थाया अधस्यात् - યથાખ્યાત ચારિત્ર અવસ્થાની અધઃ - હેઠેમાં. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१७१॥


**જ્ઞાનગુણનો જઘન્ય ભાવ ત્યાં લગી અન્યપણે પરિણામ અને તે રાગને લીધે બંધહેતુ જ**

અને તેના આ 'अंतर्मुहूर्तविपरिणामित्वात्' - અંતર્મુહૂર્તમાં વિપરિણામિપણાને લીધે - ન્યૂનાધિક વિવિધ વિશેષભાવરૂપ વિભાવ પરિણામિપણાને લીધે તે જ્ઞાનગુણનો 'पुनः पुनरन्यतयास्ति परिणामः' - પુનઃ પુનઃ - ફરી ફરી 'અન્યતાથી' - અન્યપણે પરિણામ હોય છે, જૂદા જૂદા ન્યૂનાધિક તરતમ ભાવરૂપ ક્ષયોપશમજન્ય અન્ય અન્ય ભાવે પરિણામ હોય છે અને આ જ્ઞાનગુણનો જઘન્યભાવને લીધે તેવો તેવો અન્યપણે પરિણામ તો 'યથાખ્યાત ચારિત્ર અવસ્થાની હેઠેમાં' - यथाख्यातचारित्रावस्थाया अधस्ताद् - યથાખ્યાત ચારિત્ર દશાની નીચેની દશામાં 'અવશ્યંભાવી' - અવશ્ય હોનારા રાગના સદ્ભાવને લીધે - હોવાપણાને લીધે - अवश्यंभाविरागसद्भावात् बंधहेतुरेव स्यात् બંધહેતુ જ હોય, બંધ કારણ જ હોય. અર્થાત્ આત્માનું જેવું સંપૂર્ણ નિષ્કષાય શુદ્ધ સ્વરૂપ જ્ઞાની ભગવાનૂથી આખ્યાત અથવા ખ્યાત (પ્રસિદ્ધ) છે, તેવું તથારૂપ પૂર્ણ આત્માનુચરણરૂપ 'યથાખ્યાત ચારિત્ર' દશાનું પ્રગટપણું જ્યાં લગી થયું નથી, ત્યાં લગી તેનાથી ન્યૂન ઉતરતી દશામાં હજુ રાગના કોઈ અંશનું અવશ્ય હોવાપણું હોય છે, તે રાગ અંશના હોવાપણાને લીધે જ તે જ્ઞાનગુણનો અન્યપણે પરિણામ બંધહેતુ જ હોય.

**પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીની** આ સ્પષ્ટ તત્ત્વમીમાંસા પરથી આ તાત્પર્ય ફલિત થાય છે કે - બંધનું કારણ જ્ઞાન ગુણ નથી, પણ જ્ઞાન ગુણનો અન્યપણે પરિણામ છે, અથવા જ્ઞાનનો ગુણ પરિણામ - ગુણભાવ - ગૌણભાવ - જઘન્ય ભાવ - મંદભાવ એ જ બંધનું કારણ છે. કારણકે તેવા તેવા ન્યૂનાધિક તરતમ ભાવરૂપ ક્ષયોપશમ ભાવને લીધે જ્યાં લગી જ્ઞાનગુણનો જઘન્યભાવ હોય છે, ત્યાં લગી તે જ જ્ઞાનના બળની (Intensity) ખામીને લીધે અંતર્મુહૂર્તમાં તેનું વિપરિણામિપણું થયા કરે છે અને તે વિપરિણામિપણાને લીધે જ્ઞાનગુણનો ફરી ફરી જૂદા જૂદા ન્યૂનાધિક ભાવરૂપ અન્યપણે પરિણામ થાય છે અને જ્ઞાનગુણનો તે અન્યપણે પરિણામ તો ઉત્કૃષ્ટ ક્ષયોપશમસંપન્ન પરિપક્વ અથવા ક્ષાયિક ભાવરૂપ પૂર્ણ જ્ઞાન અવસ્થા જ્યાં પ્રાપ્ત થાય છે એવી આત્મરમણતા રૂપ યથાખ્યાત ચારિત્ર અવસ્થાની હેઠેની અવસ્થામાં યત્ કિંચિત્ રાગાદિ વિભાવ પરિણામના અવશ્ય હોવાપણાને લીધે બંધહેતુ જ હોય છે. અત્રે તત્ત્વનું તત્ત્વ એ સમજવાનું છે કે જ્ઞાનગુણ સર્વદા સર્વથા બંધહેતુ નથી, પણ જ્ઞાનગુણનો ગુણ પરિણામ (ગૌણ-મંદભાવ) એ જ બંધહેતુ છે અને તે ગુણ પરિણામ પણ રાગના હોવાપણાને લીધે જ બંધહેતુ હોય છે, એટલે બંધ થવાનું મૂળ કારણ રાગ જ - રાગજન્ય જ્ઞાનગુણ પરિણામ જ છે, જ્ઞાન ગુણ નહિ જ.

**જ્ઞાનગુણનો અન્યપણે પરિણામ વા જ્ઞાનનો ગુણ પરિણામ બંધહેતુ**

આકૃતિ



એમ સતે જ્ઞાની નિરાસ્રવ કેમ ? તો કે -

**दंसणणाणचरित्तं जं परिणमदे जहण्णभावेण ।**

**णाणी तेण दु बज्झदि पुग्गलकम्मेण विविहेण ॥१७२॥**

દર્શન-જ્ઞાન-ચારિત્ર જે પરિણમે રે, જઘન્ય ભાવથી જ્યાંય;

તેથી જ પુદ્ગલ કર્મ વિવિધથી રે, જ્ઞાની ખરે ! બંધાય... આસ્રવ ભાવ. ૧૭૨

**અર્થ** - કારણકે જ્ઞાની દર્શન-જ્ઞાન-ચારિત્ર જઘન્યભાવથી પરિણમે છે. તેથી જ તો તે વિવિધ પુદ્ગલ કર્મથી બંધાય છે. ૧૭૨

## आत्मख्याति टीका

एवं सति कथं ज्ञानी निरावः इति चेत् -

**दर्शनज्ञानचारित्रं यत्परिणमते जघन्यभावेन ।**

**ज्ञानी तेन तु बध्यते पुद्गलकर्मणा विविधेन ॥१७२॥**

यो हि **ज्ञानी** स बुद्धिपूर्वकरागद्वेषमोहरूपाद्भावाभावात् निरास्रव एव किंतु सोऽपि **यावज्ज्ञानं** सर्वोत्कृष्टभावेन द्रष्टुं ज्ञातुमनुचरितुं वाऽशक्तः सन् **जघन्यभावेनैव ज्ञानं पश्यति जानात्यनुचरति च तावत्तस्यापि** जघन्यभावान्यथानुपपत्त्याऽनुमीयमाना-बुद्धिपूर्वककलंकविपाकसद्भावात् **पुद्गलकर्मबंधः स्यात्** । अतस्तावज्ज्ञानं द्रष्टव्यं ज्ञातव्यमनुचरितव्यं च यावज्ज्ञानस्य यावान्पूर्णो भावस्तावान् द्रष्टो ज्ञातोऽनुचरितश्च सम्यग्भवति ततः साक्षात् ज्ञानीभूतः सर्वथा निरास्रव एव स्यात् ।

## આત્મખ્યાતિ ટીકાર્થ

જે નિશ્ચયે કરીને જ્ઞાની છે તે બુદ્ધિપૂર્વક રાગ-દ્વેષ-મોહ રૂપ આસ્રવભાવના અભાવને લીધે નિરાસ્રવ છે. કિંતુ તે પણ જ્યાં લગી જ્ઞાનને સર્વોત્કૃષ્ટ ભાવથી દેખવાને જાણવાને વા અનુચરવાને

**आत्मभावना** -

एवं सति - એમ સતે, कथं ज्ञानी निरास्रवः - જ્ઞાની નિરાસ્રવ કેમ ? इति चेत् - એમ જો પૂછો તો - यत् ज्ञानी दर्शनज्ञान चारित्रं जघन्यभावेन परिणमते - કારણકે જ્ઞાન દર્શન-જ્ઞાન-ચારિત્ર જઘન્ય ભાવથી પરિણમે છે, तेन तु विविधेन पुद्गलकर्मणा बध्यते - તેથી જ તે વિવિધ - નાના પ્રકારના પુદ્ગલ કર્મથી બંધાય છે. ॥ इति **गाथा** आत्मभावना ॥१७२॥

यो हि ज्ञानी - જે ખરેખર ! નિશ્ચયે કરીને જ્ઞાની છે स निरास्रव एव - તે નિરાસ્રવ જ છે किंतु सोऽपि - કિંતુ તે પણ यावत् - જ્યાં લગી ज्ञानं सर्वोत्कृष्टभावेन द्रष्टुं ज्ञातुमनचरितुं वाऽशक्तः सन् - જ્ઞાનને સર્વોત્કૃષ્ટ ભાવથી દેખવાને જાણવાને વા અનુચરવાને અશક્ત સતો, जघन्यभावेनैव ज्ञानं पश्यति जानात्यनुचरति च - જઘન્ય ભાવથી જ જ્ઞાનને દેખે છે જાણે છે અને અનુચરે છે, तावत् - ત્યાં લગી तस्यापि - તેને પણ, તે જ્ઞાનીને પણ पुद्गलकर्मबंधः स्यात् - પુદ્ગલ કર્મબંધ હોય. શાને લીધે ? अबुद्धिपूर्वककर्मकलंकविपाकसद्भावात् - અબુદ્ધિપૂર્વક કર્મકલંકના વિપાકના - ફલ ઉદયના સદ્ભાવને લીધે - હોવાપણાને લીધે. અબુદ્ધિપૂર્વક કર્મ કલંક વિપાક છે એમ શાથી જણાય છે ? जघन्यभावान्यथानुपपत्यानुमीयमानः - જઘન્ય ભાવની અન્યથા અનુપપત્તિથી - અન્યથા અઘટમાનતાથી અનુમાનાઈ રહેલ છે, જઘન્ય ભાવ બીજી કોઈ રીતે ઘટતો નથી તે પરથી અનુમાનવામાં આવે છે, તેથી. આ પરથી શો પરમાર્થસાર ફલિત થાય છે ?

अतस्तावत् ज्ञानं द्रष्टव्यं ज्ञातव्यमनुचरितव्यं च - એથી કરીને ત્યાં લગી જ્ઞાન દ્રષ્ટવ્ય - દેખવા યોગ્ય જ્ઞાતવ્ય - જાણવા યોગ્ય અને અનુચરિતવ્ય - અનુચરવા યોગ્ય છે, यावज्ज्ञानरूपवान् पूर्णो भावस्तावान् दृष्टो ज्ञातोऽनुचरितश्च सम्यग्भवति - કે જ્યાં લગી જ્ઞાનનો જેટલો પૂર્ણભાવ છે, તેટલો દૃષ્ટ - દીઠેલો જ્ઞાત - જાણેલો અને સમ્યક્ અનુચરિત - અનુચરેલો હોય છે. એટલે પછી શું ? ततः साक्षात् ज्ञानीभूतः सर्वथा निरास्रव एव स्यात् - એટલે પછી સાક્ષાત્ - પ્રત્યક્ષ પ્રગટ જ્ઞાનીભૂત - જ્ઞાની થઈ ગયેલો સર્વથા - સર્વ પ્રકારે નિરાસ્રવ જ હોય. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१७२॥

**અશક્ત જઘન્ય ભાવથી જ જ્ઞાનને દેખે છે, જાણે છે, અનુચરે છે, ત્યાં લગી તેને પણ જઘન્યભાવની અન્યથા અનુપપત્તિથી અનુમાનાઈ રહેલા અબુદ્ધિપૂર્વક કલંક વિપાકના સદ્ભાવને લીધે પુદ્ગલ કર્મબંધ હોય. એથી કરીને ત્યાં લગી જ્ઞાન દ્રષ્ટવ્ય, જ્ઞાતવ્ય અને અનુચરિતવ્ય છે, કે જ્યાં લગી જ્ઞાનનો જેટલો પૂર્ણ ભાવ તેટલો દ્રષ્ટ જ્ઞાત અને સમ્યક્ અનુચરિત હોય, પછી સાક્ષાત્ જ્ઞાનીભૂત (જ્ઞાની થઈ ગયેલો) તે સર્વથા નિરાસ્રવ જ હોય. ૧૭૨**

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્માને ક્યારેય પણ વિકાર ન ઉપજે તથા રાગદ્વેષ પરિણામ ન થાય ત્યારે જ કેવલ જ્ઞાન કહેવાય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૯૫૭) ઉપદેશ છાયા**

જો એમ જ્ઞાન ગુણપરિણામ બંધહેતુ હોય છે તો પછી જ્ઞાની નિરાસ્રવ હોય એ પૂર્વોક્ત વિધાનને વિરોધ આવે છે, અર્થાત્ જ્ઞાની નિરાસ્રવ કેમ હોય ? એવો સહજ પ્રશ્ન જિજ્ઞાસુ શિષ્યને ઉદ્ભવે છે. તેનું અત્ર યુક્તિયુક્ત સમાધાન ભગવાન્ કુંદકુંદાચાર્યજીએ પ્રકાશ્યું છે - 'જ્ઞાની દર્શન - જ્ઞાન ચારિત્રને 'જઘન્ય ભાવથી' - ક્ષયોપશમજન્ય મંદતમ - મંદતર - મંદ ભાવથી પરિણમે છે, તેથી જ તો તે વિવિધ - નાના પ્રકારના કર્મથી બંધાય છે'; અને આ વસ્તુનો અદ્ભુત અલૌકિક અનુપમ પરમાર્થ ભગવતી આત્મખ્યાતિ પ્રણેતા ભગવાન્ અમૃતચંદ્રાચાર્યજીએ અપૂર્વ આત્મભાવમય પોતાની અનન્ય લાક્ષણિક શૈલીથી બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વક રાગાદિનો સ્પષ્ટ ભેદ દર્શાવી નિષ્તુષપણે સમજાવ્યો છે. તેનો ભાવાર્થ આ પ્રકારે -

**જઘન્ય ભાવથી દર્શનાદિ પરિણામ, તેથી જ બંધ**

જે નિશ્ચયે કરીને કથન માત્ર નહિ પણ ખરેખરો 'જ્ઞાની' છે, સ્વ - પર વસ્તુનો યથાવત્ ભેદ જાણી જેણે સમ્યક્ આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું છે, એવો જે આત્મજ્ઞાની છે, તે 'બુદ્ધિપૂર્વક રાગ-દ્વેષ-મોહ રૂપ આસ્રવ ભાવના અભાવને લીધે નિસ્રરાવ જ છે' - बुद्धिपूर्वकरागद्वेषमोहरूपास्रवभावाभावात् निराव एव અર્થાત્ તેને 'બુદ્ધિપૂર્વક' - અભિપ્રાય પૂર્વક - ઈરાદા પૂર્વક (Intertional, conscious) રાગ-દ્વેષ-મોહ રૂપ આસ્રવ ભાવનો તો અભાવ જ હોય છે, હું રાગ-દ્વેષ-મોહ ભાવ કરૂં એમ જાણીબૂઝીને જાણતાં (Knowingly, consciously) રાગ-દ્વેષ-મોહ ભાવ કરતો જ નથી, તેથી તે નિરાસ્રવ જ - આસ્રવ રહિત જ છે, પરંતુ તે પણ જ્યાં સુધી જ્ઞાનને 'સર્વોત્કૃષ્ટ ભાવથી' - सर्वोत्कृष्टभावेन - સર્વથી ઉત્કૃષ્ટ - ઉંચામાં ઉંચા ભાવથી દેખવાને જાણવાને અને અનુચરવાને 'અશક્ત' - અસમર્થ સતો, जघन्यभावेनैव - 'જઘન્ય ભાવથી જ' - કનિષ્ઠ નીચામાં નીચા ભાવથી જ અર્થાત્ ક્ષયોપશમજન્ય મંદતમ - મંદતર - મંદ ભાવથી જ જ્ઞાનને દેખે છે, જાણે છે અને અનુચરે છે, ત્યાં સુધી તેને પણ जघन्यभावान्यथानुपपत्त्यानुमीयमान - 'જઘન્ય ભાવની અન્યથા અનુપપત્તિથી અનુમાનાઈ રહેલા' અબુદ્ધિ પૂર્વક કલંક વિપાકના સદ્ભાવને લીધે - अबुद्धिपूर्वक कलंकविपाकसद्भावात् - પુદ્ગલ કર્મબંધ હોય, અબુદ્ધિ પૂર્વક - અનભિપ્રાય પૂર્વક - ઈરાદા વિના (unintentionally) અજાણપણે (unknowingly, unconsciously) કર્મ કલંક વિપાકના' - કર્મ કલંકના ફલ ઉદય રૂપ રાગાદિના સદ્ભાવને લીધે - હોવાપણાને લીધે પુદ્ગલ કર્મબંધ હોય. અર્થાત્ હમણાં જે તેના પોતાના હાથની વાત નથી એવા પૂર્વે અજ્ઞાનથી બાંધેલા કર્મકલંકના ફલદાન સમર્થ ઉદયના હોવાપણાને લીધે, તેને જાણી બૂઝીને નહિ - પણ અજાણતાં (unknowingly, unconsciously, unintentionally) અબુદ્ધિપૂર્વક - અનભિપ્રાય પૂર્વક - વિના ઈરાદે કર્મોદયજન્ય યત્ કિંચિત્ રાગાદિ ભાવનું હોવાપણું હોય છે, તેને લીધે તેને પુદ્ગલ કર્મબંધ હોય અને તે અબુદ્ધિપૂર્વક કર્મકલંકનો વિપાક તે 'જઘન્ય ભાવની અન્યથા અનુપપત્તિથી' અનુમાની શકાય છે, એટલે કે જો તેવા તેવા પ્રકારનો અબુદ્ધિપૂર્વક (unconsciously) એવો કર્મ વિપાકનો ઉદય ન હોય તો અન્ય

**બુદ્ધિપૂર્વક રાગાદિ ભાવ-અભાવને લીધે નિરાસ્રવ**

પ્રકારે તે જઘન્ય ભાવની ઉપપત્તિ - ઘટમાનતા હોય નહિ, બીજી કોઈ પણ રીતે તે ક્ષયોપશમજન્ય મંદતમ-મંદતર-મંદપણારૂપ જઘન્ય ભાવ ઘટે નહિ, એટલે જ એમ અનુમાનવું પડે છે કે અબુદ્ધિપૂર્વક એવો કર્મકલંકનો વિપાક - રાગાદિ ફલ ઉદય તેને હોય છે અને તેથી કરીને જ તેને પુદ્ગલ કર્મબંધ - દ્રવ્ય કર્મબંધ હોય.

**જઘન્ય ભાવ પરથી અબુદ્ધિપૂર્વક રાગાદિનું અનુમાન, તેથી બંધ**


તાત્પર્ય કે - જઘન્ય જ્ઞાનીને પણ ભલે એમ અબુદ્ધિપૂર્વક એવો કર્મોદય જન્ય રાગાદિ ઉદય ભાવ હોય, પણ બુદ્ધિપૂર્વક રાગાદિભાવ તો જ્ઞાનીને કદી પણ સંભવતો નથી જ અને બુદ્ધિપૂર્વક રાગાદિ જ મુખ્ય છે, તેથી કરીને જ તેના અભાવે જ્ઞાની નિરાસ્રવ હોય છે એમ કહ્યું તે યથાર્થ જ છે.


**પૂર્ણતા પર્યંત જ્ઞાનના દર્શન-જ્ઞાન-ચારિત્ર**


આ પરથી શો પરમાર્થ સાર ફલિત થાય છે ? 'तावज्ज्ञानं दृष्टव्यं ज्ञातव्यमनुचरितव्यं च' - એથી કરીને ત્યાં લગી જ્ઞાન 'દૃષ્ટવ્ય' - દેખવા યોગ્ય 'જ્ઞાતવ્ય' - જાણવા યોગ્ય અને 'અનુચરિતવ્ય' - અનુચરવા યોગ્ય છે, કે જ્યાં લગી જ્ઞાનનો જેટલો પૂર્ણ ભાવ છે, તેટલો 'દૃષ્ટ' - દીઠેલો 'જ્ઞાત' - જાણેલો અને સમ્યક્ - યથાવત્ જેમ છે તેમ 'અનુચરિત' - અનુચરેલો - જાણ્યા અનુસારે - પ્રમાણે આચરેલો હોય છે - 'यावज्ज्ञानस्य यावान् पूर्णो भावस्तावान् दृष्टो ज्ञातोऽनुचरितश्च सम्यक् भवति ।' એટલે પછી શું ? સાક્ષાત્ - પ્રત્યક્ષ - પ્રગટ 'જ્ઞાનીભૂત' - જ્ઞાની થઈ ગયેલો સર્વથા - બુદ્ધિ પૂર્વક - અબુદ્ધિ પૂર્વક સર્વ પ્રકારે નિરાસ્રવ જ હોય, साक्षात् ज्ञानीभूतः सर्वथा निरास्रव एव स्यात् । જ્ઞાનાવતાર **શ્રીમદ્ રાજચંદ્રના** ટંકોત્કીર્ણ અનુભવોદ્ગાર છે કે -

"પરમ વીતરાગોએ આત્મસ્થ કરેલું, યથાખ્યાત ચારિત્રથી પ્રગટેલું એવું - પરમ અસંગપણું નિરંતર વ્યક્તાવ્યક્ત પણે સંભારું છું." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૯૬**

**આકૃતિ**



ઉક્તના સારસમુચ્ચય ઉપસંહાર **સમયસાર કળશ** (૪) પ્રકાશે છે -

शार्दूलविक्रीडित

**संन्यस्यन्निजबुद्धिपूर्वमनिशं रागं समग्रं स्वयं,**
**वारंवारमबुद्धिपूर्वमपि तं जेतुं स्वशक्तिं स्पृशन् ।**
**उच्छिंदन् परिवृत्तिमेव सकलां ज्ञानस्य पूर्णो भवन्,**
**ह्यात्मा नित्यनिरास्रवो भवति हि ज्ञानी यदा स्यात्तदा ॥११६॥**

બુદ્ધિ પૂર્વક રાગ સર્વ જ સ્વયં નિત્યે જ સંન્યાસતો,
વારંવાર અબુદ્ધિપૂર્વ જીતવા શક્તિ સ્વની સ્પર્શતો;
ઉચ્છેદંન્ પરિવૃત્તિ જ્ઞાનની સહુ આ આત્મ પૂર્ણો થતો,
ત્યારે નિત્ય નિરાસ્રવો જ બનતો જ્યારે જ જ્ઞાની થતો. ૧૧૬

## અમૃત પદ-૧૧૬

નિત્ય નિરાસ્રવ આત્મા હોયે, જ્યારે જ્ઞાની ભવંત,
આસ્રવ સર્વ સંવરતો અમૃત, જ્ઞાનભવન વિલસંત... નિત્ય નિરાસ્રવ. ૧
બુદ્ધિ પૂર્વક રાગ સમગ્ર જ, સ્વયં સંન્યાસ કરંત,
અબુદ્ધિપૂર્વ તે જીતવા વાર-વાર સ્વશક્તિ સ્પૃશંત... નિત્ય નિરાસ્રવ. ૨
ઉચ્છેદતો પરિવૃત્તિ જ્ઞાનની, આત્મા પૂર્ણ ભવંત,
નિત્ય નિરાસ્રવ હોયે ત્યારે, જ્યારે જ્ઞાની હવંત... નિત્ય નિરાસ્રવ. ૩
ટંકોત્કીર્ણ અમૃત એવી એ, અમૃત વાણી મહંત,
ભગવાન અમૃતચંદ્રે ભાખી, દાખી વિરલા સંત... નિત્ય નિરાસ્રવ. ૪

**અર્થ** - નિજબુદ્ધિ પૂર્વક સમગ્ર રાગને હંમેશાં સ્વયં સંન્યસતો (ત્યજતો) તે અબુદ્ધિપૂર્વકને પણ જીતવાને વારંવાર સ્વશક્તિને સ્પર્શતો, જ્ઞાનની સકલ પરિવૃત્તિને જ (પરિવર્તનને જ) ઉચ્છેદતાં પૂર્ણ થતો એવો આત્મા જ્યારે જ્ઞાની હોય ત્યારે નિશ્ચયે કરીને નિત્ય નિરાસ્રવ જ હોય છે. ૧૧૬

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય


"તે રાગાદિની નિવૃત્તિ એક આત્મજ્ઞાન સિવાય બીજી કોઈ પ્રકારે ભૂતકાળમાં થઈ નથી, વર્તમાનના કાળમાં થતી નથી, ભવિષ્ય કાળમાં થઈ શકે તેમ નથી. એમ સર્વ જ્ઞાની પુરુષોને ભાસ્યું છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૭૫**

*બુદ્ધિપૂર્વક રાગનો ત્યાગ : અબુદ્ધિ પૂર્વક રાગને જીતવાનો આત્મપુરુષાર્થ*

જ્ઞાની નિરાસ્રવ કેવા પ્રકારે કેવા ક્રમે હોય છે ? તે ઉપરોક્તના સારસમુચ્ચયનું આ ઉપસંહાર કળશમાં સંદોહન કર્યું છે - संन्यस्यन्निजबुद्धिपूर्वमनिशं रागं समग्रं स्वयं - પ્રથમ તો નિજ બુદ્ધિપૂર્વક - અભિપ્રાય પૂર્વક સમગ્ર - સમસ્ત રાગને સ્વયં - આપોઆપ સંન્યસે છે - ત્યજે છે અને અબુદ્ધિપૂર્વક રાગને પણ જીતવાને તે વારંવાર - ફરી ફરીને સ્વશક્તિને - આત્મશક્તિને સ્પર્શે છે - આત્મ પુરુષાર્થથી આત્મસામર્થ્ય સ્ફુરાવે છે, 'वारंवारमबुद्धिपूर्वमपि तं जेतुं स्वशक्तिं स्पृशन् ।' અને આમ નિજબુદ્ધિ પૂર્વક સમગ્ર રાગને સ્વયં - આપોઆપ સંન્યસતો અને તે અબુદ્ધિ પૂર્વકને જીતવાને વારંવાર આત્મશક્તિને સ્પર્શતો તે જ્ઞાનની સકલ પરિવૃત્તિને જ ઉચ્છેદતો પૂર્ણ થતો -

उच्छिदन् परिवृत्तिमेव सकला ज्ञानस्य भवन् - આત્મા જ્યારે જ્ઞાની હોય ત્યારે ખરેખર ! નિશ્ચયે કરીને નિત્ય નિરાસ્રવ હોય છે - आत्मा नित्य निरास्रवो भवति हि ज्ञानी यदा स्यात्तदा, અર્થાત્ તે જ્ઞાનની વિપરિણામ રૂપ - વિશેષ વિવિધ ભાવે પરિણમન રૂપ સકલ જ 'પરિવૃત્તિને' - પરિવર્ત્તનને - પલટન પણાને (Changing visicitudes) ઉચ્છેદે છે - અત્યંતપણે છેદે છે અને એમ કરતાં કરતાં પૂર્ણ થતો આત્મા જ્યારે જ્ઞાની હોય ત્યારે નિત્ય નિરાસ્રવ - સદા નિરાસ્રવ હોય છે,

આકૃતિ




એટલે કે જ્ઞાન સિવાય બીજા કોઈ ભાવ જ્યાં સમાતો નથી વા ઉદ્ભવતો નથી એવા ખરેખરા અર્થમાં આત્મા પૂરો જ્ઞાની બને છે, ત્યારે તે સદાય નિરાસ્રવ જ હોય છે.

આગલી ગાથાના ભાવનું સૂચન કરતો ઉત્થાનિકા સમયસાર કળશ (૫) પ્રકાશે છે -

अनुष्टुप्

**सर्वस्यामेव जीवंत्यां, द्रव्यप्रत्ययसंततौ ।**

**कुतो निरास्रवो ज्ञानी, नित्यमेवेति चेन्मतिः ॥११७॥**

સર્વ જ જીવતી હોતાં, દ્રવ્ય પ્રત્યય સંતતિ;

નિત્યે નિરાસ્રવ જ્ઞાની, ક્યાંથી જ ? એમ જો મતિ - ૧૧૭

**અર્થ** - સર્વ જ દ્રવ્ય પ્રત્યય સંતતિ જીવતી સતે, જ્ઞાની નિત્યમેવ નિરાસ્રવ ક્યાંથી હોય ? એમ જો મતિ હોય તો - ૧૧૭

## અમૃત પદ-૧૧૭

દ્રવ્ય પ્રત્યય સંતતિ સર્વે, હોય જીવંતી તોયે,

નિત્ય નિરાસ્રવ જ્ઞાની ક્યાંથી ? એમ મતિ જો હોયે... દ્રવ્ય પ્રત્યય. ૧

આતમ અનુભવ અમૃત સિંધુ, નિત્ય નિમજ્જન કરતા,

ભગવાન જ્ઞાની નિત્ય નિરાસ્રવ, જો ! આ રીતે ઠરતા... દ્રવ્ય પ્રત્યય. ૨

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જ્ઞાનીની દશા બહુ જ અદ્‌ભુત છે. *** જ્ઞાનીને વચમાં સાક્ષી છે. જ્ઞાન, જાગૃતિ હોય તો જ્ઞાનના વેગે કરી, જે જે નિમિત્ત મળે તેને પાછું વાળી શકે."

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૪૩, ઉપદેશ છાયા**

અત્રે આગલી ગાથાના ભાવનું સૂચન કરતો આ ઉત્થાનિકા રૂપ કળશ પ્રકાશ્યો છે - सर्वस्यामेव जीवंत्यां द्रव्यप्रत्ययसंततौ - **મિથ્યાત્વાદિ સર્વ જ દ્રવ્ય પ્રત્યય સંતતિ - દ્રવ્યપ્રત્યય પરંપરા જ્યાં જીવતી બેઠી છે, ત્યાં તો પછી જ્ઞાની નિત્યમેવ-સદાય નિરાસ્રવ - આસ્રવ રહિત ક્યાંથી હોય ?** कुतो निरास्रवो ज्ञानी नित्यमेवेति चेन्मति, એમ જો હે આત્માર્થી ! ત્હારી મતિમાં શંકા ઉઠતી હોય, તો તેનું સ્પષ્ટ સમાધાન આ ગાથાથી પ્રકાશીએ છીએ :-

**सव्वे पुव्वणिबद्धा दु पच्चया संति सम्मदिट्ठिस्स ।**
**उवओगप्पाओगं बंधंते कम्मभावेण ॥१७३॥**
**संती दु णिरुवभोज्जा बाला इत्थी जहेव पुरिसस्स ।**
**बंधदि ते उवभोज्जे तरुणी इत्थी जह णरस्स ॥१७४॥**
**होदूण णिरुवभोज्जा तह बंधदि जह हवंति उवभोज्जा ।**
**सत्तट्ठविहा भूदा णाणावरणादिभावेहिं ॥१७५॥**
**एदेण कारणेण दु सम्मादिट्ठी अबंधगो भणिदो ।**
**आसवभावाभावे ण पच्चया बंधगा भणिदा ॥१७६॥**

સમ્યગ્દૃષ્ટિને સત્તામાં સહુ રે, પ્રત્યય પૂર્વ નિબદ્ધ;
ઉપયોગ પ્રાયોગ્ય તે ભાવથી રે, કર્મ કરે છે બદ્ધ... આસ્રવભાવ અભાવ. ૧૭૩
નિરુપભોગ્ય તે સત્તામાં રહ્યા રે, નરને બાલ સ્ત્રી જેમ;
ઉપભોગ્ય તે નરને બાંધતા રે, તરુણી સ્ત્રીની જેમ... આસ્રવભાવ. ૧૭૪
નિરુપભોગ્ય હોઈ તેમ તે બાંધતા રે, ઉપભોગ્ય જેમ હોય;
જ્ઞાનાવરણાદિ ભાવે કરી રે, સપ્ત-અષ્ટવિધભૂત સોય... આસ્રવભાવ. ૧૭૫
એ કારણથી અબંધક ખરે ! રે, સમ્યગ્ દૃષ્ટિ તો હોય,
આસ્રવ ભાવ અભાવે પ્રત્યયો રે, બંધક ન કહ્યા સો ય... આસ્રવભાવ. ૧૭૬

**અર્થ** - સર્વે પૂર્વ નિબદ્ધ પ્રત્યયો તો સમ્યગ્દૃષ્ટિને સત્તામાં હોય છે, ઉપયોગપ્રાયોગ્ય તે ભાવે કરીને કર્મ બાંધે છે. ૧૭૩

સત્તામાં રહેલા તે તો પુરુષને બાલસ્ત્રીની જેમ જ નિરુપભોગ્ય (નહિ ઉપભોગવવા યોગ્ય) હોય છે, ઉપભોગ્ય એવા તે નરને તરુણી સ્ત્રીની જેમ બાંધે છે. ૧૭૪

નિરુપભોગ્ય હોઈને તે તથા પ્રકારે બાંધે છે કે જેમ જ્ઞાનાવરણાદિ ભાવોથી સપ્ત-અષ્ટવિધ થયેલા તેઓ ઉપભોગ્ય (ઉપભોગવવા યોગ્ય) હોય છે. ૧૭૫

એ કારણથી જ સમ્યગ્દૃષ્ટિ નિશ્ચયે કરીને અબંધક કહ્યો છે, આસ્રવભાવના અભાવે પ્રત્યયો બંધક કહ્યા નથી. ૧૭૬

---

**आत्मभावा** -

सर्वे पूर्वनिबद्धास्तु प्रत्ययाः - સર્વે પૂર્વ નિબદ્ધ - પૂર્વે બાંધેલા પ્રત્યયો - મિથ્યાત્વાદિ કર્મબંધ હેતુઓ તો सम्यग्दृष्टेः संति - સમ્યગ્ દૃષ્ટિને સત્તામાં હોય છે, તે उपयोगप्रायोग्यं - જેવો ઉપયોગનો પ્રયોગ થાય તે પ્રમાણે - તે અનુસારે कर्म भावेन बध्नंति - કર્મ ભાવે કરીને બાંધે છે. संति तु निरुपभोग्यानि - સત્તામાં રહેલા તે પ્રત્યયો તો નિરુપભોગ્ય - નહિ ઉપભોગવવા યોગ્ય હોય છે, કોની જેમ ? बाला स्त्री यथेह पुरुषस्य - બાલ સ્ત્રી જેમ અહીં - આ લોકમાં પુરુષને. तानि उपभोग्यानि बध्नाति - તે ઉપભોગ્ય - ઉપભોગવવા યોગ્ય બાંધે છે, કોની જેમ ? तरुणी स्त्री यथा नरस्य - તરુણી - યુવાન સ્ત્રી જેમ નરને - પુરુષને. આમ भूत्वा निरुपभोग्यानि - નિરુપભોગ્ય - નહિ ઉપભોગવવા યોગ્ય હોઈને तथा बध्नाति - તથા પ્રકારે બાંધે છે કે यथा - જેમ ज्ञानावरणादिभावैः सप्ताष्टविधानि भूतानि - જ્ઞાનાવરણાદિ ભાવોથી સપ્ત - અષ્ટવિધ થયેલા उपभोग्यानि भवंति - ઉપભોગ્ય - ઉપભોગવવા યોગ્ય હોય છે. एतेन कारणेन तु - આ કારણથી જ નિશ્ચયે કરીને सम्यग्दृष्टिरबंधको भणितः - સમ્યગ્ દૃષ્ટિ અબંધક કહ્યો છે, (કારણકે) आस्रवभावाभावे - આસ્રવ ભાવના અભાવે न प्रत्यया बंधका भणिताः - પ્રત્યયો બંધક નથી કહ્યા. ॥ इति **गाथा** आत्मभावना ॥१७३॥१७४॥१७५॥१७६॥

## आत्मख्याति टीका

**सर्वे पूर्वनिबद्धास्तु प्रत्ययाः संति सम्यग्दृष्टेः ।**
**उपयोगप्रायोग्यं बध्नंति कर्मभावेन ॥१७३॥**
**संति तु निरुपभोग्यानि बाला स्त्री यथेह पुरुषस्य ।**
**बध्नाति तानि उपभोग्यानि तरुणी स्त्री यथा नरस्य ॥१७४॥**
**भूत्वा निरुपभोग्यानि तथा बध्नाति यथा भवंत्युपभोग्यानि ।**
**सप्ताष्टविधानि भूतानि ज्ञानावरणादिभावैः ॥१७५॥**
**एतेन कारणेन तु सम्यग्दृष्टिरबंधको भणितः ।**
**आस्रवभावाभावे न प्रत्यया बंधका भणिताः ॥१७६॥**

यतः **सदवस्थायां** तदात्वपरिणीत**बालस्त्रीवत्** पूर्वम**नुपभोग्यत्वेऽपि** विपाकावस्थायां **प्राप्तयौवन**पूर्वपरिणीत**स्त्रीवत्** उपभोग्यत्वाद् **उपयोगप्रायोग्यं पुद्गलकर्म द्रव्यप्रत्ययाः संतोऽपि** कर्मोदयकार्य**जीवभावसद्भावादेव बध्नंति, ततो** ज्ञानिनो यदि द्रव्यप्रत्ययाः पूर्वबद्धाः संति संतु, तथापि **स तु निरास्रव एव** कर्मोदयकार्यस्य रागद्वेषमोहरूपस्या**वभावस्याभावे** द्रव्यप्रत्ययानामबंधहेतुत्वात् । ॥१७३-१७६॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

કારણકે - **સત્ અવસ્થામાં** તદાત્વે (ત્યારે) પરિણીત **બાલ સ્ત્રી જેમ,** પૂર્વે અનુપભોગ્યપણું સતે પણ, વિપાક અવસ્થામાં **પ્રાપ્ત યૌવન** પૂર્વ પરિણીત **સ્ત્રી જેમ** ઉપભોગ્યપણાને લીધે **ઉપયોગ પ્રાયોગ્ય* પુદ્ગલકર્મદ્રવ્ય પ્રત્યયો સંતા** (સત્તામાં રહેલા) **પણ** કર્મોદયના કાર્યરૂપ **જીવભાવના સદ્ભાવ થકી જ બાંધે છે, તેથી કરીને** જ્ઞાનીને જો દ્રવ્યપ્રત્યયો પૂર્વબદ્ધ એવા સત્તામાં છે તો ભલે હો ! તથાપિ **તે તો નિરાસ્રવ જ છે,** કર્મોદયનું કાર્ય એવા રાગ-દ્વેષ-મોહ રૂપ **આસ્રવ ભાવના અભાવે** દ્રવ્યપ્રત્યયોનું અબંધહેતુપણું છે. ૧૭૩-૧૭૬

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''શ્રી આચારાંગ સૂત્ર મધ્યે કહ્યું છે કે 'આસ્રવા તે પરિસ્રવા' ને જે 'પરિસ્રવા તે આસ્રવા'. આસ્રવ છે તે જ્ઞાનીને મોક્ષને હેતુ થાય છે અને જે સંવર છે, છતાં તે અજ્ઞાનીને બંધના હેતુ થાય છે,

---

यतः - કારણકે सदवस्थायां - સદ્ અવસ્થામાં, સત્તા રૂપ અવસ્થામાં तदात्वपरिणीतबालस्त्रीवत् - તદાત્વે - ત્યારે - તે કાળે પરિણીત - પરણેલી બાલ સ્ત્રી જેમ पूर्वमनुपभोग्यत्वेपि - પૂર્વે અનુપભોગ્યપણું - નહિ ઉપભોગવવા યોગ્યપણું છતાં, विपाकावस्थायां - વિપાક અવસ્થાયાં प्राप्तयौवनपूर्वपरिणीतस्त्रीवत् - પ્રાપ્ત યૌવન - યૌવનને પ્રાપ્ત થયેલી પૂર્વ પરિણીત - પૂર્વે પરણેલી સ્ત્રી જેમ उपभोग्यत्वाद् - ઉપભોગ્યપણાને લીધે - ઉપભોગવવા યોગ્યપણાને લીધે उपयोग*प्रायोग्यं - ઉપયોગ પ્રાયોગ્ય - ઉપયોગના પ્રયોગ પ્રમાણે - જેવો ઉપયોગ હોય તે અનુસારે पुद्गलकर्म - પુદ્ગલ કર્મ द्रव्यप्रत्ययाः संतोऽपि बध्नंति - દ્રવ્ય પ્રત્યયો સંતા - સત્તામાં રહેલા પણ બાંધે છે અને તે પણ ક્યારે ? શાને લીધે ? कर्मोदयकार्यजीवभावसद्भावादेव - કર્મોદયના કાર્ય એવા જીવ ભાવના સદ્ભાવને લીધે જ - હોવાપણાને લીધે જ. આ ઉપરથી શું ફલિત થાય છે ?

ततो - તેથી કરીને ज्ञानिनो - જ્ઞાનીને यदि द्रव्यप्रत्ययाः पूर्वबद्धाः संति - જો દ્રવ્યપ્રત્યયો પૂર્વબદ્ધ - પૂર્વે બાંધેલા એવા સત્તામાં છે, संतु - તો ભલે હો ! तथापि - તથાપિ स तु निरास्रव एव - તે - જ્ઞાની તો નિરાસ્રવ જ છે, શાને લીધે ? रागद्वेषमोहरूपस्यास्रवभावस्य अभावे - રાગ-દ્વેષ-મોહ રૂપ આસ્રવ ભાવના અભાવે द्रव्यप्रत्ययानामबन्धहेतुत्वात् - દ્રવ્ય પ્રત્યયોના અબંધ હેતુપણાને લીધે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१७३॥१७४॥१७५॥१७६॥

* પાઠાંતર : उपभोगप्रायोग्यं

એમ પ્રગટ કહ્યું છે. તેનું કારણ જ્ઞાનીને વિષે ઉપયોગની જાગૃતિ છે અને અજ્ઞાનીને વિષે નથી.''

- શ્રીમદ્ રાજચંદ્ર

''જે પુરુષો તે કર્મ સંયોગ અને તેના ઉદયે ઉત્પન્ન થયેલા પર્યાયોને સ્વ સ્વરૂપ નથી માનતા અને પૂર્વ સંયોગ સત્તામાં છે, તેને અબંધ પરિણામે ભોગવી રહ્યા છે, તે આત્માઓ સ્વભાવની ઉત્તર ઉત્તર ઉર્ધ્વ શ્રેણી પામી શુદ્ધ ચેતન ભાવને પામશે, આમ કહેવું સપ્રમાણ છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અંક-૫૫

સર્વ દ્રવ્યપ્રત્યય સંતતિ જીવતી સતે જ્ઞાની નિત્ય નિરાસ્રવ કેમ ? એમ ઉત્થાનિકા કળશમાં નિરૂપિત શંકાનું આ ગાથાઓમાં સમાધાન કર્યું છે - સર્વે પૂર્વ નિબદ્ધ પૂર્વે બાંધેલા 'પ્રત્યયો' - મિથ્યાત્વાદિ કર્મ બંધહેતુઓ તો સમ્યગ્દૃષ્ટિને સત્તામાં હોય છે, તે 'ઉપયોગ પ્રાયોગ્ય' - જેવો ઉપયોગનો પ્રયોગ થાય તે પ્રમાણે - તદનુસારે કર્મ ભાવે કરીને બાંધે છે. 'સંતા' - સત્તામાં રહેલા તે પ્રત્યયો તો અહીં - લોકમાં પુરુષને બાલ સ્ત્રીની જેમ 'નિરુપભોગ્ય' - નહિ ઉપભોગવવા યોગ્ય એવા હોય છે, (હવે) 'ઉપભોગ્ય' ઉપભોગવવા યોગ્ય એવા તે પુરુષને તરુણીની - યુવાન સ્ત્રીની જેમ બાંધે છે. આમ 'નિરુપભોગ્ય' - નહિ ઉપભોગવવા યોગ્ય થઈને તે તથાપ્રકારે બાંધે છે કે જેમ જ્ઞાનાવરણાદિ ભાવોથી 'સપ્ત - અષ્ટવિધ' - સાત આઠ પ્રકારના થયેલા તે 'ઉપભોગ્ય' - ઉપભોગવવા યોગ્ય હોય છે. આ કારણથી જ નિશ્ચયે કરીને સમ્યગ્દૃષ્ટિ 'અબંધક' - કર્મ નહિ બાંધનારો કહ્યો છે, કારણકે આસ્રવ ભાવના 'અભાવે' - નહિ હોવાપણું સતે પ્રત્યયો 'બંધક' - બંધ કરનારા નથી કહ્યા. આવા ભાવની આ ગાથાઓમાં જ્ઞાની નિત્ય નિરાસ્રવ કેમ હોય છે તે દર્શાવ્યું છે અને તેનું યુક્તિ યુક્ત ઓર સમર્થન 'આત્મખ્યાતિ'કર્તા પરમર્ષિએ કર્યું છે. તેનો આશયાર્થ આ પ્રકારે -


**દ્રવ્ય પ્રત્યયો ઉપભોગ પ્રાયોગ્ય વા ઉપયોગ પ્રાયોગ્ય તરુણી સ્ત્રી જેમ જીવભાવ સદ્ભાવે જ બાંધે**

सदवस्थायां - 'સત્ અવસ્થામાં' - સત્તા અવસ્થામાં - સત્તાગત સ્થિતિમાં દ્રવ્ય - પ્રત્યયોનું 'અનુપભોગ્યપણું' - નહિ ઉપભોગવવા યોગ્યપણું છે, કોની જેમ ? 'તદાત્વે પરિણીત બાલસ્ત્રી જેમ' - ત્યારે તે વખતે પરણેલી બાલ સ્ત્રીનું પુરુષને જેમ અનુપભોગ્યપણું છે તેમ. એમ છતાં 'विपाकावस्थायां - વિપાક અવસ્થામાં' - ફલદાન - ક્ષણરૂપ ઉદય અવસ્થામાં તે દ્રવ્યપ્રત્યયોનું 'ઉપભોગ્યપણું' - ઉપભોગવવા યોગ્યપણું હોય છે. કોની જેમ ? 'પ્રાપ્ત યૌવન પૂર્વ પરિણીત સ્ત્રી જેમ' - યૌવન પામેલી તે પૂર્વે પરણેલી સ્ત્રીની જેમ. આમ સત્તા અવસ્થામાં અનુપભોગ્યપણું છતાં વિપાક અવસ્થામાં ઉપભોગ્યપણાને લીધે સંતા-સત્ એવા પણ દ્રવ્યપ્રત્યયો 'ઉપયોગ પ્રાયોગ્ય' અથવા 'ઉપભોગ પ્રાયોગ્ય' પુદ્ગલ કર્મ બાંધે છે, 'ઉપયોગ પ્રાયોગ્ય' - ઉપયોગના પ્રયોગ પ્રમાણે - જેવો ઉપયોગ હોય તે અનુસારે અથવા 'ઉપભોગ પ્રાયોગ્ય' - ઉપભોગના પ્રયોગ પ્રમાણે - જેવો ઉપભોગ હોય છે તે અનુસારે પુદ્ગલ કર્મ બાંધે છે અને આમ 'ઉપયોગ પ્રાયોગ્ય' અથવા 'ઉપભોગ પ્રાયોગ્ય' પુદ્ગલ કર્મ સત્ દ્રવ્યપ્રત્યયો પણ ક્યારે બાંધે છે ? कर्मोदयकार्यजीवभावसद्भावादेव - 'કર્મોદયના કાર્યરૂપ જીવભાવના સદ્ભાવ થકી જ', બાંધે છે. અર્થાત્ કર્મનો ઉદય થાય છે ત્યારે તેના કાર્ય રૂપે ફળ પરિણામ રૂપે જો જીવભાવનો સદ્ભાવ હોય, જીવને જો રાગાદિ રૂપ જીવભાવનું હોવાપણું હોય, જીવ જો રાગાદિ ભાવ કરે, તો તે થકી જ - તેને આધીનપણે જ (subject to that) દ્રવ્યપ્રત્યયો પુદ્ગલકર્મ બાંધે છે, નહિ તો નહિ. તેથી જ્ઞાનીને જો દ્રવ્યપ્રત્યયો 'પૂર્વ બદ્ધ' - પૂર્વે બાંધેલા 'संति' - છે તો 'संतु' - ભલે હો ! છો રહ્યા ! (Let them be there !) તથાપિ તે જ્ઞાની તો નિરાસ્રવ જ' - આસ્રવ રહિત જ છે, કારણકે कर्मोदयकार्यस्य रागद्वेषमोहरूपस्यास्रवभावस्याभावे - 'કર્મોદયનું કાર્ય એવા રાગ-દ્વેષ મોહરૂપ આસ્રવ ભાવના અભાવે' દ્રવ્ય પ્રત્યયોનું અબંધહેતુપણું છે માટે - द्रव्यप्रत्ययानामबंधहेतुत्वात् । કર્મોદયના ફલ પરિણામ રૂપ રાગ-દ્વેષ-મોહ એ ભાવ આસ્રવનો જ્ઞાનીને અભાવ - નહિ હોવાપણું છે, તેથી નિષ્ફળપણાને લીધે દ્રવ્યપ્રત્યયોનું જ્ઞાનીને બંધહેતુપણું હોતું નથી માટે.

સત્તાગત કે ઉદયાગત દ્રવ્ય પ્રત્યયો જ્ઞાનીને અકિંચિત્કર

તાત્પર્ય કે - સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને પણ પૂર્વે બાંધેલા મિથ્યાત્વાદિ દ્રવ્યપ્રત્યયો સત્તામાં તો છે જ. હવે માત્ર સત્તામાં રહ્યા છે, ત્યારે તે પરણેલી પણ નાનકડી 'બાલ સ્ત્રી' જેવા છે. જેમ પરણેલી પણ અપરિપક્વ અવસ્થાવાળી (Immature) નાની બાલ સ્ત્રી પુરુષને ઉપભોગ્ય - ઉપભોગવવા યોગ્ય હોતી નથી, તેમ આત્માની સાથે 'લગ્ન થયેલ' (લાગેલા)- પરિણીત દ્રવ્ય પ્રત્યયો બાલપણા રૂપ કાચી અપક્વ (Immature, unripe) સત્તા અવસ્થામાં આત્માને ઉપભોગ્ય - ઉપભોગમાં આવવા યોગ્ય નથી હોતા. હવે સત્તામાં રહેલા તે જ દ્રવ્ય પ્રત્યયો જ્યારે 'વિપાક અવસ્થાને' - ફલદાનાભિમુખ ઉદય અવસ્થાને પામે છે, ત્યારે તે તે જ યૌવન પ્રાપ્ત પૂર્વે પરણેલી સ્ત્રી જેવા છે. તે યૌવન પામેલી તરુણી સ્ત્રી જેમ પુરુષને 'ઉપભોગ્ય' - ઉપભોગવવા યોગ્ય થાય છે, તેમ પક્વ પુણ્ય (maturity) વયને પામેલી સ્ત્રી જેવી પાકી વિપાક દશાને - ઉદય અવસ્થાને પામેલ દ્રવ્ય પ્રત્યયો પણ 'ઉપભોગ્ય' - ઉપભોગવવા યોગ્ય થાય છે. હવે ઉપભોગ્ય થયેલી તે તરુણી સ્ત્રીનું પુરુષને બાંધવું તે પણ 'ઉપભોગ પ્રાયોગ્ય' અથવા 'ઉપયોગ પ્રાયોગ્ય' છે - ઉપભોગ પ્રયોગને વા ઉપયોગ પ્રયોગને આધીન છે, અર્થાત્ જીવ જેવા ભાવવાળા ઉપભોગ પ્રયોગે વા ઉપયોગ પ્રયોગે પરિણમે તેવા પ્રકારના દશાપણાને આધીન છે. એટલે કે અજ્ઞાનમય અશુદ્ધ ઉપયોગે ન પરિણમતાં તે રાગ-દ્વેષ-મોહ ભાવ ન કરે તો ન બંધાય. એટલા આમ દ્રવ્ય પ્રત્યયો માત્ર સત્તામાં પડ્યા હોય તે તો બંધહેતુ નથી જ, એટલું જ નહિ પણ દ્રવ્ય પ્રત્યયોનો ઉદય થવો એ માત્ર પણ બંધનું કારણ નથી, પણ ઉદય થયે જો તે તે કર્મોદયના કાર્ય રૂપે - ફળ પરિણામે જીવ રાગાદિ ભાવે પરિણમે તો જ બંધનું કારણ થાય. આ ઉપરથી એમ ફલિત થાય છે કે - જ્ઞાનીને દ્રવ્ય પ્રત્યયો જો સત્તામાં છે તો ભલે રહ્યા, તો પણ તે ખરેખરા જ્ઞાનીને માટે તો તે અકિંચિત્કર હોઈ જ્ઞાની તો નિરાસ્રવ જ છે, કારણકે કર્મોદયના કાર્ય રૂપ રાગ-દ્વેષ-મોહ એ આસ્રવ ભાવના અભાવે દ્રવ્ય પ્રત્યયોનું બંધહેતુપણું હોતું નથી, માટે.

આકૃતિ









પૂર્વબદ્ધ પ્રત્યયો જ્ઞાનીને રાગ-દ્વેષ-મોહ વ્યુદાસને (અભાવને) લીધે બંધક થતા નથી એવા ભાવનો સારસમુચ્ચય રૂપ સમયસાર કળશ (૬) પ્રકાશે છે -

मालिनी

**विजहति न हि सत्तां प्रत्ययाः पूर्वबद्धाः,**
**समयमनुसरंतो यद्यपि द्रव्यरूपाः ।**
**तदपि सकलरागद्वेषमोहव्युदासा -**
**दवतरति न जातु ज्ञानिनः कर्मबंधः ॥११८॥**

સમય અનુસરંતા પ્રત્યયો પૂર્વબદ્ધા, દ્રવ્ય રૂપ યદપિ આ છોડતા નાંહિ સત્તા,
તદપિ ફગવી દીધે રાગદ્વેષ પ્રપંચ, કદી ન અવતારે છે જ્ઞાનીને કર્મબંધ.. ૧૧૮

## અમૃત પદ-૧૧૮

પૂર્વબદ્ધ આ દ્રવ્ય પ્રત્યયો, ભલે ન સત્તા છોડે,
આત્મ સમયને અનુસરંતા, રહ્યા સંયોગે જોડે... પૂર્વબદ્ધ આ દ્રવ્ય પ્રત્યયો. ૧
તો પણ સર્વ જ રાગ દ્વેષ ને, મોહ ઉદાસીનતાથી,
જ્ઞાનીને કદી કર્મબંધ તો, અવતરતો નહિ આથી... પૂર્વબદ્ધ આ દ્રવ્ય પ્રત્યયો. ૨
આત્મ અનુભવ અમૃત રસમાં, નિત્ય નિમગ્ના જ્ઞાની,
ભગવાન બ્હાર ન નીકળે તેને, પ્રત્યય કરે શી હાનિ ?... પૂર્વબદ્ધ આ દ્રવ્ય પ્રત્યયો. ૩

**અર્થ** - સમયને (આત્માને) અનુસરંતા (અથવા અનુસરંતાને) પૂર્વબદ્ધ દ્રવ્યરૂપ પ્રત્યયો યદ્યપિ સત્તા છોડતા નથી, તથાપિ સકલ રાગ-દ્વેષ-મોહના વ્યુદાસને લીધે જ્ઞાનીને કદી પણ કર્મબંધ અવતરતો નથી.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"હોત આસ્રવા પરિસવા, ઈનમેં નહિ સંદેહ;
માત્ર દૃષ્ટિ કી ભૂલ હૈ, ભૂલ ગયે ગત એહ." - **શ્રીમદ્ રાજચંદ્રજી**

ઉપરમાં જે **'આત્મખ્યાતિ'**ના ગદ્ય ભાગમાં કહ્યું, તેનું સમર્થન કરતો આ કળશ પ્રકાશ્યો છે - समयमनुसरंतो यद्यपि द्रव्यरूपाः - સમયને - આત્માને અનુસરતા એવા દ્રવ્યરૂપ પૂર્વબદ્ધ પ્રત્યયો યદ્યપિ સત્તા છોડતા નથી, અથવા તો 'સમયને અનુસરતા' - જેવા પ્રકારે સમયનો - આત્મ પદાર્થનો સમય - સ્વરૂપ મર્યાદા છે તેવા પ્રકારે સમયને - આત્માને અનુસરતા અર્થાત્ સહજ આત્મ સ્વરૂપમાં જ સ્થિતિ કરતા એવા જ્ઞાનીને પૂર્વે - જ્ઞાન થયા પહેલાંની - અજ્ઞાન દશામાં બાંધેલા - 'પૂર્વબદ્ધ' મિથ્યાત્વાદિ દ્રવ્ય પ્રત્યયો ભલે હજુ સત્તા છોડતા નથી, ભલે હજુ સત્તામાં પડ્યા રહ્યા છે - विजहति न हि सत्तां प्रत्ययाः पूर्वबद्धाः, તથાપિ સકલ રાગ-દ્વેષ-મોહના વ્યુદાસને લીધે - પરિત્યાગને લીધે, રાગાદિથી પર એવી 'ઉદાસીનતા'ને લીધે - અર્થાત્ રાગાદિ ન સ્પર્શી શકે એવી ઉત્ - ઉચ્ચ આત્મદશામાં આસીનતા - બિરાજમાનતાને લીધે - तदपि सकलरागद्वेषमोहव्युदासात्, જ્ઞાનીને કદી પણ કર્મ બંધ અવતરતો નથી, अवतरति न जातु ज्ञानिनः कर्मबंधः । જ્ઞાની સદા અબંધ જ હોય છે. આવી પરમ ઉદાસીન વીતરાગ જ્ઞાનદશાનો જીવનમાં સાક્ષાત્ અનુભવ કરનારા **શ્રીમદ્ રાજચંદ્રજીના** સહજ અનુભવસિદ્ધ વચનોદ્ગાર છે કે -

"વીતરાગતા વિશેષ છે - અન્ય સંગમાં બહુ ઉદાસીનતા છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૯૩**

નીચેની ગાથાઓના ભાવને સૂચવતો ઉત્થાનિકા **સમયસાર કળશ** (૭) કહે છે -

अनुष्टुप्

**रागद्वेषविमोहानां, ज्ञानिनो यदसंभवः ।**

**तत एव न बंधोस्य, ते हि बंधस्य कारणं ॥११९॥**

અસંભવત્વ જ્ઞાનીને, રાગ-દ્વેષ-વિમોહનું;

તેથી જ બંધ ના એને, તે જ કારણ બંધનું. ૧૧૯

## અમૃત પદ-૧૧૯

'ધાર તરવારની સોહલી' એ રાગ

રાગ-દ્વેષ-મોહનો, નો'ય સંભવ કદી, જ્ઞાનીને એમ છે જ્ઞાની વાચો,

રાગ કદી ના કરે, દ્વેષ કદી ના ધરે, મોહ કદી ના જ તે જ્ઞાની સાચો... રાગ-દ્વેષ-મોહનો. ૧

તેહ કારણ થકી, બંધ ન એને નકી, તે જ રાગાદિ છે બંધહેતુ,

અમૃત અનુભવરસે, જ્ઞાની ભગવાન લસે, ભવજલે અનુભવામૃત જ સેતુ... રાગ-દ્વેષ-મોહનો. ૨

**અર્થ** - રાગ-દ્વેષ-વિમોહનો કારણકે જ્ઞાનીને અસંભવ છે, તેથી જ એને બંધ નથી, તેઓ જ બંધનું કારણ છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાની મોહને પેસવા દેતા નથી. તેઓનો જાગૃત ઉપયોગ હોય છે.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૪૩, ઉપદેશ છાયા**

હવે પછીની ગાથાઓના ભાવનું સૂચન કરતો આ ઉત્થાનિકા કળશ છે - रागद्वेषविमोहानां ज्ञानिनो यदसंभवः - રાગ-દ્વેષ-મોહનો કારણકે જ્ઞાનીને 'અસંભવ' - સંભવ અભાવ છે, સંભવ જ નથી, તેથી જ એને - જ્ઞાનીને બંધ નથી, કારણકે નિશ્ચયે કરીને તેઓ જ - તે રાગાદિ જ બંધનું કારણ છે - तत एव न बंधोस्य ते हि बन्धस्य कारणं ।

**रागो दोसो मोहो य आसवा णत्थि सम्मदिट्ठिस्स ।**
**तह्मा आसवभावेण विणा हेदू ण पच्चया होंति ॥१७७॥**
**हेदू चदुव्वियप्पो अट्ठवियप्पस्स कारणं भणिदं ।**
**तेसिंपि य रागादी तेसिमभावे ण बज्झंति ॥१७८॥**

રાગ દ્વેષ ને મોહ એ આસ્રવો રે, સમ્યગ્ દૃષ્ટિને નો'ય;
તેથી આસ્રવ ભાવ વિના ખરે ! રે, પ્રત્યયો હેતુ ન હોય... આસ્રવ ભાવ. ૧૭૭
હેતુ ચતુર્વિકલ્પ કારણ કહ્યું રે, અષ્ટ વિકલ્પનું ત્યાંય,
તેઓનું ય રાગાદિ તેહના રે, અભાવે ન જ બંધાય... આસ્રવ ભાવ. ૧૭૮

**અર્થ** - રાગ-દ્વેષ અને મોહ આસ્રવો સમ્યગ્દૃષ્ટિને નથી, તેથી આસ્રવ ભાવ વિના પ્રત્યયો હેતુ હોતા નથી. ૧૭૭

ચતુર્વિકલ્પ (ચાર ભેદવાળો) હેતુ અષ્ટ વિકલ્પનું (આઠ ભેદવાળાનું) કારણ કહ્યું છે, તેઓનું (ચતુર્વિકલ્પનું) પણ રાગાદિ (કારણ કહ્યું છે), તેઓના (રાગાદિના) અભાવે બંધાતા નથી. ૧૭૮

## आत्मख्यातिटीका

**रागो द्वेषो मोहश्च आस्रवा न संति सम्यग्दृष्टेः ।**
**तस्मादास्रवाभावेन विना हेतवो न प्रत्यया भवंति ॥१७७॥**
**हेतुश्चतुर्विकल्पः अष्टविकल्पस्य कारणं भणितं ।**
**तेषामपि च रागादयस्तेषामभावे न बध्यंते ॥१७८॥**

**रागद्वेषमोहा न संति सम्यग्दृष्टेः** सम्यग्दृष्टित्वान्यथानुपपत्तेः । **तदभावे न** तस्य द्रव्य**प्रत्ययाः** पुद्गलकर्म **हेतुत्वं बिभ्रति द्रव्यप्रत्ययानां** पुद्गलकर्महेतु**त्वस्य रागादिहेतुत्वात्** । ततो **हेतुहेत्वाभावे*** हेतुमदभावस्य प्रसिद्धत्वात् **ज्ञानिनो नास्ति बंधः** ॥१७७॥१७८॥

---

**आत्मभावना** -

रागो द्वेषो मोहश्च आस्रवाः सम्यग्दृष्टेः न संति - **રાગ દ્વેષ અને મોહ આસ્રવો સમ્યગ્દૃષ્ટિને છે નહિ,** तस्मादावभावेन विना - **તેથી આસ્રવ ભાવ વિના** प्रत्यया न हेतवो भवंति - **પ્રત્યયો હેતુઓ નથી થતા.** चतुर्विकल्पः हेतुः - **ચતુર્વિકલ્પ - ચાર પ્રકારવાળો હેતુ** अष्ट विकल्पस्य कारणं भणितं - **અષ્ટ વિકલ્પનું - અષ્ટ પ્રકારનું કારણ કહ્યું છે,** तेषामपि च रागादयः - **અને તેઓનો (ચાર પ્રત્યયોનો) પણ હેતુ રાગાદિ છે,** तेषामभावे न बध्यंते - **તેઓના - તે રાગાદિના અભાવે બંધાતા નથી.** ॥ इति **गाथा** आत्मभावना ॥१७७॥१७८॥

रागद्वेषमोहा न संति सम्यग्दृष्टेः - **રાગ - દ્વેષ - મોહ સમ્યગ્દૃષ્ટિને છે નહિ, શાને લીધે ?** सम्यग्दृष्टित्वान्यथानुपपत्तेः - **સમ્યગ્દૃષ્ટિપણાની અન્યથા અનુપપત્તિને લીધે - અન્ય પ્રકારે અઘટમાનતાને લીધે. તેથી શું ?** तदभावे - **તેઓના - રાગાદિના અભાવે** न तस्य द्रव्यप्रत्ययाः पुद्गलकर्म हेतुत्वं बिभ्रति - **તેને - જ્ઞાનીને - સમ્યગ્ દૃષ્ટિને દ્રવ્યપ્રત્યયો પુદ્ગલ કર્મનું હેતુપણું - કારણપણું ધારતા નથી. એમ શાને લીધે ?** द्रव्यप्रत्ययानां पुद्गलकर्महेतुत्वस्य रागादिहेतुत्वात् - **દ્રવ્ય પ્રત્યયોના પુદ્ગલ કર્મ હેતુપણાના રાગાદિ - હેતુપણાને લીધે, અર્થાત્ રાગાદિ હેતુપણાને લીધે દ્રવ્ય પ્રત્યયોનું પુદ્ગલ કર્મ હેતુપણું હોય માટે. તેથી શું ?** ततो हेतुहेत्वभावे - **તેથી હેતુ-હેતુના અભાવે** हेतुमदभावस्य प्रसिद्धत्वात् - **હેતુમદ્ અભાવના પ્રસિદ્ધપણાને લીધે** ज्ञानिनो नास्ति बंधः - **જ્ઞાનીને બંધ છે નહિ.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१७७॥१७८॥

---

* પાઠાંતર : हेतु हेतुत्वाभावे

## આત્મખ્યાતિ ટીકાર્થ

**રાગ-દ્વેષ-મોહ સમ્યગ્દૃષ્ટિને છે નહિ** - સમ્યગ્દૃષ્ટિપણાની અન્યથા અનુપપત્તિને લીધે, **તેના** (રાગાદિના) **અભાવે** તેને દ્રવ્યપ્રત્યયો **પુદ્‌ગલકર્મનું હેતુપણું ધારતા નથી - દ્રવ્ય પ્રત્યયોના પુદ્‌ગલ** કર્મહેતુપણાનું રાગાદિ હેતુપણું છે **માટે, તેથી હેતુહેતુ અભાવે** હેતુમદ્ અભાવના પ્રસિદ્ધપણાને લીધે **જ્ઞાનીને બંધ છે નહિ. ૧૭૭, ૧૭૮**

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય


"જન્મ, જરા, મરણ મુખ્યપણે દુઃખ છે, તેનું બીજ કર્મ છે. કર્મનું બીજ રાગ દ્વેષ છે, અથવા આ પ્રમાણે પાંચ કારણ છે - મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૫૫**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે અત્રે રાગાદિ અભાવે જ્ઞાની અબંધ જ છે એમ પ્રતિપાદન કર્યું છે અને તેનું યુક્તિયુક્ત સમર્થન જ્ઞાનીશ્વર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** કર્યું છે - તેનો આશયાર્થ આ પ્રકારે - રાગ-દ્વેષ-મોહ 'સમ્યગ્દૃષ્ટિને' - સ્વપર ભેદજ્ઞાન રૂપ વિવેકથી સમ્યક્ આત્મતત્ત્વ દેખનારા - સાક્ષાત્ અનુભવ પ્રત્યક્ષ કરનારા જ્ઞાની પુરુષને છે નહિ. શાને લીધે ? 'સમ્યગ્દૃષ્ટિપણાની અન્યથા અનુપપત્તિને લીધે' - सम्यग्दृष्टित्वान्यथानुपपत्तेः, સમ્યગ્દૃષ્ટિપણાની અન્ય પ્રકારે અઘટમાનતાને લીધે - અન્ય પ્રકારે ઉપપત્તિ - ઘટમાનતા ન હોય તેને લીધે, નહિ તો બીજા પ્રકારે સમ્યગ્દૃષ્ટિપણું જ ઘટે નહિ તેને લીધે. એટલે આમ સમ્યગ્દૃષ્ટિને તે રાગાદિના અભાવે 'દ્રવ્યપ્રત્યયો પુદ્‌ગલકર્મનું હેતુપણું ધરતા નથી', મિથ્યાત્વાદિ પુદ્‌ગલમય દ્રવ્ય પ્રત્યયો પુદ્‌ગલ કર્મનું કારણપણું ધરતા નથી. શા માટે ? 'દ્રવ્ય પ્રત્યયોના પુદ્‌ગલ કર્મહેતુપણાનું રાગાદિહેતુપણું છે' - માટે द्रव्यप्रत्ययानां पुद्‌गलकर्महेतुत्वस्य रागादिहेतुत्वात् । અર્થાત્ દ્રવ્ય પ્રત્યયોનું પુદ્‌ગલ કર્મહેતુપણું છે ખરૂં, પણ તે હેતુપણું રાગાદિ હેતુને આધીન હોઈ રાગાદિ હેતુપણું હોય તો જ અમલમાં આવે છે (Comes in force, or action), દ્રવ્ય પ્રત્યયોના પુદ્‌ગલકર્મહેતુપણાના હેતુરૂપ રાગાદિ હોય તો જ દ્રવ્ય પ્રત્યયોનું પુદ્‌ગલ કર્મહેતુપણું હોય છે, નહિ તો નહિ અને જ્ઞાનીને તો રાગાદિ હેતુ નથી, એટલે રાગાદિ અહેતુપણાને લીધે દ્રવ્યપ્રત્યયો પણ પુદ્‌ગલ કર્મહેતુપણાને નહિ પામતાં અકિંચિત્કર હોય છે. 'તેથી હેતુહેતુ અભાવે હેતુમદ્ અભાવના પ્રસિદ્ધપણાને લીધે જ્ઞાનીને બંધ છે નહિ', ततो हेतुहेत्वाभावे हेतुमदभावस्य प्रसिद्धत्वात् ज्ञानिनो नास्ति बंधः । અર્થાત્ 'હેતુ હેતુનો' - હેતુના હેતુનો અભાવ હોય તો તે હેતુથકી ઉપજતા હેતુમદ્ (હેતુવાળા) ભાવનો અભાવ હોય, હેતુનો હેતુ હોય નહિ તો હોય નહિ, કારણનું કારણ હોય નહિ તો કારણ હોય નહિ, એટલે કે મૂળહેતુ - મૂળ કારણ (Original, primary) હોય નહિ તો ઉત્તર હેતુ - ઉત્તર કારણ (secondary) હોય નહિ, એમ હેતુહેતુ અભાવે હેતુમદ્ અભાવ હોય એ ન્યાયનું સર્વલોકમાં 'પ્રસિદ્ધ પણું' - અત્યંત સુવિદિતપણું - સુવિખ્યાતપણું અથવા 'પ્ર' - પ્રકૃષ્ટ અત્યંત 'સિદ્ધપણું' - સુપ્રતિષ્ઠિતપણું છે, તેથી કરીને જ્ઞાનીને બંધનો અભાવ છે.

આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે જીવના રાગ-દ્વેષ-મોહ ભાવ એ જ આસ્રવ ભાવ વા ભાવ આસ્રવ છે ને એ જ આસ્રવના મૂળહેતુ છે, તેના અભાવે ઉત્તર હેતુરૂપ મિથ્યાત્વાદિ ચાર પ્રત્યયો અકિંચિત્કર થઈ પડે છે. આ અંગે 'પંચાસ્તિકાય' ટીકામાં (ગા. ૧૪૯)* **અમૃતચંદ્રાચાર્યજીએ** નિષ્તુષ યુક્તિયુક્ત સ્પષ્ટ તત્ત્વ મીમાંસા પ્રકાશી છે - 'તત્રાંતરમાં ખરેખર ! અષ્ટ વિકલ્પ (આઠ ભેદવાળા) કર્મના કારણપણે બન્ધહેતુભૂત ચતુર્વિકલ્પો (ચાર ભેદો-પ્રકારો) કહ્યા છે - મિથ્યાત્વ - અસંયમ -

* "मिथ्यात्वादिद्रव्यपर्य्यार्याणामपि बहिरङ्गकारणद्योतनमेतत् । तन्त्रान्तरे किलाष्टविकल्पकर्मकारणत्वेन बन्धहेतुभूता श्चतुर्विकल्पाः प्रोक्ताः मिथ्यात्वासंयमकषाययोगा इति । तेषामपि जीवभावभूता रागादयो बन्धहेतुत्वस्य हेतवः । यतो रागादिभावानामभावे द्रव्यमिथ्यात्वासंयमकषाययोगसद्भावेऽपि जीवा न बध्यन्ते, ततो रागादीनामन्तरङ्गत्वान्निश्चयेन बन्धहेतुत्वमवसेयमिति ।" - **શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત 'પંચાસ્તિકાય' ટીકા, ગા. ૧૪૯**

કષાય - યોગ એમ, તેઓના પણ (મિથ્યાત્વાદિના પણ) બન્ધહેતુપણાના હેતુઓ જીવભાવભૂત રાગાદિ છે, કારણકે રાગાદિ ભાવોના અભાવે દ્રવ્ય મિથ્યાત્વ - અસંયમ - કષાય - યોગના સદ્ભાવે પણ જીવો નથી બંધાતા, તેથી રાગાદિનું અંતરંગપણાને લીધે નિશ્ચયથી બન્ધહેતુપણું જાણવું યોગ્ય છે.' તાત્પર્ય કે - મિથ્યાત્વાદિ બંધના બહિરંગ કારણ છે, પણ ખરેખરૂં અંતરંગ કારણ તો જીવના રાગ-દ્વેષ-મોહ જ છે અને તે તો ખરેખરા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને હોય જ નહિ, એટલે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની અબંધ જ હોય છે.



ઉત્થાનિકા સમયસાર કળશ (૮) પ્રકાશે છે -

वसंततिलका

**अध्यास्य शुद्धनयमुद्धतबोधचिह्न - मैकाग्र्यमेव कलयंति सदैव ये ते ।**
**रागादिमुक्तमनसः सततं भवंतः, पश्यंति बंधविधुरं समयस्य सारं ॥१२०॥**

ઉદ્દામ બોધ લખણો નય શુદ્ધ શોધી, ઐકાગ્ર્યને જ કળતા નિત જે સુબોધી;
રાગાદિ મુક્ત મન સંતત તે શોધી ભવંતા, નિર્બંધ આ સમયસાર જે નિરખંતા. ૧૨૦

## અમૃત પદ-(૧૨૦)

શુદ્ધ નય અધ્યાસીને જે, સદા ઐકાગ્ર્ય કળે છે,
બંધ વિહૂણો સાર સમયનો, નિશ્ચય તે નિરખે છે... શુદ્ધનય અધ્યાસીને જે. ૧
ઉદ્ધત બોધ છે ચિહ્ન જ જેનું, તે નય શુદ્ધ અધ્યાસી,
ઐકાગ્ર્યને જ સદૈવ કળંતા, જે અનુભવ અભ્યાસી... શુદ્ધનય અધ્યાસીને જે. ૨
રાગાદિથી મુક્તમના તે, સતત ભવંતા સંતા,
ભગવાન અમૃત બંધ વિહૂણો, સમયસાર દેખંતા... શુદ્ધનય અધ્યાસીને જે. ૩

**અર્થ** - ઉદ્ધત બોધ-ચિહ્નવાળા શુદ્ધ નયને અધ્યાસીને જેઓ સદૈવ ઐકાગ્ર્ય જ કળે છે (અનુભવે છે), તેઓ સતત રાગાદિથી મુક્ત મનવાળા હોતાં, બંધ વિધુર (બંધ રહિત) એવો સમયનો સાર પેખે છે.


## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"સર્વ વિભાવથી ઉદાસીન અને અત્યંત શુદ્ધ નિજ પર્યાયને સહજપણે આત્મા ભજે તેને શ્રી જિને તીવ્ર જ્ઞાનદશા કહી છે. જે દશા આવ્યા વિના કોઈ પણ જીવ બંધનમુક્ત થાય નહીં. એવો સિદ્ધાંત શ્રી જિને પ્રતિપાદન કર્યો છે, તે અખંડ સત્ય છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૭૨**

આ અને આ પછીનો કળશ નીચેની ગાથાઓના ભાવનું સૂચન કરતા ઉત્થાનિકા કળશો છે, શુદ્ધ નયની અન્વય - વ્યતિરેકથી મહાપ્રતિષ્ઠા કરનારા આ બે પરમ અમૃત કળશ કાવ્યો પરમ આત્મભાવોલ્લાસની વસંતમાં પરમ આત્માનંદમય શુદ્ધનય દશાના (શુદ્ધોપયોગના) નંદનવનમાં રમણ કરનારા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** વસંતતિલકા છંદમાં નિબદ્ધ કરી અપૂર્વ આત્મભાવોલ્લાસથી લલકાર્યા છે. તેનો ભાવાર્થ આ પ્રકારે - अध्यास्य शुद्धनयमुद्धतबोधचिह्नं - 'ઉદ્ધત બોધચિહ્નવાળા' - ઉત્કટ જ્ઞાનલક્ષણવાળા શુદ્ધનયને અધ્યાસીને - શુદ્ધનયમાં સ્થિતિ કરીને જેઓ સદૈવ 'ઐકાગ્ર્ય જ' - એકાગ્રપણું જ 'કળે છે' - અનુભવે છે - 'ऐकाग्र्यमेव कलयंति सदैव ये ते, તેઓ સતત - નિરંતર રાગાદિથી મુક્ત મનવાળા હોતાં - रागादिमुक्तमनसः सततं भवंतः, 'બંધ વિધુર' - બંધ રહિત એવો સમયનો સાર દેખે છે - पश्यंति बंधविधुरं समयस्य सारं, અબંધ સમયસારને - શુદ્ધ આત્માનો સાક્ષાત્કાર કરે છે. અર્થાત્ આત્માથી અતિરિક્ત સર્વ અન્ય - પર ભાવોને 'ઉત્' - ઉત્કટપણે - પ્રાબલ્યથી જેણે 'હત્' કર્યા છે - હણી નાંખ્યા છે એવો 'ઉદ્ધત' - ઉદ્દામ - ઉત્કટ બોધ એ જ જેનું ચિહ્ન - પ્રગટ લક્ષણ છે એવા શુદ્ધ ઉપયોગમાં સ્થિતિ કરવા રૂપ જે 'શુદ્ધનય' - શુદ્ધ આત્મભાવ પ્રત્યે લઈ જનારો શુદ્ધનય છે, તેને અધ્યાસીને - તેમાં સદા આરૂઢપણે સ્થિતિ કરીને, જેઓ શુદ્ધોપયોગમય શ્રામણ્ય દશારૂપ ઐકાગ્ર્ય જ સદા અનુભવે છે, એક આત્મા જ જ્યાં અગ્ર-પ્રધાન ભાવ છે એવા અદ્વૈત શુદ્ધ

જ્ઞાનદશામય ઐકાગ્ર્યને જ - એકાગ્ર ભાવને જ સદાય અનુભવે છે, તેઓ રાગાદિથી સતત મુક્ત મનવાળા હોય છે અને તેઓ જ - શુદ્ધોપયોગ દશાસંપન્ન સાચા શ્રમણો જ બંધ રહિત એવો સમયનો સાર સાક્ષાત્ દેખે છે - અનુભવ પ્રત્યક્ષ કરે છે.

આકૃતિ



બીજો ઉત્થાનિકા સમયસાર કળશ (૯) પ્રકાશે છે -

**वसंततिलका**

**प्रच्युत्य शुद्धनयतः पुनरेव ये तु,**
**रागादियोगमुपयांति विमुक्तबोधाः ।**
**ते कर्मबंधमिह बिभ्रति पूर्वबद्ध -**
**द्रव्यास्रवैः कृतविचित्रविकल्पजालं ॥१२१॥**

પ્રચ્યુત શુદ્ધ નયથી થઈ બોધ વામી,
રાગાદિ યોગ અહિ જેહ જ જાય પામી;
તે કર્મબંધ ધર બદ્ધ જ પૂર્વ કાલ,
દ્રવ્યાસ્રવે જહિં વિચિત્ર વિકલ્પ જાલ. ૧૨૧

## અમૃત પદ-(૧૨૧)

શુદ્ધ નયથી થઈ પ્રચ્યુત જે, બોધ દીએ છે મૂકી,
કર્મ બંધને બાંધે છે તે, સ્વરૂપ પદથી ચૂકી... શુદ્ધ નયથી થઈ પ્રચ્યુત જે. ૧
શુદ્ધ સ્વરૂપે લઈ જાતા તે, શુદ્ધ નયથી જે ચૂકી,
રાગાદિનો યોગ લહે છે, બોધ બધોયે મૂકી... શુદ્ધ નયથી થઈ પ્રચ્યુત જે. ૨
ભગવાન અનુભવ અમૃત છાંડી, કર્મ બંધ તે બાંધે,
પૂર્વબદ્ધ દ્રવ્યાસ્રવથી જ્યાં, ચિત્ર વિકલ્પો સાંધે... શુદ્ધ નયથી થઈ પ્રચ્યુત જે. ૩

**અર્થ** - પણ જેઓ શુદ્ધનયથી પ્રચ્યુત થઈને વિમુક્ત બોધ સતા પુનઃ જ રાગાદિ યોગને પામે છે, તેઓ અહીં પૂર્વબદ્ધ દ્રવ્યાસ્રવોથી જેની વિચિત્ર વિકલ્પ જાલ કરાયેલી છે એવો કર્મબંધ ધારે છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જીવ વિભાવ પરિણામમાં વર્ત્તે તે વખતે કર્મ બાંધે અને સ્વભાવ પરિણામમાં વર્ત્તે તે વખતે કર્મ બાંધે નહીં.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, ઉપદેશ છાયા**

પણ એથી ઉલટું - प्रच्युत्य शुद्धनयतः पुनरेव ये तु - જેઓ શુદ્ધનયથી પ્રચ્યુત થઈને પ્રભ્રષ્ટ થઈને 'વિમુક્ત બોધ' - બોધ વિમુક્ત કર્યો છે - મૂકી દીધો છે એવા સતા પુનરેવ રાગાદિ યોગને પામે છે - रागादियोगमुपयांति विमुक्तबोधाः, તેઓ અહીં પૂર્વબદ્ધ - પૂર્વે બાંધેલ દ્રવ્ય આસ્રવો વડે કરીને વિચિત્ર - નાના પ્રકારની વિકલ્પજાલ જેમાં કરાયેલી છે એવો કર્મબંધ ધારે છે - ते कर्मबंधमिह बिभ्रति पूर्वबद्धद्रव्यास्रवैः कृतविचित्रविकल्पजालं । અર્થાત્ શુદ્ધ આત્મસ્વરૂપ પ્રત્યે લઈ જતા અને સ્થિતિ કરાવતા શુદ્ધ નયથી જે ચ્યુત થાય છે, તે બોધથી - જ્ઞાનથી ચ્યુત થાય છે અને જે જ્ઞાનથી ચ્યુત થાય છે, તે પુનઃ જ રાગાદિથી યુત થાય છે અને જે રાગાદિથી યુત થાય છે, તે પૂર્વબદ્ધ દ્રવ્યપ્રત્યયો થકી કરાયેલ વિચિત્ર વિકલ્પ જાલવાળા - નાના પ્રકારના કર્મબંધથી યુક્ત થાય છે. આવા ભાવના આ બન્ને ઉત્થાનિકા કળશથી નીચેની ગાથાઓના ભાવનું સૂચન કર્યું છે.

આકૃતિ

(શુદ્ધનય પ્રચ્યુત) → (વિમુક્ત બોધ) → [પૂર્વબદ્ધ દ્રવ્યાસ્રવો] → [કર્મબંધ વિચિત્ર વિકલ્પ જાલ]

**जह पुरिसेणाहारो गहिओ परिणमइ सो अणेयविहं ।**
**मंसवसारुहिरादी भावे उयरग्गिसंजुत्तो ॥१७९॥**

**तह णाणिस्स दु पुव्वं जे बद्धा पच्चया बहुवियप्पं ।**
**बज्झंते कम्मं ते णयपरिहीणा उ ते जीवा ॥१८०॥**

જેમ અનેક પ્રકાર પરિણમે રે, પુરુષ ગ્રહ્યો આહાર;
માંસ વસા રુધિરાદિ ભાવથી રે, ઉદરાગ્નિ યુત ધાર !... આસ્રવ ભાવ. ૧૭૯

તેમ જ્ઞાનિને પૂર્વ જે બાંધિયા રે, પ્રત્યય બહુ પ્રકાર;
તેજ કર્મ બાંધે છે - જીવ તે રે, નય પરિહીન વિચાર !... આસ્રવ ભાવ. ૧૮૦

**અર્થ** - જેમ પુરુષથી ગ્રહાયેલો આહાર તે ઉદરાગ્નિ સાથે સંયુક્ત સતો માંસ-ચરબી-રુધિર આદિ ભાવો અનેકવિધ પણે પરિણમે છે, તેમ જ્ઞાનીને પૂર્વે જે પ્રત્યયો બદ્ધ છે, તે બહુ વિકલ્પવાળું કર્મ બાંધે છે - તે (બાંધનારા) જીવો તો નયપરિહીન જ એવા છે. ૧૭૯-૧૮૦

## आत्मख्यातिटीका

**यथा पुरुषेणाहारो गृहीतः परिणमति सोऽनेकविधं ।**
**मांसवसारुधिरादीन् भावान् उदराग्निसंयुक्तः ॥१७९॥**

**तथा ज्ञानिनस्तु पूर्वं बद्धा ये प्रत्यया बहुविकल्पं ।**
**बध्नंति कर्म ते नयपरिहीनास्तु ते जीवा ॥१८०॥**

यदा तु **शुद्धनयात् परिहीणो भवति ज्ञानी** तदा तस्य रागादिसद्भावात् **पूर्वबद्धाः** द्रव्य**प्रत्ययाः** स्वस्य हेतुत्वहेतुसद्भावे हेतुमद्भावस्यानिवार्यत्वात् **ज्ञानावरणादिभावैः** पुद्गल**कर्मबंधं** परिणामयंति । न चैतदप्रसिद्धं **पुरुषगृहीताहारस्योदराग्निना रसरुधिर**मांसादिभावैः **परिणामकरणस्य** दर्शनात् । ॥१७९-१८०॥

---

**आत्मभावना** -

यथा - જેમ पुरुषेण गृहीतः आहारः - પુરુષથી ગ્રહાયેલો આહાર - सो उदराग्निसंयुक्तः - તે ઉદરાગ્નિ સંયુક્ત (સતો), मांसवसारुधिरान् भावान् अनेकविधं परिणमति - માંસ, વસા - ચરબી, રુધિર-લોહી આદિ ભાવો અનેક પ્રકારે પરિણમે છે, तथा - તેમ ज्ञानिनस्तु - જ્ઞાનીને ये प्रत्यया पूर्वबद्धाः - જે પ્રત્યયો પૂર્વબદ્ધ - પૂર્વે બાંધેલા છે, તે बध्नंति बहुविकल्पं कर्म - તે બહુ વિકલ્પવાળું - ભેદવાળું કર્મ બાંધે છે, તે जीवास्तु नयपरिहीनाः - અને તે (બાંધનારા) જીવો તો નયપરિહીન - નયથી સર્વથા વિહોણા છે. ॥ इति **गाथा** आत्मभावना ॥१७९॥१८०॥

यदा तु - પણ જ્યારે शुद्धनयात् परिहीणो भवति ज्ञानी - જ્ઞાની શુદ્ધ નયથી પરિહીન - સર્વથા રહિત - છૂટેલો હોય છે, तदा - ત્યારે तस्य रागादिसद्भावात् - તેને રાગાદિના સદ્ભાવ - હોવાપણા થકી, पूर्वबद्धाः द्रव्यप्रत्ययाः - પૂર્વબદ્ધ - પૂર્વે બાંધેલા દ્રવ્ય પ્રત્યયો ज्ञानावरणादिभावैः पुद्गलकर्मबंधं परिणामयंति - પુદ્ગલ કર્મબંધને જ્ઞાનાવરણાદિ ભાવોએ પરિણમાવે છે. શાને લીધે ? स्वस्य हेतुत्वहेतुसद्भावे - સ્વના - પોતાના હેતુત્વહેતુના - હેતુપણાના હેતુના સદ્ભાવે - હોવાપણામાં हेतुमद्भावस्यानिवार्यत्वात् - હેતુમદ્ ભાવના અનિવાર્યપણાને લીધે. न चैतदप्रसिद्धं - અને આ અપ્રસિદ્ધ નથી. શાથી ? पुरुषगृहीताहारस्य - પુરુષથી ગ્રહાયેલા આહારના उदराग्निना रसरुधिरमासादिभावैः परिणामकरणस्य दर्शनात् - ઉદરાગ્નિથી - રસ - રૂધિર - માંસ આદિ ભાવે પરિણામકરણના દર્શનથી. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१७९॥१८०॥

## આત્મખ્યાતિ ટીકાર્થ


**પણ જ્યારે જ્ઞાની શુદ્ધનયથી પરિહીન હોય છે,** ત્યારે તેને રાગાદિના સદ્‌ભાવ થકી **પૂર્વબદ્ધ દ્રવ્ય પ્રત્યયો** - સ્વહેતુત્વ હેતુના સદ્‌ભાવે હેતુમદ્‌ભાવના અનિવાર્યપણાને લીધે - **જ્ઞાનાવરણાદિ ભાવે પુદ્‌ગલ કર્મબંધને પરિણમાવે છે અને આ અપ્રસિદ્ધ નથી - પુરુષથી ગૃહાયેલા આહારના રસ-રુધિર-માંસાદિ ભાવે** પરિણામ કરણનું દર્શન છે માટે. ૧૭૯, ૧૮૦

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્મ હેતુભૂત એવા સંગ વિના સર્વ સંગ મુમુક્ષુ જીવે સંક્ષેપ કરવા ઘટે છે. કેમકે વિના પરમાર્થ આવિર્ભૂત થવો કઠણ છે અને તે કારણે આ વ્યવહાર, દ્રવ્ય સંયમરૂપ સાધુત્વ શ્રીજિને ઉપદેશ્યું છે. **સહજાત્મ સ્વરૂપ.'' - શ્રીમદ્‌ રાજચંદ્ર, અં. ૫૬૩**


ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે શુદ્ધ નયથી ચ્યુત થતાં કર્મબંધ કેવા પ્રકારે થાય છે તે અત્રે આહારના રુધિરાદિ પરિણામના દૃષ્ટાંતથી પ્રતિપાદન કર્યું છે - જેમ પુરુષથી ગ્રહાયેલો આહાર તે 'ઉદરાગ્નિ સંયુક્ત' - જઠરાગ્નિથી સંયુક્ત સતો, માંસ-ચરબી-લોહી આદિ ભાવો અનેકવિધ પણે - અનેક પ્રકારપણે પરિણમે છે, તેમ જ્ઞાનીનો જે પ્રત્યયો પૂર્વ બદ્ધ-પૂર્વે બાંધેલા છે તે બહુ વિકલ્પવાળું - બહુભેદવાળું કર્મ બાંધે છે અને તે (બાંધનારા) જીવો તો 'નયપરિહીન' - નયથી સર્વથા વિહોણા એવા છે. આવા ભાવની આ ગાથાઓના ભાવનું અનુપમ સ્પષ્ટીકરણ આત્મખ્યાતિ કર્ત્તાએ અનન્ય લાક્ષણિક શૈલીથી કર્યું છે. તેનો ભાવાર્થ આ પ્રકારે - यदा तु शुद्धनयात् परिहीनो भवति ज्ञानी - પરંતુ ઉપરમાં કહ્યું તેથી ઉલટા પ્રકારે જ્યારે જ્ઞાની શુદ્ધનયથી પરિહીન - સર્વથા હીન હોય છે, શુદ્ધ સહજ આત્મસ્વરૂપ પ્રત્યે લઈ જઈ તેમાં - શુદ્ધોપયોગમાં સ્થિતિ કરાવતા શુદ્ધ નિશ્ચય નયથી પરિહીન-પરિભ્રષ્ટ હોય છે, ત્યારે તેને रागादिनां सद्भावात् - રાગાદિના 'સદ્‌ભાવ' થકી - પૂર્વબદ્ધ - પૂર્વે બાંધેલા મિથ્યાત્વાદિ દ્રવ્ય પ્રત્યયો પુદ્‌ગલ કર્મબંધને જ્ઞાનાવરણાદિ ભાવોએ પરિણમાવે છે, શાને લીધે ? 'સ્વના હેતુત્વ હેતુના સદ્‌ભાવે-હોવાપણામાં હેતુમદ્‌ ભાવના અનિવાર્યપણાને લીધે' - स्वस्य हेतुत्वहेतुसद्भावे हेतुमद्भावस्यानिवार्यत्वात्, પોતાના હેતુપણાના હેતુનું હોવાપણું હોતાં હેતુમદ્‌ ભાવના હોવાપણાનું અનિવાર્યપણું હોય છે તેને લીધે અને આ કહ્યું તે અપ્રસિદ્ધ નથી - પુરુષથી ગ્રહાયેલા આહારનું ઉદરાગ્નિથી રસ-રુધિર-માંસ આદિ ભાવે પરિણામકરણનું દર્શન છે માટે.

### આકૃતિ




અર્થાત્ જ્યારે જ્ઞાની શુદ્ધનયથી પરિહીન હોય છે - પરિભ્રષ્ટ હોય છે, શુદ્ધોપયોગમાં સ્થિતિ કરાવવા સમર્થ શુદ્ધનયનું આલંબન છોડી દઈ શુદ્ધોપયોગથી ચલિત થાય છે, ત્યારે તેને રાગાદિ ભાવનું હોવાપણું હોય છે અને એ રાગાદિ ભાવનું હોવાપણું હોય છે, એટલે તેનું નિમિત્ત પામીને પૂર્વે બાંધેલા મિથ્યાત્વાદિ પુદ્‌ગલમય દ્રવ્યપ્રત્યયો જે સત્તામાં રહ્યા છે તે જ્ઞાનાવરણાદિ ભાવો અનેક પ્રકારે પુદ્‌ગલ કર્મબંધ પરિણમાવે છે. કારણકે પોતાના હેતુપણાનો હેતુ પ્રાપ્ત થતાં હેતુમદ્‌ ભાવ અનિવાર્યપણે હોય જ, પ્રાપ્ત થયા વિના રહે નહિ, પ્રાપ્ત થાય જ થાય. એટલે કે પુદ્‌ગલ કર્મબંધના કારણ રૂપ જે દ્રવ્યપ્રત્યયો

તેના કારણ રૂપ રાગાદિ ઉદ્‌ભવ થયે, દ્રવ્ય પ્રત્યયોનું પુદ્‌ગલ કર્મકારણપણું થયા વિના રહે નહિ અને આ વસ્તુ અપ્રસિદ્ધ નથી - અજ્ઞાત નથી, પરંતુ સર્વ કોઈને સુવિદિત - સુપ્રતીત જ છે અને તે પુરુષે ગ્રહેલ આહારના દૃષ્ટાંતથી સ્વતઃ સિદ્ધ થાય છે, પુરુષે ગ્રહેલ આહાર જઠરાગ્નિ સાથે સંયોગ પામતાં તે તે રસ-ચરબી-માંસ-લોહી વગેરે ભાવે પરિણમે છે, તે પ્રત્યક્ષ દેખાય છે, તેમ અત્રે પણ પુદ્‌ગલમય દ્રવ્ય પ્રત્યયો પુરુષના - આત્માના રાગાદિ વિભાવ ભાવે પરિણમન રૂપ અશુદ્ધ ચેતન વીર્યનો સંયોગ પામતાં પુદ્‌ગલમય જ્ઞાનાવરણાદિ વિવિધ ભાવે પરિણમે છે. એમ સમજવું.



તાત્પર્ય - શુદ્ધ નય છોડતા નહિ એવા ભાવનો સમયસાર કળશ (૧૦) પ્રકાશે છે -

अनुष्टुप्

**इदमेवात्र तात्पर्यं, हेयः शुद्धनयो न हि ।**
**नास्ति बंधस्तदत्यागात्, तत्त्यागाद्बंध एव हि ॥१२२॥**

આ જ છે અત્ર તાત્પર્ય, હેય શુદ્ધનય ન હિ,
છે ન બંધ તદત્યાગે, તત્ ત્યાગે બંધ છે સહી. ૧૨૨

## અમૃત પદ-(૧૨૨)

શુદ્ધનય ના ત્યજવો કદીયે, તાત્પર્ય અત્ર જાણો !
શુદ્ધનય આશ્રિત આત્માને, શુદ્ધ દશામાં આણો !... શુદ્ધનય ના ત્યજવો. ૧
બંધ ન તેના અત્યાગે છે, બંધ જ તેના ત્યાગે,
ભગવાન અનુભવ અમૃત સિંધુ, શુદ્ધનય ના ત્યાગે... શુદ્ધનય ના ત્યજવો. ૨

**અર્થ** - આ જ અત્રે તાત્પર્ય છે કે શુદ્ધનય હેય (ત્યજવો યોગ્ય) નથી જ, તેના અત્યાગ થકી બંધ છે નહિ, તેના ત્યાગ થકી નિશ્ચયે કરીને બંધ જ છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય


"જ્ઞાનીને સર્વત્ર મોક્ષ છે."

"જો જીવમાં અસંગ દશા આવે તો આત્મસ્વરૂપ સમજવું સાવ સુલભ થાય છે અને તે અસંગ દશાનો હેતુ વૈરાગ્ય, ઉપશમ છે, જે ફરી ફરી જિનાગમમાં તથા વેદાંતાદિ ઘણાં શાસ્ત્રોમાં કહેલ છે, વિસ્તારેલ છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૧૩, ૩૦૫**

અને આ ઉપરથી ઉપસંહાર કરતાં મહાકવીશ્વર કળશકાવ્ય સ્રષ્ટા કવિ બ્રહ્મા પરંબ્રહ્મ સ્વરૂપ આર્ષ દ્રષ્ટા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** આ અધિકારના અને આ શાસ્ત્રમાં તાત્પર્ય બોધરૂપ આ કળશ કાવ્ય લલકાર્યું છે - इदमेवात्र तात्पर्यं हेयो शुद्धनयो न हि - આ જ અત્રે તાત્પર્ય - પરમાર્થ રહસ્ય છે કે શુદ્ધનય કદી પણ 'હેય' - ત્યાજ્ય નથી - ત્યજવો યોગ્ય નથી, કારણકે नास्ति बंधस्तदत्यागात् - તેના 'અત્યાગથી' 'બંધ નથી' ને તેના 'ત્યાગથી' - 'બંધ જ છે', तत्त्यागाद्बंध एव हि । અર્થાત્ શુદ્ધનયને ન ત્યજ્યો તો બંધ નથી ને શુદ્ધનય જો ત્યજ્યો તો બંધ ચોક્કસ છે જ. શુદ્ધનય છૂટ્યો કે મૂઆ પડ્યા ! શુદ્ધનય મૂક્યો કે ચૂક્યો ! માટે બંધથી જે છૂટવા ઈચ્છે છે તે મુમુક્ષુ આત્માર્થીએ શુદ્ધનયને કદી પણ છોડવો યોગ્ય નથી, શુદ્ધ નયની - નિશ્ચય નયની પકડ દૃઢ નિશ્ચયથી પકડી રાખવા યોગ્ય છે અને તે શુદ્ધનયના અવલંબને શુદ્ધોપયોગમય શુદ્ધનય દશા પ્રાપ્ત કરવા યોગ્ય છે. આ અંગે કવિવર બનારસીદાસજી પણ ઉપસંહારે છે કે - આ ગ્રંથનો - સમયસારનો આ જ 'નિચોડ' - નિષ્કર્ષ - સારભૂત પરમાર્થ છે અને આ જ 'પરમરસ' - શુદ્ધ ચેતનરસનો 'પોષ' પુષ્ટિકારક ભાવ છે કે શુદ્ધનય ત્યજ્યે બંધ છે અને શુદ્ધ નય ગ્રહ્યે મોક્ષ છે.

"યહ નિચોર આ ગ્રંથકૌ, યહૈ પરમરસ પોષ,
તજૈ શુદ્ધનય બંધ હૈ, ગહૈ સુદ્ધનય મોક્ષ." - **શ્રી બના.કૃત સ.સા.આ.અ. ૧૦**

આકૃતિ



**શુદ્ધનય કદી ત્યજવો નહિ એવા ભાવનો સમયસાર કળશ (૧૧) અમૃતચંદ્રજી લલકારે છે -**

शार्दूलविक्रीडित

**धीरोदारमहिम्न्यनादिनिधने बोधे निबध्नन् धृतिं,**
**त्याज्यः शुद्धनयो न जातु कृतिभिः सर्वंकषः कर्मणां ।**
**तत्रस्थाः स्वमरीचिचक्रमचिरात्संहृत्य निर्यद्बहिः,**
**पूर्णं ज्ञानघनौघमेकमचलं पश्यंति शांतं महः ॥१२३॥**

ધીરોદાર મહિમ્ અનાદિ નિધને બોધે ધૃતિ ધારતો,
ત્યાજ્યો શુદ્ધ નયો કૃતિથી ન કદી સૌ કર્મને કર્ષતો;
તત્રસ્થા સ્વમરીચિચક્ર ઝટ લૈ સંહારી બ્હારે જતું,
પૂર્ણ જ્ઞાનઘનૌઘ એક અચલું શાંતં મહસ્ પેખતા. ૧૨૩

## અમૃત પદ-(૧૨૩)

શાંત મહસ્ તે દેખે જગમાં, શાંત મહસ્ તે દેખે,
શુદ્ધ નયે જે સ્થિતિ કરંતાં, શુદ્ધ જ્ઞાનઘન પેખે... જગમાં શાંત મહસ્ તે દેખે. ૧
ધીરોદાર મહિમાવંતો, જેહ અનાદિ અનંતો,
એવા બોધે ધૃતિ ધરંતો, શુદ્ધ નયો આ સંતો... જગમાં શાંત મહસ્. ૨
કૃતી જનોએ કદી ન ત્યજવો, નિશ્ચય દૃઢ આ ભજવો,
સર્વંકષ કર્મોનો આ તો, શુદ્ધનયો નિત સજવો... જગમાં શાંત મહસ્. ૩
શુદ્ધ નયે ત્યાં સ્થિતિ કરંતા, તે જ્ઞાની ભગવંતા,
સ્વરશ્મિ ચક્ર બ્હારે નીકળતું, ઝટ સંહરી લઈ સંતા... જગમાં શાંત મહસ્. ૪
પૂર્ણ જ્ઞાનઘન ઓઘ અચલ એક, શાંત મહસ્ દેખંતા,
ભગવાન અમૃતચંદ્ર જ્યોતિનું, પૂર્ણ સ્વરૂપ પેખંતા... જગમાં શાંત મહસ્. ૫

**અર્થ** - ધીરોદાર મહિમાવાળા અનાદિ નિધન બોધમાં ધૃતિ નિબંધતો શુદ્ધનય કે જે કર્મોનો સર્વંકષ છે તે કૃતીઓએ કદી પણ ત્યાજ્ય (ત્યજવો યોગ્ય) નથી, તત્રસ્થો (શુદ્ધ નયસ્થો) બ્હાર નીકળતા સ્વમરીચિ ચક્રને (સ્વ કિરણ સમૂહને) શીઘ્ર સંહરીને પૂર્ણ જ્ઞાનૌઘ એવા એક અચલ શાંત મહસ્‌ને (મહાતેજને) પેખે છે. ૧૨૩

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય


"જ્ઞાની પુરુષને જે સુખ વર્ત્તે છે, તે નિજ સ્વભાવમાં સ્થિરતાનું સ્થિતિનું વર્ત્તે છે. અન્ય, બાહ્ય પદાર્થમાં તેને સુખ બુદ્ધિ નથી." - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૧૪

"પરમ નિધાન હૈ કિ નિરવાન થાન હૈ કિ, અસમાન જ્ઞાનવાન સદા અમલાન હૈ,
ખંધ નિરધુંધ નિરબંધ કર્મહીન પીન, છીન મસકીન ભાવ ભાવસો અદીન હૈ,
ચિત મેં ચેતન ખાન દરસન ભાસમાન, અનુભવ જ્ઞાન જાન અનગુન હીન હૈ,
અક્ષર ત્રિગુણ ઈંદ દેવચંદ મહાનંદ, પરમ અમૃત સંત પદ લયલીન હૈ."

**- શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્ય પ્રકાશ', ૩-૧૪૯**

શુદ્ધનય ત્યાજ્ય નથી એ ઉપરોક્ત કળશના ભાવને ઓર પુષ્ટ કરતાં મહાગુરુ **અમૃતચંદ્રાચાર્યજીએ** આ ગ્રંથના તાત્પર્યરૂપ સત્ શિક્ષા આપતાં શુદ્ધનયનો મહિમા ઉત્કીર્ત્તન કરતો આ કળશ લલકાર્યો છે - त्याज्यः शुद्धनयो न जातु कृतिभिः सर्वंकषः कर्मणां - સુકૃતીઓએ - પુણ્યવંત મહાનુભાવોએ આ શુદ્ધનય કદી પણ ત્યાજ્ય નથી - ત્યજવો યોગ્ય નથી. કેવો છે આ શુદ્ધ નય ? धीरोदारमहिम्न्यनादिनिधने बोधे निबध्नन् धृतिं - ધીર ઉદાર મહિમાવાળા અનાદિ નિધન - અનાદિ અનંત બોધમાં 'ધૃતિ નિબંધતો' એવો છે, અર્થાત્ જેનો મહિમા કદી પણ ન ડગે એવો હોવાથી ધીર અને સમસ્ત વિશ્વને પણ સમાવી લે એવો વિશાળ હોવાથી ઉદાર છે અને આદિ કે અંત નહિ હોવાથી જે અનાદિ અનંત છે, એવા બોધમાં - જ્ઞાન સ્વરૂપમાં 'ધૃતિ' - ધારણા 'નિબંધનારો' - નિતાંતપણે બાંધનારો એવો છે અને એવો હોઈ તે કર્મોનો 'સર્વંકષ' છે, સર્વ કર્મોને કષનારો - ઘસી નાંખનારો - જડ મૂળથી ઉખેડનારો - ખેંચી બ્હાર કાઢી ક્ષીણ કરનારો છે. તે શુદ્ધનયમાં સ્થિતિ કરે છે તેને શું થાય છે ? तत्रस्थाः स्वमरीचि चक्रमचिरात् संहृत्य निर्यद्बहि - 'તત્રસ્થ' - ત્યાં શુદ્ધનયમાં સ્થિત પુરુષો બ્હાર નીકળતા સ્વમીચિચક્રને - આત્મજ્યોતિના કિરણ સમૂહને 'અચિરાત્' - શીઘ્ર સંહરી લઈને - પાછો ખેંચી લઈને, (અંતર્મુખ થઈ), 'પૂર્ણ જ્ઞાનઘનૌઘ' - પૂર્ણ જ્ઞાનઘન સમૂહ એવા 'એક' - અદ્વૈત અચલ શાંત 'મહસ્‌ને' - મહા તેજને - સર્વ મહત્ તેજથી પણ મહત્ એવી સર્વાતિશાયિ પરમ આત્મજ્યોતિને સાક્ષાત્ દેખે છે અનુભવ પ્રત્યક્ષ કરે છે - 'पूर्णं ज्ञानघनौघमेकमचलं पश्यंति शांतं महः ।'

આકૃતિ




આ આસ્રવ અંકની પૂર્ણાહુતિમાં સમયસાર કળશ (૧૨) અમૃતચંદ્રજી લલકારે છે -

मंदाक्रांता

**रागादीनां झगिति विगमात् सर्वतोप्यास्रवाणां,**
**नित्योद्योतं किमपि परमं वस्तु संपश्यतोंऽतः ।**
**स्फारस्फारैः स्वरसविसरैः प्लावयत्सर्वभावा -**
**नालोकांतादचलमतुलं ज्ञानमुन्मग्नमेतत् ॥१२४॥**

રાગાદિ સૌ ઝટ સરવથા આસ્રવો દૂર થાતાં,
નિત્યોદ્યોતિ કંઈ પણ પરં અંતરે વસ્તુ જોતાં;
સ્ફારસ્ફાર સ્વરસ વિસરે પ્લાવતું સર્વ ભાવ,
ઉન્મગ્નું આ અચલ અતુલું જ્ઞાન આલોક જાવ. ૧૨૪

## અમૃત પદ-(૧૨૪)

ઉન્મગ્ન થયું આ જ્ઞાન અમૃત આ, ઉન્મગ્ન થયું જ્ઞાન,
લોક પર્યંત અતુલ આ પ્રગટ્યું, ભગવાન્ કેવલ જ્ઞાન... અમૃત આ ઉન્મગ્ન થયું જ્ઞાન. ૧

રાગાદિ આસ્રવનો સાવ જ, વિગમ શીઘ્ર થતાં જ,
નિત્યોદ્યોતિ વસ્તુ પરમ કંઈ, અંતર દેખંતાં જ અમૃત આ ઉન્મગ્ન થયું. ૨

ઉન્મગ્ન થયું આ જ્ઞાન અતુલ આ, ઉન્મગ્ન થયું જ્ઞાન,
અમલ અચલ અમૃત આ એવું, ઉન્મગ્ન થયું જ્ઞાન... અમૃત આ. ૩


સ્ફારસ્ફાર સ્વરસ વિસરથી, પ્લાવતું ભાવ તમામ,
લોક પર્યંત અમૃત આ પ્રગટ્યું, ભગવાન્ કેવલ જ્ઞાન... અમૃત આ ઉન્મગ્ન થયું. ૪

**અર્થ** - રાગાદિ આસ્રવોના ઝટ જ સર્વતઃ જ વિગમ થકી (ચાલ્યા જવા થકી), નિત્યોદ્યોતવાળી કંઈ પણ પરમ વસ્તુ અંતરમાં સમ્યક્ પેખતાંને, સ્ફારસ્ફાર સ્વરસ વિસરોથી સર્વ ભાવોને પ્લાવિત કરતું એવું લોકાંત પર્યંત અચલ અતુલ આ જ્ઞાન ઉન્મગ્ન થયું.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

આવા પ્રકારે આ અધ્યાત્મ નાટકના આ ચતુર્થ આસ્રવ અંકની પૂર્ણાહુતિમાં આર્ષદ્રષ્ટા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી મહાકવીશ્વરે** આ સુવર્ણમય અંતિમ કાવ્ય કળશ ચઢાવ્યો છે - रागादीनां झगिति विगमात् सर्वतोप्यास्रवाणां - સર્વતઃ - બધી બાજુએથી અથવા સર્વ પ્રકારથી સર્વથા રાગાદિ આસ્રવોનો ઝટ જ - શીઘ્ર જ વિગમ થકી - દૂર ચાલ્યા જવા થકી, નિત્યોદ્યોતવંતી એવી કંઈ પણ અવાચ્ય અનિર્દેશ્ય પરમ વસ્તુને અંતરમાં સમ્યક્ પેખતા જ્ઞાનીને - नित्योद्योतं किमपि परमं वस्तु संपश्यतोंऽतः આ અચલ અતુલ જ્ઞાન લોકપર્યંત ઉન્મગ્ન થયું - आलोकान्तादचलमतुलं ज्ञानमुन्मग्न मेतत्, કે જે જ્ઞાન 'સ્ફાર સ્ફાર' - અતિ અતિ વિશાળ વ્યાપક 'સ્વરસ વિસરોથી' - સ્વરસ પ્રવાહોથી સર્વ ભાવોને પ્લાવિત કરે છે - તરબોળ કરે છે - स्फारस्फारैः स्वरसविसरैः प्लावयत्सर्वभावान् । અર્થાત્ સર્વ ભાવોને જાણે છે એવું પરમ જ્યોતિઃ સ્વરૂપ કેવલ જ્ઞાન પ્રગટ્યું - આવિર્ભૂત થયું - કે જે લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશી આત્મામાં વ્યાપક કેવલ જ્ઞાન સમુદ્રમાં લોકાલોકના સર્વ ભાવો અંતર નિમગ્ન થાય છે.

આકૃતિ




॥ इति आस्रवो निष्क्रांतः ॥

॥ इति श्रीमद् अमृतचंद्रसूरिविरचितायां समयसारव्याख्यायामात्मख्यातौ आस्रव प्ररूपकः चतुर्थोऽङ्कः ॥४॥

॥ इति भगवती 'आत्मख्याति' उपरि डॉ. भगवानदास कृत 'अमृत ज्योति' महाभाष्ये आस्रव प्ररूपकः चतुर्थो अधिकारः ॥४॥

# अथ संवर अधिकारः ॥५॥

## સમયસાર વ્યાખ્યા 'આત્મખ્યાતિ'માં

## સંવર પ્રરૂપક

## પંચમ અંક

(આ 'સમય સાર' અધ્યાત્મ નાટકમાં ચોથા અંકમાં આસ્રવની વિદાય પછી આ પાંચમા અંકમાં ક્રમ પ્રાપ્ત 'સંવર'* નામક અધ્યાત્મ પાત્ર પ્રવેશ કરે છે; અને તેનો અદ્ભુત નાટકીય રીતિથી (grand dramatic style) પ્રવેશ કરાવતાં **મહાકવીશ્વર અમૃતચંદ્રજી** સંવરના પરમ કારણભૂત ચિન્મય જ્યોતિની પરમ તત્ત્વસ્તુતિ કરતું અને આસ્રવ વિજયી સંવરનું સ્વભાવોક્તિથી તાદૃશ્ય ચિત્ર રજૂ કરતું આ પરમાર્થ ગંભીર **સમયસાર** - કળશ કાવ્ય 'શાર્દૂલ વિક્રીડિત'થી (શાર્દૂલ-સિંહ સમા પદન્યાસથી) લલકારી આ પંચમાંકનુ ભવ્ય ઉદ્ઘાટન કરે છે -)

अथ प्रविशति संवरः -

હવે સંવર પ્રવેશે છે -

અથ પ્રથમ **સમયસાર** કળશમાં (૧) ચિન્મય જ્યોતિનું દિવ્ય ગાન કરે છે -

शार्दूलविक्रीडित

**आसंसारविरोधिसंवरजयैकांतावलिप्ताव -**
**न्यक्कारात्प्रतिलब्धनित्यविजयं संपादयत्संवरं ।**
**व्यावृत्तं पररूपतो नियमितं सम्यक् स्वरूपे स्फुर -**
**ज्ज्योतिश्चिन्मयमुज्ज्वलं निजरसप्राग्भारमुज्जृम्भते ॥१२५॥**

(સમશ્લોકી)

આસંસાર વિરોધિ સંવરજય એકાંત ગર્વી અતિ,
જીતી આસ્રવ નિત્ય વિજય લહ્યો તે સંવરો સર્જતી;
વ્યાવૃત્તા પરરૂપથી સ્વરૂપમાં સમ્યક્ સ્થિતા સ્ફુરતી,
જ્યોતિ ચિન્મય ઉજ્જ્વલા નિજ રસે આ નિર્ભરા વાધતી. ૧૨૫


### અમૃત પદ-૧૨૫

ચિન્મય જ્યોતિ આ ઉલ્લસતી, ચિન્મય જ્યોતિ આ ઉલ્લસતી,
નિજ રસ પ્રાગ્ભારે લસલસતી, નિજ રસ પ્રાગ્ભારે લસલસતી... ચિન્મય જ્યોતિ. ૧
વિરોધિ આસંસારથી મંડી, તે સંવર યોદ્ધો ખંડી,
જયથી એકાંતે જ અખંડી, થઈ ગયો અતીવ ઘમંડી... ચિન્મય જ્યોતિ. ૨
એવો આસ્રવ પાડી હેઠો, નિત્ય વિજય લહી જે બેઠો,
તે સંવર સંપાદંતી, ચિન્મય જ્યોતિ ઉલ્લાસંતી... ચિન્મય જ્યોતિ. ૩
પર રૂપથી થઈ વ્યાવૃત્તા, સમ્યક્ સ્વરૂપે નિયત પ્રવૃત્તા,
નિજ રસ પ્રાગ્ભારે લસલસતી, ભગવાન અમૃત જ્યોતિ સ્ફુરતી... ચિન્મય જ્યોતિ. ૪

**અર્થ** - આ સંસારથી માંડીને વિરોધી સંવરના એકાંત જયથી ગર્વિષ્ઠ બનેલા (અવલિપ્ત) આસ્રવના

ન્યક્કાર (નીચે પાડવા) થકી જેણે નિત્ય વિજય પાછો મેળવ્યો છે (પ્રતિલબ્ધ) એવો સંવર સંપાદતી, પરરૂપથી વ્યાવૃત્ત (પાછી વળેલી) અને સ્વરૂપમાં સમ્યક્ નિયમિત એવી સ્ફુરંતી નિજ રસ પ્રાગ્-ભારવંતી ઉજ્જવલ ચિન્મય જ્યોતિ ઉલ્લસે છે (ઉજ્જૃંભે છે).

**આકૃતિ**




## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"આત્માને વિભાવથી અવકાશિત કરવાને અર્થે અને સ્વભાવમાં અનવકાશપણે રહેવાને અર્થે કોઈ પણ મુખ્ય ઉપાય હોય તો આત્મારામ એવા જ્ઞાની પુરુષનો નિષ્કામ બુદ્ધિથી ભક્તિયોગ રૂપ સંગ છે."

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૨૩**

"આભ્યંતર ભાન અવધૂત, વિદેહીવત્ જિનકલ્પીવત્ સર્વ પરભાવ અને વિભાવથી વ્યાવૃત્ત નિજ સ્વભાવના ભાન સહિત અવધૂતવત્ વિદેહીવત્ જિનકલ્પીવત્ વિચરતા પુરુષ ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરીએ છીએ." **- શ્રીમદ્ રાજચંદ્ર, હાથનોંધ-૩-૨૪**

**સંવર સંપાદક સ્વરૂપ સ્થિર ચિન્મય જ્યોતિ**

આસ્રવ વિજયી સંવરનું સંપાદન કરતી આ સ્ફુરાયમાન **'ચિન્મય જ્યોતિ'** - ચૈતન્યમય જ્યોતિ 'ઉજ્જૃંભે છે' - જબ્રહ્માંડમાં ઉલ્લસે છે - ज्योतिश्चिन्मयमुज्ज्वलं निजरसप्राग्भारमुज्जृम्भते, આ ચિન્મય જ્યોતિ 'ઉજ્જવલ' - શુક્લ - શુદ્ધ - શુભ અથવા ઉત્ - ઉત્કૃષ્ટપણે - જ્વલંત ઝળહળતી છે અને 'નિજરસપ્રાગ્ભારવાળી' - સ્વ ચૈતન્યરસના મહાભારવાળી છે, અર્થાત્ આ ઝળહળતી ઉજ્જવલ-શુક્લ ચિન્મય જ્યોતિ અખિલ વિશ્વને પ્લાવિત કરતા નિજ ચેતન રસના સર્વાતિશાયિ મહાભારથી એટલી બધી તરબોળ બનેલી છે, કે તેમાં સમય માત્ર પણ પરભાવના લેશ પણ પ્રવેશનો સર્વથા અનવકાશ છે. આવી આ ઉજ્જવલ નિજરસ નિમગ્ન ચિન્મય જ્યોતિ કેવા પ્રકારે સ્ફુરી રહી છે અને કેવા પ્રકારે સંવર સંપાદન કરે છે ? તો કે - व्यावृत्तं पररूपतो नियमितं सम्यक्स्वरूपे स्फुरत् - તે 'પરરૂપથી વ્યાવૃત્ત' અને 'સ્વરૂપમાં સમ્યક્ નિયમિત' છે - પરરૂપથી પાછી વળેલી તે સ્વરૂપમાં જ નિયતપણે સમ્યક્ - યથાવત્ - જેમ છે તેમ (as it is) સ્થિર થયેલી છે, એટલે જ તે ઉજ્જવલ શુભ્ર જ્યોતિ નિજરસ - પ્રાગ્ભારથી વિશ્વ પ્રકાશકપણે ઝળહળ સ્ફુરી રહી છે અને એટલે જ તે સંવર સંપાદન કરે છે.

**આસ્રવ જયથી પ્રતિલબ્ધ નિત્ય વિજયવંત સંવર**

અર્થાત્ તે પરરૂપથી નિવૃત્ત અને સ્વરૂપમાં પ્રવૃત્ત (પ્રકૃષ્ટપણે વૃત્ત-વર્ત્તી રહેલ) છે, એટલે જ તે 'જ્ઞાન ભાનુ'ના સ્વરૂપ - તપસ્તેજથી પ્રતપતી સ્ફુરી રહી 'આસ્રવ મહાતમસ્'ના વિસ્તારને ગળી જવાને પ્રગટ સાક્ષાત્ સંવર બની રહી છે, પરરૂપ પ્રવેશના દરવાજા બંધ કરી - સંવૃત કરી સ્વરૂપના ઘરમાં સ્થિર બેસી ગયેલી તે સર્વથી 'આકાશ ખંડ જેવી અલિપ્ત' જ્ઞાન ભાનુમય ચિન્મય જ્યોતિ પોતે જ 'સંવરનો ભેખ' ધરતી શોભી રહી છે. અને આ સંવર કેવો છે ? 'आसंसारविरोधि संवरजयैकान्तावलिप्तास्रवन्यक्कारात् प्रतिलब्धनित्यविजयं संपादयत् संवरं' - આ સંસારથી - સંસારથી માંડીને

પોતાના 'વિરોધી' - પ્રતિપક્ષી સંવરના એકાંતજયથી જે 'અવલિપ્ત' - ગર્વિષ્ઠ - ઘમંડી બન્યો છે એવા આસ્રવના - 'ન્યક્કારથી' - તિરસ્કારથી - ધૂત્કારથી જેણે 'નિત્ય વિજય' સદાને માટેનો વિજય 'પ્રતિલબ્ધ' કર્યો છે - પાછો મેળવ્યો છે, એવો છે. અર્થાત્ આ સંસારથી માંડીને એટલે કે અનાદિથી સંવર અને આસ્રવ બન્ને પરસ્પર એકબીજાના વિરોધી છે, પ્રતિપક્ષી-શત્રુ છે, એ બન્નેનું સનાતન યુદ્ધ ચાલે છે. તેમાં અત્યાર સુધી તો અજ્ઞાનદશાને લઈ આસ્રવ હંમેશાં સંવરને હરાવી વિજય મેળવતો હતો અને એવા એકાંત જયથી તે ગર્વથી ફૂલાઈ ગયો હતો, 'અવલિપ્ત' બન્યો હતો, પણ હવે જ્ઞાનદશા થતાં આ જગજ્જયી ગર્વિષ્ઠ આસ્રવનો ધૂત્કાર - તિરસ્કાર કરી સંવરે આધ્યાત્મિક યુદ્ધમાં આસ્રવ પર સામો વિજય મેળવ્યો - 'પ્રતિલબ્ધ' કર્યો (Tables turned) અને તે વિજય પણ 'નિત્ય વિજય' - સદાને માટે વિજય (Victory for ever) મેળવ્યો, એટલે કે હવે સંવર થયા પછી આસ્રવ કદી પણ વિજયી નહિ બને અને સંવર કદી પણ પરાજિત નહિ બને એવો 'નિત્ય વિજય' પ્રાપ્ત કર્યો. પરરૂપથી પાછી વળેલીને સ્વરૂપમાં સ્થિત થયેલી શુદ્ધ ચિન્મય જ્યોતિ જ સ્વયં આવો નિત્ય વિજય વરવાને સમર્થ સંવર રૂપ બને છે, અર્થાત્ આત્મા પરરૂપમાં ગમન ન કરતાં પોતાના શુદ્ધ ચિદ્મય સ્વરૂપમાં જ સમ્યક્ સ્થિતિ કરે, એ જ પરમ સંવર છે અને એ જ આ શુદ્ધ ચિન્મય જ્યોતિનો પરમ મહિમા છે. સાક્ષાત્ સંવર સ્વરૂપ ચિન્મય જ્યોતિના આ પરમ મહિમાનું ઉત્કીર્તન કરતો આ પરમામૃત સંભૃત **સમયસાર** કળશ મહાગીતાર્થ શિરોમણિ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી**એ પરમ આત્મભાવોલ્લાસથી સંગીત કર્યો છે.

તેમાં આદિમાં જ સકલ કર્મ સંવરણના પરમ ઉપાય એવા ભેદ વિજ્ઞાનને અભિનંદે છે -

**उवओए उवओगो कोहादिसु णत्थि कोवि उवओगो ।**
**कोहे कोहो चेव हि उवओगे णत्थि खलु कोहो ॥१८१॥**

**अट्ठवियप्पे कम्मे णोकम्मे चावि णत्थि उवओगो ।**
**उवओगम्हि य कम्मं णोकम्मं चावि णो अत्थि ॥१८२॥**

**एयं तु अविवरीदं णाणं जइया उ होदि जीवस्स ।**
**तइया ण किंचि कुव्वदि भावं उवओगसुद्धप्पा ॥१८३॥**

કાવ્યાનુવાદ-સજ્ઝાય

'દુઃખ દોહગ દૂર ટળ્યા રે' - એ રાગ

ઉપયોગમાં ઉપયોગ છે રે, ક્રોધાદિમાં ન ઉપયોગ;
ક્રોધમાં ક્રોધ ઉપયોગમાં રે, છે ન ખરે કો ક્રોધ... રે ચેતન ! ભેદવિજ્ઞાન આ ભાવ. ૧૮૧

અષ્ટ કર્મમાં નોકર્મમાં રે, છે જ નહિ ઉપયોગ;
ઉપયોગમાં પણ છે નહિ રે, કર્મ નોકર્મનો યોગ... રે ચેતન ! ભેદવિજ્ઞાન આ ભાવ. ૧૮૨

જ્ઞાન અવિપરીત આ ખરે રે, જ્યારે જ જીવને હોય;
ત્યારે ઉપયોગ શુદ્ધાત્મ તે રે, ભાવ કરે ના કોય... રે ચેતન ! ભેદ વિજ્ઞાન આ ભાવ. ૧૮૩

**અર્થ** - ઉપયોગમાં ઉપયોગ છે, ક્રોધાદિમાં કોઈ પણ ઉપયોગ છે નહિ, ક્રોધમાં નિશ્ચયે કરીને ક્રોધ જ છે, ઉપયોગમાં નિશ્ચયે કરીને ક્રોધ છે નહિ. ૧૮૧

અષ્ટ વિકલ્પ (આઠ પ્રકારના) કર્મમાં તેમ જ નોકર્મમાં ઉપયોગ છે નહિ અને ઉપયોગમાં કર્મ તેમ જ નોકર્મ છે નહિ. ૧૮૨

આ અવિપરીત જ્ઞાન જ્યારે જ જીવને હોય છે, ત્યારે ઉપયોગ શુદ્ધાત્મા (તે) કંઈ પણ ભાવ નથી કરતો. ૧૮૩

## आत्मख्याति टीका

तत्रादावेव सकलकर्मसंवरणस्य परमोपायं भेदविज्ञानमभिनंदति -

**उपयोगे उपयोगः क्रोधादिसु नास्ति कोप्युपयोगः ।**
**क्रोधे क्रोधश्चैव हि उपयोगे नास्ति खलु क्रोधः ॥१८१॥**
**अष्टविकल्पे कर्मणि नोकर्मणि चापि नास्त्युपयोगः ।**
**उपयोगे च कर्म नोकर्म चापि नो अस्ति ॥१८२॥**
**एतत्त्वविपरीतं ज्ञानं यदा तु भवति जीवस्य ।**
**तदा न किंचित्करोति भावमुपयोगशुद्धात्मा ॥१८३॥**

न खल्वैकस्य द्वितीयमस्ति द्वयोर्भिन्नप्रदेशत्वेनैकसत्तानुपपत्तेस्तदसत्त्वे च तेन सहाधाराधेयसंबंधोऽपि नास्त्येव, ततः स्वरूपप्रतिष्ठत्वलक्षण एवाधाराधेयसंबंधोऽवतिष्ठते । तेन -

| | |
|---|---|
| ज्ञानं जानत्तायां स्वरूपे प्रतिष्ठितं | क्रोधादीनि क्रुध्यत्तादौ स्वरूपे प्रतिष्ठितानि |
| जानत्ताया ज्ञानादपृथग्भूतत्वात् | क्रुध्यत्तादेः क्रोधादिभ्योऽ पृथग्भूतत्वात् |
| ज्ञाने एव स्यात्, | क्रोधादिष्वेव स्युः । |
| न पुनः क्रोधादिषु कर्मणि नोकर्मणि वा | न च ज्ञाने |
| ज्ञानमस्ति, | क्रोधादयः कर्म नोकर्म वा संति, |

परस्परमत्यंतस्वरूपवैपरीत्येन परमार्थाधाराधेयसंबंधशून्यत्वात् । न च -

| | |
|---|---|
| यथा ज्ञानस्य जानत्तास्वरूपं | क्रोधादीनां च यथा क्रुध्यत्तादिस्वरूपं |
| तथा क्रुध्यत्तादिरपि | तथा जानत्तापि |

- कथंचनापि व्यवस्थापयितुं शक्येत जानत्तायाः क्रुध्यत्तादेश्च स्वभावभेदेनोद्भासमानत्वात् - स्वभावभेदाच्च वस्तुभेद एवेति नास्ति ज्ञानाज्ञानयोराधाराधेयत्वं । किं च -

| | |
|---|---|
| यदा किलैकमेवाकाशं स्वबुद्धिमधिरोप्या– | एवं यदैकमेव ज्ञानं स्वबुद्धिमधिरोप्या |
| धाराधेयभावो विभाव्यते | धाराधेयभावो विभाव्यते |
| तदाशेषद्रव्यांतराधिरोपनिरोधादेव | तदा शेषद्रव्यांतराधिरोपनिरोधादेव |
| बुद्धेर्न भिन्नाधिकरणापेक्षा प्रभवति । | बुद्धेर्न भिन्नाधिकरणापेक्षा प्रभवति । |
| तदप्रभवे चैकमाकाशमेवै - | तदप्रभवे चैकं ज्ञानमेवै - |
| कस्मिन्नाकाश एव प्रतिष्ठितं विभावयतो | कस्मिन् ज्ञान एव प्रतिष्ठितं विभावयतो |
| न पराधाराधेयत्वं प्रतिभाति । | नापराधाराधेयत्वं प्रतिभाति । |

ततो ज्ञानमेव ज्ञाने एव, क्रोधादय एव क्रोधादिष्वेवेति साधु सिद्धं भेदविज्ञानं । ॥१८०।१८२।१८३

---

**आत्मभावना -**

तत्र - **તેમાં - આસ્રવ અધિકારમાં** आदावेव - **આદિમાં જ, પ્રારંભમાં જ** सकलकर्मसंवरणस्य परमोपायं - **સકલ કર્મ સંવરણના - સંવરવાના પરમ - ઉત્કૃષ્ટ ઉપાય - સાધન એવા** भेदविज्ञानमभिनंदति - **ભેદવિજ્ઞાનને અભિનંદે છે - ઉલ્લાસથી સત્કારે છે - વધાવે છે** उपयोगे उपयोगः - **ઉપયોગમાં ઉપયોગ છે,** क्रोधादिषु कोप्युपयोगः नास्ति - **ક્રોધાદિમાં કોઈ પણ ઉપયોગ છે નહિ,** क्रोधे क्रोधश्चैव हि - **અને ક્રોધમાં નિશ્ચયે કરીને ક્રોધ જ છે,** उपयोगे क्रोधः खलु नास्ति - **ઉપયોગમાં નિશ્ચયે કરીને ક્રોધ છે નહિ.** ॥१८१॥ अष्ट विकल्पे कर्मणि नोकर्मणि चापि - **અષ્ટ વિકલ્પવાળા - આઠ ભેદવાળા કર્મમાં અને નોકર્મમાં (શરીરમાં) પણ** उपयोगः नास्ति - **ઉપયોગ છે નહિ,** उपयोगे च - **અને ઉપયોગમાં** कर्म नोकर्म चापि नो अस्ति - **કર્મ અને નોકર્મ પણ છે નહિ.** ॥१८२॥ एतत्त्वविपरीतं ज्ञानं - **અને આ અવિપરીત - વિપરીત - ઉલટું નહિ એવું જ્ઞાન** यदा तु जीवस्य भवति - **જ્યારે જ જીવને થાય છે,** तदा उपयोगशुद्धात्मा - **ત્યારે ઉપયોગ શુદ્ધાત્મા - ઉપયોગ શુદ્ધ છે જેનો એવો આત્મા** किंचित् भावं न करोति - **કિંચિત્ - કંઈ પણ ભાવ નથી કરતો.** ॥१८३॥ इति **गाथा** आत्मभावना ॥१८१-१८३॥

न खल्वैकस्य द्वितीयमस्ति - **ખરેખર ! નિશ્ચયે કરીને એકનું દ્વિતીય - બીજું છે નહિ, શાને લીધે ?** द्वयोर्भिन्नप्रदेशत्वेनैकसत्तानुपपत्तेः - **બેના ભિન્ન પ્રદેશપણાએ કરીને એક સત્તાની અનુપપત્તિને લીધે - અઘટમાનતાને લીધે. તેથી શું ?** तदसत्त्वे च तेन सहाधाराधेयसंबंधोऽपि नास्त्येव - **અને તેના અસત્ત્વે - તે એકનું દ્વિતીય નહિ હોવાપણું સતે તેની સાથે - તે બીજા સાથે આધારાધેય સંબંધ પણ છે જ નહિ. તેથી શું ?** ततः स्वरूपप्रतिष्ठत्वलक्षण एवाधाराधेयसंबंधोऽवतिष्ठते - **તેથી સ્વરૂપ પ્રતિષ્ઠત્વ લક્ષણ જ આધારાધેય સંબંધ અવતિષ્ઠે છે - જેમ છે તેમ અવસ્થિત રહે છે, 'અવ' - બાકી રહે છે.**

तेन - **તેથી કરીને** ज्ञानं - **જ્ઞાન** जानत्तायां स्वरूपे प्रतिष्ठितं - **જાણતાપણામાં - સ્વરૂપમાં પ્રતિષ્ઠિત એવું** ज्ञाने एव स्यात् - **જ્ઞાનમાં જ હોય, એમ શાને લીધે ?** जानत्ताया ज्ञानादपृथग्भूतत्वाद् - **જાણતાપણાના જ્ઞાનથી અપૃથગ્ભૂતપણાને લીધે**

## આત્મખ્યાતિ ટીકા

નિશ્ચયે કરીને એકનું દ્વિતીય છે નહિ - બેના ભિન્ન પ્રદેશપણાએ કરીને એક સત્તાની અનુપપત્તિ છે માટે અને તેનું અસત્ત્વ (નહિ હોવાપણું) સતે તેની સાથે આધારાધેય સંબંધ પણ છે નહિ - તેથી સ્વરૂપ પ્રતિષ્ઠત્વ લક્ષણ જ આધારાધેય સંબંધ અવસ્થિત રહે છે. તેથી -

| | |
|---|---|
| જ્ઞાન - જાણપણામાં સ્વરૂપમાં પ્રતિષ્ઠિત હોઈ, | ક્રોધાદિ - ક્રુધ્યપણા આદિમાં સ્વરૂપમાં પ્રતિષ્ઠિત હોઈ, |
| જાણપણાના જ્ઞાનથી અપૃથગ્ભૂતપણાને લીધે | ક્રુધ્યપણા આદિના ક્રોધાદિથી અપૃથગ્ભૂતપણાને લીધે |
| જ્ઞાનમાં જ હોય - | ક્રોધાદિમાં જ હોય. |
| ક્રોધાદિમાં, કર્મમાં વા નોકર્મમાં | અને જ્ઞાનમાં |
| જ્ઞાન છે નહિ - | ક્રોધાદિ, કર્મ વા નોકર્મ છે નહિ - |

પરસ્પર અત્યંત સ્વરૂપ વૈપરીત્યથી પરમાર્થ આધારાધેય સંબંધનું શૂન્યપણું છે માટે.

| | |
|---|---|
| અને જ્ઞાનનું જેમ જાણપણા સ્વરૂપ | અને ક્રોધાદિનું જેમ ક્રુધ્યપણાદિ સ્વરૂપ |
| તેમ ક્રુધ્યપણાદિ સ્વરૂપ પણ | તેમ જાણપણા સ્વરૂપ પણ, |

કોઈ પણ પ્રકારે વ્યવસ્થાપવું શક્ય નથી -

જાણપણાનું અને ક્રુધ્યપણાદિનું સ્વભાવભેદથી ઉદ્ભાસમાનપણું છે માટે

અને સ્વભાવભેદથી વસ્તુભેદ જ છે, એટલા માટે જ્ઞાન-અજ્ઞાનનું આધારાધેયપણું છે નહિ. તેમજ -

| | |
|---|---|
| જ્યારે સ્ફુટપણે એક જ આકાશને | એમ જ્યારે એક જ જ્ઞાનને |
| સ્વબુદ્ધિમાં અધિરોપીને આધારાધેય ભાવ | સ્વ બુદ્ધિમાં અધિરોપીને આધારાધેય ભાવ |
| વિભાવાય છે, | વિભાવાય છે, |
| ત્યારે શેષ દ્રવ્યાંતરના અધિરોપના નિરોધ થકી જ | ત્યારે શેષ દ્રવ્યાંતરના અધિરોપના નિરોધ થકી જ |
| બુદ્ધિને ભિન્ન અધિકરણની અપેક્ષા નથી પ્રભવતી | બુદ્ધિને ભિન્ન અધિકરણની અપેક્ષા નથી પ્રભવતી |
| અને તેના અપ્રભવે એક આકાશને જ | અને તેના અપ્રભવે એક જ્ઞાનને જ |
| એક આકાશમાં જ પ્રતિષ્ઠિત વિભાવતાને | એક જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત વિભાવતાને |
| પર આધારાધેયપણું નથી પ્રતિભાસતું - | અપર આધારાધેયપણું નથી પ્રતિભાસતું. |

તેથી જ્ઞાન જ જ્ઞાનમાં જ, ક્રોધાદિ જ ક્રોધાદિમાં જ - એમ સાધુ (સમ્યક્) સિદ્ધ ભેદવિજ્ઞાન છે.

---

- અભિન્નપણાને લીધે. क्रोधादीनि - ક્રોધાદિ क्रुध्यत्तादौ स्वरूपे प्रतिष्ठितानि - ક્રુધ્યત્તાદિમાં - ક્રોધ કરવાપણા આદિમાં સ્વરૂપમાં પ્રતિષ્ઠિત એવા क्रोधादिष्वेव स्युः - ક્રોધાદિમાં જ હોય. એમ શાને લીધે ? क्रुध्यत्तादेः क्रोधादिभ्योऽपृथग्भूतत्वात् - ક્રુધ્યત્તાદિના - ક્રોધ કરવાપણા આદિના ક્રોધાદિથી અપૃથગ્ભૂતપણાને લીધે - અભિન્નપણાને લીધે.

न पुनः क्रोधादिषु कर्मणि नोकर्मणि वा ज्ञानमस्ति - પણ ક્રોધાદિમાં કર્મમાં વા નોકર્મમાં જ્ઞાન છે નહિ, न च ज्ञाने क्रोधादयः कर्म नोकर्म वा संति - અને જ્ઞાનમાં ક્રોધાદિ કર્મ વા નોકર્મ છે નહિ. એમ શાને લીધે ? परस्परमत्यंतस्वरूप वैपरीत्येन - પરસ્પર - એકબીજા સાથે અત્યંત સ્વરૂપ વૈપરીત્યથી - સ્વરૂપના વિપરીતપણાથી - વિરુદ્ધપણાથી परमार्थाधाराधेयसंबंधशून्यत्वात् - પરમાર્થ આધારાધેય સંબંધના શૂન્યપણાને લીધે - સર્વથા રહિતપણાને લીધે.

ज्ञानस्य जानत्ता स्वरूपं तथा क्रूध्यत्तादिरपि- અને જ્ઞાનનું જેમ જાનત્તા - જાણતાપણું સ્વરૂપ તેમ ક્રુધ્યત્તાદિ - ક્રોધ કરવાપણા આદિ પણ, क्रोधादीनां च यथा क्रुध्यात्तादि स्वरूपं तथा जानत्तापि અને ક્રોધાદિનું જેમ ક્રુધ્યત્તાદિ - ક્રોધ કરવાપણા આદિ સ્વરૂપ તેમ જાનત્તા પણ - જાણતાપણું પણ न च कथंचनापि व्यवस्थापयितुं शक्येत કોઈ પણ પ્રકારે વ્યવસ્થાપવું શક્ય નથી એમ શાને લીધે ? जानत्तायाः क्रूध्यत्तादेश्च स्वभावभेदेनोद्भासमानत्वात्- જાનતાતાનું - જાણતા પણાના અને ક્રુધ્યાત્તાદિના - ક્રોધત્તાદિના - ક્રોધત્તાપણા આદિના સ્વભાવભેદથી ઉદ્ભાસમાનપણાને લીધે -

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''દેહ અને આત્માનો ભેદ પાડવો તે 'ભેદજ્ઞાન'. તે જ્ઞાનીનો તેજાબ છે. તે તેજાબથી દેહ અને આત્મા જૂદા પડી શકે છે. તે વિજ્ઞાન થવા માટે સકળ શાસ્ત્રો રચ્યાં છે.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, વ્યાખ્યાન સાર, ૨**

''જ્ઞાનરૂપ જ્ઞાનમાંહિ ભાવ ક્રોધમાંહિ, જ્ઞાન ક્રોધ એકતા ન હોય કહું વાત મેં,
જ્ઞાનરૂપ આતમા મેં રાગદ્વેષ મોહ નાંહી, વસ્તુ કો સ્વભાવ ભેદ સુદ્ધતા કે ધ્યાનમેં;
એસો જ્ઞાન ધરે સો તો કર્મકો ન બંધ કરે, વરે ન અશુદ્ધ મોહ જગ્યો ભેદ જ્ઞાન મેં,
ચેતના હૈ જીવ વસ્તુ કર્મ પુદગલ વસ્તુ, વસ્તુ ગુણ કૃતિ ભેદ જિનકે વખાન મેં.''

**- શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્ય પ્રકાશ', ૩-૭**

**સકલ કર્મ સંવરણના પરમ ઉપાય ભેદ વિજ્ઞાનનું અભિનંદન**

અત્રે આ અધિકારની આદિમાં જ - પ્રારંભમાં જ સકલ કર્મ સંવરણનો - સંવરવાનો 'પરમ' - ઉત્કૃષ્ટ - મોટામાં મોટો ઉપાય એવા 'ભેદ વિજ્ઞાન'ને અભિનંદ્યું છે - વધાવ્યું છે, (Hailed), પરમાર્થ ગર્ભિત સ્તુતિ રૂપ સ્વાગતથી બિરદાવ્યું છે અને પદે પદે જ્યાં આ ભેદવિજ્ઞાન પ્રસિદ્ધિથી આત્માની ખ્યાતિ પ્રસિદ્ધ કરી છે એવી યથાર્થનામા ભગવતી 'આત્મખ્યાતિ' મહાટીકાના કર્તા **પરમર્ષિ ભગવદ્ અમૃતચંદ્રાચાર્યજીએ** આનું અપૂર્વ વ્યાખ્યાન કરી પ્રસ્તુત ભેદવિજ્ઞાનના અભિનંદનને અનંતગુણ વિશિષ્ટ બળવાનપણે પરિપુષ્ટ કર્યું છે. તેનો ભાવાર્થ આ પ્રકારે -

**સ્વરૂપ પ્રતિષ્ઠત્વ લક્ષણ આધારાધેય સંબંધ**

નિશ્ચયે કરીને - તત્ત્વ દૃષ્ટિથી જોઈએ તો न खल्वेकस्य द्वितीयमस्ति - 'એકનું દ્વિતીય છે નહિ' - એક વસ્તુની બીજી વસ્તુ છે નહિ. શા માટે ? 'બેના ભિન્નપ્રદેશપણાએ કરીને એક સત્તાની અનુપપત્તિ છે માટે' - द्वयोर्भिन्नप्रदेशत्वेनैकसत्तानुपपत्तेः, અર્થાત્ વિન્ધ્યાદ્રિ અને સહ્યાદ્રિના પ્રદેશનું (ક્ષેત્રનું) જેમ ભિન્નપણું - જૂદાપણું છે, તેમ બન્નેના પ્રદેશનું ભિન્નપણું-જૂદાપણું છે અને બન્નેના પ્રદેશનું

---

ઉદ્-ઉત્કટપણે ભાસમાનપણાને લીધે - દશ્યમાનપણાને લીધે આ પરથી શું ફલિત થાય છે ? स्वभावभेदात्व वस्तुभेद एव અને સ્વભાવભેદને લીધે વસ્તુભેદ જ છે इति नास्ति ज्ञानाज्ञानयोराधाराधेयत्वं એટલા માટે જ્ઞાન-અજ્ઞાનનું આધારાધેયપણું છે નહિ.

किं च - તેમ જ यदा - જ્યારે किल - ખરેખર ! સ્ફુટપણે एकमेवाकाशं - એક જ આકાશને स्वबुद्धिमधिरोप्य - સ્વબુદ્ધિમાં અધિરોપીને आधाराधेयभावो विभाव्यते - આધારાધેય ભાવ વિભાવાય છે - વિશેષે કરીને ભાવાય છે - ચિંતવાય છે, तदा - ત્યારે शेषद्रव्यांतराधिरोपनिरोधादेव - શેષ - બાકીના દ્રવ્યાંતરના - બીજા બધા દ્રવ્યના અધિરોપના નિરોધ થકી જ बुद्धेर्न भिन्नाधिकरणापेक्षा प्रभवति - બુદ્ધિને ભિન્ન - જૂદા અધિકરણની - આધારની અપેક્ષા પ્રભવતી નથી - પ્રભવ - જન્મ પામતી નથી, तदप्रभवे च - અને તેના અપ્રભવે - અજન્મે - અનુદ્ભવે એટલે કે તે ભિન્ન અધિકરણ અપેક્ષાના અનુદ્ભવે, શું ? एकमाकाशमेव - એક આકાશને જ एकस्मिन्नाकाश एव प्रतिष्ठितं विभावयतो - એક આકાશમાં જ પ્રતિષ્ઠિત વિભાવતાને - વિશેષે ભાવતાને न पराधाराधेयत्वं प्रतिभाति - પર આધારાધેયપણું પ્રતિભાસતું નથી. एवं - એમ - એ જ પ્રકારે यदा - જ્યારે एकमेव ज्ञानं - એક જ જ્ઞાનને स्वबुद्धिमधिरोप्य - સ્વબુદ્ધિમાં અધિરોપીને आधाराधेयभावो विभाव्यते - આધારાધેય ભાવ વિભાવાય છે - વિશેષે કરીને ભાવાય છે - ચિંતવાય છે, तदा - ત્યારે शेषद्रव्यांतराधिरोपनिरोधादेव - શેષ - બાકીના - દ્રવ્યાંતરના - બીજા બધા દ્રવ્યના અધિરોપના નિરોધ થકી જ बुद्धेर्न भिन्नाधिकरणापेक्षा प्रभवति - બુદ્ધિને ભિન્ન - જૂદા અધિકરણની - આધારની અપેક્ષા પ્રભવતી નથી - પ્રભવ - જન્મ પામતી નથી, तदप्रभवे च - અને તેના અપ્રભવે - અજન્મે - અનુદ્ભવે એટલે કે તે ભિન્ન અધિકરણ અપેક્ષાના અનુદ્ભવે, શું ? एकं ज्ञानमेव - એક જ્ઞાનને જ एकस्मिन् ज्ञान एव प्रतिष्ठितं विभावयतो - એક જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત વિભાવતાને न पराधाराधेयत्वं प्रतिभाति - પર આધારાધેયપણું પ્રતિભાસતું નથી. આ સર્વ પરથી શું ફલિત થયું ? ततो ज्ञानमेव ज्ञाने एव - તેથી કરીને જ્ઞાની જ્ઞાનમાં જ, क्रोधादय एव क्रोधादिष्वेव - ક્રોધાદિ જ - ક્રોધાદિમાં જ, इति साधुसिद्धं भेदविज्ञानं - એમ સાધુ - સમ્યક્પણે - ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયું. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१८१-१८२-१८३॥

ભિન્નપણું-જૂદાપણું છે એટલે તે બન્નેની એક સત્તાની અનુપપત્તિ-અઘટમાનતા છે, તે બન્નેનું એક અસ્તિત્વ - એક વસ્તુ હોવાપણું ઘટતું નથી, માટે અને આમ એક વસ્તુ સત્તાનું હોવાપણું ઘટતું ન હોઈ એક વસ્તુની બીજી વસ્તુ છે નહિ, એટલે 'તેની સાથે આધારાધેય સંબંધ છે નહિ', એક વસ્તુ આધાર અને બીજી વસ્તુ 'તેમાં' - તેના આધારે રહેલ આધેય એવો - વાટકીમાં દહીં જેવો - આધારાધેય સંબંધ છે નહિ. 'તેથી સ્વરૂપ પ્રતિષ્ઠત્વ લક્ષણ જ આધારાધેય સંબંધ અવસ્થિત રહે છે' - ततः स्वरूपप्रतिष्ठत्वलक्षण एवाधाराधेयसंबंधोऽवतिष्ठते । અર્થાત્ એક વસ્તુનો બીજી વસ્તુ સાથે આધારાધેય સંબંધ તો છે નહિ, એટલે હવે પ્રત્યેક વસ્તુ પોતપોતાના સ્વરૂપમાં જ 'પ્રતિષ્ઠિત' - પ્રત્યેકપણે સ્થિત - સ્વરૂપ સ્થિત જ છે, સ્વરૂપ જ આધાર અને સ્વરૂપ જ આધેય એમ સ્વરૂપમાં જ રહેલી છે, એવો સ્વરૂપ પ્રતિષ્ઠત્વ લક્ષણ જ આધારાધેય સંબંધ જેમ છે તેમ 'અવસ્થિત' - 'અવ' - વસ્તુ સ્વરૂપની - સ્વ સમયની મર્યાદામાં સ્થિત - બાકી રહે છે. આમ સામાન્ય સિદ્ધાંતનું (general principle) નિરૂપણ કરી મહા આત્મવિજ્ઞાની (great spiritual scientist) જગદ્‌ગુરુ **અમૃતચંદ્રાચાર્યજી** વૈજ્ઞાનિક પૃથક્કરણ (Scientific analysis) કરી પ્રકૃતમાં યોજના (application) કરે છે.

**જ્ઞાન જ્ઞાનમાં જ સ્વરૂપમાં જ : ક્રોધાદિ ક્રોધાદિમાં જ સ્વરૂપમાં જ**

**જ્ઞાન** 'जानत्तायां स्वरूपे' - જાનત્તામાં - જાણતાપણામાં સ્વરૂપમાં પ્રતિષ્ઠિત હોઈ જ્ઞાનમાં જ હોય, કારણકે 'જાનત્તાનું' - જાણતાપણાનું જ્ઞાનથી 'અપૃથગ્ ભૂતપણું' - અભિન્નપણું - બીન અલગપણું છે, અર્થાત્ જાણતાપણું - જાણપણું જ્ઞાનથી પૃથક્ - જૂદું નથી, જાણતાપણું એ જ જ્ઞાનનું સ્વરૂપ છે અને વસ્તુ ઉપરોક્ત નિયમ પ્રમાણે સદા સ્વરૂપમાં જ રહે છે, એટલે જ્ઞાન 'જ્ઞાનમાં જ' છે, ज्ञानं ज्ञाने एव स्यात् । અને ક્રોધાદિ કુધ્યત્તાદિમાં સ્વરૂપમાં - 'क्रुध्यत्तादौ स्वरूपे' - ક્રોધતાપણાદિમાં સ્વરૂપમાં પ્રતિષ્ઠિત હોઈ ક્રોધાદિમાં જ હોય, કારણકે 'કુધ્યત્તાદિનું' - ક્રોધ કરવાપણા આદિનું ક્રોધાદિથી 'અપૃથગ્ ભૂતપણું' - અભિન્નપણું - બીન અલગપણું છે, અર્થાત્ કુધ્યત્તાદિ - ક્રોધ કરવાપણાદિ ક્રોધાદિથી પૃથગ્ - જૂદું નથી, કુધ્યત્તાદિ - ક્રોધ કરવાપણાદિ એ જ ક્રોધાદિનું સ્વરૂપ છે અને વસ્તુ સદા સ્વરૂપમાં જ પ્રતિષ્ઠિત રહે છે એ સનાતન નિયમ છે, એટલે ક્રોધાદિ 'ક્રોધાદિમાં' જ છે, क्रोधादीनि क्रोधादिष्वेव स्युः । આમ જ્ઞાન જ્ઞાનમાં જ છે ને ક્રોધાદિ ક્રોધાદિમાં જ છે, (એમ અન્વયથી વસ્તુસ્થિતિ સિદ્ધ છે, હવે વ્યતિરેકથી તે સિદ્ધ કરે છે -)

**ક્રોધાદિમાં જ્ઞાન નથી, જ્ઞાનમાં ક્રોધાદિ નથી : 'પરમાર્થ' આધારાધેય સંબંધ શૂન્યપણું**

પણ આથી ઉલટું - ક્રોધાદિમાં કે કર્મમાં કે નોકર્મમાં (શરીરમાં) 'જ્ઞાન' છે નહિ અને 'જ્ઞાન'માં ક્રોધાદિ કે કર્મ કે નોકર્મ છે નહિ, કારણકે 'પરસ્પર અત્યંત સ્વરૂપ વૈપરીત્યથી - સ્વરૂપવિપરીતપણાએ કરીને પરમાર્થ - આધારાધેય સંબંધનું શૂન્યપણું છે માટે - परस्परमत्यंत स्वरूपवैपरीत्येन परमार्थाधाराधेय संबंधशून्यत्वात् - જ્ઞાન અને ક્રોધાદિનું પરસ્પર - એકબીજા સાથે અત્યંત - સર્વથા સ્વરૂપ વૈપરીત્ય - સ્વરૂપ વિપરીતપણું છે, એટલે આ તેનો આધાર ને તે આ આધારમાં રહેલું આધેય એમ તે બન્નેના પરમાર્થથી - નિશ્ચયથી - તત્ત્વથી આધારાધેય સંબંધનું શૂન્યપણું - સર્વથા અભાવપણું છે માટે. અર્થાત્ જ્ઞાનનું સ્વરૂપ ચેતન - અજડ છે અને ક્રોધાદિનું - કર્મનું - નોકર્મનું સ્વરૂપ અચેતન - જડ છે, એમ બન્નેના સ્વરૂપનું એકબીજાથી સર્વથા વિપરીતપણું - ઉલટાપણું છે, એટલે એ બન્નેના એકબીજા સાથે પરમાર્થથી આધારાધેય સંબંધનો સર્વથા અભાવ છે - ભલે કોઈ અપેક્ષાએ વ્યવહારથી - ઉપચારથી સંયોગ સંબંધને લીધે એ બન્નેનો 'વ્યવહાર' - આધારાધેય સંબંધ કહેવાતો હોય, પણ 'પરમાર્થ' - આધારાધેય સંબંધને નામે તો 'મોટું મીંડું જ' છે. ચેતન એવું જ્ઞાન આધેય અચેતન એવા ક્રોધાદિ આધારમાં રહ્યું નથી, તેમ જ અચેતન એવું ક્રોધાદિ આધેય ચેતન એવા જ્ઞાન આધારમાં રહ્યું નથી, આમ પરમાર્થથી જ્ઞાન અને ક્રોધાદિ એ બન્નેના પરસ્પર આધારાધેય સંબંધનું 'શૂન્યપણું' છે, સર્વથા અભાવપણું છે.


સ્વભાવભેદથી વસ્તુભેદ : જ્ઞાન-અજ્ઞાનનું આધારાધેયપણું નથી

અને જ્ઞાનનું જેમ 'જાનત્તા' - जानत्ता - જાણતાપણું સ્વરૂપ છે તેમ क्रुध्यत्तादि - 'ક્રુધ્યત્તાદિ' - ક્રોધ કરવાપણાદિ પણ જ્ઞાનનું સ્વરૂપ કોઈ પણ પ્રકારે વ્યવસ્થાપી શકાય એમ નથી, તેમજ ક્રોધાદિનું જેમ क्रुध्यत्तादि - 'ક્રુધ્યત્તાદિ' - ક્રોધ કરવાપણાદિ સ્વરૂપ છે તેમ जानत्ता - 'જાનત્તા' - જાણતાપણું પણ ક્રોધાદિનું સ્વરૂપ કોઈ પણ પ્રકારે વ્યવસ્થાપી શકાય એમ નથી - न कथंचनापि व्यवस्थापयितुं शक्येत । કારણકે 'જાનત્તાનું - જાણતાપણાનું અને ક્રુધ્યત્તાદિનું - ક્રોધતાપણાદિનું સ્વભાવ ભેદથી ઉદ્‌ભાસમાનપણું છે માટે - जानत्तायाः क्रुध्यत्तादेश्च स्वभावभेदेनोद्भासमानत्वात् । જાણતાપણું એ ચેતન - જ્ઞાન ભાવ છે અને ક્રોધતા પણાદિ એ અચેતન - અજ્ઞાન ભાવ છે - આમ બન્નેનો સ્વભાવ, દિવસ-રાત્રીની જેમ પ્રકાશ-અંધકારની જેમ, પ્રગટ જૂદો જૂદો - ભિન્ન ભિન્ન અત્યંતપણે ભાસે છે, માટે; અને આમ स्वभावभेदाश्च वस्तुभेद एव - 'સ્વભાવ ભેદથી વસ્તુભેદ જ છે', ચેતન-અચેતન વા જ્ઞાન-અજ્ઞાન બન્ને વસ્તુ જૂદી જૂદી જ - ભિન્ન ભિન્ન જ છે, એટલા માટે જ 'જ્ઞાન-અજ્ઞાનનું આધારાધેયપણું છે નહિ' - नास्ति ज्ञानाज्ञानयोराधाराधेयत्वं । અર્થાત્ જાણતાપણું - જાણપણું એ જ્ઞાન છે અને ક્રુધ્યત્તાપણું આદિ - ક્રોધ કરવાપણું આદિ અજ્ઞાન છે, એટલે જ્યાં જાણતપણા રૂપ જ્ઞાન છે ત્યાં ક્રોધતાપણાદિ રૂપ અજ્ઞાન નથી ને જ્યાં ક્રોધતાપણાદિ રૂપ અજ્ઞાન છે ત્યાં જાણતાપણાદિ રૂપ જ્ઞાન નથી, જ્ઞાન છે ત્યાં અજ્ઞાન નથી ને અજ્ઞાન છે ત્યાં જ્ઞાન નથી, એટલા માટે એક બીજામાં રહ્યું છે એવો એ બન્નેનો - જ્ઞાન - અજ્ઞાનનો આધારાધેય ભાવ - સંબંધ છે નહિ.

આકાશ આકાશમાં જ - સ્વરૂપમાં જ પ્રતિષ્ઠિત : તેમ જ્ઞાન જ જ્ઞાનમાં જ, ક્રોધાદિ જ ક્રોધાદિમાં જ

આમ બે જૂદી જૂદી વસ્તુમાં આ તેનો આધાર ને તે આ આધારમાં રહેલ છે એવો આધારાધેય સંબંધ છે નહિ, પણ એક જ વસ્તુમાં સ્વરૂપ પ્રતિષ્ઠત્વ લક્ષણ આધારાધેય સંબંધ તો છે જ એ અત્ર આકાશના દૃષ્ટાંતથી બિંબ પ્રતિબિંબભાવે સિદ્ધ કર્યું છે - જ્યારે ખરેખર ! સ્ફુટપણે એક જ આકાશને 'સ્વ બુદ્ધિમાં અધિરોપીને' - પોતાની બુદ્ધિમાં અધિરોપિત કરીને, અત્રે આધાર શું અને આધેય શું ? એમ 'આધારાધેય ભાવ' વિભાવવામાં આવે છે - વિશેષે કરીને ભાવવામાં - વિચારવામાં આવે છે, ત્યારે शेषद्रव्यांतराधिरोपनिरोधादेव - શેષ - બાકીના દ્રવ્યાંતરના - બીજા બધા દ્રવ્યના અધિરોપના - નિરોધ થકી જ બુદ્ધિને 'ભિન્ન અધિકરણની' - જૂદા આધારભૂત સ્થળની અપેક્ષા પ્રભવતી નથી - પ્રભવ જન્મ પામતી નથી - ઉદ્‌ભવતી નથી. અર્થાત્ એક જ આકાશને સ્વબુદ્ધિમાં આરોપીને અત્રે આધાર શું અને આધેય શું એમ આધારાધેય ભાવ વિશેષે કરીને ભાવવામાં આવે છે, ત્યારે જાણે છે જ નહિ (Ignored) એમ બાકી બીજા દ્રવ્યના અધિરોપના નિરોધ - રુકાવટ થકી જ બુદ્ધિને આકાશથી ભિન્ન - જૂદા કોઈ અધિકરણની - આધારની અપેક્ષા - પ્રભવતી નથી - ઉદ્‌ભવતી નથી અને તેના અપ્રભવે - તે ભિન્ન અધિકરણ - અપેક્ષાના અનુદ્‌ભવે એક આકાશને જ એક આકાશમાં જ પ્રતિષ્ઠિત વિભાવતાને - વિશેષે ભાવતાને 'પર આધારાધેયપણું પ્રતિભાસતું નથી', બીજું કોઈ આધારાધેયપણું દેખાતું નથી, આકાશ જ આધાર ને આકાશ જ આધેય એમ આકાશ આકાશમાં જ રહ્યું છે એવું સ્વરૂપ પ્રતિષ્ઠિતપણું જ દેખાય છે - એમ એ જ પ્રકારે જ્યારે એક જ જ્ઞાનને સ્વબુદ્ધિમાં અધિરોપીને - પોતાની બુદ્ધિમાં અધિરોપિત કરીને અત્રે આધાર શું અને આધેય શું એમ 'આધારાધેય' ભાવ વિભાવવામાં આવે છે - વિશેષે કરીને ભાવવામાં - વિચારવામાં આવે છે, ત્યારે શેષ દ્રવ્યાંતરના અધિરોપના નિરોધ થકી જ બુદ્ધિને ભિન્ન - જૂદા અધિકરણની - આધારભૂત સ્થળની અપેક્ષા પ્રભવતી નથી - પ્રભવ - જન્મ પામતી નથી - ઉદ્‌ભવતી નથી અને તેના - ભિન્ન અધિકરણ અપેક્ષાના અપ્રભવે - અનુદ્‌ભવે એક જ્ઞાનને જ એક જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત વિભાવતાને - વિશેષે ભાવતાને અપર આધારાધેયપણું પ્રતિભાસતું નથી - બીજું કોઈ આધારાધેયપણું દેખાતું નથી, જ્ઞાન જ આધાર ને જ્ઞાન જ આધેય એમ જ્ઞાન જ્ઞાનમાં જ રહ્યું છે એવું સ્વરૂપ

પ્રતિષ્ઠિતપણું જ દેખાય છે. આમ 'સ્વરૂપ પ્રતિષ્ઠિત્વ' લક્ષણ આધારાધેય ભાવના સિદ્ધાંતનું સમર્થન કરતા આ આકાશના દૃષ્ટાંત - દાર્ષ્ટાંતિક ભાવ પરથી સુપ્રતીત થાય છે કે - જેમ આકાશ જ આકાશમાં જ છે, તેમ જ્ઞાન જ જ્ઞાનમાં જ છે, ક્રોધાદિ જ ક્રોધાદિમાં જ છે - ज्ञानमेव ज्ञाने एव, क्रोधादय एव क्रोधादिष्वेव, એમ 'સાધુ' - સમ્યક્પણે ભેદવિજ્ઞાન સિદ્ધ થયું - इति साधु सिद्धं भेदविज्ञानं ।'



આ સમયસાર કળશમાં (૨) અમૃતચંદ્રજી ભેદજ્ઞાન ને તેના ફલ શુદ્ધ આત્મોપલંભ (શુદ્ધ આત્માનુભૂતિ) થકી પ્રભવે છે એમ કથન કરે છે -

શાર્દૂલવિક્રીડિત

**चैद्रूप्यं जडरूपतां च दधतोः कृत्वा विभागं द्वयो -**
**रंतर्दारुणदारणेन परितो ज्ञानस्य रागस्य च ।**
**भेदज्ञानमुदेति निर्मलमिदं मोदध्वमध्यासिताः,**
**शुद्धज्ञानघनौघमेकमधुना संतो द्वितीयच्युताः ॥१२६॥**

ચિદ્ રૂપત્વ અચિદ્ રૂપત્વ ધરતા તે જ્ઞાનનો રાગનો,
અંતર્ કરવતથી વિભાગ કરી બે જ્યું કાષ્ઠ બે ભાગનો;
ભેદજ્ઞાન ઉદંત નિર્મલ જ આ, સંતો દ્વિતીય ત્યજો !
શુદ્ધજ્ઞાન ઘનૌઘ એક અધુના અધ્યાસી આનંદજો ! ૧૨૬

## અમૃત પદ-૧૨૬

ભેદજ્ઞાન ચંદ્ર ઉદયંતો, ભેદજ્ઞાન ચંદ્ર ઉદયંતો,
શુદ્ધ જ્ઞાન અમૃત વરષંતો, દ્વૈત ચ્યુત આનંદો સંતો !... ભેદજ્ઞાન ચંદ્ર ઉદયંતો. ૧
ચિદ્રૂપતા ધરંતુ જ્ઞાન, જડરૂપતા રાગ અજ્ઞાન,
એવા જ્ઞાન અને આ રાગ, એ બેનો કરી વિભાગ... ભેદજ્ઞાન ચંદ્ર. ૨
ભેદજ્ઞાન તીક્ષ્ણ કરવતથી, કરી કાષ્ઠ શું ફાડ સતતથી,
અંતર દારુણ દારણ કરતું, ભેદજ્ઞાન અમલ ઉદયંતુ... ભેદજ્ઞાન ચંદ્ર. ૩
સંતો દ્વૈતચ્યુત આનંદો ! ફગવી સૌ પરભાવ ફંદો,
શુદ્ધ જ્ઞાનઘનૌઘ અધ્યાસી, એક અમૃત ધામે વાસી... ભેદજ્ઞાન ચંદ્ર. ૪
'આત્મખ્યાતિ' સૂત્ર સર્જંતા, ભગવાન અમૃત ગર્જંતા,
એ દિવ્ય વાણી ઉચરંતા, નાટક સમયસારમાં સંતા... ભેદજ્ઞાન ચંદ્ર. ૫

**અર્થ** - ચિદ્રૂપતા અને જડ રૂપતા (અનુક્રમે) ધારતા એવા જ્ઞાનનો અને રાગનો - એ બેનો અંતરમાં દારુણ દારણ (કરવત) વડે સર્વથા વિભાગ કરીને, આ નિર્મલ ભેદજ્ઞાન ઉદય પામે છે, તો હવે દ્વિતીયથી (બીજાથી-પરભાવથી) ચ્યુત થયેલા એવા સંતો શુદ્ધ જ્ઞાનૌઘ એકને અધ્યાસિત સતા મોદ પામો ! (આનંદો !)

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''તે ભગવાન્ જે શુદ્ધ ચૈતન્ય ધાતુપણે પરિણમ્યા છે તેવી શુદ્ધ ચૈતન્ય વૃત્તિ કરવાથી જ તે ધાતુમાંથી પ્રતિકૂલ સ્વભાવ નિવૃત્તવાથી ઐક્ય થવાનો સંભવ છે.'' - **શ્રીમદ્ રાજચંદ, અં. ૭૫૩**

''જાન્યો આતમ જ્ઞાનસો, આતમ આસ્રવ ભેદ,


તબ આસ્રવ સંવર ભયો, ગયો કર્મ કો ખેદ.'' - **શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્ય પ્રકાશ', ૩-૧૦**

ઉપરમાં 'આત્મખ્યાતિ'ના ગદ્ય ભાગમાં જે કહ્યું, તે ભાવની પુષ્ટિ અર્થે પરમ આત્મભાવોલ્લાસથી પરમ ભાવિતાત્મા આચાર્યવર્ય અમૃતચંદ્રજી ઉપરોક્ત ભાવના સારસમુચ્ચય રૂપ આ કલશ લલકારી ભેદજ્ઞાન અને તેના ફલ રૂપ શુદ્ધાત્માનુભવને અભિનંદે છે. 'चैद्रूप्यं जडरूपतां च दधदोः द्वयोः ज्ञानस्य रागस्य च' - એક 'ચિદ્રૂપપણું' - ચેતનરૂપપણું ધારે છે અને બીજું 'જડરૂપપણું' - અચેતનરૂપપણું ધારે

છે, એમ અનુક્રમે ચિદ્રૂપપણું અને જડરૂપપણું ધારણ કરતા બે દ્રવ્યો અને તેના ભાવો સ્વભાવથી જ પ્રગટ જૂદા જૂદા છે, એટલે ચિદ્રૂપપણું ધરતું ચેતનભાવરૂપ જ્ઞાન અને જડરૂપપણું ધરતો અચેતન ભાવરૂપ રાગ એ બે સ્વભાવથી જ પ્રગટ જૂદા જૂદા છે, તે બેનો 'દારુણ' - ભયંકર - ઉગ્ર - તીક્ષ્ણ 'અંતર દારણ' - અંતર કરવત વડે વ્હેરવાથી - ચીરવાથી બધી બાજુથી સર્વથા વિભાગ કરીને - अंतरदारुणदारणेन परितो कृत्वा विभागं, કરવત વડે કાષ્ઠની જેમ બે ફાડ કરીને, આ નિર્મલ ભેદજ્ઞાન ઉદય પામે છે - भेदज्ञानमुदेति निर्मलमिदं । અર્થાત્ ચિદ્રૂપપણું ધારતું જ્ઞાન તે 'સ્વભાવ' છે અને જડરૂપપણું ધારતો રાગ તે 'પરભાવ' છે અથવા તો જડરૂપ પરસંસર્ગજન્ય 'વિભાવ' - વિકૃત ચેતનભાવરૂપ ઔપાધિક ભાવ છે, એટલે જ્ઞાન જૂદું અને રાગ જૂદો એમ પોતાના 'સુતીક્ષ્ણ આરા' વડે સ્વભાવ - પરભાવનો અંતર ભેદ કરી, 'જડ ચેતન રૂપ દુફારા' કરી, જડ ચેતનની બે ફાડ કરી, આ 'શુદ્ધ સુછંદ અભેદ અબાધિત' ભેદ વિજ્ઞાન 'ઉદય' - ઉત્તરોત્તર ઉત્કર્ષ પામી રહ્યું છે - 'જ્ઞાન - અમૃતચંદ્ર'ની ચઢતી કળા પામી રહ્યું છે, शुद्धज्ञानघनौघमेकमध्यासिताः अधुना संतो द्वितीयच्युताः मोदध्वम् - તો 'હવે શુદ્ધ જ્ઞાનૌઘ એવા એકને અધ્યાસિત સંતો દ્વિતીયથી ચ્યુત થયેલા સતા મોદ પામો !' આનંદો ! અર્થાત્ પરભાવ - વિભાવને લેશ પણ પ્રવેશ ન દે એવા 'ઘન' - નક્કર (Solid).. સર્વ પ્રદેશે શુદ્ધ જ્ઞાન જ્ઞાન ને જ્ઞાનમય જ્ઞાન-ઘનના ઓઘ-સમૂહ રૂપ હોવાથી જે 'શુદ્ધ જ્ઞાનઘનૌઘ' છે, અથવા તો શુદ્ધ જ્ઞાન - અમૃતઘનના 'ઓઘ' - ધોધ - પ્રવાહ વહાવતો હોવાથી જે 'શુદ્ધ જ્ઞાનઘનૌઘ' છે, એવા એક જ્ઞાયક આત્મામાં જ 'અધ્યાસિત' - 'અધિ' - અધિકારી - સ્વામીપણે 'આસિત' - બિરાજમાન થયેલા, આત્મામાં જ આસન - સ્થિતિ કરતા - બેઠક જમાવતા, 'ધામા નાંખતા' એવા સંતજનો, પરભાવ - વિભાવ રૂપ 'દ્વિતીય'થી - દ્વૈતથી - બીજાથી 'પર'થી ચ્યુત થયેલા સતા, ખરેખરા અદ્વૈત થઈ, અદ્વૈત પરમાનંદ અનુભવો !

**ભેદજ્ઞાન ઉદય : શુદ્ધ જ્ઞાનઘન અધ્યાસીન અદ્વૈત સંતો આનંદો !**

આકૃતિ



## आत्मख्याति टीका

एवमिदं भेदविज्ञानं यदा ज्ञानस्य वैपरीत्यकणिकामप्यनासादयदविचलितमवतिष्ठते तदा शुद्धोपयोगमयात्मत्वेन ज्ञानं ज्ञानमेव केवलं सन् न किंचनापि रागद्वेषमोहरूपं भावमारचयति । ततो भेदविज्ञानाच्छुद्धात्मोपलंभः प्रभवति, शुद्धात्मोपलंभात् रागद्वेषमोहाभावलक्षणः संवरः प्रभवति ॥१८१॥१८२॥१८३॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

એમ આ ભેદવિજ્ઞાન જ્યારે જ્ઞાનની વૈપરીત્યકણિકા પણ નહિ પામતું અવિચલિત અવતિષ્ઠે છે, ત્યારે શુદ્ધોપયોગમય આત્મત્વથી જ્ઞાન જ્ઞાન જ કેવલ સતું, કંઈ પણ રાગ-દ્વેષ-મોહ રૂપ ભાવ આરચતું નથી, તેથી કરીને ભેદવિજ્ઞાન થકી શુદ્ધાત્મોપલંભ (શુદ્ધ આત્માનુભવ) પ્રભવે છે (જન્મે છે), શુદ્ધાત્મોપલંભ થકી (શુદ્ધાત્માનુભવ થકી) રાગ-દ્વેષ-મોહ અભાવ લક્ષણ સંવર પ્રભવે છે (જન્મે છે).

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સતત અંતર્મુખ ઉપયોગે સ્થિતિ એ જ નિર્ગ્રંથનો પરમ ધર્મ છે. એક સમય પણ ઉપયોગ બહિર્મુખ કરવો નહીં એ નિર્ગ્રંથનો મુખ્ય માર્ગ છે. ** નિર્મળ વિચાર ધારાના બળવાનપણા સહિત અંતર્મુખ ઉપયોગ સાતમે ગુણસ્થાનકે હોય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૬૭**

''સહેજે છૂટી આશ્રવ ભાવની ચાલ જો, જાલીમ એ પ્રગટી છે સંવર શિષ્ટતા રે લો.''

**- શ્રી દેવચંદ્રજી (શ્રી નમીશ્વર જિનસ્તવન)**

**શુદ્ધોપયોગમય આત્મપણાથી કેવલ જ્ઞાન જ રાગ-દ્વેષ-મોહ કરતું નથી**

આ પરમ આત્મભાવ પૂર્ણ કળશ લલકારી **અમૃતચંદ્રજી** આ પ્રસ્તુત ગાથાઓની આત્મખ્યાતિ ટીકાના ગદ્ય ભાગનું અનુસંધાન કરતાં પ્રકાશે છે કે - એમ - ઉક્ત પ્રકારે 'આ' - પ્રત્યક્ષ અનુભવાતું 'ભેદજ્ઞાન' જ્યારે ज्ञानस्य वैपरीत्यकणिकामप्यनासादयत् - જ્ઞાનની વૈપરીત્ય કણિકા - વિપરીતપણાની કણિકા પણ એટલે કે અજ્ઞાનનું પરમાણુ માત્ર પણ નહિ પામતું 'અવતિષ્ઠે' છે - અવસ્થિત રહે છે, ત્યારે शुद्धोपयोगमयात्मत्वेन - શુદ્ધોપયોગમય આત્મત્વ વડે કરીને જ્ઞાન જ 'કેવલ' જ્ઞાન સતું - ज्ञानं ज्ञानमेव केवलं सन्', કંઈ પણ રાગ-દ્વેષ-મોહ રૂપ ભાવ આરચતું નથી. અર્થાત્ આ ભેદજ્ઞાન જ્યારે પરભાવ - વિભાવથી અચલાયમાન - અવિચલિત 'અવતિષ્ઠે' છે - અવસ્થિત રહે છે, જેમ છે તેમ 'અવ' - પોતાની સ્વરૂપ મર્યાદામાં - સ્વ સમયમાં સ્થિત રહે છે, ત્યારે શુદ્ધોપયોગમય આત્મત્વની પ્રાપ્તિ હોય છે, આત્મા શુદ્ધોપયોગાત્મક બને છે, આત્માના તત્ત્વરૂપપણાને - આત્મત્વને પામે છે અને આવા શુદ્ધોપયોગમય એવું જ્ઞાન જ 'કેવલ' જ્ઞાન હોય છે અને 'કેવલ જ્ઞાન' જ હોતું તે જ્ઞાન રાગ-દ્વેષ-મોહ રૂપ કંઈ પણ અન્ય ભાવ - પરભાવ આરચતું નથી, નવીન સર્જતું નથી.

**ભેદવિજ્ઞાન શુદ્ધાત્મોપલંભ - સંવર**


તેથી કરીને સિદ્ધ થયું કે ભેદવિજ્ઞાનથી શુદ્ધાત્મોપલંભ - શુદ્ધાત્માનુભવ પ્રભવે છે - જન્મે છે, भेदविज्ञानाच्छुद्धात्मोपलंभः प्रभवति અને શુદ્ધાત્મોપલંભ - શુદ્ધાત્માનુભવ થકી રાગ-દ્વેષ-મોહ અભાવ લક્ષણ છે જેનું એવો 'સંવર' પ્રભવે છે - જન્મે છે - शुद्धात्मोपलंभात् रागद्वेषमोहाभावलक्षणः संवरः प्रभवति ।

---

**आत्मभावना -**

एवं - એમ - ઉક્ત પ્રકારે इदं भेदविज्ञानं - આ - પ્રત્યક્ષ અનુભવાતું ભેદવિજ્ઞાન यदा - જ્યારે ज्ञानस्य वैपरीत्यकणिकामप्यनासादयत् - જ્ઞાનની 'વૈપરીત્ય કણિકાને' - જ્ઞાનના વિપરીતપણાની એટલે કે અજ્ઞાનની કણિકાને પણ નહિ પામતું, अविचलितमवतिष्ठते - અવિચલિત અવતિષ્ઠે છે, 'અવ' - જેમ છે તેમ સ્વરૂપ મર્યાદાથી 'સ્થિત' રહે

## આકૃતિ




છે - तदा - ત્યારે शुद्धोपयोगमयात्मत्वेन - શુદ્ધોપયોગ આત્મત્વે કરીને - આત્માપણાએ કરીને ज्ञानं ज्ञानमेव केवलं सन् - જ્ઞાન જ્ઞાન જ કેવલ - માત્ર સતું, न किंचनापि रागद्वेषमोहरूपं भावमारचयति - કંઈ પણ રાગ-દ્વેષ-મોહ રૂપ ભાવ આરચતું નથી, ततो - તેથી, શું ? भेदविज्ञानाच्छुद्धात्मोपलंभः प्रभवति - ભેદવિજ્ઞાન થકી શુદ્ધાત્મોપલંભ - શુદ્ધ આત્માનુભવ પ્રભવે છે - જન્મે છે, પ્રભવ - જન્મ પામે છે અને शुद्धात्मोपलंभात् रागद्वेषमोहाभावलक्षणः संवरः प्रभवति - શુદ્ધાત્મોપલંભ થકી - શુદ્ધાત્માનુભવ થકી રાગ-દ્વેષ-મોહ અભાવ લક્ષણ સંવર પ્રભવે છે - જન્મે છે, પ્રભવ - જન્મ પામે છે. ॥૧૮૧॥૧૮૨॥૧૮૩॥ इति **'आत्मख्याति'** आत्मभावना (अनुसंधान) ॥१८१॥१८२॥१८३॥

ભેદવિજ્ઞાન થકી જ શુદ્ધાત્મોપલંભ કેમ ? તો કે -

**जह कणयमग्गितवियंपि कणयहावं ण तं परिच्चयइ ।**
**तह कम्मोदयतविदो ण जहदि णाणी उ णाणित्तं ॥१८४॥**
**एवं जाणइ णाणी अण्णाणी मुणदि रायमेवादं ।**
**अण्णाणतमोच्छण्णो आदसहावं अयाणंतो ॥१८५॥**

સોનું સોનાપણું ના ત્યજે રે, જેમ અગ્નિતપ્ત છતાં ય;
જ્ઞાની જ્ઞાનિપણું ના ત્યજે રે, કર્મોદય તપ્ત છતાંય... રે ચેતન ! ભેદ વિજ્ઞાન આ ભાવ. ૧૮૪
એમ જાણે જ્ઞાની, રાગને રે, આત્મા જાણંતો અજ્ઞ;
આત્મ સ્વભાવ અજાણતો રે, અજ્ઞાનતમ આચ્છન્ન... રે ચેતન ! ભેદવિજ્ઞાન આ ભાવ. ૧૮૫

**અર્થ** - જેમ કનક (સોનું) અગ્નિથી તપ્ત છતાં તે કનક ભાવને પરિત્યજતું નથી, તેમ કર્મોદયથી તપ્ત જ્ઞાની જ્ઞાનીપણું છોડતો નથી. ૧૮૪

એમ જ્ઞાની જાણે છે, (પણ) અજ્ઞાન - તમસ્‌થી અવચ્છન્ન (ઢંકાયેલો) અજ્ઞાની આત્મસ્વભાવને નહિ જાણતો, રાગને જ આત્મા જાણે છે. ૧૮૫

## आत्मख्याति टीका

कथं भेदविज्ञानादेव शुद्धात्मोपलंभः ? इति चेत् -

**यथा कनकमग्नितप्तमपि कनकभावं न तं परित्यजति ।**
**तथा कर्मोदयतप्तो न जहाति ज्ञानी तु ज्ञानित्वं ॥१८४॥**
**एवं जानाति ज्ञानी अज्ञानी जानाति रागमेवात्मानं ।**
**अज्ञानतमोऽवच्छन्नः आत्मस्वभावमजानन् ॥१८५॥**

यतो यस्यैव यथोदितं भेदविज्ञानमस्ति स एव तत्सद्भावात् **ज्ञानी सन्नेवं जानाति यथा** प्रचंड**पावकप्रतप्तमपि सुवर्णं न सुवर्णत्वमपोहति तथा** प्रचंड**कर्मविपाकोपष्टब्धमपि ज्ञानं न ज्ञानत्वमपोहति** कारणसहस्रेणापि स्वभावस्यापोढुमशक्यत्वात् ।

तदपोहे तन्मात्रस्य वस्तुन एवोच्छेदात् । न चास्ति वस्तूच्छेदः सतो नाशासंभवात् । एवं जानंच कर्माक्रांतोऽपि न रज्यते न द्वेष्टि न मुह्यति किंतु शुद्धमात्मानमेवोपलभते यस्य तु यथोदितं भेदविज्ञानं नास्ति स तदभावा**दज्ञानी** सन्न**ऽज्ञानतमसाच्छन्नतया** चैतन्यचमत्कारमात्र**मात्मस्वभावमजानन् रागमेवात्मानं मन्यमानो** रज्यते द्वेष्टि मुह्यति च, न जातु शुद्धमात्मानमुपलभते ततो भेदविज्ञानादेव शुद्धात्मोपलंभः ॥१८४॥१८५॥

---

**आत्मभावना -**

कथं भेदविज्ञानादेव शुद्धात्मोपलंभः ? इति चेत् - **ભેદ વિજ્ઞાન થકી જ શુદ્ધાત્મોપલંભ - શુદ્ધાત્મ અનુભવ કેવી રીતે ? એમ જો પૂછો તો -**

यथा - **જેમ** कनकमग्नितप्तमपि - **કનક - સોનું અગ્નિતપ્ત - અગ્નિથી તપેલું છતાં,** तं कनकभावं न परित्यजति - **તે કનકભાવને પરિત્યજતું નથી - છોડતું નથી,** तथा - **તેમ** कर्मोदयतप्तो ज्ञानी तु - **કર્મોદય તપ્ત - કર્મોદયથી તપેલો જ્ઞાની તો નિશ્ચયે કરીને** ज्ञानित्वं न जहाति - **જ્ઞાનિપણું છોડતો નથી.** ॥१८४॥ एवं ज्ञानी जानाति - **એમ જ્ઞાની જાણે છે, (પણ)** अज्ञानी - **અજ્ઞાની** अज्ञानतमोऽवच्छन्नः - **અજ્ઞાન તમસ્‌થી અવચ્છન્ન - આચ્છાદિત - ઢંકાયેલો (હોઈ)** आत्मस्वभावमजानन् - **આત્મ સ્વભાવને નહિ જાણતો,** रागमेवात्मानं - **રાગને જ આત્મા જાણે છે.** ॥१८५॥ **ગાથા** आत्मभावना ॥१८४॥१८५॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

કારણકે - જેને જ યથોદિત ભેદવિજ્ઞાન છે તે જ તેના સદ્‌ભાવને લીધે જ્ઞાની સતો એમ જાણે છે કે - **જેમ પ્રચંડ પાવકથી (અગ્નિથી) પ્રતપ્ત છતાં સુવર્ણ સુવર્ણપણું** અપોહતું (દૂર કરતું) નથી, તેમ પ્રચંડ કર્મ વિપાકથી ઉપષ્ટબ્ધ છતાં જ્ઞાન જ્ઞાનપણું અપોહતું (દૂર કરતું, છોડતું) નથી, કારણ સહસ્રથી પણ સ્વભાવના અપોહનું (દૂરી કરણનું, ત્યાગનું) અશક્યપણું છે માટે, તેના અપોહે (દૂર પણું હોતાં) તન્માત્ર વસ્તુનો જ ઉચ્છેદ હોય માટે અને વસ્તુનો ઉચ્છેદ છે નહિ - સત્‌ના નાશનો અસંભવ છે માટે અને એમ જાણંતો તે કર્માક્રાંત છતાં, નથી રાગ કરતો, નથી દ્વેષ કરતો, નથી મોહ કરતો, કિંતુ શુદ્ધાત્માને ઉપલભે છે (અનુભવે છે); પણ જેને યથોદિત ભેદવિજ્ઞાન છે નહિ તે તેના અભાવને-લીધે અજ્ઞાની સતો, અજ્ઞાનતમસ્‌થી આચ્છન્નતાએ (આચ્છાદિતપણાએ) કરીને ચૈતન્ય ચમત્કાર માત્ર આત્મસ્વભાવને ન જાણંતો, રાગને જ આત્મા માનતો રાગ કરે છે, દ્વેષ કરે છે અને મોહ કરે છે, કદી પણ શુદ્ધ આત્માને ઉપલભતો (અનુભવતો) નથી, તેથી કરીને ભેદવિજ્ઞાન થકી જ શુદ્ધાત્મોપલંભ (શુદ્ધાત્માનુભવ) છે. ૧૮૪,૧૮૫

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાની પુરુષને કાયાને લીધે આત્મબુદ્ધિ થતી નથી અને આત્માને વિષે કાયાબુદ્ધિ થતી નથી, બેય સ્પષ્ટ ભિન્ન તેનાં જ્ઞાનમાં વર્ત્તે છે. માત્ર પૂર્વ સંબંધ, જેમ પથ્થરને સૂર્યના તાપનો પ્રસંગ છે તેની પેઠે હોવાથી વેદનીય કર્મ આયુષ્ પૂર્ણ સુધી અવિષમ ભાવે વેદવું થાય છે, પણ તે વેદના વેદતાં જીવને સ્વરૂપ જ્ઞાનનો ભંગ થતો નથી, અથવા જો થાય છે તો તે જીવને તેવું સ્વરૂપ જ્ઞાન સંભવતું નથી.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૦૯**

''કાહું એક સંત જીવ નિજ ગુન ગહિ લીને, પર ગુન ત્યાગ જોગ પર જાની ત્યાગે હૈં,
વિરમ્યો વિરુદ્ધસેતી રમ્યોં નિજ ગુન રેતી, મોહ કે સુભટ જેતે તે તે દૂર ભાગે હૈં.''

**- 'દ્રવ્ય પ્રકાશ', ૩-૧૧**

---

यतो - **કારણકે** - यस्येव यथोदितं भेदविज्ञानमस्ति - **જેને જ યથોદિત - યથોક્ત - જેવું કહ્યું તેવું ભેદવિજ્ઞાન છે**, स एव तत्सद्‌भावात् ज्ञानी सन्नेवं जानाति - તે જ તેના - ભેદ વિજ્ઞાનના સદ્‌ભાવ થકી - હોવાપણા થકી જ્ઞાની સતો એમ **જાણે છે** - यथा - **જેમ** प्रचंडपावकप्रतप्तमपि सुवर्णं न सुवर्णत्वमपोहति - **પ્રચંડ પાવકથી - અગ્નિથી પ્રતપ્ત - પ્રકૃષ્ટપણે** અત્યંત તપ્ત - તપેલ **છતાં સુવર્ણ સુવર્ણપણાને** અપોહતું - દૂર કરતું - હડસેલતું નથી (છોડતું નથી), तथा - તેમ प्रचंडकर्मविपाकोपष्टब्धमपि ज्ञानं न ज्ञानत्वमपोहति - પ્રચંડ કર્મ વિપાકથી - કર્મ ઉદયથી ઉપષ્ટબ્ધ - અવરોધાયેલ છતાં જ્ઞાન જ્ઞાનપણાને અપોહતું - દૂર કરતું - હડસેલતું નથી, એમ શા માટે ? कारणसहस्रेणापि स्वभावस्यापोढुमशक्यत्वात् - **કારણ સહસ્રથી પણ - હજાર કારણથી પણ સ્વભાવના અપોહવાનું** - દૂર કરવાનું - હડસેલવાનું અશક્યપણું છે માટે, તે **પણ શા માટે ?** तदपोहे तन्मात्रस्य वस्तुन एवोच्छेदात् - તેના - સ્વભાવના અપોહે - દૂરીકરણે તન્માત્ર - સ્વભાવ માત્ર વસ્તુનો જ ઉચ્છેદ હોય માટે, न चास्ति वस्तूच्छेदः - અને વસ્તુનો ઉચ્છેદ - સર્વનાશ છે નહિ, શા માટે ? सतो नाशासंभवात् - સત્‌ના નાશનો અસંભવ છે માટે. एवं जानंश्च - અને એમ જાણતો (જ્ઞાની) कर्माक्रांतोऽपि - કર્માક્રાંત છતાં, કર્મથી આક્રાંત - આક્રમણ કરાયેલ - હલ્લો કરાયેલ - દબાયેલ છતાં, न रज्यते न द्वेष्टि न मुह्यति - નથી રાગ કરતો, નથી દ્વેષ કરતો, નથી મોહ કરતો, किंतु शुद्धमात्मानमुपलभते - કિંતુ શુદ્ધ આત્માને ઉપલભે છે - અનુભવે છે - ઉપલંભ - અનુભવ કરે છે. यस्य तु - પરંતુ જેને यथोदितं भेदविज्ञानं नास्ति - યથોદિત - યથોક્ત ભેદવિજ્ઞાન છે નહિ, स तदभावान्नज्ञानी सन् - તે તેના - ભેદ વિજ્ઞાનના અભાવ થકી - નહિ હોવાપણા થકી અજ્ઞાની સતો, अज्ञान तमसाच्छन्नतया - અજ્ઞાન તમસ્‌થી - અજ્ઞાન રૂપ ગાઢ અંધકારથી આચ્છન્નતાએ - આચ્છાદિતપણાએ - ઢંકાઈ જવાપણાએ કરીને चैतन्यचमत्कारमात्रमात्मस्वभावमजानन् - ચૈતન્ય ચમત્કાર માત્ર - માત્ર કેવલ ચૈતન્ય ચમત્કાર સિવાય બીજું કાંઈ પણ જ્યાં નથી એવા આત્મ સ્વભાવને ન જાણંતો, रागमेवात्मानं मन्यमानो - રાગને જ આત્મા માનતો, रज्यते द्वेष्टि मुह्यति च - રાગ કરે છે, દ્વેષ કરે છે અને મોહ કહે છે, (પણ) न जातु शुद्धमात्मानमुपलभते - કદી પણ શુદ્ધ આત્માને ઉપલભતો નથી - અનુભવતો નથી, ઉપલંભ -અનુભવ કરતો નથી. આ ઉપરથી શું ફલિત થયું ? ततो - તેથી કરીને भेदविज्ञानादेव - ભેદવિજ્ઞાન થકી જ शुद्धात्मोपलंभः - શુદ્ધાત્મોપલંભ - શુદ્ધાત્માનુભવ હોય છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१८४॥१८५॥

ભેદવિજ્ઞાન થકી જ શુદ્ધાત્મોપલંભ - શુદ્ધાત્માનુભવ કેમ હોય ? એ આશંકાનું અત્ર શાસ્ત્રકાર પરમર્ષિએ સોનાના દૃષ્ટાંતથી સમાધાન કર્યું છે અને 'આત્મખ્યાતિ'કર્ત્તા પરમર્ષિએ તેનો સાંગોપાંગ બિંબ પ્રતિબિંબ ભાવ દર્શાવી અનંતગુણવિશિષ્ટ બળવાન્ અલૌકિક વ્યાખ્યાન કર્યું છે. તેનો આશયાર્થ આ પ્રકારે -

**ભેદ વિજ્ઞાન સદ્ભાવે જ્ઞાનીને શુદ્ધાત્મ અનુભવ : સુવર્ણનું દૃષ્ટાંત**

यस्यैव यथोदितं भेदविज्ञानमस्ति - જેને જ 'યથોદિત' - યથોક્ત ઉપરમાં કહ્યા પ્રમાણે 'ભેદ વિજ્ઞાન' છે, ચિદ્રૂપ જ્ઞાન અને જડરૂપ રાગના ભેદનું - પૃથક્પણાનું - પૃથક્કરણનું (analysis).. વિશિષ્ટ વૈજ્ઞાનિક જ્ઞાન (Scientific knowledge).. છે, તે જ तत्सद्भावात् ज्ञानी सन् - તે ભેદવિજ્ઞાનના સદ્ભાવ થકી - હોવાપણા થકી જ્ઞાની સતો એમ જાણે છે કે - જેમ 'પ્રચંડ' - પ્રકૃષ્ટ ચંડ - અતિ ઉગ્ર 'પાવકથી' - પાવનકારી મલવિશોધક અગ્નિથી 'પ્રતપ્ત' - પ્રકૃષ્ટપણે અત્યંત તપ્ત છતાં - ખૂબ ખૂબ તપેલ છતાં, 'સુવર્ણ' - સોનું 'સુવર્ણપણાને' - સોનાપણાને 'અપોહતું' નથી - એક બાજુ મૂકી દેતું નથી, દૂર કરતું નથી - હડસેલતું નથી, છોડતું નથીઃ તેમ 'પ્રચંડ' - અતિ ઉગ્ર - અતિ આકરા 'વિપાક'થી - કર્મ ઉદયથી 'ઉપષ્ટબ્ધ' - ઉપરુંધાયેલ - અવરોધાયેલ - ઘેરાયેલ છતાં જ્ઞાન જ્ઞાનપણાને 'અપોહતું' નથી - એક કોર મૂકી દેતું નથી, દૂર કરતું નથી - હડસેલતું નથી, છોડતું નથી. કારણકે 'કારણ સહસ્રથી પણ સ્વભાવનાં અપોહવાનું - દૂર કરવાનું અશક્યપણું છે માટે' - कारणसहस्रेणापि स्वभावस्यापोढुमशक्यत्वात् । 'કારણ સહસ્રથી' પણ હજાર કારણથી પણ સ્વભાવના 'અપોહ'નું - એક કોર મૂકાવા રૂપ દૂરીકરણનું અશક્યપણું - અસંભાવ્યપણું છે, હજારો કારણો આવી મળે તો પણ 'સ્વભાવ' દૂર કરી શકાય નહિ - હડસેલી શકાય નહિ (can't be pushed aside),. માટે. કારણ કે तदपोहे तन्मात्रस्य वस्तुन एवोच्छेदात् - 'તેના અપોહે' - તે સ્વભાવનું દૂરીકરણ - હડસેલાવાપણું સતે 'તન્માત્ર વસ્તુનો જ ઉચ્છેદ થાય'. તે સ્વભાવ જો દૂર થવાનું બને તો 'તન્માત્ર' - તે સ્વભાવ માત્ર જ વસ્તુનો ઉચ્છેદ - સર્વથા નાશ થાય માટે અને न चास्ति वस्तूच्छेदः - 'વસ્તુનો ઉચ્છેદ છે નહિ' - સર્વથા આત્યંતિક નાશ તો છે નહિ, કારણકે 'સત્ ના નાશનો અસંભવ છે માટે' - सतो नाशासंभवात्, સત્ કદી પણ નાશ પામે એવો સંભવ જ નથી, જે વસ્તુ હોય તે કદી ન હોય એમ બને જ નહિ. ''હોય તેહનો નાશ નહિ, નહિ તેહ તે નો'ય, એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય.'' (- **શ્રીમદ્ રાજચંદ્રજી**) એમ જાણતો જ્ઞાની 'કર્માક્રાંત' છતાં, કર્મથી આક્રાંત - આક્રમણ કરાયેલ - હલ્લો કરાયેલો - ઘેરાયેલો દબાયેલો છતાં, નથી રાગ કરતો, નથી દ્વેષ કરતો, નથી મોહ કરતો, પણ શુદ્ધ આત્માને ઉપલભે છે - અનુભવે છે - शुद्धमात्मानमेवोपलभते। અર્થાત્ રાગ મ્હારો સ્વભાવ નથી, દ્વેષ મ્હારો સ્વભાવ નથી, મોહ મ્હારો સ્વભાવ નથી, પણ કેવલ જ્ઞાન જ મ્હારો સ્વભાવ છે એમ જે ભેદ જાણે છે તે જ્ઞાની પરભાવ નિમિત્તે ઉદ્ભવતા વિભાવ રૂપ - વિકૃત ચેતનભાવ રૂપ રાગ કરતો નથી, દ્વેષ કરતો નથી, મોહ કરતો નથી, પણ રાગ-દ્વેષ-મોહ વિભાવ રહિત શુદ્ધ સ્વભાવ સહિત 'કેવલ જ્ઞાન' સંપન્ન શુદ્ધ આત્માનો અનુભવ કરે છે.


**ભેદ વિજ્ઞાન અભાવે અજ્ઞાનીને શુદ્ધાત્મ અનુભવ અભાવ : રાગ-દ્વેષ-મોહ ભાવ**


પણ આથી ઉલટું, यस्य तु यथोदितं भेदविज्ञानं नास्ति - જેને 'યથોદિત' - યથોક્ત કહ્યા પ્રમાણે 'ભેદ વિજ્ઞાન' છે નહિ, ચિદ્રૂપ જ્ઞાન અને જડરૂપ રાગના 'ભેદનું' - પૃથક્ પણાનું - પૃથક્ કરણનું (analysis) વિશિષ્ટ વૈજ્ઞાનિક જ્ઞાન (Scientific Knowledge) છે નહિ, તે તો तदभावादज्ञानी सन् - તેના - ભેદવિજ્ઞાનના અભાવને લીધે - નહિ હોવાપણાને લીધે અજ્ઞાની સતો, अज्ञानतमसाच्छन्नतया - અજ્ઞાન તમસ્થી આચ્છન્નતાએ કરીને. चैतन्य चमत्कारमात्रमात्मस्वभावमजानन् - ચૈતન્ય ચમત્કાર માત્ર આત્મસ્વભાવે નહિ જાણતો, રાગને જ આત્મા


માનતો. રાગ કરે છે, દ્વેષ કરે છે, મોહ કરે છે, કદી પણ શુદ્ધ આત્માને ઉપલભતો - અનુભવતો નથી - न जातु शुद्धमात्मानमुपलभते, - અર્થાત્ જે યથોક્ત ભેદ વિજ્ઞાન જાણતો નથી તે અજ્ઞાની 'અજ્ઞાન તમસ્‌થી' - અજ્ઞાન રૂપ ગાઢ અંધકારથી 'આચ્છન્નતાએ કરીને' - આચ્છાદિતપણાએ કરીને - છવાઈ જવાપણાએ કરીને - ઢંકાઈ જવાપણાએ કરીને, માત્ર ચૈતન્યના ચમત્કાર - અદ્‌ભુત આશ્ચર્યભૂત ચમકારા સિવાય બીજું કાંઈ પણ જ્યાં છે નહિ એવા 'ચૈતન્ય ચમત્કાર માત્ર' આત્મ સ્વભાવને નહિ જાણતો હોઈ, વિકૃત ચેતન ભાવનો આભાસ આપતા ચિદ્‌વિકાર રૂપ - વિભાવ રૂપ રાગથી ભ્રાંતિ પામી રાગને જ આત્મા માની બેસે છે અને એમ ચિદ્‌વિકાર રૂપ - વિભાવ રૂપ રાગને જ આત્મા માનતો સતો તે રાગ કરે છે, દ્વેષ કરે છે, મોહ કરે છે, પણ રાગ-દ્વેષ-મોહ વિભાવ રહિત શુદ્ધ સ્વભાવ સહિત 'કેવલ જ્ઞાન' સંપન્ન શુદ્ધ આત્માનો અનુભવ કરતો નથી.

તેથી આમ અન્વય - વ્યતિરેકથી આ સિદ્ધ થયું કે 'ભેદ વિજ્ઞાન થકી જ શુદ્ધાત્મોપલંભ - શુદ્ધાત્માનુભવ હોય છે' - भेदविज्ञानादेव शुद्धात्मोपलंभः ।

આકૃતિ



શુદ્ધાત્મોપલંભ (શુદ્ધાત્માનુભવ) થકી જ સંવર કેમ ? તો કે -

**सुद्धं तु वियाणंतो सुद्धं चेवप्पयं लहदि जीवो ।**
**जाणंतो दु असुद्धं असुद्धमेवप्पयं लहइ ॥१८६॥**

શુદ્ધ જાણંતો જીવ આ રે, આત્મા લહે આ શુદ્ધ;
અશુદ્ધ જાણંતો તે ખરે ! રે, આત્મા લહે જ અશુદ્ધ... રે ચેતન !. ૧૮૬

**અર્થ** - શુદ્ધ જ વિશેષે કરી જાણંતો જીવ શુદ્ધ જ આત્માને લહે છે (પામે છે) અને અશુદ્ધ જાણંતો અશુદ્ધ જ આત્માને લહે છે (પામે છે). ૧૮૬

## आत्मख्याति टीका

कथं शुद्धात्मोपलंभादेव संवरः ? इति चेत् -

**शुद्धं तु विजानन् शुद्धं चैवात्मानं लभते जीवः ।**
**जानंस्त्वशुद्धमशुद्धमेवात्मानं लभते ॥१८६॥**

| | |
|---|---|
| यो हि नित्यमेवाच्छिन्नधारावाहिना ज्ञानेन | यो हि नित्यमेवाज्ञानेना |
| **शुद्धमात्मानमुपलभमानो**ऽवतिष्ठते | **शुद्धमात्मानमुपलभमानो**ऽवतिष्ठते |
| स ज्ञानमयाद् भावात् | सोऽज्ञानमयाद् भावा - |
| ज्ञानमय एव भावो भवतीति कृत्वा | दज्ञानमयो भावो भवतीति कृत्वा |
| प्रत्यक् कर्मास्रवणनिमित्तस्य | प्रत्यक् कर्मास्रवणनिमित्तस्य |
| रागद्वेषमोहसंतानस्य निरोधा | रागद्वेषमोहसंतानस्यानिरोधा - |
| **च्छुद्धमेवात्मानं प्राप्नोति ।** | **दशुद्धमेवात्मानं प्राप्नोति ।** |

अतः शुद्धात्मोपलंभादेव संवरः ॥१८६॥

---

**आत्मभावना** -

कथं शुद्धात्मोपलंभादेव संवर ? इति चेत् - **શુદ્ધાત્મ ઉપલંભ થકી જ - શુદ્ધાત્મ અનુભવ થકી જ સંવર કેવી રીતે ? એમ જો પૂછો તો** -

शुद्धं तु विजानन् जीवः - **નિશ્ચયે કરીને શુદ્ધ જ વિજાણંતો - વિશેષે કરીને જાણંતો જીવ** शुद्धं चैवात्मानं लभते - **શુદ્ધ જ આત્માને લહે છે - પામે છે,** अशुद्धं तु जानन् - **નિશ્ચયે કરીને અશુદ્ધ જાણંતો** अशुद्धमेवात्मानं लभते - **અશુદ્ધ જ આત્માને લહે છે - પામે છે.** ॥१८६॥ इति **गाथा** आत्मभावना ॥१८६॥

यो हि - **જે ખરેખર ! સ્ફુટપણે નિશ્ચયે કરીને** नित्यमेवाच्छिन्नधारावाहिना ज्ञानेन - **નિત્યમેવ - સદાય અચ્છિન્ન - અખંડ ધારાવાહી જ્ઞાનથી** शुद्धमात्मानमुपलभमानोऽवतिष्ठते - **શુદ્ધ આત્માને ઉપલભતો - અનુભવતો અવતિષ્ઠે છે - અવસ્થિત રહે છે, જેમ છે તેમ સ્થિત રહે છે,** स - **તે** शुद्धमेवात्मानं प्राप्नोति - **તે શુદ્ધ જ આત્માને પ્રાપ્ત કરે છે. એમ શાને લીધે ?** ज्ञानमयाद् भावात् ज्ञानमय एव भावो भवतीति कृत्वा - **જ્ઞાનમય ભાવ થકી જ્ઞાનમય જ ભાવ હોય છે એટલા માટે** प्रत्यक्कर्मास्रवणनिमित्तस्य रागद्वेषमोहसंतानस्य निरोधात् - **પ્રત્યક્ અંતર્ગત - પૃથક્ - આત્માથી ભિન્ન એવા કર્મના આસ્રવણના - આસ્રવવાના નિમિત્ત એવા રાગ-દ્વેષ-મોહ સંતાનના નિરોધને લીધે.**

**આથી ઉલટું,** यो हि - **જે નિશ્ચયે કરીને ખરેખર ! સ્ફુટપણે** नित्यमेवाज्ञानेन - **નિત્યમેવ - સદાય અજ્ઞાનથી** अशुद्धमात्मानमुपलभमानोऽवतिष्ठते - **અશુદ્ધ આત્માને ઉપલભતો - અનુભવતો અવતિષ્ઠે છે - અવસ્થિત રહે છે, જેમ છે તેમ સ્થિતિ કરે છે,** सो - **તે** अशुद्धमेवात्मानं प्राप्नोति - **અશુદ્ધ જ આત્માને પ્રાપ્ત કરે છે. એમ શાને લીધે ?** अज्ञानमयाद् भावादज्ञानमयो भावो भवतीति कृत्वा - **અજ્ઞાનમય ભાવ થકી અજ્ઞાનમય ભાવ હોય છે એટલા માટે** प्रत्यक्

## આત્મખ્યાતિ ટીકાર્થ

| | |
|---|---|
| જે જ નિત્યે જ અચ્છિન્ન ધારાવાહી જ્ઞાનથી | જે જ નિત્યે જ અજ્ઞાનથી |
| **શુદ્ધ આત્માને ઉપલભતો અવતિષ્ઠે છે,** | **અશુદ્ધ આત્માને ઉપલભતો અવતિષ્ઠે છે,** |
| તે જ્ઞાનમય ભાવ થકી | તે અજ્ઞાનમય ભાવ થકી |
| જ્ઞાનમય જ ભાવ હોય છે એટલા માટે | અજ્ઞાનમય જ ભાવ હોય છે એટલા માટે |
| પ્રત્યક્ કર્મના આસ્રવણ નિમિત્ત | પ્રત્યક્ કર્મના આસ્રવણ નિમિત્ત |
| રાગ-દ્વેષ-મોહ સંતાનના નિરોધને લીધે | રાગ-દ્વેષ-મોહ સંતાનના અનિરોધને લીધે |
| **શુદ્ધ જ આત્માને પ્રાપ્ત કરે છે :** | **અશુદ્ધ જ આત્માને પ્રાપ્ત કરે છે.** |

એથી કરીને શુદ્ધાત્મોપલંભ (શુદ્ધાત્મ અનુભવ) થકી જ સંવર છે. ૧૮૬

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્માપણે કેવળ આત્મા વર્ત્તે એમ જે ચિંતવન કરવું તે લક્ષ છે, શાસ્ત્રના પરમાર્થ રૂપ છે.''
''એવું જે પરમ સત્ય તેનું અત્રે ધ્યાન કરીએ છીએ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૦૨**

''રાતૌ નિજ આતમાસો દૂર રહ્યો હે તમાસો, વિમુખ વો વિભાવ સેં જ્ઞાન ધ્યાન લાગે હૈ,
ઐસે સુદ્ધ જીવ દેવ કરે નહીં કર્મ ટેવ, સુદ્ધતા સુધાહ પાયે સંતરસ પાગે હૈ.''

**- 'દ્રવ્ય પ્રકાશ', ૩-૧૧**

ભેદ વિજ્ઞાન થકી શુદ્ધાત્મોપલંભ (શુદ્ધાત્માનુભવ - શુદ્ધાત્મ પ્રાપ્તિ) કેમ થાય ? એનો આગલી ગાથામાં ખુલાસો કર્યો, હવે શુદ્ધાત્મોપલંભ (શુદ્ધાત્માનુભવ) થકી સંવર કેમ થાય ? એનો ખુલાસો અહીં કર્યો છે અને **'આત્મખ્યાતિ'કાર પરમર્ષિએ** બિંબ - પ્રતિબિંબ ભાવે વૈધર્મ્ય તુલનાથી (Comparison by contrast) તેનો અનંતગુણ વિશિષ્ટ પરમાર્થ પરિસ્ફુટ કર્યો છે. તેનો આશયાર્થ આ પ્રકારે -

**અચ્છિન્ન ધારાવાહી જ્ઞાનથી શુદ્ધાત્માનુભવ થકી શુદ્ધાત્મ પ્રાપ્તિ : રાગાદિ આસ્રવ નિરોધ, સંવર**

જે જ નિશ્ચયે કરીને 'નિત્યે જ' - સદાય अच्छिन्नधारावाहिना ज्ञानेन - 'અચ્છિન્ન ધારાવાહી જ્ઞાનથી' - અખંડ ધારાવાહી જ્ઞાનથી શુદ્ધ આત્માને 'ઉપલભતો' - અનુભવતો 'અવતિષ્ઠે છે' - અવસ્થિત રહે છે - જેમ છે તેમ સ્થિતિ કરે છે - शुद्धमात्मानमुपलभमानोऽवतिष्ठते, તે શુદ્ધ જ આત્માને પ્રાપ્ત કરે છે - शुद्धमेवात्मानं प्राप्नोति । અર્થાત્ તલવારની અખંડ એકધારી ધારા જેમ અથવા જલપ્રવાહની અખંડ એકધારી ધારા જેમ અખંડ પ્રવાહબદ્ધ જ્ઞાનભવન રૂપ જ્ઞાનધારા વહાવતા એકધારા જ્ઞાન વડે જે સદાય - નિરંતર પણે સર્વ પરભાવ - વિભાવ રહિત શુદ્ધ જ આત્માને અનુભવતો 'અવતિષ્ઠે છે' - જેમ છે તેમ સ્વરૂપ મર્યાદાથી અવસ્થિત રહે છે, તે સર્વ પરભાવ-વિભાવથી રહિત શુદ્ધ જ આત્માને પામે છે. કારણકે જેમ સુવર્ણમય ભાવ થકી સુવર્ણમય ભાવ જ હોય તેમ 'જ્ઞાનમય ભાવ થકી જ્ઞાનમય જ ભાવ હોય છે' - ज्ञानमयाद् भावाद् ज्ञानमय एव भावो भवति એટલા માટે, 'પ્રત્યક્ કર્મના આસ્રવણ નિમિત્ત રાગ-દ્વેષ-મોહ સંતાનના નિરોધને લીધે' - प्रत्यक् कर्मास्रवणनिमित्तरागद्वेषमोहसंतानस्य निरोधात्, તે શુદ્ધ જ આત્માને

---

कर्मास्रवणनिमित्तस्य रागद्वेषमोहसंतानस्यानिरोधात् - પ્રત્યક્ - પૃથક્ - આત્માથી ભિન્ન એવા કર્મના આસ્રવણના - આસ્રવવાના નિમિત્ત એવા રાગ-દ્વેષ-મોહ સંતાનના અનિરોધને લીધે - નહિ રોધાવાપણાને લીધે.

આ પરથી શું ફલિત થયું ? अतः शुद्धात्मोपलंभादेव संवरः - એથી કરીને શુદ્ધાત્મોપલંભ થકી જ - શુદ્ધાત્મ અનુભવ થકી જ સંવર છે. ।। **'आत्मख्याति'** आत्मभावना ।।૧૮૬।।


પ્રાપ્ત કરે છે. અર્થાત્ 'પ્રત્યક્' એટલે કે અંતર્ગત આત્માથી પૃથક્ - અલગ - ભિન્ન એવા કર્મના આસ્રવણના - આસ્રવવાના નિમિત્ત રૂપ જે 'રાગ-દ્વેષ-મોહ સંતાન' - રાગ-દ્વેષ-મોહની પરંપરા-શ્રેણી રૂપ સંતતિ (Continuous chain) અથવા વંશ પરંપરા - સંતતિ (Progeny) છે, તેનો તે શુદ્ધાત્માનુભવીને 'નિરોધ' - નિતાંત - અત્યંત રોધ - રુકાવટ - અટકાયત હોય છે, એટલે રાગ-દ્વેષ-મોહ સંતાનના નિરોધ થકી રાગાદિ આસ્રવ ભાવના અભાવે જ્યાં આત્મા સિવાય બીજો કોઈ પણ ભાવ નથી એવા એક અદ્વૈત કેવલ શુદ્ધ જ આત્માને તે પ્રાપ્ત કરે છે.

**અશુદ્ધ આત્માનુભવથી અશુદ્ધ આત્મ પ્રાપ્તિ : રાગાદિ આસ્રવ અનિરોધ અસંવર**

આથી ઉલટું - જે જ 'નિત્યે જ' - સદાય अज्ञानेन - 'અજ્ઞાનથી' અશુદ્ધ આત્માને 'ઉપલભતો' - અનુભવતો 'અવતિષ્ઠે છે' - અવસ્થિત રહે છે - अशुद्धमात्मानमुपलभमानोऽवतिष्ठते, તે 'અશુદ્ધ જ આત્માને પ્રાપ્ત કરે છે' - अशुद्धमेवात्मानं प्राप्नोति । અર્થાત્ શુદ્ધ આત્માના સ્વરૂપના જ્ઞાનનો જ્યાં અભાવ છે એવા અજ્ઞાને કરીને જે સદાય નિરંતરપણે પરભાવ - વિભાવ સહિત અશુદ્ધ જ આત્માને અનુભવતો 'અવતિષ્ઠે છે' - જેમ છે તેમ અવસ્થિત રહે છે, સદા રહ્યા કરે છે, તે પરભાવ - વિભાવ સહિત અશુદ્ધ જ આત્માને પામે છે. કારણકે લોહમય ભાવ થકી જેમ લોહમય જ ભાવ હોય તેમ 'અજ્ઞાનમય ભાવ થકી અજ્ઞાનમય જ ભાવ હોય છે' - अज्ञानमयाद् भावाद् अज्ञानमय एव भावो भवति એટલા માટે, 'પ્રત્યક્ કર્મના આસ્રવણ નિમિત્ત રાગ-દ્વેષ-મોહ સંતાનના અનિરોધને લીધે' - प्रत्यक् कर्मावणनिमित्तस्य रागद्वेषमोहसंतानस्य अनिरोधात्, તે અશુદ્ધ જ આત્માને પ્રાપ્ત કરે છે, અર્થાત્ 'પ્રત્યક્' - અંતર્ગત - એટલે આત્માથી પૃથક્ - અલગ - ભિન્ન એવા કર્મના 'આસ્રવણના' - આસ્રવવાના નિમિત્ત રૂપ જે 'રાગ-દ્વેષ-મોહ સંતાન' - રાગ - દ્વેષ - મોહની પરંપરા - શ્રેણી રૂપ સંતતિ (Continuous chain) અથવા વંશ પરંપરા રૂપ સંતતિ (Leniage, Progeny), તેનો તે અશુદ્ધાત્માનુભવીને 'અનિરોધ' - નિરોધ અભાવ - બિનરુકાવટ - બિન અટકાયત હોય છે, એટલે રાગ-દ્વેષ-મોહ સંતાનના અનિરોધ થકી રાગાદિ - આસ્રવ ભાવના સદ્ભાવે જ્યાં આત્માથી અતિરિક્ત રાગ-દ્વેષ-મોહાદિ વિભાવ રૂપ અશુદ્ધ ભાવની અશુદ્ધિ વર્ત્તે છે, એવા રાગાદિ મિશ્રિત અશુદ્ધ જ આત્માને તે પ્રાપ્ત કરે છે.

આ પરથી અન્વય - વ્યતિરેકથી સિદ્ધ થાય છે કે 'શુદ્ધાત્મોપલંભ થકી જ સંવર' હોય છે - शुद्धात्मोपलंभादेव संवरः, શુદ્ધાત્માના 'ઉપલંભ - અનુભવ થકી જ શુદ્ધાત્માના 'ઉપલંભ' - પ્રાપ્તિ રૂપ - આત્મલાભ હોય છે, એટલે શુદ્ધાત્માનુભવ થકી જ શુદ્ધાત્મામાં સંવૃત થવા રૂપ - શુદ્ધાત્મા રૂપ સંવર હોય છે.

આકૃતિ



જો કર્મ કરી ધારાવાહી બોધનથી ધ્રુવપણે શુદ્ધ આત્માને અનુભવતો રહે તો શુદ્ધ આત્માને પામે, એવા ભાવનો સારસમુચ્ચય રૂપ સમયસાર કળશ (૩) સંગીત કરે છે -

मालिनी

**यदि कथमपि धारावाहिना बोधनेन,**
**ध्रुवमुपलभमानः शुद्धमात्मानमास्ते ।**
**तदयमुदयदात्माराममात्मानमात्मा,**
**पर परिणतिरोधाच्छुद्धमेवाभ्युपैति ॥१२७॥**

યદિ કરી ધારાવાહિ બોધે જ આત્મા,
ધ્રુવ ઉપલભતો આ શુદ્ધ આત્મા રહે છે;
ઉદય લહત આત્મારામ તો એહ આત્મા,
પર પરિણતિ રોધે શુદ્ધ આત્મા લહે છે. ૧૨૭

## અમૃત પદ-૧૨૭

'સાહેબા વાસુપૂજ્ય જિણંદા' - એ રાગ

શુદ્ધાત્માનુભવે જે રહે છે, શુદ્ધ આત્મા જ તેહ લહે છે,
શુદ્ધાત્માનુભવે જે રહે છે, શુદ્ધ આત્મા જ તેહ લહે છે... ૧
શુદ્ધ અંતર આતમ શોધે, કેમે કરી ધારાવાહી બોધે,
ધ્રુવ બોધ પ્રવાહે વહે છે, શુદ્ધાત્મા અનુભવતો રહે છે... શુદ્ધાત્માનુભવે. ૨
આત્મારામ ઉદય તો વહંતો, શુદ્ધ આત્મા જ આત્મ લહંતો,
પર પરિણતિ રોધે રહંતો, ભગવાન્ અમૃત એમ **મહંતો**... શુદ્ધાત્માનુભવે. ૩

**અર્થ** - જો કોઈ પણ પ્રકારે ધારાવાહી બોધન વડે શુદ્ધ આત્માને ધ્રુવપણે ઉપલભતો (અનુભવતો) રહે છે, તો આત્મા પરપરિણતિના રોધ થકી ઉદય પામતા આત્મારામ એવા શુદ્ધ જ આત્માને પામે છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્મા આત્મભાવે વર્ત્તે છે, સમયે સમયે અનંતગુણ વિશિષ્ટ આત્મભાવ વધતો હોય એવી દશા રહે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૧૩**

''કામ ભોગ લાલચી દે સબ જીવ વશ કીને, ભીને મોહ રસમેં નિરંતર વિકલ હૈ,
તાકી છાક દૂર હરિ આપ પર ભેદ કરિ, ઐસો ભેદ જ્ઞાન ગુન અદોષ અમલ હૈ,
ધારાવાહી રીત ભયે તાકો ધરે સો સુબુદ્ધિ, કરમ કે મોરન કો કારન સબલ હૈ,
અકલ સકલ વિનું સકલ જગત પરિ, રહે સિદ્ધ હોકૈ જૈસે તોયમેં કમલ હૈ.''

**- 'દ્રવ્ય પ્રકાશ', ૩-૮૧**

**ધારાવાહી જ્ઞાનથી ધ્રુવ શુદ્ધાત્માનુભવ : તેથી ઉદય પામતા આત્મારામ શુદ્ધ આત્માની પ્રાપ્તિ**

ઉપરમાં 'આત્મખ્યાતિ'ના ગદ્ય ભાગમાં જે કહ્યું તેના ભાવનું સંવર્ધન કરતો અને ભાવન કરનારને 'ધારાવાહિ બોધનના' ઉદ્‌બોધન વડે સાક્ષાત્ શુદ્ધાત્મોપલંભનો - શુદ્ધાત્માનુભવનો અનુભવ કરાવતો આ પરમ ભાવવાહી કળશ આત્મભાવનાથી પરમ ભાવિતાત્મા આત્મારામી **અમૃતચંદ્રજીએ** અપૂર્વ ભાવાવેશથી લલકાર્યો છે - यदि कथमपि धारावाहिना बोधनेन - જો 'કેમે કરીને' - સદ્‌ગુરુ ઉપાસના, સદ્દેવભક્તિ, સત્‌શ્રુત આરાધના આદિ પરમ દુર્લભ સત્‌સાધનરૂપ પ્રબળ નિમિત્તના અવલંબને ઉપાદાનની અપૂર્વ જાગ્રતિ રૂપ આત્મપુરુષાર્થ પૂર્વક -

ઘણા ઘણા પરિશ્રમ પૂર્વક 'માંડ માંડ' કોઈ પણ પ્રકારે **'ધારાવાહી બોધન'** વડે ધ્રુવપણે શુદ્ધ આત્માને 'ઉપલભતો' - અનુભવતો રહે - સ્થિતિ કરે - ध्रुवमुपलभमानः शुद्धमात्मानमास्ते । તો આ આત્મા **'પરપરિણતિનાં રોધ થકી'** જ્યાં **'આત્મારામ'** ઉદય પામતો જાય છે એવા શુદ્ધ જ આત્માને પામે છે - तदयमुदयदात्मारामात्मानमात्मा, परपरिणतिरोधाच्छुद्धमेवाभ्युपैति । અર્થાત્ સદ્‌ગુરુ ઉપદેશાદિ અનુપમ નિમિત્ત પામી 'કેમે કરીને' કોઈ પણ પ્રકારે જલ પ્રવાહ જેમ પ્રવાહ બદ્ધ અખંડ એક ધારાથી પ્રવહતા 'ધારાવાહી' બોધન વડે - કેવલ જ્ઞાનભવન રૂપ જાણપણા વડે - આત્મ જાગૃતપણા વડે આ આત્મા ધ્રુવનો તારો ચલે નહિ - ખસે નહિ એવા ધ્રુવપણે સમસ્ત પરભાવ - વિભાવની મલ રૂપ અશુદ્ધિથી રહિત 'શુદ્ધ' આત્માને જ નિરંતર (Incessantly) અનુભવતો રહે, સતત અનુભવ્યા કરે, તો 'આ' - પ્રત્યક્ષ અનુભવ ચક્ષુથી દૃશ્યમાન આત્મા પરભાવ-વિભાવ પ્રત્યે આત્મભાવે પરિણમવા રૂપ 'પરપરિણતિ'નો રોધ - રુકાવટ - અટકાયત પામે અને 'પર પરિણતિનો રોધ' પામે એટલે આત્મામાં 'રામ' - રમણતા અથવા આત્મામાં 'આરામ' કરવા રૂપ - લહેરથી પરમાનંદમય વિશ્રામ કરવા રૂપ 'આત્મારામ' જ્યાં ઉત્તરોત્તર ચઢતી કળારૂપ - વર્ધમાન દશા પરિણામ રૂપ 'ઉદય' પામતો જાય છે, એવા કેવલ એક અદ્વૈત શુદ્ધ આત્માને આ પરમ જ્ઞાનામૃત ઘન વર્ષાવતો આ **'અમૃતચંદ્ર'** આત્મા પામે.

કયા પ્રકારથી સંવર થાય છે ? તો કે -

**अप्पाणमप्पणा रुंधिऊण दो पुण्णपावजोएसु ।**
**दंसणणाणह्मि ट्ठिदो इच्छाविरओ य अण्णह्मि ॥१८७॥**
**जो सव्वसंगमुक्को झायदि अप्पाणमप्पणा अप्पा ।**
**णवि कम्मं णोकम्मं चेदा चेयेइं एयत्तं ॥१८८॥**
**अप्पाणं झायंतो दंसणणाणमओ अणण्णमओ ।**
**लहइ अचिरेण अप्पाणमेव सो कम्मपविमुक्कं ॥१८९॥**

પુણ્ય-પાપ બે જોગમાં રે, આત્માથી રુંધી આત્મ;
દર્શન જ્ઞાન સ્થિત અન્યમાં રે, ઈચ્છા વિરતો આત્મ... રે ચેતન ! ભેદ વિજ્ઞાન આ ભાવ. ૧૮૭
જે સર્વસંગ મુક્ત ધ્યાવતો રે, આત્મા આત્માર્થી આત્મ;
ન કર્મ નોકર્મ ચેતકો રે, ચેતે એકત્વ એ આત્મ... રે ચેતન ! ૧૮૮
દર્શન-જ્ઞાનમય અનન્યમયો રે, ધ્યાવંતો આ આત્મ,
કર્મ પ્રવિમુક્ત શીઘ્ર તે રે, આત્મા જ પામે આત્મ... રે ચેતન ! ૧૮૯

**અર્થ** - બે પુણ્ય-પાપ યોગોમાં આત્માને આત્માથી રુંધીને, દર્શન-જ્ઞાનમાં સ્થિત અને અન્યમાં ઈચ્છા વિરત, (૧૮૭) એવો જે સર્વસંગ મુક્ત આત્મા આત્માને આત્માથી ધ્યાવે છે, નહિ કર્મને-નોકર્મને, તે ચેતયિતા એકત્વ ચેતે છે (અનુભવે છે), (૧૮૮) આત્માને ધ્યાવંતો દર્શન-જ્ઞાનમય અનન્યમય એવો તે અચિરથી (થોડા જ વખતમાં) કર્મ પ્રવિમુક્ત (કર્મથી સર્વથા મુક્ત) આત્માને જ લહે છે. (૧૮૯)

## आत्मख्याति टीका

केन प्रकारेण संवरो भवतीति चेत् -

**आत्मानमात्मना रुन्ध्वा द्विपुण्यपापयोगयोः ।**
**दर्शनज्ञाने स्थितः इच्छाविरतश्चान्यस्मिन् ॥१८७॥**
**यः सर्वसंगमुक्तो ध्यायत्यात्मानमात्मनात्मा ।**
**नापि कर्म नोकर्म चेतयिता चेतयत्येकत्वं ॥१८८॥**
**आत्मानं ध्यायन् दर्शनज्ञानमयोऽनन्यमयः ।**
**लभतेऽचिरेणात्मानमेव स कर्म विप्रमुक्तं ॥१८९॥**

---

**आत्मभावना -**

केन प्रकारेण संवरो भवतीति चेत् - કયા પ્રકારથી સંવર થાય છે ? એમ જો પૂછો તો -

आत्मानमात्मना द्विपुण्यपापयोगयोः रुंध्वा - પુણ્ય-પાપ એ બે યોગમાં (પરત્વે) આત્માને આત્માથી રુંધી - રોકી રાખી, दर्शनज्ञाने स्थितः - દર્શન - જ્ઞાનમાં સ્થિત, इच्छाविरतश्चान्यस्मिन् - અને અન્યમાં - પરમાં ઈચ્છાવિરત - ઈચ્છાથી વિરામ પામે છે, यः सर्वसंगमुक्तो आत्मा - એવો જે સર્વ સંગથી મુક્ત આત્મા आत्मानमात्मना ध्यायति - આત્માને આત્માથી ધ્યાવે છે, नापि कर्म नोकर्म - પણ કર્મને - નોકર્મને નથી જ ધ્યાવતો, चेतयिता एकत्वं चेतयति - (પાઠાં : चितयति) ચેતયિતો - ચેતનારો - અનુભવનારો એકત્વ - એકપણું ચેતે છે - અનુભવે છે (પાઠાં : ચિંતવે છે), आत्मानं ध्यायन् - આત્માને ધ્યાવતો दर्शनज्ञानमयोऽनन्यमयः सः - એવો આત્માને ધ્યાવતો દર્શન જ્ઞાનમય અનન્યમય તે

---

* પાઠાંતર : चिंतेदि, चिंतयति

**यो** हि नाम रागद्वेषमोहमूले **शुभाशुभयोगे** प्रवर्तमानं दृढतरभेदविज्ञानावष्टंभेन **आत्मानं आत्मनै**वात्यंतं **रुंध्वा** शुद्ध**दर्शनज्ञानात्म**न्यात्मद्रव्ये सुष्ठु **प्रतिष्ठितं** कृत्वा समस्त**परद्रव्येच्छापरिहारेण** समस्त**संगविमुक्तो** भूत्वा नित्यमेवातिनिष्प्रकंपः सन् मनागपि **कर्मनोकर्मणोरसंस्पर्शेन आत्मा**यमात्मानमेवा**त्मना ध्यायन्** स्वयं सहजचेतयितृत्वा**देकत्व**मेव **चेतयते,**

स खल्वेकत्वचेतनेनात्यंतविविक्तं चैतन्यचमत्कारमात्रमात्मानं ध्यायन् शुद्ध**दर्शनज्ञानमय**मात्मद्रव्यमवाप्तः शुद्धात्मोपलंभे सति समस्तपरद्रव्यमयत्वमतिक्रांतः सन् अचिरेणैव सकलकर्मविमुक्त**मात्मानमवाप्नोति** । एष संवर प्रकारः ॥१८७॥१८८॥१८९॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

**જે જ** નિશ્ચયે કરીને - રાગ-દ્વેષ-મોહમૂલ **શુભાશુભ યોગમાં** પ્રવર્ત્તમાન **આત્માને** દૃઢતર ભેદવિજ્ઞાનના અવષ્ટંભ (આધાર, ઓઠા) વડે **આત્માથી જ** અત્યંત **રુંધી,** શુદ્ધ **દર્શનજ્ઞાનાત્મ** આત્મદ્રવ્યમાં સારી પેઠે **પ્રતિષ્ઠિત** કરીને, **સમસ્ત પરદ્રવ્ય ઈચ્છાના પરિહારથી સમસ્ત સંગથી વિમુક્ત** થઈ નિત્યમેવ અતિનિષ્પ્રકંપ સતો, **જરા પણ કર્મ-નોકર્મના અસંસ્પર્શથી** આત્મીય **આત્માને જ આત્માથી ધ્યાવતો,** સ્વયં સહજ ચેતયિતાપણાથકી **એકત્વને જ ચેતે છે** (સંવેદે છે, અનુભવે છે), તે જ ખરેખર ! નિશ્ચયે કરીને એકત્વ ચેતન વડે અત્યંત વિવિક્ત એવા ચૈતન્યચમત્કારમાત્ર આત્માને ધ્યાવંતા શુદ્ધદર્શન-જ્ઞાનમય આત્મદ્રવ્યને પ્રાપ્ત થયેલો, શુદ્ધાત્મોપલંભ સતે સમસ્ત **પરદ્રવ્યમયત્વને અતિક્રાંત સતો, અચિરથી જ સકલકર્મ વિમુક્ત એવા આત્માને પ્રાપ્ત કરે છે - આ સંવર પ્રકાર છે. ૧૮૭, ૧૮૮, ૧૮૯**

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આર્ય સૌભાગની અંતરંગ દશા અને દેહ મુક્ત સમયની દશા હે મુનિયો ! તમારે વારંવાર <u>અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે.''</u>

---

अचिरेण कर्मप्रविमुक्तं आत्मानं लभते - અચિરથી - થોડા જ વખતમાં કર્મ વિપ્રમુક્ત - કર્મથી વિશેષે કરીને પ્રકૃષ્ટ પણે મુક્ત એવા આત્માને લહે છે - પામે છે. ॥ इति **गाथा** आत्मभावना ॥१८७॥१८॥१८९॥

यो हि नाम - જે નિશ્ચયે કરીને ખરેખર ! (૧) आत्मानं आत्मनैवात्यंतं रुंध्वा - આત્માને આત્માથી જ અત્યંત - સર્વથા રુંધીને - રોકી રાખીને, કેવા આત્માને ? शुभाशुभयोगे प्रवर्तमानं - શુભાશુભ યોગમાં પ્રવર્ત્તમાન - પ્રવર્ત્તીત એવાને. કેવા છે શુભાશુભ યોગ ? रागद्वेषमोहमूले - રાગ - દ્વેષ - મોહ જેનું મૂલ - પ્રભવ સ્થાન છે એવા, અથવા રાગ-દ્વેષ-મોહ જે મૂલ - પ્રભવ સ્થાન છે એવા. એવા શુભાશુભ યોગમાં વર્ત્તતા આત્માને શા વડે રૂંધી ?

दृढतरभेदविज्ञानावष्टंभेन - દૃઢતર - અતિદૃઢ ભેદવિજ્ઞાનના અવષ્ટંભ - આધાર - ઓથ વડે. એમ રુંધીને શું ? (૨) शुद्ध दर्शनज्ञानात्मन्यात्मद्रव्ये सुष्ठु प्रतिष्ठितं कृत्वा - શુદ્ધ દર્શન - જ્ઞાનાત્મ - શુદ્ધ દર્શન - જ્ઞાન જેનો આત્મા છે એવા આત્મદ્રવ્યમાં સારી પેઠે પ્રતિષ્ઠિત કરીને, (૩) समस्तसंगविमुक्तो भूत्वा - સમસ્ત સંગથી વિમુક્ત - વિશેષે કરીને સર્વથા મુક્ત થઈને. શી રીતે ? समस्तपरद्रव्येच्छापरिहारेण - સમસ્ત પરદ્રવ્યની ઈચ્છાના પરિહારથી - પરિત્યાગથી - સર્વથા ત્યાગથી. એમ સંગવિમુક્ત થઈને શું ? (૪) नित्यमेवातिनिष्प्रकंपः सन् - નિત્યમેવ - સદાય અતિ - અત્યંત નિષ્પ્રકંપ - પ્રકંપ રહિત સતો, (૫) मनागपि कर्मनोकर्मणोरसंस्पर्शेन - જરા પણ કર્મ-નોકર્મના અસંસ્પર્શે કરીને - લેશ પણ સ્પર્શથી રહિતપણાએ કરીને आत्मीयमात्मानमेवात्मना ध्यायन् - આત્મીય - પોતાના આત્માને જ આત્માથી ધ્યાવતો, स्वयं सहजचेतयितृत्वादेकत्वमेव चेतयते - સ્વયં - આપોઆપ - પોતે સહજ સ્વભાવભૂત ચેતયિતાપણાને લીધે - અનુભવિતાપણાને લીધે એકત્વને જ - એકપણાને જ ચેતે છે - સંવેદે છે - અનુભવે છે, (૬) स खलु - તે ખરેખર ! નિશ્ચયે કરીને एकत्वचेतनेनात्यंतविविक्तं चैतन्यचमत्कारमात्रमात्मानं ध्यायन् - એકત્વ ચેતનથી - એકપણાના અનુભવનથી અત્યંત - સર્વથા વિવિક્ત - પૃથગ્ભૂત - અલગ ચૈતન્ય ચમત્કાર માત્ર આત્માને ધ્યાવતો. (૭) शुद्ध दर्शनज्ञानमयमात्मद्रव्यमवाप्तः - શુદ્ધ દર્શન - જ્ઞાનમય આત્મદ્રવ્યને પ્રાપ્ત થયેલો, (૮) शुद्धात्मोपलंभे सति - શુદ્ધાત્મ ઉપલંભ - શુદ્ધાત્માનુભવ સતે समस्तपरद्रव्यमयत्वमतिक्रांतः सन् - સમસ્ત પરદ્રવ્યમયપણાને અતિક્રાંત સતો - અતીત - પર સતો, (૯) अचिरेणैव सकलकर्मविमुक्तमात्मानमवाप्नोति - અચિરથી જ - લાંબા વખત પહેલાં જ (થોડા જ વખતમાં) સકલ કર્મથી વિમુક્ત - વિશેષે કરીને સર્વથા મુક્ત એવા આત્માને પ્રાપ્ત કરે છે. एष संवरप्रकारः - આ સંવર પ્રકાર છે - સંવરની રીતિ છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१८७॥१८८॥१८९॥

"હે મુનિયો ! દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી અસંગપણે વિચરવાનો સતત ઉપયોગ સિદ્ધ કરવો યોગ્ય છે. જેમણે જગત્ સુખસ્પૃહા છોડી જ્ઞાનીના માર્ગનો આશ્રય ગ્રહણ કર્યો છે, તે અવશ્ય તે અસંગ ઉપયોગને પામે છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૮૬**

"આતમ આતમ ધ્યાન ગત, ન ભજે ઔર અપાય,

જૈસે પાવક કાઠ વિનું, સહજે ઉપશમ થાય." - **શ્રી દેવચંદ્રજી કૃત 'દ્રવ્ય પ્રકાશ', ૩-૧૩૧**

**કયા પ્રકારથી સંવર થાય છે**

અત્રે **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** સંવર કયા પ્રકારે થાય છે તેનો સંપૂર્ણ વિધિ દર્શાવ્યો છે અને **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** તેનું અનન્ય તત્ત્વવૈજ્ઞાનિક (most scientific) અપૂર્વ વ્યાખ્યાન કરી પરમ અદ્ભુત પરમાર્થ પ્રકાશ્યો છે, તેનો આશયાર્થ આ પ્રકારે - (૧) પ્રથમ તો - रागद्वेषमोहमूले शुभाशुभयोगे प्रवर्त्तमानं - રાગ-દ્વેષ-મોહ જેનું મૂળ છે એવા શુભ-અશુભ યોગમાં પ્રવર્ત્તમાન-પ્રવર્ત્તતા આત્માને दृढतरभेदविज्ञानावष्टंभेन 'દઢતર' - અતિ દઢ ભેદવિજ્ઞાનના 'અવષ્ટંભ' વડે - ઓઠા વડે - આધાર વડે અત્યંતપણે - સર્વથા 'રુંધીને' - રોકી રાખીને, आत्मानमात्मनैवात्यंतं रुंध्वा, (૨) શુદ્ધ દર્શન-જ્ઞાન જેનો આત્મા છે એવા શુદ્ધ દર્શન-જ્ઞાનાત્મ આત્મદ્રવ્યમાં સારી પેઠે 'પ્રતિષ્ઠિત' - અત્યંત સુસ્થિત કરીને, (૩) समस्तपरद्रव्येच्छापरिहारेण - સમસ્ત પરદ્રવ્યની 'ઈચ્છા' - અભિલાષાના પરિહારથી - પરિત્યાગથી સમસ્ત 'સંગથી' - પરિગ્રહથી વિમુક્ત - સર્વથા મુક્ત થઈને - समस्तसंगविमुक्तो भूत्वा, નિત્યમેવ - સદાય 'અતિનિષ્પ્રકંપ' - પ્રકંપથી સર્વથા રહિત સતો એવો જે જ, જરા પણ કર્મ-નોકર્મના 'અસંસ્પર્શથી' એટલે કે કર્મ-નોકર્મનો લેશ પણ સંસ્પર્શ નહિ કરીને (Without the slightest touch), 'આત્મીય' - પોતાના આત્માને જ આત્માથી ધ્યાવતો, સ્વયં - પોતે સહજ 'ચેતયિતૃત્વથી' - ચેતક પણા થકી - અનુભવકપણા થકી એકત્વને જ - એકપણાને જ 'ચેતે છે' - સંવેદે છે - અનુભવે છે, एकत्वमेव चेतयते, તે જ નિશ્ચયે કરીને એકત્વ ચેતન વડે કેરીને 'અત્યંત વિવિક્ત' - અન્ય સર્વથી સર્વથા પૃથગ્ભૂત - અલગ - જૂદા પડેલા એવા ચૈતન્ય ચમત્કાર માત્ર આત્માને ધ્યાવંતો - श्चैतन्यचमत्कारमात्रमात्मानं ध्यायन्, શુદ્ધ દર્શન-જ્ઞાનમય આત્મદ્રવ્યને પ્રાપ્ત થયેલો, 'શુદ્ધાત્મોપલંભ' - શુદ્ધાત્માનુભવ સતે સમસ્ત પરદ્રવ્યમયપણું "અતિક્રાંત" સતો - વ્યતીત થયેલ સતો, 'અચિરથી જ' - અલ્પ જ સમયમાં શીઘ્ર જ સકલ કર્મથી વિમુક્ત એવા આત્માને પ્રાપ્ત કરે છે. **અમૃતચંદ્રજીની આ અદ્ભુત વ્યાખ્યાનું હવે વિશેષ ભાવન કરીએ.**

**શુભાશુભ યોગમાં પ્રવર્ત્તતાં આત્મરુંધન : શુદ્ધ દર્શન-જ્ઞાનમાં પ્રતિષ્ઠાપન**

પ્રથમ તો (૧) શુભ - અશુભ - પ્રશસ્ત - અપ્રશસ્ત એવા મન-વચન-કાયાના 'યોગમાં' - પુદ્ગલમય પરભાવ સંયોગમાં પ્રવર્ત્તતા આત્માને આત્માથી જ અત્યંતપણે 'રુંધે છે' - રોધી - રોકી રાખે છે. કેવી રીતે ? રાગ-દ્વેષ-મોહ એ 'વિભાવ' - ચિદ્વિકાર રૂપ વિકૃત ચેતન ભાવ મ્હારૂં સ્વરૂપ નથી અને રાગ-દ્વેષ-મોહ વિભાવ જ આ શુભાશુભ યોગરૂપ પરભાવનું મૂળ છે, માટે હે આત્મન્ ! 'રાગ-દ્વેષ-મોહમૂલ' આ શુભાશુભ યોગ ત્હારૂં સ્વરૂપ નથી, ત્હારાથી ભિન્ન છે, એમ અતિ અતિ 'દઢ' - બળવાન્ ભેદવિજ્ઞાનના 'અવષ્ટંભ' - ઓથ - આધાર વડે શુભાશુભ યોગમાં પ્રવર્ત્તતા વા વર્ત્તતા આત્માને આત્માથી જ અત્યંતપણે રુંધે છે, પુદ્ગલમય યોગરૂપ પરભાવ પ્રત્યે જતાં રોકી રાખે છે - અટકાવે છે. (૨) પછી શુદ્ધ દર્શન-જ્ઞાન એ જ જેનો આત્મા છે એવા 'શુદ્ધ દર્શન જ્ઞાનાત્મ' - શુદ્ધ દર્શન - જ્ઞાનમય આત્મદ્રવ્યમાં આત્માને 'સારી પેઠે પ્રતિષ્ઠિત કરે છે, વેદિકામાં સુપ્રતિષ્ઠિત અચલ પ્રતિમાની જેમ શુદ્ધ દર્શન જ્ઞાનમય આત્મદ્રવ્યમાં સુપ્રતિષ્ઠિત (Enshrined) કરે છે. (૩) અને આવા અનંત મહિમાવાન્ શુદ્ધ દર્શન - જ્ઞાન 'દ્રવ્ય' - સંપત્તિ સંપન્ન પરમ પરમ આત્મદ્રવ્યમાં આત્માને જે સુપ્રતિષ્ઠિત કરે છે, તેને પછી પરમ પામર પરદ્રવ્યની તુચ્છ ઈચ્છા પણ કેમ ઉત્પન્ન થાય ?

સમસ્ત પરદ્રવ્યેચ્છા પરિહારથી સમસ્ત સંગમુક્તિ

એટલે તે સમસ્ત પરદ્રવ્યની ઈચ્છાનો પણ 'પરિહાર' - પરિત્યાગ - સર્વથા ત્યાગ કરે છે, એથી કરીને આમ પરભાવ રૂપ - યોગ રૂપ બાહ્ય સંગનો અને વિભાવ રૂપ - ઈચ્છા રૂપ આભ્યંતર સંગનો સર્વથા પરિત્યાગ કર્યો હોવાથી તે 'સર્વસંગથી વિમુક્ત' - સર્વથા મુક્ત થાય છે. (૪) અને આમ જે પરભાવ - વિભાવ રૂપ સર્વ સંગથી વિમુક્ત થાય છે, તે જ 'નિત્યમેવ અતિનિષ્પ્રકંપ' - સર્વથા પ્રકંપ રહિત થાય છે, અર્થાત્ સમસ્ત પરભાવ - વિભાવથી મુક્ત અને સ્વભાવથી યુક્ત એવો તે પરભાવ - વિભાવનું ખેંચાણ - આકર્ષણ (Pull or attraction) વિરામ પામતાં લેશ પણ કંપાયમાનપણું નહિ રહ્યું હોવાથી સદાય અતિનિષ્પ્રકંપ હોય છે, સર્વથા કંપ - ચલાયમાનપણા રહિત - અચલાયમાન હોય છે, જરા પણ ન ડગે - ન ચળે એવા સુરાચલ મેરુ જેવો અચલ હોય છે.

અતિ નિષ્પ્રકંપતા : કર્મ-નોકર્મ અસંસ્પર્શથી આત્મધ્યાન એકત્વ સંચેતન


અને આવો જે નિત્યે જ 'અતિ નિષ્પ્રકંપ' હોય છે, તે જ કર્મ-નોકર્મનો લેશ પણ સંસ્પર્શ નહિ કરતા (Without the slightest touch or contact), પોતાના આત્માને જ આત્માથી ધ્યાવે છે, અર્થાત્ આઠ પ્રકારનું જે દ્રવ્યકર્મ તેમજ રાગ-દ્વેષ-મોહ જે ભાવકર્મ અને પાંચ પ્રકારનું શરીર જે નોકર્મ, તે હું નથી ને મ્હારૂં સ્વરૂપ નથી એવા દૃઢ નિશ્ચયથી તે કર્મ-નોકર્મને પણ જરા પણ નહિ સ્પર્શતો, તે દેહ છતાં જાણે દેહાતીત - 'કાયોત્સર્ગ' દશાને પામ્યો હોય એમ દેહાદિનું ભાન ભૂલી જઈને, આત્માથી આત્માનું જ એકાગ્ર ચિંતનરૂપ ધ્યાન ધરે છે, એક આત્માને જ 'અગ્ર' - પ્રધાન - મુખ્ય ચિંતવવા રૂપ અથવા એક આત્માના જ 'અગ્રમાં' - આગળમાં સન્મુખ સાક્ષાત્ ચિંતવવા રૂપ 'એકાગ્ર' - ચિંતનમય ધ્યાન કરે છે અને આમ એકાગ્ર પણે આત્માને ધ્યાવતો તે 'સ્વયં' - પોતે 'સહજ' - સ્વભાવભૂત 'ચેતયિતાપણાને લીધે' - ચેતકપણા - સંવેદકપણા - અનુભવકપણાને લીધે એકત્વને જ 'ચેતે છે' - એકપણાને જ સંવેદે છે - અનુભવે છે, અર્થાત્ 'ચેતવું' - સંવેદવું - અનુભવવું એ તો 'ચેતક' - આત્માનો સહજ સ્વભાવ છે, **'સહજાત્મસ્વરૂપ'** છે, એટલે સહજ સ્વભાવભૂત 'સહજાત્મસ્વરૂપ' ચેતકપણાને લીધે 'સ્વયં' - આપોઆપ જ આ આત્મા જ્યાં એક આત્મા સિવાય બીજું કંઈ પણ છે નહિ એવું ખરેખરૂં પરમાર્થભૂત અદ્વૈત એકપણું જ ચેતે છે - સંવેદે છે - અનુભવે છે.


શુદ્ધ આત્મદ્રવ્ય પ્રાપ્તિ : સમસ્ત પરદ્રવ્યમયપણાથી અતિક્રાંતપણું : સકલ કર્મ વિમુક્ત આત્મપ્રાપ્તિ

અને આમ સમસ્ત પરભાવ-વિભાવથી રહિત અસંગ થઈ અતિ નિષ્પ્રકંપપણે જે આત્માથી આત્માનું ધ્યાન ધરતો એકત્વ ચેતે છે, તે જ એકત્વચેતન વડે કરીને 'અત્યંત વિવિક્ત' ચૈતન્ય ચમત્કારમાત્ર આત્માને ધ્યાવતો સતો શુદ્ધ દર્શનજ્ઞાનમય આત્મદ્રવ્યને પ્રાપ્ત થાય છે, અર્થાત્ તે જ આત્માના એકપણાના અનુભવન વડે કરીને સમસ્ત અન્ય દ્રવ્યથી 'અત્યંત' - સર્વથા 'વિવિક્ત' - પૃથગ્ભૂત - સર્વથા ભિન્ન અને જ્યાં માત્ર ચૈતન્યનો જ 'ચમત્કાર' - પરમ અદ્ભુત પરમ આશ્ચર્યકારી ચમકારો (greatest miracle or brilliant flash) છે એવા આત્માનું ધ્યાન કરતો તે - જે જેનું ધ્યાન કરે છે તે તે પામે એ ન્યાયે - કેવલ - માત્ર શુદ્ધ દર્શન - જ્ઞાનમય સાક્ષાત્ સંવર રૂપ આત્મદ્રવ્યને પામે છે અને આમ 'શુદ્ધાત્મોપલંભ' - શુદ્ધ આત્માની 'ઉપલબ્ધિ' - સાક્ષાત્ અનુભૂતિ વા સાક્ષાત્ પ્રાપ્તિ થાય છે, એટલે સમસ્ત પરદ્રવ્યમયપણું 'અતિક્રાંત થયેલો' - વટાવી ગયેલો તે સકલ કર્મવિમુક્ત એવા આત્માને પ્રાપ્ત કરે છે, અર્થાત્ કોઈ પણ પરદ્રવ્યનું પરમાણુ માત્ર પણ ન સ્પર્શી શકે - ન પ્હોંચી શકે એમ સમસ્ત પરદ્રવ્યમયપણાથી પર થયેલો તે સમસ્ત જ દ્રવ્યકર્મ - ભાવકર્મથી 'વિમુક્ત' - વિશેષે કરીને સર્વદાને માટે સર્વથા મુક્ત થયેલા એવા પરમ સંવર રૂપ શુદ્ધ આત્માને સાક્ષાત્ પ્રાપ્ત કરે છે, સ્વાત્મોપલબ્ધિ રૂપ સાક્ષાત્ 'આત્મસિદ્ધિ' વરે છે, 'સિદ્ધ' થાય છે.

આમ (૧) શુભાશુભ યોગને રુંધી, (૨) શુદ્ધ દર્શન-જ્ઞાનમય આત્મસ્વભાવમાં સુસ્થિર થઈ, (૩) સમસ્ત પરદ્રવ્યની ઈચ્છા છોડી દઈ, (૪) સર્વથા દ્રવ્ય-ભાવ સંગથી અસ્પર્શ્ય પરમ ઉદાસીન અસંગ થઈ, (૫) અતિ નિષ્પ્રકંપણે - અડોલપણે આત્મધ્યાન ધરતો જે એકપણું અનુભવે, (૬) તે વિવિક્ત - સર્વ અન્ય દ્રવ્યથી ભિન્ન ચૈતન્ય ચમત્કાર માત્ર આત્માને ધ્યાવતો આત્મદ્રવ્યને પ્રાપ્ત કરે, (૭) અને 'શુદ્ધાત્મોપલંભને' - શુદ્ધાત્માનુભૂતિને ને તે થકી શુદ્ધાત્મપ્રાપ્તિને પામેલો તે સમસ્ત પરદ્રવ્યથી પર - **'પરાત્ પર'** થઈ, (૮) સકલ કર્મથી સર્વદાને માટે સર્વથા મુક્ત એવા સાક્ષાત્ પરમ સંવર રૂપ સાક્ષાત્ સિદ્ધ **'સહજાત્મસ્વરૂપ'** આત્માને પામે. આ સ્પષ્ટ અષ્ટાંગમય 'સંવર પ્રકાર' છે, સંવરનો સાંગોપાંગ સકલ અવિકલ સુવિધિ છે - **પરમર્ષિ ભગવદ્ કુંદકુંદાચાર્યજી** અને **પરમર્ષિ ભગવદ્ અમૃતચંદ્રાચાર્યજી** જેવા પરમ સુવિહિત સત્પુરુષોએ સુવિહિત કરેલો સમ્યક્ સંવર વિધિ છે. આવો જ પરમ સુંદર પરમ હૃદયંગમ સંવર વિધિ **શ્રીમદ્ રાજચંદ્રજીએ** તત્ત્વ સર્વસ્વ સમર્પક આ ટંકોત્કીર્ણ વચનામૃતમાં પ્રકાશ્યો છે -

* "(૧) ઉપયોગ લક્ષણે સનાતન સ્ફુરિત એવા આત્માને દેહથી (તૈજસ્ અને કાર્મણ શરીરથી) પણ ભિન્ન અવલોકવાની દૃષ્ટિ સાધ્ય કરી, (૨) તે ચૈતન્યાત્મક સ્વભાવ આત્મા નિરંતર વેદક સ્વભાવવાળો હોવાથી અબંધ દશાને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી શાતા-અશાતા રૂપ અનુભવ વેદ્યા વિના રહેવાનો નથી એમ નિશ્ચય કરી, (૩) જે શુભાશુભ પરિણામ ધારાની પરિણતિ વડે તે શાતા અશાતાનો સંબંધ કરે છે તે ધારા પ્રત્યે ઉદાસીન થઈ, (૪) દેહાદિથી ભિન્ન અને સ્વરૂપ મર્યાદામાં રહેલા તે આત્મામાં જે ચલ સ્વભાવ રૂપ પરિણામધારા છે તેનો આત્યંતિક વિયોગ કરવાનો સન્માર્ગ ગ્રહણ કરી, (૫) પરમ શુદ્ધ ચૈતન્ય સ્વભાવરૂપ પ્રકાશમય તે આત્મા કર્મયોગથી સકલંક પરિણામ દર્શાવે છે તેથી ઉપશમ થઈ, જેમ ઉપશમિત થવાય, તે ઉપયોગમાં અને તે સ્વરૂપમાં સ્થિર થવાય, અચલ થવાય, તે જ લક્ષ, તે જ ભાવના, તે જ ચિંતવના અને તે જ સહજ પરિણામ રૂપ સ્વભાવ કરવા યોગ્ય છે. મહાત્માઓની વારંવારની એ જ શિક્ષા છે." - **શ્રીમદ્ રાજચંદ્ર,* અં. ૯૧૩**



<u>સમયસાર કળશમાં (૪) અમૃતચંદ્રજી</u> ભેદવિજ્ઞાન શક્તિ અને શુદ્ધતત્ત્વોપલંભ પ્રકાશે છે -

* આ અદ્ભુત સંકલનાબદ્ધ પંચ કલમવાળા પંચસૂત્રનો કલમવાર પરમાર્થ આશય સમજવા માટે જુઓ **'અધ્યાત્મ રાજચંદ્ર'** (પ્રકરણ-૧૦૩) આ લેખકે લખેલો શ્રીમદ્ રાજચંદ્રનો અધ્યાત્મ ચરિત્ર ગ્રંથ.

मालिनी

**निजमहिमरतानां भेदविज्ञानशक्त्या,**
**भवति नियतमेषां शुद्धतत्त्वोपलंभः ।**
**अचलितमखिलान्यद्रव्यदूरे स्थितानां,**
**भवति सति च तस्मिन्नक्षयः कर्ममोक्षः ॥१२८॥**

નિજ મહિમરતોને ભેદવિજ્ઞાન શક્ત્યા,
તસ નિયત જ હોયે શુદ્ધ તત્ત્વોપલંભો,
અચલિત સહુ અન્ય દ્રવ્ય દૂરે સ્થિતોને,
અક્ષય કરમ મોક્ષ શુદ્ધ તત્ત્વોપલંભ. ૧૨૮

## અમૃત પદ-૧૨૯

'સાહેબા વાસુપૂજ્ય જિણંદા' - એ રાગ

શુદ્ધ આત્માનુભવ જે ભાવે, અક્ષય કર્મમોક્ષ તે પાવે,
શુદ્ધ આત્મલાભ જ જે લાવે, અક્ષય કર્મમોક્ષ તે પાવે... શુદ્ધ આત્માનુભવ. ૧
ભેદવિજ્ઞાન શક્તિ પ્રભાવે, નિજ મહિમારત જે થાવે,
શુદ્ધ તત્ત્વાનુભવ તે પાવે, નિયત શુદ્ધાત્મ લાભ જ લાવે... શુદ્ધ આત્માનુભવ. ૨
મગ્ન શુદ્ધાત્મઅનુભવ પૂરે, પરદ્રવ્ય સમસ્તથી દૂરે,
સ્થિત અચલિત ભાવે શૂરે, કર્મચક્ર સકલ તે ચૂરે... શુદ્ધ આત્માનુભવ. ૩
પરદ્રવ્યથી દૂર રહંતાં, એમ શુદ્ધાત્મ અનુભવે સંતા,
કર્મક્ષયે અક્ષય પદ પામે, પ્હોંચે ભગવાન અમૃત ધામે... શુદ્ધ આત્માનુભવ. ૪

**અર્થ** - ભેદવિજ્ઞાન શક્તિ વડે કરીને નિજ મહિમારત એઓને નિયતપણે શુદ્ધ તત્ત્વોપલંભ થાય છે અને તે શુદ્ધ તત્ત્વોપલંભ સતે અખિલ અન્ય દ્રવ્યોથી દૂરે અચલિતપણે સ્થિત એઓને અક્ષય કર્મ મોક્ષ થાય છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"સર્વ અન્ય ભાવથી આત્મા રહિત છે એમ જેને અનુભવ વર્તે છે તે મુક્ત છે. બીજાં સર્વ દ્રવ્યથી અસંગપણું, ક્ષેત્રથી અસંગપણું, કાળથી અસંગપણું અને ભાવથી અસંગપણું સર્વથા જેને વર્તે છે તે મુક્ત છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૭૯**

ઉપરમાં **'આત્મખ્યાતિ'**ના ગદ્ય ભાગમાં જે કહ્યું, તેનો નિષ્કર્ષ આવિષ્કૃત કરતો આ **સમયસાર કળશ આર્ષદૃષ્ટા પરમર્ષિ અમૃતચંદ્રજીએ** સંગીત કર્યો છે. અત્રે બે મુખ્ય વસ્તુ કહી છે - (૧) निजमहिमरतानां भेदविज्ञानशक्त्या - ભેદ વિજ્ઞાન શક્તિ વડે કરીને. નિજ મહિમામાં રત - આસક્ત - એઓને નિયતપણે - નિશ્ચયપણે - ચોક્કસ શુદ્ધ સ્વાત્મોપલંભ - શુદ્ધ તત્ત્વોપલંભ થાય છે, भवति नियतमेषां शुद्धतत्त्वोपलंभः (પાઠાં - शुद्ध स्वात्मोपलंभः ?), (૨) અને તે શુદ્ધ સ્વાત્મોપલંભ સતે अचलितमखिलान्यद्रव्यदूरे स्थितानां - અચલિતપણે અખિલ - સર્વ અન્ય દ્રવ્યથી - પરદ્રવ્યથી દૂરે સ્થિત એવા એઓને અક્ષય કર્મમોક્ષ થાય છે - भवति सति च तस्मिन्नक्षयः कर्ममोक्षः । તે આ પ્રકારે -

**ભેદવિજ્ઞાન શક્તિથી નિજ મહિમ રતોને શુદ્ધ આત્મોપલંભ**

આ શુદ્ધ ચૈતન્યમૂર્ત્તિ આત્મા હું છું અને આ અચેતન મૂર્ત્તિ અનાત્મા અન્ય છે - પર છે, એમ વિશેષે કરીને ભેદ જાણવા રૂપ વિજ્ઞાન - વૈજ્ઞાનિક જ્ઞાન (most scientific knowledge) જ્યારે પ્રગટે છે, ત્યારે તે ભેદવિજ્ઞાનની શક્તિથી - સામર્થ્યથી આ આત્માને નિજ મહિમાનું - આત્માના પોતાના મહિમાનું - મહાત્મ્યનું - મહા પ્રભાવનું ભાન થાય છે કે - હું આત્મા જ્ઞાનાદિ અનંત રત્નનો નિધાન

અમૂલ્ય ચૈતન્ય ચિંતામણિ છું અને આ પરભાવ તો તુચ્છ તણખલા તોલે છે. હું આત્મા પરમ સરસ પરમ અમૃતરસમય ચૈતન્ય સુધાસિંધુ છું અને આ પરભાવ તો અતિ વિરસ મહાદુર્ગંધી ગંધાતું અશુચિ ખાબોચીઉં છે. હું આત્મા પરમાનંદમય પરમ 'સુખધામ' છું અને આ પરભાવ તો પરમ ક્લેશમય પરમ 'દુઃખધામ' છે. આવા અચિંત્ય ચિંતામણિ, ચૈતન્યામૃત સિંધુ, પરમ સુખધામ હું **'અમૃતચંદ્ર'** આત્માના પરમ પરમ મહિમા આગળ આ તૃણ તુલ્ય, અશુચિ ખાબોચીઆ સમાન, દુઃખધામ પરભાવમય અખિલ જગત્‌નો મહિમા પરમ પામર - પરમ તુચ્છ છે, આ જગત્‌ને વિષે અખિલ જગત્ કરતાં પણ 'ગુરુ' - મહત્ જો કોઈ પણ હોય તો જગદ્ગુરુ ભગવાન્ **'અમૃતચંદ્ર'** આત્મા જ છે.

આમ આ આત્માનો 'મહિમા મેરુ સમાન' આ ભેદવિજ્ઞાની આત્મજ્ઞાની 'ભેદ વિજ્ઞાન શક્તિથી' જાણે છે અને તે જાણે છે એટલે તે 'નિજ મહિમા' પ્રત્યે તેની પરમ પ્રીતિ-આસક્તિ રતિ સમુલ્લસે છે, એટલે જ તે 'નિજ મહિમારત' - નિજ આત્માના જગદતિશાયી મહાત્મ્યમાં રમણ કરનારા પરમ પ્રીતિમાન્ હોય છે અને આવા 'નિજ મહિમારત' એઓને જ 'શુદ્ધ આત્મોપલંભ' (શુદ્ધ તત્ત્વોપલંભ) હોય છે, શુદ્ધ આત્માની અનુભવ પ્રાપ્તિ હોય છે અને આમ જે **'અમૃતચંદ્ર'** શુદ્ધાત્માના અનુભવનો પરમ અમૃતરસ આસ્વાદે છે, તેને પછી હાલાહલ વિષ જેવા પરભાવ વિભાવનો પરમ વિરસ રસ લેશ પણ રુચતો નથી, એટલે તે 'શુદ્ધાત્મોપલંભ' - શુદ્ધાત્માનુભવ હોતાં આ ભેદવિજ્ઞાની આત્મજ્ઞાની કદી પણ પરભાવ - વિભાવથી ચલાયમાન ન થાય એમ 'અચલિતપણે' 'અખિલ' - સર્વ 'અન્ય દ્રવ્યોથી' - પરદ્રવ્યોથી 'દૂરે સ્થિત' હોય છે, દૂરે રહે છે (for away at respectable distance !) કે જેથી કરીને ભૂલેચૂકે પણ પરભાવ વિભાવ વિષનો સ્પર્શ ન થઈ જાય ! અને આમ જે શુદ્ધાત્માનુભવ કરતાં અચલિતપણે અખિલ અન્ય દ્રવ્યોથી દૂરે સ્થિત હોય છે એવા એઓને 'અક્ષય કર્મમોક્ષ' થાય છે, જેનો કદી પણ 'ક્ષય' - નાશ થતો નથી - અક્ષય નિધિ જેમ જે કદી ખૂટતો નથી એવો 'અક્ષય' - 'કર્મમોક્ષ' - સકલ કર્મથી છૂટકારો થાય છે.

**અચલિતપણે અખિલ પરદ્રવ્યથી દૂર સ્થિતોને અક્ષય કર્મમોક્ષ**

અત્રે આત્મધ્યાનને જ સંવર કહ્યો છે, કારણકે શુભાશુભ કર્મને દહન કરનારો આ ધ્યાન અગ્નિ જ છે. આ અંગે **કુંદકુંદાચાર્યજીએ પંચાસ્તિકાય*** ગા. ૧૪૬માં પણ કહ્યું છે કે - 'જેને રાગ દ્વેષ મોહ અથવા યોગપરિકર્મ નથી, તેને શુભાશુભનું દહન કરનારો ધ્યાનમય અગ્નિ ઉપજે છે.' આ ગાથાની અપૂર્વ વ્યાખ્યા* કરતાં **અમૃતચંદ્રાચાર્યજી** અદ્ભુત ધ્યાનનું સ્વરૂપ દાખવતી તત્ત્વ મીમાંસા પ્રકાશે છે કે - શુદ્ધ સ્વરૂપમાં અવિચલિત ચૈતન્ય વૃત્તિ એ જ નિશ્ચયે કરીને ધ્યાન છે. હવે આનો આત્મલાભવિધિ કહેવામાં આવે છે - જ્યારે ખરેખરા યોગી દર્શન-ચારિત્રમોહનીય વિપાકના પુદ્ગલકર્મપણાને લીધે કર્મને સારી પેઠે સંહરી લઈ, તેની અનુવૃત્તિમાંથી અમોહતા - અરંજતા - અદ્વેષતા ઉપયોગને વ્યાવૃત્ત કરી અત્યન્ત શુદ્ધ જ એવા આત્મામાં નિષ્કંપ નિવેશે છે (સ્થાપે છે), ત્યારે નિષ્ક્રિય ચૈતન્યરૂપ વિશ્રાંત આને - વાઙ્મનઃ - કાયાને અભાવતાં સ્વકર્મોમાં અવ્યાપારતાને સકલ શુભાશુભ કર્મેન્ધનના દહન - સમર્થપણાને લીધે અગ્નિ સમું એવું પરમ પુરુષાર્થસિદ્ધિ ઉપાયભૂત ધ્યાન ઉપજે છે.'

કયા ક્રમથી સંવર થાય છે ? તો કે -

* **"जस्स ण विज्जदि रागो दोसो मोहो व जोगपरिकम्मो ।**
**तस्स सुहासुहडहणो ज्झाणमओ जायए अगणी ॥" - 'પંચાસ્તિકાય', ગા. ૧૪૬**

* "ध्यानस्वरूपाभिधानमेतत् । शुद्धस्वरूपेऽविचलितचैतन्यवृत्ति र्हि ध्यानम् । अथास्यात्मलाभविधिरभिधीयते । यदा खलु योगी दर्शनचारित्रमोहनीयविपाकपुद्गलकर्मत्वात् कर्म सुसंहृत्य तदनुवृत्तेः व्यावृत्त्योपयोगममुह्यन्तमरज्यन्तमद्विषन्तं चात्यन्तशुद्ध एवात्मनि निष्कम्पं निवेशयति, तदास्य निष्क्रियचैतन्यस्वरूपविश्रान्तस्य वाङ्मनःकायानभावयतः स्वकर्मस्वव्यापारयतः सकलशुभाशुभकर्मेन्धनदहनसमर्थत्वात् अग्निकल्पं परमपुरुषार्थसिद्ध्युपायभूतं ध्यानं जायते ।

**तेसिं हेऊ भणिदा अज्झवसाणाणि सव्वदरसीहिं ।**

**मिच्छत्तं अण्णाणं अविरयभावो य जोगो य ॥१९०॥**

**हेउअभावे णियमा जायदि णाणिस्स आसवणिरोहो ।**

**आसवभावेण विणा जायदि कम्मस्स वि णिरोहो ॥१९१॥**

**कम्मस्साभावेण य णोकम्माणं पि जायइ णिरोहो ।**

**णोकम्मणिरोहेण य संसारणिरोहणं होइ ॥१९२॥**

તેઓના હેતુ સર્વદર્શીઓ રે, ભાખ્યા અધ્યવસાન;
મિથ્યાત્વ અજ્ઞાન અવિરતિ રે, ને યોગ એમ એ જાણ !... રે ચેતન !. ૧૯૦
હેતુ અભાવે ઉપજે રે, જ્ઞાનિને આસ્રવ રોધ;
આસ્રવ ભાવ વિણ ઉપજે રે, કર્મતણો ય નિરોધ... રે ચેતન. ૧૯૧
કર્મ અભાવે ઉપજે રે, નોકર્મ નો ય નિરોધ;
નોકર્મ નિરોધે હોય છે રે, સંસારનો ય નિરોધ... રે ચેતન !. ૧૯૨

**અર્થ** - તેઓના હેતુઓ અધ્યવસાનો સર્વદર્શીઓએ કહ્યા છે - મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરત ભાવ અને યોગ, ૧૯૦

હેતુ અભાવે નિયમા જ્ઞાનીને આસ્રવ નિરોધ ઉપજે છે, આસ્રવ ભાવ વિના કર્મનો પણ નિરોધ ઉપજે છે, ૧૯૧

અને કર્મના અભાવથી નોકર્મોનો પણ નિરોધ ઉપજે છે અને નોકર્મના નિરોધથી સંસારનું નિરોધન (નિરોધવું) હોય છે. ૧૯૨

## आत्मख्याति टीका

केन क्रमेण संवरो भवतीति चेत् -

**तेषां हेतवः भणिताः अध्यवसानानि सर्वदर्शिभिः ।**

**मिथ्यात्वमज्ञानमविरतभावश्च योगश्च ॥१९०॥**

**हेत्वभावे नियमाज्ञायते ज्ञानिनः आस्रव निरोधः ।**

**आस्रवभावेन विना जायते कर्मणोऽपि निरोधः ॥१९१॥**

**कर्मणोऽभावेन च नोकर्मणामपि जायते निरोधः ।**

**नोकर्मनिरोधेन च संसारनिरोधनं भवति ॥१९२॥**

संति तावज्जीवस्य आत्मकर्मैकत्वाध्यासमूलानि **मिथ्यात्वाज्ञानाविरतियोग**लक्षणानि **अध्यवसानानितानि**

---

**आत्मभावना** -

केन क्रमेण संवरो भवतीति चेत् - **કયા ક્રમથી સંવર થાય છે ? એમ જો પૂછો તો** -

तेषां हेतवः - **તેઓના** - તે રાગાદિના હેતુઓ सर्वदर्शिभि अध्यवसानानि भणिताः - **સર્વદર્શીઓથી (આ) અધ્યવસાનો કહેવામાં આવ્યા છે** - मिथ्यात्वमज्ञानमविरतभावश्च योगश्च - **મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ ભાવ અને યોગ.** ॥१९०॥ हेत्वभावे - **હેતુના અભાવે** ज्ञानिनः - **જ્ઞાનીને** नियमात् आस्रवनिरोधः जायते - **'નિયમા' - નિયમથી આસ્રવ નિરોધ ઉપજે છે,** आस्रवभावेन विना - **આસ્રવ ભાવ વિના** कर्मणोऽपि निरोधः जायते - **કર્મનો પણ નિરોધ ઉપજે છે.** ॥१९१॥ कर्मणोऽभावेन च - **અને કર્મના અભાવથી** नोकर्मणामपि निरोधः जायंते - **નોકર્મોનો પણ નિરોધ ઉપજે છે,** नोकर्मनिरोधेन च - **અને નોકર્મના નિરોધથી** संसारनिरोधनं भवति - **સંસારનું નિરોધન - નિરોધપણું - નિરોધવું હોય**

**रागद्वेषमोहलक्षणस्यास्रवभावस्य हेतवः । आस्रवभावः कर्महेतुः । कर्म नोकर्म हेतुः । नोकर्म संसारहेतुः** इति ततो नित्यमेवायमात्मा -

| | |
|---|---|
| आत्मकर्मणोरेकत्वाध्यासेन | यदा तु आत्मकर्मणो र्भेदविज्ञानेन |
| मिथ्यात्वाज्ञानाविरतियोगमयमात्मानमध्यवस्यति | शुद्धं चैतन्यचमत्कारमात्रमात्मानं उपलभते |
| | तदा मिथ्यात्वाज्ञानाविरतियोगलक्षणानां |
| | अध्यवसानानां आस्रवभावहेतूनां भवत्यभावः । |
| ततो रागद्वेषमोहरूपमास्रवभावं भावयति, | तदभावे रागद्वेषमोहरूपास्रवभावस्य भावत्यभावः । |
| ततो कर्म आस्रवति, | तदभावेऽपि भवति कर्मभावः, |
| ततो नोकर्म भवति, | तदभावे नोकर्माभावः, |
| ततः संसारः प्रभवति । | तदभावेऽपि भवति संसाराभावः |
| | ॥१९०॥१९१॥१९२॥ |

## આત્મખ્યાતિ ટીકાર્થ

**પ્રથમ તો જીવને - આત્મકર્મનો એકત્વ અધ્યાસ જેનું મૂલ છે એવા -**
**મિથ્યાત્વ - અજ્ઞાન - અવિરતિ - યોગ લક્ષણ અધ્યવસાનો છે.**
**તેઓ (અધ્યવસાનો) રાગ-દ્વેષ-મોહ લક્ષણ આસ્રવ ભાવના હેતુઓ છે,**
**આસ્રવ ભાવ કર્મહેતુ છે, કર્મ નોકર્મ હેતુ છે, નોકર્મ સંસાર હેતુ છે.**
**તેથી કરીને નિત્યમેવ આ આત્મા -**

---

છે. ॥૧૯૨॥ इति **गाथा** आत्मभावना ॥१९०-१९२॥

संति तावज्जीवस्य अध्यवसानानि - **પ્રથમ તો જીવને અધ્યવસાનો છે. કયા ?** मिथ्यात्वाज्ञानाविरतियोगलक्षणानि - **મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગ છે લક્ષણ જેનું તે. કેવા છે તે ?** आत्मकर्मैकत्वाध्यासमूलानि - **આત્મા અને કર્મનો એકત્વ અધ્યાસ-એકત્વ આશય - એકપણાની બુદ્ધિ મૂલ - પ્રભવસ્થાન છે જેનું એવા.** तानि रागद्वेषमोहलक्षणस्याव्रभावस्य हेतवः - **તે અધ્યવસાનો રાગ-દ્વેષ-મોહ લક્ષણ આસ્રવ ભાવના હેતુઓ છે,** आस्रव भावः कर्महेतुः - **આસ્રવ ભાવ કર્મનો હેતુ છે,** कर्म नोकर्म हेतुः - **કર્મ - નોકર્મનો - શરીરનો હેતુ છે,** नोकर्म संसार हेतुः इति - **નોકર્મ સંસારનો હેતુ છે. તેથી શું ?**

**ततो** नित्यमेवायमात्मा - **તેથી નિત્યમેવ આ આત્મા** मिथ्यात्वाज्ञानाविरतियोगमयमात्मानमध्यवस्यति - **મિથ્યાત્વ - અજ્ઞાન - અવિરતિ - યોગમય આત્માને અધ્યવસે છે - માની બેસે છે. શાથી ?** आत्मकर्मणोरेकत्वाध्यासेन - **આત્મા અને કર્મના એકત્વ અધ્યાસથી - એકપણું માની બેસવાથી. તેથી શું ?** ततो रागद्वेषमोहरूपमास्रवभावं भावयति - **તેથી રાગ-દ્વેષ-મોહ રૂપ આસ્રવ ભાવ તે ભાવે છે. તેથી શું ?** ततः कर्म आस्रवति - **તેથી કર્મ આસ્રવે છે. તેથી શું ?** ततो नोकर्म भवति - **તેથી નોકર્મ થાય છે. તેથી શું ?** ततः संसारः प्रभवति - **તેથી સંસાર પ્રભવે છે - જન્મે છે.**

यदा तु - **પણ આથી ઉલટું જ્યારે** आत्मकर्मणो र्भेदविज्ञानेन - **આત્મા અને કર્મના ભેદવિજ્ઞાનથી** शुद्धं चैतन्यचमत्कारमात्रमात्मानं उपलभते - **શુદ્ધ ચૈતન્ય ચમત્કારમાત્ર આત્માને ઉપલભે છે - અનુભવે છે,** तदा - **ત્યારે** मिथ्यात्वाज्ञानाविरतियोगलक्षणानां अध्यवसानानां आस्रवभावहेतूनां भवत्यभावः - **મિથ્યાત્વ - અજ્ઞાન - અવિરતિ - યોગલક્ષણ અધ્યવસાનોનો - આસ્રવ ભાવ હેતુઓનો અભાવ થાય છે,** तदभावे रागद्वेषमोहरूपास्रवभावस्य भवत्यभावः - **તેના અભાવે રાગ-દ્વેષ-મોહ રૂપ આસ્રવ ભાવનો અભાવ થાય છે,** तदभावेऽपि भवति कर्माभावः - **તેના અભાવે પણ કર્મનો અભાવ થાય છે,** तदभावे नोकर्माभावः - **તેના અભાવે નોકર્મનો અભાવ થાય છે,** तदभावे भवति संसाराभावः - **તેના અભાવે પણ સંસારનો અભાવ થાય છે.** इत्येष संवरक्रमः - **એમ આ સંવરનો ક્રમ છે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१९०॥१९१॥१९२॥

| | |
|---|---|
| આત્મા-કર્મના એકત્વ અધ્યાસથી | પણ જ્યારે આત્મા - કર્મના ભેદવિજ્ઞાનથી |
| આત્માને મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગમય અધ્યવસે છે, | આત્માને શુદ્ધ ચૈતન્ય ચમત્કાર માત્ર ઉપલભે છે, ત્યારે મિથ્યાત્વ - અજ્ઞાન - અવિરતિ - યોગ લક્ષણ એવાઆસ્રવભાવહેતુઅધ્યવસાનોનોઅભાવથાયછે, |
| તેથી રાગ-દ્વેષ-મોહ રૂપ આસ્રવ ભાવ ભાવે છે, | તેના અભાવે રાગ-દ્વેષ-મોહ રૂપ આસ્રવ ભાવનો અભાવ થાય છે, |
| તેથી કર્મ આસ્રવે છે, | તેના અભાવે પણ કર્મ અભાવ થાય છે, |
| તેથી નોકર્મ થાય છે, | તેના અભાવે નોકર્મ અભાવ થાય છે, |
| તેથી સંસાર પ્રભવે છે (જન્મે છે), | તેના અભાવે પણ સંસાર અભાવ થાય છે. |

- એમ આ સંવરક્રમ છે. ૧૯૦, ૧૯૧, ૧૯૨

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જેણે ત્રકાળને વિષે દેહાદિથી પોતાનો કંઈ પણ સંબંધ નહોતો એવી અસંગ દશા ઉત્પન્ન કરી તે ભગવાન્ રૂપ સત્પુરુષોને નમસ્કાર છે."

"સર્વ જીવ પ્રત્યે, સર્વ ભાવ પ્રત્યે અખંડ એકરસ વીતરાગ દશા રાખવી એ જ સર્વ જ્ઞાનનું ફળ છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૧૩, ૭૧૫, ૭૭૯, ૭૮૧**

કયા ક્રમથી સંવર હોય છે ? તે અત્ર સ્પષ્ટ પ્રદર્શિત કર્યું છે અને તેનું અત્યંત વિશદ પરમ અદ્ભુત પરમ અલૌકિક તત્ત્વપ્રકાશ રેલાવતું અપૂર્વ વ્યાખ્યાન **પરમર્ષિ 'અમૃતચંદ્રજી'**એ તેમના આત્માની અનન્ય જ્ઞાનજ્યોત્સ્ના વિસ્તારતી ભગવતી **'આત્મખ્યાતિ'માં** પ્રકાશ્યું છે. તે પરમ તત્ત્વ વૈજ્ઞાનિક ક્રમનો (most scientific order) ભાવાર્થ આ પ્રકારે -

**સંવરનો તત્ત્વ વૈજ્ઞાનિક ક્રમ**

(૧) **પ્રથમ તો** आत्मकर्मैकत्वाध्यासमूलानि - 'આત્મા અને કર્મનો એકત્વ અધ્યાસ (આશય) જેનું મૂળ છે' એવા મિથ્યાત્વ - અજ્ઞાન - અવિરતિ - યોગલક્ષણ 'અધ્યવસાનો' - अध्यवसानानि - જીવને છે, અર્થાત્ પ્રથમ તો આત્મા અને કર્મનું એકપણું માની બેસવા રૂપ - અધ્યાસ રૂપ જે 'આશય' - અંતર ભાવ - બુદ્ધિ હોય છે, તે જ જીવના મિથ્યાત્વાદિ 'અધ્યવસાનોનું' - અધ્યારોપિત ભાવોનું - ઠોકી બેસાડેલા અધ્યાસોનું 'મૂળ' છે - મૂળ કારણ છે (Root Cause), (૨) તે મિથ્યાત્વાદિ અધ્યવસાનો, રાગ-દ્વેષ-મોહ લક્ષણ આસ્રવ ભાવના 'હેતુઓ' છે, કારણો છે, (૩) તે આસ્રવ ભાવ 'કર્મહેતુ' છે, કર્મનું કારણ છે, (૪) તે કર્મ 'નોકર્મ હેતુ' છે, શરીર ધારણનું કારણ છે, (૫) તે નોકર્મ 'સંસાર હેતુ' છે, સંસારનું કારણ છે.

**આત્મ-કર્મ એકત્વ અધ્યાસ - અધ્યવસાન - રાગાદિઆસ્રવ ભાવ - કર્મ આસ્રવ - નોકર્મ - સંસાર**

આત્મા-કર્મ એકત્વ અધ્યાસ - અધ્યવસાનો - રાગાદિ આસ્રવ ભાવ - કર્મ - નોકર્મ - સંસાર - આમ ઉત્તરોત્તર કારણ પરંપરાનો સકલ અવિકલ સંકલના બદ્ધ ક્રમ છે. તેથી કરીને નિત્યમેવ - સદાય આ આત્મા - आत्मकर्मणोरेकत्वाध्यासेन - આત્મા અને કર્મના 'એકત્વ અધ્યાસથી' - એકપણું માની બેસવા રૂપ અધ્યારોપિત - ઠોકી બેસાડેલ ભાવથી આત્માને મિથ્યાત્વ - અજ્ઞાન - અવિરતિ - યોગમય 'અધ્યવસે' છે, માની બેસે છે. અર્થાત્ મિથ્યાત્વાદિ જે કર્મકૃત - પરકૃત ભાવો છે, તે પોતાના માની - પારકી ટોપી પોતાના માથે ઓઢી લઈ આ જીવ પારકી ગાદી પચાવી પાડી, પારકા આસન પર (अधि) અધિકૃત પણે - ધણીરણી પણે આસીન (आस्) - બિરાજમાન થઈ - પારકી બેઠકમાં બેસી જઈ, હું મિથ્યાત્વમય છું, હું અજ્ઞાનમય છું, હું અવિરતિમય છું, હું યોગમય છું એમ આત્માને મિથ્યાત્વાદિ સાથે તન્મય 'અધ્યવસે છે' - અધ્યારોપિતપણે માની બેસે છે, તેથી કરીને તે રાગ-દ્વેષ-મોહ રૂપ આસ્રવ ભાવ ભાવે છે, તેથી કર્મ આસ્રવે છે, તેથી નોકર્મ થાય છે, તેથી સંસાર 'પ્રભવે' છે - ઉદ્ભવે છે - જન્મે છે. આમ મૂળ

આત્મા-કર્મના 'એકત્વ અધ્યાસને' લીધે જ સંસારનો ઉદ્ભવ થાય છે.

પણ આથી ઉલટું, જ્યારે આ આત્મા - आत्मकर्मणो र्भेदविज्ञानेन આત્મા અને કર્મના 'ભેદવિજ્ઞાનથી' શુદ્ધ ચૈતન્યચમત્કાર માત્ર આત્માને ઉપલભે છે - અનુભવે છે, ત્યારે મિથ્યાત્વ - અજ્ઞાન - અવિરતિ - યોગલક્ષણ એવા આસ્રવ ભાવહેતુ અધ્યવસાનોનો અભાવ હોય છે, (B) તે અધ્યવસાનોના અભાવે રાગ-દ્વેષ-મોહ રૂપ 'આસ્રવ ભાવનો' - ભાવ આસ્રવનો અભાવ હોય છે, (C) તે આસ્રવ ભાવના અભાવે પણ કર્મનો અભાવ થાય છે, (D) તે કર્મના અભાવે નોકર્મનો અભાવ થાય છે, (E) તે નોકર્મના (શરીરના) અભાવે પણ સંસારનો અભાવ થાય છે.*


એમ આ 'સંવર ક્રમ' છે, મૂળ આત્મા-કર્મના 'ભેદવિજ્ઞાન' થકી જ સંસારનો અભાવ થવા રૂપ પરમ સંવરનો યુક્તિ યુક્ત 'ક્રમ' (most logical order of sequence) છે, 'સમયસાર' સૂત્રકાર **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** સૂત્રિત કરેલો અને 'આત્મખ્યાતિ' સૂત્રકાર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અત્યંત સ્પષ્ટ વિવરિત કરેલો સકલ અવિકલ સંકલના બદ્ધ પરમ અદ્ભુત તત્ત્વ વૈજ્ઞાનિક (most scientific) અનુક્રમ છે.


આત્મ-કર્મ ભેદ વિજ્ઞાન - અધ્યવસાન અભાવ - રાગાદિ આસ્રવ ભાવ અભાવ - કર્મ અભાવ - નોકર્મ અભાવ - સંસાર અભાવ.

(૧) પરભાવમાં આત્મબુદ્ધિ રૂપ જે આત્મભ્રાંતિ છે, તે છોડી દઈ જીવ જો આત્મામાં જ આત્મબુદ્ધિ કરે, તો મિથ્યાવ્રત ટળે, દર્શનમોહ નષ્ટ થાય અને સમ્યગ્દર્શન પ્રગટે, (૨) એટલે પછી અવિરતિ દોષ ટળે ને સર્વ પરભાવમાંથી વિરામ પામે - **ભાવવિરતિ થાય.** (૩) એટલે તેનો આત્મસ્વરૂપથી ભ્રષ્ટતા રૂપ પ્રમાદ દોષ ટળે અને સ્વરૂપને વિષે **અપ્રમાદ-અપ્રમત્ત સ્થિતિ** હોય. (૪) એટલે પરભાવ નિમિત્તે કષાય કરે નહિ, રાગાદિ વિભાવથી રંગાય નહિ અને **નિષ્કષાય** - પૂર્ણ વીતરાગ થાય. (૫) અને કષાયજન્ય સંક્ષોભ નષ્ટ થવાથી મન-વચન-કાયાના યોગ પણ આત્મસ્થિરતાને અનુકૂળપણે વર્ત્તે અને છેવટે **અયોગ** દશા પ્રાપ્ત થાય. આમ કર્મને આવવાના આશ્રવ-દરવાજા બંધ થવા રૂપ સંવર થાય છે. ઈ.'

- 'યોગદૃષ્ટિ સમુચ્ચય વિવેચન' ગ્રંથનો ઉપોદ્ઘાત (ડૉ. ભગવાનદાસ કૃત)

**આકૃતિ**




* આ પ્રકૃત બે ગાથા કિંચિત્ પ્રકારાંતરથી પંચાસ્તિકાય ગા. ૧૫૦-૧૫૧ માં દૃશ્ય થાય છે -

"हेउमभावे णियमा जायदि णाणिस्स आसवणिरोहो ।
आसवभावेण विणा जायदि कम्मस्स दु णिरोधो ॥
कम्मसाभावेण य सव्वण्हू सव्वलोगदरसी य ।
पावदि इंदियरहिदं अव्वाबाहं सुहमणंतं ॥" - 'પંચાસ્તિકાય' ગા. ૧૫૦-૧૫૧

આ ગાથાઓનો અપૂર્વ પરમાર્થ પ્રકાશતી અમૃતચંદ્રાચાર્યજીની અલૌકિક વ્યાખ્યા - જેમાં જ્ઞપ્તિ પરિવર્તનો સિદ્ધાંત અંતર્ભૂત છે તે - આસ્રવ અધિકારની અદ્ભુત ગા.ના વિવેચનમાં ફૂટનોટમાં આપેલ છે, ત્યાંથી જોઈ લેવું.

આ **સમયસાર-કળશમાં** (૫) ભેદ વિજ્ઞાનના મહિમાતિશયનું ઉત્કીર્ત્તન કરે છે -

उपजाति

**संपद्यते संवर एव साक्षात्,**
**शुद्धात्मतत्त्वस्य किलोपलंभात् ।**
**स भेदविज्ञानत एव तस्मा -**
**त्तद्भेदविज्ञानमतीव भाव्यं ॥१२९॥**

સાક્ષાત્ ખરે ! સંવર પ્રાપ્ત થાવે, શુદ્ધાત્મ તત્ત્વાનુભવ પ્રભાવે;
તે ભેદ વિજ્ઞાન થકી જ પાવે, તે ભેદ વિજ્ઞાન જ સુભાવ્ય ભાવ ભાવે. ૧૨૯

## અમૃત પદ-(૧૨૯)

'ચંદ્ર પ્રભુ મુખ ચંદ રે સખી દેખણ દે' - એ રાગ

ભેદ વિજ્ઞાન આ ભાવવું... સુણો સંતા રે ! ભાવવું આ અત્યંત... રે ગુણવંતા રે.
શુદ્ધ તત્ત્વ અનુભાવવું... સુણો. સંવર સંપાદંત... રે ગુણ. ૧
શુદ્ધ તત્ત્વ ઉપલંભતા... સુણો સંવર સંપજે સાક્ષાત... રે ગુણ.
શુદ્ધ તત્ત્વ ઉપલંભતા... સુણો. ભેદવિજ્ઞાને માત્ર... રે ગુણ. ૨
ભેદ વિજ્ઞાન તે કારણે... સુણો. ભાવવું આ અત્યંત... રે ગુણ.
ભગવાન અમૃત એમ ભણે... સુણો. સ્વરૂપ સંવૃત સંત... રે ગુણ. ૩

**અર્થ** - શુદ્ધ આત્મતત્ત્વના નિશ્ચયે કરીને ખરેખર ઉપલંભ થકી (અનુભવ થકી) સાક્ષાત્ સંવર જ સંપજે છે, તે (ઉપલંભ) ભેદ વિજ્ઞાન થકી જ સંપજે છે, તેથી તે ભેદવિજ્ઞાન અતીવ-અત્યંત ભાવ્ય છે - ભાવવા યોગ્ય છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''રાગ, દ્વેષ અને અજ્ઞાનનો આત્યંતિક અભાવ કરી જે સહજ શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિત થયા તે સ્વરૂપ અમારૂં સ્મરણ, ધ્યાન અને પામવા યોગ્ય સ્થાન છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, હાથનોંધ**

**ભેદ વિજ્ઞાન - શુદ્ધ આત્મતત્ત્વ - અનુભવ - સાક્ષાત્ સંવર :**

આમ આ સંવર અધિકારનું વિવરણ કરતાં **'આત્મખ્યાતિ'**ના ગદ્ય ભાગમાં સંવરના મૂળ કારણ રૂપ જે ભેદ વિજ્ઞાનનો આટલો બધો મહિમા ગાયો, તે આવા પરમ ઉપકારી ભેદ વિજ્ઞાનના મહિમાતિશયનું ઉત્કીર્ત્તન કરતાં મહાગીતાર્થ **આચાર્યવર્ય અમૃતચંદ્રજીએ** અત્રે ઉપસંહાર રૂપે કળશ રત્નત્રયી રૂપ ત્રણ **સમયસાર** કળશ કાવ્યો અપૂર્વ ભાવાવેશથી સંગીત કર્યા છે, તે મધ્યેનો આ પ્રથમ *કળશ-રત્ન છે - शुद्धात्मतत्त्वस्य किलोपलंभात् - 'નિશ્ચયે કરીને સ્ફુટપણે શુદ્ધાત્મ તત્ત્વના ઉપલંભ થકી જ' - શુદ્ધાત્મ તત્ત્વના અનુભવ થકી જ 'સાક્ષાત્ સંવર જ સંપજે છે' - संपद्यते संवर एव साक्षात्, કર્મ આસ્રવણના દ્વાર બંધ થઈ જવા રૂપ પ્રત્યક્ષ સંવર જ પ્રાપ્ત થાય છે અને તે સંવર હેતુ શુદ્ધાત્મ તત્ત્વોપલંભ - શુદ્ધાત્માનુભવ પણ કોના થકી થાય છે ?

તો કે - स भेदविज्ञानत एव तस्मात् - તે શુદ્ધાત્મોપલંભ - શુદ્ધાત્માનુભવ ભેદવિજ્ઞાન થકી જ થાય છે, ભેદવિજ્ઞાન સિવાય બીજા કોઈ પણ કારણથી શુદ્ધાત્મ તત્ત્વોપલંભ થાય નહિ અને

ભેદ વિજ્ઞાન થકી શુદ્ધાત્મ તત્ત્વોપલંભ થાય નહિ અને ભેદ વિજ્ઞાન 'ભેદ વિજ્ઞાન થકી જ' શુદ્ધાત્મ તત્ત્વોપલંભ થાય છે અને શુદ્ધાત્મ તત્ત્વોપલંભ થકી જ સાક્ષાત્ સંવર થાય છે, તેથી કરીને જ સંવરના મૂળ હેતુરૂપ તે ભેદવિજ્ઞાન જ 'અતીવ ભાવ્ય' છે, અત્યંત અત્યંત ભાવન કરવા યોગ્ય છે -

**'तद् भेदविज्ञानमतीव भाव्यं'**

तद्भेदविज्ञानमतीव भाव्यं ।

સમયસાર-કળશમાં (૬) ભેદવિજ્ઞાન અચ્છિન્ન ધારાથી ભાવ્ય એમ પ્રકાશે છે -

अनुष्टुप्

**भावयेद् भेदविज्ञानमिदमच्छिन्नधारया ।**
**तावद्यावत्पराच्च्युत्वा, ज्ञानं ज्ञाने प्रतिष्ठितं ॥१३०॥**

ભાવવું ભેદવિજ્ઞાન, અખંડ ધાર ત્યાં લગી;
જ્ઞાન જ્ઞાને પ્રતિષ્ઠિત, પરથી ચ્યવી જ્યાં લગી; ૧૩૦

## અમૃત પદ-(૧૩૦)

(રાગ - ઉપરના પદ પ્રમાણે)

ભાવવું ભેદ વિજ્ઞાન આ... સુણો સંતો રે ! અખંડ ધારે સદાય... રે ગુણવંતા રે.
ત્યાં લગી જ્યાં લગી જ્ઞાન આ... સુણો. જ્ઞાને પ્રતિષ્ઠિત થાય... રે ગુણવંતા રે. ૧
'આતમ ભાવના ભાવતાં'... સુણો. 'જીવ લહે કેવલ જ્ઞાન'... રે ગુણવંતા રે.
ભેદ વિજ્ઞાને પાવતા... સુણો. ભગવાન અમૃત સ્થાન... રે ગુણ. ૨

**અર્થ** - આ ભેદ વિજ્ઞાન અચ્છિન્ન (અખંડ) ધારાથી ત્યાં લગી ભાવવું, કે જ્યાં લગી પરથી ચ્યુત થઈને જ્ઞાન જ્ઞાનમાં પ્રતિષ્ઠિત હોય.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જેમ તેજાબથી સોનું તથા કથિર જૂદાં પડે છે, તેમ જ્ઞાનીના ભેદવિજ્ઞાન રૂપ તેજાબથી સ્વાભાવિક આત્મદ્રવ્ય અગુરુલઘુ સ્વભાવવાળું હોઈને પ્રયોગી દ્રવ્યથી જૂદું પડી સ્વધર્મમાં આવે છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૬૪, વ્યાખ્યાન સાર, ૨**

**જ્ઞાન જ્ઞાનમાં પ્રતિષ્ઠિત થાય ત્યાં સુધી ભેદવિજ્ઞાન અખંડ ધારાથી ભાવવું**

ઉપસંહાર રૂપ **સમયસાર - કળશ** રત્નત્રયીનો આ મધ્ય કળશ ભેદવિજ્ઞાન ક્યાં સુધી અને કેવી રીતે ભાવ્યા કરવું તેનું નિદર્શન કરે છે - भावयेद् भेदविज्ञानमिदमच्छिन्नधारया - આ ભેદવિજ્ઞાન 'અચ્છિન્ન ધારાથી' - અખંડ ધારાથી ત્યાં લગી ભાવવું કે જ્યાં લગી પરથી ચ્યુત થઈને 'જ્ઞાન જ્ઞાનમાં પ્રતિષ્ઠિત હોય' - तावद्यावत्परात् च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठितं (प्रतिष्ठते), આ ભેદ વિજ્ઞાનનું **'અચ્છિન્ન'** - અખંડ એક પ્રવાહબદ્ધ ધારાથી (continuous stream) અથવા અખંડ તીક્ષ્ણ ધારવાળી (Edge) ધારાથી' ત્યાં લગી એકાંતિક આત્યંતિક (most intensive & extensive) ભાવ કર્યા કરવું, કે જ્યાં લગી પરથી 'ચ્યુત થઈને' - ભ્રષ્ટ થઈને 'જ્ઞાન જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત હોય' - જ્ઞાન 'પ્રતિ' - પાછું આવીને જ્ઞાનમાં જ 'સ્થિત' થાય, શાશ્વતી પ્રતિમાની પેઠે કદી પણ ચલાયમાન ન થાય એમ અત્યંતપણે સુપ્રતિષ્ઠિત થાય.

ભેદવિજ્ઞાનથી સિદ્ધ અને ભેદવિજ્ઞાન અભાવથી બદ્ધ એમ સમયસાર-કળશમાં (૭) ઉત્કીર્ત્તન કરે છે -

अनुष्टुप्

**भेदविज्ञानतः सिद्धाः, सिद्धा ये किल केचन ।**

**अस्यैवाभावतो बद्धा, बद्धा ये किल केचन ॥१३१॥**

ભેદ વિજ્ઞાનથી સિદ્ધો, સિદ્ધો જે કોઈ છે ખરે !

એના અભાવથી બદ્ધો, બદ્ધો જે કોઈ છે ખરે ! ૧૩૧

## અમૃત પદ-(૧૩૧)

(રાગ - ઉપર પ્રમાણે)

ભેદ વિજ્ઞાનથી સિદ્ધ... રે સુણો સંતા રે, જે કોઈ થયા સિદ્ધ... રે ગુણવંતા રે.

એના અભાવે બદ્ધ... રે સુણો સંતા રે, જે કોઈ રહ્યા બદ્ધ... રે ગુણવંતા રે. ૧

નિશ્ચય આ સિદ્ધાંત... રે સુણો સંતા રે, એમાં કોઈ ન ભ્રાંત... રે ગુણવંતા રે.

ભગવાન અમૃત જ્ઞાનમાં... સુણો સંતા રે, હોજો સદા વિશ્રાંત... રે ગુણવંતા રે. ૨

**અર્થ** - જે કોઈ નિશ્ચયે કરીને સિદ્ધો છે, તે ભેદ વિજ્ઞાન થકી સિદ્ધ છે. જે કોઈ નિશ્ચયે કરીને બદ્ધ છે, તે આના જ (ભેદ વિજ્ઞાનના જ) અભાવ થકી બદ્ધ છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અટળ અનુભવ સ્વરૂપ આત્મા સર્વ દ્રવ્યથી પ્રત્યક્ષ જૂદો ભાસવો ત્યાંથી મુક્ત દશા વર્ત્તે છે. તે પુરુષ મૌન થાય છે, તે પુરુષ અપ્રતિબદ્ધ થાય છે, તે પુરુષ અસંગ થાય છે, તે પુરુષ નિર્વિકલ્પ થાય છે અને તે પુરુષ મુક્ત થાય છે.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૭૯


**ભેદવિજ્ઞાન થકી જ સિદ્ધ : તેના અભાવ થકી જ બદ્ધ**

ભેદવિજ્ઞાનના મહિમાતિશયનું ઉત્કીર્ત્તન કરતી કળશ રત્નત્રયીના આ અંતિમ કળશ - રત્નમાં ભેદ વિજ્ઞાન થકી જ સિદ્ધિ છે એમ **અમૃતચંદ્રાચાર્યજી** ડિંડિમ નાદથી ઉદ્ઘોષે છે, અને અહો આચાર્યજી ! આપ ભેદવિજ્ઞાન પર આટલો બધો ભાર મૂકી તેનો આટલો બધો મહિમા કેમ સંગીત કરો છો ? તેનો જાણે જવાબ આપતા હોય એમ ભેદવિજ્ઞાનનો અનુપમ મહિમા ઉત્કીર્ત્તન કરતો નિશ્ચય સિદ્ધાંત સ્થાપિત કરે છે કે - भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन - જે કોઈ નિશ્ચયે કરીને સિદ્ધો (મુક્તો) છે, તે ભેદવિજ્ઞાન થકી જ સિદ્ધ છે, જે કોઈ નિશ્ચયે કરીને બદ્ધ (બંધાયેલા) છે, તે આ ભેદવિજ્ઞાનના અભાવ થકી જ બદ્ધ છે - अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन । આમ ભેદવિજ્ઞાનના અભાવે બંધ અને ભેદવિજ્ઞાનના સદ્ભાવે મોક્ષ એમ બંધ - મોક્ષની સકલ અવિકલ નિશ્ચય વ્યવસ્થા પરથી અન્વય - વ્યતિરેકથી ભેદવિજ્ઞાનનો અનુપમ મહિમા* સ્વયં સિદ્ધ થાય છે.

આકૃતિ

ભેદ વિજ્ઞાન → શુદ્ધ આત્મોપલબ્ધિ → સંવર

ભેદવિજ્ઞાન → અત્યંત ભાવ્ય અચ્છિન્ન ધારાથી




ભેદવિજ્ઞાન → સર્વ સિદ્ધો : : ભેદવિજ્ઞાન અભાવ → સર્વ બદ્ધો

આ અધિકારમાં **સમયસાર-કળશમાં** (૮) **અમૃતચંદ્રજી** સંવરના ક્રમનું સકલ અવિકલ આલેખન પ્રકાશે છે -

मंदाक्रांता

**भेदज्ञानोच्छलनकलनाच्छुद्धतत्त्वोपलंभात्,**
**रागग्रामप्रलयकरणात् कर्मणां संवरेण ।**
**बिभ्रत्तोषं परममलालोकमम्लानमेकं,**
**ज्ञानं ज्ञाने नियतमुदितं शाश्वतोद्योतमेतत् ॥१३२॥**

ભેદજ્ઞાનોચ્છલન કરણે શુદ્ધ તત્ત્વોપલંભે,
રાગ ગ્રામપ્રલયકરણે સંવરે કર્મ થંભે;
ધર્તું તોષ પરમ અમલાલોક અમ્લાન એક,
જ્ઞાન જ્ઞાને નિયત ઉદિતું શાશ્વતોદ્યોત છેક. ૧૩૨

## અમૃત પદ-(૧૩૨)

જ્ઞાન જ્ઞાનમાં નિયત ઉદિત આ, શાશ્વત ઉદ્યોતવંતું,
સ્વરૂપ દુર્ગે સંવૃત સ્થિત આ, સહજાત્મસ્વરૂપ સંતું... જ્ઞાન જ્ઞાનમાં. ૧
ભેદજ્ઞાન ઉચ્છલના કલને, શુદ્ધ તત્ત્વ અનુભવને,
રાગ ગ્રામના પ્રલયન કરણે, કર્મ તણા સંવરણે... જ્ઞાન જ્ઞાનમાં. ૨
આત્મામાંહિ જ તોષ ધરંતું, અમલાલોક ભવંતુ,
પરમ એક અમ્લાન જ સંતું, મ્લાન કદી ન હવંતુ... જ્ઞાન જ્ઞાનમાં. ૩
જ્ઞાન જ્ઞાનમાં નિયત ઉદિત આ, શાશ્વત ઉદ્યોતવંતું,
ભગવાન **'અમૃત જ્યોતિ'** પુનિત આ, કેવલ જ્ઞાન સ્ફુરંતું... જ્ઞાન જ્ઞાનમાં. ૪

**અર્થ** - ભેદ જ્ઞાનના ઉચ્છલનના - ઉછાળાના કલન - અનુભવનને લીધે, શુદ્ધ તત્ત્વના ઉપલંભનને લીધે. રાગ ગ્રામના પ્રલય કરણને લીધે, કર્મોના સંવર વડે કરીને તોષ ધરતું એવું પરમ, અમલાલોક (અમલ પ્રકાશવંતું), અમ્લાન, એક, જ્ઞાન જ્ઞાનમાં નિયત, શાશ્વત ઉદ્યોતવાળું આ ઉદિત થયું.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય


**"આત્મા શુદ્ધ ચૈતન્ય, જન્મ જરામરણ રહિત અસંગ સ્વરૂપ છે,** એમાં સર્વ જ્ઞાન શમાય છે, તેની પ્રતીતિમાં સર્વ સમ્યક્ દર્શન શમાય છે, આત્માને અસંગ સ્વરૂપે સ્વભાવદશા રહે તે સમ્યક્ ચારિત્ર, ઉત્કૃષ્ટ સંયમ અને વીતરાગ દશા છે. જેનાં સંપૂર્ણપણાનું ફળ સર્વ દુઃખનો ક્ષય છે, એ કેવા નિઃસંદેહ છે, કેવળ નિઃસંદેહ છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૮૧**

**ભેદજ્ઞાન થકી સંવર : પરમજ્ઞાનજ્યોતિ - કેવલ જ્ઞાન પ્રકાશ**

આ સંવર અધિકારના સર્વોપસંહાર રૂપ - પૂર્ણાહુતિ રૂપ આ પરમ તાત્પર્ય પ્રદર્શક **સમયસાર કળશ પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અપૂર્વ ભાવાવેશથી લલકાર્યો છે અને તેમાં સંવરના ક્રમનું સકલ અવિકલ આલેખન કરી પૂર્ણ જ્ઞાનજ્યોતિનું પ્રાગટ્ય પ્રકાશ્યું છે - (૧) भेदज्ञानोच्छलनकलनात् - ભેદ જ્ઞાનના 'ઉચ્છલનનું' - ઉછાળાનું કલન - અનુભવન થયું, (૨) તે ભેદજ્ઞાનના અનુભવનને લીધે શુદ્ધ આત્મતત્ત્વનો ઉપલંભ - અનુભવ થયો, (૩) शुद्धतत्त्वोपलंभात् - તે શુદ્ધાત્મોપલંભને લીધે 'રાગ ગ્રામનું' - રાગાદિ સમૂહનું 'પ્રલયકરણ' થયું; પ્રલય

- સર્વથા નાશ થયો, (૪) रागग्रामप्रलयकरणात् તે રાગગ્રામના પ્રલય કરણને લીધે કર્મોનો સંવર થયો, (૫) कर्मणां संवरेण - તે કર્મોના સંવર વડે કરીને बिभ्रत्तोषं परममलालोकमम्लानमेकं - આત્મામાં જ તોષ ધરતું, એવું 'પરમ' - સર્વથી પર, 'અમલાલોક' - નિર્મલ આલોક - પ્રકાશવંતુ, 'અમ્લાન' - કદી પણ મ્લાન - ઝાંખું ન પડતું એવું, 'એક' - અદ્વૈત, જ્ઞાનમાં નિયત - નિશ્ચયે કરીને સ્થિત, શાશ્વત ઉદ્યોતવાળું આ જ્ઞાન ઉદિત થયું - ઉદય પામ્યું, અર્થાત્ 'કેવલ જ્ઞાન' પ્રગટ્યું - ज्ञानं ज्ञाने नियतमुदितं शाश्वतोद्योतमेतत् ।

આકૃતિ




આમ આ **સમયસાર** મહા અધ્યાત્મ નાટકમાં **'સંવર'** પ્રરૂપક પંચમ અંકની પરમ ભવ્ય પૂર્ણાહૂતિ મહાઅધ્યાત્મ નાટ્યકાર **મહાકવિ બ્રહ્મા અમૃતચંદ્રાચાર્યજીએ** તેમની પરમ પ્રિય કેવલ જ્ઞાન જ્યોતિની પરમભાવપૂર્ણ ઉત્કીર્ત્તના કરતા આ પરમ અમૃતરસ સંભૃત પરમ અદ્ભુત કળશ કાવ્યથી કરી.

**॥ इति संवरः निष्क्रांतः ॥**

**॥ इति श्रीमद् अमृतचंद्रसूरिविरचितायां समयसारव्याख्यायामात्मख्यातौ संवरप्ररूपकः पञ्चमोऽकः ॥५॥**

**॥ इति भगवती 'आत्मख्याति' उपरि डॉ. भगवानदासेन कृते 'अमृतपद' समेते 'अमृत ज्योति' महाभाष्ये संवर प्ररूपको पञ्चमो अधिकारः ॥५॥**

*

## ॥ अथ निर्जरा अधिकारः ॥६॥

### સમયસાર વ્યાખ્યા 'આત્મખ્યાતિ'માં

## નિર્જરા પ્રરૂપક

### ષષ્ઠ અંક

આમ સંવરની વિદાય પછી આ 'સમયસાર' અધ્યાત્મ-નાટકમાં 'નિર્જરા' નામક પાત્ર પ્રવેશ કરે છે અને આ નિર્જરા પાત્રને અત્રે આ નાટકની રંગભૂમિ પર ઉતારતાં, મહાઅધ્યાત્મ નાટ્યકાર મહાકવિ **અમૃતચંદ્રજી** નિર્જરાનું સંપૂર્ણ તત્ત્વ વ્યક્ત કરતું અને જ્ઞાન જ્યોતિનો અપૂર્વ અનન્ય મહિમા દાખવતું આ પરમામૃત સંભૃત મંગલ **સમયસાર કલશ** કાવ્ય (૧) લલકારી, આ છઠ્ઠા નિર્જરા અંકનું મંગલ ઉદ્ઘાટન કરે છે -

अथ प्रविशति निर्जरा - હવે નિર્જરા પ્રવેશે છે -

शार्दूलविक्रीडित -


**रागाद्यास्रवरोधतो निजधुरां धृत्वा परः संवरः,**<br>
**कर्मागामि समस्तमेव भरतो दूरान्निरुंधन् स्थितः ।**<br>
**प्राग्बद्धं तु तदेव दग्धुमधुना व्याजृम्भते निर्जरा,**<br>
**ज्ञानज्योतिरपावृतं न हि यतो रागादिभि र्मूर्छति ॥१३३॥**

રોધી આસ્રવ રાગ આદિ સ્વધુરા ધારી ઉભો સંવરો,<br>
ભાવી કર્મ સમસ્ત એવ દૂરથી નિરુંધતો આ પરો;<br>
હાવાં પૂર્વ નિબદ્ધ તે જ દહવા વ્યાજૃંભતી નિર્જરા,<br>
રાગાદિકથી જ્ઞાન જ્યોતિ ઉઘડી પામે ન મૂર્ચ્છા જરા. ૧૩૩

### અમૃત પદ-(૧૩૩)

જ્ઞાન જ્યોતિ અપાવૃત તે તો, રાગાદિથી મૂર્ચ્છા ન પામે,<br>
જ્ઞાન જ્યોતિ અપાવૃત તે તો, અમૃત અનુભવ જામે... જ્ઞાન જ્યોતિ. ૧<br>
રાગાદિ આસ્રવ રોધથી પર સંવર, નિજ ધુરા ધારંતો,<br>
કર્મ આગામી સમસ્ત ભરથી, દૂરથી સ્થિતો રુંધંતો... જ્ઞાન જ્યોતિ. ૨<br>
પૂર્વ બદ્ધ તો તે હવે દહવા, અત્યંત નિર્જરા વિકાસે,<br>
ભગવાન અમૃતચંદ્રની વાણી, અનુભવ અમૃત પ્રકાશે... જ્ઞાન જ્યોતિ. ૩

**આકૃતિ**




**અર્થ** - રાગ આદિ આસ્રવોના રોધ થકી નિજ ધુરા ધારીને પર એવો સંવર આગામી સમસ્ત જ

કર્મને ભરથી (પૂરેપૂરી રીતે સર્વથા) દૂરથી નિરુંધતો સ્થિત છે અને પૂર્વબદ્ધ તે જ (કર્મને) દહવાને હમણાં નિર્જરા વ્યાજૂંભે છે (વિકાસે છે), કારણકે અપાવૃત (આવરણ રહિત, ખુલ્લી થયેલી) જ્ઞાન જ્યોતિ રાગાદિથી મૂર્ચ્છા પામતી નથી. ૧૩૩

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય (વિવેચન)

''આત્મામાં પ્રવર્ત્તવું તે નિર્જરા.''

''જ્ઞાનીના જ્ઞાનનો વિચાર કરતાં પણ મહા નિર્જરા થાય.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૬૦૦**

''જો સંવર પદ પાઈ આનંદૈ, સો પૂરવકૃત કર્મ નિકંદૈ,

જો અફંદ હ્વૈ બહુરિ ન ફંદૈ, સો નિરજરા બનારસી વંદૈ.''* - **સ.સા.ના. નિર્જરા અ. ૨**

**પ્રગટ જ્ઞાન જ્યોતિઃ સંવર - નિર્જરા**

શાર્દૂલવિક્રીડિતથી સંગીત કરેલા આ મંગલ કલશમાં પુરુષશાર્દૂલ મહાગીતાર્થ મહાનિર્ગ્રંથ મુનીશ્વર **અમૃતચંદ્રજીએ**, પરમ સંવરસ્વરૂપે સ્થિત રહી નિર્જરાનો ભાગ ભજવતી ભગવતી જ્ઞાન જ્યોતિની અત્રે અદ્ભુત સ્તુતિ લલકારી છે - रागाद्यास्रवरोधतो निजधुरां धृत्वा परः संवरः - રાગ આદિ - રાગ-દ્વેષ-મોહ આદિ આસ્રવના - કર્મ આગમનના રોધથી - અટકાવ્રતથી નિજધુરાને - પોતાની ધુરાને - લગામને ધારણ કરીને પર-પરમ-ઉત્કૃષ્ટ સંવર 'સ્થિત' છે - સ્થિતિ કરી રહ્યો છે. શું કરતો સ્થિત છે ? कर्मागामि समस्तमेव भरतो दूरान्निरुंधन् स्थितः - 'આગામી' - આવતા ભાવિ કર્મને સમસ્તને જ 'ભરથી' - સારી પેઠે - સર્વથા - સંપૂર્ણપણે દૂરથી - લાંબેથી - 'નિરુંધતો' - નિતાંતપણે રુંધતો - રોકતો સ્થિત છે - સ્થિરપણે ખડો ઉભો છે. આગામી કર્મને નિરુંધતો આમ સંવર સ્થિત છે, તો પૂર્વબદ્ધનું શું ? प्राग्बद्धं तु तदेव दग्धुमधुना व्याजृम्भते निर्जरा - 'પ્રાગ્ બદ્ધ' - પૂર્વબદ્ધ - પૂર્વે બાંધેલ તેને જ - તે કર્મને જ દહવાને - બાળવાને 'અધુના' - હમણાં - હવે સંવર થયા પછી - નિર્જરા 'વ્યાજૂંભે' છે - જૂંભા જેમ વિકાસે છે. કારણ શું ? કારણકે જ્ઞાનજ્યોતિ 'અપાવૃત થયેલી' - આવરણ દૂર થયેલી તે નિશ્ચયે કરીને રાગાદિથી મૂર્છતી નથી - મૂર્ચ્છા પામતી નથી.

**ભાવિ કર્મ રોધતો સંવર : પૂર્વ કર્મ બાળતી નિર્જરા**

અર્થાત્ આર્ષદૃષ્ટા **અમૃતચંદ્રાચાર્યજીનો** દિવ્ય આત્મધ્વનિ જાણે અત્રે પોકારે છે - અહો ! આ અધ્યાત્મ મહાનાટકના દૃષ્ટા અધ્યાત્મ રસિક આત્માર્થીજનો ! જુઓ ! આ 'પર સંવર' - સર્વ પરભાવથી પર થયેલો પરમ સંવર 'સ્થિત' છે ! ખડકની જેમ ખડો ઉભો છે ! રાગ-દ્વેષ-મોહ કોઈએ પણ અહીં મ્હારા આત્મ પ્રદેશમાં લેશ પણ પ્રવેશ કર્યો તો ખબરદાર ! - એમ રાગાદિ આસ્રવ ભાવના પ્રવેશને રોકી રાખી, 'રાગાદિ આસ્રવના રોધથી', આ સતત જાગ્રતપણે ખડે પગે ઉભેલા ખબરદાર સંવરે 'નિજ ધુરા' - પોતાની આત્માની 'ધુરા' - લગામ ધારણ કરી છે, આત્માની સ્વાયત્ત સત્તાના સૂત્ર હાથ કર્યા છે, આત્મ-સ્વરાજ્યના સંચાલનનો દોર હાથમાં લીધો છે, સર્વત્ર સૌથી પ્રથમ 'ધુરિ' મુખ્ય અગ્રભાગ ભજવવા રૂપ આત્મરાજાનું પ્રાધાન્ય હસ્તગત કર્યું છે. આમ રાગાદિ આસ્રવ રોધથી નિજ ધુરા ધારણ કરીને, આ પર સંવર 'આગામિ' - આગમતા - આવતા - ભાવિ કર્મને સમસ્તને જ ભરથી - સંપૂર્ણપણાથી - સર્વથા દૂરથી 'નિરુંધતો' - નિરોધતો - રોકી રાખતો 'સ્થિત' છે, અડગ સ્થિર રહેલો છે અને હે મુમુક્ષુ જોગીજનો ! હવે આ તરફ જુઓ ! આ પરમ સંવર સાથે સર્વદા સંલગ્ન થયેલી એવી આ 'નિર્જરા' સુંદરી હમણાં 'પૂર્વબદ્ધ' તે જ કર્મને બાળી ભસ્મ કરવાને જ્વાલાની જેમ 'વિજૂંભી' રહી છે, 'જૂંભા' મુખ વિકાસી રહી છે ! પોતાના સ્વામી સંવરનું આદરેલું અધૂરૂં રહેલું કર્મને ખતમ કરવાનું કામ પૂરૂં કરવાને જાણે તેમ કરી રહી હોયની, એમ સ્વરૂપ

* અર્થાત્ - જે સંવર પદ પામીને આનંદે છે, તે પૂર્વ કૃત કર્મને 'નિકંદે છે' - નિકંદન કાઢે છે - જડ મૂળથી ઉખેડી નાંખે છે, 'અફંદ' - અસ્પંદ - અચલાયમાન રહી ફરી 'ફંદમાં' - પરભાવના ફાંદામાં પડતી નથી તે નિર્જરાએ બનારસીદાસ વંદે છે.

તેજથી પ્રતપતી, આ જાજ્વલ્યમાન જ્વાલા જેવી પ્રચંડ નિર્જરા ચંડિકા પોતાની શક્તિ સ્ફુરાયમાન કરતી સતી, પૂર્વે અજ્ઞાન અવસ્થામાં બાંધેલા કર્મને બાળી નાંખવાને ઉત્તરોત્તર બળવાન્ બનતી શુદ્ધોપયોગમય જ્ઞાનદશા સાથે ઉત્તરોત્તર અનંતગુણવિશિષ્ટ બનતી જાય છે.

**અપાવૃત જ્ઞાનજ્યોતિ રાગાદિથી અમૂર્ચ્છિત**

આમ શુદ્ધોપયોગ રૂપ શુદ્ધાત્માનુભવ એ જ નવાં કર્મના આગમનના દરવાજા બંધ કરી નાંખવા રૂપ પરમ સંવર સ્વરૂપે સ્થિત છે અને શુદ્ધોપયોગ રૂપ શુદ્ધાત્માનુભવ એ જ જૂનાં કર્મને આત્મ પ્રદેશોમાંથી ખેરવી નાંખવા રૂપ - નિર્જરવા રૂપ નિર્જરા સ્વરૂપે સમુલ્લસી રહ્યો છે અને આમ નવાં કર્મને આવતાં અટકાવવાનું અને જૂનાં કર્મને ભસ્મના મહા પ્રભાવ થકી બનવા પામે છે. કારણકે 'અપાવૃત જ્ઞાનજ્યોતિ રાગાદિથી મૂર્ચ્છિત થતી નથી', આવરણ અપગત થયું હોવાથી જે 'અપાવૃત' - ખુલ્લી પ્રગટ થયેલી છે એવી **સહજાત્મ સ્વરૂપ** તેજે પ્રતપતી જ્ઞાન જ્યોતિ રાગ-દ્વેષ-મોહ ત્રિદોષથી મૂર્ચ્છા પામતી નથી, સત્ સ્વરૂપથી નિપાત રૂપ - નીચે પડવા રૂપ સન્નિપાતથી બેહોશ બનતી નથી.

**उवभोगमिंदियेहिं दव्वाणं चेदणाणमिदराणं ।**

**जं कुणदि सम्मदिट्ठी तं सव्वं णिज्जरनिमित्तं ॥१९३॥**

કાવ્યાનુવાદ (સજ્ઝાય)

'દુઃખ દોહગ દૂરે ટળ્યા રે' - એ રાગ

ચેતનેતર દ્રવ્યો તણો રે, ઈંદ્રિયોથી ઉપભોગ;

કરે છે સમ્યગ્ દૃષ્ટિ જે રે, તે સર્વ નિર્જરા જોગ... રે જ્ઞાની નિર્જરા નિત્ય કરંત... ૧૯૩

**અર્થ** - ચેતનથી ઈતર (ચેતનથી ઈતર - અન્ય એટલે અચેતન) દ્રવ્યોનો ઈંદ્રિયો વડે ઉપભોગ જે સમ્યગ્દૃષ્ટિ કરે છે, તે સર્વ નિર્જરા નિમિત્ત છે. ૧૯૩

**'आत्मख्याति' टीका**

**उपभोगमिंद्रियैः द्रव्याणां चेतनानामितरेषां ।**

**यत्करोति सम्यग्दृष्टिः तत्सर्वं निर्जरानिमित्तं ॥१९३॥**

विरागस्योपभोगो निर्जरायै एव, रागादिभावानां सद्भावेन मिथ्यादृष्टे**रचेतनान्य**द्रव्यो**पभोगो** बंध निमित्तमेव स्यात् । स एव रागादिभावानामभावेन **सम्यग्दृष्टेर्निर्जरानिमित्तमेव** स्यात् । एतेन द्रव्यनिर्जरास्वरूपमावेदितं ॥१९३॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

વિરાગનો ઉપભોગ નિર્જરાર્થે જ (નિર્જરા જ ?) હોય છે.

રાગાદિ ભાવોના સદ્ભાવે કરી મિથ્યાદૃષ્ટિને **અચેતન** અન્ય દ્રવ્યોનો ઉપભોગ બંધ નિમિત્ત જ હોય, તે જ રાગાદિ ભાવોના અભાવે કરી **સમ્યગ્દૃષ્ટિને નિર્જરા** નિમિત્ત જ હોય. આ ઉપરથી દ્રવ્ય નિર્જરાનું સ્વરૂપ આવેદિત કર્યું. ૧૯૩

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''હોત આસવા પરિસવા, ઈનમેં નહિ સંદેહ;

માત્ર દૃષ્ટિકી ભૂલ હૈ, ભૂલ ગયે ગત એહ.'' - **પરમતત્ત્વ દૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી, (હાથનોંધ)**

''जो परिसवा सो आसवा, जो आसवा सो परिसवा ।'' - **શ્રી આચારાંગ સૂત્ર**

**જ્ઞાનીનો** વિષયોપભોગ નિર્જરા નિમિત્ત જ હોય છે એમ આ ગાથામાં પ્રતિપાદન કર્યું છે અને 'આત્મખ્યાતિ' સૂત્રકાર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** 'આત્મખ્યાતિ' સૂત્રમાં તેનું સંક્ષેપ પણ પરમ

**आत्मभावना** -

चेतनानामितरेषां द्रव्याणां इंद्रियैः उपभोगं यत्सम्यग्दृष्टिः करोति - ચેતનોના - ચેતનથી ઈતર - અન્ય એટલે કે અચેતન દ્રવ્યોનો ઈંદ્રિયો વડે ઉપભોગ જે સમ્યગ્દૃષ્ટિ કરે છે, तत्सर्वं निर्जरानिमित्तं - તે સર્વ નિર્જરા નિમિત્ત - નિર્જરાકારણ છે. ॥ इति **गाथा** आत्मभावना ॥१९३॥

विरागस्योपभोगो निर्जरायै एव - **'વિરાગનો'** - જેનો રાગ વિગત છે - ચાલ્યો ગયો છે તેનો ઉપભોગ નિર્જરાર્થે જ છે (નિર્જરા જ છે ?) रागादि भावानां सद्भावेन - રાગાદિ ભાવોના સદ્ભાવે કરી - હોવાપણાએ કરી मिथ्याद्रष्टेः - મિથ્યાદૃષ્ટિને अचेतनान्यद्रव्योपभोगो - અચેતન એવા અન્ય દ્રવ્યોનો ઉપભોગ बंधनिमित्तमेव स्यात् - બંધ નિમિત્ત જ હોય, स एव - તે જ ઉપભોગ रागादिभावानामभावेन - રાગાદિ ભાવોના અભાવે કરી - નહિ હોવાપણાએ કરી सम्यग्द्रष्टेः - સમ્યગ્દૃષ્ટિને निर्जरा निमित्तमेव स्यात् - નિર્જરા નિમિત્ત જ - નિર્જરા કારણ જ હોય. एतेन द्रव्य निर्जरास्वरूपमावेदितं - આથી - આ પરથી દ્રવ્ય નિર્જરાનું - બાહ્ય પૌદ્ગલિક નિર્જરાનું સ્વરૂપ આવેદિત કર્યું - જણાવ્યું. ॥१९३॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१९३॥

પરમાર્થગંભીર વ્યાખ્યાન ગ્રથિત કરી તત્ત્વનું તત્ત્વ પ્રકાશ્યું છે. તેનો આશયાર્થ આ પ્રકારે - विरागस्योपभोगो निर्जरायै एव - 'વિરાગનો ઉપભોગ નિર્જરાર્થે જ હોય છે', વિગત થયો છે - ચાલ્યો ગયો છે રાગ જેનો એવા 'વિરાગનો' - વીતરાગનો વિષયોપભોગ નિર્જરા માટે જ થાય છે, અર્થાત્ વિતરાગ - 'વિરાગ' - વીતરાગ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની જે કંઈ ચેતનેતર - ચેતનથી અન્ય એટલે કે અચેતન એવા અન્ય - પર દ્રવ્યોનો ઈંદ્રિયો વડે ઉપભોગ કરે છે, તે તો તેને તે તે કર્મ ભોગવીને ખેરવી નાંખવા રૂપ - નિર્જરવા રૂપ નિર્જરાનું જ કારણ થાય છે, અથવા તો 'વિરાગ' - વીતરાગ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીનો જે વિષયોપભોગ તે તે તે કર્મ ભોગવીને ખેરવી નાંખવા રૂપ - નિર્જરવા રૂપ સાક્ષાત્ નિર્જરા જ છે.

**વિરાગનો ઉપભોગ નિર્જરાર્થે જ : મિથ્યાદૃષ્ટિને બંધ**

रागादि भावानां सद्भावेन - રાગાદિ ભાવોના સદ્ભાવે કરીને - હોવાપણાએ કરીને મિથ્યા દૃષ્ટિને અચેતન અન્ય દ્રવ્યનો ઉપભોગ - 'अचेतनान्यद्रव्योपभोगः - અચેતન એવા અન્ય - પર દ્રવ્યોનો ઉપભોગ બંધ નિમિત્ત જ - બંધ કારણ જ હોય. અર્થાત્ ચેતનથી ઈતર - અન્ય એટલે કે અચેતન એવા 'મૂર્ત્ત' - રૂપી પુદ્ગલ દ્રવ્યો જ ઈંદ્રિય ગ્રાહ્ય છે, ઈંદ્રિયોથી અચેતન પુદ્ગલ દ્રવ્યોનો જ - પંચ ઈંદ્રિય વિષયોનો જ ઉપભોગ કરાય છે, આ પંચ ઈંદ્રિય વિષય રૂપ જે જે 'ચેતનેતર' - ચેતનથી અન્ય - અચેતન પુદ્ગલ દ્રવ્યોનો મિથ્યાદૃષ્ટિ ઉપભોગ કરે છે, તે તે રાગાદિના હોવાપણાને લીધે તેને બંધનું કારણ જ થાય છે. તે જ વિષયોપભોગ रागादिभावानामभावेन - રાગાદિ ભાવોના અભાવે કરીને - નહિ હોવાપણાએ કરીને વિરાગ-વીતરાગ એવા સમ્યગ્દૃષ્ટિને નિર્જરા નિમિત્ત જ હોય - નિર્જરા કારણ જ હોય - निर्जरानिमित्तमेव स्यात् । આમ જે વિષયોપભોગથી મિથ્યાદૃષ્ટિ બંધાય છે, તે જ વિષયોપભોગથી વીતરાગ સમ્યગ્દૃષ્ટિ મુકાય છે, એ પરમ આશ્ચર્યકારી અદ્ભુત ઘટના બનવા પામે છે. આ ઉપરથી પુદ્ગલ દ્રવ્યોપભોગ દ્વારે 'દ્રવ્ય નિર્જરાનું' અર્થાત્ કર્મપુદ્ગલોનું આત્મપ્રદેશથી નિર્જરવા રૂપ - ખરી જવા રૂપ દ્રવ્ય નિર્જરાનું સ્વરૂપ આવેદ્યું - સંક્ષેપમાં કહી દેખાડ્યું.

''ઈંદ્રિયોના ભોગ સહિત મુક્તપણું નથી. ઈંદ્રિયોના ભોગ છે ત્યાં સંસાર છે, ને સંસાર છે ત્યાં મુક્તપણું નથી.''

''વીતરાગ વચનની અસરથી ઈંદ્રિય સુખ નીરસ ન લાગ્યાં તો જ્ઞાનીનાં વચનો કાને પડ્યાં જ નથી એમ સમજવું.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૬૪, (વ્યાખ્યાન સાર)**

સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિની દૃષ્ટિ દૃષ્ટિમાં ફેર છે, એટલે એ બન્નેની સૃષ્ટિ સૃષ્ટિમાં પણ ફેર છે. સમ્યગ્દૃષ્ટિ આત્માને આત્મા દેખે છે ને અનાત્માને અનાત્મા દેખે છે, આત્માને અનાત્મા દેખતો નથી ને અનાત્માને આત્મા દેખતો નથી, એટલે અનાત્મા - આત્માથી - ચેતનથી અન્ય અચેતન એવા અન્ય પર પ્રત્યે એનો રાગ ચાલ્યો ગયેલો - વીતી ગયેલો - 'વિગત' હોય છે, એટલે જ વિગત રાગ - 'વિરાગ' - વીતરાગ એવો આ સમ્યગ્દૃષ્ટિ ભલે 'ચેતનાન્ય' - ચેતનથી અન્ય - પર અર્થાત્ અચેતન પરદ્રવ્યોનો ઉપભોગ કરે છે, અચેતન પૌદ્ગલિક પરદ્રવ્યોનો ઈંદ્રિયોથી ઉપભોગ કરે છે, તો પણ તે અચેતન પરદ્રવ્ય પ્રત્યે આસક્તિ રૂપ - સ્નેહ રૂપ રાગ ભાવ તેને ઉપજતો નથી, એટલે તે 'રૂક્ષ' - લૂખા 'કોરા ધાકોડ' સમ્યગ્દૃષ્ટિ વિરાગને - પૂર્વે ચોંટેલાં પુદ્ગલ કર્મ ઉદયમાં આવી વિષય ઉપભોગ ફળ દઈ ખરી જાય છે - નિર્જરી જાય છે.

**દૃષ્ટિ દૃષ્ટિમાં ફેર : સમ્યગ્દૃષ્ટિને નિર્જરા : મિથ્યાદૃષ્ટિને બંધ**

આથી ઉલટું, મિથ્યાદૃષ્ટિ આત્માને આત્મા દેખતો નથી ને અનાત્માને અનાત્મા દેખતો નથી, આત્માને અનાત્મા દેખે છે ને અનાત્માને આત્મા દેખે છે, એટલે અનાત્મા આત્માથી અન્ય અચેતન એવા અન્ય પરદ્રવ્ય પ્રત્યે એનો રાગ ઉદ્દામ હોય છે, એટલે જ સરાગ એવો આ મિથ્યાદૃષ્ટિ 'ચેતનાન્ય' - ચેતનથી અન્ય - પર અર્થાત્ અચેતન પરદ્રવ્યોનો ઉપભોગ કરે છે, અચેતન પૌદ્ગલિક પરદ્રવ્યોનો

ઈંદ્રિયોથી ઉપભોગ કરે છે અને તે કરતાં તે અચેતન પરદ્રવ્ય પ્રત્યે આસક્તિ રૂપ - સ્નેહ રૂપ રાગભાવ તેને ઉપજે છે, એટલે તે 'સ્નિગ્ધ' - સ્નેહાળ (!) 'ચીકાશદાર' મિથ્યાદષ્ટિ સરાગને પૂર્વે ચોંટેલા પુદ્‌ગલ કર્મ ઉદયમાં આવી વિષય ઉપભોગ ફળ દેતાં દેતાં નવાં નવાં કર્મ ચોંટવા રૂપ - બંધ રૂપ જ થાય છે !

આમ પરવસ્તુમાં સરાગપણારૂપ આસક્તિને લીધે મિથ્યાદષ્ટિ જીવ બંધાય છે એ પરવસ્તુમાં આત્મબુદ્ધિ રૂપ મહામોહનો - દર્શનમોહનો જ પ્રભાવ છે. આ મહામોહને લીધે જ વિષયાસક્ત મિથ્યાદષ્ટિ જીવ 'ભવાભિનંદી' હોય છે, સંસાર રૂડો છે ભલો છે એમ ભવને - સંસારને અભિનંદનારો હોય છે. **શ્રી હરિભદ્રાચાર્યજીએ 'યોગદષ્ટિ સમુચ્ચય'** શ્લો. ૭૯માં* કહ્યું છે તેમ 'જન્મ મરણ જરા વ્યાધિ રોગ શોક વગેરેથી ઉપદ્રવ પામેલા સંસારને દેખતાં છતાં તે અતિમોહને લીધે ઉદ્વેગ પામતા નથી !' અર્થાત્ સંસારનું પ્રગટ દુઃખદ સ્વરૂપ પ્રત્યક્ષ દેખતાં છતાં તેઓ તેથી ઉદ્વેગ પામતા નથી - કંટાળતા નથી, ઉલટા તેમાં જ ગાઢ મોહ પામે છે ! પુનઃ પુનઃ જન્મવું,* પુનઃ પુનઃ મરવું, પુનઃ પુનઃ જનનીના જઠરમાં ગર્ભવાસ કરવો, પુનઃ પુનઃ ચારે ગતિમાં રખડવું, એવી અત્યંત પ્રગટ દુઃખમય અવસ્થાઓ પુનઃ પુનઃ આ સંસારમાં પ્રત્યક્ષ અનુભવવી પડે છે, છતાં આ સંસારથી આ મોહમૂઢ જીવ ઉદ્વેગ પામતા નથી, તેમાંથી ઉદ્ એટલે અત્યંત વેગથી ભાગી છૂટવાનો વિચાર કરતા નથી, એટલું જ નહિ પણ તેને ઉલટા દૃઢ આસક્તિથી ગાઢ વળગી રહે છે, એ કાંઈ જેવું તેવું આશ્ચર્ય નથી. ખરેખર ! આ બધું મહામોહનું જ વિલસિત છે.

વિષય બુભુક્ષુ ભવાભિનંદી મિથ્યાદષ્ટિ

'અતિ મોહથી' - મોહના અતિશય પ્રબળપણા રૂપ હેતુથી આ મહામોહમૂઢ જીવો તે સંસારથી ઉદ્વેગ-કંટાળો પામતા નથી, સૂગ પામતા નથી, તેથી ત્રાસી જઈ તેનો અંત આણવાને ઈચ્છતા નથી ! ઉલટા મોહથી મુંઝાઈ જઈને તેને જ દૃઢ આસક્તિથી વળગી રહે છે ! તેમાં જ રાચે છે ! સંસાર સમુદ્રનું ખારૂં પાણી હોંસથી મીઠું માનીને પીએ છે ! ને પોતાના 'ભવાભિનંદી' નામને સાર્થક કરે છે ! કારણકે મિથ્યાદષ્ટિને **સર્વ ભૂલની બીજભૂત ભૂલરૂપ** આત્મસ્વરૂપનું અજ્ઞાન અથવા પરવસ્તુમાં આત્મબુદ્ધિ રૂપ વિપર્યાસ છે, **'આપ આપકું ભૂલ ગયા !'** એ જ મોટામાં મોટી કેન્દ્રસ્થ ભૂલ છે, તે મૂલગત ભૂલથી બીજી ભૂલોની પરંપરા નીપજે છે. તે એટલે સુધી આત્માનું પતન થાય છે કે તેની વૃત્તિ વિષયાકાર બની જાય છે. પંચ ઈંદ્રિયોના વિષયોમાં તે એટલો બધો તન્મય થઈ જાય છે કે તે પોતાનું મૂળ સ્વરૂપ સાવ ભૂલી જઈ, વિષયોમાં જ સર્વસ્વ માની તેની ગવેષણામાં અહોનિશ મંડ્યો રહે છે ! અને વિષય તૃષ્ણાથી આર્ત્ત ને તપ્ત બની નિરંતર દુઃખ અનુભવે છે, છતાં તે વિષયોનો કીડો વિષયોનો કેડો મૂકતો નથી ! ને વિષ્ટાના ભ્રમરની પેઠે તેની પાછળ પાછળ ભમ્યા કરે છે ! આવો તે વિષય બુભુક્ષુ મિથ્યાદષ્ટિ જીવ **શ્રી ઉપમિતિ ભવપ્રપંચ** કથામાં મહાત્મા **સિદ્ધર્ષિએ** અનુપમ શૈલીથી તાદૃશ વર્ણવેલા તે **'નિષ્પુણ્યક રંક'**ના જેવું સમસ્ત ચેષ્ટિત કરે છે, ને કરમાં ઘટપાત્ર લઈ રાતદિવસ વિષય-કદન્નની ભિક્ષાર્થે ભમે છે !

અને આમ જ્યાં લગી આ સંસાર સમુદ્રનું વિષય સેવન રૂપ ખારૂં પાણી પીવાની હોંસ જીવ ધરાવે ત્યાં લગી તેને બોધબીજ પામવાની કે ઉગવાની આશા રાખવી તે આકાશ કુસુમવત્ છે. જ્યાં લગી આ વિષયાભિલાષ રૂપ ખારૂં પાણી પીવાનું છોડી દઈ, ચિત્તમાં દૃઢ વૈરાગ્ય રંગ ન લાગે, ભાવોદ્વેગ ન ઉપજે, ત્યાં લગી જ્ઞાનનો ઉદ્‌ભવ થવો સંભવતો જ નથી. પણ જન્મ-જરા-મરણ-રોગ-શોક આદિ દુઃખમય સંસારનું સાચું યથાતથ્ય સ્વરૂપ વિચારતાં જેને સહજ

વૈરાગ્ય જલથી ચિત્તભૂમિની આર્દ્રતાની જરૂર

* "जन्ममृत्युजराव्याधिरोगशोकाद्युपद्रुतम् ।
वीक्षमाणा अपि भवं नोद्विजन्तेऽतिमोहतः ॥" - શ્રી યોગદષ્ટિ સમુચ્ચય, શ્લો. ૭૯

* "दीप्तोभयाग्रवातारिदारूदरगकीटवत् ।
जन्ममृत्युसमाश्लिष्टे शरीरे बत सीदसि ॥" - શ્રી ગુણભદ્રસ્વામીજી કૃત 'આત્માનુશાસન'
"पुनरपि जननं पुनरपि मरणं, पुनरपि जननीजठरे शयनं ।" - શ્રી શંકરાચાર્ય

સ્વાભાવિક ભવોદ્વેગ-સંસાર પ્રત્યે અણગમો ઉપજ્યો છે, ખરેખરો સજ્જ્ઞાન-સંગત વૈરાગ્ય પ્રગટ્યો છે, એવા સાચા અંતરંગ વૈરાગ્યવાસિત જીવને સદ્ગુરુનો બોધ થતાં સમ્યગ્ જ્ઞાન આદિ કલ્યાણ પરંપરાની પ્રાપ્તિ હોય છે, કારણકે વૈરાગ્ય-જલથી તેની ચિત્ત-ભૂમિ પોચી થઈ હોવાથી તેમાં બોધ ઉગી નીકળે છે. આમ સાચો અંતરંગ વૈરાગ્ય રંગ જ્યાં લગી ચિત્તમાં ન લાગ્યો હોય, ત્યાં લગી જીવમાં જ્ઞાન પામવાની યોગ્યતા પણ આવતી નથી. જ્યાં લગી ચિત્ત-ભૂમિ કઠણ હોય ત્યાં લગી સિદ્ધાંત જ્ઞાન તેમાં પ્રવેશી શકતું નથી, ઉપરછલું થઈને ચાલ્યું જાય છે. પણ જ્યારે વૈરાગ્ય જલના સિંચન વડે તે ચિત્ત ભૂમિ આર્દ્ર થઈ પોચી બને છે, ત્યારે જ તેમાં સમ્યગ્ જ્ઞાન-બીજનો પ્રક્ષેપ થઈ શકે છે.

"જ્યાં સુધી વૈરાગ્ય રૂપી રેચક દ્રવ્યથી ચિત્તવૃત્તિનો મલિન વાસના રૂપ મળ સાફ થયો નથી, ત્યાં સુધી જીવને સિદ્ધાંત બોધરૂપ-રસાયણ રૂપ પૌષ્ટિક ઔષધ ગુણ ન કરે, નિષ્ફળ જાય, અથવા ચિત્ત ચંચળતા રૂપ વિકાર ઉપજાવે. જ્યાં સુધી વૈરાગ્ય જળના સિંચનથી ચિત્તભૂમિ યથેચ્છ ભીંજાઈ ન હોય, ત્યાં સુધી તત્ત્વજ્ઞાન રૂપ સિદ્ધાંત બોધનું બીજ તેમાં ક્યાંથી વાવી શકાય ? ન જ વાવી શકાય, છતાં તે ત્યાં પ્રક્ષેપવામાં આવે તો તે ઠરે નહિ, વ્યર્થ જાય."

**- શ્રી મનઃસુખભાઈ કિરતૂચંદ્રકૃત શાંતસુધારસ પ્રસ્તાવના**

"ત્યાર વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન,
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.
વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમ જ્ઞાન,
તેમજ આતમ જ્ઞાનની, પ્રાપ્તિ તણાં નિદાન." **- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ સૂત્ર, ૭-૬**

**'સકળ જગત્ તે એઠવત્' : જ્ઞાનીનો પરમ વૈરાગ્ય**

અને જે સ્વ-પરનો ભેદ જાણે છે એવા સમ્યગ્ દૃષ્ટિ જ્ઞાનીને તો સમસ્ત પરવસ્તુ પ્રત્યે તીવ્ર વિરાગ વર્ત્તે છે, એટલે પરવસ્તુના અંગભૂત ઈંદ્રિયો ને ઈંદ્રિય વિષયો પ્રત્યે પણ સહજ વિરાગ વર્ત્તે એ સહજ સ્વાભાવિક છે. એટલે જ સમ્યગ્દૃષ્ટિ પુરુષ વિષય વિકારમાં ઈંદ્રિય જોડતા નથી, પણ વિષય વિકારમાંથી ઈંદ્રિયોને પાછી ખેંચી લેવા રૂપ - પ્રત્યાહ્વત કરવા રૂપ પ્રત્યાહાર કરે છે, પરપરિણતિને વમી આત્મપરિણતિમાં રમે છે. તે પોતાના આત્માને સંબોધીને કહે છે કે હે આત્મન્ ! હે મિત્ર ! જે તું પુદ્ગલ ભોગ કરે છે, તે પરપરિણતિપણું છે, પરપરિણતિ ભાવ છે. આ જડ ને ચલ **જગતૂની એઠનો** હે મિત્ર ! તને ભોગ ઘટતો નથી. આ પુદ્ગલો સર્વ જીવોએ અનંત વાર ભોગવીને મૂકી દીધેલા છે, તે તેઓના ઉચ્છિષ્ટ ભોજન જેવા છે, એઠ જેવા છે. આવી પ્રગટ અશુચિ રૂપ એઠ કોણ ખાય ? ને પોતાના પરમ શુચિ આત્મસ્વરૂપને કોણ ભ્રષ્ટ કરે ? વળી હે ચેતન ! આ પુદ્ગલભોગ અનિત્ય છે, ક્ષણધ્વંસી છે. જે પૌદ્ગલિક વિષયભોગ સરસ ને પ્રિય લાગતા હતા, તે ક્ષણવારમાં વિરસ અને અપ્રિય થઈ પડે છે, કારણકે રૂપ-રસ-ગંધ-વર્ણના વિપરિણામથી પુદ્ગલમાં તેવા તેવા વિકાર-ફેરફાર થયા જ કરે છે. રાજસંપદાથી કે સ્વર્ગ સંપદાથી પ્રાપ્ત થતા ભોગ પણ **દુર્ગંધી કદન્ન** જેવા છે, માટે નિત્ય સરસ એવા ચૈતન્યરસમય નિજાત્મસ્વરૂપનો આસ્વાદ છોડીને તેવા અનિત્ય વિરસ પુદ્ગલ કદન્નને કોણ ચાખે ?

"પરિણામિકતા અછે, જે તુજ પુદ્ગલ ભોગ હો મિત્ત !
જડ ચલ જગની એઠનો, ન ઘટે તુજને ભોગ હો મિત્ત" !... ક્યું જાણું.
"કરો સાચા રંગ જિનેશ્વરુ, સંસાર વિરંગ સહુ અન્ય રે,
સુરપતિ નરપતિ સંપદા, તે તો દુરગંધિ કદન્ન રે... કરો સાચા.
આસ્તાગ જિન ગુણરસ રમી, વિષય વિકાર વિરૂપ રે,
વિણ સમકિત મત અભિલષે, જિણે ચાખ્યો શુદ્ધ સ્વરૂપ રે... કરો સાચા." **- શ્રી દેવચંદ્રજી**

ઈત્યાદિ પ્રકારે વિષયોમાંથી ઈંદ્રિયોને પાછી ખેંચનારા આ સમ્યગ્ દૃષ્ટિ જોગીજનને ભોગ પ્રત્યે અત્યંત અનાસક્તિ જ હોય છે, પરમ વૈરાગ્ય જ વર્ત્તે છે. આવો પરમ વિષય વૈરાગ્ય વર્તતાં છતાં

**અનાસક્ત જ્ઞાનીનો પણ વિષયોપભોગ પ્રત્યે અંતરંગ ખેદ અને પશ્ચાત્તાપ**

જ્ઞાનીને પણ ક્વચિત્ પૂર્વ પ્રારબ્ધયોગથી વિષયોપભોગ કરવાનું પ્રાપ્ત થાય છે, અનિચ્છતાં છતાં પરાણે પૂર્વ ઉદયભોગ ભોગવવાનો પ્રસંગ આવી પડે છે, અથવા તો જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી કંઈ ને કંઈ ઈંદ્રિય વિષયોપભોગ કરવો પડે છે, પરંતુ તેમાં પણ વિરાગ જ્ઞાનીને રાગનો ઉદ્ભવ થતો નથી એ પરમ આશ્ચર્યકારક ઘટના છે, તેમાં પણ તેને રાગદ્વેષ રૂપ ઈષ્ટાનિષ્ટ બુદ્ધિ હોતી નથી, પણ વિરાગપણાને લીધે કેવળ અનાસક્તિ જ હોય છે, એટલે તે વિષયોપભોગ પણ તેને બંધનું કારણ ન થતાં કેવલ નિર્જરા રૂપ જ હોય છે. જે વિષયોપભોગ વિષયાસક્ત ભવાભિનંદી મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીને સરાગપણાથી આસક્તિને લીધે બંધનું કારણ થાય છે, તે જ વિષયોપભોગ વિષયવિરક્ત મહામુમુક્ષુ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને વિરાગપણાથી વિરક્તિને લીધે નિર્જરાનું કારણ બને છે ! આમ વિષયોપભોગ છતાં રાગ ન થવા દેવો અને રાગ-દ્વેષાદિથી અસ્પર્શ્ય અસંગ ઉદાસીન વૃત્તિ રાખવી એ વિષમ અસિધારાવ્રત કોઈ વિરલા વિરાગ-વીતરાગ સમર્થ જ્ઞાનીથી જ બનવું શક્ય છે અને તેવા સમર્થ જ્ઞાની પણ પ્રતિસમયે તે વિષયની નિવૃત્તિ જ ઈચ્છે છે, એટલું જ નહિ પણ તે ઉદયજન્ય વિષય પ્રવૃત્તિ માટે પણ ક્ષણે ક્ષણે ખરેખરો અંતરંગ ખેદ અને પૂર્વ પશ્ચાત્ પશ્ચાત્તાપ જ વેદે છે. આ અંગે **પરમ વીતરાગ જ્ઞાનાવતાર શ્રીમદ્ રાજચંદ્રજીના** ટંકોત્કીર્ણ અનુભવોદ્ગાર છે કે -

"વિષયાદિ ઈચ્છિત પદાર્થ ભોગવી તેથી નિવૃત્ત થવાની ઈચ્છા રાખવી અને તે ક્રમે પ્રવર્ત્તવાથી આગળ પર તે વિષય મૂર્ચ્છા ઉત્પન્ન થવી ન સંભવે એમ બનવું કઠણ છે. કેમ કે **જ્ઞાનદશા વિના વિષયનું નિર્મૂળપણું થવું સંભવતું નથી.**


માત્ર ઉદય વિષયો ભોગવ્યાથી નાશ થાય, પણ જો જ્ઞાનદશા ન હોય તો વિષય આરાધતાં ઉત્સુક પરિણામ થયા વિના ન રહે અને તેથી પરાજિત થવાને બદલે વિષય વર્ધમાન થાય.

જેને જ્ઞાનદશા છે તેવા પુરુષો વિષયાકાંક્ષાથી અથવા વિષયનો અનુભવ કરી તેથી વિરક્ત થવાની ઈચ્છાથી તેમાં પ્રવર્ત્તતા નથી અને એમ એ પ્રવર્ત્તવા જાય તો જ્ઞાનને પણ આવરણ આવવા યોગ્ય છે. માત્ર પ્રારબ્ધ સંબંધી ઉદય હોય એટલે છૂટી ન શકાય તેથી જ જ્ઞાની પુરુષની ભોગ પ્રવૃત્તિ છે. તે પણ પૂર્વ પશ્ચાત્ પશ્ચાત્તાપવાળી અને મંદમાં મંદ પરિણામ સંયુક્ત હોય છે.

સામાન્ય મુમુક્ષુ જીવ વૈરાગ્યના ઉદ્ભવને અર્થે વિષય આરાધવા જતાં તો ઘણું કરી બંધાવા સંભવ છે, કેમ કે જ્ઞાની પુરુષ પણ તે પ્રસંગને માંડ માંડ જીતી શક્યા છે, તો જેની માત્ર વિચાર દશા છે, એવા પુરુષનો ભાર નથી કે તે વિષયને એવા પ્રકારે જીતી શકે." - **શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-(૪૯૯), ૫૯૧**

આકૃતિ

| | | | | |
|---|---|---|---|---|
| | <u>મિથ્યાદૃષ્ટિ</u> | | <u>સમ્યગ્દૃષ્ટિ</u> | |
| | ↓ | | ↓ | |
| રાગાદિ સદ્ભાવ | અચેતન-અન્ય દ્રવ્ય ઉપભોગ | : : | અચેતન-અન્ય દ્રવ્ય ઉપભોગ | રાગાદિ અભાવ |
| | ↓ | | ↓ | |
| | બંધ | | નિર્જરા | |



હવે ભાવ નિર્જરાનું સ્વરૂપ આવેદે છે -

**दव्वे उवभुंजंते णियमा जायदि सुहं वा दुःखं वा ।**

**तं सुहदुक्खमुदिण्णं वेददि अह णिज्जरं जादि ॥१९४॥**

દ્રવ્ય ઉપભુંજતાં નિયમથી રે, સુખ કે દુઃખ ઉપજાય;

વેદે સુખ દુઃખ ઉદીર્ણ તે રે, નિર્જરા પામી જાય... રે જ્ઞાની નિર્જરા નિત્ય કરંત. ૧૯૪

**અર્થ** - દ્રવ્ય ઉપભોગવામાં આવતાં, નિયમથી સુખ વા દુઃખ ઉપજે છે, તે ઉદીર્ણ - ઉદયે આવેલું સુખ દુઃખ વેદે છે, એટલે નિર્જરા પામે છે. ૧૯૪

## आत्मख्याति टीका

अथ भावनिर्जरास्वरूपभमावेदयति -

**द्रव्ये उपभुज्यमाने नियमाज्ञायते सुखं वा दुःखं वा ।**

**तत्सुखदुःखमुदीर्णं वेदयते अथ निर्जरां याति ॥१९४॥**

**उपभुज्यमाने** सति हि पर**द्रव्ये** तन्निमित्तः सातसातविकल्पानतिक्रमणेन वेदनायाः **सुख**रूपो **दुःख**रूपो वा **नियमादेव** जीवस्य भाव **उदेति** । स तु **वेद्यते** तदा -

| | |
|---|---|
| मिथ्यादृष्टेः | सम्यग्दृष्टेस्तु |
| रागादिभावानां सद्भावेन बंधनिमित्तं भूत्वा | रागादिभावानामभावेन बंधनिमित्तमभूत्वा |
| निर्जीर्यमाणोप्यजीर्ण सन् | केवलमेव निर्जीर्यमाणो जीर्ण सन् |
| बंध एव स्यात् । | **निर्जरैव स्यात्** ॥१९४॥ |

## આત્મખ્યાતિ ટીકાર્થ

પરદ્રવ્ય ઉપભોગવવામાં આવતે સતે ખરેખર ! તન્નિમિત્ત - સાત - અસાત વિકલ્પના અનતિક્રમણથી - સુખરૂપ વા દુઃખરૂપ એવો જીવનો ભાવ નિયમથી જ ઉદય પામે છે.

તે તો જ્યારે વેદાય છે ત્યારે -

---

**आत्मभावना** -

अथ - હવે भावनिर्जरास्वरूपमवेदयति - ભાવ નિર્જરાનું સ્વરૂપ આવેદે છે - કહી દેખાડે છે -

द्रव्ये उपभुज्यमाने - દ્રવ્ય ઉપભોગવવામાં આવી રહ્યું છે ત્યારે सुखं वा दुःख वा नियमात् जायते - સુખ વા દુઃખ નિયમથી ઉપજે છે, तत् उदीर्णं सुखदुःखं वेदयते - તે ઉદીર્ણ - ઉદયે આવેલું સુખ-દુઃખ વેદે છે - ભોગવે છે - અનુભવે છે, अथ निर्जरां याति - એટલે પછી નિર્જરા પામે છે. ॥૧૯૪॥ इति **गाथा** आत्मभावना ॥१९४॥

उपभुज्यमाने सति हि परद्रव्ये - પરદ્રવ્ય ઉપભોગવવામાં આવતે સતે સ્ફુટપણે तन्निमित्तः सुखरूपो वा दुःखरूपो वा नियमादेव जीवस्य भाव उदेति - તન્નિમિત્ત - તે પરદ્રવ્યના નિમિત્તવાળો નિયમથી જ સુખરૂપ વા દુઃખ રૂપ એવો જીવનો ભાવ ઉદય પામે છે. એમ શાથી ? वेदनायाः सातासातविकल्पानतिक्रमणेन - વેદનાના સાત-અસાત વિકલ્પના અનતિક્રમણથી - અનુલ્લંઘનથી.

स तु यदा वेद्यते तदा - અને તે સુખરૂપ વા દુઃખરૂપ એવો જીવનો ભાવ જ્યારે વેદાય છે ત્યારે - मिथ्यादृष्टेः - મિથ્યાદૃષ્ટિને रागादिभावानां सद्भावेन - રાગાદિ ભાવોના સદ્ભાવે કરીને - હોવાપણાએ કરીને बंधनिमित्तं भूत्वा - બંધનિમિત્ત - બંધકારણ થઈને, निर्जीयमाणोप्यजीर्ण सन् - નિર્જીર્યમાણ - નિર્જરાઈ રહેલો પણ અજીર્ણ સતો, बंध एव स्यात् - બંધ જ હોય,

सम्यदृष्टेस्तु - પરંતુ સમ્યગ્ દૃષ્ટિને તો रागादिभावानामभावेन - રાગાદિ ભાવોના અસદ્ભાવે કરીને - હોવાપણાએ કરીને बंधनिमित्तमभूत्वा - બંધનું નિમિત્ત - કારણ ન થઈને, केवलमेव निर्जीर्यमाणो जीर्ण सन् - કેવલ જ નિર્જીર્યમાણ - નિર્જરાઈ રહેલો જીર્ણ સતો, निर्जरैव स्यात् - નિર્જરા જ હોય. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१९४॥

| | |
|---|---|
| મિથ્યાદૃષ્ટિને | પણ સમ્યગ્ દૃષ્ટિને તો |
| રાગાદિ ભાવોના સદ્ભાવથી | રાગાદિ ભાવોના અભાવથી |
| બંધનિમિત્ત થઈને | બંધનિમિત્ત ન થઈને |
| નિર્જીર્યમાણ (નિર્જરાતો) પણ અજીર્ણ સતો | કેવલ જ નિર્જીર્યમાણ (નિર્જરાતો) જીર્ણ સતો |
| બંધ જ હોય | **નિર્જરા જ હોય. ૧૯૪** |

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"એક ભોગ ભોગવે છે છતાં કર્મની વૃદ્ધિ નથી કરતો અને એક ભોગ નથી ભોગવતો છતાં કર્મની વૃદ્ધિ કરે છે - એ આશ્ચર્યકારક પણ સમજવા યોગ્ય કથન છે."

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭ (સૂત્ર-૬), ૧૨૧**

**સુખ દુઃખ વેદતાં મિથ્યાદૃષ્ટિને બંધ : સમ્યગ્દૃષ્ટિને નિર્જરા**

આગલી ગાથામાં દ્રવ્ય નિર્જરાનું સ્વરૂપ આવેદ્યું - કહી દેખાડ્યું, અહીં ભાવ નિર્જરાનું સ્વરૂપ આવેદ્યું છે - સંક્ષેપમાં કહ્યું છે - અને પરમ ભાવિતાત્મા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** તેમની લાક્ષણિક શૈલીમાં વૈધર્મ્ય તુલનાનો બિંબ-પ્રતિબિંબ ભાવ સાંગોપાંગ વિવરી દેખાડી તેનું અપૂર્વ નિષ્તુષ વ્યાખ્યાન કર્યું છે - પરદ્રવ્ય જ્યારે ઉપભોગવવામાં આવી રહ્યું હોય છે, ત્યારે સ્ફુટપણે તન્નિમિત્ત - 'तन्निमित्तः' - તેના નિમિત્તે સુખરૂપ વા દુઃખરૂપ એવો જીવનો ભાવ નિયમથી જ ઉદય પામે છે. શાથી ? વેદનાના સાત - અસાત વિકલ્પના અનતિક્રમણથી - અનુલ્લંઘનથી, વેદના સાત કે અસાત વિકલ્પનું અતિક્રમણ - ઉલ્લંઘન નથી કરતી તેથી - वेदनायाः सातासातविकल्पानतिक्रमणेन' - અને તે સુખરૂપ વા દુઃખરૂપ એવો જીવનો ભાવ જ્યારે વેદાય છે, ત્યારે **મિથ્યાદૃષ્ટિને** રાગાદિ ભાવોના **સદ્ભાવથી** - હોવાપણાથી બંધનું નિમિત્ત થઈને નિર્જરાઈ રહેલો પણ અજીર્ણ સતો - ન જીર્ણ થયેલો હોઈ **બંધ જ હોય**, પરંતુ **સમ્યગ્ દૃષ્ટિને** તો રાગાદિ ભાવોના અભાવથી - નહિ હોવાપણાથી બંધનું નિમિત્ત ન થઈને, કેવલ જ નિર્જરાઈ રહેલો તે જીર્ણ સતો - જીર્ણ થયેલો હોઈ **નિર્જરા જ હોય**. હવે આ વ્યાખ્યાને વિશેષપણે વિચારીએ -

**રાગાદિ સદ્ભાવે બંધ : રાગાદિ અભાવે નિર્જરા**

પરદ્રવ્ય ઉપભોગવવામાં આવે છે ત્યારે 'તન્નિમિત્ત' - તે પરદ્રવ્યના નિમિત્તકારણે ઉપજતો સુખરૂપ વા દુઃખરૂપ એવો જીવનો ભાવ 'નિયમથી જ' ઉદય પામે છે, કારણકે તે પરદ્રવ્યના ઉપભોગની જે 'વેદના' - સંવેદના - અનુભૂતિ છે, તે વેદનાને સાત - અસાત વિકલ્પનું અનતિક્રમણ - અનુલ્લંઘન છે, અર્થાત્ જ્યારે પરદ્રવ્ય ઉપભોગવાય છે, ત્યારે તેના નિમિત્તે કાંતો સાતા રૂપ ને કાંતો અસાતા રૂપ ભાવ એ બે માંથી કોઈ પણ એક વિકલ્પ વેદાયા-અનુભવાયા વિના રહેતો નથી, એટલે પરદ્રવ્ય ઉપભોગ નિમિત્તે, 'વેદનાના સાત-અસાત વિકલ્પના અનતિક્રમણથી' - અનુલ્લંઘનથી, સાતા સંવેદનરૂપ - સુખરૂપ અથવા અસાતા સંવેદન રૂપ - દુઃખરૂપ, એવો 'જીવનો ભાવ' નિયમથી જ - અવશ્યમેવ ઉદય પામે છે અને તે જ્યારે વેદાય છે ત્યારે પરભાવમાં જેને આત્મભાવની દૃષ્ટિ - બુદ્ધિરૂપ મિથ્યા દૃષ્ટિ વર્ત્તે છે એવા **મિથ્યાદૃષ્ટિને** રાગાદિ ભાવોના **સદ્ભાવથી** - હોવાપણાથી 'रागादि भावानां सद्भावेन', તે વેદાઈ રહેલો સુખરૂપ વા દુઃખરૂપ ભાવ 'બંધ નિમિત્ત થઈને' - બંધકારણ થઈને, 'નિર્જીયમાણ' - નિર્જરાતો - નિર્જરાઈ રહેલો છતાં 'અજીર્ણ' - નહિ જીર્ણ થયેલો હોઈ, निर्जीर्यमाणोप्यजीर्ण सन्, બંધ જ હોય. પણ આથી ઉલટું આત્મભાવમાં જ જેને આત્મભાવની દૃષ્ટિ - બુદ્ધિ રૂપ સમ્યક્ દૃષ્ટિ વર્ત્તે છે એવા **સમ્યગ્ દૃષ્ટિને** 'રાગાદિ ભાવોના અભાવથી' - रागादिभावनामभावेन - રાગ-દ્વેષ-મોહ ભાવના નહિ હોવાપણાથી, તે વેદાઈ રહેલો સુખરૂપ વા દુઃખરૂપ ભાવ 'બંધ નિમિત્ત ન

થઈને' - બંધ કારણ ન થઈને, કેવલ જ 'નિર્જર્યમાણ' - નિર્જરાતો - નિર્જરાઈ રહેલો જીર્ણ સતો - 'केवलमेव निर्जर्यमाणो जीर्ण सन्', નિર્જરાજ હોય. અર્થાત્ મિથ્યાદૃષ્ટિને રાગ-દ્વેષ-મોહ ભાવનું હોવાપણું છે, એટલે સાતા-અસાતા રૂપ સુખ-દુઃખ ભાવ વેદાય છે, ત્યારે તેને તે વેદાતો સુખ-દુઃખ ભાવ - સુખ દુઃખના મૂળ અધિષ્ઠાન ઉપાદાન રૂપ આત્માનું ભાન નહિ હોઈ, તે નિમિત્ત માત્ર પરદ્રવ્યને જ સુખ દુઃખનું મૂળ અધિષ્ઠાન માની બેસવાથી - નિમિત્ત રૂપ પરદ્રવ્ય પ્રત્યે ઈષ્ટાનિષ્ટ બુદ્ધિને લીધે નવા બંધનું નિમિત્ત કારણ બને છે, તેથી કરીને રાગાદિ ભાવોના હોવાપણાથી તે સુખ દુઃખ રૂપ ભાવ નિર્જરાતો નિર્જરાતો છતો પણ અજીર્ણ હોઈ બંધ જ હોય. પણ સમ્યગ્દૃષ્ટિને તો રાગ-દ્વેષ-મોહ ભાવનું હોવાપણું છે નહિ, એટલે સાતા-અસાતા રૂપ સુખ દુઃખ ભાવ વેદાય છે ત્યારે, તેને તે વેદાતો સુખ દુઃખ ભાવ - પરદ્રવ્ય તો નિમિત્ત માત્ર હોઈ ઉપાદાન આત્માને જ સુખ દુઃખનું મૂળ અધિષ્ઠાન (main fountain-store) જાણવાથી - નિમિત્ત માત્ર પરદ્રવ્ય પ્રત્યે ઈષ્ટાનિષ્ટ બુદ્ધિના અભાવને લીધે નવા બંધનું કારણ બનતો નથી, તેથી કરીને રાગાદિ ભાવોના નહિ હોવાપણાથી તે સુખ દુઃખ રૂપ ભાવ કેવલ જ - માત્ર જ નિર્જરાતો નિર્જરાતો જીર્ણ જ હોઈ, વેદાઈને ખરી જવારૂપ - નિર્જરી જવા રૂપ નિર્જરા જ હોય.

''જ્ઞાની કે અજ્ઞાની જન, સુખ દુઃખ રહિત ન કોય;

જ્ઞાની વેદે ધૈર્યથી, અજ્ઞાની વેદે રોય.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી, (અં. ૧૫)**

''નવા કર્મ બાંધવા નહીં અને જુનાં ભોગવી લેવાં, એવી જેની અચળ જિજ્ઞાસા છે તે તે પ્રમાણે વર્તી શકે છે.''

''જ્ઞાની ઉદયને જાણે છે, પણ શાતા અશાતામાં તે પરિણમતા નથી.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮, ૮૬૪**

**જ્ઞાની-અજ્ઞાનીની દૃષ્ટિ - વૃત્તિમાં ફેર**

જ્યાં લગી દ્રવ્યકર્મ છે ત્યાં લગી નોકર્મ-શરીર છે અને જ્યાં લગી નોકર્મ-શરીર છે ત્યાં લગી પાંચ ઈંદ્રિયનું સંવરણ છતાં પણ કંઈ ને કંઈ ઈંદ્રિય ભોગ છે. તે ઉપભોગ માત્ર વા તેથી ઉપજતું સુખ દુઃખ માત્ર બંધનું કારણ નથી. બંધનું કારણ તો તે પરદ્રવ્ય ઉપભોગ નિમિત્તે સુખ દુઃખ વેદતાં જે રાગ-દ્વેષ-મોહરૂપ ભાવકર્મ ઉત્પન્ન થાય તે જ છે, બંધનું કારણ તો તેમાં જે આસક્તિ અથવા ઈષ્ટાનિષ્ટ બુદ્ધિ ઉપજે તે જ છે. શુભ વિષયમાં ઈષ્ટપણું, અશુભ વિષયમાં અનિષ્ટપણું એવી જે ઈષ્ટાનિષ્ટ બુદ્ધિ તે જ બંધનું મુખ્ય કારણ છે. અજ્ઞાનીને સુખરૂપ માની લીધેલા પરદ્રવ્ય વિષય પ્રત્યે રાગરૂપ ઈષ્ટ બુદ્ધિ અને દુઃખરૂપ માની લીધેલા પરદ્રવ્ય વિષય પ્રત્યે દ્વેષરૂપ અનિષ્ટ બુદ્ધિ હોય છે, એટલે રાગ-દ્વેષ-મોહ રૂપ ભાવકર્મના ઉપજવાપણાને લીધે તે બંધાય છે, જ્ઞાનીને સુખ નિમિત્ત માત્ર પરદ્રવ્ય વિષય પ્રત્યે રાગરૂપ ઈષ્ટબુદ્ધિ અને દુઃખ નિમિત્ત માત્ર પરદ્રવ્ય વિષય પ્રત્યે દ્વેષરૂપ અનિષ્ટ બુદ્ધિ હોતી નથી, એટલે રાગ-દ્વેષ-મોહ રૂપ ભાવકર્મના નહિ ઉપજવાપણાને લીધે તે બંધાતો નથી. અજ્ઞાનીને ભોગાભિલાષ વૃત્તિ હોય છે, જ્ઞાનીને ભોગાભિલાષ નિવૃત્તિ હોય છે. અજ્ઞાનીને ભોગાસક્તિ હોય છે, જ્ઞાનીને ભોગ વિરક્તિ હોય છે. અજ્ઞાનીને નિરંતર ભોગ સેવનની વાસના હોય છે, જ્ઞાનીને સદા ભોગત્યાગની ભાવના હોય છે. અજ્ઞાનીને વિષય-કદન્ન ભોગ પ્રાપ્તિના મનોરથ ઉલ્લસ્યા કરે છે, જ્ઞાનીને ચારિત્ર-પરમાન્નનીજ ભોગ રમણતા વિલસ્યા કરે છે.

**અજ્ઞાનીના વિષય કદન્નના મનોરથ**

વિષયોને ખરેખર ! 'કદન્ન'ની (દુષ્ટ કુત્સિત ભોજનની) ઉપમા આપી છે તે યથાર્થ છે, કારણકે ઉપમિતિ ભવપ્રપંચા કથામાં કહ્યું છે તેમ - 'સંસારને વિષે પર્યટન કરતા આ જીવના જે આ શબ્દાદિ વિષયો અને જે આ બંધુવર્ગ - ધન - સુવર્ણાદિ અને જે ક્રીડા-વિકથા આદિ અન્ય પણ સંસારકારણ હોય, તે ગૃદ્ધિહેતુપણાથી રાગાદિ ભાવરોગોના કારણપણાને લઈને અને કર્મસંચય રૂપ મહા અજીર્ણના નિમિત્તપણાને લઈને કદન્ન જાણવા યોગ્ય છે.' એવી તે કદન્ન રૂપ ભિક્ષા ભક્ષણ કરવા ઈચ્છતો વિષય

બુભુક્ષુ - વિષયનો ભિખારી અજ્ઞાની જીવ નાના પ્રકારના વિષયો સંબંધી મનોરથો સેવ્યા કરે છે - યાવત્ તે ચક્રવર્તીપણાના મનોરથ પણ કરે છે અને વિષયનો ભિખારી આ ચક્રવર્તી પણ 'ભગવાન્ સત્સાધુઓને ક્ષુદ્ર રંક જેવો પ્રતિભાસે છે, તો પછી શેષ અવસ્થાઓનું તો પૂછવું જ શું ?' કારણકે ગમે તેટલી વિષય પ્રાપ્તિથી આ વિષયના ભિખારીની વિષયની ભૂખ ભાંગતી નથી, પણ ઉલટી વધતી જાય છે - જેનું સુંદર શબ્દચિત્ર **મહાત્મા સિદ્ધર્ષિજીએ** ત્યાં **'ઉપમિતિ ભવપ્રપંચા કથા'**માં આલેખ્યું છે.

આમ વિષય તૃષ્ણાકુલ વિષય ભિખારી અજ્ઞાની વિષય-કદન્નના મનોરથ સેવે છે, પણ ચારિત્ર-પરમાન્નના રસીયા જ્ઞાનશ્રીસંપન્ન શ્રીમંત જ્ઞાની તો 'વિષય વાસના ત્યાગો ચેતન'ની જ ભાવના ભાવે છે. જેમકે - પાંચે ઈંદ્રિયના વિષયભોગ પરિણામે અત્યંત દુઃખદાયી છે. 'જે આપાતમાત્રે - આરંભ માત્રે સુખદાયક લાગે છે, તે વિષય ભોગ વિપાકે કિંપાક ફલ જેવા દારુણ પરિણામી છે. આ ભોગ ખરેખર ! સાપની ફેણ* જેવા આત્મઘાતી છે. વિષયમાં ને કાલકૂટ વિષમાં મેરુ ને સર્ષવ જેટલું અંતર છે.' એકેક ઈંદ્રિયને પરવશપણાથી હાથી* આદિને પ્રાપ્ત થતા આ પ્રત્યક્ષ ભયંકર પરિણામ તું જો ! સ્પર્શનેંદ્રિયને વશ થવાથી મદોન્મત્ત હાથી પણ બંધન પામે છે, રસનેંદ્રિયને વશ થવાથી માછલું ગલની લાલચે આરમાં સપડાઈ પસ્તાય છે, ઘ્રાણેંદ્રિયને વશ થવાથી ભમરો કમળમાં પૂરાઈ જઈ પ્રાણાંત દુઃખ પામે છે, ચક્ષુ ઈંદ્રિયને વશ થવાથી પતંગીઓ દીપકમાં ઝંપલાવી બળી મરે છે, શ્રોત્રેંદ્રિયને વશ થવાથી મૃગલાં પારધિની જાલમાં સપડાઈ નાના પ્રકારના દુઃખ અનુભવે છે. આમ એકેક ઈંદ્રિય વિષયના પરવશપણાથી પ્રાણી દારુણ વિપાક પામે છે, તો પછી પાંચે ઈંદ્રિય જ્યાં મોકળી હોય, ત્યાં પાંચે ઈંદ્રિયના પ્રબળપણાથી તો કેટલું બધું દુઃખ થાય ? માટે હે સચ્ચિદાનંદ આત્મન્ ! તું વિષય વાસના છોડીને નિજ સ્વભાવમાં સ્થિતિ કર !

**જ્ઞાનીની ભાવના : 'વિષય વાસના ત્યાગો ચેતન !'**

''મનમથ વશ માતંગ જગત મેં, પરવશતા દુઃખ પાવે રે,
રસના લુબ્ધ હોય ઝખ મૂરખ, જાળ પડ્યો પછતાવે રે...
વિષય વાસના ત્યાગો ચેતન, સાચે મારગ લાગો રે.
ઘ્રાણ સુવાસ કાજ સુન ભમરા, સંપુટ માંહે બંધાવે રે,
તે સરોજ સંપુટ સંયુત ફુન, કરટીકે મુખ જાવે રે... વિષય વાસના.
રૂપ મનોહર દેખ પતંગા, પડત દીપમાં જાઈ રે,
દેખો યાકું દુઃખ કારન મેં, નયન ભયે હૈ સહાઈ રે... વિષય વાસના.
શ્રોત્રેંદ્રિય આસક્ત મિરગલા, છિનમેં શિશ કટાવે રે,
એક એક આસક્ત જીવ એમ, નાનાવિધ દુઃખ પાવે રે... વિષય વાસના.
પંચ પ્રબળ વર્તે નિત્ય, જાકું, તાકું કહા જ્યું કહીએ રે ?
**ચિદાનંદ** એ વચન સુણીને, નિજ સ્વભાવમેં રહીએ રે... વિષય વાસના.'' - **શ્રી ચિદાનંદજી**

વળી તે ભાવે છે - હે ચેતન ! આ અનાદિ સંસારમાં તેં અનેકવારદેવલોકાદિના અનંત સુખ ભોગવ્યા, છતાં તને તૃપ્તિ ઉપજી નથી અને હજુ ભુખાળવાની જેમ જાણે કોઈ દિવસ દીઠા ન હોય

* ''भोगा भुजङ्गभोगाभाः सद्यः प्राणापहारिणः ।
सेव्यमानाः प्रजायन्ते संसारे त्रिदशैरपि ॥
न हि केनाप्युपायेन जन्मजातङ्कसंभवा ।
विषयेषु महातृष्णा पश्य पुंसां प्रशाम्यति ॥'' - શ્રી શુભચંદ્રાચાર્યજી કૃત શ્રી જ્ઞાનાર્ણવ

* ''करिझषमधुपा रे शलभमृगादयो, विषयविनोदरसेन ।
हंत लभंते रे विविधा वेदना, बत परिणतिविरसेन ॥
परिहरणीया रे सुकृतिभिराश्रवाः ।'' - શ્રી વિનયવિજયજી કૃત શાંતસુધારસ

એમ તું આ મનુષ્ય લોકના તુચ્છ કામભોગની વાંચ્છા કરે છે ! તો તેથી તને શી રીતે તૃપ્તિ ઉપજશે ? સાગર જલથી જે તૃષા નથી છીપી, તે ગાગર જલથી કેમ છીપશે ?

**જ્ઞાનીનો વિષય વૈરાગ્ય**

પાણીના પૂરથી સમુદ્ર કોઈ રીતે તૃપ્તિ પામે, ઈંધનોથી અગ્નિ તૃપ્તિ પામે,* પણ અતિ ચિરકાળ ભોગવેલ અનંત કામભોગથી પણ પ્રાણી તૃપ્તિ પામતો નથી, માટે આવા તૃષ્ણા-તાપ ઉપજાવનારા દારુણ વિષય સુખથી સર્યું ! આમ આ પુદ્ગલભોગ સર્વથા અશુચિ, અનિત્ય, દુઃખમય અને તૃષ્ણા તાપ ઉપજાવનાર છે અને ત્હારૂં સ્વરૂપ તો હે ચેતન ! પરમ શુચિ, નિત્ય, પરમ સુખમય ને આત્મતૃપ્તિ જન્ય પરમ શાંતિ ઉપજાવનારૂં છે, માટે તું પરપરિણતિ રસ રૂપ પુદ્ગલ ભોગની આસક્તિ છોડી દે, ને સ્વસ્વરૂપ રસના ભોગનો આસ્વાદ લે ! ઈત્યાદિ પ્રકારે વિષય વૈરાગ્ય ભાવના જેના હૃદયમાં સદોદિત વર્ત્તે છે એવા જ્ઞાનીને ક્વચિત્ પૂર્વ પ્રારબ્ધોદય જનિત ઉપભોગ પણ બંધ નિમિત્ત ન થતાં નિર્જરા જ થાય એમાં શું આશ્ચર્ય ?


"હું છોડી નિજ રૂપ રમ્યો પર પુદગલે, ઝીલ્યો ઉલટ આણી વિષય તૃષ્ણા જલે !
આશ્રવ બંધ વિભાવ કરૂં રુચિ આપણી, ભૂલ્યો મિથ્યાવાસ દોષ દઉં પર ભણી...
વિહરમાન ભગવાન ! સુણો મુજ વિનતિ."
"ત્યાગીને સહુ પરપરિણતિ રસ રીઝ જો, જાગી છે નિજ આતમ અનુભવ ઈષ્ટતા રે લો.
સહેજે છૂટી આશ્રવ ભાવની ચાલ જો, જાલિમ એ પ્રગટી છે સંવર શિષ્ટતા રે લો. જગતદિવાકર."

- શ્રી દેવચંદ્રજી

"જે વિદ્યાથી જીવ કર્મ બાંધે છે, તે જ વિદ્યાથી જીવ કર્મ છોડે છે."

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૫૩, (વ્યાખ્યાન સાર)

આકૃતિ




* "विषयैः क्षीयते कामो नेंधनैरिव पावकः ।
प्रत्युतप्रोल्लसच्छक्ति भूय एवोपवर्द्धते ॥
अप्राप्तत्वभ्रमादुच्चैरवाप्तेष्वप्यनंतशः ।
कामभोगेषु मूढानां समीहा नोपशाम्यति ॥" - શ્રી યશોવિજયજી કૃત 'અધ્યાત્મસાર'

હવે **આચાર્યવર્ય અમૃતચંદ્રજી** નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો ઉત્થાનિકા **સમયસાર કળશ** (૨) પ્રકાશે છે -

अनुष्टुप्

**तद् ज्ञानस्यैव सामर्थ्यं विरागस्य च वा किल ।**
**यत्कोऽपि कर्मभिः कर्म भुंजानोऽपि न बध्यते ॥१३४॥**

તે જ્ઞાનનું જ સામર્થ્ય, ને વિરાગનું વા ખરે !
જે કોઈ કર્મથી કર્મ, ભોગતાં ય બંધાય ના. ૧૩૪

## અમૃત પદ-(૧૩૪)

જ્ઞાન તણું સામર્થ્ય તેહ છે, વા વૈરાગ્ય તણું જ ખરે !
કર્મોથી જે કર્મ ભોગ'તાં, કોઈ ન બંધન સ્પર્શ કરે... જ્ઞાનતણું સામર્થ્ય. ૧
ભોગી છતાં યે યોગી એ તો, જ્ઞાની સાચો જેહ ઠરે,
ભગવાન અનુભવ **અમૃત** સિંધુ, નિત્ય નિમજ્જન તેહ કરે... જ્ઞાનતણું સામર્થ્ય. ૨

**અર્થ** - તે ખરેખર ! જ્ઞાનનું જ સામર્થ્ય છે અને અથવા વિરાગનું જ સામર્થ્ય છે, કે જે કોઈ પણ કર્મોથી કર્મ ભોગવતાં છતાં બંધાતો નથી !

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાન વૈરાગ્ય સાથે અને વૈરાગ્ય જ્ઞાન સાથે હોય છે, એકલાં ન હોય.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૬૪**

''મહિમા સમ્યક્ જ્ઞાન કી, અરુ વિરાગ બલ જોઈ,
ક્રિયા કરત ફલ ભુંજતૈં, કરમ બંધ નહિ કોઈ.'' - **શ્રી બના. કૃત સ.સા. નિર્જરા અ. ૩**

**જ્ઞાની અબંધ : જ્ઞાનનું સામર્થ્ય વા વૈરાગ્યનું સામર્થ્ય**

પરમર્ષિ **અમૃતચંદ્રજીએ** આ પછીની ગાથાના ભાવનું સૂચન કરતો આ પરમ તત્ત્વ નિષ્કર્ષ રૂપ ઉત્થાનિકા કળશ પ્રકાશ્યો છે - यत्कोऽपि कर्मभिः कर्म भुंजानोऽपि न बध्यते - કોઈ કર્મો વડે કર્મ ભોગવતાં છતાં જે બંધાતો નથી, તે ખરેખર ! કાં તો જ્ઞાનનું જ સામર્થ્ય છે, કાં તો વિરાગનું જ સામર્થ્ય છે, અથવા જ્ઞાન-વૈરાગ્ય એ બન્નેનું સામર્થ્ય છે - तद् ज्ञानस्यैव सामर्थ्यं विरागस्य च वा किल । અર્થાત્ 'કર્મોથી' - મન-વચન-કાયાની નાના પ્રકારની ઉપભોગાદિ ક્રિયાથી 'કર્મને' - નાના પ્રકારના પૂર્વ કર્મના ઉદય રૂપ કર્મને 'કોઈ' - અકળ સ્વરૂપવાળો વિરલો જ્ઞાની ભોગવે છે, છતાં કર્મોથી બંધાતો નથી ! - એ પરમ આશ્ચર્યકારી અદ્ભુત ઘટનાનું રહસ્ય એ છે, કે તે તેમ બનવા પામે છે તે જ્ઞાનના જ સમર્થપણાને લઈને અને (અથવા) 'વિરાગ'ના જ - વીતરાગ ભાવના જ સમર્થપણાને લઈને બનવા પામે છે.

**આકૃતિ**

| જ્ઞાન વા વૈરાગ્યનું સામર્થ્ય | → | કર્મ ભોગવતાં છતાં કર્મથી ન બંધાય !! |

**બનારસીદાસજીએ આપેલા સમ દૃષ્ટાંત**

**પરમાર્થ મહાકવિ અમૃતચંદ્રજીના** આ તત્ત્વ અમૃતસંભૂત કળશના બીજભૂત ભાવને સમ દૃષ્ટાંતથી ઓર બહલાવીને કવિવર **બનારસીદાસજી** પોતાની અનન્ય લાક્ષણિક શૈલીથી કવે છે કે - (૧) જેમ રાજા **'કૌતુક સ્વરૂપ'** - કુતૂહલ સ્વરૂપ નીચ કર્મ કરે તે ભલે 'કૌતુકી' - કુતૂહલી કહેવાય, પણ તે રાજાને રંક કોણ કહે ? (૨) જેમ વ્યભિચારિણી વ્યભિચાર વિચારે છે, તેનો જારમાં જ પ્રેમ છે ને

ભર્તાથી - પતિથી તેનું ચિત્ત 'વાંકું' - વક્ર છે - આડું ગમન કરનારૂં છે, (૩) જેમ ધાવ માતા બાલકને ધવરાવે છે, લાલન-પાલન કરે છે અને તે બાલક જો કે તેના 'અંકમાં' - ખોળામાં - ઉત્સંગમાં છે છતાં તેને 'ઓરનું' - પારકાનું બાલક જાણે છે, તેમ જ્ઞાનવંત 'નાના ભાંતિ' - નાના પ્રકારના 'કરતૂત' - કૃત્ય કરે છે, પણ તે તે ક્રિયાને 'ભિન્ન' - આત્માથી જૂદી માને છે, જેથી કરીને તે 'નિકલંક' - નિષ્કલંક છે, કોઈ પણ પ્રકારના કર્મ કલંકથી રહિત છે, તેમજ - (૪) જેમ રાત દિવસ કમલ 'પંકમાં જ' - કાદવમાં જ રહે છે, તેથી તે 'પંકજ' (પંકમાં જન્મેલ) કહેવાય છે, પણ તે 'પંકજ'ની અંદર જરા પણ 'પંક' નથી, (૫) જેમ મંત્રવાદી 'વિષધર' પાસે - ઝેરી નાગ પાસે 'ગાત્ર ગ્રહાવે છે' - પોતાનું અંગ કરડાવે છે, પણ મંત્રની શક્તિને લીધે તે વિષડંખ વિનાનો હોય છે, (૬) જેમ જીભ 'ચિકનાઈ' - ચીકાશ ગ્રહે છે છતાં અંગે પોતે 'રૂક્ષ' - લૂખી ને લૂખી જ રહે છે, (૭) જેમ 'કનક' પાનીમાં કોઈકો અટંક હોય છે : - તેમ જ્ઞાનવંત 'કરતૂત' - કૃત્ય કરે છે, પણ તે તે ક્રિયાને 'ભિન્ન' - આત્માથી જૂદી માને છે, જેથી કરીને તે 'નિકલંક' - નિષ્કલંક છે, કોઈ પણ પ્રકારના કર્મ કલંકથી રહિત છે - 'તૈસે જ્ઞાનવંત નાનાભાંતિ કરતૂતિ ઠાનિ, કિરિયાકૌ ભિન્ન માનૈ યાતે નિકલંક હૈ.''

**- અમૃતચંદ્રજીના** અમૃત ભાવે ઝીલતું **બનારસીદાસજીનું** અમર કવન આ રહ્યું -

''જૈસૈં ભૂપ કૌતુક સરૂપ કરૈ નીચ કર્મ, કૌતુકી કહાવૈ તાસૌ કૌન કહે રંક હૈ ?
જૈસૈં વિભયારિની વિચારૈ વિભચાર વાકૌ, જારહીસૌં પ્રેમ ભરતા સૌં ચિત બંક હૈ,
જૈસૈં ધાઈ બાલક ચુંઘાઈ કરૈ લાલિ પાલિ જાનૈ તાહિ ઔર કો જદપિ વાકે અંક હૈ,
તૈસૈ ગ્યાનવંત નાના ભાંતિ કરતૂતિ ઠાનૈ, કિરિયા કૌ ભિન્ન માનૈ યાતે નિકલંક હૈ.
જૈસૈ તૈં નિસવાસર કમલ રહૈ પંક હી મૈં, પંકજ કહાવૈ પૈ ન વાકે ઢિગ પંક હૈ,
જૈસૈં મંત્રવાદી વિષધરસૌં ગહાવે ગાત, મંત્રકી સકતિ વાકે વિના વિષ ડંક હૈ,
જૈસૈં જીભ ગહૈ ચિકનાઈ રહૈ રૂખે અંગ, પાની મેં કનક જૈસૈં કાઈકો અટંક હૈ,
તૈસૈં ગ્યાનવંત નાના ભાંતિ કરતૂતિ ઠાનૈ, કિરિયા કૌ ભિન્ન માનૈ યાતે નિકલંક હૈ.''

**- શ્રી બનારસીદાસજી કૃત સ.સા.ના. નિર્જરા અ. ૪-૫**

**પાપ સખા ભોગ**

આમ કૌતુકી રાજાની જેમ, વ્યભિચારિણીની જેમ, ધાવ માતાની જેમ, પંકજની જેમ, મંત્રવાદી ગારુડીની જેમ, જીભની જેમ, સોનાની જેમ, નાના વિધ કર્મ કરતાં છતાં તેથી ન્યારા અલેપ અસંગ રહેનારા જ્ઞાની કર્મ કલંકથી ખરડાતા નથી, તે તેમના જ્ઞાનનું જ સામર્થ્ય છે અથવા (અને) પરમ વૈરાગ્યનું જ સામર્થ્ય છે. કારણ આપણે ઉપરમાં વિસ્તારથી વિચાર્યું તેમ 'વિષય વાસના ત્યાગો ચેતન, સાચે માર્ગને લાગો રે.' એમ નિરંતર આત્માને ઉદ્‌બોધન કરનારા ભાવિતાત્મા જ્ઞાની સારી પેઠે જાણે છે કે - ભોગ પાપનો સખા છે, 'ખરેખર !* અલક્ષ્મીની જેની સખી છે એવી લક્ષ્મી બુદ્ધિમંતોને આનંદદાયક થતી નથી', તેમ પાપ જેનો સખા છે એવો ભોગ વિસ્તર પ્રાણીઓને આનંદદાયી થતો નથી.' અર્થાત્ ભોગની અને પાપની એવી ગાઢ મૈત્રી છે કે જ્યાં જ્યાં ભોગપ્રવૃત્તિ છે ત્યાં ત્યાં તેનો મિત્ર પાપ અવશ્ય હાજર હોય જ છે, એવા એ બન્નેનો અવિનાભાવી સંબંધ છે અને પાપથી તો દુઃખ જ છે, તો પછી જેનાથી પાછળમાં દુઃખ છે એવા પાપસખા ભોગથી સુખ કેમ થાય ? ઉલટું તે ભોગસુખ પ્રાપ્ત કરવા જતાં આત્માનું સુખ ટળે છે ને આત્માનું ક્ષણે ક્ષણે ભયંકર ભાવમરણ થાય છે. આવા પાપસખા ભોગની ઉત્પત્તિમાં પ્રાપ્તિમાં અને ઉપભોગમાં સર્વત્ર પાપ પાપ ને પાપ જ છે અને એટલા માટે જ આત્માર્થી મુમુક્ષુને સમસ્ત ભોગ પ્રવૃત્તિ રોગની જેમ વર્જ્ય જ છે. એમ જાણનારા સંવેગરંગી સમ્યક્‌દૃષ્ટિ જ્ઞાની સમસ્ત વિષયભોગ પ્રવૃત્તિથી સતત દૂર રહેવા પ્રયત્નશીલ રહે છે.

---

* ''न ह्यलक्ष्मीसखी लक्ष्मीर्यथानन्दाय धीमताम् ।
तथा पापसखा लोके देहिनां भोगविस्तरः ॥'' - શ્રી હરિભદ્રાચાર્યજી કૃત 'યોગદૃષ્ટિ સમુચ્ચય' શ્લો. ૧૫૯

''પર વસ્તુમાં નહિ મુંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહિ.
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો ?''

**- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત મોક્ષમાળા, પાઠ-૬૭**

''શીતલ ચંદનથી પણ ઉપનો, અગ્નિ દહે જિમ વનને રે,
ધર્મજનિત પણ ભોગ ઈહાં તિમ, લાગે અનિષ્ટ તે મનને રે.''

**- શ્રી યશોવિજયજી કૃત 'યોગદૃષ્ટિ સજ્ઝાય'**

**ધર્મજન્ય ભોગ પણ અનર્થ હેતુ : અપવાદ રૂપ સત્પુરુષો**

આવા પાપ સખા ભોગને જ્ઞાની ભુજંગના 'ભોગ' (ફેણ) જેવા અને રોગ જેવા ગણે છે, એટલું જ નહિ પણ ધર્મજનિત ભોગને પણ અનિષ્ટ માને છે. કારણકે 'ધર્મ થકી* પણ ઉપજેલો ભોગ પ્રાણીઓને પ્રાયે અનર્થ અર્થે થાય છે, ચંદન થકી પણ ઉપજેલો અગ્નિ દઝાડે જ છે.' અર્થાત્ ધર્મથી એટલે શુભ કર્મરૂપ ધર્મકૃત્યથી ઉપાર્જન કરેલ પુણ્યના ઉદયથી પણ દેવલોક-મનુષ્ય લોક આદિમાં જે ભોગ વિસ્તરની પ્રાપ્તિ થાય છે, તે પણ ઘણું કરીને પ્રાણીઓને અનર્થ રૂપ થઈ પડે છે, કારણકે તે તેવા પ્રકારે પ્રમાદ ઉપજાવે છે. અત્રે 'પ્રાયે' - ઘણું કરીને એમ કહ્યું છે તે શુદ્ધ ધર્મને આક્ષેપનારા - આકર્ષનારા એવા **પુણ્યાનુબંધી પુણ્ય** ફલના ભોગનો **અપવાદ** સૂચવવા માટે છે, કારણકે તેમાં પ્રમાદનો અયોગ હોય છે, આત્મસ્વરૂપના ભાનથી ભ્રષ્ટપણું હોતું નથી. તીર્થંકર આદિ ઉત્તમ સમ્યગ્દૃષ્ટિ પુરુષ વિશેષની વાત ન્યારી છે. તેઓને અચિંત્ય પુણ્ય સંભારથી તીર્થંકર પદવી આદિ પુણ્યફલ પ્રાપ્ત થાય છે અને ગૃહસ્થાવાસમાં પણ તેઓ પુણ્યાનુબંધી પુણ્યથી પ્રાપ્ત થયેલ ભોગ સામગ્રીનો ઉપભોગ લે છે, તો પણ તેઓનો તે ઉપભોગ અત્યંત **અનાસક્ત ભાવે** હોવાથી તેઓ બંધાતા નથી. જેમ સુક્કી ભીંત પર માટીનો ગોળો ચોંટતો નથી, તેમ નિઃસ્નેહ - અનાસક્ત એવા તેઓને કર્મબંધ થતો નથી, પણ નિર્જરા જ થાય છે, ને ભોગકર્મથી તે છૂટે છે. કારણકે ભોગ-પંકની મધ્યે રહ્યા છતાં તેઓ જલમાં કમલની જેમ સર્વથા અલિપ્ત જ રહે છે, એ એમનું આશ્ચર્યકારક ચિત્ર ચરિત્ર છે ! બીજા પ્રાકૃત સામાન્ય જનોને જે ભોગ બંધનું કારણ થાય છે, તે આ અસામાન્ય-અસાધારણ અતિશયવંત તીર્થંકરાદિ સમ્યગ્દૃષ્ટિ પુરુષવિશેષને નિર્જરાનું કારણ થાય છે ! એટલે સામાન્ય પ્રાકૃત કોટિના જનોનો નિયમ આવા અસામાન્ય પુરુષોત્તમોને લાગુ પડતો નથી. તેઓ તેમાં અપવાદ રૂપ (Exceptional) છે. 'Exception Proves the rule' - અપવાદ નિયમને સિદ્ધ કરે છે, એ અંગ્રેજી કહેવત અત્ર ઘટે છે. રાજમાર્ગે-ધોરીમાર્ગે તો સહુ કોઈ ચાલી શકે છે, પણ સાંકડી કેડી-એક પદી પર ચાલવું તે કોઈ વિરલાઓનું જ કામ છે. માટે આજન્મ પરમ વૈરાગી એવા તીર્થંકરાદિ ઉત્તમ સમ્યગ્દૃષ્ટિ પુરુષો ભોગ ભોગવતાં છતાં, તેમનું ચિત્ત તો 'ધર્મસાર જ' - ધર્મપ્રધાન જ હોય છે, આત્મધર્મની ભાવનાથી જ ભાવિત ને વાસિત હોય છે. એટલે આવા સમર્થ જ્ઞાન-વૈરાગ્ય સંપન્ન સમ્યગ્દૃષ્ટિ મહાત્માઓને ભોગ નિર્જરા હેતુ કેમ ન હોય ? નિર્જરા જ કેમ ન હોય ?

''રાગ ભરે જન મન રહો, પણ તિહું કાળ વૈરાગ,
ચિત્ત તુમારા રે સમુદ્રનો, કોઈ ન પામે હો તાગ... શ્રી શ્રેયાંસ કૃપા કરો.'' **- શ્રી યશોવિજયજી.**

---

* ''धर्मादपि भवन् भोगः प्रायोऽनर्थाय देहिनाम् ।
चन्दनादपि संभूतो दहत्येव हुताशनः ॥'' - શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય', શ્લો. ૧૬૦

હવે જ્ઞાન સામર્થ્ય દર્શાવે છે -

**जह विसमुवभुज्जंतो वेज्जो पुरिसो ण मरणमुवयादि ।**
**पोग्गलकम्मस्सुदयं तह भुंजदि णेव बज्झए णाणी ॥१९५॥**

વૈદ્ય મરણ જ્યમ ના લહે રે, વિષ ઉપભુંજંતાં ય;
ત્યમ પુદ્ગલ કર્મોદય ભોગવે રે, જ્ઞાની ન બંધાય... રે જ્ઞાની નિર્જરા નિત્ય કરંત. ૧૯૫

**અર્થ** - જેમ વિષને ઉપભોગવતો વૈદ્ય પુરુષ મરણ નથી પામતો, તેમ પુદ્ગલ કર્મના ઉદયને ભોગવે છે, (પણ) જ્ઞાની નથી જ બંધાતો. ૧૯૫

## आत्मख्याति टीका

अथ ज्ञानसामर्थ्यं दर्शयति -

**यथा विषमुपभुंजानो वैद्यः पुरुषो न मरणमुपयाति ।**
**पुद्गलकर्मण उदयं तथा भुंक्ते नैव बध्यते ज्ञानी ॥१९५॥**

| | |
|---|---|
| **यथा** कश्चिद्विष**वैद्यः** | **तथा** |
| परेषां मरणकारणं | अज्ञानिनां रागादिभावसद्भावेन बंधकारणं |
| **विषमुपभुंजानो**ऽपि | **पुद्गलकर्मोदयमुपभुंजानो**ऽपि |
| अमोघविद्यासामर्थ्येन | अमोघज्ञानसामर्थ्यात् |
| निरुद्धतच्छक्तित्वा- | रागादिभावानामभावे सति निरुद्धतच्छक्तित्वात् |
| **न्न म्रियते,** | **न बध्यते** ज्ञानी ॥१९५॥ |

## આત્મખ્યાતિ ટીકાર્થ

| | |
|---|---|
| **જેમ કોઈ વિષવૈદ્ય** | **તેમ જ્ઞાની** |
| પરોને મરણકારણ એવું | અજ્ઞાનીઓને રાગાદિ ભાવના સદ્ભાવથી બંધકારણ એવો |
| **વિષ ઉપભોગવતો છતાં,** | **પુદ્ગલ કર્મોદય ઉપભોગવતો છતાં,** |
| **અમોઘ વિદ્યા સામર્થ્યથી** | **અમોઘ જ્ઞાનસામર્થ્યથી** |
| તેની શક્તિના નિરુદ્ધપણાને લીધે | રાગાદિ ભાવોનો અભાવ સતે તેની શક્તિના નિરુદ્ધપણાને લીધે |
| **નથી મરતોઃ** | **નથી બંધાતો. ૧૯૫** |

---

**आत्मभावना -**

अथ - હવે ज्ञानसामर्थ्यं दर्शयति - **જ્ઞાનનું સામર્થ્ય - સમર્થપણું દર્શાવે છે** - यथा विषमुपभुंजानो वैद्यः पुरुषः - **જેમ વિષ ઉપભુંજતો** - ઉપભોગવતો વૈદ્ય પુરુષ मरणं न उपयाति - **મરણને નથી પામતો,** तथा ज्ञानी - **તેમ જ્ઞાની** पुद्गलकर्मण उदयं भुंक्ते - **પુદ્ગલ કર્મના ઉદયને ભોગવે છે, (પણ)** नैव बध्यते - **બીજ બંધાતો.** ॥ इति **गाथा** आत्मभावना ॥१९५॥

यथा कश्चिद् विषवैद्यः - **જેમ કોઈ વિષવૈદ્ય** परेषां मरणकारणं - **પરોને - બીજાઓને મરણકારણ એવું** विषमुपभुंजानोऽपि - **વિષ ઉપભુંજતો** - ઉપભોગવતો છતાં, न म्रियते - **નથી મરતો, શાને લીધે ?** अमोघविद्यासामर्थ्येन निरुद्धतच्छक्तित्वात् - **અમોઘ - અચૂક - અવંધ્ય વિદ્યાના સામર્થ્યથી - સમર્થપણાથી 'નિરુદ્ધ' -**

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''પૂર્ણ જ્ઞાની શ્રી ઋષભદેવાદિ પુરુષોને પણ પ્રારબ્ધોદય ભોગવ્યે ક્ષય થયો છે.''

''અવિષમ પરિણામથી જેમણે કાળકૂટ વિષ પીધું એવા શ્રી ઋષભાદિ પરમ પુરુષોને નમસ્કાર-પરિણામમાં તો જે અમૃત જ છે, પણ પ્રથમ દશાએ કાળકૂટ વિષની પેઠે મુંઝવે છે એવા શ્રી સંયમને નમસ્કાર.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૯૪, ૫૮૮, ૮૦૮**

અત્રે શાસ્ત્રકર્ત્તાએ વિષવૈદ્યના દૃષ્ટાંતથી જ્ઞાનનું સામર્થ્ય દર્શાવ્યું છે અને આ દૃષ્ટાંતનો બિંબ પ્રતિબિંબ ભાવ સાંગોપાંગ વિવરી દેખાડી 'આત્મખ્યાતિ'સૂત્રકર્ત્તાએ આનું પરમાર્થ ગંભીર અનન્ય વ્યાખ્યાન કર્યું છે. તેનો ભાવાર્થ આ પ્રકારે -

જેમ કોઈ 'વિષ વૈદ્ય' - વિષમય ઝેરી ઔષધિનો ચિકિત્સક છે, તે પરોને - બીજાઓને જે મરણનું કારણ થાય એવું વિષ - ઝેર ઉપભોગવતાં છતાં, નથી મરતો, શાને લીધે ?

**જ્ઞાનનું અમોઘ સામર્થ્ય : વિષવૈદ્યનું દૃષ્ટાંત**

'અમોઘ વિદ્યા સામર્થ્યથી નિરુદ્ધ તત્ શક્તિપણાને લીધે' - अमोघविद्या सामर्थ्येन निरुद्धतत्छक्तित्वात्, વિષનો ઉતાર કર્યા વિના રહે નહિ એવા 'અમોઘ' - અચૂક - અવંધ્ય 'વિદ્યા સામર્થ્યથી' - વિદ્યા પ્રભાવથી - વિદ્યા શક્તિથી - વિદ્યા બલથી તે વિષની શક્તિના 'નિરુદ્ધપણાને લીધે' - નિતાંતપણે સર્વથા રુંધાઈ જવાપણાને લીધે. તેમ 'જ્ઞાની' - આત્મજ્ઞાન જેને ઉપજ્યું છે એવો જ્ઞાની, 'અજ્ઞાનીઓને' - આત્મ અજ્ઞાનીઓને જે રાગાદિ ભાવોના સદ્‌ભાવથી - હોવાપણાથી - 'रागादिभावसद्भावेन बंधकारणं' - બંધનું કારણ થાય એવો પુદ્‌ગલ કર્મોદય ઉપભોગવતાં છતાં, નથી બંધાતો, શાને લીધે ? 'અમોઘ જ્ઞાન સામર્થ્ય થકી રાગાદિ ભાવોનો અભાવ સતે નિરુદ્ધ તત્ શક્તિપણાને લીધે' - કર્મ વિષનો ઉતાર કર્યા વિના રહે નહિ એવા 'અમોઘ' - અચૂક - અવંધ્ય 'જ્ઞાન સામર્થ્ય થકી' - જ્ઞાન પ્રભાવ થકી - જ્ઞાન શક્તિ થકી - જ્ઞાનબલ થકી રાગાદિ ભાવોનો અભાવ - નહિ હોવાપણું સતે તે પુદ્‌ગલ કર્મોદયની શક્તિના 'નિરુદ્ધપણાને લીધે' - નિતાંતપણે સર્વથા રુંધાઈ જવાપણાને લીધે - अमोघज्ञानसामर्थ्यात् रागादिभावानामभावे सति निरुद्धतत्छक्तित्वात् ।

**વિષનું 'મારણ'**

આત્મખ્યાતિકારની આ વ્યાખ્યા પરમ પરમાર્થગંભીર છે અને તે અતીવ ઉપયોગી હોવાથી તેનો મર્મ સમજવા વિશેષ વિચારણા કરીએ. વિષયને વિષની ઉપમા બરાબર ઘટે છે. વિષય એ જીવના આત્મસ્વરૂપને હણનારૂં ભયંકર વિષમ વિષ છે, બીજાં વિષ તો એકવાર જ મારે, પણ આ વિષય હાલાહલ તો અનંત જન્મમરણ કરાવી અનંતવાર મારે છે. વિષનું ભક્ષણ જે કરે છે તેનું અવશ્ય મરણ થાય છે, પણ જે વિષનું 'મારણ' જાણે છે તે વિષવૈદ્યનું ક્વચિત્ વિષભક્ષણ છતાં મરણ થતું નથી, તેમ વિષય-વિષનું જે સેવન કરે છે તેના આત્માનું રાગાદિ દોષથી આત્મગુણની ઘાત થવારૂપ ભાવમરણ થાય છે, પણ જે તે વિષનું અસંગ શુદ્ધોપયોગ રૂપ મારણ જાણે છે તે વિશિષ્ટ જ્ઞાનીનું ક્વચિત્ વિષય સેવન છતાં રાગાદિ દોષના અભાવે આત્મ સ્વરૂપની ઘાતરૂપ ભાવમરણ થતું નથી. અમોઘ વિદ્યા સામર્થ્યથી વિષની શક્તિ નિરુંધાઈ જવાથી જેમ વિષવૈદ્ય મરતો નથી, તેમ શુદ્ધાત્માનુભૂતિમય અમોઘ જ્ઞાનસામર્થ્યથી વિષયની શક્તિ નિરુંધાઈ

---

નિરુંધાયેલ - નિતાંતપણે સર્વથા રોધાયેલ તત્ શક્તિપણાને લીધે, તે વિષની શક્તિના નિરુદ્ધપણાને લીધે.
तथा - તેમ, જેમ આ દૃષ્ટાંત તેમ આ દાર્ષ્ટાંતિક - अज्ञानिनां - અજ્ઞાનીઓને रागादिभावसद्भावेन - રાગાદિ ભાવોના સદ્‌ભાવથી - હોવાપણાથી बंधकारणं - બંધ કારણ એવા पुद्गलकर्मोदयमुपभुंजानोऽपि - પુદ્‌ગલ કર્મ ઉદયને ઉપભુંજતો - ઉપભોગવતો છતાં, ज्ञानी न बध्यते - જ્ઞાની નથી બંધાતો, શાને લીધે ? अमोघज्ञानसामर्थ्यात् - અમોઘ - અચૂક - અવંધ્ય જ્ઞાન સામર્થ્ય થકી रागादि भावानामभावे सति - રાગાદિ ભાવોનો અભાવ સતે - નહિ હોવાપણું હોતાં निरुद्धतच्छक्तित्वात् - નિરુદ્ધ તત્ શક્તિપણાને લીધે, તે પુદ્‌ગલ કર્મોદયની શક્તિના નિરુદ્ધપણાને લીધે - નિતાંત પણે સર્વથા રુંધાઈ જવાપણાને લીધે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१९५॥

જવાથી જ્ઞાની બંધાતો નથી. અર્થાત્ વિષયોપભોગ સામાન્યપણે વિષ સમાન જ છે એ નિયમ છે, પણ તે વિષને પણ અમોઘ જ્ઞાન સામર્થ્યથી નિર્વિષ બનાવી દેનારા કોઈ અપવાદ રૂપ સમર્થ જ્ઞાનીવિશેષને તે વિષ સમાન પરિણમતું નથી એ અપવાદ છે અને એ અપવાદ પણ જ્ઞાનીના શુદ્ધાત્માનુભૂતિમય જ્ઞાનનું અથવા સ્વસંવેદન રૂપ નિશ્ચય 'વેદ્ય સંવેદ્ય' પદનું અપૂર્વ સામર્થ્ય - અસાધારણ બળવાનપણું સૂચવે છે.

**આકૃતિ**

| | | |
|---|---|---|
| વિષ વૈદ્ય વિષ ઉપભોગવતાં છતાં મરે નહિ<br>અમોઘ વિદ્યા સામર્થ્ય નિરુદ્ધથી વિષ શક્તિ હોવાથી | : : | જ્ઞાની પુદ્. કર્મ ઉદય ઉપભોગવતાં છતાં બંધાય નહિ<br>અમોઘ જ્ઞાન સામર્થ્યથી રાગાદિ ભાવોનો અભાવ હોવાથી |

**'હોત આસવા પરિસવા'**

પૂર્વોક્ત પાપ સખા ભોગની વાત તો દૂર રહી, પણ સામાન્યપણે પુણ્યાનુબંધી પુણ્ય રૂપ ધર્મ જનિત ભોગ પણ અનર્થ રૂપ થઈ પડે એ નિયમ છે, છતાં સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પુરુષવિશેષને તેમ નથી થતો એ અપવાદ છે. અત્રે ચંદનનું પૂર્વોક્ત દૃષ્ટાંત ઘટે છે. ચંદન જો કે સ્વભાવથી શીતલ જ છે, છતાં ચંદનનો અગ્નિ વનને બાળે જ છે, કારણકે તેવો તેનો સ્વભાવ છે. તેમ ધર્મ પણ સ્વભાવે શીતલ - શાંતિપ્રદ છતાં, ધર્મજનિત ભોગ પણ અંતર દાહ ઉપજાવે જ છે. ક્વચિત્ અપવાદે ચંદનનો અગ્નિ મંત્રથી સંસ્કારવામાં આવતાં મંત્રસિદ્ધ વિદ્યાધર પુરુષને નથી પણ દઝાડતો. તેમ કોઈ અપવાદરૂપ તીર્થંકરાદિ સમ્યગ્ દૃષ્ટિ જેવા ઉત્તમ પુરુષવિશેષને ધર્મજનિત ભોગ અનર્થહેતુ નથી પણ થતો. કારણકે તેવા આત્યંતિક જ્ઞાનભાવનાથી ભાવિતાત્મા તે **આત્મ-વિદ્યાધર** પુરુષોએ અનાસક્ત ભાવથી વાસનાનું વિષ કાઢી નાંખ્યું હોય છે, એટલે તેમને ભોગનું ઝેર ચડતું નથી ! બીજા અજ્ઞાની જનોને જે આશ્રવનું - કર્મ આગમનનું કારણ થાય છે, તે જ તેઓને પરિશ્રવનું - કર્મ નિર્ગમનનું કારણ થાય છે !

**"जे आसवा से परिसवा, जे परिसवा से आसवा ।"** - **શ્રી આચારાંગ સૂત્ર**

"હોત આસ્રવા પરિસ્રવા, નહિ ઈનમેં સંદેહ,
માત્ર દૃષ્ટિ કી ભૂલ હૈ, ભૂલ ગયે ગત એહ." - **શ્રીમદ્ રાજચંદ્રજી (હાથનોંધ)**

"જે કંઈ ઉદય આવે તે અવિસંવાદ પરિણામે વેદવું એવું જે જ્ઞાનીનું બોધન છે તે અમારે વિષે નિશ્ચળ છે, એટલે તે પ્રકારે વેદીએ છૈયે, તથાપિ ઈચ્છા તો એમ રહે છે કે અલ્પકાળને વિષે એક સમયને વિષે જો તે ઉદય અસત્તાને પામતો હોય તો અમે આ બધામાંથી ઉઠી ચાલ્યા જઈએ, એટલી મોકળાશ આત્માને વર્ત્તે છે. ** ગૃહસ્થપણું પણ વનવાસીપણે ભજાય એવો આકરો વૈરાગ્ય વર્ત્તે છે."

- **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૩૪૦), ૪૮૪**

આ ઉપરથી ફલિતાર્થ એ છે કે સમ્યગ્દૃષ્ટિ પુરુષને ધર્મજનિત ભોગ પણ મનને અનિષ્ટ લાગે છે, પુણ્યોદયથી સાંપડેલ ભોગ પણ આકરો લાગે છે, કારણકે તે સારી પેઠે સમજે છે કે - આ વિષય ભોગ આત્માને પ્રમાદના - સ્વરૂપભ્રષ્ટ કરવાના કારણ છે, માટે તેની અંડાસે પણ ઉતરવા યોગ્ય નથી. એમ સમજી તે વિષય ભોગ ઈચ્છતો જ નથી અને તેથી સદા ભાગતો જ ફરે છે. પણ પૂર્વ પ્રારબ્ધોદયથી ક્વચિત્ તેમ ન બની શકે, તો સતત ચેતતો રહી **અનાસક્ત ભાવે** - **અનાત્મભાવે** ભોગવી તે કર્મને ખેરવી નાંખે છે - નિર્જરી નાંખે છે, પણ બંધાતો નથી ! કારણકે તે શુદ્ધ આત્મસ્વરૂપનો દૃષ્ટા - જ્ઞાતા હોઈ, પુદ્ગલની બાજીમાં સપડાતો નથી અને આ બધો રૂપ-રસ-ગંધ-સ્પર્શ-શબ્દમય પુદ્ગલનો તમાસો છે, 'અવધૂ ! નટ નાગરની બાજી' છે એમ જાણી, મફતમાં આનંદ માણતો તે અવિનાશી જાણે પુદ્ગલ જાલનો તમાસો જોઈ રહ્યો હોય એમ કેવળ દૃષ્ટાભાવે - સાક્ષીભાવે વર્ત્તે છે.

"અંશે હોય ઈહાં અવિનાશી, પુદ્ગલ જાલ તમાસી રે;
ચિદાનંદ ઘન સુયશ વિલાસી, તે કિમ પરનો આશી રે ?"

- **શ્રી યશોવિજયજી કૃત 'યોગદૃષ્ટિ સજ્ઝાય'**

''જગત્‌ને, જગત્‌ની લીલાને બેઠા બેઠા મફતમાં જોઈએ છીએ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી, અં. ૧૬૫**

''બેસી સ્વરૂપના ઘર માંહિ, યોગી સાક્ષી ભાવે આંહિ,
પુદ્‌ગલ જાલ તમાસો જુવે, લીલા લ્હેર મફત અનુભવે.'' - **'યોગદૃષ્ટિ કળશ', ૧૨૫ (સ્વરચિત)**

અને આવી જ્ઞાનદશા પણ ક્યારે પ્રાપ્ત થાય છે ? જ્યારે શુદ્ધ આત્માનુભૂતિમય નિશ્ચય સમ્યગ્‌દર્શન પ્રાપ્ત થાય છે ત્યારે, જ્યાં વેદ્ય વસ્તુના સમ્યક્ સંવેદનરૂપ-આત્મસંવેદન રૂપ નિશ્ચય 'વેદ્ય સંવેદ્ય' પદ પ્રગટે છે એવી સ્થિરા-કાંતા આદિ નિશ્ચય સમ્યગ્‌દૃષ્ટિ પ્રાપ્ત થાય છે ત્યારે. આવી ઉચ્ચ યોગદૃષ્ટિ રૂપ જ્ઞાનદશાને પામેલા અપવાદરૂપ સમ્યગ્‌દૃષ્ટિ જ્ઞાનીપુરુષોને ભોગ પણ આત્મબાધક થતા નથી. જે ભોગ સાગરમાં ભોગી ડૂબી મરે છે તેને આવા સમર્થ યોગી શીઘ્ર તરી જાય છે ! જે ભોગથી બીજાના ભોગ મરે છે, તે ભોગ પણ આવા ઉત્તમ યોગીને યોગબાધક થતા નથી, ભવહેતુ થતા નથી ! કારણકે 'આ કાંતા* દૃષ્ટિમાં કર્માક્ષિપ્ત પણાથી ભોગશક્તિ નિર્બલ હોય છે, તે નિરંતર સ્વરસથી પ્રવર્ત્તતી એવી બલીયસી ધર્મશક્તિને હણતી નથી - દીપને જે વાયરો બૂઝાવી નાંખે છે, તે પ્રજ્વલિત એવા દાવાનલને બૂઝાવી શકતો નથી', પણ ઉલટો તેને સહાયતા જ કરે છે. તેમ અત્રે ભોગવ્યા વિના છૂટકો જ નથી એવા કર્મનો ક્ષય થતો હોવાથી બળવાન્ ધર્મશક્તિને ભોગશક્તિ સહાયતા જ કરે છે, પણ નિર્બળપણાને લીધે તેનો વિરોધ કરતી નથી. હાથીને મગતરૂં શું કરી શકે ? મહામલ્લને નિર્બલ બાલક શું કરી શકે ? જો કે પાંચમી સ્થિરા દૃષ્ટિમાં પણ જ્ઞાનીની તાકાત એટલી બધી હોય છે કે તેને ભોગો કંઈ કરી શકે એમ નથી, તો પણ ત્યારે હજુ કંઈક અંશે પણ પ્રમાદની સંભાવના છે. પરંતુ આ છઠ્ઠી કાન્તા દૃષ્ટિમાં તો ધારણા વડે કરીને જ્ઞાનનું એવું પરમ બળવાનપણું થયું હોય છે, કે તે ભોગો પણ લેશ પણ પ્રમાદ ઉપજાવી શકતા નથી ! શુદ્ધોપયોગ ભાવનાનું એટલું બધું પ્રબલપણું હોય છે કે તે ભોગો પણ શુદ્ધાત્માનુભૂતિથી પ્રમત્ત કરી શકતા નથી. અર્થાત્ ભોગ મધ્યે પણ તેવો વિશિષ્ટ જ્ઞાની યોગીશ્વર સ્વસ્વરૂપથી પ્રમત્ત-ભ્રષ્ટ થતો નથી, સ્વરૂપ સ્થિત અપ્રમત્ત જ રહે છે, એવો તે બળવાન્ જ્ઞાન સામર્થ્ય સંપન્ન હોય છે. આવો અપ્રમત્ત ગૃહસ્થ યોગી પણ પરમાર્થથી ભાવસાધુ જ છે અને તેવા જ્ઞાન સામર્થ્ય સંપન્ન શુદ્ધાત્માનુભવી ભાવયોગીને રાગાદિ ભાવોના અભાવે ભોગો પણ બંધહેતુ ન થાય એમાં આશ્ચર્ય શું ?

**ઉચ્ચ યોગદશા સંપન્ન જ્ઞાનીનું જ્ઞાન સામર્થ્ય**

** ''વૈરાગ્ય ભાવનાએ વેદે તેને ઉદય કહેવાય, ઈચ્છા સહિત ભોગવે અને ઉદય કહે તે તો શિથિલતાના અને સંસાર રઝળવાના હેતુ થાય.''

''પોતે ત્યાગ કરી શકે નહીં અને બ્હાના કાઢે કે મારે અંતરાયો ઘણા છે. ધર્મનો પ્રસંગ આવે ત્યારે 'ઉદય' છે એમ કહે. 'ઉદય ઉદય' કહ્યા કરે, પણ કાંઈ કુવામાં પડતો નથી. ગાડામાં બેઠો હોય અને ઘાંચ આવે તો સાચવી સંભાળીને ચાલે. તે વખતે ઉદય ભૂલી જાય. અર્થાત્ પોતાની શિથિલતા હોય તેને બદલે ઉદયનો દોષ કાઢે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, ૬૪૩, ઉપદેશ છાયા (૯૫૭)**






* ''धर्मशक्ति न हंत्यस्यां भोगशक्ति र्बलीयसीम् ।
हन्ति दीपापहो वायु र्ज्वलन्तं न दवानलम् ॥'' - શ્રી યશોવિજયજી કૃત દ્વા.દ્વા. ૨૪-૧૫

હવે વૈરાગ્ય સામર્થ્ય દર્શાવે છે -

**जह मज्जं पिबमाणो अरदिभावेण मज्जदि ण पुरिसो ।**
**दव्वुवभोगे अरदो णाणी वि ण बज्झदि तहेव ॥१९६॥**

મદ્ય અરતિ ભાવે પીતો રે, મદ ન લહે નર જેમ;
જ્ઞાની અરત દ્રવ્યઉપભોગમાં રે, ન જ બંધાયે તેમ... રે જ્ઞાની નિર્જરા નિત્ય કરંત. ૧૯૬

**અર્થ** - જેમ અરતિ ભાવે કરીને મદ્ય પીતો પુરુષ મદ નથી પામતો, તેમજ દ્રવ્ય ઉપભોગમાં અરત જ્ઞાની પણ નથી બંધાતો.

## आत्मख्याति टीका

अथ वैराग्यसामर्थ्यं दर्शयति -

**यथा मद्यं पिबन् अरतिभावेन माद्यति न पुरुषः ।**
**द्रव्योपभोगे अरतो ज्ञान्यपि न बध्यते तथैव ॥१९६॥**

**यथा** कश्चित् पुरुषः
मैरेयं प्रति प्रवृत्ततीव्रारतिभावः सन्
मैरेयं पिबन्नपि तीव्रारतिभावसामर्थ्यात्
न माद्यति,

**तथा** रागादिभावानामभावेन
सर्वद्रव्योपभोगं प्रति प्रवृत्ततीव्रविरागभावः सन्
विषयानुपभुंजानोऽपि तीव्र**विरागभावसामर्थ्यात्**
न बध्यते ज्ञानी ॥१९६॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

**જેમ કોઈ પુરુષ**
**મૈરેય (મદિરા) પ્રતિ**
**પ્રવૃત્ત તીવ્ર અરતિ ભાવવાળો સતો**
**મૈરેય (મદિરા) પીતાં છતાં,**
**તીવ્ર અરતિભાવ સામર્થ્ય થકી**
**નથી મદ પામતો :**

**તેમ જ્ઞાની રાગાદિ ભાવોના અભાવે કરીને**
**સર્વ દ્રવ્યોપભોગ પ્રતિ**
**પ્રવૃત્ત તીવ્ર વિરાગ ભાવવાળો સતો**
**વિષયો ઉપભોગવતાં છતાં,**
**તીવ્ર વિરાગભાવ સામર્થ્ય થકી**
**નથી બંધાતો. ૧૯૬**

---

**आत्मभावना** -

अथ - હવે वैराग्यसामर्थ्यं दर्शयति - વૈરાગ્યનું સામર્થ્ય - સમર્થપણું દર્શાવે છે - जह यथा - જેમ अरदिभावेण - अरतिभावेन - **અરતિભાવથી** मज्जं पिबमाणो - मद्यं पिबन् - મદ્ય પીતો पुरिसो - पुरुषः - **પુરુષ** ण मज्जदि - न माद्यति - **નથી મદ પામતો,** तहेव - नैव - તેમજ दव्वुवभोगे अरदो णाणी वि - द्रव्योपभोगे अरतो ज्ञान्यपि - **દ્રવ્યોપભોગમાં અરત જ્ઞાની પણ** ण बज्झदि - न बध्यते - **નથી બંધાતો.** ॥ इति **गाथा** आत्मभावना ॥१९६॥

यथा - જેમ कश्चित् पुरुषः - **કોઈ પુરુષ** मैरेयं प्रति प्रवृत्ततीव्रारतिभावः सन् - **મૈરેય** - મદ્ય પ્રતિ **પ્રવૃત્ત તીવ્ર અરતિ ભાવવાળો સતો,** मैरेयं पिबन्नपि - **મૈરેય** - **મદ્ય પીતા છતાં,** न माद्यति - **મદ નથી પામતો, શાને લીધે ?** तीव्रारतिभाव सामर्थ्यात् - **તીવ્ર** - ઉત્કટ **અરતિ ભાવના સામર્થ્યને લીધે.**

तथा - જેમ આ દૃષ્ટાંત તેમ આ દાર્ષ્ટાંતિક - ज्ञानी - જ્ઞાની रागादिभावानामभावेन - **રાગાદિ ભાવોના અભાવે કરીને** सर्वद्रव्योपभोगं प्रति प्रवृत्ततीव्रविरागभावः सन् - **સર્વ દ્રવ્ય ઉપભોગ પ્રતિ પ્રવૃત્ત તીવ્ર વિરાગ ભાવવાળો સતો,** विषयानुपभुंजानोऽपि - **વિષયોને ઉપભુંજતો** - ઉપભોગવતો **છતાં,** न बध्यते - **નથી બંધાતો, શાને લીધે ?** तीव्र विरागभावसामर्थ्यात् - **તીવ્ર વિરાગ ભાવના સામર્થ્યને લીધે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१९६॥

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"એક ક્ષણવાર પણ આ સંસર્ગમાં રહેવું ગમતું નથી." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૯૯**

"સંસાર સ્પષ્ટ પ્રીતિથી કરવાની ઈચ્છા થતી હોય તો તે પુરુષે જ્ઞાનીનાં વચન સાંભળ્યાં નથી. અથવા જ્ઞાની પુરુષનાં દર્શન પણ કર્યાં નથી, એમ તીર્થંકર કહે છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૭૭૧), ૪૫૪**

**વૈરાગ્યનું સામર્થ્ય**

અહીં વૈરાગ્યનું સામર્થ્ય મૈરેય મદ્યપાયિના દૃષ્ટાંતથી દર્શાવ્યું છે અને **આત્મખ્યાતિકર્ત્તાએ** પોતાની અનન્ય લાક્ષણિક શૈલીથી તેનો સાંગોપાંગ બિંબપ્રતિબિંબ ભાવ વિવરી દેખાડી પરમ પરમાર્થ પ્રકાશ્યો છે - જેમ કોઈ પુરુષ છે. તેને 'મૈરેય' - મદ્ય પ્રત્યે 'તીવ્ર' - તીક્ષ્ણ - ઉગ્ર - ઉત્કટ - ઉદ્દામ 'અરતિભાવ' - અણગમો - અભાવો - અરુચિ - અરોચક ભાવ 'પ્રવૃત્ત' છે - પ્રવર્ત્તેલો છે, પ્રકૃષ્ટપણે વર્ત્તી રહેલો છે. मैरेयं प्रति प्रवृत्ततीव्रारतिभावः सन् - એવો મદ્ય પ્રતિ તીવ્ર અરતિભાવ પ્રવૃત્ત થયેલો સતો તે પુરુષ તે મદ્ય પીતાં છતાં, तीव्रारतिभावसामर्थ्यात् - 'તીવ્ર અરતિભાવ સામર્થ્ય થકી' - ઉત્કટ અરોચક ભાવના પ્રભાવ થકી - ઉગ્ર અભાવા થકી, નથી મદ પામતો, અર્થાત્ તેને મદ્યનો મદ-નશો નથી ચડતો, તેમ 'જ્ઞાની' - જેને ભેદવિજ્ઞાન થકી આત્માના સ્વરૂપનું જ્ઞાન ઉપજ્યું છે એવો આત્મજ્ઞાની છે, તેને 'રાગાદિ ભાવોનો અભાવ' વર્ત્તે છે - રાગ-દ્વેષ-મોહ ભાવનું નહિ હોવાપણું છે, કોઈ પણ પરભાવ પ્રત્યે એને ઈષ્ટ બુદ્ધિરૂપ રાગ નથી, અનિષ્ટ બુદ્ધિરૂપ દ્વેષ નથી, અહંત્વ - મમત્વ બુદ્ધિ રૂપ મૂર્ચ્છા - મોહ નથી. એટલે रागादिभावानामभावेन - રાગાદિ ભાવોના અભાવે કરી 'સર્વ દ્રવ્ય ઉપભોગ પ્રતિ' - આત્માથી અતિરિક્ત સમસ્ત દ્રવ્ય માત્રના ઉપભોગ પ્રત્યે તેને 'તીવ્ર' - તીક્ષ્ણ - ઉગ્ર - ઉત્કટ - ઉદ્દામ 'વિરાગભાવ' - વિગતરાગ ભાવ - વીતરાગ ભાવ - વિરતિ ભાવ 'પ્રવૃત્ત' છે - પ્રવર્ત્તેલો છે, પ્રકૃષ્ટપણે વર્ત્તી રહેલો છે. એટલે सर्वद्रव्योपभोगं प्रति प्रवृत्ततीव्रविरागभावः सन् - સર્વ દ્રવ્યોપભોગ પ્રતિ તીવ્ર વિરાગ ભાવ પ્રવૃત્ત થયેલો સતો તે જ્ઞાની, વિષયો ઉપભોગવતાં છતાં, तीव्रविरागभावसामर्थ्यात् - 'તીવ્ર વિરાગભાવ સામર્થ્ય થકી' - ઉત્કટ વીતરાગ ભાવના - વૈરાગ્ય ભાવના પ્રભાવ થકી - ઉદ્દામ વિરતિ ભાવના બળવાનૂપણા થકી, નથી બંધાતો. અર્થાત્ જેને મદ્ય પ્રતિ તીવ્ર અરતિભાવ પ્રવર્ત્યો છે, એવો કોઈ મદ્ય પીતાં છતાં, જે મદ પામતો નથી, તે જેમ તેના તે તીવ્ર અરતિ ભાવનું સામર્થ્ય છે, તેમ જેને સર્વ દ્રવ્યોપભોગ પ્રતિ તીવ્ર વિરાગ ભાવ પ્રવર્ત્યો છે, એવો જ્ઞાની વિષયોપભોગ છતાં, જે બંધાતો નથી, તે તેના તે તીવ્ર વિરાગભાવનું સામર્થ્ય છે. આ તત્ત્વગંભીર વ્યાખ્યાનો હવે વિસ્તારથી વિચાર કરીએ.

**જ્ઞાનીનો પરમ વૈરાગ્ય**

જેને જે પ્રત્યે તીવ્ર 'અરતિ' (રતિનો અભાવ) ભાવ હોય છે તે તેનાથી 'વિરતિ' પામે છે - વિરમે છે - નિવર્ત્તે છે, તે પ્રત્યે પ્રવર્ત્તતો નથી વા પ્રવર્ત્તવા ઈચ્છતો પણ નથી, છતાં પરાણે તે પ્રત્યે પ્રવૃત્તિ કરવી પડે તો પણ તેનો તે તીવ્ર અરતિભાવ કાયમ જ છે ને તે પ્રવૃત્તિનું ફળ તે પામતો નથી. તેમ જ્ઞાનીને સર્વ દ્રવ્યોપભોગ પ્રતિ તીવ્ર વિરાગભાવ જ - તીવ્ર વિરતિ ભાવ જ હોય છે, તે તે વિષયોપભોગથી 'વિરતિ' પામે છે - વિરમે છે - નિવર્ત્તે છે, તે પ્રત્યે પ્રવર્ત્તતો નથી વા પ્રવર્ત્તવા ઈચ્છતો નથી, છતાં પરાણે તે પ્રત્યે પ્રવૃત્તિ કરવી પડે તો પણ તેનો તે તીવ્ર વિરાગભાવ - તીવ્ર વિરતિભાવ કાયમ જ છે ને તે વિષયોપભોગ પ્રવૃત્તિનું બંધ-ફળ પામતો નથી. આમ અબંધ એવા જ્ઞાની સમ્યગ્દૃષ્ટિને સર્વ દ્રવ્યના ઉપભોગ પ્રત્યે તીવ્ર વિરાગભાવ જ - પરમ વૈરાગ્ય જ વર્ત્તે છે, જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ 'શ્રુત વિવેક થકી સર્વ આત્મબાહ્ય* ભાવોને તત્ત્વથી માયાજલ જેવા ગંધર્વનગર જેવા સ્વપ્ન જેવા દેખે છે.'

---

* **"मायामरीचिगन्धर्वनगरस्वप्नसंनिभान् ।**
**बाह्यान् पश्यति तत्त्वेन भावान् श्रुतविवेकतः ॥" - શ્રી હરિભદ્રાચાર્યજી કૃત 'યો.દ.સ.' શ્લો. ૧૫૬**

આકૃતિ

| મદ્ય પાયક | જ્ઞાની |
|---|---|
| મદ્ય પીતા છતાં તીવ્ર અરતિ ભાવ સામર્થ્ય થકી નથી મદ પામતો | વિષયો ઉપભોગવતા છતાં તીવ્ર વિરાગભાવ સામર્થ્ય થકી નથી બંધાતો |

કારણકે સમ્યગ્દૃષ્ટિ પુરુષ ભાવે છે કે - આ સર્વ જગજ્જાલ મૃગતૃષ્ણા જેવી છે, મૃગજલ જેવી - ઝાંઝવાના પાણી જેવી મિથ્યા આભાસ રૂપ મૃગજલ જેમ મિથ્યા છે તેમ છે.

**જ્ઞાનીની વૈરાગ્ય-ભાવના**

આ દેહ-ગૃહાદિ સર્વ આત્મબાહ્ય ભાવો મૃગજલ જેવા મિથ્યા છે, તે પોતાના નથી, છતાં અવિવેક રૂપ દેહાધ્યાસથી - મિથ્યાભાસથી - અસત્ કલ્પનાથી પોતાના ભાસે છે ! એટલે મૃગ-પશુ જેવો મૂઢ જીવ તેને પોતાના ગણી, તે મેળવવાની દુરાશાથી, તેની પાછળ 'જેતી મનની રે દોડ' - જેટલું દોડાય તેટલું દોડે છે. પણ જે વસ્તુ વસ્તુતઃ પોતાની છે જ નહિ, તે કેમ હાથમાં આવે ? અથવા તો આ દેહ-ગૃહાદિ ભાવો ગગનનગર જેવા છે, આકાશમાં રચાયેલા નગર* જેવા છે ! ઈંદ્રજાલીઆ આકાશમાં નગર રચનાનો ખોટો ભાસ ઉભો કરાવે છે, પણ તે મિથ્યાભાસ રૂપ નગર તો ક્ષણવારમાં ક્યાંય 'છુ' થઈ જાય છે ! ક્યાંનું ક્યાંય અલોપ થઈ જાય છે ! વળી આકાશમાં અદ્ધર નિરાધારપણે એવું નગર રચવું અશક્ય છે ! હવામાં કિલ્લા બાંધવા (castle in air) અસંભવિત છે, શેખચલ્લીના વિચાર જેવા મિથ્યા કલ્પનાના ઘોડા છે ! તેની જેમ આ દેહ - ગૃહ આદિ બાહ્ય પદાર્થો ક્ષણભંગુર ને મિથ્યાભાસ રૂપ છે, ક્ષણવારમાં હતા ન હતા થઈ જાય છે. ગગનનગર જેવા આ દેહાદિ ખરેખર ! આત્માથી બાહ્ય છે, પરભાવ છે, તેની સાથે પરમાર્થથી આ આત્માને કાંઈ લેવાદેવા નથી. છતાં આ દેહાદિ સાથે કંઈ પણ સંબંધની કલ્પના તે આકાશમાં નગર રચના જેવી મિથ્યા કલ્પના માત્ર છે. * ખરેખર ! ''દેહોમાં આત્મબુદ્ધિથી પુત્ર, સ્ત્રી આદિ કલ્પનાઓ ઉપજી છે અને તેના વડે આત્માની સંપત્તિ માનતું જગત્ અરે ! હણાઈ ગયું છે.'' અથવા આ દેહ-ગૃહ આદિ આત્મબાહ્ય પદાર્થો સ્વપ્ન સમાન છે. સ્વપ્નમાં દીઠેલી વસ્તુ જેમ જાગ્રત અવસ્થામાં દેખાતી નથી, મિથ્યા જણાય છે, તેમ અજ્ઞાન રૂપ સ્વપ્ન દશામાં દેખાતી આ દેહાદિ કલ્પના આત્મજાગ્રતિ રૂપ જ્ઞાનદશામાં વાસ્તવિક દેખાતી નથી, મિથ્યાભાસ રૂપ જણાય છે. ગમે તેવું સુંદર સ્વપ્ન આવ્યું હોય અને તેમાં ગમે તેવા ઉત્તમ ભોગ ભોગવ્યા હોય, છતાં તેને ક્ષણવારમાં વિલય થતાં વાર લાગતી નથી અને 'હાય ! તે ભોગ ચાલ્યા ગયા ને અમારા ભોગ મર્યા ! - એવો મિથ્યા ખેદ મનમાં બાકી રહે છે ! તેમ આ દેહ-ગૃહાદિનો સુંદર યોગ થયો હોય અને ચક્રવર્તી આદિની ઋદ્ધિ પ્રાપ્ત થઈ ઉત્તમ ભોગોની વિપુલતા સાંપડી હોય, તો પણ તે સર્વ ક્ષણવારમાં સ્વપ્નાની જેમ દૃષ્ટનષ્ટ થઈ જાય છે, ને હાય ! આ મ્હારા ભોગ ચાલ્યા ગયા, એવો વસવસો મનમાં રહી જાય છે ! 'ભીખારીનો ખેદ**' એ મનનીય દૃષ્ટાંત અત્ર બરાબર લાગુ પડે છે. કોઈ એક ભીખારીને સ્વપ્નમાં ઉત્તમ રાજવૈભવ સાંપડ્યો છે, ને પછી

---

* ''गगननगरकल्पं संगमं वल्लभानां, जलदपटलतुल्यं यौवनं वा धनं वा ।
स्वजनसुतशरीरादीनि विद्युच्चलानि, क्षणिकमिति समस्तं विद्धि संसारवृत्तं ॥'' - શ્રી શુભચંદ્રાચાર્યજી કૃત શ્રી જ્ઞાનાર્ણવ

* ''देहेष्वात्मधिया जाताः पुत्रभार्यादिकल्पनाः ।
संपत्तिमात्मनस्ताभि र्मन्यते हा हतं जगत् ॥'' - શ્રી પૂજ્યપાદસ્વામીજી કૃત સમાધિશતક

** ''અહો ભવ્યો ! ભીખારીનાં સ્વપ્ન જતાં સંસારનાં સુખ અનિત્ય છે, સ્વપ્નમાં જેમ તે ભીખારીએ સુખ સમુદાય દીઠો અને આનંદ માન્યો તેમ પામર પ્રાણીઓ સંસાર સ્વપ્નના સુખ સમુદાયમાં આનંદ માને છે. જેમ તે સુખ સમુદાય જાગૃતિમાં મિથ્યા જણાયા તેમ જ્ઞાન પ્રાપ્ત થતાં સંસારનાં સુખ તેવાં જણાય છે. સ્વપ્નના ભોગ ન ભોગવ્યા છતાં જેમ ભીખારીને ખેદની પ્રાપ્તિ થઈ, તેમ મોહાંધ પ્રાણીઓ સંસારનાં સુખ માની બેસે છે અને ભોગવ્યા સમ ગણે છે. પરંતુ પરિણામે ખેદ, દુર્ગતિ અને પશ્ચાત્તાપ લે છે, તે ચપળ અને વિનાશી છતાં સ્વપ્નનાં ખેદ જેવું તેનું પરિણામ રહ્યું છે. એ ઉપરથી બુદ્ધિમાન્ પુરુષો આત્મહિતને શોધે છે.'' - પરમતત્ત્વ દૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત મોક્ષમાળા (બાલાવબોધ) પાઠ-૪૨

તે સ્વપ્રમાં ને સ્વપ્રમાં રોમાંચ અનુભવે છે, ત્યાં અફસોસ ! વચ્ચમાં વિઘ્ન આવે છે - ગાજવીજનો ગડગડાટ થાય છે, ને તેનું સ્વપ્ના અધૂરૂં રહે છે, તેનો ખેદ માત્ર અવશેષ રહે છે ! આમ આ સંસાર ખરેખર ! સ્વપ્રા જેવો છે, માટે 'પ્રાણી આ ! ભજી લેને કિરતાર, આ તો સપનું છે સંસાર.' ઈત્યાદિ પ્રકારે નિરંતર વૈરાગ્ય ભાવના ભાવતા આ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પુરુષને આ સમસ્ત સંસાર સ્વપ્ર જેવો, મૃગજળ જેવો, ગગન નગર જેવો, ને ઉપલક્ષણથી એઠ જેવો, ધૂળ-રાખ જેવો, કાજળની કોટડી જેવો ભાસે છે. કારણકે સ્વપ્ર રૂપ અજ્ઞાન દશા વ્યતીત થઈ, તેને જ્ઞાનરૂપ જાગ્રત દશા પ્રાપ્ત થઈ છે.

"સકળ જગત્ તે એઠવત્, અથવા સ્વપ્ર સમાન;

તે કહીયે જ્ઞાનિદશા, બાકી વાચા જ્ઞાન." - **શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ**

"જાગીને જોઉં તો જગત દીસે નહિ, ઉંઘમાં અટપટા ભોગ ભાસે,

ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રૂપ છે, બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે." - **શ્રી નરસિંહ મહેતા**

"વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ આયુષ્ય તે તો જળના તરંગ,

પુરંદરી આપ અનંગ રંગ, શું રાચિયે ત્યાં ક્ષણનો પ્રસંગ."

**- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી ભાવનાબોધ**

અને એટલે જ વેદ્ય સ્વ-પર વસ્તુનું આત્મસંવેદન રૂપ નૈશ્ચયિક 'વેદ્ય સંવેદ્ય' પદ પ્રાપ્ત થયું છે એવા આ શુદ્ધાત્માનુભવી જ્ઞાની સમ્યગ્દૃષ્ટિને સર્વ પરદ્રવ્ય પ્રત્યે 'વિરતિ' વર્ત્તે છે. 'વિરતિ' એટલે विगता रति यस्याः - જેમાંથી રતિ-રાગ-પ્રીતિ વિગત છે - ચાલી ગઈ છે તે 'વિરતિ', અર્થાત્ વિરાગ-વૈરાગ્ય-વીતરાગપણું.

**'ज्ञानस्य फलं विरति'**
**વિરતિના બે અર્થ**

જેનો જે વસ્તુ પ્રત્યે રાગ વિગત થયેલ છે - 'વિરતિ' ઉપજેલ છે, તે તે વસ્તુ પ્રત્યે પ્રવૃત્તિ કેમ કરે ? ન જ કરે, એટલું જ નહિ પણ તે વસ્તુથી વિરમે - અટકે - વિરતિ કરે, અર્થાત્ તે વસ્તુથી વિરામ પામે. આમ પરવસ્તુથી વિરમવું - વિરામ પામવો - વિરતિ કરવી એ 'વિરતિ'નો બીજો અર્થ થયો. પ્રથમ અર્થમાં જે વિરાગ પામવા રૂપ 'વિરતિ' છે તેનું સહજ સ્વાભાવિક પરિણામ બીજા અર્થ પ્રમાણે વિરામ પામવા રૂપ 'વિરતિ' છે, જે પ્રથમ પ્રકારની 'વિરતિ' પામે છે તે બીજા પ્રકારની વિરતિ પામે છે અને આમ 'જ્ઞાનનું ફલ વિરતિ' - ज्ञानस्य फलं विरति - એ સૂત્ર ચરિતાર્થ બને છે.

જે ખરેખરો જ્ઞાની હોય છે તેને સર્વ પરભાવ પ્રત્યે વિરાગભાવ રૂપ વિરતિભાવ વર્ત્તે જ છે અને એટલે જ ભાવથી તો તે સર્વભાવથી વિરામ પામવા રૂપ વિરતિ ભાવને ભજે જ છે અને દ્રવ્યથી વિરતિ પણ કરે છે વા કરવા ઈચ્છે જ છે. યદિ બન્ને અર્થમાં ભાવથી વિરતિ છતાં

**'તપ્ત લોહ પદન્યાસ' વૃત્તિ : કાયપાતી પણ ચિત્તપાતી નહિ**

પૂર્વ કર્મના દોષથી દ્રવ્યથી વિરતિ કરવાનું ન બની શકે - પૂર્વ પ્રારબ્ધના યોગથી ભોગ પ્રવૃત્તિ કરવી પડે તો પણ તેની તે ભોગ પ્રવૃત્તિ **'તપ્ત લોહપદન્યાસ'*** જેવી એટલે કે તપેલા લોઢા પર પગ મૂકવા જેવી હોય છે. જેમ તપેલા લોઢા પર પગ મૂકતાં તરત જ આંચકો અનુભવાય છે, પગ ત્યાં ઝાઝો વખત સ્થિતિ કરતો નથી, તરત જ આપોઆપ પાછો ખેંચી લેવાય છે, તેમ આ મહાત્મા સમ્યગ્દૃષ્ટિ પુરુષ એટલો બધો પાપભીરુ હોય છે, ભોગસખા પાપથી એટલો બધો ડરતો રહે છે કે ક્વચિત્ કર્મના અપરાધને લીધે પણ જો જાણતાં - અજાણતાં પણ ભોગ નિમિત્તક હિંસાદિ પાપમાં કંઈ પ્રવૃત્તિ થઈ જાય, તો તે તરત એકદમ આંચકો અનુભવે છે, પાપમાં તે ઝાઝો વખત ટકતો નથી, ત્યાંથી તે તત્ક્ષણ જ પાછો વળી જાય છે - પ્રતિક્રમી જાય છે.

---

* "अतोऽन्यदुत्तरास्वस्मात् पापे कर्मागसोऽपि हि ।
तप्तलोहपदन्यासतुल्या वृत्ति क्वचिद्यदि ॥" - **શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' શ્લો. ૭૦**

"એ પદ ગ્રંથિ વિભેદથી જી, છેલ્લી પાપ પ્રવૃત્તિ;
તપ્ત લોહ પદ ધૃતિ સમી જી, અંત સમય નિવૃત્તિ... મનમોહન જિનજી."
**- શ્રી યશોવિજયજી કૃત 'યોગદૃષ્ટિ સજ્ઝાય'**

'मोक्षे चित्तं भवे तनुः' તીર્થંકરાદિ દૃષ્ટાંત

અને તે ભોગ પ્રવૃત્તિ પણ તે અત્યંત નીરસપણે - અંતરંગ ખેદપણે કરે છે, આત્મભાવથી તો કરતો જ નથી, નિર્ધ્વંસ પરિણામથી કરતો નથી, પણ પૂર્વકર્મથી પ્રેરાઈને પરાણે - ન છૂટકે કરવી પડે તો આત્માને નિંદતો સતો કરે છે. આ સમ્યગ્ દૃષ્ટિ જીવ **શ્રી હરિભદ્રસૂરિજીએ** યોગબિંદુમાં* કહ્યું છે તેમ **કાયપાતી** જ હોય છે, પણ તે **ચિત્તપાતી** તો હોતો જ નથી. અર્થાત્ કાયાથી જ એનું પતન થાય છે એટલે કે કાયામાત્રથી જ તે ક્વચિત્ પાપમાં પડે - પાપક્રિયા કરે, પણ ચિત્તથી તો તેનું કદી પાપમાં પતન થતું જ નથી. કારણકે તે ભિન્નગ્રંથિ સમ્યગ્દૃષ્ટિ પુરુષનું ચિત્ત મોક્ષમાં હોય છે ને શરીર સંસારમાં હોય છે - 'मोक्षे चित्तं भवे तनुः' એટલે તેનો સર્વ જ યોગ - ધર્મ અર્થાદિ સંબંધી વ્યાપાર યોગરૂપ જ હોય છે.

"શ્રી કૃષ્ણાદિકની ક્રિયા ઉદાસીન જેવી હતી. જે જીવને સમ્યક્ત્વ ઉત્પન્ન થાય, તેને સર્વ પ્રકારની સંસારી ક્રિયા રસરહિતપણે થવી સંભવે છે. ઘણું કરી એવી કોઈ પણ ક્રિયા તે જીવની હોતી નથી કે જેથી પરમાર્થને વિષે ભ્રાંતિ થાય અને **જ્યાં સુધી પરમાર્થને વિષે ભ્રાંતિ થાય નહીં** ત્યાં સુધી બીજી ક્રિયાથી સમ્યક્ત્વને બાધ થાય નહીં. *** સમ્યગ્દૃષ્ટિ જીવ તે સંસારને ભજતો દેખાય છે, તે પૂર્વે નિબંધન કરેલાં એવાં પ્રારબ્ધ કર્મથી દેખાય છે. વાસ્તવ્યપણે ભાવથી તે સંસારમાં તેનો પ્રતિબંધ ઘટે નહિ. પૂર્વ કર્મના ઉદય રૂપ ભયથી ઘટે છે. જેટલે અંશે ભાવપ્રતિબંધ ન હોય તેટલે અંશે જ સમ્યક્ દૃષ્ટિપણું તે જીવને હોય છે.

"અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભ સમ્યક્ત્વ સિવાય ગયાં સંભવે નહિ, એમ જે કહેવાય છે તે યથાર્થ છે. *** **પરમાર્થમાર્ગનું લક્ષણ એ છે કે અપરમાર્થને ભજતાં જીવ બધા પ્રકારે કાયર થયા કરે, સુખે અથવા દુઃખે.** દુઃખમાં કાયરપણું કદાપિ બીજા જીવોનું પણ સંભવે છે, પણ સંસાર સુખની પ્રાપ્તિમાં પણ કાયરપણું, તે સુખનું અણગમવાપણું, નીરસપણું પરમાર્થ માર્ગી પુરુષનું હોય છે." **- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-(૩૭૫), ૪૫૯**

આમ સમ્યગ્દૃષ્ટિ પુરુષની સમસ્ત સંસાર ચેષ્ટા **ભાવ પ્રતિબંધ વિનાની** હોય છે, **અનાસક્ત** ભાવવાળી હોય છે. આનું ઉત્તમ દૃષ્ટાંત **શ્રી જિનેશ્વર** ભગવાન્ છે. તેઓ ગૃહસ્થાવાસમાં હતા ત્યારે પણ પરમ વૈરાગ્યથી વાસિત હતા, ભોગી છતાં યોગી હતા, સંસારમાં અનાસક્ત ભાવે જલકમલવત્ નિર્લેપ રહ્યા હતા. આવું તેમનું લોકોત્તર ચિત્ર ચારિત્ર આચાર્યોના આચાર્ય જેવા સમર્થ કવિવર **યશોવિજયજી** ઉપાધ્યાયજીએ સુંદર ભાવવાહી શબ્દોમાં આલેખ્યું છે કે -

"રાગ ભરે જન મન રહો, પણ તિહું કાળ વૈરાગ,
ચિત્ત તમારા રે સમુદ્રનો, કોઈ ન પામે હો તાગ... શ્રી શ્રેયાંસ કૃપા કરો." **- શ્રી યશોવિજયજી**

**"यदा मरुन्नरेंद्रश्रीस्त्वया नाथोपभुज्यते ।
यत्र तत्र रतिर्नाम विरक्तत्वं तदापि ते ॥"** **- શ્રી હેમચંદ્રાચાર્યજી કૃત શ્રી 'વીતરાગ સ્તવ'**

અને એવું જ ઉજ્જવલ **જીવતું જાગતું જ્વલંત દૃષ્ટાંત** વર્ત્તમાનયુગમાં **શ્રીમદ્ રાજચંદ્રજી** જેવા પરમ

---

* "कायपातिन एवेह बोधिसत्त्वाः परोदितम् ।
न चित्तपातिनस्तावदेतदत्रापि युक्तिमत् ॥
भिन्नग्रन्थेस्तु यत्प्रायो मोक्षे चित्तं भवे तनुः ।
तस्य तत्सर्व एवेह योगो योगो हि भावतः ॥" **- શ્રી 'યોગ બિન્દુ'**

અધ્યાત્મયોગી સમ્યગ્દૃષ્ટિ વીતરાગ પુરુષે પોતાના ઉત્તમ અધ્યાત્મ ચરિત્રથી પૂરૂં પાડ્યું છે. તે તેમનું અધ્યાત્મ* જીવન જેમાં ઓતપ્રોત ગુંથાયેલું છે એવા તેમના વચનામૃતને મધ્યસ્થ ભાવથી સાદ્યંત અવલોકનારને સહજે પ્રતીત થાય છે. દાખલા તરીકે -

''રાત્રિ અને દિવસ એક પરમાર્થ વિષયનું જ મનન રહે છે, આહાર પણ એ જ છે, નિદ્રા પણ એ જ છે, શયન પણ એ જ છે, સ્વપ્ન પણ એ જ છે, ભય પણ એ જ છે, ભોગ પણ એ જ છે, પરિગ્રહ પણ એ જ છે, ચલન પણ એ જ છે, આસન પણ એ જ છે. અધિક શું કહેવું ? હાડ, માંસ અને તેની મિંજાને એક જ એ જ રંગનું રંગન છે. એક રોમ પણ એનો જ જાણે વિચાર કરે છે.

''ચિત્તની દશા ચૈતન્યમય રહ્યા કરે છે, જેથી વ્યવહારના બધાં કાર્ય ઘણું કરીને અવ્યવસ્થાથી કરીએ છીએ.''

''અમને તો એવી જંજાળ વિષે ઉદાસીનપણું વર્તે છે. અમારે વિષે વર્તતો પરમ વૈરાગ્ય વ્યવહારને વિષે ક્યારેય મન મળવા દેતો નથી.''

''જો કે અમારૂં ચિત્ત નેત્ર જેવું છે. નેત્રને વિષે બીજા અવયવની પેઠે એક રજકણ પણ સહન થઈ શકે નહીં. બીજા અવયવો રૂપ અન્ય ચિત્ત છે. અમને વર્તે છે એવું ચિત્ત તે નેત્રરૂપ છે. *** આવી સ્થિતિ છતાં ઉપાધિ જોગ તો બળવાન પણે આરાધિયે છૈયે. એ વેદવું વિકટ ઓછું લાગતું નથી, કારણકે આંખની પાસે જમીનની રેતી ઉપડાવવાનું કાર્ય થવારૂપ થાય છે, તે જેમ દુઃખે, અત્યંત દુઃખે થવું વિકટ છે, તેમ ચિત્તને ઉપાધિ તે પરિણામ રૂપ થવા બરાબર છે. સુગમપણાએ સ્થિત ચિત્ત હોવાથી વેદનાને સમ્યક્ પ્રકારે વેદે છે, અખંડ સમાધિ પણે વેદે છે.'' ઈત્યાદિ. (વિશેષ માટે જુઓ)

**- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-૧૩૩, ૩૮૫ ઈ.**

આ સર્વ ઉપરથી સમજી શકાશે કે જેને આવો પરમ વૈરાગ્ય વર્તે છે - 'તીવ્ર વિરાગ ભાવ' વર્ત્તે છે, તેવા ઉત્તમ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને પૂર્વ પ્રારબ્ધ યોગથી ક્વચિત્ પરાણે એ ભોગ પ્રવૃત્તિ કરવી પડે, તો પણ તે બંધાતો નથી, તે તેના પરમ વૈરાગ્યનું જ સામર્થ્ય છે. કારણ કે જેણે શુદ્ધ ચેતન રસ પૂર્ણ શુદ્ધાત્માનુભૂતિ રૂપ સમકિત અમૃત રસનો લેશ પણ સ્વાદ ચાખ્યો, તેને બાકસ બુકસ જેવા બીજા રસ કેમ ગમે ?

''તુજ સમકિત રસ સ્વાદનો જાણ, પાપ કુભક્તે હો બહુ દિન સેવિયુંજી,
સેવે જો કરમને જોગે તોહિ, વાંછે તે સમકિત અમૃત ધરે લખ્યુંજી...
જાણ્યો રે જેણે તુજ ગુણ લેશ, બીજા રે રસ તેહને મન નવિ ગમેજી,
ચાખ્યો રે જેણે અમી લવલેશ, બાકસ બુકસ તસ ન રુચિ કિમેજી.'' - **શ્રી યશોવિજયજી**

''જેમ જેમ જીવમાં ત્યાગ, વૈરાગ્ય અને આશ્રય ભક્તિનું બળ વધે છે, તેમ તેમ સત્પુરુષનાં વચનનું અપૂર્વ અને અદ્ભુત સ્વરૂપ ભાસે છે અને બંધન નિવૃત્તિના ઉપાયો સહજમાં સિદ્ધ થાય છે.''

''આત્માને વારંવાર સંસારનું સ્વરૂપ કારાગૃહ જેવું ક્ષણે ક્ષણે ભાસ્યા કરે એ મુમુક્ષુતાનું મુખ્ય લક્ષણ છે.'' **- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૪૧૦, ૪૧૧), ૪૯૭, ૪૯૮**




* આ વસ્તુ આ પરમ ભાવિતાત્મા મહાત્માના પરમ અદ્ભુત અધ્યાત્મ જીવનનું આલેખન કરતા 'અધ્યાત્મ રાજચંદ્ર' ગ્રંથમાં આ વિવેચન લેખકે નિસ્તુષ પૃથક્કરણથી સપ્રમાણ દર્શાવી આપ્યું છે. વિશેષ જિજ્ઞાસુએ તે ગ્રંથનું અવલોકન કરવું.

- ભગવાનદાસ

જ્ઞાની સેવતો છતાં નથી સેવતો એવા નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો ઉત્થાનિકા **સમયસાર કળશ (૩) આત્મખ્યાતિ કર્ત્તા લલકારે છે -**

*रथोद्धता वृत्त

**नाश्नुते विषयसेवनेऽपि यत्, स्वं फलं विषयसेवनस्य ना ।**

**ज्ञानवैभवविरागताबलात्, सेवकोऽपि तदसावसेवकः ॥१३५॥**

ભોગવે વિષય સેવને ય ના, સ્વં ફલં વિષયસેવનું નરો;

જ્ઞાન વૈભવ-વિરાગતા બલે, તેથી સેવક છતાં અસેવકો જ જે. ૧૩૫

## અમૃત ૫૬-૧૩૫

સેવક તોય અસેવક જ્ઞાની, ભોગી છતાં ય અભોગી ખરે !

અચરિજકારી અદ્ભુત ઘટના, જોગી વિરલા સત્ય કરે... સેવક તોય અસેવક જ્ઞાની. ૧

વિષય સેવને પણ વિષયનું, સ્વફલ ભોગવે જે ન નરો,

જ્ઞાન વૈભવ વિરાગતા તણા, બલ થકી અદ્ભુત ખરો !... સેવક તોય અસેવક જ્ઞાની. ૨

સેવક તોય અસેવક તેથી, ભોગી છતાંય અભોગી ઠરે,

પૂર્વ કર્મથી પ્રેરિત જ્ઞાની, ચિઠ્ઠીનો ચાકર જ ખરે !... સેવક તોય અસેવક. જ્ઞાની. ૩

લાભ હાનિનો સ્વામી શેઠ જ, વાણોતર ના કદીય ખરે !

ભગવાન જ્ઞાની, અનુભવ **અમૃત** સિંધુ નિત્ય નિમગ્ન ઠરે... સેવક. ૪

**અર્થ** - વિષય સેવને પણ નર (પુરુષ) જે જ્ઞાન વૈભવ ને વિરાગતાના બલ થકી વિષય સેવનનું સ્વ ફલ ભોગવતો નથી, તેથી તે સેવક છતાં અસેવક છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જ્યાં વૈરાગ્ય અને ઉપશમ બળવાન છે, ત્યાં વિવેક બળવાનપણે હોય છે, વૈરાગ્ય ઉપશમ બળવાન ન હોય ત્યાં વિવેક બળવાન હોય નહીં અથવા યથાવત્ વિવેક હોય નહીં."

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૪૧૮), ૫૦૬**

"પૂર્વ ઉદૈ સનબંધ, વિષૈ ભોગવૈ સમકિતી,

કરૈ ન નૂતન બંધ, મહિમા ગ્યાન વિરાગકી." - શ્રી બના.કૃત સ.સા.ના. નિર્જરા અ. ૬

**'આત્મખ્યાતિ'ના** ગદ્ય ભાગમાં જે કહ્યું તેનો સારસમુચ્ચય રૂપ ફલિતાર્થ દર્શાવવા સાથે નીચેની ગાથાનું અવતરણ કરતો આ ઉત્થાનિકા કળશ કહ્યો છે, नाश्नुते विषयसेवनेऽति यत्, स्वं फलं विषयसेवनस्य ना - **કારણકે વિષયનું સેવન** કરતાં છતાં પણ નર-પુરુષ જે વિષય સેવનનું 'સ્વ ફલ' - પોતાનું બંધન રૂપ ફલ - 'જ્ઞાન વૈભવ અને વિરાગતાના બલ થકી' - ज्ञानवैभवविरागता बलात् - **પૂર્વોક્ત પ્રકારે જ્ઞાન સમૃદ્ધિના અને વીતરાગતાના સામર્થ્ય થકી** - નથી ભોગવતો, તેથી તે પુરુષ 'સેવક છતાં અસેવક છે' - असेवकोऽपि तदसावसेवकः, **વિષયોનું સેવન કરનારો છતાં નહિ સેવન કરનારો છે ! ભોગી છતાં અભોગી છે ! જ્ઞાની વિરાગી સેવક છતાં અસેવક કેવી રીતે છે તે હવેની ગાથામાં સ્પષ્ટ કહેશે.**

**વિષય સેવન છતાં વિષય સેવન ફલ નહિ ! સેવક છતાં અસેવક !**

જ્ઞાનનું સામર્થ્ય અને વૈરાગ્યનું સામર્થ્ય સમર્થ દૃષ્ટાંત દ્વારા ઉપરમાં વિવરી દેખાડ્યું. તેમાંથી એક પણ સામર્થ્ય ભોગપ્રવૃત્તિ છતાં ન બંધાવા દેવા માટે પર્યાપ્ત છે, તો પછી બન્ને સામર્થ્યનું તો પૂછવું જ

શું ? અને ખરેખરા જ્ઞાનીને તો બન્ને સામર્થ્ય - જ્ઞાન સામર્થ્ય અને વૈરાગ્ય સામર્થ્ય અદ્ભુત વર્તે છે.

**જ્ઞાનીનો જ્ઞાન વૈભવ - વિરાગતા બલ**

જ્ઞાન-શ્રી સંપન્ન ખરેખરા 'શ્રીમંત' જ્ઞાનીનો 'જ્ઞાન વૈભવ' (જ્ઞાન સમૃદ્ધિ) એટલો બધો વિપુલ છે અને 'વિરાગતા બલ' એટલું બધું અતુલ છે કે બીચારી મગતરા જેવી ભોગશક્તિ તેવા મહાયોગી મહામલ્લ પર પોતાનું બંધફલ રૂપ કંઈ પણ બળ અજમાવી શકવાને સમર્થ થતી નથી ! વિશ્વ મોહિની ભોગશક્તિના મોહબંધથી બાંધવા માટેના ગમે તેટલા દાવપેચમાંથી આ અમોહ સ્વરૂપ મહામલ્લ આબાદ છટકી જાય છે ! 'હું એક નિશ્ચયે કરીને શુદ્ધ, દર્શન-જ્ઞાનમય સદા અરૂપી છું, અન્ય કિંચિત્ પણ પરમાણુ માત્ર પણ મ્હારૂં છે નહિ' - એવી શુદ્ધાત્માનુભૂતિમય શુદ્ધોપયોગની આત્યંતિક આત્મભાવનાથી જ્ઞાનીએ એટલો બધો જ્ઞાનવૈભવ (Wealth of Knowledge) સંચય કર્યો છે કે નિર્માલ્ય નિઃસાર ભોગશક્તિ તેમને અકિંચિત્કર થઈ પડે છે અને તે જ્ઞાનના સહજ ફલ રૂપ તેમની વિરાગતા-વીતરાગતા પણ એટલી બધી પ્રબલા હોય છે કે નિર્બલા ભોગશક્તિ 'અબલા'નું તે 'મહા પુરુષ'ની આગળ કાંઈ ચાલતું નથી.

## આકૃતિ

| પુરુષ | | જ્ઞાની |
|---|---|---|
| વિષય સેવન છતાં | : : | જ્ઞાન વૈભવ - વિરાગતા બલ થકી |
| વિષયફલ શૂન્ય | | સેવક છતાં અસેવક |

**'બાલ ધૂલિગૃહ ક્રીડા સરખી ભવચેષ્ટા અહીં' ભાસે રે'**

કારણકે આ 'ધીમંત જ્ઞાની સમ્યગ્દષ્ટિ પુરુષને તમો ગ્રંથિના વિભેદથી અખિલ જ ભવચેષ્ટા ખરેખર ! બાલધૂલી ગૃહ ક્રીડા* તુલ્ય ભાસે છે, સમસ્ત સંસાર ચેષ્ટા બાલકની ધૂલિગૃહ ક્રીડા જેવી લાગે છે. કારણકે પ્રકૃતિથી અસુંદરપણાથી ને અસ્થિરપણાથી તે બન્નેનું સમાનપણું છે. બાલક ધૂળના કૂબા (ઘર) બનાવવાની રમત રમે છે. તે કૂબા પ્રકૃતિથી - સ્વભાવથી અસુંદર ને હાથ લગાડતાં કે ઠેસ મારતાં પડી જાય એવા અસ્થિર હોય છે. તેમ આ સર્વ સંસારચેષ્ટા પણ પ્રકૃતિથી અસુંદર - અરમણીય અને અસ્થિર છે, ક્ષણમાત્રમાં શીર્ણ વિશીર્ણ થઈ જાય એવી ક્ષણભંગુર છે. આમ એ બન્નેનું તુલ્યપણું છે. અરે ! ચક્રવર્ત્તી આદિની ઋદ્ધિ કે જે સંસારમાં સર્વોત્કૃષ્ટ ગણાય છે, તે પણ તત્ત્વથી જોતાં વિષમિશ્રિત અન્ન જેવી અસુંદર અને અસ્થાયી છે. જે પ્રચંડ પ્રતાપે કરીને છ ખંડના અધિરાજ બન્યા હતા ને 'બ્રહ્માંડમાં બળવાન્ થઈને ભૂપ ભારી ઉપજ્યા' હતા, **'એ ચતુર ચક્રી ચાલિયા હોતા ન હોતા હોઈને'**, હાથ ખંખેરીને આવ્યા હતા તેવા ખાલી હાથે ચાલી નીકળ્યા છે. આ જગત્માં એટલા બધા ચક્રવર્ત્તીઓ થઈ ગયા છે, કે જ્યારે કોઈ નવો ચક્રવર્ત્તી થાય છે, ત્યારે કિંકિણી રત્નથી ઋષભકૂટ પર્વત પર પોતાનું નામ ઉત્કીર્ણ કરતી વેળાએ તેને એક નામ ભૂંસી નાંખવું પડે છે, ત્યારે તો તેના નામ માટે જગ્યા થાય છે ! આમ આ પૃથ્વીના અનંત સ્વામી થઈ ગયા છે ને આ પૃથ્વી કોઈ સાથે ગઈ નથી કે જવાની નથી. આ જગત્ની સર્વોચ્ચ પદવીની પણ આ દશા છે, તો પછી એનાથી ઉતરતી એવી અન્ય કક્ષાઓની શી વાત કરવી ?

આમ બાલકના કૂબા જેમ સાવ તકલાદી ને ક્ષણવારમાં હતા ન હતા થઈ જાય છે, તેમ આ સર્વ સંસારનો ખેલ પણ ક્ષણવારમાં ખતમ થઈ જાય છે, હતો ન હતો થઈ જાય છે. આ સંસારમાં જ્યાં જુઓ ત્યાં સર્વત્ર ક્ષણભંગુરતા ને અરમ્યતા જ ભરી છે. તે તો બાલકના કૂબાની જેમ બાલજીવોને જ

---

* "बालधूलीगृहक्रीडा तुल्यास्यां भाति धीमताम् ।
तमोग्रंथिविभेदेन भवचेष्टाखिलैव हि ॥" - શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય શ્લો. ૧૫૫

**જ્ઞાનીનો સંવેગાતિશય**

રુચે છે - ગમે છે, પણ તેવી બાલકની રમત રમવી જેમ મોટા માણસને ન રુચે - ન ગમે, અથવા શરમાવા જેવી લાગે, તેમ આ ભવચેષ્ટા રૂપ ધૂલિગૃહ ક્રીડા પણ પંડિત જનને - જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પુરુષને રુચતી નથી અને ભૂલેચૂકે તેમાં રમવું - આનંદ માનવો તે લજ્જાનું કારણ લાગે છે, શરમાવા જેવું લાગે છે ! અને આ સકલ ભવચેષ્ટા તેને બાલધૂલિગૃહ ક્રીડા જેવી લાગે છે, તેનું કારણ તેને **તમોગ્રંથિનો વિભેદ** થયો છે, તે છે. આ તમોગ્રંથિના વિભેદથી તેને **વેદ્યસંવેદ્યપદ રૂપ** શુદ્ધાત્માનુભૂતિ રૂપ સમ્યગ્દર્શન પ્રગટ્યું છે, તેથી તેને સંસારનું યથાર્થ દુઃખદ સ્વરૂપ સંવેદાય છે, અર્થાત્ આ વેદ્યસંવેદ્યપદ થકી **સંવેગાતિશય*** વૈરાગ્યાતિશય ઉપજે છે, સમ્યગ્દર્શન થતાં ભવસાગરનું સાચેસાચું સ્વરૂપ પ્રતીત થાય છે - સંસારનું દારુણ અનંત દુઃખમય સ્વરૂપ સાક્ષાત્ જણાય છે અને આત્માનું અનંત સુખમય સ્વરૂપ પ્રત્યક્ષ પ્રગટ અનુભવગોચર થાય છે. એટલે તે જીવ આવા દુઃખમય ભયરૂપ સંસારમાં રમતો નથી, પણ જેમ ભયસ્થાનથી કોઈ મૂઠીઓ વાળીને વેગે દૂર ભાગી જાય, તેમ આ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની જીવ પણ **સંવેગથી-અત્યંત વેગથી** તે સંસારથી ભડકીને ભાગે છે. ક્ષણભર તેને સંસારની મોહિની રુચિકર લાગતી નથી. પરમ સંવેગરંગી **શ્રીમદ્ રાજચંદ્રજીનું** પરમ સંવેગભાવમય વચનામૃત છે કે -

"હે નાથ ! સાતમી તમતમ પ્રભાનરકની વેદના મળી હોય તો વખતે સમ્મત કરત. પણ જગત્-ની મોહિની સમ્મત થતી નથી." - **શ્રીમદ્ રાજચંદ્રજી, અં. ૮૫**

**અપવાદરૂપ વિશિષ્ટ જ્ઞાની : તીર્થંકરાદિ દૃષ્ટાંત**

આમ શુદ્ધાત્માનુભૂતિમય નિશ્ચય સમ્યગ્દર્શનરૂપ નિશ્ચય વેદ્યસંવેદ્યપદ થકી ઉલ્લસિત સંવેગાતિશયને લીધે જ - પરમ વૈરાગ્યાતિશયને લીધે જ ક્વચિત્ પ્રારબ્ધ યોગથી ભોગ મધ્યે પણ અલિપ્ત રહેવાનું મહાપરાક્રમ તીર્થંકરાદિ જેવા ઉચ્ચ કોટિના અસાધારણ જ્ઞાનીઓ જ કરી શકે છે. કારણકે **કાંતા** આદિ ઉચ્ચ યોગદૃષ્ટિને પામેલા તીર્થંકરાદિ સમ્યગ્દૃષ્ટિ સમર્થ જ્ઞાની પુરુષોની વાત ન્યારી છે. તેઓ પૂર્વ કર્મથી પ્રેરાઈને પ્રારબ્ધોદયથી સંસારમાં રહ્યા હોય તો પણ તે સંસારથી પર - અસંસારી છે, ને ભોગ ભોગવતાં છતાં નથી ભોગવતા - એવો પરમ અદ્ભુત વૈરાગ્ય તેમનો હોય છે ! કારણકે તેમનું શરીર - ખોળીયું સંસારમાં છે, પણ ચિત્ત તો મોક્ષમાં જ છે, શ્રીમાન્ **હરિભદ્રસૂરિજીએ** કહ્યું છે તેમ मोक्षे चित्तं भवे तनुः । 'લોકમાં વર્તતા જ્ઞાની યોગીની પ્રવૃત્તિઓ કાષ્ઠયંત્રની પૂતળીઓના નૃત્ય જેવી હોઈ તેમને બાધાર્થે થતી નથી અને લોકાનુગ્રહના હેતુપણાથી આ 'યોગ માયા' છે એમ અન્ય દર્શનીઓ પણ કહે છે અને એમાં પણ દૂષણ નથી.'

**"दारुयंत्रस्थपांचाली नृत्यतुल्याः प्रवृत्तयः ।**
**योगिनो नैव बाधायै ज्ञानिनो लोकवर्तिनः ॥" - શ્રી યશોવિજયજી કૃત શ્રી 'અધ્યાત્મસાર'**

અને આવા અપવાદરૂપ પરમ સમર્થ જ્ઞાની વીતરાગ સમ્યગ્દૃષ્ટિ આત્માનું દૃષ્ટાંત શોધવાને આપણે વધારે દૂર જવાની જરૂર નથી. હજુ હમણાં જ વર્તમાન યુગમાં થઈ ગયેલા પરમ તત્ત્વદૃષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજીના** પરમ અધ્યાત્મમય જીવનવૃત્તમાંથી આનું જ્વલંત ઉદાહરણ મળી આવે છે.* એ **પરમ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પુરુષને** પૂર્વ પ્રારબ્ધોદયથી અનિચ્છતાં છતાં સંસાર પ્રસંગમાં રહેવું પડ્યું હતું, છતાં પ્રતિક્ષણે તેમને તેનો અત્યંત અત્યંત ખેદ વર્તતો હતો અને મહામુનિવરોને પણ દુર્લભ એવી પરમ ઉદાસીન અદ્ભુત વૈરાગ્યમય ભાવ નિર્ગ્રંથ દશા ને ઉત્કટ આત્મસ્થિતિ તેમને વર્તતી હતી, **અખંડ આત્મસમાધિ** અનુભવાતી હતી - એ એમના આત્માનુભવમય વચનામૃત પરથી નિષ્પક્ષપાત અવલોકનારને પદે પદે સુપ્રતીત થાય છે. પણ આવા અપવાદરૂપ (Exceptional - Extraordinary) જલકમલવત્ નિર્લેપ મહાનુભાવ સમ્યગ્દૃષ્ટિ મહાત્માઓ વિરલ જ હોય છે, અતિ અતિ અલ્પ હોય છે.

* "वेद्यसंवेद्यपदतः संवेगातिशयादिति ।
चरमैव भवत्येषा पुनर्दुर्गत्ययोगतः ॥" -શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય શ્લો. ૭૧

ત્રિકાળ વૈરાગ્યવંત તેમના ચિત્ત સમુદ્રનો તાગ લેવાનું કે અનુકરણ કરવાનું બીજાનું ગજું નથી, તેમ કરવા જતાં બીજા પ્રાકૃત જનો તો ખત્તા જ ખાય !

**'નકલી' જ્ઞાની કે 'શુષ્ક જ્ઞાની'ના બેહાલ**

કારણકે જ્ઞાનીઓએ પોતે કાંઈ સ્વચ્છંદનો પરવાનો (Licence) લીધો નથી કે કોઈને દીધો નથી, પણ સર્વત્ર ભોગ ત્યાગનો જ ડિંડિમ નાદથી ઉદ્‌ઘોષ કર્યો છે અને તીવ્ર વિરાગ ભાવને લઈ પોતાની પણ તેમજ કરવાની અંતરંગ ભાવના છતાં કોઈ અનિવાર્ય પ્રારબ્ધ સંયોગ યોગે ક્વચિત્ ભોગ પ્રવૃત્તિ કરવી પડે તો પણ તેનું બંધફળ તે ભોગવતા નથી, અર્થાત્ ભોગથી પણ બંધાય નહિ એવા તે સમર્થ 'સામર્થ્ય યોગી' હોય છે. આવા અસાધારણ જ્ઞાનવૈભવ ને વિરાગતા બલસંપન્ન સમર્થ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીની આવી વિલક્ષણ પ્રવૃત્તિનું પ્રાકૃત જન કે સાધારણ મુમુક્ષુ કે સામાન્ય જ્ઞાની અનુકરણ કેમ કરી શકે ? ને કોઈ 'નકલી' (Immitation) જ્ઞાની કે જ્ઞાનની નિશ્ચયમુખ માત્ર વાતો કરનારા મહામોહ મૂઢ 'શુષ્ક જ્ઞાની' તેવી અનધિકાર ચેષ્ટા કરવા જાય તો મહામોહિનીય કર્મથી બંધાઈ ભવસાગરમાં બૂડ્યા વિના કેમ રહે ? આ 'નકલી જ્ઞાની' કે 'શુષ્ક જ્ઞાની'નું ગમે તેમ હો, પણ જ્ઞાન વૈભવ ને વિરાગતાબલ સંપન્ન સાચો જ્ઞાની વિરાગી ભોગી છતાં અભોગી - સેવક છતાં અસેવક કેવી રીતે છે તે હવેની ગાથામાં સ્પષ્ટ કહે છેઃ -






* આના દિગ્દર્શનાર્થે જુઓ આ વિવેચક લેખકે લખેલો 'અધ્યાત્મ રાજચંદ્ર'.

હવે એ જ દર્શાવે છે -

**सेवंतोवि ण सेवइ असेवमाणो वि सेवगो कोई ।**
**पगरणचेट्ठा कस्सवि ण य पायरणोत्ति सो होई ॥१९७॥**

સેવંતો ય ન સેવતો રે, સેવતો અસેવંતો ય;
પ્રકરણ ચેષ્ટા કોઈની રે, પ્રાકરણો ન તે હોય... રે જ્ઞાની નિર્જરા નિત્ય કરંત. ૧૯૭

**અર્થ** - સેવતાં છતાં સેવતો નથી, કોઈ અસેવમાન (નહિ સેવતો) છતાં સેવક છે, કોઈની પણ પ્રકરણ ચેષ્ટા હોય છે અને તે 'પ્રાકરણ' એમ હોતો નથી. ૧૯૭

## आत्मख्याति टीका

अथैतदेव दर्शयति -

**सेवमानोऽपि न सेवते असेवमानोऽपि सेवकः कश्चित् ।**
**प्रकरणचेष्टा कस्यापि न च प्राकरण इति स भवति ॥१९७॥**

यथा **कश्चित्**
**प्रकरणे व्याप्रियमाणोपि**
प्रकरणस्वामित्वाभावात्
**न प्राकरणिकः,**
अपरस्तु
तत्राव्याप्रियमाणोपि
तत्स्वामित्वात्
प्राकरणिकः ।

तथा सम्यग्दृष्टिः
पूर्व संचितकर्मोदयसंपन्नान् विषयान् **सेवमानोऽपि**
रागादिभावानामभावेन विषयसेवनफल स्वामित्वाभावा-
**द सेवक एव** ।
मिथ्यादृष्टिस्तु
विषयान**सेवमानो**ऽपि
रागादिभावानां सद्भावेन विषयसेवनफलस्वामित्वात्
**सेवक एव** ॥१९७॥

---

**आत्मभावना** -

अथैतदेव दर्शयति - **હવે એ જ દર્શાવે છે** - सेवंतो वि ण सेवइ - सेवमानोऽपि न सेवते - **સેવમાન - સેવતો છતાં નથી સેવતો,** कोई असेवमाणोवि सेवको - कश्चित् असेवमानोऽपि सेवकः - **કોઈ અસેવમાન - નહિ સેવતો છતાં સેવક - સેવનારો છે.** (અત્ર દૃષ્ટાંત) कस्सवि पगरणचेट्ठा - कस्यापि प्रकरणचेष्टा - **કોઈની પણ પ્રકરણ ચેષ્ટા છે,** ण य सो पायरणोत्ति होई - न च सः प्राकरण इति भवति - **અને તે પ્રાકરણ - પ્રકરણનો સ્વામી એમ નથી હોતો.** ॥ इति **गाथा** आत्मभावना ॥१९७॥

यथा - **જેમ, દૃષ્ટાંત છે કે** - कश्चित् - **કોઈ** प्रकरणे व्याप्रियमाणोपि - **પ્રકરણમાં - કાર્યમાં વ્યાપ્રિયમાણ - વ્યાપૃત થઈ રહેલો છતાં** न प्राकरणिकः - **પ્રાકરણિક નથી, પ્રકરણ - કાર્ય જેનું છે એવો અર્થાત્ પ્રકરણનો સ્વામી નથી. શાને લીધે ?** प्रकरणस्वामित्वाभात् - **પ્રકરણના - સ્વામિત્વના - સ્વામિપણાના અભાવને લીધે નહિ હોવાપણાને લીધે.** अपरस्तु - **પણ અપર - બીજો તો** तत्राव्याप्रियमाणोपि - **ત્યાં - પ્રકરણમાં અવ્યાપ્રિયમાણ - વ્યાપૃત નહિ થયેલો છતાં** प्राकरणिकः - **પ્રાકરણિક - પ્રકરણ - કાર્ય જેનું છે એવો અર્થાત્ પ્રકરણનો સ્વામી છે. શાને લીધે ?** तत्स्वामित्वात् - **તેના - તે પ્રકરણના સ્વામિત્વ - સ્વામિપણાને લીધે.**

तथा - **તેમ** (આ દાર્ષ્ટાંતિક) सम्यग्दृष्टिः - **સમ્યગ્ દૃષ્ટિ** पूर्वसंचितकर्मोदयसंपन्नान् विषयान् सेवमानोऽपि - **પૂર્વસંચિત કર્મોદયથી સંપન્ન - સાંપડેલા વિષયો સેવતો છતાં** असेवक एव - **અસેવક જ છે - નહિ સેવનારો જ છે, શાને લીધે ?** विषयसेवनफलस्वामित्वाभावात् - **વિષય સેવનના ફલના સ્વામિત્વના - સ્વામીપણાના અભાવને લીધે. એમ પણ શાથી કરીને ?** रागादिभावानामभावेन - नसेवमानोऽपि - **રાગાદિ ભાવોના અભાવે કરીને - નહિ હોવાપણાએ કરીને** मिथ्यादृष्टिस्तु - **પણ મિથ્યાદૃષ્ટિ તો** विषयसेवनफलस्वामित्वात् - **વિષય સેવનના ફલના સ્વામિત્વને - સ્વામિપણાને લીધે. એમ પણ શાથી કરીને ?** रागादिभावानां सद्भावेन - **રાગાદિ ભાવોના સદ્ભાવે કરીને - હોવાપણાએ કરીને.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१९७॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

| | |
|---|---|
| જેમ કોઈ | તેમ સમ્યગ્દૃષ્ટિ |
| **પ્રકરણમાં વ્યાપ્રિયમાણ છતાં** | પૂર્વસંચિત કર્મોદયથી સંપન્ન (સાંપડેલ) **સેવતો છતાં** |
| પ્રકરણના સ્વામિત્વના અભાવને લીધે | રાગાદિ ભાવોના અભાવે કરીને |
| | વિષય સેવન ફલના સ્વામિત્વના (સ્વામિપણાના) અભાવને લીધે. |
| **પ્રાકરણિક નથી,** | **અસેવક જ છે** |
| પણ અપર તો | પણ મિથ્યાદૃષ્ટિ તો |
| ત્યાં અવ્યાપ્રિયમાણ છતાં | વિષયોને **અસેવતો** (નહિ સેવતો) **છતાં** |
| તેના સ્વામિત્વને લીધે | રાગાદિ ભાવોના સદ્‌ભાવે કરીને |
| | વિષય સેવન ફલના સ્વામિત્વને લીધે |
| પ્રાકરણિક છે : | **સેવક જ છે. ૧૯૭** |

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સિદ્ધાંતનો વિચાર ઘણા સત્સંગથી તથા વૈરાગ્ય અને ઉપશમનું બળ વિશેષપણે વધ્યા પછી કર્તવ્ય છે.''

''એ ગુણો જ્યાં સુધી જીવને વિષે સ્થિરતા પામશે નહીં ત્યાં સુધી આત્મસ્વરૂપનો વિશેષ વિચાર જીવથી યથાર્થપણે થવો કઠણ છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૧૩, ૫૨૮**

**વિષય સેવનફલ - સ્વામિત્વ અભાવે સેવતો છતાં ન સેવતો -**

આ ગાથાના ઉત્થાનિકા કળશમાં સૂચવ્યું તેમ જ્ઞાની જ્ઞાનવૈભવ - વિરાગતા - બલને લીધે સેવક છતાં અસેવક છે, એ વસ્તુનું અત્ર પ્રતિપાદન કર્યું છે અને **'આત્મખ્યાતિ' કર્તા પરમર્ષિએ** વૈધર્મ્ય દૃષ્ટાંતથી તેનું બિંબ-પ્રતિબિંબ ભાવથી સાંગોપાંગ સકલ અવિકલ પરમાર્થ સ્વરૂપ દર્શાવી અદ્‌ભુત વ્યાખ્યાન કર્યું છે - જેમ કોઈ 'પ્રકરણમાં' - પ્રકૃત કાર્યમાં વ્યાપ્રિયમાણ - વ્યાપૃત થઈ રહેલો છતાં 'પ્રાકરણિક' નથી, પ્રકરણ - પ્રકૃત કાર્ય જેનું છે એવો પ્રકરણનો કર્તા નથી. શાને લીધે ? પ્રકરણના સ્વામીપણાના અભાવને લીધે - प्रकरणस्वामित्वाभावात् - પણ બીજો તો ત્યાં પ્રકરણમાં - પ્રકૃત કાર્યમાં અવ્યાપ્રિયમાણ - વ્યાપૃત નહિ થઈ રહેલો છતાં 'પ્રાકરણિક' છે, પ્રકરણ - પ્રકૃત કાર્ય જેનું છે એવો પ્રકરણનો કર્તા છે. શાને લીધે ? તે પ્રકરણના સ્વામીપણાને લીધે, तत्स्वामित्वात् - તેમ સમ્યગ્દૃષ્ટિ પૂર્વ સંચિત - પૂર્વે અજ્ઞાન ભાવમાં સંચય કરેલા કર્મના ઉદયથી સાંપડેલા વિષયો સેવતો છતાં અસેવક જ છે - નહિ સેવનારો જ છે. શાને લીધે ? વિષય સેવનના ફલના સ્વામીપણાના અભાવને લીધે - विषयसेवनफलस्वामित्वाभावात् - એમ પણ શાથી કરીને ? રાગાદિ ભાવોના અભાવે કરીને - रागादिभावानामभावेन - પણ અથી ઉલટું મિથ્યાદૃષ્ટિ તો વિષયોને અસેવતો - નહિ સેવતો છતાં સેવક - સેવનારો છે. શાને લીધે ? વિષય સેવનના ફલના સ્વામિપણાને લીધે - विषयसेवनफलस्वामित्वात् । - એમ પણ શાથી કરીને ? રાગાદિ ભાવોના સદ્‌ભાવે કરીને - હોવાપણાએ કરીને - रागादिभावानां सद्भावेन - **અમૃતચંદ્રાચાર્યજીની** આ વ્યાખ્યાનો હવે વિશેષ વિચાર કરીએ.

જેમ કોઈ પુરુષ - વાણોતર છે, તે અમુક કામ કરી આ એમ ચોક્કસ મુકરર કાર્ય કરવામાં - 'પ્રકરણમાં' તેના શેઠથી 'વ્યાપ્રિયમાણ' - વ્યાપારવામાં આવી રહેલો - પ્રેરવામાં આવી રહેલો છે, પણ

તે 'પ્રકરણના' - શેઠના મુકરર કાર્યના 'સ્વામિત્વનો' - સ્વામીપણાનો - માલિક પણાનો - ધણીપણાનો તેને અભાવ છે, એટલે તે 'પ્રાકરણિક' નથી - તે પ્રકરણના - સોદાના (Translation) લાભ હાનિરૂપ - નફાતોટા રૂપ ફલનો સ્વામિ - માલિક - ધણી નથી, તે તો 'ચિઠ્ઠીનો ચાકર' હોઈ તે સોદાના નફાતોટા સાથે એને કાંઈ લેવા દેવા નથી; અને 'બીજો' જે વ્યાપારનાર - 'વ્યાપારી' - વેપારી શેઠ છે, તે તો તે મુકરર કાર્યમાં - 'પ્રકરણ'માં 'અવ્યાપ્રિયમાણ' - નહિ વ્યાપારવામાં આવી રહેલો - નહિ પ્રેરવામાં આવી રહેલો છતાં, તે પ્રકરણના સ્વામિપણાનો તેને સદ્‌ભાવ - હોવાપણું છે, એટલે તેના 'સ્વામિત્વને લીધે' - તે પ્રકરણના - મુકરર કાર્યના સ્વામિપણાને લીધે - માલિકપણાને લીધે - ધણીપણાને લીધે તે 'પ્રાકરણિક' છે, તે પ્રકરણના - સોદાના લાભ હાનિરૂપ - નફાતોટા રૂપ ફલનો સ્વામી - માલિક - ધણી છે, તે જ 'ચિઠ્ઠીનો પ્રેરક' હોઈ તે સોદાના નફા તોટા સાથે તેને જ લેવા દેવા છે.

શેઠ - વાણોતરનું દૃષ્ટાંત

તેમ સમ્યગ્‌દૃષ્ટિ પુરુષ છે, તે દૃષ્ટિના સમ્યગ્‌પણાએ કરીને આત્માને આત્મા ને અનાત્માને અનાત્મા સમ્યક્‌પણે દેખે છે, તે 'પૂર્વ સંચિત કર્મોદયથી' - પૂર્વે અજ્ઞાન અવસ્થામાં સંચય કરેલા કર્મના ઉદયથી સાંપડેલા - આવી પડેલા વિષયો સેવે છે, પણ તેને રાગાદિ ભાવોનો 'અભાવ' - નહિ હોવાપણું છે, એટલે 'રાગાદિ ભાવોના અભાવે કરીને' તેને વિષય સેવન ફલના સ્વામિપણાનો અભાવ છે, આ વિષય મ્હારા છે ને એનું સેવનફલ મ્હારૂં છે એવા તેના સ્વામિપણાનું - માલિકપણાનું તેને હોવાપણું નથી, એટલે તે વિષય સેવતાં છતાં 'અસેવક જ' છે - विषयान् सेवमानोऽपि असेवक एव, વિષયને સેવતો જ નથી. આથી ઉલટું મિથ્યાદૃષ્ટિ છે, તે દૃષ્ટિના મિથ્યાપણાએ કરીને આત્માને અનાત્મા ને અનાત્માને આત્મા દેખે છે, તે વિષયોને 'અસેવતાં છતાં' - ભલે વિષયોને ન સેવતો હોય, તો પણ તેને રાગાદિ ભાવોનો સદ્‌ભાવ - હોવાપણું છે એટલે 'રાગાદિ ભાવોના સદ્‌ભાવે કરીને તેને વિષય સેવન ફલના સ્વામિપણાનો સદ્‌ભાવ - હોવાપણું છે, આ વિષય મ્હારા છે ને એનું સેવનફલ મ્હારૂં છે એવા તેના સ્વામિપણાનું - માલિકપણાનું તેને હોવાપણું છે, તેને લીધે ભલે તે વિષય ન સેવતો હોય તો પણ તે 'સેવક' જ છે - વિષયને સેવનારો જ છે - विषयानसेवमानोऽपि सेवकः ।

જ્ઞાની 'सेवमानो न सेवकः'

આ ઉપરથી એ ફલિત થાય છે કે વિષયનું સેવન - અસેવન એ વૈરાગ્યનું મુખ્ય લક્ષણ નથી, પણ **અનાસક્ત ભાવ** એ જ મુખ્ય લક્ષણ છે, કારણકે વિષયનું સેવન ન કરે, પણ અનાસક્ત ભાવ ન હોય ને અંતરમાં ભોગાદિની કામના - વાસના હોય તો વૈરાગ્ય નથી; અને વિષયનું સેવન કરે, પણ અનાસક્ત ભાવ હોય ને અંતરમાં ભોગાદિની કામના - વાસના ન હોય તો વૈરાગ્ય છે. તેમાં પણ વિષયના અસેવન સાથે અનાસક્ત ભાવ હોય તો તે સર્વોત્તમ છે, તથાપિ કોઈ અપવાદ રૂપ વિશિષ્ટ સમ્યગ્‌દૃષ્ટિ સમર્થ જ્ઞાની પુરુષને અનાસક્ત ભાવ છતાં પૂર્વ પ્રારબ્ધોદયથી કદાચ વિષય સેવન હોય, તો પણ તેના વૈરાગ્યને બાધ આવતો નથી, એટલે 'વિષયોના બંધ - ઉત્પાદનમાં નિયમ છે નહિ. અજ્ઞાનીઓને તેનાથી બંધ છે, જ્ઞાનીઓને કદી બંધ નથી - નિર્જરા જ છે, કારણકે જ્ઞાની 'સેવતાં છતાં સેવતા નથી' - ભોગવતાં છતાં ભોગવતા નથી !' અને અજ્ઞાની 'નહિ સેવતાં છતાં સેવે છે' - નહિ ભોગવતાં છતાં ભોગવે છે ! આ આશ્ચર્યકારક પણ સત્ય ઘટના છે.* ઉપરમાં કહ્યું તેમ - જેમ કોઈ વાણોતર શેઠની વતી વ્યાપાર કરે - લેવડ દેવડ કરે, પણ તે કાંઈ લાભ હાનિનો સ્વામી થતો નથી, તેના નફા-તોટામાં તેને કાંઈ લેવાદેવા નથી, તે તો માત્ર ચિઠ્ઠીનો ચાકર છે અને શેઠ પોતે બેસી રહે છે ને કાંઈ કરતો નથી, છતાં તે નફા-તોટાનો માલિક છે, લાભ-હાનિનો સ્વામી છે, તેમ સમ્યગ્‌ દૃષ્ટિ જ્ઞાની પુરુષ પૂર્વ કર્મોદયથી સાંપડેલા વિષયો સેવતાં છતાં, રાગાદિ ભાવોના અભાવે વિષય સેવન ફલના સ્વામિત્વના અભાવથી અસેવક જ છે - નહિ સેવનારો જ છે; અને મિથ્યાદૃષ્ટિ તો વિષયો - નહિ સેવતાં છતાં રાગાદિ ભાવોના સદ્‌ભાવથી વિષય સેવન ફલના સ્વામિત્વને લીધે સેવક - સેવનારો

અનાસક્ત ભાવ મુખ્ય વૈરાગ્ય લક્ષણ

છે. એટલે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પુરુષ ભોગ ભોગવે છે છતાં બંધાતા નથી ને કર્મ નિર્જરે જ છે ! ને અજ્ઞાની ભોગ ન ભોગવતાં પણ બંધાય છે ! આમ ઉચ્ચ કોટિના સમ્યગ્દૃષ્ટિને - જ્ઞાનદશા સંપન્ન જ્ઞાનીને ભોગો બંધ હેતુ બની ભવહેતુ કેમ થતા નથી ? તેનો સુંદર હૃદયંગમ ખુલાસો કરતાં શ્રી હરિભદ્રાચાર્યજી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' શ્લો. ૧૬૪માં પ્રકાશે છે. શ્રી યશોવિજયજીએ પણ કહ્યું છે -

"विषयाणां ततो बंधजनने नियमोऽस्ति न ।

अज्ञानिनां ततो बंधो ज्ञानिनां तु न कर्हिचित् ॥

सेवते ऽ सेवमानोऽपि सेवमानो न सेवते ।

कोऽपि पारजनो न स्याच्छ्रयन् परजनानपि ॥" - શ્રી યશોવિજયજી કૃત 'શ્રી અધ્યાત્મસાર'

આકૃતિ

| કોઈ (નોકર) | | બીજા (શેઠ) | સમ્યગ્ દૃષ્ટિ | | મિથ્યાદૃષ્ટિ |
|---|---|---|---|---|---|
| પ્રકરણમાં વ્યાપૃત કરાતો છતાં પ્રકરણ સ્વામિત્વ અભાવથી પ્રાકરણિક નથી | : : | પ્રકરણમાં અવ્યાપૃત થતો છતાં પ્રકરણ સ્વામિત્વથી પ્રાકરણિક છે | પૂર્વ કર્મોદય સંપન્ન વિષયો સેવતાં છતાં રાગાદિ ભાવોને અભાવે વિષય સેવનફલ સ્વામિત્વથી અસેવક જ છે | : : | વિષયોને અસેવતો છતાં રાગાદિ ભાવોને સદ્ભાવે વિષય સેવનના સ્વામિત્વથી સેવક છે. |

'એનું (છઠ્ઠી કાંતા દૃષ્ટિવાળા યોગીનું) મન નિત્યે શ્રુતધર્મમાં હોય છે, કાય જ અન્ય કાર્યમાં હોય છે, આથી કરીને જ આક્ષેપક જ્ઞાનને લીધે એને ભોગો ભવહેતુ થતા નથી.'

"श्रुतधर्मे मनो नित्यं कायस्त्वस्यान्यचेष्टिते ।

अतस्त्वाक्षेपक ज्ञानान्न भोगा भवहेतवः ॥" - શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય', શ્લો. ૧૬૪

* અર્થાત્ 'આ દૃષ્ટિમાં સ્થિતિ કરતા સમ્યગ્દૃષ્ટિ યોગી પુરુષને આત્મધર્મની એટલી દૃઢ ભાવના ઉપજી હોય છે, કે તેનું મન શ્રીમદ્ સત્પુરુષ સદ્ગુરુ ભગવાન્ પાસેથી શ્રવણ કરેલા તે શ્રુતધર્મમાં - આગમમાં નિરંતર લીન રહે છે. ભલે તેનું શરીર સંસાર સંબંધી બીજા સામાન્ય કાર્યમાં પ્રવૃત્ત હોય, પણ તેનું ચિત્ત તો તે આજ્ઞા રૂપ શ્રુત ધર્મમાં જ ચોંટેલું હોય છે. આ ધર્મનું તેને કોઈ એવું અજબ આકર્ષણ - આક્ષેપણ હોય છે, કે ગમે તે કાર્ય કરતાં પણ તેના ચિત્તનો પોતાના ભણી આક્ષેપક - આકર્ષણ કરે છે. લોહ ચુંબક જેમ લોઢાને ખેંચી રાખે છે, તેમ શ્રુતધર્મ પ્રત્યે આવું સહજ સ્વભાવે આક્ષેપનારૂં - આકર્ષનારૂં - ખેંચી રાખનારૂં જ્ઞાન 'આક્ષેપક જ્ઞાન' કહેવાય છે અને તેવું સહજ સ્વભાવસિદ્ધ જ્ઞાન ધરાવનારા આ જ્ઞાની પુરુષ 'જ્ઞાનાક્ષેપકવંત' કહેવાય છે. અત્રે આ લોકપ્રસિદ્ધ દૃષ્ટાંત ઘટે છે - મહિલાનું અર્થાત્ પતિવ્રતા સ્ત્રીનું મન ઘર સંબંધી બીજાં બધાં કામ કરતાં પણ પોતાના પ્રિયતમમાં જ લગ્ન થયેલું હોય છે. તેમ જ્ઞાનાક્ષેપકવંત જ્ઞાની પુરુષનું ચિત્ત પણ સંસાર સંબંધી અન્ય કાર્ય કરતાં છતાં, કે ભોગ ભોગવતાં છતાં પણ નિરંતર શ્રુતધર્મમાં જ લીન હોય છે, આસક્ત હોય છે. આ મહામુમુક્ષુનું મન મોક્ષમાં અને ખોળીઉં સંસારમાં - એવી સ્થિતિ હોય છે.

આક્ષેપક જ્ઞાન

"મન મહિલાનું વહાલા ઉપરે, બીજા કામ કરંત રે,

તિમ શ્રુત ધર્મે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત રે...

ધન ધન શાસન જિનવર તણું." - શ્રી યશોવિજયજી કૃત 'યોગદૃષ્ટિ સજ્ઝાય'

* આ શ્લોકની વસ્તુ ચાલુ પ્રકરણમાં વિષય સામ્યને લીધે આ 'સમયસાર' ગ્રંથની પ્રકૃત ગાથાઓનું હાર્દ સમજવા અતીવ ઉપયોગી હોવાથી પ્રસ્તુત શ્લોક પરનું મ્હારૂં પોતાનું વિવેચન પણ અત્ર સમગ્રપણે અવતાર્યું છે. - ભગવાનદાસ

આ વચન પર **પરમ સૂક્ષ્મ મીમાંસન** કરતાં પ્રખર તત્ત્વવેત્તા **શ્રીમદ્ રાજચંદ્રજીએ** પરમ મનનીય વિવેચન કર્યું છે કે - ''ઘર સંબંધી બીજા સમસ્ત કાર્ય કરતાં થકાં પણ જેમ પતિવ્રતા (મહિલા શબ્દનો અર્થ) સ્ત્રીનું મન પોતાના પ્રિય એવા ભર્ત્તારને વિષે લીન છે, તેમ સમ્યગ્દૃષ્ટિ એવા જીવનું ચિત્ત સંસારમાં રહી સમસ્ત કાર્ય પ્રસંગે વર્ત્તવું પડતાં છતાં, જ્ઞાની સંબંધી શ્રવણ કર્યો છે એવો જે ઉપદેશ ધર્મ તેને વિષે લીનપણે વર્ત્તે છે. સમસ્ત સંસારને વિષે સ્ત્રી પુરુષના સ્નેહને પ્રધાન ગણવામાં આવ્યો છે. તેમાં પણ પુરુષ પ્રત્યેનો સ્ત્રીનો પ્રેમ એ કોઈ પ્રકારે પણ તેથી વિશેષ પ્રધાન ગણવામાં આવ્યો છે અને તેમાં પણ પતિવ્રતા એવી સ્ત્રીનો પતિ પ્રત્યેનો સ્નેહ તે પ્રધાનને વિષે પણ પ્રધાન એવો ગણવામાં આવ્યો છે. તે સ્નેહ એવો પ્રધાન - પ્રધાન શા માટે ગણવામાં આવ્યો છે ? ત્યારે જેણે સિદ્ધાંત બળવાનપણે દર્શાવવા તે દૃષ્ટાંતને ગ્રહણ કર્યું છે, એવો સિદ્ધાંતકાર કહે છે કે તે સ્નેહને એટલા માટે અમે પ્રધાનને વિષે પણ પ્રધાન ગણીએ છીએ, કે બીજાં બધાં ઘર સંબંધી (અને બીજાં પણ) કામ કરતાં છતાં, તે પતિવ્રતા એવી મહિલાનું ચિત્ત પતિને વિષે જ લીનપણે, પ્રેમપણે, સ્મરણપણે, ધ્યાનપણે, ઈચ્છાપણે વર્ત્તે છે, એટલા માટે. પણ સિદ્ધાંતકાર કહે છે કે એ સ્નેહનું કારણ તો સંસાર પ્રત્યયી છે અને અત્ર તો તે અસંસાર પ્રત્યયી કરવાને અર્થે કહેવું છે, માટે તે સ્નેહ લીનપણે, પ્રેમપણે, સ્મરણપણે, ધ્યાનપણે, ઈચ્છાપણે, જ્યાં કરવા યોગ્ય છે, જ્યાં તે સ્નેહ અસંસાર પરિણામને પામે છે તે કહીએ છીએ. તે સ્નેહ તો પતિવૃત્તા રૂપ એવા મુમુક્ષુએ જ્ઞાની સંબંધી શ્રવણ રૂપ જે ઉપદેશાદિ ધર્મ તેની પ્રત્યે તે જ પ્રકારે કરવા યોગ્ય છે અને તે પ્રત્યે તે પ્રકારે જે જીવ વર્ત્તે છે, ત્યારે **'કાંતા'** એવા નામની સમકિતી સંબંધી જે દૃષ્ટિ તેને વિષે તે જીવ સ્થિત છે, એમ જાણીએ છીએ - એવા અર્થને વિષે પૂરિત એવાં એ બે પદ છે. તે પદ તો ભક્તિ પ્રધાન છે. *** ભક્તિ પ્રધાન દશાએ વર્ત્તવાથી જીવના સ્વચ્છંદાદિ દોષ સુગમપણે વિલય થાય છે, એવો પ્રધાન આશય જ્ઞાની પુરુષોનો છે. તે ભક્તિને વિષે નિષ્કામ એવી અલ્પ પણ ભક્તિ જો જીવને ઉત્પન્ન થઈ હોય છે તો તે પણ દોષથી નિવૃત્ત કરવાને યોગ્ય એવી હોય છે. અલ્પ એવું જ્ઞાન અથવા જ્ઞાન પ્રધાન દશા તે અસુગમ એવા અર્થ પ્રત્યે, સ્વચ્છંદાદિ દોષ પ્રત્યે, અથવા પદાર્થ સંબંધી ભ્રાંતિ પ્રત્યે પ્રાપ્ત કરે છે. ઘણું કરીને એમ હોય છે. તેમાં પણ આ કાળને વિષે તો ઘણા કાળ સુધી જીવન પર્યંત પણ જીવે ભક્તિ પ્રધાન દશા આરાધવા યોગ્ય છે, એવો નિશ્ચય જ્ઞાનીઓએ કર્યો જણાય છે. (અમને એમ લાગે છે અને એમ જ છે).'' - **(શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-(૩૨૦), ૩૯૪**

'મન મહિલાનું વહાલા ઉપરે' નો અપૂર્વ પરમાર્થ

વળી 'તેમ શ્રુત ધર્મે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત રે' એ પદ પર પુનઃ પરમ પરમાર્થમય તલસ્પર્શી વિવેચન કરતાં તેઓશ્રી - **શ્રીમદ્ રાજચંદ્રજી** પ્રકાશે છે કે - ''વિક્ષેપ રહિત એવું જેનું વિચાર જ્ઞાન થયું છે, એવો જ્ઞાનાક્ષેપકવંત આત્મ કલ્યાણની ઈચ્છાવાળો પુરુષ હોય, તે જ્ઞાની મુખેથી શ્રવણ થયો છે એવો જે આત્મકલ્યાણ રૂપ ધર્મ તેને વિષે નિશ્ચળ પરિણામે મનને ધારણ કરે, એ સામાન્ય ભાવ ઉપરનાં પદોનો છે. અત્યંત સમર્થ એવો સિદ્ધાંત પ્રતિપાદન કરતાં જીવના પરિણામમાં તે સિદ્ધાંત સ્થિત થવાને અર્થે સમર્થ એવું દૃષ્ટાંત ઘટે છે, એમ જાણી ગ્રંથકર્ત્તા તે સ્થળે જગત્‌માં, સંસારમાં પ્રાયે મુખ્ય એવો જે પુરુષ પ્રત્યેનો **ક્લેશાદિ ભાવ રહિત** એવો કામ્ય પ્રેમ સ્ત્રીનો, તે જ પ્રેમ સત્પુરુષથી શ્રવણ થયો હોય જે ધર્મ તેને વિષે પરિણમિત કરવા કહે છે. તે સત્પુરુષ દ્વારા શ્રવણ પ્રાપ્ત થયો છે જે ધર્મ તેમાં સર્વ બીજા જે પદાર્થ પ્રત્યે પ્રેમ રહ્યો છે, તેથી ઉદાસીન થઈ એક લક્ષપણે, એક ધ્યાનપણે, એકલયપણે, એક સ્મરણપણે, એક શ્રેણીપણે, એક ઉપયોગપણે, એક પરિણામપણે સર્વ વૃત્તિમાં રહેલો જે કામ્ય પ્રેમ તે મટાડી, શ્રુતધર્મરૂપ કરવાનો ઉપદેશ કર્યો છે, એ કામ્ય પ્રેમથી અનંતગુણ વિશિષ્ટ એવો શ્રુત પ્રત્યે પ્રેમ કરવો ઘટે છે, તથાપિ દૃષ્ટાંત પરિસીમા કરી શક્યું નથી, જેથી દૃષ્ટાંતની પરિસીમા જ્યાં થઈ ત્યાં સુધીનો પ્રેમ કહ્યો છે, સિદ્ધાંત ત્યાં પરિસીમાપણાને પમાડ્યો નથી.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-(૩૨૧), ૩૯૫**

અત્રે બીજા લોકપ્રસિદ્ધ દૃષ્ટાંત પણ ઘટે છે. જેમકે - ગાય વનમાં ચારો ચરવા જાય છે, ચારે દિશામાં ફરે છે, પણ તેનું મન તો પોતાના પરમ પ્રિય વત્સ - વાછડામાં જ હોય છે. ચાર પાંચ સાહેલીઓ હળીમળીને પાણી ભરવા જાય છે, તે પાણીનું બેડું માથા પર મૂકીને ઝપાટા બંધ રુવાબભેર ચાલે છે, વાતો કરતી જાય છે, તાલી દીએ છે ને ખડખડાટ હસે પણ છે, પણ તેની નજર તો 'ગગુરિઆમાંય' - તેની ગાગરમાં જ હોય છે. તેમ પરભાવના વિક્ષેપથી રહિત એવા **જ્ઞાનાક્ષેપકવંત** જ્ઞાનીનું મન પણ સંસાર સંબંધી અન્ય કાર્ય કરતાં થકાં પણ સદાય શ્રુતધર્મના જ ધ્યાનમાં લીન હોય છે.

''જિન ચરને ચિત્ત લાવ, વૈસે જિન ચરને ચિત્ત લાવ,
ચારો ચરનકે કારણે રે, ગૌઆ બન મેં જાય,
ચારો ચરે ફિરે ચિહું દિશિ, વાંકિ નજર બછુરિઆ માંહ્ય... વૈસે જિન.
ચાર પાંચ સાહેલિઆં મિલી, હિલમિલ પાની જાય,
તાલી દીએ ખડખડ હસે, વાંકી નજર ગગુરિઆ માંહ્ય... વૈસે જિન.''

**- શ્રી આનંદઘનજી, પદ-૯૫**

''નિશ દિન સુતાં જાગતાં, હઈડાથી ન રહે દૂર રે,
જબ ઉપગાર સંભારીએ, તવ ઉપજે આનંદ પૂર રે
મુનિસુવ્રત જિન વંદતાં મ્હારા તન મન ઉલ્લસિત થાય રે.'' - **શ્રી યશોવિજયજી**

અને આવા સહજ સ્વભાવભૂત **આક્ષેપક જ્ઞાનના** પ્રભાવને લીધે જ આ જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પુરુષને ભોગો પણ ભવહેતુ થતા નથી - સંસાર કારણ બનતા નથી ! જે સાંસારિક ભોગો બીજા સામાન્ય પ્રાકૃત જનને સંસાર હેતુ હોય છે, તે ભોગો પણ આ દૃષ્ટિવાળા જ્ઞાની પુરુષને સંસાર કારણ થતા નથી, એ અત્યંત આશ્ચર્યકારક પણ પરમ સત્ય ઘટના છે. આનો ખુલાસો એમ છે કે - સામાન્ય સંસારી અજ્ઞાની જીવોને વિષયોનું આક્ષેપણ - આકર્ષણ હોય છે અને આ જ્ઞાની પુરુષને તો નિરંતર શ્રુતધર્મનું જ આક્ષેપણ - આકર્ષણ હોય છે. અજ્ઞાની જીવ સદાય વિષયાર્ત્ત હોઈ, વિષયાકાર વૃત્તિને ભજતો રહી વિષયને જ ઈચ્છે છે ને તે પ્રત્યે દોડે છે અને જ્ઞાની પુરુષ તો ઉપરમાં જોયું તેમ સદાય શ્રુત ધર્મને જ - આજ્ઞા પ્રધાન સ્વભાવ ધર્મને જ ઈચ્છે છે, એ વિષયને નહિ ઈચ્છતાં તેથી દૂર ભાગે છે, છતાં પૂર્વ પ્રારબ્ધોદયથી ભોગવવા પડે તો અલોલુપપણે - અનાસક્ત ભાવે ભોગવી નિર્જરી નાંખે છે. જ્યારે અજ્ઞાની જીવ તો અત્યંત લોલુપપણે - આસક્ત ભાવે ભોગવી પુનઃ બંધાય છે. આમ જ્ઞાની - અજ્ઞાનીની વૃત્તિમાં ને દૃષ્ટિબિન્દુમાં આકાશ - પાતાલનું અંતર છે. એટલે જ ભોગને નિરંતર ઈચ્છતો એવો અજ્ઞાની ભોગ નહિ ભોગવતાં છતાં બંધાય છે ! અને ભોગને અનિચ્છતો એવો જ્ઞાની આવી પડેલ ભોગ ભોગવતા છતાં બંધાતો નથી ! એ આશ્ચર્ય કારક ઘટના સત્ય બને છે.

'ભોગ નહિ ભવહેત'

કારણકે **યંત્રની પૂતળીઓ** જેમ દોરી સંચારથી નાચે છે, તેમ નિરિચ્છ એવા જ્ઞાની પુરુષની બધી પ્રવૃત્તિ પૂર્વ પ્રારબ્ધના સૂત્ર સંચારથી જ ચાલે છે. એટલે તે ક્વચિત્ પૂર્વ પ્રારબ્ધોદય પ્રમાણે સાંસારિક ભોગાદિ પ્રવૃત્તિ પણ કરે, તો પણ **જલકમલવત્ નિર્લેપ** એવા તે જ્ઞાનીનું ચિત્ત તો મોક્ષમાં જ લીન રહે છે. સંસારમાં રહેલા જ્ઞાની પુરુષ જાણે **'યોગમાયા'** પ્રકટ કરતા હોય, એમ જણાય છે ! અને લોકાનુગ્રહના હેતુપણાથી આમાં પણ દૂષણ નથી. આમ લોકવર્ત્તી પુરુષ જ્ઞાની યોગી પુરુષ ક્વચિત્ અપવાદ વિશેષે સંસારમાં - ગૃહવાસાદિમાં રહ્યા છતાં, સાંસારિક ભોગાદિ ભોગવતાં છતાં પણ બંધાતા નથી અને અજ્ઞાની નહિ ભોગવતાં છતાં પણ બંધાય છે ! એ વિલક્ષણ વાત **આક્ષેપક જ્ઞાનનો** મહાપ્રભાવ સૂચવે

'વિચરે પૂર્વ પ્રયોગ'

છે. ભોગ ભોગવતાં છતાં પણ જ્ઞાની બંધાતા નથી, તેનું કારણ તેમનામાં આસક્તિનો - સ્નેહનો અભાવ એ છે. જેમ રેણુબહુલ* વ્યાયામશાળામાં કોઈ સ્નેહાભ્યક્ત - તેલ ચોપડેલો મનુષ્ય વ્યાયામ કરે તો તેને રજ ચોંટે છે, પણ સ્નેહાભ્યક્ત ન હોય - તેલ ચોપડેલ ન હોય, તેને સ્નેહ રૂપ - તેલ રૂપ ચીકાશના અભાવે રેણુ ચોંટતી નથી, તેમ અજ્ઞાનીને સ્નેહરૂપ - આસક્તિરૂપ - રાગરૂપ ચીકાશને લીધે કર્મ - પરમાણુ રૂપ રજ ચોંટે છે, પણ નિઃસ્નેહ - વીતરાગ - અનાસક્ત એવા 'કોરા ધાકોડ' જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પુરુષને સ્નેહરૂપ - આસક્તિરૂપ ચીકાશના અભાવે કર્મરજ વળગી શકતી નથી. આમ સમર્થ એવા જ્ઞાનીની વાત ન્યારી છે, તે જલમાં કમલની જેમ અલિપ્ત જ રહી શકવાનું અદ્ભુત સામર્થ્ય ધરાવે છે, મૂર્ખ અજ્ઞાનીમાં તેનું અનુકરણ કરવાનું ગજું નથી, ને તેમ કરવા જાય તો ખત્તા જ ખાય !

''ધાર તરવારની સોહલી, દોહલી ચૌદમા જિનતણી ચરણ સેવા;
ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા.'' - **શ્રી આનંદઘનજી**

**'ધાર તરવારની'**

સંસારમાં રહીને પણ સર્વથા નિર્લેપ રહેવાનું આવું મહાપરાક્રમ તો કોઈક વિરલા અપવાદરૂપ અસાધારણ જ્ઞાની જ કરી શકે, આવી બેધારી તલવાર પર ચાલવાનું કામ તો સમર્થ યોગી પુરુષો જ કરી શકે. બાહ્ય ઉપાધિ મધ્યે રહ્યા છતાં અખંડ આત્મસમાધિ જાળવવી એ કાંઈ જેવું તેવું વિકટ કાર્ય નથી, પણ 'આંખ પાસે રેતી ઉપડાવવા જેવું મહા વિકટ છે', એમ પરમ અધ્યાત્મરસ નિમગ્ન સમર્થ મહાયોગી શ્રીમદ્ રાજચંદ્રજીએ આત્માનુભવથી યથાર્થ જ કહ્યું છે, - જેમના વચનામૃતમાં આ આક્ષેપક જ્ઞાનના ચમત્કાર પદે પદે દગ્ગોચર થાય છે. બાહ્ય ઉપાધિ મધ્યે પણ એ મહાત્મા જ્ઞાની પુરુષની આત્મસમાધિ કેવી અખંડ હતી, શુદ્ધોપયોગમય આત્મ જાગૃતિ કેવી અપૂર્વ હતી, સંસાર સંગમાં પણ અસંગતા કેવી અદ્ભુત હતી, તે તેમના આત્માનુભવમય વચનામૃતમાં સ્થળે સ્થળે નિષ્પક્ષપાતી વિચક્ષણ વિવેકી જનોને સ્વયં પ્રત્યક્ષ થાય છે. 'अक्षिपात्रकल्पो हि विद्वान्' એ **'પાતંજલ'** યોગભાષ્યનું વચન પણ આવી જ્ઞાનાક્ષેપકવંત જ્ઞાનીદશાની સાક્ષી પૂરે છે.' - **યો.દ. વિવેચન (સ્વરચિત) પૃ. ૫૨૭-૫૩૧**

''જો કે અમારૂં ચિત્ત નેત્ર જેવું છે, અમને વર્તે છે એવું જે ચિત્ત નેત્રને વિષે એક રજકણ પણ સહન થઈ શકે નહીં. બીજા અવયવો રૂપ અન્ય ચિત્ત છે. અમને વર્તે છે એવું જે ચિત્ત તે નેત્રરૂપ આંખની પાસે જમીનની રેતી ઉપડાવવાનું કાર્ય થવા રૂપ થાય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૮૫**




* ''एवं सम्मादिट्ठी वट्टंतो बहुविहेसु जोगेसु ।
अकरंतो उवओगे रागाइ ण लिप्पइ रयेण ॥'' - શ્રી 'સમયસાર' (જુઓ ગા. ૨૪૨-૨૪૬)

જ્ઞાન વૈરાગ્ય સંપન્ન સમ્યગ્દષ્ટિની સ્વસ્થિતિ - પરવિરતિ પ્રકાશતો **સમયસાર કળશ** (૪) સંગીત કરે છે -

मंदाक्रांता

**सम्यग्दृष्टे र्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः**
**स्वं वस्तुत्वं कलयितुमयं स्वान्यरूपाप्तिमुक्त्या ।**
**यस्माद् ज्ञात्वा व्यतिकरमिदं तत्त्वतः स्वं परं च,**
**स्वस्मिन्नास्ते विरमति परात् सर्वतो रागयोगात् ॥१३६॥**

સમ્યગ્ દગ્‌ને નિયત જ હુવે જ્ઞાન વૈરાગ્ય શક્તિ,
વસ્તુત્વ સ્વ સ્વ-પર ગ્રહણ ત્યાગથી વેદવાને;
શક્તા એવી, સ્વ-પર રૂપને તત્ત્વથી જેથી જાણી,
સ્વાત્મામાં રહે પરથી વિરમે સર્વતઃ રાગ યોગે. ૧૩૬

## અમૃત પદ-૧૩૬

સમ્યગ્દષ્ટિને નિયત હોય છે, જ્ઞાન વૈરાગ્યની શક્તિ,
સ્વ વસ્તુત્વ કળવા સુસમર્થા, જુઓ ! આમ તસ વ્યક્તિ... સમ્યગ્ દષ્ટિને. ૧
સ્વરૂપ ગ્રહણ પરરૂપ ત્યાગથી, એ સ્વ વસ્તુત્વ પ્રવ્યક્તિ,
કળવા સમર્થા નિયત હોય છે, સમ્યગ્ દષ્ટિની શક્તિ... સમ્યગ્ દષ્ટિને. ૨
આ સ્વ આ પર એમ તત્ત્વથી, જાણી પ્રગટ વિભક્તિ,
સ્વમાં વિરામે પરથી વિરમે, સર્વ રાગયોગથી વિરક્તિ... સમ્યગ્ દષ્ટિને. ૩
જ્ઞાન-વૈરાગ્યની અદ્‌ભુત એવી, સમ્યગ્ દષ્ટિની શક્તિ,
**ભગવાન જ્ઞાની અમૃતચંદ્રની,** અનુભવ સિંધુ સક્તિ... સમ્યગ્ દષ્ટિને. ૪

**અર્થ** - સમ્યગ્દષ્ટિને સ્વરૂપ પ્રાપ્તિ અને પરરૂપ મુક્તિ વડે કરીને સ્વ વસ્તુત્વ કળવાને માટેની જ્ઞાનવૈરાગ્યશક્તિ નિયતપણે હોય છે, જેથી કરીને સ્વ અને પર આ તત્ત્વથી પ્રગટ ભેદ જાણીને આ સ્વમાં રહે છે અને પર રાગયોગથી સર્વતઃ વિરમે છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ત્યાગ વૈરાગ્ય, ઉપશમ અને ભક્તિ મુમુક્ષુ જીવે સહેજ સ્વભાવ રૂપ કરી મૂક્યા વિના આત્મદશા કેમ આવે ? પણ શિથિલપણાથી, પ્રમાદથી એ વાત વિસ્મૃત થઈ જાય છે.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૬૪૩)**

ઉપરમાં **ભગવતી 'આત્મખ્યાતિ'**ના ગદ્ય વિભાગમાં જે કહ્યું તેની પરિપુષ્ટિ રૂપ અને સમ્યગ્ દષ્ટિની સ્વ વસ્તુત્વ અનુભવવાને પરમ સમર્થ જ્ઞાન વૈરાગ્ય શક્તિ કેવી રીતે હોય છે, એ નીચેની ત્રણ ગાથાઓના ભાવસમુચ્ચય સૂચનરૂપ આ પરમ તત્ત્વામૃત સંભૃત અમૃત કળશ, પદે પદે **'આત્મખ્યાતિ'થી** ખ્યાત મહાગીતાર્થ મહાનિર્ગ્રંથ મુનીશ્વર **અમૃતચંદ્રજીએ** પરમ અદ્‌ભુત તત્ત્વકળાથી ગ્રથિત કરી અપૂર્વ આત્મભાવાવેશથી સંગીત કર્યો છે. તેનો ભાવાર્થ આ પ્રકારે - सम्यग्दृष्टे र्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः - સમ્યગ્ દષ્ટિથી આત્મા - અનાત્માનું - સ્વ - પર વસ્તુનું સમ્યક્ - જેમ છે તેમ યથાસ્થિત સ્વરૂપ જે દેખે છે, તે 'સમ્યગ્ દષ્ટિને' નિયતપણે - ચોક્કસ - ત્રણે કાળમાં ન ફરે એમ નિશ્ચયે કરીને 'જ્ઞાન -

વૈરાગ્ય શક્તિ' - જ્ઞાન વૈરાગ્ય સામર્થ્ય હોય છે. એમ શા કારણને લીધે ? 'કારણકે સ્વરૂપ આપ્તિ (પ્રાપ્તિ) પરરૂપ મુક્તિ વડે કરીને સ્વ વસ્તુત્વ કળવાને અર્થે આ - સમ્યગ્દૃષ્ટિ સ્વ અને પર એવો આ તત્ત્વથી પ્રગટ ભેદ જાણીને સ્વમાં રહે છે અને સર્વતઃ પર એવા રાગયોગથી પરથી વિરમે છે.' અર્થાત્ જે સમ્યગ્દૃષ્ટિ છે તે સ્વ વસ્તુત્વ - આત્માનું વસ્તુપણું કળવાને - અનુભવવાને પરિપૂર્ણ સમર્થ હોય છે - स्व वस्तुत्वं कलयितुं अयं આ સ્વ વસ્તુત્વ કળવાને તે સમર્થ શાથી હોય છે ? તો કે - 'स्वान्यरूपाप्तिमुक्त्या' - સ્વરૂપની આપ્તિથી - પ્રાપ્તિથી અને અન્યરૂપની - પરરૂપની મુક્તિથી - મૂકી દેવા રૂપ પરિત્યજનાથી - છંડનાથી - અર્થાત્ સ્વરૂપનું ગ્રહણ કરવાથી અને પરરૂપનું પરિત્યજન કરવાથી તે સ્વ વસ્તુત્વને કળવાને પરિપૂર્ણ સમર્થ (અલં) હોય છે. આ સ્વરૂપ પ્રાપ્તિ અને પરરૂપ મુક્તિ તેને કયા વિધિથી કેવા પ્રકારે બનવા પામે છે ? यस्माद् ज्ञात्वा व्यतिकरमिदं तत्त्वतः स्वं परं च - 'સ્વ' અને 'પર' એવો આ વ્યતિકર - પ્રગટ ભેદ તત્ત્વથી - પરમાર્થથી જાણીને, શું ? स्वस्मिन्नास्ते - સ્વમાં બેસે છે અને विरमति परात् - પરથી વિરમે છે, શાને લીધે ? सर्वतो रागयोगात् - સર્વતઃ સર્વથી સર્વથા પર એવા રાગ યોગ એને લીધે, અર્થાત્ તે 'સ્વમાં' બેસે છે 'સ્વમાં' આસન કરે છે - બેઠક જમાવે છે, 'સ્વમાં' રહે છે અને સર્વતઃ રાગયોગ 'પરથી' વિરમે છે - પરભાવથી વિરતિ - વિરામ પામે છે, તેનું પરભાવમાં રમવાનું વિગત થાય છે - ચાલ્યું જાય છે - 'વિરમે' છે. તે પરભાવથી 'વિરમે' છે - વિરતિ - વિરાગ પામે છે, એટલે તે પરભાવથી 'વિરમે' છે - વિરતિ - વિરામ પામે છે - અટકે છે, પરભાવ પ્રત્યે જતો વિરમે છે - અટકે છે - થોભે છે (stops, descits, halls). આમ પરથી વિરમી તે સ્વમાં સ્થિર કેમ રહે છે ? સર્વતઃ - સર્વથા પર એવા રાગયોગને લીધે પરભાવ પ્રત્યેનો તેનો રાગ સર્વથા છૂટી ગયો છે એટલે તેને રાગનો સર્વથા અભાવ - 'અરાગ' હોય છે, તે અરાગના યોગને - સંબંધને લીધે તે પરથી વિરમે છે - વિરતિ પામે છે ને સ્વમાં સ્થિર બેસે છે; અને આમ (૧) પ્રથમ તો તે સ્વ - પરનો તત્ત્વથી પ્રગટ ભેદ જાણે છે, (૨) એટલે પર પ્રત્યેનો તેનો રાગ સર્વથા છૂટી જાય છે, તે અરાગ - વિરાગ હોય છે, (૩) એટલે તે સ્વમાં રહે છે અને પરથી વિરમે છે. આમ આ અનુક્રમથી આ વિધાન કરે છે એટલે જ તે સ્વરૂપ પ્રાપ્તિ અને પરરૂપ મુક્તિ વડે કરીને સ્વ વસ્તુત્વ કળવાને સમર્થ થાય છે. એટલે સ્વ - પર રૂપને જાણવા પરથી તેની જ્ઞાનશક્તિ અને એમ જાણીને સ્વમાં રહેવા અને પરથી વિરમવા પરથી તેની વૈરાગ્ય શક્તિ જણાઈ આવે છે અને એટલે જ આમ સ્વરૂપ પ્રાપ્તિ અને પરરૂપ મુક્તિથી સ્વ વસ્તુત્વ કળવાને સમર્થ એવી જ્ઞાન - વૈરાગ્યશક્તિ સમ્યગ્દૃષ્ટિને ચોક્કસ નિયતપણે હોય જ છે.

**આકૃતિ**

સમ્યગ્દૃષ્ટિને → જ્ઞાન-વૈરાગ્ય < સ્વ ગ્રહણ / પર ત્યાગ : : (સ્વ માં) સ્થિતિ | [પર રાગ યોગથી] વિરતિ

સમ્યગ્દૃષ્ટિ પ્રથમ તો સામાન્યથી સ્વ-પરને આમ જાણે છે -

**उदयविवागो विविहो कम्माणं वण्णिओ जिणवरेहिं ।**

**ण दु ते मज्झ सहावा जाणगभावो दु अहमिक्को ॥१९८॥**

જિનવરે વર્ણવ્યો કર્મનો રે, ઉદય વિપાક અનેક;

ન જ તે સ્વભાવો માહરા રે, જ્ઞાયક ભાવ જ હું એક... રે જ્ઞાની નિર્જરા નિત્ય કરંત. ૧૯૮

**અર્થ** - કર્મોનો વિવિધ ઉદય વિપાક જિનવરોથી વર્ણવવામાં આવેલો છે, પણ તેઓ મ્હારા સ્વભાવો નથી, હું તો એક જ્ઞાયક ભાવ જ છું. ૧૯૮

## आत्मख्याति टीका


सम्यग्दृष्टिः सामान्येन स्वपरावेवं तावज्जानाति -

**उदयविपाको विविधः कर्मणां वर्णितो जिनवरैः ।**

**न तु ते मम स्वभावाः ज्ञायकभावस्त्वहमेकः ॥१९८॥**

ये **कर्मोदयविपाकप्रभवा विविधा** भावा न ते मम स्वभावाः, एष टंकोत्कीर्णैक **ज्ञायकभाव**स्वभावो**ऽहं** ॥१९८॥

આકૃતિ




## આત્મખ્યાતિ ટીકાર્થ

જે કર્મોદય વિપાકથી ઉપજેલા વિવિધ ભાવો છે તેઓ મ્હારા સ્વભાવો નથી, આ ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવ હું છું. ૧૯૮

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"બીજા પદાર્થમાં જીવ જો નિજ બુદ્ધિ કરે તો પરિભ્રમણ દશા પામે છે અને નિજને વિષે નિજ બુદ્ધિ થાય તો પરિભ્રમણ દશા ટળે છે." - શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૪૫૫), ૫૩૯

કર્મોદયજન્ય ભાવો મ્હારા સ્વભાવો નથી : હું એક જ્ઞાયક ભાવ છું

---

**आत्मभावना** -

सम्यग्दृष्टिः - सामान्येन स्वपरोवेव तावज्जानाति - સમ્યગ્દૃષ્ટિ સામાન્યથી સ્વ - પરને એમ પ્રથમ તો જાણે છે - जिणवरेहिं वण्णिओ - जिनवरैः वर्णितः - જિનવરોથી વર્ણવવામાં આવેલો એવો कम्माणं विविहो उदयविवागो - कर्मणां विविधः विपाकः - કર્મોનો વિવિધ - નાના પ્રકારનો વિપાક, ते ण दु मज्झ सहावा - ते न तु मम स्वभावाः - તેઓ નિશ્ચયે કરીને મ્હારા સ્વભાવો નથી જ, अहं दु इक्को जाणगभावो - अहं तु एकः ज्ञायकभावः - હું તો નિશ્ચયે કરીને એક જ્ઞાયક ભાવ છું. ॥ इति **गाथा** आत्मभावना ॥१९८॥

ये कर्मोदयविपाकप्रभवा विविधा भावाः - જે કર્મોદય વિપાકથી પ્રભવ - ઉત્પત્તિ - જન્મ છે જેનો એવા વિવિધ - નાના પ્રકારના ભાવો, न ते मम स्वभावाः - તેઓ મ્હારા સ્વભાવો નથી. ત્યારે હું કોણ છું ? एष - આ પ્રત્યક્ષ અનુભૂયમાન - અનુભવાઈ રહેલો•टंकोत्कीर्णैकज्ञायकभावस्वभावोऽहं - ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવ સ્વભાવ હું છું. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१९८॥

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યું તેમ સમ્યગ્દૃષ્ટિ પ્રથમ તો સ્વ-પરનો ભેદ તત્ત્વથી જાણે છે. તેમાં તે પ્રથમ તો સામાન્યથી સ્વ-પરનું વિવેક રૂપ ભેદજ્ઞાન કેમ કરે છે તે અત્ર દર્શાવ્યું છે અને 'આત્મખ્યાતિ' સૂત્રકાર પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ 'સૂત્રાત્મક' પરમ પરમાર્થ ગંભીર શૈલીથી ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવી 'આત્માની ખ્યાતિ' કરી પરમ આત્મભાવનાથી ભાવિત ટંકોત્કીર્ણ વચનામૃતથી પોતાના ટંકોત્કીર્ણ 'અમૃતચંદ્ર' આત્માની ખ્યાતિ કરી છે. તેનો ભાવાર્થ આ પ્રકારે - ये कर्मोदयविपाकप्रभवाः विविधा भावाः - જે 'કર્મોદય વિપાકથી' - કર્મનો ઉદય વિપાકથી - ફલ પરિપાકથી 'પ્રભવ' - જન્મ પામેલા - ઉપજેલા 'વિવિધ' - નાના પ્રકારના ચિત્રવિચિત્ર ભાવો છે, તેઓ મ્હારા 'સ્વભાવો' - 'સ્વ' ભાવો - પોતાના આત્માના ભાવો નથી - न ते मम स्वभावाः, 'આ' - પ્રત્યક્ષ અનુભવાઈ રહેલો 'ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવ સ્વભાવ હું છું' - एष टंकोत्कीर्णैकज्ञायकभावस्वभावोऽहं, ટંકોત્કીર્ણ - ટાંકણાથી ઉત્કીર્ણ - કોતરેલ અક્ષર જેવો 'અક્ષર' - 'અમૃત' - સદાસ્થાયિ 'એક' - અદ્વિતીય - અદ્વૈત જ્ઞાયક ભાવ એ જ જેનો 'સ્વ' ભાવ - પોતાનો આત્માનો ભાવ નિજભાવ છે એવો 'જ્ઞાયક ભાવ સ્વભાવ' 'હું' - અહં પ્રત્યયથી હુંકાર કરતો આત્મા છું. જે આ કર્મોદયજન્ય નાના પ્રકારના વિવિધ ભાવો છે તે મ્હારા 'સ્વભાવો' નથી, તે બધાય સમગ્રપણે (Totally) સામાન્યથી (generally) એક 'કર્મ ઉદય વિપાક' વર્ગમાં જ સમાય છે અને કર્મ તે તો જડ પુદ્‌ગલ દ્રવ્યાત્મક હોઈ આત્માના સ્વભાવથી અન્ય 'પરભાવ' છે, સામાન્યથી 'પર'માં સમાય છે, એટલે પૂર્વે અજ્ઞાન અવસ્થામાં જે કર્મના બીજ વાવેલા હતા તે ઝાડના ફળ જેમ પરિપાક પામી ફલ આપવાને ઉદય સન્મુખ થયા છે, તે આ સર્વ ચિત્ર વિચિત્ર કર્મજન્ય ભાવો પણ પરદ્રવ્યાત્મક કર્મના વિપાકથી જન્મેલા હોઈ 'પરભાવો' છે, સામાન્યથી 'પર'માં સમાય છે અને હું આ ટંકોત્કીર્ણ એક જ્ઞાયક 'સ્વભાવ' છું તે 'સ્વ'માં સમાઉં છું.

''નિજ પર ભાવ જેણે જાણ્યો છે એવા જ્ઞાની પુરુષને ત્યાર પછી પરભાવનાં કાર્યનો જે કંઈ પ્રસંગ રહે છે, તે પ્રસંગમાં પ્રવર્ત્તતાં પ્રવર્ત્તતાં પણ તેથી તે જ્ઞાનીનો સંબંધ છૂટ્યા કરે છે, પણ તેમાં હિત બુદ્ધિ થઈ પ્રતિબંધ થતો નથી. પ્રતિબંધ થતો નથી એ વાત એકાંત નથી, કેમકે જ્ઞાનનું વિશેષ બળવાનપણું જ્યાં હોય નહીં ત્યાં પરભાવનો વિશેષ પરિચય તે પ્રતિબંધરૂપ થઈ આવવો પણ સંભવે છે અને તેટલા માટે પણ જ્ઞાની પુરુષને પણ શ્રી જિને નિજ જ્ઞાનના પરિચય પુરુષાર્થને વખાણ્યો છે, તેને પણ પ્રમાદ કર્ત્તવ્ય નથી, અથવા પરભાવનો પરિચય કરવા યોગ્ય નથી, કેમકે કોઈ અંશે પણ આત્મધારાને તે પ્રતિબંધરૂપ કહેવા યોગ્ય છે.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૪૩

જ્ઞાની
સમ્યગ્દૃષ્ટિ

સમ્યગ્દૃષ્ટિ વિશેષથી સ્વ-પરને આમ જાણે છે -

**पुग्गलकम्मं रागो तस्स विवागोदओ हवदि एसो ।**
**ण दु एस मज्झ भावो जाणगभावो हु अहमिक्को ॥१९९॥**

પુદ્ગલ કર્મ રાગ તેહનો રે, વિપાકોદય આ છેક;
નથી જ ભાવ આ માહરો રે, જ્ઞાયક ભાવ જ હું એક... રે જ્ઞાની નિર્જરા નિત્ય કરંત. ૧૯૯

**અર્થ** - રાગ પુદ્ગલ કર્મ છે, તેનો આ વિપાકોદય હોય છે, પણ આ મ્હારો ભાવ નથી, હું નિશ્ચયે કરીને એક જ્ઞાયક ભાવ જ છું. ૧૯૯


## आत्मख्याति टीका

सम्यग्दृष्टिः विशेषेण स्वपरावेवं तावज्जानाति -

**पुद्गलकर्म रागस्तस्य विपाकोदयो भवति एषः ।**
**न त्वेष मम भावः ज्ञायकभाव खल्वहमेकः ॥१९९॥**

अस्ति किल **रागो** नाम पुद्गलकर्म **तदुदयविपाक**प्रभवो**यं** रागरूपो भावः **न पुनर्मम स्वभावः** । एष टंकोत्कीर्णै**कज्ञायक** भावस्वभावो**हं** । एवमेव च रागपदपरिवर्तनेन द्वेषमोहक्रोधमानमायालोभकर्ममनोवचनकायश्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनसूत्राणि षोडश व्याख्येयानि, अनया दिशा अन्यान्यप्यूह्यानि, एवं च सम्यग्दृष्टिः स्वं जानन् रागं मुंचंश्च नियमाज्ज्ञानवैराग्याभ्यां संपन्नो भवति ॥१९९॥

### આકૃતિ




---

**आत्मभावना** -

सम्यग्दृष्टिः विशेषेण स्वपरावेवं ज्ञावज्ञानोति - **સમ્યગ્દૃષ્ટિ સ્વ-પરને એમ પ્રથમ તો જાણે છે** - पुग्गलकम्मं रागो - पुद्गलकर्म रागः - **પુદ્ગલકર્મ રાગ છે,** तस्स विवागोदओ एसो हवदि - तस्य विपाकोदयः एषः भवति - **તેનો વિપાકોદય આ હોય છે,** ण दु एस मज्झ भावो - न तु एष मम भावः - **પણ આ મ્હારો ભાવ નથી,** जाणगभावो हु अहमिक्को - ज्ञायकभावः खल्वहमेकः - **જ્ઞાયકભાવ નિશ્ચયે કરીને હું એક છું.** ॥ इति **गाथा** आत्मभावना ॥१९९॥

अस्तिं किल रागों नाम पुद्गलकर्म - **ખરેખર ! 'રાગ' નામનું પુદ્ગલ કર્મ છે.** तदुदय वपाकप्रभवोयं रागरूपो भावः - **તેના ઉદય વિપાકથી પ્રભવ - જન્મ છે જેનો એવો આ રાગરૂપ ભાવ છે,** न पुनर्मम स्वभावः - **પણ તે મ્હારો સ્વભાવ નથી. ત્યારે હું કોણ છું ?** एष टंकोत्कीर्णैकज्ञायकभावस्वभावोहं - **આ - પ્રત્યક્ષ અનુભવાતો ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવ છે જેનો એવો હું છું.** एवमेव च रागपदपरिवर्तनेन - **અને એમ જ રાગ પદ પરિવર્તનથી - રાગ પદ બદલાવીને તેને સ્થળે** द्वेषमोहक्रोधमानमायालोभकर्मनोकर्ममनोवचकायमनोवचनकायश्रोत्रचक्षुर्घ्राणरसन स्पर्शसूत्राणि षोडश व्याख्येयानि - **દ્વેષ - મોહ - ક્રોધ - માન - માયા - લોભ, કર્મ - નોકર્મ - મનો - વચન - કાય, કર્મ - નોકર્મ, મનો - વચન - કાય, શ્રોત્ર - ચક્ષુ - ઘ્રાણ - રસન - સ્પર્શન એ સોળ સૂત્રો વ્યાખ્યેય - વ્યાખ્યા કરવા યોગ્ય છે.,** अनया दिशान्यऽन्यप्यूह्यानि - **આ દિશાથી અન્ય પણ સમજી લેવા** - एवं च सम्यग्दृष्टिः - **અને એમ સમ્યગ્દૃષ્ટિ** स्वं जानन् रागं मुंचंश्च - **સ્વને જાણતો અને રાગને મૂકતો** नियमाज्ज्ञान वैराग्याभ्यां संपन्नो भवति - **નિયમથી જ્ઞાન - વૈરાગ્ય સંપન્ન હોય છે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥१९९॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

સ્ફુટપણે 'રાગ' નામનું પુદ્‌ગલ કર્મ છે, તેના ઉદય વિપાક થકી પ્રભવ (ઉદ્‌ભવ) છે જેનો એવો આ રાગરૂપ ભાવ છે, પણ તે મ્હારો સ્વભાવ નથી, આ ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવ સ્વભાવ હું છું; અને એમ જ રાગપદના પરિવર્ત્તનથી દ્વેષ-મોહ, ક્રોધ-માન-માયા-લોભ, કર્મ-નોકર્મ, મન-વચન-કાય, શ્રોત્ર-ચક્ષુ-ઘ્રાણ-રસન-સ્પર્શન (એ) સોળ સૂત્રો વ્યાખ્યેય છે, આ દિશાથી અન્ય પણ સમજી લેવા અને એમ સમ્યગ્‌દૃષ્ટિ સ્વને જાણતો અને રાગને મૂકતો નિયમથી જ્ઞાન-વૈરાગ્યથી સંપન્ન હોય છે. ૧૯૯

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"આ આત્મભાવ છે અને આ અન્ય ભાવ છે, એવું બોધબીજ આત્માને વિષે પરિણમિત થવાથી અન્યભાવને વિષે સહેજ ઉદાસીનતા ઉત્પન્ન થાય છે અને તે ઉદાસીનતા અનુક્રમે તે અન્ય ભાવથી સર્વથા મુક્તપણું કરે છે." - **શ્રીમદ્‌ રાજચંદ્ર, અં. (૪૪૩), ૫૨૫**

સમ્યગ્‌દૃષ્ટિ સામાન્યથી સ્વ - પરનું વિવેકરૂપ ભેદજ્ઞાન કેમ કરે છે તે આગલી ગાથામાં દર્શાવ્યું, વિશેષથી સ્વ - પરનું વિવેક રૂપ ભેદજ્ઞાન તે કેમ કરે છે તે અત્ર દર્શાવ્યું છે અને પરમ આત્મભાવનાથી ભાવિતાત્મા **'આત્મખ્યાતિ' સૂત્રકાર** મહાત્માએ આની અનંતગુણવિશિષ્ટ પરિભાવના કરી તેમના પરમ પ્રિય 'ટંકોત્કીર્ણ' અક્ષરથી ટંકોત્કીર્ણ અક્ષર 'અમૃત' - આત્માની ખ્યાતિ કરી છે. તેનો ભાવાર્થ આ પ્રકારે -

**કર્મોદય વિપાકજન્ય રાગ મ્હારો સ્વભાવ નથી : હું એક જ્ઞાયકભાવ**

ખરેખર ! નિશ્ચયે કરીને 'રાગ' નામનું પુદ્‌ગલ કર્મ - रागो नाम पुद्‌गलकर्म, તેના 'ઉદય વિપાકથી' - ફળરૂપ - ફલદાન સન્મુખ ઉદય પરિપાકથી પ્રભવ - મૂળ ઉદ્‌ભવ છે જેનો એવો આ રાગરૂપ ભાવ છે - तदुदयप्रभवोयं रागरूपो मम स्वभावः । આ ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવ સ્વભાવ હું છું - एष टंकोत्कीर्णैक ज्ञायक भाव स्वभावोहं, 'આ' - પ્રત્યક્ષ અનુભવાઈ રહેલો 'ટંકોત્કીર્ણ' - ટાંકણાથી ઉત્કીર્ણ - કોતરેલ અક્ષર જેવો 'અક્ષર' 'અમૃત' સદાસ્થાયિ 'એક' - અદ્વિતીય અદ્વૈત 'જ્ઞાયક ભાવ' એ જ જેનો 'સ્વભાવ' - 'સ્વ' ભાવ - પોતાનો આત્માનો ભાવ - નિજભાવ છે, એવો 'જ્ઞાયક ભાવ સ્વભાવ' 'હું' - અહં પ્રત્યયથી હુંકાર કરતો આત્મા છું. અર્થાત્‌ જે આ 'રાગ' નામના પુદ્‌ગલ - કર્મોદયજન્ય રાગરૂપ જીવ ભાવ છે તે મ્હારો મૂળ 'સ્વભાવ' નથી, પણ તે વિકૃત ચેતનભાવરૂપ વિભાવ તો પરભાવ રૂપ પુદ્‌ગલ કર્મવિપાકના નિમિત્ત છે અને 'પર'માં સમાય છે. કારણકે સમસ્ત વિશેષો સામાન્યને આશ્રીને રહ્યા છે અને જેવું સામાન્ય હોય છે તેવા જ તે સામાન્ય આશ્રી સમસ્ત વિશેષો - વ્યક્તિ વિશેષો હોય છે, એટલે તે સામાન્યનું ઉલ્લંઘન કરતા નથી, એ સામાન્ય નિયમ છે, એટલે સામાન્યપણે સમગ્ર 'કર્મ' જો પરભાવ છે, તો તે કર્મના વિશેષ રૂપ - વ્યક્તિ વિશેષ રૂપ 'રાગ' પણ પરભાવ જ છે અને તે 'રાગ' કર્મના ઉદય વિપાકથી જન્મેલો જીવનો વિકૃત ચેતન ભાવ - વિભાવ રૂપ રાગ ભાવ પણ પરભાવ જ છે - એટલે 'કર્મ' જેમ સામાન્યથી સમગ્રપણે 'પર'માં સમાય છે, તે કર્મના જ અંગભૂત રાગ રૂપ કર્મવિશેષ પણ 'પર'માં સમાય છે, તેમ તે રાગ કર્મ વિશેષવિપાકજન્ય જીવનો પર નૈમિત્તિક રાગભાવ પણ 'પર'માં જ સમાય છે અને હું 'આ એક ટંકોત્કીર્ણ જ્ઞાયક ભાવ સ્વભાવ' છું તે 'સ્વ'માં સમાઉં છું અને એ જ પ્રકારે 'રાગ પદના પરિવર્તનથી' - રાગ પદને ફેરવીને તેને બદલે અત્રે અનુક્રમે દ્વેષ - મોહ, ક્રોધ - માન - માયા - લોભ, કર્મ - નોકર્મ, મન - વચન - કાય, શ્રોત્ર - ચક્ષુ - ઘ્રાણ - રસન - સ્પર્શન એ સોળ સૂત્રો વ્યાખ્યા કરવા યોગ્ય છે. આ દિશાથી અન્ય - તેવા તેવા બીજા પણ સૂત્રો સમજી લેવા યોગ્ય છે. અર્થાત્‌ આ 'દ્વેષ - મોહાદિ પણ મ્હારો સ્વભાવ નથી', 'આ ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવ સ્વભાવ હું છું'

એમ આ કર્મ વ્યક્તિ - વિશેષરૂપ દ્વેષાદિ પ્રત્યેક પદથી વિવિક્તપણે હું છું એમ આત્મભાવના ભાવવા યોગ્ય છે. આમ સમ્યગ્દૃષ્ટિ વિશેષથી સ્વ - પરનો વિવેક - ભેદજ્ઞાન કરે છે અને આમ સમ્યગ્દૃષ્ટિ સ્વ એ જાણતો અને પર એવા પરભાવ-વિભાવ રૂપ રાગને મૂકતો નિયમથી જ્ઞાન-વૈરાગ્યથી સંપન્ન હોય છે - एवं च सम्यग्दृष्टिः स्वं जानन् रागं मुंचंश्च नियमाज्ज्ञानवैराग्याभ्यां संपन्नो भवति ।






**एवं सम्मदिट्ठी अप्पाणं मुणदि जाणयसहावं ।**
**उदयं कम्मविवागं य मुयदि तच्चं वियाणंतो ॥२००॥**

સમ્યગ્દૃષ્ટિ એમ આત્મને રે, જાણે જાણંગ સ્વભાવ;
કર્મ વિપાક ઉદય મૂકે રે, તત્ત્વ જાણંતો સાવ... રે જ્ઞાની નિર્જરા નિત્ય કરંત. ૨૦૦


**અર્થ** - એમ સમ્યગ્દૃષ્ટિ આત્માને જ્ઞાયક સ્વભાવ જાણે છે અને તત્ત્વને વિશેષે કરીને જાણતો તે ઉદય કર્મ વિપાકને મૂકે છે. ૨૦૦

## आत्मख्याति टीका

**एवं सम्यग्दृष्टि आत्मानं जानाति ज्ञायकस्वभावं ।**
**उदयं कर्म विपाकं च मुंचति तत्त्वं विजानन् ॥२००॥**

**एवं सम्यग्दृष्टिः** सामान्येन विशेषेण च परस्वभावेभ्यो भावेभ्यो सर्वेभ्योऽपि विविच्य टंकोत्कीर्णैक**ज्ञायक**भाव**स्वभावमात्मनस्तत्त्वं** विजानाति । तथा तत्त्वं विजानंश्च स्वपरभावोपादानापोहननिष्पाद्यं स्वस्य वस्तुत्वं प्रथयन् कर्मोदयविपाकप्रभवान् सर्वानपि **मुंचति** । ततोऽयं नियमात् ज्ञानवैराग्याभ्यां संपन्नो भवति ॥२००॥

આકૃતિ




## આત્મખ્યાતિ ટીકાર્થ

**એમ સમ્યગ્દૃષ્ટિ** સામાન્યથી અને વિશેષથી પર સ્વભાવ ભાવોથી સર્વેથી પણ વિવેચીને ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવ સ્વભાવ એવું આત્માનું તત્ત્વ વિશેષે કરીને જાણે છે અને તથા પ્રકારે

---

**आत्मभावना** -

एवं सम्मदिट्ठी - एवं सम्यग्दृष्टिः - એમ ઉક્ત પ્રકારે સમ્યગ્ દૃષ્ટિ अप्पाणं जाणयसहावं मुणदि - आत्मानं ज्ञायकस्वभावं जानाति - આત્માને જ્ઞાયક - સ્વભાવ જાણે છે, तच्चं वियाणंतो य - तत्त्वं विजानन् च - અને તત્ત્વ વિજાણતો - વિશેષે કરીને જાણતો उदय कम्मविवागं य मुयदि - उदयं कम्मविपाकं च मुंचति ઉદય કર્મ વિપાકને મૂકે છે. ॥ इति **गाथा** आत्मभावना ॥२००॥

एवं सम्यग्दृष्टिः - એમ - ઉક્ત પ્રકારે સમ્યગ્દૃષ્ટિ सामान्येन विशेषेण च - સામાન્યથી અને વિશેષથી परस्वभावेभ्यो भावेभ्यो सर्वेभ्योऽपि विविच्य - પર-સ્વભાવ ભાવોથી સર્વેયથી પણ વિવેચીને - વિવેક કરીને, અલગ પાડીને, टंकोत्कीर्णैकज्ञायक स्वभावमात्मनस्तत्त्वं विजानाति - ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવ એવું આત્માનું તત્ત્વ વિજાણે છે - વિશેષે કરીને જાણે છે, तथा- तत्त्वं विजानंश्च - અને તથા પ્રકારે તત્ત્વ વિજાણંતો - વિશેષે કરીને જાણતો તે, कर्मोदयविपाकप्रभवान् भावान् सर्वानपि मुंचति - કર્મોદય વિપાકથી પ્રભવ જન્મ છે જેનો એવા ભાવોને સર્વેયને મૂકે છે - શી રીતે ? શું કરતો ? स्वस्य वस्तुत्वं प्रथयन् - સ્વનું - પોતાનું - આત્માનું વસ્તુત્વ - વસ્તુપણું પ્રથિત કરતો - પ્રગટ કરતો સિદ્ધ - પ્રખ્યાત કરતો. આ સ્વનું વસ્તુત્વ કેમ શી રીતે નીપજે છે ? स्वपरभावोपादानापोहननिष्पाद्यं - સ્વ - પર ભાવના ઉપાદાન - અપોહનથી નિષ્પાદ્ય - અર્થાત્ સ્વભાવના ઉપાદાનથી - ગ્રહણથી અને પરભાવના અપોહનથી - પરિત્યાગથી નિષ્પાદ્ય - નિષ્પન્ન થવા યોગ્ય એવું છે. આમ આ રીતે સર્વેય પરભાવોને મૂકે છે તેથી ત્યારે શું ? ततोऽयं नियमात् ज्ञानवैराग्याभ्यां संपन्नो भवति - એટલે પછી આ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાન - વૈરાગ્યથી સંપન્ન - સંયુક્ત હોય છે. ॥२००॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२००॥

તત્ત્વ વિજાણંતો સ્વ-પર ભાવના ઉપાદાન-અપોહનથી (ગ્રહણ - ત્યાગથી) નિષ્પાદ્ય એવું સ્વનું વસ્તુત્વ પ્રથિત કરતો, કર્મોદયવિપાક પ્રભવ ભાવોને સર્વેયને મૂકે છે, તેથી આ નિયમથી જ્ઞાન-વૈરાગ્યથી સંપન્ન હોય છે. ૨૦૦

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અલ્પકાળમાં અવ્યાબાધ સ્થિતિ થવાને અર્થે તો અત્યંત પુરુષાર્થ કરી જીવે પર પરિચયથી નિવૃત્તવું જ ઘટે છે. હળવે હળવે નિવૃત્ત થવાનાં કારણો ઉપર ભાર દેવા કરતાં જે પ્રકારે ત્વરાએ નિવૃત્તિ થાય તે વિચાર કર્ત્તવ્ય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૪૪૦), ૫૨૫**

**તત્ત્વજ્ઞનો કર્મોદય વિપાક ત્યાગ**

અને એમ ઉક્ત પ્રકારે સમ્યગ્દૃષ્ટિ સ્વને જાણતો અને રાગને મૂકતો નિયમથી જ્ઞાન-વૈરાગ્ય સંપન્ન થાય છે. એમ આ ગાથામાં પ્રતિપાદન કર્યું છે અને **'આત્મખ્યાતિ' કર્તા પરમર્ષિએ તેનું તત્ત્વનિષ્કર્ષ રૂપ પરમ અદ્ભુત વ્યાખ્યાન પ્રકાશ્યું છે** - એમ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની સામાન્યથી અને વિશેષથી પર સ્વભાવ ભાવોથી - સર્વેયથી પણ વિવેચીને - વિવેક કરીને - જૂદો અલગ પાડીને ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવ એવું આત્માનું તત્ત્વ વિજાણે છે - વિશેષે કરીને જાણે છે અને તેવા પ્રકારે તત્ત્વ વિજાણતો - વિશેષે કરીને જાણતો તે કર્મોદયવિપાકથી પ્રભવ - જન્મ - ઉદ્ગમ છે જેનો એવા ભાવોને સર્વેયને મૂકે છે. શી રીતે ? શું કરતો ? સ્વ-પર ભાવના ઉપાદાન - અપોહનથી અર્થાત્ સ્વભાવના ઉપાદાનથી - ગ્રહણથી અને પરભાવના અપોહનથી - પરિત્યાગથી નિષ્પાદ્ય - નિષ્પન્ન થવા યોગ્ય એવું સ્વનું વસ્તુત્વ - વસ્તુપણું પ્રથિત કરતો - પ્રગટ કરતો. આમ તે સર્વેય પરભાવોને મૂકે છે એટલે પછી આ નિયમથી જ્ઞાન - વૈરાગ્યથી સંપન્ન હોય છે - ततोऽयं नियमात् ज्ञानवैराग्याभ्यां संपन्नो भवति ।

**સ્વભાવ ગ્રહણ, પરભાવ ત્યાગથી નિષ્પાદ્ય વસ્તુત્વ**

અર્થાત્ એમ ઉપરમાં કહ્યું તે પ્રકારે સમ્યગ્દૃષ્ટિ 'સામાન્યથી' - સમગ્રપણે (Totally & generally) અને 'વિશેષથી' - વ્યક્તિપણે પ્રત્યેકપણે (Particularly & individually) જે પરનો સ્વભાવ છે અથવા જેનો પર સ્વભાવ છે એવા 'પર સ્વભાવ' ભાવોથી સર્વેથી પણ વિવેચીને - 'વિવિચ્ય' - વિવેચન - પૃથક્કરણ કરીને, ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવ સ્વભાવ એવું આત્માનું તત્ત્વ વિજાણે છે - વિશેષે કરીને જાણે છે, 'टंकोत्कीर्णैक ज्ञायक भावस्वभावमात्मनस्तत्त्वं विजानाति ।' 'ટંકોત્કીર્ણ' - ટાંકણાથી ઉત્કીર્ણ - કોતરેલા અક્ષર જેવા અક્ષર સદાસ્થાયિ 'અમૃત' સ્વરૂપ એક - અદ્વિતીય - અદ્વૈત જ્ઞાયક ભાવસ્વભાવ એવું આત્માનું 'તત્ત્વ' - તત્પણું - આત્માપણું - આત્મત્વ **'વિજાણે છે'** - વૈજ્ઞાનિક - વિજ્ઞાન રીત્યા વિશેષે કરીને જાણે છે અને 'તથા પ્રકારે' - તેવા પ્રકારે 'તત્ત્વને' - આત્માના આત્મત્વને 'વિજાણંતો' - વૈજ્ઞાનિક - વિજ્ઞાન રીત્યા વિશેષે કરીને જાણતો તે, स्वपरभावोपादानापोहननिष्पाद्यं - 'સ્વ - પર ભાવના ઉપાદાન - અપોહનથી નિષ્પાદ્ય' અર્થાત્ સ્વભાવના 'ઉપાદાનથી' - ગ્રહણથી અને પરભાવના 'અપોહનથી' - દૂરીકરણથી - દૂર ત્યજનથી 'નિષ્પાદ્ય' - નિષ્પન્ન થવા યોગ્ય - સિદ્ધ થવા યોગ્ય એવું 'સ્વનું' - પોતાનું - આત્માનું 'તત્ત્વ' - તત્ પણું - આત્માપણું - આત્મત્વ 'વિજાણે છે' - વૈજ્ઞાનિક - વિજ્ઞાન રીત્યા વિશેષે કરીને જાણતો તે, સ્વ परभावोपादानापोहननिष्पाद्यं - 'સ્વ - પરભાવના ઉપાદાન - અપોહનથી નિષ્પાદ્ય' અર્થાત્ સ્વભાવના 'ઉપાદાનથી' - ગ્રહણથી અને પરભાવના 'અપોહનથી' - દૂરીકરણથી - દૂર ત્યજનથી 'નિષ્પાદ્ય' - નિષ્પન્ન થવા યોગ્ય - સિદ્ધ થવા યોગ્ય એવું 'સ્વનું' - પોતાનું - આત્માનું 'વસ્તુત્વ' - વસ્તુપણું 'પ્રથિત' કરતો - स्वस्य वस्तुत्वं प्रथयन् -પ્રકાશિત કરતો - પ્રસિદ્ધ કરતો - પ્રખ્યાત કરતો - પ્રકૃષ્ટપણે ખ્યાત કરતો, 'આત્મખ્યાતિ' કરતો, 'કર્મોદય વિપાક પ્રભવ' - કર્મોદય વિપાક જેનું 'પ્રભવ' - મૂલ ઉદ્ગમસ્થાન છે એવા તે પરભાવોને સર્વેયને મૂકે છે - છોડી દે છે - कर्मोदयविपाकप्रभवान् भावान्

सर्वानपि मुंचति । તેથી એટલે પછી ત્યારે 'આ' - સમ્યગ્દૃષ્ટિ 'નિયમથી' - ત્રણે કાળમાં ન ચળે એવા અખંડ નિશ્ચયથી 'જ્ઞાન - વૈરાગ્યથી' સંપન્ન હોય છે, જ્ઞાનથી અને વૈરાગ્યથી બન્નેથી સંયુક્ત હોય છે. આમ ઉત્થાનિકારૂપ કળશ ૪ માં સૂચન કર્યા પ્રમાણે સમ્યગ્દૃષ્ટિ સ્વ - પરને જાણી, સ્વરૂપ ગ્રહી - પરરૂપ મૂકી પોતાનું વસ્તુત્વ અનુભવવાને સમર્થ એવી 'જ્ઞાન વૈરાગ્ય શક્તિથી' સંપન્ન હોય છે, એ નિગમન રૂપ - ફલિતાર્થ રૂપ (Conclusion) વસ્તુની અવિકલ સિદ્ધિ છેલ્લી ત્રણ ગાથાઓની વ્યાખ્યા કરતા અત્યંત 'વિશદ-મધુર-હિત' અમૃત વાક્યોથી પરમ પરમાર્થ ગંભીર 'આત્મખ્યાતિ' સૂત્રમાં સૂત્રિત કરી **મહાનિર્ગ્રંથ મહામુનીશ્વર અમૃતચંદ્રાચાર્યજીએ** પોતાની અનુપમ ગ્રંથ ગ્રથન કળાનો પરિચય કરાવ્યો છે. **પરમ જ્ઞાન વૈરાગ્ય સંપન્ન શ્રીમદ્ રાજચંદ્રજીના** સ્વાનુભવગોચર અનુભવોદ્ગાર છે કે -

''કોઈ પણ જાતના અમારા આત્મિક બંધનને લઈને અમે સંસારમાં રહ્યા નથી.''

''ચિત્તમાં ઉપાધિના પ્રસંગ માટે વારંવાર ખેદ થાય છે. *** કદાપિ તેમ નહીં તો પણ આ સંસારને વિષે કોઈ પ્રકાર રુચિયોગ જણાતો નથી, પ્રત્યક્ષ રસ રહિત એવું સ્વરૂપ દેખાય છે. તેને વિષે જરૂર સદ્ વિચારવાન્ જીવને અલ્પ પણ રુચિ થાય નહીં એવો નિશ્ચય વર્તે છે. વારંવાર સંસાર ભય રૂપ લાગે છે.''

''પ્રારબ્ધ છે, એમ માનીને જ્ઞાની ઉપાધિ કરે છે એમ જણાતું નથી, પણ પરિણતિથી છૂટ્યા છતાં ત્યાગવા જતાં બાહ્ય કારણો રોકે છે, માટે જ્ઞાની ઉપાધિ સહિત દેખાય છે, તથાપિ તેની નિવૃત્તિના લક્ષને નિત્ય ભજે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૧૫, ૫૦૮, ૬૬૪**

જ્ઞાની
સમ્યગ્દૃષ્ટિ

રાગી છતાં સમ્યગ્ દૃષ્ટિપણાનો ફાંકો રાખનારા શુષ્કજ્ઞાનીઓ અને ક્રિયાજડોને મુખ ચપેટિકા કરતો સમયસાર કળશ (૫) પ્રકાશે છે -

मंदाक्रांता

**सम्यग्दृष्टिः स्वयमयमहं जातु बंधो न मे स्या -**
**दित्युत्तानोत्पुलकवदना रागिणोप्याचरंतु ।**
**आलंबंतां समितिपरतां ते यतोद्यापि पापा,**
**आत्मानात्मावगमविरहात्संति सम्यक्त्वरिक्ताः ॥१३७॥**

સમ્યગ્દૃષ્ટિ સ્વયમ હું મને નો'ય રાગાદિ ક્યારે,
રોમાંચ્ ફૂલ્યું મુખ ઉંચુ ભલે રાગિઓ તો ય ધારે;
આલંબોને સમિતિ પરતા તે હજૂ પાપ સિકતા,
આત્માનાત્મા સમજણ વિના છે જ સમ્યક્ત્વ રિક્તા. ૧૩૭

## અમૃત પદ-(૧૩૭)

હું તો સમ્યગ્દૃષ્ટિ સ્વયં છું, મને બંધ કદી ન હોય,
એમ ઉંચુ ફૂલેલું વદન, પુલકિત થઈ જે જોયે... હું તો સમ્યગ્દૃષ્ટિ. ૧
તે રાગીઓ પણ આચરંતા, ફાંકો ભલે તે ધરંતા,
આલંબોને ભલે સમતિ પરતા, પાપા અદ્યાપિ હવંતા... હું તો સમ્યગ્દૃષ્ટિ. ૨
આત્મા-અનાત્મા અવગમ વિરહે, તેનો સમ્યક્ત્વ ઘટ છે ખાલી,
ભગવાન અમૃતચંદ્ર ગર્જે છે, તે તો વાત કરે છે ઠાલી... હું તો સમ્યગ્દૃષ્ટિ. ૩

**અર્થ** - આ હું સ્વયં સમ્યગ્દૃષ્ટિ છું, મને કદી પણ બંધ ન હોય - એમ ઉત્તાન - ઉત્પુલક વદન (ઉંચુ - રોમાંચિત મુખ) રાગી છતાં ભલે આચરો, તેઓ સમિતિ પરતા ભલે આલંબો ! કારણકે અદ્યાપિ પાપી એવા તેઓ આત્મા-અનાત્મા અવગમ વિરહથી સમ્યક્ત્વરિક્ત (સમ્યક્ત્વથી ખાલી) હોય છે ! ૧૩૭

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અમે સમજ્યા છીએ, શાન્ત છીએ, એમ કહે છે તે, તો ઠગાયા છે.''

- **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૮૬૪) વ્યાખ્યાન સાર**

''વૈરાગ્યાદિ સફળ તો સહ આત્મજ્ઞાન.'' - **શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિ**

**શુષ્કજ્ઞાની ને ક્રિયાજડને લાલ બત્તી**

ઉપરમાં મૂળ ગાથામાં અને તેની સમર્થ 'આત્મખ્યાતિ' વ્યાખ્યાના ગદ્ય ભાગમાં સમ્યગ્દૃષ્ટિ નિયમથી જ્ઞાન અને વૈરાગ્ય બન્નેથી સંપન્ન હોય જ એમ સ્પષ્ટ નિરૂપણ કર્યું. આથી ઉલટું જેનામાં કહેવાતું કથન માત્ર જ્ઞાન હોય પણ વૈરાગ્ય ન હોય, અથવા જેનામાં કહેવાતો વૈરાગ્ય ને સમિતિ આદિ ક્રિયા તત્પરતા હોય પણ જ્ઞાન ન હોય, તેઓ ભલે પોતાને સમ્યગ્દૃષ્ટિ માનવાનો ફાંકો રાખતા હોય, પણ તે બન્નેય પ્રકારના જનો સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની નથી જ, મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જ છે, એવા ભાવનો આ

નીચેની ગાથાનો સંબંધ જોડતો આ ઉત્થાનિકા કળશ અપૂર્વ ભાવાવેશથી સિંહગર્જનાથી લલકારતાં મહાકવીશ્વર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** શુષ્કજ્ઞાની અને ક્રિયાજડનું તાદૃશ્ય આબેહૂબ - નિસર્ગમય - સ્વભાવમય શબ્દચિત્ર સ્વભાવોક્તિથી રજૂ કરી તે બન્નેને - શુષ્કજ્ઞાની ને ક્રિયાજડને લાલ બત્તી ધરી છે. તેનો આશયાર્થ આ પ્રકારે -

**શુષ્કજ્ઞાની ને ક્રિયાજડને મુખ ચપેટિકા**

सम्यग्दृष्टिः स्वयमममहं जातु बंधो न मे स्यात् - આ હું સમ્યગ્દૃષ્ટિ સ્વયં - પોતે આપોઆપ છું, મને કદી પણ બંધ હોય નહિ - એમ ફાંકો રાખી 'ઉત્તાન' - ચત્તું ઊંચુ કરેલું અને 'ઉત્પુલક' - પુલક - રોમાંચ - ઉઠેલું રોમાંચિત વદન - મુખ ધરતા इत्युत्तानोत्पुलकवदना - રાગી છતાં रागिणोप्याचरंतु - ભલે તેવું આચરો ! અથવા તો તેમ પોતાના સમ્યગ્દૃષ્ટિપણાનો ફાંકો રાખતા તેઓ ભલે સમિતિપરતા આલંબો - 'आलंबंतां समितिपरतां ।' કારણકે તેઓ 'અદ્યાપિ' - હજુ આજની ઘડી સુધી 'પાપી' એવાઓ - 'ते यतोऽद्यापि पापाः' - આત્મા - અનાત્માના અવગમના - જાણપણાના વિરહને લીધે - आत्मानात्मावगमविरहात्, સમ્યક્ત્વથી 'રિક્ત' - ખાલી છે, **સમ્યક્ત્વ શૂન્ય છે** - संति सम्यक्त्वरिक्ताः । અત્રે **પરમર્ષિ અમૃતચંદ્રજીએ** વેધક કટાક્ષ કર્યો છે - કોઈ શુષ્કજ્ઞાની પોતે 'રાગી' છતાં - પરભાવ પ્રત્યેનો પોતાનો રાગ નહિ છૂટ્યો છતાં, ભેદજ્ઞાનની નિશ્ચયમુખ વાતો યત્ર તત્રથી શીખી લઈ હું સમ્યગ્દૃષ્ટિ છું - મને કદી બંધ હોય નહિ એવો ભલે ફાંકો રાખતા હોય, અથવા તો કોઈ ક્રિયાજડ જનો પોતે આત્મા - અનાત્માના ભેદ જ્ઞાનથી રહિત અજ્ઞાની હોવા છતાં, સમિતિ-ગુપ્તિ - વ્રત આદિમાં તત્પરતા દાખવતા રહી, જ્ઞાનશૂન્ય ક્રિયામાં રચ્યા પચ્યા રહીને ભલે પોતાને સમ્યગ્દૃષ્ટિ માનવાનું મિથ્યાભિમાન ધરતા હોય, પણ તે બન્નેય પ્રકારના જનો - શુષ્કજ્ઞાની અને ક્રિયાજડ 'સમ્યક્ત્વરિક્ત' - સમ્યક્ત્વ વિનાના ખાલીખમ - 'જલરિક્ત' - જલ વિનાના ઘડા જેવા ખાલી ખમ છે.*



* **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીની** વીર ગર્જના રૂપ આ કળશના ભાવનું મૌલિક વિકસન કરતાં કવિવર **બનારસીદાસજી** વદે છે કે - જે પુરુષ સમ્યક્ત્વવંત કહાવે છે પણ જેને સમ્યગ્ જ્ઞાનકલા જાગી નથી - 'સમ્યક્ ગ્યાન કલા નહિ જાગી', આત્મ અંગને અબંધ વિચારે છે પણ સંગ ધારે છે ને કહે છે કે અમે ત્યાગી છીએ - 'ધારત સંગ કહૈ હમ ત્યાગી', મુનિરાજનો - સાધુનો વેષ ધરે છે પણ 'પટંતર' - પડદાની અંદર અંતરમાં મોહ મહાનલની 'દાગી' - આગ લાગી છે, 'અંતર મોહ મહાનલ દાગી', શૂન્ય હૃદયે પરકૃત્યો કરે છે, તે 'શઠ' - આત્મવંચક પોતે પોતાને ઠગનારો દંભી જીવ વિરાગી હોય નહિ - 'સો સઠ જીવ ન હોય વિરાગી.' વળી વિશેષ વિવરણ કરતાં તે જ કવિવર વદે છે કે - ગ્રંથ રચે, શુભ પંથ ચર્ચે, જગત્‌માં વ્યવહારનો 'સુપત્તા' - સમ્યક્ પત્તો - સમ્યક્ વિધિ લક્ષમાં લે, સંતોષ સાધી, નિરંજનને આરાધી, 'સુસીખ' - સારી શીખ - શિખામણ દઈ, અદત્ત ન લીએ, 'નંગ ધરંગ' - નગ્ન અંગ ધારી સંગ ત્યજીને ફરે, 'મુધા' - ફોગટ રસમત્ત થઈ સર્વાંગ 'છકે' - છાકે - 'નંગ ધરંગ ફિરૈ તજિ સંગ, છકૈ સરવંગ મુધા રસમત્તા', એ 'કરતૂત' - કૃત્યો કરે છે, પણ 'શઠ'-દંભી - આત્મવંચક આત્મ - અનાત્મ સત્તા સમજતો નથી ! 'એ કરતૂતિ કરૈ સઠ પૈ, સમુઝૈ ન અનાતમ - આતમ સત્તા.' વળી ધ્યાન ધરે, ઈંદ્રિય નિગ્રહ કરે, 'વિગ્રહ' સાથે - શરીર સાથે પોતાનો 'નાતો', સંબંધ સગપણ ગણે નહિ - 'વિગ્રહ સૌં ન ગને નિજ નત્તા', 'વિભૂતિ' - વૈભવ ત્યાગીને, 'વિભૂતિથી' - રાખથી તન મઢે આખે શરીરે ભભૂત લગાવે, 'ત્યાગી વિભૂતિ વિભૂતિ મઢૈ તન', ભવ ભોગથી વિરક્ત થઈ જોગ ગ્રહે, મંદ કષાય પામી મૌન રહે, વધ-બંધન સહે ને તપ્ત હોય નહિ - એ 'કરતૂતિ' - કરતૂકો - કૃત્યો 'શઠ' - દંભી આત્મવંચક કરે છે, પણ આત્મ - અનાત્મ સત્તા સમજતો નથી - 'એ કરતૂતિ કરૈ સઠ પૈ સમુઝૈન અનાતમ - આતમ સત્તા. તેમજ જે 'વિના જ્ઞાન' ક્રિયા 'અવગાહે' છે, ક્રિયામાં ઊંડા ઉતરે છે - ક્રિયામાં ડૂબી જાય છે, જે 'વિના ક્રિયા' મોક્ષપદ 'ચાહે' છે - અંતરથી પ્રેમથી ઈચ્છે છે, જે 'વિના મોક્ષ' કહે છે કે હું 'સુખિયો' છું, તે 'અજાણ' - અજ્ઞાની મૂઢ જનોમાં 'મુખિયો' - મુખ્ય છે - 'સો અજાન મૂઢનિ મૈં મુખિયા.' આમ **અમૃતચંદ્રજીના** આ 'અમૃત' કળશના ભાવને પ્રવિકસિત કરી 'અમૃત' કરનારા **બનારસીદાસજીના** અદ્‌ભુત કાવ્ય ઝમકવાળા અમર વચનામૃતો આ રહ્યા -

''જો નર સમ્યક્વંત કહાવત, સમ્યક જ્ઞાન કલા નહિ જાગી,
આતમ અંગ અબંધ વિચારત, ધારત સંગ કહે હમ ત્યાગી,
ભેષ ધરૈ મુનિરાજ - પટંતર, અંતર મોહ મહાનલ દાગી,
સુન્ન હિયે કરતૂતિ કરૈ પર, સો સઠ જીવ ન હોય વિરાગી.
ગ્રંથ રચૈ ચરચૈ સુભ પંથ, લખૈ જગમૈં વિવહાર સુપત્તા,
નંગ ધરંગ ફિરૈ તજિ સંગ, છકૈ સરવંગ મુધા રસમત્તા,
એ કરતૂતિ કરૈ સઠ પૈ, સમુઝૈ ન અનાતમ - આતમ સત્તા.
ધ્યાન ધરૈ કરૈ ઇંદ્રિય નિગ્રહ, વિગ્રહ સૌં ન ગનૈ નિજ નત્તા,
ત્યાગિ વિભૂતિ વિભૂતિ મઢૈ તન, જોગ ગહૈ ભવભોગ વિરત્તા,
મૌન રહૈ લહિ મંદ કષાય, સહૈ બધ બંધન હોઈ ન તત્તા,
એ કરતૂતિ કરૈ સઠ પૈ, સમુઝૈ ન અનાતમ આતમ સત્તા.
(ચોપાઈ) જો બિનુ ગ્યાન ક્રિયા અવગાહૈ, જો બિનુ ક્રિયા મોખ પદ ચાહૈ,
જો બિનુ મોખ કહૈ મૈં સુખિયા, સો અજાન મૂઢનિ મૈં મુખિયા.''

- શ્રી બનારસીદાસજી કૃત સ.સા. નિર્જરા. અ. ૮-૯-૧૦-૧૧

રાગી સમ્યગ્દૃષ્ટિ કેમ નથી હોતો ? તો કે -

**परमाणुमित्तयं पि हु रायादीणं तु विज्जदे जस्स ।**
**णवि सो जाणदि अप्पाणयं तु सव्वागमधरोवि ॥२०१॥**
**अप्पाणमयाणंतो अणप्पयं चावि सो अयाणंतो ।**
**कह होदि सम्मदिट्ठी जीवाजीवो अयाणंतो ॥२०२॥ जुम्मं ॥**

પરમાણુ માત્ર પણ રાગાદિનું રે, વિદ્યમાન જસ હોય,
નજ જાણે તે આત્માને રે, સર્વ આગમધર તોય... રે જ્ઞાની નિર્જરા નિત્ય કરંત. ૨૦૧
આત્મા ન જાણતો તે ખરે ! રે, અનાત્મા ન જાણંત,
સમ્યગ્દૃષ્ટિ ક્યમ હોય તે રે, જીવાજીવ અજાણંત ?... રે જ્ઞાની નિર્જરા નિત્ય કરંત. ૨૦૨

**અર્થ** - રાગાદિનું પરમાણુમાત્ર પણ જેને વિદ્યમાન છે, તે સર્વાગમધર પણ આત્માને જ નથી જાણતો અને આત્માને નહિ જાણતો તે અનાત્માને પણ નહિ જાણતો, જીવાજીવને નહિ જાણતો સમ્યગ્દૃષ્ટિ કેમ હોય છે ? ૨૦૨

## आत्मख्याति टीका

कथं रागी न भवति सम्यग्दृष्टिरिति चेत् -

**परमाणुमात्रमपि खलु रागादीनां तु विद्यते यस्य ।**
**नापि स जानात्यात्मानं तु सर्वागमधरोऽपि ॥२०१॥**
**आत्मानमजानन् अनात्मानमपि सोऽजानन् ।**
**कथं भवति सम्यग्दृष्टि र्जीवाजीवावजानन् ॥२०२॥ युग्मम् ॥**

**यस्य रागादीनाम**ज्ञानमयानां भावानां **लेशतोऽपि विद्यते** सद्भावः भवतु **स श्रुतकेवलिकल्पोऽपि** तथापि ज्ञानमयभावानामभावेन **न जानात्यात्मानं,** यस्त्वा**त्मानं न जानाति सोऽनात्मानमपि न जानाति** स्वरूपपररुपसत्तासत्ताभ्यामेकस्य वस्तुनो निश्चीयमानत्वात् । ततो य आत्मानात्मानौ न स जीवाजीवौ न जानाति । यस्तु **जीवाजीवौ न जानाति स सम्यग्दृष्टिरेव न भवति** । ततो रागी ज्ञानाभावान्न भवति सम्यग्दृष्टिः ॥२०१॥२०२॥


---

**आत्मभावना** -

कथं रागी न भवति सम्यगृदृष्टिरिति चेत् - **રાગી કેમ સમ્યગ્દૃષ્ટિ નથી હોતો ? એમ જો પૂછો તો** - जस्स तु रायादीणं परमाणुमित्तयं पि हु विज्जदे - यस्य तु रागादीनां खलु परमाणुमात्रमपि विद्यते - **પણ જેને તો રાગાદિનું ખરેખર ! નિશ્ચયે કરીને પરમાણુમાત્ર પણ વિદ્યમાન છે,** सो सव्वागमधरो वि - स सर्वागमधरोऽपि - **તે સર્વાગમધર છતાં** अप्पाणयं तु णवि - वे जाणदि - आत्मानं तु नापि जानाति - **આત્માને પણ નથી જાણતો,** अप्पाणमयाणं तो अणप्पयं चावि सो अयाणंतो - आत्मानमजानन् अनात्मानमपि सोऽजानन् - **આત્માને ન જાણતો તે અનાત્માને પણ નહિ જાણતો,** जीवाजीवे अयाणंतो कह होदि सम्मदिट्ठी - जीवाजीववजानन् कथं सम्यगृदृष्टि र्भवति - **જીવ - અજીવને અજાણતો - નહિ જાણતો સમ્યગ્દૃષ્ટિ કેમ હોય છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥२०१॥२०२॥

यस्य - **જેને** रागाद्यज्ञानमयानां भावानां लेशतोऽपि विद्यते सद्भावः - **રાગાદિ અજ્ઞાનમય ભાવોમાં લેશથી પણ સદ્ભાવ - હોવાપણું વિદ્યમાન છે,** भवतु स श्रुतकेवलिंकल्पोपि (पाठां. सदृशोऽपि) **ભલે તે શ્રુતકેવલિ કલ્પ - લગભગશ્રુત કેવલિ જેવો (શ્રુત કેવલિ સદેશ પણ) હો,** तथापि ज्ञानमयभावानामभावेन - **તથાપિ જ્ઞાનમય ભાવોના અભાવે કરી** न जानात्यात्मानं - **આત્માને નથી જાણતો,** यस्त्वात्मानं न जानाति - **અને જે આત્માને નથી જાણતો**

આકૃતિ




જેને **રાગાદિ** અજ્ઞાનમય ભાવોનો **લેશથી પણ** સદ્ભાવ (હોવાપણું) **વિદ્યમાન** છે, **તે** ભલે **શ્રુતકેવલી કલ્પ** (લગભગ શ્રુતકેવલી જેવો, શ્રુત કેવલી સદેશ) **પણ** હો, તો પણ જ્ઞાનમય ભાવોના અભાવથી **આત્માને નથી જાણતો** અને જે **આત્માને નથી જાણતો, તે અનાત્માને** પણ **નથી જાણતો** - સ્વરૂપ - પરરૂપની સત્તા - અસત્તાથી એક વસ્તુનું નિશ્ચીયમાનપણું છે માટે. તેથી જે આત્મા-અનાત્માને નથી જાણતો તે જીવાજીવને નથી જાણતો અને **જીવાજીવને નથી જાણતો** તે સમ્યગ્દૃષ્ટિ જ **નથી હોતો,** તેથી રાગી જ્ઞાને અભાવને લીધે સમ્યગ્દૃષ્ટિ નથી હોતો. ૨૦૧, ૨૦૨

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જહાં રાગ અને વળી દ્વેષ, તહાં સર્વદા માનો ક્લેશ;
ઉદાસીનતાનો જ્યાં વાસ, સર્વ દુઃખનો છે ત્યાં નાશ." - **પરમતત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી**

**"रागद्वेषादिकल्लोलैरलोलं यन्मनोजलं ।**
**स पश्यत्यात्मनस्तत्त्वं तत्तत्त्वं नेतरो जनः ॥"** - **શ્રી પૂજ્યપાદ સ્વામીજી કૃત 'સમાધિ શતક'**

રાગી સમ્યગ્દૃષ્ટિ કેમ નથી હોતો ? તેની અત્ર **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** યુક્તિયુક્ત કારણ મીમાંસા કરી છે અને **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** તેનું અત્યંત તર્કશુદ્ધ અનન્ય સમર્થન કરી અપૂર્વ તત્ત્વ પ્રકાશ રેલાવ્યો છે. તેનો ભાવાર્થ આ પ્રકારે -

**રાગાદિ અજ્ઞાનભાવોનો લેશ પણ હોય તો શ્રુત કેવલીકલ્પ પણ અજ્ઞાની સમ્યગ્દૃષ્ટિ નથી**

રાગ-દ્વેષ-મોહ-ક્રોધ-માન-માયા-લોભ આદિ **અજ્ઞાનમય ભાવો** છે. તે આ રાગાદિ અજ્ઞાનમય ભાવોનો - रागाद्यज्ञानमयानां भावानां જેને **'લેશથી** પણ' - જરાક પણ 'સદ્ભાવ' - હોવાપણું વિદ્યમાન છે, **પરમાણુમાત્ર** પણ વર્ત્તે છે, તે ભલે શ્રુતકેવલિ કલ્પ પણ - भवतु स 'श्रुतकेवलि' कल्पोपि (પાઠાં. श्रुतकेवलिसदृशोऽपि) લગભગ શ્રુત કેવલિ સરિખો પણ હો, તો પણ 'જ્ઞાનમય ભાવોના અભાવથી' તે આત્માને નથી જાણતો અને જે આત્માને નથી જાણતો તે અનાત્માને પણ નથી જાણતો, કારણકે સ્વરૂપથી સત્તા અને પરરૂપથી અસત્તા વડે કરીને એક વસ્તુનું નિશ્ચીયમાનપણું **છે માટે** - स्वरूपपररूपसत्तासत्ताभ्यामेकस्य वस्तुनो निश्चीयमानत्वात् અર્થાત્ કોઈ પણ વસ્તુનું સ્વરૂપથી સત્ત્વ - હોવાપણું છે અને પરરૂપથી અસત્ત્વ - નહિ હોવાપણું છે, વસ્તુ સ્વરૂપથી છે - પરરૂપથી છે નહિ, એમ અન્વય - વ્યતિરેકથી વસ્તુનો નિશ્ચય કરાય છે, માટે. તેથી આમ જે આત્મા - અનાત્માને નથી જાણતો, તે જીવ - અજીવને નથી જાણતો અને જે જીવ -

---

सोऽनात्मानमपि न जानाति - તે અનાત્માને પણ નથી જાણતો. શાને લીધે ? स्वरूपपररूपसत्तासत्ताभ्यामेकस्य वस्तुनो निश्चीयमानत्वात् - સ્વરૂપ - પરરૂપની સત્તા - અસત્તાથી એક વસ્તુના નિશ્ચીયમાનપણાને લીધે, અર્થાત્ સ્વરૂપ સત્તાથી અને પરરૂપ - અસત્તાથી એક વસ્તુનું નિશ્ચય કરાઈ રહ્યાપણું છે માટે. ततो य आत्मानात्मानौ न जानाति - **તેથી જે આત્મા** - અનાત્માને નથી જાણતો स जीवाजीवौ न जानाति - તે જીવાજીવને નથી જાણતો, यस्तु जीवाजीवौ न जानाति - અને જે જીવ - અજીવને નથી જાણતો, स सम्यग्दृष्टिरेव न भवति - તે સમ્યગ્દૃષ્ટિ જ નથી હોતો, ततो रागी ज्ञानाभावाद् न भवति सम्यग्दृष्टिः - તેથી રાગી જ્ઞાન અભાવને લીધે સમ્યગ્દૃષ્ટિ નથી હોતો. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२०१॥२०२॥

અજીવને નથી જાણતો, તે સમ્યગ્દૃષ્ટિ જ નથી હોતો. તેથી આ ઉપરથી સ્વયં સિદ્ધ થાય છે કે જે 'રાગી' છે, તેને જ્ઞાનનો અભાવ છે, તેને લીધે તે 'સમ્યગ્દૃષ્ટિ' નથી હોતો - ततो रागी ज्ञानाभावात् न भवति सम्यग्दृष्टिः । તેમજ ઉપલક્ષણથી સ્વયં સિદ્ધ થાય છે કે જે દ્વેષી, ક્રોધી, માની, માયી, લોભી ઈત્યાદિ હોય, તે પણ તે જ પ્રકારે 'જ્ઞાનના અભાવને લીધે' સમ્યગ્દૃષ્ટિ નથી જ હોતો - આ નિશ્ચય છે.






'આ પદ રહ્યું - આ પદ રહ્યું' એમ શુદ્ધ ચૈતન્ય ધાતુમય પદ દર્શાવવાનું આહ્વાન કરતો અમૃત **સમયસાર કળશ (૬)** આચાર્યવર્ય **અમૃતચંદ્રજી** લલકારે છે -

मंदाक्रांता

**आसंसारात्प्रतिपदममी रागिणो नित्यमत्ताः,**
**सुप्ता यस्मिन्नपदमपदं तद्विबुध्यध्वमंधाः ।**
**एतैतेतः पदमिदमिदं यत्र चैतन्यधातुः,**
**शुद्धः शुद्धः स्वरसभरतः स्थायिभावत्वमेति ॥१३८॥**

આસંસાર પ્રતિપદ જ જ્યાં રાગીઓ નિત્ય મત્તા,
સૂતા તે આ અપદ અપદં જાણજો અંધ સત્તા !
આવો ! આવો ! પદ પદ જ આ ધાતુ ચિદ્ જેહ ઠામે,
શુદ્ધો શુદ્ધો સ્વરસભરથી સ્થાયિભાવત્વ પામે. ૧૩૮

## અમૃત પદ-(૧૩૮)

(દીઠો દરિશન શ્રી પ્રભુજીનો - એ રાગ)

આવો ! આવો ! અમૃત અમૃત આ, પદ અમૃત આ અહીં દેખો !
આ અનાદિ સંસારથી માંડી, પ્રતિપદે રાગી પેખો !... આવો ! આવો !. ૧
મત્ત સદા મોહમદિરા પાને, સુપ્ત રહ્યા જે સ્થાને,
અપદ અપદ તે અંધો દેખો ! આવો આવો અહીં પદ આ લેખો... આવો ! આવો !. ૨
શુદ્ધ શુદ્ધ જ્યાં ચૈતન્ય ધાતુ, સ્વરસ ભરે રસમાતું,
સ્થાયિભાવપણાને પામે, ભગવાન્ અમૃત પદ ધામે... આવો ! આવો !. ૩

**અર્થ** - આસંસારથી માંડીને પ્રતિપદે આ રાગીઓ નિત્યમત્ત એવાઓ જેમાં સુપ્ત છે તે અપદ છે અપદ છે, હે અંધો ! જાગો ! અહીં આવો ! આવો ! પદ આ છે પદ આ છે ! કે જ્યાં શુદ્ધ શુદ્ધ ચૈતન્ય ધાતુ સ્વરસભરથી સ્થાયિભાવપણાને પામે છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ચિદ્ ધાતુમય, પરમ શાંત, અડગ્ગ, એકાગ્ર, એક સ્વભાવમય અસંખ્યાત પ્રદેશાત્મક પુરુષાકાર ચિદાનંદઘન તેનું ધ્યાન કરો.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, હાથનોંધ**

નીચેની ગાથામાં 'પદ'નું નિરૂપણ આવે છે, તેનું સૂચનરૂપ અવતરણ કરતા આ પરમ તત્ત્વામૃતરસ સંભૃત કળશ કાવ્યમાં શુદ્ધ ચૈતન્યમય આત્મ 'પદ' ભાવનાથી પરમ ભાવિતાત્મા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** 'અહીં આવો ! આવો ! આ પદ રહ્યું ! આ પદ રહ્યું !' એમ સમસ્ત આત્માઓને પરમ આત્મ ભાવાતિશયથી છલકાઈ જતા સહજ અનુભવઉદ્ગારથી પરમ પ્રેમે આમંત્રણ કર્યું છે. તેનો ભાવાર્થ આ પ્રકારે -

आसंसारात् प्रतिपदममी रागिणो नित्यमत्ताः - આ સંસારથી માંડીને - જ્યારથી આ સંસાર છે ત્યારથી એટલે કે અનાદિથી પ્રતિપદે 'प्रतिपदम्' - પ્રત્યેક પદે - પદે પદે - પગલે પગલે અથવા સ્થળે સ્થળે 'આ' - પ્રત્યક્ષ દૃશ્યમાન રાગીઓ - રાગવંત જનો 'નિત્યમત્ત' 'नित्यमत्ताः' - સદા મત્ત છે, મોહ - મદિરાનું પાન કરીને સદા મદમસ્ત - ઉન્મત્ત બનેલા છે ! અને પછી નશો ચઢેલ - મદિરામત્ત જેમ મૂર્ચ્છિત થઈ 'સુપ્ત' હોય છે, સૂઈ જાય છે - ઉંઘી જાય છે, ગાઢ નિદ્રામાં ઘોરવા માંડે છે, તેમ

આ મોહમદિરામત્ત રાગી જનો મોહમૂર્ચ્છિત થઈ 'સુપ્ત' 'सुप्ता' - છે - સુષુપ્ત દશામાં પડેલા છે, સૂઈ ગયેલા છે - ઉંઘી ગયેલા છે, ગાઢ અજ્ઞાન - નિદ્રામાં ઘોરવા મંડી ગયેલા છે; અને આમ મદિરામત્ત જેમ માર્ગમાં પોતાનું જ્યાં 'પદ' - સ્થાનક - રહેઠાણ - નિવાસ સ્થાન - નિજઘર નથી એવા 'અપદે' - ગમે તે અસ્થાને - 'કઠેકાણે' મૂર્ચ્છિત થઈ પડી જઈ સૂઈ જાય છે, તે તેનું અપદ જ છે, તેમ આ મોહ મદિરામત્ત રાગી જન સંસાર માર્ગમાં પોતાનું જ્યાં 'પદ' - સ્થાનક - રહેઠાણ - નિવાસસ્થાન - નિજઘર નથી એવા 'અપદે' - ગમે તે અસ્થાને - 'કઠેકાણે' મોહમૂર્છિત થઈ, પડી જઈ - સ્વરૂપથી પતિત થઈ, 'પર ઘર' સૂઈ ગયો છે, તે તેનું 'અપદ' જ છે, 'અપદ' જ છે - 'अपदमपदं तद्विबुध्यध्वमंधाः' આ નિશ્ચય છે. અર્થાત્ આ અનાદિ સંસારથી પ્રતિપદે આ રાગી નિત્યમત્ત જનો જે જે કહેવાતા 'પદમાં' - સ્થાનમાં સુપ્ત છે, તે 'આ અપદ છે ! અપદ છે !' - અસ્થાન છે અસ્થાન છે ! 'કઠેકાણું' છે 'કઠેકાણું' છે ! એમ હે અંધો ! જેના વિવેક ચક્ષુ વિકલ થયા છે - બંધ છે, એવા હે રાગાંધ - મોહાંધ જનો ! તમે બૂઝો ! જાણો ! સમજો ! અથવા 'अपदमपदं तद्वि बुध्यध्वमंधाः' તે અપદ છે અપદ છે, માટે હે અંધો ! વિબોધ પામો ! જાગો ! મોહનિદ્રામાંથી જાગ્રત થઈને વિવેક ચક્ષુ ખોલીને દેખો ! આમ મોહનિદ્રામાંથી ઢંઢોળવાને નિષ્કારણ કરુણાથી 'अंधाः' - હે અંધો ! એવો કથંચિત્ કિંચિત્ કઠોર પ્રયોગ કરી માર્દવમૂર્ત્તિ - માધુર્ય મૂર્ત્તિ - અમૃત મૂર્ત્તિ અમૃતચંદ્રજી તે અંધોને પદ દર્શાવવાને નિષ્કારણ કરુણામય કોમલ મધુર વચનોથી અહ્‌વાન કરે છે - 'एतैतेतः' - 'અહીં આવો ! આવો !' જેની દૃષ્ટિ અંધ છે એવા કોઈ દૃષ્ટિઅંધ જનને 'અપદ'માં - અસ્થાને - કઠેકાણે સબડતો ગબડતો દેખી કે માર્ગમાં 'પદ'ને મળે ફાંફા મારતો દેખી કોઈ દૃષ્ટિ સંપન્ન દૃષ્ટા પુરુષ જેમ નિષ્કારણ કરુણાથી માર્ગદર્શન કરે અને કહે 'ભાઈ ! આવો આવો આ તરફ પદ છે ! આ તરફ પદ છે !' તેમ દૃષ્ટિઅંધ જગજ્જીવોને 'અપદ'માં - અસ્થાને - કઠેકાણે સબડતા ગબડતા દેખી કે સંસાર માર્ગમાં 'પદ'ને માટે ફાંફા મારતા દેખી પરમ સમ્યગ્‌દૃષ્ટિ સંપન્ન પરમ આત્મદૃષ્ટા પરમર્ષિ પરમગુરુ 'નિષ્કારણ કરુણારસ સાગર' 'પરમ કૃપાળુ' અમૃતચંદ્રાચાર્યજી નિષ્કારણ કરુણામૃત સિંધુ વહાવતા આ અમૃત વચનોથી પરમ ભવાવેશથી જાણે પોકારીને આમંત્રે છે - અહો રાગાંધ આત્મબંધુઓ ! તમે આ તરફ આવો ! આ તરફ આવો ! 'एतैतेतः' - તમે 'પદ' માટે ફાંફાં મારો છો ને ઉલટી 'અપદ'ની દિશા પકડી છે ! 'પદ' તો તમે પકડેલી 'અપદ'ની દિશાથી ઉલટી દિશામાં - 'इतः' - અહીં આ અમે બતાવીએ છીએ તે તરફ છે. તમે જે પદ પકડીને બેઠા છો તે તો 'અપદ' છે, 'પદ તો આ છે ! આ છે !' - पदमिदमिदं, કે જ્યાં શુદ્ધ શુદ્ધ ચૈતન્ય ધાતુ સ્વરસભરથી સ્થાયિભાવપણાને પામે છે - 'यत्र चैतन्यधातुः शुद्धः शुद्धः स्वरसभरतो स्थायिभावत्वमेति' । - અર્થાત્ શુદ્ધ સુવર્ણ ધાતુ જેમ સર્વ પ્રદેશે સુવર્ણ સુવર્ણ ને સુવર્ણમય જ હોય, તેમ સર્વ પ્રદેશે ચૈતન્ય ચૈતન્ય ને ચૈતન્યમય જ એવી જે 'ચૈતન્ય ધાતુ' - चैतन्य धातुः - પરભાવના પરમાણુ માત્રની અશુદ્ધિના સમય માત્ર પણ પ્રવેશના અનવકાશને લીધે 'શુદ્ધ શુદ્ધ' - 'शुद्धः शुद्धः' - સર્વથા શુદ્ધ - અત્યંત શુદ્ધ છે, તે જ્યાં 'સ્વરસભરથી' - स्वरसभरतः - આ તત્ત્વામૃત સંભૂત પૂર્ણ 'કળશ'ની જેમ 'સ્વરસના' - શુદ્ધ ચૈતન્યરસના ભરથી - પરિપૂર્ણપણાથી સ્થાયિભાવપણાને પામે છે - 'स्थायिभावत्वमेति', તે 'આ' પ્રત્યક્ષ દૃશ્યમાન ખરેખરૂં 'પદ' છે - આત્માનું સ્થિર સ્થાન છે, માટે હે આત્મબંધુઓ ! અહીં આવો ! આવો ! જ્યાં શુદ્ધ શુદ્ધ ચૈતન્ય ધાતુ સ્થાયિભાવ પામે છે તે આ વક્ષ્યમાણ કહેવાતા 'પદ' તમને દાખવું છું -*

* મહાકવિ અમૃતચંદ્રજીના આવા આહ્‌વાન રૂપ ભાવપૂર્ણ કળશ કાવ્યમાં સંભૃત 'સાગરવર ગંભીર' અમૃત ભાવનું અમૃત મંથન કરી મહાકવિ બનારસીદાસજીએ અપૂર્વ તત્ત્વ ચમત્કૃતિ દાખવતા અદ્‌ભુત કાવ્યઝમકવાળા આ અમર કાવ્યોમાં કવિ બ્રહ્મા અમૃતચંદ્રજીના ભાવને ઓર બહલાવ્યો છે -

''જગવાસી જીવનિસૌં ગુરુ ઉપદેસ કહૈ, તુમૈં ઈહાં સોવત અનંત કાલ બીતે હૈ,
જાગો હવૈ સચેત ચિત્ત સમતા સમેત સુનૌ, કેવલ વચન જામૈં અક્ષરસ જીતે હૈ,
આવૌ મેરૈ નિકટ બતાઉં મૈં તુમ્હારે ગુન, પરમ સુરસ-ભરે કરમ સૌં રીતે હૈ,

(કહેવામાં આવી રહેલું) પદ તમને દર્શાવું છું: -



---

ઐસે બૈન કહૈ ગુરુ તૌઉ તે ન ધરૈ ઉર, મિત્ર કૈસે પુત્ર કિધૌં ચિત્ર કૈસે ચીતે હૈ.
એતે પર બહુરૌં સુગુરુ, બોલૈ વચન રસાલ, સૈન દસા જાગૃહ દસા, કહૈ દુહૂંકી ચાલ.
કાયા ચિત્ર સારી મૈં કરમ પરજંક ભારી, માયા કી સંવારી સેજે ચાદરિ ક્લપના,
સૈન કરૈ ચેતન અચેતનતા નીંદ લિયૈ, મોહ કી મરોર યહૈ લોચન કૌ ઢપના,
ઉદૈ બલ જોરયહૈ સ્વાસ કૌ સબદ ઘોર, વિષૈ-સુખ કારજકી દૌર યહૈ સપના,
ઐસી મૂઢ દસા મૈં મગન રહે તિહૂં કાલ, ધાવૈ ભ્રમજાલ મૈં ન પાવૈ રૂપ અપના,
ચિત્રસારી ન્યારી પરજંક ન્યારો સેજ ન્યારી, ચાદરિ ભી ન્યારી ઈહાં ઝૂઠી મેરી થપના,
અતીત અવસ્થા સૈન નિદ્રા વાહિ કોઉ પૈન, વિદ્યમાન પલક ન યામૈં અબ છપના,
સ્વાસ ઔ સુપન દોઉ નિદ્રાકી અલંગ બૂઝૈ, સૂઝૈ સબ અંગ લખિ આતમ દરપના,
ત્યાગી ભયૌ ચેતન અચેતનતા ભાવ ત્યાગિ, ભાલૈ દૃષ્ટિ ખોલિ કૈ સંભાલૈ રૂપ અપના,
ઈહ વિધિ જે જાગે પુરુષ, તે શિવ રૂપ સદીવ,
જો સોવહિ સંસારમાં, તે જગવાસી જીવ.'' - શ્રી 'બનારસીદાસજી' કૃત સ.સા.નિ. ૧૨-૧૬
બનારસીજીના આ અમર વચનામૃતોનો ભાવાર્થ આ છે કે - જગત્ વાસી જીવને ગુરુ ઉપદેશ કરે છે - તમે અહીં સુતાં સુતાં અનંત કાળ વીત્યો છે - 'તુમ ઈહાં સોવત અનંત કાલ બીતે હૈં, હવે જગો ! સચેત થઈ ચિત્ત સમતા સમેત કેવલ વચન સાંભળો ! 'જાગો હવૈં સચેત ચિત્ત સમતા સમેત સુનૌં !' જેમાં 'અક્ષરસ' - ઈંદ્રિય રસ જીતાય છે અથવા 'અક્ષરસ' - આત્મરસ - ચૈતન્ય રસ જીતાય છે અથવા 'જીતે હૈ' - જીવે છે સદાકાળ જીવંત રહે છે. 'આવો મેરૈ નિકટ બતાઉં મૈં તુમ્હારે ગુન', તમે મ્હારી નિકટ આવો ! હું તમારા ગુણ બતાવું કે જે ગુણ પરમ સુરસથી ભરેલા છે અને કર્મથી 'રિક્ત' - ખાલી છે, કર્મશૂન્ય છે 'પરમ સુરસ ભરૈ કરમસૌં રીતે હૈં' એવા વચન ગુરુ કહે છે, તો પણ તે 'ઉર' - અંતરમાં ધરતો નથી ! તે શું 'મિત્રકનો પુત્ર' - તારા મૈત્રક જેમ સ્થિર આંખની પૂતળી હોયની ! ચિત્રની જેવા ચીતર્યા હોયની ! 'મિત્ર કૈસે પુત્ર કિધૌં ચિત્ર કૈસે ચીતે હૈ !' એટલે વળી ફરી પણ વિશેષે કરીને સદ્‌ગુરુ રસાલ વચન બોલે છે અને શયન દશા અને જાગૃત દશા એ બેની 'ચાલ' - ગતિ - રીતિ - પ્રકાર કહે છે - (એ બેના સુંદર હૃદયંગમ શબ્દચિત્રો રજૂ કરે છે -)
કાયા - ચિત્રશાળામાં ભારી કર્મ - પર્યંક - પલંગ છે, તે પર માયાની સુંવાળી સેજ અને કલ્પનાની ચાદર બીછાવી છે - 'માયાકી સંવારી સેજ ચાદરિ કલપના', ત્યાં ચેતન શયન કરે છે, અચેતનતા 'નિંદ' - નિદ્રા લહે છે, મોહની 'મરોડ' મરડાવું તે - વક્રગતિ એ જ લોચનનું મીંચાવું છે, ઉદયબલનું જોર એ જ શ્વાસનો ઘોર શબ્દ (ઘોરવું તે) છે - 'ઉદય બલ જોર ય હૈ સ્વાસ કૌ સબદ ઘોર' - વિષય સુખ કાર્યનો 'દૌર' - દોડ - દોડાદોડ એ જ સ્વપ્નું છે - 'વિષૈ સુખ કરજ કી દૌર યહૈ સપના', એવી મૂઢ દશામાં ત્રણે કાળ મગ્ન રહે છે, ભ્રમજાલમાં દોડે છે, પોતાનું રૂપ પામતો નથી - 'ધાવૈ ભ્રમજાલ મૈં ન પાવૈ રૂપ અપના !' જીવની શયન દશાની આ સ્થિતિ છે, તેનાથી ઉલટી જ જાગ્રત દશાની આમ સ્થિતિ છે - 'ચિત્ર સારી ન્યારી પર્વજંક ન્યારો સેજ ન્યારી', ચિત્રશાળા ન્યારી (જૂદી) છે, તેમાં પર્યંક (પલંગ) ન્યારો છે, તેમાં 'સેજ' - શય્યા ન્યારી છે, તેમાં ચાદર પણ ન્યારી છે - અહીં મ્હારી સ્થાપના જૂઠી છે. તેમાં સૂઈ જવા રૂપ - શયન કરવારૂપ શયન અવસ્થા 'અતીત' છે - ચાલી ગઈ છે 'ભૂત' થઈ ગઇ છે, તે અચેતનતા નિદ્રા કોઈ પણ 'પલક' - નાનકડી પળભર પણ - ક્ષણ પણ વિદ્યમાન નથી, છે નહિ, કે જેમાં હવે 'છપના' - આંખ મીંચાવાનું નથી. 'શ્વાસ' (બળવાન્ કર્મ ઉદય) અને 'સ્વપ્ન' - વિષય સુખ કાર્યની દોડાદોડ એ બે તો નિદ્રાની 'અલંગ' - અલગાર પરિવાર જાણે છે, અર્થાત્ નિદ્રા હોય તો પછી તે જોરદાર શ્વાસ અને સ્વપ્ન હોય એમ સમજે છે, આત્મદર્પણ લખીને સર્વ અંગ સૂઝે છે - 'સૂઝૈ સબ અંગ લખિ આતમ દરપના', એટલે ચેતન અચેતનતાભાવ ત્યાગી ત્યાગી થયો અને દૃષ્ટિ ખોલીને ભાળે ને પોતાનું રૂપ સંભાળે છે - 'ત્યાગી ભયો ચેતન અચેતનતાભાવ ત્યાગી, ભાલૈ દૃષ્ટિ ખોલિકૈ સંભાલૈ રૂપ અપના.' આ જાગ્રત દશાની વિધિથી જે પુરુષ જાગે છે, તે સદૈવ શિવ રૂપ - મોક્ષ રૂપ હોય છે, 'ઈ વિધિ જે જાગે પુરુષ તે શિવ રૂપ સદીવ' અને જે સંસારમાં સુવે છે તે જગવાસી જીવ છે - 'જો સોવહિ સંસારમાં તે જગવાસી જીવ.' આવા ભાવવાળા આ અમૃત વચનામૃતોથી બનારસીજીએ અમૃતચંદ્રના આ ઉત્થાનિકા કળશના ભાવને 'અમૃત' કર્યો છે.

વારુ, તે પદ કયું છે ? તો કે -

**आदह्मि दव्वभावे अपदे मोत्तूण गिण्ह तह णियदं ।**
**थिरमेगमिमं भावं उवलंब्भंतं सहावेण ॥२०३॥**

આત્મામાં દ્રવ્ય - ભાવો અપદો રે, મૂકી ગ્રહ નિયત એહ;
સ્થિર એક ભાવ સ્વભાવથી રે, અનુભવાતો જેહ રે... જ્ઞાની નિર્જરા નિત્ય કરંત. ૨૦૩

**અર્થ** - આત્માને વિષે દ્રવ્ય ભાવોને અપદોને મૂકીને સ્વભાવથી ઉપલંભ થઈ રહેલો તથા પ્રકારે નિયત એવો સ્થિર એક આ ભાવ ગ્રહ ! ૨૦૩

## આત્મખ્યાતિ ટીકા

किन्नाम तत्पदं ? इत्याह -

**आत्मनि द्रव्यभावानपदानि मुक्त्वा गृहाण तथा नियतं ।**
**स्थिरमेकमिमं भावं उपलभ्यमानं स्वभावेन ॥२०३॥**

इह खलु भगवत्या**त्मनि** बहूनां **द्रव्यभावानां** मध्ये

| | |
|---|---|
| ये किल अतत्स्वभावेनोपलभ्यमानाः | यस्तु **तत्स्वभावेनोपलभ्यमानो** |
| अनियतत्वावस्थाः, | **नियत**त्वावस्थः, |
| अनेके, क्षणिकाः, व्यभिचारिणो भावाः | **एकः,** नित्यः, अव्यभिचारी **भावः,** |
| ते सर्वेऽपि स्वयमस्थायित्वेन | स एक एव स्वयं **स्थायि**त्वेन |
| स्थातुः स्थानं भवितुमशक्यत्वात्* | स्थातुः स्थानं भवितुं *शक्यत्वात् |
| अपदभूताः । | पदभूतः । |

ततः सर्वानेव**स्थायिभावान् मुक्त्वा स्थायि**भावभूतं परमार्थरसतया स्वदमानं **ज्ञान**मेकमेवेदं **स्वाद्यं** ॥२०३॥

---

**आत्मभावना** -

किं नाम तत्पदं ? इत्याह - **મારું નિશ્ચયે કરીને તે પદ કયું છે ? તો કે** - आदह्मि दव्वभावे अपदे मोत्तूण - आत्मनि द्रव्यभावानपदानि मुक्त्वा - **આત્માને વિષે દ્રવ્ય - ભાવો એવા અપદોને મૂકીને,** सहावेण उवलंब्भंतं - स्वभावेन उपलभ्यमानं - **સ્વભાવથી ઉપલભ્યમાન - ઉપલભાઈ રહેલો - અનુભવાઈ રહેલો એવો** तह णियदं - तथा नियतं - **તથા પ્રકારે નિયત** थरमेगमिमं भावं गिण्ह - स्थिरमेकमिमं भावं गृहाण - **સ્થિર એક આ ભાવ ગૃહ !** ॥
इति **गाथा** आत्मभावना ॥२०३॥

इह खलु - **અહીં ખરેખર ! નિશ્ચયે કરીને** भगवत्यात्मनि - **ભગવત્ આત્માને વિષે** बहूनां द्रव्यभावानां मध्ये - **બહુ દ્રવ્ય ભાવોની મધ્યે** ये किल - **જેઓ ખરેખર ! સ્ફુટપણે** अतत्स्वभावेनोपलभ्यमानाः - **અતત્ સ્વભાવથી ઉપલભ્યમાન - અનુભવાઈ રહેલા એવા** अनियतत्वावस्थाः - **અનિતયપણા અવસ્થાવાળા** अनेके क्षणिकाः व्यभिचारिणो भावाः - **અનેક ક્ષણિક વ્યભિચારી ભાવો,** ते सर्वेऽपि - **તે સર્વે પ** अपदभूताः - **અપદભૂત છે. શાને લીધે ?** स्वयमस्थायित्वेन - **સ્વયં - પોતે અસ્થાયિપણાએ કરીને** स्थातुः स्थानं भवितुमशक्यत्वात् (पाठःअशक्तत्वात्) **સ્થાતાનું - સ્થિતિ કરનારનું સ્થાન હોવાના અશક્યપણાને લીધે (પાઠાં. અશક્તપણાને લીધે)**

यस्तु - **પણ જે** तत्स्वभावेनोपलभ्यमानः - **તત્ સ્વભાવથી ઉપલભ્યમાન - ઉપલભતો રહેલો - અનુભવાઈ રહેલો** नियतत्वावस्थः - **નિયતપણા અવસ્થાવાળો** एकः नित्यः अव्यभिचारी भावः - **એક નિત્ય અવ્યભિચારી ભાવ,** स एक एव - **તે એક જ** पदभूतः - **પદભૂત છે. શાને લીધે ?** स्वयं स्थायित्वेन - **સ્વયં સ્થાયિપણાએ કરીને** स्थातुः

## આત્મખ્યાતિ ટીકાર્થ

અહીં નિશ્ચયે કરીને ભગવત્ **આત્માને વિષે** બહુ દ્રવ્ય ભાવોની મધ્યે -

| | |
|---|---|
| જે સ્ફુટપણે અતત્ સ્વભાવે ઉપલભ્યમાન (અનુભવાઈ રહેલા) | પણ જે તત્ **સ્વભાવે** ઉપલભ્યમાન (અનુભવાઈ રહેલો) |
| અનિયતપણા અવસ્થાવાળા | નિયતપણા અવસ્થાવાળો |
| અનેક ક્ષણિક વ્યભિચારી ભાવો છે, | એક નિત્ય અવ્યભચારી ભાવ છે, |
| તે સર્વેય સ્વયં અસ્થાયિપણાએ કરીને | તે એક જ સ્વયં **સ્થાયિપણાએ** કરીને |
| સ્થાતાનું (સ્થિતિ કરનારનું) સ્થાન હોવાના અશક્યપણાને લીધે | સ્થાતાનું સ્થાન હોવાના શક્યપણાને લીધે |
| અપદભૂત છે : | પદભૂત છે. |

તેથી કરીને સર્વેય **અસ્થાયિભાવોને મૂકીને સ્થાયિભાવભૂત** એવું પરમાર્થ રસતાથી સ્વદાતું રહેલું **આ જ્ઞાન એક જ સ્વાદ્ય** છે. ૨૦૩

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત.''

**- શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧**

किं नाम तत्परं ? વારુ, **નિશ્ચયે કરીને તે પદ કયું છે ? તેનું** આ ગાથામાં **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** સમ્યગ્ દર્શન કરાવ્યું છે અને 'આત્મખ્યાતિ' સૂત્રકર્ત્તા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** આ આત્મતત્ત્વના તત્ત્વભૂત **'પદ'ના** અપૂર્વ વિજ્ઞાનની અનન્ય ખ્યાતિ કરી છે - इह खलु भगवत्यात्मनि बहूनां द्रव्यभावानां मध्ये - અહીં ખરેખર ! નિશ્ચયે કરીને ભગવત્ આત્માને વિષે બહુ દ્રવ્યભાવોની મધ્યે, જેઓ સ્ફુટપણે 'અતત્ સ્વભાવથી' ઉપલભ્યમાન - અનુભવાઈ રહેલા એવા અનિયતપણા અવસ્થાવાળા અનેક ક્ષણિક વ્યભિચારી ભાવો, તેઓ સર્વેય 'અપદભૂત' છે. શાને લીધે ? સ્વયં - પોતે અસ્થાયિપણાએ કરીને 'સ્થાતાનું' - સ્થિતિ કરનારનું સ્થાન હોવાના અશક્યપણાને લીધે (પાઠાં. અશક્તપણાને લીધે) અને જે 'તત્ સ્વભાવથી' ઉપલભ્યમાન - અનુભવાઈ રહેલો એવો નિયતપણા અવસ્થાવાળો એક નિત્ય અવ્યભિચારી ભાવ, તે એક જ 'પદભૂત' છે. શાને લીધે ? સ્વયં - પોતે સ્થાયિપણાએ કરીને સ્થાતાનું - સ્થિતિ કરનારનું સ્થાન હોવાના શક્યપણાને લીધે (શક્તપણાને લીધે). તેથી શું ? તેથી સર્વે જ અસ્થાયિ ભાવોને મૂકીને સ્થાયિ ભાવભૂત એવું પરમાર્થ રસતાથી સ્વદમાન સ્વદાઈ રહેલું - સ્વદાતું - ચખાતું રહેલું જ્ઞાન એક જ આ સ્વાદ્ય - સ્વાદ લેવા યોગ્ય છે. **પરમ આત્મદૃષ્ટા 'અમૃતચંદ્રજી'ની** આ અદ્‌ભુત પરમ અમૃત વ્યાખ્યાની હવે વિશેષ વિચારણા કરીએ -

અહીં - અનંત દ્રવ્યપૂર્ણ આ લોકમાં નિશ્ચયે કરીને 'ભગવત્' - જ્ઞાનાદિ પરમૈશ્વર્યસંપન્ન પરમેશ્વર આત્માને વિષે બહુ - ઘણા 'દ્રવ્યભાવો' ઉપલભ્યમાન - અનુભવાઈ રહેલા છે, અર્થાત્ (૧) 'દ્રવ્યો

---

स्थानं भवितुं शक्यत्वात् (પાઠાં. शक्तत्वात्) **સ્થાતાનું - સ્થિતિ કરનારનું સ્થાન હોવાના શક્યપણાને આમ છે તેથી શું ?** ततः सर्वानेवास्थायिभावान् मुक्त्वा - **તેથી સર્વે જ અસ્થાયિભાવોને મૂકીને** स्थायिभावभूतं - **સ્થાયિ ભાવભૂત** परमार्थरसतया स्वदमानं - **પરમાર્થ રસતાથી સ્વદમાન - સ્વદાતું** ज्ञानमेकनेवेदं स्वाद्यं - **જ્ઞાન એક જ આ સ્વાદ્ય - સ્વાદ લેવા યોગ્ય છે.** ।। इत **'आत्मख्याति'** आत्मभावना ।।२०३।।

અને ભાવો' - નાના પ્રકારના દ્રવ્ય કર્મોરૂપ દ્રવ્યો અને નાના પ્રકારના ભાવકર્મો રૂપ ભાવો - પર્યાયો (૨) અથવા 'દ્રવ્યના ભાવો' - આત્મદ્રવ્યના વિવિધ જ્ઞાયમાન (જાણવામાં આવી રહેલા) વા ઉપજાયમાન (ઉપજી રહેલા) 'વિભાવો' - વિશેષ ભાવો રૂપ ભાવો - પર્યાયો (૩) અથવા 'દ્રવ્યોના ભાવો' - જ્ઞાયમાન વિવિધ જ્ઞેય દ્રવ્યોના જ્ઞાયમાન વિવિધ ભાવો - પર્યાયો - એમ બહુ બહુપ્રકારના દ્રવ્ય ભાવો ભગવાન આત્મામાં અનુભવાય છે. ભગવાન્ આત્માને વિષે ઉપલભ્યમાન - અનુભવાઈ રહેલા આ 'બહુ દ્રવ્ય ભાવોની મધ્યે' જેઓ સ્ફુટપણે (૧) આ તો એનો સ્વભાવ નહિ એમ 'અતત્ સ્વભાવે' ઉપલભ્યમાન - અનુભવાઈ રહેલા - अतत्स्वभावेनोपलभ्यमानाः, (૨) અમુક ચોક્કસ નિયત અવસ્થા નહિ હોવાથી અનિયતપણા અવસ્થાવાળા, (૩) એક નહિ પણ ઘણા ઘણા - બહુ ને બહુ પ્રકારના હોવાથી 'અનેક', (૪) ક્ષણે ક્ષણે પલટાતા ને ક્ષણભર સ્થિતિવાળા હોવાથી 'ક્ષણિક', (૫) 'વિ' - વિપર્યાસપણે - વિપરીતપણે - વિરુદ્ધપણે પરભાવ - વિભાવ 'અભિ' - પ્રતિ 'ચારી' - ગામી - વ્યભચારી અર્થાત્ શીલથી - સ્વભાવથી વિપરીત કુશીલ - વિભાવગમનશીલ - વક્ર ગમનશીલ આડી ચાલવાળા હોવાથી 'વ્યભિચારી' એવા ભાવો છે, તે સર્વેય' - સમસ્ત જ स्वयमस्थायित्वेन - સ્વયં - પોતે આપોઆપ 'અસ્થાયિપણાએ કરીને' - અસ્થિરપણાએ કરીને - ચલવિચલપણાએ કરીને - ડગમગપણાએ કરીને 'સ્થાતાનું' - સ્થિતિ કરનારનું 'સ્થાન' - ઉભવાનું સ્થાન - પદ મૂકવાનું ઠેકાણું હોવાના 'અશક્યપણાને લીધે - અસંભવિતપણાને લીધે અથવા 'અશક્તપણાને લીધે' - અસમર્થપણાને લીધે 'અપદભૂત' છે - स्थातुः स्थानं भवितुमशक्यत्वात् (अशक्तत्वात्) अपदभूताः ।

આથી ઉલટું જે (૧) આ તેનો સ્વભાવ છે એમ 'તત્ સ્વભાવે' ઉપલભ્યમાન - અનુભવાઈ રહેલો - तत्स्वभावेनोपलभ्यमानः, (૨) અમુક ચોક્કસ નિયત અવસ્થા હોવાથી 'નિયતપણા અવસ્થાવાળો', (૩) તેમાં બીજો કોઈ દ્વિતીય ભાવ - દ્વૈત ભાવ નહિ હોઈ અદ્વિતીય - અદ્વૈત હોવાથી 'એક', (૪) ત્રણે કાળમાં કોઈ પણ સમયે નહિ હોવાપણું નહિ હોવાથી, સર્વ કાળમાં સદા અવિનાશ હોવાથી 'નિત્ય', (૫) 'વિ' - વિપર્યાસપણે - વિપરીતપણે - વિરુદ્ધપણે પરભાવ - વિભાવ 'અભિ' - પ્રતિ 'ચારી' - ગામી વ્યભિચારી નહિ હોવાથી, અર્થાત્ શીલથી - સ્વભાવથી વિપરીત કુશીલ - વિભાવગમનશીલ - વક્રગમન શીલ આડી ચાલવાળો નહિ હોવાથી 'અવ્યભિચારી' - એવો 'ભાવ' છે - એકવચન પ્રયોગથી એકપણું સૂચવતો ભાવ છે, તે 'એક જ' - એક સિવાય બીજો કોઈ પણ નહિ એવો અદ્વિતીય જ ભાવ स्वयं स्थायित्वेन - 'સ્વયં' - પોતે આપોઆપ 'સ્થાયિપણાએ કરીને ' - સ્થિરપણાએ કરીને - અચલપણાએ કરીને - અડગમગપણાએ કરીને 'સ્થાતાનું' - સ્થિતિ કરનારનું 'સ્થાન' - ઉભવાનું સ્થાન - પદ મૂકવાનું ઠેકાણું હોવાના 'શક્યપણાને લીધે' - સંભવિતપણાને લીધે અથવા 'શક્તપણાને લીધે' - સમર્થપણાને લીધે 'પદભૂત' છે, स्थातुः स्थानं भवितुं शक्यत्वात् (शक्तत्वात्) पदभूतः ।

આમ ભગવાન્ આત્મામાં અતત્ સ્વભાવે અનુભવાઈ રહેલા, અનિયતત્વ અવસ્થાવાળા, અનેક, ક્ષણિક, વ્યભિચારી ભાવો સર્વેય સ્વયં અસ્થાયિપણાને લીધે 'અપદભૂત' છે અને તત્ સ્વભાવથી અનુભવાઈ રહેલો નિયતત્વ અવસ્થાવાળો, એક, નિત્ય, અવ્યભિચારી ભાવ એક જ સ્વયં સ્થાયિપણાને લીધે 'પદભૂત' છે, તેથી કરીને સર્વે જ 'અસ્થાયિ' - અસ્થિર ભાવોને મૂકીને 'સ્થાયિભાવભૂત' - સ્થિર ભાવભૂત એવું 'પરમાર્થ રસતાથી સ્વદમાન' - परमार्थरसतया स्वदमानं - 'પરમાર્થરસતાથી' - પરમાર્થ રસપણે - પરમ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ અર્થના - પદાર્થના 'રસપણે' - એકરસ ભાવપણે 'સ્વદાતું' - સ્વદાઈ રહેલું - ચાખવામાં આવી રહેલું - અનુભવવામાં આવી રહેલું આ 'જ્ઞાન' 'એક જ' - અદ્વિતીય જ 'સ્વાદ્ય' છે, સ્વાદ લેવા યોગ્ય - અનુભવ જિહ્વાથી ચાખવા યોગ્ય અનુભવાસ્વાદ લેવા યોગ્ય છે - ज्ञानमेकमेवेदं स्वाद्यं, જે 'પરમાર્થરસતાથી' - શુદ્ધ આત્મરસપણે - શુદ્ધ ચેતનરસ પણે સંવેદન સ્વાદથી સંવેદાય છે તે 'જ્ઞાન' પદનો અનુભવરસ આસ્વાદવા યોગ્ય છે.

પ્રવચનસાર દ્વિ.અધિ. ગા. ૩૨માં કહ્યું છે તેમ 'णाणं अत्थवियप्पो' - ज्ञानं अर्थविकल्पः* અર્થ વિકલ્પ તે જ્ઞાન છે. તેમાં ખરેખર ! અર્થ કોણ છે ? સ્વ-પર વિભાગથી અવસ્થિત વિશ્વ, વિકલ્પ તે

તેના (વિશ્વના) આકારનું અવભાસન (જેમ છે તેમ અવભાસવું) છે અને જે મુકુરુન્દના (દર્પણના) હૃદયાભોગની જેમ યુગપત્ - એકી સાથે અવભાસમાન સ્વપરાકાર અર્થ વિકલ્પ તે જ્ઞાન છે.' અર્થાત્ દર્પણમાં જેમ તત્સન્મુખ સ્થિત સમસ્ત વસ્તુનો આકાર યથાવસ્થિતપણે જેમ છે તેમ દેખાય છે, દૃષ્ટાને સ્વમુખાકારનું તેમજ પર દૃશ્ય વસ્તુ આકારનું જેમ છે તેમ દર્શન થાય છે, તેમ જ્ઞાન-દર્પણમાં તત્ ઉપયોગ સન્મુખ સ્થિત સમસ્ત વસ્તુ આકાર યથાવસ્થિતપણે જેમ છે તેમ દેખાય છે, દૃષ્ટાને દૃષ્ટા રૂપ સ્વ સ્વરૂપાકારનું તેમ જ દૃશ્ય રૂપ પરરૂપાકારનું જેમ છે તેમ દર્શન - અનુભવન થાય છે. આમ સ્વ-પર વિભાગમાં વિભક્ત સ્વ-પરાકારરૂપે જ્યાં અવભાસે છે, તે 'જ્ઞાન' છે. આવું આ જ્ઞાન સ્વ સંવેદનથી સંવેદાય છે, અત્રે ઉપર વ્યાખ્યામાં કહ્યું તેમ પરમાર્થરસતાથી - શુદ્ધ આત્મરસપણે - શુદ્ધ ચેતનારસપણે અનુભવાય છે, શુદ્ધ આત્માનુભૂતિ રૂપ જ્ઞાનાનુભૂતિ થાય છે, જ્ઞાન પોતે પોતાને વેદે છે - સંવેદે છે, અનુભવે છે.

કારણકે આ **વેદ્ય સંવેદ્ય પદ** સ્વ સંવેદન રૂપ - આત્માનુભવ પ્રધાન છે અને આ **આત્મ પદ** જ વાસ્તવિક **પદ** છે, બાકી બીજા બધા **અપદ** છે. કારણકે જે સહજ આત્મસ્વરૂપ છે, સહજ આત્મસ્વભાવ છે, તે જ ત્રિકાલાબાધિતપણે સ્થિર હોય છે, એટલે તે **સહજાત્મસ્વરૂપ પદનું** - શુદ્ધ આત્મસ્વભાવનું જે નિશ્ચય રૂપ ભાન હોઈ **'પદ'** નામને યોગ્ય છે. તે સિવાયના - આત્મસ્વભાવ પદથી અતિરિક્ત એવા હોવાથી અસ્થિર છે, અનિયત છે. એટલે પ્રસ્તુત ગાથામાં કહ્યું છે તેમ આ અસ્થિર રૂપ દ્રવ્ય - ભાવો એવા અપદોને મૂકી દઈ, નિશ્ચય સમ્યગ્દૃષ્ટિ પુરુષ આ એક, નિયત, સ્થિર એવો સ્વભાવથી અનુભવાઈ રહેલો - પ્રાપ્ત થતો ભાવ (પદ) ગ્રહણ કરે છે. તાત્પર્ય કે સહજ સ્વભાવ રૂપ જ્ઞાયક એવો એક આત્મભાવ જ - આત્મપદ જ સ્થાયી છે, સ્થિર છે, એટલે ત્યાં જ સ્થિતિ - સ્થિરતા થઈ શકે, માટે તે જ પરમાર્થથી ખરેખરૂં **'પદ'** છે, બાકી એ આત્મભાવ સિવાયના બીજા બધાય ભાવો પોતે જ અસ્થાયી છે, અસ્થિર છે, ડગમગતા છે, એટલે ત્યાં સ્થિતિ - સ્થિરતા થઈ શકવી સંભવતી નથી, માટે તે બધાય **'અપદ'** છે અને આ આત્મપદ રૂપ પારમાર્થિક પદ તો સ્વ સંવેદનજ્ઞાની સમ્યગ્દૃષ્ટિને સાક્ષાત્ અનુભવગોચર હોય જ છે, એટલે તે સ્થિર પદમાં તેની સ્થિતિ હોવાથી, એના એ વેદ્ય સંવેદ્ય પદને 'પદ' કહ્યું તે સર્વથા યથાર્થ છે. આ **શુદ્ધ સહજાત્મસ્વરૂપ** પદની પરમ સમ્યગ્દૃષ્ટિ આત્મજ્ઞાની સત્પુરુષોએ ઠેર ઠેર મુક્ત કંઠે સ્તુતિ કરી, તે **જ્ઞાનમય સ્વરૂપ પદનો** ખૂબ મહિમા ગાયો છે. જેમકે -

''જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;<br>
સમજાવ્યું તે **પદ** નમું, શ્રી સદ્ગુરુ ભગવંત.<br>
ઈચ્છે છે જે જોગીજન, અનંત સુખ સ્વરૂપ;<br>
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિન સ્વરૂપ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**

''ચરણ કમલ કમલા વસે રે, નિર્મલ થિર પદ દેખ;<br>
સમલ અથિર પદ પરિહરી રે, પંકજ પામર પેખ... વિમલજિન દીઠા તો પણ આજ.<br>
મુજ મન તુજ પદ પંકજે રે, લીનો ગુણ મકરંદ,<br>
રંક ગણે મંદર ધરા રે, ઈંદ્ર ચંદ્ર નાગેંદ્ર... વિમલ જિન.<br>
અમિયભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય,<br>
શાંત સુધારસ ઝીલતી રે, નીરખત તૃપતિ ન હોય... વિમલ જિન.''

**- યોગિરાજ શ્રી આનંદઘનજી**


* ''अर्थविकल्पस्तावत् ज्ञानं । तत्र कः खल्वर्थः ? स्वपरविभागेनावस्थितं विश्वं, विकल्पस्तदाकारावभासनं । यस्तु मुकुरुन्दहृदयाभोग इव युगपदवभासमानस्वपराकारार्थविकल्पस्तद् ज्ञानं ।'' - **શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત 'પ્રવચનસાર ટીકા' દ્વિ. અધિ. ગાથા. ૩૨**

''શ્રી ચંદ્રપ્રભ જિન પદ સેવા, હેવા એ જે હળિયાજી;

આતમ અનુભવ ગુણથી મળિયા, તે ભવભયથી ટળિયા જી.'' - **તત્ત્વરંગી મુનિવર્ય શ્રી દેવચંદ્રજી**

સારાંશ કે અંતર્મુખ થઈને અવલોકીએ તો આ જ્ઞાયક સ્વભાવી ભગવાન્ આત્મામાં અનેક દ્રવ્ય-ભાવો અવલોકાય છે. તેમાં મુખ્ય બે પ્રકાર છે - જ્ઞેય ભાવો, ભાવક ભાવો. એક પછી એક અથવા એકી સાથે અનેક જ્ઞેય ભાવો જ્ઞાનમાં જણાઈ પસાર થતા જણાય છે. એક જ્ઞેય જાણ્યું, બીજું જાણ્યું, ત્રીજું જાણ્યું, એમ અનેકાનેક જ્ઞેય પરંપરા જ્ઞાનમાં ક્ષણસ્થિતિ કરી પસાર થતી જણાય છે. તેમજ અનેક ભાવક ભાવ પસાર થતા પ્રદર્શનની જેમ (Passing Show) એક પછી એક વા એકી સાથે અનેક એમ પસાર થતા જણાય છે. ક્વચિત્ રાગભાવ જણાય છે તો ક્વચિત્ દ્વેષભાવ જણાય છે, ક્વચિત્ ક્રોધ ક્વચિત્ માન, ક્વચિત્ માયા ક્વચિત્ લોભ ઈ. ભાવો ચમકીને ચાલ્યા જતા (Passing Show) જણાય છે. આત્માના સ્વભાવપણે નહિ અનુભવાતા આ બન્ને પ્રકારના ભાવો - જ્ઞેય ભાવો ભાવક ભાવો અનેક છે, ક્ષણિક છે, અનિયત અવસ્થાવાળા છે, વ્યભિચારી છે, પણ આ બધા ભાવો મધ્યે આત્માના સ્વભાવપણે અનુભવાતો - અનુભૂતિ સ્વરૂપ એક જ જ્ઞાયક ભાવ એવો છે કે જે સર્વ અવસ્થાને વિષે સર્વ કાળને વિષે નક્કર ખડકની જેમ અડગ ઉભો છે, મહામેરુ અચલની જેમ અચલ 'સ્થિત' છે અને તે જ્ઞાયક ભાવ એ જ સદા સ્થાયી 'જ્ઞાન પદ' જ છે. માટે અસ્થિર એવા તે 'અપદભૂત' અન્ય ભાવો છોડીને, સુસ્થિર એવો આ 'પદભૂત' એક જ્ઞાયક ભાવ જ મુમુક્ષુએ આશ્રય કરી સદા અનુભવવા યોગ્ય છે, આ એક એક 'જ્ઞાન પદ' જ અવલંબન કરી સદા સ્વસંવેદનથી આસ્વાદવા યોગ્ય છે.

આકૃતિ






આ એક જ જ્ઞાનપદ સ્વાદ્ય છે એવા ભાવનો સમયસાર કળશ (૭) પ્રકાશે છે -

अनुष्टुप्

**एकमेव हि तत्स्वाद्यं विपदामपदं पदं ।**
**अपदास्येव भासंते पदान्यन्यानि यत्पुरः ॥१३९॥**

પદ એક જ તે સ્વાદ્ય, અપદ વિપદો તણું;
જેની પાસે પદો બીજા, ભાસે જ અપદો ગણું.

## અમૃત પદ-૧૩૯

'સ્વામી સુજાત સુહાયા' - એ રાગ

પદ જ્ઞાન એક જ પદ ચાખો ! પદ અમૃત જ પદ ચાખો !
બીજું બધું ય ફગાવી નાંખો, જ્ઞાન અમૃત પદ સ્થિર રાખો... પદ જ્ઞાન એકજ.
વિપદોનું અપદ પદ એવું, એક જ તે સ્વાદ લેવા જેવું,
પદો અન્ય જે પદની પાસે, અપદો જ ખરેખર ! ભાસે... પદ જ્ઞાન એકજ.
ભગવાન અમૃતચંદ્રની વાણી, સુણી અનુભવ અમૃત ખાણી,
અનુભવ જીભે લેશે જે જાણી, જ્ઞાન પદ લેશે તે માણી... પદ જ્ઞાન એકજ.

**અર્થ** - 'સ્વાદ્ય' - સ્વાદ લેવા યોગ્ય એવું તો તે (જ્ઞાન) એક જ 'પદ' છે, કે જે પદ વિપદોનું અપદ છે અને જેની આગળમાં અન્ય પદો અપદો જ ભાસે છે. ૧૩૯

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"ઈચ્છે છે જે જોગીજન, અનંત સુખ સ્વરૂપ;
મૂળ શુદ્ધ તે આત્મપદ, સયોગી જિન સ્વરૂપ." - શ્રીમદ્ રાજચંદ્રજી

આમ 'આત્મખ્યાતિ'ના ગદ્ય ભાગમાં જે જ્ઞાન 'પદ'નું સૈદ્ધાંતિક સંસ્થાપન કર્યું, તે આ જ્ઞાન 'પદ'ના પરમ અમૃત રસનો મહાસ્વાદ જેણે સ્વાદ્યો છે, એવા પરમ ભાવિતાત્મા 'વિજ્ઞાનઘન' **અમૃતચંદ્રજીએ** જ્ઞાનપદનો મહામહિમા ઉત્કીર્ત્તન કરતા આ કળશ કાવ્યમાં આ જ્ઞાન 'પદ'ની મુક્ત કંઠે સ્તુતિ કરતાં, જ્ઞાન 'પદ'નું સ્વાદન કરવા અન્ય આત્માર્થીઓને પરમ ભાવવાહી આહ્વાન કર્યું છે - एकमेव हि तत् स्वाद्यं - ખરેખર ! ત્રણે કાળમાં ન ફરે એવા નિશ્ચયે કરીને સ્વાદ લેવા યોગ્ય - 'સ્વાદ્ય' જો કોઈ પણ હોય તો તે 'તત્' જ્ઞાનપદ 'એક જ' છે, કે જે જ્ઞાનપદ 'વિપદોનું અપદ છે' - विपदामपदं पदं 'વિપદોનું' - વિરુદ્ધ વિપરીત વિષમ પદોનું અતએવ વિપદોનું - વિપદાઓનું 'અપદ' - અસ્થાન છે, જ્યાં કોઈ પણ વિપદ્‌નું - વિપદાનું પદ - સ્થાન - ઉભવાનું ઠેકાણું રહેતું નથી અને 'पदान्यन्यनानि यत्पुरः' - જે જ્ઞાન પદની આગળમાં 'અન્ય' - બીજા બધા પદો 'અપદો જ' - અસ્થાનો જ ભાસે છે ! ઈંદ્રપદ હો કે ચક્રવર્તી પદ હો, વાસુદેવ પદ હો કે પ્રતિવાસુદેવ પદ હો, કે જગત્‌માં નાના મોટા ગણાતા બીજા કોઈ પણ પદ હો, પણ તે બધાય આત્મસ્વભાવભૂત નહિ ઉપલભાતા - નહિ અનુભવાતા, અનિયત, અનેક, ક્ષણિક, વ્યભિચારી પદો સ્વયં અસ્થિર - અસ્થાયિ હોઈ 'પદ' નામને પણ યોગ્ય નહિ હોવાથી, આત્મસ્વભાવભૂત ઉપલભાતા - અનુભવાતા, નિયત, એક, નિત્ય, અવ્યભિચારી એવા સ્વયં સ્થિર - સ્થાયિ જે જ્ઞાનપદની સમક્ષ 'અપદો જ' અસ્થાનો જ ભાસે છે - જણાય છે - अपदान्येव भासंते ।

## આકૃતિ

| | | |
|---|---|---|
| એક પદ | (સ્વ) સ્વાદ્ય<br>વિપદોનું અપદ | અપદ [પર]<br>જેની પાસે ભાસે છે. |

આ ઉપરોક્ત સ્વસંવેદ્ય જ્ઞાનપદ અથવા 'વેદ્ય સંવેદ્ય પદ' જ સ્વાદ્ય - સ્વાદ લેવા યોગ્ય છે, અનુભવ રસાસ્વાદ લેવા યોગ્ય છે અને તે જ નરકાદિ અપાય રૂપ વિપદોનું - વિપદાઓનું અપદ - અસ્થાન છે. આની આગળમાં અન્ય - બીજા બધા પદો અપદો જ ભાસે છે.

સકલ જ્ઞાન સામાન્યપણે એક આ જ્ઞાનપદમાં સમાય છે, એવા નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો આ ઉત્થાનિકા સમયસાર કળશ (૮) લલકારે છે -

शार्दूलविक्रीडित

**एकं ज्ञायकभावनिर्भरमहास्वादं समासादयन्,**
**स्वादं द्वंद्वमयं विधातुमसहः स्वां वस्तुवृत्तिं विदन् ।**
**आत्मात्मानुभवानुभावविवशो भ्रश्यद् विशेषोदयं,**
**सामान्यं कलयत्किलैष सकलं ज्ञानं नयत्येकतां** ॥१४०॥

એક જ્ઞાયક ભાવ નિર્ભર મહા સુસ્વાદને પામતો,
સ્વાદ દ્વંદમયો સહી ન શકતો વસ્તુ વૃત્તિ વેદતો;
આત્મા સ્વાનુભવાનુભાવ વિવશો ભ્રંશતું વિશેષોદયો,
તે સામાન્ય કળંત જ્ઞાન સઘળું આ એકતા લૈ જતો. ૧૪૦

## અમૃત પદ-(૧૪૦)

એક જ્ઞાયક ભાવથી ભરિયો, મહાસ્વાદ લેતો જ્ઞાન દરિયો,
સ્વાદ દ્વન્દ્વમય ખમી ન શકંતો, નિજ વસ્તુવૃત્તિ જ વેદંતો... પદ જ્ઞાન એક જ પદ ચાખો ! ૧
આત્મા આત્માનુભવ અનુભાવે, વિવશ સ્થિત થયો સ્વસ્વભાવે,
વિશેષોદય ભ્રષ્ટતાવંતા, સામાન્યને સ્ફુટ કળંતા... પદ જ્ઞાન એકજ. ૨
સકલ જ્ઞાન એકતા પમાડે, ભગવાન અમૃત આત્મ જગાડે,
અમૃત પદ મુનીંદ્રે ભાખ્યું, દાસ ભગવાને અનુવદી દાખ્યું... પદ જ્ઞાન એકજ. ૩

**અર્થ** - એક જ્ઞાયકભાવ નિર્ભર મહાસ્વાદને પામતાં દ્વન્દ્વમય સ્વાદ કરવાને અસહ (અસમર્થ) એવો સ્વ વસ્તુવૃત્તિને વેદતો આત્માનુભવના અનુભાવથી (પ્રભાવથી) વિવશ આ આત્મા - જ્યાં વિશેષ ઉદય ભ્રંશ પામી રહ્યો છે. એવા સામાન્યને કળતા સકલ જ્ઞાનને નિશ્ચયે કરીને એકતા પમાડે છે.


## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''તેહ પરમ પદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**

જેણે આવા આ મહામહિમાવંત એક જ્ઞાનપદનો મહાસ્વાદ લીધો છે, એવો આ આત્મા આત્માનુભવશે કરીને વિશેષોદય રહિત સામાન્યને કળતા સકલ જ્ઞાનને એકપણું પમાડે છે, એવા ભાવનો આ આગલી ગાથાના ભાવનું સૂચન કરતો ઉત્થાનિકા કળશ આ પરમ જ્ઞાનપદનો પરમ અમૃતરસ સ્વાદનારા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પરમ ભાવાવેશથી લલકાર્યો છે - एकं ज्ञायकभावनिर्भर महास्वादं समासादयन् - એક જ્ઞાયક ભાવનિર્ભર મહાસ્વાદને પામતો, અર્થાત્ જ્યાં બીજો કોઈ પણ કંઈ પણ ભાવ ભરાવાનો લેશ પણ અવકાશ નથી એવી રીતે જ્ઞાયક ભાવથી 'નિર્ભર' - પૂરેપૂરો* ભરપૂર એવા 'એક' - एकं - અદ્વિતીય - અદ્વૈત - અનન્ય 'મહાસ્વાદને' - બીજા બધા સ્વાદથી અતિશાયિ ચઢીયાતા મહત્ સ્વાદને સંપ્રાપ્ત થતો આ આત્મા, જ્યાં અન્ય ભાવનું - પરભાવ વિભાવનું દ્વૈત-દ્વિધાભાવ છે એવો 'દ્વંદ્વમય' સ્વાદ કરવાને 'અસહ' - અસમર્થ હોય છે, ખમવા શક્તિમાન્ હોતો નથી - स्वादं द्वंद्वमयं विधातुमसहः । અર્થાત્ જેણે પરમ સરસ સુગંધી પરમાન્નનો રસાસ્વાદ લીધો હોય તે અત્યંત વિરસ વાસી ગંધાતી કઢીનો સ્વાદ લેવાનું ખમી શકે નહિ, અથવા તો જેણે પરમ સરસ અમૃતરસનો રસાસ્વાદ લીધો હોય, તે 'બાકસબુકસ' છાસ બાકળા જેવા ઈતર વિરસ

રસનો સ્વાદ ખમી શકે નહિ, તેમ જેણે જ્ઞાયક ભાવપૂર્ણ અદ્વિતીય એક પરમાનંદમય પરમ જ્ઞાનામૃતરસનો રસાસ્વાદ લીધો છે, તે આત્મા પછી 'બાકસબુકસ' - છાસ બાકળા જેવા વિષયકષાયના કુથિત રસનો કે ઈંદ્રિય રસના વિરસ રસનો સ્વાદ ખમી શકતો નથી. 'ચાખ્યો જે જેણે અમી લવલેશ, બાકસબુકસ તસ ન રુચે કિમેજી' અને આમ જે જ્ઞાયક ભાવનો એક મહાસ્વાદ લે છે અને પરભાવનો દ્વંદ્વમય સ્વાદ ખમી શકતો નથી. સ્વને ચાખે છે ને પરને ચાખતો નથી, તે આત્મા 'સ્વ વસ્તુવૃત્તિને વિંદે છે' - स्वं वस्तुवृत्तिं विदन्, પોતાની આત્માની સ્વરૂપમાં વસવા રૂપ 'વસ્તુની' સ્વ ગુણપર્યાયમાં જ વર્ત્તવા રૂપ 'વૃત્તિ'ને વર્ત્તનાને - વાડને - મર્યાદાને - સમયને જાણે છે, વેદે છે, અનુભવે છે. અર્થાત્ જે એક જ્ઞાયક ભાવ અમૃતરસને ચાખે, તેને બીજા દ્વંદ્વમય રસ ન ગમે, એટલે પછી તે જ્ઞાયક ભાવ અમૃતરસનો જ સ્વાદ લીધા કરે, એટલે તેવા અખંડ રસાસ્વાદથી તે સ્વરૂપ મર્યાદામાં - સ્વરસમયમાં જ વર્ત્તવા રૂપ સ્વ વસ્તુવૃત્તિને વેદે - અનુભવે અને આમ આ 'આત્મા આત્માનુભવના અનુભાવથી વિવશ' બને - आत्माऽत्मानुभवानुभाव विवशो, અર્થાત્ આત્માનુભવના અનુભાવનો - રસનો આ આત્મા પર એટલો બધો અનુભાવ - મહાપ્રભાવ પડી જાય કે તે આત્માનુભવ વિના એને ક્યાંય પણ કદી પણ ચેન પડે નહિ, એ વિના બેચેન - બેબાકળો બની જાય, વિવશ થઈ જાય અને આવો આત્માનુભવ - અનુભાવથી વિવશ થયેલો આત્મા જ્યાં વિશેષનો ઉદય ભ્રંશ પામી રહ્યો છે એવા સામાન્યને કળતા - 'भ्रश्यद् विशेषोदयं सामान्यं कलयत्' - સકલ જ્ઞાનને એકતા પમાડે છે - सकलं ज्ञानं नयत्येकतां, અર્થાત્ જ્યાં વિશેષનો ઉદય થતો નથી એવા આત્મ સામાન્યને જ અથવા જ્ઞાન સામાન્યને જ - સામાન્ય જ્ઞાનાનુભૂતિને જ, અનુભવતો આ આત્મા જ્ઞાનના સમસ્ત વિશેષોને - ભેદોને પણ એક જ્ઞાન સામાન્યમાં જ સમાવી - અંતર્ભૂત કરી સર્વ જ્ઞાનને એકપણું પમાડે છે.

## આકૃતિ




કારણકે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને ભેદ વિજ્ઞાન થયું છે. સ્વ - પર વસ્તુનો ભેદ તેણે જાણ્યો છે. સર્વ અન્ય દ્રવ્યથી ભિન્ન એવો હું/શુદ્ધ આત્મા છું એવા બીજભૂત - મૂળભૂત જ્ઞાનનું અંતઃપ્રતીતિમય અખંડ સંવેદન - અનુભવન તેને વર્ત્તે છે. સ્વ પરના ભેદ વિજ્ઞાન રૂપ આ આત્મ સંવેદન **સર્વ ભાવયોગીને સામાન્ય** (common) છે. એટલે કે અવિકલ્પક જ્ઞાન વડે (દર્શન વડે) ગ્રાહ્ય એવી વેદ્ય વસ્તુનું આ સામાન્ય દર્શન સર્વ ભાવયોગીને હોય છે અને તેઓને આ વેદ્ય વસ્તુ પોતપોતાના ક્ષયોપશમ પ્રમાણે નિશ્ચય બુદ્ધિથી સંવેદાય છે. પણ સામાન્ય દર્શન જે થયું તેનું સમ્યગ્ દર્શન - શ્રદ્ધાન - આત્મ સંવેદન - અનુભવન - સંપ્રતીતિ તો તે સર્વને સામાન્ય છે. અર્થાત્ જે કોઈ ભાવયોગી છે, તેને આ નિશ્ચય સમ્યગ્દર્શન રૂપ - નિશ્ચય વેદ્યસંવેદ્યપદ હોય છે અને જેને આ નિશ્ચય સમ્યગ્ દર્શન રૂપ વેદ્યસંવેદ્યપદ છે તે જ ભાવયોગી છે, સમ્યગ્દૃષ્ટિ પુરુષ એ જ ભાવયોગી છે. આ ઉપરથી પરમ પરમાર્થભૂત તાત્પર્ય એ નીકળે છે કે - બોધબીજભૂત - મૂળભૂત આત્મ સંવેદનવાળું, આત્માનુભૂતિવાળું જઘન્ય જ્ઞાન પણ હોય, તો ત્યાં વેદ્યસંવેદ્યપદ છે. પણ તે બીજભૂત જ્ઞાન વિનાનું - આત્મ સંવેદન વિનાનું - બીજું બધું ય ગમે તેટલું ઉત્કૃષ્ટ જ્ઞાન હોય, તો ત્યાં વેદ્યસંવેદ્યપદ નથી. એટલા માટે જ સ્વ - પર ભેદ વિજ્ઞાન રૂપ મૂળ બીજભૂત આવશ્યક તત્ત્વમય જ્ઞાન જેને હતું, પણ બીજું કંઈ પણ જ્ઞાન જેને ન્હોતું, એવા 'તુષમાષ' જેવા અતિ મંદ ક્ષયોપશમી પણ તરી ગયા છે અને ચૌદ પૂર્વ કંઈક ઊણા જાણનારા અતિમહા ક્ષયોપશમી શાસ્ત્ર પારંગતો પણ રખડ્યા છે, તેનું કારણ આ બીજભૂત સંવેદન જ્ઞાન ન્હોતું

એ છે. તેમણે સર્વ શાસ્ત્રો જાણ્યા, પણ મૂળ બીજભૂત જે આ વેદ્ય સંવેદ્ય પદ તે ફરસ્યું નહિ, આ જીવ અને આ દેહ એવો સ્પષ્ટ આત્મસંવેદનરૂપ નિશ્ચય તેમણે કર્યો નહિ, તેથી તેમ થયું. આમ મૂળ બીજભૂત સ્વ સંવેદન જ્ઞાન જ્યાં અવશ્ય છે એવા વેદ્યસંવેદ્યપદના સદ્ભાવે થોડું જઘન્ય જ્ઞાન પણ શીઘ્ર મહાકલ્યાણકારી થાય છે અને તેના અભાવે ઉત્કૃષ્ટ જ્ઞાન પણ તેવું કલ્યાણકારી થતું નથી. આ વેદ્યસંવેદ્યપદનો - સમ્યગ્દર્શનનો અતિ અતિ અદ્ભુત મહિમા બતાવે છે.

આ વેદ્ય સંવેદ્ય પદના - સ્વ સંવેદનરૂપ જ્ઞાન પદના પ્રભાવે સ્વ - પર વિભાગમાં વિભક્ત સર્વ અર્થના વિકલ્પ રૂપ - આકાર અવભાસન રૂપ સ્વપર વિવેક સર્વ પ્રકારના જ્ઞાનમાં સામાન્ય છે. અર્થાત્ સ્વ - પર સર્વ વિભાગમાં વિભક્ત વસ્તુ સ્વરૂપ પણ તેના ભેદ વિજ્ઞાન રૂપ યથાર્થ સ્વરૂપે અત્ર સમ્યગ્ દૃષ્ટિ જ્ઞાની પુરુષને સંવેદાય છે, તેથી તે સર્વ હેય - ઉપાદેય વિવેક બરાબર જાણે છે. આ વસ્તુ ત્યાગવા યોગ્ય છે અને આ વસ્તુ આદરવા યોગ્ય છે, એવો સ્પષ્ટ વિવેક, નિર્ધાર, નિશ્ચય બુદ્ધિ, સંવેદન તેના આત્મામાં દૃઢ છાપપણે અંકિત થઈ ગયેલ હોય છે અને તે સ્વ - પર વિવેક સર્વ પ્રકારના જ્ઞાનમાં સામાન્યપણે અનુવર્ત્તે છે જ, એટલે સર્વ પ્રકારના જ્ઞાનમાં એ સામાન્ય છે અને એથી સામાન્ય રૂપે એ સર્વ પ્રકારના જ્ઞાનને એકપણું પમાડે છે, એમ આ નીચેની ગાથાના ભાવનું આ ઉત્થાનિકા કળશમાં સૂચન છે.

જુઓ ! આ પ્રકારે -

**आभिणिसुदोहिमणकेवलं च तं होदि एक्कमेव पदं ।**
**सो एसो परमट्ठो जं लहिदुं णिव्वुदिं जादि ॥२०४॥**

મતિ શ્રુત અવધિ મન કેવલો રે, પદ તે એક જ હોય જાણ !
તે આ પરમાર્થ જે પામીને રે, પામે છે નિર્વાણ... રે જ્ઞાની નિર્જરા નિત્ય કરંત. ૨૦૪

**અર્થ** - આભિનિબોધિક, શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવલ તે એક જ પદ હોય છે - તે આ પરમાર્થ છે, જેને પામીને નિર્વૃતિ (નિર્વાણ) પ્રતિ જાય છે. ૨૦૪

## आत्मख्याति टीका

तथाहि -

**आभिनिबोधिकश्रुतावधिमनःपर्ययकेवलं च तद्भवत्येकमेव पदं ।**
**स एष परमार्थो यं लब्ध्वा निर्वृतिं याति ॥२०४॥**

आत्मा किल परमार्थः तत्तु ज्ञानं आत्मा च एक एव पदार्थः, ततो ज्ञानमप्येकमेव पदं, यदेतत्तु ज्ञानं नामैकं पदं **स एष परमार्थः** साक्षान्मो**क्षोपायः** । न **चाभिनिबोधिकादयो** भेदा इद**मेकपद**मिह भिंदंति किंतु तेपीदमेवैकं पदमभिनंदंति । तथाहि -

| | |
|---|---|
| यथात्र सवितुर्घनपटलावगुंठितस्य | तथाऽऽत्मनः कर्मपटलोदयावगुंठितस्य |
| तद्विघटनानुसारेण प्राकट्यमासादयतः | तद्विघटनानुसारेण प्राकट्यमासादयतो |
| प्रकाशनातिशयभेदाः | ज्ञानातिशयभेदाः |
| न तस्य प्रकाशस्वभावं भिंदंति, | न तस्य ज्ञानस्वभावं भिद्युः किंतु प्रत्युतमभिनंदेयुः । |

ततो निरस्तसमस्तभेदमात्मस्वभावभूतं ज्ञानमेवैकमालम्ब्यं ।
तदालंबनादेव भवति पदप्राप्तिः, नश्यति भ्रांतिः, भवत्यात्मलाभः, सिद्ध्यत्यनात्मपरिहार
न कर्म मूर्छति, न रागद्वेषमोहा उत्प्लवंते, न पुनः कर्म आस्रवति, न पुनः कर्म बध्यते,
प्राग्बद्धं कर्म उपभुक्तं निर्जीर्यते, कृत्स्नकर्माभावात् साक्षान्मोक्षो भवति ॥२०४॥

---

**आत्मभावना** -

तथाहि - **જુઓ ! આ પ્રકારે** - आभिणिसुदोहिमणकेवलं च - आभिनिबोधिकश्रुतावधिमनःपर्ययकेवलं च - **અને આભિનિબોધિક, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવલ** तं एक्कमेव पदं होदि - तद् एकमेव पदं भवति - **તે એક જ પદ હોય છે,** सो एसो परमट्ठो - स एषः परमार्थ - **તે આ પરમાર્થ છે,** जं लहिदुं णिव्वुदिं जादि - यं लब्ध्वा निर्वृतिं याति - **જેને પામીને નિર્વૃતિ - નિર્વાણ પ્રતિ જાય છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥२०४॥

आत्मा किल परमार्थः - **આત્મા ખરેખર ! નિશ્ચયે કરીને પરમાર્થ છે,** तत्तु ज्ञानं आत्मा च एक एव पदार्थ - **અને તે જ્ઞાન અને આત્મા એક જ પદાર્થ છે,** ततो ज्ञानमप्येकमेव पदं - **તેથી જ્ઞાન પણ એક જ પદ છે,** यदेतत्तु ज्ञानं नामैकं पदं - **અને જે આ 'જ્ઞાન' નામનું એક પદ,** स एष परमार्थः साक्षान्मोक्षोपायः - **તે આ પરમાર્થ સાક્ષાત્ મોક્ષ ઉપાય છે, આ એક પદને અહીં ભેદતા નથી,** किंतु तेपीदमेवैकं पदमभिनंदंति - **કિંતુ તેઓ પણ આ જ એક પદને અભિનંદે છે.** तथाहि - **જુઓ ! આ પ્રકારે** -

यथा - **જેમ, દૃષ્ટાંત છે,** अत्र - **અત્રે** सवितुर्घनपटलावगुंठितस्य - **ઘનપટલથી - મેઘસમૂહથી અવગુંઠિત - ઢંકાયેલ સૂર્યના** - तदविघटनानुसारेण प्राकट्यमासादयतो - **તેના - મેઘપટલના વિઘટન - વિખરાવાપણા અનુસારે પ્રાકટ્ય - પ્રકટપણું પામી રહેલા એવાના** - प्रकाशनातिशयभेदाः - **પ્રકાશનાતિશય ભેદો,** न तस्य प्रकाशस्वभावं भिंदंति - **તેના પ્રકાશ સ્વભાવને ભેદતા નથી,** तथा - **તેમ - આ દાર્ષ્ટાંતિક** - आत्मनः कर्मपटलोदयावगुंठितस्य - **કર્મપટલના**

## આત્મખ્યાતિ ટીકાર્થ

આત્મા નિશ્ચયે કરીને પરમાર્થ છે અને તે જ્ઞાન અને આત્મા એક જ પદાર્થ છે, તેથી જ્ઞાન પણ એક જ પદ છે - અને જે આ 'જ્ઞાન' નામનું એક પદ છે, તે **આ પરમાર્થ સાક્ષાત્ મોક્ષ ઉપાય છે** અને આભિનિબોધિક આદિ ભેદો આ **એક પદને** અહીં ભેદતા નથી, કિંતુ તેઓ પણ આ જ એક પદને અભિનંદે છે. તે આ પ્રકારે -

| | |
|---|---|
| જેમ અત્રે મેઘપટલથી અવગુંઠિત સૂર્યના | તેમ કર્મપટલ ઉદયથી અવગુંઠિત આત્માના |
| તદ્વિઘટન અનુસારે પ્રાકટ્ય પામતા એવાના | તદ્વિઘટન અનુસારે પ્રાકટ્ય પામતા એવાના |
| પ્રકાશનાતિશય ભેદો | જ્ઞાનાતિશય ભેદો |
| તેના પ્રકાશ સ્વભાવને ભેદતા નથી, | તેના જ્ઞાનસ્વભાવને ભેદે નહિ, કિંતુ ઉલટા અભિનંદે. |

તેથી - સમસ્ત ભેદ જ્યાં નિરસ્ત છે એવું આત્મસ્વભાવભૂત જ્ઞાન જ એક આલંબવા યોગ્ય છે, તેના આલંબન થકી જ - પદપ્રાપ્તિ હોય છે, ભ્રાંતિ નાશે છે, આત્મલાભ થાય છે, અનાત્મ પરિહાર સિદ્ધ થાય છે, કર્મ મૂર્છતું નથી, રાગ-દ્વેષ-મોહ ઉત્પ્લવતા (ઊઠતા) નથી, પુનઃ કર્મ આસ્રવતું નથી, પુનઃ કર્મ બંધાતું નથી, પૂર્વબદ્ધ કર્મ ઉપભુક્ત સતું નિર્જરાય છે, કૃત્સ્ન (સકલ) કર્મ અભાવથી સાક્ષાત્ મોક્ષ હોય છે. ૨૦૪

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"તથારૂપ મહાત્માના એક આર્ય વચનનું સાદર અવધારણ થવાથી યાવત્ મોક્ષ થાય એમ શ્રીમાન્ તીર્થંકર કહે છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૯૨૯**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે, જ્યાં વિશેષ ઉદય ભ્રંશ પામી રહ્યો છે, એવા સામાન્યને કળતા જ્ઞાનને આત્મા એકતા પમાડે છે, એમ અત્ર પ્રતિપાદન કર્યું છે - આભિનિબોધિક (મતિ જ્ઞાન), શ્રુત જ્ઞાન, અવધિ જ્ઞાન, મનઃપર્યય જ્ઞાન અને કેવલ જ્ઞાન એ પંચવિધ જ્ઞાન એક જ પદ હોય છે, તે આ પરમાર્થ છે, જેને પ્રાપ્ત કરીને 'નિર્વૃતિ' - નિર્વાણ - મોક્ષ પામે છે. આવા ભાવની આ ગાથાનું પરમ અદ્ભુત તત્ત્વ સર્વસ્વ - સમર્પક અનન્ય વ્યાખ્યાન કરતાં આત્મખ્યાતિ સૂત્રકાર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અપૂર્વ પરમાર્થ પ્રકાશની અલૌકિક જ્ઞાન ચંદ્રિકા વિસ્તારી છે - आत्मा किल परमार्थ - **આત્મા ખરેખર ! નિશ્ચયે કરીને 'પરમાર્થ' - પરમ અર્થ છે અને તે જ્ઞાન અને આત્મા એક જ પદાર્થ છે, તેથી જ્ઞાન પણ એક જ પદ છે અને જે આ 'જ્ઞાન' નામનું એક પદ તે આ પરમાર્થ સાક્ષાત્ - પ્રત્યક્ષ મોક્ષ ઉપાય છે અને આ જ્ઞાનના આભિનિબોધિક આદિ - મતિજ્ઞાન આદિ ભેદો આ એક**

---

ઉદયથી કર્મપટલના - કર્મસમૂહના વિઘટન - વિખરાવાપણા અનુસારે પ્રાકટ્ય - પ્રકટપણું પામી રહેલા એવાના - ज्ञानातिशयभेदा - જ્ઞાનાતિશય ભેદો न तस्य ज्ञानस्वभावं भिंद्युः - તેના જ્ઞાન સ્વભાવને ભેદતા નથી, किंतु प्रत्युतमभिनंदेयुः - કિંતુ ઉલટા અભિનંદે.

તેથી શું ? ततो निरस्तसमस्तभेदमात्मस्वभावभूतं ज्ञानमेवैकमालम्ब्यं - તેથી નિરસ્ત - નિતાંતપણે અસ્ત પામી ગયા છે - ફગાવાઈ ગયા છે સમસ્ત ભેદ જ્યાં એવું આત્મસ્વભાવભૂત જ્ઞાન જ એક આલંબ્ય - આલંબવા યોગ્ય છે. तदालंबनादेव - તેના તે જ્ઞાનના આલંબન થકી જ - (૧) भवति पदप्राप्तिः - પદ પ્રાપ્તિ થાય છે, (૨) नश्यति भ्रांतिः - ભ્રાંતિ નાશે છે, (૩) भवत्यात्मलाभः - આત્મલાભ થાય છે, सिद्धत्यनात्मपरिहारः - અનાત્મ પરિહાર - અનાત્માનો પરિહાર - પરિત્યાગ સિદ્ધ થાય છે, (૫) न कर्म मूर्छति - કર્મ મૂર્છતું નથી, (૬) न रागद्वेषमोहा उत्प्लवंते - રાગ - દ્વેષ - મોહ ઉત્પ્લવતા - એકદમ ઉઠતા નથી, (૭) न पुनः कर्म आस्रवति - પુનઃ ફરીથી કર્મ આસ્રવતું નથી, (૮) न पुनः कर्म बध्यते - પુનઃ ફરીથી કર્મ બંધાતું નથી, (૯) प्राग्बद्धं कर्म उपभुक्तं निर्जीर्यते - પૂર્વબદ્ધ કર્મ ઉપભુક્ત - ઉપભોગવાઈ ગયેલું નિર્જરાય છે - ખેરવાય છે, (૧૦) कृत्स्नकर्माभावात् साक्षान्मोक्षो भवति - કૃત્સ્ન - સર્વ કર્મના અભાવથી સાક્ષાત્ મોક્ષ હોય છે. ।। इति **आत्मख्याति** आत्मभावना ।।२०४।।

પદને અહીં ભેદતા નથી - ભેદ પમાડતા નથી, કિંતુ તેઓ પણ આ જ એકપદને અભિનંદે છે. તે આ પ્રકારે - જેમ મેઘપટલથી અવગુંઠિત - ઢંકાયેલ સૂર્યના - તે મેઘપટલના વિઘટન - વિખરાવાપણા અનુસારે પ્રકટપણું પામી રહેલા એવાના - પ્રકાશનાતિશયભેદો તેના પ્રકાશ - સ્વભાવને ભેદતા નથી, તેમ કર્મપટલ ઉદયથી અવગુંઠિત - ઢંકાયેલ - આવરિત આત્માના - તે કર્મપટલના વિઘટન - વિખરાવપણા અનુસારે પ્રકટપણું પામી રહેલા એવાના - જ્ઞાનાતિશય ભેદો તેના જ્ઞાન સ્વભાવને ભેદે નહિ, કિંતુ ઉલટા અભિનંદે. તેથી નિરસ્ત છે - નિતાંતપણે અસ્ત પામી ગયા છે - આથમી ગયા છે સમસ્ત ભેદ જ્યાં એવું આત્મસ્વભાવભૂત જ્ઞાન જ એક આલંબવા યોગ્ય છે. તેના આલંબન થકી જ પદપ્રાપ્તિ થાય છે, ભ્રાંતિ નાશે છે, આત્મલાભ થાય છે, અનાત્મ પરિહાર સિદ્ધ થાય છે, કર્મ મૂર્છતું નથી, રાગ-દ્વેષ-મોહ ઉત્પ્લવતા (ઉઠતા) નથી, પુનઃ કર્મ આસ્રવતું નથી, પુનઃ કર્મ બંધાતું નથી, પૂર્વબદ્ધ કર્મ ઉપભુક્ત થઈ - ભોગવાઈ જઈને નિર્જરાય છે - ખેરવાય છે, કૃત્સ્ન - સર્વ કર્મના અભાવથી સાક્ષાત્ મોક્ષ હોય છે, कृत्स्नकर्माभावात् साक्षान्मोक्षो भवति । પરમર્ષિ અમૃતચંદ્રજીની આ પરમ પરમાર્થ ગંભીર પરમ અદ્‌ભુત વ્યાખ્યાનો હવે વિશેષ વિચાર કરીએ -

આત્મા ખરેખર ! પરમાર્થ છે. 'किल' - આમાગમનો પ્રવાદ હોઈ આ ખરેખર ! ત્રણે કાળમાં ન ફરે એવી પરમ અખંડ નિશ્ચયરૂપ સાચી વાત છે કે આત્મા એ જ 'પરમ' - સર્વથી પર ને જેનાથી પર કોઈ છે નહિ એવો પરમ 'અર્થ' - પદાર્થ - દ્રવ્ય - વસ્તુ છે, આત્મા જ એક પરમાર્થ છે આ નિશ્ચય છે અને 'तत् तु ज्ञानं' - તે જ જ્ઞાન 'તે' - જે જ્ઞાનપદની હમણાં જ આગલી ગાથામાં વાત કરી તે 'तत्' - જાણપણા રૂપ - જ્ઞાયક ભાવરૂપ જ્ઞાન અને આત્મા એક જ પદાર્થ છે - 'आत्मा च एक एव पदार्थः ।' જ્ઞાન કહો કે આત્મા કહો એ જૂદા જૂદા નહિ પણ પ્રદેશ અભેદથી એક જ 'પદાર્થ' છે, 'પદ' - સ્થિર સ્વભાવભૂત પદરૂપ 'અર્થ' - દ્રવ્ય - વસ્તુ છે, તેથી જ્ઞાન પણ એક જ પદ છે.' આત્મા 'પરમાર્થ' - પરમ અર્થ હોઈ (અને પરમ તો એક જ હોય) 'એક જ પદ' છે, એટલે જ્ઞાન પણ આત્મા સાથે તાદાત્મ્ય હોઈ 'એક જ પદ' છે, જ્યાં જ્ઞાન સિવાય બીજું કંઈ પણ નથી, દ્વૈત - દ્વિતીય ભાવ નથી એવું એક જ પદ 'एकं पदं' - સ્થિર જ્ઞાન છે અને જે આ 'જ્ઞાન' નામનું 'એક' - અદ્વૈત - અદ્વિતીય પદ છે, તે આ સર્વથી પર ને જેનાથી પર કોઈ પણ છે નહિ એવો પરમ અર્થ - તત્ત્વ છે, 'પરમાર્થ' છે અને તે આ જ્ઞાન પરમાર્થ જ 'સાક્ષાત્ મોક્ષ ઉપાય છે', स एष परमार्थः साक्षान्मोक्षोपायः । સાક્ષાત્ પ્રત્યક્ષ - પ્રગટ મોક્ષ સાધન - મોક્ષમાર્ગ છે, મોક્ષરૂપ ઉપેય પ્રત્યે લઈ જતો પ્રગટ દેખાતો ઉપાય છે.

અને આ જ્ઞાનના જે આભિનિબોધિક આદિ ભેદો છે, તે આ 'इदं' - પ્રત્યક્ષ અનુભૂયમાન જ્ઞાન એક પદને અહીં ભેદતા નથી, 'न भिंदंति', પરંતુ તેઓ પણ આ જ એક જ્ઞાનપદને જ અભિનંદે છે - 'अभिनंदंति' । અર્થાત્ આભિનિબોધિક - મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ જ્ઞાન, મનઃ પર્યય જ્ઞાન, કેવલ જ્ઞાન એ જ્ઞાનના જે પંચ ભેદો - પ્રકારો પ્રસિદ્ધ છે, તે આ જ્ઞાન એક પદનો ભેદ - જૂદાપણું કરતા નથી, અથવા 'ભેદ' - વિધ્વંસન - ખંડન - ઉત્થાપન કરતા નથી, પણ તેઓ પણ આ જ એક જ્ઞાનપદને જ અભિનંદે છે, (Hails, welcomes). મતિજ્ઞાન હો કે શ્રુતજ્ઞાન હો, અવધિ જ્ઞાન હો કે મનઃ પર્યય જ્ઞાન હો, કે કેવલ જ્ઞાન હો, પણ તે આ બધાય જ્ઞાનભેદો એક અખંડ અભેદ જ્ઞાનપદને જ અભિનંદે છે - સત્કારે છે - વધાવે છે. મતિ જ્ઞાનાદિ પ્રત્યેક જ્ઞાનપ્રકાર પોકારીને જણાવે છે કે - અમે જે જણાવીએ છીએ કે જાણીએ છીએ તે એક જાણપણું જ છે, જાણવા રૂપ જ્ઞાન જ છે. જેમકે - મતિ જ્ઞાન જાણે એમ કહે છે કે હા ! હા ! હું પણ એજ એક જ્ઞાનપદ જણાવું છું, આવકારૂં છું, મુબારક કરૂં છું, અભિનંદનથી સત્કારૂં છું, 'અભિ' - સામે જઈને સન્મુખપણે અત્યંત ઉલ્લાસથી પરમ પ્રેમથી 'નંદું છું' - વધાવું છું, શ્રુતજ્ઞાન, અવધિ જ્ઞાન, મનઃ પર્યય જ્ઞાન, કેવલ જ્ઞાન પણ જાણે એ જ ભાવનો પ્રતિધ્વનિ કરે છે ને એક જ્ઞાનપદને જ અભિનંદે

છે - વધાવે છે. આમ એક જ જ્ઞાનપદને અભિનંદતા - વધાવતા સમસ્ત જ્ઞાનભેદો જાણપણા રૂપ એક જ જ્ઞાનપદમાં એકભાવ રૂપ અભિન્ન ચૈતન્ય રસથી હળી મળી પરસ્પર પ્રેમથી હાથ મીલાવે છે અને બધા જાણે એકી અવાજે બોલી ઉઠે છે કે અમે કોઈ પણ જાતની જૂદાઈ નહિ જાણી આ એક જ જ્ઞાનપણું અભિનંદન કરીએ છીએ, વધામણાં કરીએ છીએ ! આ સિદ્ધાંત સમજાવવા માટે **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** મેઘાચ્છાદિત સૂર્યનું દૃષ્ટાંત પોતાની અનન્ય લાક્ષણિક શૈલીથી સાંગોપાંગ બિંબ પ્રતિબિંબ ભાવ દર્શનપૂર્વક વિવરી દેખાડી સકલ જ્ઞાનની એકવાક્યતા - એક વાચ્યતા (unanimity) સિદ્ધ કરી છે. તે આ પ્રકારે -

જેમ - સૂર્ય છે, તે ઘનપટલથી અવગુંઠિત - 'घनपटलावगुंठित' - છે, ઘનપટલથી - મેઘપટલથી - વાદળાઓના થરથી (Layers) - સમૂહથી 'અવગુંઠિત' - ઢંકાયેલો - અવરાયેલો છે, તે 'તદ્ વિઘટનાનુસારે' - तद्विघटनानुसारेण - તે ઘનપટલના 'વિઘટન' - વિખરાવાપણાના 'અનુસારે' - પ્રમાણે 'પ્રાકટ્ય' - પ્રકટપણું પામી રહ્યો છે, 'प्राकट्यमासादयतः', અર્થાત્ જેમ જેમ મેઘપટલનું - વાદળાનાં થરનું વિઘટન - વિખરાવાપણું થાય છે, તેમ તેમ તે અનુસારે - તે મુજબ તે સૂર્યનું પ્રગટપણું - આવિર્ભાવન થતું જાય છે. આમ વાદળાના થર વિખરાય તે મુજબ પ્રકટપણું પામતા સૂર્યના 'પ્રકાશન અતિશય ભેદો' - प्रकाशनातिशयभेदाः - હોય છે - 'પ્રકાશનના' - પ્રકાશકરણના - પ્રકાશવાપણાના 'અતિશયના' - ચઢતાપણાના - તરતમપણાના 'ભેદો' - પ્રકારો હોય છે. અર્થાત્ એક મેઘપટલ - વાદળાનું થર વિખરાતાં અમુક પ્રમાણમાં સૂર્યનો પ્રકાશ પ્રકાશે છે, બે થર વિખરાતાં તેથી વધારે પ્રકાશે છે, ત્રણ થર વિખરાતાં તેથી ઓર પ્રકાશે છે, ઈતિ યાવત્. જેમ જેમ વાદળાનાં થર વિખરાતાં જાય છે, તેમ તેમ સૂર્યના પ્રકાશનનું અતિશયપણું - ચઢતાપણું - તરતમપણું (Intensity & extensity) વધતું જાય છે, પ્રકાશ કરવાપણાની માત્રા (Degree) વધતી જાય છે. આમ આવરણરૂપ ઘન પટલના વિઘટન અનુસારે - વાદળાના થર વિખરાવા મુજબ ભલે સૂર્યના ગમે તેટલા પ્રકાશન અતિશય ભેદો થતા હોય, પણ તે બધાય તે સૂર્યના પ્રકાશ સ્વભાવને ભેદતા નથી - न तस्य प्रकाशस्वभावं भिंदंति, સૂર્યના પ્રકાશ સ્વભાવનો ભેદ કરતા નથી, ભલે ઓછી કે વધારે માત્રામાં પ્રકાશન - પ્રકાશ કરવાપણું થતું હોય, પણ તે પ્રકાશનના ન્યૂનાધિક - તરતમ ભેદો પ્રકાશ સ્વભાવનો ભેદ કરતા નથી, પરંતુ તે સૂર્યના એક અભેદ પ્રકાશ સ્વભાવને જ દાખવે છે.

તેમ - આ આત્મા છે. તે કર્મ પટલ ઉદયથી અવગુંઠિત છે - कर्मपटलोदयावगुंठितं, કર્મોના 'પટલના' - થરના - સમૂહના ઉદયથી 'અવગુંઠિત' - ઢંકાયેલો - અવરાયેલો છે, કર્મપટલોદય રૂપ ઓઢેલાં ગોદડાથી - અંધાર પીછોડાથી ઢંકાયેલો છે, લપેટાયેલો છે. તે 'તદ્ વિઘટન અનુસારે' - तद्विघटनानुसारेण - તે કર્મપટલ ઉદયના 'વિઘટન' - વિખરાવાપણાના 'અનુસારે' - પ્રમાણે પ્રાકટ્ય - પ્રકટપણું પામી રહ્યો છે - प्राकट्यमासादयतः, અર્થાત્ જેમ જેમ કર્મપટલનું - કર્મના થરનું - પોપડાનું 'વિઘટન' - વિખરાવાપણું થાય છે, તેમ તેમ તે અનુસારે - તે મુજબ આ આત્માનું પ્રગટપણું - આવિર્ભાવન થતું જાય છે. આમ કર્મના થર વિખરાય તે મુજબ પ્રગટપણું પામતા આત્માના 'જ્ઞાનાતિશય ભેદો' - ज्ञानातिशयभेदाः હોય છે, 'જ્ઞાનના' - જાણવાપણાના 'અતિશય'ના - ચઢતાપણાના - તરતમપણાના 'ભેદો' - પ્રકારો હોય છે. અર્થાત્ કોઈ એક થોડું કર્મપટલ વિખરાતાં અમુક પ્રમાણમાં અમુક પ્રકારનો આત્માનો જ્ઞાન પ્રકાશ પ્રકાશે છે, તેથી વધારે બે કર્મપટલ વિખરાતાં તેથી વધારે પ્રકાશે છે, તેથી વધારે ત્રણ કર્મ પટલ વિખરાતાં તેથી ઓર વધારે પ્રકાશે છે, ઈતિ યાવત્ (& so on). જેમ જેમ કર્મપટલનું વિઘટન થતું જાય - કર્મના વાદળાના થર વિખરાતા જાય, તેમ તેમ આત્માના જ્ઞાન પ્રકાશનનું અતિશયપણું - ચઢતાપણું - તરતમપણું વધતું જાય છે, જ્ઞાન પ્રકાશનની માત્રા વધતી જાય છે. આમ અવગુંઠન રૂપ - આવરણ રૂપ કર્મપટલ ઉદયના વિઘટન અનુસારે - કર્મ વાદળાના થર વિખરાવા મુજબ ભલે આત્માના ગમે તેટલા જ્ઞાનાતિશય ભેદો હોય, પણ તે બધાય તે

આત્મારૂપ સૂર્યના જ્ઞાન સ્વભાવને ભેદતા નથી - 'न तस्य ज्ञानस्वभावं भिंद्यु' - આત્મસૂર્યના જ્ઞાનસ્વભાવનો ભેદ કરતા નથી, ભલે ઓછી કે વધારે માત્રામાં જ્ઞાન - જાણવાપણું થતું હોય, પણ તે જ્ઞાનના ન્યૂનાધિક - તરતમ ભેદો તે જ્ઞાન સ્વભાવનો ભેદ કરતા નથી, પણ 'ઉલટા અભિનંદે છે' - 'प्रत्युतमभिनंदेयुः' - પરમોલ્લાસથી વધાવે છે (Hails) ઈતિ યાવત્.


''જ્ઞાન તે જ કે અભિપ્રાય એક જ હોય, થોડો અથવા ઘણો પ્રકાશ પણ પ્રકાશ એક જ.''
શ્રીમદ્ રાજચંદ્ર અં. ૨૭૦

તેથી - 'निरस्तसमस्तभेदं' - નિરસ્ત છે સમસ્ત ભેદ જ્યાં - બધાય ભેદ જ્યાં 'નિરસ્ત' - નિતાંતપણે સર્વથા અસ્ત પામી ગયા છે - આથમી ગયા છે, અથવા ફગાવાઈ દેવાયા છે, એવું આત્મ સ્વભાવભૂત જ્ઞાન જ એક આલંબવા યોગ્ય છે - आत्मस्वभावभूतं ज्ञानमेवैकमालम्ब्यं, જે 'આત્માનું 'સહજ' સ્વભાવભાવ રૂપ - 'સહજાત્મસ્વરૂપ' છે એવું 'એક' - અદ્વિતીય - અદ્વૈત જ્ઞાન જ 'આલંબવા યોગ્ય છે' - દૃઢ અવલંબનપણે પકડી રાખવા યોગ્ય છે, પુષ્ટ અવષ્ટંભપણે ગ્રહણ કરવા યોગ્ય - દૃઢ આશ્રય કરવા યોગ્ય છે. આ જ્ઞાન જ શા માટે અવલંબવા યોગ્ય છે ? તો કે - 'तदालंबनादेव' - 'તેના આલંબન થકી જ' - બીજા કોઈથી નહીં પણ માત્ર કેવલ તે જ્ઞાનના આલંબન થકી જ - દૃઢ આશ્રયણ થકી જ - દૃઢ અવષ્ટંભપણે પકડી રાખવા થકી જ - (૧) 'પદપ્રાપ્તિ હોય છે', 'भवति पदप्राप्ति' - સ્થિર સ્થાનરૂપ પ્રસ્તુત 'પદ'ની - જ્ઞાનપદની પ્રાપ્તિ હોય છે, એટલે પછી - (૨) 'ભ્રાંતિ નાશે છે' - 'नश्यति भ्रांतिः' - સ્થિર સ્થાનરૂપ જ્ઞાન'પદ'ની પ્રાપ્તિ થાય એટલે અસ્થિરતા રૂપ - ભ્રમણતારૂપ ભ્રાંતિ નાશ પામે છે, અથવા પરભાવમાં આત્મભ્રમણારૂપ - આત્મભ્રાંતિ રૂપ ભ્રાંતિ નાશ પામે છે, અથવા પરભાવમાં આત્મભ્રમણારૂપ - આત્મભ્રાંતિરૂપ ભ્રાંતિ નાશ પામે છે - દૂર ભાગે છે, એટલે પછી - (૩) 'આત્મલાભ થાય છે' - 'भवत्यात्मलाभः' - પરભાવમાં આત્માની ભ્રમણારૂપ આત્મભ્રાંતિ નાશ પામતાં આત્મામાં જ આત્માની પ્રાપ્તિ રૂપ - આત્મલાભ થાય છે, એટલે પછી - (૪) 'सिद्धत्यानात्मपरिहारः' - 'અનાત્મપરિહાર સિદ્ધ થાય છે', આત્મામાં જ આત્માની પ્રાપ્તિ રૂપ આત્મલાભ થાય છે એટલે આત્માની અતિરિક્ત - જૂદો જે 'અનાત્મા' છે તેનો સહેજે 'પરિહાર' - પરિત્યાગ (દૂરથી પરિવર્જન) સિદ્ધ થાય છે, નિષ્પન્ન થાય છે, હાંસલ થાય છે, આત્મા મળતાં અનાત્મા સહેજે ટળે છે, એટલે પછી - (૫) 'न कर्म मूर्छति' - 'કર્મ મૂર્છતું નથી', આત્માથી અતિરિક્ત અનાત્માને - આત્મા સિવાય બીજા બધાયનો એક સામટો પરિહાર - પરિત્યાગ થાય છે, એટલે અનાત્મા અર્થે 'કર્મ' - ક્રિયા - પરભાવ પ્રવૃત્તિ મૂર્છતી નથી - આવીને મૂર્ચ્છિતની જેમ પડી રહેતી નથી, અથવા અનાત્મારૂપ કર્મનો ઉદય ભલે આવી પડે - 'મૂર્છે' - મૂર્ચ્છિતની જેમ પડ્યો રહે પણ તે આત્માને મોહમમત્વરૂપ મૂર્ચ્છા ઉપજાવતો નથી, એટલે પછી - (૬) 'न रागद्वेषमोहा उत्प्लवंते' - 'રાગ-દ્વેષ-મોહ ઉત્પ્લવતા નથી', અનાત્મ અર્થેનું કર્મ (પરભાવ પ્રવૃત્તિ ક્રિયા) મૂર્છતું નથી અથવા આવી પડેલો કર્મ ઉદય મોહ આત્માને મોહ મૂર્ચ્છિત કરતો નથી, એટલે તેને રાગ-દ્વેષ-મોહરૂપ આસ્રવ ભાવો 'ઉત્પ્લવતા નથી' - આત્મામાં એકદમ ઉઠતા નથી, એટલે પછી - (૭) 'પુનઃ કર્મ આસ્રવતું નથી' - न पुनः कर्म आस्रवति, રાગ-દ્વેષ-મોહરૂપ ભાવ આસ્રવો ઉત્પ્લવતા નથી એટલે ફરીથી દ્રવ્ય કર્મ આસ્રવતું નથી, (પુનઃ પ્રવેશતું નથી) પુદ્ગલ કર્મ ફરીથી આત્મામાં આસ્રવ દ્વાર રૂપ ગરનાળામાંથી આસ્રવતું - ટપકતું નથી, એટલે પછી (૮) 'પુનઃ કર્મ બંધાતું નથી' - 'न पुनः कर्म बध्यते' - કર્મ ફરી આસ્રવતું જ નથી એટલે ફરી તે બંધાતું નથી, એટલે પછી - (૯) 'प्रागबद्धं कर्म उपभुक्तं निर्जीर्यते' - 'પૂર્વ બદ્ધ કર્મ ઉપભુક્ત સતું નિર્જરાય છે' - નવું કર્મ બંધાતું બંધ થયું છે એટલે હવે બાકી જે પૂર્વે અજ્ઞાન ભાવમાં બાંધેલું જૂનું પ્રાચીન કર્મ છે તે ઉપભોગવાઈ ગયેલું સતું 'નિર્જરાય છે' - આત્મપ્રદેશમાંથી ખેરવાઈ જાય છે - નિર્જરા પામે છે, એટલે પછી - 'कृत्स्नकर्माभावात् साक्षान्मोक्षो भवति' - 'કૃત્સ્ન કર્મ અભાવ થકી સાક્ષાત્ મોક્ષ હોય છે', એમ નિર્જરાતાં નિર્જરાતાં 'કૃત્સ્ન' -

સમસ્ત - સમગ્ર - સંપૂર્ણ કર્મનો 'અભાવ' - નહિ હોવાપણું - શૂન્યપણું હોય છે, સર્વ કર્મને નામે મોટું મીંડું મૂકાય છે, એટલે 'સાક્ષાત્' - પ્રત્યક્ષ પ્રગટ મોક્ષ હોય છે. આમ **સહજાત્મસ્વરૂપ** એક **'જ્ઞાન'પદ'**ના જ આલંબન થકી જ 'પદ' પ્રાપ્તિ હોય છે, ભ્રાંતિ નાશે છે, આત્મલાભ થાય છે, અનાત્મ પરિહાર સિદ્ધ થાય છે, કર્મ મૂર્છતું નથી, રાગ-દ્વેષ-મોહ ઉત્પ્લવતા નથી, પુનઃ કર્મ આસ્રવતું નથી, પુનઃ કર્મ બંધાતું નથી, પૂર્વબદ્ધ કર્મ ઉપભુક્ત સતું નિર્જરાય છે, કૃત્સ્ન (સકલ) કર્મ અભાવથી સાક્ષાત્ મોક્ષ હોય છે.' આવી પરમ અદ્‌ભુત સંકલનાબદ્ધ તત્ત્વયુક્તિથી અચિંત્ય- તત્ત્વચિંતામણિ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અત્રે પરમાર્થરૂપ **પરમ પદરૂપ સહજાત્મસ્વરૂપ એક જ્ઞાનપદની** પરમ પ્રતિષ્ઠા કરી છે.

''એકાંત નિશ્ચય નયથી મતિ આદિ ચાર જ્ઞાન સંપૂર્ણ શુદ્ધ જ્ઞાનની અપેક્ષાએ વિકલ્પ જ્ઞાન કહી શકાય, પણ સંપૂર્ણ શુદ્ધ જ્ઞાન એટલે સંપૂર્ણ નિર્વિકલ્પ જ્ઞાન ઉત્પન્ન થવાનાં એ જ્ઞાન સાધન છે, તેમાં પણ શ્રુતજ્ઞાન મુખ્યપણે છે, કેવળ જ્ઞાન ઉત્પન્ન થવામાં છેવટ સુધી તે જ્ઞાનનું અવલંબન છે, પ્રથમથી કોઈ જીવ એનો ત્યાગ કરે તો કેવળ જ્ઞાન પામે નહીં. કેવળ જ્ઞાન સંબંધી દશા પામવાનો હેતુ શ્રુત જ્ઞાનથી થાય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૪૫**

**આકૃતિ**









ઉપરોક્ત ભાવની પરિપુષ્ટિરૂપે **અમૃતચંદ્રજી** અદ્‌ભુત નિધિ ચૈતન્ય રત્નાકરનું સંકીર્તન કરતો ઉપસંહાર **સમયસાર કળશ** (૯) પ્રકાશે છે -

शार्दूलविक्रीडित

**अच्छाच्छाः स्वयमुच्छलंति यदिमाः संवेदनव्यक्तयो,**
**निष्पीताखिलभावमंडलरसप्राग्भारमत्ता इव ।**
**यस्याभिन्नरसः स एष भगवानेकोप्यनेकीभवनु,**
**वल्गत्युत्कलिकाभिरद्भुतनिधि श्चैतन्यरत्नाकरः ॥१४१॥**

અચ્છાચ્છા જસ આ સ્વયં ઉછળતી સંવેદન વ્યક્તિઓ,
પી જઈ સર્વ જ ભાવ મંડલરસો જાણે બની મત્ત હો !
એવો તે ભગવાન્ અભિન્નરસ આ એકો અનેકી થતો,
ચિદ્ રત્નાકર એહ અદ્‌ભુતનિધિ ઉર્મિ થકી કૂદતો ! ૧૪૧

## અમૃત પદ-(૧૪૧)

(''સાહેલાં વાસુપૂજ્ય જિણંદા'' - એ રાગ)

ચૈતન્ય રત્નાકર આ ઉછળે, ચૈતન્ય રત્નાકર આ ઉછળે,
અખિલ ભાવ મંડલરસ પીધો, તસ ભારે જાણે મત્ત 'પીધો'... ચૈતન્ય. ૧
એવી અચ્છ અચ્છ ઉછળે જેની, સંવેદન વ્યક્તિઓ એની,
એવો તે આ અભિન્ન રસવાળો, એક છતાં અનેક રૂપ ભાળો !... ચૈતન્ય. ૨
અદ્‌ભુત નિધિ આશ્ચર્ય ભરેલો, ઉત્કલિકાઓથી ઉછાળે ઉછળી રહેલો,
ભગવાન્ ચૈતન્ય રત્નાકર આ, 'અમૃતચંદ્ર' અમૃત પદ ધર આ... ચૈતન્ય. ૩

**અર્થ** - નિષ્પીત (પીધેલ) અખિલ ભાવ મંડલ રસના પ્રાગ્‌ભારથી જાણે મત્ત હોય, એવી જેની જે આ અચ્છ-અચ્છ સંવેદન વ્યક્તિઓ સ્વયં ઉછળે છે, તે આ ભગવાન્ એક છતાં અનેકરૂપ થતો અદ્‌ભુત નિધિ ચૈતન્ય રત્નાકર ઉત્કલિકાઓથી (મોળના ઉછાળાઓથી) કૂદે છે !

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય


''જ્ઞાન પાંચ પ્રકારનું છે. તે જ્ઞાન જો સમ્યક્‌ત્વ વિનાનું મિથ્યાત્વ સહિત હોય તો 'મતિ અજ્ઞાન' 'શ્રુત અજ્ઞાન' અને 'અવધિ અજ્ઞાન' એમ કહેવાય. તે મળી કુલ આઠ પ્રકાર છે.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૭૫૭), વ્યાખ્યાન સાર**

ઉપરમાં ભગવતી **'આત્મખ્યાતિના'** ગદ્ય ભાગમાં સકલ જ્ઞાન એક જ્ઞાનપદ જ છે અને આ જ્ઞાનપદના જ આલંબન થકી જ યાવત્ મોક્ષ થાય છે એમ ડિંડિમ નાદથી શબ્દબ્રહ્મના પરમ પારદૃશ્વા પરબ્રહ્મસ્વરૂપ **અમૃતચંદ્રજીએ** ઉદ્‌ઘોષ્યું, તેની પરિપુષ્ટિરૂપે તે જ મહાકવીશ્વરે અદ્‌ભુત નિધિ ચૈતન્ય રત્નાકરનું આ અદ્‌ભુત કાવ્ય ચમત્કૃતિ યુક્ત સ્વભાવોક્તિમય તાદૃશ્ય શબ્દચિત્ર આલેખ્યું છે. તેનો ભાવાર્થ આ પ્રકારે - वलात्युत्कलिकाभिरद्भुतनिधिश्चैतन्यरत्नाकरः - અહો ! અદ્‌ભુત નિધિ આ ચૈતન્ય રત્નાકર ઉત્કલિકાઓથી કૂદી રહ્યો છે - નાચી રહ્યો છે ! ચૈતન્ય - રત્નોનો જે આકર - ખાણ છે એવો આ 'ચૈતન્ય રત્નાકર' - ચૈતન્ય સમુદ્ર, રત્નાકર - સમુદ્ર જેવો 'અદ્‌ભુત નિધિ' છે, પરમ આશ્ચર્યભૂત અદ્‌ભુતોનો નિધાન - ખજાનો છે. તે 'ઉત્કલિકાઓથી' - ઉર્મિઓના ઉછાળાથી 'वल्गते' - વલ્ગે છે - કૂદી રહ્યો છે, નાચી રહ્યો છે, ઉછળી રહ્યો છે ! જેની આ 'અચ્છ-અચ્છ' - અતિ અતિ સ્વચ્છ -

નિર્મલ - શુદ્ધ સંવેદન વ્યક્તિઓ સ્વયં ઉછળે છે - अच्छाच्छाः स्वयमुच्छलंति यदिमाः संवेदनव्यक्तयो, અર્થાત્ સંવેદવું એ ચૈતન્યનો સહજ સ્વભાવ જ છે એટલે જ્યાં અન્ય 'કોઈ પણ ભાવનો પ્રવેશ નથી' એવી સુસ્વચ્છ - સુનિર્મલ - શુદ્ધ 'સંવેદનની' - આત્માનુભવનની 'વ્યક્તિઓ' - આવિષ્કૃતિઓ - વ્યક્ત થતી પ્રગટ અનુભૂતિ વિશેષતાઓ 'સ્વયં' - આપોઆપ જ ઉછળે છે - ઉલ્લસે છે. આમ ઉછળી રહેલી જે આ સંવેદન વ્યક્તિઓ છે, તે અંગે મહાકવીશ્વર **અમૃતચંદ્રજી** ઉત્પ્રેક્ષા કરે છે કે - જ્યાં સુધી પીવાનું કંઈ બાકી રહ્યું નથી એવા 'નિષ્પીત' - સર્વથા પીવાઈ ગયેલા અખિલ ભાવમંડલ રસના પ્રાગ્ભારથી તે જાણે મત્ત હોયની ! - 'निष्पीताखिलभावमंडलरसप्राग्भारमत्ता इव ।' જેમ પૂરેપૂરો 'પીધેલો' - રસના પાનથી ચકચૂર થઈ મત્ત - મસ્ત બને, તેમ 'અખિલ' - સમસ્ત 'ભાવમંડલ' - ભાવચક્રનો અનુભવ મસ્તી (આત્મ ખુમારી) ઉપજાવનારો 'રસ પીધેલી' આ સંવેદન વ્યક્તિઓ તે રસના 'પ્રાગ્ભારથી' - મહા ભારથી જાણે 'મત્ત' - મસ્ત બનેલી હોયની ! અથવા તો સર્વભાવનો 'મંડલ રસ' - ભેગો મળેલો અનુભૂતિ - ખુમારી ઉપજાવનારો એકરસ પીધાથી જાણે મત્ત - મસ્ત બની હોયની ! અથવા તો સર્વ ભાવનો 'મંડલ રસ' - ભેગો મળેલો ઉન્મત્ત - આત્મમસ્તી અનુભવ મસ્તી ઉપજાવનારો રસ પીવાથી જાણે મત્ત - મસ્ત બની હોયની ! આવી ભાવમંડલ રસ મત્ત વિવિધ ભિન્ન ભિન્ન સંવેદન વ્યક્તિઓ જેની ઉછળી રહી છે, તે ચૈતન્ય રત્નાકર તો 'અભિન્ન રસ' છે - 'यस्याभिन्नरसः', એક શુદ્ધ ચૈતન્ય રસ સિવાય ભિન્ન - જૂદો બીજો રસ જ્યાં નથી એવો 'અભિન્ન રસ' - એક અખંડ અભેદ ચૈતન્ય રસમય જ છે. 'स एष भगवान्' - આવો 'તે આ ભગવાન્ આત્મા' - અનંત આત્મૈશ્વર્યનો સ્વામી હોવાથી ભગવાન્ અદ્ભુતનિધિ ચૈતન્ય રત્નાકર સ્વરૂપથી પોતે એક છે છતાં અનેક બનતો સતો - एकोप्यनेकीभवन्, 'ઉત્કલિકાઓથી' - ઉર્મિઓના ઉછાળાઓથી ઉછળી રહ્યો છે ! લવણજલ નિર્ભર રત્નાકર - લવણ સમુદ્ર પોતે એક જ છતાં મોજાંઓથી અનેક બનતો સતો લવણ રસને લીધે જાણે મોળ - 'ઉત્કલિકા' આવતી હોય એમ ઊર્મિઓના ઉછાળાથી ઉછળે, તેમ આ નિર્મલ ચૈતન્ય રસ નિર્ભર ચૈતન્ય રત્નાકર - ચિત્ સમુદ્ર એક જ છતાં સમસ્ત ભાવને પી જતી અનંત સંવેદન વ્યક્તિઓથી અનેક બનતો સતો ચૈતન્ય રસને લીધે જાણે મોળ - ઉત્કલિકા આવતી હોય એથી ઊર્મિઓના - વીચિઓના ઉછાળાથી જાણે ઉછળે છે ! ઉંચો કૂદે છે ! એમ ચૈતન્ય રત્નાકર અમૃતચંદ્રજીના આ અદ્ભુતનિધિ કળશ કાવ્યનો ધ્વનિ છે.

આકૃતિ



હવે ગમે તેટલી કષ્ટ ક્રિયા કરતાં પણ જ્ઞાન ગુણ વિના સાક્ષાત્ મોક્ષ એવું જ્ઞાનપદ પ્રાપ્ત થાય નહિ એમ નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો ઉત્થાનિકા **સમયસાર કળશ (૧૦) અમૃતચંદ્રજી** લલકારે છે -

शार्दूलविक्रीडित

**क्लिश्यंतां स्वयमेव दुष्करतरै र्मोक्षोन्मुखैः कर्मभिः,**
**क्लिश्यंतां च परे महाव्रततपोभारेण भग्नाश्चिरं ।**
**साक्षान्मोक्ष इदं निरामयपदं संवेद्यमानं स्वयं,**
**ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमंते न हि ॥१४२॥**

પામો ક્લેશ સ્વયં જ દુષ્કર અતિ મોક્ષોન્મુખા કર્મથી !
પામો ક્લેશ ચિરં મહાવ્રત તપો ભારે જ ભગ્ના અતિ !
સાક્ષાત્ મોક્ષ નિરામયં પદ સ્વયં આ પ્રાપ્ત સંવેદવા,
જ્ઞાન જ્ઞાનગુણં વિના ક્યમ કરી ના શક્ત આ પામવા. ૧૪૨

## અમૃત પદ-(૧૪૨)

'વીર સુતો કાં સુતા રહ્યા છો ?' - એ રાગ

ક્લેશ કરો ભલે ક્લેશ કરો કોઈ, કર્મો કરી ભલે ક્લેશ કરો !... ધ્રુવ પદ...૧
દુષ્કર અતિશય મોક્ષ પરાઙ્મુખ, કર્મો કરી ભલે ક્લેશ કરો !
મહાવ્રત - તપ ભારથી ભાંગી, કોઈ ભલે ચિર ક્લેશ કરો !... ક્લેશ કરો. ૨
એમ અનેક પ્રકારે ક્લેશે, ભલે અતિશય તે મથતા,
કિંતુ જ્ઞાન ગુણ વિના જ્ઞાનપદ, પામવા ન જ સમર્થ થતા... ક્લેશ કરો. ૩
જેહ જ્ઞાનપદ નિરામય જ આ, સ્વયં જ સંવેદાઈ રહ્યું,
જેહ જ્ઞાનપદ મોક્ષ જ સાક્ષાત્, ભગવાન અમૃતચંદ્ર કહ્યું... ક્લેશ કરો. ૪

**અર્થ** - કોઈ અતિ દુષ્કર મોક્ષોન્મુખ કર્મોથી સ્વયમેવ ભલે ક્લેશ કરો ! અને બીજાઓ મહાવ્રત - તપોભારથી ચિર કાળ ભગ્ન થયેલાઓ (ભાંગી ગયેલાઓ) ભલે ક્લેશ કરો ! પણ સાક્ષાત્ મોક્ષ એવા આ સ્વયં સંવેદાઈ રહેલા નિરામય પદ - જ્ઞાનને તેઓ જ્ઞાન ગુણ વિના કેમે કરીને પ્રાપ્ત કરવાને ક્ષમ - સમર્થ થતા નથી.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જે પદ દીઠું શ્રી સર્વજ્ઞે જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો,

તેહ સ્વરૂપને અન્ય વાણીને શું કહે ? અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો... અપૂર્વ અવસર.'' -

**શ્રીમદ્ રાજચંદ્ર**

ગમે તેટલી કષ્ટક્રિયા કરતાં કે મહાવ્રત - તપભાર ઉઠાવતાં પણ જ્ઞાનગુણ વિના સાક્ષાત્ મોક્ષ એવું આ જ્ઞાનપદ પ્રાપ્ત થાય નહિ, એવા ભાવનો આ નીચેની ગાથાનો ભાવ સૂચવતો આ ઉત્થાનિકા કળશ પુરુષ શાર્દૂલ **અમૃતચંદ્રાચાર્યજીએ** શાર્દૂલ વિક્રીડિત છંદની વીર ગર્જનાથી ઉદ્ઘોષ્યો છે - क्लिश्यंतां स्वयमेव दुष्करतरै र्मोक्षोन्मुखैः कर्मभिः - કોઈ ભલે 'સ્વયમેવ' - પોતે જ આપોઆપ જ 'દુષ્કરતર મોક્ષોન્મુખ કર્મોથી ક્લેશ કરો !' દુષ્કરતર - મોક્ષોન્મુખ કર્મોથી ક્લેશ કરો !' દુષ્કરતર -

અતિ અતિ દુષ્કર 'મોક્ષોન્મુખ' - મોક્ષથી ઉલટા મુખવાળા - મોક્ષથી પરાઙ્મુખ 'કર્મોથી' - મન - વચન - કાયાના અનેક પ્રકારના ક્રિયાકાંડ રૂપ કર્મોથી 'ક્લેશ કરો' - કષ્ટ કરો, મોટી જહેમત ઉઠાવો ! क्लिश्यंतां च परे महाव्रततपोभारेण भग्नाश्चिरं - 'અને બીજાઓ ભલે મહાવ્રત - તપોભારથી ચિરકાળ ભગ્ન થયેલાઓ ક્લેશ કરો !' 'ચિરકાળ' - ઘણો લાંબો વખત સુધી મહાવ્રતોના અને તપના 'ભારથી' - વજનથી 'ભગ્ન' થયેલાઓ - ભાંગી ગયેલાઓ - બેવડ વળી ગયેલાઓ ક્લેશ કરો - કષ્ટ કરો, મોટી જહેમત ઉઠાવો ! પણ 'साक्षात् मोक्ष इदं निरामयपदं संवेद्यमानं स्वयं' - 'સાક્ષાત્ મોક્ષ' - પ્રત્યક્ષ પ્રગટ મોક્ષ એવું 'આ નિરામય પદ' - નિરોગી પદ સ્વયં - આપો આપ સંવેદાઈ રહેલું જ્ઞાન જ્ઞાનગુણ વિના તેઓ 'કેમે કરીને' - કોઈ પણ પ્રકારે મથી મથીને પણ પ્રાપ્ત કરવાને 'ક્ષમ' - સમર્થ થતા નથી - 'ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमंते न हि ।' આમ ભલે ગમે તેટલી કષ્ટ ક્રિયા કરો કે ચિરકાળ ગમે તેટલા મહાવ્રત - તપભાર ઉઠાવો, પણ જ્ઞાન વિના કોઈ પણ પ્રકારે મથી મથીને મરી જાય તો પણ સાક્ષાત્ મોક્ષ રૂપ આ નિરામય જ્ઞાનપદ પામે નહિ. -

એવા પ્રકારે નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો આ પરમ પરમાર્થ ગંભીર ઉત્થાનિકા કળશ પરમર્ષિ પરમપુરુષ શાર્દૂલ અમૃતચંદ્રજીએ શાર્દૂલવિક્રીડિતની વીરગર્જનાથી લલકાર્યો છે.

**णाणगुणेण विहीणा एयं तु पयं बहूवि ण लहंति ।**
**तं गिण्ह णियदमेदं जदि इच्छसि कम्मपरिमोक्खं ।।२०५।।**

જ્ઞાનગુણ વિહૂણ બહુજનો રે, પદ આ ના જ લહંત;
ગ્રહ તે નિયત આ કર્મનો રે, જો પરિમોક્ષ ઈચ્છંત રે.. જ્ઞાની નિર્જરા નિત્ય કરંત. ૨૦૫

**ગાથાર્થ** - જ્ઞાનગુણથી વિહીના એવા બહુઓ પણ આ પદને પામતા નથી, જો તું કર્મ પરિમોક્ષ (કર્મથી સર્વથા મોક્ષ) ઈચ્છતો હો, તો તે આ નિયત પદને ગ્રહ ! ૨૦૫

## आत्मख्याति टीका

**ज्ञानगुणेन विहीना एतत्तु पदं बहवोऽपि न लभंते ।**
**तद् गृहाण नियतमेतद् यदीच्छसि कर्मपरिमोक्षं ।।२०५।।**

| | |
|---|---|
| यतो हि सकलेनापि कर्मणा | केवलेन ज्ञानेनैव |
| कर्मणि ज्ञानस्याप्रकाशनात् | ज्ञान एव ज्ञानस्य प्रकाशनात् |
| ज्ञानस्यानुपलंभः, | ज्ञानस्योपलंभः । |

ततो **बहवोपि** बहुनापि कर्मणा **ज्ञानशून्या नेदमुपलभंते** इदमनुपलभमानाश्च कर्मभिर्न विप्रमुच्यंते **ततः कर्ममोक्षार्थिना** केवलज्ञानावष्टंभेन **नियत**मेवदमेकं **पदमुपलंभनीयं** ।।२०५।।

## આત્મખ્યાતિ ટીકાર્થ

કારણકે સ્ફુટપણે

| | |
|---|---|
| કર્મમાં જ્ઞાનના અપ્રકાશનને લીધે | જ્ઞાનમાં જ જ્ઞાનના પ્રકાશનને લીધે |
| સકલ પણ કર્મથી જ્ઞાનનો અનુપલંભ છે | કેવલ જ્ઞાનથી જ જ્ઞાનનો ઉપલંભ છે, |

---

**आत्मभावना** -

एयं तु पयं - एतत्तु पदं - **પણ આ પદને** णाणगुणेण विहीणा बहूवि लहंति - ज्ञानगुणेन विहीना बहवोपि न लभंते - **જ્ઞાનગુણથી વિહીન** - વિરહિત એવા બહુઓ - **ઘણાઓ પણ પામતા નથી, (તેથી)** जदि कम्मपरिमोक्खं इच्छसि - यदि कर्मपरिमोक्षं इच्छसि - **જો તું કર્મપરિમોક્ષ - કર્મથી સર્વથા મોક્ષ ઈચ્છે છે, તો** तं णियदमेदं गिण्ह - तद् नियतमेतद् गृहाण - **તે આ નિયત** - ચોક્કસ નિશ્ચયરૂપ એવું 'આ' - **પ્રત્યક્ષ અનુભૂયમાન જ્ઞાનપદ ગ્રહ !** ।। इति **गाथा** आत्मभावना· ।।२०५।।

यतो हि - **કારણકે સ્ફુટપણે** - પ્રગટપણે सकलेनापि कर्मणा - **સકલ પણ કર્મથી** ज्ञानस्यानुपलंभः - **જ્ઞાનનો અનુપલંભ** - અનનુભવ - અપ્રાપ્તિ છે, શાને લીધે ? कर्मणि ज्ञानस्याप्रकाशनात् - **કર્મમાં જ્ઞાનના અપ્રકાશનને લીધે.** ત્યારે જ્ઞાનનો ઉપલંભ - અનુભવ - પ્રાપ્તિ - લાભ શાથી થાય ? केवलेन ज्ञानेनैव - **કેવલ** - માત્ર **જ્ઞાનથી જ** ज्ञानस्योपलंभः - **જ્ઞાનનો ઉપલંભ** - અનુભવ - પ્રાપ્તિ - લાભ છે, શાને લીધે ? ज्ञान एव ज्ञानस्य प्रकाशनात् - **જ્ઞાનમાં જ જ્ઞાનના પ્રકાશનને લીધે.** કારણકે આમ છે. તેથી શું ? ततो - **તેથી કરીને** बहवोऽपि - **બહુઓ પણ** - ઘણાઓ પણ ज्ञानशून्याः - **જ્ઞાનશૂન્ય એવાઓ** बहुनापि कर्मणा - **બહુ** - ઘણા **પણ કર્મથી** नेदमुपलभंते - **આને** (જ્ઞાનને) **ઉપલભતા** - અનુભવતા - પામતા નથી, इदमनुपलभमानाश्च - **અને આને અનુપલભતા** - ન અનુભવતા - ન પામતા તેઓ कर्मभिर्न विप्रमुच्यंते - **કર્મોથી વિપ્રમુક્ત** - વિશેષે કરીને પ્રકૃષ્ટપણે - **સર્વથા મુક્ત થતા નથી.**

આ પરથી શું સાર ફલિત થાય છે ? ततः - **તેથી કરીને** कर्ममोक्षार्थिना - **કર્મમોક્ષાર્થીએ** - કર્મથી મોક્ષ - છૂટકારો પામવાના અર્થીએ - કામીએ नियतमेवेदमेकं पदमुपलंभनीयं - **નિયત જ** - નિશ્ચિત જ એવું **આ એક પદ ઉપલંભનીય** - ઉપલંભવા યોગ્ય છે - અનુભવવા યોગ્ય - પામવા યોગ્ય છે. શા વડે કરીને ? केवलज्ञानावष्टंभेन - **કેવલ જ્ઞાન અવષ્ટંભ** - આધાર - ઓથ વડે કરીને. ।। इति **'आत्मख्याति'** आत्मभावना ।।२०५।।

તેથી જ્ઞાનશૂન્ય એવા બહુઓ પણ બહુ પણ કર્મ વડે કરીને આને ઉપલંભતા નથી અને આને (જ્ઞાનને) અનુપલંભતાં (તેઓ) કર્મોથી વિપ્રમુક્ત થતા નથી, તેથી કર્મમોક્ષાર્થીએ કેવલ જ્ઞાન અવષ્ટંભથી નિયત જ એવું આ એક પદ ઉપલંભવા યોગ્ય છે. ૨૦૫

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય


''સુખધામ અનંત સુસંત ચહી, દિન રાત્ર રહે તદ્ ધ્યાન મહીં.''
પરશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વર તે, જય તે.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, (અંતિમ કાવ્યની અંતિમ ગાથા)**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે ગમે તેટલી કષ્ટ ક્રિયા કરો કે મહાવ્રત તપભાર ઉઠાવો તો પણ જ્ઞાનગુણ વિના મોક્ષ નથી એમ આ ગાથામાં પ્રતિપાદન કર્યું છે અને **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** તેનું અનન્ય મીમાંસન કરી અપૂર્વ પરમાર્થ પ્રકાશ્યો છે - કારણકે સ્ફુટપણે સકલ પણ કર્મથી જ્ઞાનનો 'અનુપલંભ' - અનનુભવ - અપ્રાપ્તિ છે, શાને લીધે ? કર્મમાં જ્ઞાનના અપ્રકાશનને લીધે. ત્યારે જ્ઞાનનો ઉપલંભ - અનુભવ - પ્રાપ્તિ - લાભ શાથી થાય ? केवलेन ज्ञानेनैव - કેવલ - માત્ર જ્ઞાનથી જ જ્ઞાનનો 'ઉપલંભ' - અનુભવ - પ્રાપ્તિ લાભ છે - ज्ञानस्योपलंभः, શાને લીધે ? જ્ઞાનમાં જ જ્ઞાનના પ્રકાશનને લીધે. કારણકે આમ છે તેથી શું ? તેથી 'જ્ઞાનશૂન્ય' - જ્ઞાન વિહીના એવા 'બહુઓ - ઘણાઓ પણ બહુ - ઘણા પણ કર્મથી પણ આને - જ્ઞાનને 'ઉપલભતા' નથી - અનુભવતા નથી - પામતા નથી અને આને - જ્ઞાનને 'અનુપલભતા' - ન અનુભવતા - ન પામતા તેઓ કર્મોથી 'વિપ્રમુક્ત' થતા નથી, વિશેષે કરીને પ્રકૃષ્ટપણે - સર્વથા મુક્ત થતા નથી. તેથી - આ પરથી એ ફલિત થાય છે કે કર્મથી મોક્ષ - છૂટકારો - નિર્બંધન પામવાના અર્થી - કામી એવા કર્મમોક્ષાર્થીએ 'નિયત જ' - નિશ્ચિત જ - ત્રણે કાળમાં ન ચળે એવું નિશ્ચય રૂપ જ 'આ' - પ્રત્યક્ષ અનુભવાઈ રહેલું એક **'જ્ઞાનપદ'** ઉપલભવા યોગ્ય છે - અનુભવવા યોગ્ય - પામવા યોગ્ય છે. શા વડે કરીને ? કેવલ - જ્ઞાન 'અવષ્ટંભ' - આધાર - ઓથ વડે કરીને - केवलज्ञानावष्टंभेन ।

અર્થાત્ - કારણકે કર્મને વિષે 'જ્ઞાનનું અપ્રકાશન છે' - कर्मणि ज्ञानस्यप्रकाशनात्, જ્ઞાનનું પ્રકાશન - પ્રકાશવું છે નહિ, કર્મને વિષે જ્ઞાનનું પ્રકાશવું ભાસતું નથી, તેથી કરીને સકલ પણ કર્મથી - સમસ્ત પણ કર્મ વડે કરીને જ્ઞાનનો 'અનુપલંભ' છે - જ્ઞાનનો અનનુભવ - અલાભ - અપ્રાપ્તિ છે, અનુભવ - પ્રાપ્તિ છે નહિ, એટલે કે સમસ્ત પણ કર્મ વડે કરીને જ્ઞાનનો 'ઉપલંભ' - અનુભવ કે લાભ હોતો નથી. આથી ઉલટું - 'ज्ञान एव ज्ञानस्य प्रकाशनाद्' - જ્ઞાનમાં જ જ્ઞાનના પ્રકાશનને લીધે, જ્ઞાનને વિષે જ જ્ઞાનનું પ્રકાશન છે - જ્ઞાનને વિષે જ જ્ઞાનનું પ્રકાશવું ભાસે છે તેને લીધે 'કેવલ જ્ઞાનથી જ જ્ઞાનનો ઉપલંભ છે', **'કેવલ'** માત્ર - એક જ્ઞાન વડે કરીને જ જ્ઞાનનો 'ઉપલંભ' - અનુભવ - લાભ - પ્રાપ્તિ હોય છે. આમ સકલ પણ કર્મથી જ્ઞાનનો 'ઉપલંભ' - અનુભવ - પ્રાપ્તિ - લાભ હોતો નથી અને 'કેવલ' જ્ઞાનથી જ જ્ઞાનનો 'ઉપલંભ' - અનુભવ - પ્રાપ્તિ લાભ હોય છે, તેથી કરીને જેને જ્ઞાનને નામે મોટું મીંડું છે, એવા જ્ઞાનશૂન્ય 'ज्ञानशून्याः' બહુજનો પણ બહુ - ઘણા પણ કર્મ વડે કરીને પણ - 'बहुनापि कर्मणा' - પણ 'આને' - આ જ્ઞાનપદને 'ઉપલંભતા નથી' - અનુભવતા નથી, પામતા નથી અને આને - આ જ્ઞાનપદને 'અનુપલંભતા' - નહિ અનુભવતા - નહિ પામતા તેઓ કર્મોથી 'વિપ્રમુક્ત' - સર્વથા મુક્ત થતા નથી. તેથી कर्ममोक्षार्थिना - 'કર્મ મોક્ષાર્થીએ' - કર્મથી મોક્ષના - છૂટકારાના અર્થીએ - કામીએ - કર્મથી છૂટવા ઈચ્છનારે, 'કેવલ જ્ઞાન અવષ્ટંભથી' - કેવલ - માત્ર એક જ્ઞાનના 'અવષ્ટંભ' - આધાર - ઓથ વડે કરીને 'નિયત જ' - નિશ્ચિત જ એવું 'આ' - પ્રત્યક્ષ અનુભવાતું 'એક' - અદ્વિતીય - અદ્વૈત (જ્ઞાન) પદ 'ઉપલંભનીય' છે, ઉપલંભ કરવા યોગ્ય - અનુભવ કરવા યોગ્ય - પ્રાપ્ત કરવા યોગ્ય છે. તાત્પર્ય કે **'કેવલ'** જ્ઞાનથી જ **'કેવલ જ્ઞાન'** થાય.

આકૃતિ




એટલે શુભાશુભ બંધના કારણભૂત મન-વચન-કાયાના કર્મ કર્યા કરે, શુભાશુભોપયોગમાં જીવ રમ્યા કરે તો કર્મથી મોક્ષ થાય નહિ. કારણકે આત્મા મન-વચન-કાયા નથી, મન-વચન-કાયાના કર્મથી પર છે, આત્મા જ્ઞાનમય છે, એટલે કેવલ જ્ઞાનની ઉપાસનાથી જ - કેવલ શુદ્ધ ઉપયોગમાં રમણતાથી જ શુદ્ધ આત્માની પ્રાપ્તિરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય. આમ અધ્યાત્મ ક્રિયા - આત્માના જ્ઞાનભાવે પરિણમનરૂપ ક્રિયા થકી જ - જ્ઞાનભવન રૂપ ક્રિયા થકી જ મોક્ષ થાય, પણ તે અધ્યાત્મ ક્રિયાના લક્ષ વિનાની પરાશ્રયી માત્ર બાહ્ય ક્રિયાથી મોક્ષ ન જ થાય.

કારણકે 'કર્મમાં જ્ઞાનનું અપ્રકાશન છે', જે ગુણ જ્યાં ન હોય તેનું ગમે તેટલું સેવન કરો તો પણ વિવક્ષિત ગુણ તેથી પ્રગટે નહિ, પણ જે ગુણ જ્યાં હોય તેનું જેટલું જેટલું આસેવન અભ્યાસન કરો તેટલું તેટલું તેનું ઓર ને ઓર પ્રગટવું - પ્રકાશવું થાય. 'જ્ઞાનમાં જ જ્ઞાનનું પ્રકાશન છે', ઝળહળ જ્યોતિરૂપ પ્રકાશવું છે, જ્ઞાનમાં જ જ્ઞાનનું હોવાપણું છે, એટલે જ્ઞાનનું ઉપાસન જેમ જેમ કરવામાં આવે તેમ તેમ જ્ઞાનનું ઓર ને ઓર પ્રકાશન થતું જાય, 'કેવલ' જ્ઞાનથી જ 'કેવલજ્ઞાન' પ્રકાશે. માટે કર્મમોક્ષાર્થીએ - સર્વ કર્મથી છૂટવા ઈચ્છનારાએ મુમુક્ષુએ કેવલ જ્ઞાનની જ ઉપાસના કરવી જોઈએ એ આચાર્યવર્ય અમૃતચંદ્રાચાર્યજીના વ્યાખ્યાનનું તાત્પર્ય છે.

જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ

આ પદ અનુભવવાનું જગત્‌ને આહ્વાન કરતો અને નીચેની ગાથાના ભાવનું પૂર્વસૂચન કરતો આ ઉત્થાનિકા **સમયસાર કળશ (૧૧) અમૃતચંદ્રજી** લલકારે છે -

द्रुतविलंबित

**पदमिदं ननु कर्मदुरासदं, सहजबोधकलासुलभं किल ।**

**तत इदं निज बोधकलाबलात्कलयितुं यततां सततं जगत् ॥१४३॥**

પદ જ આ નકી કર્મથી દુર્લભ, સહજ બોધ કલા થકી સુલભં,

કલિત આ નિજ બોધ કલા બલે, સતત યત્ન કરો જગત્ ભલે ! ૧૪૩

## અમૃત પદ-(૧૪૩)

યત્ન કરો રે યત્ન કરો ! જગ, પદ કળવા આ યત્ન કરો !

કર્મથી દુર્લભ જેહ સુલભ છે, સહજ સ્વ બોધ કલાથી ખરો !... યત્ન કરો. ૧

તેથી આ નિજ બોધ કલાના, બળથી કળવા યત્ન કરો !

સતત જગત આ પદ પામીને, ભગવાન પદ **અમૃત** વરો !... યત્ન કરો. ૨

**અર્થ** - આ પદ નિશ્ચયે કરીને કર્મોથી 'દુરાસદ' - દુષ્પ્રાપ્ય - પ્રાપ્ત થવું દુષ્કર છે, પણ સહજ બોધકલાથી ખરેખર ! સુલભ છે, તેથી આને નિજ બોધ કલાના બલ થકી કળવાને જગત્ સતત યત્ન કરો !

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"કેવલ નિજ સ્વભાવનું, અખંડ વર્ત્તે જ્ઞાન;

કહિયે કેવલ જ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ." - **શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ**

"આત્મ અનુભવ રસ ભરી, યામેં ઔર ન ભાવૈ,

આનંદઘન અવિચલ કલા, વિરલા કોઈ પાવૈ." - **શ્રી આનંદઘનજી, પદ-૨**


**આ જ્ઞાનપદ કર્મથી દુષ્પ્રાપ્યઃ સહજ બોધ કલાથી સુલભ**

નીચેની ગાથાના ભાવનું સૂચન કરતા આ કળશનું સર્જન કરી મહાકવિ બ્રહ્મા પરંબ્રહ્મ **અમૃતચંદ્રજીએ** અત્રે જગત્‌ને આ જ્ઞાનપદ કળવાનો - અનુભવવાનો સતત યત્ન કરવાનું પરમ ભાવવાહી આહ્વાન કર્યું છે. તેનો ભાવાર્થ આ પ્રકારે - 'पदमिदं' - 'આ' જે કહ્યું તે 'પદ' - જ્ઞાનરૂપ સ્થિર સ્થાન ननु - ખરેખર ! નિશ્ચયે કરીને કર્મથી દુરાસદ છે - कर्मदुरासदं, ગમે તેટલા **'કર્મોથી'** - કષ્ટ ક્રિયાઓથી 'દુરાસદ' - દુષ્પ્રાપ - પ્રાપ્ત કરવું દુષ્કર - દુર્લભ છે, પણ **'સહજ બોધ કલાથી ખરેખર ! સુલભ છે'**, सहजबोधकलासुलभं, 'સહજ' - સ્વભાવભૂત એવી બોધ કલાથી **'સુલભ'** - પ્રાપ્ત કરવું સુકર છે, એમ 'किल' - ખરેખર ! પરમ સત્યમૂર્તિ આત્માનુભવ આપ્ત - પ્રાપ્ત જ્ઞાની પુરુષોનો પ્રવાદ છે, તેથી કરીને નિજ બોધ કળાના બળ થકી - 'निजबोधकलाबलात्' આ પદને કળવાને - અનુભવવાને - સમજવાને જગત્ સતત યત્ન કરો ! 'कलयितुं यततां सततं जगत्' ।

અર્થાત્ - ઉપર **'આત્મખ્યાતિ'માં** સુસ્પષ્ટપણે વિવરી દેખાડ્યું તેમ કર્મમાં જ્ઞાનનું પ્રકાશવું છે નહિ, એટલે આ ઉક્ત પદ ગમે તેટલા ક્રિયા રૂપ કર્મોથી પ્રાપ્ત કરવું દુર્લભ છે, પણ સહજ બોધકલાથી તો તે સાવ સુલભ છે, પ્રાપ્ત કરવું સહજ છે. મથી મથીને મરી જાય તો પણ જ્ઞાન - ઉપયોગશૂન્ય કર્મોથી જે પદ પ્રાપ્ત થતું નથી, તે આ પદ સહજ બોધરૂપ કળાથી અથવા સહજ બોધની કળાથી (art) પ્રાપ્ત થવું સાવ સુલભ છે. જે કામ બળથી થવું દુષ્કર છે, તે કામ કળથી થવું સુકર છે, તેમ જે પદપ્રાપ્તિરૂપ કામ

ગમે તેટલા ક્રિયાકાંડરૂપ કર્મના 'બળથી' થવું દુષ્કર છે, તે બોધકળાની 'કળથી' થવું સાવ સુકર છે. હાથીને પૂંછડેથી ખેંચવા ગમે તેટલું બળ અજમાવે તો ય ન ખેંચાય અથવા ખેંચવું ભારી પડે, પણ સૂંઢથી દોરવાથી સાદી કળ અજમાવે તો હાથી આપોઆપ અનુસરે અને સુગમતાથી ખેંચાતો આવે, તેમ જ્ઞાનશૂન્ય કર્મોનું ગમે તેટલું બળ અજમાવવા મથે તોય આ પદ પામવું દુર્લભ છે, પણ આત્માના સહજ સ્વભાવભૂત **'સહજાત્મ સ્વરૂપ'** બોધ કલાની સાવ સાદી કળ પ્રયોજે તો આ પદ પામવું સહજ છે. કોઈ તાળું ઉઘાડવા માટે ગમે તેટલા બળથી હથોડા મારે તોય ઉઘડે નહિ અથવા તાળું જ ભાંગી જાય, પણ તેની કળ ઉઘાડનારી એક નાનકડી કૂંચી વાપરે તો તાળું સહેલાઈથી ઉઘડી જાય, અરે ! એવા સેંકડો તાળાઓ પણ ઉઘડી શકે. તેમ આ જ્ઞાનપદનું તાળું ઉઘાડવા માટે જ્ઞાનશૂન્ય કર્મના ગમે તેટલા હથોડા મારે તોય ઉઘડે નહિ અથવા તાળું જ ભાંગી જાય ! પણ તેની રહસ્ય રૂપ કળ ઉઘાડનારી સહજ બોધકલા રૂપ - **'સહજાત્મસ્વરૂપ'** પરમ મંત્રની એક નાનકડી કૂંચી પ્રયોજે તો જ્ઞાનનું તાળું સહેલાઈથી ઉઘડી જાય, અરે ! તેવા અસંખ્ય તાળા ઉઘડી શકે, ઈતિ યાવત્. અથવા તો 'સહજ બોધકલા' એટલે સહજ બોધરૂપ ચંદ્રની 'કલા'- એક અંશથી પણ તે પદ પામવું સુલભ છે. કર્મોના ગંજના ગંજ ખડકવાથી જે પદ પામવું દુર્લભ છે, તે પદ **'સહજાત્મસ્વરૂપ'** બોધ - ચંદ્રની એક સહજાત્મ સ્વરૂપ બોધકળા અંશથી સાવ સુલભ છે અને આ પદ પામવું એજ એક મુમુક્ષુનું પ્રયોજન છે. એટલા માટે આમ નિજ બોધકળાના બળ થકી જે પદ પામવું સુલભ છે, તે આ પદને સહજાત્મસ્વરૂપ નિજ બોધકળાના બળ થકી કળવાને જગત્ સતત નિરંતર યત્ન કરો ! પ્રયાસ કરો ! આત્મપુરુષાર્થ કરો ! એમ સહજ નિજ બોધકલાના ષોડશાંશે પ્રકાશમાન સાક્ષાત્ સહજાત્મસ્વરૂપ ભગવાન **અમૃતચંદ્રાચાર્યજી પરમર્ષિએ** અત્રે નિષ્કારણ કરુણાથી સમસ્ત જગત્‌ને પરમ પ્રેમમય આહ્વાન કર્યું છે.

**આકૃતિ**



(ક્રિઞ્ચ) તેમ જ -

**एदह्मि रदो णिच्चं संतुट्ठो होहि णिच्चमेदह्मि ।**
**एदेण होहि तित्तो हो हदि तुह उत्तमं सोक्खं ॥२०६॥**

આમાં હો રત નિત્ય એહમાં રે, હો સંતુષ્ટ જ નિત્ય,
આથી હો તૃપ્ત હોશે તને રે, ઉત્તમ સૌખ્ય સુરીત્ય... રે જ્ઞાની નિર્જરા નિત્ય કરંત. ૨૦૬

**અર્થ** - આમાં (આ જ્ઞાનપદમાં) નિત્ય રત હો ! આમાં નિત્ય સંતુષ્ટ હો ! આથી તૃપ્ત હો ! તને ઉત્તમ સૌખ્ય (સુખ) થશે. ૨૦૬

## आत्मख्याति टीका

किञ्च–

**एतस्मिन् रतो नित्यं संतुष्टो भव नित्यमेतस्मिन् ।**
**एतेन भव तृप्तो भविष्यति तवोत्तमं सौख्यं ॥२०६॥**

एतावानेव सत्य आत्मा याव**देतज्ज्ञान**मिति निश्चित्य ज्ञानमात्र एव **नित्यमेव रतिमुपैहि** । एतावत्येव सत्याशीः याव**देतज्ज्ञान**मिति निश्चित्य ज्ञानमात्रेणैव **नित्य**मेव **संतोषमुपैहि** । एतावदेव सत्यमनुभवनीयं यावदेव ज्ञानमिति निश्चित्य **ज्ञानमात्रेणैव** नित्यमेव **तृप्तिमुपैहि** । अथैवं **तव** तन्नित्यमेवात्मरतस्य आत्मसंतुष्टस्य आत्मतृप्तस्य च **वाचामगोचरं सौख्यं भविष्यति** । तत्तु तत्क्षण एव त्वमेव स्वयमेव द्रक्ष्यसि मा अन्यान् प्राक्षीः ॥२०६॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

આટલો જ સત્ય આત્મા છે કે જેટલું આ જ્ઞાન છે એમ નિશ્ચિત કરી
**જ્ઞાનમાત્રમાં જ નિત્યમેવ રતિ પામ !**
આટલી જ સત્ય આશિષ્ છે કે જેટલું આ જ્ઞાન છે એમ નિશ્ચિત કરી
**જ્ઞાનમાત્રથી જ નિત્યમેવ સંતોષ પામ !**
આટલું જ સત્ય અનુભવવા યોગ્ય છે કે જેટલું જ (આ) જ્ઞાન છે એમ નિશ્ચિત કરી
**જ્ઞાનમાત્રથી જ નિત્યમેવ તૃપ્તિ પામ !**
એટલે પછી એમ **તને** - નિત્યમેવ આત્મરતને, આત્મસંતુષ્ટને અને આત્મતૃપ્તને
તે **વાચાને અગોચર એવું સૌખ્ય હોશે,**
તે તો તત્ક્ષણે જ તું જ સ્વયમેવ દેખશે, અન્યોને પૂછીશ મા ! ૨૦૬

---

**आत्मभावना** -

किञ्च - **તેમ જ** णिच्चं एदह्मि रदो - नित्यं एतस्मिन् रतः - **નિત્ય - સદા આમાં - આ જ્ઞાનપદમાં રત (થા) !** णिच्चं एदह्मि संतुट्ठो होहि - नित्यं एतस्मिन् संतुष्टो भव - **નિત્ય - સદા આમાં - આ જ્ઞાનપદમાં સંતુષ્ટ થા !** एदेण तित्तो होहि - एतेन तृप्तो भव - **આથી - આ જ્ઞાનપદથી તૃપ્ત હો - થા ! તેથી શું થશે ?** तुह उत्तमं सोक्खं होहदि - तव उत्तमं सौख्यं भविष्यति - **તને ઉત્તમ સૌખ્ય થશે - હોશે.** ॥ इति **गाथा** आत्मभावना ॥२०६॥

एतावानेव सत्य आत्मा - **આટલો જ સત્ય આત્મા છે,** यावदेतज्ज्ञानमिति निश्चित्य - **કે જેટલું આ જ્ઞાન છે એમ નિશ્ચિત કરી,** ज्ञानमात्र एव नित्यमेव रतिमुपैहि - **જ્ઞાનમાત્રમાં જ નિત્ય જ રતિ પામ !** एता वत्येव सत्याशीः - **આટલી જ સત્ય આશિષ્ છે,** यावदेतज्ज्ञानमिति निश्चित्य - **કે જેટલું જ જ્ઞાન છે એમ નિશ્ચિત કરી** ज्ञानमात्रेणैव नित्यमेव तृप्तिमुपैहि - **જ્ઞાનમાત્રથી જ નિત્ય જ તૃપ્તિ પામ !** अथैवं तव - **એટલે પછી એમ તને** नित्यमेवात्मरतस्य

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્યાં પૂર્ણકામપણું છે, ત્યાં સર્વજ્ઞતા છે.''

''જેને બોધબીજની ઉત્પત્તિ હોય છે, તેને સ્વરૂપ સુખથી કરીને પરિતૃપ્તપણું વર્ત્તે છે અને વિષય પ્રત્યે અપ્રયત્ન દશા વર્ત્તે છે. ** જો જીવને પરિતૃપ્તપણું વર્ત્યા કરતું ન હોય તો અખંડ એવો આત્મબોધ તેને સમજવો નહીં.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૧૯૦), ૩૬૦**

**જ્ઞાનમાત્રમાં જ રતિ સંતોષ - તૃપ્તિ પામ ! વાચાગોચર સુખ થશે**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે શાસ્ત્રકાર **પરમર્ષિ** 'અચિંત્ય તત્ત્વચિંતામણિ' **કુંદકુંદાચાર્યજીએ** અત્રે આ જ્ઞાનપદમાં જ - નિત્ય સતત યત્ન કરવાનું પરમ ભાવવાહી આહ્‌વાન કર્યું છે અને 'આત્મખ્યાતિ' સૂત્રકાર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** તેનું પરમ ભાવપૂર્ણ વ્યાખ્યાન કરી તેનું ઓર ભાવસંવર્ધન કર્યું છે - આટલો જ સત્ય આત્મા છે કે જેટલું આ જ્ઞાન છે એમ નિશ્ચિત કરી જ્ઞાનમાત્રમાં જ નિત્ય જ રતિ પામ ! આટલી જ સત્ય આશિષ્ છે કે જેટલું આ જ્ઞાન છે એમ નિશ્ચિત કરી, જ્ઞાનમાત્રથી જ નિત્ય જ સંતોષ પામ ! આટલું જ સત્ય અનુભવવા યોગ્ય છે, કે જેટલું જ (આ) જ્ઞાન છે એમ નિશ્ચિત કરી જ્ઞાનમાત્રથી જ નિત્ય તૃપ્તિ પામ ! એટલે પછી એમ તને - નિત્ય જ આત્મરતને આત્મસંતુષ્ટને અને આત્મતૃપ્તને એવાને - તે વાચાને અગોચર - વાણીનો અવિષય એવું સૌખ્ય - સુખ થશે, તે તો તત્ક્ષણે જ, તું જ, સ્વયં જ - પોતે જ - આપોઆપ જ દેખશે - આત્માનુભવ પ્રત્યક્ષ કરશે, અન્યોને - બીજાઓને પૂછીશ મા ! तत्तु तत्क्षण एव त्वमेव स्वयमेव द्रक्ष्यसि, मा अन्यान् प्राक्षीः ।

**કેવલ જ્ઞાનમાં જ રતિ - સંતોષ - તૃપ્તિ પામ !**

અર્થાત્ - (૧) 'एतावानेव सत्य आत्मा' - આટલો જ સત્ય આત્મા છે કે જેટલું આ જ્ઞાન છે - 'यावदेतत् ज्ञानं' - એટલે કે જ્ઞાનથી અતિરિક્ત - જૂદો - ન્યૂનાધિક - ઓછો વધારે 'સત્ય' - વસ્તુ સ્વરૂપથી સત્ સ્વરૂપ આત્મા નથી, પણ જેટલું આ જ્ઞાન તેટલો જ જ્ઞાન પ્રમાણ આત્મા છે, એમ નિશ્ચય કરી, હે આત્મન્ ! તું જ્ઞાનમાત્રમાં જ નિત્યમેવ રતિ પામ ! - ज्ञानमात्र एव नित्यमेव रतिमुपैहि, 'જ્ઞાનમાત્રમાં જ' - કેવલ જ્ઞાનમાં જ નિત્યે જ - સદાય 'રતિ' - અંતરંગ પ્રીતિ રૂપ રમણતા પામ ! (૨) एतावत्येव सत्याशीः यावदेतत् ज्ञानं - આટલી જ સત્ય આશિષ્ છે કે જેટલું આ જ્ઞાન છે, એટલે કે જ્ઞાનથી અતિરિક્ત - જૂદી - ન્યૂનાધિક - ઓછી વધારે કોઈ 'આશિષ્' - સ્પૃહણીય કલ્યાણકામના નથી, પરમ 'કલ્યાણ મૂર્ત્તિ' - મંગલમૂર્ત્તિ 'કેવલ' જ્ઞાન સિવાય બીજી કોઈ કામના કરવા યોગ્ય, આશંસવા - ઈચ્છવા યોગ્ય કલ્યાણ આશંસા આશિષ્ નથી, એમ નિશ્ચય કરી હે આત્મન્ ! તું જ્ઞાનમાત્રથી જ નિત્યમેવ સંતોષ પામ ! ज्ञानमात्रेणैव नित्यमेव संतोषमुपैहि, 'જ્ઞાનમાત્રથી જ' - 'કેવલ' જ્ઞાનથી જ નિત્યે જ - સદાય 'સંતોષ' - ઈચ્છા - આશા - તૃષ્ણા - વિરતિરૂપ સંતુષ્ટ ભાવ પામ !

**વાચાગોચર સુખ થશે, તું જ દેખીશ, બીજાને પૂછીશ મા !**

(૩) एतावदेव सत्यमनुभवनीयं यावदेव ज्ञानं - આટલું જ સત્ય અનુભવનીય - અનુભવવા યોગ્ય છે કે જેટલું જ આ જ્ઞાન છે, એટલે કે જ્ઞાનથી અતિરિક્ત - જૂદું - ન્યૂનાધિક - ઓછું વધારે કોઈ બીજું અનુભવવા યોગ્ય 'સત્ય' - વસ્તુ સ્વરૂપથી સત્ સાચું નથી, જ્ઞાન જ એક પરમ સત્ય છે કે જ્યાં પછી અનુભવવા યોગ્ય કોઈ સત્ય બાકી રહેતું નથી, એમ નિશ્ચય કરી, હે

---

आत्मसंतुष्टस्य आत्मतृप्तस्य च - નિત્યમેવ - નિત્યે જ આત્મરતને આત્મસંતુષ્ટને અને આત્મતૃપ્તને એવાને तत् वाचामगोचरं सौख्यं भविष्यति - તે વાચાને અગોચર એવું સૌખ્ય - સુખ થશે. तत्तु - અને તે તો तत्क्षण एव - તત્ક્ષણે જ त्वमेव - તું જ स्वयमेव - સ્વયં જ - પોતે જ द्रक्ष्यसि - દેખશે, मा अन्यान् प्राक्षीः - અન્યોને - બીજાઓને પૂછશે મા ! ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२०६॥

આત્મન્ ! તું જ્ઞાનમાત્રથી જ નિત્યમેવ તૃપ્તિ પામ ! ज्ञानमात्रेणैव तृप्तिमुपैहि, 'જ્ઞાનમાત્રથી જ' - કેવલ જ્ઞાનથી જ નિત્યે જ - સદાય 'તૃપ્તિ' - ધરાઈ રહેવારૂપ પરિતૃપ્તપણું પામ ! આમ જ્ઞાનમાત્રથી જ - 'કેવલ' જ્ઞાનથી જ નિત્યમેવ રતિ, સંતોષ અને તૃપ્તિ તું પામીશ એટલે પછી એમ तव नित्यमेव आत्मरतस्य आत्मसंतुष्टस्य आत्मतृप्तस्य च - નિત્યમેવ આત્મરત આત્મસંતુષ્ટ અને આત્મતૃપ્ત એવા 'તને' - તું ચિદાનંદઘન આત્માને 'તે' વાચાને અગોચર એવું સૌખ્ય થશે - वाचामगोचरं सौख्यं भविष्यति, 'વાચાનો' - વાણીનો જે 'ગોચર' - વિષય નથી એવું વાણીથી ન કહી શકાય એવું, વાચાથી અવાચ્ય 'સૌખ્ય' - સુખપણું - સુખભાવ થશે ! तत् तु - અને તે તો 'તત્ ક્ષણે જ' - તે જ ક્ષણે તું જ સ્વયમેવ - સ્વયં જ - પોતે જ - આપો આપ જ 'દેખશે', પ્રત્યક્ષ સાક્ષાત્ અનુભવ નેત્રથી નજરોનજર દેખશે, અન્યોને - બીજાઓને પૂછવાપણું રહેશે નહિ, એટલે અન્યોને પૂછીશ મા !

જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ

જ્ઞાની અન્યના પરિગ્રહથી શું કરે ? એમ નીચેની ગાથાઓના ભાવનું સામાન્યપણે સૂચન કરતો આ ઉત્થાનિકા **સમયસાર કળશ (૧૨)** પ્રકાશે છે -

उपजाति

**अचिंत्यशक्तिः स्वयमेव देव - श्चिन्मात्रचिंतामणिरेष यस्मात् ।**

**सर्वार्थसिद्धात्मतया विधत्ते, ज्ञानी किमन्यस्य परिग्रहेण ॥१४४॥**

**અચિંત્ય શક્તિ સ્વયમેવ દેવ, ચિન્માત્ર ચિંતામણિ એહ એવ;**

**સર્વાર્થ સિદ્ધાત્મપણે શું જેથી, જ્ઞાની કરે અન્ય પરિગ્રહેથી ? ૧૪૪**

## અમૃત પદ-(૧૪૪)

('બેડો બાઈ બૂડતો તારો રે' - એ રાગ)

જ્ઞાનીને પરપરિગ્રહનું શું કામ ? જ્ઞાનીને પરપરિગ્રહનું શું કામ ?

નિજ પર ભેદ જાણીને જેણે, ગ્રહ્યો નિજ આતમ રામ... જ્ઞાનીને. ૧

અચિંત્ય શક્તિનો સ્વામી છે, સ્વયમેવ જ જે દેવ,

ચિંતામણિ ચિન્માત્ર જ ચેતન, એહ અહો ! સ્વયમેવ... જ્ઞાનીને. ૨

સર્વાર્થ સિદ્ધાત્મપણાથી જે, સર્વાર્થ સિદ્ધ જ દેવ,

ભગવાન અમૃતચંદ્ર કરે શું, અન્ય પરિગ્રહ લેવ ?... જ્ઞાનીને. ૩

**અર્થ** - કારણકે ચિન્માત્ર ચિંતામણિ એવો આ અચિંત્ય શક્તિવાળો સ્વયમેવ દેવ છે, એટલે સર્વાર્થ સિદ્ધાત્મતાએ કરીને જ્ઞાની અન્યના પરિગ્રહથી શું કરે ? ૧૪૪

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્મા જેવો એકકે દેવ નથી.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અંક વચનામૃત-૨૧**

**ચિન્માત્ર ચિંતામણિ અચિંત્ય શક્તિ જ્ઞાની આત્મદેવ**

ઉપરમાં જે કહ્યું તેની પરિપુષ્ટિ અર્થે અને નીચેની ગાથાઓના ભાવના સામાન્ય સૂચનાર્થે **અમૃતચંદ્રજીએ** ચિન્માત્ર ચિંતામણિ સર્વાર્થસિદ્ધ જ્ઞાની આત્મદેવ અન્યના પરિગ્રહથી શું કરે ? એવા ભાવનો આ અપૂર્વ કળશ અનન્ય ભાવાવેશથી લલકાર્યો છે, તેનો ભાવાર્થ આ પ્રકારે - चिन्मात्रचिन्तामणिरेष यस्मात् - કારણકે **'ચિન્માત્ર ચિંતામણિ'** - ચૈતન્ય માત્ર ચિંતામણિ એવો આ જ્ઞાની આત્મા અચિંત્ય શક્તિવાળો સ્વયમેવ - પોતે જ દેવ છે - अचिंत्यशक्तिः स्वयमेव देवः, તો પછી 'સર્વાર્થ સિદ્ધાત્મતાએ' કરીને - સર્વ અર્થ જ્યાં સિદ્ધ છે એવા સર્વાર્થ સિદ્ધ આત્મપણાએ કરીને જ્ઞાની અન્યના **પરિગ્રહથી શું કરે ?** सर्वार्थसिद्धात्मतया विधत्ते ज्ञानी किमन्यस्य परिग्रहेण ? **અર્થાત્** ચિંતામણિ રત્ન છે તે ચિંતિત - મનોવાંછિત ફલ આપનાર કહેવાય છે. એવું જો કોઈ પરમ પરમાર્થસત્ ખરેખરૂં ચિન્તામણિ રત્ન હોય તો તે ચિન્માત્ર જ છે, જ્યાં ચૈતન્ય સિવાય બીજું કાંઈ પણ છે નહિ એવું અદ્વૈત એવું ચૈતન્ય માત્ર જ - કેવલ જ છે.

**સર્વાર્થ સિદ્ધ આત્મા છે, તો અન્ય પરિગ્રહથી શું ?**

આ 'ચિન્માત્ર ચિંતામણિ' જ એવો જ્ઞાની આત્મા અચિંત્ય શક્તિવાળો સ્વયં જ - પોતે જ દેવ છે, અચિંત્ય શક્તિ - દૈવતવાળો દિવ્ય ગુણસંપન્ન ખરેખરો પરમાર્થથી 'દેવ' છે. આમ સકલ ચિંતિત પૂરનારો - સર્વ અર્થ સિદ્ધ કરનારો ચિન્માત્ર ચિંતામણિ જ્યાં આ જ્ઞાની પોતે છે, ત્યાં જેના સર્વ અર્થ સિદ્ધ થયા છે એવું **'સર્વાર્થ સિદ્ધ'** આત્માપણું છે, તો પછી આ અચિંત્યશક્તિ સર્વાર્થસિદ્ધ જ્ઞાની આત્મદેવ અન્યના - પરના પરિગ્રહથી શું કરે ? સર્વાર્થ સિદ્ધ વિમાનથી મોક્ષની જેમ, આ સર્વાર્થ સિદ્ધ

જ્ઞાની આત્માથી મોક્ષ અત્યંત નિકટ વર્તે છે. જેમ કોઈ નગરની નીકટમાં આવતાં તેની ધ્વજાઓ દેખાય, તે રીતે સર્વાર્થ સિદ્ધ વિમાનથી - મોક્ષનગરની ધ્વજાઓ પ્રગટ દેખાય છે, તેમ સર્વાર્થસિદ્ધ જ્ઞાનમય આત્મામાં જ જે સ્થિતિ કરે છે, તેને મોક્ષનગરની ધ્વજાઓ પ્રત્યક્ષ થાય છે, આવો સાક્ષાત્ મોક્ષ અનુભવતો જીવન્મુક્ત જ્ઞાની પરપરિગ્રહથી શું કરે ? આવા જીવન્મુક્ત જ્ઞાનીને પરવસ્તુના પરિગ્રહણ રૂપ પરપરિગ્રહનું શું પ્રયોજન ? આ અચિંત્ય ચિંતામણિ સર્વાર્થસિદ્ધ આત્માના સાક્ષાત્ અનુભવોલ્લાસના પરમાનંદથી અચિંત્ય તત્ત્વ ચિંતામણિ આત્મદૃષ્ટા જ્ઞાનાવતાર **શ્રીમદ્ રાજચંદ્રજીના** પરમ ધન્ય અનુભવોદ્ગાર નીકળી પડ્યા છે કે -

"પદ મળ્યું. સર્વાર્થ સિદ્ધની જ વાત છે. જૈનમાં એમ કહે છે કે સર્વાર્થ સિદ્ધ મહાવિમાનની ધ્વજાથી બાર યોજન દૂર મુક્તિ શિલા છે. કબીર પણ ધ્વજાથી આનંદ આનંદ પામી ગયા છે. તે પદ વાંચી પરમાનંદ થયો. પ્રભાતમાં વહેલો ઉઠ્યો ત્યારથી કોઈ અપૂર્વ આનંદ વર્ત્યા જ કરતો હતો. તેવામાં પદ મળ્યું અને મૂળ પદનું અતિશય સ્મરણ થયું. એકતાન થઈ ગયું. એકાકાર વૃત્તિનું વર્ણન શબ્દે કેમ કરી શકાય ? ઈ." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૫૨**

**આકૃતિ**

| અચિંત્ય શક્તિ<br>ચિન્ માત્ર ચિંતામણિ જ<br>સ્વયમેવ દેવ આત્મા | યસ્માત્<br>⟶ | સર્વાર્થ સિદ્ધાત્મતા કરીને<br>જ્ઞાની<br>અન્યના (પરના) પરિગ્રહથી શું કરે ? |
|---|---|---|

* જુઓ : 'અધ્યાત્મ રાજચંદ્ર' (સ્વરચિત) પ્રકરણ એકાવનમું : 'સર્વાર્થ સિદ્ધ' અને શ્રીમદ્નો ઉપશમ શ્રેણીનો પૂર્વ અનુભવ.

જ્ઞાની પરનો કેમ નથી ગ્રહતો ? તો કે -

**को णाम भणिज्ज बुहो परदव्वं मम इमं हवदि दव्वं ।**

**अप्पाणमप्पणो परिग्गहं तु णियदं वियाणंतो ॥२०७॥**

પરદ્રવ્ય મુજ આ દ્રવ્ય છે રે, કહે વારુ બુધ કિયો જ ?

આત્માને પરિગ્રહ આત્મનો રે, નિયત વિજાણંતો જ... રે જ્ઞાની નિર્જરા. ૨૦૭

**અર્થ** - આત્માને આત્માનો પરિગ્રહ જ નિયત વિજાણતો એવો કયો બુધ પરદ્રવ્ય મ્હારૂં આ દ્રવ્ય હોય છે એમ કહે વારુ ? ૨૦૭

## आत्मख्याति टीका

कुतो ज्ञानी न परं गृह्णातीति चेत् -

**को नाम भणेद् बुधः परद्रव्यं ममेदं भवति द्रव्यं ।**

**आत्मानमात्मनः परिग्रहं तु नियतं विजानन् ॥२०७॥**

यतो हि **ज्ञानी** यो हि यस्य स्वो भावः स तस्य स्वः स तस्य स्वामीति खरतरतत्त्वदृष्ट्यावष्टंभात् **आत्मानमात्मनः** परिग्रहं **तु नियमेन विजानाति** । ततो **न ममेदं** स्वं, नाहमस्य स्वामी इति **परद्रव्यं** न परिगृह्णाति ॥२०७॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

કારણકે નિશ્ચયે કરીને **જ્ઞાની** -

જે જ જેનો સ્વભાવ છે, તે તેનો સ્વ છે, તે તેનો સ્વામી છે, એમ ખરતર તત્ત્વ દૃષ્ટિના અવષ્ટંભ થકી **આત્માને આત્માનો પરિગ્રહ જ નિયમથી વિજાણે છે,** તેથી નથી **મ્હારૂં આ** સ્વ, **નથી** હું આનો સ્વામી એમ (જાણી) **પરદ્રવ્ય** નથી પરિગ્રહતો.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"આરંભ અને પરિગ્રહનો જેમ જેમ મોહ મટે છે, જેમ જેમ તેના વિષેથી પોતાપણાનું અભિમાન મંદપણાને પામે છે, તેમ તેમ મુમુક્ષુતા વર્ધમાન થયા કરે છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૩૨**

---

**आत्मभावना** -

कुतो ज्ञानी न परं गृह्णातीति चेत् - ક્યાંથી - ક્યા કારણથી જ્ઞાની પરને નથી ગ્રહતો ? એમ જો પૂછો તો - को णाम बुहो भणिज्ज - को नाम बुधः भणेद् - કયો બુધ - જ્ઞાની વારુ ખરેખર ! ભણે - કહે ? परदव्वं इमं मम दव्वं हवदि - परद्रव्यं इदं मम द्रव्यं भवति - પરદ્રવ્ય આ મ્હારૂં દ્રવ્ય હોય છે, (એમ). બુધ કેવો ? अप्पाणं तु अप्पणो परिग्गहं णियदं विजाणंतो - आत्मानं आत्मनः परिग्रहं तु णियतं विजानन् - આત્માને આત્માનો પરિગ્રહ જ નિયત - ચોક્કસ નિશ્ચય રૂપ વિજાણંતો - વિશેષે કરીને જાણંતો, જાણી રહેલો એવો. ॥ इति **गाथा** आत्मभावना ॥२०७॥

यतो हि ज्ञानी - કારણકે નિશ્ચયે કરીને જ્ઞાની, यो हि यस्य स्वो भावः - જે જેનો 'સ્વ' - પોતાનો ભાવ છે, स तस्य स्वः - તે તેનો 'સ્વ' (પોતાનો) દ્રવ્ય-ધન છે, स तस्य स्वामीति - તે તેનો સ્વામી છે એમ खरतरतत्त्वदृष्ट्यावष्टंभात् - ખરતર અતિ કઠોર - તીક્ષ્ણ - તીવ્ર - ઉગ્ર - આકરી તત્ત્વ દૃષ્ટિના અવષ્ટંભથી - આધારથી - ઓથથી आत्मानं आत्मनः परिग्रहं तु नियमेन जानाति - આત્માને આત્માનો પરિગ્રહ જ નિશ્ચયે કરીને નિયમથી જાણે છે, ततो - તેથી કરીને न ममेद स्वं - નથી આ મ્હારૂં 'સ્વ' - પોતાનું ધન - દ્રવ્ય - પોતાની માલિકીની વસ્તુ નથી, नाहमस्य स्वामी - નથી હું આનો સ્વામી - માલિક ધણી - इति परद्रव्यं न परिगृह्णाति - એમ જાણી (એટલા માટે) પરદ્રવ્યને પરિગ્રહતો નથી. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२०७॥

જેને આત્મજ્ઞાન થયું છે એવો જ્ઞાની પરને કયા કારણથી નથી ગ્રહતો ? તેનું આ ગાથામાં પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ સ્પષ્ટીકરણ કર્યું છે - આત્માને આત્માનો 'પરિગ્રહ જ' - માલિકી વસ્તુ જ 'નિયત' - ચોક્કસ ત્રણે કાળમાં ન ચળે એવા નિશ્ચયપણે 'વિજાણંત' - વિશેષે કરીને જાણંતો - વિજ્ઞાનપણે જાણંતો - જાણી રહેલો એવો કયો 'બુધ' - સ્વરૂપને બૂઝનારો જાણનારો કયો જ્ઞાની, આ 'પરદ્રવ્ય' - પારકું દ્રવ્ય આ મ્હારૂં દ્રવ્ય છે એમ કહે વારુ ? को णाम भणिज्ज बुहो परदव्वं मम इमं हवदि दव्वं ? **આર્ષ દૃષ્ટા પરમર્ષિ કુંદકુંદાચાર્યજીનો** આવો લાક્ષણિક વિચાર પ્રેરક સીધો પ્રશ્ન (Poses) રજૂ કરતી આ ગાથાના ભાવનું અનુપમ તત્ત્વ તલસ્પર્શી સૂક્ષ્મતમ મીમાંસન કરતાં **'આત્મખ્યાતિ' સૂત્રકાર પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** પ્રકાશે છે કે - કારણકે નિશ્ચયે કરીને 'જ્ઞાની' - સ્વ પરનો ભેદ જાણી આત્માનું જ્ઞાન થયું છે એવો આત્મજ્ઞાની 'જે જ જેનો સ્વભાવ છે તે તેનો સ્વ છે, તે તેનો સ્વામી છે' - यो हि यस्य स्वो भावः स तस्य स्वः स तस्य स्वामी - જે જ જેનો 'સ્વ' - પોતાનો ભાવ છે તે તેનો 'સ્વ' પોતાનો માલ (મિલકત - Possession સ્વ ધન - સ્વ દ્રવ્ય) છે, તે તેનો 'સ્વામી' - માલિક - ધણી છે, એમ 'ખરતર તત્ત્વ દૃષ્ટિના અવષ્ટંભ થકી' - इति खतरतत्त्व दृष्ट्यवष्टंभात् - 'ખરતર' અતિ અતિ કઠોર - અતિ અતિ તીવ્ર - અતિ અતિ તીક્ષ્ણ તત્ત્વ દૃષ્ટિના 'અવષ્ટંભ' થકી - આધાર થકી - ઓઠા થકી 'આત્માને આત્માનો પરિગ્રહ જ' - 'નિયમથી વિજાણે છે' - ત્રણે કાળમાં ન ચળે એવા અખંડ નિશ્ચય રૂપ નિયમથી સ્ફુટપણે 'વિજાણે છે' - વિશેષે કરીને જાણે છે, વૈજ્ઞાનિક રીત્યા જાણે છે. ततो न ममेदं स्वं नाहमस्य स्वामीति - 'તેથી નથી મ્હારૂં આ 'સ્વ' અને નથી હું આનો સ્વામી - મ્હારૂં આ 'સ્વ' - માલ-મિલકત સ્વધન સ્વદ્રવ્ય નથી અને હું આનો 'સ્વામી' - માલિક - ધણી નથી એમ જાણી પરદ્રવ્યને નથી પરિગ્રહતો.

'ખરતર' તત્ત્વ દૃષ્ટિથી જ્ઞાની પરદ્રવ્ય પરિગ્રહ કરે નહિ


જે સામાન્ય પ્રમાણિક પુરુષ છે તે પણ પરવસ્તુને ગ્રહે નહિ અને કદાચ ભૂલથી લેવાઈ ગઈ હોય તો ભૂલનું ભાન થતાં સુપ્રસિદ્ધ ધોબીના દૃષ્ટાંતે તત્ક્ષણ જ છોડી દીએ અને આ તો અસામાન્ય પરમ પ્રમાણિક 'બુધ' - જ્ઞાની પુરુષ, તે પરમ 'શુચિ' - શુદ્ધ પુરુષ તે તો પરવસ્તુને કેમ જ ગ્રહે ? અને પોતાના શુદ્ધ જ્ઞાયક ભાવરૂપ 'શૌચ' ધર્મને પર પરિગ્રહની અશુચિનું લાંચ્છન કેમ જ લાગવા દે ? ન જ લાગવા દે, ન જ લાગવા દે. કારણકે બ્રહ્મને જાણનારા જ્ઞાનીરૂપ પરમ 'શુચિ' - શુદ્ધ પવિત્ર બ્રહ્મજ્ઞ 'શૌચ' શબ્દના ત્રણે અર્થમાં શૌચ ધર્મનું પરિપાલન કરે છે. જેમ પર વસ્તુનો ને પર પરિગ્રહ રૂપ પર પરિણતિનો સંસર્ગ રંગ છૂટતો જાય, તેમ તેમ આ શૌચ ગુણ સ્ફુટ થતો જાય છે. આમ આ ત્રણે વ્યાખ્યાની એક વાક્યતા છે અને આ ત્રણે અર્થમાં 'શૌચ' ધર્મનું - આત્માના શુદ્ધ ધર્મનું પરિપાલન કરતો જ્ઞાની પરદ્રવ્યના પરિગ્રહનો પરિત્યાગ કરી પોતાના 'જ્ઞાની' નામનું સાર્થક્ય કરે છે.

જ્ઞાનીનો 'શૌચ' ધર્મ: ત્રણે અર્થમાં 'શૌચ'

''ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઈએ, આપણો આતમા તેહવો ભાવીએ.''

''પર પરિણતિ રજ ધોય કે, નિર્મલ સિદ્ધિ વરંત.''

''હું કરતા હું કરતા પરભાવનો હોજી, ભોક્તા પુદ્ગલ રૂપ,<br>
કારક કારક ગ્રાહક એહનો હેજી, રાચ્યો જડ ભવભૂપ... નમિપ્રભ.'' - શ્રી દેવચંદ્રજી




* ''ध्यानांभसा तु जीवस्य सदा यच्छुद्धिकारणम् ।<br>
मलं कर्म समाश्रित्य भावस्नानं तदुच्यते ॥'' - શ્રી હરિભદ્રસૂરિજી કૃત અષ્ટક

* ''धम्मे हरए बंभे संतितित्थे अणाइले अत्तपसन्नलेसे ।<br>
जहिंसि ण्हाओ विमलो विसुद्धो, सुसांति भूओ पजहासि दोसं ॥'' - શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

એથી હું પણ તે (પરદ્રવ્ય) પરિગ્રહતો નથી -

**मज्झं परिग्गहो जइ तदो अहमजीवदं तु गच्छेज्ज ।**
**णादेव अहं जह्मा तह्मा ण परिग्गहो मज्झ ॥२०८॥**

પરિગ્રહ મુજ જો હોય તો રે, પામું અજીવતા હું જ;
કારણ હું જ્ઞાતા જ તેહથી રે, ન જ પરિગ્રહ મુજ... રે જ્ઞાની નિર્જરા નિત્ય કરંત. ૨૦૮

**અર્થ** - પરિગ્રહ જો મ્હારો હોય, તો હું અજીવતા (અજીવપણું) પામી જઉં, કારણકે હું જ્ઞાતા જ છું, તેથી પરિગ્રહ મ્હારો નથી.

## आत्मख्याति टीका

अतोऽहमपि न तत् परिगृह्णामि -

**मम परिग्रहो यदि ततोऽहमजीवतां तु गच्छेयं ।**
**ज्ञातैवाहं यस्मात्तस्मान्न परिग्रहो मम ॥२०८॥**

**यदि परद्रव्यम**जीवमहं **परिगृह्णीयां** तदावश्यमेवा जीवो ममासौ स्वः स्यात्, अहम्प्यवश्यमेवा-जीवस्यामुष्य स्वामी स्यां । अजीवस्य तु यः स्वामी स किलाजीवः एवमवशेनापि **ममा जीवत्वमापद्येत** । मम तु एको ज्ञायक एव भावः यः स्वः अस्यैवाहं स्वामी । ततो माभून्ममाजीवत्वं **ज्ञातैवाहं** भविष्यामि, **न** परद्रव्यं **परिगृह्णामि,** अयं च मे निश्चयः ॥२०८॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

**જો પરદ્રવ્યને - અજીવને હું પરિગ્રહું, તો અવશ્યમેવ અજીવ એવો મ્હારો સ્વ થાય, હું પણ અવશ્યમેવ અજીવ એવા આનો સ્વામી થાઉં, પણ અજીવનો જે સ્વામી તે નિશ્ચયે કરીને અજીવ છે, એમ અવશથી પણ મ્હારૂં અજીવત્વ (અજીવપણું) આવી પડે - પણ મ્હારો તો એક જ્ઞાયક જ ભાવ જે સ્વ છે, આનો જ હું સ્વામી છું - તેથી મ્હારૂં અજીવત્વ (અજીવપણું) મ હો ! જ્ઞાતા જ હું હોઈશ, હું પરદ્રવ્ય નહિ પરિગ્રહું - આ જ મ્હારો નિશ્ચય છે. ॥૨૦૮॥**

---

**आत्मभावना** -

अतो - એથી કરીને अहमपि - હું પણ न - નથી तत् - તેને તે પરદ્રવ્યને - परिगृह्णामि - जइ परिग्गहो मज्झं - यदि परिग्रहो मम - જો પરિગ્રહ મ્હારો (હોય), तदो अहमजीवदं तु गच्छेज्ज - ततोऽहमजीवतां तु गच्छेयं - તો હું અજીવતા જ - અજીવપણું જ પામી જઉં, जह्मा अहं णादेव - यस्मात् अहं ज्ञातैव - કારણકે હું જ્ઞાતા જ છું, तह्मा ण परिग्गहो मज्झ तस्मात् न परिग्रहो मम - તેથી પરિગ્રહ મ્હારો નથી. ॥२०८॥ इति **गाथा** आत्मभावना ॥२०८॥

यदि - જો परद्रव्यमजीवं - પરદ્રવ્યને અજીવને अहं परिगृह्णीयां - હું પરિગ્રહું, तदा - તો अवश्यमेवाजीवो ममासौ स्वः स्यात् - અવશ્યમેવ અજીવ એવો એ મ્હારો 'સ્વ' હોય - સ્વ - પોતાનો માલ - સ્વ ધન - સ્વદ્રવ્ય હોય, अहमप्यवश्यमेवाजीवस्यामुष्य स्वामी स्यां - હું પણ અવશ્યમેવ આ અજીવ એવા એનો 'સ્વામી' - માલિક - ધણી હોઉં, अजीवस्य तु यः स्वामी स किलाजीवः - પણ અજીવનો જે સ્વામી, તે ખરેખર ! નિશ્ચયે કરીને અજીવ છે, एवमवशेनापि ममाजीवत्वमापद्येत - એમ અવશથી પણ મ્હારૂં અજીવપણું આપન્ન થાય - આવી પડે. मम तु एको ज्ञायक एव भावः यः स्वः - પરંતુ મ્હારો તો એક જ્ઞાયક જ ભાવ છે જે સ્વ છે, अस्यैवाहं स्वामी - આનો જ - આ જ્ઞાયક ભાવનો જ હું સ્વામી - માલિક - ધણી છું, ततो माभून्ममाजीवत्वं - તેથી મ્હારૂ અજીવત્વ - અજીવપણું મ હો ! ज्ञातैवाहं भविष्यामि - જ્ઞાતા જ હું હોઈશ - થઈશ, न परद्रव्यं परिगृह्णामि - પરદ્રવ્ય હું નથી પરિગ્રહતો, अयं च मे निश्चयः - અને આ જ મ્હારો નિશ્ચય છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२०८॥

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"આરંભ પરિગ્રહ તે અવૈરાગ્ય અનુપશમનાં મૂળ છે, વૈરાગ્ય અને ઉપશમના કાળ છે. ** એમ સત્તર પ્રકાર ફરીથી કહી આરંભ પરિગ્રહની નિવૃત્તિનું ફળ જ્યાં છેવટે કેવળ જ્ઞાન છે ત્યાં સુધી લીધું છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૪૭૮), ૫૦૬**

**જ્ઞાનીની પરદ્રવ્ય પરિગ્રહ ત્યાગ ભાવના**

આથી કરીને હું પણ તે પરદ્રવ્યને પરિગ્રહતો નથી એમ પરિગ્રહ-મમત્વ ત્યાગાર્થે જ્ઞાની ભાવના કરે છે કે - પરિગ્રહ જો મ્હારો હોય તો હું 'અજીવતા' - અજીવપણું - જડપણું પામી જઉં, કારણકે હું 'જ્ઞાતા જ' - જ્ઞાયક જ - જાણનારો જ છું, તેથી પરિગ્રહ મ્હારો નથી. આવા ભાવની આ ગાથાનું અપૂર્વ ભાવનાશીલ પરિભાવન કરતાં પરમ ભાવિતાત્મા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** વદે છે કે - 'જો પરદ્રવ્યને અજીવને હું પરિગ્રહું', આત્માથી પર એવા પરદ્રવ્યને - અજીવને - (કે જે અજીવ છે તેને) હું મ્હારી માલિકી રૂપ પરિગ્રહ કરૂં, 'તો અવશ્યમેવ અજીવ તે મ્હારો 'સ્વ' થાય, હું પણ અવશ્યમેવ આ અજીવનો સ્વામી થાઉં', પણ અજીવનો જે સ્વામી છે તે તે નિશ્ચયે કરીને પ્રગટ પણે અજીવ છે. એમ 'અવશથી' જ - પરાણે જ (Perforce) મ્હારૂં અજીવપણું આવી પડે - પણ આમ તો છે નહિ, મ્હારો તો એક જ્ઞાયક ભાવ જે છે તે જ 'સ્વ' છે - (સ્વધન - સ્વદ્રવ્ય), આનો જ હું સ્વામી છું - मम तु एको ज्ञायक एव भावः यः स्वः अस्यैवाहं स्वामी, તેથી મ્હારૂં અજીવપણું મ હો ! 'જ્ઞાતા જ' - જ્ઞાયક જ - જાણનારો જ હું હોઈશ. 'હું' - આત્મા પરદ્રવ્ય નહિ પરિગ્રહું - પરદ્રવ્યનો પરિગ્રહ નહિ ગ્રહું, આ જ મ્હારો નિશ્ચય છે - न परद्रव्यं परिगृह्णामि अयं च मे निश्चयः ।

**'एक एव सुहृद्धर्मो'**
**'જે ત્યાંની તે ત્યાં રહી જી'**

જ્ઞાની ભાવના ભાવે છે કે - મ્હારો પોતાનો 'સ્વ ભાવ' - સ્વભાવ - ધર્મ એ જ મ્હારો પોતાનો 'સ્વ' છે અને હું એનો સ્વામી છું, 'પર'ભાવ - પર ધર્મ એ મ્હારો 'સ્વ' નથી અને હું એનો સ્વામી નથી. 'પર' ભાવ - 'પર' ધર્મ એ તો ખરેખર ! મ્હારો 'પર' છે - શત્રુ છે - આત્મવૈરી છે, એ પરધર્મ તો મને ભવ ભ્રમણ દુઃખમાં નાંખી ખરેખર ! 'ભયાવહ' થઈ પડ્યો છે. માટે સ્વભાવ - સ્વ ધર્મનું પાલન કરતાં 'નિધન' - મૃત્યુ થાય તો પણ શ્રેય છે, 'स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः ।' માટે પ્રાણાંતે પણ મ્હારે મ્હારો સ્વધર્મ સ્વભાવ છોડવો યોગ્ય નથી અને પરધર્મ પરભાવ પરિગ્રહવો યોગ્ય નથી. આ મ્હારો પોતાનો 'અમૃત' સ્વભાવ સ્વધર્મ એ જ એક જ મ્હારો ખરેખરો સુહૃદ્ - મિત્ર છે, કે જે મૃતની પાછળ પણ જાય છે, બાકી પરભાવ પરિગ્રહ રૂપ બીજું બધું તો શરીરની સાથે જ નાશ પામી જાય છે. બીજા બધા કહેવાતા સ્વજન - સંબંધી તો દેહના સંબંધી હોઈ, દેહ નષ્ટ થતાં તેની સાથે જ નષ્ટ થાય છે, દેહપર્યાય છૂટી જતાં તે તે સંબંધ પણ છૂટી જાય છે. સ્વજનાદિ તો મૃતદેહને બાળી - જાળી સ્મશાનમાંથી પાછા વળે છે, સ્નાન - સૂતક કરી, દા'ડો-પવાડો કરી, થોડો વખત સાચો - ખોટો સ્વાર્થમય ખેદ કરી, મરનારના નામની મોટી પોક મૂકી પોતાના સ્વાર્થને રડતા રહી, થોડા વખત પછી મરનારના નામને પણ વિસરી જાય છે ! અરે ! એટલું જ નહિ પણ કેટલીક વાર તો મરનારના નામે, મરનારે મહા મહેનતે સંગ્રહેલ પરિગ્રહ માટે - મરનારની મિલકત માટે અનેક પ્રકારના ઝઘડા કરે છે, કોર્ટ - કજીઆ ઉભા કરે છે, ને **મરનાર પાછળ** ભવાડા કરી તેના નામને જગબત્રીશીએ ચઢાવે છે ! ફજેતી કરે છે ! આમ પોત-પોતાના સ્વાર્થને આશ્રીને જગત્માં સર્વ કોઈ પ્રીત - સગાઈ કરે છે, પણ તે બધી પ્રીત - સગાઈ સાચી નથી - ખોટી છે, સાચી પ્રીત - સગાઈ તો નિરુપાધિક નિઃસ્વાર્થ, પરમાર્થ પ્રેમમય એવી સ્વભાવ રૂપ સ્વધર્મની જ છે, **'ધર્મપ્રેમ એ જ સાચો પ્રેમ છે'**. કારણકે ધર્મ જ પરમ મિત્ર - સુહૃદ્ની જેમ જ્યાં જ્યાં આ જીવ જાય છે ત્યાં

---

* "एक एव सुहृद्धर्मो मृतमप्यनुयाति यः ।
शरीरेण समं नाशं सर्वमन्यत्तु गच्छति ॥" - શ્રી હરિભદ્રસૂરિ કૃત 'યોગદૃષ્ટિ સમુચ્ચય' શ્લો. ૫૯

ત્યાં સર્વત્ર તેનો અનુગામી થઈ, સાચું મિત્રપણું અદા કરે છે, સર્વત્ર હિતસ્વી રહી આત્મકલ્યાણ સાધી, સાચો નિર્વ્યાજ મિત્રધર્મ બજાવતો રહે છે. એટલા માટે આવા પરમાર્થ પ્રેમી ધર્મ રૂપ પરમ કલ્યાણ મિત્રનો સંસર્ગ મ્હારે કદી પણ છોડવો યોગ્ય નથી અને આત્માના 'પરરૂપ' - પરમ શત્રુરૂપ આ પરદ્રવ્યના પરિગ્રહનો પ્રપંચ મ્હારે જોડવો યોગ્ય નથી. કારણકે મનુષ્ય ગમે તેટલા છળ પ્રપંચો કરી, ગમે તેટલા કાળા ધોળા કરી, ગમે તેટલું ધન સંચય કરે, ગમે તેટલી 'દો-લત' એકઠી કરે, ગમે તેટલા વાડી વજીફા ને બાગ-બંગલા બંધાવે, ગમે તેટલી ઋદ્ધિ-સમૃદ્ધિ મેળવે, અરે ! સકલ શત્રુદલને પદદલિત કરી વિશ્વનું એકછત્રી સામ્રાજ્ય સાધી ચક્રવર્તી પદવી પણ પ્રાપ્ત કરે, તો પણ જ્યારે મૃત્યુ વેળા આવી પ્હોંચે છે, ત્યારે તે બધું ય એમને એમ ધર્યું રહે છે, જે જ્યાંનું છે ત્યાંનું ત્યાં જ પડ્યું રહે છે, ને યમરાજની આજ્ઞાથી આ કાયા રૂપ કોટડી એક ક્ષણની પણ નોટીસ વિના તાબડતોબ ખાલી કરી, એ બધોય પરિગ્રહ પરાણે મૂકીને જેવા આવ્યા તેવા ખાલી હાથે પાછા ચાલ્યા જવું પડે છે. મહા પરાક્રમી વિજેતા એલેક્ઝાંડર (સિકંદર) જ્યારે મૃત્યુ શય્યા પર હતો ત્યારે તેણે એવો આદેશ કર્યો હતો કે મ્હારી ઠાઠડી જ્યારે લઈ જવામાં આવે ત્યારે મ્હારી મુઠ્ઠી ખુલ્લી રાખજો, ને જગત્‌ને બતાવજો કે આ સિકંદર ખાલી હાથે આવ્યો હતો ને ખાલી હાથે જાય છે. તેમ સર્વ કોઈ ખાલી હાથે આવે છે ને ખાલી હાથે જાય છે. સાથે આવે છે માત્ર એક ધર્મ મિત્ર જ, એટલે **'હાથે તે સાથે'** એમ સમજી હું પરદ્રવ્ય પરિગ્રહ પ્રપંચ ત્યજી, મ્હારા સ્વધર્મ સ્વભાવને જ ભજું.

''પરિગ્રહની મમતા કરીજી, ભવ ભવ મેલી રે આથ;
જે જ્યાંની તે ત્યાં રહીજી, કોઈ ન આવી સાથ રે... જિનજી ! મિચ્છા દુક્કડ આજ.''

**- શ્રી વિનયવિજયજી કૃત શ્રી પુણ્યપ્રકાશ સ્તવન**

''પુહવીને જે છત્ર પરે કરે, મેરુનો કરે દંડ રે,
તે પણ ગયા હાથ ઘસ'તા, મૂકી સર્વ અખંડ... માયા જાલ રે.'' **- શ્રી રૂપવિજયજી**

''ચેતન ! તારા જવા પછી એ શું કરે છે ? તું જે તેઓને માટે આખો ભવ ધૂળ ઘાલી રળ્યો, ખપ્યો તેનું તો ગમે તે થાઓ, સારી ગતિ થાઓ કે માઠી થાઓ, તેનો તો તેઓને વિચાર પણ નથી, પણ ઉલટા તારા જવા પછી તારાં દ્રવ્યની ભાંગફોડ કરે છે, તે વ્હેંચી લે છે, તે વ્હેંચણીમાં તોફાન કરે છે, કોઈને ઓછું મળે છે, કોઈને વધારે મળે છે, આથી વિરોધ થાય છે, કોઈ તને જશ આપે છે, કોઈ તારાથી ચેડાં કાઢે છે ઈ.''

**- શ્રી મનઃસુખભાઈ કિરતૂચંદ કૃત શાંતસુધારસ વિવેચન (મૃત્યુ સુધારક બોધ)**

જ્ઞાની
સમ્યગ્દૃષ્ટિ

**छिज्जदु वा भिज्जदु वा णिज्जदु वा अहव जादु विप्पलयं ।**
**जह्मा तह्मा गच्छदु तहवि हु ण परिग्गहो मज्झ ॥२०९॥**

છેદાઓ ! ભેદાઓ ! લઈ જવાઓ વા ! રે, પામો વિપ્રલય ભાવ !
જ્યાં ત્યાં જાઓ ! તોયે ખરે રે ! પરિગ્રહ મુજ ના સાવ... રે જ્ઞાની નિર્જરા. ૨૦૯

**અર્થ** - ભલે છેદાઓ, વા ભેદાઓ, વા લઈ જવાઓ, વા વિપ્રલય પામો, વા જ્યાં ત્યાં (ગમે ત્યાં) જાઓ, તથાપિ નિશ્ચયે કરીને પરિગ્રહ મ્હારો નથી. ૨૦૯

**आत्मख्याति टीका**

**छिद्यतां वा भिद्यतां वा नीयतां वाथवा यातु विप्रलयं ।**
**यस्मात्तस्माद् गच्छतु तथापि खलु न परिग्रहो मम ॥२०९॥**

**छिद्यतां वा भिद्यतां वा नीयतां वा विप्रलयं या तु वा यतस्ततो गच्छतु वा तथापि न** परद्रव्यं परिगृह्णामि । यतो न परद्रव्यं मम स्वं नाहं परद्रव्यस्य स्वामी परद्रव्यमेव परद्रव्यस्य स्वं परद्रव्यमेव परद्रव्यस्य स्वामी, अहमेव मम स्वं अहमेव मम स्वामीति जानामि ॥२०९॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

ભલે **છેદાઓ ! વા ભેદાઓ ! વા લઈ જવાઓ ! વા વિપ્રલય પામો ! વા જ્યાં ત્યાં જાઓ ! તથાપિ હું પરદ્રવ્ય પરિગ્રહતો નથી,** કારણકે -

પરદ્રવ્ય મ્હારૂં સ્વ નથી, હું પરદ્રવ્યનો સ્વામી નથી,
પરદ્રવ્ય જ પરદ્રવ્યનું સ્વ છે, પરદ્રવ્ય જ પરદ્રવ્યનો સ્વામી છે,
હું જ મ્હારૂં સ્વ છું, હું જ મ્હારો સ્વામી છું, એમ જાણું છું. ૨૦૯

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાની પુરુષોએ વારંવાર આરંભ પરિગ્રહના ત્યાગનું ઉત્કૃષ્ટપણું કહ્યું છે અને ફરી ફરી તે ત્યાગનો ઉપદેશ કર્યો છે અને ઘણું કરી પોતે પણ એમ વર્ત્યા છે, માટે મુમુક્ષુ પુરુષને અવશ્ય કરી તેની સંક્ષેપ વૃત્તિ જોઈએ, એમાં સંદેહ નથી.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૬૫**

પરદ્રવ્ય પરિગ્રહ મમત્વ ત્યાગાર્થે કૃતનિશ્ચયી જ્ઞાની કેવી ઓર વિશેષ ભાવના કરે છે તેનું અત્ર કથન છે ને તેનું પરમ ભાવનાશીલ વ્યાખ્યાન **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** કર્યું છે, તે આ પ્રકારે - 'छिज्जदु वा भिज्जदु वा णिज्जदु वा अहव जादु विप्पलयं' - પરદ્રવ્ય રૂપ જે પરિગ્રહ છે તે ભલે છેદાઈ

**आत्मभावना** -

छिज्जदु वा भिज्जदु वा णिज्जदु वा - छिद्यतां वा भिद्यतां वा नीयतां वा - **છેદાઓ ! વા ભેદાઓ ! વા લઈ જવાઓ !** अहव जादु विप्पलयं - अथवा यातु विप्रलयं - **અથવા વિપ્રલય પામી જાઓ ! વિ - વિશેષે કરીને પ્ર - પ્રકૃષ્ટ પણે સર્વથા લય - નાશ પામી જાઓ !** जह्मा तह्मा गच्छदु - यस्मात्तस्माद् गच्छतु - **જ્યાં ત્યાં** - ગમે ત્યાં **જાઓ !** तहवि हु ण परिग्गहो मज्झ - तथापि खलु न परिग्रहो मम - **તથાપિ ખરેખર ! નિશ્ચયે કરીને પરિગ્રહ મ્હારો નથી.** ॥ इति **गाथा** आत्मभावना ॥२०९॥

छिद्यतां वा भिद्यतां वा नीयतां वा - **છેદાઓ, વા ભેદાઓ, વા લઈ જવાઓ !** विप्रलयं यातु वा - **વા વિપ્રલય પામી જાઓ,** यतस्ततो गच्छतु वा - **વા જ્યાં ત્યાં** - ગમે ત્યાં **જાઓ !** तथापि न परद्रव्यं परिगृह्णामि - **તથાપિ પરદ્રવ્ય હું પરિગ્રહતો નથી.** શા કારણથી ? यतो - કારણકે - न परद्रव्यं मम स्वं - **પરદ્રવ્ય મ્હારૂં 'સ્વ'** - **સ્વધન - સ્વદ્રવ્ય** - પોતાની માલ મિલકત નથી, नाहं परद्रव्यस्य स्वामी - **પરદ્રવ્ય જ પરદ્રવ્યનું સ્વ છે,** परद्रव्यमेव परद्रव्यस्य स्वामी - **પરદ્રવ્ય જ પરદ્રવ્યનો સ્વામી છે,** अहमेव मम स्वं - **હું જ મ્હારૂં સ્વ છું,** अहमेव मम स्वामी - **હું જ મ્હારો સ્વામી છું.** इति जानामि - **એમ જાણું છું.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२०९॥

પરદ્રવ્ય મ્હારૂં સ્વ નથી, હું પરદ્રવ્યનો સ્વામી નથી : હું જ મ્હારૂં સ્વ, હું જ મ્હારો સ્વામી

જાઓ ? ભલે ભેદાઈ જાઓ ! ભલે કોઈથી લઈ જવાઓ ! ભલે 'વિપ્રલય' - વિશેષે કરીને પ્રકૃષ્ટપણે લય - નાશ પામો, સર્વથા પ્રલય - પ્રણાશ પામો ! અથવા ભલે ગમે ત્યાં ચાલ્યો જાઓ ! તો પણ હું પરદ્રવ્ય પરિગ્રહતો નથી, સર્વથા ગ્રહણ કરતો નથી. કારણકે - પરદ્રવ્ય મ્હારૂં 'સ્વ' નથી, સ્વધન - પોતાનું નિજ દ્રવ્ય નથી અને હું પરદ્રવ્યનો 'સ્વામી' નથી, માલિક - ધણી નથી - 'न परद्रव्यं मम स्वं नाहं परद्रव्यस्य स्वामी' - પરદ્રવ્ય જ પરદ્રવ્યનું 'સ્વ' છે - સ્વધન પોતાનું નિજ દ્રવ્ય છે, પરદ્રવ્ય જ પરદ્રવ્યનો 'સ્વામી' છે - માલિક - ધણી છે, 'परद्रव्यमेव परद्रव्यस्य स्वं परद्रव्यमेव परद्रव्यस्य स्वामी', 'હું જ' - આત્મા જ મ્હારૂં 'સ્વ' - સ્વધન પોતાનું નિજ દ્રવ્ય છું, હું જ મ્હારો 'સ્વામી' છું - માલિક - ધણી છું, 'अहमेव मम स्वं अहमेव मम स्वामी', એમ હું જાણું છું.

'પરિગ્રહ'ની બલા

આમ આત્મભાવનાથી ભાવિતાત્મા જ્ઞાની ભાવે છે કે - આ પરિગ્રહ ખરેખર ! એક મોટામાં મોટી બલા છે. આ નામચીન 'પરિગ્રહ' પણ પોતાના નામ પ્રમાણે, જીવને 'પરિ' એટલે ચોતરફથી 'ગ્રહે' છે, પકડી લે છે, જકડી લે છે. પછી તો આ 'ગ્રહ' (ભૂત અથવા દુષ્ટ ગ્રહ અથવા મગર) જેવા પરિગ્રહની જીવ પર જકડ - પકડ એવી તો મજબૂત હોય છે, કે તેના ભીડામાંથી છૂટવા ધારે તો પણ છૂટવું જીવને ભારે પડે છે. તે પરિગ્રહ - બલા વળગી તે વળગી, કાઢવી મુશ્કેલ પડે છે. મોટા વ્યવસાયો આરંભનારા અથવા મોટી મોટી રાજ્યાદિ ઉપાધિ ધારણ કરનારા જનોનો આ રોજનો જાતિ અનુભવ છે. પરિગ્રહની જંજાલમાં ફસેલા તે બાપડાઓને રાતે નીરાંતે ઉંઘ પણ આવતી નથી. કારણકે આ પરિગ્રહ અને આરંભને દીલોજાન દોસ્તી છે, જેમ જેમ આરંભ વધે છે તેમ તેમ આરંભનો મિત્ર પરિગ્રહ પણ સાથો સાથ વૃદ્ધિ પામે છે અને આરંભ એ પ્રગટ આકુલતાનું કારણ છે, નિરારંભ પ્રગટ નિરાકુલતાનું કારણ છે. જેટલી આરંભ ઉપાધિ, તેટલી આકુલતા ને દુઃખ, જેટલી નિરારંભ નિરુપાધિ, તેટલી નિરાકુલતા ને સુખ, એ પ્રત્યક્ષ સિદ્ધ નિર્વિવાદ વાત છે. એટલે જીવે હાથે કરીને વ્હોરેલી આરંભ ઉપાધિ જીવને પોતાને જ પરિગ્રહ રૂપ આકુલતા ઉપજાવી દુઃખનું કારણ થઈ પડે છે ! હાથનાં કર્યાં હૈયે વાગે છે ! આવા અનુપશમના નિવાસધામ રૂપ આરંભ પરિગ્રહ મધ્યે 'વૈરાગ્ય અને ઉપશમ હોય તો તે પણ ચાલ્યા જવા સંભવે છે.' કારણકે 'આરંભ પરિગ્રહ તે અવૈરાગ્ય અને અનુપશમના મૂળ છે, વૈરાગ્ય ઉપશમના કાળ છે.' માટે આ વળગેલી પરિગ્રહ - બલાને હું અળગી કરૂં. મ્હારો આ કહેવાતો પરિગ્રહ ભલે છેદાઈ જાઓ ! ભેદાઈ જાઓ ! ભલે કોઈ ઉપાડી જાઓ ! નાશ પામો ! વા ગમે ત્યાં ચાલ્યો જાઓ ! તેની મને પરવાહ નથી. હું મ્હારા 'સ્વ'નો - આત્માનો જ ગ્રાહક થાઉં એટલે 'પર'નું ગ્રહણપણું એની મેળે છૂટી જશે. ઈત્યાદિ ભાવના ભાવતો અવધૂત જ્ઞાની સમસ્ત પરદ્રવ્ય પરિગ્રહને અવધૂત કરે છે - ફગાવી દે છે.

''આત્મ ગ્રાહક થયે ટળે પર ગ્રહણતા,
તત્ત્વ ભોગી થયે ટળે પરભોગ્યતા... ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઈએ.'' - **શ્રી દેવચંદ્રજી**

''સ્વદ્રવ્યના અન્ય દ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ. સ્વ દ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ. સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ. સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ. સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ, સ્વદ્રવ્યની રક્ષકતા ઉપર લક્ષ રાખો (દો). પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો. પરદ્રવ્યની રમણતા ત્વરાથી તજો. પરદ્રવ્યની ગ્રાહકથી ત્વરાથી તજો.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અંક-૫, બોધવચન**

જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ

હવે વિશેષથી પરિગ્રહ ત્યાગની જ્ઞાનીની પ્રવૃત્તિ દર્શાવતી નીચેની ગાથાઓના ભાવનું સૂચન કરતો આ ઉપસંહાર - ઉત્થાનિકારૂપ અનુસંધિ **સમયસાર કળશ** (૧૩) કહે છે -

वसंततिलका

**इत्थं परिग्रहमपास्य समस्तमेव, सामान्यतः स्वपरयोरविवेकहेतुं ।**

**अज्ञानमुज्झितुमना अधुना विशेषाद्, भूयस्तमेव परिहर्तुमयं प्रवृत्तः ॥१४५॥**

સર્વે પરિગ્રહ ફગાવી દઈ જ આમ, સામાન્યથી સ્વ પરનો અવિવેક હેતુ;

અજ્ઞાન ત્યાગ કરવા મન ધારી હાવાં, તેહી વિશેષથી પરિહરવા ધામ પ્રવર્ત્યો. ૧૪૫

## અમૃત પદ-(૧૪૫)

પરિગ્રહ એમ ફગાવી, સમસ્ત જ પરિગ્રહ એમ ફગાવી,

સામાન્યથી સ્વ પરના અવિવેકનો હેતુ નિશ્ચય ભાવી... સમસ્ત જ પરિગ્રહ એમ ફગાવી. ૧

અજ્ઞાન આ છોડી દઉં એવું, એવું મનમાં લાવી,

હવે વિશેષે તે જ છાંડવા, એહ પ્રવર્ત્યો સુભાવી... સમસ્ત જ પરિગ્રહ. ૨

ભગવાન **અમૃતચંદ્ર** જ્ઞાની તે, નિત્યે શુદ્ધ સ્વભાવી,

અનુભવ અમૃતરસ સિંધુમાં, આત્મા દિયે મજજાવી... સમસ્ત જ પરિગ્રહ. ૩

**અર્થ** - આમ સામાન્યથી સ્વ - પરના અવિવેક હેતુ સમસ્ત જ પરિગ્રહને ફગાવી દઈ, (સ્વ પરના અવિવેક હેતુ) એવા અજ્ઞાનને છોડવાના મનવાળો આ (જ્ઞાની) હવે વિશેષથી પુનઃ તે જ (પરિગ્રહને) પરિહરવાને પ્રવૃત્ત થયો :-

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય (વિવેચન)

''આરંભ તથા પરિગ્રહની પ્રવૃત્તિ આત્મહિતને ઘણા પ્રકારે રોધક છે, અથવા સત્સમાગમના યોગમાં એક વિશેષ અંતરાયનું કારણ જાણીને તેના ત્યાગ રૂપે બાહ્ય સંયમ જ્ઞાની પુરુષોએ ઉપદેશ્યો છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૩૨**

**સ્વપર અવિવેક હેતુ પરિગ્રહનો સામાન્ય - વિશેષ પરિત્યાગ**

ઉપરમાં સામાન્યથી પરદ્રવ્ય પરિગ્રહ ત્યાગ અંગેની જ્ઞાનીની ભાવના - પ્રવૃત્તિ કહી દેખાડી, હવે વિશેષથી પરિગ્રહ ત્યાગ અંગેની જ્ઞાનીની પ્રવૃત્તિ નીચેની ગાથાઓમાં વર્ણવવામાં આવે છે, તેના સૂચનાર્થે આગલી - પાછલી ગાથાઓનું અનુસંધાન કરતો આ ઉપસંહાર - ઉત્થાનિકા રૂપ અનુસંધિ કળશ પરમ ગીતાર્થ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પરમ આત્મભાવોલ્લાસથી વસંતતિલકા વૃત્તમાં સંગીત કર્યો છે - इत्थं परिग्रहमपास्यं समस्तमेव सामान्यतः स्व परयोरविवेकहेतुं । આમ - ઉપરની ગાથાઓમાં જ્ઞાનીની પરિગ્રહ ત્યાગ ભાવના વિવરી દેખાડી તેમ, **'સામાન્યથી'** - સમગ્રતાથી (generally, totally, wholly - as a whole) સમાન ભાવથી સંપૂર્ણપણે સ્વ - પરના અવિવેક હેતુ એવા 'સમસ્ત જ' - કોઈ પણ અપવાદ સિવાય બધાય પરિગ્રહને ફગાવી દઈ, સ્વ પરના અવિવેક હેતુ અજ્ઞાનને છોડવાના મનવાળો 'આ' - વિવક્ષિત જ્ઞાની વિશેષથી પુનઃ 'તેને જ' - પરિગ્રહને જ પરિહરવાને પ્રવૃત્ત થયો. અર્થાત્ સમસ્ત પરિગ્રહ એ અજ્ઞાન ભાવ થકી જ છે, એટલે 'स्वपरयोरविवेकहेतुं अज्ञानमुज्झितुमना' - સ્વ - પરના અવિવેકના હેતુ રૂપ આ અજ્ઞાનને છોડવાનું જેનું મન છે એવો જ્ઞાની એમ ઉક્ત પ્રકારે સામાન્યથી સમસ્ત જ પરિગ્રહ ફગાવી દઈ, હવે વિશેષથી તે પરિગ્રહને જ 'પરિહરવાને' - સર્વથા છોડવાને પ્રવૃત્ત - પ્રવર્ત્તેલો છે, પ્રવૃત્તિશીલ બન્યો છે - अधुना विशेषाद् भूयस्तमेव परिहर्तुमयं प्रवृत्तः ।

અર્થાત્ 'સ્વ - પરના અવિવેક હેતુ' આરંભ પરિગ્રહ આડે જીવને સ્વભાવ રૂપ સ્વ ધર્મ સૂઝતો નથી અને તે આત્મલાભને ઘાતક થઈ પડે છે. એટલું જ નહિ પણ અનિચ્છાએ તેનો ઉદય પ્રસંગ હોય તો પણ તે 'આત્મ ભાવના ઉત્કૃષ્ટપણાને બાધ કરનાર તથા આત્મસ્થિરતાને અંતરાય કરનાર પ્રાયે થાય છે', આત્માને સ્વરૂપમાં સ્થિર કરવારૂપ સંવર ક્રિયામાં મુખ્ય અંતરાય આ આરંભ પરિગ્રહ છે, એટલા માટે જ જ્ઞાનીઓએ આરંભ પરિગ્રહની નિવૃત્તિ પર ઘણો ભાર આપ્યો છે. શ્રી ઠાણાંગ સૂત્રમાં 'દ્વિભંગી' કહી છે કે જ્યાં લગી આરંભ પરિગ્રહની નિવૃત્તિ થતી નથી, ત્યાં લગી જીવને મતિ જ્ઞાનાવરણીયથી માંડીને કેવલ જ્ઞાનાવરણીય આદિ પ્રકાર નિવૃત્ત થતા નથી. 'એમ સત્તર વાર તે ને તે વાત જણાવી' ત્યાં કહ્યું છે કે જીવને મતિજ્ઞાનથી માંડી યાવત્ કેવલજ્ઞાનાદિ ક્યારે ઉપજે ? આરંભ પરિગ્રહથી નિવર્ત્યે. (શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૦૬) એટલે અજ્ઞાન છોડવા જેની ઈચ્છા છે તેણે પરિગ્રહ છોડ્યે જ છૂટકો છે અને એટલે જ अज्ञानमुज्झितुमना - અજ્ઞાન છોડવાનું જેનું મન છે એવો આ જ્ઞાની અવધૂત સામાન્યથી સમસ્ત (whole packet) પરિગ્રહને અવધૂત કરી - ફગાવી દઈ, હવે વિશેષથી તે પરિગ્રહને પરિહરવાને પ્રવૃત્ત થયો છે.

**આકૃતિ**

| સામાન્યથી સમસ્ત જ<br>પરદ્રવ્ય પરિગ્રહ<br>ફગાવી દઈ | (સ્વ) \| પર અવિવેક - અજ્ઞાનને છોડવાના<br>મનવાળો આ વિવક્ષિત જ્ઞાની<br>વિશેષથી પુનઃ તે જ પરિગ્રહને પરિહરવા પ્રવૃત્ત થયો |
|---|---|

**अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णिच्छदे धम्मं ।**
**अपरिग्गहो दु धम्मस्स जाणगो तेण सो होई ॥२१०॥**

અપરિગ્રહ અનિચ્છ જ્ઞાની કહ્યો રે, ધર્મ ન ઈચ્છે સોય;
અપરિગ્રહ જ ધર્મનો રે, જ્ઞાયક તેથી તે હોય... રે જ્ઞાની નિર્જરા નિત્ય કરંત. ૨૧૦

**અર્થ** - અને અપરિગ્રહ અનિચ્છ કહેલો જ્ઞાની ધર્મને ઈચ્છતો નથી અને ધર્મનો અપરિગ્રહ જ છે તેથી તે જ્ઞાયક હોય છે. ૨૧૦

## आत्मख्याति टीका

**अपरिग्रहो अनिच्छो भणितो ज्ञानी च नेच्छति धर्मं ।**
**अपरिग्रहस्तु धर्मस्य ज्ञायकस्तेन स भवति ॥२१०॥**

इच्छा परिग्रहः तस्य **परिग्रहो नास्ति** यस्येच्छा **नास्ति,** इच्छा त्वज्ञानमयो भावः अज्ञानमयो भावस्तु **ज्ञानिनो** नास्ति, ज्ञानिनो ज्ञानमय एव भावोऽस्ति, ततो **ज्ञानी** अज्ञानमयस्य भावस्य इच्छाया अभावात् धर्मं नेच्छति । **तेन** ज्ञानिनो **धर्मपरिग्रहो** नास्ति । ज्ञानमयस्यैकस्य ज्ञायकभावस्य भावाद् धर्मस्य केवलं **ज्ञायक** एवा**यं स्यात्** ॥२१०॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

ઈચ્છા પરિગ્રહ છે, તેને **પરિગ્રહ છે નહિ** જેને ઈચ્છા છે નહિ, ઈચ્છા તો અજ્ઞાનમય ભાવ છે અને અજ્ઞાનમય ભાવ તો **જ્ઞાનીને** છે નહિ, જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ છે, તેથી **જ્ઞાની** અજ્ઞાનમય ભાવના - ઈચ્છાના અભાવને લીધે ધર્મ **નથી ઈચ્છતો, તેથી** જ્ઞાનીને **ધર્મ પરિગ્રહ છે નહિ,** જ્ઞાનમય એક જ્ઞાયક ભાવના ભાવને લીધે ધર્મનો કેવલ **જ્ઞાયક** જ આ હોય. ૨૧૦

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"ઘણું કરી પ્રાણીઓ આશાથી જીવે છે. જેમ જેમ સંજ્ઞા વિશેષ હોય છે તેમ તેમ વિશેષ આશાના બળથી જીવવું થાય છે. એક માત્ર જ્યાં આત્મવિચાર અને આત્મ જ્ઞાનનો ઉદ્ભવ થાય છે, ત્યાં સર્વ પ્રકારની આશાની સમાધિ થઈ જીવનાં સ્વરૂપથી જીવાય છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૫૬**

---

**आत्मभावना** -

अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य - अपरिग्रहोऽपि च भणितः ज्ञानी च - **અને અપરિગ્રહ અનિચ્છ કહેલો જ્ઞાની** धम्मं णिच्छदे - धर्मं न इच्छति - **ધર્મને નથી ઈચ્છતો,** अपरिग्गहो दु धम्मस्स - अपरिग्रहस्तु धर्मस्य - **અને ધર્મનો અપરિગ્રહ છે,** तेण सो जाणगो होई - तेन स ज्ञायकः भवति - **તેથી તે જ્ઞાયક હોય છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥२१०॥

**ઈચ્છા પરિગ્રહઃ** - **ઈચ્છા પરિગ્રહ છે,** तस्य परिग्रहो नास्ति यस्येच्छा नास्ति - **તેને પરિગ્રહ છે નહિ, જેને ઈચ્છા છે નહિ,** इच्छात्वज्ञानमयो भावः - **અને ઈચ્છા તો અજ્ઞાનમય ભાવ છે,** अज्ञानमयो भावः ज्ञानिनो नास्ति - **અને અજ્ઞાનમય ભાવ તો જ્ઞાનીને છે નહિ,** ज्ञानिनो ज्ञानमय एव भावोस्ति - **જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ છે.** ततो - **તેથી, શું ?** ज्ञानी धर्मं नेच्छति - **જ્ઞાની ધર્મને નથી ઈચ્છતો, શાને લીધે ?** अज्ञानमयस्य भावस्य इच्छायां अभावात् - **અજ્ઞાનમય ભાવના - ઈચ્છાના અભાવને લીધે - નહિ હોવાપણાને લીધે.** तेन - **તેથી, શું ?** ज्ञानिनो धर्मपरिग्रहो नास्ति - **જ્ઞાનીને ધર્મપરિગ્રહ છે નહિ, ત્યારે છે શું ?** धर्मस्य केवलं ज्ञायक एवायं स्यात् - **ધર્મનો કેવલ - માત્ર જ્ઞાયક જ - જાણનાર જ આ - જ્ઞાની હોય, એમ શાને લીધે ?** ज्ञानमयस्यैकस्य ज्ञायकभावस्य भावात् - **જ્ઞાનમય એક - અદ્વિતીય - અદ્વૈત જ્ઞાયક ભાવના ભાવને લીધે - હોવાપણાને લીધે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२१०॥

**જ્ઞાની અનિચ્છ અપરિગ્રહ : ધર્મ પરિગ્રહ નથી, કેવલ જ્ઞાયક જ**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે જ્ઞાની વિશેષથી પરિગ્રહ પરિહરવાને પ્રવૃત્ત હોય છે તે અત્ર દર્શાવ્યું છે અને તેનું નિષ્તુષ યુક્તિયુક્ત વૈજ્ઞાનિક (Scientific) સમર્થન આત્મખ્યાતિકર્ત્તા પરમર્ષિએ કર્યું છે. તે આ પ્રકારે - 'इच्छा परिग्रह' 'ઈચ્છા પરિગ્રહ છે', કંઈ પણ ઈચ્છવારૂપ 'ઈચ્છા' - અભિલાષા - કામના - સ્પૃહા - આશા - તૃષ્ણા - મૂર્ચ્છા તે જ 'પરિગ્રહ' છે, 'પરિ' - સર્વથા ચોતરફથી ગ્રહની જેમ ગ્રહતો 'ગ્રહ' એવો મમત્વ રૂપ - મૂર્ચ્છા ભાવરૂપ પરિગ્રહ છે. 'तस्य परिग्रहो नास्ति यस्यं इच्छा नास्ति' - તેને પરિગ્રહ છે નહિ, જેને ઈચ્છા છે નહિ, ઈચ્છા તો અજ્ઞાનમય ભાવ છે - 'इच्छा त्वज्ञानमयो भावः', કંઈ પણ ઈચ્છવારૂપ ઈચ્છા તો કેવળ અજ્ઞાન અજ્ઞાન ને અજ્ઞાનથી જ નિષ્પન્ન થયેલો 'અજ્ઞાનમય જ' ભાવ છે - અને અજ્ઞાનમય ભાવ તો જ્ઞાનીને છે નહિ - નથી હોતો, જ્ઞાનીનો જ્ઞાનમય જ ભાવ છે - 'अज्ञानमयो भावस्तु ज्ञानिनो नास्ति, ज्ञानिनो ज्ञानमय एव भावोऽस्ति ।' - જ્ઞાનીને કેવલ જ્ઞાન જ્ઞાન ને જ્ઞાનથી જ નિષ્પન્ન થયેલો 'જ્ઞાનમય જ' ભાવ છે. તેથી જ્ઞાની ઈચ્છા રૂપ અજ્ઞાનમય ભાવના 'અભાવને લીધે' - નહિ હોવાપણાને લીધે ધર્મ - ઈચ્છતો નથી, તેથી જ્ઞાનીને ધર્મ પરિગ્રહ - ધર્માસ્તિકાયનો પરિગ્રહ છે નહિ, ત્યારે છે શું ? જ્ઞાન જ્ઞાન ને જ્ઞાનથી જ નિષ્પન્ન થયેલ કેવલ 'જ્ઞાનમય' 'એક' - અદ્વિતીય અદ્વૈત 'જ્ઞાયક ભાવના' - જાણપણા રૂપ ભાવના 'ભાવને લીધે' - હોવાપણાને લીધે ધર્મનો 'ધર્માસ્તિકાય' - 'કેવલ' - માત્ર 'જ્ઞાયક જ' - હોય નારો જ - જ્ઞાતા જ 'આ' - જ્ઞાની હોય - ज्ञानमयस्यैकस्य ज्ञायक भावस्य भावाद् धर्मस्य केवलं ज्ञायक एवायं स्यात् ।

**ધર્મ ઉપકરણમાં પણ અપ્રતિબંધ : મૂર્ચ્છા અભાવ**

આમ પરદ્રવ્યરૂપ ધર્મનો - ધર્માસ્તિકાયનો જ્ઞાની જેમ કેવલ જ્ઞાયક જ છે, તેમ ઉપલક્ષણથી ઈતર સર્વ પરદ્રવ્યનો પણ તે કેવલ જ્ઞાયક જ છે, પણ પરિગ્રહરૂપ ઈચ્છા પ્રતિબંધથી તેનો પરિગ્રાહક નથી; અને આમ અન્યત્ર ઈચ્છા પ્રતિબંધની વાત તો દૂર રહો, પણ જ્ઞાનીને આત્મધર્મના સાધનભૂત ઉપકરણ બાબતમાં પણ પ્રાયે કોઈ પણ જાતનો વિઘાત - ઈચ્છા પ્રતિબંધ ઉપજતો નથી, કારણકે જે આત્મસિદ્ધિરૂપ સાધ્યની સિદ્ધિ કરવાની છે, તે ભણી જ પોતાનો સતત લક્ષ રાખે છે, સદાય સાધ્યરુચિ રહી તે સાધન કરે છે.

**સાધન તે બંધન !**

કારણકે તે સારી પેઠે સમજે છે કે - જ્ઞાની પુરુષોએ બાહ્ય - અભ્યંતર જે કાંઈ ઉપકરણ કહ્યા છે, દ્રવ્ય ભાવ જે કાંઈ સાધન બતાવ્યા છે, તે કેવળ જીવનો ઉપકાર થવા માટે કહ્યા છે, અપકાર થવા માટે નહિ. પણ તેમાં પણ જો જીવ મમત્વભાવ રાખે, ઈચ્છારૂપ પ્રતિબંધ કરે, પરિગ્રહભાવરૂપ મૂર્ચ્છા ધરાવે, તો તે ઉપકરણો ઉલટા અપકરણોરૂપ થઈ પડે છે ! અધિકરણો થઈ પડે છે ! સાધન તે બંધન બને છે !

પુરુષ આ સર્વ જાણતો હોઈ તે તે ઉપકરણોને ઉપકરણરૂપે આરાધે છે, તે તે સાધનોને સાધન રૂપે સેવે છે અને તેમાં પરિગ્રહબુદ્ધિ રૂપ - મમત્વરૂપ ઈચ્છા પ્રતિબંધ કરી તેને બંધન બનાવતો નથી, કારણકે તે યમ, નિયમ, સંયમ, ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ, જપ, તપ, વ્રત, શાસ્ત્ર આદિ આભ્યંતર ઉપકારી સાધનોને પણ કેવળ શુદ્ધ આત્માર્થે જ સેવે છે. શુદ્ધ આત્મસિદ્ધિનો સતત નિશ્ચય લક્ષ્ય રાખી આરાધે છે. જેમ રાધાવેધ સાધનારા બાણાવળીનો લક્ષ રાધાની (પૂતળીની) કીકી પર જ હોય છે, તેમ આ આત્માર્થી મુમુક્ષુ પુરુષનો નિરંતર લક્ષ શુદ્ધ આત્મારૂપ પરમાર્થ પર જ હોય છે - આમ

* "परिष्कारगतः प्रायो विघातोऽपि न विद्यते ।" - 'યોગદૃષ્ટિ સમુચ્ચય' શ્લો. ૫૬
* "पुत्रदारादि संसारः पुंसां संमूढचेतसाम् । विदुषां शास्त्रसंसारः सद्योगरहितात्मनाम् ॥" - 'યોગબિન્દુ'

હોવાથી આ જ્ઞાનીને ઉપકરણ વિષયમાં પણ કોઈ પણ વિઘાત ઉપજતો નથી, પરિગ્રહબુદ્ધિ રૂપ ઈચ્છા પ્રતિબંધ વિઘ્ન નડતું નથી.

"સાધ્યરસી સાધકપણે અભિસંધિ રમ્યો નિજ લક્ષ રે." - શ્રી દેવચંદ્રજી

"સર્વે સાધન બંધન થયા, રહ્યો ન કોઈ ઉપાય;
સત્ સાધન સમજ્યો નહિ, ત્યાં બંધન શું જાય." - શ્રીમદ્ રાજચંદ્રજી



**अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णिच्छदि अहम्मं ।**
**अपरिग्गहो अधम्मस्स जाणगो तेण सो होदि ॥२११॥**

અપરિગ્રહ અનિચ્છ જ્ઞાની કહ્યો રે, અધર્મ ન ઈચ્છે સોય;
અપરિગ્રહ અધર્મનો રે, જ્ઞાયક તેથી તે હોય... રે જ્ઞાની નિર્જરા નિત્ય કરંત. ૨૧૧

**ગાથાર્થ** - અપરિગ્રહ અનિચ્છ કહેલો જ્ઞાની અધર્મને નથી ઈચ્છતો, અધર્મનો અપરિગ્રહ છે, તેથી તે જ્ઞાયક હોય છે. ૨૧૧

## आत्मख्याति टीका

**अपरिग्रहोऽनिच्छो भणितो ज्ञानी च नेच्छत्यधर्मं ।**
**अपरिग्रहोऽधर्मस्य ज्ञायक–स्तेन स भवति ॥२११॥**

इच्छा परिग्रहः, तस्य **परिग्रहो नास्ति** यस्येच्छा **नास्ति,** इच्छा त्वज्ञानमयो भावः, अज्ञानमयो भावस्तु **ज्ञानिनो** नास्ति, ज्ञानिनो ज्ञानमय एव भावोऽस्ति । ततो **ज्ञानी** अज्ञानमयस्य भावस्य इच्छाया अभावात् **अधर्मं नेच्छति, तेन** ज्ञानिनः **अधर्मपरिग्रहो नास्ति,** ज्ञानमयस्यैकस्य ज्ञायकभावस्य भावादधर्मस्य केवलं **ज्ञायक** एवा**यं स्यात्** । एवमेव चाधर्मपदपरिवर्त्तनेन रागद्वेष क्रोधमानमायालोभकर्मनोकर्ममनोवचनकायश्रोत्रचक्षुर्घ्राणरसनस्पर्शनसूत्राणि षोडश व्याख्येयानि, अनया दिशाऽन्यान्यप्यूह्यानि ॥२११॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

ઈચ્છા પરિગ્રહ છે, તેને **પરિગ્રહ છે નહિ** જેને **ઈચ્છા છે નહિ,** ઈચ્છા તો અજ્ઞાનમય ભાવ છે અને અજ્ઞાનમય ભાવ તો **જ્ઞાનીને** છે નહિ, જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ છે, તેથી **જ્ઞાની** અજ્ઞાનમય ભાવના - ઈચ્છાના અભાવને લીધે **અધર્મને નથી ઈચ્છતો, તેથી** જ્ઞાનિને **અધર્મ પરિગ્રહ છે નહિ,** જ્ઞાનમય એક જ્ઞાયક ભાવના ભાવને લીધે અધર્મનો કેવલ **જ્ઞાયક** જ **આ હોય** અને એમ જ - અધર્મ

---

**आत्मभावना** -

अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य - अपरिग्रहोऽनिच्छो भणितो ज्ञानी च - **અને અપરિગ્રહ અનિચ્છ કહેલો જ્ઞાની** अहम्मं णिच्छदि - अधर्मं न इच्छति - **અધર્મને નથી ઈચ્છતો,** अपरिग्गहो अधम्मस्स - अपरिग्रहोऽधर्मस्य - **અધર્મનો અપરિગ્રહ છે,** तेण सो जाणगो होइ - तेन स ज्ञायकः भवति - **તેથી તે જ્ઞાયક હોય છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥२११॥

इच्छा परिग्रहः - **ઈચ્છા પરિગ્રહ છે,** तस्य परिग्रहो नास्ति यस्येच्छा नास्ति - **તેને પરિગ્રહ છે નહિ, જેને ઈચ્છા છે નહિ,** इच्छा त्वज्ञानमयो भावः - **અને ઈચ્છા તો અજ્ઞાનમય ભાવ છે,** अज्ञानमयो भावस्तु ज्ञानिनो नास्ति - **અને અજ્ઞાનમય ભાવ તો જ્ઞાનીને છે નહિ,** ज्ञानिनो ज्ञानमय एव भावोस्ति - **જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ છે.** ततो - **તેથી, શું ?** ज्ञानी अधर्मं नेच्छति - **જ્ઞાની અધર્મને નથી ઈચ્છતો, શાને લીધે ?** अज्ञानमयस्य भावस्य इच्छाया अभावात् - **અજ્ઞાનમય ભાવના - ઈચ્છાના અભાવને લીધે નહિ હોવાપણાને લીધે.** तेन - **તેથી, શું ?** ज्ञानिनः अधर्मपरिग्रहो नास्ति - **જ્ઞાનીને અધર્મ પરિગ્રહ છે નહિ, ત્યારે શું છે ?** अधर्मस्य केवलं ज्ञायक एवायं स्यात् - **અધર્મનો કેવલ - માત્ર જ્ઞાયક જ - જાણનાર જ આ - જ્ઞાની હોય, એમ શાને લીધે ?** ज्ञानमयस्यैकस्य ज्ञायक भावस्य भावात् - **જ્ઞાનમય એક - અદ્વિતીય - અદ્વૈત જ્ઞાયક ભાવના ભાવને લીધે - હોવાપણાને લીધે.**

एवमेव च - **અને એમજ - ઉક્ત પ્રકારની જેમ જ** अधर्मपदपरिवर्त्तनेन - **અધર્મ પદના પરિવર્તનથી - અધર્મ પદના બદલે - અધર્મ પદ ફેરવીને** रागद्वेषक्रोधमानमायालोभकर्मनोकर्ममनोवचनकायश्रोत्रचक्षुर्घ्राण-रसनस्पर्शनसूत्राणिषोडश व्याख्येयानि - **રાગ - દ્વેષ, ક્રોધ - માન - માયા - લોભ, કર્મ, નોકર્મ મનો-વચન-કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન-સ્પર્શન સૂત્રો વ્યાખ્યેય - વ્યાખ્યા કરવા યોગ્ય છે,** अनया दिशाऽन्यान्यप्यूह्यानि - **આ સૂચિત દિશા પ્રમાણે અન્યો પણ - બીજા સૂત્રો પણ ચિંતવી લેવા - સમજી લેવા.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२११॥

પદના પરિવર્તનથી રાગ-દ્વેષ, ક્રોધ-માન-માયા-લોભ, કર્મ-નોકર્મ, મન-વચન-કાય, શ્રોત્ર-ચક્ષુ, ઘ્રાણ-રસન-સ્પર્શન એ સોળ સૂત્રો વ્યાખ્યેય (વ્યાખ્યા કરવા યોગ્ય) છે, આ દિશાથી અન્યો પણ ચિંતવી લેવા. ૨૧૧

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"કોઈ પણ પરપદાર્થને વિષે ઈચ્છાની પ્રવૃત્તિ છે અને કોઈપણ પર પદાર્થના વિયોગની ચિંતા છે તેને શ્રી જિન આર્ત્તધ્યાન કહે છે, તેમાં અંદેશો ઘટતો નથી." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૫૧**

અત્રે જ્ઞાનીને અધર્મનો પરિગ્રહ છે નહિ એમ કથન કર્યું છે અને પરમ ભાવિતાત્મા પરમર્ષિ **અમૃતચંદ્રજીએ** તેનું પરમ તત્ત્વવૈજ્ઞાનિક (most scientific) પરિભાવન કર્યું છે. તેનો ભાવાર્થ આ પ્રકારે -

**જ્ઞાનીને અધર્મ પરિગ્રહ નથી : જ્ઞાયક એક ભાવ**

ઈચ્છા પરિગ્રહ છે - 'इच्छा परिग्रहः', કંઈ પણ ઈચ્છવા રૂપ 'ઈચ્છા' - અભિલાષા - કામના - સ્પૃહા - આશા - તૃષ્ણા - મૂર્ચ્છા તે જ 'પરિગ્રહ' છે, 'પરિ' - સર્વથા ચોતરફથી ગ્રહની જેમ ગ્રહતો 'ગ્રહ' એવો મમત્વ રૂપ - મૂર્ચ્છાભાવ રૂપ 'પરિગ્રહ' છે. 'तस्य परिग्रहो नास्ति यस्य इच्छा नास्ति' - તેને પરિગ્રહ છે નહિ, જેને ઈચ્છા છે નહિ, ઈચ્છા તો અજ્ઞાનમય ભાવ છે - ઈચ્છા त्वज्ञानमयो भावः', કંઈ પણ ઈચ્છવા રૂપ ઈચ્છા તો કેવળ અજ્ઞાન અજ્ઞાન ને અજ્ઞાનથી જ નિષ્પન્ન થયેલો 'અજ્ઞાનમય જ' ભાવ છે અને અજ્ઞાનમય ભાવ તો જ્ઞાનીને છે નહિ, જ્ઞાનિને જ્ઞાનમય જ ભાવ છે - જ્ઞાનીને કેવલ જ્ઞાન જ્ઞાન ને જ્ઞાનથી જ નિષ્પન્ન થયેલો 'જ્ઞાનમય જ' ભાવ છે. તેથી જ્ઞાની ઈચ્છા રૂપ અજ્ઞાનમય ભાવના 'અભાવને લીધે' - નહિ હોવાપણાને લીધે અધર્મને નથી ઈચ્છતો, તેથી જ્ઞાનીને અધર્મ પરિગ્રહ નથી, જ્ઞાન જ્ઞાન ને જ્ઞાનથી જ નિષ્પન્ન થયેલો કેવલ 'જ્ઞાનમય' 'એક' - અદ્વિતીય - અદ્વૈત 'જ્ઞાયક ભાવના' - જાણપણા રૂપ ભાવના 'ભાવને લીધે' - હોવાપણાને લીધે અધર્મનો 'કેવલ' - માત્ર 'જ્ઞાયક જ' - જાણનારો જ - જ્ઞાતા જ 'આ' - જ્ઞાની હોય.

અને એમ જ - એ જ પ્રકારે 'અધર્મ' પદના 'પરિવર્તનથી' - પલટનથી - ફેરફારથી અર્થાત્ અધર્મ પદને ફેરવીને તેને સ્થાને -

(૧) રાગ, (૨) દ્વેષ એ બે મૂલ ભાવકર્મ,

(૩) ક્રોધ, (૪) માન, (૫) માયા, (૬) લોભ એ ચાર કષાય રૂપ ઉત્તર ભાવકર્મ,

(૭) કર્મ - પુદ્ગલમય અષ્ટવિધ દ્રવ્ય કર્મ, (૮) નોકર્મ - કર્મ ભોગવવાના અને બંધાવાના વાહન રૂપ પંચવિધ શરીર,

(૯) મન, (૧૦) વચન, (૧૧) કાય - એ શરીર આશ્રયી ત્રિવિધ યોગ,

(૧૨) શ્રોત્ર, (૧૩) ચક્ષુ, (૧૪) ઘ્રાણ, (૧૫) રસન, (૧૬) સ્પર્શન - એ કાયયોગ આશ્રિત પંચવિધ ઈંદ્રિય વર્ગ -

- એ સોળ સૂત્રો અનુક્રમે વ્યાખ્યા કરવા યોગ્ય છે, આ દર્શાવેલ સૂચિત દિશા પ્રમાણે બીજા પણ તેવા તેવા સૂત્રો સ્વયં સમજી લેવા - સ્વબુદ્ધિથી ચિંતવી લેવા - 'अनया दिशाऽन्यान्यप्यूह्यानि ।'

| | |
|---|---|
| ઈચ્છા પરિગ્રહ | - તેને પરિગ્રહ નાસ્તિ જેને ઈચ્છા નાસ્તિ |
| ઈચ્છા અજ્ઞાનમય ભાવ | - અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને નાસ્તિ જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ અસ્તિ |

| | | |
|---|---|---|
| જ્ઞાની અજ્ઞાનમય ભાવ - ઈચ્છાના અભાવથી | → | અધર્મ ન ઈચ્છતો |
| તેથી જ્ઞાનિને | → | અધર્મ પરિગ્રહ નાસ્તિ |
| જ્ઞાનમય એક જ્ઞાયક ભાવના ભાવથી | → | અધર્મનો કેવલ જ્ઞાયક આ હોય |

**વિષયાસક્તિ રૂપ અધર્મના દારુણ વિપાક - 'धिगहो दारुणं तमः'**

જે નિશ્ચયે કરીને સ્વ - પરનો ભેદ જાણનારો ખરેખરો જ્ઞાની છે તેને પરભાવ રૂપ પંચ ઈંદ્રિયના વિષય ભોગની ઈચ્છા છે જ નહિ. કારણકે જ્ઞાની પંચ વિષયભોગના ભવાભિનંદીને ભોગવવા પડતા દારુણ વિપાક સારી પેઠે જાણે છે અને ભાવે છે કે - 'બડિશામિષ.'* એટલે માછલાના ગળાના માંસ જેવા તુચ્છ તથા દારુણ ઉદય-વિપાકવાળા કુસુખમાં સક્ત થયેલા આ ભવાભિનંદી જીવો સત્ ચેષ્ટા ત્યજે છે ! અહો ! દારુણ તમસ્‌ને - અજ્ઞાન અંધકારને ધિક્કાર હો !' તેઓ માછલાના ગળાના માંસ જેવા તુચ્છ અને દારુણ - ભયંકર વિપાકવાળા દુષ્ટ ભોગજન્ય વિષય સુખમાં સક્ત થાય છે. માછલાને લલચાવવા માટે મચ્છીમારો માછલાના ગળાનું માંસગલ આરમાં ભરાવીને મૂકે છે, માછલું તે તુચ્છ માંસ ખાવાની લાલચે, તેની પાછળ દોડી, તે આરમાં સપડાઈ જાય છે અને તેના ભૂંડા હાલહવાલ થાય છે, પ્રાણાંત દારુણ દુઃખ તે અનુભવે છે - તેમ **મોહરૂપ મચ્છીમાર જીવરૂપ માછલાને લલચાવવા માટે દુષ્ટ વિષય સુખરૂપ ગલ મૂકે** છે, તે તુચ્છ અસત્ સુખની આશાએ તે તેની પાછળ દોડી તેમાં સપડાઈ જાય છે, આસક્ત થાય છે અને પછી તેના બૂરા હાલહવાલ થાય છે, નરકાદિના દારુણ દુઃખ વિપાક તેને વેદવા પડે છે. રસનેંદ્રિયની લોલુપતાથી જેમ માછલું દારુણ દુઃખ અનુભવે છે, તેમ ઈતર ઈંદ્રિયોની લોલુપતાથી પણ જીવ દારુણ દુઃખ અનુભવે છે. આમ હોવાથી જ્ઞાની પુરુષોએ આ વિષય સુખને નાગની ફેણની અથવા કિંપાક ફલની ઉપમા આપી છે અને તેને કુસુખ - અસત્ સુખ કહ્યું તે યથાર્થ છે - અથવા તો જેના પરિણામે દુઃખ છે તે વાસ્તવિક રીતે સુખ જ નથી, દુઃખ જ છે. 'એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્ દુઃખ તે સુખ નહિ.' આ વિષય સુખને તુચ્છ ને દારુણ કહ્યું તે યથાયોગ્ય છે. કારણકે તે તુચ્છ, સાર વિનાનું ને **જગત્‌ની એઠ** જેવું છે. જે પુદ્‌ગલો અનંત જીવોએ વારંવાર ભોગવ્યા છે, તેના ઉચ્છિષ્ટ - એઠા એવા પુદ્‌ગલ પરમાણુઓના ભોગથી વિષયાસક્ત ભવાભિનંદી જીવ આનંદ માને છે ! ને તેવા ઝાંઝવાના જલ જેવા તુચ્છ કુસુખ પાછળ દોડી સન્માર્ગથી ભ્રષ્ટ થાય છે, ધર્મ કર્ત્તવ્યરૂપ સત્ પ્રવૃત્તિ છોડી દે છે ! અરે ! આ તમસ્‌ને - અજ્ઞાન અંધકાર ધિક્કાર હો ! કે જેને લઈને આ ભવાભિનંદી જીવ પોતાનું ભાન ભૂલી જઈને આમ વિપરીત પ્રવૃત્તિ કરે છે, ખોટું આચરણ કરે છે. આમાં એ બિચારાનો દોષ નથી, પણ તેના મોહનીય કર્મનો દોષ છે. તે જ અંધકાર રૂપ હોવાથી, તેને સાચી દિશા સૂઝતી નથી, સાચો માર્ગ ભાસતો નથી, એટલે મુંઝાઈ જઈ તે સન્માર્ગ છોડી ઉન્માર્ગે જાય છે. આમ ભવાભિનંદી ભલે ભોગાસક્ત હોય, પણ જ્ઞાની તો ભવભોગ વિરક્ત જ હોય છે.




* "बडिशामिषवत्तुच्छे कुसुखे दारुणोदये ।
सक्तास्त्यजन्ति सच्चेष्टां धिगहो दारुणं तमः ॥" - 'યોગદૃષ્ટિ સમુચ્ચય'-૮૪

**अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णिच्छदे असणं ।**

**अपरिग्गहो दु असणस्स जाणगो तेण सो होदि ॥२१२॥**

અપરિગ્રહ અનિચ્છ જ્ઞાની કહ્યો રે, અશન ન ઈચ્છે સોય;

અપરિગ્રહ અશન તણો રે, જ્ઞાયક તેથી તે હોય... રે જ્ઞાની નિર્જરા. ૨૧૨

**અર્થ** - અને અપરિગ્રહ અનિચ્છ કહેલો જ્ઞાની અશનને (આહારને) નથી ઈચ્છતો અને અશનનો અપરિગ્રહ છે, તેથી તે જ્ઞાયક હોય છે. ૨૧૨

## आत्मख्याति टीका

**अपरिग्रहोऽनिच्छो भणितो ज्ञानी च नेच्छति अशनं ।**

**अपरिग्रहस्त्वशनस्य ज्ञायकस्तेन स भवति ॥२१२॥**

इच्छां परिग्रहः, तस्य **परिग्रहो नास्ति** यस्ये**च्छा नास्ति,** इच्छा त्वज्ञानमयो भावः, अज्ञानमयो भावस्तु **ज्ञानिनो** नास्ति । ज्ञानिनो ज्ञानमय एव भावोऽस्ति । ततो **ज्ञानी** अज्ञानमयस्य भावस्य इच्छाया अभावा**दशनं नेच्छति तेन** ज्ञानिनो**ऽशनपरिग्रहो नास्ति,** ज्ञानमयस्यैकस्य ज्ञायकभावस्य भावादशनस्य केवलं **ज्ञायक** एवायं**स्यात्** ॥२१२॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

ઈચ્છા પરિગ્રહ છે, તેને **પરિગ્રહ છે નહિ,** જેને ઈચ્છા છે નહિ, ઈચ્છા તો અજ્ઞાનમય ભાવ છે અને અજ્ઞાનમય ભાવ તો **જ્ઞાનીને** છે નહિ, જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ છે, તેથી **જ્ઞાની** અજ્ઞાનમય ભાવના - ઈચ્છાના અભાવને લીધે **અશન નથી ઈચ્છતો, તેથી** જ્ઞાનીને **અશન પરિગ્રહ છે નહિ** - જ્ઞાનમય એક જ્ઞાયક ભાવના ભાવને લીધે અશનનો કેવલ **જ્ઞાયક જ આ હોય.** ॥૨૧૨॥

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"આહારની વાત એટલે ખાવાના પદાર્થોની વાત તુચ્છ છે, તે કરવી નહીં."

"પરિગ્રહની મૂર્છા પાપનું મૂળ છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭, ઉપદેશ છાયા**

પણ પરમ અદ્ભુત માર્મિક સૂત્રથી પરમ ભાવિતાત્મા પરમર્ષિ **કુંદકુંદાચાર્યજીએ – પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પરમ અદ્ભુત તત્ત્વ સંકલનાથી ગ્રથિત તેના તે જ 'ગમિક સૂત્રથી' તેનું પરમ તત્ત્વ

---

**आत्मभावना -**

**अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य - अपरिग्रहोऽनिच्छो भणितः ज्ञानी च - અને અપરિગ્રહ અનિચ્છ કહેલો જ્ઞાની** असणं णिच्छदे - अशनं नेच्छति - **અશનને નથી ઈચ્છતો,** अपरिग्गहो दु असणस्स - अपरिग्रहस्त्वशनस्य - **અને અશનનો અપરિગ્રહ છે,** तेण सो जाणगो होइ - तेन स ज्ञायकः भवति - **તેથી તે જ્ઞાયક હોય છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥२१२॥

इच्छा परिग्रहः - **ઈચ્છા પરિગ્રહ છે,** तस्य परिग्रहो नास्ति यस्येच्छा नास्ति - **તેને પરિગ્રહ છે નહિ, જેને ઈચ્છા છે નહિ,** इच्छा त्वज्ञानमयो भावः - **અને ઈચ્છા તો અજ્ઞાનમય ભાવ છે,** अज्ञानमयो भावस्तु ज्ञानिनो नास्ति - **જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ છે.** ततो - તેથી, શું ? ज्ञानी अशनं नेच्छति - **જ્ઞાની અશનને નથી ઈચ્છતો,** શાને લીધે ? अज्ञानमयस्य भावस्य इच्छाया अभावात् - **અજ્ઞાનમય ભાવના - ઈચ્છાના અભાવને લીધે - નહિ હોવાપણાને લીધે.** तेन - **તેથી, શું ?** ज्ञानिनो अशनपरिग्रहो नास्ति - **જ્ઞાનિને અશન પરિગ્રહ છે નહિ,** ત્યારે છે શું ? अशनस्य केवलं ज्ञायक एवायं स्यात् - **અશનનો - આહારનો કેવલ - માત્ર જ્ઞાયક જ - જાણનાર જ આ - જ્ઞાની હોય,** એમ શાને લીધે ? ज्ञानमयस्यैकस्य ज्ञायक भावस्य भावात् - **જ્ઞાનમય એક - અદ્વિતીય - અદ્વૈત જ્ઞાયક ભાવના ભાવને લીધે -** હોવાપણાને લીધે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२१२॥

વૈજ્ઞાનિક (most scientific) અને તર્કશુદ્ધ (most logical) પરિભાવન કર્યું છે. તેનો ભાવાર્થ આ પ્રકારે -

ઈચ્છા પરિગ્રહ છે - 'इच्छा परिग्रहः', કંઈ પણ ઈચ્છવારૂપ 'ઈચ્છા' - અભિલાષા - કામના - સ્પૃહા - આશા - તૃષ્ણા - મૂર્ચ્છા તે જ પરિગ્રહ છે, 'પરિ' - સર્વથા ચોતરફથી ગ્રહની જેમ ગ્રહતો 'ગ્રહ' એવો મમત્વ રૂપ - મૂર્ચ્છા ભાવરૂપ 'પરિગ્રહ' છે. 'तस्य परिग्रहो नास्ति यस्येच्छा नास्ति' - તેને પરિગ્રહ છે નહિ, જેને ઈચ્છા છે નહિ. ઈચ્છા તો અજ્ઞાનમય ભાવ છે - 'ईच्छा त्वज्ञानमयो भावः ।' કંઈ પણ ઈચ્છવા રૂપ ઈચ્છા તો કેવળ અજ્ઞાન અજ્ઞાન ને અજ્ઞાનથી જ નિષ્પન્ન થયેલો 'અજ્ઞાનમય જ' ભાવ છે અને અજ્ઞાનમય ભાવ તો જ્ઞાનીને છે નહિ, જ્ઞાનીનો જ્ઞાનમય જ ભાવ છે - ज्ञानिनो ज्ञानमय एव भावो - જ્ઞાનીનો કેવળ જ્ઞાન જ્ઞાન ને જ્ઞાનથી જ નિષ્પન્ન થયેલો 'જ્ઞાનમય જ' ભાવ છે. તેથી જ્ઞાની ઈચ્છા રૂપ અજ્ઞાનમય ભાવના 'અભાવને લીધે' - નહિ હોવાપણાને લીધે 'અશન' (આહાર - ખાવાનું) નથી ઈચ્છતો, તેથી જ્ઞાનીને અશન પરિગ્રહ છે નહિ, જ્ઞાન જ્ઞાન ને જ્ઞાનથી જ ભાવના 'ભાવને લીધે' - 'જ્ઞાનમય' 'એક' - અદ્વિતીય - અદ્વૈત 'જ્ઞાયક ભાવના' - જાણપણારૂપ ભાવના 'ભાવને લીધે' - હોવાપણાને લીધે 'અશનનો' - ખાનનો 'કેવલ' - માત્ર 'જ્ઞાયક જ' - જાણનારો જ - જ્ઞાતા જ 'આ' - જ્ઞાની હોય.

**અજ્ઞાનીની વિષય ભોગ તૃષ્ણા**

સ્વ - પરનો વિવેક જેણે કર્યો છે એવા મુમુક્ષુ જ્ઞાનીને પર વસ્તુના આહારની - પર વસ્તુના ભોગની ઈચ્છા હોતી જ નથી, પણ ભવને અભિનંદનારા ભવાભિનંદી જીવને તીવ્ર ભોગેચ્છા હોય છે. 'ખસને* ખણનારાઓની બુદ્ધિ જેમ ખજવાળમાં જ હોય છે, પણ ખસના મટાડવામાં હોતી નથી, તેમ આ ભવાભિનંદી જીવોની મતિ પણ ભોગના અંગરૂપ વિષયોમાં જ હોય છે, પણ તે ભોગાંગની (વિષયની) ઈચ્છાના નાશમાં હોતી નથી.' ભવાભિનંદી રૂપ રોગીને ભવ રૂપ ખસનો મહારોગ લાગુ પડ્યો છે. તેથી આને વિષયેચ્છારૂપ મીઠી ખુજલી - ખજવાળ આવે છે અને વિષય સેવનથી તે ખજવાળ દૂર કરવા મથે છે, પણ ગમે તેટલા વિષય ભોગથી તે મટતી નથી, અગ્નિમાં આહુતિની જેમ ઉલટી વધતી જાય છે, ને અંતસ્તાપ રૂપ બળતરા ઉઠે છે. વિષય ભોગથી સંસાર રોગ ઉંડા મૂળ નાંખતો જાય છે. વિષયથી તૃપ્તિ થવાને બદલે વિષય તૃષ્ણા વધતી જાય છે. 'ઈંધનથી - બળતણથી* અગ્નિ જેમ ક્ષીણ થતો નથી, તેમ વિષયોથી કામ ક્ષીણ થતો નથી, ઉલટો વિશેષ બળવાન બની વૃદ્ધિ પામે છે. કારણકે અનંતવાર પ્રાપ્ત થયા છતાં જાણે કદી પ્રાપ્ત ન થયા હોય એવા ભ્રમને લીધે કામભોગોને વિષે મૂઢ જનની ઈચ્છા ઉપશમતી નથી' અને આ ઈચ્છા - વાસના ટળે નહિ ત્યાં સુધી પંચ ઈંદ્રિય વિષયની ભોગપ્રવૃત્તિ પણ ટળે નહિ.

અને પંચ ઈંદ્રિયમાં પણ રસનેંદ્રિય સર્વથી દુર્જેય છે, ભલભલા મહાનુભાવો પણ રસ લોલુપતા આગળ લાચાર બની, વદન કોટરમાં સળવળતી રસના સુંદરીની 'લોલતા' દાસીનું દાસાનુદાસપણું હોંસે હોંસે સ્વીકારે છે ! જડ કે વિચક્ષણ સર્વ જન આ રસનાના રસમાં મુગ્ધ બની, નિરંતર તેનું તર્પણ કરવા તત્પર દેખાય છે ! ચારે ગતિમાં આ રંક જીવે નિઃશંકપણે અનંત આહાર કર્યા છે, પણ તેથી એ

---

* ''यथा कण्डूयनेष्वेषां धीर्न कच्छूनिवर्त्तने ।
भोगाङ्गेषु तथैतेषां न तदिच्छापरिक्षये ॥'' - શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય', શ્લો. ૮૧

* ''विषयैः क्षीयते कामो नेंधनैरिव पावकः ।
प्रत्युत प्रोल्लसच्छक्तिर्भूय एवोपवर्द्धते ॥
अप्राप्तत्वभ्रमादुच्चैरवाप्तेष्वप्यनंतशः ।
कामभोगेषु मूढानां समीहा नोपशाम्यति ॥'' - શ્રી યશોવિજયજી કૃત 'અધ્યાત્મ સાર'
''न हि केनोप्युपायेन जन्मजातङ्कसंभवा ।
विषयेषु महातृष्णा पश्य पुंसां प्रशाम्यति ॥'' - શ્રી શુભચંદ્રાચાર્યજી કૃત શ્રી 'જ્ઞાનાર્ણવ'

તૃપ્તિ પામ્યો નથી અને તેની લાલચ હજુ તેવી ને તેવી તાજી રહી છે ! પણ અનાહારી આત્મસ્વભાવના અનુભવ રસનો જેણે રસાસ્વાદ કર્યો છે એવા આત્માનુભવ રસિક જ્ઞાની આહારની ઈચ્છા કરતા નથી અને ભાવે છે કે - આ તુચ્છ પૌદ્‌ગલિક આહારના રસાસ્વાદનો જેમ બને તેમ જય કરી મુમુક્ષુએ જિતેંદ્રિય બની, આત્માનુભવ રસ આસ્વાદના રસીયા થવું એ જ યોગ્ય છે. અશુચિ, તુચ્છ, ક્ષણિક, દુષ્ટ પૌદ્‌ગલિક એઠના વિરસ રસને છાંડી, શુચિ પરમ નિત્ય અનુપમ એવા આત્માનંદમય સરસ રસના આસ્વાદનો અભ્યાસ કરવો એ જ આત્માર્થીને શ્રેયસ્કર છે. 'પુદ્‌ગલ અનુભવ ત્યાગથી, કરવી જસુ પરતીત હો મિત્ત !' માટે હે ચેતન ! ત્હારે લોલુપતા રાખવી હોય તો આત્માનુભવ રસની રાખવી, રસાસ્વાદ લેવો હોય તો પ્રભુ ગુણનો રસાસ્વાદ લેવો, રસનાને સફળ કરવી હોય તો પ્રભુ ભક્તિ ગાઈને સફળ કરવી.

**જ્ઞાનીની ઈંદ્રિયજય ભાવના**

''ગતિ ચારે કીધા આહાર, અનંત નિઃશંક,

પણ તૃપ્તિ ન પામ્યો, જીવ લાલચિયો રંક.'' - **શ્રી વિનયવિજયજી કૃત 'પુણ્ય પ્રકાશ સ્તવન'**

''કયું જાણું કયું બની આવશે, અભિનંદન રસ રીત હો મિત્ત !

પુદગલ અનુભવ ત્યાગથી, કરવી જસુ પરતીત... હો મિત્ત !'' - **શ્રી દેવચંદ્રજી**

''હે જીવ ! ક્યા ઈચ્છત હવે, હે ઈચ્છા દુઃખમૂલ;

જબ ઈચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**

જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ

**अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णिच्छदे पाणं ।**
**अपरिग्गहो दु पाणस्स जाणगो तेण सो होदि ॥२१३॥**

અપરિગ્રહ અનિચ્છ જ્ઞાની કહ્યો રે, પાન ન ઈચ્છે સોય;
અપરિગ્રહ જ પાનનો રે, જ્ઞાયક તેથી હોય... રે જ્ઞાની નિર્જરા. ૨૧૩

**અર્થ** - અને અપરિગ્રહ અનિચ્છ કહેલો જ્ઞાની પાનને નથી ઈચ્છતો અને પાનનો અપરિગ્રહ છે, તેથી તે જ્ઞાયક હોય છે. ૨૧૩

## आत्मख्याति टीका

**अपरिग्रहो अनिच्छो भणितः ज्ञानी च नेच्छति पानं ।**
**अपरिग्रहस्तु पानस्य ज्ञायकस्तेन स भवति ॥२१३॥**

इच्छा परिग्रहः, तस्य **परिग्रहो नास्ति** यस्ये**च्छा नास्ति,** इच्छा त्वज्ञानमयो भावः, अज्ञानमयो भावस्तु **ज्ञानिनो** नास्ति, ज्ञानिनो ज्ञानमय एव भावोऽस्ति । ततो ज्ञानी अज्ञानमयस्य भावस्य इच्छाया अभावात् **पानं** नेच्छति । **तेन** ज्ञानिनः **पानपरिग्रहो नास्ति,** ज्ञानमयस्यैकस्य ज्ञायक भावस्य भावात् केवलं पानकस्य **ज्ञायक** एवा**यं स्यात्** ॥२१३॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

ઈચ્છા પરિગ્રહ છે, તેને **પરિગ્રહ છે નહિ**, જેને **ઈચ્છા છે નહિ,** ઈચ્છા તો અજ્ઞાનમય ભાવ છે અને અજ્ઞાનમય ભાવ તો **જ્ઞાનીને** છે નહિ, જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ છે. - તેથી **જ્ઞાની** અજ્ઞાનમય ભાવના - ઈચ્છાના અભાવને લીધે પાન **નથી ઈચ્છતો,** તેથી જ્ઞાનીને **પાન પરિગ્રહ છે નહિ** - જ્ઞાનમય એક જ્ઞાયક ભાવના ભાવને લીધે પાનકનો કેવલ **જ્ઞાયક** જ **આ હોય.** ૨૧૩

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાની પુરુષને આત્મ પ્રતિબંધપણે સંસાર સેવા હોય નહીં, પણ પ્રારબ્ધ પ્રતિબંધપણે હોય એમ છતાં પણ તેથી નિવૃત્તવા રૂપ પરિણામને પામે એમ જ્ઞાનીની રીત હોય છે.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૪૭૪), ૫૬૦**

---

**आत्मभावना -**

अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य - अपरिग्रहोऽनिच्छो भणितः ज्ञानी च - **અને અપરિગ્રહ અનિચ્છ કહેલો જ્ઞાની** पाणं णिच्छदे - पानं नेच्छति - **પાનને નથી ઈચ્છતો,** अपरिग्गहो दु पाणस्स - अपरिग्रहस्तु पानस्य - **અને પાનનો અપરિગ્રહ છે,** तेण जो जाणगो होइ - तेन स ज्ञायकः भवति - **તેથી તે જ્ઞાયક હોય છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥२१३॥

इच्छा परिग्रहः - **ઈચ્છા પરિગ્રહ છે,** तस्य परिग्रहो नास्ति यस्येच्छा नास्ति - **તેને પરિગ્રહ છે નહિ, જેને ઈચ્છા છે નહિ,** इच्छा त्वज्ञानमयो भावः - **અને ઈચ્છા તો અજ્ઞાનમય ભાવ છે,** अज्ञानमयो भावस्तु ज्ञानिनो नास्ति - **અને અજ્ઞાનમય ભાવ તો જ્ઞાનીનો છે નહિ,** ज्ञानिनो ज्ञानमय एव भावोऽस्ति - **જ્ઞાનીનો જ્ઞાનમય જ ભાવ છે,** ततो - તેથી, શું ? ज्ञानी पानं नेच्छति - **જ્ઞાની પાનને નથી ઈચ્છતો,** શાને લીધે ? अज्ञानमयस्य भावस्य इच्छाया अभावात् - **અજ્ઞાનમય ભાવના** - ઈચ્છાના અભાવને લીધે - નહિ હોવાપણાને લીધે. तेन - તેથી, શું ? ज्ञानिनो पानपरिग्रहो नास्ति - જ્ઞાનીને પાનપરિગ્રહ છે નહિ, ત્યારે છે શું ? पानकस्य केवलं ज्ञायक एवायं स्यात् - **પાનકનો - પીણાનો** કેવલ - માત્ર જ્ઞાયક જ - જાણનાર જ આ - જ્ઞાની હોય, એમ શાને લીધે ? ज्ञानमयस्यैकस्य ज्ञायकभावस्य भावात् - **જ્ઞાનમય એક** - અદ્વિતીય - અદ્વૈત જ્ઞાયક ભાવના ભાવને લીધે - હોવાપણાને લીધે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२१३॥

જ્ઞાનીને પાનનો પરિગ્રહ છે નહિ એમ અત્ર શાસ્ત્રકારે 'ગમિક સૂત્રથી' કથન કર્યું છે અને 'આત્મખ્યાતિ' સૂત્રકારે પરમ અદ્ભુત તત્ત્વ સંકલનાથી ગ્રથિત તે જ 'ગમિક સૂત્રથી' તેનું પરમ તત્ત્વ વૈજ્ઞાનિક (most scientific) પરિદેઢ પરિભાવન કર્યું છે. તેનો ભાવાર્થ આ પ્રકારે -

ઈચ્છા પરિગ્રહ છે - કંઈ પણ ઈચ્છવા રૂપ 'ઈચ્છા' - અભિલાષા - કામના - સ્પૃહા - આશા - તૃષ્ણા - મૂર્ચ્છા તે જ પરિગ્રહ છે, 'પરિ' - સર્વથા ચોતરફથી ગ્રહની જેમ ગ્રહતો 'ગ્રહ' એવો મમત્વ રૂપ - મૂર્ચ્છા ભાવરૂપ 'પરિગ્રહ' છે. 'तस्य परिग्रहो नास्ति यस्य इच्छा नास्ति' - તેને પરિગ્રહ છે નહિ, જેને ઈચ્છા છે નહિ. ઈચ્છા તો અજ્ઞાનમય ભાવ છે - 'इच्छा त्वज्ञानमयो भावः' - કંઈ પણ ઈચ્છવા રૂપ ઈચ્છા તો કેવળ અજ્ઞાન અજ્ઞાન ને અજ્ઞાનથી જ નિષ્પન્ન થયેલો 'અજ્ઞાનમય જ' ભાવ છે અને અજ્ઞાનમય ભાવ તો જ્ઞાનીનો છે નહિ, જ્ઞાનીનો જ્ઞાનમય જ ભાવ છે, જ્ઞાનીને કેવળ જ્ઞાન જ્ઞાન ને જ્ઞાનથી જ નિષ્પન્ન થયેલો 'જ્ઞાનમય જ' ભાવ છે. તેથી જ્ઞાની ઈચ્છા રૂપ અજ્ઞાનમય ભાવના 'અભાવને લીધે' - નહિ હોવાપણાને લીધે 'પાન' - (પીણું - પીવાનું) નથી ઈચ્છતો, તેથી જ્ઞાનીને પાન પરિગ્રહ છે નહિ, જ્ઞાન જ્ઞાન ને જ્ઞાનથી જ નિષ્પન્ન થયેલ કેવલ 'જ્ઞાનમય' 'એક' - અદ્વિતીય - અદ્વૈત 'જ્ઞાયક ભાવના' - જાણપણા રૂપ ભાવના ભાવને લીધે' - હોવાપણાને લીધે પાનનો 'કેવલ' - માત્ર 'જ્ઞાયક જ' - જાણનારો જ - જ્ઞાતા જ 'આ' - જ્ઞાની હોય. આમ આ પરિગ્રહ ત્યાગ ભાવનાની ગાથાઓનું અદ્ભુત તત્ત્વ કલાથી ગ્રંથેલ 'ગમિક સૂત્રથી' વ્યાખ્યાન કરતાં મહાનિર્ગ્રંથ મુનીશ્વર અમૃતચંદ્રાચાર્યજીએ પરિગ્રહ ત્યાગ ભાવનાને અનંત ગુણવિશિષ્ટ વજલેપ દેઢ કરાવી છે.

જ્ઞાનીની વિષય તૃષ્ણા જય ભાવના

સ્વ પરનો ભેદ જાણી જેણે આત્માનુભવ રસનું પાન કર્યું છે એવા જ્ઞાનીને પરભાવરૂપ કોઈ પણ રસનું પાન કરવાની ઈચ્છા હોતી જ નથી, વિષય તૃષ્ણા નિવૃત્ત થઈ છે. કારણકે તે ભાવે છે કે - આ તૃષ્ણાથી આ જીવ અત્યંત અત્યંત વ્યાકુલ થઈ રહ્યો હતો. જેમ જેમ તે તૃષ્ણાને તૃપ્ત કરવા પ્રયાસ કરતો હતો, તેમ તેમ તે તૃષ્ણા બળવત્તર બનતી જતી હતી. અગ્નિમાં ઈંધન નાંખતાં તે જેમ પ્રજ્વલતો જાય, તેમ વિષય રૂપ આહુતિથી આ તૃષ્ણા અગ્નિ ઉલટો પ્રજ્વલિતં થઈ જીવને પરિતાપ પમાડ્યા કરતો હતો. ગમે તેટલા પાણીના પૂરથી સમુદ્ર પૂરાય નહિ, તમે ગમે તેટલી વિષય નદીઓના પૂરથી આ તૃષ્ણા સમુદ્રનો ખાડો પૂરાતો ન્હોતો. સાગર જેટલા દેવલોકાદિના મહાસુખ આ જીવે અનંતવાર ભોગવ્યા, છતાં જે તૃષ્ણા શમાઈ નહિ, તે ગાગર જેટલા મનુષ્યના તુચ્છ ભોગોથી શી રીતે શમાવાની હતી ? પણ ગઈ તે ગઈ ! હવે તો માત્ર મોક્ષને જ ઝંખતો આ મ્હારો જીવ જાગ્યો છે ને તેને વૈરાગ્યનો દૃઢ રંગ લાગ્યો છે. એટલે તે તેવા **અસત્ તૃષ્ણારૂપ મૃગજલ** પાછળ દોડતો નથી ને નકામો દુઃખી થતો નથી. મ્હારો આત્મા પૂર્વે જે પરરસીયો થઈ પરતૃષ્ણાથી તપ્ત થતો હતો, તે હવે સ્વરસીયો બની સ્વાત્મામાં સંતોષથી તૃપ્ત થાય છે, સદ્બુદ્ધિના - સુમતિના સેવનથી સમતારસ અનુભવે છે. તો હવે તે ફરીથી દુઃખી થવા માટે વિષય રૂપ મૃગજળ પાછળ દોડે જ કેમ ? તે ઓકેલું અન્ન ફરી ખાવા ઈચ્છે જ નહિ, જીવવા માટે વિષપાન કરે જ નહિ. હે ચેતન ! સમુદ્રના પાણી કરતાં પણ વધારે માતાના* ધાવણ તું ધાવ્યો છે, ભુવનોદરમાં વર્ત્તતા સર્વ પુદ્ગલો તેં ફરી ફરી ગ્રસ્યા છે ને મૂક્યા છે - જગત્‌ની એઠ તેં વારંવાર હોંસે હોંસે ખાધી છે, તો પણ તું તૃપ્તિ પામ્યો નથી ! તૃષ્ણાથી પીડિત થઈને તેં ત્રણે ભુવનનું* પાણી પીધું છે, તો પણ ત્હારી તૃષ્ણાનો છેદ થયો નથી ! માટે હે જીવ ! હવે તો તું વિષયતૃષ્ણાથી વિરામ પામી પરવસ્તુના પાનની સ્વપ્નાંતરે પણ ઈચ્છા કરીશ મા !

* "पीओसि थणच्छीरं अणंत जम्मंतराइं जणणीणं ।
अण्णाण्णाण महाजस ! सायर सलिलादु अहिययरं ॥" - શ્રી કુંદકુંદાચાર્યજી કૃત 'ભાવ પ્રાભૃત'

* "तिहुयणसलिलं सयलं पीयं तिण्हाइ पीडिएण तुमे ।
तो वि ण तण्हा छेओ जाओ चिंतेह भवमहणम् ॥" - 'ભાવ પ્રાભૃત'

''પર પરિણામિકતા અછે, જે તુજ પુદ્ગલ જોગ હો મિત્ત !<br>
જડ ચલ જગની એઠનો, ન ઘટે તુજને ભોગ હો મિત્ત !... ક્યું જાણું.<br>
''મુજ જ્ઞાયકતા પર રસી રે લાલ, પરતૃષ્ણાએ તપ્ત રે;<br>
તે સમતારસ અનુભવે રે લાલ, સુમતિ સેવન વ્યાપ્ત રે...<br>
પ્રભુ શું ઈશ્યું વિનવું રે લાલ, મુજ વિભાવ દુઃખ રીતિ રે.'' - શ્રી દેવચંદ્રજી



**एवमदीए दु विविहे सव्वे भावे य णिच्छदे णाणी ।**
**जाणगभावो णियदो णीरालंबो दु सव्वत्थ ॥२१४॥**

એ આદિ વિવિધ ભાવ સહુ રે, ઈચ્છે ન જ્ઞાની અત્ર;
જ્ઞાયક ભાવો નિયતો રે, નિરાલંબ જ સર્વત્ર... રે જ્ઞાની નિર્જરા. ૨૧૪

**અર્થ** - એ આદિક વિવિધ સર્વ ભાવોને જ્ઞાની નથી ઈચ્છતો, સર્વત્ર નિરાલંબ જ એવો તે તો નિયત જ્ઞાયક ભાવ હોય છે. ૨૧૪

**आत्मख्याति टीका**

**एवमादिकांस्तु विविधान् सर्वान् भावांश्च नेच्छति ज्ञानी ।**
**ज्ञायकभावो नियतः निरालंबस्तु सर्वत्र ॥२१४॥**

**एवमादयो**ऽन्येपि **बहुप्रकाराः** परद्रव्यस्य ये **भावास्तान् सर्वानेव नेच्छति ज्ञानी,** तेन ज्ञानिनः सर्वेषामपि परद्रव्यभावानां परिग्रहो नास्ति, इति सिद्धं ज्ञानिनोऽत्यंत निष्परिग्रहत्वं ।

अथैवमयमशेषभावांतरपरिग्रहशून्यत्वात् उद्वांतसमस्ताज्ञानः **सर्वत्रा**ऽपि अत्यंत**निरालंबो** भूत्वा प्रति**नियत** टंकोत्कीर्णैक**ज्ञायकभावः** सन् साक्षात्‌ज्ञानघनमात्मानमनुभवति ॥२१४॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

**એમ** (એ) **આદિ** અન્ય પણ **બહુ પ્રકારના** પરદ્રવ્યના જે **ભાવો** છે, તે **સર્વને જ જ્ઞાની નથી ઈચ્છતો,** તેથી જ્ઞાનીને સર્વેય પરદ્રવ્ય ભાવોનો પરિગ્રહ છે નહિ - એમ જ્ઞાનીનું અત્યંત નિષ્પરિગ્રહપણું સિદ્ધ થયું.

એટલે હવે એમ અશેષ ભાવાંતરના પરિગ્રહ શૂન્યપણાને લીધે સમસ્ત અજ્ઞાન જેણે ઉદ્વાંત કર્યું છે (અત્યંતપણે વમી નાંખ્યું છે) એવો આ **સર્વત્ર** પણ અત્યંત **નિરાલંબ** થઈને પ્રતિ**નિયત** ટંકોત્કીર્ણ એક **જ્ઞાયક ભાવ** સતે (હોતો) સાક્ષાત્ વિજ્ઞાનઘન આત્માને અનુભવે છે. ૨૧૪

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"આત્માને વિષે વર્ત્તે છે એવા જ્ઞાની પુરુષો સહજ પ્રાપ્ત પ્રારબ્ધ પ્રમાણે વર્ત્તે છે. વાસ્તવ્ય તો એમ છે કે જે કાળે જ્ઞાનથી અજ્ઞાન નિવૃત્ત થયું તે જ કાળે જ્ઞાની મુક્ત છે. દેહાદિને વિષે અપ્રતિબદ્ધ છે એવા જે જ્ઞાની તેને કોઈ આશ્રય કે આલંબન નથી." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૭૭**

એમ સર્વથા નિરિચ્છ નિષ્પરિગ્રહી જ્ઞાની સર્વત્ર નિરાલંબ એવો નિયત જ્ઞાયક ભાવ હોય છે એમ

---

**आत्मभावना** -

एमादीए (पाठां. एवमादीए) दु विविहे सव्वे भावे य - एवमादिकांस्तु विविधान् सर्वान् भावांश्च - અને એ (એમ) આદિક તો વિવિધ - નાના પ્રકારના સર્વ ભાવોને णाणी णिच्छदे - ज्ञानी न इच्छति - **જ્ઞાની નથી ઈચ્છતો,** जाणगभावो णियदो - ज्ञायकभावो नियतः - **જ્ઞાયક ભાવ નિયત (એવો તે). (એવો હોય છે).** ॥ इति **गाथा** आत्मभावना ॥२१४॥

अथैवम् अयं - **એટલે હવે એમ આ - જ્ઞાની** अशेषभावांतरपरिग्रहशून्यत्वात् - **અશેષ ભાવાંતરના પરિગ્રહ શૂન્યપણાને** લીધે उद्वांतसमस्ताज्ञानः - **જેણે સમસ્ત અજ્ઞાન ઉદ્વાંત કર્યું છે - 'ઉત્' - ઉત્કટપણે અત્યંતપણે વાંત કર્યું છે - વમન કરી નાંખ્યું છે એવો,** सर्वत्राप्यत्यंतनिरालबो भूत्वा - **સર્વત્ર પણ અત્યંત - સર્વથા નિરાલંબ - આલંબ રહિત થઈને,** प्रतिनियतटंकोत्कीर्णैकज्ञायकभावः सन् - **પ્રતિનિયત ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવ સતો, (હોતો) સાક્ષાદ્** विज्ञानघनमात्मानमनुभवति - **સાક્ષાત્** - પ્રત્યક્ષ વિજ્ઞાનઘન આત્માને અનુભવે છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२१४॥

અત્ર શાસ્ત્રકાર ભગવાને કથન કર્યું છે અને તેનું અપૂર્વ પરિભાવન 'આત્મખ્યાતિ' સૂત્રકર્તા પરમર્ષિ 'વિજ્ઞાનઘન' અમૃતચંદ્રાચાર્યજીએ પ્રકાશ્યું છે. તેનો ભાવાર્થ આ પ્રકારે -

**જ્ઞાનીને સર્વે જ પરદ્રવ્ય ભાવોનો પરિગ્રહ છે નહિ**

એમ - ઉપરમાં વિવરી દેખાડ્યા તે ધર્મ - અધર્મ - રાગ - દ્વેષાદિ - અશન - પાન આદિ એટલે કે તેના જેવા બીજા પણ તેવા તેવા બહુ પ્રકારના - ઘણા પ્રકારના જે પરદ્રવ્યના ભાવો છે, તે સર્વને જ - સમસ્તને જ જ્ઞાની નથી ઈચ્છતો, અર્થાત્ આત્માથી પર એવા પરદ્રવ્યના જે કોઈ પણ ઘણા ઘણા પ્રકારના ભાવો છે, તેમાંથી કોઈ પણ ભાવ - પરમાણુમાત્ર પણ ભાવ મને હો એમ 'જ્ઞાની' - જેને સ્વપરનો વિવેક થઈ આત્માનું જ્ઞાન ઉપજ્યું છે એવો ખરેખરો આત્મજ્ઞાની ઈચ્છા કરતો નથી અને આમ જ્ઞાનીને કોઈ પણ પરભાવની લેશ પણ ઈચ્છાનો સર્વથા અભાવ છે, તેથી જ્ઞાનીને સર્વેય પરદ્રવ્ય ભાવોનો પરિગ્રહ છે નહિ - 'ज्ञानिनः सर्वेषामपि परद्रव्यभावानां परिग्रहो नास्ति ।' આત્માથી પર એવા પરદ્રવ્યનો કોઈ પણ પરમાણુમાત્ર પણ ભાવ મ્હારો છે એવો સમય માત્ર પણ મમત્વ રૂપ - મૂર્ચ્છા ભાવરૂપ 'પરિગ્રહ' - આત્માને ચોપાસથી ભીડો લેનારો માલિકી ભાવ - સ્વામિત્વ ભાવ જ્ઞાનીને છે નહિ. એમ - એવા પ્રકારે જ્ઞાનીનું 'અત્યંત નિષ્પરિગ્રહપણું' - સર્વથા પરિગ્રહરહિતપણું સિદ્ધ થયું - 'इति सिद्धं ज्ञानिनोऽत्यंत निष्परिग्रहत्वं ।'

**અજ્ઞાન વમ્યું છે એવા જ્ઞાની સર્વત્ર નિરાલંબ : વિજ્ઞાનઘન આત્માનુભવ**

એટલે હવે 'એમ' - ઉક્ત પ્રકારે 'અશેષ ભાવાંતર પરિગ્રહના શૂન્યપણાને લીધે સમસ્ત અજ્ઞાન ઉદ્વાંત કરેલું (વમન કરેલું) છે' એવો જ્ઞાની 'સર્વત્ર પણ અત્યંત નિરાલંબ' હોય છે. અર્થાત્ જ્યાં કાંઈ પણ શેષ - બાકી રહ્યું નથી એવા 'અશેષ' ભાવાંતરના એટલે કે આત્માથી અન્ય - જૂદા ભાવના પરિગ્રહનું જ્ઞાનીને 'શૂન્યપણું' - મીંડાપણું - સર્વથા અભાવપણું હોય છે, સમસ્ત પરભાવના પરિગ્રહના નામે જ્ઞાનીએ મોટું મીંડું મૂકાવ્યું હોય છે ! એટલે આમ 'अशेषभावांतरपरिग्रहशून्यत्वात्' - અશેષ ભાવાંતર - પરિગ્રહના શૂન્યપણાને લીધે જ્ઞાની સમસ્ત અજ્ઞાન ઉદ્વાંત કરેલું છે જેણે એવો હોય છે, 'उद्वांतसमस्ताज्ञानः', અર્થાત્ કોઈ પણ પરદ્રવ્ય ભાવ માત્રનું પરિગ્રહણ એ અજ્ઞાન છે અને જ્ઞાની તો પરભાવ માત્રના પરિગ્રહણથી શૂન્ય છે, એટલે જ્ઞાનીએ સમસ્ત અજ્ઞાનનું અત્યંત વમન કરી નાંખ્યું છે, અનાદિથી પરભાવ પરિગ્રહ રૂપ અજ્ઞાન આત્માના ઉદરમાં એકઠું થયું હતું, તે બધું ય ઓકી નાંખ્યું છે, એટલે અજ્ઞાનનો કોઠો સાવ ખાલી થયો છે અને તેને સ્થાને જ્ઞાનનો કોઠો પૂરેપૂરો ભરાઈ ગયો છે. આમ અશેષ ભાવાંતર પરિગ્રહના શૂન્યપણાને લીધે જેણે સમસ્ત અજ્ઞાન વમી નાંખ્યું છે એવો આ જ્ઞાની સર્વત્ર પણ અત્યંત નિરાલંબ હોય છે - 'सर्वत्राऽप्यत्यंतनिरालंबः ।' કેવલ જ્ઞાનમય આત્મા સિવાય ક્યાંય પણ અન્ય ભાવનું આલંબન કરતો નથી, કોઈ પણ પરભાવને લેશ પણ પકડતો નથી. એટલે આમ સર્વત્ર પણ અત્યંત નિરાલંબ થઈને તે 'પ્રતિનિયત ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવ' હોય છે - 'प्रतिनियतटंकोत्कीर्णैक ज्ञायकभावः ।' અર્થાત્ 'પ્રતિનિયત' - પ્રતિવિશિષ્ટપણે (ખાસ - special) નિયત' - ત્રણે કાળમાં ન ચળે એવા અચળ અખંડ અબાધિક નિશ્ચય રૂપ 'ટંકોત્કીર્ણ' - ટંકથી - ટાંકણાથી શિલામાં ઉત્કીર્ણ અક્ષરની જેમ અક્ષર 'એક' - અદ્વિતીય - અદ્વૈત 'જ્ઞાયક ભાવ' - જાણનાર જ્ઞાતા ભાવ હોય છે. આમ સર્વ અજ્ઞાનથી જેનો અંતરાત્માનો કોઠો ખાલી થયો છે અને કેવલ જ્ઞાનથી જ જેનો અંતરાત્માનો કોઠો આકંઠ ભરાયેલો છે, એવો પ્રતિનિયત ટંકોત્કીર્ણ એક જ્ઞાયક રૂપ હોતો જ્ઞાની, સાક્ષાદ્ વિજ્ઞાનઘન આત્માને અનુભવે છે', 'साक्षाद् विज्ञानघनमात्मानमनुभवति ।' અર્થાત્ જ્યાં પરભાવનો પરમાણુ માત્ર પણ સમય માત્ર પણ પ્રવેશી ન શકે એવો જે 'ઘન' - નક્કર (solid, compact) વિજ્ઞાન વિજ્ઞાન ને વિજ્ઞાનનો જ ઘન છે. એવા વિજ્ઞાનઘન આત્માને અનુભવે છે - 'साक्षाद् विज्ञानघनमात्मानमनुभवति ।'

**જ્ઞાની મહાત્માઓની અસંગતા**

'જેને સમ્યગ્દર્શન ઉપજ્યું છે એવા સમ્યગ્દૃષ્ટિ મહાત્માઓ સર્વત્ર અનાલંબન એવા અસંગ ભાવને જ ભજે છે, કારણકે હું દેહાદિથી ભિન્ન એવો એક શુદ્ધ દર્શન - જ્ઞાનમય આત્મા છું, બીજું કંઈ પણ પરમાણુ માત્ર પણ મ્હારૂં નથી - એવો દૃઢ પરમાર્થ નિશ્ચય તેમને થયો છે અને 'સંગના યોગે આ જીવ સહજ સ્થિતિને ભૂલ્યો છે' એવા જ્ઞાનીના વાક્યોનો અનુભવરૂપ નિર્ધાર તેમના હૃદયમાં ઉપજ્યો છે. એટલે જ બાહ્યાભ્યંતર સંગરૂપ સર્વ પરભાવ - વિભાવથી વિરામ પામી, 'જ્ઞાનનું ફલ વિરતિ' એ વીતરાગ વચનને તેઓ સત્ય કરે છે. ક્ષીરનીર જેમ સ્વ - પરનો ભેદ, આત્મા - અનાત્માનો વિવેક જેણે કર્યો છે, એવા આ પરમહંસો શુદ્ધ માનસ-સરોવરના નિર્મલ અનુભવ જલમાં ઝીલે છે. જીવન્મુક્તપણાની પાંખે ઉંચા ચિદાકાશને વિષે ઉડતા આ વિહગ જેવા અપ્રતિબદ્ધ સંતો દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી ક્યાંય પણ પ્રતિબંધ કરતા નથી. આત્મા સિવાયની સર્વ વસ્તુનો પ્રસંગ તે સંગ છે અને ''આ સર્વ સંગ મહાશ્રવ છે'' એવું તીર્થંકર વચન જેણે જાણ્યું છે, એવા આ શાંતમૂર્તિ અસંગ મહાત્માઓ સહજ આત્મસ્વરૂપમાં ગુપ્ત સંવૃત થઈ પરમ સંવર આદરે છે અને પરમ આત્મસમાધિ અનુભવે છે.'

**- પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા પાઠ-૨૧ (સ્વરચિત)**

**આકૃતિ**

બહુ પ્રકાર પરદ્રવ્યના ભાવો તે સર્વ જ ન ઈચ્છતો જ્ઞાની → જ્ઞાનીને સર્વ જ પરદ્રવ્ય ભાવોનો પરિગ્રહ નાસ્તિ } સિદ્ધ જ્ઞાનીનું અત્યંત નિષ્પરિગ્રહત્વ

અશેષ ભાવાંતર પરિગ્રહ શૂન્યત્વથી → સમસ્ત અજ્ઞાન જેણે વમન કર્યું છે એવા આ જ્ઞાની → સર્વત્ર પણ અત્યંત નિરાલંબ થઈને → પ્રતિનિયત ટંકોત્કીર્ણ એક જ્ઞાયક હોતો → સાક્ષાત્ વિજ્ઞાનઘન આત્મા અનુભવે છે

**શ્રામણ્યના સહકારી અપવાદ રૂપ ધર્મ ઉપકરણોમાં પણ જ્ઞાનીની અસંગતા**

આવા અત્માનુભવનિમગ્ન સર્વત્ર અસંગ અનાલંબન ભાવને ભાવને ભજતા - આ પરમ નિષ્પરિગ્રહી - પરમ નિર્ગ્રંથ અસંગ મહાત્માઓની અસંગતા એટલી બધી ઉત્કટ હોય છે કે શ્રામણ્યના સહકારિકારણ રૂપ જે ઉપકારી ધર્મ સાધનભૂત અપવાદ રૂપ ઉપકરણો છે તેમાં પણ તેઓ ઈચ્છા પ્રતિબંધ રૂપ મમત્વ કરતા નથી, પરિગ્રહ બુદ્ધિ ધરતા નથી, પરિગ્રહ બંધનરૂપ આલંબન પકડતા નથી. જેમકે - **'પ્રવચનસાર' ટીકામાં અમૃતચંદ્રાચાર્યજીએ** અમૃત વચનો કહ્યા છે તેમ - 'આમાં (શ્રામણ્યમાં - શ્રમણપણામાં)* જે ખરેખર ! સ્ફુટપણે અપ્રતિષિદ્ધ ઉપધિ અપવાદ છે, તે ખરેખર ! નિખિલ પણ શ્રામણ્ય પર્યાયના સહકારિકારણપણે ઉપકારકપણાને લીધે ઉપકારભૂત જ એવો છે, નહિ કે પુનઃ અન્ય પણ અને તેના વિશેષો ' આ છે) - (૧) આહાર્ય (આહરી લેવાય - આંચકી

* ''यो हि नामाप्रतिषिद्धोऽस्मिन्नुपधिरपवादः स खलु निखिलोपि श्रामण्यपर्यायसहकारिकारणत्वेनोपकारकारकत्वादुपकरणभूत एव न पुनरन्यः । तस्य तु विशेषाः सर्वाहार्यवर्जितसहजरूपोपेक्षितयथाजातरूपत्वेन बहिरङ्गलिङ्गभूताः कायपुद्गलाः, श्रूयमाणतत्कालबोधक गुरुगीर्यमाणात्मतत्त्वद्योतकसिद्धोपदेशवचनपुद्गलास्तथाधीयमाननित्यबोधकानादिनिधनशुद्धात्मतत्त्वद्योतन-समर्थश्रुतज्ञानसाधनीभूतशब्दात्मसूत्रपुद्गलाश्च शुद्धात्मतत्त्व-व्यञ्जकदर्शनादिपर्यायतत्परिणतपुरुषविनतिताभिप्रायवर्तकचितपुद्गलाश्च भवन्ति । शदत्र तात्पर्यं कायवद्वचनमनसी अपि न वस्तुधर्म ।''

**- શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત 'પ્રવચનસાર' ટીકા ચારિત્ર અધિકાર ગા. ૨૫**

લેવાય - આંચકી લેવાય એવા) વર્જિત 'સહજ રૂપથી ઉપેક્ષિત યથાજાતરૂપપણાએ કરીને બહિરંગ લિંગભૂત **કાય પુદ્‌ગલો,** (૨) તત્કાલ બોધક ગુરુથી ઉચ્ચારાતા આત્મતત્ત્વદ્યોતક એવા શ્રુત થઈ રહેલા (સંભળાઈ રહેલા) સિદ્ધ ઉપદેશ **વચન-પુદ્‌ગલો,** (૩) તથા નિત્યબોધક અનાદિ નિધન શુદ્ધાત્મ તત્ત્વા-દ્યોતનમાં સમર્થ શ્રુતજ્ઞાનના સાધનીભૂત એવા અધીયમાન - અધ્યયન કરાઈ રહેલા (અભ્યાસાઈ રહેલા) શબ્દાત્મ **સૂત્ર પુદ્‌ગલો,** (૪) અને શુદ્ધાત્મ તત્ત્વના વ્યંજક દર્શનાદિ પર્યાય પ્રત્યે અને તત્પરિણત (તે દર્શનાદિ પર્યાય પરિણત) પુરુષ પ્રત્યે વિનતતા - અભિપ્રાયના વર્ત્તક- વર્તાવનારા **ચિત્ત પુદ્‌ગલો** હોય છે. આ અત્રે તાત્પર્ય છે કે કાયની જેમ વચન - મન પણ વસ્તુધર્મ નથી, એટલે આ પુદ્‌ગલાત્મક ઉપકરણભૂત પરભાવ પ્રત્યે પણ જ્ઞાનીને ઈચ્છા પ્રતિબંધરૂપ પરિગ્રહ ભાવ હોતો નથી, મમત્વરૂપ પરિગ્રહ બુદ્ધિથી તે તે ઉપકારી ઉપકરણોનું પણ આલંબન પરિગ્રહતા નથી - પકડતા નથી. **પ્રવચનસારટીકામાં** જેણે આ ઉપરોક્ત અમર વચનો લખ્યા છે, તે **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** આ વચનો લખ્યા જ માત્ર નથી, પણ તથારૂપ સ્વાચરણથી સિદ્ધ કરી દેખાડી પરમ અસંગ પરમ નિર્ગ્રંથ શ્રામણ્યનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરૂં પાડ્યું છે - જેની તેઓશ્રીના **પુરુષાર્થ સિદ્ધિ ઉપાયના** આ અમૃત વચનો સાક્ષી પૂરે છે - 'વર્ણોથી' શબ્દ કરાયા, શબ્દોથી વાક્ય કરાયા, વાક્યોથી આ શાસ્ત્ર કરાયું, અમારાથી કરવામાં આવ્યું નથી.' ખરેખરી અસંગતાનું કેવું અદ્‌ભુત ઉદાહરણ ! અને તેવું જ જીવતું જાગતું જ્વલંત ઉદાહરણ વર્ત્તમાન યુગમાં **શ્રીમદ્‌ રાજચંદ્રજીના** અધ્યાત્મ જીવન વૃત્તમાં અને સ્વાનુભવપૂર્ણ ટંકોત્કીર્ણ વચનામૃતોમાં આત્માર્થી મુમુક્ષુને સ્થળે સ્થળે દગ્‌ગોચર થાય છે, જેનું સવિસ્તર દિગ્‌દર્શન અમે 'અધ્યાત્મ રાજચંદ્ર' ગ્રંથમાં યથાસ્થાને કરાવ્યું છે.

''કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા,
નિર્ગ્રંથનો પંથ ભવ અંતનો ઉપાય છે.'' - **શ્રીમદ્‌ રાજચંદ્રજી**

''નિરાશ્રય એવા જ્ઞાનીને બધું ય સમ છે. અથવા જ્ઞાની સહજ પરિણામી છે, સહજ સ્વરૂપી છે, સહજપણે સ્થિત છે, સહજપણે પ્રાપ્ત ઉદય ભોગવે છે, સહજપણે જે કંઈ થાય તે થાય છે, જે ન થાય તે ન થાય છે, તે કર્ત્તવ્ય રહિત છે, કર્ત્તવ્ય ભાવ તેને વિષે વિલય પ્રાપ્ત થાય છે. *** જ્ઞાની ઈચ્છા રહિત કે ઈચ્છા સહિત એમ કહેવું પણ બનતું નથી, તે સહજ સ્વરૂપ છે.''

**- શ્રીમદ્‌ રાજચંદ્ર, અં. ૩૭૭**

સમ્યગ્દૃષ્ટિ
જ્ઞાની

હવે જ્ઞાનીનો ઉપભોગ પરિગ્રહરૂપ નથી એમ નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો ઉત્થાનિકા **સમયસાર કળશ (૧૪) કહે છે -**

स्वागतावृत्त

**पूर्वबद्धनिजकर्मविपाका - ज्ज्ञानिनो यदि भवत्युपभोगः ।**

**तद्भवत्वथ च रागवियोगा - न्नूनमेति न परिग्रहभावं ॥१४६॥**

પૂર્વબદ્ધ નિજ કર્મ વિપાકે, જ્ઞાનિને યદિ હુવે ઉપભોગ,

હો ભલે તદપિ રાગ અભાવ, પામતો ન જ પરિગ્રહ ભાવ. ૧૪૬

## અમૃત પદ-(૧૪૬)

રોળાવૃત્ત

પૂર્વબદ્ધ નિજ કર્મ વિપાકે, જ્ઞાનિને યદિ હોય ઉપભોગ,

હો જ ભલે ! પણ રાગ વિયોગે, પામે ન પરિગ્રહ ભાવ વિયોગ...

આતમ અનુભવ અમૃતરસમાં, પરમ હંસ જે નિત્ય રમંત,

ભગવાન જ્ઞાની અમૃત રસી તે, પરિગ્રહ વિષ સદાય વમંત... ૧૪૬

**અર્થ** - પૂર્વે બાંધેલા નિજ કર્મના વિપાક થકી જ્ઞાનીને જો ઉપભોગ હોય તો ભલે હો ! પણ રાગના વિયોગને લીધે નિશ્ચયે કરીને તે પરિગ્રહભાવને પામતો નથી. ૧૪૬

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જ્ઞાની પુરુષને પણ પ્રારબ્ધ કર્મ ભોગવ્યા વિના નિવૃત્ત થતાં નથી અને અભોગવ્યે નિવૃત્ત થવાને વિષે જ્ઞાનીને કંઈ ઈચ્છા નથી." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૮૭**

**ઉદય ભોગ જ્ઞાનીને રાગ વિયોગે પરિગ્રહ નથી થતો**

જ્ઞાનીનો જે ઉપભોગ છે તે રાગના વિયોગે પરિગ્રહ ભાવ પામતો નથી, એવા ભાવની આ નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો આ કળશ, સમસ્ત પરભાવને 'ઉદ્ધત' (અત્યંત હણી નાંખતો) કરતો જેનો ભવ્ય આત્મ-રથ અનન્ય આત્મભાવની 'ઉદ્ધત' - ઉદ્દામ મસ્તીમાં અધ્યાત્મ પથે ઉદ્ધતપણે દોડી રહ્યો છે એવા પરમ ભાવિતાત્મા પરમર્ષિ **અમૃતચંદ્રજીએ** તેવા ભાવને અનુરૂપ 'સ્વાગતા વૃત્તમાં લલકાર્યો છે. તેનો ભાવાર્થ આ પ્રકારે - पूर्वबद्धनिजकर्मविपाकात्, ज्ञानिनो यदि भवत्युपभोगः - **'પૂર્વબદ્ધ'** - પૂર્વે બાંધેલા **'નિજ'** - પોતાના **'કર્મ વિપાક થકી'** - ફલદાન સન્મુખ કર્મ ઉદયથી જ્ઞાનીને જો ઉપભોગ હોય છે, તો ભલે હો ! तद्भवत्वथ च 'रागवियोगात्' - પણ રાગના વિયોગને લીધે તે ઉપભોગ નિશ્ચયે કરીને તેના 'પરિગ્રહ ભાવને' પામતો નથી - માલિકીપણારૂપ - સ્વામીપણારૂપ ભાવને પામતો નથી - 'नूनमेति न परिग्रहभावः ।'

**उप्पण्णोदयभोगो विओगबुद्धीए तस्स सो णिच्चं ।**

**कंखामणागयस्स य उदयस्स ण कुव्वए णाणी ॥२१५॥**

ઉત્પન્ન ઉદય ભોગ નિત્ય તે રે, વિયોગબુદ્ધિથી તાસ,

કાંક્ષા અનાગત ઉદયની રે, જ્ઞાની કરે ના ખાસ... રે જ્ઞાની નિર્જરા. ૨૧૫

**અર્થ** - ઉત્પન્ન છે ઉદય જેનો એવો ભોગ તે તેને નિત્ય વિયોગ બુદ્ધિથી હોય છે અને અનાગત (ભાવી) ઉદયની કાંક્ષા જ્ઞાની નથી કરતો.

## आत्मख्याति टीका

**उत्पन्नोदयभोगो वियोगबुद्धया तस्य स नित्यं ।**

**कांक्षामनागतस्य चोदयस्य न करोति ज्ञानी ॥२१५॥**

कर्मोदयोपभोगस्तावदतीतः प्रत्युत्पन्नोऽनागतो वा स्यात् । तत्रातीतस्तावत् अतीतत्वादेव सन् न परिग्रहभावं बिभर्ति । अनागतस्तु आकांक्ष्यमाण एव परिग्रहभावं बिभृयात् । प्रत्युत्पन्नस्तु स किल रागबुद्धया प्रवर्त्तमान एव तथा स्यात् न च **प्रत्युत्पन्नः** कर्मो**दयोपभोगो ज्ञानिनो** रागबुद्धया प्रवर्त्तमानः **वियोगबुद्धयाव** केवलं प्रवर्त्तमानस्तु स किल न प्रवर्तते ततः प्रत्युत्पन्नः कर्मोदयोपभोगो ज्ञानिनः परिग्रहो **अनागतस्तु स** किल **ज्ञानिनो न कांक्षित** एव ज्ञानिनोऽज्ञानमयभावस्यात अभावात् ततोऽनागतोऽपि कर्मोदयोपभोगो ज्ञानिनः परिग्रहो न भवेत् ॥२१५॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

કર્મોદયઉપભોગ પ્રથમ તો અતીત, પ્રત્યુત્પન્ન (વર્ત્તમાન) વા અનાગત (ભવિષ્ય) હોય, તેમાં અતીત (ભૂત) તો અતીતપણાને લીધે જ સતો પરિગ્રહ ભાવ ધારતો નથી, અનાગત તો આકાંક્ષવામાં આવતો જ પરિગ્રહ ભાવ ધારે, પ્રત્યુત્પન્ન (વર્ત્તમાન) તો સ્ફુટપણે રાગબુદ્ધિથી પ્રવર્ત્તમાન જ તથાપ્રકારે હોય અને **પ્રત્યુત્પન્ન કર્મોદય ઉપભોગ જ્ઞાનીને** રાગબુદ્ધિથી પ્રવર્ત્તમાન દૃષ્ટ નથી - જ્ઞાનીને **અજ્ઞાનમય** ભાવના - રાગબુદ્ધિના અભાવને લીધે, **વિયોગ બુદ્ધિથી** જ કેવલ પ્રવર્ત્તમાન તો તે નિશ્ચયે કરીને પરિગ્રહ ન હોય, તેથી પ્રત્યુત્પન્ન કર્મોદય ઉપભોગ જ્ઞાનીનો પરિગ્રહ ન હોય. **અનાગત તો તે ખરેખર ! જ્ઞાનિનો કાંક્ષિત જ નથી** - જ્ઞાનીને અજ્ઞાનમય ભાવના - આકાંક્ષાના અભાવને લીધે, તેથી અનાગત પણ કર્મોદય ઉપભોગ જ્ઞાનીનો પરિગ્રહ ન હોય. ૨૧૫

---

**आत्मभावना** -

उप्पण्णोदयभोगो - उत्पन्नोदयभोगो - ઉત્પન્ન છે ઉદય જેનો એવો ભોગ सो - सः - તે तस्य - તેને - જ્ઞાનીને णिच्चं विओगबुद्धीए - नित्यं वियोगबुद्धया - નિત્ય - સદાય વિયોગબુદ્ધિથી (હોય છે), अणागयस्स य उदयस्स कंखाम् - अनागतस्य चोदयस्य कांक्षाम् - અને અનાગત - ભાવિ ઉદયની કાંક્ષા - ઈચ્છા - સ્પૃહા णाणी ण कुव्वए - ज्ञानी न करोति - જ્ઞાની નથી કરતો. ॥ इति **गाथा** आत्मभावना ॥२१५॥

कर्मोदयोपभोगस्तावदतीतः प्रत्युत्पन्नोऽनागतो वा स्यात् - કર્મોદય ઉદય પ્રથમ તો અતીત - ભૂત પ્રત્યુત્પન્ન - વર્તમાન ~~વા અનાગત~~ - ભાવી હોય, तत्र - તેમાં अतीतस्तावत् - અતીત - ભૂત તો પ્રથમ अतीतत्वादेव - અતીતપણાને લીધે જ - ભૂતપણાને લીધે જ सन् - सत् - સતો - હોતો છતો न परिग्रहभावं बिभर्ति - પરિગ્રહ ભાવ ધારે, प्रत्युत्पन्नस्तु - અને પ્રત્યુત્પન્ન - વર્તમાન તો स - અને કર્મોદય ઉપભોગ किल - ખરેખર ! નિશ્ચય કરીને સ્ફુટપણે પ્રગટપણે रागबुद्धया प्रवर्त्तमान एव - રાગ બુદ્ધિથી પ્રવર્ત્તમાન જ तथा स्यात् - તથા પ્રકારે હોય, તેવા પ્રકારે પરિગ્રહ ભાવ ધારે.

न च प्रत्युत्पन्नः कर्मोदयोपभोगो - અને નથી પ્રત્યુત્પન્ન - વર્તમાન કર્મોદય ઉપભોગ ज्ञानिनो - જ્ઞાનીને रागबुद्धया प्रवर्त्तमानो दृष्टो - રાગ બુદ્ધિથી પ્રવર્ત્તમાન દૃષ્ટ, શાને લીધે ? ज्ञानिनोऽज्ञानमयभावस्य /रागबुद्धेरभावात् - જ્ઞાનીને

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"એ પ્રારબ્ધનો એવો નિર્ધાર નથી કે તે નિવૃત્તિ રૂપે જે ઉદય આવે. જેમ શ્રીકૃષ્ણાદિક જ્ઞાની પુરુષ કે જેને પ્રવૃત્તિરૂપ પ્રારબ્ધ છતાં જ્ઞાનદશા હતી. જેમ ગૃહસ્થ અવસ્થામાં શ્રી તીર્થંકર - એ પ્રારબ્ધ નિવૃત્ત થવું તે માત્ર ભોગવ્યાથી સંભવે છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૮૭**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે રાગવિયોગને લીધે જ્ઞાનીનો ઉપભોગ પરિગ્રહ ભાવ પામતો નથી એમ આ ગાથામાં પ્રતિપાદન કર્યું છે અને તેનું પરમ તત્ત્વવૈજ્ઞાનિક વ્યાખ્યાન 'આત્મખ્યાતિ' કર્ત્તા પરમર્ષિ અમૃતચંદ્રજીએ પ્રકાશ્યું છે. તેનો ભાવાર્થ આ પ્રકારે -

**જ્ઞાનીને ત્રણે કાળ સંબંધી કર્મોદય ઉપભોગનો પરિગ્રહ અભાવ**

કર્મોદય ઉપભોગ તો કાંતો 'અતીત' - ભૂત 'પ્રત્યુત્પન્ન' - વર્ત્તમાન વા 'અનાગત' - હજુ નહિ આવેલો એટલે કે ભાવી, એમ ત્રણમાંથી કોઈ પણ એક પ્રકારનો હોય. તેમાં - (૧) જે 'અતીત' - ભૂત છે - ભૂતકાળમાં થઈ ગયેલો છે, તે તો 'અતીતપણાને લીધે જ' - ભૂતપણાને લીધે જ - વ્યતીત થઈ રહ્યાપણાને લીધે જ 'પરિગ્રહ ભાવ' ધારતો નથી. કારણકે પરિગ્રહ તો જેનું પરિગ્રહણ થતું હોય, જે હાથમાં આવતું હોય, જેનું ઈચ્છવું થતું હોય તેનો થાય, કોઈ પણ 'અતીત' - ભૂત વસ્તુનું પરિગ્રહણ થઈ શકતું નથી, કોઈ પણ 'અતીત' - ભૂત - ગઈ ગૂજરી બનેલી વસ્તુ હાથમાં આવતી નથી, તેમ તેનું ઈચ્છવું સંભવતું નથી, તેથી તેનો પરિગ્રહ ક્યાંથી થઈ શકે ? (૨) 'અનાગત' - જે હજુ આવેલ નથી પણ આવશે એવો ભાવી ઉપભોગ છે, તે તો આકાંક્ષવામાં આવેલો જ પરિગ્રહ ભાવ ધારે' - 'आकांक्ष्यमाण एव परिग्रह भावं बिभृयात् ।' તે આકાંક્ષવાનાં - ઈચ્છવાનાં - સ્પૃહવામાં આવી રહેલો - આવતો હોય તો જ પરિગ્રહ ભાવ ધારણ કરે. (૩) અને 'પ્રત્યુત્પન્ન' - સામે ઉત્પન્ન થયેલ - વર્ત્તમાન જે ઉપભોગ તે તો સ્ફુટપણે રાગબુદ્ધિથી જ 'પ્રવર્ત્તમાન' - પ્રવર્તી રહેલ હોય તો તથાપ્રકારે હોય - તેવા પ્રકારે પરિગ્રહ ભાવ ધારે - 'रागबुद्ध्या एव प्रवर्त्तमानस्तथा स्यात् ।'

**વર્તમાન ઉદયમાં વિયોગ બુદ્ધિ : રાગ બુદ્ધિ અભાવ**

હવે 'પ્રત્યુત્પન્ન' - વર્તમાનમાં વર્ગતો ઉપભોગ જ્ઞાનીને રાગબુદ્ધિથી પ્રવર્ત્તમાન - પ્રવર્તતો દૃષ્ટ નથી, દીઠો નથી, 'न च प्रत्युत्पन्नः कर्मोदयोपभोगो ज्ञानिनो रागबुद्ध्या प्रवर्त्तमानो दृष्टः ।' કારણકે જ્ઞાનીને રાગબુદ્ધિ કે જે અજ્ઞાનમય ભાવ છે તેનો અભાવ છે - નહિ હોવાપણું છે - 'ज्ञानिनो ऽज्ञानमय भावस्य रागबुद्धेरभावात्' અને વિયોગબુદ્ધિથી જ પ્રવર્ત્તમાન તો ખરેખર ! પ્રગટપણે પરિગ્રહ ન હોય, અર્થાત્ આ પૂર્વકર્મનું લેણું લેવા આવેલ તે કર્મોદય ભલે પોતાનું લેણું વસુલ કરી વિદાય થઈ જાઓ - મ્હારા આત્માથી વિયોગ પામી જાઓ, એમ વિયોગ બુદ્ધિથી જ કેવલ જ્ઞાનીનો ઉપભોગ પ્રવર્ત્તે છે, તે પરિગ્રહ હોય જ કેમ ? તેથી 'પ્રત્યુત્પન્ન' - વર્તમાન કાળ સંબંધી કર્મોદય ઉપભોગ જ્ઞાનિનો પરિગ્રહ ન હોય.

---

અજ્ઞાનમય ભાવ એવા રાગબુદ્ધિના અભાવને લીધે - નહિ હોવાપણાને લીધે, वियोगबुद्ध्यैव केवलं प्रवर्त्तमानस्तु स - અને વિયોગ બુદ્ધિથી જ કેવલ - માત્ર પ્રવર્તમાન - પ્રવર્તી રહેલો તે કર્મોદય ઉપભોગ તો किल - ખરેખર ! નિશ્ચયે કરીને સ્ફુટપણે પ્રગટપણે न परिग्रहः स्यात् - પરિગ્રહ ન હોય, ततः - તેથી, શું ? प्रत्युत्पन्नः कर्मोदयोपभोगो - પ્રત્યુત્પન્ન - વર્તમાન કર્મોદય ઉપભોગ ज्ञानिनः परिग्रहो न भवेत् - જ્ઞાનીનો પરિગ્રહ ન હોય. अनागतस्तु स किल - અને અનાગત - ભાવી એવો તે - કર્મોદય ઉપભોગ તો ખરેખર નિશ્ચયે કરીને સ્ફુટપણે પ્રગટપણે ज्ञानिनः परिग्रह न भवेत् - જ્ઞાનીને પરિગ્રહ ન હોય. ज्ञानिनो न कांक्षित एव - જ્ઞાનીનો કાંક્ષિત જ - ઈચ્છવામાં આવેલો જ નથી, શાને લીધે ? ज्ञानिनोऽज्ञानमयभावस्याकांक्षाया अभावात् - જ્ઞાનીને અજ્ઞાનમય ભાવ એવા આકાંક્ષાના - અલ્પ પણ ઈચ્છાના - સ્પૃહાના અભાવને લીધે, ततो - તેથી, अनागतोऽपि कर्मोदयोपभोगो - અનાગત - ભાવી પણ કર્મોદય ઉપભોગ ज्ञानिनः જ્ઞાનીનો परिग्रहो न भवेत् - પરિગ્રહ ન હોય. ॥ इति **'आत्मख्याति' भावना** ॥૨૧૫॥

**અનાગત ઉદયની અનાકાંક્ષા**

અને 'અનાગત' - ભવિષ્યકાળ સંબંધી ઉપભોગ તો જ્ઞાનિને 'કાંક્ષિત' જ નથી - ઈચ્છેલ જ નથી. આ ઉપભોગ મને ભવિષ્યમાં પ્રાપ્ત હો એવી કોઈ પણ આકાંક્ષા - કામના - આશંસા - સ્પૃહા જ્ઞાની કરતો જ નથી. કારણકે જ્ઞાનીને આકાંક્ષા કે જે અજ્ઞાનમય ભાવ છે તેનો અભાવ નહિ હોવાપણું છે - 'ज्ञानिनोऽज्ञानमय भावस्य आकांक्षाया अभावात् ।' તેથી 'અનાગત' - ભાવિ પણ કર્મોદય ઉપભોગ જ્ઞાનીનો પરિગ્રહ ન હોય. આમ ભૂત, ભવદ્ કે ભાવિ ત્રણે પ્રકારમાંથી કોઈ પણ પ્રકારે કોઈ પણ કાળે કર્મોદય ઉપભોગનો ખરેખરા 'જ્ઞાનીને' પરિગ્રહ ભાવ હોય જ નહિ, આ નિશ્ચય છે - इति सिद्धं ।

**જ્ઞાનીને ભોગ અનિચ્છા : ભોગથી ઈચ્છા નિવૃત્તિ ન થાય**

જ્ઞાનીને ભોગની ઈચ્છા છે તેથી ભોગ ભોગવે છે એમ નથી, પણ અનિચ્છા છતાં ભોગવ્યા વિના છૂટકો નથી એવા માત્ર પૂર્વ ઉદયથી પ્રાપ્ત ઉદય ભોગ ભોગવવા પડે તે ભોગવે છે. કારણકે જ્ઞાન-વૈરાગ્ય સંપન્ન જ્ઞાનીને ભોગ ઈચ્છાની સહજ નિવૃત્તિ હોય છે, ભોગાકાંક્ષા પ્રત્યે સહજ વૈરાગ્ય વર્ત્તે છે. અત્રે કોઈ કહેશે કે - વિષય ભોગથી તેની નિવૃત્તિ થશે, ભોગ ભોગવ્યાથી એના પ્રત્યે કંટાળો - વૈરાગ્ય* આવશે, તો તે માનવું પણ ખોટું છે. કારણકે ભોગથી* તેની ઈચ્છાવિરતિ થવી, તે તો એક ખાંધેથી ભાર ઉતારી બીજી ખાંધે ભાર આરોપવા બરાબર છે, કારણકે તેનો સંસ્કાર તો ચાલુ જ છે. જેમ કોઈ ભારવાહક એક ખાંધે ભાર ઉપાડતાં થાકી જાય, એટલે બીજી ખાંધે આરોપે છે, પણ ભાર મૂકી દેતો નથી, તેમ ભોગવાંચ્છક એક વિષયથી થાકે - કંટાળે એટલે તેની ઈચ્છાથી વિરામ પામી બીજો વિષય પકડે છે, પણ મૂળભૂત વિષયવાસનાને મૂકી દેતો નથી - અંતર્ગત વિષય વિકાર પરિણતિને છોડી દેતો નથી, માટે ગમે તેટલા ભોગથી તેની ઈચ્છા વિરતિ થવી શક્ય નથી. કારણકે ભોગસંસ્કાર છૂટ્યો નથી - અંતર્ગત વિષય વિકાર પરિણતિની દુર્વાસના ટળી નથી, એટલે વિષયમાંથી વિષયાંતર થયા જ કરે છે. આમ ભોગ થકી જે વાસનાનો અનુબંધ ચાલુ જ છે. માટે ભોગ ભોગવ્યા થકી ભોગેચ્છા નિવૃત્તિ માનવી તે મિથ્યા ભ્રાંતિ છે. પણ સમ્યગ્ દૃષ્ટિ જ્ઞાનીને તો સહજ વિષય વૈરાગ્ય વર્ત્તે છે, એટલે તે સહજ સ્વભાવે ભાવિભોગની આકાંક્ષારૂપ અજ્ઞાનમય ભોગેચ્છાથી નિવર્ત્તે છે - ભોગેચ્છાથી દૂર રહે છે, વિષય વાંચ્છા ત્યજે છે - વિષય વાસનાનો ત્યાગ કરે છે અને કદાચિત્ પૂર્વ કર્મયોગે પુણ્યાનુબંધી પુણ્યના પ્રભાવે પ્રાપ્ત ભોગ સંપત્તિનો વર્ત્તમાન ઉપભોગ કરે છે, તો પણ રાગ રહિતપણે અનાસક્ત ભાવે - અનાત્મભાવે જલકમલવત્ નિર્લેપ રહીને જ કરે છે, એટલે રાગબુદ્ધિરૂપ અજ્ઞાનમય ભાવના અભાવે તે તેમાં બંધાતો નથી અને ઉદય ભોગ કર્મ ભોગવીને - છૂટી જાય છે. આમ અજ્ઞાનમય ભાવરૂપ રાગબુદ્ધિના ને ભોગાકાંક્ષાના અભાવને લીધે ભૂત-ભવદ્-ભાવિ ભોગનો જ્ઞાની પુરુષનો પણ પરિગ્રહભાવ પામતો નથી. આ સમ્યગ્દૃષ્ટિ પુરુષની આશ્ચર્ય ઘટના છે ! કારણકે સ્વરૂપના ઘરમાં બેસી સમ્યગ્દૃષ્ટિ યોગી અહીં દૃષ્ટા-જ્ઞાતા રૂપ સાક્ષીભાવે આ રૂપ-રસ-ગંધ-સ્પર્શ-શબ્દમય પુદ્ગલ જાલને જાણે તમાસો જુએ છે અને મફતમાં લીલાલ્હેર અનુભવે છે !

---

* "सिद्धया विषयसौख्यस्य वैराग्यं वर्णयन्ति ये ।
मतं न युज्यते तेषां भावदर्थप्रसिद्धितः ॥
अप्राप्तत्वभ्रमादुच्चैरवाप्तेष्वप्यनंतशः ।
कामभोगेषु मूढानां समीहा नो प्रशाम्यति ॥" - શ્રી યશોવિજયજી કૃત શ્રી 'અધ્યાત્મ સાર'

* "भोगात्तदिच्छाविरतिः स्कंधभारापनुत्तये ।
स्कंधान्तरसमारोपस्तत्संस्कारविधानतः ॥" - શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' શ્લો. ૧૬૧

''ભોગથી ઈચ્છા તણો વિરામ, કદી ન થાયે - વધે જ કામ,
એક ખાંધેથી ઉતારી ભાર, બીજે લાદવો તે અવધાર !
એમ ચિંતે યોગી નિષ્કામ, આત્મારામી તે ગુણધામ,
વિષય વિષને દૂરથી ત્યજે, આત્મસ્વરૂપ અમૃતને ભજે;
બેસી સ્વરૂપના ઘરમાંહિ, યોગી સાક્ષી ભાવે આંહિ,
પુદ્ગલજાલ તમાસો જુવે, લીલા લ્હેર મફત અનુભવે.'' - **શ્રી 'યોગદૃષ્ટિ કળશ' (સ્વરચિત)**



જ્ઞાની અનાગતને કેમ આકાંક્ષતો નથી ? તો કે -

**जो वेददि विदिज्जदि समए समए विणस्सदे उहयं ।**

**तं जाणगो दु णाणी उभयंणि ण कंखइ कयावि ॥२१६॥**

**સમયે સમયે ઉભય વિણસે રે, જે વેદે વેદાય;**

તે જ્ઞાયક જ્ઞાની ઉભયને રે, કાંક્ષે ના જ કદાય... રે જ્ઞાની નિર્જરા. ૨૧૬

**અર્થ** - જે વેદે છે, વેદાય છે, તે ઉભય સમયે વિનશે છે, તેના જ્ઞાયક એવો જ્ઞાની તો તે ઉભયને પણ કદી પણ કાંક્ષતો નથી. ૨૧૬

## आत्मख्याति टीका

कुतोऽनागतमुदयं ज्ञानी नाकांक्षतीति चेत् -

**यो वेदयते वेद्यते समये समये विनश्यत्युभयं ।**

**तज्ज्ञायकस्तु ज्ञानी उभयमपि न कांक्षति कदाचित् ॥२१६॥**

**ज्ञानी** हि तावद् ध्रुवत्वात् स्वभावभावस्य टंकोत्कीर्णैक**ज्ञायक**भावो नित्यो भवति । यौ तु **वेद्यवेदकभावौ तौ** तूत्पन्नप्रध्वंसित्वाद्विभावभावानां **क्षणिकौ भवतः** । तत्र यो भावः कांक्ष्यमाणं वेद्यभावं वेदयते स यावद् भवति तावत्कांक्ष्यमाणो वेद्यो भावो विनश्यति । तस्मिन् विनष्टे वेदको भावः किं वेदयते ?। यदि कांक्ष्यमाणवेद्यभावपृष्ठभाविनमन्यं भावं वेदयते तदा तद्भवनात् पूर्वं स विनश्यति कस्तं वेदयते ? यदि वेदकभावपृष्ठभावी भावोन्यस्तं वेदयते तदा तद्भवनात् पूर्वं स वेद्यो विनश्यति किं स वेदयते ? इति कांक्ष्यमाणभाववेदनानवस्था तां च विजानन् ज्ञानी **न किंचिदेव कांक्षति** ॥२१६॥

---

**आत्मभावना** -

जो वेददि वेदिज्जदि - यो वेदयते वेद्यते - **જે વેદે છે - વેદાય છે, તે** उहयं समए समए विणस्सदे - उभयं समये समये विनश्यति - **ઉભય - બન્ને સમયે સમયે વિનાશ પામે છે,** तं जाणगो दु णाणी - तज्ज्ञायकस्तु ज्ञानी - **તેનો નિશ્ચયે કરીને જ્ઞાયક જ એવો જ્ઞાની** तुभयंपि न कयावि कंखइ - उभयमपि न कदाचित् कांक्षति - **ઉભયને પણ કદાચિત્ કાંક્ષતો - ઈચ્છતો નથી.** ॥ इति **गाथा** आत्मभावना ॥२१६॥

ज्ञानी हि तावद् ध्रुवत्वात् स्वभावभावस्य - **જ્ઞાની પ્રથમ તો નિશ્ચયે કરીને સ્વભાવભાવના ધ્રુવપણાને લીધે** टंकोत्कीर्णैकज्ञायकभावो नित्यो भवति - **ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવ નિત્ય એવો હોય છે,** यौ तु वेद्यवेदकभावौ - **અને જે વેદ્ય-વેદક એ બે ભાવો** तौ तु - **તે બન્ને તો** क्षणिकौ भवतः - **ક્ષણિક હોય છે, શાને લીધે ?** उत्पन्न-प्रध्वंसित्वाद् विभावभावानां - **વિભાવ ભાવોના - વિશેષ ભાવરૂપ ભાવોના ઉત્પન્ન - પ્રધ્વંસિપણાને લીધે, ઉત્પન્ન થઈ પ્રધ્વંસ - વિનાશ પામવાપણાને લીધે.** तत्र - **તેમાં**

यो भाविकांक्ष्यमाणं वेद्यभावं वेदयते - **જે ભાવિ કાંક્ષ્યમાણ - કાંક્ષવામાં આવી રહેલા - ઈચ્છાઈ રહેલા વેદ્ય ભાવને વેદે છે,** स यावद् भवति - **તે જ્યાં લગીમાં હોય છે,** तावत् कांक्ष्यमाणो वेद्यो भावो विनश्यति - **ત્યાં લગીમાં કાંક્ષવામાં આવી રહેલો વેદ્ય ભાવ વિનાશ પામે છે,** तस्मिन् विनष्टे वेदको भावः किं वेदयते - **તે વિનષ્ટ થયે વેદક ભાવ શું વેદે છે ?** यदि कांक्ष्यमाणवेद्यभावपृष्ठभाविनमन्यं भावं वेदयते - **જો કાંક્ષ્યમાણ - કાંક્ષવામાં આવી રહેલા વેદ્ય ભાવનો-પૃષ્ઠ ભાવી - પછી થનારા અન્ય ભાવને વેદે છે** - तदा तद्भवनात् पूर्वं स विनश्यति - **તો તેના ભવનથી - હોવાથી પૂર્વે તે વિનાશ પામે છે,** कस्तं वेदयते - **કોણ તેને વેદે છે ?** यदि वेदकभावपृष्ठभावी भावोन्यस्तं वेदयते - **જો વેદક ભાવનો પૃષ્ઠભાવ - પુંઠે હોનારો - પછી હોનારો અન્ય ભાવ તેને વેદે છે,** तदा तद्भवनात् पूर्वं स विनश्यति - **તો તેના ભવનથી - હોવાથી પૂર્વે તે વિનાશ પામે છે,** किं स वेदयते - **તે શું વેદે છે ?** इति कांक्ष्यमाणभाववेदनानवस्था - **એમ કાંક્ષ્યમાણભાવની વેદનની અનવસ્થા છે,** तां च विजानन् ज्ञानी - **અને તેને વિજાણંતો - વિશેષે કરીને જાણતો જ્ઞાની** न किंचिदेव कांक्षति - **કિંચિત્ જ નથી કાંક્ષતો.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२१६॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

**જ્ઞાની પ્રથમ તો નિશ્ચયે કરીને સ્વભાવભાવના ધ્રુવપણાને લીધે ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવ એવો** નિત્ય હોય છે અને **જે વેદ્ય-વેદક ભાવ છે, તે બન્ને** તો વિભાવ ભાવોના ઉત્પન્ન-પ્રધ્વંસિપણાને લીધે **ક્ષણિક હોય છે, તેમાં** જે ભાવી કાંક્ષ્યમાણ વેદ્ય ભાવને વેદે છે,

તે જ્યાં લગીમાં હોય છે, ત્યાં લગીમાં કાંક્ષ્યમાણ વેદ્ય ભાવ વિનશે છે,

તે વિનષ્ટ થયે વેદક ભાવ શું વેદે છે ?

જો કાંક્ષ્યમાણ વેદ્ય ભાવના પૃષ્ઠભાવી અન્ય ભાવને વેદે છે,

તો તેના ભવનથી પૂર્વે તે વિનશે છે, કોણ તેને વેદે છે ?

જો વેદક ભાવનો પૃષ્ઠભાવી અન્ય ભાવ તેને વેદે છે,

તો તેના ભવનથી પૂર્વે તે વેદ્ય વિનશે છે, તે શું વેદે છે ?

એમ કાંક્ષ્યમાણ ભાવના વેદનની અનવસ્થા છે

અને તેને વિજાણંતો **જ્ઞાની કિંચિત્ જ નથી કાંક્ષતો.** ૨૧૬

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''કેવલ જ્ઞાન થયું છે એવા વીતરાગને પણ ઉપાર્જિત પ્રારબ્ધરૂપ એવાં ચાર કર્મ વેદવાં પડે છે, તો તેથી ઓછી ભૂમિકામાં સ્થિત એવા જીવોને પ્રારબ્ધ ભોગવવું પડે તેમાં આશ્ચર્ય કાંઈ નથી.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૬૬**

જ્ઞાની 'અનાગત' - ભાવીને કયા કારણથી આકાંક્ષતો નથી - ઈચ્છતો નથી ? તેનો અત્ર બુદ્ધિગમ્ય (most Intelligent) તર્કશુદ્ધ ખુલાસો કર્યો છે અને તેનું પરમ તત્ત્વવૈજ્ઞાનિક (scientific philosophical) પૃથક્કરણ **વિજ્ઞાનઘન પરમર્ષિ અમૃતચંદ્રજીએ** પ્રસ્પષ્ટપણે દાખવ્યું છે. તેનો ભાવાર્થ આ પ્રકારે - જે જ્ઞાની છે તે તો 'સ્વભાવ ભાવના ધ્રુવપણાને લીધે' - ध्रुवत्वात् स्वभावभावस्य - ત્રણે કાળમાં ન ચળે એવા નિશ્ચળ સુસ્થિરપણાને લીધે 'ટંકોત્કીર્ણ' - ટાંકણાથી શિલામાં ઉત્કીર્ણ - કોતરેલ અક્ષર જેવો અક્ષર, 'એક' - અદ્વિતીય - અદ્વૈત 'જ્ઞાયક' - જ્ઞાતા - જાણનારો ભાવ એવો 'નિત્ય' - સદા સ્થાયી - સદાકાલ રહેનારો હોય છે - 'टंकोत्कीर्णैकज्ञायकभावो नित्यो भवति ।' અને જે 'વેદ્ય - વેદક' એ બે ભાવ છે, અર્થાત્ વેદાવા યોગ્ય 'વેદ્ય ભાવ' અને વેદનાર - વેદન કરનાર 'વેદક ભાવ' તે બન્ને તો 'વિભાવ ભાવોના ઉત્પન્ન - પ્રધ્વંસિપણાને લીધે ક્ષણિક હોય છે' - 'उत्पन्नप्रध्वंसित्वाद् विभावभावानां क्षणिकौ भवतः ।' અર્થાત્ 'વિભાવ ભાવો' - વિશેષ વિશેષ ભાવો એવા જે વેદ્ય - વેદક ભાવ છે તે ઉત્પન્ન થાય છે અને પછી પ્રધ્વંસ - વિનાશ પામે છે તેનું ઉત્પન્ન - પ્રધ્વંસિપણું હોઈ તે ક્ષણિક-ક્ષણ સ્થાયી હોય છે. તેમાં -

**વેદ્ય - વેદક ભાવની અનવસ્થા : તે જાણતો જ્ઞાની કાંઈ કાંક્ષતો નથી**

(૧) જે 'ભાવી' - ભવિષ્યના 'કાંક્ષ્યમાણ' - કાંક્ષવામાં આવી રહેલા - ઈચ્છવામાં આવતા 'વેદ્ય ભાવને' - વેદાવા યોગ્ય ભાવને 'વેદે છે' - અનુભવે છે, તે જ્યાં લગીમાં હોય છે, ત્યાં લગીમાં 'કાંક્ષ્યમાણ' - કાંક્ષવામાં આવી રહેલો - ઈચ્છવામાં આવી રહેલો ભાવ 'વિનશે છે' - વિનાશ પામે છે, તે 'વિનષ્ટ થયે' - વિનાશ પામી ગયે 'વેદક ભાવ' - વેદનારો ભાવ શું વેદે છે ? 'किं वेदयते ?' (૨) જો 'કાંક્ષ્યમાણ' - કાંક્ષવામાં આવી રહેલા - ઈચ્છવામાં આવી રહેલા 'વેદ્ય ભાવના' - વેદાવા યોગ્ય ભાવના 'પૃષ્ઠભાવી' - પુંઠે હોનારા - પછી હોનારા અન્ય ભાવને - બીજા ભાવને વેદે છે - અનુભવે છે, તો તેના 'ભવનથી' - હોવાથી પૂર્વે - પહેલાં 'વિનશે છે' - વિનાશ પામે છે, તેને કોણ વેદે છે ? અનુભવે છે - 'कस्तं वेदयते ?' (૩) જો 'વેદક ભાવો' - વેદનાર

ભાવનો 'પૃષ્ઠ ભાવી' - પુંઠે હોનારો - પછી હોનારો (following, consequent)> અન્ય ભાવ - બીજો ભાવ તેને વેદે છે, તો 'તદ્ભવનથી' - તેના ભવનથી - હોવાથી પૂર્વે - પહેલાં તે 'વિનશે છે' - વિનાશ પામે છે, તે શું વેદે છે - અનુભવે છે ? 'किं स वेदयते ?' એમ - એ જ પ્રકારે કાંક્ષ્યમાણ ભાવના 'વેદનની' - અનુભવનની 'અનવસ્થા' છે, પુનઃ પુનઃ એ ને એ ચક્કરડી ચાલ્યા કરતી હોઈ ઠામ ઠેકાણું નથી - ઢંગ ધડો નથી અને તે અનવસ્થાને 'વિજાણંતો' - વિશેષ કરીને ઉક્ત પ્રકારે વૈજ્ઞાનિકપણે જાણતો જ્ઞાની 'કિંચિત્ પણ' - કાંઈ પણ કાંક્ષતો નથી - ઈચ્છતો નથી - 'तां च विजानन् ज्ञानी किंचिदेव न कांक्षति', કારણકે કાંક્ષ્યમાણ વેદ્ય - વેદક ભાવના સંપર્ક - સંબંધ અભાવને લીધે (absence of contact)> કાંક્ષવામાં આવેલું કંઈ પણ વળતું નથી કે મળતું નથી, એટલે નકામી કાંક્ષા કરીને હાથે કરી શા માટે આકુલ થઈ દુઃખી થાય ?






આ જ ભાવનું સમર્થન કરતો સાર સમુચ્ચય રૂપ સમયસાર કળશ (૧૫) કહે છે -

स्वागतावृत्त

**वेद्यवेदकविभावचलत्वा - द्वेद्यते न खलु कांक्षितमेव ।**
**तेन कांक्षति न किंचन विद्वानु, सर्वतोप्यतिविरक्तिमुपैति** ॥१४७॥

## અમૃત પદ-(૧૪૭)

વેદ્ય વેદક વિભાવ ચલત્વે, કાંક્ષિત જ ન વેદાય,
તેથી સર્વથી વિરક્તિ પામે, જ્ઞાની ન કાંક્ષે કાંય... વેદ્ય વેદક. ૧
વેદક વેદ્ય કંઈ પણ કાંક્ષે, તે જ્યાં હાજર થાય,
વેદક ત્યાં તો ચાલી ગયો તે, વેદક અવર જણાય... વેદ્ય વેદક. ૨
કાંક્ષિત વેદ્ય જ્યાં હોયે ત્યારે, કાંક્ષનારો ના હોય,
જે જ્યાં કાંક્ષનારો તે હોયે, વેદ્ય બીજું ત્યાં જોય... વેદ્ય વેદક. ૩
વેદ્ય વેદકનું ચક્ર આ એમ જ, ફરતું ફરતું જાય,
વેદક બીજો વેદ્ય જ બીજો, અનવસ્થા જ જણાય - વેદ્ય વેદક. ૪
વેદકનું તત્ત્વ વિજ્ઞાન એ, જ્ઞાની વેદતો આપ,
વેદ્ય વેદકનો સંબંધ ન તેથી, ખાય નહિ ભૂલ થાપ - વેદ્ય વેદક. ૫
વેદ્ય વેદકનું તત્ત્વ વિજ્ઞાન એ, **વિજ્ઞાનઘન ભગવાન;**
**અમૃતચંદ્ર મુનિચંદ્રે ભાખ્યું,** કરવા અમૃતપાન... વેદ્ય વેદક. ૬

**અર્થ** - વેદ્ય - વેદક વિભાવના ચલપણાને લીધે કાંક્ષિત જ ખરેખર ! વેદાતું નથી, તેથી વિદ્વાન્ કંઈ પણ કાંક્ષતો નથી, સર્વતઃ જ અતિવિરક્તિ પામે છે. ૧૪૭

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''કર્મને યથાયોગ્યપણે ભોગવવાં વિષે જ્ઞાની પુરુષને સંકોચ હોતો નથી. કોઈ અજ્ઞાનદશા છતાં પોતા વિષે જ્ઞાનદશા સમજનાર જીવ કદાપિ ભોગવવા યોગ્ય કર્મ ભોગવવા વિષે ન ઈચ્છે તો પણ ભોગવ્યે જ છુટકો થાય એવી નીતિ છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૯૪, અં. ૪૮૭**

**જ્ઞાની કંઈ પણ કાંક્ષતો નથી : સર્વથી અતિ વિરક્ત ભાવ**

ઉપરમાં જે **'આત્મખ્યાતિ'ના** ગદ્યભાગમાં કહ્યું તેની પરિપુષ્ટિ રૂપે આ સારસમુચ્ચય રૂપ કળશ કાવ્ય કહ્યું છે - વેદાવા યોગ્ય 'વેદ્ય' ભાવ અને વેદનાર - વેદન કરનાર 'વેદક' ભાવ એમ વિશેષ વિશેષ ઉદ્‌ભવતા 'વિભાવનું' ચલપણું ચલાયમાન પણું છે, એટલે 'वेद्यवेदकविभावचलत्वात्' - વેદ્ય - વેદક વિભાવના ચલપણાને લીધે', ખરેખર ! નિશ્ચયે કરીને 'કાંક્ષિત જ' - કાંક્ષવામાં - ઈચ્છવામાં આવેલું જ - ઈચ્છેલું જ વેદાતું નથી - અનુભવાતું નથી - 'वेद्यते न खलु कांक्षितमेव ।' તેથી આ તત્ત્વ વૈજ્ઞાનિક વસ્તુ સ્થિતિ જે જાણે છે - વેદે છે - અનુભવે છે તે 'વિદ્વાન્' - બુધ જન - સાચો પંડિત જન કાંઈ પણ 'કાંક્ષતો' - વાંચ્છતો - ઈચ્છતો નથી - 'तेन कांक्षति न किंचन विद्वान् ।' અને 'સર્વતઃ પણ' - સર્વથી પણ - સર્વથા 'અતિ વિરક્તિ' - અત્યંત વિરક્તિ - વિરક્તપણું - વિરક્ત ભાવ - વૈરાગ્ય પામે છે - 'सर्वतोऽप्यतिविरक्तिमुपैति ।'

વેદ્ય એટલે વેદાવા યોગ્ય ભાવ અને વેદક એટલે વેદનાર ભાવ, આ બન્નેના 'વિભાવ' - **વિશેષ** વિશેષ ભાવ થયા કરે છે, એટલે એનું ચલપણું - અસ્થિરપણું હોય છે. આમાં વર્ત્તમાનમાં એક જ

સમયે હોનારા વેદ્ય - વેદક ભાવનો પરસ્પર સંપર્ક (contact) હોય, પરંતુ વર્ત્તમાનના વેદ્ય અને ભવિષ્યના વેદકનો અથવા ભવિષ્યના વેદ્ય અને વર્ત્તમાનના વેદકનો કરી

**વેદ્ય - વેદક ભાવનું ચલપણું : નિષ્કામી આત્મારામી જ્ઞાની**

પણ સંપર્ક સંભવતો નથી અને આકાંક્ષા તો ભવિષ્યની હોય છે. એટલે ક્ષણે ક્ષણે પલટાતા વેદ્ય - વેદક ભાવના ચલાયમાનપણાને લીધે કાંક્ષવામાં આવેલું કાંઈ પણ વેદવામાં આવતું નથી. કારણકે આકાંક્ષક (આકાંક્ષા - ઈચ્છા કરનારો) અને આકાંક્ષિત (આકાંક્ષવામાં - ઈચ્છવામાં આવેલો) ભાવનો પરસ્પર સંપર્ક (contact) કે મેળ મળતો નથી. **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** મૌલિક પણે દાખવેલો અને **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અદ્ભુત તત્ત્વકલાથી વિકસાવેલો આ અપૂર્વ તત્ત્વયુક્તિવાળો અખંડ નિશ્ચય રૂપ વૈજ્ઞાનિક નિયમ (Scientific law) જે જાણે છે તે 'વિદ્વાન્' - જ્ઞાની સર્વ આકાંક્ષાને નિષ્ફળ - નિરર્થક - ફોગટ જાણી કાંઈ પણ આકાંક્ષતો નથી, મને આ ભાવિ વિષય ભોગની પ્રાપ્તિ હો એવી કાંઈ પણ ઈચ્છા - આકાંક્ષા કરતો નથી - કંઈ પણ કામના ધરતો નથી, પણ સદાય નિષ્કામી - નિરાકાંક્ષી જ રહે છે અને વિષય વિકારમાંથી ઈંદ્રિયોને પાછી ખેંચી લેવારૂપ પ્રત્યાહાર કરે છે, વિષય વાસના પરિણતિથી નિવર્ત્તે છે. ભલે સકલ સંસારી ઈંદ્રિયરામી હોય, પણ 'મુનિગણ' - જ્ઞાની જન તો આત્મારામી જ છે અને મુખ્યપણે - પરમાર્થથી નિરુપચરિતપણે જે ખરેખરા આત્મારામી છે, તે જ ખરેખરા નિષ્કામી છે. આવા નિષ્કામી - નિરાકાંક્ષી આત્મારામી જ્ઞાની 'સર્વતઃ' - સર્વથા, સર્વથી 'અતિ વિરક્તિને' - અત્યંત વિરક્ત ભાવને પામે છે. આત્મા સિવાય અન્ય સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ પરમ વૈરાગ્ય ભાવ ધરે છે, આ નિઃસાર દેહમાંથી પણ પરમાર્થ રૂપ સાર કાઢી લેવાને ઈચ્છતા આ સમ્યગ્દૃષ્ટિ યોગીનો દેહ પણ ભોગને માટે નહિ પણ માત્ર આત્મસંયમ રૂપ યોગના હેતુએ જ હોય છે, બીજા કોઈ પણ કારણે તેને કાંઈ પણ કલ્પતું નથી અને દેહમાં પણ તેને 'આ મ્હારો' એવી મમત્વ પરિગ્રહ રૂપ મૂર્ચ્છા હોતી નથી, તો પછી આ દેહાશ્રિત ઈંદ્રિય ભોગમાં તો 'આ વિષયભોગ હું પરિગ્રહું' એવી પરિગ્રહ બુદ્ધિ રૂપ મૂર્ચ્છા ક્યાંથી જ હોય ? અર્થાત્ તેને પંચ ઈંદ્રિયના વિષયમાં રાગદ્વેષ રૂપ ઈષ્ટાનિષ્ટ બુદ્ધિ હોતી જ નથી, 'પંચ વિષયમાં રાગ-દ્વેષ વિરહતતા' જ વર્ત્તે છે સર્વત્ર ઉદાસીનભાવ રૂપ 'અત્યંત વિરક્તિ' - પરમ વૈરાગ્ય જ - પરમ વીતરાગ ભાવ જ વર્ત્તે છે.

''સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ, માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો,
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહીં, દેહે પણ કિંચિત્ મૂર્ચ્છા નવ જોય જો... અપૂર્વ અવસર.
પંચ વિષયમાં રાગ દ્વેષ વિરહિતતા, પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો,
દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ પ્રતિબંધ વણ, વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો... અપૂર્વ.''

**- શ્રીમદ્ રાજચંદ્રજી**

**શ્રીમદ્ રાજચંદ્રજી (અપૂર્વ અવસરનું દિવ્ય ગાન)**

તે આ પ્રકારે -

**बंधुवभोगणिमित्ते अज्झवसाणोदएसु णाणिस्स ।**
**संसारदेहविसएसु णेव उपज्जदे रागो ॥२१७॥**

જ્ઞાનીને બંધ - ભોગ નિમિત્ત તે રે, અધ્યવસાનોદયમાં જ;
સંસાર - દેહ વિષયી વિષે રે, રાગ ઉપજતો ના જ. - રે જ્ઞાની નિર્જરા. ૨૧૭

**અર્થ** - બંધ૧ - ઉપભોગ૨ નિમિત્ત એવા સંસાર૧ - દેહ૨ વિષયી અધ્યવસાન ઉદયોમાં જ્ઞાનીને રાગ ઉપજતો નથી જ.

## आत्मख्याति टीका

तथा हि -

**बंधोपभोगनिमित्तेषु अध्यवसानोदयेषु ज्ञानिनः ।**
**संसारदेहविषयेषु नैवोत्पद्यते रागो ॥२१७॥**

इह खल्व**ध्यवसानोदयाः** कतरेऽपि **संसारविषयाः** कतरेऽपि **शरीरविषयाः** । तत्र यतरे संसारविषयाः ततरे **बंधनिमित्ताः,** यतरे शरीरविषयास्ततो तूप**भोगनिमित्ताः** ।

यतरे बंधनिमित्तास्ततरे रागद्वेषमोहाद्याः, यतरे तूपभोगनिमित्तास्ततरे सुखदुःखाद्या अथा**मीषु** सर्वेऽष्वपि **ज्ञानिनो नास्ति रागः** । नानाद्रव्यस्वभावत्वेन टंकोत्कीर्णैकज्ञायकभावस्वभावस्य तस्य तत्प्रतिषेधात् ॥२१७॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

અહીં ખરેખર ! અધ્યવસાન ઉદયો કેટલાક સંસાર વિષયી છે, કેટલાક શરીર વિષયી છે. તેમાં - જેટલા સંસાર વિષયી છે તેટલા **બંધ નિમિત્તો** છે અને જેટલા શરીર વિષયી છે તેટલા **ઉપભોગ નિમિત્તો** છે, જેટલા બંધ નિમિત્તો છે તેટલા રાગ-દ્વેષ-મોહાદિ છે અને જેટલા ઉપભોગ નિમિત્તો છે તેટલા સુખ-દુઃખાદિ છે. હવે **આમાં** સર્વેમાં પણ **જ્ઞાનીને રાગ છે નહિ** - નાના દ્રવ્યસ્વભાવપણાએ કરીને ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ સ્વભાવવાળા તેને તત્પ્રતિષેધ (રાગ પ્રતિષેધ) છે માટે. ૨૧૭

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''મહાત્માનો દેહ બે કારણને લઈ વિદ્યમાનપણે વર્ત્તે છે, પ્રારબ્ધ કર્મ ભોગવવાને અર્થે જીવોના

---

**आत्मभावना** -

तथा हि - તે જુઓ આ પ્રકારે - णाणिस्स - ज्ञानिनः - **જ્ઞાનીને** बंधुवभोगणिमित्ते संसारदेहविसएसु अज्झवसाणोदएसु - बंधोपभोगनिमित्तेषु संसारदेहविषयेषु अध्यवसानोदयेषु - બંધ - ઉપભોગ નિમિત્ત એવા સંસાર - દેહ વિષયી અધ્યવસાન ઉદયોમાં रागो णेव उप्पज्जदे - रागः चैव उत्पद्यते - રાગ નથી જ ઉપજતો. ॥ इति **गाथा** आत्मभावना ॥२१७॥

इह खलु अध्यवसानोदयाः - અહીં ખરેખર ! નિશ્ચયે કરીને અધ્યવસાન ઉદયો कतरेऽपि संसारविषयो - કેટલાક સંસાર વિષયી, कतरोऽपि शरीरविषयाः - કેટલાક શરીર વિષયી છે, तत्र - તેમાં - यतरे संसारविषया स्ततरे तूपभोगनिमित्ताः - જેટલા શરીર વિષયી છે તેટલા તો ઉપભોગ નિમિત્તો છે, यतरे बंध (પાઠાં. बंधन) निमित्तास्ततरे रागद्वेषमोहाद्याः - જેટલા બંધનિમિત્તો છે તેટલા રાગ-દ્વેષ-મોહ આદિ છે. अथ - હવે अमीषु सर्वेष्वपि - આમાં - સર્વેયમાં પણ ज्ञानिनो नास्ति रागः - જ્ઞાનીને રાગ છે નહિ, શાને લીધે ? नानाद्रव्यस्वभावस्य तस्य - નાના - જૂદા જૂદા દ્રવ્ય સ્વભાવપણાએ કરીને टंकोत्कीर्णैकज्ञायकभावस्वभावस्य तस्य - ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવ જેનો સ્વભાવ છે એવા તેને तत्प्रतिषेधात् - તેના પ્રતિષેધને - નિષેધને લીધે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२१७॥

કલ્યાણને અર્થે, તથાપિ એ બંનેમાં તે ઉદાસીનપણે ઉદય આવેલી વર્ત્તનાએ વર્ત્તે છે, એમ જાણીએ છૈયે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૭૩**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યું તેમ - કંઈ પણ નહિ કાંક્ષતો જ્ઞાની અતિ વિરક્તિ પામે છે, તે કેવા પ્રકારે ? તે અત્ર સ્પષ્ટ કહ્યું છે અને તેનું નિષ્તુષ સુયુક્તિથી પરમ તત્ત્વ વૈજ્ઞાનિક પૃથક્કરણ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પ્રકાશ્યું છે. તેનો આશયાર્થ આ પ્રકારે - અહીં આ લોકને વિષે અથવા આ પ્રત્યક્ષ અનુભૂયમાન જીવને વિષે નિશ્ચયે કરીને જે અધ્યવસાન ઉદયો હોય છે, તેમાં કેટલાક તો 'સંસાર વિષયી' - સંસાર વિષય પરત્વે - સંસારને લગતા હોય છે અને કેટલાક વળી 'શરીર વિષયી' - શરીર વિષય પરત્વે - શરીરને લગતા હોય છે.

**જ્ઞાનીને બંધ નિમિત્ત કે ઉપભોગ નિમિત્ત સર્વ અધ્યવસાન - ઉદયોમાં રાગ અભાવ**

તેમાં - જેટલા સંસાર વિષયી છે, તેટલા 'બંધ નિમિત્તો' - બંધન - નિમિત્તો છે - બંધનના કારણો છે; અને જેટલા શરીર વિષયી છે તેટલા 'ઉપભોગ નિમિત્તો' છે - ઉપભોગ કારણો છે. હવે यतरे बंधननिमित्तास्ततरे रागद्वेषमोहाद्याः । હવે જેટલા બંધન નિમિત્તો છે તેટલા રાગ-દ્વેષ-મોહાદિ છે, જેટલા ઉપભોગ નિમિત્તો છે, તેટલા સુખદુઃખાદિ છે - यतरै तूपभोगनिमित्तास्ततरे सुखदुःखाद्याः - હવે આમાં - સર્વેમાં પણ એટલે કે (૧) સંસાર વિષયી બંધ નિમિત્ત એવા રાગ-દ્વેષ-મોહાદિમાં અને (૨) શરીર વિષયી ઉપભોગ નિમિત્ત એવા સુખદુઃખાદિમાં - આ બધાયમાં પણ જ્ઞાનીને 'રાગ' - રતિ - પ્રીતિ - આસક્તિ છે નહિ. કારણકે नानाद्रव्यस्वभावत्वेन - 'નાના' - જૂદા જૂદા દ્રવ્ય સ્વભાવપણાએ કરીને 'ટંકોત્કીર્ણ' - ટાંકણાથી શિલામાં ઉત્કીર્ણ - કોતરેલ અક્ષર જેવો અક્ષર 'એક' - અદ્વિતીય - અદ્વૈત જ્ઞાયક ભાવ - જાણનાર જ્ઞાતા ભાવ સ્વભાવ છે જેનો એવા તેને - જ્ઞાનીને 'તત્ પ્રતિષેધ' છે - તે તે સર્વભાવનો પ્રતિષેધ - નિષેધ છે માટે, 'टंकोत्कीर्णैकज्ञाकभावस्वभावस्य तस्य तत्प्रतिषेधात् ।' અર્થાત્ જ્ઞાની જાણે છે કે મ્હારો દ્રવ્ય સ્વભાવ અને નાના પ્રકારના આ ભાવોનો દ્રવ્ય સ્વભાવ જૂદો જૂદો છે, હું ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવ છું અને આ કર્મોદય જનિત અનેક ભાવો છે, તેથી હું ન્યારો છું, એમ સમજી તેનો સમસ્ત રાગ છોડી તેનો પ્રતિષેધ કરે છે, 'આ મ્હારા નથી' એમ તેને પોતાના માનવાની ના પાડે છે ને તે પ્રત્યે રાગ કરવાની પોતાના આત્માને મનાઈ કરે છે.

આમ જ્ઞાનીને શરીરવિષયી ઉપભોગ નિમિત્ત સુખ દુઃખાદિ પ્રત્યે કે સંસાર વિષયી બંધ નિમિત્ત રાગ દ્વેષાદિ પ્રત્યે લેશ પણ - પરમાણુમાત્ર પણ રાગ છે જ નહિ. કારણકે જ્ઞાની ભાવે છે કે -

'દેશધર્મ કે મુનિધર્મનું પાલન કરવું એ જ આ નિઃસાર શરીરનો સાર છે.' આ ધર્મનો રંગ જ સાચો રંગ છે, બાકી બીજો બધો રંગ પતંગ છે. દેહ ભલે જીર્ણ થાય, પણ ધર્મરંગ કદી જીર્ણ થતો નથી. ઘાટ - ઘડામણ ભલે જાય, પણ સોનું વિણસતું નથી. માટે આ દેહરૂપ વૃક્ષ નીચે જીવ મુસાફર ક્ષણિક વિસામો લેવા બેઠો છે, એમ જાણી ધર્મ સાધન વડે જેટલું બને તેટલું આત્માર્થનું કામ

**નિઃસાર શરીરનો સાર આત્માર્થે જ ઉપયોગ**

કાઢી લઈ, પાકા વાણીઆની પેઠે આ શરીરનો કસ કાઢવો એ જ વિચક્ષણ મુમુક્ષુનું કર્ત્તવ્ય છે. કારણકે ''અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મવિચાર પામવા યોગ્ય જાણી, સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ, એક આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો એવો મુમુક્ષુ જીવને અવશ્ય નિશ્ચય જોઈએ.'' - **(શ્રીમદ્ રાજચંદ્ર)** એટલે મનુષ્યપણારૂપ ધર્મબીજનું સત્ કર્મ ખેતી વડે આત્માર્થ સાધી તે અમૂલ્ય માનવદેહનું સાર્થક્ય કરે જ છે. પણ મંદબુદ્ધિ ભવાભિનંદી જીવો આ ધર્મબીજરૂપ મનુષ્યપણાનું તેવું સાર્થક્ય કરવાને બદલે તે બીજને વેડફી નાંખી, અમૂલ્ય આત્માર્થ હારી જાય છે અને યોગ સાધનને બદલે શરીરનો ભોગ સાધન રૂપ હીન ઉપયોગ કરી, કાગડાને ઉડાડવા માટે ચિંતામણિ રત્ન ફેંકી દ્યે છે ! કારણકે ''આ ભવ મીઠા પર કોણ દીઠા'' એમ માત્ર વર્ત્તમાનદર્શી આ લોકો, મુખેથી ધર્મનું નામ લેતાં છતાં, આચરણમાં તો ખાવું પીવું ને ખેલવું, Eat Drink & be merry, એ ચાર્વાક સિદ્ધાન્તને જ અમલમાં મૂકે છે. એટલે તે વિષયોના કીડા વિષયોનો કેડો મૂકતા

નથી ને વિષ્ટાના ભ્રમરની પેઠે તેની પાછળ પાછળ ભમ્યા કરે છે ! અને જે જડ દેહના સંબંધની ખાતર આ બિચારા આટલી બધી વેઠ ઉઠાવે છે, તે દેહનો સંબંધ તો ઉલટો તેને બંધરૂપ બની ભવભ્રમણ દુઃખ આપે છે. છતાં આશ્ચર્યની વાત તો એ છે કે - જે દેહ પોતે નથી તે દેહની ખાતર જીવ ચોવીસે કલાક આટલી બધી વેઠ ઉઠાવે છે ! અને જે આત્મા પોતે છે તેની ખાતર કંઈ પણ કરવાની 'આ બાપડાને એક મીનીટની ફુરસદ મળતી નથી !! વાસ્તવિક રીતે તો દેહાર્થ અર્થે જેટલી કાળજી, જેટલી જહેમત, જેટલો પરિશ્રમ અને જેટલો ઉત્સાહ આ જીવ દાખવે છે, તેના કરતાં અનંતગણી કાળજી, અનંતગણી જહેમત, અનંતગણો પરિશ્રમ અને અનંતગણો ઉત્સાહ તેણે આત્માર્થ અર્થે દાખવવો જોઈએ, દેહને અર્થે આત્મા નહિ ગાળતાં આત્માને અર્થે દેહ ગાળવો જોઈએ અને ત્યારે જ કલ્યાણ છે.' - **શ્રી પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા, પાઠ-૪૧ (સ્વરચિત)**

''અનંતવાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મ વિચાર જન્મ પામવા યોગ્ય જાણી સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ એક માત્ર આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો એવો મુમુક્ષુ જીવને અવશ્ય નિશ્ચય જોઈએ. શ્રી સહજાત્મ સ્વરૂપ.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૬૬૩), ૭૧૯**

ઈત્યાદિ પ્રકારે જે ભાવે છે એવા જ્ઞાનીને શરીરાશ્રિત ઈંદ્રિય ભોગ પ્રત્યે રાગરૂપ આસક્તિ હોતી જ નથી, પરંતુ અત્યંત અત્યંત વિરક્તિ રૂપ પરમ વૈરાગ્યભાવ જ હોય છે અને આવા પરમ વિરક્ત જ્ઞાનવૈરાગ્યસંપન્ન જ્ઞાનાક્ષેપકવંત અસંગ જ્ઞાનીને જ પૂર્વ પ્રારબ્ધોદયજનિત ભોગ - **શ્રી હરિભદ્રાચાર્યજીએ** કહ્યું છે તેમ - ભવહેતુ થતા નથી - न भोगा भवहेतवः ।






ઉક્તનો સારસમુચ્ચય રૂપ સમયસાર કળશ (૧૬) કહે છે -

**ज्ञानिनो न हि परिग्रहभावं, कर्म रागरसरिक्ततयैति ।**
**रागयुक्तिरकषायितवस्त्रे, स्वीकृतैव हि बहिर्लुठतीह ॥१४८॥**

જ્ઞાનિને ન જ પરિગ્રહ ભાવ, કર્મ રાગરસરિક્તપણાથી;
રાગયુક્તિ અકષાયિત વસ્ત્રે, સ્વીકૃતા જ અહિં લોટતી બ્હારે. ૧૪૮

## અમૃત પદ-૧૪૮

જ્ઞાનીને કર્મ ન પરિગ્રહ ભાવ, જ્ઞાનીને કર્મ ન પરિગ્રહ ભાવ;
કર્મ પરિગ્રહ ભાવ ન પામે, પામે નહિં અહિ સાવ... જ્ઞાનીને કર્મ ન પરિગ્રહ ભાવ. ૧
રાગરસથી ખાલીખંમ તે, ખાલી ઘટ શું ભાવ !
રાગરસથી કોરા જ્ઞાની, કોરા ધોકાડ સાવ... જ્ઞાનીને કર્મ ન. ૨
રાગયુક્તિ અકષાયિત વસ્ત્રે, સ્વીકૃત જ લોટે બ્હાર;
પણ અંતઃમાં પેસે જ નહિ, રહે બ્હારની બ્હાર... જ્ઞાનીને કર્મ ન. ૩
કર્મ પરિગ્રહ ભાવથી નિશ્ચે, જ્ઞાની ન જ લોપાય;
અસંગ જ્ઞાની ભગવાન અમૃત, સ્વરૂપમાં જ સમાય... જ્ઞાનીને કર્મ ન. ૪

**અર્થ** - જ્ઞાનીને નિશ્ચયે કરીને કર્મ રાગરસની રિક્તતાએ (ખાલીપણાએ - શૂન્યતાએ કરીને) પરિગ્રહ ભાવ પામતું નથી, અહીં રાગયુક્તિ સ્વીકૃત જ (સતી) અકષાયિત વસ્ત્રની બ્હારમાં આળોટે છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જે કંઈ ઉપાધિ કરાય છે, તે કંઈ સ્વપણાને કારણે કરવામાં આવતી નથી, તેમ કરાતી નથી. ** ગૃહસ્થપણું પણ વનવાસીપણે ભજાય એવો આકરો વૈરાગ્ય વર્ત્તે છે." - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૪૦

ઉપરમાં 'આત્મખ્યાતિ'ના ગદ્ય ભાગમાં જે વિવરી દેખાડ્યું, તેના સમર્થનાર્થે સારસમુચ્ચયરૂપ આ કળશ કાવ્ય સંગીત કર્યું છે. તેનો ભાવાર્થ આ પ્રકારે - 'ज्ञानिनो न हि परिग्रहभावं कर्म रागरसरिक्ततयैति' - 'જ્ઞાનીનો નિશ્ચયે કરીને કર્મ રાગરસની રિક્તતાએ કરીને પરિગ્રહ ભાવને પામતું નથી.' અર્થાત્ જે કર્મ - પૂર્વે બાંધેલા કર્મ છે, તેના અધ્યવસાન ઉદય હોય છે - તે કર્મ પ્રત્યેનો રાગરસ જ્ઞાનીને સર્વથા છૂટી ગયો છે - ખાલી થયો છે. જેમ કોઈ ઘડામાં જલ ભર્યું હોય ને તે 'રિક્ત' - ખાલી કરવામાં આવે એટલે તેનો કાંઈ પરિગ્રહ ભાવ હોય નહિ, તેમ કર્મ છે તે પ્રત્યેનો રાગરસથી ભરેલો ઘડો 'रिक्त' - ખાલી કરી નાંખવામાં આવ્યો છે એટલે તેનો પરિગ્રહ ભાવ હોય નહિ. આમ રાગરસની રિક્તતાએ કરીને - ખાલીપણાએ કરીને - શૂન્યતાએ કરીને કર્મ જ્ઞાનિના પરિગ્રહ ભાવને પામતું નથી. અત્રે કવીશ્વર અમૃતચંદ્રજીએ સુંદર દૃષ્ટાંત રજૂ કર્યું છે - 'रागयुक्तिरकषायित वस्त्रे स्वीकृतैव हि बहिर्लुठतीह' - 'રાગયુક્તિ' - રાગ - રંગ લગાડવામાં આવે તે અકષાયિત વસ્ત્રમાં અસ્વીકૃત જ રહી ખરેખર ! અહીં બ્હારમાં આલોટે છે', અર્થાત્ અમુક દ્રવ્યોથી - ફટકડી - હરડે લોધ્ર વગેરેથી કપડાંને કષાયિત કરવામાં આવ્યું હોય તેને મજીઠના રંગ લગાડવામાં આવે તો લાગે છે, પણ જેને તેવું કષાયિત કરવામાં આવ્યું નથી તેને રાગયુક્તિ કરવામાં આવે - રંગ લગાડવામાં આવે તો તે કપડું રંગ પકડતું નથી - રંગનો અસ્વીકાર જ કરે છે ને રંગ બ્હારનો બ્હાર જ રહે છે, જરા પણ અંતઃપ્રવેશ કરતો નથી. તેમ જ્ઞાની પણ અકષાયિત વસ્ત્ર જેવા 'અકષાયિત' છે - કષાય રહિત નિષ્કષાય છે. એટલે રાગયુક્તિ - રાગનો યોગ - સંબંધ અસ્વીકૃત જ રહી તેને બ્હારમાં ને બ્હારમાં જ આલોટ્યા કરે છે, અંતરમાં લેશ પણ પ્રવેશ કરતો નથી. અર્થાત્ નિષ્કષાય જ્ઞાની અન્ય દ્રવ્યના રાગથી - રંગથી રહિત છે, એટલે તેને રાગનો રંગ અસ્વીકૃત જ રહી બ્હારનો બ્હાર જ વર્ત્યા કરે છે, અંતરમાં લાગતો જ નથી.

**રાગરસ રહિત જ્ઞાનીને કર્મ પરિગ્રહ ભાવ પામતું નથી : વસ્ત્ર દૃષ્ટાંત**

આમ સ્વ-પરનો ભેદ જેણે જાણ્યો છે એવા જ્ઞાનીને રાગરસના ઘડાનું 'રિક્તપણું' - ખાલીખમ પણું વર્ત્તે છે, એટલે સર્વત્ર - સર્વ પરભાવ પ્રત્યે એને રાગરસનું બિન્દુ પણ રહેવા પામતું નથી - શૂન્યપણારૂપ 'બિન્દુ જ' - મોટું મીંડું જ રહેવા પામે છે, એટલે એ પરભાવના જ અંગભૂત મન-વચન-કાયાના વિષયરૂપ કર્મ પ્રત્યે કે ઈંદ્રિયભોગ પ્રત્યે પણ રાગરસનું શૂન્યપણું જ હોય છે - રાગરસ પ્રત્યે 'વિરસપણું' જ - વિગતરસપણું જ હોય છે. કારણકે તે સારી પેઠે જાણે છે કે - વિષય ભોગપ્રવૃત્તિનું **વિપાક વિરસપણું** છે, વિપાકે - પરિણામે તે અવશ્ય વિરસ નીવડે છે. ને વિષયો પ્રથમ સરસ લાગે છે, તે જ પરિણામે વિરસ - રસહીન - લૂખા લાગે છે. જે વિષયો પ્રારંભમાં મીઠા ને આકર્ષક ભાસે છે, તે જ પ્રાંતે તેનો મોહ ઉતરી જતાં કડવા ને અનાકર્ષક જણાય છે. જે પુદ્‌ગલોના રૂપ-રસ-ગંધ-સ્પર્શ-શબ્દ પ્રથમ સરસ ને મનોજ્ઞ હતા, તે જ પુદ્‌ગલના સ્વભાવ પ્રમાણે વિપરિણામ પામતાં - વિરસ થઈ જતાં અમનોજ્ઞ - અકારા લાગે છે. કારણકે પૂરાવું ને ગળવું જ્યાં નિરંતર થયા કરે છે તે **'પુદ્‌ગલ'** છે અને સડવાનો - વિધ્વંસ પામવાનો તેનો સ્વભાવ છે. આવા પુદ્‌ગલ રૂપ વિષયો ભોગવતાં તો પ્રારંભે મીઠાં લાગે છે, પણ પરિણામે માઠા દુર્ગતિ કારણ થાય છે. કિંપાક ફલ - ઈંદ્રવારણાના ફળ દેખાવે સુંદર જણાય છે, પણ ખાધા પછી શીઘ્ર પ્રાણહારી થાય છે, તેમ આ વિષયો ભોગવતાં સરસ લાગે છે, પણ પરિણામે વિરસ થઈ પડે છે. જ્ઞાનીઓએ આ 'ભોગોએ *ભુજંગના ભોગ જેવા - સાપની ફણા જેવા કહ્યા છે, તે શીઘ્ર પ્રાણ હરે છે, ને તે ભોગવતાં દેવોને પણ સંસારમાં રખડવું પડે છે.' આમ વિષય સેવન રૂપ ઈંદ્રિયભોગનું વિપાક વિરસપણું જે જાણે છે તે જ્ઞાનીને વિષયભોગ પ્રત્યે કે મન-વચન-કાયા વિષયરૂપ કર્મ પ્રત્યે રાગરસનો બિન્દુ રૂપ અંશ પણ કેમ હોય ? અને રાગરસનું મોટા મીંડાના જેવું શૂન્યપણું હોય તો પૂર્વ પ્રારબ્ધોદય ભોગ છતાં તે કર્મનો પરિગ્રહ તેને ક્યાંથી હોય ?*

**વિષયોનું વિપાક વિરસપણું : જ્ઞાનીનો પરમ વિષય વૈરાગ્ય**



* "भोगा भुजङ्गभोगाभाः सद्यः प्रणापहारिणः ।
सेव्यमानाः प्रजायते, संसारे त्रिदशैरपि ॥" - શ્રી શુભચંદ્રાચાર્યજી કૃત 'જ્ઞાનાર્ણવ'

* આ કળશ કાવ્યના ભાવને કવિવર બનારસીદાસજીએ આ પ્રકારે બહલાવ્યો છે - વિકસાવ્યો છે - જેમ ફટકડી, લોધ્ર અને હરડેના પુટ વિના શ્વેત વસ્ત્ર મજીઠ રંગના પાણીમાં નાંખિયે, તે લાંબો વખત ભીનું રહે પણ સર્વથા લાલ હોય નહિ, અંતર ભેદે નહિ ને 'ચીરમાં' - વસ્ત્રમાં સફેદાઈ રહે - 'ભેદે નહિ અંતર સુફેદી રહૈ ચીરમૈં', તેમ સમકિતવંત રાગ-દ્વેષ-વિના રાત દિવસ પરિગ્રહની ભીડમાં રહે - 'રહૈ નિશિ વાસર પરિગ્રહ કી નીરમૈં', પૂર્વ કર્મ હરે - દૂર કરે ને નવો બંધ કરે નહિ - 'પૂરવ કરમ હરે નૂતન ન બંધ કરૈ', જગત્ સુખ જાચે નહિ ને શરીરમાં રાચે નહિ - 'જાચૈ ન જગત સુખ રાચૈ ન સરીર મૈં.'

"જૈસેં ફિટકડી લોદ હરડેકી પુટ વિના, સ્વેત વસ્ત્ર ડારિયે મજીઠ રંગ નીર મૈં,
ભીગ્યૌ રહૈ ચિરકાલ સર્વથા ન હોઈ લાલ, ભેદૈ નહિ અંતર સુફેદી રહૈ ચીર મૈં,
તૈસૈં સમકિતવંત રાગ દ્વેષ મોહ બિનુ, રહૈ નિશિ વાસર પરિગ્રહકી ભીર મૈં,
પૂરવ કરમ હરૈ નૂતન ન બંધ કરૈ, જાચૈ ન જગત સુખ રાચૈ ન સરીર મૈં." - શ્રી બનારસીદાસજી કૃત સ.સા.નિ. અ. ૩૪

એ જ કવિવર ઓર વિશેષ કવે છે - જેમ કોઈ દેશનો વસનારો બલવંત નર જંગલમાં જઈ 'મધુછત્તાને' - મધપુડાને ગ્રહે છે, તેને ચારે કોર મધુમક્ષિકા લપટાઈ છે, પણ કંબલની ઓટને લીધે (ઓઢવાને લીધે) તે 'અડંખિત' રહે છે, તેણે કાંબલ ઓઢી છે તેથી તેને ડંખ લાગતો નથી ! તેમ સમકિતી શિવસત્તાનું સ્વરૂપ સાધે છે, ઉદયની ઉપાધિને સમાધિ સમી કહે છે - 'ઉદૈકી ઉપાધિ કૌ સમાધિસી કહતુ હૈ !' સહજનો સન્નાહ - બખ્તર પ્હેરે છે, મનમાં ઉત્સાહ છે, સુખનો રાહ - રસ્તો ગ્રહે છે, ઉદ્વેગ લેતો નથી - પામતો નથી - 'પહિરૈ સહજ કો સનાહ મનમૈં ઉછાહ, ઠાનૈ સુખરાહ ઉદવેગ ન લહતુ હૈ.'

"જૈસૈં કાહૂ દેસકૌ બસૈયા બલવંત નર, જંગલમૈં જાઈ મધુ-છત્તાકો ગહતુ હૈ,
વાકૌં લપટાંહિ ચહુ ઓર મધુમચ્છિકા પૈ, કંબલકી ઓરસૌં અડંકિત રહતુ હૈ,
તૈસૈં સમકિતી સિવસત્તા કૌ સ્વરૂપ સાધૈ, ઉદૈકી ઉપાધિકૌ સમાધિસી કહતુ હૈ,
પહિરૈ સહજકૌ સનાહ મનમૈં ઉછાહ, ઠાને સુખ-રાહ ઉદવેગ ન લગતુ હૈ." - શ્રી બના. કૃત સ.સા. નિ. ૩૫

આગળની ગાથાના ભાવનું સૂચન કરતો ઉત્થાનિકા **સમયસાર કળશ** (૧૭) કહે છે -

**ज्ञानवान् स्वरसतोऽपि यतः स्यात्, सर्वरागरसवर्जनशीलः ।**
**लिप्यते सकलकर्मभिरेष, कर्ममध्यपतितोऽपि ततो न ॥१४९॥**

જ્ઞાનવાન્ સ્વરસથી સ્વરસીલો, સર્વ રાગ રસ વર્જન શીલો;
કર્મમધ્ય પતિતો પણ તેથી, સર્વ કર્મથી લિપાય ન એથી. ૧૪૯

## અમૃત પદ-૧૪૯

જ્ઞાની તો અબંધ હોય ભાવ, જ્ઞાની તો અબંધ હોય. ભાવ,
રાગરસથી ખાલી તે તો, ખાલી ખંમ ઘટ જેમ સાવ... જ્ઞાની તો અબંધ. ૧
રાગરસ વર્જનશીલ જ્ઞાની, તેનો સહજ સ્વભાવ,
સ્વરસથી જ સર્વ રાગરસ, જ્ઞાની ત્યજે છે સાવ... જ્ઞાની તો અબંધ. ૨
સકલ કર્મથી ના લેપાયે, કર્મ મધ્યે પતિતો ય,
**ભગવાન અમૃતચંદ્ર** વદે છે, જ્ઞાની એવો હોય... જ્ઞાનીનો અબંધ. ૩

**અર્થ** - કારણકે જ્ઞાનવાન્ સ્વરસથી જ સર્વ રાગ રસવર્જનશીલ હોય, તેથી કરીને આ કર્મ મધ્યપતિત છતાં સકલ કર્મોથી લેપાતો નથી !

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''કોઈ પણ જાતના અમારા આત્મિક બંધનને લઈને અમે સંસારમાં રહ્યા નથી.''

''સર્વ પ્રકારના કર્ત્તવ્યને વિષે ઉદાસીન એવા અમારાથી કંઈ થઈ શકતું હોય તો તે એક જ થઈ શકે છે કે પૂર્વોપાર્જિત સમતાપણે વેદન કરવું.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૧૪, ૪૧૫**

**વિરક્ત જ્ઞાની કર્મ મધ્યે પણ અલિપ્ત**

જ્ઞાની કર્મ મધ્યગત છતાં લેપાતો નથી એમ આગળની ગાથાના ભાવનું સૂચન કરતો આ ઉત્થાનિકા કળશ કહ્યો છે. તેનો ભાવાર્થ આ પ્રકારે - ज्ञानवान् स्वरसतोऽपि यतः स्यात् सर्वरागरसवर्जनशीलः - કારણકે જે **'જ્ઞાનવાન્** જ્ઞાનસંપન્ન - જ્ઞાની છે તે સ્વરસથી પણ - स्वरसतोऽपि - **સ્વરસથી જ** સર્વરાગ રસવર્જનશીલ હોય છે, 'सर्वरागरसवर्जनशीलः', અર્થાત્ જ્ઞાની સ્વરસથી જ આપોઆપ જ સર્વ રાગરસને વર્જવાના - દૂરથી પરિહરવાના શીલવાળો - સ્વભાવવાળો હોય છે, તેથી આ કર્મ મધ્યે પડેલો છતાં સકલ કર્મોથી લેપાતો નથી - ખરડાતો નથી, 'लिप्यते सकलकर्मभिरेषः कर्ममध्यपतितोऽपि ततो न ।

**ભવભોગથી વિરક્ત જીવન્મુક્ત જ્ઞાની જળકમળવત્ અલિપ્ત**

અર્થાત્ - સ્વ-પરનો વિવેક જેણે જાણ્યો છે એવો 'જ્ઞાનવાન્' જ્ઞાની સ્વરસથી જ - આપોઆપ જ સર્વ રાગરસને વર્જે છે - દૂરથી પરિહરે છે એવું એનું સ્વરૂપાચરણ રૂપ શીલ છે - સહજ સ્વભાવ છે. આ સહજ સ્વભાવે 'સર્વ રાગરસ વર્જનશીલ' જ્ઞાની સર્વત્ર વીતરાગ હોય છે, ક્યાંય પણ સ્નેહ રૂપ - આસક્તિ રૂપ રાગ ધરતો નથી એટલે સકલ કર્મ મધ્યે પડેલો છતાં તે લેપાતો નથી, બંધાતો નથી, સહજાત્મસ્વરૂપે મુક્ત - જીવન્મુક્ત જ હોય છે, ભવથી - સંસારથી અતીત - પર અર્થ - તત્ત્વ પ્રત્યે - મુક્ત તત્ત્વ પ્રત્યે ગમન કરનારો વા ગમન કરવા ઈચ્છનારો મહામુમુક્ષુ 'ભવાતીતાર્થગામી' હોય છે. આ ભવાતીતાર્થગામી **હરિભદ્રાચાર્યજીએ** કહ્યું છે તેમ - 'અહીં પ્રાકૃત ભાવો પ્રત્યે જેઓનું ચિત્ત નિરુત્સુક (ઉત્સુકતા રહિત) હોય છે એવા ભવભોગથી વિરક્ત થયેલા છે.' અર્થાત્ પ્રાકૃત ભાવો એટલે બુદ્ધિમાં જેનું પર્યવસાન છે એવા શબ્દાદિ ભાવો, પ્રાકૃત એટલે

પ્રકૃતિનો વિકાર, પુદ્ગલનો વિકાર, શબ્દાદિ વિષયો પ્રાકૃત ભાવ છે, પ્રકૃતિના વિકાર રૂપ - પુદ્ગલના વિકાર રૂપ છે અને તે બુદ્ધિમાં પર્યવસાન પામે છે, છેવટે બુદ્ધિમાં સમાય છે, બુદ્ધિગમ્ય ભાવો છે. આવા આ શબ્દાદિ વિષયો રૂપ પ્રાકૃત ભાવોમાં જેઓનું ચિત્ત અનાસક્તપણાને લીધે ઉત્સુકતા વિનાનું હોય છે, તે ભવભોગથી - સાંસારિક ભોગથી વિરક્ત થયેલા જનો **'ભવાતીતાર્થ ગામી'** કહેવાય છે. શબ્દાદિ વિષયોમાં તેઓ રાચતા નથી, આસક્ત થતા નથી, વિષયોમાંથી તેઓનું ચિત્ત ઉઠી ગયું છે, સાંસારિક ભોગ તેઓને દીઠા ગમતા નથી, એટલે **ભવભોગથી વિરક્ત** - સાચો અંતરંગ વૈરાગ્ય પામેલા આ જ્ઞાની ખરેખરા 'ભવાતીત અર્થગામી' છે. કારણકે તે મહાનુભાવ મહાત્માઓનું ચિત્ત ભવમાં - સંસારમાં સ્પર્શતું નથી, લેપાતું નથી, અસ્પૃષ્ટ રહે છે, **જળકમળવત્ અલિપ્ત** રહે છે. વિવિધ સ્વપ્ન - ઈંદ્રજાલ જેવી પુદ્ગલ રચના તેઓને કારમી - અકારી લાગે છે અને જગત્‌ની એઠ રૂપ તે પુદ્ગલ વિષયનું સેવન કરવું તે તેવા પરમ વૈરાગ્યવંત સાચા સંવેગરંગી મહાત્માઓને અત્યંત આકરૂં લાગે છે - પરમ આત્મદૃષ્ટા **શ્રીમદ્ રાજચંદ્ર**એ સ્વાનુભવસિદ્ધપણે કહ્યું છે તેમ, 'આંખ પાસે રેતી ઉપડાવવા જેવું' અત્યંત અસહ્ય લાગે છે. સાક્ષાત્ જીવન્મુક્ત દશા જીવનમાં અનુભવનારા જ્ઞાનાવતાર **શ્રીમદ્ રાજચંદ્રજી**ના ટંકોત્કીર્ણ સ્વાનુભવોદ્ગાર છે કે -

"જો કે અમારૂં ચિત્ત નેત્ર જેવું છે, નેત્રને વિષે બીજા અવયવની પેઠે એક રજકણ પણ સહન થઈ શકે નહીં. બીજા અવયવો રૂપ અન્ય ચિત્ત છે. અમને વર્ત્તે છે એવું જે ચિત્ત તે નેત્ર રૂપ છે. તેને વિષે વાણીનું ઉઠવું, સમજાવવું, આ કરવું અથવા આ ન કરવું, એવી વિચારણા કરવી તે માંડમાંડ બને છે. *** કારણકે આંખની પાસે જમીનની રેતી ઉપડાવવાનું કાર્ય થવા રૂપ થાય છે."

**- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક, ૩૮૫**

આવા પરમ ઉત્કૃષ્ટ વૈરાગ્યવંત સંવેગરંગી સાચા પરિણત - ભાવિતાત્માઓ બુદ્ધિફળરૂપ શબ્દાદિ વિષયોમાં - પ્રાકૃત ભાવોમાં કેમ રાચે ? આ પ્રાકૃત ભાવોમાં તો સામાન્ય પ્રાકૃત જનો જ રાચે, પુદ્ગલાનંદી ભવાભિનંદી જીવો જ આસક્ત થાય, પણ સાચા અંતરંગ વૈરાગ્યવાન્ મહામુમુક્ષુ આત્માનંદી જ્ઞાની મહાજનો કદી પણ ઉત્કંઠા ધરાવે નહિ, આસક્ત થાય નહિ. આવા વૈરાગ્યવાસિત આત્માઓ, સાચા 'વૈરાગીઓ' જ - વીતરાગ જ્ઞાનીઓ જ સંસારથી પર એવા અર્થ - તત્ત્વ પ્રત્યે ગમન કરનારા - પર તત્ત્વને જાણનારા ને પામનારા હોય છે. કારણકે સંસારમાં રહ્યા છતાં તે મહાનુભાવ મહાત્માઓનું ચિત્ત સંસારી ભાવોને - સંસારી વાસનાને લેશમાત્ર સ્પર્શતું નથી, સાંસારિક કર્મ મધ્યે પડેલ છતાં સકલ કર્મથી લેપાતું નથી. તેથી મોહમયી માયામાં પણ અમોહ સ્વરૂપ એવા તે વીતરાગ જ્ઞાની મુક્ત જેવા છે, દેહ છતાં નિર્વાણ પામેલા છે, જીવન્મુક્ત છે.

"મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહિયે જ્ઞાની દશા, બાકી બીજી ભ્રાંત.
સકલ જગત્ તે એઠવત્, અથવા સ્વપ્ન સમાન;
તે કહિયે જ્ઞાનીદશા, બાકી વાચા જ્ઞાન."

**- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૩૯, ૧૪**

**णाणी रागप्पजहो सव्वदव्वेसु कम्ममज्झगदो ।**
**णो लिप्पदि रजएण दु कद्दममज्झे जहा कणयं ॥२१८॥**
**अण्णाणी पुण रत्तो सव्वदव्वेसु कम्ममज्झगदो ।**
**लिप्पदि कम्मरएण दु कद्दममज्झे जहा लोहं ॥२१९॥**

સર્વ દ્રવ્યમાં રાગ છોડતો રે, જ્ઞાની કર્મ મધ્યમાંય;
કનક જેમ કાદવ મધ્યમાં રે, રજથી નજ લેપાય. રે જ્ઞાની. ૨૧૮
અજ્ઞાની તો સર્વદ્રવ્યમાં રે, રક્ત કર્મ મધ્યમાંયઃ
લોહ જેમ કાદવ મધ્યમાં રે, કર્મ રજથી લેપાય... રે જ્ઞાની નિર્જરા નિત્ય લહંત... ૨૧૯

**અર્થ** - સર્વ દ્રવ્યોમાં રાગનો પ્રહાયક (સર્વથા છોડનારો) એવો જ્ઞાની કર્મમધ્યગત છે તો જરા પણ રજથી લેપાતો નથી - કાદવ મધ્યે કનકની (સોનાની) જેમ. ૨૧૮

અજ્ઞાની પુનઃ સર્વ દ્રવ્યોમાં રક્ત (રાગયુક્ત) એવો કર્મ મધ્યગત છતો કર્મરજથી લેપાય જ છે - કાદવ મધ્યે લોહની જેમ. ૨૧૯

## आत्मख्याति टीका

**ज्ञानी रागप्रहायः सर्वद्रव्येषु कर्ममध्यगतः ।**
**नो लिप्यते रजसा नु कर्दममध्ये यथा कनकं ॥२१८॥**
**अज्ञानी पुना रक्तः सर्वद्रव्येषु कर्ममध्यगतः ।**
**लिप्यते कर्मरजसा कर्दममध्ये यथा लोहं ॥२१९॥**

| | |
|---|---|
| यथा खलु **कनकं** | तथा किल **ज्ञानी** |
| **कर्दममध्य**गतमपि **कर्दमेन न लिप्यते** | कर्ममध्यगतोऽपि कर्मणा न लिप्यते |
| तदलेपस्वभावत्वात्, | **सर्व**पर**द्रव्यकृतरागत्यागशीलत्वे** सति |
| | तदलेपस्वभावत्वात् (ज्ञान्येव) । |
| **यथा लोहं** | **तथा** किला**ज्ञानी** |
| **कर्दममध्य**गतं सत्कर्दमेन लिप्यते | **कर्ममध्यगतः** सन् **कर्मणा लिप्यते** |
| तद्लेपस्वभावत्वात्, | **सर्व**पर**द्रव्य**कृत**रागोपादानशील**त्वे सति |
| | तल्लेपस्वभावत्वात् ॥२१८॥२१९॥ |

---

**आत्मभावना** -

णाणी - ज्ञानी - **જ્ઞાની** सव्वदव्वेसु रागप्पजहो - सर्वद्रव्येषु रागप्रहायः - **સર્વ દ્રવ્યોમાં રાગપ્રહાય - રાગનો પ્રકૃષ્ટપણે છોડનારો એવો** कम्ममज्झगदो - कर्ममध्यगतः - **કર્મમધ્યગત** रजएण दु णो लिप्पदि - रजसा तु नो लिप्यते - **નિશ્ચયે કરીને લેશ રજથી નથી જ લેપાતો, કોની જેમ ?** तथा जहा कद्दममज्झेव - यथा कर्दममध्ये कनकं - **જેમ કર્દમમધ્યે - કાદવ મધ્યે કનક - સોનું.** ॥२१८॥ अण्णाणी - अज्ञानी पुनः - **પણ અજ્ઞાની** सव्वदव्वेसु रत्तो - सर्वद्रव्येषु रक्तः - दु लिप्पदि - कर्मरजसा तु लिप्यते - **કર્મરજથી લેપાય જ છે, કોની જેમ ?** जहा कद्दममज्झं लोहं - यथा कर्दममध्ये लोहं - **જેમ કર્દમમધ્યે - કાદવ મધ્યે લોહ - લોઢું.** ॥२१९॥ इति **गाथा** आत्मभावना ॥२१८-२१९॥

यथा खलु कनकं - **જેમ ખરેખર ! નિશ્ચયે કરીને કનક - સોનું** कर्दममध्यगतमपि - **કર્દમ - કાદવ - મધ્યગત છતાં** कर्दमेण न लिप्यते - **કર્દમથી - કાદવથી નથી લેપાતું - ખરડાતું, શાને લીધે ?** तदलेपस्वभावत्वात् - **તેના - કનકના**

## આત્મખ્યાતિ ટીકાર્થ

| | |
|---|---|
| **જેમ** નિશ્ચયે કરીને **કનક** (સોનું) | **તેમ** નિશ્ચયે કરીને **જ્ઞાની** |
| **કાદવ મધ્યગત** છતાં **કાદવથી લેપાતું** | **કર્મમધ્યગત** છતાં **કર્મથી નથી લેપાતો** |
| તેના અલેપ સ્વભાવપણાને લીધે, | **સર્વ પર દ્રવ્યકૃત રાગત્યાગ શીલપણું સૂતે** |
| | તેના અલેપ સ્વભાવપણાને લીધે (જ્ઞાની જ), |
| **જેમ લોહ** | **તેમ** નિશ્ચયે કરીને **અજ્ઞાની** |
| **કાદવમધ્યગત** સતું કાદવથી લેપાય છે, | **કર્મમધ્યગત સતો કર્મથી લેપાય છે** |
| તેના લેપ સ્વભાવપણાને લીધે, | **સર્વ પર દ્રવ્યકૃત રાગ ઉપાદાન** (ગ્રહણ) **શીલપણું સતે** |
| | તેના લેપ સ્વભાવપણાને લીધે. ૨૧૮, ૨૧૯ |

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અમારૂં અનુભવ જ્ઞાન તેનું ફળ વીતરાગપણું છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૨૨**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યું તેમ જ્ઞાની કર્મ મધ્યગત છતાં કર્મરજથી લેપાતો નથી અને અજ્ઞાની લેપાય છે તેનું અત્ર **શાસ્ત્રકર્ત્તાએ** કનક - લોહના સુગમ દૃષ્ટાંતથી કથન કર્યું છે અને તેનું બિંબ પ્રતિબિંબ ભાવ સાંગોપાંગ વિવરી દેખાડતું અપૂર્વ વ્યાખ્યાન **'આત્મખ્યાતિ' સૂત્રકર્ત્તાએ** પ્રકાશ્યું છે - જેમ નિશ્ચયે કરીને કનક - સોનું છે, તે 'કર્દમમધ્યગત' - કાદવમધ્યે રહેલું છતાં કર્દમથી - કાદવથી નથી લેપાતું' - નથી ખરડાતું - તેનું અલેપ સ્વભાવપણું છે માટે, સોનાનો કાદવથી નહિ ખરડાવાનો સ્વભાવ છે માટે, તેમ નિશ્ચયે કરીને ખરેખર ! જ્ઞાની છે, તે 'કર્મ મધ્યગત' છતાં - 'कर्ममध्यगतोऽपि' - કર્મ મધ્યે રહેલો છતાં કર્મથી નથી લેપાતો - નથી ખરડાતો - સર્વ પરદ્રવ્ય કૃત રાગનું ત્યાગ - શીલપણું સતે તેનું અલેપ સ્વભાવપણું છે માટે - 'सर्वपरद्रव्य कृत रागत्यागशीलत्वे सति तदलेपस्वभावत्वात् ।' અર્થાત્ સર્વ પરદ્રવ્ય કૃત રાગના ત્યાગનું શીલપણું - આચરણ સ્વભાવપણું - ચારિત્ર સ્વભાવપણું સતે - હોતાં તેનું - જ્ઞાનીનું અલેપ સ્વભાવપણું - નહિ ખરડાવા સ્વભાવપણું છે માટે, સર્વ પરદ્રવ્ય કૃત રાગનું ત્યજવા રૂપ શીલ - સ્વભાવપણું હોઈ જ્ઞાનીનો અલેપ - નહિ ખરડાવાનો સ્વભાવ છે માટે.

આથી ઉલટું - જેમ લોહ - લોઢું 'કર્દમમધ્યગત' સતું - કાદવ મધ્યે રહેલું સતું કર્દમથી - કાદવથી 'લેપાય છે' - ખરડાય છે - તેનું લેપ સ્વભાવપણું છે માટે, લોઢાનો કાદવથી ખરડાવાનો સ્વભાવ છે માટે, તેમ નિશ્ચયે કરીને ખરેખર ! અજ્ઞાની 'કર્મ મધ્યગત સતો' - કર્મ મધ્યે રહેલો સતો કર્મથી 'લેપાય છે' - ખરડાય છે - સર્વ પરદ્રવ્યકૃત રાગનું ઉપાદાનશીલપણું - સતે તેનું લેપ સ્વભાવપણું છે માટે - 'सर्वपरद्रव्यकृतरागोपादानशीलत्वे सति तल्लेपस्वभावत्वात् ।' અર્થાત્ સર્વ પરદ્રવ્યકૃત રાગના ઉપાદાનનું - ગ્રહણનું - શીલપણું - આચરણ સ્વભાવપણું સતે - હોતાં તેનું -

---

- અલેપ સ્વભાવપણાને લીધે, तथा किल ज्ञानी - તેમ ખરેખર ! નિશ્ચયે કરીને જ્ઞાની स्वभावत्वात् - તેના - જ્ઞાનીના અલેપ સ્વભાવપણાને લીધે, (ज्ञान्येव - જ્ઞાની જ હોય છે), તે પણ ક્યારે ? सर्वपरद्रव्यकृतरागत्यागशीलत्वे सति - સર્વ પરદ્રવ્ય કૃત રાગના ત્યાગનું શીલપણું - આચરણ સ્વભાવપણું - ચારિત્ર સ્વભાવપણું સતે - હોતાં.

यथा लोहं - જેમ લોહ - લોઢું, कर्दममध्यगतं सत् - કર્દમ - કાદવ મધ્યગત સતું - હોતું, कर्दमेन लिप्यते - કર્દમથી - કાદવથી લેપાય છે - ખરડાય છે, શાને લીધે ? तल्लेपस्वभावत्वात् - તેના - લોહના લેપ - સ્વભાવપણાને લીધે, तथा किलाज्ञानी - તેમ ખરેખર ! નિશ્ચયે કરીને અજ્ઞાની कर्ममध्यगतः सन् - કર્મ મધ્યગત સતો, कर्मणा लिप्यते - કર્મથી લેપાય છે - ખરડાય છે, શાને લીધે ? तल्लेपस्वभावत्वात् - તેના - લેપ સ્વભાવપણાને લીધે, એમ પણ ક્યારે ? सर्वपरद्रव्यकृतरागोपादानशीलत्वे सति - સર્વ પરદ્રવ્ય કૃત રાગના ઉપાદાનનું - ગ્રહણનું શીલપણું - આચરણ સ્વભાવપણું સતે - હોતાં. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२१८॥२१९॥

અજ્ઞાનીનું લેપ સ્વભાવપણું - ખરડાવા સ્વભાવપણું છે માટે, સર્વ પરદ્રવ્ય કૃત રાગનું ઉપાદાન - ગ્રહણ કરવા રૂપ શીલ - સ્વભાવપણું હોઈ અજ્ઞાનીનો લેપ સ્વભાવ - ખરડાવાનો સ્વભાવ છે માટે.

આમ સોના સમો જ્ઞાની કર્મ મધ્યગત છતાં કર્મથી લેપાતો નથી અને લોઢા સમો અજ્ઞાની કર્મ મધ્યગત સતો કર્મથી લેપાય છે. એનું રહસ્ય શું છે એ વિચારવા યોગ્ય છે. અજ્ઞાની ભોગને તત્ત્વ રૂપ સાચા માને છે તેથી તે લેપાય છે - બંધાય છે ને તેને ભવાબ્ધિનું લંઘન થતું નથી અને જ્ઞાની ભોગને મૃગજલ જેવા મિથ્યા અસત્ માને છે તેથી તે લેપાતો નથી - બંધાતો નથી ને તે ભવાબ્ધિ લંઘન કરી જાય છે. આ અંગે શ્રી યોગદૃષ્ટિસમુચ્ચયમાં* શ્લો. ૧૬૫-૧૬૬ **શ્રી હરિભદ્રાચાર્યજીએ** પરમ રહસ્યવાર્ત્તા પ્રકાશી છે - 'માયાજલને* તત્ત્વથી દેખતો પુરુષ તેનાથી અનુદ્વિગ્ન સતો તેની મધ્યેથી જેમ વ્યાઘાત પામ્યા વિના શીઘ્ર ચાલ્યો જ જાય છે, તેમ ભોગોને સ્વરૂપથી માયાજલ સરખા દેખતો પુરુષ, ભોગવતાં છતાં અસંગ સતો, પરમ પદ પ્રત્યે જાય જ છે.' આ રહસ્ય વાર્ત્તા પ્રકૃતમાં ખાસ ઉપયોગી હોઈ, પ્રસ્તુત શ્લોકોના આ વિવેચકના સ્વરચિત વિવેચનમાંથી કેટલોક ભાગ અત્ર પ્રસંગથી અવતારીએ છીએ -

**વિષય મૃગજલ**

''માયાજલને - મૃગજલને જે તત્ત્વથી માયાજલપણે દેખે છે, તે તેનાથી ઉદ્વેગ પામતો નથી - ગભરાતો નથી. એટલે તે તો તેની મધ્યેથી ઝપાટા બંધ ચાલ્યો જ જાય છે અને તેમ કરતાં તેને વ્યાઘાત - બાધ ઉપજતો નથી, કારણકે માયાજલ તત્ત્વથી વ્યાઘાત - બાધ ઉપજાવવાને અસમર્થ છે. મૃગજલ - ઝાંઝવાનું પાણી એ વાસ્તવિક રીતે મિથ્યા છે - ખોટું છે, એવા માયાજલનું તત્ત્વથી કોઈ સ્વરૂપ અસ્તિત્વ છે જ નહિ, તે મિથ્યાભાસ રૂપ હોઈ ખોટું જ છે. એમ જે જાણે છે, તે તેથી ઉદ્વેગ-ક્ષોભ પામતો નથી, રખેને હું આમાં બૂડી જઈશ એમ ડરતો નથી. એટલે તે તો તે માયાજલ મધ્યેથી સોંસરો ઝપાટા બંધ બેધડકપણે ચાલ્યો જતો આંચકો ખાતો નથી, નિર્ભીકપણે તેને ઉલ્લંઘીને ચાલ્યો જ જાય છે અને તેમ કરતાં તેને કોઈ પણ વ્યાઘાત - બાધારૂપ અંતરાય ઉપજતો નથી, કંઈ પણ આલઅવલ આવતી નથી. તે જ પ્રકારે ભોગોને સમારોપ સિવાય તેના સ્વરૂપે કરીને જે મૃગજલ જેવા અસાર દેખે છે, તે કર્મથી આકર્ષાઈને પરાણે આવી પડેલા ભોગોને ભોગવતાં પણ અસંગ હોઈ, પરમ પદ પ્રત્યે જાય જ છે - કારણકે અનભિષ્વંગથી - અનાસક્તિથી પરવશ ભાવ છે માટે. અર્થાત્ ભોગોને - ઈંદ્રિયાર્થ સંબંધોને કોઈ પણ પ્રકારના સમારોપ સિવાય તેના વસ્તુ સ્વરૂપે જોઈએ તો માયાજલ સરખા **મૃગજલ** જેવા મિથ્યા છે. મૃગજલ માત્ર મિથ્યાભાસરૂપ છે, વસ્તુતઃ સ્વરૂપથી તેનું કંઈ અસ્તિત્વ નથી, એટલે તેમાં જલબુદ્ધિનો સમારોપ કરવો મિથ્યા છે, ખોટો છે, તેના પ્રત્યે પ્રાપ્તિની આશાએ દોડવું તે પણ મિથ્યા છે, તેનાથી કોઈ કાળે તૃષા છીપાવાની નથી અને તે મિથ્યા હોવાથી જ તેને ઉલ્લંઘીને ચાલ્યા જતાં - તેની મધ્યેથી સોંસરા પસાર થતાં ડૂબાતું પણ નથી. તેમ વિષયભોગ મૃગજલ જેવા છે, નિઃસાર છે, આત્મસ્વરૂપની અપેક્ષાએ તે કોઈ ચીજ છે નહિ - પરમાર્થથી આત્મસ્વરૂપને તેની સાથે કાંઈ લેવાદેવા નથી. એટલે એવા નિઃસાર મિથ્યા વિષય ભોગમાં આત્મબુદ્ધિનો સમારોપ કરવો મિથ્યા છે - ખોટો છે, તેના પ્રત્યે તેની પ્રાપ્તિની તૃષ્ણાએ - દુરાશાએ દોડવું તે પણ મિથ્યા છે, કારણકે જે વસ્તુ પોતાની નથી તે કદી હાથમાં આવવાની નથી અને તેનાથી કોઈ કાળે તૃષ્ણા છીપાવાની નથી અને આમ તે સર્વથા નિઃસાર - મિથ્યા હોવાથી જ તેમાં આત્મબુદ્ધિ કર્યા વિના, અસંગ રહીને, તેની મધ્યેથી તેને ઉલ્લંઘીને

* ''मायाम्भस्तत्त्वतः पश्यन्ननुद्विग्नस्ततो द्रुतम् ।
तन्मध्येन प्रयात्येव यथा व्याघातवर्जितः ॥
भोगान् स्वरूपतः पश्यंस्तथा मायोदकोपमान् ।
भुञ्जानोऽपि ह्यसंगः सन् प्रयात्येव परं पदम् ॥'' - શ્રી હરિભદ્રાચાર્યજી કૃત 'યોગદૃષ્ટિ સમુચ્ચય' શ્લો. ૧૬૫-૧૬૬

* ''માયા પાણી રે જાણી તેહને, લંઘી જાય અડોલ,
સાચું જાણી રે તે બીતો રહે, ન ચલે ડામાડોલ...
ધન ધન શાસન શ્રી જિનવર તણું.'' - શ્રી યશોવિજયજી કૃત 'યોગદૃષ્ટિ સજ્ઝાય'

સોંસરા ચાલ્યા જતા પણ ડૂબાતું નથી. એટલે વિષયોનું આવું મૃગજલ જેવું મિથ્યાભાસ સ્વરૂપ જે તત્ત્વથી જાણે છે, તે **અસંગ - અનાસક્ત** જ્ઞાની પુરુષ તેમાં ડૂબતો નથી, પણ અવશ્ય ભોગ્ય કર્મ ક્વચિત્ આવી પડે તો પણ તેની મધ્યેથી સોંસરો બેધડકપણે અવિષમ ભાવે પસાર થઈ જાય છે.

**જ્ઞાનીનો અનાસક્ત યોગ**

અત્રે ભોગોને **'મિથ્યા'** કહ્યા છે, તેનો અર્થ કોઈ સ્વરૂપાસ્તિત્વ ન હોવું એવો કરે છે તેમ નથી, પણ અત્રે 'મિથ્યા' શબ્દનો અર્થ સ્વરૂપાસ્તિત્વ હોવા છતાં **પરમાર્થથી નિઃસાર** એવો સ્પષ્ટ કર્યો છે. જેમ મૃગજલમાં કંઈ જલરૂપ સાર નથી અને તેની પાછળ દોડવાથી કાંઈ વળતું નથી, તેમ અનાત્મ સ્વરૂપ ભોગોમાં કંઈ આત્મતત્ત્વ રૂપ સાર નથી અને તે પ્રત્યે અનુધાવનથી - દોડવાથી આત્માનું કાંઈ વળતું નથી. અથવા 'મિથ્યા' એટલે નહિ હોવાપણારૂપ અસત્પણું નહિ, પણ ખોટાપણારૂપ અસત્પણું. કારણકે આત્મતત્ત્વની અપેક્ષાએ પરવસ્તુ રૂપ ભોગ **અસત્** અર્થાત્ ખોટા છે, વિપર્યાસરૂપ છે, આત્મતત્ત્વને વસ્તુતઃ તે પરવસ્તુની સાથે લેવાદેવા છે નહિ, છતાં તેવી અસત્ - ખોટી પરવસ્તુમાં આત્મબુદ્ધિ કરીને રાગદ્વેષજન્ય ઈષ્ટાનિષ્ટ ભાવથી મોહમૂઢ આત્મા નિષ્કારણ મુંઝાય છે ને બંધાય છે. પણ **અમોહ સ્વરૂપ** એવા વીતરાગ જ્ઞાની પુરુષ તો તેમાં આત્મબુદ્ધિ નહિ કરતાં, ઈષ્ટાનિષ્ટ ભાવનાનો ત્યાગ કરી મુંઝાતા નથી ને બંધાતા નથી. આ ઉપરથી તાત્પર્ય એ છે કે - જે ભોગોને સ્વરૂપથી માયાજલ જેવા નિઃસાર ને ખોટા જાણે છે, તે જ્ઞાની પુરુષ ક્વચિત્ પૂર્વ કર્મના - પ્રારબ્ધના યોગથી આક્ષિપ્ત - ખેંચાઈને આવી પડેલા ભોગો ભોગવતાં છતાં પણ **અસંગ** હોઈ, પરમ પદને પામે જ છે. સાચા જ્ઞાની પુરુષ ભોગપંકની મધ્યે પણ કદી ખરડાતા નથી - લેપાતા નથી, જલમાં કમલની જેમ અલિપ્ત જ રહે છે, મોહમલથી અસ્પર્શ્ય એવા પરમ ઉદાસીન જ રહે છે. આનું નામ જ ખરો **અનાસક્ત યોગ** છે.

આત્મજ્ઞાની પુરુષ આવી રીતે અનાસક્તિ - અસંગ ભાવ રાખી શકે છે, તેનું કારણ એમ છે કે - તે સાચા અંતરાત્માથી નિશ્ચય જાણે છે અને નિરંતર ભાવે છે કે આ પરવસ્તુમાં પરમાણુ માત્ર પણ મ્હારૂં નથી. હું તો શુદ્ધ દર્શન - જ્ઞાનમય ચૈતન્ય સ્વરૂપી અરૂપી આત્મા છું. આ સમસ્ત પરવસ્તુની સાથે મ્હારે કંઈ પણ લેવાદેવા નથી. પૂર્વે મોહથી આ પરવસ્તુમાં આત્મબુદ્ધિ બાંધીને હું જે પુદ્ગલ કર્મ બંધથી બંધાયો છું, તે આ કર્મ પુદ્ગલો પોતાનું જૂનું લેણું વસુલ કરવા આવ્યા છે, તે ભલે પોતાનું લેણું લઈ લઈ મને ઝટ ઋણમુક્ત કરો ! બાકી "હું* તે પરવસ્તુ નથી ને પરવસ્તુ તે હું નથી. તે મ્હારી નથી ને હું ત્હેનો નથી." હું તે હું છું, તે તે તે છે. મ્હારૂં તે મ્હારૂં છે, તેનું તે તેનું છે. હે ચેતન ! ત્હારૂં છે તે ત્હારી પાસે છે, બાકી બીજું બધું ય અનેરૂં છે, માટે આ પરવસ્તુમાં- તું હુંકાર હુંકાર શું કરે છે ? મારૂં મારૂં શું કરે છે ? આત્મા*નો હુંકાર કરી એ હુંકારનો હુંકાર તું તોડી નાંખ. 'મારૂં' ને મારૂં એમ નિશ્ચય કર.

**જ્ઞાનીનો ત્રિકાલ વૈરાગ્ય**

આવી પરમ ઉદાસીન વૃત્તિવાળી અખંડ આત્મભાવનાના મહાપ્રભાવને લીધે જ જ્ઞાની પુરુષ પરવસ્તુના ભોગ મધ્યે રહ્યા છતાં પણ ભોગથી લિપ્ત થતા નથી, પરંતુ કાજળની કોટડીમાં પણ અસંગ રહી, ડાઘ લાગવા દીધા વિના ભોગકર્મને ભોગવી નિર્જરી નાંખે છે, પણ બંધાતા નથી ! એ પરમ આશ્ચર્ય છે. પરમ જ્ઞાની તીર્થંકર ભગવાન્ના ભોગાવલી કર્મના ભોગવટાનું આ જ પરમ રહસ્ય છે. આજન્મ પરમ વૈરાગી એવા **તીર્થંકર** દેવને પૂર્વ પ્રારબ્ધોદયથી અનિચ્છતાં છતાં કંઈક વખત ગૃહાવાસમાં સ્થિતિ કરવાનો પ્રસંગ પણ પડે છે, પણ શ્રુતધર્મમાં દૃઢ જ્ઞાનાક્ષેપકવંત પરમ આત્મજ્ઞાની એવા તે પરમ પુરુષ

---

* "अहमेदं एदमहं अहमेदस्सेव होमि मम एदम् । अण्णं ज परदव्वं सचित्ताचित्तमिस्सं व ।
एयत्तु असंभूदं आदवियप्पं करेदि संमूढो । भूदत्थं जाणंतो ण करेदि दु तं असंमूढो ॥"
- (જુઓ શ્રી અમૃતચંદ્રાચાર્યજીની પરમ અદ્ભુત 'આત્મખ્યાતિ' ટીકા) શ્રી સમયસાર, ગા. ૨૦-૨૨

ભોગકર્મને ભોગવતાં છતાં પણ બંધાતા નથી - ઉલટા તે ભોગાવલી કર્મ ભોગવીને નિર્જરી નાંખે છે, ખેરવી નાંખે છે. આ વાત શાસ્ત્ર પ્રસિદ્ધ છે.

**આવા જ્ઞાની અપવાદરૂપ**

એ જ પ્રકારે એવા કોઈ અપવાદરૂપ સમર્થ જ્ઞાનીવિશેષને પૂર્વ પ્રારબ્ધના યોગથી - ખરેખરા અંતઃકરણથી અનિચ્છતાં છતાં - સંસાર વાસમાં રહેવાનો પ્રસંગ પરાણે આવી પડે, તો તે પરમ સમર્થ યોગી અત્યંત આત્મજાગૃતિ પૂર્વક તે સંસાર પ્રસંગમાં પણ અસંગ રહી, તેમાંથી નિર્લેપપણે ઉત્તીર્ણ થવાનો પરમ પુરુષાર્થ કરે છે અને **"ધાર તરવારની સોહલી - દોહલી ચૌદમા જિન તણી ચરણ સેવા"**ની જેમ, સંસાર ઉપાધિ મધ્યે સ્થિત છતાં પરમ આત્મસમાધિ જાળવી, શુદ્ધ આત્માનુચરણ શુદ્ધ ચારિત્રની **બેધારી તલવાર** પર ચાલવાનું અદ્ભુત બાજીગરપણું દાખવી, પોતે સાધેલા પરમ અદ્ભુત આત્મસામર્થ્ય યોગનો પરચો બતાવે છે અને સાનંદાશ્ચર્ય ઉપજાવે છે. પણ આવા અપવાદરૂપ યોગીએ તો કોઈક વિરલા જ હોય છે. કારણકે ત્યાગ અવસ્થામાં આત્મસમાધિ જાળવવી દુષ્કર છતાં સુકર - સોહલી છે, પણ ગૃહસ્થાવસ્થામાં તથારૂપ આત્મસમાધિ જાળવવી તે તો દુષ્કર દુષ્કર ને દોહલી છે. ચોક્ખા ઓરડામાં ડાઘ ન લાગે એ દેખીતું છે, પણ કાજળની કોટડીમાં રહીને પણ જરા પણ ડાઘ ન લાગવા દેવો, એ કાંઈ જેવા તેવા પુરુષાર્થ કૌશલ્યનું કામ નથી. પણ પુનઃ કહેવાનું કે આવા અપવાદરૂપ પરમ યોગીઓ તો કોઈક વિરલા જ હોય છે. આનું જ્વલંત ઉદાહરણ વર્તમાનમાં પરમ યોગસિદ્ધિ સંપન્ન **શ્રીમદ્ રાજચંદ્રજીના** જીવન ચરિત્રમાંથી મળી આવે છે. અનિચ્છતાં છતાં પૂર્વ પ્રારબ્ધોદયથી પરાણે સંસાર ઉપાધિ મધ્યે રહીને પણ, તેમણે કેવી અખંડ આત્મસમાધિ દશા જાળવી છે, તે તેમના વચનામૃતમાં ડોકિયું કરતાં કોઈ પણ નિષ્પક્ષપાત વિવેકી વિચારક*ને સહેજે સુપ્રતીત થાય છે. અન્ય દર્શનીઓમાં પણ જનક વિદેહી - શ્રી કૃષ્ણ આદિના દૃષ્ટાંત સુપ્રસિદ્ધ છે.'

**- શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય વિવેચન (ડૉ. ભગવાનદાસ કૃત)**

"ભોગ પંક ત્યજી ઉપર બેઠા, પંકજ પરે જે ન્યારા,
સિંહ પરે નિજ વિક્રમ શૂરા, ત્રિભુવન જન આધારા...
ધન્ય તે મુનિવરા રે જે ચાલે સમભાવે." **- શ્રી યશોવિજયજી કૃત સા.સ. ગા.સ્ત.**

"ધાર તરવારની સોહલી દોહલી ચૌદમા જિનતણી ચરણ સેવા,
ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા." **- શ્રી આનંદઘનજી**






* શ્રીમદ્ રાજચંદ્રનું અધ્યાત્મ ચરિત્ર 'અધ્યાત્મ રાજચંદ્ર' ગ્રંથમાં (સ્વરચિત) આ વસ્તુ અમે સવિસ્તર વિવરી દેખાડી છે, તે પ્રત્યે દૃષ્ટિપાત કરતાં આ વસ્તુસ્થિતિ ઓર સુપ્રતીત થશે.

હવે પરાપરાધ જનિત બંધ છે નહિ એવો નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો અને સમયની સ્વભાવ મર્યાદા ઉદ્‌ઘોષતો ઉત્થાનિકા **સમયસાર કળશ** (૧૮) શાર્દૂલવિક્રીડિતની વીર ગર્જનાથી લલકારે છે -

शार्दूलविक्रीडित

**यादृक् तादृगिहास्ति तस्य वशतो यस्य स्वभावो हि यः,**
**कर्तुं नैष कथंचनापि हि परैरन्यादृशः शक्यते ।**
**अज्ञानं न कथंचनापि हि भवेत् ज्ञानं भवत् संततं,**
**ज्ञानिन् भुंक्ष्व परापराधजनितो नास्तीह बंधस्तव ॥१५०॥**

યાદૃશ્ તાદૃશ જે સ્વભાવ જસ છે આંહી વશે તેહના,
આ અન્યાદૃશ કો રીતે જ કરવો અન્યો થકી શક્ય ના;
નિત્યે જ્ઞાન ભવંતું કો પણ રીતે અજ્ઞાન તો ના બને,
જ્ઞાની ! ભોગ ! પરાપરાધજનિતો ના બંધ આંહિ તને. ૧૫૦

## અમૃત ૫૬-૧૫૦

ભલે ભોગ તું ! ભલે ભોગ તું ! જ્ઞાનિ અહો ! અબંધ,
પરાપરાધજનિતો તુજને, છે નહિ અહિં કો બંધ... ભલે ભોગ તું... ૧
જેવો તેવો જેનો જે છે, સ્વભાવ અહિં તસ વશથી,
અન્યાદૃશ કો રીતે કરવો, શક્ય નથી તે પરથી... ભલે ભોગ તું. ૨
અજ્ઞાન કો પણ રીત ન ભવતું, સંતત જ્ઞાન ભવંતું,
પરાપરાધજનિત અહિં તુજને, બંધન કો ન હવંતું... ભલે ભોગ તું. ૩
ત્હારા વાંકે બંધન તુજને, નહિ કો પરના વાંકે,
ભગવાન જ્ઞાન અમૃત પીતો તું, ભોગવ જે ઉદયાંકે... ભલે ભોગ તું. ૪

**અર્થ** - અહીં તેના વશ થકી જેનો જેવો તેવો નિશ્ચયે કરીને જે સ્વભાવ છે, આ કોઈ પણ પ્રકારે (કેમે કરીને) પરોથી અન્યાદૃશ (અન્ય પ્રકારનો) નથી કરી શકતો. સંતત જ્ઞાન હોતું તે નિશ્ચયે કરીને કોઈ પણ પ્રકારે (કેમે કરીને) અજ્ઞાન ન હોય. હે જ્ઞાની ! તું ભોગવ ! અહીં પરાપરાધજનિત બંધ તને છે નહિ. ૧૫૦

**'અમૃત જ્યોતિ' મહાભાષ્ય**

''જીવ એમ કહે છે કે મારા તૃષ્ણા, અહંકાર, લોભ આદિ દોષો જતા નથી. અર્થાત્ જીવ પોતાના દોષ કાઢતો નથી અને દોષોનો વાંક કાઢે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૬૪૩), ઉપદેશ છાયા (૯૫૭)**

પરોથી કોઈ દ્રવ્યનો સ્વભાવ અન્ય પ્રકારનો કરી શકાતો નથી એવો નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો આ ઉત્થાનિકા કળશ કહ્યો છે. તેનો ભાવાર્થ આ પ્રકારે - यादृक् तादृगिहास्ति तस्य वशतो यस्य स्वभावो हि यः - જેનો નિશ્ચયે કરીને જે સ્વભાવ હોય છે તેના વશ થકી તે અહીં જેવો તેવો છે તે આ પરોથી - બીજાઓથી કોઈ પણ પ્રકારે - કેમે કરીને નિશ્ચયે કરીને 'અન્યાદૃશ' - અન્ય પ્રકારનો - જૂદા પ્રકારનો નથી કરી શકતો, 'कर्तुं नैष कथंचनापि हि परैरन्यादृशः शक्यते ।' 'સંતત' - નિરંતર જ્ઞાન હોતું તે નિશ્ચયે કરીને કોઈ પણ પ્રકારે કેમે કરી અજ્ઞાન ન જ હોય, अज्ञानं न

कथंचनापि हि भवेत् ज्ञानं भवत् संततं । માટે હે જ્ઞાનિ ! 'તું ભોગવ !' પૂર્વ કર્મના ઉદયથી પ્રાપ્ત ભોગ તું ભલે ભોગવ ! તને - 'જ્ઞાનીને' - અહીં પરાપરાધ જનિત બંધ છે નહિ - પરના અપરાધ થકી જન્મેલો - ઉપજેલો બંધ તને છે નહિ, પારકાના વાંકે તને બંધન છે નહિં, 'ज्ञानिन् भुंक्ष्व परापराधजनितो नास्तीह बंधस्तव ।'

અર્થાત્ જે વસ્તુનો જેવો સ્વભાવ તે સ્વવશ થકી - સ્વાધીનપણા થકી હોય છે, પરવશ થકી - પરાધીનપણા થકી નથી હોતો અને તે સ્વભાવ અન્ય કોઈથી કદી પણ અન્યાદેશ - અન્ય પ્રકારનો કરી શકાતો નથી, પલટાવી શકાતો નથી. આ સર્વ સમયનો (પદાર્થનો) વસ્તુમર્યાદારૂપ સમય છે કે પ્રત્યેક સમય સ્વ સ્વરૂપની - સ્વભાવની મર્યાદામાં જ વર્ત્તે છે, પરની મર્યાદામાં વર્તતો નથી, તેની સ્વભાવ મર્યાદામાં બીજાનો પ્રવેશ નથી અને બીજાની સ્વભાવ મર્યાદામાં તેનો પ્રવેશ નથી. હા, નિત્ય પરિણામી સમયના સ્વભાવના વિશેષ વિશેષ ભાવ તો થયા જ કરે છે અથવા તો પરનું નિમિત્ત પામી સ્વભાવના વિકૃત ભાવરૂપ વિભાવ પણ થાય છે - પણ તે પોતા થકી જ બીજા કોઈ થકી નહિ, અર્થાત્ સમય પોતે સ્વભાવ પરિણામે વા વિભાવ સ્વભાવ પરિણામે પરિણમે છે, સમયનો ભાવ પલટાવી શકનાર બીજો કોઈ નથી, પોતે જ છે. દાખલા તરીકે - આત્મા જ્ઞાન સ્વભાવી છે. તે સહજ જ્ઞાન સ્વભાવે સતત - નિરંતર પરિણમ્યા કરે તો તે અજ્ઞાન સ્વભાવ થાય નહિ, પણ સહજ જ્ઞાન સ્વભાવે સતત - નિરંતર ન પરિણમ્યા કરતાં પરનું નિમિત્ત પામી સ્વયં વિકૃત જ્ઞાનરૂપ - અજ્ઞાન રૂપ વિભાવ સ્વભાવે પરિણમે, તો તેમાં પર કાંઈ તેને અજ્ઞાન કરી દેતું નથી, પર તો અકિંચિત્કર છે, એટલે તે પોતે અજ્ઞાનને લઈ બંધાય તેમાં પરનો કાંઈ અપરાધ - દોષ નથી. એટલા માટે હે જ્ઞાની ! હે સહજાત્મસ્વરૂપી તું સતત - નિરંતર અખંડ વૃત્તિથી સહજ જ્ઞાનભાવે પરિણમ્યા કર, એટલે ત્હારો કદી પણ અજ્ઞાન ભાવ થશે જ નહિ, રખેને પર થકી હું અજ્ઞાન થઈ જઈશ ને બંધાઈશ એવી ભીતિ સેવીશ મા ! કારણકે પરનો ઉપભોગ કરતાં તું સ્વયં સહજ જ્ઞાન સ્વભાવ છોડી કૃત્રિમ વિકૃત ભાવરૂપ અજ્ઞાનરૂપ વિભાવ ભાવે પરિણમશે - પોતાના જ્ઞાનને પોતે અજ્ઞાનમાં પલટાવશે તો તને અજ્ઞાન જનિત બંધ થશે, પણ માત્ર પૂર્વ પ્રારબ્ધોદય જનિત પરના ઉપભોગ માત્રથી બંધ થશે નહિ. માટે હે જ્ઞાની ! જે ભોગવ્યા વિના છૂટકો નથી અને જેમાં ત્હારો પરિગ્રહભાવરૂપ ઈચ્છા પ્રતિબંધ નથી એવા પૂર્વ પ્રારબ્ધોદયજનિત ભોગ તું ભલે ભોગવ અને નિષ્કામપણે - નિષ્પરિગ્રહપણે તે ભોગવીને નિર્જરી નાંખ ! 'અહીં' - સ્વભાવમાં સતત અખંડ સ્થિતિ કરવારૂપ ત્હારી વર્ત્તમાન જ્ઞાનદશામાં 'તને' - તું નિષ્કામી આત્મારામી જ્ઞાનીને પરાપરાધજનિત બંધ છે નહિ, પરના અપરાધથી ઉપજતો બંધ છે નહિ. એમ નીચેની ગાથાના ભાવનું સૂચન કરતા આ ઉત્થાનિકા કળશનો તાત્પર્યાર્થ છે.

भुंजंतस्सवि विविहे सच्चित्ताचित्तमिस्सिये दव्वे ।
संखस्स सेदभावो णवि सक्कदि किण्णगो काउं ॥२२०॥
तह णाणिस्स वि विविहे सच्चित्ताचित्तमिस्सिए दव्वे ।
भुंजंतस्सवि णाणं ण सक्कमण्णाणदं णेदुं ॥२२१॥
जइया स एव संखो सेदसहावं तयं पजहिदूण ।
गच्छेज्ज किण्हभावं तइया सुक्कत्तणं पजहे ॥२२२॥
(जह संखो पोग्गलदो जइया सुक्कत्तणं पजहिदूण ।
गच्छेज्ज किण्हभावं तइया सुक्कत्तणं पजहे ॥)
तह णाणी वि हु जइया णाणसहावं तयं पजहिऊण ।
अण्णाणेण परिणदो तइया अण्णाणदं गच्छे ॥२२३॥

સચિત્ત-અચિત્ત-મિશ્ર વિવિધારે દ્રવ્યો ભુંજંતાંય;
શંખ તણો શ્વેત ભાવ તો રે, કૃષ્ણ કરી ન શકાય.. રે જ્ઞાની. ૨૨૦
સચિત્તાચિત્ત મિશ્ર, વિવિધારે તેમ ભુંજંતાં ય દ્રવ્ય;
જ્ઞાન જ્ઞાનીનું અજ્ઞાનતા રે, પમાડ્યું ન જ શક્ય.. રે જ્ઞાની. ૨૨૧
તે જ શંખ જ્યારે છોડીને રે તેહ જ શ્વેત સ્વભાવ;
જ્યારે કૃષ્ણભાવ ધારે રે, ત્યજે શુક્લપણું સાવ... રે જ્ઞાનિ. ૨૨૨
(જેમ શંખ પૌદ્‌ગલિક જ્યાહરે, ત્યજી દઈ શુક્લપણું જ રે;
કૃષ્ણભાવ પ્રત્યે જાય છે, ત્યારે ત્યજે શુક્લપણું જ રે... નિયત જ નિર્જરા જ્ઞાનીને.)
તેમ જ્ઞાની પણ જ્યાહરે, છોડી તે જ્ઞાન સ્વભાવ;
અજ્ઞાને પરિણત ત્યારે રે, પામે અજ્ઞાનતા ભાવ... રે જ્ઞાનિ. ૨૨૩

---

**आत्मभावना** -

विविहे सच्चित्ताचित्तमिस्सिये दव्वे भुंजंतस्सवि - विविधानि सचित्ताचित्तमिश्रितानि द्रव्याणि भुंजानस्यापि - **વિવિધ - નાના પ્રકારના સચિત્ત - સજીવ સચિત્ત - નિર્જીવ મિશ્રિત - સચિત્તાચિત્ત - સજીવનિર્જીવ એવા દ્રવ્યો ભુંજંતા છતાં - ભોગવતાં છતાં** संखस्स सेदभावो - शंखस्य श्वेतभावः - **શંખનો શ્વેતભાવ** किण्णगो काउं णवि सक्कदि - कृष्णकः - कर्तुं नापि शक्यते - **કૃષ્ણક - કાળો નથી જ કરી શકાતો,** तह - तथा - **જેમ આ દૃષ્ટાંતે જ તેમ આ દાર્ષ્ટાંતિક -** णाणिस्स वि - ज्ञानिनोऽपि - **જ્ઞાનીને પણ,** विविहे सच्चित्ताचित्तमिस्सिए दव्वे भुंजंतस्सवि - विविधानि सच्चित्ताचित्तमिश्रितान द्रव्याणि भुंजानस्यापि - **વિવિધ સચિત્ત - અચિત્ત - મિશ્રિત દ્રવ્યો ભુંજંતા છતાં - ભોગવતાં છતાં,** णाणं अण्णाणदं णेदुं ण सक्कं - ज्ञानं अज्ञानतां नेतुं न शक्यं - **જ્ઞાન અજ્ઞાનતા પમાડવું શક્ય નથી.**

जइया - यदा - **જ્યારે** स एव संखो - स एव शंखः - **તે જ શંખ** सेदसहावं तयं पजहिदूण - श्वेतस्वभावं तकं प्रहाय - **શ્વેતસ્વભાવ તે છોડી દઈને,** किण्हभावं गच्छेज्ज - कृष्णभावं गच्छेत् - **કૃષ્ણભાવ પામે,** तइया - तदा - **ત્યારે** सुक्कत्तणं पजहे - शुक्लत्वं प्रजह्यात् - **શુક્લપણું - શ્વેતપણું છોડી દીએ,** तह - तथा, **તેમ** णाणी वि हु - ज्ञान्यपि खलु - **જ્ઞાની પણ ખરેખર ! નિશ્ચયે કરીને** जइया - यदा - **જ્યારે** णाणसहायं तयं पजहिऊ - **જ્ઞાન - સ્વભાવ તે છોડી દઈને,** अण्णाणेण परिणदो - अज्ञानेन परिणतः - **અજ્ઞાનથી પરિણત - પરિણામ પામેલ હોય,** तइया - तदा - **ત્યારે** अण्णाणदं गच्छे - अज्ञानतां गच्छेत् - **અજ્ઞાનતા પામી જાય.** ॥ इति **गाथा** आत्मभावना ॥२२०-२२३॥

यथा खलु शंखस्य - **જેમ ખરેખર ! નિશ્ચયે કરીને શંખને,** परद्रव्यमुपभुंजानस्यापि - **પરદ્રવ્ય ઉપભુંજતાં -**

**અર્થ** - વિવિધ સચિત્ત-અચિત્ત-મિશ્રિત દ્રવ્યોને ભુંજતા (ભક્ષતાં) છતાં શંખનો શ્વેત ભાવ કૃષ્ણ કરી નથી શકાતો, તેમ સચિત્ત-અચિત્ત-મિશ્રિત દ્રવ્યો ભુંજતાં (ભક્ષતાં) છતાં જ્ઞાનિનું પણ જ્ઞાન અજ્ઞાનતા પમાડવું શક્ય નથી.

જ્યારે તે જ શંખ તે શ્વેત સ્વભાવ છોડી દઈને કૃષ્ણભાવ પામે, ત્યારે તે શુક્લપણું છોડે, તેમ જ્ઞાની પણ ખરેખર ! જ્યારે તે જ્ઞાન સ્વભાવને છોડી દઈ અજ્ઞાનથી પરિણત હોય, ત્યારે તે અજ્ઞાનતા પામે. ૨૨૦-૨૨૩

## आत्मख्याति टीका

**भुंजानस्यापि विविधानि सचित्ताचित्तमिश्रितानि द्रव्याणि ।**
**शंखस्य श्वेतभावो नापि शक्यते कृष्णकः कर्तुं ॥२२०॥**
**तथा ज्ञानिनोऽपि सचित्ताचित्तमिश्रितानि द्रव्याणि ।**
**भुंजानस्यापि ज्ञानं न शक्यमज्ञानतां नेतुं ॥२२१॥**
**यदा स एव श्वेतस्वभावं तकं प्रहाय ।**
**गच्छेत् कृष्णभावं तदा शुक्लत्वं प्रजह्यात् ॥२२२॥**
**(यथा शंखः पौद्गलिकः यदा शुक्लत्वं प्रहाय ।**
**गच्छेत् कृष्णभावं तदा शुक्लत्वं प्रजह्यात् ॥)**
**तथा ज्ञान्यपि खलु यदा ज्ञानस्वभावं तकं प्रहाय ।**
**अज्ञानेन परिणतस्तदा अज्ञानतां गच्छेत् ॥२२३॥**

---

ઉપભોગવતાં છતાં, न परेण श्वेतभावः कृष्णीकर्तुं शक्येत - **પરથી - અન્યથી - બીજાથી શ્વેતભાવ કૃષ્ણ - કાળો કરવો શક્ય નથી, શાને લીધે ?** परस्य परभावतत्त्वनिमित्तत्वानुपपत्तेः - **પરના પરભાવના તત્ત્વ નિમિત્તતત્વની અનુપપત્તિને લીધે - અઘટમાનતાને લીધે,** तथा - **તેમ. જેમ આ દૃષ્ટાંત તેમ આ દાર્ષ્ટાંતિક** - किल - **સ્ફુટપણે ખરેખર ! નિશ્ચયે કરીને** ज्ञानिनः - **જ્ઞાનિને** परद्रव्यमुपभुंजानस्यापि - **પરદ્રવ્યને ઉપભુંજતાં - ઉપભોગવતાં છતાં,** न परेण ज्ञानमज्ञानं कर्तुं शक्येत - **પરથી - અન્યથી - બીજાથી જ્ઞાન અજ્ઞાન કરવું શક્ય નથી, શાને લીધે ?** परस्य परभावतत्वृनिमित्तत्वानुपपत्तेः - **પરના પરભાવના તત્ત્વનિમિત્તત્વની - પરમાર્થ નિમિત્તપણાની - નિશ્ચય કારણપણાની અનુપપત્તિને લીધે - અઘટમાનતાને લીધે.** ततो - **તેથી, શું ?** ज्ञानिनः परापराधनिमित्तो नास्ति बंधः - **જ્ઞાનીને પરાપરાધનિમિત્ત બંધ છે નહિ.**

यथा च - **અને જેમ** यदा - **જ્યારે** स एव शंखः - **તે જ શંખ,** परद्रव्यमुपभुंजानोऽनुपभुंजानो वा - **પરદ્રવ્ય ઉપભુંજતો - ઉપભોગવતો વા અનુપભુંજતો - અનુપભોગવતો - નહિ ઉપભોગવતો,** श्वेतभावं प्रहाय - **શ્વેતભાવ છોડી દઈને,** स्वयमेव कृष्णभावेन परिणमते - **સ્વયમેવ - સ્વયં જ - પોતે જ - આપોઆપ જ કૃષ્ણભાવે પરિણમે છે,** तदा - **ત્યારે** अस्य श्वेतभावः स्वयंकृतः कृष्णभावः स्यात् - **આનો - શંખનો શ્વેતભાવ સ્વયંકૃત - સ્વયં - પોતે કરેલો કૃષ્ણભાવ હોય,** तथा - **તેમ. જેમ આ દૃષ્ટાંત તેમ આ દાર્ષ્ટાંતિક** - यदा - **જ્યારે** स एव ज्ञानी - **તે જ જ્ઞાની** परद्रव्यमुपभुंजानोऽनुपभुंजानो वा - **પરદ્રવ્ય ઉપભુંજતો - ઉપભોગવતો વા અનુપભુંજતો - અનુપભોગવતો - નહિ ભોગવતો,** ज्ञानं प्रहाय - **જ્ઞાન છોડી દઈને,** स्वयमेवाज्ञानेन परिणमेत - **સ્વયમેવ - સ્વયં જ - આપોઆપ અજ્ઞાનથી પરિણમે,** तदा - **ત્યારે** अस्य ज्ञानं स्वयंकृतमज्ञानं स्यात् - **આનું - જ્ઞાનીનું જ્ઞાન સ્વયંકૃત - સ્વયં - પોતે કરેલું અજ્ઞાન હોય,** ततो - **તેથી, શું ?** ज्ञानिनो - **જ્ઞાનીને** यदि - **જો (હોય તો)** स्वापराधनिमित्तो बंधः - **સ્વાપરાધ નિમિત્ત બંધ (હોય).** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२२०-२२३॥

| | |
|---|---|
| **यथा** खलु **शंखस्य** | **तथा** किल **ज्ञानिनः** |
| **परद्रव्यमुपभुंजानस्यापि** | **परद्रव्यमुपभुंजानस्यापि** |
| **न परेण श्वेतभावः कृष्णीकर्तुं शक्येत** | **न परेण ज्ञानमज्ञानं कर्तुं शक्येत** |
| परस्य परभावतत्त्वनिमित्तत्वानुपपत्तेः । | परस्य परभावतत्त्वनिमित्तत्वानुपपत्तेः । |

ततो ज्ञानिनः परापराधनिमित्तो नास्ति बंधः ।

| | |
|---|---|
| यथा च **यदा स एव शंख** | **तथा यदा** स एव **ज्ञानी** |
| परद्रव्यमुपभुंजानोऽनुपभुंजानो | परद्रव्यमुपभुंजानोऽनुपभुंजानो वा |
| **श्वेतभावं प्रहाय** | **ज्ञानं प्रहाय** |
| स्वयमेव **कृष्णभावेन परिणमते** | स्वयमेवा**ज्ञानेन परिणमेत** |
| **तदास्य श्वेतभावः** स्वयंकृतः **कृष्णभावः स्यात्।** | **तदास्य ज्ञानं** स्वयंकृतम**ज्ञानं स्यात्** । |

ततो ज्ञानिनो यदि स्वापराधनिमित्तो बंधः ॥२२०॥२२१॥२२२॥२२३॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

| | |
|---|---|
| **જેમ નિશ્ચયે કરીને શંખનો** | **તેમ નિશ્ચય કરીને જ્ઞાનીને** |
| **પરદ્રવ્ય ઉપભુંજતાં છતાં** | **પરદ્રવ્ય ઉપભુંજતાં છતાં** |
| **પરથી શ્વેતભાવ કૃષ્ણ નથી કરી શકાતો -** | **પરથી જ્ઞાન અજ્ઞાન નથી કરી શકાતું,** |
| પરના પરભાવના તત્ત્વ નિમિત્તપણાની અનુપપત્તિ છે માટે - | પરના પરભાવના તત્ત્વનિમિત્તપણાની અનુપપત્તિ છે માટે, |

તેથી જ્ઞાનીને પરાપરાધનિમિત્ત બંધ છે નહિ.

| | |
|---|---|
| અને જેમ જ્યારે તે જ શંખ | **તેમ જ્યારે** તે જ **જ્ઞાની** |
| પરદ્રવ્ય ઉપભુંજતો વા અનુપભુંજતો | પરદ્રવ્ય ઉપભુંજતો વા અનુપભુંજતો |
| **શ્વેતભાવ છોડી દઈ** | **જ્ઞાન છોડી દઈ** |
| સ્વયમેવ **કૃષ્ણભાવે પરિણમે છે,** | સ્વયમેવ **અજ્ઞાનથી પરિણમે,** |
| **ત્યારે એનો શ્વેતભાવ** સ્વયંકૃત **કૃષ્ણભાવ હોય,** | **ત્યારે એનું જ્ઞાન** સ્વયંકૃત **અજ્ઞાન હોય.** |

તેથી જ્ઞાનીને જો હોય તો સ્વાપરાધ નિમિત્ત બંધ હોય. ૨૨૦-૨૨૩

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''એક અજ્ઞાનની નિવૃત્તિ ઈચ્છવી એ રૂપ જે ઈચ્છા તે સિવાય વિચારવાન જીવને બીજી ઈચ્છા હોય નહીં.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૪૫૨), ૫૩૭**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે જ્ઞાનીને પરાપરાધ જનિત બંધ નથી એમ અત્ર શંખના દૃષ્ટાંતથી પ્રતિપાદન કર્યું છે અને આનો દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિક ભાવ પોતાની અનન્ય લાક્ષણિક શૈલીથી બિંબ-પ્રતિબિંબપણે સાંગોપાંગ વિવરી દેખાડી આત્મખ્યાતિ કર્ત્તા પરમર્ષિએ અપૂર્વ તત્ત્વ પ્રકાશ રેલાવ્યો છે - જેમ શંખ છે, તેને 'પરદ્રવ્ય' - વિવિધ વર્ણવાળી માટી આદિ પુદ્ગલ દ્રવ્ય 'ઉપભુંજંતા' - ઉપભોગવતાં છતાં પરથી 'શ્વેતભાવ' - (સફેદપણું) 'કૃષ્ણ' - કાળો કરી શકાતો નથી - 'પરના પરભાવના તત્ત્વનિમિત્તપણાની અનુપપત્તિ - અઘટમાનતા છે માટે' - परस्य

परभावतत्त्वनिमित्तत्वानुपपत्तेः । અર્થાત્ કોઈ અન્ય દ્રવ્યને અન્ય દ્રવ્યના ભાવનું 'તત્ત્વ નિમિત્તપણું' - તાત્ત્વિક પારમાર્થિક કારણપણું - નિશ્ચય કારણપણું નથી માટે. તેમ જ્ઞાની છે, તેને 'પરદ્રવ્ય' - નાના પ્રકારના પુદ્ગલદ્રવ્ય 'ઉપભુંજતાં' - ઉપભોગવતાં છતાં પરથી જ્ઞાન અજ્ઞાન કરી શકાતું નથી - પરના પરભાવના તત્ત્વનિમિત્તપણાની અનુપપત્તિ - અઘટમાનતા છે માટે - 'परस्य परभावतत्त्वनिमित्तत्वानुपपत्तेः ।' અર્થાત્ કોઈ અન્ય દ્રવ્યને અન્ય દ્રવ્યના ભાવનું 'તત્ત્વ નિમિત્તપણું' - તાત્ત્વિક - પારમાર્થિક કારણપણું - નિશ્ચય કારણપણું નથી માટે. તેથી આ પરથી સ્વયં સિદ્ધ થાય છે કે જ્ઞાનીને પરાપરાધ નિમિત્ત બંધ છે નહિ - 'ज्ञानिनः परापराधनिमित्तो नास्ति बंधः ।, પરના - બીજાના અપરાધના - દોષના નિમિત્તે - કારણે બંધ છે નહિ, પારકાના વાંકે બંધની સજા છે નહિ.

અને જેમ જ્યારે તે જ શંખ 'પરદ્રવ્ય' - વિવિધ વર્ણવાળી માટી આદિ પુદ્ગલદ્રવ્ય 'ઉપભુંજતો' - ઉપભોગવતો વા 'અનુપભુંજતો' - ન ઉપભોગવતો સતો, 'શ્વેત ભાવ' - સફેદપણું છોડી દઈ 'સ્વયમેવ' - પોતે જ - આપોઆપ જ 'કૃષ્ણ ભાવે' - કાળા ભાવે પરિણમે છે, ત્યારે એનો શ્વેતભાવ 'સ્વયં કૃત' - સ્વયં - પોતે કરેલો કૃષ્ણભાવ થાયઃ - તેમ જ્યારે તે જ જ્ઞાની 'પરદ્રવ્ય' - નાના પ્રકારના પુદ્ગલ દ્રવ્ય 'ઉપભુંજતો' - ઉપભોગવતો વા 'અનુપભુંજતો' - ન ઉપભોગવતો, જ્ઞાન છોડી દઈ અજ્ઞાનથી પરિણમે છે, ત્યારે એનું જ્ઞાન 'સ્વયંકૃત' - સ્વયં - પોતે કરેલું અજ્ઞાન થાય. તેથી આ ઉપરથી સ્વયં સિદ્ધ થાય છે કે 'જ્ઞાનીને જો હોય તો સ્વાપરાધ નિમિત્ત બંધ હોય', ज्ञानिनो यदि स्वापराधनिमित्तो बंधः । અર્થાત્ જ્ઞાનીને જો હોય તો 'સ્વ' - પોતાના અપરાધના - દોષના નિમિત્તે - કારણે બંધ છે, પોતાના વાંકે જ પોતાને બંધની સજા છે. બીજો સ્વભાવ ફેરવાવે નહિ કે બંધનું કારણ થાય નહિ, પણ આત્મા પોતે જ સ્વભાવ ફેરવે ને પોતે જ પોતાને બંધનું કારણ થાય - એવો ત્રિકાળાબાધિત અખંડ નિશ્ચય સિદ્ધાંત આ પરથી સિદ્ધ થયો. । इति सिद्धम् ।

''તારે દોષે તને બંધન છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૦૮**

અત્રે વિજ્ઞાનઘન **અમૃતચંદ્રાચાર્યજીએ** ડિંડિમ નાદથી ઉદ્‌ઘોષણા કરી છે કે જ્ઞાનીને પરાપરાધ નિમિત્ત બંધ છે નહિ, પણ જો હોય તો સ્વાપરાધ નિમિત્ત બંધ છે. જ્ઞાની કહે છે કે પરના વાંકે તને બંધન નથી, ત્હારા પોતાના વાંકે તને બંધન છે, માટે પરવસ્તુ મને બાંધે છે એમ તેનો ખોટો વાંક કાઢીશ મા ! અને ત્હારો પોતાનો સાચો વાંક ભૂલીશ મા ! પરવસ્તુનો ભોગ - વિષયોપભોગ માત્ર બંધનું કારણ થતો નથી, પણ આત્મા પોતે તેમાં ઈષ્ટાનિષ્ટ બુદ્ધિરૂપ - રાગદ્વેષરૂપ અજ્ઞાનભાવે સ્વયં પરિણમે છે તેથી બંધ થાય છે. એટલે અજ્ઞાની તો રાગ-દ્વેષરૂપ અજ્ઞાન પરિણામથી બંધાય જ છે, પણ હે જ્ઞાની ! તું પણ જો પ્રારબ્ધોદય ભોગવતાં સ્વચ્છંદે વર્તી રાગદ્વેષરૂપ અજ્ઞાન ભાવે પરિણમીશ તો તું પણ પોતે જ ત્હારા પોતાના અપરાધથી બંધાઈશ. અમે પ્રારબ્ધોદયજનિત ભોગ ભોગવવાનું કહ્યું તેથી અમે કાંઈ કોઈ પણ જ્ઞાનીને સ્વચ્છંદનો ઈજારો (Licence, monopoly) દીધો નથી કે લીધો નથી. એટલે ઈચ્છારહિતપણે કેવળ ઉદયજનિત ભોગ ભોગવવાનો - અનિચ્છતાં છતાં - કદાચિત્ પરાણે પ્રસંગ આવી પડે તો તું પણ રાગ-દ્વેષાદિ અજ્ઞાન પરિણામે ન પરિણમવાની સખ્ત તકેદારી રાખજે - સતત ઉપયોગ જાગૃતિ રાખજે ! એવી તને અમારી કડક ચેતવણી (strict warning) છે.

**જ્ઞાની ભોગી છતાં અભોગી**

અત્રે મુખ્ય મુદ્દો એટલો છે કે માત્ર વિષયભોગ પોતે (By itself) બંધનું કારણ નથી, પણ તેના નિમિત્તે જીવ રાગ-દ્વેષાદિ અજ્ઞાન ભાવે પરિણમે તે બંધનું કારણ છે. કારણકે વિષયો જે છે તે પોતે તેના સ્વરૂપથી ગુણરૂપ પણ નથી કે દોષરૂપ પણ નથી, એટલે 'વિષયોનો બંધ ઉત્પાદનમાં* નિયમ નથી, અજ્ઞાનીને તેથી બંધ થાય છે, જ્ઞાનીને કદી થતો નથી. જે સેવતાં કદી જેની અશુદ્ધિ થાય છે, તેનાથી જ તેની કદાચિત્ શુદ્ધિ થાય છે, એમ શાસ્ત્રવચન છે.' પણ તે વિષયોના નિમિત્તે જે ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ ઉપજે,

* જુઓ : 'અધ્યાત્મસાર' - શ્રી યશોવિજયજી કૃત

તે જ બંધનું કારણ છે.

'મન ગુણ અવગુણ ખેત'

તેથી મન જ ગુણ-અવગુણનું ક્ષેત્ર છે, ઉત્પત્તિ સ્થાન છે. 'मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः ।' અને વીતરાગ જ્ઞાની પુરુષને તો એવો પરમ વૈરાગ્ય વર્તે છે કે તેને વિષયોમાં લેશમાત્ર પણ ઈષ્ટાનિષ્ટ બુદ્ધિ હોતી જ નથી, નિર્મૂળ જ થયેલી હોય છે, એટલે પૂર્વ કર્મવશાત્ ક્વચિત્ વિષયો ભોગવતાં છતાં પણ તે પરમ ઉદાસીન રહી, તે વિષયભોગના ગુણ-દોષથી લેપાતા નથી, એવા તે પરમ સમર્થ હોય છે. આમ સહજ જ્ઞાન સ્વભાવમાં જ અખંડ સ્થિતિ હોઈ જ્ઞાનનું જ જેને સદા આક્ષેપણ - આકર્ષણ છે એવા **જ્ઞાનાક્ષેપકવંત** ક્વચિત્ ભોગ ભોગવતાં છતાં પણ અસંગ હોઈ નિર્લેપ રહી શકે છે એમ કહ્યું, તે તેની અદ્ભુત યોગસિદ્ધિ સંપન્ન જે જ્ઞાનદશાનું સામર્થ્ય સૂચવવા માટે કહ્યું છે, તે ભોગ ભોગવે જ એમ કહેવા માટે કહ્યું નથી, પણ ક્વચિત્ કોઈ યોગીવિશેષને પૂર્વ પ્રારબ્ધોદયથી તેવી સંભાવનાની અપેક્ષા લક્ષમાં રાખી, તેનું અસાધારણ અપવાદરૂપ (Exceptional) અતિશયવંત (Extra - ordinary) દૃઢ યોગીપણું દર્શાવવા માટે કહ્યું છે. કારણકે જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પુરુષ વિષયોને પર પદાર્થ જાણે છે, તેમાં આત્મભાવ કરતા નથી, તે પોતાના નથી જ એમ દૃઢ આત્મપ્રતીતિથી માને છે અને તેમાં સ્વપ્નાંતરે પણ પરમાણુમાત્ર પણ આસક્તિ રાખતા નથી. એટલે સુક્કો ગોળો જેમ ભીંતને લાગતો નથી, તેમ ખરેખરા અનાસક્ત જ્ઞાની પુરુષ વિષયોથી બંધાતા નથી, કેવળ અલિપ્ત જ રહે છે. પૂર્વ પ્રારબ્ધોદયથી કદાચને ભોગ ભોગવવો પડે, તો પણ તેમાં સર્વથા અસંગપણાને લીધે જ્ઞાની લેપાતા નથી, એવી અપૂર્વ ઉપયોગ જાગૃતિ રાખે છે. આ ખરેખર ! તેઓના જ્ઞાનનું જ સામર્થ્ય અથવા વૈરાગ્યનું જ સામર્થ્ય છે.

''એવા જ્ઞાને રે વિઘન નિવારણે, ભોગ નહિ ભવહેત;
નવિ ગુણ દોષ ન વિષય સ્વરૂપથી, મન ગુણ અવગુણ ખેત... ધન.''

**- શ્રી યશોવિજયજી કૃત યો.દ.સજ્ઝાય**

બીજાનું ગજું નથી

પણ આવું બેધારી તલવાર પર ચાલવા જેવું પરમ દુર્ઘટ કાર્ય તો કોઈ વિશિષ્ટ સામર્થ્યના સ્વામી એવા સિદ્ધહસ્ત - યોગારૂઢ પુરુષો જ કરી શકે. બાકી બીજા સામાન્ય પ્રાકૃત જનો, કે સામાન્ય કોટિના યોગિજનો, કે યોગ પ્રારંભક આરોહક સાધકો, કે કાચા જ્ઞાનીઓ કે શુષ્ક 'પોલા' જ્ઞાનીઓ, તેનું જો આંધળું અનુકરણ કરવા જવાની ધૃષ્ટતા કરે, તો તેનું તો અધઃપતન થવાનું જ નિર્માણ થયેલું છે. કારણકે તેમ કરવાનું તેનું ગજું નથી, સામર્થ્ય નથી. એટલે સંસાર પ્રસંગમાં રહી કેવળ અસંગ રહેવાનો અખતરો સામાન્ય પ્રાકૃતજનો અજમાવવા જાય, તો તે પ્રાયે નિષ્ફળ થવાને જ સર્જાયેલો છે, એટલું જ નહિ પણ તેને ઉલટો મહાઅનર્થકારક થઈ પડવાનો પ્રત્યેક સંભવ છે. હાલમાં સ્વચ્છંદ મતિ કલ્પનાએ આવા અધ્યાત્મશાસ્ત્રો વાંચી તથારૂપ દશા વિના અનાસક્ત યોગની દાંભિક વાતો કરનારા અને ખોટો ફાંકો રાખનારા ઘણા જનો દૃષ્ટિગોચર થાય છે, પણ તે મહાનુભાવો ક્ષણભર જો પોતાનો દંભ અને ફાંકો છોડી દઈ સ્વસ્થ અંતરાત્માથી વિચારે તો તેઓને આ ઉપરથી ઘણો ધડો લેવાનું પ્રાપ્ત થાય એમ છે. કારણકે **છઠ્ઠી દૃષ્ટિ** જેટલી ઉંચી પરિપક્વ યોગદશાને પામેલા **જ્ઞાનાક્ષેપકવંત યોગીવિશેષ** જ જે કાર્ય કરવાને સમર્થ છે, તે કાચી દશાવાળા યોગ્યતાવિહીન જનો કેમ કરી શકે ? જેને હજુ એકડો પણ આવડતો નથી એવો બાલ, સ્નાતક પદવીને પામેલા વિદ્યાપારંગત પંડિતને કેમ પહોંચી શકે ? મોટા માણસના જોડામાં જેમ ન્હાનાનો પગ ન મૂકાય, તેમ મહાજ્ઞાની મહાપુરુષના આચરણનું અનુકરણ સામાન્ય મનુષ્યો ન જ કરી શકે અને યોગ્યતા વિના કરવા જાય તો ઉલટું અહિતકારક જ થઈ પડે. **શ્રી નરસિંહ મહેતાને** કહેવું પડ્યું છે કે -

''અમારૂં ગાયું ગાશે, તે ઝાઝાં ખાસડાં ખાશે,

જે સમજીને ગાશે, તે વ્હેલો વૈકુંઠ જાશે.''

માટે સાંકડી કેડી - એકપદી* માંથી તો કોઈ વિરલ મનુષ્ય જ જઈ શકે છે ને રાજમાર્ગે તો સહુ કોઈ જઈ શકે છે એમ જાણી ભોગ મધ્યે પણ નિર્લેપ રહેવા રૂપ એકપદી પર ચાલવાનું દુર્ઘટ કાર્ય કોઈ વિશિષ્ટ જ્ઞાનીવિશેષને માટે રહેવા દઈ, ઈતર જનોએ તો વિષયત્યાગ રૂપ રાજમાર્ગે જ ચાલવામાં પોતાનું ધ્યાન કેંદ્રિત કરવા યોગ્ય છે, એજ અત્ર તાત્પર્ય છે.




---

* જુઓ : 'અધ્યાત્મસાર' - શ્રી યશોવિજયજી કૃત

અત્રે ઉક્તનો સારસમુચ્ચય પ્રકાશતાં પુરુષશાર્દૂલ અમૃતચંદ્રજી જ્ઞાનીને ચેતવણી રૂપ લાલ બત્તી દેખાડતો **સમયસાર કળશ** (૧૯) શાર્દૂલવિક્રીડિત વીરનાદથી ગર્જે છે -

शार्दूलविक्रीडित

**ज्ञानिन् कर्म न जातु कर्तुमुचितं किंचित्तथाप्युच्यते,***
**भुंक्षे हंत न जातु मे यदि परं दुर्भुक्त एवासि भोः ।**
**बंधः स्यादुपभोगतो यदि न तत्किं कामचारोऽस्ति ते,**
**ज्ञानं सन्वस बंधमेष्यपरथा स्वस्यापराधाद्धुवं ॥१५१॥**

જ્ઞાની ! કર્મ કદી ન યોગ્ય કરવું કૈં તોય કહેવાય છે,
ભોગું છું પર મ્હારૂં ના કદી યદિ, દુર્ભુક્ત રે ! તું જ છે;
હોયે બંધ યદિ ભોગથી તુજ શું છે કામચારો નહીં ?
જ્ઞાનં સન્ વસ બંધ પામીશ ન તો તું સ્વાપરાધે સહી. ૧૫૧

## અમૃત પદ-૧૫૧

જ્ઞાન સતો વસ ! જ્ઞાની સતત તું, જ્ઞાની અહો ! અબંધ,
સ્વ અપરાધ થકી નહિ તો તું, ધ્રુવ પામીશ જ બંધ... જ્ઞાન સતો વસ. ૧
જ્ઞાની ! કર્મ કદી કરવું ઉચિત ના, કિંચિત્ કથાય તથાપિ,
યદિ કહે જો ભોગું છું હું, પર મ્હારૂં ન કદાપિ... જ્ઞાન સતો વસ. ૨
તો નિશ્ચય તું દુર્ભુક્ત જ છો, ભોગ લાલસા ભારી,
છોડી કદાપિ ન છૂટે એવી, ભોગ કુટેવ જ ત્હારી... જ્ઞાન સતો વસ. ૩
યદિ કહે જો બંધ ઉપભોગે, પરનો ભોગ ન મ્હારે,
તો કામચાર વિચાર અરે ! તું, શું અહિં છે નહિ ત્હારે ?... જ્ઞાન સતો વસ. ૪
જ્ઞાની સતો વસ નહિ તો, પામીશ બંધ સ્વના અપરાધે,
ભગવાન જ્ઞાન અમૃત પીતો તું, રહે સ્વરૂપ સમાધે... જ્ઞાન સતો વસ. ૫

**અર્થ** - હે જ્ઞાની ! કદી પણ કિંચિત્ કર્મ કરવું ઉચિત નથી, તથાપિ જો (ત્હારાથી) એમ કહેવામાં આવે કે હું તો અહો ! ભોગવું છું, પણ પર (પરદ્રવ્ય) કદી પણ મ્હારૂં નથી, તો અરે ! તું દુર્ભુક્ત જ છો ! (અર્થાત્ જે ત્હારૂં નથી તે તું ભોગવે છે, એટલે તું દુષ્ટ ભોગ ભોગવનાર છો - તને તેવી દુષ્ટ ટેવ પડી ગઈ છે !) અને ''જો ત્હારાથી એમ કહેવામાં આવે કે ઉપભોગથી બંધ હોય નહિ', તો શું તે (આ ત્હારૂં ભોગકર્મ - ભોગપ્રવૃત્તિ) શું કામચાર છે - ઈચ્છા પ્રવૃત્તિ છે ? માટે તું જ્ઞાન સતો વસ ! નહિ તો 'સ્વ ના' ત્હારા પોતાના અપરાધથી ધ્રુવપણે બંધને પામીશ. ૧૫૧

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''તારે દોષે તને બંધન છે એ સંતની પહેલી શિક્ષા છે.
તારો દોષ એટલો જ કે અન્યને પોતાનું માનવું, પોતે પોતાને ભૂલી જવું.''

- **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૮૬), ૧૦૮**

આ જે પરદ્રવ્ય ભોગથી બંધ નથી એમ કહ્યું, તેનો પરમાર્થ આશય સમજ્યા વિના કોઈ સ્વચ્છંદાચારી શીતલ વિહારી દંભી (જ્ઞાની કે અજ્ઞાની કે શુષ્કજ્ઞાની) આ વચનોનો દુરુપયોગ કરી સત્ સંયમમય સન્માર્ગથી ભ્રષ્ટ થઈ અધઃપાતને ન પામે, એવી નિષ્કારણ કરુણાથી કરુણાસિંધુ અમૃત સિંધુ આર્ષદૃષ્ટા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** જ્ઞાનીને સત્ શિક્ષાગર્ભિત ચેતવણીરૂપ 'લાલ બત્તી' ધરતો આ અમૃત કળશ વીરગર્જનાથી લલકાર્યો છે. તેનો ભાવાર્થ આ પ્રકારે - ज्ञानिन् ! कर्म न जातु कर्तुमुचितं किंचित् - હે જ્ઞાની ! કદી પણ કિંચિત્ - કંઈ પણ કર્મ કરવું ઉચિત નથી, 'तथाप्युच्यते' - તથાપિ (ત્હારાથી) જો એમ કહેવાતું હોય - તું જો એમ કહેતો હો કે હું તો કરતો જ નથી, અહો ! હું તો ભોગવું છું - 'भुंक्ष्वे हंत' - ને પર તો મ્હારૂં કદી છે નહિ - 'न जातु मे यदि परं', તો અહો જ્ઞાની ! તું 'દુર્ભુક્ત જ છો' - 'दुर्भुक्त एवासि भोः ।' અર્થાત્ તું કહે છે તેમ જે ત્હારૂં નથી તે તું ભોગવે છે ને પરને છોડતો નથી એટલે તું દુષ્ટ ભોગ ભોગવનાર 'દુર્ભુક્ત જ' છો, તને ભોગવવાની દુષ્ટ કુટેવ જ પડી ગઈ છે, અથવા તો અનાદિ કાળથી તું પરદ્રવ્યનો - પુદ્ગલ દ્રવ્યનો ભોગ ભોગવ્યા કરે છે, છતાં હજુ ધરાયો નથી ! ખાધરા ભૂખાવડાની જેમ હજુ, ભોગ લોલુપતા ધરી રહ્યો છે - દુષ્ટ ભોગ ભોગવવાની દુર્લાલસા રૂપ દુર્વાસના ધરી રહ્યો છે તેથી પણ તું ખરેખર ! 'દુર્ભુક્ત' જ છે ! હવે જો તું એમ કહે કે - 'ઉપભોગથી બંધ નથી' - 'बंधः स्यादुपभोगतो यदि न', પરદ્રવ્યના ઉપભોગથી બંધ નથી એમ અત્રે જ શાસ્ત્રમાં કહ્યું છે, તો અમે તને સામો સીધો પ્રશ્ન કરીએ છીએ કે - 'તે ત્હારો શું કામચાર છે ?' - 'तत् किं कामचारोऽस्ति ते ?' - તે ત્હારૂં ભોગકર્મ - ભોગપ્રવૃત્તિ શું 'કામચાર' છે - કામનો - ઈચ્છાનો ચાર - સંચાર છે ? શું ઈચ્છા પ્રવૃત્તિ છે ? એમ હે જ્ઞાની ! તું અંતર્ નિરીક્ષણથી ત્હારા આત્માને તાવી જો ! અને જો તે કામચાર છે ? તો શું બંધ નથી ? માટે હે જ્ઞાની ! પરભોગથી બંધ નથી એમ અપેક્ષાવિશેષે કહેવામાં આવેલા આ અમારા વચનો વાંચી તું તેનો કદી પણ દુરુપયોગ કરીશ મા ! કારણકે આ જે અત્રે કહ્યું છે તે તો પૂર્વ પ્રારબ્ધોદયથી અનિવાર્યપણે ઉપભોગવ્યા વિના છૂટકો નથી એવા સર્વથા નિરિચ્છ નિષ્કામ ખરેખરા જ્ઞાનીના ઉદયભોગને અનુલક્ષીને છે, નહિ કે તું તારે ભોગ ભોગવ્યા કરતા એવા સ્વચ્છંદ ઉદ્દેશે કોઈને પણ સ્વચ્છંદનો પરવાનો (Licence) દેવા કે લેવા માટે નથી જ. માટે હે જ્ઞાની ! અમારો તને આત્મબંધુ પણે અનુરોધ છે કે - 'તું જ્ઞાન સતો વસ !' 'ज्ञानं सन् वस' - જ્ઞાનરૂપે પરિણત થઈને જ રહ્યા કર, નહિ તો 'સ્વના' - પોતાના 'અપરાધથી' - દોષથી 'ધ્રુવ' - ચોક્કસ બંધને પામીશ, 'बंधमेष्यपरथा स्वस्यापराधाद्ध्रुवं ।'

આમ જ્ઞાનદશા પામેલા જ્ઞાનીને ઉદ્દેશીને પણ વિજ્ઞાનઘન **અમૃતચંદ્રાચાર્યજીએ** આવી સ્પષ્ટ ચેતવણી રૂપ લાલબત્તી ધરી છે તો પછી ઈતર અજ્ઞાની જનો કે શુષ્કજ્ઞાનીઓને માટે તો પૂછવું જ શું ? એટલે જ્ઞાની પુરુષોના અધ્યાત્મ વચનો વાંચી પોતાની **તથારૂપ આત્મદશા** થયા વિના, પોતાની તેવી દશા કલ્પી લઈ, જે શુષ્કજ્ઞાનીઓ સંસારમાં રહીને ભોગ ભોગવતાં છતાં નિષ્કામપણું ભજવાનો ખોટો ડોળ - દંભ કરે છે, તે અજ્ઞાનીઓ ખરેખર ! આત્મવંચના જ કરે છે અને યોગ-અધ્યાત્મની હાંસી - વિડંબના જ માત્ર કરે છે ! કારણકે સકામપણાના બાહ્ય નિમિત્તો તેને નિષ્કામ રહેવા દેતા નથી, એટલું જ નહિ પણ તેનું ઘોર અધઃપતન કરે છે. માટે ખરેખર જો નિષ્કામપણું ભજવું જ હોય તો તેવા બાહ્ય નિમિત્ત પ્રસંગનો પણ ત્યાગ કરવો અત્યંત આવશ્યક છે. સંસાર પ્રસંગમાં પણ અસંગ રહી સર્વથા નિષ્કામ વૃત્તિ અખંડપણે જાળવનારા પરમ પુરુષો તો અત્યંત અત્યંત વિરલા જ છે, **અપવાદરૂપ** જ છે, એમ જાણી મુમુક્ષુએ સાંસારિક ભોગ પ્રસંગનો જેમ બને તેમ પરિત્યાગ કરતાં જ રહેવું એ **ઉત્સર્ગમાર્ગ** છે. આ અનાસક્ત યોગ તો કોઈક **વિરલા પરમ યોગસિદ્ધ** પુરુષો જ સાધી શકે છે. બાકી તથારૂપ યોગ્યતા વિનાના જે તે સાધવાની ધૃષ્ટતા વા સાહસ કરવા જાય છે, તે તો બિચારા ખત્તા જ ખાય છે, વ્યામોહ ઉપજાવનારા બાહ્ય નિમિત્તો

તેને સત્ સ્વરૂપથી ભ્રષ્ટ કરે છે - પાડી નાંખે છે અને માયાની ભૂલભૂલામણીમાં ભૂલા પડી તે યોગીને બદલે 'ભોગી' બને છે ! એટલા માટે જ જ્ઞાની પુરુષોએ વિષયભોગ સાધનને પતન સ્થાન જાણી બાહ્ય સંગનો પણ સર્વથા નિષેધ કર્યો છે, તે સહેતુક છે. પરમાણુમાત્ર પણ પરવસ્તુનો લેશ પણ સંગ કરવા યોગ્ય નથી, એ એમનો નિરંતર ઉપદેશ છે અને એટલા માટે જ અનાસક્ત નિષ્કામ યોગ સાધવા પ્રવર્ત્તવાની ચેષ્ટા કરનારને અત્રે આર્ષદ્રષ્ટા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ નિષ્કામ કરુણાથી આ પરમામૃત સંભૃત અમૃત કળશમાં સર્વ કોઈને સ્પષ્ટ ગંભીર ચેતવણી રૂપ 'લાલ બત્તી' આગળ ધરી છે.

ફલ લિપ્સુ જ બંધાય છે, ફલ નિષ્કામી બંધાતો નથી એવા નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો આ ઉત્થાનિકા **સમયસાર કળશ** (૨૦) કહે છે -

शार्दूलविक्रीडित

**कर्तारं स्वफलेन यत्किल बलात्कर्मैव नो योजयेत्,**
**कुर्वाणः फललिप्सुरेव हि फलं प्राप्नोति यत्कर्मणः ।**
**ज्ञानं संस्तदपास्तरागरचनो नो बध्यते कर्मणा,**
**कुर्वाणोऽपि हि कर्म तत्फलपरित्यागैकशीलो मुनिः** ॥१५२॥

કર્ત્તાને સ્વફલે બલે કરી ખરે ! ના કર્મ તો યોજતું,
પામે છે ફલ કર્મનું ફલતણો લિપ્સુ જ એ છે છતું,
તેથી જ્ઞાન સતો જ રાગ ત્યજતો બંધાય ના કર્મથી;
મુનિ કર્મ કરંત તત્ફલપરિત્યાગૈકશીલો સ્વથી. ૧૫૨

## અમૃત પદ-(૧૫૨)

કર્મ ફલ પરિત્યાગ જ જેનું, શીલ એક જ્ઞાની એવો,
કર્મ કરંતો પણ કર્મોથી, બંધાય ન સ્વયમેવો... કર્મફલ પરિત્યાગ જ જેનું. ૧
કર્ત્તાને કર્મ બળથી સ્વફલથી, યોજે ન જઈને સામે,
કર્મતણું ફળ લેવા ઈચ્છે, તે જ કર્મ ફલ પામે... કર્મફલ પરિત્યાગ જ જેનું. ૨
જ્ઞાન સતો રાગરચના ત્યજતો, તેથી મુનિજન એવો,
કર્મ કરંતો પણ કર્મોથી, બંધાય ન સ્વયમેવો... કર્મફલ પરિત્યાજ જેનું. ૩

**અર્થ** - કારણકે નિશ્ચયે કરીને આ તો સ્ફુટ છે કે કર્મ જ કર્ત્તાને સ્વફલથી બલાત્કારે યોજે નહિ અને કારણકે (કર્મ) કરતો ફલલિપ્સુ જ (ફલ લેવાની ઈચ્છાવાળો જ - ફલ કામનાવાળો જ) કર્મનું ફલ પ્રાપ્ત કરે છે, તેથી કરીને જ્ઞાન સતા જેણે રાગરચના અપાસ્ત કરી છે (ફગાવી દીધી છે) એવો તત્ફલ પરિત્યાગૈકશીલ મુનિ કર્મ કરતાં છતાં કર્મથી બંધાતો નથી ! ૧૫૨

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અત્યંત ઉદાસ પરિણામે રહેલું એવું જે ચૈતન્ય તેને જ્ઞાની પ્રવૃત્તિમાં છે તેવું જ રાખે છે.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૨૧**

ફલ કામનાવાળો જ કર્મથી બંધાય છે, ફલ કામના રહિત બંધાતો નથી એવા નીચેની ગાથાના ભાવનું આલેખન કરતો આ ઉત્થાનિકા કળશ કહ્યો છે - कर्तारं स्वफलेन यत्किल बलात् कर्मैव नो योजयेत् - કારણકે ખરેખર ! સ્ફુટપણે કર્ત્તાને કર્મ જ સ્વફલથી બલાત્ - બલાત્કારે પરાણે યોજે નહિ - હે કર્ત્તા ! તું આ અમારૂં ફળ ભોગવ એમ કર્મ કાંઈ જબરજસ્તીથી (Perforce) કર્ત્તાને પોતાના ફળભોગથી યોજતું નથી, આ તો દેખીતી વાત છે અને કારણકે કર્મ કરતો 'ફલ લિપ્સુ જ' - ફળ મેળવવાની ઈચ્છા કરતો જ કર્મનું ફળ પ્રાપ્ત કરે છે - कुर्वाणः फललिप्सुरेव हि फलं प्राप्नोति यत्कर्मणः । તે 'જ્ઞાન સતો' - ज्ञानं सन् - જ્ઞાનરૂપ જ હોવાપણારૂપ સ્થિતિ ધર હોઈ રાગ રચનાને અપાસ્ત કરતો - 'अपास्त रागरचनो' - રાગ રચનાને ફગાવી દેતો, તે કર્મફલના પરિત્યાગ એક શીલવાળા મુનિ - 'तत्फलपरित्यागैकंशीलो मुनिः' - તે કર્મફલને સર્વ છોડવાના એક આચરણ સ્વભાવવાળો સાચો જ્ઞાની સાધુ પુરુષ - શુદ્ધોપયોગ દશાસંપન્ન ખરેખરો સત્પુરુષ કર્મ કરતાં છતાં બંધાતો નથી, 'कुर्वाणोऽपि हि

कर्म नो बध्यते कर्मणा ।'

અત્રે 'વિજ્ઞાનઘન' **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** કર્મ અને કર્મફલનું તત્ત્વવિજ્ઞાન અપૂર્વ તત્ત્વ યુક્તિથી સમજાવ્યું છે. તે સ્પષ્ટ સમજવા માટે પ્રથમ થોડીક પ્રાસ્તાવિક વિચારણા કરીએ. કર્મ કર્ત્તાને આધીન છે, કર્ત્તા કાંઈ કર્મને આધીન નથી, આ સીધી સાદી સાવ સ્પષ્ટ સમજાય એવી વાત છે. કર્ત્તા સ્વતંત્ર છે, તે ચાહે તે કરી શકે છે, ચાહે તે નથી કરી શકતો, કર્મ કરવા ચાહે તો કરી શકે છે, ન કરવા ચાહે તો નથી કરી શકતો, કર્મફલ ભોગવવા ચાહે તો ભોગવી શકે છે, ન ચાહે તો નથી ભોગવી શકતો. અમુક કર્મ કરવું - ન કરવું, અમુક ફલ ભોગવવું - ન ભોગવવું તે તેની સ્વતંત્ર ઈચ્છાને આધીન છે - તેની પોતાની મુન્સફીની વાત છે. એટલે તે (૧) કર્મ કરે ફલ ભોગવે, (૨) કર્મ ન કરે ફલ ન ભોગવે, (૩) કર્મ ન કરે ન ફલ ભોગવે, (૪) કર્મ કરે ફલ ન ભોગવે - એ ચોભંગીમાથી - ચાર પ્રકારમાંથી કરવા ધારે તે કોઈ પણ પ્રકાર કરી શકે છે - કરી શકવાને સમર્થ છે, સ્વતંત્ર છે, કર્ત્તા - હર્ત્તા છે. આ વર્તમાન વિષયક વાત છે, પણ પૂર્વ કર્મની વાત જૂદી છે. પૂર્વ કર્મ તેણે પોતે કરેલા છે, તે તેનો કર્ત્તા છે, એટલે તે કરાઈ ચૂકેલા કર્મોની બાજી હાલ તેના હાથમાં રહી નથી, તે તો તેના ઉદયકાળે ઉદય આવે છે ને સુખ-દુઃખાદિ સ્વફલ વર્તમાનમાં આપે છે, પણ હાલ તે લેવું - ન લેવું સ્વીકારવું - ન સ્વીકારવું તે કર્ત્તાની ઈચ્છાને આધીન છે, કર્ત્તા ફલ લેવાની ઈચ્છા કરે તો ફલ પામે છે, ફલ લેવાની ઈચ્છા ન કરે તો નથી પામતો. - અને વર્તમાન મન-વચન-કાયાનું કર્મ તો આત્માને આધીન છે, પણ આત્મા કાંઈ મન-વચન-કાયાના કર્મને આધીન નથી, અર્થાત્ મન-વચન-કાયાના યોગરૂપ કર્મ આત્માની સત્તાને લઈ પ્રવર્ત્તે છે, પણ આત્માની સત્તા કાંઈ મન-વચન-કાયાના યોગરૂપ કર્મને લઈ પ્રવર્ત્તતી નથી, 'આત્માની સત્તા વડે તેહ પ્રવર્ત્તે જાણ.' એટલે ત્રિવિધ કર્મ આત્માથી કરાવી શકાય છે, પણ ત્રિવિધ કર્મ આત્માને કાંઈ પણ કરાવી શકતું નથી. કર્ત્તા-કર્મ બા. પાર્શ્વભૂમિ રૂપ (Back ground) આટલી પ્રાથમિક પ્રાસ્તાવિક વિચારણા પછી હવે **અમૃતચંદ્રજીના** આ પ્રસ્તુત કળશનો ભાવ સ્પષ્ટ સમજી શકાશે.

કર્મ - મન - વચન - કાયાનું કર્મ જે પૂર્વકર્મના ઉદયના ઉદયમાં આવેલું છે, તે કર્મ કર્ત્તાને - આત્માને સ્વફલથી બલાત્ - બલાત્કારે - પરાણે યોજે નહિ, હે કર્ત્તા ! ત્હારે આ કર્મનું ફલ લેવું જ પડશે એમ પરાણે જબરજસ્તીથી પોતાનું ફલ કર્ત્તાને વળગાડી શકે નહિ. કારણકે કર્મ કરતો - મન-વચન-કાયાનું કર્મ કરતો કર્ત્તા 'ફલલિપ્સુ જ' - ફલ લેવાની ઈચ્છાવાળો જ કર્મના ફળને પામે છે. તે કર્મ કરી રહેલો કર્ત્તા 'મ્હારે આ ફલ જોઈએ છે' એમ પોતે જો ફલ લેવાની ઈચ્છા કરે તો જ તે કર્મના ફલનો ભોગ કરે છે, ફલ લેવાની ઈચ્છા ન કરે તો તે કર્મના ફલનો ભોગ ન કરે છે, ફલ લેવાની ઈચ્છા ન કરે તો તે કર્મના ફલનો ભોગ નથી કરતો. ફલ લેવાની ઈચ્છા કરવી - ન કરવી, 'ફલ લિપ્સુ' થવું - ન થવું તે કર્ત્તાને આધીન વાત છે - કર્મને આધીન વાત નથી, એટલે ફલ લેવું - ન લેવું એ કર્ત્તાના પોતાના હાથમાં છે. તેથી 'ज्ञानी सन्' - જ્ઞાની સતો રાગરચના અપાસ્ત કરી છે - ફગાવી દીધી છે જેણે એવો કર્મફલ પરિત્યાગૈકશીલ, મુનિ કર્મ કરતાં છતાં કર્મથી બંધાતો નથી. અર્થાત્ (૧) પ્રથમ તો જે 'જ્ઞાની' હોય છે, સતત નિરંતર અખંડપણે સહજ જ્ઞાન સ્વભાવમાં વર્તતો 'જ્ઞાની' હોય છે, (૨) આવો જ્ઞાની સતો - હોતો જે સમસ્ત પરભાવ પ્રત્યેની રાગ રચના અપાસ્ત કરે - ફગાવી દીએ - 'अपास्तरागरचनो', આ પરભાવ તે હું, હું તે પરભાવ, આ પરભાવ મ્હારો, હું આ પરભાવનો ઈત્યાદિ પ્રકારે અહંત્વ - મમત્વથી પોતે પોતાને હાથે રચેલી - સર્જેલી પરભાવ પ્રત્યેની સમસ્ત 'રાગ રચના' - રાગસૃષ્ટિ જે અવધૂત ફગાવી દીએ - અવધૂત કરે, (૩) અને આવો સ્વભાવ સમવસ્થિત પરભાવરાગ પરિત્યાગી જે જ્ઞાની અવધૂત 'મુનિ' - શુદ્ધોપયોગી શ્રમણ - સાચો સાધુ સત્પુરુષ કર્મફલ પરિત્યાગૈકશીલ હોય, તે કર્મફલનો પરિત્યાગ - સર્વથા ત્યાગ એ જ એક જેનું શીલ - સ્વભાવરૂપ આચરણ છે એવો હોય 'कर्मफलपरित्यागैकशीलो मुनिः ।' અર્થાત્ પોતાની સર્જેલી કર્મરૂપ રાગસૃષ્ટિ જ ફગાવી દીધી છે તે તે કર્મરૂપ રાગસૃષ્ટિના ફલને હાથ કેમ લગાડે ? એટલે સર્વ કર્મફલનો

સર્વથા પરિત્યાગ કરવો એ જ એક જે આ જ્ઞાની છે, તે આવો જ્ઞાની અવધૂત કર્મફલ પરિત્યાગૈકશીલ 'મુનિ' - શુદ્ધોપયોગ દશાસંપન્ન શ્રમણ પૂર્વ પ્રારબ્ધોદયની પ્રેરણાથી, મન-વચન-કાયાનું કર્મ કરતાં છતાં, कुर्वाणोऽपि हि कर्म કર્મથી બંધાતો નથી - 'नो बध्यते कर्मणा' - નવીન કર્મ બંધથી બંધાતો નથી, પણ માત્ર પૂર્વબદ્ધ કર્મ નિર્જરે છે. એમ અમૃતચંદ્રજીના આ અદ્ભુત તત્ત્વ રહસ્યપૂર્ણ પરમ તત્ત્વામૃત સંભૃત આ ઉત્થાનિકા કળશનું તાત્પર્ય છે.

पुरिसो जह कोवि इह वित्तिणिमित्तं तु सेवए रायं ।
तो सोवि देदि राया विविहे भोए सुहुप्पाए ॥२२४॥

एमेव जीवपुरिसो कम्मरयं सेवदे सुहणिमित्तं ।
तो सोवि देइ कम्मो विविहे भोए सुहुप्पाए ॥२२५॥

जह पुण सो चिय पुरि, वित्तिणिमित्तं ण सेवदे रायं ।
तो सो ण देइ राया विविहे भोए सुहुप्पाए ॥२२६॥

एमेव सम्मदिट्ठी विसयत्थं सेवए ण कम्मरयं ।
तो सो ण देइ कम्मो विविहे भोए सुहुप्पाए ॥२२७॥

પુરુષ જેમ કોઈ અહીં રાયને રે, સેવતો વૃત્તિ નિમિત્ત,
તો તેય રાય ભોગો દીએ રે, સુખોત્પાદક વિવિધ... રે જ્ઞાની નિર્જરા નિત્ય લહંત. ૨૨૪

એમજ જીવ પુરુષ કર્મ રજને રે, સેવતો સુખ નિમિત્ત,
તો તેય કર્મ ભોગો દીએ રે, સુખોત્પાદક વિવિધ... રે જ્ઞાની. ૨૨૫

જેમ તે જ પુરુષ, રાયને રે, ન સેવે વૃત્તિ નિમિત્ત,
તો તે રાજા ભોગ ના દીએ રે, સુખોત્પાદક વિવિધ... રે જ્ઞાની. ૨૨૬

એમ જ સમ્યગ્દૃષ્ટિ કર્મરજને રે, સેવે ન વિષય નિમિત્ત,
તો તે કર્મ ન ભોગો દીએ રે, સુખોત્પાદક વિવિધ... રે જ્ઞાની. ૨૨૭

**અર્થ** - જેમ કોઈ પણ પુરુષ અહીં વૃત્તિ નિમિત્તે રાજાને સેવે છે, તેથી તે રાજા પણ સુખોત્પાદક ભોગો દીએ છે, એમ જ જીવ - પુરુષ સુખનિમિત્તે કર્મરજને સેવે છે, તેથી તે કર્મ પણ સુખોત્પાદક વિવિધ ભોગો દીએ છે. ૨૨૪-૨૨૫

જેમ પુનઃ તે જ પુરુષ વૃત્તિ નિમિત્તે રાજાને નથી સેવતો, તેથી તે રાજા સુખોત્પાદક વિવિધ ભોગો નથી દેતો, એમજ સમ્યગ્દૃષ્ટિ વિષયાર્થે કર્મરજ નથી સેવતો, તેથી તે કર્મ સુખોત્પાદક વિવિધ ભોગો નથી દેતું. ૨૨૬-૨૨૭

### आत्मख्याति टीका

पुरुषो यथा कोपीह वृत्तिनिमित्तं तु सेवते राजानं ।
तत्सोपि ददाति राजा विविधान् भोगान् सुखोत्पादककान् ॥२२४॥

एवमेव जीवपुरुषः कर्मरजः सेवते सुखनिमित्तं ।
तत्तदपि ददाति कर्म विविधान् भोगान् सुखोत्पादकान् ॥२२५॥

यथा पुनः स एव पुरुषो वृत्तिनिमित्तं न सेवते राजानं ।
तत्सोऽपि न ददाति राजा विविधान् भोगान् सुखोत्पादकान् ॥२२६॥

एवमेव सम्यग्दृष्टि र्विषयार्थं सेवते न कर्मरजः ।
तत्तन्न ददाति कर्म विविधान् भोगान् सुखोत्पादकान् ॥२२७॥

**यथा कश्चित्पुरुषो फलार्थं राजानं सेवते** **ततः स राजा** तस्य **फलं ददाति,** **यथा च स एव पुरुषः फलार्थं राजानं न सेवते** **ततः स राजा** तस्य **फलं न ददाति,** **तथा जीवः फलार्थं कर्म सेवते** **ततस्तत्कर्म** तस्य **फलं ददाति ।** **तथा सम्यग्दृष्टिः फलार्थं कर्म न सेवते** **ततस्तत्कर्म** तस्य **फलं न ददाती**ति तात्पर्यं ॥२२४॥२२७॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

**જેમ કોઈ પુરુષ ફલાર્થે રાજાને સેવે છે,**
**તેથી તે રાજા તેને ફલ દીએ છે,**
**અને જેમ તે જ પુરુષ ફલાર્થે રાજાને નથી સેવતો,**
**તેથી તે રાજા તેને ફલ નથી દેતો,**
**તેમ જીવ ફલાર્થે કર્મ સેવે છે,**
**તેથી તે કર્મ તેને ફલ દીએ છે**
**તેમ સમ્યગ્દૃષ્ટિ ફલાર્થે કર્મ નથી સેવતો**
**તેથી તે કર્મ તેને ફલ નથી દેતું એમ તાત્પર્ય છે.** **૨૨૪-૨૨૭**

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સંસાર સ્પષ્ટ પ્રીતિથી કરવાની ઈચ્છા થતી હોય તો તે પુરુષે જ્ઞાનીનાં વચન સાંભળ્યાં નથી. અથવા જ્ઞાની પુરુષનાં દર્શન પણ તેણે કર્યા નથી, એમ તીર્થંકર કહે છે.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૦૧, ૪૫૪**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે ફળકામી જ બંધાય છે, ફલ નિષ્કામી નથી બંધાતો, એમ અત્રે રાજસેવકના દૃષ્ટાંતથી પ્રતિપાદન કર્યું છે અને તેના ભાવનું સાંગોપાંગ બિંબ પ્રતિબિંબ દર્શનથી વિશદીકરણ 'આત્મખ્યાતિ સૂત્રકર્ત્તાએ પ્રકાશ્યું છે' = જેમ **કોઈ એક પુરુષ** છે, તે 'फलार्थं' - **ફલાર્થે** - ફલને કાજે - ફળ મેળવવાના પ્રયોજનથી રાજાને સેવે છે, તેથી તે રાજા તેને ફળ દીએ છે, તેમ જીવ **'ફલાર્થે'** - ફલને કાજે ફળ મેળવવાના પ્રયોજનથી કર્મ સેવે છે. તેથી તે કર્મ તેને ફળ દીએ છે અને જેમ તે જ પુરુષ **'ફલાર્થે'** - ફલને કાજે - ફળ મેળવવાના પ્રયોજનથી રાજાને નથી સેવતો, તેથી તે રાજા તેને ફળ નથી દેતો, તેથી સ્વ-પર વિવેકની સમ્યગ્દૃષ્ટિ જેને પ્રગટી છે એવો સમ્યગ્દૃષ્ટિ' **'ફલાર્થે'** - ફલને કાજે - ફલ મેળવવાના પ્રયોજનથી કર્મ નથી સેવતો, તેથી તે કર્મ તેને ફળ નથી દેતું, એમ તાત્પર્ય છે - 'इति तात्पर्यं' - ઉપરોક્ત સમસ્ત વક્તવ્યનો સાર રૂપ પરમાર્થ છે.

**आत्मभावना -**

जह कोवि पुरिसो - यथा कोपि पुरुषः - **જેમ કોઈ પણ પુરુષ** इह वित्तिणिमित्तं तु रायं सेवए - इह वृत्तिनिमित्तं तु राजानं सेवते - **અહીં** - લોકમાં **વૃત્તિ નિમિત્તે રાજાને સેવે છે,** तो सोवि राया - ततः सोपि राजा - **તેથી તે રાજા પણ** विविहे सुहुप्पाए भोए देदि - **વિવિધ** - નાના પ્રકારના **સુખોત્પાદક** - સુખ ઉપજાવનારા **ભોગો દીએ છે,** ए एमेव जीवपुरिसो एवमेव जीव पुरुषः - **એમજ** એ જ રીતે **જીવ** - **પુરુષ** कम्मरयं सुहणिमित्तं सेवदे - कर्मरजः सुखनिमित्तं सेवते - **કર્મરજને સુખ નિમિત્તે સેવે છે,** तो सोवि कम्मो - **તેથી તે કર્મ પણ** विविहे सुहुप्पाए भोए देइ - विविधान् सुखोत्पादकान् भोगान् ददाति - **વિવિધ સુખોત્પાદક ભોગો દીએ છે.** जह पुण सो चिय पुरिसो - यथा पुनः सो चैव पुरुषः - **જેમ પુનઃ તે જ પુરુષ** वित्तिणिमित्तं रायं ण सेवदे - वृत्तिनिमित्तं राजानं न सेवते - **વૃત્તિ નિમિત્તે રાજાને નથી સેવતો,** तो सो राया - ततः स राजा - **તે રાજા,** विविहे सुहुप्पाए भोए ण देइ - विविधान् सुखोत्पादकान् भोगान् ददानति - **વિવિધ સુખોત્પાદક ભોગો નથી દેતો,** एमेव सम्मदिट्ठी - **એમજ સમ્યગ્દૃષ્ટિ** विसयत्थं कम्मरयं ण सेवए - विषयार्थं कर्मरजः न सेवते - **વિષયાર્થે કર્મરજ નથી સેવતો,** तो सो कम्मो - ततः तत् कर्म - **તેથી તે કર્મ** विविहे सुहुप्पाए भोए न देइ - विविधान् सुखोत्पादकान् भोगान् न ददाति - **વિવિધ સુખોત્પાદક ભોગો નથી દેતું.** ॥ इति **गाथा** आत्मभावना ॥२२४-२२७॥

यथा कश्चित्पुरुषो - **જેમ કોઈ પુરુષ** फलार्थं राजानं सेवते - **ફલાર્થે રાજાને સેવે છે,** ततः स राजा तस्य फलं ददाति - **તેથી તે રાજા તેને ફલ દીએ છે,** तथा जीवः - **તેમ જીવ** फलार्थं कर्म सेवते - **ફલાર્થે કર્મ સેવે છે,** ततस्तत्कर्म तस्य फलं ददाति - **તેથી તે કર્મ તેને ફલ દીએ છે.** यथा च स एव पुरुषः - **અને જેમથી તે જ પુરુષ** फलार्थं राजानं न

સ્વ-પર વસ્તુનો ભેદ જાણી જેણે 'વેદ્ય સંવેદ્ય પદ'ની પ્રાપ્તિથી શુદ્ધ આત્મસ્વરૂપનું સંવેદન કર્યું છે એવા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીમાં અને સ્વ પર વસ્તુનો ભેદ નહિ જાણવાથી જેણે શુદ્ધ આત્મસ્વરૂપનું સંવેદન નથી કર્યું એવા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીમાં મહદ્ અંતર છે. કારણકે જેણે શુદ્ધ આત્મસંવેદન રૂપ વેદ્ય સંવેદ્ય પદ પ્રાપ્ત કર્યું છે એવા સ્વ-પર વિવેકજ્ઞ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની સર્વ હેય - ઉપાદેય વિવેક બરાબર જાણે છે. આ વસ્તુ ત્યાગવા યોગ્ય છે અને આ વસ્તુ આદરવા યોગ્ય - ગ્રહણ કરવા યોગ્ય છે, એવો સ્પષ્ટ વિવેક, નિર્ધાર, નિશ્ચય બુદ્ધિ, સંવેદન તેના આત્મામાં દૃઢ છાપપણે અંકિત થઈ ગયેલ હોય છે. એટલે ભલે કદાચ પૂર્વ પ્રારબ્ધોદયથી તે તે પ્રમાણે આચરણ ન પણ કરી શકે, અર્થાત્ સ્ત્રી આદિ હેય છે, તેનો તે ત્યાગ ન કરી શકતો હોય, અથવા વિરતિ - પ્રત્યાખ્યાન આદિ આદેય છે, તેનું તે ઉપાદાન-ગ્રહણ ન કરી શકતો હોય, તો પણ આ વસ્તુ ચોક્કસ છોડી દેવા યોગ્ય છે અને આ વસ્તુ ચોક્કસ આદરવા યોગ્ય છે, એવી જે તેની અંતરંગ લાગણી, સંવેદના, પ્રતીતિ, અખંડ નિશ્ચયતા તેમાં કંઈ પણ ફેર પડતો નથી. કર્મદોષ વશે તેમ કરવાની કદાચ પોતાની અશક્તિ - નિર્બળતા હોય, તો તેને માટે પણ તેને નિરંતર ખરેખરો આત્મસંવેદનમય ખેદ રહે છે કે અરે ! હું આ હેય વસ્તુ ત્યાગી શકતો નથી, આ વિરતિ આદિ હું આદરી શકતો નથી. આમ તે જ્ઞાનીના અંતરમાં ભેદ પડી જાય છે. અજ્ઞાનીને તેવો **સંવેદન રૂપ અંતર ભેદ** હોતો નથી. આમ જ્ઞાની અને અજ્ઞાનીની દૃષ્ટિમાં, વૃત્તિમાં અને પ્રવૃત્તિમાં આકાશ પાતાલનું અંતર હોય છે. કારણકે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને **ભેદવિજ્ઞાન** થયું છે, સ્વ - પર વસ્તુનો ભેદે તેવો જાણ્યો છે, સર્વ અન્ય દ્રવ્યથી ભિન્ન એવો હું શુદ્ધ આત્મા છું, એવા બીજભૂત - મૂળભૂત જ્ઞાનનું અંતઃપ્રતીતિમય અખંડ સંવેદન - અનુભવન તેને વર્ત્તે છે અને સર્વ પરભાવથી અંતરંગ રતિ - પ્રીતિ વિરામ પામી જવારૂપ ખરેખરી અંતરંગ ભાવ વિરતિ પણ વર્ત્તે જ છે.

આથી ઉલટું, સ્વ પર વસ્તુના ભેદજ્ઞાનથી અનભિજ્ઞ - અજાણ હોઈ મિથ્યાદૃષ્ટિ ભવાભિનંદી જીવ પરવસ્તુમાં વિશેષ રતિ - પ્રીતિ ધરે છે, પરવસ્તુના ભોગ - સાધનોમાં અત્યંત આસક્ત રહી, ભવને અભિનંદતો સતો ભવરોગનું નિવારણ ઈચ્છતો નથી અને વિષયને જ ઈષ્ટ માની તેમાં જ રચ્યોપચ્યો રહે છે, તેમાં જ નિમગ્ન થાય છે, તેમાંજ ડૂબી જાય છે ! અને આમ તેની ભોગેચ્છાની નિવૃત્તિ થતી નથી, તે એટલે સુધી કે ઉંમર પાકી ગઈ હોય, પોતે ઘરડો ખખ બૂઢ્ઢા બેલ જેવો થઈ ગયો હોય, છતાં વિષયાભિલાષના અતિરેકથી પુનઃ જુવાનીનું જોમ પ્રાપ્ત કરવાને તે **'વાજીકરણ'** પ્રયોગ - ધાતુ પુષ્ટિનો વૈદ્યક પ્રયોગ કરે છે, રસાયન સેવે છે, તે ઘોડા જેવી તાકાત મેળવવા ઈચ્છતો તે **વિષયનો ગધેડો** બને છે ! આશા જીર્ણ થઈ નથી, તે જ જીર્ણ થાય છે ! વય જાય છે, પણ વિષયાભિલાષ જતો નથી !! 'आशा न जीर्णा वयमेव जीर्णा ।' 'गतं वयं नो विषयाभिलाषः ।' એટલે આ ભવાભિનંદી મિથ્યાદૃષ્ટિ જીવ ક્ષણિક વિષયરૂપ કુસુખમાં - ખોટા માની લીધેલા કલ્પિત સુખમાં આસક્ત હોઈ, તે વિષયની પ્રાપ્તિ અર્થે હિંસા કરે છે, અસત્ય બોલે છે, ચોરી કરે છે, કુશીલ સેવે છે, પરિગ્રહ વધારે છે, આરંભ આદિ કરે છે અને તે તે પાપ સ્થાનકોના સેવનથી તે **જ્ઞાનાવરણાદિ** પાપ કર્મરૂપ ધૂલિ-રજ આત્મામાં નાંખી પોતાના આત્માને મલિન કરે છે ! તે પાપધૂલિથી આત્માને* **પાશ** નાંખે છે, પોતે પોતાને બાંધે છે, **'પોતે પોતાનો વૈરી'** થઈ **આત્મઘાતી** બને છે ! અને આમ જે પોતાના હાથે ગળે ફાંસો નાંખે છે, આત્મામાં કર્મરજરૂપ ધૂળ નાંખે છે, તે મૂર્ખ, જડ, મંદબુદ્ધિ કહેવા યોગ્ય છે. કારણકે કોઈ માણસ પોતાના હાથે માથામાં ધૂળ નાંખતો હોય, તો આપણે તેને મૂર્ખ દિવાનો માનીએ છીએ, ગાંડાની ઈસ્પીતાલને લાયક ગાંડો પાગલ ગણીએ છીએ, ને તેની મૂર્ખતા પર હસીએ છીએ, તો પછી આ તો

---

सेवते - ફલાર્થે રાજાને નથી સેવતો, ततः स राजा तस्य फलं न ददाति - તેથી તે રાજા તેને ફલ નથી દેતો, तथा सम्यग्दृष्टिः - **તેમ સમ્યગ્દૃષ્ટિ** फलार्थं कर्म न सेवते - ફલાર્થે કર્મ નથી સેવતો, ततस्तत्कर्म तस्य फलं न ददाति - તેથી તે કર્મ તેને ફલ નથી દેતું, इति तात्पर्यः - એમ તાત્પર્ય..।। इति **'आत्मख्याति'** आत्मभावना ।।૨૨૪-૨૨૭।।

---

* **''आत्मानं पाशयन्त्येते सदासच्चेष्टया भृशम् ।**
**पापधूल्या जडाः कार्यमविचार्यैण तत्त्वतः ।।''** - **પરમર્ષિ હરિભદ્રાચાર્યજી કૃત 'યોગદૃષ્ટિ સમુચ્ચય', ૮૨**

અમૂલ્ય ચિન્તામણિ રત્ન કરતાં પણ અધિક એવા આત્મામાં પાપધૂલ નાંખી તેને મલિન કરવો, તે તો કેટલી બધી મૂર્ખતાનું કામ ગણવું જોઈએ ? ખરેખર ! વિષયાસક્તિથી પાપધૂલિ આત્મામાં નાંખનારા ભવાભિનંદી જીવો મૂર્ખ, દિવાના, પાગલ જ છે, ગાંડાની ઈસ્પિતાલને લાયક મનુષ્યો જ છે, કારણકે તેઓ મોહ મદિરાથી મસ્ત થઈ ઉન્મત્ત બન્યા છે ! 'पीत्वा मोहमयीमिमां च मदिरामुन्मत्तीभूतं जगत् ।' (ભર્તૃહરિ) અને એટલે જ 'કર્મભૂમિમાં પરમ ધર્મબીજરૂપ મનુષ્યપણું પામીને, એનીસત્કર્મરૂપ કૃષિમાં (ખેતીમાં) અલ્પ મતિવાળાઓ પ્રયત્ન કરતા નથી', પણ મૂર્ખશિરોમણિ એવા આ મંદબુદ્ધિ ભવાભિનંદી મિથ્યાદૃષ્ટિ જીવો આમ ધર્મબીજ રૂપ મનુષ્યપણાનું સાર્થક્ય કરવાને બદલે તે બીજને વેડફી નાંખે છે ! અનેક પ્રકારના દુરાચારમાં, મિથ્યાભિમાનમાં, પ્રમાદમાં, વિષયમાં ને કષાયમાં તેઓ અમૂલ્ય ચિન્તામણિ રત્ન સમાન મનુષ્ય જીવન ગુમાવી દે છે ! ને કાગડાને ઉડાડવા માટે ચિંતામણિ રત્ન ફગાવી દેનાર મૂર્ખ જેવું કાર્ય કરે છે ! તેથી તેમનો 'એળે ગયો અવતાર' થાય છે.

''બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો, તો યે અરે ભવચક્રનો આંટો નહિ એકકે ટળ્યો,
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો, ક્ષણ ક્ષણ ભયંકર ભાવ મરણે કાં અહો ! રાચી રહો ?
લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો, શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો,
વધવાપણું સંસારનું નર દેહને હારી જવો, એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો.'' -

**શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત મોક્ષમાળા (બાલાવબોધ) પાઠ-૬૭**

આમ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની અને સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીની દૃષ્ટિમાં વૃત્તિમાં અને પ્રવૃત્તિમાં આકાશ પાતાલનું અંતર છે. એક જ ભોગ પ્રવૃત્તિમાં પણ બન્નેનું પ્રયોજન જૂદું છે. અજ્ઞાની સકામ છે, જ્ઞાની નિષ્કામ છે, અજ્ઞાની ભોગકર્મને સકામપણે સેવે છે, જ્ઞાની એ જ ભોગકર્મને નિષ્કામપણે સેવે છે. અજ્ઞાની ભોગને તત્ત્વરૂપ સાચા જાણે છે તેથી તે ભોગમાં ડૂબી મરે છે ને ભવાબ્ધિ તરતો નથી, જ્ઞાની ભોગને માયાજલ રૂપ - મૃગજલ રૂપ મિથ્યા ખોટા જાણે છે. તેથી તે ભોગમધ્યેથી પણ સોંસરો નિર્વિઘ્ન પસાર થઈ જઈ ભવાબ્ધિ તરી જાય છે. અજ્ઞાની ભોગ પંકમાં ગૂંચી જાય છે, જ્ઞાની ભોગ-પંકમાં પણ પંકજની જેમ અબદ્ધસ્પૃષ્ટ રહે છે. અજ્ઞાની વિષય સુખની ઈચ્છાથી ભોગનું સેવન કરે છે, જ્ઞાની વિષય સુખની નિરિચ્છા છતાં પૂર્વકર્મના અનિવાર્ય ઉદયથી ભોગનું સેવન કરવું પડે તો ન છૂટકે કરે છે. અજ્ઞાની વિષય ભોગનું સુખફળ મેળવવા અર્થે ઉત્સુકપણે ભોગ સેવે છે, જ્ઞાની વિષય સુખ ફળ મેળવવા અર્થે ભોગ સેવતો નથી પણ પૂર્વ કર્મરજ નિર્જરી જાય એ અર્થે નિરુત્સુકપણે ભોગ સેવે છે.

આમ જ્ઞાની પૂર્વકર્મની પ્રેરણાથી - પૂર્વ પ્રારબ્ધોદયથી જે કાંઈ મન-વચન-કાયાનું કર્મ કરવું પડે તે નિષ્કામપણે કરે છે, પણ આથી મને વિષય સુખની પ્રાપ્તિ હો એમ વિષય સુખ ફળાર્થે સકામપણે કરતો નથી, એટલે તે કર્મ તેને બંધરૂપ કર્મફળ આપતું નથી, આથી ઉલટું, અજ્ઞાની મન-વચન-કાયાનું જે કાંઈ કર્મ કરે છે તે મને વિષય સુખની પ્રાપ્તિ હો એમ વિષય સુખફળાર્થે સકામપણે કરે છે, એટલે તે કર્મ તેને બંધરૂપ કર્મફળ આપે છે. અર્થાત્ અજ્ઞાની અભોગી હોય તો પણ ભોગી છે, ને જ્ઞાની ભોગી હોય તો પણ અભોગી છે અને જ્ઞાનીને પણ માત્ર પૂર્વ પ્રારબ્ધોદયથી પ્રાપ્ત ઉદય ભોગ કર્મ સેવવાનો અધિકાર છે, પણ તે કર્મનું ફળ ઈચ્છવાનો કદી પણ અધિકાર નથી, 'मा फलेषु कदाचनं ।' અને કદાપિ કર્મફળ ઈચ્છે તો તે જ્ઞાની જ રહેવા પામતો નથી, પણ અજ્ઞાની જ બની જાય છે ને મુમુક્ષુ મટી ભવાભિનંદી મિથ્યાદૃષ્ટિની લોકપંક્તિમાં બેસી જાય છે.



ફલત્યાગી કર્મકર્તા નથી એમ તાત્પર્યદર્શી સમયસાર કળશ (૨૧) કહે છે -

**त्यक्तं येन फलं स कर्म कुरुते नेति प्रतीमो वयं,**
**किन्त्वस्यापि कुतोऽपि किंचिदपि तत्कर्मावशेनापतेत् ।**
**तस्मिन्नापतिते त्वकंपपरमज्ञानस्वभावे स्थितो,**
**ज्ञानी किं कुरुतेऽथं किं न कुरुते कर्मेति जानाति कः ॥१५३॥**

ત્યાગ્યું છે ફલ કર્મ તે ન કરતો એવું પ્રતીતા અમે,
એને ય ક્યાંયથી કર્મ કૈં અવશથી આવી પડે કો સમે;
ને તે આવી પડ્યે અકંપ પરમ જ્ઞાનસ્વભાવે સ્થિતો,
જ્ઞાની કર્મ કરે છ શું ? શું ન કરે ? એ કોણ જાણે ? અહો ! ૧૫૩

## અમૃત પદ-(૧૫૩)

ફલ ત્યાગ્યું તે કર્મ કરે ના, પ્રતીતિએ અમે એવું,
એને ય ક્યાંયથી કર્મ કંઈ આવશે, આવી પડે તે લેવું... ફલ ત્યાગ્યું તે કર્મ કરે ના. ૧
આવી પડ્યે તે સ્થિત અકંપા, પરમ સ્વજ્ઞાન સ્વભાવે,
જ્ઞાની કર્મ શું કરે ? કરે ન શું ? કોણ જાણે એ ભાવે ?... ફલ ત્યાગ્યું તે કર્મ કરે ના. ૨
કર્મફલ પરિત્યાગી એવા, કર્મ કરે ના જ્ઞાની,
ભગવાન અમૃતચંદ્ર મુનીંદ્રા, જ્ઞાન અમૃતના પાની... ફલ ત્યાગ્યું તે કર્મ કરે ના. ૩

**અર્થ** - જેણે ફળ ત્યજ્યું, તે કર્મ કરતો નથી, એમ અમે પ્રતીત કરીએ છીએ, કિંતુ આને પણ ક્યાંયથી પણ કિંચિત્ પણ તે કર્મ અવશથી આવી પડે, પણ તે આવી પડ્યે અકંપ પરમ જ્ઞાન સ્વભાવમાં સ્થિત એવો જ્ઞાની કર્મ શું કરે છે ? વા નથી કરતો ? એમ કોણ જાણે છે ?

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"ચિત્ત ઘણું કરીને વનમાં રહે છે, આત્મા તો પ્રાયે મુક્ત સ્વરૂપ લાગે છે. વીતરાગપણું વિશેષ છે, વેઠની પેઠે પ્રવૃત્તિ કરીએ છૈયે. ** જગત્‌થી બહુ ઉદાસ થઈ ગયા છૈયે. ** કોઈ પ્રકારે રાગપૂર્વક પ્રવૃત્તિ થતી નહીં હોય એવી દશા છે, એમ રહે છે. ** લી. યથાર્થ બોધસ્વરૂપના પ્રણામ."

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૨૬૬), ૩૧૭**

જેણે કર્મફલનો ત્યાગ કર્યો તે કર્મ કરતો જ નથી એવા ભાવનો આ કળશ કહ્યો છે - त्यक्तं येन फलं स कर्म कुरुते नेति प्रतीमो वयं - જેણે કર્મનું ફલ ત્યજી દીધું છે તે કર્મ કરતો નથી એમ અમે **'પ્રતીતિએ'** છીએ - પ્રતીત કરીએ છીએ - દૃઢ શ્રદ્ધાથી દૃઢ નિશ્ચયથી માનીએ છીએ, અર્થાત્ તે કર્મ કરે જ નહિ, કિંતુ આને પણ - આવા કર્મફલ ત્યાગીને પણ ક્યાંયથી પણ કિંચિત્ પણ તે કર્મ અવશથી આવી પડે - किन्त्वस्यापि कुतोऽपि किंचिदपि तत् कर्मावशेनापतेत्, જે પોતાને વશ - સ્વાધીન નથી એવા અવશથી - અસ્વાધીનપણાથી - પૂર્વકર્મ પરાધીનપણાથી આવી પડવાનો સંભવ છે, तस्मिन्नापतिते तु - પરંતુ તે આવી પડ્યે 'अकंपपरमज्ञानस्वभावे स्थितः' - 'અકંપ' - કદીપણ કંપાયમાન ન થાય એવા 'પરમ' - ઉત્કૃષ્ટ - જ્ઞાન સ્વભાવમાં સ્થિત જ્ઞાની શું કર્મ કરે છે ? કે નથી કરતો ? તે કોણ જાણે છે ? 'ज्ञानी किं कुरुतेऽथ किं न कुरुते कर्मेति जानाति कः ?'

અત્રે સહજ આશંકા થવી સંભવે છે કે જો જ્ઞાનીને કર્મફલનો પરિત્યાગ છે ને કર્મફલની ઈચ્છા જ નથી, તો પછી એ કર્મ જ શા માટે કરે છે ? એણે કર્મ જ શા માટે કરવું જોઈએ ? આનો જાણે ઉત્તર

આપતા હોય એમ આર્ષદ્રષ્ટા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** વદે છે કે - હા, બરાબર છે, અમે પણ એમજ કહીએ છીએ - त्यक्तं येन फलं - જેણે ફલ ત્યજી દીધું તે કર્મ કરતો નથી એમ અમે પ્રતીત કરીએ છીએ - દૃઢ આત્મપ્રતીતથી માનીએ છીએ - स कर्म कुरुते नेति प्रतीमो वयं, પરંતુ આવા નિષ્કર્મીને - અકર્મીને પણ ક્યાંયથી પણ કિંચિત્ પણ કર્મ અવશથી આવી પડે - જે પોતાનાં હાથની વાત નથી એવા પરાધીનપણાથી - પૂર્વકર્મના ઉદયાધીનપણાથી પરાણે આવી પડે એવી સંભાવના છે. હવે તે પૂર્વ પ્રારબ્ધોદય જનિત અનિવાર્ય કર્મ આવી પડ્યે પણ જ્ઞાની તો કદી પણ કંપે નહિ એવા અકંપ પરમ જ્ઞાનસ્વભાવમાં સ્થિત રહે છે - अकंपपरमज्ञानस्वभावे स्थितः, કદી પણ કંપાયમાન ન થાય એવા ધ્રુવ નિશ્ચલ સહજ પરમ જ્ઞાન સ્વભાવમાં - સહજાત્મસ્વરૂપી પરમ જ્ઞાયક ભાવમાં અખંડ સ્થિતિ કરે છે અને આવા અકંપ - નિશ્ચલ - ધ્રુવ પરમ જ્ઞાન સ્વભાવમાં જે અખંડ સ્થિતિ કરે છે તે જ્ઞાની પુરુષ શું કર્મ કરે છે કે નથી કરતો ? એમ કોણ જાણે છે ? ज्ञानी किं कुरुतेऽथ किं न कुरुते कर्मेति जानाति कः ? એની કોને ખબર પડે છે ? અર્થાત્ જ્ઞાની કર્મ કરે છે કે નથી કરતા એ કળાતું નથી. આમ સ્થિતિ છે એટલે આ અકળ જ્ઞાનગંભીર જ્ઞાની કદાચ કરતા કર્મ કરતા હોય તો પણ અકર્મ જ - નિષ્કર્મ જ છે અને ભોગી હોય તો પણ અભોગી છે.

સમ્યગ્દૃષ્ટિઓ નિર્ભય નિઃશંક હોય એમ નીચેની ગાથાઓના ભાવનું સૂચન કરતો આ અમૃત ઉત્થાનિકા સમયસાર કળશ (૨૨) પ્રકાશે છે -

**सम्यग्दृष्टय एव साहसमिदं कर्तुं क्षमंते परं,**
**यद्वज्रेऽपि पतत्यमी भयचलत्त्रैलोक्यमुक्ताध्वनि ।**
**सर्वामेव निसर्गनिर्भयतया शंकां विहाय स्वयं,**
**जानंतः स्वमवध्यबोधवपुषं बोधाच्च्यवंते न हि ॥१५४॥**

સમ્યગ્દૃષ્ટિ જ છે સમર્થ કરવા આ સાહસં તો ખરે !
જે ત્રૈલોક્ય ભયે જ માર્ગ મૂકતું એવું પડ્યે વજ્ર રે !
શંકા સર્વ નિસર્ગ નિર્ભયપણે તેઓ ત્યજી આપથી,
જાણંતા સ્વ અવધ્ય બોધ વપુને ચ્યાવે નહિ બોધથી. ૧૫૪

## અમૃત પદ-(૧૫૪)

'ભૈયા ! વિષમ આ સંસાર' - એ રાગ

સમ્યગ્દૃષ્ટિઓ જ સમર્થા, સાહસ કરવા આવું,
નિઃશંક નિર્ભય અમૃત જ્ઞાને, આતમ અમૃત ભાવું... સમ્યગ્દૃષ્ટિઓ જ સમર્થા. ૧
ત્રૈલોક્ય આખું ભયથી ચળતું, માર્ગ ત્યજે છે જેનો,
એવું વજ્ર પડંતું ત્યારે, રોમ ન ફરકે એનો... સમ્યગ્દૃષ્ટિઓ જ સમર્થા. ૨
ત્યારે પણ ના લેશ ડરંતા, સમ્યગ્દૃષ્ટિ બંકા,
નિસર્ગ નિર્ભયતાથી તે તો, સર્વ જ ત્યજીને શંકા... સમ્યગ્દૃષ્ટિઓ જ સમર્થા. ૩
અવધ્ય બોધ વપુ સ્વ જાણંતા, બોધથી ચ્યુત ન થાતા,
નિઃશંક નિર્ભય અમૃત જ્ઞાને, ભગવાન અમૃત માતા... સમ્યગ્દૃષ્ટિઓ જ સમર્થા. ૪
સમ્યગ્દૃષ્ટિઓ જ સમર્થા, સાહસ કરવા આવું,
નિઃશંક નિર્ભય અમૃત જ્ઞાને, આતમ અમૃત ભાવું... સમ્યગ્દૃષ્ટિઓ જ સમર્થા. ૫

**અર્થ** - સમ્યગ્દૃષ્ટિઓ જ માત્ર આ પરમ સાહસ કરવાને ક્ષમ (સમર્થ) હોય છે કે ભયથી ચલાયમાન થતા ત્રૈલોક્યથી જેનો માર્ગ મૂકી દેવાયો છે એવું વજ્ર પણ પડતાં એઓ નિસર્ગ - નિર્ભયતાથી સર્વ જ શંકા સ્વયં છોડી દઈને, સ્વને 'અવધ્ય બોધવપુ' - જાણતાં બોધથી ચ્યવતા નથી જ.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની, મુખ્ય પણે તો વર્ત્તે દેહ પર્યંત જો,
ઘોર પરીષહ કે ઉપસર્ગ ભયે કરી, આવી શકે નહિ તે સ્થિરતાનો અંત જો... અપૂર્વ અવસર.''
**- શ્રીમદ્ રાજચંદ્રજી**

નીચેની ગાથાના ભાવનું સૂચન કરતા આ અમૃત ઉત્થાનિકા કળશમાં વજ્રપાત અવસરે પણ પરમ નિર્ભય નિઃશંક સમ્યગ્દૃષ્ટિના અદ્‌ભુત સાહસનું સ્વભાવોક્તિમય તાદૃશ્ય ચિત્ર આલેખી પરમાર્થ મહાકવીશ્વર **અમૃતચંદ્રજીએ** પોતાની પરમ અદ્‌ભુત નૈસર્ગિક કવિત્વ શક્તિનો પરિચય આપ્યો છે. તેનો ભાવાર્થ આ પ્રકારે - सम्यग्दृष्टय एव साहसमिदं कर्तुं क्षमंते परं - જે સ્વપરવસ્તુને સમ્યક્‌પણે - યથાર્થ

વસ્તુ - સ્વરૂપપણે દેખે છે એવા **'સમ્યગ્દૃષ્ટિઓ જ'** માત્ર આવું આ પરમ સાહસ કરવાને 'ક્ષમ' - ખમતીધર - સમર્થ હોય છે - કે જ્યારે વજ્ર પડતું હોય ને ભયથી ચલાયમાન થતા - ખળભળી ઉઠતા ત્રૈલોક્યથી - ઊર્ધ્વ - મધ્ય - અધો એ ત્રણે લોકથી તે વજ્રનો પડવાનો માર્ગ મૂકી દેવાયેલો હોય - 'यद्वज्रेऽपि पतत्यमी भयचलत् त्रैलोक्यमुक्ताध्वनि', ત્યારે 'નિસર્ગ નિર્ભયતાથી' - સ્વાભાવિક કુદરતી નિર્ભયતાથી સર્વજ શંકા છોડી દઈને સ્વયં - પોતે જ - 'सर्वामेव निसर्गनिर्भयतया शंकां विहाय स्वयं' - 'સ્વને' - પોતાને - આત્માને 'અવધ્ય' - નહિ હણાય એવો - 'બોધ વપુ' - જ્ઞાનદેહવાળો - જ્ઞાનવિગ્રહ જાણંતા તેઓ બોધથી - જ્ઞાનથી ચ્યવંતા નથી, ચ્યુત - ભ્રષ્ટ - પ્રમત્ત થતા નથી - 'जानंतः स्वमवध्यबोधवपुषं बोधाच्च्यवंते न हि ।'

જગત્‌માં ઉલ્કાપાત મચાવે એવા વજ્રપાત જેવા મહા ભયંકર ઘોર પરીષહ-ઉપસર્ગ પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે પણ નિશ્ચય સમ્યગ્દર્શનને પામેલા સમ્યગ્દૃષ્ટિઓ જ આવું નિઃશંક નિર્ભય રહેવાનું અલૌકિક સાહસ કરી શકે છે, તે ઘોર પરીષહ-ઉપસર્ગોમાં પણ સમ્યગ્દૃષ્ટિનું આત્મસ્થિરપણું કેવું અદ્‌ભુત હોય છે તેનું સુંદર શબ્દચિત્ર આલેખે છે. ગ્રંથિભેદ થઈ જ્યાં નૈશ્ચયિક વેદ્યસંવેદ્યપદની પ્રાપ્તિ હોય છે - શુદ્ધાત્મ અનુભવરૂપ નિશ્ચય સમ્યગ્દર્શન સાંપડે છે એવી પાંચમી **સ્થિરાદિ** યોગદૃષ્ટિમાં સ્થિર થયેલા સમ્યગ્દૃષ્ટિ યોગીઓને આવી સ્થિર આત્મદશા પ્રગટે છે. દેહાદિ સર્વ પરવસ્તુથી સર્વથા ભિન્ન એવા શુદ્ધ આત્માના અનુભવરૂપ ભેદજ્ઞાન - આત્મજ્ઞાન આ સમ્યગ્દૃષ્ટિ ભેદજ્ઞાની આત્મજ્ઞાનીને હોય છે. 'હું એક શુદ્ધ દર્શન - જ્ઞાનમય અને સદા અરૂપી એવો આત્મા છું, અન્ય કંઈ પણ પરમાણુમાત્ર પણ મ્હારૂં નથી' - એવો અખંડ સ્થિર નિશ્ચય આ ભેદજ્ઞાની આત્મદ્રષ્ટા પુરુષને હોય છે અને એટલા માટે જ આ સદા સ્થિર રહેનારી - 'અપ્રતિપાતી' દૃષ્ટિને **'સ્થિરા'** કહી છે. તેમાં ઉત્પન્ન થતા બોધને **રત્નની પ્રભા** સમાન કહ્યો છે, તે પણ યથાયોગ્ય છે, કારણકે રત્નનો પ્રકાશ પણ સ્થિર હોય છે, ડગમગ થતો નથી, તેમ આ સમ્યગ્દૃષ્ટિ પુરુષનો બોધ પણ સ્થિર રહે છે, ડગમગતો નથી, ચળતો નથી, રત્નના સ્થિર પ્રકાશને જેમ વાયુ સ્પર્શી શકતો નથી કે ઓલવી શકતો નથી, તેમ સમ્યગ્દૃષ્ટિ આત્મજ્ઞાનીના સ્થિર બોધરત્નને ઉપસર્ગ રૂપ વાયુ સ્પર્શી શકતો નથી કે ઓલવી શકતો નથી.

અને એટલા માટે જ આ નિશ્ચય સમ્યગ્દૃષ્ટિનો બોધ - (૧) **અપ્રતિપાતી** હોય છે - જેમ રત્નનો પ્રકાશ અપ્રતિપાતી હોય છે - કદી ચાલ્યો જતો નથી, તેમ આ સમ્યગ્દૃષ્ટિનો બોધ અપ્રતિપાતી હોય છે, એક વાર આવ્યા પછી પાછો પડી જતો નથી, (૨) **પ્રવર્ધમાન** હોય છે, પ્રયોગ વગેરેની કસોટીથી જેમ રત્નની કાંતિ ઓર ને ઓર ઝળકતી જાય છે, તેમ આ સમ્યગ્દૃષ્ટિના બોધને આત્માનુભવ રૂપ કસોટીએ ચઢાવી પ્રયોગસિદ્ધ કરતાં તે ઉત્તરોત્તર બળવાન બનતો જાય છે, વૃદ્ધિ પામતો જાય છે, (૩) **નિરપાય** હોય છે - તેલ ખૂટી જવાથી દીવો ઓલવાઈ જાય છે, પણ તેવો તેલ ખૂટી જવારૂપ અપાય (હાનિ) રત્ન દીપકને નડતો નથી, તેથી તેનો પ્રકાશ નિરપાય-નિર્બાધ હોય છે, કદી ઓલવાતો નથી, તેમ અત્રે બોધ પરાવલંબની નહિ હોવાથી નિરપાય હોય છે, તેને કોઈ પણ હાનિ-બાધા પહોંચતી નથી, તે કદી ઓલવાતો નથી - બૂઝાતો નથી, કારણકે તેને કોઈ પર અવલંબન નથી કે જે ખસી જતાં તેને હાનિ પહોંચે, તે તો સ્વાવલંબની - આત્માવલંબની જ છે, એટલે તે સર્વથા બાધારહિત છે. આવો રત્નદીપક મનમંદિરમાં પ્રગટ્યો કે બસ પરભાવ રૂપ શત્રુબલ ખલાસ ! મોહ અંધકારનો સર્વનાશ ! ને અનુભવ તેજનો ઝળહળાટ ! તે દીવો જાગ્યો તે જાગ્યો ! ઓલવાય જ નહિ, (૪) **બીજાને પરિતાપ ન પમાડનાર** હોય છે - રત્નનો પ્રકાશ જેમ ઠંડો ને નિર્મલ હોઈ, બીજાને પરિતાપ ઉપજાવતો નથી, તેમ આ સમ્યગ્દૃષ્ટિનો બોધ પણ કષાય - વિષય આદિની ઉપશાંતતાના કારણે શીતલ ને નિર્મલ હોઈ, બીજાને પરિતાપ - ક્લેશ પમાડતો નથી, એટલું જ નહિ પણ અન્ય જીવોને પણ અહિંસા આદિ વડે કરીને પરમ શાંતિનું કારણ થાય છે, (૫) **પરિતોષ હેતુ** હોય છે, રત્નના પ્રકાશથી પરિતોષ ઉપજે છે, તેની કાંતિ દેખીને આંખ ઠરે છે, ચિત્ત પ્રસન્ન થાય છે, કાચ જેવી તુચ્છ વસ્તુ વગેરે દેખવાનું મન થતું

નથી, તેમ આ સમ્યગ્દૃષ્ટિના બોધથી આત્મા પરિતોષ પામે છે, ચિત્તપ્રસન્નતા ઉપજે છે, જે દૃષ્ટવ્ય હતું - જે દેખવા યોગ્ય એવું પરમ આત્મદર્શન હતું તે દેખી લીધું, એટલે તુચ્છ બાહ્ય વસ્તુ દેખવાનું કુતૂહલ વ્યાવૃત્ત થઈ જાય છે - મટી જાય છે, ને આત્મા આત્મામાં જ નિત્ય રત રહી, ** તૃપ્ત થઈ જાય છે, સંતુષ્ટ થાય છે, (૬) **પરિજ્ઞાનાદિનું જન્મસ્થાન** હોય છે - (अ) રત્નના પોતાના પ્રકાશથી તે રત્નની સર્વ બાજુ બરાબર દેખાય છે, તેમજ બીજા પદાર્થોનું પણ પરિજ્ઞાન થાય છે, તેમ આ સમ્યગ્દૃષ્ટિના બોધ રૂપ પ્રકાશથી બોધમૂર્ત્તિ આત્માનું ને અન્ય વસ્તુનું બરાબર જ્ઞાન થાય છે, બોધિ રત્નના પ્રકાશથી સમ્યગ્દૃષ્ટિ આત્મજ્ઞાની પુરુષ વસ્તુને વસ્તુગતે દેખે છે, (ब) રત્ન દીઠે જેમ બીજા કાચ વગેરેનું મૂલ્યાંકન થઈ જાય છે, સાચો હીરો દીઠે કાચની કિંમત કેટલી છે તેની બરાબર ખબર પડી જાય છે, તેમ બોધિરત્ન દીઠે અન્ય તુચ્છ પદાર્થનું મૂલ્યાંકન થઈ જાય છે, અનન્ય ચિંતામણિ રત્ન* સમાન આત્માની આગળ પરવસ્તુની કાંઈ કિંમત લાગતી નથી, (क) ઉત્તમ જાતિવંત રત્નની પ્રાપ્તિ મંગલદાયી ગણાય છે, ઐશ્વર્ય - સુખસંપત્તિ આદિની વૃદ્ધિ કરે છે, અનિષ્ટને દૂર કરે છે, તેમ આ ઉત્તમ બોધરત્નની પ્રાપ્તિ સર્વ મંગલનું મંગલ ને સર્વ કલ્યાણનું કારણ થઈ પડે છે. ઈત્યાદિ પ્રકારે સમ્યગ્દૃષ્ટિના બોધને રત્ન દીપકની ઉપમા સાંગોપાંગ ઘટે છે.

"સાહેલાં હે કુંથુ જિનેશ્વર દેવ, રત્નદીપક અતિ દીપતો હો લાલ.
સા. હે મુજ મન મંદિરમાંહી, આવે જો અરિ બલ જીપતો હો લાલ.
સા. હે મિટે તો મોહ અંધાર, અનુભવ તેજે ઝળહળે હો લાલ.
સા. હે ધૂમ કષાય ન રેખ, ચરણ ચિત્રામણ નવિ ચળે હો લાલ.
સા. હે પાત્ર કરે નહિ હેઠ, સૂરજ તેજે નવિ છીપે હો લાલ.
સા. હે સર્વ તેજનું તે જ, પહેલાંથી વાધે પછે હો લાલ.
સા. હે જેહ ન મરુતને ગમ્ય, ચંચલતા જે નવિ લહે હો લાલ.
સા. હે જેહ સદા છે રમ્ય, પુષ્ટ ગુણે નવિ કૃશ રહે હો લાલ.
સા. હે પુદ્‌ગલ તેલ ન ખેપ, જેહ ન શુદ્ધ દશા દહે હો લાલ.
સા. હે શ્રી નયવિજય સુશિષ્ય, વાચક યશ ઈણી પરે કહે હો લાલ." - **શ્રી યશોવિજયજી**

આમ 'સ્થિરા' આદિ દૃષ્ટિમાં આવો રત્નદીપક સમો બોધ દીપક જેના આત્મામાં પ્રગટ્યો છે એવો સમ્યગ્દૃષ્ટિને **સૂક્ષ્મ બોધ** ગુણની પ્રાપ્તિ હોય છે, કારણકે અત્રે ગ્રંથિભેદને લીધે નૈશ્ચયિક 'વેદ્ય સંવેદ્ય પદ'ની - નિશ્ચય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ હોય છે અને ત્યાં સૂક્ષ્મ બોધ અવશ્ય ઘટે જ છે. એટલે મ્યાનથી તરવારની જેમ, દેહાદિથી આત્મા ભિન્ન છે, સદા ઉપયોગવંત અને અવિનાશી છે, એમ સદ્‌ગુરુ ઉપદેશથી જાણીને અત્રે તેની સમ્યક્ પ્રતીતિ ઉપજે છે, આત્મસ્વરૂપનું સંવેદન થાય છે. આવું જે **સહજ આત્મસ્વરૂપ પદ** સમજ્યા વિના અર્થાત્ જાણીને પ્રતીત્યા વિના પૂર્વે અનંત દુઃખ પામ્યો હતો,* તે આત્મસ્વરૂપ 'પદ' શ્રી સદ્‌ગુરુ ભગવાને સમજાવ્યાથી હવે આ જીવને અનુભવગોચર થાય

** "एदह्मि रदो णिच्चं संतुट्ठो होहि णिच्चमेदह्मि ।
एदेण होहि तित्तो होहदि तुह उत्तमं सोक्खं ॥" - શ્રી સમયસાર, નિર્જરાધિકાર ગા. ૨૭૬
"यः स्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते ॥" - ગીતા
"बहिस्तुष्यति मूढात्मा पिहितज्योतिरन्तरे ।
तुष्यत्यन्तः प्रबुद्धात्मा बहिर्व्यावृत्तकौतुकः ॥" - શ્રી પૂજ્યપાદ સ્વામીજી કૃત સમાધિ શતક

* "अचिन्त्यशक्तिः स्वयमेव देवश्चिन्मात्र चिन्तामणिरेष यस्मात् ।
सर्वार्थसिद्धात्मतया विधत्ते, ज्ञानी किमन्यस्य परिग्रहेण ॥" - શ્રી સમયસાર કળશ (નિર્જરાધિકાર)

* "सर्वमङ्गलमाङ्गल्यं सर्वकल्याणकारणं ।
प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनम् ॥" - શ્રી 'પ્રતિક્રમણ સૂત્ર'

છે, સ્વ સંવેદનથી પ્રત્યક્ષ જણાય છે અને તે જ 'વેદ્ય સંવેદ્ય પદ' છે.

''જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત;
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત.
સદ્ગુરુના ઉપદેશથી, આવ્યું અપૂર્વ ભાન,
નિજમાંહિ લહ્યું, દૂર થયું અજ્ઞાન...'' - **શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર સૂત્ર-૧૧૯**

સ્થિર આત્મસ્વભાવ અનુભવરૂપ વેદ્યસંવેદ્યપદ ગ્રંથિભેદથી આ સ્થિરા દૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે, તેથી યોગીને અત્રે સૂક્ષ્મ બોધની સંપ્રાપ્તિ હોય છે અને એવા સૂક્ષ્મબોધ સંપન્ન સમ્યગ્દૃષ્ટિ પુરુષના આવા સહજ ઉદ્ગાર નીકળી પડે છે કે - આમ નિર્મલ સમ્યગ્દર્શનના પ્રતાપે કરીને જેણે મ્હારૂં પશુરૂપપણું ટાળીને દેવરૂપપણું કર્યું, દિવ્ય સહજ આત્મસ્વરૂપ પ્રગટ કર્યું, તે ભગવાન્ વીરનો અમાપ ઉપકાર હું કદી વિસરૂં નહિ, રાત દિવસ સંભારૂં છું.

''એ ગુણ વીર તણો ન વિસારૂં, સંભારૂં દિન રાત રે,
પશુ ટાળી સુરરૂપ કરે જે, સમકિત ને અવદાત રે...
દૃષ્ટિ થિરામાં દર્શન નિત્યે, રત્નપ્રભા સમ જાણો રે.'' - **શ્રી યશોવિજયજી કૃત 'યો.દ.સજ્ઝાય'**

''અનંત કાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું, તે જ્ઞાનને એક સમય માત્રમાં જાત્યંતર કરી જેણે ભવ નિવૃત્તિ રૂપ કર્યું, તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**

આમ રત્નદીપક સમો સદા સ્થિર બોધ - દીપક જેના આત્મામાં પ્રગટ્યો છે એવા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પુરુષ સ્વને - પોતાને - આત્માને 'અવધ્ય બોધવપુ' 'जानंतः स्वमध्यबोधवपुषम्' - જેનો કદી પણ વધ - ઘાત ન થઈ શકે એવો બોધદેહ રૂપ - જ્ઞાનવિગ્રહ રૂપ જાણે છે અને એમ જાણતા સતા તેઓ આવો વજ્રપાત જેવો ઘોર ઉપસર્ગ આવી પડ્યે પણ અખંડ સહજ જ્ઞાનસ્વભાવ રૂપ - જાણવા રૂપ બોધથી - જ્ઞાનથી કદી પણ ચ્યવતા થતા નથી - ભ્રષ્ટ થતા નથી, 'बोधाच्च्यवंते न हि ।' કારણકે પોતાના આ જ્ઞાનદેહને અમર જાણતા તેઓ આનંદઘનજીના અમર શબ્દોની જેમ માને છે કે 'અબ હમ અમર ભયે ન મરેંગે', એનું કારણ એ છે કે અમે મિથ્યાત્વ ત્યજી દીધું છે, તો પછી અમે ફરી જન્મવા રૂપ દેહ શાને ધરશું ? આ નાશવંત દેહ છે તે જશે - 'નાશિ જાશી', પણ અમે તો સ્થિર રહેશું, 'હમ થિર વાસી'. દેહ વિનાશી છે, અમે અવિનાશી છીએ, અત્રે અમારી અવિનાશી શાશ્વત ધ્રુવ ગતિ (સિદ્ધ ગતિ) પકડશું - 'દેહ વિનાશી હમ અવિનાશી, અપની ગતિ પકરેંગે' - આત્માના અમરત્વના પરમ નિશ્ચયથી **મહાગીતાર્થ મહાજ્ઞાની આનંદઘનજીએ** પરમ આત્મવિશ્વાસથી પોતાનું અમરત્વ આ અમર શબ્દોમાં સંગીત કર્યું છે -

''અબ હમ અમર ભયે ન મરેંગે, અબ હમ અમર ભયે ન મરેંગે,
યા કારન મિથ્યાત દીયો તજ, ક્યું કર દેહ ધરેંગે ?... અબ.'' - **આનંદઘન પદ, ૪૨**

**सम्मदिट्ठी जीवा णिस्संका होंति णिब्भया तेण ।**

**सत्तभयविप्पमुक्का जह्मा तह्मा दु णिस्संका ॥२२८॥**

સમ્યગ્દૃષ્ટિ જીવો નિઃશંક, તેથી નિર્ભય તે હોય;

સપ્તભય વિપ્રમુક્ત તે કારણે રે, તેથી નિઃશંકા સોય... રે જ્ઞાની. ૨૨૮

**અર્થ** - સમ્યગ્દૃષ્ટિ જીવો નિઃશંક હોય છે, તેથી નિર્ભય હોય છે, કારણકે સપ્ત ભય વિપ્રમુક્ત છે, તેથી નિશ્ચયે કરીને તેઓ નિઃશંક છે. ૨૨૮

## आत्मख्याति टीका

**सम्यग्दृष्टयो जीवा निरशंका भवंति निर्भयास्तेन ।**

**सप्तभयविप्रमुक्ता यस्मात्तस्मात्तु निःशंकाः ॥२२८॥**

**येन** नित्यमेव **सम्यग्दृष्टयः** सकलकर्मकफलनिरभिलाषा संतः अत्यंतकर्मनिरपेक्षतया वर्तंते, **तेन** नूनमेते अत्यंत**निःशंक**दारुणाध्यवसायाः संतोऽत्यंतनिर्भयाः संभाव्यते ॥२२८॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

જેથી કરીને નિત્યમેવ **સમ્યગ્દૃષ્ટિઓ** સકલ કર્મફલ નિરભિલાષી સતા અત્યંત કર્મ નિરપેક્ષતાથી વર્તે છે, **તેથી** નિશ્ચયે કરીને એઓ અત્યંત **નિઃશંક** દારુણ અધ્યવસાયવાળા સતા અત્યંત **નિર્ભય** સંભવાય છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''નિઃશંકપણાની, નિર્ભયપણાની, નિમુંઝનપણાની અને નિસ્પૃહપણાની જરૂર હતી, તે ઘણે અંશે પ્રાપ્ત થઈ જણાય છે અને પૂર્ણ અંશે પ્રાપ્ત કરાવવાની કરુણા સાગર ગુપ્ત રહેલાની કૃપા થશે એમ આશા રહે છે. છતાં વળી એથીએ અલૌકિક દશાની ઈચ્છા રહે છે. ત્યાં વિશેષ શું કહેવું ?'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૬૫**

''સપ્ત મહાભય ટાળતો રે સપ્તમ જિનવરદેવ;

સાવધાન મનસા કરી રે ધારો જિનપદ સેવ.'' - **આનંદઘનજી**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે સમ્યગ્દૃષ્ટિઓ નિઃશંક નિર્ભય હોય એમ અત્ર પ્રતિપાદન કર્યું છે અને તેનું પરમ અદ્ભુત તત્ત્વ તલસ્પર્શી વ્યાખ્યાન **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પ્રકાશ્યું છે, તેનો ભાવાર્થ આ પ્રકારે - કારણકે 'નિત્યમેવ' - સદાય 'સમ્યગ્દૃષ્ટિઓ' - જેને સમ્યગ્ - યથાર્થપણે વસ્તુતત્ત્વ દેખતી દૃષ્ટિ પ્રાપ્ત છે એવા સાક્ષાત્ દૃષ્ટા જ્ઞાની પુરુષો सकलकर्मफलनिरभिलाषाः संतः -

---

**आत्मभावना** -

सम्मदिट्ठी जीवा - सम्यग्दृष्टयो जीवाः - સમ્યગ્દૃષ્ટિ જીવો **णिब्भया तेण - निर्भयाः तेन** - તેથી નિર્ભય હોય છે **णिस्संका** होंति - निरशंका भवंति - નિઃશંક હોય છે, जह्मा सत्तभयविप्पमुक्का । यस्मात् सप्तभयविप्रमुक्ता - કારણકે સપ્ત ભયથી વિપ્રમુક્ત - વિશેષે કરીને પ્રકૃષ્ટપણે સર્વથા મુક્ત છે, तह्मा दु णिस्संका - तस्मात्तु निशंका - તેથી જ નિશ્ચયે કરીને નિઃશંક હોય છે. ॥ इति **गाथा** आत्मभावना ॥२२८॥

येन - જે કારણથી नित्यमेव - નિત્યે જ - સદાય सम्यग्दृष्टयः - સમ્યગ્દૃષ્ટિઓ सकल कर्मफलनिरभिलाषाः संतः - સકલ કર્મફલથી નિરભિલાષ - નિરિચ્છ સતા अत्यंतकर्मनिरपेक्षतया वर्तंते - અત્યંત કર્મનિરપેક્ષતાથી વર્તે છે, तेन - તે કારણથી नूनं - ખરેખર ! નિશ્ચયે કરીને एते - એઓ अत्यंतनिरशंकदारुणाध्यवसायाः संतो - અત્યંત નિઃશંક દારુણ અધ્યવસાયવાળા સતા - હોતા अत्यंतनिर्भयाः संभाव्यंते - અત્યંત - સર્વથા નિર્ભય - ભયરહિત સંભાવાય છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२२८॥

સકલ કર્મફલમાં નિરભિલાષ - અભિલાષ રહિત - નિરિચ્છ - ઈચ્છા રહિત હોઈ, 'અત્યંત' - સર્વથા 'કર્મનિરપેક્ષતાથી વર્તે છે' - अत्यंतकर्मनिरपेक्षतया वर्तंते, કર્મની બીલકુલ અપેક્ષા - દરકાર - પરવાહ નહિ કરતા વર્તે છે, તેથી કરીને નિશ્ચયે કરીને એઓ - એ સમ્યગ્દૃષ્ટિઓ અત્યંત - સર્વથા નિઃશંક - શંકા રહિત 'દારુણ' - ભયંકર - કઠોર - દૃઢ અધ્યવસાયવાળા - નિશ્ચયવાળા સતા - 'अत्यंतनिइशंकदारुणाध्यवसायाः संतो' અત્યંત - સર્વથા નિર્ભય સંભાવાય છે, 'अत्यंतनिर्भयाः संभाव्यंते ।' અર્થાત્ તેઓને તત્ત્વનો એટલો બધો વજ્રલેપ દૃઢ નિઃશંક સુવિનિશ્ચિય વર્તે છે કે તેઓ સર્વથા નિઃશંક હોઈ સર્વ પ્રકારના સર્વ ભયથી - સપ્ત ભયથી સર્વથા 'વિપ્રમુક્ત' - અત્યંતપણે મુક્ત વર્તે છે.

અર્થાત્ જેને કર્મફલની અભિલાષા - ઈચ્છા - વાંચ્છા હોય તે કર્મની અપેક્ષા રાખે, પણ જેને કર્મફલની અભિલાષા - ઈચ્છા વાંચ્છા જ ન હોય, તે કર્મની અપેક્ષા કેમ રાખે ? તે તો કર્મથી અત્યંત નિરપેક્ષ જ હોય અને સર્વ પ્રકારના કર્મ કરવાથી અત્યંત નિરપેક્ષતાથી જ વર્ત્તે અને એમ સકલ કર્મફલ નિરભિલાષી હોઈ જે અત્યંત (સર્વથા) કર્મનિરપેક્ષતાથી વર્ત્તે છે તેને નિશ્ચલ આત્મપરિણામ રૂપ અધ્યવસાયથી - નિશ્ચય પરિણામથી ચલાયમાન કરે એવી કોઈ પણ પ્રકારની કંઈ પણ શંકા ન જ હોય, એટલે તેને *નિઃશંક અધ્યવસાય જ - નિશ્ચય જ હોય - જે ત્રોડ્યો ત્રૂટે નહિ ને છોડ્યો છૂટે નહિ એવો 'દારુણ' - અત્યંત કઠોર હોય અને આવો નિઃશંક દારુણ અધ્યવસાય - કઠોર નિશ્ચય જેને હોય તેને પછી પરિણામની ચંચલતા ઉપજાવે એવો કોઈ પણ ભય ન હોય, પણ આત્મપરિણામની અત્યંત સ્વસ્થતા જ હોય, એટલે આમ આત્મપરિણામની અચલ સ્વસ્થતાથી અત્યંત નિઃશંક દારુણ અધ્યવસાયવાળા - અખંડ દૃઢ નિશ્ચયી હોઈ સમ્યગ્દૃષ્ટિઓ સર્વથા અત્યંત નિર્ભય હોય છે, ઈહલોકાદિ સાત મુખ્ય ભયથી સર્વથા પ્રકૃષ્ટપણે મુક્ત જ હોય છે, ઈહલોક ભય, પરલોક ભય, વેદના ભય, અત્રાણ ભય, અગુપ્તિ ભય, મરણ ભય, આકસ્મિક ભય - એ સાત ભયમાંથી એક્કે ભય તેને હોતો નથી.**

''સેવન કારણ પહેલી ભૂમિકા રે, અભય અદ્વેષ અખેદ.''

''ભય ચંચલતા હો જે પરિણામની રે, દ્વેષ અરોચક ભાવ.'' - **શ્રી આનંદઘનજી**

રત્નદીપક સમો સ્થિર પ્રકાશમાન બોધિ - રત્ન પ્રદીપ જેનો અંતરાત્મામાં પ્રદીપ્ત થયો છે એવા નિશ્ચય સમ્યગ્દૃષ્ટિને આ લોક - પરલોકમાં મ્હારૂં શું થશે ? એવી ચિંતાનું કે ભયનું કોઈ કારણ નથી, આ લોક સંબંધી કે પરલોક સંબંધી કોઈ પણ ભય સંભવતો નથી, અપ્રશસ્ત - અસત્ કાર્યમાં તેની પ્રવૃત્તિ હોતી નથી એટલે તે સદાય નિર્ભય રહે છે. સામાન્ય લોક વ્યવહારમાં પણ જે ખોટું કે ખરાબ કામ કરતો હોય, જે દુષ્ટ પાપી હોય, તેને જ ડરવાપણું હોય, એમ બાલક સુદ્ધાં સર્વ કોઈ જાણે છે અને દૃષ્ટિની વ્યાખ્યા પ્રમાણે 'સત્ શ્રદ્ધા સંગત* બોધ તેજ દૃષ્ટિ છે, તે અસત્ પ્રવૃત્તિના વ્યાઘાતથી સત્ પ્રવૃત્તિ પદાવહ છે', એટલે 'વેદ્ય સંવેદ્ય પદ'ને - નિશ્ચય સમ્યગ્દર્શન પદને પામેલ જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પુરુષ કદી પણ કંઈ પણ અસત્ પ્રવૃત્તિ કરતા નથી ને સદા સત્ પ્રવૃત્તિશીલ રહી પોતાના સમ્યગ્દૃષ્ટિ રૂપ યોગિકુલને છાજે એવું 'કુલયોગીપણું' દાખવે છે, કુલપુત્ર - કુલવધૂ જેવું સત્ આચરણ કરે છે. કુલવધૂ જેમ પોતાના કુલને છાજે એવું વર્તન કરે છે - કુલીનપણું આચરે છે, કુલપુત્ર જેમ પોતાના કુલને લાંચ્છન ન લાગે એવું કુલીનતા યોગ્ય આચરણ કરે છે, તેમ સમ્યગ્દૃષ્ટિ કુલયોગી પણ પોતાના યોગિકુલને છાજે એવું ને દોષ - કલંક રૂપ ઝાંખપ ન લાગે એવું યથાયોગ્ય કુલીન આચરણ કરે છે. જેમકે - પર ઘરે ન જવું, સ્વ ઘરમાં જ રહેવું, ઉચિત મર્યાદા ધર્મમાં રહેવું, શીલ સાચવવું,

* ''सच्छ्रद्धासंगत बोधो दृष्टिरित्यभिधीयते ।
असत्प्रवृत्तिव्याघातात्सत्प्रवृतिपदावहः ॥'' - શ્રી 'યોગદૃષ્ટિ સમુચ્ચય' શ્લો. ૧૭

* જુઓ 'અધ્યાત્મ રાજચંદ્ર' પ્રકરણ-૫૧ અને પ્ર. ચાલીસમું લોક પુરુષનું રહસ્ય (ડૉ. ભગવાનદાસ કૃત)

** જુઓ : શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૫૪

ઈત્યાદિ કુલધર્મને જેમ કુલવધૂ પાળે છે, તેમ પરભાવ - વિભાવ રૂપ પરઘર પ્રત્યે ગમન ન કરવું, આત્માના નિજ ઘરમાં જ રહેવું, વસ્તુ સ્વભાવની મર્યાદા ન ઉલ્લંઘાય એમ ઉચિત 'મર્યાદા ધર્મમાં' - 'મરજાદમાં' રહેવું, સ્વરૂપાચરણ રૂપ શીલ સાચવવું, ઈત્યાદિ યોગીકુલના ધર્મને આ કુલયોગી બરાબર પાળે છે. તેમજ કુલપુત્ર જેમ હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર, પરદ્રવ્ય ગ્રહણ આદિ સર્વ અનાર્ય કાર્યને દૂરથી વર્જે છે અને સન્ન્યાય નીતિને - પ્રમાણિકતાને અનુસરે છે, તેમ આ આર્ય કુલયોગી પણ આત્મસ્વરૂપની ઘાતરૂપ હિંસાનો, પરવસ્તુને પોતાની કહેવા રૂપ અસત્યને, પરદ્રવ્યની ચોરી કરવા રૂપ અદત્તાદાનને, પરવસ્તુ પ્રત્યે ગમન કરવા રૂપ વ્યભિચારને અને મમત્વથી પરદ્રવ્યના ગ્રહણ રૂપ પરિગ્રહને - ઈત્યાદિ અનાર્ય કાર્યને દૂરથી ત્યજે છે - અને પરવસ્તુ રૂપ પરભાવ - વિભાવને છોડી દઈ, તે ઉપરૂથી પોતાની માલિકી ઉઠાવી લઈ, સ્વ વસ્તુમાં જ સ્થિતિ કરી સન્ન્યાય નીતિને - ખરેખરી પ્રમાણિકતાને અનુસરવા નિરંતર પ્રયત્નશીલ રહે છે અને કુલપુત્ર જેમ બાપદાદાની આબરૂ વધારી - કુલને ઉજાળી સમાજમાં સુપ્રતિષ્ઠિત હોય છે, તેમ આ સમ્યગ્દૃષ્ટિ કુલયોગી પણ પોતાના યોગિકુલની પ્રતિષ્ઠા વધારી, કુલને અજવાળી, 'એકોતેર પેઢીને તારી' યોગી સમાજમાં સ્થાન પામી સ્વરૂપમાં સુપ્રતિષ્ઠિત હોય છે. આમ કુલવધૂ કુલપુત્રની જેમ જેને 'કુલયોગી' નામ બરાબર ઘટે છે એવા સમ્યગ્દૃષ્ટિ કદી પણ અસત્ પ્રવૃત્તિ કરતા નથી ને સદાય સત્ પ્રવૃત્તિ કરે છે તેને ઈહલોકાદિ સાત પ્રકારના ભયમાંથી કોઈ પણ પ્રકારનો ભય ક્યાંથી હોય ? ન જ હોય, ન જ હોય. ભયને જ ભય લાગી તેમનાથી દૂર ભાગી જાય છે ! આમ ઈહલોકાદિ સાત ભય જેને ટળ્યા છે, એવો સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની તો સદા પરમ નિર્ભય જ - પરમ નિઃશંક જ હોય છે. કારણકે ભય - ચંચલતાનું કારણ આત્મસ્વરૂપનું અજ્ઞાન છે, પણ જેને પોતાના સ્વરૂપનું ભાન પ્રગટ્યું છે એવા સમ્યગ્દૃષ્ટિ પુરુષો તો દૃઢ નિશ્ચયપણે જાણે છે કે મ્હારૂં કાંઈ ચાલ્યું જવાનું નથી, મ્હારૂં છે તે તો મ્હારી પાસે જ છે, બાકી બીજું બધું ય અનેરું છે, 'અવધૂ ક્યા તેરા ? ક્યા મેરા ? તેરા હે સો તેરી પાસે, અવર સબહી અનેરા.' માટે મ્હારે ભય શો ? ચિંતા શી ? વિકલ્પ શો ?

''સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છઉં, એક કેવલ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખ સ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવ રૂપ હું છઉં. ત્યાં વિક્ષેપ શો ? વિકલ્પ શો ? ભય શો ? ખેદ શો ? બીજી અવસ્થા શી ? શુદ્ધ શુદ્ધ પ્રકૃષ્ટ શુદ્ધ પરમ શાંત ચૈતન્ય હું માત્ર નિર્વિકલ્પ છઉં. નિજ સ્વરૂપમય ઉપયોગ કરૂં છઉં. તન્મય થાઉં છું. શાંતિઃ શાંતિઃ શાંતિઃ.'' - શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-(૭૬૦), ૮૩૩

હવે જ્ઞાનીનું અલૌકિક સપ્ત ભયરહિતપણું પરમ અદ્ભુતપણે દાખવતા ચિદાકાશ સંભૂત સપ્તર્ષિ સમા સપ્ત સમયસાર કળશ કાવ્યો **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** અપૂર્વ ભાવાવેશથી લલકારે છે, તેમાં **સમયસાર કળશ (૨૩) -**

શાર્દૂલવિક્રીડિત

**लोकः शाश्वत एक एष सकलव्यक्तो विविक्तात्मनः,***
**चिल्लोकं स्वयमेव केवलमयं यल्लोकयत्येककः ।**
**लोकोऽयं न तवापरस्तदपरस्तस्यास्ति तद्भीः कुतो,**
**निश्शंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विंदति ॥१५५॥**

લોકો શાશ્વત એક એહ સકલ વ્યક્તો વિવિક્તાત્મનો,
ચિત્ લોક સ્વયમેવ કેવલ જ જે આ એક લોકે ઘનો;
લોકો આ પર તુજ ના તદપરો તદ્ભીતિ શી જ્ઞાનિને ?
નિઃશંકો સતત સ્વયં સહજ તે વિંદે સદા જ્ઞાનને. ૧૫૫

## અમૃત પદ-(૧૫૫)

નિઃશંક સતત સ્વયં સહજ તે, જ્ઞાન સદા વિંદંતો,
સહજાત્મસ્વરૂપી જ્ઞાની આ, સમ્યગ્દૃષ્ટિ સંતો... નિઃશંક સતત સ્વયં સહજ તે. ૧
લોક શાશ્વતો એક એહ છે, વિવિક્ત આત્મા કેરો,
સંપૂર્ણપણે સકલ વ્યક્ત આ, અન્ય સર્વથી અનેરો... નિઃશંક સતત સ્વયં. ૨
ચિત્ લોક જ સ્વયમેવ કેવલો, એકલો જે આ લોકે,
લોક અપર આ તેથી અપરો, ત્હારો ન કો આ લોકે... નિઃશંક સતત સ્વયં. ૩
તો આ લોક તણો જ્ઞાનીને, ભય ક્યાંથી જ ભવંતો ?
નિઃશંક સતત સ્વયં સહજ તે, જ્ઞાન સદા વિંદંતો... નિઃશંક સતત સ્વયં. ૪
ભગવાન અમૃત સહજ સ્વરૂપી, સમ્યગ્દૃષ્ટિ સંતો,
નિઃશંક સતત સ્વયં સહજ તે, જ્ઞાન સદા વિંદંતો... નિઃશંક સતત સ્વયં. ૫

**અર્થ** - વિવિક્ત આત્માનો સકલ વ્યક્ત એવો આ એક શાશ્વત લોક છે, જે ચિત્ લોકને કેવલ આ એકાકી સ્વયમેવ લોકે છે (દેખે છે), આ લોક - અપર લોક ત્હારો નથી, ત્હારો પર છે, તો પછી તેને (જ્ઞાનીને) તેની (આ લોક - પરલોકની) ભીતિ ક્યાંથી છે ? સતત નિઃશંક એવો તે સ્વયં સહજ જ્ઞાન સદા વિંદે છે (વેદે છે - અનુભવે છે).

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''પ્રથમ અંત ને મધ્યે એક, લોક રૂપ અલોકે દેખ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૦૭**

જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ સપ્ત ભયથી સર્વથા વિપ્રમુક્ત કેવી રીતે ને કેવી આત્મગત તત્ત્વ વિચારણાથી હોય છે, તેનું પરમ અદ્ભુત ચમત્કારિક શબ્દચિત્ર આલેખતા પરમ તત્ત્વ અમૃતરસસંભૂત આ પરમ અમર કળશ કાવ્યો પરમર્ષિ પરમ પરમાર્થ કવિબ્રહ્મા પુરુષશાર્દૂલ અમૃતચંદ્રજીએ અપૂર્વ ભાવાવેશથી શાર્દૂલવિક્રીડિતની વીરગર્જનાથી લલકાર્યા છે - કે જે સમસ્ત સંસ્કૃત વાઙ્મય ગગનાંગણમાં તે પરમ ભાવિતાત્મા વિજ્ઞાનઘન જ્ઞાનેશ્વરના દિવ્ય આત્માનો સાક્ષાત્કાર કરાવતા દિવ્ય તત્ત્વપ્રકાશથી સપ્તર્ષિ

સમા યાવચ્ચંદ્રદિવાકરૌ પ્રતપી રહ્યા છે. તેમાં આ પ્રથમ કળશ છે, તેનો ભાવાર્થ આ પ્રકારે - 'लोकः - शाश्वत एक एष सकलव्यक्तो विविक्तात्मनः ।' વિવિક્ત આત્માનો અર્થાત્ વિવિક્ત - સર્વથી પૃથક્ - ભિન્ન - જૂદા આત્માનો 'સકલ વ્યક્ત' - સંપૂર્ણ વ્યક્ત - પ્રગટ એવો 'આ' - પ્રત્યક્ષ અનુભવાતો 'એક' - અદ્વિતીય - અદ્વૈત શાશ્વત - સદા સ્થાયી લોક છે - કે જે ચિત્ લોકને કેવલ - માત્ર આ એકાકી 'સ્વયમેવ' - સ્વયં જ પોતે જ - આપોઆપ જ 'લોકે છે' - અવલોકે છે - દેખે છે, સાક્ષાત્ કરે છે - चिल्लोकं स्वयमेव केवलमयं यं लोकयत्येककः । આ લોક કે અપર - બીજો લોક ત્હારો નથી, તે તો ત્હારો પર છે - लोकोऽयं न तवापरस्तव परः, તો પછી તે જ્ઞાનીને 'તેની' - આ લોકની કે પરલોકની ભીતિ ક્યાંથી હોય ? तद्भीः कुतो ज्ञानिनो ? એટલે આમ આવી તત્ત્વ વિચારણાથી જેની સમસ્ત શંકા નિર્ગત છે - નીકળી ગઈ છે એવો નિઃશંક તે જ્ઞાની સતત - નિરંતર સ્વયં - આપોઆપ જ સહજ - આત્મસહભૂત - સ્વભાવભૂત જ્ઞાનને સદા 'વિંદે છે' - વેદે છે અનુભવે છે - 'निश्शंकं सततं स्वयं स सहजं ज्ञानं सदा विंदति ।'

જ્ઞાનીનું વેદનાભય રહિતપણું વર્ણવતો કળશ (૨૪) કહે છે -

**एषैकैवं हि वेदना यदचलं ज्ञानं स्वयं वेद्यते,**
**निर्भेदोदितवेद्यवेदकबलादेकं सदानाकुलैः ।**
**नैवान्यागतवेदनैव हि भवेत्तद्भीः कुतो ज्ञानिनो,**
**निश्शंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विंदति ॥१५६॥**

આ એકા સ્વયં વેદના ઈક ધ્રુવં વેદાય જ્ઞાનં સદા,
નિર્ભેદોદિત વેદ્ય - વેદકબલે નિરાકુલોથી સદા;
ના અન્યાગત વેદના જ ભવતિ, તદ્ભીતિ શી જ્ઞાનિને ?
નિઃશંકો સતત સ્વયં સહજ તે વિંદે સદા જ્ઞાનને. ૧૫૬

## અમૃત પદ-૧૫૬

વેદના એક એક અચલ જે, જ્ઞાન સ્વયં વેદાયે,
નિર્ભેદ વેદ્ય-વેદકના બલથી, અનાકુલોથી સદાયે... નિઃશંક સતત સ્વયં સહજ તે. ૧

અન્ય થકી આગત વેદનાનો, સંભવ ના જ હવંતો,
તેથી વેદનાતણો જ્ઞાનિને, ભય ક્યાંથી જ ભવંતો ?... નિઃશંક સતત સ્વયં સહજ તે. ૨

નિઃશંક સતત સ્વયં સહજ તે, જ્ઞાન સદા વિંદંતો,
ભગવાન અમૃત સહજ સ્વરૂપી, સમ્યગ્દૃષ્ટિ સંતો... નિઃશંક સતત સ્વયં સહજ તે. ૩

**અર્થ** - ખરેખર ! આ એક જ વેદના છે, કે અચલ જ્ઞાન નિર્ભેદ ઉદિત વેદ્ય - વેદક બલ થકી એક એવું સદા અનાકુલોથી સ્વયં વેદાય છે, અન્યાગત (અન્યથી આવેલી) વેદના જ ખરેખર ! હોય નહિ, તો પછી જ્ઞાનીને તેની (વેદનાની) ભીતિ ક્યાંથી હોય ? એટલે નિઃશંક સતત સ્વયં તે સહજ જ્ઞાન સદા વિંદે છે - વેદે છે - અનુભવે છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

**"નિરાશ્રય એવા જ્ઞાનીને બધું ય સમ છે. અથવા જ્ઞાની સહજ પરિણામી છે, સહજ સ્વરૂપી છે, સહજ પણે સ્થિત છે, સહજ પણે પ્રાપ્ત ઉદય ભોગવે છે, સહજ પણે જે કંઈ થાય તે થાય છે, જે ન થાય તે ન થાય છે, તે કર્ત્તવ્ય રહિત છે, કર્ત્તવ્ય ભાવ તેને વિષે વિલય પ્રાપ્ત છે." - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૭૭**

જ્ઞાની કેવી તત્ત્વ વિચારણાથી વેદના ભયથી વિમુક્ત હોય છે તેનું અનન્ય નિરૂપણ **અમૃતચંદ્રજીએ** આ કળશ કાવ્યમાં કર્યું છે - एषैकैव हि वेदना यद्चलं ज्ञानं स्वयं वेद्यते - 'આ' - પ્રત્યક્ષ અનુભૂયમાન 'એક જ' - અદ્વિતીય જ - અદ્વૈત જ 'વેદના' - સંવેદના - અનુભૂતિ છે, જે કદી પણ ચલાયમાન ન થાય એવું 'અચલ' જ્ઞાન 'નિર્ભેદથી' - ભેદરહિતપણાથી ઉદિત - ઉદય પામેલ વેદ્ય - વેદકના બલ થકી એક એવું સદા 'અનાકુલોથી' - આકુલતા રહિત નિરાકુલ જ્ઞાનીઓથી 'સ્વયં' - આપોઆપ જ વેદાય છે - 'निर्भेदोदित वेद्य वेदक बलादेकं सदानाकुलैः ।' આમ સ્થિતિ છે એટલે 'અન્યાગત' - અન્ય તરફથી આવેલી અથવા અન્ય આગત - આગંતુક - આવી પડનારી બીજી કોઈ વેદના જ નિશ્ચયે કરીને હોય નહિ - नैवान्यागतवेदनैव हि भवेत्, તો પછી જ્ઞાનીને 'તેની' - તે વેદનાની ભીતિ ક્યાંથી હોય ? तद्भीः कुतो ज्ञानिनो ? એટલે આમ નિઃશંક સતત તે જ્ઞાની સ્વયં સહજ જ્ઞાન સદા 'વિંદે છે' - વેદે છે - અનુભવે છે - 'निश्शंकः सततं स्वयं सहजं ज्ञानं सदा विंदति ।'

હવે જ્ઞાનીનું અત્રાણ ભયરહિતપણું સમયસાર કળશમાં (૨૫) પ્રકાશે છે -

**यत्सन्नाशमुपैति तन्न नियतं व्यक्तेति वस्तुस्थिति-**
**र्ज्ञानं सत्स्वयमेव तत्किल ततस्त्रातं किमस्यापरैः ।**
**अस्यात्राणमतो न किंचन भवेत्तद्भीः कुतो ज्ञानिनो,**
**निश्शंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विंदति ॥१५७॥**

જે સત્ નાશ ન પામતું નિયત તે વસ્તુ સ્થિતિ વ્યક્ત છે,
જ્ઞાનં સત્ સ્વયમેવ તત્ તસ ખરે ! બીજાથી શું ત્રાત છે ?
એથી આનું અત્રાણ કૈં ન ભવતું તદ્ભીતિ શી જ્ઞાનિને ?
નિઃશંકો સતત સ્વયં સહજ તે વિંદે સદા જ્ઞાનને. ૧૫૭

## અમૃત પદ-૧૫૭

જે સત્ નાશ ન પામે નિયત તે, વસ્તુ સ્થિતિ આ વ્યક્તા,
જ્ઞાન સત્ સ્વયં તત્, તેનું શું, ત્રાણ કરવા પર શક્તા ?... નિઃશંક સતત સ્વયં. ૧
એથી આના અત્રાણ તણો, સંભવ કંઈ ન હવંતો,
તેથી અત્રાણ તણો જ્ઞાનીને, ભય ક્યાંથી જ ભવંતો ?... નિઃશંક સતત સ્વયં. ૨
નિઃશંક સતત સ્વયં સહજ તે, જ્ઞાન સદા વિંદંતો,
ભગવાન અમૃત સહજ સ્વરૂપી, સમ્યગ્દૃષ્ટિ સંતો... નિઃશંક સતત સ્વયં. ૩

**અર્થ** - કારણકે જે સત્ છે તે નિયતપણે નાશ પામતું નથી - એવી વ્યક્ત (પ્રગટ) વસ્તુસ્થિતિ છે (અને) જ્ઞાન તે તો પ્રગટપણે સત્ સ્વયમેવ છે, તેથી આનું (જ્ઞાનનું) શું અપરોથી - બીજાઓથી ત્રાત થયું ? (રક્ષણ કરાયું), એથી કરીને આનું અત્રાણ કંઈ હોય નહિ, તો પછી જ્ઞાનીને તેની (અત્રાણની) ભીતિ ક્યાંથી હોય ? એટલે નિઃશંક સતત સ્વયં તે સહજ જ્ઞાન સદા વિંદે છે - વેદે છે - અનુભવે છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''મુમુક્ષુ જીવને એટલે વિચારવાન જીવને આ સંસારને વિષે અજ્ઞાન સિવાય બીજો કોઈ ભય હોય નહીં.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૩૭**

અત્રે જ્ઞાનીના અત્રાણ ભયરહિતપણાનું પ્રૌઢ તત્ત્વ વિચારણામૂલક નિરૂપણ કર્યું છે - यत् सन्नाशमुपैति तन्न नियतं व्यक्तेति वस्तुस्थितिः - કારણકે જે 'સત્' છે - અસ્તિત્વરૂપ સત્તારૂપ વસ્તુ છે, તે 'નિયતપણે' - ચોક્કસ અખંડ નિશ્ચયપણે નાશ પામે નહિ - આ 'વ્યક્ત' - પ્રગટ વસ્તુસ્થિતિ છે, ज्ञानं सत् स्वयमेव तत्किल - અને જ્ઞાન છે તે ખરેખર ! પ્રગટપણે નિશ્ચયે કરીને 'સત્' - સ્વરૂપ અસ્તિત્વ - સ્વરૂપ સત્તા ધરાવતું સ્વયમેવ - પોતે જ આપોઆપ જ છે, તો પછી તેનું 'અપરોથી' - બીજાઓથી શું 'ત્રાત' થયું ? શું રક્ષિત થયું ? 'ततस्त्रातं किमस्यापरैः ।' એથી કરીને 'આનું' - આ જ્ઞાનનું 'અત્રાણ' - ત્રાણ વગરનું - રક્ષણ વગરનું (unprotected) કંઈ પણ હોય નહિ - 'अस्यात्राणमतो न किंचन भवेत्', તો પછી જ્ઞાનીને 'તેની' - અત્રાણની ભીતિ ક્યાંથી હોય ? तद्भीः कुतो ज्ञानिनो ? એટલે આમ સતત - નિરંતર નિઃશંક એવો તે જ્ઞાની સ્વયં સહજ જ્ઞાન સદા વિંદે છે - વેદે છે - અનુભવે છે - 'निश्शंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विंदति ।'

હવે જ્ઞાનીનું અગુપ્તિ ભયરહિતપણું સમયસાર કળશમાં (૨૬) બિરદાવે છે -

**स्वं रूपं किल वस्तुनोऽस्ति परमा गुप्तिः स्वरूपे न य -**
**च्छक्तः कोऽपि परः प्रवेष्टुमकृतं ज्ञानं स्वरूपं च नुः ।**
**अस्यागुप्तिरतो न काचन भवेत्तद्भीः कुतो ज्ञानिनो,**
**निश्शंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विंदति ॥१५८॥**

ગુપ્તિ વસ્તુતણી પરા સ્વ રૂપ છે, ના કો સ્વરૂપે ખરે !
શક્તો અન્ય પ્રવેશવા જ અકૃત જ્ઞાન સ્વરૂપ નરે;
એથી આની અગુપ્તિ કોઈ ન હુવે તદ્ભીતિ શી જ્ઞાનિને ?
નિઃશંકો સતત સ્વયં સહજ તે વિંદે સદા જ્ઞાનને. ૧૫૮

## અમૃત પદ-૧૫૮

સ્વ રૂપ તે જ ખરે ! વસ્તુની, ગુપ્તિ પરમ આ હોયે,
સ્વરૂપમાં કારણ બીજો કો, શક્ત પેસવા નો'યે... નિઃશંક સતત સ્વયં સહજ તે. ૧
અકૃત જ્ઞાન તે સ્વરૂપ પુરુષનું, નિશ્ચય એમ જ હોયે,
એથી અગુપ્તિ એહ જ્ઞાનની, અહિં કોઈ પણ નો'યે... નિઃશંક સતત સ્વયં સહજ તે. ૨
તેથી અગુપ્તિ તણો જ્ઞાનિને, ભય ક્યાંથી જ ભવંતો ?
નિઃશંક સતત સ્વયં સહજ તે, જ્ઞાન સદા વિંદંતો... નિઃશંક સતત સ્વયં સહજ તે. ૩
ભગવાન અમૃત સહજ સ્વરૂપી, સમ્યગ્દૃષ્ટિ સતો,
નિઃશંક સતત સ્વયં સહજ તે, જ્ઞાન સદા વિંદંતો... નિઃશંક સતત સ્વયં સહજ તે. ૪

**અર્થ** - 'સ્વં રૂપ' એ જ ખરેખર ! વસ્તુની પરમ ગુપ્તિ છે, કારણકે સ્વરૂપમાં કોઈ પણ પર (બીજો) પ્રવેશવા શક્ત નથી અને અકૃત (અકૃત્રિમ સહજ) જ્ઞાન એ જ નરનું - પુરુષનું સ્વરૂપ છે, એથી કરીને આની અગુપ્તિ કોઈ હોય નહિ, તો પછી જ્ઞાનિને તેની (અગુપ્તિની) ભીતિ ક્યાંથી હોય ? એટલે નિઃશંક સતત તે સ્વયં સહજ જ્ઞાન સદા વિંદે છે - વેદે છે - અનુભવે છે. ૧૫૮

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સર્વ પ્રકારે જ્ઞાનીનાં શરણમાં બુદ્ધિ રાખી નિર્ભયપણાને, નિઃખેદપણાને ભજવાની શિક્ષા શ્રી તીર્થંકર જેવાએ કહી છે અને અમે પણ એ જ કહીએ છૈયે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૬૦**

જ્ઞાની અગુપ્તિ ભયથી વિમુક્ત કેવી પરમાર્થગંભીર તત્ત્વ વિચારણાથી હોય છે તેનું દિગ્દર્શન અત્ર કરાવ્યું છે - स्वं रूपं किल वस्तुनोऽस्ति परमा गुप्तिः - આપ્ત પુરુષોનો આ આગમ પ્રવાહ છે કે - 'સ્વ રૂપ' - પોતાનું રૂપ એ જ વસ્તુની 'પરમ' - ઉત્કૃષ્ટ 'ગુપ્તિ' - સુરક્ષિતતા છે, કારણકે સ્વરૂપમાં કોઈ પણ 'પર' - બીજો પ્રવેશવાને 'શક્ત' - શક્તિમાન્ - સમર્થ નથી - 'स्वरूपे न यत् शक्तः कोऽपि परः प्रवेष्टुं ।' અને 'અકૃત' - અકૃત્રિમ - સહજ એવું જ્ઞાન એ જ નરનું - પુરુષનું સ્વરૂપ છે - 'अकृतं ज्ञानं स्वरूपं च नुः ।' એથી એની - એ જ્ઞાનની અગુપ્તિ - અરક્ષિતતા કોઈ પણ હોય નહિ, अस्यागुप्तिरतो न काचन भवेत्, તો પછી તેની - અગુપ્તિની ભીતિ જ્ઞાનીને ક્યાંથી હોય ? 'तद्भीः कुतो ज्ञानिनो ?' એટલે આમ સતત નિઃશંક એવો તે જ્ઞાની સ્વયં સહજ જ્ઞાન સદા વિંદે છે - વેદે છે - અનુભવે છે - 'निश्शंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विंदति ।'

હવે જ્ઞાનીનું મરણ ભયરહિતપણું **સમયસાર કળશમાં** (૨૭) પ્રદર્શિત કરે છે -

**प्राणोच्छेदमुदाहरंति मरणं प्राणाः किलास्यात्मनो,**
**ज्ञानं तत्स्वयमेव शाश्वततया नो छिद्यते जातुचित् ।**
**तस्यातो मरणं न किंचन भवेत्तद्भीः कुतो ज्ञानिनो,**
**निश्शंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विंदति ॥१५९॥**

પ્રાણોચ્છેદ જ મૃત્યુ જ્ઞાન જ ખરે ! છે પ્રાણ આ આત્મના,
ને તે તો સ્વયમેવ શાશ્વતતથી કોદી ય છેદાય ના;
એથી મૃત્યુ ન તેનું કંઈ પણ હુવે તદ્ભીતિ શી જ્ઞાનિને ?
નિઃશંકો સતત સ્વયં સહજ તે વિંદે સદા જ્ઞાનને. ૧૫૯

## અમૃત ૫૬-૧૫૯

પ્રાણોચ્છદને મરણ વદે છે, જ્ઞાન પ્રાણ આત્માના,
સ્વયં જ તે તો શાશ્વતતાથી, છેદાતું જ કદા ના... નિઃશંક સતત સ્વયં સહજ તે. ૧
એથી એના મરણ તણો તો, સંભવ કંઈ ન હવંતો,
તેથી મરણ તણો જ્ઞાનીને, ભય ક્યાંથી જ ભવંતો ?... નિઃશંક સતત સ્વયં સહજ તે. ૨
નિઃશંક સતત સ્વયં સહજ તે, જ્ઞાન સદા વિંદતો,
ભગવાન અમૃત સહજ સ્વરૂપી, સમ્યગ્દૃષ્ટિ સંતો... નિઃશંક સતત સ્વયં સહજ તે. ૩

**અર્થ** - પ્રાણના ઉચ્છેદને મરણ કહે છે અને આ આત્માના પ્રાણ તો નિશ્ચયે કરીને જ્ઞાન છે, તે (જ્ઞાન) સ્વયમેવ શાશ્વતતાએ કરીને કદી પણ છેદાતું નથી, એથી કરીને તેનું મરણ કંઈ પણ હોય નહિ, તો પછી જ્ઞાનિને તેની (મરણની) ભીતિ ક્યાંથી હોય ? એટલે સતત નિઃશંક એવો તે સ્વયં સહજ જ્ઞાન સદા વિંદે છે - વેદે છે - અનુભવે છે. ૧૫૯

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"મુખ્ય કરીને મૃત્યુને ભયે પરમાર્થરૂપ બીજે સ્થાનકે વૃત્તિ પ્રેરી છે, તે પણ કોઈક વીરલા જીવને પ્રેરિત થઈ છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૮૯**

અત્રે જ્ઞાનીનું મરણભયથી વિપ્રમુક્તપણું અદ્ભુત અમૃત (Immortal) તત્ત્વ વિચારણાથી પ્રવ્યક્ત કર્યું છે - प्राणोच्छेदमुदाहरंति मरणं - 'પ્રાણોચ્છેદને' - પ્રાણના ઉચ્છેદને જ્ઞાનીઓ મરણ કહે છે, ખરેખર ! આ આમ પ્રવાદ સત્ય છે કે આ આત્માના પ્રાણો તે જ્ઞાન છે - 'प्राणाः किलास्यात्मनो ज्ञानं ।' તે (જ્ઞાન) સ્વયમેવ - પોતે જ આપોઆપ જ શાશ્વતતાએ કરીને - સદાસ્થાયિપણાએ કરીને કદી પણ છેદાતું નથી, तत् स्वयमेव शाश्वततया नो छिद्यते जातुचित् । તેથી આનું - આત્માનું મરણ કંઈ પણ હોય નહિ - 'तस्यातो मरणं न किंचन भवेत् ।' તો પછી 'તેની' - મરણની ભીતિ જ્ઞાનીને ક્યાંથી હોય ? 'तद्भीः कुतो ज्ञानिनो ?' એટલે આમ સતત - નિરંતર નિઃશંક એવો તે જ્ઞાની સ્વયં સહજ જ્ઞાન સદા વિંદે છે - વેદે છે - અનુભવે છે - 'निश्शंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विंदति ।'

હવે જ્ઞાનીનું અકસ્માત્ ભયરહિતપણું સમયસાર કળશમાં (૨૮) પ્રસ્થાપિત કરે છે -

**एकं ज्ञानमनाद्यनंतमचलं सिद्धं किलैतत्स्वतो,**
**यावत्तावदिदं सदैव हि भवेन्नात्र द्वितीयोदयः ।**
**तन्नाकस्मिकमत्र किंचन भवेत्तद्भीः कुतो ज्ञानिनो,**
**निश्शंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विंदति ॥१६०॥**

એક જ્ઞાન અનાદ્યનંત અચલું છે સિદ્ધ આ આપથી,
જેટલું તેટલું આ સદૈવ જ હુવે દ્વૈતોદયો 'હ્યાં' નથી;
આકસ્મિક ન તેથી કંઈ અહિં હુવે તદ્ભીતિ શી જ્ઞાનિને ?
નિઃશંકો સતત સ્વયં સહજ તે વિંદે સદા જ્ઞાનને. ૧૬૦

## અમૃત પદ-૧૬૦

એક જ જ્ઞાન અનાદિ અનંતં, સિદ્ધ સ્વતઃ આ આંહિ,
જેટલું તેટલું આ અચલ સદાયે, દ્વિતીયોદય અહિ નાંહિ... નિઃશંક સતત સ્વયં. ૧
તેથી આકસ્મિકનો અત્રે, સંભવ કંઈ ન હતો,
તેથી આકસ્મિકનો જ્ઞાનિને, ભય ક્યાંથી જ ભવંતો ?... નિઃશંક સતત સ્વયં. ૨
નિઃશંક સતત સ્વયં સહજ તે, જ્ઞાન સદા વિંદંતો,
ભગવાન અમૃત સહજ સ્વરૂપી, સમ્યગ્દૃષ્ટિ સંતો... નિઃશંક સતત સ્વયં. ૩

**અર્થ** - એક જ્ઞાન અનાદિ અનંત અચલ છે, આ ખરેખર ! સ્વતઃ સિદ્ધ છે, જેટલું તેટલું આ સદૈવ જ હોય, અત્રે દ્વિતીયનો (બીજાનો) ઉદય નથી, તેથી અત્ર આકસ્મિક કંઈ પણ હોય નહિ, તો પછી તેની (આકસ્મિકની) ભીતિ જ્ઞાનીને ક્યાંથી હોય ? એટલે સતત નિઃશંક એવો તે સ્વયં સહજ જ્ઞાન સદા વિંદે છે - વેદે છે - અનુભવે છે. ૧૬૦

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

** ''વિચારવાનના ચિત્તમાં સંસાર કારાગૃહ છે, સમસ્ત લોક દુઃખે કરીને આર્ત્ત છે, ભયાકુળ છે, રાગ દ્વેષનાં પ્રાપ્ત ફલથી બળતો છે, એવો વિચાર નિશ્ચયરૂપ જ વર્ત્તે છે અને જ્ઞાનપ્રાપ્તિનો કંઈ અંતરાય છે, માટે તે કારાગૃહરૂપ સંસાર મને ભયનો હેતુ છે અને લોકનો પ્રસંગ કરવા યોગ્ય નથી, એ જ એક ભય વિચારવાનને ઘટે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૬૭**

અત્ર એ જ્ઞાનીના અકસ્માત્ ભય વિપ્રમુક્તપણાનું તાત્ત્વિક નિરૂપણ પ્રકાશ્યું છે - एकं ज्ञानमनाद्यनंत मचलं - 'એક' - અદ્વિતીય - અદ્વૈત જ્ઞાન અનાદિ અનંત અચલ આ ખરેખર ! 'સ્વતઃ' - આપોઆપ જ સ્વ થકી સિદ્ધ છે - આ આપ્ત પ્રવાદ છે - 'सिद्धं किलैतत् स्वतो ।' આ સદૈવ જેટલું ને તેટલું જ હોય - 'यावत्तावदिदं सदैव हि भवेत्' - જરા પણ વધે નહિ કે ઘટે નહિ, અત્રે દ્વિતીયનો - દ્વૈતનો - બીજાનો ઉદય હોય નહિ - नात्र द्वितीयोदयः, તેથી 'આકસ્મિક' - અકસ્માત્ અચાનક બની આવતું કંઈ પણ અત્રે હોય નહિ - तन्नाकस्मिकमत्र किंचन भवेत्, તો પછી 'તેની' - આકસ્મિકની ભીતિ જ્ઞાનીને ક્યાંથી હોય ? तद्भीः कुतो ज्ञानिनो ? - એટલે આમ સતત - નિરંતર નિશ્શંક એવો તે જ્ઞાની સ્વયં સહજ જ્ઞાન સદા વિંદે છે - વેદે છે - અનુભવે છે - 'निश्शंकः सततं स्वयं स सहजं ज्ञानं सदा विंदति ।' આમ કાનમાં સદા રણકતી - ગૂંજતી રહે એવી આ છેવટની 'ગમિક સૂત્ર' શૈલીની ધ્રુવ પંક્તિથી અમૃત (Immortal, Neetar - like)> એવી **અમૃતચંદ્રજી**ની આ અમૃત અમર અદ્ભુત કાવ્યકૃતિ છે.

આમ જેને જ્ઞાન દેહમય નિજ સહજાત્મસ્વરૂપનો પરમ અખંડ નિશ્ચય ઉપજ્યો છે તે ધીર સમ્યગ્દૃષ્ટિને સાત ભયમાંથી કોઈ પણ પ્રકારનો કંઈ પણ ભય રહેતો નથી, એવો તે પરમ નિઃશંક હોય છે. કારણકે કેવલ જ્ઞાન - જ્યોતિર્મય પરમ આત્મ તત્ત્વનું જેને દર્શન સાંપડ્યું છે, આત્મ સાક્ષાત્ કાર થયો છે, એવા સમ્યગ્દૃષ્ટિ પુરુષને પછી કોઈ પણ પ્રકારનો સંશયનો અંશ પણ રહેતો નથી. **'જ્ઞાન તિહાં શંકા નહિ થાપ.'** જેમ સૂર્યનો કિરણ સમૂહ પ્રસરતાં અંધકાર રહેતો નથી, તેમ પરમાત્મદર્શન થયે લેશ પણ સંશય રહેતો નથી, સર્વથા પરમ નિઃશંકતા - નિર્ભયતા વર્તે છે અને **'દુઃખ દોહગ દૂરે ટળે'** છે, કારણકે જ્યાં શંકા છે ત્યાં જ સંતાપ છે અને જ્યાં જ્ઞાન છે ત્યાં શંકા નથી.

"જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ, જ્ઞાન તિહાં શંકા નહિ થાપ." - **શ્રીમદ્ રાજચંદ્રજી**

"દરશન દીઠે જિન તણો રે, સંશય ન રહે વેધ,
દિનકર કરભર પ્રસરતાં રે, અંધકાર પ્રતિષેધ...
વિમલ જિન દીઠાં લોયણ આજ." - **શ્રી આનંદઘનજી**

એવું નિઃશંક **સહજાત્મસ્વરૂપનું** દર્શન થતાં પરમ નિર્ભયપણાને પ્રાપ્ત થયેલા મહાત્મા **અનુભવજ્ઞાની પરમ સમ્યગ્દૃષ્ટિઓના** આવા પરમ ધન્ય ઉદ્‌ગાર નીકળી પડે છે -

"મારગ સાચા મિલ ગયા, છૂટ ગયે સંદેહ,
હોતા સો તો જલ ગયા, ભિન્ન કિયા નિજ દેહ."

"ઓગણીસસેં ને સુડતાલીસેં, સમકિત શુદ્ધ પ્રકાશ્યું રે,
શ્રુત અનુભવ વધતી દશા, નિજ સ્વરૂપ અવભાસ્યું રે...
ધન્ય રે દિવસ આ અહો ! જાગી જેરે શાંતિ અપૂર્વ રે." - **પરમ આત્મદ્રષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી**

"દુઃખ દોહગ દૂરે ટળ્યા રે, સુખ સંપદશું ભેટ,
ધીંગ ધણી માથે કિયો રે, કુણ ગંજે નર ખેટ ?
વિમલ જિન દીઠા લોયણ આજ, મ્હારા સિજ્ઝયાં વંછિત કાજ.
અમિય ભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય,
શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપતિ ન હોય... વિમલ જિન." - **શ્રી આનંદઘનજી**

હવે નીચેની ગાથાઓમાં વર્ણવાતા સમ્યગ્દૃષ્ટિના અબંધક ને નિર્જરારૂપ અષ્ટ અંગોનું સૂચન કરતો ઉત્થાનિકા **સમયસાર કળશ (૨૯)** અપૂર્વ ભાવથી લલકારે છે -

मंदाक्रांता

**टंकोत्कीर्णस्वरसनिचितज्ञानसर्वस्वभाजः,**
**सम्यग्दृष्टेर्यदिह सकलं घ्नंति लक्ष्माणि कर्म ।**
**तत्तस्यास्मिन्पुनरपि मनाक्कर्मणो नास्ति बंधः,**
**पूर्वोपात्तं तदनुभवतो निश्चितं निर्जरैव ॥१६१॥**

ટંકોત્કીર્ણ સ્વરસ ભૃત આ જ્ઞાન સર્વસ્વભાગી,
સમ્યગ્દૃગ્‌ના નિચિત લક્ષણ હણતા કર્મ સર્વે સુભાગી;
આમાં તેને પુનરપિ જરા કર્મનો બંધ ના જ,
પૂર્વોપાર્જ્યું તદ્ અનુભવતાં નિશ્ચિતં નિર્જરા જ. ૧૬૧

## અમૃત પદ-૧૬૧

સમ્યગ્દૃષ્ટિ તણા લક્ષણ આ, સકલ જ કર્મ હણંતા,
સમયે સમયે નિર્જરા તણો, મહાપ્રાસાદ ચણંતા... સમ્યગ્દૃષ્ટિ તણા લક્ષણ આ. ૧
ટંકોત્કીર્ણ સ્વરસથી ભરિયો, જ્ઞાન અમૃતનો દરિયો,
તેના સર્વસ્વ તણો ભાગી આ, સમ્યગ્દૃષ્ટિ વરિયો... સમ્યગ્દૃષ્ટિ તણા લક્ષણ આ. ૨
એને આમાં પુનઃ જરાયે, બંધ કર્મનો નો'યે,
પૂર્વોપાત્ત જ તે અનુભવતાં, નિયત નિર્જરા હોયે... સમ્યગ્દૃષ્ટિ તણા લક્ષણ આ. ૩
જ્ઞાન અમૃતનું પાન કરંતા, સમ્યગ્દૃષ્ટિ સંતા,
ભગવાન **અમૃત** જ્ઞાની પામે, નિર્જરા ગુણ અનંતા... સમ્યગ્દૃષ્ટિ તણા લક્ષણ આ. ૪

**અર્થ** - કારણકે ટંકોત્કીર્ણ સ્વરસથી નિચિત જ્ઞાન સર્વસ્વ ભાગી એવા સમ્યગ્દૃષ્ટિના લક્ષણો અહીં સકલ કર્મને હણે છે, તેથી તેને આમાં પુનઃ પણ જરાપણ કર્મનો બંધ છે નહિ - પૂર્વોપાત્ત (પૂર્વે ગ્રહેલ) તે અનુભવતાંને નિશ્ચિતપણે નિર્જરા જ છે. ૧૬૧

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"બાર પ્રકારના નિદાન રહિત તપથી કર્મની નિર્જરા વૈરાગ્ય ભાવના ભાવિત, અહંભાવ રહિત એવા જ્ઞાનીને થાય છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૬૭**

નીચેની ગાથાઓના ભાવનું સામાન્યપણે સૂચન કરતા આ પરમ ભાવવાહી મંદાક્રાંતાનાં લલકારેલા ઉત્થાનિકા કળશમાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** પ્રકાશે છે કે - સમ્યગ્દૃષ્ટિના જે લક્ષણો છે તે સર્વ કર્મને હણે છે, ને તેને બંધ નથી પણ નિર્જરા જ છે તેનો ભાવાર્થ આ પ્રકારે - टंकोत्कीर्णस्वरसनिचित ज्ञानसर्वस्वभाजः - **'ટંકોત્કીર્ણ'** - ટાંકણાથી શિલામાં ઉત્કીર્ણ - કોતરેલ અક્ષર જેવા અક્ષર એવા **'સ્વરસથી'** - પોતાના ચેતનરસથી **'નિચિત'** - નિતાંતપણે બીજું કંઈ પણ ન સમાય એમ ઠાંસી ઠાંસીને અનવકાશપણે ભરેલ એવા **'જ્ઞાન સર્વસ્વભાગી'** - જ્ઞાનનું સર્વસ્વ જેને પ્રાપ્ત છે એવા સમ્યગ્દૃષ્ટિને જે લક્ષણો - અંગો છે, તે સકલ - સમસ્ત કર્મને હણે છે, સર્વનાશ કરે છે - 'सम्यग्दृष्टेर्यदिह सकलं घ्नंति लक्ष्माणि कर्म ।' તેથી **'તેને'** - સમ્યગ્દૃષ્ટિનો **'આમાં'** - આ લોકમાં આ સમ્યગ્દૃષ્ટિ સંપન્ન

જ્ઞાનદશામાં પુનરપિ - ફરીથી જરાપણ કર્મનો બંધ છે નહિ - 'तत्तस्यास्मिन् पुनरपि मनाक् कर्मणो नास्ति बंधः', અને 'પૂર્વોપાત્ત' - પૂર્વે ગ્રહેલ - પૂર્વે ઉપાર્જન કરેલ તે કર્મ ઉદય વિપાક વેદનથી અનુભવતાં તેને નિશ્ચયપણે નિર્જરા જ છે - 'पूर्वोपात्तं तदनुभवतो निश्चितं निर्जरैव ।'

સમ્યગ્દૃષ્ટિનું લક્ષણ શું છે ? અત્રે કહ્યું તેમ 'ટંકોત્કીર્ણ સ્વરસનિચિત જ્ઞાન સર્વસ્વભાગી' હોવું - શુદ્ધ જ્ઞાયક સ્વભાવી આત્માનું અનુભવન હોવું એ સમ્યગ્દૃષ્ટિનું સ્વરૂપ સર્વસ્વ છે, એટલે શુદ્ધ આત્માનુભૂતિ એ જ સમ્યગ્દૃષ્ટિનું મુખ્ય લક્ષણ છે, અત્રે વિવક્ષિત નિઃશંક્તાદિ ઈતર લક્ષણ પણ આ શુદ્ધાત્માનુભૂતિ રૂપ મુખ્ય લક્ષણના જ અંગભૂત છે. તત્ત્વાર્થ શ્રદ્ધાનને પણ સમ્યગ્દર્શનનું લક્ષણ કહ્યું છે તેનું રહસ્ય એ છે કે શુદ્ધાત્માનુભૂતિ સહિત હોય તે જ વાસ્તવિક સમ્યક્ શ્રદ્ધા છે, એટલે શુદ્ધાત્માનુભૂતિજન્ય સમ્યક્ શ્રદ્ધા જ સમ્યગ્દર્શનનું લક્ષણ છે એમ ફલિત થાય છે. એટલા માટે જ આ જ **સમયસાર શાસ્ત્રમાં** કહ્યું છે કે - 'ભૂતાર્થથી - પરમાર્થથી જાણેલા જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ એ સમ્યક્ત્વ છે.' આ નવતત્ત્વરૂપ અનેક વર્ણની માળામાં એક આત્મતત્ત્વરૂપ સુવર્ણ સૂત્ર પરોવાયેલ છે, તેને ખોળી કાઢી સમ્યગ્દૃષ્ટિ પુરુષ શુદ્ધ આત્મતત્ત્વનું દર્શન - અનુભવન કરે છે. આમ મ્યાનથી તલવારની જેમ, વસ્ત્રથી દેહની જેમ, દેહાદિ સમસ્ત પરવસ્તુથી ભિન્ન એવા શુદ્ધ ચૈતન્યમય આત્માનું પરમાર્થથી ભેદજ્ઞાન થવું, અનુભૂતિ થવી, આત્મખ્યાતિ ઉપજવી તે સમ્યગ્દર્શનનું મુખ્ય લક્ષણ છે.

આવા શુદ્ધાત્માનુભવરૂપ સમ્યગ્દર્શનના આ બીજા બાહ્ય લિંગો - પ્રગટ ચિહ્નો પણ છે - પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય. આ પ્રશમાદિ ગુણ પણ બહિર્દૃષ્ટિથી સમ્યગ્ દર્શનના લક્ષણ છે, શુદ્ધાત્માનુભૂતિ અથવા સમ્યક્ત્વ સાથે જો તે હોય તો તે ગુણ છે, નહિ તો ગુણસભા છે, અર્થાત્ આ પ્રશમાદિ ગુણ જો શુદ્ધાત્માનુભૂતિ - શુદ્ધાત્માનુભવ સહિત હોય તો સમ્યગ્દર્શનના બાહ્ય લક્ષણ છે, આત્માનુભૂતિ સહિત ન હોય તો સમ્યગ્ દર્શનના લક્ષણ નથી. આમ સર્વત્ર શુદ્ધ આત્માનુભૂતિનું જ પ્રાધાન્ય છે, શુદ્ધ આત્માનુભૂતિનું જ મુખ્યપણું છે. પ્રશમાદિનો આ પૂર્વાનુપૂર્વી અનુક્રમ છે - પ્રથમ તો પ્રશમ એટલે કષાયનું ઉપશાંતપણું હોય, તો વિવેક - વિચારનો અવકાશ થતાં સંવેગ એટલે માત્ર મોક્ષાભિલાષ પામે. તેથી નિર્વેદ એટલે સંસારથી કંટાળો ઉપજે અને પછી સ્વદયા - પરદયા રૂપ અનુકંપા આવે. આ ચાર ગુણ જ્યારે જીવમાં પરિણમે, ત્યારે પાંચમો આસ્તિક્ય ગુણ પામવાની યોગ્યતા - પાત્રતા તેનામાં પ્રગટે. અથવા પશ્ચાનુપૂર્વીથી ઉલટા અનુક્રમે - આસ્તિક્ય એટલે જીવાજીવ આદિ તત્ત્વના અસ્તિત્વની - હોવાપણાની આસ્થા અંતર્પ્રતીતિ ઉપજે, આત્મસ્વરૂપ સમજે, તો પોતાના આત્માની અનુકંપા ઉપજે કે - અરે ! હું અત્યાર સુધી આ પરવસ્તુના સંસર્ગથી પરભાવમાં રમ્યો ! તે રમવા યોગ્ય ન્હોતું ! 'હું છોડી નિજ રૂપ રમ્યો પરપુદગલે ! ઝીલ્યો ઉલટ આણી વિષય તૃષ્ણા જલે !' - એવી સાચી અનુકંપા ઉપજે, એટલે નિર્વેદ - સંસારથી અત્યંત કંટાળો આવી જાય. 'આ કાજળની કોટડી જેવા સંસારમાં મ્હારે હવે એક ક્ષણ પણ આત્મભાવે રહેવું નથી' એમ સંસારથી તે ઉભગે અને એવો નિર્વેદ - કંટાળો ઉપજતાં, સંવેગ એટલે મોક્ષનો તીવ્રવેગી અભિલાષ ઉપજે, આ સંસાર બંધનથી હું ક્યારે છૂટું એવી શુદ્ધ ભાવના ભાવતો તે દૃઢ મુમુક્ષુ બને અને તેના પરિણામે પ્રશમ પ્રગટે, વિષય - કષાયનું પ્રશાંતપણું થાય, પરભાવ વિભાવથી વિરતિ થાય, વીતરાગતા આવે અને તેનો આત્મા સ્વ સ્વરૂપમાં શમાઈ જાય અને આમ ज्ञानस्य फलं विरतिः - જ્ઞાનનું ફલ વિરતિ 'સમજ્યા તે શમાઈ રહ્યા, સમજ્યા તે શમાઈ ગયા' એ મહાસૂત્રો ચરિતાર્થ બને.

આવા આ પ્રશમાદિ ગુણ સમ્યગ્દર્શનના લક્ષણ રૂપ છે, એટલું જ નહિ પણ **તેની પ્રાપ્તિમાં કારણ રૂપ પણ છે.** કારણકે જીવમાં જેમ જેમ આ પરમ ઉપકારી પ્રશમાદિ ગુણની વૃદ્ધિ થાય છે, તેમ તેમ તેનામાં સમ્યગ્દર્શન પામવાની યોગ્યતા - પાત્રતા વધતી જાય છે, એટલે પછી 'આપ્ત પુરુષની પ્રતીતિ, પરમાર્થની સ્પષ્ટ અનુભવાંશ પ્રતીતિ અને નિર્વિકલ્પ પરમાર્થ અનુભવ' - એમ સમ્યક્ત્વની ઉત્તરોત્તર વધતી જતી ત્રણ કક્ષાઓને સ્પર્શી તે ધન્ય સમ્યગ્દૃષ્ટિ આત્મા કૃતાર્થ બને છે. જ્યારે વિષય-કષાયનું

ઉપશાંતપણું થાય, આમ મોક્ષ સિવાય બીજો અભિલાષ ન હોય, સંસારી પ્રત્યે અનુકંપાભાવ હોય, ત્યારે તેની વિશુદ્ધ દશા પામેલો જીવ સદ્‌ગુરુના ઉપદેશને પાત્ર બને છે અને તે ઉપદેશ બોધથી સદ્‌વિચારણાની સ્ફુરણા થાય છે, એટલે આત્માના અસ્તિત્વથી માંડીને મોક્ષપદ સુધીના છ અસ્તિપદ સમજાય છે - આસ્તિક્ય ઉપજે છે અને આત્માનુભૂતિ - આત્મજ્ઞાન પ્રગટી સમ્યગ્‌દર્શન સાંપડે છે અને તેથી મોહ ક્ષય થઈ નિર્વાણ પદ પામે છે. માર્ગ પ્રાપ્તિનો આ અવિકલ ક્રમ મહાસમર્થ તત્ત્વવેત્તા **શ્રીમદ્ રાજચંદ્રજીએ શ્રી આત્મસિદ્ધિમાં** અત્યંત મનનીય સુભાષિતમાં સ્પષ્ટ પ્રકાશ્યો છે -

''કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ.
દશા ન એવી જ્યાં લગી, જીવ લહે નહિ જોગ;
મોક્ષમાર્ગ પામે નહિ, મટે ન અંતર રોગ.
જ્યાં આવે એવી દશા, સદ્‌ગુરુ બોધ સુહાય;
તે બોધે સુવિચારણા, ત્યાં પ્રગટે સુખદાય.
જ્યાં પ્રગટે સુવિચારણા, ત્યાં પ્રગટે નિજજ્ઞાન;
જે જ્ઞાને ક્ષય મોહ થઈ, પામે પદ નિર્વાણ.''

અથવા પ્રકારાંતરે -

''કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ અંતર દયા, તે કહિયે જિજ્ઞાસ.
તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્‌ગુરુ બોધ;
તો પામે સમકિતને, વર્તે અંતર શોધ.
મત દર્શન આગ્રહ ત્યજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ;
લહે શુદ્ધ સમકિત તે, જેમાં ભેદ ન પક્ષ.
વર્ત્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજ ભાવમાં, પરમાર્થે સમકિત.
વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યા ભાસ;
ઉદય થાય ચારિત્રનો, વીતરાગ પદ વાસ.
કેવળ નિજ સ્વભાવનું, અખંડ વર્ત્તે જ્ઞાન;
કહિયે કેવલ જ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ.''

**- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર,**

**સૂત્ર-૩૮, ૩૯, ૪૦, ૪૧, ૧૦૮, ૧૦૯, ૧૧૦, ૧૧૧, ૧૧૨, ૧૧૩**

આમ પ્રશમ - ત્યાગ - વૈરાગ્યાદિ આત્મજ્ઞાન હોય તો સફળ છે અને આત્મજ્ઞાનની પ્રાપ્તિના ઉત્તમ હેતુ પણ છે. કારણકે ત્યાગ-વૈરાગ્ય જેના ચિત્તમાં - અંતરંગમાં નથી, અસ્થિમજ્જા પર્યંત હાડોહાડ વ્યાપ્યા નથી, તેને આત્મજ્ઞાન થાય નહિ અને ત્યાગ - વૈરાગ્યમાં જ જો જીવ અટકી પડે - પોતાનું ભાન ભૂલી જાય, અર્થાત્ જે આત્મજ્ઞાન પામવાના મૂળ હેતુ અર્થે ત્યાગ-વૈરાગ્યાદિ અત્યંત આવશ્યક છે, તે મૂળ હેતું જ તે ચૂકી જાય છે.

---

જુઓ : આત્મસિદ્ધિ શાસ્ત્ર ઉપર 'રાજ' જ્યોતિ મહાભાષ્ય (ડૉ. ભગવાનદાસ કૃત)

''વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમ જ્ઞાન;

તેમજ આતમ જ્ઞાનની, પ્રાપ્તિ તણા નિદાન.

ત્યાગ વિરાગ ન*ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;

અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.'' - **શ્રી આત્મસિદ્ધિ**

આ પરમ ઉપકારી પ્રશમાદિ ગુણ કારણમાં કાર્યના ઉપચારથી અથવા શુદ્ધ આત્માનુભૂતિને આધીન ગૌણપણે ઉપલક્ષણથી સમ્યગ્દર્શનના લક્ષણ છે અને અત્રે પ્રકૃતમાં વિવક્ષિત નિઃશંકતાદિ તો સમ્યગ્દર્શનના - સમ્યગ્દૃષ્ટિના સાક્ષાત્ લક્ષણો છે, શુદ્ધ આત્માનુભૂતિ રૂપ મુખ્ય સમ્યગ્દર્શન લક્ષણના વિશિષ્ટ અંગભૂત છે - (૧) સ્વરૂપ - પરરૂપના અખંડ તત્ત્વનિશ્ચયમાં કંઈ પણ શંકા ન હોવા રૂપ **નિઃશંકતા**, (૨) પરરૂપની કંઈ પણ આકાંક્ષા - ઈચ્છા - વાંચ્છા ન હોવા રૂપ **નિષ્કાંક્ષતા**, (૩) પરરૂપની વિરૂપતા દેખી વિચિકિત્સા - સૂગ ન કરવા રૂપ **નિર્વિચિકિત્સા**, (૪) પરરૂપની સુરૂપતા દેખી મૂઢદૃષ્ટિ - વ્યામોહ ન પામવા રૂપ વા સ્વરૂપમાં પરરૂપની ને પરરૂપમાં સ્વરૂપની મોહભ્રાંતિ રૂપ મૂઢદૃષ્ટિ ન પામવા રૂપ **અમૂઢ દૃષ્ટિ**, (૫) સ્વરૂપનું ઉપબૃંહણ - પરિવર્ધન - પરિપોષણ કરવા રૂપ **ઉપબૃંહણ**, (૬) પરરૂપમાં ન પડવા દેતાં આત્માને સ્થિર કરવા રૂપ **સ્થિરીકરણ**, (૭) સ્વરૂપમાં એકરસ એવા વત્સલ ભાવરૂપ - પરમ પ્રેમરૂપ **વાત્સલ્ય**, (૮) સ્વરૂપની પ્રભાવના - પ્રકૃષ્ટ ભાવના રૂપ **પ્રભાવના**, એમ નિઃશંકતાદિ સમ્યગ્દૃષ્ટિ પુરુષના - આત્માના, પુરુષના અષ્ટ અંગની જેમ, અષ્ટ અંગ છે. તેમાં - નિઃશંકતા, નિષ્કાંક્ષતા એ બે સકલ અંગના સ્થિતિ સ્થાન રૂપ - પદ ચરણ છે, નિર્વિચિકિત્સા - અમૂઢ દૃષ્ટિ એ બે સકલ અંગના કાર્યકારી કર છે, ઉપબૃંહણ એ સકલ અંગને પોષણ આપનાર ઉદર છે, સ્થિરીકરણ એ સકલ અંગને સ્થિર કરનાર વૃક્ષઃસ્થળ છે, વાત્સલ્ય એ સકલ અંગને અભેદ એકરસ ભાવથી જોડનાર ગ્રીવા છે, પ્રભાવના એ સકલ અંગનું સંકલિત સંચાલન (Co-ordination) કરનાર મૂર્ધન્ય સ્થાન - ઉત્તમાંગ છે. આમ પુરુષના અષ્ટ અંગ જેવા સમ્યગ્દૃષ્ટિના આ નિઃશંકતાદિ અંગરૂપ જે લક્ષણો છે તે સકલ કર્મને હણી નાંખે છે - સર્વનાશ કરે છે, તો પછી આવી આ સમ્યગ્દૃષ્ટિની જ્ઞાનદશામાં નવીન બંધનો પુનરપિ લેશ પણ અવકાશ ક્યાંથી જ હોય ? માત્ર પૂર્વે અજ્ઞાન અવસ્થામાં બાંધેલ કર્મની - પૂર્વ બંધની નિશ્ચિતપણે નિર્જરા જ હોય, પૂર્વે બાંધેલ કર્મ અનુભવતાં - ભોગવતાં જ્ઞાનીને નિર્જરાતા જ જાય - ખરી જતા જ જાય - पूर्वोपात्तं तदनुभवतो निश्चितं निर्जरैव । **આમ આ ઉત્થાનિકા કળશમાં સૂચવેલા અષ્ટ સમ્યગ્દૃષ્ટિ અંગનું હવે અષ્ટ ગાથામાં પરમર્ષિ કુંદકુંદાચાર્યજી** અનુક્રમે અલૌકિક મૌલિક વર્ણન કરે છે.

**जो चत्तारिवि पाए छिंददि ते कम्मबंधमोहकरे ।**
**सो णिस्संको चेदा सम्मादिट्ठी मुणेयव्वो ॥२२९॥**

ચારેય પાદ જે છેદતો રે, કર્મબંધ મોહકાર;
સમ્યગ્દૃષ્ટિ તે જાણવો રે, નિઃશંક ચેતયિતાર. રે જ્ઞાનિ. ૨૨૯

**અર્થ** - જે કર્મબંધમોહકર એવા તે ચારેય પાદોને છેદે છે, તે નિઃશંક ચેતયિતા સમ્યગ્દૃષ્ટિ જાણવો. ૨૨૯

## आत्मख्याति टीका

**यश्चतुरोपि पादान् छिनत्ति तान् कर्मबंधमोहकरान् ।**
**स निश्शंकश्चेतयिता सम्यग्दृष्टि र्ज्ञातव्यः ॥२२९॥**

यतो हि **सम्यग्दृष्टिः** टंकोत्कीर्णैकज्ञायकभावमयत्वेन **कर्मबंधशंकाकरमिथ्यात्वादि भावाभावान्निशंकः** ततोऽस्य शंकाकृतो नास्ति बंधः किंतु निर्जरैव ॥२२९॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

કારણકે - નિશ્ચયે કરીને **સમ્યગ્દૃષ્ટિ** ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમયપણાએ કરીને **કર્મબંધ શંકાકર મિથ્યાત્વાદિ** ભાવોના અભાવને લીધે **નિઃશંક** છે, તેથી એને શંકાકૃત બંધ છે નહિ, કિંતુ નિર્જરા જ છે. ૨૨૯

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"હું કેવળ જ્ઞાનસ્વરૂપ છું એમ સમ્યક્ પ્રતીત થાય છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. હાથનોંધ**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે હવે શાસ્ત્રકર્તા **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** સમ્યગ્દૃષ્ટિનાં આઠ અંગનું અનુક્રમે આઠ ગાથામાં 'ગમિક સૂત્ર' શૈલીથી અનન્ય મૌલિક નવીન પ્રતિપાદન કર્યું છે અને તેનું તેવી જ પરમ સુંદર હૃદયંગમ 'ગમિક સૂત્ર' શૈલીથી પુનઃ પુનઃ તે ને તે ભાવનું વજ્રલેપ દૃઢીકરણ કરાવતું અનુપમ વ્યાખ્યાન પ્રકાશતાં 'આત્મખ્યાતિ' સૂત્રકર્ત્તા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** સમ્યગ્દૃષ્ટિનું તે પ્રત્યેક અંગ બંધરૂપ નહિ પણ નિર્જરા રૂપ જ છે, એમ પરમ પરમાર્થ ગંભીર સુનિષ્તુષ યુક્તિથી સુપ્રતિષ્ઠાપન કર્યું છે. તેમાં અત્રે પ્રથમ નિઃશંક્તા અંગનું પ્રવચન વ્યાખ્યાન કર્યું છે. તે આ પ્રકારે -

કારણકે - નિશ્ચયે કરીને જેને વસ્તુ તત્ત્વને સમ્યગ્પણે દેખતી સમ્યગ્દૃષ્ટિ છે એવો સમ્યગ્દૃષ્ટિ 'ટંકોત્કીર્ણ' - ટાંકણાથી શિલામાં ઉત્કીર્ણ - કોતરેલ અક્ષર જેવા અક્ષર સદાસ્થાયી 'એક' - અદ્વિતીય - અદ્વૈત જ્ઞાયક ભાવ જ્ઞાયક ભાવ ને જ્ઞાયક ભાવ સિવાય બીજું કાંઈ જ્યાં છે નહિ એવા જ્ઞાયક ભાવથી

---

**आत्मभावना** -

जो - यः - જે कम्मबंधमोहकरे ते चत्तारिवि पाए छिंददि - कर्मबंधमोहकरान् तान् चतुरोपि पादान् छिनत्ति - કર્મબંધ મોહ કરનારા તેચારેય પાદોને છેદે છે, सो णिस्संको चेदा - स निश्शंकश्चेतयिता - તે નિઃશંક ચેતયિતા - ચેતનારો - ચેતન આત્મા सम्मादिट्ठी मुणेयव्वो - सम्यग्दृष्टि र्ज्ञातव्यः - સમ્યગ્દૃષ્ટિ જાણવો. ॥ इति **गाथा** आत्मभावना ॥२२९॥

यतो हि - કારણકે નિશ્ચયે કરીને सम्यग्दृष्टि - સમ્યગ્દૃષ્ટિઃ टंकोत्कीर्णैकज्ञायकभावमयत्वेन - ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમયપણાએ કરીને, कर्मबंधशंकाकरमिथ्यात्वादिभावानामभावात् - કર્મબંધની શંકા કરનારા મિથ્યાત્વાદિ ભાવોના અભાવને લીધે निशंकः - નિઃશંક (હોય છે), ततो - તેથી अस्य - અને - આ જ્ઞાનીને शंकाकृतो नास्ति बंधः - શંકાકૃત - શંકાથી કરાયેલો બંધ છે નહિ, किंतु निर्जरैव - કિંતુ નિર્જરા જ છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२२९॥

નિષ્પન્ન ભાવમયપણાએ કરીને - टंकोत्कीर्णैकज्ञायकभावमयत्वेन 'કર્મબંધ શંકાકર' - કર્મબંધની શંકા કરનારા - ઉપજાવનારા મિથ્યાત્વાદિ ભાવોના - મિથ્યાત્વ અવિરતિ કષાય યોગ એ બંધહેતુ ભાવોના અભાવને લીધે - નહિ હોવાપણાને લીધે 'નિઃશંક' - જેની શંકા નિર્ગત છે એવો શંકા રહિત છે, એથી કરીને એ સમ્યગ્દૃષ્ટિને શંકાકૃત બંધ છે નહિ - शंकाकृतो नास्ति बंधः, શંકાથી કરાયેલો - ઉપજાવાયેલો બંધ છે નહિ, પરંતુ કર્મના ભોગવીને જરી જવા રૂપ - આત્મપ્રદેશથી ખરી જવા રૂપ નિર્જરા જ છે - किंतु निर्जरैव ।

અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ પુરુષ ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમય હોય છે, એટલે સદા શુદ્ધાત્માનુભૂતિ કરતો તે શુદ્ધ ઉપયોગમય હોય છે, સ્વ-પર ભાવનો વિવેક ઉપજ્યો હોવાથી, ભેદજ્ઞાન પ્રગટ્યું હોવાથી, શુદ્ધ આત્મજ્ઞાન થયું હોવાથી, તેને નિર્મલ શુદ્ધ આત્માનુભવ સાંપડે છે. હંસ જેમ ક્ષીર-નીરનો વિવેક કરે છે, દૂધ ને પાણી જૂદા કરે છે, તેમ આ આત્માનુભવી સમ્યગ્દૃષ્ટિ 'પરમ હંસ' આત્મા - અનાત્માનો વિવેક કરે છે, સ્વ-પરને જૂદા પાડે છે. દેહથી જેમ વસ્ત્ર જૂદું છે, મ્યાનથી જેમ તલવાર જૂદી છે, તેમ જડથી ચેતન સ્વરૂપ આત્મા પ્રગટ લક્ષણે જૂદો છે, એમ તે પ્રત્યક્ષ અનુભવે છે, સર્વ અવસ્થામાં જે સદાય ન્યારો - જૂદો ને જૂદો જણાય છે અને જે પ્રગટ ચૈતન્યમય સ્વરૂપ છે, એવો આત્મા તે સાક્ષાત્ સંવેદે છે. 'ચિત્રશાળા ન્યારી - જૂદી છે, તેમાં પલંગ ન્યારો - જૂદો છે, તેમાં સેજ - પથારી ન્યારી છે, તેની ચાદર પણ ન્યારી છે', આવો પરવસ્તુ સાથેનો મ્હારો સંબંધ છે, એમાં મ્હારી સ્થાપના કરવી - આત્મબુદ્ધિ કરવી જૂઠી છે - એમ સમજી સમ્યગ્દૃષ્ટિ ભેદજ્ઞાની પુરુષ અચેતનતા ભાવ ત્યાગીને, ત્યાગી ચેતન બની, દૃષ્ટિ ખોલીને દેખે છે, તો પોતાનું - આત્માનું સ્વરૂપ દેખે છે અને તે દેખે છે તે સ્વરૂપ કેવું છે ? આત્માથી જ, આત્મામાં, આત્માને હું જે અનુભવું છું તે હું છું, 'सोऽहं'* તે નથી નપુંસક, નથી નાર, નથી નારી, નથી એક, નથી બે, નથી બહુ, नेति नेति । જેના અભાવે હું સુષુપ્ત - સૂતો હતો અને જેના સદ્ભાવે હું જાગ્રત થયો - ઉઠ્યો, તે અતીન્દ્રિય અનિર્દેશ્ય એવો સ્વસંવેદ્ય હું છું. આમ સમ્યગ્દૃષ્ટિ પુરુષને નિજ સ્વરૂપનું ભાન પ્રગટતાં અનાદિની પ્રમાદ નિદ્રા ટળી છે અને **સમ્યગ્ જ્ઞાનસુધારસ ધામ** એવો આત્મા જાગ્યો છે ને બોલી ઉઠે છે કે -

''જગત દિવાકર શ્રી નમીશ્વર સ્વામ જો, તુજ મુખ દીઠે નાઠી ભૂલ અનાદિની રે લો.
જાગ્યો સમ્યગ્ જ્ઞાન સુધારસ ધામ જો, છાંડી દુર્જય મિથ્યા નિંદ પ્રમાદની રે લો.
સહજે પ્રગટ્યો નિજ પરભાવ વિવેક જો, અંતર આતમ ઠહર્યો સાધન સાધવે રે લો.
સાધ્યાલંબી થઈ જ્ઞાયકતા છેક જો, નિજ પરિણતિ થિર નિજ ધર્મરસ ઠવે રે લો.''

**- મહામુનીશ્વર શ્રી દેવચંદ્રજી**

''નિજ ગુણ સબ નિજમાં લખે, ન ચખે પરગુણની રેખ રે,
ખીર નીર વિવરો કરે, અનુભવ હંસ શું પેખ રે...
પ્રણમું પદપંકજ પાર્શ્વના.'' - **યોગિરાજ શ્રી આનંદઘનજી**

આમ સમ્યગ્દૃષ્ટિ પુરુષ ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમયપણાએ કરીને સદા શુદ્ધાત્માનુભૂતિ કરતો શુદ્ધ ઉપયોગમય હોય છે અને એવા એક જ્ઞાયક ભાવમય શુદ્ધોપયોગદશાસંપન્ન તેને મિથ્યાત્વ - અવિરતિ - કષાય - યોગ એ ચાર બંધહેતુઓનો સર્વથા અભાવ હોય છે. તે આ પ્રકારે - જીવને જગત્‌ની મોહમાયામાં લપટાવનાર મોહનીય કર્મના બે ભેદ છે - **દર્શનમોહ** અને **ચારિત્રમોહ**. તેમાં - (૧) દેહાદિ પરવસ્તુમાં આત્મભ્રાંતિરૂપ દર્શનમોહને લીધે જીવને મિથ્યાદર્શન અથવા **મિથ્યાત્વ** હોય છે

* ''येनात्मनाऽनुभूयेऽहमात्मनैवात्मनात्मनि ।
सोऽहं न तत्र सा नासौ नैको न द्वौ न वा बहुः ॥
यदभावे सुषुप्तोऽहं यद्भावे व्युत्थितः पुनः ।
अतीन्द्रियमनिर्देश्यं तत्स्व संवेद्यमस्म्यहं ॥'' - શ્રી પૂજ્યપાદસ્વામીજી કૃત શ્રી 'સમાધિ શતક'

અને તેથી ચારિત્રમોહ પણ ઉપજે છે, (૨) એટલે પરભાવમાં આત્મબુદ્ધિ હોવાથી જીવ પરભાવથી વિરામ પામતો નથી ને **અવિરતિ** રહે છે, (૩) આમ પરભાવ પ્રત્યે ગમન-પરિણમન કરતો તે સ્વરૂપ ભ્રષ્ટતા રૂપ પ્રમાદ પામી તે પરભાવની પ્રાપ્તિ - અપ્રાપ્તિના નિમિત્તે તે ક્રોધાદિ કષાય કરી રાગ-દ્વેષાદિ વિભાવ ભાવને ભજે છે, (૪) અને તેથી ક્ષોભ પામેલા તેના મન-વચન-કાયાના **યોગની પ્રવૃત્તિ** પણ તે પરભાવની પ્રાપ્તિ અર્થે તદનુકૂલપણે મુખ્યપણે પ્રવર્તે છે. આમ મૂળ અવિદ્યા રૂપ આત્મભ્રાંતિને લીધે જ મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ એ ચાર બંધ હેતુઓ રૂપ આશ્રવદ્વાર - કર્મ આગમનના ગરનાળા ખુલ્લા રહે છે, એટલે તે બંધહેતુઓથી આત્મા કર્મથી બંધાય છે અને કર્મની બેડીથી બંધાયેલો આ જીવ ભવભ્રમણ દુઃખ પામે છે. પણ સમ્યગ્દૃષ્ટિ જીવ (૧) પરભાવમાં આત્મબુદ્ધિ રૂપ જે આત્મભ્રાંતિ છે તે છોડી દઈ આત્મામાં જ આત્મબુદ્ધિ કરે છે, એટલે મિથ્યાત્વ ટળી દર્શનમોહ નષ્ટ થાય છે અને **સમ્યગ્દર્શન** પ્રગટે છે, (૨) એટલે પછી અવિરતિ દોષ ટળે છે ને સર્વ પરભાવમાંથી વિરામ પામે છે - **ભાવ વિરતિ** થાય છે, (૩) એટલે આત્મસ્વરૂપથી ભ્રષ્ટતા રૂપ પ્રમાદ દોષ ટાળી સ્વરૂપને વિષે અપ્રમાદ - અપ્રમત્ત સ્થિતિ ધારતો તે પરભાવ નિમિત્તે કષાય કરતો નથી, રાગાદિ વિભાવથી રંગાતો નથી અને **નિષ્કષાય** - પૂર્ણ વીતરાગ થાય છે, (૪) અને કષાયજન્ય સંક્ષોભ નષ્ટ થવાથી એના મન-વચન-કાયાના યોગ પણ આત્મસ્થિરતાને અનુકૂળપણે વર્તે છે અને છેવટે **અયોગ** દશા પ્રાપ્ત થાય છે. આમ ચાર બંધહેતુઓરૂપ કર્મને આવવાના આશ્રવ-દરવાજા બંધ થવા રૂપ સંવર સમ્યગ્દૃષ્ટિને થાય છે, દર્શનમોહ નષ્ટ થતાં અનુક્રમે ચારિત્રમોહ પણ નષ્ટ થાય છે, કારણકે દર્શનમોહને હણવાનો અચૂક ઉપાય બોધ છે ને ચારિત્રમોહને હણવાનો અચૂક ઉપાય વીતરાગતા છે - આ બન્નેનો - બોધ અને વીતરાગતાનો સમ્યગ્દૃષ્ટિ આશ્રય કરે છે, એટલે આમ આ વીતરાગ જ્ઞાનીને કર્મબંધની શંકા કરનારા ઉક્ત મિથ્યાત્વાદિ ચાર બંધહેતુઓનો સર્વથા અભાવ હોય છે, એટલે રખેને કાંઈ બંધ થઈ જશે એવી શંકાનો સર્વથા અસંભવ હોઈ આ સમ્યગ્દૃષ્ટિને શંકાકૃત બંધ છે જ નહિ, પણ નિર્જરા જ છે.

"કર્મ અનંત પ્રકારના, તેમાં મુખ્યે આઠ;
તેમાં મુખ્યે મોહનીય, હણાય તે કહું પાઠ.
કર્મ મોહનીય ભેદ બે, દર્શન૧ ચારિત્ર૨ નામ;
હણે બોધ૧ વીતરાગતા, અચૂક ઉપાય આમ."

**- શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૦૨, ૧૦૩**



**जो दु ण करेदि कंखं कम्मफलेसु तह सव्वधम्मेसु ।**

**सो णिक्कंखो चेदा सम्मदिट्ठी मुणेयव्वो ॥२३०॥**

કર્મ ફલોમાં સર્વ ધર્મમાં રે, કાંક્ષા ન જે કરનાર રે;

સમ્યગ્દૃષ્ટિ તે જાણવો રે, નિઃકાંક્ષ ચેતયિતાર. રે જ્ઞાનિ. ૨૩૦

**અર્થ** - જે નિશ્ચયે કરીને કર્મ ફલોમાં તથા સર્વ ધર્મોમાં કાંક્ષા નથી કરતો, તે નિષ્કાંક્ષ ચેતયિતા સમ્યગ્દૃષ્ટિ જાણવો. ૨૩૦

## आत्मख्याति टीका —

**यस्तु न करोति कांक्षां कर्मफलेषु तथा सर्वधर्मेषु ।**

**स निष्कांक्ष श्चेतयिता सम्यग्दृष्टि र्ज्ञातव्यः ॥२३०॥**

यतो हि **सम्यग्दृष्टिः** टंकोत्कीर्णैकज्ञायकभावमयत्वेन **सर्वेष्वपि कर्मफलेषु सर्वेषु वस्तुधर्मेषु च कांक्षाभावान्निष्कांक्ष**स्ततोऽस्य कांक्षाकृतो नास्ति बंधः किंतु निर्जरैव ॥२३०॥

## આત્મખ્યાતિ ટીકા

કારણકે - નિશ્ચયે કરીને **સમ્યગ્દૃષ્ટિ** ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમયપણાએ કરીને **સર્વે ય કર્મફલોમાં** અને સર્વે વસ્તુધર્મોમાં કાંક્ષા અભાવને લીધે નિષ્કાંક્ષ છે, તેથી એને કાંક્ષાકૃત બંધ છે નહિ, કિંતુ નિર્જરા જ છે. ૨૩૦

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"હે જીવ ! ક્યા ઈચ્છત હવે ? હૈ ઈચ્છા દુઃખમૂલ;

જબ ઈચ્છાકા નાશ તબ, મિટે અનાદિ ભૂલ." - **શ્રીમદ્ રાજચંદ્રજી**

અત્રે સમ્યગ્દૃષ્ટિના બીજા 'નિષ્કાંક્ષતા' અંગનું વ્યાખ્યાન કર્યું છે, કારણકે નિશ્ચયે કરીને જેને વસ્તુ તત્ત્વને સમ્યગ્પણે દેખતી સમ્યગ્દૃષ્ટિ છે એવો **'સમ્યગ્દૃષ્ટિ', 'ટંકોત્કીર્ણ' - ટાંકણાથી શિલામાં ઉત્કીર્ણ - કોતરેલ અક્ષર જેવા અક્ષર સદાસ્થાયી, 'એક' - અદ્વિતીય - અદ્વૈત જ્ઞાયકભાવ જ્ઞાયક ભાવ** ને જ્ઞાયક ભાવ સિવાય બીજું કાંઈ જ્યાં છે નહિ એવા જ્ઞાયકભાવથી નિષ્પન્ન જ્ઞાયક ભાવમયપણાએ કરીને - 'टंकोत्कीर्णैकज्ञायकभावमयत्वेन', સર્વેય કર્મફલોમાં અને સર્વે વસ્તુધર્મોમાં 'કાંક્ષા' - અભિલાષાના અભાવને લીધે - નહિ હોવાપણાને લીધે 'નિષ્કાંક્ષ' છે - કાંક્ષાથી નિર્ગત કાંક્ષારહિત છે, તેથી એ સમ્યગ્દૃષ્ટિને કાંક્ષાકૃત બંધ છે નહિ - 'कांक्षाकृतो नास्ति बंधः', કાંક્ષાથી - અભિલાષાથી કરાયેલો - ઉપજાવાયેલો બંધ છે નહિ, પરંતુ કર્મના ભોગવીને નિર્જરી જવા રૂપ - આત્મપ્રદેશથી ખરી

---

**आत्मभावना -**

जो दु - यस्तु - જે નિશ્ચયે કરીને कम्मफलेसु तह सव्वधम्मेसु - कर्मफलेषु तथा सर्वधर्मेषु - કર્મફલોમાં તથા સર્વ ધર્મોમાં कंखं ण करेदि - कांक्षा न करोति - કાંક્ષા - ઈચ્છા - સ્પૃહા નથી કરતો, सो णिक्कंखो चेदा - स निष्कांक्षश्चेतयिता - તે નિષ્કાંક્ષ ચેતયિતા - ચેતનારો - ચેતન આત્મા सम्मादिट्ठी मुणेयव्वो - सम्यग्दृष्टिर्ज्ञातव्यः - સમ્યગ્દૃષ્ટિ જાણવો. ॥ इति **गाथा** आत्मभावना ॥२३०॥

यतो हि - કારણકે નિશ્ચયે કરીને સ્ફુટપણે सम्यग्दृष्टिः - સમ્યગ્દૃષ્ટિ टंकोत्कीर्णैकज्ञायकभावमयत्वेन - ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમયપણાએ કરીને, सर्वेष्वपि कर्मफलेषु सर्वेषु वस्तुधर्मेषु च - સર્વેય કર્મફલોમાં અને સર્વે વસ્તુધર્મોમાં कांक्षाभावात् - કાંક્ષાના - ઈચ્છાના - સ્પૃહાના અભાવને લીધે. निष्कांक्षः - નિષ્કાંક્ષ છે, ततो - તેથી કરીને अस्य - આને - સમ્યગ્દૃષ્ટિને कांक्षाकृतो नास्ति बंधः - કાંક્ષાકૃત બંધ છે નહિ, किंतु निर्जरैव - કિંતુ નિર્જરા જ છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२३०॥

જવા રૂપ નિર્જરા જ છે - 'किंतु निजरैव ।'

સમ્યગ્દૃષ્ટિ ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમય હોય છે, જ્ઞાયક સ્વભાવમાં જ - સ્વભાવ ધર્મમાં જ વર્ત્તે છે. આ સ્વભાવ પણ ભાવવધિ જ યુક્ત છે, એટલે કે જેટલી સ્વ ભાવની અવધિ - મર્યાદા છે, તેટલી અવધિ - મર્યાદા પર્યંત જ સ્વભાવ ઘટે છે - નહિ કે અન્ય પ્રકારે. શુદ્ધ ચેતન ભાવમાં હોવું - વર્તવું એ આત્માની **સ્વભાવ - મર્યાદા** છે, એ જ એનો **'મર્યાદા ધર્મ' - 'મરજાદ'** છે, એટલે શુદ્ધ ચેતન ભાવમાં વર્તે તો જ 'સ્વભાવમાં' આવ્યો કહેવાય, નહિ તો નહિ. કારણકે સ્વભાવ મર્યાદામાં અર્થાત્ શુદ્ધ ચેતન ભાવમાં ન વર્ત્તતાં પરભાવ - વિભાવમાં વર્તે, તો તે સ્વભાવમાં વર્ત્યો ન કહેવાય, ને વર્ત્યો જો કહીએ તો **અતિપ્રસંગ** દોષ આવે, તે સ્વભાવ - મર્યાદામાં ન હોવું - ન વર્તવું તે સ્વભાવ નથી, પણ વિભાવ છે, પરભાવ છે. પણ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની તો ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમયપણાએ કરીને સદા સ્વભાવ - ધર્મની મર્યાદામાં જ વર્તે છે અને 'નિજ સત્તા નિજ ભાવથી' છે એમ જાણતા તે પરભાવરૂપ કર્મફલની કે વસ્તુધર્મની કાંક્ષા - ઈચ્છા - વાંચ્છા કરતા નથી. કારણકે તે ભાવે છે કે - 'वत्थुसहावो धम्मो' - 'વસ્તુનો સ્વભાવ તે ધર્મ', આત્મવસ્તુનો ધર્મ તે મ્હારો સ્વધર્મ - સ્વભાવ ધર્મ છે, હું પરધર્મની - પરવસ્તુના ધર્મની - પરભાવની કાંક્ષા શાને કરૂં ? હું તો મ્હારા શુદ્ધ સ્વભાવ ધર્મને જ અનુસરૂં અને મ્હારા ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમાં જ વર્તું. કારણકે જે જે પ્રકારે આત્મા સ્વભાવમાં - આત્મભાવમાં આવે તે જ ધર્મનું વાસ્તવિક સ્વરૂપ છે. ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિક ભાવરૂપે જે નિજ ગુણનું પ્રગટપણું છેવટે પૂર્ણ અવસ્થા નીપજાવે છે, તે સ્વભાવ રૂપ આત્મધર્મના સાધન છે, માટે તે પણ સાધનરૂપ ધર્મ છે. સમકિત ગુણથી માંડીને શૈલેશી અવસ્થા સુધી જે આત્માને અનુગત - અનુસરતા ભાવ છે, તે આત્મધર્મરૂપ સાધ્યને અવલંબતા હોઈ, સંવર - નિર્જરાના હેતુ થઈ પડી ઉપાદાનકારણને પ્રગટ કરે છે, માટે તે બધાય ધર્મના પ્રકાર છે; અને પછી સર્વ પ્રદેશે કર્મનો અભાવ થઈ, પૂર્ણાનંદસ્વરૂપ જે આત્મગુણની સંપૂર્ણતા થવી, **સહજાત્મસ્વરૂપની** પૂર્ણ પ્રગટતા થવી, તે અનુપમ એવો સિદ્ધ સ્વભાવરૂપ ધર્મ છે. આમ સાધ્ય એવા વસ્તુ ધર્મનું સાધન કે સિદ્ધિ તે જ ખરો **ભાવધર્મ** છે. બાકી નામધર્મ, સ્થાપના ધર્મ, દ્રવ્યધર્મ, ક્ષેત્રધર્મ, કાલધર્મ વગેરે જે ધર્મના પ્રકાર છે, તે તો જો **ભાવધર્મના** હેતુરૂપ થતા હોય તો ભલા છે - રૂડા છે, નહિ તો ભાવ વિના એ બધાય 'આલ' છે, મિથ્યા છે, વ્યર્થ છે. આવા શુદ્ધ વસ્તુધર્મને - આત્મધર્મને અથવા તે શુદ્ધ ધર્મ જેને પ્રગટ્યો છે એવા ધર્મમૂર્તિ પ્રભુને જે જાણી, સદ્દહીને આરાધે છે, તે પછી કર્મ બાંધતો નથી ને તેને વસ્તુસ્વભાવરૂપ ધર્મ પ્રગટે છે. ઈત્યાદિ પ્રકારે ભાવના ભાવતો સમ્યગ્દૃષ્ટિ પરભાવરૂપ સર્વેય કર્મફલોમાં અને સર્વેય વસ્તુધર્મોમાં કાંક્ષાના અભાવને લીધે નિષ્કાંક્ષ હોય છે, તેથી એને કાંક્ષા કૃત બંધ છે નહિ, પણ નિર્જરા જ છે.

"જે જે પ્રકારે આત્મા આત્મભાવ પામે તે તે પ્રકાર ધર્મના છે. ઈ." - **શ્રીમદ્ રાજચંદ્રજી**

"સ્વામી સ્વયંપ્રભને જાઉં ભામણે, હરખે વાર હજાર;
વસ્તુધર્મ નિપજ્યો, ભાવકૃપા કિરતાર... સ્વામી સ્વયંપ્રભને ભામણે." - **શ્રી દેવચંદ્રજી**



जो ण करेदि जुगुप्पं चेदा सव्वेसिमेव धम्माणं ।
सो खलु णिव्विदिगिच्छो सम्मादिट्ठी मुणेयव्वो ॥२३१॥

જુગુપ્સા સર્વેય ધર્મની રે, ન કરે જે ચેતયિતાર;
સમ્યગ્દૃષ્ટિ તે જાણવો રે, નિર્વિચિકિત્સાધાર. રે જ્ઞાનિ. ૨૩૧

**અર્થ** - જે ચેતયિતા સર્વેય ધર્મોની જુગુપ્સા નથી કરતો, તે નિશ્ચયે કરીને 'નિર્વિતિગિચ્છ' - નિર્વિચિકિત્સક સમ્યગ્દૃષ્ટિ જાણવો. ૨૩૧

## आत्मख्याति टीका

**यो न करोति जुगुप्सां चेतयिता सर्वेषामेव धर्माणां ।**
**स खलु निर्विचिकित्सः सम्यग्दृष्टि र्ज्ञातव्यः ॥२३१॥**

यतो हि **सम्यग्दृष्टिः** टंकोत्कीर्णैकज्ञायकभावमयत्वेन **सर्वेष्वपि वस्तुधर्मेषु जुगुप्साभावान्निर्विचिकित्सः,** ततोऽस्य विचिकित्साकृतो नास्ति बंधः किंतु निर्जरैव ॥२३१॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

કારણકે નિશ્ચયે કરીને **સમ્યગ્દૃષ્ટિ** ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમયપણાએ કરીને **સર્વેય વસ્તુધર્મોમાં** જુગુપ્સાના અભાવને લીધે નિર્વિચિકિત્સ છે, તેથી એને વિચિકિત્સા કૃત બંધ છે નહિ, કિંતુ નિર્જરા જ છે. ૨૩૧

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"વિષમ ભાવનાં નિમિત્તો બળવાનપણે પ્રાપ્ત થયા છતાં જે જ્ઞાની પુરુષ અવિષમ ઉપયોગે વર્ત્યા છે, વર્તે છે અને ભવિષ્ય કાળે વર્તે તે સર્વને વારંવાર નમસ્કાર." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૭૭**

અત્રે સમ્યગ્દૃષ્ટિના ત્રીજા અંગ **'નિર્વિચિકિત્સા'**નું સુગમ ઉત્તમ સરલતમ વ્યાખ્યાન કર્યું છે - કારણકે નિશ્ચયે કરીને જેને વસ્તુતત્ત્વને સમ્યગ્પણે દેખતી સમ્યગ્દૃષ્ટિ છે એવો **'સમ્યગ્દૃષ્ટિ'** **'ટંકોત્કીર્ણ'** - ટાંકણાથી શિલામાં ઉત્કીર્ણ - કોતરેલ અક્ષર જેવા અક્ષર સદાસ્થાયિ, **'એક'** - અદ્વિતીય - અદ્વૈત જ્ઞાયક ભાવ જ્ઞાયક ભાવ ને જ્ઞાયક ભાવ સિવાય બીજું કાંઈ જ્યાં છે નહિ એવા જ્ઞાયક ભાવથી નિષ્પન્ન જ્ઞાયક ભાવમયપણાએ કરીને - 'टंकोत्कीर्णैकज्ञायकभावमयत्वेन', **સર્વેય વસ્તુધર્મોમાં 'જુગુપ્સાના'** - સૂગના અભાવને લીધે - નહિ હોવાપણાને લીધે **'નિર્વિચિકિત્સ'** છે, વિચિકિત્સા નિર્ગત છે એવો વિચિકિત્સા રહિત છે, તેથી તેને વિચિકિત્સા કૃત બંધ છે નહિ - 'विचिकित्साकृतो नास्ति बंधः' - વિચિકિત્સાથી કરાયેલો - ઉપજાવાયેલો બંધ છે નહિ, પરંતુ કર્મના ભોગવીને નિર્જરી જવા રૂપ - આત્મપ્રદેશથી ખરી જવા રૂપ નિર્જરા જ છે - 'किंतु निर्जरैव ।'

---

**आत्मभावना**

- जो चेदा - यः चेतयिता - જે ચેતયિતા - ચેતનારો - ચેતક આત્મા सव्वेसिमेव धम्माणं - सर्वेषामेव धर्माणां - સર્વે જ ધર્મોની जुगुप्पं ण करेदि - जुगुप्सां न करोति - જુગુપ્સા નથી કરતો, सो खलु णिव्विदिगिच्छो - स खलु निर्विचिकित्सः - તે ખરેખર ! નિશ્ચયે કરીને નિર્વિચિકિત્સ सम्मादिट्ठी मुणेयव्वो - सम्यग्दृष्टि र्ज्ञातव्यः - સમ્યગ્દૃષ્ટિ જાણવો. ॥ इति **गाथा** आत्मभावना ॥२३१॥

यतो हि - કારણકે ખરેખર ! નિશ્ચયે કરીને सम्यग्दृष्टिः - સમ્યગ્દૃષ્ટિ टंकोत्कीर्णैकज्ञायकभावमयत्वेन - ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમયપણાએ કરીને सर्वेष्वपि वस्तुधर्मेषु - સર્વેય વસ્તુધર્મોમાં जुगुप्साभावात् - જુગુપ્સાના - સૂગના અભાવને લીધે - નહિ હોવાપણાને લીધે, निर्विचिकित्सः - નિર્વિચિકિત્સ છે, ततो - તેથી अस्य - આને - સમ્યગ્દૃષ્ટિને विचिकित्सा कृतो नास्ति बंधः - વિચિકિત્સા કૃત - વિચિકિત્સાથી કરાયેલો બંધ છે નહિ, किंतु निर्जरैव - કિંતુ નિર્જરા જ છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२३१॥

ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમયપણાએ કરીને જે શુદ્ધોપયોગદશા સંપન્ન સદા શુદ્ધાત્માનુભૂતિ કરે છે એવા સમ્યગ્દૃષ્ટિ સમ્યગ્દર્શની પુરુષનો બોધ અત્યંત સૂક્ષ્મ હોય છે. દ્રવ્યાનુયોગ ને તેના મર્મ રૂપ રહસ્યને સમ્યગ્દૃષ્ટિ પુરુષ તત્ત્વથી સમ્યક્પણે જાણે છે, તેની શ્રુત-અનુભવની દશા પ્રતિસમય વધતી જાય છે ને તેને શુદ્ધ **સહજાત્મસ્વરૂપનો** અવભાસ થાય છે. સ્વ-પર ભાવનો પરમ વિવેક કરવા રૂપ સૂક્ષ્મ બોધ એને અધિક બળવત્તર હોય છે - અત્યંત સ્થિર હોય છે, હું દેહાદિથી ભિન્ન એવો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપી આત્મા છું, એવું પ્રગટ ભેદજ્ઞાન અત્યંત દૃઢ ભાવનાવાળું હોય છે. એવી દૃઢ આત્મભાવનાને લીધે 'ચૈતન્યથી રિક્ત-ખાલી એવું બધું ય એકદમ છોડી દઈ, અત્યંત સ્ફુટ એવા ચિત્ શક્તિમાત્ર આત્માને અવગાહીને તે વિશ્વની ઉપર તરતા રહી, આ અનંત એવા સાક્ષાત્ પરમાત્મ સ્વરૂપ આત્માને આત્મામાં અનુભવે છે.' આવો સૂક્ષ્મ બોધ હોવાથી સમ્યગ્દૃષ્ટિને ક્યારનીયે મિથ્યાત્વ જન્ય ભ્રાંતિ ટળી છે અને પરમ **શાંતિ** મળી છે, કારણકે અનાત્મ એવી પરવસ્તુમાં આત્મબુદ્ધિ એ જ મુખ્ય ભ્રાંતિ છે, એ જ મિથ્યાત્વ અથવા અવિદ્યા છે, આત્મામાં જ આત્મબુદ્ધિ એ જ સમ્યક્ત્વ અથવા વિદ્યા છે, એ જ વિશ્રાંતિ છે, એ જ આરામ છે, એ જ વિરામ છે, એ જ વિરતિ છે અને એ જ શાંતિ છે. પરવસ્તુમાં આત્મભ્રાંતિ એ જ જીવનો મોટામાં મોટો રોગ છે અને તે આત્મભ્રાંતિથી જ ચિત્તભ્રાંતિ અને ભવભ્રાંતિ રૂપ અનંત દુઃખ ઉપજે છે. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પુરુષને તો આ આત્મભ્રાંતિ રૂપ મહારોગ સર્વથા દૂર થયો છે, એટલે તે સ્વ સ્વરૂપમાં વિશ્રાંત થઈ, સ્વરૂપૈકનિષ્ઠ બની પરમ આત્મશાંતિ અનુભવે છે. આમ પરભાવમાં આત્મબુદ્ધિરૂપ મૂલગત ભ્રાંતિ ટળી હોવાથી અને આત્મામાં જ આત્મબુદ્ધિરૂપ સ્વરૂપ વિશ્રાંતિમય પરમ શાંતિ મળી હોવાથી, આ જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ સત્પુરુષ પરભાવમાંથી આત્માને પાછો ખેંચી લે છે - પ્રત્યાહૃત કરે છે. એટલે તે પરપરિણતિમાં રમતા નથી, પરવસ્તુમાં આત્માને મુંઝવવા દેતા નથી - મોહ મૂર્ચ્છિત થવા દેતા નથી, પણ નિજ આત્મપરિણતિમાં જ રમે છે. તે પૌદ્ગલિક વિષય ભોગથી નિરંતર દૂર દૂર ભાગે છે અને કાચબાની જેમ વિષયોમાંથી ઈંદ્રિયોનો પ્રત્યાહાર કરે છે - પાછી ખેંચી લે છે. એટલે એમની આશ્રવ ભાવની ચાલ સહેજે - અનાયાસે છૂટી જાય છે અને ઉગ્ર સંવર દશા પ્રગટે છે. જેથી તેઓનો આત્મા પોતે જ સાક્ષાત્ સંવર રૂપ થાય છે, **સ્વરૂપગુપ્ત** બને છે. આવા સ્વરૂપગુપ્ત સ્વધર્મ સુસ્થિત સમ્યગ્દૃષ્ટિને અન્ય વસ્તુધર્મો પ્રત્યે જુગુપ્સા - સૂગ નથી હોતી, જેવો જેવો જેનો જેનો જે જે વસ્તુધર્મ છે તેવા તેવા તેના તેના તે તે વસ્તુધર્મમાં પ્રત્યેક વસ્તુ વર્તે છે, એમ જાણતો તે કોઈ પણ વસ્તુધર્મ પ્રત્યે જુગુપ્સા - સૂગ ધરતો નથી. અત એવ આવા સંવૃત સ્વરૂપ ગુપ્ત સમ્યગ્દૃષ્ટિને જુગુપ્સા કૃત બંધ છે નહિ, પણ નિર્જરા જ છે.

''ત્યાગીને સવિ પરપરિણતિ રીઝ જો, જાગી છે નિજ અંતર આતમ ઈષ્ટતા રે લો.  
સહેજે છૂટી આશ્રવ ભાવની ચાલ જો, જાલીમ એ પ્રગટી છે સંવર શિષ્ટતા રે લો.  
જગત દિવાકર શ્રઈ નમીશ્વર સ્વામ જો.'' - શ્રી દેવચંદ્રજી



**जो हवइ असम्मूढो चेदा सद्दिट्ठि सव्वभावेसु ।**
**सो खलु अमूढदिट्ठी सम्मादिट्ठी मुणेयव्वो ॥२३२॥**

અસંમૂઢ સર્વ ભાવમાં રે, ચેતા જે સદ્દૃષ્ટિ ધાર;
સમ્યગ્દૃષ્ટિ તે જાણવો રે, અમૂઢદૃષ્ટિ નિરધાર. રે જ્ઞાનિ. ૨૩૨

**અર્થ** - જે ચેતયિતા સદ્દૃષ્ટિ સર્વ ભાવોમાં અસંમૂઢ હોય છે, તે નિશ્ચયે કરીને અમૂઢદૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ જાણવો. ૨૩૨

## आत्मख्याति टीका

**यो भवति असंमूढः चेतयिता सद्दृष्टिः सर्वभावेषु ।**
**स खलु अमूढदृष्टि सम्यग्दृष्टि र्ज्ञातव्यः ॥२३२॥**

यतो हि **सम्यग्दृष्टिः** टंकोत्कीर्णैकज्ञायकभावमयत्वेन **सर्वेष्वपि भावेषु मोहाभावादमूढदृष्टिः** ततोऽस्य मूढदृष्टिकृतो नास्ति बंध किंतु निर्जरैव ॥२३२॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

કારણકે - નિશ્ચયે કરીને સમ્યગ્દૃષ્ટિ ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમયપણાએ કરીને **સર્વેય ભાવોમાં મોહ અભાવને લીધે અમૂઢ દૃષ્ટિ છે,**

તેથી એને મૂઢ દૃષ્ટિકૃત બંધ છે નહિ, કિંતુ નિર્જરા જ છે. ૨૩૨

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત;
તે કહિયે જ્ઞાનીદશા, બાકી બીજી ભ્રાંત." - **શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર**

અત્રે સમ્યગ્દૃષ્ટિના ચતુર્થ **'અમુઢ દૃષ્ટિત્વ'** અંગનું તત્ત્વ સર્વસ્વ સમર્પક સૂત્રાત્મક પ્રકૃષ્ટ વચનરૂપ - પ્રવચનરૂપ વ્યાખ્યાન કર્યું છે - કારણકે નિશ્ચયે કરીને જેને વસ્તુતત્ત્વને સમ્યગ્પણે દેખતી સમ્યગ્દૃષ્ટિ છે, એવો **'સમ્યગ્દૃષ્ટિ'**, **'ટંકોત્કીર્ણ'** - ટાંકણાથી શિલામાં ઉત્કીર્ણ - કોતરેલ અક્ષર જેવા અક્ષર સદાસ્થાયિ, **'એક'** - અદ્વિતીય - અદ્વૈત જ્ઞાયક ભાવ જ્ઞાયક ભાવ ને જ્ઞાયક ભાવ સિવાય બીજું કાંઈ જ્યાં છે નહિ એવા જ્ઞાયક ભાવથી નિષ્પન્ન 'જ્ઞાયક ભાવમયપણાએ કરીને' - 'टंकोत्कीर्णैक ज्ञायकभावमयत्वेन', સર્વેય ભાવોમાં મોહ અભાવને લીધે - નહિ હોવાપણાને લીધે **'અમૂઢ દૃષ્ટિ'** - મૂઢ દૃષ્ટિ જેની નથી એવો છે, તેથી એને **'મૂઢદૃષ્ટિકૃત'** - મૂઢ દૃષ્ટિથી કરાયેલો - ઉપજાવાયેલો બંધ છે નહિ - 'अस्य मूढदृष्टिकृतो नास्ति बंधः', પરંતુ કર્મના ભોગવીને નિર્જરી જવા રૂપ - **આત્મપ્રદેશથી ખરી જવા રૂપ નિર્જરા જ છે** - 'किंतु निर्जरैव ।'

સમ્યગ્દૃષ્ટિને ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમયપણાએ કરીને અમૂઢદૃષ્ટિપણું જ હોય છે, પરભાવમાં આત્મભ્રાંતિરૂપ મોહમૂઢપણું હોતું જ નથી, કારણકે તેની તત્ત્વ મીમાંસા અતિ માંસલ - અતિ પુષ્ટ હોય છે. જેમકે - જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પુરુષ દ્રવ્ય, ગુણ, પર્યાય, તેના ભંગ, નય,

---

**आत्मभावना** -


जो चेदा सद्दिट्ठि - यः चेतयिता सद्दृष्टि - જે ચેતયિતા - ચેતનારો સદ્દૃષ્ટિ - **સમ્યગ્દૃષ્ટિ** सव्वभावेसु असम्मूढो हवइ - सर्वभावेषु असंमूढो भवति - **સર્વ ભાવોમાં અસંમૂઢ હોય છે,** सो खलु अमूढदिट्ठी - स खलु अमूढदृष्टि- - તે ખરેખર ! નિશ્ચયે કરીને અમૂઢ દૃષ્ટિ सम्मादिट्ठी मुणेयव्वो - सम्यग्दृष्टिर्ज्ञातव्यः - **સમ્યગ્દૃષ્ટિ જાણવો.** ॥ इति **गाथा** आत्मभावना ॥२३२॥

પ્રમાણ, સત્ સ્વરૂપ, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય રૂપ ત્રિપદી, સપ્તભંગી, આત્મા, કર્મ, યોગ આદિ દ્રવ્યાનુયોગાંતર્ગત સૂક્ષ્મ વિષયોની તલસ્પર્શિની અવગાહના કરે છે, સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી આત્માનું અસ્તિપણું છે પર દ્રવ્યક્ષેત્ર-કાલ-ભાવથી નાસ્તિપણું છે, એવું ઉંડું પરમ ગંભીર તત્ત્વચિંતન કરે છે અને આ દ્રવ્યાનુયોગના પરમ રહસ્યભૂત - કળશ રૂપ પરમ આત્મતત્ત્વનું - ભગવાન્ સમયસારનું અર્થાત્ શુદ્ધ આત્માના સહજ સ્વરૂપનું પરિશીલન કરી, તેને આત્મસ્વભાવભૂત કરી મૂકે છે, એટલે શુદ્ધોપયોગદશાસંપન્ન અમૂઢદૃષ્ટિ જ્ઞાની સમ્યગ્દૃષ્ટિને શુદ્ધાત્માનુભૂતિરૂપ સમ્યગ્દર્શન ગુણ સદા પ્રગટ વર્તે છે.

**મિથ્યાદૃષ્ટિનો 'ત્રિદોષ સન્નિપાત': સમ્યગ્દૃષ્ટિનો 'ત્રિગુણ સન્નિપાત'**

પણ મૂઢદૃષ્ટિ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિને આ આત્માનો સમ્યગ્દર્શન ગુણ અનાદિથી દર્શનમોહના ઉદયથી, કડવી તંબૂડીમાં નાંખેલા દૂધની જેમ, મિથ્યાદર્શન રૂપ બની ગયો છે. આત્મા પોતાના શુદ્ધ ચેતન સ્વરૂપને ભૂલી જડ એવી દેહાદિ પરવસ્તુમાં આત્મભ્રાંતિ પામ્યો, એ જ એનો અનાદિ વિપર્યાસ રૂપ દર્શનમોહ છે. **'આપ આપકું ભૂલ ગયા !'** એ જ જીવની **'સર્વ ભૂલની બીજભૂત ભૂલ'** છે. આ દર્શનમોહથી જ જીવ ચારિત્રમોહ પામે છે, પરવસ્તુમાં મુંઝાવા રૂપ મોહ - દર્શનમોહ ઉપજ્યો, દર્શન મિથ્યા થયું, એટલે સર્વ જ્ઞાન અજ્ઞાન રૂપ બને છે અને સર્વ ચારિત્ર પણ કુચારિત્ર થઈ પડે છે. આત્મસ્વરૂપના અજ્ઞાનથી જીવ પરભાવમાં મુંઝાય છે, મૂર્ચ્છિત થાય છે, આ જ મૂઢ દૃષ્ટિપણા રૂપ મોહ છે અને તેને લીધે પરવસ્તુમાં આત્મબુદ્ધિના કારણે આ જીવ રાગ-દ્વેષ કરે છે, એટલે એ પરભાવ પ્રત્યે ગમન કરે છે, પરપરિણતિને ભજે છે. આમ મોહ-રાગ-દ્વેષ એ ત્રિદોષ જ જીવનો મોટોમાં મોટો રોગ છે. જેમ ત્રિદોષ સન્નિપાતનો રોગી પોતાનું ભાન ભૂલી જાય છે, બેભાનપણે ફાવે તેમ બકે છે, પોતાનું તે પારકું ને પારકું તે પોતાનું એવું યદ્વાતદ્વા અસમંજસ બોલે છે, ટૂંકામાં જાણે બદલાઈ ગયો હોય એમ પોતાના મૂળ અસલ સ્વભાવથી વિપરીતપણે - વિભાવપણે વર્ત્તે છે અને પોતાના મૂળ અસલ સ્વભાવથી નિપાતને પામી પોતાના 'સન્નિપાતી' નામને યથાર્થ કરે છે, તેમ રાગ-દ્વેષ-મોહ રૂપ **ત્રિદોષ સન્નિપાત** જે જીવને લાગુ પડ્યો હોય છે, તે જીવ પોતાના આત્મસ્વરૂપનું ભાન ભૂલી જાય છે, પારકું તે પોતાનું ને પોતાનું તે પારકું એવું બેભાનપણે ફાવે તેમ પ્રલપે છે - લવે છે, પોતાના મૂળ અસલ સહજ સ્વભાવથી વિપરીતપણએ - વિભાવપણે વર્ત્તે છે. આમ ત્રિદોષ સન્નિપાતથી જીવનો નિજ સ્વરૂપથી નિપાત - અધઃપાત થાય છે, એટલે તેના આત્મપરિણમનમાં ભંગ પડી, તે પરભાવ પ્રત્યે ગમન, પરિણમન ને રમણ કરે છે. આ જ જીવનો મૂઢદૃષ્ટિપણા રૂપ - મિથ્યાત્વ રૂપ મુખ્ય મહારોગ છે.

આમ મિથ્યાત્વ - મહારોગી મિથ્યાદૃષ્ટિ ભલે 'ત્રિદોષ સન્નિપાતી' હો, પણ સમ્યક્ત્વ - આરોગ્ય સંપન્ન સમ્યગ્દૃષ્ટિ તો 'ત્રિગુણ સન્નિપાતી' જ હોય છે, અર્થાત્ સમ્યગ્ દર્શન - સમ્યગ્ જ્ઞાન - સમ્યક્ ચારિત્ર એ ત્રિગુણ રૂપ સત્ સ્વરૂપમાં 'નિપાતી' - નિતાંતપણે પડનારા - ઝંપલાવનારા છે, તે ત્રિગુણાત્મક સત્ સ્વરૂપમાંથી કદી પણ બ્હાર ન નીકળે એમ મૂર્છિતપણે ત્યાંજ 'સત્ મૂર્છિત' (સમૂર્છિત) રહેનારા - તે ત્રિગુણાત્મક સત્ સ્વરૂપમાં જ નિતાંત સ્થિતિ કરનારા છે. એટલે આવા મોહમયી માયા મધ્યે પણ અમોહ સ્વરૂપ અમૂઢદૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિને સર્વ ભાવોમાં મોહના અભાવને લીધે મૂઢદૃષ્ટિકૃત બંધ છે નહિ, પણ નિર્જરા જ છે.




यतो हि - કારણકે નિશ્ચયે કરીને સ્ફુટપણે सम्यग्दृष्टिः - સમ્યગ્દૃષ્ટિ टंकोत्कीर्णैकज्ञायकभावमयत्वेन - ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમયપણાએ કરીને सर्वेष्वपि भावेषु मोहाभावाद् - સર્વેય ભાવોમાં મોહ અભાવને લીધે अमूढदृष्टि - અમૂઢદૃષ્ટિ છે, ततो - તેના अस्य - આને - સમ્યગ્દૃષ્ટિને मूढदृष्टिकृतो नास्ति बंधः - મૂઢદૃષ્ટિ કૃત બંધ છે નહિ, किंतु निर्जरैव - કિંતુ નિર્જરા જ છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२३२॥

**जो सिद्धभत्तिजुत्तो उवगूहणगो दु सव्वधम्माणं ।**
**सो उवगूहणकारी सम्मादिट्ठी मुणेयव्वी ॥२३३॥**

સિદ્ધ ભક્તિ યુક્ત સર્વ ધર્મનો રે, જે ઉપગૂહન કાર;
સમ્યગ્દૃષ્ટિ તે જાણવો રે, ઉપગૂહન કરનાર. રે જ્ઞાની. ૨૩૩

**અર્થ** - જે સિદ્ધભક્તિ યુક્ત સર્વ ધર્મોનો નિશ્ચયે કરીને ઉપગૂહનક છે, તે ઉપગૂહનકારી સમ્યગ્દૃષ્ટિ જાણવો. ૨૩૩

**आत्मख्याति टीका** —

**यः सिद्धभक्तियुक्तः उपगूहनकस्तु सर्वधर्माणां ।**
**स उपगूहनकारी सम्यग्दृष्टि र्ज्ञातव्यः ॥२३३॥**

यतो हि **सम्यग्दृष्टिः** टंकोत्कीर्णैकज्ञायकभावमयत्वेन **समस्तात्मशक्तीना**मुपबृंहणादु**पबृंहकः** ततोऽस्य जीवस्य शक्तिदौर्बल्यकृतो नास्ति बंधः किंतु निर्जरैव ॥२३३॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

કારણકે - નિશ્ચયે કરીને **સમ્યગ્દૃષ્ટિ** ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમયપણાએ કરીને **સમસ્ત આત્મશક્તિઓના** ઉપબૃંહણને લીધે ઉપબૃંહક છે,

તેથી - આ જીવને શક્તિ દૌર્બલ્યકૃત બંધ છે નહિ, કિંતુ નિર્જરા જ છે. ૨૩૩

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''કેવલ નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજ ભાવમાં, પરમાર્થે સમકિત.''
''વર્ધમાન સમકિત થઈ, ટાળે મિથ્યાભાસ;
ઉદય થાય ચારિત્રનો, વીતરાગ પદ વાસ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર**
''સમ્યક્દૃષ્ટિ જીવ આણારાગી હો જિનરાજના'' - **શ્રી દેવચંદ્રજી**

અત્રે સમ્યગ્દૃષ્ટિના પાંચમા **'ઉપગૂહન'** અંગનું હૃદયંગમ વ્યાખ્યાન કર્યું છે - કારણકે નિશ્ચયે કરીને જેને વસ્તુતત્વને સમ્યગ્પણે દેખતી સમ્યગ્દૃષ્ટિ છે એવો **'સમ્યગ્દૃષ્ટિ'** **'ટંકોત્કીર્ણ'** - ટાંકણાથી શિલામાં ઉત્કીર્ણ - કોતરેલ અક્ષર જેવા અક્ષર સદાસ્થાયી, **'એક'** - અદ્વિતીય - અદ્વૈત જ્ઞાયક ભાવ જ્ઞાયક ભાવ ને જ્ઞાયક ભાવ સિવાય બીજું કાંઈ જ્યાં છે નહિ એવા જ્ઞાયક ભાવથી નિષ્પન્ન **'જ્ઞાયક ભાવમયપણાએ કરીને'** - 'टंकोत्कीर्णैकज्ञायकभावमयत्वेन', સમસ્ત આત્મશક્તિઓના **'ઉપબૃંહણ'** - પરિવર્દ્ધન થકી ઉપબૃંહક હોય, તેથી આને - આ સમ્યગ્દૃષ્ટિ જીવને **'શક્તિ દૌર્બલ્ય કૃત'** શક્તિના દુર્બલપણાથી કરાયેલો - ઉપજાવાયેલો બંધ છે નહિ - 'अस्य शक्तिदौर्बल्यकृतो नास्ति बंधः', પરંતુ કર્મના ભોગવીને નિર્જરી જવા રૂપ - આત્મપ્રદેશથી ખરી જવા રૂપ નિર્જરા જ છે - 'किंतु निर्जरैव ।'

---

**आत्मभावना -**

जो सिद्धभत्तिजुत्तो - यः सिद्धभक्तियुक्तः - **જે સિદ્ધ ભક્તિયુક્ત** सव्वधम्माणं उवगूहणग दु - सर्व धर्माणां उपगूहनकस्तु - **સર્વ ધર્મોનો નિશ્ચયે કરીને ઉપગૂહનક છે,** सो उवगूहणकारी - स उपगूहनकारी - **તે ઉપગૂહનકારી,** सम्मादिट्ठी मुणेयव्वो - सम्यगदृष्टि ज्ञातव्यः - **સમ્યગ્દૃષ્ટિ જાણવો.** ॥ इति **गाथा** आत्मभावना ॥२३३॥

यतो हि - **કારણકે નિશ્ચયે કરીને** सम्यगदृष्टिः - **સમ્યગ્દૃષ્ટિ** टंकोत्कीर्णैकज्ञायकभावमयत्वेन - **ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમયપણાએ કરીને** समस्तात्मशक्तीनामुपबृंहणात् - **સમસ્ત આત્મશક્તિઓના ઉપબૃંહણને લીધે** उपबृंहकः - **ઉપબૃંહક છે,** ततो - **તેથી** अस्य जीवस्य - **આ સમ્યગ્દૃષ્ટિ જીવને** शक्तिदौर्बल्यकृतो नास्ति बंधः - **શક્તિ દૌર્બલ્ય કૃત બંધ છે નહિ,** किंतु निर्जरैव - **કિંતુ નિર્જરા જ છે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२३३॥

સમ્યગ્દૃષ્ટિ ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમયપણાએ કરીને ધર્મમય ધર્મમૂર્તિ હોય છે. કારણકે ધર્મ એટલે વસ્તુનો સ્વભાવ - 'वत्थुसहावो धम्मो ।'* વસ્તુનો સ્વભાવ તે ધર્મ, આત્મ વસ્તુનો સ્વભાવ તે આત્મધર્મ, જ્ઞાન-દર્શન-ચારિત્ર અથવા ટંકોત્કીર્ણ એક શુદ્ધ જ્ઞાયક ભાવ એ આત્માનો સ્વભાવ છે, માટે તેમાં વર્ત્તવું તે જ વાસ્તવિક ખરેખરો ધર્મ છે. અથવા **શ્રી 'પ્રવચનસાર'માં** કહ્યું છે તેમ - **'ચારિત્ર એ જ ધર્મ છે, જે ધર્મ છે તે સામ્ય છે અને જે સામ્ય છે તે મોહ-ક્ષોભ વિનાનો આત્માનો પરિણામ છે'** અને આ ગાથાની વ્યાખ્યા કરતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** કહ્યું છે તેમ 'સ્વરૂપમાં ચરણ તે ચારિત્ર છે, અર્થાત્ સ્વસમય પ્રવૃત્તિ તે ચારિત્ર છે, તે જ વસ્તુસ્વભાવપણાથી ધર્મ છે, અર્થાત્ શુદ્ધ ચૈતન્ય પ્રકાશન તે ધર્મ છે અને તે જ યથાવસ્થિત આત્મગુણપણાથી સામ્ય છે અને સામ્ય તો દર્શનમોહનીય ને ચારિત્રમોહનીયના ઉદયથી ઉપજતા સમસ્ત મોહ-ક્ષોભના અભાવથી અત્યંત નિર્વિકાર એવો જીવનો પરિણામ છે.' અર્થાત્ ચારિત્ર, ધર્મ ને સામ્ય એ ત્રણે એકાર્થવાચક છે. આમ આત્માનું જ્ઞાન, આત્માનું દર્શન ને આત્માનું ચારિત્ર - એ રત્નત્રયીરૂપ **શુદ્ધ આત્મધર્મમાં** જેમ વૃદ્ધિ થાય - 'ઉપબૃંહણ' - પોષણ થાય તેમ વર્ત્તવાનો સમ્યગ્દૃષ્ટિ જીવ સતત ઉપયોગ રાખે છે, જેમ બને તેમ આત્મધર્મની પુષ્ટિ રૂપ 'પોષહ'થી આત્મા શુદ્ધ ઉપયોગમાં સ્થિતિ કરે તેમ કરવા મથે છે. ધર્મનું વાસ્તવિક સ્વરૂપ એ જ છે. **બાકી વ્યવહાર ધર્મના** પ્રકારો પણ જો ઉપરોક્ત નિશ્ચયરૂપ **ભાવધર્મના** સાધક થતા હોય તો જ ભલા છે, રૂડા છે - ભાવ વિના તો તે બધાય ફોગટ છે. સકલ જગત્ 'ધરમ ધરમ' કરતું ફરે છે, પણ તે ધર્મનો મર્મ જાણતું નથી. તે તો કોઈ વિરલા જ જાણે છે. **ધર્મનો મર્મ** તો ઉપર કહ્યો તે - આત્મ સ્વભાવમાં વર્ત્તવું તે છે. જો દેહાધ્યાસ છૂટે, દેહમાંથી આત્મબુદ્ધિ જાય ને આત્મામાં જ આત્મબુદ્ધિ થાય, તો તું કર્મનો કર્ત્તા નથી અને ભોક્તા પણ નથી - એ જ ધર્મનો મર્મ છે.

''ધરમ ધરમ કરતો સહુ જગ ફિરે, ધર્મ ન જાણે હો મર્મ... જિનેસર !
ધર્મ જિનેસર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે હો કર્મ... જિનેસર !'' - **શ્રી આનંદઘનજી**

''છૂટે દેહાધ્યાસ તો, તું કર્તા નહિ કર્મ;
તું ભોક્તા નહિ તેહનો, એ જ ધર્મનો મર્મ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર ૧૧૫**

આમ આત્માનું સ્વ સ્વભાવમાં વર્તવું તે **ધર્મ** છે અને વિભાવમાં વર્તવું તે **અધર્મ** છે. જે વિભાવ છે તે નૈમિત્તિક છે - નિમિત્તથી ઉત્પન્ન થાય છે અને તે નિમિત્ત વિષય સંગાદિક છે, આ અશુદ્ધ નિમિત્તથી આત્મા સંસારમાં સંસરે છે - રઝળે છે અને પરભાવનો કર્ત્તા થાય છે, પણ જ્યારે આ શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન આત્મા શુદ્ધ નિમિત્તમાં રમે છે, ત્યારે તે નિજ ભાવનો કર્તા થાય છે. આવું ધર્મ-અધર્મનું પરમ સારભૂત પરમાર્થ સ્વરૂપ જાણી સમ્યગ્દૃષ્ટિ પુરુષ વિભાવરૂપ અધર્મના નિમિત્તોનો ત્યાગ કરે છે અને સ્વભાવરૂપ ધર્મના સાધક કારણોનો - સત્ સાધનોને આશ્રય કરે છે, અર્થાત્ સમ્યગ્ જ્ઞાન - દર્શન - ચારિત્રની વૃદ્ધિના ઉપાયોનું અવલંબન લે છે, આત્મ સ્વરૂપના બાધક કારણોને ત્યજે છે ને સાધક કારણોને ભજે છે અને તેમાં પણ જેને એવો શુદ્ધ સ્વભાવ રૂપ વસ્તુધર્મ પ્રગટ્યો છે, એવા પરમાત્મા પ્રભુની દૃઢ આશ્રય ભક્તિ પરમ અવલંબનભૂત - આધારભૂત ગણીને તે પરમ પ્રેમે ભજે છે અને તે પ્રભુને ભજતાં તે, 'હે પ્રભુ ! હે સહજાત્મસ્વરૂપ સ્વામી ! આપને જેવો શુદ્ધ ધર્મ સંપૂર્ણપણે પ્રગટ્યો છે, તેવો શુદ્ધ ધર્મ અમને પ્રગટો !' એમ નિરંતર અજંપાજાપ જપે છે, તે પ્રભુને અવલંબતાં પરભાવ પરિહરે છે અને આત્મધર્મમાં રમણતા અનુભવતાં તેનો આત્મભાવ ઓર પ્રગટે છે.

''શ્રી સીમંધર જિનવર સ્વામી, વિનતડી અવધારો;
શુદ્ધ ધર્મ જે પ્રગટ્યો તુમચો, પ્રગટો તેહ અમારો રે સ્વામી ! વિનવિયે મન રંગે.
પારિણામિક જે ધર્મ તમારો, તેવો અમચો ધર્મ;
શ્રદ્ધા ભાસન રમણ વિયોગે, વળગ્યો વિભાવ અધર્મ રે સ્વામી !

* જુઓ : 'પ્રવચનસાર' ગાથા અને ટીકા શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત

જેહ વિભાવ તેહ નૈમિત્તિક, સંતતિ ભાવ અનાદિ;
પર નિમિત્ત વિષય સંગાદિક, હોય સંયોગે સાદિ. રે સ્વામી !
અશુદ્ધ નિમિત્તે એ સંસરતા, અત્તા કત્તા પરનો;
શુદ્ધ નિમિત્ત રમે જબ ચિદ્‌ઘન, કર્ત્તા ભોક્તા ઘરનો રે સ્વામી !
શુદ્ધ દેવ અવલંબન ભજતાં, પરહરિયે પરભાવ,
આતમ ધર્મ રમણ અનુભવતાં, પ્રગટે આતમ ભાવ રે સ્વામી !'' - **શ્રી દેવચંદ્રજી**

અને આ આત્મભાવ પ્રગટ થતાં સમ્યગ્દૃષ્ટિને હિતોદય હોય છે, સર્વ પ્રકારના આત્મકલ્યાણની સંપ્રાપ્તિ હોય છે. ઉદય એટલે ચઢતી કળા. જેમ સૂર્યનો ઉદય થઈ તે ઉત્તરોત્તર વધતી જતી તેજસ્વીતાને પામી મધ્યાહ્ને પૂર્ણપણે પ્રતપે છે, તેમ અત્રે પણ આત્મહિતરૂપ સૂર્યનો ઉદય થઈ, ઉત્તરોત્તર ચઢતી આત્મદશાને પામી, પૂર્ણ આત્મસ્વરૂપ મધ્યાહ્નને પામે છે. અથવા જેમ બીજનો ચંદ્ર ઉત્તરોત્તર ચઢતી કળાને પામી, પૂર્ણિમાએ પૂર્ણ સ્વરૂપને પામે છે, તેમ અત્રે પણ આત્મહિતરૂપ ચંદ્ર ઉત્તરોત્તર ચઢતી કળાને પામે છે. અથવા સહસ્રદલ કમલ કલિકા જેમ ઉત્તરોત્તર વિકાસને પામી, પૂર્ણપણે ખીલી ઉઠે છે, તેમ અત્રે હિતોદય રૂપ સહસ્રદલ કમલ સાનુબંધ વિકાસને પામી પૂર્ણ સ્વરૂપે ખીલી નીકળે છે. કારણકે સત્ સાધનના સેવન થકી સમ્યગ્દૃષ્ટિનું આત્મબલ ઓર ને ઓર વધે છે, આત્મશક્તિનો ઉદ્રેક-પ્રબલપણું થતું જાય છે, આત્મસંયમના યોગે અત્યંત શક્તિ સંચય થાય છે, મન-વચન-કાયાના પ્રમત્ત યોગથી આત્માની વેડફાઈ જતી - ચારે કોર વેરણ છેરણ થતી શક્તિને અટકાવી, સમ્યગ્દૃષ્ટિ જેમ બને તેમ આત્મસ્વરૂપમાં આત્માનું સંયમન કરી, આત્માને સંયમી રાખી - રોકી રાખી, આત્મવીર્યની અત્યંત જમાવટ (mobilisation) કરે છે અને આમ આત્મસામર્થ્યયોગથી યોગમાર્ગે પ્રયાણ કરતો તે તીક્ષ્ણ આત્મોપયોગવંત રહી, સમયે સમયે અનંતા સંયમ વર્ધમાન કરતો જઈ, શક્તિ ઉદ્રેકથી સમસ્ત આત્મશક્તિઓનું (આત્મગુણનું) ઉપબૃંહણ - પરિપોષણ કરતો આગળ વધે છે. એટલે આવા ઉપબૃંહક સમ્યગ્દૃષ્ટિને શક્તિ દૌર્બલ્ય કૃત બંધ છે નહિ, પણ નિર્જરા જ છે.






**उम्मंगं गच्छंतं सगंपि मग्गे ठवेदि जो चेदा ।**

**सो ठिदिकरणाजुत्तो सम्मादिट्ठी मुणेयव्वो ॥२३४॥**

ઉન્માર્ગે જતાં સ્વકને માર્ગમાં રે, સ્થાપે જે ચેતયિતાર;

સમ્યગ્દૃષ્ટિ તે જાણવો રે, સ્થિતિકરણયુત સાર. રે જ્ઞાની. ૨૩૪

**અર્થ** - ઉન્માર્ગે જતાં સ્વકને પણ જે ચેતયિતા માર્ગે સ્થાપે છે, તે સ્થિતિકરણયુક્ત સમ્યગ્દૃષ્ટિ જાણવો. ૨૩૪

## आत्मख्याति टीका

**उन्मार्गं गच्छंतं स्वकमपि मार्गे स्थापयति यः चेयिता ।**

**स स्थितिकरणयुक्तः सम्यग्दृष्टि र्ज्ञातव्यः ॥२३४॥**

यतो हि **सम्यग्दृष्टिः** टंकोत्कीर्णैकज्ञायकभावमयत्वेन **मार्गात्प्रच्युतस्यात्मनो मार्गे एव स्थितिकरणात् स्थितिकारी** ततोऽस्य मार्गच्यवनकृतो नास्ति बंधः किं तु निर्जरैव ॥२३४॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

કારણકે નિશ્ચયે કરીને સમ્યગ્દૃષ્ટિ ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમયપણાએ કરીને માર્ગથી પ્રચ્યુત આત્માના **માર્ગમાં જ સ્થિતિકરણને લીધે** સ્થિતિકારી છે, તેથી આને માર્ગચ્યવન કૃત બંધ છે નહિં, કિંતુ નિર્જરા જ છે. ૨૩૪

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''મારગ સાચા મિલ ગયા, છૂટ ગયે સંદેહ;

હોતા સો તો જલ ગયા, ભિન્ન કિયા નિજ દેહ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી, હાથનોંધ**

અત્રે સમ્યગ્દૃષ્ટિના છઠ્ઠા **'સ્થિતિકરણ'** અંગનું અપૂર્વ વ્યાખ્યાન કર્યું છે - કારણકે નિશ્ચયે કરીને જેને વસ્તુતત્ત્વને સમ્યગ્રૂપણે દેખતી સમ્યગ્દૃષ્ટિ છે એવો **'સમ્યગ્દૃષ્ટિ'** 'ટંકોત્કીર્ણ' - ટાંકણાથી શિલામાં ઉત્કીર્ણ - કોતરેલ અક્ષર જેવા અક્ષર સદા સ્થાયી, 'એક' - અદ્વિતીય - અદ્વૈત જ્ઞાયક ભાવ જ્ઞાયક ભાવ ને જ્ઞાયક ભાવ સિવાય બીજું કાંઈ જ્યાં છે નહિ એવા જ્ઞાયક ભાવથી નિષ્પન્ન 'જ્ઞાયક ભાવમયપણાએ કરીને' - टंकोत्कीर्णैकज्ञायकभावमयत्वेन' - માર્ગથી પ્રચ્યુત આત્માના માર્ગમાં જ સ્થિતિકરણને લીધે - સ્થિતિ કરવાપણાને લીધે સ્થિતિકારી છે, તેથી એને - આ સમ્યગ્દૃષ્ટિને 'માર્ગ ચ્યવનકૃત' - માર્ગથી ચ્યવનથી - ભ્રષ્ટપણાથી કરાયેલો - ઉપજાવાયેલો બંધ છે નહિ - 'अस्य

---

**आत्मभावना** -

उम्मंगं गच्छंतं सगंपि - उन्मार्गं गच्छंतं स्वकमपि - **ઉન્માર્ગે જતાં સ્વને પણ** जो चेदा - यः चेतयिता - **જે ચેતયિતા** मग्गे ठवेदि - मार्गे स्थापयति - **માર્ગે સ્થાપે છે,** सो ठिदिकरणाजुत्तो - स स्थितिकरणयुक्तः - **તે સ્થિતિકરણ યુક્ત** सम्मादिट्ठी मुणेयव्वो - सम्यग्दृष्टि र्ज्ञातव्यः - **સમ્યગ્દૃષ્ટિ જાણવો.** ॥ इति **गाथा** आत्मभावना ॥२३४॥

यतो हि - **કારણકે નિશ્ચયે કરીને** सम्यग्दृष्टिः - **સમ્યગ્દૃષ્ટિ** टंकोत्कीर्णैकज्ञायकभावमयत्वेन - **ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમયપણાએ કરીને** मार्गात् प्रच्युतस्यात्मनो - **માર્ગથી પ્રચ્યુત આત્માના** मार्गे एव स्थितिकरणात् - **માર્ગમાં જ સ્થિતિકરણને લીધે** स्थितिकारी - **સ્થિતિકારી છે,** ततो - **તેથી** अस्य - **આને - સમ્યગ્દૃષ્ટિને** मार्गच्यवनकृतो नास्ति बंधः - **માર્ગચ્યવનકૃત બંધ છે નહિ,** किंतु निर्जरैव - **કિંતુ નિર્જરા જ છે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२३४॥

मार्गच्यवनकृतो नास्ति बंधः', પરંતુ કર્મના ભોગવીને નિર્જરી જવા રૂપ - આત્મપ્રદેશથી ખરી જવા રૂપ નિર્જરા જ છે - 'किंतु निजरैव ।'

સમ્યગ્દૃષ્ટિ ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમયપણાએ કરીને ધર્મમય હોઈ સદા ધર્મ માર્ગમાં જ વર્ત્તે છે. અત્રે **'ધર્મ'** એટલે સનાતન - શાશ્વત એવો **આત્મધર્મ. જિનધર્મ** એ એનું પર્યાય નામ છે, કારણકે શુદ્ધ **સહજાત્મસ્વરૂપને** પ્રાપ્ત થયેલા શુદ્ધ આત્મા તેનું નામ જ 'જિન', અર્થાત્ વીતરાગ પ્રભુ છે અને એવા તે જિનનો અર્થાત્ શુદ્ધ આત્માનો ધર્મ તે જ જિનધર્મ છે, તેનાથી અન્ય તે કર્મ છે, તે કર્મને જે 'કાટે' - કાપે તે જિનવચન છે - આમ તત્ત્વ જ્ઞાનીઓનો મર્મ છે. આ આત્મધર્મ આત્માનો સ્વભાવભૂત હોઈ સનાતન છે, શાશ્વત છે, ત્રિકાલાબાધિત છે. આવા આત્મભાવમાં સ્થિતિ કરવી, આત્માને ધારી રાખવો તેનું નામ **'ધર્મ'** છે અને તે જ વાસ્તવિક એવો **વસ્તુધર્મ** છે. કારણકે જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ આત્માના સ્વભાવભૂત ગુણ છે, અથવા તે જેમાં અંતર્ભાવ પામે છે એવો શુદ્ધ એક ટંકોત્કીર્ણ જ્ઞાયક ભાવ એ જ આત્માનો સ્વભાવ છે, તેમાં વર્તવું, તેમાં સ્થિતિ કરવી, આત્માને ધારી રાખવો તે આત્મવસ્તુનો ધર્મ છે. 'वत्थुसहावो धम्मो' - **વસ્તુનો સ્વભાવ તે ધર્મ.** આત્મવસ્તુનો સ્વભાવ તે આત્મધર્મ. આમ નિર્મલ જ્ઞાનદર્શનમય આત્મ સ્વભાવમાં વર્તવું તે જ ધર્મ છે. આ સ્વભાવરૂપ ધર્મ માર્ગ **શમ પરાયણ** - શમનિષ્ઠ એવો એક **શાંતિ માર્ગ** જ છે. શમ એટલે નિષ્કષાય આત્મપરિણતિ, રાગ દ્વેષ રહિતપણું, સમભાવ, **શ્રી કુંદકુંદાચાર્યજીએ** વ્યાખ્યા કરી છે તેમ 'મોક્ષ-ક્ષોભ રહિત જે આત્માનો પરિણામ તે સમ કહેવાય છે', અથવા શમ એટલે સામ્ય, અર્થાત્ જેમ છે તેમ યથાવત્ આત્મગુણની સમાન થવું તે સામ્ય. જે સામ્ય છે તે ધર્મ છે અને 'वत्थुसहावो धम्मो' - વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. આ ધર્મ છે તે ચારિત્ર છે અને 'स्वरूपे चरणं चारित्रं' - સ્વરૂપમાં ચરવું - આત્મ સ્વરૂપમાં વર્તવું તે ચારિત્ર છે. આમ ચારિત્ર = ધર્મ = સામ્ય = શમ એ શબ્દો સમાનાર્થ વાચક છે. તાત્પર્ય કે સામ્યમાં અર્થાત્ સહજ આત્મસ્વરૂપમાં સ્થિતિ કરવી, સ્વરૂપ સમજી સ્વરૂપમાં શમાવું એ જ શમ છે, પરભાવ - વિભાવથી વિરામ પામી આત્મભાવમાં વિશ્રાંત થવું એ જ શાંતિ છે અને તે જ એક જ્ઞાનીઓનો સનાતન શમનિષ્ઠ માર્ગ અથવા મોક્ષરૂપ પરમ શાંતિ પામવાનો શાંતિમાર્ગ* છે અને એ જ રત્નત્રયી રૂપ સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રની અભેદ એકતા રૂપ મોક્ષમાર્ગ અથવા જિનનો 'મૂળ માર્ગ' છે - શુદ્ધ આત્માને દેખવો (પ્રતીતવો), શુદ્ધ આત્માને જાણવો અને શુદ્ધ આત્માને આચરવો એવા આ શુદ્ધ આત્મસ્વભાવ રૂપ મોક્ષમાર્ગમાં - જિનના 'મૂળ માર્ગમાં' સમ્યગ્દૃષ્ટિ ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમયપણાએ કરીને સ્થિતિ કરે છે, છતાં ક્વચિત્ પ્રમાદવશાત્ તે માર્ગથી પ્રચ્યુત - પ્રમત્ત થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો તે તત્ક્ષણ જ આત્માને તે માર્ગમાં જ સ્થિત કરી દે છે, એટલે માર્ગમાં જ સુસ્થિત એવા સમ્યગ્દૃષ્ટિને માર્ગચ્યવન કૃત બંધ છે નહિ, પણ નિર્જરા જ છે.


"મૂળ મારગ સાંભળો જિનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ... મૂળ મારગ.
નો'ય પૂજાદિની જો કામના રે, નો'ય વ્હાલું અંતર ભવ દુઃખ... મૂળ મારગ.
છે દેહાદિથી ભિન્ન આત્મા રે, ઉપયોગી સદા અવિનાશ... મૂળ મારગ.
એમ જાણે સદ્ગુરુ ઉપદેશથી રે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ... મૂળ મારગ.
જે જ્ઞાને કરીને જાણિયું રે, તેની વર્ત્તે છે શુદ્ધ પ્રતીત... મૂળ મારગ.

---

* મહાગીતાર્થ યોગીશ્વર આનંદઘનજીએ આ શાંતિમાર્ગનું અનુપમ સ્વરૂપ શાંતિનાથ ભગવાનના સ્તવનમાં અપૂર્વ ભાવથી સંગીત કર્યું છે. આ સ્તવનનો પરમાર્થ સમજવા જુઓ 'યો.દ.સમુચ્ચય' પર આ વિવેચકે લખેલું સ્વરચિત વિવેચન (પૃ. ૩૯૫).

કહ્યું ભગવંતે દર્શન તેહને રે, જેનું બીજું નામ સમકિત... મૂળ મારગ.
જેમ આવી પ્રતીતિ જીવની રે, જાણ્યો સર્વેથી ભિન્ન અસંગ... મૂળ મારગ.
તેવો સ્થિર સ્વભાવ જે ઉપજે રે, નામ ચારિત્ર તે અણલિંગ... મૂળ મારગ.
તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ... મૂળ મારગ.
તેહ મારગ જિનનો પામિયો રે, કિંવા પામ્યો તે નિજ સ્વરૂપ... મૂળ મારગ.''

- પરમ તત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી



**जो कुणदि वच्छलत्तं तिण्हं साहूण मोक्खमग्गम्मि ।**

**सो वच्छलभावजुदो सम्मादिट्ठी मुणेयव्वो ॥२३५॥**

મોક્ષ માર્ગે ત્રણ સાધુનું રે, વત્સલપણું કરનાર;

સમ્યગ્દૃષ્ટિ તે જાણવો રે, વત્સલ ભાવયુત ધાર. રે જ્ઞાની. ૨૩૫

**અર્થ** - જે મોક્ષમાર્ગને વિષે ત્રણ સાધુઓનું વત્સલપણું કરે છે, તે વત્સલ ભાવયુત સમ્યગ્દૃષ્ટિ જાણવો. ૨૩૫

## आत्मख्याति टीका

**यः करोति वत्सलत्वं त्रयाणां साधूनां मोक्षमार्गे ।**

**स वात्सल्यभावयुतः सम्यग्दृष्टि र्ज्ञातव्यः ॥२३५॥**

यतो हि **सम्यग्दृष्टिः**टंकोत्कीर्णैकज्ञायकभावमयत्वेन **सम्यग्दर्शनज्ञानचारित्राणां** स्वस्मादभेदबुद्ध्या सम्यग्दर्शना**न्मार्गवत्सलः** ततोऽस्य मार्गानुपलंभकृतो नास्ति बंधः किंतु निर्जरैव ॥२३५॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

કારણકે - નિશ્ચયે કરીને **સમ્યગ્દૃષ્ટિ** ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમયપણાએ કરીને **સમ્યગ્ દર્શન - જ્ઞાન - ચારિત્રના** સ્વથી અભેદ બુદ્ધિથી સમ્યગ્દર્શનને લીધે માર્ગવત્સલ છે, તેથી એને માર્ગ અનુપલંભ કૃત બંધ છે નહિ, કિંતુ નિર્જરા જ છે. ૨૩૫

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ત્રણે અભિન્ન સ્વભાવે, પરિણમી આત્મસ્વરૂપ જ્યાં થાય;

પૂર્ણ પરમપદ પ્રાપ્તિ, નિશ્ચયથી ત્યાં અનન્ય સુખદાય.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**

અત્રે સમ્યગ્દૃષ્ટિના સાતમા અંગ **વાત્સલ્યનું** તત્ત્વ તલસ્પર્શી અદ્ભુત પરમાર્થ ગંભીર અનુપમ સૂત્રાત્મક પ્રવચન રૂપ વ્યાખ્યાન કર્યું છે - કારણકે નિશ્ચયે કરીને જેને વસ્તુતત્ત્વને સમ્યક્પણે દેખતી સમ્યગ્દૃષ્ટિ છે એવો **'સમ્યગ્દૃષ્ટિ'**, **'ટંકોત્કીર્ણ'** - ટાંકણાથી શિલામાં ઉત્કીર્ણ - કોતરેલ અક્ષર જેવા અક્ષર સદાસ્થાયી, 'એક' - અદ્વિતીય - અદ્વૈત જ્ઞાયક ભાવ જ્ઞાયક ભાવ ને જ્ઞાયક ભાવ સિવાય બીજું કાંઈ જ્યાં છે નહિ એવા જ્ઞાયક ભાવથી નિષ્પન્ન 'જ્ઞાયક ભાવમયપણાએ કરીને' - 'टंकोत्कीर्णैक ज्ञायकभावमयत्वेन', સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રના 'સ્વથી' - પોતાથી - આત્માથી અભેદબુદ્ધિથી સમ્યગ્દર્શનને લીધે 'માર્ગ વત્સલ' - માર્ગ પ્રત્યે વત્સલ - અત્યંત પ્રેમાળ - સ્નેહાળ છે, વાત્સલ્યવંત છે, તેથી એને - સમ્યગ્દૃષ્ટિને 'માર્ગ અનુપલંભ કૃત' માર્ગના અનુપલંભથી - અલાભથી -

---

**आत्मभावना** -

जो - यः - જે मोक्खमग्गम्मि - मोक्षमार्गे - **મોક્ષમાર્ગને વિષે** तिण्हं साहूण - त्रयाणां साधूनां - **ત્રણ સાધુઓનું** वच्छलत्तं कुणदि वत्सलत्वं करोति - **વત્સલપણું કરે છે,** सो वच्छलभावजुदो - सो वत्सलभावयुतः - **તે વત્સલ ભાવયુત** सम्मादिट्ठी मुणेयव्वो - सम्यग्दृष्टिर्ज्ञातव्यः - **સમ્યગ્દૃષ્ટિ જાણવો.** ॥ इति **गाथा** आत्मभावना ॥२३५॥ यतो हि - કારણકે નિશ્ચયે કરીને સ્ફુટપણે सम्यग्दृष्टिः - **સમ્યગ્દૃષ્ટિ** टंकोत्कीर्णैकज्ञायकभावमयत्वेन - **ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમયપણાએ કરીને** सम्यग्दर्शनज्ञानचारित्राणां स्वस्मादभेदबुद्ध्या सम्यग्दर्शनात् - **સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રની સ્વથી અભેદ બુદ્ધિથી સમ્યગ્ દર્શનને લીધે** मार्गवत्सलः - **માર્ગ વત્સલ છે,** ततो - તેથી अस्य - આને સમ્યગ્દૃષ્ટિને मार्गानुपलंभकृतो नास्ति बंधः - **માર્ગ અનુપલંભકૃત - માર્ગ અપ્રાપ્તિ કૃત - માર્ગ અનનુભવ કૃત બંધ છે નહિ,** किंतु निर्जरैव - **કિંતુ નિર્જરા જ છે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२३५॥

અનનુભવથી કૃત - કરાયેલો - ઉપજાવાયેલો બંધ છે નહિ - 'अस्य मार्गानुपलंभकृतो नास्ति बंधः ।' પરંતુ કર્મના ભોગવીને નિર્જરી જવા રૂપ - આત્મપ્રદેશથી ખરી જવા રૂપ નિર્જરા જ છે - 'किंतु निर्जरैव ।'

સમ્યગ્દૃષ્ટિ ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમયપણાએ કરીને સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર એ રત્નત્રયીની અભેદ એકતા રૂપ જિનના 'મૂળ માર્ગ'માં અથવા આત્મ સ્વભાવયુંજન રૂપ સાક્ષાત્ મોક્ષમાર્ગમાં વર્ત્તે છે, અર્થાત્ તે આત્મસ્વભાવયુંજન રૂપ યોગને સાધતો સાક્ષાત્ ધર્મમૂર્ત્તિ **'યોગી'** યોગિધર્મને અનુસરે છે. કારણકે આત્મસ્વભાવ રૂપ મોક્ષ સાથે યોજન-જોડાણ તેનું નામ યોગ, આ આત્મસ્વભાવ સાથે જેનું યોજન છે - જેને આત્મસ્વરૂપનું અનુસંધાન થયું છે તે યોગી છે અને એવા તે યોગીનો જે ધર્મ છે તે યોગીધર્મ છે. આમ આત્મસ્વરૂપનું અનુસંધાન કરવું, આત્મસ્વભાવની સાધના - આરાધના કરવી, આત્મસિદ્ધિ કરવી, એજ યોગીઓનો ધર્મ છે. આ આત્મસ્વભાવ સાથે યુંજન રૂપ યોગ જેણે સાધ્યો છે, જે **સ્વરૂપ સ્થિત** 'યોગી' છે, તે સમ્યગ્દૃષ્ટિની યથાતત્ત્વ પ્રવૃત્તિ હોય છે, એટલે કે જેવા પ્રકારે શુદ્ધ આત્મતત્ત્વનું સ્વરૂપ અનુભવમાં આવ્યું, તેવા પ્રકારે પ્રવર્ત્તનરૂપ, આચરણરૂપ, ચારિત્રરૂપ સ્થિતિ પ્રવર્તે છે, આત્માનુચરણ હોય છે. અર્થાત્ આત્માનો સ્વભાવ જ્ઞાન દર્શન રૂપ છે, તે સ્વભાવમાં નિયત ચરિત હોવું, આત્મસ્વભાવમાં પૂર્ણપણે પ્રવર્ત્તવું, 'આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ' થવી, એવો ઉત્કૃષ્ટ **પ્રવૃત્તિ** ગુણ સમ્યગ્દૃષ્ટિને પ્રગટે છે. આમ આ સ્વભાવ પ્રવૃત્તિ આત્માથી અભેદ રૂપ સાત્મીરૂપ - આત્મભૂત થઈ જાય છે. આત્મા સ્વયં સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રમૂર્ત્તિ બને છે અને આમ આત્માથી અભેદરૂપ શુદ્ધ રત્નત્રયીનો વ્યાપાર કરનારો ***મહામુનિ રૂપ સમ્યગ્દૃષ્ટિ રત્નવણિક** ધર્મસંન્યાસ યોગરૂપ રત્ન વાણિજ્ય વડે યથેચ્છ આત્મલાભ રૂપ નફો મેળવી કૃતકૃત્ય થાય છે. એટલે દર્શન તે હું આત્મા, જ્ઞાન તે હું આત્મા, ચારિત્ર તે હું આત્મા એમ સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર એ સમ્યગ્દૃષ્ટિ 'સાધુ' - સત્ સાધક આમ સમ્યગ્દર્શન થકી માર્ગવત્સલ હોય છે, માર્ગ પ્રત્યે વત્સલ - અભેદ એકરસ ભાવરૂપ પરમ પ્રેમ રૂપ વાત્સલ્ય ધરનારો હોય છે, આવા માર્ગવત્સલ સમ્યગ્દૃષ્ટિને માર્ગ અનુપલંભકૃત બંધ છે નહિ, પણ નિર્જરા જ છે.




* જુઓ : શ્રી હરિભદ્રાચાર્યજી પ્રણીત યોગદૃષ્ટિ સમુચ્ચય ધર્મસંન્યાસયોગ શ્લો. ૧૮૦ ઈ. મત્કૃત વિવેચન (સ્વરચિત) પૃ. ૬૦૦

**विज्झारहमारूढो मणोरहपहेसु भमइ जो चेदा ।**
**सो जिणणाणपहावी सम्मादिट्ठी मुणेयव्वो ॥२३६॥**

વિદ્યારથારૂઢ, મનોરથ પથે રે, ભમે જે ચેતયિતાર;
સમ્યગ્દૃષ્ટિ તે જાણવો રે, જિનજ્ઞાન પ્રભાવકાર. રે જ્ઞાની. ૨૩૬

**અર્થ** - વિદ્યારથ આરૂઢ જે ચેતયિતા મનોરથ - પથોમાં ભમે છે, તે જિનજ્ઞાન પ્રભાવી સમ્યગ્દૃષ્ટિ જાણવો. ૨૩૬

## आत्मख्याति टीका

**विद्यारथमारूढः मनोरथपथेषु भ्रमति यश्चेतयिता ।**
**स जिनज्ञानप्रभावी सम्यग्दृष्टि र्ज्ञातव्यः ॥२३६॥**

यतो हि **सम्यग्दृष्टिः**टंकोत्कीर्णैकज्ञायकभावमयत्वेन **ज्ञानस्य** समस्तशक्तिप्रबोधेन प्रभावजननात्**प्रभावनकरः** ततोस्य ज्ञानप्रभावनाऽप्रकर्षकृतो नास्ति बंधः किंतु निर्जरैव ॥२३६॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

કારણકે - નિશ્ચયે કરીને **સમ્યગ્દૃષ્ટિ** ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમયપણાએ કરીને **જ્ઞાનના સમસ્ત** શક્તિ પ્રબોધથી પ્રભાવજનનને લીધે **પ્રભાવનકર** છે, તેથી - એને જ્ઞાન પ્રભાવનના અપ્રકર્ષકૃત બંધ છે નહિ, કિંતુ નિર્જરા જ છે. ૨૩૬

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

**"કોઈ પણ જીવ પરમાર્થ પ્રત્યે માત્ર અંશપણે પણ પ્રાપ્ત થવાના કારણને પ્રાપ્ત થાય એમ નિષ્કારણ કરુણાશીલ એવા ઋષભાદિ તીર્થંકરોએ પણ કર્યું છે, કારણકે સત્પુરુષોના સંપ્રદાયની સનાતન એવી કરુણાવસ્થા હોય છે કે સમય માત્રના અનવકાશે આખો લોક આત્માવસ્થા પ્રત્યે હો, આત્મસ્વરૂપ પ્રત્યે હો, આત્મસમાધિ પ્રત્યે હો. ઈ." - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૩૧**

અત્રે સમ્યગ્દૃષ્ટિના આઠમા અંગ 'પ્રભાવના'નું પરમ તત્ત્વપ્રભાવનાશીલ અદ્ભુત અલૌકિક વ્યાખ્યાન કર્યું છે - કારણકે નિશ્ચયે કરીને જેને વસ્તુતત્ત્વને સમ્યક્પણે દેખતી સમ્યગ્દૃષ્ટિ છે એવો 'સમ્યગ્દૃષ્ટિ', 'ટંકોત્કીર્ણ' - ટાંકણાથી શિલામાં ઉત્કીર્ણ - કોતરેલ અક્ષર જેવા અક્ષર સદાસ્થાયી, જ્ઞાયક ભાવ જ્ઞાયક ભાવ ને જ્ઞાયક ભાવ સિવાય બીજું કાંઈ જ્યાં છે નહિ એવા જ્ઞાયક ભાવથી નિષ્પન્ન 'જ્ઞાયક ભાવમયપણાએ કરીને' - 'टंकोत्कीर्णैकज्ञायकभावमयत्वेन', જ્ઞાનના સમસ્ત શક્તિ પ્રબોધથી - 'ज्ञानस्य समस्तशक्तिप्रबोधेन' - જ્ઞાનની સમસ્ત શક્તિના પ્રબોધથી - પ્રકૃષ્ટ જાગૃતપણાથી 'પ્રભાવ જનનને લીધે' - प्रभावजननात् - પ્રભાવ ઉપજાવવાપણાને લીધે 'પ્રભાવનકર' - પ્રભાવન - પ્રભાવના - પ્રકૃષ્ટ ભાવના અથવા પ્રકૃષ્ટ પ્રભાવ કરનારો છે, તેથી એને - સમ્યગ્દૃષ્ટિને 'જ્ઞાન પ્રભાવના અપ્રકર્ષ કૃત' -

---

**आत्मभावना** -

विज्झारहमारूढो - विद्यारथमारूढो - **વિદ્યારથમાં આરૂઢ** जो चेदा - यश्चेतयिता - જે ચેતયિતા - ચેતનારો - ચેતક આત્મા मणोरहपहेसु भमइ - मनोरथपथेषु भ्रमति - **મનોરથ** - **પથોમાં ભમે છે,** सो जिणणाणपहावी - स जिनज्ञानप्रभावी - તે જિનજ્ઞાન પ્રભાવી सम्मादिट्ठी मुणेयव्वो - सम्यग्दृष्टि र्ज्ञातव्यः - **સમ્યગ્દૃષ્ટિ જાણવો.** ॥ इति **गाथा** आत्मभावना ॥२३६॥

यतो हि - **કારણકે નિશ્ચયે કરીને સ્ફુટપણે** सम्यग्दृष्टिः - **સમ્યગ્દૃષ્ટિ:** टंकोत्कीर्णैकज्ञायकभावमयत्वेन - **ટંકોત્કીર્ણ એક** જ્ઞાયક ભાવમયપણાએ કરીને ज्ञानस्य समस्तशक्तिप्रबोधेन प्रभावजननात् - **જ્ઞાનના સમસ્ત શક્તિ પ્રબોધથી** પ્રભાવજનનને લીધે प्रभावनकरः - **પ્રભાવનકર** - પ્રભાવન કરનારો છે, ततो - તેથી अस्य - આને - **સમ્યગ્દૃષ્ટિને** ज्ञानप्रभावनाऽप्रकर्षकृतो नास्ति बंधः - **જ્ઞાન પ્રભાવના** - જ્ઞાન પ્રભાવનાના અપ્રકર્ષકૃત બંધ છે નહિ, किंतु निर्जरैव - **કિંતુ નિર્જરા જ છે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२३६॥

જ્ઞાનની પ્રભાવનાના અપ્રકર્ષ - અનુત્કર્ષ - અનુત્કૃષ્ટ ભાવથકી કરાયેલો - ઉપજાવાયેલો બંધ છે નહિ - 'अस्य ज्ञानप्रभावनाऽप्रकर्षकृतो नास्ति बंधः, પરંતુ કર્મના ભોગવીને નિર્જરી જવા રૂપ - આત્મપ્રદેશથી ખરી જવા રૂપ નિર્જરા જ છે - 'किंतु निर्जरैव ।'

અત્રે અચિંત્ય તત્ત્વચિંતામણિ મહા આત્મવિદ્યા પ્રભાવક **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** સમ્યગ્દૃષ્ટિના પ્રભાવના અંગ અંગે પરમ સુંદર ભવ્ય કલ્પના રજૂ કરી છે - 'विज्ञारथमारूढो' - 'વિદ્યારથમાં આરૂઢ થયેલો' - આત્મવિદ્યારૂપ - આત્મજ્ઞાનરૂપ રથમાં આરૂઢ થયેલો જે 'ચેતયિતા' - આત્માનુભવી પુરુષ 'મનોરથ - પથોમાં ભમે છે' - આત્મચિંતન માર્ગોમાં ભમે છે, તે 'જિનજ્ઞાન પ્રભાવી' - सो जिणणाणप्पहावी - તે શુદ્ધ આત્મારૂપ જિન ભગવાનના જ્ઞાનનો 'પ્રભાવી' - પ્રકૃષ્ટ ભાવવાન્ - પ્રભાવ કરનાર સમ્યગ્દૃષ્ટિ જાણવો. આ ભવ્ય કલ્પનાપૂર્ણ ગાથાની તત્ત્વ સર્વસ્વ સમર્પક વ્યાખ્યા કરતાં તેવા જ અચિંત્ય તત્ત્વચિંતામણિ - મહા આત્મવિદ્યા પ્રભાવક **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** વદે છે કે - 'સમ્યગ્દૃષ્ટિ ટંકોત્કીર્ણ એક જ્ઞાયક ભાવમયપણાએ કરીને જ્ઞાનના સમસ્ત શક્તિપ્રબોધથી પ્રભાવજનનને લીધે પ્રભાવન કર હોય છે.' અર્થાત્ શુદ્ધોપયોગમય જ્ઞાનદશાસંપન્ન સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની એક જ્ઞાયક ભાવમયપણાએ કરીને સદા શુદ્ધાત્માનુભૂતિ કરે છે, એટલે તે જ્ઞાનનો 'પ્રભાવનકર' - પ્રકૃષ્ટ ભાવન કરનારો હોય છે - જ્ઞાનની આત્યંતિક દૃઢ ભાવન કરનારો હોય છે. એમ શાને લીધે ? 'જ્ઞાનના સમસ્ત શક્તિપ્રબોધથી પ્રભાવ જનનને લીધે', અર્થાત્ તે જ્ઞાનની સમસ્ત શક્તિનો પ્રબોધ - જાગ્રતપણું કરે છે, એટલે જ્ઞાનનો 'પ્રભાવ' - પ્રકૃષ્ટ ભાવ જન્મે છે, એથી કરીને તે જ્ઞાનનો પ્રભાવનકર હોય છે - પ્રકૃષ્ટ ભાવના કરનારો હોય છે અને આમ તે પોતે જ્ઞાનની પ્રકૃષ્ટ ભાવના કરનારો 'પ્રભાવન કર' હોય છે, એટલે જ પછી તે જગત્માં જ્ઞાનનો 'પ્રભાવન કર' હોય છે - પ્રભાવના કરનારો - મહામહિમા કરનારો જ્ઞાનપ્રભાવક - **વિદ્યા પ્રભાવક** હોય છે. કારણકે જેણે પોતે જ્ઞાનની પ્રભાવના - પ્રકૃષ્ટ ભાવના કરી છે એવો ભાવિતાત્મા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની જ અન્ય જીવોને પણ તેવા જ્ઞાનમાર્ગમાં જોડવા સમર્થ થાય છે અને સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની તેવો **'વિનિયોગ પ્રધાન'** હોય જ છે, એટલે કે જે જ્ઞાન-દર્શને કરી પોતે જાણ્યું પ્રતીત્યું, આચર્યું તેનો આ સમ્યગ્દૃષ્ટિ પુરુષ સમ્યક્ વિનિયોગ - યથાસ્થાને નિયોજન કરી, (Practical application) બીજા જીવોને આત્મસ્વભાવ રૂપ ધર્મમાં - જ્ઞાનમાર્ગમાં જોડે છે, જેથી પોતાની ધર્મ પરંપરા ત્રૂટતી નથી. આવા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની આત્મવિદ્યાધર આત્મજ્ઞાન પ્રભાવક - આત્મવિદ્યા પ્રભાવક હોય છે. અષ્ટ પ્રકારના પ્રભાવકો કહ્યા છે, તેમાંનો એક 'વિદ્યા પ્રભાવક' પણ છે. કેટલાક લોકો સામાન્ય વિદ્યા અથવા ચમત્કાર દર્શાવનારી લૌકિક વિદ્યા દાખવનારાનો 'વિદ્યા પ્રભાવક' તરીકે ઉલ્લેખ કરે છે, પણ સાચી વિદ્યા તો અલૌકિક આત્મવિદ્યા જ છે, તેની સમીપે બાકી બીજી બધી વિદ્યા અવિદ્યા જ છે. એટલે ખરેખરા વિદ્યા પ્રભાવક **કુંદકુંદાચાર્યજી** અને **અમૃતચંદ્રાચાર્યજી** એ બન્ને મહા આત્મવિદ્યાધર આચાર્યવર્યોના વક્તવ્યનો ધ્વનિ છે. અને તે ખરેખરો અલૌકિક આત્મ વિદ્યાપ્રભાવક પણ કોણ થઈ શકે ? જેણે પોતે આત્મવિદ્યાની - આત્મ જ્ઞાનની 'પ્રભાવના' - પ્રકૃષ્ટ ભાવના કરી હોય, 'હું દેહાદિથી ભિન્ન અવિનાશી ઉપયોગવંત આત્મા છું' - એ આત્મભાવનાનો આત્યંતિક દૃઢ અભ્યાસ કર્યો હોય, તે જ ભાવિતાત્મા આત્મ વિદ્યાધર મહાત્મા જ જગત્માં પણ તે આત્મવિદ્યાનો મહાપ્રભાવ વર્ત્તાવવાને સમર્થ એવો ખરેખરો વિદ્યાપ્રભાવક થઈ શકે. અને આ સમ્યગ્દૃષ્ટિ આત્મવિદ્યાધર મહાત્મા તો ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાએ કરીને જ્ઞાનની સમસ્ત શક્તિના પ્રબોધથી - જાગ્રતપણાથી 'પ્રભાવ'ના - પ્રકૃષ્ટ ભાવના અથવા મહામહિમાના જનનને લીધે ઉત્પાદનને લીધે જ્ઞાનનો પ્રભાવનકર હોય છે, એટલે તેને જ્ઞાન પ્રભાવનાના અપ્રકર્ષકૃત - અનુત્કૃષ્ટ ભાવકૃત બંધ છે નહિ, પણ નિર્જરા જ છે.



આ ઉક્તના ઉપસંહાર રૂપ અને આ અધિકારનો અંતિમ **સમયસાર કળશ (૩૦) અમૃતચંદ્રજી** પરમ ભાવોલ્લાસથી લલકારે છે -

मंदाक्रांता

**रुंधन् बंधं नवमिति निजैः संगतोऽष्टाभिरंगैः,**
**प्राग्बद्धं तु क्षयमुपनयन् निर्जरोज्जृंभणेन ।**
**सम्यग्दृष्टिः स्वयमितिरसादादिमध्यांतमुक्तं,**
**ज्ञानं भूत्वा नटति गगनाभोगरंगं विगाह्य ॥१६२॥**

રુંધી બંધો નવ ઈમ નિજ સંગતો અષ્ટ અંગે,
પૂર્વે બદ્ધ ક્ષય લઈ જતો નિર્જરા ઉત્તરંગે;
સમ્યગ્દૃષ્ટિ સ્વયં અતિરસે આદિ મધ્યાંત મુક્ત,
જ્ઞાનં થૈને નટત ગગનાભોગ રંગ વિગાહી. ૧૬૨

## અમૃત પદ-(૧૬૨)

સમ્યગ્દૃષ્ટિ નટરાજ, નાટક કરતો,
વ્યાપી ગગનાભોગ, રંગ નાટક કરતો... સમ્યગ્દૃષ્ટિ નટરાજ. ૧
અષ્ટ સ્વ અંગે સંગતો, આ માચે રે,
રુંધત એમ નવ બંધ, યોગી સાચે રે... સમ્યગ્દૃષ્ટિ નટરાજ. ૨
પૂર્વબદ્ધ ક્ષય આણતો, આ રાચે રે,
નિર્જરા જોગણી જ્વાલને, ઉલ્લાસે રે... સમ્યગ્દૃષ્ટિ નટરાજ. ૩
અતિરસથી છલકંત, સ્વયં આ માચે રે,
આદિ મધ્યાંતથી મુક્ત, જ્ઞાન થઈ સાચે રે... સમ્યગ્દૃષ્ટિ નટરાજ. ૪
વ્યાપી ગગનાભોગ, રંગ નાટક કરતો,
સમ્યગ્દૃષ્ટિ રાધ્ય, રંગ નાટક કરતો રે... સમ્યગ્દૃષ્ટિ નટરાજ. ૫
વિશ્વરંગ વ્યાપી શ્રીરંગ, ઉલ્લાસે રે,
કેવલ જ્ઞાનશ્રી સંગ, રંગે રાચે રે... સમ્યગ્દૃષ્ટિ નટરાજ. ૬
જ્ઞાન બ્રહ્મે બ્રહ્માંડ, વ્યાપિ સાચે રે,
પરંબ્રહ્મ જિન સાક્ષાત્, શું આ નાચે રે ?... સમ્યગ્દૃષ્ટિ નટરાજ. ૭
સમ્યગ્દૃષ્ટિ ભગવાન, સત્ આ સાચે રે,
સમ્યગ્દૃષ્ટિ ભગવાન, અમૃત વાચે રે... સમ્યગ્દૃષ્ટિ નટરાજ. ૮

**અર્થ** - એમ નિજ અષ્ટ અંગોથી સંગત એવો સમ્યગ્દૃષ્ટિ એમ નવા બંધને રુંધતો અને પૂર્વ બદ્ધને નિર્જરા ઉજ્જૃંભણ વડે ક્ષય પમાડતો, સ્વયં અતિરસ થકી આદિ - મધ્ય - અંતથી મુક્ત એવું જ્ઞાન થઈને ગગનાભોગ રંગને વિગાહીને નાટક કરે છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જ્ઞાનમય આત્મા જેમને પરમોત્કૃષ્ટ ભાવે પ્રાપ્ત થયો અને જેમણે પરદ્રવ્ય માત્ર ત્યાગ કર્યું છે, તે દેવને નમન હો ! નમન હો !" - **શ્રીમદ્ રાજચંદ્રજી, અં. ૭૬૩**

આમ ઉપરમાં શાસ્ત્રકર્તા **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** સમ્યગ્દૃષ્ટિના જે અષ્ટ અંગની સર્વથા નવીન મૌલિક અલૌકિક વ્યાખ્યા કરી દેખાડી અને 'આત્મખ્યાતિ' સૂત્રકર્ત્તા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** એજ અષ્ટ સમ્યગ્દૃષ્ટિ અંગોની જે અનંત ગુણવિશિષ્ટ પરમાર્થગંભીર મીમાંસા કરી દેખાડી, તેનો ઉપસંહાર કરતાં એ જ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પરમ આત્મભાવ ઉલ્લાસથી આ અધિકારની પૂર્ણાહુતિ કરતો આ પરમ અમૃત રસ પૂર્ણ કળશ અદ્‌ભુત નાટકીય રીતિથી (grand dramatic style) લલકાર્યો છે. તેનો ભાવાર્થ આ પ્રકારે - रुंधन् बंधं नवमिति निजैः संगतोऽष्टाभिरङ्गैः । એમ ઉક્ત પ્રકારે 'નિજ' - પોતાના - આત્માના અષ્ટ અંગોથી સંગત - સંયુક્ત હોઈ 'નવ' - નવા બંધને 'રુંધતો' - રોધતો - થતા અટકાવતો અને પૂર્વબદ્ધ પૂર્વે બાંધેલ બંધને 'નિર્જરા ઉજ્જૃંભણથી' - ઉત્તરોત્તર ઉજ્જૃંભણ - અત્યંત ઉત્કટ વૃદ્ધિ પામતી નિર્જરાના પ્રવિકસનથી ક્ષય પમાડતો - 'प्राग्बद्धं तु क्षयमुपनयन् निर्जरोज्जृम्भणेन ।' એવો 'સમ્યગ્દૃષ્ટિ' - વસ્તુતત્ત્વને સમ્યક્‌પણે દેખતી સમ્યગ્દૃષ્ટિ છે જેને એવો સમ્યગ્દૃષ્ટિ નટ स्वयमतिरसात् - 'સ્વયં અતિરસથી', સ્વયં - પોતે - આપોઆપ 'અતિરસથી' - સર્વાતિશાયી પરમ શાંતરસ થકી અથવા તો અતિશય ઉભરાઈ જતા - છલકાઈ જતા - અતિરેક પામતા શુદ્ધ ચૈતન્યમય પરમ શાંતરસથી આદિ - મધ્ય - અંત મુક્ત એવું જ્ઞાન થઈને - 'आदिमध्यांतमुक्तं ज्ञानं भूत्वा' - ગગનાભોગ - રંગ વિગાહીને નાટક કરે છે - 'नटति गगनाभोग रंगं विगाह्य ।' અર્થાત્ 'ગગનાભોગ' - આકાશ વિસ્તાર રૂપ રંગભૂમિને કેવલ જ્ઞાનથી પૂર્ણપણે વ્યાપીને સાક્ષાત્ સમયસારભૂત શિવરૂપ કેવલજ્ઞાન સંપન્ન જિનરાજ થઈ પરમાનંદમય અલૌકિક અધ્યાત્મ નાટક કરે છે !!

આમ અદ્‌ભુત નાટકીય રીતિથી આ અધિકારનો પરમ ભવ્ય (grand) ઉપસંહાર કરતાં **પરમ પરમાર્થ કવીશ્વર અમૃતચંદ્રજી** આ અમૃત (Immortal, neetar - like) કળશ કાવ્યનું સર્જન કર્યું છે.

એમ નિર્જરા 'નિષ્ક્રાંત' થઈ, પોતાના વક્તવ્યનો ભાગ ભજવી આ અધ્યાત્મ નાટકની રંગભૂમિ પરથી રવાના થઈ અને આમ પદે પદે જ્યાં આત્માની ખ્યાતિ કરવામાં આવી છે, એવી આ યથાર્થનામા ભગવતી **'આત્મખ્યાતિ'**ની ખ્યાતિથી જેના દિવ્ય આત્માની ખ્યાતિ - **'આત્મખ્યાતિ'** જગત્ ખ્યાત છે એવા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** વિરચેલી આ **'આત્મખ્યાતિ'** વ્યાખ્યામાં અત્રે અધ્યાત્મ નાટકમાં છઠ્ઠો નિર્જરા પ્રરૂપક અંક સમાપ્ત થયો. इति सिद्धं, ॐ नमः सिद्धम् ।

**॥ इति निर्जरा निष्क्रांता ॥**

**॥ इति श्रीमद् अमृतचंद्रसूरि विरचितायां समयसारव्याख्यायात्मख्यातौ**

**निर्जराप्ररूपक षष्ठोऽकः ॥६॥**

**॥ इति भगवती 'आत्मख्याति' उपरि डॉ.भगवानदास कृत 'अमृत ज्योति' महाभाष्ये**

**निर्जरा प्ररूपकः षष्ठो अधिकारः ॥६॥**

## ॥ अथ बंधाधिकारः ॥७॥

### સમયસાર વ્યાખ્યા 'આત્મખ્યાતિ'માં

### બંધ પ્રરૂપક

### સપ્તમ અંક

આ **સમયસાર** અધ્યાત્મ મહાનાટકમાં 'નિર્જરા' નામનો છઠ્ઠો અંક પૂરો થયા પછી, હવે અત્ર 'બંધ' નામક સાતમો અંક શરૂ થાય છે. તેમાં - બંધનું તાદૃશ્ય સ્વરૂપ દાખવતું અને તે બંધને ધૂણી નાંખનારા જ્ઞાનનું પરમ અદ્‌ભુત પરાક્રમ - માહાત્મ્ય સૂચવતું, **સ્વભાવોક્તિમય** સુંદર હૃદયંગમ શબ્દચિત્ર આલેખતો આ પરમ તત્ત્વામૃતરસ સંભૃત અમૃત **સમયસાર કળશ** (૧) ઉપન્યસતાં, પરમ **પરમાર્થ મહાકવિ પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** આ અંકનું મંગલ ઉદ્‌ઘાટન કરે છે -

अथ प्रविशति बंधः - હવે બંધ પ્રવેશે છે -

शार्दूलविक्रीडित

**रागोद्गारमहारसेन सकलं कृत्वा प्रमत्तं जगत्,**
**क्रीडंतं रसभारनिर्भरमहानाट्येन बंधं धुनत् ।**
**आनंदामृतनित्यभोजिसहजावस्थां स्फुटं नाटयद्,**
**धीरोदारमनाकुलं निरुपधिज्ञानं समुन्मज्जति ॥१६३॥**

રાગોદ્‌ગાર મહારસે કરી જગત્ બંધુ ઉન્માદથી ઘૂમતું,
ક્રીડંતો રસપૂર્ણ નાટ્યથી મહા તે બંધને ધૂણતું;
આનંદામૃત નિત્યભોજિ સહજાવસ્થા સ્ફુટં નાટતું,
ધીરોદાર અનાકુલું નિરુપધિ આ જ્ઞાન ઉન્મજ્જતું. ૧૬૩


### અમૃત પદ-૧૬૩

બંધનું નાટક ખતમ કરંતો, જ્ઞાન નાયક આ ઉઠ્યો,
જ્ઞાન-**અમૃતચંદ્ર** વરષંતો, જ્ઞાન અમૃતરસ વૂઠ્યો... બંધનું નાટક. ૧
રાગ-ઓડકારો આવે તે, મોહ મહારસ પાતો,
જગત સકલને પ્રમત્ત કરંતો, બંધ મહામદ માતો... બંધનું નાટક. ૨
રસ ભારે, નિર્ભર જ ભરેલું, ભવનાટક ભજવા'તો,
ક્રીડંતો જે જગ બંધંતો, બંધ આવો આ ફગા'તો... બંધનું નાટક. ૩
આનંદામૃત નિત ભોજંતી, સહજાવસ્થા નાટ'તો,
ધીરોદાર અનાકુલ એવો, જ્ઞાન જ્ઞાયક પ્રગટાતો... બંધનું નાટક. ૪
સહજ સમાધિ સુખ પ્રગટાવી, અંતરમાં મલકાતો,
કર્મ ઉપાધિ સુખ પ્રગટાવી, નિરુપાધિ ઉલસાતો... બંધનું નાટક. ૫
ઉંચી ઉંચી જ્ઞાનદશાને, ફરસી ઉન્મજ્જાતો,
ભગવાન જ્ઞાન **અમૃતચંદ્ર** એવો, જ્ઞાન અમૃતરસ પાતો... બંધનું નાટક. ૬

**અર્થ** - રાગ ઉદ્‌ગાર-મહારસથી (રાગરૂપ ઓડકારથી) સકલ જગત્‌ને પ્રમત્ત કરીને રસભારથી

નિર્ભર મહાનાટ્યથી ક્રીડંતા એવા બંધને ધૂણી નાંખતું, એવું આનંદામૃત નિત્યભોજિ (નિત્ય ભોગવનાર સહજ અવસ્થાને સ્ફુટપણે નટાવતું ધીરોદાર અનાકુલ નિરુપધિ જ્ઞાન સમુન્મજજે છે. (સમ્યક્પણે ઉન્મગ્ન થાય છે).

આકૃતિ




## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય (વિવેચન)

''જ્ઞાનીની પરિપક્વ અવસ્થા (દશા) થયે સર્વ પ્રકારે રાગ, દ્વેષની નિવૃત્તિ હોય એમ અમારી માન્યતા છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૨૦૭), ૨૩૫**

અત્રે સમયસાર અધ્યાત્મ રંગભૂમિમાં **'બંધ'** નામનો મહાયોધો પ્રવેશ કરે છે, પણ ત્યાં તેને લીલા માત્રમાં ઉડાવી દેનારૂં **'જ્ઞાન'** નામનું મહાવીર પાત્ર સમુન્મગ્ન થાય છે. આવા ભાવનું આ બંધ અધિકારનું મંગલ કલશ કાવ્ય સર્જન કરતાં, નૈસર્ગિક મહાકવીશ્વર (Born-poet) **અમૃતચંદ્રાચાર્યજીએ** આ બન્ને પાત્રનું તત્ત્વ સર્વસ્વ સમર્પક **સ્વભાવોક્તિમય** તાદૃશ્ય નિસર્ગ ચિત્ર રજૂ કર્યું છે. (Life-like picture) આ બંધ પાત્ર કેવું છે ? મહા ઠગ જેવું છે. જેમ કોઈ ઠગ મદિરા પીવડાવી જનને મત્ત-પ્રમત્ત બનાવી ક્રીડા કરે - લ્હેર ઉડાવે, તેમ રાગ જેના ઉદ્ગાર - ઓડકાર નીકળે છે એવા 'પેટ ભરીને' પીવડાવેલા મહા મોહરસથી - 'रागोद्गार महारसेन' સકલ - આખા જગત્‌ને પ્રમત્ત કરી - 'सकलं कृत्वा प्रमत्तं जगत्', પોતાના સ્વરૂપથી પ્રભ્રષ્ટ કરી, મોહમયી મદિરાના પાનથી ઉન્મત્ત કરી - પાગલ બનાવી, આ ઠગાધિરાજ 'બંધ' મહાયોદ્ધો રસભાર નિર્ભર મહાનાટ્યથી ક્રીડા કરી રહ્યો છે - 'क्रीडंतं रसभारनिर्भमहानाट्येन', સકલ જગજ્જીવોને નાનાવિધ પ્રકૃતિ - સ્થિતિ - રસ - પ્રદેશ બંધમય ગાઢ બંધન-દુઃખમાં નાંખી, સંસારની જેલમાં પૂરી, આ ચતુર્ગતિમય મહા સંસારનાટક ભજવાવતો લીલા લ્હેર કરી રહ્યો છે. આમ મોહ ધૂતરો પીવડાવી ઈંદ્ર - ચંદ્ર - નાગેંદ્રાદિ સકલ જગત્‌ને પાગલ બનાવતા, આવા મહા ધૂતારા ત્રૈલોક્ય ચક્રવર્તી બંધ જેવા મહાસમર્થ યોદ્ધાને પણ અસમર્થ બનાવવા જો કોઈ પરમ સમર્થ હોય, તો તે બંધને ધૂણી નાંખતું **'જ્ઞાન'** મહાપાત્ર જ છે, 'बंधं धुनत्', સંસારની હેડમાં પૂરનારા ત્રિભુવન બંધક બંધને પણ આ ત્રિભુવન બંધુ જ્ઞાન ધૂણી નાંખે છે, ધૂળની જેમ ખંખેરી નાંખે છે - ઉડાવી દ્યે છે, લીલા માત્રમાં ફગાવી દ્યે છે, એવું તે સંસારની હેડને તોડનારૂં પરમ સમર્થ છે.

બંધને ધૂણી નાંખતું આવું પરમ પરાક્રમી જ્ઞાન કેવું છે ? (૧) 'आनंदामृतनित्यभोजि' - આનંદામૃત નિત્યભોજિ છે, આનંદ રૂપ અમૃતનું સદા ભોજન કરનારૂં, રમણપણે અનુભવ કરનારૂં છે. (૨) એમ કેમ છે ? તો કે - 'સહજાવસ્થાને સ્ફુટપણે નટવતું' - सहजावस्थां स्फुटं नाटयद् એવું છે માટે, અર્થાત્ આત્માની સહજન્મા-સહજ-સ્વભાવભૂત અવસ્થાને-દશાને **'સહજાત્મસ્વરૂપ'ને** સ્ફુટપણે પ્રત્યક્ષ પ્રગટ અનુભવસિદ્ધપણે ભજવી દેખાડનારૂં છે, દુઃખમય મહાબંધન ક્લેશ રૂપ વિભાવ દશાને દૂર કરી, પરમ સુખમય મોક્ષરૂપ સ્વભાવ દશાને પ્રગટ નટવી દેખાડનારૂં છે, એટલે જ તે આત્માના સ્વભાવભૂત આનંદ અમૃતનું 'નિત્ય ભોજન' કરાવનારૂં - અનુભવન - અનુભવ સ્વાદન કરાવનારૂં છે.

(૩) આમ વિભાવ દશાને દૂર કરી, સ્વભાવ દશાને પ્રગટ કર્યાથી તે નાટકના નાયકની પેઠે 'ધીરોદાર' - 'धीरोदारम्' છે, અર્થાત્ 'ધી'થી - શુદ્ધ બુદ્ધિથી 'રા' - રાજનાર શોભનાર રાજમાન રાજેશ્રી હોવાથી, ધીર અને સર્વ જ્ઞેયને પોતાના વિશાલ પટમાં સમાવી દેનાર વિશાલ હોવાથી ઉદાર છે. (૪) અને આવું તે ધીરોદાર પણ શાથી છે ? અનાકુલ છે માટે - 'अनाकुलं', અર્થાત્ કોઈ પણ પરભાવની-વિભાવની આકુલતા નહિ હોવાથી, તે પરમ અનાકુલ - પરમ સુખમય છે. (૫) અને આવું અનાકુલ પણ તે શાથી છે ? નિરુપધિ છે માટે - 'निरुपधि', દ્રવ્ય કર્મરૂપ પરભાવની અને ભાવકર્મ રૂપ વિભાવની ઉપાધિથી નિર્ગત - બ્હાર નીકળી ગયેલ - સર્વથા રહિત છે માટે. આવું નિરુપધિ, અનાકુલ, ધીરોદાર, સહજાવસ્થા સ્ફુટપણે નટવતું - **'સહજાત્મસ્વરૂપ'** આનંદામૃત નિત્યભોજિ જ્ઞાન સમુન્મજ્જે છે - 'ज्ञानं समुन्मज्जति', જલમાં નિમગ્ન વસ્તુ જેમ સમુન્મજ્જન પામે - ઉપર ઉલસી આવે, ઉંચે ને ઉંચે આવી તરતી થાય, તેમ કર્મ-આવરણ જલમાં નિમગ્ન આ જ્ઞાન સમુન્મજ્જન પામે છે, સમ્યક્ ઉન્મજ્જન પામે છે, ઉપર ઉલસી આવે છે, ઉત્તરોત્તર સમુલ્લાસ - સુવિકાસ પામતું જાય છે. અહો ! આ અધ્યાત્મ મહાનાટકના દૃષ્ટા - શ્રોતા મુમુક્ષુ જનો ! જ્ઞાન પિપાસુ સંતજનો ! આ પરમાનંદમય જ્ઞાન જ પરમ ક્લેશમય બંધને ફગાવી દેનારૂં છે, બંધના ભુક્કા કાઢી નાંખનારા આ જ્ઞાનનું પરમ અદ્‌ભુત પરાક્રમ આ અધિકારમાં તમે પદે પદે દેખશો. એમ પરમ મંગલમૂર્ત્તિ અમૃતચંદ્રજીના આ મંગલ રૂપ અમૃત કાવ્ય-કળશનો સંક્ષેપમાં તાત્પર્યાર્થ છે.

जह णाम कोवि पुरिसो णेहभत्तो दु रेणुबहुलम्मि ।
ठाणम्मि ठाइदूण य करेइ सत्थेहिं वायामं ॥२३७॥
छिंददि भिंददि य तहा तालीतलकयलिवंसपिंडीओ ।
सच्चित्ताचित्ताणं करेइ दव्वाणमुवघायं ॥२३८॥
उवघायं कुव्वंतस्स तस्स णाणाविहेहिं करणेहिं ।
णिच्छयदो चिंतिज्जहु किंपच्चयगो दु रयबंधो ॥२३९॥
जो सो दु णेहभावो तह्मि णरे तेण तस्स रयबंधो ।
णिच्छयदो विण्णेयं ण कायचेट्ठाहिं सेसाहिं ॥२४०॥
एवं मिच्छादिट्ठी वट्टंतो बहुविहासु चिट्ठासु ।
रायाइं उवओगे कुव्वंतो लिप्पइ रयेण ॥२४१॥

## (કાવ્યાનુવાદઃ સજ્ઝાય)

'પંથડો નિહાળું રે બીજા જિન તણો રે' - એ રાગ

(અજ્ઞાની બાંધે છે બંધને રે, જ્ઞાની હોય અબંધ - ધ્રુવપદ)

જેમ પુરુષ કો સ્નેહાભ્યક્ત ખરે રે ! રેણુબહુલે સ્થાન,
સ્થિતિ કરીને સ્ફુટપણે કરે રે, શસ્ત્રો વડે વ્યાયામ... અજ્ઞાની બાંધે છે બંધને રે. ૨૩૭
છેદે ભેદે તાડી કદલી વળી રે, વંશ પિંડી સંઘાત,
સચિત્ત અચિત્ત દ્રવ્યો તણો રે, કરે છે તે ઉપઘાત... અજ્ઞાની બાંધે છે બંધને રે. ૨૩૮
નાનાવિધ કરણોથી તેહને રે, કરતાં એમ ઉપઘાત,
શું-પ્રત્યયથી રજબંધ ? ચિંતવો રે, નિશ્ચયથી એ વાત... અજ્ઞાની બાંધે છે. ૨૩૯
જે તે સ્નેહભાવ તે નરમાં ખરે રે ! તેથી જ તસ રજબંધ,
જાણવું નિશ્ચયથી પણ શેષ તે રે, કાયચેષ્ટાથી ન બંધ... અજ્ઞાની બાંધે છે. ૨૪૦
એમ મિથ્યાદૃષ્ટિ તો વર્ત્તતો રે, બહુવિધ ચેષ્ટામાં ય,
રાગાદિ કરતો ઉપયોગમાં રે, રજથી નકી લેપાય... અજ્ઞાની બાંધે છે. ૨૪૧

---

**आत्मभावना** -

यथा नाम - જેમ ખરેખર ! નિશ્ચયે કરીને સ્ફુટપણે कोऽपि पुरुषः स्नेहाभ्यक्तस्तु - કોઈ પણ પુરુષ સ્નેહાભ્યક્ત એવો - સ્નેહ - તેલ ચોપડેલ છે એવો, रेणुबहुले स्थाने स्थित्वा च - રેણુ બહુલ - પુષ્કળ ધૂળ છે એવા સ્થાનમાં સ્થિત થઈને शस्त्रैर्व्यायामं करोति - શસ્ત્રો વડે વ્યાયામ કરે છે, ॥२३७॥ तथा तालीतलकदलीवंशपिंडीः छिनत्ति भिनत्ति च - તથા તાડી તલ - કદલી - વંશની પિંડીઓ છેદે છે અને ભેદે છે, सचित्ताचित्तानां द्रव्याणामुपघातं करोति - સચિત્ત - સજીવ અચિત્ત - નિર્જીવ દ્રવ્યોનો ઉપઘાત કરે છે, ॥२३८॥ नानाविधैः करणैः उपघातं कुर्वतस्तस्य - નાનાવિધ - નાના પ્રકારના કરણોથી ઉપઘાત કરતા તેને, निश्चयतश्चिंत्यतां - **નિશ્ચયથી ચિંતવો** - किंप्रत्ययिकस्तु तस्य रजोबंधः - શું - પ્રત્યયવાળો - શું કારણિક તેનો રજોબંધ છે ? ॥२३९॥ तस्मिन् नरे यः स तु स्नेहभावः - તે નરમાં - પુરુષમાં જે તે સ્નેહભાવ, तेन तस्य रजोबंधः - તેના વડે કરીને તેને રજોબંધ છે, એમ निश्चयतो विज्ञेयं - નિશ્ચયથી વિજ્ઞેય - વિશેષે કરીને જાણવું યોગ્ય છે, न कायचेष्टाभिः शेषाभिः - નહિ કે શેષ - બાકીની કાયચેષ્ટાઓથી. ॥२४०॥ एवं - એમ मिथ्यादृष्टिः - મિથ્યાદૃષ્ટિ वर्तमानो बहुविधासु चेष्टासु - બહુવિધ-બહુ પ્રકારની ચેષ્ટાઓમાં વર્ત્તમાન - વર્ત્તતો સતો, रागादीनुपयोगे कुर्वाणो - રાગાદિ ઉપયોગમાં કરતો, रजसा लिप्यते - રજથી લેપાય છે - ખરડાય છે. ॥२४१॥ इति **गाथा** आत्मभावना ॥२३७-२४१॥

અર્થ - જેમ સ્ફુટપણે કોઈ પણ પુરુષ સ્નેહાભ્યક્ત (તેલ ચોપડેલો) એવો રેણુબહુલ સ્થાનમાં સ્થિતિ કરીને શસ્ત્રો વડે વ્યાયામ કરે છે, ૨૩૭

તથા તાડી, તમાલ, કદલી, વંશ પિંડીઓને છેદે છે અને ભેદે છે, સચિત્ત-અચિત્ત દ્રવ્યોનો ઉપઘાત કરે છે, ૨૩૮

નાનાવિધ કરણો વડે ઉપઘાત કરતા એવા તેને, નિશ્ચયથી ચિંતવો, ખરેખર ! શું-પ્રત્યયિક (શું નિમિત્તે) રજબંધ છે ? ૨૩૯

જે તે સ્નેહભાવ તે નરમાં છે, તેથીજ તેને રજબંધ નિશ્ચયથી જાણવો, નહિ કે શેષ (બાકીની) કાય ચેષ્ટાઓથી, ૨૪૦

એમ મિથ્યાદૃષ્ટિ બહુવિધ ચેષ્ટાઓમાં વર્તતાં, રાગાદિ ઉપયોગમાં કરતો, રજથી લેપાય છે. ૨૪૧

## आत्मख्याति टीका

**यथा नाम कोऽपि पुरुषः स्नेहाभ्यक्तस्तु रेणुबहुले ।**
**स्थाने स्थित्वा च करोति शस्त्रैर्व्यायामं ॥२३७॥**
**छिनत्ति भिनत्ति च तथा तालीतलकदलीवंशपिंडीः ।**
**सुचित्ताचित्तानां करोति द्रव्याणामुपघातं ॥२३८॥**
**उपघातं कुर्वतस्तस्य नानाविधैः करणैः ।**
**निश्चयतश्चिंत्यतां किंप्रत्ययिकस्तु तस्य रजोबंधः ॥२३९॥**
**यः स तु स्नेहभावस्तस्मिन्नरे तेन तस्य रजोबंधः ।**
**निश्चयतो विज्ञेयं न कायचेष्टाभिः शेषाभिः ॥२४०॥**
**एवं मिथ्यादृष्टि वर्तमानो बहुविधासु चेष्टासु ।**
**रागादीनुपयोगे कुर्वाणो लिप्यते रजसा ॥२४१॥**

---

इह खलु - અહીં ખરેખર ! નિશ્ચયે કરીને यथा - જેમ कश्चित् पुरुषः - કોઈ પુરુષ स्नेहाभ्यक्तः - સ્નેહાભ્યક્ત, સ્નેહ - તેલ અભ્યક્ત - અભ્યંગ કરેલ - ચોપડેલ એવો, स्वभावतः एव रजोबहुलायां भूमौ स्थितः - સ્વભાવથી જ રજોબહુલ - જ્યાં રજ પુષ્કળ છે એવી ભૂમિમાં - સ્થિત - સ્થિતિ કરતો સતો, शस्त्रव्यायामकर्म कुर्वाणः - શસ્ત્ર વ્યાયામ કર્મ કરતો, अनेकप्रकारकरणैः सचित्ताचित्तवस्तूनि निघ्नन् - અનેક પ્રકારના કરણો વડે સચિત્ત - સજીવ અચિત્ત - નિર્જીવ વસ્તુઓને હણતાં, रजसा बध्यते - રજથી બંધાય છે, तस्य कतमो बंधहेतुः ? તેને બંધહેતુ કોઈ એક કર્યો છે ? (તેમાં) - (૧) न तावत् स्वभावत एव रजोबहुला भूमिः - પ્રથમ તો સ્વભાવથી જ રજોબહુલ ભૂમિ તો નહિ, શાને લીધે ? स्नेहानभ्यक्तानामपि तत्रस्थानां तत्प्रसंगात् - સ્નેહ અનભ્યક્ત - સ્નેહ અભ્યંગ નહિ કરેલ - તેલ નહિ ચોપડેલ એવા પણ તત્રસ્થોને - ત્યાં સ્થિતિ કરનારાઓને તેના - બંધના પ્રસંગને લીધે, (૨) न शस्त्रव्यायामकर्म - નથી શસ્ત્ર વ્યાયામ કર્મ (બંધહેતુ), શાને લીધે ? स्नेहानभ्यक्तानामपि तस्मात् तत्प्रसंगात् - સ્નેહ અનભ્યક્તોને - તેલ નહિ ચોપડેલાઓને પણ તે થકી - શસ્ત્ર વ્યાયામ કર્મ થકી તેના - બંધના પ્રસંગને લીધે. (૩) नानेकप्रकारकरणानि - નથી અનેક પ્રકારના કરણો - અટપટાના દાવ બંધહેતુ, શાને લીધે ? स्नेहानभ्यक्तानामपि तैस्तत्प्रसंगात् સ્નેહ અનભ્યક્તોને - તેલ નહિ ચોપડેલાઓને તેઓથી - તે કરણોથી તેના - બંધના પ્રસંગને લીધે. (૪) न सचित्ताचित्तवस्तूपघातः - નથી સચિત્ત - સજીવ અચિત્ત - અજીવ વસ્તુઓનો ઉપઘાત બંધહેતુ, શાને લીધે ? स्नेहानभ्यक्तानामपि तस्मिंस्तत्प्रसंगात् - સ્નેહ અનભ્યક્તોને - તેલ નહિ ચોપડેલાઓને પણ તેમાં - તે સચિત્તાચિત્ત વસ્તુ ઉપઘાત સતે તેના - બંધના પ્રસંગને લીધે. ततो न्यायबलेनैवैतदायातं - તેથી ન્યાયબલથી જ આ આવ્યું - यत्तस्मिन् पुरुषे स्नेहाभ्यंगकरणं - જે તે પુરુષમાં સ્નેહાભ્યંગકરણ - તેલ ચોપડવાનું કરવું स बंधहेतुः - તે બંધહેતુ છે. एवं मिथ्यादृष्टिः - એમ - એ જ પ્રકારે મિથ્યાદૃષ્ટિ आत्मनि रागादीन् कुर्वाणः - આત્મામાં રાગાદિ કરતો એવો,

**इह खलु यथा कश्चित् पुरुषः**
स्नेहाभ्यक्तः
स्वभावत एव रजोबहुलायां **भूमौ** स्थितः
शस्त्रव्यायामकर्म कुर्वाणः
अनेकप्रकार**करणैः**
**सचित्ताचित्तवस्तूनि निघ्नन्**
**रजसा बध्यते** ।
**तस्य कतमो बंधहेतुः** ?
न तावत् स्वभावत एव रजोबहुला भूमिः,
स्नेहानभ्यक्तानामपि तत्रस्थानां तत्प्रसंगात् ।
न शस्त्रव्यायामकर्म,
स्नेहानभ्यक्तानामपि तस्मात् तत्प्रसंगात् ।
नानेकप्रकारकरणानि,
स्नेहानभ्यक्तानामपि तैस्तत्प्रसंगात् ।
न सचित्ताचित्तवस्तूपघातः,
स्नेहभ्यक्तानामपि तस्मिंस्तत्प्रसंगात् ।
ततो न्यायबलेनैवैतदायातं
**यत्तस्मिन् पुरुषे स्नेहा**भ्यंगकरणं
**स बंधहेतुः** ।

एवं मिथ्यादृष्टिः
आत्मनि रागादीन् कुर्वाणः
स्वभावत एव कर्मयोग्यपुद्गलबहुले लोके
कायवाङ्मनःकर्म कुर्वाणो -
ऽनेकप्रकारकरणैः
सचित्ताचित्तवस्तूनि निघ्नन्
कर्मरजसा बध्यते ।
तस्य कतमो बंधहेतुः ?
न तावत् स्वभावत एव कर्मयोग्यपुद्गल बहुलो लोकः,
सिद्धानामपि तत्रस्थानां तत्प्रसंगात् ।
न कायवाङ्मनःकर्म,
यथाख्यातसंयतानामपि तत्प्रसंगात् ।
नानेकप्रकारकरणानि,
केवलज्ञानिनामपि तत्प्रसंगात् ।
न सचित्ताचित्तवस्तूपघातः,
समितितत्पराणामपि तत्प्रसंगात् ।
ततो न्यायबलेनैवैतदायातं
यदुपयो**गे** रागादिकरणं
स बंधहेतुः ॥२३७-२४१॥

---

स्वभावत एव कर्मयोग्यपुद्गलबहुले लोके - **સ્વભાવથી જ કર્મયોગ્ય પુદ્ગલબહુલ - જ્યાં પુષ્કળ પુદ્ગલ છે એવા લોકને વિષે,** कायवाङ्मनःकर्म कुर्वाणो - **કાય-વાઙ્-મનઃ કર્મ કરતો,** अनेकप्रकारकरणैः सचित्ताचित्तवस्तूनि निघ्नन् - **અનેક પ્રકારના કરણો વડે સચિત્ત - સજીવ અચિત્ત - અજીવ વસ્તુઓ હણતાં** कर्मरजसा बध्यते - **કર્મરજથી બંધાય છે,** तस्य कतमो बंधहेतुः - **તેને બંધહેતુ કોઈ એક કયો છે ? (૧)** न तावत् स्वभावत एव कर्मयोग्यपुद्गलबहुलो लोकः - **(તેમાં) પ્રથમ તો નથી સ્વભાવથી જ કર્મ યોગ્ય પુદ્ગલબહુલ - જ્યાં પુષ્કળ પુદ્ગલ છે એવો લોક (બંધહેતુ) એમ શાને લીધે ?** सिद्धानामपि तत्रस्थानां तत्प्रसंगात् - **સિદ્ધોને પણ તત્રસ્થોને - ત્યાં સ્થિતિ કરનારા એવાઓને તેના - બંધના પ્રસંગને લીધે. (૨)** न कायवाङ्मनःकर्म - **નથી કાય-વાઙ્-મનઃ કર્મ (બંધ હેતુ), શાને લીધે ?** यथाख्यात संयतानामपि तत्प्रसंगात् - **યથાખ્યાત સંયતોને પણ તેના - બંધના પ્રસંગને લીધે. (૩)** नानेकप्रकारकरणानि - **નથી અનેક પ્રકારના કરણો (બંધહેતુ), શાને લીધે ?** केवलज्ञानिनामपि तत्प्रसंगात् **કેવલજ્ઞાનીઓને પણ તેના - બંધના પ્રસંગને લીધે. (૪)** न सचित्ताचित्तवस्तूपघातः - **નથી સચિત્ત - સજીવ અચિત્ત - અજીવ વસ્તુનો ઉપઘાત (બંધ હેતુ), શાને લીધે ?** समितितत्पराणमपि तत्प्रसंगात् - **સમિતિ તત્પરોને પણ તેના - બંધના પ્રસંગને લીધે.** ततो न्यायबलेनैवैतदायातं - **તેથી ન્યાયબલથી જ આ આવ્યું** - उपयोगे रागादिकरणं - **જે ઉપયોગમાં રાગાદિકરણ - રાગાદિનું કરવું** स बंधहेतुः - **તે બંધહેતુ છે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२३७॥२३८॥२३९॥२४०॥२४१॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

અહીં નિશ્ચયે કરીને જેમ કોઈ પુરુષ
સ્નેહાભ્યક્ત (તેલ ચોપડેલ) એવો,
સ્વભાવથી જ રજોબહુલ ભૂમિમાં સ્થિત સતો,
શસ્ત્ર વ્યાયામ કર્મ કરતો,
અનેક પ્રકારના કરણો વડે
સચિત્તાચિત્ત વસ્તુઓને હણતો,
રજથી બંધાય છે,
તેને બંધહેતુ કોઈ એક કયો છે ?
સ્વભાવથી જ રજોબહુલા ભૂમિ તો નહિ -
તત્રસ્થ સ્નેહ અનભ્યક્તોને પણ તેના પ્રસંગને લીધે,
શસ્ત્ર વ્યાયામ કર્મ નહિ -
સ્નેહ અનભ્યક્તોને પણ તે થકી તેના પ્રસંગને લીધે,
અનેક પ્રકારના કરણો નહિ -
સ્નેહ અનભ્યક્તોને પણ તેઓ વડે તેના પ્રસંગને લીધે,
સચિત્તાચિત્ત વસ્તુઓને પણ તેમાં તેના પ્રસંગને લીધે,
તેથી ન્યાયબલથી જ આ આવ્યું કે -
જે તે પુરુષમાં સ્નેહાભ્યંગકરણ
તે બંધહેતુ છે.

એમ મિથ્યાદૃષ્ટિ
આત્મામાં રાગાદિ કરતો એવો,
સ્વભાવથી જ કર્મયોગ્ય પુદ્‌ગલ બહુલ લોકમાં
કાય-વાઙ્-મનઃ કર્મ કરતો,
અનેક પ્રકારના કરણો વડે
સચિત્તાચિત્ત વસ્તુઓને હણતો,
કર્મરજથી બંધાય છે,
તેને બંધહેતુ કોઈ એક કયો છે ?
સ્વભાવથી જ કર્મયોગ્ય પુદ્‌ગલ બહુલ લોક તો નહિ -
તત્રસ્થ સિદ્ધોને પણ તેના પ્રસંગને લીધે,
કાય-વાઙ્-મનઃ કર્મ નહિ -
યથાખ્યાત સંયતોને પણ તેના પ્રસંગને લીધે,
અનેક પ્રકારના કરણો નહિ -
કેવલજ્ઞાનીઓને પણ તેના પ્રસંગને લીધે,
સચિત્તાચિત્ત વસ્તુઓનો ઉપઘાત નહિ -
સમિતિતત્પરોને પણ તેના પ્રસંગને લીધે,
તેથી ન્યાયબલથી જ આ આવ્યું કે -
ઉપયોગમાં રાગાદિ કરણ

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સમસ્ત સંસાર બે પ્રવાહથી વહે છે, પ્રેમથી અને દ્વેષથી. પ્રેમથી વિરક્ત થયા વિના દ્વેષથી છૂટાય નહીં.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૪૮૦), ૫૬૬**

અહીં બંધ અધિકારના આ પ્રારંભિક ગાથા પંચકમાં **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** સ્નેહાભ્યક્ત પુરુષના સુંદર **સ્વભાવોક્તિમય** તાદૃશ્ય શબ્દચિત્ર આલેખતા **દૃષ્ટાંતથી** બંધનું ખરેખરૂં અંતરંગ કારણ પ્રવ્યક્ત કર્યું છે અને આત્મખ્યાતિ કર્તા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** તેનો દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિક ભાવ પોતાની અનન્ય લાક્ષણિક શૈલીથી બિંબ-પ્રતિબિંબપણે સાંગોપાંગ વિવરી દેખાડી નિષ્તુષ સુયુક્તિથી તેનું અંતસ્તત્ત્વ અત્યંત પરિસ્ફુટ કર્યું છે. તેનો ભાવાર્થ આ પ્રકારે -

અહીં જગત્‌ને વિષે સ્ફુટપણે આ પ્રગટ દૃષ્ટાંત છે કે - (જેમ) स्नेहाभ्यक्तः - **'સ્નેહાભ્યક્ત'** - સ્નેહાભ્યંગ કરેલ - તેલ ચોપડેલ એવો કોઈ પુરુષ છે. તે **'સ્વભાવથી જ'** - કુદરતી રીતે જ જ્યાં બહુ પુષ્કળ - પ્રચુર રજ - ધૂળ છે એવી **'રજોબહુલ'** ભૂમિમાં **'સ્થિત'** - સ્થિતિ કરતો સતો - 'स्वभावतः एव रजोबहुलायां भूमौ स्थितः', **શસ્ત્ર વ્યાયામ કર્મ કરે છે, શસ્ત્રોથી - હથિયારોથી વ્યાયામ** - કસરતની ક્રિયા કરે છે અને એમ 'शस्त्र व्यायाम कर्म कुर्वाणः' - શસ્ત્ર વ્યાયામ કર્મ કરતો તે અનેક પ્રકારના કરણો વડે - અટપટાના ખેલ વડે સચિત્તાચિત્ત - સજીવ નિર્જીવ વસ્તુઓને હણતો સતો -


अनेकप्रकारकरणैः सचित्ताचित्तवस्तूनि निघ्नन्, રજથી બંધાય છે, रजसा बध्यते. હવે અત્રે નિશ્ચયથી ચિંતવો કે આમાં તેને બંધનો હેતુ કોઈ એક કયો છે ? तस्य कतमो बंधहेतुः ?

(૧) તેમાં - 'न तावत् स्वभावत एव रजोबहुला भूमिः' - પ્રથમ તો સ્વભાવથી જ રજોબહુલ - ધૂલિ પ્રચુર - પુષ્કળ ધૂળવાળી ભૂમિ તો બંધહેતુ નહિ. શા માટે ? સ્નેહાનભ્યક્ત તત્રસ્થોને તેનો પ્રસંગ આવે માટે - 'स्नेहानभ्यक्तानामपि तत्रस्थानां तत्प्रसंगात्', અર્થાત્ 'સ્નેહાનભ્યક્ત' - સ્નેહથી અનભ્યક્ત - અભ્યંગ નહિ કરેલ, અંગે તેલ નહિ ચોપડેલ એવા 'તત્રસ્થોને' - ત્યાં સ્થિતિ કરનારાઓને તેનો - તે રજઃબંધનો પ્રસંગ આવે માટે, અને તેવો પ્રસંગ તો અનિષ્ટ છે, કારણકે જેણે અંગે તેલ નથી ચોપડ્યું એવા ત્યાં રહેલાઓને રજોબંધ થતો નથી - ધૂળ ચોંટતી નથી, એટલે સ્વભાવથી જ રજોબહુલા ભૂમિ તો બંધ હેતુ નથી. (૨) 'न शस्त्रव्यायामकर्म' - શસ્ત્ર વ્યાયામ કર્મ પણ બંધહેતુ નથી, સ્નેહાનભ્યક્તોને પણ તે થકી તેનો પ્રસંગ આવે માટે, અર્થાત્ સ્નેહથી - તેલથી અનભ્યક્ત - અભ્યંગ નહિ કરેલ - તેલ નહિ ચોપડેલ એવાઓને પણ તે શસ્ત્ર વ્યાયામ કર્મ થકી તે રજોબંધનો પ્રસંગ આવે માટે, અને તેવો પ્રસંગ તો અનિષ્ટ છે, કારણકે જેણે શરીરે તેલ નથી ચોપડ્યું એવાઓને શસ્ત્ર વ્યાયામ કર્મ કરતાં છતાં રજોબંધ થતો નથી, ધૂળ ચોંટતી નથી, એટલે શસ્ત્ર વ્યાયામ કર્મ પણ બંધહેતુ સંભવતું નથી. (૩) 'नानेकप्रकाराणि करणानि' - અનેક પ્રકારના કરણો - જાતજાતના અટપટાના ખેલ પણ બંધહેતુ નથી, સ્નેહાનભ્યક્તોને પણ તેઓ વડે તેનો પ્રસંગ આવે માટે, અર્થાત્ સ્નેહથી - તેલથી અનભ્યક્ત - અભ્યંગ નહિ કરેલ, તેલ નહિ ચોપડેલ એવાઓને પણ તે કરણો વડે તેનો - રજોબંધનો પ્રસંગ આવે માટે અને તેવો પ્રસંગ તો અનિષ્ટ છે, કારણકે જેણે શરીરે તેલ નથી ચોપડ્યું એવાઓને વિવિધ કરણો વર્ત્તતાં છતાં રજોબંધ થતો નથી, ધૂળ ચોંટતી નથી, એટલે અનેક પ્રકારના કરણો પણ બંધહેતુ છે નહિ. (૪) 'न सचित्ताचित्तवस्तूपघातः' - સચિત્તાચિત્ત - સજીવ નિર્જીવ વસ્તુઓનો ઉપઘાત - હિંસન પણ બંધહેતુ નથી - સ્નેહાનભ્યક્તોને પણ તે સતે તેનો પ્રસંગ આવે માટે, અર્થાત્ સ્નેહથી - તેલથી અનભ્યક્ત - અભ્યંગ નહિ કરેલ, તેલ નહિ ચોપડેલ એવાઓને પણ તે સચિત્તાચિત્ત વસ્તુ ઉપઘાત છતાં રજોબંધ થતો નથી, ધૂળ ચોંટતી નથી, એટલે સચિત્તાચિત્ત વસ્તુ ઉપઘાત પણ બંધહેતુ સંભવતો નથી. આમ નથી સ્વભાવથી જ રજોબહુલા ભૂમિ બંધહેતુ, નથી શસ્ત્ર વ્યાયામ કર્મ બંધહેતુ, નથી અનેક પ્રકારના કરણો બંધ હેતુ, નથી સચિત્તાચિત્ત વસ્તુ ઉપઘાત બંધહેતુ, તેથી ન્યાય બલથી જ આ આવ્યું કે જે તે પુરુષમાં 'સ્નેહાભ્યંગકરણ' તે બંધહેતુ છે - यत्तस्मिन् पुरुषे स्नेहाभ्यंकरणं स बंधहेतुः', અર્થાત્ ઉપરોક્ત ચાર કારણમાંથી એક પણ બંધ કારણ સંભવતું નથી, એટલે બાકી રહેલા પારિશેષ્યથી અર્થાપત્તિ ન્યાયના સામર્થ્યથી જ બાકી આ આવીને ઉભું રહ્યું કે જે તે પુરુષમાં 'સ્નેહાભ્યંગકરણ' - સ્નેહથી - તેલથી અભ્યંગકરણ, શરીરે તેલનું ચોપડવું તે જ નિશ્ચયે કરીને બંધહેતુ છે.

તેમ - આત્મામાં રાગાદિ કરતો એવો મિથ્યાદૃષ્ટિ છે - 'एवं मिथ्यादृष्टि आत्मनि रागादीन् कुर्वाणः' તે સ્વભાવથી જ - નિસર્ગથી જ - કુદરતી રીતે જ જ્યાં કર્મયોગ્ય બહુ - પુષ્કળ - પ્રચુર પુદ્ગલ છે એવા કર્મયોગ્ય પુદ્ગલ બહુલ લોકમાં - 'स्वभावतः एव कर्मयोग्यपुद्गलबहुले लोके' કાય-વાङ्-મનઃ કર્મ કરે છે અને એમ 'कायवाङ्मनः कर्म कुर्वाणः' કાય-વાङ्-મનઃ કર્મ કરતો તે અનેક પ્રકારના કારણો વડે સચિત્તાચિત્ત - સજીવ નિર્જીવ વસ્તુઓને હણતો સતો કર્મરજથી બંધાય છે, 'अनेकप्रकारकरणैः सचित्ताचित्तवस्तूनि निघ्नन् कर्मरजसा बध्यते'. હવે અત્રે નિશ્ચયથી ચિંતવો કે આમાં તેને બંધનો હેતુ કોઈ એક કયો છે ? तस्य कतमो बंधहेतुः ?

(૧) 'न तावत् स्वभावत एव कर्मयोग्यपुद्गलबहुलो लोकः' - તેમાં પ્રથમ તો સ્વભાવથી જ કર્મ

યોગ્ય પુદ્ગલ બહુલ લોક તો બંધહેતુ છે નહિ. શા માટે ? 'सिद्धानामपि तत्रस्थानां तत्प्रसंगात्' - સિદ્ધોને પણ - તત્રસ્થોને તેનો પ્રસંગ આવે માટે, અર્થાત્ જો એમ હોય તો ભગવાન્ સિદ્ધો પણ 'તત્રસ્થ' - ત્યાં લોકમાં જ સ્થિતિ કરી રહ્યા છે તેઓને પણ તે કર્મરજ બંધનો પ્રસંગ પ્રાપ્ત થાય માટે, અને તેવો પ્રસંગ તો અનિષ્ટ છે, કારણકે સિદ્ધને સર્વદાને માટે સર્વથા બંધનો અસંભવ જ છે, તેમ તો કોઈ કાળે બની શકે નહિ, એટલે સ્વભાવથી જ કર્મ યોગ્ય પુદ્ગલ બહુલ લોક તો બંધહેતુ નથી જ. (૨) 'न कायवाङ्मनःकर्म' - કાય-વાઙ્-મનઃ કર્મ પણ બંધહેતુ છે નહિ, કારણકે જો તેમ હોય તો યથાખ્યાત સંયતોને પણ તેનો પ્રસંગ આવે માટે - 'यथाख्यातसंयतानामपि तत्प्रसंगात्', - અર્થાત્ આત્માનું નિષ્કષાય વીતરાગ શુદ્ધ સ્વરૂપ જેવું આખ્યાત અથવા ખ્યાત છે એવા 'યથાખ્યાત' ચારિત્ર - સંયમ સંપન્ન જે પરમ સંયતો છે, તેઓને પણ કાય-વાઙ્-મનઃ કર્મ હોઈ બંધનો પ્રસંગ પ્રાપ્ત થાય માટે અને તેવો પ્રસંગ તો અનિષ્ટ છે, કારણકે કાય-વાઙ્-મનઃ કર્મ છતાં તથારૂપ યથાખ્યાત સંયતોને નિષ્કષાય વીતરાગપણાને લીધે બંધ પ્રસંગ કોઈ કાળે બની શકે નહિ, એટલે કાય-વાઙ્-મનઃ કર્મ પણ બંધહેતુ સંભવતું નથી. (૩) 'नानेकप्रकारकरणानि' - અનેક પ્રકારના કરણો પણ બંધહેતુ છે નહિ. શા માટે ? કેવલજ્ઞાનીઓને પણ તેનો પ્રસંગ આવે માટે - 'केवलज्ञानिनामपि तत्प्रसंगात्', અને તેવો પ્રસંગ તો અનિષ્ટ છે, કારણકે અનેક પ્રકારના કરણો છતાં કેવલજ્ઞાનીઓને તેમ બંધ પ્રસંગ કોઈ કાળે બની શકવો અસંભવ છે, એટલે અનેક પ્રકારના કરણો પણ બંધહેતુ છે નહિ. (૪) 'न सचित्ताचित्तवस्तूपघातः' - સચિત્તાચિત્ત - સજીવ નિર્જીવ વસ્તુઓનો ઉપઘાત - હિંસન પણ બંધહેતુ નથી. શા માટે ? સમિતિતત્પરોને પણ તેનો પ્રસંગ આવે માટે - 'समितितत्पराणामपि तत्प्रसंगात्', અર્થાત્ ઈર્યાસમિતિ આદિ પંચસમિતિપાલકશ્વરોને પણ તેનો - બંધનો પ્રસંગ આવે માટે, અને તેવો પ્રસંગ તો અનિષ્ટ છે, કારણકે જાણ્યે - અજાણ્યે સચિત્તાચિત્ત વસ્તુઓનો ઉપઘાત છતાં સમિતિપરાયણ યતનાવંત સાધુઓને તેમ બંધ પ્રસંગ કોઈ કાળે બની શકે નહિ, એટલે સચિત્તાચિત્ત વસ્તુ ઉપઘાત પણ બંધહેતુ નથી, કાય-વાઙ્-મનઃ કર્મ બંધહેતુ નથી, અનેક પ્રકારના કરણો બંધહેતુ નથી, સચિત્તાચિત્ત વસ્તુ ઉપઘાત બંધહેતુ, તેથી ન્યાયબલથી જ આ આવ્યું કે - જે ઉપયોગમાં 'રાગાદિકરણ' તે બંધહેતુ છે, 'यदुपयोगे रागादिकरणं स बंधहेतुः' નથી, અર્થાત્ ઉપરોક્ત ચાર કારણમાંથી કોઈ પણ બંધકારણ સંભવતું નથી, એટલે બાકી રહેલ - પારિશેષ્યથી અર્થાપત્તિ ન્યાયના સામર્થ્યથી જ બાકી આ આવીને ઉભું રહ્યું કે જે ઉપયોગમાં 'રાગાદિ કરણ' રાગાદિનું કરવું તે જ નિશ્ચયે કરીને બંધહેતુ છે.



ઉક્તની પરિપુષ્ટિ કરતો સારસમુચ્ચય રૂપ સમયસાર કળશ (૨) પ્રકાશે છે -

पृथ्वी वृत्त

**न कर्मबहुलं जगन्न चलनात्मकं कर्म वा,**
**न नैककरणानि वा न चिदचिद्वधो बंधकृत् ।**
**यदैक्यमुपयोगभूः समुपयाति रागादिभिः,**
**स एव किल केवलं भवति बंधहेतु र्नृणाम् ॥१६४॥**

ન કર્મ બહુલું જગત્ ન ચલનાત્મકં કર્મ વા,
ન નૈક કરણો ન બંધકર ચિદ્ અચિદ્ ઘાત વા;
સ્વ ઐક્ય ઉપયોગભૂ લહત જે રાગાદિશું,
સ કેવલ જ બંધહેતુ નરને ન બીજું કશું. ૧૬૪

## અમૃત પદ-૧૬૪

'શ્રી સીમંધર જિનવર સ્વામી, વિનતડી અવધારો' - એ રાગ

બંધનો હેતુ વિચારો રે સજના ! બંધનો હેતુ વિચારો... (૨)... ૧
કાર્મણ વર્ગણા વ્યાપ્ત જગત્ આ, બંધ કરનાર ન થાવે,
જો થાવે તો સિદ્ધ ભગવાનને, બંધનો પ્રસંગ આવે... રે સજના ! બંધનો હેતુ વિચારો. ૨
મન વચ કાયા કર્મ ચલન રૂપ, બંધ કરનાર ન થાવે,
જો થાવે તો યથાખ્યાત સંયત, જ્ઞાની પણ બંધ પાવે... રે સજના ! બંધનો હેતુ વિચારો. ૩
કરણો પણ અનેક પ્રકારના, બંધ કરનાર ન થાવે,
જો થાવે તો કેવલ જ્ઞાની, ભગવંતો ય બંધ પાવે... રે સજના ! બંધનો હેતુ વિચારો. ૪
સચિત્તાચિત્ત વસ્તુ ઉપઘાતો, બંધ કરનાર ન થાવે,
જો થાવે તો સમિતિ પરાયણ, સાધુને પણ બંધ આવે... રે સજના ! બંધનો હેતુ વિચારો. ૫
આ ઉપયોગભૂમિ આત્મા જે, રાગાદિથી ઐક્ય પાવે,
તેહ જ કેવલ બંધનો હેતુ, સ્નેહાભ્યંગ જ્યમ થાવે... રે સજના ! બંધનો હેતુ વિચારો. ૬
સ્નેહાભ્યક્ત દૃષ્ટાંતે બંધનું, તત્ત્વ વિજ્ઞાન દિખાવે,
નિષ્તુષ યુક્તિથી સમજાવી, ભગવાન અમૃત ગાવે... રે સજના ! બંધનો હેતુ વિચારો. ૭

**અર્થ** - નથી કર્મ બહુલ જગત્, વા નથી ચલનાત્મક કર્મ, વા નથી અનેક કરણો, વા નથી ચિદ્-અચિદ્ (સચિત્ત-અચિત્ત) વધ બંધ કરનારો, ઉપયોગભૂ (આત્મા) જે રાગાદિ સાથે ઐક્ય (એકપણું) પામે છે, તે જ કેવલ નિશ્ચયે કરીને નરોને બંધહેતુ હોય છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય


''જ્યાં ત્યાંથી રાગ દ્વેષ રહિત થવું એજ મારો ધર્મ છે અને તે તમને અત્યારે બોધી જઉં છઉં. ** અને તે જ ઉપયોગ રાખજો. ઉપયોગ એ જ સાધના છે. વિશેષ સાધના તે માત્ર સત્પુરુષનાં ચરણ કમળ છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૭**

આમ ઉપરમાં આત્મખ્યાતિના ગદ્ય ભાગમાં જે સવિસ્તર વિવરી દેખાડ્યું તેનું જ સંક્ષેપમાં સારભૂત દિગ્દર્શન કરાવતું આ કળશ કાવ્ય અપૂર્વ ચિંતનાત્મક પૃથ્વીવૃત્તમાં નિબદ્ધ કરી - તત્ત્વ કળામયપણે ગૂંથીને **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** પરમ આત્મભાવોલ્લાસથી લલકારે છે - न कर्म बहुलं जगन्न चलनात्मकं कर्म न– જ્યાં કર્મ યોગ્ય પુદ્ગલ પ્રચુર છે, એવું કર્મબહુલ જગત્ - લોક નથી બંધ કરનાર, તેમજ ચલનાત્મક - મન - વચન - કાયાનું પરિસ્પન્દાત્મક કર્મ (મન-વચન-કાયાના યોગ) નથી બંધ કરનાર, નથી અનેક પ્રકારના કરણ બંધ કરનાર, અથવા નથી ચિદચિદ્ વધ - સચિત્તાચિત્ત વસ્તુ ઉપઘાત બંધ કરનાર - न नैककरणानि वा न चिदचिद्वधो बंधकृत्, પણ 'उपयोगभूः' ઉપયોગ-ઉપયોગની જે ભૂમિ છે, ઉપયોગનું જે નિવાસ ક્ષેત્ર છે, ઉપયોગનું જે 'ભવસ્થાન' એવો 'ઉપયોગભૂ' આત્મા જે રાગાદિ સાથે ઐક્ય પામે છે, यदैक्यं समुपयाति रागादिभिः, રાગ-દ્વેષ-મોહાદિ સાથે એકપણું પામે છે, રાગાદિને આત્માના પોતાના કરી આત્મા સાથે એક તન્મય કરે છે, એટલે કે રાગાદિ ભાવે આત્મા પોતે પરિણમે છે, તે જ કેવલ નિશ્ચયે કરીને પુરુષોને બંધહેતુ - બંધકારણ હોય છે - स एव किल केवलं बंधहेतु नृणां ।

આત્મા છે તે ચેતન સ્વરૂપ છે અને ચેતનનો પરિણામ તે 'ઉપયોગ' કહેવાય છે, એટલે આત્માને અત્રે **'ઉપયોગભૂ'** - ઉપયોગભૂમિ - ઉપયોગની જન્મભૂમિ કહ્યો તે યથાર્થ છે. આત્મા કોઈ ને કોઈ ઉપયોગમાં - ચેતન પરિણામમાં વર્ત્તે જ છે. હવે આ ઉપયોગરૂપ ચેતન પરિણામ કાં તો શુદ્ધ હોય, કાં તો અશુદ્ધ હોય. કેવલ જ્ઞાનમય શુદ્ધ વીતરાગ ભાવે ચેતન પરિણમે તો શુદ્ધોપયોગમય શુદ્ધ ચેતના હોય છે, અજ્ઞાનમય રાગાદિ અશુદ્ધ ભાવે ચેતન પરિણમે તો અશુદ્ધોપયોગમય અશુદ્ધ ચેતના હોય છે. ઉપયોગ મૂળ વસ્તુ સ્વભાવે તો શુદ્ધ છે, પણ રાગાદિ સાથે ઐક્ય - એકપણું પામવાથી તે અશુદ્ધ બને છે. બીજા શબ્દોમાં કહીએ તો શુદ્ધ સ્વભાવ છોડી ઉપયોગ રાગાદિ વિભાવ ભાવે પરિણમવાથી અશુદ્ધ બને છે અને આ રાગાદિથી અશુદ્ધ ઉપયોગ એ જ બંધનો મુખ્ય તાત્ત્વિક હેતુ છે. આ મૂળ હેતુ ન હોય તો કર્મવર્ગણા, યોગ, કરણ, ચિદ્ અચિદ્ વધ અકિંચિત્કર હોય છે, આ મૂળ હેતુ હોય તો જ કર્મવર્ગણા કર્મપણું પરિણમી બંધપણું પામે છે, મન-વચન-કાયાના યોગ કર્મ આસ્રવના દ્વાર બને છે, વિવિધ કરણો બંધહેતુ બને છે, સચિત્તાચિત્ત વસ્તુનો ઉપઘાત ઉત્તર બંધહેતુપણું ભજે છે. અત્રે **'ઉપયોગભૂ'** - આત્મા 'રાગાદિથી ઐક્ય પામે છે' એ ઉપરથી એમ સૂચવ્યું કે રાગાદિ સાથે આત્માનું કાંઈ મૂળ સ્વભાવગત એકપણું નથી, પણ તે વિભાવગત વિપરિણામને લઈ પરસંયોગને લીધે ઉપજેલા આગંતુક રાગાદિ ઔપાધિક ભાવો સાથે ઐક્ય - એકપણું 'પામે' છે, તે રાગાદિ વિભાવ ભાવો સાથે તદ્રૂપ-તન્મય બની જાય છે, એટલે કે પોતે સ્વયં રાગાદિ 'ચિદ્ વિકાર રૂપે' પરિણમે છે. આમ આ રાગાદિ ઔપાધિક ભાવ આત્માનું - ચેતનનું સ્વરૂપ નથી, સ્વભાવ નથી, પણ વિભાવ છે - ચેતનનો વિકાર ભાવ છે અને આ રાગાદિ એ જ 'સ્નેહ' - ચીકાશ છે, તે જ નિશ્ચયે કરીને બંધનો અંતર્ગત ઉપાદાન હેતુ છે. જેમ પુદ્ગલ પરમાણુ સ્નેહ - સ્નિગ્ધતા ગુણને લીધે પરસ્પર બંધાય છે, તેમ રાગાદિ રૂપ 'સ્નેહ'-સ્નિગ્ધતાને લીધે (ચીકણાપણાને લીધે) જીવ બંધાય છે. રાગાદિ રૂપ સ્નેહ એ જ ભાવબંધનો હેતુ છે અને એ જ ભાવબંધ છે. શરીરે 'સ્નેહ' - તેલની ચીકાશ વા મલ હોય તો જ રજ ચોંટે - રજ બંધાય, તેમ રાગાદિ રૂપ ભાવ-'સ્નેહ'ની (તેલની) ચીકાશ વા મલ હોય તો જ કર્મરજ ચોંટે - કર્મરજ બંધાય, જૈન પરિભાષામાં ભાવકર્મને 'મલ' અને દ્રવ્યકર્મને 'રજ' એવી યથાર્થ સંજ્ઞા આપવામાં આવી છે, તેનું રહસ્ય પણ આથી સ્પષ્ટ સમજાઈ જાય છે. અર્થાત્ રાગાદિ ભાવકર્મના બંધરૂપ ભાવબંધ હોય, તો જ પુદ્ગલમય દ્રવ્યકર્મના બંધરૂપ દ્રવ્યબંધ હોય. આમ દ્રવ્યબંધ પણ ભાવબંધને આધીન

હોઈ ભાવબંધ હોય તો જ અને તે થકી જ નીપજે છે, એટલે રાગાદિ સ્નેહરૂપ ભાવબંધ એ જ બંધનું મુખ્ય ઉપાદાનભૂત નિદાન છે, નિશ્ચય કારણ છે, એ વસ્તુતત્ત્વ અત્ર સ્પષ્ટ સમજી લેવા યોગ્ય છે.

આકૃતિ



**जह पुण सो चेव णरो णेहे सव्वह्मि अवणिये संते ।**
**रेणुबहुलम्मि ठाणे करेदि सत्थेहिं वायामं ॥२४२॥**
**छिंददि भिंददि य तहा तालीतलकयलिवंसपिंडीओ ।**
**सचित्ताचित्ताणं करेइ दव्वाणमुवघायं ॥२४३॥**
**उवघायं कुव्वंतस्स तस्स णाणाविहेहिं करणेहिं ।**
**णिच्छयदो चिंतिज्जहु किंपच्चयगो ण रयबंधो ॥२४४॥**
**जो सो अणेहभावो तह्मि णरे तेणऽरयबंधो ।**
**णिच्छयदो विण्णेयं ण कायचेट्ठाहिं सेसाहिं ॥२४५॥**
**एवं सम्मादिट्ठी वट्टंतो बहुविहेसु जोगेसु ।**
**अकरंतो उवओगे रागाइ ण लिप्पइ रयेण ॥२४६॥**

જેમ પુનઃ તે જ પુરુષ સ્નેહ તે રે, દૂર કરાયે તમામ;
રેણુ બહુલ તે સ્થાન વિષે કરે રે, શસ્ત્રોથી વ્યાયામ... અજ્ઞાની બાંધે છે બંધને રે. ૨૪૨
છેદ ભેદે તાડી કદલી વળી રે, વંશ પિંડી સંઘાત,
સચિત્ત અચિત્ત દ્રવ્ય તણો રે, કરે છે ઉપઘાત... અજ્ઞાની બાંધે છે બંધને રે. ૨૪૩
નાનાવિધ કરણોથી તેહને રે, કરતાં એમ ઉપઘાત,
શું-પ્રત્યયથી ન રજબંધ ? ચિંતવો રે, નિશ્ચયથી એ વાત... અજ્ઞાની. ૨૪૪
સ્નેહભાવ તે જે તે નરમાં ખરે ! રે, તેથી જ તસ અરજ બંધ,
નિશ્ચયથી જાણવું પણ શેષ તો રે, કાયચેષ્ટાથી ન બંધ... અજ્ઞાની. ૨૪૫
એમ સમ્યગ્દૃષ્ટિ તો વર્તતો રે, બહુવિધ જોગોમાં ય,
રાગાદિ અ-કરતો ઉપયોગમાં રે, રજથી ન જ લેપાય... અજ્ઞાની. ૨૪૬

---

**आत्मभावना -**

**यथा पुनः स चैव नरः** - જેમ પુનઃ તે જ નર - પુરુષ, स्नेहे सर्वस्मिन्नपनीते सति - સ્નેહ - તેલ સર્વ અપનીત સતે - દૂર કરવામાં આવ્યે સતે, रेणुबहुले स्थाने - રેણ બહુલ - જ્યાં રેણુ - ધૂળ પુષ્કળ છે એવા સ્થાનમાં शस्त्रैः व्यायामं करोति - શસ્ત્રો વડે વ્યાયામ - કસરત કરે છે, ॥૨૪૨॥ तथा तालीतलकदलीवंशपिंडीः छिनत्ति भिनति च - તથા તાડી - તલ - કદલી - વંશની પિંડીઓ છેદે છે અને ભેદે છે, सचित्ताचित्तानां द्रव्याणामुपघातं करोति - સચિત્ત - સજીવ અચિત્ત - અજીવ દ્રવ્યોનો ઉપઘાત કરે છે, ॥૨૪૩॥ नानाविधैः करणैः उपघातं कुर्वतस्तस्य - નાનાવિધ - નાના પ્રકારના કરણોથી ઉપઘાત કરતા તેને - निश्चियतो विज्ञेयं - નિશ્ચયથી વિજ્ઞેય - વિશેષે કરીને જાણવું યોગ્ય છે કે - किं प्रत्ययिको न रजबंधः - શું પ્રત્યયિક - કયા કારણે રજોબંધ નથી ? ॥૨૪૪॥ तस्मिन् नरे यः स अस्नेहभावः - તે નરમાં - પુરુષમાં જે તે અસ્નેહભાવ - અતેલભાવ - અચીકાશભાવ तेन तस्य अरजोबंधः - તેનાથી તેને અ-રજોબંધ છે, न शेषाभिः कायचेष्टाभिः - નહિ કે શેષ - બાકીની કાયચેષ્ટાઓથી, (એમ) निश्चयतो विज्ञेयं - નિશ્ચયથી વિજ્ઞેય - વિશેષે કરીને જાણવું યોગ્ય છે. ॥૨૪૫॥ एवं - એમ सम्यग्दृष्टिः - સમ્યગ્દૃષ્ટિ बहुविधेषु योगेषु वर्तमानः - બહુવિધ - બહુ પ્રકારના યોગોમાં વર્તમાન - વર્તતો, उपयोगे रागादीन् अकुर्वन् - ઉપયોગમાં રાગાદિ અ-કરતો - નહિ કરતો, न रजसा लिप्यते - રજથી - કર્મધૂલિથી લેપાતો નથી - ખરડાતો નથી. ॥૨૪૬॥ इति **गाथा** आत्मभावना ॥૨૪૨-૨૪૬॥

यथा - જેમ स एव पुरुषः - તે જ પુરુષ, स्नेहे सर्वस्मिन्नपनीते सति - સ્નેહ - તેલ - ચીકાશ સર્વ અપનીત સતે - દૂર કરાયે સતે, तस्यामेव रजोबहुलायां भूमौ - તે જ રજોબહુલ - જ્યાં રજ - ધૂળ બહુલ - પુષ્કળ - પ્રચુર છે એવી

**અર્થ** - પુનઃ જેમ તે જ નર સર્વ સ્નેહ (ચીકાશ - તેલ) અપનીત (દૂર કરાયે) સતે, રેણુ બહુલ સ્થાનમાં શસ્ત્રો વડે વ્યાયામ કરે છે, ૨૪૨

તથા તાડીતલ-કદલી-વંશ પિંડીઓને છેદે છે અને ભેદે છે, સચ્ચિત્તાચિત્ત - સજીવ નિર્જીવ દ્રવ્યોનો ઉપઘાત કરે છે, ૨૪૩

નાનાવિધ કરણો વડે ઉપઘાત કરતા તેને, નિશ્ચયથી ચિંતવો, શું-પ્રત્યયિક (શું નિમિત્તે) રજબંધ નથી ? ૨૪૪

જે તે અસ્નેહભાવ તે નરમાં છે, તેનાથી અરજબંધ નિશ્ચયથી (એમ) વિશેષે કરીને જાણવું, નહિ કે શેષ કાયચેષ્ટાઓથી. ૨૪૫

એમ સમ્યગ્દૃષ્ટિ બહુવિધ યોગોમાં વર્તતો, ઉપયોગમાં રાગાદિ અ-કરતો (ન કરતો), રજથી નથી લેપાતો. ૨૪૬

## आत्मख्याति टीका

**यथा पुनः स चैव नरः स्नेहे सर्वस्मिन्नपनीते सति ।**
**रेणुबहुले स्थाने करोति शस्त्रैर्व्यायामं ॥२४२॥**
**छिनत्ति भिनत्ति च तथा तालीतलकदलीवंशपिंडीः ।**
**सचित्ताचित्तानां करोति द्रव्याणामुपघातं ॥२४३॥**
**उपघातं कुर्वतस्तस्य नानाविधैः करणैः ।**
**निश्चयतो विज्ञेयं किंप्रत्ययिको न रजोबंधः ॥२४४॥**
**यः सोऽस्नेहभावस्तस्मिन्नरे तेन तस्यारजोबंधः ।**
**निश्चयतो विज्ञेयं न कायचेष्टाभिः शेषाभिः ॥२४५॥**
**एवं सम्यग्दृष्टि वर्तमानो बहुविधेषु योगेषु ।**
**अकुर्वन्नुपयोगे रागादीन् न लिप्यते रजसा ॥२४६॥**

| | |
|---|---|
| **यथा स एव** पुरुषः | तथा सम्यग्दृष्टिः, |
| स्नेहे सर्वस्मिन्नपनीते **सति** | आत्मनि रागादीनकुर्वाणः सन् |
| तस्यामेव स्वभावत एव **रजोबहुलायां भूमौ** | तस्मिन्नेव स्वभावत एव कर्मयोग्यपुद्गलबहुले लोके |
| तदेव शस्त्रव्यायामकर्म **कुर्वाण** | तदेव कायवाङ्मनःकर्म कुर्वाणः |
| स्तै रेवा**नेकप्रकारकरणै** - | तैरेवानेकप्रकारकरणैः |
| स्तान्येव **सचित्ताचित्तवस्तूनि निघ्नन्** | तान्येव सचित्ताचित्त वस्तूनि निघ्नन् |
| रजसा **न बध्यते,** | कर्मरजसा न बध्यते, |
| स्नेहाभ्यंगस्य बंधहेतोरभावात् । | रागयोगस्य बंधहेतोरभायात् ॥२४२-२४६॥ |

---

ભૂમિમાં तदेव शस्त्रव्यायामकर्म कुर्वाणः - તે જ શસ્ત્ર વ્યાયામ કર્મ કરતો, तैरेवानेकप्रकारकरणैः - તે જ અનેક પ્રકારના કરણો વડે तान्येव सचित्ताचित्तवस्तूनि निघ्नन् - તે જ સચિત્ત - સજીવ અચિત્ત - નિર્જીવ વસ્તુઓને હણતો, रजसा न बध्यते - રજથી - ધૂળથી નથી બંધાતો, શાને લીધે ? स्नेहाभ्यंगस्य बंधहेतोरभावात् - બંધહેતુ એવા સ્નેહ અભ્યંગના - તેલ ચોપડવાના અભાવને લીધે.

## આત્મખ્યાતિ ટીકાર્થ

| | |
|---|---|
| જેમ તે જ પુરુષ | તેમ સમ્યગ્દૃષ્ટિ |
| સર્વ સ્નેહ અપનીત (દૂર કરાયે) સતે, | આત્મામાં રાગાદિ અ-કરતો (નહિ કરતો) સતો, |
| તે જ સ્વભાવથી જ રજોબહુલ ભૂમિમાં, | તે જ સ્વભાવથી જ કર્મયોગ્ય પુદ્ગલ બહુલ લોકમાં |
| તે જ શસ્ત્ર વ્યાયામ કર્મ કરતો, | તે જ કાય-વાક્-મનઃ કર્મ કરતો, |
| તે જ અનેક પ્રકારના કરણો વડે | તે જ અનેક પ્રકારના કરણો વડે |
| તે જ સચિત્તાચિત્ત વસ્તુઓને હણતો, | તે જ સચિત્તાચિત્ત વસ્તુઓને હણતો, |
| રજથી નથી બંધાતો, | કર્મરજથી નથી બંધાતો - |
| બંધહેતુ સ્નેહાભ્યંગના અભાવને લીધેઃ | બંધહેતુ રાગયોગના અભાવને લીધે. ૨૪૨-૨૪૬ |

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ઉપયોગ શુદ્ધ કરવા આ જગત્‌ના સંકલ્પ વિકલ્પને ભૂલી જજો, પાર્શ્વનાથાદિક યોગીશ્વરની દશાની સ્મૃતિ કરજો અને તેજ અભિલાષા રાખ્યા રહેજો, એ જ તમને પુનઃ પુનઃ આશીર્વાદ પૂર્વક મારી શિક્ષા છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૭**

હવે ઉપરમાં કહ્યું તેનાથી વિપરીત પ્રકારનું દૃષ્ટાંત અત્ર બિંબ-પ્રતિબિંબ ભાવથી વિવરી દેખાડ્યું છે - જેમ તેજ પુરુષ સર્વ સ્નેહ અપનીત સતે - 'स्नेहे सर्वस्मिन्नपनीते सति', બધું તેલ દૂર કરાયે સતે, તે જ સ્વભાવથી જ રજોબહુલ - રજઃ પ્રચુર ભૂમિમાં, તે જ શસ્ત્ર વ્યાયામ કર્મ કરતો, તે જ અનેક પ્રકારના કરણો વડે, તે જ સચિત્તાચિત્ત - સજીવ નિર્જીવ વસ્તુઓને હણતો સતો, રજથી નથી બંધાતો, શા માટે ? બંધહેતુ એવા 'સ્નેહાભ્યંગનો' - તેલ ચોપડવાનો અભાવ છે માટે - 'स्नेहाभ्यंगस्य बंधहेतुरभावात्', તેમ સમ્યગ્દૃષ્ટિ આત્મામાં રાગાદિ અ-કરતો (નહિ કરતો) સતો, 'आत्मनि रागादीनकुर्वाणः सन्', સ્વભાવથી જ કાર્મણ વર્ગણા પુદ્ગલ જ્યાં બહુલ - પ્રચુર - પુષ્કળ છે એવા તે જ કર્મયોગ્ય પુદ્ગલ બહુલ લોકને વિષે, તે જ કાય-વાક્-મનઃ કર્મ કરતો, તે જ અનેક પ્રકારના કરણો વડે, તે જ સચિત્તાચિત્ત - સજીવ નિર્જીવ વસ્તુઓને હણતો, કર્મરજથી નથી બંધાતો, શા માટે ? બંધહેતુ એવા રાગયોગનો અભાવ છે માટે - रागयोगस्य बंधहेतोरभावात् ।


પૂર્વ ગાથાઓમાં વિવરી દેખાડ્યું તેમ કારણ કલાપ પૂર્વવત્ - (૧) તેમાં પ્રથમ તો સ્વભાવથી જ કર્મયોગ્ય પુદ્ગલ બહુલ લોક તો બંધહેતુ છે નહિ. શા માટે ? સિદ્ધોને પણ તેનો પ્રસંગ આવે માટે. (૨) કાય-વાક્-મનઃ કર્મ પણ બંધહેતુ છે નહિ, કારણકે જો તેમ હોય તો યથાખ્યાત સંયતોને પણ તેનો પ્રસંગ આવે માટે. (૩) અનેક પ્રકારના કરણો પણ બંધહેતુ છે નહિ. શા માટે ? કેવલ જ્ઞાનીઓને પણ તેનો પ્રસંગ આવે માટે. (૪) સચિત્તાચિત્ત - સજીવ નિર્જીવ વસ્તુઓનો ઉપઘાત -

---

तथा - તેમ सम्यग्दृष्टिः - સમ્યગ્દૃષ્ટિ, आत्मनि रागादीनकुर्वाणः सन् - આત્મામાં રાગાદિ અ-કરતો - નહિ કરતો સતો, तस्मिन्नेव स्वभावत एव कर्मयोग्यपुद्गलबहुले लोके - તે જ સ્વભાવથી જ કર્મ યોગ્ય પુદ્ગલ બહુલ - કર્મ યોગ્ય પુદ્ગલ જ્યાં બહુલ - પુષ્કળ - પ્રચુર છે એવા લોકને વિષે, तदेव कायवाङ्मनःकर्म कुर्वाणः - તે જ કાય-વાક્-મનઃ કર્મ કરતો, तैरेवानेकप्रकारकरणैः - તે જ અનેક પ્રકારના કરણો વડે तान्येव सचित्ताचित्त वस्तूनि निघ्नन् - તે જ સચિત્ત - સજીવ અચિત્ત - નિર્જીવ વસ્તુઓને હણતો, कर्मरजसा न बध्यते - કર્મરજથી - કર્મધૂલિથી નથી બંધાતો, શાને લીધે ? रागयोगस्य बंधहेतोरभावात् - બંધહેતુ એવા રાગયોગના અભાવને લીધે - નહિ હોવાપણાને લીધે. ।। इति **'आत्मख्याति'** आत्मभावना ।।૨૪૨।।૨૪૩।।૨૪૪।।૨૪૫।।૨૪૬।।

હિંસન પણ બંધહેતુ નથી. શા માટે ? સમિતિતત્પરોને પણ તેનો પ્રસંગ આવે માટે. તેથી ન્યાયબલથી જ આ આવ્યું કે - જે ઉપયોગમાં 'રાગાદિ અકરણ' તે સમ્યગ્દૃષ્ટિને અ-બંધહેતુ છે - બંધહેતુ એવા રાગ યોગનો અભાવ છે માટે.

આકૃતિ









ઉક્તનો સાર સંદોહ દર્શાવતો **સમયસાર કળશ** (૩) કહે છે -

शार्दूलविक्रीडित

**लोकः कर्मततोऽस्तु सोऽस्तु च परिस्पन्दात्मकं कर्म तत्,**
**तान्यस्मिन् करणानि संतु चिदचिद् व्यापादनं चास्तु तत् ।**
**रागादीनुपयोगभूमिनयन् ज्ञानं भवन् केवलं**
**बंधं नैव कुतोप्युपेत्ययमहो सम्यग्दगात्मा ध्रुवं ॥१६५॥**

હો તે લોક જ કર્મ વ્યાપ્ત જ ! પરિસ્પન્દાત્મક તે કર્મ હો !
હો આમાં કરણો ય તે જ ! ચિદચિદ્ હિંસા ભલે તે જ હો !
ના રાગાદિ ઉપયોગભૂ લઈ જતો થાતો જ જ્ઞાનં અહો !
પામે બંધ ન ક્યાંયથી ધ્રુવપણે સમ્યગ્ દગાત્મા અહો ! ૧૬૫

## અમૃત પદ-૧૬૫

'ભૈયા ! વિષમ આ સંસાર' - એ રાગ

અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ - અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ,
જેને પરનો કંઈ ન સંબંધ, અહો ! આ સમ્યગ્દૃષ્ટિ અબંધ... અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ. ૧
કર્મ વર્ગણાવ્યાપ્ત થયેલો, ભલે જ હો તે લોક,
પરિસ્પન્દાત્મક કર્મ ભલે હો, મન વચ કાયા યોગ... અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ. ૨
કરણો હો તે ભલે અહીં તે, ભલે ચિદચિદ્ ધ્વંસ,
તોય અહો ! આ સમ્યગ્દૃષ્ટિ, ક્યાંયથી ન પામે બંધ... અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ. ૩
રાગાદિક ઉપયોગ ભૂમિએ, લઈ જાતો ન સુજાણ,
કેવલ જ્ઞાનપણે પરિણમતો, થાતો કેવલ જ્ઞાન... અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ. ૪
એવું અદ્ભુત સમ્યગ્દૃષ્ટિ, કેરૂં ચિત્ર ચરિત્ર,
**ભગવાન અમૃતચંદ્રે** ગાયું, દોરી તત્ સત્ ચિત્ર... અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ. ૫

**અર્થ** - તે કર્મતત (કર્મ વ્યાપ્ત) લોક ભલે હો ! અને તે પરિસ્પન્દાત્મક કર્મ ભલે હો ! આમાં તે કરણો ભલે હો ! અને ચિદ્-અચિદ્નું વ્યાપાદન (હિંસન-ઉપઘાત) ભલે હો! પણ રાગાદિને ઉપયોગ ભૂમિએ નહિ લઈ જતો, કેવલ જ્ઞાન થતો એવો આ સમ્યગ્દૃષ્ટિ આત્મા અહો ! ક્યાંયથી પણ ધ્રુવપણે (ચોક્કસ) બંધ નથી જ પામતો !

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"ચિત્ત બંધનવાળું થઈ શકતું નહીં હોવાથી ** આત્માકાર સ્થિતિ થઈ જવાથી ચિત્ત ઘણું કરીને એક અંશ પણ ઉપાધિ જોગ વેદવાને યોગ્ય નથી." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૩૨૪) ૩૯૮**

ઉપરમાં જે ભગવતી 'આત્મખ્યાતિ'ના ગદ્ય ભાગમાં વિવરીને કહ્યું તેનું ઉપસંહાર રૂપ સમર્થન કરતા આ કળશ કાવ્યમાં પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી વદે છે કે - लोकः कर्मततोऽस्तु सोऽस्तु च परिस्पन्दात्मकं कर्म तत् - આ લોક કર્મયોગ્ય પુદ્ગલથી - કાર્મણ વર્ગણાથી ભરેલો છે, એટલે કર્મયોગ્ય પુદ્ગલથી આ લોક ભલે તત હો - વિસ્તૃતપણે વ્યાપ્ત હો ! તેમજ - જ્યાં લગી મન-વચન-કાય યોગ છે, ત્યાં લગી તેનો પરિસ્પન્દાત્મક - હલન ચલન રૂપ વ્યાપાર પણ છે જ, એટલે મન-વચન-કાયાનું

પરિસ્પન્દાત્મક કર્મ છે તો તે ભલે હો ! અને - આમાં તે તે કરણો - મન-વચન-કાયાના વ્યાપારના સાધનો પણ છે, તો તે પણ ભલે હો ! तान्यस्मिन् करणानि संतु અને મન-વચન-કાયના યોગ વ્યાપારથી તે તે કરણો વડે સચિત્તાચિત્ત વસ્તુનો ઉપઘાત પણ થવાનો જ, એટલે તે ચિત્-અચિત્-સજીવ નિર્જીવ વસ્તુનું વ્યાપાદન - હિંસન (હણાવું) તે પણ ભલે હો ! 'चिदचिद् व्यापादनं चास्तु तत्'. આમ તે કર્મતત લોક, તે પરિસ્પન્દાત્મક કર્મ, તે કરણો અને તે ચિદ્-અચિદ્ વ્યાપાદન - આ બધાય અનિવાર્ય - દુર્નિવાર્ય રીતે હાજર હો તો તો ભલે હો ! પણ રાગાદિને રાગ - દ્વેષ - મોહ - વિષય - કષાયાદિને ઉપયોગ ભૂમિએ નહિ લઈ જતો - 'रागादीनुपयोगभूमिमनयन्,' અર્થાત્ ઉપયોગને રાગાદિ રૂપ નહિ કરતો અથવા રાગાદિને ઉપયોગ રૂપ નહિ કરતો, કેવલ જ્ઞાન થતો - 'ज्ञानं भवन् केवलं' - કેવલ માત્ર જ્ઞાન જ થતો - પરિણમતો એવો આ સમ્યગ્દૃષ્ટિ આત્મા ધ્રુવપણે - ચોક્કસપણે ક્યાંયથી પણ અહો ! બંધને નથી પામતો ! 'बंधं नैव कुतोऽप्युपेत्ययमहो सम्यग्दगात्मा ध्रुवं' ! સમ્યગ્દૃષ્ટિ આત્માની આ પરમ અદ્ભુત કળા પરમ આશ્ચર્યકારક છે ! અર્થાત્ બંધની બીજી બધી સામગ્રી ભલે મોજુદ હો, તો પણ બંધના મૂળ અંતરંગ ઉપાદાન કારણભૂત રાગાદિ સ્નિગ્ધ ભાવને જ્ઞાની કરતો નથી અને 'કેવલ' શુદ્ધ જ્ઞાનભાવે જ પરિણમે છે, તેથી કરીને જ જગત્ જ્યાં બંધાય છે ત્યાં જગદ્ગુરુ આત્મ - **અમૃતચંદ્રની પૂર્ણ** તત્ત્વકળા દાખવતો સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની બંધના સકંજામાંથી આબાદ છટકી જાય છે, એ જ પરમ આશ્ચર્ય છે !!!

અર્થાત્ રાગાદિને **'ઉપયોગભૂમિએ'** લઈ જાય તો જ રાગાદિ થાય અને ઉપયોગ ભૂમિએ લઈ જનારો તો ઉપયોગ ભૂમિ આત્મા જ છે, એટલે કે આત્મા જો પોતે જ રાગાદિને ઉપયોગ ભૂમિએ લઈ જાય - પોતે જ રાગાદિરૂપે પરિણમે તો જ રાગાદિ થાય, નહિ તો નહિ; અને આમ રાગાદિ ભૂમિએ ન લઈ જાય તો ઉપયોગમાં બીજો કોઈ આગંતુક ભાવ નહિ હોવાથી ઉપયોગ શુદ્ધ જ રહેવા પામે, કેવલ શુદ્ધ ઉપયોગ જ હોય અને શુદ્ધ ઉપયોગ તે તો કેવલ જ્ઞાન જ છે, એટલે 'કેવલ' - માત્ર જ્ઞાન સિવાય બીજો કોઈ ભાવ જ્યાં છે નહિ એવો 'કેવલ જ્ઞાન' થતો - પરિણમતો સમ્યગ્દૃષ્ટિ આત્મા ક્યાંયથી પણ બંધ નથી પામતો ! એ અહો ! મહા આશ્ચર્ય છે ! એમ આશ્ચર્ય વ્યક્ત કરતાં **અમૃતચંદ્રજીએ** કેવલ જ્ઞાનીની પોતાની અનન્ય લાક્ષણિક શૈલી રજૂ કરી છે. કારણકે રાગાદિ તો જીવના કર્યા થાય, એમને એમ 'આફુડા આફુડા' ન થાય, જીવ પોતે રાગાદિને ઉપયોગ ભૂમિએ લઈ જઈ પોતે જ રાગાદિ ભાવે પરિણમે તો જ રાગાદિ થાય; અને જ્ઞાની તો તેમ કરતો નથી - રાગાદિ પરિણામે પરિણમતો નથી, એટલે 'કેવલ જ્ઞાનમય' તે શુદ્ધ જ રહે છે, શુદ્ધોપયોગમાં જ સ્થિતિ કરે છે, એમ તાત્પર્ય છે.

આર્ષ દૃષ્ટા **અમૃતચંદ્રજી** સ્વચ્છંદ પ્રવૃત્તિનો નિષેધ કરતું જ્ઞાનીને ચેતવણી રૂપ **સમયસાર કળશ** (૪) કાવ્ય પ્રકાશે છે -

પૃથ્વીવૃત્ત

**तथापि न निरर्गलं चरितुमिष्यते ज्ञानिनां,**
**तदायतनमेव सा किल निरर्गला व्यापृतिः ।**
**अकामकृतकर्म तन्मतमकारणं ज्ञानिनां,**
**द्वयं न हि विरुध्यते किमु करोति जानाति च ॥१६६॥**

તથાપિ ન નિરર્ગલું ચરવું ઈષ્ટ છે જ્ઞાનિને,
નિરર્ગલ પ્રવૃત્તિ તે નકી જ ધામ છે બંધનું;
અકામકૃત કર્મ જ્ઞાનિ મત અકારણ તેથી તે,
શું બેય ન વિરોધ પામતું - કરે છ જાણે છ તે ? ૧૬૬

## અમૃત પદ-૧૬૬

(રાગ - ઉપરના પદ પ્રમાણે)

તો પણ નિરર્ગલ ચરવું તે, જ્ઞાનીને ન જ ઈષ્ટ,
નિરર્ગલા સ્વચ્છંદ પ્રવૃત્તિ તે, બંધાયતન અનિષ્ટ... અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ. ૧
ઈચ્છા-કામ રહિતપણે જે, કીધું કર્મ અકામ,
તે જ અકારણ મત જ્ઞાનિને, બીજું તો બંધ ધામ... અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ. ૨
સ્વચ્છંદનો ઈજારો દીધો, લીધો જ્ઞાની ના જ,
આખલા જેવી સ્વચ્છંદ પ્રવૃત્તિ, અખિલની કહી ના જ... અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ. ૩
(કારણ) કરે છે અને જાણે છે તે, બન્ને શું ન વિરુદ્ધ ?
સીધો સાદો પ્રશ્ન પૂછે એ, ભગવાન અમૃત બુદ્ધ... અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ. ૪

**અર્થ** - તથાપિ જ્ઞાનીઓને નિરર્ગલ (અનિયંત્રિત, સ્વચ્છંદ) ચરવું ઈષ્ટ નથી, (કારણકે) તે નિરર્ગલા પ્રવૃત્તિ ખરેખર ! તે બંધનું આયતન જ (નિવાસસ્થાન જ) છે, તેથી અકામ કૃત (નિષ્કામપણે કરેલું) કર્મ તે જ્ઞાનીઓને અકારણ મત છે, કારણકે કરે છે અને જાણે છે - એ દ્વય શું વિરોધ નથી પામતું ?

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય


''જેને બોધબીજની ઉત્પત્તિ હોય છે, તેને સ્વરૂપ સુખથી કરીને પરિતૃપ્તપણું વર્ત્તે છે અને વિષય પ્રત્યે અપ્રયત્ન દશા વર્ત્તે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી, અં. ૩૬૦**

આગલા કળશ કાવ્યમાં જે સમ્યગ્દૃષ્ટિ અંગેની સમ્યક્ વસ્તુતત્ત્વ સ્થિતિ પ્રદર્શિત કરી, તે પરથી જાણ્યે અજાણ્યે કોઈ એમ ન સમજી લ્યે કે સમ્યગ્દૃષ્ટિ સ્વચ્છંદે વર્ત્તે અથવા ફાવે તેમ કરે એવી આ ઉપરથી છૂટ (Liberty) વા પરવાનો (Licence) આપેલ છે, એટલા માટે આર્ષ દૃષ્ટા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** સર્વ મુમુક્ષુને ગંભીર ચેતવણીરૂપ - લાલબત્તી રૂપ આ અને પછીનો શ્લોક સંગીત કર્યો છે.

રાગાદિને ઉપયોગ ભૂમિએ નહિ લઈ જતા અને કેવલ જ્ઞાન જ થતા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીની -

ઉપરમાં કહ્યું તેમ - અબંધ દશા હોય છે, 'तथापि न निरर्गलं चरितुमिष्यते ज्ञानिनां' - તથાપિ જ્ઞાનીઓને 'નિરર્ગલ પણે' - નિયંત્રણ રૂપ આગળીઆ રહિતપણે, અનિયંત્રિત પણે - અસંયમિત પણે - સ્વચ્છંદ પણે ચરવું ઈષ્ટ નથી, કારણકે - 'तदायतनमेव सा किल निरर्गला व्यापृतिः' । તે ખરેખર ! 'નિરર્ગલ' - નિયંત્રણ રૂપ આગળીઆ વિનાની - અનિયંત્રિત - અસંયમિત - સ્વચ્છંદ 'વ્યાપૃતિ' - મન - વચન - કાયાની પ્રવૃત્તિ એ જ સ્ફુટપણે 'તદાયતન' - તે બંધનું આયતન જ - નિવાસ સ્થાન જ - રહેઠાણ જ (Abode) છે. તેટલા માટે જ્ઞાનીઓને અકારણ એવું અકામકૃત કર્મ સંમત છે, 'अकामकृत कर्म तन्मतमकारणं ज्ञानिनां', અર્થાત્ 'અકારણ' - રાગાદિજન્ય કોઈ પણ કારણ રહિતપણે 'અકામ' - નિષ્કામપણે અનિચ્છતાં છતાં પૂર્વ પ્રારબ્ધોદયથી જ કરવું પડે તે કર્મ જ જ્ઞાનીઓને સંમત છે. કારણકે કરે છે અને જાણે છે એ બે શું વિરુદ્ધ નથી વારુ ? 'द्वयं न हि विरुध्यते किमु करोति जानाति च ?' અર્થાત્ કરવું અને જાણવું એ બન્ને વાત પરસ્પર પ્રગટ વિરુદ્ધ - એકબીજાની વિરોધિની છેઃ જો કર્તા છે તો જ્ઞાતા નથી અને જ્ઞાતા છે તો કર્તા નથીઃ જો રાગાદિ કર્મ કરે છે તો જાણતો નથી, કર્તા છે, જ્ઞાતા નથી; જો કેવલ જાણે જ છે તો રાગાદિ કર્મ કરતો નથી, કર્તા નથી, કેવલ જ્ઞાતા જ છે.

આકૃતિ



ઉક્ત ભાવની પુષ્ટિ કરતો **સમયસાર કળશ** (૫) પ્રકાશે છે -

वसंततिलका

**जानाति यः स न करोति करोति यस्तु,**
**जानात्ययं न खलु तत्किल कर्म रागः ।**
**रागं त्वबोधमयमध्यवसायमाहु -**
**र्मिथ्यादृशः स नियतं स हि बंधहेतुः ॥१६७॥**

જાણે જ તે ન કરતો કરતો ન જાણે,
તે કર્મ છે પ્રગટ રાગ બુધો પ્રમાણે;
ને રાગ તો અધ્યવસાય અબોધ કેતુ,
મિથ્યાદશે નિયત તેહ જ બંધહેતુ. ૧૬૭

## અમૃત પદ-૧૬૭

(રાગ - ઉપરના અમૃત પદ પ્રમાણે)

જે જાણે છે તે ન કરે છે, કરે તે જાણે ના જ,
નિશ્ચયથી છે એમ ખરેખર ! કર્મ છે તે તો રાગ... અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ. ૧
રાગ તે તો છે જ્ઞાની ભાખે, અજ્ઞાનમય અધ્યવસાય,
મિથ્યાદૃષ્ટિને જ તે હોયે, તે જ બંધહેતુ સદાય... અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ. ૨
નિસ્તુષ યુક્તિથી એ ભાખ્યું, ભગવાન અમૃતચંદ્રે,
મર્મ તેનો સમજી જઈ જ્ઞાની, વર્ત્તે ન કદી સ્વચ્છંદે... અહો ! આ સમ્યગ્ દૃષ્ટિ અબંધ. ૩

**અર્થ** - જે જાણે છે તે કરતો નથી અને જે કરે છે તે જાણતો નથી, તે કર્મ ખરેખર ! રાગ છે અને રાગ તો અબોધમય અધ્યવસાય કહે છે, તે (અબોધમય - અજ્ઞાનમય અધ્યવસાય) નિયતપણે મિથ્યાદૃષ્ટિને હોય છે (અને) તે જ નિશ્ચયે કરીને બંધહેતુ છે. ૧૬૭

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જો જીવને પરિતૃપ્તપણું વર્ત્યા ન કરતું હોય તો અખંડ એવો આત્મબોધ તેને સમજવો નહીં." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૬૦**

ઉપરના કળશ કાવ્યમાં કહેલી વસ્તુને વિશેષ સ્ફુટ કરતાં પરમ સત્કવીશ્વર **અમૃતચંદ્રજી** અત્રે જ્ઞાનીના વચનો વાંચી આશય વિચાર્યા વિના સ્વચ્છંદે વર્ત્તવાનો ઈજારો લેવા ઈચ્છતા સ્વચ્છંદાભિલાષી શિથિલાચારી શુષ્કજ્ઞાનીઓને મુખચપેટિકા લગાવતાં ગર્જ્યા છે કે - जानाति यः स न करोति करोति यस्तु, जानात्ययं न खलु - જે જાણે છે તે કરતો નથી અને જે કરે છે તે આ નિશ્ચયે કરીને જાણતો નથી અને જે કર્મ છે તે તો સ્ફુટપણે રાગ છે - तत्किल कर्म रागः અને રાગ છે તે તો 'અબોધમય' - અજ્ઞાનમય અધ્યવસાય જ્ઞાનીઓએ કહ્યો છે - 'रागं त्वबोधमयमध्यवसायमाहुः' । અને તે અબોધમય અધ્યવસાય તો નિયતપણે મિથ્યાદૃષ્ટિને હોય - 'मिथ्यादृशः स नियतं' અને તે જ બંધહેતુ છે - 'स हि बंधहेतुः', તે અબોધમય - અજ્ઞાનમય અધ્યવસાય જ બંધહેતુ છે. અર્થાત્ કર્મ કરવાની ઈચ્છા વિના કર્મ કરવાનું બનતું નથી, એટલે કર્મ કરવું એ જ પોતે રાગ છે અને એ રાગ એ જ અજ્ઞાનમય અધ્યવસાય છે અને તે રાગરૂપ અજ્ઞાનમય અધ્યવસાય એ જ બંધનું કારણ છે. તો પછી સ્વચ્છંદે પ્રવૃત્તિની વાત તો ક્યાંય દૂર રહી ! માટે અહો સ્વચ્છંદાનુરક્ત નિશ્ચય વિમૂઢ શુષ્ક જ્ઞાનીઓ ! પરમ

શુદ્ધ નિશ્ચયના સૂત્રધાર આત્મખ્યાતિ સૂત્રકાર પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીના આવા સ્પષ્ટ શબ્દો ઉપરથી કાંઈક ધડો લ્યો !

અત્રે જે જાણે છે તે કરતો નથી, કરે છે તે જાણતો નથી - આ અમર (Immortal, Nectar - like) પરમાર્થ ગંભીર શબ્દોમાં અમૃતચંદ્રજીએ અપૂર્વ તત્ત્વજ્ઞાનનો અદ્‌ભુત મર્મ સમજાવી દીધો છે. જાણવું તે આત્માનો સહજ સ્વભાવ છે - **'ધર્મ'** છે, કરવું તે આત્માનો સહજ સ્વભાવ નથી - વિકૃત ચેતન ભાવ - વિભાવ છે, કૃત્રિમ છે - **'કર્મ'** છે. જાણવું તે ધર્મ છે, કરવું તે કર્મ છે. ધર્મમાં સહજપણું (Naturality) છે, કર્મમાં કૃત્રિમપણું (artificiality) છે - બનાવટ છે. ધર્મમાં પ્રયાસ કરવો પડતો નથી, એટલે ધર્મ અપ્રયાસે - સહજપણે - સહજ સ્વભાવે હોય છે, એથી આત્માની શક્તિ અખંડ રહે છે, કર્મમાં પ્રયાસ કરવો પડે છે, એટલે કર્મ સપ્રયાસે કૃત્રિમપણે હોય છે, એથી તેમાં આત્માની શક્તિ ખંડખંડ થાય છે. ધર્મમાં કોઈ બ્હારનો આગંતુક (Extraneous) ભાવ નહિ હોવાથી નિરાકુલતા છે, સુખ છે, કર્મ એ આત્મબાહ્ય આગંતુક હોવાથી તેમાં આકુલતા છે, દુઃખ છે. આમ જાણવું એ સુખરૂપ ધર્મ છે, કરવું એ દુઃખરૂપ કર્મ છે તે જાણવાનો પ્રતિપક્ષી છે. તે આ રીતે - કર્મ છે તે રાગ છે, રાગ છે તે અબોધમય - અજ્ઞાનમય અધ્યવસાય છે, આમ કર્મ = રાગ = અજ્ઞાનમય અધ્યવસાય, તેથી કર્મ છે તે અજ્ઞાન છે, એટલે જાણવું તે જ્ઞાન અને કરવું તે અજ્ઞાન એમ આવે છે, એટલે કરવું એ જાણવાનો પ્રતિપક્ષી છે - વિરોધી છે એ કહ્યું તે સર્વથા યથાર્થ છે.

**जो मण्णदि हिंसामि य हिंसिज्जामि य परेहिं सत्तेहिं ।**
**सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो ॥२४७॥**

હું હિંસું હિંસાઉં પર સત્ત્વથી રે, માને જે એ રીત;
તે મૂઢો અજ્ઞાની છે ખરે ! રે, જ્ઞાની એથી વિપરીત... અજ્ઞાની બાંધે છે બંધને રે. ૨૪૭

**અર્થ** - જે માને છે કે હું હિંસું છું અને પર સત્ત્વોથી હિંસાઉં છું, તે અજ્ઞાની મૂઢ છે, જ્ઞાની તો એથી વિપરીત છે.

## आत्मख्याति टीका

**यो मन्यते हिनस्मि च हिंस्ये च परैः सत्त्वैः ।**
**स मूढोऽज्ञानी ज्ञान्यतस्तु विपरीतः ॥२४७॥**

परजीवानहं **हिनस्मि परजीवै**र्हिंस्ये चाहमित्यध्यवसायो ध्रुवमज्ञानं स तु यस्यास्ति **सोऽज्ञानि**त्वान्मि**थ्यादृष्टिः । यस्य तु नास्ति** स **नास्ति** स **ज्ञानित्वा**त्सम्यग्दृष्टिः ॥२४७॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

પરજીવોને હું હિંસું છું અને પર જીવોથી હું હિંસાઉં છું, એવો અધ્યવસાય ધ્રુવ **અજ્ઞાન** છે અને તે તો જેને છે તે અજ્ઞાનિપણાને લીધે મિથ્યાદૃષ્ટિ છે, પણ જેને છે નહિ તે જ્ઞાનિપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સૌથી મોટો રોગ મિથ્યાત્વ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૬૪૭), ઉપદેશ છાયા (૯૫૭)**

''તેમાં પ્રથમ સ્થાનમાં મહાવીર દેવે સર્વ આત્માથી સંયમરૂપ, નિપુણ અહિંસા દેખીને ઉપદેશી.'' **- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૭**

ઉત્થાનિકા રૂપ આગલા કળશમાં સૂચવ્યું તેમ અજ્ઞાનમય અધ્યવસાય એ જ બંધહેતુ છે અને તે મિથ્યાદૃષ્ટિને જ નિયતપણે હોય છે, મિથ્યાદૃષ્ટિના અજ્ઞાનમય અધ્યવસાય કેવા હોય છે તેનું દિગ્દર્શન આ અને પછીની ગાથાઓમાં કરાવ્યું છે અને તેનું અદ્ભુત તલસ્પર્શી વ્યાખ્યાન 'આત્મખ્યાતિ' - સૂત્રકર્તા ભગવાન **અમૃતચંદ્રાચાર્યજીએ** પ્રકાશ્યું છે - 'પર જીવોને' - પોતાથી - આત્માથી પર - અન્ય - બીજા જીવોને હું હિંસું છું - હણું છું અને પરજીવોથી - પોતાથી - આત્માથી પર - અન્ય - બીજા

---

**आत्मभावना -**

यो मन्यते - જે માને છે કે हिनस्मि च हिंस्ये च परैः सत्त्वैः - હું હિંસુ છું - હિંસા કરૂં છું - હણું છું અને પર - બીજા સત્ત્વોથી - જીવોથી હું હિંસાઉં છું - હણાઉં છું, स अज्ञानी मूढः - તે અજ્ઞાની મૂઢ છે, ज्ञानी तु अतः विपरीतः - પણ જ્ઞાની તો આનાથી વિપરીત - ઉલટા પ્રકારનો એટલે કે અમૂઢ છે. ॥ इति **गाथा** आत्मभावना ॥२४७॥

परजीवानहं हिनस्मि - પર જીવોને - બીજા જીવોને હું હિંસુ છું - હણું છું, परजीवै हिंस्ये चाहम् - અને પરજીવોથી - બીજા જીવોથી હિંસાઉં છું - હણાઉં છું, इत्यध्यवसायो ध्रुवं अज्ञानं - એવો અધ્યવસાય ધ્રુવ - ચોક્કસ - નિશ્ચિત અજ્ઞાન છે, स तु यस्यास्ति - અને તે અધ્યવસાય તો જેને છે, सोऽज्ञानित्वात् मिथ्यादृष्टिः - તે અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદૃષ્ટિ છે, यस्य तु नास्ति - પણ જેને છે નહિ, स ज्ञानित्वात् सम्यग्दृष्टिः - તે જ્ઞાનિપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२४७॥

જીવોથી હું હિંસાઉં છું - હણાઉં છું, એવો અધ્યવસાય (ઠોકી બેસાડેલી બુદ્ધિ, આરોપિત ભાવ) 'ધ્રુવ' - ચોક્કસ - નિયત - ત્રિકાળ અજ્ઞાન છે - 'इत्यध्यवसायो ध्रुवमज्ञानं' અને 'તે' - અજ્ઞાનમય અધ્યવસાય જેને છે તે - અજ્ઞાનિપણાને લીધે - મિથ્યાદષ્ટિ છે - 'स तु यस्यास्ति सोऽज्ञानित्वान्मिथ्यादृष्टिः ।' પણ જેને 'તે' - અજ્ઞાનમય અધ્યવસાય છે નહિ - તે જ્ઞાનિપણાને લીધે - સમ્યગ્દષ્ટિ છે, यस्य तु नास्ति स ज्ञानित्वात् सम्यगृदृष्टिः ।






આ અધ્યવસાય અજ્ઞાન કેમ ? તો કે -

**आउक्खयेण मरणं जीवाणं जिणवरेहिं पण्णत्तं ।**
**आउं ण हरेसि तुमं कह ते मरणं कयं तेसिं ॥२४८॥**
**आउक्खयेण मरणं जीवाणां जिणवरेहिं पण्णत्तं ।**
**आउं न हरंति तुहं कह ते मरणं कयं तेहिं ॥२४९॥**

આયુક્ષયથી મરણ જીવો તણું રે, પ્રજ્ઞપ્ત જિનવરે એમ;
આયુ ન હરતો તું તો તેહનું રે, મરણ કર્યું તેં કેમ ?... અજ્ઞાની બાંધે છે બંધને રે. ૨૪૮
આયુક્ષયથી મરણ જીવો તણું રે, પ્રજ્ઞપ્ત જિનવરે એમ;
આયુ તુજ ન હરે તે તેહથી રે, મરણ કરાયું કેમ ?... અજ્ઞાની બાંધે છે બંધને રે. ૨૪૯

**અર્થ** - આયુક્ષયથી જીવોનું મરણ જિનવરોથી પ્રજ્ઞપ્ત (પ્રરૂપિત) છે, તું આયુ નથી હરતો, (તો) ત્હારાથી તેઓનું મરણ કેમ કરાયું ? ૨૪૮

આયુક્ષયથી જીવોનું મરણ જિનવરોથી પ્રજ્ઞપ્ત (પ્રરૂપવામાં આવેલું) છે, તેઓ ત્હારૂં આયુ નથી હરતા, (તો) ત્હારૂં મરણ તેઓથી કેમ કરાયું ? ૨૪૯

## आत्मख्याति टीका

कथमयमध्यवसायोऽज्ञानं ? इति चेत् -

आयुःक्षयेण मरणं जीवानां जिनवरैः प्रज्ञप्तं ।
आयु र्न हरसि त्वं कथं त्वया मरणं कृतं तेषां ॥२४८॥
आयुःक्षयेण मरणं जीवानां जिनवरैः प्रज्ञप्तं ।
आयुर्न हरंति तव कथं ते मरणं कृतं तैः ॥२४९॥

मरणं हि ताव**ज्जीवानां स्वायुःकर्मक्षयेणैव** तदभावे तस्य भावयितुमशक्यत्वात्, **आयुः कर्म** च **नान्येनान्यस्य हर्तुं शक्यं** तस्य स्वोपभोगेनैव क्षीयमाणत्वात् । ततो **न** कथंचनापि **अन्योऽन्यस्य मरणं कुर्यात्** । ततो हिनस्मि हिंस्ये चेत्यध्यवसायो ध्रुवमज्ञानं ॥२४८॥२४९॥

---

**आत्मभावना -**

कथमयमध्यवसायोऽज्ञानं इति चेत् - **આ અધ્યવસાય અજ્ઞાન કેમ ? એમ જો પૂછો તો** - आयुःक्षयेण जीवानां - **આયુક્ષયથી જીવોનું મરણ** जिनवरैः प्रज्ञप्तं - **જિનવરોથી પ્રજ્ઞપ્ત છે - પ્રજ્ઞપવામાં આવેલું છે,** त्वं आयुर्न हरसि - **તું આયુ નથી હરતો, (તો પછી)** कथं त्वया तेषां मरणं कृतं - **ત્હારાથી તેઓનું મરણ કેવી રીતે કરાયું ?** ॥२४८॥ आयुःक्षयेण जीवानां मरणं - **આયુક્ષયથી જીવોનું મરણ** जिनवरैः प्रज्ञप्तं - **જિનવરોથી પ્રજ્ઞપ્ત છે - પ્રજ્ઞપરવામાં આવેલું છે,** तव आयुर्न हरंति - **તેઓ ત્હારૂં આયુ નથી હરતા, (તો પછી)** कथं ते मरणं तैः कृतं - **ત્હારૂં મરણ તેઓથી કેવી રીતે કરાયું ?** ॥२४९॥ इति **गाथा** आत्मभावना ॥२४९॥

मरणं हि तावज्जीवानां - **પ્રથમ તો નિશ્ચયે કરીને જીવોનું મરણ તો** स्वायुः कर्मक्षयेणैव - **સ્વ આયુકર્મક્ષયથી જ, સ્વ - પોતાના આયુકર્મના ક્ષયથી જ છે, એમ શાને લીધે ?** तदभावे - **તેના - આયુકર્મક્ષયના અભાવે** तस्य भावयितुमशक्यत्वात् - **તેના - મરણના હોવાવાના અશક્યપણાને લીધે,** स्वायुःकर्म च - **અને સ્વ આયુકર્મ, સ્વ - પોતાનું આયુકર્મ** नान्येनान्यस्य हर्तुं शक्यं - **અન્યથી અન્યનું હરવું શક્ય નથી, શાને લીધે ?** तस्य स्वोपभोगेनैव क्षीयमाणत्वात् - **તેના સ્વ ઉપભોગથી જ - પોતાના ઉપભોગથી જ ક્ષીયમાણપણાને લીધે.** ततो - **તેથી, શું ?** न कथंचनापि अन्योऽन्यस्य मरणं कुर्यात् - **કોઈ પણ પ્રકારે અન્ય અન્યનું મરણ ન કરે,** ततो - **તેથી** हिनस्मि हिंस्ये चेत्यध्यवसायो ध्रुवमज्ञानं - **હું હિંસુ છું - હણું છું અને હું હિંસાઉં છું - હણાઉં છું એવો અધ્યવસાય ધ્રુવ - નિશ્ચિત અજ્ઞાન છે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२४८॥२४९॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

**મરણ** તો નિશ્ચયે કરીને સ્વ આયુઃકર્મના ક્ષયથી જ (હોય છે), તેના અભાવે તેના હોવાવાનું અશક્યપણું છે માટે અને સ્વ આયુઃકર્મ અન્યથી અન્યનું હરવું શક્ય નથી - તેનું સ્વ ઉપભોગથી જ ક્ષીયમાણપણું છે માટે, તેથી કોઈ પણ પ્રકારે અન્ય અન્યનું મરણ ન કરે, તેથી હું હિંસું છું અને હિંસાઉં છું એવો અધ્યવસાય ધ્રુવ અજ્ઞાન છે. ૨૪૮, ૨૪૯

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જીવનું સ્વરૂપ જ્યાં સુધી ન જાણવામાં આવે, ત્યાં સુધી અનંતા જન્મ મરણ કરવાં પડે. જીવની શું ભૂલ છે તે હજુ સુધી ધ્યાનમાં આવતું નથી."

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩, ઉપદેશ છાયા (૯૫૭)**

"कडाणां कम्माण न मोक्ख अत्थि" **- શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર**

હું હિંસુ છું અને હું હિંસાઉં છું એવો અધ્યવસાય તે અજ્ઞાન છે એમ આગલી ગાથામાં કહ્યું, આ અધ્યવસાય અજ્ઞાન કેમ છે ? તેનો તાત્ત્વિક ખુલાસો અહીં કર્યો છે - 'मरणं हिं तावज्जीवानां स्वायुः कर्मक्षयेणैव' - મરણ તો નિશ્ચયે કરીને જીવોના પોતાના - 'સ્વ' આયુઃ કર્મના ક્ષયથી જ હોય છે - તેના અભાવે - તે સ્વ આયુઃકર્મક્ષય - અભાવે તેના - મરણના હોવાવાનું અશક્યપણું છે માટે અને સ્વ આયુઃકર્મ - પોતાનું આયુઃકર્મ બીજાથી બીજાનું હરવું શક્ય નથી - स्वायुःकर्म च नान्येनान्यस्य हर्तुं शक्यं, तस्य स्वोपभोगैनैव क्षीयमाणत्वात्, તેનું - સ્વ આયુઃકર્મનું સ્વઉપભોગથી જ - પોતાના ઉપભોગથી જ ક્ષીયમાણપણું છે માટે. તેથી કોઈ પણ પ્રકારે બીજો બીજાનું મરણ કરે નહિ, તેથી હું- 'હિંસુ છું' - હિંસા કરૂં છું - હણું છું અને 'હિંસાઉં છું' - હિંસા કરાઉં છું - હણાઉં છું, એવો 'અધ્યવસાય' ઠોકી બેસાડેલી બુદ્ધિરૂપ આરોપિત ભાવ 'ધ્રુવ' - ચોક્કસ નિશ્ચળ - નિયત નિશ્ચય રૂપ અજ્ઞાન છે - इत्यध्यवसायो ध्रुवमज्ञानं ।

સમ્યગ્દષ્ટિ
જ્ઞાની
વીતરાગ

જીવ અધ્યવસાયની - તેના વિપક્ષની શી વાર્ત્તા છે ? તો કે -

**जो मण्णदि जीवेमि य जीविज्जामि य परेहिं सत्तेहिं ।**
**सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो ॥२५०॥**

જીવાડું જીવાડાઉં હું પર સત્ત્વથી રે, માને જે એ રીત;
તે મૂઢો અજ્ઞાની છે ખરે ! રે, જ્ઞાની એથી વિપરીત... અજ્ઞાની બાંધે છે. ૨૫૦

**અર્થ** - જે માને છે કે હું જીવાડું છું અને પર સત્ત્વોથી જીવાડાઉં છું, તે મૂઢ અજ્ઞાની છે, જ્ઞાની તો એથી વિપરીત (અમૂઢ) છે. ૨૫૦

## आत्मख्याति टीका

जीवनाध्यवसायस्य तद्विपक्षस्य का वार्त्ता ? इति चेत् -

**यो मन्यते जीवयामि च जीव्ये चापरैः सत्त्वैः ।**
**स मूढोऽज्ञानी ज्ञान्यतस्तु विपरीतः ॥२५०॥**

परजीवानहं **जीवयामि परजीवै र्जीव्ये** चाहमित्यध्यवसायो ध्रुवमज्ञानं स तु यस्यास्ति सोऽज्ञानित्वान्मिथ्यादृष्टिः । यस्य तु नास्ति **स ज्ञानित्वात् सम्यग्दृष्टिः ॥२५०॥**

## આત્મખ્યાતિ ટીકાર્થ

પર જીવોને હું જીવાડું છું અને **પર જીવોથી હું જીવાડાઉં છું**, એવો અધ્યવસાય ધ્રુવ અજ્ઞાન છે, તે (અધ્યવસાય) તો જેને છે, તે **અજ્ઞાનિપણાને** લીધે - **મિથ્યાદૃષ્ટિ** છે, **પણ** જેને છે નહિ તે **જ્ઞાનિ-પણાને** લીધે - સમ્યગ્દૃષ્ટિ છે. ૨૫૦

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જીવને સમજવું હોય તો સહજ વિચાર પ્રગટે, પણ મિથ્યાત્વરૂપી મોટો રોગ છે તેથી સમજવા માટે ઘણો કાળ જવો જોઈએ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, ઉપદેશ છાયા (૯૫૭)**

મરણ અધ્યવસાયનું અજ્ઞાનપણું દર્શાવ્યું, તો તેના વિપક્ષની - તે મરણ - અધ્યવસાયના પ્રતિપક્ષ


---

**आत्मभावना** -

जीवनाध्यवसायस्य तद्विपक्षस्य का वार्त्ता - જીવન અધ્યવસાયની તેના - તે મરણ અધ્યવસાયના વિપક્ષની - વિરુદ્ધ પક્ષની શી વાર્ત્તા ? इति चेत् - એમ જો પૂછો તો - यो मन्यते - જે માને છે કે - जीवयामि च जीव्ये च अपरैः सत्त्वैः - હું જીવાડું છું અને અપર - બીજા સત્ત્વોથી - પ્રાણીઓથી - જીવોથી હું જીવાડાઉં છું, स अज्ञानी मूढः - તે અજ્ઞાની મૂઢ છે, ज्ञानी तु अतः विपरीतः - પણ જ્ઞાની તો આનાથી વિપરીત - ઉલટા પ્રકારનો એટલે કે અમૂઢ છે. ॥२५०॥ इति **गाथा** आत्मभावना ॥

परजीवानहं जीवयामि - પર - બીજા જીવોને હું જીવાડું છું, परजीवैर्जीव्ये चाहं - અને પર - બીજા જીવોથી હું જીવાડાઉં છું, इत्यध्यवसायो ध्रुवमज्ञानं - એવો અધ્યવસાય - માની બેસવાપણું ધ્રુવ - ચોક્કસ - નિશ્ચિત અજ્ઞાન છે, स तु यस्यास्ति - અને તે (અધ્યવસાય) તો જેને છે सोऽज्ञानित्वात् मिथ्यादृष्टिः - તે અજ્ઞાનિપણાને લીધે મિથ્યાદૃષ્ટિ છે, यस्य तु नास्ति - પણ જેને તે છે નહિ स ज्ञानित्वात् सम्यग्दृष्टिः - તે જ્ઞાનિપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२५०॥

જીવન અધ્યવસાયની શી વાર્ત્તા છે - શી કહાણી છે ? તેની વિવક્ષા અહીં કરી છે - પોતાથી - આત્માથી 'પર' - અન્ય એવા પર જીવોને હું જીવાડું છું અને પર જીવોથી હું જીવાડાઉં છું, એવો 'અધ્યવસાય' - માની બેસવાપણા રૂપ અધ્યારોપિત ભાવ 'ધ્રુવ' - ચોક્કસ - નિશ્ચિત અજ્ઞાન છે - 'इत्यध्यवसायो ध्रुवमज्ञानं ।' તે અજ્ઞાન અધ્યવસાય તો જેને છે તે - અજ્ઞાનિપણાને લીધે - મિથ્યાદૃષ્ટિ છે, પણ જેને તે અજ્ઞાન અધ્યવસાય છે નહિ તે - જ્ઞાનિપણાને લીધે - સમ્યગ્દૃષ્ટિ છે.



આ અધ્યવસાય અજ્ઞાન કેમ ? તો કે -

**आऊदयेण जीवदि जीवो एवं भणंति सव्वण्हू ।**
**आउं च ण देसि तुमं कहं तए जीवियं कयं तेसिं ॥२५१॥**
**आऊदयेण जीवदि जीवो एवं भणंति सव्वण्हू ।**
**आउं च ण दिंति तुहं कहं णु ते जीवियं कयं तेहिं ॥२५२॥**

આયુ ઉદયે જીવ જીવતો રે, ભણે સર્વજ્ઞો એમ;
આયુ તું ન દીએ તો તેહનું રે, જીવિત કરાયું કેમ ?... અજ્ઞાની બાંધે છે. ૨૫૧
આયુ ઉદયે જીવ જીવતો રે, ભણે સર્વજ્ઞો એમ;
આયુ તુજ ન દીએ તો તેહથી રે, જીવિત કરાયું કેમ ?... અજ્ઞાની બાંધે છે. ૨૫૨

**અર્થ** - આયુ ઉદયથી જીવ જીવે છે એમ સર્વજ્ઞો કહે છે અને આયુ તું નથી દેતો (તો) ત્હારાથી તેઓનું જીવિત કેમ કરાયું ? ૨૫૧

આયુ ઉદયથી જીવ જીવે છે એમ સર્વજ્ઞો કહે છે અને (તેઓ) તને આયુ નથી દેતા, તો ત્હારૂં જીવિત તેઓથી કેમ કરાયું વારુ ? ૨૫૨

## आत्मख्याति टीका

कथमयमध्यवसायोऽज्ञानमिति चेत् -

**आयुरुदयेन जीवति जीव एवं भणंति सर्वज्ञाः ।**
**आयुश्च न ददासि त्वं कथं त्वया जीवितं कृतं तेषां ॥२५१॥**
**आयुरुदयेन जीवति जीव एवं भणंति सर्वज्ञाः ।**
**आयुश्च न ददाति तव कथं नु ते जीवितं कृतं तैः ॥२५२॥**

**जीवितं** हि तावज्जीवानां स्वायुः**कर्मोदयेनैव,** तदभावे तस्य भावयितुमशक्यत्वात् । **आयुः**कर्म च नान्येनान्यस्य दातुं शक्यं, तस्य स्वपरिणामेनैव उपार्ज्यमाणत्वात् । ततो **न** कथंचनापि **अन्योऽन्यस्य जीवितं** कुर्यात् । अतो जीवयामि जीव्ये चेत्यध्यवसायो ध्रुवमज्ञानं ॥२५१॥२५२॥

---

**आत्मभावना** -

कथमयमध्यवसायोऽज्ञानं - **આ અધ્યવસાય અજ્ઞાન કેમ ?** इति चेत् - **એમ જો પૂછો તો** - आयुरुदयेण जीवः जीवति - **આયુ ઉદયથી જીવ જીવે છે,** एवं भणंति सर्वज्ञाः - **એમ સર્વજ્ઞો ભણે છે - કહે છે,** आयुश्च त्वं न ददासि - **અને આયુ તું નથી દેતો, (તો પછી)** कथं त्वया तेषां जीवितं कृतं - **ત્હારાથી તેઓનું જીવિત કેવી રીતે કરાયું ?** ॥२५१॥ आयुरुदयेन जीवः जीवति - **આયુ ઉદયથી જીવ જીવે છે,** एवं भणंति सर्वज्ञाः - **એમ સર્વજ્ઞો ભણે છે - કથે છે,** आयुश्च न ददाति तव - **અને આયુ તેઓ તને નથી દેતા, (તો પછી)** कथं नु ते जीवितं तैः कृतं - **ત્હારૂં જીવિત તેઓથી કેમ કરાયું વારુ ?** ॥ इति **गाथा** आत्मभावना ॥२५२॥

जीवितं हि तावज्जीवानां - **નિશ્ચયે કરીને જીવોનું જીવિત તો** स्वायुःकर्मोदयेनैव - **સ્વ આયુઃ કર્મ ઉદયથી જ - સ્વ - પોતાના આયુઃકર્મના ઉદયથી જ છે, શાને લીધે ?** तदभावे - **તેના - આયુ કર્મ ઉદયના અભાવે** तस्य भावयितुमशक्यत्वात् - **તેના - જીવિતના હોવાવાના અશક્યપણાને લીધે,** आयुः कर्म च - **અને આયુઃ કર્મ** नान्येनान्यस्य दातुं शक्यं - **અન્યથી અન્યને દેવું શક્ય નથી, શાને લીધે ?** तस्य स्वपरिणामेनैव उपार्ज्यमाणत्वात् - **તેના - આયુઃ કર્મ સ્વ પરિણામથી જ - પોતાના પરિણામથી જ ઉપાર્જ્યમાનપણાને લીધે - કમાઈ રહ્યાપણાને લીધે -** ततो - **તેથી શું ?** न कथंचनापि अन्योऽन्यस्य जीवितं कुर्यात् - **કોઈ પણ પ્રકારે અન્ય અન્યનું જીવિત ન કરે,** अतो - **એથી** जीवयामि जीव्ये चेत्यध्यवसायो - **હું જીવાડું છું અને હું જીવાડાઉં છું એવો અધ્યવસાય** ध्रुवमज्ञानं - **ધ્રુવ - નિશ્ચિત - ચોક્કસ અજ્ઞાન છે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२५१॥२५२॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

**જીવિત તો નિશ્ચયે કરીને જીવોના સ્વ આયુઃ કર્મના ઉદયથી જ છે, તેના અભાવે તેના હોવાવાનું અશક્યપણું છે માટે અને આયુઃકર્મ અન્યથી અન્યનું દેવું શક્ય નથી, તેનું સ્વ પરિણામથી જ ઉપાર્જ્યમાનપણું છે માટે, તેથી કોઈ પણ પ્રકારે અન્ય અન્યનું જીવિત કરે નહિ, એથી હું જીવાડું છું અને હું જીવાડાઉં છું - એવો અધ્યવસાય ધ્રુવ અજ્ઞાન છે. ૨૫૧, ૨૫૨**

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અજ્ઞાન મટ્યે બધી ભૂલ મટે, સ્વરૂપ જાગૃતિમાન્ થાય.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, ઉપદેશ છાયા**

આ જીવન સંબંધી અધ્યવસાય અજ્ઞાન કેમ ? તેનો અહીં ખુલાસો કર્યો છે - જીવિત છે તે તો જીવોના પોતાના - 'સ્વ' આયુઃ કર્મના ઉદયથી જ છે - 'स्वायुःकर्मोदयेनैव', તેના - સ્વ આયુઃકર્મ ઉદયના અભાવે તેનું - જીવિતનું હોવાવાનું અશક્યપણું છે માટે અને આયુકર્મ બીજાથી બીજાનું દેવું શક્ય નથી - તેનું પોતાના આત્માના 'સ્વ' પરિણામથી જ ઉપાર્જ્યમાનપણું - કમાઈ રહ્યાપણું છે માટે - तस्य स्वपरिणामेनैवोपार्ज्यमाणत्वात्, આયુકર્મની કમાણી જીવના પોતાના સ્વ પરિણામથી જ હોય છે, તેથી કોઈ પણ પ્રકારે બીજો બીજાનું જીવિત કરે નહિ, એથી હું બીજાને જીવાડું છું અને હું બીજાથી જીવાડાઉં છું એવો માની બેસવાપણા રૂપ અધ્યવસાય ધ્રુવ અજ્ઞાન છે - इत्यध्यवसायो ध्रुवमज्ञानं ।



દુઃખસુખકરણ અધ્યવસાયની પણ આ જ ગતિ છે -

**जो अप्पणा दु मण्णदि दुःखिदसुहिदे करेमि सत्तेति ।**
**सो मूढो अण्णाणी णाणी एत्तो दु विवरीदो ॥२५३॥**

દુઃખીઆ સુખિઆ સત્ત્વો હું કરૂં રે, માને પોતે એ રીત;
તે મૂઢો અજ્ઞાની છે ખરે ! રે, જ્ઞાની એથી વિપરીત... અજ્ઞાની. ૨૫૩

**અર્થ** - જે આત્માથી માને છે કે હું સત્ત્વોને દુઃખિઆ - સુખિઆ કરૂં છું, તે મૂઢ અજ્ઞાની છે, જ્ઞાની તો એથી વિપરીત છે. ૨૫૩

## आत्मख्याति टीका

दुःखसुखकरणाध्यवसायस्यापि एषैव गतिः -

**य आत्मना तु मन्यते दुःखितसुखितान् करोमि सत्त्वानिति ।**
**स मूढोऽज्ञानी ज्ञान्यतस्तु विपरीतः ॥२५३॥**

पर**जीवानहं दुःखितान् सुखितांश्च करोमि** परजीवैर्दुखीतः सुखितश्च क्रियेहं, **इत्यध्यवसायो** ध्रुवमज्ञानं, स तु **यस्यास्ति सोऽज्ञानित्वान्मिथ्यादृष्टिः,** यस्य तु नास्ति स **ज्ञानि**त्वात् सम्यग्दृष्टिः ॥२५३॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

પર જીવોને હું દુઃખિઆ અને **સુખિઆ કરૂં છું,** પરજીવોથી હું દુઃખિઓ અને સુખિઓ કરાઉં છું, **એવો અધ્યવસાય** ધ્રુવ અજ્ઞાન છે અને તે તો જેને છે **તે - અજ્ઞાની**પણાને લીધે - **મિથ્યાદૃષ્ટિ** છે, પણ જેને (તે) છે નહિ તે **જ્ઞાનિ**પણાને લીધે - સમ્યગ્દૃષ્ટિ છે. ૨૫૩

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જીવની અનાદિ કાળથી ભૂલ ચાલી આવે છે. તે સમજવાને અર્થે જીવને જે ભૂલ મિથ્યાત્વ છે તેને મૂળથી છેદવી જોઈએ.'' **- શ્રીમદ્ રાજચંદ્ર, ઉપદેશ છાયા**

દુઃખ કરણ - સુખ કરણ અધ્યવસાયની પણ આજ મરણકરણ - જીવિત કરણ અધ્યવસાય જેવી જ ગતિ છે - પોતાનાથી - આત્માથી 'પર' - અન્ય એવા પર જીવોને હું દુઃખીઆ અને સુખીઆ કરૂં


---

**आत्मभावना -**

दुःखसुखकरणाध्यवसायस्य - દુઃખસુખકરણ કરવાના અધ્યવસાયની एषैव गति - આ જ મરણ - જીવન અધ્યવસાયની કહી એજ ગતિ - य आत्मना तु मन्यते - અને જે આત્માથી - પોતાથી માને છે કે सत्त्वान् दुःखितसुखितान् करोमि इति - સત્ત્વોને - પ્રાણીઓને હું દુઃખિઆ - સુખિઆ કરૂં છું, स अज्ञानी मूढः - તે અજ્ઞાની મૂઢ છે, ज्ञानी अतस्तु विपरीतः - જ્ઞાની તો આનાથી વિપરીત - ઉલટા પ્રકારનો એટલે કે અમૂઢ છે. ॥ इति **गाथा** आत्मभावना ॥२५३॥

परजीवानहं दुःखितान् सुखितांश्च करोमि - પરજીવોને - બીજા જીવોને હું દુઃખિત અને સુખિત કરૂં છું, परजीवै दुःखितसुखितश्च क्रियेहं - પરજીવોથી - બીજા જીવોથી હું દુઃખીત અને સુખિત કરાઉં છું, इत्यध्यवसायो ध्रुवमज्ञानं - એવો અધ્યવસાય ધ્રુવ - ચોક્કસ - નિયત અજ્ઞાન છે, स तु यस्यास्ति - અને તે તો જેને છે, सोऽज्ञानीत्वान्मिथ्यादृष्टिः - તે અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદૃષ્ટિ છે, यस्य तु नास्ति - અને જેને (તે) છે નહિ, स ज्ञानित्वात् सम्यग्दृष्टिः - તે જ્ઞાનીપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२५३॥

છું, પર જીવોથી હું દુઃખીઓ અને સુખીઓ કરાઉં છું, એવો 'અધ્યવસાય' - માની બેસવાપણા રૂપ અધ્યારોપિત ભાવ ધ્રુવ અજ્ઞાન છે - इत्यध्यवसायो ध्रुवमज्ञानं અને તે અજ્ઞાન અધ્યવસાય તો જેને છે તે અજ્ઞાનીપણાને લીધે મિથ્યાદૃષ્ટિ છે - सोऽज्ञानित्वान्मिथ्यादृष्टिः અને જેને તે છે નહિ તે જ્ઞાનિપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ છે - यस्य तु नास्ति स ज्ञानित्वात् सम्यग्दृष्टिः ।



અધ્યવસાય અજ્ઞાન કેમ ? તો કે -

**कम्मोदएण जीवा दुक्खिदसुहिदा हवंति जदि सव्वे ।**
**कम्मं च ण देसि तुमं दुक्खिदसुहिदा कहं कया ते ॥२५४॥**
**कम्मोदएण जीवा दुक्खिदसुहिदा हवंति जदि सव्वे ।**
**कम्मं च ण दिंति तुहं कदोसि कहं दुक्खिदो तेहिं ॥२५५॥**
**कम्मोदएण जीवा दुक्खिदसुहिदा हवंति जदि सव्वे ।**
**कम्मं च ण दिंति तुहं कह तं सुहिदो कदो तेहिं ॥२५६॥**

કર્મ ઉદયથી જીવ સૌ દુઃખિઆ રે, સુખિઆ હોય જો તેમ;
ને તું કર્મ દીએ ના તુજથી રે, દુઃખી સુખી કરાયા કેમ ?... અજ્ઞાની. ૨૫૪
કર્મ ઉદયથી જીવ સૌ દુઃખિઆ રે, સુખિઆ હોય જો તેમ;
ને તે કર્મ દીએ ના તેહથી રે, દુઃખી તું કરાયો કેમ ?... અજ્ઞાની. ૨૫૫
કર્મ ઉદયથી જીવ સૌ દુઃખીઆ રે, સુખિઆ હોય જો તેમ;
ને તે કર્મ દીએ ના તેહથી રે, સુખી તું કરાયો કેમ ?... અજ્ઞાની. ૨૫૬

**અર્થ** - કર્મ ઉદયથી જો જીવો સર્વે દુઃખિત - સુખિત હોય છે અને કર્મ તું દેતો નથી, તો તેઓ દુઃખિત - સુખિત કેમ કરાયા ? ૨૫૪

કર્મ ઉદયથી જો જીવો સર્વે દુઃખિત - સુખિત હોય છે અને કર્મ તેઓ તને દેતા નથી, તો તું તેઓથી દુઃખિત કેમ કરાયો છે ? ૨૫૫

કર્મ ઉદયથી જો જીવો સર્વે દુઃખિત-સુખિત હોય છે અને કર્મ તેઓ તને દેતા નથી, તો તું તેઓથી સુખિત કેમ કરાયો ? ૨૫૬

**सुखदुःखे** हि ताव**ज्जीवानां** स्व**कर्मोदयेनैव** तदभावे तयो र्भवितुमशक्यत्वात्, स्व**कर्म** च **नान्येनान्यस्य दातुं शक्यं** तस्य स्वपरिणामेनैवोपार्ज्यमाणत्वात् । ततो **न** कथंचनापि **अन्योन्यस्य सुखदुःखे कुर्यात्** । अतः सुखितदुःखितान् करोमि सुखितदुःखितश्च क्रिये चेत्यध्यवसायो ध्रुवमज्ञानं ॥२५४॥२५५॥२५६॥

---

**आत्मभावना** -

कथमध्यवसायोऽज्ञानम् - **અધ્યવસાય અજ્ઞાન કેમ ?** इति चेत् - **એમ જો પૂછો તો** - यदि जीवाः सर्वे - **જો જીવો સર્વે** कर्मोदयेन दुःखितसुखिता भवंति - **કર્મોદયથી - દુઃખિત - સુખિત હોય છે,** कर्म च त्वं न ददासि - **અને કર્મ તું દેતો નથી, (તો પછી)** તે दुःखितसुखिता कथं कृताः - **તેઓ (ત્હારાથી) દુઃખિત - સુખિત કેવી રીતે કરાયા ?** ॥२५४॥ यदि जीवाः सर्वे - **જો જીવો સર્વે** कर्मोदयेन दुःखितसुखिता भवंति - **કર્મોદયથી દુઃખીત - સુખીત હોય છે,** कर्म च तव न ददाति - **અને કર્મ તેઓ તને દેતા નથી, (તો પછી)** कथं तैः दुःखितः कृतोसि - **તેઓથી તું કેવી રીતે દુઃખીત કરાયો છે ?** ॥२५५॥ यदि जीवाः सर्वे - **જો જીવો સર્વે** कर्मोदयेन दुःखीत सुखीता भवंति - **કર્મોદયથી દુઃખિત - સુખિત હોય છે,** कर्म च तव न ददति - **અને કર્મ તેઓ તને દેતા નથી,** कथं तैस्त्वं सुखितः कृतः - **તેઓથી તું કેવી રીતે સુખિત કરાયો ?** ॥२५६॥ इति **गाथा** आत्मभावना ॥२५४-२५६॥

सुखदुःखे हि तावज्जीवानां स्वकर्मोदयेनैव - **સુખ - દુઃખ તો નિશ્ચયે કરીને જીવોના સ્વકર્મોદયથી જ છે, શાને લીધે ?** तदभावे - **તેના - સ્વ કર્મોદયના અભાવે** तयो र्भवितुमशक्यत्वात् - **તે બન્નેના - સુખ - દુઃખના હોવાના અશક્યપણાને લીધે** स्वकर्म च नान्येनान्यस्य दातुं शक्यं - **અને સ્વકર્મ - પોતાનું કર્મ અન્યથી અન્યનું દેવું શક્ય નથી, શાને લીધે ?** तस्य स्वपरिणामेनैवोपार्ज्यमाणत्वात् - **તેના સ્વ પરિણામથી જ ઉપાર્જ્યમાનપણાને લીધે - કમાણી કરાવરાવાપણાને લીધે.** ततो न कथंचनापि अन्योन्यस्य सुखदुःखे कुर्यात् - **તેથી કોઈ પણ પ્રકારે અન્ય અન્યના સુખ-દુઃખ કરે નહિ,** अतः - **એથી કરીને, શું ?** सुखित-दुःखितान् करोमि सुखितदुःखितश्च क्रिये - **સુખિતો-દુઃખિતો હું કરૂં છું અને સુખિત-દુઃખિત હું કરાઉં છું,** इत्यध्यवसायो ध्रुवमज्ञानं - **એવો અધ્યવસાય ધ્રુવ - ચોક્કસ - નિશ્ચિત અજ્ઞાન છે.** ॥ **'आत्मख्याति'** आत्मभावना ॥२५४॥२५५॥२५६॥

## आत्मख्याति टीका

कथमध्यवसायोऽज्ञानमिति चेत् -

**कर्मोदयेन जीवा दुःक्खितसुखिता भवंति यदि सर्वे ।**
**कर्म च न ददासि त्वं दुःखितसुखिताः कथं कृतास्ते ॥२५४॥**
**कर्मोदयेन जीवा दुःखितसुखिता भवंति यदि सर्वे ।**
**कर्म च न ददाति तव कृतोसि कथं दुःखितस्तैः ॥२५५॥**
**कर्मोदयेन जीवा दुःखितसुखिता भवंति यदि सर्वे ।**
**कर्म च न ददति तव कथं त्वं सुखितः कृतस्तैः ॥२५६॥**

सुखदुःखे हि ताव**ज्जीवानां स्वकर्मोदयेनैव** तदभावे । तयो र्भवितुमशक्यत्वात् स्व**कर्म** च **नान्येनान्यस्य दातुं शक्यं** तस्य स्व परिणामेनैवोपार्ज्यमाणत्वात । ततो न कथंचनापि **अन्योन्यस्य सुखदःखे कुर्यात्** । अतः सुखितदुःखितान् करोमि सुखितदुःखितश्च क्रिये चेत्यध्यवसायो ध्रुवमज्ञानं ॥२५४॥२५५॥२५६॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

સુખ-દુઃખ તો નિશ્ચયે કરીને જીવોના સ્વ કર્મોદયથી જ છે - તેના અભાવે તે બન્નેના હોવાનું અશક્યપણું છે માટે અને સ્વકર્મ અન્યથી અન્યનું દેવું શક્ય નથી - તેનું સ્વપરિણામથી જ ઉપાર્જ્યમાનપણું છે માટે, તેથી કોઈ પણ પ્રકારે અન્ય અન્યના સુખ-દુઃખે કરે નહિ, એથી કરીને સુખિત-દુઃખિત હું કરૂં છું અને સુખિત દુઃખિત હું કરાઉં છું - એવો અધ્યવસાય ધ્રુવ અજ્ઞાન છે. ૨૫૪, ૨૫૫, ૨૫૬


## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''નિરાકુલતા એ સુખ છે, સંકલ્પ એ દુઃખ છે.''
''અજ્ઞાન ટાળવાનું છે, અજ્ઞાન ગયું તેનું દુઃખ ગયું.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૬૪, વ્યાખ્યાન સાર, ઉપદેશ છાયા**

''કર્યાં કર્મ સહુ અનુભવે એ, કોઈ ન રાખણહાર તો.'' **- શ્રી વિનયવિજયજી કૃત પુણ્યપ્રકાશ સ્તવન**

હું દુઃખી સુખી કરૂં છું અને હું દુઃખી સુખી કરાઉં છું એવો આ અધ્યવસાય અજ્ઞાન કેમ ? તેનો તાત્ત્વિક ખુલાસો અહીં કર્યો છે - સુખ દુઃખ તો પ્રગટપણે જીવોના પોતાના - 'સ્વ' કર્મોદયથી જ હોય છે - 'स्व कर्मोदयेनैव', તેના સ્વ કર્મોદયના અભાવે તે બેનું - સુખ દુઃખનું હોવાનું અશક્યપણું છે માટે અને સ્વકર્મ બીજાથી બીજાને દેવું શક્ય નથી, તેનું સ્વ પરિણામથી જ ઉપાર્જ્યમાનપણું - કમાઈ રહ્યાપણું છે માટે, 'तस्य स्वपरिणामेनोपार्ज्यमानत्वात्', 'સ્વ' કર્મની - પોતાના કર્મની કમાણી 'સ્વ' પોતાના પરિણામ થકી જ હોય છે માટે, તેથી કોઈ પણ પ્રકારે બીજો બીજાના સુખ દુઃખ કરે નહિ - એથી કરીને સુખિઆ - દુઃખિઆ હું કરૂં છું અને સુખિઓ - દુઃખિઓ હું કરાઉં છું એવો અધ્યવસાય ધ્રુવ અજ્ઞાન છે - इत्यध्यवसायो ध्रुवमज्ञानं ।



ઉક્તના સાર સમુચ્ચય રૂપ સમયસાર કળશ (૬) લલકારે છે -

वसंततिलका

**सर्वं सदैव नियतं भवति स्वकीय -**
**कर्मोदयान्मरणजीवितदुःखसौख्यं ।**
**अज्ञानमेतदिह यत्तु परः परस्य,**
**कुर्यात् पुमान् मरणजवितदुःखसौख्यं ॥१६८॥**

કર્મોદયો થકી સ્વ નિશ્ચય એહ મુખ્ય, હોયે સદા મરણ જીવિત દુઃખ સૌખ્ય;
અજ્ઞાન આ - પુરુષ જે પર તો પરોનું, આંહી કરે મરણ જીવિત દુઃખ સૌખ્ય. ૧૬૮

## અમૃત પદ-૧૬૮

'પંથડો નિહાળું રે બીજા જિનતણો રે' - એ રાગ

પરનું કરે પર તે અજ્ઞાન છે રે, કહે નિશ્ચય ભગવાન,
સર્વ સ્વકીય કર્મોદયથી થતું રે, જાણે ન જન અજ્ઞાન... પરનું કરે પર તે અજ્ઞાન છે રે. ૧
સર્વ સદૈવ સ્વકીય જ કર્મના રે, ઉદય થકી અહીં થાય,
મરણ જીવિત દુઃખ સર્વ એ રે, નિયત જ એમ સદાય... પરનું કરે પર તે અજ્ઞાન છે રે. ૨
જીવિત આયુ ઉદયે હોય છે રે, મરણ આયુક્ષય હોય,
દુઃખ અસાતા ઉદયે હોય છે રે, સુખ સાતોદય જોય... પરનું કરે પર તે અજ્ઞાન છે રે. ૩
પણ પુરુષ પર જે પરનું કરે રે, મરણ જીવિત દુઃખ સૌખ્ય,
તે તો ખરેખર ! છે અજ્ઞાન આ રે, જાણ નિશ્ચય એ મુખ્ય... પરનું કરે પર તે અજ્ઞાન છે રે. ૪
ત્રણ કાળે પણ ન ચળે એહવી રે, નિશ્ચય વાર્ત્તા આમ,
ટંકોત્કીર્ણ અક્ષર આ વર્ણવી રે, ભગવાન અમૃત સ્વામ... પરનું કરે પર તે અજ્ઞાન છે રે. ૫

**અર્થ** - મરણ - જીવિત, દુઃખ-સૌખ્ય એ સર્વ સદૈવ સ્વકીય કર્મોદય થકી નિયતપણે હોય છે, આ અહીં અજ્ઞાન છે કે પર પુરુષ પરનું મરણ - જીવિત - દુઃખ - સૌખ્ય કરે. ૧૬૮

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"એકવાર એક તણખલાના બે ભાગ કરવાની ક્રિયા કરી શકવાની શક્તિ પણ ઉપશમ થાય ત્યારે જે ઈશ્વરેચ્છા હશે તે થશે." - શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૩૩૪), ૪૦૮

ઉપરની ગાથાઓમાં મરણ - જીવિત - દુઃખ - સુખકરણ બા. જે અજ્ઞાનમય વિવિધ અધ્યવસાયનું કથન કર્યું તેનો સાર સમુચ્ચય રૂપ ઉપસંહાર કરતો આ કળશ પરમ તત્ત્વદેષ્ટા **અમૃતચંદ્રજીએ** અપૂર્વ ભાવાવેશથી લલકાર્યો છે - सर्वं सदैव भवति नियतं स्वकीयकर्मोदयान्मरण जीवितदुःखसौख्यं - મરણ - જીવિત - દુઃખ - સુખ એ સર્વ સદૈવ નિયતપણે - ચોક્કસપણે **'સ્વકીય'** - પોતાના કર્મના ઉદય થકી જ હોય છે, અહીં - આ જગત્‌ને વિષે પર - બીજો પુરુષ પરના - બીજાના મરણ - જીવિત - દુઃખ - સુખ કરે એ તો અજ્ઞાન છે - अज्ञानमेतदिह यत्तु परः परस्य, कुर्यात् पुमान् मरणजीवितदुःखसौख्यं ।

અર્થાત્ - આ જગત્‌માં ત્રણે કાળને વિષે કોઈનું વૃદ્ધ વયે મરણ થાય છે, કોઈનું મધ્ય વયે મરણ થાય છે, કોઈનું બાલ વયે મરણ થાય છે, કોઈનું જીવિત, દીર્ઘ - લાંબુ હોય છે, કોઈનું જીવિત

અલ્પ-ટૂંકું હોય છે, કોઈ દુઃખ ભોગવે છે, કોઈ સુખ ભોગવે છે - આ બધુંય 'સ્વકીય' - પોતાના પૂર્વે બાંધેલા કર્મના ઉદય થકી જ સદૈવ - ત્રણે કાળમાં 'નિયતપણે' - નિશ્ચિતપણે - ચોક્કસપણે હોય છે. જીવ પોતાના આયુ કર્મના ક્ષય થકી જ નિયત સમયે મરણ પામે છે, પોતાના આયુકર્મના ઉદય થકી જ નિયત સમય પર્યંત જીવિત અનુભવે છે, પોતાના અસાત વેદનીય કર્મના ઉદય થકી જ નિયતપણે દુઃખ ભોગવે છે, પોતાના સાત વેદનીય કર્મના ઉદય થકી જ નિયતપણે સુખ ભોગવે છે. આમ ત્રણે કાળમાં પોતાના કર્મોદય થકી જ - મરણ જીવિત - દુઃખ - સુખ સદાય નિયતપણે હોય છે, એવી ત્રણે કાળમાં નિયત - ધ્રુવ - અફર નિશ્ચય રૂપ સ્થિતિ છે, છતાં અહંકારથી કોઈ એમ માનતો હોય, કે હું બીજાના મરણ - જીવિત - દુઃખ - સુખ કરી દઉં, અથવા તો બીજાથી મ્હારા મરણ - જીવિત - દુઃખ - સુખ કરી દેવાય, તો તે કેવલ અજ્ઞાન જ છે - સુનિશ્ચિત વસ્તુસ્થિતિનું અજાણપણું જ છે, કારણકે બીજો પુરુષ બીજાના મરણ - જીવિત - દુઃખ - સુખ કરી શકવાને ત્રણે કાળને વિષે ત્રણે લોકને વિષે સમર્થ છે નહિ, સર્વથા અસમર્થ જ છે.

''એક ગર્ભાધાનમાં આવતાં જ મરણ પામે છે. એક જન્મ્યો કે તરત મરણ પામે છે. એક મૂએલો અવતરે છે અને એક સો વર્ષનો વૃદ્ધ થઈને મરે છે. કોઈના મુખ, ભાષા અને સ્થિતિ સરખાં નથી. મૂર્ખ રાજ્યગાદી પર ખમાખમાથી વધાવાય છે અને સમર્થ વિદ્વાનો ધક્કા ખાય છે ! આમ આખા જગત્‌ની વિચત્રતા ભિન્ન ભિન્ન પ્રકારે તમે જુઓ છો, એ ઉપરથી તમને કંઈ વિચાર આવે છે ? મેં કહ્યું છે તે ઉપરથી તમને વિચાર આવતો હોય તો કહો કે, તે શા વડે થાય છે ? પોતાનાં બાંધેલાં શુભાશુભ કર્મ વડે. કર્મ વડે આખો સંસાર ભમવો પડે છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત મોક્ષમાળા (બાલાવબોધ) પાઠ-૩.

ઉત્થાનિકા રૂપ સમયસાર કળશ (૭) પ્રકાશે છે -

**वसंततिलका**

**अज्ञानमेतदधिगम्य परात्परस्य,**
**पश्यंति ये मरणजीवितदुःखसौख्यं ।**
**कर्माण्यहंकृतिरसेन चिकीर्षवस्ते,**
**मिथ्यादृशो नियतमात्महनो भवंति ॥१६९॥**

અજ્ઞાન આ લહી ખરે ! પરનું પરેથી,
જે દેખતા મરણ જીવિત દુઃખ સૌખ્ય,
કર્મો અહંકૃતિ રસે કરવા ચહંતા,
મિથ્યાદૃશો નિયત આત્મહણા હવંતા. ૧૬૯

## અમૃત ૫૬-૧૬૯

'પંથડો નિહાળું રે બીજા જિનતણો રે' - એ રાગ
પરનું કરે પર તે અજ્ઞાન છે રે, કહે નિશ્ચય ભગવાન,
પણ અહંકાર રસે વહ્યા જતા રે, જાણે ન જન અજ્ઞાન... પરનું કરે પર તે અજ્ઞાન છે રે. ૧
એવા આ પામી અજ્ઞાનને રે, પર થકી પરના જેહ,
મરણ જીવિત દુઃખ સુખ સર્વ એ રે, દેખે છે અહીં એહ... પરનું કરે પર. ૨
હું કરૂં હું કરૂં તે અહંકૃતિ રસે રે, કરવા કર્મ ચહંત,
આત્મઘાતી તે મિથ્યાદૃષ્ટિઓ રે, નિયતપણે જ હવંત... પરનું કરે પર. ૩
હુંકાર વિષ હોંસે હોંસે પીતા રે, કરતા આત્મની ઘાત,
'પોતે પોતાના વૈરી બને રે, કેવી ખરી આ વાત'... પરનું કરે પર. ૪
અજ્ઞાન વિષ વમાવી કરાવવા રે, પરમ જ્ઞાનામૃત પાન,
ભગવાન અમૃતચંદ્રે આ કહી રે, અમૃત અમૃત વાણ... પરનું કરે પર. ૫

**અર્થ** - આ અજ્ઞાનને પામીને જેઓ પર થકી પરના મરણ - જીવિત - દુઃખ - સૌખ્ય દેખે છે, તેઓ અહંકૃતિ રસથી કર્મો કરવાને ઈચ્છતા મિથ્યાદૃષ્ટિઓ નિયતપણે આત્મહંતા (આત્મઘાતી) હોય છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''પોતે પોતાનો વૈરી આ કેવી ખરી વાત છે.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**

''હું કરૂં હું કરૂં એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જિમ શ્વાન તાણે.'' - **શ્રી અખા ભક્ત**

નીચેની ગાથાના ભાવનું સૂચન કરતા આ ઉત્થાનિકા કળશમાં અહંકૃતિ રસથી કર્મ કરવા ઈચ્છતા મિથ્યાદૃષ્ટિઓનું આત્મઘાતિપણું-આત્મઘ્નપણું સૂચવ્યું છે - अज्ञानमेतदधिगम्य परात्परस्य, पश्यंति ये मरण जीवितदुःखसौख्यं - આ અજ્ઞાનને પામીને જેઓ પર થકી પરના મરણ - જીવિત - દુઃખ - સુખ દેખે છે, તે 'અહંકૃતિ રસથી' - અહંકાર રસથી કર્મો કરવા ઈચ્છતા - 'कर्माण्यहंकृतिरसेन चिकिर्षवस्ते' - મિથ્યાદૃષ્ટિઓ નિયતપણે આત્માનો ઘાત કરનારા - 'આત્મહનો' - આત્મઘાતિઓ - આત્મઘ્નો હોય છે - 'मिथ्यादृशो नियतमात्महनो भवंति ।' અર્થાત્ પર પરનું મરણાદિ કરે એમ માનવું તે વસ્તુ સ્થિતિનું અજાણપણું હોવાથી પ્રગટ અજ્ઞાન જ છે, આ અજ્ઞાનને લીધે જેઓ પર થકી પરનું મરણાદિ દેખે છે, તે મિથ્યા - અસત્ દેખતા હોવાથી 'મિથ્યાદૃષ્ટિ' છે અને આવા અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે, તેઓ

હું આ કરૂં, હું તે કરૂં, એવા અહંકાર રસથી કર્મો કરવાને ઈચ્છે છે અને આમ કર્મો કરવાને ઈચ્છતા તે મિથ્યાદૃષ્ટિઓ નિયતપણે આત્મઘાતી હોય છે, શુદ્ધ આત્મસ્વભાવનો ઘાત કરનારા મહામોહનીયાદિ ઘાતિકર્મો બાંધી પોતે પોતાનો ઘાત કરનારા - 'આત્મઘાતી' બને છે, પોતે પોતાના વૈરી - આત્મવૈરી બને છે.

મિથ્યાદૃષ્ટિ{ અજ્ઞાન → [પરથી] → [પરનું] } દેખતા :: આકૃતિ [અહંકૃતિ રસથી] → [કર્મો કરવા ઈચ્છતા] → [આત્મઘાતી] }

મરણ-જીવિત : દુઃખ સૌખ્ય

**जो मरइ जो य दुहिदो जायदि कम्मोदयेण सो सव्वो ।**
**तह्मा दु मारिदो दे दुहाविदो चेदि ण हु मिच्छा ॥२५७॥**
**जो ण मरदि ण य दुहिदो सोवि य कम्मोदयेण चेव खलु ।**
**तह्मा ण मारिदो णो दुहाविदो चेदि ण हु मिच्छा ॥२५८॥**

જેહ મરે જે દુઃખીઓ થાય છે રે, કર્મ ઉદયે સહુ તેહ,
તેથી તેમ માર્યો દુઃખાવિઓ રે, મિથ્યા શું નહિ એહ ?... અજ્ઞાની બાંધે છે. ૨૫૭
જે ન મરે ના દુઃખીઓ થાય છે રે, કર્મ ઉદયે સહી તેહ;
તેથી મરાયો ન ન દુઃખાવિઓ રે, મિથ્યા શું નહિ એહ ?... અજ્ઞાની બાંધે છે. ૨૫૮

**અર્થ** - જે મરે છે અને જે દુઃખિત (દુઃખીઓ) થાય છે, તે સર્વ કર્મ ઉદયથી થાય છે, તેથી ત્હારાથી મરાયો વા દુઃખાવાયો એ શું ખરેખર ! મિથ્યા નથી ? ૨૫૭

જે નથી મરતો અને નથી દુઃખિત (દુઃખીઓ) થતો, તે પણ નિશ્ચયે કરીને કર્મ ઉદયથી જ થાય છે, તેથી ન મરાયો અને ન દુઃખાવાયો એ શું ખરેખર ! મિથ્યા નથી ? ૨૫૮

## आत्मख्याति टीका

**यो म्रियते यश्च दुःखितो जायते कर्मोदयेन स सर्वः ।**
**तस्मात्तु मारितस्ते दुःखित श्चेति न खलु मिथ्या ॥२५७॥**
**यो न म्रियते न च दुःखितः सोपि च कर्मोदयेन चैव खलु ।**
**तस्मान्न मारितो नो दुःखितश्चेति न खलु मिथ्या ॥२५८॥**

**यो** हि **म्रियते** जीवति वा दुःखीतो भवति सुखीतो भवति च **स खलु कर्मोदयेनैव** तदभावे तस्य तथा भवितुमशक्यत्वात् । ततः मयायं **मारितः** अयं जीवितः अयं **दुःखितः** कृतः अयं सुखितः कृतः इति पश्यन् मिथ्यादृष्टिः ॥२५७॥२५७॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

**જે ખરેખર ! મરે છે વા જીવે છે, દુઃખિત હોય છે અને સુખિત હોય છે, તે નિશ્ચયે કરીને કર્મોદયથી જ હોય છે - તેના અભાવે તેના તથા પ્રકારે હોવાનું અશક્યપણું છે માટે, તેથી મ્હારાથી આ**

---

**आत्मभावना** -

यो म्रियते यश्च दुःखितो जायते - **જે મરે છે અને જે દુઃખીત - દુઃખિઓ ઉપજે છે,** स सर्व कर्मोदयेन - **તે સર્વ કર્મોદયથી છે,** तस्मात्तु मारितः ते दुःखितश्चेति - **તેથી મ્હારાથી મરાયો અને દુઃખાવાયો એ** न खलु मिथ्या - **શું ખરેખર ! નિશ્ચયે કરીને મિથ્યા નથી ?** ॥२५७॥ यो न म्रियते न च दुःखीतः - **જે નથી મરતો અને નથી દુઃખીત થતો,** सोपि च कर्मोदयेन चैव खलु - **તે પણ ખરેખર ! નિશ્ચયે કરીને કર્મોદયથી જ છે,** तस्मान्न मारितो नो दुःखीतश्चेति - **તેથી નથી મારિત અને નથી દુઃખીત એ** न खलु मिथ्या - **શું ખરેખર ! નિશ્ચયે કરીને મિથ્યા નથી ?** ॥२५८॥ इति **गाथा** आत्मभावना ॥२५७-२५८॥

यो हि म्रियते जीवति वा दुःखितो भवति सुखितो भवति च - **જે ખરેખર ! મરે છે વા જીવે છે, દુઃખિત થાય છે અને સુખિત થાય છે,** स खलु कर्मोदयेनैव - **તે ખરેખર ! નિશ્ચયે કરીને કર્મોદયથી જ , એમ શાને લીધે ?** तदभावे - **તેના કર્મોદયના અભાવે** तस्य तथा भवितुमशक्यत्वात् - **તેના તથાપ્રકારે હોવાના અશક્યપણાને લીધે,** ततः - **તેથી કરીને** मयायं मारितः अयं जीवितः अयं दुःखितः कृतः - अयं सुखितः कृतः - **મ્હારાથી આ મારિત થયો (મરાયો), આ જીવિત થયો (જીવાડાયો), આ દુઃખીત કરાયો, આ સુખીત કરાયો,** इति पश्यन् मिथ्यादृष्टिः - **એમ દેખતો મિથ્યાદૃષ્ટિ છે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२५७॥२५८॥

મરાયો, આ જીવાડાયો, આ દુઃખીયો કરાયો, આ સુખીઓ કરાયો - એમ દેખતો મિથ્યાદૃષ્ટિ છે. ૨૫૭, ૨૫૮

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"** આમ આખા જગત્‌ની વિચિત્રતા ભિન્ન ભિન્ન પ્રકારે તમે જુઓ છો, ** તે શા વડે થાય છે ? પોતાનાં બાંધેલાં શુભાશુભ કર્મ વડે." - **શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત મોક્ષમાળા, પાઠ-૩**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે અહંકારરસથી કર્મો કરવા ઈચ્છતા મિથ્યાદૃષ્ટિઓ છે, તેનું અત્ર નિરૂપણ છે - જે મરે છે વા જીવે છે અને દુઃખીઓ થાય છે વા સુખીઓ થાય છે, તે નિશ્ચયે કરીને કર્મોદયથી જ - 'कर्मोदयेनैव' થાય છે, તેના અભાવે - કર્મોદયના અભાવે તેનું તથાપ્રકારે હોવાનું અશક્યપણું છે માટે. તેથી મ્હારાથી આ મારવામાં આવ્યો, આ જીવાડવામાં આવ્યો, આ દુઃખીઓ કરાયો, આ સુખીઓ કરાયો - એમ દેખતો મિથ્યાદૃષ્ટિ છે - इति पश्यन् मिथ्यादृष्टिः ।



ઉત્થાનિકા રૂપ સમયસાર કળશ (૮) સંગીત કરે છે -

अनुष्टुप्

**मिथ्यादृष्टेः स एवास्य बंधहेतुर्विपर्ययात् ।**

**य एवाध्यवसायोयमज्ञानात्मास्य दृश्यते ॥१७०॥**

આ મિથ્યાદષ્ટિને તે જ, બંધહેતુ વિપર્યયે;

અજ્ઞાનાત્મા જ દેખાયે, જે જ અધ્યવસાય એ. ૧૭૦

## અમૃત પદ-૧૭૦

'પંથડો નિહાળું રે બીજા જિન તણો રે' - એ રાગ

અધ્યવસાન જ બંધ નિદાન છે રે, કહે નિશ્ચય ભગવાન,
અજ્ઞાનમય આ અધ્યવસાન કરે રે, મિથ્યાદષ્ટિ અજ્ઞાન... અધ્યવસાન જ. ૧
મિથ્યાદષ્ટિને વિપર્યય થકી રે, બંધ હેતુ તે હોય,
અધ્યવસાન જે એનું દેખાય છે રે, અજ્ઞાનાત્મક સોય... અધ્યવસાન જ બંધ. ૨
પરનું કરે પર જે એમ દેખતો રે, મિથ્યાદષ્ટિ અજ્ઞાન,
વસ્તુ સ્વરૂપ વિપર્યય દેખતો રે, તેથી કરે અધ્યવસાન... અધ્યવસાન જ બંધ. ૩
ઉંધા ચશ્માથી અહીં દેખતાં રે, ઉંધું બધું દેખાય,
કમળાથી અકળાતા રોગીને રે, પીળું પીળું જ કળાય... અધ્યવસાન જ બંધ. ૪
અધ્યવસાન આ મિથ્યાદષ્ટિને રે, વિપર્યય થકી આમ,
બંધહેતુ હોય નિશ્ચય એ વદે રે, ભગવાન અમૃત સ્વામ ... અધ્યવસાન જ. ૫


**અર્થ** - જે જ આ અજ્ઞાનાત્મા (અજ્ઞાન સ્વરૂપ) અધ્યવસાય આનો દેખાય છે, તે જ આ મિથ્યાદષ્ટિને વિપર્યયને (વિપર્યાસને) લીધે બંધહેતુ હોય છે. ૧૭૦

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''બ્હાર ઉપાધિ એ જ અધ્યવસાય.'' - શ્રીમદ્ રાજચંદ્ર, ઉપદેશ છાયા

य एवाध्यवसायोयमज्ञानात्मास्य दृश्यते - અજ્ઞાન જેનો આત્મા સ્વરૂપ છે એવો અજ્ઞાનાત્મા જે જ અધ્યવસાય આનો - મિથ્યાદષ્ટિનો દેખાય છે, તે જ આ મિથ્યાદષ્ટિને, 'વિપર્યયને લીધે' - વિપર્યાસને લીધે - ઉલટી ઉંધી બુદ્ધિને લીધે, બંધનો હેતુ હોય છે - 'मिथ्यादृष्टेः स एवास्य बंधहेतु र्विपर्ययात्', એમ આ ઉત્થાનિકા કળશમાં અધ્યવસાય જ બંધહેતુ છે એવા નીચેની ગાથાના ભાવનું સૂચન કર્યું છે.

આકૃતિ



**एसा दु जा मई दे दुःखिदसुहिदे करेमि सत्तेति ।**
**एसा दे मूढमई सुहासुहं बंधए कम्मं ॥२५९॥**

દુઃખીઆ સુખીઆ સત્ત્વો હું કરૂં રે, મતિ એવી તુજ જેહ,
આ તુજ મૂઢ મતિ બાંધે ખરે ! રે, કર્મ શુભાશુભ તેહ... અજ્ઞાની બાંધે. ૨૫૯

**અર્થ** - આ જ જે ત્હારી મતિ કે હું સત્ત્વોને આ દુઃખીઆ - સુખીઆ કરૂં છું, આ ત્હારી મૂઢમતિ શુભાશુભ કર્મ બાંધે છે. ૨૫૯

## आत्मख्याति टीका

**एषा तु या मतिस्ते दुःखितसुखितान् करोमि सत्त्वानिति ।**
**एषा ते मूढमतिः शुभाशुभं बध्नाति कर्म ॥२५९॥**

पर**जीवान**हं हिनस्मि न हिनस्मि **दुःखयामि सुखयामि** इति य एवायमज्ञानमयोऽध्यवसायो मिथ्यादृष्टेः स एव स्वयं रागादिरूपत्वात्तस्य शुभाशुभबंधहेतुः ॥२५९॥


## આત્મખ્યાતિ ટીકાર્થ


પર **જીવોને** હું હિંસું છું, હું નથી હિંસતો, હું દુઃખાવું છું, હું સુખાવું છું, એવો જે આ **અજ્ઞાનમય અધ્યવસાય** મિથ્યાદૃષ્ટિનો છે, તે જ સ્વયં રાગાદિ રૂપપણાને લીધે શુભાશુભ બંધનો હેતુ છે. ૨૫૯

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''મિથ્યાદૃષ્ટિ સમકિતિ પ્રમાણે જપતપાદિ કરે છે, એમ છતાં મિથ્યાદૃષ્ટિનાં જપ તપાદિ મોક્ષના હેતુભૂત થતા નથી, સંસારના હેતુભૂત થાય છે'', — શ્રીમદ્ રાજચંદ્ર

એ જ મિથ્યાદૃષ્ટિને બંધહેતુ હોય છે, તેનું અત્ર નિરૂપણ છે - આત્માથી - પોતાથી પર - બીજા એવા પર જીવોને હું હિંસુ છું - હું નથી હિંસતો, હું દુઃખ પમાડું છું - હું સુખ પમાડું છું, એવો જે આ 'અજ્ઞાનમય અધ્યવસાય' - अज्ञानमयोऽध्यवसायो મિથ્યાદૃષ્ટિનો છે, તે જ સ્વયં - પોતે રાગાદિ રૂપપણાને લીધે - 'स एव स्वयं रागादिरूपत्वात्' તેને - મિત્યાદૃષ્ટિને શુભાશુભ બંધનો હેતુ હોય છે.



---

आत्मभावना -

एषा तु या ते मति - અને આ જે ત્હારી મતિ - सत्त्वान् दुःखितसुखितान् करोमि इति - સત્ત્વોને - પ્રાણીઓને હું સુખિત - દુઃખિત કરૂં છું એવી, एषा ते मूढमतिः - આ ત્હારી મૂઢમતિ, शुभाशुभं कर्म बध्नाति - શુભાશુભ કર્મ બાંધે છે. ॥ इति **गाथा** आत्मभावना ॥२५९॥

परजीवानहं हिनस्मि न हिनस्मि दुःखयामि सुखयामि इति - પરજીવોને હું હિંસુ છું, હું નથી હિંસતો, હું દુઃખાવું છું, હું સુખાવું છું, એવો य एवायमज्ञानमयोऽध्यवसायो मिथ्यादृष्टेः - જે જ આ અજ્ઞાનમય અધ્યવસાય મિથ્યાદૃષ્ટિનો, स एव - તે જ तस्य शुभाशुभबंधहेतुः - તેને - મિથ્યાદૃષ્ટિને શુભાશુભ બંધનો હેતુ છે, શાને લીધે ? स्वयं रागादिरूपत्वात् - સ્વયં - પોતે રાગાદિ રૂપપણાને લીધે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२५९॥

હવે અધ્યવસાયને બંધહેતુપણે અવધારે છે -

**दुक्खिदसुहिदे सत्ते करेमि जं एवमज्झवसिदं ते ।**
**तं पावबंधगं वा पुण्णस्स व बंधगं होदि ॥२६०॥**
**मारिमि जीवावेमि य सत्ते जं एवमज्झवसिदं ते ।**
**तं पावबंधगं वा पुण्णस्स व बंधगं होदि ॥२६१॥**

દુઃખિઆ સુખિઆ સત્ત્વો હું કરૂં રે, એ જે તુજ અધ્યવસાય;
પાપનું બંધક વા પુણ્યનું રે, બંધક તેહ જ થાય... અજ્ઞાની બાંધે છે. ૨૬૦
હું મારૂં હું જીવાડું સત્ત્વને રે, એ જે તુજ અધ્યવસાય,
પાપનું બંધક તે વા પુણ્યનું રે, બંધક તેહ જ થાય... અજ્ઞાની બાંધે છે બંધને રે. ૨૬૧

**અર્થ** - સત્ત્વોને હું દુઃખિઆ - સુખિઆ કરૂં છું એવું જે ત્હારૂં અધ્યવસિત, તે પાપનું બંધક વા પુણ્યનું બંધક હોય છે. ૨૬૦

સત્ત્વોને હું મારૂં છું અને હું જીવાડું છું, એવું જે ત્હારૂં અધ્યવસિત, તે પાપનું બંધક વા પુણ્યનું બંધક હોય છે. ૨૬૧

## आत्मख्याति टीका

अथाध्यवसायं बंधहेतुत्वेनावधारयति -

**दुःखितसुखितान् सत्वान् करोमि यदेवमध्यवसितं ते ।**
**तत्पापबंधकं वा पुण्यस्य बंधकं वा भवति ॥२६०॥**
**मारयामि जीवयामि च सत्वान् यदेवमध्यवसितं ते ।**
**तत्पापबंधकं वा पुण्यस्य बंधकं वा भवति ॥२६१॥**

**य** एवायं मिथ्यादृष्टेरज्ञानजन्मा रागमयो**ध्यवसायः** स एव **बंधहेतुः** इत्यवधारणीयं, न च पुण्यपापमयत्वेन द्वित्वाद्बंधस्य तद्धेत्वांतरमन्वेष्टव्यं । एकेनैवानेनाध्यवसायेन **दुःखयामि मारयामि इति**

---

**आत्मभावना** -

अथाध्यवसायं बंधहेतुत्वेनावधारयति - **હવે અધ્યવસાયને બંધહેતુપણે અવધારે છે** - सत्वान् दुःखितसुखितान् करोमि - **સત્વોને - પ્રાણીઓને સુખીઆ - દુઃખીઆ હું કરૂં છું,** एवं यद् ते अध्यवसितं - **એમ જે તારૂં અધ્યવસિત,** तत्पापबंधकं वा पुण्यस्य बंधकं वा भवति - **તે પાપનું બંધક - બાંધનારૂં અથવા પુણ્યનું બંધક - બાંધનારૂં હોય છે.** ॥२६०॥ सत्वान् मारयामि जीवयामि च - **સત્વોને હું મારૂં છું અને હું જીવાડું છું,** एवं यद् अध्यवसितं ते - **એમ જે તહારૂં અધ્યવસિત છે,** तत्पापबंधकं वा पुण्यस्य बंधकं वा भवति - **તે પાપનું બંધક - બાંધાનારૂં વા પુણ્યનું બંધક - બાંધાનારૂં હોય છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥२६०-२६१॥

य एवायं मिथ्यादृष्टेः अज्ञानजन्मा रागमयोध्यवसायः - **જે જ આ મિથ્યાદૃષ્ટિનો - અજ્ઞાનથી જન્મ છે જેનો એવો રાગમય અધ્યવસાય,** स एव बंधहेतुरित्यवधारणीयं - **તે જ બંધહેતુ છે એમ અવધારણીય - અવધારવું યોગ્ય છે,** न च पुण्यपापमयत्वेन द्वित्वाद् बंधस्य तद्धेत्वांतरमन्वेष्टव्यं - **અને પુણ્ય - પાપમયપણાએ કરી બંધના દ્વિત્વના - બેપણાના લીધે તેના હેતુના દ્વિત્વનું - બેપણાનું અંતર - તફાવતપણું અન્વેષવા યોગ્ય નથી, એમ શાને લીધે ?** एकेनैवानेनाध्यवसायेन - **એક જ આ અધ્યવસાયથી** दुःखयामि मारयामि इति सुखयामि जीवयामि - इति च - **હું દુઃખાવું છું - હું મારૂં છું એમ અને હું સુખાવું છું - હું જીવાવું છું એમ** द्विधा - **દ્વિધા, બે ભાગમાં વ્હેંચાયેલ** शुभाशुभाहंकाररसनिर्भरतया - **શુભ - અશુભ અહંકાર રસ નિર્ભરતાએ કરીને** द्वयोरपि पुण्यपापयोः - **બન્નેયના - પુણ્ય - પાપના** बंधहेतुत्वस्याविरोधात् - **બંધહેતુપણાના અવિરોધને લીધે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२६०॥२६१॥

**सुखयामि जीवयामीति** च द्विधा शुभाशुभाहंकाररसनिर्भरतया द्वयोरपि पुण्यपापयोर्बंधहेतुत्वस्याविरोधात् ॥२६०॥२६१॥

## આત્મખ્યાતિ ટીકાર્થ


મિથ્યાદૃષ્ટિનો **જે જ આ અજ્ઞાનજન્મા રાગમય અધ્યવસાય તે જ બંધહેતુ** છે એમ અવધારવું યોગ્ય છે અને પુણ્ય-પાપપણાએ કરીને બંધના દ્વિત્વના (બે-પણાના) લીધે તદ્દ્વિત્વનું હેતુત્વ અંતર અન્વેષવું યોગ્ય નથી, એક જ આ અધ્યવસાયથી હું દુઃખાવું છું - હું મારૂં છું એમ અને હું સુખાવું છું - હું જીવાડું છું એમ દ્વિધા (બે ભાગમાં વ્હેંચાયેલ) શુભાશુભ અહંકારરસ નિર્ભરતાએ કરીને પુણ્ય-પાપ બન્નેયના બંધહેતુપણાનો અવિરોધ છે માટે. ૨૬૦-૨૬૧

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અયત્નાથી ચાલતાં પ્રાણભૂતની હિંસા થાય, (તેથી) પાપકર્મ બાંધે, તેનું કડવું ફળ પ્રાપ્ત થાય. *** યત્નાથી ચાલે, યત્નાથી ઉભો રહે, યત્નાથી બેસે, યત્નાથી શયન કરે, યત્નાથી આહાર કરે, યત્નાથી બોલે, તો પાપકર્મ ન બાંધે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૦**

અધ્યવસાય જ બંધહેતુ છે એમ અધ્યવસાયનું જ બંધહેતુપણું અત્ર અવધાર્યું છે - મિથ્યાદૃષ્ટિનો જે જ આ અજ્ઞાનજન્મા - 'अज्ञानजन्मा' - અજ્ઞાનથી જેનો જન્મ છે એવો રાગમય અધ્યવસાય, તે જ બંધહેતુ છે એમ અવધારવું યોગ્ય છે અને પુણ્ય - પાપમયપણાએ કરીને બંધના 'દ્વિત્વને લીધે' - द्वित्वाद् - બેપણાને લીધે તેના હેતુના દ્વિત્વનું અંતર - 'द्वित्वांतरं' - બે પણાનો તફાવત અન્વેષવા - શોધવા યોગ્ય નથી, કારણકે એક જ આ અધ્યવસાયથી હું દુઃખ પમાડું છું - હું મારૂં છું એમ અને હું સુખ પમાડું છું - હું જીવાડું છું એમ 'દ્વિધા' - બે ભાગમાં વિભક્તપણે શુભ-અશુભ અહંકારરસ નિર્ભરતાએ કરીને - 'शुभाशुभहंकाररसनिर्भरतया' - અહંકારરસની ભરપૂરતાએ કરીને બન્નેયના - પુણ્ય - પાપના બંધહેતુપણાનો અવિરોધ છે માટે - 'द्वयोरपि पुण्यपापयो र्बंधहेतुत्वस्याविरोधात्', અર્થાત્ હું કરૂં હું કરૂં એવી 'શકટનો ભાર જિમ શ્વાન તાણે' એવી અહંકારરસ નિર્ભરતાએ કરીને આ અહંકારમય અધ્યવસાય શુભ હો કે અશુભ હો તો પણ એક જ છે અને તે શુભાશુભથી પ્રાપ્ત થતું પુણ્ય - પાપ ફલ પણ બંધહેતુ જ છે, એટલે પુણ્ય-પાપનું બન્નેયનું એક બંધહેતુપણું જ છે, એટલે પુણ્ય - પાપ એ બન્નેયના બંધહેતુપણામાં અવિરોધ જ છે - અવિશેષ જ છે.

આકૃતિ



એમ સ્ફુટપણે હિંસા અધ્યવસાય જ હિંસા એમ આવ્યું -

**अज्झवसिदेण बंधो सत्ते मारेउ मा व मारेउ ।**

**एसो बंधसमासो जीवाणं णिच्छयणयस्स ॥२६२॥**

સત્ત્વો મારો મા મારો ખરે ! રે, અધ્યવસિતથી બંધ;

બંધ સમાસ જ આ જીવો તણો રે, નિશ્ચયનય સંબંધ... અજ્ઞાની બાંધે છે બંધને રે. ૨૬૨

**અર્થ** - અધ્યવસિતથી બંધ છે, સત્ત્વોને મારો વા મ મારો, આ જીવોનો બંધસમાસ નિશ્ચયનયના અભિપ્રાયે છે. ૨૬૨

## आत्मख्याति टीका

एवं हि हिंसाध्यवसाय एव हिंसेत्यायातं -

**अध्यवसितेन बंधः सत्त्वान् मारयतु मा वा मारयतु ।**

**एष बंधसमासः जीवानां निश्चयनयस्य ॥२६२॥**

परजीवानां स्वकर्मोदयवैचित्र्यवशेन **प्राणव्यपरोपः** कदाचिद् **भवतु** कदाचिन्मा **भवतु** । य एव हिनस्मीत्यंहकाररसनिर्भरो हिंसायाम**ध्यवसायः** स एव निश्चयतस्तस्य **बंधहेतुः**, निश्चयेन परभावस्य प्राणव्यपरोपस्य परेण कर्तुमशक्यत्वात् ॥२६२॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

પર જીવોનો સ્વકર્મોદય વૈચિત્ર્ય વશથી **પ્રાણવ્યપરોપ** કદાચિત્ **હો,** કદાચિત્ **મ હો,** જે જ આ હું હિંસુ છું એવો અહંકારરસ નિર્ભર હિંસામાં **અધ્યવસાય,** તે જ નિશ્ચયથી તેનો **બંધ હેતુ** છે - નિશ્ચયથી પરભાવનું - પ્રાણવ્યપરોપનું પરથી કરવાનું અશક્યપણું છે માટે. ૨૬૨

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"સર્વ જીવો જીવિતને ઈચ્છે છે, મરણને ઈચ્છતા નથી, એ કારણથી પ્રાણીનો ભયંકર વધ નિર્ગ્રંથે તજવો." - **શ્રીમદ્ રાજચંદ્ર,** અં. (૩૭), ૬૦

એમ ઉપરમાં અધ્યવસાયને જ બંધકારણ નિરૂપણ કર્યું, તે પરથી હિંસા અધ્યવસાય એ જ હિંસા - 'हिंसाध्यवसाय एव हिंसा' એમ આવ્યું, એમ અત્ર સ્પષ્ટ કથન કર્યું છે - પોતાથી પર એવા પર જીવોનો સ્વ કર્મોદયના વૈચિત્ર્ય વશથી - 'स्वकर्मोदयवैचित्र्यवशेन' - પોતાના કર્મના ઉદયના


---

**आत्मभावना** -

एवं हिंसाध्यवसाय एव हिंसेत्यायात - **એમ હિંસા અધ્યવસાય જ હિંસા એમ આવ્યું** - अध्यवसितेन बंधः - **અધ્યવસિતથી - અધ્યવસાયથી બંધ છે** - सत्त्वान् मारयतु मा वा मारयतु - **સત્ત્વોને મારો વા મ મારો,** एष - **આ** निश्चयनयस्य - **નિશ્ચયનયના** મતે जीवानां बंधसमासः - **જીવોનો બંધ સમાસ - બંધ સંક્ષેપ છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥२६२॥

पर जीवानां स्वकर्मोदयवैचित्र्यवशेन - **પર જીવોનો સ્વકર્મોદય વૈચિત્ર્ય વશે કરીને - પોતાના કર્મના ઉદયના** વિચિત્રપણાએ વશે કરીને प्राणव्यपरोपः कदाचिद् भवतु कदाचिन्मा भवतु - **પ્રાણવ્યપરોપ - પ્રાણનું હરાવું કદાચિત્ હો,** કદાચિત્ મ હો, य एव - જે જ हिनस्मि इति अहंकाररस निर्भरो हिंसायां अध्यवसायः - **હું હિંસુ છું એવો અહંકાર રસ નિર્ભર હિંસામાં અધ્યવસાય,** स एव - તે જ निश्चयतस्तस्य बंधहेतुः - **નિશ્ચયથી તેને બંધહેતુ છે,** શાને લીધે ? निश्चयेन परभावस्य प्राणव्यपरोपस्य परेण कर्तुमशक्यत्वात् - **નિશ્ચયથી પરભાવ એવા પ્રાણવ્યપરોપના - પ્રાણહરણના પરથી કરવાના અશક્યપણાને લીધે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२६२॥

વિચિત્રપણાના વશ થકી પ્રાણવ્યપરોપ - પ્રાણનાશ કદાચિત્ હો, કદાચિત્ મ હો, પણ જે જ આ હું હિંસુ છું એવો 'अहङ्काररस निर्भरो' - અહંકારરસ નિર્ભર - અહંકાર રસથી ભરેલો હિંસામાં અધ્યવસાય - 'हिंसायामध्यवसायः', તે જ નિશ્ચયથી તેનો બંધહેતુ છે, કારણકે નિશ્ચયથી પરભાવ એવા પ્રાણવ્યપરોપનું - પ્રાણહરણનું પરથી કરવાનું અશક્યપણું છે માટે - निश्चयेन परभावस्य प्राण-व्यपरोपस्य परेण कर्तुमशक्यत्वात् ।



હવે અધ્યવસાયને પાપ-પુણ્યના બંધહેતુપણે દર્શાવે છે -

**एवमलिये अदत्ते अबंभचेरे परिग्गहे चेव ।**
**कीरइ अज्झवसाणं जं तेण दु बज्झए पावं ॥२६३॥**
**तहवि य सच्चे दत्ते बंभे अपरिग्गहत्तणे चेव ।**
**कीरइ अज्झवसाणं जं तेण दु बज्झए पुण्णं ॥२६४॥**

એમ અલીકમાં તેમ અદત્તમાં રે, અબ્રહ્મે પરિગ્રહમાં ય;
અધ્યવસાન કરાયે જે ખરે ! રે, તેથી જ પાપ બંધાય... અજ્ઞાની બાંધે છે બંધને રે. ૨૬૩
તેમજ સત્યમાં તેમ જ દત્તમાં રે, બ્રહ્મે અપરિગ્રહમાં ય;
અધ્યવસાન કરાયે જે ખરે ! રે, તેથી જ પુણ્ય બંધાય... અજ્ઞાની બાંધે છે બંધને રે. ૨૬૪

**અર્થ** - એમ અલીકમાં (અસત્યમાં), અદત્તમાં, અબ્રહ્મચર્યમાં અને પરિગ્રહમાં જે અધ્યવસાન કરાય છે, તેથી જ પાપ બંધાય છે. ૨૬૩

અને તેમજ સત્યમાં, દત્તમાં, બ્રહ્મચર્યમાં અને અપરિગ્રહત્વમાં જે અધ્યવસાન કરાય છે, તેથી જ પુણ્ય બંધાય છે. ૨૬૪

## आत्मख्याति टीका

अथाध्यवसायं पापपुण्ययो र्बंधहेतुत्वेन दर्शयति -

**एवमलीकेऽदत्तेऽब्रह्मचर्ये परिग्रहे चैव ।**
**क्रियतेऽध्यवसानं यत्तेन तु बध्यते पापं ॥२६३॥**
**तथापि च सत्ये दत्ते ब्रह्मणि अपरिग्रहत्वे चैव ।**
**क्रियतेऽध्यवसानं यत्तेन तु बध्यते पुण्यं ॥२६४॥**

**एव**मयमज्ञानात् - यो यथा हिंसायां विधीयतेऽ**ध्यवसायः** तथा **असत्यादत्ताब्रह्मपरिग्रहेषु यश्च** विधीयते **स** सर्वोऽपि केवल एव **पापबंधहेतुः** । यस्तु अहिंसायां यथा विधीयतेऽ**ध्यवसायः** तथा **यश्च सत्यदत्तब्रह्मापरिग्रहेषु विधीयते** स सर्वोऽपि केवल एव **पुण्यबंधहेतुः** ॥२६३॥२६४॥

---

**आत्मभावना** -

अथाध्यवसायं पापपुण्ययो र्बंधहेतुत्वेन दर्शयति - **હવે અધ્યવસાયને - પાપપુણ્યના બંધહેતુપણે દર્શાવે છે** - एवं - **એમ**, ઉક્ત પ્રકારે अलीके अदत्ते अब्रह्मचर्ये परिग्रहे चैव - **અલીકમાં - અસત્યમાં, અદત્તમાં, અબ્રહ્મચર્યમાં, તેમજ પરિગ્રહમાં** यत् अध्यवसानं क्रियते - **જે અધ્યવસાન કરાય છે**, तेन तु पापं बध्यते - **તેનાથી જ નિશ્ચયે કરીને પાપ બંધાય છે**, ॥२६३॥ तथापि च - **અને તેમ જ** सत्ये दत्ते ब्रह्मणि अपरिग्रहत्वे चैव - **સત્યમાં, દત્તમાં, બ્રહ્મમાં - બ્રહ્મચર્યમાં અને અપરિગ્રહત્વમાં - અપરિગ્રહપણામાં** यत् अध्यवसानं क्रियते - **જે અધ્યવસાન કરાય છે**, तेन तु पुण्यं बध्यते - **તેનાથી જ નિશ્ચયે કરીને પુણ્ય બંધાય છે.** ॥२६४॥ इति **गाथा** आत्मभावना ॥२६३॥२६४॥

यो यथा हिंसायां विधीयतेऽध्यवसायः - **જે જેમ હિંસામાં અધ્યવસાય કરાય છે**, तथा असत्यादत्ताब्रह्मपरिग्रहेषु यश्च विधीयते - **તેમ અસત્યમાં - અદત્તમાં - અબ્રહ્મમાં - અપરિગ્રહમાં જે કરાય છે**, स सर्वोऽपि - **તે સર્વ જ** केवल एव - **કેવલ જ - માત્ર જ - એકલો જ** पापबंधहेतुः - **પાપબંધનો હેતુ છે**, यस्तु अहिंसायां यथा विधीयतेऽध्यवसायः - **અને જે જેમ અહિંસામાં અધ્યવસાય કરાય છે**, तथा यश्च सत्यदत्तब्रह्मापरिग्रहेषु विधीयते - **તેમ જે જ સત્યમાં - દત્તમાં - બ્રહ્મમાં - અપરિગ્રહમાં કરાય છે**, स सर्वोऽपि - **તે સર્વ જ** केवल एव - **કેવલ જ - માત્ર જ - એકલો જ** पुण्यबंधहेतुः - **પુણ્યબંધનો હેતુ છે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२६३॥२६४॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

**એમ** આ અજ્ઞાનને લીધે

| | |
|---|---|
| જે જેમ હિંસામાં **અધ્યવસાય** કરાય છે, | **અને** જે જેમ **અહિંસામાં અધ્યવસાય** કરાય છે, |
| તેમજ **અસત્ય-અદત્ત-અબ્રહ્મ-પરિગ્રહમાં જે કરાય છે,** | **તેમજ** જે સત્ય-દત્ત-બ્રહ્મ-અપરિગ્રહમાં કરાય છે, |
| તે સર્વ પણ કેવલ જ **પાપબંધહેતુ** છે; | તે સર્વ પણ કેવલ જ **પુણ્યબંધ હેતુ** છે. ૨૬૩, ૨૬૪ |

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અયત્નાથી બોલતાં પ્રાણભૂતની હિંસા થાય. (તેથી) પાપકર્મ બાંધે, તેનું કડવું ફળ પ્રાપ્ત થાય.''
**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૦**

આ અધ્યવસાયનું જ પાપપુણ્યનું બંધહેતુપણું અત્ર વિવરી દેખાડ્યું છે - એમ એવા પ્રકારે અજ્ઞાનને લીધે - 'अज्ञानात्' - આ જે જેમ હિંસામાં અધ્યવસાય કરાય છે, તેમ જ જે અસત્યમાં - અદત્તમાં - અબ્રહ્મમાં - પરિગ્રહમાં કરાય છે, તે સર્વ પણ 'કેવલ જ' - માત્ર જ - એકલો જ - 'केवल एव' - પાપ બંધનો હેતુ છે અને જે જેમ અહિંસામાં અધ્યવસાય કરાય છે, તેમજ જે સત્યમાં - દત્તમાં - બ્રહ્મમાં - અપરિગ્રહમાં અધ્યવસાય કરાય છે, તે સર્વ પણ 'કેવલ જ' - केवल एव - માત્ર જ - એકલો જ પુણ્યબંધનો હેતુ છે.



અને બાહ્ય વસ્તુ દ્વિતીય પણ બંધહેતુ છે એમ કહેવું શક્ય નથી -

**वत्थुं पडुच्च जं पुण अज्झवसाणं तु होइ जीवाणं ।**

**ण य वत्थुदो दु बंधो अज्झवसाणेण बंधोत्थि ॥२६५॥**

વસ્તુને આશ્રી વળી જીવનું રે, હોય છે અધ્યવસાન;

પણ વસ્તુથી બંધ ન બંધ છે રે, અધ્યવસાનથી જાણ... અજ્ઞાની બાંધે. ૨૬૫

**અર્થ** - જે પુનઃ અધ્યવસાન તે જીવોને વસ્તુને આશ્રીને હોય છે, પણ વસ્તુ થકી બંધ નથી હોતો, અધ્યવસાનથી બંધ છે. ૨૬૫

## आत्मख्याति टीका

न च बाह्यवस्तु द्वितीयोऽपि बंधहेतुरिति शक्यं वक्तुं -

**वस्तु प्रतीत्य यत्पुनरध्यवसानं तु भवति जीवानां ।**

**न च वस्तुतस्तु बंधोऽध्यवसानेन बंधोस्ति ॥२६५॥**

अध्यवसानमेव बंधहेतुर्न तु बाह्यवस्तु तस्य बंधहेतोरध्यवसानस्य हेतुत्वेनैव चरितार्थत्वात्, तर्हि किमर्थो बाह्यवस्तुप्रतिषेधः ? अध्यवसानप्रतिषेधार्थः ।

**अध्यवसानस्य** हि बाह्य**वस्तु आश्रयभूतं** न हि बाह्यवस्त्वनाश्रित्य अध्यवसानमात्मानं लभते । यदि बाह्यवस्त्वनाश्रित्यापि अध्यवसानं जायेत तदा यथा वीरसूसुतस्याश्रयभूतस्य सद्भावे वीरसूसूनुं हिनस्मीत्यध्यवसायो जायते, तथा बंध्यासुतस्याश्रयभूतस्यासद्भावेऽपि वंध्यासुतं हिनस्मीत्यध्यवसायो जायेत । न च जायते । ततो निराश्रयं नास्त्यध्यवसानमिति प्रतिनियमः । तत एव चाध्यवसानाश्रयभूतस्य बाह्यवस्तुनोऽत्यंतप्रतिषेधः हेतुप्रतिषेधेनैव हेतुमत्प्रतिषेधात् । न च बंधहेतुहेतुत्वे सत्यपि बाह्यं वस्तु बंधहेतुः स्यात् ईर्यासमितिपरिणतयतींद्रपदव्यापाद्यमानवेगापतत्कालचोदितकुलिंगवत् बाह्यवस्तुनो बंधहेतुहेतोरप्यबंधहेतुत्वेन बंधहेतुत्वस्यानैकांतिकत्वात् । अतो न बाह्यवस्तु जीवस्यातद्भावो बंधहेतुः । अध्यवसानमेव तस्य तद्भावो बंधहेतुः ॥२६५॥

---

**आत्मभावना** -

न च बाह्यवस्तु द्वितियोऽपि बंधहेतुरिति शक्यं वक्तुं - અને બાહ્ય વસ્તુ દ્વિતીય પણ બંધહેતુ છે એમ કહેવું શક્ય નથી - यत् पुनरध्यवसानं तु जीवानां - જે પુનઃ જીવોનું અધ્યવસાન (તે) તો वस्तु प्रतीत्य भवति - વસ્તુને આશ્રીને હોય છે, न च वस्तुतस्तु बंधो - અને વસ્તુ થકી જ બંધ નથી, अध्यवसानेन बंधोऽस्ति - અધ્યવસાનથી બંધ છે. ॥ इति **गाथा** आत्मभावना ॥२६५॥

अध्यवसानमेव बंधहेतुः - અધ્યવસાન જ બંધહેતુ છે, न तु बाह्य वस्तु - નહિ કે બાહ્ય વસ્તુ, શાને લીધે ? तस्य बंधहेतोरध्यवसानस्य हेतुत्वेनैव चरितार्थत्वात् - તેનું - તે બાહ્ય વસ્તુનું બંધહેતુ એવા અધ્યવસાનના હેતુપણાએ કરીને જ ચરિતાર્થપણું છે તેને લીધે. तर्हि किमर्थो बाह्यवस्तु प्रतिषेधः ? તો પછી બાહ્ય વસ્તુનો પ્રતિષેધ શું અર્થે ? अध्यवसान प्रतिषेधार्थः - અધ્યવસાન પ્રતિષેધાર્થે - અધ્યવસાનના નિષેધ અર્થે - કારણ શું ? अध्यवसानस्य हि बाह्य वस्तु आश्रयभूतं - કારણકે અધ્યવસાનને બાહ્ય વસ્તુ આશ્રયભૂત છે, न हि बाह्य वस्त्वनाश्रित्य अध्यवसानमात्मानं लभते - કારણકે નિશ્ચયે કરીને બાહ્યવસ્તુને અનાશ્રીને - આશ્રયા વિના અધ્યવસાન આત્માને - પોતાને પામતું નથી, અધ્યવસાનનો આત્મલાભ થતો નથી, यदि - જો बाह्यवस्त्वनाश्रित्यापि अध्यवसानं जायेत - બાહ્ય વસ્તુને અનાશ્રીને પણ - નહિ આશ્રીને પણ અધ્યવસાન ઉપજે, तदा - તો यथा - જેમ वीरसूसुतस्याश्रयभूतस्य सद्भावे - આશ્રયભૂત એવા વીર સૂસુતના - વીરપ્રસૂ પુત્રના સદ્ભાવે - હોવાપણામાં वीरसूसूनुं हिनस्मि इति अध्यवसायो जायते - વીર સૂસૂનુને - વીર પ્રસૂપુત્રને હું હિંસુ છું એવો અધ્યવસાય જન્મે છે, तथा - તેમ वंध्यासुतस्याश्रयभूतस्या सद्भावेऽपि - આશ્રયભૂત એવા વંધ્યાસુતના અસદ્ભાવે પણ - નહિ હોવાપણામાં પણ वंध्यासुतं हिनस्मि इति अध्यवसायो जायेत -

## આત્મખ્યાતિ ટીકાર્થ

અધ્યવસાન જ બંધહેતુ છે - નહિ કે બાહ્ય વસ્તુ,

તેનું (બાહ્ય વસ્તુનું) બંધહેતુ અધ્યવસાનના હેતુપણાથી જ ચરિતાર્થપણું છે માટે. તો પછી બાહ્ય વસ્તુ પ્રતિષેધ શું અર્થે ? અધ્યવસાન પ્રતિષેધાર્થે, કારણકે અધ્યવસાનની બાહ્ય વસ્તુ આશ્રયભૂત છે, કારણકે બાહ્ય વસ્તુને અનાશ્રીને પણ અધ્યવસાન આત્માને પામતું નથી. જો બાહ્ય વસ્તુને અનાશ્રીને પણ (આશ્રયા વિના પણ) અધ્યવસાન ઉપજે, તો જેમ આશ્રયભૂત વીરસૂ સુતના સદ્‌ભાવે વીરસૂસૂનુને હું હિંસુ છું એવો અધ્યવસાય ઉપજે છે, તેમ આશ્રયભૂત વંધ્યાસુતના અસદ્‌ભાવે પણ વંધ્યાસુતને હું હિંસુ છું એવો અધ્યવસાય ઉપજે અને તે ઉપજતો નથી, તેથી નિરાશ્રય અધ્યવસાન છે નહિ એવો પ્રતિ નિયમ છે અને તેથી જ અધ્યવસાનની આશ્રયભૂત બાહ્ય વસ્તુનો અત્યંત પ્રતિષેધ છે -

હેતુ પ્રતિષેધથી જ હેતુમત્ પ્રતિષેધને લીધે.

અને બંધહેતુનું હેતુત્વ સતે પણ બાહ્ય વસ્તુ બંધહેતુ ન હોય -

ઈર્યાસમિતિ પરિણત યતીંદ્રના પદથી હણાઈ રહેલા

વેગથી આવી પડતા કાળ પ્રેરિત પતંગીયાની જેમ,

બંધહેતુ - હેતુ એવી પણ બાહ્ય વસ્તુના અબંધહેતુપણાએ કરીને -

બંધહેતુપણાનું અનૈકાંતિકપણું છે માટે.

એથી કરીને બાહ્ય વસ્તુ - જીવનો અતદ્‌ભાવ બંધહેતુ નથી, અધ્યવસાન જ - તેનો (જીવનો) તદ્‌ભાવ બંધહેતુ છે. ૨૬૫

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''નિમિત્તવાસી આ જીવ છે, એવું એક સામાન્ય વચન છે, તે સંગ પ્રસંગથી થતી જીવની પરિણતિ વિષે જોતાં પ્રાયે સિદ્ધાંતરૂપ લાગી શકે છે.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૨૬

ઉપરમાં અધ્યવસાનને જ બંધહેતુ કહ્યો, અત્રે બાહ્ય વસ્તુ બીજે પણ બંધહેતુ છે એમ કહેવું શક્ય નથી, એવું સ્પષ્ટ પ્રતિપાદન કર્યું છે અને 'આત્મખ્યાતિ' સૂત્રકર્તા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ પરમ

---

વંધ્યાસુતને હું હિંસુ છું એવો અધ્યવસાય જન્મે, न च जायते - અને નથી જન્મતો. ततो - તેથી કરીને निराश्रयं नास्त्यध्यवसानमिति प्रतिनियमः - નિરાશ્રય એવું અધ્યવસાન છે નહિ એવો પ્રતિનિયમ છે - तत एव च - અને તેથી કરીને જ अध्यवसानाश्रयभूतस्य बाह्यवस्तुनोऽत्यंतप्रतिषेधः - અધ્યવસાનના આશ્રયભૂત બાહ્ય વસ્તુનો અત્યંત પ્રતિષેધ - સર્વથા નિષેધ છે, શાને લીધે ? हेतुप्रतिषेधेनैव हेतुमत्प्रतिषेधात् - હેતુપ્રતિષેધથી જ હેતુમત્‌ના પ્રતિષેધને લીધે. न च बंधहेतुहेतुत्वे सत्यपि बाह्यवस्तु बंधहेतुः स्यात् - અને બંધહેતુનું હેતુપણું સતે પણ બાહ્ય વસ્તુ બંધહેતુ ન હોય, એમ શાને લીધે ? बाह्यवस्तुनो बंधहेतुहेतोरप्यबंधहेतुत्वेन बंधहेतुत्वस्यानैकांतिकत्वात् - બંધહેતુ હેતુ - બંધહેતુની હેતુ એવી પણ બાહ્ય વસ્તુના અબંધ હેતુપણાએ કરીને બંધહેતુપણાના અનૈકાંતિકપણાને લીધે - એકાંતિક પણું ન હોવાપણાને લીધે. બાહ્ય વસ્તુનું અબંધહેતુપણું કોની જેમ ? ईर्यासमितिपरिणतयतींद्र पदव्यापाद्यमानवेगापतत्काल चोदितकुलिंगवत् - વેગે આવી પડતું કાલ પ્રેરિત પતંગિયું ઈર્યાસમિતિ - પરિણત યતીંદ્રના પદથી હણાઈ રહ્યું છે તેની જેમ. આ ઉપરથી શું ફલિત થયું ? अतो - આથી કરીને न बाह्यवस्तु जीवस्यातद्भावो बंधहेतुः - બાહ્ય વસ્તુ કે જે - જીવનો અતદ્‌ભાવ છે તે બંધહેતુ નથી, अध्यवसानमेव तस्य तद्भावो बंधहेतुः - અધ્યવસાન કે જે તેનો - જીવનો તદ્‌ભાવ છે તે બંધહેતુ છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२६५॥


નિષ્તુષ સુયુક્તિથી તેનું અપૂર્વ તત્ત્વવૈજ્ઞાનિક પૃથક્કરણ કરી (scientific analysis) સાંગોપાંગ સકલ અવિકલ તત્ત્વ સુપ્રતિષ્ઠાપિત કર્યું છે. તેનો ભાવાર્થ આ પ્રકારે -

अध्यवसानमेव बंधहे तुर्न तु बाह्य वस्तु - 'અધ્યવસાન જ' બંધહેતુ છે, નહિ કે બાહ્ય વસ્તુ, આત્માનો પોતાનો અહંભાવરૂપ જે અધ્યવસાન તે જ બંધનું અવિસંવાદી કારણ છે, તે સિવાયની આત્માથી બાહ્ય એવી બીજી કોઈ પણ બહિરંગ વસ્તુ બંધનું કારણ નથી. એમ શા માટે ? તેનું બાહ્ય વસ્તુનું બંધહેતુ એવા અધ્યવસાનના હેતુપણાથી જ ચરિતાર્થપણું છે માટે - तस्य बंधहेतोरध्यवसानस्य हेतुत्वेनैव चरितार्थत्वात्, અર્થાત્ તે બાહ્ય વસ્તુ છે તે બંધના હેતુ રૂપ અધ્યવસાનનું હેતુપણું પામે છે તે વડે કરીને જ તેનું સફલપણું-સાર્થકપણું - ચરિતાર્થપણું હોય છે માટે. તો પછી સહજ પ્રશ્ન થશે કે બાહ્ય વસ્તુનો પ્રતિષેધ - નિષેધ શું અર્થે ? તેનો શીઘ્ર ઉત્તર એ છે કે 'અધ્યવસાન પ્રતિષેધ અર્થે' - अध्यवसान प्रतिषेधार्थः । કારણકે અધ્યવસાનની બાહ્ય વસ્તુ આશ્રયભૂત છે, ખરેખર ! બાહ્ય વસ્તુને આશ્રયા વિના અધ્યવસાન 'આત્માને' - પોતાને પામતું નથી - 'अध्यवसानस्य हि बाह्य वस्तु आश्रयभूतं, न हि बाह्यवस्तुमनाश्रित्य अध्यवसानमात्मानं लभते ।' અર્થાત્ અધ્યવસાન બાહ્ય વસ્તુના આશ્રયે રહેલું છે, એટલે બાહ્ય વસ્તુના આશ્રય - આલંબન વિના અધ્યવસાનનો આત્મલાભ થતો નથી, અધ્યવસાનનો ઉદ્ભવ જ સંભવતો નથી. જો બાહ્ય વસ્તુને આશ્રયા વિના પણ અધ્યવસાન ઉપજે, તો જેમ આશ્રયભૂત એવા 'વીરસૂ સુતના સદ્ભાવે' - વીરપ્રસૂ - વીરજનનીના પુત્રનું હોવાપણું સતે 'વીરસૂ સૂનુને' - વીરમાતૃ પુત્રને હું હિંસુ છું - હણું છું એવો અધ્યવસાય ઉપજે છે, તેમ આશ્રયભૂત એવા 'વંધ્યાસુતના અસદ્ભાવે પણ' - વાંઝણીના પુત્રનું નહિ હોવાપણું સતે પણ 'વંધ્યાસુતને' - વાંઝણીના પુત્રને હું હિંસુ છું - હણું છું એવો અધ્યવસાય ઉપજે અને તે - વંધ્યાસુતને હું હિંસુ એવો અધ્યવસાય ઉપજતો નથી, તેથી 'નિરાશ્રય' - આશ્રય રહિત અધ્યવસાન છે નહિ એવો નિયમ છે અને તેથી જ અધ્યવસાનની આશ્રયભૂત બાહ્ય વસ્તુનો અત્યંત પ્રતિષેધ - સર્વથા નિષેધ - तत एव च अध्यवसानाश्रयभूतस्य बाह्यवस्तुनोऽत्यंतप्रतिषेधः ।' શા માટે ? હેતુપ્રતિષેધથી જ હેતુમત્ પ્રતિષેધ હોય છે માટે - 'हेतुप्रतिषेधेनैव हेतुमत्प्रतिषेधात्', અર્થાત્ હેતુનો નિષેધ કર્યો એટલે હેતુના હેતુ એવા હેતુમદ્નો આપોઆપ નિષેધ થઈ જ જાય છે માટે. આમ જો સાક્ષાત્ બંધહેતુ અધ્યવસાનનો નિષેધ કરવામાં આવ્યો તો તે અધ્યવસાન જે થકી ઉદ્ભવે છે તે બંધહેતુ - હેતુ બાહ્ય વસ્તુનો પણ સર્વથા નિષેધ કરવામાં આવ્યો જ છે.

અને આમ બંધહેતુનું હેતુપણું હોતાં પણ બાહ્ય વસ્તુ પોતે આપોઆપ બંધહેતુ ન હોય, શા માટે ? ઈર્યાસમિતિ પરિણત યતીંદ્રના પદથી - ચરણથી હણાતા વેગે આવી પડતા કાળ પ્રેરિત પતંગિયાની જેમ બંધહેતુ - હેતુ એવી પણ બાહ્ય વસ્તુના અબંધહેતુપણાએ કરીને બંધહેતુપણાનું અનૈકાંતિકપણું છે માટે - बाह्यवस्तुनो बंधहेतुहेतोरप्यबंधहेतुत्वेन बंधहेतुत्वस्यानैकांतिकत्वात् । બાહ્ય વસ્તુનું બંધહેતુપણું હોય પણ ખરૂં ને ન હોય પણ ખરૂં એમ અનેકાંતિકપણું છે માટે. અર્થાત્ કોઈ 'યતીંદ્ર' - પરમ સંયમી આત્મસંયત મહામુનીશ્વર છે, તે 'ઈર્યાસમિતિ પરિણત' યતીંદ્ર યતનાપૂર્વક ઈર્યાસમિતિ સમ્યક્પણે પરિપાલન કરતા ચાલ્યા જાય છે, હવે ત્યાં અચાનક પોતાના કાળથી પ્રેરાયેલું કોઈ પતંગીયું વેગે આવી પડી તે યતીંદ્રના ચરણ તળે ચગદાઈ જાય છે, આ યતનાવંત યતીંદ્રના પરિણામ તો શુદ્ધ જ છે, એને હિંસાદિ કોઈ અધ્યવસાનનો અસંભવ જ છે અને તેને પતંગીયારૂપ તે બાહ્ય વસ્તુ બંધહેતુ બનતી નથી, તેની જેમ બંધહેતુ-હેતુ છતાં બાહ્ય વસ્તુ બંધહેતુ નથી પણ હોતી, એટલે બાહ્ય વસ્તુનું બંધહેતુપણું હોય જ એવું એકાંતિકપણું નથી. તેથી આ ઉપરથી ફલિત થાય છે કે - બાહ્ય વસ્તુ કે જે જીવનો 'અતદ્ભાવ' છે - તદ્ભાવ (તેનો પોતાનો ભાવ) નથી, તે બંધહેતુ નથી - 'अतो न बाह्यवस्तु जीवस्यातद्भावो बंधहेतुः', અધ્યવસાન જ કે જે જીવનો

'તદ્ભાવ' (તેનો પોતાનો - આત્માનો ભાવ) છે તે બંધહેતુ છે - अध्यवसानमेव तस्य तद्भावो बंधहेतुः ।

**આકૃતિ**




આ સર્વ પરથી ફલિત થાય છે કે જીવના આત્મભાવરૂપ અધ્યવસાન જ મુખ્યપણે ખરેખરો બંધહેતુ છે, અનાત્મભાવરૂપ બાહ્ય વસ્તુ પોતે સીધી રીતે (Directly) બંધહેતુ નથી. પરંતુ બાહ્ય વસ્તુનો અધ્યવસાન સાથે હેતુ-હેતુમદ્ ભાવ તો છે જ, નિમિત્ત - નૈમિત્તિક ભાવ તો છે જ, એટલે બંધહેતુ અધ્યવસાનના હેતુપણાને લીધે - નિમિત્તપણાને લીધે તે બાહ્ય વસ્તુ ગૌણપણે આડકતરી રીતે (Indirectly) બંધહેતુ - હેતુ થઈ પડે છે, એટલા માટે જ બાહ્ય વસ્તુ અધ્યવસાનના આશ્રયભૂત હોઈ તેનો અત્ર અત્યંત જોરશોરથી નિષેધ કરવામાં આવ્યો છે. અને એટલા માટે જ શ્રામણ્યના છેદાયતનપણાને લીધે (ભંગના નિવાસસ્થાનપણાને લીધે) પરદ્રવ્ય પ્રતિબન્ધો પ્રતિષેધવા યોગ્ય છે એવું જે પ્રસ્પષ્ટ વિધાન **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ 'પ્રવચનસાર'** ચારિત્રાધિકારમાં વિસ્તારથી કર્યું છે, તે પણ આ ઉક્ત વસ્તુની અત્યંત પુષ્ટિ કરે છે. જેમકે - *'શ્રામણ્યને વિષે અધિવાસમાં વા વિવાસમાં છેદવિહીન થઈને શ્રમણ નિત્ય નિબંધોને (પ્રતિબંધોને) પરિહરતો વિહરો ! નિરપેક્ષ ત્યાગ નથી, (તો) ભિક્ષુની આશય વિશુદ્ધિ નથી અને અવિશુદ્ધિના ચિત્તમાં કર્મક્ષય કેવી રીતે વિહિત હોય વારુ ?' આ મહાન્ ગાથાઓની (૧૩, ૨૦) નિષ્તુષ વ્યાખ્યા કરતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ ત્યાં પ્રસ્પષ્ટ*** પ્રકાશ્યું છે કે - 'સર્વે જ પરદ્રવ્ય - પ્રતિબન્ધો ઉપયોગના ઉપરંજકપણાએ કરીને નિરુપરાગ ઉપયોગ-રૂપ શ્રામણ્યના છેદાયતનો (ભંગ સ્થાનો) છે, તેના અભાવ થકી જ અછિન્ન (અખંડ - અભંગ) શ્રામણ્ય હોય છે, એથી કરીને આત્મામાં જ આત્માના નિત્ય અધિકૃત્ય વાસને વિષે વા ગુરુઓથી વિશિષ્ટ વાસને વિષે નિત્યમેવ પરદ્રવ્ય પ્રતિબંધોને પ્રતિષેધતો શ્રામણ્યમાં છેદ વિહીન (ભંગ રહિત) થઈ શ્રમણ વર્તો ! ખરેખર ! બહિરંગ સંગના સદ્ભાવે (હોવાપણામાં) - તુષસદ્ભાવે તંદૂલગત અશુદ્ધ પણાની જેમ - અશુદ્ધોપયોગ રૂપ અન્તરંગ છેદના (ભંગના) પ્રતિષેધનો સદ્ભાવ (હોવાપણું) નથી અને શુદ્ધોપયોગ મૂલ કેવલનો ઉપલંભ (પ્રાપ્તિ) નથી, તેથી અશુદ્ધોપયોગ રૂપ અન્તરંગ છેદના પ્રતિષેધ રૂપ પ્રયોજનને અપેક્ષીને ઉપધિનો વિહિત કરાતો પ્રતિષેધ અન્તરંગ છેદનો પ્રતિષેધ જ હોય.' આ બે પરમ ધર્મધુરંધર મહાન્ આચાર્યોના આટલા પ્રસ્પષ્ટ વક્તવ્ય પરથી એ સ્પષ્ટ સમજાય છે કે - સર્વે જ પરદ્રવ્ય પ્રતિબન્ધો શુદ્ધોપયોગરૂપ શ્રમણપણાના ભંગકારણો છે, એથી કરીને શ્રમણે સર્વ પરદ્રવ્ય પ્રતિબન્ધોને

* **"अधिवासे व विवासे छेदविहूणो भवीय सामण्णे ।
समणो विहरदु णिच्चं परिहरमाणो णिबंधाणि ॥
ण हि णिरवेक्खो चाओ ण हवदि भिक्खुस्स आसयविसुद्धी ।
अविसुद्धस्स य चित्ते कहं णु कम्मक्खओ विहिओ ॥" - શ્રી કુંદકુંદાચાર્યજી કૃત 'પ્રવચનસાર' ચારિત્રાધિકાર ગા. ૧૩, ૨૦**

* "सर्व एव हि परद्रव्यप्रतिबन्धा उपयोगोपरञ्जकत्वेन निरुपरागोपयोगरूपस्य श्रामण्यस्य छेदायतनानि तदभावा देवाछिन्नश्रामण्यं । अत आत्मन्येवात्मनो नित्याधिकृत्य वासे वा गुरुभ्यो विशिष्टे वासे वा नित्यमेव प्रतिषेधयन् परद्रव्यप्रतिबन्धान् श्रामण्ये छेदविहीनो भूत्वा श्रमणो वर्तताम् ॥

न खलु बहिरङ्गसङ्गसद्भावे तुषसद्भावे तण्डुलगताशुद्धत्वस्येवाशुद्धोपयोगरूपस्यान्तरङ्गच्छेदस्य प्रतिषेधसद्भावो न च शुद्धोपयोगमूलस्य केवलस्योपलम्भः । ततो शुद्धोपयोगस्यान्तरङ्गच्छेदस्य प्रतिषेधं प्रयोजनमपेक्ष्योपधे विधीयमानः प्रतिषेधोन्तरङ्गच्छेदप्रतिषेध एव स्यात् ॥"

**- શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત 'પ્રવચન સાર' (ઉપરોક્ત ગાથા)**

છોડીને જ વર્તવું જોઈએ, તો જ શ્રમણપણું અખંડ - અભંગ રહેવા પામે. કારણકે બહિર્ગત ફોતરાં જ્યાં લગી હોય ત્યાં લગી જેમ ચોખાનું અંતર્ગત અશુદ્ધપણું ટળતું નથી, તેમ બહિરંગ સંગ (પરદ્રવ્ય પરિગ્રહ) જ્યાં લગી હોય ત્યાં લગી અશુદ્ધોપયોગ રૂપ અંતરંગ ભંગ ટળે નહિ અને શુદ્ધોપયોગ ફળે નહિ ત્યાં લગી કેવળજ્ઞાન પણ મળે નહિ. તેથી અશુદ્ધોપયોગરૂપ અંતરંગ ભંગ ન થાય એ પ્રયોજનને અર્થે બાહ્ય 'ઉપાધિ' - બાહ્ય પરદ્રવ્ય પરિગ્રહનો પરિત્યાગ તે અંતરંગભંગના પરિત્યાગ બરાબર જ સમજી નિર્ગ્રંથ શ્રમણે બાહ્ય ઉપાધિરૂપ સમસ્ત પરદ્રવ્ય પરિગ્રહ સર્વથા પરિત્યાગ કરવા યોગ્ય જ છે. તાત્પર્ય કે - સાક્ષાત્ બંધહેતુ નહિ છતાં બંધહેતુ - હેતુ બાહ્ય વસ્તુનો અત્યંત પ્રતિષેધ અત્ર કહ્યો છે તે અત્યંત સમુચિત જ હોઈ સહેતુક જ છે, કારણકે બંધહેતુ - હેતુ બાહ્ય વસ્તુના આશ્રયે જ સાક્ષાત્ બંધહેતુ અધ્યવસાન નીપજવાની સંભાવના છે અને બાહ્ય વસ્તુના આશ્રયે ઉદ્ભવતો અધ્યવસાન જ કેવળ બંધહેતુ છે.



એવા પ્રકારના બંધહેતુપણે નિર્ધારિત અધ્યવસાનનું સ્વાર્થક્રિયાકારિપણાના અભાવથી મિથ્યાત્વ (મિથ્યા પણું) દર્શાવે છે -

**दुक्खिदसुहिदे जीवे करेमि बंधेमि तह विमोचेमि ।**

**जा एसा मूढमई णिरत्थया सा हु दे मिच्छा ॥२६६॥**

દુઃખીઆ સુખીઆ જીવો હું કરૂં રે, બાંધું હું મૂકાવું હું જ;

જે આ મૂઢ મતિ નિરર્થકા રે, તે નિશ્ચયે મિથ્યા તુજ... અજ્ઞાની બાંધે છે. ૨૬૬

**અર્થ** - હું જીવોને દુઃખીઆ - સુખીઆ કરૂં છું, હું બાંધું છું તથા હું વિમોચું (છોડાવું) છું, એ જે નિરર્થક મૂઢ મતિ તે ત્હારી નિશ્ચયે કરીને મિથ્યા છે. ૨૬૬

## आत्मख्याति टीका

एवंविधबंधहेतुत्वेन निर्धारितस्याध्यवसानस्य स्वार्थक्रियाकारित्वाभावेन मिथ्यात्वं दर्शयति -

**दुःखितसुखितान् जीवान् करोमि बन्धयामि तथा विमोचयामि ।**

**या एषा मूढमतिः निरर्थिका सा खलु ते मिथ्या ॥२६६॥**

परान् **जीवान् दुःखयामि सुखयामी**त्यादि बंधयामि विमोचयात्यादि वा **यदेतदध्यवसानं,** तत्सर्वमपि परभावस्य परस्मिन्नव्याप्रियमाणत्वेन स्वार्थक्रियाकारित्वाभावात् खकुसुमं लुनामीत्यध्यवसायवन्मिथ्यारूपं केवलमात्मनोऽ**नर्थायैव** ॥२६६॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

**પર જીવોને હું દુઃખાવું છું - હું સુખાવું છું ઈત્યાદિ વા હું બંધાવું છું - વિમોચાવું છું ઈત્યાદિ જે આ અધ્યવસાન, તે સર્વ પણ** - પરભાવના પરમાં અવ્યાપ્રિયમાણ પણાએ કરીને સ્વાર્થક્રિયાકારી પણાના અભાવને લીધે - ખકુસુમને (આકાશ પુષ્પને) હું લણું છું એવા અધ્યવસાનની જેમ, **મિથ્યારૂપ કેવલ આત્માના અનર્થાર્થે જ છે.** ૨૬૬

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"એકવાર એક તણખલાના બે ભાગ કરવાની ક્રિયા કરી શકવાની શક્તિ પણ ઉપશમ થાય ત્યારે જે ઈશ્વરેચ્છા હશે તે થશે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૦૮**

એવા પ્રકારના બંધહેતુપણે 'નિર્ધારવામાં' - નિશ્ચયથી ધારવામાં આવેલા અધ્યવસાનનું સ્વાર્થ

---

**आत्मभावना** -

एवंविधबंधहेतुत्वेन निर्धारितस्याध्यवसानस्य - એવા પ્રકારના બંધહેતુત્વથી નિર્ધારિત અધ્યવસાનનું स्वार्थक्रियाकारित्वाभावात् - **સ્વાર્થક્રિયાકારિપણાના અભાવને લીધે** मिथ्यात्वं दर्शयति - **મિથ્યાત્વ દર્શાવે છે** - जीवान् दुःखितसुखितान् करोमि बंधयामि तथा विमोचयामि - **જીવોને હું દુઃખિત - સુખિત કરૂં છું, હું બંધાવું છું તથા હું વિમોચાવું (છોડાવું) છું,** या एषा मूढमति निरर्थिका - **એવી જે આ મૂઢમતિ નિરર્થિકા છે,** सा खलु ते मिथ्या - **તે ત્હારી ખરેખર ! નિશ્ચયે કરીને મિથ્યા - ફોગટ છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥२६६॥

परान् जीवान् - **પર જીવોને - બીજા જીવોને** दुःखयामि सुखयामि इत्यादि बंधयामि विमोचयामीत्यादि वा - **હું દુઃખાવું છું, હું સુખાવું છું, ઈત્યાદિ વા હું બંધાવું છું, હું વિમોચાવું - છોડાવું છું ઈત્યાદિ** यदेतत् अध्यवसानं - **એવું જે આ અધ્યવસાન,** तत्सर्वमपि - **તે સર્વ પણ** मिथ्यारूपं - **મિથ્યારૂપ** केवलमात्मनोनर्थायैव - **કેવલ આત્માના અનર્થ અર્થે જ છે. મિથ્યારૂપ કોની જેમ ?** खकुसुमं लुनामि इति अध्यवसानवत् - **ખકુસુમને - આકાશ ફૂલને હું લણું છું એવા અધ્યવસાનની જેમ. મિથ્યારૂપ શાને લીધે ?** परभावस्य परस्मिन् अव्याप्रियमाणत्वेन - **પરભાવના પરમાં અવ્યાપ્રિયમાણપણાએ કરીને** स्वार्थक्रियाकारित्वाभावात् - **સ્વાર્થ ક્રિયાકારિપણાના - 'સ્વ' - પોતાની અર્થ ક્રિયાકારીપણાના અભાવને લીધે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२६६॥

ક્રિયાકારિપણાના અભાવથી મિથ્યાપણું અત્ર દર્શાવ્યું છે - આત્માથી - પોતાથી પર એવા પર જીવોને - બીજા જીવોને હું દુઃખ પમાડું છું, સુખ પમાડું છું, અથવા હું બંધાવું છું હું વિમોચાવું (છોડાવું) છું, એવું જે આ અધ્યવસાન તે સર્વ પણ મિથ્યારૂપ છે. શા માટે ? પરભાવના પરમાં અવ્યાપ્રિયમાણ પણાએ કરીને સ્વાર્થ ક્રિયાકારિપણાનો અભાવ છે માટે - 'परभावस्य परस्मिन्नव्याप्रियमाणत्वेन स्वार्थक्रियाकारित्वाभावात्', અર્થાત્ પરભાવનું પરમાં વ્યાપ્રિયમાણપણું - પ્રવર્ત્યમાનપણું નથી, પરભાવનું પરમાં કંઈ પણ ચાલતું નથી, એટલે પરને હું આ કરૂં હું તે કરૂં એવી પોતાની - સ્વ અભીષ્ટ અર્થ રૂપ - પ્રયોજનભૂત ક્રિયા કરવાપણાનો અભાવ હોય છે માટે. આમ આ મિથ્યારૂપ હોય છે, કોની જેમ ? 'खकुसुमं लुनाम्यहमित्यध्यवसानवत्' - આકાશ કુસુમને હું લણું છું એવા આ અધ્યવસાનની જેમ. આવું આ મિથ્યારૂપ અધ્યવસાન છે, તે કેવલ આત્માના - પોતાના અનર્થાર્થે જ થાય છે - 'केवलमात्मनोऽनर्थायैव', માત્ર આત્માને - પોતાને જ અનર્થનું જ કારણ થાય છે.

અર્થાત્ - એવા પ્રકારના બંધહેતુપણે જે નિર્ધારિત થયું - જેનો નિર્ધારરૂપ - નિશ્ચયરૂપ નિર્ણય કરવામાં આવ્યો તે અધ્યવસાન કાંઈ - પોતાની ઈષ્ટ પ્રયોજનભૂત વા વસ્તુગતે વસ્તુરૂપે ખરેખરી અર્થક્રિયા કરનારૂં (substantial, effective, essential) થતું નથી, એ અત્ર દર્શાવ્યું છે. આત્માથી - પોતાથી પર - અન્ય એવા પર જીવોને - બીજા જીવોને હું દુઃખ પમાડું ઈ. એવું જે આ અધ્યવસાન - અધ્યારોપિત ભાવ તે સર્વ પણ મિથ્યારૂપ છે - ફોગટ છે. શા માટે ? પરભાવનું પરમાં પ્રવર્ત્યમાનપણું નથી - પરભાવનું પરમાં કંઈ પણ ચાલતું નથી, એટલે પરને હું આ કરૂં હું તે કરૂં, એવી સ્વ - પોતાની અભીષ્ટ અર્થરૂપ - પ્રયોજનભૂત ક્રિયાના કરવાપણાનો અભાવ છે માટે. આમ આ આકાશ પુષ્પને હું લણું છું એવા અધ્યવસાનની જેમ મિથ્યા છે. આકાશ પુષ્પનું હોવાપણું જ - અસ્તિત્વ જ છે નહિ, એટલે આકાશ પુષ્પ હું લણું છું - કાપું છું એવું અધ્યવસાન - અધ્યારોપિત ભાવરૂપ માની બેસવાપણું જેમ મિથ્યા - ફોગટ છે, તેમ પરને હું આ કરૂં હું તે કરૂં એ અધ્યવસાન પણ મિથ્યા જ - ફોગટ જ - નિરર્થક જ છે. આવું આ મિથ્યારૂપ અધ્યવસાન છે, તે કેવલ - માત્ર આત્માના - પોતાના અનર્થાર્થે જ થાય છે, એનાથી કંઈ પણ અર્થ સરતો નથી, કેવલ થાય છે પોતાનો આત્માનો અનર્થ જ. આમ પરને હું આ કરી દઉં હું તેમ કરી દઉં એમ આ જીવ ભલે અહંકારથી - મિથ્યાભિમાનથી ગમે તેટલાં ઝાંવાં નાંખે - ગમે તેટલા ફાંફાં મારે, પણ તેનું કાંઈ કામ આવતું નથી. એટલું જ નહિ પણ તે તેવા તેવા શુભાશુભ સંકલ્પ વિકલ્પરૂપ મિથ્યા અધ્યવસાનો વડે કરીને શુભાશુભ કર્મથી પોતે પોતાને બાંધે છે, ચઢાવે છે.

વળી એ પણ સ્પષ્ટ સમજી લેવા યોગ્ય છે કે - પ્રત્યેક દ્રવ્ય અને તેના ગુણપર્યાય બીજા બધા દ્રવ્યોથી અને તેઓના ગુણપર્યાયોથી 'પ્રત્યક્' - ભિન્ન - જૂદા - પૃથક્ છે. પ્રત્યેક દ્રવ્યને પોતપોતાના 'સ્વ' ભાવ સાથે જ સંબંધ છે, પર દ્રવ્યોના ભાવો સાથે એને કાંઈ સંબંધ નથી. આમ પ્રત્યેક દ્રવ્યની સૃષ્ટિ - દુનિઆ (universe) પોતાની આવગી છે, તેની દુનિઆમાં બીજાનો પ્રવેશ (Entry) નથી, બીજાની દુનિયામાં તેનો પ્રવેશ નથી. એટલે પરભાવ પરભાવની બાબતમાં કંઈ પણ પ્રવૃત્તિ કરવાને સર્વથા અસમર્થ છે, એટલે પરભાવ પરભાવ પરત્વે કંઈ પણ પ્રયોજનભૂત કે કાર્યસાધક અર્થક્રિયા સાધવાને શક્તિમાન્ નથી, અકિંચિત્કર જ છે. એટલે પણ તેવો મિથ્યા પ્રયાસ કરવાની અજ્ઞાન ચેષ્ટા કરનાર 'મિથ્યાદૃષ્ટિ' પોતાના નામને સફળ કરતો નિષ્ફળ ખેદ જ માત્ર પામી પોતાના મિથ્યા અધ્યવસાનના ફળરૂપ સંસાર ખેદ જ પામતો રખડે છે.

સમ્યગ્દૃષ્ટિ
જ્ઞાની
વીતરાગ

અધ્યવસાન સ્વાર્થક્રિયાકારિ કયા કારણથી નથી ? તો કે -

**अज्झवसाणणिमित्तं जीवा बज्झंति कम्मणा जदि हि ।**

**मुचंति मोक्खमग्गे ठिदा य ता किं करोसि तुमं ॥२६७॥**

અધ્યવસાન નિમિત્તે જીવો ખરે ! રે, જો કર્મથી બંધાય;

ને મોક્ષમાર્ગે સ્થિત મૂકાય છે રે, તે શું કરે તું 'હ્યાં'ય ?... અજ્ઞાની. ૨૬૭

**અર્થ** - જો ખરેખર ! અધ્યવસાન નિમિત્તે જીવો કર્મથી બંધાય છે અને મોક્ષમાર્ગે સ્થિત મૂકાય છે, તે શું તું કરે છે ? ૨૬૭

## आत्मख्याति टीका

कुतो नाध्यवसानं स्वार्थक्रियाकारि ? इति चेत् -

**अध्यवसाननिमित्तं जीवा बध्यंते कर्मणा यदि हि ।**

**मुच्यंते मोक्षमार्गे स्थिताश्च तत् किं करोषि त्वं ॥२६७॥**

यत्किल बंधयामि मोचयामीत्यध्यवसानं तस्य हि स्वार्थक्रिया यद्बंधनं मोचनं जीवानां । **जीवस्तु** -

अस्याध्यवसायस्य **सद्भावेऽपि** सरागवीतरागयोः स्वपरिणामयोः अभावान्न बध्यते न मुच्यते ।

सरागवीतरागयोः स्वपरिणामयोः सद्भावात् तस्याध्यवसायस्याभावेऽपि बध्यते मुच्यते च ।

ततः पर**त्राकिंचित्कर**त्वान्नेदमध्यवसानं स्वार्थक्रियाकारि ततश्च मिथ्यैवेति भावः ॥२६७॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

જે ખરેખર ! હું બંધાવું છું, હું મૂકાવું છું એવું અધ્યવસાન તેની સ્વાર્થક્રિયા જીવોનું જે બંધન, મોચન છે. પણ જીવ તો -

---

**आत्मभावना** -

कुतो नाध्यवसानं स्वार्थक्रियाकारि इति चेत् - **કયા કારણથી અધ્યવસાન સ્વાર્થ ક્રિયાકારી નથી ? એમ જો પૂછો તો** - यदि हि - **જો ખરેખર !** जीवाः अध्यवसाननिमित्तं कर्मणा बध्यंते - **જીવો અધ્યવસાનનિમિત્તે કર્મથી બંધાય છે,** मोक्षमार्गस्थिताश्च मुच्यंते - **અને મોક્ષમાર્ગ સ્થિતો મૂકાય છે,** तत् किं त्वं करोषि - **તે શું તું કરે છે ?** ॥ इति **गाथा** आत्मभावना ॥२६७॥

यत् किल - **જે ખરેખર !** बंधयामि मोचयामीत्यध्यवसानं - **હું બંધાવું છું, હું મૂકાવું છું એવું અધ્યવસાન,** तस्य हि स्वार्थक्रिया - **તેની સ્ફુટપણે સ્વાર્થ ક્રિયા - સ્વ - પોતાની અર્થ ક્રિયા** यद्बंधनं मोचनं जीवानां - **જીવોનું જે બંધન મોચન (તે છે).** जीवस्तु - **પણ જીવ તો** अस्याध्यवसायस्य सद्भावेऽपि - **આ અધ્યવસાયના સદ્ભાવે પણ - હોવાપણામાં પણ,** सरागवीतरागयोः स्वपरिणामयोः अभावात् - **સરાગ-વીતરાગ એવા સ્વપરિણામના - પોતાના પરિણામના અભાવને લીધે** न बध्यते न मुच्यते - **નથી બંધાતો નથી મૂકાતો, (આથી ઉલટું)** सरागवीतरागयोः स्वपरिणामयोः सद्भावात् - **સરાગ-વીતરાગ એવા સ્વપરિણામના - પોતાના પરિણામના સદ્ભાવને લીધે - હોવાપણાને લીધે,** तस्याध्यवसायस्याभावेऽपि - **તે અધ્યવસાયના અભાવે પણ,** बध्यते मुच्यते च - **બંધાય છે અને મૂકાય છે.**

ततः - **તેથી કરીને** परत्र - **પરત્ર - પરસ્થળે** अकिंचित्करत्वात् - **અકિંચિત્કર પણાને લીધે** नेदमध्यवसानं स्वार्थक्रियाकारि - **આ અધ્યવસાન સ્વાર્થ ક્રિયાકારિ નથી, સ્વ - પોતાની અર્થક્રિયા કરનારૂં નથી,** ततश्च - **અને તેથી કરીને જ** मिथ्यैवेति भावः - **મિથ્યા જ છે - ફોગટ જ છે એમ ભાવ છે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२६७॥

| | |
|---|---|
| આ અધ્યવસાયના સદ્‌ભાવે પણ | સરાગ-વીતરાગ સ્વપરિણામના સદ્‌ભાવને લીધે |
| સરાગ-વીતરાગ સ્વપરિણામના અભાવને લીધે | તે અધ્યવસાયના અભાવે પણ |
| નથી બંધાતો, નથી મૂકાતો - | બંધાય છે અને મૂકાય છે. |

તેથી પરત્ર (પરસ્થળે) અકિંચિત્‌કરપણાને લીધે આ અધ્યવસાન સ્વાર્થક્રિયાકારી નથી અને તેથી મિથ્યા જ છે એમ ભાવ છે. ૨૬૭

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"આત્માના અંતર વ્યાપાર (શુભાશુભ પરિણામ ધારા) પ્રમાણે બંધ મોક્ષની વ્યવસ્થા છે, શારીરિક ચેષ્ટા પ્રમાણે તે નથી." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૫૦**

અધ્યવસાન સ્વાર્થક્રિયાકારિ નથી એમ કહ્યું, તો તે સ્વાર્થક્રિયાકારિ કયા કારણથી નથી ? તેનો ખુલાસો અત્ર **પરમર્ષિ શ્રી કુંદકુંદાચાર્યજીએ** પોતાની લાક્ષણિક શૈલીમાં શ્રોતા સમક્ષ સીધો સાદો પ્રશ્ન (Poser) મૂકી કર્યો છે - અધ્યવસાન - નિમિત્તે જીવો જો ખરેખર ! નિશ્ચયે કરીને બંધાય છે અને 'મોક્ષમાર્ગે સ્થિતા' - મોક્ષમાર્ગમાં સ્થિત મૂકાય છે, તો તે શું તું કરે છે ? 'ता किं करोति तुमं ?' જીવોને બાંધવાનું - મૂકાવાનું શું તું કરી દીએ છે ? કે જેનું તું આ મિથ્યાભિમાન રૂપ અહંકારમય અધ્યવસાન ધરે છે ! આ વેધક ગાથાના ભાવનું ઓર વિશેષ સ્પષ્ટીકરણ કરી અનંતગુણ વિશિષ્ટ દેઢ નિશ્ચયપણે પરિપુષ્ટ કરતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** વદે છે - હું બંધાવું છું હું મૂકાવું છું એવું જે જીવનું અહંકારરૂપ અધ્યવસાન, તેની 'સ્વાર્થ ક્રિયા' - સ્વ - પોતાની અર્થ - પ્રયોજનરૂપ ક્રિયા અથવા વસ્તુગતે વસ્તુક્રિયા તો જીવોનું બંધન - મોચન છે, પણ જીવ તો 'આ અધ્યવસાયના સદ્‌ભાવે પણ' - अस्य अध्यवसायस्य सद्‌भावेऽपि આ અધ્યવસાયના હોવાપણામાં પણ સરાગ-વીતરાગ સ્વપરિણામના અભાવને લીધે નથી બંધાતો - નથી મૂકાતો - 'सरागवीतरागयोः स्वपरिणामयोः अभावान्न बध्यते न मुच्यते', અર્થાત્ હું આને બંધાવું - મૂકાવું એવો અન્ય જીવનો અધ્યવસાય હોય તો પણ જીવ તો સરાગ એવા **'સ્વ'** - પોતાના પરિણામનો અભાવ હોય તો નથી બંધાતો અને વીતરાગ એવા **'સ્વ'** - પોતાના પરિણામનો અભાવ હોય તો નથી મૂકાતો. આથી ઉલટું, 'तस्याध्यवसायस्य अभावेऽपि' - તે અધ્યવસાયના અભાવે પણ - તે અધ્યવસાયના નહિ હોવાપણામાં પણ, સરાગ - વીતરાગ સ્વપરિણામના સદ્‌ભાવને લીધે બંધાય છે અને મૂકાય છે - 'सरागवीतरागयोः स्वपरिणामयोः सद्‌भावात् बध्यते मुच्यते च', અર્થાત્ હું આને બંધાવું - મૂકાવું એવો અન્ય જીવનો અધ્યવસાય ન હોય તો પણ તે પ્રસ્તુત જીવ સરાગ એવા **'સ્વ'** પોતાના પરિણામનો સદ્‌ભાવ - હોવાપણું હોય તો બંધાય છે અને વીતરાગ એવા **'સ્વ'** પોતાના પરિણામનો સદ્‌ભાવ - હોવાપણું હોય તો મૂકાય છે. જીવના પોતાના જ સરાગ - વીતરાગ પરિણામને જ આધીન પોતાના જીવના બંધન - મોચન છે, નહિ કે પર જીવોના. એટલે જ 'परत्र अकिंचित्करत्वात्' - પરત્ર - પર સ્થળે - અન્ય સ્થળે અકિંચિત્‌કરપણાને લીધે - કંઈ પણ નહિ કરી શકવાપણાને લીધે આ અધ્યવસાન સ્વાર્થક્રિયાકારિ નથી, 'नेदं अध्यवसानं स्वार्थक्रियाकारि' અને તેથી તે મિથ્યા જ - ફોગટ જ છે એમ ભાવ છે - ततश्च मिथ्यैव इति भावः ।

સમ્યગ્દૃષ્ટિ
જ્ઞાની
વીતરાગ

આ નિષ્ફલ અધ્યવસાયથી મૂઢ જીવ આત્માને સર્વ કાંઈ કરે છે એ સૂચવતો ઉત્થાનિકા રૂપ સમયસાર કળશ (૯) પ્રકાશે છે -

अनुष्टुप्

**अनेनाध्यवसायेन, निष्फलेन विमोहितः ।**
**तत्किंचनापि नैवास्ति, नात्मात्मानं करोति यत् ॥१७१॥**

નિષ્ફલ અધ્યવસાને આ, વિમોહિત થયો ખરે !
તે કંઈ પણ છે ના જે, આત્મા ન આત્મને કરે. ૧૭૧

**અર્થ** - નિષ્ફલ એવા આ અધ્યવસાનથી વિમોહિત (વિશેષે કરી મોહિત) એવો આત્મા એવું તે કંઈ પણ છે જ નહિ, કે જે આત્માને કરતો નથી. ૧૭૧

## અમૃત પદ-૧૭૧

'ભૈયા વિષમ આ સંસાર' - એ રાગ

અધ્યવસાનથી સર્વ કાંઈ આ, આત્મ કરે છે આત્મ,
તત્ત્વતણું એ સત્ત્વ વદે છે, અમૃતચંદ્ર મહાત્મ... અધ્યવસાનથી સર્વ કાંઈ આ. ૧
બંધાવું મૂકાવું પર હું, હોય ભલે અધ્યવસાન,
અર્થક્રિયા તે ના જ કરે છે, મિથ્યા જે તેથી જાણ... અધ્યવસાનથી સર્વ. ૨
(કારણકે) તસ સદ્‌ભાવે ય સ્વના સરાગ કે, વીતરાગ ભાવ અભાવ,
નથી બંધાતો નથી મૂકાતો, નિશ્ચય એ છે સાવ... અધ્યવસાનથી સર્વ. ૩
તસ અભાવે ય સ્વના સરાગ કે, વીતરાગ ભાવ સદ્‌ભાવ,
બંધાય છે કે મૂકાય છે તે, નિશ્ચય એ છે સાવ... અધ્યવસાનથી સર્વ. ૪
એમ નિષ્ફળ આ અધ્યવસાનથી, વિમોહિત મૂઢાત્મ,
એવું કંઈ પણ છે જ નહિ જે, આત્મ કરે ના આત્મ... અધ્યવસાનથી સર્વ. ૫
અધ્યવસાનથી સર્વ કાંઈ આ, આત્મ કરે છે આત્મ,
તત્ત્વ તત્ત્વ ભાખે આ ભગવાન, અમૃતચંદ્ર મહાત્મ... અધ્યવસાનથી સર્વ. ૬

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"ખરું આત્મભાન થાય છે તેને, હું અન્ય ભાવનો અકર્ત્તા છું એવો બોધ ઉત્પન્ન થઈ અહં પ્રત્યયિ બુદ્ધિ, તે વિલય પામે છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-(૨૯૮), ૩૬૨**

આ અધ્યવસાનથી વિમૂઢ જીવ આત્માને સર્વ કાંઈ કરે છે એવા નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો આ ઉત્થાનિકા કળશ* સંગીત કર્યો છે - 'अनेनाध्यवसायेन निष्फलेन विमोहितः' - આમ ઉપરમાં **'આત્મખ્યાતિ'**ના ગદ્ય ભાગમાં નિષ્તુષ યુક્તિથી વજ્રલેપ દૃઢપણે સુનિશ્ચિતપણે પૂરવાર કરી આપ્યું તેમ **'નિષ્ફલ'** - મિથ્યા - ફોગટ એવા આ અહંકારરસ નિર્ભર અધ્યવસાયથી **'વિમોહિત'** થયેલો - વિશેષે કરીને વિવિધ પ્રકારે મોહ પામી ગયેલો આ આત્મા એવું કાંઈ પણ છે નહિ કે જે આત્માને ન કરે - तत्किंचनापि नैवास्ति नात्मात्मानं करोति यत्, અર્થાત્ આત્માને સર્વ કાંઈ કરે છે, તે નીચેની ગાથામાં વર્ણવી દેખાડે છે :-

**सव्वे करेइ जीवो अज्झवसाणेण तिरियणेरयिए ।**
**देवमणुये य सव्वं पुण्णं पावं च णेयविहं ॥२६८॥**
**धम्माधम्मं च तहा जीवाजीवे अलोयलोयं च ।**
**सव्वे करेइ जीवो अज्झवसाणेण अप्पाणं ॥२६९॥**

તિર્યંચ નારક સર્વ જીવ કરે રે, અધ્યવસાનથી આપ;
દેવ-મનુષ્ય વળી સર્વ જ કરે રે, બહુવિધ પુણ્ય ને પાપ... અજ્ઞાની બાંધે છે. ૨૬૮
ધર્મ અધર્મ જીવ અજીવ તથા રે, લોક અલોક તમામ;
એ સર્વ જીવ કરે છે આત્મને રે, અધ્યવસાનથી આમ... અજ્ઞાની બાંધે છે. ૨૬૯

**અર્થ** - જીવ અધ્યવસાનથી તિર્યંચ - નારકી સર્વ કરે છે, દેવ - મનુષ્ય સર્વ કરે છે અને પુણ્ય - પાપ અનેકવિધ કરે છે. ૨૬૮

તેમજ - ધર્મ - અધર્મ, જીવ - અજીવ, અલોક - લોક એ સર્વ જીવ અધ્યવસાનથી આત્માને કરે છે. ૨૬૯

## આત્મખ્યાતિ ટીકા

**सर्वान् करोति जीवोऽध्यवसानेन तिर्यङ्नैरयिकान् ।**
**देवमनुजांश्च सर्वान् पुण्यं पापं च नैकविधं ॥२६८॥**
**धर्माधर्मं च तथा जीवाजीवौ अलोकलोकं च ।**
**सर्वान् करोति जीवः अध्यवसानेन आत्मानं ॥२६९॥**

यथायमेव क्रियागर्भहिंसाध्यवसानेन हिंसकं इतराध्यवसानैरितरं च आत्मात्मानं कुर्यात्, तथा विपच्यमाननारका**ध्यवसानेन नारकं,** विपच्यमानतिर्यगध्यवसानेन **तिर्यंचं,** विपच्यमान मनुष्याध्यवसानेन **पुण्यं,** विपच्यमानदेवाध्यवसानेन **देवं,** विपच्यमानसुखादिपुण्याध्यवसानेन **पुण्यं,** विपच्यमानदुःखादिपापाध्यवसानेन **पापमात्मानं** कुर्यात् । तथैव च ज्ञायमानधर्माध्यवसानेन **धर्मं,** ज्ञायमानाधर्माध्यवसाने**नाधर्मं** ज्ञायमानलोकाकाशाध्यवसानेन **लोकाकाशं,** ज्ञायमानालोकाकाशाध्यवसानेनालोकाकाशमात्मानं कुर्यात् ॥२६८॥२६९॥

---

**आत्मभावना** -

जीवः - જીવ अध्यवसानेन - **અધ્યવસાનથી** तिर्यङ्नैरयिकान् सर्वान् करोति - **તિર્યંચ - નૈરયિકો સર્વ કરે છે,** देवमनुजांश्च सर्वान् - **અને દેવમનુજોને સર્વને (કરે છે),** पुण्यं पापं च नैकविधं - **અને ન-એકવિધ એવું - અનેકવિધ પુણ્ય અને પાપ (કરે છે),** धर्माधर्मं च तथा - **અને ધર્મ-અધર્મ તેમજ** जीवाजीवौ - **જીવ - અજીવ** अलोकलोकं च - **અને અલોક-લોક** सर्वान् - **(એ) સર્વ** जीवः - **જીવ** अध्यवसानेन - **અધ્યવસાનથી** आत्मानं करोति - **આત્માને કરે છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥२६८॥२६९॥

यथा - **જેમ** अयमेव आत्मा - **આ જ આત્મા** क्रियागर्भहिंसाध्यवसानेन हिंसकं - **ક્રિયા ગર્ભ હિંસા અધ્યવસાનથી હિંસક,** इतराध्यवसानैरितरं च - **અને ઈતર - બીજા અધ્યવસાનોથી ઈતર - બીજો** आत्मानं कुर्यात् - **આત્માને કરે,** तथा - **તેમ** विपच्यमाननारकाध्यवसानेन नारकं - **વિપચ્યમાન - વિપચી રહેલ - વિપાક પામી રહેલ નારક અધ્યવસાનથી નારક,** विपच्यमानतिर्यगध्यवसानेन तिर्यंचं - **વિપચ્યમાન તિર્યંચ - અધ્યવસાનથી તિર્યંચ,** विपच्यमान-मनुष्याध्यवसानेन मनुष्यं - **વિપચ્યમાન મનુષ્ય અધ્યવસાનથી મનુષ્ય,** विपच्यमानदेवाध्यवसानेन देवं - **વિપચ્યમાન દેવ અધ્યવસાનથી દેવ,** विपच्यमानसुखादिपुण्याध्यवसानेन पुण्यं - **વિપચ્યમાન - વિપાક પામી રહેલ સુખાદિ પુણ્ય અધ્યવસાનથી પુણ્ય,** विपच्यमानदुःखादिपापाध्यवसानेन पापं - **વિપચ્યમાન દુઃખાદિ પાપ અધ્યવસાનથી**

## આત્મખ્યાતિ ટીકાર્થ

જેમ આ જ આત્માને -

ક્રિયાગર્ભ હિંસા અધ્યવસાનથી હિંસક અને ઈતર અધ્યવસાનોથી ઈતર કરે, તેમ વિપચ્યમાન નારક અધ્યવસાનથી નારક, વિપચ્યમાન તિર્યંચ અધ્યવસાનથી તિર્યંચ, વિપચ્યમાન મનુષ્યઅધ્યવસાનથી મનુષ્ય, વિપચ્યમાન દેવઅધ્યવસાનથી દેવ, વિપચ્યમાન સુખાદિ પુણ્ય અધ્યવસાનથી પુણ્ય, વિપચ્યમાન દુઃખાદિ પાપ અધ્યવસાનથી પાપ આત્માને કરે અને તેમજ - જ્ઞાયમાન ધર્મ અધ્યવસાનથી ધર્મ, જ્ઞાયમાન અધર્મ અધ્યવસાનથી અધર્મ, જ્ઞાયમાન જીવાન્તર અધ્યવસાનથી જીવાંતર, જ્ઞાયમાન પુદ્ગલ અધ્યવસાનથી પુદ્ગલ, જ્ઞાયમાન લોકાકાશ અધ્યવસાનથી લોકાકાશ, જ્ઞાયમાન અલોકાકાશ અધ્યવસાનથી અલોકાકાશ આત્માને કરે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ઉપજે મોહ વિકલ્પથી, સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં, વિલય થતાં નહીં વાર.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે આત્મા આત્માને તિર્યંચ - નારક - દેવ - મનુષ્ય, પુણ્ય - પાપ, ધર્મ-અધર્મ, જીવ-અજીવ, લોક-અલોક એમ સર્વ કાંઈ કરે છે, એ આ ગાથામાં કથન કર્યું છે અને તેનું તત્ત્વ સર્વસ્વ સમર્પક સુસ્પષ્ટ વ્યાખ્યાન 'આત્મખ્યાતિ' સૂત્રકર્તાએ કર્યું છે - જેમ આ જ આત્મા 'क्रियागर्भहिंसाध्यवसानेन' હું હિંસા કરૂં છું એમ ક્રિયા જેના ગર્ભમાં - જેની અંદરમાં રહેલ છે એવા 'ક્રિયા ગર્ભ હિંસાધ્યવસાનથી' આત્માને હિંસક અને 'ઈતર' - બીજા તેવા તેવા અધ્યવસાનોથી ઈતર - બીજો કરે, તેમ 'विपच्यमान नारकाध्यवसानेन' - **'વિપચ્યમાન'** - વિપાક પામી રહેલ નારક - અધ્યવસાનથી આત્માને નારક કરે, 'વિપચ્યમાન' - વિપાક પામી રહેલ તિર્યંચ - અધ્યવસાનથી આત્માને તિર્યંચ કરે, 'વિપચ્યમાન' - વિપાક પામી રહેલ મનુષ્ય - અધ્યવસાનથી આત્માને મનુષ્ય કરે, 'વિપચ્યમાન' - વિપાક પામી રહેલ દેવ અધ્યવસાનથી આત્માને દેવ કરે, 'વિપચ્યમાન' - વિપાક પામી રહેલ દુઃખાદિ પાપ અધ્યવસાનથી આત્માને પાપ કરે, તેમજ **'જ્ઞાયમાન'** - જાણવામાં આવી રહેલ ધર્મ અધ્યવસાનથી આત્માને ધર્મ કરે, 'જ્ઞાયમાન' - જાણવામાં આવી રહેલ અધર્મ અધ્યવસાનથી આત્માને અધર્મ કરે, 'જ્ઞાયમાન' - જાણવામાં આવી રહેલ જીવાન્તર અધ્યવસાનથી આત્માને જીવાન્તર - અન્ય જીવ કરે, 'જ્ઞાયમાન' - જાણવામાં આવી રહેલ પુદ્ગલ - અધ્યવસાનથી આત્માને પુદ્ગલ કરે, 'જ્ઞાયમાન' - જાણવામાં આવી રહેલ લોકાકાશ અધ્યવસાનથી આત્માને લોકાકાશ કરે, 'જ્ઞાયમાન' - જાણવામાં આવી રહેલ અલોકાકાશ અધ્યવસાનથી આત્માને અલોકાકાશ કરે. આમ આ આત્મા જ અધ્યવસાનથી આત્માને સર્વ કાંઈ કરે છે.

સમ્યગ્દષ્ટિ
જ્ઞાની
વીતરાગ

---

પાપ आत्मानं कुर्यात् - આત્માને કરે, तथैव च - અને તેમજ, ज्ञायमानधर्माध्यवसानेन धर्मं - જ્ઞાયમાન - જાણવામાં આવી રહેલ ધર્મ અધ્યવસાનથી ધર્મ, ज्ञायमानाधर्माध्यवसानेनाधर्मं - જ્ઞાયમાન અધર્મ અધ્યવસાનથી અધર્મ, ज्ञायमानजीवान्तराध्यवसानेन जीवान्तरं - જ્ઞાયમાન - જાણવામાં આવી રહેલ જીવાન્તર અધ્યવસાનથી જીવાન્તર (અન્ય જીવ), ज्ञायमानपुद्गलाध्यवसानेन पुद्गलं - જ્ઞાયમાન પુદ્ગલ અધ્યવસાનથી પુદ્ગલ, ज्ञायमानलोकाकाशाध्यवसानेन लोकाकाशं - જ્ઞાયમાન - જાણવામાં આવી રહેલ લોકાકાશ અધ્યવસાનથી લોકાકાશ, ज्ञायमानालोकाकाशाध्यवसानेनालोकाकाशं - જ્ઞાયમાન - જાણવામાં આવી રહેલ અલોકાકાશ અધ્યવસાનથી અલોકાકાશ आत्मानं कुर्यात् - આત્માને કરે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२६८॥२६९॥

નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો **સમયસાર કળશ** (૧૦) પ્રકાશે છે -

**इन्द्रवज्रा**

**विश्वाद्विभक्तोऽपि हि यत्प्रभावना**
**दात्मानमात्मा विदधाति विश्वं ।**
**मोहैककंदोध्यवसाय एष,**
**नास्तीह येषां यतयस्त एव ॥१७२॥**

જગત્‌થી જૂદો પણ જે પ્રભાવે, આત્મા જ આત્મા જગ વિરચાવે;
મોહૈક કંદી 'ધ્યવસાય એજ, જેને ન છે ત્યાં યતિઓ જ તેજ. ૧૭૨

## અમૃત ૫૬-૧૭૨

'વીતરાગ જય પામ' - એ રાગ

તેઓ જ યતિઓ જાણ, જગત્‌માં તેઓ જ યતિઓ જાણ !
મોહૈક કંદ અધ્યવસાય ન જેને, તેઓ જ યતિઓ જાણ !... જગત્‌માં તેઓ જ. ૧

જેહ અધ્યવસાય પ્રભાવે, મોહિત એહ મૂઢાત્મ,
વિશ્વથી વિભક્ત તોય વિશ્વરૂપ, આત્મ કરે છે આત્મ... જગત્‌માં તેઓ જ. ૨

'હું ને મારૂં' જગના પગ બે, એ જેના ફરજંદ,
એવો અધ્યવસાય જ નિશ્ચય આ, મોહ તણો એક કંદ... જગત્‌માં તેઓ જ. ૩

મોહકંદ અધ્યવસાય ન જેને, તેઓ જ યતિઓ જાણ !
**ભગવાન અમૃતચંદ્ર મુનીંદ્રે**, ભાખી અમૃત વાણ... જગત્‌માં તેઓ જ.૪

**અર્થ** - સ્ફુટપણે વિશ્વથી વિભક્ત (જૂદો) છતાં જેના પ્રભાવ થકી આત્મા આત્માને વિશ્વ કરે છે, એવો આ મોહ એક કંદ અધ્યવસાય જેઓને અહીં છે નહિ, તેઓ જ યતિઓ છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અંતરંગ મોહગ્રંથિ જેની ગઈ તે પરમાત્મા છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૧, વચનામૃત**

આ અધ્યવસાન જેને છે નહિ તેઓ જ યતિઓ છે એવા નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો આ ઉત્થાનિકા કળશ **અમૃતચંદ્ર મુનીંદ્રે** પ્રકાશ્યો છે - આ આત્મા **'વિશ્વથી'** - અખિલ જગત્‌થી **'વિભક્ત'** - જૂદો - પૃથક્ છતાં જેના પ્રભાવ થકી - 'यत्प्रभावाद्' આત્મા આત્માને વિશ્વ કરી મૂકે છે - 'आत्मानमात्मा विदधाति विश्व', તે આ **'મોહૈક કંદ અધ્યવસાય'** - मोहैककंदोध्यवसाय एष - મોહનો **'એક'** - અદ્વિતીય - અનન્ય કંદ અધ્યવસાય જેઓને અહીં - આ વિશ્વમાં છે નહિ, તેઓ જ યતિઓ છે - 'यतयस्त एव' - આત્માને આત્મામાં જ સંયમી રાખનારા આત્મસંયત ખરેખરા મુનીંદ્રો છે.

આત્મા જ આત્માની પોતાની સમસ્ત સૃષ્ટિનો કર્ત્તા આ અધ્યવસાન પ્રભાવે જ થાય છે. પર વસ્તુમાં આત્મબુદ્ધિ રૂપ અધ્યવસાનને લીધે જ પ્રત્યેક આત્મા પોત પોતાના આત્મગત, પરગત ને

ઉભયગત જન્માદિ વિશ્વ પ્રપંચનો* આદિકર છે, પોત પોતાના કર્મ - જગત્‌નો કર્તા છે, પોત પોતાના જન્માદિ પ્રપંચ રૂપ વિશ્વનો સર્જક - સ્રષ્ટા આદિકર (Creator of his own indivindual universe) છે, દેહમાં આત્મબુદ્ધિરૂપ - અહંબુદ્ધિ રૂપ અધ્યવસાન એ જ **શ્રી પૂજ્યપાદસ્વામીજીએ** * સમાધિશતકમાં કહ્યું છે તેમ સંસાર દુઃખનું મૂલ છે.

કારણકે પરવસ્તુમાં આત્મબુદ્ધિરૂપ અધ્યવસાનના અભાવે આ ચેતન જો નિજ સ્વરૂપના ભાનમાં વર્ત્તે તો આત્મસ્વભાવનો કર્ત્તા હોય, ને પરવસ્તુમાં આત્મબુદ્ધિરૂપ અધ્યવસાનના સદ્‌ભાવે નિજ ભાનમાં ન વર્ત્તે તો કર્મના પ્રભાવનો કર્ત્તા હોય. આમ જ્યાં લગી આત્મસ્વરૂપનું ભાન ન હોય, ત્યાં લગી પરમાં આત્મબુદ્ધિ રૂપ અધ્યવસાનને લીધે જીવનું કર્ત્તા - કર્મ ઈ. ષટ્‌કારક ચક્ર પરભાવ પ્રત્યયી હોઈ આત્મબાધક થઈને પ્રવર્ત્તે છે, એટલે તે જન્મ પ્રપંચનું - સંસારનું કારણ થાય છે, પણ આત્મસ્વરૂપનું ભાન થયે તેવા અધ્યવસાનના અભાવને લીધે એ જ ષટ્‌કારક ચક્ર સ્વભાવ પ્રત્યયી થઈ આત્મસાધક થઈને પ્રવર્ત્તે છે, એટલે તે ભવપ્રપંચના ક્ષયનું - મોક્ષનું કારણ થાય છે. અત્રે જેઓને આ અધ્યવસાનનો સદ્‌ભાવ હોય છે તેઓ વિશ્વથી વિભક્ત આ આત્માને વિશ્વરૂપ કરે છે, પણ જેઓને આ 'મોહૈક કંદ' - મોહના એક મૂલ રૂપ અધ્યવસાનનો અભાવ છે તેઓ તો આ આત્માને વિશ્વથી વ્યાવૃત્ત કરે છે અને તેઓ જ આત્માને આત્મામાં જ સંયમી રાખનારા ખરેખરા 'યતિઓ' છે.

---

* "इहादौ करणशीला आदिकराः, अनादावपि भवे तदा तदा तत्तत्कर्माण्वादि सम्बन्धयोग्यतया विश्वस्यात्मादिगामिनो जन्मादिप्रपञ्चस्येति हृदयं ।" - (પરમર્ષિ હરિભદ્રાચાર્ય પ્રણીત) 'લલિત વિસ્તરા', સૂ. ૪૬
જુઓ : આ લેખક - વિવેચક ડૉ. ભગવાનદાસે વિવેચન શિદ્‌હેમવિશોધિની કૃત

* "मूलं संसारदुःखस्य देह एव आत्मधीस्ततः ।
त्यक्त्वैनां प्रविशेदन्तर्बहिरव्यापृतेन्द्रियः ॥" - 'સમાધિ શતક'

**एदाणि णत्थि जेसिं अज्झवसाणाणि एवमादीणि ।**
**ते असुहेण सुहेण व कम्मेण मुणी ण लिप्पंति ॥२७०॥**

એ આદિ જેઓને છે જ ના રે, અધ્યવસાન બધાય;
મુનિઓ તેહ અશુભ વા શુભ વા રે, કર્મથી ના લેપાય... અજ્ઞાની બાંધે છે. ૨૭૦

**અર્થ** - એમ એ આદિ અધ્યવસાનો જેઓને નથી, તે મુનિઓ અશુભ વા શુભ કર્મથી લેપાતા નથી. ૨૭૦

## आत्मख्याति टीका

**एतानि न संति येषामध्यवसानान्येवमादीनि ।**
**तेऽशुभेन शुभेन वा कर्मणा मुनयो न लिप्यंति ॥२७०॥**

एतानि किल यानि त्रिविधान्य**ध्यवसानानि** समस्तान्यपि तानि शुभाशुभकर्मबंधनिमित्तानि स्वयमज्ञानादिरूपत्वात् । तथाहि - यदिदं हिनस्मीत्याद्यध्यवसानं तत्त्वज्ञानमयत्वेन आत्मनः सदहेतुकज्ञप्त्यैकक्रियस्य रागद्वेषविपाकमयीनां हननादिक्रियाणां च विशेषाज्ञानेन विविक्तात्माऽज्ञानादस्ति तावदज्ञानं विविक्तात्माऽदर्शनादस्ति च मिथ्यादर्शनं विविक्तात्मानाचरणादस्ति चाचारित्रं । यत्पुनरेष धर्मो ज्ञायते इत्याद्यध्यवसानं तदप्यज्ञानमयत्वेन आत्मनः सदहेतुकज्ञानैकरूपस्य ज्ञेयमयानां धर्मादिरूपाणां च विशेषाज्ञानेन विविक्तात्माज्ञानाऽस्ति तावदज्ञानं विविक्तात्मादर्शनादस्ति च मिथ्यादर्शनं विविक्तात्मानाचरणादस्ति चाचारित्रं । ततो बंधनिमित्तान्येवैतानि समस्तान्यध्यवसानानि । **येषामेवैतानि न विद्यंते त** एव **मुनि**कुंजराः केचन सदहेतुकज्ञप्त्यैकक्रियं सदहेतुकज्ञायकैकभावं सदहेतुकज्ञानैकरूपं च विविक्तात्मानं जानंतः सम्यक् पश्यंतोऽनुचरंतश्च स्वच्छस्वच्छंदोद्यदमंदांतर्ज्योतिषोऽत्यंतमज्ञानादिरूपत्वाभावात् शुभेनाशुभेन वा कर्मणा खलु न लिप्येरन् ॥२७०॥

---

**आत्मभावना** -

एवमादीनि एतानि अध्यवसानानि - એ આદિ આ અધ્યવસાનો येषां न संति - જેઓને છે નહિ, તે मुनयः - તે મુનિઓ अशुभेन शुभेन वा कर्मणा न लिप्यंति - અશુભ વા શુભ કર્મથી લેપાતા નથી. ॥ इति **गाथा** आत्मभावना ॥२७०॥

एतानि किल यानि अध्यवसनानि - આ ખરેખર ! જે ત્રિવિધ - ત્રણ પ્રકારના અધ્યવસાનો (તે) समस्तान्यपि - સમસ્ત પણ शुभाशुभकर्मबंधनिमित्तानि - શુભ - અશુભ કર્મબંધના નિમિત્તો છે, શાને લીધે ? स्वयम- ज्ञानादिरूपत्वात् - સ્વયં - પોતે અજ્ઞાનાદિ રૂપપણાને લીધે. तथाहि - જુઓ ! આ પ્રકારે -

यदिदं हिनस्मीत्याद्यध्यवसानं - જે આ 'હું હિંસુ છું' ઈત્યાદિ અધ્યવસાન, तत्तु अज्ञानमयत्वेन - તે તો અજ્ઞાનમયપણાએ કરીને - आत्मनः सदहेतुकज्ञप्त्यैकक्रियस्य - સદ્ અહેતુક જ્ઞપ્તિ એક ક્રિયાવાળા આત્માના, रागद्वेष विपाकमयीनां हननादिक्रियाणां च - અને રાગ - દ્વેષ વિપાકમયી હનનાદિ (હણવા આદિ) ક્રિયાઓના विशेषाज्ञानेन - વિશેષના - તફાવતના અજ્ઞાનથી - विविक्तात्माज्ञानाद् - વિવિક્ત - પૃથક્ - ભિન્ન આત્માના અજ્ઞાનને લીધે अस्ति तावद् अज्ञानं - પ્રથમ તો અજ્ઞાન છે, विविक्तात्मादर्शनादस्ति च मिथ्यादर्शनं - અને વિવિક્ત - પૃથક્ આત્માના અદર્શનને લીધે મિથ્યાદર્શન છે, विविक्तात्मानाचरणादस्ति चाचारित्रं - અને વિવિક્ત - પૃથક્ આત્માના અનાચરણને લીધે અચારિત્ર છે.

यत्पुनरेष धर्मो ज्ञायते इत्याद्यध्यवसानं - જે પુનઃ આ ધર્મ જાણવામાં આવે છે ઈત્યાદિ અધ્યવસાન, तदप्यज्ञानमयत्वेन - તે પણ અજ્ઞાનમયપણાએ કરીને, आत्मनः सदहेतुकज्ञानैकरूपस्य - આત્માના સદ્ અહેતુક જ્ઞાન એકરૂપના - ज्ञेयमयानंधर्मादिरूपाणां च - અને જ્ઞેયમય ધર્માદિ રૂપોના विशेषाज्ञानेन - વિશેષના - તફાવતના

## આત્મખ્યાતિ ટીકાર્થ

આ નિશ્ચયે કરીને જે ત્રિવિધ અધ્યવસાનો છે, તે સમસ્ત પણ શુભાશુભ કર્મબંધ નિમિત્તો છે · સ્વયં અજ્ઞાનાદિરૂપપણાને લીધે. તે આ પ્રકારે -

જે આ હિંસું છું ઈત્યાદિ અધ્યવસાન, તે તો અજ્ઞાનમયપણાએ કરીને -

સત્ અહેતુક જ્ઞપ્તિ એક ક્રિયાવાળા આત્માના

અને રાગ - દ્વેષ વિપાકમયી હનનાદિ ક્રિયાઓના વિશેષના અજ્ઞાનથી -

વિવિક્ત આત્માના અજ્ઞાનને લીધે પ્રથમ તો અજ્ઞાન છે,

અને વિવિક્ત આત્માના અદર્શનને લીધે મિથ્યા દર્શન છે અને વિવિક્ત આત્માના અનાચરણને લીધે અચારિત્ર છે.

જે પુનઃ આ ધર્મ જાણવામાં આવે છે ઈત્યાદિ અધ્યવસાન, તે પણ અજ્ઞાનમયપણાએ કરીને - સત્ અહેતુક જ્ઞાન એકરૂપ આત્માના અને જ્ઞેયમય ધર્માદિ રૂપોના વિશેષના અજ્ઞાનથી - વિવિક્ત આત્માના અજ્ઞાનને લીધે પ્રથમ તો અજ્ઞાન છે અને વિવિક્ત આત્માના અદર્શનને લીધે મિથ્યા દર્શન છે અને વિવિક્ત આત્માના અનાચરણને લીધે અચારિત્ર છે. તેથી આ સમસ્ત અધ્યવસાનો બંધ નિમિત્તો જ છે.

**જેઓને જ આ વિદ્યમાન નથી, તે જ મુનિકુંજરો કોઈ -**

સત્ અહેતુક જ્ઞપ્તિ એક ક્રિયાવાળા, સત્ અહેતુક જ્ઞાયક એક ભાવવાળા અને સત્ અહેતુક જ્ઞાન એકરૂપવાળા વિવિક્ત આત્માને જાણતા, સમ્યક્ દેખતા અને અનુચરતા એવા - સ્વચ્છ સ્વચ્છંદે ઉદય પામતી અમંદ અંતર જ્યોતિષ્વંતા, અત્યંતપણે અજ્ઞાનાદિરૂપ પણાના અભાવને લીધે, શુભ વા **અશુભ કર્મથી** નિશ્ચયે કરીને લેપાય નહિ. ૨૭૦

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એમ ચારે પ્રકારે અપ્રતિબંધપણું, આત્મતાએ વર્ત્તતા નિર્ગ્રંથને કહ્યું છે, તે વિશેષ અનુપ્રેક્ષા કરવા યોગ્ય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૩૯**

''ધન્ય તે મુનિવરા જે ચાલેષમ્ ભાવ છે રે'' - **શ્રી યશોવિજયજી સા. ત્રણસો - સ્તવન**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે પ્રસ્તુત અધ્યવસાનો જેઓને નથી તે જ મુનિઓ - યતિઓ અશુભ કે શુભ કર્મથી લેપાતા નથી - ખરડાતા નથી, એમ આ ગાથામાં પ્રતિપાદન કર્યું છે અને

---

**અજ્ઞાનથી,** विविक्तात्माज्ञानादस्ति तावद् अज्ञानं - **વિવિક્ત - પૃથક્ - ભિન્ન આત્માના અજ્ઞાનને લીધે પ્રથમ તો અજ્ઞાન છે,** विविक्तात्मादर्शनात् अस्ति च मिथ्यादर्शनं - **અને વિવિક્ત - પૃથક્ આત્માના અદર્શનને લીધે મિથ્યાદર્શન છે,** विविक्तात्मानाचरणादस्ति चाचारित्रं - **અને વિવિક્ત આત્માના અનાચરણને લીધે અચારિત્ર છે.** ततो - **તેથી કરીને, શું ?** बंधनिमित्तान्येवैतानि समस्तानि अध्यवसानानि - **બંધ નિમિત્તો જ આ સમસ્ત પણ અધ્યવસાનો છે.**

येषामेवैतानि न विद्यंते - **જેઓને જ આ - અધ્યવસાનો નથી વિદ્યમાન હોતા - નથી વર્ત્તતા,** त एव - **તેઓ જ** मुनिकुंजराः केचन - **મુનિ કુંજરો કોઈ,** शुभेनाशुभेन वा कर्मणा खलु न लिप्येरन् - **શુભ વા અશુભ કર્મથી ખરેખર ! નિશ્ચયે કરીને લેપાય નહિ. કેવા છે તે મુનિકુંજરો ?** सदहेतुकज्ञप्त्येकक्रियं सदहेतुकज्ञायकैकभावं सदहेतुकज्ञानैक रूपं च - **સત્ અહેતુક જ્ઞપ્તિ એક ક્રિયાવાળા, સત્ અહેતુક જ્ઞાયક એક ભાવવાળા, સત્ અહેતુક જ્ઞાન એકરૂપ એવા** विविक्तात्मानं - **વિવિક્ત - પૃથક્ - ભિન્ન આત્માને** जानंतः सम्यक् पश्यंतोऽनुचरंतश्च - **જાણતા, સમ્યક્ દેખતા અને અનુચરતા એવા, અત એવ** स्वच्छस्वच्छंदोद्यदमंदातंज्योतिषो - **સ્વચ્છ - નિર્મલ સ્વચ્છંદથી ઉદય પામતી અમંદ અંતર્ જ્યોતિ જેની છે એવાઓ. આવા હોવાથી જ** अत्यंतं अज्ञानादिरूपत्वाभावात् - **અત્યંતપણે - સર્વથા અજ્ઞાનાદિરૂપપણાના અભાવને લીધે, તેઓ ખરેખર ! શુભાશુભ કર્મથી લેપાય - ખરડાય નહિ.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२७०॥

**પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** તેનું અદ્‌ભુત તત્ત્વ મીમાંસન કર્યું છે. તેનો ભાવાર્થ આ પ્રકારે - આ જે સ્ફુટપણે 'ત્રિવિધ' - ત્રણ પ્રકારના અર્થાત્ ક્રિયારૂપ - ભાવરૂપ - રૂપ - રૂપ એમ ત્રણ વિભાગમાં વિભક્ત થયેલા અધ્યવસાનો છે, તે સમસ્ત પણ શુભાશુભ કર્મબંધના નિમિત્તો છે - સ્વયં અજ્ઞાનાદિ રૂપપણાને લીધે - 'स्वयं अज्ञानादिरूपत्वात् ।' તે આ પ્રકારે -

જે આ હું હિંસુ છું ઈત્યાદિ અધ્યવસાન છે તે તો અજ્ઞાનમયપણાએ કરીને - સત્ અહેતુક જ્ઞપ્તિ એક ક્રિયા જેને છે એવા આત્માના અને રાગ દ્વેષ - વિપાકમયી હનનાદિ (હણવા આદિ) ક્રિયાઓના વિશેષના અજ્ઞાનથી - 'વિવિક્ત' - જૂદા - પૃથક્ આત્માના અજ્ઞાનને લીધે પ્રથમ તો અજ્ઞાન છે, 'વિવિક્ત' - જૂદા - પૃથક્ આત્માના અદર્શનને લીધે મિથ્યાદર્શન છે અને 'વિવિક્ત' - જૂદા - પૃથક્ આત્માના અનાચરણને લીધે અચારિત્ર છે - विविक्तात्माज्ञानादस्ति तावदज्ञानं । ઈ. વળી જે આ ધર્મ જાણવામાં આવે છે ઈત્યાદિ જે અધ્યવસાન છે તે પણ અજ્ઞાનમયપણાએ કરીને, સત્ અહેતુક જ્ઞાન એકરૂપ આત્માના અને જ્ઞેયમય ધર્માદિ રૂપોના વિશેષના અજ્ઞાનથી 'વિવિક્ત' - જૂદા - પૃથક્ આત્માના અજ્ઞાનને લીધે પ્રથમ તો અજ્ઞાન છે, 'વિવિક્ત' - જૂદા - પૃથક્ આત્માના અદર્શનને લીધે મિથ્યાદર્શન છે - અને 'વિવિક્ત' - જૂદા - પૃથક્ આત્માના અનાચરણને લીધે અચારિત્ર છે. તેથી આ સમસ્ત અધ્યવસાનો બંધ નિમિત્તો જ છે - बंधनिमित्तान्येवैतानि समस्तानि अध्यवसानानि ।

જેઓને જ આ - અધ્યવસાનો નથી વિદ્યમાન હોતા, તે જ મુનિકુંજરો કોઈ - 'त एव मुनि-कुंजराः केचन' - સત્ અહેતુક જ્ઞપ્તિ એક ક્રિયાવાળા, સત્ અહેતુક જ્ઞાયક એક ભાવવાળા અને સત્ અહેતુક જ્ઞાન એકરૂપ એવા 'વિવિક્ત' - જૂદા - પૃથક્ આત્માને જાણતાં, સમ્યક્ દેખતાં અને અનુચરતાં, સ્વચ્છ સ્વચ્છંદે ઉદય પામતી અમંદ અંતર જ્યોતિવંતો - 'स्वच्छस्वच्छंदोद्यदमंदांतज्योतिषो', અત્યંતપણે - સર્વથા અજ્ઞાનાદિ રૂપપણાના અભાવને લીધે, શુભ વા અશુભ કર્મથી નિશ્ચયે કરીને ન લેપાય - शुभेनाशुभेन वा कर्मणा खलु न लिप्येरन् ।

અર્થાત્ - જે આ ઉપરમાં વિવરી દેખાડ્યા તે અધ્યવસાનો કાં તો ક્રિયારૂપ અધ્યવસાનો હોય, કાં તો ભાવ રૂપ અધ્યવસાનો હોય, કાં તો રૂપ - રૂપ અધ્યવસાનો હોય. એવા જે આ સ્ફુટપણે 'ત્રિવિધ' - ત્રણ વિભાગમાં વ્હેંચાયેલા ત્રણ પ્રકારના અધ્યવસાનો છે તે સમસ્ત પણ શુભ - અશુભ કર્મબંધ નિમિત્તો - કારણો છે. કારણકે તે અધ્યવસાનોનું સ્વયં - પોતે અજ્ઞાનાદિ રૂપપણું છે માટે - અધ્યયસાનો પોતે - અજ્ઞાન રૂપ, મિથ્યાદર્શન રૂપ, અચારિત્ર રૂપ છે માટે. તે આ પ્રકારે -

જે આ હું હિંસુ છું - હિંસા કરૂં છું ઈ. અધ્યવસાન છે તે તો અજ્ઞાનમયપણાએ કરીને પ્રથમ તો અજ્ઞાન છે, મિથ્યા દર્શન છે અને અચારિત્ર છે. શી રીતે ? આત્માની **સત્ અહેતુક જ્ઞપ્તિ એક ક્રિયા હોય છે,** અર્થાત્ 'જ્ઞપ્તિ' - જાણવું એ જ એક આત્માની ક્રિયા છે અને તે 'સત્' - ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્ય યુક્ત સ્વરૂપ સત્તાભૂત છે, અત એવ અહેતુક છે - નિષ્કારણ છે, જાણવું - જાણપણું એ આત્માનું સહજ સ્વભાવભૂત છે, એટલે તેનું 'સત્ત્વ' - અસ્તિત્વ - હોવાપણું સદા હોય જ છે અને તેનું હોવું કોઈ બહિર્ગત કારણને આધીન નથી, પણ અંતર્ગત આત્મસ્વભાવને આધીન હોવાથી તેનું 'ભવન' સ્વત એવ - આપોઆપ જ સતત થયા જ કરે છે અને હનનાદિ - હણવું આદિ ક્રિયાઓ રાગદ્વેષ વિપાકમયી છે, એટલે તે કદાચિત્કી છે, રાગ-દ્વેષ વિપાક હેતુમયી છે. આમ (૧) જ્ઞપ્તિ ક્રિયા 'સત્' છે, ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્ય યુક્ત સ્વરૂપ સત્તા રૂપ હોઈ સદા વિદ્યમાન છે, હનનાદિ ક્રિયા અસત્ છે - મૂળ સ્વરૂપમાં ન હોઈ - સ્વરૂપ સત્તા રૂપ ન હોઈ કદાચિત્ વિદ્યમાન છે, કદાચિત્કી છે. (૨) જ્ઞપ્તિ ક્રિયા અહેતુક છે - તે ઉપજવાનો કોઈ હેતુ છે નહિ, તે સહજ સ્વભાવભૂત હોઈ સ્વયં સિદ્ધપણે સ્વત એવ થયા જ કરે છે, હનનાદિ ક્રિયા રાગ - દ્વેષ વિપાકમયી છે - રાગ - દ્વેષાદિના વિપાક રૂપ હોઈ - રાગ દ્વેષાદિ હેતુક હોઈ સહેતુક છે, કૃત્રિમ વિભાવભૂત હોઈ પરનિમિત્તાધીનપણે પરતઃ ઉપજે છે. આવી 'જ્ઞપ્તિ' એક ક્રિયાવંત આત્માના અને રાગ દ્વેષ વિપાકમયી હનનાદિ અનેક ક્રિયાઓના

'વિશેષના' - તફાવતના અધ્યવસાન અજ્ઞાન મિથ્યાદર્શન અને અચારિત્ર છે.

તેમજ - જે આ હું સુખાવું છું - દુઃખાવું છું ઈત્યાદિ અથવા હું રંજુ છું - દ્વેષું છું ઈત્યાદિ અધ્યવસાન છે તે તો અજ્ઞાનમયપણાએ કરીને પ્રથમ તો અજ્ઞાન છે, મિથ્યાદર્શન છે અને અચારિત્ર છે. શી રીતે ? આત્માનો સત્ અહેતુક જ્ઞાયક એક ભાવ છે, અર્થાત્ 'જ્ઞાયક' - જાણનાર એ જ એક - અદ્વિતીય એવો આત્માનો શુદ્ધ ભાવ છે અને તે 'સત્' - ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્ય યુક્ત સ્વરૂપ સત્તાભૂત છે, અત એવ અહેતુક છે - નિષ્કારણ છે, 'જ્ઞાયક ભાવ' એ આત્માનો સહજ સ્વભાવભૂત છે, એટલે તેનું 'સત્ત્વ' - અસ્તિત્વ - હોવાપણું સદા હોય જ છે અને તેનું હોવું કોઈ બહિર્ગત કારણને આધીન નથી, પણ અંતર્ગત આત્મ સ્વભાવને આધીન હોવાથી તેનું 'ભવન' સ્વત એવ - આપોઆપ જ સતત થયા જ કરે છે અને સુખદુઃખાદિ - રાગ - દ્વેષાદિ શુભાશુભ ભાવો કર્મ વૈચિત્ર્ય થકી ઉપજે છે, એટલે તે કાદાચિત્ક હોય છે. આમ (૧) શુદ્ધ એક જ્ઞાયક ભાવ 'સત્' છે, ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્ય યુક્ત સ્વરૂપ સત્તા રૂપ હોઈ સદા વિદ્યમાન છે, સુખ દુઃખાદિ - રાગ દ્વેષાદિ શુભાશુભ ભાવો 'અસત્' છે - મૂળ સ્વરૂપમાં ન હોઈ - સ્વરૂપ સત્તા રૂપ ન હોઈ કદાચિત્ વિદ્યમાન છે - કાદાચિત્ક છે. (૨) જ્ઞાયક ભાવ 'અહેતુક' છે - તે ઉપજવાનો કોઈ હેતુ છે નહિ, તે સહજ સ્વભાવભૂત હોઈ સ્વયં સિદ્ધપણે સ્વત એવ થયા જ કરે છે, સુખદુઃખાદિ - રાગ - દ્વેષાદિ શુભાશુભ ભાવો કર્મવૈચિત્ર્ય થકી ઉપજતા હોવાથી 'સહેતુક' છે, કૃત્રિમ વિભાવભૂત હોઈ પરનિમિત્તાધીનપણે પરતઃ ઉપજે છે. આવા 'જ્ઞાયક' એક શુદ્ધ ભાવવંત આત્માના અને કર્મવિપાકમય સુખદુઃખાદિ શુભાશુભ ભાવોના 'વિશેષના' - તફાવતના અજ્ઞાને કરી 'વિવિક્ત' - પૃથક્ - જૂદા - ભિન્ન - આત્માનું જ્ઞાન - દર્શન - ચારિત્ર હોતું નથી, એટલે હું સુખાવું - દુઃખાવું છું ઈ. અથવા રંજું છું - દ્વેષું છું ઈ. અધ્યવસાન અજ્ઞાન મિથ્યાદર્શન અને અચારિત્ર છે.

તેમજ - જે આ ધર્મ જાણવામાં આવે છે ઈત્યાદિ અધ્યવસાન છે તે તો અજ્ઞાનમયપણાએ કરીને પ્રથમ તો અજ્ઞાન છે, મિથ્યાદર્શન છે અને અચારિત્ર છે. શી રીતે ? આત્માનું સત્ અહેતુક જ્ઞાન એકરૂપ છે, અર્થાત્ તે જ્ઞાન એક - અદ્વિતીય રૂપ 'સત્' - ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્ય યુક્ત સ્વરૂપ સત્તાભૂત છે, અત એવ અહેતુક છે - નિષ્કારણ છે, એટલે તેનું 'સત્ત્વ' - અસ્તિત્વ - હોવાપણું સદા હોય જ છે અને તેનું હોવું કોઈ બહિર્ગત કારણને આધીન નથી, પણ અંતર્ગત આત્મસ્વભાવને આધીન હોવાથી તેનું 'ભવન' સ્વત એવ - આપોઆપ જ સતત થયા કરે છે અને ધર્માદિ રૂપો જ્ઞાનમાં પ્રતિબિંબિત થતા જ્ઞેયમય હોવાથી કાદાચિત્ક છે. આમ (૧) આત્માનું જ્ઞાન એક રૂપ 'સત્' છે - ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્ય યુક્ત સ્વરૂપ - સત્તા રૂપ હોઈ સદા વિદ્યમાન છે, ધર્માદિ રૂપો 'અસત્' છે - મૂળ જ્ઞાનસ્વરૂપમાં ન હોઈ - સ્વરૂપ સત્તારૂપ ન હોઈ કદાચિત્ વિદ્યમાન છે - કાદાચિત્ક છે. (૨) જ્ઞાન એકરૂપ 'અહેતુક' છે - તે ઉપજવાનો કોઈ હેતુ છે નહિ, તે સહજ સ્વભાવભૂત હોઈ સ્વયં સિદ્ધપણે સ્વત એવ થયા જ કરે છે, ધર્માદિ રૂપો જ્ઞાનથી જણાવા યોગ્ય - 'જ્ઞેયમય' - હોઈ જ્ઞાનમાં પ્રતિબિંબિતપણે ઉપજતા હોવાથી 'સહેતુક' છે, કૃત્રિમ પરભાવભૂત હોઈ પર નિમિત્તાધીનપણે પરતઃ ઉપજે છે. આવા જ્ઞાન એક રૂપવંત આત્માના અને જ્ઞેયમય ધર્માદિ રૂપોના 'વિશેષના' - તફાવતના અજ્ઞાને કરી 'વિવિક્ત' - પૃથક્ - જૂદા - ભિન્ન આત્માનું જ્ઞાન - દર્શન - ચારિત્ર હોતું નથી, એટલે આ ધર્મ જાણવામાં આવે છે ઈત્યાદિ અધ્યવસાન અજ્ઞાન મિથ્યાદર્શન અને અચારિત્ર છે.

આમ ક્રિયા રૂપ, ભાવ રૂપ અને રૂપ - રૂપ એમ ત્રણ વિભાગમાં વિભક્ત જે આ અજ્ઞાનાદિ ભાવરૂપ અધ્યયસાનો છે તે સમસ્ત બંધનિમિત્ત જ છે. જેઓને જ આ નથી હોતા તે જ 'મુનિ કુંજરો' - મુનિગજેંદ્રો 'કોઈ' વિરલાઓ અજ્ઞાનાદિ ભાવરૂપપણાના અભાવને લીધે શુભ વા અશુભ કર્મથી ખરેખર ! ન લેપાય. કેવા મુનિકુંજરો ? સત્ અહેતુક જ્ઞપ્તિ એક ક્રિયાવાળા, સત્ અહેતુક જ્ઞાયક એક ભાવવાળા અને સત્ અહેતુક જ્ઞાન એક રૂપવાળા, 'વિવિક્ત' - પૃથક્ - જૂદા - ભિન્ન આત્માને જાણતા, સમ્યક્પણે દેખતા અને અનુચરતા, અત એવ જેની સ્વચ્છ - નિર્મલ 'અમંદ' - ઉગ્ર જ્વલંત

અંતર જ્યોતિ સ્વચ્છંદે ઉદય પામી રહી છે એવા. આવા આ સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રસંપન્ન શુદ્ધાત્માનુભૂતિમય શુદ્ધોપયોગદશામાં રમમાણ જે શ્રમણોની શુદ્ધ આત્મજ્યોતિ સમયે સમયે ઓર ને ઓર ઝબકતી જાય છે, તે પરંજ્યોતિ રૂપ સ્વરૂપ તે જે ઝલહળતા 'મુનિકુંજરો' શુભ વા અશુભ કર્મથી નિશ્ચયે કરીને લેપાય નહિ - ખરડાય નહિ, કારણકે અજ્ઞાન - મિથ્યાદર્શન - અચારિત્ર જે કર્મબંધના મુખ્ય કારણ છે તેનો તે 'મુનિકુંજરો'ને સર્વથા અભાવ છે.

અને આમ સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રમય શુદ્ધ મોક્ષમાર્ગની જે નિરંતર નિર્મલ સાધના કરતો હોય તે જ સાચો સાધુ છે. જે શુદ્ધ આત્મસ્વરૂપને જાણતો હોય, અનુભવતો હોય, જે આત્મારામી હોય તે જ ભાવમુનિ છે, જે દેહયાત્રા માત્ર નિર્દોષ વૃત્તિ કરી અપ્રમાદપણે નિર્ગ્રંથ જીવન ગાળે છે તે જ ભિક્ષુ છે, જે રાગાદિ દોષથી શુદ્ધ આત્મસ્વરૂપનો ઘાત ન થાય - હિંસા ન થાય એમ ભાવ અહિંસકપણે યત્નાપૂર્વક વર્તે છે અને દ્રવ્યથી પણ કોઈ પણ જીવની કંઈ પણ હિંસા ન થાય એવી જયણા રાખે છે તે યતિ છે, જે શુદ્ધ આત્મતત્ત્વનો જ્ઞાતા છે, જે શુદ્ધ આત્મ સ્વરૂપમાં સંયમ નથી અને પ્રતપનથી સંયમ - તપ સંયુક્ત છે, જેનો રાગ ચાલ્યો ગયો છે - જે વીતરાગ છે, જે સુખ દુઃખ પ્રત્યે સમવૃત્તિવાળો છે એવો શુદ્ધોપયોગરૂપ આત્મા તે જ **શ્રમણ** છે.

તાત્પર્ય કે - ઉક્ત લક્ષણ સંપન્ન જે 'મુનિકુંજરો' તે સત્ પુરુષ 'સત્' છે, પ્રત્યક્ષ સત્સ્વરૂપને પ્રાપ્ત થયેલા સાચા સદ્ગુરુ છે, શાસ્ત્રોક્ત સકલ સાધુગુણથી શોભતા સાધુચરિત સાચા ભાવ સાધુ છે, શુદ્ધ સુવર્ણ જેવા શુદ્ધ, પરમ અમૃત જેવા મધુર અને શુદ્ધ સ્ફટિક જેવા નિર્મલ પરમ પવિત્ર પુરુષ છે, સર્વ પરભાવ - વિભાવનો સંન્યાસ - પરિત્યાગ કરનારા આત્મારામી સાચા 'સંન્યાસી' - ધર્મસંન્યાસયોગી છે, બાહ્યાભ્યંતર ગ્રંથથી - પરિગ્રહથી રહિત સાચા નિર્ગ્રંથ - ભાવ શ્રમણ છે, પરભાવ પ્રત્યે મૌન એવા આત્મજ્ઞાની વીતરાગ જ્ઞાની 'મુનિ' છે, સહજ આત્મસ્વરૂપ પદનો જેને સાક્ષાત્ યોગ થયો છે એવા યથાર્થ ભાવયોગી છે, સ્વરૂપ વિશ્રાંત એવા શાંતમૂર્ત્તિ 'સંત' છે, એમના 'સત્' નામ પ્રમાણે 'સત્' - સાચા છે - આત્માના પ્રત્યક્ષ પ્રગટ સત્ સ્વરૂપથી યુક્ત એવા 'સત્' છે અને એવા પરમ ધન્ય 'મુનિ કુંજર' સત્ પુરુષો માટે જ ગવાય છે કે 'ધન્ય તે મુનિવરા રે.'

''ધન્ય તે મુનિવરા જે ચાલે સમભાવે રે,
જ્ઞાનવંત જ્ઞાનિશું મળતાં તનમન વચને સાચા;
દ્રવ્યભાવ સુધા જે ભાખે, સાચી જિનની વાચા રે,
ધન્ય તે મુનિવરા જે ચાલે સમભવે.'' - **શ્રી યશોવિજયજી**



**बुद्धी ववसाओ वि य अज्झवसाणं मई य विण्णाणं ।**
**एक्कट्ठमेव सव्वं चित्तं भावो य परिणामो ॥२७१॥**

બુદ્ધિ વ્યવસાય અધ્યવસાન ને રે, તેમજ મતિ વિજ્ઞાન;
ચિત્ત ભાવ અને પરિણામ એ રે, એકાર્થ જ સર્વ જાણ... અજ્ઞાની બાંધે. ૨૭૧

**અર્થ** - બુદ્ધિ, વ્યવસાય, અધ્યવસાન અને મતિ વિજ્ઞાન, ચિત્ત, ભાવ અને પરિણામ - એ સર્વ એકાર્થ જ (એક અર્થવાળું જ) છે. ૨૭૧

## आत्मख्याति टीका

**बुद्धि र्व्यवसायो पि च अध्यवसानं मतिश्च विज्ञानं ।**
**एकार्थमेव सर्वं चित्तं भावश्च परिणामः ॥२७१॥**

स्वपरयोरविवेके सति जीवस्याध्यवसितिमात्रम**ध्यवसानं** ।

तदेव च बोधनमात्रत्वाद् **बुद्धिः** । व्यवसानमात्रत्वात् **व्यवसायः** । मननमात्रत्वान्म**तिज्ञानं** । चेतनामात्रत्वा**च्चित्तं** । चितोभवनमात्रत्वाद् **भावः** । चितःपरिणमनमात्रत्वात् **परिणामः** ॥२७१॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

સ્વ - પરનો અવિવેક સતે - જીવનું અધ્યવસિતિ માત્ર તે **અધ્યવસાન** અને તે જ બોધન માત્રપણાને લીધે **બુદ્ધિ**, વ્યવસાન માત્રપણાને લીધે **વ્યવસાય**, મનન માત્રપણાને લીધે **મતિજ્ઞાન**, ચેતના માત્રપણાને લીધે ચિત્ત, ચિત્‌ના ભવનમાત્રપણાને લીધે ભાવ, ચિત્‌ના પરિણમનમાત્રપણાને લીધે **પરિણામ** છે. ૨૭૧

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"અધ્યવસાય - લેશ્યા પરિણામની કંઈક સ્પષ્ટપણે પ્રવૃત્તિ. સંકલ્પ - કંઈ પણ પ્રવૃત્તિ કરવાનો નિર્ધારિત અધ્યવસાય. વિકલ્પ - કંઈ પણ પ્રવૃત્તિ કરવાનો અપૂર્ણ, અનિર્ધારિત સંદેહાત્મક અધ્યવસાય." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૯૦**

અહીં અધ્યવસાનના એકાર્થ વાચક પર્યાય શબ્દોનો નિર્દેશ કર્યો છે અને **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ તે પ્રત્યેક શબ્દનું નિરુક્તિ યુક્ત સ્પષ્ટ વ્યાખ્યાન કરી પરમાર્થ પ્રકાશ્યો છે** - આ સ્વ અને આ પર એવા વિવેકનો અભાવ - અવિવેક એ જ અધ્યવસાનનું મૂલ છે, એટલે 'स्वपरयोरविवेके सति' - સ્વ - પરનો અવિવેક સતે - હોતાં, જીવનું 'અધ્યવસિતિ માત્ર' અર્થાત્ પર તે હું, હું તે પર જીવનો એવો માની બેસવા રૂપ અધ્યારોપિતપણા રૂપ અધ્યાસ તે **'અધ્યવસાન'** છે,

---

**आत्मभावना** -

बुद्धि र्व्यवसायोऽपि च अध्यवसानं मतिश्च विज्ञानः - **બુદ્ધિ, તેમજ વ્યવસાય, અધ્યવસાન અને મતિ વિજ્ઞાન,** चित्तं भावश्च परिणामः - **ચિત્ત, ભાવ અને પરિણામ,** सर्वं एकार्थमेव - **સર્વ એકાર્થ જ - એક અર્થવાળું જ છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥२७१॥

स्वपरयोरविवेके सति - **સ્વ - પરનો અવિવેક સતે** - जीवस्य अध्यवसितिमात्रं - अध्यवसानं - **જીવનું અધ્યવસિતિ માત્ર તે અધ્યવસાન છે,** तदेव च - **અને તેજ** बोधनमात्रत्वाद् बुद्धिः - **બોધનમાત્રપણાને લીધે બુદ્ધિ,** व्यवसान मात्रत्वाद् व्यवसायः - **વ્યવસાનમાત્રપણાને લીધે વ્યવસાય,** मननमात्रत्वाद् मतिज्ञानं - **મનન માત્રપણાને લીધે મતિજ્ઞાન,** चेतनामात्रत्वात् चित्तं - **ચેતનામાત્રપણાને લીધે ચિત્ત,** चितो भवनमात्रत्वाद् भावः - **ચિત્‌ના ભવનમાત્ર પણાને લીધે ભાવ,** चितः परिणमनमात्रत्वात् परिणामः - **ચિત્‌ના પરિણમન માત્રપણાને લીધે પરિણામ છે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२७१॥

પર પરત્વે હું આ કરૂં ને હું તે કરૂં એવું પારકી ગાદી પચાવી પાડવા જેવું (usurpation) પર આસન પર 'અધિ' - 'આસ્' - બેસી જવા જેવું આરોપણ કરવું તે અધ્યવસાન છે - अध्यवसिति मात्रमध्यवसानं અને તે જ - અધ્યવસાન જ તેવા પ્રકારના બોધનમાત્રપણાને લીધે - બોધ ઉપજાવવા માત્રપણાને લીધે **'બુદ્ધિ'** છે, તે જ વ્યવસાનમાત્રપણાને લીધે - તેવા પ્રકારે નિશ્ચયાત્મકપણે નિર્ધાર રૂપ માની બેસવાપણાને લીધે **'વ્યવસાય'** છે, તે જ મનનમાત્રપણાને લીધે - તેવા પ્રકારે આ આમ જ છે એમ મનન - ચિંતનમાત્રપણાને લીધે **'મતિજ્ઞાન'** છે, ચેતનામાત્રપણાને લીધે - તેવા પ્રકારે ચેતવાપણા - અનુભવવામાત્રપણાને લીધે **'ચિત્ત'** છે, ચિત્‌ના ભવનમાત્રપણાને લીધે - તેવા પ્રકારે હોવામાત્રપણાને લીધે **'ભાવ'** છે, ચિત્‌ના પરિણમનમાત્રપણાને લીધે - તેવા પ્રકારે પરિણમવા માત્રપણાને લીધે **'પરિણામ'** છે.



નીચેની ગાથાના ભાવનું સૂચન કરતા આ **સમયસાર કળશ (૧૧) અમૃતચંદ્રજી** લલકારે છે -

शार्दूलविक्रीडित

**सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं यदुक्तं जिनैः,**
**तन्मन्ये व्यवहार एव निखिलोप्यन्याश्रयस्त्याजितः ।**
**सम्यङ्निश्चयमेकमेव तदमी निष्कंपमाक्रम्य किं,**
**शुद्धज्ञानघने महिम्नि न निजे बध्नंति संतो धृतिं ॥१७३॥**

સર્વે અધ્યવસાન ત્યાજ્ય જ બધે એ જે જિનોએ કહ્યું,
અન્યાશ્રિત્ વ્યવહાર તેહ જ ખરે ! માનું ત્યજાવ્યો સહુ;
સમ્યગ્ નિશ્ચય એક આક્રમી જ આ નિષ્કંપ સંતો અતિ,
શુદ્ધજ્ઞાનઘને સ્વના મહિમમાં આ કાં ન બાંધે ધૃતિ ? ૧૭૩

## અમૃત ૫૬-૧૭૩

'સેવક કિમ અવગણીએ હો મલ્લિ જિન !' - એ રાગ

શુદ્ધ જ્ઞાનઘન નિજ મહિમામાં, સંતો ધૃતિ ન કાં બાંધે ?
સમ્યગ્ નિશ્ચય આક્રમીને આ, સહજ સ્વરૂપ કાં ન સાંધે ?... રે સંતો ! સ્વરૂપે ધૃતિ ન કાં બાંધે ? ૧
સર્વત્ર અધ્યવસાન સહુ ત્યાજ્ય, કહ્યું જિને જે સાર,
તે તો નિખિલ ત્યજાવ્યો માનું, અન્યાશ્રયી વ્યવહાર... રે સંતો સ્વરૂપે. ૨
તો પછી સર્વ વ્યવહાર જ છાંડી, અન્યાશ્રયી વિણ જંપ,
સમ્યગ્ નિશ્ચય એક જ આંહિ, આક્રમી આ નિષ્કંપ... રે સંતો સ્વરૂપે. ૩
શુદ્ધ જ્ઞાનઘન નિજ મહિમામાં, સંતો ધૃતિ ન કાં બાંધે ?
ભગવાન **અમૃતચંદ્ર** પુકારે, સહજ સ્વરૂપ કાં ન સાંધે ?... રે સંતો સ્વરૂપે. ૪

**અર્થ** - સર્વત્ર અધ્યવસાન જ અખિલ ત્યાજ્ય છે એમ જે જિનોએ કહ્યું છે, તે હું માનું છું કે - અન્યાશ્રયી (પરાશ્રયી) નિખિલ પણ વ્યવહાર જ ત્યાજાવાયો છે, તો પછી સમ્યક્ નિશ્ચયને એકને જ નિષ્કંપપણે આક્રમીને સંતો શુદ્ધજ્ઞાનઘન એવા નિજ મહિમન્‌માં (મહિમામાં) ધૃતિ (ધારણા) કેમ નથી બાંધતા ? ૧૭૩

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અમને તો એવી જંજાળ વિષે ઉદાસીનપણું વર્ત્તે છે, અમારે વિષે વર્ત્તતો પરમ વૈરાગ્ય વ્યવહારને વિષે ક્યારેય મન મળવા દેતો નથી.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૬૮**

એમ અધ્યવસાન નિષેધ પરથી, નિશ્ચય નયથી સમસ્ત વ્યવહાર નય જ પ્રતિષિદ્ધ છે એવા નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો આ ઉત્થાનિકા કળશ, કળશ કાવ્યની અમૃત સરિતા વહાવનારા માધુર્ય મૂર્તિ **અમૃતચંદ્રજીએ** અપૂર્વ ભાવાવેશથી લલકાર્યો છે - 'सर्वत्राध्यवसानमेवमखिलं त्याज्यं' - **'સર્વત્ર' - સર્વ સ્થળે અહંકારરસ નિર્ભર અધ્યવસાન જ અખિલ - સમસ્ત ત્યાજ્ય છે - ત્યજવા યોગ્ય** છે, એમ જે **ભગવાન્ જિનોએ** કહ્યું છે - 'यदुक्तं जिनैः', તે **'હું' - આ 'અમૃતચંદ્ર'** નામધારીનો **'અમૃતચંદ્ર'** આત્મા - માનું છું - આત્મપ્રતીતિથી ઉત્પ્રેક્ષું છું કે **'અન્યાશ્રયી' - પરઆશ્રયી વ્યવહાર જ** નિખિલ પણ **'ત્યાજિત'** છે - ત્યજાવવામાં આવ્યો છે - 'तन्मन्ये व्यवहार एव निखिलोप्यन्याश्रयस्त्याजितः ।'

આમ છે તો પછી 'નિષ્કંપ' - કદી પણ કંપાયમાન ન થાય એવા અચલ સમ્યક્ નિશ્ચયને એકને જ 'આક્રમીને' - આત્માથી આક્રાંત કરીને - सम्यङ्निश्चयमेकमेव तदमी निष्कंपमाक्रम्य किं । આ 'સંતો' - સંત જનો - સાચા સાધુ પુરુષો - સત્પુરુષો 'શુદ્ધજ્ઞાનઘન' એવા નિજ મહિમામાં ધૃતિ કેમ બાંધતા નથી ? 'शुद्धज्ञानघने महिम्नि न निजे बध्नाति संतो धृतिं ?' અર્થાત્ પરભાવના પરમાણુમાત્રના પણ સમયમાત્ર પ્રવેશનો પણ જ્યાં અનવકાશ છે એવા 'ઘન' - નક્કર (Solid) જ્ઞાન જ્ઞાન ને જ્ઞાનમય જ સર્વ પ્રદેશે શુદ્ધજ્ઞાનઘન છે એવા 'નિજ' - પોતાના આત્માના મહિમામાં સંતજનો 'ધૃતિ' - દૃઢ ધારણાવંત ધીરજવાળી કદી પણ ન છૂટે એવી સ્થિતિ કેમ બાંધતા નથી ? એવી સંતજનોને પરમ અદ્ભુત આત્મભાવપૂર્ણ હૃદયસ્પર્શી વિજ્ઞપ્તિ (most earnest & soul touching appeal) અત્ર પરમ ભાવિતાત્મા અમૃતચંદ્રજીએ અંતરાત્માના ઉંડાણમાંથી કરેલી સુપ્રતીતાય છે. પરમ આત્મદ્રષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીની અનુભવ ઉદ્ગાર છે કે -

"અન-અવકાશ એવું આત્મસ્વરૂપ વર્ત્તે છે, જેમાં પ્રારબ્ધોદય સિવાય બીજો કોઈ અવકાશ જોગ નથી." - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૯૬

**एवं ववहारणओ पडिसिद्धो जाण णिच्छयणयेण ।**

**णिच्छयणयासिदा पुण मुणिणो पावंति णिव्वाणं ॥२७२॥**

વ્યવહારનય એમ નિશ્ચયનયે કરી રે, પ્રતિષિદ્ધ થયો જાણ !

નિશ્ચય નય આશ્રિત મુનિઓ ખરે ! રે, પામે છે નિર્વાણ... અજ્ઞાની બાંધે છે. ૨૭૨

**અર્થ** - એમ વ્યવહારનય નિશ્ચય નયથી પ્રતિષિદ્ધ (નિષેધવામાં આવેલો) જાણ ! પુનઃ નિશ્ચયનયાશ્રિત મુનિઓ નિર્વાણ (મોક્ષ) પામે છે. ૨૭૨

## आत्मख्याति टीका

**एवं ववहारणओ पडिसिद्धो जाण णिच्छयणयेण ।**

**णिच्छयणयासिदा पुण मुणिणो पावंति णिव्वाणं ॥२७२॥**

आत्माश्रितो निश्चयनयः पराश्रितो व्यवहारनयः । **तत्रैवं निश्चयनयेन** पराश्रितं समस्तमध्यवसानं बंधहेतुत्वेन मुमुक्षोः प्रतिषेधयता **व्यवहारनय** एव किल **प्रतिषिद्धः** तस्यापि पराश्रितत्वाविशेषात् । प्रतिषेध्य एव चायं, आत्माश्रित**निश्चयनयाश्रितानामेव मुच्यमानत्वात्,** पराश्रितव्यवहारनयस्यैकांतेनामुच्यमानेनाभव्येनाश्रियमाणत्वाच्च ॥२७२॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

આત્માશ્રિત નિશ્ચયનય છે, પરાશ્રિત વ્યવહારનય છે. તેમાં - **એમ નિશ્ચય નયથી** - પરાશ્રિત સમસ્ત અધ્યવસાનને બંધહેતુપણાએ કરીને મુમુક્ષુને પ્રતિષેધતા એવાથી - **વ્યવહાર નય જ પ્રતિષિદ્ધ છે** - તેના પરાશ્રિતપણાનો અવિશેષ છે માટે, અને આ (વ્યવહાર નય) પ્રતિષેધ્ય જ (નિષેધવા યોગ્ય જ) છે - આત્માશ્રિત **નિશ્ચયનયના આશ્રિતોનું જ મુચ્યમાનપણું** (મૂકાવાઈ રહેવાપણું) છે માટે, અને પરાશ્રિત વ્યવહારનું એકાંતથી અમુચ્યમાન (નહિ મૂકાતા) અભવ્યથી આશ્રીયમાનપણું છે માટે, ૨૭૨

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અનંતકાળ વ્યવહાર કરવામાં વ્યતીત કર્યો છે, તો તેની જંજાળમાં પરમાર્થ વિસર્જન ન કરાય

---

**आत्मभावना -**

एवं व्यवहारनयः - **એમ વ્યવહાર નય** निश्चयनयेन प्रतिषिद्धो जानीहि - **નિશ્ચય નયથી પ્રતિષિદ્ધ - નિષેધવામાં આવેલો જાણ !** निश्चयनयाश्रिताः पुनः मुनयः - **પુનઃ નિશ્ચય નયાશ્રિત - નિશ્ચયનયના આશ્રયે રહેલા મુનિઓ** निर्वाणं प्राप्नुवंति - **નિર્વાણને - મોક્ષને પ્રાપ્ત કરે છે.** ॥૨૭૨॥ इति **गाथा** आत्मभावना ॥૨૭૨॥

आत्माश्रितो निश्चयनयः - **આત્માશ્રિત - આત્માનો આશ્રય કરનારો નિશ્ચય નય છે,** पराश्रितो व्यवहारनयः - **પરાશ્રિત - પરનો આશ્રય કરનારો વ્યવહારનય છે,** तत्र - **ત્યાં, તેમાં** एवं निश्चयनयेन - **એમ - નિશ્ચય નયથી** पराश्रितं समस्तमध्यवसानं बंधहेतुत्वेन मुमुक्षोः प्रतिषेधयता - **પરાશ્રિત સમસ્ત અધ્યવસાન બંધહેતુપણાએ કરીને મુમુક્ષુને પ્રતિષેધતાં - નિષેધતાં,** व्यवहारनय एव किल प्रतिषिद्धः - **વ્યવહારનય જ ખરેખર ! સ્ફુટપણે પ્રતિષિદ્ધ છે - નિષેધવામાં આવેલો છે, એમ શાને લીધે ?** तस्यापि पराश्रितत्वाविशेषात् - **તેના પણ - વ્યવહારનયના પણ પરાશ્રિતપણાના અવિશેષને લીધે - બીન તફાવતને લીધે.**

प्रतिषेध्य एव चायं - **અને આ - વ્યવહાર નય પ્રતિષેધ્ય જ - પ્રતિષેધવા યોગ્ય જ - નિષેધવા યોગ્ય જ છે, શા માટે ?** आत्माश्रितनिश्चयनयाश्रितानामेवमुच्यमानत्वात् - **આત્માશ્રિત નિશ્ચયનયના આશ્રિતોનું જ મુચ્યમાનપણું - મૂકાવાઈ રહેવાપણું છે માટે અને** पराश्रितव्यवहारनयस्यैकांतेनामुच्यमानेनाभव्येनाश्रीयमाणत्वाच्च - **પરાશ્રિત વ્યવહારનયનું એકાંતથી અમુચ્યમાન - નહિ મૂકાતા અભવ્યથી આશ્રીયમાણપણું - આશ્રય કરાઈ રહેવાપણું છે માટે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२७२॥

એમ જ વર્ત્તવું, એવો જેને નિશ્ચય છે, તેને તેમ હોય છે, એમ અમે જાણીએ છૈયે, વનને વિષે ઉદાસીનપણે સ્થિત એવા જે યોગીઓ, તીર્થંકરાદિક - તેનું આત્મત્વ સાંભરે છે.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૯૯, ૩૬૩**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યું તેમ અત્રે **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** નિશ્ચયનયથી વ્યવહારનયના પ્રતિષેધનું (નિષેધનું) પ્રતિપાદન કર્યું છે - એમ - ઉક્ત પ્રકારે વ્યવહારનય નિશ્ચયનયથી હે શિષ્ય ! 'પ્રતિષિદ્ધ' - નિષેધવામાં આવેલો જાણ ! 'નિશ્ચયનયાશ્રિત' - નિશ્ચયનયના આશ્રયે રહેલા 'મુનિઓ' - જ્ઞાની શ્રમણો 'નિર્વાણને' - મોક્ષને પામે છે - 'णिच्छयणयासिदा पुण मुणिणो पावंति णिव्वाणं ।' આ ગાથાના ભાવનું ઓર સ્પષ્ટીકરણ કરતાં 'આત્મખ્યાતિ' સૂત્રકર્ત્તા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પોતાના પરમ પ્રતિભાસંપન્ન અલૌકિક તત્ત્વાલોકથી તેનું તત્ત્વસર્વસ્વ સમર્પક પરમાદ્ભુત વ્યાખ્યાન પ્રકાશ્યું છે. તેનો ભાવાર્થ આ પ્રકારે -

आत्माश्रितो निश्चयनयः पराश्रितो व्यवहारनयः - આત્માશ્રિત નિશ્ચયનય, પરાશ્રિત વ્યવહારનય છે, નિશ્ચયનય છે તે આત્માને આશ્રીને રહેલો અને વ્યવહારનય છે તે પરને આશ્રીને રહેલો છે. તેમાં - એમ ઉક્ત પ્રકારે 'પરાશ્રિત' - પરને આશ્રયે રહેલ સમસ્ત અધ્યવસાનને બંધહેતુપણાએ કરીને 'મુમુક્ષુને' - મોક્ષ પામવાની ઈચ્છાવાળા મોક્ષાભિલાષીને 'પ્રતિષેધતાં' - નિષેધતાં નિશ્ચયનયથી વ્યવહારનય જ ખરેખર ! સ્ફુટપણે 'પ્રતિષિદ્ધ' છે - પ્રતિષેધવામાં - નિષેધવામાં આવેલ છે. શા માટે ? તેના પણ - પરાશ્રિતપણાનો અવિશેષ છે માટે - 'तस्यापि पराश्रितत्वाविशेषात्' । અર્થાત્ જેમ અધ્યવસાન 'પરાશ્રિત' છે તેમ વ્યવહારનય પણ 'પરાશ્રિત' છે, એટલે એ બન્નેના પરાશ્રિતપણાનો 'વિશેષ' - તફાવત નથી અને એટલે જ નિશ્ચયનયથી જેમ પરાશ્રિત અધ્યવસાન નિષેધવામાં આવેલ છે, તેમ પરાશ્રિત વ્યવહારનય પણ નિષેધવામાં આવેલ છે અને 'આ' - વ્યવહારનય છે તે પ્રતિષેધ્ય જ છે - પ્રતિષેધવા - નિષેધવા યોગ્ય જ છે - 'प्रतिषेध्य एवं चायं ।' શા માટે ? आत्माश्रित निश्चयनयाश्रितानामेव मुच्यमानत्वात्' - આત્માશ્રિત નિશ્ચયનયાશ્રિતોનું જ મુચ્યમાનપણું - મૂકાવાઈ રહેવાપણું છે માટે અને પરાશ્રિત વ્યવહારનયનું એકાંતથી અમુચ્યમાન - નહિ મૂકાતા અભવ્યથી આશ્રીયમાણપણું - આશ્રય કરાઈ રહેવાપણું છે માટે - 'पराश्रितव्यवहारनयस्यैकांतेना मुच्यमानेनाभव्येनाश्रीयमाणत्वात् ।' અર્થાત્ આત્માને આશ્રીને રહેલ એવા નિશ્ચયનયને આશ્રીને જે રહેલા છે તેઓનું જ મોક્ષ થવાપણું છે અને પરને આશ્રયે રહેલા વ્યવહારનયનું એકાંતથી 'અમુચ્યમાન' - મુક્ત ન થનાર અભવ્યથી આશ્રય કરાઈ રહેવાપણું છે માટે. તાત્પર્ય કે - જે નિશ્ચયનયનો આશ્રય કરે છે તે જ મોક્ષ પામે છે અને વ્યવહારનયનો જ સદા આશ્રય કરે છે તેથી જ 'અભવ્ય' - મોક્ષગમન અયોગ્ય જીવ એકાંતથી કદી મોક્ષ પામવાનો નથી, તેની જેમ અન્ય 'ભવ્ય' - મોક્ષ ગમન યોગ્ય જીવ પણ જ્યાં લગી વ્યવહારનયનો જ આશ્રય કર્યા કરે છે ત્યાં લગી તે પણ મોક્ષ પામવાનો નથી, એટલા માટે માત્ર મોક્ષની જ આકાંક્ષા જેને વર્ત્તે છે એવા મુમુક્ષુને નિશ્ચયનયનો આશ્રય કરવો એ જ પોતાના ઈષ્ટ મોક્ષ ઉદ્દેશનો એકમાત્ર **સાધકતમ** પરમ ઉપકારી સદુપાય છે. આ અંગે **શ્રી'પ્રવચનસાર'** દ્વિ.શ્રુ.સ્કં. ગાથા-૯૭ ની ટીકામાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** ડિંડિમ નાદથી ઉદ્ઘોષ્યું છે કે - 'આ (વ્યવહારનય-નિશ્ચયનય) ઉભય પણ છે, શુદ્ધ - અશુદ્ધપણે ઉભય પ્રકારે દ્રવ્યનું પ્રતીયમાનપણું છે માટે, કિંતુ અત્ર નિશ્ચયનય સાધકતમપણાને લીધે ઉપાત્ત (ઉપગૃહીત) છે, કારણકે શુદ્ધપણે સાધ્ય દ્રવ્યનો શુદ્ધત્વ દ્યોતકપણાને લીધે નિશ્ચયનય જ સાધકતમ (પરમ સાધક) છે, નહિ કે અશુદ્ધ દ્યોતક વ્યવહારનય - આમ અત્રે પણ આ અપેક્ષાએ આ પરમ જ્ઞાનીઓએ શુદ્ધ તત્ત્વ સ્વરૂપ પ્રત્યે લઈ જતા શુદ્ધનયને - નિશ્ચયનયને અશુદ્ધ પ્રત્યે લઈ જતા અશુદ્ધ દ્યોતક અશુદ્ધ નયનો - વ્યવહાર નયનો નિષેધક કહ્યો છે.

''उभावप्येतौ स्तः, शुद्धाशुद्धत्वेनोभयथा द्रव्यस्य प्रतीयमानत्वात् । किन्त्वत्र निश्चयनयः

साधकतमत्वादुपात्तः साध्यस्य हि शुद्धत्वेन द्रव्यस्य शुद्धत्वद्योतकत्वान्निश्चयनय एव साधकतमो न पुनरशुद्धद्योतको व्यवहारनयः ।" - **શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત 'પ્રવચનસાર' ટીકા, દ્વિ.શ્રુ.સ્કં. ગા. ૯૭**

અર્થાત્ નિશ્ચયનય છે તે આત્માશ્રિત છે અને વ્યવહારનય છે તે પરાશ્રિત છે અને સ્વ અને પર તો સાવ જૂદા છે, એકબીજાના પ્રતિપક્ષી - વિરોધી છે, જ્યાં સ્વ છે ત્યાં પર નથી અને પર છે ત્યાં સ્વ નથી. એટલે સ્વનો - આત્માનો આશ્રય કરનારો નિશ્ચયનય પરનો આશ્રય કરનારા વ્યવહાર નયનો વિરોધી હોઈ નિષેધ કરે - 'ના' પાડે તે સહજ સ્વાભાવિક છે (But natural). હવે જે અધ્યવસાન છે તે પરમાં અહંબુદ્ધિ રૂપ - આત્મબુદ્ધિ રૂપ હોઈ પરાશ્રિત છે અને તે જીવનો બંધનો હેતુ થઈ પડે છે, એટલે બંધમાંથી મૂકાવા - છૂટવા જે ઈચ્છે છે તે મુમુક્ષુએ અધ્યવસાનને ન જ ભજવું જોઈએ, એમ નિશ્ચયનય અધ્યવસાનનો નિષેધ કરે છે. આમ નિશ્ચયનય જેમ અધ્યવસાનનો નિષેધ કરે છે તેમ વ્યવહારનયનો પણ નિષેધ કરે છે, કારણકે તે પણ પરાશ્રિત છે, અધ્યવસાન અને વ્યવહાર નય બન્નેય પરાશ્રિત હોવાથી તેઓના પરાશ્રિતપણામાં કોઈ 'વિશેષ' - તફાવત નથી. આમ પરાશ્રિતપણાના અવિશેષને લીધે અધ્યવસાનની જેમ વ્યવહારનય પણ નિશ્ચયનયથી પ્રતિષેધાય છે અને આ પ્રતિષેધ્ય જ છે - આ વ્યવહારનય પ્રતિષેધવા - નિષેધવા - નકારવા યોગ્ય જ છે. કારણકે એક તો આત્માશ્રિત નિશ્ચયનયનો જ જે આશ્રય કરે છે, તે જ મોક્ષ પામે છે, જ્યાં એક શુદ્ધ જ્ઞાયક ભાવ છે ત્યાં દ્વૈતનો - દ્વિતીય ભાવનો સંભવ નથી. બંધ તો બેથી થાય, બીજો ભાવ પ્રવેશવાથી વા સંયોજાવાથી થાય અને વ્યવહાર છે તે, આત્મા સિવાય અન્ય ભાવ - પર ભાવ હોય ત્યાં જ હોય છે અને આ અસંખ્યાત લોક પ્રમાણ ભાવનો પથારો જે આ જીવનો થયો છે તે આ પરાશ્રિત વ્યવહારને લઈને જ થયો છે. એટલે તે વ્યવહારનો પથારો છોડી એક શુદ્ધ જ્ઞાયક ભાવ પ્રત્યે લઈ જનારા નિશ્ચયનયનો જે આશ્રય કરે - અવલંબન લે, તે જ મુક્ત થઈ શકે, એ સાવ સ્પષ્ટ દીવા જેવી સમજાય એવી વાત છે અને બીજું જ્યાં સુધી પરાશ્રિત વ્યવહારનો જ જે આશ્રય કરે છે ત્યાં સુધી તે મુક્ત થઈ શકતો નથી. અત્રે અભવ્યનું ઉદાહરણ સાવ સ્પષ્ટ છે. અભવ્ય એટલે કે જેનામાં કદી પણ મોક્ષગમનની યોગ્યતા નથી - જે એકાંતે કદી પણ મોક્ષ પામવા યોગ્ય નથી એવો જીવ સદાય એકાંતે વ્યવહારનો જ આશ્રય કરે છે, વ્યવહારની જાલમાંથી કદી પણ મુક્ત થતો નથી, સદાય વ્યવહાર વ્યવહાર જ કૂટ્યા કરે છે અને એટલે જ વ્યવહારની જાલમાં ફસાઈ ગયેલો તે બિચારો કદી પણ મુક્ત થઈ શકતો નથી અને ભવ્ય પણ જ્યાં લગી વ્યવહારનો જ આશ્રય કર્યા કરે ત્યાં લગી તે પણ મુક્ત થઈ શકે નહિ એ પણ આ પરથી સ્વયં સમજાય છે.

''પરમારથ પંથ જે કહે, તે રંજે એક તંત રે,
વ્યવહારે લખ જે રહે, તેહના ભેદ અનંત રે... ધરમ પરમ અરનાથનો.'' - **શ્રી આનંદઘનજી**



વ્યવહારનય કેમ અભવ્યથી આશ્રવામાં આવે છે ? તો કે -

**वदसमिदीगुत्तीओ सीलतवं जिणवरेहि पण्णत्तं ।**
**कुव्वंतोवि अभव्वो अण्णाणी मिच्छदिट्ठी दु ॥२७३॥**

વ્રત સમિતિ ગુપ્તિ ને શીલ તપો રે, જિનવરોથી પ્રજ્ઞપ્ત;
કરતાં પણ અભવ્ય અજ્ઞાની છે રે, મિથ્યાદૃષ્ટિ જ અત્ર... અજ્ઞાની બાંધે. ૨૭૩

**અર્થ** - જિનવરોથી પ્રજ્ઞપ્ત (પ્રરૂપવામાં આવેલ) વ્રત - સમિતિ - ગુપ્તિઓ, શીલ - તપ કરતો પણ અભવ્ય અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જ છે. ૨૭૩

## आत्मख्याति टीका

कथमभव्येनाश्रीयते व्यवहारनयः ? इति चेत् -

**व्रतसमितिगुप्तयः शीलतपो जिनवरैः प्रज्ञप्तं ।**
**कुर्वन्नप्यभव्योऽज्ञानी मिथ्यादृष्टिस्तु ॥२७३॥**

**शीलतपः**परिपूर्णं त्रि**गुप्ति**पंच**समिति**परिकलितमहिंसादिपंचमहा**व्रत**रूपं व्यवहारचारित्रं **अभव्योऽपि कुर्यात्** । तथापि स निश्चारित्रो**ऽज्ञानी मिथ्यादृष्टिरेव** निश्चयचारित्रहेतुभूतज्ञान-श्रद्धाशून्यत्वात् ॥२७३॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

**શીલ-તપથી** પરિપૂર્ણ, ત્રિગુપ્તિ પંચસમિતિથી પરિકલિત એવું અહિંસાદિ પંચ મહાવ્રતરૂપ વ્યવહાર ચારિત્ર અભવ્ય પણ કરે, તથાપિ તે નિશ્ચારિત્ર અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જ છે - નિશ્ચય ચારિત્રની હેતુભૂત જ્ઞાનશ્રદ્ધાના શૂન્યપણાને લીધે. ૨૭૩

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''મિથ્યાદૃષ્ટિનાં પૂર્વનાં જપ તપ હજી સુધી એક આત્મહિતાર્થે થયાં નથી !'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૬૪૩), (ઉપદેશ છાયા) (૯૫૭)**

વ્યવહારનય કેમ અભવ્યથી આશ્રય કરવામાં આવે છે ? તેનો અહીં ખુલાસો કર્યો છે - વ્રત - સમિતિ - ગુપ્તિઓ (અને) શીલ - તપ જિનવરોથી 'પ્રજ્ઞપ્ત' - પ્રજ્ઞાપવામાં - પ્રરૂપવામાં આવેલ છે તે કરતાં છતાં અભવ્ય અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જ છે અને **આત્મખ્યાતિકારજીએ** તેનું સવિશેષ સ્પષ્ટીકરણ કર્યું છે.

જે કદી પણ મોક્ષગમન કરવાને અયોગ્ય - અપાત્ર જ છે એવો અભવ્ય પણ અહિંસાદિ પંચ મહાવ્રતરૂપ વ્યવહાર ચારિત્ર આચરે અને તે ચારિત્ર પણ કેવું ? 'शीलतपःपरिपूर्णं त्रिगुप्तिपंचसमितिपरकलितं' - **'શીલ-તપથી પરિપૂર્ણ'** - અનેક પ્રકારના સાધુ આચારરૂપ શીલથી અને

**आत्मभावना** -


व्रतसमितिगुप्तयः - વ્રત - સમિતિ - ગુપ્તિઓ (અને) शीलतपः - શીલ - તપ जिनवरैः प्रज्ञप्तं - જિનવરોથી પ્રજ્ઞપ્ત - પ્રજ્ઞપવામાં - પ્રરૂપવામાં આવેલ એવું, कुर्वन्नप्यभव्यो - કરતાં છતાં અભવ્ય अज्ञानी मिथ्यादृष्टिस्तु - અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જ છે. ॥ इति **गाथा** आत्मभावना ॥२७३॥

शीलतपःपरिपूर्णं - શીલ - તપથી પરિપૂર્ણ - સર્વથા પૂર્ણ, त्रिगुप्तिपंचसमितिपरिकलितं - ત્રિગુપ્તિ - પંચ સમિતિથી પરિકલિત એવું अहिंसादिपंचमहाव्रतरूपं व्यवहारचारित्रं - અહિંસાદિ પંચ મહાવ્રતરૂપ વ્યવહાર ચારિત્ર अभव्योऽपि कुर्यात् - અભવ્ય પણ કરે, तथापि - તથાપિ स - તે निश्चारित्रोऽज्ञानी मिथ्यादृष्टिरेव - નિશ્ચારિત્ર અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જ છે, એમ શાને લીધે ? निश्चयचारित्रहेतुभूतज्ञानश्रद्धाशून्यत्वात् - નિશ્ચય ચારિત્રની હેતુભૂત જ્ઞાનશ્રદ્ધાના શૂન્યપણાને લીધે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२७३॥

અનેક પ્રકારના તપથી સર્વથા પૂર્ણ એવું, તેમજ 'ત્રિ ગુપ્તિ' - પંચ સમિતિથી પરિકલિત' - મનો ગુપ્તિ - વચન ગુપ્તિ - કાય ગુપ્તિ એ ત્રણ ગુપ્તિથી અને ઈર્યા સમિતિ - ભાષા સમિતિ - એષણા સમિતિ - આદાન - નિક્ષેપ સમિતિ - પારિષ્ઠાપનિકા સમિતિ એ પંચ સમિતિથી સર્વથા સંકળાયેલું - શોભાયમાન એવું. એવું આદર્શ વ્યવહાર ચારિત્ર પણ અભવ્ય પણ પાળે, તો પણ તે 'નિશ્ચારિત્ર અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જ છે' - निश्चारित्रोऽज्ञानी मिथ्यादृष्टिरेव । આવું જિન પ્રણીત આદર્શ વ્યવહાર ચારિત્ર પરિપાલન કરતાં છતાં નિશ્ચયથી તો તે અભવ્ય નિશ્ચારિત્ર અજ્ઞાની જ છે, મિથ્યા વસ્તુ સ્વરૂપ દેખનારો મિથ્યાદૃષ્ટિ જ છે. શા માટે ? નિશ્ચય ચારિત્રની હેતુભૂત એવી જ્ઞાનશ્રદ્ધાનું શૂન્યપણું છે માટે - 'निश्चय चारित्रहेतुभूत ज्ञानश्रद्धान शून्यत्वात्', આત્મા આત્માના શુદ્ધ સ્વરૂપમાં વર્તે એવા પરમાર્થભૂત નિશ્ચય ચારિત્રની હેતુભૂત જ્ઞાન-શ્રદ્ધાના નામે એને મોટું મીંડુ છે માટે.

વ્રત - સમિતિ - ગુપ્તિ આદિ ખુદ ભગવાન્ જિનવરોએ પ્રરૂપેલ છે. એટલે તે કાંઈ સર્વથા નિષ્પ્રયોજન છે એમ નથી, પણ સપ્રયોજન છે. પરંતુ તે પ્રયોજન અને તેનો ઈષ્ટ ઉદ્દેશ યથાર્થપણે સમુચિત મર્યાદાથી સમજવા જોઈએ. સમસ્ત વ્યવહારનું પરમાર્થ પ્રતિપાદકપણું હોઈ પરમાર્થ પ્રત્યે લઈ જવા માટે તે કથંચિત્ ઉપકારી પ્રયોજનભૂત છે, તેમ સમસ્ત વ્યવહાર ચારિત્રનું પ્રયોજન પણ એક નિશ્ચય ચારિત્ર પ્રત્યે લઈ જવાનું જ છે. એ ઈષ્ટ ઉદ્દિષ્ટ પ્રયોજન પ્રત્યે ન લઈ જાય અને એ પરમાર્થ અર્થે જ એનો પ્રયોગ ન કરાય તો તે ઈષ્ટ ફળથી વંચિત રહેવાના કારણે નિષ્ફળ જાય છે. વ્યવહાર ચારિત્રનું પ્રયોજન યોગ્યતા પ્રાપ્ત કરવાનું છે અને તે યોગ્યતા ન પ્રાપ્ત થઈ તો તે નિષ્ફળ છે. કારણકે વ્યવહાર ચારિત્રરૂપ પ્રાથમિક ભૂમિકા પણ જેણે સાધી નથી તે નિશ્ચય ચારિત્રરૂપ ઉત્કૃષ્ટ ચારિત્ર ભૂમિકા પામવાને યોગ્ય થઈ શકતો નથી. **'નિયમસાર'**માં પ્રથમ વ્યવહાર ચારિત્રનું વર્ણન કરી પછી નિશ્ચય ચારિત્રનું પ્રતિપાદન કર્યું છે, તે એમ સ્પષ્ટ સૂચવે છે કે પાયામાં જો આ વ્યવહાર હોય તો જ પછી નિશ્ચય ચારિત્રની યોગ્યતા પ્રાપ્ત થઈ શકવાનો સંભવ છે, નહિ તો આટલી પણ યોગ્યતા જેનામાં નથી આવી તે નિશ્ચયની કે નિશ્ચય ચારિત્રની ગમે તેટલી મોટી વાતો કરે તો તે મોટું મીંડુ જ છે. આમ છતાં વ્યવહારનો કે વ્યવહાર ચારિત્રનો એકાંત આગ્રહ રાખવાનો નથી અને ત્યાં જ અટકી જવાનું નથી, પણ તે પ્રાથમિક યોગ્યતા પ્રાપ્ત કરી નિશ્ચય ચારિત્ર દશાને પામવાનો નિરંતર લક્ષ રાખી સતત આગળ વધવાનું જ છે.

''સતત અંતર્મુખ ઉપયોગે સ્થિતિ એજ નિર્ગ્રંથનો પરમ ધર્મ છે, એક સમય પણ ઉપયોગ બહિર્મુખ કરવો નહીં એ નિર્ગ્રંથનો મુખ્ય માર્ગ છે, પણ તે સંયમાર્થે દેહાદિ સાધન છે તેના નિર્વાહને અર્થે સહજ પણ પ્રવૃત્તિ થવા યોગ્ય છે. કંઈ પણ તેવી પ્રવૃત્તિ કરતાં ઉપયોગ બહિર્મુખ થવાનું નિમિત્ત છે, તેથી તે પ્રવૃત્તિ અંતર્મુખ ઉપયોગ પ્રત્યે રહ્યા કરે એવા પ્રકારમાં ગ્રહણ કરાવી છે, કેવળ અને સહજ અંતર્મુખ ઉપયોગ તો મુખ્યતાએ કેવળ ભૂમિકા નામે તેરમે ગુણસ્થાનકે હોય છે અને નિર્મળ વિચાર ધારાના બળવાનપણા સહિત અંતર્મુખ ઉપયોગ સાતમે ગુણસ્થાન હોય છે. પ્રમાદથી તો ઉપયોગ સ્ખલિત થાય છે અને કંઈક વિશેષ અંશમાં સ્ખલિત થાય તો વિશેષ બહિર્મુખ ઉપયોગ થઈ ભાવ અસંયમપણે ઉપયોગ પ્રવૃત્તિ થાય છે. તે ન થવા દેવાને અને દેહાદિ સાધનના નિર્વાહની પ્રવૃત્તિ પણ ન છોડી શકાય એવી હોવાથી તે પ્રવૃત્તિ અંતર્મુખ ઉપયોગે થઈ શકે એવી અદ્ભુત સંકલનાથી ઉપદેશી, જેને પાંચ સમિતિ કહેવાય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, ૭૬૭, (શ્રી લલ્લુજી મુનિ આદિ પ્રત્યે લખેલો 'રહસ્ય દૃષ્ટિ વાળો' પત્ર)**



તેને એકાદશ અંગનું જ્ઞાન છે એમ જો કહો તો -

**मोक्खं असद्दहंतो अभवियसत्तो दु जो अधीएज्ज ।**
**पाठो ण करेदि गुणं असद्दहंतस्स णाणं तु ॥२७४॥**

મોક્ષ અશ્રદ્ધંતો અભવ્ય તો રે, કરે અધ્યયન જ જેહ;
જ્ઞાન અશ્રદ્ધંતાને પાઠ તો રે, ગુણ કરે ના તેહ... અજ્ઞાની બાંધે છે. ૨૭૪

**અર્થ** - મોક્ષને અસદ્દહંતો (અશ્રદ્ધતો) અભવ્ય સત્વ જે અધ્યયન કરે, પણ જ્ઞાનને અસદ્દહતાને (અશ્રદ્ધતાને) પાઠ ગુણ કરતો નથી. ૨૭૪

## आत्मख्याति टीका

तस्यैकादशांगज्ञानमस्ति इति चेत् -

**मोक्षमश्रद्धानोऽभव्यसत्त्वस्तु योऽधीयीत ।**
**पाठो न करोति गुणमश्रद्धानस्य ज्ञानं तु ॥**

**मोक्षं** हि न तावद**भव्यः श्रद्धत्ते** शुद्धज्ञानमयात्मज्ञानशून्यत्वात् । ततो **ज्ञानमपि नासौ श्रद्धत्ते** ज्ञानमश्रद्धानश्चाचाराद्येकादशांगं श्रुतमधीयानोऽपि श्रुताध्ययन**गुणाभावान्न** ज्ञानी स्यात्, स किल गुणः श्रुताध्ययनस्य यद्विविक्तवस्तुभूतज्ञानमयात्मज्ञानं, तच्च विविक्तवस्तुभूतं ज्ञानमश्रद्धानस्याभव्यस्य श्रुताध्ययनेन न विधातुं शक्येत तत**स्तस्य तद्गुणाभावः** ततश्च ज्ञानश्रद्धानाभावात् सोऽज्ञानीति प्रतिनियतः ॥२७४॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

પ્રથમ તો **મોક્ષને જ અભવ્ય શ્રદ્ધતો નથી** - શુદ્ધ જ્ઞાનમય આત્મજ્ઞાનના શૂન્યપણાને લીધે, તેથી **જ્ઞાનને પણ તે શ્રદ્ધતો નથી** અને જ્ઞાનને અશ્રદ્ધતો તે આચારાદિ એકાદશ અંગ શ્રુત અધ્યયન કરતો છતાં શ્રુત અધ્યયનના ગુણના અભાવને લીધે જ્ઞાની ન હોય. તે ખરેખર ! શ્રુતાધ્યયનનો ગુણ છે જે વિવિક્ત વસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન અને તે વિવિક્ત વસ્તુભૂત જ્ઞાનને અશ્રદ્ધતા અભવ્યને શ્રુતાધ્યયનથી કરવું શક્ય નથી, **તેથી તેને તેના ગુણનો અભાવ છે.** અને તેથી કરીને જ્ઞાન - શ્રદ્ધાનના અભાવને લીધે તે અજ્ઞાની એમ પ્રતિનિયત છે. ॥૨૭૪॥

---

**आत्मभावना** -

तस्य - તેને - તે અભવ્યને एकादशांगज्ञानमस्ति - એકાદશ અંગ જ્ઞાન છે - मोक्षमश्रद्धानोऽभव्यसत्त्वस्तु यः - **નિશ્ચયે કરીને મોક્ષને અશ્રદ્ધતો અભવ્ય સત્ત્વ તો જે** अधीयीत - **અધ્યયન કરે, (તેને)** ज्ञानं तु अश्रद्धानस्य - **જ્ઞાનને જ અશ્રદ્ધતાને** पाठो गुणं न करोति - **પાઠ ગુણ નથી કરતો.** ॥ इति **गाथा** आत्मभावना ॥२७४॥

मोक्षं हि न तावदभव्यः श्रद्धत्ते - **પ્રથમ તો મોક્ષને જ અભવ્ય શ્રદ્ધતો નથી,** શાને લીધે ? शुद्धज्ञानमयात्मज्ञानशून्यत्वात् - **શુદ્ધજ્ઞાનમય આત્માના જ્ઞાનના શૂન્યપણાને લીધે.** ततो ज्ञानमपि नासौ श्रद्धत्ते - **તેથી જ્ઞાનને પણ તે શ્રદ્ધતો નથી,** ज्ञानमश्रद्धानश्च - **અને જ્ઞાનને અશ્રદ્ધતો** आचाराद्येकादशांगं श्रुतमधीयानोऽपि - **આચાર આદિ એકાદશાંગ શ્રુત અધ્યયન કરતો છતાં,** न ज्ञानी स्यात् - **જ્ઞાની ન હોય, શાને લીધે ?** श्रुताध्ययनगुणाभावात् - **શ્રુત અધ્યયનના ગુણના અભાવને લીધે.** स किल गुणः श्रुताध्ययनस्य यद् - **તે જ ખરેખર ! નિશ્ચયે કરીને શ્રુત અધ્યયનનો ગુણ છે કે** विविक्तवस्तुभूतज्ञानमयात्मज्ञानं - **વિવિક્ત - પૃથક્ - ભિન્ન વસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન,** तच्च विविक्तवस्तुभूतं ज्ञानमश्रद्धानस्याभव्यस्य - **અને તે વિવિક્ત - પૃથક્ - ભિન્ન - વસ્તુભૂત જ્ઞાનને અશ્રદ્ધતા અભવ્યને** श्रुताध्ययनेन न विधातुं शक्येत - **શ્રુત અધ્યયનથી કરવું શક્ય નથી.** ततः - તેથી तस्य तद्गुणाभावः - તેને - અભવ્યને તદ્‌ગુણનો - તે શ્રુતના ગુણનો અભાવ છે, ततश्च - **અને તેથી કરીને** ज्ञानश्रद्धानाभावात् - **જ્ઞાનશ્રદ્ધાનના - જ્ઞાનના શ્રદ્ધાનના અભાવને લીધે** सोऽज्ञानीति प्रतिनियतः - **તે અજ્ઞાની એમ પ્રતિનિયત છે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२७४॥

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સર્વ ક્લેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો આત્મજ્ઞાન સિવાય બીજો કોઈ ઉપાય નથી.''

''ધર્મ તેનું નામ આપી શકાય, કે ધર્મ થઈને પરિણમે, જ્ઞાન તેનું નામ હોય કે જે જ્ઞાન થઈને પરિણમે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૦૭, ૫૬૯**

અત્રે કોઈ પ્રશ્ન કરશે કે તે અભવ્યને અગીયાર અંગનું જ્ઞાન પણ હોય છે, તો પછી એમ કેમ હોય ? તેને જ્ઞાન શ્રદ્ધાનનો અભાવ હોય એમ કેમ બને ? તેનો અત્ર ઉત્તર આપ્યો છે, નિશ્ચયે કરીને મોક્ષને અસદ્દહતો - અશ્રદ્ધતો અભવ્ય સત્ત્વ - પ્રાણી જે અધ્યયન કરે - શાસ્ત્ર અભ્યાસ કરે, તેને જ્ઞાનને અસદ્દહતાને - અશ્રદ્ધતાને પાઠ 'ગુણ' - આત્મલાભ કરતો નથી - पाठो ण करेदि गुणं असद्दहंतस्स णाणं तु । આ ગાથાનું વ્યાખ્યાન કરતાં 'આત્મખ્યાતિ' સૂત્રકારે તેના ભાવનું નિષ્તુષ યુક્તિયુક્ત અપૂર્વ સમર્થન કર્યું છે - પ્રથમ તો મોક્ષને અભવ્ય શ્રદ્ધતો નથી, શાને લીધે ? શુદ્ધ જ્ઞાનમય આત્માના જ્ઞાનના શૂન્યપણાને લીધે - 'शुद्धज्ञानमयात्मज्ञानशून्यत्वात्', તેથી જ્ઞાનને પણ તે શ્રદ્ધતો નથી અને જ્ઞાનને અશ્રદ્ધતો તે આચારાદિ એકાદશાંગ શ્રુતનું અધ્યયન કરતો છતાં, શ્રુત અધ્યયનના ગુણ અભાવને લીધે - 'श्रुताध्ययनगुणाभावात्' જ્ઞાની હોય નહિ. તે જ ખરેખર ! શ્રુતાધ્યયનનો ગુણ છે કે વિવિક્ત વસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન - 'स किल गुणः श्रुताध्ययनस्य यद्विविक्त-वस्तुभूतज्ञानमयात्मज्ञानं', । અર્થાત્ 'વિવિક્ત' - સર્વ અન્ય પદાર્થથી પૃથક્ સાવ જૂદી વસ્તુરૂપ જ્ઞાનમય આત્માનું જ્ઞાન થવું એ જ ખરેખર ! સ્ફુટપણે શ્રુત અધ્યયનનો ગુણ છે અને તે આત્મજ્ઞાન - વિવિક્ત વસ્તુભૂત જ્ઞાન અશ્રદ્ધતા અભવ્યને શ્રુત અધ્યયનથી કરવું શક્ય નથી, તેથી તેને તેના - શ્રુત અધ્યયનના ગુણનો અભાવ છે - 'ततस्तस्य तद्‌गुणाभावः ।' અને તેથી કરીને જ્ઞાનના શ્રદ્ધાનના અભાવને લીધે તે 'અજ્ઞાની' એમ પ્રતિનિયત - ચોક્કસ છે - ततश्च ज्ञानश्रद्धानाभावात् सोऽज्ञानीति प्रतिनियतः । અર્થાત્ ક્યારેય પણ મોક્ષ પામવાને જે અયોગ્ય છે (Inilligible) તે અભવ્ય જીવ ભલે કદાચ મને મોક્ષની શ્રદ્ધા છે એમ મુખેથી કહેતો હોય વા અંતઃપ્રતીતિ વિના વ્યવહારથી વચન માત્ર બોલતો હોય, તો પણ પ્રથમ વાત તો એ છે કે તે નિશ્ચયે કરીને ખરેખર ! મોક્ષને જ શ્રદ્ધતો નથી, કારણકે તેને શુદ્ધ જ્ઞાનમય આત્માના જ્ઞાનનું શૂન્યપણું - મોટું મીંડુ છે, તેથી જ્ઞાનને પણ તે શ્રદ્ધતો નથી અને જ્ઞાનને અશ્રદ્ધતો - ન શ્રદ્ધતો તે આચારાદિ અગીયાર અંગ શ્રુતનું અધ્યયન - અભ્યાસ કરતો છતાં, જ્ઞાની હોય નહિ, કારણકે તેને શ્રુત અધ્યયનનો શ્રુત અભ્યાસના ગુણનો અભાવ છે - નહિ હોવાપણું છે, શ્રુત અધ્યયનથી તેને કંઈ પણ આત્માર્થરૂપ - આત્મલાભરૂપ ગુણ - ઉપકાર હોતો નથી. વિવિક્ત વસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન થવું એ જ ખરેખર ! શ્રુત અધ્યયનનો આત્મલાભ રૂપ ગુણ છે અને તે અભવ્યને શ્રુત અધ્યયનથી કરવું શક્ય નથી. તેથી તેને શ્રુત અધ્યયનના આત્માર્થ રૂપ ગુણનો અભાવ છે અને તેથી તેને જ્ઞાનની જ શ્રદ્ધા છે નહિ એટલે તે ચોક્કસ અજ્ઞાની જ છે.

અત્રે 'પાઠ ગુણ કરતો નથી' એ **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીના** માર્મિક વચનટંકારનો જાણે પ્રતિધ્વનિ કરતા હોય એમ **પરમર્ષિ હરિભદ્રાચાર્યજીએ** ઉદ્ઘોષણા કરી છે કે - 'અને આને (શ્રુતને)* મહામિથ્યા દૃષ્ટિ યથાવત્ અવબોધતો નથી - તદ્‌ભાવના આચ્છાદનને લીધે, કાવ્યભાવને અહૃદયની જેમ. ** એટલા માટે જ મહામિથ્યાદૃષ્ટિની પ્રાપ્તિ પણ અપ્રાપ્તિ છે, તેના ફલ અભાવને લીધે, અભવ્યને ચિન્તામણિ પ્રાપ્તિવત્. ** અને આ (શ્રુત) અભવ્યોથી પણ અનેકવાર પ્રાપ્ત કરાયું છે - વચન પ્રામાણ્યને લીધે અને તે થકી કંઈ નથી - પ્રસ્તુત ફલલેશની પણ અસિદ્ધિને લીધે. આ આગમજ્ઞોએ

---

* ''न चैतद्यथावदवबुध्यते महामिथ्यादृष्टिः, तद्‌भावाऽऽच्छादनात् अहृदयवत्काव्यभावमिति । ** अत एव हि महामिथ्यादृष्टेः प्राप्तिरप्यप्राप्तिः तत्फलाभावात्, अभव्यचिन्तामणिप्राप्तिवत् । ** प्राप्तं चैतदभव्यैरप्यसकृत्, वचनप्रामाण्यात् । न च ततः किञ्चित्, प्रस्तुतफललेशस्याप्यसिद्धेः । परिभावनीयमेतदागमज्ञैर्वचनानुसारेणेति ॥''
**- પરમર્ષિ શ્રી હરિભદ્રાચાર્યજી કૃત 'લલિત વિસ્તરા' સ. ૩૧૬, ૩૧૮**

વચનાનુસારે પરિભાવનીય છે.' અર્થાત્ એકાંતે મહામિથ્યાદૃષ્ટિ રૂપ અભવ્યને કે મહામિથ્યાદૃષ્ટિ ભવ્યને શ્રુત પ્રાપ્તિ હોય છે પણ વિવેક હોતો નથી, તે એમ સૂચવે છે કે શ્રુત હોય છતાં વિવેક - બોધ ન પણ હોય, એ પ્રકરણ પ્રસંગમાં શ્રી હરિભદ્રાચાર્યજીનું આ વચનસૂત્ર છે. તેનું પરમાર્થ ભાવોદ્ઘાટન કરતાં આ વિવેચકે ત્યાં સ્વકૃત 'લલિત વિસ્તરા' વિવેચનમાં સ્પષ્ટ લખ્યું છે તેમ -

'અને આ (શ્રુત) મહામિથ્યાદૃષ્ટિ યથાવત્ અવબોધતો નથી - પુદ્ગલપરાવર્ત્તથી જેનો અધિક સંસાર છે એવો મહામિથ્યા દૃષ્ટિ આ શ્રુતનો કથંચિત્ પાઠ કરે તો પણ તે યથાવત્ - જેમ છે તેમ સમ્યક્ અર્થપણે અવબોધતો - જાણતો - સમજતો નથી. શાને લીધે ? તદ્ભાવના આચ્છાદનને લીધે - તેના - બોધભાવના આચ્છાદનને - આવરણને લીધે, ઢંકાઈ જવાપણાને લીધે. અત્રે દૃષ્ટાંત 'કાવ્ય ભાવને અહૃદયની જેમ, શ્રૃંગારાદિ રસમય કાવ્યના ભાવને જેમ હૃદય વિહીન - અહૃદય - અરસિક અવ્યુત્પન્ન જન અવબોધતો નથી - જાણતો નથી, તેમ પ્રસ્તુત શ્રુતના ભાવને ભાવવિહીન એવો મહા મિથ્યાદૃષ્ટિ જાણતો - સમજતો નથી. એટલે વિવેક ગ્રહણ નિયતપણે ચોક્કસ શ્રુતમાત્રને આધીન કેમ હોય ? અર્થાત્ શ્રુત તો મહામિથ્યાદૃષ્ટિ પણ પઠે છે, પણ તેનો બોધ તેને હોતો નથી. એટલે શ્રુત છતાં વિવેક ન હોય એમ બને છે. ** અને એટલા માટે જ મહામિથ્યાદૃષ્ટિની પ્રાપ્તિ પણ અપ્રાપ્તિ છે, યથાવત્ અનવબોધને લીધે - સમ્યક્પણે આત્મામાં પરિણમવા રૂપ બોધભાવના અભાવને લીધે સ્ફુટપણે અધ્યયનાદિરૂપ શ્રુતની પ્રાપ્તિ પણ અપ્રાપ્તિ છે. મહામિથ્યાદૃષ્ટિ ભલે શ્રુતનો ગમે તેટલો અભ્યાસ કરે તો પણ તેના આત્મામાં જ્ઞાનરૂપે પરિણમન - બોધભાવ નહિ ઉપજતો હોવાથી, તે શ્રુતને પામ્યો તે નહિ પામ્યા બરાબર છે. એમ શાને લીધે ? તેના ફલ અભાવને લીધે - અભવ્યને ચિન્તામણિ પ્રાપ્તિવત્, યથાવત્ બોધરૂપ ફલના અભાવને લીધે, અભવ્યને ચિન્તામણિ રત્નની પ્રાપ્તિ જેમ તેની શ્રુતપ્રાપ્તિ પણ અપ્રાપ્તિ જ છે. *** અને આ (શ્રુત) અભવ્યોથી પણ અનેકવાર પ્રાપ્ત કરાયું છે - વચનપ્રામાણ્યને લીધે. આ શ્રુત મુક્તિગમન અયોગ્ય એવા અભવ્યોએ પણ - એકાન્ત મહામિથ્યાદૃષ્ટિઓએ પણ અનેકવાર પ્રાપ્ત કર્યું છે, તો પછી અન્ય મિથ્યાદૃષ્ટિનું તો પૂછવું જ શું ? કારણકે તે માટે વચનનું - આગમનું પ્રમાણપણું છે. આગમમાં કહ્યું છે કે સર્વ જીવોનો અનંતવાર ગ્રૈવેયકમાં ઉપપાત થયો છે, એમ આગમનું પ્રમાણપણું છે માટે.

આ અંગે પરમર્ષિ શ્રી હરિભદ્રાચાર્યજીએ પંચાશક* શાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે 'સંપૂર્ણ ક્રિયા પણ ભાવ વિના ક્રિયા જ નથી, કારણકે તેને નિજ ફલનું વિકલપણું છે, અત્રે ગ્રૈવેયક ઉપપાતનું દૃષ્ટાંત છે.' અર્થાત્ ગ્રૈવેયક પ્રાપ્તિ પણ સાધુની સંપૂર્ણ ક્રિયાના પાલન વિના હોતી નથી, ઉત્તમપણે સાધુની સંપૂર્ણ ક્રિયાના પાલનથી જ હોય છે. આમ સાધુની સંપૂર્ણ ક્રિયા અને ઉપલક્ષણથી તેનું જ્ઞાપક દ્રવ્ય શ્રુત પ્રાપ્ત થયા છતાં આ જીવનું કલ્યાણ થયું નહિ ! અરે ! દર્શન પણ સિદ્ધ થયું નહિ ! ** મહામિથ્યાદૃષ્ટિઓ અનંતવાર આગમનું - શ્રુતનું શ્રવણ વા અભ્યાસ કરે, તો પણ તેને ફલને નામે મોટું મીંડુ જ છે ! આમ અનંતવાર શ્રુત અભ્યાસની નિષ્ફળતા કેમ થઈ ? એ વસ્તુ આગમ જ્ઞાતાઓએ આગમ - વચનાનુસારે પરિભાવન કરવા યોગ્ય છે, અર્થાત્ તથારૂપ બોધભાવની ઉત્પત્તિ વિના જ તે અનંત પરિશ્રમ પણ વૃથા ક્લેશ માત્ર થઈ પડ્યો, એ વસ્તુ ફરી ફરી ભાવન કરવા યોગ્ય છે.' - **લલિત વિસ્તરા વિવેચન (ડૉ. ભગવાનદાસ કૃત 'ચિદ્હેમ વિશોધિની' ટીકા)**

સમ્યગ્દૃષ્ટિ
જ્ઞાની
વીતરાગ

---

* "संपुण्णा वि हि किरिया भावेण विणा ण होंति किरियत्ति ।
णियफलविगलत्तणओ गेव उववायणाएणं ॥" - પરમર્ષિ શ્રી હરિભદ્રાચાર્યજી કૃત શ્રી 'પંચાશક'

તેને ધર્મ શ્રદ્ધાન છે એમ જો કહો તો -

**सद्दहदि य पत्तेदि य रोचेदि य तह पुणो य फासेदि ।**
**धम्मं भोगणिमित्तं ण दु सो कम्मक्खयणिमित्तं ॥२७५॥**

શ્રદ્ધે પ્રતીતે રોચે સ્પર્શતો રે, ધર્મ તે ભોગ નિમિત્ત;
(પણ) શ્રદ્ધે ન પ્રતીતે ન રોચે ન સ્પર્શતો રે, તે કર્મ ક્ષય નિમિત્ત... અજ્ઞાની બાંધે છે. ૨૭૫

**અર્થ** - તે (અભવ્ય) ભોગ નિમિત્ત ધર્મને સદ્દહે છે, પ્રતીતે છે, રોચે છે, તથા પુનઃ ફરસે છે, પણ કર્મક્ષયનિમિત્તને નહિ. ૨૭૫

## आत्मख्याति टीका

तस्य धर्मश्रद्धानमस्तीति चेत् –

**श्रद्धाति च प्रत्येति च रोचयति च तथा पुनश्च स्पृशति ।**
**धर्मं भोगनिमित्तं न तु स कर्मक्षयनिमित्तं ॥२७५॥**

अभव्यो हि नित्यकर्मकर्मफलचेतनारूपं वस्तु श्रद्धत्ते, नित्यज्ञानचेतनामात्रं न तु श्रद्धत्ते नित्यमेव भेदविज्ञानानर्हत्वात् । ततः **स कर्ममोक्षनिमित्तं** ज्ञानमात्रं भूतार्थं **धर्मं न श्रद्धत्ते भोगनिमित्तं** शुभकर्ममात्रमभूतार्थमेव **श्रद्धत्ते** । तत एवासौ अभूतार्थ**धर्मश्रद्धानप्रत्ययनरोचनस्पर्श**नैरुपरितनग्रैवेयकभोगमात्रमास्कंदन्न पुनः कदाचनापि विमुच्यते, ततोऽस्य भूतार्थधर्मश्रद्धानाभावात् श्रद्धानमपि नास्ति । एवं सति तु निश्चयनयस्य व्यवहारनयप्रतिषेधो युज्यत एव ॥२७५॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

અભવ્ય તો ખરેખર ! નિત્ય કર્મ કર્મફલ ચેતનારૂપ વસ્તુને શ્રદ્ધે છે, પણ નિત્યજ્ઞાનચેતના માત્રને શ્રદ્ધતો નથી - નિત્ય જ ભેદ વિજ્ઞાનના અનર્હપણાને લીધે, તેથી **તે કર્મમોક્ષ નિમિત્ત** જ્ઞાનમાત્ર ભૂતાર્થ **ધર્મને શ્રદ્ધતો નથી, ભોગ નિમિત્ત** શુભ કર્મ માત્ર અભૂતાર્થને જ **શ્રદ્ધે છે**, તેથી જ અભૂતાર્થ **ધર્મના**

---

**आत्मभावना** -

तस्य - તેને - અભવ્યને धर्मश्रद्धानमस्ति - ધર્મ શ્રદ્ધાન છે, इति चेत् - એમ જો કહો તો - स - તે અભવ્ય भोगनिमित्तं धर्मं - ભોગનિમિત્ત ધર્મને श्रद्धाति च प्रत्येति च रोचयति च तथा पुनश्च स्पृशति - શ્રદ્ધે છે અને પ્રતીતે છે અને રોચે છે અને તથા પુનઃ સ્પર્શે છે, न तु कर्मक्षयनिमित्तं - પણ કર્મક્ષય નિમિત્ત એવાને નહિ. ॥ इति **गाथा** आत्मभावना ॥२७५॥

अभव्यो हि नित्यकर्मकर्मफलचेतनारूपं वस्तु श्रद्धत्ते - અભવ્ય ખરેખર ! નિશ્ચયે કરીને નિત્ય કર્મ કર્મફલ ચેતના રૂપ વસ્તુને શ્રદ્ધે છે, नित्यज्ञानचेतनामात्रं न तु श्रद्धत्ते - પણ નિત્ય જ્ઞાન ચેતના માત્રને તો શ્રદ્ધતો નથી, શાને લીધે ? नित्यमेव भेद विज्ञानामर्हत्वात् -- નિત્યે જ ભેદ વિજ્ઞાનના અનર્હપણાને લીધે - અયોગ્યપણાને લીધે. ततः स कर्ममोक्षनिमित्तं ज्ञानमात्रं भूतार्थं धर्मं न श्रद्धत्ते - તેથી તે કર્મ મોક્ષ નિમિત્ત એવા જ્ઞાનમાત્ર ભૂતાર્થ ધર્મને શ્રદ્ધતો નથી, भोगनिमित्तं शुभकर्ममात्रमभूतार्थमेव श्रद्धत्ते - ભોગ નિમિત્ત શુભ કર્મ માત્ર અભૂતાર્થને જ શ્રદ્ધે છે. तत एवासौ अभूतार्थधर्मश्रद्धानप्रत्ययनरोचनस्पर्शनैः - તેથી જ તે અભૂતાર્થ ધર્મના શ્રદ્ધાન - પ્રત્યયન - રોચન - સ્પર્શનથી उपरितनग्रैवेयकभोगमात्रमास्कंदन् न पुनः कदाचनापि विमुच्यते - ઉપરિતન - ઉપરના ગ્રૈવેયકના ભોગમાત્રને આસ્કંદતો પુનઃ કદી પણ વિમુક્ત નથી થતો. ततोऽस्य भूतार्थधर्मश्रद्धानाभावात् श्रद्धानमपि नास्ति - તેથી એને ભૂતાર્થ ધર્મના શ્રદ્ધાનના અભાવને લીધે શ્રદ્ધાન પણ છે નહિ. एवं सति तु - અને એમ સતે - હોતાં તો निश्चयनयस्य व्यवहारनयप्रतिषेधो युज्यत एव - નિશ્ચયનયનો વ્યવહારનય પ્રતિષેધ યુક્ત છે જ - ઘટે જ છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२७५॥

શ્રદ્ધાન - પ્રત્યયન - રોચન - સ્પર્શનથી ઉપરિતન ગ્રૈવેયક ભોગ માત્રને આસ્કંદતો, પુનઃ કદી પણ વિમુક્ત થતો નથી, તેથી એને ભૂતાર્થ ધર્મના શ્રદ્ધાન અભાવને લીધે શ્રદ્ધાન પણ છે નહિ અને એમ સતે તો નિશ્ચયનયનો વ્યવહારનય પ્રતિષેધ યુક્ત હોય જ છે. ॥૨૭૫॥

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જે જે વખતે તપશ્ચર્યા કરવી તે તે વખતે સ્વચ્છંદથી ન કરવી, અહંકારથી ન કરવી, લોકોને લીધે ન કરવી, જીવે જે કાંઈ કરવું તે સ્વચ્છંદે ન કરવું. 'હું ડાહ્યો છું' એવું માન રાખવું તે કયા ભવને માટે ? 'હું ડાહ્યો નથી' એવું સમજ્યા તે મોક્ષે ગયા છે. મુખ્યમાં મુખ્ય સ્વચ્છંદ છે.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, ઉપદેશ છાયા**

કોઈ એમ કહે કે અભવ્યને ધર્મ શ્રદ્ધાન તો છે, તેનો અહીં રદીઓ આપ્યો છે - અભવ્ય ધર્મને સદ્દહે છે ઈ. તે ભોગનિમિત્ત એવા ધર્મને, નહિ કે કર્મક્ષયનિમિત્ત એવા ધર્મને. આનું નિષ્તુષ યુક્તિ યુક્ત અપૂર્વ વ્યાખ્યાન કરતાં 'આત્મખ્યાતિ' સૂત્રકાર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અલૌકિક તત્ત્વાલોક પ્રકાશ વિસ્તાર્યો છે. તે આ પ્રકારે - સદા મુક્તિગમન - અયોગ્ય એવો જે અભવ્ય છે તે નિત્ય કર્મ કર્મફલ ચેતના રૂપ વસ્તુ શ્રદ્ધતો નથી. એમ શાને લીધે ? 'નિત્યમેવ ભેદવિજ્ઞાન અનર્હપણાને લીધે' - नित्यमेव भेदविज्ञानानर्हत्वात्, એનું સદાય ભેદ વિજ્ઞાન પામવાનું અનર્હપણું - અયોગ્યપણું છે તેને લીધે. તેથી કરીને તે 'कर्ममोक्षनिमित्तं' - કર્મમોક્ષ નિમિત્ત એવા જ્ઞાનમાત્ર ભૂતાર્થ ધર્મને શ્રદ્ધતો નથી, 'ज्ञानमात्रं भूतार्थं धर्मं न श्रद्धत्ते', પણ ભોગ નિમિત્ત - 'भोगनिमित्तं' એવા શુભ કર્મ માત્ર અભૂતાર્થ જ ધર્મને શ્રદ્ધે છે - 'शुभकर्ममात्रं अभूतार्थमेव श्रद्धत्ते', અર્થાત્ કર્મથી મોક્ષનું - છૂટકારાનું જે કારણ છે એવા 'જ્ઞાન માત્ર' - કેવલ જ્ઞાનરૂપ 'ભૂતાર્થ' - સદ્ભૂત - યથાર્થ વસ્તુભૂત - પરમાર્થભૂત સાચા ધર્મની શ્રદ્ધા કરતો નથી, પણ ભોગનું - ઈંદ્રિય સુખોપભોગનું જે કારણ છે એવા શુભ કર્મ માત્ર 'અભૂતાર્થ જ' - અસદ્ભૂત જ - અપરમાર્થભૂત જ એવા ખોટા ઔપચારિક વ્યવહાર ધર્મની શ્રદ્ધા કરે છે. કર્મથી છૂટવાનું - મોક્ષનું કારણ છે એ ખાતર તે ધર્મને શ્રદ્ધતો નથી, પણ ભોગનું - ઈંદ્રિય સુખ સાધનનું કારણ છે તે ખાતર તે ધર્મને શ્રદ્ધે છે અને એટલે જ તે જ્યાં 'માત્ર' - 'કેવલ' જ્ઞાન સિવાય બીજું કાંઈ નથી એવા જ્ઞાન માત્ર ભૂતાર્થ - પરમાર્થ સત્ ધર્મને શ્રદ્ધતો નથી, પણ જ્યાં માત્ર - કેવલ શુભ કર્મ સિવાય બીજું કાંઈ નથી એવા શુભ કર્મ માત્ર અભૂતાર્થ જ - અપરમાર્થ સત્ જ ધર્મને શ્રદ્ધે છે. તેથી કરીને જ અભૂતાર્થ ધર્મના શ્રદ્ધાન, પ્રત્યયન (પ્રતીતિ કરણ), રોચન, સ્પર્શન વડે ઉપરના ગ્રૈવેયકના ભોગ માત્રને આસ્કંદતો - સ્પર્શતો તે પુનઃ કદી પણ વિમુક્ત થતો નથી - 'उपरितनग्रैवेयकभोगमात्रमास्कंदन्न पुनः कदाचनापि विमुच्यते', અર્થાત્ તેવા ભોગનિમિત્ત શુભકર્મ માત્ર અભૂતાર્થ ધર્મનું તે અભવ્ય આ ખરો છે એમ આસ્થાથી શ્રદ્ધાન કરે છે, આ તેમ જ સાચો છે એમ અંતરની ખાત્રીથી - અંતઃપ્રતીતિથી પ્રત્યયન કરે છે, આ સારો છે - રૂડો છે - મનગમતો રુચતો છે એમ અભિરુચિથી રોચન કરે છે અને એટલે જ આ અંગીકાર કરવા યોગ્ય છે એમ જાણી સ્વયં અંગીકૃતિથી - ફરસણાથી સ્પર્શન કરે છે અને તેના ફલ રૂપે લોકપુરુષના ગ્રીવા સ્થાને રહેલા ગ્રૈવેયક દેવલોકના ભોગ સુખને પામે છે અને ભોગ સુખમાં તન્મય થયેલો તે કદી પણ મોક્ષ પામતો નથી. તેથી આ અભવ્યોને ભૂતાર્થ ધર્મના શ્રદ્ધાન અભાવને લીધે શ્રદ્ધાન પણ છે નહિ - 'ततोऽस्य भूतार्थ धर्मश्रद्धानाभावात् श्रद्धानमपि नास्ति', અભૂતાર્થ - પરમાર્થથી અસત્ ખોટા ધર્મનું શ્રદ્ધાન હોવા છતાં અભવ્યને પરમાર્થસત્ - ભૂતાર્થ સત્ય ધર્મનું શ્રદ્ધાન છે નહિ, એટલે તેને ખરેખરૂં - સાચેસાચું શ્રદ્ધાન જ છે નહિ અને એમ સતે તો નિશ્ચયનયનો વ્યવહારનય પ્રતિષેધ યુક્ત જ છે - સુઘટમાન જ છે - एवं सति तु निश्चयनयस्य व्यवहारनयप्रतिषेधो युज्यत एव ।

અત્રે ધર્મના બે પ્રકાર છે - ભોગનિમિત્ત એવો પુણ્યરૂપ - શુભકર્મ રૂપ ધર્મ અને કર્મમોક્ષ નિમિત્ત એવો શુદ્ધ વસ્તુ સ્વભાવ રૂપ શુદ્ધ આત્મધર્મ. તેમાં પ્રથમ પ્રકાર અભૂતાર્થ અને સંસાર ફલદાયી

છે, દ્વિતીય પ્રકાર ભૂતાર્થ અને મોક્ષ ફલદાયી છે. અભવ્યને ભૂતાર્થ મોક્ષ ફલદાયી શુદ્ધ ધર્મની શ્રદ્ધા હોતી નથી, માત્ર અભૂતાર્થ સંસાર ફલદાયી શુભ કર્મ રૂપ પુણ્ય ધર્મની શ્રદ્ધા હોય છે, એટલે તે સદા સંસાર ફલને ઈચ્છતો હોઈ, સંસાર ભલો છે રૂડો છે એમ સંસારને અભિનંદતો હોઈ 'ભવાભિનંદી' કહેવાય છે. તે ભલે સાધુની (દ્રવ્ય લિંગી) સંપૂર્ણ ક્રિયાનું પાલન કરી ગ્રૈવેયક પર્યંત પ્હોંચે પણ તે કદી મોક્ષ ફલને પામવા સમર્થ થતો નથી. આ અંગે **પરમર્ષિ હરિભદ્રાચાર્યજીએ *પંચાશક શાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યું છે કે** - 'સંપૂર્ણ ક્રિયા પણ ભાવ વિના ક્રિયા જ નથી, કારણકે તેને નિજ ફલનું વિકલપણું છે. અત્રે ગ્રૈવેયક ઉપપાતનું દૃષ્ટાંત છે.' આગમમાં પણ કહ્યું છે કે - ઓઘથી - પ્રવાહથી આ જીવો ગ્રૈવેયકોમાં અનંતા શરીરો મૂક્યાં છે, અર્થાત્ આ જીવ ગ્રૈવેયક દેવલોકમાં અનંતવાર ઉપજ્યો છે અને આ ગ્રૈવેયક પ્રાપ્તિ પણ સાધુની સંપૂર્ણ ક્રિયાના પાલન વિના હોતી નથી, ઉત્તમપણે સાધુની સંપૂર્ણ ક્રિયાના પાલનથી જ હોય છે. આમ સાધુની સંપૂર્ણ ક્રિયા અનંતવાર પ્રાપ્ત થયા છતાં આ જીવનું કલ્યાણ થયું નહિ ! અરે ! સાચું દર્શન - શ્રદ્ધાન પણ સિદ્ધ ન થયું ! આમ થયું તેનું કારણ યથાયોગ્ય ભાવની જ - સાચા ભૂતાર્થ ભાવધર્મની જ ખામી હતી.

અત એવ સદા સાંસારિક ફલની જ ઈચ્છા રાખનારા - ભવને અભિનંદનારા ભવાભિનંદીની સમસ્ત જ્ઞાન - ક્રિયા નિષ્ફળ છે, એટલા માટે જ તે **"'નિષ્ફલારંભી'** કહેવાય છે. એટલે કે તેના સર્વ આરંભ - નિષ્ફળ - અફળ જાય છે, કારણકે તેની સમસ્ત પ્રવૃત્તિ અતત્ત્વાભિનિવેશવાળી હોય છે, એટલે અતત્ત્વમાં તત્ત્વ બુદ્ધિ રૂપ મિથ્યા અભિનિવેશને લીધે તેની સમસ્ત ક્રિયા આદિ કાર્યકારી થતી નથી, કારગત થતી નથી, ફોગટ જાય છે, એળે જાય છે. એનું બધું ય કર્યું - કારવ્યું ધૂળ થાય છે, પાણીમાં જાય છે. 'આંધળો વણે ને પાડો ચાવે' એના જેવું થાય છે. આમ તેના બધા આરંભ - મંડાણ નિષ્ફળ જતા હોઈ, તે તો કેવળ નિષ્ફળ ખેદ ને મિથ્યા શ્રમ જ વ્હોરે છે. શુદ્ધ શ્રદ્ધાન વિનાની તેની સકલ ક્રિયા 'છાર પર લિંપણા' જેવી થાય છે. આમ તેની સમસ્ત પ્રવૃત્તિ - સમસ્ત આરંભ નિષ્ફળ થાય છે, એટલું જ નહિ પણ તેની યોગપ્રવૃત્તિ પણ પરમાર્થથી તેવી જ નિષ્ફળ હોય છે.

"શુદ્ધ શ્રદ્ધાન વિણ જેહ કિરિયા કરી, છાર પર લિંપણો તેહ જાણો." - **શ્રી આનંદઘનજી**

"આગે કો ઢુંકત ધાય પાછે બછરા ચરાય,<br>
જૈસે દગહીન નર જેવરી વટતુ હૈ,<br>
તૈસે મૂઢ ચેતન સુકૃત કરતૂતિ કરી,<br>
શેવત હસત ફલ ખોવત ખટતુ હૈ." - **શ્રી બનારસીદાસજી**

કારણકે તેનો બોધ 'અસત્ પરિણામથી અનુવિદ્ધ' - સંકળાયેલો - જોડાયેલો હોય છે, એટલે તે 'વિષમિશ્રિત અન્ન'ની જેમ નિયમથી 'અસત્' હોય છે. સુંદર પકવાન્ન હોય, પણ તે જો વિષથી દૂષિત હોય, તેને વિષનો સંગ લાગ્યો હોય, તો તે આખું ભોજન વિષ રૂપ થવાથી અસુંદર થઈ પડે છે, ભક્ષણ કરવા યોગ્ય રહેતું નથી, તેમ ભવાભિનંદી જીવને પણ સ્વભાવથી સુંદર એવા શાસ્ત્ર આદિનો જે કંઈ બોધ હોય છે, તે પણ તેના અસત્ - મિથ્યા આત્મપરિણામથી દૂષિત હોવાથી, વાસિત હોવાથી અપ્રશસ્ત થઈ જાય છે, અસુંદર થઈ જાય છે, અસત્ પરિણામ રૂપ વિષથી બધો ઘાણ બગડી જાય છે. તે પરમ અમૃત રૂપ આગમબોધ પણ તે અસત્ પરિણામવંત અનધિકારી જીવને અભિમાનાદિ વિકાર ઉપજાવી વિષ રૂપ પરિણમે છે. આ ઉપરથી સ્પષ્ટ ફલિત થાય છે કે ભવાભિનંદી જીવ ભલે ગમે તેટલો પંડિત હોય, ગમે તેટલો દ્રવ્યશ્રુત જ્ઞાની હોય, ગમે તેવો આગમવેત્તા - આગમધર - શાસ્ત્ર વિશારદ કહેવાતો હોય, ગમે તેવો શાસ્ત્ર બોધ ધરાવતો હોય, ગમે તેવો વાકપટુ હોઈ વાચસ્પતિ

* "संपुण्णावि हि किरिया भावेण विणा ण होंति किरियत्ति ।<br>
णियफलविगलत्तणओ गेवज्जउववायणाएणं ॥" - શ્રી પંચાશક

* "क्षुद्रो लाभरतिर्दीनो मत्सरी भयवान् शठः ।<br>
अज्ञो भवाभिनन्दी स्यान्निष्फलारम्भसंगतः ॥" - પરમર્ષિ હરિભદ્રાચાર્યજી કૃત 'યોગદૃષ્ટિ સમુચ્ચય' શ્લો. ૭૬ (વિશેષ માટે જુઓ : શ્રી હરિભદ્રાચાર્ય કૃત શાસ્ત્રવાર્ત્તાસમુચ્ચય)

કહેવાતો હોય, તો પણ તેના પરિણામ અસત્ મિથ્યા વાસનાથી વાસિત હોવાથી તેનો તે સર્વ બોધ 'વાસિત બોધ આધાર' હોઈ વાસ્તવિક રીતે અબોધ જ છે, અજ્ઞાન જ છે અને તેની અનંત દ્રવ્યક્રિયા પણ અક્રિયા વા વિક્રિયા જ છે. આમ 'આંધળો વણે ને પાડો ચાવે' તેની જેમ ભવાભિનંદીનું સર્વ જ્ઞાન નિષ્ફળ છે ને સર્વ ક્રિયા નિષ્ફળ છે એટલું જ નહિ પણ તેની સર્વ યોગક્રિયા પણ પરમાર્થથી તેવી જ નિષ્ફળ હોય છે. કારણકે તેની મતિના યોગ વિષયવિકારયુક્ત દુર્વાસનામય છે, અંતરંગ પરિણતિ - વૃત્તિ વિભાવમાં રાચી રહી છે, પરિણામની વિષમતા વર્ત્તે છે, એટલે વિષમિશ્રિત અન્નની જેમ તેને યોગ પણ 'અયોગ' થઈ પડે છે, એટલે જ ભવાભિનંદીના બધા મંડાણ નિષ્ફળ હોવાથી તેને 'નિષ્ફલારંભી' કહ્યો છે તે યથાર્થ છે.

''વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ;
પરિણામની વિષમતા, તેને યોગ અયોગ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**

''દ્રવ્ય ક્રિયા સાધન વિધિ યાચી, જે જિન આગમ વાંચી;
પરિણતિ વૃત્તિ વિભાવે રાચી, તિણે નવિ થાયે સાચી.'' - **શ્રી દેવચંદ્રજી**

''વસ્તુ વિચારે રે દિવ્ય નયન તણો રે, વિરહ પડ્યો નિરધાર;
તરતમ યોગે રે તરતમ વાસના રે, વાસિત બોધ આધાર... પંથડો.'' - **શ્રી આનંદઘનજી**

આ સદા ભવાભિનંદી અભવ્યના દૃષ્ટાંત પરથી એ સૂચિત થાય છે કે - અભવ્ય તો કદી પણ નિત્ય કર્મ-કર્મફલ ચેતનારૂપ અસત્ વાસના છોડતો નથી ને નિત્ય જ્ઞાનચેતના માત્ર અનુભવી - સ્વ પરનો ભેદ જાણવારૂપ ભેદજ્ઞાન પામી આત્મજ્ઞાન કદી પામતો નથી, તેથી તેનો કદી મોક્ષ થતો નથી. તેમ અન્ય જીવ પણ - ભવ્ય પણ જ્યાં લગી આ અનાદિ નિત્ય કર્મ-કર્મફલચેતના રૂપ કુવાસના - અસત્ વાસના છોડતો નથી ને જ્યાં લગી નિત્ય જ્ઞાનચેતના માત્ર અનુભવી સ્વ - પરનો ભેદ જાણવા રૂપ ભેદજ્ઞાન પામી આત્મજ્ઞાનને પામતો નથી, ત્યાં લગી તે પણ અજ્ઞાની હોઈ સંસારમાં રખડ્યા કરે છે, અર્થાત્ જ્યાં લગી જીવનું ભવાભિનંદીપણું ટળે નહિ ત્યાં લગી ભવભ્રમણ પણ ટળે નહિ. માટે સદા ભવાભિનંદી અભવ્ય સદા વ્યવહારનો જ આશ્રય કરે છે, પરમાર્થનો લક્ષ પણ પામતો નથી, એટલે નિશ્ચયનય વ્યવહારનયનો પ્રતિષેધ કરે છે તે યુક્ત જ છે.

સમ્યગ્દૃષ્ટિ
જ્ઞાની
વીતરાગ

---

* ''इत्यसत्परिणामानुविद्धो बोधो न सुंदरः ।
तत्संगादेव नियमाद्विषसंपृक्तकान्नवत् ॥'' - શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય, શ્લો. ૭૭
જુઓ : આ શ્લોક પરનું આ લેખક - વિવેચક (ડૉ. ભગવાનદાસ) કરેલું વિવેચન

પ્રતિષેધ્ય૧ - ૨પ્રતિષેધક ૧વ્યવહારનય - નિશ્ચયનય૨ કેવા છે ? તો કે -

**आयारादी णाणं जीवादी दंसणं च विण्णेयं ।**

**छज्जीवणिकायं च तहा भणइ चरित्तं तु ववहारो ॥२७६॥**

**आदा खु मज्झ णाणं आदा मे दंसणं चरित्तं च ।**

**आदा पच्चक्खाणं आदा मे संवरो जोगो ॥२७७॥**

આચારાદિ જ્ઞાન તે જાણવું રે, જીવાદિ દર્શન ધાર;

છ જીવનિકાય તે ચારિત્ર છે રે, એમ ભણે વ્યવહાર... અજ્ઞાની બાંધે છે. ૨૭૬

આત્મા જ નિશ્ચયથી મુજ જ્ઞાન છે રે, દર્શન ચરિત્ર આત્મા જ;

આત્મા જ મ્હારૂં પ્રત્યાખ્યાન છે રે, સંવર જોગ આત્મા જ... અજ્ઞાની બાંધે છે. ૨૭૭

**અર્થ** - આચારાદિ જ્ઞાન અને જીવાદિ દર્શન જાણવું, તથા છજીવ નિકાય ચારિત્ર, એમ વ્યવહાર કહે છે. ૨૭૬

આત્મા જ મ્હારૂં જ્ઞાન, આત્મા મ્હારૂં દર્શન અને ચારિત્ર, આત્મા પ્રત્યાખ્યાન, આત્મા મ્હારો સંવર યોગ છે. ૨૭૭

## आत्मख्याति टीका

कीदृशौ प्रतिषेध्यप्रतिषेधकौ व्यवहारनिश्चयनयाविति चेत् -

**आचारादि ज्ञानं जीवादि दर्शनं च विज्ञेयं ।**

**षट्जीवनिकायं च तथा भणति चरित्रं तु व्यवहारः ॥२७६॥**

**आत्मा खलु मम ज्ञानमात्मा मे दर्शनं चरित्रं च ।**

**आत्मा प्रत्याख्यानं आत्मा मे संवरो योगः ॥२७७॥**

---

**आत्मभावना** -

कीदृशौ प्रतिषेध्यप्रतिषेधकौ व्यवहारनिश्चयनयौ - કેવા છે પ્રતિષેધ્ય - પ્રતિષેધક વ્યવહાર - નિશ્ચય એ બે નય ? इति चेत् - એમ જો પૂછો તો - आचारादि ज्ञानं - આચારાદિ તે જ્ઞાન, जीवादि दर्शनं च विज्ञेयं - **અને જીવાદિ તે દર્શન જાણવું,** षट्जीवनिकायं च चरित्रं - **અને ષટ્જીવનિકાય તે ચરિત્ર,** तथा व्यवहारस्तु भणति - **તેવા પ્રકારે વ્યવહાર જ ભણે છે** - કહે છે. ॥२७६॥ आत्मा खलु मम ज्ञानं - **આત્મા જ નિશ્ચયે કરીને મ્હારૂં જ્ઞાન છે,** आत्मा मे दर्शनं चरित्रं च - **આત્મા મ્હારૂં દર્શન અને ચરિત્ર છે,** आत्मा प्रत्याख्यानं - **આત્મા પ્રત્યાખ્યાન છે,** आत्मा मे संवरो योगः - **આત્મા મ્હારો સંવર યોગ છે.** ॥२७७॥ इति **गाथा** आत्मभावना ॥२७६-२७७॥

आचारादिशब्दश्रुतं ज्ञानं - **આચારાદિ શબ્દ શ્રુત જ્ઞાન છે, શાને લીધે ?** ज्ञानस्याश्रयभूतत्वाद् - **જ્ઞાનના આશ્રયભૂતપણાને લીધે,** जीवादयो नवपदार्था दर्शनं - **જીવાદિ નવ પદાર્થો દર્શન છે, શાને લીધે ?** दर्शनस्याश्रयत्वाद् - **દર્શનના આશ્રયપણાને લીધે,** षट्जीवनिकायः चारित्रं - **ષટ્જીવનિકાય તે ચારિત્ર છે, શાને લીધે ?** चारित्रस्याश्रयत्वात् - **ચારિત્રના આશ્રયપણાને લીધે,** इति व्यवहारः - **એમ વ્યવહાર છે.**

शुद्ध आत्मा ज्ञानाश्रयत्वाद् ज्ञानं - **શુદ્ધ આત્મા જ્ઞાન આશ્રયપણાને લીધે જ્ઞાન,** शुद्ध आत्मा दर्शनाश्रयत्वाद् दर्शनं - **શુદ્ધ આત્મા દર્શન આશ્રયપણાને લીધે દર્શન,** शुद्ध आत्मा चारित्राश्रयत्वाच्चारित्रं - **શુદ્ધ આત્મા ચારિત્ર આશ્રયપણાને લીધે ચારિત્ર,** इति निश्चयः - **એમ નિશ્ચય છે.**

तत्र - તેમાં व्यवहारनयः प्रतिषेध्यः - **વ્યવહારનય પ્રતિષેધ્ય - પ્રતિષેધવા યોગ્ય - નિષેધવા યોગ્ય છે, શાને લીધે ?** आचारादीनां ज्ञानाश्रयत्वस्यानैकांतिकत्वात् - **આચારાદિના જ્ઞાનાશ્રયપણાનું અનૈકાંતિકપણાને લીધે,** निश्चयनयस्तु तत्प्रतिषेधकः - **અને નિશ્ચયનય તો તેનો - વ્યવહારનયનો પ્રતિષેધક - પ્રતિષેધ કરનારો - નિષેધ કરનારો છે, શાને લીધે ?** शुद्धस्यात्मनो ज्ञानाद्याश्रयत्वस्यैकांतिकत्वात् - **શુદ્ધ આત્માના જ્ઞાનાદિ આશ્રયપણાના ઐકાંતિકપણાને લીધે.**

| | |
|---|---|
| आचारादिशब्दश्रुतं ज्ञानस्याश्रयभूतत्वात् ज्ञानं, | शुद्ध आत्मा ज्ञानाश्रयत्वाद् ज्ञानं, |
| जीवादयो नवपदार्था दर्शनस्याश्रयत्वाद् दर्शनं, | शुद्ध आत्मा दर्शनाश्रयत्वाद् दर्शनं, |
| षट्जीवनिकायश्चारित्रस्याश्रयत्वात् चारित्रं, | शुद्ध आत्मा चारित्राश्रयत्वाच्चारित्रं, |
| इति **व्यवहारः** । | इति **निश्चयः** । |

तत्राचारादीनां ज्ञाना श्रयत्वस्यानैकांतिकत्वाद् व्यवहारनयः प्रतिषेध्यः,

निश्चयनयस्तु शुद्धस्यात्मनो ज्ञानाद्याश्रयत्वस्यैकांतिकत्वात् तत्प्रतिषेधकः । तथाहि -

| | |
|---|---|
| नाचारादिशब्दश्रुतं एकांतेन ज्ञानस्याश्रयः | शुद्ध आत्मैव ज्ञानस्याश्रयः |
| **तत्स**द्भावेप्यभव्यानां | आचारादिशब्दश्रुतसद्भावेऽसद्भावे वा |
| शुद्धात्माभावेन ज्ञानस्याभावात् । | तत्सद्भावेनैव ज्ञानस्य सद्भावात् । |
| न जीवादयः पदार्था दर्शनस्याश्रयाः | शुद्ध आत्मैव दर्शनस्याश्रयः |
| तत्सद्भावेप्यभव्यानां | जीवादिपदार्थसद्भावेऽसद्भावे वा |
| शुद्धात्माभावेन दर्शनस्याभावात् । | तत्सद्भावेनैव दर्शनस्य सद्भावात् । |
| न च षड्जीवनिकायः चारित्रस्याश्रयः | शुद्ध आत्मैव चारित्रस्याश्रयः |
| तत्सद्भावेप्यभव्यानां | षड्जीवनिकायसद्भावेऽसद्भावे वा |
| शुद्धात्माभावेन चारित्रस्याभावात् । | तत्सद्भावेनैव चारित्रस्य सद्भावात् ॥ |

॥२७६॥२७७॥

---

तथाहि - જુઓ ! આ પ્રકારે -

नाचारादिशब्दश्रुतं एकांतेन ज्ञानस्याश्रयः - **આચારાદિ શબ્દશ્રુત એકાંતથી જ્ઞાનનો આશ્રય નથી, શાને લીધે ?** तत् सद्भावेऽपि - **તેના સદ્ભાવે પણ** - **હોવાપણામાં પણ** अभव्यानां - **અભવ્યોને** शुद्धात्माभावेन - **શુદ્ધાત્મ અભાવે કરી** ज्ञानस्याभावात् - **જ્ઞાનના અભાવને લીધે.** न जीवादयः पदार्था दर्शनस्याश्रयाः - **જીવાદિ પદાર્થો દર્શનના આશ્રયો નથી, શાને લીધે ?** तत्सद्भावेपि - **તેના સદ્ભાવે પણ** - **હોવાપણામાં પણ** अभव्यानां - **અભવ્યોને** शुद्धात्माभावेन - **શુદ્ધાત્મ અભાવે કરી** दर्शनस्याभावात् - **દર્શનના અભાવને લીધે.** न च षड्जीवनिकायः चारित्रस्याश्रयः - **અને ષડ્જીવનિકાય ચારિત્રનો આશ્રય નથી, શાને લીધે ?** तत्सद्भावेपि - **તેના સદ્ભાવે પણ હોવાપણામાં પણ** अभव्यानां - **અભવ્યોને** शुद्धात्माभावेन - **શુદ્ધાત્મ અભાવે કરી** चारित्रस्याभावात् - **ચારિત્રના અભાવને લીધે.** शुद्ध आत्मैव ज्ञानस्याश्रयः - **શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે, શાને લીધે ?** आचारादिशब्दश्रुतसद्भावेऽसद्भावे वा - **આચારાદિ શબ્દ શ્રુતના સદ્ભાવે - હોવાપણામાં વા અસદ્ભાવે - નહિ હોવાપણામાં** तत्सद्भावेनैवं - **તેના - શુદ્ધ આત્માના સદ્ભાવથી જ - હોવાપણાથી જ** ज्ञानस्य सद्भावात् - **જ્ઞાનના સદ્ભાવને લીધે.** शुद्ध आत्मैव दर्शनस्याश्रयः - **શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે, શાને લીધે ?** जीवादि पदार्थसद्भावेऽसद्भावे वा - **જીવાદિ પદાર્થના સદ્ભાવે - હોવાપણામાં વા અસદ્ભાવે - નહિ હોવાપણામાં** तत्सद्भावेनैव - **તેના - શુદ્ધ આત્માના સદ્ભાવથી જ - કહેવાપણાથી જ** दर्शनस्य सद्भावात् - **દર્શનના સદ્ભાવને લીધે.** शुद्ध आत्मैव चारित्रस्याश्रयः - **શુદ્ધ આત્મા જ ચારિત્રનો આશ્રય છે, શાને લીધે ?** षड्जीवनिकायसद्भावेऽसद्भावे वा - **ષડ્જીવ નિકાયના સદ્ભાવે - હોવાપણામાં સદ્ભાવથી જ - હોવાપણાથી જ** चारित्रस्य सद्भावात् - **ચારિત્રના સદ્ભાવને લીધે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२७६॥२७७॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

| | |
|---|---|
| આચારાદિ શબ્દશ્રુત | **શુદ્ધ આત્મા -** |
| જ્ઞાનના આશ્રયભૂતપણાને લીધે - **જ્ઞાન,** | જ્ઞાન આશ્રયપણાને લીધે - **જ્ઞાન,** |
| જીવાદિ નવ પદાર્થો - | **શુદ્ધ આત્મા -** |
| દર્શનના આશ્રયપણાને લીધે - **દર્શન,** | દર્શન આશ્રયપણાને લીધે - **દર્શન,** |
| **ષટ્જીવ નિકાય** | **શુદ્ધ આત્મા -** |
| ચારિત્રના આશ્રયપણાને લીધે - **ચારિત્ર** | ચારિત્ર આશ્રયપણાને લીધે - **ચારિત્ર** |
| એવો **વ્યવહાર** છે - | એવો **નિશ્ચય** છે. |
| તેમાં - | |
| આચારાદિના જ્ઞાનાદિ આશ્રયપણાના | પણ **નિશ્ચયનય** તો શુદ્ધ આત્માના જ્ઞાનાદિ આશ્રયપણાના |
| અનૈકાંતિકપણાને લીધે | એકાંતિકપણાને લીધે |
| વ્યવહારનય પ્રતિષેધ્ય છે - | તેનો (વ્યવહાર નયનો) પ્રતિષેધક છે. |
| તે આ પ્રકારે - | |
| આચારાદિ શબ્દશ્રુત એકાંતે જ્ઞાનનો આશ્રય નથી, | શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે - |
| તેવા સદ્ભાવે પણ અભવ્યોને | આચારાદિ શબ્દ - શ્રુતના સદ્ભાવે વા અસદ્ભાવે |
| શુદ્ધાત્મ અભાવથી જ્ઞાનનો અભાવ છે માટે, | તત્ સદ્ભાવથી જ જ્ઞાનનો સદ્ભાવ છે માટે, |
| જીવાદિ પદાર્થો દર્શનના આશ્રયો નથી - | શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે - |
| તેના સદ્ભાવે પણ અભવ્યોને | જીવાદિ પદાર્થના સદ્ભાવે વા અસદ્ભાવે |
| શુદ્ધાત્મ અભાવથી દર્શનનો અભાવ છે માટે, | તત્ સદ્ભાવથી જ દર્શનનો સદ્ભાવ છે માટે, |
| ષટ્જીવ નિકાય ચારિત્રનો આશ્રય નથી - | શુદ્ધ આત્મા જ ચારિત્રનો આશ્રય છે - |
| તેના સદ્ભાવે પણ અભવ્યોને | ષટ્જીવ નિકાયના સદ્ભાવે વા અસદ્ભાવે |
| શુદ્ધાત્મ અભાવથી ચારિત્રનો અભાવ છે માટેઃ | તત્ સદ્ભાવથી જ ચારિત્રનો સદ્ભાવ છે માટે. |

૨૭૬-૨૭૭

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય


"વ્યવહાર પ્રતિબંધથી વિક્ષેપ ન પામતાં ધૈર્ય રાખી **ઉત્સાહમાન વીર્યથી** સ્વરૂપ નિષ્ઠ વૃત્તિ કરવી યોગ્ય છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૭૮**

પ્રતિષેધ્ય - પ્રતિષેધવા યોગ્ય અને પ્રતિષેધક - પ્રતિષેધ કરનાર એવા વ્યવહારનય - નિશ્ચય નય કેવા છે ? તેનું અત્ર વ્યવહાર રત્નત્રયી અને નિશ્ચય - રત્નત્રયીના ઉદાહરણથી નિરૂપણ કર્યું છે - આચારાદિ તે જ્ઞાન છે ઈ. વ્યવહાર કહે છે, આત્મા તે મ્હારૂં જ્ઞાન ઈ. નિશ્ચય કહે છે અને **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** આનું અત્યંત વિશદતમ તત્ત્વદર્શન કરાવ્યું છે. તે આ પ્રકારે - આચારાદિ શબ્દશ્રુત - દ્રવ્યશ્રુત જ્ઞાનના આશ્રયપણાને લીધે જ્ઞાન છે, જીવાદિ નવ પદાર્થો દર્શનના આશ્રયપણાને લીધે દર્શન છે, ષટ્જીવ નિકાય ચારિત્રના આશ્રયપણાને લીધે ચારિત્ર છે, એમ વ્યવહાર છે : શુદ્ધ આત્મા જ્ઞાનાશ્રયપણાને લીધે જ્ઞાન છે, શુદ્ધ આત્મા દર્શનાશ્રયપણાને લીધે દર્શન છે, શુદ્ધ આત્મા

ચારિત્રાશ્રયપણાને લીધે ચારિત્ર છે, એમ નિશ્ચય છે - शुद्ध आत्मा ज्ञानाश्रयत्वाद् ज्ञानं ઈ. તેમાં - આચારાદિના જ્ઞાન આશ્રયપણાના 'અનૈકાંતિકપણાને' લીધે વ્યવહારનય 'પ્રતિષેધ્ય' છે અને નિશ્ચયનય તો શુદ્ધ આત્માના જ્ઞાનાદિ આશ્રયપણાના 'ઐકાંતિકપણાને' લીધે તેનો 'પ્રતિષેધક' છે. અર્થાત્ આચારાદિનું જ્ઞાન આશ્રયપણું હોય કે ન પણ હોય (may be or may not be) એમ 'અનૈકાંતિક પણું' છે એટલા માટે વ્યવહારનય 'પ્રતિષેધ્ય' છે - પ્રતિષેધવા - નિષેધવા યોગ્ય છે; અને શુદ્ધ આત્માનું તો જ્ઞાનાદિનું આશ્રયપણું એકાંતે હોય જ હોય (must be) એમ 'ઐકાંતિકપણું' છે એટલા માટે નિશ્ચયનય તેનો - વ્યવહારનયનો 'પ્રતિષેધક' - પ્રતિષેધ - નિષેધ કરનારો છે. તે આ પ્રકારે -

આચારાદિ શબ્દશ્રુત એકાંતે જ્ઞાનનો આશ્રય નથી, 'नाचारादि शब्दश्रुतं एकांतेन ज्ञानस्याश्रयः', શા માટે ? તેના સદ્ભાવે પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવથી જ્ઞાનનો અભાવ છે માટે - 'तत्सद्भावेऽपि अभव्यानां शुद्धात्माभावेन ज्ञानस्याभावात्'. અર્થાત્ સર્વથા મોક્ષગમનઅયોગ્ય એવા અભવ્યોને પણ તે આચારાદિ શબ્દશ્રુતનું જ્ઞાન હોય છે, છતાં તેઓને શુદ્ધાત્માના અભાવે કરીને જ્ઞાનનો અભાવ છે માટે. આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે આચારાદિ એકાંતે જ્ઞાનનો આશ્રય નથી, કારણકે એમ હોત તો અભવ્યને પણ તેથી અવશ્ય જ્ઞાન થઈ જાત. જીવાદિ પદાર્થો દર્શનના આશ્રયો નથી - તેના સદ્ભાવે પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવથી દર્શનનો અભાવ છે માટે. ષટ્ જીવ નિકાય ચારિત્રનો આશ્રય નથી - તેના સદ્ભાવે પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવથી ચારિત્રનો અભાવ છે માટે. આથી ઉલટું - શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે - 'शुद्ध आत्मैव ज्ञानस्याश्रयः', શા માટે ? આચારાદિ શબ્દ શ્રુતના સદ્ભાવે વા અસદ્ભાવે તેના સદ્ભાવથી જ જ્ઞાનનો સદ્ભાવ છે માટે - 'आचारादिशब्दश्रुतसद्भावेऽसद्भावे वा तत्सद्भावेनैव ज्ञानस्य सद्भावात्', અર્થાત્ આચારાદિ શબ્દ શ્રુતનું - દ્રવ્ય શ્રુતનું જ્ઞાન હોય કે ન હોય, તો પણ તેના - શુદ્ધ આત્માના હોવાપણાથી જ જ્ઞાનનું હોવાપણું છે માટે. તેમજ - શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે - જીવાદિ પદાર્થના સદ્ભાવે વા અસદ્ભાવે તેવા - શુદ્ધ આત્માના સદ્ભાવથી જ - હોવાપણાથી જ દર્શનનો - સદ્ભાવ - હોવાપણું છે માટે, શુદ્ધ આત્મા જ ચારિત્રનો આશ્રય છે - ષટ્ જીવ નિકાયના સદ્ભાવે વા અસદ્ભાવે તેના - શુદ્ધ આત્માના સદ્ભાવથી જ - હોવાપણાથી જ ચારિત્રનો સદ્ભાવ - હોવાપણું છે માટે.

આકૃતિ




અનૈકાંતિકપણાથી વ્યવહાર નય પ્રતિષેધ્ય | તત્-પ્રતિષેધક નિશ્ચયનય એકાંતિકપણાથી



નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો **સમયસાર કળશ (૧૨) અમૃતચંદ્રજી** લલકારે છે -

ઉપજાતિ

**रागादयो बंधनिदानमुक्तास्ते, शुद्धचिन्मात्रमहोऽतिरिक्ताः ।**
**आत्मा परो वा किमु तन्निमित्त - मिति प्रणुन्नाः पुनरेवमाहुः ॥१७४॥**

રાગાદિ આ બંધનિદાન ભાખ્યા, તે શુદ્ધ ચિત્ જ્યોતિથી ભિન્ન દાખ્યા;
આત્મા પરો વા તસ શું નિમિત્ત ? પ્રેર્યા વદે તે ફરી એહ રીત. ૧૭૪

## અમૃત પદ-૧૭૪

'દુઃખ દોહગ દૂરે ટળ્યા રે' - એ રાગ

રાગાદિ આ કોની કૃતિ રે, ભાખો અહો ગુરુદેવ !
શંકા સહજ મુજ અંતરે રે, ઉઠતી આ સ્વયમેવ... રાગાદિ આ. ૧
રાગાદિ તે તો અહિં કહ્યા રે, નિશ્ચય બંધનિદાન,
તે શુદ્ધ ચિન્માત્ર જ્યોતિથી રે, ભિન્ન ભાખ્યા ભગવાન... રાગાદિ આ. ૨
આત્મા પર વા શું અહીં રે, તેનું હોય નિમિત્ત ?
સમાધાન આ શંકાનું રે, સમજાવોજી સુરીત... રાગાદિ આ. ૩
શિષ્યથી એમ પ્રેરિત થતાં રે, શ્રી સદ્‌ગુરુ ભગવાન,
ટંકોત્કીર્ણ અક્ષર વદે રે, અમૃત અમૃત વાણ... રાગાદિ આ. ૪

**અર્થ** - રાગાદિ બંધ નિદાન - બંધ કારણ કહ્યા, તેઓ શુદ્ધ ચિન્માત્ર મહસ્‌થી અતિરિક્ત અલગ (ભિન્ન) છે, તો પછી આત્મા વા પર કોણ તેનું (બંધનું) નિમિત્ત છે ? એમ પ્રેરવામાં આવેલા (આચાર્યજી) પુનઃ જ આમ કહે છે :-

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"માયામય અગ્નિથી ચૌદે રાજલોક પ્રજ્વલિત છે. તે માયામાં જીવની બુદ્ધિ રાચી રહી છે અને તેથી જીવ પણ તે ત્રિવિધ તાપ અગ્નિથી બળ્યા કરે છે, તેને પરમ કારુણ્યમૂર્તિનો બોધ એજ પરમ શીતળ જળ છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૩૮**

આ નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો કળશ કાવ્ય વિશેષ છે - रागादयो बंधनिदानमुक्ताः - રાગાદિને 'બંધ નિદાન' - બંધનું કારણ કહ્યા, તે રાગાદિ તો શુદ્ધ ચિન્માત્ર 'મહસ્‌થી' - મહા તેજથી - પરંજ્યોતિથી 'અતિરિક્ત' - ભિન્ન - જૂદા - અલગ છે, 'તે शुद्धचिन्मात्रमहोतिरिक्ताः', તો પછી આત્મા કે પર તેનું નિમિત્ત - કારણ છે ? आत्मा परो वा किमु तन्निमित्तं ? એમ પ્રેરવામાં આવતાં આચાર્યજી પુનઃ આમ - આ નીચેની ગાથામાં કહેવામાં આવે છે તે - વદ્યાઃ -

**जह फलिहमणी सुद्धो ण सयं परिणमइ रायमाईहिं ।**
**रंगिज्जदि अण्णेहिं दु सो रत्तादीहिं दव्वेहिं ॥२७८॥**
**एवं णाणी सुद्धो ण सयं परिणमइ रायमाईहिं ।**
**राइज्जदि अण्णेहिं दु सो रागादीहिं दोसेहिं ॥२७९॥**

રાગાદિથી સ્વયં ના પરિણમે રે, સ્ફટિક મણિ જેમ શુદ્ધ;
પણ રક્તાદિ અન્ય દ્રવ્યો થકી રે, રંગાય તેહ અશુદ્ધ... અજ્ઞાની બાંધે છે. ૨૭૮
રાગાદિથી સ્વયં ના પરિણમે રે, એમ જ્ઞાની પણ શુદ્ધ;
પણ રાગાદિ અન્ય દોષો થકી રે, રંગાય તેહ અશુદ્ધ... અજ્ઞાની બાંધે છે. ૨૭૮

**અર્થ** - જેમ શુદ્ધ એવો સ્ફટિક મણિ રાગાદિથી સ્વયં નથી પરિણમતો, પણ તે અન્ય એવા રક્ત (રાતા) આદિ દ્રવ્યોથી રંગાય છે, ૨૭૮

એમ શુદ્ધ એવો જ્ઞાની રાગાદિથી સ્વયં નથી પરિણમતો, પણ તે અન્ય એવા રાગાદિ દોષોથી રંગાય છે. ૨૭૯

## आत्मख्याति टीका

**यथा स्फटिकमणिः शुद्धो न स्वयं परिणमते रागाद्यैः ।**
**रज्यतेऽन्यैस्तु रक्तादभि र्द्रव्यैः ॥२७८॥**
**एवं ज्ञानी शुद्धो न स्वयं परिणमते रागाद्यैः ।**
**रज्यतेऽन्यैस्तु स रागादिभि र्दोषैः ॥२७९॥**

**यथा** खलु केवलः **स्फटिकोपलः**
परिणामस्वभावत्वे सत्यपि
स्वस्य शुद्धस्वभावत्वेन रागादिनिमित्तत्वाभावात्
**रागादिभिः स्वयं न परिणमते,**
परद्रव्येणैव
स्वयं रागादिभावापन्नतया स्वस्य रागादिनिमित्त भूतेन
शुद्धस्वभावात्प्रच्यवमान एव
**रागादिभिः परिणम्यते**

तथा केवलः किलात्मा
परिणामस्वभावत्वे सत्यपि
स्वस्य शुद्धस्वभावत्वेन रागादिनिमित्तत्वाभावात्
**रागादिभिः स्वयं न परिणमते,**
परद्रव्येणैव
स्वयं रागादिभावापन्नतया स्वस्य रागादिनिमित्तभूतेन
शुद्धस्वभावात्प्रच्यवमान एव
रागादिभिः परिणम्यते, इति तावद् वस्तुस्वभावः ॥२७८॥२७९॥

---

**आत्मभावना** -

यथा - જેમ स्फटिकमणिः शुद्धः - **સ્ફટિક મણિ શુદ્ધ એવો** स्वयं - **સ્વયં - પોતે - આપોઆપ** रागाद्यैः न परिणमते - **રાગાદિથી નથી પરિણમતો,** अन्यैस्तु रक्तादिभिर्द्रव्यैः - रज्यते - **પણ અન્ય એવા રક્ત - રાતા આદિ દ્રવ્યોથી રંજાય છે - રંગાય છે,** एवं - **એમ** ज्ञानी शुद्धो - **જ્ઞાની શુદ્ધ એવો** स्वयं - **સ્વયં - પોતે - આપોઆપ** रागाद्यैः न परिणमतो - **રાગાદિથી નથી પરિણમતો,** अन्यैस्तु रागादिभिर्दोषैः रज्यते - **પણ અન્ય એવા રાગાદિ દોષોથી રંજાય છે - રંગાય છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥२७८॥२७९॥

यथा खलु - જેમ ખરેખર ! નિશ્ચયે કરીને केवलः - કેવલ - માત્ર - એકલો જ स्फटिकोपलः - **સ્ફટિકોપલ - સ્ફટિક**

## આત્મખ્યાતિ ટીકાર્થ

| | |
|---|---|
| જેમ નિશ્ચયે કરીને કેવલ **સ્ફટિકોપલ** | તેમ નિશ્ચયે કરીને કેવલ **આત્મા** |
| પરિણામ સ્વભાવપણું સતે પણ | પરિણામ સ્વભાવપણું સતે પણ |
| સ્વના શુદ્ધ સ્વભાવપણાએ કરીને | સ્વના શુદ્ધ સ્વભાવપણાએ કરીને |
| રાગાદિ નિમિત્તપણાના અભાવને લીધે | રાગાદિ નિમિત્તપણાના અભાવને લીધે |
| **રાગાદિથી સ્વયં નથી પરિણમતો,** | **રાગાદિથી સ્વયં નથી પરિણમતો,** |
| પરદ્રવ્યથી જ | પરદ્રવ્યથી જ |
| સ્વયં રાગાદિ ભાવાપન્નતાએ કરીને | સ્વયં રાગાદિ ભાવાપન્નતાએ કરીને |
| સ્વના રાગાદિ નિમિત્તભૂત એવાથી | સ્વના રાગાદિ નિમિત્તભૂત એવાથી |
| શુદ્ધ સ્વભાવથી પ્રચ્યવમાન જ (પ્રચ્યવી રહેલો જ) | શુદ્ધ સ્વભાવથી પ્રચ્યવમાન જ (પ્રચ્યવી રહેલો જ) |
| રાગાદિથી પરિણમાવાય છે - | રાગાદિથી **પરિણમાવાય** છે. ૨૭૮-૨૭૯ |

ઈતિ વસ્તુ સ્વભાવ છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''શુદ્ધ એવા સ્ફટિકને વિષે અન્ય રંગનું પ્રતિભાસવું થવાથી તેનું મૂળ સ્વરૂપ લક્ષગત થતું નથી, તેમ શુદ્ધ નિર્મળ એવું આ ચેતન અન્ય સંયોગના તાદાત્મ્યવત્ અધ્યાસે પોતાના સ્વરૂપનો લક્ષ પામતું નથી. યત્ કિંચિત્ પર્યાંતરથી એ જ પ્રકારે જૈન, વેદાંત સાંખ્ય, યોગાદિ કહે છે.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, હાથનોંધ-૧**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યું તેમ અત્રે રાગાદિનું કારણ આત્મા છે ? કે પર છે ? તેનો **સ્ફટિક** મણિના સ્ફુટ દૃષ્ટાંતથી તાત્ત્વિક ખુલાસો કર્યો છે અને પરમર્ષિ અમૃતચંદ્રજીએ અપૂર્વ તત્ત્વકલાથી તેનો બિંબ-પ્રતિબિંબ ભાવ સાંગોપાંગ વિવરી દેખાડી પરિસ્ફુટ કર્યો છે - જેમ 'કેવલ' - માત્ર - એકલો જ **સ્ફટિકોપલ** - **સ્ફટિક પાષાણ છે**, તે 'परिणाम स्वभावत्वे सत्यपि' - **પરિણામ સ્વભાવપણું સતે પણ, સ્વના - પોતાના શુદ્ધ સ્વભાવપણાએ કરીને** - 'स्वस्य शुद्ध - स्वभावत्वेन' - **રાગાદિ નિમિત્તપણાના અભાવને લીધે રાગાદિથી સ્વયં - પોતે નથી પરિણમતો**, 'रागादिभि स्वयं न परिणमते ।' **પણ પરદ્રવ્યથી જ - સ્વયં - પોતે રાગાદિ ભાવાપન્નતાએ કરીને સ્વના - રાગાદિ નિમિત્તભૂત એવાથી - શુદ્ધ**

---


પાષાણ, परिणामस्वभावत्वे सत्यपि - **પરિણામ સ્વભાવપણું - સતે પણ**, रागादिभिः स्वयं न परिणमते - **રાગાદિથી સ્વયં - પોતે - આપોઆપ નથી પરિણમતો**, શાને લીધે ? स्वस्य शुद्धस्वभावत्वेन - **સ્વના - પોતાના શુદ્ધ સ્વભાવપણાએ કરીને** रागादिनिमित्तत्वाभावात् - **રાગાદિ નિમિત્તપણાના અભાવને લીધે**, परद्रव्येणैव - **પરદ્રવ્યથી જ** स्वयं रागादिभावापन्नतया - **સ્વયં રાગાદિ ભાવાપન્નતાએ કરીને** रागादिनिमित्तभूतेन - **રાગાદિ નિમિત્તભૂત એવાથી** शुद्धस्वभावात्प्रच्यवमान एव - **શુદ્ધ સ્વભાવથી પ્રચ્યવમાન જ - પ્રચ્યવી રહેલો જ** रागादिभिः परिणम्यते - **રાગાદિથી પરિણામાવાય છે.**

तथा - તેમ केवलः - કેવલ - માત્ર - એકલો જ किल - ખરેખર ! નિશ્ચયે કરીને आत्मा - આત્મા, परिणामस्वभावत्वे सत्यपि - **પરિણામ સ્વભાવપણું સતે પણ**, रागादिभिः स्वयं न परिणमते - **રાગાદિથી સ્વયં - પોતે - આપોઆપ નથી પરિણમતો**, શાને લીધે ? स्वस्य शुद्धस्वभावत्वेन - **સ્વના - પોતાના શુદ્ધ સ્વભાવપણાએ કરીને** रागादिनिमित्तत्वाभावात् - રાગાદિ નિમિત્તપણાના અભાવને લીધે, परद्रव्येणैव - **પરદ્રવ્યથી જ**, स्वयं रागादिभावापन्नतया - **સ્વયં - પોતે રાગાદિ ભાવાપન્નતાએ કરીને** स्वस्य रागादिनिमित्तभूतेन - **સ્વના - પોતાના રાગાદિ નિમિત્તભૂત એવાથી** शुद्ध स्वभावात् प्रच्यवमान एव - **શુદ્ધ સ્વભાવથી પ્રચ્યવમાન જ - પ્રચ્યવી રહેલો જ**, रागादिभिपरिणम्यते - **રાગાદિથી પરિણમાવાય છે**, इति तावद् वस्तुस्वभावतः - **એમ તો વસ્તુ સ્વભાવ છે.** ।। इति **'आत्मख्याति'** आत्मभावना ।।૨૭૮-૨૭૯।।

સ્વભાવથી 'પ્રચ્યવમાન જ' - પ્રચ્યવી રહેલો જ રાગાદિથી પરિણમાવાય છે - शुद्धस्वभावात्प्रच्यवमान एव रागादिभि परिणम्यते । અર્થાત્ પોતે રાગાદિ ભાવને પામેલ હોવાથી પરદ્રવ્ય જે સ્ફટિકના રાગાદિનું નિમિત્તભૂત થાય છે તે પરદ્રવ્યથી સ્ફટિક શુદ્ધસ્વભાવથી પ્રચ્યવમાન - પ્રચ્યવતો સતો - ભ્રષ્ટ થતો સતો રાગાદિથી પરિણમાવાય છે. તેમ 'કેવલ' - માત્ર - એકલો આત્મા છે, તે પરિણામ સ્વભાવપણું સતે પણ - સ્વના - પોતાના શુદ્ધસ્વભાવપણાએ કરીને રાગાદિ નિમિત્તપણાના અભાવને લીધે રાગાદિથી 'સ્વયં' - પોતે - આપોઆપ નથી પરિણમતો - रागादिभिः स्वयं न परिणमते, પણ પરદ્રવ્યથી જ - સ્વયં રાગાદિ ભાવાપન્નતાએ કરીને - રાગાદિ ભાવ પ્રાપ્તપણાએ કરીને સ્વના રાગાદિ નિમિત્તભૂત એવાથી - શુદ્ધસ્વભાવથી 'પ્રચ્યવમાન જ' - પ્રચ્યવી રહેલો જ રાગાદિથી પરિણમાવાય છે - शुद्धस्वभावात् प्रच्यवमान एव रागादिभिः परिणम्यते । અર્થાત્ પોતે રાગાદિ ભાવ પામેલ હોવાથી પરદ્રવ્ય જે આત્માનું રાગાદિ નિમિત્તભૂત હોય છે તે પરદ્રવ્યથી આત્મા શુદ્ધ સ્વભાવથી 'પ્રચ્યવમાન જ' - પ્રચ્યવતો સતો જ - ભ્રષ્ટ થતો સતો જ રાગાદિથી પરિણામાવાય છે. એમ તો પ્રથમ વસ્તુ સ્વભાવ છે - इति तावद् वस्तुस्वभावः ।

"યથા સ્ફટિકોપલ જપા પુષ્પ સમ્બન્ધેન રાગાદિ રૂપ પરિણમતા હૈ એવં કિલ આત્મા પરિણામ સ્વભાવત્વે સત્યપિ - પરિણામ સ્વભાવ હોને પર ભી, યથા સ્ફટિકોપલ પરિણામ સ્વભાવ હોને પર જપા પુષ્પમન્તરેણ રાગાદિ રૂપ નહિ પરિણમતે તથા કેવલ આત્મા શુદ્ધ પરિણામ સ્વભાવ હોને પર ભી - સ્વસ્ય શુદ્ધ સ્વભાવ હોને પર ભી સ્વયં પરદ્રવ્ય નિરપેક્ષતયા - રાગાદિ કર્મ નિરપેક્ષતયા સ્વયં અપને આપ રાગાદિ રૂપ નહીં પરિણમતા. પરદ્રવ્યેનૈવ સ્વયં રાગાદિ ભાવ પરિણમતયા પરદ્રવ્ય જો હૈ સ્વયં રાગાદિ ભાવ પરિણમન હોને સે સ્વસ્ય રાગાદિ નિમિત્તભૂતેન સ્વયં કો રાગાદિ નિમિત્તભૂત હોને પર શુદ્ધ સ્વભાવ સે ચ્યુત કરાતા હુઆ રાગાદિભિઃ પરિણમનતે - રાગ દ્વેષાદિ રૂપ પરિણમનકો પ્રાપ્ત હો જાતા હૈ. ઈતિ વસ્તુ સ્વભાવઃ." - શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજીકા પ્રવચન (ટેપ રેકોર્ડિંગમેં)

આકૃતિ









ઉક્તના સાર સમુચ્ચય રૂપ **સમયસાર કળશ** (૧૩) સંગીત કરે છે -

उपजाति

**न जातु रागादिनिमित्तभाव -**
**मात्मात्मनो याति यथार्ककांतः ।**
**तस्मिन्निमित्तं परसंग एव,**
**वस्तुस्वभावोऽयमुदेति तावत् ॥१७५॥**

આત્મા સ્વ રાગાદિ નિમિત્તભાવ, કદી ન લે જ્યું રવિકાંત દ્રાવ;
નિમિત્ત તેમાં પરસંગ સાવ, આ વસ્તુનો ઉદયતો સ્વભાવ. ૧૭૫

## અમૃત પદ-૧૭૫

'દુઃખ દોહગ દૂરે ટળ્યા રે' - એ રાગ

**પરસંગ જ રાગાદિનું રે, નિમિત્ત નિશ્ચય જાણ !**
**વસ્તુ સ્વભાવ આ ઉદયતો રે, ઝળહળતો જ્યું ભાણ... રે ચેતન ! પરસંગ નિમિત્ત જાણ ! ૧**
આત્મા કદી સ્વ રાગાદિનો રે, પામે ન નિમિત્ત ભાવ,
સૂર્યકાંત જ્યમ ના લહે રે, સ્વયમેવ દ્રવ ભાવ... રે ચેતન ! પરસંગ નિમિત્ત જાણ ! ૨
સૂર્યકાંત દ્રવે છે લહી રે, સૂર્ય કિરણ નિમિત્ત,
પરસંગ નિમિત્ત લહી દ્રવે રે, આત્મદ્રવ્ય તે રીત... રે ચેતન ! પરસંગ. ૩
પરભાવ નિમિત્તે ઉપજતા રે, આ રાગાદિ વિભાવ,
ઔપાધિક તે સર્વ છે રે, પણ ન જ આત્મ સ્વભાવ... રે ચેતન ! પરસંગ. ૪
વસ્તુ સ્વભાવ આ ઉદયતો રે, ઝળહળતો જ્યું ભાણ,
ટંકોત્કીર્ણ અમૃત કહી રે, ભગવાન **અમૃત** વાણ... રે ચેતન ! પરસંગ. ૫

**અર્થ** - આત્મા કદી પણ આત્માના રાગાદિ નિમિત્ત ભાવને પામતો નથી - જેમ સૂર્યકાંત (તેમ), તેમાં નિમિત્ત પરસંગ જ છે - આ તો પ્રથમ વસ્તુ સ્વભાવ ઉદય પામે છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ભરતજીને હરણના સંગથી જન્મની વૃદ્ધિ થઈ હતી અને તેથી જડભરતના ભવમાં અસંગ રહ્યા હતા. એવા કારણથી મને પણ અસંગતા બહુ સાંભરી આવે છે અને કેટલીક વખત તો એવું થઈ જાય છે કે અસંગતા વિના પરમ દુઃખ થાય છે. યમ અંતકાળે પ્રાણીને દુઃખદાયક નહીં લાગતો હોય, પણ અમને સંગ દુઃખદાયક લાગે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૧૭૩), ૨૧૭**

ઉપરમાં ભગવતી 'આત્મખ્યાતિ'ના ગદ્ય ભાગમાં જે સ્પષ્ટપણે તત્ત્વ વિજ્ઞાન પ્રકાશ્યું તેનો સાર સમુચ્ચય પ્રદર્શિત કરતો આ કળશ લલકાર્યો છે - आत्मा आत्मनो रागादिनिमित्तभावं न याति यथार्ककांतः - આત્મા કદી પણ આત્માના રાગાદિનો નિમિત્ત ભાવ પામતો નથી - જેમ સૂર્યકાંત મણિ સૂર્યકાંત મણિ જેમ કદી પણ પોતે પોતાના દ્રવિતપણાનું નિમિત્ત પામતો નથી, તેમ આત્મા પોતે આત્માના - પોતાના રાગાદિના નિમિત્તકારણપણાને પામતો નથી. ત્યારે તેમાં નિમિત્ત કોણ છે ? तस्मिन्निमित्तं परसंग एव - તેમાં નિમિત્ત **પરસંગ** જ છે, બીજું કોઈ પણ નહિ. સૂર્યકાંત મણિ દ્રવિતપણું પામે છે, તેમાં જેમ પરનો - સૂર્ય કિરણનો સંગ જ નિમિત્ત થાય છે, તેમ આત્મા રાગાદિ ભાવને પામે છે તેમાં પરનો સંગ જ - સંયોગ સંબંધ જ નિમિત્ત થાય છે. આમ કેમ ? આ તો વસ્તુ સ્વભાવ ઉદય પામે છે - 'वस्तुस्वभावोऽयमुदेति तावत् ।' ઉપાદાનરૂપ વસ્તુ કદી પણ પોતે પોતાની અશુદ્ધિના નિમિત્ત

ભાવને પામે જ નહિ, જો પામે તો તેની તે અશુદ્ધિ કદી પણ નિવર્તવા પામે નહિ. તે અશુદ્ધિનું નિમિત્ત તો વસ્તુથી અતિરિક્ત પરનો - અન્ય વસ્તુનો સંગ જ - સમાગમ જ છે. જો પરસંગનું નિમિત્ત ન મળે ને વસ્તુ 'કેવલ' એકલી જ રહેવા દેવામાં આવે (If left alone) તો તેમાં અશુદ્ધિનો અવકાશ જ ન હોય, ને તે સ્વયં - પોતે - આપોઆપ (by itself) શુદ્ધ જ પરિણમ્યા કરે, એટલે પરસંગના નિમિત્તે જ તેની પરિણતિમાં અશુદ્ધિ આવે છે એ સિદ્ધ હકીકત (actual fact, reality) છે. અર્થાત્ વસ્તુનો મૂળ સ્વભાવ તો શુદ્ધ જ છે, તેમાં જે રાગાદિ વિભાવ રૂપ ઔપાધિક ભાવ ઉત્પન્ન થાય છે તે પર નિમિત્ત થકી જ ઉત્પન્ન થાય છે. માટે પર કંઈ કરતું નથી એવા ખોટા મિથ્યા કલ્પના તરંગો છોડી દઈ - શુષ્કજ્ઞાનની વાતો રહેવા દઈ, પરને રાગાદિનું ચોક્કસ નિશ્ચિત નિમિત્ત જાણી, પરના સંગનો સર્વથા પરિત્યાગ કરવો અને એમ કરી આત્માના શુદ્ધ સ્વભાવને પ્રગટ કરવો એજ જ્ઞાની પુરુષોના ઉપદેશનો મુખ્ય ધ્વનિ છે.

''જેમ નિર્મળતા રે રત્ન સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ રે;
તે જિન વીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ રે.''

**- શ્રી યશોવિજયજી કૃત સવાસો ગાથાનું સ્તવન**

આ શ્લોક અંગે તલસ્પર્શી તત્ત્વમીમાંસા કરતાં **મહાત્મા ગણેશપ્રસાદજી વર્ણીજીએ** તેમના સુપ્રસિદ્ધ ટેપ રેકોર્ડિંગવાળા પ્રવચનમાં વચન ટંકાર કર્યો છે કે -

''ઈસ તરહ સે આત્મા સ્વયં કેવલ અકેલા પર સમ્બન્ધમન્તરેણ રાગાદિક રૂપ સ્વયં ન પરિણમતે, કિન્તુ તસ્મિન્ નિમિત્તમ્ પરસંગ એવ - ઉસકે પરિણમનમેં પર નિમિત્ત, પર સંગ હી હૈ, ઉસકે નિમિત્ત કો પાકર કે આત્મા રાગાદિ રૂપ પરિણમન જાતા હૈ. યહ વસ્તુ કા સ્વભાવઃ ઉદેતિ - યહ વસ્તુ કા સ્વભાવ હૈ. ઈસ પ્રકાર વસ્તુ કે સ્વભાવ કો જાનતે હૈ વો જ્ઞાની હૈ, વે અપની આત્મા કો રાગાદિક નહિ કરકે કારક નહીં હોતે ઔર જો જ્ઞાની નહીં હૈ વો કારક હોતે હૈ. ઈસકા તો તાત્પર્ય યહી હૈ.''

''**** વિભાવ શક્તિ હી એક ઐસી ચીજ હૈ કિ જિસકે - જિસકે દ્વારા આત્મામેં પરિણમન હોતા હૈ, પર પદાર્થ કા સમ્બન્ધ રહતા હૈ. પદાર્થ પદાર્થ કા સમ્બન્ધ આજ કા નહિ હૈ, અનાદિ કાલ કા હૈ. અનાદિ કાલ કા સમ્બન્ધ હોને સે આત્મા કા વો રાગાદિ રૂપ, દ્વેષાદિક રૂપ, ક્રોધ રૂપ, માન રૂપ, માયા લોભાદિક રૂપ, જિતના ભી પરિણમન હૈ આત્મા કા સ્વભાવ નહીં હૈ - વિભાવ શક્તિ કા હૈ, વિભાવ શક્તિ આત્મા હૈ અન્દર હૈ સો ઐસો પરિણમન જાય, પર કા નિમિત્ત મિલે તો ઉસ રૂપ પરિણમન જાય. ઈસ વાસ્તે હમ સબકો ઉચિત હૈ કિ નિમિત્ત કારણોં કો જો હૈ ઉતનો હી આદર દેવેં જિતની કિ આદર દેને કી જરૂરત હૈ, ઉપાદાન કારણ પર ઉતનો હી આદર દેવેં જિતની કી જરૂરત હૈ. **ઉસકો અધિક માનો યા ઈસકો અધિક માનો યહ તત્ત્વ નહીં હૈ, દોનોં અપને અપને મેં સ્વતંત્ર હૈ. ઉપાદાન ભી સ્વતન્ત્ર હૈ, વો કહે કિ મૈં નિમિત્ત બિના પરિણમન જાઉં તો કોઈ તાકત નહીં. કેવલ ઉપાદાન કી તાકત નહીં હૈ કિ નિમિત્ત ન મિલે ઔર વહ પરિણમન જાય. સો પરિણમેગા વો હી પર નિમિત્ત કો પાકર કે.** જૈસે કુમ્ભકાર ઘટ કો બનાતા હૈ, સબ કોઈ જાનતા હૈ કિ કુમ્ભકાર ઘટકો બનાતા હૈ. અગર કુમ્ભકાર નહીં હોય તો ઘટ પરિણામ કે સમ્મુખ ભી હૈ ઔર ઘટ પરિણામ કી પ્રાપ્તિ કે ઉન્મુખ ભી હૈ. પરન્તુ કુમ્ભકાર મન્તરેણ વિના નહીં પરિણમન સકતા. કુમ્ભકારાદિ નિમિત્ત હો ઔર બાલૂ કા પુંજ લગા હો તો ઘટકા પરિણમન હો જાય સો નહીં હૈ, ઈસ વાસ્તે ઉપાદાન ઔર નિમિત્ત દોનોં અપને અપને મેં બરાબર કી ચીજ હૈ. કોઈ ન્યૂનાધિક ઉસમેં માને સો નહીં હૈ. ઈ.''

**- શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજીનું પ્રવચન (ટેપ રેકોર્ડિંગ)**

નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો **સમયસાર કળશ** (૧૪) પ્રકાશે છે -

अनुष्टुप्

**इति वस्तुस्वभावं स्वं, ज्ञानी जानाति तेन सः ।**
**रागादीन्नात्मनः कुर्वन्नातो भवति कारकः ॥१७६॥**

એમ વસ્તુ સ્વભાવ સ્વ, જાણે છે જ્ઞાની તેથી તે;
સ્વના કરે ન રાગાદિ, નો'ય કારક એથી તે. ૧૭૬

## અમૃત ૫૬-૧૭૬

'સેવક કિમ અવગણીએ ? હો મલ્લિજિન !' - એ રાગ

વસ્તુ સ્વભાવ સ્વ જાણે જ જ્ઞાની, વસ્તુ સ્વભાવ સ્વ જાણે,
સહજાત્મસ્વરૂપે શુદ્ધ જ આત્મા, એહ તત્ત્વ ચિત્ત આણે... રે જ્ઞાની વસ્તુ સ્વભાવ સ્વ જાણે. ૧
સ્ફટિક જેમ કેવલ આ આત્મા, સ્વયં તો શુદ્ધ સ્વભાવ,
પર નિમિત્તથી પ્રચ્યવતો તે, પામે રાગાદિ વિભાવ... રે જ્ઞાની વસ્તુ સ્વભાવ સ્વ જાણે. ૨
એમ સહજાત્મસ્વરૂપે આત્માનો, જાણતો શુદ્ધ સ્વભાવ,
શુદ્ધ સ્વભાવથી પ્રચ્યવતો ના, જ્ઞાની શુદ્ધ સ્વભાવ... રે જ્ઞાની વસ્તુ સ્વભાવ સ્વ જાણે. ૩
એથી કરી રાગાદિ વિભાવો, ન તે આત્માના કરતો,
એથી કરી ન કારક કર્મોનો, નિશ્ચય તે અહિં ઠરતો... રે જ્ઞાની વસ્તુ સ્વભાવ. ૪
વસ્તુ સ્વભાવ સ્વ જાણે જ જ્ઞાની, વસ્તુ સ્વભાવ સ્વ જાણે,
ભગવાન અમૃત આ આત્માનું, સહજ સ્વરૂપ જ માણે... રે જ્ઞાની વસ્તુ સ્વભાવ. ૫

**અર્થ** - એમ સ્વ વસ્તુ સ્વભાવ જ્ઞાની જાણે છે, તેથી તે રાગાદિને આત્માના નહિ કરતો આથી કરીને કારક નથી હોતો. ૧૭૬

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જીવ વિભાવ પરિણામમાં વર્ત્તે તે વખતે કર્મ બાંધે અને સ્વભાવ પરિણામમાં વર્ત્તે તે વખતે કર્મ બાંધે નહિ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, ઉપદેશ છાયા**

જ્ઞાની રાગાદિને આત્માના કરતો નથી એવા નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો આ કળશ **કહ્યો છે** - इति वस्तुस्वभावं स्वं ज्ञानी जानाति तेन सः - એવા પ્રકારે સ્વ - પોતાના વસ્તુ સ્વભાવને જ્ઞાની જાણે છે, તેથી તે રાગાદિને આત્માના નહિ કરતો આથી કરીને 'કારક' - તે રાગાદિનો કરનારો - કર્ત્તા નથી હોતો - रागादीन्नात्मनः कुर्वन्नातो भवति कारकः ।

**ण य रायदोसमोहं कुव्वदि णाणी कसायभावं वा ।**
**सयमप्पणो ण सो तेण कारगो तेसिं भावाणं ॥२८०॥**

જ્ઞાની સ્વયં આત્માના ના કરે રે, રાગ - દ્વેષ - મોહ કષાય;
તેથી તે રાગ ભાવનો રે, કારક તેહ ન થાય... અજ્ઞાની બાંધે છે. ૨૮૦

**અર્થ** - જ્ઞાની રાગ-દ્વેષ-મોહને વા કષાય ભાવને સ્વયં આત્માના નથી કરતો, તેથી કરીને તે ભાવોનો તે કારક નથી. ૨૮૦

## आत्मख्याति टीका

**नापि रागद्वेषमोहं करोति ज्ञानी कषायभावं वा ।**
**स्वयमात्मनो न स तेन कारकस्तेषां भावानां ॥२८०॥**

यथोक्तं वस्तुस्वभावं जानन् **ज्ञानी** शुद्धस्वभावादेव न प्रच्यवते, ततो **रागद्वेषमोहादिभावैः स्वयं** न परिणमते न परेणापि परिणम्यते, **ततष्टं**कोत्कीर्णैकज्ञायकस्वभावो ज्ञानी रागद्वेषमोहादिभावानामकर्तैवेति नियमः ॥२८०॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

યથોક્ત વસ્તુ સ્વભાવને જાણતો **જ્ઞાની** શુદ્ધ સ્વભાવથી જ નથી પ્રચ્યવતો, તેથી **રાગ-દ્વેષ-મોહાદિ ભાવોથી સ્વયં** નથી પરિણમતો, નથી પરથી પણ પરિણમાવાતો, તેથી ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવ જ્ઞાની રાગ-દ્વેષ-મોહાદિ ભાવોનો અકર્ત્તા જ છે, એવો નિયમ છે. ૨૮૦

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"સંક્ષેપમાં જ્ઞાનીનું એમ કહેવું છે કે પુદ્‌ગલથી ચૈતન્યનો વિયોગ કરાવવો છે, એટલે કે રાગ દ્વેષથી આકર્ષણ મટાડવું છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૬૪, પૃ. ૭૫૭**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે જ્ઞાની રાગાદિનો 'કારક' - કરનારો કર્ત્તા હોતો નથી એમ અત્ર પ્રતિપાદન કર્યું છે - જ્ઞાની રાગ - દ્વેષ - મોહને વા કષાય ભાવને 'સ્વયં' - પોતે - આપોઆપ આત્માના નથી કરતો, તેથી તે તે ભાવોનો કારક - કરનારો કર્ત્તા નથી, આનું સ્પષ્ટ તત્ત્વમીમાંસન કરતાં આત્મખ્યાતિ કર્ત્તા વદે છે - 'યથોક્ત' - જેવો કહેવામાં આવ્યો તે વસ્તુ સ્વભાવને જાણતો જ્ઞાની

---

**आत्मभावना** -

ज्ञानी - જ્ઞાની रागद्वेषमोहं कषायभावं वा - રાગ-દ્વેષ-મોહને વા કષાય ભાવને स्वयं - સ્વયં, પોતે आत्मनो नापि करोति - આત્માના નથી જ કરતો, तेन - તેથી કરીને सः - તે - જ્ઞાની तेषां भावानां - તે રાગાદિ ભાવોનો ન कारकः - કારક - કરનારો નથી. ॥ इति **गाथा** आत्मभावना ॥२८०॥

यथोक्तवस्तुस्वभावं जानन् ज्ञानी - **યથોક્ત વસ્તુ સ્વભાવને જાણતો જ્ઞાની** शुद्धस्वभावादेव न प्रच्यवते - **શુદ્ધ સ્વભાવથી જ નથી પ્રચ્યવતો** - **ભ્રષ્ટ થતો,** ततो - તેથી કરીને रागद्वेषमोहादिभावैः - રાગ-દ્વેષ-મોહાદિ ભાવે स्वयं न परिणमते - સ્વયં - પોતે આપોઆપ નથી **પરિણમતો,** न परेणापि परिणम्यते - **નથી પરથી પણ પરિણમાવાતો,** ततः - તેથી टंकोत्कीर्णैकज्ञायकस्वभावो ज्ञानी - **ટંકોત્કીર્ણ એક જ્ઞાયક સ્વભાવ જ્ઞાની** रागद्वेषमोहादिभावानामकर्तैव - રાગ - દ્વેષ - મોહાદિ ભાવોનો અકર્ત્તા જ છે, इति नियमः - **એવો નિયમ છે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२८०॥

શુદ્ધ સ્વભાવથી જ નથી પ્રચ્યવતો - 'शुद्धस्वभावादेव न प्रच्यवते', શુદ્ધ સ્વભાવથી જ નથી ભ્રષ્ટ થતો, તેથી કરીને રાગ-દ્વેષ-મોહાદિ ભાવે તે 'સ્વયં' - પોતે - આપોઆપ નથી પરિણમતો, તેમજ 'પરથી પણ' - બીજાથી પણ નથી પરિણમાવાતો - न परेणापि परिणम्यते । તેથી કરીને 'ટંકોત્કીર્ણ' - ટાંકણાથી શિલામાં ઉત્કીર્ણ અક્ષર જેવો અક્ષર એક જ્ઞાયક - સ્વભાવ જ્ઞાની રાગ-દ્વેષ-મોહાદિ ભાવોનો અકર્તા જ છે એવો નિયમ છે, અર્થાત્ ખરેખરો જ્ઞાની હોય તે રાગાદિ કરે જ નહિ, કષાય ભાવ કરે જ નહિ, ને કરે તે જ્ઞાની હોય જ નહિ આ ત્રણે કાળમાં ન ચળે એવો અખંડ નિશ્ચય છે.






નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો **સમયસાર કળશ (૧૫)** કહે છે -

अनुष्टुप्

**इति वस्तुस्वभावं स्वं, नाज्ञानी वेत्ति तेन सः ।**
**रागादीनात्मनः कुर्यादतो भवति कारकः ॥१७७॥**

(એમ) વસ્તુ સ્વભાવ અજ્ઞાની, જાણતો નથી તેથી તે;
કરે રાગાદિ આત્માના, હોય કારક એથી તે. ૧૭૭

## અમૃત પદ-૧૭૭

'સેવક કિમ અવગણીએ હો મલ્લિજિન !' - એ રાગ

વસ્તુ સ્વભાવ ન જાણે અજ્ઞાની, વસ્તુ સ્વભાવ ન જાણે,
સહજાત્મસ્વરૂપે શુદ્ધ જ આત્મા, તત્ત્વ એ ચિત્ત આણે... અજ્ઞાની. ૧
સ્ફટિક જેમ કેવલ આ આત્મા, સ્વયં તો શુદ્ધ સ્વભાવ,
પર નિમિત્તથી પ્રચ્યવતો તે, પામે રાગાદિ વિભાવ... અજ્ઞાની. ૨
એમ સહજાત્મસ્વરૂપે આત્માનો, જાણી ન શુદ્ધ સ્વભાવ,
શુદ્ધ સ્વભાવથી પ્રચ્યવતો આ, અજ્ઞાની અશુદ્ધ સ્વભાવ... અજ્ઞાની. ૩
તેથી કરી રાગાદિ વિભાવો, તે આત્માના કરતો,
એથી કરી કારક કર્મોનો, નિશ્ચય તે અહિં ઠરતો... અજ્ઞાની. ૪
વસ્તુ સ્વભાવ ન જાણે અજ્ઞાની, વસ્તુ સ્વભાવ ન જાણે,
ભગવાન અમૃત આ આત્માનું, સહજ સ્વરૂપ ન માણે... અજ્ઞાની. ૫

**અર્થ** - એવા પ્રકારે સ્વ વસ્તુસ્વભાવને અજ્ઞાની નથી જાણતો, તેથી તે રાગાદિને આત્માના કરે, એથી કરીને તે 'કારક' - કરનારો હોય છે. ૧૭૭

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્માના સ્વભાવને જે આવરણ તેને જ્ઞાનીઓ 'કર્મ' કહે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩**

વસ્તુ સ્વભાવને નહિ જાણતો અજ્ઞાની રાગાદિનો કારક હોય છે એવી નીચેની ગાથાના ભાવનું આ ઉત્થાનિકા કળશ સૂચન કરે છે - इति वस्तुस्वभावं स्वं नाज्ञानी वेत्ति तेन सः - એવા પ્રકારે 'સ્વ' - પોતાના વસ્તુ સ્વભાવને અજ્ઞાની નથી જાણતો, તેથી તે રાગાદિને આત્માના કરે, એથી કરીને તે 'કારક' - કરનારો કર્તા હોય છે, रागादीनात्मनः कुर्यादतो भवति कारकः ।

**रायह्मि य दोसह्मि य कसायकम्मेसु चेव जे भावा ।**
**तेहिं दु परिणमंतो रायाई बंधदि पुणोवि ॥२८१॥**

રાગમાં દ્વેષમાં તેમ કષાયમાં રે, કર્મોમાં જે ભાવ;
તેઓથી પરિણમંતો તે ફરી રે, બાંધે રાગાદિ ભાવ... અજ્ઞાની. ૨૮૧

**અર્થ** - રાગમાં, દ્વેષમાં અને કષાય - કર્મોમાં જે ભાવો છે, તેઓથી પરિણમંતો પુનઃ પણ રાગાદિ બાંધે છે. ૨૮૧

## आत्मख्याति टीका

**रागे च द्वेषे च कषायकर्मसु चैव ये भावाः ।**
**तैस्तु परिणममानो रागादीन् बध्नाति पुनरपि ॥२८१॥**

यथोक्तं वस्तुस्वभावमजानंस्त्वज्ञानी शुद्धस्वभावादासंसारं प्रच्युत एव । ततः कर्मविपाकप्रभवै रागद्वेषमोहदिभावैः परिणाममानोऽज्ञानी रागद्वेषमोहादिभावानां कर्ता भवन् बध्यत एवेति प्रतिनियमः ॥२८१॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

**પણ યથોક્ત વસ્તુસ્વભાવને અજાણતો અજ્ઞાની શુદ્ધ સ્વભાવથી આસંસાર પ્રચ્યુત જ છે, તેથી કર્મવિપાક પ્રભવ રાગ-દ્વેષ-મોહાદિ ભાવે પરિણમંતો અજ્ઞાની રાગ-દ્વેષ-મોહાદિ ભાવોનો કર્તા થતો બંધાય જ છે - એવો પ્રતિનિયમ છે. ॥૨૮૧॥**

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''તીર્થંકર દેવે રાગ કરવાની ના કહી છે. અર્થાત્ રાગ હોય ત્યાં સુધી મોક્ષ નથી.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૪૬**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે અજ્ઞાની રાગાદિ ભાવોનો કારક હોય છે એમ અત્ર પ્રતિપાદન કર્યું છે - રાગમાં - દ્વેષમાં અને કષાય - કર્મોમાં જે ભાવો છે તેઓથી પરિણમમાન - પરિણમી રહેલો પુનઃ પણ - ફરી પણ રાગાદિ બાંધે છે. આ ગાથાનો ભાવ સમજાવતાં આત્મખ્યાતિકાર વદે છે - પણ યથોક્ત - જેવો કહ્યો તેવા વસ્તુ સ્વભાવને નહિ જાણતો અજ્ઞાની તો શુદ્ધ સ્વભાવથી 'આસંસાર' - આસંસારથી માંડીને પ્રચ્યુત જ છે - પ્રભ્રષ્ટ જ છે - शुद्धस्वभावादासंसारं प्रच्युत एव । તેથી 'કર્મ વિપાક પ્રભવ' - કર્મ વિપાકથી પ્રભવ - જન્મ છે જેનો એવા રાગ-દ્વેષ-મોહાદિ ભાવોનો કર્તા હોતો તે બંધાય જ છે, એમ 'પ્રતિનિયમ' છે, ઉપરની ગાથામાં જે જ્ઞાની પરત્વે નિયમ કહ્યો તેની સામેનો ઉલટો સામો નિયમ છે.




---

**आत्मभावना -**

रागे च द्वेषे च कषायकर्मसु चैव ये भावाः - રાગમાં અને દ્વેષમાં અને કષાય - કર્મોમાં જે ભાવો છે, तैस्तु परिणममानो - તેઓથી તો પરિણમમાન - પરિણમી રહેલો रागादीन् पुनरपि बध्नाति - રાગાદિ પુનરપિ - ફરી બાંધે છે. ॥ ~~इति गाथा~~ आत्मभावना ॥२८१॥

यथोक्तं वस्तुस्वभावमजानंस्त्वज्ञानी - પણ યથોક્ત વસ્તુ સ્વભાવને ન જાણતો અજ્ઞાની તો शुद्धस्वभावादासंसारं प्रच्युत एव - શુદ્ધ સ્વભાવથી આસંસાર - આસંસારથી માંડીને પ્રચ્યુત જ - પ્રભ્રષ્ટ જ છે, ततः - તેથી कर्म विपाकप्रभवै रागद्वेषमोहादिभावैः परिणममानोऽज्ञानी - કર્મ વિપાક પ્રભવ - કર્મ વિપાકથી પ્રભવ - જન્મ છે જેનો એવા રાગ - દ્વેષ - મોહાદિ ભાવોથી પરિણમતો અજ્ઞાની, रागद्वेषमोहादिभावानां कर्त्ता भवन् - રાગ - દ્વેષ - મોહાદિ ભાવોનો કર્તા થતો बध्यते एव - બંધાય જ છે, इति प्रतिनियमः - એવો પ્રતિનિયમ - જે ઉપર કહ્યો તેનાથી સામો નિયમ છે. ॥२८१॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२८१॥

તેથી આ સ્થિત છે -

**रायह्मि य दोसह्मि य कसायकम्मेसु चेव जे भावा ।**
**तेहिं दु परिणमंतो रायाई बंधदे चेदा ॥२८२॥**

રાગમાં દ્વેષમાં તેમ કષાયમાં રે, કર્મોમાં જે ભાવ;
તેઓથી પરિણમંતો ચેતનો રે, બાંધે રાગાદિ ભાવ... અજ્ઞાની બાંધે છે. ૨૮૨

**અર્થ** - રાગમાં, દ્વેષમાં અને કષાય - કર્મોમાં જે ભાવો છે, તેઓથી પરિણમંતો ચેતયિતા રાગાદિ બાંધે છે. ૨૮૨

## आत्मख्याति टीका

ततः स्थितमेतत् -

**रागे च द्वेषे च कषायकर्मसु चैव ये भावाः ।**
**तैस्तु परिणममानो रागादीन् बध्नाति चेतयिता ॥२८२॥**

य इमे किलाज्ञानिनः पुद्गलकर्मनिमित्ता रागद्वेषमोहादिपरिणामास्त एव भूयो रागद्वेषमोहादि परिणामनिमित्तस्य पुद्गलकर्मणो बंधहेतुरिति ॥२८२॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

જે આ સ્ફુટપણે અજ્ઞાનીના પુદ્ગલ કર્મ નિમિત્ત રાગ-દ્વેષ-મોહાદિ પરિણામો, તેઓ જ પુનઃ રાગ-દ્વેષ-મોહાદિ પરિણામનિમિત્ત એવા પુદ્ગલ કર્મનો બંધ હેતુ છે. ૨૮૨

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

**"જે છૂટવા માટે જીવે છે તે બંધનમાં આવતો નથી, આ વાક્ય નિઃશંક અનુભવનું છે."**

**"દીનબંધુની દૃષ્ટિ એવી છે કે છૂટવાના કામીને બાંધવો નહીં, ને બંધાવાના કામીને છોડવો નહીં."**
**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૭૬**

ઉપરમાં જે કહ્યું તે પરથી સ્થિત સિદ્ધાંતનું અત્ર નિગમન કર્યું છે - જે આ ખરેખર ! અજ્ઞાનીના 'પુદ્ગલ કર્મ નિમિત્તો' - पुद्गलकर्मनिमित्ताः - પુદ્ગલ કર્મ નિમિત્તો છે. એવા રાગ-દ્વેષ-મોહાદિ પરિણામો છે, તેઓ જ પુનઃ 'રાગ-દ્વેષ-મોહાદિ પરિણામ નિમિત્ત' - 'रागद्वेषमोहादिपरिणामनिमित्तस्य' - એટલે કે રાગ-દ્વેષ-મોહાદિ પરિણામનું જ નિમિત્ત છે - એવા પુદ્ગલ કર્મનો બંધહેતુ છે. અર્થાત્ અજ્ઞાનીને પુદ્ગલકર્મના નિમિત્તો રાગ-દ્વેષ-મોહાદિ પરિણામો હોય છે, તે જ રાગ-દ્વેષ-મોહાદિ પરિણામો પાછા રાગ-દ્વેષ-મોહાદિ જેનું નિમિત્ત છે એવા પુદ્ગલકર્મનું બંધ કારણ થાય છે. આમ


---

**आत्मभावना -**

ततः स्थितमेतत् - તેથી આ સ્થિત છે - रागे च द्वेषे च कषायकर्मसु चैव ये भावाः - **રાગમાં અને દ્વેષમાં અને કષાય - કર્મોમાં જે ભાવો છે,** तैस्तु परिणममानो - **તેઓથી તો પરિણમમાન - પરિણમતો** चेतयिता - **ચેતયિતા, ચેતન આત્મા** रागादीन् बध्नाति - **રાગાદિ બાંધે છે.** ॥२८२॥ इति **गाथा** आत्मभावना ॥२८२॥

य इमे - **જે આ** किल - **ખરેખર !** अज्ञानिनः - **અજ્ઞાનીના** पुद्गलकर्मनिमित्ता रागद्वेषमोहादिपरिणामाः - **પુદ્ગલ કર્મ જેનું નિમિત્ત છે એવા રાગ - દ્વેષ - મોહ આદિ પરિણામો,** त एव - **તેઓ જ** भूयः - **પુનઃ, ફરીને** रागद्वेषमोहादिपरिणामनिमित्तस्य - **રાગ - દ્વેષ - મોહાદિ પરિણામ જેનું નિમિત્ત છે એવા** पुद्गलकर्मणो बंधहेतुरिति - **પુદ્ગલકર્મનો બંધહેતુ છે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२८२॥

પુદ્‌ગલકર્મ નિમિત્તે રાગાદિ ને રાગાદિ નિમિત્તે પુનઃ પુદ્‌ગલ કર્મબંધ એમ વિષ ચક્ર (Vicious circle) ચાલ્યા કરે છે, બીજા શબ્દોમાં કહીએ તો દ્રવ્યકર્મથી ભાવકર્મ ને ભાવકર્મથી દ્રવ્યકર્મ એમ દુષ્ટ કર્મનું ચકરડું અરઘટ્ટ ઘટ્ટીયંત્રન્યાયે ચાલ્યા કરે છે.



આત્મા રાગાદિનો અકારક કેવી રીતે ? તો કે -

**अपडिक्कमणं दुविहं अपच्चखाणं तहेव विण्णेयं ।**

**एएणुवएसेण य अकारओ वण्णिओ चेया ॥२८३॥**

**अपडिक्कमणं दुविहं दव्वे भावे तहा अपच्चक्खाणं ।**

**एएणुवएसेण य अकारओ वण्णिओ चेया ॥२८४॥**

**जावं अपडिक्कमणं अपच्चक्खाणं च दव्वभावाणं ।**

**कुव्वइ आदा तावं कत्ता सो होइ णायव्वो ॥२८५॥**

અપ્રતિક્રમણ દ્વિવિધ જાણવું રે, તેમજ અપ્રત્યાખ્યાન;

આ ઉપદેશથી ચેતયિતા ખરે ! રે, વર્ણવ્યો અકારક જાણ !... અજ્ઞાની બાંધે. ૨૮૩

અપ્રતિક્રમણ દ્વિવિધ દ્રવ્ય-ભાવમાં રે, તેમજ અપ્રત્યાખ્યાન;

આ ઉપદેશથી ચેતયિતા ખરે ! રે, વર્ણવ્યો અકારક જાણ !... અજ્ઞાની બાંધે છે. ૨૮૪

અપ્રતિક્રમણ જ્યાં લગી દ્રવ્ય-ભાવનું રે, તેમજ અપ્રત્યાખ્યાન;

આત્મા કરે છે ત્યાં લગી જાણવો રે, કર્તા તે જાણ !... અજ્ઞાની બાંધે છે. ૨૮૫

**અર્થ** - અપ્રતિક્રમણ બે પ્રકારનું છે, અપ્રત્યાખ્યાન તેમજ (બે પ્રકારનું) જાણવું - આ ઉપદેશથી ચેતયિતા (ચેતન આત્મા) અકારક વર્ણવવામાં આવ્યો છે. ૨૮૩

અપ્રતિક્રમણ બે પ્રકારનું - દ્રવ્ય પરત્વે, ભાવ પરત્વે, તેમ અપ્રત્યાખ્યાન છે, આ ઉપદેશથી ચેતયિતા (ચેતન આત્મા) અકારક વર્ણવવામાં આવ્યો છે. ૨૮૪

જ્યાં લગી દ્રવ્ય-ભાવનું અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન આત્મા કરે છે, ત્યાં લગી તે કર્તા જ્ઞાતવ્ય હોય છે (જાણવો). ૨૮૫

---

**आत्मभावना -**

कथमात्मा रागादीनामकारकः - આત્મા રાગાદિનો અકારક કેમ ? અને अप्रतिक्रमणं द्विविधमप्रत्याख्यानं तथैव विज्ञेयं - **અપ્રતિક્રમણ દ્વિવિધ** - બે પ્રકારનું (અને) અપ્રત્યાખ્યાન તેમજ - બે પ્રકારનું **જાણવું** - एतेनोपदेशेन च - આ ઉપદેશથી चेतयिता अकारकः वर्णितः - ચેતયિતા - ચેતન આત્મા અકારક - અકર્તા **વર્ણવવામાં** આવેલો છે. ॥૨૮૩॥ અને अप्रतिक्रमणं द्विविधं द्रव्ये भावे - અને દ્રવ્ય પરત્વે - ભાવ પરત્વે એમ **અપ્રતિક્રમણ દ્વિવિધ** - બે પ્રકારનું, तथा अप्रत्याख्यानं - અપ્રત્યાખ્યાન તથા પ્રકારનું - દ્વિવિધ एतेनोपदेशेन च - આ ઉપદેશથી चेतयिता अकारको वर्णितः - ચેતયિતા - ચેતન આત્મા અકારક - અકર્તા વર્ણવવામાં આવેલો છે. ॥૨૮૪॥ आत्मा यावत् द्रव्यभावयोः अप्रतिक्रमणं अप्रत्याख्यानं च करोति - આત્મા જ્યાં લગી દ્રવ્ય - ભાવનું - એ બેનું **અપ્રતિક્રમણ** અને અપ્રત્યાખ્યાન કરે છે, तावत् - ત્યાં લગી स कर्ता ज्ञातव्यः भवति - તે **કર્તા જ્ઞાતવ્ય** - જાણવો યોગ્ય હોય છે. ॥૨૮૫॥ इति **गाथा** आत्मभावना ॥૨૮૩-૨૮૫॥

आत्मा - આત્મા आत्मना - આત્માથી - પોતાથી - स्वयं रागादीनामकारक एव - **રાગાદિનો અકારક જ** - **અકર્તા જ** છે, શાને લીધે ? अप्रतिक्रमणाप्रत्याख्यानयोर्द्वैविध्योपदेशान्यथानुपपत्तेः - અપ્રતિક્રમણ - અપ્રત્યાખ્યાન દ્વૈવિધ્યના - બે પ્રકારપણાના ઉપદેશની અન્યથા અનુપપત્તિને લીધે - બીજા પ્રકારે અઘટમાનતાને લીધે. यः खलु - જે ખરેખર ! નિશ્ચયે કરીને अप्रतिक्रमणाप्रत्याख्यानयो र्द्रव्यभावभेदेन - અપ્રતિક્રમણ - અપ્રત્યાખ્યાન એ બેનો દ્રવ્ય - ભાવ ભેદથી द्विविधोपदेशः - દ્વિવિધ - બે પ્રકારનો ઉપદેશ છે, सः - તે द्रव्यभावयोर्निमित्तनैमित्तिकभावं प्रथयन् - દ્રવ્ય - ભાવનો નિમિત્ત - નૈમિત્તિક - ભાવ પ્રથિત કરતો - પ્રકાશતો - જાહેર કરતો, अकर्तृत्वमात्मनो ज्ञापयति - આત્માનું **અકર્તૃત્વ** - અકર્તાપણું જ્ઞાપન કરે છે - જણાવે છે. तत एतत् स्थितं - તેથી આ સ્થિત છે કે - परद्रव्यं निमित्तं - પરદ્રવ્ય નિમિત્ત છે, नैमित्तिका आत्मनो रागादिभावाः - નૈમિત્તિક - નિમિત્ત થકી ઉપજતા - નિમિત્તજન્ય રાગાદિભાવો છે. यद्येवं नेष्येत - જો એમ ન ઈચ્છવામાં - માનવામાં આવે, तदा - તો द्रव्याप्रतिक्रमणाप्रत्याख्यानयोः कर्तृत्व-

## आत्मख्याति टीका

कथमात्मा रागादीनामकारकः ? इति चेत् -

**अप्रतिक्रमणं द्विविधमप्रत्याख्यानं तथैव विज्ञेयं ।**
**एतेनोपदेशेन त्वाकारको वर्णितश्चेतयिता ॥२८३॥**
**अप्रतिक्रमणं द्विविधं द्रव्ये भावे तथाऽप्रत्याख्यानं ।**
**एतेनोपदेशेन चाकारको वर्णितश्चेतयिता ॥२८४॥**
**यावदप्रतिक्रमणमप्रत्याख्यानं च द्रव्यभावयोः ।**
**करोत्यात्मा तावत्कर्ता स भवति ज्ञातव्यः ॥२८५॥**

आत्मात्मना रागादीनामकारक एव, अप्रतिक्रमणप्रत्याख्यानयोर्द्वैविध्योपदेशान्यथानुपपत्तेः । यः खलु **अप्रतिक्रमणाप्रत्याख्यानयो**र्द्रव्यभावभेदेन **द्विविधोपदेशः** तत एतत् स्थितं, परद्रव्यं निमित्तं, नैमित्तिका आत्मनो रागादिभावाः । यद्येवं नेष्येत तदा द्रव्याप्रतिक्रमणाप्रत्याख्यानयोः कर्तृत्व-निमित्तत्वोपदेशोऽनर्थक एव स्यात् ।

तदनर्थकत्वे त्वेकस्यैवात्मनो रागादिभावनिमित्तत्वापत्तौ
नित्यकर्तृत्वानुषंगान्मोक्षाभावः प्रसजेच्च ।
ततः परद्रव्यमेवात्मनो रागादिभावनिमित्तमस्तु ।
तथा सति तु रागादीनामकारक एवात्मा । तथापि -

यावन्निमित्तभूतं द्रव्यं न प्रतिक्रामति न प्रत्याचष्टे च
तावन्नैमित्तिकभूतं भावं न प्रतिक्रामति न प्रत्याचष्टे च
यावत्तु भावं न प्रतिक्रामति न प्रत्याचष्टे
तावत्तत् कर्तैव स्यात् ।

यदैव निमित्तभूतं द्रव्यं प्रतिक्रामति प्रत्याचष्टे च
तदैव नैमित्तिकभूतं भावं प्रतिक्रामति प्रत्याचष्टे च
यदा तु भावं प्रतिक्रामति प्रत्याचष्टे च
तदा साक्षादकर्तैव स्यात् ॥२८३॥२८४॥२८५॥

---

निमित्तत्वोपदेशोऽनर्थक एव स्यात् - દ્રવ્ય અપ્રતિક્રમણ - અપ્રત્યાખ્યાનના કર્તૃત્વ નિમિત્તત્વનો - કર્તાપણાના નિમિત્તપણાનો ઉપદેશ અનર્થક જ - અર્થ વગરનો જ - નકામો જ - નિષ્પ્રયોજન જ હોય, तदनर्थकत्वेतु - અને તેના અનર્થકપણામાં તો एकस्यैवात्मनो रागादिभावनिमित्तत्वापत्तौ - એક જ આત્માને રાગાદિ ભાવના નિમિત્તપણાની આપત્તિ - પ્રસંગ પ્રાપ્તિ સતે, नित्यकर्तृत्वानुषंगात् - નિત્ય કર્તૃત્વના - સદા કર્તાપણાના અનુષંગને - પ્રસંગને લીધે मोक्षाभावः प्रसजेच्च - મોક્ષ અભાવનો પ્રસંગ આવે - ततः - તેથી परद्रव्यमेव - પરદ્રવ્ય જ आत्मनो रागादि भावनिमित्तमस्तु - આત્માના રાગાદિ ભાવનું નિમિત્ત ભલે હો ! तथा सति तु - અને એમ સતે તો रागादीनामकारक एवात्मा - આત્મા રાગાદિનો અકારક જ - અકર્ત્તા જ છે. तथापि - તથાપિ - તો પણ

यावत् - જ્યાં લગી निमित्तभूतं द्रव्यं न प्रतिक्रामति न प्रत्याचष्टे च - નિમિત્તભૂતને દ્રવ્યને નથી પ્રતિક્રામતો અને નથી પ્રત્યાખ્યાન કરતો, तावत् - ત્યાં લગી नैमित्तिकभूतं भावं न प्रतिक्रामति न प्रत्याचष्टे च - નૈમિત્તિકભૂત ભાવને નથી પ્રતિક્રામતો અને નથી પ્રત્યાખ્યાન કરતો, यावत्तु - અને જ્યાં લગી भावं न प्रतिक्रामति न प्रत्याचष्टे - ભાવને નથી પ્રતિક્રામતો - નથી પ્રત્યાખ્યાન કરતો, तावत् - ત્યાં લગી तत्कर्तैव स्यात् - તેનો - તે ભાવનો કર્તા જ હોય. यदैव - જ્યારે જ द्रव्यं निमित्तभूतं प्रतिक्रामति प्रत्याचष्टे च - નિમિત્તભૂત દ્રવ્યને પ્રતિક્રામે છે અને પ્રત્યાખ્યાન કરે છે, तदैव - ત્યારે જ नैमित्तिकभूतं भावं प्रतिक्रामति प्रत्याचष्टे च - નૈમિત્તિકભૂત ભાવને પ્રતિક્રામે છે અને પ્રત્યાખ્યાન કરે છે, यदा तु - અને જ્યારે भावं प्रतिक्रामति प्रत्याचष्टे च - ભાવને પ્રતિક્રામે છે અને પ્રત્યાખ્યાન કરે છે, तदा - ત્યારે साक्षात् अकर्तैव स्यात् - સાક્ષાત્ - પ્રત્યક્ષ - પ્રગટ અકર્ત્તા જ હોય. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२८३॥२८४॥२८५॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

આત્મા આત્માથી રાગાદિનો અકારક જ છે -

અપ્રતિક્રમણ - અપ્રત્યાખ્યાન એ બેના દ્વૈવિધ્યના ઉપદેશથી અન્યથા અનુપપત્તિને લીધે. જે ખરેખર ! અપ્રતિક્રમણ - અપ્રત્યાખ્યાન એ બેનો દ્રવ્ય - ભાવભેદથી દ્વિવિધ ઉપદેશ છે, તે દ્રવ્ય - ભાવનો નિમિત્ત - નૈમિત્તિક ભાવ પ્રથિત કરતો આત્માનું અકર્તૃત્વ જ્ઞાપન કરે છે.

તેથી આ સ્થિત છે - પરદ્રવ્ય નિમિત્ત છે, નૈમિત્તિક આત્માના રાગાદિ ભાવો છે. જો એમ ન માનવામાં આવે તો દ્રવ્ય અપ્રતિક્રમણ - અપ્રત્યાખ્યાનના કર્તૃત્વ - નિમિત્તત્વનો ઉપદેશ અનર્થક જ થાય અને તેના અનર્થકપણામાં તો એક જ આત્માને રાગાદિ ભાવના નિમિત્તપણાની આપત્તિ સતે નિત્ય કર્તૃત્વના અનુષંગથી મોક્ષ અભાવનો પ્રસંગ આવે, તેથી પરદ્રવ્ય જ આત્માના રાગાદિ ભાવનું નિમિત્ત ભલે હો ! અને તેમ સતે તો આત્મા રાગાદિનો અકારક જ છે. તથાપિ -

| | |
|---|---|
| જ્યાં લગી નિમિત્તભૂત દ્રવ્યને | જ્યારે જ નિમિત્તભૂત દ્રવ્યને |
| નથી પ્રતિક્રામતો અને નથી પ્રત્યાખ્યાન કરતો, | પ્રતિક્રામે છે અને પ્રત્યાખ્યાન કરે છે, |
| ત્યાં લગી નૈમિત્તિકભૂત ભાવને | ત્યારે જ નૈમિત્તિકભૂત ભાવને |
| નથી પ્રતિક્રામતો અને નથી પ્રત્યાખ્યાન કરતો | પ્રતિક્રામે છે અને પ્રત્યાખ્યાન કરે છે |
| અને જ્યાં લગી ભાવને | અને જ્યારે ભાવને |
| નથી પ્રતિક્રામતો નથી પ્રત્યાખ્યાન કરતો, | પ્રતિક્રામે છે અને પ્રત્યાખ્યાન કરે છે, |
| ત્યાં લગી તેનો કર્ત્તા જ હોય : | ત્યારે સાક્ષાત્ અકર્ત્તા જ હોય. ॥૨૮૩॥૨૮૪॥૨૮૫॥ |

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જ્ઞાન પ્રજ્ઞાએ સર્વ વસ્તુ જાણેલી પ્રત્યાખ્યાન પ્રજ્ઞાએ પચ્ચખે તે પંડિત કહ્યા છે. તે યથાર્થ છે. જે જ્ઞાને કરીને પરભાવ પ્રત્યેનો મોહ ઉપશમ અથવા ક્ષય ન થયો તે જ્ઞાન અજ્ઞાન કહેવા યોગ્ય છે, અર્થાત્ જ્ઞાનનું લક્ષણ પરભાવ પ્રત્યે ઉદાસીન થવું તે છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૯૧૮**

આત્મા રાગાદિનો અકારક - અકર્ત્તા કેવી રીતે ? તે અત્રે આ ગાથાઓમાં દ્રવ્ય - ભાવ એમ દ્વિવિધ અપ્રતિક્રમણ - અપ્રત્યાખ્યાનના ઉપદેશ પરથી સિદ્ધ કર્યું છે અને **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અપૂર્વ તત્ત્વાલોકના અલૌકિક પ્રકાશથી તેના ભાવનો પરમ ઉદ્યોત કર્યો છે. તેનો ભાવાર્થ આ પ્રકારે -

આત્મા આત્માથી - 'आत्मना' - પોતાથી સ્વયં રાગાદિનો અકારક જ છે - અકર્ત્તા જ છે, आत्मा आत्मना रागादीनामकारक एव । શા માટે ? અપ્રતિક્રમણ - અપ્રત્યાખ્યાનના દ્વૈવિધ્યના - દ્વિવિધપણાના ઉપદેશની અન્યથા અનુપપત્તિ - અન્યથા - બીજી રીતે - અઘટમાનતા હોય માટે - 'अप्रतिक्रमणाप्रत्याख्यानयोर्द्वैविध्योपदेशान्यथानुपपत्तेः' । અર્થાત્ અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના બે પ્રકાર છે એવો ઉપદેશ બીજી કોઈ રીતે ઘટે નહિ, માટે. નિશ્ચયે કરીને અપ્રતિક્રમણ - અપ્રત્યાખ્યાનનો દ્રવ્ય - ભાવભેદથી જે 'દ્વિવિધ' - બે પ્રકારનો ઉપદેશ છે, તે દ્રવ્ય - ભાવના નિમિત્ત - નૈમિત્તિક ભાવને 'પ્રથિત કરતો' - જાહેર કરતો આત્માનું અકર્તૃત્વ જણાવે છે - 'स द्रव्यभावयोः निमित्तनैमित्तिकभावं प्रथयन् अकर्तृत्वमात्मानो ज्ञापयति' । તે ઉપરથી આ સ્થિત છે કે પરદ્રવ્ય નિમિત્ત છે, 'નૈમિત્તિક' - નિમિત્ત થકી ઉપજતા - નિમિત્તજન્ય આત્માના રાગાદિભાવો છે, 'परद्रव्यं निमित्तं नैमित्तिका आत्मनो रागादिभावाः ।' જો એમ ન ઈષ્ટ માનવામાં આવે તો દ્રવ્ય - અપ્રતિક્રમણ - અપ્રત્યાખ્યાનના કર્તૃત્વના નિમિત્તપણાનો ઉપદેશ અનર્થક જ થાય અને તેનું અનર્થકપણું સતે તો એક

જ આત્માને રાગાદિ ભાવના નિમિત્તપણાની આપત્તિ હોતાં નિત્ય કર્તૃત્વના અનુષંગને લીધે મોક્ષના અભાવનો પ્રસંગ આવે. અર્થાત્ પરદ્રવ્ય જો નિમિત્ત ન હોય ને આત્માના રાગાદિ ભાવો 'નૈમિત્તિક' - નિમિત્ત થકી ઉપજતા - નિમિત્તજન્ય ન હોય તો દ્રવ્ય અપ્રતિક્રમણ - અપ્રત્યાખ્યાનના કર્તૃત્વ - નિમિત્તપણાનો ઉપદેશ 'અનર્થક જ' - અર્થ વગરનો નકામો જ - નિષ્પ્રયોજન જ થઈ પડે; અને તેનું અનર્થકપણું હોતાં તો એક જ આત્માને રાગાદિ ભાવના નિમિત્તપણાની 'આપત્તિ' થાય - આફત રૂપ પ્રસંગ આવી પડે, આત્મા જ એકલો રાગાદિ ભાવનું નિમિત્તપણું પામે, ને એમ હોતાં તો આત્માને 'નિત્ય કર્તૃત્વનો' - સદા કર્ત્તાપણાનો 'અનુષંગ' - આનુષંગિક ભાવ (Corollary) પ્રાપ્ત થાય અને તેથી કરીને તેના મોક્ષના અભાવનો પ્રસંગ આવે, અર્થાત્ તે સદાય કર્ત્તાપણું કર્યા કરે એટલે કદી પણ તેને મોક્ષનો પ્રસંગ હોય નહિ. આ સર્વ અનિષ્ટ છે. તેથી કરીને પરદ્રવ્ય જ આત્માના રાગાદિ ભાવનું નિમિત્ત ભલે હો ! 'परद्रव्यमेव आत्मनो रागादिभावनिमित्तमस्तु ।' અને તેમ સતે તો રાગાદિનો અકારક જ - અકર્ત્તા જ આત્મા છે.

તથાપિ - જ્યાં લગી આત્મા નિમિત્તભૂત દ્રવ્યને નથી પ્રતિક્રામતો અને નથી પ્રત્યાખ્યાન કરતો, ત્યાં લગી તે નૈમિત્તિકભૂત - નિમિત્ત થકી ઉપજતા નિમિત્ત-જન્ય ભાવને નથી પ્રતિક્રામતો અને નથી પ્રત્યાખ્યાન કરતો અને જ્યાં લગી ભાવને નથી પ્રતિક્રામતો અને નથી પ્રત્યાખ્યાન કરતો ત્યાં લગી તેનો - તે ભાવનો કર્ત્તા જ હોય - यावत्तु भावं न प्रतिक्रामति न प्रत्याचष्टे तावत्कर्तैव स्यात् । જ્યારે જ નિમિત્તભૂત દ્રવ્યને પ્રતિક્રામે છે અને પ્રત્યાખ્યાન કરે છે ત્યારે જ નૈમિત્તિકભૂત ભાવને પ્રતિક્રામે છે અને પ્રત્યાખ્યાન કરે છે - 'यदैव निमित्तभूतं द्रव्यं प्रतिक्रामति च तदैव निमित्तिकभूतं भावं प्रतिक्रामति प्रत्याचष्टे च ।' અને જ્યારે ભાવને પ્રતિક્રામે છે અને પ્રત્યાખ્યાન કરે છે ત્યારે 'સાક્ષાત્' - પ્રત્યક્ષ - પ્રગટ અકર્ત્તા જ હોય - साक्षादकर्तैव स्यात् ।

સમ્યગ્દૃષ્ટિ
જ્ઞાની
વીતરાગ

અને દ્રવ્ય - ભાવના નિમિત્ત - નૈમિત્તિક ભાવનું ઉદાહરણ આ છે -

**आधाकम्माईया पुग्गलदव्वस्स जे इमे दोसा ।**
**कह ते कुव्वइ णाणी परदव्वगुणा उ जे णिच्चं ॥२८६॥**
**आधाकम्मं उद्देसियं च पुग्गलमयं इमं दव्वं ।**
**कह तं मम होइ कयं जं णिच्चमचेयणं उत्तं ॥२८७॥**

આધાકર્માદિક જે દોષ આ રે, પુદ્ગલ દ્રવ્ય તણા જ;
ક્યમ તે જ્ઞાની કરે છે ? જે ખરે ! રે, પરદ્રવ્ય ગુણ સદાય... અજ્ઞાની. ૨૮૬
આધાકર્મ ઉદ્દેશિત હોય છે રે, પુદ્ગલમય દ્રવ્ય એહ;
ક્યમ તે મ્હારૂં કરેલું હોય ? કહ્યું રે, નિત્ય અચેતન જેહ... અજ્ઞાની. ૨૮૭

**અર્થ** - આધાકર્માદિક જે આ પુદ્ગલ દ્રવ્યના દોષો છે, તેઓને જ્ઞાની કેવી રીતે કરે છે ? કે જે નિત્ય પરદ્રવ્ય ગુણો જ છે. ૨૮૬

આધાકર્મ અને ઉદ્દેશિત - આ પુદ્ગલમય દ્રવ્ય છે, તે મ્હારૂં કરેલું કેમ હોય છે ? કે જે નિત્ય અચેતન કહ્યું છે. ૨૮૭

## आत्मख्याति टीका

द्रव्यभावयो र्निमित्तनैमित्तिकभावोदाहरणं चैतत् -

**अधःकर्माद्याः पुद्गलद्रव्यस्य य इमे दोषाः ।**
**कथं तान् करोति ज्ञानी परद्रव्यगुणास्तु ये नित्यं ॥२८६॥**
**अधःकर्मोद्देशिकं च पुद्गलमयमिदं द्रव्यं ।**
**कथं तन्मम भवति कृतं यन्नित्यमचेतनमुक्तं ॥२८७॥**

---

**आत्मभावना** -

द्रव्यभावयो र्निमित्त-नैमित्तिकभावोदाहरणं चैतत् - અને દ્રવ્ય-ભાવના નિમિત્ત-નૈમિત્તિક ભાવનું ઉદાહરણ આ - अधःकर्माद्याः - અધઃકર્મ આદિ य इमे - જે આ पुद्गलद्रव्यस्य दोषाः - પુદ્ગલ દ્રવ્યના દોષો છે, तान् - તેઓને ज्ञानी - જ્ઞાની कथं करोति - કેમ કરે છે ? ये तु नित्यं परद्रव्यगुणाः - (તેઓ) કે જેઓ નિશ્ચયે કરીને નિત્ય - સદાય પરદ્રવ્ય ગુણો છે. ॥२८६॥ अधःकर्मोद्देशिकं च - અધઃ કર્મ અને ઉદ્દેશિક इदं पुद्गलमयं द्रव्यं - એવું આ પુદ્ગલમય દ્રવ્ય, तत् - તે कथं मम कृतं भवति - મ્હારૂં કરેલું કેમ હોય છે ? यत् नित्यमचेतनमुक्तं - કે જે નિત્ય - સદા અચેતન કહ્યું છે. ॥२८७॥ इति **गाथा** आत्मभावना ॥२८६-२८७॥

यथा - જેમ अधःकर्मनिष्पन्नं उद्देशनिष्पन्नं च - અધઃકર્મ નિષ્પન્ન અને ઉદ્દેશનિષ્પન્ન पुद्गलद्रव्यं निमित्तभूतम् प्रत्याचक्षाणो - પુદ્ગલ દ્રવ્ય નિમિત્તભૂત એવું નહીં પ્રત્યાખ્યાન કરતો, नैमित्तिकभूतं बंधसाधकं भावं न प्रत्याचष्टे - નૈમિત્તિકભૂત એવા બંધસાધક ભાવને પ્રત્યાખ્યાન નથી કરતો, तथा - તેમ समस्तमपि परद्रव्यमप्रत्याचक्षाणः - સમસ્ત પણ પરદ્રવ્યને પ્રત્યાખ્યાન ન કરતો तन्निमित्तकं भावं न प्रत्याचष्टे - તન્નિમિત્તક - તેના નિમિત્ત થકી ઉપજતા ભાવને પ્રત્યાખ્યાન નથી કરતો.

यथा च - અને જેમ अधःकर्मादीन् पुद्गलद्रव्यदोषान् - અધઃકર્મ આદિ પુદ્ગલદ્રવ્ય દોષોને न नाम करोत्यात्मा - ખરેખર ! નિશ્ચયે કરીને આત્મા નથી કરતો - શાને લીધે ? परद्रव्यपरिणामत्वे सति - પરદ્રવ્ય પરિણામપણું સતે आत्मकार्यत्वाभावात् - આત્મકાર્યપણાના અભાવને લીધે. ततो - તેથી अधःकर्मोद्देशिकं च पुद्गलद्रव्यं - અધઃકર્મ અને ઉદ્દેશિક न मम कार्यं - મ્હારૂં કાર્ય નથી, શાને લીધે ? नित्यमचेतनत्वे सति - નિત્ય અચેતનત્વ - અચેતનપણું સતે - હોતાં मत्कार्यत्वाभावात् - મ્હારા કાર્યપણાના અભાવને લીધે, इति तत्त्वज्ञानपूर्वकं - એમ તત્ત્વજ્ઞાન પૂર્વક पुद्गलद्रव्यं - પુદ્ગલ દ્રવ્ય निमित्तभूतं - નિમિત્તભૂત એવું प्रत्याचक्षाणो - પ્રત્યાખ્યાન કરતો नैमित्तिकभूतं -

| | |
|---|---|
| यथा**धःकर्म** निष्पन्नमुद्देशनिष्पन्नं च | तथा |
| **पुद्‌गलद्रव्यं** निमित्तभूतमप्रत्याचक्षाणो | समस्तमपि **परद्रव्यम**प्रत्याचक्षाण- |
| नैमित्तिकभूतं बंधसाधकं भावं न प्रत्याचष्टेः | स्तन्निमित्तकं भावं न प्रत्याचष्टे । |
| यथा चाधःकर्मादीन् पुद्‌गलद्रव्यदोषान् | ततोऽधःकर्मोद्देशिकं च पुद्‌गलद्रव्यं |
| न नाम करोत्यात्मा | न मम कार्यं |
| परद्रव्यपरिणामत्वे सति | नित्यमचेतनत्वे सति |
| आत्मकार्यत्वाभावात्, | मत्कार्यत्वाभावात्, |

इति तत्त्वज्ञानपूर्वकं

| | |
|---|---|
| पुद्‌गलद्रव्यं निमित्तभूतं प्रत्याचक्षाणो | तथा समस्तमपि परद्रव्यं प्रत्याचक्षाण- |
| नैमित्तिकभूतं बंधसाधकं भावं प्रत्याचष्टे | स्तन्निमित्तं भावं प्रत्याचष्टे । |

एवं द्रव्यभावयोरस्ति निमित्तनैमित्तिक भावः ॥२८६॥२८७॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

| | |
|---|---|
| **જેમ અધઃકર્મ નિષ્પન્ન અને ઉદ્દેશનિષ્પન્ન** | તેમ સમસ્ત પણ |
| પુદ્‌ગલ દ્રવ્યને - નિમિત્તભૂત એવાને પ્રત્યાખ્યાન કરતો | પરદ્રવ્યને પ્રત્યાખ્યાન ન કરતો |
| નૈમિત્તિકભૂત એવા બંધ સાધક ભાવને | તન્નિમિત્તક ભાવને |
| પ્રત્યાખ્યાન નથી કરતો : | પ્રત્યાખ્યાન નથી કરતો - |
| અને જેમ અધઃકર્માદિ પુદ્‌ગલ દ્રવ્ય દોષોને | તેથી અધઃકર્મ અને ઉદ્દેશિક પુદ્‌ગલ દ્રવ્ય |
| આત્મા ખરેખર ! નિશ્ચયે કરીને નથી કરતો - | મ્હારૂં કાર્ય નથી - |
| પરદ્રવ્ય પરિણામપણું સતે | નિત્ય અચેતનપણું સતે |
| આત્મકાર્યપણાનો અભાવ છે માટે : | મત્કાર્યત્વનો (મ્હારા કાર્યપણાનો) અભાવ છે માટે. |

એમ તત્ત્વજ્ઞાન પૂર્વક

| | |
|---|---|
| પુદ્‌ગલ દ્રવ્યને - નિમિત્તભૂત એવાને | તેમ સમસ્ત પણ પરદ્રવ્યને |
| પ્રત્યાખ્યાન કરતો | પ્રત્યાખ્યાન કરતો |
| નૈમિત્તિકભૂત એવા | તન્નિમિત્ત ભાવને |
| બંધસાધક ભાવને પ્રત્યાખ્યાન કરે છે : | પ્રત્યાખ્યાન કરે છે. |

- એમ દ્રવ્યભાવનો નિમિત્ત-નૈમિત્તિક ભાવ છે. ૨૮૬, ૨૮૭

---

નૈમિત્તિકભૂત - નિમિત્ત થકી ઉપજતા નિમિત્તજન્ય એવા बंधसाधकं भावं प्रत्याचष्टे - બંધ સાધક ભાવને પ્રત્યાખ્યાન કરે છે, तथा - તેમ समस्तमपि परद्रव्यं प्रत्याचक्षाणः - **સમસ્ત પણ પરદ્રવ્યને પ્રત્યાખ્યાન કરતો** तन्निमित्तं भावं प्रत्याचष्टे - તન્નિમિત્ત - તે જેનું નિમિત્ત છે એવા એટલે કે નૈમિત્તિક ભાવને પ્રત્યાખ્યાન કરે છે. एवं - એમ ઉક્ત પ્રકારે द्रव्यभावयोरस्ति निमित्तनैमित्तिक भावः - દ્રવ્ય અને ભાવનો નિમિત્ત - નૈમિત્તિક ભાવ છે, અર્થાત્ દ્રવ્ય નિમિત્ત છે અને તેના નિમિત્તે ઉપજતો ભાવ તે નૈમિત્તિક છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२८६॥२८७॥

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''શુભ દ્રવ્ય એ શુભ ભાવનું નિમિત્ત મહર્ષિઓ કહે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૨૧**

''આત્માને ઓળખવો હોય તો આત્માના પરિચયી થવું, પર વસ્તુના ત્યાગી થવું.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૫**

અને દ્રવ્ય-ભાવનો નિમિત્ત - નૈમિત્તિક ભાવ કેવી રીતે હોય છે ? તે દર્શાવવા માટે અત્રે શાસ્ત્રકર્તા **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** આધાકર્મનું પ્રસિદ્ધ ઉદાહરણ - દૃષ્ટાંત આપ્યું છે અને **'આત્મખ્યાતિ સૂત્રકર્ત્તા' પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પોતાની અનન્ય લાક્ષણિક શૈલીથી તેનો બિંબ-પ્રતિબિંબ સાંગોપાંગ દર્શાવી તેનું પરમ રહસ્ય પ્રસ્પષ્ટ કરતા પરમ શબ્દબ્રહ્મથી તે પ્રસ્તુત ઉદાહરણના ભાવનો પ્રકૃષ્ટપણે બહલાવ્યો છે. તે આ પ્રકારે -

જેમ 'અધઃકર્મ નિષ્પન્ન' - આધાકર્મથી નીપજેલ અને 'ઉદ્દેશ નિષ્પન્ન' - ઉદ્દેશથી નીપજેલ પુદ્‌ગલ દ્રવ્ય નિમિત્તભૂત છે, તેને પ્રત્યાખ્યાન ન કરતો, 'નૈમિત્તિક ભૂત' - નિમિત્ત થકી ઉપજતા - નિમિત્ત જ નિત્ય એવા બંધસાધક ભાવને પ્રત્યાખ્યાન નથી કરતો, તેમ સમસ્ત પણ પરદ્રવ્યને પ્રત્યાખ્યાન ન કરતો, 'તન્નિમિત્તક' - તે નિમિત્ત છે જેનું એવા ભાવનો પ્રત્યાખ્યાન નથી કરતો - 'तथा समस्तमपि परद्रव्यमप्रत्याचक्षाणस्तन्निमित्तकं भावं न प्रत्याचष्टे ।' અને જેમ અધઃકર્માદિ પુદ્‌ગલ દ્રવ્યના દોષોને ખરેખર ! સ્ફુટપણે આત્મા નથી કરતો - પરદ્રવ્ય પરિણામપણું સતે આત્મકાર્યપણાનો અભાવ છે માટે, તેથી કરીને મ્હારા કાર્યપણાનો અભાવ છે માટે - 'नित्यमचेतनत्वे सति मत्कार्यत्वाभावात् ।' એમ તત્ત્વજ્ઞાનપૂર્વક નિમિત્તભૂત એવા પુદ્‌ગલદ્રવ્યને પ્રત્યાખ્યાન કરતો 'નૈમિત્તિક ભૂત' - નિમિત્ત થકી ઉપજતા નિમિત્ત જન્ય - બંધ સાધક ભાવને પ્રત્યાખ્યાન કરે છે, તેમ સમસ્ત પણ પરદ્રવ્યને પ્રત્યાખ્યાન કરતો 'તન્નિમિત્ત' - તે નિમિત્ત છે જેનું એવા ભાવને પ્રત્યાખ્યાન કરે છે - 'तथा समस्तमपि परद्रव्यं प्रत्याचक्षाण-स्तन्निमित्तं भावं प्रत्याचष्टे' એમ દ્રવ્ય-ભાવનો નિમિત્ત - નૈમિત્તિક ભાવ છે, 'एवं द्रव्यभावयोरस्ति निमित्तनैमित्तिकभावः', અર્થાત્ દ્રવ્ય નિમિત્ત છે અને ભાવ તે નિમિત્ત થકી - તે નિમિત્ત હોઈને - ઉપજતો નૈમિત્તિક ભાવ છે. इति स्थितं ।


આમ દ્રવ્ય-ભાવનો નિમિત્ત-નૈમિત્તિક ભાવ છે એટલા માટે જ **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** 'પ્રવચનસાર'ના ચારિત્રાધિકારે પરદ્રવ્ય પ્રતિબંધોના પ્રતિષેધ પ્રકરણમાં ૨૧મી ગાથામાં* સામા માણસને નિરુત્તર અવાક્ કરી દે એવો સીધો પ્રશ્ન (Poser) કરતાં પ્રસ્પષ્ટ પ્રકાશ્યું છે કે - 'તેમાં (ઉપધિમાં - પરદ્રવ્ય પરિગ્રહમાં) તેની મૂર્ચ્છા વા આરંભ વા અસંયમ કેમ નથી ? તથા પ્રકારે પરદ્રવ્યમાં રત આત્માને કેમ પ્રસાધે છે ?' સ્વચ્છંદવિહારી શુષ્કજ્ઞાનીઓને સીધી લપડાક લગાવતી આ મહાન્ ગાથાની અપૂર્વ વ્યાખ્યા* કરતાં **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પ્રકૃત ભાવને ઓર બહલાવ્યો છે કે - 'ઉપધિ સદ્‌ભાવે' (પરદ્રવ્ય પરિગ્રહના હોવાપણામાં) ખરેખર ! મમત્વ પરિણામ લક્ષણ મૂર્ચ્છાના, તદ્ વિષયકર્મપ્રક્રમ પરિણામ લક્ષણ આરંભના, વા શુદ્ધાત્મરૂપ - હિંસન પરિણામ લક્ષણ અસંયમના અવશ્યંભાવિપણાને લીધે અને તેથી કરીને ઉપધિ સહિતના પરદ્રવ્યરતપણાએ કરીને શુદ્ધાત્મ દ્રવ્ય પ્રસાધકપણાના અભાવને લીધે, ઉપધિનું (પરદ્રવ્ય પરિગ્રહનું) ઐકાન્તિક અંતરંગ છેદપણું અવધારાય જ છે. આ અત્રે તાત્પર્ય છે કે ઉપધિનું એવંવિધપણું અવધારીને તે (ઉપધિ) સર્વથા સંન્યાસ-ત્યાગ કરવા યોગ્ય છે.' અર્થાત્ બાહ્ય પરદ્રવ્ય-પરિગ્રહનું હોવું એમાં અવશ્યમેવ મમત્વ પરિણામરૂપ મૂર્ચ્છા છે, તે પરિગ્રહને લગતી કડાકૂટના પરિણામરૂપ આરંભ છે, શુદ્ધાત્મ

---

* ''किध तम्मि णत्थि मुच्छा आरंभो वा असंजमो तस्स ।
तध परदव्वम्मि रदो कधमप्पाणं पसाधयदि ॥'' - **શ્રી 'પ્રવચનસાર', ૩-૨૧**

* ''उपधिसद्‌भावे हि ममत्वपरिणामलक्षणाया मूर्छायास्तद्विषयकर्मप्रक्रमपरिणामलक्षणस्यारम्भस्य शुद्धात्मरूप हिंसनपरिणामलक्षणस्यासंयमस्य वावश्यंभावित्वात्तथोपधिद्वितीयस्य परद्रव्यरतत्वेन शुद्धात्मद्रव्यप्रसाधकत्वाभावाच्च ऐकान्तिकान्तरङ्गच्छेदत्वमुपधेरवधार्यत एव । इदमत्र तात्पर्यमेवंविधत्वमुपधेरवधार्य स सर्वथा संन्यस्तव्यः ॥'' - **શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત 'પ્રવચનસાર' ટીકા, ૩-૨૧**

સ્વરૂપના હિંસન પરિણામરૂપ અસંયમ છે અને આમ બાહ્ય પરિગ્રહવંતને પરદ્રવ્યરતપણાના હોવાપણાએ કરીને શુદ્ધાત્મ દ્રવ્યનું સાધકપણું હોતું નથી, માટે પરદ્રવ્ય પરિગ્રહરૂપ ઉપધિ એકાન્તે શ્રમણપણાના અંતરંગ ભંગ રૂપ જ છે એમ નિશ્ચય કરી સર્વ ઉપધિ સર્વથા પરિત્યાગ કરવા યોગ્ય જ છે, એટલે કે ભાવ પ્રત્યાખ્યાન કરવા ઈચ્છનારાએ તેના નિમિત્તરૂપ સર્વ પરદ્રવ્ય પરિત્યાગ લક્ષણ દ્રવ્ય પ્રત્યાખ્યાન અવશ્યમેવ કરવા યોગ્ય છે જ, એમ આ બન્ને આર્ષદ્રષ્ટા મહાન્ 'આચાર્યોએ અત્રે ડિંડિમ નાદથી ઉદ્‌ઘોષ કર્યો છે અને નિમિત્ત કાંઈ કરતું નથી' એવી માત્ર શુષ્કજ્ઞાનની વાતો કરનારા શિથિલવિહારી શુષ્કજ્ઞાનીઓની ભ્રાંતિ ભાંગી નાંખી સીધી ચેતવણી આપી છે કે સર્વ પરદ્રવ્યનું નિમિત્ત છોડવા માટે સર્વ પરદ્રવ્યનું પ્રત્યાખ્યાન પરમ આવશ્યક છે અને એમ દ્રવ્ય પ્રત્યાખ્યાન કરવામાં આવશે તો જ ભાવ પ્રત્યાખ્યાન શક્ય બનશે, નહિ તો નહીં જ.



ઉક્તના સારસમુચ્ચય રૂપ - ઉપસંહાર રૂપ **સમયસાર** - કળશ (૧૬) લલકારે છે -

शार्दूलविक्रीडित

**इत्यालोच्य विवेच्य तत्किल परद्रव्यं समग्रं बला -**
**त्तन्मूलां बहुभावसंततिमिमामुद्धर्तुकामः समं ।**
**आत्मानं समुपैति निर्भरवहत्पूर्णैकसंविद्युतं,**
**येनोन्मूलितबंध एष भगवानात्मात्मनि स्फूर्जति** ॥१७८॥

એ આલોચી સમગ્ર પર તે તે દ્રવ્ય વિવેચતો બલે,
તન્મૂલા બહુભાવસંતતિ સમં ઉન્મૂલવા ઈચ્છતો;
આશ્રે છે નિજ આત્મ નિર્ભર વહત્ પૂર્ણૈક સંવિદ્ યુતો,
જેથી ઉન્મૂલી બંધ આત્મ ભગવાન્ આ આત્મામાં સ્ફૂર્જતો. ૧૭૮

## અમૃત પદ - ૧૭૮

'દુઃખ દોહગ દૂરે ટળ્યા રે' - એ રાગ

બંધ ઉન્મૂલી ભગવાન આ રે, આત્મા આત્મામાં સ્ફૂર્જંત,
પૂર્ણ એક જ્ઞાન અનુભવ તણું રે, અમૃત પાન કરંત... બંધ ઉન્મૂલી ભગવાન આ રે. ૧
આલોચી એમ દ્રવ્ય-ભાવનો રે, નિમિત્ત-નૈમિત્તિક ભાવ,
વિવેચી તે પરદ્રવ્ય ખરો રે, બળથી સમગ્ર જ સાવ... બંધ ઉન્મૂલી. ૨
તે પરદ્રવ્ય મૂલક બહુ રે, ભાવ સંતતિ અનંત,
એકી સાથે જડમૂળથી રે, ઉન્મૂલવા ઈચ્છંત... બંધ ઉન્મૂલી. ૩
જાય છે આ આત્મા પ્રતિ રે, પૂર્ણ એક સંચિદ્ વાન,
નિર્ભર વહતી સંવિદનું રે, કરતો અનુભવ પાન... બંધ ઉન્મૂલી. ૪
જેથી ઉન્મૂલી બંધને રે, આત્મામાં આત્મ ભગવાન,
અમૃત જ્યોતિ સ્ફૂર્જતો રે, ચિદ્ ગગને જ્યમ ભાણ... બંધ ઉન્મૂલી. ૫

**અર્થ** - એવા પ્રકારે આલોચી, તે સ્ફુટપણે પરદ્રવ્યને સમગ્રને બહુ વિવેચીને, તન્મૂલ આ બહુભાવ સંતતિને એકી સાથે બલથી ઉદ્ધરવાને ઈચ્છતો,

નિર્ભર વહતી પૂર્ણ એક સંચિદ્થી (પાઠાં : સંવિદ્થી) યુત આત્મા પ્રત્યે જાય છે -

કે જેથી બંધને ઉન્મૂલિત કર્યો છે જેણે એવો આ ભગવાન્ આત્મા આત્મામાં સ્ફૂર્જે છે (ઝળહળે છે.) ૧૭૮

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય


''પ્રત્યેકે પ્રત્યેક પદાર્થનો વિવેક કરી આ જીવને તેનાથી વ્યાવૃત્ત કરવો એમ નિર્ગ્રંથ કહે છે.''

**શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૯૦, હાથનોંધ-૫૨**

ઉપરમાં જે કહ્યું તેના સારસમુચ્ચય રૂપ અને આ બંધ અધિકારના ઉપસંહારરૂપ આ અપૂર્વ કાવ્ય કળશ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પરમ ભાવાવેશથી લલકાર્યો છે - इत्यालोच्य विवेच्य तत्किल परद्रव्यं समग्रं बलात् - એવા પ્રકારે 'આલોચીને' - વિચારીને તે ખરેખર ! તે પરદ્રવ્યને સમગ્રને

બળથી 'વિવેચીને' - આત્માથી વિવિક્ત - અલગ - પૃથક્ કરીને, 'તન્મૂલ' - તે પરભાવ જેનું મૂલ છે એવી આ બહુભાવ - સંતતિને એકી સાથે ઉદ્ધરવાની - ઉખેડી નાંખવાની કામના વાળો - तन्मूलां बहुभाव संततिमिमामुद्धर्तुकामः समं - આત્મા નિર્ભર વહતી પૂર્ણ એક સંચિદ્ યુત આત્મા પ્રત્યે જાય છે - आत्मानं समुपैति निर्भरवहत् पूर्णैक संचिद् युतं, જેથી કરીને જેણે બંધને ઉન્મૂલિત કર્યો છે - જડમૂળથી ઉખેડી નાંખ્યો છે એવો આ ભગવાન્ આત્મા આત્મામાં સ્ફૂર્જે છે - સ્ફુરે છે - ઉગ્ર સહજાત્મ સ્વરૂપ તેજે ઝલહળે છે - येनोन्मूलितबंध एष भगवानात्मात्मनि स्फूर्जति ।

આકૃતિ






આ બંધ અધિકારનો સર્વોપસંહાર કરતો અને પરમ પ્રિયતમ જ્ઞાનજ્યોતિ પરમ મહિમાતિશય ઉત્કીર્ત્તતો સમયસાર કળશ (૧૭) અમૃતચંદ્રજી સમયસાર તત્ત્વમંદિર પર ચઢાવે છે -

मंदाक्रांता

**रागादीनामुदयमदयं दारयत्कारणानां,**
**कार्यं बंधं विविधमधुना सद्य एव प्रणुद्य ।**
**ज्ञानज्योतिः क्षपिततिमिरं साधु सन्नद्धमेत -**
**त्तद्यद्वत्प्रसरमपरः कोऽपि नास्यावृणोति ॥१७९॥**

રાગાદિનો ઉદય અદયે કારણોનો વિદારી,
કાર્યં બંધં વિવિધ અધુના શીઘ્ર ધક્કે જ મારી;
જ્ઞાનજ્યોતિ તિમિર ખપવી એવી આ સાધુ સજ્જ,
જેથી એનો પ્રસર અપરો આવરે કોઈ ના જ. ૧૭૯

## અમૃત પદ - ૧૭૯

'ધન ધન શાસન શ્રી જિનવર તણું' - એ રાગ

જ્ઞાનજ્યોતિ અમૃત આ ઝળહળે, સાધુ આ એવી સન્નદ્ધ,
પ્રસર એનો જેમ અન્ય ન આવરે, કો પણ - નિત્ય અબદ્ધ... જ્ઞાનજ્યોતિ અમૃત. ૧
કારણો પ્રગટ રાગાદિક આ, બંધતણા જ નિદાન,
તેનો ઉદય જે અદય વિદારતી, તમસ્ વિદારે જ્યું ભાણ... જ્ઞાન જ્યોતિ અમૃત. ૨
કાર્ય વિવિધ બંધરૂપ આ, આત્માને બંધન કાર,
તેને હમણાં ધક્કા મારી સદ્ય રે, આત્મઘરથી કાઢી બ્હાર... જ્ઞાનજ્યોતિ અમૃત. ૩
જ્ઞાન જ્યોતિ અમૃત આ એહવી, તિમિર ખપાવી તમામ,
શુદ્ધ ચિદાકાશ મધ્યે ઝળહળે, શાશ્વત અમૃત ધામ... જ્ઞાનજ્યોતિ અમૃત. ૪
જ્ઞાનજ્યોતિ અમૃત આ ઝળહળે, સાધુ આ એવી સન્નદ્ધ,
પ્રસર એનો જેમ અન્ય ન આવરે, કો પણ - નિત્ય અબદ્ધ... જ્ઞાનજ્યોતિ અમૃત. ૫
જ્ઞાનજ્યોતિ અમૃત આ ઝળહળે, વિજ્ઞાનઘન ભગવાન,
કર્મઘનોથી કદી અવરાય ના, વર્ષે અમૃત ઘન જ્ઞાન... જ્ઞાનજ્યોતિ અમૃત. ૬

**અર્થ** - કારણ એવા રાગાદિના ઉદયને અદયપણે દારતી (ચીરી નાંખતી), કાર્ય એવા બંધને હમણાં સદ્ય જ ધકેલી દઈને,

તિમિર (અજ્ઞાનાંધકાર) ક્ષપિત કર્યું છે (ખપાવ્યું છે) જેણે એવી આ જ્ઞાનજ્યોતિ એવી તો સાધુ-સમ્યક્ સન્નદ્ધ છે (સજ્જ થઈને બેઠી છે),

કે જેમ અપર કોઈ પણ એના પ્રસરને (ફેલાવને) આવરતો નથી. ૧૭૯


## અમૃત જ્યોતિ મહાભાષ્ય

"તે પુરુષ નમન કરવા યોગ્ય છે, કીર્ત્તન કરવા યોગ્ય છે, પરમ પ્રેમે ગુણગ્રામ કરવા યોગ્ય છે, ફરી ફરી વિશિષ્ટ આત્મ પરિણામે ધ્યાવન કરવા યોગ્ય છે, કે જે પુરુષને દ્રવ્યથી, ક્ષેત્રથી કે કાળથી અને ભાવથી કોઈ પણ પ્રકારનું પ્રતિબદ્ધપણું વર્ત્તતું નથી." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૩૨૬), ૪૦૦**

આ બંધ અધિકારનો સર્વોપસંહાર કરતો અને પોતાની પરમ પ્રિયતમ જ્ઞાનજ્યોતિનો પરમ

મહિમાતિશય ઉત્કીર્ત્તન કરતો આ કાવ્યકળશ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અત્રે આ **'સમયસાર'** તત્ત્વ મંદિર પર ચઢાવ્યો છે. रागादीनामुदय मदयं दारयत्कारणानां 'કારણો' - બંધના કારણો એવા રાગાદિના ઉદયને 'અદયપણે' - નિર્દયપણે - ઘાતકીપણે 'દારતી' - ચીરી નાંખતી, 'કાર્ય' એવા વિવિધ - નાના પ્રકારના બંધને હમણાં સદ્ય જ - શીઘ્ર જ ધક્કા મારી - ધકેલી દઈને - 'कार्यं बंधं विविधमधुना सद्य एव प्रणुद्य', **'તિમિર' - અજ્ઞાનતમસ્ ક્ષપિત કર્યું છે - ખપાવી દીધું છે જેણે એવી આ જ્ઞાનજ્યોતિ એવી તો 'સાધુ' - સમ્યક્ 'સન્નદ્ધ' છે - સજ્જ થઈને બેઠી છે** - 'ज्ञान ज्योति क्षपिततिमिरं साधु सन्नद्धमेतत्', કે **જેમ 'અપર' - બીજો કોઈ પણ એના 'પ્રસરને' - ફેલાવાને આવરતો નથી** - तद्वत्यद्वत्प्रसरमपरः कोऽपि नास्यावृणोति ।

**આકૃતિ**




એમ બંધ પોતાનો ભાગ ભજવીને નિષ્ક્રાંત થયો - આ **અધ્યાત્મ રંગભૂમિમાંથી** નીકળી ગયો, હાલતો થયો.

॥ इति बंधो निष्क्रांतः ॥

**॥ इति श्रीमद् अमृतचंद्रसूरि विरचितायां समयसारव्याख्यायामात्मख्यातौ**
**बंध प्ररूपकः सप्तमोऽकः ॥७॥**

**॥ इति भगवती 'आत्मख्याति' उपरि स्वकृतौ भगवानदासेन कृते 'अमृत पद' समेत 'अमृत ज्योति' महाभाष्ये बंध प्ररूपक सप्तमो अधिकारः ॥७॥**

# ॥ अथ मोक्षाधिकारः ॥८॥

## સમયસાર વ્યાખ્યા 'આત્મખ્યાતિ'માં
## મોક્ષ પ્રરૂપક
## અષ્ટમ અંક

अथ मोक्षः प्रविशति - હવે મોક્ષ પ્રવેશે છે -

મોક્ષ પમાડી કૃતકૃત્ય જ્ઞાન વિજય પામે છે એવા ભાવનો આ મંગલ **સમયસાર કળશ (૧) અમૃતચંદ્રજી** લલકારે છે -

शिखरिणी

**द्विधाकृत्य प्रज्ञाकक्रचदलनाद्बंधपुरुषौ,**
**नयन्साक्षात्मोक्षं पुरुषमुपलंभैकनियतं ।**
**इदानीमुन्मज्जत् सहजपरमानंदसरसं,**
**परं पूर्णं ज्ञानं कृतसकलकृत्यं विजयते ॥१८०॥**

કરી દ્વિધા પ્રજ્ઞા - કરવત વડે બંધ જીવને,
શિવે લેતું સાક્ષાત્ નર નિયત આત્માનુભવને;
હવે ઉન્મજ્જંતું સહજ પરમાનંદ સરસું,
પરં પૂર્ણ જ્ઞાનં કરી સકલ કૃત્યો વિજયતું. ૧૮૦

### અમૃત પદ - (૧૮૦)

'વીતરાગ જય પામ' - એ રાગ (કલ્યાણ રાગ)

જયવંતું કૃતકૃત્ય જ્ઞાન આ ! જયવંતું કૃતકૃત્ય !
કૃતકૃત્ય જે **અમૃત** જ્ઞાને, કરી લીધું સહુ કૃત્ય... જયવંતું કૃતકૃત્ય જ્ઞાન આ. ૧
પ્રજ્ઞા-કરવતે બંધ-પુરુષને, દ્વિધા કરી જે જ્ઞાન,
સાક્ષાત્ મોક્ષે લઈ જતું આ, પુરુષ અનુભવ ધામ... જયવંતું કૃતકૃત્ય જ્ઞાન આ. ૨
સરસ સહજ પરમાનંદે જે, હમણાં ઉન્મજ્જંત,
કૃત્ય સકલ કરી લીધું એવું, પરમ પૂર્ણ જયંત... જયવંતું કૃતકૃત્ય જ્ઞાન આ. ૩
કૃતકૃત્ય એવું પરમ પૂર્ણ આ, સૂત્રધાર આ જ્ઞાન,
'આત્મખ્યાતિ' સૂત્રકારે ગાયું, **અમૃતચંદ્ર** ભગવાન... જયવંતું કૃતકૃત્ય જ્ઞાન આ. ૪
બંધ-પુરુષને ભિન્ન કરતું, સૂત્રધાર શું જ્ઞાન,
સાક્ષાત્ મોક્ષ સહજાત્મ સ્વરૂપી, અનુભવ **અમૃત** પાન... જયવંતું કૃતકૃત્ય જ્ઞાન આ. ૫

**અર્થ** - પ્રજ્ઞા - કરવત વડે દલન થકી બંધ અને પુરુષને દ્વિધા કરી (બે ભાગમાં વ્હેંચી), બે ફાડ કરતું, ઉપલંભૈકનિયત (આત્માનુભવૈક નિષ્ઠ) પુરુષને સાક્ષાત્ મોક્ષ પ્રત્યે લઈ જતું, એવું આ હમણાં ઉન્મજ્જતું સહજ પરમાનંદથી સરસ પરં પૂર્ણ જ્ઞાન સકલ કૃત્ય કર્યું છે જેણે એવું કૃતકૃત્ય થયેલું વિજય પામે છે. ૧૮૦

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્માપણે કેવળ ઉજાગર અવસ્થા વર્ત્તે, અર્થાત્ આત્મા પોતાનાં સ્વરૂપ વિષે કેવળ જાગૃત હોય ત્યારે તેને **કેવળ જ્ઞાન** વર્ત્તે છે એમ કહેવું યોગ્ય છે, એવો શ્રી તીર્થંકરનો આશય છે.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૨૭૩), ૪૩૧**

હવે આ તત્ત્વજ્ઞાનના મેરુશિખર રૂપે પરમ અધ્યાત્મ નાટક **સમયસાર**ના નવમા અંકરૂપ 'મોક્ષ' શિખર પર આ શિખરિણી વૃત્ત નિબદ્ધ મંગલ કળશ ચઢાવતાં તાત્ત્વિકશેખર પરમ અધ્યાત્મ નાટ્યકાર પરમ પરમાર્થ કવિ **અમૃતચંદ્રજી** કૃતકૃત્ય એવી પૂર્ણ પરમ જ્ઞાનજ્યોતિનો મુક્તકંઠે વિજય ઉદ્ઘોષે છે - द्विधाकृत्य प्रज्ञाक्रकचदलनाद् बंधपुरुषौ - પ્રજ્ઞા - કરવત વડે દલનથી - વ્હેરવાથી બંધ અને પુરુષને - આત્માને 'દ્વિધા કરી' - બે ભાગમાં વિભક્ત કરી, સ્પષ્ટ ભેદ કરી, 'ઉપલંભૈક નિયત' - એક આત્માનુભવનિષ્ઠ પુરુષને 'સાક્ષાત્' - પ્રત્યક્ષ મોક્ષે લઈ જતું - દોરી જતું એવું હમણા ઉન્મજ્જતું - ઉન્મગ્ન થતું, સહજ પરમાનંદથી સરસ - પરં પૂર્ણ જ્ઞાન - સકલ કૃત્ય જેણે કરી લીધું છે એવું - વિજય પામે છે.


સૂતાર છે, તે કાષ્ઠના ચોકકસાઈથી બે ભાગ કરવા હોય ત્યારે ઝીણી કરવતનો (ક્રકચ) ઉપયોગ કરે છે, કે જેથી એક ભાગનો સૂક્ષ્મ લેશ અંશ પણ બીજામાં પ્રવેશ ન પામે અને બારીકાઈથી સ્પષ્ટ ભેદરૂપ બે ચોક્ખી ફાડ પડે. તેમ આ સમયસાર સૂત્રના સાર રૂપ જ્ઞાનરૂપ 'સૂત્રધાર' છે, તે બંધ-પુરુષના ચોકકસાઈથી નિયતપણે બે ભાગ કરવા ઈચ્છે છે અને તે અર્થે પ્રજ્ઞા રૂપ સૂક્ષ્મ-ઝીણી કરવતનો ઉપયોગ કરે છે, કે જેથી બંધરૂપ પરભાવ-વિભાવનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ લેશ અંશ પણ મોક્ષ રૂપ સ્વભાવમાં પ્રવેશ ન પામે અને એક બાજુ બંધ અને બીજી બાજુ પુરુષ - આત્મા એમ કાષ્ઠની બે ફાડ જેવા બે સ્પષ્ટ વિભાગ રૂપ ભેદ પડે. આમ જ્ઞાન-સૂત્રધાર બંધ-પુરુષને દ્વિધા કરે છે - 'द्विधाकृत्य' - બે ભેદરૂપ ભાગમાં વિભક્ત કરે છે. આમ પરભાવ-વિભાવનો બંધ પુરુષથી - આત્માથી જૂદો પાડ્યો એટલે કેવલ શુદ્ધ આત્મસ્વભાવ જ અવશિષ્ટ રહે છે - એટલે આત્મા એક 'ઉપલંભમાં' જ - આત્માનુભવમાં જ વર્ત્યા કરે છે અને પરભાવ-વિભાવના બંધમાંથી મુક્ત થઈ આત્મા શુદ્ધ એક આત્માનુભવ-સ્વભાવમાં વર્ત્તે એ જ 'સાક્ષાત્' - પ્રત્યક્ષ - પ્રગટ મૂર્ત્તિમાન્ મોક્ષ છે, એટલે આમ બંધ - પુરુષને જૂદા પાડી, 'ઉપલંભૈક નિયત' - એક શુદ્ધ આત્માનુભવનિષ્ઠ પુરુષને - આત્માને જ્ઞાન સાક્ષાત્ - પ્રત્યક્ષ મોક્ષે લઈ જાય છે, મોક્ષ પમાડે છે - नयन् साक्षात्मोक्षं पुरुषमुपलंभैकनियतं ।

અને આવો સાક્ષાત્ મોક્ષ જ્ઞાન પમાડે છે, એટલે હવે - હમણાં જ 'इदानीं' - તે મોક્ષ થતાં વેંત જ તત્ક્ષણે જ આત્મામાં નિમગ્ન થયેલો - ડૂબીને પડેલો 'સહજ' - સ્વભાવભૂત પરમાનંદ ઉન્મગ્ન થાય છે - પ્રગટ બ્હાર નીકળેલો - આવિર્ભૂત થયેલો સાક્ષાત્ અનુભવાય છે. જેમ કોઈ જલમાં નિમગ્ન - ડૂબેલો હોય તે દેખાય નહિ, પણ ઉન્મગ્ન થતાં - પાણીમાંથી ઉપર તરી આવતાં સ્પષ્ટ દેખાય, તેમ પરમાનંદ એ આત્માનો સહજ સ્વભાવભૂત શક્તિરૂપ ભાવ છે, તે વિભાવ-બંધને લઈ આત્મામાં નિમગ્ન - ડૂબેલો હોઈ દેખાતો નહોતો, તે હવે બંધથી આત્માનો મોક્ષ થતાં વ્યક્તિરૂપે - પ્રગટ આવિર્ભાવરૂપે ઉન્મગ્ન થઈ અનુભવનેત્રથી પ્રગટ દેખાય છે - સાક્ષાત્ અનુભવાય છે. આવા હમણા ઉન્મજ્જતા સહજ પરમાનંદથી આ જ્ઞાન 'સરસ' છે - 'इदानीमुन्मज्जत् सहजपरमानंदसरसं', રસ જેમ એકરૂપ - એકરસ હોય તેમ પરમાનંદ સાથે એકરૂપ - એકરસ આ જ્ઞાન એવું સરસ - રસમય છે, કે આનંદથી સરસ વસ્તુ છોડવાનું જેમ કોઈને મન થાય નહિ ને છોડે નહિ તેમ સહજ પરમાનંદથી સરસ જ્ઞાનને જ્ઞાન કદી છોડતું નથી, નિરંતર સ્વરસથી તે સ્વરસનો જ રસાસ્વાદ લીધા કરે છે. અથવા તો આ 'કેવલ જ્ઞાન નિધાન' રૂપ કેવલ જ્ઞાન જે આત્મામાં જ નિમગ્ન હતું - ડૂબેલું પડ્યું હતું તે હમણાં 'ઉન્મગ્ન' થાય છે - ઉપર આવે છે અને તે સહજ પરમાનંદથી સરસ એવું છે.

અને આમ સહજ પરમાનંદથી સરસ છે, એટલા માટે જ આ જ્ઞાનથી પર કોઈ નથી ને એ સર્વ

પરથી પર છે - 'परं' અને જ્યાં સમય માત્ર પણ પરમાણુ માત્ર પણ ઊણપ-ન્યૂનતા નથી એવા પૂર્ણ - શુદ્ધ ચેતન રસથી ભરપૂર હોવાથી પૂર્ણ - 'पूर्णं' છે અને આમ મોક્ષ પમાડી આત્માને સહજ પરમાનંદમાં નિમગ્ન કરવો એ જ જ્ઞાનનું, એકમાત્ર સાધ્ય કર્ત્તવ્ય હતું, એટલે જે કરવા યોગ્ય હતું તે સકલ - સંપૂર્ણ કૃત્ય કરી લીધું હોવાથી કૃતકૃત્ય થયેલું આ જ્ઞાન વિજય પામે છે ! વર્ત્તમાનકાળની જેમ સદા - **શાશ્વત** વિજયવંતુ વર્તે છે - परं पूर्णं ज्ञानं कृतसकलकृत्यं विजयते ।

**આકૃતિ**



**जह णाम कोवि पुरिसो बंधणयह्मि चिरकालपडिबद्धो ।**
**तिव्वं मंदसहावं कालं च वियाणए तस्स ॥२८८॥**

**जइ णवि कुणइ च्छेदं ण मुच्चए तेण बंधणवसो सं ।**
**कालेण उ बहुएणवि ण सो णरो पावइ विमोक्खं ॥२८९॥**

**इय कम्मबंधणाणं पएसठिइपयडिमेवमणुभागं ।**
**जाणंतोवि ण मुच्चइ मुच्चइ सो चेव जइ सुद्धो ॥२९०॥**

કાવ્યાનુવાદ સજ્ઝાય

'ધરમ પરમ અરનાથનો' - એ રાગ

(બંધન છેદન મોક્ષ છે, આતમ શુદ્ધ સ્વભાવ રે - ધ્રુવ પદ)

જેમ કોઈ પુરુષ બંધને, બદ્ધ ખરે ! ચિરકાળ રે,
તીવ્ર મંદ સ્વભાવ તેહનો, જાણે વળી તસ કાલ રે... બંધન છેદન મોક્ષ છે. ૧

જો ન કરે છેદ તો મૂકાય ના, બંધન વશ સતો તેહ રે,
બહુ કાળે પણ પુરુષ તે, મોક્ષ ન પામે એહ રે... બંધન છેદન મોક્ષ છે. ૨

એમ કર્મબંધના પ્રદેશ ને, પ્રકૃતિ સ્થિતિ અનુભાગ રે,
જાણંતો પણ મૂકાય ના, મૂકાય શુદ્ધ સુભાગ રે... બંધન છેદન મોક્ષ છે. ૩

**અર્થ** - જેમ કોઈ પણ પુરુષ બંધનકમાં ચિરકાલથી પ્રતિબદ્ધ છે, તે તેનો તીવ્ર - મંદ સ્વભાવ અને કાળ વિજાણે છે - વિશેષે કરીને જાણે છે. ૨૮૮

જો છેદ ન કરે તો બંધન વશ સતો તે મૂકાય નહિ
અને બહુ કાળે પણ તે નર વિમોક્ષ પામે નહિ. ૨૮૯

---

**आत्मभावना** -

यथा नाम - જેમ ખરેખર ! સ્ફુટપણે कश्चित् पुरुषो - કોઈ પુરુષ बंधनके चिरकाल प्रतिबद्धः - બંધનકમાં ચિરકાલથી પ્રતિબદ્ધ એવો, तस्य तीव्रमंदस्वभावं कालं च विजानाति - તેના - બંધનકના તીવ્ર - મંદ સ્વભાવને અને કાળને વિજાણે છે - વિશેષે કરીને જાણે છે. ॥૨૮૮॥ यदि नापि छेदं करोति - જો તે છેદ નથી જ કરતો, तेन बंधनवशः सन् न मुच्यते - તો બંધનવશ સતો નથી મૂકાતો, कालेन तु बहुकेनापि - અને બહુ કાળે પણ स नरः न विमोक्षं प्राप्नोति - તે નર - પુરુષ વિમોક્ષને નથી પ્રાપ્ત થતો. ॥૨૮૯॥ इति - એમ - એવા પ્રકારે कर्मबंधनानां प्रदेशस्थितिप्रकृतिमेवमनुभागं जानन्नपि - કર્મબંધનોના પ્રદેશ-સ્થિતિ - પ્રકૃતિને તેમ અનુભાગને - અનુભવ રસને જાણતો છતાં न मुच्यते - નથી મૂકાતો, स चैव मुच्यते - અને તેજ મૂકાય છે, यदि शुद्धः - જો શુદ્ધ (થાય તો). ॥२९०॥ इति **गाथा** आत्मभावना ॥२८८-२९०॥

आत्मबंधयो द्विधाकरणं मोक्षः - આત્મા અને બંધનું દ્વિધાકરણ - બે ભાગમાં કરવું તે મોક્ષ. बंधस्वरूपज्ञानमात्रं तद्धेतुरित्येके - બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર તદ્ધેતુ - મોક્ષહેતુ છે એમ કોઈ એક કહે છે, तदसत् - તે અસત્ છે, न कर्मबद्धस्य बंधस्वरूपज्ञानमात्रं मोक्षहेतुः - કર્મબદ્ધને - કર્મથી બંધાયેલને બંધ સ્વરૂપનું જ્ઞાનમાત્ર મોક્ષહેતુ નથી. શાને લીધે ? अहेतुत्वात् - અહેતુપણાને લીધે. કોની જેમ ? निगडादिबद्धस्य बंधस्वरूपज्ञानमात्रवत् - નિગડાદિથી - બેડી વગેરેથી બદ્ધને - બંધાયેલને બંધ સ્વરૂપના જ્ઞાનમાત્રની જેમ. આ પરથી શું ફલિત થયું ? एतेन - આ પરથી कर्मबंधप्रपंचरचनापरिज्ञानमात्रसंतुष्टा उत्थाप्यंते - કર્મબંધ પ્રપંચની રચનાના પરિજ્ઞાન માત્રથી સંતુષ્ટ થયેલાઓને ઉત્થાપવામાં આવે છે. ॥૨૮૮॥૨૮૯॥૨૯૦॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२८८-२९०॥

એમ કર્મબંધનોના પ્રદેશ-સ્થિતિ-પ્રકૃતિને તેમ અનુભાગને (રસને) જાણંતો પણ નથી મૂકાતો અને તે જ જો શુદ્ધ હોય તો મૂકાય છે. ૨૯૦

## आत्मख्याति टीका

**यथा नाम कश्चित्पुरुषो बंधनके चिरकालप्रतिबद्धः ।**
**तीव्रमंदस्वभावं कालं च विजानाति तस्य ॥२८८॥**

**यदि नापि करोति छेदं न मुच्यते तेन बंधनवशः सन् ।**
**कालेन तु बहुकेनापि न स नरः प्राप्नोति विमोक्षं ॥२८९॥**

**इति कर्मबंधनानां प्रदेशस्थितिप्रकृतिमेवमनुभागं ।**
**जानन्नपि न मुच्यते मुच्यते स चैव यदि शुद्धः ॥२९०॥**

आत्मबंधयोर्द्विधाकरणं मोक्षः, बंधस्वरूपज्ञानमात्रं तद्धेतुरित्येके तदसत्, **न कर्मबद्धस्य बंधस्वरूपज्ञानमात्रं** मोक्षहेतुरहेतुत्वात्, निगडादिबद्धस्य बंधस्वरूप**ज्ञानमात्रवत्** । एतेन कर्मबंधप्रपंचरचनापरिज्ञानमात्रसंतुष्टा उत्थाप्यंते ॥२८८॥२८९॥२९०॥

## આત્મખ્યાતિ ટીકા

આત્મા અને બંધનું દ્વિધાકરણ (બે ભાગ કરવું) તે મોક્ષ.

બંધ સ્વરૂપનું જ્ઞાનમાત્ર તેનો હેતુ છે એમ કોઈ એક કહે છે તે અસત્ છે, **કર્મબદ્ધનું બંધસ્વરૂપ જ્ઞાનમાત્ર મોક્ષહેતુ નથી,** અહેતુપણાને લીધે - નિગડાદિથી (બેડી વગેરેથી) બદ્ધના બંધસ્વરૂપના જ્ઞાનમાત્રની **જેમ.** આ પરથી કર્મબંધ પ્રપંચ રચનાના પરિજ્ઞાન માત્રથી સંતુષ્ટો ઉત્થાપાય છે. ૨૮૮, ૨૮૯, ૨૯૦

## 'અમૃત જ્યોતિ' ભાષ્ય

''મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ.''

**- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૨૩**

બંધના સ્વરૂપને જાણ્યા માત્રથી મોક્ષ થતો નથી, પણ જો બંધ છેદી શુદ્ધ થાય તો મોક્ષ થાય છે, એ અત્રે શાસ્ત્રકર્તા ભગવાન **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** બંધનબદ્ધ પુરુષના સીધા સાદા સચોટ દૃષ્ટાંતથી પરમ હૃદયંગમ રીતે પ્રતિપાદન કર્યું છે, જેમ કોઈ પુરુષ બંધનકમાં ચિરકાલથી - લાંબા વખતથી બંધાયેલો છે, તેના - તે બંધનના 'તીવ્ર' - આકરા 'મંદ' - શિથિલ - ઢીલા સ્વભાવને અને કાળને જાણે છે, જો તે છેદ ન જ કરે, તો 'બંધનવશ' - બંધનાધીન સતો તે નર - પુરુષ નથી મૂકાતો અને બહુકાળે પણ વિમોક્ષ - છૂટકારો નથી પામતો. એવા પ્રકારે કર્મબંધનોના પ્રદેશ-સ્થિતિ-પ્રકૃતિને તેમજ 'અનુભાગને' - અનુભવ રસને જાણંતો છતો નથી મૂકાતો અને તે જ જો શુદ્ધ હોય તો મૂકાય છે. આવા ભાવની આ ગાથાઓના ભાવનું તત્ત્વ - તલસ્પર્શી ઉદ્ઘાટન કરતાં 'આત્મખ્યાતિ' સૂત્રકર્તા ભગવાન **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** થોડા પણ પરમ પરમાર્થ ગંભીર શબ્દોમાં તેનું નિષ્તુષ યુક્તિથી તત્ત્વ સર્વસ્વસમર્પક અપૂર્વ વ્યાખ્યાન કર્યું છે. તેનો આશયાર્થ આ પ્રકારે -

आत्मबंधयो र्द्विधाकरणं मोक्षः 'આત્મા અને બંધનું દ્વિધાકરણ તે મોક્ષ', આત્મા અને બંધનું

બે ભાગમાં વ્હેંચણી રૂપ વિભજન કરવું, આત્મા અને બંધને અલગ અલગ - પૃથક્ પૃથક્ જૂદા પાડવા તે મોક્ષ.

કરવતથી વ્હેરીને કાષ્ઠના જેમ બે ભાગ સ્પષ્ટ જૂદા પડાય છે, બે ફાડ કરાય છે, તેમ ભેદ-જ્ઞાનની કરવતથી આત્મા અને બંધને સ્પષ્ટ બે ભાગમાં જૂદા પાડવા તે મોક્ષ.


બંધના સ્વરૂપનું 'જ્ઞાન માત્ર' - કેવલ જ્ઞાન જ તેનો - મોક્ષનો હેતુ છે એમ કોઈ એક કહે છે તે અસત્ છે - 'तदसत्', બંધનું સ્વરૂપ શું છે એ જાણ્યું એટલે બસ, એટલું જ માત્ર મોક્ષનું કારણ છે એમ કેટલાકો કહે છે, તે 'અસત્' - અસત્ય - અયથાર્થ છે. કારણકે 'કર્મબદ્ધને બંધ સ્વરૂપનું જ્ઞાનમાત્ર મોક્ષહેતુ નથી', કર્મથી જે બંધાયેલ છે તેને તે બંધના સ્વરૂપનું જાણપણું જ કેવલ મોક્ષનું કારણ થતું નથી. શા માટે ? 'अहेतुत्वात्' - અહેતુપણું છે માટે, તે 'જ્ઞાન માત્ર'નું મોક્ષનું અહેતુપણું - અકારણપણું છે માટે, બંધનું સ્વરૂપ જાણ્યા માત્રથી કાંઈ મોક્ષ થતો નથી. કોની જેમ ? 'નિગડાદિથી બદ્ધના બંધ સ્વરૂપના જ્ઞાનમાત્રની જેમ' - निगडादिबद्धस्य बंधस्वरूपज्ञानमात्रवत्, અત્રે આ બેડી આદિથી બંધાયેલા પુરુષનું દૃષ્ટાંત આપ્યું છે - જેમ કોઈ બેડીથી કે રાંઢવાથી (રજ્જુથી) બંધાયેલ હોય, તેને બેડીના કે રાંઢવાના સ્વરૂપના જ્ઞાનમાત્રથી કાંઈ 'મોક્ષ' - બંધનથી છૂટકારો થતો નથી. આ બેડી આવી મજબૂત છે કે નબળી છે, આ રાંઢવું આવું મજબૂત છે કે નબળું છે, આ બેડી લાંબા વખતથી બંધાયેલી છે કે થોડા વખતથી બંધાયેલી છે ઈત્યાદિ પ્રકારે તે બંધનનું સ્વરૂપ જાણ્યા માત્રથી કાંઈ તે બંધનથી મુક્ત થવાતું નથી, પણ બંધનને બંધનહેતુ છોડ્યાથી કે ત્રોડ્યાથી જ મુક્ત થવાય છે, જાણ્યા પ્રમાણે છૂટવાની તથારૂપ 'ક્રિયા' - આચરણ કરવાથી - શુદ્ધ થવાથી જ મુક્ત થવાય છે.

આ પરથી 'કર્મબંધપ્રપંચ રચનાના પરિજ્ઞાન માત્રથી સંતુષ્ટો ઉત્થાપવામાં આવે છે.' અર્થાત્ બંધ ચાર પ્રકારનો છે - પ્રકૃતિ બંધ, સ્થિતિ બંધ, પ્રદેશ બંધ, અનુભાગ બંધ. જ્ઞાનાવરણીયાદિ કર્મની મૂળ આઠ પ્રકૃતિ છે અને તેની ઉત્તર પ્રકૃતિ ૧૫૮ છે; આ કર્મ પ્રકૃતિની સ્થિતિ આટલી દીર્ઘ છે, આ કર્મપ્રકૃતિની સ્થિતિ આટલી ટૂંકી છે; આ કર્મના પ્રદેશ આટલા બહુત્વવાળા છે, આ કર્મના પ્રદેશ આટલા અલ્પત્વવાળા છે; આ કર્મ પ્રકૃતિનો 'અનુભાગ' - અનુભવ રસ આવો તીવ્ર છે, આ કર્મ પ્રકૃતિનો અનુભાગ - અનુભવ રસ આવો મંદ છે. આ આઠ પ્રકૃતિમાં ચાર ઘાતિ છે, ચાર અઘાતિ છે, તેના ઉદય, ઉદીરણા, સત્તા અને બંધવિચ્છેદ આ આ પ્રકારે છે ઈત્યાદિ વિવિધ પ્રકારે કર્મગ્રંથ - ગોમ્મટસાર - ષટ્ખંડાગમાદિ કર્મબંધ - પ્રપંચ પ્રપંચનારા શાસ્ત્રોમાં કથેલ ભાવાનુસાર કર્મબંધપ્રપંચની રચનાના 'પરિજ્ઞાન' - સર્વ પ્રકારે જ્ઞાન માત્રથી જે સંતુષ્ટ થયેલા છે, પોતાને જ્ઞાની માનવાનો મિથ્યા આત્મસંતોષ અનુભવે છે, તેવાઓનું અત્રે ઉક્ત પ્રકારથી ઉત્થાપન થાય છે. કર્મબંધ પ્રપંચ રચનાના પરિજ્ઞાનમાં નિપુણ તે મહાશયોને ઉદ્બોધવામાં આવે છે કે અહો કર્મબંધ પ્રપંચ રચનાના પરિજ્ઞાનમાં નિપુણ મહાનુભાવો ! તમારી આ કર્મબંધ પ્રપંચના જ્ઞાનની ચતુરાઈ તો બરાબર છે, પણ તે કર્મબંધથી છૂટવા માટે - મોક્ષ માટે તે કર્મબંધના જાણપણાની ચતુરાઈ માત્ર કામ આવે એમ નથી. જેવી તમે તે કર્મબંધ જાણવાની ચતુરાઈ દાખવો છો, તેટલી જ બલકે તેથી વિશેષ જો તે કર્મબંધને અને કર્મબંધ યથોક્ત હેતુઓને છોડવાની ને ત્રોડવાની ચતુરાઈ દાખવશો તો તમારૂં કામ થઈ જશે અને એ જ કર્મબંધના પ્રપંચ વિસ્તારનારા કર્મગ્રંથ, ગોમ્મટસાર, ષટ્ખંડાગમ વગેરે તે તે મહાશાસ્ત્રોનો પરમાર્થ - રહસ્ય છે કે - આત્માની અશુદ્ધતાથી ઉદ્ભવેલા આ કર્મબંધને જાણી - પરભાવ પ્રપંચરૂપ તેની આંટીઘૂંટીને જાણી તેને છેદવાનો આત્મશુદ્ધતારૂપ સદુપાય કરો ! પરને - દુશ્મનને જેમ વીણી વીણીને મારી નાંખવામાં આવે તેમ આ પરભાવ પરને કર્મશત્રુને વીણી વીણીને મારી નાંખી સકલ કર્મબંધથી અને કર્મબંધ હેતુઓથી વિરહિત એવા શુદ્ધ સ્વભાવ ધર્મરૂપ શુદ્ધ આત્માને પ્રગટ કરવાનો શુદ્ધોપયોગરૂપ પુરુષાર્થ કરો ! પુરુષાર્થ કરો ! એ જ જ્ઞાની ભગવંતોના બોધનો ડિંડિમ નાદ પોકારી પોકારીને કહે છે.

"પદ્મપ્રભુ જિન ! તુજ મુજ આંતરૂં, કિમ ભાંજે ભગવંત ?
કર્મ વિપાકે હો કારણ જોઈને, હોઈ કહે મતિમંત... પદ્મ પ્રભ જિન !
પયડિ થિઈ અણુભાગ પ્રદેશથી, મૂળ ઉત્તર બહુ ભેદ,
ઘાતિ અઘાતિ હો બંધ ઉદય ઉદીરણા, સત્તા કર્મ વિચ્છેદ... પદ્મપ્રભ જિન !"

- શ્રી આનંદઘનજી

આકૃતિ






**जह बंधे चिंतंतो बंधणबद्धो ण पावइ विमोक्खं ।**
**तह बंधे चिंतंतो जीवोवि ण पावइ विमोक्खं ॥२९१॥**

બંધન બદ્ધ બંધ ચિંતતો, જ્યમ પામે ન વિમોક્ષ રે;
ત્યમ જીવ પણ બંધ ચિંતતો, પામે નહિ જ વિમોક્ષ રે... બંધન છેદન મોક્ષ છે. ૨૯૧

**અર્થ** - જેમ બંધોને ચિંતવતાં બંધનબદ્ધ વિમોક્ષને નથી પામતો, તેમ બંધોને ચિંતવતાં જીવ પણ વિમોક્ષને નથી પામતો. ૨૯૧

## आत्मख्याति टीका

**यथा बंधान् चिंतयन् बंधनबद्धो न प्राप्नोति विमोक्षं ।**
**तथा बंधांश्चिंतयन् जीवोऽपि न प्राप्नोति विमोक्षं ॥२९१॥**
**बंधचिंताप्रबंधो मोक्षहेतुरित्यन्ये तदप्यसत्,**
**न कर्मबद्धस्य बंधचिंताप्रबंधो मोक्षहेतुरहेतुत्वात्,**
**निगडादिबद्धस्य बंधचिंताप्रबंधवत् ।**
**एतेन कर्मबंधविषयचिंताप्रबंधात्मकविशुद्धधर्मध्यानांधबुद्धयो बोध्यंते ॥२९१॥**

## આત્મખ્યાતિ ટીકાર્થ

બંધ ચિંતા પ્રબંધ મોક્ષહેતુ છે એમ બીજાઓ કહે છે, તે પણ અસત્ છે.
કર્મબદ્ધનો બંધ ચિંતા પ્રબંધ મોક્ષહેતુ નથી - અહેતુપણાને લીધે -
નિગડાદિથી (બેડી વગેરેથી) બદ્ધના બંધ ચિંતા પ્રબંધની જેમ.
આ પરથી કર્મબંધ વિષય ચિંતા પ્રબંધાત્મક વિશુદ્ધ ધર્મધ્યાનાંધ બુદ્ધિઓ બોધવામાં છે. ૨૯૧

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"માત્ર બંધદશા તે બંધ છે, મોક્ષદશા તે મોક્ષ છે, ** બંધ તે મોક્ષ નથી, મોક્ષ તે બંધ નથી. ** નિષ્ફળપણે સિદ્ધપદ સુધીના ઉપદેશ જીવ અનંતવાર કરી ચૂક્યો છે."

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૩૨૩), ૩૯૭

બંધનું ચિંતન કર્યા કરવાથી કાંઈ મોક્ષ થાય નહિ એમ તે જ બંધનબદ્ધ પુરુષના દૃષ્ટાંતથી અત્ર સમર્થિત કર્યું છે અને 'આત્મખ્યાતિ' કર્તાએ તેવી જ નિષ્તુષ યુક્તિથી તેનું સ્ફુટીકરણ કર્યું છે. તેનો આશયાર્થ આ પ્રકારે - बंधचिंताप्रबंधो मोक्षहेतुरित्यन्ये तदप्यसत् - 'બંધ ચિંતાપ્રબંધ મોક્ષહેતુ છે એમ બીજાઓ કહે છે, તે પણ અસત્ છે', બંધના ચિંતનનો - 'પ્રબંધ' - બંધ સંબંધી ચિંતાનો - ચિંતનનો

---

**आत्मभावना** -

यथा बंधान् चिंतयन् - જેમ બંધોને ચિંતવતો बंधनबद्धो - બંધવબદ્ધ विमोक्षं न प्राप्नोति - વિમોક્ષને - છૂટકારાને નથી પામતો, तथा बंधांश्चिंतयन् - તેમ બંધોને ચિંતવતો जीवोपि - જીવ પણ विमोक्षं न प्राप्नोति - વિમોક્ષને - છૂટકારાને નથી પામતો. ॥२९१॥ इति **गाथा** आत्मभावना ॥२९१॥

बंधचिंताप्रबंधो मोक्षहेतुरित्यन्ये - બંધ ચિંતા પ્રબંધ મોક્ષહેતુ છે એમ અન્યો કહે છે, तदप्यसत् - તે પણ અસત્ છે. કારણ ? न कर्मबद्धस्य बंधचिंताप्रबंधो मोक्षहेतुः - કર્મબદ્ધનો બંધ ચિંતા પ્રબંધ મોક્ષહેતુ નથી, શાને લીધે ? अहेतुत्वात् - અહેતુપણાને લીધે. કોની જેમ ? निगडादिबद्धस्य बंधचिंताप्रबंधवत् - નિગડાદિથી - બેડી વગેરેથી બદ્ધના - બંધાયેલના બંધચિંતા પ્રબંધની જેમ. આ પરથી શું ફલિત થયું ? एतेन - આ પરથી कर्मबंधविषयचिंता प्रबंधात्मकविशुद्धधर्मध्यानांधबुद्धयो बोध्यंते - કર્મબંધ વિષય ચિંતા પ્રબંધાત્મક વિશુદ્ધ ધર્મધ્યાનમાં અંધબુદ્ધિઓ બોધવામાં આવે છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२९१॥

પ્રબંધ - સંકલનાબદ્ધ વિસ્તાર વિચાર 'મોક્ષ હેતુ' - મોક્ષકારણ નથી - અહેતુપણું છે માટે - 'अहेतुत्वात्' કોની જેમ ? 'નિગડાદિથી' - બેડી વગેરેથી બદ્ધના - બંધાયેલના બંધ ચિંતા પ્રબંધની જેમ. આ ઉપરથી 'કર્મબંધ વિષયક ચિંતા પ્રબંધાત્મક' - અર્થાત્ કર્મબંધ સંબંધી સંકલનાબદ્ધ વિસ્તાર વિચાર જ્યાં કરાય છે તે 'વિશુદ્ધ' - વિશુદ્ધ પરિણામવાળા ધર્મધ્યાનમાં જ જેની બુદ્ધિ અંધ બની ગઈ છે એવા ધર્મધ્યાનાંધ બુદ્ધિઓને બોધવામાં આવે છે.

આ વ્યાખ્યાનો હવે વિશેષ વિચાર કરીએ.

બંધ સંબંધી ચિંતનનો પ્રબંધ - સંકલનાબદ્ધ વિસ્તાર વિચાર કરવો તે મોક્ષહેતુ છે, એમ કેટલાકો કહે છે, તે પણ અસત્ - અસત્ય - અયથાર્થ છે. જેમકે - ચાર પ્રકારનો બંધ છે. તેમાં પ્રકૃતિ બંધ - પ્રદેશ બંધ યોગથી થાય છે અને સ્થિતિ બંધ - રસ બંધ કષાયથી થાય છે, મિથ્યાત્વ - અવિરતિ - પ્રમાદ - કષાય - યોગ એ બંધના હેતુઓ છે, કારણ યોગે બંધને બાંધે છે અને કારણ મૂક્યે મૂકાય છે અને તેજ અનુક્રમે આસ્રવ અને સંવર હેય - ઉપાદેય છે, યુંજન કરણથી બંધ થાય છે અને ગુણ કરણથી બંધનો ભંગ થાય છે - બંધ ત્રૂટે છે ઈત્યાદિ પ્રકારે બંધના સ્વરૂપનું ચિંતન જ્ઞાની પુરુષોએ અતિ વિસ્તારથી - પ્રબંધથી વર્ણવ્યું છે, તે બંધ - પ્રબંધનું સપ્રપંચ ચિંતન માત્ર કરવું તે મોક્ષહેતુ છે એમ કોઈ બીજા જનો માને છે તે પણ અસત્ છે. કારણકે કર્મબદ્ધનો બંધ ચિંતા પ્રબંધ મોક્ષહેતુ નથી, અર્થાત્ કર્મથી જે બંધાયેલો છે તે બંધના સ્વરૂપની ગમે તેટલી વિસ્તારથી - પ્રબંધથી - પ્રપંચથી ચિંતા કર્યા કરે, તો પણ તે મોક્ષહેતુ નથી - મોક્ષનું કારણ થતું નથી, કારણકે તેનું મોક્ષનું અહેતુપણું - અકારણપણું છે, બંધ સ્વરૂપનું ગમે તેટલું ચિંતન માત્ર કર્યા કરવાથી કાંઈ મોક્ષહેતુપણું નથી. જેમ કોઈ એક પુરુષ બેડીથી કે રાંઢવાથી, કે કાષ્ઠશૂલીથી બંધાયેલો હોય, તે બેડીના કે રાંઢવાના કે કાષ્ઠશૂલીના સ્વરૂપનું ગમે તેટલું ચિંતન કર્યા કરે - ધ્યાન ધર્યા કરે, તો પણ તે બંધનથી મુક્ત થતો નથી, તેમ કર્મબંધના સ્વરૂપની ગમે તેટલી ચિંતા કરવામાં આવે તો પણ તે ચિંતા માત્રથી આત્મા મુક્ત થતો નથી, તેમજ પરને અહંત્વ - મમત્વથી પકડી રાખ્યા છતાં - પરને નહિ છોડ્યા છતાં - સર્વ પ્રકારનો કર્મબંધ પુદ્ગલમય છે, પર છે, તેની સાથે આત્માને કાંઈ લેવા દેવા નથી, એમ માત્ર ચિંતવ્યા કર્યાથી કે અંતર પરિણામ વિના માત્ર શુષ્કજ્ઞાનથી શુકપાઠ કર્યા કર્યાથી પણ આત્મા મુક્ત થતો નથી.

આ ઉપરથી કર્મબંધ વિષયે ચિંતા પ્રબંધાત્મક વિશુદ્ધ ધર્મધ્યાનમાં અંધ બુદ્ધિવાળાઓને બોધવામાં આવ્યા છે. જેમકે - અહો મહાનુભાવો ! તમે શુભ ઉપયોગથી કર્મવિપાક સંબંધી ધર્મધ્યાનનું ગમે તેટલું ચિંતવન કરતા હો અને આથી અમે મોક્ષ પામશું એમ તેમાં અંધશ્રદ્ધા રાખી તમે ભલે અંધબુદ્ધિ ધરતા હો, પણ તે બંધ સ્વરૂપની ચિંતા માત્ર મોક્ષનું કારણ નથી, એટલે તે તમારૂં ચિંતન મોક્ષાર્થે અકિંચિત્કર છે, કર્મબંધનના સ્વરૂપ ચિંતન માત્રથી સંતોષ નહિ પામતાં તમે કર્મ બંધને ભેદી નાંખી, છેદી નાંખી, અ કર્મબંધ દશા પ્રગટાવશો, તો જ તમારૂં મોક્ષ કાર્ય સિદ્ધ થશે અને તો જ તમારૂં બંધ સ્વરૂપ ચિંતન લેખે લાગશે. વધારે શું ?

''કારણ જોગે હો બાંધે બંધને, કારણ મુક્તિ મૂકાય,
આસ્રવ સંવર નામ અનુક્રમે, હેયોપાદેય સુણાય... પદ્મપ્રભ-જિન.''

''યુંજનકરણે હો વિરહ તુજ પડ્યો, ગુણકરણે કરી ભંગ,
ગ્રંથ ઉકતે કરી પંડિત જન કહ્યો રે, અંતર ભંગ સુઅંગ... પદ્મ પ્રભ.'' - શ્રી આનંદઘનજી

**ત્યારે મોક્ષહેતુ કોણ છે ? તો કે -**

**जह बंधे छित्तूण य बंधणबद्धो उ पावइ विमोक्खं ।**
**तह बंधे छित्तूण य जीवो संपावइ विमोक्खं ॥२९२॥**

બંધન બદ્ધ બંધ છેદીને, પામે જેમ વિમોક્ષ રે;
તેમ જીવ પણ બંધ છેદીને, પામે છે જ વિમોક્ષ રે... બંધન છેદન મોક્ષ છે. ૨૯૨

**અર્થ** - અને જેમ બંધોને છેદીને જ બંધનબદ્ધ નિશ્ચયે કરીને વિમોક્ષ પામે છે, તેમ બંધોને છેદીને જ જીવ વિમોક્ષ પામે છે. ૨૯૨

## आत्मख्याति टीका

कस्तर्हि मोक्षहेतुः ? इति चेत् -

**यथा बंधांश्छित्वा च बंधनबद्धस्तु प्राप्नोति विमोक्षं ।**
**तथा बंधांश्छित्वा च जीवः संप्राप्नोति विमोक्षं ॥२९२॥**

कर्मबद्धस्य **बंधच्छेदो मोक्षहेतुः** हेतुत्वात् निगडादिबद्धस्य बंधच्छेदवत् । एतेन उभयेऽपि पूर्वे आत्मबंधयो र्द्विधाकरणे व्यापार्यते ॥२९२॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

**કર્મબદ્ધનો બંધછેદ મોક્ષહેતુ છે**, હેતુપણાને લીધે - **નિગડાદિબદ્ધના બંધછેદની જેમ.** આથી પૂર્વ ઉભય પણ આત્મા અને બંધના દ્વિધાકરણમાં વ્યાપારાય છે. ૨૯૨

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"મુક્ત ભાવમાં (૧) મોક્ષ છે એમ ધારણા છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૨૦**

"જે જે કારણ બંધના, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક દશા, મોક્ષે પંથ ભવ અંત." - **શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૯૯**

ત્યારે મોક્ષહેતુ કોણ છે ? એનો અત્ર શાસ્ત્રકારે જવાબ આપ્યો છે કે તે બંધનબદ્ધ પુરુષની જેમ જે બંધને છેદે તે મોક્ષ પામે છે અને 'આત્મખ્યાતિ' સૂત્રકારે તેનું સુયુક્તિથી સમર્થન કર્યું છે. તેનો ભાવાર્થ આ પ્રકારે - कर्मबद्धस्य बंधच्छेदो मोक्षहेतुः 'કર્મબદ્ધને બંધછેદ મોક્ષહેતુ છે', કર્મથી બંધાયેલને બંધનો છેદ કરવો એ જ મોક્ષનો - છૂટવાનો હેતુ છે, મોક્ષકારણ છે. કોની જેમ ? 'નિગડાદિથી બદ્ધના બંધ છેદની જેમ', નિગડ-બેડી વગેરેથી બંધાયેલને બંધનો છેદ જેમ મોક્ષ હેતુ - છૂટવાનો હેતુ છે તેમ. આ ઉપરથી પૂર્વોક્ત બન્ને પ્રકારની માન્યતાવાળા જનોને - બંધ પરિજ્ઞાનથી ને બંધ ચિંતનથી મોક્ષ

---

**आत्मभावना** -

कस्तर्हि मोक्षहेतुः - તો પછી મોક્ષહેતુ કોણ છે ? इति चेत् - એમ જો પૂછો તો यथा बंधांश्छित्वा च - અને જેમ બંધોને છેદીને बंधनबद्धस्तु विमोक्षं प्राप्नोति - બંધનબદ્ધ તો નિશ્ચયે કરીને વિમોક્ષને - છૂટકારાને પ્રાપ્ત કરે છે, तथा बंधांश्छित्वा च - તેમ બંધોને છેદીને जीवः - જીવ विमोक्षं संप्राप्नोति - વિમોક્ષને સંપ્રાપ્ત કરે છે. ॥ इति **गाथा** आत्मभावना ॥२९२॥

कर्मबद्धस्य - કર્મબદ્ધનો - કર્મથી બંધાયેલનો बंधच्छेदो मोक्षहेतुः - બંધ છેદ મોક્ષહેતુ છે, શાને લીધે ? हेतुत्वात् - હેતુપણાને લીધે. કોણની જેમ ? निगडादिबद्धस्य बंधच्छेदवत् - નિગડાદિથી - બેડી વગેરેથી બદ્ધને - બંધાયેલને બંધછેદની જેમ. एतेन - આ પરથી उभयेऽपि पूर्वे - ઉભય પણ - બન્નેય પૂર્વ - પૂર્વે કહેલા आत्मबंधयो र्द्विधाकरणे व्यापार्यते - આત્મા અને બંધના દ્વિધાકરણમાં - બે વિભાગમાં વિભજનીકરણમાં વ્યાપારવામાં - પ્રેરવામાં આવે છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२९२॥

માનનારાઓને આત્મા અને બંધના 'દ્વિધાકરણમાં' - બે ભાગમાં વિભજનીકરણમાં - ભેદકરણમાં વ્યાપારવામાં આવ્યા છે - પ્રેરવામાં આવ્યા છે.


અર્થાત્ કર્મથી જે બંધાયેલો છે, તેને તે કર્મ બંધનું છેદન કરવું, દ્વિધાકરણ કરવું ('એક ઘા ને બે ટૂકડા કરવા'), કાપી નાંખવું, તે મોક્ષનું એટલે કે બંધથી છૂટવાનું અચૂક અમોઘ કારણ છે, કારણકે બંધનું છેદન એજ મોક્ષનું કારણ છે. જેમ કોઈ બેડીથી કે રજ્જુથી કે કાષ્ઠશૂલીથી બંધાયેલ હોય - જકડાયેલ હોય, તેની તે બંધન કર્ત્તા બેડી કે રજ્જુ કે કાષ્ઠશૂલી છેદી નાંખવામાં આવે, ભેદી નાંખવામાં આવે, કાપી નાંખવામાં આવે, તો જ બેડી વગેરે બંધનથી છૂટે - મોક્ષ પામે, તેમ અત્રે પણ કર્મબંધની બેડીથી કે રજ્જુથી કે શૂળીથી બંધાયેલા - જકડાયેલા આત્માને બંધન કર્ત્તા તે કર્મ બેડી - કર્મરજ્જુ - કર્મશૂલી છેદી નાંખવામાં આવે, ભેદી નાંખવામાં આવે, કાપી નાંખવામાં આવે, તો જ તે કર્મબેડીના બંધનથી છૂટે, મોક્ષ પામે.

આમ આ ઉપરથી બંધ સ્વરૂપના પરિજ્ઞાન માત્રથી સંતુષ્ટ થનારા અને બંધ સ્વરૂપ પ્રપંચના ચિંતન માત્રમાં જ રચ્યા પચ્યા રહેનારા જનોને આત્મા અને બંધના 'દ્વિધાકરણમાં' - એક ઘા ને બે ટૂકડા કરવા રૂપ ભેદકરણમાં વ્યાપારવામાં - પ્રેરવામાં આવ્યા કે - અહો કર્મરુચિ ! ધર્મરુચિ ! મહાનુભાવો ! જ્ઞાનીઓએ કહેલા બંધ સ્વરૂપનું પરિજ્ઞાન તમે કરો છો અને બંધ સ્વરૂપ પ્રપંચનું પરિચિંતન તમે કરો છો, તે તો બરાબર છે, પણ તમે તે પરિજ્ઞાન 'માત્રથી' કે પરિચિંતન 'માત્રથી' સંતુષ્ટ રહો છો અને ત્યાં જ અટકી જઈ આગળ વધતા નથી તે બરાબર નથી. કારણકે તે સમસ્ત પરિજ્ઞાન અને પરિચિંતનનો ઈષ્ટ ઉદ્દેશ એક જ છે કે બંધને જાણી બંધને છેદવો. એટલે બંધનો છેદ કરી આત્મા અને કર્મનો ભેદ કરો, આત્મા અને કર્મને જૂદા પાડો - પૃથક્ પૃથક્ કરો, એ જ આ કર્મ પ્રપંચ વર્ણવનારા કર્મગ્રંથ - ગોમટ્ટસાર - ષટ્ખંડાગમ આદિ શાસ્ત્રોના ઉપદેશનું પરમાર્થ રહસ્ય છે, તેને તમે ચરિતાર્થ કરો ! પરભાવમાં આત્મબુદ્ધિરૂપ મિથ્યાત્વ, પરભાવમાં અવિરમણરૂપ અવિરતિ, આત્મસ્વરૂપથી પ્રમત્તતા - ભ્રષ્ટતારૂપ પ્રમાદ, રાગાદિ - ક્રોધાદિ વિભાવથી આત્મસ્વભાવના અનુરંજનરૂપ કષાય અને સંયોગ સંબંધે રહેલા પરભાવરૂપ - મન - વચન - કાયની પ્રવૃત્તિરૂપ યોગ એ બધા આ કર્મ પ્રપંચરૂપ બંધના હેતુઓ છે, તેને અપૂર્વ આત્મપુરુષાર્થથી - અનન્ય આત્મપરાક્રમથી હઠથી હઠાવી આત્મામાંથી વિસર્જન કરી, છેવટનું વિદાય માન આપી અને કર્મબંધને કાપી અબંધ એવા મોક્ષ સ્વરૂપ શુદ્ધ આત્માને પ્રગટ કરો !

''નિજ ગુણ ચિંતન જલ રમ્યા, તસુ ક્રોધ અનળનો તાપ રે,
નવિ વ્યાપે કાપે ભવસ્થિતિ, જિમ શીતને અર્ક પ્રતાપ રે...''

''જિન ગુણ રંગી ચેતના, નવિ બાંધે અભિનવ કર્મ રે,
ગુણ રમણે નિજ ગુણ ઉલ્લસે, તે આસ્વાદે નિજ ધર્મ રે.'' - **શ્રી દેવચંદ્રજી**

**આકૃતિ**



શું આજ મોક્ષહેતુ છે ? તો કે -

**बंधाणं च सहावं वियाणिओ अप्पणो सहावं च ।**

**बंधेसु जो विरज्जादि सो कम्मविमोक्खणं कुणइ ॥२९३॥**

જાણી બંધોના સ્વભાવને, ને આત્માનો સ્વભાવ રે;

બંધોમાં વિરજે જેહ તે, કરે કર્મ મોક્ષણ સાવ રે... બંધન છેદન મોક્ષ છે. ૨૯૩

**અર્થ** - બંધોના સ્વભાવને અને આત્માના સ્વભાવને વિશેષે કરી જાણીને, જે બંધોમાં વિરક્ત થાય છે, તે કર્મ વિમોક્ષણ કરે છે. ૨૯૩

## आत्मख्याति टीका

किमयमेव मोक्षहेतुः ? इति चेत् -

**बंधानां च स्वभावं विज्ञायात्मनः स्वभावं च ।**

**बंधेषु यो विरज्यते स कर्मविमोक्षणं करोति ॥२९३॥**

य एव निर्विकारचैतन्यचमत्कारमात्रमात्मस्वभावं तद्विकारकारकं **बंधानां च स्वभावं विज्ञाय बंधेभ्यो विरमति** स एव सकलकर्ममोक्षं कुर्यात् । एतेनात्मबंधयो र्द्विधाकरणस्य मोक्षहेतुत्वं नियम्यते ॥२९३॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

જે જ નિર્વિકાર ચૈતન્ય ચમત્કાર માત્ર આત્મસ્વભાવ અને તેનો વિકારકારક એવો **બંધોનો સ્વભાવ વિશેષથી જાણીને બંધોથી વિરમે છે, તે જ સકલ કર્મમોક્ષ કરે.** આ પરથી આત્મા અને બંધના દ્વિધાકરણનું મોક્ષહેતુપણું નિયમાય છે. ॥૨૯૩॥

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"** તે મોક્ષપ્રાપ્તિ જે દશાને કહી છે, તે જ દશાની પ્રાપ્તિ જ સિદ્ધ છે, ઉપયોગી છે, કલ્યાણ કર્ત્તા છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૩૨૭), ૩૯૭**

શું આ જ - આત્મા અને બંધનું દ્વિધાકરણ મોક્ષહેતુ છે ? તેના ઉત્તરમાં એજ ઉક્ત મોક્ષહેતુનું અત્ર નિયમરૂપ નિશ્ચય દૃઢપણું કરાવ્યું છે અને આત્મખ્યાતિ કર્ત્તાએ તેનું અત્યંત પરિસ્ફુટપણું પ્રકાશ્યું છે - જે જ 'નિર્વિકાર' - વિકાર રહિત 'ચૈતન્ય ચમત્કાર માત્ર' આત્મસ્વભાવને - 'निर्विकारचैतन्य चमत्कारमात्रमात्मस्वभावं' અને તેના વિકારકારક - 'तद्विकारकारकं' - વિકાર કરનારા બંધોના સ્વભાવને 'વિજાણીને' - વિશેષે કરી જાણીને બંધોથી 'વિરમે છે' - 'बंधेभ्यो विरमति' - બંધોથી

---

**आत्मभावना** -

किमयमेव मोक्षहेतुः - શું આ જ - હમણાં ઉપર કહ્યો તેજ મોક્ષહેતુ છે ? इति चेत् - એમ જો પૂછો તો - बंधानां च स्वभावं - બંધોના સ્વભાવને आत्मनः स्वभावं च - અને આત્માના સ્વભાવને, विज्ञाय - વિજાણી - વિશેષે કરી જાણીને, यः बंधेषु विरज्यते - જે બંધોમાં વિરજે છે - વિરક્ત થાય છે, स कर्मविमोक्षणं करोति - તે કર્મ વિમોક્ષણ - કર્મથી વિશેષે કરીને મોક્ષણ - છૂટવાનું કરે છે. ॥ इति **गाथा** आत्मभावना ॥२९३॥

य एव - જે જે निर्विकारचैतन्यचमत्कारमात्रमात्मस्वभावं - નિર્વિકાર ચૈતન્ય ચમત્કાર માત્ર આત્મસ્વભાવને, तद्विकारकारकं बंधानां च स्वभावं - અને તેના - આત્મસ્વભાવના વિકારકારક - વિકાર કરનારા બંધોના સ્વભાવને विज्ञाय - વિજાણી - વિશેષે જાણીને, बंधेभ्यो विरमति - બંધોથી વિરમે છે, स एव - તે જ सकलकर्ममोक्षं कुर्यात् - સકલ કર્મમોક્ષ કરો एतेन - આ પરથી आत्मबंधयो र्द्विधाकरणस्य मोक्षहेतुत्वं नियम्यते - આત્મા અને બંધના દ્વિધાકરણનું મોક્ષહેતુપણું નિયમાય છે. इति **'आत्मख्याति'** आत्मभावना ॥२९३॥


વિરતિ - વિરક્તિ પામે છે - બંધોથી વિરામ પામે છે - અટકે છે, તેજ સકલ કર્મ મોક્ષ કરે - સર્વ કર્મથી મોક્ષ - છૂટકારો કરે. આ પરથી આત્મા અને બંધના 'દ્વિધાકરણનું' - બે ભાગમાં વિભજીકરણનું મોક્ષહેતુપણું નિયમાય છે - નિયમરૂપ કરાય છે. અર્થાત્ આત્માના શુદ્ધ સ્વભાવને અને બંધોના સ્વભાવને જાણ્યા માત્રથી મોક્ષ નથી, પણ તે જ્ઞાનને આચરણમાં - ચારિત્રમાં મૂકી તે બંધોથી વિરામ પામ્યાથી મોક્ષ છે. આ ઉપરથી આત્મા અને બંધના દ્વિધાકરણનું - બે ભાગમાં ભેદકરણનું જ મોક્ષહેતુપણું છે એમ ત્રણે કાળમાં ન ફરે એવો દૃઢ નિશ્ચયરૂપ ચોક્કસ નિયમ સ્થપાય છે.

શુદ્ધ નિશ્ચયથી જોઈએ તો આત્માનો મૂળ સહજ સ્વભાવ કોઈ પણ પ્રકારના વિકારથી રહિત એવો 'નિર્વિકાર' 'ચૈતન્ય ચમત્કાર માત્ર' છે, અર્થાત્ કેવલ શુદ્ધ ચૈતન્યના 'ચમત્કાર' - અદ્ભુત પરમ આશ્ચર્યકારક ચમકારા સિવાય બીજું કાંઈ પણ જ્યાં નથી એવો પરમાશ્ચર્યકારક ચૈતન્યમય છે. પણ અશુદ્ધ નિશ્ચયથી જોઈએ તો તે ચૈતન્ય સ્વભાવ વિકાર ભાવને - વિકૃત ચેતન ભાવરૂપ - વિભાવ ભાવને પામે છે, અને તે વિભાવરૂપ વિકાર ભાવ ઉપજાવનારા બંધો છે. આ બંધ બે પ્રકારના છે - દ્રવ્યબંધ અને ભાવબંધ, દ્રવ્યબંધ પુદ્ગલ કર્મમય છે અને તે તો પરદ્રવ્યરૂપ હોઈ આત્માથી પ્રગટ ભિન્ન જ છે; અને જે ભાવબંધ છે તે વિકૃત ચેતન ભાવરૂપ - વિભાવરૂપ છે, તે પણ આત્માના મૂળ શુદ્ધ સ્વભાવભૂત ન હોઈ આત્માથી પરમાર્થથી ભિન્ન છે. આમ નિર્વિકાર શુદ્ધ 'ચૈતન્યચમત્કાર માત્ર' આત્મ સ્વભાવને અને તેના વિકારકારક એવા બંધના સ્વભાવને જે જાણે છે અને જાણીને જે બંધથી વિરક્ત થઈ વિરામ પામે છે, અર્થાત્ રાગાદિ વિભાવ ભાવને ભજતો નથી, તે જ સર્વકર્મથી છૂટવા રૂપ મોક્ષને પામે છે. આ ઉપરથી આત્મા તો નિર્વિકાર છે એમ માત્ર નિશ્ચયમુખ વાતો પોકાર્યાથી મોક્ષ નથી, પણ પરભાવ - વિભાવ મલિનતાથી રહિત શુદ્ધ સ્વાચરણરૂપ - આત્માનુચરણરૂપ શુદ્ધ ચારિત્રથી આત્માને તથારૂપ નિર્વિકાર કર્યાથી મોક્ષ છે, આત્મા અને બંધનું દ્વિધાકરણ - ભેદકરણ - પૃથક્ પૃથક્ કરણ કર્યાથી જ મોક્ષ છે, એમ ટંકોત્કીર્ણ અમૃત શબ્દબ્રહ્મમાં પરબ્રહ્મ સ્વરૂપ અમૃતચંદ્રજીએ ત્રિકાલાબાધિત અખંડ નિશ્ચય સિદ્ધાંત વજ્રલેપ દૃઢપણે સ્થાપિત કર્યો છે.

> ''રાગ દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
> થાય નિવૃત્તિ જેહથી, તે જ મોક્ષનો પંથ.''
> ''આત્મા સત્ ચૈતન્ય, સર્વાભાસ રહિત;
> જેથી કેવળ પામિયે, તે મોક્ષ પંથ તે રીત.''

- શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૦૦-૧૦૧

આકૃતિ




* જુઓ : આત્મસિદ્ધિ શાસ્ત્ર ઉપર 'રાજ' જ્યોતિ મહાભાષ્ય (ડૉ. ભગવાનદાસ કૃત)

કોના વડે આત્મ-બંધ દ્વિધા કરાય છે ? તો કે -

**जीवो बंधो य तहा छिज्जंति सलक्खणेहिं णियएहिं ।**

**पण्णाछेदणएण उ छिण्णा णाणत्तमावण्णा ॥२९४॥**

નિયત જ સ્વલક્ષણો થકી, જીવ બંધ તેમ છેદાય રે;

જેમ પ્રજ્ઞા-છીણીથી છિન્ન તે, નાનાત્વ પામી જાય રે... બંધન છેદન. ૨૯૪

**અર્થ** - જીવ અને બંધ સ્વ નિયત લક્ષણોથી એવા પ્રકારે છેદવામાં આવે છે, કે (જેમ) પ્રજ્ઞા-છેદનકથી (છીણીથી) છિન્ન થયેલા તે નાનાત્વને (ભિન્ન ભિન્નપણાને) આપન્ન (પ્રાપ્ત) થઈ જાય. ૨૯૪

## आत्मख्याति टीका

केनात्मबंधौ द्विधा क्रियते ? इति चेत् -

**जीवो बंधश्च तथा छिद्येते स्वलक्षणाभ्यां नियताभ्यां ।**

**प्रज्ञाछेदकेन तु छिन्नौ नानात्वमापन्नौ ॥२९४॥**

**आत्मबंधयो** द्विधाकरणे कार्ये कर्तुरात्मनः करणमीमांसायां निश्चयतः स्वतो भिन्नकरणासंभवात् भगवती **प्रज्ञैव छेदनात्मकं करणं । तया हि तौ छिन्नौ नानात्वमवश्यमेवापद्येते,** ततः प्रज्ञयैवात्मबंधयो द्विधाकरणं ।

ननु कथमात्मबंधौ चेत्यचेतकभावेनात्यंतप्रत्यासत्तेरेकीभूतौ भेदविज्ञानाभावादेकचेतकवद् व्यवह्रियमाणौ **प्रज्ञया छेत्तुं** शक्येते ? **नियतस्वलक्षण**सूक्ष्मांतःसंधिसावधान**विपातनादिति** बुध्येमहि । आत्मनो हि समस्तशेषद्रव्यासाधारणत्वाच्चैतन्यं स्वलक्षणं, तत्तु प्रवर्तमानं यद्यदभिव्याप्य प्रवर्तते निवर्तमानं च यद्यदुपादाय निवर्तते तत्तत्समस्तमपि सहप्रवृत्तं क्रमप्रवृत्तं वा पर्यायजातमात्मेपिलक्षणीयं तदेकलक्षणलक्ष्यत्वात्, समस्तसहक्रमप्रवृत्तानंतपर्यायाविनाभावित्वाच्चैतन्यस्य चिन्मात्र एवात्मा निश्चेतव्यः इति यावत् । बंधस्य तु आत्मद्रव्यासाधारणा रागादयः स्वलक्षणं । न च रागादय आत्मद्रव्यसाधारणतां बिभ्राणाः प्रतिभासंते नित्यमेव चैतन्यचमत्कारादतिरिक्तत्वेन प्रतिभासमानत्वात् न च यावदेव समस्तस्वपर्यायव्यापि चैतन्यं प्रतिभाति तावंत एव रागादयः प्रतिभांति रागादीनंतरेणापि चैतन्यस्यात्मलाभसंभावनात् । यत्तु रागादीनां चैतन्येन सहैवोत्प्लवनं तच्चेत्यचेतकभावप्रत्यासत्तेरेव नैकद्रव्यत्वात्, चेत्यमानस्तु रागादिरात्मनः प्रदीप्यमानो घटादि प्रदीपस्य प्रदीपकतामिव चेतकतामेव प्रथयेन्न पुना रागादीनां । एवमपि तयोरत्यंतप्रत्यासत्त्या भेदसंभावनाभावादनादिरस्त्येकत्वव्यामोहः स तु प्रज्ञयैव छिद्यत एव ॥२९४॥

---

**आत्मभावना** -

केन - કોના વડે કરીને आत्मबंधो - **આત્મા-બંધ** द्विधा क्रियते - **દ્વિધા** - બે વિભાગમાં વિભક્ત કરાય છે ? इति चेत् - એમ જો પૂછો તો - जीवो बंधश्च - જીવ અને બંધ स्वलक्षणाभ्यां नियताभ्यां - નિયત - નિશ્ચિત એવા સ્વલક્ષણોથી तथा छिद्येते - તેવા પ્રકારે છેદાય છે, કે प्रज्ञा छेदनकेन तु छिन्नौ - પ્રજ્ઞા - છેદનકથી - પ્રજ્ઞા - છીણીથી છિન્ન - છેદાયેલા તે બે नानात्वमापन्नौ - નાનાત્વને - નાનપણાને - ભિન્નભિન્નપણાને આપન્ન - પ્રાપ્ત હોય છે. ॥ इति **गाथा** आत्मभावना ॥२९४॥

आत्मबंधयो द्विधाकरणे कार्ये - આત્મા અને બંધના દ્વિધાકરણ કાર્યમાં कर्तुरात्मनः - કર્તા એવા આત્માની करणमीमांसायां - કરણ મીમાંસામાં निश्चयतः - નિશ્ચયથી स्वतो भिन्नकरणासंभवात् - સ્વથી - પોતાથી ભિન્ન કરણના અસંભવને લીધે भगवती प्रज्ञैव - ભગવતી પ્રજ્ઞા જ छेदनात्मकं करणं - છેદનાત્મક - છીણી રૂપ કરણ - સાધન છે, तया हि तौ छिन्नौ - કારણકે સ્ફુટપણે તેનાથી - ભગવતી પ્રજ્ઞાથી છિન્ન થયેલા તે બે - આત્મા અને બંધ नानात्वमवश्यमेवापद्येते - નાનાત્વ - નાનાપણું - ભિન્ન ભિન્નપણું અવશ્યમેવ પ્રાપ્ત થાય છે, ततः - તેથી प्रज्ञयैव -

## આત્મખ્યાતિ ટીકાર્થ

**આત્મા અને બંધના દ્વિધાકરણ કાર્યમાં કર્ત્તા એવા આત્માને કરણ મીમાંસામાં - નિશ્ચયથી સ્વથી ભિન્ન કરણના અસંભવને લીધે -**

**ભગવતી પ્રજ્ઞા જ છેદનાત્મક કરણ છે,**

**કારણકે તે વડે છિન્ન થયેલા તે બે અવશ્ય જ નાનાત્વને (ભિન્નપણાને) પામે છે, તેથી પ્રજ્ઞાથી જ** આત્મા અને બંધનું દ્વિધાકરણ (બે ભાગમાં વિભજન) છે.

(શંકા) - આત્મા અને બંધ ચેત્ય - ચેતક ભાવથી અત્યંત પ્રત્યાસત્તિથી (નીકટતાથી) એકીભૂત (હોઈ) - ભેદ વિજ્ઞાનના અભાવને લીધે એક ચેતકવત્ વ્યવહારાતા એવા - પ્રજ્ઞાથી કેમ છેદી શકાય વારુ ?

(સમાધાન) - **નિયત સ્વલક્ષણની સૂક્ષ્મ અંતઃસંધિમાં સાવધાન નિપાતન થકી એમ અમે જાણીએ** (સમજીએ) છીએ.

કારણકે - **આત્માનું સમસ્ત શેષ દ્રવ્યથી અસાધારણતાને લીધે - ચૈતન્ય સ્વલક્ષણ છે, તે તો પ્રવર્ત્તમાન સતું જેને જેને અભિવ્યાપીને પ્રવર્ત્તે છે અને નિવર્ત્તમાન સતું જેને જેને ઉપાદાન કરીને (ગ્રહીને) નિવર્ત્તે છે, તે તે સમસ્ત પણ સહપ્રવૃત્ત વા ક્રમપ્રવૃત્ત પર્યાયજાત આત્મા, એમ લક્ષણીય છે, તદ્ (તે ચૈતન્ય) એક લક્ષણથી લક્ષ્યપણાને લીધે, ચૈતન્યના સહ-ક્રમપ્રવૃત્ત અનંત પર્યાયથી અવિનાભાવિપણાને લીધે ચિન્માત્ર જ આત્મા નિશ્ચય કરવો યોગ્ય છે, ઈતિ યાવત્.**

---

**પ્રજ્ઞાથી જ** आत्मबंधयो द्विधाकरणं **- આત્મા અને બંધનું દ્વિધાકરણ - બે ભાગમાં વિભજીકરણ છે.**

ननु कथमात्मबंधौ चेत्यचेतकभावेनात्यंतप्रत्यासत्तेरेकीभूतौ - વારુ, આત્મા અને બંધ ચેત્ય - ચેતકભાવથી અત્યંત પ્રત્યાસત્તિ થકી - નીકટતા થકી એકીભૂત - એકરૂપ થઈ ગયેલા એવા - भेदविज्ञानाभावात् - ભેદવિજ્ઞાનના અભાવને લીધે एकचेतकवद् व्यवह्रियमाणौ - એક ચેતકવત્ - જાણે એક ચેતક - ચેતનાર હોય એમ વ્યવહારાત સતા, प्रज्ञया छेत्तुं शक्येते - પ્રજ્ઞાથી કેમ છેદવા શક્ય છે ? नियतस्वलक्षणसूक्ष्मांतःसंधि सावधाननिपातनाद् - નિયત - નિશ્ચિત સ્વલક્ષણની સૂક્ષ્મ અંતઃસંધિમાં - અંદરના સાંધામાં સાવધાન નિપાતન થકી - પાડવા થકી इति बुध्येमहि - એમ અમે જાણીએ છીએ - સમજીએ છીએ.

आत्मनो हि चैतन्यं स्वलक्षणं - કારણકે આત્માનું સ્ફુટપણે ચૈતન્ય સ્વ લક્ષણ - પોતાનું લક્ષણ છે, શાને લીધે ? समस्तशेषद्रव्यासाधारणत्वात् - સમસ્ત શેષ - બાકીના દ્રવ્યને અસાધારણપણાને લીધે - સાધારણપણાના અભાવને લીધે, (અથવા) સમસ્ત શેષ દ્રવ્યથી અસાધારણપણાને - અસામાન્યપણાને લીધે. तत्तु - એને તે - ચૈતન્ય प्रवर्तमानं यद्यदभिव्याप्य प्रवर्तते - પ્રવર્ત્તમાન - પ્રવર્તતું સતું જેને જેને અભિવ્યાપીને - (અભિ) સર્વથા સર્વતઃ વ્યાપીને પ્રવર્ત્તે છે, निवर्तमानं च यद्यदुपादाय निवर्तते - અને નિવર્તમાન - નિવર્તતું સતું - પાછું વળતું સતું જેને જેને લઈને નિવર્ત્તે છે, तत्तत्समस्तमपि सहप्रवृत्तं क्रमप्रवृत्तं वा पर्यायजातमात्मेति लक्षणीयं - તે તે સમસ્ત પણ સહપ્રવૃત્ત - સાથે પ્રવર્ત્તેલું વા ક્રમપ્રવૃત્ત - ક્રમથી પ્રવર્ત્તેલું પર્યાયજાત - પર્યાયમાત્ર આત્મા છે એમ લક્ષણીય - લક્ષમાં લેવા યોગ્ય છે, એમ શાને લીધે ? तदेकलक्षणलक्ष्यत्वात् - તે ચૈતન્ય એક લક્ષણથી લક્ષ્યપણાને લીધે. આથી શું ફલિત થયું ? समस्त सहक्रमप्रवृत्तानंतपर्यायाविनाभावित्वात् चैतन्यस्य - ચૈતન્યના સમસ્ત સહપ્રવૃત્ત સાથે પ્રવર્ત્તેલા અને ક્રમપ્રવૃત્ત - ક્રમથી પ્રવર્ત્તેલા અનંત પર્યાયથી અવિનાભાવિપણાને લીધે चिन्मात्र एव आत्मा निश्चेतव्यः - ચિન્માત્ર જ આત્મા નિશ્ચેતવ્ય - નિશ્ચય કરવા યોગ્ય છે, इति यावत् - ઈતિ યાવત્, ઈત્યાદિ.

बंधस्य तु रागादयः स्वलक्षणं - અને બંધનું તો રાગાદિ સ્વલક્ષણ - પોતાનું લક્ષણ છે. કેવા છે રાગાદિ ? आत्मद्रव्यासाधारणाः - આત્મદ્રવ્યથી અસાધારણ - અસામાન્ય (અથવા) આત્મદ્રવ્યને અસાધારણ - સાધારણ - સામાન્ય નહિ એવા. न च रागादय आत्मद्रव्यसाधारणतां बिभ्राणाः प्रतिभासंते - અને રાગાદિ આત્મદ્રવ્યને સાધારણતા - સાધારણપણું - સામાન્યપણું ધારતા પ્રતિભાસતા - દેખાતા - જણાતા નથી. એમ શાને લીધે ? नित्यमेव चैतन्यचमत्कारादितिरिक्तत्वेन प्रतिभास्यमानत्वात् - નિત્યમેવ - સદાય ચૈતન્ય ચમત્કારથી અતિરિક્તપણે - ભિન્નપણે - અધિકપણે પ્રતિભાસ્યમાન પણાને લીધે, न च यावदेव समस्त स्वपर्यायव्यापि चैतन्यं प्रतिभाति तावंत एव रागादयः प्रतिभांति - અને જેટલું જ સમસ્ત 'સ્વપર્યાય વ્યાપિ' - પોતાના પર્યાયમાં વ્યાપતું ચૈતન્ય પ્રતિભાસે છે,

અને બંધનું તો આત્મદ્રવ્યને અસાધારણ એવા રાગાદિ સ્વલક્ષણ છે અને રાગાદિ આત્મદ્રવ્યને સાધારણતા ધરતા પ્રતિભાસતા નથી - નિત્યમેવ ચૈતન્ય ચમત્કારથી અતિરિક્તપણે પ્રતિભાસમાન પણાને લીધે, અને જેટલું જ સમસ્ત સ્વપર્યાય વ્યાપિ ચૈતન્ય પ્રતિભાસે છે, તેટલા જ રાગાદિ નથી પ્રતિભાસતા - રાગાદિ સિવાય પણ ચૈતન્યના આત્મલાભના સંભાવનને લીધે, અને રાગાદિનું જે ચૈતન્યની સાથે જ ઉત્પ્લવન (એકદમ ઊઠવું-કૂદી પડવું) છે, તે ચેત્ય-ચેતક ભાવની પ્રત્યાસત્તિને (નીકટતાને) લીધે જ છે - નહિ કે એક દ્રવ્યપણાને લીધે અને ચેત્યમાન (ચેતાઈ રહેલ) રાગાદિ તો - પ્રદીપ્યમાન (પ્રદીપાઈ - પ્રકાશાઈ રહેલ) ઘટાદિ પ્રદીપની પ્રદીપકતાની જેમ - આત્માની ચેતકતા જ પ્રથિત કરે (પ્રકાશે-જાહેર કરે), નહિ કે રાગાદિની. એમ છતાં તે બેની અત્યંત પ્રત્યાસત્તિથી ભેદ સંભાવનના અભાવને લીધે અનાદિ - એકત્વ વ્યામોહ છે, તે તો પ્રજ્ઞાથી જ છેદાય છે. ૨૯૪

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જે જ્ઞાને કરીને ભવાંત થાય છે, તે જ્ઞાન પ્રાપ્ત થવું જીવને ઘણું દુલ્લભ છે, તથાપિ તે જ્ઞાન સ્વરૂપે તો અત્યંત સુગમ છે એમ જાણીએ છૈયે.''

''ચિત્તની દશા ચૈતન્યમય રહ્યા કરે છે, અત્રે આત્મકારતા વર્ત્તે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૮૮**

''નિશ્ચય સ્વલક્ષણ અવલંબી, પ્રજ્ઞા છૈની નિહારો,
ઈહ છૈની મધ્યપાતી દુવિધા, કરે જડ ચૈતન કારો... ચેતન.'' - **શ્રી આનંદઘનજી, પદ-૮૧**

કોના વડે કરીને આત્મ-બંધ દ્વિધા - બે ભાગમાં વિભક્ત કરાય છે ? તેના ઉત્તરમાં **ભગવાન્ શાસ્ત્રકાર** વદે છે કે - 'નિયત સ્વલક્ષણોથી પ્રજ્ઞા - છીણી વડે' અને પ્રજ્ઞાતિશય-સંપન્ન **ભગવાન્ 'આત્મખ્યાતિ' સૂત્રકારે** અપૂર્વ તત્ત્વાલોકથી તેનું અનન્ય વ્યાખ્યાન કરતાં પોતાના અદ્ભુત પ્રતિભાપૂર્ણ પ્રજ્ઞાશ્રમણત્વનો પરિચય આપ્યો છે. તેનો આશયાર્થ આ પ્રકારે -

આત્મા અને બંધનું 'દ્વિધાકરણ' - બે ભાગ કરવા રૂપ વિભજીકરણ રૂપ જે કાર્ય છે, તેમાં કર્ત્તા આત્મા છે, તેને તે કાર્ય કરવામાં સાધનરૂપ (Instrument) કરણ કયું છે ? એમ કરણની 'મીમાંસા' - પુષ્ટ વિચારણા કરવામાં આવતાં, નિશ્ચયથી 'સ્વથી' - પોતાથી આત્માથી ભિન્ન - જૂદા 'કરણના' - સાધનના અસંભવને લીધે - 'निश्चयतः स्वतो भिन्नकरणासंभवात्', **ભગવતી પ્રજ્ઞા જ 'છેદનાત્મક'** - છીણીરૂપ કરણ છે - 'भगवती प्रज्ञैव छेदनात्मकं करणं', કારણકે તે પ્રજ્ઞા વડે છિન્ન થયેલા તે બે - આત્મા અને બંધ 'નાનાપણું' - ભિન્ન ભિન્નપણું અવશ્યમેવ પામે છે, તેથી પ્રજ્ઞાથી જ આત્મા અને બંધનું દ્વિધાકરણ - બે ભાગમાં વિભજીકરણ છે.

---

તેટલા જ રાગાદિ નથી પ્રતિભાસતા, એમ શાને લીધે ? रागादीनंतरेणापि चैतन्यस्यात्मलाभसंभावनात् - રાગાદિ સિવાય પણ - વિના પણ અર્થાત્ રાગાદિ ન હોય તો પણ ચૈતન્યના આત્મલાભના સંભાવનને લીધે.

यत्तु - અને જે रागादीनां चैतन्येन सहैवोत्प्लवनं - રાગાદિનું ચૈતન્યની સાથે જ ઉત્પ્લવન - એકદમ ઊઠવું तत् - તે चेत्यचेतकभावप्रत्यासत्तेरेव - ચેત્ય - ચેતાવા યોગ્ય અને ચેતક - ચેતનાર ભાવની પ્રત્યાસત્તિને - નીકટતાને લીધે જ છે, चेत्यमानस्तु रागादि અને ચેત્યમાન - ચેતાઈ રહેલ રાગાદિ તો आत्मनः चेतकतामेव प्रथयेत् - આત્માની ચેતકતા જ પ્રથિત કરે - જાહેર કરે - પ્રકાશે, न पुनः रागादीनां - નહિ કે રાગાદિની. કોની જેમ ? प्रदीप्यमानो घटादि - પ્રદીપ્યમાન - પ્રદીપાઈ રહેલો - પ્રકાશાઈ રહેલો ઘટાદિ प्रदीपस्य प्रदीपकतामिव - જેમ પ્રદીપની પ્રદીપકતા (પ્રથિત કરે તેમ), પ્રકાશકતા પ્રકાશે તેમ, અર્થાત્ ઘડો વગેરે પ્રદીપથી પ્રદીપાઈ - પ્રકાશાઈ રહ્યો છે, તે પ્રદીપની પ્રદીપકતા - પ્રકાશકતા પ્રથિત કરે છે - પ્રકાશે છે - જાહેર કરે છે, નહિ કે ઘડા વગેરેની.

एवमपि - એમ છતાં तयोरत्यंतप्रत्यासत्त्या - તે બેની - રાગાદિની અને ચૈતન્યની અત્યંત પ્રત્યાસત્તિથી - નીકટતાથી भेदसंभावनाभावाद् - ભેદ સંભાવનના અભાવને લીધે अनादि - અનાદિ अस्ति एकत्वव्यामोहः - એકત્વ વ્યામોહ - એકપણાનો વ્યામોહ - વિભ્રમરૂપ ભ્રાંતિ છે, स तु - તે તો प्रज्ञयैव - પ્રજ્ઞાથી જ छिद्यत एव - છેદાય જ છે. ।। इति **'आत्मख्याति'** आत्मभावना ।।२९४।।

અત્રે શંકા થવી સંભવે છે કે - આત્મા અને બંધ ચેત્ય - ચેતક ભાવે કરીને - 'ચેત્ય' - ચેતાવા યોગ્ય અને 'ચેતક' - ચેતનાર ભાવે કરીને અત્યંત 'પ્રત્યાસત્તિ' - નિકટતાને લીધે 'એકીભૂત' - એકરૂપ થઈ ગયેલા એવા, ભેદવિજ્ઞાનના અભાવને લીધે, 'એક ચેતકવત્' - જાણે એક ચેતક - ચેતનાર હોય એમ વ્યવહારાઈ રહેલા છે, તે પ્રજ્ઞાથી કેમ છેદી શકાય વારુ ? તેનું સમાધાન - 'નિયત સ્વલક્ષણની સૂક્ષ્મ અંતઃસંધિમાં સાવધાન નિપાતન થકી એમ અમે જાણીએ છીએ', नियतस्वलक्षणसूक्ष्मांतःसंधिसावधाननिपातनादिति बुध्येमहि । અર્થાત્ આત્મા અને બંધનુ પોતપોતાનું 'નિયત' - નિશ્ચિત - ચોક્કસ - ત્રણે કાળમાં ન ફરે એવું નિશ્ચય રૂપ 'સ્વલક્ષણ' છે, તે બન્નેની 'સૂક્ષ્મ' - ઝીણી - બારીક 'અંતઃસંધિ' - અંતરગત સાંધો છે (Internal joint) છે, તેમાં રખેને એકનો કંઈ પણ ભાગ બીજામાં ન ચાલ્યો જાય એવા સાવધાનપણે તે પ્રજ્ઞા - છીણીનું 'નિપાતન' - નીચે પાડવારૂપ ક્રિયા કરવા થકી આત્મા અને બંધનો ભેદરૂપ છેદ થઈ શકે છે, એમ 'અમે' - (શાસ્ત્રકાર ભગવાન્ અને વ્યાખ્યાસૂત્રકાર ભગવાન્) આત્માનુભવથી જાણીએ છીએ. તે આ પ્રકારે -

आत्मनो हि चैतन्यं स्वलक्षणं - આત્માનું ચૈતન્ય એ 'સ્વલક્ષણ' છે - પોતીકું પોતાનું (One's own) ખાસ લક્ષણ છે. શાને લીધે ? સમસ્ત શેષ - બાકીના દ્રવ્યથી અસાધારણપણાને લીધે - 'समस्तशेषद्रव्यासाधारणत्वात्', અર્થાત્ આત્મા સિવાયના બાકીના બીજા બધાય દ્રવ્યથી આત્માના આ ચૈતન્ય લક્ષણનું અસાધારણપણું છે (Extra-ordinariness), આ ચૈતન્ય એક આત્માનું જ અસાધારણ (Extra-ordinary, distinguishing) લક્ષણ છે અને આત્મા સિવાયના બાકીના બીજા બધાય દ્રવ્યમાં આ ચૈતન્યલક્ષણનું સાધારણપણું - સામાન્યપણું (Commonness) નથી તેને લીધે, એટલે કે આત્મા સિવાયના કોઈ પણ દ્રવ્યમાં આ ચૈતન્ય લક્ષણ નથી અને એક આત્મામાં જ આ લક્ષણ છે, એટલે આમ અન્વય-વ્યતિરેક બન્ને પ્રકારે અસાધારણપણાને લીધે ચૈતન્ય એ આત્માનું પોતાનું જ 'સ્વ લક્ષણ' છે અને તે તો 'પ્રવર્ત્તમાન' - પ્રવર્તતું સતું જેને જેને 'અભિવ્યાપીને' - સર્વથા સર્વતઃ વ્યાપીને પ્રવર્ત્તે છે અને 'નિવર્તમાન' - નિવર્તતું પાછું વળતું સતું જેને જેને લઈને નિવર્તે છે, તે તે સમસ્ત પણ 'સહ પ્રવૃત્ત' - સાથે પ્રવર્ત્તેલું વા 'ક્રમ પ્રવૃત્ત' - ક્રમથી પ્રવર્ત્તેલું 'પર્યાયજાત' - પર્યાયમાત્ર આત્મા છે એમ લક્ષણીય છે - લક્ષમાં લેવા યોગ્ય છે, શાને લીધે ? તે એક ચૈતન્ય લક્ષણથી લક્ષ્યપણાને લીધે - 'तदेकलक्षणलक्ष्यत्वात्' અર્થાત્ આ ચૈતન્ય લક્ષણ 'પ્રવર્ત્તમાન' પ્રવર્ત્તતું સતું અહીં છે અહીં છે એમ જેને જેને અભિવ્યાપીને પ્રવર્ત્તે છે અને 'નિવર્ત્તમાન' - નિવર્ત્તતું સતું આ અહીં નથી આ અહીં નથી એમ જેને જેને લઈને નિવર્ત્તે છે - પાછું વળે છે, તે તે સમસ્ત સહપ્રવૃત્ત - ગુણ વા ક્રમપ્રવૃત્ત - પર્યાયમાત્ર આત્મા છે એમ લક્ષમાં લેવા યોગ્ય છે, કારણકે તે તે પર્યાયમાત્રનું તે એક ચૈતન્ય લક્ષણથી જ લક્ષ્યપણું છે. આમ સહપ્રવૃત્ત કે ક્રમ પ્રવૃત્ત સમસ્ત સ્વ પર્યાય માત્રમાં ચૈતન્ય લક્ષણનું વ્યાપકપણું છે, એટલે સમસ્ત સહપ્રવૃત્ત વા ક્રમ પ્રવૃત્ત અનંત પર્યાયમાં ચૈતન્યના અવિનાભાવિપણાને લીધે ચિન્માત્ર જ આત્મા છે ઈતિ યાવત્ - 'समस्त सहक्रमप्रवृत्तानंतपर्यायाविनाभावित्वात् चैतन्यस्य चिन्मात्र एव आत्मा', અર્થાત્ આત્માના સહપ્રવૃત્ત કે ક્રમપ્રવૃત્ત અનંત પર્યાય હોય તે સમસ્તની સાથે ચૈતન્યનું અવિનાભાવિપણું છે, તેનું ચૈતન્ય વિના હોવાપણું સંભવતું નથી - તેમાં ચૈતન્યનું અવશ્ય હોવાપણું છે એમ એક બીજા વિના ન ચાલે, એવું અવિનાભાવિપણું છે, એટલા માટે ચૈતન્ય લક્ષણ સર્વ પર્યાય વ્યાપિ હોઈ 'ચિન્માત્ર જ' આત્મા છે, માત્ર કેવલ 'ચિત્' સિવાય બીજું કાંઈ જ્યાં નથી એવો 'ચિન્માત્ર જ' આત્મા છે, ઈત્યાદિ.

અને બંધનું તો આત્મદ્રવ્યને અસાધારણ એવા રાગાદિ સ્વલક્ષણ છે - 'बंधस्य तु आत्मद्रव्यासाधारणा रागादयः स्वलक्षणं', અર્થાત્ રાગાદિ બંધનું 'સ્વ લક્ષણ' છે - પોતીકું પોતાનું ખાસ વિશિષ્ટ લક્ષણ છે, કારણકે તે રાગાદિ આત્મદ્રવ્યને 'અસાધારણ' - સાધારણ નહિ (uncommon) એવા છે, રાગાદિ જેમ બંધનું લક્ષણ છે, તેમ આત્માનું લક્ષણ નથી, એટલે રાગાદિ એ બંધનું અસાધારણ (Extra-ordinary) લક્ષણ હોઈ બંધનું પોતાનું 'સ્વ' લક્ષણ (It's own) છે અને રાગાદિ છે તે આત્મદ્રવ્યની સાથે 'સાધારણતા' ધારતા પ્રતિભાસતા નથી - જણાતા નથી, એમ શાને લીધે ? 'નિત્યમેવ

ચૈતન્ય ચમત્કારથી અતિરિક્તપણે પ્રતિભાસમાનપણાને લીધે', नित्यमेव चैतन्यचमत्कारादतिरिक्तत्वेन प्रतिभासमानत्वात्। અર્થાત્ રાગાદિ આત્મદ્રવ્યની સાથે સાધારણપણું - ધારતા પ્રતિભાસતા નથી, કારણકે ચૈતન્યનો જ ચમત્કાર જ્યાં છે એવા 'ચૈતન્ય ચમત્કાર' આત્માથી 'અતિરિક્તપણે' - અધિકપણે - પૃથક્ પણે - ભિન્નપણે - જૂદાપણે રાગાદિનું સદાય પ્રતિભાસમાનપણું છે, રાગાદિ ચૈતન્ય ચમત્કાર આત્માથી સદાય જૂદા જૂદા ને જૂદા જ જણાય છે. વળી બીજી એ વાત પણ છે કે જેટલું જ સમસ્ત 'સ્વ પર્યાય વ્યાપિ' - પોતાના પર્યાયમાં વ્યાપતું ચૈતન્ય પ્રતિભાસે છે, તેટલા જ રાગાદિ નથી પ્રતિભાસતા, કારણકે રાગાદિ સિવાય પણ ચૈતન્યના આત્મલાભનું સંભાવન છે માટે - 'रागादीनंतरेणापि चैतन्यस्यात्मलाभसंभावनात्', અર્થાત્ રાગાદિ જો આત્માનું લક્ષણ હોય તો ચૈતન્યના જેટલા કોઈ પણ પર્યાય હોય તેમાં તે વ્યાપક હોવા જોઈએ, પણ એમ તો જોવામાં આવતું નથી, રાગાદિ વિના પણ ચૈતન્યનો આત્મલાભ સંભવે છે, એટલે રાગાદિ બંધનું સ્વલક્ષણ છે, આત્માની સાથે સાધારણપણું નહિ હોવાથી આત્માનું લક્ષણ નથી જ, એમ આ પરથી અન્વય-વ્યતિરેકથી સુનિશ્ચિત થાય છે.

અને જે રાગાદિનું ચૈતન્યની સાથે જ 'ઉત્પ્લવન' - એકદમ ઊઠીને કૂદી પડવાપણું છે, તે તો ચેત્ય - ચેતક ભાવની 'પ્રત્યાસત્તિ' થકી જ - અત્યંત નિકટવર્ત્તિતા થકી જ છે - નહિ કે એક દ્રવ્યપણા થકી - 'तच्चेत्यचेतकभावप्रत्यासत्तेरेव नैकद्रव्यत्वात्', અર્થાત્ રાગાદિ 'ચેત્ય' - ચૈતન્યથી ચેતાવા યોગ્ય છે અને ચૈતન્ય પોતે 'ચેતક' - ચેતનાર છે એમ બે બન્નેના ચેત્ય - ચેતક ભાવનું એટલું બધું નિકટવર્તિપણું છે કે રાગાદિ ચૈતન્યની સાથે જ એકદમ ઠેકડો મારીને ઊઠતા હોયની ! 'ઉત્પ્લવન' કરતા હોયની ! પણ તે રાગાદિનું ચૈતન્ય સાથે સહ ઉત્પ્લવન નિકટવર્તિપણાને લીધે છે, નહિ કે એકદ્રવ્યપણાને લીધે, રાગાદિ ચૈતન્યની જેમ આત્મદ્રવ્યના અંગભૂત કે સહજ સ્વભાવભૂત ભાવ નથી, પણ પરદ્રવ્યના સંયોગ નિમિત્તથી ઉદ્ભવેલા ઔપાધિક આગંતુક - 'હાલી નીકળેલા' કૃત્રિમ વિભાવભૂત વિકાર ભાવો છે.

અને 'ચેત્યમાન' - ચેતાઈ રહેલ રાગાદિ તો આત્માની ચેતકતા જ પ્રકાશે, નહિ કે રાગાદિની - 'चेत्यमानस्तु रागादिरात्मनः चेतकतामेव प्रथयेन् न पुनः रागादीनां', કોની જેમ ? 'પ્રદીપ્યમાન' - પ્રકાશ્યમાન ઘટાદિ જેમ પ્રદીપની પ્રદીપકતા પ્રકાશે, (નહિ કે ઘટાદિની !), તેની જેમ, 'प्रदीप्यमानो घटादि प्रदीपस्य प्रदीपकतामिव', અર્થાત્ પ્રદીપથી જે 'પ્રદીપ્યમાન' - પ્રકાશ્યમાન - પ્રકાશાઈ રહેલ છે તે ઘટાદિ જેમ પ્રદીપની 'પ્રદીપકતા' - પ્રકાશકતા પ્રકાશે, નહિ કે ઘટાદિની, તેમ 'ચેત્યમાન' - ચેતન આત્માથી ચેતાઈ રહેલ રાગાદિ આત્માની ચેતકતા જ પ્રકાશે, નહિ કે રાગાદિની. એમ છતાં પણ તે બન્નેની - રાગાદિની અને ચૈતન્યની અત્યંત 'પ્રત્યાસત્તિથી' - નીકટવર્ત્તિતાથી 'ભેદ સંભાવનાના અભાવને લીધે' - ભેદના સંભાવનાના અભાવને લીધે જે અનાદિ 'એકત્વ વ્યામોહ' - એકપણાનો વ્યામોહ - વિભ્રમ રૂપ ભ્રાંતિ છે, તે તો પ્રજ્ઞાથી જ છેદાય છે, प्रज्ञयैव छिद्यत एव । પરમ આત્મદ્રષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીના અનુભવોદ્ગર છે કે -

''સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છે, કેવળ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખ સ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવ સ્વરૂપ હું છું, ત્યાં વિક્ષેપ શો ? વિકલ્પ શો ? ભય શો ? ખેદ શો ? બીજી અવસ્થા શી ? હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ શુદ્ધ પ્રકૃષ્ટ શુદ્ધ પરમશાંત ચૈતન્ય છું. હું માત્ર નિર્વિકલ્પ છું, હું નિજ સ્વરૂપમય ઉપયોગ કરૂં છું. તન્મય થાઉં છું.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૩૩

શુદ્ધ આત્મ જ્યોતિ

તીક્ષ્ણ પ્રજ્ઞા-છીણી આત્મ-બંધનો ભેદ કેવી રીતે કરે છે ? તે દર્શાવતો અમૃત **સમયસાર કળશ** (૨) **અમૃતચંદ્રજી** લલકારે છે -

स्रग्धरा

**प्रज्ञा छेत्री शितेयं कथमपि निपुणैः पातिता सावधानैः,**
**सूक्ष्मेंतःसंधिबंधे निपतति रभसादात्मकर्मोभयस्य ।**
**आत्मानं मग्नमंतः स्थिरविशदलसद्धाम्नि चैतन्यपूरे,**
**बंधं चाज्ञानभावे नियमितमभितः कुर्वती भिन्नभिन्नौ ॥१८१॥**

આ પ્રજ્ઞા છીણી તીક્ષ્ણા ક્યમ કરી નિપુણે સાવધાને પડાઈ,
સૂક્ષ્મેંડતઃ સંધિબંધે ઝટ લઈ પડતી આત્મને કર્મનાઈ;
આત્માને મગ્ન અંતઃ સ્થિર વિશદ લસત્ ધામ ચૈતન્ય પૂરે,
બંધ અજ્ઞાન ભાવે નિયમિત કરતી સર્વથા ભિન્નભિન્ના. ૧૮૧

## અમૃત પદ - ૧૮૧

'ધાર તરવારની સોહલી દોહલી ચૌદમા જિનતણી ચરણ સેવા' - એ રાગ

તીક્ષ્ણ પ્રજ્ઞા છીણી, સૂક્ષ્મ સંધિ પડી, આત્મ ને કર્મને ભિન્ન કરતી,
છીણી સૂતારની, જેમ સંધિ પડી, કાષ્ઠના સ્પષ્ટ બે ભાગ કરતી... તીક્ષ્ણ. ૧
પ્રજ્ઞા છીણી તીક્ષ્ણ આ, નિપુણ સાવધાનથી, આવી કેમે કરી પાડવામાં,
અંતઃસંધિ બંધમાં, આત્મ ને કર્મના, સૂક્ષ્મમાં પડતી સવેગ આમાં... તીક્ષ્ણ. ૨
આત્મને મગ્ન કરતી, અતિ ઉલ્લસતા, સ્થિર વિશદ ધામ ચૈતન્ય પૂરે,
બંધને અજ્ઞાન ભાવમાં નિયમિતો, કરતી તે સર્વથા ખૂબ દૂરે... તીક્ષ્ણ. ૩
આત્મ ને બંધને, કરતી ભિન્ન ભિન્ન આ, આમ પ્રજ્ઞા છીણી તીક્ષ્ણ ભારી,
પ્રજ્ઞા છીણી મહિમ આ, **અમૃત** ભગવાન આ, ગાયો મહા ચિત્ ચમત્કારકારી... તીક્ષ્ણ. ૪

**અર્થ** - આ તીક્ષ્ણ પ્રજ્ઞા-છીણી કોઈ પણ પ્રકારે નિપુણોથી સાવધાનોથી પાડવામાં આવતાં, આત્મા-કર્મ એ ઉભયના સૂક્ષ્મ અંતઃસંધિ બંધમાં એકદમ વેગથી નિપતે છે (નીચે પડે છે), તે આત્માને અંતરમાં સ્થિર વિશદ (નિર્મલ) લસંતા ધામવાળા ચૈતન્ય પૂરમાં મગ્ન અને બંધને અજ્ઞાનભાવમાં નિયમિત એમ સર્વ પ્રકારથી સર્વથા ભિન્ન-ભિન્ન કરતી એવી છે. ૧૮૧

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ.''

**- શ્રીમદ્ રાજચંદ્ર કૃત આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૧૭**

''આનંદઘન ચૈતન્યમય મૂરતિ, શુદ્ધ નિરંજન દેવ ધ્યાઉ રે.'' - **શ્રી આનંદઘન પદ-૧**


ઉપરમાં આત્મખ્યાતિના ગદ્ય વિભાગમાં જે વિસ્તારથી વિવેચ્યું તેનો સારસમુચ્ચય નિબદ્ધ કરતા આ કળશમાં તીક્ષ્ણ પ્રજ્ઞા-છીણી આત્મા અને કર્મનો ભેદ કેવી રીતે કરે છે, તેનો સમસ્ત વિધિ **મહાકવિ અમૃતચંદ્રજીએ** તાદૃશ્ય શબ્દચિત્ર આલેખતી સ્વભાવોક્તિથી વર્ણવી દેખાડ્યો છે - प्रज्ञाछेत्री शितेयं कथमपि निपुणैः पातिता सावधानैः - આ પ્રજ્ઞા રૂપ તીક્ષ્ણ છીણી કેમે કરી - 'કથમપિ' - ઘણા ઘણા પ્રયત્નાતિશયથી 'નિપુણોથી' - તત્ત્વકુશળ જનોથી 'સાવધાન' - ખબરદાર - જાગરૂક રહી પાડવામાં આવેલી આત્મા અને કર્મ એ ઉભયના - બન્નેનાં 'સૂક્ષ્મ' - ઝીણા - બારીક 'અંતઃસંધિ બંધમાં' - અંદરના

સાંધાના બંધમાં (Internal joint) રભસથી' - એકદમ વેગથી - ઝપાટાબંધ નીચે પડે છે, सूक्ष्मेंतःसंधि बंधे निपतति रभसादात्मकर्मोभयस्य અને એમ નીચે પડે છે તે શું કરતી પડે છે ? आत्मानं मग्नमंतः स्थिरविशदलसद्धाम्नि चैतन्यपूरे - આત્માને અંતરમાં સ્થિર 'વિશદ' - સ્વચ્છ - નિર્મલ 'લસત્' - લસલસતા - ઉલ્લસી રહેલા - વધતા જતા 'ધામ' - તેજવાળા ચૈતન્યપૂરમાં 'મગ્ન' ડૂબેલ અને બંધને અજ્ઞાન ભાવમાં નિયમિત એમ બન્નેને 'અભિતઃ' - સર્વથા સર્વ પ્રકારે 'ભિન્ન ભિન્ન' - જૂદા જૂદા - પૃથક્ પૃથક્ કરતી 'નિપતે છે' - નીચે પડે છે - बंधं चाज्ञानभावे नियमितमभितः कुर्वती भिन्नभिन्नौ ।

**અમૃતચંદ્રજીના** આ અદ્ભુત કળશ કાવ્યનો મર્મ સમજવા સૂતારનું - 'સૂત્રધારનું' દૃષ્ટાંત ભાવન કરવા યોગ્ય છે - 'સૂત્રધાર' - સૂતાર છે, (૧) તે જ્યાં બે કાષ્ઠ એટલી બધી ચોક્કસાઈથી સલાડવામાં આવેલ હોય કે તે વચ્ચેનો સૂક્ષ્મ - બારીક (fine) સાંધો કળાવો મુશ્કેલ હોય, ત્યાં તેને જૂદા પાડવા માટે છીણીનો અને તે પણ 'તીક્ષ્ણ' - તીણી અણીદાર ઝીણી છીણીનો ઉપયોગ કરે છે. (૨) અને તે કુશળ કારીગર તે છીણીનો ઉપયોગ એવા સાવધાનપણે - ખૂબ ખૂબ કાળજીથી કરે છે કે જેથી એક કાષ્ઠનો ભાગ બીજામાં ન ચાલ્યો જાય અને બીજા કાષ્ઠનો ભાગ પ્હેલામાં ન છોલાઈ જાય. (૩) આમ તે એવો સાવધાન રહીને છીણી પાડે છે, કે તે બન્ને ભાગના 'સૂક્ષ્મ અંતઃસંધિબંધમાં' - અંદરના સૂક્ષ્મ સાંધાના બંધનમાં એકદમ વેગથી નીચે પડે છે. (૪) અને તે નીચે પડતાં પડતાં બન્ને ભાગને ભિન્ન-ભિન્ન જૂદા જૂદા કરતી એકને આ બાજુ અને બીજાને બીજી બાજુ ચોક્ખી ફાડ કરીને પાડે છે. એ જ પ્રકારે સૂત્ર રહસ્યને ધારનારા 'સૂત્રધાર' જ્ઞાની રૂપી સૂત્રધાર છે. તે (૧) આત્મા અને કર્મનો અનાદિ સંયોગથી ભેદ કળાવો ઘણો ઘણો મુશ્કેલ છે, ત્યાં પ્રજ્ઞારૂપ છીણીનો અને તે પણ તીક્ષ્ણ સૂક્ષ્મ પ્રજ્ઞારૂપ ઝીણી છીણીનો ઉપયોગ કરે છે. (૨) અને તે 'નિપુણો' - તત્ત્વભેદ કળાકુશળો સૂત્રધાર 'સાવધાન' રહી - અત્યંત જાગરૂકપણે ખૂબ ખૂબ તીક્ષ્ણ સૂક્ષ્મ ઉપયોગ પૂર્વક તે તીક્ષ્ણ પ્રજ્ઞા - છીણી પાડે છે, (૩) એટલે તે પ્રજ્ઞા - છીણી આત્મા અને કર્મ એ બન્નેના સૂક્ષ્મ અંતઃસંધિબંધમાં 'રભસથી' - એકદમ વેગથી પડે છે, (૪) અને તે પડતાં પડતાં તે આત્માને અને બંધને 'ભિન્ન ભિન્ન' - જૂદા જૂદા - પૃથક્ પૃથક્ કરતી, તે પ્રજ્ઞા-છીણી આત્માને સ્થિર સ્વચ્છ ઉલ્લસતા ચૈતન્ય પૂરમાં મગ્ન કરતી અને બંધને અજ્ઞાન ભાવમાં નિયમિત કરતી, એમ સર્વ સર્વ પ્રકારથી સર્વથા ભિન્ન -ભિન્ન કરે છે, આત્માને એક બાજુ અને બંધને બીજી બાજુ પાડે છે. આમ તે આત્મા અને બંધને ભિન્ન-પૃથક્ જાણીને તે બન્નેને ભિન્ન ભિન્ન - પૃથક્ પૃથક્ - અલગ અલગ કરે છે.

આમ આ કળશ કાવ્યમાં **'આત્મખ્યાતિ' સૂત્રકાર મહાજ્ઞાની સૂત્રધારે** સૂત્રધારના (સૂતારના) દૃષ્ટાંતનો ભાવ સ્વભાવોક્તિ અલંકારમય સુંદર હૃદયંગમ તાદૃશ્ય આબેહૂબ શબ્દચિત્ર હજારો ગ્રંથોથી ન આલેખી શકાય એવી અજબ કુશળતાથી આલેખ્યો છે.

આકૃતિ



આત્મા અને બંધને દ્વિધા કરીને શું કર્ત્તવ્ય છે ? તો કે -

**जीवो बंधो य तहा छिज्जंति सलक्खणेहिं णियएहिं ।**

**बंधो छेएदव्वो सुद्धो अप्पा य घेत्तव्वो ॥२९५॥**

નિયત જ સ્વલક્ષણો થકી, જીવ બંધ તેમ છેદાય રે;

બંધને છેદવો આતમા, ગ્રહવો શુદ્ધ તથા ય રે... બંધન છેદન મોક્ષ છે. ૨૯૫

**અર્થ** - જીવ અને બંધ તથાપ્રકારે નિયત સ્વલક્ષણોથી છેદાય છે, બંધ છેદવા યોગ્ય છે અને શુદ્ધ આત્મા ગ્રહવા યોગ્ય છે. ૨૯૫

## आत्मख्याति टीका

आत्मबंधौ द्विधा कृत्वा किं कर्त्तव्यं ? इति चेत् -

**जीवो बंधश्च तथा छिद्येते स्वलक्षणाभ्यां नियताभ्यां ।**

**बंधश्छेत्तव्यः शुद्ध आत्मा च गृहीतव्यः ॥२९५॥**

**आत्मबंधौ** हि ताव**न्नियतस्वलक्षण**विज्ञानेन सर्वथैव **छेत्तव्यौ,** ततो रागादिलक्षणः समस्त एव **बंधो निर्मोक्तव्यः** उपयोगलक्षणः शुद्ध आत्मैव **गृहीतव्यः** ॥२९५॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

પ્રથમ તો **આત્મા અને બંધ** સ્ફુટપણે **નિયત સ્વલક્ષણ** વિજ્ઞાનથી સર્વથા જ **છેત્તવ્ય** (છેદવા યોગ્ય) છે, પછી રાગાદિ લક્ષણ સમસ્ત જ **બંધ નિર્મોક્તવ્ય** (નિશ્ચયે કરીને નિતાંતપણે મૂકી દેવો યોગ્ય) છે, ઉપયોગ લક્ષણ શુદ્ધ **આત્મા** જ **ગૃહીતવ્ય** (ગ્રહણ કરવો યોગ્ય) છે. ૨૯૫

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાની કહે છે તે કુંચી રૂપી જ્ઞાન વિચારે, તો અજ્ઞાન રૂપી તાળું ઉઘડી જાય - કેટલાંય તાળાં ઉઘડી જાય, કુંચી હોય તો તાળું ઉઘડે, બાકી પ્હાણા માર્યે તો તાળું ભાંગી જાય.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩, પૃ. ૫૪૫**

''પ્રથમ ચૈતન્ય જિન પ્રતિમા થા, ચૈતન્ય જિન પ્રતિમા થા.'' **- શ્રીમદ્ રાજચંદ્ર હાથનોંધ-૨**

આત્મા અને બંધને પ્રજ્ઞાથી તેવા પ્રકારે દ્વિધા કરીને શું કરવું યોગ્ય છે ? તે અત્ર સ્પષ્ટ કર્યું છે અને તે આત્મખ્યાતિકારે અત્યંત સુસ્પષ્ટ કર્યું છે - પ્રથમ તો આત્મા અને બંધને ત્રણે કાળમાં ન ફરે

---

**आत्मभावना -**

आत्मबंधौ द्विधाकृत्य - આત્મા અને બંધ દ્વિધા - બે વિભાગમાં વિભક્ત કરી किं कर्त्तव्यं - **શું કર્તવ્ય છે ?** इति चेत् - એમ જો પૂછો તો - जीवो बंधश्च - **જીવ અને બંધ** तथा - તેવા પ્રકારે स्वलक्षणाभ्यां नियताभ्यां - **નિયત - નિશ્ચિત** એવા બે સ્વ લક્ષણોથી छिद्येते - છેદાય છે, જૂદાં પાડાય છે, बंधश्छेत्तव्यः - **બંધ છેત્તવ્ય - છેદી નાંખવા યોગ્ય** - કાપી નાંખવા યોગ્ય છે, शुद्ध आत्मा च गृहीतव्यः - **અને શુદ્ધ આત્મા ગૃહીતવ્ય - ગ્રહણ કરવા યોગ્ય છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥२९५॥


आत्मबंधौ हि तावत् - આત્મા અને બંધ પ્રથમ તો સ્ફુટપણે નિશ્ચયે કરીને नियतस्वलक्षणविज्ञानेन - **નિયત - નિશ્ચિત** એવા સ્વ લક્ષણના પોતપોતાના લક્ષણના વિજ્ઞાનથી - વિશેષ જ્ઞાનથી सर्वथैव छेत्तव्यौ - **સર્વથા જ છેત્તવ્ય** - છેદવા યોગ્ય - જૂદા પાડવા યોગ્ય છે, ततो - પછી रागादि लक्षणः समस्त एव बंधो निर्मोक्तव्यः - **રાગાદિ લક્ષણવાળો સમસ્ત જ બંધ નિર્મોક્તવ્ય** - નિશ્ચયે કરીને નિતાંતપણે મૂકી દેવો યોગ્ય છે, उपयोगलक्षणः शुद्ध आत्मैव गृहीतव्यः - ઉપયોગ લક્ષણવાળો શુદ્ધ આત્મામાં જ ગૃહીતવ્ય - ગ્રહી લેવો યોગ્ય છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२९५॥

એવાં અખંડ નિશ્ચય રૂપ 'નિયત' - નિશ્ચિત 'સ્વલક્ષણના' - વિજ્ઞાન વડે 'स्वलक्षण विज्ञानेन' સર્વથા જ છેદવા યોગ્ય છે - પરિચ્છેદવા યોગ્ય છે - જાણવા યોગ્ય છે, અર્થાત્ જેમ કોઈ વિજ્ઞાની (Scientist) બે જૂદા જૂદા દ્રવ્યને પોત પોતાના લક્ષણના વિજ્ઞાનથી - વિશેષ જ્ઞાનથી (Scientific knowledge) ઓળખી કાઢી - પરિચ્છેદન કરી - તે બેનું પૃથક્કરણ (Analysis) કરે, તેમ આત્મવિજ્ઞાની (spiritual scientist) આત્મા અને બંધ એ બેને પોતપોતાના લક્ષણના વિજ્ઞાનથી - વિશેષ જ્ઞાનથી પ્રથમ તો ઓળખી કાઢી - પરિચ્છેદન કરી તે બેનું પૃથક્કરણ (analysis) કરે.

પછી રાગાદિ લક્ષણ સમસ્ત જ બંધ 'નિર્મોક્તવ્ય' છે - નિશ્ચયપણે નિતાંતપણે સર્વથા જ મૂકવો યોગ્ય છે, અર્થાત્ જેમ વિજ્ઞાની બે જૂદા જૂદા દ્રવ્યોનું પરિચ્છેદન રૂપ - પૃથક્કરણ કરી પછી અનભીષ્ટ દ્રવ્યને નિતારી નાંખી, એની કણિકા માત્ર - પરમાણુ માત્ર પણ ન રહે એમ તેને સર્વથા મૂકી દીએ, તેમ આત્મવિજ્ઞાની આત્માને બંધનકર અનભીષ્ટ રાગાદિ બંધને આત્મામાંથી ઉતારી નાંખી, એ રાગાદિની કણિકા માત્ર - પરમાણુમાત્ર પણ ન રહે એમ તેને સર્વથા મૂકી દીએ અને उपयोगलक्षण शुद्ध आत्मैव गृहीतव्यः - 'ઉપયોગ લક્ષણ' શુદ્ધ આત્મા જ ગૃહીતવ્ય - ગ્રહવો યોગ્ય છે, અર્થાત્ જેમ વિજ્ઞાની બે જૂદા જૂદા દ્રવ્યોનું નિયત સ્વલક્ષણથી પરિચ્છેદન રૂપ પૃથક્કરણ કરી, અનભીષ્ટ દ્રવ્યને મૂકી દઈ, સર્વથા અન્ય દ્રવ્યની અશુદ્ધિથી રહિત ઈષ્ટ સ્વલક્ષણ સંપન્ન શુદ્ધ (crystalline clear) ગ્રહણ કરે, તેમ આત્મવિજ્ઞાની આત્મા અને બંધનું નિયત સ્વ લક્ષણથી પરિચ્છેદન રૂપ પૃથક્કરણ કરી, અનભીષ્ટ રાગાદિ બંધને સર્વથા મૂકી દઈ, સર્વથા પરદ્રવ્યની અશુદ્ધિથી રહિત ઈષ્ટ સ્વલક્ષણ - સંપન્ન શુદ્ધ આત્મદ્રવ્યને ગ્રહણ કરે. આમ આત્મા અને બંધનો ભેદ જાણી, બંધને છોડી આત્મા જ ગ્રહવો એ જ ને એટલું જ મુમુક્ષુનું એકમાત્ર કર્ત્તવ્ય છે.

''ચેતન ઐસા જ્ઞાન વિચારો, સોઽહં સોઽહં સોઽહં સોઽહં,
સોઽહં અણુ ન બીયા સારો... ચેતન.
તસ છૈની ગ્રહિયે જો ધન, સો તુમ સોઽહં ધારો,
સોઽહં જાનિ દટો તુમ મોહં, બ્યહૈ હૈ સમકો વારી... ચેતન.'' - **આનંદઘન, પદ-૮૧**

**આકૃતિ**






આ જ ખરેખર ! આત્મા અને બંધના દ્વિધાકરણનું પ્રયોજન છે કે બંધત્યાગથી શુદ્ધ આત્માનું ઉપાદાન (ગ્રહણ) -

**कह सो घिप्पइ अप्पा पण्णाए सो उ घिप्पए अप्पा ।**
**जह पण्णाइ विहत्तो तह पण्णाएव घित्तव्वो ॥२९६॥**

કેમ ગ્રહાય તે આતમા ? પ્રજ્ઞાથી આત્મા ગ્રહાય રે;
જેમ પ્રજ્ઞાથી વિભક્ત તે, તેમ પ્રજ્ઞાથી જ ગ્રાહ્ય રે... બંધન છેદન. ૨૯૬

**અર્થ** - તે આત્મા કેમ ગ્રહાય છે ? તે આત્મા તો નિશ્ચયે કરીને પ્રજ્ઞાથી જ ગ્રહાય છે, જેમ પ્રજ્ઞાથી વિભક્ત કર્યો તેમ પ્રજ્ઞાથી જ ગ્રહવો યોગ્ય છે. ૨૯૬

## आत्मख्याति टीका

एतदेव किलात्मबंधयो र्द्विधाकरणस्य प्रयोजनं यद्बंधत्यागेन शुद्धात्मोपादानं -

**कथं स गृह्यते आत्मा प्रज्ञया स तु गृह्यते आत्मा ।**
**यथा प्रज्ञया विभक्तस्तथा प्रज्ञयैव गृहीतव्यः ॥२९६॥**

ननु **केन** शुद्धोय**मात्मा गृहीतव्यः** ? **प्रज्ञयैव** शुद्धोय**मात्मा गृहीतव्यः** । शुद्धस्यात्मनः स्वयमात्मानं गृह्णतो विभजत इव प्रज्ञैककरणत्वात् । अतो **यथा प्रज्ञया विभक्तस्तथा प्रज्ञयैव गृहीतव्यः** ॥२९६॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

વારુ, કોના વડે શુદ્ધ આત્મા ગૃહીતવ્ય છે ? પ્રજ્ઞા વડે જ શુદ્ધ આત્મા ગૃહીતવ્ય છે, શુદ્ધ આત્માને સ્વયં આત્માને ગ્રહતાં ને વિભજતાંની જેમ પ્રજ્ઞા એકકરણપણું છે માટે, એથી **જેમ પ્રજ્ઞાથી વિભક્ત તેમ પ્રજ્ઞાથી જ** ગૃહીતવ્ય (ગ્રહવા યોગ્ય) છે. ૨૯૬

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જ્ઞાનમાર્ગ આરાધે તો અને રસ્તે ચાલે તો જ્ઞાન થાય. સમજાય તો આત્મા સહજમાં પ્રગટે, નહીં તો જીંદગી જાય તોય પ્રગટે નહીં." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩, ઉપદેશ છાયા**

---

**आत्मभावना -**

एतदेव किलात्मबंधयो र्द्विधाकरणस्य प्रयोजनं - **આ જ ખરેખર ! પ્રગટપણે આત્મા અને બંધના દ્વિધાકરણનું પ્રયોજન છે** यत् - **કે** बंधत्यागेन - **બંધના ત્યાગે કરી,** शुद्धात्मोपादानं - **શુદ્ધ આત્માનું ઉપાદાન - ગ્રહણ** कथं स आत्मा गृह्यते ? - **તે આત્મા કેમ - કેવી રીતે ગ્રહાય છે ?** स आत्मा तु प्रज्ञया गृह्यते - **તે આત્મા તો પ્રજ્ઞાથી જ ગ્રહાય છે,** यथा प्रज्ञया विभक्तः - **જેમ પ્રજ્ઞાથી વિભક્ત - ભિન્ન (કર્યો)** तथा प्रज्ञयैव गृहीतव्यः **તેમ પ્રજ્ઞાથી જ ગૃહીતવ્ય - ગ્રહવા યોગ્ય છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥२९६॥

ननु - **વારુ,** केन - **કોના વડે** शुद्धोयमात्मा गृहीतव्यः - **શુદ્ધ એવો આ આત્મા ગૃહીતવ્ય - ગ્રહવા યોગ્ય છે ?** प्रज्ञयैव - **પ્રજ્ઞા વડે જ** शुद्धोयमात्मा गृहीतव्यः - **શુદ્ધ એવો આ આત્મા ગૃહીતવ્ય - ગ્રહવા યોગ્ય છે, એમ શાને લીધે ?** शुद्धस्यात्मनः - **શુદ્ધ આત્માને** - स्वयमात्मानं गृह्णतो - **સ્વયં - પોતે આત્માને ગ્રહતાને,** विभजत इव - **વિભજતાની જેમ,** प्रज्ञैककरणत्वात् - **પ્રજ્ઞા - એક કરણપણાને લીધે,** अतो - **એથી કરીને** यथा - **જેમ** प्रज्ञाया विभक्तः - **પ્રજ્ઞાથી વિભક્ત કરાયો,** तथा - **તેમ** प्रज्ञयैव - **પ્રજ્ઞાથી જ** गृहीतव्यः - **ગૃહીતવ્ય - ગ્રહવા યોગ્ય છે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥२९६॥

બંધને છોડી શુદ્ધ આત્મા જ ગ્રહવો એ જ ખરેખર ! આ આત્મા-બંધના દ્વિધાકરણનું પ્રયોજન છે, 'बंधत्यागेन शुद्धात्मोपादानं' એમ અત્ર દૃઢ કરાવ્યું છે. વારુ, કોના વડે આ શુદ્ધ આત્મા ગ્રહવા યોગ્ય છે ? 'प्रज्ञयैव शुद्धोयमात्मा गृहीतव्यः' પ્રજ્ઞા વડે જ આ શુદ્ધ આત્મા ગ્રહવો યોગ્ય છે.

એમ શા કારણથી ? કારણકે શુદ્ધ આત્માને સ્વયં આત્માને ગ્રહતાને - વિભજતાની જેમ - પ્રજ્ઞાનું એકનું કરણપણું - સાધનપણું છે માટે, 'प्रज्ञैककरणत्वात्', અર્થાત્ આત્મા અને બંધના 'દ્વિધાકરણમાં' - વિભાગીકરણમાં - વિભજનમાં જેમ પ્રજ્ઞા જ એક આત્માનું કરણ - સાધન (Instrument) છે, તેમ શુદ્ધ આત્માના સ્વયં આત્માના ગ્રહણમાં પણ પ્રજ્ઞા જ એક આત્માનું કરણ - સાધન (Instrument) છે. એટલા માટે જેમ પ્રજ્ઞા વડે આત્મા વિભક્ત કરાયો - બંધથી વિભિન્ન - જૂદો પડાયો, તેમ પ્રજ્ઞા વડે જ આત્મા ગ્રહવો યોગ્ય છે - यथा प्रज्ञया विभक्तस्तथा प्रज्ञयैव गृहीतव्यः ।

શુદ્ધ
ચૈતન્ય
જ્યોતિ

આ આત્મા પ્રજ્ઞાથી કેવી રીતે ગ્રહવો યોગ્ય છે ? તો કે -

**पण्णाए घित्तव्वो जो चेदा सो अहं तु णिच्छयदो ।**
**अवसेसा जे भावा ते मज्झ परेत्ति णायव्वा ॥२९७॥**

પ્રજ્ઞાથી ચેતા ગ્રાહ્ય જે, તે નિશ્ચયથી હું જ રે --
અવશેષ ભાવો જેહ છે, જાણવા પર તે મુજ રે... બંધન છેદન. ૨૯૭

**અર્થ** - પ્રજ્ઞાથી ગ્રહવો યોગ્ય એવો જે ચેતયિતા તે નિશ્ચયથી હું જ છું, અવશેષ (બાકીના) જે ભાવો છે, તે મ્હારા પરો છે એમ જાણવા યોગ્ય છે. ૨૯૭

## आत्मख्याति टीका

कथमयमात्मा प्रज्ञया गृहीतव्यः ? इति चेत् -

**प्रज्ञया गृहीतव्यो यश्चेतयिता सोऽहं तु निश्चयतः ।**
**अवशेषा ये भावाः ते मम परा इति ज्ञातव्याः ॥२९७॥**

**यो** हि नियतस्वलक्षणावलंबिन्या **प्रज्ञया** प्रविभक्त **श्चेतयिता** सोऽय**महं** । **ये** त्वमी **अवशिष्टा** अन्यस्वलक्षणलक्ष्या व्यवह्रियमाणा **भावाः, ते** सर्वेऽपि चेतयितृत्वस्य व्यापकस्य व्याप्यत्वमनायांतोऽत्यंतं **मत्तो भिन्नाः** । ततोऽहमेव मयैव मह्यमेव मत्त एव मय्येव मामेव गृह्णामि ।

यत्किल गृह्णामि तच्चेतनैकक्रियत्वादात्मन -

| | |
|---|---|
| श्चेतये एव, चेतयमान एव चेतये, | अथवा न चेतये न चेतयमानश्चेतये, |
| चेतयमानेनैव चेतये, | न चेतयमानेन चेतये, |
| चेतयमानायैव चेतये, | न चेतयमानाय चेतये, |
| चेतयमानादेव चेतये, | न चेतयमाना श्चेतये, |
| चेतयमाने एव चेतये, | न चेतयमाने चेतये, |
| चेतयमानमेव चेतये, | न चेतयमानं चेतये । |

किंतु सर्वविशुद्ध चिन्मात्रो भावोऽस्मि ॥२९७॥

---

**आत्मभावना -**

कथमयमात्मा प्रज्ञया गृहीतव्यः - **કેમ-કેવી રીતે આ આત્મા પ્રજ્ઞા વડે કરીને ગ્રહવો યોગ્ય છે ?** इति चेत् - **એમ જો પૂછો તો** - प्रज्ञया गृहीतव्यः - **પ્રજ્ઞાથી ગૃહીતવ્ય - ગ્રહવો યોગ્ય એવો** यः चेतयिता - **જે ચેતયિતા - ચેતનારો - ચેતન આત્મા,** सोऽहं तु निश्चयतः - **તે નિશ્ચયથી હું જ છું,** अवशेषा - **અવશેષ - બાકીના બીજા બધા** ये भावाः - **જે ભાવો,** ते मम पराः - **તે મ્હારા પરો છે,** इति ज्ञातव्याः - **એમ જ્ઞાતવ્ય - જાણવા યોગ્ય છે.** ॥२९७॥ इति **गाथा** आत्मभावना ॥२९७॥

यो हि - **જે સ્ફુટપણે - પ્રગટપણે** नियतस्वलक्षणावलंबिन्या प्रज्ञया प्रविभक्तः - **નિયત - નિશ્ચિત સ્વ લક્ષણાવલંબિની - સ્વલક્ષણને અવલંબનારી પ્રજ્ઞાથી પ્રવિભક્ત - પ્રકૃષ્ટપણે વિભક્ત થયેલો - વિભિન્ન કરવામાં આવેલો એવો** चेतयिता - **ચેતયિતા - ચેતનારો - ચેતક આત્મા** सोऽयमहं - **તે 'આ' - પ્રત્યક્ષ અનુભવાતો હું છું,** ये त्वमी - **અને જે આ** अवशिष्टाः - **અવશિષ્ટ - અવશેષ - બાકી રહેલા** अन्यस्वलक्षणलक्ष्याः - **અન્યસ્વલક્ષણોથી - બીજા પોતાના લક્ષણોથી લક્ષ્ય - લક્ષમાં લેવા યોગ્ય** व्यवह्रियमाणा भावाः - **એવા વ્યવહ્રિયમાણ - વ્યવહારાતા - વ્યવહારાઈ રહેલા ભાવો, તે** सर्वेऽपि - **તે સર્વેય,** चेतयितृत्वस्य व्यापकस्य व्याप्यत्वमनायांतो - **ચેતયિતૃત્વના - ચેતયિતાપણાના વ્યાપક એવાના વ્યાપ્યપણાને નહિ પામતા,** अत्यंतं मत्तो भिन्नाः - **અત્યંતપણે - સર્વથા મ્હારાથી ભિન્ન - જૂદા - પૃથક્ છે.** ततो - **તેથી** अहमेव - **હું જ,** मयैव - **મ્હારાથી જ,** मह्यमेव - **મ્હારા અર્થે જ,** मत्त एव - **મ્હારામાંથી જ,** मय्येव - **મ્હારામાં**

## આત્મખ્યાતિ ટીકાર્થ

જે નિશ્ચયે કરીને નિયત સ્વલક્ષણાવલંબિની પ્રજ્ઞાથી પ્રવિભક્ત ચેતયિતા, તે આ હું છું - અને જે આ અવશિષ્ટ અન્ય સ્વલક્ષણથી લક્ષ્ય વ્યવહારાતા ભાવો, તે સર્વેય -

વ્યાપક એવા ચેતયિતાપણાના વ્યાપ્યપણાને નહિ પામતા - મ્હારાથી અત્યંત ભિન્ન છે, તેથી હું જ - મ્હારાથી જ મ્હારા અર્થે જ મ્હારામાંથી જ મ્હારામાં જ - મને જ ગ્રહું છું,

જે પ્રગટપણે ગ્રહું છું, તે આત્માના ચેતન એકક્રિયાપણાને લીધે -

| | |
|---|---|
| ચેતું છું, ચેતયમાન જ ચેતી રહેલો જ (ચેતતો જ) ચેતું છું, | અથવા નથી ચેતતો, નથી ચેતયમાન ચેતતો, |
| ચેતયમાન વડે જ ચેતું છું, | નથી ચેતયમાન (ચેતી રહેલા) વડે ચેતતો, |
| ચેતયમાન અર્થે જ ચેતું છું, | નથી ચેતયમાન અર્થે ચેતતો, |
| ચેતયમાનમાંથી જ ચેતું છું, | નથી ચેતયમાનમાંથી ચેતતો, |
| ચેતયમાનમાં જ ચેતું છું, | નથી ચેતયમાનમાં ચેતતો, |
| ચેતયમાનને જ (ચેતી રહેલાને જ) ચેતું છું - | નથી ચેતયમાનને (ચેતી રહેલાને) ચેતતો, |

કિંતુ સર્વ વિશુદ્ધ ચિન્માત્ર ભાવ છું હું. ૨૯૭

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"સર્વ સત્પુરુષો માત્ર એક જ વાટેથી તર્યા છે અને તે વાટે વાસ્તવિક આત્મજ્ઞાન અને તેની અનુસારિણી દેહસ્થિતિ પર્યંત સત્ક્રિયા કે રાગ દ્વેષ અને મોહ વગરની દશા થવાથી તે તત્ત્વ તેમને પ્રાપ્ત થયું હોય એમ મારૂં આધીન મત છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૨**

"શુદ્ધ ચૈતન્ય અનંત આત્મદ્રવ્ય કેવલજ્ઞાન સ્વરૂપ શક્તિ રૂપે જેને સંપૂર્ણ વ્યક્ત થયું તથા વ્યક્ત થવાનો જે પુરુષો માર્ગ પામ્યા તે પુરુષોને અત્યંત ભક્તિથી નમસ્કાર."

- **શ્રીમદ્ રાજચંદ્ર, હાથનોંધ-૨-૩**

આત્મા પ્રજ્ઞા વડે કરીને કેવી રીતે ગ્રહવા યોગ્ય છે ? એનો સીધો સાદો વિધિ અત્ર બતાવ્યો છે - પ્રજ્ઞાથી 'ગૃહીતવ્ય' - ગ્રહવો યોગ્ય જે 'ચેતયિતા' - ચેતનારો - ચેતક - ચેતન આત્મા તે નિશ્ચયથી હું જ છું, 'અવશેષ' - બાકીના બીજા બધા જે ભાવો તે મ્હારા પરો છે એમ જાણવા યોગ્ય છે. આ ગાથામાં દર્શાવેલ આ આત્મગ્રહણ વિધિનું સાંગોપાંગ સકલ સમ્યકપણું 'આત્મખ્યાતિ' સૂત્રકાર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** સમુદ્યોતિત કર્યું છે, તેનો ભાવાર્થ આ પ્રકારે -

---

જ - मामेव - મને જ गृह्णामि - ગ્રહું છું.

यत्किल - જે ખરેખર ! गृह्णामि - ગ્રહું છું, तत् - તે, चेतनैकक्रियत्वादात्मनः - આત્માની ચેતન - ચેતવા રૂપ એકક્રિયાપણાને લીધે, चेतये - ચેતું છું, અનુભવું છું - સંવેદું છું, चेतयमान एव चेतये - ચેતયમાન જ - ચેતી રહેલો જ ચેતું છું, चेतयमानेनैव चेतये - ચેતયમાન - ચેતી રહેલા વડે જ ચેતું છું, चेतयमानायैव चेतये - ચેતયમાન - ચેતી રહેલા અર્થે જ ચેતું છું, चेतयमानादेव चेतये - ચેતયમાન - ચેતી રહેલામાંથી જ ચેતું છું, चेतयमाने एव चेतये - ચેતયમાનમાં જ - ચેતી રહેલામાં જ ચેતું છું, चेतयमानमेव चेतये - ચેતયમાનને જ - ચેતી રહેલાને જ ચેતું છું, अथवा - અથવા न चेतये - નથી ચેતતો, न चेतयमानश्चेतये - નથી ચેતયમાન - ચેતી રહેલો ચેતતો, न चेतयमानाय चेतये - નથી ચેતયમાન - ચેતી રહેલામાંથી ચેતતો, न चेतयमाने चेतये - નથી ચેતયમાનમાં - ચેતી રહેલામાં ચેતતો, न चेतयमानं चेतये - નથી ચેતયમાનને - ચેતી રહેલાને ચેતતો - અનુભવતો - સંવેદતો, किंतु - પરંતુ सर्वविशुद्ध चिन्मात्रो भावोऽस्मि - સર્વ વિશુદ્ધ ચિન્માત્ર ભાવ છું હું. ।। इति **'आत्मख्याति'** आत्मभावना ।।२९७।।


આકૃતિ




જે સ્ફુટપણે - પ્રગટપણે 'નિયત' - નિશ્ચિત સ્વલક્ષણાવલંબિની પ્રજ્ઞાથી - 'नियत स्वलक्षणावलंबिन्या प्रज्ञया' - પ્રવિભક્ત - પ્રકૃષ્ટપણે વિભક્ત 'ચેતયિતા' - ચેતનારો - ચેતક તે આ હું છું, 'सोऽयमहं', અર્થાત્ જે પ્રગટપણે ત્રણે કાળમાં નિશ્ચય નિશ્ચયરૂપ નિયત 'સ્વ' - પોતાના પોતીકા લક્ષણને અવલંબનારી પ્રજ્ઞાથી 'પ્રવિભક્ત' - પ્રકૃષ્ટપણે સર્વથા 'વિભક્ત' - વિશેષે કરીને 'ભક્ત' - ભાગરૂપ કરવામાં આવેલો - જૂદો પાડવામાં આવેલો 'ચેતયિતા' - ચેતનારો ચેતક ચેતન એવો આ આત્મા તે 'આ' - પ્રત્યક્ષપણે સ્વસંવેદનથી અનુભવાઈ રહેલો હું છું અને જે આ 'અવશિષ્ટ' - અવશેષ - બાકી રહેલા અન્ય સ્વલક્ષણથી લક્ષ્ય - 'अन्यस्वलक्षणलक्ष्याः' વ્યવહારાતા ભાવો છે, તે સર્વેય વ્યાપક એવા ચેતયિતાપણાના વ્યાપ્યપણાને નહિ પામતા - चेतयितृत्वस्य व्यापकस्य व्याप्यत्वमनायांतो, મ્હારાથી અત્યંત ભિન્ન છે, 'अत्यन्तं मत्तो भिन्नाः', અર્થાત્ 'અન્ય' - બીજા જ - જૂદા જ એવા અન્યોના સ્વલક્ષણથી લક્ષ્ય થતા એવા જે આ 'અવશિષ્ટ' - બાકી બીજા બધા ભાવો વ્યવહારાય છે - વ્યવહારમાં વર્ત્તાય છે, તે બધાય વ્યાપક એવા ચેતયિતાપણાનું વ્યાપ્યપણું પામતા નથી, ચેતનપણાથી વ્યાપ્ત નથી, એટલે આત્માથી અતિરિક્ત તે 'સર્વેય' - કોઈપણ અપવાદ સિવાય બધાય ભાવો મ્હારાથી - હું ચેતયિતાથી 'અત્યંત' - સર્વથા ભિન્ન - જૂદા - પૃથક્ છે. તેથી હું જ - મ્હારાથી જ, મ્હારા અર્થે જ, મ્હારામાંથી જ, મ્હારામાં જ - મને જ ગ્રહું છું, अहमेव मयैव मह्यमेव मत्त एव मय्येव मामेव गृह्णामि ।

જે ખરેખર ! ગ્રહું છું, તે આત્માના - ચેતન એકક્રિયાપણાને લીધે - 'चेतनैकक्रियत्वादात्मनः' 'ચેતું છું' અર્થાત્ ગ્રહું છું એટલે આત્માના ચેતવા રૂપ - અનુભવવા રૂપ - ચેતન રૂપ એક ક્રિયાપણાને લીધે 'ચેતું છું' - અનુભવું છું, સ્વ સંવેદનથી સંવેદું છું અને તે પણ चेतयमान एव चेतये - 'ચેતયમાન' જ - ચેતી રહેલો જ હું ચેતું છું, 'ચેતયમાન' - ચેતી રહેલા વડે જ ચેતું છું, 'ચેતયમાન' - ચેતી રહેલા અર્થે જ ચેતું છું, 'ચેતયમાનમાંથી જ' - ચેતી રહેલામાંથી જ ચેતું છું, 'ચેતયમાનમાં જ' - ચેતી રહેલામાં જ ચેતું છું, 'ચેતયમાનને જ' - ચેતી રહેલાને જ ચેતું છું, અર્થાત્ આમ કર્ત્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ એ ષટ્કારક રૂપે ભેદ વિવક્ષાથી હું ચેતયિતા આત્મા જ ચેતયિતા આત્માને જ ચેતું છું. અથવા તો હું નથી ચેતતો, નથી 'ચેતયમાન' - ચેતી રહેલો ચેતતો, નથી 'ચેતયમાન' - ચેતી રહેલા વડે ચેતતો, નથી 'ચેતયમાન' - ચેતી રહેલા અર્થે ચેતતો, નથી 'ચેતયમાનમાંથી' - ચેતી રહેલામાંથી ચેતતો, નથી 'ચેતયમાનમાં' - ચેતી રહેલામાં ચેતતો, નથી 'ચેતયમાનને' - ચેતી રહેલાને ચેતતો, અર્થાત્ ષટ્કારક રૂપે અભેદ વિવક્ષાથી હું નથી ચેતતો, પરંતુ સર્વ વિશુદ્ધ ચિન્માત્ર ભાવ છું હું - किंतु सर्वविशुद्धचिन्मात्र भावोऽस्मि । આવી જેની પરમાત્મધ્યાનની ઉત્કૃષ્ટ આત્મદશા છે એવા શ્રીમદ્ રાજચંદ્રના ટંકોત્કીર્ણ વચનામૃત છે કે -

''ચિદ્ ધાતુમય, પરમ શાંત, અડગ એકાગ્ર, એક સ્વભાવમય અસંખ્યાત પ્રદેશાત્મક ચિદાનંદઘન તેનું ધ્યાન કરો. જ્ઞાન.દ.વ.મો.અં.નો આત્યંતિક અભાવ પ્રદેશ સંબંધ પામેલાં પૂર્વ નિષ્પન્ન, સત્તાપ્રાપ્ત, ઉદય પ્રાપ્ત, ઉદીરણા પ્રાપ્ત ચાર એવાં ના.ગો.આ. વેદનીય વેદવાથી અભાવ જેને છે એવું શુદ્ધ સ્વરૂપ જિન ચિન્મૂર્ત્તિ, સર્વ લોકાલોકભાસક ચમત્કારનું ધામ.'' - શ્રીમદ્ રાજચંદ્ર, હાથનોંધ-૧



ઉક્ત સારસમુચ્ચય રૂપ આ સમયસાર કળશમાં (૩) અમૃતચંદ્રજી ચિન્માત્ર ભાવની પરમભાવ સ્તુતિ પ્રકાશે છે -

शार्दूलविक्रीडित

**भित्त्वा सर्वमपि स्वलक्षणबलाद्भेत्तुं न यच्छक्यते,**
**चिन्मुद्रांकितनिर्विभागमहिमा शुद्धश्चिदेवास्म्यहं ।**
**भिद्यंते यदि कारकाणि यदि वा धर्मा गुणा वा यदि,**
**भिद्यंतां न भिदास्ति काचन विभौ भावे विशुद्धे चिति ॥१८२॥**

ભેદી સર્વ જ જે સ્વલક્ષણબલે ભેદી શકાયે નહિ,
ચિન્મુદ્રાંકિત નિર્વિભાગ મહિમા છું શુદ્ધ હું ચિત્ સહી;
ભેદાયે અહિ કારકો ગુણ ભલે ભેદાય ધર્મો ભલે,
તોયે ભેદ ન કાંઈ છે ભાવ વિભુ વિશુદ્ધ ચિત્માં ખરે ! ૧૮૨

## અમૃત પદ - ૧૮૨

'જ્ઞાનને ઉપાસીએ' - એ રાગ

ભેદી બધું ય જે ભેદી શકાય ના, એવો ચિદ્ જ છું હું શુદ્ધ,
ચિન્મુદ્રાની જ્યાં મુદ્રા અંકિત છે, એવા ચિદ્ વિભુ હું વિશુદ્ધ... ભેદી બધુંય જે. ૧
સ્વ લક્ષણબલે ભેદી બધુંયે, ભેદી ન જેહ શકાય,
ચિત જ કેવલ તે શુદ્ધ છું હું એહવો, નિશ્ચય એમ કળાય... ભેદી બધુંય જે. ૨
ટંકોત્કીર્ણ ચિન્મુદ્રાની જેમાં, મુદ્રા અંકિત છે એવો,
નિર્વિભાગ છે મહિમા મહાજસ, શુદ્ધ હું છું ચિદ્ દેવો... ભેદી બધુંય જે. ૩
ભેદાય કારકો ગુણો ભલે વા, ધર્મો ભલે જ ભેદાય,
પણ ભેદ કાંઈ પણ છે જ નહિ અહીં, વિભુ વિશુદ્ધ ચિત્માંય... ભેદી બધુંય જે. ૪
રાજમુદ્રા શી ચિન્મુદ્રાનો આ, ટંકોત્કીર્ણ મહિમાન,
ટંકોત્કીર્ણ અમૃત વાણી ગાયો, અમૃતચંદ્ર ભગવાન... ભેદી બધુંય જે. ૫

**અર્થ** - સર્વને પણ સ્વલક્ષણબલથી ભેદીને જે ભેદી શકાતું નથી, તે ચિન્મુદ્રાથી અંકિત નિર્વિભાગ મહિમાવાળો શુદ્ધ એવો ચિત્ જ હું છું, જો કારકો અથવા ધર્મો અથવા ગુણો ભેદ પામતા હો તો ભલે ભેદ પામો ! (પણ તેથી કરીને) વિભુ એવા વિશુદ્ધ ભાવ ચિત્માં કોઈ ભિદા છે નહિ. ૧૮૨


## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જે અચિંત્ય દ્રવ્યની શુદ્ધ ચિતિ સ્વરૂપ કાંતિ પરમ પ્રગટ થઈ અચિંત્ય કરે છે, તે અચિંત્ય દ્રવ્ય સહજ સ્વાભાવિક નિજ સ્વરૂપ છે, એવો નિશ્ચય જે પરમ કૃપાળુ સત્પુરુષે પ્રકાશ્યો તેનો અપાર ઉપકાર છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૩૩**

ઉપરમાં આત્મખ્યાતિના ગદ્ય ભાગમાં જે વિવરીને કહ્યું તેના સારસમુચ્ચય રૂપ આ કળશમાં શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવદ્ અમૃતચંદ્રજીએ સર્વ વિશુદ્ધ ચિન્માત્ર ભાવની પરમ ભાવસ્તુતિ પ્રકાશી છે - स्वलक्षणबलात् - સ્વ લક્ષણના બલ થકી - પોતાના ચૈતન્ય લક્ષણના બલ થકી - સામર્થ્ય થકી સર્વને પણ ભેદીને - ભેદ કરીને भित्त्वा सर्वमपि - જે પોતે ભેદી શકાતું નથી - ભેદ કરી શકાતું નથી - भेत्तुं

ન यत् शक्यते, તે ચિત્ જ હું છે - 'चिदेवास्म्यहं', કેવો ? 'ચિત્' - મુદ્રાથી અંકિત 'નિર્વિભાગ' - વિભાગ રહિત મહિમા છે જેનો એવો શુદ્ધ - चिन्मुद्रांकितनिर्विभागमहिमा शुद्धः, અર્થાત્ જ્યાં ચૈતન્ય ચક્રવર્ત્તીની કદી ન ભૂંસાય એવી ટંકોત્કીર્ણ 'ચિત્' મુદ્રાથી - છાપથી અંકાયેલ અભેદ મહિમાવાળા શુદ્ધ એવો ચિત્ જ હું છું. કર્ત્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ એ ષટ્કારકો, કે અસ્તિત્વ - નિત્યત્વાદિ ધર્મો, કે દર્શન - જ્ઞાનાદિ ગુણો ભેદ પામતા હો તો ભલે ભેદ પામો ! भिद्यंते यदि कारकाणि यदि वा धर्मा गुणा वा यदि, भिद्यंतां, પણ તેથી કરીને સકલ આત્મપ્રદેશ વ્યાપકપણાથી અથવા સકલ વિશ્વજ્ઞપણાએ કરીને વિશ્વ વ્યાપકપણાથી સર્વ ભાવમાં વ્યાપક 'વિભુ' એવા વિશુદ્ધ 'ચિત્' ભાવમાં કોઈ 'ભિદા' - ભેદતા નથી - न भिदास्ति काचन विभौ भावे विशुद्धे चिति ।

## આકૃતિ



**पण्णाए घित्तव्वो जो दट्ठा सो अहं तु णिच्छयओ ।**
**अवसेसा जे भावा ते मज्झ परेत्ति णायव्वा ॥२९८॥**
**पण्णाए घित्तव्वो जो णादा सो अहं तु णिच्छयदो ।**
**अवसेसा जे भावा ते मज्झ परेत्ति णादव्वा ॥२९९॥**

પ્રજ્ઞાથી દૃષ્ટા ગ્રાહ્ય જે, તે નિશ્ચયથી હું જ રે;
અવશેષ ભાવો જેહ છે, જાણવા પર તે મુજ રે... બંધન છેદન. ૨૯૮
પ્રજ્ઞાથી જ્ઞાતા ગ્રાહ્ય જે, તે નિશ્ચયથી હું જ રે;
અવશેષ ભાવો જેહ છે, જાણવા પર તે મુજ રે... બંધન છેદન. ૨૯૯

**અર્થ** - પ્રજ્ઞાથી જે દૃષ્ટા ગ્રહવા યોગ્ય છે, તે નિશ્ચયથી હું જ છું, અવશેષ (બાકીના) જે ભાવો તે મ્હારા પરો છે એમ જાણવા યોગ્ય છે. ૨૯૮

પ્રજ્ઞાથી જે જ્ઞાતા ગ્રહવા યોગ્ય છે, તે નિશ્ચયથી હું જ છું, અવશેષ (બાકીના) જે ભાવો તે મ્હારા પરો છે એમ જાણવા યોગ્ય છે. ૨૯૯

## आत्मख्याति टीका

**प्रज्ञया गृहीतव्यो यो दृष्टा सोऽहं तु निश्चयतः ।**
**अवशेषा ये भावास्ते मम परा इति ज्ञातव्याः ॥२९८॥**
**प्रज्ञया गृहीतव्यो यो ज्ञाता सोऽहं तु निश्चयतः ।**
**अवशेषा ये भावास्ते मम परा इति ज्ञातव्याः ॥२९९॥**

चेतनाया दर्शनज्ञानविकल्पानतिक्रमणाच्चेतयितृत्वमिव दृष्टत्वं ज्ञातृत्वं चात्मनः स्वलक्षणमेव । ततोहं दृष्टारमात्मानं गृह्णामि,

**यत्किल गृह्णामि तत्**

**पश्याम्येव, पश्यन्नेव पश्यामि,**
**पश्यतैव पश्यामि पश्यते एव पश्यामि,**
**पश्यत एव पश्यामि पश्यत्येव पश्यामि,**
**पश्यंतमेव पश्यामि ।**

**अथवा - न पश्यामि, न पश्यन् पश्यामि**
**न पश्यता पश्यामि, न पश्यते पश्यामि,**
**न पश्यतः पश्यामि, न पश्यति पश्यामि,**
**न पश्यंतं पश्यामि ।**

---

**आत्मभावना** -

प्रज्ञया गृहीतव्यः - પ્રજ્ઞાથી ગૃહીતવ્ય - ગ્રહવા યોગ્ય એવો यो दृष्ट - જે દૃષ્ટા - દેખનારો सो - તે निश्चयतः - નિશ્ચયથી अहं तु - હું જ છું, अवशेषा ये भावाः - અવશેષ - બાકીના જે ભાવો તે मम पराः - તેઓ મ્હારા પરો છે, इति ज्ञातव्याः - એમ જાણવા યોગ્ય છે. ॥२९८॥ प्रज्ञया गृहीतव्यः - પ્રજ્ઞાથી ગૃહીતવ્ય - ગ્રહવા યોગ્ય એવો यो ज्ञाता - જે જ્ઞાતા - જાણનારો सो - તે निश्चयतः - નિશ્ચયથી अहं तु - હું જ છું, अवशेषा ये भावाः - અવશેષ - બાકીના જે ભાવો, તે मम पराः - તેઓ મ્હારા પરો છે, इति ज्ञातव्याः - એમ જાણવા યોગ્ય છે. ॥२९९॥ इति **गाथा** आत्मभावना ॥२९८-२९९॥

चेतनायाः दर्शनज्ञानविकल्पानतिक्रमणात् - ચેતનાના દર્શન-જ્ઞાન વિકલ્પના અનતિક્રમણને - અનુલ્લંઘનને લીધે चेतयितृत्वमिव - ચેતયિત્વની - ચેતયિતાપણાની જેમ दृष्टत्वं ज्ञातृत्वं च - દૃષ્ટૃત્વ - દૃષ્ટાપણું અને જ્ઞાતૃત્વ - જ્ઞાતાપણું आत्मनः स्वलक्षणमेव - આત્માનું સ્વ લક્ષણ જ છે. ततो - તેથી કરીને दृष्टारमात्मानं गृह्णामि - દૃષ્ટા એવા આત્માને હું ગ્રહું છું, यत्किल गृह्णामि - જે ખરેખર ! હું ગ્રહું છું, तत् पश्याम्येव - તે દેખું જ છું, पश्यन्नेव पश्यामि - દેખતો

**किंतु सर्वविशुद्धदृङ्मात्रो भावोस्मि । अपि च -**

**ज्ञातारमात्मानं गृह्णामि, यत्किल गृह्णामि तज् -**

**जानाम्येव, जानन्नेव जानामि,**
**जानतैव जानामि, जानते एव जानामि,**
**जानत एव जानामि, जानत्येव जानामि,**
**जानंतमेव जानामि ।**

**अथवा - न जानामि, न जानन्, जानामि,**
**न जानता जानामि, न जानते जानामि,**
**न जानतो जानामि, न जानति जानामि,**
**न जानंतं जानामि ।**

**किंतु सर्वविशुद्धोज्ञप्तिमात्रो भावोऽस्मि ।**

ननु कथं चेतना दर्शनज्ञानविकल्पौ नातिक्रामति येन चेतयिता दृष्टा ज्ञाता च स्यात् ? उच्यते - चेतना तावत्प्रतिभासरूपा सा तु सर्वेषामेव वस्तूनां सामान्यविशेषात्मकत्वात् द्वैरूप्यं नातिक्रामति । ये तु तस्या द्वे रूपे ते दर्शनज्ञाने, ततः सा नातिक्रामति । यद्यतिक्रमति सामान्यविशेषातिक्रांतत्वाच्चेतनैव न भवति । तदभावे द्वौ दोषौ - स्वगुणोच्छेदाच्चेतनस्याचेतनतापत्तिः व्यापकाभावे व्याप्यस्य चेतनस्याभावो वा । ततस्तदोषभयादर्शनज्ञानात्मिकैव चेतनाभ्युपगंतव्या ॥२९८॥२९९॥

---

જ દેખું છું, पश्यत एव पश्यामि - દેખતામાંથી જ દેખું છું, पश्यत्येव पश्यामि - દેખતામાં જ દેખું છું, पश्यंतमेव पश्यामि - દેખતાને જ દેખું છું, अथवा - અથવા न पश्यामि - નથી દેખતાથી દેખતો, न पश्यते पश्यामि - નથી દેખતા અર્થે દેખતો, न पश्यतः पश्यामि - નથી દેખતામાંથી દેખતો, न पश्यति पश्यामि - નથી દેખતામાં દેખતો, न पश्यंतं पश्यामि - નથી દેખતાને દેખતો, किंतु - પરંતુ सर्वविशुद्धो दृङ्मात्रभावोस्मि - સર્વ વિશુદ્ધ એવો દૃઙ્માત્ર ભાવ હું છું - अपि च - તેમજ

ज्ञातारमात्मानं गृह्णामि - જ્ઞાતા એવા આત્માને હું ગ્રહું છું, यत्किल गृह्णामि - જે ખરેખર ! હું ગ્રહું છું, तत् जानाम्येव - તે જાણું જ છું, जानन्नेव जानामि - જાણતો જ જાણું છું, जानतैव जानामि - જાણતાથી જ જાણું છું, जानते एव जानामि - જાણતા અર્થે જ જાણું છું, जानत एव जानामि - જાણતામાંથી જ જાણું છું, जानत्येव जानामि - જાણતામાં જ જાણું છું, जानंतमेव जानामि - જાણતાને જ જાણું છું, अथवा - અથવા न जानामि - નથી જાણતો, न जानन् जानामि - ન જાણંતો જાણતો, न जानता जानामि - નથી જાણતાથી જાણતો, न जानते जानामि - નથી જાણતા અર્થે જાણતો, न जानतो जानामि - નથી જાણતામાંથી જાણતો, न जानति जानामि - નથી જાણતામાં જાણતો, न जानंतं जानामि - નથી જાણતાને જાણતો, किंतु - પરંતુ सर्वविशुद्धो ज्ञप्तिमात्रो भावोस्मि - સર્વવિશુદ્ધ જ્ઞપ્તિ માત્ર - જાણવામાત્ર ભાવ હું છું.

ननु - વારુ कथं चेतना दर्शनज्ञानविकल्पौ नातिक्रामति - ચેતના દર્શન - જ્ઞાન વિકલ્પને કેમ નથી અતિક્રામતી - ઉલ્લંઘતી ? येन चेतयिता दृष्टा ज्ञाता च स्यात् - કે જેથી ચેતયિતા - ચેતનારો આત્મા દૃષ્ટા અને જ્ઞાતા હોય. उच्यते - (સમાધાન) કહેવામાં આવે છે - चेतना तावत्प्रतिभासरूपा - પ્રથમ તો ચેતના પ્રતિભાસ રૂપા છે, सा तु द्वैरूप्यं नातिक्रामति - અને તે તો દ્વૈરૂપ્ય - દ્વિરૂપપણું અતિક્રામતી - ઉલ્લંઘતી નથી, શાને લીધે ? सर्वेषामेव वस्तूनां सामान्य-विशेषात्मकत्वात् - સર્વે જ વસ્તુઓના સામાન્ય - વિશેષાત્મકપણાને લીધે. ये तु तस्या द्वे रूपे - અને જે તેના બે રૂપો, ते दर्शनज्ञाने - તે દર્શન અને જ્ઞાન છે, ततः सा नातिक्रामति - તેથી તે નથી અતિક્રામતી - નથી ઉલ્લંઘતી. यद्यतिक्रामति જો અતિક્રામે છે - ઉલ્લંઘે છે, તો सामान्यविशेषातिक्रांतत्वात् - સામાન્ય - વિશેષના અતિક્રાંતપણાને - ઉલ્લંઘિતપણાને લીધે चेतनैव न भवति - ચેતના જ નથી હોતી, तदभावे - તેના - ચેતનાના અભાવે - નહિ હોવાપણામાં द्वौ दोषौ - બે દોષ છે - (૧) स्वगुणोच्छेदात् - સ્વ ગુણના - પોતાના ગુણના ઉચ્છેદને લીધે चेतनस्या - चेतनतापत्तिः - ચેતનને અચેતનતાપત્તિ - અચેતનતાનો પ્રસંગ - અથવા (૨) व्यापकाभावे - વ્યાપકના અભાવે व्याप्यस्य चेतनस्याभावो वा - વ્યાપ્ય એવા ચેતનનો અભાવ - નહિ હોવાપણું, ततः - તેથી કરીને तद्दोषभयात् - તે દોષના ભયથી दर्शनज्ञानात्मिकैव - દર્શન - જ્ઞાનાત્મિકા જ - દર્શન - જ્ઞાનરૂપા જ चेतनाभ्युपगंतव्या - ચેતના અભ્યુપગંતવ્ય - અભ્યુપગમ કરવા યોગ્ય - સ્વીકારવા યોગ્ય છે.

## આત્મખ્યાતિ ટીકાર્થ

ચેતનાના દર્શન-જ્ઞાન વિકલ્પના અનતિક્રમણને (અનલ્લંઘનને) લીધે, ચેતયિતાપણાની જેમ દૃષ્ટાપણું અને જ્ઞાતાપણું આત્માનું સ્વલક્ષણ જ છે, તેથી હું દૃષ્ટા એવા આત્માને ગ્રહું છું. જે ખરેખર ! ગ્રહું છું, તે

| | |
|---|---|
| દેખું જ છું, દેખતો જ દેખું છું, | અથવા - નથી દેખતો, નથી દેખંતો દેખતો, |
| દેખતા વડે જ દેખું છું, | નથી દેખતા વડે દેખતો, |
| દેખતા અર્થે જ દેખું છું, | નથી દેખતા અર્થે દેખતો, |
| દેખતામાંથી જ દેખું છું, | નથી દેખતામાંથી દેખતો, |
| દેખતામાં જ દેખું છું, | નથી દેખતામાં દેખતો, |
| દેખતાને જ દેખું છું, | નથી દેખતાને દેખતો, |

કિંતુ સર્વ વિશુદ્ધ દૃઙ્માત્ર ભાવ હું છું.

તેમજ - જ્ઞાતા એવા આત્માને હું ગ્રહું છું, જે ખરેખર ! ગ્રહું છું, તે -

| | |
|---|---|
| જાણું જ છું, જાણંતો જ જાણું છું, | અથવા - નથી જાણતો, નથી જાણંતો જાણતો, |
| જાણતા વડે જ જાણું છું, | નથી જાણતા વડે જાણતો, |
| જાણતા અર્થે જ જાણું છું, | નથી જાણતા અર્થે જાણતો, |
| જાણતામાંથી જ જાણું છું, | નથી જાણતામાંથી જાણતો, |
| જાણતામાં જ જાણું છું, | નથી જાણતામાં જાણતો, |
| જાણતાને જ જાણું છું, | નથી જાણતાને જાણતો. |

કિંતુ સર્વવિશુદ્ધ જ્ઞપ્તિમાત્ર ભાવ હું છું.

(શંકા) - વારુ, ચેતના દર્શન - જ્ઞાન એ બે વિકલ્પોને કેમ નથી અતિક્રામતી ?

(ઉલ્લંઘતી), કે જેથી ચેતયિતા દૃષ્ટા અને જ્ઞાતા હોય ?

(સમાધાન) કહેવામાં આવે છે - પ્રથમ તો ચેતના પ્રતિભાસરૂપા છે, તે તો સર્વે જ વસ્તુઓના સામાન્ય - વિશેષાત્મકપણાને લીધે દ્વૈરૂપ્યને નથી અતિક્રામતી અને જે તેના દ્વિરૂપ (બે રૂપ) તે દર્શન - જ્ઞાન છે, તેથી (તેને) તે નથી અતિક્રામતી, જો અતિક્રામે, તો સામાન્ય - વિશેષના અતિક્રાંતપણાને લીધે ચેતના જ નથી હોતી.' તેના અભાવે બે દોષ - (૧) સ્વગુણ ઉચ્છેદ કરી ચેતનને અચેતનતા પત્તિ, અથવા (૨) વ્યાપકના અભાવે વ્યાપ્ય એવા ચેતનનો અભાવ. તેથી તેના દોષ ભયથી દર્શન-જ્ઞાનાત્મિકા જ ચેતના અભ્યુપગમ (માન્ય) કરવા યોગ્ય છે. ૨૮૯, ૨૯૯

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સર્વ ભાવ જ્ઞાતા-દૃષ્ટા સહ શુદ્ધતા, કૃતકૃત્ય પ્રભુ વીર્ય અનંત પ્રકાશ જો - અપૂર્વ અવસર.''

''હું અસંગ શુદ્ધ ચેતન છું, વચનાતીત નિર્વિકલ્પ એકાંત શુદ્ધ અનુભવ સ્વરૂપ છું.''

- શ્રીમદ્ રાજચંદ્રજી

આત્મા પ્રજ્ઞા વડે કેવી રીતે ગ્રહવા યોગ્ય છે તેનો વિશેષ વિધિ અત્રે દૃષ્ટૃત્વ-જ્ઞાતૃત્વ પરત્વે દર્શાવ્યો છે અને તેનું સાંગોપાંગ અવિકલ સકલ સમ્યક્પણું 'આત્મખ્યાતિ' સૂત્રકારે પોતાની અનન્ય લાક્ષણિક શૈલીથી સુપ્રતિષ્ઠાપિત કર્યું છે. તે આ પ્રકારે -


ચેતનાના દર્શન-જ્ઞાન વિકલ્પના 'અનતિક્રમણને લીધે' - અનુલ્લંઘનને લીધે ચેતયિતૃત્વની જેમ દૃષ્ટૃત્વ અને જ્ઞાતૃત્વ આત્માનું સ્વલક્ષણ જ છે - 'चेतयितृत्वमिव दृष्टृत्वं ज्ञातृत्वं चात्मनः स्वलक्षणमेव', અર્થાત્ ચેતના કાંતો દર્શનરૂપ કાંતો જ્ઞાનરૂપ એમ બેમાંથી કોઈ પણ એક વિકલ્પનું 'અતિક્રમણ' - ઉલ્લંઘન કરતી નથી, એટલે ચેતયિતાપણું જેમ આત્માનું 'સ્વલક્ષણ' - પોતાનું લક્ષણ છે, તેમ દૃષ્ટાપણું અને જ્ઞાતાપણું પણ આત્માનું 'સ્વલક્ષણ જ' - પોતાનું લક્ષણ જ છે. તેથી હું દૃષ્ટા એવા આત્માને ગ્રહું છું, જે ખરેખર ! ગ્રહું છું, તે દેખું જ છું, દેખતો જ દેખું છું, દેખતા વડે જ દેખું છું. દેખતા અર્થે જ દેખું છું, દેખતામાંથી જ દેખું છું, દેખતામાં જ દેખું છું, દેખતાને જ દેખું છું - આમ કર્ત્તા-કર્મ-કરણ-સંપ્રદાન-અપાદાન - અધિકરણ એ ષટ્કારક રૂપ ભેદવિવક્ષાથી હું દૃષ્ટા આત્મા દૃષ્ટા આત્માને જ દેખું છું. અથવા નથી હું દેખતો, નથી દેખંતો દેખતો, નથી દેખતા વડે દેખતો, નથી દેખતા અર્થે દેખતો, નથી દેખતામાંથી દેખતો, નથી દેખતામાં દેખતો, નથી દેખતાને દેખતો - આમ એ ષટ્કારક ભેદ અવિવક્ષાથી નથી હું દેખતો, કિંતુ સર્વવિશુદ્ધ દૃક્ષાત્ર ભાવ છું હું - सर्वविशुद्धो दृङ्मात्रभावोऽस्मि । તેમજ - જ્ઞાતા એવા આત્માને હું ગ્રહું છું, જે ખરેખર ! ગ્રહું છું, તે જાણું જ છું, જાણંતો જ જાણું છું, જાણતા વડે જ જાણું છું, જાણતા અર્થે જ જાણું છું, જાણતામાંથી જ જાણું છું, જાણતામાં જ જાણું છું, જાણતાને જ જાણું છું - આમ-કર્ત્તા-કર્મ-કરણ-સંપ્રદાન-અપાદાન-અધિકરણ એ ષટ્કારક રૂપ ભેદવિવક્ષાથી હું જ્ઞાતા આત્મા જ્ઞાતા આત્માને જ જાણું છું, અથવા નથી હું જાણતો, નથી જાણંતો જાણતો, નથી જાણતા વડે જાણતો, નથી જાણતા અર્થે જાણતો, નથી જાણતામાંથી જાણતો, નથી જાણતામાં જાણતો, નથી જાણતાને જાણતો - આમ એ ષટ્કારકભેદ અવિવક્ષાથી નથી હું જાણતો, કિંતુ સર્વવિશુદ્ધ જ્ઞપ્તિ માત્ર - જાણવા માત્ર ભાવ છું હું - किंतु सर्वविशुद्धो ज्ञप्तिमात्र भावोस्मि ।

''કારક ચક્ર સમગ્ગ, તે જ્ઞાયક ભાવ વિલગ્ગ,
પરમ ભાવ સંસગ્ગ, એક રીતે રે, કાંઈ થયો ગુણવગ્ગ રે... જિણંદા.''

**- તત્ત્વરંગી મહામુનિ દેવચંદ્રજી**


અત્રે શંકા થવી સંભવે છે કે ચેતના દર્શન - જ્ઞાન એ બે વિકલ્પને કેમ નથી અતિક્રામતી - નથી ઉલ્લંઘતી, કે જેથી કરીને ચેતયિતા - ચેતનારો આત્મા દૃષ્ટા અને જ્ઞાતા હોય ? તેનું સમાધાન કહેવામાં આવે છે કે - 'चेतना तावत् प्रतिभासरूपा' - પ્રથમ તો ચેતના 'પ્રતિભાસ રૂપા' છે - સામે જેવી વસ્તુ છે તેવો પ્રતિ - સામો ભાસ - ભાસવું જ્યાં થાય છે એવી પ્રતિભાસ રૂપા છે, તે તો સર્વે જ વસ્તુઓના સામાન્ય - વિશેષાત્મકપણાને લીધે - 'सर्वेषामेव वस्तूनां सामान्यविशेषात्मकत्वात्' દ્વૈરૂપ્યને - દ્વિરૂપપણાને નથી અતિક્રામતી - નથી ઉલ્લંઘતી - 'द्वैरूप्यं नाति क्रामति', અર્થાત્ સર્વેય વસ્તુ સામાન્ય - વિશેષાત્મક - સામાન્ય - વિશેષરૂપ છે, એટલે તેની પ્રતિભાસરૂપા ચેતના પણ સામાન્ય - વિશેષ એ બે-રૂપપણાને નથી અતિક્રામતી - નથી ઉલ્લંઘતી, જો અતિક્રામે - ઉલ્લંઘે તો સામાન્ય - વિશેષના અતિક્રાંતપણાને લીધે - ઉલ્લંઘિતપણાને લીધે તે ચેતના જ નથી હોતી. તેના - ચેતનાના અભાવે બે દોષ છે - (૧) સ્વગુણના ઉચ્છેદ થકી ચેતનને અચેતનતાની આપત્તિ, પોતાના ચેતનાગુણના ઉચ્છેદ થકી ચેતનને અચેતનપણાની પ્રાપ્તિની 'આપત્તિ' - આફત રૂપ પ્રસંગ આવી પડે, અથવા (૨) વ્યાપકના અભાવે વ્યાપ્ય - વ્યાપાવા યોગ્ય એવા ચેતનનો અભાવ, વ્યાપક એવા ચેતના ગુણના અભાવે વ્યાપ્ય એવા ચેતન દ્રવ્યનો અભાવ થાય. તેથી તે બે દોષના ભય થકી દર્શન - જ્ઞાનાત્મિકા જ - દર્શન - જ્ઞાનરૂપા જ ચેતના અભ્યુપગંતવ્ય - અભ્યુપગમ કરવા યોગ્ય - માન્ય કરવા યોગ્ય છે - दर्शनज्ञानात्मिकैवचेतनाभ्युपगंतव्या । સામાન્યનું ગ્રહણ કરે તે દર્શન અને વિશેષનું ગ્રહણ કરે તે જ્ઞાન એમ દર્શન - જ્ઞાન બે રૂપવાળી જ ચેતના સ્વીકાર કરવા યોગ્ય છે.

## આકૃતિ




''નિરાકાર અભેદ સંગ્રાહક, ભેદ ગ્રાહક સાકારો રે,
દર્શન જ્ઞાન દુભેદ ચેતના, વસ્તુ ગ્રહણ વ્યાપારો રે... વાસુપૂજ્ય જિન સ્તવન.''

- શ્રી આનંદઘનજી



ઉક્તના સારસમુચ્ચયરૂપ સમયસાર કલશ (૩) પ્રકાશે છે -

शार्दूलविक्रीडित

**अद्वैतापि हि चेतना जगति चेद् दृग्ज्ञप्तिरूपं त्यजे -**
**त्तत्सामान्यविशेषरूपविरहात्सास्तित्वमेव त्यजेत् ।**
**तत्त्यागे जडता चितोऽपि भवति व्याप्यो विना व्यापका -**
**दात्मा चांतमुपैति तेन नियतं दृग्ज्ञप्तिरूपास्ति चित् ॥१८३॥**

અદ્વૈતા પણ ચેતના જગતમાં દગ્-જ્ઞપ્તિ રૂપ ત્યજે,
તો સામાન્ય - વિશેષરૂપ વિરહે અસ્તિત્વને તે ત્યજે;
તત્ ત્યાગે ચિતની ય હોય જડતા, વ્યાપક વિના વ્યાપ્ય આ,
આત્મા અંત જ પામતો, નિયત ચિત્ દગ્ જ્ઞપ્તિ રૂપા જ આ. ૧૮૩

## અમૃત પદ - (૧૮૩)

'ભૈયા ! વિષમ આ સંસાર' - એ રાગ

અદ્વૈત પણ ચેતના ના છોડે, દર્શન જ્ઞાન દ્વિ રૂપ,
સામાન્ય - વિશેષ જાણે એવું, તેનું સહજ સ્વરૂપ... અદ્વૈત પણ ચેતના. ૧
અદ્વૈત પણ ચેતના જો છોડે, દર્શન જ્ઞાન દ્વિરૂપ,
સામાન્ય વિશેષના વિરહે તો તે, છોડે અસ્તિત્વ સ્વરૂપ... અદ્વૈત પણ. ૨
તે અસ્તિત્વનો ત્યાગ જ હોતાં, ચિત્‌ની ય જડતા હોય,
વ્યાપક વિના વ્યાપ્ય આત્મ તો, અંત જ પામે સોય... અદ્વૈત પણ. ૩
તેથી દર્શન-જ્ઞાન રૂપ આ, ચેતના નિયત જ હોય,
ભગવાન **અમૃતચંદ્રે** ભાખી, તત્ત્વસંકલના સોય... અદ્વૈત પણ. ૪

**અર્થ** - અદ્વૈતા છતાં ચેતના જગત્‌માં જો દગ્-જ્ઞપ્તિરૂપ (દર્શન-જ્ઞાનરૂપ) ત્યજે, તો સામાન્ય - વિશેષરૂપના વિરહ થકી તે અસ્તિત્વ જ (પોતાનું હોવાપણું જ) ત્યજે, તેના (અસ્તિત્વના) ત્યાગે ચિત્‌ની પણ જડતા થાય છે અને વ્યાપક વિના વ્યાપ્ય એવો આત્મા અંત પામી જાય છે, તેથી નિયતપણે ચિત્ દગ્-જ્ઞપ્તિરૂપા છે. ૧૮૩


## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્મા શુદ્ધ ચૈતન્ય, જન્મ જરા મરણ રહિત અસંગ સ્વરૂપ છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૮૧**

ઉપરમાં જે આત્મખ્યાતિના ગદ્યભાગમાં સવિસ્તર કહ્યું તેના સારસમુચ્ચય રૂપ આ કળશકાવ્ય કહ્યું છે. તેનો ભાવાર્થ આ પ્રકારે - अद्वैतापि हि चेतना जगति चेद् दृग्ज्ञप्तिरूपं त्यजेत् - **જ્યાં દ્વિતીય - બીજો ભાવ નથી એવી 'અદ્વૈતા' છતાં ચેતના જગત્‌ને વિષે જો દગ્ - જ્ઞપ્તિરૂપ - દર્શન - જ્ઞાનરૂપ ત્યજે, તો સામાન્ય - વિશેષરૂપના વિરહ થકી - અભાવ થકી તે 'અસ્તિત્વ જ' - પોતાની સત્તા જ - હોવાપણું જ ત્યજે** - तत्सामान्यविशेषरूपविरहात्सास्तित्वमेव त्यजेत् । **અને જો પોતાનું અસ્તિત્વ જ - હોવાપણું જ ત્યજે તો તેના ત્યાગે ચિત્‌ની પણ જડતા થાય છે અને વ્યાપક એવી ચેતના વિના વ્યાપ્ય એવો ચેતન આત્મા અંત પામી જાય છે** - तत्त्यागे जडता चितोऽपि भवति व्याप्यो विना व्यापकादात्मा चांतमुपैति - **તેથી કરીને નિયતપણે ચિત્ દગ્ - જ્ઞપ્તિરૂપા - દર્શન - જ્ઞાનરૂપા છે.**

અર્થાત્ - આ ચેતના નિશ્ચયે કરીને 'અદ્વૈતા' જ છે - દ્વૈત - દ્વિતીય ભાવનો જ્યાં અભાવ છે એવી છે, છતાં તે જગત્‌માં જ રહી છે અને જગત્ તો સામાન્ય - વિશેષાત્મક છે, તેમાં સામાન્ય ભાવનો પ્રતિભાસ દગ્‌રૂપ - દર્શનરૂપ થકી થાય છે અને વિશેષ ભાવનો પ્રતિભાસ જ્ઞપ્તિરૂપ - જ્ઞાન રૂપ થકી થાય છે, એટલે ચેતના જો દગ્ - જ્ઞપ્તિરૂપ - દર્શન - જ્ઞાનરૂપ ત્યજે, તો સામાન્ય - વિશેષરૂપનો વિરહ - વિયોગ - અભાવ થાય અને તેને લીધે તે ચેતના પોતાનું અસ્તિત્વ જ - હોવાપણું જ ત્યજે, સામાન્ય - વિશેષરૂપ દર્શન - જ્ઞાન સિવાય ચેતનાનું બીજું કાંઈ સ્વરૂપ નથી, એટલે સામાન્ય - વિશેષરૂપ તે જો છોડી દીએ તો તેનું પોતાનું જ અસ્તિત્વ - હોવાપણું જ ન રહે; અને તે ચેતના અસ્તિત્વનો જો ત્યાગ થાય તો ચિત્‌ની પણ જડતા થાય - ચેતન પણ જડ બની જાય, કારણકે ચેતના ગુણને લીધે જ 'ચિત્' કહેવાય છે, એટલે વ્યાપક એવા ચેતનાગુણ વિના વ્યાપ્ય એવો આત્મા જ અંત પામી જાય. આમ પ્રત્યક્ષ વિરોધ આવે છે, તેથી નિયતપણે - નિશ્ચયપણે ચિત્ દગ્ - જ્ઞપ્તિરૂપા - દર્શન - જ્ઞાન સ્વરૂપ છે - तेन नियतं दृग्ज्ञप्तिरूपास्ति चित् ।

**આકૃતિ**



નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો **સમયસાર કળશ** (૪) સંગીત કરે છે -

इंद्रवज्रा

**एकश्चितश्चिन्मय एव भावो,**
**भावाः परे ये किल ते परेषां ।**
**ग्राह्यस्ततश्चिन्मय एव भावो,**
**भावाः परे सर्वत एव हेयाः ॥१८४॥**

છે ચિત્ તણો ચિન્મય એક ભાવ, ભાવો પર તે પરના જ ભાવ;
છે ચિન્મયો ભાવ જ તેથી ગ્રાહ્ય, ભાવો પરો હેય જ સર્વતઃ હોય. ૧૮૪

**અર્થ** - ચિત્‌નો એક ચિન્મય જ ભાવ છે, જે પર ભાવો ખરેખર ! પરોના છે, તેથી ચિન્મય જ ભાવ ગ્રાહ્ય છે, પર ભાવો સર્વતઃ જ હેય (ત્યજવા યોગ્ય) છે. ૧૮૪

## અમૃત પદ - ૧૮૪

ચિન્મય ભાવ જ ગ્રાહ્ય એક છે, પરભાવ હેય જ છેક... (૨)
ચિન્મય એક જ ભાવ ચિત્‌નો, ચિન્મય એક જ ભાવ,
ભાવો પરા જે તેહ ખરેખર ! પરો તણા છે ભાવ... ચિન્મય એક જ ભાવ. ૧
ગ્રાહ્ય જ તેથી ચિન્મય ભાવ જ, પરભાવો હેય છેક,
ભગવાન **અમૃત** કળશે ભાખ્યો, એવો પરમ વિવેક... ચિન્મય એક જ ભાવ. ૨

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"દ્રવ્ય હું એક છું, અસંગ છું, સર્વ પરભાવથી મુક્ત છું. ** ભાવ - શુદ્ધ ચૈતન્યમાત્ર નિર્વિકલ્પ દ્રષ્ટા છું." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૯**

ચિત્‌નો ચિન્મય જ એક ભાવ છે, પર ભાવો પરના છે, એમ સ્વ - પર ભાવનો વિવેક કરાવતી નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો ઉત્થાનિકારૂપ આ કળશ છે, તેનો ભાવાર્થ - एकश्चितश्चिन्मय एव भावः - ચિત્‌નો એક ચિન્મય જ ભાવ છે અને પર - બીજા ભાવો છે તે ખરેખર ! પરોના છે - भावाः परे ये किल ते परेषां, તેથી કરીને ચિન્મય જ ભાવ ગ્રાહ્ય - ગ્રહવા યોગ્ય છે - ग्राह्य स्तत श्चिन्मय एव भावो, પર ભાવો સર્વતઃ જ - સર્વથા જ સર્વ પ્રકારે જ હેય છે - ત્યજવા યોગ્ય છે - भावाः परे संर्वत एव हेयाः ।

અર્થાત્ અત્રે ટૂંકી ટચ ને ચોકખી ચટ નિશ્ચય સિદ્ધાંત વાર્તા અપૂર્વ આત્મવિનિશ્ચયથી **અમૃતચંદ્રજીએ** પ્રકાશી છે - ચિત્‌નો એક ચિન્મય જ ભાવ છે - ચિત્ સિવાય બીજું કાંઈ જ્યાં નથી એવો સર્વ પ્રદેશે ચિત્ ચિત્ ને ચિત્‌થી જ નિર્માણ થયેલો એક - અદ્વિતીય - અદ્વૈત ભાવ છે અને જે પર ભાવો ખરેખર નિશ્ચયે કરીને પ્રગટપણે પરોના છે, ચિન્મય ભાવથી પર - બીજા ભાવો જે છે તે પરોના - બીજાઓના છે આ સ્પષ્ટ હકીકત છે. આ પરથી શું ફલિત થાય છે ? તેથી ચિન્મય ભાવ જ ગ્રાહ્ય - ગ્રહણ કરવો યોગ્ય છે અને પરભાવો સર્વથા જ હેય - ત્યજવા યોગ્ય છે. અર્થાત્ એક ચિન્મય ભાવ જ ગ્રહણ કરવો યોગ્ય છે અને બાકી બીજા બધા ભાવો સર્વદા સર્વથા સર્વત્ર

ત્યજવા યોગ્ય છે. એવા પ્રકારનો ગ્રહણ - ત્યાગનો પરમ વિવેક હવે પછીની ગાથામાં દર્શાવે છે તેનું અત્ર આ 'ઉત્થાનિકા કળશમાં' સૂચન છે. -

આકૃતિ



**को णाम भणिज्ज बुहो णाउं सव्वे पराइए भावे ।**
**मज्झमिणंति य वयणं जाणंतो अप्पयं सुद्धं ॥३००॥**

જાણી પરાયા ભાવ સૌ, ભણે વારુ કયો બુદ્ધ રે ?
મ્હારૂં આ એવું વચન તે, જાણંતો આત્માને શુદ્ધ રે... બંધન છેદન. ૩૦૦

**અર્થ** - સર્વે ભાવોને પરાયા જાણીને 'મ્હારૂં આ' એવું વચન આત્માને શુદ્ધ એવાને જાણતો એવો કયો બુધ ભણે વારુ ? ૩૦૦

## आत्मख्याति टीका

**को नाम भणेद् बुधो ज्ञात्वा सर्वान् परकीयान् भावान् ।**
**ममेदमिति च वचनं जानन्नात्मानं शुद्धं ॥३००॥**

यो हि परात्मनो र्नियतस्वलक्षणविभागपातिन्या प्रज्ञया ज्ञानी स्यात् स खल्वेकं **चिन्मात्रं भावमात्मीयं** जानाति शेषांश्च **सर्वानेव भावान् परकीयान्** जानाति ।

एवं च **जानन्** कथं **परभावान्म**मामी इति ब्रूयात् ? परात्मनो र्निश्चयेन स्वस्वामिसंबंधस्यासंभवात् । अतः सर्वथा चिद्भाव एव गृहीतव्यः, शेषाः सर्वे एव भावाः प्रहातव्याः इति सिद्धांतः ॥३००॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

જે નિશ્ચયે કરીને પર-આત્માના નિયત સ્વલક્ષણ વિભાગપાતિની પ્રજ્ઞાથી જ્ઞાની હોય, તે નિશ્ચયે કરીને એક **ચિન્માત્ર ભાવને આત્મીય** (પોતાનો - આત્માનો) જાણે છે અને શેષ **સર્વ જ ભાવોને પરકીય** (પારકા - પરાયા) જાણે છે અને એમ **જાણતો તે પરભાવોને** 'મ્હારા આ' એમ કેમ બોલે ? -

પર-આત્માનો નિશ્ચયથી સ્વ-સ્વામિ સંબંધનો અસંભવ છે માટે. એથી કરીને સર્વથા ચિદ્ભાવ જ ગ્રહવા યોગ્ય છે, શેષ સર્વે જ ભાવો સર્વથા (અત્યંત પણે) ત્યજવા યોગ્ય છે, એમ સિદ્ધાંત છે. ॥૩૦૦॥

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જડ તે ચેતન બન્ને દ્રવ્યનો સ્વભાવ ભિન્ન,
સુપ્રતીતપણે બન્ને જેને સમજાય છે;
એવો અનુભવનો પ્રકાશ ઉલ્લાસિત થયો,
જડથી ઉદાસી તેને આત્મવૃત્તિ થાય છે." - **શ્રીમદ્ રાજચંદ્રજી, અં. ૯૦૨**

---


**आत्मभावना** -

को नाम बुधः - કયો બુધ - જ્ઞાની વારુ, आत्मानं शुद्धं जानन् - આત્માને શુદ્ધ એવાને જાણંતો, सर्वान् भावान् परकीयान् ज्ञात्वा - સર્વ ભાવોને પરકીય - પારકા - પરાયા જાણી, ममेदमिति च वचनं - 'મ્હારૂં આ' એવું વચન भणेद् - ભણે - કહે - ઉચ્ચારે ? ॥ इति **गाथा** आत्मभावना ॥३००॥

यो हि - જે ખરેખર ! નિશ્ચયે કરીને સ્ફુટપણે - પ્રગટપણે नियतस्वलक्षणविभागपातिन्या प्रज्ञया - નિયત - નિશ્ચિત સ્વલક્ષણના - પોતાના લક્ષણના વિભાગમાં પાતિની - પડતી પ્રજ્ઞાએ કરીને ज्ञानी स्यात् - જ્ઞાની હોય, स खलु - તે ખરેખર ! નિશ્ચયે કરીને एकं चिन्मात्रं भावं - એક - અદ્વિતીય - અદ્વૈત ચિન્માત્રભાવને आत्मीयं जानाति - આત્મીય - આત્માનો - પોતાનો જાણે છે, शेषांश्च सर्वानेव भावान् - અને શેષ - બાકીના સર્વે જ ભાવોને परकीयान् जानाति - પરકીય - પારકા - પરાયા જાણે છે, एवं च जानन् - અને એમ જાણંતો कथं परभावान्ममामी इति ब्रूयात् - પરભાવોને 'મ્હારા આ' એમ કેમ બોલે ? (કારણકે) परात्मनोः - પર - આત્માનો निश्चयेन - નિશ્ચયથી स्वस्वामिसंबंधस्यासंभवात् - સ્વ-સ્વામિ સંબંધનો અસંભવ છે માટે. આ પરથી શું તાત્પર્ય ફલિત થયું ? अतः - એથી કરીને सर्वथा चिद्भाव एव गृहीतव्यः - સર્વથા - સર્વ પ્રકારે ચિદ્ભાવ જ ગૃહીતવ્ય - ગ્રહવા યોગ્ય છે, शेषाः सर्वे एव भावाः प्रहातव्याः - શેષ - બાકીના સર્વે જ ભાવો પ્રહાતવ્ય - પ્રકૃષ્ટપણે - સર્વથા - અત્યંતપણે હાતવ્ય - ત્યક્તવ્ય - ત્યજવા યોગ્ય - છોડી દેવા યોગ્ય છે - इति सिद्धांतः - એમ સિદ્ધાંત - ત્રણે કાળમાં ન ચળે એવો અખંડ નિશ્ચયરૂપ સિદ્ધ અંત - ધર્મ છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥३००॥


ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે સ્વ-પર ભાવનો પરમ વિવેક અહીં પ્રકાશ્યો છે - 'को णाम भणिज्ज बुहो' - કયો 'બુધ' - જ્ઞાની વારુ - આત્માને શુદ્ધ એવાને જાણંતો, સર્વ ભાવોને 'પરકીય' - પારકા - પરાયા જાણી, 'મ્હારૂં આ' એવું વચન વદે - ઉચ્ચારે ? આ પરમ વિવેક પ્રકાશતી ગાથાના ભાવનું 'આત્મખ્યાતિકાર' પરમર્ષિએ ઓર ઉપબૃંહણ કર્યું છે. તે આ 'नियतस्वलक्षणविभागपातिन्या प्रज्ञया' નિયત સ્વલક્ષણવિભાગ પાતિની પ્રજ્ઞાથી અર્થાત્ પર ને આત્માના 'નિયત' - નિશ્ચિત - ચોક્કસ સ્વલક્ષણના - પોતાના લક્ષણના વિભાગમાં 'પાતિની' - પડનારી પ્રજ્ઞાએ કરીને જે જ્ઞાની હોય, તે નિશ્ચયે કરીને 'એક' - અદ્વિતીય - અદ્વૈત ચિન્માત્ર ભાવને 'આત્મીય' - આત્માનો સંબંધી - આત્માનો પોતાનો જાણે છે અને 'શેષ' - બાકીના સર્વે જ ભાવોને 'પરકીય' - પરસંબંધી - પારકા - પરાયા જાણે છે અને એમ જાણતો તે જ્ઞાની તે પરભાવોને 'મ્હારા આ' એમ કેમ કહે ? કારણકે પર - આત્માને નિશ્ચયથી સ્વ-સ્વામી સંબંધનો અસંભવ છે માટે - परात्मनो र्निश्चयेन स्वस्वामिसंबंधस्यासंभवात्, અર્થાત્ આ આનું 'સ્વ' - પોતાની માલિકીની વસ્તુ અને આ આનો 'સ્વામી' - માલિક - ધણી એમ પરને-આત્માને સ્વ - સ્વામિ સંબંધનો સંભવ છે જ નહિ માટે. આ પરથી શું પરમાર્થ ફલિત થયો ? એથી કરીને સર્વથા - સર્વ પ્રકારે ચિદ્ ભાવ જ 'ગૃહીતવ્ય' - ગ્રહવો યોગ્ય છે - सर्वथा चिद्भाव एव गृहीतव्यः **અને શેષ - બાકીના સર્વે જ ભાવો 'પ્રહાતવ્ય' - પ્રકૃષ્ટપણે - સર્વથા - અત્યંતપણે 'હાતવ્ય' - ત્યક્તવ્ય - ત્યજવા યોગ્ય - છોડી દેવા યોગ્ય છે** - शेषाः सर्वे एव भावाः प्रहातव्याः, એમ ત્રણે કાળમાં ન ચળે એવો અખંડ નિશ્ચય રૂપ 'સિદ્ધાંત' - સિદ્ધ અંત - ધર્મ છે - इति सिद्धांतः ।

આકૃતિ









ઉક્ત સિદ્ધાંતના સાર રૂપ **સમયસાર કળશ** (૫) પ્રકાશે છે -

शार्दूलविक्रीडित

**सिद्धांतोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां,**
**शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहं ।**
**एते ये तु समुल्लसंति विविधा भावा पृथग्लक्षणा -**
**स्तेऽहं नास्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि ॥१८५॥**

આ સિદ્ધાંત ઉદાત્ત ચિત્ત ચરિતા સેવાવ મોક્ષાર્થિથી,
જ્યોતિ ચિન્મય શુદ્ધ એક જ પરં છું હું સદા તત્ત્વથી;
ભાવો પૃથગ્ લક્ષણા સમુલ્લસે જે ચિત્ર આ તે ન હું,
મ્હારે તો પરદ્રવ્ય કારણ અહીં છે તે સમગ્રા અપિ. ૧૮૫

## અમૃત પદ - (૧૮૫)

'સેવક કિમ અવગણીએ ? હો મલ્લિજિન !' - એ રાગ

સેવો સદા આ સિદ્ધાંત મુમુક્ષુ ! સેવો સદા આ સિદ્ધાંત,
ચિન્મય જ્યોતિ હું પર હું ના, એ સિદ્ધાંત અભ્રાંત... રે મુમુક્ષુ સેવો સદા. ૧
ઉદાત્ત ચિત્તચરિત મોક્ષાર્થી, સેવો સિદ્ધાંત જ આજ,
શુદ્ધ ચિન્મય આ એકજ છું હું, જ્યોતિ પરમ સદા જ... રે મુમુક્ષુ સેવો સદા. ૨
પૃથગ્ લક્ષણ વિવિધ ઉલસે જે, ભાવો આ તે હું ના જ,
કારણ સમગ્ર જ ભાવો તે, મ્હારે તો પરદ્રવ્ય આ જ... રે મુમુક્ષુ સેવો સદા. ૩
ત્રણે કાળે ય ચળે નહિ એવો, સિદ્ધાંત એહ અખંડ,
અમૃત કળશે નિશ્ચય ગાયો, ભગવાન **અમૃતચંદ્ર**... રે મુમુક્ષુ સેવો સદા. ૪

**અર્થ** - આ સિદ્ધાંત ઉદાત્ત ચિત્ત ચરિતવાળા મોક્ષાર્થીઓથી સેવાઓ ! - શુદ્ધ ચિન્મય એક જ પરમ જ્યોતિ સદૈવ છું હું અને આ જે પૃથગ્ લક્ષણવાળા વિવિધ ભાવો સમુલ્લસે છે, તે હું છું નહિ, કારણકે અત્રે તેઓ (ભાવો) સમગ્ર પણ મ્હારે પરદ્રવ્ય છે. ૧૮૫


## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"શ્રી સદ્‌ગુરુએ કહ્યો છે એવા નિર્ગ્રંથ માર્ગનો સદાય આશ્રય રહો. હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છઉં. એમ આત્મભાવના કરતાં રાગદ્વેષનો ક્ષય થાય." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૯૨**

આ જે **'આત્મખ્યાતિ'**ના ગદ્યભાગમાં કહ્યું તેની પરિપુષ્ટિ રૂપ ઉક્ત **નિશ્ચળ સિદ્ધાંતનું પ્રતિષ્ઠાપન** કરતું આ કળશ કાવ્ય **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અપૂર્વ ભાવાવેશથી લલકાર્યું છે - 'सिद्धांतोऽय मुदात्तचित्तचरितै र्मोक्षार्थिभिः सेव्यतां', 'ઉદાત્ત ચિત્ત' ઉચ્ચ ઉદાર ઊર્ધ્વગામિ ચિત્ દશાવાળું જેનું **'ચરિત'** - **સ્વરૂપાચરણ રૂપ ચારિત્ર** છે એવા **'મોક્ષાર્થી'** - મોક્ષના અર્થી - કામી ખરેખરા **મુમુક્ષુઓથી** આ ત્રિકાળાબાધિત અખંડ નિશ્ચયરૂપ સિદ્ધાંત સેવાઓ ! કે - शुद्धं चिन्मयमेकमेव परमं ज्योति सदैवास्म्यहं - **શુદ્ધ ચિન્મય એક જ એવી પરમ જ્યોતિ સદૈવ હું છું અને જે આ 'પૃથગ્ લક્ષણ' - પૃથક્ - ભિન્ન** લક્ષણવાળા **'વિવિધ'** - નાના પ્રકારના ભાવો સમુલ્લસે છે, તે હું છું નહિ - 'एते ये तु समुल्लसंति

विविधा भावा पृथग्लक्षणाः तेऽहं नास्मि', કારણકે અત્રે 'તેઓ' - તે પૃથગ્ લક્ષણ વિવિધ ભાવો સમગ્ર પણ મમ પરદ્રવ્ય છે - પારકું દ્રવ્ય છે - यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि ।

**આકૃતિ**









નીચેની ગાથાના ભાવનો ઉત્થાનિકા **સમયસાર કળશ (૬) અમૃતચંદ્રજી** લલકારે છે -

अनुष्टुप्

**परद्रव्यग्रहं कुर्वन्, बध्यतैवापराधवान् ।**
**बध्येतानपराधो न, स्वद्रव्ये संवृतो मुनि; ॥१८६॥**

પરદ્રવ્ય ગ્રહંતો તે, બંધાય અપરાધવાન્;
અનપરાધી ના બંધે, સ્વદ્રવ્યે સંવૃતો મુનિ. ૧૮૬

## અમૃત પદ - (૧૮૬)

'વીતરાગ જય પામ ! જગતગુરુ વીત રાગ જય પામ' - એ રાગ

અપરાધી જ બંધાય જગતમાં, અપરાધી જ બંધાય,
અનપરાધી અપરાધ ન કરતો, તે તો ન જ બંધાય... જગતમાં અપરાધી જ બંધાય. ૧
પરદ્રવ્યનું ગ્રહણ કરંતો, અપરાધી જ બંધાય,
સ્વ દ્રવ્યમાં સંવૃત તે મુનિ તો, અનપરાધી ન બંધાય... જગતમાં અપરાધી જ બંધાય. ૨
પરદ્રવ્યનું ગ્રહણ કરંતો, તે અપરાધી ઘોર,
'બંધાઈશ હું રખે' શંકતો, ડરતો ફરતો ચોર... જગતમાં અપરાધી જ બંધાય. ૩
પરદ્રવ્ય ગ્રાહી અપરાધી, અનારાધકો સોય,
સ્વ દ્રવ્યસ્થાયિ અણઅપરાધી, આરાધક તે હોય... જગતમાં અપરાધી જ બંધાય. ૪
શુદ્ધોપયોગે રમણ કરંતા, શ્રમણ તે આતમરામ,
સ્વદ્રવ્યમાં સંવૃત સાધુને, બંધશંકાનું ન નામ... જગતમાં અપરાધી જ બંધાય. ૫
સ્વદ્રવ્યના દુર્ગે જઈ બેઠો, પરદ્રવ્ય ન સ્પર્શંત,
ભગવાન **અમૃત** અનુભવ કરતો, તે સાચો મુનિ સંત... જગતમાં અપરાધી જ બંધાય. ૬

**અર્થ** - પરદ્રવ્ય ગ્રહ કરતો અપરાધવાન્ બંધાય જ છે, સ્વદ્રવ્યમાં સંવૃત એવો અનપરાધી મુનિ ન બંધાય. ૧૮૬

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય


''જ્ઞાનીને સર્વત્ર મોક્ષ છે.''

''આત્મ પરિણામની સહજ સ્વરૂપે પરિણતિ થવી તેને શ્રી તીર્થંકર ધર્મ કહે છે.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૦૫, ૭૫૦**

અપરાધી જ બંધાય - નિરપરાધી ન જ બંધાય એવા નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો આ ઉત્થાનિકા કળશ કહ્યો છે - परद्रव्यग्रहं कुर्वन् बध्यतैवापराधवान् - પરદ્રવ્યનો ગ્રહ - ગ્રહણ કરતો અપરાધવાન્ - ગુન્હેગાર (crime, guilty), બંધાય જ છે, સ્વદ્રવ્યમાં 'સંવૃત' - સંવરને પામેલો 'અનઅપરાધી' - બીન ગુન્હેગાર (non-guilty) મુનિ ન બંધાય - बध्येतानपराधो न स्वद्रव्ये संवृतो मुनिः ।

**આકૃતિ**



**थेयाई अवराहे कुव्वदि जो सो उ संकियो भमई ।**
**मा बज्झेज्जं केणवि चोरोत्ति जणम्मि वियरंतो ॥३०१॥**
**जो ण कुणइ अवराहे सो णिस्संको दु जणवए भमदि ।**
**णवि तस्स बज्झिदुं जे चिंता उप्पज्जदि कयाई ॥३०२॥**
**एवंहि सावराहो बज्झामि अहं तु संकिदो चेया ।**
**जइ पुण णिरवराहो णिस्संकोहं ण बज्झामि ॥३०३॥**

સ્તેયાદિ અપરાધો જે કરે, તે ભમે શંકિત હોઈ રે;
ચોર જાણી હું કોઈથી, મ બંધાઉં એમ સોઈ રે... બંધન છેદન મોક્ષ. ૩૦૧
અપરાધો ન કરે તે ભમે, જનપદમાં નિઃશંક રે;
કારણ કદી તેને ન ઉપજે, બંધાઉં એવી શંક રે... બંધન છેદન. ૩૦૨
એમ સાપરાધ હું બંધાઉં છું, ચેતયિતા શંકિત એમ રે;
જો નિરપરાધ નિઃશંક તો, હું ન બંધાઉં જ એમ રે... બંધન છેદન. ૩૦૩

**અર્થ** - સ્તેય (ચોરી) આદિ અપરાધો જે કરે છે, તે જ જનમાં વિચરતાં શંકિત ભમે છે કે 'ચોર' એમ હું કોઈથી પણ મ બંધાઉં, ૩૦૧

પણ જે અપરાધો નથી કરતો તે જનપદમાં નિઃશંક ભમે છે, કારણકે તેને બંધાવાની ચિંતા કદી ઉપજતી નથી, ૩૦૨

એમ હું સાપરાધ છું, હું તો બંધાઉં છું એમ ચેતયિતા શંકિત હોય છે, પણ જો નિરપરાધ છે તો હું નથી બંધાતો એમ નિઃશંક હોય છે. ૩૦૩

---

**आत्मभावना** -

स्तेयादीनपराधान् - સ્તેય આદિ - ચોરી આદિ અપરાધો यः करोति - જે કરે છે, स शंकितो भ्रमति - તે **શંકિત** - શંકાયુક્ત ભમે છે, કેવી રીતે ? चौर इति केनापि मा बध्ये - ચોર છે એમ (જાણીને) કોઈથી પણ હું મ બંધાઉં (એમ) जने विचरन् - જનમાં - લોકમાં વિચરતો. ॥३०१॥ यो अपराधान् न करोति - જે અપરાધો નથી કરતો, स तु निरशंकः जनपदे भ्रमति - તે તો નિઃશંક જનપદમાં ભમે છે, यत् - કારણકે तस्य बद्धुं चिंतापि न कदाचिद् उत्पद्यते - તેને બંધાવાની ચિંતા પણ કદાચિત્ ઉપજતી નથી. ॥३०२॥ एवं - એમ એ પ્રકારે अस्मि सापराधो - હું સાપરાધ છું, बध्येहं तु - હું તો બંધાઉં છું, शंकितश्चेतयिता - એમ ચેતયિતા - ચેતનારો - ચેતક આત્મા શંકિત - શંકાયુક્ત હોય છે, यदि पुनर्निरपराधो - પણ જો પુનઃ નિરપરાધ છે, (તો) अहं न बध्ये - હું નથી બંધાતો, (એમ) निशंको - નિઃશંક હોય છે. ॥३०३॥ इति **गाथा** आत्मभावना ॥३०१-३०३॥

यथा - જેમ अत्र लोके - અત્રે લોકમાં य एव - જે જ परद्रव्यग्रहणलक्षणमपराधं करोति - **પરદ્રવ્ય ગ્રહણ લક્ષણ અપરાધ કરે છે,** तस्यैव - તેને જ बंधशंका संभवति - બંધશંકા સંભવે છે, यस्तु - પણ જે शुद्धः सन् - **શુદ્ધ સતો** तं न करोति - તે - **પરદ્રવ્ય ગ્રહણ લક્ષણ અપરાધ નથી કરતો,** तस्य - તેને सा न संभवति - તે - **બંધ શંકા નથી સંભવતી,** तथा - તેમ आत्मापि - આત્મા પણ य एव - જે જ अशुद्धः सन् - **અશુદ્ધ સતો,** परद्रव्यग्रहणलक्षणमपराधं करोति - **પરદ્રવ્યગ્રહણ - લક્ષણ અપરાધ કરે છે,** तस्यैव - તેને જ बंधशंका संभवति - બંધ - શંકા સંભવે છે, यस्तु - પણ જે शुद्धः सन् - **શુદ્ધ સતો** तं न करोति - તે - **પરદ્રવ્યગ્રહણ લક્ષણ અપરાધ નથી કરતો,** तस्य - તેને सा न संभवति - તે - **બંધશંકા નથી સંભવતી,** तथा - તેમ आत्मापि - આત્મા પણ य एव - જે જ अशुद्धः सन् - **અશુદ્ધ સતો,** परद्रव्यग्रहणलक्षणमपराधं करोति - **પરદ્રવ્ય ગ્રહણ - લક્ષણ અપરાધ કરે છે,** तस्यैव - તેને જ बंधशंका संभवति - **બંધશંકા સંભવે છે,** यस्तु - પણ જે शुद्धः सन् - **શુદ્ધ સતો** तं न करोति - **તે પરદ્રવ્ય ગ્રહણ લક્ષણ અપરાધ નથી કરતો,** तस्य - તેને सा न संभवति - તે બંધશંકા નથી સંભવતી, इति नियमः - એવો નિયત નિશ્ચયરૂપ નિયમ છે. આ ઉપરથી શું પરમાર્થ ફલિત થયો ? अतः - એથી કરીને सर्वथा - સર્વે - સર્વ પ્રકારે सर्वपरकीयभावपरिहारेण - સર્વ

## आत्मख्याति टीका

**स्तेयादीनपराधान् करोति यः स तु शंकितो भ्रमति ।**
**मा बध्ये केनापि चौर इति जने विचरन् ॥३०१॥**
**यो न करोत्यपराधान् स निरशंकस्तु जनपदे भ्रमति ।**
**नापि तस्य बद्धुं यत् चिन्तोत्पद्यते कदाचित् ॥३०२॥**
**एवमस्मि सापराधो बध्येऽहं तु शंकित श्चेतयिता ।**
**यदि पुनर्निरपराधो निरशंकोऽहं न बध्ये ॥३०३॥**

| | |
|---|---|
| यथात्र लोके **य एव** | तथात्मापि **य** एवाशुद्धः सन् |
| परद्रव्यग्रहणलक्षणम**पराधं करोति,** | परद्रव्यग्रहणलक्षणमपराधं करोति, |
| तस्यैव बंधशंका संभवति, | तस्यैव बंधशंका संभवति, |
| **यस्तु** शुद्धः सन् तं न करोति, | यस्तु शुद्धः संस्तं न करोति |
| **तस्य सा न संभवति** । | तस्य सा न संभवति इति नियमः । |

अतः सर्वथा सर्वपरकीयभावपरिहारेण शुद्ध आत्मा गृहीतव्यः,
तथा सत्येव निरपराधत्वात् ॥३०१॥३०२॥३०३॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

| | |
|---|---|
| જેમ અત્રે લોકમાં જે જ | તેમ આત્મા પણ જે જ અશુદ્ધ સતો |
| પરદ્રવ્ય ગ્રહણ લક્ષણ અપરાધ કરે છે, | પરદ્રવ્ય ગ્રહણ લક્ષણ અપરાધ કરે છે, |
| તેને જ બંધ શંકા સંભવે છે, | તેને જ બંધશંકા સંભવે છે, |
| પણ જે શુદ્ધ સતો તે (અપરાધ) નથી કરતો, | પણ જે શુદ્ધ સતો તે નથી કરતો, |
| તેને તે (બંધ શંકા) નથી સંભવતી - | તેને તે નથી સંભવતી - એવો નિયમ છે. |

એથી કરીને સર્વથા સર્વ પરકીય ભાવોના પરિહારે કરીને શુદ્ધ આત્મા ગ્રહવો યોગ્ય છે - તેમ સતે જ નિરપરાધપણું છે માટે. ॥૩૦૧॥૩૦૨॥૩૦૩॥

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"વર્ત્તે બંધ પ્રસંગમાં, તે નિજપદ અજ્ઞાન;
પણ જડતા નહિ આત્મને, એ સિદ્ધાંત પ્રમાણ." - **શ્રીમદ્ રાજચંદ્રજી, અંક. ૨૬૬**

"પર પરિણતિ રસરંગતા, પરગ્રાહક ભાવ,
પર કરતા પર ભોગતા, શ્યો થયો એ સ્વભાવ." - **શ્રી દેવચંદ્રજી**

અત્રે ચોરી આદિ અપરાધ કરનારા ચોરના **સ્વભાવોક્તિમય તાદૃશ્ય ચિત્ર** રજૂ કરતા દૃષ્ટાંતથી **શાસ્ત્રકાર** ભગવાન **કુંદકુંદાચાર્યજીએ** બંધના સિદ્ધાંતનું અપૂર્વ પ્રતિપાદન કર્યું છે અને **'આત્મખ્યાતિ સૂત્રકાર'** ભગવાન **અમૃતચંદ્રાચાર્યજીએ** પોતાની અનન્ય લાક્ષણિક શૈલીથી બિંબ-પ્રતિબિંબ ભાવથી તે


---

પરકીય - પારકા ભાવના પરિહારે કરીને - પરિત્યાગ કરીને શુદ્ધ आत्मा गृहीतव्यः - શુદ્ધ આત્મા ગ્રહવો યોગ્ય છે, એમ શા માટે ? तथा सत्येव - તેમ સતે જ निरपराधत्वात् - નિરપરાધપણું છે માટે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥३०१॥३०२॥३०३॥

દૃષ્ટાંત સાંગોપાંગ વિવરી દેખાડી અદ્‌ભુત તત્ત્વપ્રકાશ રેલાવ્યો છે - તેનો ભાવાર્થ આ પ્રકારે - જેમ અત્રે લોકમાં જે જ પરદ્રવ્ય ગ્રહણ લક્ષણ અપરાધ કરે છે - 'परद्रव्यग्रहणलक्षणंमपराधं', 'પર' - પારકું દ્રવ્ય ગ્રહણ કરવા રૂપ - હરી લેવા રૂપ 'અપરાધ' - ગૂન્હો (crime, guilt) કરે છે, તેને જ 'રખેને હું પકડાઈ જઈશ તો !' એમ બંધશંકા સંભવે છે, પણ જે 'શુદ્ધ સતો' - 'शुद्धः सन्' - 'તે' પરદ્રવ્યગ્રહણ લક્ષણ અપરાધ નથી કરતો, તેને 'તે' - બંધશંકા નથી સંભવતી. તેમ આત્મા પણ જે જ 'અશુદ્ધ સતો' - 'अशुद्धः सन्' - પરદ્રવ્ય ગ્રહણ લક્ષણ અપરાધ કરે છે, 'પર' - પારકું દ્રવ્યગ્રહણ કરવા રૂપ - હરી લેવા રૂપ 'અપરાધ' - ગુન્હો (crime, guilt) કરે છે, તેને જ બંધશંકા સંભવે છે, પણ જે 'શુદ્ધ સતો' - 'शुद्धः सन्' 'તે' - પરદ્રવ્ય ગ્રહણ લક્ષણ અપરાધ નથી કરતો, તેને 'તે' - બંધશંકા નથી સંભવતી, એમ નિયત નિશ્ચયરૂપ 'નિયમ' છે. આ ઉપરથી શું પરમાર્થ ફલિત થયો ? એટલા માટે 'सर्वथा सर्वपरकीय भावपरिहारेण' - સર્વથા - સર્વ પ્રકારથી સર્વ 'પરકીય' - પારકા ભાવોના 'પરિહારે કરીને' - પરિત્યાગે - સર્વથા ત્યાગે કરીને શુદ્ધ આત્મા 'ગૃહીતવ્ય' - ગ્રહવો યોગ્ય છે - 'शुद्धः आत्मा गृहीतव्यः', એમ શા માટે ? તેમ સતે જ નિરપરાધપણું - બીન ગુન્હેગારપણું - નિર્દોષપણું (non-guiltiness) હોય છે માટે - तथा सत्येव निरपराधत्वात् । તાત્પર્ય કે - પર પરિણતિને ભજે છે તે જીવ પરવસ્તુનો ચોર હોઈ અપરાધી દંડપાત્ર છે ને તેને સતત બંધશંકા રહ્યા કરે છે, પર પરિણતિને ત્યજે છે તે જીવ નિરપરાધી હોઈ દંડપાત્ર નથી ને તેને કદી પણ બંધશંકા સંભવતી નથી.

આમ 'પારકો પેઠો વિનાશ કરે' - 'परः प्रविष्टः कुरुते विनाशं' એ લોકોક્તિ સાચી પડે છે. આત્માએ સ્વ સમયને અર્થાત્ આત્મવસ્તુની સ્વરૂપ મર્યાદાને ઉલ્લંઘી, પરસમયમાં - પારકા પુદ્‌ગલ ક્ષેત્રમાં - પારકી હદમાં પ્રવેશ કર્યો, અતિક્રમણ (Trans-gression, Trespass) કર્યો. અનાદિથી આત્માએ પરપુદ્‌ગલ પ્રદેશમાં માથું માર્યું - હસ્તક્ષેપ કર્યો, પર વસ્તુમાં આસક્તિ કરી, તેની સાથે સ્નેહ સંબંધ (!) બાંધ્યો, એટલે તે પુદ્‌ગલ બલાએ બદલામાં કર્મરૂપ ભૂત તે આત્માને વળગાડ્યું અને આત્માને પોતાના ક્ષેત્રમાં આક્રમણના ગુન્હાના બદલામાં પોતાના વિષય - ક્ષેત્રમાં પૂરી રાખવા રૂપ દંડ (Punishment) દીધો ! અથવા તો સ્નેહ સંબંધના બદલામાં તેને ગાઢ બંધને બાંધી સંસાર રૂપ હેડમાં પૂરી રાખ્યો ! આમ પરદ્રવ્ય પ્રદેશમાં પ્રવેશ કરી પોતે હાથે કરીને આપદા વ્હોરી લઈને પરિભ્રમણમાં પડી આ આત્માએ મોટી ભૂલ થાપ ખાધી છે, પારકા ક્ષેત્રમાં પ્રવેશનો મહા અપરાધ કરી તે ભવની ઘાણીમાં ગાઢ પીલાયો છે, પર વસ્તુની ચોરીનો અપરાધ કરી તેમાં મમકાર કરી આ આત્માએ પોતે પોતાની બાધા વધારી દીધી છે, આ વિભાવ પરિણામથી જ્ઞાન અવરાઈ જવાથી મોહમાં ગોથાં ખાતો આ આત્મા નિજ ભાન ભૂલી ગયો છે અને રાગદ્વેષના તાંતણે પોતે પોતાને બાંધી કોશકાર કૃમિની જેમ અમાપ દુઃખ પામ્યો છે. આમ પરક્ષેત્રમાં આક્રમણરૂપ અતિક્રમથી જ બધી મ્હોકાણ થઈ છે.

આકૃતિ




'પર પ્રદેશમાં પેસીને, વ્હોરી આપદા આપ;
પરિભ્રમણમાંહી પડી, તેં ખાધી ભૂલ થાપ.
પરકીય ક્ષેત્ર પ્રવેશનો, કીધો તેં અપરાધ;
તેથી ભવની ઘાણીમાં, પીલાયો તું ગાઢ.

પર વસ્તુની ચોરીનો, બીજો તુજ અપરાધ;
મમકાર કરી ત્યાં વળી, દીધી વધારી બાધ.
તે વિભાવ પરિણામથી, અવરાયું તુજ જ્ઞાન;
ખાતો ગોથાં મોહમાં, ભૂલી ગયો નિજ ભાન.
રાગ દ્વેષના તાંતણે, બાંધી આપને આ;
કોશકાર કૃમિ જેમ તું, પામ્યો દુઃખ અમાપ.
ત્હારા પોતાના ગૃહે, પેઠા આંતર ચોર;
તુજ વૈભવ લૂંટી રહ્યા, જાગ ! જાગ ! મત ઘોર.
ચેતન ! ચેતનવંત હે ! ચેત ! ચેત ! તું ચેત !
કાઢી તે ગૃહાવિષ્ટને, કર સ્વાધીન નિજ ખેત.'' -

**- પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા (સ્વરચિત) ) પા. - ૯૧**

પણ જ્યારે આત્મા પરક્ષેત્રમાં આક્રમણ રૂપ અતિક્રમનું પ્રાયશ્ચિત્ત કરે છે, ને પોતાના ક્ષેત્રમાં પાછા જવા રૂપ **પ્રતિક્રમણ** કરે છે, પુનઃ પરક્ષેત્રમાં નહિ જવાનું **પ્રત્યાખ્યાન** કરે છે, સ્વરૂપમાં સમવસ્થિત રહી શુદ્ધ **સામાયિક રૂપ** આત્મસ્વભાવને ભજે છે, સ્વ સ્વરૂપના સ્પર્શન રૂપ સાચું **આત્મવંદન** કરે છે, 'નમો મુજ ! નમો મુજ !' એમ **આત્મસ્તુતિની** પરમ ધન્ય યોગ્યતાને પ્રાપ્ત થાય છે અને 'કાયાની વિસારી માયા, સ્વરૂપે શમાયા એવા' નિર્ગ્રંથના પંથને પામે છે, અર્થાત્ દેહ છતાં દેહાતીત દશાને પામી નિરંતર **કાયોત્સર્ગ** ભાવને સાધે છે - ત્યારે આ સ્વક્ષેત્રમાં વર્તતો આત્મા પરક્ષેત્રે અતિક્રમણ ને પરવસ્તુની ચોરીને સર્વથા દૂરથી પરિહરતો રહી બંધશંકાથી રહિત નિઃશંક નિર્ભયતાને અનુભવે છે અને પરમાનંદ લહરીઓમાં નિરંતર નિમજ્જન કરે છે.

''વિભાવના પરિણામથી પાછો વળીને આમ;
પ્રતિક્રમણ કરી બેસતું, જઈ પાછો નિજ ઠામ.
સામાયિક કરતો સદા, ધરતો સ્થિર સ્વભાવ;
નિરત થઈ સ્વાધ્યાયમાં, આત્મભાવના ભાવ.
પુનઃ વિભાવ ગ્રહણ તણું, કર સદા પચ્ચખાણ;
દેહ અહંત્વ મમત્વ ત્યજી, ધર કાયોત્સર્ગ ધ્યાન.
આત્મારામી સદ્ગુરુ, ચરણે વંદ સદાય;
જિન સહજાત્મસ્વરૂપ સ્તવી, સ્મર નિજ રૂપ સદાય.
ષડ્ આવશ્યક એમ કરી, ભક્તિભરે ભરપૂર;
વિભાવ વૈરિ જે જીતે, દાસ ભગવાન તે શૂર.''

**- 'પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા' (સ્વરચિત), ૫૧૯ પાઠ-૯૧**

શુદ્ધ
ચૈતન્ય
જ્યોતિ

વારુ, કયો છે આ અપરાધ ? -

**संसिद्धिराधसिद्धं साधियमाराधियं च एयट्ठं ।**
**अवगयराधो जो खलु चेया सो होइ अवराधो ॥३०४॥**
**जो पुण णिरवराधो चेया णिस्संकिओ उ सो होइ ।**
**आराहणए णिच्चं वट्टेइ अहंति जाणंतो ॥३०५॥**

સંસિદ્ધિ રાધ સિદ્ધ સાધિત ને, આરાધિત એકાર્થ રે;
અપગતરાધ જે ચેતન ખરે ! તે હોય અપરાધ રે... બંધન છેદન. ૩૦૫
જે પુનઃ નિરપરાધ ચેતનો, નિઃશંકિત જ તે હોય રે;
આરાધનાથી નિત્ય વર્તતો, અહં એમ જાણતો સોય રે... બંધન છેદન. ૩૦૬

**અર્થ** - સંસિદ્ધિ, રાધ, સિદ્ધ, સાધિત અને આરાધિત એ એકાર્થવાળા છે, અપગતરાધ એવો જે ખરેખર ! ચેતયિતા તે અપરાધ હોય છે. ૩૦૪

જે પુનઃ નિરપરાધ ચેતયિતા છે, તે નિઃશંકિત જ હોય છે - (તે) 'અહં' (હું) એમ જાણંતો આરાધનાથી નિત્ય વર્તે છે. ૩૦૫

## आत्मख्याति टीका

ननु कोयमपराधः ? -

**संसिद्धिराधसिद्धं साधितमाराधितं चैकार्थं ।**
**अपगतराधो यः खलु चेतयिता स भवत्यपराधः ॥३०४॥**
**यः पुनर्निरपराधश्चेतयिता निश्शंकितस्तु स भवति ।**
**आराधनया नित्यं वर्तते अहमिति जानन् ॥३०५॥**

---

**आत्मभावना** -

ननु कोयमपराधः - વારુ, કયો છે આ અપરાધ ? - संसिद्धिराधसिद्धं साधितमाराधितं चैकार्थं - **સંસિદ્ધિ, રાધ, સિદ્ધ, સાધિત અને આરાધિત એકાર્થ - એક અર્થવાળા છે,** अपगतराधो यः खलु चेतयिता - **અપગતરાધ - અપગત છે - દૂર થયેલો છે રાધ જેનો એવો જે ખરેખર ! નિશ્ચયે કરીને ચેતયિતા - ચેતનારો - ચેતક આત્મા,** स अपराधः भवति - **તે અપરાધ હોય છે.** ॥३०४॥ यः पुनः निरपराधः चेतयिता - **જે પુનઃ નિરપરાધ ચેતયિતા,** स तु निशंकितः भवति - **તે તો નિશ્ચયે કરીને નિઃશંકિત હોય છે,** अहमिति जानन् - **'હું' એમ જાણતો (તે)** नित्यं आराधनया वर्तते - **નિત્ય - સદાય આરાધનાથી વર્તે છે.** ॥३०५॥ इति **गाथा** आत्मभावना ॥३०४-३०५॥

परद्रव्यपरिहारेण - **પરદ્રવ્યના પરિહારે કરીને - પરિત્યાગે - સર્વથા ત્યાગે કરીને** शुद्धस्यात्मनः सिद्धिः साधनं वा राधः - **શુદ્ધ આત્માની સિદ્ધિ વા સાધન તે રાધ,** अपगतो राधो यस्य भावस्य चेतयितुः - **અપગત છે - દૂર થયેલો છે રાધ જે ભાવ ચેતયિતાનો** सोऽपराधः - **તે અપરાધ,** स तु - **અને તે સાપરાધ તો** अनाराधक एव स्यात् - **અનારાધક જ હોય, એમ શાને લીધે ?** परद्रव्यग्रहणसद्भावेन - **પરદ્રવ્યગ્રહણના સદ્ભાવે - હોવાપણાએ કરીને** शुद्धात्मसिद्ध्यभावात् - **શુદ્ધાત્મ સિદ્ધિના અભાવને લીધે** बंधशंका संभवे सति - **બંધ શંકાનો સંભવ સતે** स्वयं अशुद्धत्वात् - **સ્વયં - પોતે અશુદ્ધપણાને લીધે.**

यस्तु निरपराधः - **પણ જે નિરપરાધ છે,** सः - **તે** आराधक एव स्यात् - **આરાધક જ હોય, એમ શાને લીધે ?** समग्रपरद्रव्यपरिहारेण - **સમગ્ર પરદ્રવ્યના પરિહારે કરીને - પરિત્યાગે - સર્વથા ત્યાગે કરીને** शुद्धात्मसिद्धिसद्भावात् - **શુદ્ધાત્મ સિદ્ધિના સદ્ભાવને લીધે - હોવાપણાને લીધે** बंधशंकाया असंभवे सति - **બંધશંકાનો અસંભવ સતે,** उपयोगैकलक्षणशुद्ध आत्मैक एवाहमिति निश्चिन्वन् - **ઉપયોગ એક લક્ષણ શુદ્ધ આત્મા એક જ હું છું એમ નિશ્ચય કરતો** नित्यमेव - **નિત્યે જ - સદા જ** शुद्धात्मसिद्धिलक्षणयाराधनया वर्तमानत्वाद् - **શુદ્ધ આત્મસિદ્ધિ લક્ષણ આરાધનાથી વર્તમાનપણાને લીધે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥३०४॥३०५॥

परद्रव्यपरिहारेण **शुद्धस्यात्मनः सिद्धिः साधनं वा राधः, अपगतो राधो यस्य** चेतयितुः सोऽपराधः - अथवा अपगतो राधो यस्य भावस्य सोऽपराधस्तेन सह **यश्चेतयिता** वर्तते स **सापराधः,**


| | |
|---|---|
| स तु | यस्तु **निरपराधः** स |
| परद्रव्यग्रहणसद्भावेन | समग्रपरद्रव्यपरिहारेण |
| शुद्धात्मसिद्धियाभावाद् | शुद्धात्मसिद्धिसद्भावाद् |
| बंधशंका संभवे सति | बंधशंकया असंभवे सति |
| स्वयमशुद्धत्वाद् | उपयोगैकलक्षणशुद्ध आत्मैक एवाहमिति निश्चिन्वन् |
| | नित्यमेव शुद्धात्मसिद्धिलक्षणयाराधनयावर्तमानत्वाद् |
| **अनाराधक** एव स्यात् । | **आराधक** एव स्यात् ॥३०४॥३०५॥ |

## આત્મખ્યાતિ ટીકાર્થ

પરદ્રવ્ય પરિહારથી (પરિત્યાગથી) શુદ્ધ આત્માની **સિદ્ધિ** વા સાધન તે **રાધ, અપગત (દૂર થયેલ) છે રાધ જે ચેતયિતાનો તે અપરાધ, અથવા અપગત રાધ જે ભાવનો તે અપરાધ, તે (અપરાધ) સહ જે ચેતયિતા વર્ત્તે છે તે સાપરાધ.**

| | |
|---|---|
| તે (સાપરાધ) તો | પરંતુ જે **નિરપરાધ** છે તે તો |
| પરદ્રવ્ય ગ્રહણના સદ્ભાવથી | સમગ્ર પરદ્રવ્યના પરિહારથી |
| શુદ્ધાત્મસિદ્ધિના અભાવને લીધે | શુદ્ધાત્મસિદ્ધિના સદ્ભાવને લીધે |
| બંધશંકાનો સંભવ સતે - | બંધશંકાનો અસંભવ સતે - |
| સ્વયં અશુદ્ધપણાને લીધે | ઉપયોગૈકલક્ષણા શુદ્ધ આત્મા એક જ હું એમ નિશ્ચય કરતો, |
| | નિત્યમેવ શુદ્ધાત્મસિદ્ધિ લક્ષણા |
| | આરાધનાથી વર્તમાનપણાને લીધે |
| **અનારાધક** જ હોય | **આરાધક** જ હોય. ૩૦૪, ૩૦૫ |

### આકૃતિ




## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"તે માર્ગ (મોક્ષ) રત્નત્રયની આરાધના વડે સર્વ કર્મનો ક્ષય થવાથી પ્રાપ્ત થાય છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૮૬૪), વ્યાખ્યાનસાર-૨**

શાસ્ત્રકર્ત્તા ભગવાન **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** 'આ અપરાધ કયો છે ?' એ દર્શાવતાં અત્રે

'અપરાધ' શબ્દની નિરુક્તિથી અપૂર્વ વ્યાખ્યા કરી આરાધનાનું સ્વરૂપ દર્શાવી અદ્ભુત તત્ત્વપ્રકાશ વિસ્તાર્યો છે - સંસિદ્ધિ, રાધ, સિદ્ધ, સાધિત અને આરાધિત 'એકાર્થ' - એક અર્થવાળા છે, 'અપગત રાધ' - અપગત છે - દૂર થયેલો છે રાધ જેનો એવો જે ખરેખર ! નિશ્ચયે કરીને 'ચેતયિતા' - ચેતનારો - ચેતક આત્મા તે 'અપરાધ' હોય છે, જે પુનઃ નિરપરાધ 'ચેતયિતા' - ચેતનારો - ચેતક આત્મા તે તો 'નિઃશંકિત' - શંકા રહિત હોય છે, 'હું' એમ જાણતો તે નિત્ય - સદાય 'આરાધનાથી' વર્ત્તે છે. આવા ભાવની આ ગાથાની તત્ત્વ સમૃદ્ધિમાં 'આત્મખ્યાતિ' સૂત્રકર્ત્તા ભગવાન્ પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ પોતાની પરમ પ્રતિભાનો અલૌકિક તત્ત્વાલોક સમર્પિત કરી અનન્ય પરમાર્થ પ્રદ્યોતિત કર્યો છે. તેનો ભાવાર્થ આ પ્રકારે -

परद्रव्यपरिहारेण - 'પરદ્રવ્યના પરિહારે કરીને' - પરિત્યાગે - સર્વથા ત્યાગે કરીને શુદ્ધ આત્માની સિદ્ધિ વા સાધન તે 'રાધ' છે - 'शुद्धस्यात्मनः सिद्धिः साधनं वा राधः' અપગત છે - દૂર થયેલો છે રાધ જે ચેતયિતાનો તે અપરાધ, અથવા અપગત રાધ જે ભાવનો તે અપરાધ - 'अपगतो राधो यस्य भावस्य सोऽपराधः', તે - અપરાધ સહ - સાથે જે 'ચેતયિતા' - ચેતક - ચેતનારો આત્મા વર્ત્તે છે તે સાપરાધ, 'तेन सह यश्चेतयिता वर्त्तते सा सापराधः' અને તે સાપરાધ તો 'અનારાધક જ' હોય - 'अनाराधक एव स्यात्', એમ શા માટે ? પરદ્રવ્ય ગ્રહણના 'સદ્ભાવે કરીને' - હોવાપણાએ કરીને શુદ્ધાત્મ સિદ્ધિના અભાવને લીધે - નહિ હોવાપણાને લીધે બંધશંકાનો સંભવ સતે સ્વયં - પોતે અશુદ્ધપણું છે માટે.

પણ આથી ઉલટું, यस्तु निरपराधः - જે 'નિરપરાધ' - અપરાધ રહિત છે તે - ઉપયોગ એકલક્ષણવાળો શુદ્ધ આત્મા એક જ હું છું એમ નિશ્ચય કરતો - આરાધક જ હોય - आराधक एव स्यात् । એમ શાને લીધે ? શુદ્ધ આત્મસિદ્ધિ લક્ષણા આરાધનાથી વર્ત્તમાનપણાને લીધે, 'शुद्धात्मसिद्धिलक्षणया - राधनया वर्त्तमानत्वाद् ।' અને એમ પણ ક્યારે ? સમગ્ર પરદ્રવ્યના 'પરિહારે કરીને' - પરિત્યાગે - સર્વથા ત્યાગે કરીને શુદ્ધાત્મસિદ્ધિના સદ્ભાવને લીધે - હોવાપણાને લીધે બંધશંકાનો અસંભવ સતે - અસંભવ હોય છે ત્યારે.

તાત્પર્ય કે - પરપરિણતિને ત્યજવી ને આત્મપરિણતિને ભજવી તે મોક્ષમાર્ગની આરાધના છે, પર પરિણતિને ભજવી ને આત્મપરિણતિને ત્યજવી તે મોક્ષમાર્ગની વિરાધના છે. પર પરિણતિ ત્યજી આત્મપરિણતિને ભજનારો જીવ આરાધક છે, આત્મપરિણતિ ત્યજી પર પરિણતિ ભજનારો જીવ વિરાધક છે. પર પરિણતિને ભજે છે તે જીવ પરવસ્તુનો ચોર હોઈ અપરાધી દંડપાત્ર છે, પર પરિણતિને ત્યજે છે તે જીવ નિરપરાધી હોઈ દંડપાત્ર નથી. જેટલે અંશે નિરપરાધી તેટલે અંશે આરાધક, જેટલે અંશે અપરાધી તેટલે અંશે વિરાધક. આ પ્રમાણે જિનમાર્ગની ત્રિકાલાબાધિત શાશ્વત સ્થિતિ છે.

શુદ્ધ ચૈતન્ય જ્યોતિ

ઉક્ત ભાવની પરિપુષ્ટિ રૂપ **સમયસાર કળશ** (૮) સંગીત કરે છે -

मालिनी

**अनवरतमनंतै र्बध्यते सापराधः,**
**स्पृशति निरपराधो बंधनं जातु नैव ।**
**नियतमयमशुद्धं स्वं भजन् सापराधो,**
**भवति निरपराधः साधु शुद्धात्मसेवी ॥१८७॥**

અનવરત અનંતે બંધને સાપરાધ, ન કદી નિરપરાધી સ્પર્શતો બંધ બાધ;
નિયત જ અપરાધી સ્વં ભજંતો અશુદ્ધ, નિયત નિરપરાધી સેવતો આત્મ શુદ્ધ. ૧૮૭

## અમૃત પદ - ૧૮૭

'વીતરાગ જય પામ' - એ રાગ

અપરાધી જ બંધાય જગતમાં, અપરાધી જ બંધાય... જગતમાં અપરાધી જ બંધાય. ૧
સાપરાધી તે અનંત બંધને, નિરંતર જ બંધાય,
નિરપરાધી તે તો બંધનને, સ્પર્શે ના જ કદાય... જગતમાં અપરાધી જ બંધાય. ૨
રાધ સાધ્ય સાધિત આરાધિત, એક અર્થ જ છે એહ,
અપગત જેનો રાધ થયો આ, જન અપરાધી તેહ... જગતમાં અપરાધી જ બંધાય. ૩
તે અપરાધ જ અપગત જેનો, અહિં તે નિરપરાધ,
સતત સાધ્યલક્ષી તે સાધુ, સાધક સાચો સાધ... જગતમાં અપરાધી જ બંધાય. ૪
શુદ્ધ આત્મસિદ્ધિનો જેને, લક્ષ્ય નહિ એ સાર,
સાપરાધી તે અનારાધકો, નિશ્ચયથી અવધાર... જગતમાં અપરાધી જ બંધાય. ૫
શુદ્ધ આત્મસિદ્ધિનો જેને, લક્ષ્ય સતત એ સાર,
નિરપરાધી તેને આરાધક, નિશ્ચયથી અવધાર... જગતમાં અપરાધી જ બંધાય. ૬
પરદ્રવ્ય પરિગ્રહણ કરંતો, આત્મ અશુદ્ધ ભજંત,
સાપરાધી અનરાધક તે, બંધાય બંધને અનંત... જગતમાં અપરાધી જ બંધાય. ૭
પરદ્રવ્ય પરિહરણ કરંતો, આત્મ શુદ્ધ સેવંત,
નિરપરાધી આરાધક તે તો, કદી ય ન જ બંધંત... જગતમાં અપરાધી જ બંધાય. ૮
નિરપરાધી એવો આરાધક, સાચો સાધુ તે સંત,
શુદ્ધોપયોગે રમણ કરંતો, સાચો શ્રમણ હવંત... જગતમાં અપરાધી જ બંધાય. ૯
શુદ્ધ આત્મસેવી વર્ત્તતો, આરાધનાથી આમ,
**ભગવાન અમૃત** અનુભવ પામે, મુનિ તે આત્મારામ... જગતમાં અપરાધી જ બંધાય. ૧૦

**અર્થ** - સાપરાધ અનવરતપણે અનંત બંધોથી બંધાય છે, નિરપરાધી કદી પણ બંધનને સ્પર્શતો નથી જ, નિયતપણે આ અશુદ્ધ એવા સ્વને ભજતો સાપરાધ હોય છે, સાધુ-સમ્યક્પણે શુદ્ધાત્મસેવી નિરપરાધ હોય છે. ૧૮૭


## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"મૂર્ત્તિમાન મોક્ષ તે સત્પુરુષ છે."

"જીવને બે મોટા બંધન છે, એક સ્વચ્છંદ અને બીજું પ્રતિબંધ." - **શ્રીમદ્ રાજચંદ્ર**

આત્મખ્યાતિના ગદ્યભાગમાં જે કહ્યું તેની પરિપુષ્ટિ રૂપે, અશુદ્ધ આત્માને ભજતો સાપરાધ હોય ને શુદ્ધ આત્માને ભજતો નિરપરાધ હોય એવા ભાવનો આ કળશ પરમ ભાવિતાત્મા **અમૃતચંદ્રજીએ** અપૂર્વ ભાવાવેશથી સંગીત કર્યો છે. તેનો ભાવાર્થ આ પ્રકારે - अनवरतमनंतै र्बध्यते सापराधः - સાપરાધ હોય તે 'અનવરતપણે' - નિરંતરપણે અનંતા બંધને બંધાય છે અને નિરપરાધ કદી પણ બંધનને સ્પર્શતો નથી, 'स्पृशति निरपराधो बंधनं जातु नैव', અશુદ્ધ એવા 'સ્વને' - પોતાને - આત્માને ભજતો આ આત્મા નિયતપણે - નિશ્ચિતપણે - ચોક્કસ સાપરાધ હોય છે - नियतमयमशुद्धं स्वं भजन् सापराधो અને 'સાધુ' - સમ્યક્પણે 'શુદ્ધાત્મસેવી' - શુદ્ધ આત્માને સેવનારો - ભજનારો નિરપરાધ હોય છે - भवति निरपराधः साधु शुद्धात्मसेवी ।

**આકૃતિ**




અર્થાત્ - જગત્માં અપરાધી જ બંધાય, સાપરાધી અનંત બંધને નિરંતર બંધાય, નિરપરાધી તે તો બંધનને કદાપિ ન જ સ્પર્શે. પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ કહ્યું તેમ - રાધ્ય - સાધ્ય - સાધિત - આરાધિત એક અર્થ જ છે. જેનો રાધ અપગત છે તે જન અપરાધી છે, તે અપરાધ જ જેનો અપગત છે તે અહીં નિરપરાધ છે, તે જ સતત સાધ્યલક્ષી સાધક સાચો સાધુ છે. સાર શુદ્ધ આત્મસિદ્ધિનો જેને લક્ષ્ય નથી, તે સાપરાધી અનારાધક નિશ્ચયથી અવધારવો અને એ સાર શુદ્ધ આત્મસિદ્ધિનો જેને સતત લક્ષ્ય છે, તેને નિરપરાધી આરાધક નિશ્ચયથી અવધારવો. પરદ્રવ્ય પરિગ્રહણ કરતો અશુદ્ધ આત્માને ભજંતો સાપરાધી તે અનારાધક અનંત બંધને બંધાય, પરદ્રવ્ય પરિહરણ કરંતો શુદ્ધ આત્માને સેવતો નિરપરાધી તે આરાધક તો કદાપિ નથી જ બંધાતો. નિરપરાધી એવો આરાધક સાચો સાધુ તે સંત શુદ્ધોપયોગે રમણ કરતો સાચો શ્રમણ હોય છે અને આમ શુદ્ધ આત્મસેવી આરાધનાથી વર્ત્તે છે, એમ આત્મારામી મુનીંદ્ર અમૃતચંદ્રજી આ અમૃત કળશમાં વદે છે.

(શંકા) - વારુ, આ શુદ્ધાત્મ ઉપાસન પ્રયાસથી શું ? કારણકે પ્રતિક્રમણાદિથી જ આત્મા નિરપરાધ હોય છે - સાપરાધને અપ્રતિક્રમણાદિનું તદ્‌અનપોહકપણાએ કરીને (તેના - તે અપરાધના અદૂરકારિપણાએ કરીને) વિષકુંભપણું સતે, પ્રતિક્રમણાદિનું તદ્‌અપોહકપણાએ કરીને (તેના - તે અપરાધના દૂરકારિપણાએ કરીને) અમૃતકુંભપણું છે માટે. અને વ્યવહાર આચાર સૂત્રમાં કહ્યું છે કે - 'અપ્રતિક્રમણ, અપ્રતિસરણ, અપરિહાર, અધારણા, અનિવૃત્તિ, અનિંદા, અગર્હા અને અશોધિ એ વિષકુંભ છે, પ્રતિક્રમણ, પ્રતિસરણ, પરિહાર, ધારણા, નિવૃત્તિ, નિંદા, ગર્હા, શોધિ એ અષ્ટવિધ અમૃત કુંભ છે.' અત્રે (સમાધાન) કહેવામાં આવે છે -

**पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य ।**
**णिंदा गरहा सोही अट्ठविहो होइ विसकुंभो ॥३०६॥**
**अपडिकमणं अप्पडिसरणं अप्परिहारो अधारणा चेव ।**
**अणियत्ती य अणिंदाऽगरहाऽसोही अमयकुंभो ॥३०७॥**

પ્રતિક્રમણ પ્રતિસરણ ધારણા, નિવૃત્તિ ને પરિહાર રે;
નિંદા ગર્હા શુદ્ધિ એ, વિષકુંભ અષ્ટપ્રકાર રે... બંધન છેદન. ૩૦૬
અપ્રતિક્રમણ-સરણ અધારણા, અનિવૃત્તિ અપરિહાર રે;
અનિંદા અગર્હા અશુદ્ધિ એ, અમૃતકુંભ અવધાર રે... બંધન છેદન મોક્ષ છે. ૩૦૭

**અર્થ** - પ્રતિક્રમણ, પ્રતિસરણ, પરિહાર, ધારણા, નિવૃત્તિ, નિંદા, ગર્હા અને શોધિ - એ અષ્ટવિધ વિષકુંભ હોય. ૩૦૬

અપ્રતિક્રમણ, અપ્રતિસરણ, અપરિહાર, અધારણા, અનિવૃત્તિ, અનિંદા, અગર્હા અને અશોધિ - એ અમૃતકુંભ (હોય). ૩૦૭

---

**आत्मभावना** -

ननु - (શંકા) વારુ, किमनेन शुद्धात्मोपासनेन प्रयासेन ? - આ શુદ્ધાત્માના ઉપાસનથી શું ? यतः - **કારણકે** प्रतिक्रमणादिनैव - **પ્રતિક્રમણ આદિથી જ** निरपराधो भवत्यात्मा - **આત્મા નિરપરાધ હોય છે, એમ શા માટે** - सापराधस्य - સાપરાધને अप्रतिक्रमणादेः - **અપ્રતિક્રમણાદિનું** तदपोहनकत्वेन - તેના - તે અપરાધના અનપોહકપણાએ કરીને - અદૂરકારિપણાએ કરીને विषकुंभत्वे सति - **વિષકુંભપણું સતે** - હોતાં, प्रतिक्रमणादेः **પ્રતિક્રમણાદિનું** तदपोहकत्वेन - તેના - તે અપરાધના અપોહકપણાએ કરીને - દૂરકારિપણાએ કરીને अमृतकुंभत्वात् - **અમૃતકુંભપણું છે માટે. અને વ્યવહારઆચાર સૂત્રમાં કહ્યું છે કે** - 'अपडिकमणं अपरिसरणं अप्पडिहारो अधारणा चेव अणियत्तीय अणिंदा अगरुहाऽ सोही य विसकुंभो - **અપ્રતિક્રમણ, અપ્રતિસરણ, અપરિહાર, અધારણા, અનિવૃત્તિ, અનિંદા, અગર્હા અને અશુદ્ધિ, એ વિષકુંભ છે.** पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य, णिंदा गरुहा सोही अट्ठविहो अमयकुंभो दु' - **પ્રતિક્રમણ, પ્રતિસરણ, પરિહાર, ધારણા, નિવૃત્તિ, નિંદા, ગર્હા અને શુદ્ધિ એ અષ્ટવિધ - આઠ પ્રકારનો અમૃત કુંભ છે.'** अत्रोच्यते - **અત્રે** - આ બાબતમાં (સમાધાન) કહેવામાં આવે છે - (**'आत्मख्याति'** आत्मभावना)

प्रतिक्रमणं प्रतिसरणं परिहारो धारणा निवृत्तिश्च निंदा गर्हा शुद्धि अष्टविधो भवति विषकुंभः - **પ્રતિક્રમણ, પ્રતિસરણ, પરિહાર, ધારણા, નિવૃત્તિ, નિંદા, ગર્હા અને શુદ્ધિ એ અષ્ટવિધ - અષ્ટ પ્રકારનો વિષકુંભ છે.** अप्रतिक्रमण प्रतिसरणमपरिहारो अधारणा चैव अनिवृत्तिश्चानिंदा ऽगर्हाऽशुद्धिरमृतकुंभः - **અપ્રતિક્રમણ, અપ્રતિસરણ, અપરિહાર, અધારણા, અનિવૃત્તિ, અનિંદા, અગર્હા, અશુદ્ધિ એ અમૃતકુંભ છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥३०६॥३०७॥

यस्तावद् - **પ્રથમ** તો જે अज्ञानिजनसाधारणोऽप्रतिक्रमणादिः - **અજ્ઞાનીજનને સાધારણ એવો અપ્રતિક્રમણાદિ,** सः - તે विषकुंभ एव - **વિષકુંભ જ** - વિષનો - ઝેરનો કુંભ - ઘડો જ છે, એમ શાને લીધે ? शुद्धात्मसिद्धियाभावस्वभावत्वेन - **શુદ્ધાત્મ સિદ્ધિના અભાવ સ્વભાવપણાએ કરીને** स्वयमेवापराधत्वाद् - **સ્વયમેવ** - પોતે જ - આપોઆપ જ **અપરાધપણાને લીધે,** આમ જે અજ્ઞાનીના અપ્રતિક્રમણાદિ વિષકુંભ જ છે, किं तस्य विचारेण - **તેનાં વિચારથી શું ?** અર્થાત્ તેનો વિચાર જ કરવા યોગ્ય નથી, (એ તો અત્યંત નિંદ્ય હોય છે માટે).

## आत्मख्याति टीका

ननु किमनेन शुद्धोत्मोपासनेन ? यतः प्रतिक्रमणादिनैव निरपराधो भवत्यात्मा सापराधस्याप्रतिक्रमणादेस्तदनपोहकत्वेन विषकुंभत्वे सति प्रतिक्रमणादेस्तदपोहकत्वेनामृतकुंभत्वात् । उक्तं च व्यवहाराचारसूत्रे -

**"अपडिकमणं अपरिसरणं अप्पडिहारो अधारणा चेव ।**
**अणियत्तीय अणिंदा अगरुहाऽसोही य विसकुंभो ॥१॥**
**पडिकमणं पडिसरणं परिहारो धारणा णियत्ती य ।**
**णिंदा गरुहा सोही अट्ठविहो अमयकुंभो दु ॥२॥"**

अत्रोच्यते

**प्रतिक्रमणं प्रतिसरणं परिहारो धारणा निवृत्ति च्च ।**
**निंदा गर्हा शुद्धिः अष्टविधो भवति विषकुंभो ॥३०६॥**
**अप्रतिक्रमणमप्रतिसरणमपरिहारोऽधारणा चैव ।**
**अनिवृत्तिश्चानिंदाऽगर्हाऽशुद्धिरमृतकुंभः ॥३०७॥**

---

यस्तु - અને જે द्रव्यरूपः प्रतिक्रमणादिः - દ્રવ્યરૂપ - બાહ્ય ક્રિયા રૂપ પ્રતિક્રમણાદિ स - તે सर्वापराधविषदोषापकर्षण समर्थत्वेन - સર્વ અપરાધ વિષ દોષના અપકર્ષણમાં - ન્યૂનકરણમાં - ખેંચી કાઢવામાં સમર્થપણાએ કરીને अमृतकुंभोपि - અમૃતકુંભ - અમૃતનો ઘડો છતાં, विषकुंभ एव स्यात् - વિષકુંભ જ - વિષનો - ઝેરનો કુંભ - ઘડો જ હોય. કોને ? કેવી રીતે ? प्रतिक्रमणाप्रतिक्रमणादि विलक्षणाप्रतिक्रमणादिरूपां तार्तीयीकीं भूमिमपश्यतः - પ્રતિક્રમણ - અપ્રતિક્રમણ આદિથી વિલક્ષણ - વિશિષ્ટ લક્ષણવાળી વા વિપરીત લક્ષણવાળી અપ્રતિક્રમણાદિ રૂપા તાર્તીયીકી - તૃતીય ભાવ સંબંધિની ભૂમિને - ભૂમિકાને નહીં દેખતાને, स्वकार्यकरणासमर्थत्वेन - સ્વકાર્યના - પોતાના કાર્યના કરણના - કરવાના અસમર્થપણાએ કરીને विपक्षकार्यकारित्वाद् - વિરૂદ્ધ પક્ષના કાર્યકારિપણાને લીધે.

अप्रतिक्रमणादिरूपा तृतीयभूमिस्तु - અને અપ્રતિક્રમણાદિ રૂપા - જ્યાં પ્રતિક્રમણાદિ કંઈ પણ કરવાપણું રહ્યું નથી એવી પ્રતિક્રમણાદિની અભાવ રૂપા તૃતીય - ત્રીજી ભૂમિ - ભૂમિકા તો साक्षात् स्वयममृतकुंभो भवति - સાક્ષાત્ - પ્રત્યક્ષ - પ્રગટ સ્વયં - પોતે - આપોઆપ અમૃતકુંભ - અમૃતનો ઘડો હોય છે. એમ શાને લીધે ? स्वयं शुद्धात्मसिद्धिरूपत्वेन - સ્વયં - પોતે શુદ્ધાત્મસિદ્ધિરૂપપણાએ કરીને सर्वापराधविषदोषाणां सर्वंकषत्वात् - સર્વ અપરાધ વિષ - દોષાના સર્વંકષપણાને લીધે - સર્વ ખેંચી નાંખવાપણાને લીધે. આમ આ પ્રકારે તે સાક્ષાત્ અમૃત કુંભ હોય છે इति - એટલા માટે તે व्यवहारेण - વ્યવહારથી - વ્યવહારનયની અપેક્ષાથી द्रव्यप्रतिक्रमणादेरपि अमृतकुंभत्वं साधयति - દ્રવ્ય પ્રતિક્રમણાદિનું પણ અમૃતકુંભપણું - અમૃતઘટપણું સાધે છે. અર્થાત્ પોતાનું તો સાક્ષાત્ અમૃતકુંભપણું સાધે છે, પણ વ્યવહારથી - કારણમાં કાર્યના ઉપચારથી દ્રવ્યપ્રતિક્રમણાદિનું પણ અમૃતકુંભપણું - અમૃતઘટપણું સાધે છે. અર્થાત્ પોતાનું તો સાક્ષાત્ અમૃતકુંભપણું સાધે જ છે, પણ વ્યવહારથી - કારણમાં કાર્યના ઉપચારથી દ્રવ્ય પ્રતિક્રમણાદિનું પણ અમૃતકુંભપણું સાધે છે. तयैव - અને તેથી જ - તે તૃતીય અપ્રતિક્રમણાદિ રૂપ ભૂમિકાથી જ निरपराधो भवति चेतयिता - ચેતયિતા - ચેતનારો - ચેતક આત્મા નિરપરાધ હોય છે, પરદ્રવ્યગ્રહણ રૂપ અપરાધથી રહિત હોય છે, तदभावे - તેના - તે તૃતીય ભૂમિકાના અભાવે द्रव्यप्रतिक्रमणादिरप्यराध एव - દ્રવ્યપ્રતિક્રમણાદિ પણ (દ્રવ્ય પ્રતિક્રમણાદિ થકી પણ) અપરાધ જ છે. अतः - એથી કરીને तृतीयभूमिकयैव निरपराधत्वमित्यवतिष्ठते - તૃતીય ભૂમિકાથી જ નિરપરાધપણું છે એમ અવતિષ્ઠે છે - અવસ્થિત રહે છે. જેમ છે તેમ સ્થિત રહે છે. 'अव' - સમય મર્યાદાથી - શાસ્ત્ર મર્યાદાથી तत्प्राप्त्यर्थ एव - તે તૃતીય ભૂમિકાની પ્રાપ્તિ અર્થે જ.

આ પરથી શું ફલિત થયું ? ततो - તેથી કરીને मेति मंस्थाः - એમ માનીશ મા. यत् - કે प्रतिक्रमणादीन् श्रुतिस्त्याजयति - પ્રતિક્રમણાદિને શ્રુતિ ત્યજાવે છે - છોડાવે છે, किंतु - પરંતુ द्रव्यप्रतिक्रमणादिना न मुंचति - દ્રવ્ય પ્રતિક્રમણાદિથી નથી મુકાતો તે પરત્વે अन्यदीयप्रतिक्रमणाप्रतिक्रमणाद्यगोचराप्रतिक्रमणादिरूपं- અન્યદીય - બેમાંથી કોઈ પણ સંબંધી - લગતા પ્રતિક્રમણાદિ - અપ્રતિક્રમણાદિને અગોચર - અવિષય એવું અપ્રતિક્રમણાદિ રૂપ शुद्धात्मसिद्धिलक्षणमति दुष्करं किमपि

यस्तावदज्ञानिजनसाधारणोऽ प्रतिक्रमणादि स शुद्धात्मसिद्धयभावस्वभावत्वेन स्वयमेवापराधत्वाद्विषकुंभ एव, किं तस्य विचारेण ?

यस्तु द्रव्यरूपः **प्रतिक्रमणादि** स सर्वापराधविषदोषाकर्षणसमर्थत्वेनामृतकुंभोऽपि प्रतिक्रमणाप्रतिक्रमणादिविलक्षणाप्रतिक्रमणादिरूपां तार्तीयीकीं भूमिमपश्यतः स्वकार्यकरणासमर्थत्वेन विपक्षकार्यकारित्वा**द्विषकुंभ** एव स्यात् । **अप्रतिक्रमणादिरूपा** तृतीयभूमिस्तु स्वयं शुद्धात्मसिद्धिरूपत्वेन सर्वापराधविषदोषाणां सर्वंकषत्वात् साक्षात्स्वयममृतकुंभो भवतीति व्यवहारेण द्रव्यप्रतिक्रमणादेरपि अमृतकुंभत्वं साधयति । तयैव च निरपराधो भवति चेतयिता । तदभावे द्रव्यप्रतिक्रमणादिरप्यापराध एव । अतस्तृतीयभूमिकयैव निरपराधत्वमित्यवतिष्ठते । तत्प्राप्त्यर्थ एवायं द्रव्यप्रतिक्रमणादि ।

ततो मेति मंस्था यत्प्रतिक्रमणादीन् श्रुतिस्त्याजयति,

किंतु द्रव्यप्रतिक्रमणादिना न मुंचति, अन्यदीयप्रतिक्रमणाप्रतिक्रमणाद्यगोचराप्रतिक्रमणादिरूपं शुद्धात्मसिद्धिः लक्षणमतिदुष्करं किमपि कारयति । वक्ष्यते चात्रैव -

**''कम्मं जं पुव्वकयं सुहासुहमणेयवित्थरविसेसं ।**

**तत्तो णियत्तए अप्पयं तु जो सो पडिकम्मणं ॥इत्यादि॥''**

## આત્મખ્યાતિ ટીકાર્થ

પ્રથમ તો જે અજ્ઞાનિજનને સાધારણ એવો અપ્રતિક્રમણાદિ છે, તે શુદ્ધાત્મસિદ્ધિ અભાવ સ્વભાવપણાએ કરીને વિષકુંભ જ છે. તેના વિચારથી શું ?

અને જે દ્રવ્યરૂપ **પ્રતિક્રમણાદિ** તે - સર્વ અપરાધ-વિષ દોષના અપકર્ષણના સમર્થપણાએ કરીને - અમૃતકુંભ છતાં, પ્રતિક્રમણ - અપ્રતિક્રમણાદિથી વિલક્ષણ એવી અપ્રતિક્રમણાદિ રૂપ તાર્તીયીકીં (તૃતીય ભાવ સંબંધિની ત્રીજી) ભૂમિને અ-દેખતાને, સ્વકાર્યકરણના અસમર્થપણાએ કરી વિપક્ષ કાર્યકારિપણાને લીધે - વિષકુંભ જ હોય.

અને **અપ્રતિક્રમણાદિરૂપા** તૃતીય ભૂમિ તો - સ્વયં શુદ્ધાત્મસિદ્ધિરૂપપણાએ કરીને સર્વ અપરાધ-વિષદોષોના સર્વંકષપણાને લીધે - સાક્ષાત્ સ્વયં **અમૃત કુંભ** હોય છે. એટલા માટે વ્યવહારથી દ્રવ્યપ્રતિક્રમણાદિનું પણ અમૃતકુંભપણું સાધે છે અને તેનાથી જ (અપ્રતિક્રમણાદિથી જ) ચેતયિતા નિરપરાધ હોય છે, તેના અભાવે દ્રવ્ય પ્રતિક્રમણાદિ થકી પણ અપરાધ જ છે.

એથી કરીને તૃતીય ભૂમિકા થકી જ નિરપરાધપણું છે એમ અવતિષ્ઠે છે, તત્પ્રાપ્તિ અર્થે જ (તે તૃતીય ભૂમિકાની પ્રાપ્તિ અર્થે જ) આ દ્રવ્યપ્રતિક્રમણાદિ છે.

તેથી કરીને એમ મ માનીશ કે શ્રુતિ પ્રતિક્રમણાદિને ત્યજાવે છે, પરંતુ દ્રવ્યપ્રતિક્રમણાદિથી નથી મુકાતો એવું બેમાંથી કોઈ પણ પ્રતિક્રમણાદિ - અપ્રતિક્રમણાદિને અગોચર એવું અપ્રતિક્રમણાદિરૂપ શુદ્ધાત્મસિદ્ધિ લક્ષણ અતિ દુષ્કર કંઈ પણ કરાવે છે.

અને અત્રે જ કહેવામાં આવે છે -

''શુભાશુભ એવું અનેક વિસ્તાર વિશેષવાળું જે પૂર્વકૃત કર્મ છે, તેમાંથી આત્માને જે નિવર્ત્તાવે છે. (પાછો વાળે છે) તે પ્રતિક્રમણ છે. ઈત્યાદિ.''

---

कारयति - શુદ્ધાત્મ સિદ્ધિ લક્ષણ એવું અતિદુષ્કર કંઈ પણ કરાવે છે. वक्ष्यते चात्रैव - અને અત્રે જ - આ શાસ્ત્રમાં આ બાબતમાં જ કહેવામાં આવશે કે - ''कम्मं जं पुव्वकयं सुहासुहमणेयवित्थरविसेसं - અનેક વિસ્તર વિશેષવાળું જે પૂર્વકૃત શુભાશુભ કર્મ છે, तत्तो णियत्तए अप्पयं तु जो - તેમાંથી આત્માને નિવર્ત્તાવે છે - પાછા વાળે છે, सो पडिकम्मणं - તે પ્રતિક્રમણ છે.'' इत्यादि - ઈત્યાદિ. ॥ इति **'आत्मख्याति'** आतमभावना ॥૩૦૬॥૩૦૭॥

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સર્વ પ્રકારની ક્રિયાનો, યોગનો, જપનો, તપનો અને તે સિવાયના પ્રકારનો લક્ષ એવો રાખજો કે આત્માને છોડવા માટે સર્વે છે, બંધનને માટે નથી. જેથી બંધન થાય એ બધાં (ક્રિયાથી કરીને સઘળાં યોગાદિક પર્યંત) ત્યાગવા યોગ્ય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૮૩**

અત્રે કોઈ એમ શંકા કરે કે - વારુ, આ શુદ્ધાત્મ ઉપાસનથી શું ? કારણકે પ્રતિક્રમણાદિથી જ આત્મા 'નિરપરાધ' - અપરાધ રહિત હોય છે. એમ શા માટે ? 'સાપરાધને' - અપરાધ સહિતને અપ્રતિક્રમણાદિ તે અપરાધના 'અનપોહકપણાએ' કરીને - અદૂરકારિપણાએ કરીને - દૂર નહિ કરનારપણાએ કરીને વિષકુંભ રૂપ હોય છે, અને એમ હોઈ તેનાથી વિરુદ્ધ પ્રતિક્રમણાદિ તે અમૃતકુંભરૂપ હોય છે માટે; અને તેવા પ્રકારે વ્યવહાર આચાર સૂત્રમાં પણ કહ્યું છે કે - અપ્રતિક્રમણાદિ અષ્ટવિધ વિષકુંભ છે અને પ્રતિક્રમણાદિ અષ્ટવિધ અમૃતકુંભ છે. આ શંકાનું અત્રે સમાધાન કરતાં શાસ્ત્રકર્ત્તા ભગવાન્ **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** ઉક્ત વિધાનથી સાવ ઉલટી જ - પ્રતિક્રમણાદિ વિષકુંભ છે; ને અપ્રતિક્રમણાદિ અમૃત કુંભ છે - એવી વિચક્ષણો જ જેની વિશિષ્ટ સૂક્ષ્મ અપેક્ષા સમજી શકે એવી વિલક્ષણ પરમ અદ્ભુત વાત કહી છે અને તેની તત્ત્વ સર્વસ્વ સમર્પક વ્યાખ્યા કરતાં 'આત્મખ્યાતિ સૂત્ર' કર્ત્તા ભગવાન **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** ત્રિભૂમિક પ્રતિક્રમણાદિની પરમ અદ્ભુત સૂક્ષ્મ તલસ્પર્શી મીમાંસા કરી નિશ્ચય - વ્યવહાર માર્ગનું સાંગોપાંગ સકલ અવિકલ સાપેક્ષપણું અપૂર્વપણે સુપ્રતિષ્ઠાપિત કર્યું છે. તેનો આશયાર્થ આ પ્રકારે -

પ્રથમ તો અજ્ઞાનિજનને 'સાધારણ' - સામાન્ય (Common) એવો જે 'અપ્રતિક્રમણાદિ' - પ્રતિક્રમણાદિનો અભાવ તે તો 'વિષકુંભ જ' છે, વિષનો - ઝેરનો કુંભ - ઘડો જ છે. એમ શાને લીધે ? શુદ્ધાત્મ સિદ્ધિના 'અભાવ સ્વભાવપણાએ' કરીને - નહિ હોવાપણા રૂપ સ્વભાવપણાએ કરીને 'સ્વયમેવ' - પોતે જ - આપોઆપ જ અપરાધપણાને લીધે - स्वयमेवापराधत्वात्, અર્થાત્ આ અજ્ઞાનીજનના અપ્રતિક્રમણાદિમાં શુદ્ધાત્મ સિદ્ધિનો અભાવ - નહિ હોવાપણું છે અને આ અપ્રતિક્રમણાદિ પોતે જ અપરાધ રૂપ છે, તો પછી એ બાપડા અપરાધને દૂર કેમ કરી શકે ? આમ જે અજ્ઞાનીના અપ્રતિક્રમણાદિ આત્માને મારી નાંખનારા વિષથી ભરેલા 'વિષકુંભ જ' છે, તેના વિચારથી શું ? અર્થાત્ તે તો અત્યંત નિંદ્યને અત્યંત હેય હોઈ તેનો વિચાર જ કરવા યોગ્ય નથી, તેને અત્ર મોક્ષમાર્ગની વિચારણામાં સ્થાન જ નથી.

અને જે 'દ્રવ્યરૂપ' - બાહ્ય ક્રિયારૂપ પ્રતિક્રમણાદિ તે સર્વ અપરાધ - વિષદોષના 'અપકર્ષણમાં' - હાનિકરણમાં - ખેંચી કાઢવામાં સમર્થપણાએ કરીને - 'सर्वापराध-विषदोषापकर्षण समर्थत्वेन' અમૃત કુંભ છતાં - અમૃતનો ઘડો છતાં - 'अमृतकुंभोपि' - 'વિષકુંભ જ' - વિષનો - ઝેરનો કુંભ - ઘડો જ હોય - 'विषकुंभ एव स्यात्' - કોને ? કેવી રીતે ? પ્રતિક્રમણાદિ - અપ્રતિક્રમણાદિથી 'વિલક્ષણ' - વિશિષ્ટ લક્ષણવાળી વા વિપરીત લક્ષણવાળી અપ્રતિક્રમણાદિ રૂપા 'તાર્તીયીકી' - તૃતીય (ત્રીજી) ભાવ સંબંધિની 'ભૂમિને' - ભૂમિકાને નહિ દેખતાને, 'तार्तीयीकीं भूमिमपश्यतः', સ્વકાર્યકરણના - પોતાનું કાર્ય કરવાના અસમર્થપણાએ કરીને - 'स्वकार्यकरणासमर्थत्वेन' - વિપક્ષ કાર્યકારિપણાને લીધે - વિપક્ષનું - વિરુદ્ધ પક્ષનું કાર્ય કરનારપણાને લીધે. અર્થાત્ દ્રવ્યરૂપ જે પ્રતિક્રમણાદિ છે, તે સર્વ અપરાધરૂપ વિષ-દોષના 'અપકર્ષણમાં' - ખેંચી કાઢવામાં - ઘટાડવામાં - ક્ષીણ કરવામાં સમર્થપણાએ કરીને અમૃતકુંભ હોય છે. કોને ? પ્રતિક્રમણાદિ - અપ્રતિક્રમણાદિથી વિલક્ષણ એવી અપ્રતિક્રમણાદિ રૂપા નીચેમાં કહેવામાં આવતી શુદ્ધાત્મ સિદ્ધિરૂપ તૃતીય ભૂમિકાને જે દેખી રહ્યા છે તેને, તે શુદ્ધાત્મ સિદ્ધિ રૂપ તૃતીય ભૂમિકા પ્રત્યે નિરંતર લક્ષ રાખી જે દૃષ્ટિ ઠેરવી રહ્યા છે તેને. આમ તેવાઓને તે અમૃતકુંભ હોય છે, પણ તે શુદ્ધાત્મ સિદ્ધિ રૂપ તૃતીય ભૂમિકાને જે દેખતા નથી - તે પ્રત્યે જેને લક્ષ નથી - દૃષ્ટિ નથી, એવાને તો તે દ્રવ્ય પ્રતિક્રમણાદિ વિષકુંભ જ હોય, કારણકે અપરાધરૂપ વિષદોષનો અપકર્ષ કરવાનું સ્વકાર્ય

કરવાને તે સમર્થ થતા નથી અને ઉલટું અપરાધરૂપ વિષદોષની વૃદ્ધિ કરવારૂપ વિપક્ષ કાર્ય કરે છે, એટલે તેને તો તે પ્રતિક્રમણાદિ પણ વિષક્રિયા રૂપે પરિણમી વિષકુંભનું જ કાર્ય કરે છે.

અપ્રતિક્રમણાદિ રૂપા તૃતીય ભૂમિ તો સાક્ષાત્ સ્વયં અમૃતકુંભ હોય છે, साक्षात् स्वयममृतकुंभो भवति, જ્યાં પ્રતિક્રમણાદિ કંઈ પણ કરવાપણું રહ્યું નથી એવી પ્રતિક્રમણાદિની અભાવ રૂપા 'તૃતીય' - ત્રીજી ભૂમિ - ભૂમિકા તો 'સાક્ષાત્' - પ્રત્યક્ષ - પ્રગટ 'સ્વયં' - પોતે - આપોઆપ 'અમૃત કુંભ' - અમૃતનો ઘડો હોય છે. એમ શાને લીધે ? 'स्वयं शुद्धात्मसिद्धिरूपत्वेन' - સ્વયં શુદ્ધાત્મ સિદ્ધિરૂપ પણાએ કરીને સર્વ અપરાધ - વિષદોષોના 'સર્વંકષપણાને લીધે' - સર્વ કસી કસીને - ખેંચી ખેંચીને કાઢી નાંખવાપણાને લીધે - ઘસી નાંખવાપણાને - 'सर्वापराधविषदोषाणां सर्वंकषत्वात्.' આમ આ પ્રકારે આ અપ્રતિક્રમણાદિ રૂપા તૃતીય ભૂમિ સાક્ષાત્ અમૃતકુંભ હોય છે. એટલા માટે, તે 'વ્યવહારથી' - વ્યવહારનયની અપેક્ષાથી દ્રવ્ય પ્રતિક્રમણાદિનું પણ અમૃતકુંભપણું - અમૃતઘટપણું સાધે છે - 'व्यवहारेण द्रव्य प्रतिक्रमणादेरपि अमृतकुंभत्वं साधयति', અર્થાત્ તેનું અપ્રતિક્રમણાદિ રૂપ તૃતીય ભૂમિનું પોતાનું તો સાક્ષાત્ અમૃતકુંભપણું છે જ, પણ તે તૃતીય ભૂમિના લક્ષે કરવામાં આવતા ને તે પ્રત્યે લઈ જતા દ્રવ્યપ્રતિક્રમણાદિનું પણ 'વ્યવહારથી' - કારણમાં કાર્ય ઉપચારથી અમૃત કુંભપણું સાધે છે; અને આમ સાક્ષાત્ શુદ્ધાત્મસિદ્ધિ રૂપ છે તેથી જ તે અપ્રતિક્રમણાદિ રૂપ તૃતીય ભૂમિકાથી જ 'ચેતયિતા' - ચેતનારો - ચેતક આત્મા ખરેખરો 'નિરપરાધ' હોય છે - પરદ્રવ્ય ગ્રહણ રૂપ અપરાધથી રહિત હોય છે, 'तयैव च निरपराधो भवति चेतयिता', અને 'तदभावे' - તે તૃતીય ભૂમિકાના અભાવે - તૃતીય ભૂમિકાનું હોવાપણું ન હોય તો દ્રવ્ય પ્રતિક્રમણાદિ પણ અપરાધ જ છે - 'द्रव्यप्रतिक्रमणादि रप्यपराध एव ।'

તૃતીય ભૂમિકાના લક્ષે કરવામાં આવતા દ્રવ્ય પ્રતિક્રમણાદિ થકી પણ શુદ્ધાત્મસિદ્ધિ રૂપ તૃતીય ભૂમિકા પર આવવાનું છે, એટલે તે તૃતીય ભૂમિકા ન હોય તો તે દ્રવ્ય પ્રતિક્રમણાદિ પણ અપરાધ જ છે. એથી કરીને આમ અન્વય-વ્યતિરેકથી શુદ્ધાત્મસિદ્ધિ રૂપા તૃતીય ભૂમિકાથી જ નિરપરાધપણું છે એમ 'અવતિષ્ઠે છે' - એ વસ્તુ સ્થિતિ અવસ્થિત રહે છે.

તેથી એમ માનીશ મા 'मेति मंस्थाः' કે શ્રુતિ પ્રતિક્રમણાદિને ત્યજાવે છે - છોડાવે છે, 'यत् प्रतिक्रमणादीन् श्रुतिस्त्याजयति ।' પરંતુ દ્રવ્યપ્રતિક્રમણાદિથી નથી મૂકાતો, એવું અપ્રતિક્રમણાદિ રૂપ બેમાંથી કોઈ પણ પ્રતિક્રમણાદિ - અપ્રતિક્રમણાદિનો 'અગોચર' - અવિષય એવું અપ્રતિક્રમણાદિ રૂપ 'अन्यदीयप्रतिक्रमणादिप्रतिक्रमणाद्यगोचराप्रतिक्रमणादिरूपं' શુદ્ધાત્મસિદ્ધિ લક્ષણ અતિ દુષ્કર કંઈ પણ કરાવે છે - 'शुद्धात्मसिद्धिलक्षणमतिदुष्करं किमपि कारयति ।' અર્થાત્ આ જે ઉપરમાં પ્રતિક્રમણાદિ - અપ્રતિક્રમણાદિની ત્રણ ભૂમિકા કહી તે ઉપરથી એમ કોઈ રખેને માની લ્યે કે આ શ્રુતિ - શાસ્ત્ર તો પ્રતિક્રમણાદિને ત્યજાવે છે - છોડાવે છે, તો તેને ઉદ્દેશીને અમૃતચંદ્રજી વદે છે કે એમ માનીશ મા ! 'मेति मं स्थाः ।' ત્યારે શ્રુતિ શું કરાવે છે ? દ્રવ્ય પ્રતિક્રમણાદિથી પોતાથી (by itself) કાંઈ મોક્ષ થતો નથી, પણ તેના અવલંબને પણ શુદ્ધાત્મસિદ્ધિરૂપ તૃતીય ભૂમિકાએ ચઢ્યે જ મોક્ષ થાય છે, એટલા માટે જ પ્રતિક્રમણાદિ કે અપ્રતિક્રમણાદિ - બેમાંથી કોઈનો પણ જે 'ગોચર' - વિષય નથી એવું તૃતીય ભૂમિકાના અપ્રતિક્રમણાદિ રૂપ શુદ્ધાત્મસિદ્ધિ લક્ષણ અતિ દુષ્કર - અતિ દુર્ઘટ 'કંઈ પણ' - અવાચ્ય - વાચાથી ન કહી શકાય એવું અનુભૂતિરૂપ કરાવે છે.

અત્રે આ વિષયમાં આગળ ઉપર આજ શાસ્ત્રમાં કહેવામાં આવશે. ''અનેક વિસ્તાર વિશેષવાળું જે પૂર્વકૃત શુભાશુભ કર્મ છે તેમાંથી આત્માને 'નિવર્ત્તાવે' છે - પાછો વાળે છે તે 'પ્રતિક્રમણ' છે'', ઈત્યાદિ.

## આકૃતિ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| સ્વકાર્યકરણ અસમર્થ → વિપક્ષ કાર્યકારિ | શુદ્ધ આત્મસિદ્ધિ લક્ષ વિના પ્રતિક્રમણ - અપ્રતિક્રમણાદિ વિલક્ષણ તૃતીય ભૂમિને ન દેખતાને **વિષકુંભ** | સર્વ અપરાધ વિષ દોષ અપકર્ષણ → સમર્થ (વ્યવહારથી) | શુદ્ધ આત્મસિદ્ધિ લક્ષ પૂર્વક દ્રવ્યરૂપ પ્રતિક્રમણાદિ તૃતીય ભૂમિને દેખતાને **અમૃતકુંભ** | → | અપ્રતિક્રમણાદિ તૃતીય ભૂમિ સ્વયં શુદ્ધાત્મ સિદ્ધિ રૂપ અપરાધ સર્વંકર્ષત્વથી **સાક્ષાત્ સ્વયં અમૃત કુંભ** | → નિરપરાધ |

અર્થાત્ - અત્રે શંકા થવી સંભવે છે કે - 'આ શુદ્ધ આત્માના ઉપાસના પ્રયાસથી શું ? કારણકે પ્રતિક્રમણાદિથી જ આત્મા નિરપરાધ - અપરાધ રહિત થાય છે. અપ્રતિક્રમણાદિ સાપરાધને - અપરાધ સહિતને અપરાધ દૂર નહીં કરનાર હોવાથી વિષકુંભરૂપ છે અને પ્રતિક્રમણાદિ અપરાધ દૂર કરવાપણાથી અમૃતકુંભ છે.' આ શંકાનું સાંગોપાંગ સંપૂર્ણ સમાધાન કરતી અપૂર્વ તત્ત્વમીમાંસા અત્ર અમૃતચંદ્રાચાર્યજીએ પ્રકાશી છે. તે આ પ્રકારે - પ્રતિક્રમણાદિ - અપ્રતિક્રમણાદિના ત્રણ પ્રકાર છે (૧) અજ્ઞાની જનનું જે અપ્રતિક્રમણાદિ છે તે તો સાક્ષાત્ **વિષકુંભ** જ છે, કારણકે તેમાં તો શુદ્ધ આત્મસિદ્ધિનો અભાવ જ છે, એટલે એ સ્વયં અપરાધ રૂપ જ છે. (૨) अ બીજું જે દ્રવ્ય પ્રતિક્રમણાદિ શુદ્ધ આત્મસિદ્ધિ રૂપ ત્રીજી ભૂમિકાના લક્ષ્ય વિનાનું હોય, તે પણ **વિષકુંભ** જ થઈ પડે છે, કારણકે તે આત્માર્થ રૂપ સ્વકાર્ય સાધતું નથી અને માનાર્થ આદિ રૂપ વિપરીત કાર્ય સાધે છે, એટલે આત્માને વિષ રૂપે જ - ઝેર રૂપે જ પરિણમે છે. (ब) પણ તે દ્રવ્ય પ્રતિક્રમણાદિ જો શુદ્ધ આત્મસિદ્ધિ રૂપ **તૃતીય ભૂમિકાના** લક્ષ્યવાળું હોય, શુદ્ધ આત્મસિદ્ધિનો લક્ષ્ય રાખીને કરવામાં આવતું હોય, તો **વ્યવહારથી** તે **અમૃતકુંભ** રૂપ હોય છે, અર્થાત્ આત્માને અમૃતરૂપે પરિણમવાનું કારણ થાય છે. (૩) ત્રીજું **જ્ઞાનીજનનું** જે તૃતીય ભૂમિકા રૂપ - શુદ્ધ આત્મસિદ્ધિ રૂપ અપ્રતિક્રમણાદિ છે, તે તો સાક્ષાત્ સ્વયં **અમૃતકુંભ** છે, અર્થાત્ આત્માને સાક્ષાત્ અમૃતરૂપે પરિણમે છે. એટલે શુદ્ધ આત્મસિદ્ધિ સંપન્ન આવા યોગારૂઢ જ્ઞાનીની અપેક્ષાએ તેઓને દ્રવ્ય પ્રતિક્રમણાદિ વિષકુંભ છે અને અપ્રતિક્રમણાદિ અમૃતકુંભ છે.

અને એટલે જ આમ શુદ્ધ આત્મસિદ્ધિ જેણે સિદ્ધ કરી છે એવા સિદ્ધ - નિષ્પન્ન યોગી જ્ઞાની પુરુષ આ અમૃતકુંભ સમી અપ્રતિક્રમણાદિ રૂપ ત્રીજી ભૂમિકાને પ્રાપ્ત હોવાથી, તેમને સાધકોપયોગી એવી દ્રવ્ય પ્રતિક્રમણાદિ આચાર ક્રિયા હોતી નથી, કારણકે સમસ્ત ક્રિયા કલાપનો એક ઈષ્ટ ઉદ્દેશ શુદ્ધ આત્મસિદ્ધિ એ જ છે અને તે શુદ્ધ આત્માની સિદ્ધિ તો અત્રે પ્રાપ્ત થઈ ચૂકી છે, એટલે હવે તેનું કંઈ પ્રયોજન રહ્યું નથી. કારણકે અત્રે ટીકામાં ટાંકેલી આ ગ્રંથની જ ગા-૩૮૩ માં કહ્યું છે તેમ - 'પૂર્વે કરેલું જે શુભાશુભ કર્મ અનેક વિસ્તાર વિશેષવાળું છે, તેમાંથી જે આત્માને નિવર્ત્તાવે - પાછો વાળે, તે (આત્મા પોતે જ સાક્ષાત્) **પ્રતિક્રમણ** છે.' અથવા તો 'સ્વ સ્થાનમાંથી જે પ્રમાદને વશ થઈ પરસ્થાને ગયો હોય, તેનું પુનઃ પાછું ત્યાં જ મૂળ સ્થાને ક્રમણ - ગમન તે પ્રતિક્રમણ, કહેવાય છે.' અર્થાત્ શુદ્ધ આત્મસ્વરૂપ પદમાંથી જે ભ્રષ્ટતા થઈ હતી, ત્યાં 'મૂળ શુદ્ધ તે આત્મપદ'માં પાછું આવી જવું તેનું નામ પ્રતિક્રમણ છે, આવું શુદ્ધ સહજ આત્મસ્વરૂપમાં 'સહજાત્મસ્વરૂપ'માં પુનરાગમન રૂપ **'ભાવપ્રતિક્રમણ'** - પરમાર્થ પ્રતિક્રમણ - નિશ્ચય પ્રતિક્રમણ અત્રે નિષ્પન્ન યોગીને પ્રાપ્ત થઈ ચૂક્યું છે. એટલે એમને એવી પરમ નિરપરાધ - નિર્દોષ શુદ્ધ આત્મદશા પ્રગટી છે, કે ત્યાં લેશ પણ અપરાધનો પુનઃ સંભવ નથી. તો પછી અપરાધના પ્રાયશ્ચિત્ત રૂપ પ્રતિક્રમણનો અવકાશ ક્યાંથી હોય ? આમ તેમને પરમ નિશ્ચય પ્રતિક્રમણ રૂપ શુદ્ધ આત્મસ્વભાવમાં સ્થિતિમય પરમ અમૃત સ્વરૂપ **અપ્રતિક્રમણ** દશા ઘટે છે. તે જ પ્રકારે અપ્રત્યાખ્યાનાદિ બાબત સ્વયં સમજી લેવું.

આમ પરમ જ્ઞાનદશાના યોગને પામેલો યોગી - શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચયમાં શ્રીહરિભદ્રાચાર્યજીએ

કહ્યું છે તેમ *"નિરાચાર પદવાળો અતિચાર વિવર્જિત એવો હોય છે, આરૂઢના આરોહણની અભાવગતિ જેમ એનું ચેષ્ટિત હોય છે.' અર્થાત્ જ્યારે યોગી આ આઠમી **પરાદૃષ્ટિ** જેવી પરમ જ્ઞાનયોગ દશાને પ્રાપ્ત થાય છે, ત્યારે તેને કોઈ આચાર પાળવાપણું રહેતું નથી, તે આચારથી પર એવો 'કલ્પાતીત' થાય છે. અત્યાર સુધી યોગસાધના માટે જે જે આચાર આવશ્યક હતા, અવશ્ય કરવા યોગ્ય હતા, તે હવે અત્રે શુદ્ધ આત્મસિદ્ધિ રૂપ સંપૂર્ણ યોગસિદ્ધિ સાંપડતાં નિરુપયોગી બની જાય છે, નિષ્પ્રયોજન થાય છે. પૂર્વે પ્રારંભક સાધકને જે પ્રતિક્રમણાદિ સાધન યોગભૂમિકા પર ચઢવા માટે ઉપકારી હતા, તે હવે **યોગારૂઢ** એવી આત્મસમાધિ દશા પામ્યા પછી યોગસિદ્ધ પુરુષને અકિંચિત્કર - કંઈ પણ નહિ કરનારા - નકામા થઈ પડે છે. યોગારંભ દશામાં જે પ્રતિક્રમણાદિ આવશ્યક આચાર યથાયોગ્ય અધિકારીને **અમૃતકુંભ રૂપ** હોય છે, તે જ સાધનને જો નિષ્પન્ન - સિદ્ધ યોગદશામાં પણ વળગી રહેવામાં આવે તો તે **વિષકુંભ રૂપ** થઈ પડે છે, કારણકે અખંડ આત્મસમાધિ રૂપ આત્મસ્થિતિમાં તે તે ક્રિયા ઉલટો વિક્ષેપ પાડે છે. પ્રતિક્રમણાદિ ક્રિયા કરવાનો હેતુ અનુક્રમે આત્મસમાધિ દશા પામવાનો છે, તે હેતુ સિદ્ધ થઈ ગયા પછી તે તે સાધનનું કોઈ પ્રયોજન રહેતું નથી.

અત્રે આ દૃષ્ટાંત ઘટે છે - પર્વત પર ચઢવા માટે આરોહણ ક્રિયા - ચઢવાની ક્રિયા કરવી પડે છે, પણ પર્વતની ટોચે ચઢી ગયા પછી કાંઈ ચઢવાની ક્રિયા કરવી પડતી નથી. તેમ યોગગિરિ પર ચઢવા માટે ઉત્તરોત્તર યોગભૂમિકા વટાવવા રૂપ આરોહણ ક્રિયા કરવી પડે છે, પણ યોગગિરિના શુદ્ધ આત્મસિદ્ધિ રૂપ શ્રૃંગ પર આરૂઢ થયા પછી કંઈ પણ યોગસાધન રૂપ આરોહણ ક્રિયા કરવી પડતી નથી. સાધક દશામાં વર્ત્તતા યોગારોહકને જે અવલંબન - સાધન અનિવાર્યપણે આવશ્યક છે, અવશ્ય જરૂરના છે, તે નિષ્પન્ન યોગદશાને પામેલા યોગારૂઢ જ્ઞાની પુરુષને કંઈ પણ કામના નથી. કારણકે ચઢેલાને ચઢવાનું શું ? પામેલાને પામવાનું શું ? ધરાયેલાને જમવાનું શું ? આમ પરમ અદ્ભુત આત્મસમાધિમય **પરમ જ્ઞાનદશા** પામેલા જ્ઞાનયોગીની વાત ઓર છે, ન્યારી છે. ત્યાં પ્રાકૃતજનને કાયદો કેમ લાગુ પડે ? સામાન્ય જનના અનુમાનના કાટલે જોખવાનું કેમ પાલવે ? અને સામાન્ય પ્રાકૃત જન તેવા જ્ઞાનીજનનું આંધળુ અનુકરણ કરવાની ધૃષ્ટતા કરે તે પણ કેમ કામ આવે ? ભૂખ્યાને ભોજન કરવાની જરૂર પડે છે, પણ ધરાયેલાને - તૃપ્ત થયેલાને તેની કાંઈ જરૂર રહેતી નથી. તેમ પરમ જ્ઞાનામૃતના પાનથી જે આકંઠ પરિતૃપ્ત થયા છે, તેને હવે કોઈ આલંબન - સાધનની અપેક્ષા રહેતી નથી. કારણકે આલંબન - સાધનને ત્યાગી જેણે પરપરિણતિને ભગાડી છે, એવા **સહજાત્મસ્વરૂપી આનંદઘન પ્રભુ** અક્ષય એવા દર્શન - જ્ઞાન - વૈરાગ્યમાં જાગ્યા છે, અર્થાત્ શુદ્ધ આત્મસ્વરૂપમાં અખંડ સ્થિતિ રૂપ સદોદિત જાગ્રત એવી ઉજાગર દશામાં બિરાજમાન થયા છે. આમ સાધ્ય સિદ્ધ થયું હોવાથી સાધનની કંઈ અપેક્ષા રહેતી નથી, કૃતકૃત્ય થયા હોવાથી એને હવે કંઈ કરવાનું રહ્યું નથી.

"આલંબન સાધન જે ત્યાગે, પરપરિણતિને ભાગે રે,
અક્ષય દર્શન જ્ઞાન વૈરાગે, આનંદઘન પ્રભુ જાગે રે...
વીરજીને ચરણે લાગું." - **શ્રી આનંદઘનજી**

"નિરતિચાર પદ એહમાં યોગી, કહિયે નહિ અતિચારીજી,
આરોહે આરૂઢે ગિરિને, ત્યમ એહની ગતિ ન્યારીજી." - **શ્રી યશોવિજયજી કૃત યો.દ. સજ્ઝા. ૯૧**

શુદ્ધ ચૈતન્ય જ્યોતિ

* १"निराचारपदो ह्यस्यामतिचारविवर्जितः ।
आरूढारोहणाभावगतिवत्त्वस्य चेष्टितम् ॥" - યોગદૃષ્ટિ સમુચ્ચય, શ્લો. ૧૭૯

આ મોક્ષ અધિકારને ઉપસંહારતા પંચરત્ન તેમાં સમયસાર કળશ (૯) અમૃતચંદ્રજી સંગીત કરે છે -

**अतो हताः प्रमादिनो गताः सुखासीनतां,**
**प्रलीनं चापलमुन्मीलितमालंबनं ।**
**आत्मन्येवालानितं चित्त -**
**मासंपूर्णविज्ञानघनोपलब्धेः ॥१८८॥**

આથી હતા પ્રમાદિઓ સુખાસીનતા ગતા,
પ્રલીન ચાપલ આલંબન ઉન્મૂલિત,
આત્મામાં આલાનિત ચિત્ત,
આસંપૂર્ણ વિજ્ઞાનઘનોપલબ્ધિ. ૧૮૮

## અમૃત પદ - ૧૮૮

'વીર સુતો કાં સુતા રહ્યા છો ?' - એ રાગ

સુખાસીનતાને પામેલા, પ્રમાદમાં જે પડી રહ્યા,
ક્રિયા પ્રતિક્રમણાદિ ત્યજી જે, આલસ ગર્તે સડી રહ્યા... સુખાસીનતાને. ૧
સુખાસીનતામાં બિરાજતા તે, આથી સર્વ હણાઈ ગયા,
ચાપલ તેનું થયું પ્રલીન તે, શુષ્કજ્ઞાની ડૂલાઈ ગયા... સુખાસીનતાને. ૨
વાચાજ્ઞાનીનું આલંબન, ખોટું ઉન્મૂલિત થયું,
સાચા જ્ઞાનીનું આલંબન, સાચું ઉન્મીલિત થયું... સુખાસીનતાને. ૩
આલાન સ્થંભ શું આત્મસ્થંભમાં, મન-ગજ આલાનિત થયો,
આસંપૂર્ણ વિજ્ઞાનઘનાનો, અનુભવ જ્યાં લગ પ્રગટ થયો... સુખાસીનતાને. ૪
**વિજ્ઞાનઘન આ અમૃતચંદ્રે**, ટંકોત્કીર્ણ નિનાદ ધર્યો,
**ભગવાન અમૃત** સંભૃત કળશે, તત્ત્વતણો ટંકાર કર્યો... સુખાસીનતાને. ૫

**અર્થ** - આ પરથી સુખાસીનતા ગત પ્રમાદીઓ હત થયા (હણાયા), ચાપલ - ચપલપણું પ્રલીન થયું, આલંબન ઉન્મૂલિત (ઉન્મીલિત) થયું, સંપૂર્ણ વિજ્ઞાનઘનની ઉપલબ્ધિ સુધી ચિત્ત આત્મામાં જ આલાનિત થયું (દૃઢ બંધાયેલું). ૧૮૮

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જે જીવો મોહનિદ્રામાં સુતા છે તે અમુનિ છે, નિરંતર આત્મવિચારે કરી મુનિ તો જાગૃત રહે, પ્રમાદીને ભય છે, અપ્રમાદીને કોઈ રીતે ભય નથી એમ શ્રી જિને કહ્યું છે."

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૬૯**

આ ઉપરમાં ભગવતી **'આત્મખ્યાતિ'** ના ગદ્ય વિભાગમાં આટલું બધું સુસ્પષ્ટ વિવરી દેખાડ્યું તેના પરથી શું સાર બોધ ફલિત થયો ? તે નિબદ્ધ કરતા આ સારસમુચ્ચય રૂપ ઉપસંહાર કળશમાં વીરપુત્ર **અમૃતચંદ્રજી સ્વચ્છંદી** - પ્રમાદીઓને ઉદ્બોધન કરતાં વીર ગર્જના કરે છે - अतो हताः प्रमादिनो गताः सुखासीनतां - આ પરથી સુખાસીનતા પામી ગયેલા પ્રમાદીઓ 'હત થયા' - હણવામાં આવ્યા, અર્થાત્ 'સુખાસીનતા' પામી ગયેલા - સુખેથી આરામથી બેસી રહેવાપણાને ભજનારા એકાંત નિશ્ચયાગ્રહી ને એકાંત વ્યવહારાગ્રહી પ્રમાદીઓનું નિરસન કરવામાં આવ્યું. તેમજ 'प्रलीनं चापलं' -

ચાપલ - ચપલપણું ચિત્ચંચળપણું પ્રલીન થયું - પ્રકૃષ્ટપણે લય પમાડવામાં આવ્યું, उन्मीलितमालंबनं શુદ્ધ સ્વરૂપનું સાચું આલંબન ઉન્મીલિત થયું - ખુલ્લું પ્રગટ કરવામાં આવ્યું. અર્થાત્ શુદ્ધ સ્વરૂપ લક્ષ પૂર્વક દ્રવ્ય પ્રતિક્રમણાદિ એ શુદ્ધ આત્મસિદ્ધિ રૂપ - ભાવપ્રતિક્રમણાદિ રૂપ અપ્રતિક્રમણ દશા પર ચઢવાનું આલંબન પ્રગટ કરાયું (પાઠાંતર); અથવા उन्मूलितमालंबनं - આલંબન ઉન્મૂલિત થયું. અર્થાત્ પ્રતિક્રમણાદિ તો વિષકુંભ છે માટે કરવા યોગ્ય નથી, એમ નિશ્ચયાભાસી શુષ્કજ્ઞાનીનું અથવા દ્રવ્ય પ્રતિક્રમણાદિ થકી જ સર્વસિદ્ધિ છે માટે તે સદાય આલંબવા પકડી રાખવા યોગ્ય છે એમ વ્યવહાર ગ્રહીનું પરવસ્તુનું આલંબન 'ઉન્મૂલિત થયું' - જડમૂળથી ઉખેડી નંખાયું. અને 'आत्मन्येवालनितं चित्तं' - આત્મામાં જ ચિત્ત આલાનિત થયું - મજબૂત પણે બાંધી દેવામાં આવ્યું, જેમ હાથીને મજબૂત આલાનસ્થંભે બાંધી દેવામાં આવે, તેમ ચિત્ત રૂપ મદોન્મત્ત હસ્તીને આત્મામાં જ - આત્મારૂપ દૃઢ આલાન સ્થંભમાં જ મજબૂતપણે બાંધી દેવામાં આવ્યું અને તે પણ ક્યાં સુધી ? સંપૂર્ણ વિજ્ઞાનઘનની 'ઉપલબ્ધિ' - અનુભૂતિ - પ્રાપ્તિ થાય ત્યાં સુધી - आसंपूर्णविज्ञानघनोपलब्धेः । આમ આ મોક્ષ અધિકારનો ઉપસંહાર કરતા પાંચ કળશ રૂપ - પંચરત્ન મધ્યેના આ પ્રથમ કળશ-રત્નમાં મુમુક્ષુઓને મનનીય માર્મિક કથન કર્યું છે.

સમયસાર (૧૦) પ્રકાશે છે -

वसंततिलका

**यत्र प्रतिक्रमणमेव विषं प्रणीतं,**
**तत्राप्रतिक्रमणमेव सुधा कुतः स्यात् ?**
**तत्किं प्रमाद्यति जनः प्रपतन्नधोऽधः ?**
**किं नोर्ध्वमूर्ध्वमधिरोहति निष्प्रमादः ? ॥१८९॥**

જ્યાં તો પ્રતિક્રમણ આ જ વિષ પ્રણીત, ત્યાં અપ્રતિક્રમણ હોય સુધા શી રીત ?
તો કાં અધોઅધ પડંત જન પ્રમાદી ? કાં ઊર્ધ્વ ઊર્ધ્વ ચઢતો ન જ નિષ્પ્રમાદી ? ૧૮૯

## અમૃત પદ - ૧૮૯

'સેવક કિમ અવગણીએ ? હો મલ્લિજિન !' - એ રાગ

નીચે નીચે કાં પડતા પ્રમાદી, ઉંચે ઉંચે ન કાં ચડતા ? (૨)... પ્રમાદી. ૧
સ્વરૂપ ભ્રષ્ટતા પ્રમાદ ભજતાં, નીચે નીચે કેમ પડતા ?
સ્વરૂપ સ્થિરતા અપ્રમાદ ભજતાં, ઉંચે ઉંચે ન કેમ ચડતા ?... પ્રમાદી. ૨
શુદ્ધ આત્માના ભાન વિના જ્યાં, પ્રતિક્રમણ જ વિષ ભાખ્યું,
ત્યાં અપ્રતિક્રમણ અજ્ઞાનીજનનું, ક્યમ અમૃત જાય દાખ્યું ?... પ્રમાદી. ૩
તો જન નીચે નીચે પડંતા, કેમ કરે છે પ્રમાદ ?
કેમ ન ઉંચે ઉંચે ચડતા, થઈને જ નિષ્પ્રમાદ ?... પ્રમાદી. ૪
સ્વરૂપથી ભ્રષ્ટતા પામતા તે, નીચે નીચે કેમ પડતા ?
સ્વરૂપ ભ્રષ્ટતા પ્રમાદ છોડી, સ્વરૂપમાં સ્થિર થાવા,
ભગવાન અમૃત વાણી પોકારી, કરુણાથી અમૃત પાવા... પ્રમાદી. ૬

**અર્થ** - જ્યાં પ્રતિક્રમણ જ વિષ પ્રણીત છે, ત્યાં અપ્રતિક્રમણ જ સુધા - અમૃત ક્યાંથી હોય ? તો પછી અધઃ અધઃ (નીચે નીચે) પ્રપતતો (અત્યંત પડતો) જન પ્રમાદ કેમ કરે છે ? નિષ્પ્રમાદ એવો તે ઊર્ધ્વ ઊર્ધ્વ - ઉંચે ઉંચે કેમ નથી અધિરો હતો (ચઢતો) ? ૧૮૯

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"ઘણું કરીને વર્ત્તમાનમાં કાં તો શુષ્કક્રિયા પ્રધાનપણામાં જીવે મોક્ષમાર્ગ કલ્પ્યો છે, અથવા બાહ્ય ક્રિયા અને શુદ્ધ વ્યવહાર ક્રિયાને ઉત્થાપવામાં મોક્ષમાર્ગ કલ્પ્યો છે, કલ્પ્યો છે. (ઈ.)"

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૩૪૮), ૪૨૨**

ઉપસંહાર કરતા પંચ કળશ રૂપ 'પંચરત્ન' મધ્યેના આ દ્વિતીય કળશરત્નમાં અમૃતચંદ્રજી શુદ્ધ પ્રમાદીઓના પ્રમાદ પ્રત્યે ખેદ પ્રવ્યક્ત કરે છે - यत्राप्रतिक्रमणमेव विषं प्रणीतं - જ્યાં પ્રતિક્રમણ જ વિષ પ્રણીત કરવામાં આવ્યું, શુદ્ધ આત્મસિદ્ધિ સાધવાનો લક્ષ ન હોય તો 'વિષકુંભ' - ઝેરનો ઘડો છે એમ પ્રરૂપવામાં આવ્યું, ત્યાં અપ્રતિક્રમણ જ સુધા ક્યાંથી હોય ? - 'तत्राप्रतिक्रमणमेव सुधा कुतः स्यात् ?' અજ્ઞાનિજનોનું જે પ્રતિક્રમણના અભાવ રૂપ અપ્રતિક્રમણ તે અમૃત ક્યાંથી હોય ? આમ છે તો પછી 'જન' - લોક 'અધઃ અધઃ' - નીચે - નીચે 'પ્રપતતો' - પડતો પડતો કેમ પ્રમાદ કરે છે ? 'तत्किं प्रमाद्यति जनः प्रपतन्नधोधः ?' અને નિષ્પ્રમાદ થઈ 'ઊર્ધ્વ ઊર્ધ્વ' - ઉંચે ઉંચે કેમ નથી 'અધિરોહતો' -

ચઢતો ? 'किं नोर्ध्वमूर्ध्वमधिरोहति निष्प्रमादः ?' અર્થાત્ આ ત્રણ ભૂમિકામાં પ્રતિક્રમણ - અપ્રતિક્રમણાદિની સ્પષ્ટ વિચારણા તે જીવને 'ઊર્ધ્વ ઊર્ધ્વ' - ઉંચી ઉંચી ભૂમિકા પ્રાપ્ત કરાવવાને માટે છે, નહિ કે 'અધો અધો' - નીચે નીચે ભૂમિકા પમાડવા માટે. (૧) પ્રથમ તો અજ્ઞાનીજનોનું જે અપ્રતિક્રમણાદિ છે તે તો અત્યંત નિંદ્ય હોઈ એકાંતે સર્વથા હેય જ છે. (૨) બીજું જે દ્રવ્ય પ્રતિક્રમણાદિ છે તે જો શુદ્ધ આત્મસિદ્ધિ રૂપ ત્રીજી ભૂમિકાના લક્ષ વિનાનું હોય તો તો હેય છે, પણ શુદ્ધ આત્મસિદ્ધિ રૂપ ત્રીજી ભૂમિકાના લક્ષ પૂર્વક તો અવશ્ય કર્તવ્ય છે - અત એવ તે 'આવશ્યક' હોઈ કથંચિત્ ઉપાદેય છે અને તે દ્રવ્ય પ્રતિક્રમણાદિના અવલંબને પણ શુદ્ધ આત્મસિદ્ધિ રૂપ તૃતીય ભૂમિકાએ જ ચઢવાનું છે એ લક્ષ સતત રાખવા યોગ્ય છે. (૩) શુદ્ધ આત્મસિદ્ધિ લક્ષણવાળી અપ્રતિક્રમણાદિ રૂપ તૃતીય ભૂમિકા તો અત્યંત ઉપાદેય છે અને તે દ્રવ્ય પ્રતિક્રમણાદિના અવલંબને પણ શુદ્ધાત્મસિદ્ધિ રૂપ તૃતીય ભૂમિકાવાળી આ પરમાર્થ પ્રતિક્રમણાદિ રૂપ - નિશ્ચય પ્રતિક્રમણાદિ રૂપ અપ્રતિક્રમણાદિ દશાને પ્રાપ્ત કરી પછી તેમાં જ સ્થિર રહેવાનું છે. એમ ઉત્તરોત્તર ચઢતી ભૂમિકાનો ક્રમ છે, તે જીવને ઉંચે ઉંચે ચઢાવવા માટે છે, નહિ કે નીચે નીચે પાડવા માટે. એને બદલે સ્વરૂપ ભ્રષ્ટ થયેલો આ પ્રમાદી અજ્ઞાની જન શુદ્ધાત્મ સિદ્ધિરૂપ - ત્રીજી ભૂમિકા રૂપ અપ્રતિક્રમણાદિ દશાને પામ્યો નથી, દ્રવ્ય પ્રતિક્રમણાદિ જે ત્રીજી ભૂમિકાએ ચઢવાનું પ્રબળ આલંબન છે તેને મૂકી દીએ છે અને પ્રતિક્રમણાદિ નહિ કરવા રૂપ અપ્રતિક્રમણાદિ - પ્રતિક્રમણાદિ અભાવરૂપ પ્રમાદમય આલસુપણું ભજે છે ! આમ તે ઉત્તરોત્તર નીચે ને નીચે પડતો જાય છે ! પણ નિષ્પ્રમાદ - પ્રમાદ રહિત - અનલસ થઈને તે અપ્રતિક્રમણાદિ રૂપ આલસુપણું ત્યજતો નથી, શુદ્ધના લક્ષે દ્રવ્ય પ્રતિક્રમણાદિ કરતો નથી અને જેમાં પરમાર્થ પ્રતિક્રમણાદિ - નિશ્ચય પ્રતિક્રમણાદિ સમાય છે એવી અપ્રતિક્રમણાદિ રૂપ જ્ઞાનદશા પામતો નથી. આમ તે ઉંચે ઉંચે ચઢતો નથી. એ સખેદ આશ્ચર્ય છે !!

> ''જ્ઞાન દશા પામ્યો નહીં, સાધન દશા ન કાંઈ;
> પામે તેનો સંગ જે, તે બૂડે ભવમાંહિ.''

**- શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૩**

**સમયસાર કળશ (૧૧) લલકારે છે -**

पृथ्वीवृत्त

**प्रमादकलितः कथं भवति शुद्ध भावोऽलसः,**
**कषायभरगौरवादलसता प्रमादो यतः ।**
**अतः स्वरसनिर्भरे नियमितः स्वभावे भवन्मुनिः,**
**परमशुद्धतां व्रजति मुच्यते चाचिरात् ॥१९०॥**

પ્રમાદકલિતો થતાં અલસ શુદ્ધ ભાવો જ કાં ? કષાય ભરગૌરવે અલસતા પ્રમાદો જ આ;
અતઃ સ્વરસ નિર્ભરે નિયમિતો સ્વભાવે થતો, મુનિ પરમ શુદ્ધતા લહત શીઘ્ર મૂકાય તો. ૧૯૦

## અમૃત પદ - ૧૯૦

સ્વભાવ નિયમિત મુનિ શુદ્ધ હોતો, શીઘ્ર મોક્ષને પામે,
સ્વભાવ અનુભવ અમૃત પાને, પહોંચે અમૃત ધામે... સ્વભાવ નિયમિત મુનિ. ૧
પ્રમાદ કલિત અલસ રે ! આંહી, કેમ હોયે શુદ્ધ ભાવ ?
કારણ કષાયભર ગૌરવથી, પ્રમાદ અલસતા સાવ... સ્વભાવ નિયમિત મુનિ. ૨
એથી સ્વરસ નિર્ભર સ્વભાવે, નિયમિત મુનિ હોતો,
પરમ શુદ્ધતાને પામે ને, અલ્પકાળે જ મુકાતો... સ્વભાવ નિયમિત મુનિ. ૩
**ભગવાન અમૃત** અમૃત કળશે, અનુભવ અમૃત પાને,
સ્વભાવ નિયમિત મુનિ શુદ્ધ જ હોતો, પ્હોંચે અમૃત ધામે... સ્વભાવ નિયમિત મુનિ. ૪

**અર્થ** - પ્રમાદથી કલિત (પ્રમાદ સાથે સંકળાયેલો) એવો શુદ્ધભાવ કેમ હોય છે ? કારણકે કષાયભર ગૌરવ થકી અલસતા એ પ્રમાદ છે, એથી કરીને સ્વરસ નિર્ભર સ્વભાવમાં નિયમિત હોતો મુનિ પરમ શુદ્ધતાને પામે છે અને અચિરાત્ (અલ્પ કાળમાં જ - શીઘ્ર જ) મૂકાય છે - મુક્ત થાય છે. ૧૯૦


## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્મા બ્રહ્મ સમાધિમાં છે. મન વનમાં છે.''
'''એવું જે' પરમ સત્ય તેનું અત્ર ધ્યાન કરીએ છઈએ.''
''ક્ષાયક ચારિત્રને સંભારીએ છીએ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૯૧, ૩૦૨, ૩૧૨**

હવે જો શુદ્ધભાવ છે ને પ્રમાદ થાય છે એમ કહો તો તેમ પણ બનવા યોગ્ય નથી, માટે અપ્રમત્ત રહી સ્વભાવમાં સ્થિર થવા **મહામુનિ અમૃતચંદ્રજી** આ તૃતીય કળશ રત્નમાં મુનિને પ્રેરણા કરે છે - प्रमादकलितः कथं भवति शुद्धभावोऽलसः ? શુદ્ધભાવ 'અલસ' - આળસુ 'પ્રમાદ કલિત' - પ્રમાદયુક્ત કેમ થાય છે ? કારણકે કષાયભર ગૌરવને લીધે 'અલસતા' - આળસપણું એ પ્રમાદ છે - 'कषायभर गौरवादलसता प्रमादो यतः', અર્થાત્ કોઈ કહેશે કે અમને શુદ્ધભાવ તો છે પણ આળસ થાય છે, ત્યારે આચાર્યજી કહે છે કે તમારી તે 'અલસતા' - આળસુપણું કષાયભરના ગૌરવથી - ભારીપણા થકી છે ને તે 'અલસતા' - સ્વરૂપથી પ્રમત્ત થવા રૂપ પ્રમાદ જ છે, અર્થાત્ તેમને કષાય છે કે નહિ ? જો કષાય છે તો કષાયભરના ગૌરવથી - ભારીપણા થકી તમારી અલસતા - આળસુપણું તે પ્રમાદ છે, જેમ ખીર-ખાંડ-ઘૃત વગેરે મિશ્રિત ભારી અન્ન ખૂબ ખાઈ કોઈ આળસુ બની જાય, તેવો આ ભારી કષાયભારથી ઉપજતો આ આળસ રૂપ પ્રમાદ છે, સ્વરૂપથી પ્રમત્ત થવા રૂપ પ્રમત્ત ભાવ જ છે, તો તમારો શુદ્ધ ભાવ ક્યાં રહ્યો ? શુદ્ધ ભાવ તો અલસતા ત્યજી - પ્રમાદ ત્યજી સ્વરૂપમાં અપ્રમત્ત જ

રહો તો થાય. આ પરથી શું સાર બોધ ફલિત થાય છે ? શુદ્ધતા કેમ થાય ? 'अतः स्वरसनिर्भरो नियमितः स्वभावे भवन्मुनिः' - એટલા માટે 'સ્વરસ નિર્ભર' - સ્વરસથી પૂર્ણ સ્વભાવમાં 'નિયમિત' - નિયત વૃત્તિ રૂપ થતો - નિયતપણે વર્ત્તતો મુનિ પરમ શુદ્ધતાને પામે છે અને 'અચિરથી' - થોડા જ વખતમાં મૂકાય છે - મુક્ત થાય છે - 'परमशुद्धतां व्रजति मुच्यते वाचिरात्', અર્થાત્ જ્યાં પરભાવ - વિભાવનું પરમાણુમાત્ર પણ સમયમાત્ર પણ ભરાઈ શકે એમ નથી એવા 'સ્વરસ નિર્ભર' - સ્વરસ પરિપૂર્ણ સ્વરસથી ઠાંસી ઠાંસીને સારી પેઠે ભરેલા સ્વભાવમાં જ નિશ્ચય વૃત્તિથી નિયમિત વર્ત્તે તો તેમ વર્ત્તતાં તે 'મુનિ' - ખરેખરો જ્ઞાની શ્રમણ 'પરમ શુદ્ધતા' - જ્યાં પરમાણુ માત્ર પણ અશુદ્ધિનો સમય માત્ર પણ અવકાશ નથી એવી પરમોત્કૃષ્ટ શુદ્ધતાને પામે અને શીઘ્ર જ મુક્ત થઈ જાય. આ મોક્ષમાર્ગનો પરમ રહસ્યપૂર્ણ અખંડ નિશ્ચય સિદ્ધાંત છે કે શુદ્ધ સ્વભાવમાં સુસ્થિરપણે નિયતવૃત્તિપણે વર્ત્તે તો સિદ્ધ થાય इति सिद्धं ।

## આકૃતિ



સમયસાર કળશ (૧૨) સંગીત કરે છે -

शार्दूलविक्रीडित

**त्यक्त्वाऽशुद्धिविधायि तत्किल परद्रव्यं समग्रं स्वयं,**
**स्वे द्रव्ये रतिमेति यः स नियतं सर्वापराधच्युतः ।**
**बंधध्वंसमुपेत्य नित्यमुदितः स्वज्योतिरच्छोच्चल -**
**चैतन्यामृतपूरपूर्णमहिमा शुद्धो भवन्मुच्यते ॥१९१॥**

ત્યાગી સર્વ અશુદ્ધિકારિ જ પરદ્રવ્યં સમગ્ર સ્વયં,
સ્વે દ્રવ્યે રતિ જે લહે નિયત તે સર્વાપરાધચ્યુતો;
બંધ ધ્વંસ જ પામી નિત્ય મુદિતો સ્વજ્યોતિ અચ્છ ઉછળતા,
ચૈતન્યામૃત પૂર પૂર્ણ મહિમા મૂકાય શુદ્ધો થતો. ૧૯૧


## અમૃત પદ - ૧૯૧

'દુઃખ દોહગ દૂરે ટળ્યા રે સુખ સંપદ શું ભેટ...' એ રાગ

ચૈતન્યામૃત પૂર મગ્ન તે રે, શુદ્ધ હોતો જ મૂકાય,
પરદ્રવ્ય ત્યજી રતિ ધારતો રે, સ્વદ્રવ્યમાં જ સદાય...
રે ચેતન શુદ્ધ હોતો જ મૂકાય... ચૈતન્યામૃત પૂર મગ્ન તે રે. ૧
અશુદ્ધિ કારિ પરદ્રવ્યને રે, ત્યજી સ્વયં જ સમગ્ર,
સ્વદ્રવ્યે રતિ જે પામતો રે, ચેતતો તે એક અગ્ર... રે ચેતન શુદ્ધ હોતો જ મૂકાય. ચૈ. ૨
તે સર્વ જ અપરાધથી રે, નિયત થયેલો ચ્યુત,
બંધ ધ્વંસને પામીને રે, નિત્ય મુદિત અદ્ભુત... રે ચેતન શુદ્ધ હોતો જ મૂકાય. ચૈ. ૩
આત્મ 'અમૃત' જ્યોતિ થકી રે, અચ્છ અતિ ઉચ્ચલંત,
ચૈતન્ય 'અમૃત' પૂરથી રે, પૂર્ણ તે મહિમાવંત... રે ચેતન શુદ્ધ હોતો જ મૂકાય. ચૈ. ૪
એવો શુદ્ધોપયોગે સ્થિતો રે, શુદ્ધ હોતો જ મૂકાય,
ભગવાન અમૃત તે વદે રે, શુદ્ધોપયોગી મુનિરાય... રે ચેતન શુદ્ધ હોતો જ મૂકાય. ચૈ. ૫

**અર્થ** - અશુદ્ધિ કરનારૂં એવું તે ખરેખર ! પરદ્રવ્ય સમગ્ર સ્વયં ત્યજી દઈને, જે સ્વ દ્રવ્યમાં રતિ પામે છે, તે નિયતપણે સર્વ અપરાધથી ચ્યુત થયેલો બંધધ્વંસને પામી, નિત્ય મુદિત (નિત્યં ઉદિત) સ્વ જ્યોતિમાંથી સ્વચ્છ ઉછળતા - ઉચ્ચલતા (નીકળતા) ચૈતન્ય 'અમૃત' પૂરથી પૂર્ણ મહિમાવંતો શુદ્ધ હોતો મૂકાય છે - મુક્ત થાય છે. ૧૯૧

આકૃતિ



## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"*** અશરીરી ભાવપણે આત્મસ્થિતિ છે તો તે ભાવનયે ચરમ શરીરીપણું નહીં પણ સિદ્ધપણું છે અને તે અશરીરી ભાવ આ કાળને વિષે નથી એમ અત્રે કહીએ તો આ કાળમાં અમે પોતે નથી એમ કહેવા તુલ્ય છે."

"અન-અવકાશ એવું આત્મસ્વરૂપ વર્ત્તે છે."

"અત્રે **આત્માકારતા** વર્ત્તે છે. આત્માનું આત્મ સ્વરૂપ રૂપે પરિણામનું હોવાપણું તે આત્માકારતા કહિયે છૈયે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૩૭, ૩૨૨, ૩૬૮**

પરમ આત્મભાવનાથી ભાવિતાત્મા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** આત્મા કેવા વિધાનથી શુદ્ધ થઈ મુક્ત થાય છે તે સમગ્ર મોક્ષમાર્ગ વિધિ પંચરત્ન કળશ મધ્યેના આ ચતુર્થ કળશ - રત્નમાં પરમ ભાવવાહી શાર્દૂલવિક્રીડિતથી લલકાર્યો છે - 'त्यक्त्वाऽशुद्धिविधायि तत्किल परद्रव्यं समग्रं स्वयं' તે ખરેખર ! નિશ્ચયે કરીને પ્રગટપણે **'અશુદ્ધિ વિધાયિ'** - અશુદ્ધિ કરનારા - દ્રવ્યકર્મ - ભાવકર્મ - નોકર્મ પરદ્રવ્યને - **'સમગ્રને'** - સમસ્તને (whole packet) **સ્વયં'** - આપોઆપ ત્યજી દઈને, **'સ્વદ્રવ્યમાં'** - આત્મદ્રવ્યમાં જે **'રતિ'** - સુખચેન - રમણતા પામે છે - 'स्वे द्रव्ये रतिमेति यः', તે **નિયતપણે** - **નિશ્ચયે** કરીને સર્વ અપરાધથી **'ચ્યુત થયેલો'** - ભ્રષ્ટ થયેલો - 'स नियतं सर्वापराधच्युतः', બંધ ધ્વંસને - બંધના સર્વનાશને પામી - 'बंधध्वंसमुपेत्य', **'નિત્યમુદિત'** થયેલો - **નિત્ય આનંદમય** - 'नित्यमुदितो', નિત્ય **'ઉદિત'** - 'नित्यं उदित' - **સ્વજ્યોતિમાંથિ અચ્છ** - ઉછળતા - **'ઉચ્ચલતા'** - અત્યંતપણે ચાલતા - પ્રવહતા ચૈતન્ય **'અમૃત'** પૂરથી પૂર્ણ મહિમાવાળો - 'नित्यमुदितस्वज्योतिरच्छोच्चलच्चैतन्यामृतपूरपूर्ण महिमा' - **શુદ્ધ થતો - હોતો - મૂકાય છે** - 'शुद्धो भवन् मुच्यते ।' અત્ર આ સ્પષ્ટ વિધિ ક્રમ છે - (૧) પ્રથમ તો અશુદ્ધિનું કરનારૂં એવું પરદ્રવ્ય સમગ્ર જ ત્યજી દીએ, પરદ્રવ્યનો પરિપૂર્ણ ત્યાગ કરે, પ્રવચન સારમાં કહ્યા પ્રમાણે 'समणा छंडिया सव्वं' - શ્રમણો સર્વ છાંડી દ્યે, તેમ કરે. (૨) સ્વદ્રવ્યમાં જ રતિ - સુખ - રમણતા પામે. (૩) એટલે પરદ્રવ્યગ્રહણ રૂપ સર્વ અપરાધથી ચ્યુત થયેલો તે બંધ ધ્વંસને - બંધના સર્વનાશને પામે. (૪) એટલે નિત્ય મુદિત - સદા પરમાનંદ નિમગ્ન તેને નિરાવરણ થયેલી આત્મજ્યોતિ 'નિત્ય ઉદિત' થાય - સદોદિતપણે ઝળહળે અને તેનો નિર્મલ પ્રવહતા ચૈતન્ય **'અમૃત'** પૂરનો પૂર્ણ મહિમા ઉલ્લસે. (૫) આમ તે શુદ્ધ હોતો મુક્ત થાય.

સમયસાર (૧૩) લલકારે છે -

मंदाक्रांता

**बंधच्छेदात्कलयदतुलं मोक्षमक्षय्यमेत -**
**न्नित्योद्योतस्फुटितसहजावस्थमेकांतशुद्धं ।**
**एकाकारस्वरसभरतोऽत्यंतगंभीरधीरं,**
**पूर्णं ज्ञानं ज्वलितमचले स्वस्य लीनं महिम्नि ॥१९२॥**


બંધચ્છેદે અતુલ કળતું મોક્ષ અક્ષય્ય,
નિત્યોદ્યોત સ્ફુટિત સહજાવસ્થ એકાંત શુદ્ધ;
એકાકાર સ્વરસભરથી અત્યંત ગંભીર ધીર,
પૂર્ણ જ્ઞાન જ્વલિત અચલે સ્વે મહિમ્નમાંહિ લીન. ૧૯૨

## અમૃત પદ - ૧૯૨

પૂર્ણ જ્ઞાન જ્વલિત આ એવું, મોક્ષ અક્ષયને કળતું,
મોક્ષ અક્ષયને કળતું એવું, પૂર્ણ જ્ઞાન ઝળહળતું... પૂર્ણ જ્ઞાન. ૧
અચળ મહિમામહિં આત્માના, લીન થયેલું ન ચળતું,
બંધછેદથી મોક્ષ અક્ષયને, અતુલને જે કળતું... પૂર્ણ જ્ઞાન. ૨
નિત્ય ઉદ્યોત જે સ્ફુટિત થયેલી, સહજ અવસ્થા ધરતું,
પરમાણુય ન અશુદ્ધિ એવું, એકાંત શુદ્ધ ન ઠરતું... પૂર્ણ જ્ઞાન. ૩
એકાકાર સ્વરસભરથી જે, ગંભીર ધીર અતિ ઠરતું,
સ્વના અચલ મહિમામાં લીનું, પૂર્ણ જ્ઞાન ઝળહળતું... પૂર્ણ જ્ઞાન. ૪
પૂર્ણ જ્ઞાન જ્વલિત આ એવું, મોક્ષ અક્ષયને કળતું,
ભગવાન આ અમૃત આત્માના, સહજાત્મસ્વરૂપે ભળતું... પૂર્ણ જ્ઞાન. ૫

**અર્થ** - બંધ છેદ થકી અતુલ અક્ષય મોક્ષને કળતું (અનુભવતું) એવું આ નિત્યોદ્યોત સ્ફુટિત (સ્ફુટ થયેલી) સહજ અવસ્થાવાળું એકાંત શુદ્ધ, એકાકાર સ્વરસભરથી અત્યંત ગંભીર ધીર પૂર્ણ જ્ઞાન સ્વના અચલ મહિમામાં લીન થયેલું જ્વલિત થયું (ઝળહળી રહ્યું). ૧૯૨

આકૃતિ



## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સહજ સ્વરૂપે જીવની સ્થિતિ થવી તેને શ્રી વીતરાગ મોક્ષ કહે છે.''

''** પણ મોક્ષ તો કેવળ અમને નિકટપણે વર્ત્તે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૦૯, ૩૯૮**

આ અધિકારનો ઉપસંહાર કરતા પંચકળશ રૂપ પંચરત્ન મધ્યેના આ પંચમ કળશરત્નમાં **પરમ ભાવિતાત્મા જીવન્મુક્ત પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** મોક્ષનું તાત્ત્વિક સ્વરૂપ દર્શાવી, પરમ ભાવોલ્લાસથી સાક્ષાત્ મોક્ષરૂપ પૂર્ણ જ્ઞાનજ્યોતિનો મહામહિમા ઉત્કીર્ત્તન કર્યો છે - बंधच्छेदात् कलयदतुलं मोक्षमक्षय्यमेतद् - **'બંધ છેદ થકી'** - બંધના છેદાવા થકી 'અતુલ' - જેની તુલના ન થઈ શકે અને કદી પણ ક્ષય ન પામે એવો **'અક્ષય' મોક્ષ** 'કળતું' - સાક્ષાત્ અનુભવતું - સાક્ષાત્ કરતું એવું 'આ' - પ્રત્યક્ષ અનુભવાતું 'અક્ષય' - કદી પણ ક્ષય ન પામતું અક્ષયનિધિ જેવું **પૂર્ણ જ્ઞાન** 'સ્વના' - પોતાના - આત્માના અચલ મહિમામાં લીન થયેલું 'જ્વલિત થયું' - ઉગ્ર સ્વરૂપ તેજે ઝળહળી રહ્યું, 'पूर्णं ज्ञानं ज्वलितमचले स्वस्य लीनं महिम्नि ।' કેવું છે આ અક્ષય જ્ઞાન ? 'નિત્યોદ્યોત' - નિત્ય ઉદ્યોત છે જેનો એવી 'સ્ફુટિત' - સ્ફુટ થયેલી - ફૂટી નીકળેલી 'સહજ' - સ્વભાવભૂત અવસ્થાવાળું - **'સહજાત્મસ્વરૂપ'** દશાને પામેલું એકાંત શુદ્ધ એવું - 'नित्योद्योतस्फुटितसहजावस्थमेकांतशुद्धं', અત એવ 'એકાકાર' - એક આકારવાળા સ્વરસભરથી અત્યંત ગંભીર ધીર એવું - 'एकाकार स्वरसभरतोऽत्यंत गंभीरधीरं । જય અક્ષય મોક્ષ ! જય અક્ષય જ્ઞાન !

॥ इति मोक्षो निष्क्रांतः ॥

**॥ इति श्रीमद् अमृतचंद्रसूरि विरचितायां समयसारव्याख्यायामात्मख्यातौ मोक्षप्ररूपकः अष्टमोऽकः ॥८॥**

**॥ इति भगवती 'आत्मख्याति' उपरि डॉ. भगवानदास कृत 'अमृत ज्योति' महाभाष्ये मोक्षप्ररूपकः अष्टमः अधिकारः ॥८॥**

# ॥ अथ सर्वविशुद्ध ज्ञानाधिकारः ॥९॥

## સમયસાર વ્યાખ્યા 'આત્મખ્યાતિ'માં

## સર્વ વિશુદ્ધ જ્ઞાન પ્રરૂપક

## નવમો અંક

अथ प्रविशति सर्वविशुद्धं ज्ञानं - હવે સર્વ વિશુદ્ધ જ્ઞાન પ્રવેશે છે.

આમ આ અધ્યાત્મ પરમ શાંત સુધારસમય અધ્યાત્મ મહાનાટકમાં **'મોક્ષ'** નામક આઠમો અંક પૂર્ણ થયા પછી, હવે મોક્ષના ઉપાયભૂત અને સાક્ષાત્ મોક્ષભૂત એવો આ **'સર્વ વિશુદ્ધ જ્ઞાન'** નામક નવમો અંક પ્રારંભાય છે. તેમાં જ્યાં જ્ઞાન સિવાય બીજો કોઈ પણ ભાવ નથી એવા સર્વથા શુદ્ધ એક 'અદ્વૈત' 'સર્વ વિશુદ્ધ જ્ઞાન' નામના પરમ પાત્રને પ્રવેશ કરાવતાં મહાઅધ્યાત્મ નાટ્યકાર પરમ સત્ કવીશ્વર **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** આ અધિકારના સારભૂત સર્વ વિશુદ્ધ જ્ઞાનનું તાદૃશ્ય ચિત્ર રજૂ કરતું અને પોતાની પરમ પ્રિય તે **પરં જ્ઞાનજ્યોતિનો** મહા મહિમા આવિષ્કૃત કરતું આ મંગલ **સમયસાર કળશ કાવ્ય** (૧) લલકારી આ અંકનું મંગલ ઉદ્‌ઘાટન કરે છે -

मंदाक्रांता

**'नीत्वा सम्यक् प्रलयमखिलान् कर्तृभोक्तादिभावान्,**
**दूरीभूतः प्रतिपदमयं बंधमोक्षप्रक्लृप्तेः ।**
**शुद्धः शुद्धः स्वरसविसरापूर्णपुण्याचलार्चि-**
**ष्टंकोत्कीर्णप्रकटमहिमा स्फूर्जति ज्ञानपुंजः ॥१९३॥**

લૈ જૈ સમ્યક્ પ્રલય સઘળા કર્તૃ ભોક્તાદિ ભાવો
બંધાદિના પ્રતિપદ જ અખિલ આ કલ્પને દૂર થાવે
શુદ્ધો શુદ્ધો સ્વરસ પૂરણો પુણ્યો સ્થિર જ્યોતિમંતો,
ટંકોત્કીર્ણ પ્રકટ મહિમા જ્ઞાનપુંજ સ્ફુરંતો. ૧૯૩

### અમૃત પદ - ૧૯૩

જ્ઞાનપુંજ ઝગારા મારે... જ્ઞાનપુંજ ઝગારા મારે...
સમ્યક્ પ્રલય પમાડી સઘળા, કર્તા ભોક્તાદિ ભાવો પ્રબળા,
બંધ મોક્ષ કલ્પના ચૂરી, પ્રતિ પદે થયેલો દૂરી... જ્ઞાનપુંજ ઝગારા મારે. ૧
શુદ્ધ શુદ્ધ આ સકલ પ્રદેશે, પ્રતિપદ બુદ્ધ અમૃત ગવેષે,
સ્વરસ વિસરે પૂરણ ભરિયો, પુણ્ય અચલ જ્યોતિ જે ઠરિયો... જ્ઞાનપુંજ. ૨
ટંકોત્કીર્ણ અમૃત રસ મહિમા, અહો ! પ્રકટ રહ્યો આ મહીમાં,
જ્ઞાનપુંજ સ્ફૂર્જતો એવો, કહે ભગવાન અમૃત દેવો... જ્ઞાનપુંજ. ૩

**અર્થ** - કર્તા - ભોક્તા આદિ અખિલ (સર્વ) ભાવોને સમ્યક્‌પણે પ્રલય પમાડી, બંધ-મોક્ષ પ્રકલ્પનાઓથી પ્રતિપદે - પ્રત્યેક પદે દૂર થઈ ગયેલો એવો, આ સ્વરસ વિસરથી (પ્રસરથી - ફેલાવાથી) આપૂર્ણ એવી પુણ્ય અચલ છે જ્યોતિ જેની એવો - ટંકોત્કીર્ણ પ્રકટ મહિમાવાળો શુદ્ધ શુદ્ધ જ્ઞાનપુંજ સ્ફૂર્જે છે - ઝળહળપણે ઉગ્ર સ્ફુરે છે - ઝગારા મારે છે. ૧૯૩

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય (વિવેચન)

''શુદ્ધ બુદ્ધ ચૈતન્ય ઘન - સ્વયં જ્યોતિ સુખધામ;
બીજું કહિયે કેટલું, કર વિચાર તો પામ.''


**- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૧૭**

આ મંગલ કળશ કાવ્યમાં આ અંકમાં જે સર્વ વિશુદ્ધ જ્ઞાન સંબંધી કહેવાનું છે તેનું સારભૂત તત્ત્વ દર્શાવી દેવા સાથે જ્ઞાનજ્યોતિની મુક્ત કંઠે સ્તુતિ કરી છે - टंकोत्कीर्ण प्रकट महिमा स्फूर्जति ज्ञानपुंजः - આ ટંકોત્કીર્ણ પ્રકટ મહિમાવાળો શુદ્ધ શુદ્ધ - અતિ અતિ શુદ્ધ 'જ્ઞાનપુંજ' - જ્ઞાનરાશિ સ્ફૂર્જે રહ્યો છે - જાજ્વલ્યમાન પણે સ્ફુરી રહ્યો છે - ઝગારા મારી રહ્યો છે. કેવો છે આ જ્ઞાનપુંજ ? સ્વરસવિસરથી આપૂર્ણ પુણ્ય અચલ અચિંત્ય જ્યોતિ છે જેની એવું શુદ્ધ શુદ્ધ, 'शुद्धः शुद्धः स्वरसविसरापूर्ण पुण्या

**શુદ્ધ શુદ્ધ જ્ઞાનપુંજનો ઝગઝગાટ**

चलार्चिष् સ્વરસથી - પોતાના જ્ઞાનરસના વિસરથી - પ્રસરથી - ફેલાવથી આપૂર્ણ - પૂરેપૂરી ભરેલ પુણ્ય - પવિત્ર - પાવન અચલ - કદી ચલાયમાન ન થાય એવી અર્ચિષ્ - રશ્મિ જ્યોતિષ્ છે જેની એવો સર્વ પરભાવ - વિભાવની અશુદ્ધિથી રહિત, શુદ્ધ શુદ્ધ - અતિ અતિ શુદ્ધ એવો અને આ શુદ્ધ શુદ્ધ પણ કેવો છે ? અને ક્યારે હોય છે ? नीत्वा सम्यक् प्रलयमखिलान् कर्तृभोक्त्रादिभावान्- કર્તૃભોક્તા આદિ અખિલ - સમસ્ત ભાવોને સમ્યક્ પ્રલય પમાડી - સમ્યક્પણે - યથાર્થપણે - સાપેક્ષપણે ફરીથી ઊભા ન થવા પામે એમ અપુનર્ભાવથી પ્રલય - પ્રકૃષ્ટ લય - સર્વથા નાશ પમાડી, બંધ - મોક્ષની પ્રકલ્પનાઓથી પ્રતિપદે - પ્રત્યેક પદે - ડગલે ને પગલે દૂરીભૂત - દૂર થઈ ગયેલો એવો 'આ' - પ્રત્યક્ષ અનુભૂયમાન - दूरीभूतः प्रतिपदमयं बंधमोक्षप्रक्लृप्तैः ।

**આકૃતિ**

સ્વરસ પૂર્ણ અચલ જ્યોતિ  ટંકોત્કીર્ણ પ્રકટ મહિમા જ્ઞાનપુંજ

**બંધ મોક્ષની કલ્પનાઓથી દૂરીભૂત**

અર્થાત્ આત્મા અજ્ઞાન દશામાં અશુદ્ધ વિભાવ ભાવની અપેક્ષાએ કર્મનો કર્ત્તા-ભોક્તા ભલે હો, પણ શુદ્ધ જ્ઞાનદશામાં તો શુદ્ધ મૂલ આત્મસ્વભાવની અપેક્ષાએ આત્મા કર્મનો કર્ત્તા નથી અને ભોક્તા નથી, એટલે તેના બંધ - મોક્ષની કલ્પનાઓ પણ દૂર જ છે. આમ કર્ત્તાપણું - ભોક્તાપણું વગેરે સર્વ ભાવોને ફરીથી ઊભા ન થાય એમ સમ્યક્પણે પ્રલય પમાડી - સર્વથા ખતમ કરી, બંધ - મોક્ષની કલ્પનાઓથી પ્રતિપદે દૂર થઈ ગયેલો એવો આ શુદ્ધ શુદ્ધ જ્ઞાનપુંજ - જ્ઞાનરાશિ - શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મા સ્વરસ વિસરથી - શુદ્ધ ચૈતન્ય રસના વિસરથી - પ્રસરથી (Projections) પૂર્ણ પુણ્ય અચલ જ્યોતિ પ્રસારતો ઝગમગે છે અને આમ જ્યાં પરભાવ-વિભાવના પરમાણુ માત્રનો સમય માત્ર પણ પ્રવેશ નથી એવો આ શુદ્ધ શુદ્ધ ચૈતન્યરસ પૂર્ણ જ્યોતિષ્મંત જ્ઞાનપુંજનો ટંકોત્કીર્ણ પ્રકટ મહિમા છે, આરસ શિલામાં ટાંકણાથી કોતરેલ અક્ષર કદી ન ભૂંસાય અને એમ ને એમ જ સ્થિર અચલ રહે, તેમ આ જ્ઞાનપુંજ આત્માનો પ્રગટ મહિમા પણ ટંકોત્કીર્ણ - કદી પણ ન ભૂંસાય એવો - કદી પણ ચલાયમાન ન થાય એવો અક્ષર સુસ્થિર - શાશ્વત અમૃત છે.

અજ્ઞાનથી આત્મા કર્તા, તેના અભાવથી અકારક એવા ભાવનો **સમયસાર કળશ** (૨) પ્રકાશે છે -

**कर्तृत्वं न स्वभावोस्य, चितो वेदयितृत्ववत् ।**
**अज्ञानादेव कर्तायं, तदभावादकारकः ॥१९४॥**

ભોક્તૃત્વ જેમ કર્તૃત્વ, સ્વભાવ ચિતનો નથી;
અજ્ઞાનથી જ કર્ત્તા આ, અકર્ત્તા તદ્દ અભાવથી. ૧૯૪

## અમૃત પદ - ૧૯૪

રાગ - ઉપરના પદ પ્રમાણે

કર્ત્તાપણું સ્વભાવ ન ચિતનો, ભોક્તાપણું ન જ્યમ - એ રીતનો,
કર્ત્તા જીવ અજ્ઞાન પ્રભાવે, અકર્ત્તા અજ્ઞાન અભાવે... કર્ત્તાપણું. ૧
જ્ઞાની કર્ત્તા ન હોય સ્વભાવે, અજ્ઞાની કર્ત્તા હોય વિભાવે,
ભગવાન અમૃતની એ યુક્તિ, જે સમજે તે પામે મુક્તિ... કર્ત્તાપણું. ૨

**અર્થ** - કર્તૃત્વ, ભોક્તૃત્વની જેમ આ ચિત્‌નો સ્વભાવ નથી, અજ્ઞાન થકી જ આ કર્ત્તા છે, તેના અભાવથી અકારક-અકર્ત્તા છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ચેતન જો નિજ ભાનમાં, કર્ત્તા આપ સ્વભાવ;
વર્ત્તે નહિ નિજ ભાનમાં, કર્ત્તા કર્મ પ્રભાવ.''

**- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૭૮**

**કર્તૃત્વ આત્માનો સ્વભાવ નથી, અજ્ઞાનથી કર્ત્તા**

ઉપરના મંગલ શ્લોકમાં શુદ્ધ સ્વભાવની દૃષ્ટિએ શુદ્ધ જ્ઞાન જ આત્માનું સામાન્યપણે કર્ત્તા-ભોક્તા ભાવાદિથી રહિતપણું નિરૂપણ કર્યું, તેનું હવે વિશેષપણે સ્યાદ્‌વાદદૃષ્ટિએ અનેકાંત સિદ્ધાંતથી નિરૂપણ કરતાં પ્રથમ કર્ત્તાપણાની બા. માં અત્રે સ્પષ્ટીકરણ કર્યું છે, આત્મા જો શુદ્ધ સ્વભાવની અપેક્ષાએ કર્ત્તાદિ ભાવ રહિત છે, તે પછી તેના પ્રગટ દેખાતા બંધાદિ ભાવ કેમ છે ? તેનું સ્યાદ્‌વાદ યુક્તિ યુક્ત સમાધાન કર્યું છે - कर्तृत्वं न स्वभावोऽस्य, चितो वेदयितृत्ववद् - વેદયિતૃત્વવદ્ - ભોક્તાપણું જેમ આ ચિત્‌નો - ચૈતન્ય સ્વરૂપનો સ્વભાવ નથી, તેમ કર્તૃત્વ-કર્ત્તાપણું આ ચિત્‌નો સ્વભાવ નથી, अज्ञानादेव कर्ताऽयं तदभावादकारकः । અર્થાત્ કર્ત્તાપણું જો જીવનો સ્વભાવ હોય તો તે સ્વભાવ કદી ટાળ્યો ટળે નહિ, એટલે જીવ સદા કર્મ કર્યા જ કરે - તેને નિત્ય કર્તૃત્વનો પ્રસંગ આવે, ને તેનો કદી પણ મોક્ષ થાય નહિ, માટે કર્ત્તાપણું એ જીવનો સ્વભાવ નથી. પણ જ્યાં લગી અજ્ઞાન રૂપ વિભાવને લીધે જીવ વિભાવદશામાં વર્ત્તે છે - અજ્ઞાન ટળ્યું નથી ને જ્ઞાન મળ્યું નથી, ત્યાં લગી અજ્ઞાનને લીધે તે કર્ત્તા હોય છે. તે અજ્ઞાનમય વિભાવદશાનો અભાવ થઈ જ્ઞાનદશા પ્રાપ્ત થતાં - અજ્ઞાન ટળી જ્ઞાન મળે છે, ત્યારે અજ્ઞાનના અભાવને લીધે તે અકર્ત્તા હોય છે.

अथात्मनो ऽकर्तृत्वं दृष्टांतपुरस्समाख्याति -

હવે આત્માનું અકર્તાપણું દૃષ્ટાંતપૂર્વક આખ્યાન કરે છે -

**दवियं जं उप्पज्जइ गुणेहिं तं तेहिं जाणसु अणण्णं ।**
**जह कडयादीहिं दु पज्जएहिं कणयं अणण्णमिह ॥३०८॥**
**जीवस्साजीवस्स दु जे परिणामा दु देसिया सुत्ते ।**
**तं जीवमजीवं वा तेहिमणण्णं वियाणाहि ॥३०९॥**
**ण कुदोचि वि उप्पण्णो जह्मा कज्जं ण तेण सो आदा ।**
**उप्पादेदि ण किंचिवि कारणमवि तेण ण सो होइ ॥३१०॥**
**कम्मं पडुच्च कत्ता कत्तारं तह पडुच्च कम्माणि ।**
**उप्पंजंति य णियमा सिद्धी दु ण दीसए अण्णा ॥३११॥**

## સજ્ઝાય - દોહરા

દ્રવ્ય જે ઉપજે જે ગુણે, તેથી તે જાણ અનન્ય;
જ્યમ કડાદિ પર્યાયથી, કનક અહીં અનન્ય. ૩૦૮
જીવના અજીવના સૂત્રમાં, જે દર્શ્યા પરિણામ;
તેઓથી જીવ અજીવ વા, તે બે અનન્ય જાણ ! ૩૦૯
ન ક્યાંયથી ઉત્પન્ન તે, આત્મા ન તેથી કાજ;
ઉપજાવે ન કંઈ તેહથી, કારણ પણ તે ના જ. ૩૧૦
કર્મ આશ્રી કર્ત્તા અને, કર્ત્તા આશ્રી કર્મો ય;
ઉપજે નિયમથી નિશ્ચયે, સિદ્ધિ ન અન્ય દેખાય. ૩૧૧

**ગાથાર્થ** - જે દ્રવ્ય જે ગુણોથી ઉપજે છે, તેને તેઓથી (ગુણોથી) અનન્ય (અન્ય - જૂદું નહિ એવું) જાણ - જેમ સોનું અહીં કડા વગેરે પર્યાયોથી નિશ્ચયે કરીને અનન્ય છે તેમ. ૩૦૮

જીવના અને અજીવના જે પરિણામો સૂત્રમાં દર્શાવવામાં આવેલા છે, તેઓથી (પરિણામોથી) તે જીવને વા અજીવને અનન્ય જાણ ! ૩૦૯

કારણકે ક્યાંયથી પણ ઉત્પન્ન થયો નથી, તેથી તે આત્મા કાર્ય નથી, તે કંઈ પણ ઉપજાવતો નથી, તેથી તે કારણ પણ હોતો નથી. ૩૧૦

કર્મને આશ્રીને કર્ત્તા તથા કર્ત્તાને આશ્રીને કર્મો નિયમથી ઉપજે છે, પણ સિદ્ધિ અન્ય સિદ્ધિ નથી દેખવામાં આવતી. ૩૧૧

---

**आत्मभावना** -

यद् द्रव्यं गुणैः उत्पद्यते - **જે દ્રવ્ય (જે) ગુણોથી ઉપજે છે,** तत् तैः अनन्यत् जानीहि - **તેને તેઓથી (ગુણોથી) અનન્ય - અન્ય નહિ એવું જાણ,** यथा कनकं इह कटकादिभिःपर्यायैः अनन्यत् तु - **જેમ અહીં - આ લોકને વિષે કનક - સોનું** કટક આદિ - કડા વગેરે પર્યાયોથી નિશ્ચયે કરીને અનન્ય - **અભિન્ન છે તેમ.** ॥૩૦૮॥ जीवस्याजीवस्य तु ये परिणामास्तु सूत्रे दर्शिताः - **જીવના વા અજીવના જે પરિણામો નિશ્ચયે કરીને સૂત્રમાં દર્શાવવામાં આવેલા છે.** તે जीवम जीवं वा तैरनन्यं विजानीहि - **તે જીવ વા અજીવને તે (પરિણામોથી) અનન્ય - અન્ય નહિ એવો વિશેષે કરીને જાણ !** ॥૩૦૯॥

यस्मात् कुतश्चिदपि न उत्पन्नः - **કારણકે ક્યાંયથી પણ નથી ઉત્પન્ન થયો,** तेन स आत्मा न कार्यं - **તેથી તે આત્મા**

## आत्मख्याति टीका

अथात्मनो ऽकर्तृत्वं दृष्टांतपुरस्सरमाख्याति -

**द्रव्यं यदुत्पद्यते गुणैस्तत्तै र्जानीह्यनन्यत् ।**
**यथा कटकादिभिस्तु पर्यायैः कनकमनन्यदिह ॥३०८॥**

**जीवस्याजीवस्य तु ये परिणामास्तु दर्शिताः सूत्रे ।**
**ते जीवमजीवं वा तैरनन्यं विजानीहि ॥३०९॥**

**न कुतश्चिदप्युत्पन्नो यस्मात्कार्यं न तेन स आत्मा ।**
**उत्पादयति न किंचित्कारणमपि तेन न स भवति ॥३१०॥**

**कर्म प्रतीत्य कर्ता कर्तारं तथा प्रतीत्य कर्माणि ।**
**उत्पद्यंते च नियमात्सिद्धिस्तु न दृश्यतेऽन्या ॥३११॥**

जीवो हि तावत्क्रमनियमितात्मपरिणामैरुत्पद्यमानो जीव एव नाजीवः, एवमजीवोऽपि क्रमनियमितात्मपरिणामैरुत्पद्यमानोऽजीव एव न जीवः, सर्व**द्रव्याणां** स्व**परिणामैः सह तादात्म्यात् कंकणादिपरिणामैः कांचनवत्** एवं हि **जीवस्य** स्व**परिणामै**रुत्पद्यमानस्याप्य जीवेन सहकार्यकारण भावो न सिद्ध्यति, सर्वद्रव्याणां द्रव्यांतरेणोत्पाद्योत्पादकभावाभावात् । तदसिद्धौ चा जीवस्य जीवकर्तृत्वं न सिद्ध्यति, तदसिद्धौ च कर्तृकर्मयोरन्योन्यापेक्षसिद्धत्वात् जीवस्याजीवकर्तृत्वं न सिद्ध्यति, अतो जीवोऽकर्त्ता अवतिष्ठते ॥३०८॥३०९॥३१०॥३११॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

**પ્રથમ તો જીવ નિશ્ચયે કરીને ક્રમ નિયમિત આત્મપરિણામોથી ઉપજી રહેલો 'જીવ જ' - નહિ કે અજીવ, એમ અજીવ પણ ક્રમ નિયમિત આત્મપરિણામોથી ઉપજી રહેલો અજીવ જ છે - નહિ કે જીવ,**

---

**નથી કાર્ય**, किंचित् न उत्पादयति - **કિંચિત્** - **કંઈ નથી ઉપજાવતો**, तेन स कारणमपि न भवति - **તેથી તે કારણ પણ નથી હોતો.** ३१०॥ कर्म प्रतीत्य कर्ता - **કર્મને આશ્રીને કર્તા**, तथा कर्तारं प्रतीत्य कर्माणि च नियमात् उत्पद्यंते - **તથા કર્તાને આશ્રીને કર્મો નિયમથી ઉપજે છે**, सिद्धिस्तु अन्या न दृश्यते - **પણ સિદ્ધિ તો અન્ય - આથી જૂદા પ્રકારની નથી દેખવામાં આવતી** ॥३११॥ इति **गाथा** आत्मभावना ॥३०८-३११॥

जीवो हि तावत् - **પ્રથમ તો નિશ્ચયે કરીને જીવ**, क्रमनियमितात्मपरिणामैरुत्पद्यमानो - **ક્રમ નિયમિત - એક પછી એક એમ અનુક્રમે નિયમથી થતા આત્મ પરિણામોથી** - **પોતાના પરિણામોથી ઉપજી રહેલો**, जीव एव - **જીવ જ છે**, ना जीवः - **નહિ કે અજીવ**, एवमजीवोऽपि - **એમ અજીવ પણ**, क्रमनियमितात्मपरिणामैरुत्पद्यमानो - **ક્રમ નિયમિત - એક પછી એક એવા ક્રમના નિયમથી નિયમિતપણે થતા આત્મપરિણામોથી - પોતાના પરિણામોથી ઉપજી રહેલો**, अजीव एव - **અજીવ જ છે**, न जीवः - **નહિ કે જીવ. આમ શાને લીધે ?** सर्वद्रव्याणां स्वपरिणामैः सह तादात्म्यात् - **સર્વ દ્રવ્યોના સ્વપરિણામો - પોતાના પરિણામો સાથે તાદાત્મ્યને લીધે - અનન્યપણા રૂપ તાદાત્મકપણાને લીધે. કોની જેમ ?** कंकणादिपरिणामैः कांचनवत् - **કંકણાદિ પરિણામો સાથે કાંચન - સુવર્ણની જેમ. આ ઉપરથી શું ફલિત થાય છે ?** -

एवं हि जीवस्य स्वपरिणामैरुत्पद्यमानस्यापि - **એમ નિશ્ચયે કરીને જીવનો સ્વપરિણામોથી ઉપજી રહેલ એવાનો પણ** अजीवेन सह कार्यकारणभावो न सिद्ध्यति - **અજીવની સાથે કાર્ય-કારણ ભાવ નથી સિદ્ધ થતો, શાને લીધે ?** सर्वद्रव्याणां द्रव्यांतरेणोत्पाद्योत्पादकभावाभावात् - **સર્વ દ્રવ્યોના દ્રવ્યાંતર સાથે - અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય - ઉત્પાદક ભાવના અભાવને લીધે, ઉત્પાદ્ય - ઉપજાવા યોગ્ય અને ઉત્પાદક - ઉપજાવનાર ભાવના નહિ હોવાપણાને લીધે. આ ઉપરથી શું ફલિત થાય છે ?**

तदसिद्धौ च - **અને તેની - કાર્યકારણ ભાવની અસિદ્ધિ સતે**, अजीवस्य जीवकर्मत्वं न सिद्ध्यति - **અજીવનું**

**સર્વ દ્રવ્યોનું સ્વ પરિણામો સાથે તાદાત્મ્ય છે માટે, કંકણાદિ પરિણામો સાથે કાંચનની જેમ** એમ નિશ્ચયે કરીને **જીવનો - સ્વપરિણામોથી** ઉપજી રહેલાનો પણ - અજીવની સાથે કાર્યકારણ ભાવ સિદ્ધ થતો નથી - સર્વ દ્રવ્યોને દ્રવ્યાંતર સાથે છે, ઉત્પાદ્ય - ઉત્પાદક ભાવનો અભાવ છે માટે.

અને તેની (અજીવ સાથે કાર્યકારણ ભાવની) અસિદ્ધિ સતે અજીવનું જીવકર્મપણું સિદ્ધ થતું નથી અને તેની અસિદ્ધિ સતે કર્ત્તા-કર્મના અન્યોન્યાપેક્ષ અનેક સાપેક્ષ સિદ્ધપણાને લીધે જીવનું અજીવકર્તૃપણું સિદ્ધ થતું નથી, એથી કરીને જીવ અકર્ત્તા અવસ્થિત રહે છે. ૩૦૮ – ૩૧૧

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;
કોઈ કોઈ પલટે નહિ, છોડી આપ સ્વભાવ.
જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ;
પ્રગટ અનુભવ રૂપ છે, સંશય એમાં કેમ ?''

**- પરમતત્ત્વદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી, (૨૨૬), ૨૬૬**

''અહો ! શ્રી સુમતિ જિન, શુદ્ધતા તાહરી,
સ્વગુણ પર્યાય પરિણામ રામી.'' શ્રી દેવચંદ્રજી

અત્રે આત્માનું અકર્ત્તાપણું દૃષ્ટાંતપૂર્વક પ્રકાશ્યું છે અને તેનું તલસ્પર્શી મીમાંસન **આચાર્યવર્ય અમૃતચંદ્રજીએ** પોતાની અનુપમ લાક્ષણિક શૈલીમાં પ્રદર્શિત કર્યું છે - પ્રથમ તો નિશ્ચયે કરીને જીવ **ક્રમનિયમિત આત્મપરિણામોથી** - 'क्रमनियमितात्मपरिणामैः' એટલે કે એક પછી એક એમ અનુક્રમે નિયમથી ઉપજતા **આત્મપરિણામોથી** - પોતાના નિજ પરિણામોથી ઉપજી રહેલો છે જીવ જ છે - નહિ કે અજીવ, 'जीव एव नाजीवः' એમ અજીવ પણ ક્રમનિયમિત આત્મપરિણામોથી - 'क्रमनियमितात्मपरिणामैः' એક પછી એક એમ અનુક્રમે નિયમથી ઉપજતા નહિ કે જીવ, 'अजीव एव ना जीवः' - આમ જીવ-અજીવની સ્વતંત્ર વ્યવસ્થા શાને લીધે ? **સર્વદ્રવ્યોના સ્વ પરિણામો સાથે** - પોતાના નિજ પરિણામો સાથે તાદાત્મ્યને લીધે, અનન્યપણારૂપ તાદાત્મ્યકપણાને લીધે सर्वद्रव्याणां स्वपरिणामैः सह तादात्म्यात् કોની જેમ ? કંકણાદિ પરિણામો સાથે કાંચન-સુવર્ણની જેમ. એમ નિશ્ચયે કરીને **જીવનો સ્વપરિણામોથી** ઉપજી રહેલ એવાનો પણ અજીવની સાથે કાર્યકારણ ભાવ નથી સિદ્ધ થતો. શાને લીધે ? સર્વ દ્રવ્યોના દ્રવ્યાંતર સાથે - અન્ય દ્રવ્ય સાથે ઉત્પાદ્ય - ઉત્પાદક ભાવના અભાવને લીધે, ઉત્પાદ્ય - ઉપજાવા યોગ્ય અને ઉત્પાદક - ઉપજાવનાર ભાવના નહિ હોવાપણાને લીધે - सर्वद्रव्याणां द्रव्यांतरेणोत्पाद्योत्पादकभावाभावात् । અને આમ જીવના અજીવની સાથે કાર્યકારણ ભાવને અસિદ્ધિ સતે શું ફલિત થાય છે ? અજીવનું જીવકર્મપણું નથી સિદ્ધ થતું - अजीवस्य जीवकर्मत्वं न सिद्ध्यति અને તેની - અજીવના જીવકર્મપણાની અસિદ્ધિ સતે, જીવનું અજીવકર્તૃપણું નથી સિદ્ધ થતું - जीवस्य अजीवकर्तृत्वं न सिद्ध्यति, આમ શાને લીધે ? कर्तृकर्मणोरन्योन्यापेक्ष-सिद्धत्वात् - કર્તા-કર્મના અનન્ય અન્યોન - એકબીજાની અપેક્ષાએ સિદ્ધપણાને લીધે, અર્થાત્ કર્મની અપેક્ષાએ કર્ત્તાનું સિદ્ધપણું ને કર્ત્તાની અપેક્ષાએ કર્મનું સિદ્ધપણું એમ એકબીજાના સાપેક્ષપણે સિદ્ધપણાને લીધે. આ સર્વ પરથી શું સિદ્ધ થયું ? એથી કરીને જીવ અકર્ત્તા અવતિષ્ઠે છે - અવસ્થિત

---

જીવ-કર્મપણું નથી સિદ્ધ થતું, तदसिद्धौ च - અને તેની - અજીવના જીવ કર્મપણાની અસિદ્ધિ સતે, जीवस्य अजीवकर्तृत्वं न सिद्ध्यति - જીવનું અજીવ - કર્તૃપણું નથી સિદ્ધ થતું, શાને લીધે ? कर्तृकर्मणोरनन्यापेक्षसिद्धत्वात् - કર્તા - કર્મના અનન્યાપેક્ષ સિદ્ધપણાને લીધે, કર્તા - કર્મનું અન્યોન્ય અપેક્ષાએ સિદ્ધપણાને લીધે, એક બીજાની અપેક્ષાએ સિદ્ધપણાને લીધે. આ સર્વ ઉપરથી શું સિદ્ધ થયું ? अतो जीवोऽकर्ता अवतिष्ठते - એથી કરીને જીવ અકર્તા અવતિષ્ઠે છે - અવસ્થિત રહે છે. इति **'आत्मख्याति'** आत्मभावना ॥३०८॥३०९॥३१०॥३११॥

રહે છે, 'અવ' - જેમ છે તેમ સ્વરૂપ મર્યાદાથી સ્થિત રહે છે - अतो जीवोऽकर्त्ता अवतिष्ठते । **અમૃતચંદ્રજીની** આ પરમ તત્ત્વગંભીર વ્યાખ્યાનો હવે વિશેષ વિચાર કરીએ.


જીવ નિશ્ચયે કરીને ક્રમનિયમિત આત્મપરિણામોથી ઉપજી રહેલો જીવ જ છે - નહિ કે અજીવ, એમ અજીવ પણ ક્રમનિયમિત આત્મપરિણામોથી ઉપજી રહેલો અજીવ જ છે - નહિ કે જીવ. અર્થાત્ એક પછી બીજો એમ સમયે સમયે અનુક્રમે થતા પર્યાયના ક્રમથી (In order, in regular sequence) જે નિયમિત છે એવા **'આત્મપરિણામોથી'** - જીવના પોતાના નિજ પરિણામોથી ઉપજતો જીવ જીવ જ છે, અજીવ નથી; તેમજ અજીવ પણ એક પછી એક એમ ઉપજતા ક્રમથી જે નિયમિત છે એવા **'આત્મપરિણામોથી'** - અજીવના પોતાના નિજ પરિણામોથી ઉપજતો અજીવ જ છે, જીવ નથી. આમ જીવના અનુક્રમે ઉપજતા ત્રણે કાળના પરિણામો તપાસીએ તો તે જીવરૂપ જ છે, અજીવરૂપ નહિ અને અજીવના અનુક્રમે ઉપજતા ત્રણે કાળનાં પરિણામો તપાસીએ તો તે અજીવરૂપ જ છે, જીવરૂપ નહિં. કારણકે સર્વ દ્રવ્યોનું 'સ્વ પરિણામો' સાથે - પોતપોતાના પરિણામો સાથે તાદાત્મ્ય છે - કંકણાદિ પરિણામો સાથે કાંચનનું જેમ તાદાત્મ્ય છે તેમ. અર્થાત્ સોનાનું જેમ કડા વગેરે પોતાના પરિણામો સાથે વ્યાપ્ય-વ્યાપક સંબંધને લીધે તાદાત્મ્ય છે, તેમ જીવનું કે અજીવનું પોતપોતાના જ પરિણામો સાથે વ્યાપ્ય-વ્યાપક સંબંધના હોવાપણાને લીધે તાદાત્મ્ય છે - અનન્યપણા રૂપ તાદાત્મકપણું (Identity) છે.

આમ જીવ જે સ્વ પરિણામોથી જ ઉપજી રહ્યો છે, તેનો અજીવની સાથે કાર્યકારણ ભાવ સિદ્ધ થતો નથી, અર્થાત્ જીવ અજીવનું કાર્ય નથી કે કારણ નથી, તેમજ અજીવ જીવનું કાર્ય નથી કે કારણ નથી. કારણકે કોઈ પણ દ્રવ્ય કોઈ પણ બીજા દ્રવ્યથી ઉપજાવી શકાવા યોગ્ય નથી, તેમજ કોઈ પણ દ્રવ્ય બીજા દ્રવ્યને ઉપજાવી શકવા યોગ્ય નથી. આમ સર્વ દ્રવ્યોને દ્રવ્યાંતરથી સાથે ઉત્પાદ્ય - ઉત્પાદક ભાવનો અભાવ છે, તેથી જીવ-અજીવના કાર્યકારણ ભાવની અસિદ્ધિ છે, એટલે અજીવનું જીવકર્મપણું સિદ્ધ થતું નથી અને આમ અજીવનું જીવકર્મપણું સિદ્ધ થતું નથી, એટલે કર્ત્તાને લઈને કર્મ ને કર્મને લઈને કર્ત્તા, એમ કર્ત્તા-કર્મના અન્યોન્યાપેક્ષ સિદ્ધપણાને લીધે, જીવનું અજીવ કર્ત્તાપણું સિદ્ધ થતું નથી. અર્થાત્ અજીવ-કર્મ પુદ્‌ગલમય દ્રવ્યકર્મ જીવનું કર્મ સિદ્ધ થતું નથી અને જીવ અજીવ-કર્મનો પુદ્‌ગલમય દ્રવ્યકર્મનો કર્ત્તા સિદ્ધ થતો નથી. આમ અજીવ જીવનું કર્મ નથી ને જીવ અજીવનો કર્ત્તા નથી, એટલે જીવ-અજીવ વચ્ચે કર્ત્તા-કર્મ સંબંધ છે નહિ, એટલે જીવ અકર્ત્તા અવસ્થિત રહે છે - સ્વરૂપ મર્યાદાથી સ્થિત રહે છે.

આ ઉપરથી પરમતત્ત્વ દૃષ્ટા પરમર્ષિ **અમૃતચંદ્રાચાર્યજીએ** ગર્ભિતપણે એ તાત્પર્ય દર્શાવ્યું છે કે - ચેતન એવું જીવ દ્રવ્ય અને અચેતન એવું અજીવ દ્રવ્ય એ બન્ને પ્રગટ ભિન્ન છે. તેમજ - જીવના અનુક્રમે ઉપજતા - ક્રમનિયમિત આત્મપરિણામો જીવ જ છે અને અજીવના પણ અનુક્રમે જ ઉપજતા - ક્રમનિયમિત આત્મપરિણામો અજીવ જ છે. અર્થાત્ **પરમ આત્મદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીએ** સ્વયંભૂ આત્માનુભવોદ્‌ગાર રૂપે કહ્યું છે તેમ જડ જડભાવે જ પરિણમે છે અને ચેતન ચેતન ભાવે જ પરિણમે છે, કોઈ કોઈ પોતપોતાનો સ્વભાવ છોડી પલટતું નથી. જડ ચેતન બનતું નથી ને ચેતન જડ બનતું નથી, પણ જડ તે ત્રણે કાળમાં જડ જ છે ને ચેતન તે ત્રણે કાળમાં ચેતન જ છે, આમ પ્રગટ અનુભવરૂપ છે એમાં સંશય કેમ હોય ? 'પ્રગટ અનુભવરૂપ છે, સંશય એમાં કેમ ?' એટલે કે ત્રણે કાળમાં વર્ત્તતી - ચાલી આવતી - જીવ પરિણામની ધારા અને અજીવ પરિણામની ધારા પણ પ્રગટ ભિન્ન ભિન્ન છે, જૂદી જૂદી જ છે. આમ જીવના દ્રવ્ય-ગુણ-પર્યાય ભિન્ન છે, જૂદા જૂદા જ છે. આમ જીવના દ્રવ્ય-ગુણ-પર્યાય ભિન્ન છે અને અજીવના દ્રવ્ય-ગુણ-પર્યાય ભિન્ન છે, એમ ત્રણે કાળમાં અફર નિશ્ચય સિદ્ધ વસ્તુ સ્થિતિ છે, તે પરથી જીવ-અજીવનું ભેદજ્ઞાન અત્રે વજ્રલેપ અત્યંત પરિદૃઢ કરાવી, આત્મખ્યાતિકર્ત્તા

પરમર્ષિએ, જીવ-અજીવનો કર્ત્તા - કર્મ સંબંધ નહિ હોઈ, નિશ્ચયથી - શુદ્ધ સ્વભાવ દૃષ્ટિથી જીવ અકર્ત્તા છે એમ નિષ્તુષપણે સિદ્ધ કર્યું છે.

આકૃતિ



આગલી ગાથાનો ઉત્થાનિકારૂપ અમૃત સમયસાર કળશ (૩) અમૃતચંદ્રજી લલકારે છે -

शिखरिणी

**अकर्ता जीवोऽयं स्थित इति विशुद्धः स्वरसतः,**
**स्फुरच्चिज्ज्योतिर्भिच्छुरितभुवनाभोगभवनः ।**
**तथाप्यस्यासौ स्याद्यदिह किल बंधः प्रकृतिभिः,**
**स खल्वज्ञानस्य स्फुरति महिमा कोपि गहनः ॥१९५॥**

અકર્ત્તા આ જીવ સ્થિત ઈતિ, વિશુદ્ધો સ્વરસથી,
સ્ફુરતી ચિત્ જ્યોતિ ભુવન ભવનં ધોળે સ્વરસથી;
છતાં એનો બંધ પ્રકૃતિથી હુવે તે અહિં અરે !
સ્ફુરે અજ્ઞાનનો ગહન મહિમા કો પણ ખરે ! ૧૯૫

## અમૃત પદ - ૧૯૫

'સાહેબા વાસુપૂજ્ય જિણંદા' - એ રાગ

અકર્ત્તા સ્થિત જીવ સ્વભાવે, ભગવાન અમૃત પદ આ ગાવે,... ધ્રુવપદ. ૧
એમ જીવ આ સ્વરસથી વિશુદ્ધો, 'અકર્ત્તા સ્થિત' ભાખે બુદ્ધો,
સ્ફુરંતા ચિત્ જ્યોતિ કરથી, ધોળે ભુવન-ભુવન આ ભરથી... અકર્ત્તા સ્થિત. ૨
તોયે ખરે ! અહિં જે એનોયે, પ્રકૃતિઓથી બંધ તે હોયે,
તે તો સ્ફુરી રહ્યો આ મહીમાં, અજ્ઞાનનો ગહન કો મહિમા... અકર્ત્તા સ્થિત. ૩
એમ સખેદાશ્ચર્ય દર્શંતા, ભગવાન અમૃતચંદ્ર વદંતા...
અકર્ત્તા સ્થિત જીવ સ્વભાવે, જ્ઞાની અમૃત પદ આ ગાવે... અકર્ત્તા સ્થિત. ૪

**અર્થ** - એવા પ્રકારે સ્વરસથી વિશુદ્ધ એવો આ જીવ સ્ફુરંતી ચિત્ જ્યોતિઓથી ભુવનાભોગ લોકાલોક વિસ્તારરૂપ છુરિત કરતો (ધોળતો) અકર્ત્તા સ્થિત છે, તથાપિ આનો જે અહીં પ્રકૃતિઓ સાથે ખરે ! આ બંધ હોય, તે તો ખરેખર ! અજ્ઞાનનો કોઈ પણ ગહન મહિમા સ્ફુરે છે !

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ગ્રહે અરૂપી રૂપીને, એ અચરજની વાત !
જીવ બંધન જાણે નહિ ! કેવો જિન સિદ્ધાંત !''


**- પરમતત્ત્વ દ્રષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજી, અંક-૨૨૬, ૨૬૬**

ઉપરમાં જે આત્મખ્યાતિના ગદ્ય ભાગમાં વિવરી દેખાડ્યું તેના સમર્થનરૂપ અને આગલી ગાથાનો ઉત્થાનિકારૂપ આ શિખરિણી વૃત્ત નિબદ્ધ કળશ કાવ્ય રજૂ કરતાં, તાત્ત્વિકશેખર **અમૃતચંદ્રજી**, સ્વભાવથી આ જીવ-અકર્ત્તા છે છતાં એની બંધદશા પણ પ્રગટ દેખાય છે, તે માટે સખેદ આશ્ચર્ય વ્યક્ત કરી, તેના મૂળ કારણરૂપ અજ્ઞાન અંગે વદે છે - अकर्ता जीवोऽयं स्थित इति विशुद्धः स्वरसतः - એમ ઉપરમાં કહ્યું તેમ 'સ્વરસથી' - આપોઆપ જ - સ્વયં જ (If left alone) વિશુદ્ધ એવો 'આ' પ્રત્યક્ષ અનુભવાતો જીવ અકર્ત્તા સ્થિત છે, કાંઈ નવો સ્થાપિત કરવાનો નથી. કેવો છે આ જીવ ? સ્ફુરંતી - સ્ફુરાયમાન થતી ચિત્ જ્યોતિઓથી 'ભુવનાભોગ ભવનને' - ભુવન વિસ્તારરૂપ ભવનને (ઘરને) લોકાલોક વિસ્તારરૂપ 'છુરિત કરતો' - ધોળતો - અજવાળતો એવો - स्फुरच्चि-

ज्योतिर्भिच्छुरितभुवनाभोगभवनः, અથવા ભુવનાભોગને - લોકાલોક વિસ્તારને ભવનને (અને ભુવનને - આત્મપ્રદેશરૂપ જીવના નિજ ગૃહને) ચિત્ જ્યોતિઓથી - ચિત્ જ્યોતિઓની છટાઓથી 'છુરિત કરતો' - ધોળતો અજવાળતો - સ્વપર પ્રકાશક એવો - એવું જેનું ભવન - પરિણમન - પરિણામનું હોવાપણું છે એવો.

આવો ચિત્જ્યોતિઓથી વિશ્વપ્રકાશક એવો આ સ્વરસથી વિશુદ્ધ આત્મ અકર્ત્તા સ્થિત છે - સ્વયંસિદ્ધ છે, અકર્ત્તા છે જ એમ ભાવથી વસ્તુસ્થિતિ છે. तथाप्यस्यासौ स्याद्यदिह प्रकृतिभिः - તથાપિ - એવા આ ચૈતન્યમૂર્ત્તિનો અહીં અચેતન જડ પ્રકૃતિઓ સાથે આ બંધ હોય (!), તે ખરેખર ! અજ્ઞાનનો કોઈ પણ - અવાચ્ય ગહન મહિમા સ્ફુરે છે - स खल्वज्ञानस्य स्फुरत्ति महिमा कोपि गहनः । અર્થાત્ ખરી રીતે સ્વભાવથી તો આ જ્ઞાનસ્વરૂપ આત્મા સ્વરસથી વિશુદ્ધ છે જ, નિશ્ચયથી શુદ્ધ ચૈતન્યમૂર્ત્તિ છે, એને કોઈ પણ અશુદ્ધિ રૂપ બંધ હોવો ઘટતો નથી, છતાં એવા શુદ્ધ ચૈતન્યમૂર્ત્તિને પણ તે પુદ્ગલમૂર્ત્તિ રૂપ જડ અચેતન પ્રકૃતિઓ સાથે બંધ હોય, તે તો અજ્ઞાનનો 'ગહન' - ન સમજી શકાય એવો, ન કળી શકાય એવો અને ન કહી શકાય એવો ગૂઢ મહિમા જ સ્ફુરે છે !

### આકૃતિ




ઉપરમાં એમ કહ્યું કે ક્રમનિયમિતપણે - બંધસંકલનાથી ઉપજતા જીવપરિણામ જીવ જ છે અને ક્રમનિયમિતપણે - બંધસંકલનાથી ઉપજતા અજીવપરિણામ અજીવ જ છે, એટલે જીવ પરિણામ - અજીવ પરિણામોની એમ બે સ્પષ્ટ વિભિન્ન ધારા હોઈ, જીવને અજીવની સાથે કર્ત્તા-કર્મ સંબંધ નહિ હોવાથી, અજીવની સાથે લેવાદેવા નથી, એથી કરીને જીવ, સ્વભાવથી અકર્ત્તા જ અવસ્થિત છે. ત્યારે કોઈ પૂછે - અહો ! આચાર્યજી ! આપ જીવને સ્વભાવથી અકર્ત્તા કહો છો, પણ આ સંસાર ક્રિયા તો પ્રગટ દેખાય છે અને આ સંસારમાં તો પ્રગટપણે આ જીવ પુદ્ગલ દ્રવ્યમય કર્મ પ્રકૃતિઓ સાથે પ્રત્યક્ષ બંધાયેલો દેખાય છે તેનું શું ? કર્મના કર્ત્તાપણા વિના એની આ બંધદશા કેમ હોઈ શકે ? આના સમાધાનમાં આચાર્યજી વદે છે - મહાનુભાવ ! તમારી વાત કોઈ અપેક્ષાએ ખરી છે, અમારો પણ એ જ કહેવાનો આશય છે, કારણકે અમારૂં કથન એકાંતિક નથી, પણ અનેકાંત સિદ્ધાંતને અનુકૂળ સાપેક્ષ છે. એટલે યદ્યપિ અશુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ જોઈએ તો આત્મા વિભાવથી - વિકૃત ચેતન ભાવથી અશુદ્ધ પણ છે અને વ્યવહાર નયની દૃષ્ટિએ જોઈએ તો પુદ્ગલ દ્રવ્યમય અજીવ જડ પ્રકૃતિઓ સાથે આવા જ્ઞાનમૂર્ત્તિ ચેતનને પુદ્ગલમૂર્ત્તિ અચેતન જડ પ્રકૃતિઓ સાથે બંધ સંબંધ કેમ હોય ? એ મહદ્ આશ્ચર્ય છે છતાં પ્રકૃતિઓ સાથે બંધ નકાર કરી શકાય એમ નથી અને આ બંધ છે તે કયા કારણથી છે તે અંગે વિચાર કરતા વ્યવહારથી કર્તૃત્વ પણ છે તે હવે પ્રકાશે છે.

**चेया उ पयडीयट्ठं उप्पज्जइ विणस्सइ ।**
**पयडीवि चेययट्ठं उप्पज्जइ विणस्सइ ॥३१२॥**
**एवं बंधो उ दुण्हंपि अण्णोण्णपच्चया हवे ।**
**अप्पणो पयडीए य संसारो तेण जायए ॥३१३॥**

ચેતક પ્રકૃતિ અર્થ તો, ઉપજે વિણસે તેમ;
પ્રકૃતિ ચેતક અર્થ તો, ઉપજે વિણસે તેમ. ૩૧૨
એને બંધ જ બન્નેયનો, અન્યોન્ય પ્રત્યયે હોય;
સંસાર તેથી ઉપજે, આત્મનો પ્રકૃતિનો ય. ૩૧૩

**ગાથાર્થ** - ચેતયિતા તો પ્રકૃતિ અર્થે ઉપજે છે - વિણસે છે, પ્રકૃતિ પણ ચેતયિતા અર્થે ઉપજે છે - વિણસે છે, એમ આત્માનો અને પ્રકૃતિનો - બન્નેનો અન્યોન્ય પ્રત્યયથી બંધ હોય અને તેથી **સંસાર** ઉપજે છે. ૩૧૨-૩૧૩

## आत्मख्याति टीका

**चेतयिता तु प्रकृत्यर्थमुत्पद्यते विनश्यति ।**
**प्रकृतिरपि चेतकार्थमुत्पद्यते विनश्यति ॥३१२॥**
**एवं बंधस्तु द्वयोरपि अन्योन्यप्रत्ययाद् भवेत् ।**
**आत्मनः प्रकृतेश्च संसारस्तेन जायते ॥३१३॥**

अयं हि आसंसारत एव प्रतिनियतस्वलक्षणानिर्ज्ञानेन परात्मनोदेकत्वकरणात् कर्त्ता सन् **चेतयिता प्रकृतिनिमित्त**मुत्पादविनाशावासादयति ।

**प्रकृतिरपि चेतयितृनिमित्त**मुत्पत्तिविनाशावासादयति ।

**एवमनयो**रात्मप्रकृत्योः कर्तृकर्मभावाभावेप्यन्योन्यनिमित्तनैमित्तिकभावेन **द्वयोरपि बंधो** दृष्टः, ततः संसारः, तत एव च तयोः कर्तृकर्मव्यवहारः ॥३१२॥३१३॥

---

**आत्मभावना** -

चेतयिता तु - ચેતયિતા - ચેતનાર ચેતન એવો આત્મા તો प्रकृत्यर्थं उत्पद्यते विनश्यति - પ્રકૃતિ અર્થે ઉપજે છે - વિણસે, प्रकृतिरपि - પ્રકૃતિ પણ चेतकार्थं उत्पद्यते विनश्यति - ચેતક અર્થે - ચેતનાર એવા આત્મા અર્થે ઉપજે છે - વિણસે છે, एवं आत्मनः प्रकृतेः द्वयोरपि - એમ આત્માનો અને પ્રકૃતિનો - બન્નેયનો अन्योन्यप्रत्ययाद् बंधो भवेत् - અન્યોન્ય પ્રત્યય થકી - એકબીજાના નિમિત્ત થકી બંધ થાય, तेन संसारः जायते - તેથી - તે બંધથી સંસાર ઉપજે છે. ॥ इति **गाथा** आत्मभावना ॥३१२॥३१३॥

अयं हि - નિશ્ચયે કરીને આ - પ્રત્યક્ષ અનુભવતો चेतयिता - ચેતયિતા - ચેતનારો આત્મા आसंसारत एव - આ સંસારથી જ - આ સંસારથી માંડીને कर्त्ता सन् - કર્તા સતો, प्रकृतिनिमित्तं - પ્રકૃતિ નિમિત્તે उत्पादविनाशौ आसादयति - ઉત્પાદ - વિનાશ પામે છે. કર્તા શાને લીધે ? परात्मनोः एकत्वाध्यासस्य करणात् - પર આત્માના એકત્વ - અધ્યાસના ~~કરણને લીધે,~~ એકપણું માની બેસવાનું કરવાને લીધે, તે પણ શાથી કરીને ? प्रतिनियतस्वलक्षणानिर्ज्ञानेन - પ્રતિનિયત - પ્રત્યેકના નિયત ચોક્કસ - મુકરર સ્વ લક્ષણના અનિર્જ્ઞાને કરીને - નિશ્ચય રૂપ જ્ઞાનના અભાવે કરીને, प्रकृतिरपि - પ્રકૃતિ પણ चेतयितृनिमित्तं - ચેતયિતૃ નિમિત્તે उत्पत्ति विनाशौ आसादयति - ઉત્પત્તિ - વિનાશ પામે છે.

एवम् - એમ - ઉક્તપ્રકારે आत्मप्रकृत्योः - આત્મા અને પ્રકૃતિનો - कर्तृकर्मभावाभावेपि - કર્તૃ - કર્મ ભાવ અભાવે પણ अन्योन्यनिमित्तनैमित्तिकभावेन - અન્યોન્ય - એકબીજા સાથે નિમિત્ત - નૈમિત્તિક ભાવથી - द्वयोरपि बंधो दृष्टः - બન્નેયનો બંધ દૃષ્ટ છે. તેથી શું ? ततः संसारः - તેથી સંસાર, तत एव च - અને તેથી જ तयोः कर्तृकर्मव्यवहारः - તે બેનો આત્મા અને પ્રકૃતિનો કર્તૃ - કર્મ વ્યવહાર છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥३१२॥३१३॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

**આ ચેતયિતા ખરેખર ! - આસંસારથી જ પ્રતિનિયત સ્વલક્ષણના અનિર્જ્ઞાને કરીને પર - આત્માના એકત્વ અધ્યાસના કરણને લીધે કર્ત્તા સતો - પ્રકૃતિ નિમિત્તે ઉત્પાદ - વિનાશ પામે છે, પ્રકૃતિ પણ ચેતયિતા નિમિત્તે ઉત્પત્તિ - વિનાશ પામે છે, એમ આ આત્મા અને પ્રકૃતિ એ બન્નેનો - કર્તૃકર્મ ભાવના અભાવે પણ - અન્યોન્ય નિમિત્ત - નૈમિત્તિક ભાવથી બંધ દૃષ્ટ છે, તેથી સંસાર છે અને તેથી જ તે બન્નેનો કર્ત્તા - કર્મ વ્યવહાર છે.**

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

**"સંયોગી ભાવમાં તાદાત્મ્ય અધ્યાસ હોવાથી જીવ - જન્મ મરણાદિ દુઃખોને અનુભવે છે." - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૨૫, હાથનોંધ**

"કનકોપલવત્ પયડી પુરુષ તણી, જોડી અનાદિ સ્વભાવ;

અન્ય સંયોગી જ્યાં લગી આતમા, સંસારી કહેવાય... પદ્મપ્રભ જિન." - **શ્રી આનંદઘનજી**

**ચેતન અને પ્રકૃતિના અન્યોન્ય નિમિત્તે બંધ અને સંસાર**

આ ગાથાની ઉત્થાનિકારૂપ આગલા કળશ કાવ્યમાં સૂચવ્યા પ્રમાણે અજ્ઞાનથી આત્મા કર્ત્તા હોય છે, એટલે અજ્ઞાનથી જ બંધ અને તેથી સંસારની ઉત્પત્તિ થઈ છે એમ અત્ર નિરૂપણ કર્યું છે અને તેનું સુંદર સ્પષ્ટીકરણ આત્મખ્યાતિકારજીએ કર્યું છે - નિશ્ચયે કરીને આ પ્રત્યક્ષ અનુભવાતો ચેતયિતા - ચેતનારો આત્મા 'આ સંસારથી જ' - આસંસારથી માંડીને જ કર્ત્તા સતો પ્રકૃતિ નિમિત્તે ઉત્પાદ - વિનાશ પામે છે. કર્ત્તા શાને લીધે ? परात्मनोः एकत्वाध्यासस्य करणात् - પર - આત્માના એકત્વ - અધ્યાસના કરણને લીધે, એકપણું માની બેસવાપણું કરવાને લીધે, તે પણ શાથી કરીને ? પ્રતિનિયત - પ્રત્યેકના નિયત - ચોક્કસ - મુકરર સ્વલક્ષણના અનિર્જ્ઞાને કરીને - નિશ્ચય નિર્ધારરૂપ જ્ઞાનના અભાવે કરીને - प्रतिनियत-स्वलक्षणानिर्ज्ञानेन - આમ કર્ત્તા સતો ચેતયિતા પ્રકૃતિ નિમિત્તે ઉત્પાદ - વિનાશ પામે છે. એમ ઉક્ત પ્રકારે આત્મા અને પ્રકૃતિનો - કર્તૃકર્મભાવના અભાવે પણ कर्तृकर्मभावाभावेपि - અન્યોન્ય નિમિત્ત - નૈમિત્તિક ભાવથી 'अन्योन्यनिमित्त-नैमित्तिकभावेन' - બન્નેયનો બંધ દૃષ્ટ છે. તેથી સંસાર છે અને તેથી જ તે બેનો - આત્મા અને પ્રકૃતિનો કર્તૃકર્મવ્યવહાર છે - तत एव तयोः कर्तृकर्मव्यवहारः ।

**એકત્વ અધ્યાસથી બંધ અને સંસાર : જડ-ચેતન સંસાર**


અર્થાત્ - ચેતન જેનો સ્વભાવ છે એવો આ જે પ્રત્યક્ષ અનુભવાઈ રહેલો ચેતયિતા - ચેતક આત્મા અચેતન - જડ સ્વભાવી પ્રકૃતિ નિમિત્તે નાના પ્રકારના પર્યાયરૂપ ઉત્પાદ - વિનાશ પામે છે અને અચેતન જડ પ્રકૃતિ પણ ચેતયિતા નિમિત્તે નાના પ્રકારના પર્યાયરૂપ ઉત્પાદ - વિનાશ પામે છે. આ ઘટના અરઘટ્ટઘટ્ટી ન્યાયે અનાદિથી ચાલી આવે છે. આમ શાથી થવા પામ્યું છે ? તો કે - (૧) 'આસંસારથી જ' - જ્યારથી આ સંસાર છે ત્યારથી જ અને આ સંસારની કોઈ આદિ છે નહિ એટલે અનાદિથી જ અજ્ઞાની આત્માને પ્રતિનિયત સ્વલક્ષણનું અનિર્જ્ઞાન હોય છે, ચેતન - અચેતન પ્રત્યેકનું નિયત નિશ્ચય સિદ્ધ ત્રણે કાળમાં ન કરે એવું - ચોક્કસ (Difinite) સ્વલક્ષણ પોતપોતાનું પ્રતિવિશિષ્ટ - ખાસ (special, disinguished) નિર્જ્ઞાન - નિશ્ચય નિર્ધારરૂપ જ્ઞાન નથી હોતું, (૨) તેથી કરીને આ ચેતયિતા - પર આત્માનો એકત્વ અધ્યાસ કરે છે, પરનું અને આત્માનું (પોતાનું) એકપણું માની બેસે છે, (૩) અને આમ પર - આત્માના એકત્વ અધ્યાસના કરણને લીધે - એકપણું માની બેસવાપણું કરવાને લીધે તે કર્ત્તા હોય છે, (૪) અને આમ કર્ત્તા - હોતો ચેતયિતા અચેતન પ્રકૃતિ નિમિત્તે ઉત્પત્તિ - વિનાશ પામે છે અને અચેતન પ્રકૃત પણ ચેતયિતા નિમિત્તે ઉત્પત્તિ - વિનાશ પામે છે અને આમ ઉપરમાં કહેવાઈ ચૂક્યું તેમ, નિશ્ચયથી ચેતન આત્મા અને અચેતન પ્રકૃતિનો કર્તૃકર્મ


ભાવનો અભાવ છે, છતાં આ બન્નેનો અન્યોન્ય - એકબીજા સાથે નિમિત્ત - નૈમિત્તિક ભાવથી બંધ પ્રગટ દેષ્ટ છે અને તેમ પરિભ્રમણરૂપ સંસાર પણ પ્રગટ દેષ્ટ છે અને તેથી જ તે બન્નેનો - આત્મા અને પ્રકૃતિનો કર્તૃકર્મ વ્યવહાર છે.

"જડ ચેતન સંયોગ આ, ખાણ અનાદિ અનંત;

કોઈ ન કર્ત્તા તેહનો, ભાખે જિન ભગવંત." - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૬૬, (૨૨૬)

આકૃતિ



**जा एसो पयडीअट्ठं चेया णेव विमुंचए ।**
**अयाणओ हवे ताव मिच्छाइट्ठी असंजओ ॥३१४॥**
**जया विमुंचए चेया कम्मप्फलमणंतयं ।**
**तया विमुत्तो हवइ जाणओ पासओ मुणी ॥३१५॥**

**અર્થ** - જ્યાં લગી આ ચેતયિતા પ્રકૃતિ અર્થને સર્વથા નથી જ મૂકતો, ત્યાં લગી તે અજ્ઞાયક મિથ્યાદૃષ્ટિ અસંયત હોય, ૩૧૪

જ્યારે ચેતયિતા અનંત કર્મફલને સર્વથા મૂકે છે, ત્યારે જ્ઞાયક દર્શક મુનિ એવો તે વિમુક્ત હોય છે. ૩૧૫

## आत्मख्याति टीका

**यावदेष प्रकृत्यर्थं चेतयिता नैव विमुंचति ।**
**अज्ञायको भवेत्तावन्मिथ्यादृष्टिरसंयतः ॥३१४॥**
**यदा विमुचंति चेतयिता कर्मफलमनंतकं ।**
**तदा विमुक्तो भवति ज्ञायको दर्शको मुनिः ॥३१५॥**

**यावदयं चेतयिता**
प्रतिनियतस्वलक्षणानिर्ज्ञानात्
**प्रकृतिस्वभावमात्मनो** बंधनिमित्तं **न मुंचति**
तावत्स्वपरयोरेकत्वज्ञानेना**ज्ञायको भवति**
स्वपरयोरेकत्वदर्शनेन **मिथ्यादृष्टि र्भवति**
स्वपरयोरेकत्वपरिणत्या**चासंयतो भवति**
तावदेव परात्मनोरेकत्वाध्यासस्य करणात्
कर्ता भवति ।

**यदा** त्वयमेव
प्रतिनियतस्वलक्षणनिर्ज्ञानात्
प्रकृतिस्वभावमात्मनो बंधनिमित्तं मुंञ्चति
तदा स्वपरयोर्विभागज्ञानेन ज्ञायको भवति
स्वपरयोर्विभागदर्शनेन **दर्शको** भवति
स्वपरयो र्विभागपरिणत्या च्चा**संयतो** भवति
तदैव च परात्मनोरेकत्वाध्यासस्याकरणा-
दकर्ता भवति ॥३१४॥३१५॥

---

**आत्मभावना** -

जा एसो चेया - यावदेष चेतयिता - **જ્યાં લગી આ ચેતયિતા** - ચેતનારો - ચેતન. આત્મા पयडीअट्ठं णेव विमुंचए - प्रकृत्यर्थं नैव विमुंचति - **પ્રકૃતિ અર્થને નથી જ વિમુંચતો** - વિશેષે કરીને મૂકતો, ताव - तावद् - **ત્યાં લગી** अयाणओ मिच्छाइट्ठी असंजओ हवे - अज्ञायको मिथ्यादृष्टिरसंयतः भवेत् - **તે અજ્ઞાયક મિથ્યાદૃષ્ટિ અસંયત હોય.** जया - यदा - **જ્યારે** चेदा - ચેતયિતા - ચેતન આત્મા कम्माफलमणंतयं विमुंचए - कर्मफलमनंतकं विमुंचति - **કર્મફલ અનંતક વિમુંચે છે - વિશેષે કરીને મૂકી દીએ છે,** तया - तदा - **ત્યારે** विमुत्तो - विमुक्तः - **વિમુક્ત - વિશેષે કરીને મુક્ત એવો** તે जाणओ पासओ मुणी हवइ - ज्ञायको दर्शको मुनिः भवति - **જ્ઞાયક દર્શક મુનિ હોય છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥३१४॥३१५॥

यावद् - **જ્યાં લગી** अयं चेतयिता - **આ પ્રત્યક્ષ અનુભૂયમાન - ચેતયિતા - ચેતનાર ચેતન આત્મા** प्रतिनियत स्वलक्षणानिर्ज्ञानात् - **પ્રતિનિયત - પ્રત્યેકના નિયત ચોક્કસ નિશ્ચયરૂપ સ્વલક્ષણના અનિર્જ્ઞાનને લીધે - નિતાંત નિશ્ચય રૂપ - નિર્ધાર જ્ઞાનના અભાવને લીધે,** प्रकृतिस्वभावमात्मनो बंधनिमित्तं न मुंचति - **પ્રકૃતિ સ્વભાવ - કે જે આત્માનું બંધ નિમિત્ત છે તેને - નથી મૂકતો,** तावत् - ત્યાં લગી स्वपरयोरेकत्वज्ञानेनाज्ञायको भवति - **સ્વ પરના એકત્વ જ્ઞાનથી અજ્ઞાયક એમ - અજ્ઞાની હોય છે,** स्वपरयोदेकत्वदर्शनेन मिथ्यादृष्टिः भववि - **સ્વ - પરના એકત્વ દર્શનથી મિથ્યાદૃષ્ટિ હોય છે,** स्वपरयोरेकत्वपरिणत्या चासंयतो भवति - **અને - સ્વ - પરની એકત્વ પરિણતિથી અસંયત હોય છે,** तावदेव -

## આત્મખ્યાતિ ટીકાર્થ

| | |
|---|---|
| **જ્યાં લગી આ ચેતયિતા** | **પણ જ્યારે આ જ** |
| **પ્રતિનિયત સ્વલક્ષણના અનિર્જ્ઞાનને લીધે** | **પ્રતિનિયત સ્વલક્ષણના નિર્જ્ઞાનને લીધે** |
| **આત્માનું બંધનિમિત્ત** | **આત્માનું બંધનિમિત્ત** |
| **એવા પ્રકૃતિ સ્વભાવને મૂકતો નથી,** | **એવા પ્રકૃતિ સ્વભાવને મૂકે છે,** |
| **ત્યાં લગી સ્વ - પરના એકત્વ જ્ઞાનથી તે અજ્ઞાયક હોય છે,** | **ત્યારે સ્વ - પરના વિભાગ જ્ઞાનથી તે જ્ઞાયક હોય છે,** |
| **સ્વ પરના એકત્વ દર્શનથી મિથ્યાદૃષ્ટિ હોય છે** | **સ્વ - પરના વિભાગ દર્શનથી દર્શક હોય છે** |
| **અને સ્વ - પરની એકત્વ પરિણતિથી અસંયત હોય છે,** | **અને સ્વ - પરની વિભાગ પરિણતિથી સંયત હોય છે,** |
| **ત્યાં લગી જ પર - આત્માના એકત્વ અધ્યાસના કરણને લીધે** | **અને ત્યારે જ - પર - આત્માના એકત્વ અધ્યાસના અકરણને લીધે** |
| **કર્તા હોય છેઃ** | **અકર્તા હોય છે. ૩૧૪, ૩૧૫** |

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ;
વર્ત્તે નહિ નિજ ભાનમાં, કર્તા કર્મ પ્રભાવ.''

**- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૭૮**

**આત્મા કર્ત્તા - અકર્ત્તા કેવી પ્રક્રિયાથી (Process) કેવા ક્રમથી હોય છે તેનું નિરૂપણ અત્ર કર્યું છે અને તેનું સ્પષ્ટ વિવરણ આત્મખ્યાતિકારે પ્રકાશ્યું છે - જ્યાં લગી 'આ' - પ્રત્યક્ષ અનુભવાઈ રહેલો ચેતયિતા - ચેતનારો ચેતક આત્મા, જીવ - અજીવના પ્રત્યેકના નિયત 'પ્રતિનિયત' સ્વ લક્ષણના અનિર્જ્ઞાનને લીધે - નિશ્ચય નિર્ધારરૂપ જ્ઞાનના અભાવને લીધે** - प्रतिनियतस्वलक्षणानिर्ज्ञानेन, **આત્માના બંધકારણ - બંધનિમિત્ત એવા પ્રકૃતિ સ્વભાવને મૂકતો નથી** - प्रकृतिस्वभावमात्मनो बंधनिमित्तं न मुंचति, **ત્યાં લગી સ્વ - પરને એકપણે જાણવારૂપ એકત્વ જ્ઞાનથી તે અજ્ઞાયક હોય છે** - स्वपरयोरेकत्वज्ञानेन अज्ञायको भवति, **સ્વ - પરને એકપણે પરિણમવારૂપ એકત્વપરિણતિથી અસંયત હોય છે અને ત્યાં લગી જ પર - આત્માને એકપણે માની બેસવારૂપ એકત્વ અધ્યાસના કરણને લીધે - કરવાને લીધે તે કર્ત્તા હોય છે** - परात्मनोरेकत्वाध्यासस्य करणात् कर्ता भवति **પણ જ્યારે આ જ પ્રત્યક્ષ અનુભવાઈ રહેલો ચેતયિતા - ચેતનારો ચેતન આત્મા જીવ - અજીવના પ્રત્યેકના નિયત - 'પ્રતિનિયત' સ્વલક્ષણના નિર્જ્ઞાનને લીધે - નિશ્ચય નિર્ધારરૂપ જ્ઞાનના હોવાપણાને લીધે** - प्रतिनियत स्वलक्षणनिर्ज्ञानात्, **આત્માના**

---

ત્યાં લગી જ परात्मनोरेकत्वाध्यासस्य करणात् - પર - આત્માના એકત્વ - અધ્યાસના કરણને લીધે - કરવાપણાને લીધે कर्ता भवति - કર્ત્તા હોય છે, यदा तु - પણ જ્યારે अयमेव - આ જ - પ્રત્યક્ષ અનુભવાઈ રહેલો આત્મા प्रतिनियतस्वलक्षणनिर्ज्ञानात् - પ્રતિનિયત - પ્રત્યેકના નિયત - ચોક્કસ નિશ્ચયરૂપ સ્વલક્ષણના નિર્જ્ઞાનને લીધે - નિતાંત નિશ્ચયરૂપ - નિર્ધારરૂપ જ્ઞાનને લીધે, प्रकृतिस्वभावमात्मनो बंधनिमित्तं मुंचति - પ્રકૃતિ સ્વભાવ - કે જે આત્માનું બંધ નિમિત્ત છે તેને - મૂકે છે, तदा - ત્યારે (તે) स्वपरयोर्विभागज्ञानेन ज्ञायको भवति - સ્વ - પરના વિભાગ જ્ઞાનથી જ્ઞાયક - જાણનારો જ્ઞાતા - જ્ઞાની હોય છે, स्वपरयो र्विभागदर्शनेन दर्शको भवति - સ્વ - પરના વિભાગ દર્શનથી દર્શક - દેખનારો - દૃષ્ટા હોય છે, स्वपरयो र्विभागपरिणत्या च संयतो भवति - અને સ્વ - પરની વિભાગ પરિણતિથી સંયત હોય છે, तदैव च - અને ત્યારે જ परात्मनोरेकत्वाध्यासस्याकरणाद् - પર - આત્માના એકત્વ અધ્યાસના અકરણને લીધે - નહિ કરવાપણાને લીધે अकर्ता भवति - અકર્ત્તા હોય છે. ।। इति **'आत्मख्याति'** आत्मभावना ।।३१४।।३१५।।

બંધકારણ - બંધનિમિત્ત એના પ્રકૃતિ સ્વભાવને મૂકે છે, ત્યારે સ્વ - પરનો વિભાગ - વિભેદ જાણવારૂપ વિભાગ જ્ઞાનથી તે જ્ઞાયક હોય છે - स्वपरयोर्विभागज्ञानेन ज्ञायको भवति, સ્વ - પરનો વિભાગ - વિભેદ દેખવારૂપ વિભાગ દર્શનથી દર્શક હોય છે અને સ્વ - પરના વિભાગપણે - વિભેદપણે પરિણમવારૂપ વિભાગ પરિણતિથી સંયત હોય છે અને ત્યારે જ પર - આત્માને એકપણે માની બેસવારૂપ એકત્વ અધ્યાસના અકરણને લીધે - નહિ કરવાને લીધે તે અકર્ત્તા હોય છે, परात्मनोरेकत्वाध्यासस्याकरणात् अकर्ता भवति । હવે આ વ્યાખ્યાની વિશેષ વિચારણા કરીએ :

આગલી ગાથામાં એમ કહ્યું કે પ્રકૃતિનો અને આત્માનો અન્યોન્ય નિમિત્ત - નૈમિત્તિક ભાવથી બંધ હોય છે અને તેથી સંસાર હોય છે, તો પછી જિજ્ઞાસુને સહજ પ્રશ્ન થાય છે કે - બંધ એ તો પ્રગટ દુઃખ છે, દુઃખરૂપ બંધને કોઈ ઈચ્છતું નથી, પણ બંધથી છૂટવાને જ સર્વ કોઈ ઈચ્છે છે, તો પછી આત્માને પોતાને બંધનું કારણ એવી દુષ્ટ અનિષ્ટ પ્રકૃતિને જીવ શું કામ છોડી દેતો નથી ? કોણે એને બાંધી માર્યો છે કે એ દુષ્ટ પ્રકૃતિને પકડી રાખે છે ? અને હાથે કરીને ભવદુઃખથી હેરાન થાય છે ? આનો સ્પષ્ટ જવાબ એ છે કે અનાદિથી આ ચેતયિતાને - આ ચેતન સ્વરૂપ આત્માને પોતાના સ્વરૂપનું ભાન નથી, હું ચેતન સ્વરૂપ આત્મા છું તેનું જ્ઞાન નથી, એટલે આ 'સ્વરૂપ સમજ્યા વિના' તે 'પામ્યો દુઃખ અનંત' એમ બનવા પામ્યું છે.

અને આ ચેતન સ્વરૂપ આત્માને પોતાના સ્વરૂપનું ભાન નથી એનું કારણ એટલું જ કે - આ આત્મા પ્રગટ ચેતન છે અને આ પુદ્‌ગલમયી પ્રકૃતિ પ્રગટ અચેતન છે, આ ચેતન સ્વરૂપ આત્મા - અમૂર્ત્ત - અરૂપી છે અને આ અચેતન સ્વરૂપ પ્રકૃતિ મૂર્ત્ત - રૂપી છે, આ શુદ્ધ ચૈતન્યમૂર્તિ આત્મા અનંત જ્ઞાન - દર્શન - સુખ - વીર્ય ગુણસંપન્ન અતીંદ્રિય વસ્તુ છે અને આ જડ પુદ્‌ગલમૂર્ત્તિ પ્રકૃતિરૂપ - રસ - ગંધ - સ્પર્શ ગુણસંપન્ન ઈંદ્રિય ગ્રાહ્ય વસ્તુ છે, ઈત્યાદિ પ્રકારે આત્મા - અનાત્માના - સ્વ - પરના પ્રત્યેકના નિયત - 'પ્રતિનિયત' - ત્રણે કાળમાં ન ફરે એવા પ્રતિવિશિષ્ટ ખાસ ચોક્કસ સ્વલક્ષણનું - પોતપોતાના લક્ષણનું નિર્જ્ઞાન - નિર્ધારરૂપ નિશ્ચયરૂપ જ્ઞાન તેને હોતું નથી, 'प्रतिनियत-स्वलक्षणानिर्ज्ञानेन' એટલે આ પરદ્રવ્યરૂપ જડ અચેતન પ્રકૃતિથી હું ચેતન આત્મા જૂદો છું એવું ભાન તેને હોતું નથી, એટલું જ નહિ પણ આ જડ તે હું એમ તે પરદ્રવ્યમાં પણ આત્મબુદ્ધિ ધરી પોતે પોતાનું ચેતનપણું ભૂલી જડપણું સ્વીકારે છે ! અને પરમતત્ત્વદૃષ્ટા **શ્રીમદ્ રાજચંદ્રજીએ** લાક્ષણિક શૈલીથી ભાખ્યા પ્રમાણે 'આપ આપકું ભૂલ ગયા, ઈનસે ક્યા અંધેર ?' - એના જેવી મહા હાસ્યાસ્પદ વાર્ત્તા બને છે ! અર્થાત્ આ મોટામાં મોટા અંધેર જેમ પોતે પોતાને ભૂલી જવા રૂપ મૂલગત ભૂલને લીધે આત્મસ્વરૂપનું અજ્ઞાન હોય છે.

''આપ આપકું ભૂલ ગયા, ઈનસેં ક્યા અંધેર ?

સુમર સુમર અબ હસત હે, નહિ ભૂલેંગે ફેર.''

''કર્મ એ જડ વસ્તુ છે. જે જે આત્માને એ જડથી જેટલો જેટલો આત્મબુદ્ધિએ સમાગમ છે, તેટલી તેટલી જડતાની એટલે અબોધતાની તે આત્માને પ્રાપ્તિ હોય, એમ અનુભવ થાય છે. આશ્ચર્યતા છે, કે પોતે જડ છતાં ચેતનને અચેતન મનાવી રહ્યાં છે ! ચેતન ચેતનભાવ ભૂલી જઈ તેને સ્વ સ્વરૂપ જ માને છે.

''વિચારની ઉત્પત્તિ થવા પછી વર્દ્ધમાન સ્વામી જેવા મહાત્મા પુરુષે ફરી ફરી વિચાર્યું કે આ જીવનું અનાદિ કાળથી ચારે ગતિ વિષે અનંતથી અનંતવાર જન્મવું મરવું થયાં છતાં, હજુ તે જન્મ મરણાદિ સ્થિતિ ક્ષીણ થતી નથી, તે હવે કેવા પ્રકારે ક્ષીણ કરવાં ? અને એવી કયી ભૂલ આ જીવની રહ્યા કરી છે કે, જે ભૂલનું આટલાં સુધી પરિણમવું થયું છે ? આ પ્રકારે ફરી ફરી અત્યંત એકાગ્રપણે સદ્‌બોધનાં વર્દ્ધમાન પરિણામે વિચારતાં વિચારતાં જે ભૂલ ભગવાને દીઠી છે તે જિનાગમમાં ઠામઠામ કહી છે, કે જે ભૂલ જાણીને તેથી રહિત મુમુક્ષુ જીવ થાય. જીવની ભૂલ જોતાં તો અનંત વિશેષ લાગે

છે, પણ સર્વ ભૂલની બીજભૂત ભૂલ તે જીવે પ્રથમમાં વિચારવી ઘટે છે, કે જે ભૂલનો વિચાર કર્યાથી સર્વે ભૂલનો વિચાર થાય છે અને જે ભૂલના મટવાથી સર્વે ભૂલ મટે છે.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, પત્રાંક-(૩૭, ૪૧૭), હાથનોંધ, ૧૫૫, ૫૦૦**

આમ આત્મસ્વરૂપના અજ્ઞાનને લીધે આત્મા આત્માને પોતાને બંધનું કારણ એવા પ્રકૃતિ સ્વભાવને મૂકતો નથી. ખરી રીતે તો કોઈને બંધાવું ગમતું નથી, છતાં આ આત્મા અનાદિની આ આત્માને વળગેલી બંધકારણ પ્રકૃતિ બલાને બળવાનૂપણે શા માટે પકડી રાખે છે, તેનો ખુલાસો આ પરથી મળી રહે છે, આ પ્રકૃતિ-નારી આ આત્મપુરુષની સાથે અનાદિથી સંલગ્ન થઈ છે, તેની છેડાછેડી કેમ છૂટતી નથી, એનું સ્પષ્ટ કારણ આ પરથી સમજાઈ જાય છે, જીવને વળગેલી આ પ્રકૃતિ બલા અબળા છતાં પ્રબળા બનીને, પોતાની માયાજાલથી જીવ પર પોતાનું આધિપત્ય જમાવી બેસી છે, તેના સકંજામાંથી જીવ કેમ છૂટતો નથી તેનું રહસ્ય આ પરથી શીઘ્ર ખુલ્લું થઈ જાય છે અને અનંત શક્તિનો સ્વામી છતાં આ પુરુષ પ્રકૃતિ - સ્ત્રીની માયાજાલમાં ફસાઈ પડી ભવજાલમાં કેમ અટવાઈ રહ્યો છે, એ અજબ કોયડાનો ઉકેલ પણ આ પરથી તુરત આવી જાય છે.

અરે ! આ પ્રકૃતિ મને મહાભવ દુઃખદાયિની બંધનિમિત્ત છે - 'प्रकृतिस्वभावमात्मनो बंधनिमित्तं' - એટલું પણ આ મૂઢ અબુઝ જીવ સમજતો નથી, પણ આ પ્રકૃતિ-સુંદરી તો મને કેવી સંસાર સુખદાયિની (!) છે એમ સમજી તેને પૂર્ણ પ્રેમથી વળગી રહે છે ! જેમ આ સંસારમાં કોઈ સંસાર સુખનો લ્હાવો લેવા માટે બંધનરૂપ લગ્નસંબંધમાં હોંશે હોંશે જોડાય છે અને પછી સંસાર સાગરનું ખારૂં પાણી હોંશે હોંશે પીએ છે, તેમ આ મૂઢ અજ્ઞાની જીવ પણ પ્રગટ બંધરૂપ પ્રકૃતિ સાથે લગ્ન સંબંધથી હોંશે હોંશે જોડાય છે અને આ સંસાર - લવણ સમુદ્રનું ખારૂં પાણી હોંશે હોંશે પીધા કરે છે ! અને આ અનાદિની વળગેલી પ્રકૃતિ - બલાને અળગી કરવાને બદલે પ્રેમથી ગાઢ આલિંગનથી વળગી રહે છે ! અને મોહિની રૂપધારિણી આ પ્રકૃતિ બલાએ અબળા છતાં પ્રબળા બની, કોણ જાણે કેવી યે માયાની ભૂરકી આંજી આ સબળા પુરુષને એવો તો લટ્ટુ બનાવી દીધો છે, કે તે અબલા પ્રબળા પ્રકૃતિના મોહબંધનમાં જ મોજ માણે છે ! અને ગાઢ પ્રેમીની પેઠે અનાદિની પ્રકૃતિ - પ્રિયા સાથે કોઈ પણ પ્રકારની જૂદાઈ જાણતો નથી !

''હું છોડી નિજ રૂપ રમ્યો પર પુદગલે,
ઝીલ્યો ઉલટ આણી વિષય તૃષ્ણા જલે.'' **- શ્રી દેવચંદ્રજી**

અને આમ જૂદાઈ જાણતો નથી, એટલે જ આત્માને પોતાને બંધનિમિત્ત પ્રકૃતિ સ્વભાવને અજ્ઞાની ચેતયિતા જ્યાં લગી મૂકતો નથી, ત્યાં લગી તે સ્વ - પરને એટલે કે સ્વ - ચેતન આત્માને અને પર - અચેતન પ્રકૃતિને એકપણે જાણે છે, જૂદાઈ જાણતો નથી, એથી કરીને તે અજ્ઞાયક હોય છે, સ્વ - પરને એકપણે દેખે છે, જૂદાઈ દેખતો નથી, તેથી કરીને તે મિથ્યાદષ્ટિ હોય છે, સ્વ - પરને એકપણે પરિણમે છે, જૂદાઈ પરિણમતો નથી, તેથી કરીને તે અસંયત હોય છે અને ત્યાં લગી જ તે પર - આત્માનું એકપણું માની બેસવાપણું કરે છે, એથી આ એકત્વ અધ્યાસના કરવાને લીધે - परात्मनोरेकत्वाध्यासस्य करणात् તે કર્ત્તા હોય છે, કર્મો કરે છે અને તેથી બંધાય છે અને ભવભ્રમણ દુઃખ પામે છે.

આમ પરવસ્તુમાં **એકત્વ અધ્યાસનું કરણ (કરવું)** એ જ કર્તૃત્વનું અને તજ્જન્ય ભવદુઃખનું મૂલ કારણ છે, આ પરમ તત્ત્વ રહસ્ય પરમતત્ત્વદૃષ્ટા આચાર્યવર્ય **પરમર્ષિ અમૃતચંદ્રજીએ** અત્ર ખુલ્લું કર્યું છે. કારણ 'अधि' - ઉપર 'आस्' - બેસી જવું (To sit) એ વ્યુત્પત્તિ અર્થ પરથી આ જીવ અનાદિ કાળથી પ્રકૃતિરૂપ પુદ્‌ગલમયી પર વસ્તુમાં અધ્યાસ અધિકૃતપણે - ઉપર ચઢી બેસવા રૂપ - અધિકાર જમાવવારૂપ આસન કરી બેઠો છે, તે પરવસ્તુને પોતાની માની તે પર ચઢી બેઠો છે, પારકી બેઠક - પારકી ગાદી પચાવી પાડવા રૂપ દૃઢ અભ્યાસ કરી બેઠો છે; અને આમ પરવસ્તુને પોતાની માની બેસવારૂપ એકત્વ અધ્યાસના કરવાના લીધે જ તે પરભાવનો કર્ત્તા થાય છે, પરભાવ કર્મ કરે છે, પર વસ્તુનું કરણ પ્રયોજે

છે, ગ્રહણ રૂપ સંપ્રદાન પરનું કરે છે, ત્યાગ રૂપ અપાદાન પરનું કરે છે અને અધિકરણ પણ પરવસ્તુનું કરે છે. આમ તે પરનો કર્ત્તા હોય છે એટલે તેનું ષટ્કારક ચક્ર પણ આમ આત્મબાધકપણે પ્રવર્ત્તે છે.

'આ કર્માદિ પરભાવો તો બાહ્ય ભાવો છે, ખરેખર ! પર છે - અર્થાત્ શત્રુનું કામ કરતા હોવાથી 'પર' છે, આત્માના ભાવશત્રુ છે. પરમાર્થથી આત્માને એની સાથે કાંઈ લેવાદેવા નથી, પણ અનાદિ અધ્યાસની કુવાસનાથી તેમાં અહંત્વ - મમત્વ કરીને તે બંધાય છે. તે એટલે સુધી કે પરપરિણતિના રાગીપણે, તે પરરસના રંગથી રક્ત થાય છે, પરરસરંગે રંગાઈ જાય છે અને પરનો ગ્રાહક તથા રક્ષક બની પરભોગમાં આસક્ત બને છે ! આ પર પરિણતિના રંગથી જ આ જીવ અનંત દુઃખ પામે છે. એટલે આ પરભાવરૂપ પરચક્રનું આક્રમણ ખરેખર ! ઉપપ્લવરૂપ છે, આફત છે, આપત્તિ છે, દુર્ભાગ્યરૂપ છે, વિઘ્નરૂપ - બાધારૂપ છે, અરિષ્ટ - અનિષ્ટરૂપ છે, ગ્રહરૂપ છે, અંધાધુંધી રૂપ છે.'

**- યોગદૃષ્ટિ સમુચ્ચય વિવેચન (સ્વરચિત) પૃ. ૪૮૫**

''પર પરિણતિ રાગી પણે, પરરસ રંગે રક્ત રે,
પર ગ્રાહક રક્ષકપણે, પર ભોગે આસક્ત રે... જગતારક પ્રભુ વિનવું.'' - **શ્રી દેવચંદ્રજી**

જેમ કોઈ કોકડું ગૂંચવાઈ ગયું હોય, તેની મૂળ ગૂંચ જો ઉકેલાય તો આખું કોકડું સહેલાઈથી ઉકલી જાય છે, તેમ બંધના કોકડાની મૂળ ગૂંચ જો ઉકેલાય તો આખું બંધનું કોકડું સહેલાઈથી ઉકલી જાય એમ છે અને તે મૂળ ગૂંચ પરવસ્તુમાં આત્મબુદ્ધિ કરવારૂપ આ એકત્વ અધ્યાસનું કરણ છે, એ એકત્વ અધ્યાસકરણને લીધે જ જીવ કર્ત્તા હોય છે અને સંસાર દુઃખના મૂળરૂપ બંધ જાલમાં સપડાય છે.

**''मूलं संसारदुःखस्य देह एवात्मधीस्ततः ।**
**त्यक्त्वैनां प्रविशेदन्तर्बहिरव्यापृतेन्द्रियः ॥'' - શ્રી પૂજ્યપાદસ્વામીજી કૃત 'સમાધિશતક'**

આથી ઉલટું - આ આત્મા પ્રગટ ચેતન છે અને પુદ્ગલમય પ્રકૃતિ પ્રગટ અચેતન છે, ઈત્યાદિ પ્રકારે આત્મા - અનાત્માના - સ્વ - પરના પ્રત્યેકના નિયત - પ્રતિનિયત - ત્રણે કાળમાં ન ફરે એવા ચોક્કસ નિશ્ચયરૂપ સ્વલક્ષણનું - પોતપોતાના પ્રતિવિશિષ્ટ ખાસ (Distinguished, special - specified), લક્ષણનું નિર્જ્ઞાન - નિર્ધારરૂપ - નિશ્ચયરૂપ જ્ઞાન આ ચેતયિતા ચેતન આત્માને શ્રી સદ્ગુરુ ઉપદેશ થકી હોય છે - એટલે આ જડ અચેતન પ્રકૃતિથી હું ચેતન આત્મા જૂદો છું એવું પ્રગટ ભાન તેને પ્રગટે છે, આમ 'જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત' એવી સ્થિતિ બનવા પામી હતી, તે સ્વરૂપ શ્રી સદ્ગુરુ ભગવંતથી સમજી, તે અનંત દુઃખના કારણરૂપ તે આત્માના બંધનિમિત્ત પ્રકૃતિ સ્વભાવને મૂકી દે છે - प्रकृतिस्वभावमात्मनो बंधनिमित्तं मुंचति । કારણકે બંધાવાને પશુ પણ ઈચ્છતો નથી, પણ બંધનથી છૂટવાને જ ઈચ્છે છે, તો પછી આ બુધજન પ્રકૃતિ સ્વભાવને આત્માનું બંધનિમિત્ત જાણીને તત્ક્ષણ કેમ ન છોડી દ્યે ? એટલે કે અનાદિથી વળગેલી આ પ્રકૃતિબલાને તે તત્કાળ અળગી કરે છે, અબળા છતાં પ્રબળા બનેલી જે અનાદિના ગાઢ પ્રેમ પરિચયથી આત્મ-પુરુષ પર આધિપત્ય જમાવી બેઠી હતી તે પ્રકૃતિ - બલાના સકંજામાંથી શીઘ્ર છૂટી જાય છે, અનાદિથી સંલગ્ન થયેલી જે પ્રકૃતિ - સુંદરીના પ્રેમપાશમાં ફસાઈ પડી પોતે સ્ત્રીમુખ - સ્ત્રી લટ્ટુ (Henpecked husband) પતિ બન્યો હતો, તે પ્રકૃતિ - નારીને લગ્ન વિચ્છેદ કરી તત્ક્ષણ છૂટાછેડા (Divorce) આપે છે !

''કારણકે આ સમ્યગ્દૃષ્ટિ દૃષ્ટા પુરુષને સત્પુરુષ સદ્ગુરુ સમીપે શ્રવણ કરેલા **'શ્રુત'** જ્ઞાનથી વિવેક ઉપજ્યો છે, શ્રુતજ્ઞાન સમ્યક્પણે પરિણમ્યાથી સદ્-અસદ્નું ભાન થયું છે, વસ્તુ સ્વરૂપ જેવું છે તેવું સમજવામાં આવ્યું છે, સ્વ - પરનું ભેદજ્ઞાન પ્રગટ્યું છે, આત્મા - અનાત્માનો પ્રગટ ભેદ **અનુભવવામાં** આવ્યો છે, કેવલ શુદ્ધ આત્માની અનુભૂતિરૂપ **વિવેક ખ્યાતિ** ઉપજી છે, શુદ્ધ આત્મજ્ઞાન થયું છે. જેમકે - હું આ દેહાદિ પરવસ્તુથી ભિન્ન એવો શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી અજર અમર આત્મા છું. આ નાશવંત દેહાદિ પરભાવ તે હું નથી. એક શુદ્ધ સહજાત્મસ્વરૂપ જ મ્હારૂં છે, બીજું કંઈ પણ મ્હારૂં નથી. હું આ દેહાદિ ભાવનો નથી ને આ દેહાદિ ભાવ મ્હારા નથી - એવો વિવેકરૂપ નિશ્ચય તેના આત્મામાં

દૃઢ થયો છે. એટલે તે ભાવે છે કે મ્હારે આ મ્હારો એક શુદ્ધ આત્મભાવ જ આદેય છે - ગ્રહણ કરવા યોગ્ય છે, બાકી આ બીજા બધા ભાવ હેય છે, ત્યજવા યોગ્ય છે, માટે હું મ્હારા આત્મભાવને જ ભજું ને સમસ્ત પરભાવ પ્રપંચને ત્યજું એ જ યોગ્ય છે. આપણો આત્મભાવ જે એક ચેતનાધાર છે, તે નિજ પરિકર - પરિવારરૂપ ભાવ જ આ બીજા બધા સાથ સંયોગ કરતાં સાર છે. 'એ નિજ પરિકર સાર રે.' માટે હે ચેતન ! તું શાંત થઈ આ સર્વ પરભાવથી વિરામ પામ ! વિરામ પામ ! હે આનંદઘન ! એ જ આ પરમ શાંતિમાર્ગ પામવાનો પરમ ઉપાય છે, એનો આશ્રય કર ! આશ્રય કર !''


**- શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય વિવેચન (સ્વરચિત) પૃ. ૪૭૬-૪૭૭**

''ભાસ્યું નિજ સ્વરૂપ તે, શુદ્ધ ચેતનારૂપ;
અજર અમર અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત આત્મસિદ્ધિ**

''આપણો આતમ ભાવ જે, શુદ્ધ ચેતના ધાર રે,
અવર સવિ સાથ સંયોગથી, એ નિજ પરિકર સાર રે. શાંતિ જિન.'' - **શ્રી આનંદઘનજી**

આમ આત્માને પોતાને મહા દુઃખકારણ બંધનિમિત્ત પ્રકૃતિ સ્વભાવને ચેતયિતા જ્યારે મૂકી દે છે, ત્યારે આ પ્રકૃતિ જૂદી છે, હું જૂદો છું, એમ સ્વ - પરની જૂદાઈ જાણવા રૂપ સ્વ - પરનું વિભાગ જ્ઞાન તેને હોય છે, તેથી કરીને તે જ્ઞાયક હોય છે; આ પ્રકૃતિ જૂદી છે, હું જૂદો છું, એમ સ્વ - પરની જૂદાઈ દેખવારૂપ સ્વ - પરનું વિભાગદર્શન તેને હોય છે, તેથી કરીને તે દર્શક હોય છે; આ પ્રકૃતિની પરિણતિ જૂદી છે, મ્હારી પરિણતિ જૂદી છે, એમ જૂદાઈ જાણવા રૂપ - આચરવારૂપ વિભાગ પરિણતિ તેને હોય છે, તેથી કરીને તે સ્વરૂપમાં સંયમનપણા થકી સંયત હોય છે અને ત્યારે જ પર-આત્માનું એકપણું માની બેસવાપણારૂપ એકત્વ અધ્યાસ તે કરતો નથી, એટલે એકત્વ અધ્યાસના અકરણને લીધે - નહિ કરવાને લીધે - परात्मनोरेकत्वाध्यासस्य अकरणात् તે અકર્ત્તા હોય છે, કર્મો કરતો નથી, એથી તે અબંધ હોય છે અને કર્મથી મુક્ત હોઈ પરમ શિવસુખ પામે છે.

**આકૃતિ**




પરાત્મના એકત્વ અધ્યાસથી કર્ત્તા : : પરાત્મના ભેદવિજ્ઞાન અભ્યાસથી અકર્ત્તા

સર્વ
વિશુદ્ધ
જ્ઞાન

ભોક્તૃત્વ ચિત્‌નો સ્વભાવ નથી, અજ્ઞાનથી આ ભોક્તા છે, એવા ભાવનો **સમયસાર કળશ** (૪) કહે છે -

अनुष्टुप्

**भोक्तृत्वं न स्वभावोऽस्य, स्मृतः* कर्तृत्ववच्चितः ।**
**अज्ञानादेव भोक्तायं, तदभावादवेदकः ॥१९६॥**

કર્તૃત્વ જેમ ભોક્તૃત્વ, સ્વભાવ ચિતનો નથી;
અજ્ઞાનથી જ ભોક્તા આ, અભોક્તા તદ્‌અભાવથી. ૧૯૬

## અમૃત પદ - ૧૯૬

'જ્ઞાનપુંજ ઝગારા મારે' - એ પદનો રાગ

ભોક્તાપણું સ્વભાવ ન ચિતનો, કર્તાપણું ન જ્યમ - એ રીતનો
ભોક્તા જીવ અજ્ઞાન પ્રભાવે, અભોક્તા અજ્ઞાન અભાવે... ભોક્તાપણું. ૧
જ્ઞાની ભોક્તા ન હોય સ્વભાવે, અજ્ઞાની ભોક્તા હોય વિભાવે,
ભગવાન અમૃતની એ યુક્તિ, જે સમજે તે પામે મુક્તિ... ભોક્તાપણું. ૨

**અર્થ** - ભોક્તાપણું કર્ત્તાપણાની જેમ આ ચિત્‌નો સ્વભાવ નથી, અજ્ઞાનથી જ આ ભોક્તા છે, તેના અભાવથી અવેદક-અભોક્તા છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''(આત્મા) ભ્રાંતિપણે પરભાવનો કર્ત્તા છે. તેનાં ફળનો **ભોક્તા છે**, ભાન થયે **સ્વભાવ પરિણામી** છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૬૩૯), ૭૧૦**

આમ ઉપરમાં સિદ્ધ કરી બતાવ્યું તેમ કર્ત્તાપણું જેમ આ પ્રત્યક્ષ અનુભવાઈ રહેલ ચિત્‌નો - ચૈતન્ય વસ્તુનો સ્વભાવ નથી, તેમ ભોક્તાપણું પણ આનો સ્વભાવ નથી - भोक्तृत्वं न स्वभावोऽस्य, चितो वेदयितृत्ववत्, પણ અજ્ઞાન થકી જ આ આત્મા ભોક્તા હોય છે, તે અજ્ઞાનના અભાવથી અભોક્તા હોય છે - अज्ञानादेव भोक्तायं तदभावादवेदकः આવા ભાવનો આ નીચેની ગાથામાં આવતા વિષયનું સૂચન કરતો આ ઉત્થાનિકા કળશ કહ્યો છે.

જે કરે તે ભોગવે અને જો કરે તો ભોગવે, આ સામાન્ય નિયમ છે. એટલે આ ચિદ્રૂપ આત્મા જો કરે નહિ તો ભોગવે નહિ, કર્ત્તા ન હોય તો ભોક્તા પણ ન હોય. આ આત્મા મૂળ સ્વભાવથી તો કર્મનો કર્ત્તા છે નહિ, તો પછી કર્મનો ભોક્તા ક્યાંથી હોય ? કારણકે પૂર્વે દ્રવ્યાનુયોગ પ્રક્રિયાનો (Process) વૈજ્ઞાનિક નિયમ બતાવ્યો હતો તેથી જીવ અજીવરૂપ પરભાવનો કર્ત્તા બની શકે નહિ, પણ સ્વભાવનો જ કર્ત્તા બની શકે, એટલે અજીવ કર્મરૂપ પરભાવનો ભોક્તા તે બની શકે નહિ, પણ સ્વભાવનો જ ભોક્તા બની શકે.

ત્યારે પ્રશ્ન થાય કે આ આત્મા કર્મફલ પ્રગટ ભોગવી રહેલો દેખાય છે, આ દેહધારી સંસારી આત્મા પ્રગટ અનંત જન્મ મરણ દુઃખ અનુભવી રહેલો કળાય છે, એ પ્રગટ પ્રત્યક્ષ અનુભવ સિદ્ધ હકીકત (Actual real fact) છે, તો પછી તેનો શો ખુલાસો છે ? તેનો જવાબ આચાર્યજી આપે છે - મહાનુભાવ ! એ તમારી વાત ખરી છે, એ અપેક્ષા અમારા લક્ષ બ્હાર નથી અને અમે પણ સાપેક્ષ પણે જ કહીએ છીએ, એકાંતપણે કહેતા નથી. કારણકે આ આત્મા શુદ્ધ નિશ્ચયથી શુદ્ધ સ્વભાવની અપેક્ષાએ જેમ અકર્ત્તા છે તેમ અભોક્તા પણ છે, પણ અજ્ઞાનને લીધે જેમ તે અનુપચરિત વ્યવહારથી

* स्थितः इति पाठः ।

કર્ત્તા છે તેમ ભોક્તા પણ છે અને તે અજ્ઞાનના અભાવને લીધે જેમ તે અકર્ત્તા હોય છે તેમ અભોક્તા પણ હોય છે. નિશ્ચયથી ભલે ભોક્તા - ભોગ્યપણું નથી, છતાં અન્યોન્ય નિમિત્ત - નૈમિત્તિક સંબંધથી ભોક્તા - ભોગ્યપણાનો વ્યવહાર તો છે જ અને તેનો પ્રત્યક્ષ પૂરાવો આ કર્મફલના પ્રગટ અનુભવમય આ જન્મ - મરણ પરંપરારૂપ - ચતુર્ગતિરૂપ સંસાર વ્યવહાર જ છે. જો આત્માને આ કર્મ ને કર્મફલ સાથે એકાંતે કાંઈ લેવાદેવા જ ન હોત, તો આ સંસાર પણ કેમ હોત ? અર્થાત્ અજ્ઞાની જીવ સ્વ પરના એકત્વ અધ્યાસના કરણને લીધે કર્ત્તા હોય છે, એટલે તે એકત્વ - અધ્યાસ કરવાને લીધે તે જે કાંઈ કર્મ કરે તે કર્મનું ફલ તેને ભોગવવું જ પડે, એની જવાબદારીમાંથી એ કેમ છટકી શકે ? 'જો કરે સો ભરે' એ તો ન્યાયની રીતિ છે.

પુરુષ અને પ્રકૃતિનો પરિણામ - પરિણામી ભાવ સંબંધ નથી, અર્થાત્ પુરુષ પ્રકૃતિ રૂપે પરિણમતો નથી અને પ્રકૃતિ પુરુષરૂપે પરિણમતી નથી, એટલે એ બન્ને વચ્ચે વ્યાપ્ય - વ્યાપકભાવ રૂપ તાદાત્મ્ય સંબંધ નથી, પણ અનાદિથી કનકોપલની જેમ પુરુષ - પ્રકૃતિનો સંયોગ સંબંધ તો છે જ, એટલે એકક્ષેત્રાવગાહપણે બન્નેની ક્ષીરનીર જેમ એક બીજા સાથે ગાઢ સંવલનરૂપ ઓતપ્રોત સ્થિતિ છે, એથી કરીને એક બીજાની અસર એકબીજા પર થયા વિના રહેતી જ નથી. એટલે જ આગલી ગાથામાં સ્પષ્ટ કહ્યું હતું કે ચેતયિતા પ્રકૃતિ નિમિત્તે ઉપજે - વિણસે છે, પ્રકૃતિ ચેતયિતા નિમિત્તે ઉપજે - વિણસે છે. આ જ સંયોગ સંબંધને લીધે ઉપજતો પરસ્પર નિમિત્ત - નૈમિત્તિક સંબંધ કહેવાય છે, એટલે અજ્ઞાની જીવ એકત્વ - અધ્યાસ કરણને લીધે કર્ત્તા બની નિમિત્તે રાગ - દ્વેષ - મોહરૂપ ભાવકર્મ કરે છે, તેનું નિમિત્ત પામીને પુદ્ગલ દ્રવ્યરૂપ કર્મવર્ગણા દ્રવ્યકર્મ રૂપે પરિણમે છે અને દ્રવ્ય કર્મ વિપાક પામી જ્યારે ફલદાન દેવા ઉદયમાં આવે છે, ત્યારે જીવને ભાવકર્મ પરિણામની સંભાવના રહે છે. અર્થાત્ અજ્ઞાની જીવ રાગ-દ્વેષ-મોહરૂપ ભાવકર્મ પરિણામે પરિણમે છે, રાગ-દ્વેષ-મોહ રૂપ ભાવકર્મ ભોગવે છે - અનુભવે છે, એટલે તે કર્મનો ભોક્તા હોય છે, પણ જ્ઞાની જીવ તો આ મ્હારો સ્વભાવ નથી એમ જાણી જાગ્રત બની રાગ-દ્વેષ-મોહ રૂપ ભાવકર્મમાંથી આત્માને વ્યાવૃત્ત કરે છે - પાછો વાળે છે. એટલે તે રાગ-દ્વેષ-મોહરૂપ ભાવકર્મ ભોગવતો - અનુભવતો નથી, એટલે અર્થાપત્તિથી દ્રવ્યકર્મ ઉદય પણ ભોગવતો નથી - વેદતો નથી. એટલે તે અભોક્તા હોય છે.

''તે કર્ત્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે. પરમાર્થથી સ્વભાવ પરિણતિએ નિજ સ્વરૂપનો કર્ત્તા છે. અનુપચરિત (અનુભવમાં આવવા યોગ્ય, વિશેષ સંબંધ સહિત) વ્યવહારથી તે આત્મા દ્રવ્યકર્મનો કર્ત્તા છે. ઉપચારથી ઘર, નગર આદિનો કર્ત્તા છે.''

- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૯૩ (ષટ્પદનો સુપ્રસિદ્ધ અમૃતપત્ર)

**अण्णाणी कम्मफलं पयडिसहावट्ठिओ दु वेदेइ ।**
**णाणी पुण कम्मफलं जाणइ उदियं ण वेदेइ ॥३१६॥**

અજ્ઞાની કર્મફલ વેદતો, પ્રકૃતિ સ્વભાવે સ્થિત;
જ્ઞાની કર્મફલ જાણતો, પણ વેદે ન ઉદિત. ૩૧૬

**અર્થ** - અજ્ઞાની પ્રકૃતિ સ્વભાવમાં સ્થિત એવો કર્મફલને વેદે છે, પણ જ્ઞાની કર્મફલ ઉદિત જાણે છે, નથી વેદતો. ૩૧૬

## आत्मख्याति

**अज्ञानी कर्मफलं प्रकृतिस्वभावस्थितस्तु वेदयते ।**
**ज्ञानी पुनः कर्मफलं जानाति उदितं न वेदयते ॥३१६॥**

| | |
|---|---|
| **अज्ञानी** हि | **ज्ञानी** तु |
| शुद्धात्मज्ञानाभावात् | शुद्धात्मज्ञानसद्भावात् |
| स्वपरयोरेकत्वज्ञानेन | स्वपरयोर्विभागज्ञानेन |
| स्वपरयोरेकत्वदर्शनेन | स्वपरयोर्विभागदर्शनेन |
| स्वपरयोरेकत्वपरिणत्या च | स्वपरयोर्विभागपरिणत्या च |
| **प्रकृतिस्वभावे स्थितत्वात्** | **प्रकृतिस्वभावादपसृतत्वात्** |
| प्रकृतिस्वभावमप्यहंतया अनुभवन् | शुद्धात्मस्वभावमेकमेवाहंतयानुभवन् |
| **कर्मफलं वेदयतेः** | **कर्मफलमुदितं** ज्ञेयमात्रत्वात् **जानात्येव** |
| | **न** पुनस्तस्याहंतयाऽनुभवितुमशक्यत्वाद्**वेदयते** ॥३१६॥ |

---

**आत्मभावना** -

अज्ञानी - અજ્ઞાની प्रकृतस्वभावस्थितस्तु - નિશ્ચયે કરીને પ્રકૃતિ સ્વભાવસ્થિત (હોઈ) कर्मफलं वेदयते - કર્મફલ વેદે છે - ભોગવે છે, ज्ञानी पुनः - પણ જ્ઞાની તો कर्मफलं उदितं जानाति - કર્મફલને ઉદિત - ઉદયે આવેલું જાણે છે, न वेदयते - નથી વેદતો - ભોગવતો ॥ इति **गाथा** आत्मभावना ॥३१६॥

अज्ञानी हि - અજ્ઞાની તો નિશ્ચયે કરીને प्रकृतिस्वभावमप्यहंतया अनुभवन् - પ્રકૃતિ સ્વભાવને પણ અહંતાથી - અહંપણાથી અનુભવતો कर्मफलं वेदयते - કર્મફલ વેદે છે - ભોગવે છે. તે પ્રકૃતિ સ્વભાવને પણ અહંતાથી શાને લીધે અનુભવતો છે ? प्रकृतिस्वभावे स्थितत्वात् - પ્રકૃતિ સ્વભાવથી સ્થિતપણાને લીધે. એમ શાથી કરીને ? स्वपरयोरेकत्वज्ञानेन - સ્વ - પરના એકત્વ જ્ઞાનથી - એકપણું જાણવાથી, स्वपरयोरेकत्वदर्शनेन - સ્વ - પરના એકત્વ દર્શનથી - એકપણું દેખવાથી, स्वपरयोरेकत्वपरिणत्या च - અને સ્વ - પરની એકત્વ પરિણતિથી - એકપણું પરિણમવાપણાથી. એમ સ્વ - પરના એકત્વ - જ્ઞાનાદિ પણ શાથી ? शुद्धात्मज्ञानाभावात् - શુદ્ધાત્મ જ્ઞાનના અભાવ થકી, શુદ્ધ આત્માના જ્ઞાનના નહિ હોવાપણા થકી. આમ કારણ સંકલનાથી - શુદ્ધાત્મ જ્ઞાનના અભાવથી પ્રકૃતિ સ્વભાવમાં સ્થિતપણાને લીધે અજ્ઞાની પ્રકૃતિ સ્વભાવને પણ અહંતાથી અનુભવતો કર્મફલ વેદે છે - ભોગવે છે.

ज्ञानी तु - પણ આથી ઉલટું જ્ઞાની તો शुद्धात्मस्वभावमेकमेवाहंतया - न भवन् - શુદ્ધાત્મ સ્વભાવને એકને જ અહંતાથી - અહંપણાથી અનુભવતો, कर्मफलमुदितज्ञेयमात्रत्वात् जानात्येव - કર્મફલને ઉદિત - ઉદયે આવેલ એવાને જ્ઞેયમાત્ર પણાને લીધે જાણે જ છે.

न पुनस्तस्याहंतया वेदयितुमशक्यत्वाद् वेदयते - પણ તેના - કર્મફલના અહંતાથી - અહંપણાથી વેદવાના અશક્યપણાને લીધે વેદતો નથી - ભોગવતો નથી. એમ શુદ્ધાત્મ - સ્વભાવને એકને જ અહંતાથી અનુભવતો શાને લીધે ?

## આત્મખ્યાતિ ટીકાર્થ

**અજ્ઞાની તો નિશ્ચયે કરીને -**
શુદ્ધાત્મજ્ઞાનના અભાવ થકી
સ્વ - પરના એકત્વ જ્ઞાનથી,
સ્વ - પરના એકત્વ દર્શનથી
અને સ્વ - પરની એકત્વ પરિણતિથી,
**પ્રકૃતિ સ્વભાવમાં સ્થિતપણાને લીધે -**
પ્રકૃતિ સ્વભાવને પણ અહંતાથી અનુભવતો,
**કર્મફલ વેદે છે :**

**પણ જ્ઞાની તો નિશ્ચયે કરીને,**
શુદ્ધાત્મજ્ઞાનના સદ્‌ભાવ થકી
સ્વ - પરના વિભાગ જ્ઞાનથી,
સ્વ - પરના વિભાગ દર્શનથી
અને સ્વ - પરની વિભાગ પરિણતિથી,
**પ્રકૃતિ સ્વભાવમાંથી અપસૃતપણાને લીધે,**
શુદ્ધાત્મ સ્વભાવને એકને જ અહંતાથી અનુભવતો
**કર્મફલ ઉદિતને જ્ઞેયમાત્રપણાને લીધે જાણે જ છે,**
પણ તેના અહંતાથી અનુભવવાના અશક્યપણાને લીધે
**વેદતો નથી. ૩૧૬**

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"અન્ય સંબંધી જે તાદાત્મ્યપણું છે તે તાદાત્મ્યપણું નિવૃત થાય તો સહજ સ્વભાવે આત્મા મુક્ત જ છે. એમ શ્રી **ઋષભાદિ** અનંત જ્ઞાની પુરુષો કહી ગયા છે, યાવત્ તથારૂપમાં શમાયા છે."

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૬૨, ૫૪૩**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે અજ્ઞાની કર્મફલ વેદે છે - જ્ઞાની વેદતો નથી, જાણે જ છે, એ વસ્તુનું આ ગાથામાં પ્રથન કર્યું છે અને તેની સંપૂર્ણ સાંગોપાંગ પ્રક્રિયા **આત્મખ્યાતિ સૂત્રકર્ત્તાએ** અત્યંત સ્પષ્ટપણે સમજાવી છે.

આકૃતિ

| | | |
|---|---|---|
| પ્રકૃતિ સ્વભાવ સ્થિત<br>અજ્ઞાની કર્મફલ વેદે | : : | પ્રકૃતિ સ્વભાવ અપૃસત<br>જ્ઞાની કર્મફલ જ્ઞાયક |

**જે અજ્ઞાની છે, તેને તો સર્વ પરભાવ - વિભાવથી રહિત એવા શુદ્ધ આત્માનું જ્ઞાન - અનુભવન હોતું નથી, એટલે શુદ્ધાત્મજ્ઞાનના અભાવને લીધે** - शुद्धात्मज्ञानाभावात् - સ્વ - પરની જૂદાઈ નહિ જાણતો તે સ્વ - પરનું એકપણું જાણે છે, સ્વ - પરનું એકપણું દેખે છે અને સ્વ - પરનું એકપણું પરિણમે છે. આમ સ્વ - પરનું એકપણું જાણવારૂપ એકત્વ જ્ઞાનથી, સ્વ - પરનું એકપણું દેખવારૂપ એકત્વ દર્શનથી અને સ્વ પરનું એકપણું પરિણમવારૂપ એકત્વ પરિણતિથી - स्वपरयोरेकत्वज्ञानेन ઈ. તે પ્રકૃતિ સ્વભાવમાં ધામા નાખીને પડી રહેવારૂપ સ્થિતિ કરે છે, પ્રકૃતિ - સ્વભાવમાં જ આરામથી બેઠો રહે છે અને આમ પ્રકૃતિ સ્વભાવમાં સ્થિતપણાને લીધે - प्रकृतिस्वभावे स्थितत्वात् તે જડ અચેતન એવા પ્રકૃતિ સ્વભાવને પણ 'આ પણ હું' એમ અહંતાથી - અહંપણાથી અનુભવતો - प्रकृति

प्रकृतिस्वभावादपसृतत्वात् - પ્રકૃતિ સ્વભાવમાંથી અપસૃતપણાને લીધે - અપસરી - ઓસરીપણાને લીધે. એમ શાથી કરીને ? स्वपरयोर्विभागज्ञानेन - સ્વ - પરના વિભાગ જ્ઞાનથી - વિભાગના - વિભેદના જાણવાથી, स्वपरयोर्विभागदर्शनेन - સ્વ - પરના વિભાગ દર્શનથી - વિભાગના - વિભેદના દેખવાથી, स्वपरयोर्विभागपरिणत्या - સ્વ - પરની વિભાગ પરિણતિથી - વિભાગના - વિભેદના પરિણમવાપણાથી. એમ સ્વ - પરના વિભાગ જ્ઞાનાદિ પણ શાથી ? शुद्धात्मज्ञानसद्भावात् - શુદ્ધાત્મ જ્ઞાનના સદ્‌ભાવ થકી, શુદ્ધ આત્માના જ્ઞાનના હોવાપણા થકી. આમ કારણ - સંકલનાથી - શુદ્ધાત્મ જ્ઞાનના સદ્‌ભાવથી પ્રકૃતિ સ્વભાવમાંથી ઓસરી જવાપણાને લીધે જ્ઞાની કર્મફલને અહંતાથી નહિ અનુભવતો - વેદતો. ।। इति **'आत्मख्याति'** आत्मभावना ।।३१६।।

स्वभावमप्यहंतयानुभवन्, કર્મફલ વેદે છે - ભોગવે છે.

પણ આથી ઉલટું જે જ્ઞાની છે તેને તો સર્વ પરભાવ - વિભાવથી રહિત એવા શુદ્ધ આત્માનું જ્ઞાન - અનુભવન હોય છે, શુદ્ધ આત્મજ્ઞાનનો સદ્‌ભાવ - હોવાપણું છે, એટલે शुद्धात्मज्ञानसद्‌भावात् - શુદ્ધાત્મજ્ઞાનના સદ્‌ભાવને લીધે સ્વ - પરની ભિન્નતા - જૂદાઈ જાણતો તે સ્વ પરનું વિભાગપણું - વિભિન્નપણું જાણે છે, સ્વ - પરનું વિભાગપણું - વિભિન્નપણું દેખે છે અને સ્વ - પરનું વિભાગપણું - વિભિન્નપણું પરિણમે છે. આમ स्वपरयोर्विभागज्ञानेन ઈ. સ્વપરના વિભાગ - વિભેદ જાણવા રૂપ વિભાગ જ્ઞાનથી, સ્વ પરનો વિભાગ - વિભેદ દેખવા રૂપ વિભાગદર્શનથી અને સ્વ - પરનો વિભાગ - વિભેદ પરિણમવારૂપ વિભાગ પરિણતિથી તે પ્રકૃતિ સ્વભાવમાંથી ડેરા તંબૂ ઉઠાવી લઈ અપસૃત થઈ જાય છે, ઓસરી જાય છે, પાછો હઠી જાય છે, રફુચક્ક થઈ જાય છે - સટકી જાય છે. - આમ प्रकृति-स्वभावादपसृतत्वात् - પ્રકૃતિ સ્વભાવમાંથી ચાલાકીથી સટકી જવારૂપ અપસૃતપણાને લીધે - ઓસરી જવાપણાને લીધે તે શુદ્ધાત્મ સ્વભાવને એકને જ 'આ હું' એમ અહંતાથી - અહંપણાથી અનુભવતો - शुद्धात्मस्वभावमेकमेवाहंतयानुभवन्, કર્મફલ ઉદિત - ઉદયાગત જ્ઞેયમાત્રપણાને લીધે જાણે જ છે, પણ 'આ હું' એમ તેના - કર્મફલના અનુભવવાના અશક્યપણાને લીધે, વેદતો નથી - ભોગવતો નથી.

અર્થાત્ જે અજ્ઞાની છે તેને તો શુદ્ધાત્માનું જ્ઞાન હોતું નથી, એટલે સ્વ - પર જૂદા નથી એમ સમજી તે સ્વ - પરનું એકપણું જાણે છે, સ્વ - પરનું એકપણું દેખે છે અને સ્વ પરનું એકપણું પરિણમે છે, એટલે તે જડ અચેતન એવા પ્રકૃતિ સ્વભાવમાં સ્થિતિ કરે છે - પડ્યો રહે છે, એથી કરીને આ પ્રકૃતિ સ્વભાવ તે હું એમ તે જડ અચેતન પ્રકૃતિ સ્વભાવને પણ અહંપણે અનુભવતો કર્મફલ વેદે છે - ભોગવે છે. આથી ઉલટું જે જ્ઞાની છે, તેને શુદ્ધાત્માનું જ્ઞાન હોય છે, એટલે સ્વ - પર જૂદા છે એમ સમજી તે, સ્વ - પરનું જૂદાપણું જાણે છે, સ્વ - પરનું જૂદાપણું દેખે છે અને સ્વ - પરનું જૂદાપણું પરિણમે છે - એટલે તે જડ અચેતન પ્રકૃતિ સ્વભાવમાંથી ઓસરી જાય છે (Retreat) પીછેહઠ કરી જાય છે, પાછો હઠી જાય છે. એટલે શુદ્ધાત્મ સ્વભાવ તે જ એક હું છું એમ શુદ્ધાત્મ સ્વભાવને એકને જ તે અહંપણે અનુભવે છે અને ઉદય આવેલા કર્મફલને જ્ઞેયમાત્રપણાને લીધે - માત્ર જાણવા યોગ્યપણાને લીધે, જાણે જ છે, પણ આ કર્મફલ તે હું એમ કર્મફલના અનુભવવાના અશક્યપણાને લીધે તેને વેદતો નથી - ભોગવતો નથી.



અજ્ઞાની પ્રકૃતિ સ્વભાવ - નિરત અને જ્ઞાની પ્રકૃતિ સ્વભાવ વિરત એવા ભાવનો **સમયસાર** - કળશ (૪) સંગીત કરે છે -

શાર્દૂલવિક્રીડિત

**अज्ञानी प्रकृतिस्वभावनिरतो नित्यं भवेद्वेदको,**
**ज्ञानी तु प्रकृतिस्वभावविरतो नो जातुचिद्वेदकः ।**
**इत्येवं नियमं निरूप्य निपुणैरज्ञानिता त्यज्यतां,**
**शुद्धैकात्ममये महस्यचलितैरासेव्यतां ज्ञानिता ॥१९७॥**

અજ્ઞાની પ્રકૃતિ સ્વભાવ નિરતો, હોયે સદા વેદકો,
જ્ઞાની તો પ્રકૃતિ સ્વભાવવિરતો, નો'ય કદા વેદકો;
એવો નિયમ આ નિરૂપી નિપુણો ત્યાગો જ અજ્ઞાનિતા,
શુદ્ધૈકાત્મમયે મહસ્ અચલ થૈ આસેવજો જ્ઞાનિતા. ૧૯૭

## અમૃત પદ - ૧૯૭

ત્યજો અજ્ઞાનિપણું હે સજના ! ભજો જ્ઞાનિપણું હે સજના !... ધ્રુવપદ
અજ્ઞાની પ્રકૃતિ સ્વભાવે નિરતો, જ્ઞાની પ્રકૃતિ સ્વભાવે વિરતો... ત્યજો. ૧
અજ્ઞાની પ્રકૃતિ સ્વભાવે નિરતો, તેથી વેદક નિત્યે ઠરતો,
જ્ઞાની પ્રકૃતિ સ્વભાવે વિરતો, તેથી વેદક કદી ન ઠરતો... ત્યજો. ૨
એવો નિયમ નિરૂપી નિપુણા, ત્યજો અજ્ઞાનિપણું સુજના !
ભજો જ્ઞાનિપણું નિજ અમલા, શુદ્ધાત્મમય મહસ્‌માં અચલા... ત્યજો. ૩
વિજ્ઞાનઘન ઈતિ અમૃતવર્ષી, ભગવાન્ અમૃતધારા વર્ષી,
ત્યજો અજ્ઞાનિપણું હે સજના ! ભજો જ્ઞાનિપણું હે સજના !... ત્યજો. ૪

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સર્વ વિભાવથી ઉદાસીન અને અત્યંત શુદ્ધ નિજ પર્યાયને સહજપણે આત્મા ભજે તેને શ્રી જિને તીવ્ર જ્ઞાનદશા કહી છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૪૮૪), ૫૭૨**

ઉપરમાં આત્મખ્યાતિના ગદ્ય ભાગમાં જે કહ્યું તેના સારસમુચ્ચયરૂપ - પુષ્ટિરૂપ આ કળશ કાવ્યનું સર્જન કરી આ પરથી ફલિત થતો સારભૂત પરમાર્થ જ્ઞાનમૂર્ત્તિ **અમૃતચંદ્રજીએ** અત્રે હૃદયંગમ સચોટ શૈલીમાં ઉપદેશ્યો છે - अज्ञानी प्रकृतिस्वभावनिरतो नित्यं भवेद् वेदकः - અજ્ઞાની છે તે **પ્રકૃતિ સ્વભાવ નિરત છે,** પ્રકૃતિ સ્વભાવમાં નિરત - નિતાંતપણે રત - રમણ કરી રહેલો છે, નિતાંત રતિયુક્ત - અત્યંત આસક્ત છે, તેથી તે નિત્ય વેદક છે - સદાય કર્મફલ ભોક્તા છે. પણ જ્ઞાની તો આથી ઉલટું **પ્રકૃતિ સ્વભાવવિરત છે** - ज्ञानी तु प्रकृतिस्वभावविरतः नो जातुचिद् वेदकः, પ્રકૃતિ સ્વભાવથી વિરત - વિરમણ પામેલ - વિગતરતિ - વિરતિ પામેલ - વિરક્ત છે, તેથી તે કદી પણ વેદક નથી, કર્મફલ ભોક્તા નથી. इत्येवं नियमं निरूप्य निपुणैः - એમ એવા પ્રકારે ત્રણે કાળમાં ન ચળે એવો નિશ્ચળ નિશ્ચયરૂપ નિયમ (Rule) નિરૂપીને - સમ્યક્‌પણે અવલોકીને - લક્ષમાં રાખીને નિપુણોથી - વિવેકપટુ બુધજનોથી અજ્ઞાનિતા ત્યજાઓ ! अज्ञानिता त्यज्यतां અને शुद्धैकात्ममये महस्यचलितैः - શુદ્ધ એક આત્મમય મહસ્‌માં - અચલિતોથી જ્ઞાનિતા આસેવાઓ ! आसेव्यतां ज्ञानिता, પરભાવમાં આત્મબુદ્ધિરૂપ અજ્ઞાનિપણું છોડી દેવાઓ ! અને શુદ્ધ - સમસ્ત પરભાવ વિભાવથી રહિત એવા એક - અદ્વૈત

આત્મમય મહસ્‌માં - સર્વતેજથી મહત્‌ મહાતેજમાં - મહાજ્યોતિમાં અચલિત રહીને શુદ્ધ આત્મસ્વભાવમાં રમણતારૂપ - જ્ઞાનદશારૂપ - જ્ઞાનિપણું આસેવાઓ ! સ્વરૂપ મર્યાદામાં રહીને આત્યંતિક અનુભવ અભ્યાસરૂપ જ્ઞાનદશાનું આસેવન કરાઓ.

**આકૃતિ**

પ્રકૃતિ સ્વભાવ નિરત અજ્ઞાની કર્મફલ વેદક : : પ્રકૃતિ સ્વભાવ વિરત જ્ઞાની કર્મફલ અવેદક : : અજ્ઞાનિતા ત્યજો : જ્ઞાનિતા ભજો

''અભિનંદન અવલંબને, પરમાનંદ વિલાસ હો મિત્ત !

દેવચંદ્ર પ્રભુ સેવના, કરી અનુભવ અભ્યાસ હો મિત્ત !'' - **શ્રી દેવચંદ્રજી**

''આર્યજનો ! અંતર્મુખ થઈ, સ્થિર થઈ તે આત્મામાં જ રહો તો અનંત અપાર આનંદ અનુભવશો.''

''અનાદિકાળથી માત્ર જીવને બાહ્ય પ્રવૃત્તિ અથવા બાહ્ય નિવૃત્તિનું ઓળખાણ છે અને તેના આધારે જ તે સત્પુરુષ, અસત્‌ પુરુષ કલ્પતો આવેલ છે.'' - **શ્રીમદ્‌ રાજચંદ્ર, અં. ૮૩૨, ૪૦૧**

અજ્ઞાની વેદક જ છે એમ નિયમાય છે -

**ण मुयइ पयडिमभव्वो सुट्ठुवि अज्झाइऊण सत्थाणि ।**
**गुडदुद्धंपि पिबंता ण पण्णया णिव्विसा हुंति ॥३१७॥**

અભવ્ય પ્રકૃતિ ન જ મૂકે, શાસ્ત્રો ભણી સુપેર;
ગળ્યું દુધ પીતાં ય પન્નગો, હોય નહિ નિર્ઝેર. ૩૧૭

**અર્થ** - અભવ્ય સારી પેઠે શાસ્ત્રો અધ્યયન કરીને પણ પ્રકૃતિને મૂકતો નથી, ગળ્યું દૂધ પીતાં પણ પન્નગો (ઝેરી સાપ) નિર્વિષ હોતા નથી. ૩૧૭

## आत्मख्याति टीका

अज्ञानी वेदक एवेति नियम्यते -

**न मुंचति प्रकृतिमभव्यः सुष्ट्वपि अधीत्य शास्त्राणि ।**
**गुडदुग्धमपि पिबंतो न पन्नगा निर्विषा भवंति ॥३१७॥**

यथात्र **विषधरो**
**विषभावं** स्वयमेव **न मुंचति,**
विषभावविमोचनसमर्थ**सशर्करक्षीरपानाच्च** न मुंचति

तथा किलाभव्यः
प्रकृतिस्वभावं स्वयमेव न मुंचति
प्रमोचनसमर्थद्रव्यश्रुतज्ञानाच्च न मुंचति,
नित्यमेव भावश्रुतज्ञानलक्षण
शुद्धात्मज्ञानाभावेनाज्ञानित्वात् ।

अतो नियम्यतेऽज्ञानी प्रकृतिस्वभावे सुस्थितत्वाद्वेदक एव ॥३१७॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

**જેમ અત્રે વિષધર**
**વિષભાવ** સ્વયમેવ નથી મૂકતો
અને વિષભાવના વિમોચનમાં સમર્થ
એવા સાકર સહિત ક્ષીરપાન થકી નથી મૂકતો :-

**તેમ નિશ્ચયે કરીને અભવ્ય**
**પ્રકૃતિ સ્વભાવ સ્વયમેવ નથી મૂકતો**
અને પ્રમોચનમાં સમર્થ
દ્રવ્યશ્રુતજ્ઞાન થકી નથી મૂકતો -
નિત્યમેવ ભાવશ્રુત જ્ઞાનલક્ષણ
શુદ્ધાત્મ જ્ઞાનના અભાવે કરી અજ્ઞાનિપણાને લીધે.

એથી નિયમાય છે કે અજ્ઞાની પ્રકૃતિ સ્વભાવમાં સુસ્થિતપણાને લીધે વેદક જ છે. ૩૧૭

---

**आत्मभावना** -

अज्ञानी वेदक एव - અજ્ઞાની વેદક જ છે इति नियम्यते - એમ નિયમાય છે, નિયમવામાં આવે છે - अभव्यः - અભવ્ય शास्त्राणि सुष्ट्ठेवपि अधीत्य - શાસ્ત્રો સારી પેઠે અધ્યયન કરીને - ભણીને પણ प्रकृतिं न मुंचति - પ્રકૃતિને મૂકતો નથી. गुडदुग्धमपि पिबंता - ગળ્યું દૂધ પીતાં પણ पन्नगाः - પન્નગો, ઝેરી સાપ, न निर्विषा भवंति - નિર્વિષ - ઝેર વિહોણા નથી થતા. ॥ इति **गाथा** आत्मभावना ॥३१७॥

यथा - જેમ, દૃષ્ટાંત કે - अत्र विषधरः - અત્રે વિષધર - સાપ विषभावं स्वयमेव न मुंचति - વિષભાવને સ્વયમેવ - આપોઆપ જ - પોતે જ નથી મૂકતો, विषभाव-विमोचनसमर्थसशर्करक्षीरपानाच्च न मुंचति - અને વિષભાવના વિમોચનમાં - મૂકાવવામાં સમર્થ એવા સાકર સહિત દૂધના પાન થકી નથી મૂકતો, तथा - તેમ, દાર્ષ્ટાંતિક - किलाभव्यः - નિશ્ચયે કરીને અભવ્ય प्रकृतिस्वभावं स्वयमेव न मुंचति - પ્રકૃતિ - સ્વભાવને સ્વયમેવ - આપોઆપ જ - પોતે જ

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જ્ઞાનીની વાણીનો દોષ નથી પણ જીવની સમજણ શક્તિનો દોષ છે."

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩, ૮૪, ૯૫૭ (ઉપદેશ છાયા)**

અજ્ઞાની વેદક જ - કર્મફલ ભોક્તા જ છે એવો ત્રણે કાળમાં ન ફરે એવો નિશ્ચયરૂપ નિયમ અત્રે અભવ્યના દૃષ્ટાંત પરથી સ્થાપિત કર્યો છે - જેમ અત્રે વિષ ધરનારો વિષધર - મહાઝેરીલો નાગ - પન્નગ (Cobra) વિષભાવને - ઝેરીલાપણાને સ્વયમેવ - પોતાની મેળે - આપોઆપ જ મૂકતો નથી અને વિષભાવના વિમોચનમાં સમર્થ - ઝેરીલાપણું મૂકાવવા શક્તિમાન્ એવા સાકરવાળા દુગ્ધપાન થકી પણ મૂકતો નથી, તેમ નિશ્ચયે કરીને કદી પણ મોક્ષ પામવાને જે યોગ્ય નથી એવો અભવ્ય પણ અચેતન જડ પ્રકૃતિ સ્વભાવને સ્વયમેવ - પોતાની મેળે - આપોઆપ મૂકતો નથી અને 'પ્રમોચનમાં સમર્થ' - પ્રકૃષ્ટપણે મૂકવામાં શક્તિમાન્ એવા દ્રવ્યશ્રુતજ્ઞાન થકી પણ મૂકતો નથી - प्रमोचनसमर्थद्रव्यश्रुतज्ञानाच्च न मुंचति - કારણ શું ? કારણકે नित्यमेव भावश्रुतज्ञानलक्षणशुद्धात्मज्ञानाभावेन अज्ञानित्वात् । અર્થાત્ ભાવશ્રુત જ્ઞાન જેનું લક્ષણ છે એવું શુદ્ધ આત્મજ્ઞાન - સર્વ અન્ય ભાવમાં સ્પર્શલેશથી રહિત એવા શુદ્ધ આત્માનું જ્ઞાન અભવ્યને કદી પણ હોતું નથી, તેથી તેનું સદાય અજ્ઞાનિપણું જ રહે છે માટે. આ નિત્ય અજ્ઞાની અભવ્યના દૃષ્ટાંત પરથી નિયમ કરાય છે કે અજ્ઞાની પ્રકૃતિ સ્વભાવમાં સુસ્થિતપણાને લીધે - 'प्रकृतिस्वभावे सुस्थितत्वात्' - વેદક જ છે, ભોક્તા જ છે. આમ પોતાની 'અભવ્ય' - શુદ્ધાત્મ જ્ઞાન પામવા અયોગ્ય પ્રકૃતિના દોષથી સદાય અજ્ઞાની જ રહી જે 'પ્રકૃતિ સ્વભાવમાં સુસ્થિતપણાને લીધે' - પુદ્ગલમયી પ્રકૃતિના સ્વભાવમાં સારી પેઠે સ્થિતિ કરવાપણાને લીધે વેદક જ - ભોક્તા જ હોય છે, એવા આ અભવ્યના ઉદાહરણ પરથી અજ્ઞાની વેદક જ હોય છે. કર્મફલ ભોક્તા જ હોય છે, એવો ત્રણે કાળમાં ન ચળે એવો અચળ સામાન્ય નિયમ અત્ર સ્થાપિત કર્યો છે.

અત્રે અભવ્યને ઝેરી નાગ સાથે સરખાવેલ છે તે સહેતુક છે. જેમ ઝેરીલો નાગ પોતાની મેળે ઝેરીલાપણું મૂકતો નથી અને મૂકાવવા સમર્થ સાકરવાળા દૂધના પાનથી પણ મૂકતો નથી, તેમ ક્યારેય પણ મોક્ષ પામવાને અયોગ્ય એવી જેની મિથ્યાત્વ વિષમયી પ્રકૃતિ (સ્વભાવ) છે એવો અભવ્ય પણ પરદ્રવ્યરૂપ પુદ્ગલમય પ્રકૃતિ સ્વભાવને પોતાની મેળે આપોઆપ કદી મૂકતો નથી અને તે મૂકાવવા સમર્થ એવા દ્રવ્યશ્રુત જ્ઞાન થકી પણ મૂકતો નથી. દ્રવ્યશ્રુત જ્ઞાનનું - શાસ્ત્રનું એકમાત્ર પ્રયોજન સદુપદેશદાનથી ભાવશ્રુતજ્ઞાન - શુદ્ધાત્મજ્ઞાન પ્રગટાવી, જીવને પરદ્રવ્યરૂપ કર્મ પ્રકૃતિમાંથી છોડાવી સ્વદ્રવ્યરૂપ આત્મામાં લાવી - સ્થિર કરાવી મુક્ત કરવાનું છે, પણ દ્રવ્યશ્રુત જ્ઞાનનું આ ઈષ્ટ પ્રયોજન સ્વદોષ દુષ્ટ અભવ્યની બા. માં સર્વદા સર્વથા નિષ્ફળ નીવડે છે, કારણકે દ્રવ્યશ્રુત જ્ઞાનના ફળરૂપ ભાવશ્રુતજ્ઞાન - શુદ્ધાત્મ જ્ઞાન તેને કદી ઉપજતું નથી એટલે તે સદાય અજ્ઞાની જ રહે છે. અભવ્ય ગમે તેટલા શાસ્ત્રો પેઠે, અગીયાર અંગ સુધી અધ્યયન કરે, પણ તે સાપને ગળ્યું દૂધ પાવા બરાબર છે, સાપને ગળ્યું મીઠું દૂધ પણ ઝેર રૂપે પરિણમે છે, તેમ અભવ્યને મધુર શાસ્ત્ર - અમૃત પણ ઝેર રૂપે પરિણમે છે, આમાં કાંઈ શાસ્ત્રનો વાંક નથી, પણ અભવ્યની પોતાની સહજ પ્રકૃતિનો જ વાંક છે. કારણકે અભવ્ય તો બરૂ જેવો છે, તેને કદી પણ સંવેગ માધુર્યની નિષ્પત્તિ નથી. અભવ્યની મોક્ષ પામવાની અયોગ્યતા તો કેટલી બધી છે તે એ પરથી સમજાશે કે ભાવશ્રુતજ્ઞાન લક્ષણ શુદ્ધ આત્મજ્ઞાન પામવાની વાત તો દૂર રહો, પણ તે

---

નથી મૂકતો, प्रमोचनसमर्थद्रव्यश्रुतज्ञानाच्च न मुंचति - પ્રમોચનમાં - તેના પ્રકૃષ્ટપણે સર્વથા મૂકાવવામાં સમર્થ એવા દ્રવ્યશ્રુત જ્ઞાન થકી નથી મૂકતો. એમ શાને લીધે ? नित्यमेव भावश्रुतज्ञानलक्षणशुद्धात्मज्ञानाभावेन - નિત્યમેવ - સદાય ભાવશ્રુત જ્ઞાનલક્ષણ શુદ્ધાત્મજ્ઞાનના - શુદ્ધ આત્માના જ્ઞાનના અભાવે કરી अज्ञानित्वात् - અજ્ઞાનીપણાને લીધે. ॥૩૧૭॥ अतो नियम्यतेऽज्ञानी प्रकृतिस्वभावे सुस्थितत्वात् वेदक एव - એથી નિયમાય છે કે અજ્ઞાની પ્રકૃતિ સ્વભાવમાં સુસ્થિતપણાને લીધે વેદક જ છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥३१७॥

આત્મજ્ઞાન પ્રત્યે અનુક્રમે લઈ જનારી યોગ્યતાની વૃદ્ધિરૂપ મિત્રાદૃષ્ટિ વગેરે અવસ્થાઓ પામવા પણ તે અભવ્ય, અયોગ્ય હોય છે.

'આ મિત્રા વગેરે અવસ્થાઓ ખરેખર ! ઈક્ષુ - શેરડી જેવી છે, કારણકે તેમાંથી **સંવેગ રૂપ માધુર્યની** - મીઠાશની પ્રાપ્તિ થાય છે. મૂળ શેરડી જ ન હોય તો રસ ક્યાંથી નીકળે ? રસ ન હોય તો ગોળ વગેરે કેમ બને ? મીઠી સાકર કેમ નીપજે ? પણ આ મિત્રા વગેરે તો શેરડી વગેરે જેવી હોઈ, તેમાંથી અવશ્ય પરમાર્થ પ્રેમરૂપ રસાદિની નિષ્પત્તિ થાય છે, ને મીઠી સાકર જેવા - પરમ અમૃત જેવા સંવેગની મધુરતાનો અનુભવ થાય છે, આથી ઉલટું, **અભવ્યો** તો નલ જેવા - બરૂ જેવા છે, તેથી કરીને જ તેમને કોઈ કાળે સંવેગરૂપ માધુર્ય નીપજતું નથી. નલ - બરૂ તો સાવ નીરસ હોય છે, એટલે એને ગમે તેટલો પીલો તો પણ તેમાંથી રસ નીકળતો નથી, તો પછી તેમાંથી મીઠી સાકરની પ્રાપ્તિ તો ક્યાંય દૂર રહી ! તેમ આ અભવ્યો પણ તેવા જ નીરસ, 'કોરા ધાકોડ' હોય છે, તેમને ગમે તેટલા બોધથી પણ પરમાર્થ પ્રેમરૂપ રસ ઉપજતો નથી, તો પછી સંવેગ રૂપ મીઠી સાકરની આશા ક્યાંથી હોય ? આવા અભવ્યો ભલે પરમાર્થ પ્રેમ વિનાની નીરસ - સાવ સુક્કી એવી અનંત દ્રવ્ય ક્રિયા કર્યા કરે, અથવા તો ખૂબ શાસ્ત્રો ભણી મોટા પંડિત શ્રુતધર બને, પણ તેઓ પોતાની પ્રકૃતિને કદી છોડતા નથી - ગોળવાળું દૂધ પીને સાપ નિર્વિષ થાય નહિ તેમ - 'गुडदुद्धंपि पिबंता ण पण्णया णिव्विसा हुंति' । કારણકે તેઓના હૃદયમાં - અંતરાત્મામાં કદી પણ પરમાર્થરસનો અંકુર ફૂટતો નથી. આમ હોવાથી તેઓ મોક્ષમાર્ગ પામવાને સર્વથા અયોગ્ય છે, એટલા માટે જ તે 'અભવ્ય' કહેવાય છે. એટલે અર્થાપત્તિ ન્યાયથી તેવા પુરુષો આ મિત્રા વગેરે દૃષ્ટિ પામવાને પણ યોગ્ય નથી હોતા, કારણકે જો તે પામે તો તે 'અભવ્ય' ક્યાંથી રહે ? આ મિત્રા વગેરે દૃષ્ટિ પામે તે ભવ્ય જ હોય, અભવ્ય હોય જ નહિ.'

**- શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય વિવેચન (સ્વરચિત) પૃ. ૭૮, ૭૯**

આમ અભવ્યની આત્યંતિક અયોગ્યતા હોય છે, પણ ભવ્યની વાત કથંચિત્ ન્યારી છે. પણ તેથી મિથ્યાત્વ વિષ પ્રકૃષ્ટપણે મૂકાવવા પરમ સમર્થ દ્રવ્યશ્રુતજ્ઞાનનું શક્તિ સામર્થ્ય કાંઈ ઓછું આંકવાનું નથી. કારણકે શ્રુતજ્ઞાનની શક્તિ અમૃત શક્તિ જેવી છે. અમૃત જેમ મરેલાને કે મૂર્ચ્છિતને જીવાડે છે, સજીવન કરે છે, અમર કરે છે, તેમ **અમૃત સમી** આ શ્રુત શક્તિ પણ મહામોહથી મૃતઃપ્રાય અથવા મૂર્ચ્છિત બનેલ જીવને જીવાડે છે, સજીવન કરે છે, પરમાર્થમય ભાવ - જીવન બક્ષે છે અને ક્ષણ ક્ષણ ભયંકર ભાવ-મરણમાંથી ઉગારી અમૃતત્વ આપે છે, કારણકે તે દ્રવ્યશ્રુત જ્ઞાનરૂપ સંજીવની શુદ્ધાત્મજ્ઞાન રૂપ ભાવશ્રુતજ્ઞાન પામવાનું ઉત્તમ ઉપકારી નિમિત્ત થાય છે અને તેમ થાય તો જ અને ત્યારે જ તેનું સફળપણું થાય છે. આ પરથી સાર બોધ એ ફલિત થાય છે કે દ્રવ્યશ્રુત જ્ઞાન આવું પરમ સમર્થ છતાં અભવ્યની બા. માં તો ભાવશ્રુતજ્ઞાનનું નિમિત્ત કદી પણ નહિ બની શકવાને લીધે જેમ અકિંચિત્કર થઈ પડે છે, તેમ ભવ્યની બા. માં પણ જ્યાં લગી શુદ્ધાત્મ જ્ઞાનરૂપ ભાવશ્રુતજ્ઞાનનું નિમિત્ત થતું નથી ત્યાં લગી તે અકિંચિત્કર થાય છે, માટે દ્રવ્યશ્રુત જ્ઞાનરૂપ ઉત્તમ નિમિત્તના પ્રબળ અવલંબને જેમ શુદ્ધાત્મ જ્ઞાનરૂપ ભાવશ્રુતજ્ઞાન થાય તેવા જ સતત લક્ષ મુમુક્ષુએ રાખવો યોગ્ય છે અને એમ કરતાં સમસ્ત પરભાવ - વિભાવ રહિત શુદ્ધ આત્માના જ્ઞાન - અનુભવ અભ્યાસ પ્રત્યે નિરંતર દૃષ્ટિ કેન્દ્રિત કરી દ્રવ્યશ્રુતજ્ઞાનનો - પરમ ઉપકારી સત્‌શાસ્ત્રનો ઈષ્ટ ઉદ્દેશ પાર પાડવો યોગ્ય છે. અસ્તુ !


'સત્‌શાસ્ત્ર એ ભવરોગનો નાશ કરનારી દિવ્ય ઔષધિ અથવા અમૃત સંજીવની છે. એટલે ભવરોગનું નિવારણ ઈચ્છનારે તે પરમ શાંતરસમૂળ વીતરાગ વચનામૃતોનું નિરંતર સેવન કરવા યોગ્ય છે. કારણકે રાગ-દ્વેષમોહરૂપ ત્રિદોષથી આ જીવને સત્ સ્વરૂપથી નિપાતરૂપ સન્નિપાત લાગુ પડ્યો છે, વીતરાગરૂપ સદ્‌વૈદ્યે સત્‌શાસ્ત્રમાં નિરૂપણ કરેલી રત્નત્રયીરૂપ માત્રાનું જીવ જેમ જેમ સેવન કરે, તેમ તેમ તેનો આ ત્રિદોષ સન્નિપાત અવશ્ય દૂર થાય છે અને તેને આત્મામાં સ્થિરતારૂપ સ્વાસ્થ્ય - આરોગ્ય લાભ પ્રાપ્ત થતો જાય છે. પરમ શાંતસુધારસ જેનું મૂળ છે એવી આ શ્રુત ઔષધિની શક્તિ

અમૃત જેવી છે. અમૃત જેમ મરેલાને કે મૂર્ચ્છિતને જીવાડે છે, સજીવન કરે છે, અમર કરે છે, તેમ અમૃત સમી આ શ્રુતશક્તિ જીવને જીવાડે છે, સજીવન કરે છે, પરમાર્થમય ભાવજીવન બક્ષે છે અને ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણમાંથી ઉગારી અમૃતત્વ આપે છે, યાવત્ મોક્ષફળ પ્રાપ્ત કરાવે છે.'

- શ્રી પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા (સ્વરચિત) પાઠ-૯

''વચનામૃત વીતરાગના, પરમ શાંતરસ મૂળ;
ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.'' - શ્રીમદ્ રાજચંદ્રજી

''શ્રીમત્ વીતરાગ ભગવતોએ નિશ્ચિતાર્થ કરેલો એવો અચિંત્ય ચિંતામણિ સ્વરૂપ, પરમ હિતકારી, પરમ અદ્‌ભુત, સર્વ દુઃખોનો નિઃસંશય આત્યંતિક ક્ષય કરનાર, પરમ અમૃત સ્વરૂપ, એવો સર્વોત્કૃષ્ટ શાશ્વત ધર્મ જયવર્તો, ત્રિકાળ જયવંત વર્તો.'' - શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૪૩, (૭૬૭)



પણ જ્ઞાની તો અવેદક જ છે એમ નિયમાય છે -

**निर्वेयसमावण्णो णाणी कम्मफलं वियाणेइ ।**

**महुरं कडुयं बहुविहमवेयओ तेण सो होई ॥३१८॥**

નિર્વેદાપન્ન જ્ઞાની તો, જાણે કર્મફલ સોય;

મધુરું કડવું બહુવિધું, અવેદક તેથી હોય. ૩૧૮

**અર્થ** - નિર્વેદ સમાપન્ન (નિર્વેદને સમ્યક્પણે પામેલો) જ્ઞાની મધુરું કડવું બહુ પ્રકારનું કર્મફલ વિશેષે કરીને જાણે છે, તેથી તે અવેદક હોય છે. ૩૧૮

## आत्मख्याति टीका

ज्ञानीत्ववेदक एवेति नियम्यते -

**निर्वेदसमापन्नो ज्ञानी कर्मफलं विजानाति ।**

**मधुरं कटुकं बहुविधमवेदको तेन भवति ॥३१८॥**

ज्ञानी तु निरस्तभेदभावश्रुतज्ञानलक्षणशुद्धात्मज्ञानसद्भावेन परतोऽत्यंतविविक्तत्वात् प्रकृतिस्वभावं स्वयमेव मुंचति, ततोऽमधुरं मधुरं कटुकं वा कर्मफलमुदितं ज्ञातृत्वात् केवलमेव जानाति, न पुनः ज्ञाने सति परद्रव्यस्याहंतयाऽनुभवितुमयोग्यत्वाद्वेदयते । अतो ज्ञानी प्रकृतिस्वभावविरक्तत्वादवेदक एव ॥३१८॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

જ્ઞાની તો નિશ્ચયે કરીને -

નિરસ્તભેદ (અભેદ) ભાવશ્રુત જ્ઞાનલક્ષણ શુદ્ધાત્મજ્ઞાનના સદ્ભાવે કરીને પરથી અત્યંત વિવિક્તપણાને લીધે - પ્રકૃતિ સ્વભાવને સ્વયમેવ મૂકે છે, તેથી અમધુર મધુર વા કટુક કર્મફલને ઉદિતને જ્ઞાતૃપણાને લીધે કેવલ જ જાણે છે, પણ જ્ઞાન સતે પરદ્રવ્યના અહંતાથી અનુભવવાના અયોગ્યપણાને લીધે વેદતો નથી, એથી કરીને જ્ઞાની પ્રકૃતિ સ્વભાવથી વિરક્તપણાને લીધે અવેદક જ છે. ૩૧૮

---

**आत्मभावना** -

ज्ञानी तु अवेदक एव - **પણ જ્ઞાની તો અવેદક જ છે** - इति नियम्यते - **એમ નિયમાય છે.** निव्वेयसमावण्णो णाणी - निर्वेदसमापन्नो ज्ञानी - **નિર્વેદ - નિર્વેદને - નિર્વેદનપણાને - વૈરાગ્યને પામેલો જ્ઞાની** कम्मफलं वियाणेइ - कर्मफलं विजानाति - **કર્મફલને વિશેષે કરીને જાણે છે, કેવું ?** महुरं कडुयं बहुविहं - मधुरं कटुकं बहुविधं - **મધુર - મીઠું કટુક - કડવું બહુ પ્રકારનું એવું. તેથી શું ?** तेण अवेयओ सो होई - तेन अवेदको प्रज्ञप्तः - **તેથી અવેદક પ્રજ્ઞપ્ત છે - જણાવવામાં આવેલો છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥३१८॥

ज्ञानी तु - **જ્ઞાની તો નિશ્ચયે કરીને** प्रकृतिस्वभावं स्वयमेव मुंचति - **પ્રકૃતિ સ્વભાવને સ્વયમેવ - સ્વયં જ - આપોઆપ જ મૂકે છે, શાને લીધે ?** परतोऽत्यंतविविक्तत्वात् - **પરથી અત્યંત - સર્વથા વિવિક્તપણાને લીધે - પૃથક્ પણાને લીધે - અલાયદાપણાને લીધે. એમ શાથી કરીને ?** निरस्तभेदभावश्रुतज्ञानलक्षणशुद्धात्मज्ञानसद्भावेन - **જ્યાં ભેદ નિરસ્ત - દૂર કરાયેલ છે એવું ભાવશ્રુતજ્ઞાન જેનું લક્ષણ છે એવા શુદ્ધાત્મ જ્ઞાનના - શુદ્ધ આત્માના જ્ઞાનના સદ્ભાવે કરીને હોવાપણાએ કરીને. આમ તે પ્રકૃતિ સ્વભાવને સ્વયમેવ મૂકે છે તેથી શું ?** ततो अमधुरं मधुरं कटुकं वा कर्मफलं उदितं ज्ञातृत्वात् केवलमेव जानाति - **અમધુર મધુર વા કટુક કર્મફલને ઉદિતને - ઉદયે આવેલને જ્ઞાતૃપણાને લીધે - કેવલ જ માત્ર જ જાણે છે,** न पुनर्वेदयते - **પણ વેદતો નથી, શાને લીધે ?** ज्ञाने सति - **જ્ઞાન સતે, જ્ઞાન હોતાં,** परद्रव्यस्याहंतयाऽनुभवितुमयोग्यत्वात् - **પરદ્રવ્યના અહંતા - અહંપણાથી અનુભવવાના અયોગ્યપણાને - અનુચિતપણાને લીધે. આથી શું ફલિત થયું ?** अतो ज्ञानी प्रकृतिस्वभाव- विरक्तत्वाद् अवेदक एव - **એથી જ્ઞાની પ્રકૃતિ સ્વભાવથી વિવિક્તપણાને લીધે અવેદક જ છે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥३१८॥

# 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ખરૂં આત્મભાન થાય છે તેને હું અન્ય ભાવનો અકર્ત્તા છઉં એવો બોધ ઉત્પન્ન થઈ, અહં પ્રત્યયિ બુદ્ધિ તે વિલય પામે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૯૮**

પણ જ્ઞાની તો અવેદક જ છે - કર્મફલનો અવેદક જ છે એવો નિયમ અત્ર સ્થાપિત કર્યો છે અને તે **'આત્મખ્યાતિ કર્ત્તાએ'** સ્પષ્ટ સમજાવ્યો છે - જ્ઞાનીને નિશ્ચયે કરીને શુદ્ધાત્મજ્ઞાન - શુદ્ધ આત્મજ્ઞાન હોય છે, આ શુદ્ધાત્મતા લક્ષણ ભાવશ્રુતજ્ઞાન છે અને આ ભાવશ્રુતજ્ઞાનમાં કેવલ શુદ્ધ આત્માનું જ જ્ઞાન - અનુભવન હોય છે, એટલે તેમાં સમસ્ત ભેદ નિરસ્ત હોય છે - દૂર ફગાવાઈ ગયેલ હોય છે, એટલે કે ભાવશ્રુતજ્ઞાન એક અભેદરૂપ હોય છે. निरस्तभेदभावश्रुतज्ञानलक्षणशुद्धात्मज्ञानसद्भावेन - આવા નિરસ્ત ભેદ - અભેદ ભાવશ્રુતજ્ઞાન લક્ષણ શુદ્ધાત્મજ્ઞાનના સદ્ભાવે કરીને - હોવાપણાએ કરીને જ્ઞાનીને પરથી અત્યંત વિવિક્તપણું - પૃથગ્ભૂતપણું હોય છે - परतोऽत्यंतविविक्तत्वात् । અર્થાત્ સમસ્ત પરભાવ - વિભાવથી રહિત પૃથક્ - ભિન્ન - વિવિક્ત અને સ્વગુણપર્યાયથી અભિન્ન નિર્વિકલ્પ - અભેદ એવા એક કેવલ શુદ્ધ આત્માનું જ્ઞાન જ્ઞાનીને હોય છે, એટલે આત્માથી અતિરિક્ત અન્ય સમસ્ત પરથી તે અત્યંત સર્વથા 'વિવિક્તપણે' - પૃથગ્ભૂતપણે - ભિન્નપણે - જૂદાપણે - અલાયદાપણે (in Detached way) વર્ત્તે છે અને આમ પરથી અત્યંત વિવિક્તપણાને લીધે તે પ્રકૃતિ સ્વભાવને સ્વયમેવ - સ્વયં જ - આપોઆપ જ મૂકે છે. એટલે પછી મધુરાં - કડવાં કર્મફલને ઉદિતને - ઉદયે આવેલને તે જ્ઞાતૃત્વને લીધે કેવલ જ - માત્ર જ જાણે છે, પણ વેદતો નથી, કારણકે જ્ઞાન સતે - જ્ઞાન હોય ત્યારે પરદ્રવ્યનું અહંતાથી - 'આ હું' એમ અહંપણાથી અનુભવવાનું અયોગ્યપણું છે માટે - ज्ञाने सति परद्रव्यस्याहंतयानुभवितुमयोग्यत्वात् । આ પરથી ફલિત થાય છે કે જ્ઞાની પ્રકૃતિ સ્વભાવથી વિરક્તપણાને લીધે - વૈરાગ્યયુક્તપણાને લીધે - અવેદક જ છે - प्रकृतिस्वभावाद् विरक्तत्वाद् अवेदक एव, અર્થાત્ જ્ઞાનીને પરભાવરૂપ પ્રકૃતિ સ્વભાવ પ્રત્યે લેશ પણ આસક્તિ હોવી તો દૂર રહો પણ અત્યંત અત્યંત વિરક્તિ - વિરાગ વર્ત્તે છે, તે પરભાવ પ્રત્યે આત્મભાવરૂપ - 'આ હું' એવું અહંભાવરૂપ વેદન જ્યાંથી નિર્ગત - ચાલ્યું ગયું છે એવો 'નિર્વેદ' જ પરમ વૈરાગ્ય જ વર્ત્તે છે, એટલે આવો વૈરાગ્ય સંપન્ન - 'નિર્વેદ સમાપન્ન' જ્ઞાની અવેદક જ હોય છે, ઉદયાગત કર્મફલનો નહિ વેદનારો - અભોક્તા જ હોય છે.


''આતમ અનુભવરસિકો, અજબ સૂન્યો વૃતંત,
નિર્વેદી વેદન કરે, વેદન કરે અત્યંત.'' - **શ્રી આનંદઘન, પદ-૬**

પણ જ્ઞાની તો 'અવેદક જ' છે - નહિ વેદનારો જ છે - કર્મફલનો અભોક્તા જ છે, એવો નિશ્ચયરૂપ નિયમ અત્ર સ્થાપિત કર્યો છે - **'નિર્વેદ સમાપન્ન'** 'નિર્વેદને' - નિતાંત વેદન રહિતપણાને અથવા વૈરાગ્યને - વિરક્તપણાને 'સમાપન્ન' - સમ્યક્પણે પામેલો એવો જ્ઞાની મધુરાં વા કડવા 'બહુ વિધ' - બહુ પ્રકારના કર્મફલને વિજાણે છે - વિશેષે કરી ભેદવિજ્ઞાનથી જાણે છે, તેથી કરીને તે (જ્ઞાની) 'અવેદક' - નહિ વેદનારો - નહિ ભોગવનારો હોય છે. આમ સમ્યક્ યુક્તિથી **'શાસ્ત્રકારે'** જ્ઞાનીનું નિયમથી અવેદકપણું સ્થાપિત કર્યું, તેને **'આત્મખ્યાતિ'**કારે સાંગોપાંગ સકલ અવિકલ નિષ્તુષ યુક્તિથી ઓર સમર્થિત કર્યું છે.

અત્રે 'નિર્વેદ' શબ્દ ખાસ મહત્વનો છે. તેના બે અર્થ છે - (૧) 'નિર્વેદ' - નિર્વેદન - નિતાંત વેદન રહિતપણું, પર હું છું એવું પરનું અહંતાથી વેદન જ્યાં નિર્ગત છે - ચાલ્યું ગયું છે તે **'નિર્વેદ'.** (૩) અથવા 'નિર્વેદ' એટલે કંટાળો - ખેદ, આવો (પ્રથમ અર્થમાં) નિર્વેદ ઉપજે છે એટલે પરથી 'નિર્વેદ' - વિરક્તિ - વિરક્ત ભાવ ઉપજે છે, જે વસ્તુ પોતે નથી વા પોતાની નથી તે પ્રત્યે વિરતિરૂપ -

વિરક્તિરૂપ નિર્વેદ ઉપજે છે અને આ વિરતિરૂપ - વિરક્તિરૂપ નિર્વેદથી સ્વયમેવ પરભાવથી વિરતિરૂપ - વિરામ પામવારૂપ વિરતિ ઉપજે છે, અતઃ એવ જ્ઞાનીનો વૈરાગ્ય - જ્ઞાનીને સમસ્ત પરભાવ પ્રત્યે પરમ વૈરાગ્ય - પરમ વિરક્તતા જ વર્તે છે, એટલે પ્રકૃતિ સ્વભાવને મૂકે છે, તે સમસ્ત પરભાવનો પરિત્યાગ કરે જ છે.



જ્ઞાની શુદ્ધસ્વભાવનિયત મુક્ત જ એવા ભાવનો **સમયસાર કળશ** (૫) લલકારે છે -

वसंततिलका

**ज्ञानी करोति न न वेदयते च कर्म,**
**जानाति केवलमयं किल तत्स्वभावं ।**
**जानन्परं करणवेदनयोरभावात्,**
**शुद्धस्वभावनियतः स हि मुक्त एव ॥१९८॥**

જ્ઞાની કરે ન નજ વેદત કર્મ સાવ,
જાણે જ કેવલ ખરેખર ! તત્ સ્વભાવ;
જાણંત તે કરણ-વેદનના અભાવે,
શુદ્ધ સ્વભાવ નિયતો નકી મુક્ત ભાવે. ૧૯૮

## અમૃત પદ - ૧૯૮

'જાગી અનુભવ પ્રીત - સુહાગણ' - એ રાગ

જ્ઞાની મુક્ત જ હોય, ખરેખર ! જ્ઞાની મુક્ત જ હોય... (ધ્રુવપદ) ૧
જ્ઞાની કર્મ કરંતો નાંહિ, વળી વેદંતો ના જ,
તેહ કર્મનો સ્વભાવ કેવલ, જાણે નિશ્ચય આ જ... ખરેખર ! જ્ઞાની મુક્ત જ હોય. ૨
કેવલ જાણંતાને કરવા, વેદવાનો ય અભાવ,
તેથી શુદ્ધ સ્વભાવે નિયતો, જ્ઞાની મુક્ત જ સાવ... ખરેખર ! જ્ઞાની મુક્ત જ હોય. ૩
કેવલ જ્ઞાને વિલસંતો તે, પામે કેવલ જ્ઞાન,
જીવંતો પણ મુક્ત તેહ છે, કહે અમૃત ભગવાન... ખરેખર ! જ્ઞાની મુક્ત જ હોય. ૪

**અર્થ** - જ્ઞાની નથી કર્મ કરતો અને નથી વેદતો, તેનો સ્વભાવ આ સ્ફુટપણે નિશ્ચયે કરીને કેવલ જાણે જ છે, કરણ - વેદનના અભાવને લીધે માત્ર જાણંતો એવો શુદ્ધસ્વભાવનિયત તે નિશ્ચયે કરીને મુક્ત જ છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"*** પણ મોક્ષ તો કેવળ અમને નીકટપણે વર્ત્તે છે, એ તો નિઃશંક વાર્ત્તા છે, અમારૂં જે ચિત્ત તે આત્મા સિવાય અન્ય સ્થળે પ્રતિબદ્ધતા પામતું નથી, ક્ષણ પણ અન્ય ભાવને વિષે સ્થિર થતું નથી. સ્વરૂપને વિષે સ્થિર રહે છે, એવું જે અમારૂં આશ્ચર્યકારક સ્વરૂપ હાલ તો ક્યાંયે કહ્યું જતું નથી."

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૧૮**

આત્મા સ્વભાવથી કર્ત્તા નથી, ભોક્તા નથી, પણ અજ્ઞાની કર્ત્તા છે, જ્ઞાની કર્ત્તા નથી, અજ્ઞાની ભોક્તા છે, જ્ઞાની ભોક્તા નથી, એમ આ અધિકારમાં ઉપરની ગાથાઓમાં છૂટું છૂટું વિવરી દેખાડ્યું. હવે આ ઉપરથી સમગ્રપણે ફલિત થતો સાર દર્શાવી, જ્ઞાની કર્ત્તા નથી તેમજ ભોક્તા નથી એવા આગલી ગાથાના સંયુક્ત ભાવનું સૂચન કરતો આ ઉત્થાનિકા કળશ લલકાર્યો છે. જ્ઞાની કર્મ કરતો નથી અને વેદતો નથી, આ જ્ઞાની તો તે કર્મના સ્વભાવને સ્ફુટપણે નિશ્ચયે કરીને કેવલ - માત્ર જાણે જ છે. આમ करणवेदनयोरभावात् - કરણ - વેદનના અભાવને લીધે - કર્મ કરવાના અને વેદવાના નહિ હોવાપણાને લીધે માત્ર જાણતો એવો **શુદ્ધ સ્વભાવ નિયત** તે નિશ્ચયે કરીને મુક્ત જ છે - शुद्धस्वभावनियतः स हि मुक्त एव, સમસ્ત પરભાવ - વિભાવથી રહિત શુદ્ધ આત્મસ્વભાવમાં નિયત - નિશ્ચય વૃત્તિથી સ્થિત

એવો તે નિશ્ચયે કરીને જીવતાં છતાં મુક્ત એવી **જીવન્મુક્ત દશાને** પામેલો **મુક્ત** જ છે.

આ અમૃત કળશમાં શ્રી **અમૃતચંદ્રાચાર્યજીએ** ગાયેલી આ ધન્ય જીવન્મુક્ત દશાનું જીવતું જાગતું જ્વલંત ઉદાહરણ **શ્રીમદ્ રાજચંદ્રના** અલૌકિક અધ્યાત્મ ચરિત્ર **'અધ્યાત્મ રાજચંદ્ર'માં*** મુમુક્ષુ જનને પ્રાપ્ત થાય છે.

शुद्धस्वभावनियतः स हि मुक्त एव - **'શુદ્ધસ્વભાવનિયત તે જ્ઞાની નિશ્ચયે કરીને મુક્ત છે'** - એ **અમૃતચંદ્રાચાર્યના** અમૃત કળશ વચનને ચરિતાર્થ કરતા, **'સ્વરૂપ ગુપ્ત'** - સહજાત્મસ્વરૂપના દુર્ભેદ્ય દુર્ગમાં ગુપ્ત (સુરક્ષિત) **શ્રીમદ્** પરમાર્થ સુહૃદ્ **સૌભાગ્ય** પરના એક સુપ્રસિદ્ધ અમૃત પત્રમાં (અં. ૧૭૦) સ્વ આત્મદશાનો પ્રકાશ કરે છે - **'તન્મય આત્મયોગમાં પ્રવેશ છે. ત્યાં જ ઉલ્લાસ છે, ત્યાં જ યાચના છે અને (યોગ મન, વચન અને કાયા) બહાર પૂર્વકર્મ ભોગવે છે.' શ્રીમદ્‌ની દશા જોવા જેવી છે !** 'તન્મય આત્મયોગમાં પ્રવેશ છે' - જેમ છે તેમ આત્મામય આત્માના યોગમાં - યુંજનમાં - સ્વરૂપાનુસંધાનમાં પ્રવેશ આ ઉપયોગ એક આત્માને ધારી રહ્યો છે, આત્મા આત્માના ઉપયોગમાં જ વર્ત્તી રહ્યો છે, આત્મા આત્મારામ - આત્મામાં જ આરામ કરતો - આત્મામાં જ રમણ કરતો પ્રવર્ત્તી રહ્યો છે. એટલે જ **શ્રીમદ્** લખે છે - 'ત્યાં જ ઉલ્લાસ છે, ત્યાં જ યાચના છે', તે આત્મયોગમાં જ આત્માનો આનંદ ઉલ્લાસ છે, તે આત્મયોગ જ અમને નિરંતર હો એ યાચના છે. આમ આત્માના ઉપયોગની સ્થિતિ છે, તો યોગની શી સ્થિતિ છે ? 'યોગ (મન વચન અને કાયા) બહાર પૂર્વકર્મ ભોગવે છે ?' અર્થાત્ આત્મારામી **શ્રીમદે** ઉપયોગને યોગથી એવો જૂદો પાડી દીધો છે, યોગથી એવો વિયુક્ત - વિમુક્ત કરી દીધો છે કે, યોગ બ્હાર પૂર્વકર્મ ભોગવે છે, પણ ઉપયોગ તેમાં લેશ પણ પ્રવેશ કરતો નથી - લેશ પણ લેપાતો નથી. આવી ઉપયોગયુક્ત અને યોગમુક્ત દશા **શ્રીમદ્‌ની** વર્ત્તી રહી છે - આ જ **જીવન્મુક્ત દશા** છે. આમ મન-વચન-કાયાના યોગથી વિવિક્ત આત્માને જાણતા સમ્યક્‌પણે દેખતા અને અનુચરતા, ઝળહળ આત્મજ્યોતિ અનુભવી રહેલા **શ્રીમદ્ 'સમયસાર'** ગાથા* (૨૭૦)ની ટીકામાં સંગીત કરેલ મુનિકુંજરોની જેમ લેશ પણ નહિ લેપાતા - જીવંત છતાં મુક્ત એવી સાક્ષાત્ જીવન્મુક્ત દશા અનુભવી રહ્યા છે.

**શ્રીમદ્‌ની** આ અદ્‌ભુત અબંધ મુક્ત દશાનો વિચાર કરતાં અત્રે **અમૃતચંદ્રાચાર્યજીના*** આ અમૃત કળશ સ્મૃતિમાં આવે છે - 'રાગાદિને ઉપયોગભૂમિએ નહિ લઈ જતો એવો કેવલ જ્ઞાન થતો આ સમ્યગ્‌દૃષ્ટિ આત્મા અહો ! ક્યાંયથી પણ ચોક્કસ ધ્રુવપણે બંધ નથી જ પામતો !'

''દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.''

**- શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત 'આત્મસિદ્ધિ' શાસ્ત્ર, સૂત્ર-૧૪૨**

---

* વિશેષ માટે જુઓ : 'અધ્યાત્મ રાજચંદ્ર' (સ્વરચિત), પ્રકરણ પંચાવનમું : શ્રીમદ્‌નો જીવન્મુક્ત દશાનો અમૃતાનુભવ.

* જુઓ : શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત 'સમયસાર' ટીકા ગાથા-૨૭૦

* ''रागादीनुपयोगभूमिमनयन्, ज्ञानं भवन् केवलं ।
बंधं नैव कुतोप्युपैत्ययमहो सम्यग्दृगात्मा ध्रुवं ॥'' - 'સમય સાર' કળશ, ૧૫૬ (શ્રી અમૃતચંદ્રાચાર્યા વિરચિત)

णवि कुव्वइ णवि वेयइ णाणी कम्माइं बहुपयाराइं ।
जाणइ पुण कम्मफलं बंधं पुण्णं च पावं च ॥३१९॥

ન કરે ન વેદે જ્ઞાની તો, કર્મો બહુ પ્રકાર;
જાણે કર્મફલ બંધ ને, પુણ્ય ને પાપ પ્રકાર. ૩૧૯

**અર્થ** - જ્ઞાની બહુ પ્રકારના કર્મો નથી જ કરતો, નથી જ વેદતો, પણ પુણ્ય અને પાપ એવા કર્મફલને અને બંધને જાણે છે. ૩૧૯

## आत्मख्याति टीका

**नापि करोति नापि वेदयते ज्ञानी कर्माणि बहुप्रकाराणि ।**
**जानाति पुनः कर्मफलं बंधं पुण्यं च पापं च ॥३१९॥**

**ज्ञानी** हि कर्मचेतनाशून्यत्वेन कर्मफलचेतनाशून्यत्वेन च स्वयमकर्तृत्वादवेदयितृत्वाच्च **न कर्म करोति न वेदयते** च । किंतु ज्ञानचेतनामयत्वेन केवलं ज्ञातृत्वात्कर्मबंधं कर्मफलं च शुभमशुभं वा केवलमेव **जानाति** ॥३१९॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

**જ્ઞાની નિશ્ચયે કરીને** - કર્મચેતના શૂન્યપણાએ કરીને અને કર્મફલ ચેતના શૂન્યપણાએ કરીને સ્વયં અકર્તૃત્વને લીધે અને અવેદયિતૃત્વને (અભોક્તૃત્વને) લીધે - **નથી કર્મ કરતો અને નથી વેદતો,** કિંતુ જ્ઞાનચેતનામયપણાએ કરીને કેવલ જ્ઞાતૃત્વથી **શુભ વા અશુભ કર્મબંધને અને કર્મફલને કેવલ જ જાણે છે.**

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જે પ્રકારે અસંગતાએ આત્મભાવ સાધ્ય થાય તે પ્રકારે પ્રવર્ત્તવું એ જ જિનની આજ્ઞા છે."
**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૭૦, ૫૫૩**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે આ ગાથામાં જ્ઞાની કર્મનો કર્ત્તા - ભોક્તા નથી પણ જ્ઞાતા જ છે એમ પ્રતિપાદન કર્યું છે અને તેનું તત્ત્વસર્વસ્વ 'આત્મખ્યાતિ' કર્ત્તાએ પ્રકાશ્યું છે, તેનો આશયાર્થ આ પ્રકારે - સ્વ - પરનો ભેદ જાણી જેણે શુદ્ધ આત્માને જાણ્યો - અનુભવ્યો છે એવો જે આત્મજ્ઞાની

---

**आत्मभावना** -

ज्ञानी - **જ્ઞાની** बहुप्रकाराणि कर्माणि - **બહુ પ્રકારના કર્મોને** नापि करोति नापि वेदयते - **નથી જ કરતો, નથી જ વેદતો,** पुनः - **પણ** पुण्यं च पापं च - **પુણ્ય અને પાપ** - શુભ અને અશુભ એવા कर्मफलं बंधं - **કર્મફલો અને બંધને** जानाति - **જાણે છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥३१९॥

ज्ञानी हि - **નિશ્ચયે કરીને જ્ઞાની** न कर्म करोति न वेदयते च - **નથી કર્મ કરતો અને નથી વેદતો,** શાને લીધે ? स्वयमकर्तृत्वाद् अवेदयितृत्वात् च - **સ્વયં** - પોતે અકર્ત્તાપણાને લીધે અને અવેદયિતાપણાને લીધે. એમ શાથી કરીને ? कर्मचेतनाशून्यत्वेन कर्मफलचेतनाशून्यत्वेन च - કર્મ ચેતના શૂન્યપણાએ કરીને અને કર્મફલ ચેતના શૂન્યપણાએ કરીને. આમ જ્ઞાની કર્મ નથી કરતો - નથી વેદતો, किंतु - **પરંતુ** कर्मबंधं कर्मफलं च शुभमशुभं वा - **શુભ વા અશુભ કર્મબંધને અને કર્મફલને** केवलमेव जानाति - **કેવલ જ - માત્ર જ જાણે છે,** શાને લીધે ? केवलं ज्ञातृत्वात् - **કેવલ - માત્ર જ્ઞાતાપણાને લીધે** - જાણકારપણાને લીધે, એમ શાથી કરીને ? ज्ञानचेतनामयत्वेन - **જ્ઞાન ચેતનામયપણાએ કરીને.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥३१९॥

જ્ઞાની છે, તે 'આ કર્મ તે હું' એમ ચેતતો - અનુભવતો નથી અને 'આ કર્મફલ તે હું' એમ ચેતતો નથી - અનુભવતો નથી, એટલે આમ કર્મચેતના અને કર્મફલ ચેતનાના નામે 'શૂન્ય' - મોટું મીંડુ મૂકાવ્યું હોવાથી કર્મ ચેતના શૂન્યપણાએ કરીને અને કર્મફલ ચેતના શૂન્યપણાએ કરીને - कर्मचेतनाशून्यत्वेन कर्मफलचेतनाशून्यत्वेन च - જ્ઞાની સ્વયં - આપોઆપ અકર્તાપણાને લીધે અને અભોક્તાપણાને લીધે તે નથી કર્મ કરતો અને નથી કર્મફલ વેદતો - ભોગવતો. પરંતુ 'આ જ્ઞાન તે જ હું' એમ જ્ઞાનને જ તે ચેતે છે - અનુભવે છે, એટલે કેવલ જ્ઞાન સિવાય બીજી કંઈ પણ ચેતના જ્યાં નથી એવા જ્ઞાન ચેતનામયપણાએ કરીને - ज्ञानचेतनामयत्वेन - કેવલ જ્ઞાતાપણાને લીધે - केवलं ज्ञातृत्वात् - કેવલ - માત્ર જાણકારપણાને લીધે તે શુભ વા અશુભ કર્મબંધને અને કર્મફલને કેવલ જ - માત્ર જ જાણે છે. અર્થાત્ જ્ઞાતૃત્વ - જાણપણું એનો સ્વભાવ છે એટલે કેવલ જાણપણાને લીધે તે જ્ઞેયને - જ્ઞાનથી જાણવા યોગ્ય એવા શુભ - અશુભ કર્મબંધને અને કર્મફલને કેવલ તટસ્થ **દૃષ્ટા - જ્ઞાતા** તરીકે **સાક્ષીપણે** જાણે છે, પણ કરતો કે વેદતો નથી.

''જગતને, જગત્‌ની લીલાને બેઠાં બેઠાં મફતમાં જોઈએ છીએ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૬૫**

સર્વ વિશુદ્ધ જ્ઞાન

આ ક્યાંથી ?

**दिट्ठी जहेव णाणं अकारयं तह अवेदयं चेव ।**
**जाणइ य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव ॥३२०॥**

દૃષ્ટિ જેમ જ જ્ઞાન તો, અકારક અવેદક હોય;
બંધ - મોક્ષ કર્મોદય, જાણે નિર્જરા સોય. ૩૨૦

**અર્થ** - જેમ જ દૃષ્ટિ, તેમ જ જ્ઞાન અકારક અને અવેદક (હોઈ), બંધ - મોક્ષને, કર્મ ઉદયને અને નિર્જરાને જાણે જ છે. ૩૨૦

## आत्मख्याति टीका

कुत एतत् -

**दृष्टिः यथैव ज्ञानमकारकं तथाऽवेदकं चैव ।**
**जानाति च बंधमोक्षं कर्मोदयं निर्जरां चैव ॥३२०॥**

| | |
|---|---|
| **यथात्र** लोके **दृष्टि -** | **तथा ज्ञानमपि** स्वयं दृष्टित्वात् |
| **दृश्यादत्यंतविभक्तत्वेन** | कर्मणोऽत्यंतविभक्तत्वेन |
| तत्करणवेदनयोरसमर्थत्वात् | निश्चयतस्तत्करणवेदनयोरसमर्थत्वात् |
| दृश्यं न करोति न वेदयते च, | कर्म न करोति न वेदयते च । |
| अन्यथाग्निदर्शनात् संधुक्षणवत् स्वयं ज्वलनतकणस्य, | |
| लोहपिंडवत् स्वयमेवौ**ष्ण्यनुभवनस्य** दुर्निवारत्वात् | |
| किंतु केवलं दर्शनमात्रस्वभावत्वात् | किंतु केवलं ज्ञानमात्रस्वभावत्वात् |
| तत्सर्वं केवलमेव पश्यति । | **कर्मबंधं मोक्षं** वा **कर्मोदयं निर्जरां** वा |
| | केवलमेव **जानाति** ॥३२०॥ |

---

**आत्मभावना** -

कुत एतत् - **આ ક્યાંથી ? ક્યા કારણથી ?** यथैव दृष्टिः - **જેમ જ દૃષ્ટિ (ચક્ષુ - આંખ),** तथा ज्ञानं - **તેમ જ્ઞાન** अकारकं अवेदकं चैव - **અકારક અને અવેદક જ છે,** बंधमोक्षं कर्मोदयं निर्जरां चैव जानाति च - **અને બંધમોક્ષને, કર્મોદયને તેમજ નિર્જરાને જાણે જ છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥३२०॥

यथा - **જેમ, દૃષ્ટાંત** अत्र लोके - **અત્ર લોકમાં** दृष्टिः - **દૃષ્ટિ - ચક્ષુ - આંખ,** दृश्यं न करोति न वेदयते च - **દૃશ્યને નથી કરતા અને નથી વેદતી. શાને લીધે ?** तत्करणवेदनयोः असमर्थत्वात् - **તેના - તે દૃશ્યના કરણના - કરવાના અને વેદનના - વેદવાના અસમર્થપણાને લીધે - એમ શાથી કરીને ?** दृश्यादत्यंतविभक्तत्वेन - **દૃશ્યથી અત્યંત - સર્વથા વિભક્તપણાએ કરીને - વિભિન્નપણાએ કરીને - વિવિક્ત - પૃથગ્ભૂતપણાએ કરીને. આમ ન હોય ને દૃષ્ટિ દૃશ્યને કરે - વેદે તો વિરોધ શા માટે ?** अन्यथा - **નહિ તો, દૃષ્ટિ દૃશ્યને કરે - વેદે એવો અન્ય - બીજો પ્રકાર જો હોય તો,** अग्निदर्शनात् संधुक्षणवत् स्वयं ज्वलनकरणस्य - **અગ્નિદર્શન પરથી સંધુક્ષણની જેમ - અગ્નિ પેટાવનાર ચીનગારીની જેમ સ્વયં - પોતે જ્વલનકરણનું - અગ્નિ પેટાવવાના કરણનું - કરવાનું,** लोहपिंडवत् स्वयमेवौष्ण्यानुवनस्य च दुर्निर्वारत्वात् - **અને લોહપિંડની જેમ સ્વયમેવ - સ્વયં જ - પોતે જ ઔષ્ણ્ય અનુભવનનું - ઉષ્ણપણું અનુભવવનનું દુર્નિવારપણું - નહિ નિવારી શકાવાપણું હોય માટે. આમ વિરોધ આવે છે એટલે દૃષ્ટિ દૃશ્યને નથી કરતી - નથી વેદતી.** किंतु केवलं तत्सर्वं केवलमेव पश्यति - **તે સર્વને કેવલ જ માત્ર જ દેખે છે, શાને લીધે ?** दर्शनमात्रस्वभावत्वात् - **દર્શન માત્ર સ્વભાવપણાને લીધે.**

तथा - **તેમ, દાર્ષ્ટાંતિક** - ज्ञानमपि - **જ્ઞાન પણ** स्वयं दृष्टित्वात् - **સ્વયં દૃષ્ટિપણાને લીધે** कर्म न करोति न वेदयते च -

## આત્મખ્યાતિ ટીકાર્થ

| | |
|---|---|
| **જેમ અત્રે લોકમાં દૃષ્ટિ** | **તેમ જ્ઞાન પણ સ્વયં દૃષ્ટિપણાને લીધે** |
| **દૃશ્યથી અત્યંત વિભક્તપણાએ કરીને** | **કર્મથી અત્યંત વિભક્તપણાએ કરીને** |
| તેના (દૃશ્યના) કરણ - વેદનના અસમર્થપણાને લીધે | નિશ્ચયથી તેના કરણ - વેદનના અસમર્થપણાને લીધે |
| દૃશ્યને નથી કરતી અને નથી વેદતી - | કર્મને નથી કરતું અને નથી વેદતું, |
| નહિ તો અગ્નિ દર્શન થકી સંધુક્ષણની જેમ | |
| સ્વયં જ્વલનકરણનું | |
| અને લોહ પિંડની જેમ સ્વયમેવ ઉષ્ણ્ય અનુભવનનું | |
| દુર્નિવારપણું હોય માટે, | |
| કિંતુ કેવલ દર્શન માત્ર સ્વભાવપણાને લીધે | કિંતુ કેવલ જ્ઞાનમાત્ર સ્વભાવપણાને લીધે |
| તે કેવલ જ દેખે છે : | **કર્મબંધને વા મોક્ષને, કર્મોદયને વા નિર્જરાને** |
| | કેવલ જ જાણે છે. ૩૨૦ |

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''લોક વ્યાપક એવા અંધકારને વિષે સ્વએ કરી પ્રકાશિત એવા જ્ઞાની પુરુષ જ તથાતથ્ય દેખે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૩૯, ૪૧૩**

''હે જીવ ! સ્થિર દૃષ્ટિથી કરીને તું અંતરંગમાં જો તો સર્વ પરદ્રવ્યથી મુક્ત એવું તારૂં સ્વરૂપ તને પરમ પ્રસિદ્ધ અનુભવાશે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૫૫, હાથનોંધ-૨**

જ્ઞાન કેવી રીતે અકર્ત્તા અને અભોક્તા છે તેનું શાસ્ત્રકર્ત્તાએ અત્રે દૃષ્ટિના દૃષ્ટાંતથી સમર્થન કર્યું છે અને આ દૃષ્ટિના સચોટ દૃષ્ટાંતનો દૃષ્ટાંત - દાર્ષ્ટાંતિક ભાવ બિંબ-પ્રતિબિંબપણે સાંગોપાંગ વિવરી દેખાડી **'આત્મખ્યાતિ' વ્યાખ્યાકારે તેનું ઓર સ્પષ્ટીકરણ કર્યું છે.**

જેમ અત્રે લોકમાં દૃષ્ટિ - ચક્ષુ - આંખ છે, તે દૃશ્યથી - દેખવા યોગ્ય વસ્તુથી અત્યંત વિભક્ત - પૃથક્ - ભિન્ન પ્રદેશે રહેલી - જૂદી અલગ છે, એટલે દૃશ્યથી અત્યંત વિભક્તપણાએ કરીને - दृश्यादत्यंतविभक्तत्वेन - વિભિન્ન પ્રદેશપણાએ કરીને - વિવિક્ત પૃથગ્ભૂતપણાએ કરીને દૃષ્ટિને તે દૃશ્યના કરણનું - કરવાનું અને વેદનનું - વેદવાનું અસમર્થપણું - અશક્તિમંતપણું છે, એટલે तत्करणवेदनयोरसमर्थत्वात् - તે દૃશ્યના કરણના - કરવાના અને વેદનના - વેદવાના અસમર્થપણાને લીધે દૃષ્ટિ દૃશ્યને નથી કરતી અને નથી વેદતી. નહિ તો - દૃષ્ટિ દૃશ્યને કરે - વેદે એવો અન્ય - બીજો પ્રકાર હોય તો, અગ્નિ દર્શનથી સંધુક્ષણની જેમ સ્વયં જ્વલન કરણનું અને લોહપિંડની જેમ સ્વયમેવ ઔષ્ણ્ય અનુભવનું દુર્નિવારપણું હોય - अग्निदर्शनात् संधुक्षणवत् स्वयं ज्वलनकरणस्य लोहपिंडवत् स्वयमेवोष्ण्यानुभवनस्य च दुर्निवारत्वात् । અર્થાત્ દૃષ્ટિ જો દૃશ્યને કરતી ને વેદતી હોય, તો દૃષ્ટિ જ્યારે કોઈ એક અગ્નિરૂપ દૃશ્યને દેખે છે, ત્યારે અગ્નિ પેટાવનાર ચીનગારી જેમ અગ્નિ પેટાવવાનું કાર્ય કરે છે તેમ સ્વયં દૃષ્ટિને પોતાને જ્વલનકરણનો - અગ્નિ પેટાવવારૂપ કાર્યના કરણનો - કરવાનો પ્રસંગ

---


કર્મને નથી કરતું અને નથી વેદતું, શાને લીધે ? निश्चयतः - નિશ્ચયથી तत्करणवेदनयोरसमर्थत्वात् - તેના - તે કર્મના કરણના - કરવાના અને વેદનના - વેદવાના અસમર્થપણાને લીધે, એમ શાથી કરીને ? कर्मणोऽत्यंतविभक्तत्वेन - કર્મથી અત્યંત - સર્વથા વિભક્તપણાએ કરીને - વિભિન્નપણાએ કરીને - વિવિક્ત - પૃથગ્ભૂતપણાએ કરીને. આમ જ્ઞાન કર્મને નથી કરતું - નથી વેદતું, किंतु - પરંતુ कर्मबंधं मोक्षं वा कर्मोदयं निर्जरां वा केवलमेव जानाति - કર્મબંધને વા મોક્ષને કર્મોદયને વા નિર્જરાને કેવલ જ - માત્ર જ જાણે છે, શાને લીધે ? केवलं ज्ञानमात्रस्वभावत्वात् - કેવલ - માત્ર જ્ઞાનમાત્ર સ્વભાવપણાને લીધે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥३२०॥

આવી પડે અને તપ્ત લોહપિંડને સ્પર્શતાં જેમ ઔષ્ણ્યનું - ઉષ્ણપણાનું અનુભવન થાય છે, તેમ સ્વયં દૃષ્ટિને પોતાને જ ઔષ્ણ્ય-અનુભવનનો - ઉષ્ણપણું અનુભવવાનો દુર્નિવાર પ્રસંગ આવી પડે. - આમ અગ્નિ દશ્યના દર્શનમાં દૃષ્ટિ પોતે ચીનગારીની જેમ અગ્નિ પેટાવે અને ઉષ્ણ લોહપિંડ દર્શનની જેમ દૃષ્ટિ પોતે બળવા માંડે ! એવા દુર્નિવાર - વાર્યા વારી ન શકાય એવા દુર્ઘટ અસંભવિત પ્રસંગની પ્રાપ્તિ થાય. એટલે અગ્નિદર્શનમાં દૃષ્ટિ અગ્નિ પેટાવે અને ઉષ્ણતા અનુભવે એ જેમ સર્વથા અસંભવિત છે, તેમ દૃષ્ટિ કોઈ પણ દશ્યને કરે અને વેદે એ પણ અસંભવિત જ છે. માટે દૃષ્ટિ દશ્યને નથી કરતી અને નથી વેદતી, પરંતુ દર્શન માત્ર સ્વભાવપણાને લીધે - 'दर्शनमात्रस्वभावत्वात्' - તે સર્વને કેવલ જ - માત્ર જ દેખે છે. અર્થાત્ કરણ અને વેદન - અને વેદવું એ કાંઈ દૃષ્ટિનો સ્વભાવ નથી, પણ દર્શન - દેખવું એ જ માત્ર એનો સ્વભાવ છે, એટલે તે માત્ર જ - કેવલ જ દેખે છે - केवलमेव पश्यति ।

### આકૃતિ




તેમ જ્ઞાન પણ સ્વયં દૃષ્ટિરૂપ છે, એટલે 'स्वयं दृष्टित्वात्' - સ્વયં - પોતે દૃષ્ટિપણાને લીધે કર્મથી અત્યંત વિભક્ત - પૃથક્ - ભિન્નપ્રદેશપણાએ કરીને સાવ જૂદું અલગ છે, એટલે 'कर्मणोऽत्यंत विभक्तत्वेन' - કર્મથી અત્યંત વિભક્તપણાએ કરીને - વિભિન્નપ્રદેશપણાએ કરીને - વિવિક્ત પૃથગ્ભૂતપણાએ કરીને જ્ઞાનને નિશ્ચયથી તે કર્મના કરણનું - કરવાનું અને વેદનનું - વેદવાનું અસમર્થપણું - અશક્તિમંતપણું છે - એટલે निश्चयतः तत्करणवेदनयोरसमर्थत्वात् - નિશ્ચયથી તે કર્મના કરણ - વેદનના કરવા - વેદવાના અસમર્થપણાને લીધે જ્ઞાન કર્મને નથી કરતું અને નથી વેદતું. નહિ તો - નિશ્ચયથી જ્ઞાન કર્મને કરે - વેદે એવો અન્યથા પ્રકાર જો હોય તો, અગ્નિ દશ્યના દર્શનમાં દૃષ્ટિને જેમ અગ્નિ કરણનો અને ઔષ્ણ્ય - અનુભવનનો દુર્નિવાર અનિષ્ટ પ્રસંગ આવી પડ્યો, તેમ જ્ઞાનને પણ રૂપ - રસ - સ્પર્શ - ગંધ ગુણયુક્ત પુદ્ગલમય કર્મ પોતે કરવાનો - બનાવવાનો (manufacture) અને તેનું પુદ્ગલમય કર્મ પોતે અનુભવવાનો દુર્નિવાર અનિષ્ટ પ્રસંગ આવી પડે ! જ્ઞાન પોતે ટાઢી - ઉન્હી વસ્તુ બનાવે અને પોતે ટાઢું ઉન્હું થાય તેના જેવું બને ! અને એ તો અસંભવિત જ છે, માટે જ્ઞાન નિશ્ચયથી કર્મને નથી કરતું અને નથી વેદતું, પરંતુ કેવલ જ્ઞાનમાત્ર સ્વભાવપણાને લીધે - केवलं ज्ञानमात्रस्वभावत्वात् - તે કર્મબંધને વા મોક્ષને, કર્મોદય વા નિર્જરાને કેવલ જ - માત્ર જ જાણે છે. અર્થાત્ કર્મનું કરણ અને વેદન કરવું અને વેદવું કાંઈ જ્ઞાનનો સ્વભાવ નથી. કેવલ જ્ઞાન માત્ર જ - કેવલ જાણપણે જ જ્ઞાનનો સ્વભાવ છે, એટલે તે કર્મબંધાદિ પણે જ માત્ર જ - કેવલ જ જાણે છે, केवलमेव जानाति ।



હવે સ્વયં શાસ્ત્રકર્ત્તા જૂદા જૂદા એકાંતવાદોની ઉલ્લેખ કરી તેનું નિરસન કરે છે. તેમાં નીચેની ગાથામાં આ ભાવ સૂચવતો સમયસાર કળશ (૬) કહે છે -

अनुष्टुप्

**ये तु कर्तारमात्मानं, पश्यंति तमसा तताः ।**
**सामान्यजनवत्तेषां, न मोक्षोऽपि मुमुक्षतां ॥१९९॥**

કર્ત્તા જ આત્મને દેખે, તમસ્થી તતા જે જના;
સામાન્ય જન શું તેનો, મુમુક્ષુનો ય મોક્ષ ના. ૧૯૯

## અમૃત પદ - ૧૯૯

અજ્ઞાન તિમિર પછેડો ઓઢી, ગયા અજ્ઞાન નિંદે પોઢી,
કર્ત્તા આત્માને તમસ્ તતા જે દેખે, દ્રવ્યકર્મ કરનારો લેખે... અજ્ઞાન તિમિર પછેડો ઓઢી. ૧
મુમુક્ષુ ય તે મોક્ષ ન પામે, સામાન્યજન શું ભવ ભામે,
દ્રવ્યલિંગી કરે ખૂબ કરણી, પણ પામે ન મોક્ષની ધરણી... અજ્ઞાન તિમિર પછેડો. ૨
લોક લૌકિક કિરિયા કરતો, અલૌકિકતા ન ઉતરતો,
મુનિ અલૌકિક કિરિયા કરતો, લૌકિકતા ન જ ઉતરતો... અજ્ઞાન તિમિર પછેડો. ૩
મન વચ કાયાની કરણી, દ્રવ્ય ક્રિયા કર્મની ધરણી,
દ્રવ્ય કર્મના પાકની લરણી, ક્યમ હોયે મોક્ષ વિતરણી ?... અજ્ઞાન તિમિર પછેડો. ૪
મન વચ કાયા છે અનાત્મા, તસ કર્મે ન દેખાય આત્મા,
દ્રવ્ય કર્મ પરાશ્રિત કરતાં, મોક્ષ આત્માશ્રિત ન વરતા... અજ્ઞાન તિમિર પછેડો. ૫
કર્મ કરતાં કર્મ ન છૂટે, બંધનથી બંધ ન ત્રૂટે,
કર્મ છોડ્યે કર્મો છૂટે, અબંધથી બંધન ત્રૂટે... અજ્ઞાન તિમિર પછેડો. ૬
તેથી કર્ત્તા જ આત્મા માને, તે પ્હોંચે ન મોક્ષ સ્થાને,
એમ ભગવાન **અમૃત** બોલે, અજ્ઞાન તમસ્ પટ ખોલે... અજ્ઞાન તિમિર પછેડો.

**અર્થ** - પણ જેઓ તમસ્થી તત (વ્યાપ્ત - આવૃત) થયેલાઓ આત્માને કર્ત્તા દેખે છે, તેઓને મોક્ષ ઈચ્છતાઓને પણ સામાન્ય જનની જેમ મોક્ષ નથી.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''મુમુક્ષુ જીવને એટલા વિચારવાન જીવને એક સંસારને વિષે અજ્ઞાન સિવાય બીજો કોઈ ભય હોય નહીં.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૫૨**

આમ અજ્ઞાનથી કર્ત્તા અને જ્ઞાનથી અકર્ત્તા, અજ્ઞાનથી ભોક્તા અને જ્ઞાનથી અભોક્તા એમ અનેકાંત સિદ્ધાંતથી - સ્યાદ્વાદ યુક્તિથી આત્માના કર્ત્તા - ભોક્તાપણા અંગેનું પરિસ્ફુટ નિરૂપણ કરી, **'નિશ્ચયથી'** - પરમાર્થથી - મૂળ તત્ત્વદૃષ્ટાથી કેવલ જ્ઞાનમય આત્મા, દૃષ્ટિની જેમ, નથી કર્ત્તા - નથી ભોક્તા, કેવલ જ્ઞાતા જ - જ્ઞાયક જ છે, એમ પરમતત્ત્વદૃષ્ટા પરમર્ષિ **અમૃતચંદ્રાચાર્યજીએ** પોતાની અનન્ય લાક્ષણિક શૈલીથી અત્યંત નિષ્તુષપણે સમજાવ્યું. હવે સ્વયં **શાસ્ત્રકર્તા** આ કર્ત્તા - ભોક્તાપણા અંગેના જૂદા જૂદા એકાંતવાદોનો ઉલ્લેખ કરી અનુક્રમે તેનું નિરસન કરે છે, તેમાં **પ્રથમ** જે આત્માને એકાંત કર્ત્તા માની કર્મમાં રચ્યાપચ્યા રહે છે, તેઓનો આગલી ગાથામાં ઉલ્લેખ કરે છે, તેનું માર્મિક સૂચન કરતો આ ઉત્થાનિકા કળશ લલકાર્યો છે - આમ ઉપરમાં સ્પષ્ટ વિવરી દેખાડ્યું તેમ નિશ્ચયથી જે ખરેખરો ! જ્ઞાનદશા સંપન્ન જ્ઞાની છે તે તો અકર્ત્તા - અભોક્તા હોઈ મુક્ત જ છે, જીવન્મોક્ષને પામેલો

જ છે, પણ ये तु कर्तारमात्मानं पश्यंति तमसा तताः - 'તમસ્થી' મિથ્યાત્વરૂપ તિમિરથી - એકાંતવાદરૂપ ગાઢ અજ્ઞાન અંધકારથી 'તત' - વ્યાપ્ત થયેલા - ઘેરાઈ ગયેલા જેઓ આત્માને એકાંતે કર્ત્તા જ દેખે છે, તે મોક્ષને ઈચ્છતા મુમુક્ષુઓનો પણ, સામાન્ય - પ્રાકૃત જનની જેમ, મોક્ષ નથી - सामान्यजनवत् तेनां न मोक्षोऽपि मुमुक्षतां ।

આમ આ માર્મિક શ્લોકના ઉપદેશનો ધ્વનિ એ છે કે - અહો મુમુક્ષુઓ ! તમે મોક્ષને ઈચ્છો છો, પણ પ્રાકૃતજનો જેમ કર્મમાં જ રચ્યાપચ્યા રહે છે, તેમ તમે પણ આત્માને કર્ત્તા જ માની કર્મમાં જ રચ્યાપચ્યા રહો, તો તમારો મોક્ષ ક્યાંથી થાય ? કારણકે कृत्स्नकर्मक्षयो मोक्षः - કૃત્સ્ન - સર્વ કર્મનો ક્ષય એ મોક્ષ એમ 'મોક્ષ'ની વ્યાખ્યા છે અને તમે તો જેનાથી કર્મજન્મ છે એવા કાય-વાઙ્-મનઃરૂપ શુભાશુભ કર્મને મૂકતા નથી તો તમે કેમ મુક્ત થશો ? માટે આત્માને એકાંત કર્ત્તા માનવાનું મૂકી શુભાશુભ સર્વ કર્મ મૂકશો ત્યારે જ મૂકાશો. આમ મુમુક્ષુઓને આવા ભાવની આ કરુણામયી ચેતવણી આપતો આ ઉત્થાનિકા કળશ કારુણ્યમૂર્ત્તિ અમૃતચંદ્રજીએ લલકાર્યો છે.

लोयस्स कुणइ विह्नु सुरणारयतिरियमाणुसे सत्ते ।
समणाणंपि य अप्पा जइ कुव्वइ छव्विहे काये ॥३२१॥
लोगसमणाणमेयं सिद्धंतं जइ ण दीसइ विसेसो ।
लोयस्स कुणइ विण्हू समणाणवि अप्पओ कुणइ ॥३२२॥
एवं ण कोवि मोक्खो दीसइ लोयसमणाण दोण्हंपि ।
णिच्चं कुव्वंताणं सदेवमणुयासुरे लोए ॥३२३॥

લોકમતે વિષ્ણુ કરે સુર - નર - નારક તિર્યંચ;
શ્રમણમતે આત્મા કરે, ષડ્વિધ કાય પ્રપંચ. ૩૨૧
લોક-શ્રમણ સિદ્ધાંત જો, એક ન દીસે વિશેષ;
લોકમતે વિષ્ણુ કરે, શ્રમણમતે આત્મા અશેષ. ૩૨૨
એમ લોક-શ્રમણ બેયનો, મોક્ષ ન દીસે કોય;
સુરનર અસુર લોકને, નિત્ય કરંતો સોય. ૩૨૩

**ગાથાર્થ** - લોકના મતે વિષ્ણુ સત્ત્વોને દેવ-નારક-તિર્યંચ-મનુષ્ય કરે છે અને શ્રમણોના મતે પણ આત્મા જો ષડ્વિધ કાયો કરે છે, (એમ) જો લોકનો અને શ્રમણોનો એક સિદ્ધાંત હોય, તો વિશેષ (તફાવત) દીસતો નથી. (કારણકે) લોકના મતે વિષ્ણુ કરે છે, શ્રમણોના મતે પણ આત્મા કરે છે, એમ નિત્ય સદેવ-મનુષ્ય-અસુર લોક કરતા એવા લોકનો અને શ્રમણોનો બન્નેયનો કોઈ પણ મોક્ષ દીસતો નથી. ૩૨૧-૩૨૨-૩૨૩

## आत्मख्याति टीका

लोकस्य करोति विष्णुः सुरनारकातिर्यङ्मानुषान् सत्त्वान् ।
श्रमणानामप्यात्मा यदि करोति षड्विधान् कायान् ॥३२१॥
लोकश्रमणानामेकः सिद्धांतो यदि न दृश्यते विशेषः ।
लोकस्य करोति विष्णुः श्रमणानामप्यात्मा करोति ॥३२२॥
एवं न कोऽपि मोक्षो दृश्यते लोकश्रमणानां द्वयोरपि ।
नित्यं कुर्वतां सदेवमनुजासुरान् लोकान् ॥३२३॥ त्रिकलम् ॥

ये त्वात्मानं कर्तारमेव पश्यंति ते लोकोत्तरिका अपि न लौकिकतामतिवर्त्तते । **लौकिकानां** परमात्मा **विष्णुः सुरनारकादिकार्याणि** करोति, **तेषां तु स्वात्मा** तानि **करोति** इत्यपसिद्धांतस्य समत्वात् । ततस्तेषामात्मनो **नित्यकर्तृत्वाभ्युपगमात्** लौकिकानिमिव लोकोत्तरिकाणामपि नास्ति मोक्षः ॥३२१॥३२२॥३२३॥

---

**आत्मभावना** -

लोकस्य - લોકના મતે विष्णुः सुरनारकतिर्यङ्मानुषान् सत्त्वान् - **વિષ્ણુ સુર - નારક - તિર્યંચ - મનુષ્ય સત્ત્વો, કરે છે,** श्रमणानामपि - **શ્રમણોના મતે પણ** आत्मा यदि षड्विधान् कायान् करोति - **આત્મા જો ષડ્વિધ - છ પ્રકારના કાયો કરે છે,** तो लोकश्रमणानाम् एकः सिद्धांतः - **લોકોનો અને શ્રમણોનો એક સિદ્ધાંત છે,** यदि न दृश्यते विशेषः - **જો વિશેષ** - તફાવત નથી દેખાતો તો, શી રીતે ? लोकस्य विष्णुः करोति - **લોકના મતે વિષ્ણુ કરે છે,** श्रमणानामयमात्मा करोति - શ્રમણોના મતે પણ આત્મા કરે છે, આ પરથી શું ફલિત થાય છે ? एवं लोकश्रमणानां द्वयोरपि - **એમ લોકનો**

## આત્મખ્યાતિ ટીકાર્થ

પણ જેઓ આત્માને કર્ત્તા જ દેખે છે, તે લોકોત્તરિકો પણ લૌકિકતાને અતિવર્ત્તતા નથી. લૌકિકોના મતે પરમાત્મા વિષ્ણુ સુર-નારકાદિ કાર્યો કરે છે અને તેઓના મતે સ્વાત્મા તે કરે છે - એમ અપસિદ્ધાંતનું સમપણું છે માટે. તેથી આત્માના નિત્ય કર્તૃત્વના અભ્યુપગમને લીધે તે લોકોત્તરિકોનો પણ - લૌકિકોની જેમ - મોક્ષ છે નહિ.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"લૌકિક માર્ગથી વિરુદ્ધ જે લોકોત્તર માર્ગ તે પાળવાથી તેનું ફળ તેથી વિરુદ્ધ એવું જે લૌકિક તે હોય નહીં. જેવું કૃત્ય તેવું ફળ." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૫૩, ઉપદેશ છાયા (૯૫૭)**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે જેઓ આત્માને કર્ત્તા જ માને છે એવા મુમુક્ષુઓનો પણ - સામાન્ય પ્રાકૃત જનસમૂહની જેમ - મોક્ષ થતો નથી - એવા ભાવનું આ ગાથાઓમાં પ્રથન કર્યું છે અને તેનું આત્મખ્યાતિ કર્ત્તાએ સર્વ મીમાંસન કર્યું છે - **જેઓ આત્માને કર્ત્તા જ દેખે છે** - એકાંતે કર્ત્તા જ માને - **તે લોકોત્તરિકો પણ લૌકિકતાને અતિવર્ત્તતા નથી** - ते लोकोत्तरिका अपि न लौकिकतामतिवर्त्तते, અર્થાત્ જિનેશ્વર ભગવાનના લોકોત્તર - અલૌકિક માર્ગને અનુસરવાનો દાવો કરનારા લોકોત્તરિકો પણ લૌકિકતાને - લૌકિકપણાને અતિવર્ત્તતા નથી - ઉલ્લંઘતા નથી, લૌકિકતાથી અતીત - પર વર્ત્તતા નથી, લૌકિક મતવાદીઓ જેમ, લૌકિકપણામાં જ વર્ત્તે છે, તેમ આ અલૌકિક મતાનુસારીઓ પણ ગાડરીઆ પ્રવાહ જેવા લોક પ્રવાહની માન્યતા રૂપ લૌકિકપણામાં જ વર્ત્તે છે, કારણકે **લૌકિકોના મત પ્રમાણે પરમાત્મા વિષ્ણુ દેવ - નારકાદિ કાર્યો કરે છે અને** આ અલૌકિક મતાનુસારીપણાનો દાવો કરતા **લોકોત્તરિકોના મતે 'સ્વાત્મા'** - પોતાનો આત્મા **તે દેવ - નારકાદિ કાર્યો કરે છે, એમ અપસિદ્ધાંતનું સમપણું છે માટે** - इत्यपसिद्धांतस्य समत्वात्, સિદ્ધાંત જેમાંથી અપગત છે એવા અપસિદ્ધાંતનું - અપવાદ રૂપ નિંદ્ય દૂષિત અસત્ સિદ્ધાંતનું સમાનપણું - સરખાપણું છે માટે. **તેથી** तेषां आत्मनो नित्यकर्तृत्वाभ्युपगमात् - **તેઓના મતે આત્માના નિત્યકર્તૃત્વનો અભ્યુપગમ** - સ્વીકાર કરવામાં આવ્યો છે, આત્મા સદાય કર્મ કર્યા જ કરે છે એવું નિત્યકર્તૃત્વ માનવામાં આવ્યું છે, એટલે **લૌકિકોની જેમ તે લોકોત્તરિકોનો પણ મોક્ષ છે નહિ** - लौकिकानामिवालोकात्तरिकानाणपि नास्ति मोक्षः - કારણકે कृत्स्नकर्म क्षयाद् मोक्षः - સર્વ કર્મ ક્ષય થકી મોક્ષ હોય, સર્વ કર્મથી છૂટે તો મોક્ષ - બંધનથી છૂટકારો થાય, પણ આ તો કદી પણ કર્મથી છૂટે જ નહિ ને સદા કર્મ કર્યા જ કરે તો મોક્ષ ક્યાંથી હોય ?

સર્વ
વિશુદ્ધ
જ્ઞાન

---

અને શ્રમણોનો - બન્નેનો - सदेवमनुजासुरान् लोकाननित्यं कुर्वतां - સદેવ - મનુજ - અસુર લોકો નિત્ય કરતાં न कोऽपि मोक्षो दृश्यते - કોઈ પણ મોક્ષ દેખાતો નથી. ॥ इति **गाथा** आत्मभावना ॥૩૨૧-૩૨૨-૩૨૩॥

ये त्वात्मानं कर्तारमेव पश्यंति - **પણ જેઓ આત્માને કર્ત્તા જ દેખે છે,** ते लोकोत्तरिका अपि - **તે લોકોત્તરિકો પણ** - લોકોત્તર - મતાનુયાયીઓ પણ न लौकिकतामतिवर्त्तते - **લૌકિકતાને - લૌકિકપણાને અતિવર્ત્તતા નથી** - ઉલ્લંઘતા નથી, લૌકિકતાથી અતીત - પર વર્ત્તતા નથી. શા માટે ? लौकिकानां परमात्मा विष्णुः सुरनारकादिकार्याणि करोति - **લૌકિકોના મતે પરમાત્મા વિષ્ણુ સુર - નારકાદિ કાર્યો કરે છે,** तेषां तु स्वात्मा तानि करोति **અને તેઓના** - **લોકોત્તરિકોના મતે તો સ્વાત્મા** - પોતાનો આત્મા **તે - સુર નારકાદિ કાર્યો કરે છે,** इत्यपसिद्धांतस्य समत्वात् - **એમ અપસિદ્ધાંતનું - સમપણું છે માટે,** સિદ્ધાંત જેમાંથી અપગત છે એવા દોષિત અસત્ અપસિદ્ધાંતનું સમાનપણું છે માટે. આ ઉપરથી શું ફલિત થયું ? ततस्तेषां - **તેથી લોકોત્તરિકોનો પણ,** लौकिकानामिव - **લૌકિકોની જેમ,** नास्ति ते मोक्षः - **મોક્ષ છે નહિ.** શાને લીધે ? आत्मनो नित्यकर्तृत्वाभ्युपगमात् - **આત્માના નિત્ય કર્તૃત્વના અભ્યુપગમને લીધે** - માન્યપણાને લીધે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥૩૨૧॥૩૨૨॥૩૨૩॥

નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો ઉત્થાનિકારૂપ **સમયસાર કળશ** (૭) પ્રકાશે છે -

अनुष्टुप्

**नास्ति सर्वोऽपि संबंधः, परद्रव्यात्मतत्त्वयोः ।**

**कर्तृकर्मत्वसंबंधाभावे तत्कर्तृता कुतः ॥२००॥**

છે ન સર્વ જ સંબંધ, પરદ્રવ્ય - સ્વતત્ત્વનો;
કર્તૃ કર્મત્વ સંબંધાભાવે ક્યાંથી તત્ કર્તૃતા ? ૨૦૦

## અમૃત પદ - ૨૦૦

પરદ્રવ્ય ને આત્મતત્ત્વનો, સર્વ જ છે ન સંબંધ,
કર્તા-કર્મપણાનો ત્યાં તો, ક્યાંથી હોય સંબંધ... પરદ્રવ્ય ને આત્મતત્ત્વનો. ૧
કર્તા - કર્મપણાનો જ્યાં જો, હોય સંબંધ અભાવ,
ત્યાં તો તત્ કર્તૃતા કેરો, ક્યાંથી હોય જ ભાવ ?... પરદ્રવ્ય. ૨
આત્મદ્રવ્યને પરની સાથે, લેવા દેવા ના જ,
**ભગવાન અમૃત** ભાખે તોયે, મૂઢ માને કર્તૃતા જ !... પરદ્રવ્ય. ૩

**અર્થ** - પરદ્રવ્યો અને આત્મતત્ત્વનો સર્વ જ સંબંધ છે નહિ, (તો પણ) કર્તા-કર્મપણા સંબંધના અભાવે તેની કર્તૃતા ક્યાંથી ? ૨૦૦

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"નિશ્ચયને વિષે અકર્ત્તા, વ્યવહારને વિષે કર્ત્તા ઈત્યાદિ જે વ્યાખ્યાન સમયસારને વિષે છે, તે વિચારવાને યોગ્ય છે, તથાપિ નિવૃત્ત થયા છે જેના બોધ સંબંધી દોષ એવા જે જ્ઞાની તે પ્રત્યેથી એ પ્રકાર સમજવા યોગ્ય છે." - **શ્રીમદ્ રાજચંદ્ર**, અં. (૩૦૮), ૩૭૮

પરદ્રવ્યનો અને આત્મતત્ત્વનો 'સર્વ જ સંબંધ છે નહિ,' કોઈ પણ પ્રકારનો કંઈ પણ સંબંધ છે નહિ, એટલે એ બન્ને વચ્ચે કર્ત્તા - કર્મપણા સંબંધનું પણ હોવાપણું નથી - અભાવ છે, તો પછી कर्तृकर्मत्वसंबंधाभावे - કર્તા-કર્મપણા સંબંધના અભાવે તેનું - પરદ્રવ્યનું કર્તાપણું ક્યાંથી હોય ? આ અંગે બનારસીદાસજી વદે છે તેમ - જીવ ચેતન લક્ષણ છે અને પુદ્ગલ કર્મ અચેતન લક્ષણ છે, યદ્યપિ આ બન્ને એક ક્ષેત્રના વાસી - વસનારા છે તથાપિ એકબીજા સાથે કોઈ મળતા નથી - 'વાસી એક ખેતકે દોઊ, જદપિ તથાપિ મિલૈં નહિ કોઊ' - નિજ નિજ - પોતપોતાની ભાવક્રિયા - પરિણામ ક્રિયા સહિત એવા તે કોઈ એકબીજા સાથે વ્યાપ્ય - વ્યાપક નથી - 'નિજ નિજ ભાવ ક્રિયા સહિત, વ્યાપક વ્યાપિ ન હોઈ', તો પછી જીવ પુદ્ગલનો કર્ત્તા ક્યાંથી હોય ?

"ચેતન અંક જીવ લખિ લીન્હા, પુદગલ કર્મ અચેતન ચીન્હા,
બાસી એક ખેતકે દોઊ, જદપિ તથાપિ મિલૈં નહિ કોઊ.
નિજ નિજ ભાવ ક્રિયા સહિત, વ્યાપક વ્યાપિ ન કોઈ,
કર્ત્તા પુદગલ કરમકૌ, જીવ કહાંસૌં હોઈ ?" - **શ્રી બનારસીદાસજી કૃત, સં.સા.સર્વ વિ.અ. ૧૧-૧૨**

આમ પરદ્રવ્યરૂપ પુદ્ગલ કર્મનું કર્ત્તાપણું આત્માને નથી, એમ આ ઉત્થાનિકારૂપ કળશ શ્લોકથી નીચેની ગાથાના વક્તવ્યની સૂચના કરી છે. -

**ववहारभासिएण उ परदव्वं मम भणंति अविदियत्था ।**
**जाणंति णिच्छयेण उ ण य मम परमाणुमिच्चमवि किंचि ॥३२४॥**
**जह कोवि णरो जंपइ अह्मं गामविसयणयररट्ठं ।**
**ण य होंति तस्सं ताणि उ भणइ य मोहेण सो अप्पा ॥३२५॥**
**एमेव मिच्छदिट्ठी णाणी णिस्संसयं हवइ एसो ।**
**जो परदव्वं मम इदि जाणंतो अप्पयं कुणइ ॥३२६॥**
**तहा ण मेत्ति णच्चा दोह्नवि एयाण कत्तविवसायं ।**
**परदव्वे जाणंतो जाणिज्जो दिट्ठिरहियाणं ॥३२७॥**

અર્થ અજ્ઞ વ્યવહારોક્તિથી, પરદ્રવ્ય કહે મૂજ;
જાણે નિશ્ચયે તે કંઈ, પરમાણુ ય ન મૂજ. ૩૨૪
જ્યમ કો નર અમારૂં કહે, રાષ્ટ્ર વિષય પુર ગ્રામ;
પણ તે તેના હોય ના, જાણે મોહથી તે આત્મ. ૩૨૫
એમ જ મિથ્યાદૃષ્ટિ જ્ઞાની આ, નિઃસંશય જ હોય;
પરદ્રવ્ય મુજ એમ જાણતો, આત્મા કરે છે જોય. ૩૨૬
તેથી ન મુજ જાણી બેયનો, કર્તૃ વ્યવસાય આમ;
પરદ્રવ્યે દૃષ્ટિરહિતનો, જાણંતો જાણે જાણ. ૩૨૭

**ગાથાર્થ** - અવિદિતાર્થ જનો (જેને અર્થ તત્ત્વ અવિદિત છે એવાઓ) વ્યવહારભાષિતથી જ પરદ્રવ્ય મ્હારૂં જાણે છે, પણ નિશ્ચયથી જેઓ જાણે છે, તે તો જાણે છે કે પરમાણુમાત્ર પણ કિંચિત્ પણ મ્હારૂં નથી. ૩૨૪

જેમ કોઈ નર કહે છે - 'અમારૂં ગ્રામ - ક્ષેત્ર - નગર - રાષ્ટ્ર, પણ તે તેના હોતા નથી, તે આત્મા મોહથી (તેમ) ભણે છે, એમજ જે આ જ્ઞાની પરદ્રવ્ય મ્હારૂં એમ જાણંતો આત્મા કરે છે, તે નિઃસંશય મિથ્યાદૃષ્ટિ હોય છે. ૩૨૫-૩૨૬

તેથી 'નથી મ્હારૂં' એમ જાણીને (તત્ત્વ) જાણંતો પુરુષ - પરદ્રવ્યને વિષે આ બન્નેયનો (લોક - શ્રમણનો) કર્તા વ્યવસાય દૃષ્ટિરહિતોનો છે, એમ જાણે. ૩૨૭

---

**आत्मभावना** -

- व्यवहारभाषितेन तु - **પણ વ્યવહારભાષિતથી જ** परद्रव्यं मम - **પરદ્રવ્ય મ્હારૂં** अविदितार्था भणंति - **અવિદિતાર્થો - જેને અર્થ તત્ત્વ વિદિત નથી - જાણવામાં આવેલું નથી એવાઓ ભણે છે - કહે છે** - निश्चयेन तु जानंति - **પણ નિશ્ચયથી (જેઓ) જાણે છે તેઓ તો (જાણે છે કે)** न उ परमाणुमात्रमपि किंचित् - **પરમાણુ માત્ર પણ કિંચિત્ મ્હારૂં નથી.** यथा कोऽपि नरो जल्पति अस्माकं ग्रामविषयनगरराष्ट्रं - **જેમ કોઈ પણ નર કહે છે - 'અમારૂં' ગ્રામ - નગર - વિષય (ક્ષેત્ર) - રાષ્ટ્ર,** न च तानि तु तस्य भवंति - **અને તેઓ ગ્રામાદિ તો તેના હોતા નથી,** स आत्मा च मोहेन भणति - **અને તે આત્મા (એથી) મોહથી કહે છે,** एवमेव - **એમજ** एष ज्ञानी निस्संशयं मिथ्यादृष्टिः भवति - **આ જ્ઞાની નિઃસંશય મિથ્યાદૃષ્ટિ હોય છે,** यः परद्रव्यं ममेति जानन् आत्मानं करोति - **કે જે 'પરદ્રવ્ય મ્હારૂં' એમ જાણતો આત્મા કરે છે.** तस्मात् - **તેથી કરીને** न मम इति ज्ञात्वा - **નથી મ્હારૂં એમ જાણીને,** द्वयेषामप्येतेषां परद्रव्ये कर्तृत्वव्यवसायं - **આ બન્નેયનો - લોકનો અને શ્રમણોનો પરદ્રવ્યય કર્તૃત્વવ્યવસાય જાણતો (જ્ઞાની)** दृष्टिरहितानां जानीयाद् - **દૃષ્ટિરહિતોનો જાણે** ॥ इति **गाथा** आत्मभावना ॥३२४॥३२५॥३२६॥३२७॥

अज्ञानिन एव - **અજ્ઞાનીઓ જ** व्यवहारविमूढाः - **વ્યવહાર વિમૂઢ - વ્યવહારમાં અથવા વ્યવહારથી વિમૂઢ - અત્યંત મૂઢ થઈ ગયેલા એવાઓ,** परद्रव्यं ममेदमिति - पश्यंति - **પરદ્રવ્ય આ મ્હારૂં એમ દેખે છે,** ज्ञानिनस्तु - **પણ આથી ઉલટું**

## आत्मख्याति टीका

**व्यवहारभाषितेन तु परद्रव्यं मम भणंत्यविदितार्थाः ।**
**जानंति निश्चयेन तु न च मम परमाणुमात्रमपि किंचित् ॥३२४॥**
**यथा कोऽपि नरो जल्पति अस्माकं ग्रामविषयनगरराष्ट्रं ।**
**न च भवंति तस्य तानि तु भणति च मोहेन स आत्मा ॥३२५॥**
**एवमेव मिथ्यादृष्टि र्ज्ञानी निस्संशयं भवत्येषः ।**
**यः परद्रव्यं ममेति जानन्नात्मानं करोति ॥३२६॥**
**तस्मान्न मम इति ज्ञात्वा द्वयेषामप्येतेषां कर्तृत्ववसायं**
**परद्रव्ये जानन् जानीयाद् दृष्टिरहितानां ॥३२७॥**

| | |
|---|---|
| अज्ञानिन एव व्यवहारविमूढाः परद्रव्यं ममेदमिति पश्यंति | ज्ञानिनस्तु निश्चयप्रतिबुद्धाः परद्रव्यकणिकामात्रमपि न ममेदमिति पश्यति । |
| ततो - यथात्र लोके **कश्चिद्** व्यवहारविमूढः परकीयग्रामवासी ममायं ग्राम इति पश्यन् मिथ्यादृष्टिः । | **तथा** यदि ज्ञान्यपि कथंचिद् व्यवहारविमूढो भूत्वा परद्रव्यं ममेतमिति पश्येत् तदा सोऽपि परद्रव्यमात्मानं कुर्वाणो मिथ्यादृष्टिरेव स्यात् । |

अतस्तत्त्वं **जानन्** पुरुषः सर्वमेव परद्रव्यं न ममेति ज्ञात्वा लोकश्रमणानां द्वयेषामपि योऽयं परद्रव्ये कर्तृव्यवसायः स तेषां सम्यग्दर्शनरहितत्वादेव भवति इति सुनिश्चितं जानीयात् ॥३२४-३२७॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

| | |
|---|---|
| **અજ્ઞાનીઓ જ વ્યવહારવિમૂઢ એવાઓ 'પરદ્રવ્ય મ્હારૂં આ' એમ દેખે છે -** | **પણ જ્ઞાનીઓ તો નિશ્ચયપ્રતિબુદ્ધ એવાઓ પરદ્રવ્ય કણિકા માત્ર પણ આ મ્હારૂં નથી એમ દેખે છે.** |

---

જ્ઞાનીઓ તો निश्चयप्रतिबुद्धाः - નિશ્ચયપ્રતિબુદ્ધ, નિશ્ચયથી પ્રતિબુદ્ધ - પ્રતિબોધ પામેલા - આત્મજાગૃતિ પામેલા એવાઓ परंद्रव्यकणिकामामअपि न ममेदमिति पश्यंति - પરદ્રવ્યની કણિકામાત્રને પણ 'આ મ્હારૂં નથી' એમ દેખે છે. ततो - તેથી કરીને यथात्र लोके - જેમ અત્ર લોકમાં कश्चिद् व्यवहारविमूढः परकीयग्रामवासी - કોઈ વ્યવહાર વિમૂઢ પરકીય ગ્રામવાસી - પારકા ગામમાં વસનારો ममायं ग्राम इति पश्यन् - મ્હારૂં આ ગ્રામ એમ દેખતો મિથ્યાદૃષ્ટિ છે, तथा ~~ज्ञान्यपि~~ - તેમ જ્ઞાની પણ कथंचिद् व्यवहारविमूढो भूत्वा - કથંચિત્ વ્યવહાર વિમૂઢ થઈને, परद्रव्यं ममेदमिति पश्येति - પરદ્રવ્યને 'આ મ્હારૂં આ' એમ દેખે, तदा - તો, ત્યારે सोऽपि - તે પણ परद्रव्यमात्मानं कुर्वाणो - પરદ્રવ્યને આત્મા કરતો मिथ्यादृष्टिरेव स्यात् - મિથ્યાદૃષ્ટિ જ હોય, આ પરથી શું તાત્પર્ય ફલિત થાય છે ? अतस्तत्त्वं जानन् पुरुषः - એથી કરીને તત્ત્વને જાણતો પુરુષ परद्रव्यं न ममेति ज्ञात्वा - પરદ્રવ્ય મ્હારૂં નથી એમ જાણીને - लोकश्रमणानां द्वयेषामपि योऽयं परद्रव्ये कर्तृत्वव्यवसायः - લોકોનો અને શ્રમણોનો - બન્નેનો જે આ પરદ્રવ્યમાં કર્તૃત્વ વ્યવસાય, स तेषां सम्यग्दर्शनरहितत्वादेव भवति - તે તેઓના સમ્યગ્ - દર્શનરહિતપણાને લીધે જ હોય છે - इति सुनिश्चितं जानीयात् - એમ સુનિશ્ચિતપણે જાણે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥३२४॥३२५॥३२६॥३२७॥

| | |
|---|---|
| જેમ અત્રે લોકમાં કોઈ | તેમ જ્ઞાની પણ |
| વ્યવહારવિમૂઢ પરકીય ગ્રામવાસી | કથંચિત્ વ્યવહારવિમૂઢ સતો |
| 'મ્હારૂં આ ગ્રામ' એમ દેખતો | 'પરદ્રવ્ય મ્હારૂં આ' એમ દેખે, |
| મિથ્યાદૃષ્ટિ છે -: | તો ત્યારે તે પણ નિઃસંશય પરદ્રવ્યને આત્મા જુએ |
| | મિથ્યાદૃષ્ટિ જ **હોય.** |

એથી કરીને તત્ત્વ **જાણતો** પુરુષ સર્વ જ પરદ્રવ્ય **મ્હારૂં નથી** એમ જાણીને, લોકોનો અને શ્રમણોનો **બન્નેયનો** જે આ પરદ્રવ્યમાં કર્તૃત્વ વ્યવસાય, તે તેઓનો = **સમ્યગ્દર્શનરહિતપણાને** લીધે જ - હોય છે - એમ સુનિશ્ચિત **જાણે.**

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''*** કર્તાપણું ત્રિવિધ શ્રી જિને વિવેચ્યું છે, પરમાર્થથી - સ્વભાવ પરિણતિએ નિજ સ્વરૂપનો કર્તા છે. ઈ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, ૪૯૩**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે આત્માને પરદ્રવ્યની કર્તૃતા નથી તેનું કથન કરી, આ ગાથામાં ઉક્ત લોક - શ્રમણોનો પરદ્રવ્યમાં કર્તૃત્વ વ્યવસાય દૃષ્ટિરહિતોનો જ છે એમ સ્પષ્ટ કર્યું છે અને **'આત્મખ્યાતિ'** કર્તાએ તેનું ઓર સ્પષ્ટીકરણ કર્યું છે.

જેને શુદ્ધ આત્મસ્વરૂપનું જ્ઞાન નથી એવા અજ્ઞાનીઓ જ 'વ્યવહાર વિમૂઢ' - 'व्यवहारविमूढः' વ્યવહારમાં અથવા વ્યવહારથી વિશેષે કરીને અત્યંત મૂઢ - મોહ પામી ગયેલાઓ, 'પરદ્રવ્ય મ્હારૂં આ' એમ દેખે છે, પણ જેને સ્વ - પરનો વિવેક કરી શુદ્ધ આત્મસ્વરૂપનું જ્ઞાન પ્રગટ્યું છે એવા જ્ઞાનીઓ તો 'નિશ્ચય પ્રતિબુદ્ધ' - निश्चयप्रतिबुद्धाः અર્થાત્ પરમાર્થથી - તત્ત્વથી વસ્તુનું શુદ્ધ તત્ત્વ સ્વરૂપ દર્શાવતા નિશ્ચયથી પ્રતિબુદ્ધ - પ્રતિબોધ પામેલા - આત્મજાગૃતિ પામેલા હોઈ, પરદ્રવ્યનું કણિકામાત્ર પણ આ મ્હારૂં નથી એમ દેખે છે.

તેથી જેમ અત્રે લોકમાં કોઈ **'વ્યવહાર વિમૂઢ'** - વ્યવહારમાં કે વ્યવહારથી વિમૂઢ - અત્યંત મૂઢ બની ગયેલો - મોહથી મુંઝાઈ ગયેલો 'પરકીય ગ્રામવાસી' - પારકા ગામમાં વસનારો 'મ્હારૂં આ ગામ' એમ દેખતો મિથ્યાદૃષ્ટિ છે, તેમ જ્ઞાની પણ કથંચિત્ - કોઈ પ્રકારે 'વ્યવહાર વિમૂઢ' સતો - વ્યવહારમાં કે વ્યવહારથી વિમૂઢ - અત્યંત મૂઢ બની જઈ - મોહથી મુંઝાઈ જઈ, 'પરદ્રવ્ય મ્હારૂં આ' એમ દેખે, તો ત્યારે તે પણ પરદ્રવ્યને આત્મા કરતો નિઃસંશય મિથ્યાદૃષ્ટિ જ હોય - तदा सोऽपि परद्रव्यमात्मानं कुर्वाणो मिथ्यादृष्टिरेव स्यात् ।

એટલા માટે તત્ત્વ જાણતો પુરુષ, સર્વ જ પરદ્રવ્ય મ્હારૂં નથી એમ જાણીને, ઉપર કહેલા લોકનો અને શ્રમણોનો - બન્નેયનો જે આ પરદ્રવ્યમાં કર્તાપણાનો વ્યવસાય છે, તે તેઓનો સમ્યગ્દર્શન રહિતપણાને લીધે જ હોય છે - स तेषां सम्यग्दर्शनरहितत्वादेव भवति એમ સુનિશ્ચિત - સુનિશ્ચિતપણે - અત્યંત દૃઢ નિશ્ચયપણે જાણે.

તાત્પર્ય કે - વ્યવહાર પરાશ્રિત છે અને તે અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, અત એવ જે વ્યવહારનો આશ્રય કરી વ્યામોહ પામી પરદ્રવ્ય આ મ્હારૂં એમ દેખે છે, તે **વ્યવહારવિમૂઢ અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ** છે, નિશ્ચય આત્માશ્રિત છે અને તે જ ભૂતાર્થ છે - સત્યાર્થ છે. અત એવ જે નિશ્ચયથી પ્રતિબુદ્ધ નિશ્ચયનો જ આશ્રય કરી - નિશ્ચયમાં જ પ્રતિબદ્ધ રહી પરદ્રવ્યનું પરમાણુમાત્ર પણ મ્હારૂં નથી એમ દેખે છે, તે **નિશ્ચયપ્રતિબુદ્ધ જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ** છે. એટલે જે કોઈ મુનિઓ કે લોકો પરદ્રવ્યનું કર્તાપણું માને છે તે દૃષ્ટિરહિત - મિથ્યાદૃષ્ટિ જ છે. આનો ફલિતાર્થ એ છે કે નિશ્ચયથી

આત્માને પરદ્રવ્યરૂપ પુદ્‌ગલ કર્મનું એટલે કે પુદ્‌ગલ દ્રવ્યમય દ્રવ્યકર્મનું કર્ત્તાપણું છે જ નહિ, આત્મા દ્રવ્યકર્મનો અકર્ત્તા જ છે. કર્ત્તા - કર્મ અધિકારમાં વિસ્તારથી વર્ણવવામાં આવ્યા પ્રમાણે વ્યાપ્ય - વ્યાપક ભાવથી આત્મા પુદ્‌ગલમય દ્રવ્યકર્મનો કર્ત્તા નથી જ.

ઉદ્‌બોધના **સમયસાર કળશ** (૮) લલકારે છે -

वसंततिलका

**एकस्य वस्तुत इहान्यतरेण सार्द्धं,**
**संबंध एव सकलोऽपि यतो निषिद्धः ।**
**तत्कर्तृकर्मघटनास्ति न वस्तुभेदे,**
**पश्यंत्वकर्तृ मुनयश्च जनाश्च तत्त्वं ॥२०१॥**

કો વસ્તુનો અપર કો પણ વસ્તુ સાથે, સંબંધ સર્વ જ નિષેધિત એકસાથે;
તો કર્તૃકર્મઘટના ન જ વસ્તુ ભેદે, દેખો અકર્તૃ મુનિ ને જન તત્ત્વ (ભેદે.) ૨૦૧

## અમૃત પદ - ૨૦૧

એક વસ્તુનો બીજી સાથે, સંબંધ સર્વ નિષિદ્ધ,
ત્રણે કાળમાં નિશ્ચય એવો, સિદ્ધાંત સ્વયં સિદ્ધ... એક વસ્તુનો. ૧
તેથી આ કર્ત્તા છે આનો, આનું છે આ કર્મ,
કર્તૃકર્મ ઘટના એ છે ના, વસ્તુભેદે - આ મર્મ... એક વસ્તુનો. ૨
તેથી મુનિઓ ને જન સર્વે, દેખો અકર્તૃ તત્ત્વ !
**ભગવાન અમૃતચંદ્રે** ભાખ્યું, તત્ત્વ તણું એ સત્ત્વ... એક વસ્તુનો. ૩

**અર્થ** - કારણકે એક વસ્તુનો અહીં બીજી કોઈ પણ વસ્તુ સાથે સકલ પણ સંબંધ જ નિષિદ્ધ છે, તેથી વસ્તુભેદ સતે કર્તૃ-કર્મ ઘટના છે નહિ, (માટે) મુનિઓ અને જનો તત્ત્વને અકર્તૃ દેખો !

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જડભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;
કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર**, અં. ૨૬૬ (૨૨૬)

ઉપરમાં જે કહ્યું તેના નિગમનરૂપે - ઉપસંહારરૂપે આ કળશ કાવ્ય લલકારતાં **અમૃતચંદ્રજીએ** આત્મતત્ત્વને અકર્તૃ દેખવાની મુનિઓને અને જનોને ભાવવાહી ઉદ્‌બોધના કરી છે - કોઈ પણ એક વસ્તુનો અહીં - આ લોકને વિષે બીજી કોઈ પણ વસ્તુ સાથે સર્વ જ પ્રકારનો સર્વ જ સંબંધ જ નિષિદ્ધ છે - નિષેધવામાં આવ્યો છે. तत् कर्तृकर्मघटनास्ति न वस्तुभेदे - વસ્તુભેદે - બે જૂદી જૂદી વસ્તુઓમાં આ આનો કર્ત્તા અને આ પુદ્‌ગલકર્મ આ આત્માનું કર્મ એવી કર્તા - કર્મની ઘટના - રચના અથવા ઘટમાનતા છે નહિ, માટે મુનિઓ - શ્રમણો અને જનો - લોકો તત્ત્વને - સ્વતત્ત્વને - આત્મ તત્ત્વને અકર્તૃ દેખો ! - पश्यंत्वकर्तृ मुनयश्च जनाश्च (स्वतत्त्वं) तत्त्वं ।

આગળની ગાથાના ભાવનું સૂચન કરતો ઉત્થાનિકા **સમયસાર કળશ (૧૦)** પ્રકાશે છે -

वसंततिलका

**ये तु स्वभावनियमं कलयंति नेम -**
**मज्ञानमग्नमहसो बत ते वराकाः ।**
**कुर्वंति कर्म तत एव हि भावकर्म -**
**कर्ता स्वयं भवति चेतन एव नान्यः॥२०२॥**

જે આ સ્વભાવ નિયમ ન જ જાણનારા,
અજ્ઞાનમગ્ન જ મહસ્ જસ તે બિચારા;
રે ! રે ! કરે કરમ ચેતન તેથી આ જ,
છે ભાવકર્મ કરતા સ્વયં અન્ય ના જ. ૨૦૨

## અમૃત પદ - ૨૦૨

ભૈયા ! વિષમ આ સંસાર - એ રાગ

ભાવકર્મનો કર્તા જીવ જ, નિશ્ચય આ સિદ્ધાંત... (૨)... ધ્રુવ પદ. ૧
તત્ત્વ અકર્તૃ વસ્તુ સ્વભાવે, આ નિશ્ચય વાર્ત્તા જ,
વસ્તુ સ્વભાવ નિયમ આ એવો, જેઓ કળતા ના જ... ભાવકર્મનો કર્ત્તા. ૨
અજ્ઞાને જસ મગ્ન મહસ્ છે, અબૂઝ એવા તેહ,
અરે ! બિચારા કર્મ કરે છે, તેથી જ નિશ્ચય એહ... ભાવકર્મનો કર્ત્તા. ૩
ભાવકર્મનો કર્ત્તા ચેતન, થાયે આપોઆપ,
ભગવાન **અમૃત** નિશ્ચય ભાખે, બીજો કોઈ ન થાય... ભાવકર્મનો કર્ત્તા. ૪

**અર્થ** - પણ જેઓ આ સ્વભાવ નિયમ કળતા નથી, તેઓ - જેનું મહસ્ - મહાતેજ અજ્ઞાનમગ્ન છે - તે બિચારાઓ અરે ! કર્મ કરે છે, તેથી કરીને જ નિશ્ચયે કરીને ભાવકર્મનો કર્ત્તા સ્વયં ચેતન જ થાય છે - નહિ કે અન્ય.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"અનંત કાળથી જીવને અસત્ વાસનાનો અભ્યાસ છે. તેમાં એકદમ સત્ સંબંધી સંસ્કાર સ્થિત થતા નથી." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૯૪ (૨૨૯)**

આ ઉક્ત સ્વભાવ નિયમનું જેને ભાન નથી એવા અજ્ઞાનીઓ અંગે ખેદ દર્શાવી **પરમકરુણાળુ અમૃતચંદ્રજી** આ ઉત્થાનિકા કળશમાં અજ્ઞાની અજ્ઞાનને લીધે જ ભાવકર્મનો કર્ત્તા થાય છે એમ આગળની ગાથાના ભાવનું સૂચન કરે છે, - પણ જેઓ આ ઉપરમાં સ્પષ્ટ વિવરી દેખાડ્યો તે સ્વભાવ નિયમને - 'स्वभावनियमं' - કળતા નથી - સમજતા નથી, તેઓ - જેનું મહસ્ - મહાતેજ - મહાન્ આત્મજ્યોતિ અજ્ઞાનમાં મગ્ન - ડૂબી ગયેલું છે, તે બિચારાઓ - अज्ञानमग्नमहसो बत ते वराकाः - અરે ! કર્મ કરે છે, તેથી કરીને જ નિશ્ચયે કરીને ભાવકર્મનો કર્ત્તા સ્વયં - પોતે ચેતન જ થાય છે, નહિ કે અન્ય, भावकर्मकर्ता स्वयं भवति चेतन एव नान्यः, અર્થાત્ ચેતનના વિકાર પરિણામરૂપ - વિભાવરૂપ રાગ-દ્વેષ-મોહ એ ભાવકર્મનો કર્ત્તા સ્વયં - પોતે ચેતન આત્મા જ હોય છે, બીજો કોઈ નહિ. એટલે કે ભાવકર્મની જોખમદારી જીવને પોતાને શિરે જ છે.

**मिच्छत्तं जइ पयडी मिच्छाइट्ठी करेइ अप्पाणं ।**
**तह्मा अचेदणा दे पयडी णणु कारगो पत्तो ॥३२८॥**
**अहवा एसो जीवो पुग्गलदव्वस्स कुणइ मिच्छत्तं ।**
**तह्मा पुग्गलदव्वं मिच्छाइट्ठी ण पुण जीवो ॥३२९॥**
**अह जीवो पयडी तह पुग्गलदव्वं कुणंति मिच्छत्तं ।**
**तह्मा दोहिंयं कदं तं दोण्णिवि भुंजंति तस्स फलं ॥३३०॥**
**जह ण पयडी ण जीवो पुग्गलदव्वं करेदि मिच्छत्तं ।**
**तह्मा पुग्गलदव्वं मिच्छत्तं तं तु ण हु मिच्छा ॥३३१॥(चतुष्कम्)**

મિથ્યાત્વ પ્રકૃતિ આત્મા કરે, મિથ્યાદૃષ્ટિ જોય;
અચેતન પ્રકૃતિ તુજ મતે, ખરે ! કારક તો હોય ! ૩૨૮
જીવ આ પુદ્ગલ દ્રવ્યનું, જો મિથ્યાત્વ કરંત;
મિથ્યાદૃષ્ટિ તો પુદ્ગલ - દ્રવ્ય ન જીવ હવંત. ૩૨૯
જો જીવ પ્રકૃતિ પુદ્ગલ, દ્રવ્ય મિથ્યાત્વ કરંત;
બેયે કીધું બેય તે, ફલ તેનું ભુંજંત. ૩૩૦
ન જીવ ન પ્રકૃતિ પુદ્ગલ, દ્રવ્ય મિથ્યાત્વ કરંત;
તો પુદ્ગલ દ્રવ્ય મિથ્યાત્વ તે, મિથ્યા ખરે ! ન કરંત ? ૩૩૧

**અર્થ** - જો મિથ્યાત્વ પ્રકૃતિ આત્માને મિથ્યાદૃષ્ટિ કરે છે, તો ત્હારા મતે અચેતના પ્રકૃતિ ખરેખર ! કારક પ્રાપ્ત થઈ. ૩૨૮

અથવા આ જીવ પુદ્ગલ દ્રવ્યનું મિથ્યાત્વ કરે છે, તેથી પુદ્ગલ દ્રવ્ય મિથ્યાદૃષ્ટિ હોય, નહિ કે જીવ ! ૩૨૯

હવે જો જીવ તથા પ્રકૃતિ પુદ્ગલ દ્રવ્યને મિથ્યાત્વ કરે છે, તો બન્નેએ કરેલું તે તેનું ફલ બન્ને ય ભોગવે છે ! ૩૩૦

હવે જો ન પ્રકૃતિ - ન જીવ પુદ્ગલ દ્રવ્યને મિથ્યાત્વ કરે છે, તો પુદ્ગલ દ્રવ્ય મિથ્યાત્વ હોય, તે શું ખરેખર ! મિથ્યા નથી ? ૩૩૧

---

**आत्मभावना** -

यदि मिथ्यात्वं प्रकृतिः आत्मानं मिथ्यादृष्टिं करोति - જો મિથ્યાત્વ પ્રકૃતિ આત્માને મિથ્યાદૃષ્ટિ કરે છે, तस्मात् अचेतना प्रकृति ते ननु कारका प्राप्ता - તેથી (તો) અચેતના પ્રકૃતિ ખરેખર ! કારક - કર્તા પ્રાપ્ત થઈ ! अथवा - અથવા જો एष जीवः - આ જીવ पुद्गलद्रव्यस्य मिथ्यात्वं करोति - પુદ્ગલ દ્રવ્યનું મિથ્યાત્વ કરે છે, तस्मात् पुद्गलद्रव्यं मिथ्यादृष्टिः न पुन र्जीवः - તેથી (તો) પુદ્ગલ દ્રવ્ય મિથ્યાદૃષ્ટિ, નહિ કે જીવ. अथ - હવે જો जीवः तथा प्रकृतिः - જીવ તથા પ્રકૃતિ पुद्गलद्रव्यं मिथ्यात्वं कुरुते - પુદ્ગલ દ્રવ્યને મિથ્યાત્વ કરે છે, तस्माद् द्वाभ्यां कृतं - તેથી (તો) બેથી કરાયેલું तस्य फलं द्वावापि भुंजते - તેનું ફલ બેય ભોગવે છે. अथ - હવે જો न प्रकृति न जीवः - ન પ્રકૃતિ - ન જીવ पुद्गलद्रव्य मिथ्यात्वं करोति - પુદ્ગલ દ્રવ્યને મિથ્યાત્વ કરતું, तस्मात् - તેથી (તો) पुद्गलद्रव्यं मिथ्यात्वं - પુદ્ગલદ્રવ્ય મિથ્યાત્વ, तत्तु न खलु मिथ्या - તે તો ખરેખર ! મિથ્યા નથી ? ॥ इति **गाथा** आत्मभावना ॥३२८॥३२९॥३३०॥३३१॥

(૧) जीव एव मिथ्यात्वादिभावकर्मणः कर्ता - જીવ જ મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્તા છે, શાને લીધે ? तस्याचेतनप्रकृतिकार्यत्वे - તેના - તે ભાવકર્મના અચેતન પ્રકૃતિના કાર્યપણામાં अचेतनत्वानुषंगात् - અચેતનપણાના અનુષંગને - પ્રસંગને લીધે. (૨) स्वस्यैव जीवो मिथ्यात्वादिभावकर्मणः कर्ता - જીવ સ્વના જ - પોતાના જ - આત્માના

## आत्मख्याति टीका

**मिथ्यात्वं यदि प्रकृति र्मिथ्यादृष्टिं करोत्यात्मानं ।**
**तस्मादचेतना ते प्रकृतिर्ननु कारका प्राप्ता ॥३२८॥**
**अथवैष जीवः पुद्गलद्रव्यस्य करोति मिथ्यात्वं ।**
**तस्मात्पुद्गलद्रव्यं मिथ्यादृष्टि र्न पुनर्जीवः ॥३२९॥**
**अथ जीवः प्रकृतिस्तथा पुद्गलद्रव्यं कुरुते मिथ्यात्वं ।**
**तस्मात् द्वाभ्यां कृतं तद् द्वावपि भुंजाते तस्य फलं ॥३३०॥**
**अथ न प्रकृतिर्न जीवः पुद्गलद्रव्यं करोति मिथ्यात्वं ।**
**तस्मात्पुद्गलद्रव्यं मिथ्यात्वं तत्तु न खलु मिथ्या ॥३३१॥ (चतुष्कं)**

जीव एव मिथ्यात्वादिभावककर्मणः कर्ता

**तस्याचेतनप्रकृति**कार्यत्वेऽचेतनस्यानुषंगात् ।

स्वस्यैव जीवो मिथ्यात्वादिभावकर्मणः कर्ता

**जीवेन पुद्गलद्रव्यस्य** मिथ्यात्वादिभावकर्मणि क्रियमाणे पुद्गलद्रव्यस्य चेतनानुषंगात् ।

न च जीवश्च प्रकृतिश्च मिथ्यात्वादिभावकर्मणो द्वौ कर्तारौ

जीववदचेतनायाः प्रकृतेरपि तत्फलभोगानुषंगात् ।

न च जीवश्च प्रकृतिश्च मिथ्यात्वदिभावकर्मणो द्वौवप्यकर्त्तारौ

स्वभावत एव पुद्गलद्रव्यस्य मिथ्यात्वादिभावानुषंगात् ।

ततो जीवः कर्ता स्वस्य कर्म कार्यमिति सिद्धं ॥३२८॥३२९॥३३०॥३३१॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

જીવ જ મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્ત્તા છે - તેનું અચેતન **પ્રકૃતિનું કાર્યપણું સતે અચેતનપણાનો અનુષંગ હોય માટે, સ્વના જ મિથ્યાત્વાદિ ભાવકર્મનો જીવ કર્ત્તા છે - જીવથી પુદ્ગલદ્રવ્યનું મિથ્યાત્વાદિ ભાવકર્મ કરવામાં આવતાં પુદ્ગલ દ્રવ્યને ચેતનનો અનુષંગ હોય માટે;**

અને જીવ અને પ્રકૃતિ (એ) મિથ્યાત્વાદિ ભાવકર્મના બે કર્ત્તા નથી - જીવની જેમ અચેતના **પ્રકૃતિને** પણ તેના ફલભોગનો અનુષંગ હોય માટે; **અને જીવ અને પ્રકૃતિ** (એ) મિથ્યાત્વ ભાવકર્મના બે

---

જ મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્ત્તા છે, શાને લીધે ? जीवेन पुद्गलद्रव्यस्य मिथ्यात्वादिभावकर्मणि क्रियमाणे - **જીવથી** પુદ્ગલ દ્રવ્યનું મિથ્યાત્વાદિ ભાવકર્મ કરવામાં આવતાં, पुद्गलद्रव्यस्य चेतनानुषंगात् - **પુદ્ગલદ્રવ્યને ચેતનનાં અનુષંગને લીધે - પ્રસંગને લીધે.** (૩) न च जीवश्च प्रकृतिश्च मिथ्यात्वादिभावकर्मणो द्वौ कर्तारौ - **અને નથી જીવ અને પ્રકૃતિ** મિથ્યાત્વાદિ ભાવકર્મના બે કર્ત્તાઓ, શાને લીધે ? जीववद् अचेतनायाः प्रकृतेरपि तत्फलभोगानुषंगात् - **જીવની જેમ** અચેતના પ્રકૃતિને પણ તત્ફલ ભોગના - તેના ફલભોગના અનુષંગને લીધે - પ્રસંગને લીધે. (૪) न च जीवश्च प्रकृतिश्च मिथ्यात्वादिभावकर्मणो द्वौ अपि अकर्त्तारौ - **અને નથી જીવ અને પ્રકૃતિ મિથ્યાત્વ ભાવકર્મના બે ય અકર્ત્તાઓ** - स्वभावत एव पुद्गलद्रव्यस्य मिथ्यात्वादि भावानुषंगात् **સ્વભાવથી જ પુદ્ગલ દ્રવ્યને મિથ્યાત્વાદિ ભાવના અનુષંગને - પ્રસંગને લીધે. આ ઉપરથી શું સિદ્ધ થયું ?** ततो जीवः कर्ता स्वस्य कर्म कार्यमिति सिद्धं - **તેથી જીવ કર્ત્તા, સ્વનું - પોતાનું કર્મ તે કાર્ય, એમ સિદ્ધ થયું.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥३२८॥३२९॥३३०॥३३१॥

ય અકર્ત્તા નથી - સ્વભાવથી જ પુદ્‌ગલ દ્રવ્યને મિથ્યાત્વાદિ ભાવનો અનુષંગ હોય માટે; તેથી જીવ કર્ત્તા છે, સ્વનું કર્મ કાર્ય છે, એમ સિદ્ધ થયું. ૩૨૮, ૩૨૯, ૩૩૦, ૩૩૧

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ભાવકર્મ નિજ કલ્પના છે, માટે ચેતન રૂપ;

જીવ વીર્યની સ્ફુરણા, ગ્રહણ કરે જડ ધૂપ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૮૨**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે જીવ ભાવકર્મનો કર્ત્તા છે એ આ ગાથાઓમાં **શાસ્ત્રકર્ત્તા પરમર્ષિએ** ચાર વિકલ્પ રજૂ કરી એમની લાક્ષણિક શૈલીમાં સુંદર યુક્તિથી પ્રતિપાદન કર્યું છે અને **'આત્મખ્યાતિ' કર્ત્તા પરમર્ષિએ** તેનું અપૂર્વ મીમાંસન કર્યું છે.

(૧) જીવ જ મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્ત્તા છે - जीव एव मिथ्यात्वादि भावकर्मणः कर्ता, કારણકે જો તે અચેતન પ્રકૃતિનું કાર્ય હોય, તો તેને અચેતનપણાનો પ્રસંગ પ્રાપ્ત થાય.

(૨) जीवः स्वस्यैव जीवः मिथ्यात्वादि भावकर्मणः कर्ता - જીવ 'સ્વના જ' - પોતાના જ મિથ્યાત્વાદિ ભાવકર્મનો કર્ત્તા છે, કારણકે પુદ્‌ગલ દ્રવ્યનું મિથ્યાત્વાદિ ભાવકર્મ જો જીવથી કરવામાં આવે, તો પુદ્‌ગલ દ્રવ્યને ચેતનપણાનો પ્રસંગ પ્રાપ્ત થાય.

(૩) અને જીવ અને પ્રકૃતિ એ બે મિથ્યાત્વાદિ ભાવકર્મના બે કર્ત્તા નથી, કારણકે જો એમ હોય તો જીવ જેમ સ્વકૃત ફલભોગ ભોગવે છે તેમ અચેતન પ્રકૃતિને પણ તેના ફલભોગનો પ્રસંગ પ્રાપ્ત થાય.

(૪) અને જીવ અને પ્રકૃતિ એ મિથ્યાત્વાદિ ભાવકર્મના બે ય અકર્ત્તા નથી, કારણકે જો એમ હોય તો સ્વભાવથી જ પુદ્‌ગલ દ્રવ્યને મિથ્યાત્વાદિ ભાવનો પ્રસંગ પ્રાપ્ત થાય.

આમ જીવના ભાવકર્મનો નથી પુદ્‌ગલ કર્ત્તા, પુદ્‌ગલના ભાવકર્મનો નથી જીવ કર્ત્તા, ભાવકર્મના નથી જીવ - પુદ્‌ગલ બે કર્ત્તા અને ભાવકર્મના નથી જીવ પુદ્‌ગલ બે અકર્ત્તા, એટલે આ પરથી સ્વયં સિદ્ધ થાય છે કે જીવ કર્ત્તા છે અને સ્વનું - પોતાનું - આત્માનું કર્મ કાર્ય છે - ततः जीवः कर्ता स्वस्य कर्म कार्यमिति सिद्धं ।

**અર્થાત્ ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે અજ્ઞાનને લીધે જીવ ભાવકર્મનો કર્ત્તા છે. એ આ** ગાથાઓમાં **શાસ્ત્રકર્ત્તા પરમર્ષિ** કુંદકુંદાચાર્યજીએ સામા માણસને નિરુત્તર મૂકે એવા **ચાર વિકલ્પ પ્રશ્નાત્મક** સંભવ પ્રકાર (Poser) રજૂ કરી પોતાની અનન્ય લાક્ષણિક શૈલીથી **સ્વભાવોક્તિથી રજૂ કર્યા** છે - (૧) મિથ્યાત્વ પ્રકૃતિ આત્માને મિથ્યાદૃષ્ટિને કરે છે, એમ જો તું કહેતો હો તો અચેતના એવી પ્રકૃતિ ત્હારા મતે ખરેખર ! કારક પ્રાપ્ત થઈ ! - કર્ત્તા થઈ પડી ! એટલે આ ઉપહાસાત્મક વચનથી ખસીયાણો પડી જઈ, અચેતના પ્રકૃતિ તો કર્ત્તા કેમ હોઈ શકે ? એમ પોતાની ભૂલ તુરત સમજાઈ જતાં, તે (પ્રશ્નકાર) બીજો વિકલ્પ કરે છે. (૨) હવે આ જીવ પુદ્‌ગલ દ્રવ્યનું મિથ્યાત્વ કરે છે એમ કહેતો હો, તો પુદ્‌ગલ દ્રવ્ય મિથ્યાદૃષ્ટિ થઈ પડ્યું ! નહિ કે જીવ ! એટલે આ વચનથી પોતાની પુનઃ ભૂલ શીઘ્ર સમજાતાં - પુદ્‌ગલ દ્રવ્ય તે મિથ્યાદૃષ્ટિ કેમ હોય શકે - જીવ મિથ્યાદૃષ્ટિ હોઈ શકે, એમ સમજી જાય છે. એટલે જીવ મિથ્યાદૃષ્ટિ હોઈ શકે, એમ સમજી જાય છે, એટલે જીવ પુદ્‌ગલ દ્રવ્યને મિથ્યાદૃષ્ટિ કરે છે એ વિકલ્પને તે છોડી દે છે. એટલે ત્રીજો વિકલ્પ રજૂ કરે છે - (૩) હવે જો એમ કહે કે જીવ તેમજ પુદ્‌ગલ દ્રવ્ય (બન્ને) મિથ્યાત્વ કરે છે, તો પછી બન્નેએ કરેલું તે તેનું ફલ તે બન્નેય ભોગવે છે, એમં કહે છે, એટલે તેજ પ્રશ્નકારને પોતાની ભૂલ સમજાય છે કે પુદ્‌ગલ દ્રવ્ય અચેતન છે. તે ભોક્તા કેમ હોઈ શકે ? એટલે બન્નેએ કરેલ છે એ વાત પણ તે મૂકી દે છે. એટલે ચોથો વિકલ્પ રજૂ કરે છે - (૪) હવે જો એમ કહે કે નથી પ્રકૃતિ - નથી જીવ પુદ્‌ગલ દ્રવ્યને મિથ્યાત્વ કરતું, તો પછી તે પ્રથમ જે કહ્યું હતું કે પુદ્‌ગલદ્રવ્ય મિથ્યાત્વ છે, તે શું મિથ્યા નથી ? એમ કહે છે એટલે નિરુત્તર

બની જઈ વિચારમાં પડી જાઈ તે (પ્રશ્નકાર) વિચારે છે કે - મિથ્યાત્વ એવી પ્રકૃતિ તો છે, પણ તે કોઈથી - જીવથી કે પુદ્‌ગલથી ન કરાઈ હોય તો બની જ કેમ શકે ? આ ઉપરથી વિચારતાં જણાય છે કે - પુદ્‌ગલમય મિથ્યાત્વ પ્રકૃતિ જીવને મિથ્યાદૃષ્ટિ નથી કરતી, જીવ પુદ્‌ગલ દ્રવ્યનું મિથ્યાત્વ નથી કરતો, જીવ પુદ્‌ગલ બન્ને ભેગા મળીને પુદ્‌ગલ દ્રવ્યને મિથ્યાત્વ નથી કરતા અને કર્ત્તાના કર્યા વિના કર્મ થઈ શકતું નથી, થવું સંભવતું નથી. એટલે પુદ્‌ગલ પુદ્‌ગલમય મિથ્યાત્વ પ્રકૃતિનો કર્ત્તા હોય અને જીવ જીવમય મિથ્યાત્વ પ્રકૃતિનો કર્ત્તા હોય. અર્થાત્ પુદ્‌ગલ મિથ્યાત્વરૂપ પુદ્‌ગલ દ્રવ્યકર્મનો કર્ત્તા હોય અને જીવ જીવરૂપ મિથ્યાત્વરૂપ ભાવકર્મનો કર્ત્તા હોય.

સર્વ
વિશુદ્ધ
જ્ઞાન

ઉક્ત ભાવના સારસંદોહરૂપ સમયસાર કળશ (૧૧) સંગીત કરે છે -

शार्दूलविक्रीडित

**कार्यत्वादकृतं न कर्म न च तज्जीवप्रकृत्योर्द्वयो -**
**रज्ञायाः प्रकृतेः स्वकार्यफलभुक्भावानुषंगात्कृतिः ।**
**नैकस्याः प्रकृतेरचितत्त्वलसनाज्जीवोऽस्य कर्ता ततो,**
**जीवस्यैव च कर्म तच्चिदनुगं ज्ञाता न यत्पुद्गलः ॥२०३॥**

કાર્યત્વે કરી કર્મ ના અકૃત, તે ના પ્રકૃતિ - જીવનું,
અજ્ઞા પ્રકૃતિને સ્વકાર્ય ફલના ભોક્તૃ પ્રસંગે ગણું;
ના એકા પ્રકૃતિ કૃતિ અચિત તો, તત્ કર્તૃ આ જીવ લો !
ને આ જીવનું કર્મ ચિદ્ અનુગ તે, જ્ઞાતા ન છે પુદ્ગલો. ૨૦૩

## અમૃત પદ - ૨૦૩

જીવ જ ભાવકર્મનો કર્ત્તા, તસ કર્મ તેનું જ અનુસર્ત્તા... ધ્રુવ પદ... ૧
કર્મ કાર્ય જ નિશ્ચય હોયે, તેથી અણકીધું તે નો'યે... જીવ જ ભાવકર્મનો કર્ત્તા. ૨

જીવ પ્રકૃતિ બેય મળીને, તે કીધું ન હોય ભળીને,
કારણ અજ્ઞ પ્રકૃતિને અંગ, સ્વકાર્ય ફલ ભોગ પ્રસંગ... જીવ જ ભાવકર્મનો કર્ત્તા. ૩

એક પ્રકૃતિની કૃતિ તે નો'યે, કારણ અચિત્પણું ત્યાં સ્હોયે,
તેથી જીવ જ કર્મનો કર્ત્તા, તસ કર્મ તે ચિત્ અનુસરતો... જીવ જ ભાવકર્મનો કર્ત્તા. ૪

કારણ પુદ્ગલ નો'યે જ્ઞાતા, કહે ભગવાન અમૃત ખ્યાતા...
'આત્મખ્યાતિ'માં વ્યાખ્યાતા, 'આત્મખ્યાતિ'થી વિખ્યાતા... જીવ જ ભાવકર્મનો કર્ત્તા. ૫

**અર્થ** - કાર્યપણાને લીધે કર્મ અકૃત (નહિ કરાયેલું) નથી અને તે જીવ અને પ્રકૃતિ એ બન્નેનું કાર્ય નથી - અજ્ઞ પ્રકૃતિને સ્વકાર્ય ફલભોગી ભાવનો અનુષંગ હોય માટે, એક પ્રકૃતિની કૃતિ નથી - અચિત્પણાનું લસન છે માટે, તેથી જીવ આનો (કર્મનો) કર્ત્તા છે અને જીવનું જ કર્મ તે ચિદ્અનુગ - ચૈતન્યને અનુસરનારૂં છે, કારણકે જ્ઞાતા પુદ્ગલ નથી. ૨૦૩

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જો ચેતન કરતું નથી, થતાં નથી તો કર્મ;
તેથી સહજ સ્વભાવ નહિ, તેમજ નહિ જીવધર્મ."

**- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૭૫**

ઉપરમાં જે આત્મખ્યાતિના ગદ્ય ભાગમાં કહ્યું તેના આ સારસંદોહ રૂપે ઉક્ત ભાવની પરિપુષ્ટિ કરતો આ કળશ કહ્યો છે - (૧) कार्यत्वादकृतं न कर्म - કર્મ એ કાર્ય છે એટલે કાર્યપણાને લીધે કર્મ અકૃત - નહિ કરાયેલું હોઈ શકે નહિ. (૨) न च तज्जीवप्रकृत्यो र्द्वयोः - એને તે કર્મ જીવ અને પ્રકૃતિ એ બન્નેની કૃતિ નથી, કારણકે એમ હોય તો અજ્ઞ પ્રકૃતિને સ્વકાર્ય ફલભોગી ભાવનો - પોતાના

કાર્યફલના ભોગવવાના ભાવનો પ્રસંગ આવે - अज्ञायाः प्रकृतेः स्वकार्यफलभुक्भावानुषंगात् कृतिः (૩) नैकस्याः प्रकृतेः - તેમજ તે કર્મ એક પ્રકૃતિની કૃતિ નથી, કારણકે એમ હોય તો તેમાં અચિત્પણાનું લસન થાય. (૪) તેથી બાકી એક જીવ જ આ કર્મનો - ભાવકર્મનો કર્ત્તા છે અને જીવનું જ જે કર્મ તે 'ચિદ્ અનુગ' - ચૈતન્યને અનુસરનારૂં (ચૈતન્ય વિકાર રૂપ જ) હોય, કારણકે જ્ઞાતા પુદ્ગલ ન હોય - जीवस्यैव च कर्म तच्चिदनुगं ज्ञाता न यद् पुद्गलः ।

સ્યાદ્વાદ પ્રતિબંધથી જયવતી વસ્તુસ્થિતિ સ્તવે છે, એવા ભાવનો **સમયસાર કળશ (૧૨)** પ્રકાશે છે -

शार्दूलविक्रीडित

**कर्मैव प्रवितर्क्य कर्तृ हतकैः क्षिप्त्वात्मनः कर्तृतां,**
**कर्तात्मैष कथंचिदित्यचलिता कैश्चिच्छ्रुतिः कोपिता ।**
**तेषामुद्धतमोहमुद्रितधियां बोधस्य संशुद्धये,**
**स्याद्वादप्रतिबंधलब्धविजया वस्तुस्थितिः स्तूयते ॥२०४॥**

કલ્પી કર્મ જ કર્તૃ કોઈ હતકે ફેંકી સ્વની કર્તૃતા,
'કર્ત્તા આત્મ કથંચિત્' એ અચલિતા શ્રુતિ કરી કોપિતા;
મોહે મુદ્રિત બુદ્ધિ તે અબુધનો દુર્બોધ સંશોધવા,
સ્યાદ્વાદ પ્રતિબંધથી જયવતી વસ્તુસ્થિતિ સ્તાવીએ. ૨૦૪

## અમૃત પદ - ૨૦૪

સ્યાદ્વાદ વિજયવંતો વર્ત્તે, સુજ્ઞ સ્યાદ્વાદ સિદ્ધાંત, (ધ્રુવપદ)
સમ્યક્ તત્ત્વ વિચાર કરીને, ત્યજ મિથ્યાત્વ એકાંત... સ્યાદ્વાદ. ૧
કર્મને જ કર્ત્તા કલ્પીને, કોઈ હતકોથી જન ભ્રાંત,
આત્માનું કર્તૃત્વ ફગાવી, ભજતા કો એકાંત... સ્યાદ્વાદ. ૨
'કર્ત્તા આત્મા જ કથંચિત્'આ, અચલિત અનેકાંત,
શ્રુતિ કરાઈ કોપિત તેથી, ભજતાં એ એકાંત... સ્યાદ્વાદ. ૩
ઉદ્ધત મોહથી મુદ્રિત જેની, બુદ્ધિ એવી ભ્રાંત,
તસ બોધની સંશુદ્ધિ અર્થે, કહિયે આ સિદ્ધાંત... સ્યાદ્વાદ. ૪
સ્યાદ્વાદ સાથે પ્રતિબંધથી, લબ્ધવિજય નિર્ભ્રાંત,
ભગવાન્ અમૃત સ્તવતા એવી, વસ્તુસ્થિતિ અનેકાંત... સ્યાદ્વાદ. ૫

**અર્થ** - કર્મને જ કર્તૃ પ્રવિતર્કીને આત્માની કર્તૃતા ફગાવી દઈ, કોઈ હતકોથી 'કર્ત્તા આત્મા જ કથંચિત્ છે' એવી અચલિત શ્રુતિ કોપિત - કોપાવવામાં આવેલ છે, તે ઉદ્ધત મોહથી મુદ્રિત બુદ્ધિવાળાઓના બોધની સંશુદ્ધિને અર્થે, સ્યાદ્વાદ પ્રતિબંધથી લબ્ધવિજયા - (વિજય પામેલી) વસ્તુસ્થિતિ સ્તવવામાં આવે છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સ્યાત્ મુદ્રા તે સ્વરૂપસ્થિત આત્મા છે. શ્રુતજ્ઞાનની અપેક્ષાએ સ્વરૂપસ્થિત આત્માએ કહેલી શિક્ષા છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૪૬, હાથનોંધ**

હવે કોઈ સાંખ્યોની જેમ કર્મને જ કર્ત્તા માની આત્માને સર્વથા - એકાંતે અકર્ત્તા માને છે, તેઓની મિથ્યા માન્યતા ગેરસમજૂતી દૂર કરતું તાદૃશ્ય વર્ણન નીચેની ગાથાઓમાં આવે છે, તેનું માર્મિક સૂચન કરતો આ ઉત્થાનિકા કળશ કહ્યો છે. कर्मैव प्रवितर्क्य कर्तृ हतकैः क्षिप्त्वात्मनः कर्तृतां - કોઈ અતિતાર્કિકો કર્મને જ કર્મનો કર્તા છે એમ 'પ્રવિતર્કી' - પ્રકૃષ્ટપણે વિપરીત તર્ક કરી આત્માનું કર્ત્તાપણું ફગાવી દ્યે છે, એવી કોઈ 'હતકોથી' 'કર્ત્તા આત્મા જ કથંચિત્' - કોઈ અપેક્ષાએ છે એવી અચલિત -

કદી પણ ચલાયમાન ન થતી શ્રુતિ કોપિત કરાઈ - કોપ પમાડાઈ છે - कर्तात्मैव कथंचिदित्यचलिता कैश्चिच्छ्रुतिः कोपिता તેઓના - ઉદ્ધત મોહથી જેની બુદ્ધિ મુદ્રિત થઈ ગઈ - સીલબંધ થઈ ગઈ છે એવાઓના - બોધની સંશુદ્ધિને અર્થે - तेषामुद्धतमोहमुद्रितधियां बोधस्य संशुद्धये, સ્યાદ્વાદ પ્રતિબંધથી - 'લબ્ધિવિજયા' - જેણે વિજય પ્રાપ્ત કર્યો છે એવી વસ્તુસ્થિતિ બતાવવામાં આવે છે - स्याद्वादप्रतिबंधलब्धविजया वस्तुस्थितिः स्तूयते । અર્થાત્ સ્યાદ્વાદ - અનેકાંત સિદ્ધાંતના અનુસંધાનથી કર્ત્તાપણા બા.માં ખરેખરી યથાવત્ વસ્તુસ્થિતિ શી છે એનો સ્પષ્ટ નિર્ણય હવે આ નીચેની ગાથાઓમાં બતાવવામાં આવે છે, એમ આ ઉત્થાનિકા અત્ર કહી છે.

कम्मेहिं यु अण्णाणी किज्जइ णाणी तहेव कम्मेहिं ।
कम्मेहिं सुवाविज्जइ जग्गविज्जइ तहेव कम्मेहि ॥३३२॥
कर्म्मेहिं सुहाविज्जइ दुक्खाविज्जइ तहेव कम्मेहिं ।
कम्मेहिं य मिच्छत्तं णिज्जइ णिज्जइ असंजमं चेव ॥३३३॥
कम्मेहि भमाडिज्जइ उड्ढमहो चावि तिरियलोयं य ।
कम्मेहिं चेव किज्जइ सुहासुहं जित्तियं किंचि ॥३३४॥
जह्मा कम्मं कुव्वइ कम्मं देइ हरत्ति जं किंचि ।
तह्मा उ सव्वजीवा अकारया हुंति आवण्णा ॥३३५॥
पुरुसित्थियाहिलासी इत्थीकम्मं च पुरिसमहिलसइ ।
एसा आयरिणणपरंपरागया एरिसो हु सुई ॥३३६॥
तह्मा ण कोवि जीवो अबंभचोरी उ अह्म उवएसे ।
जह्मा कम्मं चेव हि कम्मं अहिलसइ इति भणियं ॥३३७॥
जह्मा घाएइ परं परेण घाइज्जइ य सा पयडी ।
एएणच्छेण किर भण्णइं परघायणामित्ति ॥३३८॥
तह्मा ण कोवि जीवो वघायओ अत्थि अह्म उवदेसे ।
जह्मा कम्मं चेव हि कम्मं घाएदि इदि भणियं ॥३३९॥
एवं संखुवएसं जे उ परूविंति एरिसं समणा ।
तेसिं पयडी कुव्वइ अप्पा य अकारया सव्वे ॥३४०॥
अहवा मण्णसि मज्झं अप्पा अप्पाणमप्पणो कुणई ।
एसो मिच्छसहावो तुह्मं एयं मुणंतस्स ॥३४१॥
अप्पा णिच्चो असंखिज्जपदेसो देसिओ उ समयह्मि ।
णवि सो सकइ तत्तो हीणो अहिओ य काउं जे ॥३४२॥
जीवस्स जीवरूवं विच्छरदो जाण लोगमित्तं खु ।
तत्तो सो किं हीणो अहिओ व कहं कुणइ दव्वं ॥३४३॥
अह जाणओ उ भावो णाणसहावेण अत्थिइत्ति मयं ।
तह्मा णवि अप्पा अप्पयं तु सयमप्पणो कुणइ ॥३४४॥ (त्रयोदशकं)

---

आत्मभावना -

कर्मभिस्तु अज्ञानी क्रियते - કર્મોથી જ અજ્ઞાની કરાય છે, तथैव कर्मभिः ज्ञानी - તેમજ કર્મોથી જ્ઞાની કરાય છે, यर्भिभि स्वाप्यते - કર્મોથી સુવડાવાય છે, तथैव कर्मभिः जागर्यते - તેમજ કર્મોથી જગાવાય છે, कर्मभिः सुखी क्रियते - કર્મોથી સુખી કરાય છે, तथैव कर्मभिः दुःखीक्रियते - તેમજ કર્મોથી દુઃખી કરાય છે, कर्मभिश्च मिथ्यात्वं नीयते - અને કર્મોથી મિથ્યાત્વ પ્રત્યે લઈ જવાય છે. असंयमं चैव नीयते - અને અસંયમ પ્રત્યે લઈ જવાય છે, कर्मभिः ऊर्ध्वमधश्चापि तिर्यग्लोकं च भ्राम्यते - કર્મોથી ઊર્ધ્વ - અધો અને તિર્યગ્લોક ભમાડાય છે, कर्मभिश्च यावद्यत् किंचित् शुभाशुभं क्रियते

કર્મોથી અજ્ઞાની કરાય ને, કર્મોથી જ્ઞાની કરાય;
કર્મોથી સુવાડાય ને, કર્મોથી જગાવાય. ૩૩૨
કર્મોથી સુખાવાય ને, કર્મોથી દુઃખાવાય;
કર્મોથી જ મિથ્યાત્વ ને, અસંયમ પમાડાય. ૩૩૩
કર્મોથી ઊર્ધ્વ અધો અને તિર્યગ્ લોક ભમાડાય;
કર્મોથી શુભાશુભ જેટલું, તે કાંઈ કરાવાય. ૩૩૪
કર્મ કરે કર્મ જ દીએ, હરે વળી જે કાંઈ;
તેથી અકારક થઈ પડ્યા, જીવો સર્વ જ આંહિ. ૩૩૫
પુરુષ સ્ત્રી અભિલાષીને, પુરુષ અભિલષે સ્ત્રીય;
આચાર્ય પરંપર આગતા, હોય આ એવી શ્રુતિય. ૩૩૬
(તેથી) અમ ઉપદેશે જીવ કો, અબ્રહ્મચારી નો'ય;
કર્મ જ અભિલષે કર્મને, કારણ ભાખ્યું હોય. ૩૩૭
(કારણકે) પ્રકૃતિ તે પર ઘાતતી, પરથી વળી ઘાતાય;
એહ અર્થથી ખરે જ ! તે, 'પરઘાત' નામ કહાય. ૩૩૮
(તેથી) આમ ઉપદેશે કોઈ ના, જીવોપઘાતક તેમ;
કારણ કર્મ જ કર્મને, ઘાતે ભાખિયું એમ. ૩૩૯
એવો સાંખ્ય ઉપદેશ જે, પ્રરૂપે શ્રમણો એમ;
તસ મતે પ્રકૃતિ કરે, આત્મ અકારક તેમ. ૩૪૦
આત્મા આત્મને આત્મનો, કરે એમ જો માને જ;
તો આ મિથ્યા સ્વભાવ છે, જાણંતાં તુજ એ જ. ૩૪૧
નિત્ય અસંખ્ય પ્રદેશી કહ્યો, આત્મા આ સમયમાંય;
તેથી હીન અધિક વા, તે તો કરી ન શકાય. ૩૪૨
જીવનું જીવરૂપ વિસ્તરે, જાણ લોકમાત્ર તેમ;
તેથી હીન અધિક તે, કરે દ્રવ્યને કેમ ? ૩૪૩
જ્ઞાયક ભાવ જ્ઞાન સ્વભાવથી, છે એમ મત જો આ જ;
આત્મા આત્મને આત્મનો, સ્વયં તો કરે ના જ. ૩૪૪

---

અને કર્મોથી જ જેટલું જે કંઈ (તે) શુભાશુભ કરાય છે. यस्मात् यत्किंचित् कर्म करोति कर्म ददाति कर्म हरतीति - કારણકે એમ જે કંઈ છે તે કર્મ કરે છે, કર્મ દીએ છે, કર્મ હરે છે, तस्मात्तु सर्वजीवा अकारका आपन्नाः भवंति - તેથી જ સર્વ જીવો અકારક - અકર્તા આપન્ન થાય છે. ।।३३२-३३५।।

पुरुषः स्त्र्यभिलाषी स्त्रीकर्म च पुरुषमभिलषति - પુરુષ સ્ત્રી અભિલાષી અને સ્ત્રીકર્મ પુરુષને અભિલષે છે - ઈચ્છે છે, एषा चार्यपरंपरागतेदृशी तु श्रुति - આ આચાર્ય પરંપરાગત - આચાર્ય - પરંપરાથી ચાલી આવેલી આવી તો શ્રુતિ છે, तस्मान्न कोऽपि जीवोऽब्रह्मचारी त्वस्माकमुपदेशे - તેથી અમારા ઉપદેશમાં કોઈ પણ જીવ અબ્રહ્મચારી નથી, यस्मात् कर्म चैव हि कर्माभिलषतीति भणितं - કારણકે કર્મ જ કર્મને અભિલષે છે એમ કહ્યું છે. यस्माद्धंति परं परेण हन्यते सा प्रकृति - કારણકે પરને હણે છે અને પરથી તે પ્રકૃતિ હણાય છે.

एतेनार्थेन किल परघातं नामेति भण्यते - આ અર્થથી ખરેખર ! 'પરઘાત' નામ એમ ભણાય છે, तस्मात् अस्माकमुपदेशे न कोऽपि जीवो उपघातकोऽस्ति - તેથી અમારા ઉપદેશમાં કોઈ પણ જીવ ઉપઘાતક છે નહિ, यस्मात्

**અર્થ** - કર્મોથી જ અજ્ઞાની કરાય છે, તેમજ કર્મોથી જ્ઞાની કરાય છે, કર્મોથી સુવાડાય છે, તેમજ કર્મોથી જગાવાય છે. ૩૩૨

કર્મોથી સુખી કરાય છે, તેમજ કર્મોથી દુઃખી કરાય છે, કર્મોથી મિથ્યાત્વ પમાડાય છે, તેમજ અસંયમ પમાડાય છે. ૩૩૩

કર્મોથી ઊર્ધ્વ-અધો તેમજ તિર્યગ્લોક ભમાડાય છે, કર્મોથી જ શુભાશુભ જેટલું કાંઈ છે તે કરાય છે. ૩૩૪

કારણકે જે કાંઈ છે તે કર્મ કરે છે, કર્મ દીએ છે, હરે છે, તેથી સર્વે જીવો અકારક (અકર્તા) આપન્ન-પ્રાપ્ત થાય છે. ૩૩૫

પુરુષ સ્ત્રી અભિલાષી અને સ્ત્રીકર્મ પુરુષને અભિલષે છે, એવી આ આચાર્ય પરંપરાથી આગત-ચાલી આવેલી શ્રુતિ છે, તેથી અમારા ઉપદેશમાં કોઈ પણ જીવ અબ્રહ્મચારી નથી, કારણકે કર્મ જ કર્મને અભિલષે છે એવું કહ્યું છે. ૩૩૬-૩૩૭

કારણકે પરને હણે છે અને પરથી તે પ્રકૃતિ હણાય છે, આ અર્થથી ખરેખર ! (સ્ફુટપણે) 'પરઘાત' નામ એવું કહેવાય છે, તેથી અમારા ઉપદેશમાં કોઈ પણ જીવ ઉપઘાતક નથી, કારણકે કર્મ જ કર્મને હણે છે એવું કહ્યું છે. ૩૩૮-૩૩૯

એમ એવો સાંખ્ય ઉપદેશ જે શ્રમણો પ્રરૂપે છે, તેઓના મતે પ્રકૃતિ કરે છે અને આત્મા સર્વે અકારક-અકર્તા છે. ૩૪૦

અથવા તું એમ માનતો હો કે મ્હારો આત્મા આત્માને આત્માનો કરે છે, તો આ જાણતા ત્હારો આ મિથ્યાસ્વભાવ છે. ૩૪૧

કારણકે આત્મા નિત્ય અસંખ્યાત પ્રદેશી સમયમાં (શાસ્ત્રમાં) વર્ણવ્યો છે, તે તેનાથી હીન વા અધિક કરી શકાતો નથી. ૩૪૨

જીવનું જીવરૂપ વિસ્તરથી લોકમાત્ર જ જાણ ! તેનાથી તે શું હીન વા અધિક દ્રવ્યને કેમ કરે ? ૩૪૩

હવે જ્ઞાયક ભાવ તો જ્ઞાન સ્વભાવથી છે એમ મત હોય, તો આત્મા આત્માને સ્વયં આત્માનો કરે નહિ. ૩૪૪

---

कर्म चैव हि कर्म हंतीति भणितं - કારણકે કર્મ જ સ્ફુટપણે કર્મને હણે છે એમ કહ્યું છે. एवं ईदृशं सांख्योपदेशं ये तु श्रमणाः प्ररूपयंति - એમ આવો સાંખ્ય ઉપદેશ જે જ શ્રમણો પ્રરૂપે છે, तेषां प्रकृतिः करोति आत्मानाश्च अकारका सर्वे - તેઓના મતે પ્રકૃતિ કરે છે અને આત્માઓ સર્વે અકારકો - અકર્તાઓ છે. ॥૩૩૬-૩૪૦॥

अथवा मन्यसे - અથવા જો તું એમ માનતો હોય કે - ममात्मात्मनामात्मनः करोति - મ્હારો આત્મા આત્માને આત્માનો કરે છે, एष मिथ्यास्वभावस्तवैतज्ज्ञानतः - આ જાણતાં ત્હારો આ મિથ્યાસ્વભાવ છે - आत्मा तु समये नित्योऽसंख्येय-प्रदेशो दर्शितः - આત્મા તો નિશ્ચયે કરીને સમયમાં - શાસ્ત્રમાં નિત્ય અસંખ્યેય પ્રદેશી દર્શાવવામાં આવેલો છે, स ततो हीनोऽधिकश्च कर्तुं यत् नापि शक्यते - તે તેનાથી હીન (ઓછો) અને અધિક કારણકે નથી. કરી શકાતો. जीवस्य जीवरूपं विस्तरतो लोकमात्रं खलु जानीहि - જીવનું જીવરૂપ વિસ્તરથી (અથવા વિસ્તરતાં) નિશ્ચયે કરીને લોકમાત્ર જાણ ततः स किं हीनोऽधिको वा कथं द्रव्यं करोति - તેનાથી તે શું હીન વા અધિક દ્રવ્ય કેમ કરે છે ? अथ ज्ञायकस्तु भावो ज्ञानस्वभावेन तिष्ठतीति मतं - હવે જો નિશ્ચયે કરીને જ્ઞાયક ભાવ જ જ્ઞાન સ્વભાવે સ્થિતિ કરે છે એમ મત છે, तस्मात् आत्मा आत्मानं तु स्वयमात्मनः नापि करोति - તો આત્મા આત્માને જ સ્વયં આત્માનો નથી જ કરતો. गाथा ॥૩૪૧-૩૪૪॥

कर्मैवात्मानमज्ञानिनं करोति - કર્મ જ આત્માને અજ્ઞાની કરે છે, શાને લીધે ? ज्ञानावरणाख्यकर्मोदयमंतरेण तदनुपपत्तेः 'જ્ઞાનાવરણ' નામના કર્મના ઉદય સિવાય તેની અનુપપત્તિ - અઘટમાનતાને લીધે, कर्मैव ज्ञानिनं करोति - કર્મ જ જ્ઞાની કરે છે, શાને લીધે ? ज्ञानावरणाख्यकर्मक्षयोपशममंतरेण तदनुपपत्तेः - 'જ્ઞાનાવરણ' નામના કર્મના ક્ષયોપશમ

## आत्मख्याति टीका

कर्मभिस्तु अज्ञानी क्रियते ज्ञानी तथैव कर्मभिः ।
कर्मभि स्वाप्यते जागर्यते तथैव कर्मभिः ॥३३२॥
कर्मभि सुखीक्रियते दुःखीक्रियते तथैव कर्मभिः ।
कर्मभिश्च मिथ्यात्वं नीयते नीयतेऽसंयमं चैव ॥३३३॥
कर्मभिर्भ्राम्यते ऊर्ध्वमधश्चापि तिर्यग्लोकं च ।
कर्मभिश्चैव क्रियते शुभाशुभं यावद्यत्किंचित् ॥३३४॥
यस्मात् कर्म करोति कर्म ददाति कर्म हरसीति यत्किंचित् ।
तस्मात्तु सर्वजीवा अकारका भवंत्यापन्नाः ॥३५॥
पुरुषः स्त्रीयभिलाषी स्त्रीकर्म च पुरुषमभिलषति ।
एवाचार्यपरंपरागतोदृशी तु श्रुतिः ॥३३६॥
तस्मान्न कोऽपि जीवोऽब्रह्मचारी त्वस्माकमुपदेशे ।
यस्मात् कर्म चैव हि कर्माभिलषतीति भणितं ॥३३७॥
यस्माद्धंति परं परेण हन्यते च सा प्रकृतिः ।
एतेनार्थेन किल भण्यते परघातनामेति ॥३३८॥
तस्मात्र कोऽपि जीव उपघातकोऽस्त्यस्माकमुपदेशे ।
यस्मात्कर्म चैव हि कर्म हंतीति भणितं ॥३३९॥
एवं सांख्योपदेशं ये तु प्ररूपयंत्कीदृशं श्रमणाः ।
तेषां प्रकृतिः करोत्यात्मानाश्चाकारकाः सर्वे ॥३४०॥
अथवा मन्यसे ममात्मात्मनमात्मनः करोति ।
एष मिथ्यास्वभावस्तवैतज्जानतः ॥३४१॥
आत्मा नित्योऽसंख्येयप्रदेशो दर्शितस्तुसमये ।
नापि स शक्यते ततो हीनोऽधिकश्च कर्तुं यत् ॥३४२॥
जीवस्य जीवरूपं विस्तरतो जानीहि लोकमात्रं खलु ।
ततः स किं हीनोऽधिको वा कथं करोति द्रव्यं ॥३४३॥
अथ ज्ञायकस्तु भावो ज्ञानस्वभावेन तिष्ठतीति मतं ।
तस्मान्नाप्यात्मात्मानं तु स्वयमात्मनः करोति ॥३४४॥

---

સિવાય તેની અનુપપત્તિ - અઘટમાનતાને લીધે, तदैव स्वापयति - કર્મ જ સુવડાવે છે, શાને લીધે ? निद्राख्यकर्मोदयमंतरेण तदनुपपत्तेः - 'નિદ્રા' નામના કર્મના ઉદય સિવાય તેની અનુપપત્તિ - અઘટમાનતાને લીધે, कर्मैव जागरयति - કર્મ જ જગાવે છે, શાને લીધે ? निद्राख्यकर्मक्षयोपशममंतरेण तदनुपपत्तेः - 'નિદ્રા' નામના કર્મના ક્ષયોપશમ સિવાય તેની અનુપપત્તિને - અઘટમાનતાને લીધે. कर्मैव सुखयति - કર્મ જ સુખાવે છે, શાને લીધે ? सद्वेदाख्यकर्मोदयमंतरेण तदनुपपत्तेः - 'સદ્ વેદ' નામક કર્મના ઉદય સિવાય તેની અનુપપત્તિને - અઘટમાનતાને લીધે,

कर्मैवात्मानमज्ञानिनं करोति ज्ञानावरणाख्यकर्मोदयमंतरेण तदनुपपत्तेः
कर्मैव ज्ञानिनं करोति ज्ञानावरणाख्यकर्मक्षयोपशममंतरेण तदनुपपत्तेः
कर्मैव स्वापयति निद्राख्यकर्मोदयमंतरेण तदनुपपत्तेः ।
कर्मैव स्वापयति निद्राख्यकर्मोदयमंतरेण तदनुपपत्तेः ।
कर्मैव जागरयति निद्राख्यकर्मोदयक्षयोपशमभंतरेण तदनुपपत्तेः ।
कर्मैव सुखयति सद्वेदाख्यकर्मोदयमंतरेण तदनुपपत्तेः ।
कर्मैव दुःखयति असद्वेदाख्यकर्मोदयमंतरेण तदनुपपत्तेः ।
कर्मैवासंयतं करोति चारित्रमोहाख्यकर्मोदयमंतरेण तदनुपपत्तेः ।
कर्मैवोर्ध्वाधस्तिर्यग्लोकं भ्रमयति आनुपूर्व्यार्खयकर्मोदयमंतरेण तदनुपपत्तेः ।
अपरमपि यद्यावत्किंचिच्छुभाशुभभेदं तत्तावत्सकलमपि
कर्मैव करोति प्रशस्ताप्रशस्तरागाख्यकर्मोदयमंतरेण तदनुपपत्तेः ।
यत एवं समस्तमपि स्वतंत्रं कर्म करोति **कर्म ददाति कर्म** हरति च
ततः सर्व एव जीवाः नित्यमेवैकांतेनाकर्ता एवेति निश्चिनुमः । किंच श्रुतिरप्येनमर्थमाह -

---

कर्मैव दुःकयति - કર્મ જ દુઃખાવે છે, શાને લીધે ? असद्वेदाख्यकर्मोदयमंतरेण तदनुपपत्तेः - 'અસદ્ વેદ' નામક કર્મના ઉદય સિવાય તેની અનુપપત્તિને - અઘટમાનતાને લીધે. कर्मैव मिथ्यादृष्टिं करोति - કર્મ જ મિથ્યાદૃષ્ટિ કરે છે, શાને લીધે ? मिथ्यात्वाख्यकर्मोदयमंतरेण तदनुपपत्तेः - 'મિથ્યાત્વ' નામક કર્મના ઉદય સિવાય તેની અનુપપત્તિ - અઘટમાનતાને લીધે, कर्मैवासंयतं करोति - કર્મ જ અસંયત કરે છે, શાને લીધે ? चारित्रमोहाख्यकर्मोदयमंतरेण तदनुपपत्तेः - 'ચારિત્ર મોહ' નામક કર્મના ઉદય સિવાય તેની અનુપપત્તિને - અઘટમાનતાને લીધે. कर्मैवोर्द्धवाधस्तिर्यग्लोकं भ्रमयति - કર્મ જ ઊર્ધ્વ - અધઃ-તિર્યગ્લોક ભમાવે છે, શાને લીધે ? आनुपूर्व्याख्यकर्मोदयमंतरेण तदनुपपत्तेः - 'આનુપૂર્વી' નામક કર્મના ઉદય સિવાય તેની અનુપપત્તિને - અઘટમાનતાને લીધે. अपरमपि यद्यावत् किंचिच्छुभाशुभभेदं तत्तावत् सकलमपि कर्मैव करोति - અપર પણ - બીજું પણ જે જેટલું કંઈ શુભાશુભ ભેદવાળું છે તે તેટલું સકલ પણ કર્મ જ કરે છે, શાને લીધે ? प्रशस्ताप्रशास्तरागाख्यकर्मोदयनंतरेण तदनुपपत्तेः - પ્રશસ્ત - અપ્રશસ્ત 'રાગ' નામક કર્મના ઉદય સિવાય તેની અનુપપત્તિને - અઘટમાનતાને લીધે. यत एवं समस्तमपि स्वतंत्रं कर्म करोति कर्म ददाति कर्म हरति च - કારણકે એમ સમસ્ત પણ સ્વતંત્ર એવું કર્મ કરે છે, કર્મ દીએ છે અને કર્મ હરે છે, ततः सर्व एव जीवाः नित्यमेवैकांतेन अकर्तार एवेति निश्चनुमः - તેથી સર્વ જ જીવો નિત્ય જ એકાંતથી અકર્તાઓ જ છે એમ અમે નિશ્ચય કરીએ છીએ.

किं च - એટલું જ નહિ પણ श्रुतिरपि एनमर्थमाह - શ્રુતિ પણ - શાસ્ત્ર પણ આ અર્થ - વસ્તુ કરે છે - (૧) पुंवेदाख्यं कर्म स्त्रियमभिलषति स्त्रीवेदाख्यं कर्म पुमांसमभिलषति इति वाक्येन - 'પુંવેદ' નામક કર્મ સ્ત્રીને અભિલષે છે - ઈચ્છે છે એવા વાક્યથી - શ્રુતિ વચનથી कर्मण एव कर्माभिलाषकर्तृत्वसमर्थनेन - કર્મના જ કર્માભિલાષના કર્તૃત્વના સમર્થન વડે કરીને जीवस्याब्रह्मकर्तृत्वप्रतिषेधात् - જીવના અબ્રહ્મ કર્તૃત્વના પ્રતિષેધને લીધે, तथा - તથા यत् परं हंति येन च परेण हन्यते - જે પરને હણે છે અને જેથી પરથી હણાય છે, तत्परघातकर्मेति वाक्येन - તે 'પરઘાત' કર્મ એવા વાક્યથી - શ્રુતિ વચનથી कर्मण एव कर्मघातकर्तृत्वसमर्थनेन - કર્મના જ કર્મઘાત કર્તૃત્વના સમર્થન વડે કરીને जीवस्य घातकर्तृत्वप्रतिषेधाच्च - જીવના ઘાત કર્તૃત્વના પ્રતિષેધને લીધે, શું ? सर्वथैवाकर्तृत्वज्ञापनात् - સર્વથા જ અકર્તૃત્વનું જ્ઞાપન - જણાવવાનું છે માટે.

एवमीदृशं सांख्यसमयं - એમ આવો સાંખ્ય સમય केचित् श्रमणाभासाः प्ररूपयंति - કોઈ શ્રમણાભાસો પ્રરૂપે છે, કેવા શ્રમણાભાસો ? स्वप्रज्ञापराधेन सूत्रार्थमबुध्यमानाः - સ્વપ્રજ્ઞાપરાધથી - પોતાની બુદ્ધિના અપરાધથી - દોષથી સૂત્રાર્થને નહિ જાણતા - સમજતા એવાઓ. तेषां प्रकृतेरेकांतेन कर्तृत्वाभ्युपगमेन - તેઓના - તે શ્રમણાભાસોના પ્રકૃતિના એકાંતથી કર્તૃત્વઅભ્યુપગમથી - કર્તાપણાની માન્યતાથી सर्वेषामेव जीवानामेकांतेनाकर्तृत्वापत्तेः - સર્વે જ જીવોના એકાંતથી અકર્તૃત્વની આપત્તિને લીધે जीवः कर्तेति श्रुतेः कोपो दुःशक्यः परिहर्तुं - જીવ કર્તા છે એવો શ્રુતિનો કોપ પરિહરવો દુઃશક્ય છે.

यस्तु - અને જે, कर्म आत्मनोऽज्ञानादिसर्वभावान् पर्यायरूपान् करोति - કર્મ આત્માના અજ્ઞાનાદિ પર્યાયરૂપ સર્વ ભાવો

पुंवेदाख्यं कर्म स्त्रियमभिलषति स्त्रीवेदाख्यं कर्म पुमांसमभिलषति इति वाक्येन कर्मण एव कर्माभिलाषकर्तृत्वसमर्थनेन जीवस्याब्रह्मकर्तृत्वासमर्थनेन च जीवस्याब्रह्मकर्तृत्वप्रतिषेधात् । तथा यत्परेण परं हंति येन च परेण हन्यते **तत्परघातकर्मेतिवाक्येन** कर्मण एव कर्मघातकर्तृत्वसमर्थनेन जीवस्य घातकर्तृत्वप्रतिषेधात् सर्वथैवाकर्तृत्वज्ञापनात् । एवमीदृशं सांख्यसमयं स्वप्रज्ञापराधेन सूत्रार्थमबुध्यमानाः केचिच्छ्रमणाभासाः प्ररूपयंति तेषां प्रकृतेरेकांतेन कर्तृत्वाभ्युपगमेन सर्वेषामेव जीवानामेकांताकर्तृत्वापत्तेः - जीवः कर्तेति श्रुतेः कोपो दुःशक्यः परिहर्तुं ।

यस्तु कर्म आत्मनोऽज्ञानादिसर्वभावान् पर्यायरूपान् करोति **आत्मा त्वात्मानमेवैकं द्रव्यरूपं करोति** ततो जीवः कर्तेति श्रुतिकोपो न भवतीत्यभिप्रायः स मिथ्यैव । जीवो द्रव्यरूपेण तावन्नित्योऽसंख्येयप्रदेशो लोकपरिमाणश्च । तत्र न तावन्नित्यस्य कार्यत्वमुपपन्नं कृतकत्व - नित्यत्वयोरेकत्वविरोधात् । न चावस्थिताऽसंख्येयप्रदेशस्यैकस्य पुद्गलस्कंधस्येव प्रदेशप्रक्षेपणाकर्षणद्वारेणापि कार्यत्वं प्रदेशप्रक्षेपणाकर्षणे सति तस्यैकत्वव्याघातात् । न चापि सकललोकवास्तुविस्तारपरिमितनियत निजाभोगसंग्रहस्य प्रदेशसंकोचनविकाशद्वारेण तस्य कार्यत्वं, प्रदेशसंकोचविकाशयोरपि शुष्कार्द्रचर्मप्रतिनियतनिजविस्ताराद्धीनाधिकस्य तस्य कर्तुमशक्यत्वात् ।

यस्तु वस्तुस्वभावस्य सर्वथापोढुमशक्यत्वात् ज्ञायको भावो ज्ञानस्वभावेन सर्वदैव तिष्ठति, तथा तिष्ठंश्च ज्ञायककर्तृत्वयोऽत्यंतविरूद्धत्वान्मिथ्यात्वादिभावानां न कर्त्ता । भवंति । भवंति च मिथ्यात्वादिभावाः ततस्तेषां कर्मैव कर्तृ प्ररूप्यत इति वासनोन्मेषः स तु नितरात्माऽऽत्मानं करोतीत्यभ्युपगममुपहंत्येव ।

ततो ज्ञायकस्य भावस्य सामान्यापेक्षया ज्ञानस्वभावावस्थितत्वेऽपि कर्मजानां मिथ्यात्वादिभावानां ज्ञानसमयेऽनादिज्ञेयज्ञानभेदविज्ञानशून्यत्वात् परमात्मेति जानतो विशेषापेक्षया त्वज्ञानरूपस्य ज्ञानपरिणामस्य करणात्कर्तृत्वमनुमंतव्यं तावद्यावत्तदादिज्ञेयज्ञानभेदविज्ञानपूर्णत्वादात्मानमेवात्मेति जानतो विशेषापेक्षयापि ज्ञानरूपेणैव ज्ञानपरिणामेन परिणममानस्य केवलं ज्ञातृत्वात्साक्षादकर्तृत्वं स्यात् ।।३३२-३४४।।

---

કરે છે, आत्मा त्वात्मानमेवैकं करोति - અને આત્મા સ્વ - આત્માને જ એકને કરે છે, ततो जीवः कर्तेति श्रुतिकोपो न भवतीत्यभिप्रायः - તેથી જીવ કર્ત્તા છે એવો શ્રુતિકોપ નથી થતો એવો અભિપ્રાય स मिथ्यैव - તે મિથ્યા જ છે.

કારણ શું ? जीवो हि द्रव्यरूपेण तावन्नित्योऽसंख्येयप्रदेशो लोकपरिमाणश्च - કારણકે જીવ દ્રવ્યરૂપે પ્રથમ તો નિત્ય અસંખ્યેય પ્રદેશી અને લોકપરિમાણ છે, तत्र - તેમાં - (૧) न तावन्नित्यस्य कार्यत्वमुपपन्नं - પ્રથમ તો નિત્યનું કાર્યપણું ઉપપન્ન - ઘટમાન નથી, શાને લીધે ? कृतकत्वनित्यत्वयोरेकत्वविरोधात् - કૃતકપણાના અને નિત્યપણાના એકત્વના વિરોધને લીધે, (૨) न चावस्थिताऽसंख्येयप्रदेशस्यैकस्य - અને અવસ્થિત - જેમ છે તેમ સ્થિત અસંખ્યેય પ્રદેશવાળા એકનું, पुद्गलस्कंधस्येव - પુદ્ગલસ્કંધની જેમ, प्रदेशप्रक्षेपणाकर्षणद्वारेणापि कार्यत्वं - પ્રદેશના પ્રક્ષેપણ - નાંખવા અને આકર્ષણ - બ્હાર કાઢવા દ્વારે પણ કાર્યપણું નથી - શાને લીધે ? प्रदेशप्रक्षेपणाकर्षणे सति - પ્રદેશનું પ્રક્ષેપણ - આકર્ષણ સતે तस्य एकत्वव्याघातात् - તેના એકત્વના - એકપણાના વ્યાઘાતને લીધે, (૩) न चापि सकललोकवास्तुविस्तारपरिमितनिजाभोगसंग्रहस्य - અને સકલ લોક વાસ્તુવિસ્તારથી પરિમિત નિજ આભોગ સંગ્રહ - વિસ્તાર - સંગ્રહ છે જેનો એવા प्रदेशसंकोचनविकाशद्वारेण तस्य कार्यत्वं - તેનું પ્રદેશોના સંકોચન - વિકાસ દ્વારે કાર્યપણું નથી, શાને લીધે ? प्रदेशसंकोचविकाशयोरपि - પ્રદેશોના સંકોચ - વિકાસમાં પણ प्रतिनियतनिजविस्ताराद्धीनाधिकस्य तस्य कर्तुमशक्यत्वात् - પ્રતિનિયત નિજ વિસ્તારથી તેના હીનાધિક કરવાના અશક્યપણાને લીધે.

यस्तु - અને જે - वस्तुस्वभावस्य सर्वथापोढुमशक्यत्वात् - વસ્તુ સ્વભાવના સર્વથા દૂર કરવાના અશક્યપણાને લીધે ज्ञायको भावो ज्ञानस्वभावेन तिष्ठति - જ્ઞાયકભાવ જ્ઞાનસ્વભાવે સ્થિતિ કરે છે, तथा तिष्ठंश्च - અને તેવા પ્રકારે સ્થિતિ કરતો (તે), ज्ञायककर्तृत्वयोरत्यंतविरुद्धत्वात् - જ્ઞાયકપણા અને કર્તાપણાના અત્યંત વિરુદ્ધપણાને લીધે, मिथ्यात्वादिभावानां न कर्ता भवति - મિથ્યાત્વાદિ ભાવોનો કર્ત્તા નથી હોતો, भवंति च मिथ्यात्वादिभावाः - અને મિથ્યાત્વાદિ ભાવો થાય છે, ततस्तेषां कर्मैव कर्तृ प्ररूप्यते - તેથી તેઓનું કર્મ જ કર્તૃ પ્રરૂપાય છે - इति वासनोन्मेषः -

## આત્મખ્યાતિ ટીકાર્થ

કર્મ જ આત્માને અજ્ઞાની કરે છે - 'જ્ઞાનાવરણ' આખ્ય કર્મના ઉદય સિવાય તેની અનુપપત્તિ (અઘટમાનતા) છે માટે, કર્મ જ જ્ઞાની કરે છે - 'જ્ઞાનાવરણ' આખ્ય કર્મના ક્ષયોપશમ સિવાય તેની અનુપપત્તિ છે માટે, કર્મ જ સુવડાવે છે - 'નિદ્રા' આખ્ય કર્મના ઉદય સિવાય તેની અનુપપત્તિ છે માટે, કર્મ જ જગાડાવે છે - 'નિદ્રા' આખ્ય કર્મના ક્ષયોપશમ સિવાય તેની અનુપપત્તિ છે માટે, કર્મ જ સુખ પમાડે છે - 'સદ્ વેદ' આખ્ય કર્મના ઉદય સિવાય તેની અનુપપત્તિ છે માટે, કર્મ જ દુઃખ પમાડે છે - 'અસદ્ વેદ' આખ્ય કર્મના ઉદય સિવાય તેની અનુપપત્તિ છે માટે, કર્મ જ મિથ્યાદૃષ્ટિ કરે છે - 'મિથ્યાત્વ' આખ્ય કર્મના ઉદય સિવાય તેની અનુપપત્તિ છે માટે, કર્મ જ અસંયત કરે છે - 'ચારિત્ર મોહ' આખ્ય કર્મના ઉદય સિવાય તેની અનુપપત્તિ છે માટે - 'કર્મ જ ઊર્ધ્વ - અધઃ - તિર્યગ્ લોક ભમાવે છે - 'આનુપૂર્વી' આખ્ય કર્મના ઉદય સિવાય તેની અનુપપત્તિ છે માટે, બીજું પણ જે જેટલું કંઈ શુભ - અશુભ ભેદવાળું છે, તે તેટલું સકલ પણ કર્મ જ કરે છે - પ્રશસ્ત - અપ્રશસ્ત 'રાગ' આખ્ય કર્મના ઉદય સિવાય તેની અનુપપત્તિ છે માટે. કારણકે એમ સમસ્ત પણ સ્વતંત્ર એવું કર્મ કરે છે, કર્મ દીએ છે અને કર્મ હરે છે, તેથી સર્વે જ જીવો નિત્યમેવ એકાંતથી અકર્ત્તાઓ જ છે એમ અમે નિશ્ચય કરીએ છીએ.

તેમજ - શ્રુતિ પણ આ જ અર્થ કહે છે - 'પુંવેદ' આખ્ય કર્મ સ્ત્રીને અભિલષે છે, 'સ્ત્રી વેદ' આખ્ય કર્મ પુરુષને અભિલષે છે - એ વાક્યથી - કર્મથી જ કર્મના અભિલાષ કર્તૃત્વના સમર્થન વડે જીવના અબ્રહ્મ કર્તૃત્વના સમર્થન વડે જીવના અબ્રહ્મ કર્તૃત્વના પ્રતિષેધને લીધે.

તથા - જે પરને હણે છે અને પરથી હણાય છે તે 'પરઘાત' કર્મ એવા વાક્યથી. કર્મના જ કર્મઘાત કર્તૃત્વના સમર્થન વડે જીવના ઘાતકર્તૃત્વના પ્રતિષેધને લીધે - સર્વથા જ અકર્તૃત્વનું જ્ઞાપન છે માટે.

એમ એવો સાંખ્ય સમય સ્વપ્રજ્ઞાપરાધથી સૂત્રાર્થને નહિ સમજતા કોઈ શ્રમણાભાસો પ્રરૂપે છે, તેઓને (મતે) પ્રકૃતિના એકાંતથી કર્તૃત્વ અભ્યુપગમે કરીને 'જીવ કર્ત્તા છે' એવો શ્રુતિનો કોપ પરિહરવો દુઃશક્ય છે.

હવે જે - કર્મ આત્માના પર્યાયરૂપ અજ્ઞાનાદિ સર્વભાવો કરે છે, આત્મા તો આત્માને જ એકને કરે છે, તેથી જીવ કર્ત્તા છે, એટલે શ્રુતિકોપ નથી હોતો - એવો અભિપ્રાય તો મિથ્યા જ છે. કારણકે - જીવ દ્રવ્યરૂપ પ્રથમ તો નિત્ય અસંખ્યેય પ્રદેશી અને લોકપરિમાણ છે. તેમાં (૧) પ્રથમ તો નિત્યને

---

એવો વાસનોન્મેષ છે - વાસનાનો ઉન્મેષ - ચમકારો - ઝબકારો છે, स तु - તે તો नितरामात्मात्मानं करोतीत्यभ्युपगममुपहंत्येव - नितरां - અત્યંતપણે આત્મા આત્માને કરે છે એવા અભ્યુપગમને - સ્વીકારને ઉપહણે જ છે - ઉપઘાત કરે જ છે. આ સર્વ પરથી શું ફલિત થાય છે ?

ततो - તેથી કરીને ज्ञायकस्य भावस्य - જ્ઞાયક ભાવનું - सामान्यापेक्षया - સામાન્ય અપેક્ષાએ ज्ञानस्वभावावस्थितत्वेऽपि - જ્ઞાનસ્વભાવમાં અવસ્થિતપણું જેમ છે તેમ સ્થિતપણું છતાં, कर्मजानां मिथ्यात्वादिभावानां ज्ञानसमये - કર્મ જ - કર્મજન્ય મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાન સમયે - જ્ઞાન વખતે अनादिज्ञेयज्ञानभेदविज्ञानशून्यत्वात् - જ્ઞેય - જ્ઞાનના અનાદિ ભેદ-વિજ્ઞાનશૂન્યપણાને લીધે परमात्मेति जानतो - પરને આત્મા એમ જાણતા એવાનું - विशेषापेक्षया तु - વિશેષ અપેક્ષાએ તો अज्ञानरूपस्य ज्ञानपरिणामस्य करणात् - અજ્ઞાનરૂપ જ્ઞાન પરિણામના કરણને લીધે - કરવાને લીધે - कर्तृत्वमनुमंतव्यं - કર્તૃત્વ અનુમંતવ્ય છે - અનુમત કરવા યોગ્ય - માનવા યોગ્ય છે, ક્યાં લગી ? तावद् यावत् - ત્યાં લગી કે જ્યાં લગી तदादिज्ञेयज्ञानभेदविज्ञानपूर्णत्वाद् - तदादि - તેની આદિથી - શરૂઆતથી માંડીને જ્ઞેય - જ્ઞાનના ભેદ વિજ્ઞાનના પૂર્ણપણાને લીધે आत्मानमेवात्मेति जानतो - આત્માને જ આત્મા એમ જાણતા એવાનું - विशेषापेक्षयापि - વિશેષ અપેક્ષાએ પણ ज्ञानरूपेणैव ज्ञानपरिणामेन परिणममानस्य - જ્ઞાનરૂપ જ જ્ઞાન પરિણામથી પરિણમમાનનું - केवलं ज्ञातृत्वाद् - કેવલ - માત્ર જ્ઞાતૃત્વને લીધે - જ્ઞાતાપણાને - જાણકારપણાને લીધે, साक्षात् अकर्तृत्वं स्यात् - સાક્ષાત્ - પ્રત્યક્ષ પ્રગટ અકર્તૃત્વ હોય. इति 'आत्मख्याति' आत्मभावना ॥૩૩૨-૩૪૪॥

કાર્યપણું ઉપપન્ન (ઘટમાન) નથી - કૃતકત્વ અને નિત્યત્વના એકપણાનો વિરોધ છે માટે, (૨) અને અવસ્થિત અસંખ્યેય પ્રદેશવાળા એકનું, પુદ્ગલ સ્કંધની જેમ પ્રદેશના પ્રક્ષેપણ - આકર્ષણ દ્વારા પણ કાર્યપણું નથી - પ્રદેશનું પ્રક્ષેપણ - આકર્ષણ સતે તેના એકપણાનો વ્યાઘાત છે માટે, (૩) અને તેમજ - સકલ લોક વાસ્તુ વિસ્તારથી પરિમિત એવો જેનો નિયત નિજ આભોગ સંગ્રહ (વિસ્તાર) સંગ છે એવા તેનું પ્રદેશના સંકોચન - વિકાસ દ્વારા કાર્યપણું નથી - પ્રદેશના સંકોચ - વિકાસમાં પણ, શુષ્ક - આર્દ્ર ચર્મની જેમ, પ્રતિનિયત નિજ વિસ્તારથી તેના હીનાધિક કરવાનું અશક્યપણું છે માટે.

અને જે - વસ્તુ સ્વભાવના સર્વથા દૂર કરવાના અશક્યપણાને લીધે જ્ઞાયકભાવ જ્ઞાન સ્વભાવે સ્થિતિ કરે છે અને તથાપ્રકારે સ્થિતિ કરંતો (તે) જ્ઞાયકપણાના અને કર્ત્તાપણાના અત્યંત વિરુદ્ધપણાને લીધે મિથ્યાત્વાદિ ભાવોનો કર્ત્તા નથી હોતો અને મિથ્યાત્વાદિ ભાવો (તો) હોય છે, તેથી તેઓનું કર્મ જ કર્તૃ પ્રરૂપાય છે - એવો વાસનોન્મેષ છે, તે તો અત્યંતપણે 'આત્માને કરે છે' એવા અભ્યુપગમને ઉપહણે જ છે. તેથી જ્ઞાયક ભાવનું - સામાન્ય અપેક્ષાએ જ્ઞાન સ્વભાવમાં અવસ્થિતપણું સતે (છતાં) પણ, કર્મજ મિથ્યાત્વાદિ ભાવોના જ્ઞાન સમયે અનાદિ જ્ઞેય - જ્ઞાનના ભેદવિજ્ઞાનશૂન્યપણાને લીધે પરને આત્મા એમ જાણતા એવાનું - વિશેષ અપેક્ષાએ તો અજ્ઞાન રૂપ જ્ઞાન પરિણામના કરણને લીધે - કર્તૃત્વ ત્યાં લગી અનુમંતવ્ય છે, કે જ્યાં લગી તદ્આદિ (તેની આદિથી) જ્ઞેય - જ્ઞાનના ભેદ વિજ્ઞાનના પૂર્ણપણાને લીધે, 'આત્માને જ આત્મા' એમ જાણતા એવાનું - વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાન રૂપ જ જ્ઞાન પરિણામથી પરિણમમાનનું - કેવલ જ્ઞાતૃત્વને લીધે સાક્ષાત્ અકર્તૃત્વ હોય. ૩૩૨-૩૪૪

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ચેતન જો નિજ ભાનમાં, કર્તા આપ સ્વભાવ;
વર્ત્તે નહિ નિજ ભાનમાં, કર્ત્તા કર્મ પ્રભાવ.''

**- શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૭૮**

કોઈ શ્રમણાભાસો આત્માને એકાંતે અકર્ત્તા માની, સાંખ્યોની જેમ, કર્મને જ કર્મનો કર્ત્તા માને છે, તેનું અત્ર ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે સ્યાદ્વાદ સિદ્ધાંત યુક્તિથી નિરાકરણ કર્યું છે -

કર્મ જ આત્માને અજ્ઞાની કરે છે, કારણકે 'જ્ઞાનાવરણ' નામના કર્મના ઉદય વિના તેમ હોવાનું ઘટતું નથી - ज्ञानावरणाख्यकर्मोदयमंतरेण तदनुपपत्तेः । કર્મ જ આત્માને જ્ઞાની કરે છે, કારણકે 'જ્ઞાનાવરણ' નામના કર્મના ક્ષયોપશમ વિના તેમ હોવાનું ઘટતું નથી, ज्ञानावरणाख्यकर्मक्षयोपशमन्तरेण तदनुपपत्तेः । કર્મ જ આત્માને સુવડાવે છે, કારણકે 'નિદ્રા' નામના કર્મના ઉદય વિના તેમ હોવાનું ઘટતું નથી, કર્મ જ આત્માને જગાડાવે છે, કારણકે 'નિદ્રા' નામના કર્મના ક્ષયોપશમ વિના તેમ હોવાનું ઘટતું નથી. કર્મ જ સુખ પમાડે છે, કારણકે 'સદ્ વેદ' - શાતાવેદનીય નામના કર્મના ઉદય વિના તેમ હોવાનું ઘટતું નથી, કર્મ જ દુઃખ પમાડે છે, કારણકે 'અસદ્ વેદ' - અશાતા વેદનીય નામના કર્મના ઉદય વિના તેમ હોવાનું ઘટતું નથી. કર્મ જ મિથ્યાદૃષ્ટિ કરે છે, કારણકે 'મિથ્યાત્વ' નામના દર્શન મોહનીય કર્મના ઉદય વિના તેમ હોવાનું ઘટતું નથી, કર્મ જ અસંયત કરે છે, કારણકે 'ચારિત્ર મોહ' નામના કર્મના ઉદય વિના તેમ હોવાનું ઘટતું નથી. કર્મ જ ઊર્ધ્વ - અધઃ - તિર્યગ્ લોક ભમાવે છે, કારણકે 'આનુપૂર્વી' નામના કર્મના ઉદય વિના તેમ હોવાનું ઘટતું નથી, બીજું પણ જે જેટલું કાંઈ - यद् यावत् किंचित् - શુભ - અશુભ ભેદવાળું છે, તે તેટલું સકલ પણ કર્મ જ કરે છે, કારણકે પ્રશસ્ત - અપ્રશસ્ત - શુભ - અશુભ 'રાગ' નામના કર્મના ઉદય વિના તેમ હોવાનું ઘટતું નથી. કારણકે એમ સમસ્ત જ સ્વતંત્ર એવું કર્મ કરે છે, કર્મ દીએ છે અને કર્મ હરે છે, તેથી સર્વે જ જીવો નિત્યમેવ - સદાય એકાંતથી અકર્ત્તાઓ જ છે એમ અમે નિશ્ચય કરીએ છીએ. એવા પ્રકારે કોઈ શ્રમણાભાસો કર્મને જ કર્ત્તા માની દલીલ કરે છે.

તેમજ તેઓ વળી આના સમર્થનમાં શ્રુતની - શાસ્ત્રની પણ સાક્ષી આપે છે ને કહે છે કે શ્રુતિ પણ આ જ અર્થ - વસ્તુ કહે છે - (૧) 'પુંવેદ' - પુરુષ વેદ નામનું કર્મ સ્ત્રીને અભિલષે છે - ઈચ્છે છે, 'સ્ત્રી વેદ' નામનું કર્મ પુરુષને અભિલષે છે - ઈચ્છે છે, એ શ્રુતિ વચનથી કર્મથી જ કર્મના અભિલાષ કર્તૃત્વનું સમર્થન થાય છે અને તેથી કરીને જીવના અબ્રહ્મચર્ય કર્તૃત્વનો નિષેધ થાય છે. (૨) તથા - જે પરને હણે છે અને પરથી હણાય છે તે 'પરઘાત' કર્મ છે એ શ્રુતિ વચનથી કર્મના જ કર્મઘાત - કર્તૃત્વનું સમર્થન થાય છે અને તેથી કરીને જીવના ઘાત કર્તૃત્વનો નિષેધ થાય છે, આમ કર્મ જ કર્મની ઈચ્છા કરે છે અને કર્મ જ કર્મને હણે છે, એ બન્ને શાસ્ત્રીય ઉદાહરણ પરથી આત્માના સર્વથા જ અકર્તૃત્વનું જ્ઞાપન - જણાવવું થાય છે. एवमीदृशं सांख्यसमयं - એમ એવો સાંખ્ય સમય - સાંખ્ય મતવાળાઓ જેવો પ્રરૂપે છે તેવો સિદ્ધાંત, 'સ્વપ્રજ્ઞાપરાધથી' - પોતાની બુદ્ધિના દોષથી - વાંકથી સૂત્રાર્થને નહિ સમજતા કોઈ શ્રમણાભાસો પ્રરૂપે છે - स्वप्रज्ञापराधेन सूत्रार्थमबुध्यमानाः केचित् श्रमणाभासाः प्ररूपयंति । તેઓના મતે આમ પ્રકૃતિના એકાંતે કર્તૃત્વનો અભ્યુપગમ - સ્વીકાર થાય છે, એટલે સર્વેય જીવોનો એકાંતે અકર્તૃત્વની આપત્તિ થાય છે - પ્રસંગ આવી પડે છે, તેને લીધે 'જીવ કર્ત્તા છે' એવો શ્રુતિકોપ પરિહરવો દુઃશક્ય છે, 'जीवः कर्तेति श्रुतिकोपो दुःशक्यः परिहर्तुं' । અર્થાત્ જીવ **'કથંચિત્'** - કોઈ અપેક્ષાએ કર્ત્તા છે એમ અનેકાંત શ્રુતિ કહે છે અને આ શ્રમણાભાસો સાંખ્યોની જેમ આત્માને એકાંતે અકર્ત્તા જ પ્રરૂપે છે, એટલે ભગવતી શ્રુતિ જાણે કોપ કરે છે કે - અલ્યાઓ ! હું તો જીવ કર્ત્તા છે, એમ સાપેક્ષપણે કહું છે અને તમે તો જીવ અકર્ત્તા જ છે એમ એકાંતે પ્રરૂપો છો અને તે પણ મ્હારૂં નામ લઈને ! આમ અનેકાંત શ્રુતિનો તે શ્રમણાભાસો પ્રત્યેનો આ પુણ્યપ્રકોપ પરિહરવો - દૂર કરવો દુઃશક્ય - ઘણો દુષ્કર છે.

એટલે તે શ્રમણાભાસો પોતાનો અભિપ્રાય - જરા બદલાવી વળતી દલીલ કરે છે - કર્મ છે તે આત્માના પર્યાયરૂપ અજ્ઞાનાદિ સર્વભાવો કરે છે અને આત્મા તો આત્માને જ એકને કરે છે, તેથી જીવ કર્ત્તા છે, એટલે શ્રુતિકોપ નથી હોતો - જેનો તમે ભય દાખવો છો તે શ્રુતિનો પુણ્ય પ્રકોપ નથી સંભવતો. એવો જે તે શ્રમણાભાસોનો અભિપ્રાય - વળતી દલીલ રૂપ વિચાર તે મિથ્યા જ છે, ફોગટ જ છે. કારણકે - જીવ દ્રવ્યરૂપે તો નિત્ય અસંખ્યેયપ્રદેશી અને લોકપરિમાણ - લોક જેટલા માપવાળો છે - जीवो हि द्रव्यरूपेण तावन्नित्योऽसंख्येयप्रदेशोलोकपरिमाणश्च । - તેમાં (૧) પ્રથમ તો જે નિત્ય - સદાસ્થાયી હોય તેને કાર્યપણું ઘટતું નથી, કારણકે કૃતકપણું અને નિત્યપણું એ બેના એકપણાનો વિરોધ છે માટે, કૃતકપણું હોય તો નિત્યપણું ન હોય ને નિત્યપણું હોય તો કૃતકપણું ન હોય એમ બન્નેનો એકત્ર હોવાનો વિરોધ આવે છે માટે. (૨) પુદ્‌ગલ સ્કંધમાં જેમ પ્રદેશના પ્રક્ષેપણ - નાંખવાથી અને અપકર્ષણ - કાઢવાથી ભિન્ન કાર્યપણું હોય છે, તેમ 'અવસ્થિત' - જેમ છે તેમ સ્થિત અસંખ્યેય પ્રદેશવાળા એક જીવની આ.માં પ્રદેશના પ્રક્ષેપણ - નાંખવાથી અને આકર્ષણ - કાઢવાથી પણ અર્થાત્ પ્રદેશ ઉમેરવાથી અને ઘટાડવાથી કાર્યપણું હોતું નથી, કારણકે પ્રદેશનું પ્રક્ષેપણ - આકર્ષણ હોતાં તેના એકપણાનો વ્યાઘાત હોય છે, એટલે પ્રદેશના વધારા - ઘટાડાથી પણ જીવનું કાર્યપણું ઘટતું નથી. (૩) અને સકલ લોક વાસ્તુ વિસ્તારથી પરિમિત - સકલ લોક પ્રમાણ અસંખ્યાત પ્રદેશી એવો જેનો 'નિયત' - ચોક્કસ મુકરર નિજ અભોગ સંગ્રહ - વિસ્તાર છે, એવા તે જીવનું પ્રદેશોના સંકોચન - વિકાસ દ્વારા પણ કાર્યપણું નથી હોતું, કારણકે પ્રદેશના સંકોચ - વિકાસમાં પણ, શુષ્ક - સુક્કા અને આર્દ્ર - ભીના ચર્મની - ચામડાની જેમ, પ્રતિનિયત - પ્રત્યેકપણે નિયત - મુકરર નિજ અસંખ્યાત પ્રદેશ વિસ્તારથી તેના હીનાધિક - ઓછા વધારે કરવાનું અશક્યપણું છે માટે. અર્થાત્ સુક્કું ચામડું સંકોચથી ઓછો વિસ્તાર રોકે અને ભીનું ચામડું વિકાસથી વધારે વિસ્તાર રોકે, પણ તે ચામડાના નિયત પરિમાણમાં - પ્રદેશ વિસ્તારમાં કંઈ ફેર ન પડે, તેમ જીવ સંકોચથી અલ્પકાય દેહમાં સ્થિતિથી ઓછો વિસ્તાર રોકે અને વિકાસથી - મહાકાય દેહમાં સ્થિતિથી ભલે વધારે વિસ્તાર રોકે, પણ તેના અસંખ્યાત પ્રદેશપણામાં એક પ્રદેશ પણ હીન - અધિક થઈ શકે નહિ, આમ કૃતકપણાથી કે પ્રદેશનાં વધારા -

ઘટાડાથી કે પ્રદેશના સંકોચ - વિકાસથી કોઈ પણ પ્રકારે જીવનું કાર્યપણું ઘટતું નથી, એટલે તે શ્રમણાભાસો આત્મા આત્માને કરે છે એવી જે દલીલ કરે છે, તે સર્વથા મિથ્યા જ છે.

એટલે વળી તે શ્રમણાભાસો પોતાની દલીલ ફેરવે છે - વસ્તુ સ્વભાવ છે તે તો સર્વથા દૂર કરવો અશક્ય છે, એટલે જ્ઞાયક ભાવ છે તે જ્ઞાન સ્વભાવે સ્થિતિ કરે છે અને તેવા પ્રકારે સ્થિતિ કરતો તે મિથ્યાત્વાદિ ભાવોનો કર્ત્તા નથી હોતો, કારણકે જ્ઞાયકપણાનું અને કર્ત્તાપણાનું અત્યંત વિરુદ્ધપણું છે માટે અને મિથ્યાત્વાદિ ભાવો તો હોય છે, તેથી તેઓનું કર્મ જ કર્તૃ પ્રરૂપાય છે, - આમ જે તેઓ દલીલ કરે છે, તે 'વાસનોન્મેષ' છે - इति वासनोन्मेषः - તે તો તેઓએ પૂર્વે જે આત્માને અકર્તા કહ્યો હતો તેની વાસનાનો - મિથ્યા માન્યતા રૂપ સંસ્કારનો ઉન્મેષ - ચમકારો - ઝબકારો છે અને તે તો હમણાં તેઓ જે 'આત્મા આત્માને કરે છે' એવા અભ્યુપગમને - માન્યતાને અત્યંતપણે - સર્વથા ઉપહણે જ છે - ઉપઘાત કરે જ છે. અર્થાત્ જે તેઓ દલીલ ફેરવે છે, તે તેઓની આ નવીન માન્યતાનો જ ઉપઘાત કરે છે - એટલે તેઓનો આ પક્ષ પણ કોઈ પણ પ્રકારે ઘટતો નથી.

ત્યારે આ બધી ચર્ચા પરથી યુક્ત પક્ષ કયો છે ? અનેકાંત **સ્યાદ્‌વાદ સિદ્ધાંતની દૃષ્ટિએ ખરેખરી** વસ્તુસ્થિતિ શી છે ? તે કહે છે - જ્ઞાયક સ્વભાવ જે છે તેનું સામાન્યઅપેક્ષાએ જ્ઞાન સ્વભાવમાં 'અવસ્થિતપણું' - જેમ છે તેમ યથાવત્ સ્થિતપણું - સ્થિતિ કરવાપણું છે, છતાં કર્મજન્ય મિથ્યાત્વાદિ ભાવોનો ઉદય હોય છે ત્યારે તેના સંવેદન રૂપ - જાણપણા રૂપ જ્ઞાન હોય છે તે સમયે - તે વેળાએ અજ્ઞાનીને અનાદિથી જ્ઞેય - જ્ઞાનના ભેદવિજ્ઞાનનું શૂન્યપણું હોય છે, તેને લીધે તે પરને આત્મા જાણે છે - अनादि ज्ञेयज्ञानभेदविज्ञानशून्यत्वात् परमात्मेति जानतो, એટલે પરને આત્મા જાણતા એવા તેનું વિશેષઅપેક્ષાએ તો અજ્ઞાન રૂપ જ્ઞાન પરિણામના કરણને લીધે કર્તૃત્વ - કર્તાપણું અનુમંતવ્ય છે - અનુમત કરવા યોગ્ય - માનવા યોગ્ય છે - विशेषापेक्षया त्वज्ञानरूपस्य ज्ञानपरिणामस्य करणात्कर्तृत्वं अनुमंतव्यं એમ ક્યાં લગી ? ત્યાં લગી કે જ્યાં લગી તે ભેદવિજ્ઞાનની આદિથી - શરૂઆતથી જ્ઞેય - જ્ઞાનના ભેદવિજ્ઞાનના પૂર્ણપણાને લીધે તે આત્માને જ આત્મા જાણે, तदादिज्ञेयज्ञानभेदविज्ञानपूर्णत्वात् आत्मानमेवात्मेति जानतो । અને આમ જ્ઞેય - જ્ઞાનનું ભેદવિજ્ઞાન પૂર્ણપણાને લીધે આત્માને જ આત્મા જાણતો એવો તે વિશેષઅપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ જ્ઞાનપરિણામથી પરિણમે, विशेषापेक्षयापि ज्ञानरूपेणैव ज्ञानपरिणामेन परिणममानस्य । અને આમ વિશેષઅપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ જ્ઞાન પરિણામથી પરિણમતા એવા તેનું કેવલ - માત્ર જ્ઞાતૃપણાને લીધે - જાણકારપણાને લીધે સાક્ષાત્ - પ્રત્યક્ષ - પ્રગટ અકર્તૃત્વ - અકર્તાપણું હોય - केवलं ज्ञातृत्वात्साक्षादकर्तृत्वं स्यात् ।

સર્વ
વિશુદ્ધ
જ્ઞાન

ઉપરમાં 'આત્મખ્યાતિ' ગદ્ય ભાગમાં વિવરી દેખાડ્યું તેના સારસમુચ્ચય આ **સમયસાર કળશમાં** (૧૩) કથન કરે છે કે સાંખ્યો જેમ આહતો એકાંતથી પુરુષને અકર્ત્તા મ સ્પર્શો !

शार्दूलविक्रीडित

**माऽकर्तारममी स्पृशंतु पुरूषं सांख्या इवाप्यार्हताः,**
**कर्तारं कलयंतु तं किल सदा भेदावबोधादधः ।**
**ऊर्द्ध्वं तूद्धतबोधधामनियतं प्रत्यक्षमेनं स्वयं,**
**पश्यंतु च्युतकर्तृभावमचलं ज्ञातारमेकं परं ॥२०५॥**

સાંખ્યો જેમ જ આર્હતો અકરતા પુરૂષ મા સ્પર્શજો !
ભેદજ્ઞાન અધઃ દશામહિ સદા કર્ત્તા જ વિમર્શજો !
ઊર્ધ્વ ઉદ્ધત બોધધામ નિયતો પ્રત્યક્ષ આ દેખજો !
કર્તા ભાવ જ ચ્યુત એક અચલો જ્ઞાતા જ આ લેખજો ! ૨૦૫

## અમૃત પદ - ૨૦૫

સાંખ્યો જેમ પુરુષ આર્હતો, અકર્ત્તા જ મ સ્પર્શો !
અનેકાંત સિદ્ધાંત આર્હતો, સમ્યક્ આમ વિમર્શો... અનેકાંત. ૧
ભેદજ્ઞાનથી અધઃ દશામાં, કર્ત્તા પુરુષ આ લેખો,
ભેદજ્ઞાનથી ઊર્ધ્વ દશામાં, પુરુષ અકર્ત્તા દેખો !... અનેકાંત. ૨
ભેદજ્ઞાનને પામી નિયતો, ઉદ્ધત બોધ સુધામે,
અકર્ત્તા જ પ્રત્યક્ષ પેખજો, આત્મા આતમરામે... અનેકાંત. ૩
કર્ત્તા ભાવ જ ચ્યુત જ્યાં અચલો, આત્મા એક જ જ્ઞાતા,
**ભગવાન અમૃત** સ્વયં દેખજો, અનુભવ અમૃત પાતા... અનેકાંત. ૪

**અર્થ** - આ આર્હતો પણ, સાંખ્યોની જેમ, પુરુષને અકર્ત્તા મ સ્પર્શો ! ભેદાવબોધથી (ભેદજ્ઞાનથી) અધઃ - નીચેમાં સદા સ્ફુટપણે કર્ત્તા કળો ! (સમજી લ્યો !) ઊર્ધ્વ (આગળ ઉપર) તો ઉદ્ધત બોધ ધામમાં નિયત પ્રત્યક્ષ એવા આને કર્તૃભાવ ચ્યુત થયેલ અચલ એવો એક માત્ર જ્ઞાતા જ સ્વયં દેખો ! ૨૦૫

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''કર્ત્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્ત્તે જ્યાંય;
વૃત્તિ વહી નિજ ભાવમાં, થયો અકર્ત્તા ત્યાંય.''

**- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૨૧**

ઉપરમાં આત્મખ્યાતિના ગદ્ય ભાગમાં જે સંકલનાબદ્ધ યુક્તિથી આટલા બધા વિસ્તારથી વિવરી દેખાડ્યું, તેનો સારસમુચ્ચય સંકલિત કરતા આ કળશ કાવ્યમાં **શુદ્ધોપયોગી મહાપ્રજ્ઞાશ્રમણ અમૃતચંદ્રાચાર્યજી** આર્હત દર્શનાનુયાયી ઈતર શ્રમણાદિને આર્જવ ભરી સદ્બોધ પ્રેરણા કરે છે - माऽकर्तारममी स्पृशंतु पुरुषं सांख्या इवाप्यर्हताः - આ આર્હતો - અર્હત્ દર્શનાનુયાયીઓ પણ સાંખ્યોની જેમ પુરુષને - આત્માને અકર્ત્તા મ સ્પર્શો ! સાંખ્યો જેમ આત્માને એકાંતે અકર્ત્તા જ માને અકર્ત્તા મ સ્પર્શો ! સાંખ્યો જેમ આત્માને એકાંતે અકર્ત્તા જ માને છે, તેમ જિનમતાનુસારીઓ પણ આત્મા એકાંતે

અકર્તા જ એ માન્યતાને મ સ્પર્શો - હાથ પણ મ લગાડો ! પણ कर्तारं कलयंतु तं किल सदा भेदावबोधादधः - તે આત્માને ભેદાવબોધથી અધઃ - નીચેમાં નિશ્ચયે કરીને સદા કર્ત્તા કળો ! ભેદાવબોધની - ભેદજ્ઞાનની નીચેની ભૂમિકામાં તો આત્મા અજ્ઞાનને લીધે નિશ્ચયે કરીને સદા પોતાના ભાવકર્મનો - રાગ - દ્વેષ - મોહાદિ વિભાવ ભાવનો કર્ત્તા છે જ એમ સ્પષ્ટપણે આ તત્ત્વકળાની કળ - અંતર્ગત રહસ્યગત વાત કળી લ્યો - સમજી લ્યો ! પછી ઊર્ધ્વ - આગળમાં તો 'उद्धतबोधधामनियतं' - ઉદ્ધત બોધ - ધામમાં નિયત એવા પ્રત્યક્ષ આને સ્વયં કર્તૃત્વભાવ ચ્યુત થયેલો એવો पश्यंतु - च्युतकर्तृभावमचलं ज्ञातारमेकं परं - અચલ એક માત્ર જ્ઞાતા દેખો ! અર્થાત્ પછી ભેદજ્ઞાનથી ઊદ્ધર્વદશામાં - ભેદજ્ઞાન પછીની ઊદ્ધર્વ ભૂમિકામાં તો ઉદ્ધત - ઉત્કટ 'બોધ ધામમાં' - જ્ઞાન જ્યોતિમાં અથવા જ્ઞાન-ગૃહમાં નિયત - નિશ્ચયરૂપ સ્થિતિ કરતા, જ્ઞાનધામમાં જ નિયત વૃત્તિપણે વર્તતા, એવા આત્મારામી પ્રત્યક્ષ - પ્રગટ - સાક્ષાત્ આ આત્માને સ્વયં પોતે - આપોઆપ જ જ્યાં કર્ત્તાભાવ ચ્યુત - ભ્રષ્ટ થઈ ગયેલો છે એવો અચલ - પરભાવથી કદી ચલાયમાન ન થાય, એવો એક માત્ર જ્ઞાતા જ સ્વયં - પોતે આપોઆપ જ દેખો ! સાક્ષાત્કરો !

ક્ષણિકવાદીનું નિરસન આ **સમયસાર કળશમાં** (૧૪) કરે છે -

मालिनी

**क्षणिकमिदमिहैकः कल्पयित्वात्मतत्त्वं,**
**निजमनसि विधत्ते कर्तृभोक्त्रोर्विभेदं ।**
**अपहरति विमोहं तस्य नित्यामृतौघैः**
**स्वयमयमभिषिंचंश्चिच्चमत्कार एव ॥२०६॥**

ક્ષણિક કલપિ આંહી આત્મનું તત્ત્વ એક,
નિજ મન અવધારે કર્તૃ ને ભોક્તૃ ભેદ;
તસ અપહરતો આ મોહ નિત્યામૃતો થૈ,
અતિશય જ સિંચંતો ચિત્ ચમત્કાર પોતે. ૨૦૬

## અમૃત પદ - ૨૦૬

નિત્ય અમૃત ઓઘ સિંચંતો, ચિત્ ચમત્કાર 'અમૃત' સંતો !
'નિત્ય અમૃત' પ્રતિપદ ગાવે, અનુભવ અમૃત સિંધુ વહાવે... નિત્ય અમૃત. ૧
અહિં ક્ષણિક આત્મા કો કલ્પે, કર્ત્તા-ભોક્તા વિભેદ જ જલ્પે !
વાદ ક્ષણિક એકાંત વદંતા, મોહ મૂર્ચ્છામહિં સીદંતા... નિત્ય અમૃત. ૨
તસ મોહમૂર્ચ્છા લ્યે ખેંચી, નિત્ય અમૃત ઓઘે સિંચી,
ચિત્ ચમત્કાર જ પોતે આ, પદ ભગવાન **નિત્ય અમૃત** આ... નિત્ય અમૃત. ૩

**અર્થ** - અહીં એક આ આત્મતત્ત્વને ક્ષણિક કલ્પીને, નિજ મનમાં કર્ત્તા-ભોક્તાનો વિભેદ ધારે છે, તેના વિમોહને નિત્ય અમૃત ઓઘોથી અભિસિંચતો આ ચિત્ચમત્કાર સ્વયં દૂર કરે છે. ૨૦૬

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય;''
''એ અનુભવથી પણ નહિં, આત્મા નિત્ય જણાય. (શિષ્ય શંકા).''

**- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૬૯**

હવે એક ક્ષણિકવાદી કર્ત્તા અને ભોક્તા જૂદો માને છે, જે કર્ત્તા છે તે ભોક્તા નથી એમ એકાંતિક કથન કરે છે, તેવું નિરસન નીચેની ગાથાઓમાં કરવામાં આવે છે, તેનું સૂચન કરતો આ અને આ પછીનો એમ બે ઉત્થાનિકા કળશ **અમૃતચંદ્રજીએ** સંગીત કર્યા છે :- અહીં - આ લોકને વિષે 'આ' - પ્રત્યક્ષ અનુભવાઈ રહેલા આત્મતત્ત્વને કોઈ એક ક્ષણિક - ક્ષણભંગુર કલ્પીને - કલ્પનાથી માની બેસીને, પોતાના મનમાં કર્ત્તા અને ભોક્તાનો વિભેદ - વિભિન્નપણું - જૂદાપણું ધારે છે. તેના આ વિમોહને નિત્ય અમૃત ઓઘોથી સ્વયં અભિષિંચતો આ **ચિત્ચમત્કાર** જ અપહરે છે - દૂર કરે છે - अपहरति विमोहं तस्य नित्यामृतौघैः स्वयमयमभिषिंचंश्चिच्चमत्कार एव । જેમ કોઈ મોહ - મૂર્ચ્છા પામી ગયેલો હોય તેને કોઈ જલસિંચન કરી વિમોહ - મૂર્ચ્છા દૂર કરે છે, તેમ આ ક્ષણિકવાદીના વિમોહને જ્યાં નિત્ય ચિત્ના-ચૈતન્યના ચમત્કાર - ચમકારા ચમક્યા જ કરે છે એવો આ ચિત્ચમત્કાર જ સ્વયં - પોતે નિત્ય અમૃત ઓઘોથી - સદા અમૃત પ્રવાહોથી અભિસિંચન કરતો દૂર કરે છે. અત્રે કળશના અંતે **'અમૃત'** શબ્દની ચમત્કૃતિથી ગર્ભિતપણે કળશ કર્ત્તા પરમ અમૃત **અમૃતચંદ્રજીનું નામ** પોતાનું **નામ** ધ્વનિત છે.

વૃત્તિઅંશ ભેદથી વૃત્તિમન્નાના નાશ કલ્પનથી એકાંત મ ચકાસો ! એવા ભાવનો સમયસાર કળશ (૧૫) કહે છે -

अनुष्टुप्

**वृत्त्यंशभेदतोऽत्यंतं, वृत्तिमन्नाशकंल्पनात् ।**
**अन्यः करोति भुंक्तेऽन्यः, इत्येकांतश्चकास्तु मा ॥२०७॥**
વૃત્ત્યંશ ભેદથી સાવ, વૃત્તિમન્ નાશ કલ્પને;
બીજો કરે બીજો ભોગે, એ એકાંત પ્રકાશ મા !... ૨૦૭

## અમૃત પદ - ૨૦૭

ક્ષણિક એકાંતનો વાદ મ પ્રકાશજો ! વાદ સ્યાદ્વાદ અમૃત પ્રકાશો !... ધ્રુવ પદ.
વૃત્તિનો અંશ તે સમયવર્ત્તિ અને, વસ્તુની વૃત્તિ ત્રયકાળ વર્ત્તી,
વૃત્તિનો અંશ તે વૃત્તિથી ભિન્ન નહિ, વૃત્તિ અંતર રહ્યો તેહ વર્ત્તી... ક્ષણિક એકાંતનો. ૧
અંશ તે પૂર્ણમાં પૂર્ણ તે અંશમાં, વંશ તે પર્વમાં પર્વ તે વંશમાં,
અંગ તે દેહમાં દેહ તે અંગમાં, અંશ વ્યતિરેક હંસ અન્વય વંશમાં... ક્ષણિક. ૨
પ્રવાહ ક્રમવર્ત્તિ પરિણામો સદા, એક પ્રવાહ વૃત્તિ પરોવ્યા,
એક જ દ્રવ્ય મુક્તાવલીમાં, ભિન્ન પર્યાય મોતી પરોવ્યા... ક્ષણિક. ૩
વૃત્તિ અંશ નાશથી વૃત્તિમાન નાશ નહિ, વૃત્તિમાન વૃત્તિમાં નિત્ય વર્ત્તે રહી,
એમ વૃત્તિ અંશ ભિન્નતા છે ખરી ભિન્નતા છે, ન એક પ્રવાહે વહી... ક્ષણિક. ૪
તેથી એકાંતથી વૃત્તિ અભેદથી, સર્વથા નાશ એકાંત કલ્પો,
કરે અન્ય ભોગવે અન્ય એકાંત આ, મા પ્રકાશો જ ! મિથ્યાત્વ જલ્પો... ક્ષણિક. ૫
લીએ લાલો અને ભરે હરદાસ એ, ન્યાય અન્યાય એવો ન કીજે,
વદે અનુવાદી આ દાસ ભગવાન એ, ન્યાય સ્યાદ્વાદ અમૃત પીજે... ક્ષણિક. ૬

અર્થ - વૃત્તિઅંશના ભેદથી અત્યંતપણે વૃત્તિમંતના નાશના કલ્પન થકી અન્ય કરે છે, અન્ય ભોગવે છે, એવો એકાંત મ ચકાસો ! (પ્રકાશો !). ૨૦૭

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર'', ઈ.
''વદનારો તે ક્ષણિક નહીં, કર અનુભવ નિરધાર.''

- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર, સૂત્ર-૬૯

આવા ક્ષણિક એકાંતને નિષેધતો આ ઉત્થાનિકા કળશ કહ્યો છે - વૃત્ત્યંશભેદતોઽત્યંત વૃત્તિમન્નાશકલ્પનાત્ - વૃત્તિઅંશના ભેદ થકી - ભિન્નપણા થકી અત્યંતપણે - સર્વથા વૃત્તિમંતના નાશના કલ્પનને લીધે અન્ય - બીજો કરે છે, અન્ય - બીજો ભોગવે છે, એવો એકાંત મ ચકાસો - મ પ્રકાશો !

**केहिंचि दु पज्जयेहिं विणस्सए णेव केहिचि दु जीवो ।**
**जह्मा तह्मा कुव्वदि सो वा अण्णो व णेयंतो ॥३४५॥**
**केहिंचि दु पज्जयेहिं विणस्सए णेव केहिंचि दु जीवो ।**
**जह्मा तह्मा वेददि सो वा अण्णो व णेयंतो ॥३४६॥**
**जो चेव कुणइ सोचिय ण वेयए जस्स एस सिद्धंतो ।**
**सो जीवो णायव्वो मिच्छादिट्ठी अणारिहदो ॥३४७॥**
**अण्णो करेइ अण्णो परिभुंजइ जस्स एस सिद्धंतो ।**
**सो जीवो णायव्वो मिच्छादिट्ठी अणारिहदो ॥३४८॥ (चतुष्कम्)**

કારણ કોઈ પર્યાયથી, વિણસે કોઈથી ના જ;
તેથી કરે તે અન્ય વા, એકાંત ન એમાં જ. ૩૪૫
કારણ કોઈ પર્યાયથી, વિણસે કોઈથી ના જ;
તેથી વેદે તે અન્ય વા, એકાંત ન એમાં જ. ૩૪૬
જે કરે તે જ ન વેદતો, એવો જસ સિદ્ધાંત;
મિથ્યાદૃષ્ટિ અનાર્હતો, જાણવો જીવ તે ભ્રાંત. ૩૪૭
અન્ય કરે અન્ય ભોગવે, એવો જસ સિદ્ધાંત;
મિથ્યાદૃષ્ટિ અનાર્હતો, જાણવો જીવ તે ભ્રાંત. ૩૪૮

**અર્થ** - કારણકે કોઈ પર્યાયોથી જીવ વિણસે છે અને કોઈથી નથી વણસતો તેથી તે વા અન્ય કરે છે, એકાંત નથી. ૩૪૫

કારણકે કોઈ પર્યાયોથી જીવ વિણસે છે અને કોઈથી નથી વિણસતો તેથી તે વા અન્ય વેદે છે, એકાંત નથી. ૩૪૬

જે જ કરે છે તે જ નથી વેદતો - આ જેનો સિદ્ધાંત છે, તે જીવ મિથ્યાદૃષ્ટિ અનાર્હત જાણવો. ૩૪૭

અન્ય કરે છે, અન્ય ભોગવે છે - આ જેનો સિદ્ધાંત છે, તે જીવ મિથ્યાદૃષ્ટિ અનાર્હત જાણવો. ૩૪૮

---

**आत्मभावना** -

यस्मात् जीवः - **કારણકે જીવ** कैश्चित्तु पर्यायैः विनश्यति - **કોઈ પર્યાયોથી વિનાશ પામે છે,** नैव कैश्चित् तु - **કોઈથી જ નથી જ પામતો,** तस्मात् - **તેથી** स वा अन्यो वा करोति - **તે વા અન્યના કરે છે,** नैकांतः - **એકાંત નથી.** यस्मात् नीय कैश्चित्तु पर्यायैः विनश्यति नैव कैश्चित्तु - **કારણકે જીવ કોઈ જ પર્યાયોથી વિનાશ પામે છે, કોઈથી જ નથી પામતો,** तस्मात् स वा अन्यो वा वेदयते नेकांतः - **તેથી તે વા અન્ય વા વેદે છે, એકાંત નથી.** ॥३४५॥३४६॥

यः चैव करोति स चैव न वेदयते - **જે જ કરે છે તે જ નથી વેદતો,** एष यस्य सिद्धांतः - **આ જેનો સિદ્ધાંત છે,** स जीवो मिथ्यादृष्टिरनार्हतः ज्ञातव्यः - **તે જીવ મિથ્યાદૃષ્ટિ અનાર્હત જાણવો.** अन्यः करोति अन्यः परिभुंक्ते - **અન્ય કરે છે, અન્ય પરિભોગવે છે,** एष यस्य सिद्धांतः - **'આ' જેનો સિદ્ધાંત છે,** स जीवो मिथ्यादृष्टिरनार्हतो ज्ञातव्यः - **તે જીવ મિથ્યાદૃષ્ટિ અનાર્હત - આર્હત નહિ એવો જાણવો.** ॥३४७॥३४८॥ इति **गाथा** आत्मभावना ॥३४५-३४८॥

यतो हि - **કારણકે નિશ્ચયે કરીને સ્ફુટપણે** जीवः कैश्चित्पर्यायैः विनश्यति कैश्चित्तु न विनश्यति - **જીવ કોઈ પર્યાયોથી વિનશે છે અને કોઈથી નથી વિનશતો,** इति द्विस्वभावो जीवस्वभावः - **એમ દ્વિ - સ્વભાવ - બે સ્વભાવવાળો જીવ સ્વભાવ છે. કોઈ પર્યાયોથી વિનશે છે - કોઈથી નહિ એમ શાને લીધે ?** प्रतिसमयं संभवदगुरुलघुगुणपरिणामद्वारेण क्षणिकत्वाद् - **પ્રતિસમયે સંભવતા અગુરુલઘુ ગુણના પરિણામદ્વારે ક્ષણિકપણાને લીધે,** अचलितचैतन्यान्वयगुणद्वारेण नित्यत्वाच्च - **અને અચલિત ચૈતન્ય અન્વય ગુણદ્વારે નિત્યપણાને લીધે. આમ જીવ કોઈ પર્યાયોથી વિનશે છે - કોઈથી**

## आत्मख्याति टीका

**कैश्चित्तु पर्यायै र्विनश्यति नैव कैश्चित्तु जीवः ।**
**यस्मात्तस्मात्करोति स वा अन्यो वा नैकांतः ॥३४५॥**
**कैश्चित्तु पर्यायैः र्विनश्यति नैव कैश्चित्तु जीवः ।**
**यस्मात्तस्माद्वेदयते स वा अन्यो वा नैकांतः ॥३४६॥**
**यः चैव करोति स चैव न वेदयते यस्यैष सिद्धांतः**
**स जीवो ज्ञातव्यो मिथ्यादृष्टिरनार्हतः ॥३४७॥**
**अन्यः करोत्यन्यः परिभुंक्ते यस्य एष सिद्धांतः ।**
**स जीवो ज्ञातव्यो मिथ्यादृष्टिरनार्हतः ॥३४८॥**

**यतो हि प्रतिसमयं** संभवदगुरुलघुगुणपरिणामद्वारेण क्षणिकत्वादचलितचैतन्यान्वयगुणद्वारेण नित्यत्वाच्च जीवः कैश्चित्पर्यायै र्विनश्यति कैश्चित्तु न विनश्यतीति द्विस्वभावो जीवस्वभाव ततो य एव करोति स एवान्यो वा वेदयते ।

य एव वेदयते स एवान्यो वा करोतीति नास्त्येकांतः । एवमनेकांतेऽपि यस्तत्क्षणवर्तमानस्यैव परमार्थसत्त्वेन वस्तुत्वमिति वस्त्वंशेऽपि वस्तुत्वमध्यास्य शुद्धनयलोभादृजुसूत्रैकांते स्थित्वा य एव करोति स एव न वेदयते, अन्यः करोति अन्यो वेदयति इति पश्यति स मिथ्यादृष्टिरेव दृष्टव्यः । क्षणिकत्वेऽपि वृत्त्यंशानां वृत्तिमतश्चैतन्यचमत्कारस्य टंकोत्कीर्णस्यैवांतःप्रतिभासमानत्वात् ॥३४५॥३४६॥३४७॥३४८॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

**કારણકે** પ્રતિસમયે સંભવતા અગુરુલઘુ ગુણના પરિણામદ્વારા ક્ષણિકપણાને લીધે અને અચલિત ચૈતન્ય અન્વય ગુણ દ્વારા નિત્યપણાને લીધે, જીવ કોઈ પર્યાયોથી વિનાશ પામે છે અને કોઈથી વિનાશ નથી પામતો, એમ બે સ્વભાવવાળો જીવસ્વભાવ છે. **તેથી જે જ કરે છે તે જ વા અન્ય વેદે છે, જે જ વેદે છે તે જ વા અન્ય કરે છે - એમ એકાંત છે નહિ.**

એમ અનેકાંત છતાં પણ જે - તત્ક્ષણ વર્તમાનનું જ પરમાર્થસત્ પણે વસ્તુત્વ એમ વસ્તુઅંશમાં પણ વસ્તુત્વ અધ્યાસીને શુદ્ધનયના લોભથી ઋજુસૂત્ર એકાંતમાં સ્થિતિ કરીને, જે જ કરે છે તે જ વેદતો નથી, અન્ય કરે છે અન્ય વેદે છે, એમ દેખે છે, તે મિથ્યાદૃષ્ટિ જ દેખવા યોગ્ય છે -

વૃત્તિઅંશોના ક્ષણિકપણામાં પણ

---

નથી વિનશતો એમ બે સ્વભાવવાળો જીવસ્વભાવ છે, તેથી શું ? ततो य एव करोति स एवान्यो वा वेदयते - **તેથી જે જે કરે છે તે જ વા અન્ય વેદે છે,** य एव-वेदयते स एवान्यो वा करोति - **જે જ વેદે છે તે જ વા અન્ય કરે છે,** इति नास्त्येकांतः - **એમ એકાંત છે નહિ.**

एवमनेकांतेऽपि - એમ અનેકાંત છે છતાં - यः - જે - तत्क्षणवर्तमानस्यैव परमार्थसत्त्वेन वस्तुत्वं - **તત્ક્ષણે વર્તમાનનું જ પરમાર્થસત્પણે વસ્તુત્વ** - વસ્તુપણું - इति वस्त्वंशेऽपि वस्तुत्वमध्यास्य - એમ વસ્તુઅંશમાં પણ વસ્તુત્વ - વસ્તુપણું અધ્યાસી - માની બેસી, शुद्धनयलोभाद् ऋजुसूत्रैकांते स्थित्वा - શુદ્ધનય લોભ થકી ઋજુસૂત્ર એકાંતમાં સ્થિતિ કરી - ये एव करोति स एव न वेदयते - જે જે કરે છે તે જ નથી વેદતો, अन्यः करोति अन्यो वेदयते - અન્ય કરે છે અન્ય વેદે છે, इति पश्यति - એમ દેખે છે, स मिथ्यादृष्टिरेव दृष्टव्यः - તે મિથ્યાદૃષ્ટિ જ દૃષ્ટવ્ય છે - દેખવા યોગ્ય છે. એમ શાને લીધે ? क्षणिकत्वेऽपि वृत्त्यंशानां - **વૃત્તિઅંશોના ક્ષણિકપણામાં પણ,** वृत्तिमंतः चैतन्यचमत्कारस्य टंकोत्कीर्णस्यैव अंतः-प्रतिभासमानत्वात् - **વૃત્તિમંત એવા ટંકોત્કીર્ણ જ ચૈતન્ય ચમત્કારના અંતઃપ્રતિભાસમાનપણાને લીધે - અંદરમાં દૃશ્યમાનપણાને લીધે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥३४५॥३४६॥३४७॥३४८॥

વૃત્તિમંત એવા ટંકોત્કીર્ણ જ ચૈતન્યચમત્કારનું

અંતઃપ્રતિભાસમાનપણું છે માટે. ૩૪૫, ૩૪૬, ૩૪૭, ૩૪૭, ૩૪૮

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય;


બાલાદિ વય ત્રણ્યનું, એ જ્ઞાન એકને થાય.'' - **શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૬૮**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે અન્ય કરે છે - અન્ય ભોગવે છે એવા એકાંતને મિથ્યાદૃષ્ટિ કહી તેનો અત્રં નિષેધ કર્યો છે અને 'આત્મખ્યાતિ'કર્તાએ તેનું નિષ્તુષ યુક્તિયુક્ત સમર્થન કરી તે ક્ષણિક એકાંતવાદીનું મિથ્યાદૃષ્ટિપણું સ્પષ્ટ સમજાવ્યું છે.

જીવમાં અગુરુલઘુ ગુણ છે, તેનો સમયે સમયે પરિણામ સંભવે છે, પર્યાય થયા કરે છે, તેથી કરીને જીવનું ક્ષણિકપણું હોય છે અને કદી પણ ચલાયમાન ન થાય એવો અચલિત ચૈતન્ય અન્વય ગુણ છે તે સર્વત્ર અન્વયપણે જીવમાં ચાલ્યો આવે છે, તેથી કરીને જીવનું નિત્યપણું હોય છે. આમ प्रतिसमयं संभवदगुरुलघुगुणपरिणामद्वारेण क्षणिकत्वात् अचलितचैतन्यान्वयगुणद्वारेण नित्यत्वाच्च - પ્રતિસમયે - સમયે સમયે સંભવતા - ઉપજતા અગુરુલઘુ ગુણના પરિણામ દ્વારા ક્ષણિકપણું છે તેને લીધે અને અચલિત ચૈતન્ય અન્વય ગુણ દ્વારા નિત્યપણું છે તેને લીધે, જીવ કોઈ પર્યાયોથી વિનાશ પામે છે અને કોઈથી વિનાશ નથી પામતો, એમ બે સ્વભાવવાળો જીવ સ્વભાવ છે - इति द्विस्वभावो जीवस्वभावः । આમ છે તેથી શું ? તેથી જે જ કરે છે તેજ વા અન્ય - બીજો વેદે છે - ભોગવે છે, જે જ વેદે છે - ભોગવે છે તે જ વા અન્ય - બીજો કરે છે, એમ એકાંત છે નહિ. અર્થાત્ સમયે સમયે બદલાતા અગુરુલઘુગુણપર્યાય - પરિણમનની દૃષ્ટિએ જોઈએ તો જે જ કરે છે તે જ ભોગવતો નથી, જે જ ભોગવે છે તે જ કરતો નથી અને સર્વ સમયે સર્વત્ર અનુવર્ત્તતા - અનુવર્ત્તિપણે ચાલ્યા આવતા ચૈતન્ય અન્વય ગુણની દૃષ્ટિએ જોઈએ તો જે જ કરે છે તે જ વેદે છે - ભોગવે છે, જે જ વેદે છે - ભોગવે છે તે જ કરે છે, એમ કોઈ એક પક્ષ રૂપ એકાંત છે નહિ. અનેકાંત જ છે.

એમ યુક્તિયુક્તપણે અનેકાંત છે છતાં, કોઈ (ક્ષણિકવાદી) એમ માને છે કે - तत् क्षण - તે વિવક્ષિત ક્ષણે જ વર્ત્તમાન - વર્ત્તતું હોય તે જ પરમાર્થ સત્ - પરમાર્થથી સત્ છે અને તેવું જ વસ્તુત્વ - વસ્તુપણું છે, એટલે तत्क्षणवर्तमानस्यैव परमार्थसत्त्वेन वस्तुत्वम् - તત્‌ક્ષણ વર્તમાનનું જ પરમાર્થસત્ પણે વસ્તુપણું છે, એમ એકક્ષણવર્ત્તી વસ્તુઅંશમાં પણ વસ્તુત્વ - વસ્તુપણું અધ્યાસી - માની બેસી - वस्त्वंशेऽपि वस्तुत्वमध्यास्य - શુદ્ધનયના લોભથી તે વર્ત્તમાન ક્ષણવર્ત્તી પર્યાયને જ માનનારા એકાંત ઋજુસૂત્ર નયમાં જ સ્થિતિ કરે છે અને એટલે જ જે જ કરે છે તે વેદતો નથી, વેદે છે તે કરતો નથી એમ તે દેખે છે. પણ જે આમ ઋજુસૂત્ર એકાંતથી દેખે છે તે સુપ્રતિષ્ઠિત અનેકાંત સિદ્ધાંતથી વિરુદ્ધ હોઈ મિથ્યા છે, એટલે એમ એકાંત ઋજુસૂત્રનય મતે જે દેખે છે તે મિથ્યાદૃષ્ટિ જ દેખવા યોગ્ય છે, स मिथ्यादृष्टिरेव दृष्टव्यः । કારણકે क्षणिकत्वेपि वृत्त्यंशानां - વૃત્તિઅંશોના ક્ષણિકપણામાં પણ વૃત્તિમંત એવા ટંકોત્કીર્ણ જ ચૈતન્યચમત્કારનું અંતઃ - પ્રતિભાસમાનપણું છે માટે - वृत्तिमतश्चैतन्यचमत्कारस्य टंकोत्कीर्णस्यैव अंतःप्रतिभासमानत्वात् । અર્થાત્ પ્રતિસમયવર્ત્તી વૃત્તિઅંશોનું ભલે ક્ષણિકપણું હો, છતાં તેમાં પણ 'વૃત્તિમંત' - ત્રિકાળવર્ત્તી સંપૂર્ણ વૃત્તિને ધરનારો - વૃત્તિનો સ્વામી એવો ટંકોત્કીર્ણ જ ચૈતન્યચમત્કાર અંતઃપ્રતિભાસમાન થાય છે - તે વૃત્તિઅંશની અંદરમાં પ્રતિભાસી રહેલો દૃશ્યમાન થાય છે, તે તે ક્ષણિક વૃત્તિઅંશોમાં પણ પ્રત્યેકમાં વૃત્તિમંત એવો 'ચૈતન્ય ચમત્કાર' - ચૈતન્યનો ચમકારો - ઝબકારો અંદરમાં પ્રતિભાસી રહ્યો છે - કે જે 'ટંકોત્કીર્ણ' - ટંકથી - ટાંકણાથી ઉત્કીર્ણ - કોતરી કાઢેલ અક્ષરની જેમ અક્ષર -

સદાસ્થાયી - કદી પણ ક્ષરતો નથી એવા અક્ષર અમૃત છે. એટલે આમ અર્હત્ ભગવત્ પ્રણીત આર્હત્ દર્શનના અનેકાંત સિદ્ધાંતથી વિરુદ્ધપણે આ ઋજુસૂત્ર એકાંતવાદી વસ્તુતત્ત્વને મિથ્યાપણે દેખતો હોઈ, મિથ્યાદૃષ્ટિ 'અનાર્હત' - આર્હત નહિ એવો જાણવો યોગ્ય છે - सो जीवो णायव्वो मिच्छादिट्ठी अणारिहदो ।



ઉક્તનો સારસંદોહ સંદબ્ધ કરતા આ સમયસાર કળશમાં (૧૬) ક્ષણિકવાદીનો માર્મિક ઉપહાસ કરે છે -

शार्दूलविक्रीडित

**आत्मानं परिशुद्धमीप्सुभिरतिव्याप्तिं प्रपद्यांधकैः,**
**कालोपाधिबलादशुद्धिमधिकां तत्रापि मत्वा परैः ।**
**चैतन्यं क्षणिकं प्रकल्प्य पृथुकैः शुद्धर्जुसूत्रेरितै-**
**रात्माव्युज्झित एव हारवदहो निस्सूत्रमुक्तेक्षिभिः ॥२०८॥**

આત્માને પરિશુદ્ધ ઈચ્છત અતિ વ્યાપ્તિ ગ્રહી અંધકે,
કાલોપાધિબલે અશુદ્ધિ અધિકા પૃથકે ગણી ત્યાંય રે !
પ્રેરાઈ ઋજુસૂત્ર શુદ્ધથી ક્ષણિક ચૈતન્ય કલ્પી પરે,
આત્મા હાર શું છાંડિયો નિરખતાં નિઃસૂત્ર મોતી અરે ! ૨૦૮

## અમૃત પદ - ૨૦૮

'જ્ઞાનને ઉપાસીએ' - એ રાગ

આત્માને શોધતાં આત્મા જ ખોયો, અંધે મારગ ના જોયો,... ધ્રુવ પદ. ૧
આત્મા પરિશુદ્ધ ઈચ્છવા રે જાતાં, આત્મા સમૂળગો ખોયો !
બેસવાની ડાળને કાપતા મૂરખનો, જોટો જગતમાં ન જોયો !... આત્માને શોધતાં. ૨
પર્યાયને દ્રવ્ય માની લઈ મૂઢકે, પર્યાય દ્રવ્યને લેખિયું !
અતિવ્યાપ્તિ ગ્રહી અતિતાર્કિકડે ! તત્ત્વ સમ્યક ના દેખિયું... આત્માને શોધતાં. ૩
એક પર્યાય જો અન્ય પર્યાયથી, અન્વય સંબંધ બાંધશે,
રખે તો બલથી કાળ ઉપાધિના, અશુદ્ધિ અધિક ત્યાં સાંધશે !... આત્માને શોધતાં. ૪
કાળભેદે એમ દ્રવ્ય અન્વયમાં, માની લઈ જ અશુદ્ધિ !
દ્રવ્યવંશ લોપતાં આત્માના વંશને, લોપતા કોઈ અબુદ્ધિ !... આત્માને શોધતાં. ૫
વર્તમાન સમયવર્ત્તી પર્યાયને, માત્ર અમે તો માનીએ,
ક્ષણવર્ત્તી તેથી વસ્તુ ક્ષણિક છે, એ જ પરમાર્થસત્ જાણીએ... આત્માને શોધતાં. ૬
શુદ્ધ ઋજુસૂત્ર નયથી પ્રેરાઈને, એમ ક્ષણિક તે વાદીઓ,
ક્ષણિક એકાંતથી કલ્પી ચૈતન્યને, જલ્પે અબુદ્ધ દુર્વાદીઓ... આત્માને શોધતાં. ૭
ચૈતન્યને એમ ક્ષણિક પ્રકલ્પતાં, આત્મા જ કોઈએ છોડિયો !
નિઃસૂત્ર મુક્તાફલને જ દેખતાં, હાર જ્યમ અબુદ્ધે છાંડિયો !... આત્માને શોધતાં. ૮
નાશ નિરન્વય માની નિરાતમા, વાદી ન આત્મા જ માનતા !
મૂળને ઉચ્છેદી શાખાને શોધતાં, આકાશ પુષ્પ તે પામતા !... આત્માને શોધતાં. ૯
સૂત્ર વિહોણા મોતી વિશ્રૃંખલા, છૂટા છૂટા જ જે દેખતા,
તેહ ઉચ્છૃંખલ મુક્તા ફલોનો, હાર અખંડ કેમ લેખતા ?... આત્માને શોધતાં. ૧૦
ચૈતન્ય અન્વય - સૂત્ર વિહોણા, પર્યાય મોતી જ પેખતા,
નિરાત્મવાદી તે ચૈતન્ય-મોતીનો, હાર આત્મા ક્યમ દેખતા ?... આત્માને શોધતા. ૧૧

આત્મા લેવા જતાં આત્મા ગુમાવિયો, અહો ! પરોની આ બુદ્ધિ !

ક્ષણિક એકાંતની જાલ જટિલ એ, એમ વિદારજો સુબુદ્ધિ !... આત્માને શોધતા. ૧૨

તત્ત્વામૃતભૃત અમૃત કળશમાં, મંથી તત્ત્વાબ્ધિ વસાવ્યો !

ભગવાન અમૃતચંદ્ર સુદર્શને, સ્યાદ્‌વાદ સિંધુ લસાવ્યો... આત્માને શોધતાં. ૧૩

**અર્થ** - આત્માને પરિશુદ્ધ ઈચ્છતા અંધકોથી અતિવ્યાપ્તિ અંગીકાર કરી, કાલોપાધિના બલ થકી ત્યાં પણ અધિક અશુદ્ધિ માનીને, શુદ્ધ ઋજુસૂત્રથી પ્રેરિત એવા પૃથુકોથી ચૈતન્ય ક્ષણિક પ્રકલ્પીને, નિઃસૂત્ર (સૂત્ર-દોરા વગરના) મુક્તોક્ષિઓથી (મોતી દેખાડનારાઓથી) હારની જેમ, અહો ! આત્મા જ છોડી દેવાયો ! ૨૦૮

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર;

વદનારો તે ક્ષણિક નહિ, કર અનુભવ નિર્ધાર.'' - **શ્રી આત્મસિદ્ધિ, ગાથા-૬૯**

આત્મખ્યાતિના ગદ્ય ભાગમાં આ જે કહ્યું, તેનો સાર સંદોહ સંદબ્ધ કરતા આ શાર્દૂલવિક્રીડિત નિબદ્ધ કળશ કાવ્યમાં પુરુષશાર્દૂલ **અમૃતચંદ્રજી** અદ્‌ભુત આત્મ વિનિશ્ચયથી ક્ષણિકવાદીઓનો માર્મિક ઉપહાસ કરતાં ગર્જે છે - આત્માને પરિશુદ્ધ - સર્વથા એકાંતે શુદ્ધ ઈચ્છતા એવા અંધકોથી - કંઈક અંધોથી અતિવ્યાપ્તિ અંગીકાર કરી, કાળ ઉપાધિના બળથી ત્યાં - આત્મામાં પણ અધિક અશુદ્ધિ અધ્યાસી - માની બેસી, શુદ્ધ ઋજુસૂત્રથી પ્રેરિત એવા તે 'પૃથુકોથી' - પૃથક્ પૃથક્ છૂટા છૂટા વિશ્રૃંખલ પર્યાય માનનારા 'પરોથી' - અન્યદર્શનીથી ચૈતન્ય ક્ષણિક પ્રકલ્પીને, 'નિઃસૂત્ર મુક્તેક્ષીઓથી' - નિઃસૂત્ર - સૂત્ર રહિત દોરા વિનાના મુક્તા - મોતી દેખનારાઓથી હારની જેમ, અહો ! આત્મા છોડી જ દેવાયો ! आत्मा व्युज्झित एव हारवदहो निस्सूत्रमुक्तेक्षिभिः ! - અર્થાત્ એકાંત પક્ષ ગ્રહણ રૂપ મિથ્યાત્વથી જેની મતિ અંધ બની છે એવા અંધકો - અજ્ઞાનાંધો આત્માને પરિશુદ્ધ - સર્વથા સર્વ - ઉપધિશુદ્ધ પામવા ઈચ્છે છે, એટલે તેઓ વસ્તુના સ્વ લક્ષણથી બ્હાર જતી અતિવ્યાપ્તિને અંગીકાર કરી, કાળ ઉપાધિના બળથી આત્મામાં પણ રખેને અધિક અશુદ્ધિ આવી જશે એમ માની બેસી, માત્ર વર્ત્તમાન ક્ષણવર્ત્તી પર્યાયને જ અંગીકાર કરનારા શુદ્ધ ઋજુસૂત્ર નયને જ અવલંબે છે અને એમ કરતાં તેઓ ચૈતન્યને ક્ષણિક - ક્ષણભંગુર કલ્પે છે, તે અજ્ઞાનાંધ જનો કેવા છે ? કોઈ મોતીનો હાર છે, તેમાં નિઃસૂત્ર - સૂત્ર વિનાનો છૂટા છૂટા મોતી પ્રત્યે જ જેની દૃષ્ટિ છે એવા જનોથી જેમ હાર છોડી દેવાય છે, તેમ આત્મા એ ચૈતન્ય ચિંતામણિનો હાર છે, તે ચૈતન્ય અન્વયરૂપ સૂત્રથી પરોવાયેલો છે, તેમાં છૂટી છૂટી વર્તમાન ક્ષણ પ્રત્યે જ જેની દૃષ્ટિ છે એવા આ અજ્ઞાનાંધ જનોથી આ ચૈતન્ય ચિંતામણિના હારરૂપ આત્મા જ છોડી દેવાયો જ છે !

અદ્‌ભુત સામ્ય દાખવી અમૃતચંદ્રજી આ સમયસાર કળશમાં (૧૭) પ્રકાશે છે કે અમને ચિત્ ચિંતામણિ માલિકા એકા ચકાસે છે -

शार्दूलविक्रीडित

**कर्तुर्वेदयितुश्च युक्तिवशतो भेदोऽस्त्वभेदोपि वा,**
**कर्ता वेदयिता च मा भवतु वा वस्त्वेव संचिंत्यतां ।**
**प्रोता सूत्र इवात्मनीह निपुणैर्भेत्तुं न शक्या क्वचि -**
**च्चिंचिंतामणिमालिकेयमभितोप्येका चकास्त्येव नः ॥२०९॥**

કર્તૃ ભોક્તૃતણો જ યુક્તિવશથી હો ભેદ નિર્ભેદ હો !
હો ભોક્તા કરતા જ વા ઈમ મ હો વસ્તુ સંચિતવો !
પ્રોતા સૂત્ર શું આત્મમાં, ન નિપુણે શક્યા ક્વચિત્ ભરવી,
ચિત્ ચિંતામણિ માળ એક અમને આ તો ચકાસે બધે. ૨૦૯

## અમૃત પદ - ૨૦૯

'ભૈયા ! વિષમ આ સંસાર' - એ રાગ

ચિત્ચિંતામણિ માળ ચકાસે, અમને બધે આ એક,
**ભગવાન્ અમૃતચંદ્ર** પ્રકાશે, અનુભવ અમૃત છે... ચિત્ચિંતામણિ માળા. ૧
કર્તા ને ભોક્તાનો યુક્તિ, વશ હો ભેદ અભેદ !
હો કર્ત્તા તે ભોક્તા મ વા હો, વસ્તુ જ ચિંતવો અભેદ... ચિત્ચિંતામણિ માળા. ૨
સૂત્ર શું આત્મામાંહિ પરોવી, ચિત્ચિંતામણિ માલ,
અમને તો સર્વતઃ જ પ્રકાશે, એક સદા ત્રણ કાળ... ચિત્ચિંતામણિ માળા. ૩
નિપુણોથી પણ જેહ ભરવી, શક્ય નહિ કો કાળ,
ચિત્ચિંતામણિ માળા એવી, **ભગવાન અમૃત** ભાળ !... ચિત્ચિંતામણિ માળા. ૪
તત્ત્વચિંતામણિ પ્રતિપદ ગૂંથી, તત્ત્વચિંતામણિ માળ,
**તત્ત્વચિંતામણિ અમૃતચંદ્રે,** અમૃત પાયું રસાળ... ચિત્ચિંતામણિ માળા. ૫

**અર્થ** - કર્ત્તાનો અને વેદયિતાનો (ભોક્તાનો) યુક્તિ વશથી ભેદ હો, વા અભેદ પણ હો અને કર્ત્તા વેદયિતા (ભોક્તા) ભલે મ હો, (પણ) વસ્તુ જ સમ્યક્પણે ચિંતવાઓ ! સૂત્રની જેમ અહીં આત્મામાં પરોવાયેલી જે નિપુણોથી ક્વચિત્ ભેદવી શક્ય નથી એવી આ ચિત્ચિંતામણિ માલિકા અમને સર્વતઃ પણ એકા પ્રકાશે જ છે. ૨૦૯

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ભાસ્યું નિજ સ્વરૂપ તે, શુદ્ધ ચેતના રૂપ;
અજર અમર અવિનાશી ને, દેહાતીત સ્વરૂપ.''
**- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૨૦**

અત્રે અનેકાંત સિદ્ધાંતના અનન્ય પુરસ્કર્ત્તા અમૃતચંદ્રાચાર્યજી મતમતાંતર અંગે અદ્‌ભુત સામ્ય દાખવી અલૌકિક આત્મઅનુભવ-નિશ્ચયથી પ્રકાશે છે - યુક્તિવશથી - યુક્તિને આધીનપણે કર્ત્તાનો અને વેદયિતાનો - ભોક્તાનો ભેદ હો, વા અભેદ હો ! અને કર્ત્તા છે તે વેદયિતા - વેદનારો ભલે મ હો !

પણ વસ્તુ જ સમ્યક્પણે ચિંતવાઓ - वस्त्वेव संचिंत्यतां - વસ્તુ કાંઈ કોઈ સમયે ખંડ ખંડ ટૂકડા થઈ જતી નથી, ત્રણે કાળમાં પ્રતિસમયે અખંડ જ વર્તે છે, તે વસ્તુનું જ સમ્યક્ - જેમ છે તેમ યથાવત્ ચિંતન કરાઓ ! અને અમને તો આ ચિત્ચિંતામણિ માલિકા સર્વતઃ પણ એકા એવી ચકાસે જ છે ! આત્મ અનુભવપ્રકાશથી પ્રકાશે જ છે ! આત્માનુભવ તેજના ઝળહળાટથી ઝગમગે જ છે ! - चिच्चिंतामणिमालिकेयमभितोऽप्येका चकास्त्येव नः - કે જે સૂત્રની - દોરાની જેમ અહીં આત્મામાં પરોવાયેલી ચિત્ ચિંતામણિ માલિકા નિપુણોથી - કુશળજનોથી ક્વચિત્ પણ ભેદવી - ભેદ પમાડવી કે ખંડિત કરવી શક્ય નથી - प्रोता सूत्र इवात्मनीह निपुणै भृर्त्तुं न शक्या क्वचित् । જેમ સૂત્રથી - દોરાથી પરોવાયેલ માળા એક અખંડ અભેદ ભાસે, તેમ ચિત્ ચિંતામણિ - ચૈતન્ય સૂત્રમાં પરોવાયેલી આ આત્મારૂપ ચૈતન્યમાલા અમને તો આત્માનુભવ પ્રકાશથી એક અખંડ અભેદ ભાસે છે અને તેનું ભેદન - ખંડન ગમે તેવા ન્યાયનિપુણોથી પણ ક્યારેય પણ કોઈ પણ પ્રકારે પણ કરી શકાય એમ નથી. માટે અમે જે આ અનુભવ પ્રકાશથી કહીએ છીએ તેમ તમે પણ હે આત્માર્થી મુમુક્ષુઓ ! જો આત્મ વસ્તુનું સમ્યક્ ચિંતન કરશો, તો તમે પણ આ ત્રણે કાળમાં એક અખંડ અભેદ વસ્તુનો અનુભવ કરી સ્વયં પ્રતીતિ પામશો.

વ્યવહાર દૃષ્ટિથી કર્તૃ કર્મ વિભિન્ન મનાય છે, પણ નિશ્ચયથી જો વસ્તુ ચિંતીએ તો કર્તૃ-કર્મ સદા એક મનાય છે, એવા ભાવનો **સમયસાર કળશ** (૧૮) કહે છે -

रथोद्धता

**व्यावहारिकदृशैव केवलं, कर्तृ कर्म च विभिन्नमिष्यते ।**
**निश्चयेन यदि वस्तु चिंत्यते, कर्तृ कर्म च सदैकमिष्यते** ॥२१०॥

વ્યાવહારિક દૃશે જ કેવલ, કર્તૃ કર્મ જ વિભિન્ન ઈષ્ટ છે;
નિશ્ચયે જ યદિ વસ્તુ ચિંતીએ, કર્તૃ કર્મ નિત એક ઈષ્ટ છે. ૨૧૦

## અમૃત પદ - ૨૧૦

'પિયા પર ઘર મત ન જાયો રે !' એ રાગ

નિશ્ચય વ્યવહાર દૃષ્ટિએ રે, કરીએ તત્ત્વ વિચાર;
ભગવાન **અમૃત** સ્વામીએ રે, દર્શો સ્પષ્ટ પ્રકાર... નિશ્ચય વ્યવહાર.
કેવળ વ્યવહાર દૃષ્ટિએ રે, કર્ત્તા કર્મ વિભિન્ન;
નિશ્ચયે વસ્તુ જ ચિંતીએ રે, કર્ત્તા કર્મ અભિન્ન... નિશ્ચય વ્યવહાર.
કર્ત્તા કર્મ સદા એક છે રે, ઈષ્ટ નિશ્ચયથી જ આમ;
દૃષ્ટિ સાપેક્ષ વિવેક કહ્યો રે, ભગવાન **અમૃત** સ્વામ... નિશ્ચય વ્યવહાર.

**અર્થ** - વ્યાવહારિક દૃષ્ટિથી જ કેવલ કર્તા અને કર્મ વિભિન્ન માનવામાં આવે છે, નિશ્ચયથી જો વસ્તુ ચિંતવાય છે, તો કર્તૃ કર્મ સદા એક માનવામાં આવે છે. ૨૧૦

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અથવા નિજ પરિણામ, જે શુદ્ધ ચેતના રૂપ;
કર્ત્તા ભોક્તા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ.''
**- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૨૨**

''દરબ કરમ કરતા અલખ, યહ વિવહાર કહાઉં,
નિહચૈ જો જૈસૌ દરબ, તૈસૌ તાકૌ ભાઉ.'' - **શ્રી બના.કૃત સ.સા. સર્વ વિ.અ. ૪૯**

હવે નીચેની ગાથાની ઉત્થાનિકા રૂપ આ કળશ કહ્યો છે - કર્તા અને કર્મ કેવલ - માત્ર વ્યવહારિક દૃષ્ટિથી જ વિભિન્ન - જૂદા જૂદા માનવામાં આવે છે, પણ નિશ્ચયથી જો વસ્તુ ચિંતવવામાં આવે છે, તો કર્તા અને કર્મ સદા એક ઈષ્ટ માનવામાં આવે છે - निश्चयेन यदि वस्तु चिंत्यते, कर्तृ कर्म च विभिन्नमिष्यते ।

**जह सिप्पिओ उ कम्मं कुव्वंइ ण य सो उ तम्मओ होइ ।**
**तह जीवोवि य कम्मं कुव्वदि ण य तम्मओ होइ ॥३४९॥**
**जह सिप्पिओ उ करणेहिं कुव्वइ ण य सो उ तम्मओ होइ ।**
**तह जीवो करणेहिं कुव्वइ ण य तम्मओ होइ ॥३५०॥**
**जह सिप्पिओ उ करणाणि गिह्लइ ण सो उ तम्मओ होइ ।**
**तह जीवो करणाणि उ गिह्लइ ण य तम्मओ होइ ॥३५१॥**
**जह सिप्पिओ कम्मफलं भुंजदि ण य सो उ तम्मओ होइ ।**
**तह जीवो कम्मफलं भुंजइ ण य तम्मओ होइ ॥३५२॥**
**एवं ववहारस्स उ वत्तव्वं दरिसणं समासेण ।**
**सुणु णिच्छयस्स वयणं परिणामकयं तु जं होइ ॥३५३॥**
**जह सिप्पिओ उ चिट्ठं कुव्वइ हवइ य तहा अणण्णो से ।**
**तह जीवोवि य कम्मं कुव्वइ हवइ य अणण्णो से ॥३५४॥**
**जहं चिट्ठं कुव्वंतो उ सिप्पिओ निच्च दुक्खिओ होई ।**
**तत्तो सिया अणण्णो तह चेट्ठंतो दुही जीवो ॥३५५॥ (सप्तकम्)**

જેમ શિલ્પિક કર્મ કરે, પણ તન્મય તે નો'ય;
તેમ જીવ પણ કર્મ કરે, પણ નજ તન્મય હોય. ૩૪૯
જેમ શિલ્પિ કરણોથી કરે, પણ તન્મય તે નો'ય;
તેમ જીવ કરણોથી કરે, પણ ન જ તન્મય હોય. ૩૫૦
જેમ શિલ્પિક કરણો ગ્રહે, પણ તન્મય તે નો'ય;
તેમ જીવ કરણો ગ્રહે, પણ ન જ તન્મય હોય. ૩૫૧
જેમ શિલ્પિક કર્મફલ ભોગવે, પણ તન્મય તે નો'ય;
તેમ જીવ ભોગે કર્મફલ, પણ ન જ તન્મય હોય. ૩૫૨
એમ વક્તવ્ય વ્યવહારનું, સમાસ દર્શન સોય;
સુણ નિશ્ચયનું વચન આ, પરિણામકૃત જે હોય. ૩૫૩
જેમ શિલ્પી ચેષ્ટા કરે, તેથી હોય અનન્ય;
તેમ જીવ પણ કર્મ કરે, તેથી હોય અનન્ય. ૩૫૪
જેમ ચેષ્ટા કરતો શિલ્પિકો, નિત્ય દુઃખિઓ હોય;
તેમ તેથી અનન્ય ચેષ્ટતો, જીવ દુઃખિઓ સોય. ૩૫૫

---

**आत्मभावना -**

यथा शिल्पिकस्तु कर्म करोति - **જેમ શિલ્પિક તો કર્મ કરે છે,** न च स तु तन्मयो भवति - **અને તે તન્મય નથી હોતો,** तथा जीवोऽपि च कर्म करोति - **તેમ જીવ પણ કર્મ કરે છે,** न च तन्मयो भवति - **અને તન્મય નથી હોતો.** ઈ. યાવત્ ॥३४९-३५२॥

एवं व्यवहारस्य वक्तव्यं समासेन दर्शनं - **એમ વ્યવહારનું** एवं व्यवहारस्य वक्तव्यं समासेन दर्शनं - **એમ વ્યવહારનું વક્તવ્ય - કહેવાનું છે તેનું સમાસથી - સંક્ષેપથી દર્શન છે** - श्रृणु निश्चयस्य वचनं - **નિશ્ચયનું વચન સાંભળ,** परिणामकृतं तु यद्भवति - **કે જે પરિણામકૃત હોય છે.** यथा शिल्पिकस्तु चेष्टां करोति - **જેમ શિલ્પિક નિશ્ચયે કરીને ચેષ્ટા કરે છે,** भवति च तस्मात् अनन्यः - **અને તેનાથી (ચેષ્ટાથી) અનન્ય હોય છે,** तथा जीवोऽपि

ગાથા - જેમ શિલ્પિક કર્મ કરે છે અને તે તન્મય હોતો નથી, તેમ જીવ પણ કર્મ કરે છે અને તન્મય હોતો નથી. ૩૪૯

જેમ શિલ્પિક કરણો વડે કરે છે અને તે તન્મય હોતો નથી, તેમ જીવ કરણો વડે કરે છે અને તે તન્મય હોતો નથી. ૩૫૦

જેમ શિલ્પિક કરણો ગ્રહે છે અને તે તન્મય હોતો નથી, તેમ જીવ કરણો ગ્રહે છે અને તન્મય હોતો નથી. ૩૫૧

જેમ શિલ્પિક કર્મફલ ભોગવે છે અને તે તન્મય હોતો નથી, તેમ જીવ કર્મફલ ભોગવે છે અને તે તન્મય હોતો નથી. ૩૫૨

એમ વ્યવહારનું દર્શન, સમાસથી (સંક્ષેપથી) વક્તવ્ય છે, નિશ્ચયનું વચન સાંભળ, કે જે પરિણામકૃત હોય છે. ૩૫૩

જેમ શિલ્પિક ચેષ્ટા કરે છે અને તથા પ્રકારે તેનાથી અનન્ય હોય છે, તેમ જીવ પણ કર્મ કરે છે અને તેનાથી અનન્ય હોય છે. ૩૫૪

જેમ ચેષ્ટા કરતો શિલ્પિક નિત્ય દુઃખીઓ હોય છે, તેમ તથાપ્રકારે અનન્ય ચેષ્ટા કરતો જીવ દુઃખી હોય છે. ૩૫૫

---

कर्म करोति - તેમ જીવ પણ કર્મ કરે છે, भवति च तस्मात् अनन्यः - અને તેનાથી અનન્ય હોય છે. यथा चेष्टां कुर्वाणस्तु शिल्पिको नित्यदुःखितो भवति - અને જેમ ચેષ્ટા કરતો શિલ્પિક નિશ્ચયે કરીને નિત્ય દુઃખિઓ હોય છે, तथा तस्माच्च अनन्यः चेष्टमानो जीवः दुःखी स्यात् - તેમ તેનાથી અનન્ય એવો ચેષ્ટમાન - ચેષ્ટા કરતો જીવ દુઃખી થાય. ||૩૪૯-૩૫૫|| इति **गाथा** आत्मभावना ||३४९-३५५||

यथा खलु शिल्पी सुवर्णकारादिः - જેમ ખરેખર ! સ્ફુટપણે શિલ્પી સુવર્ણકારાદિ, कुंडलादि परद्रव्यपरिणामात्मकं कर्म करोति - કુંડલાદિ પરદ્રવ્યપરિણામાત્મક કર્મ કરે છે, हस्तकुट्टकादिभिः परद्रव्यपरिणामात्मकैः करणैः करोति - હસ્ત કુટ્ટકાદિ - હથોડી આદિ પરદ્રવ્ય પરિણામાત્મક કરણો વડે કરે છે, हस्तकुट्टकादीनि परद्रव्यपरिणामात्मकानि करणानि गृह्णाति - હથોડી આદિ પરદ્રવ્ય પરિણામાત્મક કરણો ગ્રહે છે, ગ્રામાદિ પરદ્રવ્ય પરિણામાત્મક કુંડલાદિ કર્મફલ ભોગવે છે, न त्वनेकद्रव्यत्वेन ततोऽन्यत्वे सति तन्मयो भवति - પણ અનેક દ્રવ્યપણાએ કરીને તેનાથી અનન્યપણું સતે તન્મય નથી થતો. તેથી શું ? ततो - તેથી निमित्त नैमित्तिक भावमात्रेणैव - નિમિત્ત - નૈમિત્તિક ભાવ માત્રથી જ तत्र कर्तृकर्मभोक्तृभोग्यत्वव्यवहारः - ત્યાં કર્તૃ કર્મ - ભોક્તૃ ભોગ્યત્વ વ્યવહાર છે. तथा आत्मापि - તેમ આત્મા પણ, पुण्यपापादि पुद्गलपरिणामात्मकं कर्म करोति - પુણ્ય પાપાદિ પુદ્ગલ પરિણામાત્મક કર્મ કરે છે, कायवाङ्मनोभिः पुद्गलद्रव्यपरिणामात्मकैः करणैः करोति - કાય-વાઙ્-મનઃ પુદ્ગલ द्रव्यपरिणामात्मकानि करणानि गृह्णाति - કાય-વાઙ્-મનઃ પુદ્ગલ પરિણામાત્મક કરણો ગ્રહે છે, सुखदुःखादिपुद्गलद्रव्यपरिणामात्मकं पुण्यपापादि कर्मफलं भुंक्ते च - અને સુખ-દુઃખાદિ પુદ્ગલ દ્રવ્ય પરિણામાત્મક પુણ્ય પાપાદિ કર્મફલ ભોગવે છે, न त्वेनकद्रव्यत्वेन ततोऽन्यत्वे सति तन्मयो भवति - પણ અનેક દ્રવ્યપણાએ કરીને તેનાથી અન્યપણું સતે તન્મય નથી થતો. તેથી શું ? ततो - તેથી निमित्तनैमित्तिकभावमात्रेणैव - નિમિત્ત - નૈમિત્તિક ભાવ માત્રથી જ तत्र कर्तृकर्मभोक्तृभोग्यत्वव्यवहारः - તેમાં કર્તૃ કર્મત્વનો અને ભોક્તૃ ભોગ્યત્વનો વ્યવહાર છે.

यथा च स एव शिल्पी - અને જેમ તે જ શિલ્પી चिकीर्षु - ચિકીર્ષુ - કરવાની ઈચ્છાવાળો સતો, चेष्टारूपमात्मपरिणामात्मकं कर्म करोति - ચેષ્ટારૂપ આત્મ પરિણામાત્મક કર્મ કરે છે, दुःखलक्षणमात्मपरिणामात्मकं चेष्टानुरूपकर्मफलं भुंक्ते च - અને ચેષ્ટાને અનુરૂપ દુઃખ લક્ષણ આત્મપરિણામાત્મક કર્મફલ ભોગવે છે, एकद्रव्यत्वेन ततोऽनन्यत्वे सति तन्मयश्च भवति - અને એકદ્રવ્યપણાએ કરીને તેથી અનન્યપણું સતે તન્મય હોય છે, ततः - તેથી કરીને परिणामपरिणामिभावेन - પરિણામ - પરિણામી ભાવથી तत्रैव - ત્યાં જ कर्तृकर्मभोक्तृभोग्यत्वनिश्चयः - કર્તા કર્મત્વનો અને ચિકીર્ષુ - કરવાની ઈચ્છાવાળો સતો, चेष्टारूपमात्मपरिणामात्मकं कर्मणामात्मकं चेष्टानुरूप कर्मफलं भुंक्ते च - અને ચેષ્ટાને અનુરૂપ દુઃખ લક્ષણ આત્મપરિણામાત્મક કર્મફલ ભોગવે છે. एकद्रव्यत्वेन ततोऽजन्यत्वे सति तन्मयश्च भवति - અને તેથી એકદ્રવ્યપણાએ કરીને તેનાથી અનન્યપણું સતે તન્મય હોય છે. ततः - તેથી परिणामपरिणामिभावेन - પરિણામ પરિણામી ભાવથી तत्रैव - ત્યાં જ कर्तृकर्मभोक्तृभोग्यत्व निश्चयः - કર્તાકર્મત્વનો અને ભોક્તૃભોગ્યત્વનો નિશ્ચય છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ||३४९||३५०||३५१||३५२||३५३||३५४||३५५||

## आत्मख्याति टीका

**यथा शिल्पिकस्तु कर्म करोति न च स तु तन्मयो भवति ।**
**तथा जीवोऽपि च कर्म करोति न च तन्मयो भवति ॥३४९॥**
**यथा शिल्पिकस्तु करणैः करोति न स तन्मयो भवति ।**
**तथा जीवः करणैः करोति न च तन्मयो भवति ॥३५०॥**
**यथा शिल्पिकस्तु करणानि गृह्णाति न च स तु तन्मयो भवति ।**
**तथा जीवः करणानि तु गृह्णाति न च तन्मयो भवति ॥३५१॥**
**यथा शिल्पिकः कर्मफलं भुंक्ते न च स तु तन्मयो भवति ।**
**तथा जीवः कर्मफलं भुंक्ते न च तन्मयो भवति ॥३५२॥**
**एवं व्यवहारस्य तु वक्तव्यं दर्शनं समासेन ।**
**श्रृणु निश्चयस्य वचनं परिणामकृतं तु यद्भवति ॥३५३॥**
**यथा शिल्पिकस्तु चेष्टां करोति भवति च तथानन्यस्तस्याः ।**
**तथा जीवोऽपि कर्म करोति भवति चानन्यस्तस्मात् ॥३५४॥**
**यथा चेष्टां कुर्वाणस्तु शिल्पिको नित्यदुःखितो भवति ।**
**तस्माच्च स्यादनन्यस्तथा चेष्टमानो दुःखी जीवः ॥३५५॥**

यथा खलु शिल्पी सुवर्णकारादि :
कुंडलादिपरद्रव्यपरिणामात्मकं कर्म करोति,
हस्तकुट्टकादिभिः परद्रव्यपरिणामात्मकैः करणैः करोति,
हस्तकुट्टकादीनि परद्रव्यपरिणामात्मकानि करणानि गृह्णाति,
ग्रामादि परद्रव्यपरिणामात्मकं कुंडलादिक कर्मफलं भुंक्ते,
न त्वनेकद्रव्यत्वेन ततोऽन्यत्वे सति
तन्मयो भवति,
ततो निमित्तनैमित्तिकभावमात्रेणैव
तत्र कर्तृकर्मभोक्तृभोग्यत्वव्यवहारः ।

यथा च स एव **शिल्पी** चिकीर्षु
चेष्टानुरूपमात्मपरिणामात्मकं कर्म करोति,
दुःख लक्षणमात्मपरिणामात्मकं चेष्टानुरूप कर्मफलं भुंक्ते च,
एकद्रव्यत्वेन ततोऽनन्यत्वे सति
तन्मयश्च भवति,
ततः परिणामपरिणामिभावेन
तत्रैव कर्तृकर्मभोक्तृभोग्यत्वनिश्चयः ।

तथा**त्मापि**
पुण्यपापादि पुद्गलपरिणामात्मकं कर्म करोति
कायवाङ्मनोभिः पुद्गलद्रव्य परिणामात्मक
कायवाङ्मनांसि पुद्गलपरिणामात्मकानि करणानि गृह्णाति,
सुखदुःखादि पुद्गलद्रव्य परिणामात्मकं पुण्यपापादिकर्मफलं भुंक्ते च,
न त्वनेकद्रव्यत्वेन ततोऽन्यत्वे सति
तन्मयो भवति,
ततो निमित्तनैमित्तिकभावमात्रेणैव
तत्र कर्तृकर्मभोक्तृभोग्यत्वव्यवहारः ।

तथात्मापि चिकीर्षु
श्चेष्टारूपमात्मपरिणामात्मकं कर्म करोति,
दुःखलक्षणमात्मपरिणामात्मकं चेष्टामरूपकर्म फलं भुंक्ते च,
एकद्रव्यत्वेन ततोनन्यत्वे सति
तन्मयश्च भवति,
ततः परिणामपरिणामिभावेन
तत्रैव कर्तृकर्मभोक्तृभोग्यत्वनिश्चयः ॥३४९-३५५॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

| | |
|---|---|
| જેમ સ્ફુટપણે શિલ્પી સુવર્ણકારાદિ | તેમ આત્મા પણ |
| કુંડલાદિ પરદ્રવ્ય પરિણામાત્મક કર્મ કરે છે, | પુણ્ય પાપાદિ પુદ્ગલપરિણામાત્મક કર્મ કરે છે, |
| હથોડી આદિ પરદ્રવ્યપરિણામાત્મક કરણો વડે કરે છે, | કાય-વાઙ્-મનઃ પુદ્ગલ પરિણામાત્મક કરણો વડે કરે છે, |
| હથોડી આદિ પરદ્રવ્યપરિણામાત્મક કરણો વડે ગ્રહે છે, | કાય-વાઙ્-મનઃ પુદ્ગલ પરિણામાત્મક કરણો ગ્રહે છે, |
| ગ્રામાદિ પરદ્રવ્યપરિણામાત્મક કુંડલાદિ કર્મફલ ભોગવે છે, | સુખ દુઃખાદિ પુદ્ગલ દ્રવ્ય પરિણામાત્મક પુણ્ય પાપાદિ કર્મફલ ભોગવે છે, |
| પણ અનેક દ્રવ્યપણાએ કરીને તેનાથી અન્યપણું સતે તન્મય નથી થતો, | પણ અનેક દ્રવ્યપણાએ કરીને તેનાથી અન્યપણું સતે તન્મય નથી થતો, |
| તેથી નિમિત્ત નૈમિત્તિક ભાવ માત્રથી જ | તેથી નિમિત્ત-નૈમિત્તિક ભાવ માત્રથી જ |
| ત્યાં કર્તૃકર્મ ભોક્તૃભોગ્યત્વ વ્યવહાર છેઃ - | ત્યાં કર્તૃ-કર્મ-ભોક્તૃ ભોગ્યત્વ વ્યવહાર છે. |
| અને જેમ તે જ શિલ્પી કરવાને ઈચ્છતો, | તેમ આત્મા પણ કરવાને ઈચ્છતો (ચિકીર્ષુ) |
| ચેષ્ટાનુરૂપ આત્મપરિણામાત્મક કર્મ કરે છે | ચેષ્ટારૂપ આત્મપરિણામાત્મક કર્મ કરે છે |
| અને દુઃખલક્ષણ આત્મપરિણામાત્મક | અને દુઃખલક્ષણ આત્મપરિણામાત્મક |
| ચેષ્ટાનુરૂપ કર્મફલ ભોગવે છે | ચેષ્ટારૂપ કર્મફલ ભોગવે છે |
| અને અનેક દ્રવ્યપણાએ કરીને તેનાથી અનન્યપણું સતે | અને એકદ્રવ્યપણાએ કરીને તેનાથી અનન્યપણું સતે |
| તન્મય હોય છે, | તન્મય હોય છે, |
| તેથી પરિણામ-પરિણામી ભાવથી | તેથી પરિણામ પરિણામી ભાવથી |
| ત્યાં જ કર્તૃકર્મત્વ - ભોક્તૃભોગ્યત્વ નિશ્ચય છેઃ | ત્યાં જ કર્તૃકર્મત્વ-ભોક્તૃભોગ્યત્વ નિશ્ચય છે. ૩૪૯-૩૫૫ |

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''નિશ્ચયને વિષે અકર્ત્તા, વ્યવહાર વિષે કર્ત્તા ઈત્યાદિ જે વ્યાખ્યાન સમયસારને વિષે ને વિચારવાને યોગ્ય છે, તથાપિ નિવૃત્ત થયા છે જેના બોધ સંબંધી દોષ એવા જ્ઞાની તે પ્રત્યેથી એ પ્રકાર સમજવા યોગ્ય છે. ** સમજવા યોગ્ય તો જે છે તે... સ્વરૂપ પ્રાપ્ત થાય છે, જે નિર્વિકલ્પ પણે એવા જ્ઞાનીથી ** છ માસ સંપૂર્ણ થયા જેને પરમાર્થ પ્રત્યે એક પણ વિકલ્પ ઉત્પન્ન થયો નથી એવા શ્રી...ને નમસ્કાર છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૭૮**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે વ્યવહારથી કર્તા-કર્મનો ભેદ છે પણ નિશ્ચયથી તો કર્તા કર્મનો ભેદ નથી, એ સિદ્ધાંતનું અત્રે **શાસ્ત્રકર્તાએ** શિલ્પીના દૃષ્ટાંતથી સુંદર પ્રતિપાદન કર્યું છે અને આ દૃષ્ટાંતનો અદ્ભુત દૃષ્ટાંત-દાર્ષ્ટાંતિક ભાવ બિંબ-પ્રતિબિંબપણે સાંગોપાંગ પ્રવ્યક્ત કરી **'આત્મખ્યાતિ'કર્ત્તા અમૃતચંદ્રાચાર્યજીએ** નિષ્તુષ સ્પષ્ટીકરણથી પ્રસ્તુત સિદ્ધાંતનો અનંતગુણવિશિષ્ટ વજ્રલેપ દૃઢ સુવિનિશ્ચય કરાવ્યો છે.

જેમ કોઈ શિલ્પી-કળાકાર સુવર્ણકારાદિ - સોની વગેરે છે, તે કુંડલ વગેરે **'પરદ્રવ્ય પરિણામાત્મક'** - પરદ્રવ્યપરિણામમય કરે છે - 'परद्रव्यपरिणामात्मकं कर्म करोति, હથોડી વગેરે **'પરદ્રવ્યપરિણામાત્મક'** - પરદ્રવ્ય પરિણામમય કરણો - સાધનો (Instruments) વડે કરે છે, હથોડી વગેરે 'પરદ્રવ્ય પરિણામાત્મક' - પરદ્રવ્ય - પરિણામમય કરણો - સાધનો ગ્રહે છે અને કુંડલ વગેરે

કર્મનું ગ્રામાદિગ્રામ વગેરે 'પરદ્રવ્ય પરિણામાત્મક' - પરદ્રવ્ય પરિણામમય કર્મફલ ભોગવે છે, પણ તન્મય નથી થતો - न च तन्मयो भवति, શાને લઈને ? અનેકદ્રવ્યપણાએ કરીને તેનાથી અન્યપણું હોઈને - अनेकद्रव्यत्वेन ततोऽन्यत्वे सति । અર્થાત્ કુંડલાદિ કર્મ, હથોડી આદિ કરણો - સાધનો અને ગ્રામાદિ કર્મફલ પરદ્રવ્યપરિણામાત્મક - પરદ્રવ્ય પરિણામમય છે, એથી કરીને શિલ્પી અને કર્માદિનું અનેક દ્રવ્યપણું છે - અનેક - ભિન્ન ભિન્ન દ્રવ્યપણું છે - એકદ્રવ્યપણું નથી, એટલે તે કર્માદિથી શિલ્પીનું અન્યપણું - ભિન્નપણું - પૃથક્પણું છે અને એટલે જ શિલ્પી તન્મય હોતો નથી - તે તે કર્માદિમય હોતો નથી, કુંડળાદિમય કે હથોડી આદિમય કે ગ્રામાદિમય બની જતો નથી, સોની કાંઈ કુંડળ કે હથોડી કે ગ્રામાદિ બની જઈ તન્મયપણું ધરતો નથી. આ ઉપરથી શું ફલિત થાય છે ? निमित्तनैमित्तिक भावमात्रेणैव - **નિમિત્ત - નૈમિત્તિક ભાવમાત્રથી જ ત્યાં કર્તૃકર્મત્વ - ભોક્તૃ ભોગ્યત્વનો વ્યવહાર છે,** तत्र कर्तृकर्मभोक्तृभोग्यत्वव्यवहारः । અર્થાત્ સુવર્ણકાર નિમિત્ત છે અને કુંડલાદિ કર્મ તથા ગ્રામાદિ કર્મફલ નિમિત્તથી ઉપજતો નૈમિત્તિક ભાવ છે, આ નિમિત્ત - નૈમિત્તિક ભાવ માત્રથી જ ત્યાં - કુંડલાદિ કર્મ કરવાની તથા ગ્રામાદિ કર્મફલ ભોગવવાની બાબતમાં કર્તા કર્મપણાનો અને ભોક્તા ભોગ્યપણાનો વ્યવહાર છે. એટલે કે માત્ર - કેવલ નિમિત્તપણે જ વ્યવહારથી સુવર્ણકાર પરદ્રવ્ય પરિણામાત્મક કુંડળાદિ કર્મનો કર્ત્તા અને પરદ્રવ્ય પરિણામાત્મક ગ્રામાદિ કર્મફલનો ભોક્તા છે અને માત્ર - કેવલ નિમિત્તજન્ય નૈમિત્તિક પણે જ વ્યવહારથી કુંડળાદિ સુવર્ણાકારનું પરદ્રવ્ય પરિણામાત્મક કર્તવ્ય કર્મ છે અને ગ્રામાદિ સુવર્ણકારનું પરદ્રવ્ય પરિણામાત્મક ભોગ્ય છે. આમ નિમિત્ત નૈમિત્તિક ભાવમાત્રથી જ કર્તા કર્મપણાનો અને ભોક્તા ભોગ્યપણાનો વ્યવહાર છે.


તેમ આત્મા પણ પુણ્યપાપાદિ 'પુદ્‌ગલ દ્રવ્યાત્મક' - પુદ્‌ગલ દ્રવ્યમય કર્મ કરે છે - કાય-વાઙ્મનઃ-તન-વચન-મન એ ત્રિયોગરૂપ 'પુદ્‌ગલ દ્રવ્ય પરિણામાત્મક' - પુદ્‌ગલ દ્રવ્ય પરિણામમય કરણો - સાધનો (Tools, Instruments) વડે કરે છે, કાય-વાઙ્-મનઃ-તન-વચન-મન એ ત્રિયોગ રૂપ 'પુદ્‌ગલ દ્રવ્ય પરિણામાત્મક' - પુદ્‌ગલ દ્રવ્ય પરિણામમય કરણો - સાધનો ગ્રહે છે અને તે પુણ્ય પાપાદિકર્મનું સુખદુઃખાદિ 'પુદ્‌ગલ દ્રવ્ય પરિણામાત્મક' - પુદ્‌ગલ દ્રવ્ય પરિણામમય કર્મફલ ભોગવે છે, પણ તન્મય નથી થતો - न च तन्मयो भवति । - શાને લઈને ? અનેક - દ્રવ્યપણાએ કરીને તેનાથી અન્યપણું હોઈને - अनेकद्रव्यत्वेन ततोऽन्यत्वे सति । - અર્થાત્ પુણ્ય પાપાદિ કર્મ, કાય-વાઙ્-મનઃ કરણો અને સુખ દુઃખાદિ કર્મફલ 'પુદ્‌ગલ દ્રવ્ય પરિણામાત્મક' - પુદ્‌ગલ દ્રવ્ય પરિણામમય છે, એથી કરીને આત્મા અને પુણ્ય પાપાદિનું અનેક દ્રવ્યપણું છે, અનેક - ભિન્ન ભિન્ન દ્રવ્યપણું છે, એકદ્રવ્યપણું નથી, એટલે તે દ્રવ્ય કર્માદિથી આત્માનું અન્યપણું - ભિન્નપણું - પૃથક્પણું છે અને એટલે જ આત્મા તન્મય હોતો નથી - તે તે પુદ્‌ગલ દ્રવ્ય પરિણામાત્મક કર્માદિમય હોતો નથી, પુણ્ય પાપાદિ દ્રવ્યકર્મમય કે મન-વચન-કાયા યોગમય કે સુખ દુઃખાદિ દ્રવ્ય કર્મફલમય બની જતો નથી, આત્મા કાંઈ પુદ્‌ગલમય દ્રવ્યકર્મ કે મન-વચન-કાય યોગ કે સુખ દુઃખાદિ બની જઈ તન્મયપણું ધરતો નથી. આ ઉપરથી શું ફલિત થાય છે ? निमित्त नैमित्तिकभावमात्रेणैव - **નિમિત્ત - નૈમિત્તિક ભાવમાત્રથી જ ત્યાં કર્તૃકર્મત્વ - ભોક્તૃભોગ્યત્વ વ્યવહાર છે,** तत्र कर्तृकर्मभोक्तृभोग्यत्वव्यवहारः । - અર્થાત્ આત્મા નિમિત્ત છે અને પુણ્ય પાપાદિ દ્રવ્યકર્મ તથા મન-વચન-કાય કરણો તથા સુખ દુઃખાદિ દ્રવ્યકર્મફલ એ નિમિત્તથી ઉપજતા નૈમિત્તિક ભાવ છે, આ નિમિત્ત - નૈમિત્તિક ભાવમાત્રથી જ ત્યાં - પુણ્ય પાપાદિ દ્રવ્યકર્મ કરવાની અને સુખ દુઃખાદિ દ્રવ્ય કર્મફલ ભોગવવાની બાબતમાં કર્તા કર્મપણાનો અને ભોક્તા ભોગ્યપણાનો વ્યવહાર છે, એટલે કે 'માત્ર' - કેવલ નિમિત્તપણે જ આત્મા વ્યવહારથી પુદ્‌ગલ દ્રવ્ય પરિણામાત્મક દ્રવ્ય કર્મનો કર્ત્તા અને પુદ્‌ગલ દ્રવ્ય પરિણામાત્મક દ્રવ્ય કર્મફલનો ભોક્તા છે અને માત્ર - કેવલ નિમિત્ત જન્ય નૈમિત્તિકપણે જ પુદ્‌ગલ દ્રવ્ય પરિણામાત્મક પુણ્યપાપાદિ વ્યવહારથી

આત્માનું કર્ત્તવ્ય કર્મ છે અને પુદ્ગલદ્રવ્ય પરિણાત્મિક સુખદુઃખાદિ વ્યવહારથી આત્માનું ભોક્તવ્ય ભોગ્યવ છે. આમ નિમિત્ત - નૈમિત્તિક ભાવમાત્રથી જ આત્માનો અને પૌદ્ગલિક - દ્રવ્યકર્મનો **કર્તૃકર્મત્વ વ્યવહાર** તથા આત્માનો અને પૌદ્ગલિક દ્રવ્ય કર્મફલનો **ભોક્તૃભોગ્યત્વ વ્યવહાર છે.**

અને જેમ તે જ શિલ્પી - કળાકાર સુવર્ણકાર કરવાને ઈચ્છતો સતો - **'ચિકીર્ષુ'**, ચેષ્ટારૂપ **આત્મપરિણામાત્મક** - સ્વ પરિણામમય કર્મ કરે છે, चेष्टारूपमात्मपरिणामात्मकं कर्म करोति અને દુઃખ લક્ષણ આત્મપરિણામાત્મક ચેષ્ટાનુરૂપ કર્મફલ ભોગવે છે, दुःखलक्षणं आत्मपरिणामात्मकं चेष्टानुरूपं कर्मफलं च भुंक्ते, અર્થાત્ જેવી પોતાની ચેષ્ટા છે - પ્રવૃત્તિ રૂપ આચરણા છે તેવું - તેને તે ઉપજે 'અનુ' - અનુસરતું - છાજતું - અનુરૂપ દુઃખલક્ષણ આત્મપરિણામાત્મક - સ્વ પરિણામમય કર્મફલ ભોગવે છે અને તન્મય હોય છે, तन्मयश्च भवति - શાને લઈને ? એકદ્રવ્યપણાએ કરીને તેનાથી અનન્યપણું હોઈને - एकद्रव्यत्वेन ततोऽनन्यत्वे सति । - અર્થાત્ તે સુવર્ણકાર શિલ્પીનું અને તેની પોતાની આત્મ પરિણામાત્મક ચેષ્ટાનું અને દુઃખલક્ષણ ચેષ્ટાનુરૂપ ફલનું એક દ્રવ્યપણું છે - અભિન્ન દ્રવ્યપણું છે, એટલે તે આત્મપરિણામાત્મક ચેષ્ટાથી અને ચેષ્ટાનુરૂપ દુઃખ ફલથી તેનું અનન્યપણું - અભિન્નપણું - અપૃથક્પણું છે અને એટલે જ તે તન્મય હોય છે - તે આત્મપરિણામાત્મક ચેષ્ટામય હોય છે, જેવી પોતાની ચેષ્ટા તેવો તે સોની બની જઈ તન્મયપણું કરે છે. આ ઉપરથી શું ફલિત થાય છે ? परिणामपरिणामीभावेन - **પરિણામ-પરિણામી ભાવથી** ત્યાં જ **કર્તૃકર્મત્વ - ભોક્તૃભોગ્યત્વ નિશ્ચય** છે - तत्रैव कर्तृकर्मभोक्तृभोग्यत्वनिश्चयः । અર્થાત્ સુવર્ણકાર પરિણામી છે અને તેની પોતાની ચેષ્ટા છે તે તેનો પરિણામ છે - આ પરિણામ - પરિણામી ભાવથી ત્યાં જ - પોતાની ચેષ્ટા કરવાની અને પોતાની ચેષ્ટાને અનુરૂપ દુઃખ લક્ષણ ફલ ભોગવવાની બાબતમાં કર્તા કર્મપણાનો અને ભોક્તા ભોગ્યપણાનો નિશ્ચય છે. એટલે કે પરિણામી એવો સુવર્ણકાર પોતે જ નિશ્ચયથી પોતાના ચેષ્ટારૂપ કર્મનો કર્તા અને પોતાની ચેષ્ટાને અનુરૂપ દુઃખરૂપ ફલનો ભોક્તા છે અને તેનો પોતાનો ચેષ્ટારૂપ પરિણામ એ જ નિશ્ચયથી સુવર્ણકારનું કર્ત્તવ્ય કર્મ છે અને તે ચેષ્ટાને અનુરૂપ દુઃખ લક્ષણ સ્વપરિણામાત્મક ફલ એજ તેનું ભોક્તવ્ય - ભોગવવા યોગ્ય ભોગ્ય છે. આમ પરિણામ પરિણામી ભાવથી સુવર્ણકારનો અને તેની આત્મ પરિણામાત્મક ચેષ્ટાનો **કર્તૃ કર્મત્વ નિશ્ચય** છે અને સુવર્ણકારનો અને તેના આત્મ પરિણામાત્મક દુઃખ લક્ષણ ચેષ્ટાફલનો **ભોક્તૃ ભોગ્યત્વ નિશ્ચય** છે.

તેમ આત્મા પણ 'चिकीर्षु' ચિકીર્ષુ - કરવાને ઈચ્છતો સતો ચેષ્ટારૂપ **આત્મ પરિણામાત્મક - આત્મ પરિમામમય** કર્મ કરે છે અને દુઃખલક્ષણ આત્મપરિણામાત્મક ચેષ્ટાનુરૂપ કર્મફલ ભોગવે છે. અર્થાત્ જેવી પોતાની ચેષ્ટા છે - આત્મ પરિણમન પ્રવૃત્તિ રૂપ આચરણા છે તેવું - તેને - તે 'રૂપ'ને 'અનુ' - અનુસરતું - અનુરૂપ - છાજતું દુઃખ લક્ષણ આત્મપરિણામાત્મક - આત્મ પરિણામમય કર્મફલ ભોગવે છે અને તન્મય હોય છે - तन्मयश्च भवति । - શાને લઈને ? એકદ્રવ્યપણાએ કરીને તેનાથી અનન્યપણું હોઈને - एकद्रव्यत्वेन ततोऽनन्यत्वे सति । - અર્થાત્ આત્માનું અને તેની પોતાની આત્મ પરિણામાત્મક ચેષ્ટાનું અને ચેષ્ટાનુરૂપ દુઃખ લક્ષણ ફલનું **એકદ્રવ્ય પણું** છે, અભિન્ન દ્રવ્યપણું છે, એટલે તે આત્મ પરિણામાત્મક ચેષ્ટાથી અને ચેષ્ટાનુરૂપ દુઃખ ફલથી આત્માનું અનન્યપણું - અભિન્નપણું - અપૃથક્પણું છે અને એટલે જ તે તન્મય હોય છે - તે આત્મપરિણામાત્મક ચેષ્ટામય હોય છે, જેવી આત્માની પરિણામ ચેષ્ટા તેવો તે આત્મા બની જઈ તન્મયપણું ધરે છે. આ ઉપરથી શું ફલિત થાય છે ? परिणामपरिणामीभावेन - **પરિણામ - પરિણામી ભાવથી** ત્યાં જ **કર્તૃકર્મત્વ - ભોક્તૃભોગ્યત્વ નિશ્ચય છે** - तत्रैव कर्तृकर्मभोक्तृभोग्यत्व निश्चयः । - અર્થાત્ આત્મા પરિણામી છે અને તેની પોતાની આત્મપરિણામાત્મક ચેષ્ટા છે તે તેનો પરિણામ છે - આ પરિણામ પરિણામી ભાવથી ત્યાં જ - પોતાની આત્માની ચેષ્ટા કરવાની અને

પોતાની આત્માની ચેષ્ટાને અનુરૂપ દુઃખલક્ષણ ફલ ભોગવવાની બાબતમાં કર્તાકર્મપણાનો અને ભોક્તાભોગ્યપણાનો નિશ્ચય છે. એટલે કે પરિણામી એવો આત્મા પોતે જ નિશ્ચયથી પોતાની આત્માની ચેષ્ટારૂપ કર્મનો કર્ત્તા અને પોતાની આત્માની ચેષ્ટાને અનુરૂપ દુઃખરૂપ ફલનો ભોક્તા છે અને આત્માનો પોતાનો ચેષ્ટારૂપ પરિણામ એ જ નિશ્ચયથી આત્માનું કર્તવ્ય કર્મ છે અને તે આત્મ ચેષ્ટાને અનુરૂપ દુઃખલક્ષણ આત્મપરિણામાત્મક ફલ એજ તેનું ભોક્તવ્ય - ભોગવાય ત્યાં ભોગ્ય છે. આમ પરિણામાત્મક ચેષ્ટાનો **કર્તૃકર્મત્વ નિશ્ચય** છે અને આત્માનો અને તેના આત્મ પરિણામાત્મક દુઃખલક્ષણ ચેષ્ટાનુરૂપ ફલનો **ભોક્તૃભોગ્યત્વ નિશ્ચય** છે.



પરિણામ - પરિણામિનો તાદાત્મ્ય સંબંધ અને કર્તૃ તે કર્મ એવા ભાવનો **સમયસાર કળશ (૧૯)** સંગીત કરે છે -

**ननु परिणाम एव किल कर्म विनिश्चयतः,**
**स भवति नापरस्य परिणामिन एव भवेत् ।**
**न भवति कर्तृशून्यमिह कर्म न चैकतया,**
**स्थितिरिह वस्तुनो भवतु कर्तृ तदेव ततः ॥२११॥**

નહીં પરિણામ એ જ અહિં કર્મ વિનિશ્ચયથી,
ન અપરનો જ હોય પરિણામિતણો જ હુવે;
ન જ વળી કર્તૃશૂન્ય તેહ અહિં કર્મ, ન એકત્વથી
સ્થિતિ અહિં વસ્તુની, ભવતુ કર્તૃ જ કર્મ જ તે ! ૨૧૧

## અમૃત પદ - (૨૧૧)

'ધાર તરવારની' એ રાગ

કર્ત્તા તે જ નિશ્ચયે કર્મ જાણો અહીં, કર્ત્તા ને કર્મનો ભેદ જાણો નહિં... ધ્રુવ પદ. ૧
જે જ પરિણામ છે પ્રગટ અહિં વસ્તુનો, તે જ તો નિશ્ચયે કર્મ હોયે,
તે પરિણામ તો અપરનો હોય ના, પરિણામીનો જ તે નિયત હોયે... કર્ત્તા તે જ નિશ્ચયે. ૨
આમ પરિણામ તે કર્મ અહિં નિશ્ચયે, ને પરિણામી તે હોય કર્ત્તા,
કર્ત્તાથી શૂન્ય તો કર્મ કદી હોય ના, કર્મથી શૂન્ય તો નો'ય કર્ત્તા... કર્ત્તા તે જ નિશ્ચયે. ૩
કર્મ - પરિણામ વિણ એકતાથી અહીં, સ્થિતિ કદી વસ્તુની હોય નાંહિ,
તેથી ભગવાન **અમૃત** કહે યુક્તિથી, કર્ત્તા તે જ નિશ્ચયે કર્મ આંહિ... કર્ત્તા તે જ નિશ્ચયે. ૪

**અર્થ** - ખરેખર ! પરિણામ જ સ્ફુટપણે વિનિશ્ચયથી કર્મ છે, તે (પરિણામ) અપરનો નથી હોતો, પરિણામિનો જ હોય અને કર્મ અહીં કર્તૃશૂન્ય નથી હોતું, અહીં વસ્તુની સ્થિતિ એકતાથી છે, તેથી કર્તૃ તે જ (કર્મ જ) ભલે હો ! ૨૧૧

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ત્રણે કાળમાં જે વસ્તુ જાત્યંતર થાય નહીં તેને શ્રી જિન દ્રવ્ય કહે છે.''
**- શ્રીમદ્ રાજચંદ્ર, અંક-(૬૧૩), હાથનોંધ-૧**

''અહો ! સુમતિ જિન ! શુદ્ધતા ત્હારી, સ્વગુણપર્યાય રામી.'' - **શ્રી દેવચંદ્રજી**

ઉપરમાં આત્મખ્યાતિના ગદ્ય ભાગમાં જે કહ્યું તેનો પરિપુષ્ટિરૂપ ઉપસંહાર કરતા સારસમુચ્ચયરૂપ આ અને આ પછીના ત્રણ કળશ કાવ્યમાં **તાત્ત્વિકશેખર અમૃતચંદ્રાચાર્યજીએ નિશ્ચયથી વસ્તુ તત્ત્વ વિજ્ઞાનનું પરમ અદ્ભુત** સ્પષ્ટીકરણ કરી **પરમ રહસ્યભૂત ઊંડામાં ઊંડું તત્ત્વજ્ઞાન** પ્રકાશ્યું છે, તેમાં - આ કળશમાં પરિણામ - પરિણામીની અભેદ યુક્તિથી કર્તા - કર્મનો અભેદ દર્શાવ્યો છે - ननु परिणाम एव किल कर्म विनिश्चयतः - ખરેખર ! પરિણામ એ જ વિનિશ્ચયથી કર્મ છે એવો સ્ફુટપણે આમ પ્રવાહ છે, તે પરિણામ અપરનો - બીજાનો નથી હોતો, પરિણામીનો જ હોય. न भवति कर्तृशून्यमिह कर्म न चैकतया स्थितिरिह वस्तुनो - અને કર્મ જે છે તે અહીં કર્તૃશૂન્ય હોતું નથી, અર્થાત્ કર્મ કર્તા સાપેક્ષ છે એટલે કર્તા વિનાનું કર્મ હોય નહિ અને અહીં વસ્તુની એકતાથી સ્થિતિ નથી, અર્થાત્ પર્યાય - પરિણામ નિબદ્ધ વસ્તુની એટલે પરિણામી નિત્ય વસ્તુની એકતાથી (કૂટસ્થ) સ્થિતિ નથી, માટે કર્તૃ તે જ - કર્મ જ ભલે હો ! भवतु कर्तृ तदेव ततः ।

સકલ વસ્તુ સ્વભાવનિયત છે, તો પછી સ્વભાવના ચલનાથી આકુલ કેમ ક્લેશ પામે છે ? એવા ભાવનો **સમયસાર કળશ** (૨૦) લલકારે છે -

**बहिर्लुठति यद्यपि स्फुटदनंतशक्तिः स्वयं,**
**तथाप्यपरवस्तुनो विशति नान्यवस्त्वंतरं ।**
**स्वभावनियतं यतः सकलमेव वस्त्विष्यते,**
**स्वभावचलनाकुलः किमिह मोहितः क्लिश्यंते ॥२१२॥**

બહિર્ લુઠતી યદ્યપિ સ્ફુટ અનંત શક્તિ ધરે,
છતાં અપર વસ્તુ પેસતી ન અન્ય વસ્ત્વંતરે,
સ્વભાવનિયત જ સર્વ પણ વસ્તુ તો ઈષ્ટ છે,
સ્વભાવ ચલનાકુલો ક્યમ જ અહિં મોહિત ક્લેશ લ્યે ? ૨૧૨

## અમૃત પદ - (૨૧૨)

સ્વભાવ ન ચળાવવા આકુલ થઈ જીવડા ! ક્લેશ કરે કાં મોહથી ?... ધ્રુવ પદ. ૧
સ્ફુટતી અનંતી શક્તિ ધરાવતી, વસ્તુ લોટે ભલે બ્હારમાં,
બ્હાર આળોટે પણ અંદર ના પેસતી, અન્ય વસ્તુ કો અન્યમાં... સ્વભાવ. ૨
સ્વભાવ નિયત જ વસ્તુ સર્વ ઈષ્ટ છે, જાણી લે એમ અમોહથી,
સ્વભાવ ચળાવવા આકુલ થઈ જીવડા ! ક્લેશ કરે કાં મોહથી ?... સ્વભાવ. ૩
તત્ત્વ અમૃતસિંધુ મંથ્યો વિબુદ્ધથી, ભગવાન **અમૃતચંદ્રથી,**
અનુભવ અમૃત કળશે કળશે આ, પીઓ પીઓ આનંદથી !... સ્વભાવ. ૪

**અર્થ** - સ્ફુટતી અનંત શક્તિવાળી સ્વયં યદ્યપિ બ્હાર લોટે (આળોટે) છે, તથાપિ અન્ય વસ્તુ અપર વસ્તુના અંતરમાં પ્રવેશતી નથી, કારણકે સકલ જ વસ્તુ સ્વભાવ નિયત ઈષ્ટ માનવામાં આવે છે, તો પછી અહીં મોહિત થયેલો સ્વભાવ ચલનાથી આકુલ એવો કેમ ક્લેશ પામે છે ? ૨૧૨

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"કોઈ પણ દ્રવ્ય પરપરિણામે પરિણમે નહિ, સમયનો ત્યાગ કરી શકે નહીં, પ્રત્યેક દ્રવ્ય (દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી) સ્વ પરિણામી છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૯૫, હાથનોંધ-૧**

**એકમાં બીજી વસ્તુનો પ્રવેશ નથી, પ્રત્યેક વસ્તુ સ્વભાવનિયત છે. એવી વસ્તુ મર્યાદા પોકારતો આ કળશ અમૃતચંદ્રજીએ** પરમ અદ્ભુત **આત્મવિનિશ્ચયથી** લલકાર્યો છે - बहिर्लुठति यद्यपि स्फुटदनंतशक्ति स्वयं - સ્ફુટતી - ફૂટી નીકળતી અનંત શક્તિવંત વસ્તુ સ્વયં - પોતે યદ્યપિ બ્હાર લુઠે છે - બ્હારમાં આળોટ્યા કરે છે, તથાપિ અન્ય વસ્તુ અપર વસ્તુના - બીજી વસ્તુની અંતઃ - અંદર પ્રવેશતી નથી - तथाप्यपरवस्तु न विशति नान्यवस्त्वंतरं । અર્થાત્ ચૈતન્ય વસ્તુ અનંત શક્તિમાન્ છે છતાં તે પુદ્ગલાદિ અચેતન વસ્તુ ભલે જ્ઞાનરૂપ ચૈતન્ય વસ્તુની બ્હારમાં આળોટ્યા કરે, પણ તે ચેતન વસ્તુમાં અંતઃપ્રવેશ કરી શકતી નથી. આમ એક વસ્તુ ભલે બીજી વસ્તુની બ્હારમાં આળોટ્યા કરતી હો, પણ તે બીજી વસ્તુની અંદરમાં પેસી શકતી નથી, બ્હારની બ્હાર જ રહે છે, કારણ શું ? **કારણકે સકલ જ વસ્તુ 'સ્વભાવ નિયત'** ઈષ્ટ માનવામાં આવી છે - स्वभावनियतं यतः सकलमेव वस्त्विष्यते - અર્થાત્ આ વિશ્વમાં જે કોઈ પણ વસ્તુ છે તે **'સ્વભાવ નિયત'** - સ્વભાવથી - પોતાના આત્મભાવમાં નિયત - નિશ્ચય વૃત્તિથી સ્થિત છે - તો પછી અહીં મોહિત થયેલો - સ્વભાવની ચલનાથી આકુલ એવો કેમ

ક્લેશ પામે છે ? **મોહિત થયેલો** - મોહ પામી ગયેલો - મુંઝાઈ ગયેલો જીવ **'સ્વભાવ ચલનાકુલ'** થઈને - સ્વભાવના ચલનમાં - ચળાવવામાં આકુલ - દુઃખાર્ત્ત થઈને કેમ ક્લેશ પામે છે ? વસ્તુનો જે સ્વભાવ છે તે ત્રણે કાળમાં મથી મથીને મરી જાય તો પણ કોઈથી પણ ચળાવી શકાય એમ નથી, તો પછી તેવા અચળ સ્વભાવના ચલનની બાબતમાં આકુલ - દુઃખીઓ બની આ જીવ શા માટે હાથે કરીને નિષ્કારણ ક્લેશ ઊઠાવે છે ? 'स्वभावचलनाकुलः किमिह मोहितः क्लिश्यते ?'

વસ્તુ તે વસ્તુ, તો પછી અપર અપરનું શું કરે છે ? એવા ભાવનો **સમયસાર કળશ (૨૧)** સંગીત કરે છે -

રથોદ્ધતા

**वस्तु चैकमिह नान्यवस्तुनो, येन तेन खलु वस्तु वस्तु तत् ।**
**निश्चयोयमपरोऽपरस्य कः, किं करोति हि बहि लुंठन्नपि ॥२१३॥**

વસ્તુ એક નહિ અન્ય વસ્તુની, જેથી તેથી નકી વસ્તુ વસ્તુ તે;
અન્ય કોણ શું જ અન્યનું કરે, આ જ નિશ્ચય - બહિર્ લુઠે ભલે ! ૨૧૩

## અમૃત પદ - (૨૧૩)

'ધાર તરવારની' - એ રાગ

અપર કોણ અપરનું શું કરે છે અહીં ?
હોય ભલે લોટતો બ્હાર માંહી... (ધ્રુવ પદ.) ૧
વસ્તુ એક અન્ય વસ્તુ તણી છે નહિ,
વસ્તુ તે વસ્તુ તેથી જ આંહિ,... અપર કોણ. ૨
અપર કોણ અપરનું શું કરે છે અહીં,
હોય ભલે લોટતો બ્હાર માંહી...
નિશ્ચયથી આમ છે વસ્તુ સ્થિતિ જ ખરે !
ત્રણે કાળે તિહાં ફેર નાંહિ,... અપર કોણ. ૩
ભગવાન અમૃત જ આ વસ્તુ નિજ છોડીને
જાય પરવસ્તુ 'વિષે' શું દોડી ?
ફૂલ આકાશના સૂંઘવા ઈચ્છતો,
ઈચ્છે કદન્ન પરમાન્ન છોડી... અપર કોણ. ૪
ભગવાન અમૃત તણી વાણી અમૃત સુણી,
જીવ ! પરવસ્તુમાં જા ન ક્યાંહી... અપર કોણ. ૫

**અર્થ** - અને કારણકે એક વસ્તુ અહીં અન્ય વસ્તુની નથી, તેથી નિશ્ચયે કરીને વસ્તુ તે વસ્તુ છે - આ નિશ્ચય છે, તો પછી અપર કોણ બ્હાર લુઠતાં છતાં (આળોટતાં છતાં) અપરનું શું કરે છે ? ૨૧૩

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જડ ભાવે જડ પરિણામે, ચેતન ચેતન ભાવ."

"કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ."

"જે ચેતન છે, તે કોઈ દિવસ અચેતન થાય નહીં, જે અચેતન છે, તે કોઈ દિવસ ચેતન થાય નહીં." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૬૬, હાથનોંધ-૧**

એક વસ્તુ અહીં અન્ય વસ્તુની નથી એવો નિશ્ચય અત્ર પ્રકાશ્યો છે - કારણકે અહીં - આ વિશ્વને વિષે वस्तु चैकमिह नान्यवस्तुनः - એક વસ્તુ અન્ય - બીજી વસ્તુની નથી, તેથી કરીને ખરેખર ! નિશ્ચયે કરીને વસ્તુ તે વસ્તુ છે - येन तेन खलु वस्तु वस्तु तत्, આ નિશ્ચય છે, તો પછી અપર કોણ બ્હાર લુઠતાં - આળોટતાં છતાં અપરનું - બીજાનું શું કરે છે ? निश्चयोयमपरोऽपरस्य कः किं करोति हि बहिर्लुठन्नपि ?

સ્વયં પરિણામી અન્ય વસ્તુનું જે વસ્તુ કિંચન કરે છે, એ વ્યવહારદષ્ટિથી મત છે, એવા ભાવનો આગલી ગાથાનો સૂચન કરતો **સમયસાર કળશ** (૨૨) સંગીત કરે છે -

रथोद्धता

**यत्तु वस्तु कुरुतेऽन्यवस्तुनः, किंचनापि परिणामिनः स्वयं ।**
**व्यावहारिकदृशैव तन्मतं, नान्यदस्ति किमपीह निश्चयात् ॥२१४॥**

વસ્તુ જે અપર વસ્તુનું કરે, કંઈ સ્વયં જ પરિણામિનું ખરે !
વ્યવહારિક દશે જ માન્ય તે, નિશ્ચયે અહિં ન કૈં જ અન્ય છે. ૨૧૪

## અમૃત પદ - (૨૧૪)

'ધાર તરવારની' - એ રાગ

અન્ય કરે અન્યનું તેહ વ્યવહારથી, નિશ્ચયે તો બીજું કંઈ ન માન્યું... ધ્રુવપદ. ૧
અન્ય કો અન્ય વસ્તુનું કંઈ પણ કરે,
તેહ વ્યવહાર દૃષ્ટે જ માન્યું,
સ્વયં પરિણામિની અન્ય વસ્તુ તણું,
અન્યથી નો'ય પરિણામ આણ્યું... અન્ય કરે અન્યનું. ૨
એમ નિશ્ચય છતાં અન્ય તે અન્યનું,
કંઈ પણ જે કરે એમ માન્યું...
વ્યાવહારિક દૃષ્ટિએ જ એહ તો ઈષ્ટ છે,
એમ જ્ઞાની જનોએ પ્રમાણ્યું... અન્ય કરે અન્યનું. ૩
કિંતુ નિશ્ચય થકી અન્ય છે કાંઈ ના,
**ભગવાન અમૃતે** એમ જાણ્યું... અન્ય કરે અન્યનું. ૪

**અર્થ** - પણ વસ્તુ જે સ્વયં પરિણામી એવી અન્ય વસ્તુનું કંઈ પણ કરે છે, તે વ્યાવહારિક દૃષ્ટિથી જ મત છે, અહીં નિશ્ચયથી અન્ય કંઈ પણ છે નહિ. ૨૧૪

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''કેવલ હોત અસંગ જો, ભાસત તને ન કેમ ?
અસંગ છે પરમાર્થથી, પણ નિજ ભાન તેમ.'' - **શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, ગાથા-સૂત્ર-૭૬**

અન્ય વસ્તુ અન્ય વસ્તુનું જે કંઈ પણ કરે છે તે વ્યવહાર દૃષ્ટિથી માનવામાં આવ્યું છે એમ આગલી ગાથાની વસ્તુનું આ ઉત્થાનિકા કળશમાં કથન કર્યું છે - ચેતન - અચેતન વસ્તુ જો પરસ્પર કંઈ પણ કરતી નથી તો પછી ચેતન - અચેતન વસ્તુનો આટલો બધો પરસ્પર સંબંધ ચાલ્યો આવે છે તેનું શું ? વસ્તુ જે સ્વયં - પોતે પરિણામી - પરિણામ પામતી 'परिणामिनः स्वयं' એવી અન્ય વસ્તુનું કંઈ પણ કરે છે તે વ્યાવહારિક દૃષ્ટિથી જ માનવામાં આવ્યું છે, અહીં નિશ્ચયથી બીજું કંઈ પણ છે નહિ - नान्यदस्ति किमपीह निश्चयात् ।

**जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होइ ।**
**तह जाणओ दु ण परस्स जाणओ जाणओ सो दु ॥३५६॥**
**जह सेडिया दु ण परस्स सेडिया सेडिया य सा होइ ।**
**तह पासओ दु ण परस्स पासओ पासओ सो दु ॥३५७॥**
**जह सेडिया दु ण परस्स सेडिया सेडिया दु सा होइ ।**
**तह संजओ दु ण परस्स संजओ संजओ सो दु ॥३५८॥**
**जह सेडिया दु ण परस्स सेडिया सेडिया दु सो होदि ।**
**तह दंसणं दु ण परस्स दंसणं दंसणं तुं तु ॥३५९॥**
**एवं तु णिच्छयणयस्स भासियं णाणदंसणचरित्ते ।**
**श्रुणु ववहारणयस्स य वत्तव्वं से समासेण ॥३६०॥**
**जह परदव्वं सेडिदि हु सेडिया अप्पणो सहावेण ।**
**तह परदव्वं जाणइ णाया वि सयेण भावेणा ॥३६१॥**
**जह परदव्वं सेडिदि हु सेडिया अप्पणो सहावेण ।**
**तह परदव्वं पस्सइ जीवोवि स्वकेण भावेण ॥३६२॥**
**जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण ।**
**तह परदव्वं विजहइ णायावि सयेण भावेण ॥३६३॥**
**जह परदव्वं सेडदि हु सेडिया अप्पणो सहावेण ।**
**तह परदव्वं सद्दहइ सम्मदिट्ठी सहावेण ॥३६४॥**
**एवं ववहारस्स दु विणिच्छओ णाणदंसणचरित्ते ।**
**भणिओ अण्णेसु वि पज्ञएसु एमेव णायव्वो ॥३६५॥ (दशकं)**

---

**आत्मभावना -**

यथा सेटिका तु न परस्य - જેમ ખડી નિશ્ચયે કરીને પરની નથી, सेटिका सेटिका च सा भवति - અને ખડી તે ખડી - હોય છે, तथा ज्ञायकस्तु न परस्य - તેમ જ્ઞાયક નિશ્ચયે કરીને પરનો નથી, ज्ञायको ज्ञायकः स तु - જ્ઞાયક તે નિશ્ચયે કરીને જ્ઞાયક છે. ઈત્યાદિ સુગમ છે. ॥૩૫૬-૩૫૯॥ एवं तु निश्चयनयस्य भाषितं - એમ નિશ્ચયે કરીને નિશ્ચય નયનું ભાષિત ज्ञानदर्शनचारित्रे - જ્ઞાન - દર્શન - ચારિત્ર પરત્વે છે, श्रृणु व्यवहारनयस्य च वक्तव्यं तस्य समासेन - અને વ્યવહારનયનું તેનું વક્તવ્ય કથન - સમાસથી સાંભળ - यथा परद्रव्यं सेटिकात्मनः स्वभावेन सेटयति - જેમ પરદ્રવ્યને ખડી આત્માના - પોતાના સ્વભાવથી શ્વેત કરે છે तथा परद्रव्यं ज्ञातापि स्वकेन भावेन जानाति - તેમ પરદ્રવ્યને જ્ઞાતા પણ સ્વક - આત્માના - પોતાના ભાવથી જાણે છે. ઈત્યાદિ સુગમ છે. ॥૩૬૦-૩૬૪॥ एवं व्यवहारस्य तु विनिश्चयो - એમ વ્યવહારનો જ વિનિશ્ચય ज्ञानदर्शनचारित्रे भणितो - જ્ઞાન - દર્શન - ચારિત્ર પરત્વે કહ્યો છે, अन्येष्वपि पर्यायेषु एवमेव ज्ञातव्यः - અન્ય પણ પર્યાયો પરત્વે એમજ જાણવો. ॥૩૬૫॥ इति **गाथा** आत्मभावना ॥૩૫૬-૩૬૫॥

सेटिकात्र तावत् - ખડી અત્રે પ્રથમ તો श्वेतगुणनिर्भरस्वभावं द्रव्यं - શ્વેત ગુણથી નિર્ભર સ્વભાવ છે જેનો એવું દ્રવ્ય છે, तस्य तु - અને તેનું - ખડીનું व्यवहारेण श्वैत्यं - વ્યવહારથી - શ્વૈત્ય - શ્વેત કરાવા યોગ્ય - ધોળાવા યોગ્ય कुड्यादि परद्रव्यं - ભીંત આદિ પરદ્રવ્ય છે. अथात्र - હવે અત્રે कुड्यादेः परद्रव्यस्य श्वैत्यस्य - શ્વૈત્યસ્ય - શ્વૈત્ય - શ્વેત કરાવા યોગ્ય ભીંત આદિ પરદ્રવ્યની श्वेतयित्री सेटिका किं भवति किं न भवति - શ્વેતયિત્રી - શ્વેત કરનારી - ધોળનારી ખડી શું હોય છે ? શું નથી હોતી ? इति तदुभय-तत्त्वसंबंधो मीमांस्यते - એમ તે ઉભયનો - ભીંત અને ખડીનો તત્ત્વ સંબંધ મીમાંસવામાં આવે છે - મીમાંસાથી - પુષ્ટ વિચારણાથી વિચારવામાં આવે છે - (૧) यदि सेटिका

જેમ ખડી પરની નહિ, ખડી ખડી તે હોય;
તેમ જ્ઞાયક પરનો નહિ, જ્ઞાયક જ્ઞાયક સોય. ૩૫૬
જેમ ખડી પરની નહિ, ખડી ખડી તે હોય;
તેમ દર્શક પરનો નહિ, દર્શક દર્શક સોય. ૩૫૭
જેમ ખડી પરની નહિ, ખડી ખડી તે હોય;
તેમ સંયત પરનો નહિ, સંયત સંયત સોય. ૩૫૮
જેમ ખડી પરની નહિ, ખડી ખડી તે હોય;
તેમ દર્શન પરનું નહિ, દર્શન દર્શન સોય. ૩૫૯
જ્ઞાન દર્શન ચારિત્રમાં, વચન નિશ્ચયનું એમ;
સુણ વક્તવ્ય વ્યવહારનું, સમાસથી તસ તેમ. ૩૬૦

---

कुड्यादेवर्भवति - જો ખડી ભીંત આદિની હોય છે, तदा यस्य यद्भवति तत्तदेव भवति - તો જેનું જે હોય છે તે તે જ હોય છે - यथात्मनो ज्ञानं भवदात्मैव भवति - જેમ આત્માનું જ્ઞાન હોતું આત્મા જ હોય છે - इति तत्त्वसंबंधे जीवति - એમ તત્ત્વ સંબંધ જીવતે સતે, सेटिका कुड्यादे र्भवंती कुड्यादिरेव भवेत् - ખડી ભાંત આદિની હોતાં ભીંત આદિ જ હોય, एवं सति सेटिकायाः स्वद्रव्योच्छेदः - એમ સતે ખડીનો સ્વદ્રવ્ય ઉચ્છેદ - પોતાના દ્રવ્યનો સર્વનાશ થાય - न च द्रव्यांतरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वात् - અને દ્રવ્યાંતર સંક્રમના - એકદ્રવ્યના બીજા દ્રવ્યમાં સંક્રમણના પૂર્વે જ પ્રતિષિદ્ધપણાને લીધે द्रव्यास्यास्त्युच्छेदः - દ્રવ્યનો ઉચ્છેદ છે નહિ, ततो न भवति सेटिका कुड्यादेः - તેથી ખડી ભીંત આદિની નથી હોતી. (૨) यदि न भवति सेटिका कुड्यादेः - જો ખડી ભીંત આદિની નથી હોતી, तर्हि कस्य सेटिका भवति - તો કોની ખડી હોય છે ? सेटिकाया व सेटिका भवति - ખડીની જ ખડી હોય છે. ननु कतरान्या सेटिका कस्याः सेटिकायाः यस्याः सेटिका भवति - વારુ, બીજી કઈ ખડી છે, કે જે ખડીની ખડી હોય છે ? न खल्वन्या सेटिका सेटिकायाः - ખરેખર ! નિશ્ચયે કરીને ખડીની ખડી નથી, किंतु स्वस्वाम्यंशावेवान्यौ - કિંતુ સ્વ - સ્વામી એ બે અંશો જ અન્ય - જૂદા જૂદા છે. किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेण - અત્રે સ્વ - સ્વામી અંશના વ્યવહારથી શું સાધ્ય છે ? न किमपि - કંઈ પણ નહિ, तर्हि न कस्यापि सेटिका - તો પછી કોઈની પણ ખડી નથી, सेटिका सेटिकैवेति निश्चयः - ખડી ખડી જ છે એમ નિશ્ચય છે. यथायं दृष्टांतः - જેમ આ દૃષ્ટાંત, तथायं दार्ष्टांतिकः - તેમ આ દાર્ષ્ટાંતિક - દૃષ્ટાંત ઉપરથી ઉપજતો સિદ્ધાંત ભાવ -

चेतयिता न तावद् - ચેતયિતા - ચેતનારો અત્રે પ્રથમ તો ज्ञानगुणनिर्भरस्वभावं द्रव्यं - જ્ઞાન ગુણથી નિર્ભર સ્વભાવ છે જેનો એવું દ્રવ્ય છે, तस्य तु - અને તેનું व्यवहारेण ज्ञेयं - વ્યવહારથી જ્ઞેય - જણાવા યોગ્ય पुद्गलादि परद्रव्यं - પુદ્‌ગલાદિ પરદ્રવ્ય છે. अत्रथात्र - હવે અત્રે पुद्गलादेः परद्रव्यस्य ज्ञेयस्य - જ્ઞેય એવા પુદ્‌ગલાદિ પરદ્રવ્યનો ज्ञायक श्चेतयिता किंभवति किं न भवति - જ્ઞાયક એવો ચેતયિતા શું હોય છે ? શું નથી હોતો ?

इति तदुभयतत्त्वसंबंधो मीमांस्यते - એમ તે ઉભયનો - ચેતયિતા અને પુદ્‌ગલાદિ એ બન્નેનો તત્ત્વ સંબંધ મીમાંસવામાં આવે છે - (૧) यदि चेतयिता पुद्गलादे र्भवति - જો ચેતયિતા પુદ્‌ગલાદિનો હોય છે, तदा यस्य यद्भवति तत्तदेव भवति - તો જેનું જે હોય છે તે તેજ હોય છે - यथात्मनो ज्ञानं भवदात्मैव भवति - જેમ આત્માનું જ્ઞાન હોતું આત્મા જ હોય છે - इति तत्त्वसंबंधे जीवति - એમ તત્ત્વ સંબંધ જીવતે સતે, चेतयिता पुद्गलादे र्भवन् पुद्गलादिरेव भवेत् - ચેતયિતા પુદ્‌ગલાદિનો હોતાં પુદ્‌ગલાદિ જ હોય, एवं सति चेतयितुः स्वद्रव्योच्छेदः - એમ સતે ચેતયિતાનો સ્વદ્રવ્ય ઉચ્છેદ - પોતાના દ્રવ્યનો સર્વનાશ હોય, न च द्रव्यांतरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वात् द्रव्यस्यास्त्युच्छेदः - અને દ્રવ્યાંતર સંક્રમના પૂર્વે જ પ્રતિષિદ્ધપણાને લીધે દ્રવ્યનો ઉચ્છેદ છે નહિ, ततो न भवत चेतयिता पुद्गलादेः - તેથી ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી હોતો, (૨) यदि न भवति चेतयिता पुद्गलादेः - જો ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી હોતો, तर्हि कस्य चेतयिता भवति - તો પછી તેનો ચેતયિતા હોય છે ? चेतयितुरेव चेतयिता भवति - ચેતયિતાનો જ ચેતયિતા હોય છે - ननु कतरोन्यश्चेतयिता चेतयितुर्यस्य चेतयिता भवति - વારુ, બીજો કયો ચેતયિતા છે કે જે ચેતયિતાનો ચેતયિતા હોય છે ? न खल्वन्यश्चेतयिता चेतयितुः - ખરેખર ! નિશ્ચયે કરીને ચેતયિતાનો અન્ય ચેતયિતા નથી, किंतु स्वस्वाम्यंशावेवान्यौ - કિંતુ સ્વ - સ્વામીએ બે અંશો જ અન્ય - જૂદા જૂદા છે, किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेणां - સ્વ - સ્વામી અંશના વ્યવહારથી અત્રે શું સાધ્ય છે ? न किमपि - કંઈ પણ નથી. तर्हि न कस्यापि ज्ञायकः - તો પછી કોઈનો પણ જ્ઞાયક નથી, ज्ञायको ज्ञायक एवेति निश्चयः - જ્ઞાયક

જેમ ધોળે પરદ્રવ્યને, આત્મ સ્વભાવે ખડી જ;
તેમ જાણે પરદ્રવ્યને, જ્ઞાતા સ્વભાવે કરી જ. ૩૬૧
જેમ ધોળે પરદ્રવ્યને, આત્મ સ્વભાવે ખડી જ;
તેમ દેખે પરદ્રવ્યને, જીવ સ્વભાવે કરી જ. ૩૬૨
જેમ ધોળે પરદ્રવ્યને, આત્મ સ્વભાવે ખડી જ;
તેમ છાંડે પરદ્રવ્યને, જ્ઞાતા સ્વભાવે કરી જ. ૩૬૩
જેમ ધોળે પરદ્રવ્યને, આત્મ સ્વભાવે ખડી જ;
તેમ શ્રદ્ધે પરદ્રવ્યને, સમ્યગ્દૃષ્ટિ સ્વભાવે કરી જ. ૩૬૪
નિશ્ચય એમ વ્યવહારનો, જ્ઞાન દર્શન ચરિતે ય;
અન્ય પર્યાયોમાં ય તે, એમ જ જાણવો તે ય. ૩૬૫

**અર્થ** - જેમ ખડી નિશ્ચયે કરીને પરની નથી, ખડી તે ખડી જ હોય છે, તેમ જ્ઞાયક નિશ્ચયે કરીને પરનો નથી, જ્ઞાયક તે જ્ઞાયક જ છે. ૩૫૬

જેમ ખડી નિશ્ચયે કરીને પરની નથી, ખડી તે ખડી જ હોય છે, તેમ દર્શક નિશ્ચયે કરીને પરનો નથી, દર્શક તે દર્શક જ છે. ૩૫૭

જેમ ખડી નિશ્ચયે કરીને પરની નથી, ખડી તે ખડી જ હોય છે, તેમ સંયત નિશ્ચયે કરીને પરનો નથી, સંયત તે સંયત જ છે. ૩૫૮

જેમ ખડી નિશ્ચયે કરીને પરની નથી, ખડી તે ખડી જ હોય છે, તેમ દર્શન નિશ્ચયે કરીને પરનું નથી, દર્શન તે દર્શન જ હોય છે, તેમ દર્શન નિશ્ચયે કરીને પરનું નથી, દર્શન તે દર્શન જ છે. ૩૫૯

---

જ્ઞાયક જ છે એમ નિશ્ચય છે. એ જ પ્રકારે દર્શક - અપોહક અંગે પણ આત્મભાવના સમજવી.

यथा च सैव सेटिका - અને જેમ તેજ ખડી श्वेतगुणनिर्भरस्वभावा - શ્વેત ગુણથી નિર્ભર સ્વભાવ છે જેનો એવી, कुड्यादि परद्रव्यं - ભીંત આદિ પરદ્રવ્યને आत्मनः स्वभावेन श्वेतयति - આત્માના - પોતાના સ્વભાવથી શ્વેત કરે છે इति व्यवह्रियते - એમ વ્યવહરાય છે. કેવી છે તે ખડી ? स्वयं कुड्यादिपरद्रव्यस्वभावेनापरिणममाना - **સ્વયં** - પોતે ભીંત આદિ પરદ્રવ્યના સ્વભાવે અપરિણમતી, कुड्यादिपरद्रव्यं चात्मस्वभावेन अपरिणमयंती - અને ભીંત આદિ પરદ્રવ્યને આત્મસ્વભાવેથી - પોતાના સ્વભાવે - અપરિણમાવતી - નહિ પરિણમાવતી, कुड्यादिपरद्रव्यनिमित्तकेन - ભીંત આદિ પરદ્રવ્યનિમિત્તક - પરદ્રવ્ય નિમિત્તે ઉપજતા आत्मनः श्वेतगुणनिर्भरस्वभावस्य परिणामेन उत्पद्यमाना - આત્માના - પોતાના શ્વેતગુણ નિર્ભર સ્વભાવના પરિણામે ઉપજી રહેલી એવી. કેવું છે તે ભીંત આદિ પરદ્રવ્ય ? सेटिका निमित्तकेन - ખડી નિમિત્તક - ખડી નિમિત્તે ઉપજતા आत्मनः स्वभावस्य परिणामेनोत्पद्यमानम् - આત્માના - પોતાના સ્વભાવના પરિણામે ઉપજી રહેલું એવું.

तथा चेतयितापि - તેમ ચેતયિતા પણ ज्ञानगुणनिर्भरस्वभावः - **જ્ઞાન ગુણથી નિર્ભર છે સ્વભાવ જેનો એવો,** पुद्गलादि परद्रव्यं - પુદ્ગલાદિ પરદ્રવ્યને आत्मनः स्वभावेन जानाति - આત્માના સ્વભાવથી જાણે છે, इति व्यवह्रियते - એમ વ્યવહારાય છે. કેવો છે તે ચેતયિતા ? स्वयं पुद्गलादिपरद्रव्यस्वभावेना - परिणममानः - સ્વયં - પોતે પુદ્ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે અપરિણમતો - નહિ પરિણમતો, पुद्गलादि परद्रव्यं चात्मस्वभावेनापरिणामयन् - અને પુદ્ગલાદિ પરદ્રવ્યને આત્મ સ્વભાવે અપરિણમાવતો - નહિ પરિણમાવતો, पुद्गलादिपरद्रव्यानिमित्तकेन - પુદ્ગલાદિ પરદ્રવ્ય નિમિત્તક - નિમિત્તથી ઉપજતા એવા आत्मनो ज्ञानगुण-निर्भरस्वभावस्य परिणामेन उत्पद्यमानः - આત્માના જ્ઞાનગુણ નિર્ભર સ્વભાવના પરિણામે ઉપજી રહેલો એવો - કેવું છે પુદ્ગલાદિ પરદ્રવ્ય ? चेतयितृनिमित्तकेन - ચેતયિતા નિમિત્તક - નિમિત્તે ઉપજતા आत्मनः स्वभावस्य परिणामेन उत्पद्यमानम् - આત્માના - પોતાના સ્વભાવના પરિણામે ઉપજી રહેલું એવું. આ જ પ્રકારે દર્શન - ચારિત્ર ગુણની બા.માં પણ આત્મભાવના સમજી લેવી.

एवमयम् - એમ આ आत्मनो ज्ञानदर्शनचारित्रपर्यायाणां निश्चयव्यवहारप्रकारः - આત્માના જ્ઞાન - દર્શન - ચારિત્ર પર્યાયોનો નિશ્ચય - વ્યવહાર પ્રકાર છે, एवमेव - એમ જ अन्येषां सर्वेषामपि पर्यायाणां दृष्टव्यः - અન્ય સર્વેય પર્યાયોનો દેખવો યોગ્ય છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥३५६-३६५॥

એમ નિશ્ચયનયનું ભાષિત જ્ઞાન-દર્શન-ચારિત્ર પરત્વે છે, તે વ્યવહારનયનું વક્તવ્ય સમાસથી (સંક્ષેપથી) સાંભળ ! ૩૬૦

જેમ પરદ્રવ્યને ખડી નિશ્ચયે કરીને પોતાના સ્વભાવથી શ્વેત કરે છે, તેમ પરદ્રવ્યને જ્ઞાતા પણ સ્વક - પોતાના ભાવથી જાણે છે. ૩૬૧

જેમ પરદ્રવ્યને ખડી નિશ્ચયે કરીને પોતાના સ્વભાવથી શ્વેત કરે છે, તેમ પરદ્રવ્યને જીવ પણ સ્વક - પોતાના ભાવથી દેખે છે. ૩૬૨

જેમ પરદ્રવ્યને ખડી નિશ્ચયે કરીને સ્વભાવથી શ્વેત કરે છે, તેમ પરદ્રવ્યને જ્ઞાતા પણ સ્વભાવથી શ્વેત કરે છે, તેમ પરદ્રવ્યને જ્ઞાતા પણ સ્વભાવથી છોડે છે. ૩૬૩

જેમ પરદ્રવ્યને ખડી નિશ્ચયે કરીને પોતાના સ્વભાવથી શ્વેત કરે છે, તેમ પરદ્રવ્યને સમ્યગ્દૃષ્ટિ સ્વભાવથી સદ્દહે-શ્રદ્ધે છે. ૩૬૪

એમ વ્યવહારનો વિનિશ્ચય જ્ઞાન - દર્શન - ચારિત્ર પરત્વે કહ્યો છે, અન્ય પર્યાયો પરત્વે પણ એમ જ જાણવો. ૩૬૫

## आत्मख्याति टीका

यथा सेटिका तु न परस्य सेटिका सेटिका च सा भवति ।
तथा ज्ञायकस्तु न परस्य ज्ञायको ज्ञायकः स तु ॥३५६॥
यथा सेटिका तु न परस्य सेटिका सेटिका च सा भवति ।
तथा दर्शकस्तु न परस्य दर्शको दर्शकः स तु ॥३५७॥
यथा सेटिका तु न परस्य सेटिका च सा भवति ।
तथा संयतस्तु न परस्य संयतः संयतः स तु ॥३५८॥
यथा सेटिका तु न परस्य सेटिका सेटिका च सा भवति ।
तथा दर्शनं तु न परस्य दर्शनं दर्शनं तत्तु ॥३५९॥
एवं तु निश्चयनयस्य भाषितं ज्ञानदर्शनचरित्रे ।
श्रृणु व्यवहारनयस्य च वक्तव्यं तस्य समासेन ॥३६०॥
यथा परद्रव्यं सेटयति खलु सेटिकात्मनः स्वभावेन ।
तथा परद्रव्यं जानाति ज्ञातापि स्वकेन भावेन ॥३६१॥
यथा परद्रव्यं सेटयति सेटिकात्मनः स्वभावेन ।
तथा परद्रव्यं पश्यति ज्ञातापि स्वकेन भावेन ॥३६२॥
यथा परद्रव्यं सेटयति सेटिकात्मनः स्वभावेन ।
तथा परद्रव्यं विजहाति ज्ञातापि स्वकेन भावेन ॥३६३॥
यथा परद्रव्यं सेटयति सेटिकात्मनः स्वभावेन ।
तथा परद्रव्यं श्रद्धत्ते ज्ञातापि स्वकेन भावेन ॥३६४॥
एवं व्यवहारस्य तु विनिश्चयो ज्ञानदर्शनचारित्रे ।
भणितोऽन्येष्वपि पर्यायेषु एवमेव ज्ञातव्यः ॥३६५॥ दशकं ॥

(१) सेटिकात्र तावत्
च्छ्वेतगुणनिर्भरस्वभावं द्रव्यं
तस्य तु व्यवहारेण श्वैत्यं कुड्यादि परद्रव्यं ।
अथात्र कुड्यादेः परद्रव्यस्य श्वैत्यस्य
श्वेतयित्री सेटिका किं भवति किं न भवतीति
तदुभयतत्त्वसंबंधो मीमांस्यते -
यदि सेटिका कुड्यादे र्भवति
तदा यस्य यद्भवति तत्तदेव भवति
यथात्मनो ज्ञानं भवदात्मैव भवतीति
तत्त्वसंबंधे जीवति
सेटिका कुड्यादे र्भवंती कुड्यादिरेव भवेत्,
एवं सति सेटिकायाः स्वद्रव्योच्छेदः ।
न च द्रव्यांतरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वात्
द्रव्यस्यास्त्युच्छेदः,
ततो न भवति सेटिका कुड्यादेः ।
यदि न भवति सेटिका कुड्यादे -
स्तर्हि कस्य सेटिका भवति ?
सेटिकाया एव सेटिका भवति ।
ननु कतरान्या सेटिका सेटिकाया यस्याः सेटिका भवति ?
न खल्वन्या सेटिका सेटिकायाः ।
किंतु स्वस्वाम्यंशावेवान्यौ ।
किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेण ?
न किमपि ।
तर्हि न कस्यापि सेटिका,
सेटिका सेटिकैवेति निश्चयः ।

यथा दृष्टांतस्तथायं दार्ष्टांतिकः -
चेतयितात्र तावद्
ज्ञानगुणनिर्भरस्वभावं द्रव्यं
तस्य तु व्यवहारेण ज्ञेयं पुद्गलादि परद्रव्यं ।
अथात्र पुद्गलादेः परद्रव्यस्य ज्ञेयस्य
ज्ञायक श्चेतयिता किं भवति किं न भवतीति
तदुभयतत्त्वसंबंधो मीमांस्यते -
यदि चेतयिता पुद्गलादे र्भवति
तदा यस्य यद्भवति तत्तदेव भवति
यथात्मनो ज्ञानं भवदात्मैव भवतीति
तत्त्वसंबंधे जीवति
चेतयिता पुद्गलादेर्भवन् पुद्गलादिरेव भवेत्,
एवं सति चेतयितुः स्वद्रव्योच्छेदः ।
न च द्रव्यांतरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वात् -
द्रव्यस्यास्त्युच्छेदः,
ततो न भवति चेतयिता पुद्गलादेः ।
यदि न भवति चेतयिता पुद्गलादेः
स्तर्हि कस्य चेतयिता भवति ?
चेतयितुरेव चेतयिता भवति ।
ननु कतरोन्य श्चेतयिता चेतयितुर्यस्य चेतयिता भवति ?
न खल्वन्या श्चेतयिता चेतयितुः ।
किंतु स्वस्वाम्यंशावेवान्यौ ।
किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेण ?
न किमपि ।
तर्हि न कस्यापि ज्ञायकः ।
ज्ञायको ज्ञायक एवेति निश्चयः ।

(२) किं च -
सेटिकात्र ताव -
च्छ्वेतगुणनिर्भरस्वभावं द्रव्यं ।
तस्य तु व्यवहारेण श्वैत्यं कुड्यादि परद्रव्यं ।
अथात्र कुड्यादेः परद्रव्यस्य श्वैत्यस्य
श्वेतयित्री सेटिका किं भवति किं न भवतीति ?
तदुभयतत्त्वसंबंधो मीमांस्यते -

यथायं दृष्टांतस्तथायं दार्ष्टांतिकः
चेतयितात्र ताव -
द्दर्शनगुणनिर्भरस्वभावं द्रव्यं,
तस्य तु व्यवहारेण दृश्यं पुद्गलादि परद्रव्यं ।
अथात्र पुद्गलादेः परद्रव्यस्य दृश्यस्य
दर्शक श्चेतयिता किं भवति किं न भवतीति ।
तदुभयतत्त्वसंबंधो मीमांस्यते -

यदि सेटिका कुड्यादि र्भवति
तदा यस्य यद् भवति तत्तदेव भवति
यथात्मनो ज्ञानं भवदात्मैव भवतीति
तत्त्वसंबंधे जीवति
सेटिका कुड्यादे र्भवती कुड्यादिरेव भवेत्,
एवं सति सेटिकायाः स्वद्रव्योच्छेदः ।
न च द्रव्यांतरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वात् -
द्रव्यस्यास्त्युच्छेदः ।
ततो न भवति सेटिका कुड्यादेः ।
यदि न भवति सेटिका कुड्यादे -
स्तर्हि कस्य सेटिका भवति ?
सेटिकाया एव सेटिका भवति ।
ननु कतरान्या सेटिका सेटिकायाः यस्याः सेटिका भवति ?
न खल्वन्या सेटिका सेटिकायाः
किंतु स्वस्वाम्यंशावेवान्यौ ।
किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेण ?
न किमपि ।
तर्हि न कस्यापि सेटिका
सेटिका न सेटिकैवेति निश्चयः ।
(३) अपि च -
सेटिकात्र ताव -
च्छ्वेतगुणनिर्भरस्वभावं द्रव्यं
तस्य तु व्यवहारेण श्वैत्यं कुड्यादि परद्रव्यं ।
अथात्र कुड्यादेः परद्रव्यस्य श्वैत्यस्य
श्वेतयित्री सेटिका किं भवति किं न भवतीति ?
तदुभयतत्त्वसंबंधो मीमांस्यते -
यदि सेटिका कुड्यादे र्भवति
तदा यस्य यद्भवति तत्तदेव भवति
यथात्मनो ज्ञानं भवदात्मैव भवति
इति तत्त्वसंबंधे जीवति
सेटिका कुड्यादेर्भवंती कुड्यादिरेव भवेत् ।
एवं सति सेटिकायाः स्वद्रव्योच्छेदः ।
न च द्रव्यांतरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वात्
द्रव्यास्यास्त्युच्छेदः ।
ततो न भवति सेटिका कुड्यादेः ।
यदि न भवति सेटिका कुड्यादे
स्तर्हि कस्य सेटिका भवति ?
सेटिकाया एव सेटिका भवति

यदि चेतयिता पुद्गलादे र्भवति
तदा यस्य यद् भवति तत्तदेव भवति
यतात्मनो ज्ञानं भवदात्मैव भवतीति
तत्त्वसंबंधे जीवति
चेतयिता पुद्गलादे र्भवन् पुद्गलादिरेव भवेत्
एवं सति चेतयितुः स्वद्रव्योच्छेदः ।
न च द्रव्यांतरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वात्
द्रव्यस्यस्त्युच्छेदः ।
ततो न भवति चेतयिता पुद्गलादेः ।
यदि न भवति चेतयिता पुद्गलादे
स्तर्हि कस्य चेतयिता भवति ?
चेतयितुरेव चेतयिता भवति ।
ननु कतरोन्य श्चेतयिता चेतयितु र्यस्य चेतयिता भवति ?
न खल्वन्य श्चेतयिता चेतयितुः
किंतु स्वस्वाम्यंशावेवान्यौ ।
किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेण ?
न किमपि ।
तर्हि न कस्यापि दर्शकः
दर्शको दर्शक एवेति निश्चयः ।
यथायं दृष्टांतस्तथायं दार्ष्टांतिकः -
चेतयितात्र तावद्
ज्ञानदर्शनगुणनिर्भरपरापोहनात्मकस्वभावं द्रव्यं ।
तस्य तु व्यवहारेणापोह्यं पुद्गलादि परद्रव्यं ।
अथात्र पुद्गलादेः परद्रव्यस्यापोह्यस्या -
पोहकः किं भवति किं न भवतीति ?
तदुभयतत्त्वसंबंधो मीमांस्यते -
यदि चेतयिता पुद्गलादे र्भवति
तदा यस्य यद् भवति तत्तदेव भवति
यथात्मनो ज्ञानं भवदात्मैव भवति
इति तत्त्वसंबंधे जीवति
चेतयिता पुद्गलादेर्भवन् पुद्गलादिरेव भवेत् ।
एवं सति चेतयितुः स्वद्रव्योच्छेदः ।
न च द्रव्यांतरसंक्रमस्य पूर्वमेव प्रतिषिद्धत्वात्
द्रव्यस्यास्त्युच्छेदः ।
ततो न भवति चेतयिता पुद्गलादेः ।
यदि न भवति चेतयिता पुद्गलादे
स्तर्हि कस्य चेतयिता भवति ?
चेतयितुरेव चेतयिता भवति ।

ननु कतरान्या सेटिका सेटिकाया यस्याः सेटिका भवति ?
न खल्वन्या सेटिका सेटिकायाः
किंतु स्वस्वाम्यंशावेवान्यौ ।
किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेण ?
न किमपि ।
तर्हि न कस्यापि सेटिका,
सेटिका सेटिकैवेति निश्चयः ।

ननु कतरोऽन्यश्चेतयिता चेतयितुर्यस्य चेतयिता भवति ?
न खल्वन्याश्चेतयिता चेतयितुः -
किंतु स्वस्वाम्यंशावेवान्यौ ।
किमत्र साध्यं स्वस्वाम्यंशव्यवहारेण ?
न किमपि ।
तर्हि न कस्याप्यपोहकः,
अपोहकोऽपोहक एवेति निश्चयः ।

## अथ व्यवहारव्याख्यानम् -

(४) यथा च सैव सेटिका
श्वेतगुणनिर्भरस्वभावा
स्वयं कुड्यादिपरद्रव्यस्वभावेनापरिणममाना
कुड्यादि परद्रव्यं चात्मस्वभावेनापरिणमयंती
कुड्यादि परद्रव्यनिमित्तकेना -
त्मनः श्वेतगुणनिर्भरस्वभावस्य परिणामेनोत्पद्यमाना
कुड्यादि परद्रव्यं सेटिकानिमित्तकेना -
त्मनः स्वभावस्य परिणामेनोत्पद्यमान -
मात्मनः स्वभावेन श्वेतयतीति व्यवह्रियते ।

तथा चेतयितापि
ज्ञानगुणनिर्भरस्वभावः
स्वयं पुद्गलादिपरद्रव्यस्वभावेनापरिणममानः
पुद्गलादिपरद्रव्यं चात्मस्वभावेनापरिणमयन्
पुद्गलादिपरद्रव्यनिमित्तकेना -
त्मनो ज्ञानगुणनिर्भरस्वभावस्य परिणामेनोत्पद्यमानः
पुद्गलादिपरद्रव्यं चेतयितृनिमित्तकेना -
त्मनः स्वभावस्य परिणामेनोत्पद्यमान -
मात्मनः स्वभावेन जानातीति व्यवह्रियते ।

(५) किं च -
यथा च सैव सेटिका
श्वेतगुणनिर्भरस्वभावा
स्वयं कुड्यादि परद्रव्यस्वभावेनापरिणममाना
कुड्यादि परद्रव्यं चात्मस्वभावेनापरिणामयंती
कुड्यादि परद्रव्यनिमित्तकेना -
त्मनः श्वेतगुणनिर्भरस्वभावस्य परिणामेनोत्पद्यमाना
कुड्यादि परद्रव्यं सेटिकानिमित्तकेना -
त्मनः स्वभावस्य परिणामेनोत्पद्यमान -
मात्मनः स्वभावेन श्वेतयतीति व्यवह्रियते ।

तथा चेतयितापि
दर्शनगुणनिर्भरस्वभावः
स्वयं पुद्गलादिपरद्रव्यस्वभावेनापरिणममानः
पुद्गलादिपरद्रव्यं चात्मस्वभावेनापरिणामयन्
पुद्गलादिपरद्रव्यनिमित्तकेना -
त्मनो दर्शनगुणनिर्भरस्वभावस्य परिणामेनोत्पद्यमानः
पुद्गलादिपरद्रव्यं चेतयितृनिमित्तकेना -
त्मनः स्वभावस्य परिणामेनोत्पद्यमान -
मात्मनः स्वभावेन पश्यतीति व्यवह्रियते ।

(६) अपि च -
**यथा** च सैव सेटिका
श्वेतगुणनिर्भरस्वभावा
स्वयं कुड्यादि परद्रव्यस्वभावेनापरिणममाना
कुड्यादि परद्रव्यं चात्मस्वभावेनापरिणामयंती
कुड्यादि परद्रव्यनिमित्तकेना -
त्मनः श्वेतगुणनिर्भरस्वभावस्य परिणामेनोत्पद्यमाना,
कुड्यादि परद्रव्यं सेटिकानिमित्तकेना -
त्मनः स्वभावस्य परिणामेनोत्पद्यमान -
मात्मनः स्वभावेन श्वेतयतीति व्यवह्रियते ।

**तथा चेतयितापि**
ज्ञानदर्शनगुणनिर्भरपरापोहनात्मकस्वभावः
स्वयं पुद्गलादिपरद्रव्यस्वभावेनापरिणममानः
पुद्गलादिपरद्रव्यं चात्मस्वभावेनापरिणामयन्
पुद्गलादिपरद्रव्यनिमित्त केना -
त्मनः ज्ञानदर्शनगुणनिर्भर
परापोहनात्मकस्वभावस्य परिणामेनोत्पद्यमानः
पुद्गलादिपरद्रव्यं चेतयितृनिमित्तकेना -
त्मनः स्वभावस्य परिणामेनोत्पद्यमान -
मात्मनः स्वभावेनोपोहतीति व्यवह्रियते ।

एवमयमात्मनो ज्ञानदर्शनचारित्रपर्यायाणां निश्चयव्यवहारप्रकारः ।
एवमेवान्येषां सर्वेषामपि पर्यायाणां दृष्टव्यः ॥३५६-३६५॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

(૧) ખડી અત્રે પ્રથમ તો
શ્વેત ગુણનિર્ભર સ્વભાવવાળું દ્રવ્ય છે
અને તેનું વ્યવહારથી શ્વૈત્ય (શ્વેત કરાવા યોગ્ય)
ભીંત આદિ પરદ્રવ્ય છે.
હવે અત્રે શ્વૈત્ય એવા ભીંત આદિ પરદ્રવ્યની
શ્વેતયિત્રી એવી (શ્વેત કરનારી) ખડી શું હોય છે? શું નથી હોતી?
એમ તદુભયનો (તે બન્નેનો) તત્ત્વસંબંધ મીમાંસવામાં આવે છે -
જો ખડી ભીંત આદિની હોય છે,
તો જેનું જે હોય છે તે તે જ હોય છે -
જેમ આત્માનું જ્ઞાન હોતું આત્મા જ હોય છે,
એમ તત્ત્વસંબંધ જીવતે સતે
ખડી ભીંત આદિની હોતાં ભીંત આદિ જ હોય,
એમ સતે ખડીનો સ્વદ્રવ્ય ઉચ્છેદ હોય
અને દ્રવ્યાંતર સંક્રમના પૂર્વે જ પ્રતિષિદ્ધપણાને લીધે
દ્રવ્યનો ઉચ્છેદ છે નહિ,
તેથી ખડી ભીંત આદિની નથી હોતી.
જો ખડી ભીંત આદિની નથી હોતી,
તો પછી કોની ખડી હોય છે?
ખડીની જ ખડી હોય છે.
વારુ, બીજી કઈ ખડી છે, કે જે ખડીની ખડી હોય છે?
નિશ્ચયે કરીને ખડીની અન્ય ખડી નથી,
કિંતુ સ્વ-સ્વામી એ બે અંશો જ અન્ય છે.
અત્રે સ્વ-સ્વામી અંશના વ્યવહારથી શું સાધ્ય છે?
કંઈ પણ નહિ.
ત્યારે કોઈની પણ ખડી નથી,
ખડી ખડી જ છે એમ નિશ્ચય છે.

જેમ આ દૃષ્ટાંત તેમ આ દાર્ષ્ટાંતિક
ચેતયિતા અત્રે પ્રથમ તો
જ્ઞાનગુણનિર્ભર સ્વભાવવાળું દ્રવ્ય છે
અને તેનું વ્યવહારથી જ્ઞેય (જણાવા યોગ્ય) પુદ્ગલાદિ પરદ્રવ્ય છે.
હવે અત્રે જ્ઞેય એવા પુદ્ગલાદિ પરદ્રવ્યનો
જ્ઞાયક એવો ચેતયિતા શું હોય છે? શું નથી હોતો?
એમ તદુભયનો તત્ત્વસંબંધ મીમાંસવામાં આવે છે,
જો ચેતયિતા પુદ્ગલાદિનો હોય છે,
તો જેનું જે હોય છે તે તે જ હોય છે,
જેમ આત્માનું જ્ઞાન હોતું આત્મા જ હોય છે,
એમ તત્ત્વસંબંધ જીવતે સતે
ચેતયિતા પુદ્ગલાદિનો હોતાં પુદ્ગલાદિ જ હોય,
એમ સતે ચેતયિતાને સ્વદ્રવ્ય ઉચ્છેદ હોય
અને દ્રવ્યાંતર સંક્રમના પૂર્વે જ પ્રતિષિદ્ધપણાને લીધે
દ્રવ્યનો ઉચ્છેદ છે નહિ,
તેથી ચેતયિતા પુદ્ગલાદિનો નથી હોતો.
જો ચેતયિતા પુદ્ગલાદિનો નથી હોતો,
તો પછી કોનો ચેતયિતા હોય છે?
ચેતયિતાનો જ ચેતયિતા હોય છે.
વારુ, બીજો કયો ચેતયિતા છે,
કે જે ચેતયિતાનો ચેતયિતા હોય છે?
નિશ્ચયે કરીને ચેતયિતાનો અન્ય ચેતયિતા નથી,
કિંતુ સ્વ-સ્વામી એ બે અંશો જ અન્ય છે.
અત્રે સ્વ-સ્વામી અંશના વ્યવહારથી શું સાધ્ય છે?
કંઈ પણ નહિ.
ત્યારે કોઈનો પણ જ્ઞાયક નથી,
જ્ઞાયક જ્ઞાયક જ છે એમ નિશ્ચય છે.

(૨) તેમજ
ખડી અત્રે પ્રથમ તો
શ્વેત ગુણનિર્ભર સ્વભાવવાળું દ્રવ્ય છે
અને તેનું વ્યવહારથી શ્વૈત્ય (શ્વેત કરાવા યોગ્ય)
ભીંત આદિ પરદ્રવ્ય છે.
હવે અત્રે શ્વૈત્ય એવા ભીંત આદિ પરદ્રવ્યની
શ્વેતયિત્રી (શ્વેત કરનારી એવી) ખડી શું હોય? શું નથી હોતી?
એમ તદુભયનો તત્ત્વસંબંધ મીમાંસવામાં આવે છે -

જેમ આ દૃષ્ટાંત તેમ આ દાર્ષ્ટાંતિક
ચેતયિતા અત્રે પ્રથમ તો
દર્શન ગુણનિર્ભર સ્વભાવવાળું દ્રવ્ય છે
અને તેનું વ્યવહારથી દૃશ્ય (દેખવા યોગ્ય)
પુદ્ગલાદિ પરદ્રવ્ય છે.
હવે અત્રે દૃશ્ય એવા પુદ્ગલ આદિ પરદ્રવ્યનો
દર્શક એવો ચેતયિતા શું હોય છે? શું નથી હોતો?
એમ તદુભયનો તત્ત્વસંબંધ મીમાંસવામાં આવે છે -

જો ખડી ભીંત આદિની હોય છે,
તો જેનું જે હોય છે તે તે જ હોય છે -
જેમ આત્માનું જ્ઞાન હોતું આત્મા જ હોય છે -
એમ તત્ત્વસંબંધ જીવતે સતે
ખડી ભીંત આદિની હોતાં ભીંત આદિ જ હોય,
એમ સતે ખડીને સ્વદ્રવ્ય ઉચ્છેદ હોય
અને દ્રવ્યાંતર સંક્રમના પૂર્વે જ પ્રતિષિદ્ધપણાને લીધે
દ્રવ્યનો ઉચ્છેદ છે નહિ,
તેથી ખડી ભીંત આદિની નથી હોતી.
જો ખડી ભીંત આદિની નથી હોતી,
તો પછી કોની ખડી હોય છે ?
ખડીની જ ખડી હોય છે.
વારુ, બીજી કઈ ખડી છે, કે જે ખડીની ખડી હોય છે ?
નિશ્ચયે કરીને ખડીની અન્ય ખડી નથી,
કિંતુ સ્વ-સ્વામી એ બે અંશો જ અન્ય છે.
અત્રે સ્વ-સ્વામી અંશના વ્યવહારથી શું સાધ્ય છે ?
કંઈ પણ નહિ.
ત્યારે કોઈની પણ ખડી નથી,
ખડી ખડી જ છે એમ નિશ્ચય છે.

તો જેનું જે હોય છે તે તે જ હોય છે -
જેમ આત્માનું જ્ઞાન હોતું આત્મા જ હોય છે -
એમ તત્ત્વસંબંધ જીવતે સતે
ચેતયિતા પુદ્‌ગલાદિનો હોતાં પુદ્‌ગલાદિ જ હોય,
એમ સતે ચેતયિતાને સ્વદ્રવ્ય ઉચ્છેદ હોય
અને દ્રવ્યાંતર સંક્રમના પૂર્વે જ પ્રતિષિદ્ધપણાને લીધે
દ્રવ્યનો ઉચ્છેદ છે નહિ,
તેથી ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી હોતો.
જો ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી હોતો,
તો પછી કોનો ચેતયિતા હોય છે ?
ચેતયિતાનો જ ચેતયિતા હોય છે.
વારુ, બીજો કયો ચેતયિતા છે કે જે ચેતયિતાનો
ચેતયિતા હોય છે ?
નિશ્ચયે કરીને ચેતયિતાનો અન્ય ચેતયિતા નથી,
કિંતુ સ્વ-સ્વામી એ બે અંશો જ અન્ય છે.
અત્રે સ્વ-સ્વામી અંશના વ્યવહારથી શું સાધ્ય છે ?
કંઈ પણ નહિ.
ત્યારે કોઈનો પણ દર્શક નથી,
દર્શક દર્શક જ છે એમ નિશ્ચય છે.

(૩) તેમજ વળી
ખડી અત્રે પ્રથમ તો
શ્વેતગુણનિર્ભર સ્વભાવવાળું દ્રવ્ય છે
અને તેનું વ્યવહારથી શ્વૈત્ય (શ્વેત કરાવા યોગ્ય)
ભીંત આદિ પરદ્રવ્ય છે.
હવે અત્રે શ્વૈત્ય એવા ભીંત આદિ પરદ્રવ્યની
શ્વેતયિત્રી એવી ખડી શું હોય છે ? શું નથી હોતી ?
એમ તદુભયનો તત્ત્વસંબંધ મીમાંસવામાં આવે છે -
જો ખડી ભીંત આદિની હોય છે,
તો જેનું જે હોય છે તે તે જ હોય છે -
જેમ આત્માનું જ્ઞાન હોતું આત્મા જ હોય છે -
એમ તત્ત્વસંબંધ જીવતે સતે
ખડી ભીંત આદિની હોતાં ભીંત આદિ જ હોય,
એમ સતે ખડીને સ્વદ્રવ્ય ઉચ્છેદ હોય
અને દ્રવ્યાંતર સંક્રમના પૂર્વે જ પ્રતિષિદ્ધપણાને લીધે
દ્રવ્યનો ઉચ્છેદ છે નહિ,
તેથી ખડી ભીંત આદિની નથી હોતી.
જો ચેતયિતા પુદ્‌ગલાદિનો હોય છે,

જેમ આ દૃષ્ટાંત તેમ આ દાર્ષ્ટાંતિક
ચેતયિતા અત્રે પ્રથમ તો
જ્ઞાન-દર્શન ગુણનિર્ભર પરાપોહનાત્મક
સ્વભાવવાળું દ્રવ્ય છે
અને તેનું વ્યવહારથી અપોહ્ય (દૂર કરાવા યોગ્ય)
પુદ્‌ગલાદિ પરદ્રવ્ય છે.
હવે અત્રે અપોહ્ય એવા પુદ્‌ગલ આદિ પરદ્રવ્યનો
અપોહક એવો ચેતયિતા શું હોય છે ? શું નથી હોતો ?
એમ તદુભયનો તત્ત્વસંબંધ મીમાંસવામાં આવે છે.
જો ચેતયિતા પુદ્‌ગલાદિનો હોય છે,
તો જેનું જે હોય છે તે તે જ હોય છે -
જેમ આત્માનું જ્ઞાન હોતું આત્મા જ છે -
એમ તત્ત્વસંબંધ જીવતે સતે
ચેતયિતા પુદ્‌ગલાદિનો હોતાં પુદ્‌ગલાદિ જ હોય,
એમ સતે ચેતયિતાને સ્વદ્રવ્ય ઉચ્છેદ હોય
અને દ્રવ્યાંતર સંક્રમના પૂર્વે જ પ્રતિષિદ્ધપણાને લીધે
દ્રવ્યનો ઉચ્છેદ છે નહિ,
તેથી ચેતયિતા પુદ્‌ગલાદિનો નથી હોતો.

જો ખડી ભીંત આદિની નથી હોતી,
તો પછી કોની ખડી હોય છે ?
ખડીની જ ખડી હોય છે.
વારુ, બીજી કંઈ ખડી છે, કે જે ખડીની ખડી હોય છે ?

નિશ્ચયે કરીને ખડીની અન્ય ખડી નથી,
કિંતુ સ્વ-સ્વામી એ બે અંશો જ અન્ય છે.
અત્રે સ્વ-સ્વામી અંશના વ્યવહારથી શું સાધ્ય છે ?
કંઈ પણ નહિ.
ત્યારે કોઈની પણ ખડી નથી,
ખડી ખડી જ છે એમ નિશ્ચય છે.

જો ચેતયિતા પુદ્ગલાદિનો નથી હોતો,
તો પછી કોનો ચેતયિતા હોય છે ?
ચેતયિતાનો જ ચેતયિતા હોય છે.
વારુ, બીજો કયો ચેતયિતા છે, કે જે ચેતયિતાનો ચેતયિતા હોય છે ?

નિશ્ચયે કરીને ચેતયિતાનો અન્ય ચેતયિતા નથી,
કિંતુ સ્વ-સ્વામી એ બે અંશો જ અન્ય છે.
અત્રે સ્વ-સ્વામી અંશના વ્યવહારથી શું સાધ્ય છે ?
કંઈ પણ નહિ.
ત્યારે કોઈનો પણ અપોહક નથી,
અપોહક અપોહક જ છે એમ નિશ્ચય છે.

(૪) **અથ વ્યવહાર વ્યાખ્યાન :–**

અને જેમ શ્વેત ગુણનિર્ભર સ્વભાવવાળી
તે જ ખડી -
સ્વયં ભીંત આદિ પરદ્રવ્ય સ્વભાવે અપરિણમંતી
અને ભીંત આદિ પરદ્રવ્યને આત્મસ્વભાવે અપરિણમાવંતી,
ભીંત આદિ પરદ્રવ્ય નિમિત્તક
આત્માના (પોતાના) શ્વેતગુણનિર્ભર સ્વભાવના પરિણામે ઉપજતી
ખડી નિમિત્તક આત્માના (પોતાના) સ્વભાવના પરિણામે ઉપજતા
ભીંત આદિ પરદ્રવ્યને
આત્માના (પોતાના) સ્વભાવથી શ્વેત કરે છે,
એમ વ્યવહારાય છે :

તેમ જ્ઞાનગુણનિર્ભર સ્વભાવવાળો
ચેતયિતા પણ
સ્વયં પુદ્ગલાદિ પરદ્રવ્ય સ્વભાવે અપરિણમંતો
અને પુદ્ગલાદિ પરદ્રવ્યને આત્મ સ્વભાવે અપરિણમાવંતો,
પુદ્ગલાદિ પરદ્રવ્યનિમિત્તક
આત્માના જ્ઞાનગુણનિર્ભર સ્વભાવના પરિણામે ઉપજતો
ચેતયિતાનિમિત્તક આત્માના (પોતાના) સ્વભાવના પરિણામે ઉપજતા
પુદ્ગલાદિ પરદ્રવ્યને
આત્માના સ્વભાવથી જાણે છે,
એમ વ્યવહારાય છે.

(૫) અને **જેમ** શ્વેતગુણનિર્ભર સ્વભાવવાળી
તે જ ખડી
સ્વયં ભીંત આદિ પરદ્રવ્ય સ્વભાવે અપરિણમંતી
અને ભીંત આદિ પરદ્રવ્યને આત્મસ્વભાવે અપરિણમાવંતી,
ભીંત આદિ પરદ્રવ્યનિમિત્તક
આત્માના (પોતાના) શ્વેત ગુણનિર્ભર સ્વભાવના પરિણામે ઉપજતી
ખડી નિમિત્તક આત્માના સ્વભાવના પરિણામે ઉપજતા
ભીંત આદિ પરદ્રવ્યને
આત્માના (પોતાના) સ્વભાવથી શ્વેત કરે છે,
એમ વ્યવહારાય છે :

તેમ દર્શન ગુણનિર્ભર સ્વભાવવાળો
ચેતયિતા પણ
સ્વયં પુદ્ગલાદિ પરદ્રવ્ય સ્વભાવે અપરિણમંતો
અને પુદ્ગલાદિ પરદ્રવ્યને આત્મસ્વભાવે અપરિણમાવંતો
પુદ્ગલ આદિ પરદ્રવ્યનિમિત્તક
આત્માના દર્શનગુણનિર્ભર સ્વભાવના પરિણામે ઉપજતો,
ચેતયિતાનિમિત્તક આત્માના (પોતાના) સ્વભાવના પરિણામે ઉપજતા
પુદ્ગલાદિ પરદ્રવ્યને
આત્માના સ્વભાવથી દેખે છે,
એમ વ્યવહારાય છે :

| | |
|---|---|
| (૬) અને જેમ શ્વેતગુણનિર્ભર સ્વભાવવાળી | તેમ જ્ઞાન-દર્શન ગુણનિર્ભર પરાપોહનાત્મક સ્વભાવવાળો |
| તે જ ખડી | ચેતયિતા પણ |
| સ્વયં ભીંત આદિ પરદ્રવ્ય સ્વભાવે અપરિણમંતી | સ્વયં પુદ્ગલાદિ પરદ્રવ્ય સ્વભાવે અપરિણમંતો |
| અને ભીંત આદિ પરદ્રવ્યને આત્મસ્વભાવે અપરિણમાવતી, | અને પુદ્ગલાદિ પરદ્રવ્યનો આત્મસ્વભાવે અપરિણમાવંતો, |
| ભીંત આદિ પરદ્રવ્ય નિમિત્તક | પુદ્ગલ આદિ પરદ્રવ્ય નિમિત્તક |
| આત્માના શ્વેતગુણનિર્ભર સ્વભાવના પરિણામે ઉપજતી - | આત્માના જ્ઞાન-દર્શન ગુણનિર્ભર પરાપોહનાત્મક સ્વભાવના પરિણામે ઉપજતો, |
| ખડી નિમિત્તક આત્માના સ્વભાવના પરિણામે ઉપજતા | ચેતયિતા નિમિત્તક આત્માના સ્વભાવના પરિણામે ઉપજતા |
| ભીંત આદિ પરદ્રવ્યને | પુદ્ગલાદિ પરદ્રવ્યને |
| આત્માના (પોતાના) સ્વભાવથી શ્વેત કરે છે, | આત્માના સ્વભાવથી અપોહે છે (દૂર કરે છે), |
| એમ વ્યવહારાય છે : | એમ વ્યવહારાય છે. |

એમ આ આત્માનો જ્ઞાન-દર્શન-ચારિત્ર પર્યાયોનો નિશ્ચય વ્યવહાર પ્રકાર છે -
એમજ અન્ય સર્વેય પર્યાયોનો દેખવો યોગ્ય છે. ॥૩૬૫-૩૬૫॥

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''કોઈ પણ દ્રવ્ય પર પરિણામે પરિણમે નહીં. સ્વપણાનો ત્યાગ કરી શકે નહીં, નિયત અનાદિ મર્યાદાપણે વર્ત્તે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, હાથનોંધ-૧**

અત્ર સ્વયં પરિણામી પરવસ્તુનું વસ્તુ જે કાંઈ પણ કરે છે તે વ્યવહાર દૃષ્ટિથી જ છે - નિશ્ચયથી અન્ય કાંઈ પણ નથી, એમ ઉત્થાનિકા કળશમાં જેનું સૂચન કર્યું હતું, તે આ ગાથાસૂત્રમાં **શાસ્ત્રકર્ત્તા કુંદકુંદાચાર્યજીએ** ખડીના દૃષ્ટાંતથી ગમિક સૂત્ર શૈલીમાં સુંદર નિરૂપણ કર્યું છે અને તેનો દૃષ્ટાંત-દાર્ષ્ટાંતકનો બિંબ-પ્રતિબિંબ ભાવ તેવા જ હૃદયંગમ ગમિક સૂત્ર પદ્ધતિથી પોતાની અનન્ય લાક્ષણિક શૈલીમાં સાંગોપાંગ વિવરી દેખાડી **'આત્મખ્યાતિ' વ્યાખ્યા સૂત્રકર્ત્તા અમૃતચંદ્રાચાર્યજીએ** પરમ **અદ્ભુત અનન્ય ભેદવિજ્ઞાનનું** અનંત ગુણવિશિષ્ટ વજ્રલેપ દૃઢીકરણ કરાવ્યું છે.

ખડી છે, તે શ્વેત ગુણથી નિર્ભર સ્વભાવવાળું દ્રવ્ય છે - श्वेतगुणनिर्भरस्वभावं द्रव्यं તે ભીંત વગેરે પરદ્રવ્યને શ્વેત - ધવલ કરે છે, ધોળે છે, એટલે ભીંત વગેરે પરદ્રવ્ય તે ખડીનું વ્યવહારથી શ્વૈત્ય - શ્વેત - ધવલ કરાવા યોગ્ય - ધોળાવા યોગ્ય છે - तस्य तु व्यवहारेण श्वैत्यं कुड्यादि परद्रव्यं । હવે અત્રે શ્વૈત્ય - શ્વેત કરાવા યોગ્ય - ધોળાવા યોગ્ય એવા ભીંત વગેરે પરદ્રવ્યની શ્વેતયિત્રી - શ્વેત કરનારી - ધોળનારી ખડી શું હોય છે ? કે નથી હોતી ? એમ તદુભયનો - તે ભીંત અને ખડીનો તત્ત્વસંબંધ મીમાંસવામાં આવે છે, મીમાંસાથી - પુષ્ટ તત્ત્વ વિચારણાથી સૂક્ષ્મપણે વિચારવામાં આવે છે :

(૧) ખડી જો ભીંત વગેરેની હોય છે, તો જેનું જે હોય છે તે તે જ હોય છે - यस्य यद्भवति तत्तदेव भवति, यथात्मनो ज्ञानं भवदात्मैव भवति - જેમ આત્માનું જ્ઞાન હોતું આત્મા જ હોય છે - એમ તત્ત્વસંબંધ જીવતે સતે, ખડી ભીંત વગેરેની હોતાં ભીંત વગેરે જ હોય. એમ હોતાં તો ખડીનો સ્વદ્રવ્ય ઉચ્છેદ થાય - પોતાના દ્રવ્યનો ઉચ્છેદ - સર્વનાશ થાય અને એક દ્રવ્ય દ્રવ્યાંતરમાં - બીજા દ્રવ્યમાં સંક્રમે નહિ એમ પૂર્વે જ દ્રવ્યાંતર સંક્રમનો નિષેધ કરવામાં આવી ચૂક્યો છે, એટલે દ્રવ્યનો ઉચ્છેદ - સર્વનાશ છે નહિ. તેથી નિર્ણીત થાય છે કે ખડી ભીંત વગેરેની નથી હોતી.

(૨) ત્યારે પ્રશ્ન થાય છે કે તે ખડી જો ભીંત વગેરેની નથી હોતી, તો પછી કોની ખડી હોય છે ?

ખડીની જ ખડી હોય છે. વારુ, એવી તે બીજી કઈ ખડી છે કે જે ખડીની ખડી હોય છે ? ખરેખર ! નિશ્ચયે કરીને ખડીની બીજી ખડી નથી, પરંતુ સ્વ-સ્વામી એ બે અંશો જ અન્ય છે - જૂદા જૂદા છે. અત્રે સ્વ - સ્વામી અંશના વ્યવહારથી શું સાધ્ય છે ? કંઈ પણ નહિ. તો પછી ખડી કોઈની પણ નથી, ખડી ખડી જ છે એમ નિશ્ચય છે - न कस्यापि सेटिका सेटिका सेटिकैवेति निश्चयः - જેમ આ દૃષ્ટાંત તેમ આ દૃષ્ટાંત પરથી ઉપજતો આ દાર્ષ્ટાંતિક ભાવ છે -

ચેતયિતા - ચેતનારો ચેતન તો અત્રે જ્ઞાનગુણનિર્ભર સ્વભાવવાળું દ્રવ્ય છે - ज्ञानगुणनिर्भर स्वभावं द्रव्यं, તે પુદ્ગલાદિ પરદ્રવ્યને જાણે છે, એટલે તે પુદ્ગલાદિ પરદ્રવ્ય તેનું - ચેતયિતાનું વ્યવહારથી જ્ઞેય - જણાવા જાણવા યોગ્ય છે - तस्य तु व्यवहारेण ज्ञेयं पुद्गलादिपरद्रव्यं । હવે આ જ્ઞેય એવા પુદ્ગલાદિ પરદ્રવ્યનો જ્ઞાયક એવો ચેતયિતા શું હોય છે ? શું નથી હોતો ? એમ તદ્ભયનો - તે ચેતયિતા અને પુદ્ગલાદિ પરદ્રવ્યનો તત્ત્વસંબંધ મીમાંસવામાં આવે છે, મીમાંસાથી - પુષ્ટ તત્ત્વ વિચારણાથી સૂક્ષ્મપણે વિચારવામાં આવે છે -

(૧) ચેતયિતા - ચેતનારો ચેતન જો પુદ્ગલાદિનો હોય છે, તો જેનું જે હોય તે તે જ હોય છે - જેમ આત્માનું જ્ઞાન હોતું આત્મા જ હોય છે - એમ તત્ત્વસંબંધ જીવતે સતે, ચેતયિતા પુદ્ગલાદિનો હોતાં પુદ્ગલાદિ જ હોય. એમ સતે ચેતયિતાનો સ્વદ્રવ્ય ઉચ્છેદ - પોતાના દ્રવ્યનો સર્વનાશ હોય અને એક દ્રવ્ય - દ્રવ્યાંતરમાં - બીજા દ્રવ્યમાં સંક્રમે નહિ એમ પૂર્વે જ દ્રવ્યાંતર સંક્રમનો નિષેધ કરવામાં આવી ચૂક્યો છે. એટલે દ્રવ્ય ઉચ્છેદ - સર્વનાશ છે નહિ. તેથી નિર્ણીત થાય છે કે ચેતયિતા પુદ્ગલાદિનો નથી હોતો.

(૨) ત્યારે પ્રશ્ન થાય છે કે ચેતયિતા જો પુદ્ગલાદિનો નથી હોતો, તો પછી કોનો ચેતયિતા હોય છે ? ચેતયિતાનો જ ચેતયિતા હોય છે. વારુ, એવો તે બીજો કયો ચેતયિતા છે, કે જે ચેતયિતાનો ચેતયિતા હોય છે ? ખરેખર ! નિશ્ચયે કરીને ચેતયિતાનો અન્ય ચેતયિતા નથી, પરંતુ સ્વ-સ્વામી એ બે અંશો જ અન્ય - જૂદા જૂદા છે. અત્રે સ્વ - સ્વામી અંશના વ્યવહારથી શું સાધ્ય છે ? કંઈ પણ નહિ. ત્યારે કોઈનો પણ જ્ઞાયક નથી, જ્ઞાયક જ્ઞાયક જ છે એમ નિશ્ચય છે - न कस्यापि ज्ञायकः, ज्ञायकः ज्ञायक एवेति निश्चयः ।

તેમજ - કોઈનો પણ દર્શક નથી, દર્શક દર્શક જ છે, કોઈનો પણ અપોહક (પર દ્રવ્યને દૂર કરનારો) નથી, અપોહક અપોહક જ છે ઈત્યાદિ નિશ્ચય પણ સમજી લેવો. હવે પરદ્રવ્ય સાથેનો નિશ્ચયથી વ્યવહાર કેવા પ્રકારે છે તે પણ તે જ ખડીના દૃષ્ટાંતથી અત્ર આત્મખ્યાતિ કર્ત્તાએ નિષ્તુષપણે સ્પષ્ટ સમજાવ્યો છે -

તે જ ખડી છે. તે શ્વેતગુણથી નિર્ભર છે સ્વભાવ જેનો એવી છે - श्वेतगुणनिर्भरस्वभावा તે શ્વેત ગુણ નિર્ભર સ્વભાવવાળી ખડી, તે ભીંત વગેરે પરદ્રવ્યને પોતાના સ્વભાવથી શ્વેત કરે છે એમ વ્યવહરાય છે - आत्मनः स्वभावेन श्वेतयति इति व्यवह्रियते । અને તેમ કરવામાં તે કેવી રીતે પ્રવર્ત્તે છે તેની સૂક્ષ્મ તાત્ત્વિક વિચારણા અત્ર રજૂ કરી છે - (૧) તે ખડી સ્વયં - પોતે ભીંત વગેરે પરદ્રવ્યના સ્વભાવે અપરિણમમાન - અપરિણમંતી - નહિ પરિણમતી (૨) અને ભીંત વગેરે પરદ્રવ્યને આત્મ સ્વભાવે - પોતાના શ્વેત સ્વભાવે અપરિણમાવતી - નહિ પરિણમાવતી તેમ કરે છે. તેમજ - (૩) ભીંત વગેરે પરદ્રવ્યનિમિત્તક - પરદ્રવ્યના નિમિત્ત થકી નીપજતા એવા આત્માના - પોતાના શ્વેત ગુણ નિર્ભર સ્વભાવના પરિણામે ઉપજી રહેલી એવી તે ખડી, (૪) ખડીનિમિત્તક - ખડીના નિમિત્ત થકી નીપજતા આત્માના - ભીંત વગેરેના પોતાના સ્વભાવના પરિણામે ઉપજી રહેલ એવા ભીંત વગેરે પરદ્રવ્યને પોતાના શ્વેત સ્વભાવે કરી શ્વેત કરે છે, એમ વ્યવહાર છે.


તેમ ચેતયિતા જ્ઞાનગુણ નિર્ભર છે સ્વભાવ જેનો એવો છે, ज्ञानगुणनिर्भरस्वभावः - આ જ્ઞાનગુણ નિર્ભર સ્વભાવવાળો ચેતયિતા પુદ્ગલાદિ પરદ્રવ્યને આત્માના સ્વભાવે કરીને જાણે છે - એમ


વ્યવહરાય છે - आत्मनः स्वभावेन जानातीति व्यवह्रियते અને તેમ કરવામાં તે કેવી રીતે પ્રવર્ત્તે છે તેની પરમ સૂક્ષ્મ તાત્ત્વિક વિચારણા અત્ર રજૂ કરી છે - (૧) स्वयं पुद्‌गलादिपरद्रव्यस्वभावेना परिणममानः - તે ચેતયિતા સ્વયં - પોતે પુદ્‌ગલાદિ પરદ્રવ્યના સ્વભાવે અપરિણમમાન - અપરિણમી રહેલો - અપરિણમતો - નહિ પરિણમતો (૨) पुद्‌गलादिपरद्रव्यं चात्मस्वभावेनापरिणामयन् - અને પુદ્‌ગલાદિ પરદ્રવ્યને આત્મ સ્વભાવે - પોતાના જ્ઞાન સ્વભાવે અપરિણાવતો - નહિ પરિણમાવતો તેમ કરે છે. તેમજ - (૩) पुद्‌गलादिपरद्रव्यनिमित्तकेनात्मनो ज्ञानगुणनिर्भरस्वभावस्य परिणामेनोत्पद्यमानः - પુદ્‌ગલાદિ પરદ્રવ્ય નિમિત્તક - પરદ્રવ્યના નિમિત્ત થકી નીપજતા એવા આત્માના - પોતાના જ્ઞાન ગુણનિર્ભર સ્વભાવના પરિણામે ઉપજી રહેલો એવો તે ચેતયિતા, (૪) पुद्‌गलादिपरद्रव्यं चेतयितृनिमित्तकेनात्मनः स्वभावस्य परिणामेनोत्पद्यमानम् - **ચેતયિતાનિમિત્તક** - ચેતયિતાના નિમિત્ત થકી નીપજતા આત્માના - પરદ્રવ્યના પોતાના સ્વભાવના **પરિણામે** ઉપજી રહેલા એવા પુદ્‌ગલાદિ પરદ્રવ્યને આત્માના જ્ઞાન સ્વભાવે કરીને જાણે છે, એમ વ્યવહાર છે.

તેમજ - દર્શન ગુણ નિર્ભર સ્વભાવવાળો ચેતયિતા પુદ્‌ગલાદિ પરદ્રવ્યને આત્માના સ્વભાવે કરી દેખે છે એમ વ્યવહરાય છે, તથા ज्ञानदर्शनगुणनिर्भरपरापोहतात्मकस्वभावः - જ્ઞાન - દર્શન ગુણ નિર્ભર પરાપોહનાત્મક - પરને દૂર કરવા રૂપ સ્વભાવવાળો ચેતયિતા પુદ્‌ગલાદિ પરદ્રવ્યને આત્માના સ્વભાવે કરી અપોહે છે - દૂર કરે છે, એમ વ્યવહરાય છે, ઈત્યાદિ પ્રકાર પણ ઉક્ત વિધાનથી સમજી લેવું. એમ આ આત્માનો જ્ઞાન-દર્શન-ચારિત્ર પર્યાયોનો **નિશ્ચય - વ્યવહાર** પ્રકાર છે - एवमयमात्मनो ज्ञानदर्शनचारित्रपर्यायाणां निश्चयव्यवहारप्रकारः, એમજ અન્ય સર્વેય પર્યાયોની બાબતમાં પણ દેખવો - સમજી લેવો.

આમ આ **પરમ લોકોત્તર તત્ત્વવિજ્ઞાન** અતિઅતિ સંક્ષિપ્ત **સૂત્રાત્મક** શૈલીમાં લખનારા **આચાર્યચૂડામણિ અમૃતચંદ્રજીએ** અત્રે એટલા બધા વિસ્તારથી અત્યંત નિષ્તુષ સ્પષ્ટપણે સમજાવી ફરી ફરી ગોખાવ્યું છે - એ જ આ લોકોત્તર **તત્ત્વવિજ્ઞાનની** કેટલી બધી પારમાર્થિક ઉપયોગિતા છે તેનો સહજ ખ્યાલ આપે છે, એટલે આનું અત્ર પિષ્ટપેષણ નહિ કરતાં, આ જ **પરમ જગદ્‌ગુરુ** એ મૂળ **'આત્મખ્યાતિ'માં ગોખાવેલું તત્ત્વવિજ્ઞાનનું** અને તેના અક્ષરશઃ અર્થાનુવાદનું પુનઃ પુનઃ પરિભાવન કરવાની આત્માર્થી મુમુક્ષુઓને વિનમ્ર ભલામણ કરીએ છીએ. અસ્તુ !

**આકૃતિ**



ઉક્તનો તત્ત્વ નિષ્કર્ષ આ **સમયસાર કળશમાં (૨૩) અમૃતચંદ્રજી પ્રકાશે છે** -

शार्दूलविक्रीडित

**शुद्धद्रव्यनिरूपणार्पितमतेस्तत्त्वं समुत्पश्यतो,**
**नैकद्रव्यगतं चकास्ति किमपि द्रव्यांतरं जातुचित् ।**
**ज्ञानं ज्ञेयमवैति यत्तु तदयं शुद्धस्वभावोदयः,**
**किं द्रव्यांतरचुंबनाकुलधियस्तत्त्वाच्च्यवंते जनाः ॥२१५॥**

શુદ્ધ દ્રવ્યનિરૂપણે મતિધરાને તત્ત્વ દેખંતને,
એક દ્રવ્યગત કંઈ પણ કદી ભાસે ન દ્રવ્યાંતરં;
જાણે જે અહિં જ્ઞાન જ્ઞેય નકી તે શુદ્ધ સ્વભાવોદયો,
કાં દ્રવ્યાંતર ચુંબનાકુલ મતિ લોકો ચ્યવે તત્ત્વથી ? ૨૧૫

## અમૃત પદ - ૨૧૫

શુદ્ધ દ્રવ્યમાં મતિ અર્પીને, તત્ત્વ શુદ્ધ અવધારો !
દ્રવ્યાંતરને ચુંબન કરવા, આકુલ મતિ કાં ધારો ?... શુદ્ધ દ્રવ્યમાં મતિ. ૧
શુદ્ધ દ્રવ્યના નિરૂપણ માંહી, મતિ અર્પિત છે જેની,
શુદ્ધાતમ અનુભવ અનુભવતાં, ભ્રાંતિ રહે તસ શેની ?... શુદ્ધ દ્રવ્યમાં મતિ. ૨
તે સુમતિને અનુભવ-નેત્રે, તત્ત્વ સમ્યક્ દેખંતાં,
એકદ્રવ્યગત દ્રવ્યાંતર કંઈ, કદી ન ભાસે સંતા !... શુદ્ધ દ્રવ્યમાં મતિ. ૩
અને જ્ઞાન જે જ્ઞેય જાણતું, તે તો નિશ્ચય એનો,
શુદ્ધ સ્વભાવ ઉદય છે સહજે, સંશય એમાં શેનો ?... શુદ્ધ દ્રવ્યમાં મતિ. ૪
દ્રવ્યાંતરને ચુંબન કરવા, આકુલ મતિને ધારી,
તત્ત્વથી જનો ચ્યવે છે શાને ? તત્ત્વ ન આ અવધારી... શુદ્ધ દ્રવ્યમાં મતિ. ૫
ભગવાન અમૃતચંદ્રે ભાખ્યું, તત્ત્વનું તત્ત્વ પુકારી,
અમૃત કળશે વિશ્વપાવની, જ્ઞાનગંગ અવતારી... શુદ્ધ દ્રવ્યમાં મતિ. ૬

**અર્થ** - શુદ્ધ દ્રવ્યના નિરૂપણમાં જેની મતિ અર્પિત છે એવાને તત્ત્વ સમ્યક્ દેખતાને એકદ્રવ્યગત કંઈ પણ દ્રવ્યાંતર - અન્ય દ્રવ્ય કદી પણ ચકાસતું - ભાસતું નથી અને જ્ઞાન જે જ્ઞેયને જાણે છે, તે તો આ શુદ્ધ સ્વભાવનો ઉદય છે, તો પછી દ્રવ્યાંતર ચુંબનથી આકુલ બુદ્ધિવાળા જનો તત્ત્વથી કેમ ચ્યવે છે ? ૨૧૫

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"આત્માનો સ્વાભાવિક ગુણ દેખવા - જાણવાનો હોવાથી તે જ્ઞેય પદાર્થને જ્ઞેયાકારે દેખે, જાણે, પણ જે આત્માને સમદર્શિપણું પ્રગટ થયું છે, તે આત્મા તે પદાર્થને દેખતાં, જાણતાં છતાં તેમાં મમત્વ બુદ્ધિ, તાદાત્મ્યપણું ઈષ્ટ અનિષ્ટ બુદ્ધિ ન કરે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૫૩ (૩) વ્યાખ્યાન સાર**

ઉપરમાં આત્મખ્યાતિના ગદ્ય ભાગમાં જે આટલું બધું સ્પષ્ટ વિવરી દેખાડ્યું તેવો તત્ત્વ નિષ્કર્ષ પ્રકાશતા આ **સુવર્ણ કળશ કાવ્યમાં અમૃતચંદ્રજી** મુમુક્ષુઓને ભાવવાહી ઉદ્બોધન કરે છે - शुद्धद्रव्यनिरूपणार्पितमतेस्तत्त्वं समुत्पश्यतो - જ્યાં કંઈ પણ પરભાવ - વિભાવનો સ્પર્શ લેશ નથી એવા

શુદ્ધ દ્રવ્યના નિરૂપણમાં - દર્શનમાં જેની મતિ અર્પિત છે - અર્પાયેલી છે એવાને - તત્ત્વને સમ્યક્ જેમ છે તેમ યથાવત્ દેખતા સમ્યગ્દૃષ્ટિને એકદ્રવ્યગત કંઈ પણ દ્રવ્યાંતર કદી પણ ચકાસતું નથી - नैकद्रव्यगतं चकास्ति किमपि द्रव्यांतरं जातुचित्, એક દ્રવ્યમાં ગયેલું કંઈ પણ બીજું દ્રવ્ય ક્યારેય પણ ભાસતું નથી અને ज्ञानं ज्ञेयमवैति यत्तु - જ્ઞાન જે જ્ઞેયને જાણે છે તે તો આ શુદ્ધ સ્વભાવનો ઉદય છે - तदयं शुद्धस्वभावोदयः । જ્ઞાન જે જ્ઞેયને - જાણવા યોગ્યને જાણે છે તે તો તેનો જાણવાનો શુદ્ધ સ્વભાવ છે તેને લીધે જાણે છે. એટલે જ્ઞાનને જ્ઞેય એવા પર દ્રવ્યાંતર સાથે જ્ઞેય - જ્ઞાયક સંબંધ સિવાય બીજો કોઈ સંબંધ છે નહિ. તો પછી દ્રવ્યાંતર ચુંબનથી આકુલ - દુઃખી બુદ્ધિવાળા જનો તત્ત્વથી કેમ ચ્યવે છે ? કેમ ભ્રષ્ટ થાય છે ? किं द्रव्यांतरचुंबनाकुलधियस्तत्त्वाच्च्यवंते जनाः ?

આ સિદ્ધાંત ચંદ્ર-ચંદ્રિકાના અદ્ભુત દૃષ્ટાંતથી અમૃત **સમયસાર કળશમાં** (૨૪) **અમૃતચંદ્રજી** સમર્થન કરે છે -

मंदाक्रांता

**शुद्धद्रव्यस्वरसभवनात्किं स्वभावस्य शेष -**
**मन्यद्द्रव्यं भवति यदि वा तस्य किं स्यात्स्वभावः ।**
**ज्योत्स्नारूपं स्नपयति भुवं नैव तस्यास्ति भूमि -**
**र्ज्ञानं ज्ञेयं कलयति सदा ज्ञेयमस्यास्ति नैव ॥२१६॥**

શુદ્ધ દ્રવ્ય સ્વરસ ભવને શેષ સ્વભાવનું શું ?
અન્ય દ્રવ્યં યદિ થતું જ તો તાસ સ્વભાવ તે શું ?
જ્યોત્સ્ના રૂપ સ્નપિત ભૂ કરે ભૂમિ તેની જ છે ના,
જ્ઞાન જ્ઞેયં કળતું જ સદા જ્ઞેય આનું જ છે ના. ૨૧૬

## અમૃત પદ - ૨૧૬

'વીર સુતો કાં સુતા રહ્યા છો' - એ રાગ

ચંદ્ર ભૂમિને ન્હવરાવે છે, ભૂમિ ચંદ્રની હોય નહિ,
આત્મચંદ્ર આ વિશ્વ પ્રકાશે, વિશ્વ આત્મનું હોય નહિ... ૧
શુદ્ધ દ્રવ્યના સ્વરસ ભવનથી, સ્વભાવનું શું શેષ રહ્યું ?
અન્ય દ્રવ્ય જો થાય તેહનો, સ્વભાવ શું ? એ જાય કહ્યું... ચંદ્ર. ૨
ચંદ્ર ભૂમિને ન્હવરાવે પણ, ભૂમિ ચંદ્રની હોય નહિ,
જ્ઞાન જ્ઞેયને કળે સદાયે, જ્ઞેય જ્ઞાનનું હોય નહિ... ચંદ્ર. ૩
આત્મચંદ્ર આ વિશ્વ પ્રકાશે, જ્ઞાન ચંદ્રિકા વિશ્વ ભરી,
વિશ્વ આત્મનું નો'ય કદીયે, જ્ઞાન આત્મમાં રહ્યું ઠરી... ચંદ્ર. ૪
ભગવાન અમૃતચંદ્રે એવી, જ્ઞાન ચંદ્રિકા વિશ્વ ભરી,
અમૃત કળશે અમૃત પીવા, વિશ્વ સકલને ભેટ ધરી... ચંદ્ર. ૫

**અર્થ** - શુદ્ધ દ્રવ્યના સ્વરસ ભવનથી સ્વભાવનું શેષ શું છે ? અથવા જો તે અન્ય દ્રવ્ય હોય છે, તો તે શું તેનો સ્વભાવ થાય ? જ્યોત્સ્ના રૂપ ભૂમિને સ્નાન કરાવે છે, (પણ) ભૂમિ તેની કદી છે જ નહિ, જ્ઞાન જ્ઞેયને સદા કળે છે, (પણ) જ્ઞેય એનું (જ્ઞાનનું) કદી છે જ નહિ. ૨૧૬


## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ચંદ્ર ભૂમિને પ્રકાશે છે, તેના કિરણની કાંતિના પ્રભાવથી સમસ્ત ભૂમિ શ્વેત થઈ જાય છે, પણ કંઈ ચંદ્ર ભૂમિ રૂપ કોઈ કાળે તેમ થતો નથી, એમ સમસ્ત વિશ્વને પ્રકાશક એવો આ આત્મા તે ક્યારે પણ વિશ્વરૂપ થતો નથી, સદા સર્વદા ચૈતન્ય સ્વરૂપ જ રહે છે. વિશ્વમાં જીવ અભેદતા માને છે, એ જ ભ્રાંતિ છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૭૬૦), ૮૩૩**

આ સ્વભાવનો વ્યુત્પત્તિ અર્થથી પરમ પરમાર્થ - મર્મ પ્રવ્યક્ત કરી, તત્ત્વ વિજ્ઞાન કળાની સોળે કળાથી પ્રકાશમાન **અમૃતચંદ્રજી** ચંદ્ર ને તેની જ્યોત્સ્નાના પરમ અદ્ભુત દૃષ્ટાંતથી જ્ઞાન-જ્ઞેયનો સ્પષ્ટ વિભેદ આ **સમયસાર કળશમાં** તત્ત્વ સર્વસ્વ સમર્પકપણે સમજાવે છે - शुद्धद्रव्यस्वरसभवनात्किं स्वभावस्य शेषं ? - શુદ્ધ દ્રવ્યના સ્વરસ ભવનથી સ્વભાવનું શેષ - બાકી શું રહ્યું ? અર્થાત્ શુદ્ધ દ્રવ્યનું

'સ્વરસે' - પોતાના સ્વરૂપ રસે 'ભવન' - હોવું તે જ 'સ્વભાવ', स्वस्य भवनं स्वभावः આ સ્વરસ ભવન એ જ પૂર્ણ સ્વભાવ છે, તે જો થયું, તો પછી તેમાંથી સ્વભાવનું શું બાકી રહ્યું ? अन्यद्रव्यं भवति यदि वा तस्य किं स्यात् स्वभावः ? અથવા જો તે સ્વભાવ અન્ય દ્રવ્ય હોય છે, તો તે શું તે 'સ્વભાવ' નહિ - 'પરભાવ' જ થયો ! ज्योत्स्नारूपं स्नपयति भुवं - જ્યોત્સ્ના રૂપ ચંદ્ર જ્યોત્સ્નાથી - ચંદ્રિકાથી ભૂમિને સ્નાન કરાવે છે - ન્હવરાવે છે, પણ ભૂમિ તેની - ચંદ્રની કોઈ કાળે છે નહિ - नैव तस्यास्ति भूमि - તેમ જ્ઞાન જ્ઞેયને સદા કળે છે - જાણે છે, પણ જ્ઞાન જ્ઞેયનું કદી પણ છે જ નહિ, ज्ञानं ज्ञेयं कलयति सदा ज्ञेयमस्यास्ति नैव ।

આકૃતિ




તાત્પર્ય કે - **'પ્રવચનસાર' ટીકામાં અમૃતચંદ્રાચાર્યજીએ** પ્રકાશ્યું છે તેમ આત્માનો સકલ જ્ઞેય સાથે જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે, પણ સ્વ-સ્વામી સંબંધ છે નહિ.

પરમ આત્મદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીનું ટંકોત્કીર્ણ વચનામૃત છે કે -

''જેમ આકાશમાં વિશ્વનો પ્રવેશ નથી અને સર્વ ભાવની વાસનાથી આકાશરહિત જ છે, તેમ સમ્યગ્દૃષ્ટિ પુરુષોએ પ્રત્યક્ષ સર્વ દ્રવ્યથી ભિન્ન, સર્વ અન્ય પર્યાયથી રહિત જ આત્મા દીઠો છે.''

**- શ્રીમદ્ રાજચંદ, અં. ૮૩૩, (૭૬૦)**

આગલી ગાથાના ભાવનું સૂચન કરતો ઉત્થાનિકા રૂપ **સમયસાર કળશ (૨૫)** લલકાર્યો છે -

मंदाक्रांता

**रागद्वेषद्वयमुदयते तावदेतन्न यावद्,**
**ज्ञानं ज्ञानं भवति न पुन र्बोध्यतां याति बोध्यं ।**
**ज्ञानं ज्ञानं भवतु तदिदं न्यक्कृताज्ञानभावं,**
**भावाभावौ भवति तिरयन्येन पूर्णस्वभावः ॥२१७॥**

## અમૃત પદ - ૨૧૭

જ્ઞાન જ્ઞાન ને જ્ઞેય જ્ઞેય જો, રાગ દ્વેષ દ્વય ઉદય ટળે... ધ્રુવ પદ.
રાગ દ્વેષ દ્વય ઉદય ત્યાં લગી, જ્યાં લગી જ્ઞાન ન જ્ઞાન થતું
અને જ્ઞેય પણ જ્ઞેયપણાને, પુનઃ નિશ્ચયે પામી જતું... જ્ઞાન જ્ઞેય.
જ્ઞાન જ્ઞાન ભાવ જ હો તેથી, અજ્ઞાન ભાવ તિરસ્કરતો
ભાવ અભાવ તિરોહિત કરતો, જેથી પૂર્ણ સ્વભાવ થતો... જ્ઞાન.
આવી રહસ્ય ચાવી દર્શાવી, રાગ દ્વેષ દ્વય દૂર કરવા,
ભગવાન અમૃતચંદ્રે અમૃત, કળશે અનુભવ રસ પીવા... જ્ઞાન.


**અર્થ** - આ રાગ-દ્વેષ દ્વય ત્યાં લગી ઉદય પામે છે કે જ્યાં લગી જ્ઞાન જ્ઞાન નથી થતું અને બોધ્ય (જ્ઞેય) બોધ્યતા (જ્ઞેયતા) નથી પામતું, તેથી અજ્ઞાનભાવ જેણે ન્યક્કૃત કર્યો છે એવું આ જ્ઞાન જ્ઞાન હો ! જેથી કરીને ભાવ-અભાવ બન્નેને તિરોહિત કરતો પૂર્ણ સ્વભાવ હોય છે. ૨૧૭

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"સર્વ વિચારણાનું ફળ આત્માનું સહજ સ્વભાવે પરિણામ થવું એજ છે. સંપૂર્ણ રાગ દ્વેષના ક્ષય વિના સંપૂર્ણ આત્મજ્ઞાન પ્રગટે નહીં એવો નિશ્ચય જિને કહ્યો છે, તે વેદાંત કરતાં બળવાન્ પ્રમાણભૂત છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૫૦૭), ૫૯૫**

રાગ-દ્વેષ દ્વંદ્વના ઉદય - અનુદયની રહસ્ય ચાવી (master-key) અર્પતા આ ઉત્થાનિકા કળશમાં જગદ્ગુરુ **અમૃતચંદ્રાચાર્યજીએ** આગલી ગાથામાં આવતા ભાવનું તત્ત્વ સર્વસ્વ સમર્પક સૂચન કર્યું છે - रागद्वेषद्वयमुदयते तावदेतन्न यावद् ज्ञानं ज्ञानं भवति न पुनर्बोध्यतां यानि बोध्यं - **આ રાગ-દ્વેષ દ્વય** - રાગ દ્વેષ દ્વંદ્વ ત્યાં લગી ઉદય પામે છે, કે જ્યાં લગી જ્ઞાન જ્ઞાન નથી થાતું અને બોધ્ય - જ્ઞેય બોધ્યતા - જ્ઞેયતા નથી પામતું, અર્થાત્ જ્યાં લગી જ્ઞાન જ્ઞાનરૂપે નથી પરિણમતું અને જ્ઞેય જ્ઞેય રૂપે નથી પરિણમતું, ત્યાં લગી અજ્ઞાનને લીધે જ્ઞેયમાં તન્મયતા માની બેસવાથી રાગ-દ્વેષનો ઉદય હોય છે. તેથી અજ્ઞાન ભાવ જેણે ન્યક્કૃત - તિરસ્કૃત કર્યો છે એવું આ જ્ઞાન જ્ઞાન હો ! - ज्ञानं ज्ञानं भवतु तदियं न्यक्क ताज्ञानभावं - જેથી કરીને ભાવ - અભાવ બન્નેને તિરોહિત કરતો પૂર્ણ સ્વભાવ હોય છે. - અર્થાત્ રાગાદિ પરભાવના ભાવને - હોવાપણાને અને જ્ઞાનરૂપ સ્વભાવના અભાવને - નહિ હોવાપણાને તિરોહિત કરતો - ઢાંકી દેતો પૂર્ણ સ્વભાવ પ્રગટે છે - भावाभावौ भवितिरयन्येन पूर्णस्वभावः ।

**આકૃતિ**



दंसणणाणचरित्तं किंचिवि णत्थि दु अचेयणे विसये ।
तह्मा हिं घादयदे चेतयिदा तेसु विसएसु॥३६६॥
दंसणणाणचरित्तं किंचिवि णत्थि दु अचेयणे कम्मे ।
तह्मा किं घादयदे चेदयिदा तम्मि कम्मह्मि ॥३६७॥
दंसणणाण चरित्तं किंचिवि णत्थि दु अचेयणे काये ।
तह्मा किं घादयदे चेदयिदा तेसु कायेसु ॥३६८॥
णाणस्स दंसणस्स य भणिओ घाओ तहा चरित्तस्स ।
णवि तहिं पुग्गलदव्वस्स कोऽवि घाओ उ णिद्दिट्ठो ॥३६९॥
जीवस्स जे गुणा केई णत्थि खलु ते परेसु दव्वेसु ।
तह्मा सम्माइट्ठिस्स णत्थि रागो उ विसएसु ॥३७०॥
रागो दोसो मोहो जीवस्सेव य अणण्णपरिणामा ।
एएण कारणेण उ सद्दादिसु णत्थि रागादि ॥३७१॥

---

**आत्मभावना** -

दर्शनज्ञानचरित्रे तु किंचिदपि अचेतने विषये नास्ति - દર્શન - જ્ઞાન - ચારિત્ર તો નિશ્ચયે કરીને કિંચિત્ પણ અચેતન વિષયમાં છે નહિ, तस्मात् चेतयिता तेषु विषयेषु किं हंति - તેથી ચેતયિતા તે વિષયોમાં શું હણે છે ? એમ જ કર્મ સંબંધમાં અને કાય સંબંધમાં સમજી લેવું. ॥३६६-३६७॥ ज्ञानस्य दर्शनस्य तथा चरित्रस्य घातः भणितः - જ્ઞાનનો દર્શનનો તથા ચરિત્રનો ઘાત કહ્યો છે, तत्र पुद्‌गलद्रव्यस्य कोऽपि घातस्तु णापि निर्दिष्टः - પણ ત્યાં પુદ્‌ગલ દ્રવ્યનો કોઈ પણ ઘાત નથી જ નિર્દિષ્ટ - નિર્દેશવામાં આવેલા जीवस्य ये गुणाः केचित् - જીવના જે ગુણો કોઈ છે તે खलु परेषु द्रव्येषु न संति - તે નિશ્ચયે કરીને પર દ્રવ્યોમાં છે નહિ, तस्मात् सम्यग्दृष्टेः तु विषयेषु रागः नास्ति - તેથી સમ્યગ્‌દૃષ્ટિને તો નિશ્ચયે કરીને વિષયોમાં રાગ છે નહિ. ॥३७०॥ रागो द्वेषो मोहो जीवस्यैव च अनन्यपरिणामाः - અને રાગ - દ્વેષ - મોહ જીવના જ અનન્ય પરિણામો છે, एतेन कारणेन तु शब्दादिषु रागादयः न संति - આ કારણથી નિશ્ચયે કરીને શબ્દાદિમાં રાગાદિ છે નહિ. ॥३७१॥ इति **गाथा** आत्मभावना ॥३६६-३७१॥

यद्धि यत्र भवति - જે જ જ્યાં હોય છે, तत् तद्घाते हन्यत एव - તે તદ્‌ઘાતે - તેના ઘાતે હણાય જ છે, કોની જેમ ? यथा प्रदीपघाते प्रकाशो हन्यते - જેમ પ્રદીપઘાતે પ્રકાશ હણાય છે, यत्र च यद् भवति - અને જ્યાં જે હોય છે, तत्तद्घाते हन्यते - તે તેના ઘાતે હણાય છે, કોની જેમ ? यथा प्रकाशघाते प्रदीपो हन्यते - જેમ પ્રકાશઘાતે પ્રદીપ હણાય છે, પણ આથી ઉલટું यत्तु यत्र न भवति - જે જ્યાં નથી હોતું, तत् तद्घाते न हन्यते - તે તેના ઘાતે નથી હણાતું, કોની જેમ ? यथा घटप्रदीपघाते घटो न हन्यते - જેમ ઘટપ્રદીપના ઘાતે ઘટ - ઘડો નથી હણાતો.

यत्र च यद् न भवति - અને જ્યાં જે નથી હોતું, तत् तद्घाते न हन्यते - તે તેના ઘાતે નથી હણાતું, કોની જેમ ? यथा घटघाते घटप्रदीपो न हन्यते - જેમ ઘટઘાતે ઘટપ્રદીપ નથી હણાતો.

तथा - તે જ પ્રકારે, आत्मनो धर्मा ज्ञानदर्शनचारित्रादिः - આત્માના ધર્મો - જ્ઞાન - દર્શન - ચારિત્ર पुद्‌गलद्रव्यघातेऽपि न हन्यंते - પુદ્‌ગલ દ્રવ્ય ઘાતે પણ નથી હણાતા, न च दर्शनज्ञानचारित्राणां घातेऽपि पुद्‌गलद्रव्यं हन्यते - અને દર્શન - જ્ઞાન - ચારિત્રના ઘાતે પણ પુદ્‌ગલ દ્રવ્ય નથી હણાતું. एवं दर्शनज्ञानचारित्राणि पुद्‌गलद्रव्ये न भवंतीत्यायाति - એમ દર્શન - જ્ઞાન - ચારિત્ર પુદ્‌ગલ દ્રવ્યમાં નથી હોતા એમ આવે છે. એમ ન હોય તો શું થાય ? अन्यथा - અન્યથા, નહિ તો तद्घाते पुद्‌गलद्रव्यघातस्य पुद्‌गलद्रव्यघाते तद्घातस्य दुर्निवारत्वात् - તેના - દર્શનાદિ આત્મધર્મના ઘાતે પુદ્‌ગલ દ્રવ્ય ઘાતનું અને પુદ્‌ગલ દ્રવ્ય ઘાતે તેના - દર્શનાદિ આત્મધર્મના ઘાતનું દુર્નિવારપણું - નિવારવાનું - અટકાવવાનું દુષ્કરપણું હોય, માટે.

यदि एवं - જો એમ છે, ततो ये यावंतः केचनापि जीवगुणाः - તો જે જેટલા કોઈ પણ જીવગુણો છે, તે सर्वेऽपि परद्रव्येषु न संतीति सम्यक् पश्यामः - તે સર્વે ય પરદ્રવ્યોમાં છે નહિ એમ અમે સમ્યક્ દેખીએ છીએ. अन्यथा - અન્યથા, નહિ તો अत्रापि जीवगुणघाते पुद्‌गलद्रव्यघातस्य पुद्‌गलद्रव्यघाते जीवगुण घातस्य च दुर्निवारत्वात् - અત્રે પણ

દર્શન જ્ઞાન ચરિત કંઈ, અચેતન વિષયે નાંહિ;
તેથી શું ચેતા શું ઘાતતો, તે વિષયોની માંહિ ? ૩૬૬
દર્શન જ્ઞાન ચરિત્ત કંઈ, અચેતન કર્મે નાંહિ;
તેથી શું ચેતા શું ઘાતતો, તે કર્મોની માંહિ ? ૩૬૭
દર્શન જ્ઞાન ચરિત્ત કંઈ, અચેતન કાયે નાંહિ;
તેથી ચેતા શું ઘાતતો, તે કાયોની માંહિ ? ૩૬૮
જ્ઞાનનો દર્શનનો તથા, ચારિત્રનો કહ્યો ઘાત;
પુદ્ગલ દ્રવ્ય પણો તહીં, નિર્દિષ્ટ ન કો ઘાત. ૩૬૯
જીવના ગુણ જે કાંઈ તે, નથી પરદ્રવ્યો માંહિ;
તેથી જ સમ્યગ્દૃષ્ટિને, રાગ વિષયોમાં નાંહિ. ૩૭૦
રાગ દ્વેષ મોહ જીવના, છે અનન્ય પરિણામ;
તે કારણથી શબ્દાદિમાં, નથી રાગાદિ તમામ. ૩૭૧

અર્થ - દર્શન - જ્ઞાન - ચારિત્ર કિંચિત્ પણ અચેતન વિષયમાં નથી, તેથી તે વિષયોમાં ચેતયિતા શું હણે છે ? ૩૬૬

દર્શન - જ્ઞાન - ચારિત્ર કિંચિત્ પણ અચેતન કર્મમાં નથી, તેથી તે કર્મોમાં ચેતયિતા શું હણે છે ? ૩૬૭

દર્શન - જ્ઞાન - ચારિત્ર કિંચિત્ પણ અચેતન કાયમાં નથી, તેથી તે કાયોમાં ચેતયિતા શું હણે છે ? ૩૬૮

જ્ઞાનનો અને દર્શનનો તથા ચારિત્રનો ઘાત કહ્યો છે, પણ ત્યાં પુદ્ગલ દ્રવ્યનો કોઈ પણ ઘાત નિર્દિષ્ટ (દર્શાવવામાં આવેલ) નથી. ૩૬૯

જીવના જે ગુણો છે તે નિશ્ચયે કરીને પરદ્રવ્યોમાં નથી, તેથી સમ્યગ્દૃષ્ટિને વિષયોમાં રાગ જ નથી. ૩૭૦

અને રાગ-દ્વેષ-મોહ એ જીવના જ અનન્ય પરિણામો છે, એ કારણથી શબ્દાદિમાં રાગાદિ નથી. ૩૭૧

## आत्मख्याति टीका

**दर्शनज्ञानचरित्रं किंचिदपि नास्ति त्वचेतने विषये ।**
**तस्मात्किं हंति चेतयिता तेषु विषयेषु ॥३६६॥**

---

જીવગુણ ઘાતે પુદ્ગલ દ્રવ્યઘાતનું અને પુદ્ગલ દ્રવ્યઘાતે જીવગુણ ઘાતનું દુર્નિવારપણું હોય માટે.
यद्येवं - જો એમ છે, तर्हि कुतः सम्यग्दृष्टे र्भवति रागो विषयेषु - તો સમ્યગ્દૃષ્ટિને વિષયોમાં રાગ ક્યાંથી હોય છે ? न कुतोऽपि - ક્યાંયથી પણ નહિ. तर्हि रागस्य कतरा खानि - તો પછી રાગની ખાણ કઈ છે ? रागद्वेष मोहादि जीवस्यैवाज्ञानमयाः परिणामाः - રાગ - દ્વેષ - મોહાદિ જીવના જ અજ્ઞાનમય પરિણામો છે, तद परद्रव्यत्वाद् विषयेषु न संति - તેથી પરદ્રવ્યપણાને લીધે વિષયોમાં છો. अज्ञानभावात् सम्यग्दृष्टौ तु न भवंति - અને અજ્ઞાન અભાવને લીધે સમ્યક્દૃષ્ટિમાં તો (તે) હોતા નથી, एवं ते विषयेषु असंतः - એમ તેઓ વિષયોમાં અસંતા - નથી હોતા, सम्यग्दृष्टैर्न भवतो - સમ્યગ્દૃષ્ટિને ન થતા - ન હોતા न भवत्येव - નથી જ હોતા. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥३६६॥३६७॥३६८॥३६९॥३७०॥३७१॥

**दर्शनज्ञानचरित्रं किंचिदपि नास्ति त्वचेतने कर्मणि ।**
**तस्मात्किं हंति चेतयिता तेषु कर्मसु ॥३६७॥**
**दर्शनज्ञानचरित्रं किंचिदपि नास्ति त्वचेतनेषु काये ।**
**तस्मात्किं हंति चेतयिता तेषु कायेषु ॥३६८॥**
**ज्ञानस्य दर्शनस्य भणितो घातस्तथा चरित्रस्य ।**
**नापि तत्र पुद्गलद्रव्यस्य कोऽपि घातस्तु निर्दिष्टः ॥३६९॥**
**जीवस्य ये गुणाः केचिन्न संति खलु ते परेषु द्रव्येषु ।**
**तस्मात्सम्यग्दृष्टे र्नास्ति रागस्तु विषयेषु ॥३७०॥**
**रागो द्वेषो मोहो जीवस्यैव चानन्यपरिणामाः ।**
**एतेन कारणेन तु शब्दादिषु न संति रागादयः ॥३७१॥**

यद्धि यत्र भवति
तत्तद्धाते हन्यत एव
यथा प्रदीपघाते प्रकाशो हन्यते ।
यत्र च यद् भवति
तत्तद्घाते हन्यते एव
यथा प्रकाशघाते प्रदीपो हन्यते ।
**तथात्मनो धर्मा ज्ञानदर्शनचारित्राणि पुद्गलद्रव्यघातेऽपि न हन्यंते,**

यत्तु यत्र न भवति
तत्तद्घाते न हन्यते
यथा घटप्रदीपघाते घटो न हन्यते ।
यत्र च यन्न न भवति
तत्तद्घाते न हन्यते
यथा घटघाते घटप्रदीपो न हन्यते ।
**न च दर्शनज्ञानचारित्राणां घातेऽपि पुद्गलद्रव्यं हन्यते ।**

एवं **दर्शनज्ञानचारित्राणि पुद्गलद्रव्ये न भवंती**त्यायाति
अन्यथा तद्घाते पुद्गलद्रव्यघातस्य पुद्गलद्रव्यघाते तद्घातस्य दुर्निवारत्वात्
यदि एवं ततो ये यावंतः केचनापि जीवगुणा -
स्ते सर्वेऽपि परद्रव्येषु न संतीति सम्यक् पश्यामः ।
अन्यथा अत्रापि जीवगुणघाते पुद्गलद्रव्यघातस्य
पुद्गलद्रव्यघाते जीवगुणघातस्य च दुर्निवारत्वात् ।
यद्येवं तर्हि कुतः सम्यग्दृष्टे र्भवति रागो विषयेषु ? न कुतोऽपि ।
तर्हि रागस्य कतरा खानि ?
**रागद्वेषमोहा हि** जीवस्यैवाज्ञानमयाः परिणामाः
**ततः** परद्रव्यत्वाद् विषयेषु न संति,
अज्ञानाभावात्सम्यग्दृष्टौ तु न भवंति ।
एवं ते विषयेष्वसंतः सम्यग्दृष्टेर्न भवंतो न भवंत्येव ॥३६६-३७१॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

| | |
|---|---|
| જે જ્યાં હોય છે | પણ જે જ્યાં નથી હોતું, |
| તે તેની ઘાતે હણાય જ છે - | તે તેની ઘાતે નથી હણાતું - |
| જેમ પ્રદીપઘાતે પ્રકાશ હણાય છે : | જેમ ઘટપ્રદીપઘાતે ઘટ નથી હણાતો : |
| અને જ્યાં જે હોય છે, | અને જ્યાં જે નથી હોતું, |
| તે તેની ઘાતે હણાય છે - | તે તેની ઘાતે નથી હણાતું - |
| જેમ પ્રકાશઘાતે પ્રદીપ હણાય છે. | જેમ ઘટઘાતે ઘટપ્રદીપ નથી હણાતો. |

તેમ આત્માના **ધર્મો-જ્ઞાન-દર્શન-ચારિત્ર પુદ્‌ગલદ્રવ્ય ઘાતે પણ નથી હણાતા અને દર્શન-જ્ઞાન-ચારિત્રના ઘાતે પણ પુદ્‌ગલદ્રવ્ય નથી હણાતું, એમ દર્શન-જ્ઞાન-ચારિત્ર પુદ્‌ગલ દ્રવ્યમાં નથી** હોતા એમ આવે છે - અન્યથા (નહિ તો) તેના (આત્મધર્મના) ઘાતે પુદ્‌ગલ દ્રવ્યઘાતનું પુદ્‌ગલ દ્રવ્યઘાતે તેના (આત્મ ધર્મના) ઘાતનું દુર્નિવારપણું હોય માટે.

કારણકે એમ છે તેથી જે જેટલા કોઈ જીવગુણો છે, તે સર્વેય પરદ્રવ્યોમાં છે નહિ એમ અમે સમ્યક્ દેખીએ છીએ - અન્યથા (નહિ તો) અત્રે જીવગુણ ઘાતે પુદ્‌ગલ દ્રવ્યઘાતનું અને પુદ્‌ગલ દ્રવ્યઘાતે જીવગુણ ઘાતનું દુર્નિવારપણું હોય માટે.

જો એમ છે તો **સમ્યગ્દૃષ્ટિને** વિષયોમાં રાગ ક્યાંથી હોય ? **ક્યાંયથી નહિ.** તો પછી રાગની ખાણ કઈ છે ? **રાગ-દ્વેષ-મોહાદિ જીવના જ અજ્ઞાનમય પરિણામો છે, તેથી** પરદ્રવ્યપણાને લીધે **વિષયોમાં છે** નહિ અને અજ્ઞાન અભાવને લીધે સમ્યગ્દૃષ્ટિમાં તો ભવંતા - હોતા નથી, એમ તે વિષયોમાં અસંતા (ન સતા - ન હોતા) સમ્યગ્દૃષ્ટિને ન ભવંતા (ન થતા) ન ભવંતા જ છે, (નથી જ હોતા.) ૩૬૬-૩૭૧

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જે રાગ દ્વેષાદિ પરિણામ અજ્ઞાન વિના સંભવતા નથી તે રાગ દ્વેષાદિ પરિણામ છતાં જીવન્મુક્તપણું સર્વથા માનીને જીવન્મુક્ત દશાની જીવ અસાતાના કરે છે, એમ વર્ત્તે છે. રાગ-દ્વેષ પરિણામનું પરિક્ષીણપણું જ કર્ત્તવ્ય છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૦૨, ૫૬૯**

રાગ-દ્વેષ અજ્ઞાનને લીધે હોય છે, પણ જ્ઞાનીને તે નથી હોતા એમ ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે અત્રે સ્વ - પરનો વિવેક દર્શાવી સમ્યગ્દૃષ્ટિને રાગાદિ નથી હોતા એમ પ્રતિપાદન કર્યું છે - દર્શન-જ્ઞાન-ચારિત્ર નથી કિંચિત્ પણ અચેતન વિષયમાં, નથી કિંચિત્ પણ અચેતન કર્મમાં, નથી કિંચિત્ પણ અચેતન કાયમાં, તેથી તે વિષયોમાં, તે કર્મોમાં, તે કાયોમાં ચેતયિતા - ચેતન શું હણે છે ? 'तह्मा किं घादयते चेदयिदा तेसु विसएसु' - એમ ગભિક સૂત્રથી પોતાની લાક્ષણિક શૈલીમાં માર્મિક વિચાર પ્રેરક પ્રશ્ન (Poser) મૂકી **શાસ્ત્રકર્ત્તા કુંદકુંદાચાર્યજી** વદે છે - જ્ઞાનનો દર્શનનો ચારિત્રનો ઘાત કહ્યો છે ત્યાં પુદ્‌ગલદ્રવ્યનો કોઈ ઘાત નિર્દેશવામાં આવ્યો નથી, આ પરથી ફલિત થાય છે કે જીવના જે કોઈ ગુણો છે તે નિશ્ચયે કરીને પરદ્રવ્યોમાં નથી, તેથી સમ્યગ્દૃષ્ટિને વિષયોમાં રાગ જ નથી 'तह्मा सम्मा-इट्ठिस्स णत्थि रागो उ विसएसु' અને રાગ-દ્વેષ-મોહ એ તો જીવના જ અનન્ય પરિણામો છે, रागो दोसो मोहो जीवस्सेव य अणण्णपरिणामा, એ કારણથી શબ્દાદિ વિષયોમાં રાગાદિ નથી. આ વસ્તુ **'આત્મખ્યાતિ' કર્તાએ** પ્રદીપ અને ઘટપ્રદીપના દૃષ્ટાંતથી બિંબ-પ્રતિબિંબ ભાવે સાંગોપાંગ અપૂર્વ રીતે સ્પષ્ટ સમજાવી છે -

જે જ્યાં હોય છે તે તેના ઘાતે હણાય છે, જેમ પ્રદીપનો ઘાત થતાં તે પ્રદીપાંતર્ગત પ્રકાશ હણાય છે - यथा प्रदीपघाते प्रकाशो हन्यते અને જ્યાં જે હોય છે તે તેના ઘાતે હણાય છે, જેમ પ્રકાશનો ઘાત થતાં પ્રદીપ હણાય છે - यथा प्रकाशघाते प्रदीपो हन्यते, અર્થાત્ દીવો ઓલવાતાં પ્રકાશ ઓલવાય છે, પ્રકાશ ઓલવાતાં દીવો ઓલવાય છે. આથી ઉલટું જે જ્યાં નથી હોતું તે તેના ઘાતે નથી હણાતું, જેમ ઘટ પ્રદીપનો - ઘડાની અંદર રહેલ દીવાનો ઘાત થતાં ઘટ - ઘડો નથી હણાતો - यथा घटप्रदीपघाते घटो न हन्यते અને જ્યાં જે નથી હોતું તે તેના ઘાતે નથી હણાતું, જેમ ઘટનો - ઘડાનો ઘાત થતાં ઘટ પ્રદીપ - ઘડાની અંદર રહેલો દીવો નથી હણાતો - यथा घटघाते घटप्रदीपो न हन्यते, અર્થાત્ ઘડાની અંદર રહેલો દીવો ઓલવાઈ કાંઈ ઘડો ભાંગતો નથી, ઘડો ભાંગતાં કાંઈ ઘડાની અંદરનો દીવો ઓલવાતો નથી. આ દૃષ્ટાંતની પોતાની અનન્ય લાક્ષણિક અપૂર્વ શૈલીમાં આવી સ્પષ્ટ રજૂઆત કરી **અમૃતચંદ્રાચાર્યજીએ** આ પરથી દાર્ષ્ટાંતિક સિદ્ધાંત અત્યંત પરિસ્ફુટ પ્રકાશ્યો છે -

**ઘટ-ઘટપ્રદીપ : પ્રદીપ - પ્રકાશ દૃષ્ટાંત**

તે જ પ્રકારે - आत्मनो धर्मा ज्ञानदर्शनचारित्राणि पुद्‌गलद्रव्यघातेऽपि न हन्यंते, न च दर्शनज्ञान-चारित्राणां घातेऽपि पुद्‌गलद्रव्यं हन्यते । આત્માના ધર્મો - જ્ઞાન - દર્શન - ચારિત્ર તે પુદ્‌ગલ દ્રવ્યનો ઘાત થતાં પણ નથી હણાતા અને દર્શન - જ્ઞાન - ચારિત્રનો ઘાત થતાં પણ પુદ્‌ગલ દ્રવ્ય નથી હણાતું. એમ આ પરથી અર્થાપત્તિથી સ્પષ્ટ સમજમાં આવે છે કે દર્શન - જ્ઞાન - ચારિત્ર પુદ્‌ગલ દ્રવ્યમાં નથી હોતા - एवं दर्शनज्ञानचारित्राणि पुद्‌गलद्रव्ये न भवंतीत्यायाति - નહિ તો - આમ ન હોય તો દર્શનાદિ આત્મધર્મનો ઘાત થતાં પુદ્‌ગલ દ્રવ્યનો ઘાત અને પુદ્‌ગલ દ્રવ્યનો ઘાત થતાં દર્શનાદિ આત્મધર્મનો ઘાત દુર્નિવાર - નિવારવો દુષ્કર થઈ પડે, કોઈથી અટકાવ્યો અટકાવી શકાય નહિ. કારણકે એમ છે તેથી ફલિત થાય છે કે જે જેટલા કોઈ પણ જીવગુણો છે તે સર્વેય પરદ્રવ્યોમાં છે નહિ એમ અમે સમ્યક્ દેખીએ છીએ - इति सम्यक् पश्यामः, નહિ તો - એમ ન હોય તો અત્રે પણ જીવગુણનો ઘાત થતો પુદ્‌ગલદ્રવ્યનો ઘાત અને પુદ્‌ગલ દ્રવ્યનો ઘાત થતાં જીવગુણનો ઘાત દુર્નિવાર - નિવારવો દુષ્કર થઈ પડે, કોઈથી અટકાવ્યો અટકાવી શકાય નહિ. માટે જીવગુણ પુદ્‌ગલ દ્રવ્યમાં હોય એ સર્વથા અસંભવિત છે. એટલે સુનિશ્ચિત થાય છે કે દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જીવગુણ પુદ્‌ગલ દ્રવ્યમાં છે નહિ.

**દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્મ ધર્મો નથી પુદ્‌ગલ દ્રવ્યમાં, નથી પરદ્રવ્યોમાં**

જો એમ છે તો સમ્યગ્‌દૃષ્ટિને વિષયોમાં રાગ ક્યાંથી હોય ? ક્યાંયથી નહિ - यद्येवं तर्हि कुतः सम्यग्दृष्टे र्भवति रागो विषयेषु ? न कुतोऽपि । કારણકે સમ્યગ્‌દૃષ્ટિ તો જેમ છે તેમ સમ્યક્ વસ્તુ તત્ત્વ દેખે છે, સ્વ - પરનો ભેદ દેખે છે, એટલે વિષયો તો પરદ્રવ્યો છે તેમાં મ્હારૂં આત્માનું કોઈ ગુણ - સ્વરૂપ દેખાતું નથી, તો તે પરની ખાતર 'રાગદ્વેષ અણહેતુ' - નિષ્કારણ રાગદ્વેષ કરી - મ્હારૂં સ્વરૂપ હારી જઈ હું હાથે કરીને શા માટે દુઃખી થાઉં ? એમ સમ્યક્‌પણે દેખતો તે રાગાદિ કરે જ નહિ.


**સમ્યગ્‌દૃષ્ટિને વિષયોમાં રાગ ક્યાંથી હોય ?**

જો આમ છે તો પછી રાગની ખાણ કઈ છે ? तर्हि रागस्य कतरा खानि ? ખાણમાંથી કોલસો નીકળ્યા જ કરે તેમ એવી કઈ ખાણ છે કે જેમાંથી આત્માને મલિન કરનારો રાગ-કોલસો નીકળ્યા જ કરે છે ? અર્થાત્ રાગનું મૂળ પ્રભવસ્થાન (Original Source) કયું છે ? મૂળ ઝરો (main fountain-store) ક્યો છે ? (૧) રાગ-દ્વેષ-મોહાદિ તો જીવના જ **અજ્ઞાનમય પરિણામો** છે. તેથી તે પરદ્રવ્યપણાને લીધે વિષયોમાં છે નહિ - ततः परद्रव्यत्वाद् विषयेषु न संति (૨) અને અજ્ઞાનના અભાવને લીધે સમ્યગ્‌દૃષ્ટિમાં તો તે થતા નથી - ને હોતા નથી - अज्ञानाभावात् सम्यग्दृष्टौ तु न भवंति' એમ તે વિષયોમાં અસંતાં - ન સતા - ન હોતા

**રાગાદિ જીવના જ અજ્ઞાનમય પરિણામ : સમ્યગ્‌દૃષ્ટિને હોય જ નહિ : unclaimed goods !**


विषये असंतां અને સમ્યગ્દૃષ્ટિને ન ભવંતા - ન થતા - सम्यग्दृष्टेर्न भवंता, નથી હોતા જ - નથી થતા જ - न भवंत्येव । અર્થાત્ રાગાદિ જીવના જ અજ્ઞાનમય પરિણામો છે, તે શબ્દાદિ પૌદ્‌ગલિક વિષયોમાં તો છે જ નહિ, કારણકે તે પરદ્રવ્યો છે, એટલે તે અજ્ઞાનમય જીવભાવો તેમાં કેમ હોઈ શકે ? અને જે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની છે તેને અજ્ઞાન હોતું નથી, એટલે રાગાદિ અજ્ઞાનમય પરિણામો તેને થતા નથી, ઉપજતા - ઉદ્‌ભવતા - સંભવતા નથી. આમ પૌદ્‌ગલિક વિષયોમાં તો રાગાદિ અજ્ઞાનમય જીવભાવનું અસ્તિત્વ જ છે નહિ અને સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની એનો ભાવ પણ પૂછતા નથી - પોતાની પાસે ઢોકાવા પણ દેતા નથી, એટલે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પાસે તો બિચારા રાગાદિ અજ્ઞાનમય ભાવોની નધણિયાતા માલ (unclaimed goods) જેવી દુર્દશા થઈ પડે છે !!

આકૃતિ









રાગ-દ્વેષ અજ્ઞાન ભાવથી હોય છે, તેથી તે સ્ફુટંત તે ડાંભી નાખે એવા ભાવનો **સમયસાર કળશ** (૨૬) પ્રકાશે છે -

मंदाक्रांता

**रागद्वेषाविह हि भवति ज्ञानमज्ञानभावात्,**
**तौ वस्तुत्वप्रणिहितदृशा दृश्यमानौ न किंचित् ।**
**सम्यग्दृष्टिः क्षपयतु ततस्तत्त्वदृष्टया स्फुटंतौ,**
**ज्ञानज्योतिर्ज्वलति सहजं येन पूर्णाचलार्चिः ॥२१८॥**

**રાગ-દ્વેષ અહિં થતું જ્ઞાન અજ્ઞાન ભાવે,**
**તે વસ્તુત્વે પ્રણિહિત દશે દેખતાં કૈં ન હોવે;**
**તેથી સમ્યક્ દગ દ્વય જ તે તત્ત્વદષ્ટે ખપાવો !**
**જ્યું પૂર્ણાર્ચિષ્ અચલ સહજા જ્ઞાનજ્યોતિ જલાવો. ૨૧૮**

## અમૃત પદ - ૨૧૮

સમ્યગ્દષ્ટિ તત્ત્વદષ્ટિથી, રાગ ને દ્વેષ ખપાવો !
સહજ સ્વરૂપી આતમની આ, જ્ઞાન જ્યોતિ પ્રજલાવો... રે ચેતન ! રાગ ને દ્વેષ ખપાવો ! ૧
રાગદ્વેષ દ્વય નિશ્ચય થાયે, જ્ઞાન જ અજ્ઞાન ભાવે;
અજ્ઞાન પરિણામે પરિણમતો, આત્મા જ રાગ દ્વેષ થાવે... રે ચેતન ! ૨
વસ્તુત્વ પ્રત્યે દષ્ટિ ઠેરાવી, દેખવામાં જો તે આવે;
ન કિંચિત્ બન્ને તે હોવે, દીસે ન વસ્તુ સ્વભાવે... રે ચેતન ! ૩
(તેથી) તે બે સ્ફુટંતાં જ સમ્યગ્દષ્ટિ, તત્ત્વ દષ્ટિથી ખપાવો !
જેથી પૂર્ણ અચલ અર્ચિષ્ સ્વજા, જ્ઞાન જ્યોતિ પ્રજલાવો... રે ચેતન ! ૪
રાગ દ્વેષ દ્વયને ક્ષય કરવા, રહસ્ય ચાવી આ આવી;
ભગવાન **અમૃતચંદ્રે** અત્રે, અમૃત કળશે બતાવી... રે ચેતન ! ૫

**અર્થ** - અહીં નિશ્ચયે કરીને રાગ-દ્વેષ અજ્ઞાન ભાવને લીધે હોય છે, તે બે (રાગ-દ્વેષ) વસ્તુત્વ પ્રત્યે પ્રણિહિત દષ્ટિથી દેખવામાં આવતાં ન કિંચિત્ છે, તેથી સમ્યગ્દષ્ટિ સ્ફુટંતા (ફૂટી નીકળતા) તે બન્નેને તત્ત્વદષ્ટિથી ખપાવો ! કે જેથી પૂર્ણ અચલ અર્ચિષ્વાળી સહજ જ્ઞાન જ્યોતિ જ્વલે છે (ઝળહળે છે). ૨૧૮

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સર્વ વિચારણાનું ફળ આત્માનું સહજ સ્વભાવે પરિણામ થવું એ જ છે. સંપૂર્ણ રાગદ્વેષના ક્ષય વિના સંપૂર્ણ આત્મજ્ઞાન પ્રગટે નહીં એવો નિશ્ચય જિને કહ્યો છે, તે વેદાંતાદિ કરતાં બળવાન્ પ્રમાણભૂત છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૫૦૭), ૫૯૫**

ઉપરમાં જે આત્મખ્યાતિના ગદ્ય વિભાગમાં સિદ્ધાંતવાર્ત્તા વિવરી દેખાડી તેના સારસંદોહ રૂપ આ ઉપસંહાર કળશમાં આચાર્યવર્ય **અમૃતચંદ્રજી** રાગ-દ્વેષ ખપાવવાની સુગમ રહસ્ય ચાવી (master-key) બતાવે છે - रागद्वेषाविह हि भवति ज्ञानमज्ञानभावात् - જ્ઞાન અહીં નિશ્ચયે કરીને રાગ - દ્વેષ અજ્ઞાન ભાવને લીધે થાય છે, જ્ઞાન અજ્ઞાન ભાવે પરિણમે છે તેને લીધે જ જ્ઞાન પોતે અજ્ઞાનમય રાગ - દ્વેષ

**તત્ત્વદૃષ્ટિથી રાગ દ્વેષ ખપાવવાની રહસ્ય ચાવી - Master-Key**

બની જાય છે. હવે વસ્તુત્વ પ્રત્યે પ્રણિહિત દૃષ્ટિથી 'દૃશ્યમાન' - દેખવામાં આવતાં તે રાગ-દ્વેષ ન કિંચિત્ છે - तौ वस्तुत्वप्रणिहितदृशा दृश्यमानौ न किंचित्, શુદ્ધ વસ્તુતત્ત્વ પ્રત્યે પ્રણિહિત - ધ્યાનથી ઠેરવેલી દૃષ્ટિથી દેખવામાં આવે તો તે રાગદ્વેષ કંઈ છે નહિ - न किंचित् - કોઈ વસ્તુ છે નહિ. કારણકે શુદ્ધ વસ્તુ તત્ત્વમાં રાગ-દ્વેષ છે નહિ, રાગ દ્વેષ એ વસ્તુનો સ્વભાવ છે નહિ, પણ આગંતુક વિભાવ ભાવ - વિકૃત ચેતન ભાવ - ચૈતન્ય વિકાર છે અને તે પર - જેની સાથે આત્માને તત્ત્વ દૃષ્ટિથી લેવાદેવા નથી - તેના નિમિત્તે ઉત્પન્ન થાય છે, તેથી શુદ્ધ તત્ત્વ પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરી દેખવામાં આવે તો આ રાગ-દ્વેષમાં કાંઈ માલ નથી. તેથી सम्यग्दृष्टिः क्षपयतु ततस्तत्त्व दृष्ट्या स्फुटंतौ - સમ્યગ્દૃષ્ટિ 'સ્ફુટંતા' - ફૂટતા તે બન્નેને તત્ત્વદૃષ્ટિથી ખપાવો ! જેવા આ રાગ-દ્વેષ ફૂટવા માંડે - આત્મામાં ઊભા થવા જાય કે તત્ક્ષણ જ તત્ત્વ પ્રત્યે દૃષ્ટિ કરી સમ્યગ્દૃષ્ટિ તેને ખપાવો - ખતમ કરી નાંખો ! કે જેથી કરને - તે વિભાવભાવ દૂર થતાં, પૂર્ણ અચલ અર્ચિષ્‌વાળી સહજ - સ્વભાવભૂત જ્ઞાનજ્યોતિ જ્વલે છે, જાજ્વલ્યમાન **સહજાત્મસ્વરૂપ** તેજથી ઝળહળે છે - ज्ञानज्योति र्ज्वलति सहजं येन पूर्णाचलार्चिः ।

રાગ-દ્વેષોત્પાદક અન્ય દ્રવ્ય કંઈ પણ છે નહિ, એવા ભાવનો **સમયસાર કળશ** (૨૭) સંગીત કરે છે -

शालिनी

**रागद्वेषोत्पादकं तत्त्वदृष्ट्या, नान्यद् द्रव्यं वीक्ष्यते किंचनापि ।**
**सर्वद्रव्योत्पत्तिरंतश्चकास्ति, व्यक्तात्यंतं स्वस्वभावेन यस्मात् ॥२१९॥**

રાગદ્વેષોત્પાદકં તત્ત્વ દૃષ્ટે, અન્ય દ્રવ્ય દ્રશ્ય કૈં ના જ દૃષ્ટે;
સર્વ દ્રવ્યોત્પત્તિ અંતઃપ્રકાશે, વ્યક્તા સાવ સ્વ સ્વભાવે જ ભાસે. ૨૧૯

## અમૃત પદ - ૨૧૯

વસ્તુ સ્થિતિ જીવ ! જોને, રે ચેતન ! વસ્તુ સ્થિતિ તું જોને !
અન્ય દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યમાં, ઉપજાવે અહિં કોને... રે ચેતન ! ૧
રાગદ્વેષ ઉપજાવનારૂં, દ્રવ્ય અન્ય ના દીસે,
અન્ય દ્રવ્ય પ્રત્યે તો તું શાને, જીવ ! જુએ રાગ રીસે ?... રે ચેતન ! ૨
સર્વ દ્રવ્યની ઉત્પત્તિ તો, અંતરમાં જ પ્રકાશે,
સ્વ સ્વભાવથી જ વ્યક્ત સર્વથા, વસ્તુ સ્થિતિ એ ભાસે... રે ચેતન ! ૩
અન્ય દ્રવ્ય પ્રતિ રાગ દ્વેષ તો, જીવ ! કરે તું શાને ?
**ભગવાન અમૃત** અમૃત કળશે, અનુભવ અમૃત પાને... રે ચેતન ! ૪

**અર્થ** - રાગ-દ્વેષનું ઉત્પાદક એવું અન્ય દ્રવ્ય કંઈ પણ તત્ત્વદૃષ્ટિથી દેખવામાં આવતું નથી, કારણકે સ્વ સ્વભાવે કરી સર્વ દ્રવ્યની ઉત્પત્તિ અત્યંત વ્યક્ત એવી અંતરમાં ચકાસે છે - પ્રકાશે છે. ૨૧૯

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"દ્રવ્યથી દ્રવ્ય મળતું નથી, એમ જાણનારને કંઈ કર્તવ્ય કહી શકાય નહીં, પણ તે ક્યારે ? સ્વદ્રવ્ય, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે યથાવસ્થિત સમજાયે, સ્વદ્રવ્ય સ્વરૂપ પરિણામે પરિણમી અન્ય દ્રવ્ય પ્રત્યે કેવળ ઉદાસ થઈ, કૃતકૃત્ય થયે કંઈ કર્તવ્ય રહેતું નથી. એમ ઘટે છે અને એમ જ છે."

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૩૮૬), ૪૭૧**

"દ્રવ્યે દ્રવ્ય મળતું નથી, ભાવ તે અન્ય અવ્યાપ્ત." - **શ્રી દેવચંદ્રજી**

રાગ-દ્વેષ આત્માનો સ્વભાવ નથી, તો પછી રાગ-દ્વેષનો ઉપજાવનાર કોણ છે ? સ્વ દ્રવ્ય ? કે પરદ્રવ્ય ? એનો પ્રસ્પષ્ટ ખુલાસો કરતા આ ઉત્થાનિકા કળશમાં નીચેની ગાથામાં આવતા ભાવનું સૂચન કર્યું છે - रागद्वेषोत्पादकं तत्त्वदृष्ट्या नान्यद्द्रव्यं वीक्ष्यते किंचनापि - રાગ દ્વેષનું ઉત્પાદક - ઉપજાવનારૂં બીજું કંઈ પણ દ્રવ્ય તત્ત્વ દૃષ્ટિથી દેખવામાં આવતું નથી. કારણકે સર્વ દ્રવ્યોની ઉત્પત્તિ સ્વ સ્વભાવે કરી - પોતાના સ્વભાવે કરી અત્યંત વ્યક્ત - પ્રગટ એવી અંતરમાં - દ્રવ્યની પોતાની જ અંદરમાં ચકાસે છે - પ્રકાશે છે - सर्वद्रव्योत्पत्तिरंतश्चकास्ति व्यक्तात्यंतं स्वस्वभावेन यस्मात् । - એટલે વસ્તુસ્થિતિના આ સામાન્ય નિયમ પ્રમાણે રાગ-દ્વેષરૂપ વિકૃત આત્મભાવની ઉત્પત્તિ વ્યક્તપણે - પ્રગટપણે આત્મદ્રવ્યની અંતર - અંદર જ ચકાસે છે - પ્રકાશે છે - તેની ઉત્પત્તિ આત્માની બ્હાર પરદ્રવ્યમાં ક્યાંથી હોઈ શકે ? માટે રાગદ્વેષનો ઉત્પાદક - ઉત્પાદન કરનારો (manufacturing) ઉપજાવનારો આત્મા જ પોતે જ છે અને તે રાગદ્વેષ દોષ ઉપજાવવાની પૂરેપૂરી જોખમદારી આત્માને શિરે જ છે - એમ નીચેની ગાથાના ભાવનું આ ઉત્થાનિકા કળશ કાવ્યમાં સૂચન છે.

**રાગ દ્વેષ ઉપજાવનારૂં અન્ય દ્રવ્ય નથી**

**अण्णदविएण अण्णदवियस्स ण कीरए गुणुप्पाओ ।**
**तह्मा उ सव्वदव्वा उप्पज्जंते सहावेण ॥३७२॥**

અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યનો, ગુણોત્પાદ ન કરાય;
તેથી નિશ્ચયથી સ્વભાવથી, ઉપજે દ્રવ્ય બધાય. ૩૭૨

**અર્થ** - અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યનો ગુણ ઉત્પાદ નથી કરાતો, તેથી નિશ્ચયે કરીને સર્વ દ્રવ્યો સ્વભાવથી ઉપજે છે. ૩૭૨

**आत्मख्याति टीका**

**अन्यद्रव्येणान्यद्रव्यस्य न क्रियते गुणोत्पादः ।**
**तस्मात्तु सर्वद्रव्याण्युत्पद्यंते स्वभावेन ॥३७२॥**

न च जीवस्य परद्रव्यं रागादीन्युत्पादयतीति शक्यं **अन्यद्रव्येणान्यद्रव्यगुणोत्पादकरणस्यायोगात् सर्वद्रव्याणां स्वभावेनैवोत्पाद्** । तथाहि -

मृत्तिका कुंभभावेनोत्पद्यमाना किं कुंभकारस्वभावेनोत्पद्यते किं मृत्तिकास्वभावेन ? यदि कुंभकारस्वभावेनोत्पद्यते तदा कुंभकरणाहंकारनिर्भरपुरुषाधिष्ठित-व्यापृतकरपुरुषशरीराकारः कुंभः स्यात्, न च तथास्ति द्रव्यांतरस्वभावेन द्रव्यपरिणामोत्पादकस्यादर्शनात् यद्येवं तर्हि मृत्तिका कुंभकारस्वभावेन नोत्पद्यते किंतु मृत्तिकास्वभावेनैव, स्वस्वभावेन द्रव्यपरिणामोत्पादस्य दर्शनात् । एवं च सति स्वस्वभावानतिक्रमान्न कुंभकारः कुंभस्योत्पादक एव मृत्तिकैव कुंभकारस्वभावमस्पृशंती स्वस्वभावेन कुम्भभावेनोत्पद्यते ।

---

**आत्मभावना** -

अन्यद्रव्येण - અન્ય દ્રવ્યથી अन्यद्रव्यस्य - અન્ય દ્રવ્યનો गुणोत्पादः न क्रियते - ગુણ ઉત્પાદ - ગુણનો ઉત્પાદ - ઉત્પાદન ગુણનું ઉપજાવવું નથી કરાતું, तस्मात्तु - તેથી નિશ્ચયે કરીને सर्व द्रव्याणि - સર્વ દ્રવ્યો स्वभावेन उत्पद्यंते - સ્વભાવથી ઉત્પાદ પામે છે - ઉપજે છે. ॥ इति गाथा आत्मभावना ॥३७२॥

પાછલી ગાથામાં કહ્યું તેમ શબ્દાદિ વિષયોમાં - પૌદ્‌ગલિક પરદ્રવ્યમાં રાગાદિ નથી, (એના અનુસંધાનમાં) न च जीवस्य परद्रव्यं रागादीन्युत्पादयतीति शक्यं - અને જીવને પરદ્રવ્ય રાગાદિ ઉત્પાદાવે છે - ઉપજાવે છે - ઉત્પાદન કરાવે છે એમ શક્ય નથી. શા માટે ? अन्यद्रव्येण अन्यद्रव्यगुणोत्पादकरणस्यायोगात् - અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યના ગુણના ઉત્પાદકરણનો - ઉત્પાદ કરવાનો અયોગ - અઘટમાનતા છે માટે. તે પણ શા માટે ? सर्वद्रव्याणां स्वभावेनैवोत्पादात् - સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ - ઉપજવું છે માટે. तथाहि - જુઓ ! આ પ્રકારે -

मृत्तिका - મૃત્તિકા - માટી कुंभभावेनोत्पद्यमाना - કુંભ ભાવે ઉપજતી સતી, किं कुंभकारस्वभावेनोत्पद्यते - શું કુંભકાર સ્વભાવે ઉપજે છે ? किं मृत्तिकास्वभावेन - શું મૃત્તિકા સ્વભાવે ? यदि कुंभकारस्वभावेनोत्पद्यते - તો કુંભકાર સ્વભાવે ઉપજે છે, तदा कुंभकरणाहंकारनिर्भरपुरुषाधिष्ठित-व्यापृतकरपुरुषशरीराकारः कुंभः स्यात् - તો કુંભ-કરણના - કુંભ કરવાના અહંકારથી નિર્ભર પુરુષથી અધિષ્ઠિત અને કર વ્યાપૃત કરી રહેલા - હાથ હલાવી રહેલા પુરુષ શરીરના આકારવાળો કુંભ હોય. न च तथास्ति - અને તેમ છે નહિ, શા માટે ? द्रव्यांतरस्वभावेन द्रव्यांतर - परिणामोत्पादस्यादर्शनात् - દ્રવ્યાંતર સ્વભાવે દ્રવ્યાંતર પરિણામના ઉત્પાદનું - ઉપજવાનું અદર્શન છે માટે. यद्येवं - જો એમ છે, तर्हि मृत्तिका कुंभकारस्वभावेन नोत्पद्यते - તો મૃત્તિકા કુંભકાર સ્વભાવે ઉપજતી નથી, किं तु मृत्तिका स्वभावेनैव - કિંતુ મૃત્તિકા સ્વભાવે જ, શા માટે ?

स्वस्वभावेन द्रव्यपरिणामोत्पादस्य दर्शनात् - સ્વસ્વભાવે દ્રવ્ય પરિણામના ઉત્પાદનું દર્શન છે માટે. एवं च सति - અને એમ સતે, स्वस्वभावानतिक्रमात् - સ્વસ્વભાવના અનતિક્રમને - અનુલ્લંઘનને લીધે, न कुंभकारः कुंभस्य उत्पादक एव - કુંભકાર કુંભનો ઉત્પાદક જ - ઉત્પાદ - ઉત્પાદન કરનારો (manufacturer) ઉપજાવનારો જ નથી, मृत्तिकैव कुंभकारस्वभावमस्पृशंती स्वस्वभावेन उत्पद्यते - મૃત્તિકા જ કુંભકાર સ્વભાવને અસ્પર્શતી - નહિ સ્પર્શતી સ્વસ્વભાવે ઉપજે છે.

एवं - એમ, એજ પ્રકારે, सर्वाण्यपि द्रव्याणि - સર્વે ય દ્રવ્યો, स्वपरिणामपर्यायेणोत्पद्यमानानि - સ્વ પરિણામ પર્યાયે

एवं सर्वाण्यपि द्रव्याणि स्वपरिणामपर्यायेणोत्पद्यमानानि किं निमित्तभूतद्रव्यांतरस्वभावेनोत्पद्यंते किं स्वस्वभावेन ? यदि निमित्तभूतद्रव्यांतरस्वभावेनोत्पद्यंते तदा निमित्तभूतपरद्रव्याकारस्तत्परिणामः स्यात्, न च तथास्ति द्रव्यांतरस्वभावेन द्रव्यपरिणामोत्पादस्यादर्शनात् । यद्येवं तर्हि न सर्वद्रव्याणि निमित्तभूत-परद्रव्यस्वभावेनोत्पद्यंते किंतु स्वस्वभावेनैव, स्वस्वभावेन द्रव्यपरिणामोत्पादस्य दर्शनात् । एवं च सति स्वस्वभावानतिक्रमात् सर्वद्रव्याणां निमित्तभूतद्रव्यांतराणि स्वपरिणामस्योत्पादकान्येव सर्वद्रव्याण्येव निमित्तभूत-द्रव्यांतरस्वभावमस्पृशंति स्वस्वभावेन स्वपरिणामभावेनोत्पद्यंते । अतो न परद्रव्यं जीवस्य रागादीनामुत्पादकमुत्पश्यामो यस्मै कुप्यामः ॥३७२॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

અને જીવને પરદ્રવ્ય રાગાદિ ઉત્પાદાવે છે - ઉપજાવે છે, એ શક્ય નથી - અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યના ગુણ ઉત્પાદકરણનો અયોગ છે માટે, સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ છે માટે. તે આ પ્રકારે -

મૃત્તિકા કુંભભાવે ઉપજી રહેલી શું કુંભકાર સ્વભાવે ઉપજે છે ? શું મૃત્તિકા સ્વભાવે ? જો કુંભકાર સ્વભાવે ઉપજે છે, તો કુંભ-કરણના (કરવાના) અહંકારથી નિર્ભર પુરુષથી અધિષ્ઠિત કર વ્યાપૃત કરી રહેલ પુરુષ શરીરના આકારવાળો કુંભ હોય અને તેમ છે નહિ - દ્રવ્યાંતર સ્વભાવે દ્રવ્ય પરિણામના ઉત્પાદનું અદર્શન છે માટે.

જો એમ છે તો મૃત્તિકા કુંભકાર સ્વભાવે નથી ઉપજતી, કિંતુ મૃત્તિકા સ્વભાવે - સ્વસ્વભાવે દ્રવ્ય પરિણામના ઉત્પાદનું દર્શન છે માટે અને એમ સતે, સ્વસ્વભાવના અનતિક્રમને લીધે, કુંભકાર કુંભનો ઉત્પાદક જ નથી, મૃત્તિકા જ કુંભકાર સ્વભાવને અસ્પર્શતી સ્વસ્વભાવે ઉપજે છે.

એમ સર્વેય દ્રવ્યો સ્વપરિણામ પર્યાયે ઉપજી રહેલા, શું નિમિત્તભૂત દ્રવ્યાંતર સ્વભાવે ઉપજે છે ? શું સ્વસ્વભાવે ? જો નિમિત્તભૂત દ્રવ્યાંતર સ્વભાવે ઉપજે છે, તો નિમિત્તભૂત પરદ્રવ્યાકાર તેનો પરિણામ હોય અને તેમ છે નહિ - દ્રવ્યાંતર સ્વભાવે દ્રવ્ય પરિણામના ઉત્પાદનું અદર્શન છે માટે. જો એમ સ્વસ્વભાવે દ્રવ્ય પરિણામના ઉત્પાદનું દર્શન છે માટે છે તો સર્વદ્રવ્યો નિમિત્તભૂત પરદ્રવ્યના સ્વભાવે નથી ઉપજતા, કિંતુ સ્વસ્વભાવે જ અને એમ સતે સ્વસ્વભાવ અનતિક્રમને લીધે સર્વ દ્રવ્યોના નિમિત્તભૂત દ્રવ્યાંતરો સ્વપરિણામના ઉત્પાદકો જ છે, સર્વ દ્રવ્યો જ નિમિત્તભૂત દ્રવ્યાંતરના સ્વભાવને અસ્પર્શતા સ્વસ્વભાવે સ્વપરિણામ ભાવથી ઉપજે છે, એથી કરીને પરદ્રવ્ય જીવના રાગાદિનું ઉત્પાદક એવું અમે દેખતા નથી - કે જેના પ્રત્યે અમે કોપીએ. ૩૭૨

---

ઉપજતા સતા, किं निमित्तभूतद्रव्यांतरस्वभावेनोत्पद्यंते - **શું નિમિત્તભૂત દ્રવ્યાંતર સ્વભાવે - અન્ય દ્રવ્યના સ્વભાવે ઉપજે છે ?** किं स्वस्वभावेन - **શું સ્વસ્વભાવે ?** यदि निमित्तभूतद्रव्यांतरस्वभावेनोत्पद्यंते - **જો નિમિત્તભૂત દ્રવ્યાંતરના - અન્ય દ્રવ્યના સ્વભાવે ઉપજે છે,** तदा निमित्तभूतपरद्रव्याकारः तत्परिणामः स्यात् - **તો નિમિત્તભૂત પરદ્રવ્યના આકારવાળો તેનો પરિણામ હોય,** न च तथास्ति - **અને તેમ છે નહિ, શા માટે ?** द्रव्यांतरस्वभावेन द्रव्यपरिणामोत्पादस्यादर्शनात् - **દ્રવ્યાંતરના સ્વભાવે દ્રવ્ય પરિણામના ઉત્પાદનું અદર્શન છે માટે.** यद्येवं - **જો એમ છે,** तर्हि न सर्वद्रव्याणि निमित्तभूतपरद्रव्यस्वभावेनोत्पद्यंति - **તો સર્વદ્રવ્યો નિમિત્તભૂત પરદ્રવ્યના સ્વભાવે નથી ઉપજતા,** किंतु स्वस्वभावेनैव - **કિંતુ સ્વસ્વભાવને જ, શા માટે ?** स्वस्वभावेन द्रव्यपरिणामोत्पादस्य दर्शनात् - **સ્વસ્વભાવે દ્રવ્ય પરિણામના ઉત્પાદનું દર્શન છે માટે.**

एवं च सति - **અને એમ સતે,** स्वस्वभावनतिक्रमात् - **સ્વ સ્વભાવના અનતિક્રમને - અનુલ્લંઘનને લીધે** - सर्वद्रव्याणां निमित्तभूतद्रव्यांतराणि - **સર્વદ્રવ્યોના નિમિત્તભૂત દ્રવ્યાંતરો - અન્ય દ્રવ્યો** स्वपरिणामस्योत्पादकान्येव - **સ્વ પરિણામના ઉત્પાદકો જ છે,** सर्वद्रव्याण्येव - **સર્વ દ્રવ્યો જ,** निमित्तभूतद्रव्यांतरस्वभावमस्पृशंति - **સ્વસ્વભાવે સ્વ પરિણામ ભાવથી ઉપજે છે. આ પરથી શું ફલિત થાય છે ?** अतो - **એથી કરીને** न परद्रव्यं जीवस्य रागादीनामुत्पादकमुत्पश्यामो - **પરદ્રવ્ય જીવના રાગાદિનું ઉત્પાદક - ઉત્પાદ - ઉત્પાદન કરનારૂં (manufacturer) ઉપજાવનારૂં એવું અમે નથી દેખતા** - यस्मै कुप्यामः - **કે જેના પ્રત્યે અમે કોપીએ - કોપ કરીએ.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥३७२॥

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''વસ્તુને વસ્તુગતે જુઓ.''

''વિચારની નિર્મળતાએ કરી જો આ જીવ અન્ય પરિચયથી પાછો વળે તો સહજમાં હમણાં જ તેને આત્મજોગ પ્રગટે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭, (૫૭૩), ૫૬૯**

**રાગાદિકનું ઉત્પાદક અન્ય દ્રવ્ય નથી - સ્વ દ્રવ્ય જ છે કારણકે સર્વદ્રવ્યની ઉત્પત્તિ પ્રગટપણે અંતરમાં જ છે એમ ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે, 'અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યનો ગુણોત્પાદ નથી કરાતો, તેથી સર્વ દ્રવ્યો સ્વભાવથી ઉપજે છે', એવો સર્વ સામાન્ય અલૌકિક નિશ્ચય - સિદ્ધાંત અત્ર શાસ્ત્રકાર ભગવાને સુપ્રતિષ્ઠાપિત કર્યો છે અને 'આત્મખ્યાતિ' સૂત્રકાર ભગવાને આ સિદ્ધાંત મૃત્તિકા - કુંભના દૃષ્ટાંતથી સાંગોપાંગ બિંબપ્રતિબિંબ ભાવે અનુપમ નિષ્તુષ યુક્તિથી સમજાવી, તેનો તત્ત્વ સર્વસ્વ સમર્પક પરમાર્થમર્મ પરમ અદ્‌ભુત આત્મ વિનિશ્ચયથી પ્રકાશ્યો છે.**

**અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યનો ગુણોત્પાદ અશક્ય**

પાછલી ગાથામાં કહ્યું તેમ શબ્દાદિ વિષયોમાં - પૌદ્‌ગલિક પરદ્રવ્યમાં રાગાદિ નથી, એટલું જ નહિ પણ જીવને પરદ્રવ્ય રાગાદિ ઉપજાવે છે એ પણ શક્ય નથી - न च जीवस्य परद्रव्यं रागादीन्युत्पादयतीति शक्यं - શા માટે ? અન્ય દ્રવ્યથી અન્ય દ્રવ્યના ગુણના ઉત્પાદકરણનો - ઉત્પાદ કરવાનો અયોગ - અઘટમાનતા છે માટે - अन्यद्रव्येणान्यद्रव्यगुणोत्पादकरणस्यायोगात् - તે પણ શા માટે ? સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ (ઉપજવું) છે માટે - सर्वद्रव्याणां स्वभावेनैवोत्पादात् - તે જુઓ ! આ પ્રકારે -

**મૃત્તિકાનો સ્વસ્વભાવે જ કુંભપણે ઉત્પાદઃ નિમિત્તભૂત કુંભકાર સ્વભાવે નહિ**

મૃત્તિકા - માટી કુંભભાવે ઉપજી રહી છે, તે શું કુંભકારના સ્વભાવે ઉપજે છે ? શું મૃત્તિકાના સ્વભાવે ઉપજે છે ? જો તે કુંભકારના સ્વભાવે ઉપજે છે, તો 'કુંભ-કરણના' - કુંભ કરવાના અહંકારથી નિર્ભર પૂરા ભરેલા પુરુષથી અધિષ્ઠિત અને કર વ્યાપાર કરી રહેલા - હાથ હલાવી રહેલા એવા પુરુષ શરીરના આકારવાળો કુંભ હોય - कुंभकरणाहंकारनिर्भरपुरुषाधिष्ठित-व्यापृतकरपुरुषशरीराकारः कुंभः स्यात्, હું કુંભ કરૂં છું એમ અહંકારથી ફૂલાતા અને હાથ હલાવતા એવા કુંભકાર શરીરના આકારવાળો કુંભ બને ! કુંભ કુંભાર બની જાય ! અને તેમ તો છે નહિ - કુંભ કુંભકાર આકારવાળો બની જતો હોય તેવું તો છે નહિ, દ્રવ્યાંતર સ્વભાવથી દ્રવ્ય પરિણામના ઉત્પાદનું અદર્શન છે માટે - द्रव्यांतरस्वभावेन द्रव्यपरिणामोत्पादस्यादर्शनात्, 'દ્રવ્યાંતરના' - અન્ય દ્રવ્યના સ્વભાવે દ્રવ્ય પરિણામના ઉત્પાદનું - ઉપજવાનું દર્શન થતું નથી માટે. જો એમ છે તો મૃત્તિકા કુંભકાર સ્વભાવે ઉપજતી નથી, પણ મૃત્તિકા સ્વભાવે જ ઉપજે છે - સ્વસ્વભાવે દ્રવ્ય પરિણામના ઉત્પાદનું દર્શન છે માટે - स्वस्वभावेन द्रव्यपरिणामोत्पादस्य दर्शनात्, સ્વસ્વભાવે કરી દ્રવ્ય પરિણામ ઉપજતું પ્રત્યક્ષ પ્રગટ દેખાય છે માટે અને એમ સતે - એમ હોતાં, સ્વસ્વભાવના અનતિક્રમને લીધે - અનુલ્લંઘનને લીધે - स्वस्वभावानतिक्रमात् કુંભકાર કુંભને ઉત્પાદક જ - ઉપજાવનારો જ નથી, મૃત્તિકા જ - માટી જ, કુંભકાર સ્વભાવને અસ્પર્શતી - નહિ સ્પર્શતી સતી, સ્વસ્વભાવે કરી કુંભભાવે ઉપજે છે.

**સર્વ દ્રવ્યોનો સ્વસ્વભાવે જ સ્વ પરિણામ પર્યાયે ઉત્પાદ, નહિ કે નિમિત્તભૂત દ્રવ્યાંતર સ્વભાવે**

એમ - આ જે દૃષ્ટાંત કહ્યું તે જ પ્રકારે સર્વેય દ્રવ્યો સ્વપરિણામ પર્યાયથી ઉપજતા સતા શું નિમિત્તભૂત દ્રવ્યાંતર સ્વભાવે ઉપજે છે ? શું સ્વસ્વભાવે ઉપજે છે ? જો તે નિમિત્તભૂત દ્રવ્યાંતરના - અન્ય દ્રવ્યના સ્વભાવે ઉપજે છે, તો નિમિત્તભૂત પરદ્રવ્યના આકારવાળો તેનો પરિણામ હોય - निमित्तभूत परद्रव्याकारस्तत्परिणामः स्यात् અને તેમ તો છે નહિ - નિમિત્તભૂત પરદ્રવ્યના આકારવાળો તેનો પરિણામ છે નહિ - દ્રવ્યાંતર સ્વભાવે દ્રવ્ય પરિણામના ઉત્પાદનું અદર્શન છે માટે, દ્રવ્યાંતરના - અન્ય દ્રવ્યના સ્વભાવે દ્રવ્ય પરિણામના ઉત્પાદનું - ઉપજવાનું

દર્શન થતું નથી માટે. જો એમ છે તો પછી સર્વ દ્રવ્યો નિમિત્તભૂત પરદ્રવ્યના સ્વભાવે નથી ઉપજતા, પણ સ્વસ્વભાવે જ ઉપજે છે - કારણકે સ્વસ્વભાવે દ્રવ્ય પરિણામના ઉત્પાદનું દર્શન છે માટે અને એમ સતે - એમ હોતાં, સ્વસ્વભાવના અનતિક્રમને લીધે સર્વ દ્રવ્યોના નિમિત્તભૂત દ્રવ્યાંતરો - અન્ય દ્રવ્યો સ્વપરિણામના ઉત્પાદકો જ - ઉપજાવનારા જ છે - सर्वद्रव्याणां निमित्तभूतद्रव्यांतराणि स्वपरिणामस्योत्पादकान्येव અને સર્વ દ્રવ્યો જ, નિમિત્તભૂત દ્રવ્યાંતરોના - અન્ય દ્રવ્યોના સ્વભાવનો અસ્પર્શતા - નહિ સ્પર્શતા સતા - निमित्तभूतद्रव्यांतरस्वभावमस्पृशंति, સ્વસ્વભાવે કરી સ્વપરિણામથી ઉપજે છે - स्वस्वभावेन स्वपरिणामभावेनोत्पद्यंते - એથી કરીને પરદ્રવ્ય જીવના રાગાદિનું ઉત્પાદક - ઉપજાવનારૂં એવું અમે 'ઉત્પેખતા' - ઉત્પ્રેક્ષતા નથી - ગમે તે કોઈ કલ્પનાથી દેખતા નથી, કે જે પ્રત્યે અમે કોપીએ - કોપ કરીએ - न परद्रव्यं जीवस्य रागादीनामुत्पादकमुत्पश्यामो यस्मै कुप्यामः ।

**આ સ્વભાવ - નિયમનો તાત્પર્ય રૂપ ફલિતાર્થ**

આમ અખંડ નિશ્ચય સિદ્ધાંત રૂપ અનુપમ સ્વભાવ નિયમ અત્ર સુપ્રતિષ્ઠાપિત કર્યો છે અને તેનું અત્રે મુખ્ય ઈષ્ટ પ્રયોજન સમસ્ત પરદ્રવ્ય પ્રત્યેનો જીવનો રાગ છોડાવી સમસ્ત પરદ્રવ્યના પરિત્યાગે કરી જીવને શુદ્ધ આત્મ સ્વભાવમાં આણવાનો છે. એટલે આનો તાત્પર્ય રૂપ ફલિતાર્થ એ છે કે - જીવના રાગાદિ કોઈ અન્ય દ્રવ્ય ઉપજાવતું નથી, પણ જીવ પોતે જ ઉપજાવે છે, એટલે રાગાદિ એ જીવની પોતાની જ **વિકૃતિ - કૃતિ** છે - જીવનું પોતાનું જ **'ભાવકર્મ'** છે અને તેની પૂરેપૂરી જોખમદારી કેવળ **જીવને પોતાને જ શિરે** જ છે, માટે તે રાગાદિની ઉત્પત્તિમાં માત્ર નિમિત્તભૂત પરદ્રવ્યનો દોષ કાઢવો ને તેના પ્રત્યે નિષ્ફળ કોપ કરવો એ જીવની કેવળ વિમૂઢતા જ છે. જીવે જો દોષ કાઢવો હોય ને કોપ કરવો હોય તો કેવળ પોતા પ્રત્યે જ કરવા યોગ્ય છે. એટલે પર કાંઈ કરતું નથી માટે પરને સ્વચ્છંદે ભોગવ્યા કરો, એવા મહા અનર્થકારક અર્થમાં નિશ્ચયને ઉતારનારા નિશ્ચય-**વિમૂઢોના** સ્વચ્છંદનો અત્ર આત્યંતિક નિષેધ છે, કારણકે પર પ્રત્યયી રાગની **જોખમદારી જીવની પોતાની જ છે**, એટલે જો પર પ્રત્યેનો રાગ નથી તો પર કેમ ગ્રહો છો ? ને પર ગ્રહો છો તો પર પ્રત્યેનો રાગ કેમ નથી ? એમ સીધા પ્રશ્નથી (Poser) **નિશ્ચયવિમૂઢ નિશ્ચયાભાસી સ્વચ્છંદી** શુષ્કજ્ઞાનીઓને નિરુત્તર કરી મૂકે એવો કેવળ શુદ્ધ પરમાર્થ જ અત્ર ફલિત થાય છે.

સર્વ
વિશુદ્ધ
જ્ઞાન

રાગ-દ્વેષ પ્રસૂતિ પરોનું દૂષણ નથી, પણ અબોધનો દોષ છે, એવા ભાવનો **સમયસાર કળશ** (૨૮) પ્રકાશે છે

मालिनी

**यदिह भवति रागद्वेषदोषप्रसूतिः,**
**कतरदपि परेषां दूषणं नास्ति तत्र ।**
**स्वयमयमपराधी तत्र सर्पत्यबोधो,**
**भवतु विदितमस्तं यात्वबोधोऽस्मि बोधः ॥२२०॥**

**પ્રસૂતિ થતી જ રાગદ્વેષ દોષોની આંહિ,**
**દૂષણ કંઈ પરોનું ત્યાં ખરે ! છે જ નાંહિ;**
**સરપત અપરાધી ત્યાં સ્વયં આ અબોધ,**
**ભવતુ વિદિત ! અસ્તં જા અબોધા ! છું બોધ. ૨૨૦**

## અમૃત ૫૬ - ૨૨૦

રાગ દ્વેષ દોષ અજ્ઞાન દોષે, રાગ દ્વેષ તુજ દોષે,
પરનો દોષ ન કાંઈ જ એમાં, પર પ્રતિ કાં રોષે ?... રે ચેતન ! **રાગ દ્વેષ તુજ દોષે. ૧**
રાગદ્વેષ દોષની જે ચેતન ! થાયે પ્રસૂતિ આંહિ,
કંઈ પણ તેમાં દૂષણ પરોનું, નિશ્ચયથી છે નાંહિ... રે ચેતન ! ૨
સર્પત ત્યાં સર્પ શું અપરાધી, સ્વયં અબોધ જ ત્હારો,
પર પર દોષ આરોપિત કરતાં, છૂટે ન ચોર બિચારો... રે ચેતન ! ૩
વિદિત હો આ નિશ્ચય વાર્તા ! પામો અસ્ત અબોધ !
'છું હું બોધ' એ **ભગવાન અમૃત,** બોધ્યો અમૃત સુબોધ... રે ચેતન ! ૪

**અર્થ** - જે અહીં રાગ-દ્વેષ દોષની પ્રસૂતિ (ઉત્પત્તિ) થાય છે, તેમાં પરોનું કોઈ પણ દૂષણ છે નહિ, સ્વયં આ અપરાધી અબોધ ત્યાં સર્પે છે, આ વિદિત હો ! અબોધ અસ્ત પામો ! હું બોધ છું. ૨૨૦

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''બીજાના દોષે તને બંધન છે એમ માનીશ નહીં,
તારે દોષે તને બંધન છે એ સંતની પહેલી શિક્ષા છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૮૬), ૧૦૮**

ઉપરમાં ભગવતી **આત્મખ્યાતિના** ગદ્ય ભાગમાં જે સિદ્ધાંત આટલી સ્પષ્ટ મીમાંસાથી - પુષ્ટ તત્ત્વવિચારણાથી સુપ્રતિષ્ઠિત કર્યો, તે પરથી ફલિત થતો સારસમુચ્ચય સંદેબ્ધ કરતા આ પરિપુષ્ટિ રૂપ **સમયસાર કળશમાં અમૃતચંદ્રજીએ** આત્માર્થી મુમુક્ષુઓને બોધરૂપ ભાવવાહી ઉદ્‌બોધન કર્યું છે - यदिह भवति रागद्वेषदोषप्रसूतिः - અહીં રાગ-દ્વેષ દોષનું પ્રસૂતિ-ઉત્પત્તિ-જન્મ થાય છે, તેમાં પરોનું - બીજાઓનું કોઈ પણ દૂષણ છે નહિ, कतरदपि परेषां दूषणं नास्ति तत्र, સ્વયં - પોતે આ અપરાધી - દોષવાન્ અબોધ ત્યાં સર્પે છે - સળવળે છે, स्वयमयमपराधी तत्र सर्पत्यबोधो भवतु विदितः - આ વિદિત હો ! Let it be known ! अस्तं यात्वबोधो - અબોધ - અજ્ઞાન અસ્ત પામો ! હું બોધ છું - अस्मि बोधः ।

અર્થાત્ રાગ દ્વેષ દોષ જે ઉપજે છે તે જીવના પોતાના અજ્ઞાનના દોષે કરી ઉપજે છે, તેમાં પરનો

કોઈ પણ દોષ છે નહિ, એટલે પોતાના દોષ માટે પર પ્રત્યે રોષ કરવો મિથ્યા છે, રાગ દ્વેષાદિ પરિણામ કરવાની જવાબદારી જીવની પોતાની છે, એટલે તેના દોષનો ટોપલો પરદ્રવ્ય પર ઓઢાડવો તે પ્રગટ અન્યાય છે અને રાગ દ્વેષાદિ દોષનો મૂલ દોષ અજ્ઞાન છે, એટલે અત્રે મુખ્ય સ્વયં અપરાધી જીવનું આ અજ્ઞાન જ છે - જીવનો અબોધ જ છે - 'स्वयमपराधी तत्र सर्पत्यबोधः' - એમ વચનટંકાર કરી જગદ્ગુરુ અમૃતચંદ્રાચાર્યજી સકલ જગત્ પ્રત્યે ડિંડિમ નાદથી ઉદ્ઘોષે છે - 'भवतु विदितम्' - આ વિદિત હો - જ્ઞાત હો ! અબોધ - અજ્ઞાન અસ્ત પામો ! अस्तं यात्वबोधः ! અને ભાવન કરો કે હું બોધ છું - જ્ઞાન છું, अस्मि बोधः ।

અત્રે રાગ જન્મમાં પરદ્રવ્ય કાંઈ નિમિત્ત નથી એમ કહેવાનો આશય નથી, પણ પરદ્રવ્યને 'જ' એકાંતે પરદ્રવ્યને નિમિત્ત કારણભૂત માનવું તે ખોટું છે એમ 'જ' કાર પરથી પ્રતીત થતો સ્પષ્ટ આશય છે, કારણકે આ શાસ્ત્રમાં જ પૂર્વે બંધ અધિકારમાં 'तस्मिन्निमित्तं परसङ्ग एव' - તેમાં - રાગાદિ ઉત્પત્તિમાં નિમિત્ત પરસંગ જ છે એમ સ્પષ્ટ કહ્યું છે અને આમ ત્યાં રાગ જન્મમાં પરસંગને જ નિમિત્ત કહેલ છે અને અત્રે આત્માને જ કારણ કહેલ છે, તે બે વસ્તુમાં પૂર્વાપર વિરોધ નથી, કારણકે બન્ને વસ્તુ અપેક્ષાવિશેષે કેવળ જીવના કલ્યાણહેતુએ કહેલ છે. પૂર્વે જે કહ્યું હતું તે રાગાદિ જીવના સહજ સ્વભાવભાવ નથી, પણ પરનિમિત્ત થકી જ ઉદ્ભવતા ઔપાધિક વિભાવભાવો છે, એમ સ્પષ્ટ દર્શાવવા માટે અને નૈમિત્તિક અધ્યવસાનોના નિમિત્તભૂત પરવસ્તુઓનું આલંબન છોડાવવા માટે છે, એટલે ભ્રાંતિથી કોઈ તે ઔપાધિક ભાવોને પણ આત્માના સ્વભાવભૂત માની લેવાની ભૂલ કરી તેથી છૂટવાનો પ્રયાસ ન કરે તો મહા અનર્થ થાય, એટલા માટે નિમિત્તપ્રધાન દૃષ્ટિથી નિમિત્તને જ મુખ્ય કરી તે વર્ણન છે; અને અત્રે ઉપાદાનપ્રધાન દૃષ્ટિથી વર્ણન છે, તે રાગાદિ ભાવોનું ઉપાદાન કારણ જીવ જ પોતે જ છે એ દર્શાવવા માટે છે, એટલે જીવ પોતે જ વ્યાપ્યવ્યાપક ભાવથી રાગાદિ ભાવે પરિણમે છે તેથી રાગાદિ જીવની પોતાની જ વિકૃતિ કૃતિ છે, માટે તે વિકૃતિ દૂર કરવાનો ને પુનઃ નહિં થવા દેવાનો આત્મપુરુષાર્થ જીવે પોતે જ કરવા યોગ્ય છે, એમ જીવનો પુરુષાર્થ ધર્મ જાગ્રત કરવા અર્થે આ કથન છે. પૂર્વ કથન નિમિત્ત - નૈમિત્તિક ભાવની મુખ્યતાથી હોઈ **પરાશ્રિત વ્યવહાર નયની અપેક્ષાએ** છે, પ્રસ્તુત કથન પરિણામી - પરિણામ ભાવની મુખ્યતાથી હોઈ **આત્માશ્રિત નિશ્ચયનયની અપેક્ષાએ છે.** એટલે ગૌણ - પ્રધાન વિવક્ષાથી આ સમસ્ત સાપેક્ષ કથન હોઈ પૂર્વાપર વિરોધ છે નહિ. આ અંગે પ્રખર તત્ત્વચિંતક **પં. ટોડરમલ્લજીએ 'મોક્ષમાર્ગ પ્રકાશ'માં** સ્પષ્ટ કહ્યું છે.

રાગ જન્મમાં પરદ્રવ્ય જ નિમિત્તતા જે કળે છે, તેઓ મોહવાહિની (નદી) ઉતરતા નથી, એવા ભાવનો **સમયસાર કળશ** (૨૯) સંગીત કરે છે -

स्योद्धता

**रागजन्मनि निमित्ततां, परद्रव्यमेव कलयंति तु ते ।**
**उत्तरंति न हि मोहवाहिनीं शुद्धबोधविधुरांधबुद्धयः ॥२२१॥**

## અમૃત પદ - ૨૨૧

રાગ જન્મમાં અન્ય દ્રવ્યનો, દોષ મૂઢ જે કાઢે;
વસ્તુ સ્થિતિ અજ્ઞાન કુશસ્ત્રે, જ્ઞાન શિર જ તે વાઢે... રે ચેતન ! રાગ દ્વેષ તુજ દોષે. ૧
અન્ય દ્રવ્યને જ નિમિત્તતા જે, રાગ જન્મમાં માને;
શુદ્ધ બોધથી હીન તે સાવ, અંધ બુદ્ધિ જ અજ્ઞાને... રે ચેતન ! ૨
મોહવાહિની પ્રવાહમહિં રે, અરે ! વહ્યા તે જાતા;
મોહવાહિની પાર ઉતરવા, કદી ય સમર્થ ન થાતા... રે ચેતન ! ૩
ઉપાદાન વસ્તુથી જ જન્મે, વસ્તુમાં જ વસ્તુભાવો;
હો તે સહજ સ્વભાવી ભાવો, વા વિકૃત વિભાવો... રે ચેતન ! ૪
રાગ સ્વભાવ ન આતમ કેરો, તે તો વિભાવ અનેરો;
પણ વિકૃત પણ તેહ વિભાવો, ભાવ જ ચેતન કેરો... રે ચેતન ! ૫
નિમિત્ત માત્ર જ તેમાં કદાપિ, અન્ય દ્રવ્ય ભલે થાવે;
તોય ઉપાદાન આતમ પોતે, તેહ વિભાવ જનમાવે... રે ચેતન ! ૬
જીવભાવ જ છે રાગ તે તેથી, પણ તે ઉપાધિક ભાવો;
પર નિમિત્તે ઉપજેલો પણ, હોય ન જીવ સ્વભાવો... રે ચેતન ! ૭
અજ્ઞાની આ ભેદ ન જાણે, પર નિમિત્ત જ મુખ્ય માને;
ઉપાદાનને ગૌણ ગણીને, નિમિત્તને પ્રધાન લેખીને... રે ચેતન ! ૮
નય ભેદ સાપેક્ષ મૂઢ ન જાણે, પરને જ નિમિત્ત ઠઠાડી;
દોષ પોતાનો જ દુષ્ટ ઉડાડી, પરને જ દીએ ઓઢાડી... રે ચેતન ! ૯
પરને જ જોખમદાર ગણે તે, રાગ દ્વેષ કેમ મૂકે ?
પોતે ન જોખમદાર ગણે તે, વસ્તુ સ્થિતિ તે કેમ ચૂકે ?... રે ચેતન ! ૧૦
મોહ નદીમાં એમ તણાતાં, મોહમાં ગળકાં ખાતાં;
મોહ નદીનો પાર બિચારા, કેમ અજ્ઞાની પાતા ?... રે ચેતન ! ૧૧
દૂર કરી ઉપાદાન અશુદ્ધિ, રાગાદિ દુષ્ટ વિભાવો;
ભગવાન **અમૃત** પ્રગટાવે, શુદ્ધ ચિત્ સ્વ સ્વભાવો... રે ચેતન ! ૧૨

અર્થાત્ - રાગ જન્મમાં જે મોહમૂઢ જનો અન્ય દ્રવ્યનો દોષ કાઢે છે, તેઓ વસ્તુસ્થિતિના અજ્ઞાનરૂપ કુશસ્ત્ર વડે કરીને પોતાનું જ્ઞાન - મસ્તક જ વાઢી નાંખે છે. કારણકે અન્ય દ્રવ્યને જ જેઓ રાગ જન્મમાં નિમિત્ત માને છે, તે શુદ્ધબોધથી 'વિધુર' - વિરહિત - વિહીન જનો અજ્ઞાને કરી જેની બુદ્ધિ અંધ બની છે એવો 'અંધ બુદ્ધિઓ જ' છે - शुद्धबोधविधुरान्धबुद्धयः । એટલે તેઓ મોહમાં વહન

કરી જનારી 'મોહવાહિની'ના - મોહનદીના પ્રવાહમાં વહ્યા જતા, મોહવાહિનીને પાર ઉતરવા કદી પણ સમર્થ નથી થતા - उत्तरंति न हि मोहवाहिनी । કારણકે અત્રે ત્રણ કાળમાં ન ફરે એવી નિશ્ચયરૂપ વસ્તુસ્થિતિ આ પ્રકારે છે - જે ઉપાદાન વસ્તુ છે, તેના થકી જ વસ્તુભાવો વસ્તુમાં જ જન્મે છે - ભલે પછી તે ભાવો સહજસ્વભાવી ભાવો હો, કે અસહજ કૃત્રિમ વિકૃત વિભાવો હો. હવે રાગ જોકે આત્માનો સહજ સ્વભાવભૂત ભાવ નથી, અનેરો વિભાવ જ છે, તો પણ વિકૃત એવો તે વિભાવ પણ ચેતનનો જ ભાવ છે, આત્મભાવ જ છે. તેમાં અન્ય દ્રવ્ય કદાપિ ભલે નિમિત્ત માત્ર જ હો, તો પણ ઉપાદાન આત્મા પોતે જ તથાભાવે પરિણમી વ્યાપ્યવ્યાપક ભાવથી તે વિભાવ જન્માવે છે, તેથી રાગ છે તે જીવભાવ જ છે - આત્મભાવ જ છે, પણ તે ઔપાધિક ભાવ 'પર નિમિત્તે' - પર પ્રત્યયથી ઉપજેલો વિભાવભાવ હોઈ જીવનો સ્વભાવભાવ નથી. અજ્ઞાની આ ભેદવિજ્ઞાન જાણતો નથી એટલે પર નિમિત્તને જ મુખ્ય માને છે અને ઉપાદાનને ગૌણ ગણીને મોહ - અજ્ઞાનમાં ડૂબે છે, સાપેક્ષ એવો નયભેદ મૂઢ જાણતો નથી એટલે પરને જ નિમિત્ત ઠઠાડી દઈ, પોતાનો જ દોષ ઉડાડી દઈ એ દોષ પરને જ ઓઢાડી દીએ છે ! આમ પરને જ જે જોખમદાર ગણે છે તે રાગ દ્વેષ કેમ મૂકે ? પોતે જોખમદાર નથી ગણતો તે વસ્તુસ્થિતિ કેમ ન ચૂકે ? એટલે એમ મોહતરંગિણીમાં તણાતાં - મોહમાં ગળકા ખાતાં આ અજ્ઞાની બિચારા મોહમૂઢ જનો મોહ નદીનો પાર કેમ પામે ? માટે રાગાદિ દુષ્ટ વિભાવો રૂપ વિકૃતિ ઉપાદાન આત્માની જ કૃતિ હોઈ આત્માની જ અંતરગત અશુદ્ધિ છે, અશુદ્ધ ચૈતન્ય વિકાર જ છે, તેને દૂર કરી - આત્મામાંથી વિસર્જન કરી આત્માનો મૂળ શુદ્ધ સહજ વસ્તુ સ્વભાવ પ્રગટાવો ! **સહજાત્મસ્વરૂપ** 'મૂળ શુદ્ધ તે આત્મપદ' રૂપ શુદ્ધ ઉપાદાન પ્રગટ કરો ! એમ **દિવ્યદૃષ્ટા અમૃતચંદ્રાચાર્યજીના** આ ઉત્થાનિકા કળશનો તાત્પર્યરૂપ 'ધ્વનિ' છે.

णिंदियसंथुयवयणाणि पोग्गला परिणमंति बहुयाणि ।
ताणि सुणिऊण रूसदि तूसदि य अहं पुणो भणिदो ॥३७३॥
पोग्गलदव्वं सद्दत्तपरिणयं तस्स जइ गुणो अण्णो ।
तह्मा ण तुमं भणिओ किंचिवि किं रूससि अबुद्धो ॥३७४॥
असुहो सुहो व सद्दो ण तं भणइ सुणसु मंति सो चैव ।
ण य एइ विणिग्गंहिउं सोय विसयमागयं सद्दं ॥३७५॥
असुहं सुहं च रूवं ण तं भणइ पिच्छ मंति सो चेव ।
ण य एइ विणिग्गहिउं चक्खुविसयमागयं रूवं ॥३७६॥
असुहो सुहो व गंधो ण तं भणइ जिग्घ मंति सो चेव ।
णय एइ विणिग्गहिउं घाणविसयमागयं गंधं ॥३७७॥
असुहो सुहो व रसो ण तं भणइ रसय मंति सो चेव ।
णय एइ विणिग्गहिउं रसणविसवमागयं तु रसं ॥३७८॥
असुहो सुहो व फासो ण तं भणइ फुससु मंति सो चेव ।
णय एइ विणिग्गहिउं कायविसयमागयं फासं ॥३७९॥
असुहो सुहो व गुणो ण तं भणइ बुज्झ मंति सो चेव ।
ण य एइ विणिग्गहिउं बुद्धिविसयमागयं तु गुणं ॥३८०॥
असुहं सुहं व दव्वं ण तं भणइ बुज्झ मंति सो चेव ।
ण व एइ विणिग्गहिउं बुद्धिविसयमागयं दव्वं ॥३८१॥
एवं तु जाणिऊण उवसमं णेव गच्छई मूढो ।
णिग्गहमणा परस्स य सयं च बुद्धिं सिवमपत्तो ॥३८२॥

---

**आत्मभावना -**

पोग्गला णिंदियसंथुयवयणाणि बहुयाति परिणमंति पुद्‌गलाः णिंदितसंस्तुवचनानि बहुकानि परिणमंति - **પુદ્‌ગલો નિંદિત - સંસ્તુત વચનો બહુક - બહુ પ્રકારના એવા પરિણમે છે,** ताणि सुणिऊण - तानि श्रुत्वा - **તે શ્રવણ કરીને - સાંભળીને** अहं पुणो भणिदो - अहं पुनर्भणितः - **હું પુનઃ ભણાયો - સંબોધાયો (એમ જાણીને)** रूसदि तूसदि य - रुष्यति तुष्यति च - **રોષે છે અને તોષે છે.** ॥३७३॥ पोग्गलदव्वं सद्दत्तपरिणयं - पुद्‌गलद्रव्यं शब्दत्वपरिणतं - **પુદ્‌ગલ દ્રવ્ય શબ્દત્વ - શબ્દપણું પરિણત,** तस्स गुणो जइ अण्णो - तस्य गुणः यदि अन्यः । - **તેનો ગુણ જો અન્ય છે,** तह्मा ण तुमं किंचिवि भणिओ - तस्मात् न त्वं किं चिदपि भणितः - **તેથી નથી તું કિંચિત્ પણ ભણાયો - સંબોધાયો,** किं रूससि अबुद्धो - किं रुष्यस्यबुद्धः - **અબુદ્ધ તું કેમ રોષે છે - રોષ કરે છે ?** ॥३७४॥ असुहो सुहो व सद्दो - अशुभः शुभो वा शब्दः - **અશુભ વા શુભ શબ્દ** ण तं भणइ - न त्वां भणति - **નથી તને ભણતો, કહેતો -** सुणसु मंति - श्रणु मामिति - **મને સુણ એમ,** सो चेव - स एव - **અને તે જ** सोयविसयमागयं सद्दं विणिग्गहिउं - श्रोत्रविषयमागतं - शब्दं विनिर्गृहीतुं - **શ્રોત્ર વિષય આગત - આવેલ શબ્દને વિનિર્ગ્રહવાને - વિશેષે નિશ્ચયથી ગ્રહણ કરવાને** ण य एइ - न चैति - **નથી આવતો.** ॥३७५॥ असुहं सुहं च रूवं - अशुभं शुभं वा रूपं - **અશુભ વા શુભ રૂપ** ण तं भणइ पिच्छ मंति - न त्वां भणति पश्य मामिति - **નથી તને ભણતું - કહેતું 'મને જો' એમ,** सो चेव ण य एइ स एव न चैति - **અને તે જ નથી આવતો** चक्खुविसयमागयं रूवं विणिग्गहिउं - चक्षुर्विषयमागतं रूपं विनिर्गृहीतुं - **ચક્ષુ વિષય આગત - આવેલ રૂપને વિનિર્ગૃહવાને - વિશેષે નિશ્ચયથી ગ્રહણ કરવાને.** ॥३७६॥ असुहो सुहो व गंधो अशुभः शुभो

નિંદા સ્તુતિ વચનો બહુ, પુદ્‌ગલો પરિણમંત;
તે સુણીને તું રુષે તુષે, 'હું ભણાયો' ગણંત. ૩૭૩
પુદ્‌ગલ દ્રવ્ય શબ્દત્વ પરિણત, તસ ગુણ અન્ય જો તેમ;
તેથી ન તું ભણાયો કંઈ, રુષે અબુદ્ધ તું કેમ ? ૩૭૪
અશુભ શુભ વા શબ્દ તને, ન ભણે 'મને સુણ' એમ;
શ્રોત્ર વિષયાગત શબ્દ તે, ગ્રહવા ન આવે તેમ. ૩૭૫
અશુભ વા શુભ વા રૂપ તને, ન ભણે 'મને જો' એમ;
ચક્ષુ વિષયાગત રૂપ તે, ગ્રહવા ન આવે તેમ. ૩૭૬
અશુભ શુભ વા ગંધ તને, ન ભણે 'મને સુંઘ' એમ,
ઘ્રાણ વિષયાગત ગંધ તે, ગ્રહવા ન આવે તેમ. ૩૭૭
અશુભ શુભ વા રસ તને, ન ભણે 'મને રસ' એમ;
રસન વિષયાગત રસ તે, ગ્રહવા ન આવે તેમ. ૩૭૮
અશુભ શુભ વા સ્પર્શ તને, ન ભણે 'મને સ્પર્શ' એમ;
કાય વિષયાગત સ્પર્શ તે, ગ્રહવા ન આવે તેમ. ૩૭૯
અશુભ શુભ વા ગુણ તને, ન ભણે 'મને બૂઝ' એમ;
બુદ્ધિ વિષયાગત ગુણ તે, ગ્રહવા ન આવે તેમ. ૩૮૦
અશુભ શુભ વા દ્રવ્ય તને, ન ભણે 'મને બૂઝ' એમ;
બુદ્ધિ વિષયાગત દ્રવ્ય તે, ગ્રહવા ન આવે તેમ. ૩૮૧
પણ આ જાણી મૂઢ તો, થાય ન ઉપશમ પ્રાપ્ત;
પર વિનિર્ગ્રહમના સ્વયં, બુદ્ધિ શિવા અપ્રાપ્ત. ૩૮૨

---

वा गंधो - **અશુભ વા શુભ ગંધ** ण त्वं भणइ जिग्घ मंति न त्वां भणति जिघ्र मामिति - **નથી તને ભણતો** - કહેતો **'મને સૂંઘ' એમ,** सो चेव ण य एइ - स एव न चैति - **અને તેજ નથી આવતો** घाणविसयमागयं गंधं विणिग्गहिउं - घ्राणविषयमागतं गंधं विनिर्गृहीतुं - ઘ્રાણ વિષય આગત - આવેલ ગંધને વિનિર્ગૃહવાને - **વિશેષે - નિશ્ચયથી ગ્રહણ કરવાને.** ।।૩૭૭।। असुहो सुहो व रसो - अशुभः शुभः वा रसः - **અશુભ વા શુભ રસ** ण तं भणइ रसय मंति - न त्वां भणति रसय मामिति - **નથી તને ભણતો** - કહેતો **'મને રસ (ચાખ)' એમ,** सो चेव णय एइ - स एव न चैति - **અને તેજ નથી આવતો** रसणविसयमागयं तु रसं विणिग्गहिउं रसनविषयमागतं रसं विनिर्गृहीतुं - **રસન વિષય આગત** - આવેલ રસને વિનિર્ગૃહવાને - વિનિર્ગૃહથી નિશ્ચયથી - **ગ્રહણ કરવાને.** ।।૩૭૮।। असुहो सुहो व फासो अशुभः शुभः वा स्पर्शः - **અશુભ વા શુભ સ્પર્શ** ण तं भणइ फुससु मंति - न त्वां भणति स्पृश मामिति - **નથી તને ભણતો** - કહેતો **'મને સ્પર્શ' એમ,** सो चेव णय एइ - स एव न चैति - **અને તે જ નથી આવતો** कायविसयमागयं फासं विणिग्गहिउं - कायविषयमागतं स्पर्शं विनिर्गृहीतुं - **કાયવિષય આગત** - આવેલ સ્પર્શને વિનિર્ગૃહવાને - **વિનિર્ગૃહથી ગ્રહણ કરવાને.** ।।૩૭૯।।

असुहो सुहो व गुणो अशुभः शुभो वा गुणो - **અશુભ વા શુભ ગુણ** ण तं भणइ बुज्झ मंति - न त्वां भणति बुध्यस्व मामिति - **નથી તને ભણતો** - કહેતો **'મને બૂઝ (જાણ)' એમ,** सो चेव णय एइ - स एव न चैति - **અને તે જ નથી આવતો** बुद्धिविसयमागयं तु गुणं विणिग्गहिउं बुद्धिविषयमागतं तु गुणं विनिर्गृहीतुं - **બુદ્ધિવિષય આગત** - આવેલ ગુણને વિનિર્ગૃહવાને - **વિશેષે નિશ્ચયથી ગ્રહણ કરવાને.** ।।૩૮૦।। असुहं सुहं व दव्वं - अशुभं शुभं वा द्रव्यं - **અશુભ વા શુભ દ્રવ્ય** ण तं भणइ बुज्झ मंति - न त्वां भणति बुध्यस्य मामिति - **નથી તને ભણતું** - કહેતું **'મને બૂઝ (જાણ)' એમ,** सो चेव णय एइ - स एव न चैति - **અને તે જ નથી આવતો** बुद्धिविसयमागयं दव्वं विणिग्गहिउं - बुद्धिविषयमागतं द्रव्यं विनिर्गृहीतं - **બુદ્ધિવિષય આગત** - આવેલ દ્રવ્યને વિનિર્ગૃહવાને - **વિશેષે નિશ્ચયથી ગ્રહણ**

ગાથાર્થ - પુદ્‌ગલો બહુ પ્રકારના નિંદિત - સંસ્તુત વચનો પરિણમે છે અને તે સાંભળીને હું ભણાયો (સંબોધાયો) એમ સમજીને તું રોષ કરે છે અને તોષ કરે છે. શબ્દત્વ પરિણત પુદ્‌ગલ દ્રવ્ય તેનો ગુણ જો અન્ય (જૂદો) છે, તેથી તું કિંચિત્ પણ ભણાયો નથી, તો તું અબુદ્ધ કેમ રોષ કરે છે ?

અશુભ વા શુભ શબ્દ તને નથી કહેતો કે તું મને સાંભળ ! અને તે પણ શ્રોત્ર વિષય આગત (શ્રોત્ર વિષયમાં આવેલા) શબ્દને વિનિર્ગૃહવા નથી આવતો. ૩૭૩-૩૭૪

અશુભ વા શુભ રૂપ તને નથી કહેતું કે તું મને દેખ ! અને તે પણ ચક્ષુ વિષય આગત રૂપને વિનિર્ગૃહવાને નથી આવતો. ૩૭૬

અશુભ વા શુભ ગંધ તને નથી કહેતો કે તું મને સૂંઘ ! અને તે પણ ઘ્રાણ વિષય આગત ગંધને વિનિર્ગૃહવાને નથી આવતો. ૩૭૭

અશુભ વા શુભ રસ તને નથી કહેતો કે તું મને રસ ! (ચાખ !) અને તે પણ રસના વિષય - આગત રસને વિનિર્ગૃહવાને નથી આવતો. ૩૭૮

અશુભ વા શુભ રસ તને નથી કહેતો કે તું મને સ્પર્શ ! અને તે પણ કાય વિષય આગત સ્પર્શને વિનિર્ગૃહવાને નથી આવતો. ૩૭૯

અશુભ વા શુભ ગુણ તને નથી કહેતો કે તું મને બૂઝ ! (જાણ !) અને તે પણ બુદ્ધિ વિષય આગત ગુણને વિનિર્ગૃહવાને નથી આવતો. ૩૮૦

અશુભ વા શુભ દ્રવ્ય તને નથી કહેતું કે તું મને બૂઝ ! (જાણ !) અને તે પણ બુદ્ધિ વિષય આગત દ્રવ્યને વિનિર્ગૃહવાને નથી આવતો. ૩૮૧

પણ આ જાણીને મૂઢ ઉપશમ નથી જ પામતો અને સ્વયં શિવાબુદ્ધિને અપ્રાપ્ત એવો તે પરના નિગ્રહ મનવાળો હોય છે. ૩૮૨

---

કરવાને. ।।૩૮૧।। एयं तु जाणिऊण - एतत्तु ज्ञात्वा - **પણ આ જાણીને** મૂઢો - मूढ - **મૂઢ** उवसमं णेव गच्छई - उपशमं नैव गच्छति - **ઉપશમ નથી પામતો,** णिग्गहमणा परस्स य - विनिर्ग्रहमनाः च परस्य - **પરનો વિનિર્ગ્રહ (કરવાના) મનવાળો (તે)** सयं च बुद्धिं सिवमपत्तो स्वयं च शिवां बुद्धिमप्राप्तः - **સ્વયં જ શિવા - કલ્યાણ રૂપા બુદ્ધિને અપ્રાપ્ત - નહિ પામેલો એવો (હોય છે).** ।।૩૮૨।। **गाथा** आत्मभावना ।।૩૭૩-૩૮૨।।

यथा - જેમ, દૃષ્ટાંત છે કે - इह - અહીં, આ લોકને વિષે, बहिरर्थो घटपटादि - **બહિર્ અર્થ - બાહ્ય પદાર્થ ઘટપટાદિ,** देवदत्तो यज्ञदत्तमिव हस्ते गृहीत्वा -

**દેવદત્ત જેમ યજ્ઞદત્તને હસ્તે ગૃહીને - હાથ પકડીને,** 'मां प्रकाशय' - **'મને પ્રકાશ'** इति स्वप्रकाशने न प्रदीपं प्रयोजयति - **એમ સ્વ પ્રકાશનમાં - પોતાના પ્રકાશન વિષયમાં પ્રદીપને નથી પ્રયોજતો,** न च प्रदीपोपि - **અને નથી પ્રદીપ પણ,** अयःकांतोपलकृष्टायःसूचीवत् - **અયઃકાંતઉપલથી - લોહચુંબકથી કૃષ્ટ - ખેંચાયેલ અયઃસૂચી - લોઢાની સોયની જેમ** स्वस्थानादप्रच्युत्य - **સ્વ સ્થાનથી - પોતાના સ્થાનથી ચ્યુત થઈને** - तं प्रकाशयितुमायाति - **તેને - ઘટપટાદિ બહિર્ અર્થને પ્રકાશવાને આવતો,** किंतु - **પરંતુ** वस्तुस्वभावस्य परेणोत्पादयितुमशक्यत्वात् - **વસ્તુ સ્વભાવના - પરથી ઉત્પાદાવાના - ઉપજાવવાના અશક્યપણાને લીધે,** परमुत्पादयितुमशक्तत्वाच्च - **અને પરને ઉત્પાદવાના - ઉપજાવવાના અશક્યપણાને લીધે,** यथा तदसन्निधाने - **જેમ તેના - તે બહિર્ અર્થના અસન્નિધાનમાં - ગેરહાજરીમાં** तथा तत्संनिधानेऽपि - **તેમ તેના - તે બહિર્ અર્થના - સંન્નિધાનમાં પણ - હાજરીમાં પણ** स्वरूपेणैव प्रकाशते - **સ્વરૂપથી જ પ્રકાશે છે,** स्वरूपेणैव प्रकाशमानस्य चास्य - **અને સ્વરૂપથી જ પ્રકાશમાન એવા આને - પ્રદીપને** वस्तुस्वभावादेव विचित्रां परिणतिमासादयन् कमनीयोऽकमनीयो वा घटपटादिः - **વસ્તુસ્વભાવથી જ વિચિત્ર - નાના પ્રકારની પરિણતિ પામતો એવો કમનીય - સુંદર વા અકમનીય - અસુંદર ઘટપટાદિ** - न मनागपि विक्रियायै कल्प्यते - **જરા પણ વિક્રિયાર્થે કલ્પાતો નથી,** तथा - **તેમ, જેમ આ દૃષ્ટાંત તેમ આ દાર્ષ્ટાંતિક** - बहिरर्थ शब्दो रूपं गंधो रसः स्पर्शो गुणद्रव्ये च - **બહિર્ અર્થ - બાહ્ય પદાર્થ - શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ અને ગુણ - દ્રવ્ય,** देवदत्तो यज्ञदत्तमिव हस्ते गृहीत्वा - **દેવદત્ત જેમ યજ્ઞદત્તને હસ્તે ગૃહીને - હાથ પકડીને,** मां श्रृणु मां पश्य मां जिघ्र मां रसय मां स्पर्श मां बुध्यस्वेति - **'મને સુણ, મને દેખ, મને સૂંઘ, મને રસ (ચાખ), મને સ્પર્શ, મને બૂઝ (જાણ)',** એમ स्वज्ञाने नात्मानं प्रयोजयति - **સ્વ જ્ઞાનમાં - પોતાના**

## आत्मख्याति टीका

निंदितसंस्तुतवचनानि पुद्गलाः परिणमंति बहुकानि ।
तानि श्रुत्वा रुष्यति तुष्यति च पुनरहं भणितः ॥३७३॥
पुद्गलद्रव्यं शब्दत्वपरिणतं तस्य यदि गुणोऽन्यः ।
तस्मात्र त्वं भणितः किंचिदपि किं रुष्यस्यबुद्धः ॥३७४॥
अशुभः शुभो वा शब्दः न त्वां भणति श्रृणु मामिति स एव ।
न चैति विनिर्गृहीतुं श्रोत्रविषयमागतं शब्दं ॥३७५॥
अशुभं शुभं वा रूपं न त्वां भणति पश्य मामिति स एव ।
न चैति विनिर्गृहीतुं चक्षुर्विषयमागतं रूपं ॥३७६॥
अशुभः शुभो वा गंधो न त्वां भणति जिघ्र मामिति स एव ।
न चैति विनिर्गृहीतुं घ्राणविषयमागतं गंधं ॥३७७॥
अशुभः शुभो वा रसो न त्वां भणति रसय मामिति स एव ।
न चैति विनिर्गृहीतुं रसनविषयमागतं रसं ॥३७८॥
अशुभः शुभो वा स्पर्शो न त्वां भणति स्पृश मामिति स एव ।
न चैति विनिर्गृहीतुं कायविषयमागतं तु स्पर्शं ॥३७९॥
अशुभः शुभो वा गुणो न त्वां भणति बुध्यस्व मामिति स एव ।
न चैति विनिर्गृहीतुं बुद्धिविषयमागतं तु गुणं ॥३८०॥
अशुभं शुभं वा द्रव्यं न त्वां भणति बुध्यस्व मामिति स एव ।
न चैति विनिर्गृहीतुं बुद्धिविषयमागतं द्रव्यं ॥३८१॥
एतत्तु ज्ञात्वा उपशमं नैव गच्छति मूढः ।
विनिर्ग्रहमनाः परस्य च स्वयं च बुद्धिं शिवामप्राप्तः ॥३८२॥ (दशकम्)

---

જ્ઞાન વિષયમાં આત્માને નથી પ્રયોજતો, न च आत्मापि - અને નથી આત્મા પણ - अयःकांतोपलकृष्टायःसूचीवत् - અયઃકાંતોપલથી - લોહચુંબકથી કૃષ્ટ - ખેંચાયેલ અયઃ સૂચી - લોઢાની સોયની જેમ स्वस्थानात्प्रच्युत्य - સ્વસ્થાનથી પ્રચ્યુત થઈને - तान् ज्ञातुमायाति - તેઓને - શબ્દાદિને જાણવાને આવતો, किंतु - પરંતુ वस्तुस्वभावस्य परेणोत्पादयितुमशक्यत्वात् - વસ્તુસ્વભાવના પરથી ઉત્પાદાવાના - ઉપજાવવાના અશક્યપણાને લીધે परमुत्पादयितुमशक्यत्वाच्च - અને પરને ઉત્પાદવાના - ઉપજાવવાના અશક્તપણાને લીધે, यथा तदसन्निधाने - જેમ તેના - તે શબ્દાદિના અસન્નિધાનમાં - ગેરહાજરીમાં तथा तत्संनिधानेऽपि - તેમ તેના સંનિધાનમાં પણ - હાજરીમાં પણ, स्वरूपेणैव जानीते - સ્વરૂપથી જ જાણે છે, स्वरूपेण जानतश्चास्य - અને સ્વરૂપથી જાણતા આને - આ આત્માને - वस्तुस्वभावादेव विचित्रां परिणतिमासादयंतः कमनीया अकमनीया वा शब्दादयो बहिरर्था - વસ્તુસ્વભાવથી જ વિચિત્ર નાના પ્રકારની પરિણતિ પામતા એવા કમનીય - સુંદર - મનોજ્ઞ વા અકમનીય - અસુંદર - અમનોજ્ઞ શબ્દાદિ બહિર્‌અર્થો - બાહ્ય પદાર્થો - न मनागपि विक्रियायै कल्प्येरन् - જરા પણ વિક્રિયાર્થે કલ્પાય નહિ.

एवं - એમ ઉક્ત પ્રકારે आत्मा - આત્મા परं प्रति - પર પ્રતિ उदासीनो नित्यमेव - નિત્યમેવ ઉદાસીન છે, इति वस्तुस्थिति - એમ વસ્તુસ્થિતિ છે, तथापि - તથાપિ यद् रागद्वेषौ - જે રાગ - દ્વેષ છે, तदज्ञानं - તે અજ્ઞાન છે.

॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥३७३-३८२॥

यथेह बहिरर्थो घटपटादिः
देवदत्तो यज्ञदत्तमिव हस्ते गृहीत्वा
'मां प्रकाशय'
इति स्वप्रकाशने न प्रदीपं प्रयोजयति ।
न च प्रदीपोप्य -
यःकांतोपलकृष्टायःसूचीवत्
स्वस्थानात्प्रच्युत्य तं प्रकाशयितुमायाति ।
किंतु वस्तुस्वभावस्य परेणोत्पादयितुमशक्यत्वात्
परमुत्पादयितुमशक्तत्वाच्च
यथा तदसन्निधाने तथा तत्संनिधानेऽपि
स्वरूपेणैव प्रकाशते ।
स्वरूपेणैव प्रकाशमानस्य चास्य
वस्तुस्वभावादेव विचित्रां परिणतिमासादयन्
कमनीयोऽकमनीयो वा घटपटादि -
र्न मनागपि विक्रियायै कल्प्यते ।

तथा बहिरर्थः **शब्दो रूपं गंधो रसः स्पर्शो गुणद्रव्ये च**
देवदत्तो यज्ञदत्तमिव हस्ते गृहीत्वा
**मां श्रृणु मां पश्य मां जिघ्र मां रसय** मां स्पर्श मां बुध्यस्वे-
ति **स्वज्ञाने नात्मानं प्रयोजयति** ।
**न च आत्माप्य -**
यःकांतोपलकृष्टायःसूचीवत्
स्वस्थानात्प्रच्युत्य **तान् ज्ञातुमायाति** ।
किंतु वस्तुस्वभावस्य परेणोत्पादयितुमशक्यत्वात्
परमुत्पादयितुमशक्यत्वाच्च
यथा तदसन्निधाने तथा तत्संनिधानेऽपि
**स्वरूपेणैव जानीते** ।
स्वरूपेण जानतश्चास्य
वस्तुस्वभावादेव विचित्रां परिणतिमासायदयंतः
कमनीया अकमनीया वा शब्दादयो बहिरर्था
न मनागपि विक्रियायै कल्प्येरन् ।

**एवमात्मा प्रदीपवत् परं प्रति उदासीनो** नित्यमेवेति वस्तुस्थितिः
**तथापि यद्रागद्वेषौ तदज्ञानं** ॥३७३-३८२॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

જેમ અહીં બહિર્ અર્થ ઘટપટાદિ,
યજ્ઞદત્તને દેવદત્તની જેમ હાથે ગૃહીને,
મને પ્રકાશ !

એમ સ્વપ્રકાશનમાં પ્રદીપને નથી પ્રયોજતો
અને પ્રદીપ પણ,
અયઃકાંત ઉપલથી કૃષ્ટ અયઃસૂચી જેમ,
સ્વસ્થાનથી પ્રચ્યુત થઈને,
તેને પ્રકાશવાને નથી આવતો,
કિંતુ વસ્તુસ્વભાવના
પરથી ઉપજાવવાના અશક્યપણાને લીધે
અને પરને ઉપજાવવાના અશક્તપણાને લીધે
જેમ તેના અસન્નિધાનમાં
તેમ તેના સન્નિધાનમાં પણ
સ્વરૂપથી જ પ્રકાશે છે
અને સ્વરૂપથી જ પ્રકાશતા આને -
વસ્તુસ્વભાવથી જ વિચિત્ર પરિણતિ પામતો
કમનીય વા અકમનીય ઘટપટાદિ -
જરા પણ વિક્રિયાર્થે કલ્પાતો નથી (સમર્થ થતો નથી)

તેમ બહિર્અર્થ - **શબ્દ રૂપ ગંધ રસ સ્પર્શ અને ગુણ-દ્રવ્ય,**
યજ્ઞદત્તને દેવદત્તની જેમ હાથે ગૃહીને,
**મને સાંભળ ! મને દેખ ! મને સૂંઘ ! મને ચાખ !**
**અને સ્પર્શ ! મને બૂઝ !**
**એમ સ્વજ્ઞાનમાં આત્માને નથી પ્રયોજતો**
**અને આત્મા પણ,**
અયઃકાંત ઉપલથી કૃષ્ટ અયઃસૂચી જેમ,
સ્વસ્થાનથી પ્રચ્યુત થઈને
**તેઓને જાણવાને નથી આવતો,**
કિંતુ વસ્તુસ્વભાવના
પરથી ઉપજાવવાના અશક્યપણાને લીધે
અને પરને ઉપજાવવાના અશક્તપણાને લીધે
જેમ તેના અસન્નિધાનમાં
તેમ તેના સન્નિધાનમાં પણ
**સ્વરૂપથી જ જાણે છે**
અને સ્વરૂપથી જ જાણતા આને
વસ્તુસ્વભાવથી જ વિચિત્ર પરિણતિ પામતા
કમનીય વા અકમનીય શબ્દાદિ બહિર્અર્થો
જરા પણ વિક્રિયાર્થે કલ્પાતા નથી (સમર્થ થતો નથી).

**એમ આત્મા પર પ્રતિ નિત્યમેવ ઉદાસીન છે એવી વસ્તુસ્થિતિ છે,**
**તથાપિ જે રાગ-દ્વેષ તે અજ્ઞાન છે.** ૩૭૩-૩૮૨

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આ આત્મભાવ છે અને આ અન્યભાવ છે એવું બોધબીજ આત્માને વિષે પરિણમિત થવાથી અન્ય ભાવને વિષે સહેજે ઉદાસીનતા ઉત્પન્ન થાય છે અને તે ઉદાસીનતા અનુક્રમે તે અન્યભાવથી સર્વથા મુક્તપણું કરે છે.''

''અત્યંત પરિણામમાં ઉદાસીનતા પરિણમ્યા કરે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૪૩ (૨૮૪), ૫૨૫**

''હાનાદાન રહિત પરિણામી, ઉદાસીનતા વીક્ષણ રે...'' - **શ્રી આનંદઘનજી**

રાગની ઉત્પત્તિમાં પરદ્રવ્યને જ જે નિમિત્ત માને છે, તે અંધબુદ્ધિ જનો મોહનો પાર પામતા નથી, એમ ઉત્થાનિકા કળશમાં સૂચન કરેલ ભાવ પ્રમાણે અત્રે નૈસર્ગિક કવિત્વપૂર્ણ **સ્વભાવોક્તિથી શાસ્ત્રકર્તા શ્રી કુંદકુંદાચાર્યજીએ** ગમિક સૂત્રથી શ્રોતા સમક્ષ એમનો લાક્ષણિક માર્મિક પ્રશ્ન (Poser) મૂકી, ગંભીર રમુજી શૈલી જીવને ઉધડો લઈ પરવસ્તુભૂત વિષયો પ્રત્યેનો રાગ છોડાવવાનો અદ્ભુત કિમીયો બતાવ્યો છે, પૌદ્ગલિક વિષયોનો રાગ ન ભેદી શકે એવું જીવનું અનન્ય સંરક્ષણ કરનારૂં જાણે અનુપમ **'વજ્ર કવચ'** વચનો રૂપે પરિણમે છે, તે સાંભળીને હું સંબોધવામાં આવ્યો એમ સમજીને તું રોષ કરે છે - તોષ કરે છે, તું રૂઠે છે - તૂઠે છે, 'ताणि सुणिऊण रूसदि तूसंदि य अहं पुणो भणिदो ।' પણ **શબ્દત્વ પરિણત** - શબ્દપણે પરિણામ પામેલ પુદ્ગલ દ્રવ્ય, તેનો ગુણ જો અન્ય છે - ત્હારાથી જૂદો છે, તો તે પૌદ્ગલિક શબ્દથી તું કંઈ પણ સંબોધવામાં આવ્યો નથી, તો પછી તું અબુદ્ધ - અણસમજુ, કેમ રોષ કરે છે ? કેમ રૂઠે છે ? तह्मा ण तुमं भणिओ किंचिवि किं रूससि अबुद्धो । - **અશુભ વા શુભ શબ્દ** તને નથી કહેતો તે તું મને સાંભળ ! असुहो सहो व सद्दो ण तं भणइ सुणसु मंति । અને તે પણ શ્રોત્ર વિષય આગત - શ્રોત્રના વિષયમાં - ક્ષેત્ર પ્રદેશમાં આવેલા શબ્દને વિનિર્ગૃહવાને નથી આવતો. આમ શબ્દ પૌદ્ગલિક છે, ત્હારાથી અન્ય છે, તું તેનાથી સંબોધવામાં આવ્યો નથી, તું 'મને સાંભળ !' એમ શબ્દ તને કહેતો નથી અને તેને ગ્રહણ કરવાને તું પોતે જતો નથી, એટલે તેની સાથે ત્હારે કોઈ પણ પ્રકારનો સંપર્ક - સંબંધ (contact) પણ નથી, તો પછી હે જીવ ! તું આ નિંદા - સ્તુતિ વચનરૂપ શબ્દ વિષયથી શાને રોષ-તોષ કરે છે ? એમ આ ઉપરથી ઉપદેશ ફલિત થાય છે. તે જ પ્રકારે રૂપ, ગંધ, રસ, સ્પર્શની બાબતમાં તેમજ ગુણ - દ્રવ્યની બાબતમાં પણ સમજવાનું છે. આમ વસ્તુસ્થિતિ છે તે જાણીને મૂઢ-મોહ મૂઢ જીવ 'ઉપશમ' - સ્વરૂપમાં શમાવા રૂપ આત્મશાંતિ નથી પામતો અને સ્વયં - પોતે શિવાબુદ્ધિને - નિરુપદ્રવ નિરુપસર્ગ મોક્ષબુદ્ધિને અપ્રાપ્ત - નહિ પામેલો તે પરનો 'નિગ્રહમના' હોય છે, પરનો નિગ્રહ-નિયંત્રણ કરવાનું મન ધરે છે, પર કે જે પોતાને આધીન કે પોતાના તાબાની વસ્તુ નથી તેનો નિગ્રહ (contact) કરવા ઈચ્છે છે ! આવા ભાવની આ શાસ્ત્રકર્તાની આ સિદ્ધાંતિક વસ્તુને **'આત્મખ્યાતિ' વ્યાખ્યાકર્તાએ પ્રદીપના દૃષ્ટાંતથી** સાંગોપાંગ બિંબપ્રતિબિંબપણે **સ્પષ્ટ સમજાવી, પ્રસ્તુત સિદ્ધાંતની અનંતગુણવિશિષ્ટ પરિપુષ્ટિ કરી વજ્રલેપ દૃઢતા કરાવી છે - વિષય રાગાદિથી સંરક્ષણ** કરાવનારા પ્રસ્તુત અભેદ્ય **'વજ્ર કવચ'**ની ઓર વજ્રલેપ બળવત્તરતા કરાવી છે.

**પ્રદીપ સ્વરૂપથી જ પ્રકાશક : બાહ્ય પદાર્થો પ્રદીપની વિક્રિયા કરવા અસમર્થ**

જેમ અહીં - આ લોકને વિષે બહિર્ અર્થ - બાહ્ય પદાર્થ ઘટ આદિ છે તે, યજ્ઞદત્તને દેવદત્તની જેમ હાથ ઝાલીને - કાંડુ પકડીને, 'મને પ્રકાશ' એમ સ્વ પ્રકાશનમાં - પોતાને પ્રકાશવામાં પ્રદીપને નથી પ્રયોજતો અને પ્રદીપ પણ અયસ્કાંતો-પલથી - લોહચુંબકથી ખેંચાયેલ લોહસૂચિ - લોઢાની સોય તેની પાસે આવે છે તેની જેમ - સ્વસ્થાનથી - પોતાના સ્થાનથી પ્રચ્યુત થઈ - પ્રભ્રષ્ટ થઈ તે ઘટાદિ બાહ્ય પદાર્થને પ્રકાશવાને નથી આવતો, પરંતુ वस्तुस्वभावस्य परिणोत्पादयितुमशक्यत्वात् - વસ્તુસ્વભાવનું તો પરથી ઉત્પ્લવવાનું - ઉપજાવવાનું - અશક્યપણું છે

તેને લીધે અને પરને ઉત્પાદવાનું - ઉપજાવવાનું અશક્તપણું છે તેને લીધે - परमुत्पादयितुमशक्तत्वात्, જેમ તે ઘટાદિ બાહ્ય પદાર્થના અસન્નિધાનમાં - ગેરહાજરીમાં તેમ તેના સંનિધાનમાં - હાજરીમાં પણ સ્વરૂપથી જ પ્રકાશે છે - स्वरूपेणैव प्रकाशते - અને વસ્તુસ્વભાવથી જ વિચિત્ર - નાના પ્રકારની પરિણતિ પામતો કમનીય વા અકમનીય - સુંદર વા અસુંદર ઘટપટાદિ, સ્વરૂપથી જ પ્રકાશમાન - પ્રકાશી રહેલા આ પ્રદીપની જરા પણ વિક્રિયા કરવાને સમર્થ થતો નથી.

**આત્મા સ્વરૂપથી જ જ્ઞાયક, બાહ્ય પદાર્થો આત્માની વિક્રિયા કરવા અસમર્થ**

જેમ દૃષ્ટાંત તેમ આ દાર્ષ્ટાંતિક - બહિર્ અર્થ - બાહ્ય પદાર્થ શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ અને ગુણ-દ્રવ્ય, યજ્ઞદત્તને દેવદત્તની જેમ હાથ ઝાલીને - કાંડુ પકડીને - 'મને સાંભળ, મને દેખ, મને સૂંઘ, મને ચાખ, મને સ્પર્શ, મને બૂઝ' - એમ સ્વજ્ઞાનમાં પોતાના જાણવાની બાબતમાં આત્માને નથી પ્રયોજતો અને આત્મા પણ - લોહચુંબકથી ખેંચાયેલી લોહસૂચિ - લોઢાની સોય-તેની પાસે આવે છે. તેની જેમ - સ્વસ્થાનથી - પોતાના સ્થાનથી પ્રચ્યુત થઈ - પ્રભ્રષ્ટ થઈ, તેઓને જાણવાને નથી આવતો, પરંતુ વસ્તુસ્વભાવનું તો પરથી ઉત્પાદાવાનું - ઉપજાવાવાનું અશક્યપણું છે તેને લીધે અને પરને ઉત્પાદવાનું - ઉપજાવવાનું અશક્તપણું છે તેને લીધે, यथा तदसन्निधाने तथा तत्सन्निधानेऽपि - જેમ તે શબ્દાદિ બાહ્ય અર્થના અસન્નિધાનમાં - ગેરહાજરીમાં તેમ તેના સન્નિધાનમાં - હાજરીમાં પણ સ્વરૂપથી જ જાણે છે - स्वरूपेणैव जानीते - અને વસ્તુસ્વભાવથી જ વિચિત્ર - નાના પ્રકારની પરિણતિ પામતા કમનીય વા અકમનીય - સુંદર વા અસુંદર શબ્દાદિ બહિર્ અર્થો - આત્મબાહ્ય પદાર્થો, સ્વરૂપથી જ જાણતા આ આત્માની જરા પણ વિક્રિયા કરવાને સમર્થ થાય નહિ - न मनागपि विक्रियायै कल्प्येरन्

**વસ્તુસ્થિતિ - આત્મા પર પ્રતિ નિત્ય જ ઉદાસીન છતાં જે રાગ દ્વેષ તે અજ્ઞાન**

આમ જેમ ઘટપટાદિ બાહ્ય અર્થ પોતાને પ્રકાશવા માટે દીવાને પ્રેરતો નથી, દીવો પોતે તે ઘટાદિને પ્રકાશવા સામો ચાલીને આવતો નથી, પણ ઘટાદિની હાજરી હોવા ન હો તો પણ દીવો સ્વરૂપથી જ પ્રકાશે છે અને સ્વરૂપથી પ્રકાશતા દીવાની જરાં પણ વિક્રિયા કરવાને સુંદર - અસુંદર ઘટપટાદિ બાહ્ય અર્થ સમર્થ થતો નથી, તેમ શબ્દાદિ બહિર્ અર્થ પોતાને જાણવા માટે આત્માને પ્રેરતા નથી, આત્મા પણ પોતે તેને જાણવા સામો આવતો નથી, પણ શબ્દાદિની હાજરી હો કે ન હો પણ સ્વરૂપથી જ જાણે છે અને સ્વરૂપથી જાણતા આવા આ આત્માની જરા પણ વિક્રિયા કરવાને સુંદર - અસુંદર શબ્દાદિ બાહ્ય અર્થ સમર્થ થતા નથી. આમ આત્મા પર પ્રતિ નિત્યમેવ ઉદાસીન છે એવી વસ્તુસ્થિતિ છે - एवामात्मा परं प्रति उदासीनो नित्यमेवेति वस्तुस्थितिः, તથાપિ જે રાગ-દ્વેષ છે, તે અજ્ઞાન છે - तथापि यद्रागद्वेषौ तदज्ञानं । - અર્થાત્ આત્માને પરની સાથે કાંઈ લેવા-દેવા નથી, લેવા-મૂકવા રૂપ ગ્રહણ - ત્યાગ રૂપ કંઈ સંબંધ નથી, હાનાદાન રહિત - ગ્રહણ ત્યાગ રહિત પરિણામી કેવળ દૃષ્ટાભાવ રૂપ ઉદાસીનતા જ છે, એટલે વસ્તુસ્થિતિથી જોઈએ તો આત્મા રાગ-દ્વેષાદિ ભાવો ન પ્હોંચી શકે - ન સ્પર્શી શકે એવો અસ્પર્શ્ય ઉંચે બિરાજમાન (ઉદ્=ઉંચે, આસ્=બેસવું) નિત્યમેવ 'ઉદાસીન' જ છે, તથાપિ 'હાનાદાન રહિત પરિણામી ઉદાસીનતા વીક્ષણ રે' - એ રૂપ કેવળ દૃષ્ટાભાવ રૂપ સહજ સ્વભાવને - સહજાત્મસ્વરૂપને છોડી 'અણહેતુ' - નિષ્કારણ રાગ દ્વેષ આ જીવ કરે છે, તે આ જીવનું કેવળ અજ્ઞાન જ છે.

''જન્મ જરા ને મૃત્યુ, મુખ્ય દુઃખના હેતુ;
કારણ તેનાં બે કહ્યાં, રાગ દ્વેષ અણહેતુ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**

સર્વ
વિશુદ્ધ
જ્ઞાન

ઉક્તનો સારસંદોહ નિબદ્ધ ઉપસંહાર આ **સમયસાર કળશમાં** (૩૦) **આચાર્યજી** ભાવવાહી ઉદ્‌બોધન કરે છે -

शार्दूलविक्रीडित

**पूर्णैकाच्युतशुद्धबोधमहिमा बोधो न बोध्यादयं,**
**यायात्कामपि विक्रियां तत इतो दीपः प्रकाश्यादिव ।**
**तद्वस्तुस्थितिबोधवंध्यधिषणा एते किमज्ञानिनो,**
**रागद्वेषमयी भवंति सहजां मुंचत्युदासीनतां ॥२२२॥**

પૂર્ણૈકાચ્યુત શુદ્ધ બોધ મહિમા આ બોધ ના બોધ્યથી,
પામે કૈં પણ વિક્રિયા તહિં અહીં જ્યું દીપ ઉદ્યોત્યથી;
તો વસ્તુ સ્થિતિ બોધહીન મતિ આ અજ્ઞાનીઓ કાં થતા,
રાગદ્વેષમયા થતા ? સહજ કાં મૂકે ઉદાસીનતા ? ૨૨૨

## અમૃત પદ - (૨૨૨)

સહજ સ્વરૂપ કાં ચૂકો રે ચેતન ! ઉદાસીનતા કાં મૂકો ?
સહજ સ્વરૂપ કાં ચૂકો રે ચેતન ! ઉદાસીનતા કાં મૂકો ?...
પૂર્ણ એક અચ્યુત શુદ્ધ જ જેનો, બોધ મહિમ આ જામે;
બોધ એવો આ બોધ્ય થકી તો, વિક્રિયા કાંઈ ન પામે... રે ચેતન ! ઉદાસીનતા કાં મૂકો ? ૨
તહીંથી અહીંથી ઉભય દિશેથી, જુઓ ! દૃષ્ટાંત આ ઠામે;
જેમ પ્રકાશ્ય થકી અહીં દીવો, વિક્રિયા કાંઈ ન પામે... રે ચેતન ! ઉદાસીનતા. ૩
મગન છગનનું કાંડુ પકડી, જેમ પ્રયોજે ખાસ;
તેમ પ્રકાશ્ય ન દીપ પ્રયોજે, 'અલ્યા ! મને તું પ્રકાશ !'... રે ચેતન ! ૪
લોહ સૂચિ લોહચુંબક ખેંચી, જાય જ્યમ ચુંબક પાસે;
તેમ સ્વસ્થાનથી ચ્યુત થઈ દીવો, જાય ન પ્રકાશ્ય પાસે... રે ચેતન ! ૫
પ્રકાશ્ય હો વા મા હો પાસે, દીપ સ્વયં જ પ્રકાશે;
સહજ જ વસ્તુ સ્વભાવે વસ્તુ, સર્વ સ્વયં અવભાસે... રે ચેતન ! ૬
પરથી ઉપજાવાવા ન કો શક્ય, પર ઉપજાવવા ન શક્ત;
વસ્તુ જ સહજ સ્વભાવે પરિણમે, નિજ પરિણતિ જ ફક્ત... રે ચેતન ! ૭
જ્ઞાન ન તેમ ન જ્ઞેય પ્રયોજે, 'અલ્યા ! મને તું પ્રકાશ !
જ્ઞાન પણ સ્વસ્થાનથી ચ્યુત થઈને, જાય નહિ જ જ્ઞેય પાસ... રે ચેતન ! ૮
જ્ઞેય પાસે હો વા મા પાસે, જ્ઞાન સ્વયં જ પ્રકાશે;
સહજ જ વસ્તુ સ્વભાવ જ એવો, જ્ઞાન સ્વયં અવભાસે... રે ચેતન ! ૯
એમ ન જ્ઞેયથી જ્ઞાન વિકારી, જ્ઞાન હોય ન જ્ઞેય;
પ્રકાશ્યથી નો'ય દીપ વિકારી, દીપથી નો'ય પ્રકાશ્ય... રે ચેતન ! ૧૦
એમ વસ્તુસ્થિતિ બોધ વિહોણી, બુદ્ધિ છે અહીં જેની;
રાગ દ્વેષ મયા કેમ તે થાયે, જન એવા અજ્ઞાની... રે ચેતન ! ૧૧

સહજ ઉદાસીનતા કાં મૂકે ? સહજ સ્વરૂપ કાં ચૂકે ?
સહજાત્મસ્વરૂપ અમૃત મૂકી, પરરૂપ 'વિષે' કાં ઝૂકે... રે ચેતન ! ૧૨
નિષ્કારણ કરુણાથી આવી, અમૃત વાણી પુકારી;
ભગવાન અમૃત અમૃત કળશે, મુમુક્ષુ લિઓ વિચારી... રે ચેતન ! ૧૩

**અર્થ** - પૂર્ણ એક અચ્યુત શુદ્ધ બોધ મહિમાવાળો આ બોધ (બોદ્ધા ?) બોધ્ય થકી તહીંથી અહીંથી કોઈ પણ વિક્રિયાને પામે નહિ - પ્રકાશ્ય થકી દીપની જેમ, તો પછી વસ્તુસ્થિતિના બોધથી વંધ્ય (રહિત) બુદ્ધિવાળા આ અજ્ઞાનીઓ કેમ રાગદ્વેષમય થાય છે ? સહજા ઉદાસીનતા કેમ મૂકે છે ?

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"ઉદાસી પરિણામ આત્માને ભજ્યા કરે છે."

"એમાં પણ ઉદાસીનપણું એ જ સનાતન ધર્મ જ્ઞાનીનો છે."

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૯૨, ૩૩૫, ૩૬૪**

ઉપરમાં આત્મખ્યાતિમાં ગદ્ય ભાગમાં જે કહ્યું તેનો સારસંદોહ નિબદ્ધ કરતા આ ઉપસંહાર કળશમાં આચાર્યવર્ય **અમૃતચંદ્રજી**, અજ્ઞાનીઓ રાગદ્વેષમય થઈ સહજા ઉદાસીનતા કેમ મૂકે છે ? એ અંગે સખેદ આશ્ચર્ય વ્યક્ત કરે છે - पूर्णैकाच्युतशुद्धबोधमहिमा - પૂર્ણ એક અચ્યુત શુદ્ધ એવો બોધ જેનો મહિમા છે, અર્થાત્ સ્વરૂપથી પૂર્ણ હોવાથી પૂર્ણ, અત એવ પરરૂપનો - દ્વૈતનો અનવકાશ હોવાથી અદ્વૈત એક, અત એવ સ્વરૂપથી ચ્યુત - ભ્રષ્ટ ન હોવાથી અચ્યુત, અત એવ કોઈ પણ અશુદ્ધિનો અપ્રવેશ હોવાથી કેવલ શુદ્ધ એવો બોધ એ જ જેનો મહિમા છે, એવો આ બોધ બોધ્ય થકી જ્ઞેય થકી તહીંથી અહીંથી કોઈ પણ વિક્રિયાને - વિકાર ભાવને પામે નહિ - 'बोधो न बोध्यादयं यायात्कामपि विक्रियां तत इतो ।' કોની જેમ ? પ્રકાશ્ય થકી - દીપની જેમ - दीपः प्रकाश्यादिव - પ્રકાશ્ય - પ્રકાશાવા યોગ્ય પદાર્થ થકી જેમ પ્રકાશક દીવો કદી પણ વિક્રિયાને પામતો નથી, તેમ જ્ઞેય - જણાવા યોગ્ય પદાર્થ થકી જ્ઞાતા જ્ઞાયક આત્મા કદી પણ વિક્રિયાને - વિકાર ભાવને પામે નહિ. આમ **વસ્તુસ્થિતિ** છે, ત્રણે કાળમાં ન ચળે એવી વસ્તુની નિશ્ચય વૃત્તિ છે. तद्वस्तुस्थितिबोधवंध्यधिषणा - एते किमज्ञानिनो - તો પછી આ વસ્તુસ્થિતિના બોધથી - જ્ઞાનથી વંધ્ય - રહિત - વિહોણી છે ધિષણા - બુદ્ધિ જેની એવા આ અજ્ઞાનીઓ કેમ રાગદ્વેષમય થાય છે - रागद्वेषमयी भवंति ? સહજા-સ્વભાવભૂત ઉદાસીનતા કેમ મૂકે છે ? - सहजामुचन्त्युदासीनतां ।

અર્થાત્ - સ્વરૂપથી પૂર્ણ અને પરરૂપથી શૂન્ય એવો એક - 'અદ્વૈત' અચ્યુત એવો શુદ્ધ બોધ - કેવલ જ્ઞાન એ જ જેનો મહિમા છે, એવો આ બોધ બોધ્ય થકી - જ્ઞેય થકી તહીંથી કે અહીંથી કંઈ પણ વિક્રિયાને - વિકાર ભાવને પામતો નથી, એટલે કે જ્ઞાન જ્ઞેયથી વિક્રિયા પામતું નથી કે જ્ઞેય જ્ઞાનથી વિક્રિયા પામતું નથી, એમ તહીંથી કે અહીંથી - તે તરફથી કે આ તરફથી ઉભય દિશાથી આ વિક્રિયા થતી નથી. તે માટે ઉપર **'આત્મખ્યાતિ'**ના ગદ્ય સૂત્રમાં જે દૃષ્ટાંત આપ્યું હતું તે પ્રમાણે - જેમ મગન છગનનું કાંડુ પકડી 'અલ્યા ! આમ કર' એમ અમુક કામમાં પ્રયોજે, તેમ 'પ્રકાશ્ય' - પ્રકાશાવા યોગ્ય વસ્તુ પ્રકાશક એવા દીપકને પ્રયોજતી નથી કે અલ્યા ! તું મને પ્રકાશ ! તેમજ - લોહચુંબકથી ખેંચાયેલી - આકર્ષાયેલી 'લોહસૂચિ' - લોઢાની સોય સ્વસ્થાનથી - પોતાના સ્થાનથી ચ્યુત થઈને લોહચુંબકની પાસે આવતી નથી, તેમ પ્રકાશક એવો દીપક - સ્વસ્થાનથી ચ્યુત થઈને પ્રકાશાવા યોગ્ય - પ્રકાશ્ય વસ્તુ પાસે આવતો નથી. વળી પ્રકાશ્ય વસ્તુ પાસે હો વા મ હો પણ દીપ તો સ્વયં જ પ્રકાશે છે, તેમ સહજ જ એવા વસ્તુસ્વભાવે સર્વ વસ્તુ સ્વયં અવભાસે છે - સ્વરૂપ મર્યાદાથી પ્રકાશે છે - એટલે પરથી ઉપજાવાવું કોઈ શક્ય નથી, તેમજ પરને ઉપજાવવાને કોઈ શક્ત નથી, વસ્તુ જ સહજ સ્વભાવે - **'સહજાત્મસ્વરૂપે'** માત્ર નિજ પરિણતિ જ સ્વયં પરિણમે છે. તે જ પ્રકારે જ્ઞાનને જ્ઞેય

પ્રયોજતું નથી 'અલ્યા ! તું મને પ્રકાશ - મને જાણ !' અને જ્ઞાન પણ સ્વસ્થાનથી ચ્યુત થઈને તે જ્ઞેયની પાસે પ્રકાશવા - જાણવા આવતું નથી. પણ પરંતુ જ્ઞેય પાસે હો વા મ હો પણ જ્ઞાન સ્વયં જ પ્રકાશે છે - જાણે છે, (એમ) સહજ જ વસ્તુસ્વભાવ એવો છે કે જ્ઞાન સ્વયં જ અવભાસે છે. એમ કોઈ પણ રીતે જ્ઞેયથી જ્ઞાન વિકારી થતું નથી ને જ્ઞાનથી જ્ઞેય વિકારી થતું નથી, - જેમ પ્રકાશ્યથી દીપ વિકારી થતો નથી ને પ્રકાશ દીપકથી પ્રકાશ્ય વિકારી થતું નથી તેમ. એમ વસ્તુસ્થિતિના બોધવિહોણી જેની બુદ્ધિ છે એવા આ અજ્ઞાની જનો રાગદ્વેષમય કેમ થાય છે ? અને સહજ ઉદાસીનતા કાં મૂકે છે ? અને આમ સહજ સ્વરૂપથી કાં ચૂકે છે ? સહજાત્મસ્વરૂપ પરમ અમૃતને મૂકી પરરૂપ હલાહલ વિષમાં કેમ મૂકે છે ? એમ આ 'અમૃત' કળશમાં ભગવાન્ અમૃતચંદ્રાચાર્યજીની 'અમૃત' વાણીનો દિવ્ય ધ્વનિ નિષ્કારણ કરુણાથી પોકારે છે.

નીચેની ગાથાનું સૂચન કરતો ઉત્થાનિકા રૂપ સમયસાર કળશ (૩૧) પ્રકાશે છે -

शार्दूलविक्रीडित

**रागद्वेषविभावमुक्तमहसो नित्यं स्वभावस्पृशः,**
**पूर्वागामिसमस्तकर्मविकला भिन्नास्तदात्वोदयात् ।**
**दूरारूढचरित्रवैभवबलाच्चंचच्चिदर्चिर्मयीं,**
**विंदन्ति स्वरसाभिषिक्तभुवनां ज्ञानस्य संचेतनां ॥२२३॥**

રાગ દ્વેષ વિભાવ મુક્ત મહઃ, જે સ્વભાવ સ્પર્શી સદા,
જે ભાવી ભૂત કર્મહીન, ઉદયે વર્ત્તત ભિન્ના તદા;
દૂરારૂઢ ચરિત્ર વૈભવ બલે તે જ્ઞાનની ચેતના,
વિંદે ચિત્ ચમકંત અર્ચિ સ્વરસે સિંચંતી આ ભુવના. ૨૨૩

## અમૃત પદ - ૨૨૩

'સેવક કેમ અવગણિએ ?' - એ રાગ

જ્ઞાન સંચેતના ચેતન ! ચેતો ! જ્ઞાન સંચેતના ચેતો !
ચિત્ જ્યોતે ચમકંતી રે ! ચેતન જ્ઞાન સંચેતના ચેતો ! ૧
રાગ ને દ્વેષ વિભાવથી જેનું, મુક્ત થયું મહા તેજ,
સ્વભાવ નિત્ય સ્પર્શન સુએ જે, સહજ સ્વરૂપની સેજ... રે ચેતન ! જ્ઞાન સંચેતના ચેતો ! ૨
ભૂત-ભાવિના કર્મ સકલથી, થયા વિકલ જે સંતા,
વર્તમાન સમય કર્મ ઉદયથી, ભિન્ન સદા વર્ત્તતા... રે ચેતન ! ૩
એમ ત્રિકાળ સંબંધી સર્વે, કર્મતણા 'સંન્યાસી',
નૈષ્કર્મ્ય પામી જે ધર્મ સ્વામી, સાચા થયા 'સંન્યાસી'... રે ચેતન ! જ્ઞાન સચેતના ચેતો ! ૪
એમ ચારિત્ર ગિરિના શ્રૃંગે, થયેલા આરૂઢ દૂરે,
ચારિત્ર વૈભવના બલથી જે, ઝીલતા ચૈતન્ય પૂરે... રે ચેતન ! ૫
જ્ઞાનની સંચેતના તે ચેતે, ચિદ્ અર્ચિષ્થી ચમકંતી,
ચેતનના સ્વરસથી આ ભુવનો, જે અભિષેક કરંતી... રે ચેતન ! ૬
શુદ્ધચૈતન્યમૂર્ત્તિ જે સાક્ષાત્, સહજાત્મસ્વરૂપ સ્વામી,
ભગવાન અમૃત ભાખી ગયા એ, વાણી અમૃત ધામી... રે ચેતન ! જ્ઞાન સંચેતના ચેતો ! ૭

**અર્થ** - રાગ-દ્વેષ વિભાવથી મુક્ત મહસ્ સર્વકાળ નિત્ય સ્વભાવ સ્પર્શી પૂર્વ - આગામી સમસ્ત કર્મથી વિકલ, તદાત્વ (તત્કાલીન) ઉદયથી ભિન્ન એવાએ દૂરારૂઢ ચરિત્ર વૈભવ બળ થકી ચંચદ્ (ચમકતી) ચિદ્ અર્ચિષ્મયી એવી સ્વરસથી ભુવનને અભિષિક્ત કરતી જ્ઞાનની સંચેતનાને અનુભવે છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાનીની પરિપક્વ અવસ્થા (દશા) થયે સર્વ પ્રકારે રાગ દ્વેષની નિવૃત્તિ હોય એમ અમારી માન્યતા છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૨૦૧), ૨૩૧**

પણ જ્ઞાની છે તે તો રાગ - દ્વેષ વિભાવને મૂકી, શુદ્ધ સ્વભાવ સ્થિત રહી, ત્રણે કાળના દોષથી પર એવી શુદ્ધ ચારિત્ર દશારૂપ શુદ્ધ જ્ઞાનદશાને પામે છે, એમ નીચેની ગાથાથી આવતા ભાવનું સૂચન કરતો આ ઉત્થાનિકા કળશ શાર્દૂલવિક્રીડિતથી લલકારતાં, પુરુષશાર્દૂલ શુદ્ધજ્ઞાનદશા સંપન્ન **અમૃતચંદ્રજી** પરમ

આત્મભાવોલ્લાસથી પ્રકાશે છે - रागद्वेषविभावमुक्तमहसो - રાગ દ્વેષ વિભાવથી - વિકૃત ચેતન ભાવથી - ચિદ્ વિકારથી જેનું મહસ્ - સર્વાતિશાયિ મહાતેજ મુક્ત થયું છે, અત એવ જે નિત્ય - સદાય સ્વભાવને સ્પર્શી રહેલા છે - नित्यं स्वभावस्पृशो, અત એવ પૂર્વ - ભૂતકાળના અને આગામી - ભાવિ કાળના સમસ્ત કર્મથી વિકલ - વિરહિત થયેલા - आगामि समस्त कर्मविकला - જેઓ તદાત્વ ઉદયથી - તત્કાલીન - વર્તમાન કાલ સંબંધી ઉદયથી ભિન્ન - પૃથક્ - જૂદા છે - भिन्नास्तदात्वोदयात्, એવાઓ (જ્ઞાનીઓ) દૂરારૂઢ ચરિત્ર વૈભવના બલ થકી - दूरारूढचरित्रवैभवबलात् - 'દૂરા રૂઢ' - અત્યંત ઉચ્ચ ભૂમિકા પર આરૂઢ થયેલ ચારિત્ર વૈભવના - ચારિત્ર સંપત્તિના બલ - સામર્થ્ય થકી જ્ઞાનની સંચેતના - સમ્યક્ ચેતના - સંવેદના વિંદે છે - અનુભવે છે - विंदंति ज्ञानस्य सचेतनां । કેવી છે તે જ્ઞાન સંચેતના ? चंचच्चिदर्चिर्मयीं - ચંચતી - ચમકતી ચિદ્ અર્ચિત્મયી - ચિદ્ રશ્મિમયી જે સ્વરસથી - પોતાના ચેતન - રસથી આપોઆપ સ્વસ્વભાવથી ભુવનને - ત્રણે લોકને અભિષેક કરતી એવી - स्वरसाभिषिक्तभुवनां -

અર્થાત્ - આગલા કળશમાં કહ્યું તેમ જેને વસ્તુસ્થિતિનું ભાન જ નથી એવા અજ્ઞાનીઓ તો રાગ દ્વેષમય થઈ સહજ એવી ઉદાસીનતા ત્યજે છે, પણ જેને વસ્તુસ્થિતિનું પૂરેપૂરૂં જ્ઞાન છે તે જ્ઞાનીઓ તો વીતરાગદ્વેષ થઈ સહજ ઉદાસીનતા જ ભજે છે અને એટલે જ તેઓ જ્ઞાન સંચેતના અનુભવવાને સમર્થ થાય છે. તેનો વિધાન ક્રમ આ પ્રકારે (૧) પ્રથમ તો રાગ દ્વેષ રૂપ વિભાવથી - વિકૃત ચેતન ભાવથી તેમનું 'મહસ્' - આત્માની જ્ઞાનરૂપ સર્વાતિશાયિ મહાજ્યોતિ મુક્ત થાય છે. (૨) એટલે વિભાવ નીકળી જતાં જે સ્વભાવ જ શેષ રહ્યો તેને તેઓ નિત્ય - સદાય સ્પર્શી રહે છે - આત્માનુભૂતિથી સંવેદી રહે છે, તેઓ સદા સ્વભાવમાં જ સ્થિત રહે છે. (૩) આમ વિભાવથી મુક્ત થઈ નિત્ય સ્વભાવને સ્પર્શી રહેલા છે, તેઓ 'પૂર્વ' - ભૂતકાળના અને 'આગામી' - ભાવિ કાલના સમસ્ત કર્મથી વિકલ - વિરહિત સતા, 'તદાત્વ'ના - તત્કાળ વર્ત્તમાન કાળના ઉદયથી 'ભિન્ન' - વિવિક્ત - પૃથગ્ભૂત વર્ત્તે છે. (૪) આમ ત્રણે કાળના સમસ્ત કર્મના 'સંન્યાસી' - પરિત્યાગી થઈ જેઓ નૈષ્કર્મ્ય દશાને પામેલા તેઓ ધર્મ સ્વામી સાચા 'સંન્યાસી' - સર્વસંગ પરિત્યાગી શુદ્ધ ચારિત્ર દશા સંપન્ન સાચા ભાવશ્રમણ બને છે. (૫) આમ સાચા ભાવ શ્રમણપણા રૂપ 'દૂરારૂઢ' - અત્યંત ઉચ્ચ કોટિએ ચઢેલ શુદ્ધ ચારિત્ર દશાને પામેલા છે, તેઓ તે ચારિત્ર વૈભવના બલથી - સામર્થ્યથી જ્ઞાનની સંચેતનાને ચેતે છે - અનુભવે છે - ચમકતી ચિદ્ અર્ચિષ્મયી જે જ્ઞાન સંચેતના સ્વરસથી ભુવનને અભિષિક્ત કરે છે - અભિષેક કરે છે, અર્થાત્ સ્વરસથી ભુવનને - અખિલ વિશ્વને વ્યાપ્ત કરતી કેવલ જ્ઞાનપણાને પામે છે. આમ જ્ઞાન સંચેતના પામવાનો સમ્યક્ વિધાન ક્રમ છે. તાત્પર્ય કે - વિભાવથી મુક્ત થઈ નિત્ય સ્વભાવમાં સ્થિત રહેવું એ જ શુદ્ધ ચારિત્ર દશા છે અને એવી શુદ્ધ ચારિત્ર દશા પણ ભૂત - ભવદ્ - ભવિષ્યદ્ ત્રણે કાળ સંબંધી સમસ્ત કર્મથી આત્મા જ્યારે વ્યાવૃત્ત બની સમસ્ત કર્મવિકલ નૈષ્કર્મ્ય પામે છે ત્યારે જ હોય છે. આવી સર્વ કર્મસંન્યાસ રૂપ શુદ્ધ ચારિત્ર દશા પામે છે તે જ કેવલ જ્ઞાન સિવાય જ્યાં બીજું કાંઈ સંચેતન નથી એવી કેવલ જ્ઞાન ચેતનામય કેવલ જ્ઞાનમય - કેવલ **'જ્ઞાનદશા'** પામે છે - જે ઉત્કૃષ્ટ ચારિત્ર દશાનો આત્યંતિક આચરણારૂપ બ્રહ્મૈકનિષ્ઠ અંતિમ આત્મનિષ્ઠા છે. આવા ભાવનો આ ઉત્થાનિકા કળશ આ નીચેની ગાથાના ભાવનું સૂચન કરતો અત્ર પ્રકાશ્યો છે.

''સર્વ જીવ પ્રત્યે સર્વ ભાવ પ્રત્યે, અખંડ વીતરાગ રાખવી એજ સર્વ જ્ઞાનનું ફળ છે. આત્મા શુદ્ધ ચૈતન્ય જન્મ જરા મરણ રહિત, અસંગ સ્વરૂપ છે. એમાં સર્વ જ્ઞાન સમાય છે, તેની પ્રતીતિમાં સર્વ સમ્યક્દર્શન સમાય છે, આત્માને અસંગ સ્વરૂપે સ્વભાવદશા રહે તે સમ્યક્ ચારિત્ર, ઉત્કૃષ્ટ સંયમ અને વીતરાગ દશા છે. જેના સંપૂર્ણપણાનું ફળ સર્વ દુઃખનો ક્ષય છે, એ કેવળ નિઃસંદેહ છે, કેવલ નિઃસંદેહ છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, ૭૮૧ (શ્રી સૌભાગ્યભાઈ પ્રત્યે અંતિમ અમૃત પત્ર)**

**कम्मं जं पुव्वकयं सुहासुहमणेयवित्थरविसेसं ।**
**तत्तो णियत्तए अप्पयं तु जो सो पडिकमणं ॥३८३॥**
**कम्मं जं सुहमसुहं जह्मि य भावह्मि बज्झइ भविस्सं ।**
**तत्तो णियत्तए जो सो पच्चक्खाणं हवइ चेया ॥३८४॥**
**जं सुहमसुहमुदिण्णं संपडि य अणेयवित्थरविसेसं ।**
**तं दोसं जो चेयइ सो खलु आलोयणं चेया ॥३८५॥**
**णिच्चं पच्चक्खाणं कुव्वइ णिच्चं य पडिकमदि जो ।**
**णिच्चं आलोचेयइ सो हु चरित्तं हवइ चेया ॥३८६॥**

કર્મ શુભાશુભ પૂર્વ કૃત, અનેક વિસ્તર વિશેષ;
તેથી નિવર્ત્તાવે આત્મ જે, તે પ્રતિક્રમણ ગવેષ. ૩૮૩
કર્મ શુભાશુભ ભવિષ્ય જે, જે ભાવમાં બંધાય;
તેથી નિવર્ત્તે જેહ તે, પ્રત્યાખ્યાન ચેતા ય. ૩૮૪
શુભાશુભ સંપ્રતિ ઉદિત જે, અનેક વિસ્તાર વિશેષ;
ચેતા ચેતે દોષ તે, આલોચન જ ગવેષ. ૩૮૫
નિત્ય પચ્ચખાણ જ કરે, પડિક્કમે જે નિત;
નિત્ય આલોચે જેહ તે, ચેતા હોય ચરિત્ર. ૩૮૬

---

**आत्मभावना -**

कम्मं जं पुव्वकयं सुहासुहमणेयवित्थरविसेसं - कर्म यत् पूर्वकृतं शुभाशुभअनेकविस्तरविशेषं - **કર્મ જે પૂર્વકૃત શુભાશુભ અનેક વિસ્તર વિશેષવાળું છે,** तत्तो जो अप्पयं तु णियत्तए - तस्मात् यः आत्मानं तु निवर्तयति - **તેમાંથી જે આત્માને નિશ્ચયે કરીને નિવર્ત્તાવે છે - પાછો વાળે છે,** सो पडिक्कमणं - स प्रतिक्रमणं - **તે (આત્મા) પ્રતિક્રમણ છે.** ॥३८३॥ कम्मं जं सुहमसुहं जह्मि य भावह्मि भविस्सं बज्झइ - कर्म यत् शुभमशुभं यस्मिंश्च भावे भविष्यत् बध्यते - **અને કર્મ જે શુભ અશુભ જે ભાવમાં ભવિષ્યનું બંધાય છે,** तत्तो जो णियत्तए - तस्मात् यः निवर्तति - **તેમાંથી જે નિવર્ત્તે છે - પાછો વળે છે,** सो चेया पच्चक्खाणं हवइ - स चेतयिता प्रत्याख्यानं भवति - **તે ચેતયિતા - ચેતનારો - ચેતન આત્મા પ્રત્યાખ્યાન હોય છે.** ॥३८४॥ जं सुहमसुहं अणेयवित्थरविसेसं संपडि य उदिण्णं - यत् शुभमशुभं अनेकविस्तरविशेषं संप्रति च उदीर्णं - **અને જે શુભ-અશુભ અનેક વિસ્તર વિશેષવાળું (કર્મ) સંપ્રતિ - વર્ત્તમાનમાં ઉદીર્ણ છે - ઉદયે આવેલું છે,** तं दोसं जो चेयइ - तं दोषं यः चेतयते - **તે દોષને જે ચેતે છે - (અનુભવે છે),** सो चेया खलु आलोयणं - स चेतयिता खलु आलोचनं - **તે ચેતયિતા - ચેતન આત્મા નિશ્ચયે કરીને આલોચન છે.** ॥३८५॥ णिच्चं पच्चक्खाणं कुव्वइ - नित्यं प्रत्याख्यानं करोति - **નિત્ય પ્રત્યાખ્યાન કરે છે,** णिच्चं य जो पडिक्कमदि - नित्यं च यः प्रतिक्रामति - **અને નિત્ય જે પ્રતિક્રામે છે,** णिच्चं आलोचेयइ - नित्यमालोचयति - **નિત્ય આલોચે છે,** सो चेया हु चरित्तं हवइ - स चेतयिता खलु चारित्रं भवति - **તે ચેતયિતા - ચેતન આત્મા નિશ્ચયે કરીને ચરિત્ર હોય છે.** ॥३८६॥ इति **गाथा** आत्मभावना ॥३८३-३८६॥

यः खलु पुद्गलकर्मविपाकभवेभ्यो भावेभ्यश्चेतयितात्मानं निवर्तयति - **જે ચેતયિતા ખરેખર ! નિશ્ચયે કરીને પુદ્ગલ કર્મવિપાકથી ઉપજેલા ભાવોમાંથી આત્માને નિવર્ત્તાવે છે,** स - **તે ચેતયિતા - આત્મા** तत् कारणभूतं पूर्वं कर्म प्रतिक्रामन् - **તત્કારણભૂત - તે પુદ્ગલકર્મ વિપાકજન્ય ભાવોનું કારણભૂત પૂર્વ કર્મ પ્રતિક્રામતો,** स्वयमेव प्रतिक्रमणं भवति - **સ્વયમેવ - સ્વયં જ - પોતે જ પ્રતિક્રમણ હોય છે,** स एव - **તે જ** तत्कार्यभूतमुत्तरं कर्म प्रत्याचक्षाणः प्रत्याख्यानं भवति - **તત્કાર્યભૂત - તે પુદ્ગલ કર્મ વિપાકજન્ય ભાવોનું કાર્યભૂત કર્મ પ્રત્યાખ્યાન કરતો - પચ્ચખતો પ્રત્યાખ્યાન હોય છે,** स एव - **તે જ** वर्तमानंकर्मविपाकमात्मनोऽत्यंतभेदेनोपलभमानः आलोचना भवति - **વર્ત્તમાન કર્મ વિપાકને આત્માથી અત્યંત ભેદથી ઉપલભતો - અનુભવતો આલોચના હોય છે,** एवमयं - **એમ આ ચેતયિતા,** नित्यं

**અર્થ** - કર્મ જે પૂર્વકૃત શુભાશુભ અનેક વિસ્તર વિશેષવાળું છે, તેમાંથી આત્માને જે નિવર્ત્તાવે છે, તે પ્રતિક્રમણ છે. ૩૮૩

અને કર્મ જે શુભ અશુભ ભવિષ્યનું જે ભાવમાં બંધાય છે, તેમાંથી જે નિવર્ત્તે છે, તે ચેતયિતા પ્રત્યાખ્યાન હોય છે. ૩૮૪

અને જે શુભ અશુભ સંપ્રતિ-વર્તમાનમાં ઉદીર્ણ (ઉદયે આવેલ) અનેક વિસ્તર વિશેષવાળું છે, તે દોષને જે ચેતે છે, તે ચેતયિતા નિશ્ચયે કરીને આલોચન કરે છે. ૩૮૫

નિત્ય પ્રત્યાખ્યાન કરે છે અને નિત્ય જે પ્રતિક્રમે છે, નિત્ય આલોચે છે, તે ચેતયિતા નિશ્ચયે કરીને ચરિત્ર હોય છે. ૩૮૬

## आत्मख्याति टीका

**कर्म यत्पूर्वकृतं शुभाशुभमनेकविस्तरविशेषं ।**
**तस्मान्निवर्तयत्यात्मानं तु यः स प्रतिक्रमणं ॥३८३॥**
**कर्म यच्छुभमशुभं यस्मिंश्च भावे बध्यते भविष्यत् ।**
**तस्मान्निवर्तते यः स प्रत्याख्यानं भवति चेतयिता ॥३८४॥**
**यच्छुभमशुभमुदीर्णं संप्रति चानेकविस्तरविशेषं ।**
**तं दोषं यः चेतयते स खल्वालोचनं चेतयिता ॥३८५॥**
**नित्यं प्रत्याख्यानं करोति नित्यं प्रतिक्रामति यच्च ।**
**नित्यमालोचयति स खलु चरित्रं भवति चेतयिता ॥३८६॥**

**यः खलु पुद्गलकर्मविपाकभवेभ्यो भावेभ्यश्चेतयितात्मानं निवर्तयति स** तत्कारणभूतं पूर्वं कर्म प्रतिकामन् स्वयमेव **प्रतिक्रमणं भवति । स** एव तत्कार्यभूत**मुत्तरं कर्म प्रत्याचक्षाणः प्रत्याख्यानं भवति ।** स एव **वर्तमानं कर्मविपाकमात्मनोऽत्यंतभेदेनोपलभमानः आलोचना भवति । एवमयं नित्यं प्रतिक्रामन्, नित्यं प्रत्याचक्षाणो नित्यमालोचयंश्च** पूर्वकर्मकार्येभ्य उत्तरकर्मकारणेभ्यो भावेभ्योत्यंतं निवृत्तः, वर्त्तमानं कर्मविपाकमात्मनोऽत्यंतभेदेनोपलभमानः स्वस्मिन्नेव खलु ज्ञानस्वभावे निरंतरचरणा**च्चारित्रं भवति** । चारित्रं तु भवन् स्वस्य ज्ञानमात्रस्य चेतनात् स्वयमेव ज्ञानचेतना भवतीति भावः ॥३८३॥३८४॥३८५॥३८६॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

**નિશ્ચયે કરીને જે ચેતયિતા પુદ્‌ગલ કર્મવિપાકભવ (જન્ય) ભાવોમાંથી આત્માને નિવર્તાવે છે, તે** તેના કારણભૂત પૂર્વકર્મને પ્રતિક્રામતો સ્વયમેવ **પ્રતિક્રમણ હોય છે, તે જ** તેના કાર્યભૂત **ઉત્તર કર્મને** પ્રત્યાખ્યાન કરતો **પ્રત્યાખ્યાન હોય છે. તે જ** વર્તમાન કર્મ વિપાકને આત્માથી અત્યંત ભેદથી ઉપલંભતો

---

प्रतिक्रामन् नित्यं प्रत्याचक्षाणो नित्यमालोचयंश्च - નિત્ય પ્રતિક્રામતો, નિત્ય પ્રત્યાખ્યાન કરતો અને નિત્ય આલોચતો, पूर्वकर्मकार्येभ्य उत्तरकर्मकारणेभ्यो भावेभ्योत्यंतं निवृत्तः - પૂર્વકર્મના કાર્યો (અને) ઉત્તર કર્મના કારણો એવા ભાવોથી અત્યંત નિવૃત્ત, वर्त्तमानं कर्मविपाकमात्मनोऽत्यंतभेदेनोपलभमानः - વર્ત્તમાન કર્મવિપાકને આત્માથી અત્યંત ભેદથી ઉપલભતો - અનુભવતો, स्वस्मिन्नेव खलु ज्ञानस्वभावे निरंतरचरणाच्चारित्रं भवति - સ્વમાં જ - નિશ્ચયે કરીને જ્ઞાન સ્વભાવમાં નિરંતર ચરણને લીધે ચારિત્ર હોય છે, चारित्रं तु भवन् - અને ચારિત્ર હોતો, स्वस्य ज्ञानमात्रस्य चेतनात् - સ્વના - જ્ઞાનમાત્રના ચેતનને લીધે स्वयमेव ज्ञानचेतना भवतीति भावः - સ્વયમેવ જ્ઞાનચેતના હોય છે એમ ભાવ છે.
॥ इति **'आत्मख्याति'** आत्मभावा ॥३८३॥३८४॥३८५॥३८६॥

(અનુભવતો) **આલોચના હોય છે.** એમ **આ નિત્ય પ્રતિક્રામતો, નિત્ય પ્રત્યાખ્યાન કરતો અને નિત્ય આલોચતો,** પૂર્વ કર્મના કાર્ય ઉત્તર કર્મના કારણ એવા ભાવોથી અત્યંત નિવૃત્ત થયેલો, વર્તમાન કર્મ વિપાકને આત્માથી અત્યંત ભિન્ન ઉપલંભતો (અનુભવતો), નિશ્ચયે કરીને સ્વ જ એવા જ્ઞાન સ્વભાવમાં નિરંતર ચરણ થકી **ચારિત્ર હોય છે** અને ચારિત્ર હોતા, સ્વના - જ્ઞાન માત્રના ચેતન થકી સ્વયમેવ જ્ઞાન ચેતના હોય છે, એમ ભાવ છે. ૩૮૩-૩૮૬

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્માનું જેવું છે તેવું જ સ્વરૂપ તે 'યથાખ્યાત ચારિત્ર' કહ્યું છે.''

''ક્ષાયક ચારિત્રને સંભારીએ છીએ. બોધ સ્વરૂપના યથાયોગ્ય.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩, ૨૬૨**

''તે માટે ઉભા કર જોડી જિનવર આગે કહિયે,

સમયચરણ - સેવા શુદ્ધ દેજો, જેમ આનંદઘન લહિયે.'' - **શ્રી આનંદઘનજી**

**જ્ઞાનીદશા સંપન્ન જ્ઞાની** સાક્ષાત્ ચારિત્ર બની **જ્ઞાનચેતના** અનુભવે છે એમ ઉત્થાનિકા કળશમાં સૂચવેલા ભાવનું અત્ર કથન કરતાં **શાસ્ત્રકર્તાએ,** અત્રે ચેતયિતા જ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચન હોય છે અને એમ હોતો તે જ નિશ્ચયે કરીને ચારિત્ર હોય છે, એમ પ્રતિપાદન કર્યું છે અને **'આત્મખ્યાતિ'કર્ત્તાએ** તેનું સાંગોપાંગ સ્પષ્ટીકરણ કરી અપૂર્વ તત્ત્વ રહસ્ય પ્રકાશ્યું છે - જે

**ચેતયિતા જ પ્રતિક્રમણ પ્રત્યાખ્યાન આલોચના**

ચેતયિતા - ચેતનારો આત્મા ખરેખર ! નિશ્ચયે કરીને, પુદ્ગલ કર્મ વિપાક ભવ - પુદ્ગલ કર્મના વિપાકથી ભવ - સંભવ - જન્મ છે જેનો એવા ભાવોમાંથી - पुद्गलकर्मविपाकभवेभ्यो भावेभ्यः, આત્માને નિવર્તાવે છે - પાછો વાળે છે, તે तत् कारणभूतं पूर्वं कर्म प्रतिक्रामन् प्रतिक्रमणं भवति - તેના કારણભૂત પૂર્વ કર્મને પ્રતિક્રામતો - સ્વયમેવ - પોતે જ - આપોઆપ જ **પ્રતિક્રમણ** થાય છે, તે જ તેના કાર્યભૂત ઉત્તર કર્મને પચ્ચખ્ખાતો - પ્રત્યાખ્યાન કરતો **પ્રત્યાખ્યાન** થાય છે - तत्कार्यभूतं उत्तरं कर्म प्रत्याचक्षाणः प्रत्याख्यानं भवति - વર્તમાન કર્મ વિપાકને आत्मनोऽत्यंतभेदेने उपलभमानः - આત્માથી અત્યંત ભેદથી ઉપલભતો - દેખતો - અનુભવતો **આલોચના** થાય છે, आलोचना भवति । - અર્થાત્ જે ચેતયિતા પુદ્ગલ કર્મના વિપાકથી ઉદ્ભવતા ભાવોમાંથી આત્માને પોતાને પાછો વાળે છે, તે તે પુદ્ગલ કર્મવિપાકના કારણભૂત પૂર્વકર્મને - ભૂતકાળના કર્મને પ્રતિક્રામતો - નિવર્ત્તાવતો - નિવૃત્ત કરતો, પાછા કાઢતો પોતે જ સાક્ષાત્ **પ્રતિક્રમણ** બની જાય છે, પુદ્ગલ કર્મના કાર્યભૂત ઉત્તર કર્મને - હવે પછીના ભાવિ કાળના કર્મને પ્રત્યાખ્યાન કરતો - નિષેધતો - ત્યજતો પોતે જ સાક્ષાત્ **પ્રત્યાખ્યાન** બની જાય છે અને વર્તમાન કર્મ વિપાકને - ઉદય આવતા કર્મને આત્માથી અત્યંત ભેદથી - અત્યંત જૂદાપણાથી અનુભવતો - દેખતો - જોતો રહી તે પોતે જ સાક્ષાત્ **આલોચના** બની જાય છે.

એમ આ નિત્ય - સદાય પ્રતિક્રામતો, નિત્ય - સદાય પ્રત્યાખ્યાન કરતો અને નિત્ય - સદાય આલોચતો, પૂર્વકર્મના કાર્યો અને ઉત્તરકર્મના કારણો એવા ભાવથી અત્યંત નિવૃત્ત - પાછો વળી ગયેલો, વર્તમાન કર્મવિપાકને આત્માથી અત્યંત ભેદથી ઉપલભતો - અનુભવતો - દેખતો - જોતો - આલોચતો - અવલોકતો રહી, નિશ્ચયે કરીને **સ્વમાં જ - જ્ઞાન સ્વભાવમાં** નિરંતર ચરણને લીધે **ચારિત્ર** થાય છે - स्वस्मिन्नेव खलु ज्ञानस्वभावे निरंतरचरणात् चारित्रं भवति - અને ચારિત્ર થતો તે સ્વના - જ્ઞાનમાત્રના ચેતનને લીધે - ચેતવાપણાને स्वस्य ज्ञानमात्रस्य चेतनात् - સ્વયમેવ - પોતે જ - આપોઆપ - **જ્ઞાનચેતના** હોય છે એમ ભાવ છે - स्वयमेव ज्ञानचेतना भवतीति भावः ।

**ચેતયિતા જ ચારિત્ર : જ્ઞાન ચેતના**

તાત્પર્ય છે કે - જેને આત્મજ્ઞાન થયું છે, તે આત્મજ્ઞાનને અનુરૂપ છાજે એવી આત્માનુચરણ રૂપ ભાવક્રિયા કરવાનો - સચ્ચારિત્ર પાળવાનો સતત પ્રયત્નપૂર્વક પુરુષાર્થ સેવે છે, એટલે ભૂતકાળના

શુભાશુભ સમસ્ત કર્મદોષથી આત્માને પાછો વાળી - નિવર્ત્તાવી, તેનો આત્મા પોતે સાક્ષાત્ **પ્રતિક્રમણ** થાય છે, ભવિષ્ય કાળના સમસ્ત કર્મદોષથી આત્મા પોતે નિવૃત્ત થઈ - નિવર્ત્તી - પાછો વળી તેનો આત્મા પોતે સાક્ષાત્ **પ્રત્યાખ્યાન** થાય છે, વર્ત્તમાન કાળના સમસ્ત ઉદય દોષને દૃષ્ટાપણે દેખતો રહી - તેમાં આત્મભાવ છોડી આલોચતો રહી, તેનો આત્મા સાક્ષાત્ **આલોચના** થાય છે. આમ નિત્ય પ્રત્યાખ્યાન કરતો, નિત્ય પ્રતિક્રમણ કરતો, નિત્ય આલોચના કરતો તેનો આત્મા પોતે સાક્ષાત્ મૂર્ત્તિમાન્ ચારિત્ર બને છે - **સ્વમાં જ જ્ઞાન સ્વભાવમાં નિરંતર ચરણને લીધે ચારિત્ર મૂર્ત્તિ બને છે.** એટલે કે જેવા પ્રકારે શુદ્ધ આત્મતત્ત્વનું સ્વરૂપ અનુભવમાં આવ્યું, તેવા પ્રકારે પ્રવર્ત્તન રૂપ - આચરણ રૂપ, ચારિત્ર રૂપ આત્મસ્થિતિ પ્રવર્તે છે, આત્માનુચરણ હોય છે. અર્થાત્ આત્માનો સ્વભાવ જ્ઞાન - દર્શનરૂપ છે, તે સ્વભાવમાં નિયત ચરિત હોવું, આત્મસ્વભાવમાં પૂર્ણપણે પ્રવર્ત્તવું, 'આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ' થવી એવો ઉત્કૃષ્ટ **પ્રવૃત્તિ** ગુણ અત્ર પ્રગટે છે. આમ આ પ્રવૃત્તિ સાત્મીરૂપ - આત્મભૂત થઈ જાય છે, આત્માનુચરણરૂપ પ્રવૃત્તિ આત્મામય બની જાય છે, આત્માકાર થઈ જાય છે. આત્મા સ્વયં ચારિત્રમૂર્ત્તિ બને છે, આત્માના પ્રદેશે પ્રદેશે શુદ્ધ ચારિત્ર ગુણ વ્યાપ્ત થાય છે અને આમ સ્વમાં જ - જ્ઞાન સ્વભાવમાં જ નિરંતર ચરણરૂપ ચારિત્ર જ્યારે વર્ત્તે છે, ત્યારે જ્ઞાનમાત્રનું જ - કેવલ જ્ઞાનનું જ ચેતન - સંવેદન - અનુભવન હોય છે, એટલે તથારૂપ ચારિત્રદશાને પામેલા જ્ઞાનીને જ્ઞાનચેતના રૂપ કેવલ જ્ઞાનદશા જ હોય છે. **પરમ આત્મદૃષ્ટા શ્રીમદ્ રાજચંદ્રજીના** ટંકોત્કીર્ણ અનુભવ સિદ્ધ વચનામૃત છે કે -

''ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ વ્રત, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ તપ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ નિયમ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ લબ્ધિ, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ઐશ્વર્ય, એ જેમાં સહેજે સમાય છે એવા નિરપેક્ષ અવિષમ ઉપયોગને નમસ્કાર. એ જ ધ્યાન.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૩૫**

સર્વ
વિશુદ્ધ
જ્ઞાન

નીચેની ગાથાનું સૂચન કરતો ઉત્થાનિકા **સમયસાર કળશ** (૩૨) સંગીત કરે છે -

उपजाति

**ज्ञानस्य संचेतनयैव नित्यं,**
**प्रकाशते ज्ञानमतीव शुद्धं ।**
**अज्ञानसंचेतनया तु धावन्,**
**बोधस्य शुद्धिं निरुणद्धि बंधः ॥२२४॥**

સંચેતનાથી નિત જ્ઞાનની જ, પ્રકાશતું જ્ઞાન અતીવ શુદ્ધ;
અજ્ઞાન સંચેતનથી જ બંધ, દોડંત નિરૂંધત બોધ શુદ્ધિ. ૨૨૪

## અમૃત પદ - ૨૨૪

જ્ઞાન સંચેતના ચેતો રે ચેતન ! જ્ઞાન સંચેતના ચેતો !... ધ્રુવ પદ. ૧
જ્ઞાન ચેતના ચેતતાં નિત્યે, જ્ઞાન અતિ શુદ્ધ શોધ;
અજ્ઞાન ચેતનાથી દોડંતો, બંધ નિરુંધે બોધ... રે ચેતન ! જ્ઞાન સંચેતના. ૨
જ્ઞાન ચેતન અમૃત રસ એવો, ભગવાન **અમૃતચંદ્રે**;
અમૃત કળશે પદ પદ ભરિયો, અનુભવ અમૃત એ પી પી ભવ્ય આનંદે... રે ચેતન !
જ્ઞાન સંચેતના. ૩

**અર્થ** - જ્ઞાનની નિત્ય સંચેતનાથી જ નિત્ય જ્ઞાન અતીવ - અત્યંત શુદ્ધ પ્રકાશે છે, પણ અજ્ઞાન સંચેતનાએ કરી દોડતો બંધ તો બોધની શુદ્ધિને નિરુંધે છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

**"આત્માને વિષે સહજ સ્મરણે પ્રાપ્ત થયેલું જ્ઞાન શ્રી વર્ધમાનને વિષે હતું એમ જણાય છે. પૂર્ણ વીતરાગ જેવો બોધ તે અમને સહજે સાંભરી આવે છે." - શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૨૬૩), ૩૧૩**

જ્ઞાન ચેતનાથી શુદ્ધ જ્ઞાન અને અજ્ઞાન ચેતનાથી બંધ થાય છે એમ નીચેની ગાથાના ભાવનું આ ઉત્થાનિકા કળશમાં સૂચન કર્યું છે - ज्ञानस्य संचेतनयैव नित्यं - જ્ઞાન સંચેતનાથી જ - સમ્યક્ ચેતનાથી - સંવેદનાથી નિત્ય જ્ઞાન - અતીવ અત્યંત શુદ્ધ પ્રકાશે છે, પણ અજ્ઞાન સંચેતનાએ કરીને દોડતો બંધ તો બોધની - જ્ઞાનની શુદ્ધિ નિરુંધે છે - નિતાંતપણે રુંધે છે - રોકે છે.

**वेदंतो कम्मफलं अप्पाणं कुणइ जो दु कम्मफलं ।**
**सो तं पुणोवि बंधइ बीयं दुक्खस्स अट्ठविहं ॥३८७॥**
**वेदंतो कम्मफलं मए कयं मुणइ जो दु कम्मफलं ।**
**सो तं पुणोवि बंधइ बीयं दुक्खस्स अट्ठविहं ॥३८८॥**
**वेदंतो कम्मफलं सुहिदो दुहिदो य हवदि जो चेदा ।**
**सो तं पुणोवि बंधइ बीयं दुक्खस्स अट्ठविहं ॥३८९॥ (त्रिकलम्)**

વેદતો કર્મફલ કર્મ ફલ, આત્મા કરે છે જેહ;
દુઃખનું બીજ તે અષ્ટવિધ, પુનઃ બાંધતો તેહ. ૩૮૭
વેદતો કર્મફલ કર્મફલ મેં કર્યું, માને જેહ;
દુઃખનું બીજ તે અષ્ટવિધ, પુનઃ બાંધતો તેહ. ૩૮૮
વેદતો કર્મફલ સુખિઓ, દુઃખિઓ ચેતા જેહ;
દુઃખનું બીજ તે અષ્ટવિધ, પુનઃ બાંધતો તેહ. ૩૮૯

**અર્થ** - કર્મફલને વેદંતો જે આત્માને કર્મફલ કરે છે, તે પુનઃ પણ તે દુઃખનું બીજ અષ્ટવિધ (અષ્ટ પ્રકારનું) બાંધે છે. ૩૮૭

કર્મફલને વેદંતો જે કર્મફલને મેં કર્યું જાણે છે, તે પુનઃ પણ તે દુઃખનું બીજ અષ્ટવિધ બાંધે છે. ૩૮૮

કર્મફલને વેદંતો જે ચેતયિતા સુખિઓ અને દુઃખિઓ હોય છે, તે પુનઃ પણ તે દુઃખનું બીજ અષ્ટવિધ બાંધે છે. ૩૮૯

---

**आत्मभावना** -

कम्मफलं वेदंतो - कर्मफलं वेदयमानः - **કર્મફલને વેદતો** जो दु - यस्तु - **જે ખરેખર !** कम्मफलं - कर्मफलं - **કર્મફલને** अप्पाणं कुणइ - **આત્મા કરે છે,** सो - सः - તે दुःक्खस्स बीयं अट्ठविहं - दुःखस्य बीयं तं अष्टविधं - **દુઃખનું બીજ એવું તે અષ્ટવિધ** - **અષ્ટ પ્રકારનું (કર્મ)** पुणोवि बंधइ - पुनरपि बध्नाति - **પુનરપિ બાંધે છે.** ॥३८७॥ कम्मफलं वेदंतो - कर्मफलं वेदयमानः - **કર્મફલને વેદતો** जो दु यस्तु - **જે ખરેખર !** कम्मफलं - कर्मफलं - **કર્મફલને** मए कयं मुणइ - मया कृतं जानाति - **મ્હારાથી કરાયેલું જાણે છે,** सो - सः - તે दुक्खस्स बीयं तं अट्ठविहं - दुःक्खस्स बीजं तत् अष्टविधं - **દુઃખનું બીજ એવું તે અષ્ટવિધ** - **અષ્ટ પ્રકારનું (કર્મ)** पुणोवि बंधइ - पुनरपि बध्नाति - **પુનરપિ બાંધે છે.** ॥३८८॥ कम्मफलं वेदंतो - कर्मफलं वेदयमानः - **કર્મફલને વેદતો** जो चेदा - य श्चेतयिता - **જે ચેતયિતા** - **ચેતનારો - ચેતક આત્મા** सुहिदो दुहिदो य हवदि - सुखितो दुःखितश्च भवति - **સુખિત અને દુઃખિત** - **સુખીઓ અને દુઃખીઓ હોય છે,** सो - सः - તે दुक्खस्स बीयं तं अट्ठविहं - दुःखस्य बीजं तत् अष्टविधं - **દુઃખનું બીજ એવું તે અષ્ટવિધ - અષ્ટપ્રકારનું (કર્મ)** पुणो वि बंधइ - पुनरपि बध्नाति - **પુનરપિ બાંધે છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥३८९॥

ज्ञानादन्यत्र - **જ્ઞાનથી અન્યત્ર - અન્ય સ્થળે** इदमहमिति चेतनं - **'આ હું' એવું ચેતન (તે)** अज्ञानचेतना - **અજ્ઞાન ચેતના છે** - सा द्विधा - તે અજ્ઞાન ચેતના દ્વિધા છે - બે ભાગમાં - પ્રકારમાં વ્હેંચાયેલી છે. कर्मचेतना कर्मफलचेतना च - **કર્મચેતના અને કર્મફલચેતના.** तत्र - ત્યાં, તેમાં - ज्ञानादन्यत्र - **જ્ઞાનથી અન્યત્ર - અન્ય સ્થળે** इदमहं करोमि इति चेतनं - **'આ હું કરૂં છું' એવું ચેતન** - (અનુભવ) (તે) कर्मचेतना - **કર્મ ચેતના છે,** ज्ञानादन्यत्र - **જ્ઞાનથી અન્યત્ર - અન્ય સ્થળે** इदं वेदयेहमिति चेतनं - આ હું વેદું છું એવું ચેતન (અનુભવન) તે कर्मफलचेतना - **કર્મફલ ચેતના છે.** सा तु समस्तापि - **અને તે તો સમસ્ત પણ** संसारबीजं - સંસારનું બીજ છે, શાને લીધે ? संसारबीजस्याष्टविधकर्मणो बीजत्वात् - **સંસાર બીજ અષ્ટવિધ કર્મના બીજપણાને લીધે.**

**તેથી શું સાર ફલિત થાય છે ?** ततो - તેથી मोक्षार्थिना पुरुषेण - **મોક્ષાર્થી પુરુષે** अज्ञानचेतनाप्रलयाय - **અજ્ઞાન ચેતનાના પ્રલયાર્થે - પ્રકૃષ્ટ લયાર્થે - સર્વનાશાર્થે** सकलकर्मसंन्यासभावनां सकलकर्मफलसंन्यासभावनां च नाटयित्वा - **સકલ**

## आत्मख्याति टीका

**वेदयमानः कर्मफलमात्मानं करोति यस्तु कर्मफलं ।**
**स तत्पुनरपि बध्नाति बीजं दुःखस्याष्टविधं ॥३८७॥**
**वेदयमानः कर्मफलं मया कृतं जानाति यस्तु कर्मफलं ।**
**स तत्पुनरपि बध्नाति बीजं दुःखस्याष्टविधं ॥३८८॥**
**वेदयमानः कर्मफलं सुखितो दुःखितश्च भवति य चेतयिता ।**
**स तत्पुनरपि बध्नाति बीजं दुःखस्याष्टविधं ॥३८९॥**

ज्ञानादन्यत्रेदमहमिति चेतनं अज्ञानचेतना । सा द्विधा कर्मचेतना कर्मफलचेतना च । तत्र **ज्ञानादन्यत्रेदमहं करोमीति चेतनं कर्मचेतना । ज्ञानादन्यत्रेदं वेदयेऽहमिति चेतमं कर्मफल चेतना । सा तु समस्तापि संसारबीजं, संसारबीजस्याष्टविधकर्मणो बीजत्वात् ।**

ततो मोक्षार्थिना पुरुषेणाज्ञानचेतनाप्रलयाय सकलकर्मसंन्यासभावनां सकलकर्मफलसंन्यासभावनां च नाटयित्वा स्वभावभूता भगवती ज्ञानचेतनैवैका नित्यमेव नाटयितव्या । तत्र तावत्सकलकर्मसंन्यासभावनां नाटयति ॥३८७॥३८८॥३८९॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

જ્ઞાનથી અન્યત્ર 'આ હું' એવું ચેતન તે અજ્ઞાન ચેતના,
તે દ્વિધા (બે પ્રકારે) કર્મ ચેતના અને કર્મફલ ચેતના. તેમાં -
**જ્ઞાનથી અન્યત્ર 'આ હું કરૂં છું' એવું ચેતન તે કર્મ ચેતના,**
**જ્ઞાનથી અન્યત્ર 'આ હું વેદું છું' એવું ચેતન તે કર્મફલ ચેતના,**
**તે તો સમસ્ત પણ સંસાર બીજ છે - સંસાર બીજ અષ્ટવિધ કર્મના બીજપણાને લીધે.**

તેથી મોક્ષાર્થી પુરુષે અજ્ઞાન ચેતનાના પ્રલયાર્થે સકલકર્મસંન્યાસ ભાવના અને સકલ કર્મફલ સંન્યાસભાવના નાટિત કરીને સ્વભાવભૂતા ભગવતી જ્ઞાનચેતના જ એક નિત્યમેવ નાટિત કરવા યોગ્ય છે. તેમાં - પ્રથમ સકલકર્મસંન્યાસ ભાવના નાટિત કરે છે. ૩૮૭, ૩૮૮, ૩૮૯

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"યોગવાસિષ્ઠાદિ જે જે રૂડા પુરુષોનાં વચનો છે તે સૌ અહંવૃત્તિ પ્રતિકાર કરવા પ્રત્યે જ પ્રવર્ત્તે છે. જે જે પ્રકારે પોતાની ભ્રાંતિ કલ્પાઈ છે તે તે પ્રકારે ભ્રાંતિ સમજી તે સંબંધી અભિમાન નિવૃત્ત કરવું એ જ સર્વ તીર્થંકરાદિ મહાત્માનું કહેવું છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૪૪, ૫૨૬**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે અજ્ઞાનચેતનાથી કર્મબંધ હોય છે એ ભાવનું અત્ર કથન કર્યું છે - કર્મફલને વેદતો જે કર્મફલને આત્મા કરે છે, કર્મફલ મેં કર્યું એમ જે જાણે છે, સુખિઓ - દુઃખિઓ જે થાય છે, તે પુનઃ પણ દુઃખનું બીજ - મૂલ કારણ એવું અષ્ટવિધ - અષ્ટ પ્રકારનું કર્મ બાંધે છે. આ ગાથાના ભાવનું તત્ત્વ સર્વસ્વ સમર્પક અલૌકિક અદ્ભુત વિવરણ કરતાં **તાત્ત્વિકશેખર અમૃતચંદ્રાચાર્યજી** પ્રકાશે છે - ज्ञानादन्यत्रेदमहमिति चेतनं अज्ञानचेतना - જ્ઞાનથી અન્યત્ર - અન્ય સ્થળે

---

કર્મસંન્યાસભાવના અને સકલ કર્મફલસંન્યાસ ભાવના નાટિત કરી - स्वभावभूता भगवती ज्ञानचेतनैवैका नित्यमेव नाटयितव्या - સ્વભાવભૂત એવી ભગવતી જ્ઞાનચેતના જ એક નિત્યમેવ નાટિત કરવા યોગ્ય છે - નટાવવા યોગ્ય છે. तत्र - તેમાં - तावत् - પ્રથમ તો सकलकर्मसंन्यासभावनां नाटयति - સકલ કર્મ સંન્યાસ ભાવના નાટિત કરે છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥३८७॥३८७॥३८९॥

**સંસાર બીજ અજ્ઞાન ચેતના : કર્મ ચેતના, કર્મફલ ચેતના**

અર્થાત્ જ્ઞાન સિવાય બીજે કોઈ પણ સ્થળે 'આ હું' એમ ચેતન - ચેતવું તે અજ્ઞાન ચેતના. તે દ્વિધા - બે વિભાગમાં વ્હેંચાયેલી - બે પ્રકારની છે - કર્મચેતના અને કર્મફલ ચેતના. તેમાં જ્ઞાનથી અન્યત્ર - અન્ય સ્થળે અર્થાત્ જ્ઞાન સિવાય બીજે કોઈ પણ સ્થળે 'આ હું કરૂં છું' એવું ચેતન - ચેતવું તે કર્મચેતના - ज्ञानादन्यत्रेदमहं करोमीति चेतनं कर्मचेतना, જ્ઞાનથી અન્યત્ર - અન્ય સ્થળે અર્થાત્ જ્ઞાન સિવાય બીજે સ્થળે 'આ હું વેદું છું' એવું ચેતન - ચેતવું તે કર્મફલચેતના. તે અજ્ઞાન ચેતના તો સમસ્ત જ - સંસાર બીજ છે, શાને લીધે ? સંસાર બીજ અષ્ટવિધ કર્મના બીજપણાને લીધે, संसारबीजस्याष्टविधकर्मणो बीजत्वात् - અર્થાત્ કર્મચેતના હો કે કર્મફલચેતના હો - એ અજ્ઞાન ચેતના સંસારનું બીજ-મૂળ કારણ છે, કારણકે તે જ સંસારનાં બીજ - મૂળ કારણભૂત આઠ પ્રકારના કર્મનું બીજ - મૂળ કારણ છે.

**ભગવતી જ્ઞાન ચેતના**

આમ છે તેથી કરીને **મોક્ષાર્થી પુરુષે** અજ્ઞાન ચેતનાના પ્રલયાર્થે - પ્રકૃષ્ટ ક્ષયાર્થે - अज्ञान चेतनाप्रलयाय - સકલ કર્મ સંન્યાસ ભાવના - સકલ કર્મના સંન્યાસની - પરિત્યાગની ભાવના અને સકલ કર્મફલ સંન્યાસ ભાવના - સકલ કર્મફલના સંન્યાસની - પરિત્યાગની ભાવના નાટિત કરીને (નટાવીને) સ્વભાવભૂત એવી **ભગવતી જ્ઞાનચેતના** જ એક નિત્ય જ નાટિત કરવા યોગ્ય છે, स्वभावभूता भगवती ज्ञानचेतनैवैका नित्यमेव नाटयितव्या । - તેમાં - પ્રથમ સકલ કર્મ સંન્યાસ ભાવના નટાવે છે - નાટિત કરે છે.

સકલ કર્મ સંન્યાસ ભાવનાનો બીજભૂત સર્વ સંગ્રાહક આ **સમયસાર કળશ** (૩૩) પ્રકાશે છે -

आर्या

**कृतकारितानुमननैस्त्रिकालविषयं मनोवचनकायैः ।**
**परिहृत्य कर्म सर्वं परमं नैष्कर्म्यमवलंबे ॥२२५॥**

કૃતકારિત અનુમનને, મન-વચન-કાયે ત્રિકાળનું કર્મ;
સર્વથા પરિહરી સર્વ, અવલંબું પરમ નિષ્કર્મ્ય. ૨૨૫

## અમૃત પદ - ૨૨૫

'સિદ્ધ ચક્ર વંદો' - એ રાગ

વર્તું ચૈતન્યાત્મ આત્મમાં રે, આત્માથી નિત્ય નિષ્કર્મ,
ત્રિયોગે ત્રિવિધે ત્રિકાળનું રે, પરિહરી સર્વ કર્મ... વર્તું ચૈતન્યાત્મ આત્મમાં રે... ૧
મનથી વચનથી કાયથી રે, કર્યું કરાવ્યું જેહ,
કરતાં પણ વળી અન્યને રે, મેં અનુમોદ્યું જેહ... વર્તું ચૈતન્યાત્મ આત્મમાં. ૨
ભૂત ભાવી વર્ત્તમાનનું રે, ત્રિકાળ વિષયી કર્મ,
સર્વજ તેહ હું પરિહરી રે, આલંબું પરમ નિષ્કર્ષ... વર્તું ચૈતન્યાત્મ આત્મમાં. ૩

**અર્થ** - કૃત - કારિત - અનુમનનથી મન-વચન-કાયાએ કરી ત્રિકાલ વિષયી સર્વ કર્મ પરિહરીને, હું પરમ નૈષ્કર્મ્ય (નિષ્કર્મપણું) અવલંબું છું. ૨૨૫

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

**"ગમે તે ક્રિયા, જપ, તપ કે શાસ્ત્ર વચને કરીને પણ એક જ કાર્ય સિદ્ધ કરવાનું, તે એ કે જગત્‌ની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું." - શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૨૫૪), ૨૯૯**

અત્રે આ સકલ કર્મ સંન્યાસ ભાવનાનો બીજભૂત સર્વ સંગ્રાહક કળશ કહ્યો છે -

**પરમ નૈષ્કર્મ્ય અવલંબનની પ્રતિજ્ઞા**

कृतकारितानुमननैः - કૃત - કારિત - અનુમનનથી અર્થાત્ કૃતથી - પોતે કરવા વડે કરીને, કારિતથી - બીજા પાસે કરાવવા વડે કરીને, અનુમનનથી - અનુમોદનથી - બીજાનું અનુમતિ - અનુમોદન કરવા વડે કરીને, मनोवचनकायैः - મન-વચન-કાયથી - મનથી - વચનથી - કાયથી त्रिकालविषयं - ત્રિકાલ વિષયી - ભૂતકાળ વર્તમાનકાળ અને ભવિષ્યકાળ એમ ત્રણે કાળ સંબંધી કર્મ સર્વ પરિહરીને परिहृत्य कर्म सर्वं, હું પરમ નૈષ્કર્મ્યને - નિષ્કર્મપણાને - કર્મરહિતપણાને અવલંબુ છું - આશ્રય કરૂં છું - परमं नैष्कर्म्यमवलंबे ।

यदहमकार्षं यदचीकरं यत्कुर्वंतमप्यन्यं समन्वज्ञासिषं
मनसा वाचा च कायेन चेति तन्मिथ्या मे दुष्कृतमिति ॥१॥

यदहमकार्षं यदचीकरं यत्कुर्वंतमण्यन्यं समन्वज्ञासिषं
मनसा वाचा च तन्मे मिथ्या दुष्कृतमिति ॥२॥

यदहमकार्षं यदचीकरं यत्कुर्वंतमप्यन्यं समन्वज्ञासिषं
मनसा च कायेन चेति तन्मे मिथ्या दुष्कृतमिति ॥३॥

यदहमकार्षं यदचीकरं यत्कुर्वंतमप्यन्यं समन्वयज्ञासिषं
वाचा च कायेन चेति तन्मिथ्या मे दुष्कृतमिति ॥४॥

यदहमकार्षं यदचीकरं यत्कुर्वंतमप्यन्यं समन्वज्ञासिषं
मनसा च तन्मिथ्या मे दुष्कृतमिति ॥५॥

यदहमकार्षं यदचीकरं यत्कुर्वंतमप्यन्यं समन्वज्ञासिषं
वाचा च तन्मे मिथ्या दुष्कृतमिति ॥६॥

यदहमकार्षं यदचीकरं यत्कुर्वंतमप्यन्यं समन्वज्ञासिषं
कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति ॥७॥

यदहमकार्षं यदचीकरं मनसा वाचा च कायेन तन्मिथ्या मे दुष्कृतमिति ॥८॥

यदहमकार्षं यत्कुर्वंतमप्यन्यं समन्वज्ञासिषं मनसा च वाचा च कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति ॥९॥

यदहमचीकरं यत्कुर्वंतमप्यन्यं समन्वज्ञासिषं मनसा च वाचा च कायेन तन्मिथ्या मे दुष्कृतमिति ॥१०॥

यदहमकार्षं यदचीकरं मनसा च वाचा च तन्मिथ्या मे दुष्कृतमिति ॥११॥

यदहमकार्षं यत्कुर्वंतमप्यन्यं समन्वज्ञासिषं मनसा च वाचा च तन्मिथ्या मे दुष्कृतंमिति ॥१२॥

यदहमचीकरं यत्कुर्वंतमप्यन्यं समन्वज्ञासिषं मनसा च वाचा च तन्मे मिथ्या दुष्कृतमिति ॥१३॥

यदहमकार्षं यदचीकरं मनसा कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति ॥१४॥

यदहमकार्षं यत्कुर्वंतमप्यन्यं समन्वज्ञासिषं मनसा च कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति ॥१५॥

यदहचीकरं यत्कुर्वंतमप्यन्यं समन्वज्ञासिषं मनसा च कायेन तन्मिथ्या मे दुष्कृतमिति ॥१६॥

यदहमकार्षं यदचीकरं वाचा च कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति ॥१७॥

यदहमकार्षं यत्कुर्वंतमप्यन्यं समन्वज्ञासिषं वाचा च कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति ॥१८॥

यदहमचीकरं यत्कुर्वंतमप्यन्यं समन्वज्ञसिषं वाचा च कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति ॥१९॥

यदहमकार्षं यदचीकरं मनसा च तन्मिथ्या मे दुष्कृतमिति ॥२०॥

यदहमकार्षं यत्कुर्वंतमप्यन्यं समन्वज्ञासिषं मनसा च तन्मिथ्या मे दुष्कृतमिति ॥२१॥
यदहमचीकरं यत्कुर्वंतमप्यन्यं समन्वज्ञासिषं मनसा च तन्मिथ्या मे दुष्कृतमिति ॥२२॥
यदहमकार्षं यदचीकरं वाचा च तन्मिथ्या मे दुष्कृतमिति ॥२३॥
यदहमकार्षं यत्कुर्वंतमप्यन्यं समन्वज्ञासिषं वाचा च तन्मिथ्या मे दुष्कृतमिति ॥२४॥
यदहमचीकरं यत्कुर्वंतमप्यन्यं समन्वज्ञासिषं वाचा च तन्मिथ्या मे दुष्कृतमिति ॥२५॥
यदहमकार्षं यदचीकरं कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति ॥२६॥
यदहमकार्षं यत्कुर्वंतमप्यं समन्वज्ञासिषं कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति ॥२७॥
यदहमचीकरं यत्कुर्वंतमप्यन्यं समन्वज्ञासिषं कायेन तन्मिथ्या मे दुष्कृतमिति ॥२८॥
यदहमकार्षं मनसा च वाचा च कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति ॥२९॥
यदहमचीकरं मनसा च वाचा च कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति ॥३०॥
यत्कुर्वंतमप्यन्यं समन्वज्ञासिषं मनसा च वाचा च कायेन तन्मिथ्या मे दुष्कृतमिति ॥३१॥
यदहमकार्षं मनसा च वाचा च तन्मिथ्या मे दुष्कृतमिति ॥३२॥
यदहमचीकरं मनसा च वाचा च तन्मिथ्या मे दुष्कृतमिति ॥३३॥
यत्कुर्वंतमप्यन्यं समन्वज्ञासिषं मनसा च वाचा च तन्मिथ्या मे दुष्कृतमिति ॥३४॥
यदहमकार्षं मनसा च कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति ॥३५॥
यदहमचीकरं मनसा च कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति ॥३६॥
यत्कुर्वंतमप्यन्यं समन्वज्ञासिषं मनसा च कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति ॥३७॥
यदहमकार्षं वाचा च कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति ॥३८॥
यदहमचीकरं वाचा च कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति ॥३९॥
यत्कुर्वंतमप्यन्यं समन्वज्ञासिषं वाचा च कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति ॥४०॥
यदहमकार्षं मनसा च तन्मिथ्या मे दुष्कृतं ॥४१॥
यदहमचीकरं मनसा च तन्मिथ्या मे दुष्कृतं ॥४२॥
यत्कुर्वंतमप्यन्यं समन्वज्ञासिषं मनसा च तन्मिथ्या मे दुष्कृतमिति ॥४३॥
यदहमकार्षं वाचा च तन्मिथ्या मे दुष्कृतमिति ॥४४॥
यदहमचीकरं वाचा च तन्मिथ्या मे दुष्कृतमिति ॥४५॥
यत्कुर्वंतमप्यन्यं समन्वज्ञासिषं वाचा च तन्मिथ्या मे दुष्कृतमिति ॥४६॥
यदहमकार्षं कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति ॥४७॥
यदहमचीकरं कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति ॥४८॥
यत्कुर्वंतमप्यन्यं समन्वज्ञासिषं कायेन च तन्मिथ्या मे दुष्कृतमिति ॥४९॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

મનથી વાચાથી અને કાયથી જે મેં કર્યું હતું, જે કરાવ્યું હતું, જે કરંતા પણ અન્યને સમનુજ્ઞાત (અનુમોદિત-અનુમત) કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૧

મનથી અને વાચાથી જે મેં કર્યું હતું, જે કરાવ્યું હતું, જે કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૨

મનથી અને કાયથી જે મેં કર્યું હતું, જે કરાવ્યું હતું, જે કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૩

વાચાથી અને કાયથી જે મેં કર્યું હતું, જે કરાવ્યું હતું, જે કરંતા પણ અન્યને સમનુજ્ઞાત (અનુમત) કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૪

મનથી જે મેં કર્યું હતું, જે કરાવ્યું હતું, જે કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૫

વાચાથી જે મેં કર્યું હતું, જે કરાવ્યું હતું, જે કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૬

કાયથી જે મેં કર્યું હતું, જે કરાવ્યું હતું, જે કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કર્યું (અનુમોઘું) હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૭

મનથી વાચાથી અને કાયથી જે મેં કર્યું હતું, જે કરાવ્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૮

મનથી અને વાચાથી અને કાયથી જે મેં કર્યું હતું, જે કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૯

મનથી અને વાચાથી અને કાયથી જે મેં કરાવ્યું હતું, જે કરતાં પણ અન્યને સમનુજ્ઞાત (અનુમત) કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૧૦

મનથી અને વાચાથી જે મેં કર્યું હતું, જે કરાવ્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૧૧

મનથી અને વાચાથી જે મેં કર્યું હતું, જે કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૧૨

મનથી અને વાચાથી જે મેં કરાવ્યું હતું, જે કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૧૩

મનથી અને કાયથી જે મેં કર્યું હતું, જે કરાવ્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૧૪

મનથી અને કાયથી જે મેં કર્યું હતું, જે કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૧૫

મનથી અને કાયથી જે મેં કરાવ્યું હતું, જે કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૧૬

વાચાથી અને કાયથી જે મેં કર્યું હતું, જે કરાવ્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૧૭

વાચાથી અને કાયથી જે મેં કર્યું હતું, જે કરતાં પણ અન્યને સમનુજ્ઞાત (અનુમત) કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૧૮

વાચાથી અને કાયથી જે મેં કરાવ્યું હતું, જે કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૧૯

મનથી જે મેં કર્યું હતું, જે કરાવ્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૨૦

મનથી જે મેં કર્યું હતું, જે કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૨૧
મનથી જે મેં કરાવ્યું હતું, જે કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૨૨
વાચાથી જે મેં કર્યું હતું, જે કરાવ્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૨૩
વાચાથી જે મેં કર્યું હતું, જે કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૨૪
વાચાથી જે મેં કરાવ્યું હતું, જે કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૨૫
કાયથી જે મેં કર્યું હતું, જે કરાવ્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૨૬
કાયથી જે મેં કર્યું હતું, જે કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૨૭
કાયથી જે મેં કરાવ્યું હતું, જે કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૨૮
મનથી અને વાચાથી અને કાયથી જે મેં કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૨૯
મનથી અને વાચાથી અને કાયથી જે મેં કરાવ્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૩૦
મનથી અને વાચાથી અને કાયથી જે મેં કરતાં પણ અન્યને સમનુજ્ઞાત (અનુમત) કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૩૧
મનથી અને વાચાથી જે મેં કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૩૨
મનથી અને વાચાથી જે મેં કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૩૪
મનથી અને કાયથી જે મેં કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૩૫
મનથી અને કાયથી જે મેં કરાવ્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૩૬
મનથી અને કાયથી જે મેં કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૩૭
વાચાથી અને કાયથી જે મેં કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૩૮
વાચાથી અને કાયથી જે મેં કરાવ્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૩૯
વાચાથી અને કાયથી જે મેં કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૪૦
મનથી જે મેં કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૪૧
મનથી જે મેં કરાવ્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૪૨
મનથી જે મેં કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૪૩
વાચાથી જે મેં કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૪૪
વાચાથી જે મેં કરાવ્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૪૫
વાચાથી જે મેં કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૪૬
કાયથી જે મેં કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૪૭
કાયથી જે મેં કરાવ્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૪૮
કાયથી જે મેં કરંતા પણ અન્યને સમનુજ્ઞાત કર્યું હતું, તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો ! ૪૯

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''હે સર્વજ્ઞ ભગવાન્ ! તમને હું વિશેષ શું કહું ? તમારાથી કાંઈ અજાણ્યું નથી. માત્ર પશ્ચાત્તાપથી હું કર્મજન્ય પાપની ક્ષમા ઈચ્છુ છું. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત મોક્ષમાળા ક્ષમાપના પાઠ-૫૬**

અત્રે 'મનથી વાચાથી અને કાયથી (એમ ત્રણે યોગથી) જે મેં કર્યું હતું, જે કરાવ્યું હતું અને જે

કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કર્યું હતું - અનુમોદિત કર્યું હતું (એમ ત્રણ પ્રકારથી), તે મ્હારૂં દુષ્કૃત મિથ્યા હો !' એમ ભૂતકાળ સંબંધી કર્મના સંન્યાસની - પરિત્યાગની ભાવના અથવા પ્રતિક્રમણની પ્રક્રિયા પરમ ભાવિતાત્મા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અપૂર્વ આત્મભાવોલ્લાસથી પ્રદર્શિત કરી છે અને તેના સમસ્ત સંભવિત પ્રકારો (Parmatations & Combinations) અત્યંત સ્પષ્ટપણે વિવરી દેખાડી તેના કુલ (૪૯) ભંગ આ પ્રકારે સ્પષ્ટ સુરેખ પદ્ધતિથી વર્ણવ્યા છે. તે સુગમતાથી સમજીને સ્મૃતિમાં રાખવા માટે તેની સામાન્ય રહસ્ય ચાવી (master-key) આ પ્રકારે -

अ (૧) મનથી વાચાથી અને કાયથી - એમ ત્રિકસંયોગી એક ભંગ,

(૨) મનથી વાચાથી, (૩) મનથી કાયથી, (૪) વાચાથી કાયથી - એમ દ્વિક સંયોગી ત્રણ ભંગ,

(૫) મનથી, (૬) વાચાથી, (૭) કાયથી - એમ એક સંયોગી ત્રણ ભંગ - એમ ત્રણ યોગના સપ્ત મૂલ ભંગ થાય.

ब (૧) કૃતથી કારિતથી અનુમોદિતથી - એમ ત્રિકસંયોગી એક ભંગ,

(૨) કૃતથી કારિતથી, (૩) કૃતથી અનુમોદિતથી, (૪) કારિતથી અનુમોદિતથી - એમ દ્વિક સંયોગી ત્રણ ભંગ,

(૫) કૃતથી, (૬) કારિતથી, (૭) અનુમોદિતથી - એમ એક સંયોગી ત્રણ ભંગ - એમ કૃત આદિના પણ સપ્ત મૂલ ભંગ થાય.

હવે (૧) ત્રણ યોગના अ વિભાગમાં વર્ણવેલ સપ્ત મૂલ ભંગને પ્રત્યેકને ब વિભાગના કૃત-કારિત-અનુમોદિત એ ત્રિકસંયોગી એક ભંગ સાથે ફલાવતાં ૭ × ૧ = ૭ ભંગ થાય.

(૨) ત્રણ યોગના अ વિભાગમાં વર્ણવેલ સપ્ત મૂલ ભંગને પ્રત્યેકને ब વિભાગમાં વર્ણવેલ કૃતાદિના દ્વિક સંયોગી ત્રણ ભંગ સાથે ફલાવતાં ૭ × ૩ = ૨૧ ભંગ થાય.

(૩) ત્રણ યોગના સપ્ત મૂલ ભંગને પ્રત્યેકને ब વિભાગમાં વર્ણવેલ કૃતાદિના એક સંયોગી ત્રણ ભંગ સાથે ફલાવતાં ૭ × ૩ = ૨૧ ભંગ થાય.

આમ ૭ + ૨૧ + ૨૧ = ૪૯ કુલ ભંગ થાય. તે ટૂંકામાં अ વિભાગ પ્રમાણે યોગના સપ્ત ભંગને અનુક્રમે ब વિભાગના સપ્ત ભંગ સાથે ફલાવતાં - સપ્ત ભંગને સપ્ત ભંગથી તાડિત કરતાં (ગુણતાં) ૭ × ૭ = ૪૯ ભંગ થાય, શેષ સુગમ છે.

સર્વ
વિશુદ્ધ
જ્ઞાન

પ્રતિક્રમણ - સાર આ **સમયસાર કળશ** (૩૪) ચૈતન્ય ભાવના ભાવે છે -

आर्या

**मोहाद्यदहमकार्षं समस्तमपि कर्म तत्प्रतिक्रम्य ।**
**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्त्ते ॥२२६॥**

॥ इति प्रतिक्रमणकल्पः समाप्तः ॥

મોહથી જે મેં કર્યું'તું, પ્રતિક્રમી સમસ્ત પણ તે કર્મ,
વર્ત્તુ નિત્ય આત્માથી, ચૈતન્યાત્મ આત્મમાં નિષ્કર્મ. ૨૨૬

## અમૃત પદ - ૨૨૬

(રાગ - ઉપર પ્રમાણે) 'સિદ્ધ ચક્ર પદ વંદો'

મોહથી જે મેં કર્યું હતું રે, પ્રતિક્રમી સહુ તે કર્મ,
વર્ત્તુ ચૈતન્યાત્મ આત્મમાં રે, આત્માથી નિત્ય નિષ્કર્મ... વર્ત્તુ ચૈતન્યાત્મ આત્મમાં રે.

**અર્થ** - મોહને લીધે જે મેં કર્યું હતું, તે સમસ્ત પણ કર્મ પ્રતિક્રમીને, નિષ્કર્મ એવા ચૈતન્યાત્મ આત્મામાં હું નિત્ય આત્માથી વર્ત્તુ છું. ૨૨૬

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ચિત્તની દશા ચૈતન્યમય રહ્યા કરે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર**, અં. (૨૦૯), ૨૮૦

''આકાશવાણી : તપ કરો, તપ કરો, શુદ્ધ ચૈતન્યનું ધ્યાન કરો, શુદ્ધ ચૈતન્યનું ધ્યાન કરો.''
**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. હાથનોંધ, ૩-૧૦**

ઉપરમાં 'આત્મખ્યાતિના' ગદ્ય ભાગમાં દ્વિક-ત્રિક આદિ સંયોગથી જે ભૂતકાલીન દોષના મિથ્યા દુષ્કૃતના ૪૯ પ્રકાર સ્પષ્ટ વિવરી દેખાડ્યા, તેના સારસમુચ્ચય રૂપ આ પ્રતિક્રમણનો ઉપસંહાર કળશ કહ્યો છે - मोहाद् - મોહને લીધે જે મેં કર્યું હતું તે સમસ્ત પણ પ્રતિક્રમીને, નિષ્કર્મ - કર્મ રહિત એવા ચૈતન્યાત્મ - ચૈતન્ય છે આત્મા જેનો એવા આત્મામાં નિત્ય - સદાય આત્માથી વર્ત્તુ છું - आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्त्ते ।

न करोमि न कारयामि न कुर्वंतमप्यन्यं समनुजानामि मनसा च वाचा च कायेन चेति ॥१॥

न करोमि न कारयामि न कुर्वंतमप्यन्यं समनुजानामि मनसा च वाचा चेति ॥२॥

न करोमि न कारयामि न कुर्वंतमप्यन्यं समनुजानामि वाचा च कायेन चेति ॥३॥

न करोमि न कारयामि न कुर्वंतमप्यन्यं समनुजानामि मनसा कायेन चेति ॥४॥

न करोमि न कारयामि न कुर्वंतमप्यन्यं समनुजानामि मनसा चेति ॥५॥

न करोमि न कारयामि न कुर्वंतमप्यन्यं समनुजानामि वाचा चेति ॥६॥

न करोमि न कारयामि न कुर्वंतम्पयन्यं समनुजानामि कायेन चेति ॥७॥

न करोमि न कारयामि मनसा च वाचा च कायेन चेति ॥८॥

न करोमि न कुर्वंतमप्यन्यं समनुजानामि मनसा च वाचा च कायेन चेति ॥९॥

न कारयामि न कुर्वंतमप्यन्यं समनुजानामि मनसा च वाचा च कायेन चेति ॥१०॥

न करोमि न कारयामि मनसा च वाचा चेति ॥१॥

न करोमि न कुर्वंतमप्यन्यं समनुजानामि मनसा च वाचा चेति ॥१२॥

न कारयामि न कुर्वंतमप्यन्यं समनुजानामि मनसा च वाचा चेति ॥१३॥

न करोमि न कारयामि मनसा च कायेन चेति ॥१४॥

न करोमि न कुर्वंतमप्यन्यं समनुजानामि मनसा च कायेन चेति ॥१५॥

न कारयामि न कुर्वंतमप्यन्यं समनुजानामि मनसा च कायेन चेति ॥१६॥

न करोमि न कारयामि वाचा च कायेन चेति ॥१७॥

न करोमि न कुर्वंतमप्यन्यं समनुजानामि वाचा च कायेन चेति ॥१८॥

न कारयामि न कुर्वंतमपयन्यं समनुजानामि वाचा च कायेन चेति ॥१९॥

न करोमि न कारयामि मनसा चेति ॥२०॥

न करोमि न कुर्वंतमप्यन्यं समनुजानामि मनसा चेति ॥२१॥

न कारयामि न कुर्वंतमप्यन्यं समनुजानामि मनसा चेति ॥२२॥

न करोमि न कारयामि वाचा चेति ॥२३॥

न करोमि न कुर्वंतमप्यन्यं समनुजानामि वाचा चेति ॥२४॥

न कारयामि न कुर्वंतमप्यन्यं समनुजानामि वाचा चेति ॥२५॥

न करोमि न कारयामि कायेन चेति ॥२६॥

न करोमि न कुर्वंतमप्यन्यं समनुजानामि कायेन चेति ॥२७॥

न कारयामि न कुर्वंतमप्यन्यं समनुजानामि कायेन चेति ॥२८॥

न करोमि मनसा च वाचा च कायेन चेति ॥२९॥

न कारयामि मनसा च वाचा च कायेन चेति ॥३०॥

न कुर्वंतमप्यन्यं समनुजानामि मनसा च वाचा च कायेन चेति ॥३१॥
न करोमि मनसा च वाचा चेति ॥३२॥
न कारयामि मनसा च वाचा चेति ॥३३॥
न कुर्वंतमप्यन्यं समनुजानामि मनसा च वाचा चेति ॥३४॥
न करोमि मनसा च कायेन चेति ॥३५॥
न कारयामि मनसा च कायेन चेति ॥३६॥
न कुर्वंतमप्यन्यं समनुजानामि मनसा च कायेन चेति ॥३७॥
न करोमि वाचा च कायेन चेति ॥३८॥
न कारयामि वाचा च कायेन चेति ॥३९॥
न कुर्वंतमप्यन्यं समनुजानामि वाचा च कायेन चेति ॥४०॥
न करोमि मनसा चेति ॥४१॥
न कारयामि मनसा चेति ॥४२॥
न कुर्वंतमप्यन्यं समनुजानामि मनसा चेति ॥४३॥
न करोचि वाचा चेति ॥४४॥
न कारयामि वाचा चेति ॥४५॥
न कुर्वंतमप्यन्यं समनुजानामि वाचा चेति ॥४६॥
न करोमि कायेन चेति ॥४७॥
न कारयामि कायेन चेति ॥४८॥
न कुर्वंतमप्यन्यं समनुजानामि कायेन चेति ॥४९॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

મનથી અને વાચાથી અને કાયથી નથી હું કરતો, નથી હું કરાવતો, નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત (અનુમત-અનુમોદિત) કરતો. ૧

મનથી અને વાચાથી નથી હું કરતો, નથી હું કરાવતો, નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરતો. ૨

મનથી અને કાયથી નથી હું કરતો, નથી હું કરાવતો, નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરતો. ૩

વાચાથી અને કાયથી નથી હું કરતો, નથી હું કરાવતો, નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરતો. ૪

મનથી નથી હું કરતો, નથી હું કરાવતો, નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરતો. ૫

વાચાથી નથી હું કરતો, નથી હું કરાવતો, નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરતો. ૬

કાયથી નથી હું કરતો, નથી હું કરાવતો, નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરતો. ૭

મનથી અને વાચાથી અને કાયથી નથી હું કરતો, નથી હું કરાવતો. ૮

મનથી અને વાચાથી અને કાયથી નથી હું કરતો, નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરતો. ૯

મનથી અને વાચાથી અને કાયથી નથી હું કરાવતો, નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરતો. ૧૦

મનથી અને વાચાથી નથી હું કરતો, નથી હું કરાવતો. ૧૧

મનથી અને વાચાથી નથી હું કરતો, નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરતો. ૧૨
મનથી અને વાચાથી નથી હું કરાવતો, નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરતો. ૧૩
મનથી અને કાયથી નથી હું કરતો, નથી હું કરાવતો. ૧૪
મનથી અને કાયથી નથી હું કરતો, નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરતો. ૧૫
મનથી અને કાયથી નથી હું કરાવતો, નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરતો. ૧૬
વાચાથી અને કાયથી નથી હું કરતો, નથી હું કરાવતો. ૧૭
વાચાથી અને કાયથી નથી હું કરતો, નથી હું કરતાં અન્યને પણ સમનુજ્ઞાત કરતો. ૧૮
વાચાથી અને કાયથી નથી હું કરાવતો, નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરતો. ૧૯
મનથી નથી હું કરતો, નથી હું કરાવતો. ૨૦
મનથી નથી હું કરતો, નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરતો. ૨૧
મનથી નથી હું કરાવતો, નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરતો. ૨૨
વાચાથી નથી હું કરતો, નથી હું કરાવતો. ૨૩
વાચાથી નથી હું કરતો, નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરતો. ૨૪
વાચાથી નથી હું કરાવતો, નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરતો. ૨૫
કાયથી નથી હું કરતો, નથી હું કરાવતો. ૨૬
કાયથી નથી હું કરતો, નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરતો. ૨૭
કાયથી નથી હું કરાવતો, નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરતો. ૨૮
મનથી અને વાચાથી અને કાયથી નથી હું કરતો. ૨૯
મનથી અને વાચાથી અને કાયથી નથી હું કરાવતો. ૩૦
મનથી અને વાચાથી અને કાયથી નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરતો. ૩૧
મનથી અને વાચાથી નથી હું કરતો. ૩૨
મનથી અને વાચાથી નથી હું કરાવતો. ૩૩
મનથી અને વાચાથી નથી હું કરતાં પમ અન્યને સમનુજ્ઞાત કરતો. ૩૪
મનથી અને કાયથી નથી હું કરતો. ૩૫
મનથી અને કાયથી નથી હું કરાવતો. ૩૬
મનથી અને કાયથી નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરતો. ૩૭
વાચાથી અને કાયથી નથી હું કરતો. ૩૮
વાચાથી અને કાયથી નથી હું કરાવતો. ૩૯
વાચાથી અને કાયથી નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરતો. ૪૦
મનથી નથી હું કરતો. ૪૧
મનથી નથી હું કરાવતો. ૪૨
મનથી નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરતો. ૪૩
વાચાથી નથી હું કરતો. ૪૪
વાચાથી નથી હું કરાવતો. ૪૫

વાચાથી નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરતો. ૪૬

કાયથી નથી હું કરતો. ૪૭

કાયથી નથી હું કરાવતો. ૪૮

કાયથી નથી હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરતો. ૪૯

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"હે ભગવાન્ ! હું બહુ ભૂલી ગયો. *** આગળ કરેલાં પાપોનો હું હવે પશ્ચાત્તાપ કરૂં છું." - **શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત મોક્ષમાળા (ક્ષમાપના પાઠ)**

અત્રે 'મનથી વાચાથી અને કાયથી નથી હું કરતો, નથી કરાવતો નથી કરતાં પણ અન્યને સમનુજ્ઞાત - અનુમોદિત કરતો' - એમ વર્ત્તમાન કાળ સંબંધી કર્મના સંન્યાસની - પરિત્યાગની ભાવના અથવા આલોચનાની પ્રક્રિયા પરમ ભાવિતાત્મા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અપૂર્વ આત્મભાવોલ્લાસથી પ્રદર્શિત કરી છે અને તેના સમસ્ત સંભવિત પ્રકારો અત્યંત સ્પષ્ટપણે વિવરી દેખાડી તેના પણ ઉક્ત રીત્યા કુલ (૪૯) ભંગ સ્પષ્ટ સુરેખ પદ્ધતિથી વર્ણવ્યા છે. તે સુગમતાથી સમજવાની રહસ્ય ચાવી પ્રતિક્રમણ પ્રકારાના વિવેચનમાં દર્શાવી તે જ છે. શેષ સુગમ છે.

સર્વ
વિશુદ્ધ
જ્ઞાન

આ આલોચનાસાર **સમયસાર કળશમાં** (૩૫) ચૈતન્યભાવના ભાવે છે -

आर्या

**मोहविलासविज्जृंभितमिदमुदयत्कर्म सकलमालोच्य ।**
**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते ॥२२७॥**

॥ इति आलोचनाकल्पः ॥

મોહ વિલાસ વિજૃંભિત આ, આલોચી ઉદય તું સકલ કર્મ,
વર્ત્તુ નિત્ય આત્માથી, ચૈતન્યાત્મ આત્મમાં **નિષ્કર્મ.** ૨૨૭

## અમૃત પદ - ૨૨૭

(ઢાળ - પૂર્વોક્ત)

મોહ વિલાસ આલોચી આ રે, ઉદય તું સહુ કર્મ,
વર્તું ચૈતન્યાત્મ આત્મમાં રે, આત્માથી નિત્ય નિષ્કર્મ... વર્તું ચૈતન્યાત્મ આત્મમાં રે...

**અર્થ** - આ ઉદય પામતા કર્મને સકલને મોહ વિલાસ વિજૃંભિત આલોચીને નિષ્કર્મ એવા ચૈતન્યાત્મ આત્મામાં હું નિત્ય આત્માથી વર્તું છું. ૨૨૭

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''પરબ્રહ્મ વિચાર તો એમને એમ રહ્યા જ કરે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૦૭**

''કોઈ બ્રહ્મરસના ભોગી, કોઈ બ્રહ્મરસના ભોગી,
જાણે કોઈ વિરલા યોગી, કોઈ બ્રહ્મરસના ભોગી.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, હાથનોંધ, ૨-૨૦**

ઉપરમાં વર્તમાન કાળ સંબંધી દોષની આલોચનાના ૪૯ પ્રકાર એક-દ્વિક-ત્રિક સંયોગથી વિવરી બતાવ્યા તેના સારસમુચ્ચય રૂપ આ ઉપસંહાર કળશ કહ્યો છે - આ ઉદય પામી રહેલા સકલ કર્મને મોહ વિલાસ વિજજૃંભિત - 'मोहविलासविज्जृंभितं' - મોહ વિલાસનું વિજજૃંભિત - ચેષ્ટિત આલોચીને, નિષ્કર્મ - કર્મ રહિત એવા, ચૈતન્ય જેનો આત્મા છે એવા ચૈતન્યાત્મ - ચૈતન્ય સ્વરૂપ આત્મામાં હું નિત્ય આત્માથી વર્તું છું - आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते ।

न करिष्यामि न कारयिष्यामि न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि मनसा च वाचा च कायेन ॥१॥

न करिष्यामि न कारयिष्यामि न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि मनसा च वाचा चेति ॥२॥

न करिष्यामि न कारयिष्यामि न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि मनसा च कायेन चेति ॥३॥

न करिष्यामि न कारयिष्यामि न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि वाचा च कायेन चेति ॥४॥

न करिष्यामि न कारयिष्यामि न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि मनसा चेति ॥५॥

न करिष्यामि न कारयिष्यामि न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि वाचा चेति ॥६॥

न करिष्यामि न कारयिष्यामि न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि कायेन चेति ॥७॥

न करिष्यामि न कारयिष्यामि मनसा च वाचा च कायेन चेति ॥८॥

न करिष्यामि न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि मनसा च वाचा च कायेन चेति ॥९॥

न कारयिष्यामि न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि मनसा च वाचा च कायेन चेति ॥१०॥

न करिष्यामि न कारयिष्यामि मनसा च वाचा चेति ॥११॥

न करिष्यामि न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि मनसा च वाचा चेति ॥१२॥

न कारयिष्यामि न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि मनसा च वाचा चेति ॥१३॥

न करिष्यामि न कारयिष्यामि मनसा च कायेन चेति ॥१४॥

न करिष्यामि न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि मनसा च कायेन चेति ॥१५॥

न कारयिष्यामि न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि मनसा च कायेन चेति ॥१६॥

न करिष्यामि न कारयिष्यामि वाचा च कायेन चेति ॥१७॥

न करिष्यामि न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि वाचा च कायेन चेति ॥१८॥

न कारयिष्यामि न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि वाचा च कायेन चेति ॥१९॥

न करिष्यामि न कारयिष्यामि मनसा चेति ॥२०॥

न करिष्यामि न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि मनसा चेति ॥२१॥

न कारयिष्यामि न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि मनसा चेति ॥२२॥

न करिष्यामि न कारयिष्यामि वाचा चेति ॥२३॥

न करिष्यामि न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि वाचा चेति ॥२४॥

न कारयिष्यामि न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि वाचा चेति ॥२५॥

न करिष्यामि न कारयिष्यामि कायेन चेति ॥२६॥

न करिष्यामि न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि कायेन चेति ॥२७॥

न कारयिष्यामि न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि कायेन चेति ॥२८॥

न करिष्यामि मनसा वाचा कायेन चेति ॥२९॥

न कारयिष्यामि मनसा वाचा कायेन चेति ॥३०॥

न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि मनसा वाचा कायेन चेति ॥३१॥

न करिष्यामि मनसा वाचा चेति ॥३२॥

न कारयिष्यामि मनसा वाचा चेति ॥३३॥

न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि मनसा वाचा चेति ॥३४॥

न करिष्यामि मनसा च कायेन चेति ॥३५॥

न कारयिष्यामि मनसा च कायेन चेति ॥३६॥

न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि मनसा च कायेन चेति ॥३७॥

न करिष्यामि वाचा च कायेन चेति ॥३८॥

न कारयिष्यामि वाचा च कायेन चेति ॥३९॥

न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि वाचा च कायेन चेति ॥४०॥

न करिष्यामि मनसा चेति ॥४१॥

न कारयिष्यामि मनसा चेति ॥४२॥

न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि मनसा चेति ॥४३॥

न करिष्यामि वाचा चेति ॥४४॥

न कारयिष्यामि वाचा चेति ॥४५॥

न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि वाचा चेति ॥४६॥

न करिष्यामि कायेन चेति ॥४७॥

न कारयिष्यामि कायेन चेति ॥४८॥

न कुर्वंतमप्यन्यं समनुज्ञास्यामि कायेन चेति ॥४९॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

મનથી અને વાચાથી અને કાયથી ન હું કરીશ, ન હું કરાવીશ, ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૧

મનથી અને વાચાથી ન હું કરીશ, ન હું કરાવીશ, ન હું કરતા પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૨

મનથી અને કાયથી ન હું કરીશ, ન હું કરાવીશ, ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૩

વાચાથી અને કાયથી ન હું કરીશ, ન હું કરાવીશ, ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૪

મનથી ન હું કરીશ, ન હું કરાવીશ, ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૫

વાચાથી ન હું કરીશ, ન હું કરાવીશ, ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૬

કાયથી ન હું કરીશ, ન હું કરાવીશ, ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૭

મનથી અને વાચાથી અને કાયથી ન હું કરીશ, ન હું કરાવીશ. ૮

મનથી અને વાચાથી અને કાયથી ન હું કરીશ, ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૯

મનથી અને વાચાથી અને કાયથી ન હું કરાવીશ, ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૧૦

મનથી અને વાચાથી ન હું કરીશ, ન હું કરાવીશ. ૧૧

મનથી અને વાચાથી ન હું કરીશ, ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૧૨
મનથી અને વાચાથી ન હું કરાવીશ, ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૧૩
મનથી અને કાયથી ન હું કરીશ, ન હું કરાવીશ. ૧૪
મનથી અને કાયથી ન હું કરાવીશ, ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૧૫
મનથી અને કાયથી ન હું કરાવીશ, ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૧૬
વાચાથી અને કાયથી ન હું કરીશ, ન હું કરાવીશ. ૧૭
વાચાથી અને કાયથી ન હું કરીશ, ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૧૮
વાચાથી અને કાયથી ન હું કરાવીશ, ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૧૯
મનથી ન હું કરીશ, ન હું કરાવીશ. ૨૦
મનથી ન હું કરીશ, ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૨૧
મનથી ન હું કરાવીશ, ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૨૨
વાચાથી ન હું કરીશ, ન હું કરાવીશ. ૨૩
વાચાથી ન હું કરીશ, ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૨૪
વાચાથી ન હું કરાવીશ, ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૨૫
કાયથી ન હું કરીશ, ન હું કરાવીશ. ૨૬
કાયથી ન હું કરીશ, ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૨૭
કાયથી ન હું કરાવીશ, ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૨૮
મનથી વાચાથી અને કાયથી ન હું કરીશ. ૨૯
મનથી વાચાથી અને કાયથી ન હું કરાવીશ. ૩૦
મનથી વાચાથી અને કાયથી ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૩૧
મનથી અને વાચાથી ન હું કરીશ. ૩૨
મનથી અને વાચાથી ન હું કરાવીશ. ૩૩
મનથી અને વાચાથી ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૩૪
મનથી અને કાયથી ન હું કરીશ. ૩૫
મનથી અને કાયથી ન હું કરાવીશ. ૩૬
મનથી અને કાયથી ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૩૭
વાચાથી અને કાયથી ન હું કરીશ. ૩૭
વાચાથી અને કાયથી ન હું કરીશ. ૩૮
વાચાથી અને કાયથી ન હું કરાવીશ. ૩૯
વાચાથી અને કાયથી ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૪૦
મનથી ન હું કરીશ. ૪૧
મનથી ન હું કરાવીશ. ૪૨
મનથી ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૪૩
વાચાથી ન હું કરીશ. ૪૪

વાચાથી ન હું કરાવીશ. ૪૫

વાચાથી ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૪૬

કાયથી ન હું કરીશ. ૪૭

કાયથી ન હું કરાવીશ. ૪૮

કાયથી ન હું કરતાં પણ અન્યને સમનુજ્ઞાત કરીશ. ૪૯

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"સર્વ પ્રકારની ક્રિયાનો, યોગનો, જપનો, તપનો અને તે સિવાયના પ્રકારનો લક્ષ એવો રાખજો કે આત્માને છોડવા માટે સર્વે છે, બંધનને માટે નથી." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૧૬), ૧૮૩**

અત્રે પણ 'મનથી વાચાથી અને કાયથી ન હું કરીશ, ન હું કરાવીશ, ન હું અન્ય કરતાને પણ સમનુજ્ઞાત - અનુમોદિત કરીશ' - એમ ભવિષ્ય કાળ સંબંધી કર્મના સંન્યાસની - પરિત્યાગની ભાવના અથવા પ્રત્યાખ્યાનની પ્રક્રિયા પરમ ભાવિતાત્મા **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** અપૂર્વ આત્મભાવોલ્લાસથી પ્રદર્શિત કરી છે અને તેના સમસ્ત સંભવિત પ્રકારો અત્યંત સ્પષ્ટપણે વિવરી દેખાડી તેના પણ ઉક્ત રીત્યા કુલ (૪૯) ભંગ સ્પષ્ટ સુરેખ પદ્ધતિથી વર્ણવ્યા છે. તે સુગમતાથી સમજવાની રહસ્ય ચાવી પ્રતિક્રમણ પ્રકારોના વિવેચનમાં દર્શાવી તે જ છે. શેષ સુગમ છે.

આ પ્રત્યાખ્યાન સાર **સમયસાર કળશમાં** (૩૬) ચૈતન્ય ભાવના ભાવે છે -

आर्या

**प्रत्याख्याय भविष्यत्कर्म समस्तं निरस्तसंमोहः ।**

**आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते ॥२२८॥**

॥ इति प्रत्याख्यानकल्पः समाप्तः ॥

મોહ ફગાવી દીધો તે, એવો હું પચ્ચખી ભાવિ સહુ કર્મ;
વર્તું નિત્ય આત્માથી ચૈતન્યાત્મ આત્મમાં નિષ્કર્મ. ૨૨૮

## અમૃત પદ - ૨૨૮

(રાગ - પૂર્વોક્ત)

મોહ ફગાવી પચ્ચખી રે, ભવિષ્યનું સહુ કર્મ,
વર્તું ચૈતન્યાત્મ આત્મમાં રે, આત્માથી નિત્ય નિષ્કર્મ... વર્તું ચૈતન્યાત્મ આત્મમાં રે.

**અર્થ** - ભવિષ્યત્ કર્મ સમસ્ત પ્રત્યાખ્યાન કરીને જેણે મોહ નિરસ્ત કર્યો છે એવો હું નિષ્કર્મ એવા ચૈતન્યાત્મ આત્મામાં નિત્ય આત્માથી વર્તું છું. ૨૨૮

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''હું કેવળ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ સહજ નિજ અનુભવ સ્વરૂપ છું.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૪૭**

''પ્રથમ ચૈતન્ય જિન પ્રતિમા થા. ચૈતન્ય જિન પ્રતિમા થા.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, હાથનોંધ**

એમ ઉપરમાં ભવિષ્ય કાળ સંબંધી દોષોમાંથી નિવર્ત્તવા રૂપ પ્રત્યાખ્યાનના એક-દ્વિક-ત્રિક સંયોગથી ૪૯ પ્રકાર વિવરી દેખાડ્યા, તેના સારસમુચ્ચય રૂપ આ ઉપસંહાર કળશમાં પરમ ભાવિતાત્મા **અમૃતચંદ્રજી મહામુનીંદ્રે** નિષ્કર્મ એવા ચૈતન્યાત્મ આત્મામાં નિત્ય વર્ત્તવાની ભાવનાની ઓર વજ્રલેપ દૃઢના કરાવી છે - ભવિષ્યત્ - ભવિષ્ય કાળ સંબંધી કર્મ સમસ્ત પ્રત્યાખ્યાન કરીને, જેણે સંમોહને નિરસ્ત કર્યો છે, निरस्तसंमोहः - સર્વથા અસ્ત પમાડી દીધો છે અથવા નિતાંતપણે દૂર ફગાવી દીધો છે, એવો હું નિષ્કર્મ - સર્વથા કર્મ રહિત એવા ચૈતન્યાત્મ - ચૈતન્ય સ્વરૂપ આત્મામાં નિત્ય સદાય આત્માથી વર્તું છું - आत्मनि चैतन्यात्मनि निष्कर्मणि नित्यमात्मना वर्ते ।

આમ ત્રિ-કાલી કર્મ ફગાવી દઈ આ સમયસાર કળશમાં (૩૭) ચિન્માત્ર આત્મા આલંબે છે -

उपजाति

**समस्तमित्येवमपास्य कर्म,**
**त्रैकालिकं शुद्धनयावलंबी ।**
**विलीनमोहो रहितो विकारै -**
**श्चिन्मात्रमात्मानमथावलंबे ॥२२९॥**

ફગાવી સૌ કર્મ ત્રિકાળ અંગી,
એ રીતથી શુદ્ધ નયાવલંબી;
વિલીન મોહો હું વિકારહીનો,
આલંબું ચિન્માત્ર જ આત્મ લીનો. ૨૨૯

**અમૃત પદ - ૨૨૯**

**(ઢાળ - એ જ)**

એમ સમસ્ત નિરસ્ત કરી રે, ત્રૈકાલિક આ કર્મ,
શુદ્ધ નય અવલંબતો રે, એવો હું આ ત્રિકાલ વિષયી નિષ્કર્મ... વર્તું ચૈતન્યાત્મ આત્મમાં રે. ૧
મોહ વિલીન જેનો થયો રે, થયો જે રહિત વિકાર,
એવો હું અવલંબું હવે રે, આત્મા ચિન્માત્ર જ સાર... વર્તું ચૈતન્યાત્મ આત્મમાં રે. ૨

**અર્થ** - એવા પ્રકારે એમ ત્રૈકાલિક સમસ્ત કર્મ ફગાવી દઈને, શુદ્ધનયાવલંબી, વિલીનમોહ, વિકારોથી રહિત એવો હું હવે ચિન્માત્ર આત્માને અવલંબું છું. ૨૨૯

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્મા બ્રહ્મ સમાધિમાં છે. મન વનમાં છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૪૭**

આમ ત્રિકાલ સંબંધી કર્મથી નિવર્તી, કર્મસંન્યાસ ભાવના નટાવી, નિર્મોહ આત્મા આત્માવલંબનની કેવી દૃઢ ભાવના કરે છે તે પરમ ભાવિતાત્મા **અમૃતચંદ્રાચાર્યજી** આ કળશમાં દર્શાવે છે - એવા પ્રકારે એમ ઉપરમાં અત્યંત વિસ્તારથી સ્પષ્ટ વિવરી દેખાડ્યું તેમ ત્રૈકાલિક - ત્રણે કાળ સંબંધી સમસ્ત કર્મ અપાસ્ત કરી - એકી ઝપાટે ફગાવી દઈ, शुद्धनयावलंबी - શુદ્ધનયાવલંબી - શુદ્ધ નયને જે અવલંબી રહ્યો છે, અત એવ મોહ જેનો વિલીન થયો છે - विलीनमोहो, અત એવ વિકારોથી જે રહિત છે - रहितो विकारैः, એવો હું હવે ચિન્માત્ર આત્માને અવલંબુ છું. चिन्मात्रमात्मानमथावलंबे ।

કારણકે પરમ પરમાર્થ ગંભીર સૂત્રાત્મક શૈલીના મહાન્ કલાકાર **'આત્મખ્યાતિ'સૂત્ર કર્ત્તાએ** સ્વયં આ વસ્તુ પણ અત્ર પૂર્ણ વિસ્તારથી વર્ણવી છે અને આત્માને સમસ્ત પરભાવ - વિભાવ વોસરાવી શુદ્ધ સ્વભાવમાં જ વિશ્રામી કરવાને અર્થે આ **કર્મસંન્યાસ ભાવનાનો** પ્રત્યેકે પ્રત્યેક પ્રકાર પ્રસ્પષ્ટપણે અપૂર્વ ભાવથી નટાવતાં તેના તૃતીય અંગભૂત આ **'પ્રત્યાખ્યાન કલ્પ'** - પ્રત્યાખ્યાન સંબંધી જ્ઞાની પુરુષોએ કલ્પેલો આચારવિધિ અપૂર્વપણે અપૂર્વ અલૌકિક શૈલીથી પ્રકાશ્યો છે અને પ્રત્યાખ્યાનનો પરમાર્થ અર્થ અને ઈષ્ટ ઉદ્દેશ પણ એ જ છે. પ્રતિ = સામું આખ્યા = કહી દેવું, નિષેધ કરવો, ના ના આ મ્હારૂં નથી એમ સમજી પરભાવ - વિભાવને ગ્રહવાની ના પાડવી, આવ્યા પ્હેલાં જ તે અનાગત પરભાવ - વિભાવને સામેથી જ કહી દેવું કે ના, ના, હવે પછી હું તને ગ્રહણ નહિ જ કરૂં એમ પરભાવ - વિભાવની કે મન-વચન-કાયાના કર્મનો ભાવિ પરિત્યાગ કરવાની પ્રતિજ્ઞા લેવી તે પ્રત્યાખ્યાન અને એમ ભાવિ પરભાવ - વિભાવના કે મન-વચન-કાયાના કર્મના પરિત્યાગની પ્રતિજ્ઞા કરી ભવિષ્યમાં પણ બાધા ન ઉપજે એમ આત્માને સ્વભાવમાં સુસ્થિર રાખવો તે જ પ્રત્યાખ્યાનનો ઈષ્ટ ઉદ્દેશ છે.

કારણકે **'નિયમસાર'માં** કહ્યું છે તેમ - 'સકલ* જલ્પ મૂકીને, અનાગત (ભાવી) શુભ-અશુભનું વારણ કરી જે આત્માને ધ્યાવે છે, તેને પચ્ચખાણ - પ્રત્યાખ્યાન હોય છે. કેવલજ્ઞાન સ્વભાવ, કેવલ દર્શન સ્વભાવ, સુખમય, કેવલશક્તિ સ્વભાવ તે હું છું - 'સોહં એમ જ્ઞાની ચિંતવે. જ્ઞાન દર્શન લક્ષણ શાશ્વત આત્મા જ એક મ્હારો છે, શેષ સર્વ સંયોગ લક્ષણ ભાવો મ્હારાથી બાહ્ય છે. (માટે) હું મમતા પરિવર્જું છું, નિર્મમતામાં ઉપસ્થિત છું, મ્હારૂં આલંબન આત્મા છે અને અવશેષ - બાકી બીજું બધું હું વોસરૂં છું - પરિત્યજું છું. નિશ્ચયે કરીને આત્મા જ મ્હારૂં જ્ઞાન છે, આત્મા મ્હારૂં દર્શન અને ચારિત્ર છે, આત્મા જ મ્હારૂં પ્રત્યાખ્યાન છે, આત્મા જ મ્હારો સંવર યોગ છે'; અને એવું પરમાર્થ - પ્રત્યાખ્યાન જે કરે છે તે આત્મા જ પોતે સાક્ષાત્ મૂર્તિમાન્ પ્રત્યાખ્યાન બની આત્મામાં જ ચરનારો - રમણ કરનારો સાક્ષાત્ ચારિત્રમૂર્તિ શુદ્ધોપયોગી શ્રમણ હોય છે, એટલે આ પ્રત્યાખ્યાનને 'કલ્પ' - આચારવિધિ - ચારિત્ર પ્રકાર કહ્યો તે પણ યથાર્થ જ છે.

કારણકે એક અક્ષર પણ ન્યૂનાધિક નહિ એવી સંક્ષિપ્ત પરમ અદ્ભુત અલૌકિક **પરમાર્થઘન સૂત્રાત્મક શૈલીના મહાન્ શિલ્પી 'આત્મખ્યાતિ' સૂત્રકર્ત્તાએ** પણ સ્વયં આ વસ્તુ અતીવ ઉપયોગી જાણી અત્ર અતિ વિસ્તારથી વર્ણવી છે અને આત્માને સમસ્ત કર્મ પ્રકારથી વ્યાવૃત્ત કરી આત્મામાં જ આણવાને અર્થે આ **કર્મસંન્યાસ** ભાવનાનો પ્રત્યેકે પ્રત્યેક પ્રકાર પ્રસ્પષ્ટપણે અપૂર્વ ભાવથી નટાવતાં, તેના પ્રથમ અંગભૂત આ **'પ્રતિક્રમણ કલ્પ'** - પ્રતિક્રમણ સંબંધી જ્ઞાની પુરુષોએ કલ્પેલો આચાર વિધિ પ્રકાશ્યો છે અને પ્રતિક્રમણનો પરમાર્થ અર્થ અને ઈષ્ટ ઉદ્દેશ પણ એ જ છે. 'સ્વસ્થાનથી જે પ્રમાદના વશે કરીને પરસ્થાને ગયો હતો તેનું ત્યાં જ પુનઃ (પ્રતિ-પાછું) ક્રમણ - ગમન તે **'પ્રતિક્રમણ* કહેવાય છે.' પૌદ્ગલિક પરભાવ રૂપ મન-વચન-કાયાના યોગ એ ઉપયોગ રૂપ 'સ્વસ્થાનથી' - આત્મસ્થાનથી પ્રચ્યુતિ રૂપ પ્રમાદ છે, એટલે મન-વચન-કાયાના શુભાશુભ યોગરૂપ સમસ્ત પ્રકારના પરસ્થાનથી પાછા વાળી - 'પ્રતિ' - પાછું 'ક્રમણ' - ગમન કરી, તે જ ઉપયોગરૂપ 'સ્વસ્થાનમાં' - આત્મસ્થાનમાં 'પ્રતિ' - પાછું 'ક્રમણ' - ગમન કરવું તે 'પ્રતિક્રમણ.' અર્થાત્ પરભાવ - વિભાવમાંથી પાછા વળી સ્વભાવમાં પાછા આવવું એ જ 'પ્રતિક્રમણ'નો ઈષ્ટ પરમાર્થ ઉદ્દેશ છે અને એવું પરમાર્થ પ્રતિક્રમણ જે કરે છે તે આત્મા જ પોતે સાક્ષાત્ મૂર્તિમાન્ 'પ્રતિક્રમણ' બની આત્મામાં જ ચરનારો - રમણ કરનારો સાક્ષાત્ ચારિત્રમૂર્તિ હોય છે, એટલે આ પ્રતિક્રમણને 'કલ્પ' - આચાર વિધિ - ચારિત્ર પ્રકાર કહ્યો તે પણ યથાર્થ જ છે.**

કારણકે પરમ પરમાર્થ ગંભીર સૂત્ર શૈલીના અનન્ય પુરસ્કર્ત્તા **પરમ ભાવિતાત્મા 'આત્મખ્યાતિ' સૂત્રકર્ત્તાએ** આ વસ્તુ અત્યંત વિસ્તારથી વર્ણવી છે અને આત્માને સમસ્ત કર્તા ભાવ છોડાવી કેવળ દૃષ્ટા-જ્ઞાતા ભાવમાં સ્થિર કરવાને અર્થે **કર્મસંન્યાસ** ભાવનાનો પ્રત્યેકે પ્રત્યેક પ્રકાર પ્રસ્પષ્ટપણે અપૂર્વ ભાવથી નટાવતાં, તેના દ્વિતીય અંગભૂત આ **'આલોચના કલ્પ'** - આલોચના સંબંધી જ્ઞાની પુરુષોએ કલ્પેલો આચારવિધિ પ્રકાશ્યો છે અને આલોચનાનો **પરમાર્થ અર્થ** અને ઈષ્ટ ઉદ્દેશ પણ એ જ છે.

---

* "मोत्तूण सयल जप्पमणागय सुहमसुहवारणं किचा ।
अप्पाणं जो झायदि पचक्खाणं हवे तस्स ॥
केवलणाण सहावो केवलदंसणसहावसुहमइओ ।
केवलसत्तिसहवदो सोहं इदि चिंतए णाणी ॥
एको मे सासओ अप्पा णाणदंसण लक्खक्णो ।
सेसा मे बाहिरा भावा सव्वे संजोग लक्खक्णा ॥
ममत्तिं परिवज्जामि णिम्ममत्तिमुवट्ठिदो ।
आलंबणं च मे आदा अवसेसं च वोसरे ॥
आदा खु मज्झ णाणे आदा मे दंसणे चरित्ते य ।
आदा पचक्खाणे आदा मे संवरे जोगे ॥" - શ્રી કુંદકુંદાચાર્યજી પ્રણીત શ્રી 'નિયમસાર'

* "स्वस्थानात्यत्परस्थानं प्रमादस्य वशाद् गतः ।
तत्रैव क्रमणं भूयः प्रतिक्रमणमुच्यते ॥"

પ્રત્યેકે પ્રત્યેક પરભાવ - વિભાવને આલોચવો - વીણી વીણીને લુંચી નાંખવોને માત્ર આલોચવું - અવલોકવું - જોયા કરવું એ જ **'આલોચના'**નો અર્થ છે, સમસ્ત કર્તૃત્વ ભાવ છોડી માત્ર સાક્ષી રૂપે **કેવલી દૃષ્ટા-જ્ઞાતા ભાવે** આલોચ્યા કરવું - જોયા કરવું એ જ **આલોચનાનો** ઉદ્દેશ છે અને એવી આલોચના જે કરે તે આત્મા જ પોતે કેવલ સાક્ષી રૂપ દૃષ્ટા જ્ઞાતાભાવે આલોચનારો સાક્ષાત્ મૂર્તિમાન્ 'આલોચના' બની આત્મામાં ચરનારો - રમણ કરનારો સાક્ષાત્ ચારિત્રમૂર્ત્તિ હોય છે. એટલે આ આલોચનાને પણ 'કલ્પ' - જ્ઞાની પુરુષોનો આચાર વિધિ - ચારિત્ર પ્રકાર કહ્યો તે પણ યથાર્થ જ છે.

કારણકે આ અંગે **શ્રી 'નિયમસાર'માં આલોચનાધિકારે** પ્રકાશ્યું છે તેમ - 'નોકર્મ* અને કર્મથી રહિત, વિભાવ ગુણ પર્યાયથી વ્યતિરિક્ત (જૂદા) એવા આત્માને જે ધ્યાવે છે, તે શ્રમણને **'આલોયણ'** - આલોચન હોય છે. આલોયણ (આલોચન) આલુંછન, વિકટીકરણ અને ભાવશુદ્ધિ એમ અહીં ચતુર્વિધ - ચાર પ્રકારનું આલોયણ લક્ષણ સમયમાં - શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે - (૧) જે પરિણામને સમભાવમાં સંસ્થાપીને આત્માને દેખે છે (આલોચે છે - અવલોકે છે) તેને **'આલોયણ' (આલોચન)** જાણો એમ પરમ જિનેન્દ્રનો ઉપદેશ છે. (૨) કર્મમહીરૂહના - કર્મવૃક્ષના મૂલચ્છેદમાં સમર્થ એવો સ્વકીય પરિણામ રૂપ સ્વાધીન સમભાવ તે **'આલુંછન'** એમ સમુદ્દિષ્ટ છે. (આલુંછન = સર્વથા લૂંછી નાંખવું - ભૂંસી નાંખવું, મૂળથી છેદી નાંખવું). (૩) વિમલગુણ નિલય - વિમલ ગુણના નિવાસ ધામ એવા આત્માને મધ્યસ્થ ભાવનાએ કરી કર્મથી ભિન્ન ભાવે તે **'વિકટીકરણ'** એમ જાણવું. (૪) મદ-માન-માયા-લોભથી વિવર્જિત - સર્વથા રહિત એવો ભાવ તે **'ભાવશુદ્ધિ'** એમ લોકાલોક પ્રદર્શીઓએ ભવ્યોને પરિકથિત કર્યું છે - સર્વથા કથન કર્યું છે.

આમ **આલોચના પરમાર્થ** પ્રમાણે જે સમભાવભાવી આત્મપરિણામમાં સ્થિત આત્મા આત્માને આલોચવા - દેખવા રૂપ **'આલોચન'** કરે છે, કર્મ વૃક્ષનું મૂળ લૂંછી - છેદી નાંખવા રૂપ **'આલુંછન'** કરે છે, આત્માને કર્મથી ભિન્ન ભાવવા રૂપ **'વિકટીકરણ'** કરે છે અને મદ-માનાદિ વિભાવથી વિરહિત એવો શુદ્ધ આત્મભાવ ધરવા રૂપ **'ભાવશુદ્ધિ'** કરે છે - એવો ચતુર્વિધ આલોચના કલ્પ - આચાર વિધિ જે આચરે છે, તે આલોચના આચરનારો સાક્ષાત્ આલોચના સ્વરૂપ આત્મા સાક્ષાત્ શુદ્ધ આત્મામાં ચરનારો - રમણ કરનારો સાક્ષાત્ ચારિત્રમૂર્ત્તિ હોય છે, તે જ સાક્ષીરૂપ કેવલ દૃષ્ટા જ્ઞાતા ભેદ વિજ્ઞાની જ્ઞાનદશાને પામેલો **શુદ્ધોપયોગ દશાસંપન્ન** સાચો **'શ્રમણ'** હોય છે, તે જ શુદ્ધ આત્માનુભૂતિ રૂપ જ્ઞાન ચેતના સંચેતનારો ચેતયિતા શુદ્ધ ચૈતન્યમૂર્ત્તિ હોય છે અને તે જ સર્વ પરભાવ - વિભાવથી વિરહિત સહજ સ્વભાવભૂત આત્મ સ્વરૂપનો સ્વામી સાક્ષાત્ **'સહજાત્મ સ્વરૂપ'** હોય છે.

---

* "णोकम्मकम्मरहियं विहावगुणपज्जएहिं विदिरित्तं ।
अप्पाणं जो झायदि समणस्सालोयणं होदि ॥
आलोयणमालुंछण वियडीकरणं च भावसुद्धी य ।
चउविहमिह परिकहियं आलोयण लक्खणं समए ॥
जो पस्सदि अप्पाणं समभावे संठवित्तु परिणामं ।
आलोयणमिदि जाणह परमजिणंदस्स उवएसं ॥
कम्ममहीरुहमूलच्छेदसमत्थो सकीय परिणामो ।
साहीणो समभावो आलुंछणमिदि समुद्दिट्ठं ॥
कम्मादो अप्पाणं भिण्णं भावइ विमलगुणणिलयं ।
मज्झत्थ भावणाए वियडीकरणं त्ति विण्णेयं ॥
मदमाण माय लोह विवज्जित भावो दु भावसुद्धि त्ति ।
परिकहियं भव्वाणं लोयालोयप्पदरिसिहिं ॥" - શ્રી કુંદકુંદાચાર્યજી પ્રણીત શ્રી 'નિયમસાર'

अथ सकलकर्मफलसंन्यासभावनां नाटयति -

હવે સકલ કર્મફલ સંન્યાસ ભાવના આ **સમયસાર કળશમાં** (૩૮) નટાવે છે -

आर्या

**विगलंतु कर्मविषतरुफलानि मम भुक्तिमंतरेणैव ।**
**संचेतयेऽहमचलं चैतन्यात्मानमात्मानं** ॥२३०॥

ભુક્તિ વિના જ અહીં મ્હારી, કર્મ વિષતરુ ફલો ગળી જજો !
સંચેતું છું હું અચલં ભોગવટા વિણ જ મ્હારા, ચૈતન્યાત્મ આત્મને આ જો ! ૨૩૦

## અમૃત પદ - ૨૩૦

(ઢાળ - એ જ)

કર્મ વિષતરુ ફળો ગળો રે, ભોગવ્યા વિણ મ્હારા જ,
સંચેતું છું હું અચલ આ રે, ચૈતન્યાત્મ આત્મા જ... વર્તું ચૈતન્યાત્મ આત્મમાં રે.

**અર્થ** - હવે સકલ કર્મફલ સંન્યાસ ભાવના નટાવે છે - કર્મ વિષતરુના ફલો મ્હારી ભુક્તિ (ભોગવટા) વિના જ વિગળી જાઓ ! હું અચલ એવા ચૈતન્યાત્મ આત્માને સંચેતું છું. ૨૩૦

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જગત્‌માંથી જે પરમાણુ પૂર્વકાળે ભેળાં કર્યાં છે, તે હળવે હળવે તેને આપી દઈ ઋણ મુક્ત થવું, એ જ તેની (રાજચંદ્રની પોતાની) સદા સઉપયોગી, વહાલી, શ્રેષ્ઠ અને પરમ જિજ્ઞાસા છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૪૮), ૩૭**

આમ **સકલ કર્મ સંન્યાસભાવનાનું** નાટક કરાવી, પરમ અધ્યાત્મ નાટ્યકાર **પરમ ભાવિતાત્મા મહાત્મા અમૃતચંદ્રજી સકલ કર્મફલ સંન્યાસ ભાવનાનું** નાટક કરાવવાનો ઉપક્રમ કરતાં, તે ભાવનાના બીજમંત્ર રૂપ આ કળશ કાવ્ય પરમ આત્મભાવોલ્લાસથી લલકારે છે - विगलंतु कर्मविषतरुफलानि - કર્મ વિષતરુના ફલો વિગલી જાઓ ! આ જ વિસ્તારથી વર્ણવવામાં આવે છે તે કર્મ વિષવૃક્ષના - કર્મરૂપ ઝેરી ઝાડના ઉદય વિપાક રૂપ ફળો વિગલો - વિશેષે કરીને સર્વથા ગળી જાઓ ! ખરી પડો ! નિર્જરી જાઓ ! કેવી રીતે ? मम भुक्तिमंतरेणैव - મ્હારી ભુક્તિ - ભોગવટા વિના જ, આ કર્મફલો હું છું એમ વેદવા - ચેતવા વિના જ - વગર ભોગવ્યે જ આ કર્મ વિષવૃક્ષના ફળો ગળી જાઓ ! પોતપોતાનો ઉદય વિપાક ભાવ ભજવી નિર્જરી જાઓ ! મ્હારી તેમાં આત્મબુદ્ધિ છે જ નહિ, એટલે હું તેને ચેતતો જ નથી, પણ હું તો કોઈ પણ પરભાવથી ચલાયમાન ન થાય એવા અચલ ચૈતન્ય છે આત્મા જેનો એવા ચૈતન્યાત્મ આત્માને સંચેતું છું - સમ્યક્‌પણે ચેતું છું - અનુભવું છું - संचेतयेहमचलं चैतन्यात्मानमात्मानं ।

અને તથા પ્રકારે પ્રત્યેક કર્મ પ્રકાર અંગે **'ચૈતન્યાત્મા આત્માને જ હું સંચેતું છું'** - એવી 'ધૂન' **અમૃતચંદ્રજીએ** ગજવી છે -

**नाहं मतिज्ञानावरणीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये** ॥१॥
**नाहं श्रुतज्ञानावरणीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये** ॥२॥
**नाहमवधिज्ञानावरणीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये** ॥३॥
**नाहं मनःपर्ययज्ञानावरणीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये** ॥४॥
**नाहं केवलज्ञानावरणीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये** ॥५॥

नाहं चक्षुर्दर्शनावरणीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥६॥
नाहम चक्षुर्दर्शनावरणीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥७॥
नाहमवधिदर्शनावरणीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥८॥
नाहं केवलदर्शनावरणीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥९॥
नाहं निद्रादर्शनावरणीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१०॥
नाहं निद्रानिद्रादर्शनावरणीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥११॥
नाहं प्रचलादर्शनावरणीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१२॥
नाहं प्रचलाप्रचलादर्शनावरणीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१३॥
नाहं स्त्यानगृद्धिदर्शनावरणीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१४॥
नाहं सातवेदनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१५॥
नाहमसातवेदनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१६॥
नाहं सम्यक्त्वमोहनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१७॥
नाहं मिथ्यात्वमोहनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१८॥
नाहं सम्यक्त्वमिथ्यामोहनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१९॥
नाहं अनंतानुबंधिक्रोधकषायवेदनीयमोहनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥२०॥
नाहं अप्रत्याख्यानावरणीयक्रोधकषायवेदनीयमोहनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥२१॥
नाहं प्रत्याख्यानावरणीयक्रोधकषायवेदनीयमोहनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥२२॥
नाहं संज्वलनक्रोधकषायवेदनीयमोहनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥२३॥
नाहमनंतानुबंधिमानकषायवेदनीयमोहनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥२४॥
नाहमप्रत्याख्यानावरणीयमानकषायवेदनीयमोहनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥२५॥
नाहं प्रत्याख्यानावरणीयमानकषायवेदनीयमोहनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥२६॥
नाहं संज्वलमानकषायवेदनीयमोहनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥२७॥
नाहमनंतानुबंधिमायाकषायवेदनीयमोहनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥२८॥
नाहमप्रत्याख्यानावरणयिमायाकषायवेदनीयमोहनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥२९॥
नाहं प्रत्याख्यानावरणीयलोभकषायवेदनीयमोहनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव

संचेतये ॥३०॥

नाहं संज्वलनमायाकषायवेदनीयमोहनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥३१॥

नाहमनंतानुबंधिलोभकषायवेदनीयमोहनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥३२॥

नाहमप्रत्याख्यानवरणीयलोभकषायवेदनीयमोहनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥३३॥

नाहं प्रत्याख्यानवरणीयलोभकषायवेदनीयमोहनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेवसंचेतये ॥३४॥

नाहं संज्वलनलोभकषायवेदनीयमोहनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥३५॥

नाहं हास्यनोकषायवेदनीयमोहनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥३६॥

नाहं रतिनोकषायवेदनीयमोहनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥३७॥

नाहं अरतिनोकषायवेदनीयमोहनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥३८॥

नाहं शोकनोकषायवेदनीयमोहनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥३९॥

नाहं भयनोकषायवेदनीयमोहनीयफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥४०॥

नाहं जुगुप्सानोकषायवेदनीयमोहनीयफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥४१॥

नाहं स्त्रीवेदनोकषायवेदनीयमोहनीयफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥४२॥

नाहं पुंवेदनोकषायवेदनीयमोहनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥४३॥

नाहं नपुंसकवेदनोकषायवेदनीयमोहनीयकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥४४॥

नाहं नरकायुःकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥४५॥

नाहं तिर्यगायुःकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥४६॥

नाहं मानुषायुःकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥४७॥

नाहं देवायुःकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥४८॥

नाहं नरकगतिनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥४९॥

नाहं तिर्यग्गतिनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥५०॥

नाहं मनुष्यगतिनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥५१॥

नाहं देवगतिनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥५२॥

नाहमेकेंद्रियजातिनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥५३॥

नाहं द्वींद्रियजातिनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥५४॥

नाहं त्रींद्रियजातिनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥५५॥

नाहं चतुरिंद्रियजातिनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥५६॥

नाहं पंचेंद्रियजातिनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥५७॥

नाहमौदारिकशरीरनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥५८॥

नाहं वैक्रियिकशरीरनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥५९॥
नाहमाहारकशरीरनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥६०॥
नाहं तैजसशरीरनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥६१॥
नाहं कार्मणशरीरनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥६२॥
नाहमौदारिकशरीरांगोपांगनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥६३॥
नाहं वैक्रियिकशरीरांगोपांगनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥६४॥
नाहमाहारकशरीरांगोपांगनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥६५॥
नाहमौदारिकशरीरबंधननामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥६६॥
नाहं वैक्रियिकशरीरबंधननामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥६७॥
नाहमाहारकशरीरसंघातनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥६८॥
नाहं तैजसशरीरबंधननामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥६९॥
नाहं कार्मणशरीरबंधननामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥७०॥
नाहमौदारिकशरीरसंघातनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥७१॥
नाहं वैक्रियिकशरीरसंघातनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥७२॥
नाहमाहारकशरीरसंघातनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥७३॥
नाहं तैजसशरीरसंघातनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥७४॥
नाहं कार्मणशरीरसंघातनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥७५॥
नाहं समचतुरसंस्थाननामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥७६॥
नाहं न्यग्रोधपरिमंडलसंस्थाननामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥७७॥
नाहं स्वातिसंस्थाननामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥७८॥
नाहं कुब्जसंस्थाननामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥७९॥
नाहं वामनसंस्थाननामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥८०॥
नाहं हुंडकसंस्थाननामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥८१॥
नाहं वज्रर्षभनाराचसंहनननामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥८२॥
नाहं वज्रनाराचसंहनननामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥८३॥
नाहं नाराचसंहनननामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥८४॥
नाहमर्धनाराचसंहनननामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥८५॥
नाहं कीलिकासंहनननामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥८६॥
नाहमसंप्राप्तासृपाटिकासंहनननामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥८७॥
नाहं स्निग्धस्पर्शनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥८८॥

नाहं सूक्ष्मस्पर्शनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥८९॥
नाहं शीतस्पर्शनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥९०॥
नाहमुष्णस्पर्शनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥९१॥
नाहं गुरुस्पर्शनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥९२॥
नाहं लघुस्पर्शनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥९३॥
नाहं मृदुस्पर्शनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥९४॥
नाहं कर्कशस्पर्शनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥९५॥
नाहं मधुररसनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥९६॥
नाहमम्लरसनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥९७॥
नाहं तिक्तरसनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥९८॥
नाहं कटुकरसनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥९९॥
नाहं कषायरसनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१००॥
नाहं सुरभिगंधनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१०१॥
नाहमसुरभिगंधनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१०२॥
नाहं शुक्लवर्णनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१०३॥
नाहं रक्तवर्णनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१०४॥
नाहं पीतवर्णनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१०५॥
नाहं हरितवर्णनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१०६॥
नाहं कृष्णवर्णनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१०७॥
नाहं नरकगत्यानुपूर्वीनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१०८॥
नाहं तिर्यग्गत्यानुपूर्वीनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१०९॥
नाहं मनुष्यगत्यानुपूर्वीनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥११०॥
नाहं देवगत्यानुपूर्वीनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१११॥
नाहं निर्माणनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥११२॥
नाहमगुरुलघुनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥११३॥
नाहमुपघातनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥११४॥
नाहं परघातनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥११५॥
नाहमातपनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥११६॥
नाहमुद्योतनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥११७॥
नाहमुच्छ्वासनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥११८॥

नाहं प्रशस्तविहायोगतिनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥११९॥
नाहमप्रशस्तविहायोगतिनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१२०॥
नाहं साधारणशरीरनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१२१॥
नाहं प्रत्येकशरीरनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१२२॥
नाहं स्थावरनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१२३॥
नाहं त्रसनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१२४॥
नाहं सुभगनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१२५॥
नाहं दुर्भगनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१२६॥
नाहं सुस्वरनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१२७॥
नाहं दुःस्वरनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१२८॥
नाहं शुभनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१२९॥
नाहमशुभनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१३०॥
नाहं सूक्ष्मशरीरनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१३१॥
नाहं बादरशरीरनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१३२॥
नाहं पर्याप्तनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१३३॥
नाहमपर्याप्तनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१३४॥
नाहं स्थिरनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१३५॥
नाहमस्थिरनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१३६॥
नाहमादेयनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१३७॥
नाहमनादेयनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१३८॥
नाहं यशःकीर्तिनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१३९॥
नाहमयशःकीर्तिनामकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१४०॥
नाहं तीर्थकरत्वनामकर्णफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१४१॥
नाहमुच्चैर्गोत्रकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१४२॥
नाहं नीचैर्गोत्रकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१४३॥
नाहं दानांतरायकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१४४॥
नाहं लाभांतरायकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१४५॥
नाहं भोगांतरायकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१४६॥
नाहमुपभोगांतरायकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१४७॥
नाहं वीर्यांतरायकर्मफलं भुंजे चैतन्यात्मानमात्मानमेव संचेतये ॥१४८॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

નથી હું મતિ જ્ઞાનાવરણીયકર્મફલ નથી ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧

નથી હું શ્રુત જ્ઞાનાવરણીકર્મફલ નથી ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૨

નથી હું અવધિજ્ઞાનાવરણીકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૩

નથી હું મનઃપર્યયજ્ઞાનાવરણકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૪

નથી હું કેવલજ્ઞાનાવરણીકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૫

નથી હું ચક્ષુર્દર્શનાવરણીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૬

નથી હું અચક્ષુર્દર્શનાવરણીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૭

નથી હું અવધિદર્શનાવરણીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૮

નથી હું કેવલદર્શનાવરણીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૯

નથી હું નિદ્રાદર્શનાવરણીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૦

નથી હું નિદ્રાનિદ્રાદર્શનાવરણીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૧

નથી હું પ્રચલા દર્શનાવરણીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૨

નથી હું પ્રચલાપ્રચલા દર્શનાવરણીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૩

નથી હું સ્ત્યાનગૃદ્ધિ દર્શનાવરણીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૪

નથી હું સાતવેદનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૫

નથી હું અસાતવેદનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૬

નથી હું સમ્યક્ત્વમોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૭

નથી હું મિથ્યાત્વમોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૮

નથી હું સમ્યક્ત્વમિથ્યામોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૯

નથી હું અનંતાનુબંધિક્રોધકષાયવેદનીયમોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૨૦

નથી હું અપ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ કષાયવેદનીય મોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૨૧

નથી હું પ્રત્યાખ્યાનાવરણીયક્રોધકષાયવેદનીયમોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૨૨

નથી હું સંજ્વલન ક્રોધકષાયવેદનીય મોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૨૩

નથી હું અનંતાનુબંધી માન કષાયવેદનીય મોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૨૪

નથી હું અપ્રત્યાખ્યાનાવરણીય માયા કષાયવેદનીય મોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૨૫

નથી હું પ્રત્યાખ્યાનાવરણીય માયા કષાયવેદનીય મોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૨૬

નથી હું સંજ્વલન માન કષાયવેદનીય મોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૨૭

નથી હું અનંતાનુબંધી માયા કષાયવેદનીય મોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૨૮

નથી હું અપ્રત્યાખ્યાનાવરણીય માયા કષાયવેદનીય મોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૨૯

નથી હું પ્રત્યાખ્યાનાવરણીય માયા કષાયવેદનીય મોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૩૦

નથી હું સંજ્વલન માયા કષાયવેદનીય મોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૩૧

નથી હું અનંતાનુબંધી લોભ કષાયવેદનીય મોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૩૨

નથી હું અપ્રત્યાખ્યાનાવરણીય લોભ કષાયવેદનીય મોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૩૩

નથી હું પ્રત્યાખ્યાનાવરણીય લોભ કષાયવેદનીય મોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૩૪

નથી હું સંજ્વલન લોભ કષાયવેદનીય મોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૩૫

નથી હું હાસ્ય નોકષાયવેદનીય મોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૩૬

નથી હું રતિ નોકષાયવેદનીય મોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૩૭

નથી હું અરતિ નોકષાયવેદનીય મોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૩૮

નથી હું શોક નોકષાયવેદનીય મોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૩૯

નથી હું ભય નોકષાયવેદનીય મોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૪૦

નથી હું જુગુપ્સા નોકષાયવેદનીય મોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૪૧

નથી હું સ્ત્રીવેદ નોકષાયવેદનીય મોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૪૨

નથી હું પુંવેદ નોકષાયવેદનીય મોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૪૩

નથી હું નપુંસકવેદ નોકષાયવેદ મોહનીયકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૪૪

નથી હું નરક આયુકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૪૫

નથી હું તિર્યંચ આયુકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૪૬

નથી હું માનુષ આયુકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૪૭

નથી હું દેવ આયુકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૪૮

નથી હું નરકગતિ નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૪૯

નથી હું તિર્યંચગતિ નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૫૦

નથી હું મનુષ્ય ગતિ નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૫૧

નથી હું દેવ ગતિ નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૫૨

નથી હું એકેંદ્રિય જાતિ નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૫૩

નથી હું દ્વીંદ્રિય જાતિ નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૫૪

નથી હું ત્રીંદ્રિય જાતિ નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૫૫

નથી હું ચતુરિંદ્રિય જાતિ નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૫૬

નથી હું પંચેંદ્રિય જાતિ નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૫૭
નથી હું ઔદારિક શરીર નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૫૮
નથી હું વૈક્રિયિક શરીર નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૫૯
નથી હું આહારક શરીર નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૬૦
નથી હું તૈજસ શરીર નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૬૧
નથી હું કાર્મણ શરીર નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૬૨
નથી હું ઔદારિક શરીર અંગોપાંગ નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૬૩
નથી હું વૈક્રિયિક શરીર અંગોપાંગ નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૬૪
નથી હું આહારક શરીર અંગોપાંગ નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૬૫
નથી હું ઔદારિક શરીર બંધન નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૬૬
નથી હું વૈક્રિયિક શરીર બંધન નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૬૭
નથી હું આહારક શરીર બંધન નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૬૮
નથી હું તૈજસ શરીર બંધન નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૬૯
નથી હું કાર્મણ શરીર બંધન નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૭૦
નથી હું ઔદારિક શરીર સંઘાત નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૭૧
નથી હું વૈક્રિયિક શરીર સંઘાત નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૭૨
નથી હું આહારક શરીર સંઘાત નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૭૩
નથી હું તૈજસ શરીર સંઘાત નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૭૪
નથી હું કાર્મણ શરીર સંઘાત નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૭૫
નથી હું સમચતુરસ્ર સંસ્થાન નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૭૬
નથી હું ન્યગ્રોધ પરિમંડલ સંસ્થાન નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૭૭
નથી હું સ્વાતિ સંસ્થાન નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૭૮
નથી હું કુબ્જ સંસ્થાન નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૭૯
નથી હું વામન સંસ્થાન નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૮૦
નથી હું હુંડક સંસ્થાન નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૮૧
નથી હું વજ્રઋષભ નારાચ સંહનન નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૮૨
નથી હું વજ્રનારાચ સંહનન નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૮૩
નથી હું નારાચ સંહનન નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૮૪
નથી હું અર્ધનારાચ સંહનન નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૮૫
નથી હું કીલિકા સંહનન નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૮૬
નથી હું અસંપ્રાપ્ત સૃપાટિકા સંહનન નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૮૭
નથી હું સ્નિગ્ધ સ્પર્શનામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૮૮
નથી હું સૂક્ષ્મ સ્પર્શનામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૮૯
નથી હું શીત સ્પર્શનામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૯૦

નથી હું ઉષ્ણ સ્પર્શનામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૯૧
નથી હું ગુરુ સ્પર્શનામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૯૨
નથી હું લઘુ સ્પર્શનામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૯૩
નથી હું મૃદુ સ્પર્શનામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૯૪
નથી હું કર્કશ સ્પર્શનામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૯૫
નથી હું મધુર રસનામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૯૬
નથી હું આમ્લ રસનામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૯૭
નથી હું તિક્ત રસનામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૯૮
નથી હું કટુક રસનામકર્ફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૯૯
નથી હું કષાય રસનામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૦૦
નથી હું સુરભિ ગંધનામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૦૧
નથી હું અસુરભિ ગંધનામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૦૨
નથી હું શુક્લ વર્ણનામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૦૩
નથી હું રક્ત વર્ણનામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૦૪
નથી હું પીત વર્ણનામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૦૫
નથી હું હરિત વર્ણનામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૦૬
નથી હું કૃષ્ણ વર્ણનામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૦૭
નથી હું નરકગતિ આનુપૂર્વી નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૦૮
નથી હું તિર્યંચગતિ આનુપૂર્વી નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૦૯
નથી હું મનુષ્યગતિ આનુપૂર્વી નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૧૦
નથી હું દેવગતિ આનુપૂર્વી નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૧૧
નથી હું નિર્માણ નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૧૨
નથી હું અગુરુલઘુ નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૧૩
નથી હું ઉપઘાત નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૧૪
નથી હું પરઘાત નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૧૫
નથી હું આતપ નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૧૬
નથી હું ઉદ્યોત નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૧૭
નથી હું ઉચ્છ્વાસ નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૧૮
નથી હું પ્રશસ્ત વિહાયોગતિ નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૧૯
નથી હું અપ્રશસ્ત વિહાયોગતિ નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૨૦
નથી હું સાધારણ શરીર નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૨૧
નથી હું પ્રત્યેક શરીર નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૨૨
નથી હું સ્થાવર શરીર નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૨૩
નથી હું ત્રસ શરીર નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૨૪

નથી હું સુભગ નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૨૫
નથી હું દુર્ભગ નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૨૬
નથી હું સુસ્વર નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૨૭
નથી હું દુઃસ્વર નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૨૮
નથી હું શુભ નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૨૯
નથી હું અશુભ નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૩૦
નથી હું સૂક્ષ્મ શરીર નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૩૧
નથી હું બાદર શરીર નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૩૨
નથી હું પર્યાપ્ત નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૩૩
નથી હું અપર્યાપ્ત નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૩૪
નથી હું સ્થિર નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૩૫
નથી હું અસ્થિર નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૩૬
નથી હું આદેય નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૩૭
નથી હું અનાદેય નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૩૮
નથી હું યશઃકીર્ત્તિ નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૩૯
નથી હું અયશઃકીર્ત્તિ નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૪૦
નથી હું તીર્થંકરત્વ નામકર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૪૧
નથી હું ઉચ્ચૈ ર્ગોત્ર કર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૪૨
નથી હું નીચૈ ર્ગોત્ર કર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૪૩
નથી હું દાનાંતરાય કર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૪૪
નથી હું લાભાંતરાય કર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૪૫
નથી હું ભોગાંતરાય કર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૪૬
નથી હું ઉપભોગાંતરાય કર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૪૭
નથી હું વીર્યાંતરાય કર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું. ૧૪૮

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ચૈતન્યનો અવિચ્છિન્ન અનુભવ પ્રિય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૧૪૪**

અત્રે 'નથી હું મતિજ્ઞાનાવરણ કર્મફલ ભોગવતો - ચૈતન્યાત્મા આત્માને જ સંચેતું છું' - ઈત્યાદિ પ્રકારથી **સમસ્ત કર્મફલના સંન્યાસની** - પરિત્યાગની ભાવના **પરમ ભાવિતાત્મા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પદે પદે પ્રવર્દ્ધમાન પરમ આત્મભાવોલ્લાસથી નટાવી છે અને અત્રે પણ આ **'આત્મખ્યાતિ'સૂત્રકર્ત્તાએ** આત્મ પરિશ્રમની ગણના વિના તેનો પ્રત્યેકે પ્રત્યેક પ્રકાર પ્રસ્પષ્ટપણે વિવરી દેખાડી 'ચૈતન્યાત્મા આત્માને જ હું સંચેતું છું' - **'चैतन्यात्मानमात्मानमेव संचेतये'** - એમ અપૂર્વ ભાવથી શુદ્ધાત્માનુભૂતિ રૂપ જ્ઞાનસંચેતનાની પરમ અલૌકિક ધૂન ગજાવી છે. તેમાં પૂર્વે બાંધેલ કર્મના ભેદ પ્રમાણે તે (કર્મ) ફલના અષ્ટ મૂલ ભેદ અને એકસો અડતાલીશ ઉત્તર ભેદ અનુક્રમે સ્પષ્ટ સુરેખ પદ્ધતિથી વર્ણવ્યા છે. તે આ પ્રકારે -

| મૂલ ભેદ | પ્રકૃતિ | ઉત્તર ભેદ |
|---|---|---|
| ૧ | જ્ઞાનાવરણીય | ૫ |
| ૨ | દર્શનાવરણીય | ૯ |
| ૩ | વેદનીય | ૨ |
| ૪ | મોહનીય | ૨૮ |
| ૫ | આયુ | ૪ |
| ૬ | નામ | ૯૩ |
| ૭ | ગોત્ર | ૨ |
| ૮ | અંતરાય | ૫ |
| ૮ | | ૧૪૮ |

આમ આ કર્મફલ ભેદની સંકલનાબદ્ધ પ્રયોજના છે. શેષ સુગમ છે.

આમ કર્મફલ ત્યજતાં અને ચૈતન્ય લક્ષણ આત્મતત્ત્વ ભજતાં કાલ અનંત વહજો ! એમ અત્ર **સમયસાર કળશ** (૩૯) આત્મભાવના ભાવે છે -

वसंततिलका

**निःशेषकर्मफलसंन्यसनात्ममैवं,**
**सर्वक्रियांतरविहारनिवृत्तवृत्तेः ।**
**चैतन्यलक्ष्म भजतो भृशमात्मतत्त्वं,**
**कालावलीयमचलस्य वहत्वनंता ॥२३१॥**

સૌ એમ કર્મફલ સંન્યસના કરતાં,
સર્વ ક્રિયાંતરથી નિવૃત્ત વૃત્તિવંતા;
તે મ્હારી આત્મ ચિદલક્ષણ આ ભજંતા,
કાલાવલી સ્વ તત્ત્વ અચલની વહજો અનંતા ! ૨૩૧

## અમૃત પદ - ૨૩૧

(ઢાળ - પૂર્વોક્ત)

નિઃશેષ કર્મ ફલો તણો રે, એમ કર્યાથી સંન્યાસ,
સર્વ ક્રિયાંતર વિહારથી રે, વૃત્તિ નિવૃત્ત થઈ જાસ... વર્તુ ચૈતન્યાત્મ આત્મમાં રે. ૧
એવા મુજને ચૈતન્ય લક્ષણ રે, આત્મતત્ત્વ ભજતાં જ,
અચલને અત્યંત અનંતા રે, વહજો કાલાવલી આજ... વર્તુ ચૈતન્યાત્મ આત્મમાં રે. ૨
ચૈતન્યાત્મ આત્મમાં વર્ત્તવા રે, આત્મભાવના આ આમ,
ભાવી અપૂર્વ જ ભાવથી રે, ભગવાન **અમૃત** સ્વામ... વર્તુ ચૈતન્યાત્મ આત્મમાં રે, નિત્ય આત્માથી નિષ્કર્મ. ૩

**અર્થ** - એમ નિઃશેષ કર્મફલના સંન્યસન (ત્યજન) થકી સર્વ ક્રિયાંતરના વિહારમાંથી જેની વૃત્તિ નિવૃત્ત થઈ છે, એવા મ્હારી, – ચૈતન્યલક્ષણ આત્મતત્ત્વને અત્યંતપણે ભજતાં અચલ એવાની, આ કાલાવલી અનંતા (અનંત કાળ) વહ્યા કરો ! ૨૩૧


## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"આખો દિવસ નિવૃત્તિના યોગે કાળ નહીં જાય ત્યાં સુધી સુખ રહે નહીં, એવી અમારી સ્થિતિ છે. 'આત્મા' 'આત્મા', તેનો વિચાર, જ્ઞાની પુરુષની સ્મૃતિ, તેનાં મહાત્મ્યની કથા વાર્તા, તે પ્રત્યે અત્યંત ભક્તિ, તેમનાં અનવકાશ, આત્મચારિત્ર પ્રત્યે મોહ એ અમને હજુ આકર્ષ્યા કરે છે અને તે કાળ ભજીએ છૈયે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૮૦**

આમ જ્ઞાનાવરણીયાદિ આઠ મૂલકર્મ પ્રકૃતિનાં અને તેના ઉત્તર ભેદરૂપ એકસો અડતાલીશ ઉત્તર કર્મ પ્રકૃતિના ઉદયવિપાક રૂપ **કર્મફલના સંન્યાસની** ભાવનાનું પરમ અદ્‌ભુત ધૈર્યસંપન્ન અલૌકિક નાટક ભજવી દેખાડી - અજ્ઞાન ચેતનાને ખતમ કરી, સાથોસાથ ધીરોદાત્ત આત્મ-નાયકને ચૈતન્યાત્મ આત્મામાં વર્ત્તવાની **અલૌકિક પરમગુરુમંત્ર રૂપ ધૂન** ગોખાવી, **અલૌકિક મહામાંત્રિક પરમર્ષિ પરમગુરુ અમૃતચંદ્રાચાર્યજીએ** ઉક્ત સર્વના અર્ક રૂપ (concentrated extract) આ પરમામૃત સંભૃત અમૃત કળશ પરમ ભાવાવેશથી લલકાર્યો છે - निःशेषकर्मफलसंन्यसनात्ममैवं - એમ **નિઃશેષ કર્મફલના સંન્યસન** થકી અર્થાત્ જ્યાં કંઈ પણ શેષ - બાકી નથી એવા નિઃશેષ કર્મફલના સંન્યસન - સંન્યાસ - પરિત્યાગ

થકી જેની સર્વ ક્રિયાંતર વિહારમાંથી વૃત્તિ નિવૃત્ત થઈ છે એવા મને, सर्वक्रियांतरविहारनिवृत्तवृत्तेः, અર્થાત્ કર્મ કરવાની અને કર્મફલ વેદવાની ક્રિયા છોડી દીધી એટલે **કેવલ જ્ઞાનરૂપ જાણવા રૂપ ક્રિયાથી** અન્ય સર્વ ક્રિયાંતરમાં વિહાર - વિહરવામાંથી જેની વૃત્તિ નિવૃત્ત થઈ ગઈ છે - પાછી વળી ગઈ છે એવા મને - **ચૈતન્ય લક્ષણ આત્મતત્ત્વને** અત્યંતપણે ભજતાં - चैतन्यलक्षणभजतो भृशमात्मतत्त्वं - **અચલ** એવાને, આ કાલાવલી - કાળ શ્રેણી અનંતા વહ્યા કરો ! कालावलीयमचलस्य वहात्वनंता ।

**આકૃતિ**



કર્મ વિષ તરુફલો ભોગવતો નથી, તે નિષ્કર્મ શર્મ પામે છે, આ ભાવનો અમૃત **સમયસાર કળશ** (૪૦) સંગીત કરે છે -

वसंततिलका

**यः पूर्वभावकृतकर्मविषद्रुमाणां,**
**भुंक्ते फलानि न खलु स्वत एव तृप्तः ।**
**आपातकालरमणीयमुदर्करम्यं,**
**निष्कर्मशर्ममयमेति दशांतरं सः ॥२३२॥**

જે પૂર્વભાવ કૃત કર્મ વિષદ્રુમોનું,
ના ભોગવે ફલ ખરે ! સ્વથી તૃપ્ત માનું;
આરંભરમ્ય અતિરમ્ય જ એહ ઠામે,
નિષ્કર્મ શર્મ જ દશાંતર તેહ પામે. ૨૩૨

## અમૃત પદ - ૨૩૨

'થાશું પ્રેમ બન્યો છે રાજ' - એ રાગ

નિષ્કર્મ શર્મ તે પામે દશાંતર, નિષ્કર્મ શર્મ તે પામે,
કર્મ વિષ તરુફલ ત્યજે તેને, અનુભવ અમૃત જામે... નિષ્કર્મ શર્મ. ૧
અજ્ઞાન ભાવમાં પૂર્વે વાવેલા, વિષમ જે વિષવેલા,
તેને ઉગેલા વિષફળ હાવાં, આવ્યા ઉદય આ વેળા... નિષ્કર્મ શર્મ. ૨
કર્મના બીજ પૂર્વે વાવ્યા તે, હાલ ઉદય ફળ લાવ્યા,
લેવા હોય તે લીએ ફળો તે, ખાય ભલે મન ભાવ્યા... નિષ્કર્મ શર્મ.
ન લેવા હોય તે કેમ લીએ તે ? કેમ પરાણે પાયે ?
ખાવા હોય તે ખાય ભલે તે, ન ખાવા હોય ન ખાયે... નિષ્કર્મ શર્મ. ૩
આત્માને જ હું વેદું કેવળ, કર્મફલ ન જ વેદું,
જેહ તે કર્મફલ કેમ જ વેદે ? ભેદ જાણે જાણ ભેદુ... નિષ્કર્મ શર્મ. ૪
એમ સ્વત એવ સ્વ અમૃતફળથી, તૃપ્ત થયેલો જેહ,
તે પૂર્વકર્મ વિષ દ્રુમોના, ફળ ન ભોગવતો તેહ... નિષ્કર્મ શર્મ. ૫
નિષ્કર્મ શર્મ તે પામે દશાંતર, અનુભવ અમૃત જામે,
એવી ઓર દશા પ્રાપ્ત **ભગવાન** આ, પ્હોંચે **અમૃત** ધામે... નિષ્કર્મ શર્મ તે પામે દશાંતર. ૬

**અર્થ** - સ્વત એવ તૃપ્ત થયેલો જે પૂર્વભાવ કૃત કર્મ - વિષદ્રુમોના ફળો નિશ્ચયે કરીને ભોગવતો નથી, તે આપાતકાલ રમણીય ઉદર્ક (અત્યંત) રમ્ય એવા નિષ્કર્મ શર્મમય દશાંતરને પામે છે. ૨૩૨

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જેમ છે તેમ આત્મસ્વરૂપ જાણ્યું તેનું નામ સમજવું છે. તેથી ઉપયોગ અન્ય વિકલ્પ રહિત થયો તેનું નામ શમાવું છે. વસ્તુતાએ બન્ને એક જ છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૬૧, ૬૫૧**

આમ જે કર્મફલોને ભોગવતો નથી તેના નિષ્કર્મ શર્મની મુક્ત કંઠે સ્તુતિ કરતા આ કળશ

કાવ્યમાં જ્ઞાનાવતાર **અમૃતચંદ્રજીએ** આ અદ્ભુત ઓર જ્ઞાનદશા પ્રત્યેનો પોતાનો સ્વાનુભવજન્ય પરમ પ્રેમ પ્રવ્યક્ત કર્યો છે - यः पूर्वभावकृतकर्मविषद्रुमाणां, भुंक्ते फलानि न खलु स्वत एव तृप्तः - **પૂર્વભાવથી** - પૂર્વના - આગળના અજ્ઞાન ભાવથી કરેલા કર્મ - વિષદ્રુમોના - કર્મરૂપ ઝેરી છોડવાઓના ફળો જે નિશ્ચયે કરીને સ્વત એવ - આપોઆપ જ - પોતે જ તૃપ્ત થયેલો ભોગવતો નથી, તે આ આપાતકાલ રમણીય - આપાત કાલથી - આવી પડવાના શરૂઆતના સમયથી માંડીને રમણીય - સુંદર એવું અત્યંત રમ્ય **નિષ્કર્મ શર્મમય** - **નિષ્કર્મ સુખમય દશાંતરને** પામે છે - કદી પણ પૂર્વે નહિ અનુભવેલી એવી અપૂર્વ અદ્ભુત ઓર દશાને પામે છે, निष्कर्मशर्ममयमेति दशांतरं सः ।



અહીંથી કર્મ-કર્મફલ એ બે પ્રકારની અજ્ઞાનચેતના નટાવીને જ્ઞાનસંચેતના સાનંદ નટાવી પ્રશમરસ સર્વકાલ પીઓ એવા ભાવનો **સમયસાર કળશ** (૪૧) લલકારે છે -

स्रग्धरा

**अत्यंतं भावयित्वा विरतिमविरतं कर्मणस्तत्फलाच्च,**
**प्रस्पष्टं नाटयित्वा प्रलयनमखिलाज्ञानसंचेतनायाः ।**
**पूर्णं कृत्वा स्वभावं स्वरसपरिगतं ज्ञानसंचेतनां स्वां,**
**सानंदं नाटयंतः प्रशमरसमितः सर्वकालं पिबंतु ॥२३३॥**

કર્મોથી તત્ ફલોથી વિરતિ અવિરતં એમ અત્યંત ભાવી,
અજ્ઞાન ચેતનાનું પ્રલયન સહુનું સ્પષ્ટસ્પષ્ટ નટાવી;
પૂર્ણ સ્વભાવ સ્વરસ પરિગતો કરીને જ્ઞાનસંચેતના સ્વા,
સાનંદે નાટયંતા પ્રશમરસ પીઓ સર્વકાળે જ હાવાં. ૨૩૩

### અમૃત ૫૬ - ૨૩૩

'ધન્ય રે દિવસ આ અહો !' - એ રાગ
(અથવા 'શાંતિ જિન એક મુજ વિનતિ' - એ રાગ)

પ્રશમરસ પીઓ સંત રે ! અહીંથી કાળ અનંત રે,
જ્ઞાન ચેતના સ્વ આત્મની, સાનંદ નટાવંત રે... પ્રશમરસ પીઓ સંત રે ! ૧
વિરતિ કર્મથી કર્મફલથી, અવિરત ભાવી અત્યંત રે,
અખિલ અજ્ઞાન ચેતનાતણું, નટાવી પ્રલયન સંત રે... પ્રશમરસ. ૨
સ્વરસ પરિગત સ્વભાવને, પૂર્ણ કરી અત્યંત રે,
જ્ઞાન ચેતના સ્વ આત્મની, સાનંદ નટાવંત રે... પ્રશમરસ. ૩
પ્રશમ રસ પીઓ સંત રે ! અહીંથી કાળ અનંત રે,
ભગવાન **અમૃતચંદ્ર** એ, પ્રશમામૃત વરષંત રે... પ્રશમરસ. ૪


**અર્થ** - કર્મથી અને તેના ફલથી અવિરતપણે વિરતિ અત્યંતપણે ભાવીને અખિલ અજ્ઞાન સંચેતનાનું પ્રલયન પ્રસ્પષ્ટપણે નટાવીને સ્વરસ પરિગત સ્વભાવને પૂર્ણ કરી સ્વા જ્ઞાનસંચેતનાને સાનંદ નટાવી પ્રશમરસ અહીંથી (માંડીને) સર્વકાલ પીઓ ! ૨૩૩

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જેમ છે તેમ સમજાયાથી ઉપયોગ સ્વરૂપમાં શમાયો અને આત્મા સ્વભાવમય થઈ રહ્યો એ પ્રથમ વાક્ય 'સમજીને શમાઈ રહ્યા' તેનો અર્થ આત્માપણું શમાઈ ગયું. એ બીજું વાક્ય 'સમજીને શમાઈ ગયા' તેનો અર્થ છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૫૬૧), ૬૫૧**

આમ કર્મચેતના અને કર્મફલચેતના રૂપ બે વિભાગમાં વિભક્ત **અજ્ઞાનચેતનાના સર્વ સંન્યાસનું** પરમ અલૌકિક નાટક સતત આનંદપૂર્વક ભજવતા રહી નિરંતર પ્રશમરસનું પાન કરવાનું આત્માર્થી મુમુક્ષુઓને આ પરમામૃત સંભૃત કળશમાં પરમ પરમાર્થ પ્રેમથી આહ્વાન કરે છે - એમ ઉક્ત પ્રકારે **કર્મથી અને તેના ફલથી અવિરતપણે** - અવિરામપણે **વિરતિ** - વિરક્તતા અથવા વિરામતા **અત્યંતપણે ભાવી અખિલ** - સમસ્ત **અજ્ઞાનસંચેતનાનું પ્રલયન** - પ્રકૃષ્ટપણે લયન **પ્રસ્પષ્ટપણે નટાવતાં** (નાટક કરતાં) पूर्णं कृत्वा स्वभावं स्वरसपरिगतं - **સ્વરસથી પરિગત** - સર્વ તરફથી પરિવૃત **સ્વભાવને પૂર્ણ કરી,** स्वां ज्ञानसंचेतनां - **સ્વ** - પોતાની **જ્ઞાનસંચેતનાને સાનંદ** - આનંદ સહિતપણે નટાવતાં (નાટક કરતાં) **અહીંથી માંડીને પ્રશમરસ સર્વકાલ પીઓ !** सानंदं नाटयंतः प्रशमरसमितोः सर्वकालं पिबंतु ।

આકૃતિ



અહીંથી સમસ્ત વસ્તુ વ્યતિરેક નિશ્ચય થકી જ્ઞાન અવતિષ્ઠે છે, એવા ભાવનો **સમયસાર કળશ** (૪૨) સંગીત કરે છે -

वंशस्थवृत्त

**इतः पदार्थप्रथनावगुंठनाद्,**
**विना कृतेरेकमनाकुलं ज्वलत् ।**
**समस्तवस्तुव्यतिरेकनिश्चयात्,**
**विवेचितं ज्ञानमिहावतिष्ठते ॥२३४॥**

ઈતઃ પદાર્થ પ્રથના અવગુંઠને,
વિના કૃતિ એક અનાકુલં જ્વલંત્;
સમસ્ત વસ્તુ વ્યતિરેક નિશ્ચયે,
વિવેચિત જ્ઞાન અવતિષ્ઠતું અહીં. ૨૩૪

## અમૃત પદ - ૨૩૪

(પ્રશમરસ પીઓ સંત રે... ધ્રુવ પદ)

પદાર્થ પ્રગટ જ્ઞાન સ્વરૂપના, પ્રખ્યાપન તણું સંત રે !
અહીંથી પદાર્થ વિસ્તારના અવગુંઠને પ્રકાશંત રે... પ્રશમરસ પીઓ સંત રે ! ૧
વિના કૃતિએ એક સર્વથા, અનાકુલ જ ઉજ્વલંત રે,
સમસ્ત વસ્તુ વ્યતિરેકનાં, નિશ્ચયથી અત્યંત રે... પ્રશમરસ પીઓ ! ૨
વિવેચિત એવું જ્ઞાન આ, આંહી અવતિષ્ઠંત રે,
**વિજ્ઞાનઘન ભગવાન** આ, **અમૃત** વૃષ્ટિ વરષંત રે... પ્રશમરસ પીઓ ! ૩

**અર્થ** - અહીંથી પદાર્થ પ્રથના - વિસ્તારના અવગુંઠનથી વિના કૃતિએ એક અનાકુલ જ્વલંત એવું સમસ્ત વસ્તુના વ્યતિરેક નિશ્ચયથી વિવેચિત જ્ઞાન અહીં અવતિષ્ઠે છે. ૨૩૪

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''હે જીવ ! સ્થિર દૃષ્ટિથી કરીને તું અંતરંગમાં જો તો સર્વ પરદ્રવ્યથી મુક્ત એવું તારૂં સ્વરૂપ તને પરમ પ્રસિદ્ધ અનુભવાશે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૪૫૪), હાથનોંધ**

''પ્રત્યેક પદાર્થનો અત્યંત વિવેક કરી આ જીવને તેનાથી વ્યાવૃત કરવો એમ નિર્ગ્રંથ કહે છે.''
**- શ્રીમદ્ રાજચંદ્ર, હાથનોંધ-૧-૧**

જ્ઞાનથી અતિરિક્ત સમસ્ત ભાવનું હવે પછીની ગાથાઓમાં પ્રસ્પષ્ટ વિવિક્તપણું કહેવામાં આવે છે, તેનું આ ઉત્થાનિકા કળશમાં સૂચન કર્યું છે - હવે અહીંથી પદાર્થ પ્રથનના - વિસ્તારના - અવગુંઠન થકી વિના કૃતિએ એક અનાકુલ જ્વલંત - ઝળહળતું એવું **સમસ્ત વસ્તુના વ્યતિરેકના - ભિન્નપણાના નિશ્ચયથી** समस्तवस्तुव्यतिरेकनिश्चयात्, **વિવેચિત - વિવેક કરાયેલું જ્ઞાન અહીં અવતિષ્ઠે છે** - જેમ છે તેમ ત્રિકાળ સ્થિતિ કરે છે - विवेचितं ज्ञानमिहावतिष्ठते ।

આ સામાન્ય કથનની વિશેષ વિચારણાથી કરીએ - 'इतः' - અત્ર અજ્ઞાનચેતનાના વિધ્વંસ પછી **કેવલ જ્ઞાનચેતનામાં વિહરતા વર્ત્તતા જ્ઞાનની આચાર્યજી મુક્તકંઠે પ્રસ્તુતિ કરે છે** - 'इह' - આ લોકને વિષે આગામી ભવિષ્યત્ કાલમાં જ્ઞાન 'અવતિષ્ઠે છે' - સ્થિતિ કરે છે. તે આ પ્રકારે

'पदार्थप्रथनावगुंठानात्' **પદાર્થ વિસ્તારના અવગુંઠન લીધે** - 'अव' - **વસ્તુ મર્યાદા પ્રમાણે પૃથક્ પૃથક્** 'ગુંઠન' 'ગુંઠન' લીધે - તે પણ 'विना कृतेः' - કૃતિ વિના - કર્તૃભાવ વિના માત્ર જ્ઞાન - **જ્ઞેય સંબંધને લઈને કેવલ જ્ઞાનક્રિયા થકી જ્ઞાન એક - અનાકુલ - જ્વલત્ અવતિષ્ઠે છે, એટલે કે 'એક' - અદ્વિતીય** - અદ્વૈત, અત એવ **'અનાકુલ',** - આકુલતા ઉપજાવનારૂં પરભાવનું દ્વૈત જ્યાં છે નહિ એટલે આકુલતા રહિત 'અનાકુલ' અત એવ **અતીંદ્રિય સુખમય, 'જ્વલત્'** - ઝળહળતું **જ્ઞાન 'અવતિષ્ઠે' છે, સ્થિતિ કરી** રહ્યું છે. તે પણ કેવા પ્રકારે - 'समस्तवस्तुव्यतिरेकनिश्चयात्' - **સમસ્ત વસ્તુના વ્યતિરેકના નિશ્ચય થકી.** તે પણ કેવી રીતે ? સર્વ દ્રવ્યની પૃથક્ પૃથક્ સત્તા છે, એટલે **'વિવેચિત'** - **સમસ્ત વસ્તુનો વિવેક** કરાયેલું એવું **જ્ઞાન** સર્વ પરદ્રવ્યના અને પરભાવના વ્યતિરેકને લીધે આ અવતિષ્ઠે છે. એવા ભાવનો અમૃત કળશ નીચેની ગાથાઓના ભાવનું સૂચન કરતો **અમૃતચંદ્રજી** સંગીત કરે છે. -

सत्थं णाण ण हवइ जह्मा सत्थं ण याणए किंचि ।
तह्मा अण्णं णाणं अण्णं सत्थं जिणा विंति ॥३९०॥
सद्दो णाणं ण हवइ जह्मा सद्दो ण याणए किंचि ।
तह्मा अण्णं णाणं अण्णं सद्दं जिणा विंति ॥३९१॥
रूवं णाणं ण हवइ जह्मा रूवं ण याणए किंचि ।
तह्मा अण्णं णाणं अण्णं रूवं जिणा विंति ॥३९२॥
वण्णो णाणं ण हवइ जह्मा वण्णो ण याणए किंचि ।
तह्मा अण्णं णाणं अण्णं वण्णं जिणा विंति ॥३९३॥
गंधो णाणं ण हवइ जह्मा गंधो ण याणए किंचि ।
तह्मा अण्णं णाणं अण्णं गंधं जिणा विंति ॥३९४॥
ण रसो दु हवदि णाणं जह्मा दु रसो ण याणए किंचि ।
तह्मा अण्णं णाणं रसं य अण्णं जिणा विंति ॥३९५॥
फासो ण हवइ णाणं जह्मा फासो ण याणए किंचि ।
तह्मा अण्णं णाणं अण्णं फासं जिणा विंति ॥३९६॥
कम्मं णाणं ण हवइ जह्मा कम्मं ण याणए किंचि ।
तह्मा अण्णं णाणं अण्णं कम्मं जिणा विंति ॥३९७॥
धम्मो णाणं ण हवइ जह्मा धम्मो ण याणए किंचि ।
तह्मा अण्णं णाणं अण्णं म धम्मं जिणा विंति ॥३९८॥
णाणमधम्मो ण हवइ जह्मा धम्मो ण याणए किंचि ।
तह्मा अण्णं णाणं अण्णमधम्मं जिणा विंति ॥३९९॥
कालो णाणं ण हवइ जह्मा कालो ण याणए किंचि ।
तह्मा अण्णं णाणं अण्णं कालं जिणा विंति ॥४००॥
आयासंपि ण णाणं जह्मा यासं ण याणए किंचि ।
तह्मा अण्णं यासं अण्णं णाणं जिणा विंति ॥४०१॥
णज्झवसाणं णाणं अज्झवसाणं अचेदणं जह्मा ।
तह्मा अण्णं णाणं अज्झवसाणं तहा अण्णं ॥४०२॥
जह्मा जाणइ णिच्चं तह्मा जीवो दु जाणओ णाणी ।
णाणं च जाणयादो अव्वदिरिंत्त मुणेयव्वं ॥४०३॥
णाणं सम्मादिट्ठि दु सजमं सुत्तमंगपुव्वगयं ।
धम्माधम्मं च तहा पव्वज्जं अब्भुवंति बुहा ॥४०४॥

'મૂળ મારગ સાંભળો જિનનો રે' - એ રાગ

ભેદજ્ઞાનની ભાવના ભાવીએ રે, કરીએ આત્મા સર્વથી વિવિક્ત... ભેદ ધ્રુવપદ.
શાસ્ત્ર જ્ઞાન ન હોય કારણ ખરે ! રે, શાસ્ત્ર કંઈ પણ જાણે નાજ... ભેદ.
તેથી જ્ઞાન અન્ય શાસ્ત્ર અન્ય છે રે, એમ જાણે છે શ્રી જિનરાજ... ભેદ. ૩૯૦
રૂપ જ્ઞાન ન હોય કારણ ખરે ! રે, રૂપ કંઈ પણ જાણે નાજ... ભેદ.
તેથી જ્ઞાન અન્ય રૂપ અન્ય છે રે, એમ જાણે છે શ્રી જિનરાજ... ભેદ. ૩૯૧
વર્ણ જ્ઞાન ન હોય કારણ ખરે રે !, વર્ણ કંઈ પણ જાણે નાજ... ભેદ.
તેથી જ્ઞાન અન્ય વર્ણ અન્ય છે રે, એમ જાણે છે શ્રી જિનરાજ... ભેદ. ૩૯૨
ગંધ જ્ઞાન ન હોય કારણ ખરે ! રે, ગંધ કંઈ પણ જાણે નાજ... ભેદ.
તેથી જ્ઞાન અન્ય ગંધ અન્ય છે રે, એમ જાણે છે શ્રી જિનરાજ... ભેદ. ૩૯૩
રસ જ્ઞાન ન હોય કારણ ખરે ! રે, રસ કંઈ પણ જાણે નાજ... ભેદ.
તેથી જ્ઞાન અન્ય રસ અન્ય છે રે, એમ જાણે છે શ્રી જિનરાજ... ભેદ. ૩૯૪
રસ જ્ઞાન ન હોય કારણ ખરે ! રે, રસ કંઈ પણ જાણે નાજ... ભેદ.
તેથી જ્ઞાન અન્ય રસ અન્ય છે રે, એમ જાણે છે શ્રી જિનરાજ... ભેદ. ૩૯૫
સ્પર્શ જ્ઞાન ન હોય કારણ ખરે ! રે, સ્પર્શ કંઈ પણ જાણે નાજ... ભેદ.
તેથી જ્ઞાન અન્ય સ્પર્શ અન્ય છે રે, એમ જાણે છે શ્રી જિનરાજ... ભેદ. ૩૯૬
કર્મ જ્ઞાન ન હોય કારણ ખરે ! રે, કર્મ કંઈ પણ જાણે નાજ... ભેદ.
તેથી જ્ઞાન અન્ય કર્મ અન્ય છે રે, એમ જાણે છે શ્રી જિનરાજ... ભેદ. ૩૯૭
ધર્મ જ્ઞાન ન હોય કારણ ખરે ! રે, ધર્ણ કંઈ પણ જાણે નાજ... ભેદ.
તેથી જ્ઞાન અન્ય ધર્મ અન્ય છે રે, એમ જાણે છે શ્રી જિનરાજ... ભેદ. ૩૯૮
અધર્મ જ્ઞાન ન હોય કારણ ખરે ! રે, અધર્મ કંઈ પણ જાણે નાજ... ભેદ.
તેથી જ્ઞાન અન્ય અધર્મ અન્ય છે રે, એમ જાણે છે શ્રી જિનરાજ... ભેદ. ૩૯૯
કાળ જ્ઞાન ન હોય કારણ ખરે ! રે, કાળ કંઈ પણ જાણે નાજ... ભેદ.
તેથી જ્ઞાન અન્ય કાળ અન્ય છે રે, એમ જાણે છે શ્રી જિનરાજ... ભેદ. ૪૦૦
આકાશ જ્ઞાન ન હોય કારણ ખરે ! રે, આકાશ કંઈ પણ જાણે નાજ... ભેદ.
તેથી જ્ઞાન અન્ય આકાશ અન્ય છે રે, એમ જાણે છે શ્રી જિનરાજ... ભેદ. ૪૦૧
અધ્યવસાન જ્ઞાન ન કારણ ખરે ! રે, અચેતન છે અધ્યવસાન... ભેદ.
તેથી જ્ઞાન અન્ય હોયે તથા રે, અધ્યવસાન અન્ય જ જાણ !... ભેદ. ૪૦૨
કારણ જાણે છે નિત્ય જ તેહથી રે, જીવ જ્ઞાયક જ્ઞાની જાણ !... ભેદ.
અને જ્ઞાન જ્ઞાયકથી અભિન્ન છે રે, એમ જાણી લેવું જ પ્રમાણ... ભેદ. ૪૦૩
જ્ઞાનને સમ્યગ્દૃષ્ટિ સંયમ તથા રે, સૂત્ર અંગપૂર્વગત તેમ... ભેદ.
ધર્માધર્મ તથા પ્રવ્રજ્યા વળી રે, બુધો અભ્યુપગમે છે એમ... ભેદ. ૪૦૪

**અર્થ** - શાસ્ત્ર જ્ઞાન નથી હોતું, કારણકે શાસ્ત્ર કાંઈ નથી જાણતું, તેથી જ્ઞાન અન્ય, શાસ્ત્ર અન્ય જિનો જાણે છે. ૩૯૦

**શબ્દ જ્ઞાન નથી હોતો, કારણકે શબ્દ કાંઈ નથી જાણતો, તેથી જ્ઞાન અન્ય, શબ્દ અન્ય જિનો જાણે છે. ૩૯૧**

---

**आत्मभावना -**

सत्थं णाणं ण हवइ - शास्त्रं ज्ञान न भवति - **શાસ્ત્ર જ્ઞાન નથી હોતું,** जह्मा सत्थं किंचि ण याणए - ज यस्माच्छास्त्रं किंचित् न जानाति - **કારણકે શાસ્ત્ર કિંચિત્ - કંઈ નથી જાણતું,** तह्मा अण्णं णाणं अण्णं सत्थं - तस्मात् अन्यत् ज्ञानं अन्यत् शास्त्रं - **તેથી જ્ઞાન અન્ય છે શાસ્ત્ર અન્ય છે (જૂદા જૂદા છે) એમ** जिणा विंति - जिना विदंति - **જિનો જાણે છે.** ॥३९०॥ सद्दो णाणं ण हवइ - शब्दः ज्ञानं न भवति - **શબ્દ જ્ઞાન નથી હોતો,** जह्मा सद्दो किंचि ण याणए - यस्मात् शब्दः किंचित् न जानाति - **કારણકે શબ્દ કિંચિત્ - કંઈ નથી જાણતો,** तह्मा अण्णं णाणं अण्णं सद्दं - अन्यत् ज्ञानं अन्यं शब्दं - **જ્ઞાન અન્ય શબ્દ અન્ય (એમ)** जिणा विंति - जिना विदंति - **જિનો જાણે છે.** ॥३९१॥ रूवं णाणं ण हवइ - रूपं ज्ञानं न भवति - **રૂપ જ્ઞાન નથી હોતું,** जह्मा रूवं किंचि ण याणए - यस्मात् रूपं किंचित् न जानाति - **કારણકે રૂપ કિંચિત્ - કાંઈ નથી જાણતું,** तह्मा अण्णं णाणं अण्णं रूवं - अन्यत् ज्ञानं अन्यं रूपं - **જ્ઞાન અન્ય રૂપ અન્ય એમ** जिणा विंति - जिना विदंति - **જિનો જાણે છે.** ॥३९२॥ वण्णो णाणं ण हवइ - वर्णो ज्ञानं न भवति - **વર્ણ જ્ઞાન નથી હોતો,** जह्मा वण्णो किंचि ण याणए - यस्मात् वर्णो किंचित् न जानाति - **કારણકે વર્ણ કિંચિત્ - કાંઈ નથી જાણતો,** तह्मा अण्णं णाणं अण्णं वण्णं - **તેથી જ્ઞાન અન્ય વર્ણ અન્ય (એમ)** जिणा विंति - जिना विदंति - **જિનો જાણે છે.** ॥३९३॥ गंधो णाणं ण हवइ - गंधो ज्ञानं न भवति - **ગંધ જ્ઞાન નથી હોતો,** जह्मा गंधो किंचि ण याणए - यस्मात् गंधः किंचित् न जानाति - **કારણકે ગંધ કિંચિત્ - કાંઈ નથી જાણતો,** तह्मा अण्णं णाणं अण्णं गंधं - तस्मात् अन्यत् ज्ञानमयं गंधं - **તેથી જ્ઞાન અન્ય ગંધ અન્ય (એમ)** जिणा विंति - जिना विदंति - **જિનો જાણે છે.** ॥३९४॥ रसो दु णाणं ण हवइ - रसस्तु ज्ञानं न भवति - **અને રસ તો જ્ઞાન નથી હોતો,** जह्मा दु रसो किंचि ण याणए - यस्मात्तु रसः किंचित् न जानाति - **કારણકે રસ તો કિંચિત્ - કાંઈ નથી જાણતો,** तह्मा अण्णं णाणं रसं य अण्णं - तस्मात् अन्यत् ज्ञानं रसं चान्यं - **તેથી જ્ઞાન અન્ય અને રસ અન્ય (એમ)** जिणा विंति - जिनाः विदंति - **જિનો જાણે છે.** ॥३९५॥ फासो णाणं ण हवइ - स्पर्शो ज्ञानं न भवति - **સ્પર્શ જ્ઞાન નથી હોતો,** जह्मा फासो किंचि ण याणए - यस्मात् स्पर्श किंचित् न जानाति - **કારણકે સ્પર્શ કિંચિત્ - કાંઈ નથી જાણતો,** तह्मा अण्णं णाणं अण्णं फासं - तस्मात् अन्यत् ज्ञानं अन्यं स्पर्शं - **તેથી જ્ઞાન અન્ય સ્પર્શ અન્ય (એમ)** जिणा विंति - जिना विदंति - **જિનો જાણે છે.** ॥३९६॥ कम्मं णाणं ण हवइ - कर्म ज्ञानं न भवति - **કર્મ જ્ઞાન નથી હોતું,** जह्मा कम्मं किंचि ण याणए - यस्मात् कर्म किंचित् न जानाति - **કારણકે કર્મ કિંચિત્ - કાંઈ નથી જાણતું,** तह्मा अण्णं णाणं अण्णं कम्मं - तस्मात् अन्यत् ज्ञानं अन्यत् कर्म - **તેથી જ્ઞાન અન્ય કર્મ અન્ય (એમ)** जिणा विंति - जिना विदंति - **જિનો જાણે છે.** ॥३९७॥ धम्मो णाणं ण हवइ - धर्मो ज्ञानं न भवति - **ધર્મ જ્ઞાન નથી હોતો,** जह्मा धम्मो किंचि ण याणए - यस्मात् धम्मो किंचित् न जानाति - **કારણકે ધર્મ કિંચિત્ - કાંઈ નથી જાણતો,** तह्मा अण्णं णाणं अण्णं धम्मं - तस्मात् अन्यत् ज्ञानं अन्यं धर्मं - **તેથી જ્ઞાન અન્ય ધર્મ અન્ય (એમ)** जिणा विंति - जिना विदंति - **જિનો જાણે છે.** ॥३९८॥ अधम्मो णाणं ण हवइ - अधर्मो ज्ञानं न भवति - **અધર્મ - (અધર્માસ્તિકાય) જ્ઞાન નથી હોતો,** जह्मा धम्मो किंचि ण याणए - यस्मात् अधर्म किंचित् न जानाति - **કારણકે અધર્મ કિંચિત્ - કાંઈ નથી જાણતો,** तह्मा अण्णं णाणं अण्णमधम्मं - तस्मात् अन्यत् ज्ञानं अन्यं अधर्मं - **તેથી જ્ઞાન અન્ય અધર્મ અન્ય** जिणा विंति - जिना विदंति - **જિનો જાણે છે.** ॥३९९॥ कालो णाणं ण हवइ - कालः ज्ञानं न भवति - **કાળ જ્ઞાન નથી હોતો,** जह्मा कालो किंचि ण याणए - यस्मात् कालः किंचित् न जानाति - **કારણકે કાળ કિંચિત્ - કાંઈ નથી જાણતો,** तह्मा अण्णं णाणं अण्णं कालं - तस्मात् अन्यत् ज्ञानं अन्यं कालं - **તેથી જ્ઞાન અન્ય કાળ અન્ય** जिणा विंति - जिना विदंति - **જિનો જાણે છે.** ॥४००॥ आयासंपि णाणं ण - आकाशमपि ज्ञानं न - **આકાશ પણ જ્ઞાન નથી,** जह्मायासं किंचि ण याणए - यस्मादाकाशं किंचित् न जानाति - **કારણકે આકાશ કિંચિત્ - કાંઈ નથી જાણતું,** तह्मा अण्णं यासं अण्णं णाणं - तस्मादाकाशमन्यत् अन्यत् ज्ञानं - **તેથી આકાશ અન્ય જ્ઞાન અન્ય** जिणा विंति - जिना विदंति - **જિનો જાણે છે.** ॥४०१॥ णज्झवसाणं णाणं - नाध्यवसानं ज्ञानं - **અધ્યવસાન જ્ઞાન નથી,** जह्मा अज्झवसाणं अचेदणं - यस्मात् अध्यवसानं अचेतनं - **કારણકે અધ્યવસાન અચેતન છે,** तह्मा अण्णं णाणं तहा अज्झवसाणं अण्णं - **તેથી જ્ઞાન અન્ય તથા અધ્વયસાન અન્ય છે.** ॥४०२॥ जह्मा णिच्चं जाणइ - यस्मात् नित्यं जानाति - **કારણકે નિત્ય જાણે છે,** तह्मा जीवो दु जाणओ णाणी - तस्मात् जीवस्तु ज्ञायको ज्ञानी - **તેથી જીવ જ નિશ્ચયે કરીને જ્ઞાયક જ્ઞાની છે,** णाणं च जाणयादो अव्वदिरित्तं मुणेयव्वं - ज्ञानं च ज्ञायकादव्यतिरिक्तं ज्ञातव्यं - **અને જ્ઞાન જ્ઞાયકથી અવ્યતિરિક્ત (અભિન્ન) જાણવું.** ॥४०३॥ णाणं दु - ज्ञानं - तु **જ્ઞાનને જ** सम्मादिट्ठिं संजमं सुत्तमंगपुव्वगयं धम्माधम्मं च तहा पवज्जं - सम्यग्

રૂપ જ્ઞાન નથી હોતું, કારણકે રૂપ કાંઈ જાણતું નથી, તેથી જ્ઞાન અન્ય, રૂપ અન્ય જિનો જાણે છે. ૩૯૨

વર્ણ જ્ઞાન નથી હોતો, કારણકે વર્ણ કાંઈ નથી જાણતો, તેથી જ્ઞાન અન્ય, વર્ણ અન્ય જિનો જાણે છે. ૩૯૩

---

दृष्टिं संयमं सूत्रमंगपूर्वगतं धर्माधर्मं च तथा प्रव्रज्याम् - સમ્યગ્દૃષ્ટિ, સંયમ, અંગપૂર્વગત સૂત્ર અને ધર્મ-અધર્મ તથા પ્રવ્રજ્યા बुहा अब्भुवंति - बुधाः अभ्युपयांति - બુધો - જ્ઞાનીઓ - પંડિતજનો અભ્યુપગમે છે - સ્વીકારે છે - માને છે. ।।૪૦૪।। इति **गाथा** आत्मभावना ।।३९०-४०४।।

न श्रुतं ज्ञानम् - નથી શ્રુત જ્ઞાન, શાને લીધે ? अचेनत्वात् - અચેતનપણાને લીધે, ततो - તેથી, શું ? ज्ञान-श्रुतयोर्व्यतिरेकः - જ્ઞાન અને શ્રુતનો વ્યતિરેક છે - ભિન્ન ભાવ - જૂદાપણું છે. न शब्दो ज्ञानमचेतनत्वात् - નથી શબ્દ જ્ઞાન - અચેતનપણાને લીધે, ततो ज्ञानशब्दयो र्व्यतिरेकः - તેથી જ્ઞાન અને શબ્દનો વ્યતિરેક છે. न रूपं ज्ञानमचेतनत्वात् - નથી રૂપ જ્ઞાન - અચેતનપણાને લીધે, ततो ज्ञानरूपयो र्व्यतिरेकः - તેથી જ્ઞાન અને રૂપનો વ્યતિરેક છે. न वर्णो ज्ञानमचेतनत्वात् - નથી વર્ણ જ્ઞાન - અચેતનપણાને લીધે, ततो ज्ञानवर्णयो र्व्यतिरेकः - તેથી જ્ઞાન અને વર્ણનો વ્યતિરેક છે. न गंधो ज्ञानमचेतनत्वात् - નથી ગંધ જ્ઞાન - અચેતનપણાને લીધે, ततो ज्ञानगंधमयोर्व्यतिरेकः - તેથી જ્ઞાન અને ગંધનો વ્યતિરેક છે, न रसो ज्ञानमचेतनत्वात् - નથી રસ જ્ઞાન - અચેતનપણાને લીધે, ततो ज्ञानरसयोर्व्यतिरेकः - તેથી જ્ઞાન અને રસનો વ્યતિરેક છે. न स्पर्शो ज्ञानमचेतनत्वात् - નથી સ્પર્શ જ્ઞાન - અચેતનપણાને લીધે, ततो ज्ञानस्पर्शयो र्व्यतिरेकः - તેથી જ્ઞાન અને સ્પર્શનો વ્યતિરેક છે. न कर्म ज्ञानमचेतनत्वात् - નથી કર્મ જ્ઞાન - અચેતનપણાને લીધે, ततो ज्ञानकर्मयो र्व्यतिरेकः - તેથી જ્ઞાન અને કર્મનો વ્યતિરેક છે, न धर्मो ज्ञानमचेतनत्वात् - નથી ધર્મ (ધર્માસ્તિકાય) જ્ઞાન - અચેતનપણાને લીધે, ततो ज्ञानधर्मयो र्व्यतिरेकः - તેથી જ્ઞાન અને ધર્મનો (ધર્માસ્તિકાયનો) વ્યતિરેક - ભિન્ન ભાવ - જૂદાપણું છે. नाधर्मो ज्ञानमचेतनत्वात् - નથી અધર્મ (અધર્માસ્તિકાય) જ્ઞાન - અચેતનપણાને લીધે, ततो ज्ञानधर्मयो र्व्यतिरेकः - તેથી જ્ઞાન અને અધર્મનો -

(અધર્માસ્તિકાયનો) વ્યતિરેક છે, न कालो ज्ञान अचेवनत्वात् - નથી કાળ જ્ઞાન - અચેતનપણાને લીધે, ततो ज्ञानकालयो र्व्यतिरेकः - તેથી જ્ઞાન અને કાળનો વ્યતિરેક છે. नाकाशं ज्ञानमचेतनत्वात् - નથી આકાશ જ્ઞાન - અચેતનપણાને લીધે, ततो ज्ञानाकाशयो र्व्यतिरेकः - તેથી જ્ઞાન અને આકાશનો વ્યતિરેક - (ભિન્ન ભાવ) છે. नाध्यवसानं ज्ञानमचेतनत्वात् - નથી અધ્યવસાન જ્ઞાન - અચેતનપણાને લીધે, ततो ज्ञानाध्यवसानयो र्व्यतिरेकः - તેથી જ્ઞાન અને અધ્યવસાનનો વ્યતિરેક (ભિન્ન ભાવ) છે.

इत्येवं ज्ञानस्य सर्वैदेव परद्रव्यैः सह व्यतिरेको निश्चयसाधितो भवति - એવા પ્રકારે એમ જ્ઞાનનો સર્વે જ પરદ્રવ્યો સાથે વ્યતિરેક નિશ્ચયસાધિત હોય છે.

अथ जीव एवैको ज्ञानं - હવે જીવ જ એક જ્ઞાન છે, શાને લીધે ? चेतनत्वात् - ચેતનપણાને લીધે, ततो - તેથી, શું ? ज्ञानजीवयोरेवाव्यतिरेकः - જ્ઞાન અને જીવનો જ અવ્યતિરેક (અભિન્ન ભાવ, જૂદાપણાનો અભાવ) છે. न च जीवस्य स्वयं ज्ञानत्वात् ततो व्यतिरेकः कश्चनापि शंकनीयः - અને જીવના સ્વયં જ્ઞાનપણાને લીધે તેથી - તે જ્ઞાનથી વ્યતિરેક (ભિન્ન ભાવ, વિશેષ ભાવ) કોઈ પણ શંકનીય - શંકવા યોગ્ય નથી. एवं तु सति - અને એમ સતે ज्ञानमेव सम्यग्दृष्टिः - જ્ઞાન જ સમ્યગ્દૃષ્ટિ, ज्ञानमेव संयमः - જ્ઞાન જ સંયમ, ज्ञानमेवांगपूर्वरूपः सूत्रं - જ્ઞાન જ અંગપૂર્વગત સૂત્ર, ज्ञानमेव धर्माधर्मौ - જ્ઞાન જ ધર્મ - અધર્મ, ज्ञानमेव प्रव्रज्या - જ્ઞાન જ પ્રવ્રજ્યા, इति ज्ञानस्य जीवपर्यायैरपि सहाव्यतिरेको निश्चयसाधितो दृष्टव्यः - એમ જ્ઞાનનો જીવપર્યાયો સાથે પણ અવ્યતિરેક (અભિન્ન ભાવ - અવિશેષ ભાવ) નિશ્ચય સાધિત દૃષ્ટવ્ય છે - દેખવા યોગ્ય છે.

अथैवं - હવે એમ - ઉક્ત પ્રકારે सर्वद्रव्यव्यतिरेकेण - સર્વ દ્રવ્યો સાથે વ્યતિરેકથી (ભિન્ન ભાવથી) सर्वदर्शनादि जीवस्वभावाव्यतिरेकेण वा - અથવા સર્વ દર્શનાદિ જીવ સ્વભાવો સાથે અવ્યતિરેકથી (અભિન્ન ભાવથી - અવિશેષ ભાવથી) अतिव्याप्तिमव्याप्तिं च परिहरमाणम् - અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ પરિહરતું साक्षात् समयसारभूतं शुद्ध ज्ञानमेकमेव स्थितं दृष्टव्यं - સાક્ષાત્ સમયસારભૂત શુદ્ધ જ્ઞાન એક જ સ્થિત દૃષ્ટવ્ય છે. કેવું છે આ જ્ઞાન ? समवाप्त संपूर्णविज्ञानघनभावं हानोपादानशून्यं - સમવાપ્ત - સમ્યક્પણે પ્રાપ્ત છે સંપૂર્ણ વિજ્ઞાનઘન ભાવ જેને એવું હાનોપાદાન શૂન્ય - ત્યાગ - ગ્રહણ શૂન્ય એવું શી રીતે શું કરીને થયું ? (૧) अनादिविभ्रममूलं धर्माधर्मरूपं परसमयमुद्वम्य - અનાદિ વિભ્રમનું મૂળ એવો ધર્માધર્મ રૂપ - (શુભાશુભ ભાવરૂપ - પુણ્ય - પાપ રૂપ) પરસમય ઉદ્વમીને - ઉત્કટપણે સર્વથા વમી નાંખીને, (૨) स्वयमेव प्रव्रज्यारूपमापाद्य दर्शनज्ञानचारित्रस्थितित्वरूपं स्वसमयमवाप्य - સ્વયમેવ - સ્વયં જ - આપોઆપ જ પ્રવ્રજ્યા રૂપ આપાદન કરી દર્શન - જ્ઞાન - ચારિત્ર સ્થિતિ (ત્વ) રૂપ સ્વ સમયને પામીને, (૩)

ગંધ જ્ઞાન નથી હોતો, કારણકે ગંધ કાંઈ નથી જાણતો, તેથી જ્ઞાન અન્ય, ગંધ અન્ય જિનો જાણે છે. ૩૯૪

રસ જ્ઞાન નથી હોત, કારણકે રસ કાંઈ નથી જાણતો, તેથી જ્ઞાન અન્ય, રસ અન્ય જિનો જાણે છે. ૩૯૫

સ્પર્શ જ્ઞાન નથી હોતો, કારણકે સ્પર્શ કાંઈ નથી જાણતો, તેથી જ્ઞાન અન્ય, સ્પર્શ અન્ય જિનો જાણે છે. ૩૯૬

કર્મ જ્ઞાન નથી હોતું, કારણકે કર્મ કાંઈ નથી જાણતું, તેથી જ્ઞાન અન્ય, કર્મ અન્ય જિનો જાણે છે. ૩૯૭

ધર્મ જ્ઞાન નથી હોતો, કારણકે ધર્મ કાંઈ નથી જાણતો, તેથી જ્ઞાન અન્ય, ધર્મ અન્ય જિનો જાણે છે. ૩૯૮

અધર્મ જ્ઞાન નથી હોતો, કારણકે અધર્મ કાંઈ નથી જાણતો, તેથી જ્ઞાન અન્ય, અધર્મ અન્ય જિનો જાણે છે. ૩૯૯

કાળ જ્ઞાન નથી હોતો, કારણકે કાળ કાંઈ નથી જાણતો, તેથી જ્ઞાન અન્ય, કાળ અન્ય જિનો જાણે છે. ૪૦૦

આકાશ પણ જ્ઞાન નથી હોતું, કારણકે આકાશ કાંઈ નથી જાણતું, તેથી જ્ઞાન અન્ય, આકાશ અન્ય જિનો જાણે છે. ૪૦૧

અધ્યવસાન જ્ઞાન નથી, કારણકે અધ્યવસાન અચેતન છે, તેથી જ્ઞાન અન્ય તથા અધ્યવસાન અન્ય છે. ૪૦૨

કારણકે નિત્ય જાણે છે, તેથી જીવ જ જ્ઞાયક જ્ઞાની છે અને જ્ઞાન જ્ઞાયકથી અવ્યતિરિક્ત (અભિન્ન) જાણવું. ૪૦૩

જ્ઞાનને સમ્યગ્દૃષ્ટિ, સંયમ, અંગ પૂર્વગત સૂત્ર અને ધર્મ-અધર્મ તથા પ્રવ્રજ્યા બુધો અભ્યુપગમે છે - (સ્વીકારે છે). ૪૦૪

## आत्मख्याति टीका

**शास्त्रं ज्ञानं न भवति यस्माच्छास्त्रं न जानाति किंचित् ।**
**तस्मादन्यज्ज्ञानमन्यच्छास्त्रं जिना विदंति ॥३९०॥**
**शब्दो ज्ञानं न भवति यस्माच्छब्दो न जानाति किंचित् ।**
**तस्मादन्यज्ज्ञानमन्यं शब्दं जिना विदंति ॥३९१॥**
**रूपं ज्ञानं न भवति यस्माद्रूपं न जानाति किंचित् ।**
**तस्मादन्यज्ज्ञानमन्यत् रूपं जिना विदंति ॥३९२॥**
**वर्णो ज्ञानं न भवति यस्माद्वर्णो न जानाति किंचित् ।**
**तस्मादन्यज्ज्ञानमन्यं वर्णं जिना विदंति ॥३९३॥**

---

मोक्षमार्गमात्मन्येव परिणतं कृत्वा - (આમ ઉક્ત પ્રકારે પરસમય વમી સ્વસમય પામી) મોક્ષમાર્ગને આત્મામાં જ પરિણત કરીને. આ વિધાનથી આમ કર્યું એટલે જ જ્ઞાનનો સંપૂર્ણ વિજ્ઞાનઘન ભાવ સંપ્રાપ્ત થયો, એટલે જ્યાં કંઈ પણ લેવા - મૂકવાનું રહ્યું નથી એવું તે જ્ઞાન હાનોપાદાન શૂન્ય બન્યું, એટલે આમ સાક્ષાત્ - પ્રત્યક્ષ - પ્રગટ 'સમયસારભૂત' - એવંભૂત ભાવથી સમયસાર દશાને પામેલું શુદ્ધજ્ઞાન એક જ સ્થિત થયું એમ દેખવા યોગ્ય છે - એમ સાક્ષાત્ સમયસારભૂત ભગવાન વિજ્ઞાનઘન અમૃતચંદ્રાચાર્યજીનો આ સમસ્ત વક્તવ્યનો પરમ સાર છે. ॥ इति **'आत्मख्याति' टीका** आत्मभावना ॥३९०-४०४॥

गंधो ज्ञानं न भवति यस्माद् गंधो न जानाति किंचित् ।
तस्मादन्यज्ज्ञानमन्यं गंधं जिना विदंति ॥३९४॥
न रसस्तु भवति ज्ञानं यस्मात्तु रसो न जानाति किंचित् ।
तस्मादन्यज्ज्ञानं रसं चान्यं जिना विदंति ॥३९५॥
स्पर्शो न भवति ज्ञानं यस्मात्स्पर्शो न जानाति किंचित् ।
तस्मादन्यज्ज्ञानमन्यं स्पर्शं जिना विदंति ॥३९६॥
कर्म ज्ञानं न भवति यस्मात्कर्म न जानाति किंचित् ।
तस्मादन्यज्ज्ञानमन्यत्कर्म जिना विदंति ॥३९७॥
धर्मो ज्ञानं न भवति यस्मात्कर्म न जानाति किंचित् ।
तस्मादन्यज्ज्ञानमन्यत्कर्म जिना विदंति ॥३९८॥
ज्ञानमधर्मो न भवति यस्मादधर्मो न जानाति किंचित् ।
तस्मादन्यज्ञानमन्यमधर्मं जिना विदंति ॥३९९॥
कालो ज्ञानं न भवति यस्मात्कालो न जानाति किंचित् ।
तस्मादन्यद् ज्ञानमन्यं कालं जिना विदंति ॥४००॥
आकाशमपि न ज्ञानं यस्मादाकाशं न जानाति किंचित् ।
तस्मादाकाशमन्यदन्यज्ज्ञानं जिना विदंति ॥४०१॥
नाध्यवसानं ज्ञानमध्यवसानमचेतनं यस्मात् ।
तस्मादन्यज्ज्ञानमध्यवसानं तथान्यत् ॥४०२॥
यस्माज्ज्ञानाति नित्यं तस्माज्जीवस्तु ज्ञायको ज्ञानी ।
ज्ञानं च न ज्ञायकादव्यतिरिक्तं ज्ञातव्यं ॥४०३॥
ज्ञानं सम्यग्दृष्टिं तु संयमं सूत्रमंगपूर्वगतं ।
धर्माधर्मं च तथा प्रव्रज्यामभ्युपयांति बुधाः ॥४०४॥
न श्रुतं ज्ञानमचेतनत्वात् ततो ज्ञानश्रुतयो र्व्यतिरेकः ।
न शब्दो ज्ञानमचेतनत्वात् ततो ज्ञानशब्दो र्व्यतिरेकः ।
न रूपं ज्ञानमचेतनत्वात् ततो ज्ञानरूपयो र्व्यतिरेकः ।
न वर्णो ज्ञानमचेतनत्वात् ततो ज्ञानवर्णयो र्व्यतिरेकः ।
न गंधो ज्ञानमचेतनत्वात् ततो ज्ञानगंधयो र्व्यतिरेकः ।
न रसो ज्ञानमचेतनत्वात् ततो ज्ञानरसयो र्व्यतिरेकः ।
न स्पर्शो ज्ञानमचेतनत्वात् ततो ज्ञानस्पर्शयो र्व्यतिरेकः ।
न कर्म ज्ञानचेतनत्वात् ततो ज्ञानकर्मणो र्व्यतिरेकः ।

**न धर्मो ज्ञानमचेतनत्वात् ततो ज्ञानधर्मयो र्व्यतिरेकः ।**

**न कालो ज्ञानमचेतनत्वात् ततो ज्ञानकालयो र्व्यतिरेकः ।**

**नाकाशं ज्ञानमचेतनत्वात् ततो ज्ञानाकाशयो र्व्यतिरेकः ।**

**नाध्यवसानं ज्ञानमचेतनत्वात् ततो ज्ञानाध्यवसानयो र्व्यतिरेकः ।**

इत्येवं ज्ञानस्य सर्वैरेव परद्रव्यैः सह व्यतिरेको निश्चयसाधितो भवति । अथ जीव एवैको ज्ञानं चेतनत्वात् ततो ज्ञानजीवयोरेवाव्यतिरेकः,

न च जीवस्य स्वयं ज्ञानत्वात्ततो व्यतिरेकः कश्चनापि शंकनीयः ।

एवं तु सति **ज्ञानमेव सम्यग्दृष्टिः** ज्ञानमेव **संयमः,** ज्ञानमे**वांगपूर्वरूपं सूत्रं,** ज्ञानमेव **धर्माधर्मौ,** ज्ञानमेव **प्रव्रज्येति** ज्ञानस्य जीवपर्यायैरपि सहाव्यतिरेको निश्चयसाधितो दृष्टव्यः ।

अथैवं सर्वद्रव्यव्यतिरेकेण सर्वदर्शनादिजीवस्वभावाव्यतिरेकेण वा अतिव्याप्तिमव्याप्तिं च परिहरमाण-मनादिविभ्रममूलं धर्माधर्मरूपं परसमयमुद्वम्य स्वयमेव प्रव्रज्यारूपमापाद्य दर्शनज्ञानचारित्रस्थितित्वरूपं स्वसमयमवाप्य मोक्षमार्गमात्मन्येव परिणतं कृत्वा

समवाप्तसंपूर्णविज्ञानघनभावं हानोपादानशून्यं

साक्षात्समयसारभूतं परमार्थरूपं शुद्धज्ञानमेकमेव स्थितं दृष्टव्यं ॥३९०-४०४॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

**શ્રુત જ્ઞાન નથી** - અચેતનપણાને લીધે, તેથી **જ્ઞાન-શ્રુતનો** વ્યતિરેક (ભિન્નતા) છે,

**શબ્દ જ્ઞાન નથી** - અચેતનપણાને લીધે, તેથી **જ્ઞાન-શબ્દનો** વ્યતિરેક છે,

**રૂપ જ્ઞાન નથી** - અચેતનપણાને લીધે, તેથી **જ્ઞાન-રૂપનો** વ્યતિરેક છે,

**વર્ણ જ્ઞાન નથી** - અચેતનપણાને લીધે, તેથી **જ્ઞાન-વર્ણનો** વ્યતિરેક છે,

**ગંધ જ્ઞાન નથી** - અચેતનપણાને લીધે, તેથી **જ્ઞાન-ગંધનો** વ્યતિરેક છે,

**રસ જ્ઞાન નથી** - અચેતનપણાને લીધે, તેથી **જ્ઞાન-રસનો** વ્યતિરેક છે,

**સ્પર્શ જ્ઞાન નથી** - અચેતનપણાને લીધે, તેથી **જ્ઞાન-સ્પર્શનો** વ્યતિરેક છે,

**કર્મ જ્ઞાન નથી** - અચેતનપણાને લીધે, તેથી **જ્ઞાન-કર્મનો** વ્યતિરેક છે,

**ધર્મ જ્ઞાન નથી** - અચેતનપણાને લીધે, તેથી **જ્ઞાન-ધર્મનો** વ્યતિરેક છે,

**અધર્મ જ્ઞાન નથી** - અચેતનપણાને લીધે, તેથી **જ્ઞાન-અધર્મનો** વ્યતિરેક છે,

**કાળ જ્ઞાન નથી** - અચેતનપણાને લીધે, તેથી **જ્ઞાન-કાળનો** વ્યતિરેક છે,

**આકાશ જ્ઞાન નથી** - અચેતનપણાને લીધે, તેથી **જ્ઞાન-આકાશનો** વ્યતિરેક છે,

**અધ્યવસાન જ્ઞાન નથી** - અચેતનપણાને લીધે, તેથી **જ્ઞાન-અધ્યવસાનનો** વ્યતિરેક છે,

- એવા પ્રકારે એમ જ્ઞાનનો સર્વે જ પરદ્રવ્યો સાથે વ્યતિરેક નિશ્ચયસાધિત હોય છે. હવે - જીવ જ એક જ્ઞાન છે - ચેતનપણાને લીધે, તેથી જ્ઞાન-જીવનો જ અવ્યતિરેક છે અને જીવના સ્વયં જ્ઞાનપણાને લીધે તેનાથી (જ્ઞાનથી) વ્યતિરેક કોઈ પણ શંકનીય નથી અને એમ સતે **જ્ઞાન જ સમ્યગ્ દૃષ્ટિ, જ્ઞાન જ સંયમ, જ્ઞાન જ અંગપૂર્વ રૂપ સૂત્ર, જ્ઞાન જ ધર્માધર્મ, જ્ઞાન જ પ્રવ્રજ્યા** - એમ જ્ઞાનનો જીવ પર્યાયો સાથે પણ અવ્યતિરેક (અભિન્ન ભાવ) નિશ્ચયસાધિત દૃષ્ટવ્ય છે.

હવે એમ સર્વદ્રવ્ય સાથે વ્યતિરેકથી અથવા સર્વદર્શનાદિ જીવ સ્વભાવ સાથે અવ્યતિરેકથી અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિ પરિહરતું, અનાદિ વિભ્રમમૂલ ધર્માધર્મ પરસમયને ઉદ્વમી, સ્વયમેવ પ્રવ્રજ્યારૂપ પ્રાપ્ત કરી, દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્થિતિત્વરૂપ સ્વ સમયને પામીને, મોક્ષમાર્ગ આત્મામાં જ પરિણત કરીને, સંપૂર્ણ વિજ્ઞાનઘન ભાવને સમવાપ્ત થયેલું, હાનોપાદાન શૂન્ય (ત્યાગ - ગ્રહણ શૂન્ય) સાક્ષાત્ સમયસારભૂત પરમાર્થરૂપ એવું શુદ્ધજ્ઞાન એક જ સ્થિત દ્રષ્ટવ્ય (દેખવા યોગ્ય) છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આ આત્મભાવ છે અને આ અન્ય ભાવ છે એવું બોધબીજ આત્માને વિષે પરિણમિત થવાથી અન્ય ભાવને વિષે સહેજે ઉદાસીનતા ઉત્પન્ન થાય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૪૬૩), ૫૪૫**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે અત્રે **શાસ્ત્રકર્ત્તા પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ અદ્ભુત ગમિક સૂત્ર શૈલીથી** જ્ઞાનનું અન્ય સર્વ દ્રવ્યોથી વ્યતિરિક્તપણું - ભિન્નપણું પરિભાવન કરાવ્યું છે - **'શાસ્ત્ર જ્ઞાન નથી હોતું,** કારણકે શાસ્ત્ર કાંઈ નથી જાણતું, તેથી જ્ઞાન અન્ય શાસ્ત્ર અન્ય એમ જિનો જાણે છે', તેમજ શબ્દ, રૂપ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, કર્મ, ધર્મ, અધર્મ, કાળ, આકાશ, અધ્યવસાન કાંઈ નથી જાણતા, તેથી જ્ઞાન અન્ય છે, શબ્દાદિ અન્ય છે - **એમ જિનો જાણે છે** - 'तह्मा अण्णं णाणं अण्णं सत्थं जिणा विंति', એમ કર્ણમાં ગુંજારવ કરે એવા અપૂર્વ ગમિક સૂત્રથી આ ભેદવિજ્ઞાનની - સ્વ - પર વિવેકકરણની પરિદૃઢ ભાવના કરાવી, **શાસ્ત્રકર્ત્તાએ જ્ઞાનને જ્ઞાયક જીવથી અવ્યતિરિક્ત - અભિન્ન કહી** જ્ઞાનને જ સમ્યગ્દૃષ્ટિ, સંયમ, અંગપૂર્વગત સૂત્ર, ધર્મ-અધર્મ, પ્રવ્રજ્યા નિરૂપિત કરેલ છે. આ **ગ્રંથની કલગી રૂપ આ સર્વ વિશુદ્ધ જ્ઞાન અધિકારની કલગી રૂપે** આ મહાન ગાથાઓની વ્યાખ્યા કરતાં **'આત્મખ્યાતિ' સૂત્રકર્ત્તા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પણ આ ભેદવિજ્ઞાન એમની અનન્ય લાક્ષણિક સરલતમ હૃદયંગમ શૈલીમાં ઓર વજ્રલેપ પરિદૃઢ કરાવ્યું છે - न श्रुतं ज्ञानं अचेतनत्वात् - **શ્રુત જ્ઞાન નથી,** અચેતનપણાને લીધે, તેથી જ્ઞાન અને શ્રુતનો વ્યતિરેક - ભિન્ન ભાવ - જૂદાપણું છે - ततो ज्ञान श्रुतयो र्व्यतिरेकः - એ જ પ્રકારે શબ્દ, રૂપ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, કર્મ, ધર્મ, અધર્મ, કાળ, આકાશ, અધ્યવસાન જ્ઞાન નથી - અચેતનપણાને લીધે, તેથી જ્ઞાન અને શબ્દાદિનો વ્યતિરેક - ભિન્ન ભાવ - પૃથગ્ભાવ છે, એમ **'આત્મખ્યાતિ' સૂત્રકર્ત્તાએ** પણ અપૂર્વ **ગમિક સૂત્રશૈલીથી** આ શાસ્ત્રના પરમ રહસ્યભૂત આ **ભેદવિજ્ઞાન - સ્વ - પર વિવેક ગોખાવી ગોખાવીને** આવા સુસ્પષ્ટ વિવેચનથી આ સિદ્ધાંતિક વસ્તુને સરલતમ સુગમતમ (most simplifies) કરી આપી સર્વ અન્ય ભાવથી જ્ઞાનનું અનન્ય વિવેચનીકરણ કરતાં દર્શાવ્યું છે કે - એમ એવા પ્રકારે જ્ઞાનનો સર્વે જ પરદ્રવ્યો સાથે વ્યતિરેક - **ભેદ નિશ્ચયસાધિત** હોય છે - इत्येवं ज्ञानस्य सर्वैरेव परद्रव्यैः सह व्यतिरेको निश्चयसाधितो भवति ।

अथ जीव एवैको ज्ञानं चेतनत्वात् - હવે જીવ જ એક જ્ઞાન છે - **ચેતનત્વ** - ચેતનપણાને લીધે, તેથી જ્ઞાન અને જીવનો જ અવ્યતિરેક - અભેદ છે - ततो ज्ञानजीवयोरेवाव्यतिरेकः અને જીવનું સ્વયં - પોતે જ્ઞાનપણું છે તેને લીધે તે જ્ઞાનથી જીવનો કોઈ પણ વ્યતિરેક - ભેદભાવ શંકનીય નથી - શંકવા યોગ્ય નથી અને જીવ અને જ્ઞાન અભેદ હોઈ, જ્ઞાન જ સમ્યગ્દૃષ્ટિ છે, જ્ઞાન જ સંયમ છે, જ્ઞાન જ અંગપૂર્વ રૂપ સૂત્ર છે, જ્ઞાન જ ધર્મ-અધર્મ છે, જ્ઞાન જ પ્રવ્રજ્યા છે, એમ જ્ઞાનનો જીવ પર્યાયો સાથે પણ અવ્યતિરેક - અભેદ **નિશ્ચયસાધિત દ્રષ્ટવ્ય** છે - દેખવા યોગ્ય છે - ज्ञानस्य जीवपर्यायैरपि सहाव्यतिरेको निश्चयसाधितः दृष्टव्यः ।

**આ ઉપરથી શું સિદ્ધ થયું ? હવે એમ ઉપરમાં વિવરી બતાવ્યું તેમ સર્વ દ્રવ્યો સાથે વ્યતિરેકથી - ભેદભાવથી અથવા દર્શનાદિ સર્વ જીવપર્યાયો સાથે અવ્યતિરેકથી - અભેદભાવથી અતિવ્યાપ્તિ અને અવ્યાપ્તિને** પરિહરતું એવું શુદ્ધ જ્ઞાન એક જ સ્થિત દ્રષ્ટવ્ય છે. અર્થાત્ સર્વ દ્રવ્યો સાથે વ્યતિરેક-ભેદભાવ-જૂદાપણું છે, એટલે જ્ઞાન લક્ષણ તે દ્રવ્યોમાં પ્રાપ્ત થતું નથી, તેથી **અતિવ્યાપ્તિ દોષ**

ટાળતું અને જ્ઞાનનો દર્શનાદિ સર્વ જીવપર્યાયો સાથે અવ્યતિરેક - અભેદભાવ છે, એટલે જ્ઞાન લક્ષણ તે **સર્વ જીવપર્યાયોમાં વ્યાપ્યા વિના રહેતું નથી તેથી અવ્યાપ્તિ દોષ ટાળતું, એવું તે શુદ્ધ જ્ઞાન એક જ** સ્થિત - જેમ છે તેમ સ્થિતિ કરતું દેખવા યોગ્ય છે. કેવું ? કેવી રીતે ? (૧) अनादिविभ्रममूलं धर्माधर्मरूपं परसमयमुद्वम्य - **અનાદિ વિભ્રમનું - આત્મભ્રાંતિનું મૂલ એવા ધર્મ - અધર્મરૂપ - શુભ અશુભ ભાવરૂપ પરસમયને ઉદ્વમીને** - ઉત્કટપણે સર્વથા વમી નાંખીને - ઉલટી કરીને, **(૨) અત** એવ स्वयमेव प्रव्रज्यारूपमापाद्य - **સ્વયમેવ** - આપોઆપ જ **પ્રવ્રજ્યા રૂપ પ્રાપ્ત કરી, અર્થાત્ શુભાશુભ ભાવરૂપ પર સમયમાંથી પ્રકૃષ્ટપણે વ્રજ્યા** - વ્રજન - ગમન ચાલ્યા જવાપણું અથવા શુદ્ધ આત્મભાવ રૂપ સ્વ સમયે પ્રત્યે પ્રકૃષ્ટપણે વ્રજ્યા - વ્રજન - ગમન ચાલ્યા જવાપણું એવા પ્રવ્રજ્યારૂપને પ્રાપ્ત કરી, (૩) અત એવ दर्शनज्ञानचारित्रस्थितित्वरूपं स्वसमयमवाप्य - **દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતિત્વરૂપ સ્વ સમયને** પામી, (૪) અને અત એવ मोक्षमार्गमात्मन्येव परिणतं कृत्वा - **મોક્ષમાર્ગને આત્મામાં જ પરિણત** કરી - પરિણામ પમાડી, (૫) જે **સંપૂર્ણ વિજ્ઞાનઘન ભાવને** સમવાપ્ત થયું - समवाप्तसंपूर्णविज्ञानघनभावं - જ્યાં પરભાવ વિભાવનો લેશમાત્ર પ્રવેશનો અવકાશ નથી એવા અનવકાશ સર્વ પ્રદેશે વિજ્ઞાન વિજ્ઞાન ને વિજ્ઞાનમય સંપૂર્ણ વિજ્ઞાનઘન ભાવને સમ્યક્પણે પ્રાપ્ત થયું, (૬) અત એવ જે હાનોપાદાન શૂન્ય - हानोपादानशून्यं - ત્યાગ ગ્રહણ રહિત અર્થાત્ ત્યજવા યોગ્ય હતું તે ત્યજી દીધું અને ગ્રહવા યોગ્ય હતું તે ગ્રહી લીધું એટલે ત્યજવા - ગ્રહવા જેવું કંઈ બાકી નહિ રહ્યું હોવાથી હાન - ઉપાદાનનું - ત્યાગ - ગ્રહણનું જ્યાં શૂન્ય - મીંડુ મૂકાયું છે એવું હાનોપાદાન - શૂન્ય થયું, (૭) એવું **સાક્ષાત્ સમયસારભૂત - સાક્ષાત્ પ્રત્યક્ષ પ્રગટ સમયસાર સ્વરૂપ થઈ ગયેલું શુદ્ધ જ્ઞાન એક જ સ્થિત દૃષ્ટવ્ય છે,** साक्षात्समयसारभूतं शुद्धज्ञानमेकमेव स्थितं दृष्टव्यं ।

અને વર્ત્તમાનમાં તથારૂપ **સમયસારભૂત સમયસાર દશાનું** દર્શન કરવું હોય તો આપણી પાસે જીવતું જાગતું જ્વલંત ઉદાહરણ **જ્ઞાનાવતાર શ્રીમદ્ રાજચંદ્રનું** છે, - જેનાં અધ્યાત્મ ચરિત્ર - **'અધ્યાત્મ રાજચંદ્ર'માં** જીવતા જાગતા પ્રયોગસિદ્ધ સમયસારનું સાક્ષાત્ દર્શન મુમુક્ષુજનને થાય છે. તેની તથારૂપ શુદ્ધ આત્મદશા સંપન્ન - સાક્ષાત્ સમયસાર દશા સંપન્ન **શ્રીમદ્દ્‌ના** દિવ્ય આત્માની અમૃત ખ્યાતિ પોકારતા એમના આત્માના અમૃતાનુભૂતિમય વચનામૃતો બુલંદ અવાજથી આ વસ્તુ જગત્‌ને જાહેર કરે છે (Proclaims).

ખરેખર ! કેવલ શુદ્ધ આત્માની - સમયસારની અનુભૂતિ જેને નિરંતર વર્ત્તતી હતી એવા **શ્રીમદ્દ્‌ના** અનુભવપ્રમાણ વચનામૃતો પરથી સહેજે પ્રતીત થાય છે - 'અત્રે આત્માકારતા વર્તે છે. ચિત્તની દશા ચૈતન્યમય રહ્યા કરે છે.'

એવી સાક્ષાત્ **સમયસાર અનુભવ જાગ્રત દશા - સ્થિતિ દશા** જેને પ્રગટી હતી એવા સાક્ષાત્ **સમયસારભૂત આત્મજાગૃત દશામાં** વર્ત્તતા **શ્રીમદે** આત્માનુભવસિદ્ધપણે એક અમૃત પત્રમાં પ્રકાશ્યું છે તેમ -

'સર્વ અન્ય ભાવથી આત્મા રહિત છે, કેવળ એમ જેને અનુભવ વર્તે છે તે મુક્ત છે, બીજા સર્વ દ્રવ્યથી અસંગપણું, ક્ષેત્રથી અસંગપણું, કાળથી અસંગપણું અને ભાવથી અસંગપણું સર્વથા જેને વર્તે છે તે મુક્ત છે. અટળ અનુભવ સ્વરૂપ આત્મા સર્વદ્રવ્યથી પ્રત્યક્ષ જૂદો ભાસવો ત્યાંથી મુક્ત દશા વર્તે છે. તે પુરુષ મૌન થાય છે, તે પુરુષ અપ્રતિબદ્ધ થાય છે, તે પુરુષ અસંગ થાય છે, તે પુરુષ નિર્વિકલ્પ થાય છે અને તે પુરુષ મુક્ત થાય છે. શુદ્ધ 'સહજ આત્મસ્વરૂપ'. - **(શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૭૯)**

આવા શુદ્ધ સહજ આત્મસ્વરૂપના સ્વામી સાક્ષાત્ સમયસારભૂત જીવન્મુક્ત હતા **શ્રીમદ્ ! શ્રીમદ્દ્‌નું** આત્માનુભવ વચનામૃત તો અત્ર સુવર્ણ કળશ ચઢાવે છે -

'સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છું, એક કેવળ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પરમોત્કૃષ્ટ, અચિંત્ય સુખ સ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છું, ત્યાં વિક્ષેપ શો ? વિકલ્પ શો ? ભય શો ? ખેદ શો ? બીજી અવસ્થા શી ? હું માત્ર નિર્વિકલ્પ શુદ્ધ શુદ્ધ, પ્રકૃષ્ટ શુદ્ધ પરમશાંત ચૈતન્ય છું.' હું માત્ર નિર્વિકલ્પ છું. હું નિજ સ્વરૂપમય ઉપયોગ કરૂં છું. તન્મય થાઉં છું. શાંતિઃ શાંતિઃ શાંતિઃ. - **(શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૩૩)**

આમ જેના જીવનમાં અને કવનમાં એક આત્મા આત્મા ને આત્મા જ એ દિવ્ય ધ્વનિ ગૂંજ્યા કરતો હતો, એવા **સહજસ્વરૂપસ્વામી શુદ્ધ ચૈતન્યમૂર્ત્તિ શ્રીમદ્** આવા શુદ્ધ આત્મા - **પ્રયોગસિદ્ધ સમયસાર** હતા ! નમસ્કાર હો ! નમસ્કાર હો ! આવા જીવતા-જાગતા આ **પ્રયોગસિદ્ધ સમયસારને*** नमः समयसाराय !






* વિશેષ માટે : 'અધ્યાત્મ રાજચંદ્ર' (સ્વરચિત) પ્રકરણ-૧૦૧ : **જીવતો જાગતો પ્રયોગસિદ્ધ સમયસાર.**

અત્ર ત્યાગ - આદાન શૂન્ય અવસ્થિત આ **સમયસાર કળશ** (૪૩) જ્ઞાનનો શુદ્ધજ્ઞાનઘન મહિમા ઉત્કીર્ત્તન કરે છે -

शार्दूलविक्रीडित

**अन्येभ्यो व्यतिरिक्तमात्मनियतं बिभ्रत्पृथग्वस्तुता -**
**मादानोज्झनशून्यमेतदमलं ज्ञानं तथावस्थितं ।**
**मध्याद्यंतविभागमुक्तसहजस्फारप्रभाभासुरः,**
**शुद्धज्ञानघनो यथास्य महिमा नित्योदितस्तिष्ठति** ॥२३५॥

અન્યોથી વ્યતિરિક્ત આત્મનિયત ધારતું, પૃથગ્ વસ્તુતા,
આદાન ગ્રહણે સૂનું અમલ તે જ્ઞાન સ્થિતું છે તથા;
આદિ મધ્ય જ અંત મુક્ત સહજ સ્ફાર પ્રભા દીપતો.
શુદ્ધજ્ઞાનઘનો યથા તત્ મહિમા નિત્યોદયો તિષ્ઠતો ॥૨૩૫॥

## અમૃત પદ - ૨૩૫

'ચંદ્ર પ્રભુ મુખચંદ રે સખી દેખવા દે' - એ રાગ

શુદ્ધજ્ઞાનઘન સંત... ચેતન ચિંતવ રે ! અન્યોથી અતિ ભિન્ન... ચેતન ચિંતવ રે.
આત્મનિયત અત્યંત... ચેતન. પૃથગ્ વસ્તુત્વ ધરંત... ચેતન. ૧
ન ત્યાગ ન જ આદાન... ચેતન. લેવું મૂકવું ન યત્ર... ચેતન.
એવું અમલ આ જ્ઞાન... ચેતન. તેવું શૂન્ય અવસ્થિત અત્ર... ચેતન. ૨
કે શુદ્ધ જ્ઞાનઘનો યથા... ચેતન. મહિમા એનો મહાન... ચેતન.
નિત્ય ઉદયવંતો તથા... ચેતન. સ્થિતિ કરે સ્વસ્થાન... ચેતન. ૩
આદિ મધ્ય ને અંત... ચેતન. વિભાગથી જે મુક્ત... ચેતન.
સહજ સ્ફાર સ્ફુરંત... ચેતન. પ્રભા ભાસ્કરે યુક્ત... ચેતન. ૪
શુદ્ધ જ્ઞાનઘન આમ... ચેતન. **સહજાત્મસ્વરૂપ** ધામ... ચેતન.
**'વિજ્ઞાનઘન'** સુનામ... ચેતન. **ભગવાન અમૃત** સ્વામ... ચેતન. ૫

**અર્થ** - અન્યોથી વ્યતિરિક્ત, આત્મનિયત, પૃથગ્ (ભિન્ન) વસ્તુતા ધારતું, આદાન - ત્યાગ શૂન્ય એવું આ અમલ જ્ઞાન તથાપ્રકારે અવસ્થિત થયું - યથાપ્રકારે આદિ - મધ્ય - અંત વિભાગથી મુક્ત સહજ સ્ફાર પ્રભાથી ભાસુર (ઝળહળતો) એવો શુદ્ધજ્ઞાનઘનો આનો (જ્ઞાનનો) મહિમા નિત્યોદિત તિષ્ઠે છે (સ્થિતિ કરે છે). ૨૩૫

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય


''આત્મા અત્યંત સહજ સ્વસ્થતા પામે એ જ સર્વ જ્ઞાનનો સાર શ્રી સર્વજ્ઞે કહ્યો છે.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૦૫**

આમ આત્મખ્યાતિના ગદ્ય વિભાગમાં જે આટલું બધું સ્પષ્ટ નિષ્તુષ તત્ત્વયુક્તિમાં પ્રતિપાદન કર્યું, તેનો સારસમુચ્ચય સંદબ્ધ કરતા આ કળશ કાવ્યમાં **'વિજ્ઞાનઘન' અમૃતચંદ્રાચાર્યજીએ જ્ઞાનના શાશ્વત શુદ્ધજ્ઞાન મહિમાની મુક્ત કંઠે પરમાર્થ સ્તુતિ** લલકારી છે - अन्येभ्यो व्यतिरिक्तं - **અન્યોથી વ્યતિરિક્ત** - બીજાઓથી સાવ જૂદું - અલાયદું, आत्मनियतं - આત્મનિયત - આત્મામાં જ નિયત - નિશ્ચય વૃત્તિથી

**સ્થિત, અત એવ પૃથગ્ - ભિન્ન વસ્તુતાને - વસ્તુપણાને ધારણ કરતું** - बिभ्रत्पृथग्वस्तुतां, **અત એવ આદાન - ત્યાગ શૂન્ય** - आदानोज्झनशून्यः, **એવું અમલ જ્ઞાન તથાપ્રકારે અવસ્થિત થયું, યથાપ્રકારે - આદિ - મધ્ય - અંત વિભાગથી મુક્ત સહજ - સ્વભાવભૂત સ્ફાર - વિશાલ પ્રભાથી - ભાસુર** मध्याद्यंतावमामुक्तसहजस्फारप्रभाभासुरः । **એવો આ જ્ઞાનનો શુદ્ધજ્ઞાનઘનનો આનો (જ્ઞાનનો) મહિમા નિત્યોદિત - સદોદિત - નિત્ય ઉદય પામેલો તિષ્ઠે છે - સ્થિતિ કરે છે** - 'शुद्धज्ञानघनो यथास्य महिमा नित्योदितस्तिष्ठति !'*

**આકૃતિ**






* આ કળશ કાવ્યનો ભાવ ઝીલી બનારસીદાસજી કવે છે - જેનો નિર્ભેદ રૂપ નિશ્ચયથી અતીતકાળે હતો, તેવો નિર્ભેદ હમણાં થયો છે, તેનો ભેદ કોણ કહેશે ? કર્મ રહિત, સુખ સમાધાન સહિત તે દીસે છે, તે નિજસ્થાન પામ્યો છે તે ફરી બ્હાર વહશે નહિ, 'पायौ निज थान फिर बाहरि न बहैगो' - તે ક્યારેય પણ કદાચિત્ પોતાનો સ્વભાવ ત્યાગી કરીને રાગરસમાં રાચીને પરવસ્તુ ગ્રહશે નહિ, અમ્લાન જ્ઞાન વિદ્યમાન પ્રગટ થયો, તે આ જ પ્રકારે આગામી અનંતકાળ રહેશે - 'અમલાન ગ્યાન વિદ્યમાન પરગટ ભયૌ, યાહી ભાંતિ આગમ અનંત કાલ રહૈગૌ.'

(સવૈયા ૩૧)

''જૈસૌ નિરભેદરૂપ નિહચૈ અતીત હુતૌ, તૈસૌ નિરભેદ અબ ભેદ કૌન કહૈગો,
દીસૈ કર્મ રહિત સહિત સુખ સમાધાન, પાયૌ નિજ થાન ફિર બાહરિ ન બહૈગો,
કબહૂં કદાચિ અપનૌ સુભાવ ત્યાગિ કરિ, રાગ રસ રાચિકૈં ન પર વસ્તુ ગહૈગો,
અમલાન ગ્યાન વિદ્યમાન પરગટ ભયૌ, યાહી ભાંતિ આગમ અનંત કાલ રહૈગો.''

- શ્રી બનારસીદાસજી સ.સા. સર્વ વિ.અ. ૧૦૮

અને આ ત્યાગ-આદાન શૂન્ય અવસ્થિત જ્ઞાન એ જ પૂર્ણ આત્માનું આત્મામાં સંધારણ છે - એવા ભાવનો **અમૃત સમયસાર કળશ (૪૪)** અમૃતચંદ્રજી લલકારે છે -

उपजाति

**उन्मुक्तमुन्मोच्यमशेषतस्तत् -**
**तथात्तमादेयमशेषतोस्तत् ।**
**यदात्मनः संहृतसर्वशक्तेः,**
**पूर्णस्य संधारणमात्मनीह ॥२३६॥**

ત્યાગી દીધું ત્યાજ્ય અશેષથી તે, ગ્રહી લીધું ગ્રાહ્ય અશેષથી તે;
જે પૂર્ણ સૌ સંહૃત શક્તિ આંહિ, આત્માનું સંધારણ આત્મમાંહિ. ૨૩૬

## અમૃત પદ - ૨૩૬

'જ્ઞાનને ઉપાસીએ...' એ રાગ

આત્મસંધારણ પૂર્ણ આત્માનું, એમ આત્મામાં કીધું...
કૃતકૃત્ય ભગવાન્ આત્માએ, અનુભવ અમૃત પીધું... આત્મ સંધારણ. ૧
મૂકવા યોગ્ય તે મૂકી દીધું, શેષ રહેવા ન કંઈ દીધું,
ગ્રહવા યોગ્ય તે ગ્રહી લીધું બધું, શેષ રહેવા ન કંઈ દીધું... આત્મ સંધારણ. ૨
આત્મશક્તિ દળ આત્મ બ્હારે જતું, સંહૃત તે કરી લીધું,
આત્માને પૂર્ણ જ આત્મામાં ધારી, આત્મ સંધારણ કીધું... આત્મ સંધારણ. ૩
જ્ઞાન તણો રત્નાકર ભરિયો, જ્ઞેય ઉલેચી જાતો !
આંધળો સીંદરી વણતો જાયે ને, પાડો તે જાયે ખાતો... આત્મ સંધારણ. ૪
અનંત શક્તિનો સ્વામી આ આતમા, શક્તિ ન અંગ સમાતી,
આત્માથી બ્હારમાં શક્તિ આત્માની, જાતી'તી જે વેડફાતી... આત્મ સંધારણ. ૫
તે સર્વ સંહૃત કરી આત્મામાં, સંભૃત સર્વ તે કીધી,
આત્માની શક્તિ પાછી ખેંચી તે, આત્મામાં સકલ સમાવી દીધી... આત્મ સંધારણ. ૬
પરભાવ નિમિત્તે ભજતો વિભાવને, આત્મા સ્વભાવ સ્વ છોડી,
તે પરભાવને દીધી તિલાંજલિ, દીધા વિભાવ જ જોડી... આત્મ સંધારણ. ૭
સ્વભાવમાં ધારણ કરી, આત્મ પૂર્ણ પ્રગટ તે કીધો,
આત્મામાં **અમૃતચંદ્ર ભગવાન,** અનુભવ અમૃત પીધો... આત્મ સંધારણ. ૮
આત્મ સંધારણ પૂર્ણ આત્માનું, એમ આત્મામાં કીધું,
કૃતકૃત્ય ભગવાન આત્માએ, અનુભવ **અમૃત** પીધું... આત્મ સંધારણ પૂર્ણ. ૯

**અર્થ** - ઉન્મોચ્ય (સર્વથા મૂકવા યોગ્ય) હતું, તે અશેષથી ઉન્મુક્ત થયું, તથા જે આદેય (ગ્રહવા યોગ્ય) હતું તે અશેષથી આત્ત થયું (ગૃહી લેવાયું), કે જેથી સર્વ શક્તિ જેની સંહૃત છે એવા પૂર્ણ આત્માનું અહીં આત્મામાં સંધારણ થયું. ૨૩૬

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"સ્વરૂપનું ભાન થવાથી પૂર્ણકામપણું પ્રાપ્ત થયું, એટલે હવે બીજું કોઈ ક્ષેત્ર કંઈ પણ લેવાને માટે રહ્યું નથી. સ્વરૂપનો તો કોઈ કાળે ત્યાગ કરવાને મૂર્ખ પણ ઈચ્છે નહીં. અને જ્યાં કેવળ સ્વરૂપ સ્થિત છે, ત્યાં પછી બીજું કંઈ રહ્યું નથી, એટલે ત્યાગવાપણું પણ રહ્યું નહીં."

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૨૬૬), ૩૨૮**

હાનાદાન રહિત કૃતકૃત્ય પણ આત્માના આત્મામાં સંધારણનું ઉત્કીર્તન અત્રે **તથારૂપ કૃતકૃત્ય જ્ઞાનદશાને** પામેલા 'જીવન્મુક્ત' અમૃતચંદ્રજી આ પરમામૃત સંભૃત કળશમાં પરમ આત્મભાવોલ્લાસથી કરે છે - उन्मुक्तमुन्मोच्यमशेषतस्तत् - ઉન્મોચ્ય - સર્વથા મૂકવા યોગ્ય જે હતું તે અશેષથી - કંઈ પણ શેષ બાકી ન રહે એમ ઉન્મુક્ત થયું - સર્વથા મૂકી દીધું, તથા જે આદેય - ગ્રહણ કરવા યોગ્ય હતું તે અશેષથી - કંઈ પણ શેષ બાકી ન રહે એમ આત્ત થયું - ગ્રહણ કરી લીધું - तथात्तमादेयमशेषतस्तत्, કે જેથી સર્વ શક્તિ જેની સંહૃત છે - આત્મામાં સંહરી લેવાઈ છે - પાછી ખેંચી લેવાઈ છે એવા પૂર્ણ આત્માનું અહીં આત્મામાં સંધારણ - સમ્યક્ ધારી રાખવા રૂપ ધારણ થયું - यदात्मनः संहृतसर्वशक्तेः, पूर्णस्य संधारणमात्मनीह ।

અને વર્ત્તમાનમાં તથારૂપ જીવન્મુક્ત કૃતકૃત્ય અદ્ભુત જ્ઞાનદશાને પામેલા **પરમ આત્મદ્રષ્ટા શ્રીમદ્ રાજચંદ્રના** અધ્યાત્મ ચરિત્ર - **'અધ્યાત્મ રાજચંદ્ર'માં** આપણને પ્રાપ્ત થાય છે - જેમાં **શ્રીમદ્‌ની** વ્યક્ત થતી ઊર્ધ્વગામિની* આત્મદશાનું મુમુક્ષુ જનને ભવ્ય દર્શન થાય છે.*

---

* જુઓ : 'અધ્યાત્મ રાજચંદ્ર' (સ્વરચિત) પ્રકરણ-૫૦ થી ૭૪ - જેમાં **'સૌભાગ્ય'** પરના **શ્રીમદ્‌ના** પત્રોમાં **શ્રીમદ્‌નું** જીવન દર્શન આ લેખકે કરાવ્યું છે.

* - આ કળશનો ભાવ ઝીલી **બનારસીદાસજી** પરમ ભાવોલ્લાસથી પ્રકાશે છે - તેમ જ્યારથી ચેતને વિભાવથી ઉલટા થઈને પોતે સમય પામીને પોતાનો સ્વભાવ ગ્રહી લીધો છે, ત્યારથી જે જે લેવા યોગ્ય હતું તે તે સર્વ લઈ લીધું છે, જે જે ત્યાગ યોગ્ય હતું તે તે સર્વ છાંડી લીધું છે, એટલે હવે લેવાનું સ્થળ રહ્યું નથી, ત્યાગવાનું બીજું રહ્યું નથી, તો પછી બાકી નવીન કાર્ય શું ઉગર્યું ? - 'લે બેકૌં ન રહી ઠૌર ત્યાગિવેકૌં નાંહિ ઔર, બાકી કહા ઉબર્યૌ જુ કારજ નવીનૌ હૈ', સંગને ત્યાગી, અંગને ત્યાગી, વચનતરંગને ત્યાગી, મનને ત્યાગી, બુદ્ધિને ત્યાગી, આત્મા શુદ્ધ કર્યો છે - 'સંગ ત્યાગિ અંગ ત્યાગિ વચન તરંગ ત્યાગિ, મન ત્યાગિ બુદ્ધિ ત્યાગિ આપા સુદ્ધ કીનૌ હૈ.'

(સવૈયા-૩૧)

"જબહી તૈં ચેતન વિભાવ સૌં ઉલટિ આપુ, સમૈ પાઈ અપનૌ સુભાવ ગૃહિ લાનો હૈ,  
તબહીં તૈં જો જો લેને જોગ સો સો સબ લીનૌ, જો જો ત્યાગ જોગ સો સો છાંડિ દીનો હૈ,  
લેબકૌં ન રહી ઠૌર ત્યાગિવેકૌં નાંહિ ઔર, બાકી કહા ઉબર્યો જુ કારજુ નવીનો હૈ,  
સંગ ત્યાગિ અંગ ત્યાગિ વચન તરંગ ત્યાગિ, મન ત્યાગિ બુદ્ધિ ત્યાગિ આપા સુદ્ધ કીનો."

**- શ્રી બનારસીદાસજી કૃત સ.સા. સર્વ વિ.અ. ૧૦૯**

આ **સમયસાર કળશમાં** (૪૫) પરદ્રવ્યથી ભિન્ન જ્ઞાન આહારક કેમ હોય એ શંકાનું સમાધાન કરે છે -

अनुष्टुप्

**व्यतिरिक्तं परद्रव्यादेवं ज्ञानमवस्थितं ।**
**कथमाहारकं तत्स्याद्येन देहोऽस्य शंक्यते** ॥२३७॥

એમ જ્ઞાન અવસ્થિત, ભિન્ન જ પરદ્રવ્યથી;
એ આહારક શેં હોય ? (જેથી) દેહ એનો શંકાય છે. ૨૩૭

## અમૃત પદ - ૨૩૭

આહારક અહીં કેમ જ હોયે, આત્મા આ અણાહારી ?
પરદ્રવ્ય ન આહરણ કરંતો, કેમ હોયે દેહધારી ?... આહારક. ૧
પરદ્રવ્યથી એમ સર્વથા, જ્ઞાન સર્વદા જૂદું,
જેમ હતું તેમ રહ્યું અવસ્થિત, સમય મર્યાદા જૂદું... આહારક. ૨
કેમ આહારક તે તો હોયે, પરદ્રવ્ય આહરતું,
તેથી એના દેહની શંકા, ચિંતકનું મન કરતું... આહારક. ૩
પરનું પરમાણુ ય આહરે ના, આત્મા આ અણાહારી,
તો પછી ભગવાન **અમૃત** આત્મા, કેરો કેમ હોયે દેહધારી ?... આહારક. ૪

**અર્થ** - એમ પરદ્રવ્યથી વ્યતિરિક્ત જ્ઞાન અવસ્થિત છે, તે આહારક કેમ હોય ? જેથી આનો (જ્ઞાનનો) દેહ કેમ શંકાય છે. ૨૩૭

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"હું દેહાદિ સ્વરૂપ નથી અને દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈ પણ મારાં નથી, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ અવિનાશી એવો હું આત્મા છઉં, એમ આત્મભાવના કરતાં રાગ દ્વેષનો ક્ષય થાય." - **શ્રીમદ્ રાજચંદ્ર**, અં. (૬૨૯), ૬૯૨

આવું **કૃતકૃત્ય પૂર્ણ જ્ઞાન આહારક** કેમ હોય ? ન જ હોય, એમ નીચેની ગાથાના ભાવનું આ ઉત્થાનિકા કળશમાં સૂચન કર્યું છે - व्यतिरिक्तं परद्रव्यादेवं ज्ञानमवस्थितं - પરદ્રવ્યથી **વ્યતિરિક્ત** - સર્વથા ભિન્ન એવું જ્ઞાન એમ - ઉક્ત પ્રકારે અવસ્થિત છે, 'સ્વ સમયથી' - **સ્વરૂપ મર્યાદાથી** જેમ છે તેમ સ્થિત - સ્થિતિ કરી રહ્યું છે, તે 'આહારક' - આહાર કરનારૂં કેમ હોય ? જેથી આનો (જ્ઞાનનો) દેહ કેમ હોય એમ શંકાય છે - कथमाहारकं तत्स्यात्यद्येन देहोऽस्य शंक्यते ।

**अत्ता जस्सामुत्तो ण हु सो आहारओ हवइ एवं ।**
**आहारो खलु मुत्तो जह्मा सो पुग्गलमओ उ ॥४०५॥**
**णवि सक्कइ घित्तुं जं ण विमोत्तुं जं य जं परद्दव्वं ।**
**सो कोवि य तस्स गुणो पाउगिओ विस्सओ वावि ॥४०६॥**
**तह्मा उ जो विसुद्धो चेया सो णेव गिण्हए किंचि ।**
**णेव विमुंचइ किंचिवि जीवाजीवाण दव्वाणं ॥४०७॥**

(દોહરા)

આત્મા જાસ અમૂર્ત તે, આહારક એમ નો'ય;
કારણ આહાર મૂર્ત તે, પુદ્ગલમયો જ હોય. ૪૦૫
ગ્રહવું મૂકવું શકાય ના, પરદ્રવ્ય જે હોય;
પ્રાયોગિક વૈસ્રસિક વા, ગુણ એવો તસ કોય. ૪૦૬
તેથી ચેતા વિશુદ્ધ જે, ન જ ગ્રહે તે કાંઈ,
જીવ ને અજીવ દ્રવ્યમાં, ન જ મૂકે છે કાંઈ. ૪૦૭

**અર્થ** - આત્મા જેનો અમૂર્ત છે, તે નિશ્ચયે કરીને એમ નથી આહારક હોતો, આહાર સ્ફુટપણે મૂર્ત છે, કારણકે પુદ્ગલમય જ છે. ૪૦૫

તે તેન એવ કઈ પણ પ્રાયોગિક વા વૈસ્રસિક ગુણ છે નહિ કે જેથી પરદ્રવ્ય ગ્રહી શકાય વા વિમોચી શકાય. ૪૦૬

તેથી જે વિશુદ્ધ ચેતયિતા છે, તે જીવ અજીવ એ બે દ્રવ્યમાં કિંચિત્ નથી ગ્રહતો, નથી કિંચિત્ નથી મૂકતો. ૪૦૭

---

**आत्मभावना** -

अत्ता जस्सामुत्तो - आत्मा यस्यामूर्तः - **આત્મા જેનો અમૂર્ત છે,** सो - सः - તે ण हु एवं आहारओ हवइ - न खलु एवं आहारको भवति - **નથી નિશ્ચયે કરીને એમ** આહારક હોતો, जह्मा आहारो खलु मुत्तो - यस्मात् आहारः खलु मूर्तः - **કારણકે** આહાર ખરેખર ! **નિશ્ચયે કરીને મૂર્ત છે,** सो उ पुग्गलमओ - स तु पुद्गलमयः - **અને તે તો નિશ્ચયે કરીને પુદ્ગલમય છે.** ॥४०५॥ जं परदव्वं - यत् परद्रव्यं - **પરદ્રવ્ય જે** जं घित्तुं णवि सक्कइ जं ण य विमोत्तुं - यत् ग्रहीतुं नापि शक्यते यत् न विमोक्तुं - **જે ગ્રહવું નથી શકાતું અને જે વિમોચવું - મૂકી દેવું નથી (શકાતું),** सो कोवि य तस्स गुणो - स कोऽपि च तस्य गुणः - અને તે કોઈ **પણ** તેનો **ગુણ** पाउगिओ विस्ससो वावि - प्रायोगिको वैस्रसो वापि - **પ્રાયોગિક અથવા વૈસ્રસિક પણ છે.** ॥४०६॥ तह्मा उ - तस्मात्तु - **તેથી જ નિશ્ચયે કરીને** जो विसुद्धो चेया - यो विशुद्धः चेतयिता - **જે વિશુદ્ધ ચેતયિતા** किंचि गिण्हए - नैव किंचित् गृह्णाति - **તે નથી જ કિંચિત્** - કંઈ **ગ્રહતો** णेव जीवाजीवाण दव्वाणं किंचिवि विमुंचइ - नैव जीवा जीवयो र्द्रव्ययोः किंचिदपि विमुंचति - **નથી જ જીવ - અજીવ એ બે દ્રવ્યનું કિંચિત્ પણ વિમુંચતો - મૂકી દેતો.** ॥४०७॥ इति **गाथा** आत्मभावना ॥४०५-४०७॥

ज्ञान हि परद्रव्यं किंचिदपि न गृह्णाति न मुंचति - **જ્ઞાન નિશ્ચયે કરીને સ્ફુટપણે પરદ્રવ્ય કિંચિત્ પણ નથી ગ્રહતું - નથી મૂકતું,** શાને લીધે ? प्रायोगिकगुणसामर्थ्यात् वैस्रसिकगुणसामर्थ्याद् वा - પ્રાયોગિક **ગુણ સામર્થ્ય થકી** વા **વૈસ્રસિક ગુણ સામર્થ્ય થકી** ज्ञानेन परद्रव्यस्य गृहीतुं मोक्तुं चाशक्यत्वात् - **જ્ઞાનથી પરદ્રવ્યના ગ્રહવાના અને મૂકવાના અશક્યપણાને** લીધે. परद्रव्यं च - અને **પરદ્રવ્ય** ज्ञानस्यामूर्त्तात्मद्रव्यस्य - **જ્ઞાનનો - અમૂર્ત આત્મદ્રવ્યનો** मूर्त्त पुद्गलद्रव्यत्वाद् - **મૂર્ત્ત પુદ્ગલ દ્રવ્યપણાને** લીધે, न आहारः - **આહાર નથી.** ततो ज्ञानं नाहारकं भवति - **તેથી જ્ઞાન આહારક નથી હોતું,** अतो ज्ञानस्य देहो नाशंकनीयः - **એથી જ્ઞાનનો દેહ આશંકનીય નથી - આશંકવા યોગ્ય નથી.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥४०५॥४०६॥४०७॥

### आत्मख्याति टीका

**आत्मा यस्यामूर्त्तो न खलु स आहारको भवत्येवं ।**
**आहारः खलु मूर्तो यस्मात्स पुद्गलमयस्तु ॥४०५॥**
**नापि शक्यते ग्रहीतुं यत् न विमोक्तुं यच्च यत्परं द्रव्यं ।**
**स कोऽपि च तस्य गुणो प्रायोगिको वैस्रसो वापि ॥४०६॥**
**तस्मात्तु यो विशुद्धश्चेतयिता स नैव गृह्णाति किंचित् ।**
**नैव विमुंचति किंचिदपि जीवाजीवयो र्द्रव्ययोः ॥४०७॥**

ज्ञानं हि परद्रव्यंच्च किंचिदपि न गृह्णाति न मुंचति, प्रायोगिकगुणसामर्थ्याद् वैस्रसिकगुणसामर्थ्याद् वा ज्ञानेन परद्रव्यस्य गृहीतुं मोक्तुं चाशक्यत्वात् ।

परद्रव्यंचन ज्ञानस्यामूर्तात्मद्रव्यस्य मूर्तपुद्गलद्रव्यत्वादाहारः ततो ज्ञानं नाहारकं भवत्यतो ज्ञानस्य देहो नाशंकनीयः ॥४०५॥४०६॥४०७॥

## આત્મખ્યાતિ ટીકા

જ્ઞાન નિશ્ચયે કરીને પરદ્રવ્યને કિંચિત્ પણ નથી ગ્રહતું, નથી મૂકતું, - પ્રાયોગિક ગુણસામર્થ્ય થકી વા વૈસ્રસિક ગુણસામર્થ્ય થકી જ્ઞાનથી પરદ્રવ્યનું ગ્રહવાનું અને મૂકવાનું અશક્યપણું છે માટે, અને પરદ્રવ્ય — જ્ઞાનનો - અમૂર્ત્ત આત્મદ્રવ્યનો — મૂર્ત પુદ્‌ગલદ્રવ્યત્વયા - આહાર નથી, તેથી જ્ઞાન આહારક હોતું નથી, એથી કરીને જ્ઞાનનો દેહ આશંકનીય નથી. ૪૦૫, ૪૦૬, ૪૦૭

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય


''આત્માને એક પણ અણુના આહાર પરિણામથી અનન્ય ભિન્ન કરી આ દેહને વિષે સ્પષ્ટ એવો અણાહારી આત્મા, સ્વરૂપથી જીવનાર એવો જોયો છે. તે જોનાર એવા જે તીર્થંકરાદિ જ્ઞાની પોતે પોતે જ શુદ્ધાત્મા છે તો ત્યાં ભિન્નપણે જોવાનું કહેવું જો કે ઘટતું નથી, તથાપિ વાણી ધર્મે એમ કહ્યું છે.'' -

**શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૩૫૮), ૪૩૭**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે 'જ્ઞાન આહારક નથી' એમ આ ગાથામાં પ્રતિપાદન કર્યું છે - આત્મા જેનો 'અમૂર્ત્ત' - અરૂપી છે અર્થાત્ ઈંદ્રિયગ્રાહ્ય રૂપ - રસ - ગંધ - સ્પર્શ રહિત ઈંદ્રિયાતીત છે, તે નિશ્ચયે કરીને 'એમ' - ઉપરની ગાથાઓમાં ગમિક સૂત્ર શૈલીથી સ્પષ્ટ ભેદવિજ્ઞાનથી વિવરી દેખાડ્યું તેમ 'આહારક' - આહાર કરનારો - પરદ્રવ્યનું આહરણ કરનારો નથી, આહાર છે તે સ્ફુટપણે - પ્રગટપણે 'મૂર્ત' - રૂપી છે - રૂપ - રસ - ગંધ - સ્પર્શ સહિત ઈંદ્રિયગ્રાહ્ય છે, કારણકે તે પુદ્‌ગલમય જ છે. તે જ્ઞાનનો - આત્માનો તે એવો કોઈ પણ 'પ્રાયોગિક' - પ્રયોગજન્ય - પુરુષ પ્રયત્નજન્ય વા 'વૈસ્રસિક' - વિસ્રસાજન્ય - નૈસર્ગિક પરિણામજન્ય ગુણ છે નહિ કે જેથી પરદ્રવ્ય ગ્રહવાનું શક્ય બને વા 'વિમોચવાનું' - મૂકવાનું - છોડી દેવાનું શક્ય બને. આમ છે તેથી જે વિશુદ્ધ 'ચેતયિતા' - ચેતનારો - ચેતન આત્મા છે, તે જીવ - અજીવ એ બે દ્રવ્યમાં 'કિંચિત્' - કંઈ પણ નથી ગ્રહતો, 'કિંચિત્' - કંઈ પણ નથી મૂકતો. આવા ભાવની આ મહાન્ ગાથાઓના ભાવાર્થનું **'આત્મખ્યાતિ'કર્ત્તાએ** નિષ્તુષ યુક્તિથી ઓર સ્પષ્ટીકરણ કર્યું છે - ज्ञानं हि परद्रव्यं किंचिदपि न गृह्णाति न मुंचति - જ્ઞાન નિશ્ચયે કરીને પરદ્રવ્યને કિંચિત્ પણ નથી ગ્રહતું - નથી મૂકતું. શા માટે ? 'પ્રાયોગિક' - પ્રયોગજન્ય - પુરુષ પ્રયત્નજન્ય ગુણના સામર્થ્ય થકી કે 'વૈસ્રસિક' - વિસ્રસાથી - કુદરતી સ્વાભાવિક પરિણામથી જન્ય ગુણના સામર્થ્ય થકી જ્ઞાનથી પરદ્રવ્યના ગ્રહવાનું અને મૂકવાનું અશક્યપણું છે માટે - ज्ञानेन परद्रव्यस्य गृहीतुं मोक्तुं चाशक्यत्वात् । - એટલે જ્ઞાનનો - 'અમૂર્ત્ત' - અરૂપી એવા આત્મદ્રવ્યનો

'મૂર્ત્ત' - રૂપી પુદ્‌ગલદ્રવ્ય આહાર નથી, તેથી જ્ઞાન 'આહારક' - આહાર કરનારૂં હોતું નથી, ततो ज्ञानं नाहारकं भवति, એથી કરીને જ્ઞાનનો દેહ 'આશંકનીય' નથી - આશંકવા યોગ્ય નથી.

તાત્પર્ય કે - 'પ્રાયોગિક' - પુરુષ પ્રયોગજન્ય વા 'વૈસ્રસિક' - નૈસર્ગિક પરિણામજન્ય એવો કોઈ પણ તેવો ગુણ જ્ઞાનનો - આત્માનો છે નહિ, કે જેના સામર્થ્ય થકી જ્ઞાનથી - આત્માથી પરદ્રવ્ય ગ્રહવાનું કે મૂકવાનું શક્ય બને. એટલે **અમૂર્ત્ત આત્મદ્રવ્યથી** અનન્ય એવું **અમૂર્ત્ત જ્ઞાન** મૂર્ત્ત એવા પુદ્‌ગલ દ્રવ્યનો - પર દ્રવ્યનો આહાર કરે નહિ, એટલે જ્ઞાન 'આહારક' - આહાર કરનાર છે નહિ અને પુદ્‌ગલમય આહાર હોય તો જ પુદ્‌ગલમય દેહનો સંભવ હોઈ શકે, એટલે આમ આત્માનો - જ્ઞાનનો આહાર છે નહિ એટલે આત્માનો - જ્ઞાનનો દેહ પણ આશંકવા યોગ્ય છે નહિ.



આ ઉત્થાનિકા સમયસાર કળશમાં (૪૬) 'લિંગ મોક્ષકારણ નથી' એમ સૂચન કરે છે -

अनुष्टुप्

**एवं ज्ञानस्य शुद्धस्य, देह एव न विद्यते ।**
**यतो देहमयं ज्ञातुर्न लिंगं मोक्षकारणं ॥२३८॥**

જ્ઞાન શુદ્ધ તણો એમ, દેહ જ વિદ્યમાન ના;
તેથી દેહમયું લિંગ, જ્ઞાતાના મોક્ષ નિદાન ના. ૨૩૮

## અમૃત પદ - ૨૩૮

લિંગ ન મોક્ષ નિદાન જ્ઞાતાને, લિંગ ન મોક્ષ નિદાન,
જ્ઞાનમયો આ આત્મા જ્ઞાતા, લિંગ દેહમય જાણ !... જ્ઞાતાને લિંગ ન મોક્ષ નિદાન. ૧

શુદ્ધ જ્ઞાનનો દેહ જ છે ના, એમ નિશ્ચયથી જાણ !
તેથી દેહમય લિંગ જ્ઞાતાને, હોય ન મોક્ષ નિદાન... જ્ઞાતાને. ૨

બાહ્ય વેષમય લિંગ તેહ તો, હોય દેહ આશ્રિત,
ને આત્માનો દેહ ન હોયે, તો તસ લિંગ શી રીતે ?... જ્ઞાતાને. ૩

મોક્ષમાર્ગ તો ને આત્માશ્રિત છે, હોય ન દેહાશ્રિત,
તો દેહાશ્રિત લિંગ આત્મને, મોક્ષહેતુ શી રીત ?... જ્ઞાતાને. ૪

તેથી આગ્રહ સર્વ લિંગનો, કરે મુમુક્ષુ ત્યાગ,
**જિન ભગવાન અમૃત** આ ભાખ્યો, મોક્ષમાર્ગ વીતરાગ... જ્ઞાનીને લિંગ. ૫

**અર્થ** - એમ શુદ્ધ એવા જ્ઞાનનો દેહ જ વિદ્યમાન છે નહિ, તેથી દેહમય લિંગ જ્ઞાતાનું મોક્ષ કારણ નથી. ૫૬૯

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"દેહ ને આત્મા બન્ને જૂદા છે એવો જ્ઞાનીને ભેદ પડ્યો છે."

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૩, (૯૫૭) ઉપદેશ છાયા**

"लिङ्गं देहाश्रितं दृष्टं, देह एवात्मनो भवः" - **- શ્રી પૂજ્યપાદ સ્વામીજી કૃત 'સમાધિ શતક'**

એટલે દેહમય લિંગ મોક્ષકારણ નથી એમ નીચેની ગાથાના ભાવનું સૂચન આ ઉત્થાનિકા કળશમાં કર્યું છે - एवं ज्ञानस्य शुद्धस्य देह एव न विद्यते - એમ ઉક્ત પ્રકારે 'અનાહારક' - આહારક નહિ એવા શુદ્ધ જ્ઞાનનો દેહ જ વિદ્યમાન છે નહિ, તેથી દેહમય એવું 'લિંગ' બાહ્ય વેષ રૂપ ચિહ્ન છે તે જ્ઞાતાને - જ્ઞાયકને મોક્ષનું કારણ નથી - ततो देहमयं ज्ञातुर्न लिंगं मोक्षकारणं - અર્થાત્ જ્ઞાનમય આત્માને આહાર નથી એટલે દેહ નથી, દેહ નથી એટલે લિંગ નથી, તો પછી દેહમય લિંગ તેને મોક્ષનું કારણ ન જ થાય. આ અંગે **શ્રી પૂજ્યપાદ**

**સ્વામીજીએ તેમની લાક્ષણિક તત્ત્વતલસ્પર્શી શૈલીમાં કહ્યું છે તેમ - 'લિંગ એ દેહાશ્રિત દૃષ્ટ છે, દેહ એ આત્માનો ભવ છે, તેથી આ લિંગમાં આગ્રહ કરનારાઓ ભવથી* -સંસારથી મુક્ત થતા નથી - મોક્ષ પામતા નથી.***

---

* આ કળશનો ભાવ ઝીલી બનારસીદાસજી કહે છે - શુદ્ધ જ્ઞાનનો દેહ નથી મુદ્રા વેષ કોઈ નથી, તેથી મોક્ષનું કારણ દ્રવ્યલિંગ હોય નહિ. દ્રવ્યલિંગ પ્રગટ ન્યારૂં છે, કલા, વચન, વિજ્ઞાન, અષ્ટ મહાઋદ્ધિ, અષ્ટ સિદ્ધિ એ જ્ઞાન હોય નહિ.

(દોહરા)

''સુદ્ધ ગ્યાન કૈ દેહ નહિ, મુદ્રા ભેષ ન કોઈ,
તાતૈ કારન મોખકૌ, દરબ લિંગ ન હોઈ,
દરબ લિંગ ન્યારૌ પ્રગટ, કલા વચન વિગ્યાન,
અષ્ટ મહાસિધિ અષ્ટ સિધિ, એઊ હોહિ ન ગ્યાન.'' - **શ્રી બનારસીદાસજી કૃત સ.સા. સર્વ વિ.અ. ૧૧૦-૧૧૧**

* આ ભાવને ઓર બહલાવતાં બનારસીદાસજી ખીલે છે - વેષમાં જ્ઞાન નથી, ગુરુ વર્તનમાં જ્ઞાન નથી - 'ભેષમૈં ન ગ્યાન નહિ ગ્યાન ગુરુ વર્તન મૈં', મંત્ર-જંત્ર-તંત્રમાં જ્ઞાનની કહાણી નથી, ગ્રંથમાં જ્ઞાન નથી, કવિ ચાતુરીમાં જ્ઞાન નથી - 'ગ્રંથમૈં ન ગ્યાન નહિ ગ્યાન કવિ ચાતુરીમૈં', વાતમાં જ્ઞાન નથી, વાણીમાં જ્ઞાન નથી, તેથી કરીને વેષ, ગુરુતા, કવિત્વ, ગ્રંથ, મંત્ર, વાત - એથી અતીત જ્ઞાન ચેતના નિશાની છે, જ્ઞાનમાં જ જ્ઞાન છે, જ્ઞાન બીજા કોઈ સ્થળે નથી - 'ગ્યાનહી મૈં ગ્યાન નહિ ગ્યાન ઔર ઠૌર કહૂં', જેના ઘટમાં જ્ઞાન છે, તે જ જ્ઞાનનો નિદાની (કારણ) છે.

(સવૈયા-૩૧)

''ભેષ મૈં ન ગ્યાન નહિ ગ્યાન ગુરુ વર્તનમૈં, મંત્ર જંત્ર મૈં ન ગ્યાન કી કહાની હૈ,
ગ્રંથમૈં ન ગ્યાન નહિ ગ્યાન કવિ ચાતુરી મૈં, બાતનિમૈં ગ્યાન નહિ ગ્યાન કહા બાન હૈ,
તાતૈં ભેષ ગુરુતા કવિત્ત ગ્રંથ મંત્ર બાત, ઈનતૈં અતીત ગ્યાન ચેતના નિસાની હૈ,
ગ્યાનહીમૈં ગ્યાન નહિ ગ્યાન ઔર ઠૌર કહું, જા કૈ ઘટગ્યાન સોઈ ગ્યાનકા નિદાની હૈ.''

**- શ્રી બના. કૃત સ.સા. સર્વ વિ.અ. ૧૧૨**

તેમજ - વેષ ધરીને લોકોને વંચે - છેતરે તે ધર્મ ઠગ છે - 'ભેષ ધરિ લોકનિકૌં બંચૈ સો ધરમ ઠગ', જેને ગુરુવાઈ - ગુરુતા જોઈએ - તે ગુરુ કહાવે છે - 'ગુરુ સો કહાવૈ ગુરુવાઈ જાહિ ચાહિયે', મંત્ર તંત્ર સાધક તે ગુણી જાદૂગર કહેવાય છે, જેમાં પંડિતાઈ લહિયે તે પંડિત કહેવાય છે, કવિત્વની કળામાં પ્રવીણ તે કવિ કહેવાય છે, વાત કહી જાણે તે પવારગીર (કથાકાર) કહેવાય છે, એ તો સર્વ વિષયના ભિખારી માયાધારી જીવ છે, એને વિલોકીને દયાળ રૂપ રહીયે - 'એ તૌ સબ વિષૈકે ભિખારી માયાધારી જીવ, ઈન્હકૌં વિલૌકિકૈ દયાલ રૂપ રહિયૈ.'

(સવૈયા-૩૧)

''ભેષ ધરિ લોકનિકૌં બંચે સો ધરમ ઠગ, ગુરુ સો કહાવૈ ગુરુવાઈ જાહિ ચાહિયે,
મંત્ર તંત્ર સાધક કહાવૈ ગુની જાદૂગર, પંડિત કહાવૈ પંડિતાઈ જામૈં લહિયે,
કવિત્તકી કલામૈં પ્રવીન સો કહાવૈ કવિ, બાત કહિ જાનૈ સો પવારગીર કહિયે,
એ તૌ સબ વિષૈકે ભિખારી માયાધારી જીવ, ઈન્હકૌં વિલોકિકૈ દયાલ રૂપ રહિયૈ.''

**- શ્રી બનારસીદાસજી કૃત સ.સા. સર્ઈ. વિ.અ. ૧૧૩**

**पासंडीलिंगाणि व गिहलिंगाणि व बहुप्पयाराणि ।**
**घित्तुं वदंति मूढा लिंगमिणं मोक्खमग्गोत्ति ॥४०८॥**
**ण उ होदि मोक्खमग्गो लिंगं जं देहणिम्ममा अरिहा ।**
**लिंगं मुइत्तु दंसणणाणचारित्ताणि सेयंति ॥४०९॥**

પાખંડી લિંગ ગૃહલિંગ વા, બહુ પ્રકારના તેમ;
ગ્રહી વદે મૂઢો 'લિંગ આ, મોક્ષમાર્ગ છે' એમ. ૪૦૮
મોક્ષમાર્ગ લિંગ હોય ના, (કારણ) દેહ નિર્મમ અર્હંત;
લિંગ મૂકી દર્શન જ્ઞાન ને, ચારિત્ર જ સેવંત. ૪૦૯

**आत्मख्याति टीका**

**पाषंडिलिंगानि वा गृहलिंगानि वा बहुप्रकाराणि ।**
**गृहीत्वा वदंति मूढा लिंगमिदं मोक्षमार्ग इति ॥४०८॥**
**न तु भवति मोक्षमार्गो लिंगं यद्देहनिर्ममा 'नैर्म्मम्याः' अर्हंतः ।**
**लिंगं मुक्त्वा दर्शनज्ञानचारित्राणि सेवंते ॥४०९॥**

केचित् द्रव्यलिंगमज्ञानेन मोक्षमार्गं मन्यमानाः संतो मोहेन द्रव्यलिंगरेवोपाददते तदप्यनुपपन्नं सर्वेषामेव भगवतामर्हद्देवानां शुद्धज्ञानमयत्वे सति द्रव्यलिंगाश्रयभूतशरीरममकारत्यागात् तदाश्रितद्रव्यलिंगत्यागेन दर्शनज्ञानचारित्राणां मोक्षमार्गत्वेनोपासनस्य दर्शनात् ॥४०८॥४०९॥

**અર્થ** - પાખંડી લિંગો વા બહુ પ્રકારના ગૃહલિંગો ગ્રહીને, મૂઢો વદે છે - આ લિંગ મોક્ષમાર્ગ છે એમ. ૪૦૮

પણ લિંગ મોક્ષમાર્ગ નથી હોતો, કારણકે દેહનિર્મમ અર્હંતો લિંગ મૂકીને દર્શન - જ્ઞાન - ચારિત્રને સેવે છે. ૪૦૯

## આત્મખ્યાતિ ટીકાર્થ

કોઈ દ્રવ્યલિંગને અજ્ઞાનથી મોક્ષમાર્ગ માનતા સતા, મોહથી દ્રવ્યલિંગને જ અંગીકાર કરે છે, તે પણ અનુપપન્ન (અઘટતું) છે, કારણકે સર્વે જ ભગવંત અર્હદ્દેવોનું શુદ્ધ જ્ઞાનમયપણું સતે, દ્રવ્ય લિંગના

---

**आत्मभावना** -

पासंडीलिंगाणि व गिहलिंगाणि व बहुप्पयाराणि घित्तुं - पाषंडिलिंगानि वा गृहलिंगानि वा बहुप्रकाराणि गृहीत्वा - **પાખંડી લિંગો વા ગૃહ લિંગો બહુ પ્રકારના ગ્રહીને** मूढा वदंति - मूढा वदंति - **મૂઢો વદે છે** - लिंगमिणं मोक्खमग्गोत्ति - लिंगमिदं मोक्षमार्गः इति - **'આ લિંગ મોક્ષમાર્ગ છે' એમ,** ण तु लिंगं मोक्खमग्गो होदि - न तु लिंगं मोक्षमार्गो भवति - **પણ લિંગ મોક્ષમાર્ગ નથી હોતો,** जं देहणिम्ममा अरिहा - यद्देहनिर्ममा (પાઠાં. नैर्म्मम्याः) अर्हंतः - **કારણકે દેહ નિર્મમ** (પાઠાં. દેહ નૈર્મમ્યવાળા) **અર્હંતો** लिंगं मुइत्तु - लिंगं मुक्त्वा - **લિંગ મૂકીને** दंसणणाणचरित्ताणि सेयंति - दर्शनज्ञानचारित्राणि सेवंते - **દર્શન-જ્ઞાન-ચારિત્રને સેવે છે.** ॥ इति **गाथा** आत्मभावना ॥४०८॥४०९॥

केचित् - **કોઈ,** द्रव्यलिंगमज्ञानेन मोक्षमार्गं मन्यमानाः - संतो - **દ્રવ્ય લિંગને અજ્ઞાનથી મોક્ષમાર્ગ માનતા સતા,** मोहेन द्रव्यलिंगमेवो पाददते - **મોહથી દ્રવ્યલિંગને જ ગ્રહે છે,** तदप्यनुपपन्नं - **તે પણ અનુપપન્ન છે - અઘટમાન - અણઘટતું છે.** શા માટે ? सर्वेषामेव भगवतामर्हद्देवानां - **સર્વે જ ભગવત્ અર્હત્દેવોનું** शुद्धज्ञानमयत्वे सति - **શુદ્ધ જ્ઞાનમયપણું સતે,** द्रव्यलिंगाश्रयभूतशरीरममकारत्यागात् - **દ્રવ્યલિંગના આશ્રયભૂત શરીરના મમકાર ત્યાગથી** तदाश्रितद्रव्यलिंगत्यागेन - **તદાશ્રિત - તે શરીરાશ્રિત દ્રવ્યલિંગના ત્યાગે કરી** दर्शनज्ञानचारित्राणां मोक्षमार्गत्वेनोपा नासनस्य दर्शनात् - **દર્શન - જ્ઞાન - ચારિત્રના મોક્ષમાર્ગપણે ઉપાસનનું દર્શન છે માટે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥४०८॥४०९॥

આશ્રયભૂત શરીરના મમકાર ત્યાગ થકી તદાશ્રિત દ્રવ્ય લિંગના ત્યાગે કરીને, દર્શન-જ્ઞાન-ચારિત્રના મોક્ષમાર્ગપણે ઉપાસનનું દર્શન છે માટે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જાતિ વેષનો ભેદ નહિ, કહ્યો માર્ગ જો હોય;
સાધે તે મુક્તિ લહે, તેમાં ભેદ ન કોય.''

**- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ ગાથા સૂત્ર-૧૦૭**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે આ ગાથામાં દ્રવ્યલિંગ મોક્ષનું કારણ નથી એમ **શાસ્ત્રકર્તાએ** સ્પષ્ટ વિધાન કર્યું છે - 'પાખંડી લિંગો' - સાધુ લિંગો વા બહુ પ્રકારના ગૃહ લિંગો ગ્રહીને આ લિંગ મોક્ષમાર્ગ છે એમ મૂઢો વદે છે, પણ લિંગ મોક્ષમાર્ગ નથી હોતો, કારણકે 'દેહ નિર્મમ' - દેહ પ્રત્યે મમતા રહિત અથવા 'દેહ નૈર્મમ્ય' - દેહ પ્રત્યે જેને નિર્મમપણું છે એવા અર્હંતો લિંગ મૂકીને દર્શન-જ્ઞાન-ચરિત્રને સેવે છે - ઉપાસે છે. આ ગાથાનો ભાવ ઓર સ્પષ્ટ સમજાવતાં **'આત્મખ્યાતિ'કર્તા** વદે છે - केचिद् द्रव्यलिंगमज्ञानेन मोक्षमार्गं मन्यमनाः संतः - 'કોઈ' - અનિર્દિષ્ટ નામ નિર્દેશવાળી આ જગત્‌માં જે કોઈ પણ છે તેઓ અજ્ઞાનથી 'દ્રવ્યલિંગને' - બાહ્ય વેષ-ચિહ્નને મોક્ષમાર્ગ માનતા સતા, મોહથી દ્રવ્યલિંગને જ અંગીકાર કરે છે, ભાવલિંગનું જ્યાં કંઈ પણ ઠામ ઠેકાણું નથી એવા માત્ર દ્રવ્યલિંગને જ - બાહ્ય વેષને જ ગ્રહણ કરે છે, તે પણ 'અનુપપન્ન' - અઘટમાન છે. શા માટે ? सर्वेषामेव भगवतामर्हद्देवानां शुद्धज्ञानमयत्वे सति - **સર્વે જ ભગવત્ અર્હદ્દેવોનું - શુદ્ધ જ્ઞાનમયપણું સતે - દ્રવ્યલિંગના આશ્રયભૂત એવા શરીરના 'આ મ્હારૂં છે' એવા મમકારના ત્યાગ થકી તદાશ્રિત** - તે શરીરાશ્રિત દ્રવ્યલિંગના ત્યાગે કરીને - द्रव्यलिंगाश्रयभूतशरीरममकारत्यागात् तदाश्रितद्रव्यलिंगत्यागेन, **દર્શન-જ્ઞાન-ચારિત્રનું મોક્ષમાર્ગપણે ઉપાસનનું દર્શન છે માટે** - दर्शनज्ञानचरित्राणां मोक्षमार्गत्वेनोपासनस्य दर्शनात् । - અર્થાત્ જ્યાં પરમાણુ માત્ર પણ પરભાવ - વિભાવની અશુદ્ધિને સમયમાત્ર પણ અવકાશ દાન નથી એવું 'શુદ્ધ' - કેવલ જ્ઞાનમયપણું સતે, ભગવદ્ અર્હત્‌દેવોએ શરીરના મમકારનો - મ્હારાપણાનો ત્યાગ કર્યો, એટલે શરીર મમકારના ત્યાગથી શરીરાશ્રિત - તે શરીરના આશ્રયે રહેલા દ્રવ્યલિંગનો પણ ત્યાગ કર્યો અને એમ શરીર મમકારના અને શરીરાશ્રિત દ્રવ્યલિંગનો ત્યાગ કરીને **ભગવત્ અર્હત્‌દેવોએ દર્શન-જ્ઞાન-ચારિત્રનું જ મોક્ષમાર્ગપણે ઉપાસન-સેવન - આરાધન કર્યું.** આ જ એમ સૂચવે છે કે જેનું સ્વયં ભગવત્ અર્હત્‌દેવોએ ઉપાસન કર્યું, તે **દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે - નહિ કે દ્રવ્યલિંગ.** જો દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ હોત, તો ભગવદ્ અર્હદ્દેવો એનો શા માટે ત્યાગ કરત ? માટે દેહાશ્રિત દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી જ. આ અંગે **શ્રી પૂજ્યપાદસ્વામીજીએ** તેમની લાક્ષણિક તત્ત્વતલસ્પર્શી શૈલીમાં **સમાધિશતકમાં** કહ્યું છે તેમ - 'લિંગ એ દેહાશ્રિત દૃષ્ટ છે, દેહ એ આત્માનો ભવ છે, તેથી આ લિંગમાં આગ્રહ કરનારાઓ ભવથી - સંસારથી મુક્ત થતા નથી' - મોક્ષ પામતા નથી.

'કોઈ અમે લિંગથી તરશું, જૈન લિંગ વારુ. ઈ.'' **શ્રી યશોવિજયજી કૃત સા.ત્ર. ગાથા સ્તવન**

સર્વ
વિશુદ્ધ
જ્ઞાન

अथैतदेव साधयति - હવે એ જ સાધે છે -

**ण वि एस मोक्खमग्गो पाखंडीगिहिमयाणि लिंगाणि ।**
**दंसणणाणचरित्ताणि मोक्खमग्गं जिणा विंति ॥४१०॥**

પાખંડિ - ગૃહિમય લિંગ તો, મોક્ષમાર્ગ આ નાજ;
દર્શન-જ્ઞાન-ચરિત્ર કહે, મોક્ષમાર્ગ જિનરાજ. ૪૧૦

## आत्मख्याति टीका

**नाप्येष मोक्षमार्गः पाखंडिगृहिमयानि लिंगानि ।**
**दर्शनज्ञानचरित्राणि मोक्षमार्गं जिना विदंति ॥४१०॥**

न खलु द्रव्यलिंगं मोक्षमार्गः शरीराश्रयत्वे सति परद्रव्यत्वात् तस्माद्दर्शनज्ञानचारित्राण्येव मोक्षमार्गः आत्माश्रितत्वे सति स्वद्रव्यत्वात् ॥४१०॥

**અર્થ** - પાખંડિ - ગૃહીમય લિંગો આ મોક્ષમાર્ગ નથી જ,
દર્શન-જ્ઞાન-ચારિત્રને જિનો મોક્ષમાર્ગ વદે છે. ૪૧૦

## આત્મખ્યાતિ ટીકાર્થ

નિશ્ચયે કરીને દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી - શરીરાશ્રયપણું સતે પરદ્રવ્યપણું છે માટે.
તેથી દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે - આત્માશ્રિતપણું સતે સ્વદ્રવ્યપણું છે માટે. ૪૧૦

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જ્ઞાન દર્શન ચારિત્રની શુદ્ધતા રે, એકપણે અને અવિરુદ્ધ. મૂળ મારગ સાંભળો જિનનો રે,
જિન મારગ તે પરમાર્થથી રે, એમ કહ્યું સિદ્ધાંતે બુધ... મૂળ મારગ." - **શ્રીમદ્ રાજચંદ્રજી**

**દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી, દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે,** એ જ વસ્તુ અત્ર સાધી છે અને તેની **'આત્મખ્યાતિ' કર્ત્તાએ** ઓર નિષ્તુષ સ્પષ્ટતા કરી છે - न खलु द्रव्यलिंगं मोक्षमार्गः - **ખરેખર !** નિશ્ચયે કરીને દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી, કારણકે તે દ્રવ્યલિંગ શરીરના આશ્રયે રહેલું છે એટલે **શરીરાશ્રયપણું** હોઈ તેનું **પરદ્રવ્યપણું** છે માટે - शरीराश्रयत्वे सति परद्रव्यत्वात् । **તેથી** दर्शन-ज्ञानचारित्राण्येव मोक्षमार्गः - દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે, કારણકે દર્શન-જ્ઞાન-ચારિત્ર એ આત્માના આશ્રયે રહેલા છે એટલે આત્માશ્રિતપણું હોઈ તેઓનું **સ્વદ્રવ્યપણું** છે માટે - आत्माश्रितत्वे सति स्वद्रव्यत्वात् । આમ **અપૂર્વ અદ્‌ભુત તત્ત્વ વૈજ્ઞાનિક ચોકસાઈથી - અલૌકિક તત્ત્વ વિનિશ્ચયથી** આ વસ્તુ **આચાર્યવર્ય અમૃતચંદ્રજીએ સુવિનિશ્ચિત કરી દેખાડી છે.**

સર્વ વિશુદ્ધ જ્ઞાન

---

**आत्मभावना** -

णवि एस मोक्खमग्गो पाखंडीगिहिमयाणि लिंगाणि - नाप्येवमोक्षमार्गः पाखंडिगृहिमयानिलिंगानि - પાખંડિ - ગૃહિમય લિંગો - આ મોક્ષમાર્ગ નથી જ, दंसणणाणचरित्ताणि मोक्खमग्गं जिणा विंति - दर्शनज्ञानचरित्राणि मोक्षमार्गं जिना विदंति - દર્શન-જ્ઞાન-ચારિત્રને મોક્ષમાર્ગ જિનો વિદે છે - જાણે છે - અનુભવે છે. ॥ इति **गाथा** आत्मभावना ॥४१०॥

न खलु द्रव्यलिंगं मोक्षमार्गः - ખરેખર ! નિશ્ચયે કરીને દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી, શાને લીધે ? शरीराश्रयत्वे सति परद्रव्यत्वात् - શરીરાશ્રયપણું સતે પરદ્રવ્યપણાને લીધે, तस्मात् - તેથી કરીને दर्शनज्ञानचारित्राण्येव मोक्षमार्गः - દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે, શાને લીધે ? आत्माश्रितत्वे सति स्वद्रव्यत्वात् - **આત્માશ્રિતપણું સતે સ્વ** દ્રવ્યપણાને લીધે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥४१०॥

यत एवं - કારણકે એમ છે -

**तह्मा जहित्तु लिंगे सागारणगारएहिं वा गहिए ।**
**दंसणणाणचरित्ते अप्पाणं जुंज मोक्खपहे ॥४११॥**

સાગાર - અનગારે ગ્રહ્યા, તેથી મૂકી દઈ લિંગ,
દર્શન-જ્ઞાન-ચારિત્ર એ, મોક્ષપથે આત્મા યુંજ ! ૪૧૧

## आत्मख्याति टीका

**तस्मात् हित्वा लिंगानि सागारैरनगारैर्वा गृहीतानि ।**
**दर्शनज्ञानचारित्रे आत्मानं युंक्ष्व मोक्षपथे ॥४११॥**

यतो द्रव्यलिंगं न मोक्षमार्गः ततः समस्तमपि द्रव्यलिंगं त्यक्त्वा दर्शनज्ञानचारित्रेष्वेव मोक्षमार्गत्वात् आत्मा योक्तव्य इति सूत्रानुमतिः ॥४११॥

**અર્થ** - તેથી સાગારોથી વા અનગારોથી ગ્રહાયેલા લિંગો છોડી દઈને, દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષપથમાં આત્માને યુંજ ! ૪૧૧

## આત્મખ્યાતિ ટીકાર્થ

કારણકે દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી, તેથી સમસ્ત પણ દ્રવ્યલિંગ ત્યજીને, દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જ - મોક્ષમાર્ગપણાને લીધે - આત્મા યોજવા યોગ્ય છે, એમ સૂત્રની અનુમતિ છે. ૪૧૧

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

** "સમજ્યાનું માત્ર અભિમાન છે એમ જીવને સમજાવીને જે પ્રકારે જીવ જ્ઞાન, દર્શન, ચારિત્રને વિષે સતત જાગ્રત થાય તે જ કરવામાં વૃત્તિ જોડવી અને રાત્રિ દિવસ તે જ ચિંતામાં પ્રવર્ત્તવું એ જ વિચારવાન જીવનું કર્ત્તવ્ય છે અને તેને માટે સત્સંગ, સત્શાસ્ત્ર અને સરળતાદિ નિજગુણો ઉપકાર ભૂત છે, એમ વિચારીને તેનો આશ્રય કરવો યોગ્ય છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૬૯, ૬૭૭**

કારણકે એમ ઉપરમાં વિવરી દેખાડ્યું તેમ દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી, પણ દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મોક્ષમાર્ગ છે એટલા માટે આ ગાથામાં આચાર્યવર્ય **કુંદકુંદાચાર્યજીએ** લિંગ છોડી દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં આત્માને યુંજવાનું મુમુક્ષુને આહ્વાન કર્યું છે - दंसणणाणचरित्ते अप्पाणं जुंज मोक्खपहे અને તેની ટૂંકી ટચ ને ચોકખીચટ સ્પષ્ટ વિશદ વ્યાખ્યા **'આત્મખ્યાતિ'કર્ત્તાએ** કરી છે - કારણકે દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી, તેથી સમસ્ત જ દ્રવ્યલિંગ ત્યજીને, દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જ - મોક્ષમાર્ગપણાને લીધે - આત્મા યોજવો યોગ્ય છે એમ સૂત્ર અનુમતિ છે - इति सूत्रानुमतिः ।




---

**आत्मभावना** -

तह्मा - તેથી કરીને सागारणगारएहिं वा गहिए लिंगे जहित्तु - सागारैरनगारै र्वा गृहीतानि लिंगानि हित्वा - સાગારોથી વા અનગારોથી ગૃહીત - ગ્રહાયેલા લિંગો છોડીને, दंसणणाणचरित्ते मोक्खपहे - दर्शनज्ञानचारित्रे मोक्षपथे - દર્શન-જ્ઞાન-ચારિત્ર (એ) મોક્ષપથમાં अप्पाणं जुंज - आत्मानं युंक्ष्व - આત્માને યુંજ ! ॥ इति **गाथा** आत्मभावना ॥४११॥

यतो - કારણકે द्रव्यलिंगं न मोक्षमार्गः - દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ નથી, ततः - તેથી કરીને समस्तमपि द्रव्यलिंगं त्यक्त्वा - સમસ્ત પણ દ્રવ્યલિંગ ત્યજીને दर्शनज्ञानचारित्रे चैव - દર્શન - જ્ઞાન - ચારિત્રમાં જ मोक्षमार्गत्वात् - મોક્ષમાર્ગપણાને લીધે आत्मा योक्तव्यः - આત્મા યોક્તવ્ય - યોજવો યોગ્ય છે, इति सूत्रानुमतिः - **એમ સૂત્ર અનુમતિ છે.** ॥ इति **'आत्मख्याति' आत्मभावना ॥४११॥**

મુમુક્ષુએ સદા સેવ્ય મોક્ષમાર્ગ આત્મ-તત્ત્વ એવા ભાવનો **સમયસાર કળશ** (૪૭) પ્રકાશે છે -

अनुष्टुप्

**दर्शनज्ञानचारित्रत्रयात्मा तत्त्वमात्मनः ।**

**एक एव सदा सेव्यो, मोक्षमार्गो मुमुक्षुणा** ॥२३९॥४११॥

દર્શન - જ્ઞાન - ચારિત્ર - ત્રયાત્મા તત્ત્વ આત્મનું;

એક જ આ સદા સેવ્ય, મોક્ષમાર્ગ મુમુક્ષુએ. ૨૩૯

## અમૃત પદ - ૨૩૯

દર્શન-જ્ઞાન-ચારિત્રમય આત્મા, મોક્ષમાર્ગ આ એક,

દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રયાત્મા, મોક્ષમાર્ગ આ એક... દર્શન-જ્ઞાન-ચારિત્રમય આત્મા. ૧

દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રય એ તો, આત્મા જેનો છેક,

એવું તત્ત્વ આત્માનું એ તો, મોક્ષમાર્ગ આ એક... દર્શન. ૨

દર્શન-જ્ઞાન-ચારિત્રમય આત્મા, એ જ મોક્ષનો માર્ગ,

સદા સેવ્ય સહજાત્મસ્વરૂપી, મુમુક્ષુએ એક માર્ગ... દર્શન. ૩

એક આત્માશ્રિત મોક્ષમાર્ગની, ઉદ્‌ઘોષણા કરી આમ,

દ્રવ્યલિંગ આગ્રહને હરતી, ભગવાન **અમૃત** સ્વામ... દર્શન. ૪

**અર્થ** - આત્માનું તત્ત્વ એવો દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રય છે આત્મા જેનો એવો એક જ મોક્ષમાર્ગ મુમુક્ષુએ સદા સેવ્ય છે. ૨૩૯

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''મોક્ષના માર્ગ બે નથી. જે જે પુરુષો મોક્ષરૂપ પરમ શાંતિને ભૂતકાળે પામ્યા, તે તે સઘળા સત્પુરુષો એક જ માર્ગથી પામ્યા છે, વર્તમાનકાળને પણ તેથી જ પામે છે, ભવિષ્યકાળે પણ તેથી જ પામશે. તે માર્ગમાં મતભેદ નથી.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૪**

દર્શન-જ્ઞાન-ચારિત્રાત્મક એક જ મોક્ષમાર્ગ સેવવાનું મુમુક્ષુને આહ્‌વાન કરતા આ ઉત્થાનિકા કળશમાં નીચેની ગાથામાં આવતા ભાવનું સૂચન કર્યું છે - दर्शन-ज्ञानचारित्रत्रयात्मा तत्त्वमात्मनः - આત્માનું તત્ત્વ છે - શુદ્ધ સ્વરૂપ છે, એવો દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રય - ત્રિપુટી છે આત્મા જેનો એવો એક જ - અદ્વિતીય જ - અદ્વૈત જ મોક્ષમાર્ગ મુમુક્ષુએ સદા સેવ્ય - સેવવા યોગ્ય, ઉપાસવા યોગ્ય - આરાધવા યોગ્ય છે - એમ **પરમ** ભાવિતાત્મા **અમૃતચંદ્રાચાર્યજીએ** અત્રે મુમુક્ષુઓને પરમ ભાવાવેશથી આહ્‌વાન કર્યું છે - एक एव सदा सेव्यो मोक्षमार्गो मुमुक्षुणा ।

**मोक्खपहे अप्पाणं ठवेहि तं चेव झाहि तं चेय ।**
**तत्थेव विहर णिच्चं मा विहरसु अण्णदव्वेसु ॥४१२॥**

મોક્ષપથે સ્થાપ આત્મને, તે જ ધ્યાવ તે ચેત;
ત્યાંજ વિહર નિત મા વિહર, અન્ય દ્રવ્યોમાં સચેત ! ૪૧૨

**અર્થ** - મોક્ષપથે આત્માને સ્થાપ અને તે જ ધ્યાવ અને તે ચેત, ત્યાંજ નિત્ય વિહર, અન્ય દ્રવ્યોમાં મા વિહર. ૪૧૨

## आत्मख्याति टीका

**मोक्षपथे आत्मानं स्थापय तं चैव ध्यायस्व तं चेतयस्व ।**
**तत्रैव विहर नित्यं मा विहार्षीरन्यद्रव्येषु ॥४१२॥**

आसंसारात्परद्रव्ये रागद्वेषादौ नित्यमेव स्वप्रज्ञादोषेणावतिष्ठमानमपि स्वप्रज्ञागुणेनैव ततो व्यावर्त्य दर्शनज्ञानचारित्रेषु नित्यमेवावस्थापय अतिनिश्चलमात्मानं तथा चिन्तान्तरनिरोधेनात्यंतमेकाग्रो भूत्वा दर्शनज्ञानचारित्राण्येव ध्यायस्व । तथा सकलकर्मकर्मफलचेतनासंन्यासेन शुद्धज्ञानचेतनामयो भूत्वा दर्शनज्ञानचारित्राण्येव चेतयस्व ।

तथा द्रव्यस्वभाववशतः प्रतिक्षणविज्जृंभमाणपरिणामतया तन्मयपरिणामो भूत्वा दर्शनज्ञानचारित्रेष्वेव विहर । तथा ज्ञानरुपमेकनेवाचलितमवलंबमानो ज्ञेयरूपेणोपधितया सर्वत एव प्रधावत्स्वपि परद्रव्येषु सर्वेष्वपि मनागपि मा विहार्षी ॥४१२॥

**आत्मभावना** -

मोक्खपहे अप्पाणं ठवेहि - मोक्षपथे आत्मानं स्थापय - **મોક્ષ - પથમાં આત્માને સ્થાપ,** तं चेव झाहि - तं चैव ध्यायस्व - **અને તેને જ ધ્યાવ,** तं चेय - तं चेतयस्व - **તેને ચેત - અનુભવ,** तत्थेव णिच्चं नित्यं - तत्रैव नित्यं विहर - ત્યાં જ નિત્ય વિહર, मा विहरसु अण्णदव्वेसु - मा विहार्षीरन्यदव्येषु - **અન્ય દ્રવ્યોમાં મ વિહરીશ !** ॥ इति **गाथा** आत्मभावना ॥४१२॥

आ संसारात् - **આ સંસારથી** - આ સંસારથી માંડીને परद्रव्ये रागद्वेषादौ - **પરદ્રવ્યમાં** રાગ દ્વેષાદિમાં नित्यमेव स्वप्रज्ञादोषेणावतिष्ठमानः - **સ્થિતિ કરી રહેલા એવાને પણ** - स्वप्रज्ञागुणेनैव ततो व्यावर्त्य - **સ્વ પ્રજ્ઞાગુણથી જ તેમાંથી વ્યાવૃત્ત કરીને,** दर्शनज्ञानचारित्रेषु - **દર્શન-જ્ઞાન-ચારિત્રમાં** नित्यमेव - **નિત્યે જ** अतिनिश्चलमात्मानं - **નિશ્ચિત આત્માને** (પાઠાં. - અતિ નિય આત્માને) अवस्थापय - **અવસ્થાપ - 'અવ' જેમ છે તેમ સ્વરૂપ મર્યાદાથી - સમય મર્યાદાથી - સ્થાપ !** तथा - તથા चित्तान्तरनिरोधेन - **ચિત્તાંતર નિરોધથી** (પાઠાં. समस्तचिन्तांतरनिरोधेन - **સમસ્ત ચિંતાન્તર - બીજી ચિંતાના નિરોધથી)** अत्यंतमेकाग्रो भूत्वा - **અત્યંત એકાગ્ર થઈને,** दर्शनज्ञानचारित्राण्येव ध्यायस्व - **દર્શન-જ્ઞાન-ચારિત્ર જ ધ્યાવ !** तथा - તથા सकलकर्मकर्मफल-चेतनासंन्यासेन - **સકલ કર્મ ચેતના અને કર્મફલ ચેતનાના સંન્યાસથી** - ત્યાગથી शुद्धज्ञानचेतनामयो भूत्वा - **શુદ્ધ જ્ઞાનચેતનામય થઈને,** दर्शनज्ञानचारित्राण्येव चेतयस्व - **દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ચેત - અનુભવ !** तथा - તથા द्रव्यस्वभाववशतः - **દ્રવ્ય સ્વભાવ વશથી** प्रतिक्षण विजृम्भमाणपरिणामतया - **પ્રતિક્ષણે વિજૃંભમાણ** - વૃદ્ધિ પામી રહેલ **પરિણામતાએ કરીને** तन्मयपरिणामो भूत्वा - **તન્મય પરિણામ થઈને,** दर्शनज्ञान चारित्रेष्वेव विहर - **દર્શન - જ્ઞાન - ચારિત્રમાં જ વિહર !** तथा - તથા ज्ञानरूपमेकमेवाचलितमवलंबमानो - **જ્ઞાન - રૂપ એક જ અચલિત અવલંબતો,** ज्ञेयरूपेणापाधितया - **જ્ઞેયરૂપઉપધિતાથી** सर्वत एव प्रवावत्स्वपि परद्रव्येषु सर्वेष्वापि - **સર્વતઃ (સર્વ તરફથી) એવ પ્રધાવતા - પ્ર - પ્રકૃષ્ટપણે ધાવતા અર્થાત્ જોરશોરથી વેગે દોડી રહેલા- એવા પણ પરદ્રવ્યોમાં સર્વેમાં પણ** मनागपि मा विहार्षीः - **જરા પણ મ વિહરીશ !** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥४१२॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

આસંસારથી પરદ્રવ્યમાં - રાગ-દ્વેષાદિમાં નિત્યમેવ સ્વપ્રજ્ઞાદોષથી અવતિષ્ઠમાન આત્માને પણ સ્વપ્રજ્ઞાગુણથી જ તેમાંથી વ્યાવૃત્ત કરીને, **દર્શન-જ્ઞાન-ચારિત્રમાં** નિત્યમેવ નિશ્ચિતપણે **અવસ્થાપ** ! તથા - ચિત્તાંતરનિરોધથી અત્યંત એકાગ્ર થઈને **દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ધ્યાવ** ! તથા - સકલ કર્મ - કર્મફલ ચેતનાના સંન્યાસથી શુદ્ધજ્ઞાન ચેતનામય થઈને **દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ચેત** ! તથા - દ્રવ્ય સ્વભાવ થકી પ્રતિક્ષણે વિજ્જૂંભમાણ (વૃદ્ધિ પામતી) પરિણામતાએ કરીને તન્મય પરિણામવાળો થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જ વિહર !

તથા - જ્ઞાનરૂપ એક જ અચલિત એવાને અવલંબતો, જ્ઞેયરૂપે ઉપાધિતાથી સર્વતઃ એવ વેગે દોડી રહેલા પણ પરદ્રવ્યોમાં - સર્વેમાં પણ જરા પણ વિહરીશ મા ! ૪૧૨

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''તે ત્રણે અભેદ પરિણામથી રે, જ્યારે વર્તે તે આત્મારૂપ... મૂળ મારગ.
તેહ મારગ જિનનો પામિયો રે, કિંવા પામ્યો તે નિજ સ્વરૂપ... મૂળ મારગ.''

**- શ્રીમદ્ રાજચંદ્રજી**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે આ ગાથામાં **પરમ ભાવિતાત્મા શાસ્ત્રકર્ત્તા પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** મુમુક્ષુને પરમ ભાવવાહી આહ્વાન કર્યું છે - 'મોક્ષપથમાં આત્માને સ્થાપ ! તેને જ ધ્યાવ ! તેને ચેત ! ત્યાં જ નિત્ય વિહર ! અન્ય દ્રવ્યોમાં વિહરીશ મા !' શાસ્ત્રકર્ત્તાના આ કર્ણમાં ગુંજી રહે એવા કર્ણામૃતમય પરમ અમર શબ્દોના પ્રત્યેક પદનો અપૂર્વ પરમાર્થ પરમામૃત - મધુર અત્યંત વિશદપણે પ્રવ્યક્ત કરી તેના દિવ્ય ધ્વનિનું અનંતગુણવિશિષ્ટ સંવર્ધન કરતું વિશ્વાનુગ્રહી વિશ્વગ્રાહી શબ્દબ્રહ્મ વિસ્તારતાં પરમ બ્રહ્મજ્ઞ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** વદે છે - (૧) આસંસારથી માંડીને - અનાદિથી પરદ્રવ્ય એવા રાગ - દ્વેષાદિમાં સ્વપ્રજ્ઞા દોષથી - 'स्वप्रज्ञा दोषेण' - પોતાની બુદ્ધિના દોષથી અવતિષ્ઠમાન - એમ ને એમ સ્થિતિ કરી રહેલ એવા આત્માને પણ, સ્વપ્રજ્ઞા ગુણથી જ 'स्व प्रज्ञागुणेनैव' - પોતાની બુદ્ધિના ગુણથી જ તેમાંથી - તે રાગ - દ્વેષાદિમાંથી વ્યાવૃત્ત કરી - પાછો વાળી, દર્શન-જ્ઞાન-ચારિત્રમાં નિત્યમેવ નિશ્ચિતપણે અત્યંત નિશ્ચલ અવસ્થાપ ! 'અવ' - જેમ છે તેમ સ્વરૂપ મર્યાદાથી 'સ્થાપ' - સ્થાપન કર ! दर्शनज्ञानचारित्रेषु नित्यमेवावस्थापय निश्चित (अति निश्चल) मात्मानं । (૨) તથા - ચિત્તાંતર નિરોધથી - चित्तांतरनिरोधेन - અન્ય પ્રકારના ચિત્તના નિરોધથી - આત્યંતિક નિયંત્રણથી અત્યંત એકાગ્ર થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ધ્યાવ ! अत्यंतनेकाग्रो भूत्वा - दर्शनज्ञानचारित्राण्येव ध्यायस्व । (૩) તથા - સકલ કર્મચેતના અને કર્મફલ ચેતનાના સંન્યાસથી - પરિત્યાગથી શુદ્ધજ્ઞાન ચેતનામય થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ચેત ! અનુભવ ! शुद्धज्ञानचेतनामयो भूत्वा दर्शनज्ञानचारित्राण्येव चेतयस्व । (૪) તથા - દ્રવ્ય - સ્વભાવના વશ થકી પ્રતિક્ષણે વિજ્જૂંભમાણ - વર્ધમાન - ઉલ્લસાયમાન - પરિણામતાએ કરીને - प्रतिक्षणे-विजृंभमाणपरिणामतया - ક્ષણે ક્ષણે વધતા જતા - ચઢતા પરિણામપણાએ કરીને તન્મય - પરિણામવાળો થઈ - દર્શન - જ્ઞાન - ચારિત્રમય પરિણામવાળો થઈ દર્શન - જ્ઞાન - ચારિત્રમાં જ વિહર ! વિચર્યા કર ! तन्मयपरिणामो भूत्वा दर्शनज्ञानचारित्रेष्वेव विहर । (૫) તથા - જ્ઞાનરૂપને એકને જ અચલિતપણે અવલંબતો રહી - ज्ञानरूप-मेकमेवाचलितमवलंबमानो - જ્ઞેયરૂપે ઉપાધિતાથી - ઉપાધિપણાથી સર્વતઃ એવ - બધી બાજુએથી જ વેગે દોડી રહેલા પણ પરદ્રવ્યોમાં - સર્વેમાં પણ જરા પણ વિહરીશ મા ! વિચરીશ મા ! ज्ञेयरूपेणो पाधितया सर्वत एव प्रधावत्स्वपि परद्रव्येषु सर्वेष्वपि मनागपि मा विहार्षी ।

અર્થાત્ સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રરૂપ રત્નત્રયીમય **એક આત્મારૂપ પરમાર્થ મોક્ષમાર્ગના પરમ**

**આરાધનનું પરમોત્તમ તત્ત્વવિધાન અત્ર પ્રકાશ્યું છે** - (૧) 'આ સંસારથી' - જ્યારથી આ સંસાર છે ત્યારથી માંડીને એટલે કે અનાદિથી આ આત્મા પરદ્રવ્ય પ્રત્યયે ઉપજતા હોવાથી પરદ્રવ્ય સ્વરૂપ એવા રાગ - દ્વેષાદિ ઔપાધિક ભાવોમાં નિત્યમેવ - સદાય 'અવતિષ્ઠમાન' છે - એમ ને એમ સ્થિતિ કરી રહ્યો છે. એમ શાથી ? स्वप्रज्ञादोषेन - 'સ્વ પ્રજ્ઞાદોષથી' - સ્વ પ્રજ્ઞા અપરાધથી, 'સ્વ' - પોતાની - આત્માની પ્રજ્ઞાના - બુદ્ધિના દોષથી - અપરાધથી. આમ અનાદિથી પરદ્રવ્ય એવા રાગ-દ્વેષાદિમાં 'સ્વ પ્રજ્ઞાદોષથી' નિત્ય જ અવતિષ્ઠમાન એવાને (આત્માને) પણ स्वप्रज्ञागुणेनैव - 'સ્વપ્રજ્ઞા ગુણથી જ' - સ્વ - પોતાની - આત્માની પ્રજ્ઞાના - બુદ્ધિના - સાચી સમજણના ગુણથી જ વ્યાવૃત્ત કરી - પાછો વાળી, 'નિશ્ચિત' - નિશ્ચય સ્વરૂપમાં જ નિયત એવા આત્માને દર્શન - જ્ઞાન - ચારિત્રમાં નિત્યમેવ - સદાય અતિનિશ્ચલપણે 'અવસ્થાપ' ! 'અવ' - જેમ છે તેમ સ્વસમય રૂપ સ્વરૂપ મર્યાદાથી 'સ્થાપ' - સ્થાપન કર ! તથા - (૨) ચિત્તાન્તર નિરોધથી વા ચિન્તાન્તર નિરોધથી - 'ચિત્તાન્તરના' - અન્ય કોઈ ચિત્તના અથવા 'ચિન્તાન્તરના' - અન્ય કોઈ ચિન્તાના 'નિરોધથી' - નિતાંત રોધથી - નિયંત્રણથી - રોકી દેવાથી અત્યંત 'એકાગ્ર' થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ ધ્યાવ ! અન્ય ચિત્તવૃત્તિ જ્યાં વર્ત્તે છે એવા 'ચિત્તાંતરના' અથવા અન્ય ચિન્તા જ્યાં વર્ત્તે છે એવા ચિન્તાન્તરના નિરોધથી, જ્યાં દ્વૈત કે દ્વિધાભાવ વર્ત્તતો નથી એવા અદ્વૈત - એક દર્શન - જ્ઞાન - ચારિત્રમાં જ ચિત્ત વા ચિન્તા જેને 'અગ્ર' - પ્રધાન છે એવો 'એકાગ્ર' થઈને દર્શન - જ્ઞાન - ચારિત્રનું જ ધ્યાન ધર ! તથા - (૩) 'કર્મ' તે હું છું એવી 'ચેતના' - ચેતવાપણું - અનુભવવાપણું - અનુભૂતિ જ્યાં છે એવી સકલ 'કર્મ ચેતના'ના અને 'કર્મફલ' તે હું છું એવી 'ચેતના' - ચેતવાપણું - અનુભવવાપણું - અનુભૂતિ જ્યાં છે એવી સકલ 'કર્મફલ ચેતના'ના 'સંન્યાસથી' - પરિત્યાગથી 'શુદ્ધજ્ઞાન' જ - 'કેવલ' જ્ઞાન જ હું છું એવી 'ચેતના' - ચેતવાપણું - અનુભવવાપણું - અનુભૂતિ જ્યાં છે એવી 'શુદ્ધ જ્ઞાન ચેતના' સાથે જ્યાં તન્મયતા છે એવો 'શુદ્ધ જ્ઞાન ચેતનામય' થઈને દર્શન-જ્ઞાન-ચારિત્રને જ 'ચેત' - અનુભવ ! અનુભવન કર ! તથા - (૪) 'દ્રવ્ય'નો સ્વભાવ છે કે પ્રતિક્ષણે - પ્રતિસમયે 'દ્રવ્યા' કરવું - પરિણામ પામ્યા કરવું, એટલે દ્રવ્યના આવા (પરિણામ) સ્વભાવ વશ થકી 'પ્રતિક્ષણે' - પ્રત્યેક ક્ષણે - ક્ષણે 'વિજૃંભમાણ' - વર્દ્ધમાન - વૃદ્ધિ પામી રહેલ - ઉલ્લસાયમાન થઈ રહેલ પરિણામપણાએ કરીને 'તન્મય' - દર્શન - જ્ઞાન - ચારિત્રમય પરિણામવાળો થઈને દર્શન - જ્ઞાન - ચારિત્રમાં જ 'વિહર !' વિચર ! અર્થાત્ પ્રતિક્ષણે ઉત્તરોત્તર વધતી જતી - ઉલ્લસાયમાન થતી દશાવાળા દર્શન - જ્ઞાન - ચારિત્ર પરિણામોમાં જ તન્મય થઈને - તે દર્શન - જ્ઞાન - ચારિત્ર પરિણામમય થઈને 'વિહરણ' - વિચરણ કર ! તથા - (૫) જ્ઞાનરૂપ એક જ અચલિત એવું 'અવલંબમાન' - અવલંબતો રહી, જ્ઞેયરૂપે 'ઉપાધિતાએ' કરી - ઉપાધિપણાએ કરી 'સર્વતઃ જ' - બધી બાજુએથી જ 'પ્રધાવતા' - અત્યંત દોડાદોડ કરી રહેલા એવા પણ પરદ્રવ્યોમાં સર્વેયમાં પણ જરા પણ વિહરીશ મા ! અર્થાત્ આત્માનું જ્ઞાન સ્વભાવપણું છે એટલે નાના પ્રકારના પરદ્રવ્યરૂપ જ્ઞેય તો તેમાં પ્રતિબિંબિત થઈ પ્રતિભાસવાના જ, પણ આ તો અનેક ચલાયમાન થતા જ્ઞેયરૂપ ઔપાધિક ભાવો છે ને હું તો એક જ અચલિત જ્ઞાનરૂપ સહજ સ્વભાવભૂત ભાવ છું, એમ જાણી, જ્ઞાનરૂપ એક જ અચલિત એવું અવલંબતો રહી, જ્ઞેયરૂપે ઉપાધિપણે ચોતરફથી દોડાદોડ કરી રહેલા એવા પણ 'પરદ્રવ્યોમાં' સર્વેયમાં જરા પણ વિહરીશ મા ! વિહરણ - વિચરણ કરીશ મા !

આ મોક્ષમાર્ગના ઉપાયો અંગે સાક્ષાત્ સમયસારભૂત **શ્રીમદ્ રાજચંદ્રના** અનુભવસિદ્ધ ટંકોત્કીર્ણ વચનામૃત છે કે -

''જે ઉપાયો દર્શાવ્યા તે સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર અથવા તે ત્રણેનું એક નામ 'સમ્યક્મોક્ષ.'''

''સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્દર્શનની મુખ્યતા ઘણા સ્થળે તે વીતરાગોએ કહી છે, જો કે

સમ્યક્‌જ્ઞાનથી જ સમ્યક્‌દર્શનનું પણ ઓળખાણ થાય છે, તો પણ સમ્યક્‌દર્શનની પ્રાપ્તિ વગરનું જ્ઞાન સંસાર એટલે દુઃખના હેતુ રૂપે હોવાથી સમ્યક્‌દર્શનનું મુખ્યપણું ગ્રહણ કર્યું છે.''

''જેમ જેમ સમ્યક્‌દર્શન શુદ્ધ થતું જાય છે, તેમ તેમ સમ્યક્‌ચારિત્ર પ્રત્યે વીર્ય ઉલ્લસતું જાય છે અને ક્રમે કરીને સમ્યક્‌ચારિત્રની પ્રાપ્તિ થવાનો વખત આવે છે, જેથી આત્મામાં સ્થિર સ્વભાવ સિદ્ધ થતો જાય છે અને ક્રમે કરીને પૂર્ણ સ્થિર સ્વભાવ પ્રગટે છે અને આત્મા નિજપદમાં લીન થઈ સર્વકર્મ કલંકથી રહિત થવાથી એક શુદ્ધ આત્મસ્વભાવરૂપ મોક્ષમાં પરમ અવ્યાબાધ સુખના અનુભવસમુદ્રમાં સ્થિત થાય છે.'' - **શ્રીમદ્‌ રાજચંદ્ર, અં. ૭૫૫**



અત્ર એક પરમાર્થ મોક્ષપથનો આશ્રય કરવાનું **અમૃતચંદ્રજી** મુમુક્ષુઓને ભાવવાહી **સમયસાર કળશમાં** (૪૮) ઉદ્બોધન કરે છે -

शार्दूलविक्रीडित

**एषो मोक्षपथो य एष नियतो दृग्ज्ञप्तिवृत्तात्मकः,**
**तत्रैव स्थितिमेति यस्तमनिशं ध्यायेच्च तं चेतति ।**
**तस्मिन्नेव निरंतरं विहरति द्रव्यांतराण्यस्पृशन्,**
**सोऽवश्यं समयस्यसारमचिरान्नित्योदयं विंदति ॥२४०॥**

જે આ એક જ મોક્ષમાર્ગ નિયતો દગ્-જ્ઞપ્તિ-વૃત્તાત્મકો,
ત્યાં જે સ્થિતિ પામતો અનિશ તે ધ્યાતો જ તે ચેતતો;
તેમાં ત્યાં જ વિહરતો નિરંતર જ ના દ્રવ્યાંતરો સ્પર્શતો,
તે શીઘ્ર અવશ્યં સાર સમયનો નિત્યોદયી વિંદતો. ૨૪૦

## અમૃત પદ - ૨૪૦

'વીતરાગ જય પામ' - (કલ્યાણ) એ રાગ

મોક્ષમાર્ગ આ એક જગત્માં, મોક્ષમાર્ગ આ એક,
દર્શન-જ્ઞાન-ચારિત્રાત્મા જે, આત્મા નિયત આ છેક... જગત્માં મોક્ષમાર્ગ આ એક. ૧
ત્યાંજ સ્થિતિને પામે છે જે, ધ્યાવે અનિશ તે ધ્યાન,
તે જ નિત્ય ચેતે છે કરતો, અનુભવ અમૃત પાન... જગત્માં મોક્ષમાર્ગ. ૨
તેમાં જ નિરંતર વિહરે છે, આત્મામાં વિહરંત,
આત્માથી અન્ય જ દ્રવ્યાંતરને, લેશ નહિ સ્પર્શંત... જગત્માં મોક્ષમાર્ગ. ૩
તેહ અવશ્ય જ અલ્પ સમયમાં, વિંદે સમયનો સાર,
નિત્યોદયવંતો વર્ષંતો, **ભગવાન અમૃત** ધાર... જગત્માં મોક્ષમાર્ગ. ૪

**અર્થ** - એક મોક્ષપથ જે આ દગ્-જ્ઞપ્તિ-વૃત્તાત્મક નિયત છે, ત્યાં જ જે સ્થિતિ પામે છે અને તેને અનિશં (રાત દિવસ) ધ્યાવે, તેને ચેતે છે (અને) દ્રવ્યાંતરોને અસ્પર્શતો તેમાં જ નિરંતર વિહરે છે - તે અવશ્ય નિત્યોદયી એવો સમયનો સાર શીઘ્ર વિંદે છે - અનુભવે છે. ૨૪૦

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"એક હોય ત્રણ કાળમાં, પરમારથનો પંથ;
પ્રેરે તે પરમાર્થને તે વ્યવહાર સમંત."
**- શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૩૬**

"શુદ્ધતા વિચારે ધ્યાવે, સુદ્ધતામૈં કેલિ કરે,
સુદ્ધતામૈં સ્થિર વ્હૈ, અમૃતધારા વરસે." - **શ્રી બનારસીદાસજી**

ઉપરમાં **'આત્મખ્યાતિ'ના ગદ્ય વિભાગમાં જે આટલું સ્પષ્ટ વિવરી દેખાડ્યું તેનો પરિપુષ્ટિરૂપ** સારસમુચ્ચય સંદબ્ધ કરતા આ કળશ કાવ્યમાં **આર્ષદૃષ્ટા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** મુમુક્ષુને કોલ આપે છે કે જે ઉક્ત વિધાનને વિધિવત્ આચરે છે, તે અવશ્ય સમયસારને શીઘ્ર પામે છે - एको मोक्षपथो य एष नियतो दृग्ज्ञप्तिवृत्तात्मकः - દગ્ - જ્ઞપ્તિ - વૃત્તાત્મક - દર્શન - જ્ઞાન - ચારિત્રમય એવો જે આ

'નિયત' - ત્રણે કાળમાં ન ચળે એવો પરમ નિશ્ચયરૂપ એક મોક્ષપથ - મોક્ષમાર્ગ છે, ત્યાં જ જે સ્થિતિ કરે છે, તેને અહોનિશ - રાત દિવસ ધ્યાવે છે, તેને ચેતે છે - અનુભવે છે અને 'દ્રવ્યાંતરોને' - આત્માથી અતિરિક્ત અન્ય દ્રવ્યોને 'અસ્પર્શતો' - નહિં સ્પર્શતો તેમાં જ નિરંતર વિહરે છે, તે અવશ્ય નિત્યોદયી - સદા ઉદયવંત એવો સમયનો સાર - સમયસાર અચિરથી શીઘ્ર વિંદે છે - અનુભવે છે - सोऽवश्यं समयस्य सारमचिरान्नित्योदयं विंदति ।*

---

* આ કળશ કાવ્યનો ભાવ અવતારતાં **બનારસીદાસજી** પ્રકાશે છે - જે દર્શન - જ્ઞાન - ચરણ રૂપ આત્મામાં સ્થિર બેસીને 'નિર્દોડ' - દોડાદોડ રહિત થયેલો પરવસ્તુને સ્પર્શતો નથી, શુદ્ધતા વિચારે - ધ્યાવે, શુદ્ધતામાં કેલિ - ક્રીડા - રમણતા કરે, શુદ્ધતામાં સ્થિર રહે, તેને અમૃતધારા વર્ષે છે - 'શુદ્ધતા વિચારૈ ધ્યાવૈ, સુદ્ધતામૈં કેલિ કરૈ, સુદ્ધતામૈં થિર વ્હૈ અમૃત ધારા બરસૈ'', તનકષ્ટ ત્યાગીને, અષ્ટ કર્મથી સ્પષ્ટ - જૂદો થઈને તેને સ્થાનભ્રષ્ટ કરી નષ્ટ કરે અને કરશે, તે તો વિકલ્પ વિજયી અલ્પકાળમાં જ ભવવિધાન ત્યાગીને નિર્વાણપદને ફરસે છે. (માટે) ગુણ પર્યાયમાં દૃષ્ટિ ન દેવી, નિર્વિકલ્પ અનુભવરસ પીવો, આપ સમાઈ આપમાં લેવો, તનુપણું - દેહભાવ મિટાવી આત્માપણું - આત્મભાવ કરવો, 'તનુપૌ મેટિ અપનુપૌ કીજૈ.'' વિભાવ ત્યજી શુદ્ધાત્મપદમાં મગ્ન થવું - એ જ એક મોક્ષમાર્ગ હૈ, બીજો કોઈ છે નહિ.

(સવૈયા-૩૧)

''જોઈ દ્રિગ ગ્યાન ચરનાતમમૈં બૈઠિ ઠૌર, ભયૌ નિરદૌર પર વસ્તુકૌં ન પરસૈ,
સુદ્ધતા વિચારૈ ધ્યાવૈ સુદ્ધતામૈં કેલિ કરૈ, સુદ્ધતામૈં થિર વ્હૈ અમૃત ધારા બરસૈ'',
ત્યાગિ તનકષ્ટ હવૈ સપષ્ટ અષ્ટ કરમકૌ, કરિ ઘાત ભ્રષ્ટ નષ્ટ કરૈ ઔર કરસૈ,
સો તૌ વિકલપ વિજઈ અલપ કાલ માંહિ, ત્યાગિ ભૌ વિધાન નિરવાન પદ પરસૈ.

(ચોપાઈ)

ગુન પરજૈ મૈં દ્રિષ્ટિ ન દીજૈ, નિર વિકલપ અનુભૌ રસ પીજૈ,
આપ સમાઈ આપમૈં લીજૈ, તનુપૌ મેટિ અપનુપૌ કીજૈ.

(દોહરા)

તજિ વિભાઉ હજૈ મગન, સુદ્ધાતમ પદ માંહિ,
એક મોખ મારગ યહૈ, ઔર દૂસરૌ નાંહિ.''

**- શ્રી બના.કૃત સ.સા. સર્વ વિ.અ. ૧૧૬-૧૧૮**

આથી ઉલટું, વ્યવહાર પથ આશ્રિત જેઓ દ્રવ્યલિંગનું મમત્વ ધરે છે, તે સમયસારને દેખતા નથી એવો **સમયસાર કળશ** (૪૯) સંગીત કરે છે -

शार्दूलविक्रीडित

**यो त्वेनं परिहृत्य संवृतिपथप्रस्थापितेनात्मना,**
**लिंगे द्रव्यमये वहंति ममतां तत्त्वावबोधच्युताः ।**
**नित्योद्योतमखंडमेकमतुलालोकं स्वभावप्रभा -**
**प्राग्भारं समयस्य सारममलं नाद्यापि पश्यंति ते ॥२४१॥**

કિંતુ આ પથ છોડી સંવૃતિ પથે જે આત્મ પ્રસ્થાપતાં,
લિંગે દ્રવ્યમયે વહે જ મમતા તત્ત્વાવબોધ ચ્યુતા;
તે દેખે ન હજુ અખંડ અમલો સારો સમૈનો પરો,
નિત્યોદ્યોત સ્વભાવ કાંતિ અતુલાલોકે ચ્યુતો એકો સમૈ સાર રે ! ભાસ્વરો. ૨૪૧

## અમૃત પદ - ૨૪૧

'વીતરાગ જય પામ' - એ રાગ

દ્રવ્યલિંગ મમકારી વ્યવહારી, દેખે ન સમયસાર.
વ્યવહાર માર્ગ જ આશ્રંતા તે, મોક્ષમાર્ગથી બ્હાર... વ્યવહારી દેખે ન સમયસાર. ૧
રત્નત્રયીમય આત્મા એક જ, મોક્ષમાર્ગ ત્યજી આજ,
આત્મરથને પ્રસ્થાપે છે, જે વ્યવહાર પથમાં જ... વ્યવહારી દેખે ન સમયસાર. ૨
તત્ત્વાવબોધથી ચ્યુત થયેલા, તે કરતાં વ્યવહાર,
અનાદિથી તોયે અદ્યાપિ, દેખે ન સમયસાર... વ્યવહારી દેખે ન સમયસાર. ૩
કદી ન ખંડિત થાતો અખંડો, એક અમલ અવધાર,
નિત્ય ઉદ્યોત ધરંતો નિશ્ચે, સમય તણો જે સાર... વ્યવહારી. ૪
અતુલ છે આલોક જ જેનો, એવો આ'લોકે સાર,
સ્વભાવની ઝળહળ પ્રભાનો, જિહાં મહા પ્રાગ્ભાર... વ્યવહારી. ૫
સમયસાર ભગવાન અમૃતનું, દર્શન ન લહે સાર,
વ્યવહાર પથ આશ્રિત ધરે જે, દ્રવ્યલિંગ મમકાર... વ્યવહારી. ૬
ભગવાન **અમૃતચંદ્રની** એવી, ટંકોત્કીર્ણ આ વાણ,
વ્યવહાર પથ આગ્રહ તમ ભેદી, **અમૃત** પથનો ભાણ... વ્યવહારી. ૭

**અર્થ** - પણ જેઓ આને પરિહરીને સંવૃતિ પથે પ્રસ્થાપિત આત્માથી દ્રવ્યમય લિંગમાં મમતા વહે છે (ધારે છે), તેઓ તત્ત્વાવબોધથી ચ્યુત થયેલાઓ, નિત્યોદ્યોત એક અખંડ અતુલાલોક એવો સ્વભાવ-પ્રભાપ્રાગ્ભારવાળો અમલ સમયનો સાર (સમયસાર) અદ્યાપિ દેખતા નથી. ૨૪૧

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''લિંગ અને ભેદો જે વૃત્તના રે, દ્રવ્ય દેશ કાળાદિ ભેદ... મૂળ મારગ સાંભળો જિનનો રે,
પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે, તે તો ત્રણે કાળે અભેદ... મૂળ મારગ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**

પણ આથી ઉલટું વ્યવહારપથને આશ્રી જેઓ દ્રવ્યલિંગનું મમત્વ ધરે છે તેઓ **સમયસારને દેખતા** નથી એમ નીચેની ગાથાના ભાવનું સૂચન કરતા આ શાર્દૂલવિક્રીડિત ઉત્થાનિકા કળશમાં **પુરુષશાર્દૂલ અમૃતચંદ્રજી** વીરગર્જના કરે છે - ये त्वेनं परिहत्य - પણ - ઉપરમાં કહ્યું તેથી ઉલટા પ્રકારે જે 'આને' - આ પરમાર્થ મોક્ષમાર્ગને પરિહરીને - છોડી દઈને, સંવૃતિ પથે પ્રસ્થાપિત આત્માથી - संवृतिपथप्रस्थापितेनात्मना - વ્યવહાર માર્ગમાં પ્રસ્થાપન કરેલ આત્માએ કરી તત્ત્વાવબોધથી ચ્યુત ભ્રષ્ટ થયેલાઓ - तत्त्वावबोधच्युताः - દ્રવ્યમય લિંગમાં મમતા વહે છે - ધારણ કરે છે, लिङ्गे द्रव्यमये वहंति ममता - તેઓ નિત્યોદ્યોત - નિત્ય ઉદ્યોત - જ્ઞાન પ્રકાશવાળો, અખંડ, એક, અતુલ - આલોક - પ્રકાશવાળા એ સ્વભાવ પ્રભા પ્રાગ્ભારવાળો - સ્વભાવની પ્રભાના - પ્રકૃષ્ટ તેજના પ્રાગ્ભાર - મહાભારવાળો અમલ - પરભાવ વિભાવમલ રહિત શુદ્ધ સમયનો સાર **સમયસાર** અદ્યાપિ - હજુ સુધી દેખતા નથી - नित्योद्योतमखंडमेकमतुलालोकं स्वभावप्रभा-प्राग्भारं समयस्य सारममलं नाद्यापि पश्यंति ते ।

અર્થાત્ - ઉપરમાં **'આત્મખ્યાતિ'**ના ગદ્ય ભાગમાં તેમજ તેના સારસમુચ્ચયરૂપ છેલ્લા કળશમાં અન્વયથી **પરમાર્થ મોક્ષમાર્ગનું** વિધાન કર્યું, તે જ અત્ર વ્યતિરેકથી કર્યું છે - જેઓ આ ઉપરોક્ત રત્નત્રયીમય એક આત્મારૂપ જ પરમાર્થ મોક્ષમાર્ગને છોડી દઈને, વ્યવહાર પથમાં આત્માને પ્રસ્થાપિત કરી, 'તત્ત્વાવબોધથી' ચ્યુત થઈ - જે પ્રકારે વસ્તુનું સ્વરૂપ છે તે પ્રકારે જે તત્પણું - તત્ત્વ, તેના 'અવબોધ' - 'અવ' - જેમ છે તેમ વસ્તુ મર્યાદા પ્રમાણે 'બોધ' - જ્ઞાન જ્યાં છે એવા તત્ત્વાવબોધથી 'ચ્યુત' - ભ્રષ્ટ - પ્રમત્ત થઈ, દ્રવ્યમય લિંગમાં - દેહાશ્રિત **દ્રવ્યલિંગમાં** - બાહ્ય વેષ ચિહ્નમાં **'મમતા'** - મમકાર વહે છે - ધારણ કરે છે, તેઓ 'અમલ' - મલ રહિત - શુદ્ધ એવો સમયનો સાર - **'સમયસાર' - શુદ્ધ આત્મા 'અદ્યાપિ' - હજુ સુધી દેખતા નથી.**

**કેવો છે સમયસાર ? 'નિત્યોદ્યોત'** - નિત્ય - સદાય 'ઉદ્યોત' - જ્ઞાન પ્રકાશવાળો, સદાય જ્ઞાન પ્રકાશથી ઝળહળતો, **'અખંડ'** - કદી પણ ખંડિત ન થતો, **'એક'** - શુદ્ધ જ્ઞાયક ભાવ સિવાય બીજો કોઈ ભાવ જ્યાં નથી એવો 'અદ્વૈત', **'અતુલાલોક'** - જેની તુલ્ય - સમાન બીજો કોઈ નથી એવો અતુલ આલોક - પ્રકાશવાળો, **'સ્વભાવ પ્રભા પ્રાગ્ભારવંત'** - સ્વભાવની પ્રભાનો - ઝળહળતી કાંતિનો - 'પ્રાગ્ભાર' - મહાભાર જ્યાં છે એવો, આવા અમલ - શુદ્ધ સમયસારને તે વ્યવહારમાર્ગના આશ્રયે કરી તત્ત્વાવબોધથી ચ્યુત થયેલાઓ 'અદ્યાપિ' - અનાદિથી આ વ્યવહાર માર્ગ કર્યા કરતાં છતાં હજુ સુધી દેખતા નથી. તે જ સ્વયં એમ સૂચવે છે કે અનાદિ વ્યવહારમાર્ગનો આશ્રય કર્યાથી જેમ તેમને શુદ્ધ આત્માનું દર્શન થયું નથી, તેમ હજુ પણ જ્યાં લગી તેઓ વ્યવહારમાર્ગનો આશ્રય કરી, દ્રવ્યલિંગનું મમત્વ વહ્યા કરશે ત્યાં લગી ભગવાન **સમયસારનું** દર્શન પામે એવો સંભવ નથી. માટે વ્યવહારમાર્ગનો આગ્રહ છોડી અને તેના અંગભૂત દ્રવ્યલિંગનો મમકાર છોડી, એક પરમાર્થ મોક્ષમાર્ગનો જ આશ્રય મુમુક્ષુએ કર્ત્તવ્ય છે.

**पाखंडीलिंगेसु व गिहिलिंगेसु व बहुप्पयारेसु ।**
**कुव्वंति जे ममत्तं तेहिं ण णायं समयसारं ॥४१३॥**

પાખંડી લિંગોમાંહિ વા, ગૃહિલિંગે બહુ પ્રકાર;
કરે મમત્વ તેણે ખરે !, જાણ્યો ન સમયસાર. ૪૧૩

**અર્થ** - પાખંડી લિંગોમાં કે બહુ પ્રકારના ગૃહીલિંગોમાં જેઓ મમત્વ કરે છે, તેઓથી સમયસાર જાણવામાં નથી આવ્યો. ૪૧૩

**आत्मख्याति टीका**

**पाखंडिलिंगेषु वा गृहिलिंगेषु वा बहुप्रकारेषु ।**
**कुर्वंति ये ममता तैर्न ज्ञातः समयसारः ॥४१३॥**

ये खलु श्रमणोऽहं श्रमणोपासकोऽहमिति द्रव्यलिंगममकारेण मिथ्याहंकारं कुर्वंति तेऽनादिरूढव्यवहार-विमूढाः प्रौढविवेकं निश्चयमनारूढाः परमार्थसत्यं भगवंतं समयसारं न पश्यंति ॥४१३॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

જેઓ ખરેખર ! શ્રમણ હું શ્રમણોપાસક હું એમ દ્રવ્યલિંગ મમકારથી મિથ્યાહંકાર કરે છે, તેઓ અનાદિરૂઢ વ્યવહારવિમૂઢો, પ્રૌઢવિવેકવાળા નિશ્ચયને અનારૂઢો, પરમાર્થસત્ય ભગવંત સમયસારને નથી દેખતા. ॥૪૧૩॥

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''માને નિજ મતવેષનો, આગ્રહ મુક્તિ નિદાન.'' ઈ.
લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;
ગ્રહે નહિ પરમાર્થને, લેવા લૌકિક માન.'' - **શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૨૬**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે જેઓ દ્રવ્યલિંગ મમત્વ કરે છે તેઓ **સમયસારને** નથી જાણતા એ ભાવનું આ ગાથામાં કથન કર્યું છે, બહુ પ્રકારના 'પાખંડી લિંગોમાં' - સાધુ લિંગોમાં - સાધુવેષોમાં વા ગૃહિ લિંગોમાં - ગૃહસ્થ વેષોમાં જેઓ મમત્વ - મમતા કરે છે, તેઓથી **'સમયસાર'** - શુદ્ધ આત્મા 'જ્ઞાત' નથી - જાણવામાં આવેલો નથી. આ ગાથાના ભાવનું અપૂર્વ તત્ત્વમીમાંસન કરતાં **'આત્મખ્યાતિ'કર્ત્તા** વદે છે - જેઓ ખરેખર ! 'श्रमणोऽहं श्रमणोपासकोऽहं' - હું શ્રમણ, હું શ્રમણોપાસક (શ્રાવક) એમ 'દ્રવ્ય લિંગના' - બાહ્ય વેષના 'મમકારથી' - મ્હારાપણાથી - મમત્વ ભાવથી 'મિથ્યાહંકાર' - મિથ્યાભિમાન કરે છે, તેઓ 'અનાદિરૂઢ વ્યવહારવિમૂઢો' - अनादिरूढव्यवहारविमूढाः,

**आत्मभावना** -

पाखंडीलिंगेसु व गिहिलिंगेसु व बहुप्पयारेसु - पाखंडिलिंगेषु वा गृहिलिंगेषु वा बहुप्रकारेषु - બહુ પ્રકારના પાખંડિ લિંગોમાં વા ગૃહિ લિંગોમાં जे ममत्तं कुव्वंति - ये ममत्वं - (પાઠાં. ममतां) कुर्वंति - જેઓ મમત્વ (પાઠાં. મમતા) કરે છે, तेहिं ण णायं समयसारं - तैर्न ज्ञातः समयसारः - તેઓથી સમયસાર નથી જ્ઞાત - જાણવામાં આવ્યો. ॥ **गाथा** आत्मभावना ॥४१३॥

ये खलु - જેઓ ખરેખર ! નિશ્ચયે કરીને श्रमणोऽहं श्रमणोपासकऽहमिति - 'શ્રમણ હું શ્રમણોપાસક હું' એમ द्रव्यलिंगममकारेण मिथ्याहंकारं कुर्वंति - દ્રવ્યલિંગના મમકારથી મિથ્યાહંકાર કરે છે, तेऽनादिरूढव्यवहारविमूढाः - તેઓ અનાદિ રૂઢ વ્યવહાર વિમૂઢો, प्रौढविवेकं निश्चयमनारूढाः - પ્રૌઢ વિવેકવાળા નિશ્ચયને અનારૂઢ એવાઓ, परमार्थसत्यं भगवंतं समयसारं न पश्यंति - **પરમાર્થસત્ય ભગવંત સમયસારને** નથી દેખતા. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥४१३॥

**'પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય પર અનારૂઢ'** - નહિ આરૂઢ એવાઓ - प्रौढविवेकं निश्चयमनारूढाः, **પરમાર્થસત્ય** એવા **ભગવંત સમયસારને** નથી દેખતા - परमार्थसत्यं भगवंतं समयसारं न पश्यंति । **અર્થાત્** જેઓ તેવા તેવા **દ્રવ્યલિંગના મમકારથી મિથ્યા અહંકાર** કરે છે, તેઓ અનાદિથી **'રૂઢ'** - ઊંડા મૂળ ઘાલી ગયેલા **'વ્યવહારથી'** - પરનો આશ્રય કરનારા અભૂતાર્થ - અસત્ વ્યવહારથી **'વિમૂઢ'** - વિશેષે કરીને મૂઢ - અત્યંત મૂઢ થઈ ગયેલાઓ હોય છે. અત એવ અવિવેકી જે હજુ વર્ત્તતા હોય તે, **'પ્રૌઢ'** - પરિપક્વ અવસ્થા પામેલ પુરુષના જેવા પ્રૌઢ વિવેક પર આરૂઢ થઈ શકે નહિ - ચઢી શકે નહિ, અને જેઓ પ્રૌઢ વિવેકવાળા નિશ્ચય પર આરૂઢ થયેલા નથી, તેઓ **'પરમાર્થ સત્ય'** - પરમાર્થ સત્ - **'પરમાર્થથી'** - તત્ત્વથી - નિશ્ચયથી ભૂતાર્થથી સત્ય - સાચા - સત્ **'ભગવંત'** - જ્ઞાનાદિ **'ભગ'** - ઐશ્વર્યવંત **'સમયસારને'** - શુદ્ધ આત્માને નથી દેખતા - અનુભવનેત્રથી નથી નિહાળતા, અનુભવ પ્રત્યક્ષ નથી કરતા.

સર્વ વિશુદ્ધ જ્ઞાન

વ્યવહાર વિમૂઢ દૃષ્ટિએ જનો પરમાર્થ કળતા નથી એવા ભાવનો **સમયસાર કળશ** (૫૦) પ્રકાશે છે -

वैतालिक वृत्त

**व्यवहारविमूढदृष्टयः, परमार्थं कलयंति नो जनाः ।**
**तुषबोधविमुग्धबुद्धयः, कलयंतीह तुषं न तंदुलं ॥२४२॥**

વ્યવહાર વિમૂઢ દૃષ્ટિઓ, પરમાર્થો કળતા જ ન જના;
તુષબોધ વિમુગ્ધ બુદ્ધિઓ, કળતા હ્યાં તુષ તંદુલો જ ના. ૨૪૨

## અમૃત પદ - ૨૪૨

વ્યવહાર મૂઢને પરમાર્થ ભાન ના, જુઓ ! ઢંગ અજ્ઞાનના !
ધાન્ય છાંડી તે ખાંડે છે ફોતરાં, મંડાણ એ મહા મોહના... વ્યવહાર મૂઢને. ૧
વ્યવહારમાં વિમૂઢ દૃષ્ટિ છે જેહની, એવા વ્યવહાર મૂઢ દૃષ્ટિ,
કળતા નહિ અહિં પ્રકટ પરમાર્થને, ભાનુને જેમ ઘૂડ દૃષ્ટિ... વ્યવહાર મૂઢને. ૨
તુષના બોધથી બુદ્ધિ વિમુગ્ધ છે, એવા જનો મુગ્ધ બુદ્ધિ,
તુષને કળે અહિં કળે ન તંદુલને, મુગ્ધ બાલ શું મુગ્ધ બુદ્ધિ !... વ્યવહાર મૂઢને. ૩
ફોતરાંને અહિં ધાન્ય માનીને, મુગ્ધ ધાન્યને છાંડતા,
ધાન્ય કદી પણ પામે નહિં તે, રહે તે ફોતરાં જ ખાંડતા !... વ્યવહાર મૂઢને. ૪
વ્યવહારને તેમ માની પરમાર્થ જે, પરમાર્થ ધાન્યને છાંડતા,
પરમાર્થને કદી પામે નહિં તે, વ્યવહાર ફોતરાં ખાંડતા... વ્યવહાર મૂઢને. ૫
બાળો ભોળો બાળ ભોળવાઈ રમકડે, પરમાર્થ રત્નને છાંડતો,
ભોળવાઈ તેમ આ વ્યવહાર રમકડે, પરમાર્થ રત્નને છાંડતો !... વ્યવહાર મૂઢને. ૬
લાકડાનો ઘોડો સાચો માનીને, મુગ્ધ બાલ આરોહતો,
ખોટો વ્યવહાર તેમ સાચો માનીને, મુગ્ધ બાલ આ રોહતો !... વ્યવહાર મૂઢને. ૭
અભૂતાર્થ વ્યવહારને ભૂતાર્થ માનતાં, પરમાર્થને જે છાંડતા,
વ્યવહાર મૂઢ તે કેમ ભૂતાર્થમાં, પરમાર્થમાં પદ માંડતા ?... વ્યવહાર મૂઢને. ૮
સાર સમયનો છોડી નિઃસારમાં, વ્યવહારમાં જે મોહે,
**ભગવાન સમયનો સાર અમૃત** તે, કેમ વિમૂઢ તે રોહે ?... વ્યવહાર મૂઢને. ૯

**અર્થ** - વ્યવહાર વિમૂઢ દૃષ્ટિવાળા જનો પરમાર્થને કળતા નથી, તુષબોધથી (ફોતરાંના બોધથી) વિમુગ્ધ બુદ્ધિવાળાઓ અહીં તુષને (ફોતરાંને) કળે છે, તંદુલને (ચોખાને) નહિં ! ૨૪૨

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અનંત કાળ વ્યવહાર કર્યો છે, તેની જંજાળમાં પરમાર્થ ભૂલાઈ જાય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર**

**'આત્મખ્યાતિ'**ના ગદ્ય ભાગમાં વ્યવહારવિમૂઢ દૃષ્ટિવાળાનું કથન કર્યું, તેના અનુસંધાનમાં **વ્યવહારવિમૂઢ દૃષ્ટિવાળા** 'તુષ' ફોતરાંથી ભોળવાઈ 'તંદુલ'ને ઓળખતા નથી એમ અન્યોક્તિથી આત્માને વિંધી નાખે એવો 'વેધક' માર્મિક કટાક્ષ આ કળશમાં કરતાં **અમૃતચંદ્રજી** પરમ પરમાર્થનું દિવ્યગાન ગાનારા પરમ **મહાકવિ** વદે છે - 'व्यवहारविमूढदृष्टयः' - વ્યવહાર વિમૂઢ દ્રષ્ટિવાળા જનો

**પરમાર્થને કળતા નથી** - ઓળખતા નથી, 'परमार्थं कलयंति नो जनाः', તે અંગે **અન્યોક્તિ** કરે છે - 'तुषबोधविमुग्धबुद्धयः' - તુષ બોધથી વિમુગ્ધ બુદ્ધિવાળાઓ, અર્થાત્ તુષના ફોતરાંના બોધથી - જ્ઞાનથી જેની બુદ્ધિ વિમુગ્ધ બની ગઈ છે - ભોળવાઈ ગઈ છે, તેઓ અહીં 'તુષ'ને - ફોતરાંને કળે છે - ઓળખે છે, તંદુલને - ચોખાને નહિં ! 'कलयंतीह तुषं न तंडुलं ।

અર્થાત્ વ્યવહારથી જેઓની દૃષ્ટિ 'વિમૂઢ' છે - વિશેષે કરીને મૂઢ - મોહ પામેલી છે, તે **વ્યવહાર વિમૂઢ દૃષ્ટિ જનો પરમાર્થને કળતા નથી** - સમજતા નથી - જેમ ઘૂવડની દૃષ્ટિ સૂર્યને કળતી નથી તેમ. 'તુષ બોધથી' - તુષના ફોતરાંના બોધથી જેની બુદ્ધિ વિમુગ્ધ છે - ભોળી બનેલી છે એવા મુગ્ધ બુદ્ધિ બાલ જેવા 'મુગ્ધ બુદ્ધિ' જનો 'તુષને જ' - ફોતરાંને જ કળે છે, 'તંદુલને' - ચોખાને - ધાન્યને નથી કળતા. ફોતરાંને અહીં ધાન્ય માનીને જે મુગ્ધજનો ધાન્ય છાંડે છે, તેઓ ધાન્ય કદી પણ પામે નહિ, તે તો માત્ર ફોતરાં જ ખાંડતા રહે ! તેમ વ્યવહારને પરમાર્થ માનીને જેઓ પરમાર્થ - ધાન્યને છાંડે છે, તેઓ કદી પરમાર્થ - ધાન્યને પામે નહિ, તે માત્ર વ્યવહાર - ફોતરાં જ ખાંડતા રહે છે. 'મુગ્ધ બુદ્ધિ' - બાળો ભોળો બાળ જેમ રમકડાથી ભોળવાઈ જઈ અહીં મહામૂલ્યવાન્ રત્નને છાંડે છે, તેમ આ વ્યવહાર - રમકડાથી ભોળવાઈ જઈને મુગ્ધબુદ્ધિ જનો અમૂલ્ય પરમાર્થ - રત્નને છાંડે છે ! લાકડાના ઘોડાને સાચો માનીને મુગ્ધ બુદ્ધિ બાલ જેમ આરોહે છે, તેમ ખોટા - અભૂતાર્થ વ્યવહારને સાચો - ભૂતાર્થ માનીને મુગ્ધ બુદ્ધિ બાલ જનો વ્યવહાર પર આરોહે છે - 'વ્યવહારને ઘોડે ચડે' છે. આમ અભૂતાર્થ - અસત્ય - અસત્ વ્યવહારને ભૂતાર્થ - સત્ય - સત્ માનતાં જેઓ પરમાર્થને છાંડે છે, તે વ્યવહાર વિમૂઢ મુગ્ધ બુદ્ધિ જનો ભૂતાર્થ - સત્ય - સત્ એવા પરમાર્થમાં પદ કેમ માંડે ? 'સમયનો સાર' - સમયસાર છોડીને નિઃસાર વ્યવહારમાં જે મોહે છે, તે વિમૂઢ પરમ 'અમૃત' એવો **ભગવાન સમયસાર** કેમ આરોહે ?

દ્રવ્યલિંગ મમકારથી મીચાયેલા જનથી સમયસાર જ દેખાતો નથી, એવા ભાવનો **સમયસાર કળશ** **(૫૧)** સંગીત કરે છે -

**रथोद्धता**

**द्रव्यलिंगममकारमीलितैः, दृश्यते समयसार एव न ।**
**द्रव्यलिंगमिह यत्किलान्यतो, ज्ञानमेकमिदमेव हि स्वतः ॥२४३॥**

દ્રવ્યલિંગ મમતે મીંચેલથી, દશ્ય આ સમયસાર થાય ના;
દ્રવ્યલિંગ અહિં અન્યથી ખરે ! જ્ઞાન એક જ સ્વથી આ ઠરે. ૨૪૩

## અમૃત પદ - ૨૪૩

દ્રવ્યલિંગ મમકાર અંધ તે, દેખે ન સમયસાર,
આંખ મીંચેલો જેમ ન દેખે, વસ્તુતણો વિસ્તાર... દ્રવ્યલિંગ મમકાર. ૧
દ્રવ્યલિંગ મમકારથી જેની, દૃષ્ટિ ગઈ જ મીંચાઈ,
તેઓથી સમયસાર દેખાય ના, છતી આંખે જ અંધાઈ... દ્રવ્યલિંગ. ૨
(કારણ) દ્રવ્યલિંગ અહિં અન્ય થકી છે, સ્વ થકી એક જ (આ) જ્ઞાન,
દ્રવ્યલિંગ મમત મૂકો મુમુક્ષુ ! ભણે **અમૃત ભગવાન**... દ્રવ્યલિંગ. ૩


**અર્થ** - દ્રવ્યલિંગના મમકારથી મીલિતોના (આંખો મીંચાયેલાઓથી) સમયસાર દેખાતો નથી, કારણકે દ્રવ્યલિંગ અહીં સ્ફુટપણે (પરતઃ) અન્ય (પર) થકી છે, જ્ઞાન એક આ જ નિશ્ચયે કરીને 'સ્વતઃ' - સ્વ થકી છે. ૨૪૩

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''લિંગ અને ભેદો જે વ્રતના રે, દ્રવ્ય દેશ કાલાદિ ભેદ,
પણ જ્ઞાનાદિની જે શુદ્ધતા રે, તે તો ત્રણે કાળે અભેદ... મૂળ મારગ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**

દ્રવ્યલિંગ મમકારવાળાને સમયસાર જ નથી દેખાતો તેનું કારણ આ કળશમાં સ્પષ્ટ કર્યું છે - द्रव्यलिंगममकारमीलितैः - દ્રવ્યલિંગના મમકારથી મમત્વભાવથી જે મીલિત છે - જેની આંખો મીંચાઈ ગયેલી છે તેઓથી સમયસાર જ નથી દેખાતો - दृश्यते समयसार एव न, કારણ શું ? કારણકે દ્રવ્યલિંગ અહીં સ્ફુટપણે અન્ય થકી - **પરથકી** - 'परतः' - છે, જ્ઞાન એક આ જ નિશ્ચયે કરીને 'स्वतः' - **સ્વ થકી છે** - 'द्रव्यलिंगमिह यत्किलान्यतो, ज्ञानमेकमिदमेव हि स्वतः ।'

**આકૃતિ**



**ववहारिओ पुण णओ दोण्णिवि लिंगाणि भणइ मोक्खपहे ।**
**णिच्छयणओ ण इच्छइ मोक्खपहे सव्वलिंगाणि ॥४१४॥**

વ્યવહારિઓ નય ભણે, મોક્ષપથે દ્વય લિંગ;
નિશ્ચય ના ઈચ્છતો, મોક્ષપથે સહુ લિંગ. ૪૧૪

**અર્થ** - પુનઃ વ્યવહારિક નય બન્ને ય લિંગોને મોક્ષપથમાં કહે છે, નિશ્ચય મોક્ષપથમાં સર્વ લિંગોને નથી ઈચ્છતો. ૪૧૪

## आत्मख्याति टीका

**व्यावहारिकः पुनर्नयो द्वे अपि लिंगे भणति मोक्षपथे ।**
**निश्चयनयो नेच्छति मोक्षपथे सर्वलिंगानि ॥४१४॥**

यः खलु श्रमणश्रमणोपासकभेदेन
द्विविधं द्रव्यलिंगं भवति **मोक्षमार्गः**
इति प्ररूपणप्रकारः
स केवलं व्यवहार एव न परमार्थः -
तस्य स्वयमशुद्धद्रव्यानुभवनात्मकत्वे सति
परमार्थत्वाभावात् ।
ततो ये व्यवहारमेव परमार्थबुद्ध्या चेतयंते ।
ते समयसारमेव न चेतयंते ।

यदेव श्रमणश्रमणोपासकविकल्पातिक्रांतं
दृशिज्ञप्तिवृत्तप्रवृत्तिमात्रं
शुद्धज्ञानमेवैकमिति निष्तुषसंचेतनं
**परमार्थः**
तस्यैव स्वयं शुद्धद्रव्यानुभवनात्मकत्वे सति
परमार्थत्वात् ।
य एव परमार्थं परमार्थबुद्ध्या चेतयंते
त एव समयसारं चेतयंते ॥४१४॥

---

**आत्मभावना** -

ववहारिओ पुण णओ - व्यावहारिकः पुनर्नयो - પુનઃ વ્યાવહારિક નય दोण्णिवि लिंगाणि मोक्खपहे भणइ - द्वे अपि लिंगे - मोक्षपथे भणति - બન્ને ય લિંગને મોક્ષપથમાં ભણે છે - કહે છે, णिच्छयणओ - નિશ્ચયનય मोक्खपहे सव्वलिंगाणि ण इच्छइ - मोक्षपथे सर्वलिंगाणि न इच्छति - મોક્ષપથમાં સર્વલિંગોને નથી ઈચ્છતો. ॥ इति **गाथा** आत्मभावना ॥४१४॥

यः खलु - જે ખરેખર ! श्रमणश्रमणोपासकभेदेन - શ્રમણ - શ્રમણોપાસક ભેદથી द्विविधं द्रव्यलिंगं भवति मोक्षमार्ग - દ્વિવિધ દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ હોય છે, इति प्ररूपणप्रकारः - એવો પ્રરૂપણ પ્રકાર છે, स केवलं व्यवहार एव - તે કેવલ વ્યવહાર જ છે, न परमार्थः - ~~નહિં કે~~ પરમાર્થ - तस्य स्वयमशुद्धद्रव्यानुभवनात्मकत्वे सति परमार्थत्वाभावात् - તેનો સ્વયં અશુદ્ધ દ્રવ્યાનુભવનાત્મકપણું સતે પરમાર્થપણાનો અભાવ છે માટે.

यदेव - જે જ श्रमणश्रमणोपासकविकल्पातिक्रांतं - શ્રમણ - શ્રમણોપાસક વિકલ્પથી અતિક્રાંત - પર दृशिज्ञप्तिवृत्त-प्रवृत्तिमात्रं - દૃશિ - જ્ઞપ્તિ - વૃત્તમાં પ્રવૃત્તિ માત્ર એવું शुद्धज्ञानमेवैकमिति - શુદ્ધ જ્ઞાન જ એક છે એવું निष्तुषसंचेतनं - નિષ્તુષ સંચેતન (તે) परमार्थः - પરમાર્થ છે - तस्यैव स्वयं शुद्धद्रव्यानुभवात्मकत्वे सते परमार्थत्वात् - તેના જ સ્વયં શુદ્ધ દ્રવ્યાનુભવાત્મકપણું સતે પરમાર્થીપણાને લીધે.

ततो - તેથી કરીને ये - જેઓ व्यवहारमेव परमार्थबुद्ध्या चेतयंते - વ્યવહારને જ પરમાર્થ બુદ્ધિથી ચેતે છે - અનુભવે છે, ते - તેઓ समयसारमेव न चेतयंते - સમયસારને જ નથી ચેતતા - અનુભવતા, य एव - જેઓ જ परमार्थं परमार्थबुद्ध्या चेतयंते - પરમાર્થને પરમાર્થ બુદ્ધિથી ચેતે છે - અનુભવે છે, त एव - તેઓ જ समयसारं चेतयंते - સમયસારને ચેતે છે - અનુભવે છે. ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥४१४॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

| | |
|---|---|
| જે સ્ફુટપણે - શ્રમણ - શ્રમણોપાસક ભેદથી | જે જ શ્રમણ - શ્રમણોપાસક **વિકલ્પથી અતિક્રાંત,** |
| દ્વિવિધ દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ હોય છે, | દશિ - જ્ઞપ્તિ - વૃત્ત પ્રવૃત્તિ માત્ર શુદ્ધ જ્ઞાન જ આ એક |
| એવો પ્રરૂપણ પ્રકાર - તે કેવલ **વ્યવહાર** જ છે, | એવું નિષ્તુષ સંચેતન |
| નહિ કે પરમાર્થ - | તે **પરમાર્થ** છે - |
| તેના - સ્વયં અશુદ્ધ દ્રવ્ય અનુભવનાત્મકપણું સતે - | તેનું જ - શુદ્ધ દ્રવ્યાનુભવનાત્મકપણું સતે |
| પરમાર્થપણાનો અભાવ છે માટે - | પરમાર્થપણું છે માટે. |
| તેથી જેઓ વ્યવહારને જ પરમાર્થ બુદ્ધિથી ચેતે છે, | જેઓ જ પરમાર્થને પરમાર્થ બુદ્ધિથી ચેતે છે, |
| તેઓ સમયસારને જ ચેતતા નથી. | તેઓ જ સમયસારને ચેતે છે. ૪૧૪ |

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''પંથ પરમ પદ બોધ્યો, જે પ્રમાણે પરમ વીતરાગે;

તે અનુસરી કહીશું, પ્રણમીને તે પ્રભુ ભક્તિ રાગે. ઈ.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૨૪**

**વ્યવહારનય** મોક્ષમાર્ગમાં બે લિંગ - ગૃહસ્થ - શ્રમણ માને છે, **નિશ્ચયનય** સર્વ લિંગોને નથી માનતો એમ આ ગાથામાં સ્પષ્ટ કહ્યું છે અને તેનો અપૂર્વ પરમાર્થ પ્રકટ કરતાં **'આત્મખ્યાતિ'કર્ત્તા** નિષ્તુષ તત્ત્વયુક્તિથી વૈધર્મ્ય તુલનાથી પ્રકાશે છે - (૧) જે સ્ફુટપણે - **શ્રમણ - શ્રમણોપાસક** ભેદથી દ્વિવિધ - બે પ્રકારનું દ્રવ્યલિંગ મોક્ષમાર્ગ હોય છે એવો પ્રરૂપણ પ્રકાર તે કેવલ - માત્ર વ્યવહાર જ છે - **નહિ કે પરમાર્થ.** શા માટે ? તે દ્રવ્યલિંગ વ્યવહાર અશુદ્ધ દ્રવ્યનું અનુભવન કરાવે છે એટલે તે વ્યવહારનું સ્વયં અશુદ્ધ દ્રવ્ય અનુભવનાત્મકપણું હોઈ તેના પરમાર્થપણાનો અભાવ છે માટે - तस्य स्वयमशुद्धद्रव्यानुभवनात्मकत्वे सति परमार्थत्वाभावात् - (૨) આથી ઉલટું - **શ્રમણ - શ્રમણોપાસકના વિકલ્પથી અતિક્રાંત** - પર એવું જે દશિ - જ્ઞપ્તિ - પ્રવૃત્તિ માત્ર શુદ્ધ જ્ઞાન જ એક છે એવું **'નિષ્તુષ'** - (ફોતરાં વગરનું - શુદ્ધ) સંચેતન છે તે જ પરમાર્થ છે. શા માટે ? તે **શુદ્ધ જ્ઞાન જ શુદ્ધ દ્રવ્યનું અનુભવન** કરાવે છે એટલે તે શુદ્ધ જ્ઞાનનું જ સ્વયં શુદ્ધ દ્રવ્યાનુભવનાત્મકપણું હોઈ, તેનું જ - તે શુદ્ધ **જ્ઞાનનું જ પરમાર્થકપણું છે માટે** - तस्यैव स्वयं शुद्धद्रव्यानुभवनात्मकत्वे सति परमार्थकत्वात्, **આ ઉપરથી શું ફલિત થાય છે ? તેથી જેઓ વ્યવહારને જ પરમાર્થ બુદ્ધિથી ચેતે છે** - ये व्यवहारमेव परमार्थ बुद्धया चेतयंते, તેઓ **સમયસારને જ ચેતતા નથી,** ते समयसारमेवं न चेतयंते । **આથી ઉલટું જેઓ જ પરમાર્થને પરમાર્થબુદ્ધિથી ચેતે છે** - य एव परमार्थं परमार्थबुद्धया चेतयंते, **તેઓ જ સમયસારને ચેતે છે** - 'त एव समयसारं चेतयंते ।'



સમયસારની ઉત્તર કંઈ નહિ એવા ભાવનો સમયસાર કળશ (૫૨) લલકારે છે -

मालिनी

**अलमलमतिजल्पै र्दुविकल्पैरनल्पै**
**रयमिह परमार्थश्चिंत्यतां नित्यमेकः ।**
**स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्रा**
**न्न खलु समयसारादुत्तरं किंचिदस्ति ॥२४४॥**

બસ બસ અતિ જલ્પી દુર્વિકલ્પે અનલ્પે !
અહિં નિત પરમાર્થો એક ચેતો (અજલ્પે);
સ્વરસ વિસર પૂર્ણ જ્ઞાન વિસ્ફૂર્જિ માત્ર,
ન પર સમયસારાથી ખરે ! ઉત્તરં કાંઈ અત્ર... ૨૪૪

## અમૃત પદ - ૨૪૪

સમયસારથી ઉત્તર કંઈ ના, નિશ્ચયથી આ જાણ !
સ્વરસ વિસરના કર પ્રસરંતો, જ્ઞાન તણો આ ભાણ... સમયસારથી. ૧
બસ બસ બહુ બહુ બડબડ કરતા, દુર્વિકલ્પથી તમામ !
અનલ્પ દુર્વિકલ્પો કેરી, જાલ જટિલનું ન કામ... સમયસારથી. ૨
નિત્ય અહીં ચેતાઓ નિશ્ચે, પરમાર્થ જ આ એક,
અનુભવ અમૃતરસનું નિત્યે, પાન કરાઓ છેક... સમયસારથી. ૩
સ્વરસ વિસરથી પૂર્ણ જ્ઞાનની, વિસ્ફૂર્જિ માત્ર સ્ફુરંત,
સમયસારથી ઉત્તર કંઈ ના, નિશ્ચય એમ દીસંત... સમયસારથી. ૪
સર્વથી ઉત્તર સમયસાર છે, ભગવાન **અમૃત** ધામ,
સર્વ સમયમાં સાર સમય આ, **સહજાત્મસ્વરૂપ** ... સમયસારથી. ૫

**અર્થ** - અતિ જલ્પવાળા અનલ્પ દુર્વિકલ્પોથી બસ થયું ! બસ થયું ! આ અહીં પરમાર્થ એક નિત્ય ચિંતવાઓ ! ખરેખર ! નિશ્ચયે કરીને સ્વરસ વિસરથી પૂર્ણ જ્ઞાન વિસ્ફૂર્તિ માત્ર સમયસારથી ઉત્તર (આગળમાં) કિંચિત્ છે નહિ. ૨૪૪

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''અવિકલ્પ સમાધિનું ધ્યાન ક્ષણભર પણ મટતું નથી.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૨૬૭), ૩૩૯, હાથનોંધ-૩**

''નિર્વિકલ્પપણે અંતર્મુખ વૃત્તિ કરી આત્મધ્યાન કરવું, માત્ર અનાબાધ અનુભવ સ્વરૂપમાં લીનતા થવા દેવી. બીજી ચિંતવના ન કરવી... જે જે તર્કાદિ ઉઠે, તે નહીં બે લંબાવતાં ઉપશમાવા.'' -

**શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૧૮**

હવે આ બધા વિકલ્પોથી શું ? આ સમયસારથી ઉત્તર - પછી કોઈ છે નહિ, એમ આ પરમ ભાવવાહી પરમામૃત સંભૃત કળશમાં પરાત્પર સમયસારના પરમ મહિમાનું મુક્ત કંઠે ઉત્કીર્ત્તન કરતાં

પરમ ભાવિતાત્મા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી પરમ ભાવોલ્લાસથી આ દિવ્ય ધ્વનિમય સંગીત લલકારે છે - अलमलमतिजल्पै र्दुर्विकल्पैरनल्पैः - અતિ જલ્પવાળા - બડબડાટવાળા અનલ્પ - પુષ્કલ દુર્વિકલ્પોથી બસ થયું ! બસ થયું ! અહીં આ પરમાર્થ એક નિત્ય ચિંતવાઓ ! अयमिह परमार्थश्चित्यतां नित्यमेकः, આ શુદ્ધ જ્ઞાનરૂપ એક અદ્વિતીય - અદ્વૈત પરમાર્થનું જ પરમ અર્થ સમયસારનું જ સદા ચિંતન કરાઓ ! કારણકે ખરેખર ! નિશ્ચયે કરીને स्वरसविसरपूर्णज्ञानविस्फूर्तिमात्रात् - સ્વરસના - પોતાના ચેતન રસથી પૂર્ણ જ્ઞાનના વિસ્ફૂર્તિ માત્ર - વિસ્ફુરણ માત્ર એવા સમયસારથી ઉત્તર - આગળ પછી કિંચિત્ છે નહિ - કંઈ પણ છે નહિ - न खलु समयसारादुत्तरं किंचिदस्ति ।

આ એક જગત્ ચક્ષુ અક્ષય પૂર્ણતા પામે છે એવા ભાવનો **સમયસાર કળશ** (૫૩) સંગીત કરે છે -

अनुष्टुप्

**इदमेकं जगच्चक्षुरक्षयं याति पूर्णतां ।**
**विज्ञानघनमानंदमयमध्यक्षतां नयत् ॥२४५॥**

એહ એક જગત્ ચક્ષુ, અક્ષય પૂર્ણતા લહે;
વિજ્ઞાનઘન આનંદ-મય, સાક્ષાત્ પમાડતું. ૨૪૫

**અર્થ** - આનંદમય વિજ્ઞાનઘનને અધ્યક્ષતા (પ્રત્યક્ષતા) પમાડતું એવું આ એક અક્ષય જગત્ચક્ષુ પૂર્ણતા પામે છે - ૨૪૫

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"કેવળ સ્વભાવ પરિણામી જ્ઞાન તે કેવળજ્ઞાન... કેવળ જ્ઞાન છે."

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૬૩૮), ૭૧૦**

આ એક **અક્ષય જગત્ચક્ષુ** પૂર્ણ થાય છે એવા પરમ પરમાર્થગંભીર શબ્દોમાં આ **સમયસાર શાસ્ત્રને** પરમ ભવ્ય અંજલિ અર્પતા આ ઉત્થાનિકા કળશમાં **આચાર્યચૂડામણિ અમૃતચંદ્રાચાર્યજીએ** આ શાસ્ત્રની પૂર્ણાહુતિ કરતી અંતિમ ગાથાના ભાવનું સૂચન કર્યું છે - इदमेकं जगच्चक्षुरक्षयं याति पूर्णतां - આ એક અક્ષય એવું જગત્ચક્ષુ પૂર્ણતા પામે છે. આ એક - અદ્વિતીય જેનો ક્ષય નથી એવું **અક્ષય જગત્ચક્ષુ** વિશ્વનું દર્શન કરાવનારૂં ચક્ષુ - **વિશ્વનેત્ર** પૂર્ણતા - પૂર્ણપણું પામે છે. કેવું છે આ જગત્ચક્ષુ ? આનંદમય એવા વિજ્ઞાનઘનને અધ્યક્ષતા - પ્રત્યક્ષતા પમાડતું એવું, **આનંદમય વિજ્ઞાનઘન આત્માનું પ્રત્યક્ષ** - સાક્ષાત્ દર્શન કરાવતું એવું - 'विज्ञानघनमानंदमयमध्यक्षतां नयत् ।'

## અમૃત પદ - (૨૪૫)

એક એહ જગચક્ષુ અક્ષય, અત્ર પૂર્ણતા પામે,
વિજ્ઞાનઘન આનંદમય અધ્યક્ષ, દેખાડતું જે સામે... એક એહ જગચક્ષુ અક્ષય. ૧
**'સમયસાર'** જગચક્ષુ વિના તો, જગમાં બધે અંધારું,
જગમાં વસ્તુ કાંઈ ન દીસે, ગોથાં ખાય બિચારૂં... એક એહ જગચક્ષુ અક્ષય. ૨
**'સમયસાર'** જગચક્ષુ વિના જગ, અંધમાર્ગમાં ચાલે,
ઉત્પથ કુપથે ઠેબાં ખાતું, અંધ શું કાંઈ ન ભાળે... એક એહ જગચક્ષુ અક્ષય. ૩
'સમયસાર' જગચક્ષુ આ તો, જગત સકલ દેખાડે,
જ્ઞાન પ્રકાશ રેલાવી, જગમાં સર્વ પ્રકાશ પમાડે... એક એહ જગચક્ષુ અક્ષય. ૪
'સમયસાર' જગચક્ષુ જગમાં, સાચો માર્ગ બતાવે,
જગને સાક્ષાત્ દૃષ્ટા કરતું, સન્માર્ગે જ ચલાવે... એક એહ જગચક્ષુ અક્ષય. ૫
**'સમયસાર'** જગચક્ષુ આ તો, દિવ્ય ચક્ષુ જગ અર્પ્યું,
**'કુંદકુંદ'** દિવ્ય દૃષ્ટાએ, આત્મ સર્વસ્વ સમર્પ્યું... એક એહ જગચક્ષુ અક્ષય. ૬
આ જગચક્ષુના સર્જનમાં, આત્મ વિભવ સહુ અર્પી,
**'એકત્વ વિભક્ત આત્મ દર્શાવું'**, પ્રતિજ્ઞા જેણે 'તર્પી'... એક એહ જગચક્ષુ અક્ષય. ૭

**'સમય પ્રાભૃત'** આ જગચક્ષુનું, જગને પ્રાભૃત અર્પી,
મહાજ્ઞાન દાનેશ્વરીએ જે, ઋષિત્રઋણ દીધું તર્પી... એક એહ જગચક્ષુ અક્ષય. ૮
આ પ્રાભૃતમાં **'આત્મખ્યાતિ'**નું, પ્રાભૃત મહા ઉમેરી,
જ્ઞાન દાનેશ્વરી **અમૃતચંદ્રે**, જગચક્ષુ કાંતિ ઉદેરી... એક એહ જગચક્ષુ અક્ષય. ૯
આત્મવૈભવ સર્વસ્વ સમર્પી, **મુનીંદ્રે અમૃતચંદ્રે**,
આ જગચક્ષુની દિવ્ય પ્રભાને ઓર વધાવી ઉમંગે... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૦
દિવ્યદૃષ્ટા આ **અમૃતચંદ્રે**, દિવ્ય દૃષ્ટિ અહીં અર્પી,
**'સમયસાર'** જગચક્ષુ કેરી, ખ્યાતિ પ્રતિપદ તર્પી... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૧
દિવ્યદૃષ્ટા આ જગગુરુ યુગલે, દિવ્ય ચક્ષુ આ દીધું,
**'સમયસાર'** આ **'આત્મખ્યાતિ'થી**, જગ ઉદ્યોતિત કીધું... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૨
એક અદ્વૈત આ શુદ્ધ આત્મનું, ખ્યાપન કરતું ચક્ષુ,
એક અદ્વૈત સકલ જગમાં આ, જગગુરુનું જગચક્ષુ... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૩
કેવળ જ્ઞાનમય શુદ્ધ આત્મનું, દર્શન કરતું સાક્ષાત્,
કેવળ જ્ઞાનમય જગચક્ષુ આ, દેખે જગ સહુ સાક્ષાત્... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૪
સર્વ પ્રદેશે જ્ઞાનમયો જે, વિજ્ઞાનઘન આ આત્મા,
પર પરમાણુ ન પેસે એવો, વિજ્ઞાનઘન ચિદાત્મા... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૫
પ્રત્યક્ષ કરતું જગને 'આપ્યું', દિવ્ય ચક્ષુ આ સાક્ષાત્,
**કુંદકુંદ ને અમૃતચંદ્રે**, વિજ્ઞાનઘને સાક્ષાત્... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૬
કદી પણ ક્ષય ન જ પામે, એવું અક્ષય આ જગચક્ષુ,
પ્રત્યક્ષ જગ સહુ દેખે એવું, દેખો સદા મુમુક્ષુ !... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૭
**અક્ષય નિધિ** આ કાળ અનંતે, કદી ન ખૂટ્યો ખૂટે,
ભલે અનંત અનંત મુમુક્ષુ, લૂંટાય તેટલો લૂંટે !... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૮
અક્ષય નિધિ આ જ્ઞાનરત્નથી, ભરિયો અમૃત દરિયો,
અક્ષય નિધિ આ **કુંદકુંદ ને, અમૃતચંદ્રે** ધરિયો... એક એહ જગચક્ષુ અક્ષય. ૧૯
અક્ષય નિધિ આ જગચક્ષુ એવું, **'સમયસાર'** આ શાસ્ત્ર,
જ્ઞાનપૂર્ણ થયું પૂર્ણ પૂર્ણ આ, **'આત્મખ્યાતિ'**નું પાત્ર... એક એહ જગચક્ષુ અક્ષય. ૨૦
પૂર્ણ પ્રકાશતું પૂર્ણ થયું આ, તોય રહ્યું આ પૂર્ણ !
પૂર્ણથી પૂર્ણ આ નીકળ્યું તોયે, પૂર્ણશેષ આ પૂર્ણ !... એક એહ જગચક્ષુ અક્ષય. ૨૧
**કુંદકુંદ ને અમૃતચંદ્રે**, મંથી સિંધુ સમયશાસ્ત્ર,
જ્ઞાનામૃતથી પૂર્ણ ભર્યું આ, પૂર્ણ કળશ આ પાત્ર... એક એહ જગચક્ષુ અક્ષય. ૨૨
પૂર્ણ આનંદથી પૂર્ણ આનંદમય, **વિજ્ઞાનઘન આ આત્મા**,
પ્રત્યક્ષ કરતું આ જગચક્ષુ, અર્પ્યું દિવ્ય આ મહાત્મા... એક એહ જગચક્ષુ અક્ષય. ૨૩
વિજ્ઞાનના ઘન વર્ષંતો, આ આત્મા આ ઘન વિજ્ઞાન,
ગાયો સાક્ષાત્ **'વિજ્ઞાનઘન'** આ, અમૃતચંદ્ર ભગવાન... એક એહ જગચક્ષુ અક્ષય... ૨૪

અર્થાત્ - 'એક' - અદ્વિતીય - અદ્વૈત 'અક્ષય' - કદી પણ ક્ષય નહિ પામતું એવું આ **'જગત્ ચક્ષુ'** - વિશ્વનું દર્શન કરાવવા સમર્થ એવું વિશ્વનેત્ર **'સમય પ્રાભૃત'** - સમયસાર શાસ્ત્ર 'પૂર્ણતા' - પૂર્ણપણું અથવા સમાપ્તિ પામે છે - અને આ જગત્ચક્ષુ આનંદમય એવા 'વિજ્ઞાન ઘનને' - 'અધ્યક્ષતા' - પ્રત્યક્ષતા પમાડતું એવું છે. આ સમયસાર ખરેખર ! જગત્ચક્ષુ જ છે. આ 'સમયસાર' 'જગ ચક્ષુ' વિના તો જગત્માં સર્વત્ર અંધારૂં જ છે, જગત્માં કાંઈ વસ્તુ દેખાય નહિ એટલે જગત્ બિચારૂં અંધારામાં ગોથાં જ ખાય છે, આ સમયસાર 'જગ ચક્ષુ' વિના જગત્ અંધમાર્ગમાં ચાલે છે, ઉત્પથે - ઉન્માર્ગે કુપથે - કુત્સિત માર્ગે અંધની જેમ ઠેબાં ખાતું તે કાંઈ દેખતું નથી. આ સમયસાર 'જગ ચક્ષુ' તો સકલ જગત્ દેખાડે છે, ને જગત્માં જ્ઞાન પ્રકાશ રેલાવી સર્વ વસ્તુને પ્રકાશ પમાડે છે - પ્રકાશે છે. આ સમયસાર 'જગ ચક્ષુ' જગત્માં સાચો માર્ગ બતાવે છે, ને જગત્ને સાક્ષાત્ 'દ્રષ્ટા' - દેખનારૂં કરતું સન્માર્ગે જ ચલાવે છે. આવું આ અનુપમ સમયસાર 'જગ ચક્ષુ' રૂપ દિવ્ય ચક્ષુ તે દિવ્ય દ્રષ્ટા **કુંદકુંદાચાર્યજીએ** જગત્ને અર્પીને આત્મસર્વસ્વ સમર્પ્યું છે, - જે **કુંદકુંદાચાર્યજીએ** આ જગ ચક્ષુના સર્જનમાં આત્મવિભવ સર્વ અર્પીને 'એકત્વ વિભક્ત આત્મા દર્શાવું' - एयत्तविहत्तं दाएहं अप्पणो स विहवेण' - એવી મહાપ્રતિજ્ઞા 'તર્પી' છે - પરિપૂર્ણ પાર ઉતારી નિર્વહી છે, જે **મહા જ્ઞાનદાનેશ્વરી કુંદકુંદાચાર્યજીએ** આ **'સમય પ્રાભૃત'** જગચક્ષુનું જગત્ને 'પ્રાભૃત' - ભેટ અર્પી, ઋષિઋણનું તર્પણ કર્યું છે - 'કેવલિ ભણિત' સમય પ્રાભૃતનું જગત્ને અર્પણ કરી શ્રુતકેવલિઓના 'અન્વયને' - જ્ઞાનવંશ સંતતિને 'ચિરંજીવ' અમૃત કરી છે. આવા આ જગચક્ષુ સમયપ્રાભૃતમાં વળી **'આત્મખ્યાતિનું' 'મહાપ્રાભૃત'** - ઉમેરીને તેવા જ **મહાજ્ઞાનદાનેશ્વરી અમૃતચંદ્રાચાર્યજીએ** આ જગચક્ષુની કાંતિમાં ઓર વૃદ્ધિ કરી છે, **પરમર્ષિ કુંદકુંદાચાર્યજીનો સત્યંકાર કરાવે** એવા આ **પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીએ** પણ **કુંદકુંદાચાર્યજીની** જેમ આત્મવૈભવ સર્વસ્વ સમર્પી આ જગચક્ષુની દિવ્ય પ્રભાને ઉમંગથી ઓર વધારી છે, દિવ્યદ્રષ્ટા આ મુનીંદ્ર **અમૃતચંદ્રે** અહીં દિવ્ય દૃષ્ટિ અર્પીને, જગચક્ષુ આ સમયસારની ખ્યાતિ આ અનુપમ **'આત્મખ્યાતિ'માં** પ્રતિપદે - પદે પદે તર્પી છે. આવા આ દિવ્યદ્રષ્ટા જગગુરુ યુગલે - **કુંદકુંદાચાર્ય** અને **અમૃતચંદ્રાચાર્ય** એ બે પરમ જગદ્ગુરુની જોડીએ આ **'સમયસાર' 'આત્મખ્યાતિ'થી** જગત્ને ઉદ્યોતિત કર્યું છે.

'એક' અદ્વૈત આ શુદ્ધ આત્માનું ખ્યાપન કરતું દિવ્ય ચક્ષુ એવું આ જગદ્ગુરુનું જગચક્ષુ સકલ જગત્માં 'એક' - અદ્વૈત - અદ્વિતીય છે. 'કેવળ' જ્ઞાનમય શુદ્ધ આત્માનું સાક્ષાત્ દર્શન કરતું આ 'કેવળ જ્ઞાનમય' જગચક્ષુ સર્વ જગત્ને સાક્ષાત્ દેખે છે. પરનું પરમાણુ પણ ન પ્રવેશે એવા સર્વ પ્રદેશે જ્ઞાનમય 'વિજ્ઞાનઘન' ચિદાત્મા આત્માને પ્રત્યક્ષ કરતું આ દિવ્ય જગચક્ષુ સાક્ષાત્ **'વિજ્ઞાનઘન'** એવા **કુંદકુંદાચાર્ય** અને **અમૃતચંદ્રાચાર્યે** જગત્ને અર્પ્યું છે. કદી પણ ક્ષય ન જ પામે એવું 'અક્ષય' આ જગચક્ષુ - જગત્ સર્વ પ્રત્યક્ષ દેખે છે એવું આ મુમુક્ષુઓ સદા દેખો ! આ 'અક્ષય નિધિ' તો અનંતકાળે પણ કદી ખૂટ્યો ખૂટે એમ નથી - ભલે અનંત અનંત મુમુક્ષુઓ લૂંટાય તેટલો લૂંટે ! આ **'અક્ષયનિધિ'** જ્ઞાનરત્નથી ભરેલો અમૃતનો દરીયો છે, તે અક્ષય જ્ઞાનનિધિ **ભગવાન્ કુંદકુંદ** ને **ભગવાન્ અમૃતચંદ્રે** જગત્ની પાસે ખૂલ્લે ખૂલ્લો ધર્યો છે. એવું અક્ષય નિધિ જગચક્ષુ આ **'સમયસાર'** શાસ્ત્ર પૂર્ણ **'આત્મખ્યાતિ'નું** પાત્ર એવું જ્ઞાનપૂર્ણ આ- 'પૂર્ણ' થયું - સમાપ્ત થયું. 'પૂર્ણ' પ્રકાશતું આ 'પૂર્ણ' થયું તોય આ 'પૂર્ણ' રહ્યું છે ! પૂર્ણમાંથી પૂર્ણ આ નીકળ્યું તોય પૂર્ણશેષ આ પૂર્ણ છે ! **ભગવાન કુંદકુંદ** ને **ભગવાન અમૃતચંદ્રે** સિંધુ સમાન શાસ્ત્રસિંધુ મંથીને આ શાસ્ત્રરૂપ પૂર્ણ કળશ પાત્રને જ્ઞાનામૃતથી પૂર્ણ ભર્યું છે. પૂર્ણ આનંદથી પૂર્ણ આનંદમય **'વિજ્ઞાનઘન'** આ આત્માને પ્રત્યક્ષ કરતું આ દિવ્ય જગચક્ષુ આ દિવ્ય મહાત્માઓએ જગત્ને અર્પ્યું છે. વિજ્ઞાનના 'ઘન' - મેઘ વર્ષંતો આ આત્મા 'ઘન વિજ્ઞાન' છે - 'વિજ્ઞાન ઘન' છે - તેનો સાક્ષાત્ **'વિજ્ઞાનઘન'** ભગવાન્ **અમૃતચંદ્રે** અત્ર - 'અમૃત કળશ'માં ગાયો છે - અપૂર્વ આત્મભાવનાથી ભાવિતાત્મપણે સંગીત કર્યો છે -

**जो समयपाहुडमिणं पडिहूणं अत्थतच्चदो णाउं ।**
**अत्थे ठाही चेया सो होही उत्तमं सोक्खं ॥४१५॥**

**સમયપ્રાભૃત** આ જે પઢી, અર્થ - તત્ત્વથી જાણી જ;
અર્થે ઠરશે ચેતા જ તે, ઉત્તમ સૌખ્ય હોશે જ. ૪૧૫

**અર્થ** - આ સમયપ્રાભૃતને પઠીને, અર્થ - તત્ત્વથી જાણીને, જે ચેતયિતા અર્થમાં સ્થિતિ કરશે, તે ઉત્તમ સૌખ્ય હોશે. ૪૧૫

**आत्मख्याति टीका**

**यः समयप्राभृतमिदं पठित्वा अर्थतत्त्वतो ज्ञात्वा ।**
**अर्थे स्थास्यति चेतयिता स भविष्यत्युत्तमं सौख्यं ॥४१५॥**

**यः** खलु **समयसार**भूतस्य भगवतः परमात्मनोऽस्य विश्वप्रकाशकत्वेन विश्वसमयस्य प्रतिपादनात् स्वयं शब्दब्रह्मायमाणं **शास्त्रमिदमधीत्य,** विश्वप्रकाशनसमर्थपरमार्थभूतचित्प्रकाशरूपं परमात्मानं निश्चियन् **अर्थतस्तत्त्वतश्च परिच्छिद्य,** अस्यैव**वार्थ**भूते भगवति एकस्मिन् पूर्णे विज्ञानघने परमब्रह्मणि सर्वारंभेण **स्थास्यति चेतयिता, स** साक्षात्तत्क्षणविजृंभमाणचिदेकरसनिर्भरस्वभावसुस्थितनिराकुलात्मरूपतया परमानंदशब्दवाच्यमुत्तममनाकुलत्वलक्षणं **सौख्यं** स्वयमेव **भविष्यति** ॥४१५॥

## આત્મખ્યાતિ ટીકાર્થ

જે નિશ્ચયે કરીને - સમયસારભૂત આ ભગવંત પરમાત્માના **વિશ્વપ્રકાશકપણાએ કરીને વિશ્વ સમયના પ્રતિપાદન થકી સ્વયં શબ્દ બ્રહ્મરૂપ થઈ રહેલા આ શાસ્ત્રને અધ્યયન કરી, વિશ્વપ્રકાશનમાં** સમર્થ પરમાર્થભૂત ચિત્પ્રકાશરૂપ પરમાત્માને નિશ્ચિત કરતો **અર્થથી અને તત્ત્વથી પરિચ્છેદીને,** આના જ **અર્થભૂત** ભગવત્ એક પૂર્ણ વિજ્ઞાનઘન પરમ બ્રહ્મમાં સર્વારંભથી ચેતયિતા સ્થિતિ કરશે, તે સાક્ષાત્ તત્ક્ષણ વિજૃંભમાણ ચિદેકરસનિર્ભર સ્વભાવમાં સુસ્થિત નિરાકુલ આત્મરૂપતાએ કરીને 'પરમાનંદ' શબ્દથી વાચ્ય ઉત્તમ અનાકુલત્વ લક્ષણવાળું સૌખ્ય સ્વયમેવ થશે. ૪૧૫

---

**आत्मभावना** -

जौ - यः - જે समयपाहुडमिणं पडिहूणं - समयप्राभृतमिदं पठित्वा - **સમય પ્રાભૃત આ પઠીને,** अर्थतच्चदो णाउं - अर्थतत्त्वतो ज्ञात्वा - **અર્થ - તત્ત્વથી જાણીને,** चेया - चेतयिता - **ચેતયિતા - ચેતનારો - અનુભવનારો ચેતન આત્મા** अत्थे ठाही - अर्थे स्थास्यति - **અર્થમાં સ્થિતિ કરશે,** सो - सः - ते उत्तमं सोक्खं होही - उत्तमं सौख्यं भविष्यति - **ઉત્તમ સૌખ્ય - સુખ હોશે.** ॥ इति **गाथा** आत्मभावना ॥४१५॥

यः खलु - **જે ખરેખર ! નિશ્ચયે કરીને** समयसारभूतस्य भगवतः परमात्मनोऽस्य विश्वप्रकाशकत्वेन - **સમયસારભૂત આ ભગવત્ પરમાત્માના વિશ્વપ્રકાશકપણા વડે કરીને** विश्वसमयस्य प्रतिपादनात् - **વિશ્વસમયના પ્રતિપાદનને લીધે સ્વયં** शब्दब्रह्मायमाणं शास्त्रमिदमधीत्य - **સ્વયં શબ્દ બ્રહ્માયમાણ - શબ્દ બ્રહ્મરૂપ થઈ રહેલું આ શાસ્ત્ર અધ્યયન કરીને - અભ્યાસીને** - विश्वप्रकाशनसमर्थपरमार्थभूतचित्प्रकाशरूपं परमात्मानं निश्चिन्वन् - **વિશ્વપ્રકાશન સમર્થ પરમાર્થભૂત ચિત્ પ્રકાશરૂપ પરમાત્માને નિશ્ચિત કરતો,** अर्थतस्तत्त्वतश्च परिच्छिद्य - **અર્થથી અને તત્ત્વથી પરિચ્છેદી** अस्यैवार्थभूते भगवति एकस्मिन् पूर्णे विज्ञानघने परमब्रह्मणि सर्वारंभेण चेतयिता - **ચેતયિતા - ચેતનારો ચેતન આત્મા એના જ અર્થભૂત ભગવત્ એક પૂર્ણ વિજ્ઞાનઘન પરમબ્રહ્મમાં સર્વારંભથી સ્થિતિ કરશે** स - ते साक्षात् तत्क्षणविज्रंभमाण-चिदेकरसनिर्भरस्वभावसुस्थितनिराकुलात्मरूपतया - **સાક્ષાત્ તત્ક્ષણ વિજૃંભમાણ - વધતા જતા - ઉલ્લસાયમાન - ચિદેકરસ નિર્ભર સ્વભાવમાં સુસ્થિત નિરાકુલ આત્મરૂપતાએ કરીને** परमानंदशब्दवाच्यमुत्तममनाकुलत्वलक्षणं सौख्यं स्वयमेव भविष्यति - **'પરમાનંદ' શબ્દથી વાચ્ય ઉત્તમ અનાકુલત્વ લક્ષણ સૌખ્ય સ્વયમેવ થશે.** ॥ इति **'आत्मख्याति'** आत्मभावना ॥४१५॥

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાનીઓનો સનાતન સન્માર્ગ જયવંત વર્ત્તો.''

''શ્રીમત્ વીતરાગ ભગવતોએ નિશ્ચિતાર્થ કરેલો એવો અચિંત્ય ચિંતામણિ સ્વરૂપ પરમ ઉપકારી, પરમ અદ્ભુત, સર્વ દુઃખનો નિઃસંશય આત્યંતિક ક્ષય કરનાર, પરમ અમૃત સ્વરૂપ એવો સર્વોત્કૃષ્ટ શાશ્વત ધર્મ જયવંત વર્ત્તો, ત્રિકાળ જયવંતો વર્ત્તો.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૯૫૨ (૮૭૨), ૮૪૩**

ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે આ શાસ્ત્રની પૂર્ણાહુતિ કરતી આ અંતિમ ગાથામાં **પરમ** ભાવિતાત્મા શાસ્ત્રકર્ત્તા **પરમર્ષિ ભગવદ્ કુંદકુંદાચાર્યજીએ** આ શાસ્ત્રનું પરમ ફલ દાખવ્યું છે - **'આ સમય પ્રાભૃતને પઠી અર્થથી** તત્ત્વથી જાણીને જે ચેતયિતા **અર્થમાં સ્થિતિ કરશે, તે ઉત્તમ સૌખ્ય હોશે** - 'अत्थे ठाही चेया सो होही उत्तमं सोक्खं' - એમ શબ્દબ્રહ્મનો દિવ્યનાદ ગજવતા આ **કર્ણામૃતમય અમૃત શબ્દોના** દિવ્ય ધ્વનિને અનંતગુણવિશિષ્ટ ભાવથી બહલાવતાં, **શબ્દબ્રહ્મના પરમ પારદૃશ્વા પરમબ્રહ્મ વેત્તા પરમર્ષિ** ભગવત્ **અમૃતચંદ્રાચાર્યજી** આ ગાથાના પ્રત્યેક પદની પરમ **અદ્ભુત** અપૂર્વ **વ્યાખ્યા કરી, આત્માની અનન્ય ખ્યાતિ** કરતી આ યથાર્થનામા **'આત્મખ્યાતિ'ની** પરમ **મંગલમય પૂર્ણાહુતિમાં આ વિશ્વપ્રકાશક સમયસારની - શુદ્ધ આત્માની** અપૂર્વ ખ્યાતિ પ્રકાશે છે - (૧) यः खलु समयसारभूतस्य भगवतः परमात्मनोऽस्य विश्वप्रकाशकत्वेन - જે ખરેખર ! **નિશ્ચયે કરીને સમયસારભૂત આ ભગવંત પરમાત્માના** વિશ્વપ્રકાશકપણાએ કરીને વિશ્વસમયના - સર્વ પદાર્થના પ્રતિપાદનને લીધે **સ્વયં - પોતે** શબ્દબ્રહ્મરૂપ થઈ રહેલા **આ શાસ્ત્રને** અધ્યયન કરી - અભ્યાસી - विश्वसमयस्य प्रतिपादनात् स्वयं शब्दब्रह्मायमाणं शास्त्रमिदमधीत्य, (૨) **વિશ્વ પ્રકાશનમાં સમર્થ પરમાર્થભૂત ચિત્પ્રકાશરૂપ પરમાત્માને** નિશ્ચિત - **નિશ્ચય** કરતો - विश्वप्रकाशनसमर्थपरमार्थभूतचित्प्रकाशरूप परमात्मानं निश्चिन्वन् - **અર્થથી અને તત્ત્વથી** પરિચ્છેદીને પરિજ્ઞાન કરીને अर्थतस्तत्त्वतः परिच्छिद्य - (૩) **આના જ અર્થભૂત ભગવત્ એક પૂર્ણ વિજ્ઞાનઘન પરમ બ્રહ્મમાં ચેતયિતા સર્વારંભથી સ્થિતિ કરશે** - अस्यैवार्थभूते भगवति एकस्मिन् पूर्णे विज्ञानघने परमब्रह्मणि सर्वारंभेण स्थास्यति चेतयिता, (૪) તે સાક્ષાત્ - પ્રત્યક્ષ તત્ક્ષણ વિજૃંભમાણ - વિવર્ધમાન - વિકસાયમાન - ઉલ્લસાયમાન - **ચિદેકરસ નિર્ભર - પૂર્ણ સ્વભાવમાં સુસ્થિત એવી નિરાકુલ આત્મરૂપતાએ કરીને** - स साक्षात् तत्क्षणविजृंभमाणचिदेकरसनिर्भरस्वभावसुस्थितनिराकुलात्म रूपतया - **'પરમાનંદ'** શબ્દથી વાચ્ય - કહેવા યોગ્ય ઉત્તમ અનાકુલપણા લક્ષણવાળું **સૌખ્ય સ્વયમેવ** - પોતે જ - આપોઆપ જ હોશે - परमानंदशब्दवाच्यमुत्तममनाकुलत्वलक्षणं सौख्यं स्वयमेव भविष्यति ।

'આ એક અક્ષય જગચક્ષુ પૂર્ણતા પામે છે' એમ ઉત્થાનિકા કળશમાં સૂચવ્યા પ્રમાણે **આ શાસ્ત્રની** પૂર્ણાહુતિ કરતી આ અંતિમ ગાથામાં **પરમ બ્રહ્મજ્ઞ પરબ્રહ્મનિષ્ઠ પરમ ભાવિતાત્મા પરમર્ષિ કુંદકુંદાચાર્યજીએ** આ શાસ્ત્રનું પરમ ફલ પ્રકાશ્યું છે - આ **'સમય પ્રાભૃત'ને 'પઠી'** - અભ્યાસી **અર્થથી** - તત્ત્વથી જાણીને જે 'ચેતયિતા' - ચેતનારો - ચેતન આત્મા અર્થમાં સ્થિતિ કરશે, તે ઉત્તમ સૌખ્ય હોશે, 'अत्थे ठाही चेया सो होही उत्तमं सोक्खं ।' એમ **શબ્દ બ્રહ્મનો દિવ્યનાદ** ગજાવતા આ કર્ણામૃતમય અમૃત શબ્દોના **દિવ્ય ધ્વનિનો** અનંતગુણવિશિષ્ટ ભાવથી બહલાવતાં, **શબ્દબ્રહ્મના પરમ પારદૃશ્વા પરમબ્રહ્મવેત્તા પરબ્રહ્મનિષ્ઠ પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** આ ગાથાના પ્રત્યેક પદની પરમ અદ્ભુત અપૂર્વ વ્યાખ્યા કરી, આત્માની અનન્ય ખ્યાતિ કરતી આ યથાર્થનામા **'આત્મખ્યાતિ'ની** મંગલમય પૂર્ણાહુતિમાં આ **વિશ્વપ્રકાશક સમયસારની - શુદ્ધ આત્માની** અપૂર્વ ખ્યાતિ પ્રકાશે છે - **'સમયસારભૂત'** - સમયના સારભૂત અથવા **'સમયસાર'** - **શુદ્ધ આત્મા** થઈ ગયેલા એવા આ **'ભગવત્'** - પરમ જ્ઞાનાદિ 'ભગ' - ઐશ્વર્ય સંપન્ન આ **પરમાત્મા** 'વિશ્વપ્રકાશક' - અખિલ જગત્‌ના પ્રકાશક - પ્રકાશનારા છે, આવા આ વિશ્વપ્રકાશક **સમયસાર પરમાત્માનું** સ્વરૂપ **આ સમયસાર શાસ્ત્ર** પ્રકાશે છે, એટલે આમ વિશ્વપ્રકાશક સમયસારના પ્રકાશનને લીધે આ **સમયસાર શાસ્ત્ર 'વિશ્વ સમયનું'** - સર્વ જગત્ પદાર્થનું પ્રતિપાદન - પ્રરૂપણ કરે છે અને એટલે જ અખિલ વિશ્વના - અખિલ બ્રહ્માંડના સર્વ પદાર્થને વ્યાપી રહેલું -

આવરી લેતું આ **સમયસાર શાસ્ત્ર 'સ્વયં'** - આપોઆપ **'શબ્દ બ્રહ્મરૂપ' - વિશ્વ વ્યાપક - વિશ્વ પ્રકાશક પરમાગમ રૂપ** થઈ પડે છે. આમ જે 'ખરેખર !' નિશ્ચયે કરીને તથાભૂત ભાવથી **શુદ્ધાત્મ દશાથી** - (૧) સમયસારભૂત આ ભગવત્ પરમાત્માના વિશ્વપ્રકાશકપણાએ કરીને વિશ્વસમયના પ્રતિપાદનને લીધે સ્વયં શબ્દબ્રહ્મરૂપ થઈ રહેલા આ શાસ્ત્રને અધ્યયન કરી - અભ્યાસી, (૨) વિશ્વ પ્રકાશનમાં - અખિલ જગત્‌ને પ્રકાશવામાં સમર્થ એવા પરમાર્થભૂત ચિત્પ્રકાશ રૂપ પરમાત્માને નિશ્ચય કરતો અર્થથી અને તત્ત્વથી 'પરિચ્છેદીને' - પરિજ્ઞાન કરીને - સર્વથા જાણીને, (૩) આના જ અર્થભૂત ભગવત્ **એક પૂર્ણ વિજ્ઞાનઘન પરમબ્રહ્મમાં 'ચેતયિતા'** - ચેતનારો - ચેતન - અનુભવયિતા **સર્વારંભથી સ્થિતિ કરશે,** (૪) **તે 'સાક્ષાત્'** - પ્રત્યક્ષ **'તત્ ક્ષણ'** - તે જ ક્ષણે **'વિજૃંભમાણ'** - વિવર્ધમાન - વિકસાયમાન - ઉત્તરોત્તર વૃદ્ધિગત થતા - ઉલ્લસી રહેલા **'ચિદેકરસ નિર્ભર'** - ચિદ્‌રૂપ એક - અદ્વૈત રસથી **'નિર્ભર'** - પરિપૂર્ણ **સ્વભાવમાં 'સુસ્થિત'** - સારી પેઠે સ્થિત એવી **'નિરાકુલ'** - આકુલતા રહિત **આત્મરૂપતાએ** કરીને, **'પરમાનંદ'** શબ્દથી 'વાચ્ય' - કહેવા યોગ્ય એવું ઉત્તમ અનાકુલપણા લક્ષણવાળું **સૌખ્ય 'સ્વયમેવ'** - સ્વયં જ - પોતે જ - આપોઆપ જ થશે. અર્થાત્ ઉક્ત વિધાનથી જે **ચેતયિતા પૂર્ણ વિજ્ઞાનઘન પરંબ્રહ્મની અનુભૂતિ કરતો સ્થિતિ કરશે,** તે ચિદેકરસ નિર્ભર સ્વભાવમાં સુસ્થિત **નિરાકુલ આત્મરૂપતાએ** કરી પોતે જ **પરમાનંદ સ્વરૂપ** અનાકુલત્વ લક્ષણ **ઉત્તમ - પરમ સૌખ્ય** બની જશે. એમ **પૂર્ણ વિજ્ઞાનઘન** ભગવાન્ **કુંદકુંદાચાર્યની** અનુપમ અમૃત કૃતિ આ **સમયસારની** અંતિમ ગાથાની અનન્ય વ્યાખ્યા પ્રકાશતાં **પૂર્ણ વિજ્ઞાનઘન** ભગવાન્ **અમૃતચંદ્રાચાર્યજીએ** અપૂર્વ અત્ર તત્ત્વકળાથી ગૂંથેલ સૂત્રાત્મક અનુપમ અમૃત **'આત્મખ્યાતિ'**ના દિવ્ય ધ્વનિથી ઉદ્‌ઘોષણા કરી.

સર્વ
વિશુદ્ધ
જ્ઞાન

આ અધિકારનો અંતિમ **સમયસાર કળશ** (૫૪) પ્રકાશે છે કે આત્મનું તત્ત્વ જ્ઞાનમાત્ર વ્યવસ્થિત છે -

अनुष्टुप्

**इतीदमात्मनस्तत्त्वं, ज्ञानमात्रमावस्थितं ।**
**अखंडमेकमचलं, स्वसंवेद्यमबाधितं ॥२४६॥**

એમ આ આત્મનું તત્ત્વ, જ્ઞાનમાત્ર અવસ્થિત;
અખંડ એક અચલ, સ્વસંવેદ્ય અબાધિત. ૨૪૬

## અમૃત પદ - ૨૪૬

જ્ઞાનમાત્ર આ તત્ત્વ આત્મનું, અવસ્થિત છે એમ,
અખંડ એક અચલ અબાધિત, સ્વ સંવેદ્ય જે તેમ... જ્ઞાનમાત્ર આ તત્ત્વ. ૧
જ્ઞાન સિવાય કોઈ અન્ય ભાવ તો, હોય નહિ જે ઠામ,
એવું કેવલ જ્ઞાનમાત્ર આ, તત્ત્વ આત્મનું આમ... જ્ઞાનમાત્ર. ૨
જ્ઞાન તે જ છે આત્મા એવું, તત્પણારૂપ આ તત્ત્વ,
જ્ઞાન તે જ એ આત્મા કેરા, સ્વરૂપતણું આ સત્ત્વ... જ્ઞાનમાત્ર. ૩
જ્ઞાનમાત્ર આ તત્ત્વ આત્મનું, વ્યવસ્થિત છે આમ,
વસ્તુ વ્યવસ્થાથી નિશ્ચયથી, જેમ છે તેમ તમામ... જ્ઞાનમાત્ર. ૪
ત્રણે કાળ ખંડિત ના એવું, હોયે જેહ અખંડ,
દ્વૈતભાવ જ્યાં વિલયે એવું, એક અદ્વૈત પ્રચંડ... જ્ઞાનમાત્ર. ૫
પરભાવથી કદી ચળે ન એવું, અચલ અચલ શું ગાઢ,
સ્વભાવ કદી બાધિત ન એવું, અવ્યાબાધ અબાધ... જ્ઞાનમાત્ર. ૬
સ્વથી સંવેદિત થાયે એવું, સ્વ સંવેદ્ય સુનામ,
સહજાત્મસ્વરૂપ આત્મતત્ત્વ તે, જ્ઞાન અમૃત રસ ધામ... જ્ઞાનમાત્ર. ૭
**ભગવાન અમૃતચંદ્રે** ભાખ્યું, તત્ત્વ તણું આ સત્ત્વ,
**દાસ** ભગવાને અનુવદી તે, વિવેચિયું તત્ તત્ત્વ... જ્ઞાનમાત્ર. ૮

**અર્થ** - એવા પ્રકારે આત્માનું આ તત્ત્વ જ્ઞાનમાત્ર અવસ્થિત છે, કે જે અખંડ એક અચલ સ્વ સંવેદ્ય અબાધિત એવું છે. ૨૪૬

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''કેવળ નિજ સ્વભાવનું, અખંડ વરતે જ્ઞાન;
કહિયે કેવળ જ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી પ્રણીત શ્રી આત્મસિદ્ધિ**

આ શાસ્ત્રના આ **'સર્વ વિશુદ્ધ જ્ઞાન'** નામક નવમા અંકનો ઉપસંહાર કરતા આ કળશ કાવ્યમાં **પરમ પરમાર્થ દિવ્ય સંગાતા પરમ પરમાર્થ મહાકવિ અમૃતચંદ્રજી** તેમની પરમ પ્રિય જ્ઞાન **જ્યોતિની** મુક્ત કંઠે વ્યવસ્થિતિ ઉદ્ઘોષે છે - इतीदमात्मनस्तत्त्वं ज्ञानमात्रं अवस्थितं - એવા પ્રકારે **આત્માનું આ તત્ત્વ જ્ઞાન માત્ર કેવલ જ્ઞાન જ અવસ્થિત છે** - વિશેષે કરીને 'અવ' - સ્વ સમયની સ્વરૂપ મર્યાદાથી - સ્થિત - જેમ છે તેમ સ્થિતિ કરી રહ્યું છે, તે **'અખંડ'** - દ્રવ્યથી ક્ષેત્રથી કાલથી ને ભાવથી ખંડિત ન

થાય એવું, **એક** - અદ્વિતીય - અદ્વૈત, **અચલ** - ક્યારેય પણ ચલિત ન થાય એવું, **સ્વ સંવેદ્ય** - **સ્વથી** - પોતાથી - આત્માથી સંવેદ્ય - સંવેદાવા યોગ્ય - આત્માનુભવગમ્ય, **અબાધિત** - ત્રણે કાળમાં ક્યારેય પણ કોઈ પણ પ્રકારે બાધિત ન થાય એવું છે - 'अखंडमेकमचलं, स्वसंवेद्यमबाधितं ।'

અર્થાત્ - એવા પ્રકારે **આ શાસ્ત્રમાં** સવિસ્તર પ્રદર્શિત કર્યું તેમ **આત્માનું આ તત્ત્વ 'જ્ઞાનમાત્ર' અવસ્થિત** છે - **'કેવલ'** જ્ઞાન સિવાય બીજો કોઈ ભાવ જ્યાં નથી એવું **કેવલ જ્ઞાનમાત્ર** આ **આત્માનું 'તત્ત્વ'** છે - **કેવલ જ્ઞાનમાત્ર** એ જ **આત્મા** છે એવું આ આત્માનું તત્પણારૂપ તત્ત્વ છે, એ જ આત્માનું સ્વરૂપનું સત્ત્વ છે - એમ આ **'વ્યવસ્થિત'** છે, 'વિ' - વિશેષે કરીને 'અવ' - સ્વ સમયની સ્વરૂપ મર્યાદાથી જેમ છે તેમ 'સ્થિત' - સ્થિતિ કરી રહેલું છે, વસ્તુ વ્યવસ્થાથી ત્રણે કાળમાં ન ચળે એવા નિશ્ચલ નિશ્ચયથી સ્થિત છે. આમ આત્માનું આ જ્ઞાનમાત્ર વ્યવસ્થિત તત્ત્વ ત્રણે કાળમાં દ્રવ્યથી - ક્ષેત્રથી - કાળથી - ભાવથી કદી પણ ખંડિત ન થાય એવું **'અખંડ'** છે, પરભાવથી કદી પણ ચલાયમાન ન થાય એવું અચલ જેવું અત્યંત **'અચલ'** છે, સકલ દ્વૈત ભાવનો જ્યાં વિલય છે એવું અદ્વૈત - અદ્વિતીય - **'એક' છે'**, એનો સ્વભાવ કદી પણ બાધિત ન થાય એવું અબાધિત **'અબાધ'** - અવ્યાબાધ છે, **'સ્વથી'** - પોતાથી - આત્માથી **'સંવેદ્ય'** - સંવેદાવા યોગ્ય - આત્માનુભવગમ્ય એવું **'સ્વ સંવેદ્ય'** છે. એવું આત્માનું આ જ્ઞાનમાત્ર વ્યવસ્થિત તત્ત્વ **વિજ્ઞાનઘન ભગવાન અમૃતચંદ્રે** આ **'સર્વવિશુદ્ધ જ્ઞાન'** અધિકારના આ **'અમૃત'** કળશમાં સુપ્રતિષ્ઠિત કર્યું અને **અમૃતચંદ્ર** ભગવાનની આ અમૃત અલૌકિક **'આત્મખ્યાતિ'** મહાટીકાને અનુવદતાં - અનુવદન - અનુવંદન કરતાં - આ ભગવાનના દાસે (ભગવાન દાસે) **'અમૃત જ્યોતિ'** મહાભાષ્ય પરમશ્રુત ભક્તિથી આ પરમશ્રુત પ્રભાવનાર્થે આત્માર્થે કર્યું.

નમસ્કાર હો નમસ્કાર હો ! પરમર્ષિ કુંદકુંદાચાર્યને !

નમસ્કાર હો નમસ્કાર હો ! પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યને !

नमः समयसाराय ॥

**॥ ઇતિ શ્રીમદ્ અમૃતચંદ્રસૂરિ વિરચિત સમયસાર વ્યાખ્યા 'આત્મખ્યાતિ'માં સર્વવિશુદ્ધજ્ઞાન પ્રરૂપક નવમો અંક ॥૯॥**

**॥ इति श्रीमद् 'अमृतचंद्रसूरिविरचितायां' समयसारव्याख्यामात्मख्यातौ सर्वविशुद्धज्ञान प्ररूपकः नवमोऽकः ॥९॥**

**॥ श्रीमद् अमृतचंद्रसूरिविरचित 'आत्मख्याति' व्याख्या उपरि डॉ. भगवानदासेन कृते 'अमृत ज्योति' महाभाष्ये सर्वविशुद्धज्ञान प्ररूपकः नवमः अधिकारः ॥९॥**

*

# ચૂલિકાની ભૂમિકા

આમ આ મંગલમય શાસ્ત્રની ભવ્ય પૂર્ણાહુતિ તો થઈ અને તે શાસ્ત્ર ગાથાની મંગલમયી **'આત્મખ્યાતિ'** વ્યાખ્યા પણ મંગલ પૂર્ણાહુતિ પામી અને આમ પદે પદે શુદ્ધ આત્માની ખ્યાતિ કરતી આ યથાર્થનામા **'આત્મખ્યાતિ'થી** પોતાના શુદ્ધ આત્માની ખ્યાતિ પદે પદે ઓર પ્રખ્યાતિ પમાડી, પોતે પ્રારંભમાં જ પ્રતિજ્ઞાત કરેલ પોતાની શુદ્ધ ચિન્માત્રમૂર્તિની પરમ વિશુદ્ધિ પ્રાપ્ત કર્યાથી, **અમૃતચંદ્રજીના** પરમામૃતમય દિવ્ય આત્માનો દિવ્ય પરમાનંદ એટલો બધો સમુલ્લાસ પામ્યો, કે તેનો ઉભરાઈ જતો (over flowing) અમૃતરસ આ શાસ્ત્રના કળશના કળશ રૂપ ચિંતામણિ રત્નમય સ્યાદ્વાદાધિકારમાં સંભૃત થઈ, તત્ત્વજ્ઞાનના મેરુશિખર સમા આ ગ્રંથરાજના સુવર્ણમય શિખરે સમારૂઢ થયો અને આ **પરમાગમ સમયસાર** શાસ્ત્રના પરમ તાત્પર્ય રૂપ અનેકાંત જ્ઞાન - જ્યોતિનો દિવ્ય પ્રકાશ યાવચ્ચંદ્ર દિવાકરૌ ઝગઝગાવી રહ્યો ! આ પરમ શાસ્ત્રની **'આત્મખ્યાતિ'** વ્યાખ્યાની પરમ શોભા રૂપ વિશિષ્ટ અંગભૂત કળશ કાવ્ય - કે જેના એક એક અમૃત કળશમાં - 'અમૃત કુંભ'માં ઠાંસી ઠાંસીને ભરેલો ચૈતન્ય અમૃતરસ સિંધુ રૂપ સ્વયંભૂ રમણ સમુદ્રનો દિવ્ય અનુભવ અમૃતરસ કોઈ પણ મુમુક્ષુને સુગમપણે 'પેય' અમૃતપાન રૂપ થઈ પડ્યો છે. આવા આ અનુપમ દિવ્ય અમૃત કળશ કાવ્યની પ્રાપ્તિથી પણ સંતોષ ન પામતાં દિવ્ય દ્રષ્ટા મહાકવિ - બ્રહ્મા પરમબ્રહ્મજ્ઞ પરંબ્રહ્મ પરમર્ષિ **અમૃતચંદ્રજીએ** કળશના કળશ રૂપ આ સ્યાદ્વાદાધિકારમાં પરમ અદ્ભુત રચના કરી છે અને આ શાસ્ત્ર ચૂડામણિના ચૂડામણિ સ્થળે શોભી રહેલ ચૂલિકા રૂપ સ્યાદ્વાદાધિકારમાં **પરમ જગદ્ગુરુ અર્હત્ ભગવત્‌ના** અનેકાંત સિદ્ધાંતની અલૌકિક મૌલિક અભૂતપૂર્વ અનન્ય તત્ત્વમીમાંસા કરી, જગત્‌માં અનેકાંતનો વિજયઘોષ ઉદ્ઘોષી, જ્ઞાનનો અનન્ય મહિમા વિસ્તાર્યો છે. (ભગવાનદાસ)

# ॥ अथ स्याद्वादाधिकारः ॥१०॥

**अत्र स्याद्वादशुद्ध्यर्थं, वस्तुतत्त्वव्यवस्थितिः ।**
**उपायोपेयभावश्च, मनाक् भूयोऽपि चिंत्यते ॥२४७॥**

અત્ર સ્યાદ્‌વાદ શુદ્ધ્યર્થે, વ્યવસ્થા વસ્તુ તત્ત્વની;
ઉપાયોપેય ભાવો ય, જરી ચિંતાય છે ફરી. ૨૪૭

## અમૃત પદ - ૨૪૭

સ્યાદ્‌વાદ શુદ્ધિ અર્થ... ચેતન ચિંતવ રે, વસ્તુ તત્ત્વ વ્યવસ્થા ય... ચેતન ચિંતવ રે.
ઉપાય ઉપોયે ભાવ... ચેતન, પુનઃ જરાક ચિંતવાય... ચેતન. ૧
ગંતવ્ય સ્થાન તે મોક્ષ... ચેતન, શુદ્ધાત્મા મોક્ષ ઉપાય... ચેતન.
સ્યાદ્‌વાદથી થાય સિદ્ધ... ચેતન, શુદ્ધાત્મા જ સિદ્ધ થાય... ચેતન. ૨
એમ સ્યાદ્‌વાદ સિદ્ધાંત... ચેતન, સિદ્ધિ અપૂર્વ કરંત... ચેતન.
'આત્મખ્યાતિ'માં ખ્યાત... ચેતન, ભગવાન અમૃતચંદ્ર... ચેતન. ૩

**અર્થ** - અત્રે સ્યાદ્‌વાદની શુદ્ધિને અર્થે વસ્તુ તત્ત્વની વ્યવસ્થિતિ (વ્યવસ્થા) અને ઉપાયોપેય ભાવ જરાક પુનઃ પણ ચિંતવવામાં આવે છે -

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''રચના જિન ઉપદેશ કી, પરમોત્તમ તિનુ કાલ;
ઈનમેં સબ મત રહત હૈ, કરતેં નિજ સંભાલ.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી**

''જિનવરમાં દર્શન સઘળા છે, દર્શન જિનવર ભજના રે,
સાગરમાં સઘળી તટિની સહી, તટિની સાગર ભજના રે.'' - **શ્રી આનંદઘનજી**

આ ચૂલિકા રૂપ સ્યાદ્વાદાધિકારમાં (પરિશિષ્ટમાં) કયો વિષય ચર્ચવામાં આવે છે, તેનું **અમૃતચંદ્રજીએ** આ કળશ કાવ્યમાં સૂચન કર્યું છે - अत्र स्याद्वादशुद्ध्यर्थं - वस्तुतत्त्वव्यवस्थितिः - **'અત્રે'** - આ સમયસાર શાસ્ત્રના પૂર્ણાહુતિ પ્રસંગે સ્યાદ્‌વાદની શુદ્ધિ અર્થે (૧) વસ્તુ તત્ત્વ વ્યવસ્થિતિ - વસ્તુ તત્ત્વની વ્યવસ્થા, (૨) અને ઉપાયોપેય ભાવ જરાક પુનઃ પણ ચિંતવવામાં આવે છે - 'उपायोपेय भावश्च मनाक् भूयोऽपि चिंत्यते ।' અર્થાત્ અત્રે બે વસ્તુનો 'જરાક' - સંક્ષેપમાં અગાઉ કહેવાઈ ચૂક્યું છતાં ફરીથી પણ વિચાર કરવામાં આવે છે - વસ્તુ તત્ત્વની 'વ્યવસ્થિતિ' - 'વિ' - વિશેષે કરીને અવસ્થિતિ - 'અવ' - જેમ છે તેમ સ્વ સમયની સ્વરૂપ મર્યાદાથી 'સ્થિતિ' - નિયત નિશ્ચય વૃત્તિ વિચારવામાં આવે છે - તેમજ **'ઉપાયોપેય ભાવ'** - જેના વડે 'ઉપેય' - સાધ્ય પ્રત્યે જવાય છે તે સાધન રૂપ **ઉપાય** અને જેના પ્રત્યે તે સાધન રૂપ ઉપાય વડે જવાનું છે તે સાધ્ય રૂપ **ઉપેય**, એ બન્નેનો જે પરસ્પર સંબંધ રૂપ ભાવ, તે પણ અત્ર વિચારવામાં આવે છે અને આ બધું ચિંતન પણ શું પ્રયોજન અર્થે ? 'સ્યાદ્‌વાદ શુદ્ધિને અર્થે' - स्याद्वादशुद्ध्यर्थं, 'સ્યાદ્‌વાદની' - અનેકાંત સિદ્ધાંતની 'શુદ્ધિ' - શોધન - ચોખવટને અર્થે. અર્થાત્ જ્યાં કોઈ પણ દોષરૂપ મલની અશુદ્ધિનો લેશ પણ પ્રવેશ નથી, એવા પરમ નિર્દોષ પરમ શુચિ પરમ શુદ્ધ સ્યાદ્‌વાદ સિદ્ધાંતનું શુદ્ધ તત્ત્વ સ્વરૂપ શું છે ? તેના શુદ્ધિકરણ અર્થે (Purification), સમ્યક્ શોધન રૂપ સંશોધન અર્થે (searching investigation), વિપર્યસ્ત મતિવંતોના ભ્રાંત ખ્યાલો - દુર્વિકલ્પ રૂપ કલ્પના તરંગો છોડાવતી ચોખવટ અર્થે

(Clarification) આ તત્ત્વચિંતન કરવામાં આવે છે, કે જેથી સ્યાદ્‌વાદ જેવા પરમ શુદ્ધ સિદ્ધાંતને યથાર્થપણે નહિ ચિંતવવાથી કે નહિ સમજવાથી, કે ઉલટ સમજવાથી, કોઈએ અસમંજસભાવે ચિંતવેલી કલ્પિત અશુદ્ધિ પરાસ્ત થાય, સ્યાદ્‌વાદ જેવા પરમ પ્રૌઢ ગંભીર સુવિનિશ્ચિત અલૌકિક સિદ્ધાંતને પણ સમ્યક્‌પણે નહિ સમજવાથી ગેર-સમજવાથી સંશયવાદ માની લેવા જેવી મહાગંભીર અક્ષમ્ય ભૂલ કરી બેસનારા કોઈ મહાનુભાવ મહામતિ સંશયાત્માઓની પણ મિથ્યાત્વભ્રાંતિ નિરસ્ત થાય અને સ્યાદ્‌વાદ જેવા પરમ ઉદાર સુવિશાલ સાગરવરગંભીર ખરેખરા પરમ અદ્વૈત સિદ્ધાંતને પરમાર્થ મર્મજ્ઞપણે નહિ પીછાનવાથી પર સાથે આત્માનું એકપણું - અદ્વૈતપણું બેસી શંભુમેળા જેવા સંકર આદિ દોષ ભજનારાઓની મિથ્યાદૃષ્ટિ દુરસ્ત થાય. અસ્તુ !

स्याद्वादो हि समस्तवस्तुतत्त्वसाधकमेवमेकमस्खलितं शासनमर्हत्सर्वज्ञस्य । स तु सर्वमनेकांतात्मकमित्यनुशास्ति सर्वस्यापि वस्तुनोऽनेकांतस्वभावत्वात् । अत्र त्वात्मवस्तुनि ज्ञानमात्रतया अनुशास्यमानेऽपि न तत्परिकोपः ज्ञानमात्रस्यात्मवस्तुनः स्वयमेवानेकांतत्वात् । तत्र -

यदेव तत्तदेवातत् यदेवैकं तदेवानेकं यदेव सत्तदेवासत् यदेव नित्यं तदेवनित्यमित्येकवस्तुवस्तुत्व निष्पादकपरस्परविरुद्धशक्तिद्वयप्रकाशनमनेकांतः ।

**અર્થ** - સ્યાદ્વાદ ખરેખર ! સમસ્ત વસ્તુતત્ત્વનું સાધક જ એવું એક અસ્ખલિત શાસન અર્હત્ સર્વજ્ઞનું છે અને તે સર્વ અનેકાંતાત્મક છે એમ અનુશાસે છે. સર્વ જ વસ્તુનું અનેકાંત સ્વભાવપણું છે માટે.

અત્રે તો આત્મ વસ્તુમાં - જ્ઞાનમાત્રપણે અનુશાસવામાં આવી રહેલમાં પણ - તત્ પરિકોપ (તે સ્યાદ્વાદનો પરિકોપ) અથવા તત્પરિદોષ (તે સ્યાદ્વાદનો પરિદોષ) નથી - જ્ઞાનમાત્ર આત્મ વસ્તુનું સ્વયં જ અનેકાંતપણું છે માટે. તેમાં -

જે જ તત્ તે જ અતત્, જે જ એક તે જ અનેક, જે જ સત્ તે જ અસત્, જે જ નિત્ય તે જ અનિત્ય, એમ એક વસ્તુના વસ્તુત્વના નિષ્પાદક એવા પરસ્પર વિરુદ્ધ શક્તિદ્વયનું પ્રકાશન તે અનેકાંત છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સ્યાદ્વાદ સમજણ પણ ખરી.'' - **શ્રીમદ્ રાજચંદ્ર**

''સ્યાદ્વાદી વસ્તુ કહીજે, તસુ ધર્મ અનંત લહી જે.'' - **શ્રી દેવચંદ્રજી**

સ્યાદ્વાદ સિદ્ધાંતના અનન્ય પરિજ્ઞાતા - અદ્વિતીય વ્યાખ્યાતા તરીકે સુપ્રસિદ્ધ **અમૃતચંદ્રજી** સ્યાદ્વાદ શું છે ? તેની પરમ પરમાર્થગંભીર પ્રૌઢ તત્ત્વ મીમાંસા પ્રારંભે છે - स्याद्वादो हि समस्तवस्तुतत्त्वसाधकमेवमेकमस्खलितं शासनमर्हत्सर्वज्ञस्य - '**સ્યાદ્વાદ નિશ્ચયે કરીને** સમસ્ત વસ્તુતત્ત્વનું સાધક જ એવું **અર્હત્ સર્વજ્ઞનું એક અસ્ખલિત શાસન છે'**, આ ત્રણે કાળમાં ન ફરે એવો અખંડ નિશ્ચય છે, કે સ્યાદ્વાદ છે તે સમસ્ત વસ્તુના 'તત્ત્વનું' - તત્પણા રૂપ યથાર્થ સ્વરૂપનું સાધક જ - અવશ્ય સાધનારૂં જ એવું, વિશ્વની પૂજાને અર્હતા (Deserving) એવા 'અર્હત્' સર્વજ્ઞનું 'એક' - અદ્વિતીય - અદ્વૈત - અજોડ 'અસ્ખલિત' - ક્યાંય પણ સ્ખલના ન પામે એવું, અપ્રતિહત 'શાસન' - તત્ત્વ સામ્રાજ્યમાં સર્વત્ર વ્યાપક આજ્ઞા વિધાન છે. અર્થાત્ 'સ્યાત્' - કથંચિત્ - કોઈ અપેક્ષાએ એ પદથી મુદ્રિત આ સ્યાદ્વાદ શાસનની એ અદ્ભુત ચમત્કૃતિ છે, કે આ જગત્‌ની અનંત વસ્તુઓમાં કોઈ પણ વસ્તુનું તત્ત્વ - યથાર્થ સ્વરૂપ સાધવું હોય તો સ્યાદ્વાદ જ તેમ કરવાને પરિપૂર્ણ સમર્થ છે, એટલે 'સમસ્ત' - સર્વ વસ્તુના 'સમસ્ત' - સંપૂર્ણ તત્ત્વને સાધનારૂં હોવાથી આ સ્યાદ્વાદ અર્હત્ શાસનને 'સમસ્ત વસ્તુતત્ત્વ સાધક' કહ્યું તે યથાર્થ છે. અખિલ વિશ્વમાં આવા અનુપમ સર્વજ્ઞ શાસનની જોડી જડે એમ નથી એટલે તે જગત્‌માં 'એક' - અદ્વિતીય - અજોડ છે. ચક્રવર્તી રાજાનું શાસન જેમ જગત્‌માં ક્યાંય પણ કોઈથી પણ ઉલ્લંઘી ન શકાય, ક્યાંય પણ કોઈથી પણ સ્ખલિત - ખંડિત ન કરી શકાય, તેમ આ **ધર્મચક્રવર્તી અર્હત્ સર્વજ્ઞ મહારાજનું** આ સ્યાદ્વાદ શાસન અખિલ વિશ્વમાં ક્યાંય પણ કોઈથી પણ ઉલ્લંઘી ન શકાય, ક્યાંય પણ કોઈથ પણ સ્ખલિત - ખંડિત ન કરી શકાય, ક્યાંય પણ કોઈથી પણ સામનો ન કરી શકાય એવું હોવાથી સર્વત્ર તત્ત્વ જગત્‌માં અસ્ખલિત - અપ્રતિહત છે. જગત્‌માં ચક્રવર્તીની રાજમુદ્રા (Royal seal) જેમ કોઈ લોપી શકતું નથી તેમ આ તત્ત્વ ચક્રવર્તી અર્હત્ સર્વજ્ઞ મહારાજની સ્યાદ્વાદ - મુદ્રા તત્ત્વ જગત્‌માં કોઈ લોપી શકતું નથી, એટલે વ્યવહારમાં જેમ તે રાજાની સત્તા (Authority) - પ્રમાણતા સર્વોપરિ પ્રમાણ ગણાય છે, તેમ પરમાર્થમાં પણ મહારાજ

**સ્યાદ્વાદ તે અર્હત્ સર્વજ્ઞનું એક અસ્ખલિત શાસન**

ભગવત્ અર્હત્ સર્વજ્ઞની સત્તા - પ્રમાણતા સર્વોપરિ પરમ પ્રમાણભૂત - પરમ આપ્ત ગણાઈ સર્વ જગતુને શિરસાવંદ્ય મનાય છે. એટલે ભગવત્ અર્હત્ સર્વજ્ઞનું જે આ પરમ તત્ત્વ દર્શન રૂપ સ્યાદ્વાદ શાસન એવું અસ્ખલિત છે, કે સમસ્ત વસ્તુ - તત્ત્વ સામ્રાજ્યમાં તેની એકછત્રી આણ સર્વત્ર અખંડ અબાધિતપણે પ્રવર્ત્તી રહી છે.

આવો આ ત્રૈલોક્ય ચક્રવર્ત્તી સ્યાદ્વાદ શું અનુશાસે છે ? તે તો નિશ્ચયે કરીને સર્વ અનેકાંતાત્મક છે - અનેકાંતમય છે એમ 'અનુશાસે છે' - અનુશાસન - ઉપદેશ વિધાન કરે છે, તત્ત્વ શિક્ષા ફરમાવે છે - 'स तु सर्वमनेकांतात्मकमित्यनुशास्ति ।' એમ શાને લીધે ? સર્વે ય વસ્તુના અનેકાંત સ્વભાવપણાને લીધે - 'सर्वस्यापि वस्तुनोऽनेकांतस्वभावत्वात्' । અર્થાત્ આ વિશ્વને વિષે જે કોઈ પણ વસ્તુ છે તે 'સર્વ જ' અનેક 'અંત' - ગુણધર્મ જેમાં રહ્યા છે એવા અનેકાંત સ્વભાવવાળા છે, એટલે સર્વ અનેકાંતાત્મક - અનેકાંતમય છે, એવું **'અનુશાસન'** - અનાદિ અર્હત્ પરંપરાથી 'અનુ' - અનુક્રમે ચાલ્યું આવતું જ્ઞાનીઓના સનાતન સંપ્રદાયરૂપ 'શાસન' - આજ્ઞારૂપ ઉપદેશ વિધાન આ સ્યાદ્વાદ કરે છે.

અત્રે શંકા થવી સંભવે છે કે જો એમ છે તો પછી અત્રે - આ શાસ્ત્રમાં આત્મ વસ્તુનું એક જ્ઞાનમાત્રપણે કેમ અનુશાસન કરવામાં આવ્યું છે ? એમ હોય તો તેમાં - સ્યાદ્વાદ અનેકાંતમાં એકાંતપણાનો 'પરિ દોષ' આવે છે, અથવા તો આજ્ઞા ભંગને લીધે સ્યાદ્વાદ શાસનનો 'પરિકોપ' (ગુસ્સો) પ્રાપ્ત થાય છે. ના, એમ નથી. અત્રે નિશ્ચયે કરીને આત્મ વસ્તુમાં - જ્ઞાન માત્રપણે અનુશાસવામાં આવી રહેલમાં પણ - તે સ્યાદ્વાદનો 'તત્ પરિકોપ' - તે સ્યાદ્વાદનો પરિકોપ આવતો નથી - 'अत्र त्वात्मवस्तुनि ज्ञानमात्रतया अनुशास्यमानेऽपि न तत्परिकोपः ।' અત્રે - આ શાસ્ત્રમાં અભેદગ્રાહી નિશ્ચયથી આત્મવસ્તુ 'જ્ઞાનમાત્ર - કેવલજ્ઞાન રૂપ' છે એવું **અનુશાસન** - ઉપદેશ વિધાન કરવામાં આવી રહ્યું છે, છતાં તેમાં તે એકાંતપણાનો જરા પણ દોષ પ્રાપ્ત થતો નથી, કે સ્યાદ્વાદ રૂપ ભગવત્ અર્હત્ શાસનના લેશ પણ કોપનો પ્રસંગ આવતો નથી. એમ શાને લીધે ? 'જ્ઞાન માત્ર આત્મવસ્તુના સ્વયમેવ અનેકાંતપણાને લીધે' - ज्ञानमात्रस्यात्मवस्तुनः स्वयमेवानेकांतत्वात् । અર્થાત્ જ્ઞાનમાત્ર - કેવલ જ્ઞાનરૂપ આત્મવસ્તુ છે. તે પણ 'સ્વયમેવ' - સ્વયં જ - આપોઆપ જ અનેકાંત છે - તેમાં અનેક અંત - ગુણધર્મ રહ્યા છે, તેમજ જ્ઞાનમાત્ર આત્મવસ્તુ છે એવું કથન પણ એકાંતિક નથી - અનેકાંતિક છે, એટલે જ્ઞાનમાત્ર આત્મવસ્તુનું સ્વયં જ અનેકાંતપણું હોઈ, ઉક્ત એકાંત દોષ અત્રે સંભવતો નથી.

**તત્ - અતત્ આદિ ચૌદ મુદ્દા : પરસ્પર વિરુદ્ધ શક્તિ દ્વય પ્રકાશન - અનેકાંત**

વારુ, આ અનેકાંતની સ્પષ્ટ વ્યાખ્યા શી છે ? તે પ્રકાશો. જે જ 'તત્' - તે, તે જ 'અતત્' - તે નહિ, જે જ એક, તે જ અનેક, જે જ 'સત્' - છે, તે જ 'અસત્' - છે નહિ, જે જ નિત્ય, તે જ અનિત્ય - એમ એક વસ્તુના 'વસ્તુત્વના' - વસ્તુપણાના 'નિષ્પાદક' - સિદ્ધ કરનારા એવા પરસ્પર વિરુદ્ધ 'શક્તિદ્વયનું' - શક્તિ - દ્વંદ્વનું (બે શક્તિનું) પ્રકાશન તે અનેકાંત - 'इत्येक वस्तुवस्तुत्वनिष्पादकपरस्परविरुद्ध शक्तिद्वयप्रकाशनमनेकांतः ।'

"સર્વોત્કૃષ્ટ સિદ્ધિ પામેલા શ્રી સર્વજ્ઞે પ્રત્યેક વસ્તુને અનેકાંત અનેક અંતવાળી - ગુણધર્મ વાળી દીઠી છે, એટલે અનેકાંત એ જ વસ્તુનું સ્વરૂપ છે અને તેનું સમગ્રપણે સર્વદેશીય ગ્રહણ કરે એવું અનેકાન્ત જ્ઞાન જ પ્રમાણ છે. તત્ - અતત્, સત્ - અસત્, એક - અનેક, ભેદ - અભેદ, નિત્ય - અનિત્ય એમ એક વસ્તુના પરસ્પર બે વિરુદ્ધ ધર્મનું સાપેક્ષપણે પ્રકાશન કરે તે અનેકાંત. આ અનેકાંત

* "यस्य पुरस्साद्विगलितमाना, न प्रतितीर्थ्यां भुवि विवदन्ते ।
भूरपि रम्या प्रतिपदमासीज्ञातविकोशाम्बुजमृदुहासा ॥" - **શ્રી સમન્તભદ્રાચાર્યજી પ્રણીત બૃહત્ સ્વયંભૂ સ્તોત્ર**

તો 'પરમાગમનો જીવ' - પ્રાણ છે અને જન્માંધ પુરુષો હાથીના સ્વરૂપ વિષેનો ઝઘડો કરે છે, તેની જેવા તત્ત્વ સ્વરૂપ વિષેના સર્વ દર્શનોના ઝઘડાને મિટાવનારો એવો સર્વગ્રાહી પરમ ઉદાર છે. તત્ત્વના જીવન રૂપ આ અનેકાન્તના આવા પરમ અદ્ભુત ચમત્કારિક સર્વ સમાધાનકારી સ્વરૂપથી મુગ્ધ થઈને પરમ તત્ત્વજ્ઞોએ ઉદારઘોષા ઉદ્ઘોષણા કરી છે કે - 'અનેકાંત સિવાય તત્ત્વ વ્યવસ્થા નથી', તે અત્યંત સત્ય છે.'' - **પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા, પાઠ-૨૩ (સ્વરચિત)**

## आत्मख्याति

तत्स्वात्मवस्तुनो ज्ञानमात्रत्वेऽपि -

| | |
|---|---|
| अंतश्चकचकायमान - | बहिरुन्मिषदनंतज्ञेयतापन्नस्वरूपातिरिक्त - |
| ज्ञानस्वरूपेण तत्त्वात् | पररूपेणातत्त्वात्, |
| सहक्रमप्रवृत्तानंतचिदंशमुदयरूपा | अविभागैकद्रव्यव्याप्तसहक्रमप्रवृत्ता- |
| विभागद्रव्येणैकत्वात्, | नंतचिदंशरूपपर्यायैरनेकत्वात्, |
| स्वद्रव्यक्षेत्रकालभाव - | परद्रव्यक्षेत्रकालभावा - |
| भवनशक्तिस्वभाववत्त्वेन सत्त्वात्, | भवनशक्तिस्वभाववत्त्वेनाऽसत्त्वात्, |
| अनादिनिधनाविभागै - | क्रमप्रवृत्तैकसमयावच्छिन्ना - |
| कवृत्तिपरिणतत्वेन नित्यत्वात्, | नेकवृत्त्यंशपरिणतत्वेना नित्यत्वात्, |

- तदतत्त्वमेकानेकत्वं सदसत्त्वं नित्यानित्यत्वं च प्रकाशत एव ।

## આત્મખ્યાતિ અર્થ

તે (પરસ્પર વિરુદ્ધ શક્તિદ્વય પ્રકાશન) સ્વ આત્મ વસ્તુના જ્ઞાનમાત્રપણામાં પણ -

| | |
|---|---|
| અંતઃ ચકચકાયમાન (ચકચકી રહેલા) | બ્હારમાં ઉન્મેષતા અનંત જ્ઞેયતાપન્ન |
| જ્ઞાન સ્વરૂપથી | અને સ્વરૂપથી અતિરિક્ત એવા પરરૂપથી |
| તત્ત્વને (તત્‌પણાને) લીધે, | અતત્ત્વને (અતત્‌પણાને) લીધે, |
| સહ-ક્રમ પ્રવૃત્ત | અવિભાગ એક દ્રવ્યથી વ્યાપ્ત |
| અનંત ચિદંશ સમુદયરૂપ | સહ-ક્રમ પ્રવૃત્ત |
| અવિભાગ દ્રવ્યથી | અનંત ચિદંશરૂપ પર્યાયોથી |
| એકત્વને (એકપણાને) લીધે, | અનેકત્વને (અનેકપણાને) લીધે, |
| સ્વ દ્રવ્ય - ક્ષેત્ર - કાલ - ભાવે | પર દ્રવ્ય - ક્ષેત્ર - કાલ - ભાવે |
| ભવન શક્તિ સ્વભાવવંતપણાએ કરી | અભવન શક્તિ સ્વભાવવંતપણાએ કરીને |
| સત્ત્વને (સત્‌પણાને) લીધે, | અસત્ત્વને (અસત્‌પણાને) લીધે, |
| અનાદિ નિધન અવિભાગ | ક્રમપ્રવૃત્ત એક સમયાવચ્છિન્ન |
| એકવૃત્તિ પરિણતપણાએ કરીને | અનેક વૃત્તિઅંશ પરિણતપણાએ કરીને |
| નિત્યત્વને (નિત્યપણાને) લીધે, | અનિત્યત્વને (અનિત્યપણાને) લીધે, |

— તદતત્ત્વ, એકાનેકત્વ, સદસત્ત્વ અને નિત્યાનિત્ય પ્રકાશે છે જ.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"અનંત અનંત ભાવ ભેદથી ભરેલી, અનંત અનંત નય નિક્ષેપે વ્યાખ્યાની છે."

**- શ્રીમદ્‌ રાજચંદ્ર**

"વસ્તુ ધર્મ સ્યાદ્વાદતા રે, પૂછી કરીયે નિરધાર... ચંદ્રાનન જિન." - **શ્રી દેવચંદ્રજી**

જો આમ તદતત્ત્વ (તત્ - અતત્) આદિ પ્રકારે પરસ્પર વિરુદ્ધ શક્તિદ્વયનું પ્રકાશન એ અનેકાંતની સ્પષ્ટ વ્યાખ્યા છે, તો સ્વ આત્મ વસ્તુના જ્ઞાનમાત્રપણામાં તે આ તત્ત્વ - અતત્ત્વ આદિ બે બે વિરુદ્ધ શક્તિ દ્વયનું પ્રકાશન શી રીતે પ્રકાશે છે ? તે પ્રકાશો - જુઓ ! ततस्वात्मवस्तुनो ज्ञानमात्रत्वेऽपि - તે સ્વઃ આત્મ વસ્તુના જ્ઞાનમાત્રપણામાં પણ આ તત્ત્વ - અતત્ત્વ આદિ અષ્ટ પ્રકાર આ પ્રકારે પ્રકાશે જ છે -

**તત્ - અતત્ સત્ - અસત્આદિ ચૌદ મુદ્દા**

अ (૧) જ્ઞાન સ્વરૂપ છે તે 'અંતઃ' - અંતરમાં 'ચકચકાયમાન' - ચકચકી રહેલું - ઝગઝગી રહેલું છે, એટલે આ અંતઃ ચકચકાયમાન જ્ઞાન સ્વરૂપે 'તત્ત્વ' - તત્પણું - તત્સ્વરૂપપણું - જ્ઞાનપણું છે - अंतश्चकचकायमानज्ञानस्वरूपेण तत्त्वात्, (૨) જ્ઞેય છે તે 'બહિર્' - જ્ઞાનથી બ્હારમાં 'ઉન્મિષત્' - ઉન્મેષતા - ઉન્મેષ પામતા - મટકું મારતા - ચમકતા - ઝબકતા એવા છે, એટલે 'સ્વરૂપાતિરિક્ત' - સ્વરૂપથી - જ્ઞાન સ્વરૂપથી 'અતિરિક્ત' - જૂદા - અલાયદા - પૃથક્ એવા અનંત જ્ઞેયતાપન્ન - જ્ઞેયપણાને પામેલા પરરૂપે જ્ઞાનનું 'અતત્ત્વ' - અતત્પણું - અતત્ સ્વરૂપપણું છે, પરરૂપ જ્ઞેય સ્વરૂપપણું નથી - बहिरुन्मिषदनंतज्ञेयतापन्नस्वरूपातिरिक्तपररूपेणातत्त्वात्,

(ब) (૩) દ્રવ્ય છે તે જેમાં વિભાગ નથી એવું અવિભાગ એક છે અને તે 'સહ પ્રવૃત્ત' - એકી સાથે પ્રવર્ત્તેલ તથા 'ક્રમ પ્રવૃત્ત' - એક પછી એક એમ ક્રમથી પ્રવર્ત્તેલ એવા અનંત ચિદંશોના 'સમુદયરૂપ' - એકી સાથે ઉદય રૂપ - સમુદાય રૂપ - એક સમૂહરૂપ - પિંડ રૂપ છે, એટલે સહ પ્રવૃત્ત - ક્રમ પ્રવૃત્ત અનંત ચિદંશોના સમુદયરૂપ અવિભાગ દ્રવ્યથી એકત્વ - એકપણું છે - सहक्रमप्रवृत्तानंतचिदंशसमुदयरूपाविभागद्रव्येणैकत्वात्, (૪) પર્યાયો છે તે 'સહ પ્રવૃત્ત' - એકી સાથે પ્રવર્ત્તેલ તથા 'ક્રમ પ્રવૃત્ત' - એક પછી એક એમ ક્રમથી પ્રવર્ત્તેલ અનંત ચિદંશ રૂપ છે અને તે જેમાં વિભાગ નથી એવા 'અવિભાગ' એક દ્રવ્યથી વ્યાપ્ત - વ્યાપેલ છે, એટલે અવિભાગ એક દ્રવ્યથી વ્યાપ્ત સહપ્રવૃત્ત - ક્રમ પ્રવૃત્ત અનંત ચિદંશ રૂપ પર્યાયોથી અનેકત્વ - અનેકપણું છે - अविभागैकद्रव्यव्याप्त सहक्रमप्रवृत्तानंतचिदंशरूपपर्यायैरनेकत्वात्,

**જ્ઞાન માત્ર આત્મ વસ્તુ : અનેકાંત : જ્ઞેય-જ્ઞાયક સંબંધ**

क (૫) **'સ્વ'** - પોતાના દ્રવ્ય - ક્ષેત્ર - કાલ - ભાવે ભવનની - હોવાની શક્તિ એ જ્ઞાનનો સ્વભાવ છે, એટલે સ્વ દ્રવ્ય - ક્ષેત્ર - કાલ - ભાવે ભવન શક્તિ સ્વભાવવંતપણાએ કરીને 'સત્ત્વ' - સત્પણું - અસ્તિત્વ - હોવાપણું છે, स्वद्रव्यक्षेत्रकालभावभवनशक्ति स्वभाववत्त्वेन सत्त्वात्, (૬) **'પર'** - પરના - પારકા દ્રવ્ય - ક્ષેત્ર - કાલ - ભાવે 'અભવનની' - ન હોવાની શક્તિ એ જ્ઞાનનો સ્વભાવ છે, એટલે પર દ્રવ્ય - ક્ષેત્ર - કાલ - ભાવે અભવન શક્તિ સ્વભાવવંતપણાએ કરીને 'અસત્ત્વ' - અસત્ પણું નાસ્તિત્વ - નહિ હોવાપણું છે - परद्रव्यक्षेत्रकालभावाभवनशक्तिस्वभाववत्त्वेन असत्त्वात् -

ड (૭) જ્ઞાન છે તેનું 'અનાદિ નિધન' - અનાદિ અનંત 'અવિભાગ' - જેમાં કોઈ વિભાગ નથી એવી એક વૃત્તિથી પરિણતપણાએ કરી - નિત્યત્વ - નિત્યપણું છે - अनादिनिधनाविभागैकवृत्ति परिणतत्वेन नित्यत्वात्, (૮) 'ક્રમ પ્રવૃત્ત' - એક પછી એક એમ અનુક્રમે પ્રવર્ત્તેલ એવા 'એક સમયાવચ્છિન્ન' - એક સમયથી મર્યાદિત (Demarcated) વૃત્તિ અંશોથી પરિણતપણાએ કરી અનિત્યત્વ - અનિત્યપણું છે - क्रमप्रवृत्तैकसमयावच्छिन्नवृत्त्यंशपरिणतत्वेनानित्यत्वात् ।

આમ ઉક્ત પ્રકારે તત્ત્વને લીધે - અતત્ત્વને લીધે, એકત્વને લીધે - અનેકત્વને લીધે, સત્ત્વને લીધે - અસત્ત્વને લીધે, નિત્યત્વને લીધે - અનિત્યત્વને લીધે આત્મવસ્તુના જ્ઞાનમાત્ર પણામાં પણ તત્ત્વ - અતત્ત્વ, એકત્વ - અનેકત્વ, સત્ત્વ - અસત્ત્વ, નિત્યત્વ - અનિત્યત્વ પ્રકાશે છે જ -

तदतत्त्वमेकानेकत्वं सदसत्त्वं नित्यानित्यत्वं च प्रकाशत एव । -

'આ અનેકાંત, તત્ત્વનો અવિસંવાદી અસંદિગ્ધ વિનિશ્ચય દૃઢ કરાવનારી પરમ સુંદર યુક્તિ છે. દાખલા તરીકે - તે આત્મા પર ઉતારીએ તો તે સ્વરૂપથી તત્ છે, પણ પરરૂપથી અતત્ છે, સ્વદ્રવ્ય ક્ષેત્ર - કાલ - ભાવથી તે સત્ - હોવા રૂપ અસ્તિરૂપ છે, પણ પરદ્રવ્ય - ક્ષેત્ર - કાલ - ભાવથી અસત્ - નહિ હોવારૂપ નાસ્તિરૂપ છે. ધર્મીરૂપ એવા દ્રવ્યની અપેક્ષાએ તે એક અખંડ પિંડ રૂપ અભેદ છે, પણ ધર્મ - ગુણ પર્યાયની અપેક્ષાએ અનેક ખંડ ખંડ ભેદરૂપ છે. ધ્રુવ એવા દ્રવ્યની દૃષ્ટિએ તે નિત્ય છે, પણ પર્યાયની દૃષ્ટિએ અનિત્ય છે. આમ પરદ્રવ્ય - ક્ષેત્ર - કાલ - ભાવથી આત્મા ભિન્ન છે, એવું તત્ત્વ નિશ્ચય રૂપ ભેદજ્ઞાન આથી વજ્રલેપ દૃઢ થાય છે અને આમ અસ્તિનાસ્તિ રૂપ એવી પ્રત્યેક વસ્તુ એકાનેક, નિત્યાનિત્ય ને ભેદાભેદ રૂપ સુપ્રતીત થાય છે. એક જ પુરુષ બાલ - યુવા - વૃદ્ધ એ ત્રણે અવસ્થાનો અનુભવ કરે છે, પણ પુરુષ તો તેનો તે જ છે. સમુદ્રનાં મોજાં પલટાય છે, પણ સમુદ્ર પલટાતો નથી, તેમ પૂર્વ પર્યાયનો નાશ થઈ, ઉત્તર પર્યાયની ઉત્પત્તિ થાય છે, પણ આત્મ - દ્રવ્ય તો ધ્રુવ જ રહે છે. ઘડાનો નાશ થઈ મુકુટ બનાવ્યો, પણ સોનું તો તેનું તે જ છે. આમ અનેકાંત એવી પ્રત્યેક વસ્તુનું ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્ય યુક્ત એવું 'સત્' સ્વરૂપ છે. આવા એકાક્ષરી 'સત્' સ્વરૂપમાં જ આખા વિશ્વનું તત્ત્વજ્ઞાન શમાય છે. આ ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્ય એ જ ગણધરોને દ્વાદશાંગીનું રહસ્ય પમાડનારી સુપ્રસિદ્ધ 'ત્રિપદી' છે અને એ જ અપેક્ષાવિશેષે રૂપક રૂપે ઘટાવીએ તો બ્રહ્મા વિષ્ણુ ને મહેશ એ ત્રિમૂર્તિ છે.' - **પ્રજ્ઞાવબોધ મોક્ષમાળા પાઠ-૨૩ (સ્વરચિત)**

ननु यदि ज्ञानमात्रत्वेऽपि आत्मवस्तुनः स्वयमेवानेकांतः प्रकाशते तर्हि किमर्थमर्हद्भिस्तत्साधनत्वेनाऽनुशास्यतेऽनेकांतः ?

अज्ञानिनां ज्ञानमात्रमात्मवस्तुप्रसिद्ध्यर्थमिति ब्रूमः ।

न खल्वनेकांतमंतरेण ज्ञानमात्रमात्मवस्त्वेव प्रसिद्ध्यति । तथाहि - इह हि स्वभावत एव बहुभावनिर्भरे विश्वे सर्वभावानां स्वभावेनाऽद्वैतेऽपि द्वैतस्य निषेद्धुमशक्यत्वात् समस्तमेव वस्तु स्वपररूपप्रवृत्तिव्यावृत्तिभ्यामुभयाभावाध्यासितमेव ।

(શંકા) - વારુ, જો આત્મવસ્તુના જ્ઞાનમાત્રપણામાં પણ સ્વયમેવ અનેકાંત પ્રકાશે છે, તો અર્હંતોથી તત્સાધનપણે અનેકાંત શું અર્થે અનુશાસવામાં આવે છે ?

(સમાધાન) - અજ્ઞાનીઓને જ્ઞાનમાત્ર આત્મવસ્તુની પ્રસિદ્ધિ અર્થે એમ અમે કહીએ છીએ.

ખરેખર ! નિશ્ચયે કરીને અનેકાંત સિવાય જ્ઞાનમાત્ર આત્મવસ્તુ જ પ્રસિદ્ધ થતી નથી. જુઓ ! આ પ્રકારે - અહીં પ્રગટપણે સ્વભાવથી જ બહુભાવ નિર્ભર એવા વિશ્વને વિષે સર્વ ભાવોના સ્વભાવથી અદ્વૈતમાં પણ દ્વૈતના નિષેધવાના અશક્યપણાને લીધે સમસ્ત જ વસ્તુ સ્વ - પર રૂપ પ્રવૃત્તિ - વ્યાવૃત્તિથી ઉભય ભાવથી અધ્યાસિત જ છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આ જ્ઞાનમય આત્મા જેને સર્વોત્કૃષ્ટ ભાવે પ્રાપ્ત થયો, તે દેવને નમન હો ! નમન હો !''
**- શ્રીમદ્ રાજચંદ્રજી**

''ગુણ એકવિધ ત્રિક પરિણમ્યો, ઈમ ગુણ અનંતનો વૃંદ રે.'' **- શ્રી દેવચંદ્રજી**

**આત્મ વસ્તુના જ્ઞાનમાત્રમાં પણ તત્ સાધનપણે અનેકાંત**

વારુ, આમ જો આત્મવસ્તુના જ્ઞાનમાત્રપણામાં પણ 'સ્વયમેવ' - આપોઆપ જ અનેકાંત પ્રકાશે છે, તો પછી અર્હંતોથી 'તત્ સાધનપણે' - તે આત્મવસ્તુના જ્ઞાનમાત્રપણાના સાધનપણે અનેકાંત શું અર્થે - કયા પ્રયોજન અર્થે 'અનુશાસવામાં' - ઉપદેશવામાં આવે છે ? અજ્ઞાનીઓને 'જ્ઞાનમાત્ર' - કેવલ જ્ઞાન રૂપ આત્મવસ્તુની પ્રસિદ્ધિ અર્થે એમ અમે 'બોલીએ છીએ' - इति ब्रूमः - બૂમ પાડીને પોકારીને કહીએ છીએ - 'अज्ञानिनां ज्ञानमात्रात्मवस्तुप्रसिद्ध्यर्थमिति ब्रूमः ।' અર્થાત્ અજ્ઞાનીને જ્યાં માત્ર - કેવલ જ્ઞાન સિવાય બીજો ભાવ નથી એવી જ્ઞાનમાત્ર આત્મવસ્તુનું ભાન નથી અને તે જ્ઞેયરૂપ પરવસ્તુમાં જ્ઞાન માની બેસી આત્મભ્રાંતિ પામે છે, એટલે આત્મવસ્તુ જ્ઞાનમાત્ર છે - જ્ઞેયરૂપ નથી, એમ અજ્ઞાની પ્રત્યે 'પ્રસિદ્ધિ' - પ્રકૃષ્ટ સિદ્ધિ વા પ્રગટ જાહેરાત કરવી, એ જ પર સાથે એક નહિ એવા 'અનેક' - ભિન્ન ભિન્ન 'અંત' - ધર્મ દર્શાવતા આ અનેકાંતનું 'અર્થ' - પ્રયોજન છે, કારણકે ખરેખર ! નિશ્ચયે કરીને અનેકાંત સિવાય જ્ઞાનમાત્ર આત્મવસ્તુ જ પ્રસિદ્ધ થતી નથી - 'न खल्वनेकांतमंतरेण ज्ञानमात्रमात्मवस्त्वेव प्रसिद्ध्यति ।' જુઓ ! આ પ્રકારે -

इह हि स्वभावत एव बहुभावनिर्भरे विश्वे - અહીં નિશ્ચયે કરીને પ્રગટપણે સ્વભાવથી જ 'બહુભાવ નિર્ભર' - ઘણા ભાવોથી ભરપૂર એવા વિશ્વને વિષે, सर्वभावानां स्वभावेनाऽद्वैतेऽपि - સર્વ ભાવોના સ્વભાવથી અદ્વૈતમાં પણ દ્વૈતના નિષેધવાનું અશક્યપણું છે - द्वैतस्य निषेद्धुमशक्यत्वात्, અર્થાત્ કોઈ પણ ભાવમાં 'દ્વૈતનો' - દ્વિતીય ભાવનો પ્રવેશ છે નહિ એવું વિશ્વના સર્વ ભાવોનું સ્વભાવથી જ 'અદ્વૈત' છે, છતાં તેમાં પણ આત્માથી - પોતાથી અતિરિક્ત - અન્ય એવા દ્વૈતના - દ્વિતીય ભાવના નિષેધવાનું અશક્યપણું છે, તેને લીધે સમસ્ત જ વસ્તુ સ્વરૂપ પ્રવૃત્તિથી અને પરરૂપ વ્યાવૃત્તિથી ઉભય ભાવથી અધ્યાસિત જ છે - 'समस्तमेव वस्तु स्वपररूपप्रवृत्तिव्यावृत्तिभ्यामुभयभावाध्यासितमेव' । અર્થાત્ આ વસ્તુ સ્વરૂપમાં પ્રવર્ત્તી રહી છે અને પરરૂપમાંથી વ્યાવર્ત્તી રહી છે - પાછી વળી રહી છે, અથવા

સ્વરૂપ આમાં પ્રવર્ત્તી રહ્યું છે અને પરરૂપ આમાંથી વ્યાવર્ત્તી રહ્યું છે - પાછું વળી રહ્યું છે - એમ સ્વરૂપ પ્રવૃત્તિ અને પરરૂપ વ્યાવૃત્તિ એ ઉભય ભાવથી - બન્ને પ્રકારના ભાવથી પ્રત્યેક વસ્તુ અધિષ્ઠિત જ છે.

દા.ત. અમુક વસ્તુ સ્વરૂપથી 'સત્' છે એમ કહ્યું એટલા માત્રથી વસ્તુનો નિર્ણય પૂર્ણ થતો નથી - અપૂર્ણ જ રહે છે, કારણકે તે જેમ સ્વરૂપથી સત્ છે તેમ પરરૂપથી પણ 'સત્' કાં ન હોય ? એવી સંભાવના હજુ રહે છે, એના વ્યવચ્છેદ માટે પુનઃ કહેવું પડે છે કે તે પરરૂપથી 'અસત્' છે - છે નહિ અને એમ જ્યારે કહેવામાં આવે ત્યારે જ વસ્તુના વસ્તુત્વનો નિર્ણય સંપૂર્ણ બને છે. આમ સ્વરૂપથી આ સત્ છે એમ સ્વરૂપ પ્રવૃત્તિથી અને પરરૂપથી આ અસત્ છે - છે નહિ એમ પરરૂપ વ્યાવૃત્તિથી - એ બન્ને ભાવથી પ્રત્યેક વસ્તુ અધ્યાસિત જ - અધિષ્ઠિત જ છે. તેમાં -

यदायं ज्ञानमात्रो भावः
शेषभावैः सह स्वरसभरप्रवृत्त-
ज्ञातृज्ञेयसंबंधतयाऽनादिज्ञेयपरिणमनात्
ज्ञानत्वं[1] पररूपेण प्रतिपद्या-
ज्ञानी भूत्वा तमुपैति*
तदा स्वरूपेण तत्त्वं द्योतयित्वा
ज्ञातृत्वेन परिणमनाज्ज्ञानी कुर्व-
न्ननेकांत एव तमुद्गमयति १।

यदा तु
सर्वं वै खल्विदमात्मेति
अज्ञानत्वं ज्ञानस्वरूपेण प्रतिपद्य
विश्वोपादानेनात्मानं नाशयति
तदा पररूपेणातत्त्वं द्योतयित्वा
विश्वाद्भिन्नं ज्ञानं दर्शयन्
अनेकांत एव नाशयितुं न ददाति २।

यदानेकज्ञेयाकारैः
खंडितसकलैकज्ञानाकारो नाशमुपैति,
तदा द्रव्येणैकत्वं द्योतयन्
अनेकांत एव तमुज्जीवयतीति ३।

यदा त्वेकज्ञानाकारोपादानाया -
नेकज्ञेयाकारत्यागेनात्मानं नाशयति,
तदा पर्यायैरनेकत्वं द्योतयन्
अनेकांत एव नाशयितुं न ददाति ४।

यदा ज्ञायमानपरद्रव्यपरिणमनाद्
ज्ञातृद्रव्यं परद्रव्यत्वेन प्रतिपद्य
नाशमुपैति,
तदा स्वद्रव्येण सत्त्वं द्योतयन्
अनेकांत एव तमुज्जीवयतीति ५।

यदा तु सर्वद्रव्याणि अहमेवेति
परद्रव्यं ज्ञातृद्रव्यत्वेन प्रतिपद्या-
त्मानं नाशयति
तदा परद्रव्येणासत्त्वं द्योतयन्
अनेकांत एव नाशयितुं न ददाति ६।

यदा परक्षेत्रगतज्ञेयार्थपरिणमनात्
परक्षेत्रेण ज्ञानं सत् प्रतिपद्य
नाशमुपैति,
तदा
स्वक्षेत्रेणास्तित्वं द्योतय -
न्ननेकांत एव तमुज्जीवयति ७।

यदा तु स्वक्षेत्रे भवनाय
परक्षेत्रगतज्ञेयाकारत्यागेन ज्ञानं तुच्छीकुर्व
न्नात्मानं नाशयति,
तदा स्वक्षेत्र एव ज्ञानस्य
परक्षेत्रगतज्ञेयाकारपरिणमनस्वभावत्वात्
परक्षेत्रेण नास्तित्वं द्योतयन्
अनेकांत एव नाशयितुं न ददाति ८।

---

१. પાઠાં. ज्ञानतत्त्वं

यदा पूर्वालंबितार्थविनाशकाले
ज्ञानस्यासत्त्वं प्रतिपद्य नाशमुपैति,
तदा स्वकालेन सत्त्वं द्योतय–
न्ननेकांत एव तमुज्जीवयति ९।

यदा त्वर्थालंबनकाल एव
ज्ञानस्य सत्त्वं प्रतिपद्यात्मानं नाशयति,
तदा परकाले नासत्त्वं द्योतय -
न्ननेकांत एव नाशयितुं न ददाति १०।

यदा ज्ञायमानपरभाव परिणमनात्
ज्ञायकभावं परभावत्वेन प्रतिपद्य नाशमुपैति,
तदा स्वभावेन सत्त्वं द्योतयन्
अनेकांत एव तमुज्जीवयति ११।

यदा तु सर्वे भावा अहमेवेति
परभावं ज्ञायकभावत्वेन प्रतिपद्यात्मानं नाशयति
तदा परभावेन असत्त्वं द्योतय -
न्ननेकांत एव नाशयितुं न ददाति १२।

यदाऽनित्यज्ञानविशेषैः
खंडितनित्यज्ञानसामान्यो नाशमुपैति,
तदा ज्ञानसामान्यरूपेण नित्यत्वं द्योतय -
न्ननेकांत एव नाशयितुं* न ददाति १३॥

यदा तु नित्यज्ञानसामान्योपादानाया-
नित्यज्ञानविशेषत्यागेनात्मानं नाशयति,
तदा ज्ञानविशेषरूपेणानित्यत्वं द्योतय-
न्ननेकांत एव तं नाशयितुं न ददाति १४॥

તેમાં -

૧. જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ
શેષભાવો સાથે સ્વરસભરથી પ્રવૃત્ત
જ્ઞાતૃજ્ઞેય સંબંધતાએ કરીને
અનાદિ જ્ઞેય પરિણમન થકી
જ્ઞાનપણાને પરરૂપે પ્રતિપન્ન કરી
અજ્ઞાની થઈને તેના પ્રત્યે જાય છે,
ત્યારે **સ્વરૂપથી તત્ત્વ** દ્યોતિત કરીને,
જ્ઞાતૃપણે પરિણમન થકી જ્ઞાની કરંતો
અનેકાંત જ તેને ઉદ્ગમાવે છે -

૨. પણ જ્યારે
'सर्वं वै खल्विदमात्मा'
'આ સર્વ ખરેખર ! આત્મા છે'
એમ
અજ્ઞાનપણાને જ્ઞાન સ્વરૂપે પ્રતિપન્ન કરી
વિશ્વ ઉપાદાનથી આત્માને નાશ પમાડે છે,
ત્યારે **પરરૂપથી અતત્ત્વ** દ્યોતિત કરીને
વિશ્વથી ભિન્ન જ્ઞાન દર્શાવતો
અનેકાંત જ નાશ પમાડવા દેતો નથી.

૩. જ્યારે અનેક જ્ઞેયાકારોથી ખંડિત
સકલ એક જ્ઞાનાકાર નાશ પામે છે,
ત્યારે **દ્રવ્યથી એકત્વ** દ્યોતિત કરતો
અનેકાંત જ તેને ઉજ્જીવાવે (અત્યંત જીવાડે) છે -

૪. પણ જ્યારે એક જ્ઞાન આકારના ઉપાદાન અર્થે
અનેક જ્ઞેયાકારના ત્યાગથી આત્માને નાશ પમાડે છે
ત્યારે **પર્યાયોથી અનેકત્વ** દ્યોતિત કરતો
અનેકાંત જ નાશ પમાડવા દેતો નથી.

૫. જ્યારે જ્ઞાયમાન પરદ્રવ્ય પરિણમન થકી
જ્ઞાતૃદ્રવ્યને પરદ્રવ્યપણે પ્રતિપન્ન કરી
નાશ પામે છે,
ત્યારે **સ્વદ્રવ્યથી સત્ત્વ** દ્યોતિત કરતો
અનેકાંત જ તેને ઉજ્જીવાવે (અત્યંત જીવાડે) છે -

૬. પણ જ્યારે સર્વ દ્રવ્યો હું જ
એમ પરદ્રવ્યને જ્ઞાતૃદ્રવ્યપણે પ્રતિપન્ન કરી
આત્માને નાશ પમાડે છે,
ત્યારે **પરદ્રવ્યથી અસત્ત્વ** દ્યોતિત કરતો
અનેકાંત જ નાશ પમાડવા દેતો નથી.

---

પાઠાં. तमुज्जीवयति

૭. જ્યારે પરક્ષેત્રગત જ્ઞેયાર્થ પરિણમન થકી
પરક્ષેત્રથી જ્ઞાનને સત્ પ્રતિપન્ન કરી
નાશ પામે છે,
ત્યારે
**સ્વક્ષેત્રથી અસ્તિત્વ** દ્યોતિત કરતો
અનેકાંત જ તેને ઉજ્જીવિત કરે છે -

૮. પણ જ્યારે સ્વ ક્ષેત્રમાં ભવનાર્થે
પરક્ષેત્રગત જ્ઞેયાકારના ત્યાગથી
જ્ઞાનને તુચ્છ કરતો આત્માને નાશ પમાડે છે,
ત્યારે સ્વક્ષેત્રમાં જ જ્ઞાનના
પરક્ષેત્રગત જ્ઞેયાકાર -
પરિણમન સ્વભાવપણાને લીધે
**પરક્ષેત્રથી નાસ્તિત્વ** દ્યોતિત કરતો
અનેકાંત જ નાશ પમાડવા દેતો નથી.

૯. જ્યારે પૂર્વ આલંબિત અર્થના વિનાશ કાળે
જ્ઞાનનું અસત્ત્વ પ્રતિપન્ન કરી નાશ પામે છે,
ત્યારે **સ્વકાળથી સત્ત્વ** દ્યોતિત કરતો
અનેકાંત જ તેને ઉજ્જીવાવે છે -

૧૦.પણ જ્યારે અર્થના અવલંબન કાળે જ જ્ઞાનનું
સત્ત્વ પ્રતિપન્ન કરી આત્માને નાશ પમાડે છે,
ત્યારે **પરકાળથી અસત્ત્વ** દ્યોતિત કરતો
અનેકાંત જ નાશ પમાડવા દેતો નથી.

૧૧.જ્યારે જ્ઞાયમાન પરભાવ પરિણમન થકી
જ્ઞાયક ભાવને પરભાવપણે પ્રતિપન્ન કરી
નાશ પામે છે,
ત્યારે **સ્વભાવથી સત્ત્વ** દ્યોતિત કરતો
અનેકાંત જ તેને ઉજ્જીવાવે (અત્યંત જીવાડે) છે -

૧૨.પણ જ્યારે સર્વે ભાવો હું જ એમ
પરભાવને જ્ઞાયક ભાવપણે પ્રતિપન્ન કરી
આત્માને નાશ પમાડે છે,
ત્યારે **પરભાવથી અસત્ત્વ** દ્યોતિત કરતો
અનેકાંત જ નાશ પમાડવા દેતો નથી.

૧૩.જ્યારે અનિત્ય જ્ઞાન વિશેષોથી
નિત્ય જ્ઞાન સામાન્ય ખંડિત થયેલો
નાશ પામે છે,
ત્યારે **જ્ઞાન સામાન્ય રૂપથી નિત્યત્વ** દ્યોતિત કરતો
અનેકાંત જ તેને ઉજ્જીવાવે છે -

૧૪.પણ જ્યારે નિત્ય જ્ઞાન સામાન્યના ઉપાદાનાર્થે
અનિત્ય જ્ઞાન વિશેષોના ત્યાગથી
આત્માને નાશ પમાડે છે,
ત્યારે **જ્ઞાન વિશેષ રૂપથી અનિત્યત્વ** દ્યોતિત કરતો
અનેકાંત જ તેને નાશ પમાડવા દેતો નથી.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જૈન જેને સર્વ પ્રકાશતા કહે છે, તેને વેદાંત સર્વ વ્યાપકતા કહે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૨૦**

''નિજ જ્ઞાને કરી જ્ઞેયનો, જ્ઞાતા જ્ઞાયક પદ ઈશ રે.'' - **શ્રી દેવચંદ્રજી**

ઉપરમાં સ્વરૂપ પ્રવૃત્તિથી અને પરરૂપ વ્યાવૃત્તિથી - એમ ઉભય ભાવથી પ્રત્યેક વસ્તુ અધ્યાસિત જ છે, એમ કહ્યું 'तत्र' - તેમાં આ ચૌદ 'ભંગ' - પ્રકાર ફલિત થાય છે - (૧-૨) તત્ત્વ-અતત્ત્વ, (૩-૪) એકત્વ - અનેકત્વ, (૫-૬-૭-૮) સ્વ-દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી સત્ત્વ, (૯-૧૦-૧૧-૧૨) પરદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવથી અસત્ત્વ, (૧૩-૧૪) નિત્યત્વ - અનિત્યત્વ. આ પ્રત્યેક પ્રકારમાં **સ્વ - પર પરત્વે સેળભેળ રૂપ - એકાંત** ગ્રહવામાં આવે તો કેવી રીતે નાશ પામે છે અને સ્વ - પરને વિભિન્ન પ્રતિપન્ન કરતાં - ભેદવિજ્ઞાન કરાવતો અનેકાંત તેને કેવી રીતે 'ઉજ્જીવાવે' છે - અત્યંત જીવાવે છે - જીવાડે છે, તેનું **પરમ અદ્ભુત અલૌકિક મૌલિક તાત્ત્વિક મીમાંસન પરમતત્ત્વદેષ્ટા અમૃતચંદ્રજીએ અત્રે અપૂર્વ તત્ત્વકળાથી પ્રકાશ્યું છે.** તેનો આશયાર્થ આ પ્રકારે -

આ વિશ્વ પદાર્થ જ્ઞાતા અને જ્ઞેય એમ બે વિભાગમાં વિભક્ત છે. તેમાં જ્ઞાનમાત્ર - ભાવરૂપ આત્મા તે જ્ઞાતા જ્ઞેયનો જાણનાર છે અને શેષ ભાવો તે જ્ઞેય - જ્ઞાતાથી જણાવા યોગ્ય જણાનાર ભાવો

છે, આ જ્ઞાનમાત્ર ભાવરૂપ જ્ઞાતા અને જ્ઞેયનો પરસ્પર જ્ઞાતૃ-જ્ઞેય સંબંધ છે, એટલે કે જ્ઞાતા જ્ઞેયને જાણે ને જ્ઞેય જ્ઞાતાથી જણાય એમ આ જ્ઞાતા અને જ્ઞેયનો જ્ઞાતૃ-જ્ઞેય સંબંધ છે તે **'સ્વરસથી'** - આપોઆપ જ પ્રવર્ત્તે છે. આ અનિવાર્ય સંબંધને લીધે જેને જ્ઞાતા અને જ્ઞેયના ભિન્નપણાનું ભાન નથી તે અજ્ઞાનીને જ્ઞેયમાં જ્ઞાતાપણાની ને જ્ઞાતામાં જ્ઞેયપણાની ભ્રાંતિ થાય છે, એટલે તે જ્ઞાનને જ્ઞેય ને જ્ઞેયને જ્ઞાન માની બેસી - બન્નેનો 'એક અંત' - ધર્મ - 'એકાંત' માની બેસી એ બન્નેની સેળભેળ મિશ્રતા કરી નાંખે છે, એટલે સ્વરૂપ જ્ઞાનના અને પરરૂપ જ્ઞેયના અજ્ઞાનને લીધે અનેક પ્રકારની એકાંતિક કલ્પનાઓ કરી - અનેક પ્રકારના 'એકાંતને' ભજતો રહી આત્મનાશને નોતરે છે, 'आत्मानं नाशयति,' પણ જેને જ્ઞાતા અને જ્ઞેયના ભિન્નપણાનું પ્રગટ ભાન છે તે જ્ઞાનીને તો જ્ઞેયમાં જ્ઞાતાપણાની કે જ્ઞાતામાં જ્ઞેયપણાની ભ્રાંતિ ઉપજતી નથી. તે તો જ્ઞાતાને જ્ઞાતા ને જ્ઞેયને જ્ઞેય જાણે છે, બન્નેના એક નહિ એવા ભિન્ન ભિન્ન 'અનેક અંત' - ગુણધર્મ જાણે છે, એટલે તે બન્નેની સેળભેળ મિશ્રતા ન કરતાં, સ્વરૂપ જ્ઞાનની ને પરરૂપ જ્ઞેયની પ્રગટ ભિન્નતા જાણતો સતો, 'અનેકાંતને' અવલંબતો રહે છે અને જ્ઞાનમાત્રરૂપ સ્વરૂપથી તત્ત્વ છે, જ્ઞેયરૂપ પરરૂપથી અતત્ત્વ છે, ઈ. પ્રકારે બે પરસ્પર વિરુદ્ધ શક્તિનું પ્રકાશ કરતો આ અનેકાંત જ તેને સર્વ પ્રકારના એકાંતમાંથી બચાવી લઈ 'ઉજ્જીવાવે છે' - ઉત્કટપણે જીવાવે છે - જીવાડે છે - अनेकांत एव तमुज्जीवयति । **આટલી સામાન્ય પ્રસ્તાવના કરી ઉક્ત ચૌદ પ્રકારના** એકાંત પ્રકારોથી નાશ પામતા આત્માને અનેકાંત કેવી રીતે 'ઉજ્જીવાવે છે', તેનો હવે અનુક્રમે **પરમતત્ત્વ દૃષ્ટા અમૃતચંદ્રજીએ** પ્રદર્શિત કર્યા પ્રમાણે વિચાર કરશું.

(૧) જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ - **'શેષ'** - બાકીના ભાવો સાથે **'સ્વરસભરથી'** - આપોઆપ જ **'પ્રવૃત્ત'** - પ્રવર્ત્તેલ જ્ઞાતૃ - જ્ઞેય સંબંધપણાએ કરીને અનાદિ જ્ઞેય પરિણમનને લીધે, 'स्वरसभरप्रवृत्त-ज्ञातृज्ञेयसंबंधतयाऽनादिज्ञेयपरिणमनात्', જ્ઞાનપણું પરરૂપે **'પ્રતિપન્ન કરી'** - માની બેસી, અજ્ઞાની થઈને તે જ્ઞેય એવા પરરૂપ પ્રત્યે ગમન કરતો નાશ પામે છે, ત્યારે 'स्वरूपेण तत्त्वं' - **સ્વરૂપથી તત્ત્વ 'દ્યોતીને'** - પ્રકાશીને જ્ઞાતાપણે પરિણમન થકી જ્ઞાની કરતો **અનેકાંત જ તેને ઉદ્ગમાવે છે** - 'ज्ञातृत्वेन ज्ञानी कुर्वन् अनेकांत एव तमुद्गमयति', અર્થાત્ ઉપરમાં કહ્યું તેમ આત્મા જ્ઞાનમાત્ર ભાવરૂપ જ્ઞાતા છે, તેને બાકીના વિશ્વભાવો સાથે **'સ્વરસથી'** - સહજ સ્વભાવે જ પ્રવર્ત્તેલો જ્ઞાતૃ-જ્ઞેય સંબંધ તો છે જ, આ સહજ સંબંધને લઈ જ્ઞાતા જ્ઞેયને જાણે ને જ્ઞેય જ્ઞાતાથી જણાય એ તો બરાબર જ છે, પણ જ્ઞાતા જ્ઞેયને જ્ઞાન માની બેસી તન્મય બની જ્ઞેયરૂપ પરિણમન કરે તે બરાબર નથી, કારણકે જાણનાર તે જણાનાર નથી ને જણાનાર તે જાણનાર નથી. પણ અનાદિથી 'જ્ઞેય પરિણમનને લીધે' - જ્ઞાનના જ્ઞેયપણે પરિણમનને લીધે જ્ઞાનતત્ત્વને - જ્ઞાનપણાને જ્ઞેયપણે માની - સ્વરૂપને પરરૂપે માની, આ **જ્ઞાનમાત્ર ભાવ** અજ્ઞાની બની, તે જ્ઞેય એવા પરરૂપ પ્રત્યે ગમન - પરિણમન કરતો આત્માનો નાશ કરે છે, ત્યારે ત્હારૂં 'તત્ત્વ' - તત્પણું - જ્ઞાનપણું તો 'સ્વરૂપથી' છે એમ પ્રકાશીને **અનેકાંત** આ જ્ઞાનમાત્ર ભાવરૂપ જ્ઞાતા આત્માને જ્ઞાતાપણે પરિણમન થકી જ્ઞાની કરે છે અને આમ ખરેખરૂં પરમાર્થ જીવન બક્ષી **તેનું ઉજ્જીવન કરે છે.** (૨) અને આથી ઉલટું, જ્યારે આ સર્વ ખરેખર ! આત્મા છે - 'सर्वं वै खल्विदमात्मेति' - એમ અજ્ઞાનપણાને જ્ઞાન સ્વરૂપે **'પ્રતિપન્ન કરી'** - માની બેસી **'વિશ્વોપાદાનથી'** - વિશ્વના ગ્રહણથી આત્માને નાશ પમાડે છે, ત્યારે 'पररूपेण अतत्त्वं' - **પરરૂપથી અતત્ત્વ 'દ્યોતીને'** - પ્રકાશીને વિશ્વથી ભિન્ન - જૂદું જ્ઞાન દર્શાવતો **અનેકાંત જ નાશ પમાડવા દેતો નથી** - 'विश्वाद् भिन्नं ज्ञानं दर्शयन् अनेकांत एव नाशयितुं न ददाति' - અર્થાત્ જ્ઞાતૃ જ્ઞેય સંબંધને લઈ જ્ઞાન વિશ્વને પ્રકાશે છે વા વિશ્વ જ્ઞાનમાં પ્રકાશે છે, એટલે આ સર્વ આત્મા છે - આ વિશ્વ ખરેખર ! બ્રહ્મ છે એમ જ્ઞાન - જ્ઞેયનું એકત્વ - અધ્યાસથી એકપણું માની બેસી, જ્યાં જ્ઞાનનો અભાવ છે એવા અજ્ઞાનપણા રૂપ જ્ઞેયને જ્ઞાન માની - પરરૂપને સ્વરૂપ માની, જ્યારે વિશ્વના ગ્રહણથી આત્માનો નાશ પમાડે છે, ત્યારે પરરૂપથી તો ત્હારૂં અતત્ત્વ છે - અતત્પણું - અજ્ઞાનપણું - જ્ઞાન અભાવપણું છે એમ પ્રકાશીને

**અનેકાંત જ્ઞેયરૂપ વિશ્વથી જ્ઞાતારૂપ જ્ઞાનને જૂદું દર્શાવતો નાશ પમાડવા દેતો નથી.**

(૩) આ જ્ઞાનમાત્ર ભાવ 'સકલ' - સંપૂર્ણ - સમગ્ર (whole) **એક જ્ઞાન આકાર રૂપ છે અને જ્ઞેય અનેક** આકાર છે, તે અનેક આકાર જ્ઞાતૃ-જ્ઞેય સંબંધને લઈ જ્ઞાનમાં પ્રતિબિંબે છે, એટલે જેને જ્ઞાન અને જ્ઞેયના ભેદનું ભાન નથી તે અજ્ઞાની આ અનેક જ્ઞેય આકાર તે હું છું એમ માની તે **અનેક જ્ઞેય** આકારોથી પોતાના એક **જ્ઞાન** આકારને ખંડિત - ખંડ કરે છે. આમ જ્યારે અનેક જ્ઞેય આકારોથી જેનો 'સકલ' - સંપૂર્ણ - સમગ્ર એક જ્ઞાન આકાર ખંડિત થયેલો છે એવો આ 'જ્ઞાનમાત્ર' - કેવલ જ્ઞાનરૂપ ભાવ નાશ પામે છે, ત્યારે ત્હારો આકાર તો એક અખંડ સકલ એક જ્ઞાનરૂપ છે, આ અનેક આકારો ત્હારા જ્ઞાનમાં પ્રતિબિંબિત થવાથી તને તે એકાકાર જ્ઞાન અનેક રૂપ પ્રતિભાસે છે, પણ તે અનેક જ્ઞેય આકારો તું નથી, તું તો દ્રવ્યથી એક જ છો, એમ **દ્રવ્યથી એકત્વ** - એકપણું - 'द्रव्येण एकत्वं' - **દ્યોતતો** - જ્વલાંતપણે પ્રકાશતો **અનેકાંત જ તેને 'ઊજ્જીવાવે છે'** - ઉત્કટપણે જીવાવે - જીવાડે છે - अनेकांत એવ तमुज्जीवयति । (૪) અને આથી ઉલટું - હું તો એક જ્ઞાનાકાર છું એમ જાણી જ્યારે એક જ્ઞાન આકારના 'ઉપાદાન' - ગ્રહણ અર્થે અનેક જ્ઞેય આકારના ત્યાગથી આત્માને - પોતાને નાશ પમાડે છે, ત્યારે 'पर्यायैरनेकत्वं' - **પર્યાયોથી અનેકત્વ** - અનેકપણું 'દ્યોતતો' - જ્વલંતપણે પ્રકાશતો **અનેકાંત જ નાશ પમાડવા દેતો નથી** - अनेकांत एव नाशयितुं न ददाति । કારણકે આવી મુંઝવણમાં **અનેકાંત જ** જીવની રક્ષા કરી **સમ્યગ્ માર્ગ દર્શન** કરાવે છે કે - જ્ઞેયને જાણવું એ જ જ્ઞાનનું સ્વરૂપ છે, પણ જ્ઞેય સાથે તન્મય થવું એ જ્ઞાનનું સ્વરૂપ નથી, માટે તું જ્ઞેય સાથે તન્મય મ થા, પણ જ્ઞેયને જાણવાની ના પાડીશ - જ્ઞેયને જાણવાનો ત્યાગ કરીશ તે કેમ ચાલશે ? આ જ્ઞેય આકારો ત્હારા જ્ઞાનમાં પ્રતિબિંબે છે તો ભલે પ્રતિબિંબે, પણ તું તેથી ભ્રાંતિ મ પામ ! તે જ્ઞેયાકારો ત્હારામાં પ્રતિબિંબે છે, તદાકાર પરિણામે ત્હારૂં જ્ઞાન પરિણમે છે, તે તો ત્હારા જ્ઞાનના પર્યાયો છે, એટલે પર્યાયોથી ત્હારૂં અનેકપણું છે, એમ પ્રકાશતો **અનેકાંત** જ આત્માને આત્મનાશ કરવા દેતો નથી.

(૫) જ્ઞાતૃ-જ્ઞેય સંબંધ તો અનિવાર્ય છે, પણ જ્ઞાતૃ-જ્ઞેયની ભિન્નતા છે, તે ભિન્નતાને નહિં જાણતો અજ્ઞાની જાણવામાં આવી રહેલ જ્ઞેયરૂપ પરદ્રવ્ય - પરિણામે પરિણમન કરે છે, એટલે આ જ્ઞેય તે હું છું એમ જ્ઞાતૃ દ્રવ્ય પોતાને પરદ્રવ્યપણે માની બેસી નાશ પામે છે, ત્યારે **અનેકાંત** જ તેને **સમ્યગ્ જ્ઞાન પ્રકાશ** અર્પી સાચું દર્શન કરાવે છે કે - જો ! **જ્ઞેય પરદ્રવ્ય** તો ત્હારાથી જૂદું છે, ત્હારા જ્ઞાન સ્વભાવને લઈ તું જ્ઞેયને જાણે છે, પણ તે તું નથી. એટલે પરદ્રવ્યપણે તું પોતાને માની બેસી શાને નાશ પામે છે ? ત્હારૂં **'સત્ત્વ'** - અસ્તિત્વ - હોવાપણું તો ત્હારા પોતાના **'સ્વ' દ્રવ્યથી** છે. આમ **અનેકાંત** જ જ્યારે 'જ્ઞાયમાન - જાણવામાં આવી રહેલ પરદ્રવ્ય પરિણમનને લીધે જ્ઞાતૃ દ્રવ્યને પરદ્રવ્ય પણે 'પ્રતિપન્ન કરી' - માની બેસી નાશ પામે છે, ત્યારે 'स्वद्रव्येण सत्त्वं' - **સ્વદ્રવ્યથી 'સત્ત્વ'** - સત્પણું - અસ્તિત્વ - હોવાપણું **'દ્યોતતો'** - જ્વલંતપણે પ્રકાશતો **અનેકાંત જ તેને 'ઉજ્જીવાવે'** છે - ઉત્કટપણે જીવાડે છે - જીવંત રાખે છે - अनेकांत एव तमुज्ञीवयति । (૬) અને આથી ઉલટું - જ્યારે સર્વદ્રવ્યો હું જ છું એમ પરદ્રવ્યને જ્ઞાતૃ દ્રવ્યપણે 'પ્રતિપન્ન કરી' - માની બેસી આત્માને નાશ પમાડે છે, ત્યારે પરદ્રવ્યથી તું છો નહિ - ત્હારૂં **'અસત્ત્વ'** - નહિ હોવાપણું છે એમ 'परद्रव्येण असत्त्वं' - **પરદ્રવ્યથી 'અસત્ત્વ'** - અસત્ પણું - અનસ્તિત્વ - નાસ્તિત્વ - નહિ હોવાપણું **'દ્યોતતો'** - ઉત્કટપણે પ્રકાશતો **અનેકાંત જ નાશ પમાડવા દેતો નથી.**

**(૭) જ્ઞાન સ્વક્ષેત્રમાં - પોતાના ક્ષેત્રમાં રહ્યું છે ને જ્ઞેય પણ સ્વક્ષેત્રમાં - તેના પોતાના ક્ષેત્રમાં રહ્યું છે. જ્ઞાન પર એવા જ્ઞેય ક્ષેત્રમાં જતું નથી ને જ્ઞેય જ્ઞાનના સ્વક્ષેત્રમાં આવતું નથી, એટલે જ્ઞાન જ્ઞેયરૂપ પરક્ષેત્રગત નથી ને જ્ઞેય જ્ઞાનરૂપ સ્વક્ષેત્રાગત નથી, આમ સ્વ-પર એવા જ્ઞાન - જ્ઞેયની સ્વ સ્વક્ષેત્રથી ભિન્નતા છે, છતાં બન્ને વચ્ચે જ્ઞાતૃ-જ્ઞેય સંબંધ તો છે જ, એટલે એ સંબંધમાં પણ જેને ભિન્નતાનું ભાન નથી એવો અજ્ઞાની પરક્ષેત્રગત જે જ્ઞેયાર્થ - જ્ઞેય પદાર્થ છે તેને સ્વ માનતો તદ્રૂપ - જ્ઞેયરૂપ પરિણમન**

**કરે છે અને તે પરક્ષેત્રથી જ્ઞાનનું અસ્તિત્વ - હોવાપણું છે - પરક્ષેત્રથી જ્ઞાન સત્ છે એમ માની બેસી જ્યારે નાશ પામે છે, ત્યારે ત્હારૂં 'અસ્તિત્વ'** - હોવાપણું તો **સ્વક્ષેત્રથી** છે, તું તો સ્વક્ષેત્રે છો, એમ પ્રકાશતો **અનેકાંત** જ પરમાર્થથી જીવંત રાખે છે. આમ જ્યારે 'પરક્ષેત્રગત' - પરક્ષેત્રે રહેલ જ્ઞેયાર્થ પરિણમનને લીધે પરક્ષેત્રે જ્ઞાન છે એમ ભ્રાંતિ પામી, પરક્ષેત્રથી જ્ઞાનને 'સત્' - હોવારૂપ - અસ્તિત્વ સંપન્ન 'પ્રતિપન્ન કરી' - માની બેસી નાશ પામે છે, ત્યારે અલ્યા ! ત્હારૂં અસ્તિત્વ - હોવાપણું તો સ્વક્ષેત્રમાં જ છે - આત્મક્ષેત્રમાં જ છે એમ 'स्वक्षेत्रेणास्तित्वं' - **સ્વક્ષેત્રથી અસ્તિત્વ** - હોવાપણું **'દ્યોતતો'** - જ્વલંતપણે પ્રકાશતો **અનેકાંત જ તેને 'ઉજ્જીવાવે છે'** - ઉત્કટપણે જીવાડે છે. (૮) અને આથી ઉલટું - જ્યારે સ્વક્ષેત્રે ભવનાર્થે - હોવા અર્થે પરક્ષેત્રગત જ્ઞેયાકારના ત્યાગથી જ્ઞાનને 'તુચ્છ' - નિઃસાર કરતો આત્માને નાશ પમાડે છે, ત્યારે આ જ્ઞાન તો સ્વક્ષેત્રમાં જ રહીને પરક્ષેત્રગત જ્ઞેયાકારને પરિણમવાના સ્વભાવવાળું છે - 'स्वक्षेत्र एव परक्षेत्रगत ज्ञेयाकार परिणमनस्वभावत्वात्' - એટલે **પરક્ષેત્રથી** એનું અસ્તિત્વ - હોવાપણું છે નહિ એમ સમજાવી, 'परक्षेत्रेण नास्तित्वं' - **પરક્ષેત્રથી નાસ્તિત્વ** - નહિ હોવાપણું **'દ્યોતતો'** - જ્વલંતપણે પ્રકાશતો **અનેકાંત જ નાશ પમાડવા દેતો નથી.** અર્થાત્ હું તો સ્વક્ષેત્રે છું અને જ્ઞેય તો પરક્ષેત્રે છે, એટલે આ પરક્ષેત્રગત જ્ઞેયને હું જાણીશ, તો મ્હારે સ્વક્ષેત્રનો ત્યાગ કરવો પડશે અને એમ તો કેમ બને ? એટલે હું તો સ્વક્ષેત્રમાં રહેવા માટે પરક્ષેત્રગત જ્ઞેયાકારનો ત્યાગ જ કરીશ, એમ માની સ્વક્ષેત્રમાં ભવનાર્થે - હોવા અર્થે જે પરક્ષેત્રગત જ્ઞેયાકારનો ત્યાગ કરે છે, તે જ્ઞાનમાં કોઈ જ્ઞેયાકારના પ્રતિબિંબ અભાવે જ્ઞાનને ખાલીખમ - 'તુચ્છ' - નિઃસાર કરે છે અને આમ જ્ઞાનને તુચ્છ કરતો તે આત્માને નાશ પમાડે છે - 'ज्ञानं तुच्छीकुर्वन्नात्मानं नाशयति' - આમ જ્યારે બને છે, ત્યારે **અનેકાંત જ સત્ય માર્ગદર્શક** થઈ પડી, **જ્ઞાન પ્રકાશ** અર્પે છે કે - જ્ઞાન તો સ્વક્ષેત્રમાં જ રહી - **સ્વક્ષેત્રે જ સ્થિત સતું પરક્ષેત્રગત જ્ઞેયાકારને** જાણે છે, સ્વક્ષેત્રે જ સ્થિતિ કરતાં તેનો પરક્ષેત્રગત જ્ઞેયાકાર પરિણમન સ્વભાવ છે, એટલે સ્વક્ષેત્રમાં ભવનની - હોવાની જરા પણ ચિંતા ત્હારે કરવાની જરૂર નથી, **જ્ઞાન તો સ્વક્ષેત્રે જ છે, પરક્ષેત્રથી તો ત્હારૂં 'નાસ્તિત્વ'** - નહિ હોવાપણું છે, એમ પ્રકાશતો **અનેકાંત** જ નાશમાંથી બચાવી લે છે.

(૯) જ્ઞાન સ્વકાળથી વર્તે છે ને જ્ઞેય પણ સ્વકાળથી વર્તે છે, છતાં જ્ઞાન અને જ્ઞેયનો જ્ઞાતૃ-જ્ઞેય સંબંધ છે, એટલે જેને જ્ઞાન અને જ્ઞેયનું સ્વસ્વકાળથી ભિન્નપણું જ્ઞાત નથી, તે તો ભ્રાંતિ પામી, જ્ઞેયાર્થનું અવલંબન નથી ત્યારે જ્ઞાનનું અસ્તિત્વ - હોવાપણું નથી એમ માની બેસી, પૂર્વે 'આલંબિત' - આલંબન કરેલ જ્ઞેય અર્થનો જ્યારે વિનાશ થાય છે, ત્યારે જ્ઞાનનો પણ વિનાશ થાય છે એમ સમજે છે, એટલે આમ જ્યારે 'પૂર્વાવલંબિત' - પૂર્વે આલંબન કરેલ અર્થના વિનાશકાળે જ્ઞાનનું 'અસત્ત્વ' - અસત્પણું - અનૂઅસ્તિત્વ - નહિ હોવાપણું 'પ્રતિપન્ન કરી' - માની બેસી નાશને પામે છે, ત્યારે જ્ઞાન તો સ્વકાળે છે એમ 'स्वकालेन सत्त्वं' - **સ્વકાળથી 'સત્ત્વ'** - સત્પણું - અસ્તિત્વ - હોવાપણું **'દ્યોતતો'** - જ્વલંતપણે પ્રકાશતો **અનેકાંત જ તેને 'ઉજ્જીવાવે' છે**, ઉદ્દામપણે જીવાડે છે, અર્થાત્ જ્ઞેયાર્થ ભલે તેના સ્વકાળે-વિનાશ પામતું હોય, પણ ત્હારૂં અસ્તિત્વ - હોવાપણું કાંઈ તેને આધીન નથી, ત્હારૂં અસ્તિત્વ - હોવાપણું તો ત્હારા પોતાના સ્વકાળથી છે, એમ **તત્ત્વપ્રકાશ** અર્પતો **અનેકાંત** જ નાશ પામવા ન દેતાં, જીવને પરમાર્થથી ઉત્કટપણે જીવતો રાખે છે. (૧૦) અને આથી ઉલટું - જ્યારે અર્થના આલંબન કાળે જ જ્ઞાનનું 'સત્ત્વ' - સત્પણું - અસ્તિત્વ - હોવાપણું 'પ્રતિપન્ન કરી' - માની બેસી, આત્માને નાશ પમાડે છે, ત્યારે અરે ! પરકાલે કરી ત્હારૂં હોવાપણું છે નહિ એમ સમજાવી, 'परकालेन असत्त्वं' - **પરકાળથી 'અસત્ત્વ'** - અસત્પણું - અનૂઅસ્તિત્વ - નહિ હોવાપણું **'દ્યોતતો'** - જ્વલંતપણે પ્રકાશતો **અનેકાંત જ આત્માને નાશ પમાડવા દેતો નથી.**

**(૧૧) જ્ઞાન જ્ઞાનભાવે પરિણમે છે ને જ્ઞેય જ્ઞેયભાવે પરિણમે છે, છતાં જ્ઞાતા-જ્ઞેયનો સંબંધ તો છે જ, એટલે જેને જ્ઞાનભાવ - જ્ઞેયભાવના ભેદનું ભાન નથી તે તો જાણવામાં આવી રહેલા પરભાવ પરિણમનને લીધે** - 'ज्ञायमानपरभावपरिणमनात्' - જ્ઞાયક ભાવને પરભાવપણે 'પ્રતિપન્ન કરી' - માની

બેસી નાશને પામે છે. આમ જ્યારે બનવાનો પ્રસંગ આવે છે ત્યારે ત્હારૂં **'સત્ત્વ'** - હોવાપણું સ્વભાવથી છે, એમ 'स्वभावेन सत्त्वं' - **સ્વભાવથી 'સત્ત્વ'** - સત્‌પણું - અસ્તિત્વ - હોવાપણું **'દ્યોતતો'** - ઉત્કટપણે પ્રકાશતો **અનેકાંત જ 'ઉજ્જીવાવે' છે** - ઉત્કટપણે જીવાડે છે. (૧૨) અને આથી ઉલટું - જ્યારે સર્વે ભાવો હું જ છું - 'सर्वे भावा अहमेव' એમ પરભાવને જ્ઞાયકભાવ પણે **'પ્રતિપન્ન કરી'** - માની બેસી આત્માને નાશ પમાડે છે, ત્યારે અરે ! પરભાવથી તો ત્હારૂં **'અસત્ત્વ'** - અનસ્તિત્વ - નહિ હોવાપણું છે, એમ 'परभावेन असत्त्वं' - **પરભાવથી 'અસત્ત્વ'** - અસત્‌પણું - અનૂઅસ્તિત્વ - નાસ્તિત્વ - નહિ હોવાપણું **'દ્યોતતો'** - જ્વલંતપણે પ્રકાશતો **અનેકાંત જ તેને નાશ પમાડવા દેતો નથી.**

(૧૩) જ્ઞાતૃ-જ્ઞેય સંબંધને લીધે જ્ઞેય જ્ઞાનમાં પ્રતિબિંબે છે, તેથી ક્ષણે ક્ષણે પલટાતા અનિત્ય જ્ઞેય વિશેષોથી अनित्यज्ञानाविशेषैः - જ્ઞાનમાં તેવા તેવા જ્ઞેયાકાર વિશેષો પ્રતિભાસે છે, એટલે જેને જ્ઞાન - જ્ઞેયના ભેદનું ભાન નથી તે તો એમ માની લે છે કે મ્હારૂં જ્ઞાન 'ખંડિત' ખંડ ખંડ થઈ રહ્યું છે, હું ક્ષણે ક્ષણે નાશ પામી રહ્યો છું. આમ જ્યારે, ક્ષણે ક્ષણે પલટાતા અનિત્ય જ્ઞાન વિશેષોથી 'खंडित नित्य ज्ञानसामान्यो' - જેનું નિત્ય એવું જ્ઞાન સામાન્ય ખંડિત - ખંડ ખંડ થાય છે, એવો આ જ્ઞાનમાત્ર ભાવ નાશ પામે છે, ત્યારે 'ज्ञानसामान्यरूपेण नित्यत्वं' - જ્ઞાનસામાન્ય રૂપથી નિત્યત્વ - નિત્યપણું સદાસ્થાયિપણું 'દ્યોતતો' - જ્વલંતપણે પ્રકાશતો અનેકાંત જ તેને 'ઉજ્જીવાવે છે' - ઉત્કટપણે જીવાડે છે - अनेकांत एव तमुज्जीवयति । (૧૪) અને આથી ઉલટું, જ્ઞાનસામાન્ય તો નિત્ય - સદાસ્થાયિ છે અને વિશેષો તો અનિત્ય છે - આવે છે ને જાય છે, એટલે જ્યારે નિત્ય - સદાસ્થાયિ જ્ઞાનસામાન્યના 'ઉપાદાન' - ગ્રહણ અર્થે અનિત્ય - અસ્થાયિ એવા જ્ઞાનવિશેષોના ત્યાગથી - 'अनित्यज्ञानविशेष त्यागेन' - આત્માને નાશ પમાડે છે, ત્યારે જ્ઞાનવિશેષ રૂપથી અનિત્યપણું - 'ज्ञानविशेषरूपेणानित्यत्वं' - દ્યોતતો - જ્વલંતપણે પ્રકાશતો અનેકાંત જ તેને નાશ પમાડવા દેતો નથી - अनेकांत एव तं नाशयितुं न ददाति ।

भवंति चात्र श्लोकाः -

शार्दूलविक्रीडित

**बाह्यार्थैःपरिपीतमुज्झितनिजप्रव्यक्तिरिक्तीभव -**
**द्विश्रांतं पररूप एव परितो ज्ञानं पशोः सीदति ।**
**यत्तत्तु सदिह स्वरूपत इति स्याद्वादिनस्तत्पुन -**
**र्दूरोन्मग्नघनस्वभावभरतः पूर्णं समुन्मज्जति ॥२४८॥**

બાહ્યાર્થોથી પીધેલ ત્યક્ત જ નિજ વ્યક્તિથી ખાલી થતું,
વિશ્રામ્યું પરરૂપમાં જ પશુનું જ્ઞાનં બધે સીદતું;
જે તત્ તે અહિં તત્ સ્વરૂપથી ઈતિ સ્યાદ્વાદીનું તે છતું,
દૂરોન્મગ્ન ઘન સ્વભાવભરથી પૂર્ણ સમુન્મજ્જતું. ૨૪૮

## અમૃત પદ - ૨૪૮

'ધાર તરવારની સોહલી' એ રાગ

બાહ્ય અર્થોથી પીવાયલું સર્વથા, ત્યક્ત નિજ વ્યક્તિથી રિક્ત થાતું,
વિશ્રાંત પરરૂપમાંહિ જ થયેલું અરે ! જ્ઞાન પશુનું બધેથી સીદાતું;
'જે તત્ તે અહિં, સ્વરૂપથી તત્' સહી, એમ સ્યાદ્વાદીનું જ્ઞાન થાતું,
દૂર ઉન્મગ્ન ઘન સ્વભાવના ભર થકી, પૂર્ણ સમુન્મજ્જતું ઘન ભરાતું...

**અર્થ** - બાહ્ય અર્થથી પરિપીત (સર્વથા પીવાઈ ગયેલું), છોડી દીધેલી નિજ પ્રવ્યક્તિઓથી રિક્ત (ખાલી) થતું, એવું પર રૂપમાં જ વિશ્રાંત થયેલું પશુનું (અબૂઝ જીવનું) જ્ઞાન પરિત (ચોપાસથી, સર્વથા) સીદે છે, પણ જે તત્ તે અહીં 'સ્વરૂપથી તત્' છે એવું સ્યાદ્‌વાદીનું તે (જ્ઞાન) પુનઃ દૂર ઉન્મગ્ન ઘન સ્વભાવ ભરથી પૂર્ણ એવું સમુન્મજ્જે છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"પ્રથમ પદમાં એમ કહ્યું છે કે - હે મુમુક્ષુ, એક આત્માને જાણતા સમસ્ત લોકાલોકને જાણીશ અને સર્વ જાણવાનું ફળ પણ એક આત્મપ્રાપ્તિ છે, માટે આત્માથી જૂદા એવા બીજા ભાવો જાણવાની વારંવારની ઈચ્છાથી તું નિવૃત્ત અને એક નિજ સ્વરૂપને વિષે દૃષ્ટિ દે, કે જે દૃષ્ટિથી સમસ્ત સૃષ્ટિ જ્ઞેયપણે તારે વિષે દેખાશે. તત્ત્વરૂપ એવાં સત્શાસ્ત્રમાં કહેલા માર્ગનું પણ આ તત્ત્વ છે."

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૩૧**

ઉપરમાં ભગવતી **'આત્મખ્યાતિ'ના** ગદ્ય વિભાગમાં અનેકાંત સિદ્ધાંતનો અપૂર્વ મર્મ પ્રકાશતા ચૌદ પૂર્વ સમા અપૂર્વ ચૌદ પ્રકારો સ્પષ્ટ નિષ્તુષ દૃષ્ટિવાદ યુક્તિથી વિવરી દેખાડી **ભગવદ્ અમૃતચંદ્રાચાર્યજીએ** અનેકાંતનો મહામહિમા સુપ્રતિષ્ઠિત કર્યો, તે જ વસ્તુને કિંચિત્ પ્રકારાંતરે ગ્રથિત કરવા ચૌદ પૂર્વ સમા આ અપૂર્વ ચૌદ શાર્દૂલવિક્રીડિત શ્લોકોમાં પુરુષશાર્દૂલ **પુણ્યશ્લોક અમૃતચંદ્રજી પરમાર્થ મહાકવિએ** અનેકાંતનો મહામહિમા ઉત્કીર્ત્તન કરતી વીર ગર્જના કરી છે. તેમાં - આ પ્રથમ શ્લોકમાં **'સ્વરૂપથી તત્ત્વ'** છે - 'स्वरूपेण तत्त्वं' - એ પ્રકાર પરમ સુંદર હૃદયંગમ પ્રકારે **સ્વભાવોક્તિમય તાદૃશ્ય શબ્દચિત્રથી** આલેખ્યો છે - ज्ञानं पशोः सीदति - **'પશુનું'** - અબૂઝ ગમાર પશુ જેવા અજ્ઞાનીનું જ્ઞાન **'સીદે છે'** - સીદાય છે - હેઠે - નીચે ઉતરતું જાય છે - ડૂબતું જાય છે (sinks). આ પશુનું જ્ઞાન તે કેવુંક છે કે જેથી તે સીદતું જાય છે ? તે બાહ્ય અર્થોથી પરિપીત છે - 'बाह्यार्थैःपरिपीतम्', **'બાહ્ય'** - આત્મબાહ્ય - જ્ઞાન બાહ્ય - જ્ઞાનથી બ્હારના જ્ઞેય અર્થોથી - પદાર્થોથી **'પરિપીત'** - સર્વથા ચારે કોરથી પીવાઈ ગયેલું છે, એટલું જ નહિ પણ જે નિજ પ્રવ્યક્તિઓથી રિક્ત થઈ રહ્યું છે - 'निजप्रव्यक्तिरिक्तीभवद्', **'નિજ'** -

પોતાની (જ્ઞાનની) 'પ્રવ્યક્તિઓથી' - પ્રકૃષ્ટ પ્રકટ 'વ્યક્તિઓથી' - આવિષ્કૃતિઓથી 'રિક્ત' - ખાલી થઈ રહ્યું છે. જેમ કોઈ ઘડો પાણીથી ભર્યો હોય તે એક બાજુથી પીવાતો જાય અને બીજી બાજુ કાણામાંથી પાણી વહતો જાય, તો ઓર ને ઓર ખાલીખમ (Empty) થતો જાય અને તેની સપાટી (Level) સીદતી જાય' - નીચે ઉતરતી જાય, તેમ આ આત્મ - ઘટ જ્ઞાન - રસથી ભર્યો છે, તે એકબાજુથી બાહ્ય જ્ઞેય પદાર્થોથી પીવાતો જાય અને બીજી બાજુથી પોતાની નિજ વ્યક્તિઓ મિથ્યાત્વ - કાણામાંથી બ્હાર વહતી જાય, તો તે ઉત્તરોત્તર 'રિક્ત' - ખાલી થતો જાય અને તેની પારાશીશી - સપાટી (Level) સીદતી જાય' - નીચે ઉતરતી જાય એમાં શું આશ્ચર્ય ? જેમ કોઈ સરોવર જલથી ભર્યું હોય, તે એક બાજુ અસંખ્ય જનોથી પીવાતું જાય અને બીજી બાજુ મોટા મોટા ગરનાળાઓમાંથી બ્હાર સ્રવી - વહી જતું જાય તો તે ઓર ને ઓર ખાલી થતું જઈ તેની સપાટી સીદતી જાય - નીચે ને નીચે ઉતરતી જાય, તેમ આ ચૈતન્ય - અમૃત સરોવર જ્ઞાન - અમૃતરસથી ભર્યું છે, તે એક બાજુ અનંત બાહ્ય જ્ઞેય પદાર્થોથી પીવાતું જાય અને તેની નિજ વ્યક્તિઓથી મોટા મોટા મિથ્યાત્વાદિ આસ્રવ - ગરનાળામાંથી બ્હાર વહી જતું જાય, તો તે અધિકાધિક 'રિક્ત' - ખાલી (Empty) થતું જઈ તેની સપાટી 'સીદતી જાય' - નીચે ને નીચે ઉતરતી જાય (sinking) એમાં શું આશ્ચર્ય ? અને આમ બાહ્યાર્થોથી પીવાઈ ગયેલું તે નિજ વ્યક્તિઓથી - સ્વરૂપ આવિષ્કારોથી ખાલી થતું જાય છે તેનું પણ કારણ શું છે ? તે ચોપાસથી પરરૂપમાં જ વિશ્રાંત થયેલું છે તે - 'विश्रांतं पररूप एव परितो', તે 'પરિતઃ' - બધી બાજુથી સર્વથા આત્માથી - પોતાથી અતિરિક્ત - પર એવા પરરૂપમાં જ 'વિશ્રાંત' - વિશ્રામ પામી રહેલું છે તે. જેમ કોઈ પરઘરમાં લાંબા વખતથી વસતાં તે તેને ગોઠી જાય છે, એટલે તે પોતાનું નિજ ઘર ભૂલી જઈ - પરોથી પોતાનું સર્વસ્વ લૂંટાતા છતાં - તે પરઘરમાં જ આરામથી વિશ્રામ કરે છે ! તેમ આ અજ્ઞાની જીવ 'પરરૂપ' - પર ઘરમાં અનાદિથી નિવાસ કરી રહ્યો છે ને તે તેને સારી પેઠે ગોઠી ગયું છે, એટલે તે પોતાનું 'નિજ' જ્ઞાનમય ચૈતન્ય - ગૃહ ભૂલી જઈ - પર જ્ઞેય પદાર્થોથી પોતાનું જ્ઞાન ધન - સર્વસ્વ લૂંટાતા છતાં તે 'પરરૂપ' પરધામમાં જ ધામા નાંખી પડ્યો રહી આરામથી વિશ્રામ કરે છે ! એટલે આમ 'પરિતઃ' - બધી બાજુથી પરરૂપમાં જ વિશ્રાંત થયેલું એકાંત મિથ્યાત્વ ગ્રસ્ત 'પશુ'નું જ્ઞાન જ્ઞેય પરપદાર્થોથી પીવાઈ ગયેલું હોઈ, પોતાના આવિષ્કાર માટે (manifestation) બાકી (Balance) રહેતું ન હોવાથી, ખાલીખમ બની પરિતઃ સીદે છે - હેઠું - નીચું ઉતરતું જાય છે.

અને આમ જ્ઞાન ને જ્ઞેય 'એક નહિ એવા' અનેક છે, છતાં તે બન્નેનો 'એક અંત' - ધર્મ માની બેસવા રૂપ 'એકાંત'ને ભજનારા પશુનું જ્ઞાન ભલે સીદતું હો, પણ જ્ઞાન અને જ્ઞેયના એક નહિ એવા 'અનેક' - ભિન્ન ભિન્ન 'અંત' - ધર્મ દેખવા રૂપ 'અનેકાંત'ને ભજનારા સ્યાદ્વાદ - દર્શીનું તે પુનઃ સમુન્મજ્જે છે - 'स्याद्वादिनस्ततपुनः समुन्मज्जति', સમુન્મગ્ન થાય છે, 'સં' - સમ્યક્ પ્રકારે ઉન્મગ્ન થાય છે, 'મગ્ન' - ડૂબેલી દશામાંથી બ્હાર નીકળી 'ઉત્' - ઉત્કટપણે ઉંચે આવે છે, ઉંચી ને ઉંચી દશા પામી તરતું જાય છે. સ્યાદ્વાદદર્શીનું તે જ્ઞાન કેવું છે અને કેવી રીતે સમુન્મજ્જે છે ? 'यत्तत्तत्तदिह स्वरूपत इति' - જે તત્ છે તે જ 'સ્વરૂપથી તત્' છે એવું તે સ્યાદ્વાદદર્શીનું જ્ઞાન છે અને તે દૂર ઉન્મગ્ન ઘન સ્વભાવ ભરથી પૂર્ણ સમુન્મજ્જે છે - 'दूरोन्मग्नघनस्वभावभरतो पूर्णं समुन्मज्जति', 'દૂર' - ઉંચે સુધી 'ઉન્મગ્ન' - મગ્ન - ડૂબેલ દશામાંથી ઉંચે આવેલ - તરતા થયેલ 'ઘન' - જ્યાં પરભાવનો સમયમાત્ર પણ પરમાણુ માત્ર પણ પ્રવેશ સર્વથા અસંભવ છે એવા અનવકાશ નક્કર - સર્વ પ્રદેશે - તન્મય - જ્ઞાનમય સ્વભાવના 'ભરથી' - ભરાવાથી પૂર્ણ - ભરપૂર સમુન્મજ્જે છે, સમુન્મગ્ન થાય છે, સમ્યક્ પ્રકારે ઉન્મગ્ન થાય છે, મગ્ન - ડૂબેલી દશામાંથી બ્હાર નીકળી ઉંચે આવે છે, **ઉત્તરોત્તર ઉંચી ને ઉંચી જ્ઞાનદશાને પામતું જઈ છેવટે પૂર્ણપણાને પામી ઉન્મજ્જે છે** - તરતું થાય છે, અર્થાત્ પરભાવ - વિભાવનો પ્રવેશ ન થવા પામે એમ સ્વભાવમાં સ્થિતિ કરતા જીવનો જેમ જેમ ઘન સ્વભાવ ઉન્મગ્ન થાય છે, તેમ તેમ આ જ્ઞાન ઉન્મજ્જતું જઈ - ઉંચી ઉંચી દશા પામી પૂર્ણ થાય છે.

**विश्वं ज्ञानमिति प्रतर्क्य सकलं दृष्ट्वा स्वतत्त्वाशया,**
**भूत्वा विश्वमयः पशुः पशुरिव स्वच्छंदमाचेष्टते ।**
**यत्तत्तत्पररू तो न तदिति स्याद्वाददर्शी पुन -**
**र्विश्वाद्भिन्नमविश्वविश्वपरितं तस्य स्वतत्त्वं स्पृशेत् ॥२४९॥**

વિશ્વ જ્ઞાન પ્રતર્કી સર્વ જ નિજં તત્ત્વાશથી દેખતો,
થૈને વિશ્વમયો પશુ જ પશુ શું સ્વચ્છંદ આચેષ્ટતો;
'જે તત્ તે પરરૂપથી નહિ જ તત્' સ્યાદ્વાદદર્શી દશે,
જીદું વિશ્વથી વિશ્વ વિશ્વ અઘડ્યું તેનું સ્વતત્ત્વ સ્પૃશે. ૨૪૯

## અમૃત પદ - ૨૪૯

'ધાર તરવારની' એ રાગ

વિશ્વને જ્ઞાન માની સ્વ તત્ત્વાશથી, વિશ્વને દેખતો જે ફરે છે,
વિશ્વમય થઈ જ અજ્ઞાની તે તો પશુ, પશુ શું સ્વચ્છંદ ચેષ્ટા કરે છે...
'જેહ તત્ તેહ તત્ નહિ પરરૂપથી', એમ જે હોય સ્યાદ્વાદદર્શી,
વિશ્વથી ભિન્ન તે અવિશ્વ વિશ્વે ઘડ્યા, તેના સ્વતત્ત્વનો હોય સ્પર્શી...

**અર્થ** - વિશ્વ જ્ઞાન છે એમ પ્રતર્કીને (પ્રતર્ક કરીને) સકલને સ્વ તત્ત્વઆશાથી દેખી, વિશ્વમય થઈને પશુ પશુની જેમ સ્વચ્છંદ આચેષ્ટા કરે છે, પણ જે તત્ તે તત્ પરરૂપથી તત્ નથી' એમ સ્યાદ્વાદ દર્શી પુનઃ વિશ્વથી ભિન્ન, વિશ્વ (સકલ) વિશ્વથી અઘડ્યું - ઘડેલું નહિ એવું તેનું સ્વતત્ત્વ સ્પર્શે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''વિશ્વમાં જીવ અભેદતા માને છે એ જ ભ્રાંતિ છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૩૩**

''પરરૂપે કરી તત્ત્વપણું નહીં, સ્વસત્તા ચિદ્રૂપ... સુગ્યાની.'' - **શ્રી આનંદઘનજી**

આગલા શ્લોકમાં - કળશ કાવ્યમાં કહ્યું તેથી ઉલટું 'पररूपेण अतत्त्वं' - પરરૂપથી અતત્ત્વ છે એ બીજો પ્રકાર સુંદર સ્વભાવોક્તિમય તાદૃશ્ય શબ્દચિત્ર આલેખી આ કળશ કાવ્યમાં* મહાન્ શબ્દશિલ્પી **અમૃતચંદ્રજીએ** પૂર્ણ તત્ત્વકળાથી દર્શાવ્યો છે - विश्वं ज्ञानमिति प्रतर्क्य - 'વિશ્વ' - સકલ જગત્ જ્ઞાન છે એમ 'પ્રતર્કીને' - પ્રકૃષ્ટ તર્ક કરીને, પ્ર - પ્રકૃષ્ટપણે કૃષ્ટ - ખેંચેલા - લાંબી ખેંચતાણવાળો 'વિપ્રકૃષ્ટ' (far-fetched) અસમંજસ કુતર્ક કરીને, 'સકલ' - બધું ય સ્વતત્ત્વની આશાથી દેખી - 'सकलं दृष्ट्वा-स्वतत्त्वाशया', વિશ્વમય થઈને - 'भूत्वा विश्वमयः', પશુ પશુની જેમ સ્વચ્છંદપણે ચેષ્ટા કરે છે - 'पशुः पशुरिव स्वच्छंदमाचेष्टते' - અર્થાત્ સ્વ - પરનો 'એક' - અદ્વિતીય - અદ્વૈત 'અંત' - ધર્મ માનનારા **'એકાંત'** - ગ્રહથી જે ગૃહીત થયો છે એવો 'પશુ' - પશુ જેવો ગમાર અબૂઝ અજ્ઞાની જીવ, જ્ઞેય એવું આ વિશ્વ - સકલ જગત્ જ્ઞાન છે એમ પ્રતર્ક કરે છે - પ્રકૃષ્ટ - વિપ્રકૃષ્ટ લાંબી ખેંચતાણવાળો અસમંજસ કુતર્ક કરે છે - એટલે અહીં મ્હારૂં પોતાનું સ્વતત્ત્વ મળી આવશે એમ સ્વતત્ત્વ - આશાથી સકલ - સઘળું ય વિશ્વ જોતો ફરે છે અને એમ કરતો તે હું આ વિશ્વ છું એમ સમજી વિશ્વમય થઈ, ગમાર અણસમજુ પશુની જેમ સ્વચ્છંદપણે - પોતાની મરજી મુજબ (Wantonly) ફાવે તેમ સમસ્ત ચેષ્ટા - આચરણ કરે છે.

પણ આથી ઉલટું - જે **સ્યાદ્વાદદર્શી** છે તે તો જે 'તત્' - તે છે 'તત્' - તે **પરરૂપથી 'તત્'** -

**તે નથી એમ દેખે છે** - 'यत्त-तत्पररूपतो न तदिति स्याद्वाददर्शी पुनः **અને એમ દેખતો સ્યાદ્‌વાદદર્શી વિશ્વથી ભિન્ન** એવા **'અવિશ્વ વિશ્વ પરિત'** - અથવા **'અવિશ્વ વિશ્વ ઘટિત'** તેના - **જ્ઞાનના સ્વતત્ત્વને સ્પર્શે** - 'विश्वाद्भिन्नमविश्वविश्व परितं (પાઠાં. घटितं) तस्य स्वतत्त्वं स्पृशेत् ।' **અર્થાત્ 'વિશ્વથી'** - અખિલ જગત્‌થી **'ભિન્ન'** - જૂદું એવું **'વિશ્વ'** - સકલ **'વિશ્વથી'** - જગત્‌થી **'પરિત'** - **પરિવૃત** - પરિવરેલું - ઘેરાયેલું નહિ એવું અથવા **'ઘટિત'** - ઘડાયેલું નહિ એવું તે **જ્ઞાનનું 'સ્વતત્ત્વ'** - પોતાનું તત્ત્વ 'સ્પર્શે' - સ્પર્શ કરે, **'સ્પર્શ જ્ઞાનથી' - આત્માનુભવ જ્ઞાનથી** સાક્ષાત્ અનુભવે.

આમ સ્વ - પરનો 'એક અંત' - **એકાંત ગ્રહનારો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની પશુ,** જ્ઞેય એવા પરરૂપ વિશ્વમાં જ્ઞાન સ્વરૂપને ઢૂંઢવા - શોધવા ગમે તેટલા ફાંફા મારે તો પણ તેના હાથમાં કાંઈ આવતું નથી અને સ્વ - પરના 'અનેક અંત' - અન્ એક - એક નહિં એવા ભિન્ન ભિન્ન 'અંત' - ધર્મ જ્યાં છે એવો **'અનેકાંત'** સમજનારો **સમ્યગ્‌દૃષ્ટિ જ્ઞાની જ્ઞેય એવા પરરૂપ વિશ્વથી ભિન્ન જ્ઞાન સ્વરૂપને સુગમતાથી હાથ કરે છે.**

बाह्यार्थग्रहणस्वभावभरतो विश्वग्विचित्रोल्लस -
ज्ज्ञेयाकारविशीर्णशक्तिरभितस्त्रुट्यन् पशु र्नश्यति ।
एकद्रव्यतया सदाप्युदितया भेदभ्रमं ध्वंसय -
न्नेकं ज्ञानमबाधितानुभवनं पश्यत्यनेकांतवित् ॥२५०॥

બાહ્યાર્થ ગ્રહણ સ્વભાવથી બધે વિચિત્ર ઉલ્લાસતા,
જ્ઞેયાકારથી શીર્ણ શક્તિ પશુ તો નાશે બધે ત્રૂટતાં;
એક દ્રવ્યત્વથી સદા ઉદિતથી ભેદભ્રમ ધ્વંસતો,
એક જ્ઞાન અબાધિયું અનુભવે સ્યાદ્વાદી તો દેખતો. ૨૫૦

## અમૃત પદ - ૨૫૦

('ધાર તરવારની' - એ રાગ ચાલુ)

બાહ્ય અર્થો તણા, ગ્રહણ સ્વભાવે ઘણા, વિચિત્ર ઉલ્લાસતા સર્વ ઠામે,
જ્ઞેયાકારો થકી, શીર્ણ શક્તિ પશુ, ત્રૂટતો સર્વતઃ નાશ પામે...
એક દ્રવ્યત્વથી, નિત્ય સમુદિતથી, ભેદ ભ્રમ ધ્વંસતો સ્યાદવાદી,
જ્ઞાન એક દેખતો, અનુભવન જસ છતો, બાધતો અત્ર કોઈ ન વાદી...

**અર્થ** - બાહ્ય અર્થ ગ્રહણ સ્વભાવ ભરથી બધી બાજુ વિચિત્ર ઉલ્લસતા જ્ઞેયાકારોથી જેની શક્તિ વિશીર્ણ (વેરણ છેરણ) છે એવો ચોતરફથી ત્રૂટી પડતો પશુ નાશ પામે ! (પણ) અનેકાંતવિદ્ (અનેકાંતને જાણનાર) તો સદાય ઉદિત દ્રવ્યતાએ કરીને ભેદભ્રમને ધ્વંસતું એવું એક અબાધિત અનુભવનવાળું જ્ઞાન દેખે છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"સમસ્ત વિશ્વ ઘણું કરીને પરકથા તથા પરવૃત્તિમાં વહ્યું જાય છે, તેમાં રહી સ્થિરતા ક્યાંથી પ્રાપ્ત થાય ?" - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૨**

"જ્ઞેય અનેકે હો જ્ઞાન અનેકતા, જલ ભાજન રવિ જેમ,
દ્રવ્ય એકત્વપણે ગુણ એકતા 'નિજ પદ રમતા હો ખેમ." - **શ્રી આનંદઘનજી**

આ કળશ કાવ્યમાં* 'द्रव्येण एकत्वं' - **'દ્રવ્યથી એકત્વ'** એ ત્રીજા પ્રકારનું સ્પષ્ટ પ્રતિપાદન કર્યું છે - अभितस्त्रुट्यन् पशुर्नश्यति - **'અભિતઃ'** - બધી બાજુથી ત્રૂટી જતો **'પશુ'** - પશુ જેવો **અબૂઝ અજ્ઞાની** નાશ પામે છે. પશુ કેવી રીતે નાશ પામે છે ? विश्वग्विचित्रोल्लसज्ज्ञेयाकारविशीर्णशक्तिः - **'વિશ્વગ્'** - સર્વતઃ બધી બાજુએ 'વિચિત્ર - નાના પ્રકારના ઉલ્લસતા જ્ઞેય આકારોથી 'વિશીર્ણ' - વેરણ છેરણ થઈ ગયેલી છે શક્તિ જેની, એવો 'પશુ' - અબૂઝ બધી બાજુથી ત્રૂટી પડે છે. વિચિત્ર જ્ઞેયાકાર શાથી ઉલ્લસે છે ? બાહ્ય અર્થ - ગ્રહણના સ્વભાવભરથી - ભરપૂર સ્વભાવથી - 'बाह्यार्थग्रहणस्वभावभरतो' - અર્થાત્ આત્માથી - જ્ઞાનથી 'બાહ્ય' - બ્હારના જ્ઞેય અર્થો - પદાર્થો હું ગ્રહણ કર્યા કરૂં, એવો અજ્ઞાનીનો પૂરેપૂરો ભરપૂર સ્વભાવ થઈ પડ્યો છે, તેથી કરીને બધી બાજુથી વિચિત્ર - નાના પ્રકારના વિધવિધ ચિત્રવત્ જ્ઞેયાકારો જ્ઞાનમાં ઉલ્લસે છે - ઉછળે છે - ઉત્પ્લવે છે અને આ વિચિત્ર જ્ઞેયાકારોથી તેની જ્ઞાનશક્તિ 'વિશીર્ણ' - છિન્ન ભિન્ન - ખંડ ખંડ - વેરણ છેરણ (scattered) થઈ જાય છે, એટલે આમ અનંત જ્ઞેયાકાર - પર્યાય ગ્રહણથી - શક્તિ વિશીર્ણ થવાથી બધી બાજુથી ત્રૂટી પડતો **એકાંત ગ્રાહી અજ્ઞાની 'પશુ'** સ્વ - પરનો 'એક અંત' - ધર્મ માનતો સતો નષ્ટ થાય છે.

પણ આથી ઉલટું, **'અનેકાંતવિત્'** - અનેકાંતવેત્તા - અનેકાંતને જાણનારો તો જ્યાં અબાધિત અનુભવન છે એવું **'એક'** - **અદ્વિતીય** - **અદ્વૈત જ્ઞાન દેખે છે, સાક્ષાત્ અનુભવપ્રત્યક્ષ કરે છે** - 'एकं ज्ञानमबाधितानुभवनं पश्यत्यनेकांतवित्' । કેવો **અનેકાંતવિત્** ? ભેદભ્રમને 'ધ્વંસતો' - ધ્વંસ - સર્વનાશ કરતો - भेदभ्रमं ध्वंसयन्, કેવી રીતે ? સદાય 'ઉદિત' - ઉદય પામેલી એકદ્રવ્યતાએ કરીને - एकद्रव्यतया सदाप्युदितया - અર્થાત્ સ્વ - પરના અનેક - એક નહિ એવા, ભિન્ન ભિન્ન અંત - ધર્મ જે જાણે છે એવો **અનેકાંત વેત્તા જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ** જાણે છે કે મ્હારૂં એકદ્રવ્યપણું છે અને તે સદાય ઉદિત - ઉદય પામેલું જ છે, માટે હું સદાય **એક** - અભેદ **દ્રવ્યરૂપ** છું, એટલે આ અનંત જ્ઞેયાકાર પર્યાયોથી જે ભેદ ભાસે છે તે ભ્રમ છે, આમ ભેદભ્રમનો 'ધ્વંસ' - સર્વનાશ કરતો અનેકાંતવિત્ જ્ઞાની, જ્યાં 'અનુભવન' - અનુભવવું - અનુભવ કરવાપણું ક્યારેય બાધિત થતું નથી - બાધા પામતું નથી એવું અબાધિત છે, તે એક અભેદ જ્ઞાન દેખે છે - અનુભવ નેત્રથી પ્રત્યક્ષ કરે છે.

**ज्ञेयाकारकलंकमेचकचितिप्रक्षालनं कल्पय -**
**न्नेकाकारचिकीर्षया स्फुटमपि ज्ञानं पशुर्नेच्छति ।**
**वैचित्र्येप्यविचित्रतामुपगतं ज्ञानं स्वतः क्षालितं,**
**पर्यायैस्तदनेकतां परिमृशन् पश्यत्यनेकांतवित् ॥२५१॥**

જ્ઞેયાકાર કલંક ચિત્ર ચિતિની પ્રક્ષાલના કલ્પતો,
એકાકાર ચિકીર્ષથી સ્ફુટ પશુ તે જ્ઞાન ના ઈચ્છતો;
વૈચિત્ર્યે અવિચિત્ર જ્ઞાન જ સ્વતઃ પ્રક્ષાલિયું પેખતો,
પર્યાયોથી અનેકતા તસ અનેકાંતજ્ઞ વિમાસતો. ૨૫૧

## અમૃત પદ - ૨૫૧

('ધાર તરવારની' એ ચાલુ રાગ)

જ્ઞેયાકાર કલંકથી ચિત્ર આ ચિતિ તણું પ્રક્ષાલન કલ્પના જેહ પ્રીચ્છે,
એક આકાર કરવાની ઈચ્છાથી તે, સ્ફુટ પણ જ્ઞાન પશુ ના જ ઈચ્છે...
કિંતુ અનેકાંતવિત્ અનેકતા તેહની, પર્યાયોથી થતી અત્ર લેખે,
વૈચિત્ર્યમાંય અવિચિત્રતા ગત સ્વતઃ, જ્ઞાન ક્ષાલિત થયેલું જ દેખે... ૨

**અર્થ** - જ્ઞેયાકાર કલંકથી મેચક (રંગબેરંગી - ચિત્ર વિચિત્ર) ચિતિનું પ્રક્ષાલન કલ્પતો પશુ એકાકાર ચિકીર્ષાથી (કરવાની ઈચ્છાથી) સ્ફુટ પણ જ્ઞાનને પશુ નથી ઈચ્છતો, (પણ) પર્યાયોની તેની (જ્ઞાનની) અનેકતા પરિમર્શતો અનેકાંતવિદ્ વૈચિત્ર્યમાં (વિચિત્રતા મધ્યે) પણ અવિચિત્રતા પામેલ જ્ઞાનને સ્વતઃ ક્ષાલિત દેખે છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સ્વરૂપ ચેતન નિજ જડ સંબંધ માત્ર, અથવા તે જ્ઞેય પણ પરદ્રવ્યમાંય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી, અં. ૯૦૨**

આગલા કળશમાં વર્ણવેલા પ્રકારથી વિરુદ્ધ એવો 'पर्यायैरनेकत्वं' - 'પર્યાયોથી અનેકત્વ' એ ચતુર્થ પ્રકાર અત્ર ચર્ચ્યો છે - ज्ञेयाकारकलंकमेचकचिति प्रक्षालनं कल्पयन् - જ્ઞેય આકારો રૂપ કલંકથી **'મેચક'** - ચિત્ર વિચિત્ર - રંગબેરંગી (Variegated) ચિતિનું' - ચૈતન્યનું **'પ્રક્ષાલન'** - પ્રક્ષાલવું - - ધોવાપણું કલ્પતો પશુ **'એકાકાર ચિકીર્ષાથી'** - એક આકાર કરવાની ઈચ્છાથી સ્ફુટ એવા પણ જ્ઞાનને નથી ઈચ્છતો - 'एकाकारचिकीर्षया, स्फुटमपि ज्ञानं पशुर्नेच्छति' । -

પણ આથી ઉલટું - **'વૈચિત્ર્યમાં'** - વિચિત્રપણામાં પણ **'અવિચિત્રતા'** - અવિચિત્રપણું પામેલું **જ્ઞાન 'સ્વતઃ'** - સ્વ થકી - આપોઆપ જ **'ક્ષાલિત'** - ધોવાયેલું છે - 'वैचित्र्येऽप्यविचित्रतामुपगतं ज्ञानं स्वतः क्षालितं', એમ **પર્યાયોથી 'તેની' - જ્ઞાનની અનેકતા** - અનેકપણું **'પરિમૃશતો'** - પરામર્શ કરતો - **પર્યાલોચતો અનેકાંતવિત્** - અનેકાંતવેત્તા દેખે છે - સાક્ષાત્ કરે છે - पर्यायैस्तदनेकतां परिमृशन् पश्यत्यनेकांतवित् । -

અર્થાત્ - **સ્વ - પરનો 'એક અંત' - એકાંત માનતો અજ્ઞાની પશુ** જ્ઞાનમાં જ્ઞેયના આકારો પડે છે તેથી હાય રે ! કલંક - મલિનપણું લાગી ગયું એમ માની બેસી, તે જ્ઞેયાકાર કલંકથી 'મેચક' - ચિત્ર વિચિત્ર - રંગબેરંગી બનેલ 'ચિતિનું' - ચૈતન્યનું પ્રક્ષાલન કરવું પડશે, ધોઈ નાંખવાનું કરવું પડશે, એવી કલ્પના કરે છે, એટલે એક આકાર કરવાની ઈચ્છાએ કરી તે સ્ફુટ - પ્રગટ એવા જ્ઞાનને પણ ઈચ્છતો નથી. આથી ઉલટું, **સ્વ - પરના 'અનેક અંત' - ધર્મ રૂપ અનેકાંતને જાણનારો અનેકાંત-વિત્ જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ જાણે છે** કે વિચિત્રપણામાં પણ અવિચિત્રપણું પામેલું જ્ઞાન તો **'સ્વતઃ'** - આપોઆપ જ (By its oneself) ધોવાયેલું છે અને **તેનું અનેકપણું તો પર્યાયોથી છે.** એમ સર્વથા વિચારતાં તે **જ્ઞાનને દેખે છે - આત્મપ્રત્યક્ષ કરે છે.**

**प्रत्यक्षालिखितस्फुटस्थिरपरद्रव्यास्तितावंचितः,**
**स्वद्रव्यानवलोकनेन परितः शून्यः पशुर्नश्यति ।**
**स्वद्रव्यास्तितया निरूप्य निपुणं सद्यः समुन्मज्जता,**
**स्याद्वादी तु विशुद्धबोधमहसा पूर्णो भवन् जीवति ॥२५२॥**

સાક્ષાત્ આલિખિત સ્ફુટ સ્થિર પરદ્રવ્યાસ્તિતા વંચિતો,
ત્યાં સ્વદ્રવ્ય અદર્શને પશુ નશે શૂન્યો બધેથી થતો;
સ્વ દ્રવ્યાસ્તિત્વથી નિરૂપી નિપુણં સ્યાદ્વાદી તો જીવતો,
ઉન્મજ્જંત વિશુદ્ધ બોધ મહસ્થી તત્કાળ પૂર્ણો થતો. ૨૫૨

## અમૃત પદ - ૨૫૨

('ધાર તરવારની' - એ રાગ ચાલુ)

પ્રત્યક્ષ આલેખિયા, સ્ફુટ જ સ્થિર દેખિયા, પરદ્રવ્યાસ્તિત્વથી અહિં ઠગાયો,
સ્વદ્રવ્ય ન જ દેખતો, શૂન્ય સર્વથા થતો, પશુ જ તે નાશ નિશ્ચે જ પાયો...
સ્વદ્રવ્ય અસ્તિત્વથી, નિરૂપી નિપુણત્વથી, જીવે સ્યાદ્વાદવાદી જ આ તો,
સદ્ય સમુન્મજ્જતા, વિશુદ્ધ અતિ પ્રગટતા, બોધ મહા મહસ્થી પૂર્ણ થાતો...

**અર્થ** - પ્રત્યક્ષ આલિખિત (આલેખેલ) સ્ફુટ સ્થિર એવા પરદ્રવ્યની અસ્તિતાથી વંચિત થયેલો, સ્વદ્રવ્યના અનવલોકનથી (અદર્શનથી) પરિતઃ (બધી બાજુથી - સર્વથા) શૂન્ય એવો પશુ નાશ પામે છે, પણ સ્વદ્રવ્યની અસ્તિતાએ કરીને નિપુણપણે નિરૂપી, સદ્ય (શીઘ્ર) સમુન્મજ્જતા વિશુદ્ધ બોધ મહસ્થી પૂર્ણ થતો સ્યાદ્વાદી તો જીવે છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ઘટ પટ આદિ જાણ તું, તેથી તેને માન;
જાણનાર તે માન નહીં, કહિયે કેવું જ્ઞાન ?'' - **શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિજી સૂત્ર, ૫૫**

''અસ્તિ સ્વભાવ રુચિ થઈ રે, ધ્યાતો અસ્તિ સ્વભાવ,
દેવચંદ્ર પદ તે લહે રે, પરમાનંદ જમાવો રે... કુંથુ જિનેસરુ.'' - **શ્રી દેવચંદ્રજી**

આ કળશ કાવ્યમાં 'स्वद्रव्येण सत्त्वं' - સ્વદ્રવ્યથી સત્ત્વ - અસ્તિત્વ એ પાંચમા પ્રકારનું દર્શન કરાવ્યું છે - प्रत्यक्षालिखितस्फुटस्थिरपरद्रव्यास्तितावंचितः - પ્રત્યક્ષ 'આલિખિત' - આલેખાયેલ સ્ફુટ - પ્રગટ સ્થિર એવા પરદ્રવ્યોની 'અસ્તિતાથી' - અસ્તિપણાથી - હોવાપણાથી 'વંચિત' - થયેલો - ઠગાયેલો, છેતરાયેલો (અને) **સ્વદ્રવ્યના 'અનવલોકનથી'** - નહિ અવલોકવાથી - નહિ દેખવાથી 'પરિતા' - બધી બાજુથી - સર્વથા **શૂન્ય** એવો **પશુ નાશ પામે છે** - 'स्वद्रव्यानवलोकनेन परितः शून्यः पशुर्नश्यति, પણ આથી ઉલટું, **સ્યાદ્વાદી તો સ્વદ્રવ્ય અસ્તિતાએ** - સ્વદ્રવ્ય અસ્તિપણાએ કરી **'નિપુણ પણે'** - કુશલપણે **નિરૂપીને** - 'स्वद्रव्यास्तितया निरूप्य निपुणं', સદ્ય - શીઘ્ર **'સમુન્મજ્જતા' - સમ્યક્ પણે** ઉન્મજ્જતા - ઉન્મગ્ન થતા વિશુદ્ધ **'બોધ મહસ્થી'** - બોધરૂપ મહાતેજથી **પૂર્ણ થતો જીવે છે** - સદ્યઃ સમુન્મજ્જતા સ્યાદ્વાદી તુ વિશુદ્ધબોધમહસા પૂર્ણો ભવન્ જીવતિ ।

અર્થાત્ - **સ્વ - પરનો 'એક અંત' - એકાંત દેખનારો મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની પશુ** તો બ્હારમાં **પ્રત્યક્ષ** - **સાક્ષાત્** લક્ષમાં આવતા - જોવામાં આવતા **સ્ફુટ** - પ્રગટ સ્થિર એવા પરદ્રવ્યોનું અસ્તિત્વ - હોવાપણું છે તેથી વંચિત થાય છે - ઠગાઈ જાય છે કે આ હું છું અને અંતરમાં તે સ્વદ્રવ્યનું અવલોકન - દર્શન

- નિરીક્ષણ તો કરતો નથી, એટલે પરદ્રવ્યમાં હું છું એમ માનવા છતાં તે છે નહિ એટલે સ્વદ્રવ્ય ત્યાં મળતું નથી અને સ્વદ્રવ્ય જ્યાં તે છે તેને તે દેખતો નથી એટલે પણ તે મળતું નથી, આમ ઉભય ભ્રષ્ટ થયેલો તે સ્વદ્રવ્યની અપ્રાપ્તિથી સર્વથા શૂન્ય એવો નાશ પામે છે. પણ **સ્યાદ્વાદી જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ** મ્હારૂં આ હું છું એમ **સ્વદ્રવ્યનું અસ્તિત્વ** નિપુણપણે - કુશલપણે **નિરૂપે** છે, એટલે પછી તેનું **વિશુદ્ધ બોધ - મહસ્** જે મગ્ન - ડૂબેલું પડ્યું હતું તે શીઘ્ર **સમ્યક્પણે ઉન્મજ્જતું** જાય છે - ઉન્મગ્ન થતું જાય છે અને એમ ઉન્મજ્જતા જતા **વિશુદ્ધ બોધ મહસ્થી મહા જ્ઞાનજ્યોતિથી છેવટે પૂર્ણ થતો જીવે છે, સ્વરૂપ પ્રાપ્તિથી પરમાર્થ જીવનથી જીવે છે.**

**सर्वद्रव्यमयं प्रपद्य पुरुषं दुर्वासनावासितः,**
**स्वद्रव्यभ्रमतः पशुः किल परद्रव्येषु विश्राम्यति ।**
**स्याद्वादी तु समस्तवस्तुषु परद्रव्यात्मना नास्तितां,**
**जानन्निर्मलशुद्धबोधमहिमा स्वद्रव्यमेवाश्रयेत् ॥२५३॥**

સર્વ દ્રવ્યમયો જ પુરુષ ગણી દુર્વાસનાવાસિતો,
સ્વદ્રવ્ય ભ્રમથી ખરે ! પશુ પરદ્રવ્યે જ વિશ્રામતો;
નાસ્તિતા સહુ વસ્તુમાં અહિં પરદ્રવ્યાત્મથી જાણતો,
સ્યાદ્વાદી ધરી શુદ્ધ બોધ મહિમા સ્વદ્રવ્યને આશ્રતો. ૨૫૩

## અમૃત પદ - ૨૫૩

('ધાર તરવારની' એ રાગ ચાલુ)

સર્વ દ્રવ્યોમયા પુરુષને માનતો, વાસિતો દુષ્ટ દુર્વાસનાથી,
સ્વદ્રવ્ય ભ્રમથી પરદ્રવ્ય વિશ્રામતો, પશુ ખરે ! એમ અજ્ઞાનતાથી...
સર્વદ્રવ્યામયા પુરુષને માનતો. ૧

સ્યાદ્વાદી તો સમસ્ત વસ્તુમાં નાસ્તિતા, જાણતો જ પરદ્રવ્યાત્મતાથી,
નિર્મલા શુદ્ધ નિજ બોધ મહિમા યુતો, સ્વ દ્રવ્ય જ આશ્રતો આત્મતાથી...
સર્વ દ્રવ્યમયા પુરુષને માનતો. ૨

**અર્થ** - પુરુષને (આત્માને) સર્વ દ્રવ્યમય માની બેસી દુર્વાસનાથી વાસિત થયેલો પશુ સ્વદ્રવ્યના ભ્રમથી ખરેખર ! પરદ્રવ્યોમાં વિશ્રામ કરે છે, પણ સ્યાદ્વાદી તો સમસ્ત વસ્તુઓમાં પરદ્રવ્યાત્માથી (પરદ્રવ્ય રૂપથી) નાસ્તિતા જાણતો સતો, નિર્મલ શુદ્ધ બોધ મહિમાવાળો હોઈ, સ્વદ્રવ્યને જ આશ્રે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સમસ્ત વિશ્વને પ્રકાશક એવો આ આત્મા તે ક્યારે પણ વિશ્વરૂપ થતો નથી, સદા સર્વદા ચૈતન્ય સ્વરૂપ જ રહે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૬૦, ૮૩૩**

''નિજ ભાવે સીય અસ્તિ રે, પર નાસ્તિત્વ સ્વભાવ... કુંથુ.'' - **શ્રી દેવચંદ્રજી**

આગલા કળશ કાવ્યમાં* દર્શાવેલ પંચમ પ્રકારથી ઉલટા - 'परद्रव्येण नास्तित्वं' - **પરદ્રવ્યથી નાસ્તિત્વ** - એ પ્રકારનું અત્ર **સ્વભાવોક્તિમય સુંદર શબ્દચિત્ર** આલેખ્યું છે - सर्वद्रव्यमयं प्रपद्य पुरुषं दुर्वासनावासितः - **'પુરુષને'** - આત્માને સર્વ દ્રવ્યમય પ્રપન્ન કરી - માની બેસી **'દુર્વાસનાથી'** - દુષ્ટ વાસનાથી વાસિત થયેલો **'પશુ'** - પશુ જેવો **અજ્ઞાની અબૂઝ જીવ** આ મ્હારૂં સ્વદ્રવ્ય છે એમ સ્વદ્રવ્યના **ભ્રમથી** - ભ્રાંત ખ્યાલથી ખરેખર ! પરદ્રવ્યોમાં વિશ્રામ કરે છે - 'स्वद्रव्यभ्रमतः पशुः किल परद्रव्येषु विश्राम्यति', પણ **સ્યાદ્વાદી તો સમસ્ત વસ્તુઓમાં 'પરદ્રવ્યાત્માથી'** - પરદ્રવ્યસ્વરૂપે **'નાસ્તિતા'** - નાસ્તિપણું **જાણતો સતો** શુદ્ધ 'स्याद्वादी तु समस्तवस्तुषु परद्रव्यात्मना नास्तितां जानन्', **નિર્મલ શુદ્ધ બોધ મહિમાવાળો એવો** - 'निर्मलशुद्धबोधमहिमा', **સ્વદ્રવ્યને જ આશ્રે** - સ્વદ્રવ્યનો જ આશ્રય કરે - स्वद्रव्यमेवाश्रयत् ।

**भिन्नक्षेत्रनिषण्णबोध्यनियतव्यापारनिष्ठः सदा,**
**सीदत्येव बहिपतंतमभितः पश्यन्पुमासं पशुः ।**
**स्वक्षेत्रास्तितया निरुद्धरभसः स्याद्वादवेदी -**
**स्तिष्ठत्यात्मनि खातबोधनियतव्यापारशक्तिर्भवन् ॥२५४॥**

ભિન્ન ક્ષેત્રથી બોધ્યમાં જ નિયત વ્યાપાર નિષ્ઠો સદા,
સીદાયે પશુ પેખતો પુરુષને બ્હારે પંડતો બધે;
સ્વક્ષેત્રાસ્તિત્વથી નિરુદ્ધ રભસ સ્યાદ્વાદી તો તિષ્ઠતો,
આત્મામાં હિ જ - ખાત બોધ નિયત વ્યાપાર શક્તિ થતો. ૨૫૪

## અમૃત પદ - ૨૫૪

('ધાર તરવારની' - એ રાગ ચાલુ)

ભિન્ન ક્ષેત્રે સ્થિતા, બોધ્ય નિયત થતા, વ્યાપારે નિષ્ઠ હોતો સદાયે,
પશુ એવો સર્વતઃ બ્હાર પડતો પુરુષ, પેખતો રહી સદાયે સીદાયે... ભિન્ન ક્ષેત્રે સ્થિતા. ૧
સ્વક્ષેત્રાસ્તિત્વથી નિરુદ્ધ જસ રભસ તે, સ્યાદ્વાદી તિષ્ઠતો આત્મમાંહી,
ખીલા જેમ ખાત નિત, બોધમાં નિયત છે, જેની વ્યાપાર શક્તિ જ આંહી... ભિન્ન ક્ષેત્રે સ્થિતા. ૨

**અર્થ** - ભિન્ન ક્ષેત્રમાં નિષણ્ણ (બેઠેલ, સ્થિત) બોધ્યમાં (જ્ઞેયમાં) સદા નિયત વ્યાપાર નિષ્ઠ એવો પશુ બધી બાજુથી બ્હારમાં પડતા પુરુષને દેખતો સદા સીદે જ છે, પણ સ્વ ક્ષેત્રાસ્તિતાએ કરીને જેનો રભસ - આવેગ નિરુદ્ધ છે એવો સ્યાદ્વાદવેદી પુનઃ ખાત (ખોડેલ) બોધમાં નિયત વ્યાપાર શક્તિવાળો હોઈ આત્મામાં જ તિષ્ઠે છે (સ્થિતિ કરે છે).

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''દેહથી ભિન્ન સ્વપર પ્રકાશક પરમ જ્યોતિઃ સ્વરૂપ એવો આ આત્મા તેમાં નિમગ્ન થાઓ. હે આર્યજનો ! અંતર્મુખ થઈ, સ્થિર થઈ તે આત્મામાં જ રહો તો અનંત અપાર આનંદ અનુભવશો.'' - **શ્રીમદ્ રાજચંદ્ર**

''પરક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે, પર ક્ષેત્રે થયું જ્ઞાન... સુગ્યાની.
અસ્તિપણું નિજ ક્ષેત્રે તુમે કહ્યું, નિર્મલતા ગુણ માન... સુ. ધ્રુવ પદ રામી.'' - **શ્રી આનંદઘનજી**

અત્રે આ કળશ કાવ્યમાં 'स्वक्षेत्रेण सत्त्वं' - **સ્વક્ષેત્રથી સત્ત્વ** - અસ્તિત્વ એ **સાતમા પ્રકારનું** મીમાંસન કર્યું છે - भिन्नक्षेत्रनिषण्णबोध्यनियतव्यापारनिष्ठः - सदा - **'ભિન્ન'** - આત્માથી - જ્ઞાનથી જૂદા ક્ષેત્રમાં **'નિષણ્ણ'** - બેઠેલ - સ્થિત એવા **'બોધ્યમાં'** - જ્ઞેયમાં **'નિયત'** - નિશ્ચિત વ્યાપારમાં સદા નિષ્ઠા છે જેની એવો **'પશુ' - અજ્ઞાની જીવ 'પુરુષને'** - આત્માને **'અભિતઃ'** - બધી બાજુથી બ્હારમાં પડંતો દેખતો **'સીદે જ છે'** - નીચે ને નીચે ઉતરતો જાય છે - सीदत्येव बहिपतंतमभितः पश्यन्पुमांसं पशुः । પણ **'સ્વક્ષેત્રાસ્તિતાએ કરી'** - સ્વ - પોતાના ક્ષેત્રમાં અસ્તિપણાએ - હોવાપણાએ કરી જેનો **'રભસ'** - આવેગ **'નિરુદ્ધ'** - નિરુંધાયેલો - રોકાયેલો છે એવો **સ્યાદ્વાદવેદી** તો - स्वक्षेत्रास्तितया निरुद्धरभसः स्याद्वादवेदी पुनः, **'ખાત'** - ખોડેલ **'બોધમાં'** - જ્ઞાનમાં **'નિયત'** - નિશ્ચિત **વ્યાપાર શક્તિવાળો 'ભવન્' - હોતો આત્મામાં 'તિષ્ઠે છે' - સ્થિતિ કરે છે** - तिष्ठत्यात्मनि खातबोधनियतव्यापारशक्तिर्भवन् ।

અર્થાત્ - **'પશુ'** - **અબૂઝ અજ્ઞાની જીવ** છે તે આત્માથી - જ્ઞાનથી **'ભિન્ન'** - જૂદા **ક્ષેત્રમાં સ્થિત**

**જ્ઞેયમાં નિયત વ્યાપારમાં સદા 'નિષ્ઠ'** - નિતાંતપણે સ્થિત - તત્પર હોય છે, સદા જ્ઞેયનો જ વ્યાપાર - 'વેપલો' - કર્યા કરે છે, એટલે તે **જ્ઞેયનિષ્ઠ પશુ** - અજ્ઞાની પુરુષને - આત્માને બધી બાજુથી બ્હાર પડતો દેખે છે અને બ્હારમાં તો આત્મા છે નહિ એટલે તે સીદાય જ છે. આથી ઉલટું, **સ્યાદ્વાદવેદી** જ્ઞાની તો **સ્વક્ષેત્રે પોતાનું અસ્તિત્વ** - હોવાપણું **વેદે છે** - **અનુભવે છે**, એટલે અલ્યા ! તું બ્હાર કાં જાય છે ? તું તો અહીં ત્હારા સ્વક્ષેત્રમાં જ છે, એમ તેનો આત્માથી બ્હાર જવાનો આવેગ નિરુદ્ધ થાય છે - નિરુંધાઈ જાય છે - એટલે **'ખાત'** - ખાલાની જેમ નિશ્ચલપણે ખોડાયેલ **બોધમાં જ** - જ્ઞાનમાં જ નિયત એવી **જેની વ્યાપાર શક્તિ** હોય છે, જેની શક્તિ **બોધમાં જ 'વ્યાપાર'** - વેપાર કર્યા કરે છે, એવો તે **જ્ઞાનનિષ્ઠ જ્ઞાની સ્યાદ્વાદવેદી આત્મામાં જ સ્થિતિ કરે છે.**

**स्वक्षेत्रस्थितये पृथग्विधपरक्षेत्रस्थितार्थोज्झनात्,**
**तुच्छीभूय पशुः प्रणश्यति चिदाकारान्सहार्थैर्वमन् ।**
**स्याद्वादी तु वसन् स्वधामनि परक्षेत्रे विदन्नास्तितां,**
**त्यक्तार्थोऽपि न तुच्छतामनुभवत्याकारकर्षी परात् ॥२५५॥**

સ્વક્ષેત્રે સ્થિતિ અર્થ પૃથગ પરક્ષેત્રસ્થ અર્થો ત્યજી,
નાશે તુચ્છ પશુ સઅર્થ વમતો અત્રે ચિદાકારને;
સ્યાદ્વાદી વસતો સ્વધામ જ પરક્ષેત્રે લહી નાસ્તિતા,
અર્થો ત્યક્ત છતાં ન તુચ્છ પરથી કર્ષંત આકારને. ૨૫૫

## અમૃત પદ - (૨૫૫)

('ધાર તરવારની' એ રાગ ચાલુ)

સ્થિતિ કરવા સ્વ - ક્ષેત્રે પૃથગ્વિધ પર - ક્ષેત્ર સ્થિત અર્થનો ત્યાગ કરતો,
તુચ્છ થઈને પશુ, નાશને પામતો, ચિદાકારો સઅર્થો જ વમતો... ૧
સ્યાદ્વાદી તો પર - ક્ષેત્રમાં નાસ્તિતા, જાણતો તે વસંતો સ્વધામે,
અર્થો ત્યાગ્યા છતાં, ન અનુભવે તુચ્છતા, પરથી આકાર કર્ષંત રામે... ૨

**અર્થ** - સ્વક્ષેત્રે સ્થિતિને અર્થે પૃથગ્વિધ ક્ષેત્રમાં સ્થિત અર્થોના ત્યાગ થકી તુચ્છ થઈને પશુ અર્થો સાથે ચિદાકારોને વમંતો પ્રણાશ પામે છે, પણ સ્યાદ્વાદી તો સ્વ ધામમાં (સ્વ ક્ષેત્રમાં) વસતો, પરક્ષેત્રે નાસ્તિતા જાણતો, અર્થો ત્યક્ત (છોડી દીધેલ) છતાં પરમાંથી આકારકર્ષી (આકાર કર્ષનારો - ખેંચનારો) સતો, તુચ્છતા નથી અનુભવતો.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ચંદ્ર ભૂમિને પ્રકાશે છે, તેના કિરણની કાંતિના પ્રભાવથી સમસ્ત ભૂમિ શ્વેત થઈ જાય છે, પણ કંઈ ચંદ્ર ભૂમિરૂપ કોઈ કાળે તેમ થતો નથી, એમ સમસ્ત વિશ્વને પ્રકાશક એવો આ આત્મા તે ક્યારે પણ વિશ્વરૂપ થતો નથી.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૩૩**

''અહો શ્રી સુમતિ જિન ! શુદ્ધતા તાહરી, સ્વગુણ પર્યાય રામી,
એકતા નિત્યતા અસ્તિતા ઈતર યુત, ભોગ્ય ભોગી થકો પ્રભુ અકામી.'' - **શ્રી દેવચંદ્રજી**

આગલા કળશ કાવ્યમાં કથેલ સાતમા પ્રકારથી વિરુદ્ધ - 'परक्षेत्रेण असत्त्वं' - **'પરક્ષેત્રથી અસત્ત્વ' - એ આઠમો પ્રકાર** અત્ર કળશ કાવ્યમાં વર્ણિત કર્યો છે - स्वक्षेत्रस्थितये पृथग्विधपरक्षेत्रस्थितार्थोज्झनात् - **'સ્વ ક્ષેત્રમાં' - પોતાના ક્ષેત્રમાં સ્થિતિને અર્થે 'પૃથગ્વિધ' - પૃથક્ પ્રકારના - જૂદા પ્રકારના પરક્ષેત્રમાં સ્થિત અર્થના 'ઉજ્ઝનથી'** - ત્યાગથી **તુચ્છ થઈને પશુ અર્થો સાથે ચિદાકારોને 'વમતો'** - વમન કરતો **'પ્રણશે છે' - પ્રણાશ** - **સર્વનાશ પામે છે** - 'तुच्छीभूय पशुः प्रणश्यति चिदाकारान् सदार्थैं र्वमन्', પણ **'સ્વ ધામમાં' - સ્વક્ષેત્રમાં વસતો સ્યાદ્વાદી તો પરક્ષેત્રમાં 'નાસ્તિતા' - નાસ્તિત્વ - નહિ હોવાપણું જાણતો સતો, 'ત્યક્તાર્થ' - અર્થો ત્યક્ત - ત્યજી દીધેલા છે એવો છતાં, પરમાંથી 'આકારકર્ષી' - આકારને કર્ષનારો - ખેંચનારો હોઈ તુચ્છતા નથી અનુભવતો** - त्यक्तार्थोऽपि न तुच्छतामनुभवत्याकारकर्षी परात् । કારણકે જ્ઞેય આકારે જ્ઞાનમાં પ્રતિભાસે છે, નહિં કે જ્ઞેય અર્થ.

અર્થાત્ - **અજ્ઞાની પશુ** છે તે સ્વ ક્ષેત્રે સ્થિતિ કરવાને તો ઈચ્છે છે, પણ તે અર્થે તે 'પૃથગ્ વિધ'

- જૂદા પ્રકારના પરક્ષેત્રમાં સ્થિત **અર્થોને** છોડી દીએ છે, એટલે **અર્થો સાથે ચિદ્આકારોને પણ વમી નાંખતો** સતો 'તુચ્છ' - નિઃસાર - ખાલીખમ (Empty) થઈ તે **પ્રણાશ** - **સર્વનાશ પામે છે,** પણ **સ્યાદ્વાદી 'સ્વ ધામમાં'.** - સ્વક્ષેત્રમાં **'વસતો'** - **સ્થિતિરૂપ નિવાસ કરતો જ્ઞાની તો** પરક્ષેત્રમાં હું છું નહિ એમ **પરક્ષેત્રમાં** પોતાની **નાસ્તિતા** - નહિ હોવાપણું **જાણે છે,** એટલે અર્થો - પદાર્થો તેણે ત્યજી દીધેલા છે, છતાં **પરઅર્થોમાંથી આકારોને** તો તે જ્ઞાનશક્તિથી ખેંચે છે - **ચિદાકારો તો આત્મામાં પ્રતિબિંબે છે,** એટલે તે 'તુચ્છતા' - નિઃસારતા - ખાલીખમપણું અનુભવતો નથી.

**पूर्वालंबितबोध्यनाशसमये ज्ञानस्य नाशं विदन्,**
**सीदत्येव न किंचनापि कलयन्नत्यंततुच्छः पशुः ।**
**अस्तित्वं निजकालतोऽस्य कलयन् स्याद्वादवेदी पुनः,**
**पूर्णस्तिष्ठति बाह्यवस्तुषु मुहुर्भूत्वा विनश्यत्स्वपि ॥२५६॥**

પૂર્વલંબિત જ્ઞેય નાશ સમયે નાશ જ્ઞાનનો જાણતો,
સીદાયે જ પશુ ન કાંઈ કળથો અત્યંત તુચ્છો થતો;
આનું અસ્તિપણું સ્વકાળથી કળી સ્યાદ્વાદી તો જાણતો,
વસ્તુ બાહ્ય થઈ ફરી ફરી નશે પૂર્ણો જ આ તિષ્ઠતો. ૨૫૬

## અમૃત પદ - ૨૫૬

('ધાર તરવારની' એ રાગ ચાલુ)

પૂર્વ આલંબિયા, જ્ઞેય નાશ સમયમાં, જ્ઞાનનો જાણતો નાશ આંહિ,
ખાલીખમ અબુઝ તે, અત્યંત તુચ્છો પશુ, સીદતો કાંઈ કળતો જ નાંહિ... ૧
આનું અસ્તિત્વ, કળતો જ નિજ કાળથી, તિષ્ઠતો પૂર્ણ સ્યાદ્વાદ વેદી,
બાહ્ય વસ્તુઓ ભલે, ફરી ફરી ઉપજી, વિનશતી હોય તોયે અભેદી... ૨

**અર્થ** - પૂર્વે આલંબેલ જ્ઞેયના નાશ સમયે જ્ઞાનનો નાશ જાણતો, કંઈ પણ નહિ કળતાં અત્યંત તુચ્છ એવો પશુ સીદે જ છે, પણ આનું (જ્ઞાનનું) અસ્તિત્વ નિજકાળથી કળતો સ્યાદ્વાદવેદી પુનઃ, બાહ્ય વસ્તુઓ વારંવાર ઉપજીને વિનશતી સતે પણ - પૂર્ણતિષ્ઠે છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જેની ઉત્પત્તિ કોઈ પણ અન્ય દ્રવ્યથી થતી નથી તેવા આત્માનો નાશ પણ ક્યાંથી હોય ?''
**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૩૩**

''જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરુ, કાળ પ્રમાણે રે થાય સુગ્યાની
સ્વકાળે કરી સ્વસત્તા સદા, તે પર રીત ન જાય... સુ. ધ્રુવપદ રામી.'' - **શ્રી આનંદઘનજી**

આ કળશ કાવ્યમાં 'स्वकालेन सत्त्वं' - **'સ્વકાલથી સત્ત્વ' એ નવમા પ્રકારનું** નિરૂપણ કર્યું છે - पूर्वालंबितबोध्यनाशसमये ज्ञानस्य नाशं - विदन् - પૂર્વે 'આલંબિત' - આલંબન કરેલ **'બોધ્યના'** - જ્ઞેયના નાશ સમયે જ્ઞાનનો નાશ **જાણતો 'પશુ'** - પશુ જેવો અબૂઝ અજ્ઞાની, કંઈ પણ નહિ કળતાં, અત્યંત **'તુચ્છ'** - નિઃસાર - ખાલીખમ સતો **'સીદેજ છે'** - આત્મદશા પરત્વે નીચે ઉતરતો જાય છે - 'सीदत्येव न किंचनापि कलयन्नत्यंततुच्छः पशुः', પણ આથી ઉલટું, **'નિજકાળથી'** - પોતાના સ્વકાળથી **'આનું' - આ પ્રત્યક્ષ અનુભવાતા જ્ઞાનનું 'અસ્તિત્વ'** - હોવાપણું કળતો **'સ્યાદ્વાદવેદી'** - સ્યાદ્વાદને વેદનારો - અનુભવનારો - જાણનારો તો - **બાહ્ય વસ્તુઓમાં વારંવાર થઈને વિનશતાં છતાં પણ - પૂર્ણ 'તિષ્ઠે' છે - સ્થિતિ કરે છે** - पूर्णस्तिष्ठति बाह्यवस्तुषु मुहुर्भूत्वा विनश्यत्यपि ।

અર્થાત્ - પૂર્વે આલંબન કરેલું જ્ઞેય નાશ પામે છે તે કાળે જ્ઞાનનો નાશ થાય છે - એમ માની બેસતો **અજ્ઞાની પશુ,** કંઈ પણ નહિ કળતો - નહિ સમજતો, અત્યંત તુચ્છ - નિઃસાર હોતો, **'સીદેજ છે'** - ડૂબે જ છે - નીચે ને નીચે ઉતરતો જાય છે, પણ સ્યાદ્વાદને જાણનારો તો જાણે છે કે આ **જ્ઞાનનું અસ્તિત્વ** - હોવાપણું **'નિજકાળથી'** - તેના પોતાના સ્વકાળથી છે, એટલે બાહ્ય વસ્તુઓ વારંવાર થઈને - ઉપજી ઉપજીને ભલે વિનાશ પામતી જાય, અથવા તો બાહ્ય વસ્તુઓમાં વારંવાર હોઈને તે તે જ્ઞેય વિશેષ પ્રત્યયી જ્ઞાન ભલે વિનશતું હોય - વિનાશ પામતું હોય, તો પણ તે **સ્યાદ્વાદવેદી પૂર્ણ 'તિષ્ઠે છે'** - **સ્થિતિ કરે છે.**

**अर्थालंबनकाल एव कलयन् ज्ञानस्य सत्त्वं बहि -**
**र्ज्ञेयालंबनलालसेन मनसा भ्राम्यन् पशु र्नश्यति ।**
**नास्तित्वं परकालतोऽस्य कलयन् स्याद्वादवेदी पुन -**
**स्तिष्ठत्यात्मनि खातनित्यसहजज्ञानैकपुंजीभवन् ॥२५७॥**

અર્થાલંબન કાળમાં સતપણું આ જ્ઞાનનું જાણતો,
જ્ઞેયાલંબન લુબ્ધચિત્ત ભમતો બ્હારે પશુ નાશતો;
નાસ્તિતા પરકાળથી જ કળતો સ્યાદ્વાદી તો તિષ્ઠતો,
આત્મામાંહિ જ - ખાત નિત્ય સહજ જ્ઞાનૈક પુંજો થતો. ૨૫૭

## અમૃત પદ - ૨૫૭

('ધાર તરવારની' - એ રાગ ચાલુ)

અર્થાલંબન તણા, કાળમાં જ જ્ઞાનનું, કળતો અસ્તિપણું બાહ્ય ઠામે,
જ્ઞેય આલંબને, લાલસુ મન થકી, ભ્રમણ કરતો, પશુ નાશ પામે...
પશુ નાશ પામે, જ્ઞેય આલંબને લાલસુ મન થકી. ૧
આનું નાસ્તિત્વ, કળતો જ પરકાળથી, તિષ્ઠે સ્યાદ્વાદી તો આત્મમાંહિ,
ખોડેલ ખીલા સમો, ખાત નિત સહજ આ, જ્ઞાન એક પુંજ થાતો જ આંહિ...
સ્યાદ્વાદી તો આત્મામાંહિ તિષ્ઠે. ૨

**અર્થ** - અર્થના આલંબન કાળે જ જ્ઞાનનું સત્ત્વ (હોવાપણું) કળતો પશુ બ્હારમાં જ્ઞેયાલંબન લાલસ મનથી ભમતો નાશ પામે છે. પણ સ્યાદ્વાદી તો પુનઃ આનું (જ્ઞાનનું) પરકાળથી નાસ્તિત્વ કળતો, ખાત (ખોડેલ) નિત્ય સહજ જ્ઞાન એક પુંજ રૂપ થતો આત્મામાં તિષ્ઠે છે (સ્થિતિ કરે છે).

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"અજ્ઞાનથી અને સત્સ્વરૂપ પ્રત્યેના પ્રમાદથી આત્માને માત્ર મૃત્યુની ભ્રાંતિ છે. તે જ ભ્રાંતિ નિવૃત્ત કરી શુદ્ધ ચૈતન્ય નિજ અનુભવ પ્રમાણ સ્વરૂપમાં પરમ જાગ્રત થઈ જ્ઞાની સદાય નિર્ભય છે."
**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૩૩**

ઉપર કહ્યો તેથી ઉલટા - **દશમા પ્રકારનું** - 'परकालेन नास्तित्वं' - **પરકાળથી નાસ્તિત્વનું** અત્ર કળશ કાવ્યમાં તલસ્પર્શી મીમાંસન કર્યું છે - अर्थालंबनकाल एव कलयन् ज्ञानस्य सत्त्वं बहिर् - **'અર્થના'** - બાહ્ય જ્ઞેય પદાર્થના **'આલંબન કાળે જ'** - **આલંબન સમયે જ** - આલંબન લેતી વેળાએ જ **જ્ઞાનનું 'સત્ત્વ'** - સત્પણું - અસ્તિત્વ - હોવાપણું **'કળતો'** - સમજતો **'પશુ' - અજ્ઞાની અબૂઝ જીવ, 'જ્ઞેયાલંબન લાલસ'** - જ્ઞેયના આલંબનમાં 'લાલસુ' - લાલસાવાળા - લોલુપ મનથી **બ્હારમાં ભમતો સતો પણ આથી ઉલટું - 'આનું' - આ જ્ઞાનનું પરકાળથી 'નાસ્તિત્વ'** - નહિ હોવાપણું **કળતો** - સમજતો **'સ્યાદ્વાદવેદી'** - સ્યાદ્વાદને વેદનારો - અનુભવનારો પુનઃ - नास्तित्वं परकालनोऽस्य कलयन् स्याद्-वादवेदी पुनः, **'ખાત'** - ખોડેલ એવા **'નિત્ય'** - સદાસ્થાયિ **'સહજ'** - સ્વભાવભૂત **'જ્ઞાન એક પુંજ રૂપ'** - એક જ્ઞાનરાશિ રૂપ થતો, **આત્મામાં 'તિષ્ઠે છે' - સ્થિતિ કરે છે** - तिष्ठत्यात्मनि खातनित्य सहज ज्ञानैकपुंजीभवन् ।

અર્થાત્ - સ્વ - પરનો 'એક અંત' રૂપ **'એકાંત' ગ્રહનારો 'પશુ'** - પશુ જેવો **અજ્ઞાની** ભાન વગરનો મોહમૂઢ જીવ, જ્ઞેય એવા બાહ્ય પદાર્થનું આલંબન લેવાય છે તે કાળે જ જ્ઞાનનું હોવાપણું

માની બેસે છે, એટલે જ્ઞેયના આલંબનમાં **'લાલસુ'** - લોલુપ મનથી તે **'બ્હારમાં આત્માથી બાહ્ય પદાર્થોમાં ભમ્યા કરે છે**, પણ તે પરરૂપ જ્ઞેયમાં પોતાનું જ્ઞાન સ્વરૂપ કંઈ મળતું નથી, એટલે સ્વરૂપ પ્રાપ્તિથી વંચિત રહેતો તે નાશ પામે છે. પણ આથી ઉલટું, સ્વ - પરના 'અનેક' - એક નહિ એવા ભિન્ન ભિન્ન 'અંત' - ધર્મરૂપ **'અનેકાંત' સમજનારો સ્યાદ્વાદવેત્તા** સમજે છે કે **આ જ્ઞાનનું પરકાળથી** તો **'નાસ્તિપણું'** - નહિ હોવાપણું છે, એટલે પરરૂપ જ્ઞેયમાં તે જ્ઞાન સ્વરૂપને શોધવા જતો નથી, પરંતુ ખીલાની જેમ ખોડેલા - 'ખાત' સદાસ્થાયી - **નિત્ય સહજ સ્વભાવભૂત જ્ઞાન એક પુંજરૂપ - રાશિરૂપ થતો** - એટલે કે ઉત્તરોત્તર વધતી જતી - **ચઢતી જતી જ્ઞાનદશાને પામતો જતો, આત્મામાં જ તિષ્ઠે છે** - સ્થિતિ કરે છે.

**विश्रांतः परभावभावकलनान्नित्यं बहिर्वस्तुषु,**
**नश्यत्येव पशुः स्वभावमहिमन्येकांतनिश्चेतनः ।**
**सर्वस्मान्नियतस्वभावभवनाज्ज्ञानाद्विभक्तो भवन्,**
**स्याद्वादी तु न नाशमेति सहजस्पष्टीकृतप्रत्ययः ॥२५८॥**

ભાવ સ્વો પરભાવથી કળી બહિર્ વસ્તુ વિશ્રાંતો સદા,
નાશે છે જ પશુ સ્વભાવ મહિમા એકાંત નિશ્ચેતનો;
જ્ઞાને નિયત સ્વસ્વભાવ ભવને વિભક્ત સૌથી થતો,
કીધો સ્પષ્ટ સ્વ પ્રત્યયો સહજ તે સ્યાદ્વાદી ના નાશતો. ૨૫૮

## અમૃત પદ - ૨૫૮

('ધાર તરવારની' - એ રાગ ચાલુ)

માની પરભાવથી, ભાવ પોતા તણો, નિત્ય બહિર્ વસ્તુ વિશ્રાંત થાતો,
સ્વભાવ મહિમા મહીં એકાંત નિશ્ચેતનો, પશુ જ તે નાશને પામી જાતો...
પશુ જ સ્વભાવ મહિમા મહીં એકાંતો નિશ્ચેતનો. ૧

નિયત સ્વભાવના, ભવન રૂપ જ્ઞાનથી, સર્વથી જેહ વિભક્ત થાતો,
સ્યાદ્વાદી તે ન નાશે પ્રત્યય જેહને, સ્પષ્ટ સહજાત્મસ્વરૂપ જણાતો...
સ્યાદ્વાદી તે ન નાશે પ્રત્યય જેહને સ્પષ્ટ સહજાત્મસ્વરૂપ જણાતો. ૨

**અર્થ** - પરભાવ ભાવના કલનને લીધે નિત્ય બહિર્ વસ્તુઓમાં વિશ્રાંત થયેલો એવો સ્વભાવ મહિમામાં એકાંત નિશ્ચેતન પશુ નાશ પામે જ છે, પણ નિયત સ્વભાવભવન એવા જ્ઞાન થકી સર્વથી વિભક્ત થતો (હોતો) સ્યાદ્વાદી તો સહજ સ્પષ્ટ કરેલો પ્રત્યય છે જેને એવો હોઈ નાશ નથી પામતો.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''એ જ સ્વરૂપના લક્ષથી સર્વ જીવ પ્રત્યે સામ્યભાવ ઉત્પન્ન થાય છે, સર્વ પરદ્રવ્યથી વૃત્તિ વ્યાવૃત્ત આત્મા અક્લેશ સમાધિને પામે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૩૩**

''પરભાવે કરી પરતા પામતા, સ્વસત્તા થિર ઠાણ.'' - **શ્રી આનંદઘનજી**

આ કળશ કાવ્યમાં 'स्वभावेन सत्त्वं' - **'સ્વભાવથી સત્ત્વ' એ અગીયારમો પ્રકાર સ્પષ્ટ વિવરી દેખાડ્યો છે** - विश्रांतः परभावभावकलनान्नित्यं बहिर्वस्तुषु - પરભાવથી ભાવના - હોવાપણાના 'કલનને' - સમજણને લીધે 'નિત્ય' - સદાય 'બહિર્ વસ્તુઓમાં' - આત્મબાહ્ય પદાર્થોમાં 'વિશ્રાંત' - વિશ્રામ કરી રહેલો 'પશુ' - પશુ જેવો **અજ્ઞાની જીવ**, સ્વભાવ મહિમામાં 'એકાંત નિશ્ચેતન' - એકાંતે ચેતનહીન - જડ હોઈ **'નાશે જ છે'** - નાશ પામે જ છે - 'नश्यत्येव पशुः स्वभावमहिमन्येकांतनिश्चेतनः ।' પણ આથી ઉલટું, **સ્યાદ્વાદી** તો જ્યાં **'નિયત'** - નિશ્ચિત **સ્વભાવ 'ભવન'** છે એવા **જ્ઞાન થકી સર્વથી 'વિભક્ત'** - વિભિન્ન - સાવ જૂદો હોતો - 'सर्वस्मान्नियतस्वभावभवनाज्ज्ञानाद्विभक्तो भवन्', **જેનો 'સહજ' - સ્વભાવભૂત એવો 'પ્રત્યય' - પ્રતીતિભાવ સ્પષ્ટ કરાયેલો છે એવો હોઈ નાશ નથી પામતો** - स्याद्वादी तु न नाशमेति सहजस्पष्टीकृतप्रत्ययः ।

અર્થાત્ સ્વ - પરનો એક અંતરૂપ એકાંત પકડનારો **અજ્ઞાની પશુ પરભાવે કરી પોતાનો 'ભાવ'** - હોવાપણું માની બેસે છે, એટલે તે સદાય **બાહ્ય વસ્તુઓમાં** વિશ્રામ લે છે અને **સ્વભાવના મહિમાનું તો તેને લેશ પણ ભાન નથી, એટલે તે પરત્વે તે એકાંતે 'નિશ્ચેતન'** - અચેતન - જડ **વર્ત્તે છે,** આમ

પરભાવમાં તો તે છે નહિ અને જ્યાં તે છે એવા સ્વભાવનો મહિમા તે જાણતો નથી, એટલે તે સર્વથા નાશ પામે જ છે. પણ આથી ઉલટું, સ્વ - પરના અનેક અંત રૂપ અનેકાંત સમજનારો સ્યાદ્વાદી જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ તો જાણે છે કે મ્હારો ભાવ હોવાપણું તો સ્વભાવે કરીને છે, એટલે જ્યાં ત્રણે કાળમાં ન ચળે એવું નિશ્ચયરૂપ નિયત સ્વભાવે 'ભવન' - (ભાવ હોવાપણું છે) એવા જ્ઞાન થકી તે સર્વ જ્ઞેયથી 'વિભક્ત' - વિભિન્ન - જૂદો હોય છે અને સહજ સ્વભાવભૂત જે સ્વભાવ છે તેની તેને સ્પષ્ટ અનુભવ પ્રતીતિ વર્ત્તે છે, એટલે તે નાશ પામતો નથી, પણ સહજાત્મસ્વરૂપી સહજ સ્વભાવે પરમાર્થ જીવનથી જીવે જ છે.

**अध्यास्यात्मनि सर्वभावभवनं शुद्धस्वभावच्युतः,**
**सर्वत्राप्यनिवारितो गतभयः स्वैरं पशुः क्रीडति ।**
**स्याद्वादी तु विशुद्ध एव लसति स्वस्य स्वभावं भरा -**
**दारूढः परभावभावविरहव्यालोकनिष्कंपितः ॥२५९॥**

આત્મામાં ગણી સર્વભાવ ભવનો શુદ્ધ સ્વભાવ ચ્યુતો,
સર્વત્રે અનિવારિયો ગતભયા સ્વૈરં પશુ ક્રીડતો !
સ્યાદ્વાદી સ્વ સ્વભાવ આરૂઢ થઈ વિશુદ્ધ ઉલ્લાસતો,
સ્વો ભાવો પરભાવથી ન જ ઈતિ નિષ્કંપ આલોકતો. ૨૫૯

## અમૃત પદ - ૨૫૯

('ધાર તરવારની' - એ રાગ ચાલુ)

અધ્યાસી આત્મમાં, ભવન સર્વ ભાવનું, શુદ્ધ સ્વભાવથી ચ્યુત થાતો,
સર્વત્ર અનિવારિતો, ગતભયા પશુ થતો, ક્રીડતો સ્વૈર વિહાર આ તો...
પશુ અધ્યાસી આત્મામાં ભવન સર્વ ભાવનું. ૧

સ્યાદ્વાદી તો સ્વ સ્વભાવ આરૂઢ થઈ, લસલસંતો વિશુદ્ધો જ આંહિ,
પરતણા ભાવથી, ભાવ નિજ હોય ના, એમ નિષ્કંપ અવલોકમાંહિ...
સ્યાદ્વાદી તો સ્વ સ્વભાવ આરૂઢ થઈ, વિશુદ્ધ જ આંહિ. ૨

**અર્થ** - આત્મામાં સર્વ ભાવનું ભવન અધ્યાસીને શુદ્ધ સ્વભાવથી ચ્યુત થયેલો એવો પશુ સર્વત્ર પણ અનિવારિત સતો, ગતભય સ્વૈરપણે ક્રીડા કરે છે, પણ સ્યાદ્વાદી તો સ્વના સ્વભાવને ભરથી (સારી પેઠે - પૂર્ણ પણે) આરૂઢ થયેલો હોઈ, પરભાવથી ભાવ વિરહના (ભાવ અભાવના) વ્યાલોકમાં નિષ્કંપિત સતો, વિશુદ્ધ જ લસે છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જેમ આકાશમાં વિશ્વનો પ્રવેશ નથી, સર્વ ભાવની વાસનાથી આકાશ રહિત જ છે, તેમ સમ્યક્ દૃષ્ટિ પુરુષોએ પ્રત્યક્ષ સર્વ દ્રવ્યથી ભિન્ન, સર્વ અન્ય પર્યાયથી રહિત જ આત્મા દીઠો છે."
**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૭૬૦, ૮૩૩**

"આત્મ ભાવે રહે અપરતા નવ ગ્રહે."

"લહી ઉદાસીનતા અપર ભાવે." - **શ્રી દેવચંદ્રજી**

ઉપરમાં કહ્યો તેથી વિરુદ્ધ - 'परभावेन असत्त्वं' - **પરભાવથી અસત્ત્વ - એ બારમો પ્રકાર** અત્ર આ કળશ કાવ્યમાં **અમૃતચંદ્રજી પરમાર્થ મહાકવિએ સુંદર સ્વભાવોક્તિમય શબ્દચિત્ર આલેખી પ્રદર્શિત** કર્યો છે - अध्यास्यात्मनि सर्वभावभवनं शुद्धस्वभावच्युतः - આત્મામાં સર્વ ભાવનું 'ભવન' - હોવાપણું **'અધ્યાસી'** - માની બેસીને શુદ્ધ સ્વભાવથી **'ચ્યુત'** - ભ્રષ્ટ પ્રમત્ત થયેલો **'પશુ' - અબૂઝ અજ્ઞાની** જીવ, **સર્વત્ર** - સર્વસ્થળે પણ **'અનિવારિત'** - નિવારવામાં નહિ આવેલો એવો **'ગતભય'** - ભય રહિત સતો **'સ્વૈર'** - સ્વચ્છંદપણે **'ક્રીડે છે'** - રમે છે - 'सर्वत्राप्यनिवारितो गतभयः स्वैरं पशुः क्रीडति', પણ **'સ્વના'** - પોતાના - આત્માના સ્વભાવે **'ભરથી'** - પૂરેપૂરી રીતે - સારી પેઠે **આરૂઢ થયેલો સ્યાદ્વાદી** તો **પરભાવથી 'ભાવના'** - હોવાપણાના **'વિરહના'** - **અભાવના 'વ્યાલોકમાં'** - 'વિ' - **વિશેષે કરીને** આલોકમાં - 'આ' વસ્તુ મર્યાદા પ્રમાણે લોકમાં - અવલોકનમાં - દર્શનમાં **'નિષ્કંપિત'** - અચલાયમાન

સતો, વિશુદ્ધ જ લસે છે - 'स्याद्वादी तु विशुद्ध एव लसति स्वस्य स्वभावं भरादारूढः परभावभावविरह - व्यालोकनिष्कंपितः ।' અર્થાત્ **સ્વ - પરનો 'એક અંત' - એકાંત ગ્રહનારો અજ્ઞાની પશુ** સર્વભાવ મ્હારા પોતામાં - આત્મામાં હોય છે એમ માની બેસે છે, એટલે તે **શુદ્ધ સ્વભાવથી ચ્યુત - ભ્રષ્ટ - પ્રમત્ત** થાય છે, એટલે પછી સર્વત્ર કોઈથી નહિ નિવારાતો - નહિ અટકાવાતો એવો તે ભયરહિતપણે **સ્વચ્છંદે** ક્રીડા કરે છે. પણ આથી ઉલટું **સ્વ - પરના 'અનેક અંત' - અનેકાંત સમજનારો સ્યાદ્વાદી** તો **'સ્વના'** - પોતાના સ્વભાવ પર ભરથી - પૂરેપૂરો આરૂઢ થયેલો છે, ઉંચી સ્વભાવસ્થિતિ દશાએ ચઢેલો છે, એટલે મ્હારામાં પરભાવના ભાવનો - હોવાપણાનો 'વિરહ' - વિયોગ - અભાવ છે એમ સ્પષ્ટ આલોકે છે - વસ્તુ મર્યાદા પ્રમાણે અવલોકે છે - વિલોકે છે - દેખે છે, એથી કરીને તે પરભાવથી કંપાયમાન - ચલાયમાન થતો નથી અને **સ્વભાવારૂઢ દશામાં નિષ્કંપિત રહી વિશુદ્ધ જ લસે છે - ઉલ્લસે છે.**

प्रादुर्भावविराममुद्रितवहज्ज्ञानांशनानात्मना-
निर्ज्ञानात्क्षणभंगसंगपतितः प्रायः पशुर्नश्यति ।
स्याद्वादी तु चिदात्मना परिमृशंश्चिद्वस्तु नित्योदितं,
टंकोत्कीर्णघनस्वभावमहिमज्ञानं भवन् जीवति ॥२६०॥

નાશોત્પાદથી મુદ્રિતા વહી જતા જ્ઞાનાંશની ભિન્નતા,
નિર્જ્ઞાને ક્ષણભંગ સંગ પતિતો પ્રાયે પશુ નાશતો;
સ્યાદ્વાદી ચિદ વસ્તુ નિત્ય ઉદિતા ચિદાત્મથી ચિંતતો,
ટંકોત્કીર્ણ ઘન સ્વભાવમહિમા જ્ઞાનં થતો જીવતો. ૨૬૦

## અમૃત પદ - (૨૬૦)

('ધાર તરવારની' એ રાગ ચાલુ)

નાશોત્પાદ મુદ્રિતા, વહતા જ્ઞાનાંશની, નાનાત્મતા તણા, એહ ઠામે,
નિર્જ્ઞાનના રંગમાં, ક્ષણ ભંગ સંગમાં, પતિત પ્રાયે પશુ નાશ પામે...
પશુ ક્ષણ ભંગ સંગમાં પતિત પ્રાયે નાશ પામે. ૧
સ્યાદ્વાદી તો ચિદાત્માથી ચિદ્ વસ્તુ તે ચિંતતો નિત્ય ઉદિત આ તો,
ટંકોત્કીર્ણ જ ઘના, સ્વભાવ મહિમા યુતો, જ્ઞાની જીવે જ આ જ્ઞાન હોતો...
સ્યાદ્વાદી તો ચિદાત્માથી ચિદ્ વસ્તુ તે ચિંતતો. ૨

**અર્થ** - પ્રાદુર્ભાવ - વિરામથી (ઉત્પાદ - વ્યયથી) મુદ્રિત એવા વહતા જ્ઞાનાંશોની નાનાત્મતાના (નાનારૂપ પણાના) નિર્જ્ઞાનને લીધે ક્ષણ ભંગ-સંગથી પતિત થયેલો પશુ પ્રાયે નાશ પામે છે, પણ સ્યાદ્વાદી તો ચિદાત્માથી (ચિત્ સ્વરૂપથી) નિત્યોદિત ચિદ્ વસ્તુને પરિમર્શતો, ટંકોત્કીર્ણ ઘન સ્વભાવ મહિમાવાળું જ્ઞાન હોતો જીવે છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''પરમ સુખ સ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ સમાધિને સર્વકાળને માટે પામ્યા તે ભગવંતને નમસ્કાર. તે પદમાં નિરંતર લક્ષરૂપ પ્રવાહ છે જેનો તે સત્પુરુષોને નમસ્કાર.''

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૭૬૦), ૮૩૩**

''શ્રી પારસજિન પારસ રસ સમો, પણ ઈહાં પારસ નાંહિ,
પૂરણ રસિઓ હો નિજ ગુણ પરસનો, આનંદઘન મુજ માંહિ... ધ્રુવ પદ.'' - **શ્રી આનંદઘનજી**

આ કળશ કાવ્યમાં 'सामान्यरूपेण नित्यत्वं' - **'સામાન્ય રૂપથી નિત્યત્વ' એ તેરમો પ્રકાર સ્વભાવોક્તિમય સુંદર શબ્દચિત્રથી** સ્પષ્ટ વિવરી દેખાડ્યો છે - प्रादुर्भावविराममुद्रितवहन् ज्ञानांशनानात्मनानिर्ज्ञानात् - **'પ્રાદુર્ભાવ'** - પ્રગટ થવું - ઉપજવું અને **'વિરામ'** - વિરમવું એથી **'મુદ્રિત'** - અંકિત એવા **'વહતા'** - પ્રવાહ પ્રમાણે વહ્યા કરતા - ચાલ્યા કરતા **જ્ઞાનાંશોની** નાનાત્મના (નાના આત્મ વડે કરીને) નાના સ્વરૂપપણાના **'નિર્જ્ઞાનને લીધે'** - નિશ્ચય નિર્ધાર રૂપ જ્ઞાનને લીધે **ક્ષણ ભંગના સંગમાં 'પતિત'** - પડેલો **પશુ અજ્ઞાની** પ્રાયે નાશે છે - નાશ પામે છે - 'क्षणभंगसंगपतितः प्रायः पशुर्नश्यति', **પણ આથી** ઉલટું, **'ચિદાત્માથી'** - ચિત્સ્વરૂપથી ચિદ્વસ્તુને **'નિત્યોદિત'** - **સદોદિત** - સદા ઉદય પામેલી **'પરિમર્શતો'** - પર્યાલોચતો - ચિંતવતો **સ્યાદ્વાદી તો** - 'स्याद्वादी तु चिदात्मना परिमृशंश्चिद्वस्तु नित्योदितं', **ટંકોત્કીર્ણ ઘન** સ્વભાવ મહિમાવાળું જ્ઞાન ભવન (હોતો) જીવે છે - 'टंकोत्कीर्णघनस्वभावमहिमज्ञानं भवन् जीवति' ।

અર્થાત્ એક જ્ઞાનાંશ વિરામ પામે છે ત્યાં બીજો જ્ઞાનાંશ 'પ્રાદુર્ભાવ' - પ્રગટપણું પામે છે, તે પાછો વિરામ પામે છે ને ત્રીજો જ્ઞાનાંશ પ્રાદુર્ભાવ પામે છે, એમ પ્રાદુર્ભાવ - વિરામની 'મુદ્રા' - છાપ જ્યાં લાગેલી જ છે એવા નાનારૂપ જ્ઞાનાંશોનો અખંડ પ્રવાહ વહ્યા કરે છે, આ જ્ઞાનાંશોના નાના પ્રકારપણાના નિર્જ્ઞાનને લીધે અજ્ઞાની પશુ ક્ષણ ભંગ સંગમાં પતિત હોય છે - ક્ષણ ભંગ સંગમાં પડી જાય છે, એટલે કે વસ્તુ ક્ષણભંગુર છે એવા 'ક્ષણ ભંગના' - વસ્તુને ક્ષણિક જ માનવા રૂપ પ્રકારના સંગમાં તે પડી જાય છે અને આમ 'ક્ષણ સંગ ભંગ પતિત' - ક્ષણ ભંગ સંગથી પતિત થયેલો તે 'પશુ' - અજ્ઞાની અબૂઝ પ્રાયે નાશ પામે છે. પણ આથી ઉલટું, સ્યાદ્વાદી જ્ઞાની તો 'ચિદાત્માથી' - સામાન્ય એવા ચિત્સ્વરૂપે ચિદ્વસ્તુ 'નિત્યોદિત' - સદોદિત જ છે એમ પરામર્શ - વિચાર કરે છે, એટલે ટાંકણાથી 'ઉત્કીર્ણ' - કોતરી કાઢેલ અક્ષર જેવો અક્ષર ટંકોત્કીર્ણ અને 'ઘન' - પરભાવને પ્રવેશ નહિ દેતું એવો અનવકાશ નક્કર મહિમન્ છે જેનું એવું જ્ઞાન ભવન્ (હોતો) - કેવલ જ્ઞાન સ્વરૂપે પરિણમતો 'જીવે છે' - પોતાના જ્ઞાન સ્વરૂપથી પરમાર્થ જીવનથી જીવે છે.

टंकोत्कीर्णविशुद्धबोधविसराकारात्मतत्त्वाशया,
वांछत्युच्छलदच्छचित्परिणतेर्भिन्नं पशुः किंचन ।
ज्ञानं नित्यमनित्यतापरिगमेऽप्यासादयत्युज्ज्वलं,
स्याद्वादी तदनित्यतां परिमृशंश्चिद्वस्तुवृत्तिक्रमात् ॥२६१॥

ટંકોત્કીર્ણ વિશુદ્ધ બોધ વિસરાકાર સ્વ તત્ત્વઆશથી,
વાંછે અચ્છ ઉછળંત ચિત્ પરિણતિથી યે જૂદું કૈં પશુ;
નિત્ય જ્ઞાન અનિત્યતા પરિગમે તે ઉજ્જ્વલું પામતો,
સ્યાદ્વાદી ચિદ્દ્ વસ્તુ વૃત્તિક્રમથી તદ્ અનિત્યતા ચિંતતો. ૨૬૧

## અમૃત પદ - ૨૬૧

('ધાર તરવારની' એ રાગ ચાલુ)

ટંકોત્કીર્ણ શુદ્ધ અતિ, બોધ વિસરાકૃતિ, આત્મના તત્ત્વની આશ ધારી,
ઉછળતી અચ્છ ચિત્ પરિણતિથી ભિન્ન કંઈ, વાંચ્છતો પશુ જ અબૂઝ ભારી...
પશુ જ અચ્છ ચિત્ પરિણતિથી ભિન્ન કંઈ વાંચ્છતો. ૧
જ્ઞાન તો નિત્ય અનિત્યતા પરિગમે પણ તે ઉજ્જ્વલું અત્ર પામે,
સ્યાદ્વાદી વૃત્તિના, ક્રમથી તદ્અનિત્યતા, ચિંતતો માત્ર ચિત્ વસ્તુધામે...
સ્યાદ્વાદી વૃત્તિના ક્રમથી તદ્અનિત્યતા ચિંતતો માત્ર ચિત્ વસ્તુ ધર્મ. ૨

**અર્થ** - ટંકોત્કીર્ણ બોધ વિસરાકાર આત્મતત્ત્વની આશાથી ઉછળતી અચ્છ ચિત્ પરિણતિથી ભિન્ન એવું કાંઈ પશુ વાંચ્છે છે, ચિદ્દ્ વસ્તુ વૃત્તિ ક્રમથી તેની અનિત્યતા પરિમર્શતો (વિચારતો) સ્યાદ્વાદી અનિત્યતા પરિગમે પણ ઉજ્જ્વલ એવું નિત્ય જ્ઞાન પામે છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જે અચિંત્ય દ્રવ્યની શુદ્ધ ચિતિ સ્વરૂપ કાંતિ પરમ પ્રગટ થઈ અચિંત્ય કરે છે, તે અચિંત્ય દ્રવ્ય સહજ સ્વાભાવિક નિજ સ્વરૂપ છે એવો નિશ્ચય જે પરમ કૃપાળુ સત્પુરુષે પ્રકાશ્યો તેનો અપાર ઉપકાર છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૭૬૦), ૮૩૩**

''ચિદાનંદ ઘન તત્ત્વ વિલાસી, શુદ્ધ સ્વરૂપ નિવાસી રે...'' - **શ્રી દેવચંદ્રજી**

ઉપરમાં કહ્યું તેથી ઉલટો - 'विशेषरूपेण अनित्यत्वं' **વિશેષરૂપથી અનિત્યત્વ - એ ચૌદમો પ્રકાર** અહીં આ કળશ કાવ્યમાં* પ્રદર્શિત કર્યો છે - टंकोत्कीर्णविशुद्धबोधविसराकारात्मतत्त्वाशया - **ટંકોત્કીર્ણ વિશુદ્ધ 'બોધ વિસરાકાર'** - જ્ઞાન પ્રસરાકાર એવા આત્મતત્ત્વની આશાથી **'પશુ'** - અબૂઝ અજ્ઞાની જીવ, ઉછળતી **'અચ્છ'** - સ્વચ્છ **વિત્ પરિણતિથી - જ્ઞાન પરિણતિથી વા ચિત્ પરિણતિથી - 'ભિન્ન' - જૂદું** એવું કંઈ 'વાંચ્છે છે' - ઈચ્છે છે - 'वांच्छत्युच्छलदच्छ चित् (वित्) परिणतेर्भिन्नं पशुः किंचन', પણ આથી ઉલટું, 'તેની' - જ્ઞાનની અનિત્યતા ચિદ્દ્ વસ્તુની **વૃત્તિના ક્રમ થકી 'પરિમર્શતો'** - પર્યાલોચતો **સ્યાદ્વાદી તો** - 'स्याद्वादी तु तदनित्यतां परिमृशंश्चिद्वस्तुवृत्तिक्रमात्', **'અનિત્યતાના'** - અનિત્યપણાના **'પરિગમમાં'** - સર્વથા - સારી પેઠે જાણપણામાં પણ ઉજ્જ્વલ જ્ઞાન નિત્ય પામે છે - ज्ञानं नित्यमनित्यता परिगमेऽप्यासादयत्युज्ज्वलं ।

અર્થાત્ - વસ્તુ સામાન્ય રૂપ જ છે એવા એકાંતને ગ્રહનારો **'પશુ'** - અજ્ઞાની અબૂઝ, **'ટંકોત્કીર્ણ'** - ટાંકણાથી 'ઉત્કીર્ણ' - કોતરેલ અક્ષર જેવા અક્ષર સદાસ્થાયી નિત્ય એવા વિશુદ્ધ **'બોધ વિસરાકાર'** -

જ્ઞાની એક સેર રૂપ સામાન્ય આત્મતત્ત્વની આશા રાખે છે, એટલે તે ક્ષણે ક્ષણે પ્રવર્ત્તતી - ઉછળતી જ્ઞાન પરિણતિથી 'ભિન્ન' જૂદું જ કંઈ ઈચ્છે છે, જ્ઞાન વિશેષને નથી ઈચ્છતો અને જ્ઞાન પરિણતિથી જૂદું જ્ઞાન તો છે નહિ, વિશેષ ભાવ વિનાનું જ્ઞાન સામાન્ય તો છે નહિ, એટલે તેના હાથમાં કાંઈ આત્મતત્ત્વ આવતું નથી. પણ સ્યાદ્વાદી તો પરામર્શ - વિચાર કરે છે કે જ્ઞાનની અનિત્યતા તો **ચિદ્વસ્તુની** વૃત્તિના **'ક્રમ થકી'** - સમય પ્રવાહ ક્રમથકી છે, એટલે એમ પરામર્શતો - વિચારતો તે અનિત્યતાના પરિગમમાં પણ - જ્ઞાન વૃત્તિઅંશ ક્રમથી અનિત્ય છે એમ તેનું અનિત્યપણું સારી પેઠે જાણતો છતાં, નિત્ય એવું ઉજ્જવલ જ્ઞાન પ્રાપ્ત કરે છે.

अनुष्टुप्

**इत्यज्ञानविमूढानां, ज्ञानमात्रं प्रसाधयन् ।**
**आत्मतत्त्वमनेकांतः, स्वयमेवानुभूयते ॥२६२॥**

અજ્ઞાન મૂઢને એમ, જ્ઞાનમાત્ર પ્રસાધતો,
આત્મતત્ત્વ અનેકાંત, અનુભૂત સ્વયં થતો. ૨૬૨

## અમૃત પદ - ૨૬૨

('ધાર તરવારની' એ રાગ ચાલુ)

અજ્ઞાન મૂઢો પ્રતિ, જ્ઞાનમાત્ર જ અતિ, આત્મનું તત્ત્વ તો આ પ્રસાધે,
એવો અનેકાંત આ, અનુભવાયે સ્વયં, જેને એકાંત કો ના જ બાધે... અજ્ઞાન મૂઢો પ્રતિ. ૧
તત્ અતત્ સત્ અસત્, નિત્ય અનિત્યવત્, એક અનેક અનેકાંત એવું,
વિશુદ્ધ બે શક્તિનું, જ્યાં પ્રકાશન ઘણું, વસ્તુનું તત્ત્વ તે જાણી લેવું... અજ્ઞાન મૂઢો પ્રતિ. ૨
જ્ઞેય ને જ્ઞાનનો, એક છે અંત ના, એમ એકાંત વિધ્વંસનારી,
નીતિ અનેકાંત આ, જ્ઞાનમાત્ર આત્મની, શુદ્ધ અનુભૂતિની અર્પનારી... અજ્ઞાન મૂઢો પ્રતિ. ૩

**અર્થ** - એવા પ્રકારે અજ્ઞાન વિમૂઢો પ્રત્યે જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ પ્રસાધતો એવો અનેકાંત સ્વયમેવ અનુભવાય છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સર્વથી સર્વ પ્રકારે હું ભિન્ન છઉં, એક કેવલ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ, પરમોત્કૃષ્ટ અચિંત્ય સુખ સ્વરૂપ માત્ર એકાંત શુદ્ધ અનુભવરૂપ હું છઉં.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૭૬૦), ૮૩૩**

''ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ પ્રગટ કરી, નીપનો પરમ પદ જગવદિતો.'' - **શ્રી દેવચંદ્ર**

એમ ચૌદ પૂર્વ સમા આ અપૂર્વ ચૌદ **દિવ્ય 'અમૃત' કળશ કાવ્યોથી સમસ્ત એકાંતનું** આત્યંતિક ખંડન અને અનેકાંતનું આત્યંતિક મંડન કરી, તેના ઉપસંહાર રૂપે આ કળશ કાવ્યમાં **દિવ્યદૃષ્ટા અમૃતચંદ્રજી મહામુનિ** વીર ગર્જના કરે છે - इत्यज्ञानविमूढानां ज्ञानमात्रं प्रसाधयन् आत्मतत्त्वमनेकांतः - એમ એવા પ્રકારે **અજ્ઞાન વિમૂઢો** પ્રત્યે **જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ** પ્રસાધતો **અનેકાંત 'સ્વયમેવ' - આપોઆપ જ અનુભવાય છે** - 'स्वयमेवानुभूयते', અર્થાત્ એમ **ચતુર્દશ પ્રકારોથી** ઉક્ત પ્રકારે અજ્ઞાનથી **'વિમૂઢ'** - વિશેષે કરીને અત્યંત મૂઢ - મોહમૂઢ જનો પ્રત્યે 'માત્ર' - કેવલ જ્ઞાન સિવાય બીજું કંઈ પણ નથી એવું **'જ્ઞાનમાત્ર' - કેવલ જ્ઞાનમય આત્મતત્ત્વ** 'પ્રસાધતો' - પ્રકૃષ્ટપણે સાધતો એવો આ **અનેકાંત 'સ્વયમેવ'** - આપોઆપ જ **પ્રત્યક્ષ આત્માનુભવથી અનુભવાય છે. આ અનેકાંત આત્મતત્ત્વ** છે એવો આ **અનેકાંત અનુભવ પ્રમાણ છે, આત્મનુભવ પ્રમાણથી સિદ્ધ છે.**

અલંઘ્ય જૈન શાસન અનેકાંત વ્યવસ્થિત –

अनुष्टुप्

**एवं तत्त्वव्यवस्थित्या, स्वं व्यवस्थापयन् स्वयं ।**
**अलंध्यं शासनं जैनमनेकांतो व्यवस्थितः ॥२६३॥**

એમ તત્ત્વ વ્યવસ્થિત્યા, સ્વ સ્વયં વ્યવસ્થાપતો;
અલંઘ્ય શાસનં જૈનં, અનેકાંત વ્યવસ્થિતો. ૨૬૩

## અમૃત પદ - ૨૬૩

('ધાર તરવારની' એ રાગ ચાલુ)

તત્ત્વ અનેકાંતની એમ વ્યવસ્થા થકી, સ્વને સ્વયં વ્યવસ્થાપનારો;
શાસન જૈન અલંઘ્ય વ્યવસ્થિત છે, આ અનેકાંત સિદ્ધાંત સારો... ૧
આ અનેકાંતની, જયપતાકા મહા, અત્ર ફરકાવી આ વિશ્વરંગે;
જૈન શાસન તણો, ડંકો વગાડાવિયો, એમ ભગવાન **અમૃતચંદ્રે**... ૨
ચૌદ પૂર્વો તણો, સાર સંપૂર્ણ આ, ચૌદ આ **અમૃત કળશે** સમાવ્યો;
**'તત્ત્વચિંતામણિ' 'વિજ્ઞાનઘન' 'અમૃત'**, નામનો સુજશ જગમાં જમાવ્યો... ૩

**અર્થ** - એમ તત્ત્વ વ્યવસ્થિતિથી સ્વને સ્વયં વ્યવસ્થાપતો અનેકાંત 'અલંઘ્ય શાસન જૈનં' - એવો અનેકાંત વ્યવસ્થિત થયો.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સ્યાત્ મુદ્રા એ સ્વરૂપ સ્થિત આત્માની શિક્ષા છે.'' - **શ્રીમદ્ રાજચંદ્રજી, હાથનોંધ**

''વિનતિ એ માનજો શક્તિ મુજ આપજો, ભાવ સ્યાદ્વાદતા શુદ્ધ ભાસે.'' - **શ્રી દેવચંદ્રજી**

**અનેકાંત સિદ્ધાંતની મહાપ્રતિષ્ઠા ઉદ્ઘોષતા આ કળશ કાવ્યમાં*** **અનેકાંતના** અનન્ય પરિજ્ઞાતા અને અદ્વિતીય વ્યાખ્યાતા **અમૃતચંદ્રજી** પૂર્ણ આત્માનુભવ નિશ્ચયથી ગર્જના કરે છે - एवं तत्त्वव्यवस्थित्या, स्वं व्यवस्थापयन् स्वयं - એમ ઉક્ત પ્રકારે **'તત્ત્વ વ્યવસ્થિતિથી'** - તત્ત્વની વ્યવસ્થિતિથી - વિશેષે કરીને **'અવસ્થિતિથી'** - 'અવ' - સ્વ સમયની સ્વરૂપ મર્યાદાથી જેમ છે તેમ **'સ્થિતિથી'** - નિશ્ચિત વૃત્તિથી **'સ્વને'** - પોતાને **વ્યવસ્થાપતો** - **'અલંઘ્ય શાસન જૈનં'** આ **અનેકાંત** આપોઆપ જ **'વ્યવસ્થિત'** છે - 'વિ' - વિશેષે કરીને 'અવસ્થિત' છે, 'અવ' - જેમ છે તેમ સ્વરૂપ મર્યાદાથી 'સ્થિત' છે, 'अलंध्यं शासनं जैनमनेकांतो व्यवस्थितः !' અર્થાત્ - એમ તત્ત્વની વ્યવસ્થા કરતા **જિન ભગવાનને અલંઘ્ય શાસન** - એવો **અનેકાંત** પોતે જ વ્યવસ્થિત થયો, પોતે જ સ્વરૂપથી સુસંપ્રતિષ્ઠિત થયો. इति सिद्धं ।

લક્ષણ પ્રસિદ્ધિથી લક્ષ્ય પ્રસિદ્ધિ : આત્માનો જ્ઞાનમાત્રતાથી વ્યપદેશ

**नन्वनेकांतमयस्यापि किमर्थमत्रात्मनो ज्ञानमात्रतया व्यपदेशः ?**
**लक्षणप्रसिद्ध्या लक्ष्यप्रसिद्ध्यर्थं । आत्मनो हि ज्ञानं लक्षणं**
**तदसाधारणगुणत्वात् तेन ज्ञानप्रसिद्ध्या तल्लक्ष्यस्यात्मनः प्रसिद्धिः ।**
**ननु किमनया लक्षणप्रसिद्ध्या लक्ष्यमेव प्रसाधनीयं ।**
**नाप्रसिद्धलक्षणस्य लक्ष्यस्यप्रसिद्धिः प्रसिद्धलक्षणस्यैव तत्प्रसिद्धेः ।**
**ननु किं तल्लक्ष्यं यज्ज्ञानप्रसिद्ध्या ततो भिन्नं प्रसिद्ध्याति ?**
**न ज्ञानाद्भिन्नं लक्ष्यं ज्ञानात्मनोर्द्रव्यत्वेनाभेदात् ।**
**तर्हि किं कृतो लक्ष्यलक्षणविभागः ? प्रसिद्धप्रसाध्यमानत्वात् कृतः ।**
**प्रसिद्धं हि ज्ञानं ज्ञानमात्रस्य स्वसंवेदनसिद्धत्वात् ।**
**तेन प्रसिद्धेन प्रसाध्यमानस्तदविनाभूतानंतधर्मसमुदयमूर्तिरात्मा,**
**ततो ज्ञानमात्राचलितनिखातया दृष्ट्या क्रमाक्रमप्रवृत्तं तदविनाभूतं -**
**मनंतधर्मजातं यद्यावल्लक्ष्यते तत्तावत्समस्तमेवैकः खल्वात्मा,**
**एतदर्थमेवात्रास्य ज्ञानमात्रतया व्यपदेशः ।**

શંકા - વારુ, અનેકાંતમય છતાં અત્રે આત્માનો શું અર્થે જ્ઞાનમાત્રતાથી વ્યપદેશ છે ?

સમાધાન - લક્ષણ પ્રસિદ્ધિથી લક્ષ્ય પ્રસિદ્ધિ અર્થે, કારણકે આત્માનું સ્ફુટપણે જ્ઞાન લક્ષણ છે, તેનું (આત્માનું) અસાધારણ ગુણપણું છે માટે, તેથી જ્ઞાન પ્રસિદ્ધિથી તેના લક્ષ્ય એવા આત્માની પ્રસિદ્ધિ છે.

શંકા - વારુ, આ લક્ષણ પ્રસિદ્ધિથી શું ? લક્ષ્ય જ પ્રસાધનીય (પ્રસાધવા યોગ્ય) છે.

સમાધાન - અપ્રસિદ્ધ લક્ષણની લક્ષ્ય પ્રસિદ્ધિ નથી - પ્રસિદ્ધ લક્ષણની જ તત્પ્રસિદ્ધિ છે માટે.

શંકા - વારુ, તે લક્ષ્ય શું છે કે જે જ્ઞાનપ્રસિદ્ધિથી તેનાથી (જ્ઞાનથી) ભિન્ન એવું પ્રસિદ્ધ થાય છે ?

સમાધાન - જ્ઞાનથી ભિન્ન એવું લક્ષ્ય નથી, જ્ઞાન અને આત્માના દ્રવ્યપણાએ કરી અભેદ છે માટે.

શંકા - તો પછી લક્ષ્ય - લક્ષણ વિભાગ કેમ કરવામાં આવ્યો ?

સમાધાન - પ્રસિદ્ધથી પ્રસાધ્યમાનપણાને લીધે (પ્રસાધવામાં આવવાપણાને લીધે) કરવામાં આવ્યો. કારણકે સ્ફુટપણે જ્ઞાન પ્રસિદ્ધ છે - જ્ઞાનમાત્રનું સ્વ સંવેદનથી સિદ્ધપણું છે માટે. તે (જ્ઞાન) પ્રસિદ્ધ વડે કરીને તેનાથી (જ્ઞાનથી) અવિનાભૂત અનંત ધર્મસમુદયમૂર્તિ આત્મા પ્રસાધ્યમાન (પ્રસાધવામાં આવી રહેલો) છે, તેથી જ્ઞાનમાત્રમાં અચલિત નિખાત (દૃઢ ખોડેલી) દૃષ્ટિથી ક્રમાક્રમ પ્રવૃત્ત એવું તદ્ અવિનાભૂત (તે જ્ઞાનથી અવિનાભૂત) અનંત ધર્મજાત જે જેટલું લક્ષાય છે, તે તેટલું સમસ્ત જ એક એવો નિશ્ચયે કરીને ખરેખર ! આત્મા છે - એ અર્થે જ અત્ર આનો (આત્માનો) જ્ઞાનમાત્રતાથી વ્યપદેશ (નિર્દેશ) છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"જ્ઞાન સ્વરૂપપણું એ આત્માનું મુખ્ય લક્ષણ છે અને તેના અભાવવાળું મુખ્ય લક્ષણ જડનું છે."
**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૪૪૭), ૫૩૦ (મહાત્મા ગાંધીજીના પ્રશ્નોના ઉત્તર વાળો અમૃત પત્ર)**

અત્રે આત્માને જ્ઞાનમાત્ર કહ્યો તે અંગે શિષ્યને ઊઠતી શંકાનું નિવારણ કર્યું છે. શિષ્યને પ્રશ્ન ઊઠે છે કે - **'અનેકાંતમય'** - અનેક અંતમય - ધર્મમય છતાં આત્માનો અત્રે **'જ્ઞાનમાત્રતાથી'** - કેવળ જ્ઞાનમાત્રપણે 'વ્યપદેશ' - નિર્દેશ શું અર્થે કર્યો ? આ આત્મા **'જ્ઞાનમાત્ર'** - કેવલ જ્ઞાન છે એમ કેમ

કહ્યું ? તેનો સદ્‌ગુરુ ભગવાન ઉત્તર આપે છે કે - લક્ષણ પ્રસિદ્ધિથી લક્ષ્ય પ્રસિદ્ધિ અર્થે - 'लक्षण प्रसिद्ध्या लक्ष्यप्रसिद्ध्यर्थं ।' લક્ષણની - અસાધારણ ગુણ - ચિહ્નની 'પ્રસિદ્ધિ' - પ્રખ્યાતિ અથવા પ્રકૃષ્ટ સિદ્ધિ વડે કરીને લક્ષ્યની 'પ્રસિદ્ધિ' - પ્રખ્યાતિ અથવા પ્રકૃષ્ટ સિદ્ધિ થાય એ અર્થે, પ્રસિદ્ધ - પ્રખ્યાત - સારી પેઠે જાણીતા લક્ષણ વડે લક્ષ્યની પ્રસિદ્ધિ થાય. - પ્રગટ ઓળખાણ થાય એ અર્થે. જ્ઞાન છે તે આત્માનું 'લક્ષણ' - વિશિષ્ટ ગુણ - ચિહ્ન છે, કારણકે તેનું - જ્ઞાનનું અસાધારણ ગુણપણું છે, એટલે સુપ્રસિદ્ધ એવા અસાધારણ ગુણરૂપ જ્ઞાન લક્ષણની પ્રસિદ્ધિ વડે કરીને તેના 'લક્ષ્યની' - તે લક્ષણના સાધ્ય આત્માની પ્રસિદ્ધિ - પ્રખ્યાતિ અથવા પ્રકૃષ્ટ સિદ્ધિ થાય છે. એટલે શિષ્ય પુનઃ પ્રશ્ન કરે છે - આ લક્ષણ પ્રસિદ્ધિથી શું ? લક્ષ્ય જ પ્રસાધનીય છે - लक्ष्यमेव प्रसाधनीयं - લક્ષ્ય જ પ્રસાધવું - પ્રકૃષ્ટપણે સાધવું યોગ્ય છે. તેનો આચાર્યજી ઉત્તર આપે છે - જેનું લક્ષણ અપ્રસિદ્ધ છે - પ્રસિદ્ધ નથી તેની લક્ષ્ય પ્રસિદ્ધિ નથી, કારણકે જેનું લક્ષણ પ્રસિદ્ધ છે તેની લક્ષ્ય પ્રસિદ્ધિ છે માટે.

ત્યારે શિષ્ય વળી પૂછે છે - આપે આ લક્ષ્ય - લક્ષણ ભેદ કરીને વાત કરી તો એવું તે કયું લક્ષ્ય છે - સાધ્ય છે કે જે જ્ઞાન પ્રસિદ્ધિ વડે કરીને 'તેનાથી' - તે જ્ઞાનથી 'ભિન્ન' - જૂદું એવું પ્રસિદ્ધ થાય છે ? તેનો ઉત્તર આપતાં આચાર્યજી વદે છે - જ્ઞાનથી 'ભિન્ન' - જૂદું - પૃથક્ એવું 'લક્ષ્ય' - સાધ્ય નથી, કારણકે જ્ઞાન અને આત્માનો દ્રવ્યપણાએ કરી અભેદ છે - ज्ञानात्मनोर्द्रव्यत्वेनाभेदः, અર્થાત્ જ્ઞાન - આત્માનો પ્રદેશભેદ નથી, જે અને જેટલા ક્ષેત્રમાં આત્મા છે તે ને તેટલા ક્ષેત્રમાં જ્ઞાન વ્યાપક છે એટલે એ બેનું પૃથક્‌પણું છે નહિ, જ્ઞાન - આત્માનો દ્રવ્યપણે અભેદ હોઈ ભેદ પાડી શકાય એમ નથી. એટલે શિષ્ય પુનઃ પ્રશ્ન કરે છે - જો એમ છે તો પછી આ લક્ષ્ય અને આ લક્ષણ એમ લક્ષ્ય - લક્ષણ વિભાગ કેમ કરવામાં આવ્યો ? તેનો ઉત્તર આચાર્યજી આપે છે - પ્રસિદ્ધ વડે 'પ્રસાધ્યમાનપણાને લીધે' - પ્રસાધાઈ રહ્યાપણાને લીધે કરવામાં આવ્યો, જે 'પ્રસિદ્ધ' - પ્રખ્યાત - સારી પેઠે જાણીતું અથવા પ્રકૃષ્ટપણે સિદ્ધ છે, તે વડી કરી આનું પ્રકૃષ્ટપણે સાધવાપણું કરાઈ રહ્યું છે એટલા માટે આ લક્ષ્ય - લક્ષણ વિભાગ કરવામાં આવ્યો, કારણકે જ્ઞાન 'પ્રસિદ્ધ' - પ્રખ્યાત - પ્રકૃષ્ટપણે સિદ્ધ છે, જ્ઞાનમાત્રનું 'સ્વ સંવેદનથી' - આત્માનુભવથી સિદ્ધપણું છે માટે, આબાલ ગોપાલ કોઈને પણ જ્ઞાનમાત્ર એ સ્વસંવેદનથી - સ્વાનુભવથી સિદ્ધ છે માટે - प्रसिद्धं हि ज्ञानं ज्ञानमात्रस्य स्वसंवेदनसिद्धत्वात् ।

તે પ્રસિદ્ધ એવા જ્ઞાન વડે કરીને પ્રસાધાઈ રહેલો આ આત્મા તેનાથી - તે જ્ઞાનથી અવિનાભૂત એવા અનંત ધર્મનો સમુદયમૂર્ત્તિ છે - तदविनाभूतानंतधर्मसमुदयमूर्तिरात्मा । અર્થાત્ જ્ઞાન વિના જેનું હોવાપણું હોય નહિ એવા - તદ્ અવિનાભૂત અનંત ધર્મોનો 'સમુદય' - એકી સાથે ઉદય જ્યાં છે એવી મૂર્ત્તિ રૂપ આ આત્મા છે, જ્ઞાન વિના નહિ હોતા - જ્ઞાનથી અવિનાભૂત એવા અનંત ધર્મસમુદાયના સમુદય રૂપ આ આત્મા છે. તેથી કરીને 'જ્ઞાનમાત્ર' કહ્યું એટલે તેનાથી અવિનાભૂત એવો તદન્તઃપાતી અનંત ધર્મસમુદય - એકી સાથે હોતો સમગ્ર (Total) ગુણસમૂહ આવી જ ગયો. એટલે આમ આત્માનું અનેક ધર્મમય અનેકાંતમયપણું અચલ અખંડ અબાધિત જ રહ્યું.

તેથી 'ज्ञानमात्राचलितनिखातया दृष्ट्या' - 'જ્ઞાનમાત્ર' પ્રત્યે અચલિતપણે 'નિખાત' - ખીલાની જેમ દૃઢ ખોડેલી દૃષ્ટિથી ક્રમથી - એક પછી એક એમ અનુક્રમે અને અક્રમથી - એકી સાથે પ્રવૃત્ત એવું 'તદ્ અવિનાભૂત' - તે જ્ઞાનથી અવિનાભૂત - તે જ્ઞાન વિના નહિ હોતું એવું 'અનંતધર્મ જાત' - અનંત ધર્મ માત્ર જે જેટલું લક્ષાય છે - લક્ષવામાં આવે છે, તે તેટલું સમસ્ત જ એક ખરેખર ! નિશ્ચયે કરીને આત્મા જ છે - तत्तावत् समस्तमेवैकः खल्वात्मा । કારણકે 'જ્ઞાનમાત્ર' ગ્રહણમાં તેનાથી અવિનાભૂત અનંત ધર્મસમુદયનું પણ ગ્રહણ આવી જ ગયું. એટલે એ અર્થે જ અત્રે 'આનો' - આ પ્રત્યક્ષ અનુભૂયમાન આત્માનો જ્ઞાનમાત્રતાથી વ્યપદેશ છે - કેવળ જ્ઞાનમાત્રપણે વ્યપદેશ - નિર્દેશ છે.

**ननु क्रमाक्रमप्रवृत्तानंतधर्ममयस्यात्मनः कथं ज्ञानमात्रत्वं ? परस्परव्यतिरिक्तानंत धर्मसमुदायपरिणतैकज्ञप्तिमात्रभावरूपेण स्वयमेव भवनात् । अत एवास्य ज्ञानमात्रैक-भावांतःपातिन्योऽनंताः शक्तयः उत्प्लवंते ।**

શંકા - વારુ, ક્રમાક્રમ પ્રવૃત્ત અનંત ધર્મમય આત્માનું જ્ઞાનમાત્રપણું કેમ ?

સમાધાન - પરસ્પર વ્યતિરિક્ત (જૂદા) અનંત ધર્મ સમુદાય પરિણત એવા એવા એક જ્ઞપ્તિ માત્ર ભાવરૂપે સ્વયમેવ ભવનને લીધે, અત એવ આ જ્ઞાનમાત્ર એક ભાવમાં અંતઃ પાતિની એવી અનંત શક્તિઓ ઉત્પ્લવે છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સર્વ અવસ્થાને વિષે, ન્યારો સદા જણાય;

પ્રગટ રૂપ ચૈતન્યમય, એ એંધાણ સદાય.'' - **શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિ સૂત્ર-૫૪**

''સકલ પ્રદેશ સમા ગુણધારી, નિજ નિજ કારજકારી,

નિરાકાર અવગાહ ઉદારી, શક્તિ સર્વ વિસ્તારી.'' - **શ્રી દેવચંદ્રજી**

**આત્માના જ્ઞાનમાત્ર એક ભાવઅંતપાતિની અનંત શક્તિઓ**

કોઈ શંકા કરે કે - વારુ, આ આત્મામાં તો ક્રમથી - એક પછી એક પ્રવૃત્ત - પ્રવર્ત્તી રહેલા પર્યાયો રૂપ અને અક્રમથી - ક્રમરહિતપણે યુગપત્ એકી સાથે પ્રવૃત્ત - પ્રવર્ત્તી રહેલા ગુણોરૂપ **અનંત ધર્મો** છે, એટલે આમ ક્રમ-અક્રમથી પ્રવૃત્ત અનંત ધર્મમય આત્માનું આપ પ્રજ્ઞાપો છો તેમ જ્ઞાનમાત્રપણું કેવી રીતે ? તેનું અત્ર સ્પષ્ટ સમાધાન કર્યું છે કે - 'પરસ્પર' - એકબીજાથી 'વ્યતિરિક્ત' - જૂદા એવા **અનંત ધર્મોના સમુદાયમાં** એક સમૂહમાં **'પરિણત'** - પરિણામ પામેલ **એક 'જ્ઞપ્તિમાત્ર'** - જાણવા માત્ર ભાવરૂપે 'આત્માનું સ્વયમેવ' - સ્વયં જ - પોતે જ 'ભવન' - હોવાપણું છે માટે, આત્માનું જ્ઞાનમાત્રપણું છે. અર્થાત્ જૂદા જૂદા ગુણપર્યાયરૂપ અનંત ધર્મોનો સમુદાય ભલે છે, પણ તે અનંત ધર્મોના સમુદાયમાં, એક જ્ઞપ્તિ માત્ર ભાવ પરિણમે છે, એટલે અનંત ધર્મ સમુદાયમાં એકજ્ઞપ્તિ માત્ર ભાવરૂપે સ્વયં ભવનને - પરિણમનને લીધે આત્માનું જ્ઞાનમાત્રપણું છે. 'અત એવ' - એટલા માટે જ **આ આત્માના જ્ઞાનમાત્ર એક ભાવમાં 'અંતઃ પાતિની'** - અંદર પડતી - અંદરમાં અંતર્ભાવ પામતી **અનંત શક્તિઓ** ઉત્પ્લવે છે - ઊઠે છે - ઉદ્ભવે છે - अतएवास्य ज्ञानमात्रैकभावांतःपातिन्योऽनंताः - शक्तयः उत्प्लवंते । જેમકે -

आत्मद्रव्यहेतुभूतचैतन्यमात्रभावप्राणधारणलक्षणा जीवत्वशक्तिः । अजडत्वात्मिका चितिशक्तिः ।

अनाकारोपयोगमयी दृष्टिशक्तिः । साकारोपयोगमयी ज्ञानशक्तिः ।

अनाकुलत्वलक्षणा सुखशक्तिः । स्वरूपनिर्वर्तनसामर्थ्यरूपा वीर्यशक्तिः ।

अखंडितप्रतापस्वातंत्र्यशालित्वलक्षणा प्रभुत्वशक्तिः ।

सर्वभावव्यापकैकभावरूपा विभुत्वशक्तिः ।

विश्वविश्वसामान्यभावपरिणामात्मदर्शनमयी सर्वदर्शित्वशक्तिः ।

विश्वविश्वविशेषभावपरिणामात्मज्ञानमयी सर्वज्ञत्वशक्तिः ।

नीरूपात्मप्रदेशप्रकाशमानलोकालोकाकारमेचकोपयोगलक्षणा स्वच्छत्वशक्तिः ।

स्वयंप्रकाशमानविशदस्वसंवित्तिमयी प्रकाशशक्तिः ।

क्षेत्रकालानवच्छिन्नचिद्विलासात्मिकाऽसंकुचितविकाशत्वशक्तिः ।

अन्याक्रियमाणान्याकारकैकद्रव्यात्मिका अकार्याकारणशक्तिः ।

परात्मनिमित्तकज्ञेयज्ञानाकारग्राहणग्रहणस्वभावरूपा परिणम्यपरणामकत्वशक्तिः ।

अन्यूनातिरिक्तस्वरूपनियतत्वरूपात्यागोपादानशून्यत्वशक्तिः ।

षट्स्थानपतितवृद्धिहानिपरिणतस्वरूपप्रतिष्ठत्वकारण -
विशिष्टगुणात्मिकाअगुरुलघुत्वशक्तिः ।

क्रमाक्रमवृत्तिवृत्तित्वलक्षणोत्पादव्ययध्रुवत्वशक्तिः।

द्रव्यस्वभावभूतध्रौव्यव्ययोत्पादलिंगितसदृशविसदृशरूपैका -
ऽस्तित्वमात्रमयी परिणामशक्तिः ।

कर्मबंधव्यपगमव्यंजितसहजस्पर्शादिशून्यात्मप्रदेशात्मिका अमूर्तत्वशक्तिः ।

सकलकर्मकृतज्ञातृत्वमात्रातिरिक्तपरिणामकरणोपरमात्मिका अकर्तृत्वशक्तिः ।

सकलकर्मकृतज्ञातृत्वमात्रातिरिक्तपरिणामानुभवोपरमात्मिका अभोक्तृत्वशक्तिः ।

सकलकर्मोपरमप्रवृत्तात्मप्रदेशनैष्पंद्यरूपा निष्क्रियत्वशक्तिः ।

आसंसारसंहरणविस्तरणलक्षितकिंचिदूनचरमशरीरपरिमाणावस्थित -
लोकाकाशसम्मितात्मावयवत्वलक्षणा नियतप्रदेशत्वशक्तिः ।

सर्वशरीरैकस्वरूपात्मिका स्वधर्मव्यापकत्वशक्तिः ।

स्वपरसमानासमानसमानासमानत्रिविधभावधारणात्मिका
साधारणसाधारणसाधारणासाधारणधर्मत्वशक्तिः ।

विलक्षणानंतस्वभावभाविनैकभावलक्षणानंतधर्मत्वशक्तिः ।

तदतद्रूपमयत्वलक्षणा विरुद्धधर्मत्वशक्तिः ।

तद्रूपभवनरूपा तत्त्वशक्तिः । अतद्रूपाऽभवनरूपा अतत्त्वशक्तिः ।

अनेकपर्यायव्यापकैकद्रव्यमयत्वरूपा एकत्वशक्तिः ।

एकद्रव्यव्याप्यानेकपर्यायमयत्वरूपा अनेकत्वशक्तिः ।

भूतावस्थत्वरूपा भावशक्तिः । शून्यावस्थत्वरूपाऽभावशक्तिः ।

भवत्पर्यायव्ययरूपा भावाभावशक्तिः । अभवत्पर्यायोदयरूपाऽभावभावशक्तिः ।

भवत्पर्यायभवनरूपा भावभावशक्तिः । अभवत्पर्यायाभवनरूपाऽभावाभावशक्तिः ।

कारकानुगतक्रियाभिनिष्क्रांतभवनमात्रमयी भावशक्तिः ।

कारकानुगतभवत्तारूपभावगतक्रियामयी क्रियाशक्तिः ।

प्राप्यमाणसिद्धरूपभावमयी कर्मशक्तिः ।

भवत्तारूपसिद्धरूपभावभावकत्वमयी कर्तृशक्तिः ।

भवद्भावभवनसाधकतमत्वमयी करणशक्तिः ।

स्वयं दीयमानभावोपेयत्वमयी संप्रदानशक्तिः ।

उत्पादव्ययालिंगितभावापायनिरपायध्रुवत्वमयी अपादानशक्तिः ।

भाव्यमानभावाधारत्वमयी अधिकरणशक्तिः ।

स्वभावमात्रस्वस्वामित्वमयी संबंधशक्तिः ।

૧. આત્મદ્રવ્યના હેતુભૂત ચૈતન્યમાત્ર ભાવપ્રાણ ધારણ લક્ષણા જીવત્વ શક્તિ.

૨. અજડત્વાત્મિકા (અજડપણા રૂપ) ચિતિ શક્તિ.

૩. અનાકાર ઉપયોગમયી દૃષ્ટિ શક્તિ.

૪. સાકાર ઉપયોગમયી જ્ઞાન શક્તિ.

૫. અનાકુલત્વ લક્ષણા સુખ શક્તિ.

૬. સ્વરૂપ નિર્વર્તન (સ્વરૂપ સર્જન) સામર્થ્ય રૂપ વીર્ય શક્તિ.

૭. અખંડ પ્રતાપવંત સ્વાતંત્ર્ય શાલિત્વ લક્ષણા પ્રભુત્વ શક્તિ.

૮. સર્વભાવમાં વ્યાપક એવી એકરૂપા વિભુત્વ શક્તિ.

૯. વિશ્વ (સર્વ) વિશ્વના સામાન્ય ભાવપરિણામાત્મ દર્શનમયિ સર્વદર્શિત્વ શક્તિ.

૧૦. વિશ્વ વિશ્વના વિશેષ ભાવ પરિણામાત્મ જ્ઞાનમયી સર્વજ્ઞત્વ શક્તિ.

૧૧. નીરૂપ આત્મપ્રદેશમાં પ્રકાશમાન લોકાલોક આકારથી મેચક (ચિત્ર) ઉપયોગ લક્ષણા સ્વચ્છત્વ શક્તિ.

૧૨. સ્વયં પ્રકાશમાન વિશદ સ્વસંવિત્તિમયી (સ્વ સંવેદનામયી) પ્રકાશ શક્તિ.

૧૩. ક્ષેત્ર-કાળથી અનવચ્છિન્ન (અમર્યાદિત) ચિદ્ વિલાસાત્મિકા અસંકુચિતવિકાસિત્વ શક્તિ.

૧૪. અન્યથી અક્રિયમાણ અને અન્યની અકારક એવી એકદ્રવ્યાત્મિકા અકાર્યકારણ શક્તિ.

૧૫. પર-આત્મ નિમિત્તક જ્ઞેય-જ્ઞાનાકારના ગ્રાહણ - ગ્રહણ સ્વભાવરૂપા પરિણમ્ય - પરિણામાત્મકત્વ શક્તિ.

૧૬. અન્યૂનાતિરિક્ત (અન્યૂનાધિક) સ્વરૂપનિયતત્વ રૂપા ત્યાગોપાદાન શૂન્યત્વ શક્તિ.

૧૭. ષટ્સ્થાન પતિત વૃદ્ધિ-હાનિ પરિણત એવી સ્વરૂપ પ્રતિષ્ઠત્વકારણ વિશિષ્ટગુણાત્મિકા અગુરુલઘુત્વ શક્તિ.

૧૮. ક્રમ-અક્રમ વૃત્તિ વૃત્તિત્વ લક્ષણવાળી ઉત્પાદ - વ્યય - ધ્રુવત્વ શક્તિ.

૧૯. દ્રવ્યસ્વભાવભૂત ધ્રૌવ્ય - વ્યય - ઉત્પાદથી લિંગિત (ચિહ્નિત, ચિહ્નવાળી) સદૃશ, વિસદૃશ રૂપ એક અસ્તિત્વમાત્રમયી પરિણામ શક્તિ.

૨૦. કર્મબંધના વ્યપગમથી (દૂર થવાથી) વ્યંજિત (વ્યક્ત થયેલ) એવી સહજ સ્પર્શાદિ શૂન્ય આત્મપ્રદેશાત્મિકા અમૂર્તત્વ શક્તિ.

૨૧. જ્ઞાતૃત્વ માત્રથી અતિરિક્ત એવા સકલ કર્મકૃત પરિણામ કરણની ઉપરમાત્મિકા અકર્તૃત્વ શક્તિ.

૨૨. જ્ઞાતૃત્વ માત્રથી અતિરિક્ત એવા સકલ કર્મકૃત પરિણામ અનુભવની ઉપરમાત્મિકા અભોક્તૃત્વ શક્તિ.

૨૩. સકલ કર્મના ઉપરમથી પ્રવૃત્ત એવી આત્મપ્રદેશની નૈષ્પંદ્યરૂપા (નિષ્પંદપણા રૂપા) નિષ્ક્રિયત્વ શક્તિ.

૨૪. આસંસાર (સંસારથી માંડીને, અનાદિથી) સંહરણ - વિસ્તરણથી લક્ષિત, કિંચિત્ ઊન (ઊણા) ચરમ શરીર પરિમાણથી અવસ્થિત એવી લોકાકાશ સમ્મિત (લોકાકાશ પ્રમાણ)

આત્મ અવયવત્વ લક્ષણા નિયત પ્રદેશત્વ શક્તિ.

૨૫. સર્વ શરીરમાં એકસ્વરૂપાત્મિકા સ્વધર્મ વ્યાપકત્વ શક્તિ.

૨૬. સ્વ - પર સમાન અસમાન સમાનાસમાન એવા ત્રિવિધ ભાવધારણાત્મિકા સાધારણ - અસાધારણ સાધારણા સાધારણ ધર્મત્વ શક્તિ.

૨૭. વિલક્ષણ અનંત સ્વભાવથી ભાવિત એક ભાવ લક્ષણા અનંત ધર્મત્વ શક્તિ.

૨૮. તદતદ્રૂપમયત્વ લક્ષણા વિરુદ્ધ ધર્મત્વ શક્તિ.

૨૯. તદ્રૂપભવન રૂપા તત્ત્વ શક્તિ.

૩૦. અતદ્રૂપ અભવન રૂપા અતત્ત્વ શક્તિ.

૩૧. અનેક પર્યાયોમાં વ્યાપક એવી એકદ્રવ્યમયત્વ રૂપા એકત્વ શક્તિ.

૩૨. એક દ્રવ્યથી વ્યાપ્ય અનેક પર્યાયમયત્વ રૂપા અનેકત્વ શક્તિ.

૩૩. ભૂત-અવસ્થત્વ રૂપા (અવસ્થાપણા રૂપ) ભાવ શક્તિ.

૩૪. શૂન્ય અવસ્થત્વ રૂપા (અવસ્થાપણા રૂપ) અભાવ શક્તિ.

૩૫. ભવત્ પર્યાય (થતા - વર્તમાન પર્યાય) વ્યયરૂપા ભાવાભાવ શક્તિ.

૩૬. અભવત્ પર્યાયોદય રૂપા અભાવાભાવ શક્તિ.

૩૭. ભવત્ પર્યાય ભવન રૂપા ભાવાભાવ શક્તિ.

૩૮. અભવત્ પર્યાય અભવન રૂપા અભાવઅભાવ શક્તિ.

૩૯. કારકને અનુગત ક્રિયામાંથી અભિનિષ્ક્રાંત ભવન માત્રમયી ભાવશક્તિ.

૪૦. કારકને અનુગત ભવત્તા રૂપ ભાવગત ક્રિયામયી ક્રિયા શક્તિ.

૪૧. પ્રાપ્યમાણ (પ્રાપ્ત થઈ રહેલ) સિદ્ધ રૂપ ભાવમયી કર્મ શક્તિ.

૪૨. ભવત્તારૂપ સિદ્ધરૂપ ભાવભાવકત્વમયી કર્તૃ શક્તિ.

૪૩. ભવદ્ભાવના ભવનની સાધકતમત્વમયી કરણ શક્તિ.

૪૪. સ્વયં દીયમાન (દેવાઈ રહેલ) ભાવોપેયત્વમયી સંપ્રદાન શક્તિ.

૪૫. ઉત્પાદ-વ્યયથી આલિંગિત ભાવના અપાયથી નિરપાય ધ્રુવત્વમયી અપાદાન શક્તિ.

૪૬. ભાવ્યમાન ભાવ આધારત્વમયી અધિકરણ શક્તિ.

૪૭. સ્વભાવ માત્ર સ્વ - સ્વામિત્વમયી સંબંધ શક્તિ.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્યથી અભેદ એવા આત્માનો એક પળ પણ વિચાર કરો." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૧, વચનામૃત-૨૧**

"તુજ શક્તિ અનંતી હો ગાતાં ને ધ્યાતાં,
મુજ શક્તિ વિકાસન હો કે થાયે ગુણ રમતાં... પુક્ખલાવઈ." - **શ્રી દેવચંદ્રજી**

આ જ્ઞાનમાત્ર એક ભાવમાં જ 'અંતઃપાતિની' - અંતર્ભાવિની એવી અનંત શક્તિઓ ઉત્પ્લવે છે એમ કહ્યું. તેના ઉદાહરણ રૂપે કેટલીક શક્તિઓનું પરમ અદ્ભુત દર્શન અત્ર પરમ જ્ઞાનનિધિ **ભગવદ્ અમૃતચંદ્રાચાર્યજીએ** પરમ પરમાર્થગંભીર સૂત્ર ગ્રંથનાથી દિગ્દર્શનરૂપે કરાવ્યું છે. તેનો સામાન્ય આશયાર્થ - ભાવાર્થ આ પ્રકારે -

૧. આત્મદ્રવ્યના હેતુભૂત એવા 'ચૈતન્ય માત્ર' - કેવલ ચૈતન્ય રૂપ ભાવપ્રાણનું 'ધારણ' - ધારવું એ લક્ષણ છે જેનું તે **જીવત્વ શક્તિ** છે. અર્થાત્ 'પ્રાણ ધારણ' એ જીવવું કહેવાય છે. આત્મા શાથી જીવે છે ? ને તેના પ્રાણ કયા છે ? 'ચૈતન્ય માત્ર' - કેવલ ચૈતન્ય એ જ આત્માના ભાવપ્રાણ છે અને એ જ આત્મદ્રવ્યના ઉપાદાન - હેતુભૂત - કારણભૂત છે અને આ ચૈતન્ય માત્ર ભાવપ્રાણના 'ધારણ' - ધારવા થકી જ આ આત્મા જીવે છે. એટલે આમ આત્મદ્રવ્યના હેતુભૂત ચૈતન્ય માત્ર ભાવપ્રાણ ધારણ લક્ષણા જીવત્વ શક્તિ છે. અત એવ -

૨. અજડત્વાત્મિકા - અજડપણા **રૂપ ચિતિ શક્તિ** છે, 'ચિતિ' - ચેતવા રૂપ - અનુભવવા રૂપ - સંવેદવા રૂપ શક્તિ છે. 'ચિતિ' - ચેતવા રૂપ ચૈતન્યથી વિરુદ્ધ જડત્વ - જડપણું છે, આ જડત્વનો - જડપણાનો જ્યાં આત્યંતિક અભાવ છે, સર્વથા 'નાસ્તિ' છે, એવી આ અજડત્વાત્મિકા શક્તિ છે. અત એવ -

૩. અનાકાર-નિર્વિકલ્પ ઉપયોગમયી **દૃષ્ટિ શક્તિ** અને (૪) સાકાર - સવિકલ્પ ઉપયોગમયી **જ્ઞાનશક્તિ** છે. અર્થાત્ 'ચિતિ' - એટલે ચેતવું - સંવેદવું - અનુભવવું, તે ચિત્ શક્તિ સામાન્યથી પણ હોય ને વિશેષથી પણ હોય, એટલે સામાન્યથી ચેતવું અને વિશેષથી ચેતવું એમ તેના બે સ્પષ્ટ ભેદ પડે છે. સામાન્યથી ચેતવું તે 'દર્શન' અને વિશેષથી ચેતવું તે 'જ્ઞાન' એમ પરિભાષા ભેદથી કહેવાય છે. દર્શન છે તે 'અનાકાર' - નિર્વિકલ્પ ઉપયોગ રૂપ અને જ્ઞાન છે તે 'સાકાર' - સવિકલ્પ ઉપયોગ રૂપ છે. એટલે આમ નિર્વિકલ્પ - અનાકાર ઉપયોગમયી તે સામાન્યથી દેખવા રૂપ - દર્શન રૂપ 'દૃષ્ટિ શક્તિ' - અને સવિકલ્પ - સાકાર ઉપયોગમયી તે વિશેષથી જાણવા રૂપ 'જ્ઞાન શક્તિ' છે. અત એવ -

૫. અનાકુલ સ્વલક્ષણા - અનાકુલપણા લક્ષણવાળી **સુખ શક્તિ** છે. તે આ પ્રકારે - દેખવા - જાણવા રૂપ દર્શન - જ્ઞાન શક્તિરૂપ ચિતિ થકી જ સુખ - આનંદ ઉપજે છે અથવા એ ચિતિ જ સ્વયં સુખધામ સુખ સ્વરૂપ છે, કારણકે 'ચિતિ' - સિવાય અન્ય કોઈ ભાવનો ત્યાં પ્રવેશ નથી, અન્ય કોઈ પરભાવના આવી ભરાવાથી આકુલપણું નથી, અનાકુલપણું જ છે અને આકુલપણું એ જ દુઃખનું લક્ષણ છે અને અનાકુલપણું એ જ સુખનું લક્ષણ છે, માટે આ 'અનાકુલત્વ લક્ષણા' - અનાકુલપણું લક્ષણ છે જેનું એવી આ સુખ શક્તિ છે. અત એવ -

૬. સ્વરૂપના નિર્વર્તના - સર્જનના સામર્થ્ય રૂપા **વીર્ય શક્તિ** છે. આમ ઉપરોક્ત પ્રકારે દર્શન - જ્ઞાનમય ચિતિ સ્વરૂપ સદા વર્ત્યા કરે છે અને અચિતિ રૂપ પરરૂપનું આકુલપણું - આવી ભરાવાપણું કદી વર્તતું નથી, એટલે સર્વદા ચૈતન્ય સ્વરૂપના અસ્તિપણાથી અને જડ પરરૂપના નાસ્તિપણાથી સ્વરૂપનું 'નિર્વર્તન' - નિશ્ચય વર્તન - નિતાંત વર્તન હોય છે - સ્વયં સર્જન સદા હોય છે, એટલે આમ સ્વરૂપના નિર્વર્તનનું - સર્જનનું અખંડ 'સામર્થ્ય' જ્યાં વર્ત્તે છે એવી આ સ્વરૂપ નિર્વર્તન સામર્થ્ય રૂપ વીર્ય શક્તિ છે. અત એવ -

૭. અખંડિત પ્રતાપવંત 'સ્વાતંત્ર્ય શાલિત્વ લક્ષણા' - સ્વાતંત્ર્ય શાલિપણા રૂપ લક્ષણવાળી **પ્રભુત્વ શક્તિ** છે. અર્થાત્ આવી સ્વરૂપ નિર્વર્તન સામર્થ્યવાળી અચિંત્ય અખંડ અનંત વીર્ય શક્તિ છે, એટલે જ 'અખંડિત પ્રતાપ' - અખંડિતપણે સ્વરૂપમાં પ્રતપવા રૂપ 'અખંડિત પ્રતાપ' તેનો હોય છે અને આવું અખંડિત પ્રતાપવંતું તેનું 'સ્વાતંત્ર્ય' - સ્વતંત્રપણું - સ્વાધીનપણું હોય છે, બીજા કોઈની જ્યાં અપેક્ષા જરૂર કે આલંબન જ્યાં નથી એવું 'સ્વ તંત્ર' - પોતાનું તંત્ર પોતે જ સ્વતંત્રપણે - સ્વાધીનપણે ચલાવ્યા કરે અને ધારે તે કરી શકે એવું 'પ્રભુપણું' - સ્વામીપણું - સર્વ સત્તાધીશપણું હોય છે, એટલે આમ અખંડ પ્રતાપી સ્વતંત્ર ચક્રવર્ત્તી રાજાની જેમ આ અખંડ પ્રતાપી સ્વતંત્ર ચૈતન્ય ચક્રવર્ત્તીની અખંડિત પ્રતાપવંતુ સ્વાતંત્ર્ય શાલિપણું લક્ષણ છે જેનું એવી આ પ્રભુત્વ શક્તિ છે. અત એવ - એટલે જ -

૮. સર્વભાવમાં વ્યાપક એવી એક ભાવરૂપા **વિભુત્વ શક્તિ** છે. ઉપરોક્ત પ્રકારે પ્રભુત્વ શક્તિ છે એટલે જ એની આ વિભુત્વ શક્તિ છે, કારણકે જે પ્રભુ છે તે વિભુ હોય છે. જેમ પુરનો રાજા એક

હોય ને તે સ્વસ્થાને સ્થિત છતાં તેની સત્તા સમગ્ર પુરમાં - નગરમાં વ્યાપે, તેમ ચિતિ પુરનો રાજા આ 'પુરુષ' - આત્મા એક છે અને તે સ્વરૂપ સ્થાને સ્થિત છતો સમગ્ર આત્મપ્રદેશરૂપ ચૈતન્યપુરમાં વ્યાપે છે, એટલું જ નહિ પણ તે ચૈતન્ય પુરમાં બેઠો બેઠો ચિતિરૂપ દર્શન - જ્ઞાન શક્તિથી વિશ્વ વ્યાપક બને છે, સર્વભાવમાં વ્યાપક 'વિષ્ણુ' બને છે. આમ આ ચૈતન્ય - 'વિષ્ણુ'ની સર્વ ભાવમાં વ્યાપક એવી એક ભાવરૂપા આ વિભુત્વ શક્તિ છે. અત એવ -

૯. વિશ્વના વિશ્વ - સર્વ 'સામાન્ય ભાવ પરિણામાત્મ' - સામાન્ય ભાવે પરિણામ રૂપ દર્શનમયી **સર્વદર્શિત્વ શક્તિ** છે. અર્થાત્ સર્વ ભાવમાં વ્યાપક એવી એક ભાવરૂપા વિભુત્વ શક્તિ છે એટલે જ 'વિશ્વના' - સર્વ સકલ સમગ્ર જગત્‌ના 'વિશ્વ' - સર્વ - સકલ — સમગ્ર સામાન્ય ભાવે પરિણામાત્મ - પરિણામ રૂપ દર્શનમયી એવી સર્વ દેખવાપણા રૂપ સર્વ દર્શિત્વ શક્તિ છે અને અત એવ જ -

૧૦. વિશ્વના વિશ્વ - સર્વ 'વિશેષ ભાવ પરિણામાત્મ' - વિશેષ ભાવે પરિણામ રૂપ જ્ઞાનમયી **સર્વજ્ઞત્વ શક્તિ** છે. અર્થાત્ સર્વ ભાવમાં વ્યાપક એવી એક ભાવરૂપા વિભુત્વ શક્તિ છે એટલે જ 'વિશ્વના' - સર્વ સકલ સમગ્ર જગત્‌ના 'વિશ્વ' - સર્વ - સકલ - સમગ્ર વિશેષ ભાવે પરિણામાત્મ - પરિણામ રૂપ જ્ઞાનમયી એવી સર્વ જાણવારૂપ સર્વજ્ઞ શક્તિ છે. અત એવ -

૧૧. 'નીરૂપ' - અરૂપી આત્મ પ્રદેશમાં પ્રકાશમાન લોકાલોક આકારથી 'મેચક' - ચિત્ર ઉપયોગ લક્ષણા **સ્વચ્છત્વ શક્તિ** છે. આ સર્વ દર્શિત્વ - સર્વજ્ઞત્વ શક્તિ છે એટલે જ અત્ર સ્વચ્છત્વ શક્તિ છે. જેમ દર્પણમાં સ્વચ્છપણાની શક્તિ છે તો તેમાં સન્મુખ મૂકેલ પદાર્થના યથાવત્ આકાર પ્રતિબિંબે છે, તેમ આ કેવલ દર્શન - જ્ઞાન ઉપયોગ રૂપ 'કેવલ' જ્ઞાનમય દર્પણમાં છે સ્વચ્છપણાની શક્તિ છે એટલે તેમાં લોકાલોકના સકલ આકાર યથાવત્ પ્રતિબિંબે છે, તેથી ઉપયોગ 'મેચક' - ચિત્ર વિચિત્ર - રંગબેરંગી નાના પ્રકારના આકારવાળો બને છે. અત્રે શંકા થવી સંભવે છે કે આત્મા તો અરૂપી છે, તેમાં લોકાલોકના ભાવ કેમ જણાય ? તેનું સમાધાન આ સ્વચ્છત્વ શક્તિથી કર્યું છે. આમ 'નીરૂપ' - જ્યાં કોઈ મૂર્તતારૂપ રૂપ નથી એવા અરૂપી અમૂર્ત આત્મ પ્રદેશમાં પ્રકાશમાન લોકાલોકાકારથી મેચક - ચિત્ર ઉપયોગ લક્ષણા સ્વચ્છત્વ શક્તિ છે. અત એવ -

૧૨. સ્વયં - પોતે આપોઆપ પ્રકાશમાન 'વિશદ' - સ્પષ્ટ 'સ્વ સંવિત્તિમયી' - સ્વ સંવેદનામયી **પ્રકાશ શક્તિ** છે. સ્વચ્છત્વ શક્તિ સાથે 'સ્વયં' - બીજા કોઈથી નહિ પણ પોતે પોતાથી પ્રકાશમાન એવી પ્રકાશ શક્તિ પણ છે. સ્વચ્છપણું હોય પણ પ્રકાશન કરનાર પ્રકાશવા રૂપ પ્રકાશ જ ન હોય તો તે પ્રતિબિંબ કેમ ઝીલે ? તેમ જ્ઞાનમાત્ર ચિત્ - દર્પણ ભલે સ્વચ્છ હોય પણ તેમાં સ્વયં પ્રકાશી પ્રકાશ જ ન હોય તો તે સર્વ ભાવ કેમ ઝીલી શકે ? માટે 'સ્વયં' - પોતે 'પ્રકાશમાન' - પ્રકાશી રહેલ એવી સ્વ - પર પ્રકાશક 'વિશદ' - સ્પષ્ટ - નિર્મલ ચકચકી રહેલ 'સ્વ સંવિત્તિમયી' - સ્વ સંવેદનામયી - સ્વાનુભૂતિમય પ્રકાશ શક્તિ છે. અત એવ -

૧૩. ક્ષેત્ર-કાલથી 'અનવચ્છિન્ન' - અમર્યાદિત - અખંડિત 'ચિદ્ વિલાસાત્મિકા' - ચિદ્ વિલાસ સ્વરૂપા **અસંકુચિત વિકાશત્વ શક્તિ** છે. અર્થાત્ ઉક્ત પ્રકારે લોકાલોક પ્રકાશક પ્રકાશ શક્તિ છે એટલે જ જે લોકાલોકમાં ક્યાંય સંકોચાતી નથી - કુંઠિત થતી નથી - પ્રતિહત થતી નથી એવી 'અસંકુચિત' - અસંકોચાયેલ - અકુંઠિત - અપ્રતિહત 'વિકાશ' - વિકાશવા - વિકાસવા રૂપ વિકાશપણું છે, એટલે આમ અસંકુચિત વિકાશત્વ શક્તિ છે અને તે પણ કેવી ? અને શી રીતે ? અસંખ્ય પ્રદેશ પ્રમાણ જેનું આત્મક્ષેત્ર અને શાશ્વત સ્થિતિરૂપ જેનો આત્મકાળ કદી પણ 'અવચ્છિન્ન' - ખંડિત - મર્યાદિત - કુંઠિત સંકુચિત થતો નથી પણ પૂર્ણ વિકાશિપણે સદા વર્તે છે એવા ક્ષેત્ર - કાલથી 'અનવચ્છિન્ન' - અખંડિત - અમર્યાદિત - અકુંઠિત - અસંકુચિત ચિદ્‌માં જ વિલાસ કરવો એ જ જેનું સ્વરૂપ છે એવી ચિદ્ વિલાસાત્મિકા આ અસંકુચિત વિકાશિત્વ શક્તિ છે. અથવા તો એમ સંપૂર્ણ લોકાલોક પ્રકાશક એવી પૂર્ણ પ્રકાશ શક્તિ છે એટલે હવે જ્યાં લેશ પણ સંકોચ - વિકાશનો અવકાશ રહ્યો નથી એવી

અસંકુચિત પૂર્ણ વિકાશ રૂપ અસંકુચિત વિકાશિકત્વ શક્તિ છે - કે જે ઉક્ત પ્રકારે ક્ષેત્ર - કાલથી 'અનવચ્છિન્ન' - ચિદ્‌માં જ અસંકોચ - વિકાસપણે પૂર્ણ વિલાસ કરનારી 'ચિદ્‌ વિલાસાત્મિકા' છે. અત એવ -

૧૪. અન્યથી 'અક્રિયમાણ' - નહિ કરાતી અને અન્યના 'અકારક' - નહિ કરનારી એવા 'એકદ્રવ્યાત્મિકા' - એક દ્રવ્ય સ્વરૂપા **અકાર્ય-કારણ શક્તિ** છે. અર્થાત્‌ ઉક્ત પ્રકારે ચિદ્‌ વિલાસાત્મિકા અસંકુચિત વિકાશિત્વ શક્તિ છે અત એવ લોકાલોક પ્રકાશક પૂર્ણ પ્રકાશ શક્તિ છે, એટલે કાંઈ લોકાલોક તે જ્ઞાનમાત્રનું કાર્ય થઈ જતું નથી કે તે જ્ઞાનમાત્ર લોકાલોકનું કારણ બનતું નથી અથવા લોકાલોક તે જ્ઞાનમાત્રનું કારણ બનતું નથી કે તે જ્ઞાનમાત્ર લોકાલોકનું કાર્ય થઈ જતું નથી, કારણકે કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને કરતું નથી કે કોઈ દ્રવ્યથી કરાતું નથી, એટલે 'અન્યથી' - પરથી - બીજાના 'અક્રિયમાણ' - નહિ કરાતું અને 'અન્યનું' - પરનું - બીજાનું 'અકારક' - નહિ કરનારૂં એવું 'એક' - અદ્વૈત દ્રવ્ય જેનું સ્વરૂપ છે એવી કાર્ય કારણ ભાવના અભાવ રૂપા અકાર્ય - અકારણ રૂપા અકાર્યકારણ શક્તિ છે. અત એવ -

૧૫. 'પર - આત્મ નિમિત્તક' - પર ને આત્મા (અનુક્રમે) જેનું નિમિત્ત છે એવા 'જ્ઞેય-જ્ઞાનાકારના' - જ્ઞેયાકાર - જ્ઞાનાકારના ગ્રાહણ - ગ્રહણ સ્વભાવ રૂપા **પરિણમ્ય - પરિણામકત્વ શક્તિ** છે. ઉક્ત પ્રકારે અકાર્યકારણત્વ શક્તિ છે તો પછી લોકાલોકનું જ્ઞાયકપણું કેમ બનવા પામે છે ? આ પરિણમ્ય - પરિણામકત્વ શક્તિ છે માટે, 'પરિણમ્યત્વ' - પરિણમવા યોગ્યપણું અને પરિણામકત્વ - પરિણમાવવા યોગ્યપણું એ રૂપ પરિણમ્ય - પરિણામકત્વ શક્તિ છે માટે. તે કેવી રીતે ? 'પર નિમિત્તક' - પર છે નિમિત્ત જેનું એવા જ્ઞેયાકારના ગ્રહણ કરાવવા રૂપ 'ગ્રાહણ' સ્વભાવ રૂપ 'પરિણમ્યપણાની' - પરિણમવા યોગ્યપણાની અને 'આત્મ નિમિત્તક' - આત્મા છે જેનું નિમિત્ત એવા જ્ઞાનાકારના ગ્રહવા રૂપ 'ગ્રહણ' સ્વભાવ રૂપ 'પરિણામક પણાની' - પરિણમાવવા પણાની શક્તિ છે. અર્થાત્‌ આ પરિણમ્ય - પરિણામકત્વ શક્તિ બે કાર્ય કરે છે - (૧) પર જ્ઞેય છે તેના નિમિત્તે તે જ્ઞેયના અમૂર્ત્ત એવા જ્ઞેયાકાર પલટાવવાનું - પરિણમાવવાનું કાર્ય તે પર નિમિત્તક જ્ઞેયાકારને ગ્રહાવવા રૂપ - ગ્રાહણ સ્વભાવ રૂપ પરિણામકપણું છે, (૨) અને તે જ્ઞેયાકાર પ્રમાણે જ્ઞાન આકાર પરિણમનું કાર્ય આત્મ નિમિત્તક જ્ઞાનાકારનો ગ્રહવા રૂપ - ગ્રહણ સ્વભાવ રૂપ પરિણમ્યપણું છે. આમ જ્ઞેય રૂપ વિશ્વાકાર ગ્રહણ કરતાં છતાં જ્ઞાન વિશ્વ રૂપ થતું નથી, તેનું પરમ તત્ત્વવિજ્ઞાની **અમૃતચંદ્રજીએ** શોધેલું તત્ત્વ વૈજ્ઞાનિક કારણ આ આવી પરિણમ્ય - પરિણામકત્વ શક્તિ છે. અત એવ -

૧૬. 'અન્યૂનાતિરિક્ત' - ન ન્યૂન ન અતિરિક્ત - અન્યૂનાધિક એવા સ્વરૂપમાં 'નિયતત્વ રૂપા' - નિયતપણારૂપ **ત્યાગોપાદાન શૂન્યત્વ શક્તિ** છે - 'ત્યાગ' - છોડવાનું 'ઉપાદાન' - ગ્રહવાનું જ્યાં 'શૂન્યપણું' - મીંડાપણું છે એવી ત્યાગોપાદાન શૂન્યપણા રૂપ શક્તિ છે. આવી ઉક્ત પ્રકારની પરિણમ્ય - પરિણામકત્વ શક્તિ છે અત એવ આ જ્ઞાનમાત્ર ભાવને લોકાલોક રૂપ પરવસ્તુ સાથે કંઈ પણ ગ્રહણ - ત્યાગ રૂપ - લેવાદેવા રૂપ કંઈ પણ છે નહિ - મોટું મીંડુ જ છે, નથી સ્વરૂપનું ત્યાગ કરવાપણું કે નથી પરરૂપનું ગ્રહણ કરવાપણું, કારણકે આપણે જોયું તેમ જ્ઞાન પોતે જ જ્ઞાનાકારે - જ્ઞેયાકારે પરિણમે છે પણ જ્ઞેયરૂપ થતું નથી અને જ્ઞેયાકાર - જ્ઞાનાકાર તો જ્ઞાનમાત્ર આત્મામાં જ છે, એટલે જ્ઞેયાકારના નિમિત્ત માત્ર જ્ઞેય એવા લોકાલોકમાંથી એને કાંઈ પણ ગ્રહણ - ત્યાગ કરવાપણું છે જ નહિ, શૂન્ય જ છે - મોટું મીંડુ જ છે. એટલે જે સ્વરૂપ છે તેમાં કંઈ ઓછા - વધારેપણું થતું નથી, પણ સ્વરૂપ જેમ છે તેમજ 'નિયત' - નિશ્ચિત વૃત્તિપણે રહે છે, એટલે આમ નહિ ન્યૂન - નહિ અતિરિક્ત ન્યૂનાધિક નહિ એવા 'અન્યૂનાતિરિક્ત' સ્વરૂપમાં નિયતપણા રૂપ ત્યાગોપાદાન શૂન્યત્વ શક્તિ છે. અત એવ -

૧૭. ષટ્‌સ્થાનપતિત વૃદ્ધિ - હાનિ પરિણત એવી 'સ્વરૂપ પ્રતિષ્ઠત્વ કારણ' - સ્વરૂપમાં પ્રતિષ્ઠિત પણાનું કારણ 'વિશિષ્ટ ગુણાત્મિકા' - વિશિષ્ટ ગુણરૂપા **અગુરુલઘુત્વ શક્તિ** છે. ઉક્ત પ્રકારે જ્યાં પરરૂપ સાથે કંઈ પણ લેવા દેવા નથી એવી સ્વરૂપ નિયતત્વ રૂપા ત્યાગોપાદાન શૂન્યત્વ શક્તિ છે, તેનું

કારણ સ્વરૂપમાં તેનું પ્રતિષ્ઠિતપણું રહે એવી વિશિષ્ટ ગુણરૂપા આ અગુરુલઘુત્વ શક્તિ છે - જેથી સ્વરૂપથી ન ગુરુ થાય ન લઘુ થાય, ન અધિક થાય ન ન્યૂન થાય એવું સ્વરૂપ સ્થિતિ સ્થાપકપણું જ હોય છે - એવા વિશિષ્ટ અગુરુલઘુ ગુણરૂપ આ શક્તિ છે. આ અગુરુલઘુ ગુણ કેવો છે ? ષટ્ સ્થાનપતિત વૃદ્ધિ હાનિ પરિણત એવો છે. અર્થાત્ અનંત ભાગ વૃદ્ધિ, અસંખ્યાત ભાગ વૃદ્ધિ, સંખ્યાત ભાગ વૃદ્ધિ, સંખ્યાત ગુણ વૃદ્ધિ, અસંખ્યાત ગુણ વૃદ્ધિ, અનંત ગુણ વૃદ્ધિ અને અનંત ભાગ હાનિ, અનંત ગુણ હાનિ - એમ ષટ્સ્થાનપતિત વૃદ્ધિ - હાનિ પરિણામે આ અગુરુલઘુ ગુણ ચક્ર ભ્રમણ ન્યાયે નિરંતર પરિણમ્યા કરે છે, અત એવ આ અગુરુલઘુ ગુણ જ 'સ્વરૂપ પ્રતિષ્ઠત્વનું' - સ્વરૂપમાં પ્રતિષ્ઠિતપણાનું કારણ હોય છે. આની જેની **અલૌકિક મૌલિક અપૂર્વ વ્યાખ્યા અમૃતચંદ્રજીએ પ્રકાશી** છે તે આ **સ્વરૂપ પ્રતિષ્ઠત્વ કારણ વિશિષ્ટ અગુરુલઘુગુણાત્મિકા આ અગુરુલઘુત્વ શક્તિ** છે. અત એવ -

૧૮. 'ક્રમ-અક્રમ વૃત્તિ વૃત્તિત્વ લક્ષણા' - ક્રમ વૃત્તિથી વૃત્તિપણું અને અક્રમ વૃત્તિથી વૃત્તિપણું લક્ષણ છે જેનું એવી 'ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ શક્તિ છે. ઉક્ત સ્વરૂપા સ્વરૂપ પ્રતિષ્ઠત્વકારણ અગુરુ લઘુ શક્તિ છે, એટલે જ સ્વરૂપથી 'સત્' હોઈ 'ક્રમાક્રમથી' - ક્રમથી અક્રમથી વૃત્તિથી વૃત્તિપણા રૂપ લક્ષણવાળી ઉત્પાદ - વ્યય - ધ્રુવત્વ શક્તિ છે, અર્થાત્ 'ક્રમ વૃત્તિથી' - ક્રમે કરીને વર્ત્તતા પર્યાયોથી ઉત્પાદ - વ્યય જ્યાં થયા કરે છે અને 'અક્રમ વૃત્તિથી' - અક્રમે કરીને સદા વર્ત્તતા દ્રવ્યથી જ્યાં 'ધ્રુવત્વ' - ધ્રુવપણું - સદા સ્થિરપણું રહ્યા કરે છે એવી આ ઉત્પાદ - વ્યય - ધ્રુવત્વ શક્તિ છે. અત એવ -

૧૯. દ્રવ્ય સ્વભાવભૂત ધ્રૌવ્ય - વ્યય - ઉત્પાદથી 'લિંગિત' - ચિહ્નિત - અંકિત સદેશ - વિસદેશ રૂપ **એક અસ્તિત્વ માત્રમયી પરિણામશક્તિ** છે. એમ ઉત્પાદ - વ્યય - ધ્રુવ્યત્વ શક્તિ છે એટલે જ 'સત્' હોઈ 'એક અસ્તિત્વ માત્રમયી' - એક સત્તામાત્ર મયી પરિણામ શક્તિ છે. તે કેવા એક અસ્તિત્વ માત્રમયી છે ? દ્રવ્યના સ્વભાવભૂત હોવાથી જે સદાય હોય જ છે એવા ધ્રૌવ્ય - વ્યય - ઉત્પાદથી 'લિંગિત' - ચિહ્નિત 'સદેશ રૂપ' - સમાન રૂપ 'વિસદેશ રૂપ' - અસમાન રૂપ એવા, અર્થાત્ ધ્રૌવ્ય લિંગિત સદેશ રૂપ અને વ્યય - ઉત્પાદથી લિંગિત વિસદેશ રૂપ એવું એક અસ્તિત્વ માત્ર જ્યાં છે એવા એક અસ્તિત્વ માત્રમયી આ પરિણામ શક્તિ છે. અત એવ -

૨૦. કર્મબંધના 'વ્યપગમથી' - દૂર થવાથી 'વ્યંજિત' - વ્યક્ત થયેલ એવી સહજ સ્પર્શાદિ શૂન્ય **આત્મપ્રદેશાત્મિકા અમૂર્તત્વ શક્તિ** છે, ઉક્ત લક્ષણા દ્રવ્યની એકાસ્તિત્વ માત્રમયી પરિણામ શક્તિ છે અને આ અમૂર્ત્ત દ્રવ્યના પરિણામ અમૂર્ત્ત છે, અત એવ 'અમૂર્તત્વ શક્તિ' - અમૂર્ત પણાની શક્તિ છે. કેવી છે તે ? કર્મબંધના 'વ્યપગમથી' - દૂર થઈ જવાથી 'વ્યંજિત' - વ્યક્ત થયેલ - પ્રકટિત 'સહજ' - (આત્માની સહજન્મા) સ્વભાવભૂતપણે 'સ્પર્શાદિ શૂન્ય' - મૂર્ત્ત દ્રવ્યના સ્પર્શ - રસ - ગંધ - વર્ણ ગુણથી શૂન્ય એવા આત્મપ્રદેશ જ્યાં છે, એવી સહજ - સ્વભાવભૂત સ્પર્શાદિ શૂન્ય આત્મપ્રદેશાત્મિકા - આત્મપ્રદેશ રૂપા આ અમૂર્ત્તત્વ શક્તિ છે. અત એવ -

૨૧. 'જ્ઞાતૃત્વ માત્રથી અતિરિક્ત' - જ્ઞાતૃત્વ માત્ર સિવાયના એવા સકલ કર્મકૃત - પરિણામ કરણની 'ઉપરમાત્મિકા' - ઉપરમ રૂપા **અકર્તૃત્વ શક્તિ** છે. ઉક્ત લક્ષણા અમૂર્ત્તત્વ શક્તિ છે, અત એવ અમૂર્ત્તનો મૂર્ત્ત સાથે કર્તા કર્મ સંબંધ કેમ હોઈ શકે ? એટલા માટે જ 'જ્ઞાતૃત્વ માત્રથી અતિરિક્ત' - એક જ્ઞાતૃત્વ માત્ર સિવાય મૂર્ત્ત એવા સકલ કર્મ કૃત 'પરિણામ કરણનો' - પરિણામ કરવાનો જ્યાં ઉપરમ છે એવી 'ઉપરમાત્મિકા' - ઉપરમરૂપા આ અકર્તૃત્વ શક્તિ છે. અર્થાત્ આ જ્ઞાનમાત્ર ભાવને સકલ કર્મકૃત પરિણામનું માત્ર જ્ઞાતૃત્વ - જાણપણું જ છે, પણ સકલ કર્મકૃત પરિણામ કરવા રૂપ કર્તૃત્વ - કર્તાપણું નથી જ, આ જ્ઞાનમાત્ર ભાવ સકલ કર્મકૃત પરિણામને માત્ર જાણે જ છે પણ વ્યાપ્ય - વ્યાપક ભાવથી કરતો નથી, આ કર્મ પરિણામ કરણ તો કર્મકૃત છે, કર્મ જ વ્યાપ્ય વ્યાપક ભાવથી તે પરિણામ કરે છે, એટલે આમ માત્ર એક જ્ઞાતૃત્વ સિવાય સકલ કર્મકૃત પરિણામકરણનો જ્યાં ઉપરમ છે એવી ઉપરમાત્મિકા આ અકર્તૃત્વ શક્તિ છે. અત એવ -

૨૨. **'જ્ઞાતૃત્વમાત્રથી અતિરિક્ત'** - જ્ઞાતૃત્વ માત્ર સિવાયના એવા **સકલ કર્મકૃત પરિણામ અનુભવની ઉપરમાત્મિકા અભોક્તૃત્વ શક્તિ** ઉક્ત લક્ષણા અકર્તૃત્વ શક્તિ છે એટલે ભોક્તૃત્વ કર્તૃત્વ સાપેક્ષ હોઈ અભોક્તૃત્વ જ હોય, તેમજ અમૂર્ત્તનો મૂર્ત્ત સાથે ભોક્તૃ-ભોગ્ય સંબંધ કેમ હોઈ શકે ? એટલા માટે જ **અભોક્તૃત્વ શક્તિ** છે અને તે કેવી છે ? 'જ્ઞાતૃત્વ માત્રથી અતિરિક્ત' - એક જ્ઞાતૃત્વ માત્ર સિવાય મૂર્ત્ત એવા સકલ કર્મકૃત પરિણામના અનુભવનો જ્યાં ઉપરમ છે એવી - અર્થાત્ આ જ્ઞાનમાત્ર ભાવને સકલ કર્મકૃત (પુદ્ગલ) પરિણામ અનુભવનું માત્ર 'જ્ઞાતૃત્વ' - જાણપણું જ છે - જાણપણારૂપ અનુભવ જ છે, પણ સકલ કર્મકૃત (પુદ્ગલ) પરિણામ અનુભવવા રૂપ ભોક્તૃત્વ - ભોક્તાપણું નથી જ, આ જ્ઞાનમાત્ર ભાવ સકલ કર્મકૃત અનુભવ પરિણામને માત્ર જાણે જ છે, પણ વ્યાપ્ય - વ્યાપક ભાવથી ભોગવતો - અનુભવતો નથી, એટલે આમ માત્ર એક જ્ઞાતૃત્વ - જાણપણા સિવાય સકલ કર્મકૃત પરિણામ અનુભવનો જ્યાં ઉપરમ છે એવી ઉપરમાત્મિકા આ અભોક્તૃત્વ શક્તિ છે. અત એવ -

૨૩. **સકલ કર્મના ઉપરમથી પ્રવૃત્ત એવી 'આત્મપ્રદેશ નૈષ્પંદ્ય રૂપા'** આત્મ પ્રદેશના નિષ્પંદપણા રૂપ - સ્પંદન રહિતપણા રૂપ **નિષ્ક્રિયત્વ શક્તિ છે.** ઉક્ત પ્રકારે અકર્તૃપણું - અભોક્તૃપણું છે એટલે સકલ કર્મના ઉપરમથી - વિરમવાથી જ્યાં આત્મપ્રદેશોનું 'નૈષ્પંદ્ય' - નિષ્પંદપણું - સ્પંદન રહિતપણું - હલન ચલન રહિતપણું - નિષ્કંપનપણું પ્રવૃત્ત છે, એવી આત્મપ્રદેશ નૈષ્પંદ્યરૂપા આ નિષ્ક્રિયત્વ શક્તિ છે. અત એવ -

૨૪. **'આસંસાર'** - આ સંસારથી માંડીને અનાદિથી **'સંહરણ - વિસ્તરણથી'** - સંકોચ - વિકાસથી **લક્ષિત, કિંચિત્ 'ઊન'** - ઊણા **'ચરમ'** છેલ્લા **શરીર પરિમાણથી અવસ્થિત** એવું **'લોકાકાશ સંમિત'** - લોકાકાશ પ્રમાણ **'આત્મ - અવયવત્વ'** - આત્મ અવયવપણું **લક્ષણ છે જેનું એવી નિયત પ્રદેશત્વ શક્તિ** છે. ઉક્ત લક્ષણા નિષ્ક્રિયત્વ શક્તિ છે અત એવ જેમ આત્મ પ્રદેશોની સ્થિતિ છે તેમ જ **'નિયત'** - નિશ્ચિત વૃત્તિરૂપપણે **પ્રદેશ અવસ્થિત રહે એવી નિયત પ્રદેશત્વ શક્તિ** છે. તે કેવી છે ? 'લોકાકાશ સંમિત' - લોકાકાશ પ્રમાણ અસંખ્ય પ્રદેશાત્મક આત્મ અવયવત્વ લક્ષણા, લોકાકાશ પ્રમાણ અસંખ્ય પ્રદેશ તે જાણે આત્માના અવયવો છે એવી અને તે પણ કેવી રીતે નિયતપણે અવસ્થિત છે ? આ સંસારથી - અનાદિથી જે જે દેહ આ આત્મા ધારણ કરે છે, તે તે દેહ પ્રમાણ પ્રમાણે તે લોકાકાશ સંમિત અસંખ્ય આત્મપ્રદેશોનું 'સંહરણ - વિસ્તરણ' - સંહરવું - વિસ્તરવું - સંકોચવું - વિકાસવું થયા કરે છે, એટલે આમ પ્રદેશોના સંહરણ - વિસ્તરણથી - સંકોચન - વિકાસનથી લક્ષિત થતા આ આત્મ પ્રદેશોનું આઘા - પાછા ખસવાપણે અનવસ્થિતપણું છે, તો પણ જ્યારે સિદ્ધિ ગમનનો સાધક એવો 'ચરમ' - છેલ્લો દેહ પર્યાય છૂટે છે, ત્યારે તે ચરમ દેહના પરિમાણથી 'કંઈક ઊણા' - ત્રિભાગહીન માપ પ્રમાણે તે લોકાકાશ સંમિત આત્મ પ્રદેશો જેમ છે તેમ 'અવસ્થિત' રહે છે - આઘા પાછા ખસતા નથી, એટલે કે ચરમ દેહના ત્રીજા ભાગથી ન્યૂન એવડી **ચરમ દેહાકાર** પ્રમાણે જ્યાં **આત્મ પ્રદેશોની** ઘન રચના છે, એવી **ચૈતન્ય ઘન સિદ્ધ ભગવાનની આત્મ પ્રદેશોની ઘન અવગાહના** જેમ છે તેમ નિયત - પ્રદેશપણે શાશ્વત કાલ અવસ્થિત રહે છે. આમ આવી આ નિયત પ્રદેશત્વ શક્તિ છે. અત એવ -

૨૫. **સર્વ શરીરોમાં 'એક સ્વરૂપાત્મિકા' સ્વધર્મ વ્યાપકત્વ શક્તિ** છે. ઉપર કહ્યા પ્રમાણે ભિન્ન ભિન્ન શરીરોમાં આત્મ પ્રદેશોના સંકોચન - વિકાસન રૂપ સંહરણ - વિસ્તરણ છતાં લોકાકાશ પ્રમાણ અસંખ્ય પ્રદેશપણા રૂપ નિયત પ્રદેશપણું છે, અત એવ સર્વ શરીરોમાં 'એક સ્વરૂપાત્મિકા' - એક સ્વરૂપ રૂપા એવી 'સ્વધર્મ વ્યાપકત્વ શક્તિ' - સ્વ ધર્મોમાં આત્મધર્મોમાં વ્યાપકપણાની શક્તિ છે. અત એવ -

૨૬. **સ્વ - પરમાં સમાન - અસમાન - સમાનાસમાન એવા ત્રિવિધ ભાવની 'ધારણાત્મિકા'** - ધારણા રૂપા **સાધારણ - અસાધારણ - સાધારણાસાધારણ ધર્મત્વ શક્તિ** છે, સ્વધર્મ વ્યાપકત્વ શક્તિ છે અત એવ સાધારણ - અસાધારણ - સાધારણાસાધારણ એમ ત્રણ પ્રકારના જેટલા સ્વધર્મ છે તે - રૂપ

'ધર્મત્વની' - ધર્મપણાની શક્તિ છે. તે કેવી ? સ્વ - પરમાં જે સમાન છે અસમાન છે અને સમાનાસમાન છે એવા 'ત્રિવિધ' - ત્રણ પ્રકારના ભાવોની 'ધારણાત્મિકા' - ધારણા રૂપા. અર્થાત્ ધર્મો ત્રણ પ્રકારના છે - (૧) **સાધારણ** - સ્વ - પર સર્વ દ્રવ્યોમાં જે 'સાધારણ' - સામાન્ય - સમાન ભાવે રહેલા (Common to all) છે, જેમકે - નિત્યત્વ, અસ્તિત્વ, વસ્તુત્વ આદિ. (૨) **અસાધારણ** - પરદ્રવ્યમાં જે સાધારણ - સામાન્ય નથી - અસમાન (Extra-ordinary, Distinguished, special) છે, આમ માત્ર સ્વ દ્રવ્યમાં જ છે તે અસાધારણ ધર્મ છે. જેમકે - ચેતનત્વ એ આત્માનો અસાધારણ ધર્મ છે, તે એક માત્ર આત્મદ્રવ્યમાં જ છે, બાકી બીજા બધા કોઈ પણ પરદ્રવ્યમાં છે જ નહિ, (૩) **સાધારણાસાધારણ** - સ્વ - પર દ્રવ્યમાં જે સાધારણ - સામાન્ય - સમાન (common) પણ છે વા અસાધારણ - અસામાન્ય - અસમાન (uncommon) પણ છે. જેમકે - અમૂર્ત્તત્વ ધર્મ સ્વ આત્મદ્રવ્યમાં પણ છે અને ધર્માધર્માદિ પરદ્રવ્યમાં પણ છે, પરંતુ પુદ્ગલ પરદ્રવ્યમાં નથી. આમ સ્વ - પરને જે સમાન - અસમાન - સમાનાસમાન ભાવો છે તેની ધારણાત્મિકા - ધારણા રૂપ સાધારણ - અસાધારણ - સાધારણાસાધારણ ધર્મત્વ શક્તિ છે. અત એવ -

૨૭. વિલક્ષણ અનંત સ્વભાવથી ભાવિત **એક ભાવલક્ષણા અનંત ધર્મત્વ શક્તિ છે.** આમ સાધારણાદિ વિવિધ - ત્રિવિધ ભાવ ધારણ રૂપા ધર્મત્વ શક્તિ છે, અત એવ 'વિલક્ષણ' - વિવિધ વિચિત્ર વિશિષ્ટ લક્ષણવંતા અનંત સ્વભાવોથી ભાવિત એવો એક ભાવ લક્ષણ છે જેનું એવી આ અનંત ધર્મત્વ શક્તિ છે, અર્થાત્ આ એકધર્મીમાં વિલક્ષણ સ્વભાવતા અનંત ધર્મો રહ્યા છે એવી આ અનંત ધર્મપણાની શક્તિ છે. અત એવ -

૨૮. **તદતદ્રૂપમયત્વ લક્ષણા વિરુદ્ધ ધર્મત્વ શક્તિ છે.** ઉક્ત પ્રકારે વિચિત્ર અનંત ધર્મત્વ શક્તિ છે, અત એવ સ્વરૂપ સાથે તદ્રૂપ અને પરરૂપ સાથે અતદ્રૂપ એવું તદ્રૂપમયપણું અને અતદ્રૂપમયપણું લક્ષણ છે જેનું એવી તદ્રૂપ - અતદ્રૂપના બે વિરુદ્ધ ધર્મો જ્યાં છે તે આ વિરુદ્ધ ધર્મત્વ શક્તિ છે. અત એવ -

૨૯-૩૦. **તદ્રૂપ ભવન રૂપા તત્ત્વ શક્તિ છે - અતદ્રૂપ અભવન રૂપા અતત્ત્વ શક્તિ છે.** ઉપરોક્ત વિરુદ્ધ ધર્મત્વ શક્તિ છે એટલે કે પરસ્પર વિરુદ્ધ બે ધર્મોનું પ્રકાશન જ્યાં છે એવું અનેકાંત રૂપ વિરુદ્ધ ધર્મપણું છે, અત એવ બે પરસ્પર વિરુદ્ધ ધર્મો જ્યાં ઉલ્લસે છે એવા અનેકાંતના અનેક પ્રકારો રૂપ અનેક પરસ્પર વિરુદ્ધ શક્તિ યુગ્મો પ્રકાશે છે. તે શક્તિ યુગ્મો પૈકી કેટલાકને અત્ર બતાવ્યા છે, તે પૈકી પ્રથમ આ તત્ત્વશક્તિ - અતત્ત્વ શક્તિ છે - (૧) જે 'તત્' - તે છે 'તદ્રૂપ' - તત્ રૂપ - 'તે રૂપ' 'ભવનની' - હોવાની - પરિણમવાની શક્તિ તે **'તત્ત્વ શક્તિ'** - તત્પણાની શક્તિ છે, (૨) જે 'અતત્' - તત્ છે નહિ - 'અતદ્રૂપ' - અતત્ રૂપ - તે રૂપે નહિ એવા 'અભવનની' - નહિ હોવાની - નહિ પરિણમવાની શક્તિ તે **'અતત્ત્વ શક્તિ'** - અતત્પણાની શક્તિ છે. અર્થાત્ જે સ્વરૂપ છે તે રૂપે હોવાની શક્તિ તે તત્ત્વ શક્તિ અને જે સ્વરૂપ છે નહિ - પરરૂપ છે તે રૂપે નહિ હોવાની શક્તિ તે અતત્ત્વ શક્તિ છે. આમ તત્ત્વ અતત્ત્વ સાપેક્ષ છે ને અતત્ત્વ તત્ત્વ સાપેક્ષ છે - એમ અનેકાંત રૂપ આ તત્ત્વ શક્તિ - અતત્ત્વ શક્તિ બે વિરુદ્ધ શક્તિનું યુગ્મ પ્રકાશે છે. અત એવ -

૩૧-૩૨. **અનેક પર્યાયોમાં વ્યાપક એક દ્રવ્યમયત્વ રૂપા એકત્વ શક્તિ છે - એક દ્રવ્યથી વ્યાપ્ય અનેક પર્યાયમયત્વ રૂપા અનેકત્વ શક્તિ** છે. ઉક્ત વિરુદ્ધ ધર્મત્વ શક્તિ છે અત એવ અનેકાંત દ્યોતક આ બીજું શક્તિયુગ્મ પ્રકાશે છે - (૩) અનેક પર્યાયોમાં 'વ્યાપક' - વ્યાપનાર એવું એક દ્રવ્ય જ્યાં છે તે એક દ્રવ્યમયપણા રૂપા **એકત્વ શક્તિ** છે, (૪) એક દ્રવ્યથી 'વ્યાપ્ય' - વ્યાપાવા યોગ્ય એવા અનેક પર્યાયો જ્યાં છે તે અનેક પર્યાયમયપણા રૂપા **અનેકત્વ શક્તિ** છે. અર્થાત્ દ્રવ્ય છે તો તેનું દ્રવણ - પરિણમન હોવું જોઈએ એટલે કે દ્રવ્ય છે તો તેના પર્યાયો પણ છે, ને પર્યાયો છે તો તે કોઈ એક દ્રવ્યના દ્રવણ - પરિણમન રૂપ હોવા જોઈએ એટલે કે પર્યાયો છે તો તેનું આધાર ભૂત અધિષ્ઠાન રૂપ દ્રવ્ય પણ છે. આમ એક દ્રવ્ય અનેક પર્યાય - સાપેક્ષ છે ને અનેક પર્યાય એક દ્રવ્ય સાપેક્ષ છે એમ

અનેકાંત રૂપ આ એકત્વ શક્તિ - અનેકત્વ શક્તિ એ બે વિરુદ્ધ શક્તિનું યુગ્મ પ્રકાશે છે. અત એવ -

૩૩-૩૪. ભૂત અવસ્થત્વ રૂપા - અવસ્થાપણા રૂપ **ભાવશક્તિ** છે, શૂન્ય અવસ્થત્વ રૂપા - અવસ્થાપણા રૂપ **અભાવ શક્તિ** છે. ઉપર કહ્યા પ્રમાણે દ્રવ્ય - પર્યાય શક્તિ છે અત એવ ત્રિકાલવર્તી દ્રવ્યમાં ત્રિકાલ સંબંધી વિવિધ પર્યાયોના ઉદ્દ્‌ગમ અંગે અનેકાંત દ્યોતક ત્રિવિધ વિરુદ્ધ શક્તિ યુગ્મો પ્રકાશે છે - (૫) ભૂત - થયેલા અવસ્થાપણા રૂપે ભાવ - હોવાપણું જ્યાં છે તે ભાવ શક્તિ, (૬) શૂન્ય - અભૂત - નહિ થયેલ અવસ્થાપણા રૂપે અભાવ - નહિ હોવાપણું જ્યાં છે તે અભાવ શક્તિ. આ બન્ને વિરુદ્ધ શક્તિનું યુગ્મ હોય તો જ પર્યાયોના સંભવ - અસંભવનો પ્રકાર બની શકે છે, કારણકે એક સમયે એક જ અમુક પર્યાય અવસ્થા હોય, તત્ સમયે ઈતર પર્યાય અવસ્થાઓ ન હોય - શૂન્ય હોય તત્ સમયે એક જ અમુક પર્યાય અવસ્થા હોય, આમ ભાવશક્તિ - અભાવ શક્તિ બન્ને પરસ્પર સાપેક્ષ છે. અર્થાત્ એક ભાવ શક્તિ જ હોય તો જે ભાવ - પર્યાય અવસ્થા છે તે જ રહ્યા કરે અને બીજી અવસ્થા બનવા પામે નહિ, જો એક અભાવ શક્તિ જ હોય તો સર્વ અવસ્થાઓનો સદા અભાવ જ - શૂન્યપણું બનવા પામે, પણ ભાવ શક્તિ - અભાવ શક્તિ બન્ને હોય તો જ એક પર્યાયમાંથી પર્યાયાંતર બની શકે, તેમજ ભાવ શક્તિને લીધે અમુક પર્યાય અવસ્થા રૂપે ભાવ - હોવાપણું અને અભાવ શક્તિને લીધે ઈતર પર્યાય અવસ્થા રૂપે અભાવ - નહિ હોવાપણું - શૂન્યપણું બની શકે. આમ ભાવ શક્તિ અભાવ શક્તિ સાપેક્ષ છે ને અભાવ શક્તિ ભાવ શક્તિ - સાપેક્ષ છે એમ અનેકાંત રૂપ આ ભાવ શક્તિ - અભાવ શક્તિ એ બે વિરુદ્ધ શક્તિનું યુગ્મ પ્રકાશે છે. અત એવ -

૩૫-૩૬. ભવત્ પર્યાય વ્યય રૂપા **ભાવાભાવ શક્તિ** છે - અભવત્ પર્યાય - ઉદય રૂપા **અભાવભાવ શક્તિ** છે. ઉપર કહ્યા પ્રમાણે ભાવ શક્તિ - અભાવ શક્તિ છે અત એવ તેના સમુદયથી ભાવાભાવ શક્તિ અને અભાવભાવ શક્તિ એ બે વિરુદ્ધ શક્તિનું યુગ્મ સમુદ્દ્‌ભવે છે - (૭) 'ભવત્' - હોતા - વર્ત્તમાન પર્યાયનો 'વ્યય' - નાશ જ્યાં થાય છે એ રૂપા ભાવાભાવ શક્તિ છે અર્થાત્ 'ભાવનો' - વર્તમાન હોતા - પર્યાયનો જેથી અભાવ - નહિ હોવાપણું હોય છે એવી આ ભાવાભાવ શક્તિ છે, (૮) અને 'અભવત્' - અવર્તમાન - નહિ હોતા પર્યાયનો જ્યાં 'ઉદય' - સમુદ્દ્‌ગમ થાય છે એ રૂપા અભાવભાવ શક્તિ છે, અર્થાત્ 'અભાવનો' - અવર્ત્તમાન - નહિ હોતા - ભવિષ્યત્ - પર્યાયનો જેથી ભાવ - હોવાપણું હોય છે એવી આ અભાવભાવ શક્તિ છે. આ બન્ને શક્તિ પણ પરસ્પર સાપેક્ષ છે, કારણકે અમુક વર્ત્તમાન ભાવનો અભાવ હોય તો જ વર્તમાનમાં જેનો ભાવ છે નહિ એવા અભાવનો (ભાવી ભાવનો) ભાવ હોય અને વર્ત્તમાનમાં જેનો ભાવ છે નહિ એવા અભાવનો (ભાવી ભાવનો) ભાવ હોય, તો જ અમુક વર્ત્તમાન ભાવનો અભાવ હોય, અર્થાત્ વર્ત્તમાન ભાવનો અભાવ થાય છે ત્યારે જ ભાવિભાવનો ભાવ થાય છે, ભાવિ ભાવનો ભાવ અભાવ ભાવ શક્તિ સાપેક્ષ છે ને અભાવભાવ શક્તિ ભાવાભાવ શક્તિ સાપેક્ષ છે એમ અનેકાંત રૂપ આ ભાવાભાવ શક્તિ - અભાવ ભાવ શક્તિ એ બે વિરુદ્ધ શક્તિનું યુગ્મ (જોડલું) પ્રકાશે છે. અત એવ -

૩૭-૩૮. ભવત્ પર્યાય ભવન રૂપા **ભાવભાવ શક્તિ** છે - અભવત્ પર્યાય અભવન રૂપા **અભાવ અભાવ શક્તિ** છે. ઉપરોક્ત ભાવશક્તિ - અભાવ શક્તિ છે અત એવ તેના સમુદયથી ભાવભાવ શક્તિ અને અભાવ અભાવ શક્તિ એ બે વિરુદ્ધ શક્તિનું આ બીજું યુગ્મ સમુદ્દ્‌ભવે છે - (૯) 'ભવત્' - હોતા વર્તમાન પર્યાયે 'ભવન રૂપા' હોવાપણા રૂપ ભાવભાવ શક્તિ છે, અર્થાત્ ભવત્ - વર્ત્તમાન પર્યાય રૂપ ભાવનો 'ભાવ' - ભવન હોવાપણું જે થકી હોય છે તે ભાવભાવ શક્તિ છે, (૧૦) 'અભવત્' - નહિ હોતા - અવર્ત્તમાન પર્યાયે 'અભવન રૂપા' - નહિ હોવાપણા રૂપા અભાવ અભાવ શક્તિ છે, અર્થાત્ 'અભવત્' - અવર્ત્તમાન પર્યાય રૂપ અભાવનો 'અભાવ' - અભવન - નહિ હોવાપણું જે થકી હોય છે તે અભાવઅભાવ શક્તિ છે. આ બન્ને શક્તિ પણ પરસ્પર સાપેક્ષ છે, કારણકે વર્ત્તમાન ભાવનો જ્યારે ભાવ હોય છે ત્યારે અવર્ત્તમાન ભાવ રૂપ અભાવનો અભાવ હોય છે, અવર્ત્તમાન ભાવરૂપ અભાવનો અભાવ હોય છે ત્યારે વર્ત્તમાન ભાવનો

ભાવ હોય છે. આમ ભાવભાવ શક્તિ અભાવ અભાવ શક્તિ સાપેક્ષ છે અને અભાવ અભાવ શક્તિ ભાવ ભાવ શક્તિ સાપેક્ષ છે, એમ અનેકાંત રૂપ આ ભાવભાવ શક્તિ - અભાવઅભાવ શક્તિ એ બે વિરુદ્ધ શક્તિનું યુગ્મ પ્રકાશે છે.

આમ વિરુદ્ધ ધર્મત્વ શક્તિના અનુસંધાનમાં **અનેકાંત દ્યોતક** વિવિધ વિરુદ્ધ શક્તિ યુગ્મોનું પરમ અદ્ભુત અલૌકિક દર્શન અનેકાંતના પરમ રહસ્યવેત્તા **પરમ પ્રજ્ઞાપારમિત અમૃતચંદ્રજીએ અપૂર્વ** તત્ત્વ સંકલનાબદ્ધ શૈલીથી કરાવ્યું અને આમ સ્વરૂપ સાથે તદ્રૂપમયપણું અને પરરૂપ સાથે અતદ્રૂપમયપણું છે એમ પ્રકાશતી વિરુદ્ધ ધર્મત્વ શક્તિ પરથી, પર સાથે એક નહિ એવો 'અનેક' (અન્ + એક) 'અંત' - ધર્મ જ્યાં છે એવો પરમ પરમાર્થ રહસ્યભૂત અલૌકિક અનેકાંત પ્રકાશી, પરસ્પર બે વિરુદ્ધ ધર્મનું પ્રકાશન જ્યાં છે એવા અનેક 'અંત' - ધર્મ રૂપ અનેકાંતના દ્યોતક તત્ત્વ - અતત્ત્વ એકત્વ - અનેકત્વ - ભાવ - અભાવ આદિ વિરુદ્ધ શક્તિ યુગ્મોના દર્શનથી દ્વિતીય અર્થમાં અનેકાંતનો ઉદ્યોત કરી, **અનેકાંતના પરમ પુરસ્કર્તા અમૃતચંદ્રજી** જ્ઞાનમાત્ર ભાવરૂપ આત્મ વસ્તુમાં જ આત્મગત **ષટ્કારક સંબંધી** શક્તિઓનું નિરૂપણ કરતાં પ્રથમ ષટ્કારકમાં પણ **અનેકાંત** પ્રયુક્ત કરે છે -

૩૯-૪૦. કારકને અનુગત **ક્રિયામાંથી** અભિનિષ્ક્રાંત ભવન માત્રમયી **ભાવશક્તિ** છે, કારકને અનુગત ભવત્તા રૂપ ભાવગત ક્રિયામયી **ક્રિયા શક્તિ** છે. અર્થાત્ કારકને 'અનુગત' - અનુગમન કરતી - અનુસરતી ક્રિયામાંથી 'અભિનિષ્ક્રાંત' - બ્હાર નીકળી ગયેલ એટલે કે કારકને અનુગત કોઈ ક્રિયા જ્યાં છે નહિ - અભાવ છે, એવી 'ભવન માત્રમયી' - હોવાપણા માત્રમયી - પરિણમન માત્રમયી **ભાવશક્તિ** છે. આથી ઉલટું - કારકને 'અનુગત' - અનુગમન કરતી - અનુસરતી 'ભવત્તા રૂપ' - ભવત્ પણા રૂપ હોતાપણા રૂપ 'ભાવગત' - ભાવ સંબંધી ક્રિયામયી **ક્રિયાશક્તિ** છે. આમ ૮ ષટ્કારક ક્રિયાનો જ્યાં અભાવ છે એવી 'ભવન માત્રમયી' ભાવશક્તિ અને ષટ્કારક ક્રિયાનો જ્યાં સદ્ભાવ છે, એવી 'ભવત્તા રૂપ' - ભવત્ પણા રૂપ ભાવ ક્રિયામયી ક્રિયા શક્તિ, એમ અનેકાંત દ્યોતક બે વિરુદ્ધ શક્તિનું યુગ્મ છે.

હવે જો આમ કારક અનુગત ભવત્તા રૂપ ભાવગત ક્રિયામયી ક્રિયાશક્તિ છે, તો તે ક્રિયાશક્તિ (૧) કર્મ, (૨) કર્ત્તા, (૩) કરણ, (૪) સંપ્રદાન, (૫) અપાદાન અને (૬) અધિકરણ એ ષટ્કારક પરત્વે કેવી પ્રક્રિયાથી પ્રવર્ત્તે છે, તેનું આ અનુક્રમે પરમ પરમાર્થગંભીર નિરૂપણ કરતાં પરમ પરમાર્થદૃષ્ટા **અમૃતચંદ્રાચાર્યજી** ષટ્કારક શક્તિચક્ર પ્રકાશે છે -

૪૧. 'પ્રાપ્યમાણ' - પ્રાપ્ત થઈ રહેલ સિદ્ધરૂપ ભાવમયી **કર્મ શક્તિ** છે, અર્થાત્ સિદ્ધ ભાવરૂપ - સિદ્ધપણા રૂપ **કર્મ** કરવાનું છે, તે સિદ્ધ રૂપ ભાવ જે ભાવ પ્રક્રિયા રૂપ કર્મ - કારક શક્તિથી પ્રાપ્ત થઈ રહ્યો છે - 'પ્રાપ્યમાણ' છે, તે કર્મ શક્તિ છે.

૪૨. ભવત્તા રૂપ સિદ્ધરૂપ ભાવની ભાવકત્વમયી **કર્તૃ શક્તિ** છે. અર્થાત્ 'ભવત્તા રૂપ' - ભવત્ પણા રૂપ - હોતાપણા રૂપ સિદ્ધ રૂપ ભાવની 'ભાવકત્વમયી' - ભાવકપણામયી તે કર્તૃ શક્તિ છે, એટલે કે સિદ્ધપણા રૂપ ભાવ જે ભવત્ છે - થઈ રહ્યો છે, તેનું ભાવકપણું જે કર્તૃ - કારક શક્તિ કરે છે તે કર્તૃ શક્તિ છે.

૪૩. 'ભવદ્' - થઈ રહેલા - તતા ભાવના 'ભવનની' - થવાપણાની 'સાધકતમત્વમયી' - પરમ સાધકપણામયી **કરણ શક્તિ** છે. અર્થાત્ સિદ્ધ રૂપ ભાવ જે સધાઈ રહ્યો છે, તેનું 'સાધકતમ' - પરમ સાદક - સાધન રૂપ જે કરણ - કારક શક્તિ થઈ પડે છે તે, કરણ શક્તિ છે.

૪૪. સ્વયં 'દીયમાન' - દેવાઈ રહેલ ભાવથી 'ઉપેયત્વમયી' - સાધ્યત્વમયી - ગમન કરાવા યોગ્ય પણામયી **સંપ્રદાન શક્તિ** છે. અર્થાત્ 'સ્વયં' - પોતે પોતાને દેવાઈ રહેલ સિદ્ધભાવનું ઉપેયપણું - સાધ્યપણું ગમન કરાવા યોગ્યપણું જેના પ્રત્યે - જે અર્થે છે એવી સંપ્રદાન - કારક શક્તિ તે કારક શક્તિ છે.

૪૫. ઉત્પાદ - વ્યયથી આલિંગિત ભાવોના 'અપાયથી' - હાનિથી - દૂર થઈ જવાથી 'નિરપાય' - અપાય રહિત - નિરાબાધ 'ધ્રુવત્વમયી' - ધ્રુવપણામયી **અપાદાન શક્તિ** છે, અર્થાત્ ઉત્પાદ - વ્યયથી આલિંગિત - ભેટાયેલ ભાવોનો અપાય - હાનિ થાય છે, ઉત્પાદ - વ્યય રૂપ ભાવો ઉપજી - વણસીને ચાલ્યા જાય છે, છતાં તેથી જ્યાં કાંઈ અપાય - હાનિ ઉપજતી નથી એવું નિરપાય - નિરાબાધ ધ્રુવપણું જે અપાદાન - કારક શક્તિથી હોય છે તે અપાદાન શક્તિ છે.

૪૬. 'ભાવ્યમાન' - ભાવવામાં આવી રહેલા ભાવના આધારપણા મયી **અધિકરણ શક્તિ** છે. અર્થાત્ આ ભાવવામાં આવી રહેલા સિદ્ધ ભાવનું આધારપણું જે અધિકરણ કારક શક્તિ થકી હોય છે તે અધિકરણ શક્તિ છે.

આમ જ્ઞાનમાત્ર ભાવરૂપ આત્મા એ જ કર્ત્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એ ષટ્કારક રૂપે પ્રવર્ત્તી, સિદ્ધભાવ રૂપ ભાવ ક્રિયાને સાધે છે. आत्मा आत्मानं आत्मना आत्माने आत्मनः आत्मनि साधयति - આત્મા આત્માને આત્માથી આત્માર્થે આત્મામાંથી આત્મામાં સાધે છે - એમ આ ષટ્કારક ચક્ર પ્રક્રિયાનો પરમાર્થ રહસ્યભૂત પરમાર્થ છે. અત એવ -

**અમૃતચંદ્રજીએ કરેલું આત્મ શક્તિઓનું પરમ અદ્ભુત અલૌકિક મૌલિક નિરૂપણ**

૪૭. સ્વભાવ માત્રના 'સ્વ - સ્વામિત્વમયી' - સ્વ - સ્વામિપણામયી **સંબંધ શક્તિ** છે. અર્થાત્ 'સ્વભાવ માત્ર' - સ્વભાવ સિવાય બીજું કંઈ જ નહિ એવો માત્ર 'સ્વભાવ જ' આ જ્ઞાનમાત્ર ભાવ રૂપ આત્માનો 'સ્વ' - પોતાનો - સ્વ ધન છે અને આ જ્ઞાનમાત્ર ભાવરૂપ આત્મા એનો 'સ્વામી' - માલિક - ધણી છે એવો સ્વ - સ્વામિપણા રૂપ સંબંધ જેના થકી છે એવી સંબંધ શક્તિ છે - તાત્પર્ય કે - જ્ઞાનમાત્ર ભાવમાં અંતર્ભવતી - જે જે શક્તિઓ ઉપર કહી તે તે આત્મ સ્વભાવ રૂપા છે, તે સર્વ શક્તિઓનો સંબંધ આત્મ સ્વભાવ સાથે છે અને આ આત્મ સ્વભાવ માત્ર જ આત્માનો 'સ્વ' છે ને આત્મા જ તેનો 'સ્વામી' છે - એમ સ્વભાવ માત્ર સાથે જ આત્માનો સ્વ - સ્વામિત્વ સંબંધ છે, બીજા કોઈ પણ પરભાવ સાથે આત્માનો સ્વ - સ્વામિત્વ સંબંધ નથી જ.

આમ આત્માના જ્ઞાનમાત્ર ભાવમાં 'અંતઃપાતિની' - અંતર્ભાવ પામતી અનંત શક્તિઓની વાનકી રૂપે (sample) ઉક્ત સુડતાલીશ આત્મશક્તિઓના **પરમ અદ્ભુત તત્ત્વ ચમત્કૃતિમય અલૌકિક મૌલિક નિરૂપણ** પરથી સુજ્ઞ વિચક્ષણોને **પરમ જ્ઞાન વિભૂતિ પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજીના અનંતશક્તિ સંપન્ન દિવ્ય આત્માના પરમ અદ્ભુત 'સ્વ વિભવ'**નો કિંચિત્ પરિચય પ્રાપ્ત થાય છે.

वसंततिलका

**इत्याद्यनेकनिजशक्तिसुनिर्भरोऽपि,**
**यो ज्ञानमात्रमयतां न जहाति भावः ।**
**एकं क्रमाक्रमविवर्तिविवर्तचित्रं,**
**तद् द्रव्यपर्ययमयं चिदिहास्ति वस्तु ॥२६४॥**

ઈત્યાદિ નિજ બહુ શક્તિ ભર્યો છતાં ય, જે જ્ઞાનમાત્ર મયતા ત્યજતો ન ભાવ;
તે દ્રવ્ય પર્યયમયી ચિદ્ વસ્તુ અત્ર, એક ક્રમાક્રમ વિવર્ત્તિ વિવર્ત્ત ચિત્ર. ૨૬૪

## અમૃત પદ - ૨૬૪

'ચંદ્ર પ્રભુ મુખચંદ' - એ રાગ

એમ અનેકાંત તત્ત્વ... ચેતન ચિંતવ રે. અનેક શક્તિ સંપન્ન... ચેતન. ધ્રુવ પદ. ૧
એમ નિજ શક્તિ અનેક... ચેતન ચિંતવ રે. તેથી સુનિર્ભર સાવ... ચેતન.
જ્ઞાનમાત્રમયતા એક... ચેતન. છોડે ન જ જે ભાવ... ચેતન. ૨
ક્રમ અક્રમથી વિવર્ત્તતા... ચેતન. વિવર્તથી ચિત્ર એક... ચેતન.
દ્રવ્ય પર્યયમય વર્ત્તતાં... ચેતન. ચિદ્ વસ્તુ તે છેક... ચેતન. ૩
જ્ઞાનમાત્ર એક હવંત... ચેતન. શક્તિ અનેક ધરંત... ચેતન.
ભગવાન **અમૃત** સંત... ચેતન. અમૃત વાણી વદંત... ચેતન. ૪

**અર્થ** - ઈત્યાદિ અનેક નિજ શક્તિઓથી સુનિર્ભર છતાં જે ભાવ જ્ઞાનમાત્રમયતા છોડતો નથી, તે ક્રમ - અક્રમે વિવર્તી વિવર્તોથી ચિત્ર એવી એક દ્રવ્ય પર્યાયમય ચિત્ અહીં વસ્તુ છે. ૨૬૪

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય." - **શ્રીમદ્ રાજચંદ્રજી**

"સેવો ઈશ્વર દેવ જિણે ઈશવરતા હો નિજ અદભુત વરી,
તિરોભાવની શક્તિ, આવિરભાવે હો સહુ પરગટ કરી." - **શ્રી દેવચંદ્રજી**

**ચિદ્ વસ્તુ દ્રવ્ય પર્યયમય**

એમ ઉપરમાં **'આત્મખ્યાતિ'**ના ગદ્ય વિભાગમાં જે વિવિધ **અપૂર્વ આત્મશક્તિઓનું અભૂતપૂર્વ અનન્ય પરમ અદ્ભુત** વર્ણન કર્યું, તેના સારસમુચ્ચયરૂપ આ ઉપસંહાર કળશ કાવ્યમાં **ચિદ્ વસ્તુ દ્રવ્ય - પર્યયમય** છે એમ નિગમન કર્યું છે - इत्याद्यनेकनिजशक्तिसुनिर्भरोऽपि - ઈત્યાદિ અનેક નિજ શક્તિઓથી 'સુનિર્ભર' - સારી પેઠે નિર્ભર - પરિપૂર્ણ છતાં જે ભાવ **'જ્ઞાનમાત્રમયતા' - કેવલ જ્ઞાનમયપણું નથી છોડતો** - 'यो ज्ञानमात्रमयतां न जहाति भावः', તે અહીં જગત્‌ને વિષે ક્રમ - **'અક્રમથી'** - **ક્રમથી** - એક પછી એક **'અક્રમથી'** - યુગપત્ - એકી સાથે 'વિવર્તિ' - વિવર્તતા - પલટાતા વિવર્તોથી **'ચિત્ર'** - નાના રૂપ એવી 'એક' - અદ્વૈત **દ્રવ્યપર્યયમય ચિદ્ વસ્તુ છે** - एकं क्रमाक्रमविवर्तिविवर्तचित्रं, तद् द्रव्यपर्ययमयं चिदिहास्ति वस्तु । ઈતિ યાવત્.

वसंततिलका

**नैकांतसंगतदृशा स्वयमेव वस्तु -**
**तत्त्वव्यवस्थितिरिति प्रविलोकयंतः ।**
**स्याद्वादशुद्धिमधिकामधिगम्य संतो,**
**ज्ञानी भवंति जिननीतिमलंघयन्तः ॥२६५॥**

નૈકાંત સંમત દશે સ્વયમેવ સંત, વસ્તુ વ્યવસ્થિતિ ઈતિ અવલોકયંત,
સ્યાદ્ વાદ શુદ્ધિ અધિકા કરી પ્રાપ્ત સંતા, જ્ઞાની જ ભવંત જિન નીતિ અલંઘયંતા. ૨૬૫

## અમૃત પદ - (૨૬૫)

'ચંદ્ર પ્રભુ મુખ ચંદ' એ રાગ

દૃષ્ટિ નૈકાંતે સંગતા... ચેતન ચિંતવ રે. સ્વયં જ વસ્તુ વર્તંત... ચેતન.
વ્યવસ્થિતિ અસ્તંગતા... ચેતન. એમ જે અવલોકંત... ચેતન. ૧
સ્યાદ્વાદ શુદ્ધિ અંગતા... ચેતન. અધિક લહી તે સંત... ચેતન.
જિન નીતિ ન જ લંઘતા... ચેતન. નિશ્ચય જ્ઞાની હવંત... ચેતન. ૨
વસ્તુતત્ત્વ ન એકાંત... ચેતન. છે નિશ્ચય અનેકાંત... ચેતન.
તેમાં જે વિશ્રાંત... ચેતન. ભગવાન અમૃત શાંત... ચેતન. ૩

**અર્થ** - ન એકાંત સંગત (અનેકાંત) દૃષ્ટિથી સ્વયમેવ વસ્તુતત્ત્વ વ્યવસ્થિતિ છે એમ પ્રવિલોકતાં સંતો, અધિક સ્યાદ્વાદ શુદ્ધિને પામીને જિનનીતિને અલંઘતાં જ્ઞાની હોય છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"એકાંતવાદ એ જ જ્ઞાનની અપૂર્ણતાની નિશાની હે વાદીઓ ! મને તમારે માટે દર્શાવે છે. કારણ શિખાઉ કવિઓ જે કાવ્યમાં જેમ તેમ ખામી દાબવા 'જ' શબ્દનો ઉપયોગ કરે છે, તેમ તમે પણ 'જ' એટલે નિશ્ચયતા, શિખાઉ જ્ઞાન વડે કહો છો. મહારો મહાવીર એમ કોઈ કાળે કહે નહીં, એ જ એની સત્કવિની પેઠે ચમત્કૃતિ છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૨૦**

**અનેકાંત વસ્તુ તત્ત્વ નિયત સ્થિતિ : સ્યાદ્વાદ શુદ્ધિ જિનનીતિ**

**અનેકાંતની** મુક્ત કંઠે સ્તુતિ કરતા આ ઉપસંહાર કળશ કાવ્યમાં **અમૃતચંદ્રજી** પરમ આત્મભાવોલ્લાસથી વદે છે - नैकांतसंगतदृशा स्वयमेव वस्तुतत्त्व व्यवस्थितिरिति प्रविलोकयंतः - **'ન-એકાંત' - અનેકાંત સંગત દૃષ્ટિથી** 'સ્વયમેવ' - આપોઆપ જ **'વસ્તુ તત્ત્વ વ્યવસ્થિતિ'** - વસ્તુ તત્ત્વની વ્યવસ્થા છે એમ 'પ્રવિલોકતાં' - પ્રકૃષ્ટપણે વિલોકતાં 'સંતો' - સંતજનો - સત્પુરુષો અધિક **સ્યાદ્વાદ શુદ્ધિને** પામીને - જાણીને **જિનનીતિને 'અલંઘતાં'** - નહિ ઉલ્લંઘતાં **જ્ઞાની** હોય છે - 'स्याद्वादशुद्धिमधिकामधिगम्य संतो ज्ञानी भवंति जिननीतिमलंघयंतः' । આ **જિનનીતિ અંગે પરમ જ્ઞાન વિભૂતિ સંપન્ન જ્ઞાનીશ્વર શ્રી અમૃતચંદ્રાચાર્યજીનું** સુપ્રસિદ્ધ સુભાષિત છે કે - 'રવૈયાના નેતરાને એક અંતથી (છેડેથી) ખેંચતી અને બીજે અંતથી (છેડેથી) ઢીલું છોડતી ગોવાળણ જેમ માખણ મેળવે છે, તેમ એક અંતથી (ધર્મથી) વસ્તુનું તત્ત્વ આકર્ષતી અને બીજે શિથિલ (ગૌણ) કરતી એવી અનેકાન્ત નીતિ તત્ત્વ - નવનીત વલોવી જયવંત વર્તે છે. આ મૂળ સુભાષિત આ રહ્યું -

**"एकेनाकर्षंती श्लथयंती वस्तुतत्त्वमितरेण ।**
**अंतेन जयति जैनी नीतिर्मंथाननेत्रमिव गोपी ॥"** - **શ્રી અમૃતચંદ્રાચાર્ય પ્રણીત 'પુરુષાર્થ સિદ્ધ્યુપાય'**

# ઉપાય ઉપેયભાવ

अथास्योपायोपेयभावश्चिंत्यते -

आत्मवस्तुनो हि ज्ञानमात्रत्वेऽप्युपायोपेयभावो विद्यत एव, तस्यैकस्यापि स्वयं साधकसिद्धरूपोभयपरिणामित्वात् । तत्र यत्साधकं रूपं स उपायः । यत्सिद्धं रूपं स उपेयः ।

अतोऽस्यात्मनोऽनादिमिथ्यादर्शनज्ञानचरित्रैः स्वरूपप्रच्यवनात्संसरतः सुनिश्चलपरिगृहीतव्यवहारसम्यग्दर्शनज्ञानचारित्र-पाकप्रकर्षपरंपरया क्रमेण स्वरूपमारोप्यमाणस्यांतर्मग्ननिश्चयसम्यग्दर्शनज्ञानचरित्रविशेषतया साधकरूपेण च स्वयं परिणममानं ज्ञानमात्रमेकमेवोपायोपेयभावं साधयति ।

एवमुभयत्रापि ज्ञानमात्रस्यानन्यतया नित्यमस्खलितैकवस्तुनो निष्कंपपरिग्रहणात् तत्क्षण एव मुमुक्षूणामासंसारालब्धभूमिकानामपि भवति भूमिकालाभः । ततस्तत्र नित्यदुर्ललितास्ते स्वत एव क्रमाक्रमवृत्तानेकांतमूर्तयः साधकभावसंभवपरमप्रकर्षकोटिसिद्धिभावभाजनं भवंति ।

ये तु नेमामंतर्नीतानेकांतज्ञानमात्रैकभावरूपां भूमिमुपलभंते ते नित्यमज्ञानिनो भवंतो ज्ञानमात्रभावस्य स्वरूपेणाभवनं पररूपेण भवनं पश्यंतो जानंतोऽनुचरंतश्च मिथ्यादृष्टयो मिथ्याज्ञानिनो मिथ्याचरित्राश्च भवंतोऽत्यंतमुपायोपेयभ्रष्टा विभ्रमंत्येव ।

હવે આનો ઉપાયોપેય (ઉપાય - ઉપેય) ભાવ ચિંતવવામાં આવે છે - આત્મવસ્તુના જ્ઞાનમાત્રપણામાં પણ ઉપાયોપેય ભાવ વિદ્યમાન છે જ - તે એકનું પણ સ્વયં સાધક - સિદ્ધ રૂપ ઉભય પરિણામિપણું છે માટે. તેમાં - જે સાધકરૂપ તે ઉપાય, જે સિદ્ધરૂપ તે ઉપેય.

એથી કરીને - અનાદિ મિથ્યાદર્શન - જ્ઞાન - ચરિત્રથી સ્વરૂપ પ્રચ્યવનને લીધે સંસરતા સુનિશ્ચલ પરિગૃહીત વ્યવહાર સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્રના પાકપ્રકર્ષની પરંપરાથી ક્રમે કરીને સ્વરૂપે આરોપાઈ રહેલા એવા આ આત્માને અંતર્મગ્ન નિશ્ચય સમ્યગ્દર્શન - જ્ઞાન - ચરિત્ર વિશેષતાએ કરીને સાધકરૂપે અને તથા પ્રકારે પરમ પ્રકર્ષની મકરિકાએ અધિરૂઢ રત્નત્રયાતિશયથી પ્રવૃત્ત સકલ કર્મક્ષયથી પ્રજ્વલિત અસ્ખલિત વિમલ સ્વભાવભાવતાએ કરીને સિદ્ધરૂપે સ્વયં (પોતે) પરિણમમાન (પરિણમી રહેલ) જ્ઞાનમાત્ર એક જ - ઉપાયોપેય ભાવ સાધે છે.

એમ ઉભયત્ર (ઉભય સ્થળે) પણ જ્ઞાનમાત્રની અનન્યતાએ કરીને નિત્ય અસ્ખલિત એક વસ્તુના નિષ્કંપ પરિગ્રહણને લીધે તત્ક્ષણ જ આસંસારથી અલબ્ધ ભૂમિક મુમુક્ષુઓને પણ ભૂમિકા લાભ થાય છે એટલે પછી ત્યાં નિત્ય દુર્લલિત તેઓ - સ્વત એવ ક્રમાક્રમ વૃત્ત અનેકાંતમૂર્તિઓ - સાધક ભાવ થકી જેનો સંભવ છે એવા પરમ પ્રકર્ષ કોટિ રૂપ સિદ્ધિ ભાવનું ભાજન થાય છે.

પણ જેઓ આ - જ્યાં અનેકાંત અંતર્નીત છે એવી - જ્ઞાનમાત્ર એક ભાવરૂપ ભૂમિને ઉપલભતા (અનુભવતા, પામતા) નથી, તે નિત્ય અજ્ઞાનીઓ હોતાં - જ્ઞાનમાત્ર ભાવનું સ્વરૂપથી અભવન પરરૂપથી ભવન દેખતા જાણતા અને અનુચરતા મિથ્યાદૃષ્ટિઓ મિથ્યાજ્ઞાનીઓ અને મિથ્યાચરિત્રો હોતા - અત્યંતપણે ઉપાયોપેયથી ભ્રષ્ટ થયેલાઓ વિભ્રમે જ છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્મા સત્ ચૈતન્યમય સર્વાભાસ રહિત;
જેથી કેવળ પામિયે, મોક્ષપંથ તે રીત.'' - **શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૦૧**

''ત્હારૂં ધ્યાન તે સમકિત રૂપ, તેહ જ જ્ઞાન ને ચારિત્ર તેહ છે,
તેથી જાયે સઘળાં હો પાપ, ધ્યાતા ધ્યેય સ્વરૂપ હોયે પછેજી.'' - **શ્રી યશોવિજયજી**

અહીં આ આત્મવસ્તુના જ્ઞાનમાત્રપણામાં પણ આ જ્ઞાનમાત્રનો જ ઉપાયોપેય ભાવ છે એ સિદ્ધ

કર્યું છે, અર્થાત્ 'જ્ઞાનમાત્ર' - કેવલ જ્ઞાન એ જ જ્યાં ગમન કરવાનું - જવાનું - ગંતવ્ય છે તે ઉપેય - સાધ્ય પ્રત્યે લઈ જનાર 'ઉપાય' - સાધન છે અને એ જ તે ઉપાય - સાધન થકી જ્યાં ગમન કરવાનું - જવાનું - ગંતવ્ય છે તે 'ઉપેય' - સાધ્ય છે - આ ઉપાય અને ઉપેય બન્ને એક જ્ઞાનમાત્ર છે, એનું અત્ર **મહામતિ પરમ પ્રજ્ઞાનિધાન અમૃતચંદ્રજીએ** અત્ર એવું તો અતિ અતિ સુવિશદ અનન્ય અદ્‌ભુત ચિંતન કર્યું છે, કે અચિંત્ય ચિંતામણિ રત્નના પરમ નિધાન સમા થોડા પણ પરમ પરમાર્થગંભીર અમૃત (Immortal, nectar-like) શબ્દોમાં સેંકડો ગ્રંથોથી પણ ન કહી શકાય એવો આશય સમાવી, જિનમાર્ગનો સાંગોપાંગ સકલ અવિકલ (complete & comprehensive) ક્રમ અલૌકિક મૌલિક શૈલીથી નિષ્તુષ (clear-cut) તત્ત્વ યુક્તિથી પ્રકાશ્યો છે -

**ઉપાય ઉપેય ભાવ : ઉપાય સાધન : ઉપેય સાધન**

आत्मवस्तुनो हि ज्ञानमात्रत्वेप्युपायोपेयभावो विद्यत एव - આત્મવસ્તુના નિશ્ચયે કરીને પ્રગટપણે જ્ઞાનમાત્રપણામાં પણ ઉપાયોપેય - ભાવ વિદ્યમાન છે જ. કારણ શું ? કારણકે તે એક જ 'સ્વયં' - પોતે સાધકરૂપે અને સિદ્ધરૂપે - એમ ઉભય રૂપે પરિણામ પામે છે, એટલે तस्यैकस्यापि स्वयं साधकसिद्धरूपोभय परिणामित्वात् - 'તેનું' - તે જ્ઞાનમાત્રપણાનું એકનું પણ સ્વયં સાધક - સિદ્ધરૂપ ઉભય પરિણામિપણું છે માટે. તેમાં - જે સાધક રૂપ તે ઉપાય છે, જે સિદ્ધ રૂપ તે ઉપેય છે - तत्र यत्साधकं रूपं स उपायः, यत्सिद्धं रूपं स उपेयः ।

**સાધક રૂપ તે ઉપાય : સિદ્ધ રૂપ તે ઉપેય**

એથી કરીને સાધક રૂપે અને સિદ્ધરૂપે 'સ્વયં' - પોતે 'પરિણમમાન' - પરિણમી રહેલું 'જ્ઞાનમાત્ર' - કેવલ જ્ઞાન એક જ ઉપાયોપેય ભાવને સાધે છે. જ્ઞાનમાત્ર સાધક રૂપે કેવી રીતે અને કેવા ક્રમે પરિણમી રહ્યું છે ? - (૧) આ આત્મા અનાદિ મિથ્યા એવા દર્શન - જ્ઞાન - ચારિત્રથી 'સ્વરૂપ પ્રચ્યવનને લીધે' - સ્વરૂપભ્રષ્ટપણાને લીધે આ સંસારમાં સંસરી રહ્યો છે - अस्यात्मनोऽनादिमिथ्यादर्शन ज्ञानचरित्रैःस्वरूप प्रच्यवात्संसरतः । તે સંસરતો આત્મા સુનિશ્ચલ - અત્યંત નિશ્ચલપણે 'પરિગૃહીત' - સર્વથા સર્વ પ્રકારે ગ્રહણ કરેલ એવા વ્યવહાર સમ્યગ્‌દર્શન - જ્ઞાન - ચારિત્રના પાકના 'પ્રકર્ષની' - પરાકાષ્ઠાની પરંપરાએ કરી ક્રમથી સ્વરૂપે આરોપાઈ રહ્યો છે - ચઢાવાઈ રહ્યો છે - 'सुनिश्चलपरिगृहीतव्यवहारसम्यग्दर्शनज्ञानचारित्रपाकप्रकर्षपरंपरया क्रमेण स्वरूपमारोप्यमाणस्य', **અર્થાત્ સૌથી પ્રથમ તો વ્યવહાર** સમ્યગ્‌દર્શન - જ્ઞાન - ચારિત્ર સુનિશ્ચલપણે પરિગ્રહે - સર્વ પ્રકારે ગ્રહણ કરે અને તેનો પણ 'પાકપ્રકર્ષ' પ્રાપ્ત કરે, તે **વ્યવહાર** સમ્યગ્‌દર્શન - જ્ઞાન - ચારિત્રને એવા તો 'પાકા' - પરિપક્વ કરે કે તેના પરિપાકનો 'પ્રકર્ષ' - પરાકાષ્ઠા (Highest level) પામે. આવા તો પાક પ્રકર્ષોની પણ પરંપરા કરે, એટલે કે અમુક કક્ષાના વ્યવહાર સમ્યગ્‌દર્શન - જ્ઞાન - ચારિત્રનો પાક પ્રકર્ષ પામે, પછી તેથી ચઢતી કક્ષાના વ્યવહાર સમ્યગ્‌દર્શન - જ્ઞાન - ચારિત્રનો પાક પ્રકર્ષ પામે, પછી તેથી પણ ચઢતી કક્ષાના એમ પાકપ્રકર્ષની પરંપરાને પામે અને આમ ઉત્તરોત્તર બળવત્તર બનતા જતા ઉચ્ચ - ઉચ્ચતર - ઉચ્ચતમ કક્ષાવાળા **વ્યવહાર** સમ્યગ્‌દર્શન - જ્ઞાન - ચારિત્રના પાક પ્રકર્ષની પણ ઉત્તરોત્તર વધતી જતી ઉચ્ચ - ઉચ્ચતર - ઉચ્ચતમ કોટિવાળી એકધારી અખંડ શ્રેણી રૂપ પરંપરાથી ક્રમે કરીને (gradually, step by step) જ્યાંથી અનાદિથી ભ્રષ્ટ થયો છે તે સ્વરૂપ પર ચઢાવાતો જાય - આરોપાતો જાય. (૨) અને આમ આત્માની યોગ્યતા વધારનારા વ્યવહાર સમ્યગ્‌દર્શન - જ્ઞાન - ચારિત્રના દૃઢ - દૃઢતર - દૃઢતમ પુષ્ટ નિમિત્ત અવલંબને કરી ક્રમથી જે સ્વરૂપે આરોપાઈ રહ્યો છે તેને, અંતર્મગ્ન **નિશ્ચય** સમ્યગ્‌દર્શન - જ્ઞાન - ચારિત્રવિશેષતાએ કરી સાધક રૂપે **જ્ઞાનમાત્ર** સ્વયં પરિણમી રહ્યું છે - अंतर्मग्ननिश्चयसम्यग्दर्शनज्ञानचरित्रविशेषतया साधकरूपेण स्वयं परिणममानं ज्ञानमात्रं, અર્થાત્ **નિશ્ચય** સમ્યગ્‌દર્શન - જ્ઞાન - ચરિત્ર રૂપ વિશેષ - ભેદ જ્યાં અભેદ રત્નત્રયીપણે 'અંતર્મગ્ન' છે - અંદરમાં ડૂબેલા પડ્યા છે, અભેદપણે અંતર્ભાવ પામ્યા છે, એવા સાધક રૂપે આ જ્ઞાનમાત્ર પોતે

**જ્ઞાનમાત્ર સાધક રૂપે કેવી રીતે કેવા ક્રમે પરિણમી રહ્યું છે ?**

પરિણમી રહ્યું છે. આમ જ્યાં નિશ્ચય સમ્યગ્દર્શન - જ્ઞાન - ચરિત્રનું અંતર્મગ્નપણું હોય છે એવું આ જ્ઞાનમાત્રનું અભેદ - નિશ્ચય રત્નત્રયીરૂપ સાધકદશા સંપન્ન સાધક રૂપ હોય છે અને આમ પ્રથમ તો વ્યવહાર સમ્યગ્દર્શનાદિની ઉત્તરોત્તર ચઢતી કક્ષાઓને સ્પર્શતો સ્પર્શતો સ્વરૂપ પર ચઢતો જાય અને પછી તેથી આત્માની યોગ્યતા વધતાં નિશ્ચય સમ્યગ્દર્શનાદિનો યોગ્ય અધિકારી બને, ત્યારે જ 'માત્ર' - કેવલ જ્ઞાન સિવાય બીજો ભાવ જ્યાં નથી એવું આ **'જ્ઞાનમાત્ર'** શુદ્ધોપયોગરૂપ સાધક રૂપને પરિણમતું જાય.

**આ જ્ઞાનમાત્ર સિદ્ધ રૂપે કેવી રીતે પરિણમી રહ્યું છે ?**

અને આ જ્ઞાનમાત્ર **સિદ્ધ રૂપે** કેવી રીતે પરિણમી રહ્યું છે ? - (૧) परमप्रकर्षमकरिकाधिरूढरत्नत्रयातिशय - 'પરમ' - ઉંચામાં ઉંચા 'પ્રકર્ષની' - પ્રકૃષ્ટ - ઉત્કૃષ્ટ ભાવની - પરાકાષ્ઠા ભાવની 'મકરિકાએ' - ઉંચામાં ઉંચી ટોચે (Highest crest) 'અધિરૂઢ' - ચઢેલ અભેદ રૂપ નિશ્ચય રત્નત્રયનો 'અતિશય' - સર્વાતિશાયિ ભાવ (surpassing all) પ્રાપ્ત થાય, - અર્થાત્ આત્મારૂપ નિશ્ચય રત્નત્રય ઉત્તરોત્તર એવું તો બળવત્તર વજ્રલેપ દૃઢ બનતું જાય કે તે પરમ પ્રકર્ષના પણ પ્રકર્ષ રૂપ પરમોત્તમ દશાને પામી બીજા બધા કરતાં ચઢીયાતો તેનો સર્વતિશાયી રત્નત્રય અતિશય પ્રગટે, (૨) અને આ સર્વોત્કૃષ્ટ દશાસંપન્ન રત્નત્રય અતિશય એવો તો સમર્થતમ હોય કે તે થકી સકલ કર્મક્ષય પ્રવર્ત્તે - प्रवृत्तसकलकर्मक्षयः (૩) અને આ સકલ કર્મક્ષય થકી પ્રજ્વલિત અસ્ખલિત વિમલ સ્વભાવભાવતાએ કરી સિદ્ધરૂપે આ જ્ઞાનમાત્ર સ્વયં પરિણમી રહ્યું છે - 'प्रज्वलितास्खलित विमलस्वभावभावतया सिद्धरूपेण स्वयं परिणममानं ज्ञानमात्रं', અર્થાત્ આમ ઉક્ત પ્રકારે રત્નત્રય અતિશયથી (most intesified & extensified) પ્રવૃત્ત સકલ કર્મક્ષય થકી 'પ્રજ્વલિત' - પ્રકૃષ્ટપણે 'જ્વલિત' - જાજ્વલ્યમાન પણે ઝળહળતો એવો 'અસ્ખલિત' - કદી પણ ક્યાંય પણ કાંઈ પણ સ્ખલના ન પામતો - અખંડ 'વિમલ' - નિર્મલ સ્વભાવભાવ પ્રજ્વલે છે - પ્રદીપ્યમાનપણે પ્રગટે છે - પ્રકૃષ્ટ પરંજ્યોતિપણે ઝળહળે છે, આવા પરંજ્યોતિર્મય પ્રજ્વલિત અસ્ખલિત વિમલ સ્વભાવ ભાવપણાએ કરી **સિદ્ધરૂપે** આ જ્ઞાનમાત્ર પોતે પરિણમી રહ્યું છે. આમ સાધકરૂપે અને સિદ્ધરૂપે સ્વયં પરિણમી રહેલું **જ્ઞાનમાત્ર** એક જ ઉપાયોપેય ભાવને સાધે છે - साधकरूपेण सिद्धरूपेण च स्वयं परिणममानं ज्ञानमात्रमेकमेव उपायोपेयभावं साधयति ।

**જ્ઞાનમાત્રની અનન્યતા : સાધક રૂપ : સિદ્ધ રૂપ**

એમ - ઉક્ત પ્રકારે 'उभयत्र' - ज्ञानमात्रस्यानन्यतया - 'ઉભયત્ર' - સાધક રૂપ અને સિદ્ધ રૂપ એ ઉભય - બન્ને સ્થળે પણ જ્ઞાનમાત્રની અનન્યતાએ કરી 'નિત્ય' - સદાય 'અસ્ખલિત' - અખંડિત 'એક' - અદ્વૈત - અભેદ વસ્તુના 'નિષ્કંપ' - કંપ રહિત નિશ્ચલ 'પરિગ્રહણ' થકી - સર્વથા ગ્રહણ થકી - 'नित्यमस्खलितैक वस्तुनो निष्कंपपरिग्रहणात्', तत्क्षण જ - तत्क्षण एव, આ સંસારથી જેને ભૂમિકા 'અલબ્ધ' - અપ્રાપ્ત છે - પ્રાપ્ત નથી થઈ એવા મુમુક્ષુઓને પણ ભૂમિકા લાભ થાય છે - 'मुमुक्षूणामासंसारालब्धभूमिकानामपि भवति भूमिकालाभः ।' અર્થાત્ સાધક રૂપ પણ જ્ઞાનમાત્ર છે અને સિદ્ધ રૂપ પણ જ્ઞાન માત્ર છે, આમ બન્નેમાં જ્ઞાનમાત્ર અનન્ય - અદ્વિતીય - અભિન્ન છે, એટલે સદાય 'અસ્ખલિત' - અખંડ 'એક' - અભેદ જ્ઞાનમાત્ર વસ્તુનું 'નિષ્કંપ' - નિશ્ચલ પરિગ્રહણ કર્યા થકી તત્ક્ષણે જ જેને આ સંસારથી માંડીને - અનાદિથી કદી પણ ભૂમિકાની પ્રાપ્તિ થઈ નથી એવા પણ 'અલબ્ધ ભૂમિક' મુમુક્ષુઓને પણ ભૂમિકા લાભ થાય છે. એટલે પછી 'तत्र नित्यदुर्ललिताः' - ત્યાં જ્ઞાનમાત્રમાં 'નિત્ય દુર્લલિત' - સદાય રમણ કરતા તેઓ - 'સ્વત એવ' - આપોઆપ જ ક્રમ - અક્રમથી 'વૃત્ત' - વિંટાયેલ અથવા વર્ત્તી રહેલ છે અનેકાંત મૂર્ત્તિ જેઓની એવા અનેકાંત મૂર્ત્તિઓ - 'क्रमाक्रमवृत्तानेकांतमूर्त्तयः', સાધક ભાવમાંથી 'સંભવ' - જન્મ છે જેનો એવા પરમ પ્રકર્ષ કોટિ રૂપ સિદ્ધિભાવનું 'ભાજન' - પાત્ર થાય છે - साधकभावसंभवपरम प्रकर्षकोटिसिद्धिभावभाजनं भवंति - અર્થાત્

- ઉક્ત પ્રકારે મોક્ષાકાંક્ષી મુમુક્ષુઓને પણ જ્ઞાન ભૂમિકા લાભ પ્રાપ્ત થાય છે, એટલે પછી 'ત્યાં જ' - જ્ઞાનમાત્રમાં જ 'નિત્ય' - સદાય રમણ કરતા પડ્યા રહેવાનું એવું તો દુર્વ્યસન - ખરાબ કુટેવ (!) તેઓને લાગુ પડે છે કે તેમ કર્યા વિના તેઓને ચેન પડતું નથી, એવા તો તેઓ ત્યાં - જ્ઞાનમાત્રમાં જ 'નિત્ય દુર્લલિત' હોય છે - 'સ્વત એવ' - આપોઆપ જ 'ક્રમ પ્રવૃત્ત' - ક્રમથી એક પછી એક પ્રવર્ત્તતા પર્યાયથી અને 'અક્રમ પ્રવૃત્ત' - અક્રમથી યુગપત્ એકી સાથે પ્રવર્ત્તતા દ્રવ્યગુણથી જેની 'અનેકાંત મૂર્ત્તિ' - અનેક 'અંત' - ધર્મ સંપન્ન મૂર્તિ - આત્મા 'વૃત્ત છે' - વિંટાયેલ છે - વર્ત્તી રહેલ છે, એવા તેઓ અનેકાંતમૂર્ત્તિઓ સાધક ભાવની ઉત્તરોત્તર ઉચ્ચ ઉચ્ચ કક્ષાઓને સ્પર્શતા જાય છે - કે જેથી સાધક ભાવના સંભવની પરમ પ્રકર્ષ કોટિ રૂપ - સાધક ભાવની પરમોત્કૃષ્ટ ઉચ્ચતમ ભૂમિકા રૂપ સિદ્ધિ ભાવનું 'ભાજન' - પાત્ર તેઓ થાય છે, અથવા સાધક ભાવ થકી જેનો સંભવ - જન્મ - સમુદ્ભવ છે એવા પરમ પ્રકર્ષ કોટિ રૂપ સિદ્ધિ ભાવનું 'ભાજન' - પાત્ર તેઓ થાય છે, પરમોત્કૃષ્ટ સાધક ભાવ - દશા સંપન્ન થઈ સિદ્ધ દશાને પામે છે.

પણ આથી ઉલટું - ये तु नेमामंतर्नीतानेकांतज्ञानमात्रैकभावरूपां भूमिमुपलभंते - જેઓ આ 'અન્તર્નીત' - અંતરમાં લઈ જવાયેલ - અંદરમાં સમાવેલ **'અનેકાંત'** - અનેક 'અંત' - ધર્મ સંપન્ન 'જ્ઞાનમાત્ર' - માત્ર કેવલ જ્ઞાનમય એક ભાવરૂપા ભૂમિને 'ઉપલભતા નથી' - પામતા - દેખતા - અનુભવતા નથી, તેઓ 'નિત્ય અજ્ઞાનીઓ' - સદાય અજ્ઞાનીઓ હોતાં - 'नित्यमज्ञानिनो भवंतो', જ્ઞાનમાત્ર ભાવનું સ્વરૂપથી 'અભવન' - ન હોવું પરરૂપથી 'ભવન' - હોવું 'ज्ञानमात्रभावस्य स्वरूपेणा-भवनं पररूपेण भवनं' દેખતા, જાણતા અને અનુચરતા - 'पश्यतो जानंतोऽनुचरंतश्च', મિથ્યાદૃષ્ટિઓ, મિથ્યાજ્ઞાનીઓ અને મિથ્યાચરિત્રીઓ હોતા - 'मिथ्यादृष्टयो मिथ्याज्ञानिनो मिथ्याचारित्राश्च भवंतो', અત્યંતપણે - સર્વથા ઉપાયોપેય ભાવથી ભ્રષ્ટ થયેલાઓ વિભ્રમે જ છે - અત્યંત ભ્રમણ કરે જ છે - 'अत्यंतमुपायोपेयभ्रष्टा विभ्रमंत्येव', અર્થાત્ નથી તેઓને જ્ઞાનનો સાધક રૂપ ઉપાયભાવ પ્રાપ્ત કે નથી તેઓને સિદ્ધરૂપ ઉપેયભાવ પ્રાપ્ત, એટલે સર્વથા ઉપાયોપેય ભાવથી ભ્રષ્ટ થયેલા તે નિત્ય અજ્ઞાનીઓ પરભાવમાં આત્મભ્રાંતિ રૂપ વિભ્રમ દશા પામી ભવભ્રાંતિ રૂપ વિભ્રમને - પરિભ્રમણને પામે જ છે.

અનેકાન્તનો મહામાતિશય ઉત્કીર્તન કરતા અદ્‌ભુત શ્લોકો –

वसंततिलका

**ये ज्ञानमात्रनिजभावमयीमकंपां,**
**भूमिं श्रयंति कथमप्यपनीतमोहाः ।**
**ते साधकत्वमधिगम्य भवंति सिद्धाः,**
**मूढास्त्वमूमनुपलभ्य परिभ्रमंति ॥२६६॥**

ભૂ જ્ઞાનમાત્ર નિજ ભાવમથી અકંપા, કેમેય મોહ કરી દૂર જ જે શ્રયંતા;
તે પામી સાધકપણું અહિં થાય સિદ્ધો, મૂઢો ન આ લહી પરિભ્રમતા અબુદ્ધો. ૨૬૬

## અમૃત પદ - ૨૬૬

('ચંદ્ર પ્રભુ મુખ ચંદ' એ રાગ ચાલુ)

મોહ હરી વિણ જંપ... ચેતન ચિંતવ રે. કેમે કરી જે પાત્ર... ચેતન ચિંતવ રે.
નિજ ભાવમથી અકંપ... ચેતન. ભૂમિ આશ્રે જ્ઞાનમાત્ર... ચેતન. ૧
સાધકપણું તે પામતા... ચેતન. સિદ્ધો તેહ હવંત... ચેતન.
મૂઢો તો આ ન જ પામતા... ચેતન. ભવમાં પરિભ્રમંત... ચેતન. ૨
સાધક સિદ્ધની આ વાત... ચેતન. ભગવાન અમૃતચંદ્ર... ચેતન.
અમૃત કળશે આખ્યાત... ચેતન. સંભૃત અનુભવ કહે... ચેતન. ૩

**અર્થ** - કેમે કરીને - કોઈ પણ પ્રકારે જેનો મોહ દૂર કરાયો છે એવા જેઓ જ્ઞાનમાત્ર નિજ ભાવમથી અકંપ ભૂમિને આશ્રે છે, તેઓ સાધકપણાને પામીને સિદ્ધો થાય છે, પણ મૂઢો તો આને (ભૂમિને) નહિ પામીને પરિભ્રમે છે. ૨૬૬

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"કેવળ નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ પ્રતીત;
વૃત્તિ વહે નિજ ભાવમાં, પરમાર્થે સમકિત."

**- શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૧૧**

"સ્વામી ગુણ ઓળખી સ્વામીને જે ભજે, દર્શન શુદ્ધતા તેહ પામે,
જ્ઞાન ચારિત્ર તપ વીર્ય ઉલ્લાસથી મોહ, ઝીપી વાસે મુક્તિ ધામે. તાર હો પ્રભુ !"

**- શ્રી દેવચંદ્રજી**

**જ્ઞાનમાત્ર નિજ ભાવ ભૂમિકા : સાધકત્વ પામી સિદ્ધ થાય**

ઉપરમાં ભગવતી **'આત્મખ્યાતિ'**ના ગદ્ય વિભાગમાં હજારો ગ્રંથોથી પણ ન વર્ણવી શકાય એવા પરમ અદ્‌ભુત પરમાર્થ આશય ગંભીર થોડા અમૃત વચનોમાં ઉપાયોપેય ભાવનું અચિંત્ય ચિંતામણિ સમું અનન્ય ચિંતન કરી, તત્ત્વજ્ઞાન - ચંદ્રની સોળે કળાએ ખીલી ઊઠેલા **પરમ તત્ત્વ ચિંતામણિ અમૃતચંદ્રજી** હવે તેનો ઉપસંહાર કરતાં, અલૌકિક ચિંતામણિ રત્નમયી આ **ભગવતી 'આત્મખ્યાતિ'**ના **પૂર્ણાહુતિ અવસરે પૂર્ણ આત્મભાવોલ્લાસની વસંત ઋતુમાં પૂર્ણ કળાએ ખીલી નીકળી** પૂર્ણ ભાવવાહી વસંતતિલકા વૃત્તમાં કળશ કાવ્ય - વસંતની રેલંછેલ કરે છે - ये ज्ञानमात्र-निजभावमयीमकंपां, भूमिं श्रयंति कथमप्यपनीतमोहाः - 'કથમપિ' - કેમે કરીને - માંડમાંડ - કોઈ પણ પ્રકારે જેનો મોહ 'અપનીત' થયો છે - દૂર કરાયો છે, એવા જેઓ **'જ્ઞાનમાત્ર'** - કેવળ જ્ઞાનરૂપ 'નિજ

ભાવમયી' - આત્મભાવમયી - સ્વભાવમયી 'અકંપ' - કંપ રહિત - નિશ્ચલ 'ભૂમિને' - ભૂમિકાને 'આશ્રે છે' - આશ્રય કરે છે - અવલંબે છે, તેઓ 'સાધકપણાને' - સાધક ભાવને - સાધક દશાને પામી સિદ્ધો થાય છે - ते साधकत्वमधिगम्य भवंति सिद्धाः, પરંતુ 'મૂઢો' - મોહમૂઢ જનો તો 'આને' - આ જ્ઞાનભૂમિકાને 'નહિ ઉપલભી' - નહિ પામી - નહિ દેખી - નહિ અનુભવી 'પરિભ્રમે છે' - આ અનંત સંસારમાં ફરી ફરીને ભ્રમણ કરે છે - मूढास्त्वमूमनुपलभ्य परिभ्रमंति । અર્થાત્ સ્વરૂપનો - નિશ્ચયનો લક્ષ રાખ્યા વિના માત્ર વ્યવહારનું જ આલંબન લીએ છે તે ક્રિયાજડ વ્યવહારવિમૂઢો હો, કે નિશ્ચયલક્ષી વ્યવહારનું આલંબન છોડી નિશ્ચય સ્વરૂપ પામવાની દુરાશા સેવનારા ને માત્ર નિશ્ચયની ખાલી શુષ્ક વાતો કરનારા શુષ્કજ્ઞાની નિશ્ચયવિમૂઢો હો, કે વ્યવહારવિમૂઢ - નિશ્ચયવિમૂઢ એવા ઉભય વિમૂઢ હો, તે વ્યવહારાભાસી નિશ્ચયાભાસી કે ઉભયાભાસી - સર્વ પ્રકારના મૂઢજનો આ જ્ઞાન ભૂમિકાને પામવા સમર્થ થતા નથી; કારણકે નિશ્ચયલક્ષી વ્યવહાર વિના નિશ્ચય સ્વરૂપને પામતા નથી, નિશ્ચય સ્વરૂપને પામ્યા વિના જ્ઞાનમાત્ર સાધક ભાવને પામતા નથી ને જ્ઞાનમાત્ર સાધક ભાવને પામ્યા વિના જ્ઞાનમાત્ર સિદ્ધ ભાવને પામતા નથી. એટલે આમ જ્ઞાનભૂમિકા લાભના અભાવે મૂઢજનો સંસારમાં પરિભ્રમણ જ કરે છે.

**स्याद्वादकौशलसुनिश्चलसंयमाभ्यां,**

**यो भावयत्यहरहः स्वमिहोपयुक्तः ।**

**ज्ञानक्रियानयपरस्परतीव्रमैत्री -**

**पात्रीकृतः श्रयति भूमिमिमां स एकः ॥२६७॥**

સ્યાદ્વાદ કૌશલ સુનિશ્ચલ સંયમે જ, ભાવે સ્વને પ્રતિદિને ઉપયુક્ત જે જ;
આશ્રે જ એહ ભૂમિ તેહ જ એક માત્ર, જ્ઞાન - ક્રિયાનય પરસ્પર મૈત્રી પાત્ર. ૨૬૭

## અમૃત પદ - ૨૬૭

('ચંદ્ર પ્રભુ મુખચંદ' એ રાગ ચાલુ)

સ્યાદ્વાદ કૌશલ યુક્ત... ચેતન ચિંતવ રે. સુનિશ્ચલ સંયમ યોગ... ચેતન ચિંતવ રે.
સ્વને નિત્ય ઉપયુક્ત... ચેતન. ભાવે જે સઉપયોગ... ચેતન. ૧
આ જ્ઞાન ભૂ આશ્રય કરે... ચેતન. અહિં તે એક જ માત્ર... ચેતન.
જ્ઞાન-ક્રિયાના પરસ્પરે... ચેતન. તીવ્ર મૈત્રીના પાત્ર... ચેતન. ૨
સ્યાદ્વાદ ને સંયમ તણી... ચેતન. ભગવાન અમૃતચંદ્ર. ચેતન.
અમૃત કળશે અતિ ભણી... ચેતન. સંભૂતિ સંયમ અનભવ કદે... ચેતન. ૩

**અર્થ** - સ્યાદ્વાદ કૌશલ અને સુનિશ્ચલ સંયમ એ બે વડે કરીને જે અહીં ઉપયુક્ત (ઉપોયગ યુક્ત) એવો સ્વને દિને દિને ભાવે છે, તે જ્ઞાન - ક્રિયાની પરસ્પર તીવ્ર મૈત્રીનો પાત્ર રૂપ કરાયેલો એક આ ભૂમિને (જ્ઞાન ભૂમિકાને) આશ્રે છે. ૨૬૭

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''આત્મ ભાવના ભાવતાં જીવ લહે કેવળ જ્ઞાન.'' - **શ્રીમદ્ રાજચંદ્ર**

''જ્ઞાનીના માર્ગનું, જ્ઞાન-ક્રિયાનું સમન્વિતપણું સ્થાપિત કરવું તે જ નિર્જરાનો સુંદર માર્ગ છે.''
**- શ્રીમદ્ રાજચંદ્ર, અં.**

''ધન્ય ધન્ય તે જીવ, પ્રભુ પદ વંદી જે દેશના સુણે,
જ્ઞાન ક્રિયા કરે શુદ્ધ અનુભવ યોગે હો નિજ સાધકપણે... સેવો ઈશ્વર દેવ.'' - **શ્રી દેવચંદ્રજી**

**સ્યાદ્વાદ કૌશલ સુનિશ્ચલ સંયમ : જ્ઞાનક્રિયાની તીવ્ર મૈત્રી**

ત્યારે આ **જ્ઞાનમાત્ર નિજભાવમયી જ્ઞાનભૂમિકાનો** આશ્રય કરવાને કોણ સમર્થ (Illigible, competent) બને છે, તેનું સાંગોપાંગ સકલ અવિકલ વિધાન આ કળશ કાવ્યમાં **અમૃતચંદ્રજીએ** પ્રકાશ્યું છે - स्याद्वादकौशलसुनिश्चलसंयमाभ्यां - સ્યાદ્વાદ કૌશલથી અને સુનિશ્ચલ સંયમથી જે 'અહરહ:' - દિને દિને સ્વને અહીં **'ઉપયુક્ત'** - ઉપયોગવંત સતો ભાવે છે - यः भावयत्यहरहः स्वमिहोपयुक्तः, તે એક જ્ઞાનનય - ક્રિયાનયની પરસ્પર તીવ્ર મૈત્રીનું પાત્ર કરાયેલો આ ભૂમિને આશ્રે છે - ज्ञानक्रियानयपरस्परतीव्रमैत्रीपात्रीकृतः श्रयति भूमिमिमां स एकः । અર્થાત્ અનેક અંત - ધર્મ ધરાવતી અનેકાંત વસ્તુના એક નહિ એવા 'અનેક' - ભિન્ન અંત - ધર્મ રૂપ અનેકાંત દર્શાવતા **સ્યાદ્વાદમાં** કુશલપણારૂપ - પટુપણારૂપ - નિપુણપણારૂપ **સ્યાદ્વાદ કૌશલથી** અને એમ **'અનેક' - એક નહિ એવા ભિન્ન ભિન્ન વસ્તુ ધર્મ રૂપ અનેકાંતને** જાણીને પોતાને પર વસ્તુમાં જતાં અટકાવવા રૂપ **'સુનિશ્ચલ'** અત્યંત નિશ્ચલ - 'સંયમથી' અથવા **પોતાને સ્વ વસ્તુમાંજ સંયમી રાખવા રૂપ** ધારી રાખવા રૂપ અત્યંત નિશ્ચલ - **'સુનિશ્ચલ સંયમથી'**, જે 'અહરહ:' - દિને દિને - પ્રતિદિન **'સ્વને'** - પોતાને - આત્માને

'અહીં' - આત્મામાં જ 'ઉપયુક્ત' - ઉપયોગવંત સતો ભાવે છે, તે 'એક જ' - બીજો કોઈ નહિ - જ્ઞાનનય અને ક્રિયાનયની - બન્નેની 'પરસ્પર' - એકબીજા સાથે 'તીવ્ર' - તીક્ષ્ણ - ઉગ્ર - ગાઢ - કદી પણ ન છૂટે એવી બળવાન્ મૈત્રીનું 'પાત્ર' - ભાજન કરાયેલો 'આ ભૂમિને' - આ જ્ઞાનમાત્રથી નિજભાવમયી જ્ઞાન ભૂમિકાને આશ્રે છે - આશ્રય કરે છે.

અર્થાત્ સ્યાદ્વાદ કૌશલથી જ્ઞાન - જ્ઞેયના 'અનેક' - એક નહિ એવા ભિન્ન ભિન્ન 'અંત' ધર્મ જાણવા રૂપ અનેકાંતથી ભેદવિજ્ઞાન પામી અને સુનિશ્ચલ સંયમથી પરરૂપ જ્ઞેયમાં જતા જ્ઞાનને સ્વરૂપમાં સંયમી રાખી, જે જ્ઞાનને ક્રિયા વિના ન ચાલે ને ક્રિયાને જ્ઞાન વિના ન ચાલે એવી અવિનાભાવી જ્ઞાન અને ક્રિયાની કદી પણ છૂટી ન પડે એવી 'ગાઢ' અભેદ તીવ્ર મૈત્રી સાધી જ્ઞાન - ક્રિયાનો સુમેળ સાધે છે - જ્ઞાન - ચારિત્ર દશામય બને છે, તે એક જ આ 'જ્ઞાનદશા' રૂપ જ્ઞાનમાત્રમયી ભૂમિકાને પામે છે - બીજો શુષ્કજ્ઞાની વાચા જ્ઞાની નહિ જ.

वसंततिलका

**चित्पिंडचंडिमविलासिविकासहास**
**शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः ।**
**आनंदसुस्थितसदास्खलितैकरूप -**
**स्तस्यैव चायमुदयत्यचलार्चिरात्मा ॥२६८॥**

ચિત્ પિંડ ચંડિમ વિલાસિ વિકાસ હાસ, શુદ્ધ પ્રકાશથી ભર્યું સુપ્રભાત જાસ;
તે આત્મ આ અચલ અર્ચિ ઉદે જ તેને, આનંદસ્થિત નિત અસ્ખલિતૈક રૂપ. ૨૬૮

## અમૃત પદ - ૨૬૮

('ચંદ્ર પ્રભુ મુખ ચંદ' - એ રાગ ચાલુ)

ચિત્ પિંડ ચંડિમ વિલસિ રહ્યું... ચેતન ચિંતવ રે. વિકાસ હાસ ઉદાત્ત... ચેતન.
શુદ્ધ પ્રકાશ ભરે ભર્યું... ચેતન. જેનું થયું સુપ્રભાત... ચેતન. ૧
આત્મા આ થાય ઉદિત... ચેતન. તેને જ અચલાર્ચિ રૂપ... ચેતન.
સદા આનંદ સુસ્થિત... ચેતન. અસ્ખલિત (જ) એકરૂપ... ચેતન. ૨
આત્માનું આ દિવ્ય ગાન... ચેતન. ભગવાન **અમૃતચંદ્ર**... ચેતન.
અમૃત કળશે રસપાન... ચેતન. સંભૃત અનુભવ કંદ... ચેતન. ૩

**અર્થ** - અને તેને જ (જે ઉપરમાં કહ્યો તે જ્ઞાનમાત્ર ભૂમિકા પ્રાપ્તને જ) ચિત્ પિંડ પ્રચંડપણાથી પ્રચંડતામાં વિલાસિ વિકાસ - હાસ રૂપ શુદ્ધ પ્રકાશભરથી નિર્ભર સુપ્રભાત જેનું થયું છે, એવો આ આનંદ સુસ્થિત સદા અસ્ખલિત એક રૂપ અચલ અર્ચિષ્ (અચલ જ્યોતિ) આત્મા ઉદય પામે છે. ૨૬૮

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''કેવળ નિજ સ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;
કહિયે કેવળ જ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ.''
**- શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૧૩**

''કેવલ જ્ઞાન અનંત પ્રકાશી, ભવિજન કમલ વિકાસી;
ચિદાનંદ ઘન તત્ત્વ વિલાસી, શુદ્ધ સ્વરૂપ નિવાસી રે... શ્રી સુબહુ જિન.'' - **શ્રી દેવચંદ્રજી**

**આનંદ સુસ્થિત આત્મા ઉદય : કેવલ જ્ઞાન 'સુપ્રભાત'**

અને આમ જે **'જ્ઞાનમાત્ર'** - કેવલ જ્ઞાનમય જ્ઞાન ભૂમિકાને પ્રાપ્ત થયેલો છે, 'તેને જ' - તે જ્ઞાનીને જ **કેવલ જ્ઞાન - સુપ્રભાતવાળો પૂર્ણ આત્મ-ભાનુ** ઉદય પામે છે, એવો ભાવ આ વસંતતિલકા નિબદ્ધ **મહાકવિત્વ સંપન્ન પરમામૃત સંભૃત દિવ્ય કળશ કાવ્યમાં પરમ અમૃત** (Immortal) **અમૃતચંદ્રજી પરમાર્થ** મહાકવિ પૂર્ણ આત્મભાવોલ્લાસથી લલકારે છે - तस्यैव चायमुदय त्यचलार्चिरात्मा - અને **'તેને જ' - તે જ્ઞાનમાત્રમયી - 'કેવલ' જ્ઞાનમયી જ્ઞાનભૂમિકાને પ્રાપ્ત થયેલા જ્ઞાનીને જ** 'આ' - પ્રત્યક્ષ અનુભવાઈ રહેલો અચલ 'અર્ચિષ્ વાળો' - તેજઃકિરણવાળો **અચલ જ્યોતિ આત્મા 'ઉદય પામે છે'** - ઉત્તરોત્તર ચઢતી જ્ઞાનદશા રૂપ ચઢતી કળાને - પૂર્ણ કળાને પામી ઉદ્‌ગમે છે - ઉગે છે (Dawns). આ ઉદય પામતો **પરંજ્યોતિરૂપ આત્મા** કેવો છે ? 'चित्पिंड चंडिमविलासि विकासहास-शुद्धप्रकाशभरनिर्भरसुप्रभातः' - **'ચિત્ પિંડના'** - અખંડ એક પિંડ રૂપ **ચિદ્ વસ્તુના 'ચંડિમ'** - પ્રચંડ પ્રભાવમાં **'વિલાસિ'** - વિલાસ કરતા - રમણ કરતા ઉત્તરોત્તર ચઢતી દશા પામતાં **'પૂર્ણ 'વિકાસ'**

રૂપ **'હાસના'** શુદ્ધ **'પ્રકાશભરથી'** - પ્રકાશ સમૂહથી - તેજઃપુંજથી **'નિર્ભર'** - ભરપૂર એવું **'સુપ્રભાત'** - સુંદર મંગલ પ્રભાત (good morning) પ્રાતઃકાળ જ્યાં થયેલો છે એવો, તથા **'આનંદ સુસ્થિત'** - આનંદમાં સુસ્થિત - સારી પેઠે સ્થિત એવું **'સદા'** - નિત્ય **'અસ્ખલિત'** - અખંડિત એક રૂપ છે જેનું એવો - 'आनंदसुस्थितसदास्खलितैकरूपः' । અત્રે ધ્વનિ આ છે - સૂર્યનો ઉદય થાય છે ત્યારે 'પ્રભાત' - પ્રાતઃકાળ થાય છે, પ્રકાશપુંજ રેલાય છે, કમલિની વિકાસ હાસ વેરે છે અને લોકો આનંદઆનંદ પામે છે. તેમ આ **પૂર્ણ આત્મ-ભાસ્કરનો ઉદય** થાય છે, ત્યારે **કેવલજ્ઞાન રૂપ 'સુપ્રભાત'** (good morning) થાય છે. અત્રે 'સુપ્રભાત' કહેવાનું પ્રયોજન એ છે કે સૂર્યોદય વેળાએ જે પ્રભાત થાય છે તે પુનઃ અસ્ત પણ પામે છે એટલે તે સુપ્રભાત નથી પણ દુઃપ્રભાત છે, પરંતુ આ કેવળ જ્ઞાન પ્રભાત થયા પછી કોઈ કાળે કદી પણ અસ્ત પામતું નથી, એટલે તે જ ખરેખરૂં **'સુપ્રભાત'** છે અને તે સુપ્રભાત શુદ્ધ પ્રકાશ ભરથી - પૂર્ણ પ્રકાશ સમૂહથી - પૂર્ણ તેજઃપુંજથી નિર્ભર - પરિપૂર્ણ હોઈ શુદ્ધ જ્ઞાન પ્રકાશની રેલંછેલ કરે છે અને આ શુદ્ધ પ્રકાશ કેવો છે ? અખંડ ચિદ્દ્ વસ્તુના પ્રચંડ પ્રભાવમાં વિલાસ કરતાં - રમણ કરતાં પૂર્ણ વિકાસને પામેલી આત્મભાવ - કમલિનીનું જાણે વિકાસહાસ હોયની ! અને આમ આત્મભાવ - કમલિનીના વિકાસ હાસ રૂપ શુદ્ધ જ્ઞાન પ્રકાશ પુંજ અખિલ વિશ્વમાં રેલાઈ રહ્યો છે એવું કેવલ જ્ઞાનરૂપ મંગલ સુપ્રભાત જ્યાં સદાય વર્તે છે, ત્યાં સદાય આનંદ મંગલ કેમ ન વર્તે ?

स्याद्वाददीपितलसन्महसि प्रकाशे -
शुद्धस्वभावमहिमन्युदिते मयीति ।
किं बंधमोक्षपथपातिभिरन्यभावै -
र्नित्योदयः परमयं स्फुरतु स्वभावः ॥२६९॥

સ્યાદ્‌વાદ દીપિત લસન્ મહસ્ હું પ્રકાશ, શુદ્ધ સ્વભાવ મહિમા મહિ છું ઉદિત;
શું બંધ - મોક્ષપથપાતિ જ અન્ય ભાવે ? નિત્યોદયો મમ સ્વભાવ સ્ફુરો સ્વભાવે. ૨૬૯

### અમૃત પદ - ૨૬૯

('ચંદ્ર પ્રભુ મુખ ચંદ' - એ રાગ ચાલુ)

સ્યાદ્‌વાદ દીપિત પ્રકાશમાંહિ... ચેતન ચિંતવ રે. લસતું મહસ્ મહિત... ચેતન.
હું શુદ્ધ સ્વભાવ મહિમા માંહિ... ચેતન. થયો એમ ઉદિત... ચેતન. ૧
બંધ-મોક્ષપથ પાતિ તિહાં... ચેતન. શું કામના અન્ય ભાવ ?... ચેતન.
નિત્યોદયી જ સ્ફુરો ઈહાં... ચેતન. કેવલ એહ સ્વભાવ... ચેતન. ૨
સ્વભાવ ભાવના ભાવના... ચેતન. ભગવાન **અમૃતચંદ્ર**... ચેતન.
અમૃત કળશે આત્મ ભાવના... ચેતન. સંભૃત અનુભવ કંદ... ચેતન. ૩

**અર્થ** - સ્યાદ્‌વાદથી જેનું લસલસતું મહસ્ (મહા તેજ - મહા જ્યોતિ) દીપિત છે, એવો પ્રકાશ (પ્રગટ) શુદ્ધ સ્વભાવ મહિમાવંતો હું એમ ઉદિત થયે, બંધ - મોક્ષપથપાતી (બંધ - મોક્ષ માર્ગમાં પડતા - અંતર્ભવતા) અન્ય ભાવોથી શું ? નિત્યોદયપણે માત્ર આ સ્વભાવ જ ભલે સ્ફુરો ! ૨૬૯

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''શુદ્ધ બુદ્ધ ચૈતન્ય ઘન, સ્વયં જ્યોતિ સુખધામ;
બીજું કહિયે કેટલું, કર વિચાર તો પામ.''

**- શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર, સૂત્ર-૧૧૭**

''શુદ્ધ સ્યાદ્‌વાદ નિજ ભાવ ભોગી જિકે, તેહ પરભાવને કેમ ચાખે ?'' - **શ્રી દેવચંદ્રજી**

આ મંગલ કલશ કાવ્યમાં આત્મભાવનાથી **પરમ ભાવિતાત્મા મહામુનિચંદ્ર અમૃતચંદ્રજી** અમને સદા આ સ્વભાવોદય હો ! એવી મંગલ ભાવના ભાવે છે - स्याद्वाददीपितलसन्महसि प्रकाशे - शुद्धस्वभावमहिमन्युदिते मयीति । - 'સ્યાદ્‌વાદથી' - અનેકાંતથી 'દીપિત' - પ્રજ્વલિત - પ્રગટાવાયેલ (Krindled, ignifed) લસતું' - લસલસતું 'મહસ્' - સર્વાતિશાયિ પરંજ્યોતિ રૂપ મહાતેજ જેનું, એવો 'પ્રકાશ' - હું - અમૃતવર્ષી અમૃતચંદ્ર આત્મા શુદ્ધ સ્વભાવ મહિમામાં એવા પ્રકારે 'ઉદિત' થયો છું - ઉદય પામી ગયો છું, ત્યારે હવે બંધ - મોક્ષ પથ પાતી અન્ય ભાવોથી શું ? 'किं बंधमोक्षपथपातिमिरन्यभावैः ? બંધમાર્ગમાં અને મોક્ષમાર્ગમાં 'પડતા' - અંતર્ભાવ પામતા અન્ય ભાવોનું - બીજા ભાવોનું અમને હવે શું પ્રયોજન છે ? અર્થાત્ ચિદ્ - અચિદ્ વસ્તુના અથવા જ્ઞાન - જ્ઞેયના 'અનેક' - એક નહિ એવા ભિન્ન ભિન્ન 'અંત' - ધર્મ પ્રકાશતા 'અનેકાંત' - સ્યાદ્‌વાદથી સ્વ - પરનો વિવેક ઉપજતાં, અમને પરભાવ ગ્રહણ રૂપ બંધ છૂટી ગયો અને સાક્ષાત્ શુદ્ધ સ્વભાવ સ્થિતિ રૂપ મોક્ષ પ્રાપ્ત થઈ ચૂક્યો, તો પછી હવે બંધમાર્ગ સંબંધી કે મોક્ષમાર્ગ સંબંધી કોઈ વિકલ્પનું પ્રયોજન અમને રહ્યું નથી. એટલે માત્ર એટલું જ પ્રાર્થીએ છીએ કે 'માત્ર' - કેવલ આ નિત્યોદયી જ સ્વભાવ જ 'નિત્યોદય પણે' - સદોદયપણે અમને સ્ફુરો ! 'નિત્યોદયી' - નિત્ય ઉદયવંતો આ સ્વભાવ જ સહજાત્મ સ્વરૂપ તેજથી ઝળહળો ! नित्योदयं (પાઠાં. नित्योदयो) परमयं स्फुरति स्वभावः ।

**શુદ્ધ સ્વભાવ મહઃ મહિમા નિત્યોદય પરમ સ્વભાવ સ્ફુરો !**

**चित्रात्मशक्तिसमुदायमयोऽयमात्मा,**
**सद्यः प्रणश्यति नयेक्षणखंड्यमानः ।**
**तस्मादखंडमनिराकृतखंडमेक -**
**मेकांतशांतमचलं चिदहं महोऽस्मि ॥२७०॥**

ચિત્રાત્મ શક્તિ સમુદાયમયો જ આત્મા,
નાશે જ સદ્ય નય દૃષ્ટિથી ખંડ્ય થાતાં,
તેથી અખંડ અનિરાકૃત ખંડ એક,
એકાંત શાંત અચલં ચિદ હું મહસ્ છું. ૨૭૦

## અમૃત પદ - ૨૭૦

('ચંદ્ર પ્રભુ મુખચંદ' - એ રાગ ચાલુ)

ચિત્રાત્મ શક્તિ સમુદાયમયો... ચેતન ચિંતવ રે. આત્મા એહ પ્રકાશ... ચેતન.
નય દૃષ્ટે ખંડિત થતો... ચેતન. પામે સદ્ય પ્રણાશ... ચેતન. ૧
તેથી અનિરાકૃત ખંડ... ચેતન એકાંત શાંત જ છેક... ચેતન.
એવું અચલ આ અખંડ... ચેતન. ચિદ્ છું મહસ્ હું એક... ચેતન. ૨
ચિદ્ સહજાત્મસ્વરૂપ... ચેતન. ભગવાન **અમૃતચંદ્ર**... ચેતન.
**અમૃત** કળશે અનૂપ... ચેતન. સંભૃત અનુભવ કંદ... ચેતન. ૩
સમર્ષિ કળશ રસવંત... ચેતન. ચિદ્ ગગને ચમકંત... ચેતન.
વસંતતિલકા વસંત... ચેતન. ખીલી આત્મભાવ વસંત... ચેતન. ૪

**અર્થ** - ચિત્ર આત્મશક્તિ સમુદાયમય આ આત્મા નયદૃષ્ટિથી ખંડાતો સતો સદ્ય - શીઘ્ર પ્રણાશ પામે છે, તેથી અખંડ, અનિરાકૃત ખંડ (ખંડ જ્યાં નિરાકૃત દૂર કરાયેલા નથી), એવું એક એકાંત શાંત અચલ ચિત્ મહસ્ (મહાતેજ) હું છું.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''ચિદ્ ધાતુમય, પરમ શાંત, અડગ્ગ, એકાગ્ર, એક સ્વભાવમય અસંખ્યાત પ્રદેશાત્મક પુરુષાકાર ચિદાનંદઘન તેનું ધ્યાન કરો.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. હાથનોંધ-૧/૨૬**

''આનંદઘન ચેતનમય મૂરતિ, શુદ્ધ નિરંજન દેવ ધ્યાઉ રે.'' - **શ્રી આનંદઘનજી**

**ચિત્ર આત્મશકિત આ આત્મા :**
**એકાંત શાંત 'ચિદ્' મહઃ છું**

પરમ આત્મભાવનાથી ભાવિતાત્મા અમૃતચંદ્રજી અત્ર આ કળશ કાવ્યમાં પરમ આત્મભાવોલ્લાસથી **આત્મભાવના** ભાવે છે - चित्रात्मशक्ति समुदायमयोऽयमात्मा - **'ચિત્ર'** - નાના પ્રકારની **આત્મશક્તિઓના** **'સમુદાયમય'** - એક સમૂહમય - એકપિંડમય **'આ'** - પ્રત્યક્ષ અનુભૂયમાન **આત્મા છે**, તે **'નયેક્ષણથી'** - વસ્તુના એક અંશને ગ્રહણ કરનાર નય દૃષ્ટિથી **'ખંડ્યમાન'** - ખંડિત થતો - ખંડ ખંડ થતો **'સદ્ય'** - શીઘ્ર જ **'પ્રણશે છે'** - પ્રણાશ પામે છે - सद्यः प्रणश्यति नयेक्षणखंड्यमानः, તેથી કરીને અખંડ, જ્યાં ખંડ **'નિરાકૃત'** - દૂર કરાયેલ નથી એવું, એક **'એકાંત શાંત'** - એકાંતથી શાંત - 'એક અંતથી' - એક વસ્તુધર્મના - સ્વભાવધર્મના ગ્રહણથી શાંત - સ્વરૂપમાં શમાઈ ગયેલ, અચલ ચિદ્ **'મહસ્'** - સર્વાતિશાયિ **ચૈતન્ય મહાતેજ - પરંજ્યોતિ હું છું**

- तस्मादखंडमनिराकृतखंडमेकमेकांतशांतमचलं चिदहं महोऽस्मि ।

અર્થાત્ અમને પરમ આત્મોપકારી નિર્વિકલ્પ એકાંત શાંત સ્વભાવ ભાવના જ ભાવીએ છીએ અને તે **એકાંત શાંત એક ચિદ્ મહસ્‌માં** જ નિમગ્ન રહીએ છીએ - એમ અત્રે **અમૃતચંદ્રજીના દિવ્ય આત્માનો દિવ્ય ધ્વનિ** સકર્ણોને સંભળાય છે. અથવા સર્વ એકાંત જ્યાં શાંત થઈ ગયા છે તે અનેકાંત એ જ 'એકાંત શાંત', એમ અર્થ પણ ઘટાવી શકાય છે.

**न द्रव्येण खंडयामि । न क्षेत्रेण खंडयामि ।**

**न कालेन खंडयामि । न भावेन खंडयामि ।**

**सुविशुद्धो एको ज्ञानमात्रभावोऽस्मि ।**

**અર્થ** - હું નથી દ્રવ્યથી ખંડાતો, હું નથી ક્ષેત્રથી ખંડાતો,
હું નથી કાળથી ખંડાતો, હું નથી ભાવથી ખંડાતો,
સુવિશુદ્ધ એક જ્ઞાનમાત્ર ભાવ હું છું.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"દ્રવ્ય હું એક છું, અસંગ છું, સર્વ પરભાવથી મુક્ત છું. ક્ષેત્ર - અસંખ્યાત નિજ અવગાહના પ્રમાણ છું. કાળ - અજર, અમર, શાશ્વત છું, સ્વપર્યાય પરિણામી સમયાત્મક છું. ભાવ - શુદ્ધ ચૈતન્ય માત્ર નિર્વિકલ્પ દૃષ્ટા છું." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૬૪૯, હાથનોંધ-૧-૭**

"અમલ અખંડ અલિપ્ત, સ્વભાવ જ સાંભરે હો લાલ - દીઠો સુવિધિ." - **શ્રી દેવચંદ્રજી**

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી હું અખંડ આત્મવસ્તુ છું

અત્રે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી હું અખંડ આત્મવસ્તુ છું એવી **પરમ આત્મભાવનાની** ધૂન લેવડાવતા **મંત્રપદ રૂપ આ સૂત્ર પરમ મંત્રદૃષ્ટા અમૃતચંદ્રજીએ** 'આત્માની ખ્યાતિ' કરતા આ યથાર્થનામા **'આત્મખ્યાતિ' સૂત્રમાં સૂત્રિત કર્યું** છે - હું દ્રવ્ય છું ખંડાતો નથી - 'ખંડિત' - ખંડ ખંડ થતો નથી, હું ક્ષેત્રથી ખંડાતો નથી - 'ખંડિત' - ખંડ ખંડ થતો નથી, હું કાળથી ખંડાતો નથી - 'ખંડિત' - ખંડ ખંડ થતો નથી, હું ભાવથી ખંડાતો નથી - 'ખંડિત' - ખંડ ખંડ થતો નથી, હું દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ને ભાવથી **અખંડ** એવો **'સુવિશુદ્ધ'** - અત્યંત વિશુદ્ધ **'એક'** - અદ્વિતીય - અદ્વૈત **જ્ઞાનમાત્ર ભાવ છું**, सुविशुद्धो एको ज्ञानमात्रभावोऽस्मि ।

શાલિની

**योऽयं भावो ज्ञानमात्रोऽहमस्मि,**
**ज्ञेयो ज्ञेयज्ञानमात्रः स नैव ।**
**ज्ञेयो ज्ञेयः ज्ञानकल्लोलवल्गन् -**
**ज्ञानज्ञेयज्ञातृमद्वस्तुमात्रं ॥२७१॥**

જે આ છું હું ભાવ તો જ્ઞાનમાત્ર, તે ના હોયે જ્ઞેયનો જ્ઞાનમાત્ર;
જ્ઞેય જ્ઞેયજ્ઞાન કલ્લોલ પાત્ર, જ્ઞાન - જ્ઞેય - જ્ઞાતૃમદ્ વસ્તુમાત્ર. ૨૭૧

## અમૃત પદ - ૨૭૧

''ભૈયા ! વિષમ આ સંસાર' - એ રાગ

જ્ઞાનમાત્ર આ ભાવ જેહ હું, જ્ઞાનમાત્ર આ ભાવ,
જ્ઞેયતણો જ્ઞાનમાત્ર જ આ તો, જ્ઞેય નહિ જ આ સાવ... જ્ઞાનમાત્ર. ૧
જ્ઞેય જ્ઞાનના કલ્લોલોથી, કૂદી રહ્યું છે જેય,
જ્ઞાન - જ્ઞેય - જ્ઞાતૃમદ્ એવું, વસ્તુમાત્ર તે જ્ઞેય... જ્ઞાનમાત્ર. ૨
જ્ઞાન જ્ઞેયની અટપટ એવી, અદ્ભુત અમૃત વાત,
**ભગવાન અમૃતચંદ્રે અમૃત, કળશે** કરી પ્રખ્યાત... જ્ઞાનમાત્ર. ૩

**અર્થ** - જે આ જ્ઞાનમાત્ર ભાવ હું છું, તે જ્ઞેયનો જ્ઞાનમાત્ર જ્ઞેય નથી જ, જ્ઞેયના જ્ઞાન કલ્લોલોથી (તરંગોથી) વલ્ગતી (કૂદતી, ઊછળતી) એવી જ્ઞાન-જ્ઞેય-જ્ઞાતૃમદ્ વસ્તુમાત્ર તે જ્ઞેય (જાણવો યોગ્ય) છે. ૨૭૧

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''જ્ઞાનનું સ્વરૂપ જ્યારે જાણે ત્યારે મોક્ષ થાય.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૬૪૩), ઉપદેશ છાયા**

''જ્ઞેય જ્ઞાનનું નવિ મિલે રે લોલ, જ્ઞાન ન જાયે તથ્ય રે.'' - **શ્રી દેવચંદ્રજી**

**જ્ઞાનમાત્ર ભાવ અહમ્ અસ્મિ**

જે આ **એક ચિદ્ મહસ્ હું છું** એમ આગલા કળશમાં કહ્યા પ્રમાણે આત્માને જ્ઞાનમાત્ર જ્ઞાતા જાણ્યું તો પછી જ્ઞેય તે તો જ્ઞેય થયું, તો પછી જ્ઞાતા જ્ઞેય અને જ્ઞાનનો ભેદ આવ્યો તેનું શું ? એની સૂક્ષ્મતમ મીમાંસા આ અદ્ભુત કળશ કાવ્યમાં 'જ્ઞેય' શબ્દની અટપટી શબ્દ ચમત્કૃતિથી (Play of words, શબ્દની રમતથી) ને તત્ત્વ ચમત્કૃતિથી દર્શાવી છે - योऽयं भावो ज्ञानमात्रो ऽहमस्मि - જે 'આ' - પ્રત્યક્ષ અનુભવાઈ રહેલો ભાવ 'જ્ઞાનમાત્ર' - કેવલ જ્ઞાન 'હું' છું, તે **'જ્ઞેય જ્ઞાનમાત્ર'** - જ્ઞેયનું જ્ઞાનમાત્ર જ્યાં છે એવો 'જ્ઞેય' - જાણવો યોગ્ય નથી - ज्ञेयो ज्ञेयज्ञानमात्रो स नैव, **અર્થાત્** પરભાવરૂપ જગત્‌રૂપ તે જ્ઞેયનું જ માત્ર જ્ઞાન કરે છે એમ નથી પણ સ્વભાવ રૂપ જ્ઞાનનું પોતાનું પણ જ્ઞાન કરે છે એવો **સ્વ - પર પ્રકાશક** છે. આમ તે જ્ઞાનમાત્ર ભાવ 'જ્ઞેય જ્ઞાનમાત્ર' જ્ઞેય નથી, તો કેવો જ્ઞેય છે ? જ્ઞેયના અને જ્ઞાનના અથવા જ્ઞેયના જ્ઞાનના 'કલ્લોલો' - જ્ઞેયાકાર તરંગો જ્યાં 'વલ્ગે છે' - કૂદે છે - ઊંચા ઉછળે છે, એવી 'જ્ઞાન જ્ઞેય' - જ્ઞાન વડે કરીને જ્ઞેય જ્ઞાન - જ્ઞેય - જ્ઞાતૃમદ્ વસ્તુ - માત્ર એવી 'જ્ઞાનમાત્ર' ભાવ 'હું' 'જ્ઞેય' છું - જાણવો યોગ્ય છું, ज्ञेयो ज्ञेयः ज्ञानकल्लोवल्गज् - ज्ञान ज्ञेय ज्ञातृमद्वस्तु मात्रं, અર્થાત્ જેના વડે જાણે છે તે જ્ઞાન પણ તે જ છે, તે જ્ઞાનથી જણાવા યોગ્ય જ્ઞેય પણ તે જ છે અને તે જ્ઞાનથી જણાવા યોગ્ય જ્ઞેયને જાણનારો 'જ્ઞાતા' - જ્ઞાયક પણ તે જ છે. એમ જ્ઞાન જ્ઞેય ને જ્ઞાતાનો જ્યાં અભેદ છે એવી જ્ઞાનથી જ્ઞેય જ્ઞાતા રૂપ - જ્ઞાયક ભાવરૂપ નિર્વિકલ્પ જ્ઞાનમાત્ર ચિદ્ વસ્તુ માત્ર તે 'હું' છું.

पृथ्वीवृत्त

**क्वचिल्लसति मेचकं क्वचिन्मेचकामेचकं,**
**क्वचित् पुनरमेचकं सहजमेव तत्त्वं मम ।**
**तथापि न विमोहयत्यमलमेधसां तन्मनः,**
**परस्परसुसंहतप्रकटशक्तिचक्रं स्फुरत् ॥२७२॥**

ક્વચિત્ લસતું મેચક ક્વચિત્ મેચકામેચક,
ક્વચિત્ વળી અમેચકં સહજ તત્ત્વ ખરે ! મમ;
તથાપિ ન વિમોહતું અચલ બુદ્ધિનું ચિત્ત તે,
પરસ્પર સુસંહત પ્રકટ શક્તિચક્ર સ્ફુરંત્. ૨૭૨

## અમૃત પદ - ૨૭૨

ક્વચિત લસંતું રંગબેરંગી, ક્વચિત લસંતું જેહ અરંગી;
ક્વચિત રંગબેરંગી અરંગી, સહજ તત્ત્વ મુજ વિપુલ તરંગી... ક્વચિત લસંતું. ૧
કાચ પાંદડી જેમ અરંગી, પ્રકાશયોગે રંગબેરંગી;
રંગબેરંગી વળીય અરંગી, તેમ તત્ત્વ મમ ચિત્ર તરંગી... ક્વચિત લસંતું. ૨
તોય અમલમતિ જેહ અસંગી, તસ મન કરે ન મોહ કુરંગી;
સ્ફુરંત તે શક્તિચક્ર સુરંગી, પરસ્પર સુસંહત શક્તિ તરંગી... ક્વચિત લસંતું. ૩
શક્તિચક્ર તો એક સુભંગી, શક્તિ તિહાં ચમકે બહુરંગી;
પ્રકટ પરસ્પર ગાઢ પ્રસંગી, રહી સુસંહત એકરસ રંગી... ક્વચિત લસંતું. ૪
**ભગવાન અમૃત** ભાખી અસંગી, **સહજાત્મસ્વરૂપની** બહુ ભંગી;
**અમૃત** કળશે અનુભવરંગી, પાન કરે જન તત્ત્વતરંગી... ક્વચિત લસંતું. ૫

**અર્થ** - ક્વચિત્ જે મેચક (ચિત્ર) વિલસે છે, ક્વચિત્ મેચકામેચક (ચિત્ર-અચિત્ર) અને ક્વચિત્ વળી અમેચક (અચિત્ર) વિલસે છે, એવું સહજ જ 'મમ' (મ્હારૂં) તત્ત્વ છે, તથાપિ પરસ્પર સુસંહત પ્રકટ શક્તિચક્રવાળું સ્ફુરંતું તે અમલ મેધાવંતોના (નિર્મલ બુદ્ધિવંતોના) મનને વિમોહ પમાડતું નથી. ૨૭૨

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"સહજ દ્રવ્ય અત્યંત પ્રકાશિત થયે એટલે સર્વ કર્મનો ક્ષય થયે જ અસંગતા અને સુખ સ્વરૂપતા કહી છે, જ્ઞાની પુરુષોના તે વચન અત્યંત સાચાં છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૯૩, ૫૮૫, ૩૩૦**

"એવું જે આત્મભાન તે વારંવાર ઉજ્જવલપણે વર્ત્યા કરે છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૯૩, ૨૯૮**

"સહજ ગુણ આગરો સ્વામી સુખ સાગરો, જ્ઞાન વયરાગરો પ્રભુ સવાયો." - **શ્રી દેવચંદ્રજી**

હવે **પરમગંભીર પૃથ્વીવૃત્તમાં** નિબદ્ધ ત્રણ પરમામૃત સંભૃત કળશ કાવ્યમાં **પરમાર્થ - મહાકવિ અમૃતચંદ્રજી વસ્તુતત્ત્વના અનેકાંત સ્વભાવનું 'સ્વભાવોક્તિમય' પરમ પરમાર્થ ગંભીર 'અદ્ભુતાદ્ભુત' મીમાંસન** કરે છે. તેમાં - આ પ્રથમ કળશ કાવ્યમાં તેઓશ્રી પ્રકાશે છે - क्वचिल्लसति मेचकं

क्वचिन्मेचकाऽमेचक, क्वचित् पुनरमेचकं सहजमेव तत्त्वं मम - મ્હારૂં તત્ત્વ **'સહજ જ'** - સહજ સ્વભાવભૂતપણે જ 'ક્વચિત્' - ક્યારેક 'મેચક' - ચિત્ર - રંગબેરંગી લસે છે, ક્વચિત્ 'મેચકામેચક' - ચિત્રાચિત્ર - રંગબેરંગી અરંગી લસે છે, ક્વચિત્ વળી 'અમેચક' - અચિત્ર - અરંગી લસે છે, 'તથાપિ' - આમ પરસ્પર વિરોધી **'અનેકાંત'** - અનેક અંત ધર્મ દીસે છે તો પણ, **'પરસ્પર'** - એકબીજા સાથે **'સુસંહત'** - સારી પેઠે સંહત - એકસંધ રૂપે ગાઢ સુઘટિત (compact unit) પ્રકટ **'શક્તિચક્ર'** - શક્તિ સમૂહ જ્યાં સ્ફુરી રહેલ છે - परस्परसुसंहतप्रकटशक्तिचक्रं स्फुरन् - એવું તે તત્ત્વ 'અમલ મેધાવંતોના' - નિર્મલ પ્રજ્ઞાવંતોના - નિર્મલ બુદ્ધિઓના મનને વિમોહ પમાડતું નથી - तथापि न विमोहयत्यमलमेधसां तन्मनः ।

**મેચક, મેચક-અમેચક, અમેચક મમ સહજ તત્ત્વ**

पृथ्वीवृत्त

**इतो गतमनेकतां दधदितः सदाप्येकता -**
**मितः क्षणविभंगुरं ध्रुवमितः सदैवोदयात् ।**
**इतः परमविस्तृतं धृतमितः प्रदेशै र्निजै -**
**रहो सहजमात्मनस्तदिदमद्भुतं वैभवं ॥२७३॥**

અહિં ગત અનેકતા ધરતું એકતા 'હ્યાં' સદા,
અહીં ક્ષણ વિભંગુર ધ્રુવ જ ઉદયે 'હ્યાં' સદા;
અહીં પરમ વિસ્તૃત ધૃત નિજ પ્રદેશે અહીં,
અહો ! સહજ આત્મનો વિભવ અદ્ભુતો આ સહી ! ૨૭૩

## અમૃત પદ - ૨૭૩

'સાહેબા વાસુપૂજ્ય જિનંદા' - એ રાગ

એહ તરફ અનેકતા પામ્યો, એહ તરફ નિત એકતા જામ્યો,
એહ તરફ ક્ષણભંગ વિરામ્યો, એહ તરફ ધ્રુવ ઉદયથી રામ્યો... ૧

એહ તરફ પર વિસ્તર વિસ્તાર્યો, એહ તરફ નિજ પ્રદેશે ધાર્યો,
અહો ! અદ્ભુત વૈભવ આ ભારી, આત્માનો સહજ અચરિજકારી... ૨

**સહજાત્મસ્વરૂપી** આતમ કેરો, વૈભવ અદ્ભુત સહજ અનેરો,
ભગવાન **અમૃતચંદ્રે** ગાયો, **અમૃત** કળશે અનુભવ પાયો... ૩

**અર્થ** - આ તરફ અનેકતા પામી ગયેલો આ તરફ સદાય એકતા ધારતો, આ તરફ ક્ષણ વિભંગુર, આ તરફ સદૈવ ઉદય થકી ધ્રુવ, આ તરફ પરમ વિસ્તૃત (વિસ્તારવંત), આ તરફ નિજ પ્રદેશોથી ધૃત (ધારી રખાયેલ), એવો અહો ! તે આ સહજ અદ્ભુત વૈભવ આત્માનો છે. ૨૭૩

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"તે આત્મસ્વરૂપથી મહત્ એવું કંઈ નથી. એવો આ સૃષ્ટિને વિષે કોઈ પ્રભાવજોગ ઉત્પન્ન થયો નથી, છે નહીં, અને થવાનો નથી કે જે પ્રભાવજોગ પૂર્ણ આત્મસ્વરૂપને પણ પ્રાપ્ત ન હોય."

"આત્મા અત્યંત સહજ સ્વસ્થતા પામે એ જ સર્વ જ્ઞાનનો સાર શ્રી સર્વજ્ઞે કહ્યો છે."

**- શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૩૭, ૫૦૫**

**"તાહરી શુદ્ધતા ભાસ આશ્ચર્યથી, ઉપજે રુચિ તિણે તત્ત્વ ઈહે,**
**અહો ! શ્રી સુમતિ જિન શુદ્ધતા તાહરી, સ્વગુણ પર્યાય પરિણામ રામી." - શ્રી દેવચંદ્રજી**

**એક-અનેક : ક્ષણિક - ધ્રુવ ઈ. આત્માનો સહજ અદ્ભુત વૈભવ**

આ બીજા **પૃથ્વીવૃત્ત** નિબદ્ધ કળશ કાવ્યમાં **આત્માના અનેકાંત સ્વભાવનું** પરમ સુંદર તાદૃશ્ય સ્વભાવોક્તિમય હૃદયંગમ શબ્દચિત્ર આલેખી **મહાન્ પરમાર્થ શિલ્પી** મહાગીતાર્થ **અમૃતચંદ્રજીએ** પરમ આત્મભાવોલ્લાસથી સહજ અદ્ભુત વૈભવ સંગીત કર્યો છે - इतो गतमनेकतां दधदितः सदाप्येकताम् - **'અહીં'** - આ તરફ 'અનેકતા' - અનેકપણું પામેલો છે, **'અહીં'** - આ તરફ સદાય 'એકતા' - એકપણું ધારી રહ્યો છે, इतः क्षणविभंगुरं ध्रुवमितः सदैवोउदयात् - **'અહીં'** - આ તરફ

'ક્ષણ વિભંગુર' - ક્ષણમાં વિભંગુર - ભંગ - નાશ પામી જાય એવો ક્ષણિક છે, 'અહીં' - આ તરફ સદૈવ ઉદયને લીધે 'ધ્રુવ' - સદાસ્થિર છે, इतः परमविस्तृतं धृतमितः प्रदेशै र्निजैः - 'અહીં' - આ તરફ લોકાકાશ પ્રમાણ પરમ 'વિસ્તૃત' - વિસ્તાર પામેલો છે, 'અહીં' - આ તરફ અસંખ્ય નિજ પ્રદેશોથી - પોતાના પ્રદેશોથી 'ધૃત' - ધારી રખાયેલો છે - આવો અહો ! **આત્માનો તે આ 'સહજ'** - સ્વભાવભૂત **'અદ્‌ભુત'** - પરમ આશ્ચર્યકારી **'વૈભવ'** છે - આત્મસંપત્તિ છે - 'अहो सहजमात्मनस्तदिदमद्‌भुतं वैभवं ।'

पृथ्वीवृत्त

**कषायकलिरेकतः स्खलति शांतिरस्त्येकतो,**
**भवोपहतिरेकतः स्पृशति मुक्तिरप्येकतः ।**
**जगत्त्रितयमेकतः स्फुरति चिच्चकास्त्येकतः,**
**स्वभावमहिमात्मनो विजयतेऽद्भुतादद्भुतः ॥२७४॥**

કષાય કલિ એકતઃ સ્ખલત, શાંતિ છે એકતઃ,
ભાવોપહતિ એકતઃ મુક્તિ સ્પર્શત એકતઃ,
સ્ફુરે ત્રિજગ એકતઃ ચિત ચકાસતું એકતો,
સ્વભાવ મહિમા આત્મનો વિજયી અદ્ભુતાદ[illegible] !

## અમૃત પદ - ૨૭૪

એક તરફ કષાય કલિ સ્ખલંતો, એક તરફ શાંતિ [illegible]લસંતો,
એક તરફ ભવ ચાબુક વગંતો, એક તરફ મુક્તિ સ[illegible] લગંતો...
એક તરફ ત્રય લોક ફટકા સ્ફુરંતો, એક તરફ ચિત્ [illegible] ચમકંતો,
અદ્ભુતથી અદ્ભુત એ સંતો ! આત્માનો સ્વભાવ મહિમ[illegible] જયંતો...
સ્વભાવ મહિમા એક અનંતો, **સહજાત્મ સ્વરૂપનો** હોય સંતો...
અદ્ભુતથી યે અદ્ભુતવંતો, ભગવાન **અમૃત કળશ** વહંતો...

**અર્થ** - એક તરફ કષાય - કલિ સ્ખલે છે, એક તરફ શાંતિ છે, એક તરફ ભવોપહતિ સ્પર્શે છે, એક તરફ વળી મુક્તિ પણ સ્પર્શે છે, એક તરફ જગત્ ત્રિતય (ત્રણે જગત્) સ્ફુરે છે, એક તરફ ચિત્ પ્રકાશે છે, આવો આત્માનો અદ્ભુતાદદ્ભુત (અદ્ભુતથી પણ અદ્ભુત) સ્વભાવ મહિમા ઉદય વિજય પામે છે. ૨૭૪

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"રાગ, દ્વેષ અને અજ્ઞાનનો આત્યંતિક અભાવ કરી જે સહજ શુદ્ધ આત્મસ્વરૂપમાં સ્થિત થયા તે સ્વરૂપ અમારૂ સ્મરણ, ધ્યાન અને પામવા યોગ્ય સ્થાન છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૪૪૬, હાથનોંધ**

"જેમ નિર્મલતા રે રત્ન સ્ફટિક તણી, તેમજ જીવ સ્વભાવ,
તે જિન વીરે રે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ... શ્રી સીમંધર." - **શ્રી યશોવિજયજી**

**કષાય કલિ : શાંતિ**
**ભવ મુક્તિ : જગત્, ચિત્ :**
**આત્માનો સ્વભાવ**
**મહિમા અદ્ભુતાદ્ભુત**

પરમગંભીર આ **પૃથ્વીવૃત્ત** નિબદ્ધ ત્રીજા કળશ કાવ્યમાં **આત્માના અનેકાંત સ્વભાવનું** તાદૃશ્ય આબેહૂબ 'સ્વભાવોક્તિમય' (Life-like) બીજું સુંદર હૃદયંગમ શબ્દચિત્ર આલેખતાં મહાકવિ **અમૃતચંદ્રજી અનેકાંત આત્મસ્વભાવના 'અદ્ભુતાદદ્ભુત' મહિમાનો વિજયઘોષ** ઉદ્ઘોષે છે - कषायकलिरेकतः स्खलति शांतिरस्त्येकतो - એક તરફ **'કષાય કલિ'** - કષાયનો 'કલિ - ક્લેશ કજીઓ સ્ખલે છે, એક તરફ કષાયની ઉપશાંતતા રૂપ **'શાંતિ'** છે, भवोपहतिरेकतः स्पृशति मुक्तिरप्येकतः - એક તરફ **'ભવોપહતિ'** - સંસારનો ઉપઘાત - સંસારના ફટકા વાગે છે, એક તરફ **મુક્તિ પણ સ્પર્શે છે,** जगत्त्रितयमेकतः स्फुरति चिच्चकास्त्येकतः - એક તરફ **'જગત્ ત્રિતય'** - ત્રણે જગત્ સ્ફુરે છે, એક તરફ **ચિત્ 'ચકાસે છે'** - ઝળહળ જ્યોતિરૂપ ચકચકે છે - ઝગઝગે છે, અહો ! આવો **આ આત્માનો 'અદ્ભુતાદ્ અદ્ભુત'** - અદ્ભુતથી અદ્ભુત - પરમ આશ્ચર્યકારી પણ પરમ આશ્ચર્યકારી **વિજય પામે છે** - स्वभावमहिमात्मनो विजयतेऽद्भुतादद्भुतः ।

मालिनी

**जयति सहजपुंजः पुंजमज्जत्त्रिलोकी -**
**स्खलदखिलविकल्पोऽप्येक एव स्वरूपः ।**
**स्वरसविसरपूर्णाच्छिन्नतत्त्वोपलंभः,**
**प्रसभनियमितार्चिश्चिच्चमत्कार एषः ॥२७५॥**

જયતિ સહજ પુંજો ! પુંજ મજ્જત ત્રિલોકી,
સ્ખલત - અખિલ વિકલ્પો એક એવ સ્વરૂપો;
સ્વરસ પૂરણ તત્ત્વાનુભૂતિ જ્યાં અછિન્ન,
સ્વનિયત જસ અર્ચિષ્ ચિત્ચમત્કાર એહ. ૨૭૫

## અમૃત પદ - ૨૭૫

રત્નમાલા

જય **સહજાત્મસ્વરૂપી** પુંજ ! ચિત્ ચમત્કારે ચેતન યુંજ !
જસ જ્ઞાનપુંજે મજ્જતુંય ત્રિલોકી, સ્ખલત વિકલ્પો સકલ આલોકી... જય સહજાત્મ. ૧
સ્વરસ વિસરથી પૂર્ણ અખંડ, તત્ત્વ તણો જ્યાં અનુભવ કંદ;
જય સહજાત્મસ્વરૂપી પુંજ ! ચિત્ ચમત્કારી ચેતન યુંજ... જય સહજાત્મ. ૨
સ્વરૂપથી બ્હારે કદીય ન જાતી, સ્વરૂપમાંહિ સતત સમાતી;
નિયમિત એવી અર્ચિષ જેની, એક સ્વરૂપે નિત્ય જ લીની... જય સહજાત્મ. ૩
ચમકંતો ચેતન ચમકારે, ચિત્ ચમકાવે ચિત્ ચમત્કારે;
ચિત્ ચમત્કારી આતમ એવો, જય **સહજાત્મસ્વરૂપી** દેવો... જય સહજાત્મ. ૪
ચિત્ ચિંતામણિમય સંગીતા, **'આત્મખ્યાતિ'** આ 'અમૃત ગીતા';
**તત્ત્વ ચિંતામણિ અમૃતચંદ્રે,** તત્ત્વ ચિંતામણિમય સુછંદે... જય સહજાત્મ. ૫
તત્ત્વ ચિંતામણિ શિલા સંયોજી, 'આત્મખ્યાતિ' આ પ્રાસાદ યોજી;
તત્ત્વકળાના અનુપમ શિલ્પી, અમૃત દાખી કળા અનલ્પી... જય. સહજાત્મ. ૬
તત્ત્વ ચિંતામણિમય પ્રાસાદ, તત્ત્વ ચિંતામણિ અમૃત પ્રસાદ;
પ્રાસાદ શ્રૃંગે કળશ ચઢાવ્યા, સર્વાંગે સુવર્ણ મઢાવ્યા... જય સહજાત્મ. ૭
સહજસ્વરૂપી **અમૃતચંદ્ર,** ભગવાન્ જ્ઞાનામૃત રસકંદ;
તસ ચંદ્રિકા આનંદે, **સહજસ્વરૂપી અમૃતચંદ્રે...** જય સહજાત્મ. ૮

**અર્થ** - સહજ પુંજ જયવંત છે ! - કે જે પુંજમાં મજ્જંતી ત્રિલોકી સંબંધી અખિલ વિકલ્પ જેમાંથી સ્ખલિત થાય છે એવો છતો પણ એક જ સ્વરૂપ, સ્વરસ વિસરથી પૂર્ણ અચ્છિન્ન (અખંડ) તત્ત્વોપલંભ (તત્ત્વાનુભવ પ્રાપ્તિ) જ્યાં છે એવો આ પ્રસભથી (સ્વરૂપ) બલથી નિયમિત અર્ચિષ્‌વાળો (જ્યોતિવાળો) ચિત્ચમત્કાર છે. ૨૭૫

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

"આત્માને વિષે સહજ સ્મરણે પ્રાપ્ત થયેલું જ્ઞાન શ્રી વર્ધમાનને વિષે હતું એમ જણાય છે. પૂર્ણ વીતરાગ જેવો બોધ તે અમને સહજે સાંભરી આવે છે."

"અમને જે નિર્વિકલ્પ નામની સમાધિ છે, તે તો આત્માની સ્વરૂપ પરિણતિ વર્ત્તતી હોવાને લીધે છે." - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૩૬૩, ૩૧૩, ૩૨૩**

''શુદ્ધ નિઃપ્રયાસ નિજ ભાવ ભોગી યદા,
આત્મક્ષેત્રે નહીં અન્ય રક્ષણ તદા;
એક અસહાય નિઃસંગ નિર્દ્વદ્વતા,
શક્તિ ઉત્સર્ગની હોય સહુ વ્યક્તતા... ધર્મ.'' - **શ્રી દેવચંદ્રજી**

આ **'આત્મખ્યાતિ'** પરમ અમૃતકૃતિની (most immortal nectar-like work) ભવ્ય પૂર્ણાહુતિ (greatest finish) કરતાં પરમ અમૃત (Immortal) **પરમાર્થ મહાકવિ જગદ્ગુરુ અમૃતચંદ્રાચાર્યજી** આ પરમ પરમામૃત સંભૃત કળશ કાવ્યમાં* પરમ ભાવોલ્લાસથી આ **ચિત્ ચમત્કાર રૂપ સહજ સ્વરૂપના જય ઉદ્ઘોષે છે** - जयति सहजपुंजः पुंजमज्जत्त्रिलोकी स्खलदखिलविकल्पोऽप्येक एव स्वरूपः - **'સ્વરૂપ'** - સ્વ - પોતાનું રૂપ - નિજરૂપ છે જેનું એવો આ સ્વરૂપ સહજ પુંજ જય પામે છે, 'સહજ' - સ્વભાવભૂત ભાવનો 'પુંજ' - રાશિ - સમૂહ એવો આ સ્વરૂપ આત્મા વિજયવંત વર્ત્તે છે, કેવો છે. આ સહજ પુંજ ? પુંજમાં 'મજ્જતી' - મગ્ન થતી (ડૂબી જતી) 'ત્રિલોકી' - લોકત્રયી છે, એટલે 'અખિલ' - સમસ્ત વિકલ્પ જ્યાં સ્ખલિત થાય છે - ખરી જાય છે, એવો છતો પણ જે 'એક જ' છે - જ્યાં દ્વિતીય - બીજું કંઈ પણ નથી એવો અદ્વૈત જ છે, અર્થાત્ ત્રણે લોક આ સહજ પુંજમાં પ્રતિભાસિત થતા હોઈ જાણે તેમાં 'મગ્ન' થાય છે - ડૂબી જાય છે, એટલે પછી ત્રણે લોક સંબંધી કંઈ પણ વિકલ્પને સ્થાન રહેતું નથી - લેશ પણ અવકાશ રહેતો નથી, તત્સંબંધી સમસ્ત વિકલ્પ સ્ખલના પામી છૂટી જાય છે, એટલે નિર્વિકલ્પ એવો તે સ્વરૂપ માત્ર જ છે, તે જયવંત વર્ત્તે છે. એનું સ્વરૂપ શું છે ? स्वरसविसरपूर्णाच्छिन्नतत्त्वोपलंभः - સ્વરસના - 'સ્વ' - પોતાના 'રસના' - ચિદ્રસના 'વિસરથી' - ફેલાવથી (Projections) પૂર્ણ 'અચ્છિન્ન' - અખંડ 'તત્ત્વોપલંભ' - તત્ત્વાનુભવ - તત્ત્વાનુભૂતિ - તત્ત્વપ્રાપ્તિ જ્યાં થાય છે એવો, 'પ્રસભથી' - વસ્તુના સ્વરૂપબલથી કદી પણ બ્હાર ન જાય એમ 'નિયમિત' - સ્વરૂપમાં નિયત નિશ્ચયવૃત્તિથી નિયમમાં રખાયેલ છે 'અર્ચિષ્' - નીકળતા કિરણ - રશ્મિ જેના એવો આ **'ચિતૂચમત્કાર'** છે, જ્યાં ચિત્ના 'ચમત્કાર'- પરમ આશ્ચર્યકારી - પરમ 'અદ્ભુતાદદ્ભુતં' (most wonderful) ચમકારા થયા કરે છે એવો **ચિતૂચમત્કાર** છે - प्रसभनियमितार्चिष् चिच्चमत्कार एषः ।

**જયવંત સહજ પુંજ સ્વરૂપ : ચિત્ ચમત્કાર આ આત્મા**

અર્થાત્ આ ચિત્ ચમત્કાર રૂપ સહજાત્મસ્વરૂપી સહજ પુંજ જયવંત છે. જે જ્ઞાનપુંજમાં ત્રિલોકી મજ્જિત થતાં તત્ સંબંધી અખિલ વિકલ્પ સ્ખલિત થાય છે, એટલે નિર્વિકલ્પ દશાને પામેલો આ સહજ પુંજ એક જ સ્વ છે રૂપ જેનું એવો **'સ્વરૂપ'** છે - **સહજાત્મસ્વરૂપ** છે. સ્વરસ વિસરથી પૂર્ણ એવો અખંડ તત્ત્વ અનુભવ જ્યાં થાય છે એવો આ સહજાત્મસ્વરૂપી સહજ પુંજ સ્વબલથી - સ્વરૂપ સામર્થ્યથી જેના **'અર્ચિષ્'** - કિરણ **નિયમિત** છે, એવો આ ચિતૂચમત્કાર છે, અર્થાત્ સ્વરૂપથી બ્હારમાં કદીય ન જાતી ને સદા સ્વરૂપમાં જ સમાતી એવી નિયમિત છે અર્ચિષ્ - જ્યોતિષ્ જેની એવી ચેતન ચમત્કારે ચમકંતો - ચિતૂચમત્કારે ચિત્ને ચમકાવતો ચિતૂચમત્કાર છે. એવો આ ચિતૂચમત્કાર સહજાત્મસ્વરૂપી **પરમ આત્મદેવ ચૈતન્ય દેવ જય પામે છે !**

આવી આ ચિત્ ચિંતામણિમય **'આત્મખ્યાતિ'** અમૃતગીતા **'તત્ત્વ ચિંતામણિ' અમૃતચંદ્રાચાર્ય** તત્ત્વ ચિંતામણિમય સુછંદથી - સુંદર દિવ્ય પ્રકારથી સંગીત કરી છે. 'તત્ત્વ ચિંતામણિ' રત્નની શિલાઓ શિલ્પી - કળાકાર **અમૃતચંદ્ર મહાકવિએ** અમૃત એવી અનલ્પ પરમ કળા દાખવી છે. આ **'આત્મખ્યાતિ' રૂપ તત્ત્વ ચિંતામણિમય પ્રાસાદ** તે સાક્ષાત્ તત્ત્વચિંતામણિ **ભગવાન્ અમૃતચંદ્રનો અમૃત પ્રસાદ છે, ભગવાન અમૃતચંદ્રે** સર્વાંગે 'સુવર્ણ' મઢેલ દિવ્ય કળશ ચઢાવ્યા છે ! **સહજ સ્વરૂપી ભગવાન અમૃતચંદ્રે** જ્ઞાનામૃતરસ - ચંદ્રિકા પરમ આનંદથી રેલાવી છે !

मालिनी

**अविचलितचिदात्मन्यात्मनात्मानमात्म -**
**न्यनवरतनिमग्नं धारयद् ध्वस्तमोहं ।**
**उदितममृतचंद्रज्योतिरेतत्समंता -**
**ज्ज्वलतु विमलपूर्णं निसपत्नस्वभावं ॥२७६॥**

અવિચલિત ચિદાત્મા આત્મમાં આત્મથી જ,
સતત મગન આત્મા ધારતી મોહ ધ્વંસી,
મુદિત 'અમૃતચંદ્ર જ્યોતિ' જ્વલો બધે આ !
વિમલ પૂરણ આવી નિઃ સપત્ન સ્વભાવી. ૨૭૬

## અમૃત પદ - ૨૭૬

રત્નમાલા

**ઝળહળજો આ અમૃત જ્યોતિ ! ઝળહળજો આ અમૃત જ્યોતિ !...**
કદી ન ચળંતા એહ ચિદાત્મા, આત્મમહિં આત્માથી આત્મા,
સતત નિમગ્નો જેહ ધરંતી, મોહ સમસ્તો ધ્વસ્ત કરંતી... ઝળહળજો આ અમૃત જ્યોતિ ! ૧
અમૃત કૃતિ અમૃત રસ પૂર્ણા, 'આત્મખ્યાતિ' આ કરતી પ્રપૂર્ણા,
પુલકિત થાતી સાત્ત્વિક હર્ષી, ઉદિત થઈ જે અમૃત વર્ષી... ઝળહળજો આ અમૃત જ્યોતિ ! ૨
ઝળહળતી જે સ્વરૂપ સુતેજે, સર્વ જ્યોતિથી અતિશયિ તેજે,
આતમ-**અમૃતચંદ્ર**ની ખ્યાતિ, પદ પદ કરતી વિશ્વ વિખ્યાતિ... ઝળહળજો આ અમૃત જ્યોતિ ! ૩
અનવચ્છિન્ના જે સર્વદેશ કાળે, સર્વ દિશાથી સર્વ નિહાળે,
દૂર દૂરથી આકર્ષણ કરતી, ચિદ્‌ગગને જે નિત ચમકંતી... ઝળહળજો આ અમૃત જ્યોતિ ! ૪
**અમૃતચંદ્ર** જ્યોતિ તેહ મુદામાં, ઝળહળજો આ સર્વ દિશામાં,
વિભાવ ટળ્યાથી વિમલ સદા જે, સ્વભાવ ભળ્યાથી પૂર્ણ વિરાજે... ઝળહળજો આ અમૃત જ્યોતિ ! ૫
પ્રતિપંથિ જેનો નહિ જગમાં, શિવપથ દર્શિ જે પદપદમાં,
નિઃસપત્ન એવો જાસ સ્વભાવ, પ્રગટ પ્રકાશ્યો પરમ પ્રભાવ... ઝળહળજો આ અમૃત જ્યોતિ ! ૬
**અમૃતચંદ્ર** જ્યોતિ તેહ મુદામાં, ઝળહળજો આ સર્વ દિશામાં,
અનુભવ અમૃતરસ વરષંતી, ચકોર ચિતોને નિત હરષંતી... ઝળહળજો આ અમૃત જ્યોતિ ! ૭
પરમ શ્રુત પ્રભાવન કરતો, અમૃત કળશે અમૃત ભરતો,
**'આત્મખ્યાતિ'** અમૃત પદ ધરતો, ભગવાન આ અમૃત પદ વરતો... ઝળહળજો આ અમૃત જ્યોતિ ! ૮
**'આત્મખ્યાતિ'** અમૃત ગ્રંથ એવો, નિર્ગ્રંથ ગૂંથ્યો અમૃત દેવો,
તત્ત્વકળાથી પૂરણ ઝીલ્યો, સકલ કળાથી 'ચંદ્ર' શું ખીલ્યો !... ઝળહળજો આ અમૃત જ્યોતિ ! ૯
જ્ઞાન ચંદ્રિકા દિવ્ય રેલાવી, આતમ - અમૃતચંદ્ર પ્રભાવી,
**પરંબ્રહ્મ અમૃતચંદ્રે** આવી, શબ્દ બ્રહ્મની આ સૃષ્ટિ સર્જાવી... ઝળહળજો આ અમૃત જ્યોતિ ! ૧૦
'આત્મખ્યાતિ' ગાતા સુજશો, પદ પદ સ્થાપ્યા **અમૃતકળશો,**
ભવ્યજનોને અમૃત પીવા, અમૃત કીર્ત્તિના અમૃત દીવા... ઝળહળજો આ અમૃત જ્યોતિ ! ૧૧

અમૃતમંથન અમૃતચંદ્રે, તત્ત્વસિંધુનું કરી ઉછરંગે,
અમૃત કળશે અમૃતસિંધુ, સંભૃત કીધો અનુભવ ઈંદુ... ઝળહળજો આ અમૃત જ્યોતિ ! ૧૨
ચૌદ પૂર્વ સારો સમયસારો, આત્મખ્યાતિ મંથે લઈ તસ સારો,
અમૃત કળશે અમૃત જમાવ્યો, વિજ્ઞાનઘન તે અમૃત સમાવ્યો... ઝળહળજો આ અમૃત જ્યોતિ ! ૧૩
જ્ઞાનદાનેશ્વરી શ્રી કુંદકુંદે, શુદ્ધોપયોગી મહામુનિ ઈંદે,
સમયતણું આ પ્રાભૃત કીધું, જગગુરુ જગને પ્રાભૃત દીધું... ઝળહળજો આ અમૃત જ્યોતિ ! ૧૪
'આત્મખ્યાતિ'થી કરી તસ ખ્યાતિ, દિવ્ય સ્વાત્માની કરતી વિખ્યાતિ,
મહાપ્રાભૃત તે કીધું સુછંદે, અમૃતચંદ્રે મહામુનિચંદ્રે... ઝળહળજો આ અમૃત જ્યોતિ ! ૧૫
જ્ઞાન દાનેશ્વરી જગગુરુ જોડી, જગમાં જેની જડતી ન જોડી,
દાસ ભગવાન આ કહે કર જોડી, જુગ જુગ જીવો જગગુરુ જોડી... ઝળહળજો આ અમૃત જ્યોતિ ! ૧૬
આત્મખ્યાતિની અમૃત જ્યોતિ, ઉદિત થઈ અમૃત જ્યોતિ,
ટીકા ભગવાન્‌ની 'અમૃત જ્યોતિ', જ્વલો જગમાં આ અમૃત જ્યોતિ !... ઝળહળજો આ અમૃત જ્યોતિ ! ૧૭

**અર્થ** - અવિચલિત ચિદાત્મા આત્મામાં આત્માને આત્માથી અનવરત (નિરંતર) નિમગ્ન ધારતી, મોહને ધ્વસ્ત (સર્વથા નષ્ટ) કર્યો છે જેણે એવી, ઉદિત આ **'અમૃતચંદ્ર જ્યોતિ'** વિમલ પૂર્ણ નિઃસપત્ન સ્વભાવવંતી સમંતાત્ (સર્વ દિશામાં) જ્વલો ! (ઝળહળો !) ૨૭૬

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''દેહથી ભિન્ન સ્વપર પ્રકાશક પરમ જ્યોતિ - સ્વરૂપ એવો આ આત્મા તેમાં નિમગ્ન થાઓ.''

''જે જ્ઞાનમાં દેહાદિ અધ્યાસ મટ્યો છે અને અન્ય પદાર્થને વિષે અહંતા મમતા વર્ત્તતાં નથી, તથા ઉપયોગ સ્વભાવમાં પરિણમે છે, અર્થાત્ જ્ઞાન સ્વરૂપપણું ભજે છે, તે જ્ઞાનને નિરાવરણ જ્ઞાન કહેવા યોગ્ય છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, ૭૫૯, ૬૯૦, ૮૩૨, ૬૭૯**

''કેવલ જ્યોતિ તે તત્ત્વ પ્રકાશે, શેષ ઉપાય અસારો રે.'' - **શ્રી યશોવિજયજી કૃત યો.દ. સજ્ઝાય**

**'અમૃતચંદ્ર' જ્યોતિ આ સમંતાત્ જ્વલંતુ વિમલ પૂર્ણ નિઃસપત્ન સ્વભાવ**

આચાર્યચૂડામણિ ભગવાન કુંદકુંદાચાર્યજીએ રચેલા આ તત્ત્વજ્ઞાનના મેરુશિખર સમા આ સમયસાર શાસ્ત્રના ચૂડામણિરૂપે શોભતી અને આત્માની તેમજ આત્માના - પોતાના દિવ્ય આત્માની બુલંદ ખ્યાતિ પોકારતી આ **અચિંત્ય ચિંતામણિ** નિધાન સમી યથાર્થનામા **'આત્મખ્યાતિ'** પરમ અમૃત (most immortal & nectar incarnate) કૃતિના ભવ્ય પૂર્ણાહુતિ પ્રસંગે આ બીજો પરમ પરમામૃત સંભૃત પૂર્ણ મંગલ કળશ ચઢાવતાં, આવી પરમ અદ્ભુત કૃતિથી પરમ કૃતકૃત્ય બની પરમ અમૃતત્વને (Immortality) પામેલા યથાર્થનામા આચાર્યચૂડામણિ **ભગવાન અમૃતચંદ્રાચાર્યજી** પૂર્ણાનંદ ઉલ્લાસથી **'આ વિમલ પૂર્ણ'** ઉદિત **'અમૃતચંદ્ર - જ્યોતિ' 'સમંતાત્'** - સર્વતઃ સર્વ દિશામાં - સર્વ કાળમાં - સર્વ ક્ષેત્રમાં - **જ્વલો - ઝળહળો !** એવો મંગલ આશિર્વાદ આપે છે - अविचलितचिदात्मन्यात्मनात्मानमात्मन्यनवरतनिमग्नं धारयद् ध्वस्तमोहं - **'અવિચલિત'** - કદી પણ વિચલિત નહિ થયેલ ચિદ્ છે આત્મા જેનો એવા **'ચિદાત્મા'** આત્મામાં આત્માને આત્માથી 'અનવરત નિમગ્ન' - નિરંતર સતત **'નિમગ્ન'** - નિતાંત મગ્ન - તેમાંથી કદી પણ બ્હાર ન નીકળે એમ ડૂબી ગયેલ ધારતી, **મોહ જેણે ધ્વસ્ત કર્યો છે** - સર્વનાશ કર્યો છે એવી, **'નિઃસપત્ન'** - વિભાવ રૂપ શોક્ય - પ્રતિપક્ષી વિનાની - નિર્વિરોધી - નિરાવરણ સ્વભાવવાળી આ **'ઉદિત'** થયેલી **'મોદ' - પરમાનંદ પામેલી વિમલ પૂર્ણ 'અમૃતચંદ્ર - જ્યોતિ' 'સમંતાત્'** - સર્વતઃ સર્વ દિશામાં - સર્વ કાળમાં - સર્વ ક્ષેત્રમાં દેશ - કાળના

બંધનથી અનવચ્છિન્નપણે **જ્વલો ! જ્વલંતપણે પ્રકાશો ! જ્વલંત સહજાત્મસ્વરૂપ પ્રકાશ પુંજથી ઝળહળો !**
'मुदितममृतचंद्रज्योतिरेतत्समंतात्, ज्वलतु विमलपूर्णं निसपत्नस्वभावं ।'

અર્થાત્ આ **અમૃતચંદ્ર જ્યોતિ સર્વતઃ** ઝળહળજો ! કેવી છે આ અમૃતચંદ્ર જ્યોતિ ? કદી પણ ન ચળતા એવા અચલિત ચિદાત્મા આત્મામાં આત્માથી આત્માને કદી પણ બ્હાર ન નીકળે એમ નિરંતર નિમગ્ન ધારતી અને સમસ્ત મોહને જેણે 'ધ્વસ્ત' કર્યો છે - સર્વનાશ કર્યો છે એવી અને આ **'આત્મખ્યાતિ' અમૃતરસપૂર્ણ અમૃત કૃતિ પૂર્ણ કરતી** આ **અમૃતવર્ષિણી ઉદિત અમૃતચંદ્ર જ્યોતિ** આવું પરમ અમૃત વર્ષાવીને સાત્ત્વિક હર્ષથી પુલકિત - થતી 'મુદિત' થઈ છે - આનંદ આનંદ પામી ગઈ છે. સર્વ જ્યોતિથી 'અતિશયિ' - ચઢિયાતા તેજે કરી જે સ્વરૂપ સુતેજે ઝળહળી જે **અમૃતચંદ્ર જ્યોતિ** આત્મારૂપ અમૃતચંદ્રની ખ્યાતિને પદે પદે વિશ્વ વિખ્યાવિ કરી રહી છે અને સર્વ દેશકાળથી **અનવચ્છિન્ન** જે સર્વ દિશાથી સર્વ નિહાળે છે એવી દૂર દૂરથી આકર્ષણ કરતી જે અમૃતચંદ્ર જ્યોતિ ચિદ્ગગનમાં નિત્ય ચમકી રહી છે. વિભાવ ટળ્યાથી જે સદા વિમલ છે અને સ્વભાવ મળ્યાથી જે પૂર્ણ વિરાજે છે એવી આ **ઉદિત અમૃતચંદ્ર જ્યોતિ સર્વ દિશામાં ઝળહળજો !** જેનો પ્રતિપંથિ - વિરોધી જગત્‌માં છે નહિ ને પદે પદે જે શિવપથદર્શી - મોક્ષમાર્ગ દર્શાવનાર છે, એવો જેનો **'નિઃસપત્ન' -** નિર્વિરોધી **પરમ પ્રભાવી સ્વભાવ પ્રકટ પ્રકાશ્યો છે,** એવી આ અનુભવ અમૃતરસ વર્ષતી ને ચકોર ચિત્તોને નિત્ય હર્ષતી **આ ઉદિત અમૃતચંદ્ર જ્યોતિ સર્વ દિશામાં ઝળહળજો !**

આમ 'પરમશ્રુત'નું પ્રભાવન કરતો, **અમૃત કળશોમાં અમૃત ભરતો,** ને **'આત્મખ્યાતિ' રૂપ અમૃતપદ ધરતો આ ભગવાન અમૃતચંદ્ર અમૃત પદ વરે છે.** એવો આ **'આત્મખ્યાતિ'** અમૃત ગ્રંથ **નિર્ગ્રંથ અમૃતચંદ્રાચાર્ય દેવે** પૂર્ણ તત્ત્વકળાથી ગૂંથ્યો છે, તે સકળ - સોળે કળાથી જાણે 'ચંદ્ર' ખીલ્યો છે ! આત્મારૂપ અમૃતચંદ્રનો પ્રભાવ કરનારી આ દિવ્ય જ્ઞાન ચંદ્રિકા રેલાવી **પરંબ્રહ્મ અમૃતચંદ્ર - કવિ બ્રહ્માએ** આ શબ્દબ્રહ્મની આવી દિવ્ય સૃષ્ટિ સર્જી છે ! તેમાં - **'આત્મખ્યાતિ'**નો સુજશ ગાતા **અમૃતકળશો** ભવ્યજનોને અમૃત પીવાને પદે પદે સ્થાપ્યા છે, તે જાણે **અમૃતચંદ્ર મહાકવિની કીર્તિના કીર્તિસ્થંભ** સમા એમ ઝળહળતા અમૃત દીવા છે ! **અમૃતચંદ્રે** અત્યંત ઉછરંગથી - પરમ આત્મોલ્લાસથી તત્ત્વસિંધુનું અમૃતમંથન કરી એકેક અમૃત કળશમાં 'અનુભવ અમૃતચંદ્ર' - રૂપ અમૃત સિંધુ સંભૃત કરી દીધો છે ! ચૌદ પૂર્વનો સાર એવો જે **સમયસાર,** તેનો **'આત્મખ્યાતિ'** મંથ વડે સાર લઈને **વિજ્ઞાનઘન** તે **અમૃતચંદ્રે** એકેક અમૃત કળશમાં વિજ્ઞાનઘન એવું તે પરમ અમૃત જમાવ્યું છે. જાણે ગાગરમાં સાગર સમાવ્યો છે ! શુદ્ધોપયોગી મહામુનીંદ્ર જ્ઞાનદાનેશ્વરી **શ્રી કુંદકુંદાચાર્યજી જગદ્ગુરુએ** સમયનું આ પ્રાભૃત કરી જગત્‌ને તેનું **પ્રાભૃત (ભેટણું) કર્યું** અને તે આની **અદ્ભુત મહાટીકાથી તે 'સમય પ્રાભૃતને' જ્ઞાનદાનેશ્વરી** મહામુનિચંદ્ર **અમૃતચંદ્રે મહાપ્રાભૃત કર્યું.** આવા આ મહાજ્ઞાન દાનેશ્વરી બે જગત્ગુરુની **કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્યની** જોડી - કે જેની જોડી જગત્‌માં જડવી અસંભવ છે. તે માટે આ **ભગવાનોનો દાસ** કર જોડીને કહે છે કે આ જગદ્ગુરુની જોડી જુગ જુગ જીવો ! અને **આ 'ભગવાન'નું આ 'અમૃત જ્યોતિ' નામક મહાભાષ્ય,** ભગવાન્ અમૃતચંદ્રની દિવ્ય જ્યોતિને ઝળહળાવતું, જગત્‌ને વિષે ઝળહળો !

अनुष्टुप्

**मुक्तामुक्तैकरूपो यः कर्मभिः संविदादितः ।**
**अक्षयं परमात्मानं, ज्ञानमूर्तिं नमाम्यहं ॥१॥**

મુક્તામુક્તૈક રૂપો જે, કર્મોથી સંવિદાદિથી;
અક્ષય પરમાત્મા તે, જ્ઞાનમૂર્ત્તિ નમું છું હું. ૧

## અમૃત પદ

સંવિદ્ આદિકથી અક્ષય જે, ક્ષય કદીય ન પામે,
તેથી સહજાત્મસ્વરૂપી જે આ, ગવાય 'અક્ષય' નામે... સંવિદ્ આદિકથી અક્ષય જે. ૧
કર્મથી મુક્ત - અમુક્ત દશામાં, જે હોય સદા એકરૂપ,
તે સંવિદ્ આદિ ગુણ-ધર્મોથી, અક્ષય સહજ સ્વરૂપ... સંવિદ્ આદિકથી અક્ષય જે. ૨
એવા અક્ષય પરમાત્મા તે, જ્ઞાનમૂર્ત્તિ હું નમતો,
**સહજાત્મસ્વરૂપ** ભગવાન **અમૃત**, શુદ્ધ ચિન્મૂર્ત્તિ રમતો... સંવિદ્ આદિકથી અક્ષય જે. ૩

**અર્થ** - કર્મોથી મુક્ત - અમુક્ત અવસ્થામાં જે એકરૂપ છે, તે સંવિદ્ આદિ થકી અક્ષય એવા પરમાત્મા જ્ઞાનમૂર્ત્તિને હું નમું છું.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સમજીને શમાઈ રહ્યા. ** સમજીને શમાઈ ગયા. ** અનંત જ્ઞાની પુરુષે અનુભવ કરેલો એવો આ શાશ્વત સુગમ મોક્ષમાર્ગ જીવને લક્ષમાં નથી આવતો એથી ઉત્પન્ન થયેલું ખેદ સહિત આશ્ચર્ય તે પણ અત્રે શમાવીએ છૈયે.''

''*** પણ મોક્ષ તો કેવળ અમને નિકટપણે વર્ત્તે છે, એ તો નિઃશંક વાર્ત્તા છે. અમારૂં જે ચિત્ત તે આત્મા સિવાય અન્ય સ્થળે પ્રતિબદ્ધતા પામતું નથી, ક્ષણ પણ અન્ય ભાવને વિષે સ્થિર થતું નથી, સ્વરૂપને વિષે સ્થિર રહે છે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૫૨, ૩૦૧**

મુક્ત - અમુક્ત અવસ્થામાં પણ એકરૂપ એવા અક્ષય પરમાત્માને અમે તાત્ત્વિકશેખર **અમૃતચંદ્રજીએ** પૂર્ણ ભાવપૂર્ણ નમસ્કાર કરી અંત્ય મંગલ કર્યું છે - मुक्तामुक्तैकरूपो यः कर्मभि संविदादितः - કર્મોથી મુક્ત હોય કે અમુક્ત હોય તે બન્ને અવસ્થામાં જે **'સંવિદ્' - સંવેદન - જ્ઞાન** આદિ થકી એકરૂપ છે, તે સંવિદ્ - સંવેદન - સંજ્ઞાન આદિ થકી **'અક્ષય'** - કદી પણ ક્ષય ન પામતા એવા **પરમાત્મા જ્ઞાનમૂર્ત્તિને હું નમું છું** - નમસ્કાર કરૂં છું - अक्षयं परमात्मनं, ज्ञानमूर्तिं नमाम्यहं ।

**अथ द्रव्यस्यादेशवशेनोक्तां सप्तभंगीमवतारयामः स्यादस्ति द्रव्यं१, स्यान्नास्ति द्रव्यं २, स्यादस्ति नास्ति च द्रव्यं ३, स्यादवक्तव्यं द्रव्यं ४, स्यादस्ति चावक्तव्यं च द्रव्यं ५, स्यान्नास्ति चावक्तव्यं च द्रव्यं ६, स्यादस्ति च नास्ति चावक्तव्यं च द्रव्यं ७ इति । अत्र सर्वथात्वनिषेधको नैकांतद्योतकः कथंचिदर्थः स्याच्छब्दो निपातः । तत्र - स्वद्रव्य क्षेत्रकालभावैरादिष्टमस्ति द्रव्यं । परद्रव्यक्षेत्रकालभावैरादिष्टं नास्ति द्रव्यं । स्वपरद्रव्य क्षेत्रकालभावैरादिष्टमस्ति च नास्ति च द्रव्यं । स्वद्रव्यक्षेत्रकालभावैः परद्रव्यक्षेत्रकालभावैश्च युगपदादिष्टमवक्तव्यं द्रव्यं । स्वद्रव्यक्षेत्रकालभावै र्युगपत् स्वपरद्रव्य क्षेत्रकालभावैश्चादिष्टमस्ति चावक्तव्यं द्रव्यं । परद्रव्यक्षेत्रकालभावैः युगपत्**

स्वपरद्रव्यक्षेत्रकालभावैर्चादिष्टं नास्ति चावक्तव्यं द्रव्यं । स्वद्रव्यक्षेत्रकालभावैः परद्रव्यक्षेत्रकालभावैश्च युगपत्स्वपरद्रव्यक्षेत्रकालभावैश्चादिष्टमस्ति च नास्ति चावक्तव्यं च द्रव्यमिति । इति सप्तभंगी समाप्ता ।

॥ इति स्याद्वादोऽधिकारः ॥

હવે દ્રવ્યના આદેશવશથી ઉક્ત (કહેલી) સપ્તભંગી અમે અવતારીએ છીએ -

૧. स्यादस्ति द्रव्यं - કથંચિત્ (કોઈ અપેક્ષાએ) દ્રવ્ય છે.

૨. स्यान्नास्ति द्रव्यं - કથંચિત્ દ્રવ્ય છે નહિ.

૩. स्यादस्ति नास्ति च द्रव्यं - કથંચિત્ દ્રવ્ય છે અને છે નહિ.

૪. स्यादवक्तव्यं द्रव्यं - કથંચિત્ દ્રવ્ય અવક્તવ્ય (ન કહી શકાય એવું, અવાચ્ય) છે.

૫. स्यादस्ति चावक्तव्यं च द्रव्यं - કથંચિત્ દ્રવ્ય છે અને અવક્તવ્ય છે.

૬. स्यान्नास्ति चावक्तव्यं च द्रव्यं - કથંચિત્ દ્રવ્ય છે નહિ અને અવક્તવ્ય છે.

૭. स्यादस्ति च नास्ति चावक्तव्यं च द्रव्यं - કથંચિત્ દ્રવ્ય છે નહિ અને અવક્તવ્ય છે.

અત્રે સર્વથાપણાનો નિષેધક નૈકાંત (ન-એકાંત) દ્યોતક કથંચિત્ અર્થવાળો **'સ્યાત્'** શબ્દ નિપાત (અવ્યય) છે. તેમાં -

૧. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આદિષ્ટ (આદેશવામાં - કહેવામાં આવેલું) દ્રવ્ય છે.

૨. પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આદિષ્ટ દ્રવ્ય છે નહિ.

૩. સ્વ-પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આદિષ્ટ દ્રવ્ય છે અને છે નહિ.

૪. સ્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અને પરદ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવથી યુગપત્ આદિષ્ટ દ્રવ્ય અવક્તવ્ય છે.

૫. સ્વ દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવથી અને યુગપત્ (એકી સાથે) સ્વ - પર દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવથી આદિષ્ટ (આદેશવામાં આવેલું) દ્રવ્ય છે અને અવક્તવ્ય (અવાચ્ય) છે.

૬. પરદ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવથી અને યુગપત્ (એકી સાથે) સ્વ - પર દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવથી આદિષ્ટ દ્રવ્ય છે નહિ અને અવક્તવ્ય છે.

૭. સ્વ દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવથી અને પર દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવથી અને યુગપત્ સ્વ - પર દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવથી આદિષ્ટ દ્રવ્ય છે અને છે નહિ અને અવક્તવ્ય છે.

॥ इति सप्तभंगी समाप्त ॥

॥ इति स्याद्वाद अधिकारः ॥

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''સર્વ દ્રવ્યથી, સર્વ ક્ષેત્રથી, સર્વ કાળથી અને સર્વ ભાવથી જે સર્વ પ્રકારે અપ્રતિબંધ થઈ નિજ સ્વરૂપમાં સ્થિત થયા તે પરમ પુરુષોને નમસ્કાર.''

''અવિષમપણે જ્યાં આત્મધ્યાન વર્તે છે, એવા જે શ્રી રાયચંદ્ર તે પ્રત્યે ફરી ફરી નમસ્કાર કરી આ પત્ર અત્યારે પૂરૂં કરીએ છૈયે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, (૭૬૦, ૩૦૮), ૮૩૩, ૩૭૬**

''અહો ! અહો ! હું મુજને કહું, નમો મુજ ! નમો મુજ રે !

અમિત ફલ દાન દાતારની, જેહને ભેટ થઈ તુજ રે... શાંતિ જિન !'' - **શ્રી આનંદઘનજી**

**અનેકાંત વસ્તુ : સપ્તભંગી : 'સ્યાત્'કાર રૂપ અમોઘ મંત્ર પદ**

**અનેકાંતાત્મક વસ્તુની** કે તેના કોઈ પણ એક ધર્મની વિવક્ષા કરવી હોય તો ભિન્ન વિધિથી - પ્રતિષેધથી અને અભિન્ન વિધિ - પ્રતિષેધથી આમ ઉક્ત પ્રકારે **સપ્ત 'ભંગ'થી જ** - સાત પ્રકારથી જ કરી શકાય, એટલા માટે આ **સપ્તભંગી 'સ્યાદ્‌વાદ'** ન્યાય કહેવાય છે. અત્રે 'સ્યાત્' શબ્દ છે તે 'કથંચિત્' - અર્થવાળો કોઈ અપેક્ષાએ આમ એ અર્થવાળો નિપાત - અવ્યય છે - कथंचिदर्थो स्याच्छब्दो निपातः । અને તે **સર્વથાત્વનો નિષેધક અને નૈકાંતનો - અનેકાંતનો દ્યોતક** એવો છે - सर्वथात्व निषेधको नैकांतद्योतकः । આ આમ'જ' છે એમ સર્વથાપણાનો - એકાંતત્વનો નિષેધ કરનાર અને ન-એકાંત એવા અનેકાંતનું દ્યોતન કરનાર છે. **પરમર્ષિ શ્રી અમૃતચંદ્રાચાર્યજીએ** તેમની **'પ્રવચનસાર' શાસ્ત્રની** તેમની યુગપ્રવર્ત્તિની (spoch-making) ટીકામાં (દ્વિ.સ્કં.ગા. ૨૩) પરમ સુંદર હૃદયંગમ અમર* શબ્દોમાં કહ્યું છે તેમ - '** અનંત ધર્મવાળા દ્રવ્યના એકેક ધર્મને આશ્રીને વિવક્ષિત - અવિવક્ષિત વિધિ - પ્રતિષેધથી અવતરતી **સપ્તભંગી** 'એવ'કારમાં - 'જ' કારમાં વિશ્રાંત સમસ્ત પણ વિપ્રતિષેધ - મોહને અશ્રાંતપણે સમુચ્ચારાઈ રહેલા **'સ્યાત્'કાર રૂપ અમોઘ મંત્રપદ** વડે દૂર ફગાવી દે છે.' આમ **સ્યાદ્‌વાદદર્શી આ સપ્તભંગી*** ન્યાયથી આત્મા સ્વદ્રવ્ય - ક્ષેત્ર - કાલ - ભાવથી સત્ - હોવા રૂપ અસ્તિ રૂપ છે, પણ પરદ્રવ્ય - ક્ષેત્ર - કાલ - ભાવથી અસત્ - નહિ હોવા રૂપ નાસ્તિ રૂપ છે, એ પરથી પર દ્રવ્ય - ક્ષેત્ર - કાલ - ભાવથી આત્મા ભિન્ન છે એવું **તત્ત્વ નિશ્ચય રૂપ ભેદવિજ્ઞાન વજ્રલેપ દૃઢ થાય છે** અને **ભેદવિજ્ઞાન** એ જ **આ શાસ્ત્રનું પરમ તત્ત્વ રહસ્ય છે,** એટલે એની વજ્રલેપ પુષ્ટિ અર્થે આ સપ્તભંગી અત્ર અવતારી હોય એ સમુચિત જ છે.

''આતમ ગ્રાહક થયે ટળે પર ગ્રહણતા, તત્ત્વભોગી થયે પરભોગ્યતા,
ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઈયે, આપણો આતમા તેહવો ભાવિયે.'' - **શ્રી દેવચંદ્રજી**

॥ इति स्याद्‌वाद अधिकारः ॥

---

** ''अनन्तधर्मणो द्रव्यस्यैकैकं धर्ममाश्रित्य विवक्षताविवक्षितविधिप्रतिषेधाभ्यामवतरन्ती सप्तभङ्गिकैवकार विश्रान्तमश्रान्तसमुच्चार्यमाणस्यात्कारमोघमन्त्रपदेन समस्तमपि विप्रतिषेधमोहमुदस्यति ॥'' - **શ્રી અમૃતચંદ્રાચાર્યજી કૃત 'પ્રવચન સાર' ટીકા, ૨-૨૩**

** ''एकत्र वस्तुनि एकैकधर्मपर्यनुयोगवशादविरोधेन व्यस्तयोः समस्तयोश्च विधिनिषेधयोः कल्पनया स्यात्कारांकितः सप्तधा वाक्प्रयोगः सप्तभङ्गीति ।'' - **પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર, ૪-૧૪**

शार्दूलविक्रीडित

यस्माद्वैतमभूत्पुरा स्वपरयोर्भूतं यतोऽत्रांतरं,
रागद्वेषपरिग्रहे सति यतो जातं क्रियाकारकैः ।
भुंजाना च यतोऽनुभूतिरखिलं खिन्ना क्रियायाः फलं,
तद्विज्ञानघनौघमग्नमधुना किंचिन्न किंचित्खलु ॥२७७॥

જ્યાંથી દ્વૈત થયું પુરા, સ્વ - પરનો જેથી થયો અંતરો,
રાગ - દ્વેષ પરિગ્રહે જનમિયા જેથી ક્રિયા કારકો;
ક્રિયાનું ફળ ભોગ'તી અનુભૂતિ ખિન્ના થઈ જે થકી,
તે વિજ્ઞાનઘનૌઘમગ્ન અધુના કિંચિત્ ન કિંચિત્ નકી. (કિંચિત્ ન કિંચિત્ નકી ?) ૨૭૭

## અમૃત પદ - (૨૭૭)

વિજ્ઞાનઘન ઓઘમગ્ન તે હાવાં, કિંચિત્ ખરે ! ન કિંચિત્,
વિજ્ઞાનઘન ઓઘમગ્ન તે તે હાવાં, કિંચિત્ ખરે ! ન કિં ચિત્ ? વિજ્ઞાનઘન ઓઘમગ્ન. ૧
જેમાંથી થયું દ્વૈત પૂર્વમાં, સ્વ - પર સમય સ્વરૂપ,
જેહ થકી સ્વ - પરનું અંતર, થયું અહીં દ્વયરૂપ... વિજ્ઞાનઘન ઓઘમગ્ન તે હાવાં. ૨
રાગ-દ્વેષનો પરિગ્રહ હોતાં, પરનું પામી નિમિત્ત,
જેહ થકી અહીં ક્રિયા-કારકો, ઉપજ્યા'તા આ રીત... વિજ્ઞાનઘન ઓઘમગ્ન તે હાવાં. ૩
વ્યવહારે થઈ પરનો કર્ત્તા, પરનું કર્મ કરંત,
પરનું કરણ ગ્રહંતો પરને, પર વડે પ્રકરંત... વિજ્ઞાનઘન ઓઘમગ્ન તે હાવાં. ૪
પરનું પરને દાન કરંતો, પરાર્થ સંપ્રદાન,
પરનું દૂરીકરણ કરી કરતો, પરમાંથી અપાદાન... વિજ્ઞાનઘન ઓઘમગ્ન તે હાવાં. ૫
પરનું અધિકરણ પણ પૂર્વે, પરમાંહિ જ કરંત,
પરનું ક્રિયાકરણ એમ કરતું, કારક ચક્ર અનંત... વિજ્ઞાનઘન ઓઘમગ્ન તે હાવાં. ૬
પર પર કરતો પરથી પરાર્થે, પરમાંથી પરમાં જ,
પર ક્રિયાકર ષટ્કારકની, વહી ઉલટી ગંગા જ !... વિજ્ઞાનઘન ઓઘમગ્ન તે હાવાં. ૭
આત્મબાધક એમ ષટ્કારકનું, ચાલ્યું મહા દુષ્ચક્ર,
સાધક ચક્રથી વિપરીત રીતે, વિષક્રિયા વિષચક્ર... વિજ્ઞાનઘન ઓઘમગ્ન તે હાવાં. ૮
એ વિષક્રિયાનું ફળ વસમું, વિષમય સકલ અનંત,
તે ભોગવતાં જેહ થકી આ, અનુભૂતિ ખિન્ન અત્યંત... વિજ્ઞાનઘન ઓઘમગ્ન તે હાવાં. ૯
વિજ્ઞાનઘન ઓઘમગ્ન હવે તે, કિંચિત્ ખરે ! ન કિંચિત્,
વિજ્ઞાનઘન ઓઘમગ્ન હવે તે, કિંચિત્ ખરે ! ન કિં ચિત્ ?... વિજ્ઞાનઘન ઓઘમગ્ન તે હાવાં. ૧૦
આત્મા આત્માને જ કરંતો, આત્માથી જ આત્માર્થ,
આત્મામાંથી આત્મામાંહિ, પામ્યો હાવાં પરમાર્થ... વિજ્ઞાનઘન ઓઘમગ્ન તે હાવાં. ૧૧
આત્મ સાધક એ ષટ્કારકનું, ચાલ્યું સુલટું સુચક્ર,
ઉલટી ગંગા સુલટી થાતાં, અંત પામ્યું ભવચક્ર... વિજ્ઞાનઘન ઓઘમગ્ન તે હાવાં. ૧૨
ભૂતકાળની કથની તે તો, ગઈ ગુજરી એ વાત !
ગઈ તિથિ બ્રાહ્મણ ના પૂછે, ભૂત અભૂતાર્થ જ ભૂત !... વિજ્ઞાનઘન ઓઘમગ્ન તે હાવાં. ૧૩

ગગન નગર ને મૃગજલ શી તે, ઈંદ્રજાલ વિસરાલ !
વિજ્ઞાન ઘનમાં મગ્ન થતાં ચિત્, કિંચિત્ ન કિંચિત્ ભાળ !... વિજ્ઞાનઘન ઓઘમગ્ન તે હાવાં. ૧૪
ચિદ્દ્ઘન વિજ્ઞાન ઘનના ઓઘે, વિજ્ઞાનઘન આ મગ્ન,
પરમાણુ ન પેસે એવો, ઘન વિજ્ઞાન અભગ્ન... વિજ્ઞાનઘન ઓઘમગ્ન તે હાવાં. ૧૫
વિજ્ઞાન ઘનના ઓઘ - સામાન્યે, વિજ્ઞાનઘન આ મગ્ન,
વિશેષ સામાન્યે લય થાતાં, 'અહં' થયો સહુ ભગ્ન... વિજ્ઞાનઘન ઓઘમગ્ન તે હાવાં. ૧૬
વિજ્ઞાન ઘનના ઓઘ - પટલમાં, વિજ્ઞાનઘન આ મગ્ન,
વિજ્ઞાન - અમૃત ઘન વર્ષંતો, શુદ્ધ ચેતના લગ્ન... વિજ્ઞાનઘન ઓઘમગ્ન તે હાવાં. ૧૭
વિજ્ઞાનઘનના ઓઘ - પ્રવાહે, વિજ્ઞાનઘન આ મગ્ન,
શુદ્ધ ચૈતન્યના પૂર પ્રવાહે, કાળ અનંતો લગ્ન... વિજ્ઞાનઘન ઓઘમગ્ન તે હાવાં. ૧૮
વિજ્ઞાન ઘનના ઓઘ - સમૂહે, 'વિજ્ઞાનઘન' આ મગ્ન,
જ્યોતિમાં 'અમૃત જ્યોતિ' ભળતાં, થઈ અક્ષય અભગ્ન... વિજ્ઞાનઘન ઓઘમગ્ન તે હાવાં. ૧૯
'વિજ્ઞાનઘન' અમૃતચંદ્રે તે, અનુપમ તત્ત્વવિજ્ઞાન,
અમૃત કળશે સંભૃત કીધું, અહો ! જ્ઞાની ભગવાન!... વિજ્ઞાનઘન ઓઘમગ્ન તે હાવાં. ૨૦

**અર્થ** - જેમાંથી પૂર્વે દ્વૈત થયું હતું, જે થકી સ્વ - પરનું અંતર થયું હતું, રાગ - દ્વેષ પરિગ્રહ સતે જ્યાંથી ક્રિયા - કારકનો જન્મ થયો હતો અને જે થકી ક્રિયાનું અખિલ ફલ ભોગવતી અનુભૂતિ ખિન્ન થઈ હતી, તે વિજ્ઞાનઘનૌઘમાં મગ્ન થયેલું અધુના (હમણાં) કિંચિત્ ખરેખર ! ન કિંચિત્ છે.

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''હે ! આર્યજનો ! અંતર્મુખ થઈ, સ્થિર થઈ તે આત્મામાં જ રહો તો અનંત અપાર આનંદ અનુભવશો.''

''અત્રે આત્મકારતા વર્ત્તે છે. આત્માનું આત્મસ્વરૂપરૂપે પરિણામનું હોવાપણું તે આત્માકારતા કહિયે છૈયે.'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. ૮૩૨, ૨૮૦**

**અહંત્વ - મમત્વનું સર્વથા વિલોપન : 'તદ્ વિજ્ઞાનઘન ઓઘમગ્ન અધુના કિંચિત્ ન કિંચિત્ ખલુ'**

અચિંત્ય ચિંતામણિ રત્નનિધાન આ ભગવતી **'આત્મખ્યાતિ'** મહાકૃતિના ચૂડામણિ સ્થાને ઝગઝગતા આ ચિંતામણિ રત્નમય પરમામૃત સંભૃત કળશમાં - તાત્ત્વિક શિરોમણિ **'વિજ્ઞાનઘન' અમૃતચંદ્રાચાર્યજી**, આ કૃતિ અને તેના કર્તાપણાનું અહંત્વ - મમત્વનું સર્વથા વિલોપન કરવાના પરમ ઉદાત્ત ગંભીર માર્મિક આશયથી, સિંહાવલોકન્યાયે ભૂત પ્રજ્ઞાપનીય નયથી આ આત્માનો ભૂતપૂર્વ ઈતિહાસ સ્મૃતિમાં લાવી, ગઈ ગૂજરી સંભારી ગઈ ગૂજરી ભૂલી જવા - કૃતિ અને ક્રિયા અંગે પરમ સૂક્ષ્મ તત્ત્વમીમાંસા રજૂ કરે છે - यस्माद् द्वैतमभूत्पुरा स्वपरयोर्भूतं यतोऽत्रांतरं - જે થકી 'પુરા' - પૂર્વે - પુરાણકાળે - અનાદિથી 'દ્વૈત' - બે વસ્તુના સંબંધ રૂપ દ્વૈત થયું હતું અને જે થકી 'અત્રે' - આ વર્તમાન સમયે સ્વ - પરનું અંતર ભૂત થયું - સ્વ - પરનું ભેદવિજ્ઞાન ઉપજ્યું અને रागद्वेष परिग्रहे सति यतो जातं क्रियाकारकैः - રાગ - દ્વેષનો પરિગ્રહ સતે જે થકી ક્રિયા અને કારકોનું ઉપજવું થયું અને भुंजाना च यतोऽनुभूतिरखिलं खिन्ना क्रियायाः फलं - જે થકી 'અખિલ' - સકલ ક્રિયાનું ફલ ભોગવતી અનુભૂતિ ખિન્ન થઈ - ખેદ પામી - થાકી ગઈ, તે 'વિજ્ઞાનઘનૌઘમાં' - વિજ્ઞાન ઘન ઓઘમાં 'મગ્ન' - ડૂબેલું હમણાં કિંચિત્ ખરેખર ! ન કિંચિત્ છે, કાંઈ છે નહિ - तद्विज्ञानघनौघमग्नमधुना किंचिन्न किंचित् खलु । અત્રે **'વિજ્ઞાનઘન' અમૃતચંદ્રજીનો** કહેવાનો મુખ્ય ધ્વનિ એ છે કે આ બધી કૃતિ - ક્રિયાની કહાણી જેમ ભૂત પર્યાયરૂપે ગઈ ગૂજરી બની જઈ વિજ્ઞાન ઘનઓઘરૂપ આત્મામાં મગ્ન થઈ ગઈ - ડૂબી ગઈ -

અંતર્ભૂત થઈ, તેમ હમણાં અમે વિજ્ઞાનઘન ઓઘરૂપ આત્મામાં જ નિમગ્ન થઈ ગયા છીએ, એટલે આ અમારી કૃતિ ને અમે એના કર્ત્તા એવું અમારૂં અહંત્વ - મમત્વ પણ એમાં જ મગ્ન થઈ ગયું છે - ડૂબી ગયું છે, અર્થાત્ કિંચિત્ માત્ર પણ રહ્યું જ નથી એવું 'ન કિંચિત્' છે.

અર્થાત્ - **વિજ્ઞાનઘન ઓઘમાં મગ્ન** એવું તે 'કિંચિત્' - કંઈક ખરેખર ! 'ન કિંચિત્' છે - કંઈ જ નથી, અથવા 'કિં ચિત્ નથી' ? - શું ચિત્ નથી ? એવું તે 'કિંચિત્' શું છે ? તો કે - જેમાંથી પૂર્વે **સ્વસમય-પરસમય રૂપ** અથવા શુદ્ધાત્મ - અશુદ્ધાત્મ રૂપ દ્વૈત થયું હતું, જે થકી સ્વ - પરનું અહીં દ્વયરૂપ અંતર થયું હતું અને પરનું નિમિત્ત પામીને રાગ - દ્વેષનો પરિગ્રહ હોતાં જે થકી આ રીતે ક્રિયા અને કારકોનું ઉપજવું થયું હતું - (૧) વ્યવહારથી પરનો કર્ત્તા થઈ, (૨) પરનું કર્મ કરતાં, (૩) પરનું કરણ ગ્રહી પરને પરવડે પ્રકરતાં, (૪) પરનું પરને દાન કરતાં - પરાર્થ સંપ્રદાન કરતાં, (૫) પરનું દૂરીકરણ કરી પરમાંથી અપાદાન કરતાં, (૬) અને પૂર્વે પરનું અધિકરણ પણ પરમાં જ કરતાં - એમ પરનું ક્રિયાકરણ કરતું અનંત કારકચક્ર પ્રવર્ત્યું હતું; પર, પરનો, પરથી, પરાર્થે, પરમાંથી, પરમાં જ કરતો એમ પર ક્રિયા કરનાર **ષટ્કારકની** ઉલટી જ ગંગા વહી હતી ! એમ આત્મબાધક **ષટ્કારકનું** મહા દુશ્ચક્ર (Vicious cycle) વિષક્રિયા રૂપ વિષચક્ર સાધક ચક્રથી વિપરીત રીતે - વિમુખ મુખે ચાલ્યું હતું અને એ વિષક્રિયાનું વિષમય એવું સકલ અનંત ફલ ભોગવતાં જે કિંચિત્ થકી અનુભૂતિ અત્યંત ખિન્ન થઈ હતી - ખેદ પામી હતી - થાકી ગઈ હતી, તે હમણાં વિજ્ઞાનઘન ઓઘમગ્ન કિંચિત્ ખરેખર ! 'ન કિંચિત્' છે, અથવા 'ન કિં ચિત્' છે - શું ચિત્ નથી ? અર્થાત્ ચિત્ જ છે, આદિ - મધ્ય ને અંતમાં તેના 'ચિત્' પણામાં કિંચિત્ ફેર પડ્યો નથી. કારણકે નિશ્ચયે કરીને આત્મા આત્માને જ આત્માથી આત્માર્થે આત્મામાંથી આત્મામાં જ કરતો હમણાં શુદ્ધ નિશ્ચય તત્ત્વ રૂપ પરમાર્થને પામ્યો છે અને એમ એ આત્મ સાધક **ષટ્ચક્રનું સુચક્ર** (meritorious cycle) સુલટું ચાલ્યું - ઉલટી ગંગા સુલટી થતાં ભવચક્ર અંત પામ્યું છે.

આમ તે 'કિંચિત્'ની તે ભૂતકાળની કથની તો 'ગઈ ગૂજરી' વાત બની ગઈ છે ! ગઈ તિથિ બ્રાહ્મણ પણ પૂછે નહિ ! તે 'ભૂત' અભૂતાર્થ જ ભૂત છે ! ગગન નગર ને મૃગજલ જેવી તે જેની ભૂતકાળની ઈંદ્રજાલ વિસરાલ થઈ ગઈ છે, એવું તે કિંચિત્ હમણાં વિજ્ઞાન**ઘન ઓઘમાં મગ્ન** હોતાં 'ન કિંચિત્' છે - કંઈ જ નથી ! કારણકે - **ચિદ્ ઘન વિજ્ઞાનઘનના 'ઓઘમાં'** - મહાસમૂહમાં વિજ્ઞાનઘન આ આત્મા મગ્ન થતાં, પરમાણુ પણ ન પેસે એવો તે અભગ્ન - અખંડ ઘન વિજ્ઞાન થયો છે, અથવા વિજ્ઞાનઘનના 'ઓઘમાં' - સામાન્યમાં આ વિજ્ઞાનઘન મગ્ન છે - ડૂબી ગયેલ છે, એટલે આમ સામાન્યમાં વિશેષનો લય થતાં 'અહં' સર્વ 'ભગ્ન' થયો છે - ભાંગી ગયો છે, અથવા **વિજ્ઞાનઘનના 'ઓઘમાં'** - પટલમાં આ વિજ્ઞાનઘન મગ્ન થયો છે, એટલે વિજ્ઞાન - અમૃતના 'ઘન' - મેઘ વર્ષતો આ **વિજ્ઞાનઘન આત્મા** શુદ્ધ ચેતનામાં લગ્ન થયો છે, અથવા વિજ્ઞાનઘનના 'ઓઘમાં' મહા પ્રવાહમાં આ વિજ્ઞાનઘન મગ્ન છે, એટલે **શુદ્ધચૈતન્યના પૂરપ્રવાહમાં** આ વિજ્ઞાનઘન આત્મા અનંતકાળ લગ્ન છે, અથવા વિજ્ઞાનઘનના 'ઓઘમાં' - સમૂહમાં આ વિજ્ઞાનઘન મગ્ન છે, એટલે જ્યોતિમાં આ **'અમૃત' જ્યોતિ** ભળતાં અક્ષય અભગ્ન થઈ છે - આમ હમણાં વિજ્ઞાનઘન ઓઘમાં મગ્ન તે કિંચિત્ 'ન કિંચિત્' છે, 'ન કિં ચિત્' છે - અર્થાત્ ચિત્ ચિત્ ને ચિત્ જ છે. આવા અનેક પ્રકારના પરમાર્થ ગંભીર આશયવાળું આ અનુપમ તત્ત્વ વિજ્ઞાન પરમ જ્ઞાની ભગવાન્ **'વિજ્ઞાનઘન' અમૃતચંદ્રાચાર્યજીએ** આ 'અમૃત' કળશમાં સંભૃત કર્યું છે - જેનું યત્ કિંચિત્ દિગ્દર્શન અત્ર તે **ભગવાન્‌ના દાસ આ 'અમૃત' જ્યોતિ મહાભાષ્યકારે** યથામતિ કર્યું છે.

उपजाति

**स्वशक्तिसंसूचितवस्तुतत्त्वै -**
**व्याख्या कृतेयं समयस्य शब्दैः ।**
**स्वरूपगुप्तस्य न किंचिदस्ति,**
**कर्तव्यमेवामृतचंद्रसूरेः ॥२७८॥**

સ્વશક્તિથી તત્ત્વ સૂચંત શબ્દે, સમૈતણી એહ કરાઈ વ્યાખ્યા;
સ્વરૂપગુપ્ત અમૃતચંદ્ર-સૂરિનું ના કિંચિત્ કાર્ય છે જ. (ના કિંચિત્ કાર્ય છે જ) ૨૭૮

* **અર્થ** - સ્વશક્તિ વડે કરીને જેણે વસ્તુતત્ત્વ સંસૂચિત કર્યું છે, એવા શબ્દોથી સમયની આ વ્યાખ્યા કરવામાં આવી, **સ્વરૂપગુપ્ત** એવા **અમૃતચંદ્રસૂરિનું** કંઈ કર્ત્તવ્ય જ છે નહિ. ૨૭૮

## 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય

''મન, વચન, કાયાના જોગમાંથી જેને કેવળી સ્વરૂપ ભાવ થતાં અહંભાવ મટી ગયો છે, એવા જે જ્ઞાની પુરુષ, તેના પરમ ઉપશમરૂપ ચરણારવિંદ તેને નમસ્કાર કરી, વારંવાર તેને ચિંતવી, તે જ માર્ગમાં પ્રવૃત્તિની તમે ઈચ્છા કર્યા કરો એવો ઉપદેશ કરી આ પત્ર પુરો કરૂં છઉં. વિપરીત કાળમાં એકાકી હોવાથી ઉદાસ !!!'' - **શ્રીમદ્ રાજચંદ્ર, અં. (૩૮૧), ૪૬૬**

જો આમ છે તો પછી આ **'આત્મખ્યાતિ'** સૂત્રની રચના કોણે કરી ? તેનો અદ્‌ભુત ખુલાસો કરતા આ પરમામૃતસંભૃત અંતિમ મંગલ કળશમાં **'વિજ્ઞાનઘન' અમૃતચંદ્રજી** અહંત્વ - મમત્વ વિલોપનની પરમ અદ્‌ભુત પરાકાષ્ઠા દાખવે છે - स्वशक्ति संसूचित वस्तुतत्त्वैः - **'સ્વશક્તિથી'** - પોતાની વાચ્ય - વાચક શક્તિથી જેણે વસ્તુ તત્ત્વને 'સંસૂચિત' કર્યું છે - સમ્યક્‌પણે સૂચવેલું છે, એવા શબ્દોથી 'સમયની' - આ સમયસાર શાસ્ત્રની વા આ શાસ્ત્રના પ્રતિપાદ્ય શુદ્ધ આત્માની - સમયસારની વ્યાખ્યા કરવામાં આવી, व्याख्या कृतेयं समयस्य शब्दैः', તેમાં **'સ્વરૂપગુપ્ત'** - સ્વરૂપના દુર્ગમાં ભરાઈ બેઠેલા સ્વરૂપ સુરક્ષિત એવા **અમૃતચંદ્રસૂરિનું** કર્ત્તવ્ય જ 'કિંચિત્' - કંઈ પણ છે નહિ - 'स्वरूपगुप्तस्य न किंचिदस्ति कर्तव्यमेवामृतचंद्रसूरेः ।'

**નમસ્કાર હો 'સ્વરૂપ ગુપ્ત' અમૃતચંદ્રને ! નમસ્કાર હો આત્મખ્યાતિ અમૃતચંદ્રિકાને !**

આમ શબ્દે શબ્દે પદે પદે પરમ પરમામૃત વર્ષાવતી અને સ્થળે સ્થળે પરમ પરમામૃતસંભૃત અપૂર્વ ચિંતામણિ રત્નમંય કળશોથી ચૈતન્ય - સ્વયંભૂ રમણ સિંધુનો અમૃતઘન રસ પીવડાવી આ અપૂર્વ અનન્ય અલૌકિક મૌલિક **'આત્મખ્યાતિ' સૂત્ર** જેવી પરમ લોકોત્તર મહાકૃતિનું સ્વયં સર્જન કર્યા છતાં, મહાકવિ - **બ્રહ્મા પરમર્ષિ અમૃતચંદ્રાચાર્યજી** જે એમ કહે છે કે આ સૂત્રનું સૂત્રણ તો શબ્દોથી કરાયું છે, અમે કાંઈ કર્યું નથી, તે આ **આર્ષદૃષ્ટા શુદ્ધોપયોગ નિમગ્ન લોકોત્તર મહાશ્રમણની લોકોત્તર નિર્માનિતા** અને જગત્‌માં જેની જોડી નથી એવી અહંત્વ - મમત્વ વિલોપતી અપૂર્વ પરમ અદ્‌ભુત **આત્મસમર્પણતા** પ્રકાશે છે. નમસ્કાર હો પદે પદે આવા આત્મનિમગ્ન **વિજ્ઞાનઘન સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રને !** નમસ્કાર હો પદે પદે અમૃતવર્ષિણી **'આત્મખ્યાતિ' - અમૃતચંદ્રિકાને !**

---

* આ કળશ કાવ્ય અંગેનું 'અમૃત પદ' અત્ર પૂર્ણાહુતિ પ્રસંગ હોઈ 'અમૃત જ્યોતિ' મહાભાષ્ય (વિવેચના) પછી છેવટમાં મૂક્યું છે.

## અમૃત ૫દ - ૨૭૮

'શ્રી સીમંધર જિનવર સ્વામી' - એ રાગ

**'સ્વરૂપ ગુપ્ત' અમૃતચંદ્રસૂરિનું, કિંચિત્ કર્ત્તવ્ય જ છે ના,**
**'સ્વરૂપગુપ્ત' અમૃતચંદ્રસૂરિનું, કિં ચિત્ કર્ત્તવ્ય જ છે ના ?...** સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૧
સ્વશક્તિથી જ સત્ વસ્તુતત્ત્વની, સૂચના જેથી ધરાઈ,
એવા શબ્દોથી સમય તણી આ, વ્યાખ્યા એહ કરાઈ... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૨
સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું, કિંચિત્ કર્ત્તવ્ય જ છે ના,
સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું, કિં ચિત્ કર્ત્તવ્ય જ છે ના ?... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૩
'સ્વરૂપ ગુપ્ત' અમૃતચંદ્રસૂરિ તે, સ્વરૂપ તેજે જ પ્રતપતા,
ગ્રહમંડલમાં 'સૂરિ' સમા જે, સૂરિમંડલમાં તપતા... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૪
ભલે સ્વરૂપથી ગુપ્ત રહ્યા તે, **'આત્મખ્યાતિ'** વ્યાખ્યાતા,
ભલે સ્વરૂપથી પ્રગટ જગતમાં, **અમૃતકળશ** સંગાતા... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૫
સ્વરૂપ ગુપ્ત તે અમૃતચંદ્રનું, સ્વરૂપ રહે ક્યમ છાનું ?
ઘનથી અમૃતવર્ષી ચંદ્રનું, તેજ છુપે અહિં શાનું ?... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૬
વિજ્ઞાનના ઘન વર્ષંતા તે, 'વિજ્ઞાન ઘન' સ્વરૂપી,
પર પરમાણુ પ્રવેશે ન એવા, 'ઘન વિજ્ઞાન' અનૂપી... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૭
શબ્દો તે તો પુદ્ગલમયા છે, પરમાણુના છે ખેલા,
વાચક શક્તિથી તે વાચે, વાચ્ય અર્થના મેળા... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૮
તે શબ્દે આ વ્યાખ્યા કીધી, વાચ્ય - વાચક સંબંધે,
અમે એમાં કાંઈ પણ ન કર્યું છે, અમ ચિત ત્યાં કેમ બંધે ?... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૯
વ્યાપ્ય-વ્યાપક ભાવે તે શબ્દે, વ્યાખ્યા ભલે આ કીધી,
જડ શબ્દોને જોડાવાની, શક્તિ અહિં કોણે દીધી ?... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૧૦
**અમૃતચંદ્ર** નિમિત્ત વિણ શબ્દો, જોડાત જડ તે ક્યાંથી ?
પરબ્રહ્મવાચી શબ્દ બ્રહ્મ આ, અહિં સર્જાત જ શ્યાથી ?... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૧૧
પ્રજ્ઞાસમજણ કાંઈ ન જડમાં તે, તો અચેતન બિચારો,
**પ્રજ્ઞાશ્રમણ અમૃતચંદ્ર** કળાનો, આ તો ચિત્ ચમત્કારો... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૧૨
ન કિંચિત્ કર્ત્તવ્ય જ અમારૂં, નિર્મમ મુનિ ભલે ભાખે,
ન કિં ચિત્ કર્ત્તવ્ય જ તમારૂં, ચિત્ ચમત્કાર આ દાખે ?... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૧૩
શબ્દ પુદ્ગલ પરિગ્રહ ત્યાગીનો, ભલે 'ન કિંચિત્' કારો,
પદે પદે આત્મખ્યાતિમાં તેનો, 'ન કિં ચિત્' ચમત્કારો ?... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૧૪
ગ્રંથ સકલની ગ્રંથિ વિચ્છેદી, એવા મહા નિર્ગ્રંથ,
શુદ્ધોપયોગી શ્રમણ કયે છેડે, બાંધે ગ્રંથનો ગ્રંથ ?... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૧૫
અહો નિસ્પૃહતા ! અહો નિર્મમતા ! અહો પરિગ્રહ લોપ !
**ભગવાન અમૃતચંદ્રે** દાખ્યો, અહો અહંત્વ વિલોપ... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૧૬
**અમૃતચંદ્ર** મુનીંદ્રે જેનું, છાંડ્યું મમત્વ તે શબ્દો,
આલંબી આ **દાસ ભગવાને**, ગોઠવિયા તે શબ્દો... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૧૭

'દાસ ભગવાન' એ નામ ધારીએ, ધાડ એમાં શી મારી ?
સાગર અંજલિ સાગર દીધી, બુધ લ્યો સ્વયં વિચારી... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૧૮
ઉત્તમોત્તમ શબ્દ અર્થ પ્રયોજી, ઉત્તમોત્તમ કવિ ભાવ,
**અમૃતચંદ્ર મહાકવિ બ્રહ્મે સર્જ્યો, શબ્દ બ્રહ્મ મહાપ્રભાવ... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૧૯**
મહા અધ્યાત્મ નાટ્યકાર આ, મહાકવિ અમૃતચંદ્રે,
યથેચ્છ ભારતી અત્ર નટાવી, અમૃત કળશ સુરંગે... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૨૦
સર્વ સર્જ્યું તેણે મમત્વ વર્જ્યું ! કાંઈ ન બાંધ્યું ગાંઠે !
કાંઈ ન સર્જ્યું દાસ ભગવાન તે, મમ બાંધે કઈ ગાંઠે ?... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૨૧
તેથી રાખ્યું નિજ વિવેચનાનું, 'અમૃત જ્યોતિ' સુનામ,
કળશ ભાવ ઝીલંતા પદનું, 'અમૃતપદ' એ નામ... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૨૨
દોષ અહિં તે દાસ ભગવાનના, ગુણ ભગવાન અમૃતના,
દોષ ત્યજી ગુણ હંસો ચરજો ! સુણી ભગવાન વિજ્ઞાપના... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૨૩
દાસ ભગવાને મુંબઈ પુરીમાં, જ્ઞાનયજ્ઞ આ કીધો,
તન મન ધન આહુતિ આપી, આત્મ અમૃતફલ લીધો... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૨૪
જ્ઞાનસત્ર સંપૂર્ણ થયું આ, દ્વિસહસ્ર સત્તર વર્ષે,
મહા સ્વાધ્યાય તપનો લઈ લ્હાવો, ભગવાન ઉલ્લસ્યો હર્ષે... સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું. ૨૫

અર્થાત્ - **સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું 'કિંચિત્'** - કંઈ પણ કર્ત્તવ્ય જ છે નહિ, અથવા **સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું** 'કિંચિત્' કર્ત્તવ્ય જ છે નહિ ? શું ચિત્ કર્ત્તવ્ય જ છે નહિ ? આત્માની શુદ્ધ ચિત્ પરિણતિ - શુદ્ધ ચૈતન્ય પરિણતિ એ કર્ત્તવ્ય જ શું નથી ? તો પછી આ **'આત્મખ્યાતિ'** કૃતિ કોની છે ? સ્વશક્તિ જ સત્ - વસ્તુ તત્ત્વની સૂચના જેનાથી કરાઈ છે એવા શબ્દોથી આ 'સમયની' - આ **સમયસાર શાસ્ત્રની અથવા શુદ્ધ આત્મારૂપ સમયસારની આ 'આત્મખ્યાતિ'** વ્યાખ્યા કરાઈ. આ વ્યાખ્યા કરાઈ તે કાંઈ **સ્વરૂપગુપ્ત અમૃતચંદ્રસૂરિનું** 'કિંચિત્' - કંઈ પણ કર્ત્તવ્ય જ છે નહિ, અથવા **સ્વરૂપગુપ્ત** ચિત્ - અમૃતચંદ્રસૂરિનું 'કિંચિત્' કર્ત્તવ્ય જ છે નહિ ? આત્માની ભાવભાષા રૂપ પરિણતિ તે શું ચિત્ કર્ત્તવ્ય જ નથી ? એટલે કે છે જ.

'સ્વરૂપ ગુપ્ત' - સ્વરૂપથી વા સ્વરૂપમાં 'ગુપ્ત' - સુરક્ષિત **અમૃતચંદ્રસૂરિ** સ્વરૂપ તેજે 'પ્રતપતા' - પ્રતપી રહેલા 'સૂરિ' છે - ગ્રહમંડલમાં સૂર્યની જેમ સૂરિમંડલમાં - આચાર્ય મંડલમાં 'સૂરિ' - સૂર્ય છે, **'આત્મખ્યાતિ'થી** - પોતાના આત્માની ખ્યાતિથી અથવા **'આત્મખ્યાતિ' ટીકા ખ્યાતિથી** ખ્યાત એવા તે વ્યાખ્યાતા ભલે સ્વરૂપથી ગુપ્ત રહ્યા હો, તો પણ અમૃત (immortal) એવા તે અમૃત (nectarlike) કળશના સંગાતા - સંગીત કરનારા સ્વરૂપથી તો જગત્‌માં પ્રગટ - પ્રસિદ્ધ છે ! **સ્વરૂપગુપ્ત** એવા તે અમૃતચંદ્રનું સ્વરૂપ 'છાનું' - છૂપાયેલું - ગુપ્ત કેમ રહે ? અમૃતવર્ષી ચંદ્રનું તેજ અહીં ઘનથી - મેઘથી શાને છૂપું રહે ? વિજ્ઞાનના 'ઘન' - મેઘ વર્ષતા તે વિજ્ઞાનઘન સ્વરૂપી અમૃતચંદ્ર તો પર પરમાણુ પણ ન પ્રવેશે એવા અનુપમ 'ઘન' - નક્કર વિજ્ઞાન છે, સર્વ આત્મપ્રદેશે વિજ્ઞાન વિજ્ઞાન ને વિજ્ઞાનમય એવા 'વિજ્ઞાનઘન' છે.

આમ ભગવાનનો દાસ દલીલ કરે છે, ત્યાં તો સ્વરૂપગુપ્ત **પરબ્રહ્મ અમૃતચંદ્રજી** જાણે બોલી ઊઠે છે - શબ્દો તે તો પુદ્‌ગલમયા પરમાણુના ખેલા છે, તેઓ વાચક શક્તિ વડે કરીને વાચ્ય અર્થના મેળા વાચે છે - કહે છે, એવા તે શબ્દોએ આમ વાચ્ય - વાચક સંબંધે આ સમયની આ વ્યાખ્યા કરી, એમાં અમે કાંઈ પણ કર્યું નથી, એટલે અમારૂં 'ચિત્' ત્યાં કેમ પ્રતિબંધ પામે ? ત્યારે ભગવાનનો દાસ જવાબ આપે છે - વ્યાપ્ય - વ્યાપક ભાવે તે શબ્દોએ ભલે આ વ્યાખ્યા કરી હો, પણ તે જડ શબ્દોને

અર્થપૂર્ણ રીતે જોડવાની ને જોડાવાની શક્તિ કોણે આપી ? **પરંબ્રહ્મ અમૃતચંદ્રના** નિમિત્ત વિના જડ એવા તે શબ્દો ક્યાંથી જોડાત ? ને **પરબ્રહ્મ** વાચી આ શબ્દબ્રહ્મ અહીં શાથી સર્જાત જ શાથી ? જડમાં કાંઈ પ્રજ્ઞા કે સમજણ નથી, તે તો બિચારો અચેત છે અને આ શબ્દબ્રહ્મ સર્જન તે તો **પ્રજ્ઞાશ્રમણ અમૃતચંદ્રની** કળાનો **'ચિત્ ચમત્કાર'** છે. 'ન કિંચિત્' કર્ત્તવ્ય જ અમારૂં, એમ આપ નિર્મમ ભલે ભાખો, પણ અહો **અમૃતચંદ્ર** મુનિ ! 'ન કિંચિત્' કર્ત્તવ્ય જ તમારૂં આ શું ચિત્ ચમત્કાર દાખવતું નથી ? શબ્દ પુદ્ગલના પરિગ્રહ ત્યાગીનો ભલે 'ન કિંચિત્'કાર હોય, પણ પદે પદે **'આત્મખ્યાતિ'માં** તે દિવ્ય આત્માનો 'ન કિં ચિત્' - ચમત્કાર છે ? શું ચિત્ ચમત્કાર નથી ? પણ હા ! એ વાત તો ખરી છે કે ગ્રંથ સકલની ગ્રંથિ વિચ્છેદી છે એવા **મહા નિર્ગ્રંથ અમૃતચંદ્ર** જેવા **શુદ્ધોપયોગી શ્રમણ ગ્રંથનો** 'ગ્રંથ' - ગાંઠ - પરિગ્રહમાં કયે છેડે બાંધે ? અહો ભગવાન્ અમૃતચંદ્રની નિસ્પૃહતા ! અહો નિર્મમતા ! અહો પરિગ્રહલોપ ! અહો ભગવાન્ **અમૃતચંદ્રે** દાખવેલો અહંત્વ વિલોપ !

અમૃતચંદ્ર મુનીંદ્રે જેનું મમત્વ છાંડ્યું છે તે શબ્દોને આલંબી આ દાસ ભગવાને તે જ શબ્દો ભાષાભેદે ગોઠવ્યા, એમાં આ 'ભગવાનદાસ' નામધારીએ શી ધાડ મારી છે ? આ તો સાગરની અંજલિ સાગરને દીધી છે એમ બુધજનો સ્વયં વિચારી લ્યો ! ઉત્તમોત્તમ શબ્દ, ઉત્તમોત્તમ અર્થ ઉત્તમોત્તમ કવિત્વ અને ઉત્તમોત્તમ ભાવ પ્રયોજીને **અમૃતચંદ્ર મહાકવિ બ્રહ્માએ** - આ મહાપ્રભાવી શબ્દબ્રહ્મ સર્જ્યું છે. મહા અધ્યાત્મનાટ્યકાર આ **મહાકવિ અમૃતચંદ્રે** અત્રે **'આત્મખ્યાતિ'માં** અમૃત કળશ રૂપ સુંદર રંગભૂ પર ભારતીને - સરસ્વતીને યથેચ્છ નટાવી છે - પરમાર્થ તાલબદ્ધ નૃત્ય કરાવું છે. આવા આ **અમૃતચંદ્રે** અત્ર સર્વ સર્જ્યું છે તેણે મમત્વ વર્જ્યું ને કાંઈ ગાંઠે બાંધ્યું નહિં ! તો પછી આ **ભગવાનના દાસે** કાંઈ પણ સર્જ્યું નથી, તે મમત્વને કઈ ગાંઠે બાંધે ? તેથી આ **દાસ ભગવાને** પોતાની આ વિવેચનાનું સુનામ **'અમૃતજ્યોતિ' મહાભાષ્ય** એમ રાખ્યું છે અને **'અમૃત' કળશના** ભાવને ઝીલતા પદોનું **'અમૃત પદ'** એ યથાર્થ નામ રાખ્યું છે. અહીં જે કાંઈ દોષ હોય તે આ ભગવાન - દાસના છે અને જે કાંઈ ગુણ હોય તે ભગવાન્ અમૃતચંદ્રના છે. તેમાંથી દોષ ત્યજી, ભગવાન દાસની વિજ્ઞાપના સાંભળી, હંસજનો ગુણ ચરજો ! આ ભગવાન્ દાસે મુંબઈ નગરીમાં આ સ્વાધ્યાયરૂપ જ્ઞાનયજ્ઞ કર્યો અને તેમાં તન-મન-ધનની આહુતિ આપી આત્મારૂપ અમૃતફલ લીધું. આ જ્ઞાનસત્ર સંવત્ - ૨૦૧૭ વર્ષમાં સંપૂર્ણ થયું અને આ **મહાસ્વાધ્યાય તપનો** લ્હાવો લઈ આ ભગવાન્-દાસ હર્ષથી ઉલ્લાસ પામ્યો.

**॥ इति श्रीमद् भगवत् अमृतचंसूरिविरचिता 'आत्मख्याति' व्याख्या समाप्ता ॥**

**॥ इति भगवती 'आत्मख्याति' उपरि डॉ. भगवानदासेन कृतं**

**'अमृतपद' समेतं 'अमृत ज्योति' महाभाष्यं समाप्तं ॥**